શ્રી

ધર્મસિંધુ

ગુજરાતી ભાષાંતરસહિત.

લખનાર,

શાસ્ત્રી કાનજી વિ. વાલજી ત્રિપાઠી.

પ્રસિદ્ધકર્તા,
પાંડુરંગ જાવજીએ
મુંબઈમાં પોતાના "નિર્ણયસાગર" છાપખાનામાં
છાપી પ્રસિદ્ધ કર્યું.
આવૃત્તિ બીજી

BHARATIYA VIDYA BHAVAN LIBRARY

સન ૧૯૨૬.   સંવત્ ૧૯૮૩.

કિંમત ૬ રૂપિઆ.

પબ્લિશરઃ-પાંડુરંગ જાવજી, } .નિર્ણયસાગર પ્રેસ,
પ્રિંટરઃ-રામચંદ્ર યેસૂ શેડગે, } ૨૬-૨૮, કોલભાટ લેન, મુંબઈ.

VISIT…

LANZAROTE
Caliente.COM




भारतीनाथोपाध्याय

પ્રસ્તાવના.

આધુનિક કાળમાં છાપખાનાં ચાલુ થયાથી અનેક ભાષામાં અનેક ગ્રંથો છપાઈ બહાર પડેછે એ સંતોષકારક છે. આપણની સર્વ શિરોમણી જે સંસ્કૃત ભાષા તેના પણ કેટલાએક ગ્રંથો છપાઈ બહાર પડ્યા છે અને પડતા જાયછે. એ ભાષામાં આપણા આર્યજનોના ધર્મસંબંધી સર્વ ગ્રંથો લખાયલા છે માટે તે ભાષાનું જ્ઞાન મેળવવું એ આપણા આર્યબંધુઓને ભૂષણદાયક છે એમાં કાંઈ સંશય જેવું નથી.

પ્રાચીનકાળમાં આપણા ઋષિ મુનિઓ તેમજ વિદ્વાનો જે ગ્રંથો રચતા તે સંસ્કૃત ભાષામાંજ, અને વિદ્વાન પણ તેજ ગણાતો કે જે સંસ્કૃતનું સારૂં જ્ઞાન ધરાવતો હોય અથવા તેમાં સારા ગ્રંથ રચી શકતો હોય. વિક્રમ અને ભોજના સમયમાં એ ભાષાને તથા વિધાને ઘણું ઉત્તેજન હતું તેથી તે સમયમાં સારા સારા સંસ્કૃત ગ્રંથો પડિતો, કવિઓ અને વિદ્વાનોએ રચ્યા છે. પેશવાઈના સમયમાં પણ એ વિધાને ઉત્તેજન હોવાના કારણથી કેટલાએક પડિતો શાસ્ત્રીઓ અને વિદ્વાનો સારા તૈયાર થયા હતા.

પરંતુ કેટલાએક કાળ થયાં દિનપરદિન ઉત્તેજન ઘટતું જવાથી એ ભાષાના જ્ઞાનથી રહિત એવો ભાગ મ્હોટો જોવામાં આવે છે. તેવાઓ પોતાનો ખરો ધર્મ શો છે તે સમજી શકે તેમજ આપણા પૂર્વજો આપણે અર્થે વિધાજ્ઞાનનો જે અમૂલ્ય ખજાનો મૂકી ગયા છે તેનો યથાશક્તિ ઉપભોગ કરવા સમર્થ થાય તેનેમાટે હિંદી અને મરાઠી ભાષામાં કેટલાએક વિદ્વાનોએ તેવા સંસ્કૃત ગ્રંથોનાં ભાષાંતર કરી તે છપાવી બહાર પાડ્યાં છે અને પડતાં જાય છે. કેટલાએક વિદ્વાનો વેદ તથા શાસ્ત્રસંબંધી ગ્રંથોનાં પ્રાકૃત ભાષાંતર માસિક ચોપાનિયાનાં આકારમાં બહાર પાડતા જાય છે.

ગુજરાતી ભાષામાં મનુસ્મૃતિ તથા યાજ્ઞવલ્કયસ્મૃતિ જેવા ધર્મશાસ્ત્રના ઉત્તમ ગ્રંથો ભાષાંતરરૂપે બહાર પડ્યા છે. તેમ મહાભારત, રામાયણ, ભાગવત તથા બીજાં પુરાણો વગેરે માસિક ચોપાનિયાને આકારે બાહાર પડતાં જાય છે એ પણ દેશોન્નતિનું શુભ ચિન્હ છે. તોપણ ધર્મસિંધુ જેવો સુબોધ અને ધર્મસંબંધી નિત્યોપયોગી સર્વ વિષયોનો જેમાં સંગ્રહ કરવામાં આવ્યો હોય એવો એક પણ ગ્રંથ અધાપિ આપણી ગુર્જર ભાષામાં છપાઈ બહાર પડેલો ન હોવાથી ધર્મજિજ્ઞાસુજનોની ધર્મવિષય જાણવાની સુલભતાની સિદ્ધિને અર્થે આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર મૂળ સંસ્કૃત ગ્રંથ ઉપરથી મેં કર્યું છે.

મૂળ ગ્રંથકર્તાએ આ ગ્રંથના ત્રણ પરિચ્છેદ કરેલા છે તેમાં પ્હેલા અને બીજા પરિચ્છેદમાં તિથિ અને માસ ઇત્યાદિકવિષે વિધિપ્રયુક્ત નાનાપ્રકારનાં કૃત્યોસહિત સામાન્યેકરીને અને વિશેષેકરીને કાળનો નિર્ણય કહ્યો છે. ત્રીજા પરિચ્છેદના પૂર્વાર્ધમાં ગર્ભાધાનાદિ સસ્કાર, આહ્નિક, આધાન ઇત્યાદિક સવિસ્તર મિશ્રવિષય, દેવપ્રતિષ્ઠા, શાંત્યાદિક અને નિત્યનૈમિત્તિક કર્મો એટલા વિષય કહ્યા છે. એજ પરિચ્છેદના ઉત્તરાર્ધમાં જીવત્પિતૃકનો નિર્ણય, શ્રાદ્ધાધિકાર, કાળ ઇત્યાદિકનો નિર્ણય, શ્રાદ્ધપદ્ધતિ, સૂતકાદિકનો નિર્ણય, દુર્મરણ થયું છતે નિર્ણય, અંત્યેષ્ટિસંસ્કારનો વિધિ અને વિસ્તારસહિત સંન્યાસ એપ્રમાણે વિષયો છે. પ્રાયશ્ચિત્ત, વ્યવહાર અને સર્વ દાનનો વિધિ એ વગર સઘળાજ ધર્મશાસ્ત્રાર્થ તે વિદ્વાનોના સંતોષાર્થ તેમજ શાસ્ત્રીય વ્યુત્પત્તિરહિત એવાઓનું શાસ્ત્રના અજ્ઞાનરૂપ કષ્ટ દૂર થાય તેનેમાટે આ ગ્રંથમાં સંક્ષેપેકરીને કહ્યા છે. એ સઘળામાં ત્રીજા પરિચ્છેદનો પૂર્વાર્ધ એ ભાગ આ ગ્રંથમાં સહુથી મ્હોટો જોવામાં આવેછે.

પ્રસ્તાવના

'ધર્મસિંધુસાર' એટલે આ ગ્રંથના રચનાર પોતાના ગ્રંથમા લખેછે કે જેઓ મીમાંસા અને શાસ્ત્રના જાણનાર, બુદ્ધિમાન્ અને આલસ્યરહિત પંડિતો છે તેઓ તો મહાપંડિતોએ કરેલા પૂર્વ ગ્રંથો જોઈને તે ગ્રંથ ઉપરથી કૃતકાર્ય થાયછે અર્થાત્ પ્રાપ્ત થયલા કર્મો કરે છે તેથી મ્હારો ગ્રંથ રચવાનો ઉદ્યોગ તેમનેઅર્થે નથી. પણ જે મંદબુદ્ધિ, આળસુ અને અવિદ્વાન્ હોઇને ધર્મસિન્ધુગ્રંથ જાણવાની ઇચ્છા રાખતા હોય તેવાઓનેમાટે ધર્મસિંધુસાર નામનો આ સુબોધ ગ્રંથ કર્યો છે એ તેણે જે ફરી ફરી કહ્યુ છે અથવા એક કરતા વધારે વાર કહ્યુ છે તે યથાર્થ છે

જાતે વિદ્વાન્ છતે આ ગ્રંથકારે વિદ્વજ્જનોપ્રત્યે તેમને હંસક્ષીરન્યાયે વર્તવાસંબંધી જે સૂચ કરી પોતાની નમ્રતા દર્શાવી છે તેપણ ખરેખર પ્રશંસનીય છે

ગ્રંથના આરંભમાં મંગળાચરણ કરતા વિઠ્ઠલ, શંકર, પાર્વતી, ગણપતિ, બ્રહ્મદેવ અને સરસ્વ વગેરેને તેમજ પોતાના ગુરૂ, માતા, પિતાને નમસ્કાર કરતા શ્રેષ્ઠ એવા માધવાદિક મુખ્ય ધર્મ શાસ્ત્રના નિબંધકર્ત્તા તે સર્વને નમસ્કાર કર્યા છે તે ઉપરથી પ્રસિદ્ધ માધવાચાર્યની યોગ્યતાનુ અનુમાન થઈ શકે છે.

મૂળ ગ્રંથકારનુ કહેવુ એમ છે કે આ ગ્રંથ મેં કેવળ સ્વકપોલકલ્પનાથી રચ્યો નથી પણ પ્રાચીન અને પ્રસિદ્ધ એવા ગ્રંથોને આધારેજ રચ્યો છે. તે ગ્રંથો ક્યા કે કમળાકર ભટ્ટકૃત નિર્ણયસિંધુ નીલકંઠ ભટ્ટકૃત દ્વાદશમયૂખ, વિષ્ણુભટ્ટ આઠવલેકૃત પુરુષાર્થચિંતામણિ, કાળમાધવ, હેમાદ્ અને અનંતદેવકૃત કૌસ્તુભ. એ ઉપરથી નિર્ણયસિંધુ વગેરે ગ્રંથો આ ધર્મસિંધુ ગ્રંથની પૂર્વના છે એવુ જણાયછે.

આ મૂળ ગ્રંથ જેણે રચ્યો તેનો ઇતિહાસ વાચનારાઓને સમજવો અવશ્ય હોવાથી તે અહિં સંક્ષેપે લખિયે છિયે—રત્નાગિરિ જીલ્લામા સંગમેશ્વર તાલુકામા ગોળવલી નામનુ ગામ તે આ ગ્રંથ કર્ત્તાના વડીલોને ઇનામ દાખલ મળ્યું છે તેજ ગામમા વિદ્વાન્ બ્રાહ્મણોમા કેવળ સાર્વભૌમ એવ કાશી નામના ઉપાધ્યાય થયા. તેમને યજ્ઞેશ્વરોપાધ્યાય અને અનંતોપાધ્યાય એવા બે પુત્રો થયા. તેમા યજ્ઞેશ્વરોપાધ્યાય એ શ્રૌતમાર્ગમા નિષ્ણાત હોઇને જ્યોતિષી, અને વેદનુ અંગ જે ઉત્તમ વ્યાકરણશાસ્ત્ર તેમા સારી રીતે શિક્ષા પામેલા હતા બીજા અનંતોપાધ્યાય તે પણ ભક્તોમા શ્રેષ્ઠ છતે અનંતના અંશભૂત અવતાર હોવાથી અનંત ગુણોનુ નિવાસસ્થાન એવા હતા એ અનંતોપાધ્યાય વૈરાગ્યશાલી હતા તેથી તેમણે પોતાની કોંકણ નામની જન્મભૂમિ છોડીને શ્રીપંઢરીક્ષેત્ર એટલે પંઢરપુરમા શ્રીપાંડુરંગની સમીપમા નિવાસ કર્યો પછી તે સતત શ્રીપાંડુરંગની ભક્તિ કરી અંતે ભીમ નદીને તીરે મુક્તિ પામ્યા તે અનંતોપાધ્યાયના પ્રસિદ્ધ પુત્ર જે કાશીનાથોપાધ્યાય તેમણે આ ધર્મસિંધુસાર નામે ગ્રંથ શકે ૧૭૧૨ ના વર્ષમા કર્યો આ ગ્રંથને સુમારે (૮૩) વર્ષ થયા હોવ જોઇયે એવુ, ગ્રંથકારે આ ગ્રંથના પ્રથમપરિચ્છેદમા સંક્રાંતિના દાનપ્રસંગમા અયનાંશ કહ્યા છે તે ઉપરથી સિદ્ધ થાયછે

હવે આ ગ્રંથનુ ભાષાંતર જેવી પદ્ધતિથી કર્યું છે તેબાબત પણ વાચનારાઓને સૂચવવાની જરૂર છે, માટે તે પદ્ધતિ વાચનારાઓને સૂચન કરવુ કે, આ ભાષાંતર કરતી વેળાએ અનુષ્ઠાનપ્રયોગના પ્રસંગમા જ્યહા જ્યહા સંકલ્પ, મંત્ર, ત્યાગ તથા તેના સરખા ઉચ્ચારાદિક કરવાના બીજા વાક્યો આવેલા છે તે તે ઠેકાણે તેનો ઉપયોગ કરી તે સંકલ્પાદિક અનુષ્ઠાનમા તેવાજ કહેવા જોઇયે, માટે તેનો અર્થ ન લખતા તે તેવાજ “ ” એવા ચિન્હ કરી તે ચિન્હની વચમા સંસ્કૃત અક્ષરોથી મૂળપ્રમાણે સઘળા લખેલા છે, તે ઉપરથી તે મંત્ર તથા સંકલ્પ અને ઊહાદિક છે એમ જાણવું ભાષાંતરમા “ ” એવા ચિન્હ કરી તેની વચમા જે અર્થ લખેલો છે તે મૂળગ્રંથમા ગ્રંથકારે વચનનો અર્થ ન લખતા કેવળ વચનજ લખ્યા છે તેનો તે અર્થ છે એમ સમજવુ. તેમજ જે જે ઠેકાણે ભાષાંતરમા કઠણ સંસ્કૃત શબ્દ આવ્યા છે તે તે ઠેકાણે ઘણુ કરી તે તે શબ્દની આગળ કાઉંસ એટલે ( ) એવા ચિન્હ કરી તે ચિન્હની વચમા તે શબ્દનો પ્રાકૃત અર્થ સુગમ શબ્દોથી બતાવેલો છે. તેમજ મૂળગ્રંથમા એકવાર કહેલા વિષયની બીજીવાર કહેવાની જરૂર પડે ત્યહા ગ્રંથકાર “પ્રાગુક્ત” એટલે પ્રથમ કહ્યુ છે અથવા “પૂર્વાર્ધે પ્રોક્ત” એટલે પૂર્વાર્ધમા કહ્યું છે એરીતે ઘણે ઠેકાણે લખી ગયા ભાષાંતરમા તેવે ઠેકાણે વાચનારને તે સ્થલ

તરત મળી આવવામાટે તે તે પત્રના અંક પ્રથમ (પત્ર ૩ માં) કર્યું છે, એ રીતે કાંઉસમાં લખેલા છે. કેટલાએક ઠેકાણે ગ્રંથકારે જે જે વિષય ખુલો કરી લખ્યો નથી અને તે વિષય સમજવાની તો જરૂર પડે એમ છે તે તે ઠેકાણે ભાષાંતરની નીચે નોટ આપી ખુલી રીતે તે તે વિષય લખેલા છે અથવા જે ગ્રંથમાં એ વિષયો સવિસ્તર લખેલા છે તે ગ્રંથોનાં નામ દર્શાવ્યાં છે, જેથી તે તે વિષયો વાંચનારાઓને સેહેલથી સમજી શકાશે. એ એકંદર ભાષાંતરની રીતી છે તે ધ્યાનમાં લઈ વાંચવું.

છેલે મ્હારે જણાવવું જોઈએ કે ગુજરાતી ભાષામાં લખાણ કરવાનો આ મ્હારો પ્રથમ પ્રયત્ન છે તેથી એ ભાષાંતરમાં જો કાંઈ દોષ જોવામાં આવે તો તે વિદ્વજ્જનો ક્ષમા કરશે એવી આશા રાખુંછું અને તે લેખનદોષ દયા કરી પોષ્ટમારફતે અમને સૂચન કરશે જેથી હું તેમનો આભાર માનીશ.

આ ભાષાંતર રા. રા. જાવજી દાદાજીએ વે. શા. સં. શાસ્ત્રી કાનજી વિ૦ વાલજી ત્રિપાઠી પાસે કરાવેલું છે અને તે ધર્મશાસ્ત્રનો વિષય હોવાથી પ્રસિદ્ધ પંડિત આશુકવિ શ્રીગોવર્ધનલાલજી પ્રસિદ્ધ નામ ગટ્ટૂલાલજી ઘનશ્યામજીને ત્યહાં મોકલ્યું. તે ભાષાંતર આશુકવિ શ્રીગટ્ટૂલાલજીએ વંચાવી સાંભળી તેના યથાર્થપણાથી પ્રસન્ન થઈ એની યોગ્યતાવિષે જે પ્રમાણપત્ર આપેલું છે તે પણ આ ગ્રંથમાં દાખલ કરેલું છે. તે વાંચવાથી વાંચનારાઓને આ ગ્રંથની યોગ્યતાવિષે સહજ નિશ્ચય થશે.

પ્રમાણપત્ર.

આ ધર્માબ્ધિસાર નામનો ગ્રંથ મૂળ સંસ્કૃત-ભાષામાં છે, તે ઘણોજ ઉપયોગી છે. ધર્મશાસ્ત્રસંબંધી બીજા ઘણા ગ્રંથો તો, બહુધા એક એક વિષયના હોયછે. કે (દાનચંદ્રિકામાં દાનનોજ નિર્ણય અને શ્રાદ્ધચંદ્રિકામાં શ્રાદ્ધનોજ નિર્ણય છે.) અને નિર્ણયસિંધુ પ્રભૃતિ કોઇ કોઈ ગ્રંથોમાં સાર્વદેશિકપણું પણ છે. પરંતુ તે ગ્રંથોમાં ઘણાં વચનોનો ઉપન્યાસ હોવાથી તેમાંનો નિર્ણય જાણવો મુશ્કીલ થઈ પડે છે. આ ધર્માબ્ધિસાર તો, ઉત્તમ પ્રામાણિક અનેક ગ્રંથોનો સાર લઈને એવો તો સેહેલો બનાવેલ છે કે જેમાં પક્ષાદિનિર્ણય, કાળનિર્ણય અને ગર્ભાધાનાદિ સંસ્કાર ઇત્યાદિ સર્વ વિષયનો ખુલાસો સેહેલીરીતે કરેલો છે. હાલ ઘણા દેશોમાં ઘણાખરા વિદ્વાનો આ ગ્રંથ ઉપરથીજ નિર્ણય બતાવેછે. થોડા શ્રમથી ધર્મનો નિર્ણય જાણવા ઇચ્છનારા લોકોને એ ગ્રંથ અત્યંત ઉપયોગી છે, તેથી આ ગ્રંથનાં ભાષાંતરની ઘણી જરૂર હતી. કારણ કે, હાલ આર્ય લોકોમાં ઘણો મ્હોટો ભાગ સંસ્કૃતથી અજાણ્યો છે, આનું એક ભાષાંતર મહારાષ્ટ્ર ભાષામાં થયું છે, પરંતુ તેમાં કેટલેએક ઠેકાણે મૂળનો અર્થ ફરી ગયોછે, અને કેટલાએક દેશાંતરના લોકો મહારાષ્ટ્ર ભાષાથી અજાણ્યા છે, તેથી શાસ્ત્રી કાનજી વિ૦ વાલજીએ ઘણો શ્રમ કરીને મૂળનો અર્થ ન છોડતાં ઉત્તમ રીતિનું આ ભાષાંતર કરેલું છે. આ ગ્રંથનું ભાષાંતર વાંચવાથી ગુર્જર ભાષા જાણનારા ઘણા લોકો પોતાના ઘરમાં બેઠે બેઠે ધર્મનો નિર્ણય જાણી શકશે. મેં આ ભાષાંતરના કોઈ કોઈ ભાગો વાંચેલા છે તે મૂળ ગ્રંથોના યથાર્થ અનુસારી છે માટે આવાં ઉત્તમ ભાષાંતરમાટે સુજ્ઞ ગૃહસ્થોએ મદદ કરવી અને આ ગ્રંથની એક એક નકલ ખરીદવી એ લોકોને જરૂર છે.

વૈશાખ શુદિ ૧૩ શનિવાર સંવત્ ૧૯૩૯.

લેખકર્ત્તા આશુકવિ પંચનદી શ્રી ગોવર્ધનલાલજી.

પ્રસિદ્ધ નામ ગટ્ટૂલાલજી ઘનશ્યામજી.

અનુક્રમણિકા.

વિષય. પાનું.

પ્રથમ પરિચ્છેદ.

મંગલાચરણ ૧
પ્રથમ કાળનો ભેદ ૨
મેષાદિક બાર સંક્રાંતિનો નિર્ણય. ૩
બાર સંક્રાંતિનાં દાન... ... ૪
સંક્રાંતિઓની વિષ્ણુપદ આદિ સંજ્ઞા ... ... ,,
સંક્રાંતિઓની મુકવાની ઘડી. ,,
મલમાસનો નિર્ણય ૫
અધિકમાસનું ઉદાહરણ ... ,,
ક્ષયમાસનું ઉદાહરણ ... ,,
અધિકમાસ અને ક્ષયમાસ એમાં છોડવાનાં અને ન છોડવાનાં કર્મ કયાં કયાં તે. ૬
મલમાસમાં કયાં કર્મ છોડવાનાં તે ૭
ગુરુ અને શુક્રનાં અસ્તાદિકવિષે વર્જ્ય કર્મ કયાં તે ... ,,
સિંહસ્થ ગુરુ છતાં અવશ્ય વર્જ્ય કર્મ કયાં તે ... ૮
સિંહસ્થ ગુરુનો અપવાદ (બાધ નથી) તે સિંહસ્થ ગુરુ છતાં ગોદાવરીમાં અને કન્યાનો ગુરુ છતાં કૃષ્ણા નદીમાં સ્નાનનું માહાત્મ્ય. ,,
તિથિઓના નિર્ણય માટે સાધારણ રીતિ ... ... ,,
કયાં વ્રતોમાં કેવી તિથિ લેવી જોઇએ તે ૯
કર્મોનો વિશેષ નિર્ણય ... ,,
એકભક્તાદિક વ્રતોનો નિર્ણય. ,,
સ્વતંત્ર વ્રતોનો નિર્ણય ... ૧૦
નક્ત વ્રતનો નિર્ણય ૧૧
વ્રતોની પરિભાષા (રીતિ)... ૧૨
વ્રતમાં દ્રવ્ય કહ્યું ન હોય તો. ,,
વ્રતમાં સૂતકાદિક પ્રાપ્ત થાય તો. ,,
ભોજનનો નિષેધ કર્યો હોય તે દિવસે બીજાં વ્રતની પારણા પ્રાપ્ત થાય તો. ૧૩
ઉપવાસાદિક બે વ્રત એક દિવસે પ્રાપ્ત થાય તો ... ,,
પ્રતિપદા આદિ તિથિનો નિર્ણય. ૧૪
વિષય. પાનું.
બીજનો નિર્ણય ૧૪
ત્રીજનો નિર્ણય ૧૫
ચતુર્થીનો નિર્ણય ... ... ,,
પંચમીનો નિર્ણય ... ... ,,
છઠનો નિર્ણય ૧૬
સપ્તમીનો નિર્ણય ... ... ,,
અષ્ટમીનો નિર્ણય ... ... ,,
નોમનો નિર્ણય ... ... ,,
દશમીનો નિર્ણય ૧૭
એકાદશીનો નિર્ણય ... ... ,,
વ્રતના દિવસનો નિર્ણય ... ૧૮
એકાદશીના ભેદ ... ... ,,
સ્માર્તોનો નિર્ણય ૧૯
એકાદશી વ્રતનો વેધ ... ૨૦
વ્રતનો પ્રયોગ... ... ... ૨૧
એકાદશી વ્રતસંબંધી નિયમો. ૨૨
નિયમભંગ થાય તો ... ... ,,
પારણાનો નિર્ણય ... ... ,,
હરિવાસર ... ... ,,
બારસને દિવસે શ્રવણનો યોગ હોય તો ૨૩
બારસને દિવસે વર્જ્ય પદાર્થ. ,,
બારસનો નિર્ણય ... ... ,,
આઠ મહાદ્વાદશી ... ... ,,
ત્રયોદશીનો નિર્ણય ૨૪
તે દિવસે પ્રદોષનું વ્રત ... ,,
ચતુર્દશીનો નિર્ણય ... ... ,,
પૂનમ અને અમાસ એનો નિર્ણય ૨૫
સોમવતી અમાવાસ્યાનો નિર્ણય. ,,
ઇષ્ટિકાળનો નિર્ણય ... ... ,,
પર્વસંધિનો નિર્ણય ... ... ,,
બાલકોને બોધ થવામાટે બીજો પ્રકાર ૨૬
પૂનમનો વિશેષ નિર્ણય ... ૨૭
કાત્યાયનોનો અમાવાસ્યામાટે વિશેષ નિર્ણય ૨૮
સામવેદવાળાઓની ઇષ્ટિનો નિર્ણય ૨૯
પિંડપિતૃયજ્ઞના કાળનો નિર્ણય. ૩૦
વ્યતિષંગ (બન્ને સાથે કરવાં) તે. ,,
વિષય. પાનું.
ઇષ્ટિનો લોપ અને પિંડપિતૃયજ્ઞનો લોપ થાય તો પ્રાયશ્ચિત્ત ૩૦
શ્રાદ્ધવિષે અમાવાસ્યાનો નિર્ણય. ૩૧
અમાવાસ્યાનું શ્રાદ્ધ ન થાય તો ... ... ,,
ઇષ્ટિ અને સ્થાલીપાક એના આરંભનો નિર્ણય ૩૨
વિકૃતિનો કાળ ... ... ,,
પશુયાગનો કાળ ... ... ,,
ચાતુર્માસ્યનો કાળ ૩૩
કામ્યેષ્ટિનો કાળ ... ... ,,
નૈમિત્તિકેષ્ટિનો કાળ... ... ,,
આધાનનો કાળ ૩૪
ગ્રહણનો નિર્ણય ૩૫
ચૂડામણિ ગ્રહણ ... ... ,,
સ્નાનનાં જળમાં ન્હાન મ્હોટાઈ છે તે... ... ... ,,
ગ્રહણસમયે આશૌચ હોય તો. ,,
રજસ્વલાને નૈમિત્તિક સ્નાનનો વિચાર ... ... ,,
દાનમાં પાત્રનો વિચાર ... ,,
મંત્રોપદેશનો પ્રકાર ... ... ,,
પુરશ્ચરણનો વિધિ ૩૬
પુરશ્ચરણ કરનારાને સ્નાનદાનાદિક કરવાનો વિચાર ... ,,
ગ્રહણ ગયા પછી કયા પદાર્થ ગ્રહણ કરવા અને કયા ન લેવા તે ... ... ,,
ગ્રહણના વેધનો નિર્ણય ... ૩૭
વેધમાં તથા ગ્રહણસમયે ભોજન કરનારાને પ્રાયશ્ચિત્ત. ,,
ગ્રસ્તોદય તથા ગ્રસ્તાસ્ત આદિકનો વિચાર ... ,,
ગ્રહણને દિવસે વાર્ષિક (સાંવત્સરિક) શ્રાદ્ધ આવે તો. ,,
ગ્રહણનો શુભાશુભનિર્ણય ... ૩૮
અશુભ ગ્રહણ હોય તો શાંતિ અથવા બિંબદાન કરવું તે. ,,
મંગળકાર્યમાં ગ્રહણ વર્જ્ય દિવસ ... ... ,,

વિષય. પાનું.
સમુદ્રસ્નાનનો નિર્ણય... ... ૩૯
અમુક તિથિ નક્ષત્ર અને વારવિષે કયા કયા પદાર્થ વાપરવા અને વર્જ્ય કરવા તે ... ... „
આ ગ્રંથ કરવાનું પ્રયોજન શું? તે ૪૦

દ્વિતીય પરિચ્છેદ.

ચૈત્ર માસનાં કાર્ય.

મંગલાચરણ ૪૧
મેષસંક્રાંતિનો પુણ્યકાળ ... „
તિથિનો નિર્ણય ૪૨
એ એકમને દિવસે આરંભ. „
તે દિવસે તેલમર્દન ... ... „
દેવીનાં નવરાત્રનો આરંભ ... „
પ્રપાનું દાન ... ... „
જળકુંભનું દાન કરવું તે ... „
કલ્પાદિ તિથિનો નિર્ણય ... „
એજ મત્સ્યજયંતી છે એમ કોઈ કહે છે ... ... „
એ માસમાં ગૌરીવ્રત ... „
શુદ બીજનું બાલેંદુવ્રત ... „
એજ દિવસે દવણાથી શિવ અને ગૌરીની પૂજા કરવી. „
શુદ ત્રીજથી આરંભ કરી માસપર્યંત ગૌરીનું આંદોલનવ્રત કરવું ... ... „
એ ત્રીજથી દિવસેજ શ્રીરામચંદ્રનો આંદોલન ઉત્સવ કરવો ... ... „
મન્વાદિ તિથિનો નિર્ણય ... „
તે દિવસે શ્રાદ્ધ ન કરે તો પ્રાયશ્ચિત્ત. ... ... „
છત્નું, શ્રાદ્ધ ... ... „
દશ અવતારોની જયંતીઓ. ૪૪
શુદ ચોથને દિવસે ગણપતિને દવણો ધરાવવો ... ... „
શુદ પાંચમની નાગપૂજા અને લક્ષ્મીપૂજા ... ... „
એજ દિવસે હયવ્રત કરવું. „
છઠને દિવસે કાર્તિકસ્વામીને દવણો ધરાવવો ... ... „
સાતમને દિવસે સૂર્યને ધરાવવો. „
વિષય. પાનું.
નોમને દિવસે દેવીને ધરાવવો. ૪૪
પૂનમને દિવસે સર્વ દેવતાઓને દવણો ધરાવવો તે. „
શુદ આઠમની ભવાનીની ઉત્પત્તિ ... ... „
એજ દિવસે આશુપાલવની કળી ભક્ષણ કરવી ... „
એ દિવસે યોગ અધિક આવે તો ... ... „
શુદ નોમ રામનવમી ... „
નવમીવ્રતનો પ્રયોગ (કરવાની રીતિ) ૪૫
એજ દિવસે દેવીનવરાત્રની સમાપ્તિ ... ... „
શુદ એકાદશીને દિવસે શ્રીકૃષ્ણનો દોલોત્સવ ... ... „
શુદ બારસનો વિષ્ણુનો દમનોત્સવ ... ... „
ચૌદશનો શિવનો દમનોત્સવ. „
દમનોત્સવનો પ્રયોગ... ... ૪૬
શુદ તેરસને દિવસે અનંગપૂજનરૂપ વ્રત ૪૭
શુદ ચૌદશને દિવસે નૃસિંહનો દોલોત્સવ ... ... „
શુદ પૂનમને દિવસે સઘળા દેવતાઓનો દમનોત્સવ ... „
એ પૂનમ ચિત્રા નક્ષત્રે યુક્ત હોય તો વિચિત્ર વસ્ત્રનું દાન કરવું ... ... „
એ દિવસે અધિક યોગ આવે તો સ્નાનાદિકનું ફળ ... „
શુદ એકાદશી, પૂનમ અથવા મેષસંક્રાંતિને દિવસે વૈશાખસ્નાનનો આરંભ ... ... „
શુદ પૂનમ મન્વાદિ ... ... „
વદ તેરસ શતભિષા નક્ષત્ર યુક્ત હોય તો વારુણીપર્વણી. „
વદ ચૌદશને દિવસે શિવસમીપે તથા મંગળવારે યુક્ત એજ ચૌદશને દિવસે ગંગાસ્નાનથકી પણ પિશાચપણાની નિવૃત્તિ થાય છે ... „

વૈશાખ માસનાં કાર્ય.

વૃષસંક્રાંતિનો પુણ્યકાળ ... ૪૯
વિષય. પાનું.
પ્રાતઃસ્નાનાદિ તથા વસંતપૂજા. ૪૯
એ માસમાં દેવને જળવાસ કરાવવો ... ... „
તુલસીવડે વિષ્ણુનું પૂજન ... „
પીપળાની સેવા ... ... „
ગાયોને ખજવાળ કરવી ... „
એકભક્તાદિ વ્રત ... ... „
પ્રપા (પાણી પીવાની પરબ)નું દાન ઇત્યાદિ ... ... „
શુદ ત્રીજને દિવસે ગંગાસ્નાન યવહોમ ઇત્યાદિ સર્વ પાપને હરે છે ... ... „
એ દિવસે ચંદનવડે શ્રીકૃષ્ણની પૂજા ... ... „
એજ અક્ષયતૃતીયા ... ... „
એજ યુગાદિ ... ... „
એ દિવસે શ્રાદ્ધ કરવું ... „
એ દિવસે જળકુંભનું દાન કરવું ... ... „
યુગાદિ અને મન્વાદિને દિવસે રાત્રિએ ભોજનનું પ્રાયશ્ચિત્ત. „
એજ ત્રીજ પરશુરામજયંતી. ૫૦
શુદ સાતમની ગંગાજીની ઉત્પત્તિ ... ... „
મધુસૂદનનું પૂજન કરવાથી અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળેછે તે... ... ... „
શુદ ચૌદશ નૃસિંહજયંતી... „
નૃસિંહજયંતીવ્રતનો પ્રયોગ... ૫૧
પારણાનો નિર્ણય ... ... „
પૂનમને દિવસે કુંભદાન કરવાથી ગોદાનનું ફળ ... „
બ્રહ્મહત્યાનું નાશ કરનારૂં કુંભદાન ... ... „
સઘળાં પાપનું નાશ કરનારૂં કાળાં મૃગચર્મનું દાન ... „
મહાફળ દેનારૂં તિલસ્નાનાદિ. „
તિલદાનનો મંત્ર ... ... „
વૈશાખસ્નાનનું ઉદ્યાપન ... „
જળમાં બેઠેલા વિષ્ણુનો પૂજોત્સવ ... ... „
વૈશાખની અમાવાસ્યા ભાવુકા અને તેની જોડનો એકમનો દિવસ કરિદિન એ બન્ને વર્જ્ય. „

વિષય. પાનું.

જ્યેષ્ઠ માસનાં કાર્ય.

મિથુનસંક્રાંતિનો પુણ્યકાળ ... ૫૨
એ માસમાં પિષ્ટની બ્રહ્માની મૂર્તિના પૂજનથી સૂર્યલોકની પ્રાપ્તિ... ... ... ,,
જળધેનુનું દાન ... ... ,,
શુદ એકમને દિવસે કરવીરવ્રત... ... ... ,,
શુદ ત્રીજનું રંભાવ્રત ... ,,
શુદ ચોથનો ઉમાનો અવતાર. ,,
શુદ આઠમ તથા નોમને દિવસે શુકલા દેવીની પૂજા ... ,,
શુદ દશમનો ગંગાજીનો અવતાર ... ... ,,
ગંગા દશહરા ... ... ,,
દશહરાવ્રતનો વિધિ ૫૩
ગંગાસ્તોત્ર ... ... ,,
શુદ એકાદશી નિર્જલા ... ૫૫
બારસને દિવસે જળકુંભનું દાન ... ... ,,
બારસનું ત્રિવિક્રમના પૂજનથી યજ્ઞનું ફળ ... ... ,,
પૂનમને દિવસે તિલદાનથી અશ્વમેધનું ફળ ... ... ,,
એ દિવસે છત્ર, પગરખાંનું દાન કરવાથી રાજ્યપ્રાપ્તિ. ,,
એ દિવસે બિલ્વત્રિરાત્રિવ્રત. ,,
વટસાવિત્રીવ્રત ... ... ,,
રજસ્વલાદિક દોષ હોય તો પૂજાદિ બ્રાહ્મણદ્વારાએ કરાવવું ... ... ,,
એ પૂનમ મન્વાદિ છે ... ૫૬
એ દિવસે ત્રિવિક્રમની પ્રીતિ અર્થે ચંદનાદિકનું દાન કરવું ... ... ,,

આષાઢ માસનાં કાર્ય.

દક્ષિણાયન નામની કર્કસંક્રાંતિ. ,,
તેનો પુણ્યકાળ ... ... ,,
ક્ષૌર ઇત્યાદિકમાં વર્જ્ય સંક્રાંતિ. ,,
આષાઢમાં એકભક્તવ્રત કરવાથી ધનધાન્યાદિકની પ્રાપ્તિ. ,,
વામનની પ્રીતિ અર્થે પગરખાં ઇત્યાદિકનું દાન કરવું ... ,,
શુદ બીજને દિવસે શ્રીરામની રથયાત્રા ૫૬
એ માસમાં શુદ દશમ અને પૂનમ એ મન્વાદિ ... ,,
આષાઢ શુદ એકાદશીને દિવસે વિષ્ણુનો શયનોત્સવ ... ૫૭
અનુરાધા નક્ષત્રે રહિત બારસમાં પારણા ... ... ,,
ચાતુર્માસ્યવ્રતને આરંભ ... ,,
ચાતુર્માસ્યવ્રત ગ્રહણ કરવાનો પ્રકાર ... ... ,,
શાકવ્રતાદિ ... ... ,,
ચાતુર્માસ્યમાં નિષિદ્ધ પદાર્થ કયા તે ૫૮
હવિષ્ય પદાર્થ ... ... ,,
કામ્યવ્રત ૫૯
તપ્તમુદ્રાધારણ ... ... ,,
બારસને દિવસે વામનપૂજાથી નરમેધ યજ્ઞનું ફળ ... ૬૦
પૂનમને દિવસે અન્નાદિકનું દાન ... ... ,,
એ દિવસે શ્રીશિવનો શયનોત્સવ ... ... ,,
એજ દિવસે કોકિલાવ્રત ... ,,
એજ પૂનમને દિવસે સંન્યાસીઓએ ક્ષૌર કરાવવું ... ,,
સંન્યાસીએ ચાતુર્માસ્ય એક ઠેકાણે રેહેવું તેનો વિધિ. ૬૧

શ્રાવણ માસનાં કાર્ય.

સિંહસંક્રાંતિ અને તેનો પુણ્યકાળ ૬૨
એ માસમાં એકભક્તાદિક વ્રત. ,,
સિંહસંક્રાંતિમાં ગાય વિયાય તો. ,,
શ્રાવણ માસમાં ઘોડી દિવસે વિયાય તો ... ... ,,
માઘમાસમાં તથા બુધવારે ભેંસ વિયાય તો ... ... ,,
શ્રાવણમાં સોમવારનું વ્રત ... ,,
મંગળવારે ગૌરીપૂજન ... ,,
શ્રાવણ શુદ ચોથનો નિર્ણય. ,,
શુદ પાંચમ નાગપંચમી ... ,,
શુદ બારસને દિવસે શાકવ્રતની સમાપ્તિ તથા દધિવ્રતનો આરંભ ૬૨
શુદ બારસમાં પારણાને દિવસે વિષ્ણુને પવિત્રાં ધરાવવા. ,,
શિવ આદિ દેવતાઓને પવિત્રાં ધરાવવાં અને તે ન કરે તો જપ કરવો ... ... ,,
સંક્ષેપથી પવિત્રાં ધરાવવાનો પ્રયોગ ૬૩
પવિત્રાં ધરાવવામાં તિથિનો નિર્ણય ૬૪
ઉપાકર્મ, (ઋષિપૂજન કરી જનોઇ બદલવું) તેનો કાળ ૬૫
યજુર્વેદીનો ઉપાકર્મકાળ ... ,,
કાણ્વ, માધ્યંદિન ઇત્યાદિકોના ઉપાકર્મનો કાળ ૬૬
સામવેદીઓના ઉપાકર્મનો કાળ. ૬૭
અથર્વવેદીઓના ઉપાકર્મનો કાળ. ,,
પ્રથમ ઉપાકર્મ ... ... ,,
રક્ષાબંધનનો નિર્ણય ૬૮
એજ પૂનમને દિવસે હયગ્રીવની ઉત્પત્તિ ... ... ,,
કુળધર્માદિકવિષે પૂનમનો નિર્ણય ... ... ,,
એજ દિવસે શ્રવણાકર્મ અને સર્પબલિ કરવું તે ... ,,
વદ ચોથને દિવસે સંકષ્ટચતુર્થીનું વ્રત ... ... ,,
જન્માષ્ટમીવ્રતનો નિર્ણય ... ૬૯
જન્માષ્ટમીવિષે પક્ષભેદ ... ૭૧
જયંતીવ્રતનો નિર્ણય ૭૨
પારણાના કાળનો નિર્ણય ... ૭૩
સંક્ષેપેકરી વ્રતનો વિધિ ... ૭૪
પૂજા થયા પછી જે કરવું તે. ૭૬
દહિં આદિક છાંટવાં તે ... ,,
એક વર્ષનો જયંતીનો પ્રયોગ. ,,
અમાસને દિવસે દર્ભ લાવવા તેનો વિધિ... ... ... ૭૭
પવિત્રમાં દર્ભની સંખ્યા ... ,,

વિષય. પાનું.

ભાદરવા માસનાં કાર્ય.

કન્યા સંક્રાંતી અને તેનો પુણ્યકાળ ૭૭
એ માસમાં એક અન્નનો આહાર ... ... ,,
એ માસમાં પાયસ આદિનું દાન ... ... ,,
શુદ ત્રીજનું હરિતાલિકાવ્રત ,,
શુદ ચોથને દિવસે સિદ્ધિવિનાયકનું વ્રત ... ... ,,
એ ચોથને દિવસે ચંદ્રદર્શન થાય તો ખોટા દોષનો આરોપ થાય તે અને તેની નિવૃત્તિનો ઉપાય ... ૭૮
ઋષિપંચમી ... ... ,,
શુદ છઠને દિવસે સ્નાન અને સૂર્યનું પૂજન ... ... ,,
એજ છઠને દિવસે કાર્તિકસ્વામીનું દર્શન ... ... ,,
શુદ આઠમ દૂર્વાષ્ટમી ... ,,
એ દિવસે જ્યેષ્ઠાદેવીનું પૂજન. ,,
વિષ્ણુનો પરિવર્તન ઉત્સવ ... ૭૯
શ્રવણદ્વાદશીનું વ્રત ૮૦
પારણાનો કાળ ૮૧
વામનજયંતીનો નિર્ણય ... ૮૨
એ દિવસે દધિવ્રતની સમાપ્તિ અને પયોવ્રતનું ગ્રહણ ... ,,
ભાદરવા શુદ ચૌદશને દિવસે અનંતવ્રત ૮૩
દોરાનો નાશ થાય તો પ્રાયશ્ચિત્ત ... ... ,,
અગસ્ત્યનો અસ્ત તથા ઉદય અને તેનું પૂજન... ... ,,
પૂનમને દિવસે પ્રૌષ્ઠપદીશ્રાદ્ધ. ,,
મહાલયનો નિર્ણય ૮૪
નિત્યમહાલયસંબંધી પિતૃગણ. ૮૫
પિતા સંન્યાસી અથવા પતિત હોય તો ૮૭
મલમાસમાં મહાલય ન કરવું. ,,
વાર્ષિકશ્રાદ્ધ તથા મહાલય એક દિવસે પ્રાપ્ત થાય તો. ૮૮
ભરણીશ્રાદ્ધ ... ... ,,

વિષય. પાનું.
વદ નોમનો દિવસે અન્વષ્ટક્યશ્રાદ્ધ અને સૌભાગ્યવતી સ્ત્રિયોનું શ્રાદ્ધ ... ૮૮
એ દિવસે સુવાસિની ભોજન. ,,
અન્યષ્ટક્યશ્રાદ્ધનો લોપ થાય તો પ્રાયશ્ચિત્ત ... ... ,,
બારસને દિવસે સંન્યાસીઓનું મહાલય ૮૯
મઘાત્રયોદશીશ્રાદ્ધ ૯૦
એજ દિવસે ગજચ્છાયા ... ,,
દુર્મરણથી મરણ પામેલાનું શ્રાદ્ધ તથા તેનો વિધિ ... ૯૧
અમાસને દિવસે ગજચ્છાયાનું શ્રાદ્ધ ... ... ,,
આશુ શુદ એકમને દિવસે દૌહિત્રશ્રાદ્ધ ... ... ,,
કપિલા છઠનો નિર્ણય ... ૯૨
સક્ષેપથી કપિલા છઠના વ્રતનો વિધિ ... ... ,,

આશુ માસનાં કાર્ય.

તુલા સંક્રાંતિ અને તેનો પુણ્યકાળ ૯૩
દેવીનવરાત્રનો આરભ ... ૯૪
નવરાત્રીના ગૌણ પક્ષ ... ૯૫
સક્ષેપથી નવરાત્રીના આરંભનો પ્રયોગ ૯૬
ચંડીપાઠનો વિધિ ૯૮
કુમારી પૂજાનો વિધિ ... ૯૮
આશૌચાદિકમાં નવરાત્રિના પ્રકાર ... ... ,,
ઉપાંગલલિતાવ્રતનો નિર્ણય ... ૯૯
સરસ્વતીપૂજન ... ... ,,
પત્રિકાપૂજન ૧૦૦
મહાષ્ટમીનો નિર્ણય ... ... ,,
પુત્રવાળા ગૃહસ્થે આઠમનો ઉપવાસ ન કરવો ... ,,
નોમને દિવસે હોમ અને હોમના પદાર્થ ... ... ,,
બલિદાન ૧૦૧
બે પ્રકારનાં આશૌચમાં દેવનું ઉત્થાપન ... ... ,,
શસ્ત્ર અને ઘોડા ઇત્યાદિકની પૂજા ... ... ,,

વિષય. પાનું.
પારણા અને દેવતાના વિસર્જનનો કાળ ૧૦૨
વિજયાદશમીનો નિર્ણય ... ૧૦૪
તે દિવસે પૂજાનો પ્રકાર ... ,,
વિજય મુહૂર્તનો નિર્ણય ... ,,
કાર્ત્તિકસ્નાનનો નિર્ણય ... ૧૦૫
તુળસીદલનું અર્પણ અને તેની પ્રશંસા ... ... ,,
આમલીનું માહાત્મ્ય... ... ,,
હરિજાગરણનો વિધિ ... ... ,,
બીજાં કાર્તિકવ્રત ... ... ,,
કાર્તિક માસમાં વર્જ્ય પદાર્થ કયા તે ૧૦૭
વ્રતની સમાપ્તિને દિવસે ક્યાં દાન કરવાં તે ... ... ,,
એ માસમાં દીપદાનની પ્રશંસા. ,,
પુરાણશ્રવણનો વિધિ ... ... ,,
એજ દિવસે પયોવ્રતની સમાપ્તિ કરી દ્વિદલવ્રતનો આરભ કરવો ... ... ,,
એ દિવસે આકાશદીપક દેવો. ,,
કોજાગરવ્રત ૧૦૮
એજ પૂનમને દિવસે આશ્વયુજીકર્મ ... ... ,,
આગ્રયણનો કાળ ૧૦૯
આગ્રયણનો ગૌણકાળ ... ૧૧૧
મ્હોટાં સતાનનો નીરાજનનો વિધિ ... ... ,,
કરકચતુર્થી ... ... ,,
રાધાકુંડમાં સ્નાન ... ... ,,
ગોવત્સદ્વાદશી... ... ... ,,
એ દિવસે નીરાજનનો વિધિ. ,,
વદ તેરસને દિવસે યમને અર્થે દીપદાન કરવુ ... ,,
એજ દિવસે ગોત્રિરાત્રવ્રત... ,,
નરકચતુર્દશી ૧૧૨
એ દિવસે તૈલાભ્યંગ ... ,,
એ દિવસે સ્નાન કર્યા પછી યમતર્પણ કરવું ... ... ,,
એ દિવસે ઉલ્કાદાન કરવું ... ,,
અમાસને દિવસે અભ્યંગ અને લક્ષ્મીપૂજન ૧૧૪
એજ દિવસે અલક્ષ્મીને કાઢવી. ,,

વિષય. પાનું.

કાર્તિક માસનાં કાર્ય.

વૃશ્ચિકસંક્રાંતિ અને તેનો પુણ્યકાળ ૧૧૪
શુદ એકમના દિવસનાં કૃત્ય. „
એ દિવસે બળિપૂજાદિક ... „
એ દિવસે લક્ષ્મી અને કુબેરની પૂજા ૧૧૫
ગોવર્ધનની પૂજાનો વિધિ ... ૧૧૬
માર્ગપાલીબંધન ... ... „
યમદ્વિતીયાનો નિર્ણય ... „
અગ્નિની પૂજા... ... ... ૧૧૭
ગોપાષ્ટમી ... ... „
મથુરાની પ્રદક્ષિણા ... ... „
એ યુગાદિ છે ... ... „
ભીષ્મપંચકવ્રત ... ... „
એકાદશી આદિ પર્વણીને દિવસે શિવ તથા વિષ્ણુના મંત્રનું ગ્રહણ ... ... „
એ દિવસે તુલસીકાષ્ઠની માળાનું ધારણ ૧૧૮
એજ રીતે આમલીના કાષ્ઠની માળાનું ધારણ ... ... „
આમલીના મૂળમાં દેવપૂજાનો વિધિ ૧૧૯
દ્વાદશીને દિવસે પારણા ... ૧૨૦
પ્રબોધઉત્સવ અને તુલસીવિવાહનો વિધિ ૧૨૧
એ દિવસે ચાતુર્માસ્યવ્રત સમાપ્તિ ... ... „
વૈકુંઠચતુર્દશીનો નિર્ણય ... ૧૨૨
શુદ બારસ અને પૂનમ એ મન્વાદિ ... ... „
ચાતુર્માસ્યવ્રત સમાપ્તિ ... ૧૨૩
કાર્તિકની પૂનમને દિવસે કૃત્તિકાનો યોગ હોય તો કાર્તિકસ્વામીનું દર્શન કરવું તે. ૧૨૪
પદ્મકયોગ ... ... „
ત્રિપુર એ નામના દીપકનું દાન. „
એ દિવસે કામ્યવૃષોત્સર્ગનો મહિમા ... ... „
કાળાષ્ટમી ... ... „

માર્ગશીર્ષ માસનાં કાર્ય.

ધનુસંક્રાંતિ અને તેનો પુણ્યકાળ ૧૨૫
નાગપૂજા ૧૨૫
ચંપાષષ્ઠી ... ... „
એજ સ્કંદષષ્ઠી ... ... „
સાતમને દિવસે સૂર્યવ્રત ... „
લવણના દાનનો મહિમા ... „
પૂનમ દત્તજયંતી ૧૨૬
શુદ ચૌદસ અથવા પૂનમને દિવસે પ્રત્યવરોહણ નામનું કર્મ કરવું ... ... „
અષ્ટકાશ્રાદ્ધ અને તેનો લોપ થાય તો પ્રાયશ્ચિત્ત ... „
માગશર આદિ માસના રવિવારે સૌરવ્રત અને તેમાં ભક્ષ્ય પદાર્થ ૧૨૭

પૌષ માસનાં કાર્ય.

મકરસંક્રાંતિ અને તેનો પર્વકાળ ... ... „
શુદ સાતમને દિવસે સંક્રાંતિ થાય તો તેનું અધિકપણું. „
સંક્રાંતિને દિવસે તિલદાનાદિક. „
એ સંક્રાંતિને દિવસે મહાદેવ ઉપર ઘીનો અભિષેક કરવો. „
શુદ આઠમને દિવસે બુધવારના યોગમાં સ્નાનાદિક કરવાનાં તે ૧૨૯
શુદ એકાદશી મન્વાદિ ... „
માઘસ્નાનનો નિર્ણય ... ... „
સ્નાનનો સમય ... ... „
જળના ભેદવડે ફળનો ભેદ. „
માઘસ્નાનનો વિધિ ૧૩૦
એ સંક્રાંતિમાં સાકરસહિત તિલનું દાન ... ... „
અમાસને દિવસે અર્ધોદયપર્વ. „
પાત્રદાનનો પ્રયોગ ૧૩૧
વજનનું પ્રમાણ ... ... „

માઘ માસનાં કાર્ય.

કુંભસંક્રાંતિ અને તેનો પુણ્યકાળ ... ... „
માઘ માસમાં ત્રિવેણી સ્નાનનો મહિમા ... ... „
માઘ માસમાં તિલપાત્રનું દાન અને તેનો મહિમા ... „
કુડવ, પ્રસ્થ ઇત્યાદિ ધાન્યનું પ્રમાણ ... ... „
તિલપાત્રના દાનના મંત્ર ... ૧૩૨
તુલસીપત્રના દાનના મંત્ર ... „
શાળગ્રામના દાનના મંત્ર ... „
પ્રયાગમાં વેણીદાનનો વિધિ ... ૧૩૩
ત્રિવેણીમાં જળસમાધી લેવાનો વિધિ ... ... „
માઘ માસમાં તિલસ્નાનાદિકનું ફળ અને તિલનો હોમ. „
શુદ ચોથને દિવસે ઢુંઢિરાજનું વ્રત ૧૩૪
વસંતપંચમી ... ... „
રથસપ્તમી ... ... „
એ સાતમ મન્વાદિ પણ છે. „
ભીષ્માષ્ટમી ... ... „
શુદ બારસને દિવસે તિલની ઉત્પત્તિ ૧૩૫
માઘ શુદ પૂનમનું કૃત્ય ... „
એ પૂનમને દિવસે માઘસ્નાનનું ઉદ્યાપન ... ... „
માઘ વદ આઠમનું અષ્ટકાશ્રાદ્ધ. ૧૩૬
શિવરાત્રિવ્રતનો નિર્ણય ... „
શિવરાત્રિની પારણાનો નિર્ણય. „
શિવરાત્રિવ્રતનો પ્રયોગ ... ૧૩૭
ચાર પોહોરની ચાર પૂજાનો વિશેષ પ્રકાર ૧૩૯
માટીના લિંગમાં શિવપૂજા કરવાની હોય તો તેનો વિધિ. ૧૪૦
જુદી જુદી જાતનાં શિવલિંગનાં પૂજન થકી જુદું જુદું ફળ મળે છે તે ... ૧૪૧
માઘની અમાવાસ્યાને દિવસે યુગાદિશ્રાદ્ધ ... ... „

ફાલ્ગુન માસનાં કાર્ય.

મીનસંક્રાંતિ અને તેનો પુણ્યકાળ ૧૪૨
ફાગણમાં ગાય ચોખા ઇત્યાદિકનું દાન કરવું... ... „
શુદ એકમને દિવસે પયોવ્રતનો આરંભ કરવો ... „
ફાગણની પૂનમ મન્વાદિ છે. „
એજ પૂનમ હોલિકા... ... „
ભદ્રાનાં મુખ અને પુચ્છનાં લક્ષણ ૧૪૩
હોલિકાની પૂજાનો વિધિ ... „

વિષય. પાનું.
એજ ઠેકાણે કરિ નામના દિવસો ૧૪૩
એ પૂનમને દિવસે ગોવિંદના હીંદોલાના ઉત્સવ ... ,,
ફાગણ વદ એકમને દિવસે ભસ્મધારણ અને ચાંડાળનું દર્શન... ... ... ,,
એજ એકમને દિવસે વસંતનો ઉત્સવ ૧૪૪
એ દિવસે આંબાનો મોહોર ખાવો ... ... ,,
દેશ અને ગામના અધિપતિનું કૃત્ય ... ... ,,
ફાગણની અમાવાસ્યા એ મન્વાદિ ... ... ,,
બંને પરિચ્છેદમાં કહ્યા ઉપરાંત બાકી રહેલુ પરચુટણ પ્રકરણ ૧૪૫
ચાંદ્રસંવત્સરના નામ ... ,,
ચંદ્ર, મંગળ ઇત્યાદિક ગ્રહોની સંક્રાતિનો પુણ્યકાળ ... ,,
સૂર્યાદિક ગ્રહોએ સૂચિત કરેલી પીડાની નિવૃત્તિમાટે સ્નાન. ,,
નવગ્રહના દાન ૧૪૬
શનિનું વ્રત ૧૪૭
શનિનુ સ્તોત્ર .. .. ,,
સૂર્યપૂજાનો વિધિ ... ... ,,
આ ગ્રથ કરવાનું પ્રયોજન. ,,

તૃતીય પરિચ્છેદ પૂર્વાર્ધ.

મંગલાચરણ ૧૪૯
પ્રથમ ગર્ભાધાન સંસ્કાર ... ૧૫૦
પ્રથમ રજોદર્શનમાં દુષ્ટ માસાદિક ... ... ,,
પ્રથમ રજોદર્શન થયા પછીનો વિધિ ... ... ,,
સઘળાં રજોદર્શનનો સાધારણ નિયમ ૧૫૧
રજસ્વલાને નૈમિત્તિક સ્નાનનો નિર્ણય ... ... ,,
સ્પર્શાદિકનો નિર્ણય ... ... ,,
રજસ્વલાના પ્રથમ દિવસનો નિર્ણય ૧૫૨
વિષય. પાનું.
રજોદર્શનથકી બીજાં રજોદર્શનનો નિર્ણય ૧૫૩
આતુર રજસ્વલાના સ્નાનનો વિધિ ૧૫૪
દુષ્ટ રજોદર્શનની શાંતિ ... ,,
રજોદર્શનથકી પ્રથમ સ્ત્રીનું ગમન કરે તો પ્રાયશ્ચિત્ત. ,,
ગર્ભાધાનનો કાળ ૧૫૬
ઋતુકાળે ગમન ન કરતાં પણ દોષ નથી તે ... ,,
પ્રથમ ઋતુમાં સ્ત્રીગમન સમયનું કૃત્ય ૧૫૭
ગર્ભાધાનનો સંકલ્પ ... ... ,,
નાંદીશ્રાદ્ધનો નિર્ણય ૧૫૮
નાંદીશ્રાદ્ધનાં નિમિત્ત ... ,,
નાંદીશ્રાદ્ધનો વિચાર... ... ,,
નાંદીશ્રાદ્ધના કરનારાનો પિતા જીવતો હોય તો તેવિષે, નિર્ણય ૧૬૦
નાંદીશ્રાદ્ધસંબંધી પિંડદાનનો વિધિ ૧૬૧
ગર્ભાધાન સંસ્કારના બીજા પ્રકાર ૧૬૨
મૈથુનને અંતે કર્ત્તવ્ય વિધિ... ,,
ગર્ભાધાન કર્યા વિના ગર્ભની ઉત્પત્તિ થાય તો... ... ૧૬૩
સંતતિનો પ્રતિબંધ નિવૃત્ત કરવામાટે નારાયણબલિ ઇત્યાદિ. ,,
નાગબલિનો વિધિ ૧૬૫
કૃચ્છ્રના લક્ષણ ૧૬૭
કૃચ્છ્રના પ્રતિનિધિ ૧૬૮
પ્રાયશ્ચિત્તનો પ્રયોગ... ... ૧૬૯
ગોમયસ્નાન ... ... ,,
મૃત્તિકાસ્નાન ૧૭૦
જળસ્નાન ... ... ,,
પંચગવ્યનો વિધિ ... ... ,,
સ્ત્રીશૂદ્રોમાટે પંચગવ્યનો વિધિ. ,,
હરિવંશશ્રવણનો પ્રયોગ ... ૧૭૧
બીજાં વિધાન (સંતતિના ઉપાય) ૧૭૨
દત્તક પુત્ર કયો લેવાય અને કયો ન લેવાય તેનો નિર્ણય ૧૭૩
વિષય. પાનું.
ઋગ્વેદીઓનો દત્તક પુત્ર લેવાનો પ્રયોગ ૧૭૫
યજુર્વેદીઓનો બૌધાયનના કહ્યાપ્રમાણે પ્રયોગ ... ,,
પરગોત્રમાં ઉત્પન્ન થયેલા દત્તકનું કૃત્ય ૧૭૬
સઘળી કન્યાજ થતી હોય તો પુત્રપ્રાપ્તિ માટે પુત્રકામેષ્ટિ ૧૭૭
પુંસવનસંસ્કાર ૧૭૮
સીમંતોન્નયન સંસ્કારનો કાળ. ૧૭૯
સીમંતાદિવિષે ભોજનનું પ્રાયશ્ચિત્ત ... ... ,,
ગર્ભિણી સ્ત્રીનાં ધર્મ... ... ૧૮૦
સગર્ભા સ્ત્રીના પતિના ધર્મ. ૧૮૧
ગર્ભસ્રાવ થતો હોય તેનો ઉપાય. ,,
પ્રસવને યોગ્ય ઘરમાં ગર્ભિણીનો પ્રવેશ ૧૮૨
બાળકના જન્મવિષે પ્રતિબંધ થાય તેનો ઉપાય ... ,,
જાતકર્મ સંસ્કાર ૧૮૩
અનિષ્ટ ગ્રહવિષે કર્ત્તવ્યવિધિ. ૧૮૪
કન્યાના સંસ્કારનો નિર્ણય ... ,,
જન્મદા નામની દેવતાનુ પૂજન. ૧૮૫
આશૌચમાં કયાં કર્મ કરવાં અને કયાં ન કરવાં તે ... ,,
અન્વાધાન થયા પછી સૂતક પ્રાપ્ત થાય તો ... ... ,,
સૂતિકા (પ્રસવવાળી સ્ત્રી)ની શુદ્ધિ ૧૮૭
જન્મસમયના દુષ્ટ કાળ અને તેની શાંતિઓ તેનો નિર્ણય. ,,
ગોપ્રસવશાંતિ ... ... ,,
કૃષ્ણ પક્ષની ચૌદશમાં જન્મ થયો હોય તો તેનું ફળ અને શાંતિ ૧૮૮
સિનીવાલી કુહૂ અને દર્શ એ તિથિઓમાં જન્મ થયો હોય તો તેનાં ફળ અને શાંતિ. ૧૮૯
દર્શદાનનાં પ્રમાણ ૧૯૦
દર્શશાંતિ ... ... ,,
નક્ષત્રોની શાંતિ, તેમાં મૂળ નક્ષત્રનું ફળ ૧૯૧

વિષય. પાનું.
શાંતિના હોમનો મુખ્ય કાળ. ૧૯૧
અગ્નિચક્ર જોવાની રીતિ ... ૧૯૨
સઘળી શાંતિઓ કરવા સારૂ શુભ દિવસનો નિર્ણય ... „
અભુક્તમૂળ નક્ષત્રમાં ઉત્પન્ન થયલો હોય તેનું કૃત્ય ... ૧૯૩
આશ્લેષા શાંતિ ૧૯૪
જન્મસમયે જ્યેષ્ઠા નક્ષત્ર હોય તો તેનું ફળ ૧૯૫
જ્યેષ્ઠા નક્ષત્રની શાંતિ ... ૧૯૬
ચિત્રા આદિ નક્ષત્રોનો વિચાર. „
વ્યતીપાત વૈધૃતિ અને સંક્રાંતિ એમનાં ફળ અને શાંતિ. ૧૯૭
વૈધૃતિશાંતિમાં વિશેષ પ્રકાર. „
એક નક્ષત્રમાં જન્મ થયો હોય તેનાં ફળ અને શાંતિ. ૧૯૮
ગ્રહણમાં જન્મ થાય તો તેનું ફળ અને શાંતિ ... ... „
નક્ષત્રગંડાંત અને તેની શાંતિ. ૧૯૯
વાગીશ્વરની પ્રતિમાનું દાન. „
તિથિગંડાંત અને લગ્નગંડાંતની શાંતિ ૨૦૦
દિનક્ષય ઇત્યાદિકની શાંતિ ... „
વિષઘટીની શાંતિ ૨૦૧
યમલ (બે બાળકનો સાથેજ જન્મ) થાય તેની શાંતિ. „
ત્રણ પુત્ર પછી ચોથી કન્યા અથવા ત્રણ કન્યા પછી ચોથો પુત્ર થાય તો તેનું ફળ અને શાંતિ ૨૦૨
દાંત ઉત્પન્ન થાય તેની શાંતિ. ૨૦૩
વિપરીત ઉત્પત્તિ થઈ હોય તેની શાંતિ... ... ... „
નામકરણ સંસ્કાર ૨૦૪
ઘણા કાળ જતો રહ્યો હોય ત્યારે જે શુભ તિથિ ઇત્યાદિક લેવાનાં તે ... ... „
નામ ચાર પ્રકારનાં... ... ૨૦૫
પ્રયોગમાં વિશેષ ૨૦૬
સ્ત્રીઓનું નામકર્મ ૨૦૭
બાળકને પારણામાં સુવાડવું તે. „
દૂધ પીવડાવવું તે ... ... „
જળપૂજા ... ... „

વિષય. પાનું.
બાળકને પ્રથમ ઘરથી બાહાર તેડી નીકળવું તથા સૂર્યનું દર્શન ૨૦૮
બાળકને પૃથ્વી ઉપર બેસાડવાનો કાળ ... ... „
અન્નપ્રાશન થયા પછી કર્તવ્યવિધિ ૨૦૯
કર્ણવેધ (કાન વીંધવા તે.) „
બાળકને દૃષ્ટિદોષાદિક હોય તો તેની રક્ષાનો વિધિ ... ૨૧૦
વર્ધાપન(જન્મદિવસ)નો વિધિ. „
વર્ધાપનનો સંક્ષેપ પ્રયોગ ... „
ચૌલસંસ્કાર ૨૧૧
માતા સગર્ભા હોય તો ... „
જ્વરવાળાને મંગળ કરવાં નહી. „
મંગળમાં માતાને રજોદર્શન થાય તો શ્રીપૂજનાદિ શાંતિ. „
મંડન પછી મુંડન કરવું નહીં. „
પ્રેતકર્મ સમાપ્ત થયાથી પ્રથમ માગલિક કર્મ કરવું નહીં. „
એક વર્ષમાં સરખા સંસ્કાર કરવા નહીં ... ... „
પ્રારંભ થયા પછી સૂતક પ્રાપ્ત થાય તો ... ... „
વિદ્યાના આરંભનો કાળ ... ૨૧૩
જેને યજ્ઞોપવીત નથી મળ્યું તેના ધર્મ ... ... „
ઉપનયન (મૌંજી) સંસ્કાર. ૨૧૪
ઉપનયનસંસ્કાર કરવામાં અધિકારી ... ... „
ઉપનયનનો કાળ ૨૧૫
બે જ્યેષ્ઠનો વિચાર ... ... „
મૌંજીવિષે તિથિ કહી લેવી તે. ૨૧૬
નૈમિત્તિક (નિમિત્તથી થયેલા) અનધ્યાય ૨૧૭
વારાદિકનો નિર્ણય ૨૧૮
મૌંજીનાં નક્ષત્ર ૨૧૯
લગ્નમાં ગ્રહબળ ... ... „
માતા ઇત્યાદિકને રજોદોષ થાય તો ... ... „
શ્રીશાંતિનો પ્રકાર ... ... „
મૌંજી માટે પદાર્થ એકઠા કરવા તે ૨૨૦

વિષય. પાનું.
યજ્ઞોપવીત કરવાની રીતિ ... ૨૨૧
યજ્ઞોપવીતનો નાશ થાય તો પ્રાયશ્ચિત્ત ... ... „
મેખળા (દંડ) ઇત્યાદિક ... ૨૨૨
મૌંજીના અંતર્ગત પદાર્થોમાં વિશેષ ... ... „
ઉપસંગ્રહણ (ગુરૂનાં ચરણમાં નમવા)નો વિધિ ... ... „
પ્રત્યભિવાદન (શિષ્યે નમસ્કાર કીધા પછી ગુરૂએ આશીર્વાદ દેવો) તે ... ૨૨૩
વિનાયકશાંતિ ... ... „
ગ્રહયજ્ઞ ૨૨૪
બૃહસ્પતિની શાંતિ ૨૨૫
મૌંજી આદિ સંસ્કાર સમયે કરવાના સંકલ્પ ૨૨૬
બીજા દિવસનું કૃત્ય ૨૨૭
ગર્જના થાય તેની શાંતિ ... „
શાંતિનો પ્રયોગ ૨૨૮
ઉપનયનના અગ્નિનો નાશ થાય તો ... ... „
બટુ (બ્રહ્મચારી)નું વ્રત ... ૨૨૯
મંડપદેવતાનું ઉત્થાપન ... „
મંડપનાં વિસર્જનપર્યંત (સપિંડીઓ) કયાં કાર્ય ન કરવાં તે ... ... „
ષંઢ (નપુંસક) અંધ ઇત્યાદિકના સંસ્કાર ૨૩૦
કુંડગોળકનો નિર્ણય ... ... „
જ્યેષ્ઠના સંસ્કારથકી પ્રથમ કનિષ્ઠના સંસ્કાર કરવા નહીં ... ... „
પુનરૂપનયન ૨૩૧
બીજું પુનરૂપનયન ૨૩૨
ઉપનયનનાં નિમિત્તનો ત્રીજો પ્રકાર ... ... „
પ્રાયશ્ચિત્તમાટે જે પુનરૂપનયન તેમાં વિશેષ... ... ૨૩૩
યજુર્વેદિઓનો પુનઃસંસ્કાર... ૨૩૪
બ્રહ્મચારિના ધર્મ ૨૩૫
બ્રહ્મચારિવ્રતનો લોપ થયો હોય તો પ્રાયશ્ચિત્ત ... „
વેદાધ્યયનનો આરંભ ... „

વિષય. પાનું.
અનધ્યાય ૨૩૬
અધ્યયન કેમ કરવું તેના ધર્મ. ,,
વ્રત કહેછે ૨૩૭
સમાવર્ત્તન ... ... ,,
સમાવર્ત્તનનો કાળ ૨૩૮
મણિ કુંડળ ઇત્યાદિક પદાર્થોનું સપાદન ૨૩૯
સમાવર્ત્તનના સકલ્પ ઇત્યાદિક. ,,
સ્મૃતિમાં કહેલાં વ્રતો ... ૨૪૦
આતુરનું સમાવર્ત્તન ૨૪૧
સમાવર્ત્તન પછી અતિક્રાંતાશૌચ પાળવું તે ... ... ,,
વિવાહસંસ્કાર... ... ... ૨૪૨
કન્યાનું લક્ષણ ... ... ,,
ગ્રહોના શત્રુ મિત્રાદિક ... ,,
ગણમૈત્રી ... ... ,,
રાશિકૂટ ૨૪૩
નાડીમૈત્રી ... ... ,,
સાપિંડ્યનો નિર્ણય ૨૪૪
એ વિષયમાં ઉદાહરણ ... ૨૪૫
શાકટાયનનો મત ૨૪૮
સાપિંડ્યદીપિકાકારનો મત ... ૨૪૯
સાવકી માતાના કુળમાં સાપિંડ્યનિર્ણયના વિષયમાં સુમંત ઋષિનો મત ૨૫૦
સાપિંડ્ય ન છતાં પણ વિવાહ થતો નથી તેમાં પરિશિષ્ટ અને બૌધાયનનો મત ... ૨૫૧
સંક્ષેપથી ગોત્ર અને પ્રવરનો નિર્ણય ૨૫૨
આંગિરસગણ ૨૫૪
ભરદ્વાજગણ ૨૫૫
કેવળઆંગિરસ ... ... ,,
અત્રિગણ ૨૫૬
વિશ્વામિત્રગણ ૨૫૭
કશ્યપગણ ૨૫૮
વસિષ્ઠગણ ... ... ,,
આગસ્ત્યગણ ૨૫૯
દ્વિગોત્ર (બે ગોત્રવાળા) ... ૨૬૦
સ્મૃત્યર્થસારાદિક ગ્રંથોમાં કહેલા દ્વિગોત્ર ... ... ,,
પોતાના ગોત્રની ખબર ન હોય તો તેનો નિર્ણય ... ,,

વિષય. પાનું.
માતૃગોત્ર વર્જ્ય કરવું તેનો નિર્ણય ૨૬૧
એક ગોત્રાદિકમાં વિવાહાદિક થયો હોય તો તેનું પ્રાયશ્ચિત્ત ... ... ,,
બીજા પણ વિવાહવિષે નિષેધ. ૨૬૨
એ નિષેધોનો અપવાદ (બાધ). ૨૬૩
પ્રતિકૂળનો વિચાર ૨૬૪
પ્રતિકૂળવિષે વિશેષ ... ... ,,
શ્રીપૂજનાદિક શાંતિનો વિધિ. ૨૬૫
અંત્યકર્મ થયું ન હોય ત્યહાંપર્યંત મંગળનો પ્રતિબંધ. ૨૬૬
મંડપના ઉદ્વાસનથી પ્રથમ દર્શાદિક આવે તેનો નિર્ણય. ,,
નાંદીશ્રાદ્ધના અપકર્ષમાં દિવસનો અવધિ ૨૬૭
નાંદીશ્રાદ્ધ કીધા પછી આશૌચનો બાધ... ... ... ,,
વિવાહાદિકવિષે રજોદોષ અથવા સૂતકની પ્રાપ્તિ થાય તો ૨૬૮
કન્યાનો રજોદોષ થાય તો. ,,
ક્ષયપક્ષાદિકનો નિર્ણય ... ૨૬૯
ગુરૂબળનો નિર્ણય ... ... ,,
વરને શુભ રવિ ... ... ,,
કન્યાના વિવાહનો કાળ ... ,,
વિવાહ કેટલા પ્રકારેના તે ... ૨૭૦
વાગ્દાન થયા પછી વર દેશાંતર ગયો હોય તો ... ,,
પરિવેત્તા ઇત્યાદિકનાં લક્ષણ અને પ્રાયશ્ચિત્ત ૨૭૧
કન્યાદાતાઓનો અનુક્રમ ... ૨૭૨
અન્યની કન્યાના દાનવિષે વિશેષ ... ... ,,
મૂળાદિક નક્ષત્રોનું ફળ અને તેનો અપવાદ ... ... ,,
પુરૂષપણાની પરીક્ષા... ... ,,
વિવાહવિષે માસાદિકનો નિર્ણય. ૨૭૩
ઘાતચંદ્ર ૨૭૪
વર્જ્ય દોષ ... ... ,,
ગ્રહણનો એક પાદ ઇત્યાદિ ગ્રાસ હોય તો વર્જ્ય દિવસો ... ... ,,

વિષય. પાનું.
દિવસે વિવાહ શ્રેષ્ઠ ૨૭૪
વિવાહલગ્નવિષે ગ્રહબળ ... ,,
લગ્નવિષે વર્જ્ય ગ્રહ કહ્યા તે ... ,,
નવાંશની રીતિ ... ... ,,
એકવીસ મહાદોષ ૨૭૫
સંકટવિષે ગોધૂળ (ગોરજ) મુહૂર્ત્ત ... ... ,,
ચંદ્ર તારા આદિ કહ્યા પ્રમાણે ન હોય તો તેવિષે દાન. ,,
મંડપ આદિ વિવાહનાં અંગનો વિચાર ... ... ,,
ષડ્વર્ગશુદ્ધિ ઇત્યાદિકનો વિચાર. ૨૭૬
કન્યાના જન્મસમયના ગ્રહાદિકને યોગે સૂચિત કરેલું જે વૈધવ્ય તેની નિવૃત્તિના ઉપાય ... ... ,,
વૈધવ્ય દોષને દૂર કરનારો કુંભવિવાહ ૨૭૭
વરના મૃતભાર્યાત્વ (સ્ત્રી મરી જતી હોય તે) દોષની નિવૃત્તિનો ઉપાય... ... ,,
મૃતપુત્રત્વ (પુત્ર થઇને મૃત્યુ પામતો હોય તે) દોષનો ઉપાય ૨૭૮
કન્યાદાનની પ્રશંસા ... ... ,,
કન્યાને ઘરે માતા પિતાને ભોજનનો નિષેધ ... ... ,,
સ્ત્રીની સાથે ભોજન તથા અન્ય સમયે નહીં તે ... ,,
વાગ્દાન ઇત્યાદિકનો વિચાર. ,,
વિવાહદિવસનું કૃત્ય ... ... ,,
વિવાહના સકલ્પાદિક ... ૨૭૯
તેમાં નાંદીશ્રાદ્ધનો વિચાર ... ૨૮૨
મંડપદેવતાનું સ્થાપન ગ્રહયજ્ઞ અને પુણ્યાહવાચનનો કાળ. ૨૮૩
સીમાંતપૂજનનો વિધિ ... ,,
ગૌરી અને હરની પૂજા ... ,,
મધુપર્કનો વિધિ ૨૮૪
લગ્નઘટિકાના સ્થાપનનો વિધિ. ,,
અંત પટધારણ અને અક્ષતારોપણ તથા કન્યાદાનનો વિધિ. ૨૮૬
કન્યાદાનનાં અગરૂપ જે ગાય ઇત્યાદિક દાન તેના મંત્ર. ૨૮૭

વિષય. પાનું.
અનધ્યાય ૨૩૬
અધ્યયન કેમ કરવું તેના ધર્મ. „
વ્રત કહેછે ૨૩૭
સમાવર્ત્તન ... ... „
સમાવર્ત્તનનો કાળ ૨૩૮
મણિ કુંડળ ઇત્યાદિક પદાર્થોનું સંપાદન ૨૩૯
સમાવર્ત્તનના સંકલ્પ ઇત્યાદિક. „
સ્મૃતિમાં કહેલાં મતો ... ૨૪૦
આતુરનું સમાવર્ત્તન ૨૪૧
સમાવર્ત્તન પછી અતિક્રાંતાશૌચ પાળવું તે ... ... „
વિવાહસંસ્કાર... ... ... ૨૪૨
કન્યાનું લક્ષણ ... ... „
ગ્રહોના શત્રુ મિત્રાદિક ... „
ગણમૈત્રી ... ... „
રાશિકૂટ ૨૪૩
નાડીમૈત્રી ... ... „
સાપિંડ્યનો નિર્ણય ૨૪૪
એ વિષયમાં ઉદાહરણ ... ૨૪૫
શાકટાયનનો મત ૨૪૮
સાપિંડ્યદીપિકાકારનો મત ... ૨૪૯
સાવકી માતાના કુળમાં સાપિંડ્યનિર્ણયના વિષયમાં સુમંત ઋષિનો મત ૨૫૦
સાપિંડ્ય ન છતાં પણ વિવાહ થતો નથી તેમાં પરિશિષ્ટ અને બૌધાયનનો મત ... ૨૫૧
સંક્ષેપથી ગોત્ર અને પ્રવરનો નિર્ણય ૨૫૨
આંગિરસગણ ૨૫૪
ભરદ્વાજગણ ૨૫૫
કેવળઆંગિરસ ... ... „
અત્રિગણ ૨૫૬
વિશ્વામિત્રગણ ૨૫૭
કશ્યપગણ ૨૫૮
વસિષ્ઠગણ ... ... „
આગસ્ત્યગણ ૨૫૯
દ્વિગોત્ર (બે ગોત્રવાળા) ... ૨૬૦
સ્મૃત્યર્થસારાદિક ગ્રંથોમાં કહેલા દ્વિગોત્ર ... ... „
પોતાના ગોત્રની ખબર ન હોય તો તેનો નિર્ણય ... „

વિષય. પાનું.
માતૃગોત્ર વર્જ્ય કરવું તેનો નિર્ણય ૨૬૧
એક ગોત્રાદિકમાં વિવાહાદિક થયો હોય તો તેનું પ્રાયશ્ચિત્ત ... ... „
બીજા પણ વિવાહવિષે નિષેધ. ૨૬૨
એ નિષેધોનો અપવાદ (બાધ) ૨૬૩
પ્રતિકૂળનો વિચાર ૨૬૪
પ્રતિકૂળવિષે વિશેષ ... ... „
શ્રીપૂજનાદિક શાંતિનો વિધિ. ૨૬૫
અંત્યકર્મ થયું ન હોય ત્યહાંપર્યંત મંગળનો પ્રતિબંધ. ૨૬૬
મંડપના ઉદ્વાસનથી પ્રથમ દર્શાદિક આવે તેનો નિર્ણય. „
નાંદીશ્રાદ્ધના અપકર્ષમાં દિવસનો અવધિ ૨૬૭
નાંદીશ્રાદ્ધ કીધા પછી આશૌચનો બાધ... ... ... „
વિવાહાદિકવિષે રજોદોષ અથવા સૂતકની પ્રાપ્તિ થાય તો ૨૬૮
કન્યાનો રજોદોષ થાય તો. „
ક્ષયપક્ષાદિકનો નિર્ણય ... ૨૬૯
ગુરુબળનો નિર્ણય ... ... „
વરને શુભ રવિ ... ... „
કન્યાના વિવાહનો કાળ ... „
વિવાહ કેટલા પ્રકારના તે ... ૨૭૦
વાગ્દાન થયા પછી વર દેશાંતર ગયો હોય તો ... „
પરિવેત્તા ઇત્યાદિકનાં લક્ષણ અને પ્રાયશ્ચિત્ત ૨૭૧
કન્યાદાતાઓનો અનુક્રમ ... ૨૭૨
અન્યની કન્યાના દાનવિષે વિશેષ ... ... „
મૂળાદિક નક્ષત્રોનું ફળ અને તેનો અપવાદ ... ... „
પુરૂષપણાની પરીક્ષા... ... „
વિવાહવિષે માસાદિકનો નિર્ણય ૨૭૩
ઘાતચંદ્ર ૨૭૪
વર્જ્ય દોષ ... ... „
ગ્રહણનો એક પાદ ઇત્યાદિ ગ્રાસ હોય તો વર્જ્ય દિવસો ... ... „

વિષય. પાનું.
દિવસે વિવાહ શ્રેષ્ઠ ૨૭૪
વિવાહલગ્નવિષે ગ્રહબળ ... „
લગ્નવિષે વર્જ્ય ગ્રહ કહ્યા તે ... „
નવાંશની રીતિ ... ... „
એકવીસ મહાદોષ ૨૭૫
સંકટવિષે ગોધૂળ (ગોરજ) મુહૂર્ત ... ... „
ચંદ્ર તારા આદિ કહ્યા પ્રમાણે ન હોય તો તેવિષે દાન. „
મંડપ આદિ વિવાહનાં અંગનો વિચાર ... ... „
ષડ્વર્ગશુદ્ધિ ઇત્યાદિકનો વિચાર. ૨૭૬
કન્યાના જન્મસમયના ગ્રહાદિકને યોગે સૂચિત કરેલું જે વૈધવ્ય તેની નિવૃત્તિના ઉપાય ... ... „
વૈધવ્ય દોષને દૂર કરનારો કુંભવિવાહ ૨૭૭
વરના મૃતભાર્યાત્વ (સ્ત્રી મરી જતી હોય તે) દોષની નિવૃત્તિનો ઉપાય... ... „
મૃતપુત્રત્વ (પુત્ર થઈને મૃત્યુ પામતો હોય તે) દોષનો ઉપાય ૨૭૮
કન્યાદાનની પ્રશંસા ... ... „
કન્યાને ઘરે માતા પિતાને ભોજનનો નિષેધ ... ... „
સ્ત્રીની સાથે ભોજન તથા અન્ય સમયે નહીં તે ... „
વા દાન ઇત્યાદિકનો વિચાર. „
વિવાહદિવસનું કૃત્ય... ... „
વિવાહના સંકલ્પાદિક ... ૨૭૯
તેમાં નાંદીશ્રાદ્ધનો વિચાર ... ૨૮૨
મંડપદેવતાનું સ્થાપન ગ્રહયજ્ઞ અને પુણ્યાહવાચનનો કાળ. ૨૮૩
સીમાંતપૂજનનો વિધિ ... „
ગૌરી અને હરની પૂજા ... „
મધુપર્કનો વિધિ ૨૮૪
લગ્નઘટિકાના સ્થાપનનો વિધિ. „
અંત પટધારણ અને અક્ષતારોપણ તથા કન્યાદાનનો વિધિ. ૨૮૬
કન્યાદાનનાં અંગરૂપ જે ગાય ઇત્યાદિક દાન તેના મંત્ર. ૨૮૭

વિષય. પાનું.
વિવાહહોમનો વિધિ ૨૮૮
ગૃહપ્રવેશનીય હોમ ... ... „
ચોથે દિવસે ઐરિણીદાન કરવું. ૨૮૯
માતાને રજોદર્શન થાય તેનો નિર્ણય ... ... „
વિવાહ પછી આશૌચ પ્રાપ્ત થાય તો ... ... „
મંગળ થયા પછી વર્જ્ય કર્મ. „
વધૂ પ્રવેશનો નિર્ણય... ... ૨૯૦
દ્વિરાગમન (બીજીવાર વધૂ ઘેર આવે તે) ૨૯૧
પ્રતિશુક્રના દોષનો નિષેધ ... „
પતિ આદિકને ઘરે પ્રથમ વર્ષમાં નિવાસનો નિષેધ. „
પુનર્વિવાહ (ફરીને વિવાહ). ૨૯૨
બીજે વિવાહ કરવાનાં નિમિત્ત. „
બંને અગ્નિના સંસર્ગ (એક કરવા) નો પ્રયોગ ... ૨૯૩
બીજા ઇત્યાદિક વિવાહનો કાળ. „
અર્કવિવાહ ૨૯૪
આહ્નિક (નિત્યકર્મ)નો વિધિ. ૨૯૫
મૂત્ર મળનો ત્યાગ ઇત્યાદિ વિધિ. „
આચમનનો વિધિ ૨૯૬
આચમનનાં નિમિત્ત ૨૯૭
દંતધાવન ... ... „
સંક્ષેપે સ્નાનવિધિ ૨૯૮
ઘરે સ્નાન કરવું તે ઉષ્ણ જળે અને તેનો વિધિ ... ... „
ચાંડાલાદિકનો સ્પર્શ થયા છતાં કર્તવ્ય વિધિ ... ૨૯૯
નૈમિત્તિક કામ્ય અને ગૌણસ્નાન ... ... „
તિલકનો વિધિ ૩૦૦
ભસ્મનું ત્રિપુંડ્ર ... ... „
સંધ્યાનો સમય ... ... „
ઋગ્વેદીઓનો સંધ્યાપ્રયોગ... ૩૦૧
મંત્રાચમન ... ... „
ગાયત્રીજપ ૩૦૨
તૈત્તિરીય શાખાવાળાઓનો સંધ્યાપ્રયોગ... ... ... ૩૦૩
કાત્યાયનોનો સંધ્યાપ્રયોગ ... ૩૦૪
સંધ્યાનું ફળ ૩૦૫
સંધ્યાના ગૌણ કાળ ... ... „

વિષય. પાનું
ઔપાસન (સાયંકાળ, પ્રાતઃકાળ અગ્નિવિષે) હોમ કરવો તે ૩૦૫
આશ્વલાયનોના સ્માર્ત્તહોમનો પ્રયોગ ૩૦૬
હિરણ્યકેશી શાખાવાળાઓના સ્માર્ત્તહોમનો પ્રયોગ ... ૩૦૭
કાત્યાયનોના સ્માર્ત્તહોમનો પ્રયોગ ૩૦૮
હોમનો લોપ થાય તો પ્રાયશ્ચિત્ત ... ... „
હોમનાં દ્રવ્ય ... ... „
સમરથહોમ ૩૦૯
પક્ષહોમ ... ... „
અગ્નિસમારોપ ૩૧૦
પતિ પ્રવાસમાં હોય તો ... ૩૧૧
ઔપાસનાગ્નિ નષ્ટ થયો હોય તો ... ... „
અન્વાધાન કરેલા અગ્નિનો યાગ થકી પ્રથમ નાશ થાય તો. ૩૧૨
અન્વાધાન કીધા પછી પ્રયાણ કરવાનું પ્રાપ્ત થાય તો... „
અગ્નિસમારોપ કરેલાં સમિધનો નાશ થાય તો ... „
ઔપાસનાગ્નિનાં પ્રાયશ્ચિત્ત અને સ્થાલીપાકનો આરંભ. „
હોમદ્રવ્યના દોષ ૩૧૩
ચરૂ ઉભરાઈ જાય ઇત્યાદિકનાં પ્રાયશ્ચિત્ત ... ... „
અગ્નિનાશ થવાનાં નિમિત્ત... ૩૧૪
અગ્નિનાશ થયો હોય તો પ્રાયશ્ચિત્ત... ... ... „
અગ્નિનો નાશ કરનારાં નિમિત્ત. ૩૧૫
સ્ત્રી પ્રવાસ કરે તો... ... ૩૧૬
પત્ની મૃત થઈ હોય તો ... „
કાત્યાયનોને ઉપયોગી કાંઈ નિર્ણય ૩૧૭
બહ્વૃચકારિકાની ઉક્તિ ... „
નિત્યદાન ૩૧૮
દિવસના બીજા ભાગનું કૃત્ય. ૩૧૯
વેદાભ્યાસ ... ... „
સંક્ષેપેકરી દેવપૂજાનો પ્રયોગ. ૩૨૦
પુરૂષસૂક્તના ન્યાસ ... ... „

વિષય. પાનું.
ષોડશોપચાર પૂજનનો ક્રમ... ૩૨૧
દિવસના ત્રીજા ભાગનું કૃત્ય. ૩૨૨
દિવસના ચોથા ભાગનું કૃત્ય. ૩૨૩
મધ્યાહ્નસંધ્યાનો પ્રયોગ ... „
તૈત્તિરીય શાખાવાળાઓની મધ્યાહ્નસંધ્યા ... ... „
કાત્યાયનોની મધ્યાહ્નસંધ્યા... „
બ્રહ્મયજ્ઞનો વિધિ ૩૨૪
તર્પણ ૩૨૫
હિરણ્યકેશીયોનો બ્રહ્મયજ્ઞ ... ૩૨૬
તર્પણનો વિધિ... ... ... ૩૨૭
આપસ્તંબાદિકના તર્પણનો વિધિ. „
કાત્યાયન શાખાવાળાઓનો બ્રહ્મયજ્ઞવિધિ... ... ... ૩૨૮
તર્પણ ... ... „
દિવસના પાંચમા ભાગનું કૃત્ય. ૩૨૯
પ્રાતઃકાળ અને સાયંકાળ સંબધી બે વૈશ્વદેવ સાથે એ પક્ષવિષે એકતંત્ર પ્રયોગ. ૩૩૦
વૈષ્ણવનું લક્ષણ ... ... „
સાયકાળના વૈશ્વદેવની આહુતિ. ૩૩૧
બલિહરણ નામનો ભૂતયજ્ઞ. ૩૩૨
પિતૃયજ્ઞ ... ... „
મનુષ્યયજ્ઞ ... ... „
તૈત્તિરીય શાખાવાળાઓનો વૈશ્વદેવપ્રયોગ ૩૩૩
દેવયજ્ઞાદિ ચાર યજ્ઞ ૩૩૪
કાત્યાયન શાખાવાળાઓનો વૈશ્વદેવપ્રયોગ ... ... „
પંચમહાયજ્ઞમાંથી એકાદા યજ્ઞનો લોપ થયો હોય તો પ્રાયશ્ચિત્ત ૩૩૫
સઘળાઓને સાધારણપણાએ ભોજનાદિકનો વિધિ ... ૩૩૬
કાંદા ઇત્યાદિકનું ભક્ષણ થાય તો ચાંદ્રાયણ કરવું ... „
ભોજન કરતાં પરસ્પર સ્પર્શ થાય તો ૩૩૮
ભોજન થયા પછીનું કૃત્ય ... ૩૩૯
તાંબૂલભક્ષણ ... ... „

વિષય. પાનું
દિવસના છઠ્ઠા અને સાતમા ભાગનું કૃત્ય ૩૩૯
આઠમા ભાગનુ કૃત્ય ... ૩૪૦
સાંયસંધ્યા ... ... „
સાયકાળના વૈશ્વદેવમાં ફરી પાક કરવો તે ... ... „
સુવાનો કાળ અને તેનો વિધિ. ૩૪૧
પ્રાયશ્ચિત્તાર્થં શ્રીવિષ્ણુના નામનું ઉચ્ચારણ કરવું તે ... „
(અગ્નિનું) આધાન ... ... „
શૂદ્રનું સસ્કારનો વિચાર ... ૩૪૨
વાવ, કુવા ઇત્યાદિકનો ઉત્સર્ગ (દાન) આદિ ૩૪૩
જલોત્સર્ગના નક્ષત્રાદિક ... „
વૃક્ષ ઇત્યાદિકનું રોપણ (રોપવું). „
મૂર્તિપ્રતિષ્ઠાનો કાળ ૩૪૪
પંચસૂત્રીનો નિર્ણય ૩૪૫
લિંગ, શાલગ્રામાદિકનો ફળવિશેષ ૩૪૬
રૂદ્રાક્ષ, તુળસી ઇત્યાદિક સર્વે જપમાળાના સસ્કાર . . ૩૪૭
બોપદેવે કહેલી રૂદ્રાક્ષધારણની સંખ્યા ... ... „
અભ્યગ, મહાસ્નાન અને પંચામૃતનાં પ્રમાણ ૩૪૮
વિષ્ણુ આદિક પંચાયતન માંડવાની રીતિ ... ... „
કેશવાદિ. ચોવીસ મૂર્તિનો નિર્ણય ૩૪૯
નિર્ણયસિંધુમાં કહ્યાપ્રમાણે દેવપ્રતિષ્ઠાનો પ્રયોગ ૩૫૦
ત્યાર પછી કર્તવ્ય વિધિ ... ૩૫૧
સ્થિર પ્રતિમાવિષે ક્રમ અને વિશેષ ૩૫૫
બીજા દિવસનું કૃત્ય ... ... „
બહુધા સ્થિરપ્રતિમા અને ચળપ્રતિમાનો સાધારણ પ્રયોગ. ૩૫૭
એનાં કરતાં પણ સક્ષેપ એવો એકાધ્વર વિધિવડે ચળપ્રતિષ્ઠાનો પ્રયોગ ... ૩૫૯
પુન પ્રતિષ્ઠા ૩૬૦
બુદ્ધિપૂર્વક પૂજાનો નાશ તથા શૂદ્રસ્પર્શ ઇત્યાદિક થયુ હોય તો ૩૬૧
પ્રોક્ષણનો વિધિ ૩૬૧
જીર્ણોદ્ધાર ... ... „
મૂર્તિ, શિવલિંગ ઇત્યાદિકનો ભંગ થયો હોય તો શાતિ. ૩૬૨
દેવપૂજાવિષે પુષ્પ કેવાં લેવા તે ૩૬૩
બિલ્વિ ઇત્યાદિક પત્ર અને પુષ્પ કેટલા દિવસપર્યંત વાસી થતાં નથી તે ... „
તુલસી ગ્રહણ કરવાવિષે સમય. ૩૬૪
કહેલાં અને નિષિદ્ધ કરેલા માટે વૈકલ્પિક છે તે ... „
વિષ્ણુને પ્રિય પુષ્પો કયા તે. „
શિવને પ્રિય પુષ્પો ૩૬૫
નિષિદ્ધ પુષ્પ ... ... „
પત્ર, પુષ્પ અને ફળ અર્પણનો વિચાર ... ... „
શિવને પ્રદક્ષિણાનો વિચાર... „
જૂદાં જૂદા પુષ્પોવડે પૂજન કરવાનુ ફળ ... ... „
શિવનિર્માલ્ય ગ્રહણનો નિર્ણય. ૩૬૬
નક્ષત્રોની સંજ્ઞા ... ... „
જે વિષયમા તિથિવારાદિક કહ્યા ન હોય તે વિષયમા નિર્ણય. „
જમીન ખેડવી, બીજ વાવવા, હળચક્ર, ધાન ચોંપવું, ધાન કાપવુ, ખળાં વીચમાં સ્તભ ખોડવો, ધાન્યમર્દન, ધાન્યનો સગ્રહ, ધાન્ય વધવાનો પ્રકાર અને નવીન અન્નનુ ભક્ષણ કરવુ તે ... „
વસ્ત્રાદિક ધારણનુ મુહૂર્ત ... ૩૬૭
વસ્ત્ર દગ્ધાદિકનો દોષ ... „
વસ્ત્ર સીવડાવવુ તે ... ... „
વસ્ત્ર ધોવડાવવુ તે ... ... „
સુવર્ણાદિક ધાતુના પાત્રવિષે ભોજન તથા અલકારાદિક ઘડાવવા તેના નક્ષત્ર ... „
શસ્ત્ર ઘડાવવાં તથા ધારણ કરવા તે ... ... „
સેવા કરવી તે ... ... „
પાલખી તથા હાથી ઇત્યાદિ ઉપર બેસવુ તે ... ... „
રાજાનું દર્શન તથા નૃત્યનો આરંભ ૩૬૭
વેચવાની બજાર કરવી, ખરીદ કરવી તથા વેચવું તે ... „
બાંધા બંધાવવા તથા પશુ લેવાં વેચવા તે ... ... „
દ્રવ્ય વ્યાજુ દેવું તથા લેવું તે ... ... „
ત્રિપુષ્કર અને દ્વિપુષ્કર યોગ. „
અંધ, મદ, ચિપડું ઇત્યાદિ નક્ષત્રોની સંજ્ઞા ૩૬૮
તે તે નક્ષત્રોમા નષ્ટ થયલી વસ્તુનો લાભાદિક પ્રકાર. „
રાજાભિષેક ... ... „
જલાશય ખણાવવાં ... . „
ક્ષૌર કરાવવુ ... ... „
રોગ ઉત્પન્ન થયા છતા તે નક્ષત્રના ફળ ૩૬૯
સઘળા નક્ષત્રોને સાધારણ શાતિનો પ્રયોગ ૩૭૦
સર્વે રોગને હરવાના સાધનો ૩૭૧
ઔષધ ખાવાનો કાળ રોગથી મુક્ત થયલાનુ સ્નાન ... „
અભ્યંગ (તૈલમર્દન)નો પ્રકાર. „
ગૃહારભનું મુહૂર્ત ૩૭૨
ગૃહપ્રવેશનો મુહૂર્ત ... ... „
ધન કમાવવુ ઇત્યાદિક કાર્યના નિમિત્તથી જવુ તે ... ૩૭૩
વારશૂળ ... ... „
પ્રયાણવિષે લગ્નશુદ્ધિ ૩૭૪
પ્રયાણવિષે નિયમ ... ... „
પ્રસ્થાન રાખવાનો પ્રકાર ... „
પ્રસ્થાન કરવાવિષે દેશનો અવધિ ૩૭૫
ગોચરપ્રકરણ... ... ... „
પલ્લી (છાપકી+અધી ચીચી)નું પડવુ તથા કાકીડાનું ચડવુ „
પલ્લી અને શરટની શાતિ ... „
અનેક દુષ્ટ ચિહ્નોની શાતિ ... ૩૭૬
કાગડાનો સ્પર્શ, કાગડાનું મૈથુન ઇત્યાદિકની શાતિ. „
ઘટી, ખાડણી ઇત્યાદિક અકસ્માત્ ફૂટે તો તેની શાતિ. „

વિષય. પાનું.
અનેક પ્રકારના દિવ્ય (કેતુ આદિ) ભૌમ (ભૂકંપાદિ) અને આંતરિક્ષ (ગધર્વનગર આદિ) ઉત્પાતની શાંતિ ૩૭૬
ગાયત્રીપુરશ્ચરણનો પ્રયોગ ... ૩૭૭
બીજા દિવસનું કૃત્ય ... ... „
નિત્યકર્મ ૩૭૮
પૂતંકમલાકર ગ્રંથમાંનો, પીપળાને જનોઈનો પ્રયોગ ... ૩૭૯
પુત્રરહિતે વડ, પીપરી, ઇત્યાદિક વૃક્ષનું પુત્ર છે એમ સમજી ગ્રહણ કરવું તે ... ૩૮૦
બીજા દિવસનું કૃત્ય ૩૮૧
સર્વ કર્મોની સાધારણ રીતિ. „
આહુતિનું પ્રમાણ ૩૮૨
ભિન્ન ભિન્ન કર્મવિષે અગ્નિનાં નામ ... ... „
મેક્ષણ ઇત્યાદિ હોમપાત્ર કરવાનાં વૃક્ષ... ... ... „
કામ્ય કર્મવિષે પ્રતિનિધિ થતો નથી તે ... ... „
દર્ભ, પાત્ર, બ્રાહ્મણ ઇત્યાદિક નિર્માલ્ય થાય છે તે ... „
કર્મના અંગદેવતા ૩૮૩
કલિયુગમાં શું કરવું? અને શું ન કરવું? તેનો નિર્ણય. „
શ્રીભાગવતનું કહેવું ૩૮૪
કલિયુગમાં નિષિદ્ધ ૩૮૬
સ્વપ્નનો વિચાર ૩૮૮
અશુભ ફળસૂચક સ્વપ્ન ... „
જાગૃત અવસ્થામાંનાં અરિષ્ટ (મરણાદિસૂચક ચિહ્ન) ... ૩૮૯
વિશેષ શુભ ફળ દેનારા સ્વપ્ન. „
દુષ્ટ સ્વપ્ન જોયું હોય તો તેનો ઉપાય ૩૯૦
અનુક્રમણિકાના શ્લોક ... „
આ ગ્રંથ કરવાનું પ્રયોજન ઇત્યાદિ ૩૯૧

તૃતીય પરિચ્છેદ ઉત્તરાર્ધ.

મંગલાચરણ ૩૯૨
જીવત્પિતૃકના અધિકારનો વિચાર ... ...
વિષય. પાનું.
પિતાથી વિભાગ કરી જુદા ન થયલા પુત્રોનું કૃત્ય ... ૩૯૫
પ્રેતકર્મનો પ્રતિપ્રસવ ... ૩૯૬
શ્રાદ્ધાદિકના અધિકારીનો નિર્ણય. ૩૯૭
સ્ત્રીયોનાં દાહાદિક કર્મના અધિકારી ૪૦૦
જનક પિતાને પુત્રાદિક ન હોય તો દત્તકને અધિકાર. ૪૦૧
બ્રહ્મચારીનાં માસિકાદિ કર્મ. ૪૦૨
શ્રાદ્ધ એ શબ્દનો અર્થ ... ૪૦૩
શ્રાદ્ધના ભેદ ... ... „
શ્રાદ્ધના દેશ ૪૦૪
શ્રાદ્ધના કાળ ૪૦૫
અપરાહ્ણ આદિ વિશેષ નિર્ણય. ૪૦૬
સાંવત્સરિક અને માસિકાદિક એમનો નિર્ણય ... ... „
શ્રાદ્ધને યોગ્ય નક્ષત્રાદિક ... ૪૦૭
ત્રણ વર્ષપર્યંત શ્રાદ્ધમાં ભોજનનો નિષેધ ... ... „
બીજા પણ શ્રાદ્ધના કાળ ... ૪૦૮
વિશ્વેદેવા ૪૦૯
શ્રાદ્ધવિષે બ્રાહ્મણો ૪૧૦
ઉત્તમ બ્રાહ્મણો ... ... „
મધ્યમ બ્રાહ્મણો ૪૧૧
વર્જ્ય બ્રાહ્મણો ... ... „
શ્રાદ્ધને યોગ્ય દ્રવ્ય કહેછે ... ૪૧૩
હવે એટલે શ્રાદ્ધમાટે શુદ્ધ પદાર્થ ક્યા તે ૪૧૪
વર્જ્ય પદાર્થ ૪૧૫
કદર્ય ઇત્યાદિકનાં લક્ષણ ... ૪૧૬
શ્રાદ્ધદિવસનું કૃત્ય ૪૧૭
ગૃહાગ્નિ ઉપર પાક કરવાનો હોય તો વિશેષ ... ... „
શ્રાદ્ધકર્તા તથા બ્રાહ્મણોના નિયમ ૪૧૮
શ્રાદ્ધવિષે બ્રાહ્મણોની સંખ્યા. ૪૧૯
એકજ બ્રાહ્મણ હોય તો ... „
બ્રાહ્મણ ન મળે તો દર્ભના બટુ કરવા તે ... ... „
સામાન્યપણે શ્રાદ્ધની પરિભાષા ૪૨૦
આચમન ૪૨૧
ને આચમન ... ... „
વિષય. પાનું.
દર્ભનો ત્યાગ કરવો તે ... ૪૨૨
ઊહ (ઉચ્ચાર)નો નિર્ણય. „
ઘણી માતા હોય તો ... „
સક્ષેપથી આશ્વલાયન ઇત્યાદિકોનો પ્રયોગક્રમ ... ૪૨૩
પાદ્ય ૪૨૪
આસન ૪૨૫
અતિથીને ભોજન કરાવવું તે. ૪૨૬
અર્ઘ્યકલ્પના ૪૨૭
વિહિત (ઉપયોગી) પુષ્પ ... ૪૨૮
વર્જ્ય પુષ્પ ... ... „
ધૂપ ... ... „
દીપ ૪૨૯
યજ્ઞોપવીત દેવું તે ... ... „
બીજા પણ દેવાયોગ્ય પદાર્થ. „
અર્ઘ્યપાત્રનું સ્થાપન... ... ૪૩૦
અગ્નૌકરણ ૪૩૩
હોમનો પ્રકાર... ... ... ૪૩૪
પાણિહોમનો પ્રકાર ૪૩૫
અન્ન પીરસવાની રીતિ ... ૪૩૬
બ્રાહ્મણને વમન (ઓકારી) આવે તો કર્તવ્ય વિધિ... ૪૩૯
ભોજન પછીનું કૃત્ય ૪૪૦
પિંડદાન ૪૪૧
પિંડોપઘાત (પિંડ નષ્ટ થયા હોય તે) વિષે ૪૪૩
પિંડનો નિષેધ કહેછે... ... „
પિંડનાં વિસર્જનને અંતે વિકિર દેવો તે ૪૪૪
શ્રાદ્ધનું શેષ ભોજન ન કરે તો દોષ ૪૪૫
શ્રાદ્ધદિવસે વૈશ્વદેવનો નિર્ણય. ૪૪૬
નિત્યશ્રાદ્ધ ... ... „
બ્રાહ્મણ અથવા અન્નનો અભાવ છતાં કર્તવ્ય કર્મ ૪૪૭
શ્રાદ્ધના અનુકલ્પ ... ... „
આમાન્નશ્રાદ્ધ ... ... „
હિરણ્યશ્રાદ્ધ ૪૪૮
સાંકલ્પિકવિધિ ... ... „
પક્વ અન્નસહિત સાંકલ્પિક વિધિ ૪૪૯
બીજા પણ અનુકલ્પ (પ્રકારાંતર) ... ... „

વિષય. પાનું.

શ્રાદ્ધનું ભોજન કરવાથી પ્રાયશ્ચિત્ત ૪૫૦
ક્ષયાહ (સાંવત્સરિક) શ્રાદ્ધમાં વિશેષ ૪૫૧
સૌભાગ્યવતીનાં શ્રાદ્ધમાં સુવાસિનીને ભોજન દેવું તે... „
ઘણાં શ્રાદ્ધ એક દિવસે પ્રાપ્ત થાય તો ... ... „
મરણ દિવસની ખબર ન હોય તેનો નિર્ણય ... ... „
શ્રાદ્ધમાં વિઘ્ન થયું હોય તેનો નિર્ણય ૪૫૨
આશૌચવિષે શ્રાદ્ધદિન આવે તો. ૪૫૩
સ્ત્રી રજસ્વલા થઇ હોય તેનો નિર્ણય ... ... „
પતિને ઉદ્દેશે સ્ત્રીએ અગ્નિમાં પ્રવેશ કર્યો હોય તેવિષે... ૪૫૪
એક દિવસે અનેક શ્રાદ્ધ પ્રાપ્ત થયા છતાં નિર્ણય ... „
મયૂખમાંનો મત ૪૫૫
સંક્રાંતિ ઇત્યાદિકનાં શ્રાદ્ધનો વિધિ ૪૫૬
તિલતર્પણ ... ... „
શ્રાદ્ધનાં અંગભૂત તર્પણનો નિષેધ ૪૫૭
બ્રહ્મયજ્ઞનાં અંગભૂત નિત્યતર્પણવિષે તિલયુક્ત તર્પણના નિષેધનો કાળ ... ... „
તિથિ ઇત્યાદિકના નિષેધનો અપવાદ (બાધ) ... ૪૫૮
નિત્યતર્પણમાં તિલનો નિષેધ. „
નાંદીશ્રાદ્ધનો પ્રયોગ ... „
વિભક્ત અથવા અવિભક્ત હોમનો નિર્ણય ૪૫૯
તીર્થશ્રાદ્ધ ... ... „
તીર્થયાત્રાનો વિધિ ૪૬૦
તીર્થ સમીપમાં આવ્યા છતાં કરવાનો વિધિ ૪૬૧
પ્રયાગવિષે સઘળાઓને મુંડન. „
બીજાને માટે સ્નાનવિધિ ... „
આમશ્રાદ્ધ અને હેમશ્રાદ્ધવિષે પિંડમાટે પદાર્થ લેવા તે. ૪૬૨

વિષય. પાનું.

તીર્થશ્રાદ્ધ સંન્યાસિએ કરવું નહી ૪૬૨

આશૌચ નિર્ણય.

ગર્ભનો નાશ તથા જન્મ ઇત્યાદિ સંબંધી આશૌચ. „
બ્રાહ્મણ ઇત્યાદિકને આશૌચના દિવસ ... ... „
જનનાશૌચનો નિર્ણય ... „
સપિંડાદિકનો નિર્ણય... ૪૬૩
પિતાને ઘરે કન્યાને બાળકનો જન્મ થાય તો ... ૪૬૪
મૃતાશૌચ ૪૬૫
બંધુત્રય... ... ... ૪૬૮
દત્તકનું મરણ થયા છતાં ... „
સંન્યાસીનું મરણ થયા છતાં. ૪૬૯
સજ્યોતિઃપદનો અર્થ ... ૪૭૦
પક્ષિણીપદનો અર્થ ... ... „
અતિક્રાંત આશૌચ ૪૭૧
દેશાંતરની સંજ્ઞા ... ... „
આશૌચમાં પ્રથમ દિનનો નિર્ણય ૪૭૨
આશૌચના સંપાત (બે ત્રણ ભેળાં થવા)વિષે નિર્ણય ... ૪૭૩
શબનો સ્પર્શ તથા શબની વાસે જવુ ઇત્યાદિક સંસર્ગાશૌચ ૪૭૬
અનુગમન (શબની વાસે જવુ) છતાં ... ... „
અને ઉપાડ્યા છતાં ... ... „
અનાથ દ્વિજનાં શબસંસ્કારમાં ફળ... ... ... ૪૭૭
બ્રહ્મચારિએ શબ ઉપાડવુ ઇત્યાદિકનો વિચાર .. „
દાહાદિક કીધા છતાં તેવિષે નિર્ણય ... ... „
રોવું કર્યા છતાં આશૌચાદિ. ૪૭૮
સૂતકીનું અન્ન ભક્ષણ કર્યા છતાં ... ... „
આશૌચનો અપવાદ... ... ૪૭૯
તેમા કર્તાથકી આશૌચનો અપવાદ ૪૮૦
કર્મેકરી અપવાદ ... ... „

વિષય. પાનું.

દ્રવ્યેકરી અપવાદ ૪૮૨
મરનારને દેશેકરી અપવાદ. „
સર્પદંશથકી મૃત થયા છતાં. ૪૮૩
પ્રાયશ્ચિત્ત ૪૮૪
વિધિથી કરેલાં જલાદિક મરણવિષે ૪૮૬
વિધાનેકરી અપવાદ ... ૪૮૭
જીવતાં છતાં પણ તેનું આશૌચ ૪૮૮
ઔર્ધ્વદેહિક કર્મના આરંભમાં ઉપયોગી એવો નારાયણબલિ ઇત્યાદિ પ્રકાર ... „
સર્પેથી મૃત્યુ થયા છતાં વ્રત. ૪૮૯
ખાખરાનાં સમિધનું પૂતળું કરી દાહાદિકનો વિધિ ... ૪૯૦
અતીત (ગયેલો) એવો પ્રેતસંસ્કારનો કાળ ૪૯૧
ત્રિપુષ્કર અને દ્વિપુષ્કર યોગ. „
ઉત્તમ વાર નક્ષત્રાદિ ... „
એ જે નિષિદ્ધ નક્ષત્રાદિક તેમનો અપવાદ ... ... „
સાગ્નિકનો પર્ણશરદાહ કર્યા પછી તેનું શરીર મળે તો. ૪૯૨
મૃત ન છતાં મૃત થયો એમ સાંભળી તેનું અંત્યકર્મ કરે તો ... ... „
ઘટસ્ફોટનો વિધિ ... „
જેનો ઘટસ્ફોટ કીધો હોય પશ્ચાત્તાપ થયા છતાં નાતમાં લેવાનો વિધિ ... ૪૯૩
અંત્યેષ્ટિનો નિર્ણય ... ૪૯૪
તેમાં પ્રાયશ્ચિત્ત ... ... „
દશદાન અને તેના મંત્રો ... „
કર્મની અંતે વિષ્ણુનું સ્મરણ. „
તિલપાત્રદાનનો વિધિ ... ૪૯૫
ઋણધેનુ મોક્ષધેનુ ઇત્યાદિ દાનના મંત્ર ... ... „
ઉત્ક્રાંતિ ધેનુનો વિધિ... ... „
ક્ષૌરનો નિર્ણય ... ૪૯૬
સ્મશાનમાં લઇ જતાં શબને શૂદ્રાદિકનો સ્પર્શ થયા છતાં ઊર્ધ્વોચ્છિષ્ટાદિકનું પ્રાયશ્ચિત્ત... ... „

વિષય. પાનું.
પતિ તથા સ્ત્રીનો દાહ એક કાળે પ્રાપ્ત થયા છતાં ... ૪૯૭
મરવા પડેલાને પુણ્યસૂક્ત સંભળાવવાનો વિધિ ... „
સાગ્નિકનો વિશેષ નિર્ણય ... ૪૯૮
સ્માર્ત્તાગ્નિકવિષે ... ... „
નિરગ્નિકાદિકવિષે ૪૯૯
એવિષે નિર્ણયસિંધુ ... ... „
જેની ઘણી સ્ત્રીઓ હોય તેવિષે ૫૦૦
દાહકાળે અગ્નિનો નાશ થાય તો — ... ... „
ઘરથી સ્મશાનમાં શબ લઈ જવાનો પ્રકાર ૫૦૧
આશૌચ સંબંધી નિયમ ... ૫૦૨
અસ્થિસંચયન ... ... „
દશ દિવસનું કૃત્ય ૫૦૩
દશ રાત્રિના મધ્યમા દર્શ (અમાવાસ્યા) પ્રાપ્ત થયા છતા નિર્ણય ... ... „
નવશ્રાદ્ધ ... ... „
દશમા દિવસનું કૃત્ય ... ૫૦૫
અસ્થિ રાખવાનો વિધિ ... ૫૦૬
તીર્થવિષે અસ્થિ નાખવામાટે તેના પૂર્વાંગનો વિધિ ... ૫૦૭
અગ્યારમા દિવસનું કૃત્ય ... ૫૦૮
વૃષોત્સર્ગ ... ... „
વૃષનું લક્ષણ ... ... „
અગ્યારમે દિવસે મહૈકોદ્દિષ્ટ કરવાનું તે... ... ... ૫૦૯
વિષય. પાનું.
આદ્યમાસિક ૫૧૦
રુદ્રગણશ્રાદ્ધ વસુગણશ્રાદ્ધ ... ૫૧૧
પદ દાન ... ... „
શય્યાદાન ૫૧૨
ઉદકુંભશ્રાદ્ધ ૫૧૩
દીપદાન ... ... „
સોળ માસિક... ... ... ૫૧૪
આહિતાગ્નિનો વિશેષ પ્રકાર... „
ઊનમાસિક, ઊનષાણ્માસિક તથા ઊનાબ્દિક શ્રાદ્ધવિષે વર્જ્ય દિવસ ... ... „
સોળ માસિકવિષે કર્તવ્ય ... „
સપિંડીકરણનો વિચાર ... ૫૧૬
વ્યુત્ક્રમ (ઉલટું) મરણ તથા છતાં ૫૧૮
સ્ત્રીવિષે વિશેષ ... ... „
તેરમે દિવસે પાથેય શ્રાદ્ધ... ૫૨૦
પ્રથમ વર્ષમાં નિષિદ્ધ ... „
વિધાનો ૫૨૧
પંચકમા મૃત થયો હોય તો „
એમાં આટલો વિશેષ ... „
ત્રિપાદ નક્ષત્રની શાંતિ ... ૫૨૨
બ્રહ્મચારી મૃત છતાં ... „
કોઢીઓ મૃત થયા છતાં ... ૫૨૩
રજસ્વલાદિક મરણ છતાં ... „
સગર્ભા મૃત છતાં ૫૨૪
અન્વારોહણ (સતી થવું તે)- „
પ્રયોગ ૫૨૫
વિધવાના ધર્મ ૫૨૭
સંન્યાસ ... ... „
વિષય. પાનું.
ચાર પ્રકારનો સંન્યાસ ... ૫૨૮
સન્યાસગ્રહણનો વિધિ ... „
આઠ શ્રાદ્ધ કહેછે ૫૩૦
સાવિત્રીપ્રવેશ ૫૩૨
બ્રહ્માન્વાધાનનો કાળ ... „
વિરજાહોમ ૫૩૩
પ્રૈષોચ્ચાર ૫૩૪
પર્યંકશૌચનો પ્રયોગ ૫૩૫
યોગપટ્ટ ૫૩૬
અગ્નિહોત્રીને વિશેષ ... ... „
બ્રહ્માન્વાધાન ... ... „
આતુર સંન્યાસ અને તેનો પ્રયોગ ૫૩૮
મરેલા યતિના સંસ્કાર ... ૫૩૯
અગ્યારમે દિવસે પાર્વણશ્રાદ્ધ. ૫૪૦
બારમે દિવસે અથવા તેરમે દિવસે આરાધન ૫૪૨
યતિના ધર્મ ૫૪૩
અનુક્રમણિકાના શ્લોકો ... ૫૪૪
ગ્રંથ કરવાનું પ્રયોજન શું ? તે. ૫૪૬

સમાપ્ત.

ધર્મસિંધુમાંના એકાદશીનિર્ણયનો પટ ૫૪૭
વૈષ્ણવોની શુદ્ધા એકાદશીના ભેદ... ... ... „
વૈષ્ણવોની વિદ્ધા એકાદશીના ભેદ... ... ... ૫૪૯
સ્માર્ત્તોની શુદ્ધા એકાદશી ભેદ. ૫૫૧
સ્માર્ત્તોની વિદ્ધા એકાદશીના ભેદ... ... ... ૫૫૩
કઠિણ શબ્દનો કોશ ... ૫૫૬

धर्मसिंधु.

(ગુજરાતી ભાષાંતરસહિત.)

॥ શ્રીગણેશાય નમઃ ॥

प्रणम्य विघ्नेश्वरमाशुतोषं, विश्वेश्वरं ब्रह्मसुतां मुनींद्रान् ॥
धर्मोपदेष्टॄंश्च तथा गुरून् स्वान्, विद्याप्रदान् पंडितपंक्तिपूज्यान् ॥ १ ॥
नत्वा च पितरौ भक्त्या, कर्णजिद्विदुषां मुदे ॥
धर्माब्धिसारं बालार्थं, लिखामि निजभाषया ॥ २ ॥

આ મ્હોટા ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ થવામાટે પોતાના ઇષ્ટદેવને નમસ્કારરૂપ મંગળ કરી ગૃહસ્થની આજ્ઞાથી હું શાસ્ત્રી કાનજી વિ૦ વાલજી ત્રિપાઠી ધર્માબ્ધિસાર ગ્રંથનું ગુજરાતી ભાષાંતર લખવાને આરંભ કરૂંછું.

ગ્રંથોના આરંભ મધ્ય અને અંતવિષે મંગલાચરણ હોવું જોઇએ એવો શાસ્ત્રનો નિયમ અને શિષ્ટાચાર પણ છે માટે ગ્રંથકાર કાશિનાથ ઉપાધ્યાય, મંગલાચરણ કરેછે. તે આપ્રમાણે—

श्रीविठ्ठलंसुकरुणार्णवमाशुतोषं, दीनेष्टपोषमघसंहतिसिंधुशोषम् ॥
श्रीरुक्मिणीमतिमुषंपुरुषंपरंतं, वंदेदुरंतचरितं हृदिसंचरंतम् ॥ १ ॥

કરુણાસાગર, તરત સંતોષ પામનાર, ભક્તોના મનોરથ પોષણ કરનાર, પાપસમુદાયરૂપ સમુદ્રના શોષણ કરનાર, લક્ષ્મીસ્વરૂપ જે રુક્મિણી તેની બુદ્ધિના આકર્ષણ કરનાર, હૃદયસ્થલમાં રહેનાર છતાં અનંતચરિત એવા પરપુરુષ જે શ્રીવિઠ્ઠલ તેને નમસ્કાર કરૂંછું.

वंदेप्रतिघ्नंतमघानिशंकरं, धत्तांसमेमूर्ध्निदिवानिशंकरम् ॥
शिवांचविघ्नेशमथोपितामहं, सरस्वतीमाशुभजेपितामहम् ॥ २ ॥

પાપનો નાશ કરી ભક્તોનાં કલ્યાણ કરનાર જે શંકર તેને નમસ્કાર કરૂંછું. તે શંકર પોતાનો વરદાન દેનાર હાથ મારા માથાઉપર સર્વકાળ ધારણ કરો. પાર્વતી દેવી, ગણપતિ, બ્રહ્મદેવ અને પ્રસિદ્ધ એવી સરસ્વતી એ સર્વને શીઘ્રતાથી હું નમસ્કાર કરૂંછું.

श्रीलक्ष्मींगरुडंसहस्रशिरसंप्रद्युम्नमीशंकपिं श्रीसूर्यंविधुभौमविद्गुरुकवि-
च्छायासुतान्षण्मुखम् ॥ इंद्राद्यान्विबुधान्गुरूंश्चजननींतातंत्वनंताभिधं
नत्वार्यान्वितनोमिमाधवमुखान्धर्माब्धिसारंमितम् ॥ ३ ॥

શ્રીલક્ષ્મી, ગરુડ, શેષ, પ્રદ્યુમ્ન, નારાયણ, હનુમાન, શ્રીસૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનિ, કાર્તિકસ્વામિ, ઇંદ્રાદિક સર્વદેવ, પોતાના ગુરુ, માતા, અનંત નામના પિતા અને શ્રેષ્ઠ એવા માધવાદિક મુખ્ય ધર્મશાસ્ત્રના નિબંધ લખનારાઓ એ સર્વેને નમસ્કાર કરી અતિવિસ્તારરહિત અને અતિસંક્ષિપ્ત પણ ન થાય એવો ધર્માબ્ધિસાર નામનો ગ્રંથ કરૂંછું.

दृष्ट्वापूर्वनिबंधान् निर्णयसिंधुक्रमेणसिद्धार्थान् ॥
प्रायेणमूलवचनान्युज्झित्यलिखामिबालबोधाय ॥ ४ ॥

આ ગ્રંથ હું કેવળ પોતાની કપોલકલ્પનાથી કરતો નથી, ત્યારે પ્રાચીન અને પ્રસિદ્ધ એવા ગ્રંથોના આધારવડેજ રચુંછું, એ વિષે કહેછે—કમળાકરભટ્ટકૃત નિર્ણયસિંધુ, નીલકંઠભટ્ટકૃત દ્વાદશમયૂખ, વિષ્ણુભટ્ટકૃત પુરુષાર્થચિંતામણિ, કાળમાધવ, હેમાદ્રિ અને અનંતદેવકૃત કૌસ્તુભ ઇત્યાદિક પ્રાચીન ગ્રંથો જોઇ તે ગ્રંથોમાંનાં ઘણાં મૂળવચનો છોડી નિર્ણયસિંધુના ક્રમવડે તે વચનોનો પ્રસિદ્ધ અર્થ માત્ર બાલબોધ માટે હું લખુંછું.

तत्र कालःषड्विधः ॥ वत्सरः अयनं ऋतुः मासः पक्षो दिवस इति वत्सरः पंचधा चांद्रः सौरः सावनोनाक्षत्रोबार्हस्पत्यइति शुक्लप्रतिपदादिदर्शांतैश्चैत्रादिसंज्ञैर्द्वादशभिर्मासैश्चतुःपंचाशदधिकशतत्रयदिनैः सतिमलमासेत्रयोदशभिर्मासैश्चांद्रोवत्सरः चांद्रस्यैवप्रभवोविभवःशुक्लइत्यादयःषष्टिसंज्ञाः मेषादिषुद्वादशराशिषुरविभुक्तेषुपंचषष्ट्यधिकशतत्रयदिनैःसौरोवत्सरःसंपद्यते षष्ट्युत्तरशतत्रयदिनैःसावनः वक्ष्यमाणैर्द्वादशभिर्नाक्षत्रमासैर्नाक्षत्रोवत्सरः सचचतुर्विंशत्यधिकशतत्रयदिनैःस्यात् मेषाद्यन्यतमराशौबृहस्पतिनाभुक्तेबार्हस्पत्यः सचएकषष्ट्यधिकशतत्रयसंख्यदिनैर्भवति कर्मादौसंकल्पेचांद्रवत्सरएवस्मर्तव्योनान्यः अयनंद्विविधं दक्षिणमुत्तरंच सूर्यस्यकर्कसंक्रांतिमारभ्यषड्राशिभोगेनदक्षिणम् मकरसंक्रांतिमारभ्यराशिषट्कभोगेनोत्तरायणम् ऋतुर्द्विविधः सौरश्चांद्रश्च मीनारंभोमेषारंभोवा सूर्यस्यराशिद्वयेभोगात्मकोवसंतादिषट्संज्ञकःसौरऋतुः चैत्रमारभ्यमासद्वयद्वयात्मकोवसंतादिषट्संज्ञकश्चांद्रः मलमासेतुकिंचिदूननवतिसंख्यैर्दिनैश्चांद्रऋतुः श्रौतस्मार्तादौचांद्रर्तुस्मरणंप्रशस्तम् मासश्चतुर्धा चांद्रः सौरः सावनोनाक्षत्रइति शुक्लप्रतिपदादिरमांतःकृष्णप्रतिपदादिःपूर्णिमांतोवाचांद्रोमासः तत्रापि शुक्लादिर्मुख्यः कृष्णादिर्विंध्योत्तरएवग्राह्यः अयमेवचैत्रादिसंज्ञकःकर्मादौस्मर्तव्यः केचिन्मीनराशिमारभ्यसौराणांचैत्रादिसंज्ञामाहुः अर्कसंक्रांतिमारभ्योत्तरसंक्रांत्यवधिःसौरोमासः त्रिंशद्दिनैःसावनः चंद्रस्याश्विन्यादिसप्तविंशतिनक्षत्रभोगेननाक्षत्रोमासः प्रतिपदादिपौर्णिमांतःशुक्लपक्षः प्रतिपदादिदर्शांतःकृष्णपक्षः दिवसःषष्टिघटिकात्मकः । इतिश्रीधर्मसिंधुसारेप्रथमोद्देशः ॥ १ ॥

હવે પ્રથમ કાળનો ભેદ કહેછે.

કાળ છ પ્રકારનો તે—વર્ષ, અયન, ઋતુ, માસ, પક્ષ, અને દિવસ એ ભેદોવડે છ પ્રકારનો જાણવો. ચાંદ્ર, સૌર, સાવન, નાક્ષત્ર, અને બાર્હસ્પત્ય એ ભેદોવડે વર્ષ પાંચ પ્રકારનાં છે. શુદિ એકમથી અમાવાસ્યાલગી જે દિવસ તે એક માસ, એ રીતે ચૈત્રથકી ફાગણસુધી બાર મહિના અને તેના ૩૫૪ દિવસવડે તેમજ અધિકમાસ છતાં તેર માસવડે ચાંદ્રવર્ષ થાયછે. પ્રભવ, વિભવ, શુકલ, ઇત્યાદિક જે સાઠ નામો તે ચાંદ્ર વર્ષનાંજ છે. મેષાદિક ૧૨ સંક્રાંતિ સૂર્યે ભોગવ્યા છતાં ૩૬૫ દિવસે જે વર્ષ પુરૂં થાય છે તેને સૌરવર્ષ કહેછે. ત્રણસો સાઠ દિવસોનું જે વર્ષ તેને સાવનવર્ષ કહેછે. આગળ કહેવાનાં છે એવા બાર નાક્ષત્રમાસ થયાથી જે વર્ષ થાયછે તેને નાક્ષત્રવર્ષ કહેછે, અને તે ત્રણસો ચોવીસ દિવસોનું થાય છે. મેષાદિક બાર રાશિમાંથી મેષાદિક એકેક રાશિ બૃહસ્પતિએ ભોગવ્યાં છતાં જે વર્ષ થાયછે તેને બાર્હસ્પત્યવર્ષ કહેછે, અને તે વર્ષ ત્રણસો એકસઠ દિવસોનું થાયછે. કર્માદિકોના સંકલ્પમાં ઉચ્ચાર કરવો તે ચાંદ્ર વર્ષનોજ કરવો, બીજા વર્ષનો નહીં. અયન બે પ્રકારનાં—એક દક્ષિણાયન, અને બીજું ઉત્તરાયણ. સૂર્યની કર્કસંક્રાંતિથકી ધનસંક્રાંતિલગી દક્ષિણાયન અને મકરસંક્રાંતિથકી મિથુનસંક્રાંતિલગી ઉત્તરાયણ. ઋતુ બે પ્રકારના—સૌર ઋતુ, અને ચાંદ્ર ઋતુ. મીનસંક્રાંતિથકી અથવા મેષસંક્રાંતિથકી બે બે રાશિ સૂર્ય ભોગવે એટલે એકેક ઋતુ, એ રીતે સંક્રાંતિઉપરથી વસંતાદિક જે છ ઋતુ તે સૌર ઋતુ. ચૈત્રથકી આરંભ કરી બે બે માસની એકેક ઋતુ, એ રીતે માસ પ્રમાણે વસંતાદિક જે છ ઋતુ તે ચાંદ્ર ઋતુ, અધિકમાસ છતાં કાંઇએક કમતી નેવું દિવસોવડે ચાંદ્ર ઋતુ થાયછે. શ્રૌત સ્માર્તઆદિ સંકલ્પ સમયે ચાંદ્ર ઋતુનો ઉચ્ચાર કરવો એ મુખ્ય છે. માસ ચાર પ્રકારના—ચાંદ્ર માસ, સૌર માસ, સાવન માસ અને નાક્ષત્ર માસ. શુદિ એકમથી અમાવાસ્યાલગી અથવા વદ એકમથી પૂનમલગી જે માસ તે ચાંદ્ર માસ. તેમાં શુદિ એકમથી અમાવાસ્યાલગી જે માસ તેજ મુખ્ય. વદ એકમથી પૂનમસુધી માસ વિંધ્યાચલ પર્વતના ઉત્તર ભાગમાંજ લેવો. શ્રૌતાદિક કર્મોના સંકલ્પસમયે ચૈત્રાદિક માસ એજ[1] લેવો. મીનસંક્રાંતિથકી સંક્રાંતિ પ્રમાણે જે સૌર માસ તેમનાં ચૈત્રાદિક નામો છે એમ કેટલાએક કહેછે. સૂર્યની સંક્રાંતિથકી આવતી સૂર્યસંક્રાંતિના આરંભસુધી જે માસ તે સૌર માસ. ત્રીસ દિવસનો તે સાવન માસ. અશ્વિનીથકી રેવતીલગી સત્તાવીસ નક્ષત્ર ચંદ્રે ભોગવ્યા છતાં જે માસ તે નાક્ષત્ર માસ. શુદિ એકમથી પૂનમલગી જે દિવસ તે શુકલપક્ષ. વદ એકમથી અમાવાસ્યાપર્યંત જે દિવસ તે કૃષ્ણપક્ષ. ૬૦ ઘડીનો તે દિવસ. **ઇતિ શ્રીધર્મસિંધુસારે પ્રથમપરિચ્છેદે પ્રથમોદ્દેશઃ ॥ ૧ ॥**

---

[1] એજ તે વિંધ્યાચલથી ઉત્તરભાગમાં કૃષ્ણાદિ માસ અને દક્ષિણભાગમાં શુકલાદિ માસ સંકલ્પ સમયે લેવા.

अथसंक्रांतिनिर्णयउच्यते ॥ मेषेसूर्यसंक्रांतौप्रागूर्ध्वंचपंचदशपंचदशघटिकाःपुण्यकालः दश दशेत्येके वृषेपूर्वाःषोडश मिथुनेपराःषोडश कर्केपूर्वास्त्रिंशत् सिंहेपूर्वाःषोडश कन्यायांपराःषोडश तुलायांप्रागूर्ध्वंचपंचदशपंचदश दशदशेत्येके वृश्चिकेपूर्वाःषोडश धनुषिपराःषोडश मकरेपराश्चत्वारिंशत् कुंभेपूर्वाःषोडश मीनेपराःषोडश घटिकाद्वयाद्यल्पदिनशेषेमिथुनकन्याधनुर्मीनेष्वपिमकरेऽपिपूर्वाएवपुण्याः प्रभातेघटिकाद्वयाद्यल्पकालेवृषसिंहवृश्चिककुंभेष्वपिकर्केपिपराएवपुण्याः प्रभातेकर्कसंक्रांतौपूर्वदिनेपुण्यमित्येके रात्रौसंक्रमेमध्यरात्रादर्वाक्संक्रांतौपूर्वदिनोत्तरार्धंपुण्यम् मध्यरात्रात्परतःसंक्रांतौपरदिनस्यपूर्वार्धंपुण्यं निशीथमध्यएवसंक्रांतौदिनद्वयेऽपिपूर्वदिनोत्तरार्धंपरदिनपूर्वार्धंचपुण्यम् इदंमकरकर्कातिरिक्तेसर्वत्ररात्रिसंक्रमेज्ञेयम् अयनेतुमकरेरात्रिसंक्रमेसर्वत्रपरदिनमेवपुण्यम् रात्रौकर्कसंक्रांतौपूर्वदिनमेवपुण्यम् सूर्यास्तोत्तरंघटिकात्रयंसायंसंध्या तत्रमकरसंक्रमेपूर्वदिनेपुण्यम् सूर्योदयात्प्राक्घटिकात्रयंप्रातःसंध्या तत्रकर्कसंक्रांतौपरदिनेपुण्यमितिसंध्याकालेविशेषोज्योतिःशास्त्रेप्रसिद्धः ॥

હવે મેષાદિક બાર સંક્રાંતિનો નિર્ણય કહેછે.

મેષ સૂર્યસંક્રાંતિની, સંક્રાંતિપ્રવેશથી પ્રથમ ૧૫ અને પાછળની ૧૫ ઘડી પુણ્યકાળ; કોઇ ગ્રંથકાર દશ દશ ઘડી એમ કહેછે. વૃષ સંક્રાંતિની પ્રથમની ૧૬ ઘડી પુણ્યકાળ. મિથુન સંક્રાંતિની પાછળની ૧૬ ઘડી. કર્ક સંક્રાંતિની પ્રથમની ૩૦ ઘડી. સિંહ સક્રાંતિની પ્રથમની ૧૬ ઘડી. કન્યા સંક્રાંતિની પાછળની ૧૬ ઘડી. તુલા સંક્રાંતિની પ્રથમની ૧૫ અને પાછળની ૧૫ ઘડી, કોઇ ગ્રંથકાર દશ દશ ઘડી એમ કહેછે. વૃશ્ચિક સંક્રાંતિની પ્રથમની ૧૬ ઘડી. ધનુષ સંક્રાંતિની પાછળની ૧૬ ઘડી. મકર સંક્રાંતિની પાછળની ૪૦ ઘડી. કુંભ સંક્રાંતિની પ્રથમની ૧૬ ઘડી. મીન સંક્રાંતિની પાછળની ૧૬ ઘડી પુણ્યકાળ. બે ઘડીથી ઓછો એવો થોડોજ દિવસ બાકી રહે તે સમયે મિથુન, કન્યા, ધન, મીન અને મકર એ સંક્રાંતિપ્રવેશ થાય ત્યારે પ્રથમની ઘટિકાઓ પુણ્યકાળ. પ્રાતઃકાળે બે ઘડીથી કમતી એવા અલ્પ સમયમાં વૃષ, સિંહ, વૃશ્ચિક, કુંભ અને કર્ક એ સંક્રાંતિપ્રવેશ થાય તો પ્રવેશ પછીની ઘડી પુણ્યકાળ. પ્રભાતકાળે કર્ક સંક્રાંતિપ્રવેશ થાય તો કેટલાએકોને મતે પૂર્વદિવસે પુણ્યકાળ. રાત્રિએ અર્ધરાત્રિથી અગાઉ સંક્રાંતિપ્રવેશ થયો હોય તો પ્રથમ દિવસનું પાછલું અર્ધ પુણ્યકાળ. અર્ધરાત્રિથી પાછળ સક્રાંતિપ્રવેશ થાય તો બીજા દિવસનું પૂર્વ અર્ધ પુણ્યકાળ. મધ્યરાત્રિએજ સંક્રાંતિપ્રવેશ થાય તો પ્રથમ દિવસનું ઉત્તરાર્ધ અને બીજા દિવસનું પૂર્વાર્ધ એટલે બન્ને દિવસે પુણ્યકાળ. મકર અને કર્ક સંક્રાંતિ છોડી બીજી સંક્રાંતિનો રાત્રિએ પ્રવેશ થાય તો એ શાસ્ત્રાર્થ જાણવો. અયનવિષે તો, મકરસંક્રાંતિ રાત્રિએ થાય તો બીજે દિવસે પુણ્યકાળ. કર્ક સંક્રાંતિ રાત્રિએ થાય તો પ્રથમ દિવસેજ પુણ્યકાળ. સૂર્ય અસ્ત થયા પછી ત્રણ ઘડી સાયંસંધ્યાનો સમય, તે સમયે મકર સંક્રાંતિનો પ્રવેશ થાય તો પૂર્વ દિવસે પુણ્યકાળ. સૂર્ય ઉદય થયાથી અગાઉ ત્રણ ઘડી પ્રાતઃસંધ્યા કાળ, તે વખતે કર્ક સંક્રાંતિનો પ્રવેશ થાય તો બીજે દિવસે પુણ્યકાળ. સધ્યા સમયે સંક્રાંતિપ્રવેશનો વિશેષ નિર્ણય જ્યોતિઃશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

अथदानम् ॥ मेषेमेषदानम् वृषेगोदानम् मिथुनेवस्त्रान्नादिदेयम् कर्केघृतधेनुःछत्रंसुवर्णंच सिंहे कन्यायांगृहंवस्त्रंच तुलायांतिलागोरसाश्चदेयाः वृश्चिकेदीपः धनुषिवस्त्रंयानंच मकरेकाष्ठानिअग्निश्च कुंभेगौर्जलंतृणंच मीनेभूमिर्मालाश्चदेयाः एवमन्यान्यपिदानानिद्रष्टव्यानि अयनसंक्रांतौमेषतुलासंक्रांतौ चपूर्वंत्रिरात्रमेकरात्रंवोपोष्यस्नानदानादिकार्यम् चरमोपोषणंसंक्रांतिमत्यहोरात्रेपुण्यकालवत्यहोरात्रेवा यथापतेस्तथाकार्यम् अयमुपवासःपुत्रवद्गृहस्थभिन्नेनपापक्षयकामेनकार्यःकाम्योनतुनित्यः सर्वसंक्रांतिषुपिंडरहितंश्राद्धंकार्यम् अयनद्वयेतुनित्यम् यथातत्तत्संक्रांतिषुदानादिकंकर्तव्यंतथैवताभ्यःपूर्वमयनांशप्रवृत्तौतत्तत्संक्रांत्युचितस्नानदानादिकंकर्तव्यम् अयनांशाज्योतिःशास्त्रेप्रसिद्धाः तेचेदानींद्वादशाधिकसप्तदशशतसंख्याकेशालिवाहनशकेएकविंशतिरयनांशाइत्येकविंशतितमेदिनेपूर्वमयनांशपर्वकालइतिपर्यवसन्नोऽर्थः एवंन्यूनाधिकशकेऊह्यम् वृषसिंहवृश्चिककुंभेषुसंक्रांतिर्विष्णुपदसंज्ञा मिथुनकन्याधनुर्मीनेषुसंक्रांतिःषडशीतिसंज्ञा मेषतुलयोर्विषुवसंज्ञा कर्कमकरयोरयनसंज्ञा एतासुचतुर्विधासुउत्तरोत्तरंपुण्याधिक्यं मंगलकृत्येषुसर्वसंक्रांतिष्वविशेषेणपूर्वतःपरतश्चषोडशषोडशघटिकास्त्याज्याः चंद्रादिसंक्रांतिषुतुपूर्वत्रपरत्रचमिलित्वाक्रमेणद्वेनवद्वेचतुरशीतिःषट्सार्धशतंचघटिकास्त्याज्याः रात्रौसंक्र

---

१ पानमिति वा पाठः.

मणेग्रहणवद्रात्रावेवस्नानदानादिकंकर्तव्यमितिकेचित् रात्रौसंक्रमणेऽपिदिवैवस्नानादिकंनतुरात्राविति तुसर्वसंमतं बहुदेशाचारश्चैवम् यस्यजन्मर्क्षेरविसंक्रमस्तस्यधनक्षयादिपीडा तत्परिहारार्थंपद्मपत्रादियुक्तजलेनस्नानम् विषुवायनयोरह्निसंक्रमेपूर्वापररात्रौतदह्निचाध्यापनाध्ययनेवर्जयेत् रात्रिसंक्रमेपूर्वापरदिनयोस्तद्रात्रौवर्जयेत् एवंपक्षिणीसंक्रांतिः द्वादशप्रहरपर्यंतमनध्यायादिकमितितात्पर्यम् अन्योऽपिविशेषोऽयनसंक्रांतौवक्ष्यते । इतिसंक्रांत्युद्देशोद्वितीयः ॥ २ ॥

હવે બાર સંક્રાંતિનાં દાન કહેછે.

મેષ સંક્રાંતિએ મેષ(ઘેટા)નું દાન દેવું; વૃષ સંક્રાંતિએ ગોદાન; મિથુન સંક્રાંતિએ વસ્ત્ર અન્ન આદિનું દાન; કર્ક સંક્રાંતિએ ઘૃતધેનુનું[1] દાન; સિંહ સંક્રાંતિએ છત્ર અને સુવર્ણદાન; કન્યા સંક્રાંતિએ ઘર અને વસ્ત્રદાન; તુલા સંક્રાંતિએ તિલ અને ગોરસનું દાન; વૃશ્ચિક સંક્રાંતિએ દીપદાન; ધનુઃસંક્રાંતિએ વસ્ત્ર અને વાહન અથવા પાનનું[2] દાન; મકર સંક્રાંતિએ કાષ્ઠદાન અને અગ્નિનું દાન; કુંભ સંક્રાંતિએ ગાય, પાણી અને ઘાસ વગેરેનું દાન; મીન સંક્રાંતિએ પૃથ્વી પુષ્પમાલા એ દાન દેવાં. આ રીતે બીજાં પણ દાનો (બીજા ગ્રંથોમાં) જોઇ લેવાં. મકર, કર્ક, મેષ, તુલા એ સંક્રાંતિને દિવસે પ્રથમ ત્રણ દિવસ અથવા એક દિવસ ઉપવાસ કરી સ્નાન દાન વગેરે કરવું. છેલ્લો ઉપવાસ સંક્રાંતિના પ્રવેશવાળા રાત્રદિવસનો, અથવા પુણ્યકાલવાળા રાત્રદિવસનો થાય એમ કરવું. આ ઉપવાસ પુત્રપ્રજાવાન્ ગૃહસ્થે કરવો નહીં. પુત્રવિનાના ગૃહસ્થે પોતાનાં પાપ નાશની કામનાથી કરવો, અને એ ઉપવાસ કામનાવાળાને કરવાનો છે, અવશ્ય કરવાનો નથી. સઘળી સંક્રાંતિને દિવસે પિંડદાનવિનાનું શ્રાદ્ધ કરવું. મકર અને કર્ક એ સંક્રાંતિને દિવસે શ્રાદ્ધ અવશ્ય કરવું. મેષાદિક સંક્રાંતિને દિવસે જેવાં દાનાદિક કરવાનાં કહ્યાં છે તેજ પ્રમાણે તે તે સંક્રાંતિથી પ્રથમ અયનાંશની પ્રવૃત્તિ વખતે જે જે સંક્રાંતિને યોગ્ય સ્નાન–દાનાદિક તે તે કરવાં. અયનાંશ જ્યોતિષશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તે અયનાંશ હાલમાં શાલિવાહન શક ૧૭૧૨ એ વર્ષે ૨૧ હતા, તેથી સંક્રાંતિથી પ્રથમ એકવીશમે દિવસે અયનાંશ પર્વકાળ થતો એ છેવટનો અર્થ થયો. આ પ્રમાણે ઓછા વધતા શક છતાં જાણવું. વૃષ, સિંહ, વૃશ્ચિક અને કુંભ એ સંક્રાંતિઓ વિષ્ણુપદ એ નામથી કહેવાયછે. મિથુન, કન્યા, ધનુષ અને મીન એ સંક્રાંતિઓ ષડશીતિ એ નામથી કહેવાયછે. મેષ અને તુલા એ બન્નેનું વિષુવ નામ કહેવાયછે. કર્ક અને મકર એ બન્નેની અયન એવી સંજ્ઞા છે. આ ચાર તરેહની સંક્રાંતિમાં ઉત્તરોત્તર[3] અધિક પુણ્ય છે. વિવાહ આદિ મંગળ કાર્યોવિષે સાધારણ પક્ષવડે સઘળી સંક્રાંતિની પ્રવેશથી પ્રથમ અને પાછળ સોળ સોળ ઘડી છોડી દેવી. ચંદ્ર આદિ છ ગ્રહોની સંક્રાંતિ પ્રવેશ સમયે પ્રથમ અને પાછળથી મળી ક્રમવડે ૨।૯।૨।૮૪।૬।૧૫૦ ઘડીઓ છોડવી. રાત્રિએ સંક્રાંતિ થાય ત્યારે ગ્રહણનીપેઠે રાત્રિએજ સ્નાન, દાન આદિ કરવાં, એમ કોઇએક કહેછે. રાત્રિએ સંક્રાંતિ થઇ હોય તો પણ દિવસેજ સ્નાન, દાન કરવાં; રાત્રિએ કરવાં નહીં એ મત સઘળાઓ માને છે અને ઘણા દેશોનો આચાર પણ એજ છે. જેના જન્મનક્ષત્ર[4] વખતે સૂર્યસંક્રાંતિ થાય તેને ધનક્ષય વગેરે પીડા થાયછે, તે નિવૃત્ત થવા માટે કમલપત્રસમેત જળવતી સ્નાન કરવું. વિષુવ અને અયન એ સંક્રાંતિ દિવસની પ્રવેશ થયા છતાં પ્રથમની રાત, આવતી રાત અને તે સંક્રાંતિવાળો દિવસ એમાં ભણાવવું, ભણવું એ કરવું નહીં. રાત્રિએ સંક્રાંતિ થઇ હોય તો ગયો અને આવતો એ બે દિવસ અને તે રાત્રિ એમાં પ્રથમ કહેલ ભણાવવા વિગેરે છોડી દેવાં. આ રીતે જે વેળાએ સંક્રાંતિ થઇ હોય તે ચાર પોહોર, ગયા ચાર પોહોર અને આવતા ચાર પોહોર મળી બાર પોહોરલગી અનધ્યાય, એ તાત્પર્ય જાણવું. બીજો વિશેષ નિર્ણય છે તે અયનસંક્રાંતિ(કર્ક, મકર)ના પ્રસંગમાં કહેવાશે. ઇતિ સંક્રાંત્યુદ્દેશો દ્વિતીયઃ ॥ ૨ ॥

अथमलमासः ॥ सद्विविधः अधिमासः क्षयमासश्च संक्रांतिरहितोमासोऽधिमासः संक्रांतिद्वययुक्तोमासःक्षयमासः पूर्वाधिमासादुत्तरोऽधिमासस्त्रिंशत्तममासमारभ्याष्टसुनवसुवामासेष्वन्यतमो भवति क्षयमासस्तुएकचत्वारिंशदधिकशतसंख्यैर्वर्षैरेकोनविंशतिसंख्यैर्वावर्षैर्भवतिनत्वधिकमासवदल्पकालेन क्षयमासःकार्तिकमार्गशीर्षपौषेष्वन्यतमोभवतिनेतरः यस्मिन्वर्षेक्षयमासस्तस्मिन्वर्षेऽधिकमासद्वयम् क्षयमासात्पूर्वमेकोधिमासः क्षयमासानंतरमेकोऽधिमासइति ॥

---

[1] ઘૃતધેનુનો પ્રકાર દાનચંદ્રિકા ગ્રંથમાં જોવો. [2] પીવા યોગ્ય પદાર્થ. [3] ઉત્તરોત્તર એટલે વિષ્ણુપદ સંક્રાંતિથકી ષડશીતિ નામની વિશેષ પુણ્યકારક, તેથી વિષુવ નામની વિશેષ, તેથી અયન નામની અધિક પુણ્ય કરનારી એ રીતે જાણવું. [4] જન્મરાશિમાં સૂર્ય થાય તેને પણ ધનક્ષયાદિ પીડા થાય.

હવે મલમાસનો નિર્ણય કહેછે.

મલમાસ બે પ્રકારનો—એક અધિકમાસ અને બીજો ક્ષયમાસ. જે મહિનામાં સૂર્યની સંક્રાંતિ હોય નહીં તે અધિકમાસ, અને જે માસમાં બે સંક્રાંતિ હોય તે ક્ષયમાસ. પ્રથમના અધિકમાસથી બીજો અધિકમાસ થવો તે ત્રીસમા માસથી આઠ અથવા નવ માસમાંનો કોઇ પણ એક થાય. ક્ષયમાસ તો એકસો એકતાળીશ વર્ષે અથવા ઓગણીશ વર્ષે થાયછે, અધિકમાસનીપેઠે થોડે વખતે થતો નથી, ક્ષયમાસ થવો તે કાર્તિક, માર્ગશીર્ષ અને પૌષ એ માસમાંનો એક થાયછે, બીજો થતો નથી. જે વર્ષમાં ક્ષયમાસ થાયછે તે વર્ષમાં ક્ષયમાસથી પ્રથમ એક અને ક્ષયમાસ પછી એક એ રીતે બે અધિકમાસ થાયછે.

अधिकमासोदाहरणम् ॥ चैत्रामावास्यायांमेषसंक्रांतिः ततःशुक्लप्रतिपदमारभ्यामावास्यापर्यंतंसंक्रांतिर्नास्ति ततःशुक्लप्रतिपदिवृषभसंक्रांतिरिति पूर्वःसंक्रांतिरहितोमासोधिकवैशाखसंज्ञः वृषभसंक्रांतियुतस्तुशुद्धवैशाखसंज्ञः ॥

અધિકમાસનું ઉદાહરણ—ચૈત્રની અમાવાસ્યાની મેષ સંક્રાંતિ થઇ, પછી શુદિ એકમથી અમાવાસ્યાલગી (વૈશાખ માસમાં) સંક્રાંતિ નથી. તે પછી શુદિ એકમની વૃષસંક્રાંતિ થઇ, પ્રથમનો સંક્રાંતિરહિત જે માસ તે અધિક વૈશાખમાસ. વૃષસંક્રાંતિસમેત જે તે શુદ્ધ વૈશાખ જાણવો.

अथक्षयमासोदाहरणम् ॥ भाद्रपदकृष्णामावास्यायांकन्यासंक्रांतिः ततआश्विनोधिमासःशुद्धाश्विनप्रतिपदितुलासंक्रांतिः कार्तिकशुक्लप्रतिपदिवृश्चिकसंक्रांतिः ततोमार्गशीर्षशुद्धप्रतिपदिधनुःसंक्रांतिः तस्मिन्नेवमासेऽमावास्यायांमकरसंक्रांतिरितिधनुर्मकरसंक्रांतिद्वययुक्तएकोमासःक्षयमाससंज्ञकः सचमार्गशीर्षपौषाख्यमासद्वयात्मकएकोमासोज्ञेयः तस्यप्रतिपदादितिथीनांपूर्वार्धेमार्गशीर्षउत्तरार्धेपौषइत्येवंसर्वतिथीनांमासद्वयात्मकत्वात् अत्रतिथिपूर्वार्धेमृतस्यमार्गशीर्षेप्रत्यब्दश्राद्धं उत्तरार्धेमृतस्यतुपौषे एवंजननेवर्धापनादिविधिरपि ततऊर्ध्वंमाघामावास्यायांकुंभसंक्रांतिः ततःफाल्गुनोऽधिमासः शुद्धफाल्गुनशुक्लप्रतिपदिमीनसंक्रांतिः एवंपूर्वापराधिमासद्वययुक्तःक्षयमासोयस्मिन्वर्षेतत्त्रयोदशमासात्मकंकिंचिदूननवत्यधिकशतत्रयदिनैर्वर्षम् तत्रक्षयमासात्पूर्वोऽधिमासःसंसर्पसंज्ञःसर्वकर्मार्हः शुभकर्मणिनत्याज्यः अंहस्पतिसंज्ञःक्षयमासस्तदुत्तरभाव्यधिकमासश्चसर्वकर्मसुवर्ज्यः एवंत्रिवत्सरांतरस्थःकेवलोधिकमासोऽपिवर्ज्यः ॥

ક્ષયમાસનું ઉદાહરણ—ભાદરવા વદ અમાસની કન્યા સંક્રાંતિ, પછી આસો અધિકમાસ, શુદ્ધ આસો શુદિ એકમની તુલા સંક્રાંતિ, અને કાર્તિક શુદિ એકમની વૃશ્ચિક સંક્રાંતિ, પછી માર્ગશીર્ષ શુદિ એકમની ધનુષ સંક્રાંતિ, તેજ (માર્ગશીર્ષ) માસમાં અમાવાસ્યાની મકર સંક્રાંતિ, એ પ્રમાણે સંક્રાંતિ થાય, ત્યારે ધનુષ સંક્રાંતિ અને મકર સંક્રાંતિ એ બે સંક્રાંતિયુક્ત જે માસ તેને ક્ષયમાસ એમ કહેછે. તે માર્ગશીર્ષ અને પૌષ એ બન્ને માસ મળી એક માસ થાય છે. તેની એકમ આદિ જે જે તિથિ તેમનું પ્રથમ અર્ધ માર્ગશીર્ષ, અને પાછલું અર્ધ પૌષમાસ, એરીતે તે સઘળી તિથિઓ બન્ને માસની છે તેથી એ માસમાં તિથિનાં પ્રથમ અર્ધમાં મરણ પામેલ હોય તો તેનું દરવર્ષે કરવાનું સાંવત્સરિક શ્રાદ્ધ માર્ગશીર્ષમાં, અને તિથિનાં પાછલાં અર્ધમાં મરણ પામેલ હોય તો તેનું શ્રાદ્ધ પૌષ માસમાં કરવું. એજ રીતે કોઇનો જન્મ થયો હોય તો જન્મગાંઠ ઇત્યાદિક વિધિ પણ કરવો. તે પછી માઘની અમાવાસ્યાની કુંભ સંક્રાંતિ પછી ફાગણ અધિકમાસ, શુદ્ધ ફાગણ શુદિ એકમની મીન સંક્રાંતિ થઇ, આ રીતે પ્રથમ અને પાછળ બે અધિકમાસ યુક્ત ક્ષયમાસ જે વર્ષમાં થાય તે વર્ષ તેર માસનું અને તેના કાંઇ એક કમતી ત્રણુસો નેવું દિવસ થાયછે. તેમાં ક્ષયમાસથકી પ્રથમ જે અધિકમાસ તેનું સંસર્પ એવું નામ છે, અને તે સર્વ કર્મ કરવામાટે યોગ્ય છે; તેથી શુભકર્મ કરવામાટે છોડવો નહીં. અંહસ્પતિ એ નામનો ક્ષયમાસ અને તેની પાછળ થવાનો અધિકમાસ એ બન્ને સઘળાં કર્મ કરવામાં છોડી દેવા. એટલે ત્રણ વર્ષે આવનાર અધિકમાસ પણ શુભકાર્ય માટે છોડી દેવો.

तत्रवर्ज्यावर्ज्यनिर्णयः ॥ अनन्यगतिकंनित्यंनैमित्तिकंकाम्यंचअधिकमासक्षयमासयोःकर्तव्यम् सगतिकंनित्यंनैमित्तिकंकाम्यंचवर्ज्यम् तथाहि संध्याग्निहोत्रादिनित्यंग्रहणस्नानादिनैमित्तिकंकारीर्यादिकंरक्षोगृहीतजीवनार्थराक्षोघ्नेष्ट्यादिकंचकाम्यंमलमासेऽपिकार्यम् ज्योतिष्टोमादिनित्यंजातेष्ट्यादिनैमि

त्तिकंपुत्रकामेष्ट्यादिकाम्यंचमलमासोत्तरंशुद्धमासएवकर्तव्यम् आरब्धकाम्यस्यमलमासेप्यनुष्ठानम् नूतनारंभःसमाप्तिश्चनकर्तव्या तथापूजालोपादिनिमित्तकपुनर्मूर्तिप्रतिष्ठांगर्भाधानाद्यन्नप्राशनांतसंस्कारान्प्राप्तकालाननन्यगतिकाञ्ज्वरादिरोगशांतिमलभ्ययोगेश्राद्धव्रतादिकंनैमित्तिकप्रायश्चित्तंनित्यश्राद्धमूनमासिकादिश्राद्धानिदर्शश्राद्धंचमलेऽपिकुर्यात् चैत्रादौमलमासेमृतानांकदाचिद्बहुकालेनतस्मिन्नेवचैत्रादौमलमासेप्राप्तेमलमासएवप्रतिसांवत्सरिकंश्राद्धंकर्तव्यं चैत्रादौशुद्धमासेमृतानांतुप्रत्याब्दिकंश्राद्धंमलमासेनकर्तव्यं शुद्धएवचैत्रादौकर्तव्यं शुद्धमासेमृतानांतुप्रथमाब्दिकंमलमासएवकार्यंनशुद्धे द्वितीयाब्दिकंतुशुद्धएव एकादशाहांतकर्मसपिंडीकर्मचमलेऽपिकार्यं द्वितीयमासिकादिश्राद्धंतुमलेशुद्धेचावृत्त्याद्विवारंकर्तव्यं एवंचयत्रद्वादशमासिकंअधिकमासेप्राप्तंतस्यमलेशुद्धेचद्विरावृत्तिकंकृत्वा ऊनाब्दकालेऊनाब्दिकंचकृत्वाचतुर्दशेमासेप्रथमाब्दिकंकार्यं यस्मिन्वर्षेक्षयमासाव्यवहितोऽधिकमासः यथाकार्तिकोऽधिमासस्तदुत्तरौमासौवृश्चिकधनुःसंक्रांतियुक्तत्वात्क्षयसंज्ञकस्तत्रकार्तिकमासस्थंप्रत्याब्दिकंपूर्वेऽधिमासेउत्तरेक्षयमासेचकार्यं यत्रापि क्षयाद्व्यवहितपूर्वोधिमासोयथाश्विनोधिमासोमार्गशीर्षःक्षयमासस्तत्रापिआश्विनमासगतं श्राद्धमधिकेशुद्धेचआश्विनेकार्यंद्वयोरपिकर्मार्हत्वादितिभाति व्यवहितक्षयमासगतंत्वाब्दिकंक्षयमासएवकार्यं तथाचपूर्वोक्तेमार्गशीर्षक्षयोदाहरणेमार्गशीर्षगतंपौषगतंचाब्दिकमेकस्मिन्नेवमासेतिथिपूर्वार्धादिविभागंविनैवकार्यमितिफलितम् ॥

હવે અધિકમાસ અને ક્ષયમાસ એમાં છોડવાનાં અને ન છોડવાનાં કર્મ કયાં કયાં તે કહેછે.

અનન્યગતિક (નીમેલ સમયેજ કરવાનાં) એવાં નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એ કર્મ અધિકમાસ અને ક્ષયમાસ એમાં કરવાં. સગતિક (આગળ કરવાને જેને વખત મળે છે) એવાં નિત્ય, નૈમિત્તિક અને કામ્ય તે કરવાં નહીં. તે કર્મ બતાવેછે—સંધ્યા અગ્નિહોત્ર ઇત્યાદિ નિત્યકર્મ, ગ્રહણનું સ્નાન ઇત્યાદિક નૈમિત્તિકકર્મ, વરસાદ માટે કરવાની કારીરિઆદિ ઇષ્ટિ અને બ્રહ્મરાક્ષસાદિકની પીડા ટાળવામાટે રક્ષોઘ્નેષ્ટિ ઇત્યાદિક કામ્યકર્મ એ સઘળાં અધિકમાસમાં પણ કરવાં. જ્યોતિષ્ટોમ ઇત્યાદિક નિત્યકર્મ, જાતેષ્ટિ ઇત્યાદિક નૈમિત્તિકકર્મ, પુત્રકામેષ્ટિ ઇત્યાદિક કામ્યકર્મ, એ અધિકમાસ વીત્યા પછી શુદ્ધ માસમાંજ કરવાં. પ્રથમ આરંભેલાં કામ્યકર્મ અધિકમાસમાં પણ કરવાં. નવીન આરંભ વા સમાપ્તિ કરવી નહીં. તેમજ, પૂજાનો લોપ થયેલો ઇત્યાદિક નિમિત્તવડે કરવાની ફરી મૂર્તિપ્રતિષ્ઠા, જેમનું વખત આવેલું અને નીમેલ સમયેજ કરવાના એવા ગર્ભાધાનથી આરંભી અન્નપ્રાશન (અન્ન ખવડાવવા) લગી આઠ સંસ્કાર, તાવ વગેરે રોગોની શાંતિ, ફરી ન મળે એવો યોગ આવ્યો હોય તે વેળાએ કરવાનાં શ્રાદ્ધ, વ્રતાદિક, નિમિત્ત પામી કરવાનું પ્રાયશ્ચિત્ત, નિત્યશ્રાદ્ધ, ઊનમાસ આદિક શ્રાદ્ધ, અને દર્શ (અમાસનું) શ્રાદ્ધ, એ અધિકમાસમાં પણ કરવાં. ચૈત્રઆદિ અધિકમાસમાં કોઇ મરણ પામેલા હોય ને કોઇ કાલાંતરે ઘણે દિવસે એજ અધિકમાસ આવ્યો ત્યારે તે મરનારાઓનું સાંવત્સરિક શ્રાદ્ધ તે અધિકમાસમાંજ કરવું. ચૈત્રાદિક શુદ્ધ માસમાં મરેલાઓનું સાંવત્સરિક શ્રાદ્ધ અધિકમાસમાં કરવું નહીં. ચૈત્રાદિક શુદ્ધ માસમાંજ કરવું. શુદ્ધ માસમાં જે મરેલ તેનું પ્રથમાબ્દિક શ્રાદ્ધ અધિકમાસમાંજ કરવું, શુદ્ધ માસમાં કરવું નહીં. બીજા વર્ષમાં શ્રાદ્ધ શુદ્ધ માસમાંજ કરવું. મરણ દિવસથી આરંભી અગીયારમા દિવસ લગીનું કર્મ, અને સપિંડીકર્મ (ત્રણ પિંડસાથે એક પિંડ મેળવી દેવાનું કર્મ) એ અધિકમાસમાં પણ કરવાં. દ્વિતીયમાસિક આદિ શ્રાદ્ધ અધિકમાસ અને શુદ્ધમાસ એ બન્નેમાં બીજી વાર આવૃત્તિ કરી કરવું. એ રીતે જો બારમો માસિક અધિકમાસમાં આવ્યો ત્યારે અધિકમાસ અને શુદ્ધ માસમાં તે બારમા માસિકની બે વખત આવૃત્તિ કરી, ઊનાબ્દિકની વખતે ઊનાબ્દિક કરી ચૌદમે માસે પ્રથમાબ્દિક કરવું. જે વર્ષમાં ક્ષયમાસથી અગાઉ અધિકમાસ થાય (જેમ કાર્તિક અધિક માસ, અને તેની જોડના માસમાંજ, વૃશ્ચિક, ધનુષ એ બન્ને સંક્રાંતિ છે તેથી તે ક્ષયમાસ) ત્યારે કાર્તિક માસમાં કરવાનું સાંવત્સરિક શ્રાદ્ધ પ્રથમના અધિકમાસમાં કરી પાછળના ક્ષયમાસમાં પણ કરવું. ક્ષયમાસથી આગળ કાંઇ એક દૂર અધિકમાસ થાય (જેમ—આસો અધિકમાસ, માગશર ક્ષયમાસ) ત્યારે બન્ને માસ શ્રાદ્ધને યોગ્ય છે તેથી આસો માસમાં કરવાનું શ્રાદ્ધ અધિકમાં કરી શુદ્ધ આસોમાં પણ કરવું, એમ મને ભાસે છે. દૂર રહેલા ક્ષયમાસમાં આવેલુ સાંવત્સરિક શ્રાદ્ધ ક્ષયમાસમાંજ કરવું. તેમજ પ્રથમ કહેલા માર્ગશીર્ષ ક્ષયમાસના દાખલામાં માર્ગશીર્ષમાંનાં અને પૌષમાંનાં આબ્દિક શ્રાદ્ધ કરવાં તે એકજ માસમાં, તિથિના પૂર્વ અર્ધ ઉત્તર અર્ધ એ વિભાગવિનાજ કરવાં એ તાત્પર્ય છે.

अथमलमासेवर्ज्यानि ॥ उपाकर्मोत्सर्जनेअष्टकाश्राद्धानिअधिकेवर्ज्यानि चूडामौंजीबंधविवाहास्तीर्थादियात्रावास्तुकर्मगृहप्रवेशदेवप्रतिष्ठाकूपारामाद्युत्सर्गोनूतनवस्त्रालंकारधारणंतुलापुरुषादिमहादानानियज्ञकर्माधानमपूर्वतीर्थदेवदर्शनंसंन्यासःकाम्यवृषोत्सर्गोराजाभिषेकोव्रतानिसगतिकमन्नप्राशनंसमावर्तनमतिक्रांतनामकर्मादिसंस्कारःपवित्रारोपणदमनार्पणेश्रवणाकर्मसर्पबल्यादिपाकसंस्थाःशयनपरिवर्तनाद्युत्सवःशपथदिव्यादिकमेतानिमलमासेवर्ज्यानि नैमित्तिकानिरजोदोषशांतिविच्छिन्नाधानपुनःप्रतिष्ठादीनियदिनिमित्तानंतरमेवक्रियंतेतदानमलमासादिदोषः कालातिपत्तौतुशुद्धेएवकर्तव्यानि आग्रयणंदुर्भिक्षसंकटेमलमासेकार्यमन्यथाशुद्धेएव युगादिमन्वादिश्राद्धानांमासद्वयेप्यावृत्तिः क्षयात्पूर्वोधिमासःसंसर्पसंज्ञकःपूर्वमुक्तः तत्रचूडाकर्मव्रतबंधविवाहाग्न्याधानयज्ञोत्सवमहालयराजाभिषेकाएववर्ज्याःनान्यानिकर्माणि अपूर्वव्रतारंभोव्रतसमाप्तिश्चमलमासेनभवति सपूर्वमाघस्नानादेःक्षयमासेप्यारंभसमाप्तीइति मकरसंक्रांतियुक्तक्षयमासगतपौर्णमास्यांमाघस्नानमारभ्यकुंभसंक्रांतियुतमाघपौर्णमास्यांसमापनीयम् एवंकार्तिकेऽप्यूह्यम् यत्रवैशाखादिरधिकस्तत्रवैशाखस्नानादिमासव्रतानांचैत्रपूर्णमास्यामारब्धानांशुद्धवैशाखपौर्णमास्यांसमाप्तिरितितेषांमासद्वयमनुष्ठानं यन्मलमासेवर्ज्यमुक्तंतद्गुरुशुक्रास्तबाल्यवार्धकेष्वपिज्ञेयम् तत्रास्तात्प्राक्सप्ताहंवार्धकमुदयानंतरंसप्ताहंबाल्यमितिमध्यमःपक्षः पंचदशाहपंचाहत्र्यहादिपक्षाआपदनापदादिविषयतयादेशविशेषपरतयाचयोज्याः अयंवर्ज्यावर्ज्यनिर्णयःसिंहस्थेगुरावपिज्ञेयः ॥

હવે મલમાસમાં કયાં કર્મ છોડવાનાં તે કહેછે.

ઉપાકર્મ[1]; ઉત્સર્જન; અષ્ટકા શ્રાદ્ધ; એ અધિકમાસમાં કરવાં નહીં. ચૌલ; જનોઇ; વિવાહ; તીર્થયાત્રા; દેવયાત્રા; ઘર બાંધવાનો આરંભ; ઘરમાં પ્રવેશ; દેવતાની પ્રતિષ્ઠા; કુવા, તળાવ, બગીચા બનાવી દેવાદિકને અર્પણ કરવાં; નવાં વસ્ત્ર, ઘરેણાં પહેરવાં; તુલાપુરુષ આદિ મહાદાન, યજ્ઞકર્મ; અગ્નિહોત્રનો આરંભ; પ્રથમ ન કરેલાં એવાં તીર્થ અને દેવનાં દર્શન; સંન્યાસ; કામનાથી કરવાનો વૃષોત્સર્ગ; રાજ્યાભિષેક; વ્રત; આગળ કરવાને જેને અવકાશ છે એવું અન્નપ્રાશન; સમાવર્તન; સમય ઉપર ન થયેલા નામકર્મ આદિ સંસ્કાર; પવિત્રાં ધરાવવાં; દમન અર્પણ; શ્રવણાકર્મ (ઉપાકર્મનું અંગ છે); સર્પબલિ આદિ પાકસંસ્થા; વિષ્ણુશયન, પરિવર્તન (વિષ્ણુનું પડખું ફેરવવું) ઇત્યાદિક ઉત્સવ; સમ ખવડાવવા કે તપાવેલ તેલ ઇત્યાદિકથી પરીક્ષા કરવી; એ સર્વ મલમાસમાં ન કરવાં. ભુવનેશ્વરીની શાંતિ, બંધ થયેલા અગ્નિહોત્રનો ફરી આરંભ, દેવતાની પુનઃપ્રતિષ્ઠા ઇત્યાદિક નૈમિત્તિકકર્મ જો નિમિત્ત ટળી જતાં તરતજ કરવાં હોય તો અધિકમાસનો દોષ નથી. વિલંબ થયા પછી કરવાનાં હોય તો શુદ્ધ માસમાંજ કરવાં. દુષ્કાળ ઇત્યાદિ સંકટ છતાં આગ્રયણ અધિકમાસમાં કરવું, સંકટ ન હોય તો શુદ્ધમાં કરવું. યુગાદિ શ્રાદ્ધ, મન્વાદિ શ્રાદ્ધ અધિક અને શુદ્ધ બન્ને માસમાં આવૃત્તિ કરી કરવાં. ક્ષયમાસથી પ્રથમ આવેલો સંસર્પ નામનો પ્રથમ કહેલો જે અધિકમાસ તેમાં ચૌલ, યજ્ઞોપવીત, વિવાહ, અગ્નિસ્થાપન, યજ્ઞોત્સવ, મહાલય, રાજ્યાભિષેક એટલાંજ વર્જ્ય કરવાં. બીજાં કર્મ છોડવાં નહીં. નવીન વ્રતોનો આરંભ અને સમાપ્તિ અધિકમાસમાં થતી નથી. પ્રથમ કરેલાં જે માઘસ્નાનાદિક તેમનો આરંભ અને સમાપ્તિ એ બીજે વખતે ક્ષયમાસમાં પણ થાય. મકર સંક્રાંતિયુક્ત જે ક્ષયમાસ તેની પૂનમને દિવસે માઘસ્નાન આરંભ કરી કુંભ સંક્રાંતિયુક્ત માઘ શુદિ પૂનમને દિવસે સમાપ્ત કરવું. આ રીતે કાર્તિકસ્નાનમાટે પણ જાણવું. જે વર્ષમાં વૈશાખાદિક અધિકમાસ આવે તે વર્ષે વૈશાખસ્નાનાદિક જે માસવ્રત તેનો આરંભ ચૈત્ર શુદિ પૂનમનો કરી શુદ્ધ વૈશાખની પૂનમની સમાપ્તિ કરવી. તે (વૈશાખસ્નાનાદિક) વ્રતોનું બે માસ અનુષ્ઠાન જાણવું. જે કર્મ મલમાસમાં કરવાનાં નથી કહ્યાં તે બૃહસ્પતિ અને શુક્રનો અસ્ત, બાલકપણું, વૃદ્ધપણું એમાં પણ વર્જ્ય કરવાં. અસ્ત થયાથી પ્રથમ સાત દિવસ વૃદ્ધપણું અને ઉદય થયા પછી સાત દિવસ બાલકપણું એ મધ્યમ પક્ષ છે. પદર દિવસ, પાંચ દિવસ, ત્રણ દિવસ ઇત્યાદિક જે પક્ષો કહ્યા છે તે આપત્તિકાલ અને વિના આપત્તિકાલ ઇત્યાદિ વ્યવસ્થાવડે અને દેશાચાર વ્યવસ્થાવડે જાણવા. આ વર્જ્ય અવર્જ્યનો નિર્ણય સિંહસ્થ ગુરુ છતાં પણ જાણવો.

तत्रविशेषउच्यते ॥ कर्णवेधचौलमौंजीबंधविवाहदेवयात्राव्रतवास्तुकर्मदेवप्रतिष्ठासंन्यासाविशेषतोवर्ज्याइति ॥

---

[1] ઉપાકર્મ, ઉત્સર્જન અને અષ્ટકા ઇત્યાદિકોનાં સ્વરૂપ તેના નિર્ણયમાં સ્પષ્ટ લખવામાં આવશે.

હવે સિંહસ્થ ગુરુ છતાં અવશ્ય વર્જ્ય કર્મ કયાં તે કહેછે.

કાન વીંધવા, ચૌલ, જનોઇ, વિવાહ, દેવયાત્રા, વ્રત, ઘર બાંધવાં, દેવપ્રતિષ્ઠા, સંન્યાસ એ અવશ્ય વર્જ્ય કરવાં.

अथसिंहस्थापवादः ॥ मघानक्षत्रगतेसिंहांशगतेचगुरौसर्वदेशेषुसर्वमांगलिककर्मणांनिषेधः सिंहांशोत्तरंगोदादक्षिणेभागीरथ्युत्तरेसिंहस्थदोषोनास्ति गंगागोदामध्यदेशेतुसर्वसिंहस्थे विवाहव्रतबंधयोर्दोषः अन्यकर्माणिसिंहांशोत्तरंसर्वदेशेषुकर्तव्यानि मेषस्थेसूर्येसर्वदेशेषुसर्वमांगलिककर्मणांसर्वसिंहस्थेनदोषः क्वचिद्वृषस्थितेर्केऽपिदोषाभावउक्तः अत्रसिंहस्थेगुरौगोदावरीस्नानं कन्यागतेकृष्णास्नानं महापुण्यम् गोदावर्यांयात्रिकाणांमुंडनोपवासावावश्यकौनतुतत्तीरवासिनाम् गर्भिण्यामपिभार्यायांविवाहादिमंगलोत्तरमपिगोदावर्यांमुंडनेदोषोनास्ति गयागोदावरीयात्रायांमलमासगुरुशुक्रास्तादिदोषोनास्ति मलमासेव्रतविशेषोऽन्यत्रज्ञेयः इतिमलमासगुरुशुक्रास्तसिंहस्थगुरुवर्ज्यावर्ज्यनिर्णयस्तृतीयउद्देशः ॥ ३ ॥

હવે સિંહસ્થ ગુરુનો અપવાદ (બાધ નથી તે) કહેછે.

મઘા નક્ષત્રનો અને સિંહના નવમાંશમાં ગુરુ છતાં વિવાહ આદિ મંગલ કાર્ય કોઇ પણ દેશમાં કરવાં નહીં, સિંહ નવમાંશ ગયા પછી ગોદાવરીના દક્ષિણ ભાગમાં અને ગંગાજીના ઉત્તર ભાગમાં સિંહસ્થ ગુરુનો દોષ નથી. ગંગા અને ગોદાવરીના મધ્ય દેશમાં તો સંપૂર્ણ સિંહસ્થ ગુરુમાં વિવાહ, જનોઇ એજ માત્ર ન કરવાં. સિંહ નવમાંશ ગયા પછી બીજા કર્મ સર્વ દેશોમાં કરવાં. મેષના સૂર્ય છતાં સર્વ દેશમાં સઘળાં મંગળ કર્મ કરવાં, તેમાં સિંહસ્થ ગુરુનો દોષ નથી. વૃષ રાશિનો સૂર્ય છતાં સિંહસ્થનો દોષ નથી એમ પણ કયાંઇએક છે. સિંહનો ગુરુ છતાં ગોદાવરીનું સ્નાન અને કન્યાનો ગુરુ છતાં કૃષ્ણા નદીનું સ્નાન મહાપુણ્ય દેનાર છે. ગોદાવરી તીરે યાત્રામાટે ગયેલાઓએ મુંડન અને ઉપવાસ અવશ્ય કરવો, ત્યાં રહેનારાઓને અવશ્ય કર્તવ્ય નથી. સ્ત્રી સગર્ભા હોય, અથવા વિવાહાદિ મંગળ કર્મ થયું હોય તોપણ ગોદાવરી તીરે મુંડન કરાવવામાં દોષ નથી. ગયા અને ગોદાવરીએ યાત્રામાટે જવામાં અધિકમાસ અને ગુરુશુક્રના અસ્તાદિકનો દોષ નથી. અધિકમાસનાં વ્રતનો વિશેષ નિર્ણય બીજા ગ્રંથોમાં જોઇ લેવો. ઇતિ મલમાસ૦ તૃતીયોદ્દેશઃ ॥ ૩ ॥

अथतिथिनिर्णयेसामान्यपरिभाषा ॥ तिथिर्द्विविधा पूर्णासखंडाच सूर्योदयमारभ्यषष्टिनाडिकाव्याप्तापूर्णा एतदन्यासखंडा सखंडापिद्विविधा शुद्धाविद्धाच सूर्योदयमारभ्यअस्तमयपर्यंतंविद्यमानाशिवरात्र्यादौनिशीथपर्यंतंविद्यमानाचशुद्धा तदन्याविद्धा वेधोपिद्विविधः प्रातर्वेधःसायंवेधश्च सूर्योदयोत्तरंषड्घटिकापरिमिततिथ्यंतरस्पर्शात्मकःप्रातर्वेधःसूर्यास्तात्प्राक्षड्घटीमिततिथ्यंतरस्पर्शःसायंवेधःएकादशीव्रतविषयेतुवेधोवक्ष्यते क्वचित्तिथिविशेषेवेधाधिक्यम् पंचमीद्वादशनाडीभिः षष्ठींविद्धांकरोति दशमीपंचदशभिरेकादशींविध्यति चतुर्दशीअष्टादशनाडीभिःपंचदशींविध्यति विद्धाश्चतिथयःक्वचित्कर्मणिग्राह्याः कुत्रचित्त्याज्याश्चभवंति तत्रसंपूर्णाशुद्धाचतिथिःप्रायेणनिर्णयंनापेक्षतेसंदेहाभावात् निषेधविषयेसखंडापिननिर्णयार्हा निषेधस्तुनिवृत्त्यात्माकालमात्रमपेक्षतेइतिवचनेनअष्टम्यादिषुनारिकेलादिभक्षणनिषेधादेस्तत्कालमात्रव्याप्ततिथ्यपेक्षणात् ॥

હવે તિથિઓના નિર્ણયમાટે સાધારણ રીતે કહેછે.

તિથિ બે પ્રકારની, એક પૂર્ણતિથિ અને બીજી સખંડાતિથિ. સૂર્યના ઉદયથી આરંભી સાઠ ઘડી જે તિથિ તે પૂર્ણતિથિ. એથી જે ભિન્ન તે સખંડાતિથિ. એ સખંડાતિથિ પણ શુદ્ધા અને વિદ્ધા એ ભેદવડે બે પ્રકારની છે. સૂર્ય ઉદયથી અસ્તપર્યંત રહેનારી અને શિવરાત્રિઆદિ વ્રતદિવસે મધ્યરાત્રિલગી રહેનારી જે તે શુદ્ધાતિથિ. તેથી જે ભિન્ન તે વિદ્ધાતિથિ જાણવી. વેધ બે પ્રકારનો. એક પ્રાતઃકાલનો વેધ, અને બીજો સાયંકાલનો વેધ. સૂર્યઉદયપછી છ ઘડીલગી પૂર્વતિથિનો બીજી તિથિને સ્પર્શ થાય તે પ્રાતઃકાલનો વેધ. સૂર્યઅસ્તથી પ્રથમ છ ઘડીમાં પ્રથમ તિથિનો બીજી તિથિને સ્પર્શ થાય તે સાયંકાલનો વેધ. એકાદશી વ્રતમાં વેધ કહેવો તે, તે પ્રકરણમાં કહીશું. કેટલીએક તિથિઓવિષે વેધ આના કરતાં અધિક કહ્યો છે તે આ પ્રમાણે—પાંચમ બાર ઘડી હોય તો છઠને વેધ કરેછે. દશમી પંદર ઘડીવડે એકાદશીને વેધ કરેછે. ચૌદસ અઢાર ઘડીવડે પૂનમને વેધ કરેછે. અને વિદ્ધાતિથિ તે કેટલાએક કર્મમાં

મૂકી દેવી અને કેટલાએક કર્મમાં લેવી. પૂર્ણતિથિ અને શુદ્ધતિથિ એમાં સંશય નથી તેથી તેનો નિર્ણય કહેવાની ગરજ નથી. "નિષેધ તો નિવૃત્તિરૂપ છતો કેવળ કાળમાત્રનીજ ગરજ રાખેછે" એવાં જે વચન તેવડે આઠમ આદિ તિથિમાં નારિયલ આદિ ફળ ખાવાનો નિષેધ છે તે નિષેધને તે કાળમાત્રમાં વ્યાપ્તતિથિની ગરજ છે તો જ્યાં ખંડાતિથિનો નિષેધ કહેલો છે ત્યાં તે તિથિનો પણ નિર્ણય કહેવાની જરૂર નથી.

विहितव्रतादिविषयेतुनिर्णयउच्यते ॥ तत्रकर्मणोयस्ययःकालस्तत्कालव्यापिनीतिथिर्ग्राह्या यथाविनायकादिव्रतेमध्याह्नादौपूजनादिविधानात् मध्याह्नादिव्यापिनीदिनद्वयेकर्मकालेव्याप्तावव्याप्तौतदेकदेशव्याप्तौवा युग्मवाक्यादिनापूर्वविद्धायाःपरविद्धायावातिथेर्ग्राह्यत्वं युग्मवाक्यंतु युग्माग्नियुगभूतानांषण्मुन्योर्वसुरंध्रयोः रुद्रेणद्वादशीयुक्ताचतुर्दश्याचपूर्णिमा प्रतिपद्यप्यमावास्यातिथ्योर्युग्मं महाफलमिति युग्मंद्वितीया अग्निस्तृतीया द्वितीयातृतीयाविद्धाग्राह्या तृतीयाद्वितीयाविद्धाग्राह्येत्येवं द्वितीयातृतीययोर्युग्मं चतुर्थीपंचम्योर्युग्मम् षष्ठीसप्तम्योर्युग्मं अष्टमीनवम्योर्युग्मं एकादशीद्वादश्योर्युग्मं चतुर्दशीपौर्णमास्योर्युग्मं अमावास्याप्रतिपदोर्युग्ममित्यर्थः क्वचिच्चतुर्थीगणनाथस्यमातृविद्धाप्रशस्यत इत्यादिविशेषवाक्यैर्ग्राह्यत्वनिर्णयः वचनवशेनग्राह्यायास्तिथेःकर्मकालेसत्त्वाभावेसाकल्यवचनैःसत्त्वं भावनीयम् तानिच यांतिथिंसमनुप्राप्यउदयंयातिभास्करः सातिथिःसकलाज्ञेयास्नानदानजपादिष्वित्यादीनि ॥ इति सामान्यनिर्णयश्चतुर्थ उद्देशः ॥ ४ ॥

હવે ક્યાં વ્રતોમાં કેવી તિથિ લેવી જોઇએ તે કહેછે.

સઘળાં કર્મ કરવામાટે જુદો જુદો કાલ કહેલો છે, તેથી જે કર્મનો જે કાલ હોય તે કાલમાં વ્યાપેલી તિથિ હોય તે લેવી. દાખલો–વિનાયકાદિ વ્રતવિષે મધ્યાહ્નઆદિ સમયે પૂજા કરવાની કહેલી છે તેથી મધ્યાહ્નકાલવ્યાપિની તિથિ લેવી. બન્ને દિવસે, કર્મકાલવ્યાપિની તિથિ હોય, ન હોય અથવા તેના એક ભાગમાં વ્યાપ્તિ હોય ત્યારે યુગ્મવાક્યાદિવડે પૂર્વવિદ્ધા અથવા પરવિદ્ધા તિથિ લેવી. युग्मवाक्यं–"युग्माग्नियुगभूतानां षण्मुन्योर्वसुरंध्रयोः ॥ रुद्रेण द्वादशी युक्ता चतुर्दश्या च पूर्णिमा ॥ प्रतिपद्यप्यमावास्यातिथ्योर्युग्मं महाफलं," બીજ ત્રીજ સાથે વેધવાળી લેવી, ત્રીજ બીજ સાથે વેધવાળી લેવી, એ રીતે બીજ અને ત્રીજ એનું યુગ્મ, ચોથ પાંચમનું યુગ્મ, છઠ સાતમનું યુગ્મ, આઠમ નોમનું યુગ્મ, એકાદશી દ્વાદશીનું યુગ્મ, ચૌદસ પૂનમનું યુગ્મ, અમાવાસ્યા એકમનું યુગ્મ, એ રીતે બે તિથિ મળી એક યુગ્મ એમ તિથિનાં યુગ્મ થાય છે. "ગણપતિનાં વ્રતવિષે ચોથ ત્રીજ સાથે વેધવાળી લેવી" એવાં વિશેષ વચન છે તેથી તે તે ઠેકાણે તેવાં વિશેષવચનોવડે ગ્રાહ્ય તિથિનો નિર્ણય જાણવો. વચનબલથી ગ્રહણ કરવા યોગ્ય તિથિની ક્યારેક કર્મકાલમાં વ્યાપ્તિ ન હોય તોપણ સાકલ્ય(સંપૂર્ણપણા)નો બોધ કરનાર વચનેકરી કર્મકાલમાં તિથિ માનવી. તે વચનો–"જે તિથિને લઇ સૂર્ય ઉદય પામે તે તિથિ સ્નાન, દાન, જપ ઇત્યાદિ કર્મવિષે સંપૂર્ણ [2]જાણવી," ઇત્યાદિક. ઇતિ સામાન્યનિર્ણયશ્ચતુર્થ ઉદ્દેશ: ॥ ૪ ॥

कर्मविशेषेनिर्णयः ॥ कर्माणिद्विविधानिदैवानिपित्र्याणिच दैवानिषड्विधानि एकभक्तनक्तायाचितोपवासव्रतदानाख्यानि मध्याह्ने एकवारमेकान्नभोजनमेकभक्तम् रात्रावेवप्रदोषकालेभोजनंनक्तम् याचनांविनातद्दिनेलब्धस्यान्नादेर्भोजनमयाचितम् दिनांतरलब्धस्यापिपाचकंस्त्रीपुत्रादिकंप्रतियाचनमंतरेणभोजनमयाचितमितिकेचित् अहोरात्रभोजनाभावउपवासः पूजाद्यात्मकःकर्मविशेषोव्रतम् स्वत्वनिवृत्तिपूर्वकंपरस्वत्वापादनंदानम् तानिचैकभक्तादीनिक्वचिद्व्रताद्यंगतयाविहितानि क्वचिदेकादश्याद्युपवासप्रतिनिधितयाविहितानि क्वचित्स्वतंत्राणीतित्रिविधानि तत्रान्यांगानांप्रतिनिधिभूतानांचतत्तत्प्रधानवशेननिर्णयः ॥

હવે કર્મોનો વિશેષ નિર્ણય કહેછે.

કર્મ બે પ્રકારનાં છે,—દૈવકર્મ અને પિત્ર્યકર્મ. દેવતાસંબંધી કર્મ ૭ પ્રકારનાં, એકભક્ત, નક્ત, અયાચિત, ઉપવાસ, વ્રત, દાન, એ નામનાં. મધ્યાહ્ને એક વખત એકજ અન્ન જમવું તે એકભક્ત;

---

[1] यांतिथिंसमनुप्राप्ययात्यस्तंयामिनीपतिः ॥ सातिथिःसकलाज्ञेयास्नानदानादिकर्मसु ॥ उदयोत्तरद्विमुहूर्ताधिकस्यास्तात्प्राक्त्रिमुहूर्ताधिकस्यप्रायेणेयंद्विविधासाकल्यव्याप्तिर्ज्ञेया ॥

[2] જે તિથિને લઇ સૂર્ય અસ્ત પામે તે તિથિ સ્નાન, દાન આદિ કર્મવિષે સંપૂર્ણ જાણવી. એ રીતે ઉદય પછી ચાર ઘડી કરતાં અધિક અને અસ્તથી પ્રથમ ૭ ઘડી કરતાં અધિક તિથિ હોય તો એ બે પ્રકારે સાકલ્યવ્યાપ્તિ થાયછે એમ જાણવું.

રાત્રિએજ પ્રદોષ સમયે ભોજન કરવું તે **નક્ત**; કોઇપાસે માગ્યાવિના તે દિવસે મળેલા અન્નાદિકનું ભોજન કરવું તે અયાચિત; રસોઇ કરનાર સ્ત્રી, પુત્રાદિકપાસે માગ્યાવિના, બીજે દિવસે મળેલા અન્નનું ભોજન કરવું તે અયાચિત, એમ કોઇ ગ્રંથકાર કહેછે. દિવસ રાત્રિ ભોજન ન કરવું તે ઉપવાસ. પૂજા આદિ વિશેષ કર્મ કરવાં તે વ્રત. પદાર્થો ઉપર પોતાની સત્તા દૂર કરી બીજાની સત્તા સ્થાપિત કરી દેવું તે દાન. તે પ્રથમ કહેલાં એકભક્તાદિક દેવકર્મ ક્યાંક વ્રતાદિકના અંગરૂપ કહ્યાં છે, અને ક્યાંક એકાદશી આદિ વ્રતોના બદલામાં કરવાનાં કહ્યાં છે અને ક્યાંક સ્વતત્ર કરવાનાં કહ્યાં છે, એ રીતે ત્રણ પ્રકારનાં છે, તેમાં અંગરૂપ અને બદલા ઠેકાણાનાં કર્મોનો નિર્ણય, મુખ્ય વ્રતોના નિર્ણયપ્રમાણે જાણવો.

स्वतंत्राणांनिर्णयउच्यते ॥ तत्रदिनंपंचधाविभज्यप्रथमभागःप्रातःकालोज्ञेयः द्वितीयःसंगवः तृतीयोमध्याह्नः चतुर्थोभागोऽपराह्णः पंचमःसायाह्नः सूर्यास्तोत्तरंत्रिमुहूर्तःप्रदोषः तत्रैकभक्तेमध्याह्नव्यापिनीतिथिर्ग्राह्या तत्रापिदिनार्धसमयेतीतेत्रिंशद्घटिकात्मकमध्यमदिनमानेन षोडशादिघटीत्रयं मुख्योभोजनकालः ततऊर्ध्वमासायंगौणकालः अत्रपूर्वेद्युरेवमुख्यकालेव्याप्तिः परेद्युरेवव्याप्तिरुभयेद्युर्व्याप्तिरुभयत्रापिव्याप्त्यभावः उभयत्रसाम्येनैकदेशव्याप्तिर्वैषम्येणैकदेशव्याप्तिरितिषट्पक्षाभवंति तत्र पूर्वेद्युरेवमुख्यकालेग्राह्यतिथिसत्त्वेपूर्वैव परत्रैवसत्त्वेपरैवेत्यसंदेहः उभयत्रापिपूर्णव्याप्तित्वेयुग्मवाक्यान्निर्णयः उभयत्रव्याप्त्यभावेपूर्वैव गौणकालव्याप्तिसत्त्वात् साम्येनैकदेशव्याप्तौपूर्वा वैषम्येणैकदेशव्याप्तौ दिनद्वयेपिकर्मपर्याप्ततिथिलाभेयुग्मवाक्यान्निर्णयः कर्मपर्याप्ततिथ्यलाभेपूर्वैवेति ॥ इति एकभक्तम् ॥

હવે સ્વતંત્ર વ્રતોનો નિર્ણય કહેછે.

દિવસના પાંચ ભાગ કરી તે ભાગોનાં જુદાં જુદાં નામ પાડ્યાં છે તે આપ્રમાણે—પ્રથમ ભાગ તે પ્રાત:કાલ; બીજો ભાગ તે સંગવકાલ; ત્રીજો ભાગ તે મધ્યાહ્નકાલ; ચોથો ભાગ તે અપરાહ્ણકાલ; પાંચમો ભાગ તે સાયાહ્નકાલ. સૂર્યાસ્ત પછી છ ઘડી લગી પ્રદોષકાલ તેમાં એકભક્ત વ્રતમાં મધ્યાહ્નકાલવ્યાપિની તિથિ લેવી. તેમાં પણ દિવસનો અર્ધ ભાગ ગયા પછી ત્રીસ ઘડીના મધ્યમ દિનમાનવડે સોળ ઘડીથી અઢાર ઘડીલગી (ત્રણ ઘડી) મુખ્ય ભોજનકાલ જાણવો. તે પછી સાયંકાલલગી ગૌણકાલ જાણવો. વ્યાપ્તિવિષે તિથિના નિર્ણયના છ પક્ષ છે તે આપ્રમાણે—૧ પૂર્વ દિવસેજ મુખ્યકાલમાં વ્યાપ્તિ, ૨ બીજે દિવસેજ વ્યાપ્તિ, ૩ બન્ને દિવસે વ્યાપ્તિ, ૪ બન્ને દિવસે વ્યાપ્તિ ન હોય તે, ૫ બન્ને દિવસે સરખી એક ભાગમાં વ્યાપ્તિ. ૬ બન્ને દિવસે ઓછી વધતી એક દેશમાં વ્યાપ્તિ, એ રીતે છ પક્ષ થાયછે. તેમાં પ્રથમ દિવસેજ મુખ્યકાલમાં ગ્રાહ્ય તિથિ છતાં પ્રથમનીજ લેવી. બીજે દિવસે મુખ્યકાલમાં ગ્રાહ્ય તિથિ છતાં બીજે દિવસેજ લેવી, તેમાં સંશય નથી. બન્ને દિવસે સંપૂર્ણવ્યાપિની હોય તો યુગ્મવાક્યવડે નિર્ણય કરવો. બન્ને દિવસે વ્યાપ્તિ ન હોય તો ગૌણકાલમાં વ્યાપ્તિ છે માટે પૂર્વનીજ લેવી. સરખી એકદેશવ્યાપ્તિ હોય તો પ્રથમની લેવી, ઓછી વધતી વ્યાપ્તિ હોય પણ બન્ને દિવસે કર્મની સમાપ્તિ થાય એટલા વખતલગી તિથિ મળતી હોય તો યુગ્મવાક્યવડે નિર્ણય જાણવો. કર્મની સમાપ્તિ થાય એટલી તિથિ ન મળે તો પ્રથમનીજ લેવી. આપ્રમાણે એકભક્તનો નિર્ણય કહ્યો.

अथनक्तम् ॥ तत्रसूर्यास्तोत्तरत्रिमुहूर्तात्मकप्रदोषव्यापिनीतिथिर्नक्तेग्राह्या अन्यतरदिने तद्व्याप्तौतदेकदेशस्पर्शोवासैवग्राह्या भोजनंतुअस्तोत्तरंघटिकात्रयसंध्याकालंत्यक्त्वाकार्यं संध्याकालेभोजननिद्रामैथुनाध्ययनवर्जनात् यतिभिरपुत्रविधुरैर्विधवाभिश्चनक्तंसायाह्नव्यापिन्यांदिनाष्टमभागेकार्यं रात्रौ तेषांभोजननिषेधात् एवंसौरनक्तमपिसायाह्नव्यापिन्यांदिवैवकार्यं दिनद्वयेप्रदोषव्याप्तौपरा दिनद्वयेप्रदोषव्याप्त्यभावेपरत्रैव सायाह्नेदिनाष्टमभागेनक्तंकार्यंनतुरात्रौ साम्येनैकदेशव्याप्तौपरैव वैषम्येणप्रदोषैकदेशव्याप्तौतदाधिक्यवतीपूर्वापिग्राह्या यदिपूजाभोजनपर्याप्तंतदाधिक्यंलभ्यते नोचेत्साम्यपक्षवदुत्तरैवनत्वाधिक्यवशात्पूर्वेति नक्तव्रतभोजनं वैधत्वाद्रविवासरसंक्रांत्यादावपिरात्रावेवकार्यं रविवारादौ रात्रिभोजननिषेधस्यरागप्राप्तभोजनपरत्वात् एकादश्याद्युपवासप्रत्याम्नायभूतंनक्तंतूपवासनिर्णीतदिने एवेति अयाचितस्यत्वहोरात्रसाध्यत्वादुपवासवन्निर्णयः पित्र्याणामपराह्णादिव्याप्तित्वेननिर्णयस्तत्तत्प्रकरणेवक्ष्यते एकभक्तनक्तायाचितोपवासानांपूर्वतिथावनुष्ठितानां परेद्युस्तिथ्यंतेपारणं यामत्रयोर्ध्वगामिन्यांतिथौप्रातःपारणमितिसर्वत्रज्ञेयमितिमाधवः ॥ इति एकभक्तादिनिर्णयः पंचम उद्देशः ॥ ५ ॥

હવે નક્તવ્રતનો નિર્ણય કહેછે.

નક્તવ્રતમાં તિથિ લેવી તે સૂર્યાસ્ત પછી છ ઘડી પ્રદોષકાળવ્યાપિની હોય તે લેવી. બન્ને દિવસમાંથી કોઈએક દિવસે પ્રદોષકાળવ્યાપિની હોય, અથવા તે પ્રદોષકાળના એકદેશમાં વ્યાપ્તિ હોય તો તેજ (પ્રદોષકાળવ્યાપિની) લેવી. ભોજન, નિદ્રા, મૈથુન, અધ્યયન એમનો સંધ્યાકાળમાં નિષેધ છે તેથી અસ્ત પછી ત્રણ ઘડી સંધ્યાકાળ છોડી ભોજન કરવું. સંન્યાસી, પુત્ર ન થયા છતાં જેની સ્ત્રી મરી ગઇ છે તે, અને વિધવા એમણે રાત્રિભોજન કરવું નહીં એવો નિષેધ છે તેથી સાયાહ્નકાળવ્યાપિની તિથિ છતાં દિવસના આઠમા ભાગમાં નક્ત કરવું. આ રીતે સૂર્યસંબંધી નક્ત પણ સાયંકાળવ્યાપિની તિથિ છતાં દિવસનુંજ કરવું. બન્ને દિવસે પ્રદોષવ્યાપિની હોય તો બીજે દિવસે લેવી. બન્ને દિવસે પ્રદોષવ્યાપિની ન હોય તો બીજે દિવસેજ સાયંકાળે દિવસના આઠમા ભાગમાં નક્ત કરવું, રાત્રિનું કરવું નહીં. બન્ને દિવસે સરખી એકદેશવ્યાપ્તિ છતાં બીજા દિવસનીજ લેવી. વિષમ માનવડે બન્ને દિવસે પ્રદોષકાળના એકદેશમાં વ્યાપ્તિ છતાં તેમાં પૂજન, ભોજન થઇ શકે એટલી અધિક તિથિ મળે તો અધિકવ્યાપિની પ્રથમનીજ લેવી. પૂજન, ભોજન થઈ શકે એટલી ન મળે તો સામ્યપક્ષ પ્રમાણે પાછળનીજ લેવી, થોડી અધિક વ્યાપ્તિ છે એમ જાણી પ્રથમની લેવી નહીં. નક્ત વ્રતસંબંધી ભોજન વિધિવડે કરવાનું છે તેથી રવિવાર, સંક્રાંતિ ઇત્યાદિક દિવસ છતાં પણ રાત્રિનુંજ કરવું. રવિવાર ઇત્યાદિક દિવસે રાત્રિભોજનનો જે નિષેધ છે તે પ્રીતિથી ભોજન કરવું તે માટે છે, વિધિપ્રાપ્ત ભોજન માટે નથી. એકાદશી આદિ ઉપવાસને બદલે કરવાનું. જે નક્ત તે ઉપવાસ માટે નિર્ણય કરેલા દિવસેજ કરવું. અયાચિત વ્રત રાત્રિ દિવસવડે સાધ્ય છે તેથી તેનો નિર્ણય ઉપવાસ પ્રમાણે જાણવો. પિત્ર્યકર્મ અપરાહ્ણાદિકાળવ્યાપિની તિથિમાં થાય છે ઇત્યાદિ નિર્ણય તે તે પ્રકરણમાં કહીશું. એકભક્ત, નક્ત, અયાચિત અને ઉપોષણ એ પ્રથમ તિથિએ કર્યાં હોય તો બીજે દિવસે તે તિથિને અંતે પારણાં કરવાં. ત્રણ પોહોરથી અધિક તે તિથિ હોય તો પ્રાતઃકાળમાં પારણું કરવું એ રીતી સર્વ ઠેકાણે જાણવી એમ માધવ કહેછે. ઇતિ એકભક્તાદિનિર્ણયઃ પંચમ ઉદ્દેશઃ ॥ ૫ ॥

अथव्रतपरिभाषा ॥ तत्रस्त्रीशूद्राणांद्विरात्राधिकोपवासेनाधिकारः स्त्रीणामपिभर्त्रनुज्ञांविनाव्रतोपवासादौनाधिकारः उपवासदिनेश्राद्धदिनेचकाष्ठेनदंतधावनंनकार्यं पर्णादिना द्वादशगंडूषैर्वाकार्यं जलपूर्णंताम्रपात्रंगृहीत्वोदङ्मुखः प्रातरुपवासादिव्रतंसंकल्पयेत् अपूर्वव्रतारंभोव्रतोद्यापनंचमलमासे गुर्वाद्यस्तेवैधृतिव्यतीपातादिदुर्योगेविष्टौक्रूरवारनिषिद्धेदर्शादितिथौनभवति एवंखंडतिथावपिनभवति उदयस्थातिथिर्याहिनभवेद्दिनमध्यभाक् साखंडानव्रतानांस्यादारंभश्चसमापनमितिसत्यव्रतोक्तेः क्षमासत्यंदयादानंशौचमिंद्रियनिग्रहः देवपूजाग्निहवनंसंतोषःस्तेयवर्जनं सर्वव्रतेष्वयंधर्मः अत्रहोमोव्याहृतिभिःकाम्यव्रतविशेषेज्ञेयः यद्देवतायाउपोषणव्रतंतद्देवताजपस्तद्ध्यानंतत्कथाश्रवणंतदर्चनंतन्नामश्रवणकीर्तनादिकंकार्यं उपवासेऽन्नावलोकनगंधादिकमभ्यंगंतांबूलमनुलेपनंचत्यजेत् सभर्तृकस्त्रीणांसौभाग्यव्रतेऽभ्यंगतांबूलादिनवर्ज्यं अष्टैतान्यव्रतघ्नानिआपोमूलंफलंपयः हविर्ब्राह्मणकाम्याचगुरोर्वचनमौषधं प्रमादादिनाव्रतभंगेदिनत्रयमुपोष्यक्षौरंकृत्वापुनर्व्रतंकुर्यात् अशक्तस्योपवासप्रतिनिधिरेकब्राह्मणभोजनंतावद्धनादिदानंवासहस्रगायत्रीजपोवाद्वादशप्राणायामावाप्रायश्चित्तम् स्वीकृतंव्रतंकर्तुमशक्तःप्रतिनिधिनाकारयेत् पुत्रःपत्नीभर्ताभ्रातापुरोहितःसखाचेतिप्रतिनिधयः पुत्रादिःपित्राद्युद्देशेनव्रतंकुर्वन्स्वयमपिव्रतफलंलभते असकृज्जलपानाच्चसकृत्तांबूलचर्वणात् उपवासःप्रणश्येतदिवास्वापाच्चमैथुनात् स्मरणंकीर्तनंकेलिःप्रेक्षणंगुह्यभाषणम् संकल्पोऽध्यवसायश्चक्रियानिर्वृत्तिरेवचेत्यष्टविधंमैथुनम् प्राणसंकटेष्वसकृज्जलपानेदोषोनास्ति चर्मस्थंजलंगोभिन्नक्षीरंमसूरंजंबीरफलंशुक्तिचूर्णमित्यामिषगणोव्रतेवर्ज्यः अश्रुपातक्रोधादिनासद्योव्रतनाशः पराम्नभोजनेचापियस्यान्नंतस्यतत्फलम् तिलमुद्गभिन्नचणकादिकोशीधान्यंमाषादिकंमूलकंचेत्येवमादिक्षारगणंलवणमधुमांसादिकंचवर्जयेत् श्यामाकाश्चैवनीवारागोधूमाश्चव्रतेहिताः व्रीहिमुद्गयवतिलकंगुकलापादिधान्यंरक्तेतरमूलकंसूरणादिकंदः सैंधवसामुद्रलवणे गव्यदधिसर्पिर्दुग्धानिपनसफलमाम्रफलंनारिकेलंहरीतकीपिप्पलीजीरकंशुंठीतिंतिणीकदलीलवलीधात्रीफलानिगुडेतरेक्षुविकारइत्येतानिअतैलपक्वानिहविष्याणि गव्यंतक्रंमाहिषंघृतमपिक्वचित् अनुक्तव्रतविधिस्थलेमाषादिपरिमितसुवर्णरजतादिप्रतिमापूज्या द्रव्यानुक्तावाज्यहोमः देवतानुक्तौप्रजापतिः मंत्रानुक्तौसमस्तव्याहृतिः संख्यानुक्तावष्टोत्तरशतमष्टाविंशतिरष्टौवाहोमसंख्या उपवासेकृतेब्राह्मणभोजनं तत्सांगतार्थम् उद्यापनानुक्तौगांसुवर्णंवादद्यात् विप्रवचनात्कृतसांगता विप्रवचनंचदक्षिणांदत्वैवग्राह्यं सर्वत्र

गृहीतव्रतत्यागेचांडालतुल्यत्वम् विधवाभिर्व्रतादौचिन्नरक्तादिवस्त्रंनधार्यंश्वेतमेवधार्यम् सूतकादौस्त्रीणांरजोदोषादौज्वरादौचगृहीतव्रतादौशारीरनियमान्स्वयंकुर्यात् पूजादिकमन्यद्वाराकारयेत् अपूर्वारंभस्तुसूतकादौनभवति काम्येप्रतिनिधिर्नास्तिनित्येनैमित्तिकेचसः काम्येष्युपक्रमादूर्ध्वंकेचित्प्रतिनिधिंविदुः नस्यात्प्रतिनिधिर्मंत्रस्वामिदेवाग्निकर्मसु नापिप्रतिनिधातव्यंनिषिद्धंवस्तुकुत्रचित् व्रतादिसन्निपातेदानहोमाद्यविरुद्धंक्रमेणकार्यम् विरुद्धेतुनक्तभोजनोपवासादावेकंस्वयंकृत्वान्यत्पुत्रभार्यादिनाकारयेत् यत्रचतुर्दश्यष्टम्यादौदिवाभोजननिषेधोव्रतांतरपारणाचप्राप्तातत्रभोजनमेवकार्यम् पारणायाविधिप्राप्तत्वात् निषेधस्तुरागप्राप्तभोजनपरः एवंरविवारादौसंकष्टचतुर्थ्यादिव्रतेरात्रिभोजनमेवकार्यम् ॥

હવે વ્રતોની પરિભાષા (રીતિ) કહેછે.

સ્ત્રીઓ અને શૂદ્ર એમને બે દિવસથી અધિક ઉપવાસ કરવાનો અધિકાર નથી. સ્ત્રીને પતિની આજ્ઞાવિના વ્રત અને ઉપવાસ ઇત્યાદિક કરવાનો અધિકાર નથી. ઉપવાસને દિવસે, અને શ્રાદ્ધને દિવસે કાષ્ઠનું દાતણ કરવું નહી, પાંદડાવતી વા બાર કોગળાવતી દાંત ધોવા. જલ ભરેલું ત્રાંબાનું પાત્ર હાથમાં લઇ ઉત્તર દિશા સામે થઇ પ્રાતઃકાળમાં ઉપોષણ આદિ વ્રતોનો સંકલ્પ કરવો. નવાં વ્રતનો આરંભ, અને સમાપ્તિ, એ મલમાસ; ગુરુ શુક્રનો અસ્ત; વૈધૃતિ, વ્યતીપાત, ઇત્યાદિક દુષ્ટયોગ; ભદ્રા; ક્રૂર વાર (મંગળ, શનિ ઇ૦); નિષિદ્ધ અમાવાસ્યાદિ તિથિ; એમાં થતાં નથી. "જે સૂર્યોદયથી આરંભી મધ્યાહ્નલગી ન હોય તે ખડાતિથિ, તે તિથિમાં વ્રતોનો આરંભ અને સમાપ્તિ કરવાં નહીં" એવું સત્ય વ્રતનું વચન છે તેથી ખડાતિથિમાં પણ વ્રતનો આરભ અને સમાપ્તિ કરવાં નહીં. "ક્ષમા, સત્ય ભાષણ, દયા, દાન, સ્વચ્છતા, ઇંદ્રિયનિગ્રહ, દેવપૂજા, હોમ, સતોષ, ચોરી ન કરવી," એ ધર્મ સઘળાં વ્રતોમાં સામાન્યપણે જાણવા. અહીંઆં હોમ વ્યાહૃતિ મંત્રવડે કરવો, એટલો કામ્યવ્રતમાં વિશેષ જાણવો. જે દેવતાનું ઉપોષણવ્રત હોય તે દેવતાનો જપ, ધ્યાન, કથાશ્રવણ, પૂજા, તેના નામનું શ્રવણ, કીર્તન, ઇત્યાદિ કરવાં. ઉપવાસને દિવસે અન્નસામે જોવું, સુગધ લેવી, તેલ લગારવું, તાંબૂલ, સુશોભિત ચદન, એ વર્જ્ય કરવાં. સૌભાગ્યવતી સ્ત્રીને સૌભાગ્ય વ્રતમાં તૈલમર્દન, તાંબૂલ ઇત્યાદિ વર્જ્ય નથી. "જળ, મૂળ, ફળ, દૂધ. હવિષ્ય, બ્રાહ્મણની ઇચ્છા, ગુરુનું વચન અને ઔષધ, એ આઠ વ્રતનાં નાશ કરનારાં નથી;" માટે એમાંથી કોઇનું પણ સેવન કરવાથી વ્રતભંગ થતો નથી. વિસ્મૃતિ ઇત્યાદિકથી વ્રતભગ થયો હોય તો ત્રણ ઉપવાસ અને ક્ષૌર કરી ફરી વ્રત કરવું. ઉપવાસ કરવા માટે અશક્ત હોય તો તેને બદલે એક બ્રાહ્મણને ભોજન, અથવા તેટલું દ્રવ્યદાન, કિંવા સહસ્ર ગાયત્રીજપ, અથવા બાર પ્રાણાયામ એ પ્રાયશ્ચિત્ત કરવું. પ્રથમ લીધેલું વ્રત કરવામાં અશક્ત હોય તો [1]પ્રતિનિધિદ્વારા કરાવવું. પુત્ર, સ્ત્રી, પતિ, ભાઇ, ઉપાધ્યાય, મિત્ર એ પ્રતિનિધિ જાણવા. પુત્રાદિક, પિતા ઇત્યાદિને બદલે વ્રત કરે તો જેને બદલે વ્રત કરે તેને ફળ મળે અને કરનારને પણ મળે. "વારવાર જળ પીવું, એકવાર તાંબૂલ ખાવું, દિવસની નિદ્રા અને સ્ત્રીસગ કરવો, તેથી ઉપવાસનો નાશ થાયછે." સ્ત્રીઓનું સ્મરણ કરવું, વિષયની વાતો કહેવી, ક્રીડા કરવી, કટાક્ષથી જોવું, એકાંતમાં ગુપ્ત વાતો કરવી, આ રીતે હું વિષયભોગ કરીશ એવો સંકલ્પ કરવો, અમુક સાથે હું ભોગ કરીશ, એવો નિશ્ચય કરવો, પ્રત્યક્ષ મૈથુન કરવું, આ રીતે આઠ પ્રકારનાં મૈથુન કહ્યાં છે તેમાંથી કોઇએક પણ કરવું નહીં. પ્રાણસકટ સમયે વારંવાર જળ પીવાનો દોષ નથી. પખાલનું પાણી, ગાયવિનાનું બીજું દૂધ, મસૂર, ગોદડિયાં લીંબૂ, છીપનો ચુનો, એને આમિષગણ એમ કહેછે; એ ગણ વ્રતમાં વર્જ્ય કરવો. આંસુ પડવાં, ક્રોધ, ઇત્યાદિથી તત્કાળ વ્રતનો નાશ થાયછે. "વ્રત કરી બીજાને ઘેર ભોજન કરે તો જેનું અન્ન હોય તેને તે વ્રતનું ફળ જાય. તિલ અને મગ વિના શીંગમાં ઉત્પન્ન થનાર ચણા વગેરે ધાન્ય, અડદ ઇત્યાદિ, મૂલા ઇત્યાદિ ક્ષારગણ, અને મીઠું, મધ, માંસાદિક, એ વ્રતને દિવસે વર્જ્ય કરવાં. "સામો, માંધાણો, ઘઉં એ વ્રતમાં શુદ્ધ છે." શાળના ચોખા, જવ, મગ, તિલ, કાંગ, વટાણા, ઇત્યાદિક ધાન્ય, ધોળા મુળા, સુરણ આદિ કદ, સિંધાલૂણ અને સમુદ્રનું એ મીઠાં, ગાયનું દહીં, ઘી અને દૂધ, ફણસ, આંબા, નારિયલ, હરડે, પીપર, જીરૂ, સૂંઠ, આંબલી, કેળાં, બન્ને જાતનાં આમળાં, ખાંડ, સાકર એ સઘળાં તેલમાં રાંધ્યાં ન હોય તો હવિષ્ય જાણવાં. ગાયની છાસ, ભેંસનું ઘી એ હવિષ્ય છે એમ પણ કોઇએક કહેછે. જ્યાં વ્રતનો વિધિ કહ્યો નથી ત્યાં પાંચ રતિભાર સોનાની અથવા રૂપાની પ્રતિમા કરી પૂજા કરવી.

---

[1] મુખ્ય પદાર્થને ઠેકાણે તે સમાન જે બીજો પદાર્થ લેવો તે પદાર્થ, જેમ—બાપની જગાએ છોકરો ઇત્યાદિક.

દ્રવ્ય કહ્યું ન હોય ત્યાં ઘીનો હોમ કરવો. દેવતાનું નામ કહ્યુ ન હોય ત્યાં પ્રજાપતિ દેવતા માનવો. જ્યાં મત્ર કહ્યો ન હોય ત્યાં સર્વ વ્યાહૃતિરૂપ મંત્ર લેવો. જે ઠેકાણે હોમની સખ્યા કહી ન હોય ત્યાં એક સો આઠ, અઠ્ઠાવીસ, અથવા આઠ એમાંથી કોઇએક સખ્યા લેવી. ઉપવાસ કર્યો હોય તો વ્રતની સપૂર્ણતામાટે બ્રાહ્મણભોજન કરાવવું. જે વ્રતમાં ઉદ્યાપન કહ્યું નથી ત્યાં ગોદાન અને સુવર્ણદાન કરવું. બ્રાહ્મણનાં વચનથી વ્રતની સપૂર્ણતા થાયછે; પરંતુ સર્વ ઠેકાણે બ્રાહ્મણનું વચન તેને દક્ષિણા દઇને લેવું. ગ્રહણ કરેલા વ્રતનો ત્યાગ કરવાથી ચાંડાલ પ્રમાણે દોષયુક્ત થાયછે. વિધવા સ્ત્રીઓએ વ્રતાદિકને દિવસે તરેહતરેહનાં રંગીન અને લાલ વસ્ત્ર ન પહેરવાં, ધોળાં વસ્ત્રજ ધારણ કરવાં. સૂતક, સ્ત્રીઓને રજસ્વલાદોષ, જ્વરાદિક રોગ ઇત્યાદિક થયાં હોય તો ઉપોષણ આદિ શરીરના નિયમો પોતાના અગથી કરવા અને પૂજા ઇત્યાદિક કરવાં તે બીજાપાસે કરાવવાં. પ્રથમ આરંભ કરેલાં ન હોય એવાં વ્રત સૂતકાદિકમાં કરવાં નહીં. "કામ્યકર્મમાં પ્રતિનિધિ થતો નથી. નિત્યકર્મ, અને નૈમિત્તિકકર્મ એમાં પ્રતિનિધિ થાયછે. કામ્યકર્મમાં પણ આરભ થયા પછી પ્રતિનિધિ થાયછે. એમ કોઇ ગ્રથકાર કહેછે. મત્ર, યજમાન, દેવતા, અગ્નિકાર્ય, એ ઠેકાણે પ્રતિનિધિ થતો નથી. કોઇ પણ ઠેકાણે નિષેધ કરેલી વસ્તુ પ્રતિનિધિસ્થાનકે રાખવી નહીં." એક સમયે એક, બે, ત્રણ, એમ અનેક વ્રત અથવા ઉપવાસ કરવા પ્રાપ્ત થયા છતાં દાન, હોમ ઇત્યાદિ જે વિરુદ્ધ ન હોય તે ક્રમવડે કરવા. પરસ્પર વિરુદ્ધ એવાં નક્તભોજન, ઉપવાસ ઇત્યાદિ પ્રાપ્ત થયા છતાં તેમાંથી એક પોતે કરી બીજું પુત્ર, સ્ત્રી ઇત્યાદિક પાસે કરાવવું. જ્યાં ચૌદસ, આઠમ આદિ દિવસનું ભોજન કરવાનો નિષેધ આવ્યો, અને તેજ દિવસે બીજા વ્રતની પારણા પ્રાપ્ત થઇ, ત્યાં પારણા વિધિથી પ્રાપ્ત છે માટે ભોજનજ કરવું. ચૌદસ, આઠમ ઇત્યાદિક સ્થળમાં દિવસે ભોજનનો નિષેધ કહ્યો છે તે પ્રીતિપ્રાપ્ત (ઇચ્છાથી કરવાનાં) ભોજન માટે છે, એપ્રમાણે રવિવારાદિ દિવસે સંકષ્ટચતુર્થ્યાદિ વ્રત પ્રાપ્ત થાય તો રાત્રિએજ ભોજન કરવું.

यत्राष्टम्यादौदिवाभोजननिषेधोरात्रौतुरविवारादिप्रयुक्तभोजननिषेधस्तत्रार्थप्राप्तउपवासः ॥ यत्रतुपुत्रवद्गृहस्थस्य संक्रांत्यादावुपवासोपिनिषिद्धोभोजनस्याप्यष्टम्यादिप्रयुक्तनिषेधस्तत्रकिंचिद्भक्ष्यंप्रकल्प्योपवासएवकार्यः चांद्रायणमध्येएकादश्यादिप्राप्तौग्राससंख्यानियमेनभोजनमेवकार्यम् एवंकृच्छ्रादिव्रतेऽपिएवमेकादश्यामेकांतरोपवासादिप्रयुक्तपारणायांप्राप्तायांजलपारणंकृत्वोपवसेत् एवंद्वादश्यांमासोपवासश्राद्धप्रदोषादिप्रयुक्तपारणप्रतिबंधेजलपारणंकार्यम् एकादश्यादौसंक्रमेपुत्रवद्गृहस्थस्योपवासनिषेध एकादश्युपवासश्चप्राप्तस्तत्रापिकिंचिदापोमूलंफलंपयोवाभक्ष्यंकल्प्यं द्वयोरुपवासयोर्नक्तयोरेकभक्तयोर्वैकस्मिन् दिनेप्राप्तौ अमुकोपवासममुकोपवासंचोभयंतंत्रेणकरिष्यइत्यादिसंकल्प्यसहैववोपवासपूजाहोमानामनुष्ठानम् यत्रोपवासैकभक्तयोरेकदिनेप्राप्तिस्तत्रतिथिद्वैधेगौणकालव्याप्तिमाश्रित्यएकंपूर्वतिथौद्वितीयंशेषतिथौकार्यम् अखंडतिथावेकंपुत्रादिनाकारयेदित्युक्तम् एवंकाम्यंनित्यस्यबाधकमित्यादिवाक्यैः काम्यनित्यादिबलाबलबाधाबाधसंभवासंभवादिविचार्यानुष्ठानमूह्यम् ॥ इति सामान्यव्रतपरिभाषोद्देशः षष्ठः ॥ ६ ॥

જ્યાં અષ્ટમી ઇત્યાદિ સ્થલે દિવસે ભોજનનો નિષેધ, અને રાત્રિએ રવિવારના નિમિત્તથી ભોજનનો નિષેધ કહ્યો છે, ત્યાં અર્થાત્ ઉપવાસ પ્રાપ્ત થાયછે, માટે તેજ કરવો. જ્યા સંક્રાંતિ ઇત્યાદિક દિવસે પુત્રવાન્ ગૃહસ્થાશ્રમીને ઉપવાસનો પણ નિષેધ કહ્યો છે, અને તેજ દિવસે ચૌદસ વા આઠમ એ નિમિત્તથી દિવસે ભોજનનો નિષેધ પ્રાપ્ત થયો, ત્યાં કાંઇ થોડો આહાર કરી ઉપવાસજ કરવો. ચાદ્રાયણવ્રતમાં એકાદશીઆદિ ઉપવાસવ્રત પ્રાપ્ત થાય તો ગ્રાસસખ્યાના નિયમ પ્રમાણે ભોજનજ કરવું. એપ્રમાણે કૃચ્છ્રાદિક વ્રતવિષે પણ જાણવું. એમજ [1]એકાદશીને દિવસે એકાંતરોપવાસ આદિ વ્રતની પારણા આવી હોય તો જલથી પારણા કરી ઉપવાસ કરવો. એપ્રમાણે દ્વાદશીને દિવસે માસોપવાસવ્રત (એક માસલગી લાગટ ઉપવાસ કરવા તે) શ્રાદ્ધ, અને પ્રદોષવ્રત ઇત્યાદિ કારણથી પારણા કરવાની અડચણ પ્રાપ્ત થાય, તો જલવતી પારણા કરવી. એકાદશીઆદિ દિવસે સંક્રાંતિ આવી હોય તો પુત્રવાન્ ગૃહસ્થને ઉપવાસનો નિષેધ અને એકાદશીનો ઉપવાસ એ પ્રાપ્ત છે તેમાં પણ ઉપવાસ ન કરતાં જળ, મૂળ, ફળ, દૂધ એમાંથી કાંઇએક ભક્ષણ કરવું. એક દિવસે બે ઉપવાસ, બે નક્ત, બે એકભક્ત એવાં પ્રાપ્ત થાય ત્યારે "અમુકોપવાસ અમુકોપવાસ એવા બે એકતત્રથી કરૂંછું" ઇત્યાદિ સકલ્પ કરી એકતંત્રવડે ઉપવાસ, પૂજા, હોમ એ કરવાં.

---

[1] એક દિવસ ઉપવાસ અને બીજે દિવસ પારણ એવું જે વ્રત તે એકાતરોપવાસ જાણવું. જેમ ધારણ પારણા ઇત્યાદિક

હવે છઠનો નિર્ણય કહેછે.

સ્કંદવ્રતમાટે છઠ પૂર્વવિદ્ધા હોય તે લેવી. બીજાં વ્રતોમાટે પરવિદ્ધા હોય તેજ લેવી. પ્રથમ દિવસે બાર ઘડીથી ઓછી પાંચમનો વેધ હોય તો પૂર્વ દિવસની પણ લેવી. છઠ અને સાતમને દિવસે રવિવારયોગ આવ્યો હોય તો તેને પદ્મકયોગ એમ કહેછે. ઇતિ ષષ્ઠીનિર્ણયો દ્વાદશ ઉદ્દેશઃ ॥ ૧૨ ॥

सप्तमीकर्ममात्रेषष्ठीयुतैवग्राह्या ॥ यदापूर्वेद्युरस्तमयपर्यंताषष्ठीतिदिवाषष्ठीविद्धानलभ्यतेपरेद्युश्चाष्टमीविद्धातदाचागत्यापरैव एवंतिथ्यंतरनिर्णयेष्वप्यूह्यम् ॥ इति सप्तमीनिर्णयस्त्रयोदश उद्देशः १३

હવે સપ્તમીનો નિર્ણય કહેછે.

સાતમ કર્મમાત્રમાં છઠયુક્તજ લેવી, જ્યારે પૂર્વદિવસે સૂર્યાસ્તલગી છઠ હોવાથી દિવસની છઠવડે વેધવાળી સાતમ મળતીજ ન હોય અને બીજે દિવસે સાતમ અષ્ટમીવિદ્ધ હોય ત્યારે અગત્યથી અષ્ટમીવિદ્ધજ લેવી. આ રીતે બીજી તિથિઓના નિર્ણયમાટે પણ કલ્પના કરવી. ઇતિ સપ્તમીનિર્ણયસ્ત્રયોદશ ઉદ્દેશઃ ॥ ૧૩ ॥

व्रतमात्रेष्टमीशुक्लपक्षेपरा ॥ कृष्णपक्षेपूर्वा मिलितशिवशक्त्योरुत्सवेकृष्णापिपराबुधाष्टमी शुक्लपक्षेप्रातःकालमारभ्यापराह्णपर्यंतंयद्दिनेमुहूर्तमात्रोपिबुधवासरयोगःसाग्राह्या सायाह्नकालेचैत्रमासेश्रावणादिमासचतुष्टयेकृष्णपक्षेचनग्राह्या सर्वेकृष्णाष्टमीषुकालभैरवोद्देशेनकेचिदुपवसंति तत्रमार्गशीर्षकृष्णाष्टम्यांभैरवजयंतीत्वात्तन्निर्णयौचित्येनमध्याह्नव्यापिनीग्राह्या दिनद्वयेमध्याह्नव्याप्तौपूर्वैव प्रदोषव्यापिनीतिकौस्तुभे अतउभयदिनेप्रदोषव्याप्तौद्विविधवाक्याविरोधात्परैव पूर्वत्रप्रदोषव्याप्तिरेवपरत्रमध्याह्नेएवतदाबहुशिष्टाचारानुरोधात्प्रदोषगापूर्वैव यत्तु अर्कपर्वद्वयेरात्रौचतुर्दश्यष्टमींदिवेतिवचनाद्दिवाभोजननिषेधमात्रपरिपालनंनतुकिंचिद्व्रतं तत्रनिषेधस्तुनिवृत्त्यात्माकालमात्रमपेक्षतइतिवचनाद्भोजनकालव्यापिनीमष्टमींत्यक्त्वानवम्यांसप्तम्यांवाभोक्तव्यंइतिभाति युक्तमयुक्तंवासद्भिर्विचारणीयं ॥ इत्यष्टमीनिर्णयश्चतुर्दश उद्देशः ॥ १४ ॥

હવે અષ્ટમીનો નિર્ણય કહેછે.

આઠમ વ્રતમાત્રમાં બીજા દિવસની હોય તે લેવી. કૃષ્ણપક્ષમાં પૂર્વની લેવી. મળેલા શિવશક્તિના ઉત્સવમાટે કૃષ્ણપક્ષની હોય તોપણ બીજા દિવસનીજ લેવી. બુધાષ્ટમી શુક્લપક્ષમાં પ્રાતઃકાળથકી અપરાહ્ણકાળલગી જે દિવસે બે ઘડી પણ બુધવારનો યોગ આવે તે લેવી. સાયાહ્નકાલે, ચૈત્રમાસમાં શ્રાવણથી ચાર માસમાં, અને કૃષ્ણપક્ષમાં બુધાષ્ટમી હોય તે લેવી નહીં. કેટલાએક લોકો સર્વે કૃષ્ણપક્ષની આઠમનો કાલભૈરવના ઉદ્દેશથી ઉપવાસ કરેછે, તે ઉપવાસમાટે આઠમ, માગશર વદ આઠમ એ કાલભૈરવજયંતી છે તેથી તેના નિર્ણયનીપેઠે મધ્યાહ્નકાળવ્યાપિની લેવી. બન્ને દિવસે મધ્યાહ્નકાલે હોય તો પૂર્વનીજ લેવી. કૌસ્તુભમાં પ્રદોષકાલવ્યાપિની લેવી એમ કહ્યું છે, તેથી બન્ને દિવસે પ્રદોષકાલવ્યાપિની હોય તો, બન્ને પ્રકારનાં વાક્યોનો પરસ્પર વિરોધ ન થાય માટે બીજા દિવસનીજ લેવી. પ્રથમ દિવસેજ પ્રદોષકાલવ્યાપિની હોય અને બીજે દિવસે મધ્યાહ્નકાલનીજ વ્યાપ્તિ હોય ત્યારે બહુ શિષ્ટાચારના સંમતથી પ્રદોષકાલવ્યાપિની એવી પ્રથમનીજ લેવી. ‘રવિવાર, અમાવાસ્યા, અને પુર્ણિમા તે દિવસે રાત્રિભોજનનો નિષેધ; ચૌદશ, આઠમને દિવસ દિવસે ભોજનનો નિષેધ’ એ વચનવડે દિવસે ભોજનનો નિષેધમાત્ર પાળવાનો કહ્યો, વ્રત કહ્યુ નથી. ત્યાં “નિષેધ તો નિવૃત્તિરૂપ છતો કેવળ કાલમાત્રનીજ ગરજ રાખે છે,” એવાં વચન છે, તેથી ભોજનકાલવ્યાપિની અષ્ટમી છોડી નોમ અથવા સાતમમાં ભોજન કરવું એ રીતે મને ભાને છે, એ વિષયમાં યોગ્ય કે અયોગ્ય તે વિદ્વાનોએ વિચાર કરી લેવો. ઇતિ અષ્ટમીનિર્ણયશ્ચતુર્દશ ઉદ્દેશઃ ॥ ૧૪ ॥

नवमीसर्वत्राष्टमीविद्धैवग्राह्या ॥ इति नवमीनिर्णयः पंचदश उद्देशः ॥ १५ ॥

હવે નોમનો નિર્ણય કહેછે.

નોમ, સર્વ ઠેકાણે આઠમવડે વિદ્ધ હોય તેજ લેવી. ઇતિ નવમીનિર્ણયઃ પંચદશ ઉદ્દેશઃ ॥ ૧૫ ॥

दशमीतूपवासादौनवमीयुतैवग्राह्या ॥ पूर्वविद्धायाअलाभेउत्तरविद्धाग्राह्या ॥ इति दशमीनिर्णयः षोडश उद्देशः ॥ १६ ॥

હવે દશમીનો નિર્ણય કહેછે.

દશમ, ઉપવાસ ઇત્યાદિકમાં નવમીયુક્ત હોય તેજ લેવી. નવમીયુક્ત ન મળે તો એકાદશીવિદ્ધા લેવી. **ઇતિ દશમીનિર્ણયઃ ષોડશ ઉદ્દેશઃ ॥ ૧૬ ॥**

अथैकादशीनिर्णयः ॥ तत्रैकादश्युपवासोद्वेधा भोजननिषेधपरिपालनात्मको व्रतात्मकश्च आद्येपुत्रवद्गृहस्थादीनांकृष्णपक्षेप्यधिकारः व्रतात्मकोपवासस्तुअपत्ययुतैर्गृहस्थैश्चकृष्णपक्षेनकार्यं. किंतु समंत्रकव्रतसंकल्पमकृत्वायथाशक्तिनियमयुतंभोजनवर्जनमेवकार्यं एवंतिथिक्षयेशुक्लैकादश्यामपिज्ञेयम् शयनीबोधिनीमध्यवर्तिकृष्णैकादशीपुसापत्यगृहस्थादीनांसर्वेषामधिकारः निष्णुसायुज्यकामैरायुः पुत्रकामैश्चकाम्यव्रतंपक्षद्वयेपिकार्यं तत्रनकोपिनिषेधः वैष्णवगृहिणांकृष्णैकादश्यपिनित्योपोष्या इदमेकादशीव्रतंशैववैष्णवसौरादीनांसर्वेषांनित्यं अकरणेप्रत्यवायश्रवणात् संपत्त्यादिफलश्रवणात्काम्यंच भवति केचिन्मुहूर्तादिमितदशमीसत्त्वेदशम्यामेवभोजनंकर्तव्यं सूर्योदयात्पूर्वमेवप्रवृत्तायांशुद्धाधिकाधिकद्वादशिकायांतुनैरंतर्येणोपवासद्वयकार्यमितितिथिपालनमपिवदंति तन्नयुक्तं अष्टमवर्षादूर्ध्वमशीतितमवर्षपर्यंतमेकादशीव्रताधिकारः शक्तस्यतुअशीतेरूर्ध्वमप्यधिकारः सभर्तृकाणास्त्रीणाभर्त्रनुज्ञांपित्राद्यनुज्ञांवाविनोपवासव्रताद्याचरणेव्रतवैफल्यंभर्त्रायुःक्षयोनरकश्च अशक्तानांतु नक्तंहविष्यान्नमनौदनंवाफलंतिलाःक्षीरमथांबुचाज्यं यत्पंचगव्यंयदिवापिवायु प्रशस्तमत्रोत्तरमुत्तरंचेतिपक्षेषु शक्तितारतम्येनैकपक्षाश्रयणं नत्वेकादशीत्यागः प्रमादादिनैकादश्यामुपोषणाकरणेद्वादश्यामपिव्रतंकार्यं द्वादश्यामप्यकरणेयवमध्यचांद्रायणंप्रायश्चित्तं नास्तिक्यादकरणेपिपीलिकामध्यचांद्रायणं अशक्तपतिपित्राद्युद्देशेनस्त्रीपुत्रभगिनीभ्रात्रादिभिरेकादशीव्रताचरणेक्रतुशतजंपुण्यम् ॥

હવે એકાદશીનો નિર્ણય કહેછે.

એક કેવળ ઉપવાસ અને બીજો વ્રતસહિત ઉપવાસ એવા એકાદશીના ઉપવાસના બે ભેદ છે કેવલ ઉપવાસમાટે પુત્રવાન્ ગૃહસ્થ ઇત્યાદિકોને કૃષ્ણપક્ષમાં પણ અધિકાર છે કૃષ્ણપક્ષમાં વ્રતયુક્ત ઉપવાસ પુત્રવાન્ ગૃહસ્થે કરવો નહીં, ત્યારે મંત્રસહિત વ્રતસંકલ્પ ન કરી યથાશક્તિ નિયમ ધારણ કરી ભોજન માત્ર વર્જ્ય કરવુ. એ પ્રમાણે તિથિનો ક્ષય છતા શુકલપક્ષની એકાદશીમા પણ જાણવુ. આષાઢશુદિ એકાદશી અને કાર્તિકશુદિ એકાદશી એની વચમાના કૃષ્ણપક્ષના એકાદશીવ્રત માટે પુત્રવાન્ ગૃહસ્થાશ્રમીને પણ અધિકાર છે. વિષ્ણુની સાયુજ્યમુક્તિ ઇચ્છનારા અને આયુષ્ય તથા પુત્ર એની ઇચ્છા કરનારા તેમણે કામનાથી વ્રત બન્ને પક્ષમાં કરવા, તેમા કોઇ પણ નિષેધ નથી વૈષ્ણવ ગૃહસ્થોએ કૃષ્ણપક્ષની એકાદશીનો પણ અવશ્ય ઉપવાસ કરવો એ એકાદશી વ્રત શૈવ, વૈષ્ણવ અને સૂર્યભક્ત ઇત્યાદિ સર્વેને, ન કરવાથી દોષ સભળાય છે માટે નિત્ય છે, અને સપત્તિ આદિ ફળ પ્રાપ્ત થાયછે એમ સભળાયછે તેથી કામ્ય પણ છે કેટલાએક ગ્રથકાર એમ કહેછે કે, બે ઘડિઆદિ દશમ છતા દશમમાજ ભોજન કરવુ, અને સૂર્યઉદયથી પ્રથમ પ્રાપ્ત થઇ જે શુદ્ધાધિકાધિકદ્વાદશી તેમા તો બરોબર બે ઉપવાસ કરવા, એ રીતે તિથિ પાળવી એમ કહેછે, પરતુ તે યોગ્ય નથી આઠ વર્ષ પછી એંશી વર્ષલગી એકાદશીવ્રતનો અધિકાર છે. શક્તિમાન્ હોય તો એંશી વર્ષ પછી પણ અધિકાર છે સૌભાગ્યવતી સ્ત્રીઓ પતિ અથવા પિતા ઇત્યાદિકની આજ્ઞાવિના ઉપવાસવ્રતાદિક કરે તો તેમનુ વ્રત વ્યર્થ થતા પતિના આયુષ્યનો ક્ષય અને નરકપ્રાપ્તિ પણ થાયછે અશક્તોને તો "નક્ત, હવિષ્યાન્ન, અન્નોદન,[1] ફળ, તિલ, દૂધ, જળ, ઘી, પચગવ્ય અને વાયુ, એમાનુ એક કરતા બીજુ શ્રેષ્ઠ એ પ્રમાણે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે," માટે પોતાની શક્તિ ઓછી અધિકી જાણી કહેલા પક્ષોમાથી કોઇએક પક્ષનો અગીકાર કરવો એકાદશીનો ત્યાગ કરવો નહીં ભૂલથી એકાદશીને દિવસે ઉપવાસ કીધો ન હોય તો દ્વાદશીને દિવસે પણ વ્રત કરવુ દ્વાદશીને દિવસે પણ ન કર્યો હોય તો

---

[1] ભાત ન જમતા લૂણવિના ચોખાના રોટલા, ઘઉની રોટલી ઇત્યાદિ ભક્ષણ કરવુ તેનુ નામ અનૌદન.

યવમધ્ય[1] ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું. નાસ્તિકપણાથી ન કરે તો[2] પિપીલિકા મધ્યચાંદ્રાયણપ્રાયશ્ચિત્ત કરવું. પતિ, પિતા ઇત્યાદિક વ્રતમાટે અશક્ત હોય તો તેમને ઉદ્દેશે કરી સ્ત્રી, પુત્ર, બેહેન, ભાઇ, ઇત્યાદિકોએ એકાદશીવ્રત કરવાથી સો યજ્ઞનું ફળ પ્રાપ્ત થાયછે.

अथव्रतदिननिर्णयः ॥ तत्रव्रताधिकारिणोद्विविधा वैष्णवाःस्मार्ताश्च तत्रयद्यपियस्यदीक्षास्ति वैष्णवीत्यादिलक्षणयुक्तावैष्णवास्तद्भिन्नाःस्मार्ताइतिमहानिबंधेपूक्तं तथापिसपारंपर्यप्रसिद्धमेववैष्णवत्वं स्मार्तत्वंचवृद्धामन्यंतइतिसिंधूक्तमेवसर्वदेशेसर्वशिष्टपरिगृहीतंप्रचरति वेधोपिद्विविधः अरुणोदयेदशमीवेधः सूर्योदयेतद्वेधश्च सूर्योदयात्प्राक्चतुर्घटिकात्मकोरुणोदयः सूर्योदयस्तुस्पष्टः तेनषट्पंचाशद्घटिकानंतरंपलादिमात्रदशमीप्रवेशोऽरुणोदयवेधोवैष्णवविषयः षष्टिघटिकात्मकसूर्योदयोत्तरंपलादिमात्रदशमीसत्त्वेसूर्योदयवेधःस्मार्तविषयः ज्योतिर्विदादिवादेनवेधादिसंदेहेतु बहुवाक्यविरोधेनब्राह्मणेषुविवादिषु एकादशींपरित्यज्यद्वादशींसमुपोषयेत् ॥

હવે વ્રતના દિવસનો નિર્ણય કહેછે.

વ્રતના અધિકારી બે પ્રકારના છે. એક વૈષ્ણવ અને બીજા સ્માર્ત્ત, તેમાં "જેને વૈષ્ણવી દીક્ષા છે તે વૈષ્ણવ," અને વૈષ્ણવથી જે જુદા તે સ્માર્ત્ત, એ રીતે જો કે મ્હોટા ગ્રંથોમાં કહ્યુંછે, તો પણ વૈષ્ણવપણું અને સ્માર્તપણું એ બે પ્રકારના, પ્રસિદ્ધ પરંપરાથી ચાલતા આવ્યા જે ધર્મ તે ઉપરથીજ વૃદ્ધો માનેછે; એમ નિર્ણયસિંધુમાં કહ્યું છે અને તે પ્રમાણેજ સર્વ દેશમાં સઘળા શિષ્ટોએ ગ્રહણ કરેલો આચાર ચાલેછે. વેધ પણ બે પ્રકારનો છે—અરુણોદયસમયે દશમીનો વેધ, અને સૂર્યોદયસમયે દશમીનો વેધ, સૂર્યોદયથી પ્રથમ ચાર ઘડી તે અરુણોદય, સૂર્યોદય તો સ્પષ્ટજ છે, ત્યારે છપ્પન ઘડી પછી એક પળમાત્ર દશમીનો પ્રવેશ થયો હોય તો અરુણોદયવેધ વૈષ્ણવોના નિર્ણયમાં લેવો. સાઠ ઘડીનો સૂર્યોદય થયા પછી એક પળમાત્ર દશમી હોય તો સૂર્યોદયવેધ સ્માર્ત્તો માટે લેવો. જ્યોતિષી ઇત્યાદિના વાદવડે વેધાદિકનો સંશય આવે ત્યારે "અનેક વાક્યોના વિરોધવડે પંડિતો વાદ કરતા હોય તો એકાદશી છોડી બારસને દિવસે ઉપવાસ કરવો."

तथाचैकादशीद्विविधा ॥ विद्धा शुद्धा च अरुणोदयवेधवतीविद्धा तांत्यक्त्वावैष्णवैर्द्वादश्येवोपोष्या अरुणोदयवेधरहिताशुद्धा साचचतुर्विधा एकादशीमात्राधिक्यवती द्वादशीमात्राधिक्यवती उभयाधिक्यवती अनुभयाधिक्यवतीचेति अत्राधिक्यंसूर्योदयोत्तरंसत्त्वं तत्रोदाहरणं दशमीनाड्यः५५ एकादशी ६०।१ द्वादश्याःक्षयः ५८ इयमेकादशीमात्राधिक्यवतीशुद्धा वैष्णवैःपरोपोष्या स्मार्तगृहस्थैः पूर्वा अथदशमी ५५ एकादशी ५८ द्वादशी ६०।१ इयंशुद्धाद्वादशीमात्राधिक्यवती अत्रवैष्णवानांद्वादश्यामुपोषणं स्मार्तानांपूर्वा अथदशमी ५५ एकादशी ६०।१ द्वादशी ५ इयंशुद्धाउभयाधिक्यवती अत्रसर्वैर्वैष्णवैः स्मार्तैश्च परैवोपोष्या अथदशमी ५५ एकादशी ५७ द्वादशी ५८ इयमनुभयाधिक्यवतीशुद्धा वैष्णवैः स्मार्तैश्चपूर्वैवोपोष्या ॥ इति संक्षेपतोवैष्णवनिर्णयः ॥

હવે એકાદશીનો ભેદ કહેછે.

એકાદશી બે પ્રકારની, શુદ્ધા અને વિદ્ધા—અરુણોદયવેધવડે યુક્ત જે તે વિદ્ધા. વૈષ્ણવોએ વિદ્ધાને છોડી બારસમાં ઉપવાસ કરવો. અરુણોદયવેધથી રહિત જે તે શુદ્ધા. તે (શુદ્ધા) ચાર પ્રકારની છે તે આપ્રમાણે,—એકાદશીમાત્રાધિકયવતી, દ્વાદશીમાત્રાધિકયવતી, ઉભયાધિકયવતી, અનુભયાધિકયવતી. ઇહાં આધિક્ય એટલે બીજે દિવસે સૂર્યોદય પછી તિથિ રહેતી હોય તે. ચાર પ્રકારની શુદ્ધા એકાદશીના ક્રમથી દાખલા દે છે-દશમ ઘડી ૫૫, એકાદશી ૬૦।૧, બારસનો ક્ષય ૫૮, એ એકાદશીમાત્રાધિકયવતી શુદ્ધા છે. આ દાખલામાં વૈષ્ણવોએ બીજા દિવસની લેવી. સ્માર્ત્ત ગૃહસ્થોએ પ્રથમ દિવસની લેવી.—દશમ ૫૫ એકાદશી ૫૮ બારસ ૬૦।૧ એ શુદ્ધા દ્વાદશીમાત્રાધિકયવતી, એ દાખલામાં

---

[1] યવમધ્યચાંદ્રાયણ—શુદિ એકમથી અમાવાસ્યાલગી કરવું તે આ પ્રમાણે—એકમને દિવસે એક ગ્રાસ, બીજના બે ગ્રાસ, એ પ્રમાણે પૂર્ણિમાપર્યંત ગ્રાસવૃદ્ધિ કરવી, અને વદ એકમના ચૌદ ગ્રાસ, બીજને દિવસે તેર ગ્રાસ એ પ્રમાણે એકેક કમતી કરવો અને અમાવાસ્યાને દિવસે ઉપવાસ કરવો, પછી ગોદાન કરવું, અને હરરોજ ત્રણ કાલ સ્નાન કરવું. ગ્રાસ મોરના ઇંડા જેવડા લેવા [2] પિપીલિકામધ્યચાંદ્રાયણ, યવમધ્યચાંદ્રાયણ પ્રમાણેજ છે; પરન્તુ ભેદ એટલોજ કે વદ એકમના ચૌદ ગ્રાસ, પછી તેર, બાર, એમ એક એક કમતી કરતા ચૌદસનો એક ગ્રાસ ભક્ષણ કરવો અને અમાવાસ્યાનો ઉપવાસ કરી શુદિ એકમથી એક એક ગ્રાસની વૃદ્ધિ કરવી.

વૈષ્ણવોએ બારસનો ઉપવાસ કરવો. સ્માર્ત્તોએ પ્રથમ દિવસની લેવી.—દશમ ૫૫ એકાદશી ૬૦।૧ દ્વાદશી ૫, એ શુદ્ધા ઉભયાધિકયવતી, એ ઉદાહરણમાં સર્વ વૈષ્ણવ અને સ્માર્ત્તોએ બીજા દિવસનીજ ઉપવાસ માટે લેવી.—દશમ ૫૫ એકાદશી ૫૭ બારસ ૫૮ એ **અનુભયાધિકયવતી** શુદ્ધા, વૈષ્ણવ અને સ્માર્ત્ત એ સઘળાઓએ પ્રથમનીજ ઉપવાસ માટે લેવી. એ રીતે સંક્ષેપથી વૈષ્ણવોનો નિર્ણય કહ્યો.

अथस्मार्तनिर्णयः ॥ तत्रसूर्योदयवेधवतीविद्धातद्रहिताशुद्धाचेति द्विविधापिप्रत्येकंचतुर्धा एकादशीमात्राधिक्यवती उभयाधिक्यवती द्वादशीमात्राधिक्यवती अनुभयाधिक्यवतीत्येवंअष्टभेदाभवंति अत्रोदाहरणानि दशमी ५८ एकादशी ६०।१ द्वादश्याःक्षयः ५८ इयंशुद्धाएकादशीमात्राधिक्यवती दशमी ४ एकादशी २ द्वादश्याःक्षयः ५८ एवंविद्धाएकादशीमात्राधिक्यवती अत्रोभयत्रापिस्मार्तानांगृहिणांपूर्वोपोष्या यतिभिर्निष्कामगृहिभिर्वनस्थैर्विधवाभिर्वैष्णवैश्चपरैवोपोष्या विष्णुप्रीतिकामैः स्मार्तैरुपवासद्वयंकार्यमितिकेचित् उभयाधिक्यवतीशुद्धा यथा दशमी ५८ एकादशी ६०।१ द्वादशी ४ उभयाधिक्यवतीविद्धा यथा दशमी २ एकादशी ३ द्वादशी ४ अत्रोभयत्रापिसर्वैःस्मार्तैर्वैष्णवैश्चावशिष्टापरैवैकादशीउपोष्या द्वादशीमात्राधिक्यवतीशुद्धा यथा दशमी ५८ एकादशी ५९ द्वादशी ६०।१ अत्रशुद्धत्वात्स्मार्तानामेकादश्यामेवोपवासो नद्वादश्यामितिमाधवमतं हेमाद्रिमतेतु सर्वैः परद्वादश्येवोपोष्या केचित्तुमुमुक्षुभिःस्मार्तैःपरोपोष्येत्याहुः द्वादशीमात्राधिकाविद्धा यथा दशमी १ एकादशीक्षयगामिनी ५८ द्वादश्यावृद्धिः ६०।१ अत्रैकादश्याविद्धत्वात् द्वादश्यामेवस्मार्तानामप्युपवासः एवंचोभयाधिक्ये द्वादशीमात्राधिक्येचस्मार्तानांविद्धायास्त्यागोनान्यत्र वैष्णवानांतुषड्विधामप्याधिक्यवतींत्यक्त्वाद्वादश्युपोष्या अनुभयाधिक्यवतीशुद्धा यथा दशमी ५७ एकादशी ५८ द्वादशी ५९ स्मार्तानामेकादश्यामेवोपवासोनद्वादश्यां वैष्णवानांतुविद्धत्वात् द्वादश्यामेवोपवासः अनुभयाधिक्यवतीविद्धा यथा दशमी २ एकादश्याः क्षयः ५६ द्वादशी ५५ अत्रापिस्मार्तानामेकादश्यामुपवासः वैष्णवानांद्वादश्यामुपवासः अस्मिन्नुभयाधिक्यवतीविद्धाचरमेभेदेप्रथमभेदद्वयेऽपियतिभिर्मुमुक्षुभिर्विधवाभिःपरोपोष्या विष्णुप्रीतिकामैरुपवासद्वयंकार्यमितितुल्ययुक्त्याप्रतिभाति इदानींशिष्टास्तुहेमाद्रिमतंनिष्कामत्वादिकंचानादृत्यमाधवमतेनैवसर्वंस्मार्तनिर्णयमविशेषेणवदंतिनतुक्वचिदुपवासद्वयं शुद्धाधिकद्वादशिकायांसर्वेषामेकं परोपवासंवावदंतिइतिसर्वत्रदेशेषुप्रायोमाधवोक्तानुसारएवप्रचारइतिबोध्यं एतेनवैष्णवाष्टादशभेदानां स्मार्ताष्टादशभेदानांचनिर्णयःसर्वोपिगतार्थोभवतीतिविभावनीयं विस्तरस्तुमहाग्रंथेष्वनुसंधेयः अत्राष्टादशभेदानांपृथक्पृथगुदाहरणकथनेतन्निर्णयकथनेचबालानांव्यामोहमात्रंस्यादिति सनिर्णयःपृथगेवपट्टेलिखित्वास्थापितोनुसंधेयः ॥

હવે સ્માર્ત્તોનો નિર્ણય કહેછે.

પ્રથમ કહેલો જે સૂર્યોદયવેધ તેથી રહિત જે તે શુદ્ધા, સૂર્યોદયવેધે યુક્ત તે વિદ્ધા, એ રીતે બે પ્રકારની છે. તે શુદ્ધા અને વિદ્ધા એ એકેકીના ચાર ચાર ભેદ થાયછે. તે આ પ્રમાણે—**એકાદશીમાત્રાધિકયવતી, ઉભયાધિકયવતી, દ્વાદશીમાત્રાધિકયવતી, અનુભયાધિકયવતી**, એ પ્રમાણે આઠ ભેદ થાય છે. તેઓનાં ક્રમથી ઉદાહરણ દે છે;—દશમ ૫૮ એકાદશી ૬૦।૧ બારસનો ક્ષય ૫૮, એ શુદ્ધા **એકાદશીમાત્રાધિકયવતી;** દશમ ૪, એકાદશી ૨, બારસનો ક્ષય ૫૮, એ પ્રમાણે વિદ્ધા **એકાદશીમાત્રાધિકયવતી;** આ બન્ને ઉદાહરણમાં સ્માર્ત્ત ગૃહસ્થોએ પ્રથમનીજ ઉપોષણમાં લેવી. સંન્યાસી, નિષ્કામ એવા ગૃહસ્થ, વાનપ્રસ્થ, વિધવાઓ અને વૈષ્ણવો એ સઘળાઓએ બીજા દિવસનીજ ઉપવાસ માટે લેવી. વિષ્ણુની પ્રીતિ ઇચ્છનારા સ્માર્ત્ત હોય તેમણે બે ઉપવાસ કરવા, એમ કેટલાએક ગ્રંથકાર કહેછે. **ઉભયાધિકયવતી શુદ્ધાનું** ઉદાહરણ;—દશમ ૫૮, એકાદશી ૬૦।૧, બારસ ૪. **ઉભયાધિકયવતી વિદ્ધાનું** ઉદાહરણ;—દશમ ૨, એકાદશી ૩, બારસ ૪, આ બન્ને દાખલામાં સઘળા સ્માર્ત્ત અને વૈષ્ણવોએ બાકી રહેલી બીજા દિવસનીજ ઉપવાસમાં લેવી. **દ્વાદશીમાત્રાધિકયવતી શુદ્ધાનું** ઉદાહરણ;—દશમ ૫૮, એકાદશી ૫૯, બારસ ૬૦।૧, એ શુદ્ધા છે માટે સ્માર્ત્તોએ એકાદશીને દિવસેજ ઉપવાસ કરવો, બારસને દિવસે કરવો નહી, એ માધવાચાર્યનો મત છે. હેમાદ્રિના મતપ્રમાણે તો સઘળાઓએ પાછળની દ્વાદશીજ ઉપોષણમાટે લેવી. મોક્ષેચ્છુ સ્માર્ત્તોએ પાછળની ઉપવાસમાટે લેવી, એમ કેટલાએક ગ્રંથકાર કહેછે. **દ્વાદશીમાત્રાધિકયવતી વિદ્ધાનું** ઉદાહરણ;—દશમી ૧, એકાદશીનો ક્ષય ૫૮, બારસની વૃદ્ધિ ૬૦।૧ આ ઉદાહરણમાં વિદ્ધા એકાદશી છે તેથી સ્માર્ત્તોએ પણ બારસને દિવસેજ ઉપવાસ કરવો. એપ્રમાણે **ઉભયાધિકયવતી** અને **દ્વાદશીમાત્રાધિકયવતી** એ બેઉમાં સ્માર્ત્તોએ વિદ્ધાનો ત્યાગ કરવો, બીજે ઠેકાણે ત્યાગ

કરવો નહી. વૈષ્ણવોએ ૭ પ્રકારની પણ આધિક્યવતી છોડી બારસજ ઉપોષણમાં લેવી. **અનુભયાધિક્યવતી શુદ્ધાનું** ઉદાહરણ;—દશમ ૫૭, એકાદશી ૫૮, બારસ ૫૯, ઇહાં સ્માર્ત્તોએ એકાદશીને દિવસેજ ઉપવાસ કરવો, બારસને દિવસે કરવો નહીં. એ એકાદશી વિદ્ધા છે માટે વૈષ્ણવોએ બારસને દિવસે ઉપવાસ કરવો. **અનુભયાધિક્યવતી વિદ્ધાનું** ઉદાહરણ;—દશમ ૨, એકાદશીનો ક્ષય ૫૬, બારસ ૫૫ આ ઉદાહરણમાં સ્માર્ત્તોએ એકાદશીને દિવસે ઉપવાસ કરવો, વૈષ્ણવોએ બારસને દિવસે કરવો. આ **અનુભયાધિક્યવતી વિદ્ધાના** છેલા ભેદમાં, પ્રથમના બે ભેદ પ્રમાણે સન્યાસી, મુમુક્ષુ, અને વિધવાઓ તેમણે પાછળની ઉપવાસમાં લેવી. વિષ્ણુની પ્રીતિ ઇચ્છા કરનારે બે ઉપવાસ કરવા એમ તુલ્ય યુક્તિથી મને ભાસેછે. હાલમાં સઘળા શિષ્ટજન નિષ્કામ વ્રત અને હેમાદ્રિના મતનો અનાદર કરી માધવના મતપ્રમાણેજ સઘળા સ્માર્ત્તોનો નિર્ણય સાધારણપણાથી કહેછે. બે ઉપવાસ કરવા, અથવા શુદ્ધાધિકદ્વાદશીને દિવસે સઘળાઓએ પાછળનો એક ઉપવાસ કરવો, એ રીતે કોઇ જગાએ કહેતા નથી. એ પ્રમાણે સર્વ દેશોમાં બહુધા માધવે કહેલી રીતેજ પ્રચાર ચાલેછે, એમ જાણવું. આ પ્રમાણે વૈષ્ણવોના અઢાર ભેદ, અને સ્માર્ત્તોના અટાર ભેદ એ સઘળાઓનો નિર્ણય આ ઉદાહરણવડે સિદ્ધ થયો, આ કરતાં વિશેષ વિસ્તાર જોઇતો હોય તો મ્હોટા ગ્રંથોમાં જોઇ લેવો. આ વિષયમાં અઢાર ભેદોનાં જુદાં જુદાં ઉદાહરણ કહેવાથી અને તેમનો નિર્ણય જુદો જુદો કહેવાથી અલ્પબુદ્ધિવાળાઓને કેવળ ભ્રાંતિમાત્ર ઉત્પન્ન થાય માટે તે નિર્ણયનો પટ્ટ[1] જુદો લખી રાખ્યો છે તે જોવો એટલે તે ઉપરથી યથાર્થ બોધ થશે.

अत्रार्धरात्रोत्तरंदशमीसत्त्वे ॥ कपालवेधोद्विपंचाशद्घटिकादशमीसत्त्वेछायावेधस्त्रिपंचाशद्घटीत्वेदशम्याग्रस्ताख्योवेधश्चतुःपंचाशत्त्वेसंपूर्णाख्यः पंचपंचाशत्त्वेऽतिवेधः षट्पंचाशत्त्वेमहावेधः सप्तपंचाशत्त्वेप्रलयाख्योऽष्टपंचाशत्त्वेमहाप्रलयएकोनषष्टित्वेघोराख्यः षष्टिघटीत्वेराक्षसाख्यइतिवेधभेदा नारदेनोक्तामध्वादिमतानुसारिभिःकैश्चिदेवकेचिदेवानुसृताः माधवाचार्यादिसर्वसंमतस्तुषट्पंचाशद्घटीवेधएवेतिज्ञेयं दशमीपंचदशघटीभिरेकादशीदूषिकेति तूपवासातिरिक्तव्रते ॥ व्रतांगेसंकल्पार्चनादौ तत्रापितद्दोषेणनसर्वथात्यागः किंतुप्रातःकर्तव्यंसंकल्पार्चनादिमध्याह्नोत्तरंकार्यमितिध्येयम् ॥

હવે એકાદશી વ્રતનો વેધ કહેછે.

આ વિષયમાં નારદમુનિએ દશમની ઘડીઓ ઉપર લક્ષ્ય આપી દશ પ્રકારના વેધ કહ્યા છે, તે આપ્રમાણે—અર્ધરાત્રિ પછી દશમી હોય તો કપાલવેધ, ૫૨ ઘડી દશમ હોય તો છાયાવેધ, ૫૩ ઘડી દશમ હોય તો ગ્રસ્તવેધ, ૫૪ ઘડી દશમ હોય તો સંપૂર્ણવેધ, ૫૫ ઘડી દશમ હોય તો અતિવેધ, ૫૬ ઘડી દશમ હોય તો મહાવેધ, ૫૭ ઘડી હોય તો પ્રલયવેધ, ૫૮ ઘડી હોય તો મહાપ્રલયવેધ, ૫૯ ઘડી હોય તો ઘોરવેધ, ૬૦ ઘડી હોય તો રાક્ષસવેધ, એ રીતે વેધના ભેદ છે, તેમાંના કેટલાએક ભેદોને મધ્વાચાર્યાદિકના મતને અનુસરનારા કેટલાએક મનુષ્યો અનુસરે છે. માધવાચાર્યઆદિ સર્વેને તો ૫૬ ઘડીથી થતો મહાવેધજ માન્ય છે, એમ જાણવું. દશમ ૧૫ ઘડીવડે એકાદશીને વેધિત કરેછે, એપ્રમાણે જે કહેલું છે તે ઉપવાસરહિત વ્રતો માટે છે. વ્રતોના અંગભૂત જે સંકલ્પ, પૂજાદિક તેમાં દૂષિત એકાદશી હોય તોપણ સર્વથા તેનો ત્યાગ કરવો નહીં, ત્યારે પ્રાતઃકાલે કરવાનાં જે સંકલ્પ, પૂજાદિક તે મધ્યાહ્ન પછી કરવાં એ રીતે જાણવું.

अथ व्रतप्रयोगः ॥ उपवासात्पूर्वदिनेप्रातःकृतनित्यक्रियः दशमीदिनमारभ्यकरिष्येहंव्रतंतच त्रिदिनंदेवदेवेशनिर्विघ्नंकुरुकेशवेतिसंकल्प्य मध्याह्ने एकभक्तंकुर्यात् तत्रनियमाः कांस्यमांसमसूरदिवास्वापातिभोजनात्यंबुपानपुनर्भोजनमैथुनक्षौद्रानृतभाषणचणककोद्रवशाकपरान्नद्यूततैलतिलपिष्टतांबूलवर्जनादयः एकभक्तांतरेकाष्ठेनदंतधावनंकुर्यात् निशिभूतलेशयित्वा प्रातरेकादश्यांपर्णादिनादंतधावनंकार्यंनतुकाष्ठेन स्नानादिनित्यक्रियांतेपवित्रपाणिरुदङ्मुखः वारिपूर्णताम्रपात्रमादायसंकल्पंकुर्यात् एकादश्यांनिराहारोभूत्वाहमपरेहनि भोक्ष्यामिपुंडरीकाक्षशरणंमेभवाच्युतेति अनेनमंत्रेण पुष्पांजलिंवाहरेर्दद्यात् अशक्तस्तुएकादश्यांजलाहारएकादश्यांक्षीरभक्षएकादश्यांफलाहारएकादश्यांनक्तभोजीत्याद्यूहेन शक्त्यनुसारेणसंकल्पः शैवानांरुद्रगायत्र्यासंकल्पः सौराणांनित्यगायत्र्यानाम्नावासंकल्पः अयंसंकल्पः सूर्योदयोत्तरंदशमीसत्त्वे स्मार्तैरेकादश्यांरात्रौकार्यः अर्धरात्रादुपरिदशम्यनुवृत्तौसर्वैरेवै

---

[1] એ પટ્ટ ગ્રંથની ઉપર છાપેલ છે તે જોવો.

कादश्यांमध्याह्नोत्तरंकार्यः संकल्पोत्तरमष्टाक्षरमंत्रेणत्रिरभिमंत्रितंतज्जलंपिबेत् ततःपुष्पमंडपंकृत्वा तत्र पुष्पैर्गंधैस्तथाधूपैर्दीपैर्नैवेद्यकैःपरैः स्तोत्रैर्नानाविधैर्दिव्यैर्गीतवाद्यैर्मनोहरैः दंडवत्प्रणिपातैश्चजयशब्दैस्तथोत्तमैः हरिंसंपूज्यविधिवद्रात्रौकुर्यात्प्रजागरम् ॥

હવે વ્રતનો પ્રયોગ કહેછે.

ઉપવાસને આગલે દિવસે પ્રાતઃકાલમાં નિત્યકર્મ કીધા પછી "દશમથકી ત્રણ દિવસલગી હું વ્રત કરૂંછું, હે દેવ, દેવેશ, કેશવ, તે વ્રત નિર્વિઘ્ન કર," એવો સંકલ્પ કરી મધ્યાહ્ન એકભક્ત કરવું. તે એકભક્તના નિયમ—કાંસાના પાત્રમાં ભોજન, માંસ, મસૂર, દિવસે નિદ્રા, અતિ ભોજન, અતિ જલપાન, બીજી વખત ભોજન, મૈથુન, મધ, જુઠું બોલવું, ચણા, કોદ્રુ, શાક, પરાન્ન, જુગાર, તેલ, તિલનો ખળ, તાંબૂલ ઇત્યાદિક પદાર્થ વર્જ્ય કરવા. એકભક્ત કીધા[1] પછી કાષ્ઠથી દાતણ કરવું. રાત્રિએ ભૂમિશયન કરી પ્રાતઃકાલે એકાદશીને દિવસે વૃક્ષના પાન આદિવડે દાંત ઘસવા, લાકડાનું દાતણ કરવું નહીં. સ્નાનઆદિ નિત્યકર્મ કર્યા પછી હાથમાં દર્ભપવિત્ર ધારણ કરી ઉત્તર દિશાને સન્મુખ થઇ જલ ભરેલું ત્રાંબાનું પાત્ર હાથમાં લઇ સંકલ્પ કરવો. "**एकादश्यां निराहारो भूत्वाऽहमपरेऽहनि ॥ मोक्ष्यामि पुंडरीकाक्ष शरणं मे भवाऽच्युत**" અર્થ-"એકાદશીને દિવસે નિરાહાર રહી હું કાલે ભોજન કરીશ, હે પુંડરીકાક્ષ, હે અચ્યુત, મ્હારૂં રક્ષણ કર." અથવા એ મંત્રવડે વિષ્ણુને પુષ્પાંજલી સમર્પણ કરવી. અશક્ત હોય તો "**एकादश्यां जलाहारः, एकादश्यां क्षीरभक्षः, एकादश्यां फलाहारः, एकादश्यां नक्तमोजी,**" ઇત્યાદિક યથાશક્તિ ઉચ્ચાર કરી સંકલ્પ કરવો. શિવભક્તે રુદ્રગાયત્રીવડે સંકલ્પ કરવો. સૂર્યોપાસકે નિત્યગાયત્રીવડે, અથવા નામમંત્રવડે સંકલ્પ કરવો. આ સંકલ્પ સૂર્યોદય પછી દશમ હોય તો સ્માર્ત્તોએ એકાદશીને દિવસે રાત્રિએ કરવો. અર્ધરાત્રિ પછી દશમ હોય તો સઘળાઓએ એકાદશીને દિવસે મધ્યાહ્ન પછી કરવો. સંકલ્પ કીધા પછી અષ્ટાક્ષર મંત્રવડે ત્રણ વખત જલ મંત્રી તેનું આચમન કરવું. ત્યારપછી પુષ્પોનો મંડપ કરી તે મંડપમાં "પુષ્પ, ચંદન, ધૂપ, દીપ, ઉત્તમ નૈવદ્ય, નાનાપ્રકારનાં દિવ્ય સ્તોત્ર, સુસ્વર ગીત, વાજીંત્ર, સાષ્ટાંગ નમસ્કાર અને ઉત્તમ જયશબ્દ. એવડે યથાવિધિ વિષ્ણુની પૂજા કરી રાત્રિએ જાગરણ કરવું."

एकादश्यांनियमाः ॥ पाखंडिसंभाषणस्पर्शदर्शनवर्जनं ब्रह्मचर्यसत्यभाषणदिवास्वापवर्जनादयः परिभाषोक्ताश्चज्ञेयाः । पाखंडिदर्शनादौतुसूर्यंपश्येत्ततःशुचिः संस्पर्शेतुबुधःस्नायाच्छुचिरादित्यदर्शनात् संभाष्यतान्शुचिपदंचिंतयेदच्युतंबुध इत्यादिप्रायश्चित्तम् उपवासदिने श्राद्धप्राप्तौ श्राद्धशेषसर्वान्नैनैकंपात्रंपरिविष्य तत्सर्वान्नावघ्राणंकृत्वा पात्रंगवादिभ्योदेयं कंदमूलफलाहाराद्यनुकल्पेनोपवासकर्त्रातु स्वभक्षस्यैवफलादेः पितृब्राह्मणपात्रेषुपरिवेषणपूर्वंकतच्छेषभक्षणंकार्यं एकादश्यांयदाभूपमृताहःस्यात्कदाचन तद्दिनंतुपरित्यज्यद्वादश्यामेवकारयेदित्यादिवचनानियथाचारंवैष्णवपराणि वैष्णवैःषोडशमहालयकरणपक्षे एकादश्यधिकरणकंद्वादश्यधिकरणकंच महालयंतंत्रेणकरिष्ये इतिसंकल्प्य महालयद्वयंद्वादश्यांकार्यं काम्योपवासे सूतकप्राप्तौ शारीरनियमान्स्वयंकृत्वासूतकांतेपूजादानब्राह्मणभोजनादिकंकार्यं नित्योपवासे सूतकादिप्राप्तौ स्नात्वाहरिंप्रणम्य निराहारादिकंस्वयंकृत्वा पूजादिकं ब्राह्मणद्वाराकार्यं दानादेर्लोपोनसूतकांतेऽनुष्ठानावश्यकत्वं एवं रजस्वलादिदोषेपि द्वादश्यांप्रातर्नित्यपूजांविधायभगवतेव्रतमर्पयेत् अज्ञानतिमिरांधस्यव्रतेनानेनकेशव प्रसीदसुमुखोनाथज्ञानदृष्टिप्रदोभवेति तत्रमंत्रः दशम्यादिषूक्तानांनियमानांभंगे दिवास्वापेबहुशोजलपानेमिथ्याभाषणेवातत्तन्नियमभंगानुद्दिश्यनारायणाष्टाक्षरमंत्रजपमष्टोत्तरशतसंख्ययाकुर्यात् अल्पदोषेनामशतत्रयजपः रजस्वलाचंडालरजकसूतिकादिशब्दस्यव्रतमध्येश्रवणेष्टोत्तरसहस्रगायत्रीजपः ततोनैवेद्यतुलसीमिश्रितान्नेनपारणंकार्यं आमलकीफलस्यपारणायांभक्षणेऽसंभाष्यभाषणादिदोषनाशः पारणंचद्वादश्युल्लंघनेमहादोषात् द्वादशीमध्येएवकार्यं स्वल्पद्वादशीसत्वेरात्रिशेषे आमध्याह्नांताः क्रियाः सर्वाअपकृष्यकार्याः अग्निहोत्रहोमस्यनापकर्षइतिकेचित् एवंश्राद्धस्यापिनापकर्षोरात्रौश्राद्धनिषेधात् अतिसंकटेश्राद्धेचप्रदोषादिव्रतेचतीर्थंजले

---

[1] ઉપવાસને દિવસે કાષ્ઠના દાતણનો નિષેધ છે અને દાતણ ન કરવાથી ચાડાલપણુ થાયછે એ રીતે મહાભારતના વનપર્વમા લખ્યુ છે માટે ઉપવાસના દિવસના દાતણને બદલે આગલે દિવસે એકભક્ત કીધા પછી રાત્રિએ દાતણ કરવું, એમ કૌસ્તુભાદિક ગ્રંથોમાં લખ્યું છે.

[2] आदिनारजस्वलाचांडालरजकसूतिकादिशब्दश्रवणसंभाषणवर्जनस्पर्शनवर्जनादिकम्.

[3] आदिनाचांडालरजस्वलादिदर्शने.

नपारणंकार्यं द्वादशीभूयस्त्वेद्वादशीप्रथमपादंहरिवासरसंज्ञकमुल्लंघ्यपारणंकार्यं फलामात्रायाअपिद्वादश्याअभावेत्रयोदश्यांपारणं द्वादश्यामध्याह्नोर्ध्वंसत्वे प्रातर्मुहूर्तत्रयमध्येएवपारणं नमध्याह्नादौइतियद्वः बहूनांकर्मकालानांबाधापत्तेरपराह्णएवेतिकेचित् द्वादश्यांसर्वमासेषुशुक्लायांकृष्णायांवाश्रवणयोगे शक्तेनैकादशीद्वादश्योर्द्वयोरप्युपवासःकार्यः अशक्तेनैकादश्यांफलाहाराद्यनुकल्पंकृत्वाश्रवणद्वादश्यामुपवासःकार्यः विष्णुशृंखलयोगसत्त्वेतुएकादश्यामेवश्रवणद्वादशीप्रयुक्तमप्युपवासंकृत्वाद्वादश्यांश्रवणयोगरहितायांपारणंकार्यं द्वादश्याःश्रवणतोन्यूनत्वेश्रवणयुक्तायामपिद्वादश्यामेवपारणं द्वादश्युल्लंघनेदोषात् विष्णुशृंखलयोगादिनिर्णयोभाद्रपदमासगतश्रवणद्वादशीप्रकरणेवक्ष्यते दिवानिद्रांपरान्नंचपुनर्भोजनमैथुने क्षौद्रंकांस्यामिषंतैलंद्वादश्यामष्टवर्जयेत् द्यूतक्रोधचणककोद्रवमाषतिलपिष्टमसूरनेत्रांजनमिथ्याभाषणलोभायासप्रवासभारवाहनाध्ययनतांबूलादीनिवर्जयेत् एतेचनियमाःकाम्यव्रतेआवश्यका नित्यव्रतेतु शक्तिमांस्तुपुमान्कुर्यान्नियमंसविशेषणं विशेषनियमाशक्तोऽहोरात्रंभुजिवर्जितः निगृहीतेंद्रियःश्रद्धासहायोविष्णुतत्परः उपोष्यैकादशींपापान्मुच्यतेनात्रसंशयः अन्यंभुंक्ष्वेतियोब्रूयाद्भुंक्तेवायःसनारकी एकादशीव्रताद्विष्णुसायुज्यंलभतेश्रियम् ॥ इत्येकादशीव्रतनिर्णयः ॥ कार्यांतरेप्येकादशीद्वादशीयुतैव ग्राह्या ॥ इत्येकादशीनिर्णयउद्देशःसप्तदशः ॥ १७ ॥

હવે એકાદશીવ્રતસંબંધી નિયમો કહેછે.

પાખંડી સાથે ભાષણ, સ્પર્શ, અને તેનું દર્શન એ વર્જ્ય કરવાં. બ્રહ્મચર્ય; સત્ય ભાષણ; દિવસે નિદ્રા ન કરવી; [1]ઇત્યાદિક અને પ્રથમ વ્રતપરિભાષામાં કહેલાં તે પણ પાળવાં "પાખંડી, ઇત્યાદિ[2] દેખાયા છતાં સૂર્યનું દર્શન કીધાથી શુદ્ધ થાયછે. સ્પર્શ થયા છતાં સ્નાન કરી સૂર્યનું દર્શન કીધાથી શુદ્ધ થાયછે. તેમની સાથે ભાષણપ્રસંગ થાય તો સૂર્યમંડલમાં રહેનાર નારાયણનું ચિંતન કરવું." ઇત્યાદિક પ્રાયશ્ચિત્ત જાણવું. ઉપવાસને દિવસે શ્રાદ્ધ આવે તો શ્રાદ્ધ કરી શેષ બચેલું સઘળું અન્ન એક પાત્રમાં મૂકી તે સર્વ અન્ન સુધી તે પાત્ર ગાય ઇત્યાદિકને દેવું. કંદ, મૂળ, ફળ, ઇત્યાદિક કાંઇએક ભક્ષણ કરી ગૌણપક્ષથી ઉપવાસ કરવાવાળો હોય તેણે તે કંદ, મૂળ, ફળ પિતૃઠેકાણે બેઠેલા બ્રાહ્મણના પાત્રમાં પીરસતાં શેષ બચે તે ભક્ષણ કરવાં. "હે રાજા! જ્યારે એકાદશીને દિવસે શ્રાદ્ધદિવસ આવે ત્યારે તે દિવસ છોડી દ્વાદશીને દિવસે શ્રાદ્ધ કરવું." ઇત્યાદિક વચનો જેપ્રમાણે આચાર હોય તેપ્રમાણે વૈષ્ણવપર સમજવાં. વૈષ્ણવોએ ગૌણ મહાલય શ્રાદ્ધ કરવાં હોય તો તેઓએ "एकादश्यधिकरणकं द्वादश्यधिकरणकं च महालयं तंत्रेण करिष्ये," એવો સંકલ્પ કરી બન્ને મહાલય દ્વાદશીને દિવસે કરવાં. કામ્ય ઉપવાસને દિવસે સૂતક પ્રાપ્ત થયું હોય તો શારીરક (ઉપવાસ આદિક) નિયમ પોતે કરી સૂતકનિવૃત્તિ થયા પછી પૂજા, દાન, બ્રાહ્મણભોજન ઇત્યાદિક કરવાં. નિત્યોપવાસવિષે સૂતક પ્રાપ્ત થાય તો સ્નાન કરી વિષ્ણુને નમસ્કાર કરવો અને નિરાહારાદિક નિયમ પોતે કરી પૂજા ઇત્યાદિક કર્મ બ્રાહ્મણદ્વારાએ કરાવવું. દાનાદિકનો લોપ કરવો. સૂતકસમાપ્તિ પછી તે કરવાની ફરી જરૂર નથી. એપ્રમાણે રજસ્વલાદિક દોષ છતાં પણ જાણવું. દ્વાદશીને દિવસે પ્રાતઃકાલમાં નિત્યપૂજા કરી પરમાત્માને વ્રત સમર્પણ કરવું. તેનો મંત્ર;—"अज्ञानतिमिरांधस्य व्रतेनानेन केशव ॥ प्रसीद सुमुखो नाथ ज्ञानदृष्टिप्रदो भव." દશમ આદિ ત્રણ દિવસમાં કહેલા નિયમોનો ભંગ થાય, વા દિવસે નિદ્રા, વારવાર જલપાન, વા મિથ્યા ભાષણ, ઇત્યાદિકમાંથી જે જે નિયમભંગ થાય તો તેના તેના ઉદ્દેશવડે નારાયણના અષ્ટાક્ષરમંત્રનો અષ્ટોત્તરશત (૧૦૮) જપ કરવો. અલ્પ દોષ હોય તો નામમંત્રનો ત્રણસો જપ કરવો. રજસ્વલા, ચાંડાલ, ધોબી, સુવાવડી સ્ત્રી, ઇત્યાદિકના શબ્દ વ્રતમાં સંભળાય તો (૧૦૦૮) ગાયત્રીજપ કરવો. અને ત્યારપછી નૈવેદ્ય તથા તુલસીસહિત અન્નવડે પારણા કરવી. પારણાના ભોજનમાં આમળાં ભક્ષણ કરે તો ચાંડાલાદિકસાથે સંભાષણ કરવાનો દોષ દૂર થાયછે. દ્વાદશીનું ઉલ્લંઘન થાય તો મ્હોટો દોષ છે માટે પારણા બારસમાંજ કરવી. બારસ થોડી હોય તો સૂર્યોદયથી મધ્યાહ્નકાલલગીનાં સઘળા કર્મ પાછલી રાત્રિમાં અપકર્ષ કરી (પછી કરવાનાં કર્મ પ્રથમજ કરવાં) કરી લેવાં. અગ્નિહોત્ર હોમનો અપકર્ષ કરવો નહીં, એમ કેટલાએક ગ્રંથકાર કહેછે. "રાત્રિએ શ્રાદ્ધ કરવું નહીં" એવો નિષેધ છે માટે શ્રાદ્ધનો પણ અપકર્ષ કરવો નહીં. અતિસંકટ, શ્રાદ્ધ, પ્રદોષાદિ વ્રત, એવે સમયે તીર્થના જલવડે પારણા કરવી. બારસ અધિક હોય તો હરિવાસર નામનો બારસનો પ્રથમ ચતુર્થાંશ છોડી

---

[1] ઇત્યાદિ શબ્દથી રજસ્વલા, ચાંડાલ, ધોબી અને સુવાવડી સ્ત્રી ઇત્યાદિકોના શબ્દનું શ્રવણ તથા એમની સાથે સંભાષણનું વર્જન અને એમના સ્પર્શનું વર્જન ઇત્યાદિક જાણવા

[2] ઇત્યાદિ શબ્દથી ચાંડાલ, રજસ્વલા ઇત્યાદિક દેખાયા છતા.

પારણા કરવી. કલામાત્ર (એક પલનો તૃતીયાંશ) પણ બારસ ન હોય તો તેરસમાં પારણા કરવી; મધ્યાહ્નકાલથી અધિક બારસ હોય તો પ્રાતઃકાલથી કરી ૭ ઘડીમાંજ પારણા કરવી; મધ્યાહ્નથી પ્રથમ કરવી નહીં, એમ ઘણાએક ગ્રંથકાર કહેછે. જુદાં જુદાં કર્મોનો જુદો જુદો સમય છે તેનો બાધ થાય માટે અપરાહ્નકાલેજ પારણા કરવી, એમ પણ કેટલાએક કહેછે. સઘળા માંસોમાં શુકલપક્ષ અથવા કૃષ્ણપક્ષની બારસને દિવસે શ્રવણ નક્ષત્રનો યોગ હોય તો શક્તિમાન્ મનુષ્યે એકાદશી અને દ્વાદશી એ બન્ને દિવસે ઉપવાસ કરવા. અશક્ત મનુષ્યે એકાદશીને દિવસે ફલાહાર ઇત્યાદિ ગૌણ પક્ષ માની શ્રવણદ્વાદશીનો ઉપવાસ કરવો. વિષ્ણુશૃંખલયોગ હોય તો એકાદશીને દિવસેજ શ્રવણદ્વાદશીનો ઉપવાસ કરી શ્રવણયોગરહિત બારસને દિવસે પારણા કરવી. બારસ શ્રવણથી કમતી હોય તો, બારસનું ઉલ્લંઘન થવાથી મહાદોષ થાયછે માટે શ્રવણયુક્ત બારસમાંજ પારણા કરવી. વિષ્ણુશૃંખલયોગાદિકનો નિર્ણય ભાદ્રપદ માસમાંની શ્રવણદ્વાદશીના પ્રસંગમાં કહેવાશે. દિવસે નિદ્રા, પરાન્નભોજન; બીજી વખત ભોજન, મૈથુન, મધ, કાંસાના પાત્રમાં ભોજન, માંસ, તેલ, એ આઠ પદાર્થ બારસને દિવસે વર્જ્ય કરવા. જુગાર, ક્રોધ, ચણા, કોદ્રુ, અડદ, તિલનો ખળ, મસૂર, નેત્રમાં કાજલ નાખવું, જુઠું બોલવું, લોભ, મહેનત, પરદેશ જવું, ભાર ઉપાડવો, ભણવું, તાંબૂલ ઇત્યાદિ વર્જ્ય કરવાં. આ સઘળા નિયમો કામ્યવ્રતમાં અવશ્ય પાળવા. નિત્યવ્રતમાં તો, "શક્તિમાન્ પુરુષે વિશેષેકરી નિયમ પાળવા." "વિશેષ નિયમો માટે જો અશક્ત હોય તો અહોરાત્ર (આઠ પોહોર) ઉપવાસ કરવો. ઇંદ્રિયોનો નિગ્રહ કરી, શ્રદ્ધાયુક્ત, વિષ્ણુતત્પર થઇ એકાદશીને દિવસે ઉપવાસ કરે તો પાપથકી મુક્ત થાયછે, એમાં સંશય નથી. બીજાને 'ભોજન કર' એમ જે કહેછે અથવા ભોજન કરેછે તે બન્ને નરકમાં જવાવાળા થાયછે. એકાદશીવ્રત કરવાથી સંપત્તિ અને વિષ્ણુસાયુજ્ય એ પ્રાપ્ત થાયછે." આપ્રમાણે એકાદશીવ્રતનો નિર્ણય કહ્યો. બીજાં કર્મો માટે એકાદશી લેવી તે દ્વાદશીયુક્તજ લેવી. ઇતિ એકાદશીનિર્ણયોદ્દેશઃ સપ્તદશઃ ॥ ૧૭ ॥

द्वादशीत्वेकादशीविद्धाग्राह्या अथाष्टौमहाद्वादश्यः ॥ शुद्धाधिकैकादशीयुक्ताद्वादशी उन्मीलनीसंज्ञा द्वादश्येवशुद्धाधिकावर्धतेसावंजुली सूर्योदयेएकादशीततःक्षयगामिनीद्वादशीद्वितीयसूर्योदयेत्रयोदशीएवमेकाहोरात्रेतिथित्रयस्पर्शात्त्रिस्पर्शासंज्ञाद्वादशी दर्शस्यपौर्णमास्यावायदादिनवृद्धिस्तदापक्षवर्धिनीसंज्ञा पुष्यर्क्षयुताजया श्रवणयुताविजया पुनर्वसुयुताजयंती रोहिणीयुतापापनाशिनी एताः पापक्षयमुक्तिकामउपवसेत् श्रवणयुतातुएकादशीवन्नित्या एतास्वष्टसुएकादशीद्वादश्योरैकत्वेतंत्रेणोपवासः पार्थक्येशक्तस्योपवासद्वयं यस्त्वारब्धव्रतद्वयउपवासद्वयाशक्तश्चतस्यद्वादशीसमुपोषणात्तद्द्वयपुण्यलाभः तत्रश्रवणर्क्षयोगोमुहूर्तमात्रोऽपिग्राह्यः पुष्यादियोगः सूर्योदयमारभ्यास्तमयपर्यंतश्चेदुपवासः पारणंतुतिथिनक्षत्रसंयोगोपोषणेउभयांतेन्यतरांतेवेतिसर्वसामान्यनिर्णयः ॥ इति द्वादशीनिर्णय उद्देशोऽष्टादशः ॥ १८ ॥

હવે બારસનો નિર્ણય કહેછે.

બારસ તો, એકાદશીવડે વિદ્ધ હોય તે લેવી. આઠ મહાદ્વાદશી છે—૧ શુદ્ધાધિકએકાદશીયુક્ત જે દ્વાદશી તેનું **ઉન્મીલની** એવું નામ છે. ૨ શુદ્ધાધિકદ્વાદશીજ બચેછે તે **વંજુલી.** ૩ સૂર્યોદયમાં એકાદશી, પછી ક્ષયગામિની બારસ, અને બીજે દિવસે સૂર્યોદયમાં તેરસ, એપ્રમાણે એક દિવસ રાત્રિમાં ત્રણ તિથિનો સ્પર્શ થાય માટે તે દ્વાદશી ત્રિસ્પર્શ નામની. ૪ અમાવાસ્યાની અથવા પૂનમની જ્યારે દિનવૃદ્ધિ થાય ત્યારે **પક્ષવર્દ્ધિની** દ્વાદશી. ૫ પુષ્યનક્ષત્રયુક્ત જે તે **જયા.** ૬ શ્રવણયુક્ત તે **વિજયા.** ૭ પુનર્વસુયુક્ત તે **જયંતી.** ૮ રોહિણીયુક્ત તે **પાપનાશિની.** પાપક્ષય અને મુક્તિ એની ઇચ્છા કરનારે આ આઠ દ્વાદશીના ઉપવાસ કરવા. શ્રવણ નક્ષત્રયુક્ત જે દ્વાદશી તે એકાદશીપ્રમાણે નિત્ય છે. આ આઠ દ્વાદશીમાથી એકાદશી અને બારસ એ બન્ને એક દિવસે આવે તો એકતંત્રે ઉપવાસ કરવો. જુદી જુદી બન્ને દિવસે આવે તો સામર્થ્યવાળાએ બે ઉપવાસ કરવા. જો બે વ્રતનો પ્રથમ આરંભ કર્યો અને બે ઉપવાસ કરવાની શક્તિ ન હોય તો દ્વાદશીનો ઉપવાસ કરવાથી બે વ્રતનું પુણ્ય પ્રાપ્ત થાયછે. તે ઉપવાસમાં શ્રવણ નક્ષત્રનો યોગ બે ઘડી હોય તો પણ લેવો. પુષ્ય, પુનર્વસુ અને રોહિણી એ નક્ષત્રનો યોગ સૂર્યોદયથી અસ્તલગી હોય તો ઉપવાસમાં લેવો. પારણા કરવી તે તિથિ અને નક્ષત્રના સંયોગસંબંધી ઉપવાસ હોય તો બન્નેને (તિથિ, નક્ષત્રને) અંતે અથવા બેમાંથી એકને અંતે કરવી. એ સર્વત્ર સામાન્ય નિયમ જાણવો. ઇતિ દ્વાદશીનિર્ણયોદ્દેશઃ અષ્ટાદશઃ ॥ ૧૮ ॥

त्रयोदशीशुक्लापूर्वाकृष्णोत्तरा ॥ शनिवारादियुक्तांकांचिच्छुक्लत्रयोदशीमारभ्यसंवत्सरपर्यंतंप्रतिपक्षंत्रयोदशीषुशनिवारयुक्तास्वेवचतुर्विंशतिशुक्लत्रयोदशीषुवाकर्तव्यं यत्प्रदोषसमये शिवपूजानक्तभोजनात्मकंप्रदोषव्रतंतत्रसूर्यास्तमयोत्तरत्रिमुहूर्तात्मकप्रदोषव्यापिनीत्रयोदशीग्राह्या दिनद्वयेप्रदोषव्याप्तौसाम्येनतदेकदेशस्पर्शेवाउत्तरा वैषम्येणैकदेशस्पर्शेतदाधिक्यवतीपूर्वापिग्राह्या यदिदेवपूजा-भोजनपर्याप्तंतदाधिक्यंलभ्येत नोचेत्साम्यपक्षवदुत्तरैव उभयत्रसर्वथाव्याप्त्यभावेऽपिपरैव ॥ इति त्रयोदशीनिर्णय उद्देश एकोनविंशतितमः ॥ १९ ॥

હવે ત્રયોદશીનો નિર્ણય કહેછે.

શુકલપક્ષમાં તેરસ પ્રથમ દિવસની લેવી. કૃષ્ણપક્ષમાં તેરસ બીજા દિવસની લેવી. શનિવાર ઇત્યાદિયુક્ત કોઇએક તેરસથી આરંભ કરી એક વર્ષ લગી દરએક પક્ષની તેરસે અથવા શનિવારયુક્ત ચોવીશ શુકલપક્ષનીજ તેરસને દિવસે કરવાનું જે પ્રદોષસમયે શિવપૂજા, નક્તભોજનરૂપ વ્રત તે વ્રતમાં સૂર્યાસ્ત પછી છ ઘડી જે પ્રદોષકાલ તે કાલમાં વ્યાપિની તેરસ હોય તે લેવી. બન્ને દિવસે પ્રદોષકાલવ્યાપ્તિ હોય અથવા બન્ને દિવસે સરખી પ્રદોષકાલમાં એકદેશવ્યાપ્તિ હોય ત્યારે પાછળનીજ લેવી. બન્ને દિવસે વિષમ એકદેશવ્યાપ્તિ હોય અને દેવપૂજા, ભોજન એ, તે એકદેશવ્યાપ્તિમાં થઇ શકે એટલી અધિક મળે તો પ્રથમની પણ લેવી, તેવી ન મળે તો સામ્ય પક્ષપ્રમાણે પાછળનીજ લેવી. બન્ને દિવસે બિલકુલ વ્યાપ્તિ ન હોય તોપણ [2]પાછળનીજ લેવી. ઇતિ ત્રયોદશીનિર્ણયોદ્દેશ એકોનવિંશતિતમ: ॥ ૧૯ ॥

चतुर्दशीतुशुक्लापराकृष्णापूर्वा ॥ यत्तुप्रतिमासंकृष्णचतुर्दश्यांशिवरात्रिव्रतंकाम्यमनुष्ठीयते तत्रमहाशिवरात्रिवन्निशीथव्यापिन्येवग्राह्या उभयत्रनिशीथव्याप्तौपरा प्रदोषव्याप्तेराधिक्यात् कैश्चित्प्रदोषमात्रव्यापिनीगृह्यतेतत्रमूलंचिंत्यं यत्तुचतुर्दश्यांदिवाभोजननिषेधवचनित्यत्वात्पाल्यतेतत्रभोजनकालव्यापिनींचतुर्दशींत्यक्त्वात्रयोदश्यांपंचदश्यांवाभोक्तव्यं ॥ शिवरात्रिव्रतिभिस्तुचतुर्दश्यामेवपारणाकर्तव्या नतत्रचतुर्दश्यष्टमीदिवेतिभोजननिषेधप्राप्तिः विधिप्राप्तेनिषेधाप्रवेशात् ॥ इति चतुर्दशीनिर्णय उद्देशो विंशतितमः ॥ २० ॥

હવે ચતુર્દશીનો નિર્ણય કહેછે.

શુકલપક્ષમાં ચૌદશ બીજા દિવસની લેવી. કૃષ્ણપક્ષમાં પ્રથમ દિવસની લેવી. દરએક મહિનાની વદ ચૌદશને દિવસે કામનાથી જે શિવરાત્રિવ્રત કરેછે તેમાં મહાશિવરાત્રિપ્રમાણે મધ્યરાત્રવ્યાપિનીજ લેવી, બન્ને દિવસે મધ્યરાત્રવ્યાપ્તિ હોય તો પ્રદોષવ્યાપ્તિ અધિક છે માટે બીજા દિવસની લેવી. કેટલાએક (કૌસ્તુભાદિક ગ્રંથકર્ત્તાઓ) પ્રદોષમાત્રવ્યાપિની ગ્રહણ કરેછે; પરંતુ તેમાં મૂલ શું? તે વિચાર કરવો. જ્યાં ચૌદશને દિવસે ભોજનનો નિષેધ નિત્ય છે માટે પાળવામાં આવે છે ત્યાં ભોજનકાલવ્યાપિની ચૌદશ છોડી તેરશમાં અને પૂનમમાં ભોજન કરવું. શિવરાત્રિવ્રત કરનારાઓએ તો ચૌદશમાંજ પારણા કરવી. વિધિવડે જે પ્રાપ્ત તેમાં નિષેધ પ્રવર્ત્તી શકતો નથી, માટે "ચૌદશ અને આઠમને દિવસે, દિવસે ભોજનનિષેધ." એ રીતે જે દિવસે ભોજનનો નિષેધ તે આ પારણામાટે નથી. ઇતિ ચતુર્દશીનિર્ણયોદ્દેશો વિંશતિતમ: ॥ ૨૦ ॥

पूर्णमास्यमावास्येतुसावित्रीव्रतंविनापरेग्राह्ये ॥ यत्तुकैश्चिच्छ्रावणीहुताशनीपूर्णिमास्योःकुलधर्मादौपूर्वविद्धयोर्ग्राह्यत्वोक्तेःसर्वापौर्णमासीकुलधर्मादौपूर्वागृह्यतेतत्रमूलंमृग्यं अष्टादशनाडिकातोन्यूनचतुर्दशीसत्त्वेतादृशाचतुर्दशीवेधस्य भूतोष्टादशनाडीभिरितिवचनात् अदूषकत्वप्रतीतेरस्तुवातादृशस्थलेकुलधर्मेपूर्वत्रग्राह्यत्वं अष्टादशनाडिकाधिकचतुर्दशीवेधेतुपूर्वविद्धापौर्णमासीनग्राह्येतिमेप्रतिभाति अमावास्याभौमसोमवारयुतास्नानदानादौमहापुण्या एवंभानुयुतासप्तमी भौमयुताचतुर्थी यत्तुसोमयुतामावास्यायामश्वत्थपूजाद्यात्मकंसोमवतीव्रतमनुष्ठीयते तत्रअपराह्णपर्यंतंमुहूर्तमात्रयोगेऽपिव्रतंकार्यं दिनांतेषड्घटिकात्मकसायाह्नयोगेरात्रियोगेचनकार्यमितिशिष्टाचारः यतीनांक्षौरादौउदयेत्रिमुहूर्तव्यापिनीपौर्णमासीग्राह्या तृतीयमुहूर्तस्पर्शाभावेचतुर्दशीयुता ॥ इति पंचदशीनिर्णय उद्देश एकविंशः ॥ २१ ॥

---

[1] अत्रपक्षेदिनाष्टमभागेपूजनभोजनंकर्तव्यमितिनक्तनिर्णयेउक्तम्.

[2] એ પક્ષમાં, દિવસના આઠમા ભાગમાં પૂજન, ભોજન કરવું એ રીતે નક્તના નિર્ણયમાં કહ્યું છે.

હવે પૂનમ અને અમાવાસ્યા એનો નિર્ણય કહેછે.

સાવિત્રીવ્રતવિના પૂનમ અને અમાવાસ્યા બીજા દિવસની હોય તે લેવી. શ્રાવણની પૂનમ, અને ફાગણની પૂનમ કુલધર્મ ઇત્યાદિકમાટે પૂર્વવિદ્ધા લેવાનું કહ્યું છે તેથી કેટલાએક ગ્રંથકાર સઘળી પૂનમ કુલધર્માદિક માટે પ્રથમનીજ લેછે, પરંતુ તેમાં મૂલ શું? તે શોધન કરવું. ચૌદશ અઢાર ઘડીથી ઓછી હોય તો "ચૌદશ અઢાર ઘડીવડે પૂનમને દૂષિત કરેછે" એવાં વચન છે માટે ચૌદશના વેધનો દોષ નથી એમ છે તેથી તેવા સ્થળમાં કુલધર્માદિકમાટે પ્રથમ દિવસની લેવી. પરંતુ અઢાર ઘડી કરતાં અધિક ચૌદશનો વેધ હોય તો પ્રથમની તિથિવડે વિદ્ધ એવી પૂનમ લેવી નહીં, એમ મને ભાસેછે. અમાવાસ્યાને દિવસે ભૌમવાર અથવા સોમવાર એવો યોગ આવ્યો હોય તો સ્નાનદાનાદિકમાટે મહાપુણ્યકારક છે. એવીજ રીતે રવિવારે સાતમ, અને ભૌમયુક્ત ચોથ જાણવી. સોમવારયુક્ત અમાવાસ્યાને દિવસે અશ્વત્થ (પીપળો) પૂજાદિરૂપ જે સોમવતીવ્રત કરેછે તે માટે અપરાહ્ણકાલલગીમાં જો બે ઘડી અમાવાસ્યાનો યોગ હોય તો પણ વ્રત કરવું. દિવસની છેલ્લી ૭ ઘડી સાયાહ્નકાલ તેમાં, અને રાત્રિએ યોગ હોય તો ન કરવું, એવો શિષ્ટાચાર છે. સંન્યાસીઓએ ક્ષૌરાદિક કર્મમાટે સૂર્યોદયકાલમાં ત્રિમુહૂર્ત્ત (૭ ઘડી) વ્યાપિની હોય તે પૂનમ લેવી. ત્રીજા મુહૂર્ત્તને સ્પર્શ કરતી ન હોય તો ચતુર્દશીયુક્ત લેવી. ઇતિ પૂર્ણિમાનિર્ણયોદ્દેશ એકવિંશતિતમ: ૨૧

अथेष्टिकालः ॥ पक्षांताउपवस्तव्याः पक्षाद्यायष्टव्याः उपवासोऽन्वाधानाख्यंकर्म पर्वणोयश्चतुर्थांश आद्याः प्रतिपदस्त्रयः ॥ यागकालः स विज्ञेयः प्रातरुक्तो मनीषिभिः ॥ प्रतिपत्तुर्यचरणे नयष्टव्यमितिस्थितिः ॥ तत्रपर्वप्रतिपदोःपूर्णत्वेसंदेहाभावः पर्वण्यन्वाधानस्योत्तरदिनेयागस्ययथोक्तकाललाभात् पर्वणःखंडत्वेतुपर्वापेक्षयाप्रतिपदोह्रासवृद्धिघटिकागणयित्वातदर्धंह्रासेपर्वणिवियोज्यवृद्धौसंयोज्यसंधिकालंज्ञात्वान्वाधानादिकालोनिर्णेतव्यः यत्रह्रासवृद्धीनस्तस्तत्रयथास्थितःस्पष्टएवसंधिः तत्रसंधिश्चतुर्विधः पूर्वाह्णसंधिर्मध्याह्नसंधिरपराह्णसंधीरात्रिसंधिश्चेति द्वेधाविभक्तदिनस्यपूर्वार्धंपूर्वाह्णः अपरार्धंअपराह्णः पूर्वाह्णापराह्णसंधिभूतोघटिकाद्वयात्मकोमुहूर्तोमध्याह्नआवर्तनापरपर्यायइतिकौस्तुभे उभयसंधिरेकपलात्मकएवमध्याह्नोनतुघटिकाद्वयात्मक इतिप्रायेणेदानींशिष्टाचारः तत्रोक्तरीत्याह्रासवृद्ध्यर्धवियोजनसंयोजनेननिर्णीतः पर्वप्रतिपदोःसंधिर्यदिपूर्वाह्णेमध्याह्नेवाभवति तदासंधिदिनात्पूर्वदिनेन्वाधानंसंधिदिनेयागः यद्यपराह्णेरात्रौवासंधिस्तदा संधिदिनेन्वाधानंतत्परदिनेयागः अथोदाहरणं पर्वसप्तदशघटीमितंप्रतिपदेकादशघटीमितातत्रषड्घटीमितः प्रतिपत्क्षयस्तदर्धंघटीत्रयंपर्वणिवियोजितं जातः संधिश्चतुर्दशघटीमितः अयंत्रिंशद्घटीमितेदिनमानेपूर्वाह्णसंधिः ॥ अष्टाविंशतिघटीमितेतुदिनमानेऽयमेवमध्याह्नसंधिः अत्रसंधिदिनेयागः पूर्वदिनेऽन्वाधानं पर्व १४ प्रतिपत् १९ अत्रपंचघटिकावृद्धिः तदर्धंसार्धघटीद्वयंपर्वणिसंयोजितंजातः संधिःसार्धषोडशघटीमितः अयंअपराह्णसंधिः अत्रसंधिदिनेऽन्वाधानंपरेद्युर्यागः ॥

હવે ઇષ્ટિકાલનો નિર્ણય કહેછે.

પક્ષનો છેવટનો કાલ તે ઉપવાસકાલ, અને પક્ષનો આદ્યકાલ તે યજનનો કાલ. અન્વાધાન[1] નામનું જે કર્મ તેનુંજ નામ ઉપવાસ છે. "પર્વનો ચોથો ભાગ અને એકમના પ્રથમ ત્રણ ભાગ મળી જે કાલ તે ઇષ્ટિનો કાલ જાણવો, તે પ્રાતઃકાલ; એ રીતે પંડિતોએ કહ્યોછે. એકમના ચોથા ચરણમાં યજ્ઞ કરવો નહીં એવો નિયમ છે." પર્વને દિવસે અન્વાધાન કરવું અને બીજે દિવસે યજ્ઞ કરવો એ રીતે કહેલા વખતની સહજ પ્રાપ્તિ થાયછે માટે પર્વ અને એકમ સંપૂર્ણ હોય તો તે બાબતમાં સંશય નથી. પર્વ ખંડિત હોય તો પર્વકરતાં એકમની ક્ષય, વૃદ્ધિની ઘડી લેખીને અર્ધ કરવી, એકમનો ક્ષય હોય તો તે અર્ધ કરેલી ઘડી પર્વમાં કમતી કરવી, અને એકમ વધતી હોય તો તે અર્ધ કરેલી ઘડી પર્વમાં મેળવવી અને તે ઉપરથી સંધિકાલ જાણી તે પ્રમાણે અન્વાધાનાદિક કાલનો નિર્ણય કરવો. જ્યહાં ક્ષય વૃદ્ધિ થતી નથી ત્યહાં જે છે તે સંધિ સ્પષ્ટજ છે. સંધિ ચાર પ્રકારનો છે—પૂર્વાહ્ણસંધિ, મધ્યાહ્નસંધિ, અપરાહ્ણસંધિ અને રાત્રિસંધિ એ રીતે ચાર પ્રકારનો છે. દિવસના બે ભાગ કરવા તેમાં દિવસનું સૂર્યઉદયથી મધ્યાહ્નલગી પ્રથમ અર્ધ તે પૂર્વાહ્ણકાલ, અને દિવસનો જે પાછલો અર્ધભાગ તે અપરાહ્ણકાલ. પૂર્વાહ્ણની છેવટની એક ઘડી અને અપ-

---

[1] અન્વાધાન એટલે દેવતાઓના ઉદ્દેશથી સમિધ આદિનું અગ્નિમાં અર્પણ કરવું તે.

રાહ્નની પ્રથમની એક ઘડી મળી સંધિભૂત જે બે ઘટિકા (એક મુહૂર્ત્ત) તે મધ્યાહ્નસંધિ, એનુંજ આવર્ત્તન એવું બીજું નામ કૌસ્તુભમાં છે. એક પલમાત્ર જે બન્ને તરફનો સંધિ તેજ મધ્યાહ્નસંધિ, બે ઘડીનો મધ્યાહ્નસંધિ નહીં, એવો હાલમાં બહુધા શિષ્ટાચાર છે, માટે પ્રથમ કહેલી રીતિપ્રમાણે ક્ષય અથવા વૃદ્ધિ જેવાં હોય તેપ્રમાણે તેની અર્ધ ઘડી ઓછી કરવી અથવા મેળવવી અને સંધિનો નિર્ણય કરવો. હવે પર્વ અને પ્રતિપદાનો સંધિ જો પૂર્વાહ્નમાં કિંવા મધ્યાહ્નમાં થાય તો સંધિદિવસના પ્રથમદિવસે અન્વાધાન કરવું અને સંધિદિવસે યાગ કરવો. અપરાહ્નકાલમાં અથવા રાત્રિએ જો સંધિ હોય તો સંધિદિવસે અન્વાધાન અને તેને બીજે દિવસે યાગ કરવો. એ વિષયમાં ઉદાહરણ;—પર્વ ૧૭ ઘડી, એકમ ૧૧ ઘડી, ત્યહાં એકમનો ક્ષય ૬ ઘડી, તે ક્ષયનું અર્ધ ૩ ઘડી પર્વમાં કમતી કર્યું ત્યારે ચૌદ ઘડીએ સંધિ થયો, આ ત્રીસ ઘડીનાં દિનમાનમાં પૂર્વાહ્નસંધિ થાયછે. અને અઠ્ઠાવીશ ઘડી દિનમાન હોય તો એજ મધ્યાહ્નસંધિ થાયછે. આ દાખલામાં સંધિદિવસે યાગ અને તેથી પ્રથમદિવસે અન્વાધાન, એ પ્રમાણે કરવું. બીજું ઉદાહરણ;—પર્વ ૧૪ ઘડી, એકમ ૧૯ ઘડી, ઇહાં વૃદ્ધિ ૫ ઘડી, તે વૃદ્ધિનું અર્ધ અઢી ઘડી તે પર્વમાં મેળવવી ત્યારે સાડીસોળ ઘડી સમયે સંધિ થયો, આ સંધિ (ત્રીસ ઘડીનાં દિનમાનથી) અપરાહ્નસંધિ થાયછે, આ દાખલામાં સંધિદિવસે અન્વાધાન અને બીજે દિવસે યાગ કરવો એમ સમજવું.

अथात्रबालबोधार्थप्रकारांतरम् ॥ सूर्योदयोत्तरंविद्यमानाः पर्वनाडिकाःप्रतिपन्नाडिकाश्चैकीकृताःसत्योयदि दिनमानतोन्यूनास्तदापूर्वाह्णसंधिः यदिदिनमानसमानास्तदामध्याह्नसंधिः यदिदिनमानादधिकास्तदापराह्णसंधिरिति इत्थंसूर्योदयोत्तरमनुवर्तमानपर्वप्रतिपदोःक्षयवृद्धिभ्यामेव संध्यवलोकनमिदानींसर्वत्रशिष्टाचारेषुप्रसिद्धं कौस्तुभादौतुचतुर्दशीदिनस्थाउदयात्पूर्वंपर्वणोगतघटिकाउदयादेष्यघटिकाश्चैकीकृत्यैवंप्रतिपदः पूर्वदिनस्थाउत्तरदिनस्थाश्चघटिकाएकीकृत्यपर्वापेक्षयाप्रतिपदोवृद्धिक्षयौज्ञेयौ तद्यथा चतुर्दशी २२ पर्व १७ चतुर्दशीदिनस्थाःपर्वनाडिकाः ३८ उत्तरदिनस्थाः १७ एकीकृत्यजाताः ५५ पर्वदिनस्थाःप्रतिपन्नाड्यः ४३ उत्तरदिनस्थाः ११ एकीकृत्यजाताः ५४ अत्रैकाघटीप्रतिपत्क्षयस्तदर्धमर्धघटीपर्वणिवियोजिताजातःसंधिःसार्धषोडशनाड्यः अयमपराह्णसंधिः प्रथममतेत्वत्रपूर्वाह्णसंधिः स्थितः तथाचतुर्दशी २४ पर्व १७ पूर्वंगतनाड्यः ३६ एष्ययोगेजाताः ५३ प्रतिपत् ११ गतैष्ययोगेजाताः ५४ अत्रपूर्वोक्तरीत्याक्षयोदाहरणेएवैकाघटीवृद्धिस्तदर्धसंयोजनेसार्धसप्तदशनाडीमितोऽपराह्णसंधिः एवंचपूर्वमतैतन्मतयोरत्यंतंविरोधः वृद्धिक्षयादिसर्ववैपरीत्यात् अत्रमतेघटीद्वयाधिकावृद्धिःक्षयोवानसंभवतीतिपरेऽह्निघटिकान्यूनास्तथैवाभ्यधिकाश्चयाइति बहुवचनमसंगतमितिदूषणंपुरुषार्थचिंतामणौद्रष्टव्यम् ॥

હવે બાલકોને બોધ થવામાટે બીજો પ્રકાર કહેછે.

સૂર્યોદય પછીની, પર્વની જે ઘડી હોય તે અને એકમની જે ઘડી હોય તે સઘળી એકઠી મેળવવી પછી એકઠી કરેલી સઘળી ઘડીઓ દિનમાન કરતાં કમતી હોય તો પૂર્વાહ્નસંધિ, દિનમાનની બરોબર હોય તો મધ્યાહ્નસંધિ, અને દિનમાનથી અધિક હોય તો અપરાહ્નસંધિ, એ રીતે સંધિ સમજવા. આ પ્રકારે સૂર્યોદયપછીની પર્વ અને એકમની જે ઘડીઓ તેમના ક્ષય અને વૃદ્ધિ ઉપરથીજ સંધિ જુએછે અને એજ રીતિ હાલમાં સઘળા શિષ્ટાચાર ઠેકાણે પ્રસિદ્ધ છે. કૌસ્તુભાદિક ગ્રંથોમાં તો ચૌદશના દિવસની સૂર્યોદયથી પ્રથમની પર્વની ગયેલી ઘડીઓ, અને ઉદય પછીની આવનારી ઘડીઓ એ સઘળી એકઠી કરવી, એપ્રમાણે એકમની પ્રથમ દિવસની ઘડી, અને બીજા દિવસની ઘડી એ સઘળી એકઠી કરવી, અને પર્વ કરતાં એકમની વૃદ્ધિ કિંવા ક્ષય જાણવો. દાખલો:—ચૌદશ ૨૨ ઘડી, પર્વ ૧૭ ઘડી, ચૌદશના દિવસની પર્વની ૩૮ ઘડી, બીજા દિવસની પર્વની ૧૭ ઘડી, એ સઘળી એકઠી કરતાં ૫૫ થઇ. પર્વના દિવસની એકમની ૪૩ ઘડી, બીજા દિવસની એકમની ૧૧ ઘડી, એ સઘળી એકઠી કરતાં ૫૪ થઇ. આ દાખલામાં એકમનો ક્ષય ૧ ઘડી થયો, તેનું અર્ધ અર્ધી ઘડી પર્વમાં કમતી કરી, ત્યારે સાડીસોળ ઘડીસમયે સંધિ થયો એટલે એ અપરાહ્નસંધિ થયો. પ્રથમના મતથકી તો એ દાખલામાં પૂર્વાહ્નસંધિ થાયછે. બીજું ઉદાહરણઃ—ચૌદશ ૨૪ ઘડી, પર્વ ૧૭ ઘડી, ગત ઘડી ૩૬ તેમાં આવનારી ઘડી ૧૭ મેળવતાં ૫૩ ઘડી થઇ. એકમ ૧૧ ઘડી, ગયેલી અને આવનારી એનો મિલાપ કર્યો ત્યારે ૫૪ થઇ. આ ઉદાહરણમાં પ્રથમ કહેલી રીતિપ્રમાણે ક્ષયનાં ઉદાહરણમાંજ એક ઘડી વૃદ્ધિ એનું અર્ધ અર્ધી ઘડી તે મેળવી ત્યારે સાડીસત્તર ઘડી પ્રમાણે

'એ અપરાહ્ણસંધિ થયો. એ રીતે પ્રથમના મતના અને આ મતના વૃદ્ધિ, ક્ષય ઇત્યાદિ સર્વ પ્રકાર વિપરીતજ છે તેથી પરસ્પર અત્યંતવિરોધ આવેછે. આ મતમાં બે ઘડીથી અધિક વૃદ્ધિ અથવા ક્ષય સંભવતોજ નથી. તેથી "બીજે દિવસે જે ઘડીઓ ઓછી અથવા વધતી," એ રીતે જે વાક્યમાં બહુવચન છે તે બરાબર સંગતિવાર થતું નથી એ દૂષણ પુરુષાર્થચિંતામણિમાં જોઇ લેવું.

अथपौर्णमास्यांविशेषः ॥ संगवकालादूर्ध्वंत्रयोदशादिघटीमारभ्यार्धाह्णात्पूर्वंसंधौसद्यस्कालापौर्णमासीतस्यांसंधिदिनेएवान्वाधानं यागश्चसद्योऽनुष्ठेयः इदंपौर्णमास्यांसद्यस्कालत्वंवैकल्पिकमितिकेचित् अमावास्यायांसर्वेषद्व्यहकालत्वेनकदाचिदपिसद्यस्कालतापूर्णमास्याममायांचापराह्णसंधौप्रतिपच्चतुर्थपादेयागोनदोषाय अमावास्यायामपराह्णसंधावपिप्रतिपदित्रिमुहूर्ताधिकद्वितीयाप्रवेशेचंद्रदर्शनसंभवेनचंद्रदर्शनेयागनिषेधादमावास्यायामेवेष्टिश्चतुर्दश्यामन्वाधानंबौधायनादीनां अमावास्यायां सप्तघटीमितप्रतिपदभावेचंद्रदर्शनेऽपिप्रतिपद्येवबौधायनैरिष्टिःकार्या आश्वलायनापस्तंबादीनांतु चंद्रदर्शननिषेधोनास्तीतिप्रपद्येवेष्टिः यत्रसंधिदिनेइष्टिस्तत्रसाप्रतिपद्येवसमापनीयानतुपर्वणि पर्वणियागसमाप्तौपुनर्यागःकर्तव्यः एवमेवस्मार्तेपार्वणस्थालीपाकनिर्णयः केचित्तुस्मार्तेस्थालीपाकःप्रतिपद्येवसमापनीयइतिनियमोनास्ति पूर्वाह्णएवस्थालीपाकंसमाप्यसंधेरूर्ध्वंप्रतिपदिब्राह्मणभोजनमात्रंकार्यं जयंतोपिसंधिसन्निकृष्टेप्रातःकालेएवस्थालीपाकमाहेतिविशेषमाहुः श्रौतेपिब्राह्मणभोजनमात्रंप्रतिपदिकार्यं अन्यत्तंत्रंपूर्वाह्णएवसमापनीयंनप्रतिपदपेक्षेतिपुरुषार्थचिंतामणावुक्तं कात्यायनानांपौर्णमासेष्टिनिर्णयःपूर्वोक्तःसर्वसाधारणएवनतत्रकश्चिद्विशेषः इतिसिंध्वादिबहुग्रंथसंमतंमतं अन्येतुपूर्वाह्णसंधौसंधिदिनेऽन्वाधानंपरेह्नियागइतिपूर्णमासीविषयेकातीयानांविशेषमाहुः ॥

હવે પૂનમનો વિશેષ નિર્ણય કહેછે.

સંગવકાલ પછી તેરમી ઘડીથી આરંભી અર્ધ દિવસની પ્રથમ સંધિ હોય તો તે સમયે પૂનમ હોવાથી પૂનમને દિવસેજ અન્વાધાન કરી તેજ વખતે યજ્ઞ કરવો. પૂનમને દિવસે તરતજ અન્વાધાન અને યાગ કરવાવિષે જે કહ્યું, તેનો વિકલ્પ છે એમ કેટલાએક ગ્રંથકાર કહેછે. અમાવાસ્યામાં બન્ને દિવસે જુદા જુદાજ કાલ છે; બન્ને કર્મ એક વખતે થતાંજ નથી. પૂનમમાં અને અમાવાસ્યામાં અપરાહ્ણસંધિ હોય તો એકમના ચોથા ચરણમાં યાગ કરવાથી દોષ નથી. અમાવાસ્યાને દિવસે અપરાહ્ણસંધિ છતાં પણ એકમને દિવસે છ ઘડીથી અધિક બીજ આવે તો તે દિવસે ચંદ્રદર્શનનો સંભવ છે, અને ચંદ્રદર્શનદિવસે યાગ કરવાનો નિષેધ છે માટે બૌધાયન ઇત્યાદિકોએ ચૌદશને દિવસેજ અન્વાધાન કરી અમાવાસ્યામાંજ ઇષ્ટિ કરવી. અમાવાસ્યાને દિવસે સાત ઘડી એકમ ન હોય તો બીજે દિવસે ચંદ્રદર્શન છતાં પણ બૌધાયનોએ એકમને દિવસેજ ઇષ્ટિ કરવી. આશ્વલાયન અને આપસ્તંબ ઇત્યાદિકોને તો ચંદ્રદર્શનનો નિષેધ નથી માટે તેમણે એકમમાંજ ઇષ્ટિ કરવી. જ્યહાં સંધિદિવસે ઇષ્ટિ પ્રાપ્ત થાય ત્યહાં તે ઇષ્ટિ એકમમાંજ સમાપ્ત કરવી, પર્વમાં સમાપ્ત કરવી નહીં. કારણ, પર્વમાં યાગની સમાપ્તિ થાય તો ફરી યાગ કરવો જોઇએ. એજ રીતે સ્માર્તાગ્નિવિષે પાર્વણસ્થાલીપાકનો નિર્ણય જાણવો. કેટલાએક ગ્રંથકારો તો, સ્માર્તાગ્નિવિષે સ્થાલીપાક એકમમાંજ સમાપ્ત કરવો એ નિયમ નથી, ત્યારે પૂર્વાહ્ણમાંજ સ્થાલીપાક સમાપ્ત કરી સંધિ પછી એકમમાં કેવળ બ્રાહ્મણ ભોજનજ કરાવવું, જયંત ગ્રંથકાર પણ સંધિના સમીપનો જે પ્રાતઃકાલ તેમાંજ સ્થાલીપાક કરવો એમ કહેછે, એવો વિશેષ બતાવેછે. શ્રૌતકર્મમાં પણ એકમમાં કેવલ બ્રાહ્મણભોજન કરાવવું, બીજું સઘળું કર્મ પૂર્વાહ્ણમાંજ સમાપ્ત કરવું, એમાં એકમની ગરજ નથી એ રીતે પુરુષાર્થચિંતામણિમાં કહેલું છે. કાત્યાયનોનો પૂનમની ઇષ્ટિવિષયનો નિર્ણય, પ્રથમ સર્વને સાધારણપણાથી કહેલો છે તેજ જાણવો, એમાં જુદો વિશેષ નિર્ણય નથી એવો નિર્ણયસિંધુઆદિ પુષ્કળ ગ્રંથોમાં માનેલો મત છે. બીજા ગ્રંથકારો તો, પૂર્વાહ્ણસંધિમાં સંધિને દિવસે અન્વાધાન કરવું અને બીજે દિવસે યાગ કરવો એ રીતે પૂનમમાટે કાત્યાયનોનો વિશેષ નિર્ણય કહેછે.

अथामावास्यायांकातीयानांविशेषः ॥ अमाविषयेत्रेधाविभक्तदिनस्यप्रथमोभागःपूर्वाह्णः द्वितीयोभागोमध्याह्नः तृतीयोभागोपराह्णः तत्ररात्रिसंधौप्रतिपद्दिनेचंद्रदर्शनेसत्यपिपरेषामिवकातीयानामपिसंधिदिनेपिंडपितृयज्ञोऽन्वाधानंचपरदिनेचेष्टिरितिनिर्विवादं पूर्वाह्णेदिनद्वितीयभागाख्यमध्या

हेचसंधौसंधिपूर्वदिनेऽन्वाधानपिंडपितृयज्ञौसंधिदिनेचेष्टिः तदाचतुर्दशीदिनेऽमावास्याया दिनतृतीयभागाख्यापराह्णेयदिपूर्णव्याप्तिस्तर्हिअमायुक्तेपराह्णेपिंडपितृयज्ञइतिनसंदेहः इतितृतीयभागाख्यापराह्णांत्यभागेऽपराह्णैकदेशेमावास्याव्याप्तिस्तर्ह्यमावास्यायांप्राप्तायांपिंडपितृयज्ञो नचतुर्दश्यामित्येकःपक्षः चतुर्दश्यंतेभागेपिंडपितृयज्ञश्चंद्रस्यपरमक्षीणत्वादित्यपरःपक्षः अथापराह्णसंधौचत्वारःपक्षाः संधिदिनेएवदिनतृतीयभागाख्यापराह्णेमायाःपूर्णव्याप्तिरितिप्रथमःपक्षः यथा चतुर्दशी २९ अमा ३० प्रतिपत् २९ दिनमानंच त्रिंशत् ३० अत्रसंधिदिनेऽन्वाधानपिंडपितृयज्ञौपरदिनेयागःसंधिपूर्वदिनेएवोक्तापराह्णेमायाःपूर्णव्याप्तिरितिद्वितीयःपक्षः यथा चतुर्दशी २० अमा २२ प्रतिपत् २४ दिनमानं ३० अत्रसंधिदिनात्परदिनेमुहूर्तत्रयात्मकप्रातःकालेप्रतिपत्पादत्रयावच्छिन्नयागकाललाभात्संधिदिनेऽन्वाधानपितृयागौप्रतिपदिचेष्टिरितिकौस्तुभमतं त्रिमुहूर्ताद्वितीयाचेत्प्रतिपद्यापराह्णिकी अन्वाधानंचतुर्दश्यां परतःसोमदर्शनादितिवचनाच्चतुर्दश्यांपिंडपितृयज्ञोपवासौसंधिदिनेचेष्टिरितिपरमतं अथापरंद्वितीयपक्षोदाहरणं चतुर्दशी १८ अमा १८ प्रतिपत् १९ दिनमानं २७ अत्रप्रतिपद्दिनेप्रातःपादत्रयावच्छिन्नयागकालाभावात्संधिदिनेएवसर्वमतेकात्यायनानामिष्टिः पूर्वदिनेपिंडपितृयज्ञोपवासौ अथदिनद्वयेसाम्येनवैषम्येणवैकदेशव्याप्तिरितितृतीयःपक्षः यथा चतुर्दशी २५ अमा २५ प्रतिपत् २४ दिनमानं ३० इयंसाम्येनापराह्णव्याप्तिः अत्रकौस्तुभमतपरमतोक्तरीत्याद्वेधानिर्णयः यथावा चतुर्दशी २५ अमा २० प्रतिपत् १७ दिनमानं २७ इयमपिसाम्येनैकदेशव्याप्तिः अत्रसर्वमतेसंधिदिनेएवकातीयेष्टिःपूर्वदिनेचपिंडपितृयज्ञोपवासौ अथवैषम्येणैकदेशव्याप्तिः चतुर्दशी २५ अमा २३ प्रतिपत् २३ दिनमानं ३० अत्रापिपूर्वोक्तमतद्वयेनद्वेधानिर्णयोज्ञेयः यथावा चतुर्दशी २५ अमा २२ प्रतिपत् १८ दिनमानं ३० इयमपिवैषम्येणैकदेशव्याप्तिः अत्रापिसर्वमतेसंधिदिनेकातीयेष्टिश्चतुर्दश्यामुपवासपिंडपितृयज्ञौ यथावा चतुर्दशी २५ अमा २७ प्रतिपत् २९ दिनमानं ३० अत्रसंधिदिनेन्वाधानयागौ प्रतिपदीष्टिः संधिदिनेएवैकदेशव्याप्तिरितिचतुर्थःपक्षः यथा चतुर्दशी ३१ अमा २६ प्रतिपत् २३ दिनमानं ३० यथावा चतुर्दशी २८ अमा २२ प्रतिपत् १७ दिनमानं २७ अत्रोभयत्रापिसंधिदिनेएवपिंडपितृयज्ञान्वाधानेयागस्तुपरेह्निप्रतिपदि एवंचकात्यायनमतेपिसर्वत्रोदाहरणेचंद्रदर्शननिषेधप्रतिपालनंनसंभवति किंतुक्वचिन्निषेधादरात्पूर्वेनयागादिकंक्वचित्तुचंद्रदर्शनवत्येवदिने एवंपिंडपितृयज्ञोऽपीतिध्येयंदर्शश्राद्धार्थममावास्यानिर्णयः सर्वसाधारणोऽग्रेपृथगेववक्ष्यते ॥

હવે કાત્યાયનોનો અમાવાસ્યામાટે વિશેષ નિર્ણય કહેછે.

અમાવાસ્યામાટે દિનમાનના ત્રણ ભાગ કરવા. પ્રથમ ભાગ તે પૂર્વાહ્ણ, બીજો ભાગ તે મધ્યાહ્ન, ત્રીજો ભાગ અપરાહ્ણ, એ રીતે ભાગ સમજવા. તેમાં રાત્રિસંધિ હોય ને એકમને દિવસે ચંદ્રદર્શન હોય તોપણ બીજાઓની રીતેજ કાત્યાયનોએ પણ સંધિદિવસે પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન એ કરી બીજે દિવસે ઇષ્ટિ કરવી એવો વાદરહિત નિર્ણય છે. પૂર્વાહ્ણમાં અને દિવસનો બીજો ભાગ મધ્યાહ્નકાલ તેમાં સંધિ હોય તો સંધિના પ્રથમ દિવસે અન્વાધાન અને પિંડપિતૃયજ્ઞ કરી સંધિદિવસે ઇષ્ટિ કરવી. અને તે ચૌદશને દિવસે દિવસનો ત્રીજો ભાગ અપરાહ્ણકાલ તે વખતે અમાવાસ્યાની પૂર્ણ વ્યાપ્તિ હોય તો અમાવાસ્યાયુક્ત જે અપરાહ્ણકાલ તેમાં પિંડપિતૃયજ્ઞ કરવા, એમાં સંશય નથી. એ રીતે ત્રીજો ભાગ તે અપરાહ્ણકાલ તેનો છેવટનો ભાગ જે અપરાહ્ણનો એકદેશ તેમાં અમાવાસ્યાની વ્યાપ્તિ હોય તો અમાવાસ્યા પ્રાપ્ત થયા પછી તેમાંજ પિંડપિતૃયજ્ઞ કરવા, ચૌદશમાં કરવા નહીં એ એક પક્ષ; તે વખતે ચંદ્ર અત્યંત ક્ષીણ છે માટે ચૌદશના છેવટના ભાગમાં પિંડપિતૃયજ્ઞ કરવા, એ બીજો પક્ષ. હવે અપરાહ્ણસંધિમાં ચાર પક્ષ છે; સંધિદિવસેજ દિવસનો ત્રીજો ભાગ જે અપરાહ્ણકાલ તેમાં અમાવાસ્યાની સંપૂર્ણવ્યાપ્તિ હોય એ **પ્રથમ પક્ષ**–દાખલો;—ચૌદશ ૨૯ ઘ૦, અમાવાસ્યા ૩૦ ઘ૦, એકમ ૨૯ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, એ દાખલામાં સંધિદિવસે અન્વાધાન અને પિંડપિતૃયજ્ઞ કરવા, તથા બીજે દિવસે યાગ કરવો. સંધિના પ્રથમ દિવસેજ કહેલા અપરાહ્ણકાલમાં અમાવાસ્યાની પૂર્ણવ્યાપ્તિ હોય એ **બીજો** પક્ષ–દાખલો;—ચૌદશ ૨૦ ઘ૦, અમાવાસ્યા ૨૨ ઘ૦, એકમ ૨૪ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, આ દાખલામાં સંધિદિવસને બીજે દિવસે ૭ ઘડી જે પ્રાતઃકાલ તેમાં એકમના ત્રણ ચરણલગી યજ્ઞકાલ મળેછે માટે સંધિદિવસે અન્વાધાન અને પિંડપિતૃયજ્ઞ કરવા, અને એકમને દિવસે ઇષ્ટિ કરવી, એમ કૌસ્તુભનો મત છે. "એકમને દિવસે અપરાહ્ણકાલમાં ૭ ઘડી બીજ હોય તો બીજે દિવસે ચંદ્રદર્શન થાય માટે ચૌદશને દિવસે અન્વાધાન કરવું," એ વચન છે તેથી ચૌદશને દિવસે પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન એ કરવાં, અને સંધિદિવસે ઇષ્ટિ કરવી એવો બીજા ગ્રંથકારોનો મત છે.

હવે બીજા પક્ષનું બીજું ઉદાહરણ કહેછે;—ચૌદશ ૧૮ ઘ૦, અમાવાસ્યા ૧૮ ઘ૦, એકમ ૧૯ ઘ૦, દિનમાન ૨૭ ઘ૦, એ ઉદાહરણમાં એકમને દિવસે પ્રાતઃકાલમાં એકમના ત્રણ ચરણ જે યજ્ઞકાલ તે આવતો નથી માટે સઘળાઓને મતે સંધિદિવસેજ કાત્યાયનોએ ઇષ્ટિ કરવી, તેમ પ્રથમ દિવસે પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન કરવાં. હવે બંને દિવસે બરોબર અથવા ઓછી વધતી એકદેશવ્યાપ્તિ હોય એ ત્રીજો પક્ષ-ઉદાહરણ;—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૫ ઘ૦, એકમ ૨૪ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, એ સરખી અપરાહ્ણવ્યાપ્તિ આવે છે. એ દાખલામાં કૌસ્તુભને મતે અને બીજાઓને મતે એનો પ્રથમ કહેલી રીતિપ્રમાણે બે પ્રકારનો નિર્ણય થાયછે—બીજું ઉદાહરણ;—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૦ ઘ૦, એકમ ૧૭ ઘ૦, દિનમાન ૨૭ ઘ૦, એ પણ સરખી એકદેશવ્યાપ્તિ આવે છે. એ ઉદાહરણમાં સર્વેના મતથી સંધિદિવસેજ કાત્યાયનોએ ઇષ્ટિ કરવી, અને પ્રથમ દિવસે પિંડપિતૃયજ્ઞ, તથા અન્વાધાન એ કરવાં. હવે વિષમમાનથી એકદેશવ્યાપ્તિ હોય તેનું ઉદાહરણ;—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૩ ઘ૦, એકમ ૨૩ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦; આ દાખલામાં પણ પ્રથમ કહેલા બે મતથી બે પ્રકારનો નિર્ણય જાણવો. ઉદાહરણ;—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૨ ઘ૦, એકમ ૧૮ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, એ પણ વિષમમાનવડે એકદેશવ્યાપ્તિ છે. ઇહાં પણ સર્વેના મતથી સંધિદિવસે કાત્યાયનોએ ઇષ્ટિ કરવી. અને ચૌદશને દિવસે ઉપવાસ તથા પિંડપિતૃયજ્ઞ કરવા. ઉદાહરણ;—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૭ ઘ૦, એકમ ૨૯ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, આ દાખલામાં સંધિદિવસે અન્વાધાન અને પિંડપિતૃયાગ કરી એકમને દિવસે ઇષ્ટિ કરવી. સંધિદિવસે એકદેશવ્યાપ્તિ હોય એ ચોથો પક્ષ. ઉદાહરણ;—ચૌદશ ૩૧ ઘ૦, અમાવાસ્યા ૨૬ ઘ૦, એકમ ૨૩ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, અથવા બીજું ઉદાહરણ;—ચૌદશ ૨૮ ઘ૦, અમાવાસ્યા ૨૨ ઘ૦, એકમ ૧૭ ઘ૦, દિનમાન ૨૭ ઘ૦, આ બન્ને ઉદાહરણમાં સંધિદિવસેજ પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન કરવાં, યાગ તો બીજે દિવસે એકમમાં કરવો. આ પ્રમાણે કાત્યાયનોના મતમાં પણ સઘળાં ઉદાહરણોમાં ચંદ્રદર્શનનો નિષેધ પાળવો સંભવતો નથી, ત્યારે કેટલાક સ્થળોમાં ચંદ્રદર્શનનો નિષેધ માની પ્રથમ દિવસે યાગાદિક કરવાનું કહેલું છે. અને કેટલેક ઠેકાણે ચંદ્રદર્શનયુક્ત દિવસેજ યાગાદિક કરવાનું કહેલું છે. એજ રીતે પિંડપિતૃયજ્ઞવિષયમાં પણ જાણવું. દર્શશ્રાદ્ધમાટે અમાવાસ્યાનો સર્વ સાધારણ નિર્ણય આગળ જુદો કહીશું.

अथसामगानामिष्टेर्निर्णयः ॥ तत्रपौर्णमासीसर्वसाधारणापूर्वोक्तैव अमावास्यायांतुरात्रिसंधौप्रतिपद्येवचंद्रदर्शनेपियागः अपराह्णसंधौतुप्रातः षड्घटिकात्मकप्रतिपदाद्यपादत्रयरूपयागकाललाभेप्रतिपदिचंद्रदर्शनेपीष्टिः संधिदिनेचोपवासपितृयज्ञौउक्तयागकालालाभेसंधिदिनेयागः पूर्वदिनेचतुर्दश्यांपितृयज्ञोपवासौ एवंचसामगैरपिचंद्रदर्शननिषेधः कात्यायनवदेवयथासंभवं पालनीयः ॥ इति सामगनिर्णयः ॥ इति यागकालनिर्णय उद्देशो द्वाविंशः ॥ २२ ॥

હવે સામવેદવાળાઓની ઇષ્ટિનો નિર્ણય કહેછે.

સામવેદીઓએ ઇષ્ટિમાટે પૂનમ સર્વસાધારણપક્ષથી પ્રથમ કહેલી છે તેજ લેવી. અમાવાસ્યાને દિવસે તો રાત્રિસંધિ છતાં ચંદ્રદર્શન હોય તો પણ એકમને દિવસેજ યાગ કરવો. અપરાહ્ણસંધિ હોય તો પ્રાતઃકાલની ૭ ઘડીસમયે એકમના પ્રથમ ત્રણ પાદરૂપ યજ્ઞકાલનો લાભ થાય તો ચંદ્રદર્શન હોય તો પણ એકમને દિવસે ઇષ્ટિ કરવી, અને સંધિદિવસે અન્વાધાન તથા પિંડપિતૃયજ્ઞ કરવા. પ્રથમ કહેલો યજ્ઞકાલ ન મળે તો સંધિદિવસે યાગ કરવો, અને તેથી પ્રથમ દિવસે ચૌદશમાં પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન કરવાં. આ રીતે સામવેદીઓએ પણ ચંદ્રદર્શનનો નિષેધ કાત્યાયનો પ્રમાણે જેવો સંભવે તેવો પાળવો. એ સામવેદીઓનો નિર્ણય કહ્યો. ઇતિ યાગનિર્ણયોદ્દેશો દ્વાવિંશઃ ॥ ૨૨ ॥

अथपिंडपितृयज्ञकालः ॥ तत्राश्वलायनानांयस्मिन्नहोरात्रेअमावास्याप्रतिपदोःसंधिस्तद्दिनापराह्णेपंचधाविभक्तदिनचतुर्थभागरूपेपिंडपितृयज्ञः सचापराह्णसंधावन्वाधानदिनेभवति मध्याह्नपूर्वाह्णेवासंधौयागदिनेयागोत्तरमपराह्णेभवति यदाहोरात्रसंधौतिथिसंधिस्तदान्वाधानदिनेएवपिंडपितृयज्ञः एवमापस्तंबहिरण्यकेशिमतानुसारिणामपिसंधिदिनेएवपितृयज्ञः सचापराह्णेऽधिवृक्षसूर्येवाकार्यः अपराह्णश्चपंचधाविभक्तदिनचतुर्थभागो नवधाविभक्तदिनसप्तमभागोवा सांख्यायनकात्यायनसामगानामन्वाधानदिनेएवपिंडपितृयज्ञःपूर्वमेवोक्तः मि

ह्णेचसंधौसंधिपूर्वदिनेऽन्वाधानपिंडपितृयज्ञौसंधिदिनेचेष्टिः तदाचतुर्दशीदिनेऽमावास्याया दिनतृतीयभागाख्यापराह्णेयदिपूर्णव्याप्तिस्तर्हिअमायुक्तेपराह्णेपिंडपितृयज्ञइतिनसंदेहः इतितृतीयभागाख्यापराह्णान्त्यभागेऽपराह्णैकदेशेमावास्याव्याप्तिस्तर्ह्यमावास्यायांप्राप्तायांपिंडपितृयज्ञो नचतुर्दश्यामित्येकःपक्षः चतुर्दश्यंतेभागेपिंडपितृयज्ञश्चंद्रस्यपरमक्षीणत्वादित्यपरःपक्षः अथापराह्णसंधौचत्वारःपक्षाः संधिदिनेएवदिनतृतीयभागाख्यापराह्णेमायाःपूर्णव्याप्तिरितिप्रथमःपक्षः यथा चतुर्दशी २९ अमा ३० प्रतिपत् २९ दिनमानंच त्रिंशत् ३० अत्रसंधिदिनेऽन्वाधानपिंडपितृयज्ञौपरदिनेयागःसंधिपूर्वदिनेएवोक्तापराह्णेमायाःपूर्णव्याप्तिरितिद्वितीयःपक्षः यथा चतुर्दशी २० अमा २२ प्रतिपत् २४ दिनमानं ३० अत्रसंधिदिनात्परदिनेमुहूर्तत्रयात्मकप्रातःकालेप्रतिपत्पादत्रयावच्छिन्नयागकाललाभात्संधिदिनेऽन्वाधानपितृयागौप्रतिपदिचेष्टिरितिकौस्तुभमतं त्रिमुहूर्ताद्वितीयाचेत्प्रतिपद्यापराह्णिकी अन्वाधानंचतुर्दश्यां परतःसोमदर्शनादितिवचनाच्चतुर्दश्यांपिंडपितृयज्ञोपवासौसंधिदिनेचेष्टिरितिपरमतं अथापरंद्वितीयपक्षोदाहरणं चतुर्दशी १८ अमा १८ प्रतिपत् १९ दिनमानं २७ अत्रप्रतिपद्दिनेप्रातःपादत्रयावच्छिन्नयागकालाभावात्संधिदिनेएवसर्वमतेकात्यायनानामिष्टिः पूर्वदिनेपिंडपितृयज्ञोपवासौ अथदिनद्वयेसाम्येनवैषम्येणवैकदेशव्याप्तिरितितृतीयःपक्षः यथा चतुर्दशी २५ अमा २५ प्रतिपत् २४ दिनमानं ३० इयंसाम्येनापराह्णव्याप्तिः अत्रकौस्तुभमतपरमतोक्तरीत्याद्वेधानिर्णयः यथावा चतुर्दशी २५ अमा २० प्रतिपत् १७ दिनमानं २७ इयमपिसाम्येनैकदेशव्याप्तिः अत्रसर्वमतेसंधिदिनेएवकातीयेष्टिःपूर्वदिने चपिंडपितृयज्ञोपवासौ अथवैषम्येणैकदेशव्याप्तिः चतुर्दशी २५ अमा २३ प्रतिपत् २२ दिनमानं ३० अत्रापिपूर्वोक्तमतद्वयेनद्वेधानिर्णयोज्ञेयः यथावा चतुर्दशी २५ अमा २२ प्रतिपत् १८ दिनमानं ३० इयमपिवैषम्येणैकदेशव्याप्तिः अत्रापिसर्वमतेसंधिदिनेकातीयेष्टिश्चतुर्दश्यामुपवासपिंडपितृयज्ञौ यथावा चतुर्दशी २५ अमा २७ प्रतिपत् २९ दिनमानं ३० अत्रसंधिदिनेन्वाधानयागौ प्रतिपदीष्टिः संधिदिनेएवैकदेशव्याप्तिरितिचतुर्थःपक्षः यथा चतुर्दशी ३१ अमा २६ प्रतिपत् २३ दिनमानं ३० यथावा चतुर्दशी २८ अमा २२ प्रतिपत् १७ दिनमानं २७ अत्रोभयत्रापिसंधिदिनेएवपिंडपितृयज्ञान्वाधानेयागस्तुपरेह्निप्रतिपदि एवंचकात्यायनमतेपिसर्वत्रोदाहरणेचंद्रदर्शननिषेधप्रतिपालनंनसंभवति किंतुक्वचिन्निषेधादरात्पूर्वत्रयागादिकंक्वचित्तुचंद्रदर्शनवत्येवदिने एवंपिंडपितृयज्ञोऽपीतिध्येयंदर्शश्राद्धार्थममावास्यानिर्णयः सर्वसाधारणोऽग्रेपृथगेवचवक्ष्यते ॥

હવે કાત્યાયનોનો અમાવાસ્યામાટે વિશેષ નિર્ણય કહેછે.

અમાવાસ્યામાટે દિનમાનના ત્રણ ભાગ કરવા. પ્રથમ ભાગ તે પૂર્વાહ્ણ, બીજો ભાગ તે મધ્યાહ્ન, ત્રીજો ભાગ અપરાહ્ણ, એ રીતે ભાગ સમજવા. તેમાં રાત્રિસંધિ હોય ને એકમને દિવસે ચંદ્રદર્શન હોય તોપણ બીજાઓની રીતેજ કાત્યાયનોએ પણ સંધિદિવસે પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન એ કરી બીજે દિવસે ઇષ્ટિ કરવી એવો વાદરહિત નિર્ણય છે. પૂર્વાહ્ણમાં અને દિવસનો બીજો ભાગ મધ્યાહ્નકાલ તેમાં સંધિ હોય તો સંધિના પ્રથમ દિવસે અન્વાધાન અને પિંડપિતૃયજ્ઞ કરી સંધિદિવસે ઇષ્ટિ કરવી. અને તે ચોદશને દિવસે દિવસનો ત્રીજો ભાગ અપરાહ્ણકાલ તે વખતે અમાવાસ્યાની પૂર્ણ વ્યાપ્તિ હોય તો અમાવાસ્યાયુક્ત જે અપરાહ્ણકાલ તેમાં પિંડપિતૃયજ્ઞ કરવા, એમાં સંશય નથી. એ રીતે ત્રીજો ભાગ તે અપરાહ્ણકાલ તેનો છેવટનો ભાગ જે અપરાહ્ણનો એકદેશ તેમાં અમાવાસ્યાની વ્યાપ્તિ હોય તો અમાવાસ્યા પ્રાપ્ત થયા પછી તેમાંજ પિંડપિતૃયજ્ઞ કરવા, ચૌદશમાં કરવા નહીં એ એક પક્ષ; તે વખતે ચંદ્ર અત્યંત ક્ષીણ છે માટે ચૌદશના છેવટના ભાગમાં પિંડપિતૃયજ્ઞ કરવા, એ **બીજો** પક્ષ. હવે અપરાહ્ણસંધિમાં ચાર પક્ષ છે; સંધિદિવસેજ દિવસનો ત્રીજો ભાગ જે અપરાહ્ણકાલ તેમાં અમાવાસ્યાની સંપૂર્ણવ્યાપ્તિ હોય એ **પ્રથમ** પક્ષ—દાખલો;—ચૌદશ ૨૯ ઘ૦, અમાવાસ્યા ૩૦ ઘ૦, એકમ ૨૯ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, એ દાખલામાં સંધિદિવસે અન્વાધાન અને પિંડપિતૃયજ્ઞ કરવા, તથા બીજે દિવસે યાગ કરવો. સંધિના પ્રથમ દિવસેજ કહેલા અપરાહ્ણકાલમાં અમાવાસ્યાની પૂર્ણવ્યાપ્તિ હોય એ **બીજો** પક્ષ-દાખલો;—ચૌદશ ૨૦ ઘ૦, અમાવાસ્યા ૨૨ ઘ૦, એકમ ૨૪ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, આ દાખલામાં સંધિદિવસને બીજે દિવસે છ ઘડી જે પ્રાતઃકાલ તેમાં એકમના ત્રણ ચરણલગી યજ્ઞકાલ મળેછે માટે સંધિદિવસે અન્વાધાન અને પિંડપિતૃયજ્ઞ કરવા, અને એકમને દિવસે ઇષ્ટિ કરવી, એમ કૌસ્તુભનો મત છે. "એકમને દિવસે અપરાહ્ણકાલમાં છ ઘડી બીજ હોય તો બીજે દિવસે ચંદ્રદર્શન થાય માટે ચૌદશને દિવસે અન્વાધાન કરવું," એ વચન છે તેથી ચૌદશને દિવસે પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન એ કરવાં, અને સંધિદિવસે ઇષ્ટિ કરવી એવો બીજા ગ્રંથકારોનો મત છે.

હવે બીજા પક્ષનું બીજું ઉદાહરણ કહેછે;—ચૌદશ ૧૮ ઘ૦, અમાવાસ્યા ૧૮ ઘ૦, એકમ ૧૯ ઘ૦, દિનમાન ૨૭ ઘ૦, એ ઉદાહરણમાં એકમને દિવસે પ્રાતઃકાલમાં એકમના ત્રણ ચરણ જે યજ્ઞકાલ તે આવતો નથી માટે સઘળાઓને મતે સંધિદિવસેજ કાત્યાયનોએ ઇષ્ટિ કરવી, તેમ પ્રથમ દિવસે પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન કરવાં. હવે બને દિવસે બરોબર અથવા ઓછી વધતી એકદેશવ્યાપ્તિ હોય એ ત્રીજો પક્ષ–ઉદાહરણ;—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૫ ઘ૦, એકમ ૨૪ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, એ સરખી અપરાહ્ણવ્યાપ્તિ આવે છે. એ દાખલામાં કૌસ્તુભને મતે અને બીજાઓને મતે એનો પ્રથમ કહેલી રીતિપ્રમાણે બે પ્રકારનો નિર્ણય થાયછે–બીજુ ઉદાહરણ;—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૦ ઘ૦, એકમ ૧૭ ઘ૦, દિનમાન ૨૭ ઘ૦, એ પણ સરખી એકદેશવ્યાપ્તિ આવે છે. એ ઉદાહરણમાં સર્વેના મતથી સંધિદિવસેજ કાત્યાયનોએ ઇષ્ટિ કરવી, અને પ્રથમ દિવસે પિંડપિતૃયજ્ઞ, તથા અન્વાધાન એ કરવાં. હવે વિષમમાનથી એકદેશવ્યાપ્તિ હોય તેનું ઉદાહરણ;—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૩ ઘ૦, એકમ ૨૩ ઘ૦, *દિનમાન ૩૦ ઘ૦; આ દાખલામાં* પણ પ્રથમ કહેલા બે મતથી બે પ્રકારનો નિર્ણય જાણવો. ઉદાહરણ,—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૨ ઘ૦, એકમ ૧૮ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, એ પણ વિષમમાનવડે એકદેશવ્યાપ્તિ છે. ઇહાં પણ સર્વેના મતથી સંધિદિવસે કાત્યાયનોએ ઇષ્ટિ કરવી. અને ચૌદશને દિવસે ઉપવાસ તથા પિંડપિતૃયજ્ઞ કરવા. ઉદાહરણ,—ચૌદશ ૨૫ ઘ૦, અમાવાસ્યા ૨૭ ઘ૦, એકમ ૨૯ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, આ દાખલામા સંધિદિવસે અન્વાધાન અને પિંડપિતૃયાગ કરી એકમને દિવસે ઇષ્ટિ કરવી. સંધિદિવસે એકદેશવ્યાપ્તિ હોય એ ચોથો પક્ષ. ઉદાહરણ;—ચૌદશ ૩૧ ઘ૦, અમાવાસ્યા ૨૬ ઘ૦, એકમ ૨૩ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦, અથવા બીજું ઉદાહરણ;—ચૌદશ ૨૮ ઘ૦, અમાવાસ્યા ૨૨ ઘ૦, એકમ ૧૭ ઘ૦, દિનમાન ૨૭ ઘ૦, આ બન્ને ઉદાહરણમાં સંધિદિવસેજ પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન કરવાં, યાગ તો બીજે દિવસે એકમમા કરવો. આ પ્રમાણે કાત્યાયનોના મતમાં પણ સઘળાં ઉદાહરણોમાં ચદ્રદર્શનનો નિષેધ પાળવો સભવતો નથી, ત્યારે કેટલાક સ્થળોમાં ચંદ્રદર્શનનો નિષેધ માની પ્રથમ દિવસે યાગાદિક કરવાનુ કહેલુ છે. અને કેટલેક ઠેકાણે ચદ્રદર્શનયુક્ત દિવસેજ યાગાદિક કરવાનું કહેલુ છે. એજ રીતે પિંડપિતૃયજ્ઞવિષયમા પણ જાણવું. દર્શશ્રાદ્ધમાટે અમાવાસ્યાનો સર્વ સાધારણ નિર્ણય આગળ જુદો કહીશું.

अथसामगानामिष्टेर्निर्णयः ॥ तत्रपौर्णमासीसर्वसाधारणापूर्वोक्तेव अमावास्यायांतुरात्रिसंधौप्रतिपद्येवचंद्रदर्शनेपियागः अपराह्णसंधौतुप्रातः षड्घटिकात्मकप्रतिपदाद्यपादत्रयरूपयागकालालामेप्रतिपदिचंद्रदर्शनेपीष्टिः संधिदिनेचोपवासपितृयज्ञौउक्तयागकालालाभेसंधिदिनेयागःपूर्वेदिनेचतुर्दश्यांपितृयज्ञोपवासौ एवंचसामगैरपिचंद्रदर्शननिषेधः कात्यायनवदेवयथासंभवं पालनीयः ॥ इति सामगनिर्णयः ॥ इति यागकालनिर्णय उद्देशो द्वाविंशः ॥ २२ ॥

હવે સામવેદવાળાઓની ઇષ્ટિનો નિર્ણય કહેછે.

સામવેદીઓએ ઇષ્ટિમાટે પુનમ સર્વસાધારણપક્ષથી પ્રથમ કહેલી છે તેજ લેવી. અમાવાસ્યાને દિવસે તો રાત્રિસંધિ છતાં ચદ્રદર્શન હોય તો પણ એકમને દિવસેજ યાગ કરવો. અપરાહ્ણસંધિ હોય તો પ્રાતઃકાલની છ ઘડીસમયે એકમના પ્રથમ ત્રણ પાદરૂપ યજ્ઞકાલનો લાભ થાય તો ચદ્રદર્શન હોય તો પણ એકમને દિવસે ઇષ્ટિ કરવી, અને સંધિદિવસે અન્વાધાન તથા પિંડપિતૃયજ્ઞ કરવા. પ્રથમ કહેલો યજ્ઞકાલ ન મળે તો સંધિદિવસે યાગ કરવો, અને તેથી પ્રથમ દિવસે ચૌદશમાં પિંડપિતૃયજ્ઞ અને અન્વાધાન કરવાં. આ રીતે સામવેદીઓએ પણ ચદ્રદર્શનનો નિષેધ કાત્યાયનો પ્રમાણે જેવો સભવે તેવો પાળવો. એ સામવેદીઓનો નિર્ણય કહ્યો. ઇતિ યાગનિર્ણયોદ્દેશો દ્વાવિંશઃ ॥ ૨૨ ॥

अथपिंडपितृयज्ञकालः ॥ तत्राश्वलायनानांयस्मिन्नहोरात्रेअमावास्याप्रतिपदोःसंधिस्तद्दिनापराह्णेपंचधाविभक्तदिनचतुर्थभागरूपेपिंडपितृयज्ञः सचापराह्णसंधावन्वाधानदिनेभवति मध्याह्नेपूर्वाह्णेवासंधौयागदिनेयागोत्तरमपराह्णेभवति यदाहोरात्रसंधौतिथिसंधिस्तदान्वाधानदिनेएवपिंडपितृयज्ञः एवमापस्तंबहिरण्यकेशिमतानुसारिणामपिसंधिदिनेएवपितृयज्ञः सचापराह्णेऽधिवृक्षसूर्येवाकार्यः अपराह्णश्चपंचधाविभक्तदिनचतुर्थभागो नवधाविभक्तदिनसप्तमभागोवा सांख्यायनकात्यायनसामगानामन्वाधानदिनेएवपिंडपितृयज्ञः पूर्वमेवोक्तः सचत्रेधाविभक्तदिनतृतीयभागरूपेऽपराह्णेकार्यः गृह्याग्नि

मतांबह्वृचानांदर्शश्राद्धपिंडपितृयज्ञयोरेकस्मिन्दिनेप्राप्तौव्यतिषंगेणानुष्ठानं व्यतिषंगोनामोभयोःसहप्रयोगः खंडपर्वणितुपूर्वेद्युःकेवलदर्शश्राद्धमुत्तरेऽह्निकेवलःपिंडपितृयज्ञः श्रौताग्निमतांतुकेवलःपिंडपितृयज्ञएवदक्षिणाग्नौकार्योनव्यतिषंगेण श्रौताग्निमतांसंपूर्णेदर्शइत्थंक्रमः आदावन्वाधानंततोवैश्वदेवस्ततःपिंडपितृयज्ञस्ततोदर्शश्राद्धमिति अस्मिन्नेवकालेजीवत्पितृकेणसाग्निकेनहोमांतेवापितुःपित्रादित्रयोद्देशेनपिंडसहितोवा पिंडपितृयज्ञः कार्यः ॥ यद्वा पिंडपितृयज्ञोनैवारब्धव्यः इष्टिलोपेपादकृच्छ्रंप्रायश्चित्तं इष्टिद्वयलोपेऽर्धकृच्छ्रं इष्टित्रयलोपे अग्निनाशात्पुनराधानं पिंडपितृयज्ञलोपेवैश्वानरेष्टिःप्रायश्चित्तं इष्टिस्थानेसप्तहोतारंहोष्यामीतिसंकल्प्यतन्मंत्रेणचतुर्गृहीताज्येनपूर्णाहुतिर्वाकार्या ॥ इति पिंडपितृयज्ञनिर्णय उद्देशस्त्रयोविंशः ॥ २३ ॥

હવે પિંડપિતૃયજ્ઞના કાલનો નિર્ણય કહેછે.

જે રાત્રદિવસમાં અમાવાસ્યા અને એકમનો સંધિ હોય તે દિવસના પાંચ ભાગ કરી તેમાંનો ચોથો ભાગ જે અપરાહ્ણકાલ તેમાં આશ્વલાયનોએ પિંડપિતૃયજ્ઞ કરવો. તે પિંડપિતૃયજ્ઞ, અપરાહ્ણસંધિ હોય તો અન્વાધાનને દિવસે થાયછે, અને મધ્યાહ્નસંધિ અથવા પૂર્વાહ્ણસંધિ હોય તો યાગને દિવસે યાગ પછી અપરાહ્ણકાલે થાયછે. જ્યારે દિવસ અને રાત્રિ એના સંધિવખતમાં તિથિનો સંધિ આવે ત્યારે અન્વાધાનને દિવસેજ પિંડપિતૃયજ્ઞ કરવો. એ રીતે આપસ્તંબ, હિરણ્યકેશી એમના મત પ્રમાણે ચાલનારાઓએ પણ સંધિદિવસેજ પિંડપિતૃયજ્ઞ કરવો, અને તે અપરાહ્ણકાલે અથવા બરાબર મધ્યાન્હકાળે કરવો. દિવસના પાંચ ભાગ કરી ચોથો ભાગ તે અપરાહ્ણકાલ, અથવા દિવસના નવ ભાગ કરી સાતમો ભાગ તે અપરાહ્ણકાલ સમજવો. સાંખ્યાયન, કાત્યાયન અને સામવેદી એમણે અન્વાધાનને દિવસેજ પિંડપિતૃયજ્ઞ કરવો એ રીતે પ્રથમજ કહેલું છે. તે દિવસના ત્રણ ભાગ કરી ત્રીજો ભાગ જે અપરાહ્ણકાલ તેમાં કરવો. દર્શશ્રાદ્ધ અને પિંડપિતૃયજ્ઞ એક દિવસે પ્રાપ્ત થાય તો ગૃહ્યાગ્નિ ધારણ કરનારા જે ઋગ્વેદી તેમણે વ્યતિષંગવડે કરવાં. વ્યતિષંગ એટલે બન્ને સાથે કરવાં. પર્વ ખંડ હોય તો પ્રથમ દિવસે કેવલ દર્શશ્રાદ્ધ કરી બીજે દિવસે કેવલ પિંડપિતૃયજ્ઞ કરવો. શ્રૌત્રાગ્નિમાન્ (અગ્નિહોત્રી) હોય તેણે તો પિંડપિતૃયજ્ઞ માત્ર દક્ષિણાગ્નિમાં કરવો, દર્શશ્રાદ્ધની સાથે કરવો નહીં. સંપૂર્ણ અમાવાસ્યા હોય તો શ્રૌતાગ્નિમાન્ હોય તેણે આગળ કહીએ છિયે એ ક્રમવડે કરવાં–પ્રથમ અન્વાધાન, પછી વૈશ્વદેવ, પછી પિંડપિતૃયજ્ઞ, અને ત્યારપછી દર્શશ્રાદ્ધ એમ કરવાં. સાગ્નિક (અગ્નિહોત્રી) જે જીવત્પિતૃક તેણે એજ વખતે અથવા હોમ પછી પિતાના જે પિતા એટલે દાદાથકી ત્રણ તેનો ઉદ્દેશ કરી પિંડસહિત પણ પિંડપિતૃયજ્ઞ કરવો. અથવા પિંડપિતૃયજ્ઞનો આરંભજ કરવો નહીં. ઇષ્ટિનો લોપ થાય તો [1]પાદકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું, બે ઇષ્ટિનો લોપ થાય તો અર્ધકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત, ત્રણ ઇષ્ટિનો લોપ થાય તો અગ્નિનાશ થાયછે, માટે ફરી આધાન (અગ્નિસ્થાપન) કરવું. પિંડપિતૃયજ્ઞનો લોપ થાય તો વૈશ્વાનરેષ્ટિરૂપ પ્રાયશ્ચિત્ત કરવું. અથવા ઇષ્ટિસ્થાનકે "સપ્તહોતારં હોષ્યામિ" એવો સંકલ્પ કરી તે મંત્ર ભણી ચાર વખત લીધેલા ઘીવડે પૂર્ણાહુતિ કરવી. ઇતિ પિંડપિતૃયજ્ઞોદ્દેશસ્ત્રયોવિંશઃ ॥ ૨૩ ॥

अथश्राद्धेऽमावास्यानिर्णीयते ॥ पंचधाविभक्तदिनचतुर्थभागाख्यापराह्णव्यापिन्यमावास्या दर्शश्राद्धेग्राह्या पूर्वेद्युरेवपरेद्युरेववापराह्णेकार्त्स्न्येनैकदेशेनवाव्याप्तित्वेसैवग्राह्या उभयदिनेऽप्यपराह्णवैषम्येणैकदेशव्याप्तित्वेयाधिकव्यापिनीसाग्राह्या दिनद्वयेसाम्येनैकदेशव्याप्तौतिथिक्षयेपूर्वा तिथिवृद्धौ तिथिसाम्येचपरा तत्रसमव्याप्तौतिथिवृद्धिक्षयसाम्योदाहरणानि चतुर्दशी १९ अमा २३ दिनमानं ३० अत्रदिनद्वयेऽपिसमापंचघटिकैकदेशव्याप्तिश्चतुर्दश्यपेक्षयाचतुर्घटिकाभिरमायावृद्धिसत्त्वादुत्तराग्राह्या तथा चतुर्दशी २३ अमा १९ अत्रैकाघटिकासमाव्याप्तिर्घटिकाचतुष्टयेनतिथिक्षयात्पूर्वाग्राह्या अथ चतुर्दशी २१ अमा २१ अत्रघटीत्रयेणदिनद्वयेंशतःसमाव्याप्तिस्तिथेस्तुवृद्धिक्षयाभावेनसमत्वात्परा ग्राह्या दिनद्वयेपूर्णापराह्णव्याप्तौतिथिवृद्धित्वात्पराग्राह्या यदादिनद्वयेप्यपराह्णस्पर्शाभावस्तदागृह्याग्निमद्भिःश्रौताग्निमद्भिश्च सिनीवालीसंज्ञिकाचतुर्दशीमिश्रापूर्वाग्राह्या निरग्निकैःस्त्रीशूद्रादिभिश्चकुहूसंज्ञिकाप्रतिपन्मिश्रापराग्राह्येतिमाधवाचार्यसंमतोदर्शनिर्णयः प्रायःसर्वत्रशिष्टैराद्रियतेपुरुषार्थचिंतामणौ तुबह्वृचैस्तैत्तिरीयैश्चसाग्निकैरपराह्णव्याप्त्यसत्त्वेपीष्टिदिनात्पूर्वदिनेएव दर्शश्राद्धंकार्यं तथाचदिनद्वये कार्त्स्न्येनापराह्णव्याप्तौपरत्रैवदर्शः एकदेशेनापराह्णद्वयव्याप्तौप्रतिपद्वृद्ध्याप्रतिपदीष्ट्युत्तरत्रैवदर्शः द्विती

---

[1] પાદકૃચ્છ્ર ઇત્યાદિક કૃચ્છ્રોનાં સ્વરૂપ આગળ ત્રીજા પરિચ્છેદમાં કહેવાશે.

यदिनेपंचापराह्णव्याप्तौतु यदिप्रतिपत्क्षयवशाद्दर्शदिनएवइष्टिप्राप्तिस्तदाबह्वृचानांसिनीवालीतैत्तिरीयाणांकुहूर्ग्राह्या सामगानांविकल्पेनद्वयं यदा पूर्वदिनेऽपराह्णेऽधिकाव्याप्तिः परदिनेऽल्पातदासामगानांपूर्वातैत्तिरीयाणांउत्तरा उभयत्रापराह्णस्पर्शाभावेऽपिसामगानांपूर्वा तैत्तिरीयाणांपरेत्याद्युक्तं दर्शदर्शश्राद्धवर्षश्राद्धयोर्दर्शमासिकयोर्दर्शश्राद्धोदकुंभश्राद्धयोश्चसंपातेदेवताभेदाच्छ्राद्धद्वयंकार्यं तत्रादौमासिकाब्दिकादिश्राद्धंकृत्वा पाकांतरेणदर्शश्राद्धंकार्यं वैश्वदेवआब्दिकादिश्राद्धशेषेणपृथक्पाकेनवादर्शश्राद्धात्प्राग्भवति आहिताग्निस्तुवैश्वदेवंपिंडपितृयज्ञंचकृत्वाब्दिकंकुर्यात् दर्शश्राद्धमनुपनीतविधुरप्रवासस्थैरपिकार्यं अमाश्राद्धातिक्रमे न्यूपुवाचसितिऋचंशतवारंजपेत् ॥ इति दर्शनिर्णय उद्देशश्चतुर्विंशः ॥२४॥

હવે શ્રાદ્ધવિષે અમાવાસ્યાનો નિર્ણય કહેછે.

દિવસના પાંચ ભાગ કરી ચોથો ભાગ તે અપરાહ્ણકાલ, તે કાલવ્યાપિની અમાવાસ્યા દર્શશ્રાદ્ધમાં લેવી. પ્રથમ દિવસેજ અથવા બીજે દિવસેજ અપરાહ્ણકાલમાં સંપૂર્ણવ્યાપ્તિ કિંવા એકદેશવ્યાપ્તિ હોય તો તેજ લેવી. જો બન્ને દિવસે પણ અપરાહ્ણકાલમાં ઓછી વધતી એકદેશવ્યાપ્તિ હોય તો જે દિવસે અધિકવ્યાપ્તિ હોય તે લેવી. બંને દિવસે સરખી એકદેશવ્યાપ્તિ હોય અને તિથિક્ષય હોય તો પ્રથમની લેવી, તિથિની વૃદ્ધિ હોય અથવા બરોબર તિથિ હોય તો બીજા દિવસની લેવી. બન્ને દિવસે બરોબર વ્યાપ્તિ હોય તો વૃદ્ધિ, ક્ષય અને સમ તિથિ એમના ક્રમવડે દાખલા;—ચૌદશ ૧૯ ઘ૦, અમાવાસ્યા ૨૩ ઘ૦, દિનમાન ૩૦ ઘ૦; આ દાખલામાં બન્ને દિવસે સરખી પાંચ ઘડી એકદેશવ્યાપ્તિ છે અને ચૌદશ કરતાં ચાર ઘડી અમાવાસ્યાની વૃદ્ધિ છે માટે બીજા દિવસની લેવી. ઉદાહરણ;—ચૌદશ ૨૩ ઘ૦, અમાવાસ્યા ૧૯ ઘ૦, આ દાખલામાં એક ઘડી સરખી વ્યાપ્તિ છે અને ચાર ઘડી તિથિનો ક્ષય છે માટે પ્રથમની લેવી. ઉદાહરણ;—ચૌદશ ૨૧ ઘ૦, અમાવાસ્યા ૨૧ ઘ૦, આ ઉદાહરણમાં બન્ને દિવસે ત્રણ ત્રણ ઘડી સરખી વ્યાપ્તિ છે અને તિથિની વૃદ્ધિ અથવા ક્ષય કાંઇ પણ ન હોવાથી તિથિ સમ છે માટે બીજા દિવસની લેવી. બન્ને દિવસે પૂર્ણ અપરાહ્ણકાલવ્યાપ્તિ હોય તો તિથિની વૃદ્ધિ છે માટે બીજા દિવસની લેવી. જો બન્ને દિવસે અપરાહ્ણકાલે ન હોય તો ગૃહ્યાગ્નિમાન્ અને શ્રૌતાગ્નિમાન્ એમણે **સિનીવાલી** નામની, એવી ચૌદશયુક્ત પ્રથમની લેવી. અગ્નિરહિત હોય તેમણે અને સ્ત્રીશૂદ્રાદિકોએ કુહૂ નામની એકમયુક્ત એવી બીજા દિવસની લેવી, એવો માધવાચાર્યે માનેલો દર્શનિર્ણય ઘણું કરી સર્વત્ર શિષ્ટો માનેછે. પુરુષાર્થચિંતામણિમાં તો સાગ્નિક એવા ઋગ્વેદી અને તૈત્તિરીયશાખાવાળા એમણે અપરાહ્ણવ્યાપ્તિ ન હોય તોપણ ઇષ્ટિદિવસથી પ્રથમ દિવસેજ દર્શશ્રાદ્ધ કરવું. બન્ને દિવસે સંપૂર્ણ અપરાહ્ણવ્યાપ્તિ હોય તો બીજે દિવસેજ દર્શશ્રાદ્ધ કરવું. બન્ને દિવસેજ અપરાહ્ણકાલમાં એકદેશવ્યાપ્તિ હોય તો એકમની વૃદ્ધિથી એકમને દિવસે ઇષ્ટિ થયાથી બીજી અમાવાસ્યાને દિવસેજ દર્શશ્રાદ્ધ કરવું. બીજે દિવસેજ અપરાહ્ણવ્યાપ્તિ હોય અને એકમનો ક્ષય થયોછે માટે દર્શને દિવસેજ ઇષ્ટિ પ્રાપ્ત થાય ત્યારે ઋગ્વેદિઓએ **સિનીવાલી** અને તૈત્તિરીયશાખાવાળાઓએ કુહૂ એ પ્રમાણે લેવી. સામવેદિઓએ વિકલ્પથકી બન્ને લેવી. જ્યારે પ્રથમ દિવસે અપરાહ્ણકાલમાં અધિકવ્યાપ્તિ અને બીજે દિવસે અલ્પવ્યાપ્તિ હોય ત્યારે સામવેદિઓએ પ્રથમની લેવી અને તૈત્તિરીયશાખાવાળાઓએ બીજા દિવસની લેવી. બન્ને દિવસે અપરાહ્ણકાલમાં ન હોય તો પણ સામવેદિઓએ પ્રથમની લેવી, અને તૈત્તિરીયશાખાવાળાઓએ બીજા દિવસની લેવી, ઇત્યાદિક[3] કહ્યું છે. અમાવાસ્યાને દિવસે દર્શશ્રાદ્ધ અને વર્ષશ્રાદ્ધ એમ બે આવ્યાં અથવા દર્શ અને માસિક એમ બે આવ્યાં, અથવા દર્શશ્રાદ્ધ અને ઉદકુંભશ્રાદ્ધ એમ બે આવ્યાં હોય તો દેવતાભેદે કરી બન્ને શ્રાદ્ધ કરવાં. તે આ રીતે;—પ્રથમ માસિક અથવા વર્ષશ્રાદ્ધ જે પ્રાપ્ત થયું હોય તે કર્યા પછી બીજા પાકવડે દર્શશ્રાદ્ધ કરવું. વૈશ્વદેવ કરવો તે વર્ષશ્રાદ્ધાદિક કરી જે શ્રાદ્ધશેષ અન્ન હોય તેણે અથવા જુદો પાક (ભાત) કરી તેણે દર્શશ્રાદ્ધથી પ્રથમ કરવો, અગ્નિહોત્રીએ વૈશ્વદેવ અને પિંડપિતૃયજ્ઞ કીધા પછી વર્ષશ્રાદ્ધાદિક કરવું. જેને જનોઇ ન મળી હોય તેણે, જેની સ્ત્રી મરી ગઇ હોય તેણે અને પ્રવાસી એમણે પણ દર્શશ્રાદ્ધ કરવું. ભૂલથી દર્શશ્રાદ્ધનું ઉલ્લંઘન થાય તો "न्यूपुवाचं" એ ઋચાનો સો વાર જપ કરવો. ઇતિ દર્શનિર્ણયોદ્દેશશ્ચતુર્વિંશ: ॥ ૨૪ ॥

---

[1] इदंमतंशोध्यं. [2] कातीयानापिंडपितृयज्ञदिनएवदर्शश्राद्धमितिवक्ष्यते.

[3] કાત્યાયનોએ પિંડપિતૃયજ્ઞને દિવસેજ દર્શશ્રાદ્ધ કરવું ઇત્યાદિક.

इष्टिस्थालीपाकौपौर्णमास्यामारब्धव्यौनतुदर्शे ॥ आधानंगृहप्रवेशनीयहोमानंतरमेव पौर्णमास्यांयदिदर्शपौर्णमासारंभःक्रियते तदामलमासपौषमासगुरुशुक्रास्तादिदोषोनास्ति तत्रातिक्रमे तु शुद्धमासादिप्रतीक्षेत्येके सर्वथाशुद्धकालएवारंभइत्यपरे ॥ इति इष्ट्यादिप्रारंभनिर्णय उद्देशः पंचविंशः ॥ २५ ॥

હવે ઇષ્ટિ અને સ્થાલીપાક એના આરંભનો નિર્ણય કહેછે.

ઇષ્ટિ અને સ્થાલીપાક એનો આરંભ પૂનમને દિવસે કરવો, અમાવાસ્યાનો કરવો નહીં. અગ્નિસ્થાપન અને ગૃહપ્રવેશનીય હોમ થયાપછી તરતજ દર્શ પૌર્ણમાસ સ્થાલીપાકનો આરંભ જો સમીપની પૂનમનો કરવાનો હોય તો તેમાં મલમાસ, પોષમાસ, અને ગુરુશુક્રના અસ્તાદિક એમનો દોષ નથી. તે પૂનમને દિવસે આરંભ ન થયો હોય તો શુદ્ધમાસની વાટ જોવી એમ કેટલાએક ગ્રંથકાર કહેછે. સર્વદા શુદ્ધ કાલમાંજ આરંભ કરવો એમ બીજા ગ્રથકાર કહેછે. ઇતિ ઇષ્ટ્યાદિપ્રારંભનિર્ણયોદ્દેશઃ પંચવિંશઃ ॥ ૨૫ ॥

अथविकृतिकालः ॥ तास्त्रिविधाः नित्याआग्रयणचातुर्मास्याद्याः नैमित्तिकाजातेष्ट्यादयः काम्याःसौर्यादयः एताःपुरुषार्थाः एवंक्रत्वंगभूताअपिद्विविधाः नित्यानैमित्तिकाश्च अत्रविकृतिषुसद्यस्कालत्वद्व्यहकालत्वयोर्विकल्पः एवंपर्वणिशुक्लपक्षगतदेवनक्षत्रेषुवाकर्तव्याइतिविकल्पः तत्रपर्वणिकरणपक्षेअपराह्णादिसंधौसंधिदिनेसद्यस्कालांद्व्यहकालांवाविकृतिंकृत्वाप्रकृतेरन्वाधानं मध्याह्नेपूर्वाह्णेवा संधौसंधिदिनेप्रकृतिंसमाप्यसद्यस्कालैवविकृतिःकार्या कृत्तिकादीनिविशाखांतानिचतुर्दशनक्षत्राणिदेवनक्षत्राणीत्युच्यंते आग्रयणेविशेषोद्वितीयपरिच्छेदेवक्ष्यते अन्वारंभणीयेष्टिश्चतुर्दश्यांकार्या ॥ इति विकृतिसामान्यनिर्णय उद्देशः षड्विंशः ॥ २६ ॥

હવે વિકૃતિનો કાલ કહેછે.

વિકૃતિ ત્રણ પ્રકારની. નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. આગ્રયણ, ચાતુર્માસ્ય ઇત્યાદિક જે વિકૃતિ તે નિત્ય. જાતેષ્ટિ ઇત્યાદિક તે નૈમિત્તિક. સૌરી ઇત્યાદિક તે કામ્ય. આ ત્રણ પ્રકારની વિકૃતિ પુરુષમાટે છે. એ પ્રમાણે યજ્ઞની અંગભૂત જે વિકૃતિ તે પણ બે પ્રકારની—નિત્ય વિકૃતિ, અને નૈમિત્તિક વિકૃતિ. એ વિકૃતિ તત્કાલમાં કરવી, અથવા બે દિવસે કરવી એમાં વિકલ્પ છે. એ પ્રમાણે પર્વદિવસે અથવા શુક્લપક્ષમાં આવેલાં જે દેવનક્ષત્રો તે દિવસે કરવી, એવો વિકલ્પ છે, તેમાં પર્વદિવસે કરવાની હોય તો અપરાહ્ણાદિ સંધિ છતાં સંધિદિવસે તત્કાલ અથવા બે દિવસ જેનો કાલ છે એવી વિકૃતિ કરી પ્રકૃતિનું અન્વાધાન કરવું. મધ્યાહ્ન સંધિ અથવા પૂર્વાહ્ણસંધિ હોય તો સંધિદિવસે પ્રકૃતિ સંપૂર્ણ કરી તત્કાલ એવીજ વિકૃતિ કરવી. કૃત્તિકાથકી વિશાખાલગી જે ચૌદ નક્ષત્ર તે દેવનક્ષત્ર કહેવાયછે. આગ્રયણનો વિશેષ નિર્ણય બીજા પરિચ્છેદમાં કહેવાશે. અન્વારંભણીયા ઇષ્ટિ ચૌદશની કરવી. ઇતિ વિકૃતિસામાન્યનિર્ણયોદ્દેશઃ ષડ્વિંશઃ ॥ ૨૬ ॥

पशुयागस्तु ॥ वर्षर्तौश्रावण्यादिचतुर्णांपर्वणामन्यतमेपर्वणि दक्षिणायनदिनेउत्तरायणदिनेवा कार्यः तत्रखंडपर्वणिविकृतिसामान्योक्तपर्वनिर्णयः ॥ इति पशुयागनिर्णय उद्देशः सप्तविंशः ॥ २७ ॥

હવે પશુયાગનો કાલ કહેછે.

પશુયાગ વર્ષાઋતુમાં શ્રાવણી આદિ જે ચાર પર્વ (પૂનમ તથા અમાવાસ્યા) તેમાંથી કોઇએક પર્વદિવસે, દક્ષિણાયન દિવસે, અથવા ઉત્તરાયણ દિવસે કરવો. તેમાં ખંડિત પર્વ હોય તો વિકૃતિમાટે સામાન્ય કહેલો જે પર્વનિર્ણય તેજ ઇહાં સમજવો. ઇતિ પશુયાગોદ્દેશઃ સપ્તવિંશઃ ॥ ૨૭ ॥

अथचातुर्मास्यकालः ॥ तत्प्रयोगेचत्वारःपक्षाः फाल्गुन्यांचैत्र्यांवापौर्णमास्यांवैश्वदेवपर्वकृत्वा चतुर्थेचतुर्थेमासेआषाढ्यादिष्वेकैकंपर्वेत्येवंयावज्जीवमनुष्ठानमितियावज्जीवपक्षः उक्तरीत्यासंवत्सरपर्यंतमनुष्ठायसवनेष्ट्यापशुयागेनवासोमयागेनवासमापनंसांवत्सरपक्षः प्रथमेऽहनिवैश्वदेवपर्व चतुर्थेवरुणप्रघासपर्व अष्टमनवमयोःसाकमेधपर्व द्वादशेशुनासीरीयपर्वेतिद्वादशाहपक्षः पंचभिर्दिनैःसमाप्तिर्यथाप्रयोगपक्षः द्वादशाहयथाप्रयोगपक्षयोरुदगयनेशुक्लपक्षेदेवनक्षत्रेप्रारंभःशुक्लपक्षएवसमाप्ति

रितियहवः कृष्णपक्षेवासमाप्तिरितिकेचित् द्वादशाहपंचाहपक्षयोरपिसवनेष्ट्यादिनासमापनेकृतेसकृत्करणं तदभावेप्रतिवत्सरमनुष्ठानम् क्वचिदैकाहिकप्रयोगपक्षोप्युक्तः सचचैत्र्यादिषुचतसृषुपौर्णिमासीष्वेकस्यांकस्यांचिद्भवति क्वचित्तुसप्ताहपक्षः सयथा द्व्यहेवैश्वदेवपर्व तृतीयदिनेवरुणप्रघासः चतुर्थे ग्रहमेधीया पंचमेमहाहवींषि षष्ठेपितृयज्ञादिसाकमेधपर्वशेषः सप्तमेशुनासीरीयपर्वेति अत्रशुक्लपक्षादिःपंचाहपक्षोक्तःकालः ॥ इति चातुर्मास्यकालनिर्णय उद्देशोष्टाविंशः ॥ २८ ॥

હવે ચાતુર્માસ્યનો કાલ કહેછે.

ચાતુર્માસ્યના પ્રયોગના ચાર પક્ષ છે. તે આ રીતે;—પ્રથમપક્ષ;—ફાગણની પૂનમ, અથવા ચૈત્રી પૂનમ એ બન્નેમાંથી કોઇ એક પૂનમને દિવસે વૈશ્વદેવ પર્વ કરી ચોથે ચોથે મહિને આષાઢી ઇત્યાદિક પૂનમને દિવસે એક એક પર્વ કરવું એ રીતે જીવે ત્યાંલગી કરે એ યાવજ્જીવપક્ષ. બીજો પક્ષ;—પ્રથમ કહેલી રીતિ પ્રમાણે એક વર્ષ કરી સવનેષ્ટિ, પશુયાગ, અથવા સોમયાગ, એમાંથી કોઇએક કરીને સમાપ્તિ કરવી એ સાંવત્સરપક્ષ. ત્રીજો પક્ષ;—પ્રથમ દિવસે વૈશ્વદેવ પર્વ, ચોથે દિવસે વરુણપ્રઘાસપર્વ, આઠમે અને નવમે દિવસે સાકમેધપર્વ, બારમે દિવસે શુનાસીરીયપર્વ, એ રીતે બાર દિવસનો પક્ષ. ચોથો પક્ષ;—આરંભથી પાંચમે દિવસે સમાપ્તિ કરવી તે યથાપ્રયોગપક્ષ. બાર દિવસના પક્ષનો અને યથાપ્રયોગ પક્ષનો ઉત્તરાયણમધ્યે શુકલપક્ષમાં દેવનક્ષત્ર હોય તે દિવસે આરંભ કરી શુકલપક્ષમાંજ સમાપ્તિ કરવી એ રીતે ઘણા ગ્રંથકારો કહેછે. અથવા કૃષ્ણપક્ષમાં સમાપ્તિ કરવી એમ પણ કેટલાએક કહેછે. બાર દિવસનો પક્ષ અને પાંચ દિવસનો પક્ષ એ બન્ને પક્ષની પણ સવનેષ્ટિ આદિકમાંથી કોઇએકવડે સમાપ્તિ કરી હોય તો એ બન્ને પક્ષો એક વખત કરવા પડેછે. તે રીતે સમાપ્તિ ન કરે તો દરવર્ષે તે પક્ષ કરવા. કોઇ ગ્રંથમાં એક દિવસના પ્રયોગનો પક્ષ પણ કહેલો છે, તે ચૈત્રી આદિ ચાર પૂનમમાંથી કોઇએક પૂનમનો થાયછે. કોઇ ગ્રંથમાં તો સાત દિવસનો પક્ષ કહેલો છે;—તે આ રીતે;—બે દિવસ વૈશ્વદેવ પર્વ, ત્રીજે દિવસે વરુણપ્રઘાસ પર્વ, ચોથે દિવસે ગ્રહમેધીયા, પાંચમે દિવસે મહાહવીંષિ, છઠ્ઠે દિવસે પિતૃયજ્ઞાદિક સાકમેધ પર્વનું શેષ અને સાતમે દિવસે શુનાસીરીય પર્વ, એ સાત દિવસનાં પક્ષમાટે, પાંચ દિવસના પક્ષમાટે કહેલો, શુકલપક્ષાદિક કાલ લેવો. ઇતિ ચાતુર્માસ્યકાલનિર્ણયોદ્દેશ અષ્ટાવિંશઃ ॥ ૨૮ ॥

काम्येष्टीनांविकृतिसामान्यनिर्णयानुसारेणपर्वण्यनुष्ठानम् ॥ शुक्लपक्षस्थदेवनक्षत्रेवा जातेष्टिस्तुपत्न्याविंशतिरात्र्यात्मककर्मानधिकाराख्यजननाशौचनिवृत्तौसत्यांपर्वणिकार्या गृहदाहेष्ट्यादिनैमित्तिकेष्टीनांनिमित्तानंतरमनुष्ठानेपर्वाद्यपेक्षानास्ति तदसंभवेपर्वापेक्षाक्रत्वर्थानांनित्यानांक्रतुनासहैवानुष्ठानम् नतत्रपृथक्कालापेक्षा हविर्दोषोद्देशादिनैमित्तिकक्रत्वर्थेष्टयस्तुस्विष्टकृदुत्तरंसमिष्टयजुषःप्राक्निमित्तस्मरणेतदानीमेवतदीयतंत्रोपजीवनेननिर्वापप्रभृतिकार्याः तदनंतरंस्मरणेतत्प्रयोगंसमाप्यपुनरन्वाधानादिविधिनाकार्याः॥ इति काम्यनैमित्तिकादीष्टीनां निर्णय उद्देश एकोनत्रिंशः ॥२९॥

હવે કામ્યેષ્ટિનો કાલ કહેછે.

કામ્યેષ્ટિ કરવી તે વિકૃતિનો જે સામાન્ય નિર્ણય કહ્યો છે તે પ્રમાણે પર્વ દિવસે કરવી, અથવા શુકલપક્ષમાંનાં દેવનક્ષત્રમાં કરવી. બાળકનો જન્મ થાય એટલે જાતેષ્ટિ કરવી; પણ વીસ દિવસ લગી સ્ત્રીને કર્મવિષે પ્રતિબંધ કરનારૂં જે જનનાશૌચ તે ગયા પછી પર્વદિવસે કરવી. ઘર બળી જાય તો ગૃહદાહેષ્ટિ કરવી એમ કહેલું છે, માટે તેવું નિમિત્ત બનતાંજ ગૃહદાહેષ્ટિ ઇત્યાદિક નૈમિત્તિકેષ્ટિ કરવી હોય તો પર્વાદિકની ગરજ નથી. તે સમયે થઇ ન હોય તો પર્વદિવસે કરવી. યજ્ઞની અંગરૂપ જે નિત્ય ઇષ્ટિ તે યજ્ઞની સાથેજ કરવી, તેમાં જુદા કાલની જરૂર નથી. 'હોમના પદાર્થો દૂષિત થયા' ઇત્યાદિક દોષનાં નિમિત્તથી પ્રાપ્ત થઈ જે યજ્ઞની અંગભૂત ઇષ્ટિઓ તે તો સ્વિષ્ટકૃત્ કર્મ પછી અને સમિષ્ટ નામના મંત્રોચ્ચારથી પ્રથમ દોષ યાદ આવે તો તેજ વખતે તેજ વિધિવડે [1]નિર્વાપાદિક કરવી. પ્રાયશ્ચિત્ત આહુતિ પછી દોષનું સ્મરણ થાય તો તે પ્રયોગ સઘળો સમાપ્ત કરી ફરી અન્વાધાનવિધિવડે કરવી. ઇતિ કામ્યનૈમિત્તિકાદિ ઇષ્ટીનાં નિર્ણયોદ્દેશ એકોનત્રિંશઃ ॥ ૨૯ ॥

---

[1] દેવતાઓનાં નામ લઈ હોમના પદાર્થો દેવતાઓને નિમિત્તે કલ્પવા તે.

आधानंतुपर्वणिनक्षत्रेचोक्तम् ॥ तत्रसंकल्पप्रभृतिपूर्णाहुतिपर्यंतप्रयोगपर्याप्तंपर्वग्राह्यम् तदसंभवेगार्हपत्याधानाद्याहवनीयाधानपर्यंतंविद्यमानंग्राह्यं एवंनक्षत्रस्यापिनिर्णयः दिनद्वयेकर्मकालव्याप्तपर्वसत्त्वेयत्रोक्तनक्षत्रयोगस्तद्ग्राह्यं वसंतऋतुपर्वोक्तनक्षत्रेत्येतत्त्रितयसंनिपातेप्रशस्ततमं ऋत्वभावेमध्यमं केवलेपर्वणिनक्षत्रेवाधमं नक्षत्राणितुकृत्तिकारोहिणीविशाखापूर्वाफल्गुनीउत्तराफल्गुनीमृगोत्तराभाद्रपदेतिसप्ताश्वलायनसूत्रोक्तानि कृत्तिकारोहिणीत्र्युत्तरामृगपुनर्वसुपुष्यपूर्वाफल्गुनीपूर्वाषाढाहस्तचित्राविशाखानुराधाश्रवणज्येष्ठारेवतीतिसूत्रांतरोक्तानि सोमपूर्वाधानेतुनर्तुंपृच्छेन्ननक्षत्रमिति वचनात्सोमकालानुरोधेनैवाधानं नतत्रपृथक्कालविचारः॥ इत्याधानकालनिर्णय उद्देशस्त्रिंशत्तमः ॥३०॥

હવે આધાનનો કાલ કહેછે.

આધાન તો પર્વદિવસે અને ઉક્ત નક્ષત્રોમાં કરવું એમ કહ્યું છે. તેમાં પર્વ લેવું તે સંકલ્પથી આરંભ કરી પૂર્ણાહુતિપર્યંત સઘળો પ્રયોગ તે પર્વમાં સમાપ્ત થાય એટલું હોય તે લેવું. તેટલું ન મળે તો ગાર્હપત્યાધાનથકી આહવનીયાધાન લગી પૂરૂં પડે એટલું હોય તે લેવું. એપ્રમાણે નક્ષત્રનો પણ નિર્ણય જાણવો. સંકલ્પાદિક સંપૂર્ણ કર્મ થઇ શકે એટલું પર્વ બન્ને દિવસે હોય તો જે દિવસે કહેલા નક્ષત્રનો યોગ હોય તે લેવું. વસત ઋતુ, પર્વ, અને ઉક્ત નક્ષત્ર એ ત્રણેનો એક વખતે યોગ આવે તો અતિ ઉત્તમ, પર્વ અને નક્ષત્ર હોય અને ઋતુ ન હોય તો મધ્યમ, એકલું નક્ષત્ર અથવા એકલું પર્વ હોય એ અધમ. નક્ષત્રો—કૃત્તિકા, રોહિણી, વિશાખા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, મૃગશિર, ઉત્તરાભાદ્રપદા, એ સાત નક્ષત્ર આશ્વલાયન સૂત્રમાં કહેલાં છે. કૃત્તિકા, રોહિણી, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા, મૃગ, પુનર્વસુ, પુષ્ય, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, હસ્ત, ચિત્રા, વિશાખા, અનુરાધા, શ્રવણ, જ્યેષ્ઠા, રેવતી, એ સત્તર નક્ષત્રો બીજાં સૂત્રોમાં કહેલાં છે. સોમપૂર્વક આધાન હોય તો "ઋતુ, નક્ષત્ર એનો વિચાર કરવો નહીં" એવાં વચન છે માટે સોમને સમયેજ આધાન કરવું, તેમાં જુદા કાલનો વિચાર કરવો નહીં. ઇતિ આધાનકાલોદ્દેશઃ ત્રિંશત્તમઃ ॥ ૩૦ ॥

अथग्रहणनिर्णयः ॥ चंद्रसूर्यग्रहणंयावच्चाक्षुषदर्शनयोग्यंतावान् पुण्यकालः अतोग्रस्तास्तस्थलेऽस्तोत्तरंद्वीपांतरेग्रहणसत्त्वेपिदर्शनयोग्यत्वाभावान्नपुण्यकालः एवंग्रस्तोदयेउदयात्पूर्वंनपुण्यकालः मेघादिप्रतिबंधेनचाक्षुषदर्शनासंभवेशास्त्रादिनास्पर्शमोक्षकालौज्ञात्वास्नानदानाद्याचरेत् रविवारेसूर्यग्रहश्चंद्रवारेचंद्रग्रहश्चूडामणिसंज्ञस्तत्रदानादिकमनंतफलं ग्रहस्पर्शकालेस्नानंमध्येहोमःसुरार्चनंश्राद्धंच मुच्यमानेदानंमुक्तेस्नानमितिक्रमः तत्र स्नानजलेपुतारतम्यं शीतमुष्णोदकात्पुण्यमपारक्यंपरोदकात् भूमिष्ठमुद्धृतात्पुण्यंततःप्रस्रवणोदकं ततोपिसारसंपुण्यंततःपुण्यंनदीजलं ततस्तीर्थनदीगंगापुण्यापुण्यस्ततोंबुधिरिति ग्रहणेस्नानंचसचैलंकार्यंसचैलत्वंमुक्तिस्नानपरमितिकेचित् मुक्तिस्नानाभावेसूतकित्वानपगमः ग्रहणेस्नानममंत्रकं सुवासिनीभिःस्त्रीभिरशिरःस्नानंकार्यं शिष्टस्त्रियस्तुग्रहणेपुशिरःस्नानं कुर्वंति जाताशौचेमृताशौचेचग्रहणनिमित्तंस्नानदानश्राद्धादिकंकार्यमेव स्नानेनैमित्तिकेप्राप्तेनारीयदिरजस्वला पात्रांतरिततोयेनस्नानंकृत्वाव्रतंचरेत् नवस्त्रपीडनंकुर्यान्नान्यद्वासश्चधारयेत् त्रिरात्रमेकरात्रंवासमुपोष्यग्रहणेस्नानदानाद्यनुष्ठानेमहाफलं एकरात्रपक्षेग्रहणदिनात्पूर्वदिनेउपवासइतिकेचित् ग्रहणसंबंधाहोरात्रउपवासइत्यपरे पुत्रवद्गृहिणोग्रहणसंक्रांत्यादौनोपवासः पुत्रवत्पदेनकन्यावानपिग्राह्यइतिकेचित् ग्रहणेदेवपितृतर्पणंकार्यमितिकेचित् सर्वेषामेववर्णानांसूतकंराहुदर्शने तेनग्रहणकालेस्पृष्टवस्त्रादेःक्षालनादिनाशुद्धिःकार्या अत्रगोभूहिरण्यधान्यादिदानंमहाफलं तपोविद्योभययुक्तंमुख्यंदानपात्रं सत्पात्रेदानात्पुण्यातिशयः सर्वंगंगासमंतोयंसर्वेव्याससमाद्विजाः सर्वंभूमिसमंदानंग्रहणेचंद्रसूर्ययोरित्युक्तिः पुण्यसामान्याभिप्राया अतएव सममब्राह्मणेदानंद्विगुणंब्राह्मणब्रुवे श्रोत्रियेशतसाहस्रंपात्रेत्वानंत्यमश्नुते इतितारतम्यमुक्तम् अब्राह्मणेसंस्कारादिरहितेजातिमात्रब्राह्मणेदानंयथोक्तफलं गर्भाधानादिसंस्कारयुतोवेदाध्ययनाध्यापनरहितोब्राह्मणब्रुवस्तत्रदानमुक्तंद्विगुणफलं वेदाध्ययनादियुतेश्रोत्रियेसहस्रफलं विद्यासदाचरणादियुतेपात्रेऽनंतफलमित्येतद्वाक्यार्थः ग्रहणेश्राद्धमामेनहेम्नावाकार्यं संपन्नश्चेत्पक्वान्नेनकुर्यात् सूर्यग्रहणेतीर्थयात्रांगश्राद्धवद्घृतप्रधानान्नेनश्राद्धंकार्यं ग्रहणेश्राद्धभोक्तुर्महादोषः ग्रहणेतुलादानादिकंसंपन्नेनकार्यं चंद्रसूर्यग्रहेतीर्थेमहापर्वादिकेतथा मंत्रदीक्षांप्रकुर्वाणोमासर्क्षादीन्नशोधयेत् मंत्रदीक्षाप्रकारस्तंत्रेद्रष्टव्यः दीक्षाग्रहणमुपदेशस्याप्युपलक्षणं युगेयुगेतुदीक्षासीदुपदेशःकलौयुगे

चंद्रसूर्यग्रहेतीर्थेसिद्धक्षेत्रेशिवालये मंत्रमात्रप्रकथनमुपदेशःसउच्यते मंत्रग्रहणेसूर्यग्रहणमेवमुख्यं चंद्रग्रहणेदारिद्र्यादिदोषोकेरितिकेचित् चंद्रसूर्योपरागेचस्नात्वापूर्वमुपोषितः स्पर्शादिमोक्षपर्यंतंजपेन्मंत्रंसमाहितः जपाद्दशांशतोहोमस्तथाहोमाच्चतर्पणं होमाशक्तौजपंकुर्याद्धोमसंख्याचतुर्गुणं मूलमंत्रमुच्चार्यतदंतेद्वितीयांतंमंत्रदेवतानामोच्चार्य अमुकांदेवतामहंतर्पयामिनमइतियवादियुक्तजलाञ्जलिभिस्तर्पणंहोमदशांशेनकार्यं एवंनमोंतंमूलमंत्रमुक्त्वाअमुकांदेवतामहमभिषिंचाम्यनेनेत्युच्चार्यजलेनस्वमूर्ध्निअभिषिंचेदितिमार्जनंतर्पणदशांशेनकार्यं मार्जनदशांशेनब्राह्मणभोजनं एवंजपहोमतर्पणमार्जनविप्रभोजनात्मकपंचप्रकारंपुरश्चरणं तर्पणाद्यसंभवेतत्तत्संख्याचतुर्गुणोजपएवकार्यः अयंचग्रहणेपुरश्चरणप्रकारोग्रस्तोदयेग्रस्तास्तेचनसंभवति पुरश्चरणांगोपवासःपुत्रवद्गृहिणापिकार्यः पुरश्चरणकर्तुःस्नानदानादिनैमित्तिककर्मलोपेप्रत्यवायप्रसंगान्नैमित्तिकं स्नानदानादिकंभार्यापुत्रादिप्रतिनिधिद्वाराकार्यम् ॥

હવે ગ્રહણનો નિર્ણય કહેછે.

ચંદ્ર અને સૂર્યનું ગ્રહણ જ્યાંલગી દૃષ્ટિથી દેખાતુ હોય ત્યાંલગી પુણ્યકાલ, માટે ગ્રસ્તાસ્ત સમયે બીજા દ્વીપમાં ગ્રહણ હોય તોપણ દેખાવાને યોગ્ય નથી માટે પુણ્યકાલ નહીં. તેમજ ગ્રસ્તોદય થાય તો ઉદયથી પ્રથમ પુણ્યકાલ નહીં. વાદળાં વગેરે અડચણથી દેખાવાનો સંભવ ન હોય તો શાસ્ત્રાદિકથી સ્પર્શકાલ અને મોક્ષકાલ જાણી સ્નાન દાન આદિ કરવાં. રવિવારે સૂર્યગ્રહણ અને સોમવારે ચંદ્રગ્રહણ હોય તો તે ચૂડામણિ નામનું ગ્રહણ, તેમાં દાનાદિક કીધાથી અનંત ફળ થાયછે, ગ્રહણના સ્પર્શકાલે સ્નાન; મધ્યે હોમ, દેવપૂજા, શ્રાદ્ધ; મુક્ત થતી વખતે દાન; શુદ્ધ મુક્ત થયા પછી સ્નાન, એ રીતે ક્રમ જાણવો. સ્નાનનાં જલમાં ન્હાન મ્હોટાઇ છે. "ગરમ જલ કરતાં ઠંડું જલ પુણ્યકારક, બીજાએ લાવેલા કરતાં જાતે લઇ આવેલું જલ પુણ્યકારક, ઉપર કાઢેલાં કરતાં પૃથ્વીમાં રહેલું એ પુણ્યકારક, તેથી વહેતું જલ પુણ્યકારક, તેથી તલાવનું જલ પુણ્યકારક, તે કરતાં નદીનું જલ ઉત્તમ, તેથી તીર્થનદી ગંગા ઉત્તમ, તેથી સમુદ્ર ઉત્તમ એ રીતે સ્નાન ઉત્તરોત્તર પુણ્યકારક છે." ગ્રહણમાં વસ્ત્રસહિત સ્નાન કરવું. વસ્ત્રસમેત સ્નાન કરવું તે મોક્ષસ્નાન માટે છે એમ કેટલાએક ગ્રંથકારો કહેછે. મુક્તિસ્નાન ન કરે તો સૂતકીપણું જતું નથી. ગ્રહણનું સ્નાન મંત્રરહિત કરવું. સૌભાગ્યવતી સ્ત્રીઓએ મસ્તક ભીંજવ્યાવિના સ્નાન કરવું. શિષ્ટજનોની સ્ત્રીઓ ગ્રહણમાં મસ્તક ભીંજવી સ્નાન કરેછે. પિંડરૂ અને સૂતક એમાં ગ્રહણસંબંધી સ્નાન, દાન, શ્રાદ્ધાદિક અવશ્ય કરવાં. "સ્ત્રી રજસ્વલા (માથે આવી) હોય અને કાંઇ નૈમિત્તિક સ્નાન, પ્રાપ્ત થાય તો પાત્રમાં જલ લઇ તેણેવતી સ્નાન કરી વ્રત કરવું. વસ્ત્ર નીચોવવું નહીં, અને બીજું વસ્ત્ર પહેરવું નહી." ત્રણ રાત્રિ અથવા એક રાત્રિ ઉપવાસ કરી ગ્રહણનું સ્નાન, દાન ઇત્યાદિક કરે તો મ્હોટું ફળ પ્રાપ્ત થાયછે. એક રાત્રિ ઉપવાસ કરવો હોય તો ગ્રહણ દિવસથી પ્રથમ દિવસે ઉપવાસ કરવો, એમ કેટલાએક ગ્રંથકાર કહેછે. ગ્રહણસંબંધી રાત્રિ દિવસનો ઉપવાસ કરવો, એમ બીજા ગ્રંથકારો કહેછે. પુત્રવાન્ ગૃહસ્થે ગ્રહણ, સંક્રાંતિ આદિ દિવસે ઉપવાસ કરવો નહીં. પુત્રવાન્ પદવડે કન્યાવાન્ હોય તેણે પણ ઉપવાસ કરવો નહીં એમ કેટલાએક કહેછે. ગ્રહણમાં દેવ, પિતૃ એમનું તર્પણ કરવું એ રીતે કોઇએક કહેછે. "સર્વ વર્ણોને ગ્રહણનું સૂતક છે" માટે ગ્રહણ સમયે સ્પર્શ કરેલાં વસ્ત્રાદિકની શુદ્ધિ, જલ વગેરેથી ધોવું ઇત્યાદિક કરવી. ગ્રહણમાં ગાય, પૃથિવી, સુવર્ણ, ધાન્ય, ઇત્યાદિક દાન કર્યાથી મ્હોટું ફળ થાયછે. તપશ્ચર્યા અને વિદ્યા એ બન્નેથી યુક્ત જે બ્રાહ્મણ તે મુખ્ય દાનપાત્ર, સત્પાત્રમાં દાન કરવાથી અત્યંત પુણ્ય થાયછે. "ચંદ્રસૂર્યનાં ગ્રહણ સમયે સઘળું જલ ગંગાજલ સમાન, સઘળા બ્રાહ્મણો વ્યાસ સમાન, સઘળું દાન પૃથ્વીદાનની બરાબર" એવું જે વચન તે સામાન્ય પુણ્યના અભિપ્રાય માટે છે. તેથી "અબ્રાહ્મણને દાન દેવું તે જેટલું દાન તેટલું ફલ આપનારૂં છે, બ્રાહ્મણબ્રુવને દાન તે બમણું ફળ આપેછે, શ્રોત્રિયને દાન લક્ષગુણ, સત્પાત્રને દાન દેવાથી અનંત ફળ થાયછે" એ રીતે ન્હાન મ્હોટાઇ કહેલી છે.—જનોઇ વગેરે વેદોક્ત સંસ્કાર જેને નથી અને જાતિથી માત્ર બ્રાહ્મણ તે અબ્રાહ્મણ, તેને દાન કરે તો જેટલું દાન કરે તેટલુંજ કહ્યાપ્રમાણે ફલ મળેછે. ગર્ભાધાન આદિ સંસ્કાર થયેલા હોય, અને વેદપાઠ કરવો, બીજાને વેદ ભણાવવો તેથી જે હીન તે બ્રાહ્મણબ્રુવ, તેને દાન કરે તો બમણું ફલ પ્રાપ્ત થાય. પોતે વેદપાઠ કરે, બીજાને શીખવે તે શ્રોત્રિય, તેને દાન કરે તો સહસ્રગુણ ફલ મળે. વિદ્યા, ઉત્તમ આચાર ઇત્યાદિકે યુક્ત જે તે સત્પાત્ર, તેને દાન કરે તો અનંત ફલ; એ પ્રમાણે

એ વાક્યનો અર્થ જાણવો. ગ્રહણમાં શ્રાદ્ધ કરવું તે આમાન્ન (કાચાં અન્ન) વડે કરવું, અથવા હિરણ્યશ્રાદ્ધ કરવું. સંપત્તિમાન્ હોય તેણે પક્વાન્નવડે કરવું. સૂર્યગ્રહણમાં શ્રાદ્ધ તીર્થયાત્રાના અંગભૂત શ્રાદ્ધપ્રમાણે વિશેષ ઘીસહિત અન્નવડે કરવું. ગ્રહણમાં શ્રાદ્ધભોજન કરવાવાળો મહાદોષી થાયછે. સંપત્તિમાન્ હોય તેણે ગ્રહણમાં તુલાદાનાદિક કરવું. "ચંદ્ર અને સૂર્યનાં ગ્રહણસમયે, તીર્થમાં, મહાપર્વ (કપિલાષષ્ઠી) ઇત્યાદિ સમયે મંત્રદીક્ષા (ઉપદેશ) લેવી હોય તો માસ, નક્ષત્ર આદિ શુદ્ધિની ગરજ નથી." મંત્રદીક્ષા લેવાનો પ્રકાર તંત્રગ્રંથોમાં જોઇ લેવો. દીક્ષા શબ્દથકી ઉપદેશ પણ સમજવો. "પ્રથમના યુગ યુગમાં દીક્ષા થતી અને કલિયુગમાં ઉપદેશ થાયછે." "ચંદ્રસૂર્યનાં ગ્રહણ સમયે, સિદ્ધક્ષેત્ર (હરિદ્વારાદિ), શિવમંદિર ઇત્યાદિ ઠેકાણે મંત્રમાત્ર કહેવો તે ઉપદેશ થાય." મંત્ર લેવામાં સૂર્યગ્રહણજ મુખ્ય છે. ચંદ્રગ્રહણસમયે મંત્રગ્રહણ કરે તો દારિદ્ર્ય ઇત્યાદિ દોષ થાયછે એમ કેટલાએક કહેછે. "ચંદ્રસૂર્યનાં ગ્રહણ સમયે ઉપવાસપૂર્વક સ્નાન કરી સ્પર્શકાલથકી મોક્ષપર્યંત એકાગ્રમનવડે મંત્રનો જપ કરવો. જપનો દશાંશ હોમ કરવો. હોમનો દશાંશ તર્પણ કરવું. હોમ કરવાની શક્તિ ન હોય તો હોમની સંખ્યાથી ચોગુણો જપ કરવો." મૂળમંત્રનો ઉચ્ચાર કરી તેની છેવટે દ્વિતીયા વિભક્ત્યંત મંત્રના દેવતાના નામનો ઉચ્ચાર કરી અમુક દેવતાને હું તર્પણ કરૂં છું એવો ઉચ્ચાર કરી જવ, આદિસહિત જલની અંજલીવડે હોમથી દશાંશ તર્પણ કરવું. એ રીતે અંતમાં નમઃ એ શબ્દસહિત મૂલમંત્ર ઉચ્ચારણ કરી અમુક દેવતાને આ જળવડે હું અભિષેક કરૂંછું, એ પ્રમાણે ઉચ્ચાર કરી તર્પણના જલવડે પોતાનાં મસ્તક માથે અભિષેક કરવો. એ રીતે તર્પણનો દશાંશ માર્જન કરવું. માર્જનનો દશાંશ બ્રાહ્મણભોજન કરાવવું. એ પ્રકારે કરી જપ, હોમ, તર્પણ માર્જન, અને બ્રહ્મભોજન એ પાંચ પ્રકારરૂપ પુરશ્ચરણ થાયછે. તર્પણાદિ કરવાનું સામર્થ્ય ન હોય તો તે તે સંખ્યાથી ચોગુણો જપજ કરવો. આ રીતે મંત્રનું પુરશ્ચરણ કરવું તે ગ્રસ્તોદય અને ગ્રસ્તાસ્ત એ ગ્રહણમાં થઇ શકતું નથી. પુરશ્ચરણસંબંધી ઉપવાસ પુત્રવાન્ ગૃહસ્થે પણ કરવો. પુરશ્ચરણ કરનારને સ્નાન, દાનાદિ નૈમિત્તિક કર્મનો લોપ થાય તો દોષ પ્રાપ્ત થાય માટે નૈમિત્તિક જે સ્નાન, દાનાદિક તે સ્ત્રી, પુત્ર આદિક પ્રતિનિધિવડે કરાવવાં.

अत्रेत्थमितिकर्तव्यता ॥ स्पर्शकालात्पूर्वंस्नात्वा अमुकगोत्रोमुकशर्माहं राहुग्रस्तेदिवाकरेनिशाकरेवा अमुकदेवतायाअमुकमंत्रसिद्धिकामोग्रासादिमुक्तिपर्यंतममुकमंत्रस्यजपरूपंपुरश्चरणंकरिष्ये इतिसंकल्पंकृत्वासनबंधन्यासादिकंचस्पर्शात्पूर्वमेवविधायस्पर्शादिमोक्षपर्यंतंमूलमंत्रजपंकुर्यात् ततः परदिनेस्नानादिनित्यकृत्यंविधाय अमुकमंत्रस्यकृतैतद्ग्रहणकालिकामुकसंख्याकपुरश्चरणजपसांगतार्थंतद्दशांशहोमतद्दशांशतर्पणतद्दशांशमार्जनतद्दशांशब्राह्मणभोजनानिकरिष्येइतिसंकल्प्य होमादिकं तत्तच्चतुर्गुणद्विगुणान्यतरजपंवाकुर्यात् ग्रहणकालेचतत्प्रेरितःपुत्रादिरमुकशर्मणोमुकगोत्रस्यामुकग्रहणस्पर्शस्नानजनितश्रेयःप्राप्त्यर्थंस्पर्शस्नानंकरिष्ये इत्यादिसंकल्पपूर्वकंतदीयस्नानदानादिकंकुर्यात् पुरश्चरणमकुर्वद्भिरपिगुरूपदिष्टस्वस्वेष्टदेवतामंत्रजपोगायत्रीजपश्चावश्यंग्रहणेकार्योन्यथामंत्रमालिन्यं ग्रहणकालेशयनेकृतेरोगोमूत्रेदारिद्र्यंपुरीषेकृमिर्मैथुनेग्रामसूकरोभ्यंगेकुष्ठीभोजनेनरकइति पूर्वपक्वमन्नंग्रहणोत्तरंत्याज्यं एवंग्रहणकालस्थितजलपानेपादकृच्छ्राभिधानाज्जलमपित्याज्यं कांजिकंतक्रंघृततैलपाचितमन्नंक्षीरंचपूर्वसिद्धंग्रहणोत्तरंग्राह्यं घृतेसंधितेगोरसेषुग्रहणकालेकुशांतरायंकुर्यात् ॥

એ વિષયમાં આગળ કહીએ છિએ એ રીતે પુરશ્ચરણનો વિધિ કરવો—સ્પર્શકાલથી પ્રથમ સ્નાન કરી "अमुकगोत्रोऽमुकशर्माहं राहुग्रस्ते दिवाकरे निशाकरे वा अमुकदेवताया अमुकमंत्रसिद्धिकामो ग्रासादिमुक्तिपर्यंतं अमुकमंत्रस्य जपरूपं पुरश्चरणं करिष्ये." એવો સંકલ્પ કરી આસનવિધિ, ન્યાસ ઇત્યાદિક સ્પર્શથકી પ્રથમજ કરી ગ્રહણના સ્પર્શથકી મોક્ષલગી મૂળમંત્રનો જપ કરવો. પછી બીજે દિવસે સ્નાનાદિક નિત્યકર્મ કરી "अमुकमंत्रस्य कृतैतद्ग्रहणकालिकामुकसंख्याकपुरश्चरणजपसांगतार्थं तद्दशांशहोम-तद्दशांशतर्पण-तद्दशांशमार्जन-तद्दशांशब्राह्मणभोजनानि करिष्ये," એવો સંકલ્પ કરી હોમાદિક અથવા તેને બદલે ચોગુણો ચોગુણો જપ અથવા બમણો બમણો જપ કરવો. ગ્રહણસમયે પુરશ્ચરણકર્ત્તાએ પોતાના પુત્રાદિકને પોતાને બદલે સ્નાનાદિક કરવા માટે આજ્ઞા કર્યા પછી પુત્રાદિકે, "अमुकशर्मणोऽमुकगोत्रस्यामुकग्रहणस्पर्शस्नानजनितश्रेयःप्राप्त्यर्थं स्पर्शस्नानं करिष्ये," ઇત્યાદિક સંકલ્પ કરી તેની વતી સ્નાન આદિક કરવાં. જેઓ પુરશ્ચરણ

ન કરે તેમણે પણ ગુરુએ કહેલા મંત્રનો અને પોતાના ઇષ્ટદેવના મંત્રનો જપ અને ગાયત્રીનો જપ ગ્રહણમાં અવશ્ય કરવો. ન કરે તો મંત્રમાં મલિનપણું આવેછે. ગ્રહણ સમયે નિદ્રા કરે તો રોગ, મૂત્ર કરે તો દરિદ્રીપણું, શૌચ (જંગલ) જાય તો કીડો, મૈથુન (સ્ત્રીભોગ) કરે તો ગામનો ડુક્કર, તૈલમર્દન કરે તો કોઢ; ભોજન કરે તો નરક, ઇત્યાદિ દુષ્ટ ફલ થાયછે. પ્રથમ રાંધેલાં અન્ન ઉપરથી ગ્રહણ ગયું તો તે અન્ન ફેંકી દેવું. એ પ્રમાણે ગ્રહણસમયે પાત્રમાં રહેલું જલ પીએ તો પાદકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું છે માટે તે જલ પણ કાઢી નાખવું. કાંજી, છાસ, ઘી, તેલમાં તળેલું (વડાં વગેરે) અન્ન, અને દૂધ એ પ્રથમ તૈયાર કરેલા સઘળા પદાર્થ ગ્રહણ પછી લેવા. ઘી, અથાણું અને ગોરસ એમાં ગ્રહણ સમયે કુશ (દર્ભ) નાખવો.

अथवेधविचारः ॥ सूर्यग्रहेग्रहणप्रहरादर्वाक् यामचतुष्टयंवेधः चंद्रग्रहेतुप्रहरत्रयं तथाच दिनप्रथमप्रहरेसूर्यग्रहेपूर्वरात्रिप्रहरचतुष्टयेनभोक्तव्यं द्वितीयेयामेग्रहणेरात्रिद्वितीययामादौनभोक्तव्यं एवंरात्रिप्रथमप्रहरेचंद्रग्रहेदिनद्वितीययामादौनभुंजीत रात्रिद्वितीययामादौग्रहणेदिनतृतीययामादौनभुंजीत बालवृद्धातुरविषयेतुसार्द्धप्रहरात्मकोमुहूर्तत्रयात्मकोवावेधः शक्तस्यवेधकालेभोजनेत्रिदिनमुपोषणंप्रायश्चित्तं ग्रहणकालेभोजनेप्राजापत्यंप्रायश्चित्तं चंद्रस्यग्रस्तोदयेतुयामचतुष्टयवेधात्तत्पूर्वंदिवानभुंजीत केचित्तुचंद्रपूर्णमंडलग्रासेयामचतुष्टयंवेधएकदेशग्रासेयामत्रयमित्याहुः ग्रस्तास्तेतु ग्रस्तावेवास्तमानंतुरवींदूप्राप्नुतोयदि परेद्युरुदयेस्नात्वाशुद्धोभ्यवहरेन्नरः अत्रस्नात्वाशुद्धइत्युक्त्याशुद्धमंडलदर्शनकालिकस्नानात्पूर्वमशुद्धिप्रतिपादनाज्जलाहरणपाकादिकं शुद्धबिंबोदयकालिकस्नानात्पूर्वं नकार्यमितिभाति सूर्यग्रस्तास्तादौपुत्रवद्गृहिणउपवासनिषेधात्तेनषण्मुहूर्तात्मकंवेधंत्यक्त्वा ग्रहणात्पूर्वंभोक्तव्यमितिकेचित् पुत्रवद्गृहिणामपितत्रोपवासएवकार्यइतिमाधवमतमेवतुशिष्टाचारानुसृतंयुक्तं सूर्यग्रस्तास्तेचंद्रग्रस्तोदयेचाहिताग्निनान्वाधानंविधायजलेनव्रतंकार्यंनतुभोजनं चंद्रग्रस्तास्तेउत्तरदिनेसंध्याहोमादौनदोषः तत्राल्पकालेनशास्त्रतोमुक्तिनिश्चयेमुक्त्यनंतरंस्नात्वाहोमादिकंकर्तव्यं चिरकालेनमुक्तौहोमकालातिक्रमप्रसंगात् ग्रस्तोदयद्वयग्रहणमध्येएवसंध्यांहोमंचकृत्वा शास्त्रतोमुक्तिकालेस्नात्वाब्रह्मयज्ञादिनित्यकर्मकर्तव्यमितिभाति दर्शेग्रहणनिमित्तकश्राद्धेनैवदर्शश्राद्धसंक्रांतिश्राद्धानांप्रसंगसिद्धिर्भवंति ग्रहणदिनेपित्रादेर्वार्षिकश्राद्धप्राप्तौसतिसंभवेऽन्नेनकार्यं ब्राह्मणाद्यलाभेनासंभवेतु आमेनहेम्नावाकार्यम् ॥

હવે ગ્રહણના વેધનો નિર્ણય કહે છે.

સૂર્યગ્રહણમાં જે પોહોરમાં ગ્રહણ થાય તેથી પ્રથમ ચાર પોહોર વેધ. ચંદ્રગ્રહણમાં ગ્રહણના પોહોરથી પ્રથમ ત્રણ પોહોર વેધ. તેથી દિવસના પ્રથમ પોહોરમાં સૂર્યગ્રહણ હોય તો પહેલી રાત્રિના ચાર પોહોરમાં ભોજન કરવું નહીં. બીજા પોહોરમાં ગ્રહણ થાય તો પ્રથમની રાત્રિના બીજા પોહોરથી ભોજન કરવું નહીં. એજ રીતે રાત્રિએ પ્રથમ પોહોરમાં ચંદ્રગ્રહણ થાય તો દિવસના બીજા પોહોરથકી ભોજન કરવું નહીં. રાત્રિના બીજા પોહોરમાં ગ્રહણ થાય તો દિવસના ત્રીજા પોહોરથી ભોજન કરવું નહીં. બાલ, વૃદ્ધ, રોગી એઓમાટે તો દોઢ પોહોર અથવા છ ઘડી વેધ છે. શક્તિમાન્ વેધવખતે ભોજન કરે તો ત્રણ દિવસ ઉપવાસ કરવા એ પ્રાયશ્ચિત્ત. ગ્રહણ સમયે ભોજન કરે તો પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું. ચંદ્રનો ગ્રસ્તઉદય થાય તો ચાર પોહોર વેધ, માટે દિવસે ભોજન કરવું નહીં. કોઇ ગ્રંથકાર ચંદ્રનું પૂર્ણગ્રહણ (ખગ્રાસ) હોય તો ચાર પોહોર વેધ, અને એકદેશ ગ્રાસ (બિંબથી કમતી) હોય તો ત્રણ પોહોર વેધ એમ કહેછે. ગ્રસ્તાસ્ત થાય તો "ગ્રહણ છતાં સૂર્યચંદ્ર અસ્ત થાય તો બીજે દિવસે ઉદય પછી સ્નાન કરી શુદ્ધ થઇ પુરુષે ભોજન કરવું." ઇહાં સ્નાન કરવાથી શુદ્ધ એ વચનવડે, શુદ્ધ મંડલનાં દર્શન સમયે જે સ્નાન તેથી પ્રથમ શુદ્ધિ નથી એમ કહ્યું, માટે જલ લાવવું, રસોઇ કરવી ઇત્યાદિક, શુદ્ધબિંબના ઉદયસમયનાં સ્નાન કરવાથી પ્રથમ કરવાં નહીં એમ ભાસે છે. સૂર્યના ગ્રસ્તાસ્ત આદિક સમયમાં, પુત્રવાન્ ગૃહસ્થને ઉપવાસ કરવાનો નિષેધ કર્યો છે માટે તેણે બાર ઘડી વેધ છોડી ગ્રહણથી પ્રથમ ભોજન કરવું એમ કેટલાએક કહેછે. પુત્રવાન્ ગૃહસ્થે પણ એવાં ગ્રહણ વખતે ઉપવાસજ કરવો, એ માધવાચાર્યનોજ મત શિષ્ટાચારની સાથે મળેછે માટે યોગ્ય છે. સૂર્યગ્રહણ ગ્રસ્તાસ્ત હોય અને ચંદ્રગ્રહણ ગ્રસ્તોદય હોય

---

१ ग्रंथांतरे तृतीयोत्तरार्धे

એ વાક્યનો અર્થ જાણવો. ગ્રહણમાં શ્રાદ્ધ કરવું તે આમાન્ન (કાચાં અન્ન) વડે કરવું, અથવા હિરણ્યશ્રાદ્ધ કરવું. સંપત્તિમાન્ હોય તેણે પકવાન્નવડે કરવું. સૂર્યગ્રહણમાં શ્રાદ્ધ તીર્થયાત્રાના અંગભૂત શ્રાદ્ધપ્રમાણે વિશેષ ઘીસહિત અન્નવડે કરવું. ગ્રહણમાં શ્રાદ્ધભોજન કરવાવાળો મહાદોષી થાયછે. સંપત્તિમાન હોય તેણે ગ્રહણમાં તુલાદાનાદિક કરવું. "ચંદ્ર અને સૂર્યનાં ગ્રહણસમયે, તીર્થમાં, મહાપર્વ (કપિલાષષ્ઠી) ઇત્યાદિ સમયે મંત્રદીક્ષા (ઉપદેશ) લેવી હોય તો માસ, નક્ષત્ર આદિ શુદ્ધિની ગરજ નથી." મંત્રદીક્ષા લેવાનો પ્રકાર તંત્રગ્રંથોમાં જોઇ લેવો. દીક્ષા શબ્દથકી ઉપદેશ પણ સમજવો. "પ્રથમના યુગ યુગમાં દીક્ષા થતી અને કલિયુગમાં ઉપદેશ થાયછે." "ચંદ્રસૂર્યનાં ગ્રહણ સમયે, સિદ્ધક્ષેત્ર (હરિદ્વારાદિ), શિવમંદિર ઇત્યાદિ ઠેકાણે મંત્રમાત્ર કહેવો તે ઉપદેશ થાય." મંત્ર લેવામાં સૂર્યગ્રહણજ મુખ્ય છે. ચંદ્રગ્રહણસમયે મંત્રગ્રહણ કરે તો દારિદ્ર્ય ઇત્યાદિ દોષ થાયછે એમ કેટલાએક કહેછે. "ચંદ્રસૂર્યનાં ગ્રહણ સમયે ઉપવાસપૂર્વક સ્નાન કરી સ્પર્શકાલથકી મોક્ષપર્યંત એકાગ્રમનવડે મંત્રનો જપ કરવો. જપનો દશાંશ હોમ કરવો. હોમનો દશાંશ તર્પણ કરવું. હોમ કરવાની શક્તિ ન હોય તો હોમની સંખ્યાથી ચોગુણો જપ કરવો." મૂળમંત્રનો ઉચ્ચાર કરી તેની છેવટે દ્વિતીયા વિભક્ત્યંત મંત્રના દેવતાના નામનો ઉચ્ચાર કરી અમુક દેવતાને હું તર્પણ કરૂં છું એવો ઉચ્ચાર કરી જવ, આદિસહિત જલની અંજલીવડે હોમથી દશાંશ તર્પણ કરવું. એ રીતે અંતમાં 'નમ' એ શબ્દસહિત મૂલમંત્ર ઉચ્ચારણ કરી અમુક દેવતાને આ 'જળવડે હું અભિષેક કરૂંછું, એ પ્રમાણે ઉચ્ચાર કરી તર્પણના જલવડે પોતાનાં મસ્તક માથે અભિષેક કરવો. એ રીતે તર્પણનો દશાંશ માર્જન કરવું. માર્જનનો દશાંશ બ્રાહ્મણભોજન કરાવવું. એ પ્રકારે કરી જપ, હોમ, તર્પણ માર્જન, અને બ્રહ્મભોજન એ પાંચ પ્રકારરૂપ પુરશ્ચરણ થાયછે. તર્પણાદિ કરવાનું સામર્થ્ય ન હોય તો તે તે સંખ્યાથી ચોગુણો જપજ કરવો. આ રીતે મંત્રનું પુરશ્ચરણ કરવું તે ગ્રસ્તોદય અને ગ્રસ્તાસ્ત એ ગ્રહણમાં થઇ શકતું નથી. પુરશ્ચરણસંબંધી ઉપવાસ પુત્રવાન્ ગૃહસ્થે પણ કરવો. પુરશ્ચરણ કરનારને સ્નાન, દાનાદિ નૈમિત્તિક કર્મનો લોપ થાય તો દોષ પ્રાપ્ત થાય માટે નૈમિત્તિક જે સ્નાન, દાનાદિક તે સ્ત્રી, પુત્ર આદિક પ્રતિનિધિવડે કરાવવાં.

अत्रेत्थमितिकर्तव्यता ॥ स्पर्शकालात्पूर्वंस्नात्वा अमुकगोत्रोमुकशर्माहं राहुग्रस्तेदिवाकरेनिशाकरेवा अमुकदेवतायाअमुकमंत्रसिद्धिकामोग्रासादिमुक्तिपर्यंतममुकमंत्रस्यजपरूपंपुरश्चरणंकरिष्ये इतिसंकल्पंकृत्वासनयंत्रन्यासादिकंचस्पर्शात्पूर्वमेवविधायस्पर्शादिमोक्षपर्यंतंमूलमंत्रजपंकुर्यात् ततः परदिनेस्नानादिनित्यकृत्यंविधाय अमुकमंत्रस्यकृतैतद्ग्रहणकालिकामुकसंख्याकपुरश्चरणजपसांगतार्थंतद्दशांशहोमतद्दशांशतर्पणतद्दशांशमार्जनतद्दशांशब्राह्मणभोजनानिकरिष्येइतिसंकल्प्य होमादिकं तत्तच्चतुर्गुणद्विगुणान्यतरजपंवाकुर्यात् ग्रहणकालेचतत्प्रेरित.पुत्रादिरमुकशर्मणोमुकगोत्रस्यामुकग्रहणस्पर्शस्नानजनितश्रेयःप्राप्त्यर्थंस्पर्शस्नानंकरिष्ये इत्यादिसंकल्पपूर्वकंतदीयस्नानदानादिकंकुर्यात् पुरश्चरणमकुर्वद्भिरपिगुरूपदिष्टस्वस्वेष्टदेवतामंत्रजपोगायत्रीजपश्चावश्यंग्रहणेकार्योन्यथामंत्रमालिन्यं ग्रहणकालेशयनेकृतेरोगोमूत्रेदारिद्र्यंपुरीषेकृमिर्मैथुनेग्रामसूकरोभ्यंगेकुष्ठीभोजनेनरकइति पूर्वपक्वमन्नंग्रहणोत्तरंत्याज्यं एवंग्रहणकालस्थितजलपानेपादकृच्छ्राभिधानाज्जलमपित्याज्यं कांजिकंतक्रंघृततैलपाचितमन्नंक्षीरंचपूर्वसिद्धंग्रहणोत्तरंग्राह्यं घृतेसंधितेगोरसेषुग्रहणकालेकुशांतरायंकुर्यात् ॥

એ વિષયમાં આગળ કહીએ છિએ એ રીતે પુરશ્ચરણનો વિધિ કરવો—સ્પર્શકાલથી પ્રથમ સ્નાન કરી "अमुकगोत्रोऽमुकशर्माहं राहुग्रस्ते दिवाकरे निशाकरे वा अमुकदेवताया अमुकमंत्रसिद्धिकामो ग्रासादिमुक्तिपर्यंतं अमुकमंत्रस्य जपरूपं पुरश्चरणं करिष्ये." એવો સંકલ્પ કરી આસનવિધિ, ન્યાસ ઇત્યાદિક સ્પર્શથકી પ્રથમજ કરી ગ્રહણના સ્પર્શથકી મોક્ષલગી મૂળમંત્રનો જપ કરવો. પછી બીજે દિવસે સ્નાનાદિક નિત્યકર્મ કરી "अमुकमंत्रस्य कृतैतद्ग्रहणकालिकामुकसंख्याकपुरश्चरणजपसांगतार्थं तद्दशांशहोम-तद्दशांशतर्पण-तद्दशांशमार्जन-तद्दशांशब्राह्मणभोजनानि करिष्ये," એવો સંકલ્પ કરી હોમાદિક અથવા તેને બદલે ચોગુણો ચોગુણો જપ અથવા બમણો બમણો જપ કરવો. ગ્રહણસમયે પુરશ્ચરણકર્ત્તાએ પોતાના પુત્રાદિકને પોતાને બદલે સ્નાનાદિક કરવામાટે આજ્ઞા કર્યાં પછી પુત્રાદિકે, "अमुकशर्मणोऽमुकगोत्रस्यामुकग्रहणस्पर्शस्नानजनितश्रेयःप्राप्त्यर्थं स्पर्शस्नानं करिष्ये," ઇત્યાદિક સંકલ્પ કરી તેની વતી સ્નાન આદિક કરવાં. જેઓ પુરશ્ચરણ

ન કરે તેમણે પણ ગુરુએ કહેલા મંત્રનો અને પોતાના ઇષ્ટદેવના મંત્રનો જપ અને ગાયત્રીનો જપ ગ્રહણમાં અવશ્ય કરવો. ન કરે તો મંત્રમાં મલિનપણું આવેછે. ગ્રહણ સમયે નિદ્રા કરે તો રોગ, મૂત્ર કરે તો દરિદ્રીપણું, શૌચ (જંગલ) જાય તો કીડો, મૈથુન (સ્ત્રીભોગ) કરે તો ગામનો ડુક્કર, તૈલમર્દન કરે તો કોઢ; ભોજન કરે તો નરક, ઇત્યાદિ દુષ્ટ ફલ થાયછે. પ્રથમ રાંધેલાં અન્ન ઉપરથી ગ્રહણ ગયું તો તે અન્ન ફેકી દેવું. એ પ્રમાણે ગ્રહણસમયે પાત્રમાં રહેલુ જલ પીએ તો પાદકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યુ છે માટે તે જલ પણ કાઢી નાખવું. કાંજી, છાસ, ઘી, તેલમાં તળેલું (વડાં વગેરે) અન્ન, અને દૂધ એ પ્રથમ તૈયાર કરેલા સઘળા પદાર્થ ગ્રહણ પછી લેવા. ઘી, અથાણુ અને ગોરસ એમાં ગ્રહણ સમયે કુશ (દર્ભ) નાખવો.

अथवेधविचारः ॥ सूर्यग्रहेग्रहणप्रहरादर्वाक् यामचतुष्टयंवेधः चंद्रग्रहेतुप्रहरत्रयं तथाच दिनप्रथमप्रहरेसूर्यग्रहेपूर्वरात्रिप्रहरचतुष्टयेनभोक्तव्यं द्वितीयेयामेग्रहणेरात्रिद्वितीययामादौनभोक्तव्यं एवंरात्रिप्रथमप्रहरेचंद्रग्रहेदिनद्वितीययामादौनभुंजीत रात्रिद्वितीययामादौग्रहणेदिनतृतीययामादौनभुंजीत बालवृद्धातुरविषयेतुसार्द्धप्रहरात्मकोमुहूर्तत्रयात्मकोवावेधः शक्तस्यवेधकालेभोजनेत्रिदिनमुपोषणं प्रायश्चित्तं ग्रहणकालेभोजनेप्राजापत्यंप्रायश्चित्तं चंद्रस्यग्रस्तोदयेतुयामचतुष्टयवेधात्तत्पूर्वदिवानभुंजीत केचित्तुचंद्रपूर्णमंडलग्रासेयामचतुष्टयंवेधएकदेशग्रासेयामत्रयमित्याहुः ग्रस्तास्तेतु ग्रस्ताबेवास्तमानंतुरर्वीदूप्राप्नुतोयदि परेद्युरुदयेस्नात्वाशुद्धोभ्यवहरेन्नरः अनस्नात्वाशुद्धइत्युक्त्याशुद्धमंडलदर्शनकालिकस्नानात्पूर्वमशुद्धिप्रतिपादनाज्जलाहरणपाकादिकं शुद्धबिंबोदयकालिकस्नानात्पूर्वं नकार्यमितिभाति सूर्यग्रस्तास्तादौपुत्रवद्गृहिणउपवासनिषेधात्तेनषण्मुहूर्तात्मकंवेधंत्यक्त्वा ग्रहणात्पूर्वंभोक्तव्यमितिकेचित् पुत्रवद्गृहिणामपितत्रोपवासएवकार्यइतिमाधवमतमेवतुशिष्टाचारानुसृतंयुक्तं सूर्यग्रस्तास्तेचंद्रग्रस्तोदये चाहिताग्निनान्वाधानंविधायजलेनव्रतंकार्यंनतुभोजनं चंद्रग्रस्तास्तेउत्तरदिनेसंध्याहोमादौनदोषः तत्राल्पकालेनशास्त्रतोमुक्तिनिश्चयेमुक्त्यनंतरंस्नात्वाहोमादिकंकर्तव्यं चिरकालेनमुक्तौहोमकालातिक्रमप्रसंगात् ग्रस्तोदयइवग्रहणमध्येएवसंध्यांहोमंचकृत्वा शास्त्रतोमुक्तिकालेस्नात्वाब्रह्मयज्ञादिनित्यकर्मकर्तव्यमितिभाति दर्शेग्रहणनिमित्तकश्राद्धेनैवदर्शश्राद्धसंक्रांतिश्राद्धानांप्रसंगसिद्धिर्भवंति ग्रहणदिनेपित्राद्येर्वार्षिकश्राद्धप्राप्तौसतिसंभवेऽन्नेनकार्यं ब्राह्मणाद्यलाभेनासंभवेतु आमेनहेम्नावाकार्यम् ॥

હવે ગ્રહણના વેધનો નિર્ણય કહે છે.

સૂર્યગ્રહણમાં જે પોહોરમાં ગ્રહણ થાય તેથી પ્રથમ ચાર પોહોર વેધ. ચંદ્રગ્રહણમાં ગ્રહણના પોહોરથી પ્રથમ ત્રણ પોહોર વેધ. તેથી દિવસના પ્રથમ પોહોરમાં સૂર્યગ્રહણ હોય તો પહેલી રાત્રિના ચાર પોહોરમાં ભોજન કરવું નહીં. બીજા પોહોરમાં ગ્રહણ થાય તો પ્રથમની રાત્રિના બીજા પોહોરથી ભોજન કરવું નહીં. એજ રીતે રાત્રિએ પ્રથમ પોહોરમાં ચંદ્રગ્રહણ થાય તો દિવસના બીજા પોહોરથકી ભોજન કરવું નહીં. રાત્રિના બીજા પોહોરમાં ગ્રહણ થાય તો દિવસના ત્રીજા પોહોરથી ભોજન કરવું નહીં. બાલ, વૃદ્ધ, રોગી એઓમાટે તો દોઢ પોહોર અથવા છ ઘડી વેધ છે. શક્તિમાન્ વેધવખતે ભોજન કરે તો ત્રણ દિવસ ઉપવાસ કરવા એ પ્રાયશ્ચિત્ત. ગ્રહણ સમયે ભોજન કરે તો પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું. ચંદ્રનો ગ્રસ્તઉદય થાય તો ચાર પોહોર વેધ, માટે દિવસે ભોજન કરવું નહીં. કોઇ ગ્રંથકાર ચંદ્રનું પૂર્ણગ્રહણ (ખગ્રાસ) હોય તો ચાર પોહોર વેધ, અને એકદેશ ગ્રાસ (બિંબથી કમતી) હોય તો ત્રણ પોહોર વેધ એમ કહેછે. ગ્રસ્તાસ્ત થાય તો "ગ્રહણ છતાં સૂર્યચંદ્ર અસ્ત થાય તો બીજે દિવસે ઉદય પછી સ્નાન કરી શુદ્ધ થઇ પુરુષે ભોજન કરવું." ઇહાં સ્નાન કરવાથી શુદ્ધ એ વચનવડે, શુદ્ધ મંડલનાં દર્શન સમયે જે સ્નાન તેથી પ્રથમ શુદ્ધિ નથી એમ કહ્યું, માટે જલ લાવવું, રસોઇ કરવી ઇત્યાદિક, શુદ્ધબિંબના ઉદયસમયનાં સ્નાન કરવાથી પ્રથમ કરવાં નહીં એમ ભાસે છે. સૂર્યના ગ્રસ્તાસ્ત આદિક સમયમાં, પુત્રવાન્ ગૃહસ્થને ઉપવાસ કરવાનો નિષેધ કહ્યો છે માટે તેણે બાર ઘડી વેધ છોડી ગ્રહણથી પ્રથમ ભોજન કરવું એમ કેટલાએક કહેછે. પુત્રવાન્ ગૃહસ્થે પણ એવાં ગ્રહણ વખતે ઉપવાસજ કરવો, એ માધવાચાર્યનોજ મત શિષ્ટાચારની સાથે મળેછે માટે યોગ્ય છે. સૂર્યગ્રહણ ગ્રસ્તાસ્ત હોય અને ચંદ્રગ્રહણ ગ્રસ્તોદય હોય

---

१ मतांतर तृतीयोत्तरार्धे

ત્યારે અગ્નિહોત્રીએ અન્વાધાન કરી જલવડે વ્રત કરવું, ભોજન કરવું નહીં. ચંદ્રગ્રહણ ગ્રસ્તાસ્ત હોય તો બીજે દિવસે સંધ્યા, હોમ ઇત્યાદિ કરવામાં દોષ નથી. થોડા વખતમાં મોક્ષ થશે એવો શાસ્ત્રથકી મોક્ષનો નિશ્ચય થાય તો મોક્ષપછી સ્નાન કરી હોમાદિક કર્મ કરવાં. વિશેષ વિલંબથી મોક્ષ થવાનો હોય તો હોમકાલનું ઉલ્લંઘન થાય માટે ગ્રસ્તોદયનીપેઠે ગ્રહણની વચમાંજ સંધ્યા અને હોમ કરી શાસ્ત્રપ્રમાણે મોક્ષનો જે કાલ હોય તે સમયે સ્નાન કરી બ્રહ્મયજ્ઞ ઇત્યાદિ નિત્યકર્મ કરવાં, એમ ભાસે છે. અમાવાસ્યાને દિવસે ગ્રહણસંબંધી શ્રાદ્ધ કરવાથીજ દર્શશ્રાદ્ધ અને સંક્રાંતિશ્રાદ્ધ એમની સિદ્ધિ[1] થાયછે. ગ્રહણને દિવસે પિતા ઇત્યાદિકનું વાર્ષિકશ્રાદ્ધ આવે ત્યારે સંભવ હોય તો અન્નવડે કરવું. બ્રાહ્મણાદિક ન મળ્યા ઇત્યાદિ અસંભવ હોય તો આમ (કાચાં) અન્નવડે, અથવા સુવર્ણવડે કરવું.

स्वजन्मराशेस्तृतीयषष्ठैकादशदशमराशिस्थितंग्रहणंशुभप्रदं ॥ द्वितीयसप्तमनवम पंचमस्थानेषुमध्यमं जन्मचतुर्थाष्टमद्वादशराशिस्थितमनिष्टप्रदं यस्य जन्मराशौजन्मनक्षत्रेवा ग्रहणं तस्य विशेषतोऽनिष्टप्रदं तेनगर्गाद्युक्ताशांतिःकार्या अथवाबिंबदानंकार्यं तद्यथा चंद्रग्रहेरजतमयं चंद्रबिंबं सुवर्णमयंनागबिंबंचकृत्वा सूर्यग्रहेसौवर्णंसूर्यबिंबंनागबिंबंचकृत्वाघृतपूर्णताम्रपात्रे कांस्यपात्रे वानिधाय तिलवस्त्रदक्षिणासाहित्यंसंपाद्य मम जन्मराशिजन्मनक्षत्रस्थितामुकग्रहणसूचितसर्वानिष्ट प्रशांतिपूर्वकं एकादशस्थानस्थितग्रहणसूचितशुभफलावाप्तयेबिंबदानंकरिष्येइतिसंकल्प्य सूर्यचंद्रराहुंचध्यात्वानमस्कृत्य तमोमयमहाभीमसोमसूर्यविमर्दन हेमतारप्रदानेनममशांतिप्रदोभव विधुंतुदन मस्तुभ्यंसिंहिकानंदनाच्युत दानेनानेननागस्यरक्षमांवेधजाद्भयादितिमंत्रमुच्चार्य इदंसौवर्णंराहुबिंबं नागंसौवर्णंरविबिंबंराजतंचंद्रबिंबंवा घृतपूर्णकांस्यपात्रनिहितं यथाशक्तितिलवस्त्रदक्षिणासहितं ग्रहण सूचितारिष्टविनाशार्थंशुभफलप्राप्त्यर्थंच तुभ्यमहंसंप्रददे इतिदानवाक्येनपूजितब्राह्मणायदद्यात् एवं चतुर्थाद्यनिष्टस्थानेष्वपिदानंकार्यमितिभाति यस्यजन्मराश्यादिग्रहणंतेनराहुग्रस्तरवींदुबिंबंनावलोकनीयं इतरजनैरपिपटजलादिव्यवधानेनैवग्रस्तबिंबंद्रष्टव्यंनसाक्षात् मंगलकार्येषुपूर्णग्रासेचंद्रग्रहेद्वादश्यादितृतीयांतंदिनसप्तकंवर्ज्यं सूर्यपूर्णग्रासेएकादश्यादिचतुर्थ्यंतदिनानिवर्ज्यानि खंडग्रहणे चतुर्दश्यादि दिनत्रयंवर्ज्यं ज्योतिर्निबंधेषुग्रासपादतारतम्येनदिनाधिक्योनत्वं तारतम्येनयोजितं ग्रस्तास्तेपूर्वंदिनत्रयंवर्ज्यं ग्रस्तोदयेपरंदिनत्रयंवर्ज्यं ग्रहणनक्षत्रंषण्मासंपूर्णग्रासेवर्ज्यं पादादिग्रासेसार्धमासादितारतम्येनयोज्यं पूर्वसंकल्पितस्यद्रव्यस्यग्रहणोत्तरंदानेतद्द्विगुणंदेयंभवति ॥ इति ग्रहणनिर्णय उद्देश एकत्रिंशः ॥ ३१ ॥

હવે ગ્રહણનો શુભાશુભ નિર્ણય કહે છે.

પોતાની જન્મરાશિથકી ત્રીજી, છઠ્ઠી, દશમી, અગીઆરમી, એ રાશિમાં ગ્રહણ થાય તો શ્રેષ્ઠ. બીજે, સાતમે, નવમે, પાંચમે એ સ્થાનકે મધ્યમ હોય. પ્રથમ, ચોથું, આઠમું, બારમું એ સ્થાનકમાં ગ્રહણ થાય તો અશુભ. જેની જન્મરાશિમાં અથવા જન્મનક્ષત્રમાં ગ્રહણ થાય તેને વિશેષે ખરાબ ફળ આપનારૂં થાયછે માટે તેણે ગર્ગાદિકોએ કહેલી શાંતિ કરવી. અથવા બિંબદાન કરવું. તે આ પ્રમાણે;—ચંદ્રગ્રહણમાં રૂપાનું ચંદ્રબિંબ અને સોનાનું નાગબિંબ કરવું. સૂર્યગ્રહણમાં સોનાનું સૂર્યબિંબ, અને નાગબિંબ કરી તે ઘી ભરેલાં ત્રાંબાના અથવા કાંસાના પાત્રમાં મૂકી તિલ, વસ્ત્ર, દક્ષિણા એ સામગ્રી તૈયાર કરી "ममजन्मराशिजन्मनक्षत्रस्थितामुकग्रहणसूचितसर्वानिष्टप्रशांतिपूर्वकं एकादशस्थानस्थितग्रहणसूचितशुभफलावाप्तये बिंबदानं करिष्ये," એવો સંકલ્પ કરી સૂર્ય, ચંદ્ર અને રાહુ એનું ધ્યાન અને નમસ્કાર કર્યા પછી, "तमोमय महाभीम सोमसूर्यविमर्दन ॥ हेमतारप्रदानेन मम शांतिप्रदो भव ॥ विधुंतुद नमस्तुभ्यं सिंहिकानंदनाच्युत ॥ दानेनानेन नागस्य रक्ष मां वेधजाद्भयात्," એ મંત્રોચ્ચાર કરી "इदं सौवर्णराहुबिंबंनागं सौवर्णं रविबिंबं राजतं चंद्रबिंबं वा घृतपूर्णकांस्यपात्रनिहितं यथाशक्ति तिलवस्त्रदक्षिणासहितं ग्रहणसूचितारिष्टविनाशार्थं शुभफलप्राप्त्यर्थंच तुभ्यमहं संप्रददे," આ દાનવાક્યવડે પ્રથમ પૂજા કરેલા બ્રાહ્મણને તેનું દાન કરવું. એજ રીતે ચતુર્થ ઇત્યાદિ અનિષ્ટ સ્થાનકમાં ગ્રહણ હોય તો પણ દાન કરવું, એમ ભાસે છે. જેની જન્મ-

---

[1] ઇહાં બીજા મત છે તે ત્રીજા પરિચ્છેદના ઉત્તરાર્ધના ઉત્તરાર્ધમાં કહેવાશે.

રાશિ, જન્મનક્ષત્ર ઇત્યાદિ સ્થાનકમાં ગ્રહણ હોય તેણે રાહુગ્રસ્ત સૂર્ય ચંદ્રનાં બિંબ જોવાં નહીં. બીજા મનુષ્યોએ પણ વસ્ત્ર જલ ઇત્યાદિ આડ દઇ તેમાંથી ગ્રહણ જોવું; પ્રત્યક્ષ જોવું નહીં. પૂર્ણગ્રાસ ચંદ્રગ્રહણ હોય તો મંગળકાર્યમાં બારસથી ત્રીજ લગી સાત દિવસ છોડી દેવા. પૂર્ણગ્રાસ સૂર્યગ્રહણ હોય તો એકાદશીથી ચોથ લગી (નવ દિવસ) છોડવા. ખંડિત ગ્રહણ હોય તો ચૌદશથી એકમ લગી ત્રણ દિવસ છોડવા. જ્યોતિષના ગ્રંથોમાં, જેમ ગ્રાસમાં ઓછા વધારે ભાગ થાય તે હિસાબે દિવસો પણ ઓછા વધુ વિચાર કરી છોડવા એ રીતે કહ્યું છે. ગ્રસ્તાસ્ત થાય તો પ્રથમના ત્રણ દિવસ છોડવા. ગ્રસ્તોદય હોય તો ગ્રહણ પછીના ત્રણ દિવસ છોડવા. પૂર્ણગ્રાસ હોય તો જે નક્ષત્રમાં ગ્રહણ હોય તે નક્ષત્ર ૭ માસ લગી છોડી દેવું. એક પાદ ગ્રાસ હોય તો દોઢમાસ લગી, બે પાદ ગ્રાસ હોય તો ત્રણ માસ લગી, અને ત્રણ પાદ ગ્રાસ હોય તો સાડાચાર માસ લગી, જે જે રીતિનું હોય તે તે પ્રમાણે છોડી દેવું. પ્રથમ સંકલ્પ કરેલા દ્રવ્યનું ગ્રહણ પછી દાન કરે તો બમણું દેવું જોઇએ. ઇતિ ગ્રહણનિર્ણયોદ્દેશઃ એકત્રિંશઃ ॥ ૩૧ ॥

समुद्रेपौर्णिमामावास्यादिपर्वसुस्नायात् ॥ भृगुभौमदिनेस्नानंवर्जयेत् अश्वत्थसागरौसेव्यौनस्प्रष्टव्यौकदाचन अश्वत्थंमंदवारेचसागरंपर्वणिस्पृशेत् नकालनियमःसेतौसमुद्रस्नानकर्मणि समुद्रस्नानप्रयोगोन्यत्रज्ञेयः ॥ इति धर्मसिंधुसारे समुद्रस्नाननिर्णय उद्देशो द्वात्रिंशत्तमः ॥ ३२ ॥

હવે સમુદ્રસ્નાનનો નિર્ણય કહેછે.

પૂનમ, અમાવાસ્યા ઇત્યાદિ પર્વદિવસે સમુદ્રસ્નાન કરવું. શુક્રવાર અને મંગળવારને દિવસે સમુદ્રસ્નાન કરવું નહીં. "પિપળો અને સમુદ્ર એની સેવા કરવી, તેમને ક્યારે પણ સ્પર્શ કરવો નહીં, શનિવારે પિપળાનો સ્પર્શ કરવો અને પર્વણીને દિવસે સમુદ્રનો સ્પર્શ કરવો. સેતુબંધ રામેશ્વરની સમીપે સેતુવાળા સમુદ્રમાં સ્નાન કરવાવિષે કોઇ પણ કાળનો નિષેધ નથી." સમુદ્રસ્નાનનો પ્રયોગ બીજા ગ્રંથોમાં જોઇ લેવો. ઇતિ ધર્મસિંધુસારે સમુદ્રસ્નાનોદ્દેશઃ દ્વાત્રિંશત્તમઃ ॥ ૩૨ ॥

तिथिविशेषेणनक्षत्रविशेषेवारादौचविधिनिषेधः ॥ सप्तम्यांनस्पृशेत्तैलंनीलवस्त्रंनधारयेत् नचाप्यामलकैःस्नानंनकुर्यात्कलहंनरः सप्तम्यांनैवकुर्वीतताम्रपात्रेणभोजनं नंदातिथिष्वभ्यंगोवर्ज्यः रिक्तासुक्षौरंवर्ज्यं जयासुमांसंशूद्राद्यैर्वर्ज्यं पूर्णासुस्त्रीवर्ज्या रविवारेभ्यंगो भौमवारेक्षौरं बुधेयोषिच्च वर्ज्या चित्राहस्तश्रवणेषुतैलंवर्ज्यं विशाखाप्रतिपत्सुक्षौरंवर्ज्यं मघाकृत्तिकात्र्युत्तरासुस्त्रीनसेव्या तिलभक्षणंतिलतर्पणंचसप्तम्यांन नारिकेलमष्टम्यामलाबुनवम्यांपटोलंदशम्यांनिष्पावमेकादश्यांमसूरंद्वादश्यांवार्ताकंत्रयोदश्यांवर्ज्यं पूर्णिमादर्शसंक्रांतिचतुर्दश्यष्टमीषुच नरश्चंडालयोनौस्यात्तैलस्त्रीमांससेवनात् पूर्णिमादर्शसंक्रांतिद्वादशीषुश्राद्धदिनेचवस्त्रंनपीडयेत् रात्रौमृदंगोमयमुदकंचनाहरेत् गोमूत्रंप्रदोषकालेनगृह्णीयात् अमादिपर्वस्ववश्यंशांत्यर्थंतिलहोमीस्यात् आत्मरक्षणायदानादिकंचकुर्यात् पर्वसुनाधीयीत शौचाचमनब्रह्मचर्यादिसेवीस्यात् प्रतिपद्दर्शषष्ठीनवमीतिथिषुश्राद्धदिनेजन्मदिनेव्रतेचोपवासेचरविवारेमध्याह्नस्नानसमयेचकाष्ठेनदंतधावनंवर्ज्यं अलाभेदंतकाष्ठानांनिषिद्धेपिदिनेतथा अपांद्वादशगंडूषैःपत्रैर्वाशोधयेन्मुखं अत्रसर्वत्रनिषेधेषुतिथ्यादिकंतत्कालव्यापिग्राह्यम् ॥ इति धर्मसिंधुसारे तिथ्यादौ विधिनिषेधसंग्रहनिर्णय उद्देशस्त्रयस्त्रिंशत्तमः ॥ ३३ ॥

હવે અમુક તિથિ, નક્ષત્ર અને વારવિષે કયા કયા પદાર્થ વાપરવા અને વર્જ્ય કરવા તે કહેછે.

તૈલનો સ્પર્શ, કાળાં વસ્ત્ર ધારણ કરવાં, આમળાના જલથી સ્નાન, કલહ (ટંટો), ત્રાંબાના વાસણમાં ભોજન, એ સઘળાં સાતમને દિવસે વર્જ્ય કરવાં. એકમ, છઠ અને એકાદશી, એ દિવસે તૈલમર્દન ન કરવું. ચોથ, નોમ અને ચૌદશને દિવસે વાળ ઉતરાવવા નહીં. ત્રીજ, આઠમ અને તેરસ એ દિવસે શૂદ્રોએ માંસ ખાવું નહીં. પાંચમ, દશમ, અને પૂનમ, એ દિવસે સ્ત્રી વર્જિત કરવી. રવિવાર, મંગળવાર અને બુધવારે ક્રમે કરી તૈલમર્દન, શ્મશ્રુ (વાળ ઉતરાવવા) અને સ્ત્રી વર્જ્ય. ચિત્રા, હસ્ત, શ્રવણ, એ નક્ષત્રે તૈલ વર્જ્ય. વિશાખાનક્ષત્ર, અને એકમને દિવસે શ્મશ્રુ વર્જ્ય. મઘા,

કૃત્તિકા અને ત્રણ ઉત્તરા, એ નક્ષત્રે સ્ત્રી વર્જ્ય. તિલ ખાવા અને તિલવડે તર્પણ એ સાતમને દિવસે વર્જ્ય. આઠમ, નોમ, દશમ, એકાદશી, દ્વાદશી અને તેરસ, એ દિવસે ક્રમે કરી નારિયલ, દૂધિ, પરવલ, નિષ્પાવ (ચોળા, કાળા વાલ, ધોળા વાલ ઇ૰), મસૂર, વાર્ત્તાક (રીંગણાં), એ વર્જ્ય કરવાં. "પૂનમ, અમાવાસ્યા, સંક્રાંતિ, ચોદશ, આઠમ, એ દિવસે તૈલ, સ્ત્રી અને માંસ એ સેવન કરે તો તેને ચાંડાલનો જન્મ થાયછે." પૂનમ, અમાવાસ્યા, સંક્રાંતિ, બારસ અને શ્રાદ્ધનો દિવસ, એ દિવસે વસ્ત્ર નીચોવવું નહીં. માટી, છાણ અને જલ એ રાત્રિએ લાવવાં નહીં. ગોમૂત્ર પ્રદોષસમયે લાવવું નહીં. અમાવાસ્યા આદિ પર્વણીને દિવસે શાંતિમાટે અવશ્ય તિલનો હોમ કરવો, પોતાના રક્ષણમાટે દાન વગેરે કરવું. પર્વણીને દિવસે અધ્યયન કરવું નહીં. શૌચ, આચમન, બ્રહ્મચર્ય, એ સેવન કરવાં. એકમ, અમાવાસ્યા, છઠ, નોમ, શ્રાદ્ધદિવસ, જન્મદિવસ, વ્રતદિવસ, ઉપવાસદિવસ, રવિવાર અને મધ્યાહ્ન સમયે સ્નાન, એટલે વખતે કાષ્ઠવતી દાંત ઘસવા નહીં. "જે દિવસે દાતણ ન મળે તે દિવસે અને નિષિદ્ધદિવસે બાર કોગળા કરી અથવા ઝાડનાં પાનવતી મુખ શુદ્ધ કરવું." આ સઘળા નિષેધમાટે તિથિ નક્ષત્ર ઇત્યાદિ લેવાં તે તત્કાલવ્યાપિ હોય તે લેવાં. ઇતિ ધર્મસિંધુસારે તિથ્યાદૌ વિધિનિષેધસંગ્રહોદ્દેશઃ ત્રયસ્ત્રિંશત્તમઃ ॥ ૩૩ ॥

मीमांसाधर्मशास्त्रज्ञाःसुधियोऽनलसाबुधाः ॥ कृतकार्याःप्राङ्निबंधैस्तदर्थंनायमुद्यमः ॥ १ ॥

ગ્રંથકાર, આ ગ્રંથ કરવાનું પ્રયોજન શું ? તે કહેછે.

મીમાંસા, ધર્મશાસ્ત્ર એના જાણનારા, બુદ્ધિમાન્ અને આલસ્યરહિત, એવા જે પંડિતો તેઓ મ્હોટા વિદ્વાનોએ રચેલા પ્રથમના ગ્રંથો જોઇ તેથીજ કૃતાર્થ થાયછે, એટલે આવેલાં કાર્યો કરેછે, માટે આ ગ્રંથ કરવાનો ઉદ્યોગ તેઓનેમાટે નથી.

येपुनर्मंदमतयोऽलसाअज्ञाश्चनिर्णयं ॥ धर्मेवेदितुमिच्छंतिरचितस्तदपेक्षया ॥ २ ॥
निबंधोयंधर्मसिंधुसारनामासुबोधनः ॥ अमुनाप्रीयतांश्रीमद्विठ्ठलोभक्तवत्सलः ॥ ३ ॥

ત્યારે જે મંદબુદ્ધિવાળાઓ, આળસુ, અને અજ્ઞાની છતાં ધર્મવિષે નિર્ણય જાણવાની ઇચ્છા કરેછે તેમને માટે ધર્મસિંધુસાર નામનો આ સુબોધ ગ્રંથ મે કર્યો છે. એ ગ્રંથવડે ભક્તવત્સલ શ્રીમદ્વિઠ્ઠલ સંતુષ્ટ થાઓ.

सर्वंत्रमूलवचनानीहज्ञेयानितद्विचारश्च ॥ कौस्तुभनिर्णयसिंधुश्रीमाधवकृतनिबंधेभ्यः ॥ ४ ॥

આ ગ્રંથવિષેનાં સઘળાં મૂલવચનો અને તેમનો વિચાર જોવો હોય તો કૌસ્તુભ, નિર્ણયસિંધુ, અને શ્રીમાધવે કરેલો જે નિબંધ તેઓમાંથી જોવો.

प्रेम्णासद्भिर्ग्रंथःसेव्यःशब्दार्थतःसदोषोपि ॥
संशोध्यवापिहरिणासुदाममुनिसतुषपृथुकमुष्टिरिव ॥ ५ ॥

इति श्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे प्रथमपरिच्छेदः समाप्तः ॥

॥ श्रीरामचंद्रार्पणमस्तु ॥

આ મ્હારો ગ્રંથ ક્વચિત્ સ્થલમાં શબ્દથકી અને અર્થથકી જો દોષયુક્ત હોય તોપણ, સુદામા બ્રાહ્મણના પૌંઆ જે ફોતરીયુક્ત હતા તોપણ શ્રીકૃષ્ણે તેમાંની ફોતરીવગેરે ફેંકી સાફ શુદ્ધ કરી સ્વીકાર કર્યા, તે રીતે વિદ્વાનોએ વિચારપૂર્વક શોધન કરી આ ગ્રંથનો સ્વીકાર કરવો. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે પ્રથમપરિચ્છેદઃ સમાપ્તઃ ॥

પ્રથમ પરિચ્છેદ સમાપ્ત.

॥ શ્રીગણેશાય નમઃ ॥

एकरदं द्विरदमुखं, शिवयोरुत्संगसंगतं सरतां ॥
विघ्नविनाशननिरतं, देवं वंदे भवार्त्तिहं भजतां ॥ १ ॥

આ રીતે ગણપતિને નમસ્કારરૂપ મંગલાચરણ કરી ધર્મસિંધુના બીજા પરિચ્છેદના ભાષાંતર કરવાનો આરંભ કરૂંછું.

श्रीपांडुरंगं विबुधांतरंगं नौमींदिरां माधवमंदिरां च ॥
सतामनंतं हितमामनंतं गुरुं गरिष्ठं जननीं वरिष्ठाम् ॥ १ ॥

જ્ઞાનીજનોનાં અંતઃકરણમાં વાસ કરનારા એવા શ્રીપાંડુરંગ, અને માધવ છે નિવાસનું સ્થાન જેનું એવી લક્ષ્મી, .અને સાધુજનોનું હિત કરનારા એવા અનંત નામના ઉત્તમ ગુરુ એટલે પિતા, અને શ્રેષ્ઠ એવી માતા, એ સર્વેને હું નમસ્કાર કરૂંછું.

काशीनाथाभिधेनात्रानंतोपाध्यायसूनुना ॥
सामान्यं निर्णयं प्रोच्य विशेषेण विनिर्णयः ॥ २ ॥

અનંત ઉપાધ્યાયનો પુત્ર હું કાશીનાથ, પ્રથમ પરિચ્છેદમાં તિથિ ઇત્યાદિકોનો સામાન્ય નિર્ણય કહી હવે આ બીજા પરિચ્છેદમાં વિશેષ નિર્ણય કહુંછું.

संगृह्यते धर्मसिंधुसाराख्ये कालगोचरे ॥
ग्रंथे प्रस्फुटबोधाय पुनरुक्तिर्न दूषणम् ॥ ३ ॥

જેમાં કાલનો નિર્ણય કર્યો છે એવા ધર્મસિંધુ નામના આ ગ્રંથમાં કોઈ કોઈ ઠેકાણે સઘળાઓને સ્પષ્ટ બોધ થવામાટે પુનરુક્તિ (એક વખત કહેલ હોય તેજ બીજી વાર કહેવાય તે) આવે તો દોષ છે એમ માનવું નહીં.

प्रथमपरिच्छेदेमासविशेषानपेक्षंसामान्यतस्तिथ्यादिनिर्णयमभिधायास्मिन्द्वितीयपरिच्छेदेचैत्रादिमासविशेषोपादानेन प्रतिपदादितिथिषुविहितसंवत्सरकृत्यनिर्णयसारंसंगृह्णीमः ॥

પ્રથમ પરિચ્છેદમાં, અમુક માસની અમુક તિથિ એ રીતનો વિશેષ નિર્ણય કર્યા વિના સામાન્યપણાથી તિથિ ઇત્યાદિકનો નિર્ણય કહ્યો છે. હવે આ બીજા પરિચ્છેદમાં ચૈત્રાદિક બાર માસમાંની એકમ આદિ તિથિઓમાં કરવાનાં સંપૂર્ણ વર્ષનાં કર્મ અને તેમના નિર્ણયનો સાર એ કહુંછું.

अत्रशुक्लप्रतिपदादिरमांतएवमासःप्रायेणदाक्षिणात्यैराद्रियतेइतितमेवाश्रित्य निर्णयउच्यते ॥ अत्रकिंचित्पूर्वपरिच्छेदोक्तमपिपुनर्विशेषोक्तिभिर्दृढीक्रियतेइतिपुनरुक्तिर्नदोषाय तत्रमेषसंक्रांतौपूर्वाःपराश्चदशदशनाड्यःपुण्यकालः रात्रौत्वर्धरात्रात्प्राक्संक्रमेपूर्वदिनोत्तरार्धंपुण्यम् अर्धरात्रात्परतःसंक्रमेउत्तरदिनस्यपूर्वार्धंपुण्यम् अर्धरात्रेसंक्रमेदिनद्वयंपुण्यम् ॥

દક્ષિણ દેશમાંના લોકો ઘણુંકરી શુદ એકમથી અમાવાસ્યાલગી માસ ગ્રહણ કરેછે માટે તેનોજ આશ્રય કરીને નિર્ણય કહુંછું. આ પરિચ્છેદમાં કોઇએક ઠેકાણે પ્રથમ પરિચ્છેદમાંની બાબતો આવી છે તે તેમનો વિશેષ નિર્ણય કરી પક્કી કરવામાટે લખેલી છે, તેથી પુનરુક્તિરૂપ દોષ છે એમ સમજવું નહીં. મેષ સંક્રાંતિની પ્રથમની દશ ઘડી અને પાછળની દશ ઘડી, મળી વીસ ઘડી પુણ્યકાલ. સંક્રાંતિ, મધ્યરાત્રિથી પ્રથમ થાય તો પૂર્વ દિવસનું ઉત્તરાર્ધ પુણ્યકાલ. મધ્યરાત્રિ પછી સંક્રાંતિ થાય તો બીજા દિવસનું પૂર્વાર્ધ પુણ્યકાલ. બરોબર મધ્યરાત્રિએ સંક્રાંતિ થાય તો પ્રથમનો દિવસ અને બીજો દિવસ એમ બન્ને દિવસ પુણ્યકાલ છે.

अथतिथिनिर्णयः ॥ तत्रचैत्रशुक्लप्रतिपदिवत्सरारंभः तत्रौदयिकीप्रतिपद्ग्राह्या दिनद्वयेउदयव्याप्तौअव्याप्तौवापूर्वा चैत्रस्यमलमासत्वेवत्सरारंभनिमित्तकंतैलाभ्यंगसंकल्पादौनूतनवत्सरनामकीर्तनाद्यारंभंचमलमासप्रतिपद्येवकुर्यात् प्रति गृहंध्वजारोपणंनिंबपत्राशनंवत्सरादिफलश्रवणंनवरात्रारंभोनवरात्रोत्सवादिनिमित्ताभ्यंगादिश्चशुद्धमासप्रतिपदिकार्यः वत्सरारंभनिमित्तकोपितैलाभ्यंगःशुद्धप्रतिपद्येवेतिमयूखेउक्तम् अस्यांतैलाभ्यंगोनित्यः अकरणेप्रत्यवायोक्तेः अस्यामेवप्रतिपदिदेवीनवरात्रारंभः अत्रपरयुतामुहूर्तमात्रापि प्रतिपद्ग्राह्या अत्रमुहूर्तपरिमाणं मुहूर्तमहोरात्रेब्धमोचुःपंचदशांशवमि

त्युक्तंसर्वत्रज्ञेयम् पारणादिविशेषनिर्णयःशारदनवरात्रवद्बोध्यः अत्रैवप्रपादानं तत्रमंत्रः प्रपेयंसर्व सामान्याभूतेभ्यःप्रतिपादिता अस्याःप्रदानात्पितरस्तृप्यंतुहिपितामहाः अनिवार्यंततोदेयंजलंमासचतुष्टयम् प्रपांदातुमशक्तेनप्रत्यहमुदकुंभोद्विजगृहेदेयः तत्रमंत्रः एषधर्मघटोदत्तोब्रह्मविष्णुशिवात्मकः अस्यप्रदानात्सफलाममसंतुमनोरथाः इयमेवप्रतिपत्कल्पादिरपि एवंवैशाखशुक्लतृतीयाफाल्गुनकृष्ण तृतीयाशुक्लाचैत्रपंचमीमाघेत्रयोदशी कार्तिकेसप्तमीमार्गशीर्षेनवमीइत्यपिकल्पादयोबोध्याः आसुश्राद्धात्पितृतृप्तिः चैत्रशुक्लप्रतिपत् मत्स्यजयंतीत्येके चैत्रेदधिक्षीरघृतमधुवर्जनंदंपतीपूजनात्मकंगौरीव्रतं कार्यम् चैत्रशुक्लद्वितीयायांनिशामुखे बालेंदुपूजनाद्यात्मकंचंद्रव्रतं अस्यामेवदमनकेनगौरीशिवपूजनं चैत्रशुक्लतृतीयायांगौरींशिवयुतांसंपूज्यांदोलनव्रतंमासपर्यंतंकार्यं अत्रतृतीयामुहूर्तमात्रापिपराग्राह्याद्वितीयायुक्तानकार्या चतुर्थीयुतायांवैधृत्यादियोगेपिसैवकार्या द्वितीयायोगनिषेधस्यबलवत्त्वात् अस्यामेवतृतीयायांश्रीरामचंद्रस्यदोलोत्सवमारभ्यमासपर्यंतंपूजापूर्वकमांदोलनंकार्यम् एवंदेवतांतराणामपि इयमेवतृतीयामन्वादिरपि अत्रैवसर्वमन्वादिनिर्णयउच्यते तत्रमन्वादयश्चैत्रशुक्लतृतीयापौर्णमासीच ज्येष्ठेपौर्णिमा आषाढस्यशुक्लदशमीपौर्णमासीच श्रावणस्यकृष्णाष्टमी भाद्रपदस्यशुक्लतृतीया आश्विनस्यशुक्लनवमी कार्तिकस्यशुक्लद्वादशीपौर्णमासीच पौषेशुक्लैकादशी माघेशुक्लसप्तमी फाल्गुनस्यपौर्णमास्यमावास्याचेतिचतुर्दशज्ञेयाः एतास्तुमन्वादयः शुक्लपक्षस्याःदैवेपित्र्येकर्मणिपूर्वाह्णव्यापिन्योग्राह्याः पूर्वाह्णोऽत्रद्वेधाविभक्तदिनपूर्वोभागस्तत्रैवश्राद्धादिविधानात् दैवान्मानुषाद्वापरार्धात्पूर्वाह्णेश्राद्धाद्यनुष्ठानासंभवेऽपराह्णव्यापिन्योग्राह्याः दिनपूर्वार्धेऽपराह्णेवाश्राद्धाद्यनुष्ठेयं नतुदिनोत्तरार्धगतमध्याह्नभागेइतितात्पर्यं कृष्णपक्षस्यास्तुदैवेपित्र्येचकर्मणिपंचधाविभक्तदिनचतुर्थभागरूपापराह्णव्यापिन्योग्राह्याः मन्वादिषुपिंडरहितंश्राद्धंकार्यं अत्रश्राद्धैर्द्विसहस्रवर्षंपितृणांतृप्तिः मन्वादिश्राद्धंचनित्यम् एतदकरणे त्वंभुवःप्रतिमानमितिऋङ्मंत्रस्यशतवारंजलेजपःप्रायश्चित्तंकार्यम् एवंषण्णवतिश्राद्धान्यपिनित्यानि तानिच अमा १२ युग ४ मनु १४ क्रांति १२ धृति १२ पात १२ महालयाः १५॥ अष्टका ५ अन्वष्टका ५ पूर्वेद्युः ५ श्राद्धैर्नवतिश्चषट् इति ज्ञेयानि॥

ચૈત્ર શુદ ત્રીજને દિવસે શિવસહિત ગૌરીનું પૂજન કરી આંદોલન (ડોલ) વ્રત એક માસ લગી કરવું. એ વ્રતમાં ત્રીજ મુહૂર્તમાત્ર હોય તો પણ બીજા દિવસની લેવી, બીજયુક્ત લેવી નહીં. ચોથયુક્ત ત્રીજને દિવસે વૈધૃતિ ઇત્યાદિક યોગ હોય તો પણ બીજયુક્ત લેવામાં મ્હોટો નિષેધ છે માટે ચોથયુક્તજ લેવી. એજ ત્રીજને દિવસે શ્રીરામચંદ્રના દોલોત્સવનો આરંભ કરી એક માસ લગી નિત્ય શ્રીરામચંદ્રની પૂજા કરી ડોલમાં બેસાડી ઝુલાવવા. એ પ્રમાણે બીજા દેવતાઓનો પણ ડોલ ઉત્સવ કરવો. એ ત્રીજ મન્વાદિ પણ છે, માટે ઇહાંજ મન્વાદિ તિથિનો નિર્ણય કહેછે. ચૈત્ર શુદ ત્રીજ, ચૈત્ર શુદ પૂનમ, જ્યેષ્ઠ શુદ પૂનમ, આષાઢ શુદ દશમ, અને પૂનમ, શ્રાવણ વદ આઠમ, ભાદરવા શુદ ત્રીજ, આશુ શુદ નોમ, કાર્તિક શુદ બારસ અને પૂનમ, પોષ શુદ એકાદશી, માઘ શુદ સાતમ, ફાગણ શુદ પૂનમ તથા વદ અમાવાસ્યા, એ રીતે ચૌદ તિથિ મન્વાદિ જાણવી. એ મન્વાદિ તિથિ શુક્લપક્ષમાં હોય તે દૈવ અને પિત્ર્ય કર્મમાટે પૂર્વાહ્નકાલવ્યાપિની લેવી. દિવસના બે ભાગ કરી પ્રથમ તે પૂર્વાહ્નકાલ. શ્રાદ્ધાદિક કરવું તે પૂર્વાહ્નકાલમાંજ કરવું એવું વિધાન છે. દેવસંબંધી અથવા મનુષ્યસંબંધી કાંઈ અડચણ આવતાં પૂર્વાહ્નમાં શ્રાદ્ધ બની ન શકે તો અપરાહ્નકાલવ્યાપિની લેવી. દિવસના પૂર્વાર્ધકાલમાં કિંવા અપરાહ્નકાલમાં શ્રાદ્ધાદિક કરવાં. દિવસના ઉત્તર અર્ધના મધ્યાહ્નભાગમાં કરવાં નહીં એ તાત્પર્ય. કૃષ્ણપક્ષમાંની મન્વાદિ તિથિ દૈવ અને પિત્ર્ય કર્મમાટે લેવી હોય તો તે દિવસના પાંચ ભાગ કરી ચોથો ભાગ તે અપરાહ્નકાલ તે કાલમાં વ્યાપિની લેવી. મન્વાદિ તિથિને દિવસે પિંડરહિત શ્રાદ્ધ કરવું. એ તિથિને દિવસે શ્રાદ્ધ કરવાથી પિત્રોને બે હજાર વર્ષલગી તૃપ્તિ થાયછે. મન્વાદિ તિથિને દિવસે શ્રાદ્ધ નિત્ય છે. એ શ્રાદ્ધ ન થાય તો “त्वंभुवः प्रतिमानं.” એ ઋચાનો સો વખત જપ જલમાં ઉભા રહી કરવો, એ પ્રાયશ્ચિત્ત કરવું. એ રીતે છન્નુ (૯૬) શ્રાદ્ધ પણ નિત્ય છે. તે સઘળાં બતાવે છે—અમાવાસ્યાનાં ૧૨, યુગાદિ ૪, મન્વાદિ ૧૪, સંક્રાંતિનાં ૧૨, વૈધૃતનાં ૧૨, ભાદરવા વદ એકમથી અમાવાસ્યાલગી મહાલય ૧૫, અષ્ટકા ૫, અન્વષ્ટકા ૫, પૂર્વેદ્યુ ૫ એ રીતે ૯૬ શ્રાદ્ધ જાણવાં.

अथदशावतारजयंत्यः ॥ चैत्रशुक्लतृतीयायामपराह्नेमत्स्योत्पत्तिः वैशाखपूर्णिमायांसायंकूर्मोत्पत्तिः भाद्रपदशुक्लतृतीयायामपराह्नेवराहोत्पत्तिः वैशाखशुक्लचतुर्दश्यांसायंनारसिंहावतारः भाद्रपदशुक्लद्वादश्यांमध्याह्नेवामनप्रादुर्भावः वैशाखशुक्लतृतीयायांमध्याह्नेपरशुरामोद्भवः प्रदोषेइतिवह्वृचः चैत्रशुक्लनवम्यांमध्याह्नेदाशरथिरामव्यक्तिः श्रावणकृष्णाष्टम्यांनिशीथेश्रीकृष्णाविर्भावः आश्विनशुक्लदशम्यांसायंबुद्धोऽभूत् श्रावणशुक्लषष्ठ्यांसायंकल्किर्जातइति तत्तत्कालव्यापिन्योग्राह्याः अत्रमत्स्यकूर्मवराहबुद्धकल्किनामाषाढादिमासांतराणिएकादश्यादितिथ्यंतराणिप्रातरादिकालांतराणिचवचनांतरानुसारेणोक्तानि कल्पभेदेनव्यवस्थापनीयानि स्वस्वपरिगृहीतपक्षानुसारेणतत्तदुपासकैरुपोष्याणि श्रीरामकृष्णनृसिंहजयंत्यएवनित्याःसर्वैरुपोष्याः चैत्रशुक्लचतुर्थ्यांमध्याह्नव्यापिन्यांलड्डुकादिभिः श्रीगणेशमर्चयित्वादमनकारोपणंकुर्यात् विघ्ननाशंसर्वान्कामान्प्राप्नुयात् चैत्रशुक्लपंचम्यामनंतादिनागान्पूजयित्वाक्षीरसर्पिर्नैवेद्यंदद्यात् अस्यामेवपंचम्यांलक्ष्मीपूजनं अत्रैवचोच्चैःश्रवादिपूजनात्मकंद्वयमतमुक्तं अत्रसर्वत्रपंचमीसामान्यनिर्णयानुसारेणग्राह्या एवमग्रेपि यत्रविशेषनिर्णयोनोच्यतेतत्रप्रथमपरिच्छेदोक्तएवनिर्णयोऽनुसंधेयः षष्ठ्यांस्कंदस्यदमनकारोपणं सप्तम्यांभास्करस्यदमनकपूजा नवम्यांदेव्याः सर्वेदेवानां पूर्णमास्यामित्यन्यत्रविस्तरः चैत्रशुक्लाष्टम्यांभवान्याउत्पत्तिः तत्रनवमीयुताअष्टमीग्राह्या अत्रपुनर्वसुयुताष्टम्यामष्टाशोककलिकाप्राशनं तत्रमंत्रः त्वामशोकनराभीष्टमधुमाससमुद्भव पिबामिशोकसंतप्तोमामशोकंसदाकुर्विति अत्रैवयोगविशेषेकृत्यं पुनर्वसुबुधोपेताचैत्रेमासिसिताष्टमी प्रातस्तुविधिवत्स्नात्वावाजपेयफलंलभेदिति चैत्रशुक्लनवमीरामनवमी चैत्रशुक्लनवम्यांपुनर्वसुयुतायां मध्याह्नेकर्कलग्नेमेषस्थेसूर्येउच्चस्थेग्रहपंचकेश्रीरामजन्मश्रवणात् अस्यांमध्याह्नव्यापिन्यामुपोषणंकार्यम् पूर्वेद्युरेवमध्याह्नेसत्त्वेसैवग्राह्या दिनद्वयेमध्याह्नव्याप्तावव्याप्तौवापरा अष्टमीविद्धायाःनिषेधात् अतःपूर्वेद्युःसकलमध्याह्नव्यापिनीमपित्यक्त्वामध्याह्नैकदेशव्यापिन्यपिपरैवग्राह्या केचित्त्वष्टमीविद्धांमध्याह्नव्यापिनीं पुनर्वसुयुतामपित्यक्त्वापरेद्युस्त्रिमुहूर्तापिनवमीसर्वैरप्युपोष्या यदितुदशम्याह्रासवशेनपारणादिनेस्मार्तानामेकादशीव्रतप्राप्तिस्तदास्मार्तैरष्टमीविद्धोपोष्या वैष्णवैर्मुहूर्तत्रययुतापरैवोपोष्या शुद्धायानवम्या अलाभेमुहूर्तत्रयन्यूनत्वेवासर्वैरपि अष्टमीविद्धैवोपोष्येत्याहुः इदंव्रतंनित्यंकाम्यंच ॥

હવે દશ અવતારોની જયંતીઓ કહેછે.

જે તિથિનો જે અવતાર થયો હોય તેની તે જયંતી, એમ કહેછે. ચૈત્ર શુદ ત્રીજને દિવસે અપરાહ્ણકાલે મત્સ્યાવતાર થયો, માટે ચૈત્ર શુદ ત્રીજ એ મત્સ્યજયંતી, એપ્રમાણે સર્વે જયંતીઓ જાણવી. વૈશાખની પૂનમને દિવસે સાયંકાલે કૂર્માવતાર થયો. ભાદરવા શુદ ત્રીજને દિવસે અપરાહ્ણકાલે વરાહાવતાર થયો. વૈશાખ શુદ ચૌદશને દિવસે સાયંકાલે નૃસિંહાવતાર થયો. ભાદરવા શુદ બારસને દિવસે મધ્યાહ્ને વામનાવતાર થયો. વૈશાખ શુદ ત્રીજને દિવસે મધ્યાહ્નકાલે પરશુરામાવતાર થયો, પ્રદોષ કાલે થયો એમ ઘણા ગ્રંથકારો કહેછે. ચૈત્ર શુદ નોમને દિવસે મધ્યાહ્નકાલે દશરથપુત્ર રામચંદ્રનો અવતાર થયો. શ્રાવણ વદ આઠમને દિવસે મધ્યરાત્રિએ શ્રીકૃષ્ણાવતાર થયો. આશુ શુદ દશમને દિવસે સાયંકાલે બુદ્ધાવતાર થયો. શ્રાવણ શુદ છઠને દિવસે સાયંકાલે કલ્કીનો અવતાર થયો. એ રીતે જે જે કાલમાં જે જે અવતાર થયા હોય તે તે કાલમાં વ્યાપ્તિ જોઇ જયંતીનો નિર્ણય કરવો. એમાં મત્સ્ય, કૂર્મ, વરાહ, બુદ્ધ, કલ્કી એ અવતારોમાટે આષાઢ આદિ બીજા માસ, એકાદશી આદિ બીજી તિથિઓ, અને પ્રાતઃકાલાદિક બીજા કાલ બીજાં વચનોનાં પ્રમાણવડે કહેલા છે, તેમની કલ્પભેદેકરી વ્યવસ્થા કરવી. જેમણે જે પક્ષ માન્યો હોય તે તે ભક્તોએ તેની અનુસારે તે તે દિવસે ઉપવાસ કરવો. આ જયંતીઓમાં શ્રીરામજયંતી, કૃષ્ણજયંતી, અને નૃસિંહજયંતી એજ નિત્ય છે, માટે સઘળાઓએ ઉપવાસ કરવો. મધ્યાહ્નકાલવ્યાપિની ચૈત્ર શુદ ચોથને દિવસે લાડુ ઇત્યાદિવડે ગણપતિની પૂજા કરી દવણો રોપવો, તેથી વિઘ્નોનો નાશ થઇ સર્વ મનોરથ પ્રાપ્ત થાય છે. ચૈત્ર શુદ પાંચમને દિવસે અનંતાદિક નાગદેવતાઓની પૂજા કરી દૂધ, ઘીનું નૈવેદ્ય અર્પણ કરવું.' એજ પાંચમને. દિવસે લક્ષ્મીની પૂજા કરવી. એજ દિવસે ઉચ્ચૈઃશ્રવા (સમુદ્રમંથન સમયે ઉત્પન્ન થયેલો ઘોડો) ઇત્યાદિકની પૂજારૂપ હયવ્રત કરવું. એ સઘળાં વ્રતોમાટે પાંચમ, સામાન્ય નિર્ણય કહ્યાપ્રમાણે લેવી, અને આગળ પણ એમજ સમજવું. જયહાં વિશેષ નિર્ણય કહ્યો નથી ત્યહાં પ્રથમ પરિચ્છેદમાં કહેલો નિર્ણયજ લેવો. છઠને દિવસે કાર્તિકસ્વામીને દવણો અર્પણ કરવો. સાતમને દિવસે સૂર્યને, નોમને દિવસે દેવીને, પૂનમને દિવસે સર્વે દેવતાઓને દવણો અર્પણ કરવો, એ રીતે બીજા ગ્રંથોમાં વિસ્તાર કહ્યો છે. ચૈત્ર શુદ આઠમને દિવસે ભવાનીનો અવતાર થયો, તે માટે આઠમ, નોમયુક્ત હોય તે લેવી. એ આઠમને દિવસે પુનર્વસુ નક્ષત્ર હોય તો આશુપાલવનાં ઝાડની આઠ કળી ભક્ષણ કરવી. તે ભક્ષણનો મંત્ર—"त्वामशोक नराभीष्ट, मधुमाससमुद्भव ॥ पिबामि शोकसंतप्तो, मामशोकं सदा कुरु ॥" એજ દિવસે યોગવિશેષ છતાં કરવાનું. "ચૈત્ર માસ, શુદ આઠમ, પુનર્વસુ નક્ષત્ર, બુધવાર, એવો યોગ હોય તો પ્રાતઃકાલે સ્નાન કરવાથી વાજપેય યજ્ઞનું ફળ મળે છે." ચૈત્ર શુદ નોમ તે રામનવમી. ચૈત્ર શુદ નવમીને દિવસે પુનર્વસુ નક્ષત્ર, મધ્યાહ્ન સમય, કર્ક લગ્ન, મેષના સૂર્ય, ઉચ્ચના પાંચ ગ્રહ એવો યોગ છતાં શ્રીરામનો જન્મ થયો. એ દિવસે ઉપવાસ કરવો તે મધ્યાહ્નવ્યાપિની નોમને દિવસે કરવો. પૂર્વે દિવસેજ મધ્યાહ્નવ્યાપ્તિ હોય તો તેજ લેવી. બન્ને દિવસે મધ્યાહ્નવ્યાપ્તિ હોય અથવા બન્ને દિવસે મધ્યાહ્નવ્યાપ્તિ ન હોય તો, 'અષ્ટમી વિદ્ધા લેવી નહીં,' એવો નિષેધ છે માટે બીજા દિવસની લેવી. જો પ્રથમ દિવસે પૂર્ણ મધ્યાહ્નવ્યાપ્તિ હોય તો પણ તે છોડી બીજે દિવસે મધ્યાહ્નકાલમાં એકદેશવ્યાપ્તિ હોય તો તે લેવી. કોઇ ગ્રંથકાર, આઠમવડે વેધયુક્ત છતી મધ્યાહ્નકાલવ્યાપિની અને પુનર્વસુ નક્ષત્રવડે યુક્ત હોય તો પણ તે છોડી બીજે દિવસે છ-ઘડી નોમ હોય તોજ સઘળાઓએ ઉપવાસ માટે લેવી, અને જો દશમનો ક્ષય થતાં પારણાને દિવસે સ્માર્ત્તોને એકાદશી વ્રત પ્રાપ્ત થાય તો સ્માર્ત્તો અષ્ટમીવિદ્ધા નોમ ઉપવાસમાટે લેવી. વૈષ્ણવોએ છ ઘડીયુક્ત એવી બીજા દિવસનીજ ઉપવાસ માટે લેવી. શુદ્ધ નોમ ન મળે અથવા બીજે દિવસે છ ઘડીથી ઓછી નોમ હોય તો સઘળાઓએ અષ્ટમીવિદ્ધા હોય તેજ ઉપવાસમાટે લેવી, એમ કહેછે. એ નવમીનું વ્રત નિત્ય અને કામ્ય એ રીતે બે પ્રકારનું છે.

अथव्रतप्रयोगः ॥ अष्टम्यामाचार्यंसंपूज्य श्रीरामप्रतिमादानंकरिष्येऽहंद्विजोत्तम तत्राचार्योभवप्रीतःश्रीरामोसित्वमेवमे इतिप्रार्थ्य नवम्याअंगभूतेनएकभक्तेनराघव इक्ष्वाकुवंशतिलकप्रीतोभवभवप्रियेत्येकभक्तंसंकल्प्यसाचार्योहविष्यंभुंजीत पूजामंडपंतत्रवेदिंचकृत्वानवम्यांप्रातः उपोष्यनवमींत्वद्ययामेष्वष्टसुराघव तेनप्रीतोभवत्वंमेसंसारात्त्राहिमांहरे इत्युपोषणंसंकल्प्य इमांस्वर्णमयींरामप्रतिमां

त्वांप्रयत्नतः श्रीरामप्रीतयेदास्येरामभक्तायधीमते इतिप्रतिमादानंसंकल्पयेत् श्रीरामनवमीव्रतांगभूतांषोडशोपचारैःश्रीरामपूजांकरिष्ये इतिसंकल्प्य वेदिकायांसर्वतोभद्रेकलशंसंस्थाप्यतत्रपूर्णपात्रेसवस्त्रेग्न्युत्तारणादिविधिनाप्रतिमायांश्रीरामंप्रतिष्ठाप्य पुरुषसूक्तेनषोडशोपचारैःसंपूज्यपुष्पपूजांते रामस्यजननीचासिरामात्मकमिदंजगत् अतस्त्वांपूजयिष्यामिलोकमातर्नमोस्तुते इतिकौसल्यांसंपूज्य ॐनमोदशरथायेतिदशरथंसंपूज्य सर्वपूजांसमाप्यमध्याह्नेफलपुष्पजलादिपूर्णेनशंखेनार्घ्यंदद्यात् तत्र मंत्रः दशाननवधार्थायधर्मसंस्थापनायच दानवानांविनाशायदैत्यानांनिधनायच परित्राणायसाधूनांजातोरामःस्वयंहरिः गृहाणार्घ्यंमयादत्तंभ्रातृभिःसहितोनघेति रात्रौजागरणंकृत्वाप्रातर्नित्यपूजांविधायमूलमंत्रेणपायसाष्टोत्तरशताहुतीर्हुत्वापूजांविसृज्याचार्यायप्रतिमांदद्यात् इमांस्वर्णमयींरामप्रतिमांसमलंकृतां शुचिवस्त्रयुगच्छन्नांरामोऽहंराघवायते श्रीरामप्रीतयेदास्येतुष्टोभवतुराघव इतिमंत्रः तवप्रसादंस्वीकृत्यक्रियतेपारणामया व्रतेनानेनसंतुष्टःस्वामिन्भक्तिंप्रयच्छमे इतिप्रार्थ्य नवम्यंतेपारणांकुर्यात् इदंव्रतंमलमासेनकार्यं एवंजन्माष्टम्यादिव्रतमपिनकार्यं अस्यामेवनवम्यांदेवीनवरात्रसमाप्तिःकार्या एतन्निर्णय आश्विननवरात्रनवमीवत् ॥

હવે નવમીવ્રતનો પ્રયોગ (કરવાની રીત) કહેછે.

આઠમને દિવસે પોતાના આચાર્યની પૂજા કરી—"श्रीरामप्रतिमादानं, करिष्येऽहं द्विजोत्तम ॥ तत्राचार्यो भव प्रीतः, श्रीरामोसि त्वमेव मे," એ મંત્રવડે તેની પ્રાર્થના કરી, "नवम्या अंगभूतेन, एकभक्तेन राघव ॥ इक्ष्वाकुवंशतिलक, प्रीतोभव भवप्रिय," એ મંત્રવડે એકભક્તનો સંકલ્પ કરી ઉપાધ્યાયસહિત હવિષ્યાન્નભોજન કરવું, પછી પૂજાસારૂ મંડપ અને તેની વચમાં વેદી (ચોક) કરી નોમને દિવસે પ્રાતઃકાલમાં, "उपोष्य नवमींत्वद्य, यामेष्वष्टसु राघव ॥ तेन प्रीतो भव त्वं मे, संसारात् त्राहि मां हरे," આ મંત્રવડે ઉપવાસનો સંકલ્પ કીધા પછી, "इमां स्वर्णमयीं रामप्रतिमां त्वां प्रयत्नतः ॥ श्रीरामप्रीतये दास्ये, रामभक्ताय धीमते," આ મંત્ર ભણી પ્રતિમાદાનનો સંકલ્પ કરવો, પછી, "श्रीरामनवमीव्रतांगभूतां, षोडशोपचारैः श्रीरामपूजांकरिष्ये," એ રીતે સંકલ્પ કરી વેદી ઉપર સર્વતોભદ્ર મંડલ કરી તે મંડલ ઉપર કલશની સ્થાપના કીધા પછી તે કલશ ઉપર પૂર્ણપાત્ર રાખી તે ઉપર વસ્ત્ર ઢાંકી દેવું, પછી તે પૂર્ણપાત્રમાં અગ્ન્યુત્તારણાદિ વિધિવડે પ્રતિમાવિષે શ્રીરામની સ્થાપના કરી પુરુષસૂક્તની સોળ ઋચાવતી પૂજા કરી પુષ્પાંજલિ થયા પછી, "रामस्य जननीचासि, रामात्मकमिदं जगत् ॥ अतस्त्वां पूजयिष्यामि, लोकमातर्नमोस्तुते," આ મંત્રવડે કૌશલ્યાનું પૂજન કરી "ॐनमो दशरथाय," એ મંત્રે કરી દશરથની પૂજા કરવી. સઘળી પૂજા સમાપ્ત થયા પછી મધ્યાહ્નકાલે ફળ, ફૂલ, જળ ઇત્યાદિકથી ભરેલા શંખવડે અર્ઘ્ય દેવો. તેનો મત્ર—"दशाननवधार्थाय, धर्मसंस्थापनायच ॥ दानवानांविनाशाय, दैत्यानां निधनायच ॥ परित्राणाय साधूनां, जातो रामः स्वयं हरिः ॥ गृहाणार्घ्यं मया दत्तं, भ्रातृभिः सहितोऽनघ," એ પ્રમાણે અર્ઘ્ય દેવો. રાત્રિએ જાગરણ કરી પ્રાતઃકાલમાં નિત્યપૂજા કરી પછી મૂળમંત્રવડે પાયસ (દૂધપાક) ની અષ્ટોત્તરશત (૧૦૮) આહુતિ હોમ કરી પૂજાનું વિસર્જન કરવું, અને આચાર્યને પ્રતિમાનું દાન કરવું. દાનનો મંત્ર—"इमां स्वर्णमयीं रामप्रतिमां समलंकृतां ॥ शुचिवस्त्रयुगच्छन्नां, रामोऽहं राघवाय ते ॥ श्रीरामप्रीतये दास्ये, तुष्टो भवतु राघवः" એ રીતે દાન કરી પ્રાર્થના કરવી. પ્રાર્થનાનો મંત્ર—"तव प्रसादं स्वीकृत्य, क्रियते पारणा मया ॥ व्रतेनानेन संतुष्टः, स्वामिन् भक्तिं प्रयच्छ मे" એ રીતે પ્રાર્થના કરી નવમીને અંતે પારણા કરવી. આ વ્રત મલમાસમાં કરવું નહીં. એ પ્રમાણે જન્માષ્ટમી આદિ વ્રત પણ મલમાસમાં કરવાં નહીં. એજ નવમીને દિવસે દેવીનવરાત્રીની સમાપ્તિ કરવી, તે સમાપ્તિનો નિર્ણય આશુમાસની નવરાત્રીસંબંધી નવમી પ્રમાણે જાણવો.

चैत्रशुक्लैकादश्यांश्रीकृष्णस्यांदोलनोत्सवः ॥ दोलारूढंप्रपश्यंतिकृष्णंकलिमलापहं अपराधसहस्रैस्तुमुक्तास्तेधूननेकृते तावत्तिष्ठंतिपापानिजन्मकोटिकृतान्यपि क्रीडंतेविष्णुनासार्धंवैकुंठं देवपूजिता इत्यादिकस्तन्महिमा चैत्रशुक्लद्वादश्यांविष्णोर्दमनोत्सवः सचपारणाहे पारणाहेनलभ्येतद्वादशीघटिकापिचेत् तदात्रयोदशीग्राह्यापवित्रदमनार्पणे इत्युक्तेः शिवस्यतुचतुर्दश्यांकार्यः ॥

ચૈત્ર શુદ એકાદશીને દિવસે શ્રીકૃષ્ણનો ડોલ ઉત્સવ કરવો. "કલિયુગના મળને નાશ કરનારા જે શ્રીકૃષ્ણ તેને ડોલ ઉપર બિરાજમાન જેઓ જુવે છે તેઓ હજારો અપરાધથી મુક્ત થાયછે, ઝુલા-

વવાથી કોટિ જન્મોનાં પાપ દૂર થાયછે અને તેઓ વૈકુંઠનેવિષે દેવતાઓને પૂજ્ય થઇ વિષ્ણુસાથે ક્રીડા કરેછે." એ ડોલ ઉત્સવનો મહિમા છે. ચૈત્ર શુદ બારસને દિવસે વિષ્ણુનો દમન ઉત્સવ કરવો તે પારણાને દિવસે કરવો. "પારણાને દિવસે એક ઘડી પણ બારસ ન મળે તો, પવિત્રાં ધરાવવાં અને દવણો ધરાવવો એમાટે તેરસ લેવી," એવાં વચન છે તેથી તે ઉત્સવ પારણાને દિવસે કરવો. શિવનો દમનોત્સવ ચૌદશનો કરવો.

अथप्रयोगः ॥ उपवासदिनेनित्यपूजांकृत्वादमनकस्थानंगत्वाक्रयेणतमादायचंदनादिना संपूज्य श्रीकृष्णपूजार्थंत्वांनेष्येइतिप्रार्थ्यप्रणमेत् अन्यदेवतासुयथादैवतमूहः ततोदमनकंगृहमानीयपंचगव्येनशुद्धोदकेनचप्रक्षाल्यदेवाग्रेस्थापयित्वातस्मिन्दमनकेअशोककालवसंतकामान्काममात्रंवागंधादिभिः पूजयेत् तत्र नमोस्तुपुष्पवाणायजगदाह्लादकारिणे मन्मथायजगन्नेत्रेरतिप्रीतिप्रियायते इतिकामावाहनमंत्रः कामभस्मसमुद्भूतरतिवाष्पपरिप्लुत ऋषिगंधर्वदेवादिविमोहकनमोस्तुते इतिदमनकमुपस्थाय ॐकामायनमइतिमंत्रेणसपरिवारायकामरूपिणेदमनकायगंधाद्युपचारान्दद्यात् ततोरात्रौदेवंसंपूज्याधिवासनंकुर्यात् तदित्थं देवाग्रेसर्वतोभद्रंसंपाद्यतत्रकलशंसंस्थाप्यतत्रधौतवस्त्राच्छन्नंदमनकं वेणवपटलेस्थापितंनिधाय पूजार्थंदेवदेवस्यविष्णोर्लक्ष्मीपतेःप्रभो दमनत्वमिहागच्छसान्निध्यंकुरुतेनम इतिदमनकदेवतामावाह्यप्रागाद्यष्टदिक्षु क्लींकामदेवायनमोह्रींरत्यैनमः १ क्लींभस्मशरीरायनमोह्रींरत्यै २ नमः क्लींअनंगायनमोह्रींरत्यै० ३ क्लींमन्मथायनमोह्रींरत्यै० ४ क्लींवसंतसखायनमोह्रींरत्यै० ५ क्लींस्मरायनमोह्रींरत्यै० ६ क्लींइक्षुचापायनमोह्रींरत्यै० ७ क्लींपुष्पवाणास्त्रायनमोह्रींरत्यै० ८ इतिपूजयेत् तत्पुरुषायविद्महेकामदेवायधीमहि तन्नोऽनंगःप्रचोदयात् इतिगायत्र्यादमनकमष्टोत्तरशतमभिमंत्र्य गंधादिभिःसंपूज्यह्रींनमइतिपुष्पांजलिंदत्वा नमोस्तुपुष्पवाणायेतिपूर्वोक्तावाहनमंत्रेणनमेत् क्षीरोदधिमहाभागशय्यावस्थितविग्रह प्रातस्त्वांपूजयिष्यामिसन्निधौभवतेनमः इतिदेवंसंप्रार्थ्यपुष्पांजलिंदत्वातस्यामेकादश्यांरात्रौजागरणंकुर्यात् प्रातर्नित्यपूजांकृत्वापुनर्देवंसंपूज्यदूर्वागंधाक्षतयुतांदमनकमंजरीमादायमूलमंत्रंपठित्वा देवदेवजगन्नाथवांछितार्थप्रदायक हृत्स्थान्पूरयमेविष्णोकामान्कामेश्वरीप्रिय इदं दमनकंदेवगृहाणमदनुग्रहात् इमांसांवत्सरींपूजांभगवन्परिपूरय पुनर्मूलंजप्त्वादेवेदमनमर्पयेत् ततो यथाशोभंदत्वांगदेवताभ्योदत्वादेवंप्रार्थयेत् मणिविद्रुममालाभिर्मंदारकुसुमादिभिः इयंसांवत्सरीपूजा तवास्तुगरुडध्वज वनमालांयथादेवकौस्तुभंसंततंहृदि तद्वद्दामनकींमालांपूजांचहृदयेवह जानताजानतावापिनकृतंयत्तवार्चनं तत्सर्वंपूर्णतांयातुत्वत्प्रसादाद्रमापते जितंतेपुंडरीकाक्षनमस्तेविश्वभावनहृषीकेशनमस्तेस्तुमहापुरुषपूर्वज मंत्रहीनंक्रियाहीनमित्यादिचसंप्रार्थ्यपंचोपचारैर्देवंसंपूज्यनीराज्य ब्राह्मणेभ्योदमनंदत्वास्वयंशेषंसंधार्यसुहृद्युतःपारणांकुर्यात् मंत्रदीक्षारहितैर्नाम्नार्पणीयं अस्यगौणकालःश्रावणमासावधिः नेदंमलमासेभवति शुक्रास्तादौतुकर्तव्यं इतिदमनारोपणविधिः अस्यामेवभारते अहोपानेणद्वादश्यांचैत्रेविष्णुरितिस्मरन् पुंडरीकमवाप्नोतिदेवलोकंचगच्छतीति ॥

હવે દમનોત્સવનો પ્રયોગ કહેછે.

ઉપવાસને દિવસે નિત્યપૂજા કરીને જ્યહાં દવણો હોય ત્યહાં જઈ દવણો વેચાતો લેવો, પછી ચંદન વગેરેથી પૂજા કરી શ્રીકૃષ્ણપૂજામાટે તને લઇ જઇશ એ રીતે પ્રાર્થના કરી નમસ્કાર કરવો. બીજા દેવતામાટે લઇ જવો હોય તો તે તે દેવતાનો ઊહ (નામ ઉચ્ચાર) કરવો. પછી દવણાને ઘેર લાવી પંચગવ્ય અને શુદ્ધજળવતી પ્રક્ષાલન (સાફ) કરી દેવતાને સમીપે રાખવો. પછી તેમાં અશોક, કાલ, વસંત, કામ એ દેવતાઓની અથવા કામનીજ ચંદનાદિકથી પૂજા કરવી. "नमोस्तु पुष्पवाणाय, जगदाह्लादकारिणे ॥ मन्मथाय जगन्नेत्रे, रतिप्रीतिप्रियाय ते," એ મંત્રવડે કામદેવનું આવાહન કરવું. પછી "काम भस्मसमुद्भूत, रतिवाष्पपरिप्लुत ॥ ऋषिगंधर्वदेवादिविमोहक नमोस्तु ते," એ મંત્રથી દવણાની પ્રાર્થના કરવી. "ॐकामायनमः" એ મંત્રવતી પરિવારયુક્ત કામદેવરૂપી દવણાને ચંદનાદિક પદાર્થો અર્પણ કરવા. પછી રાત્રિએ દેવતાની પૂજા કરી અધિવાસન કરવું, તે આ રીતે—દેવતાની આગળ સર્વતોભદ્ર મંડલ કરી તે ઉપર કલશસ્થાપન કરી તે કલશ ઉપર ધોયલાં વસ્ત્રથી ઢાંકેલો દવણો વાંસના પાત્રમાં રાખવો, પછી "पूजार्थं देवदेवस्य, विष्णोर्लक्ष्मीपतेः प्रभो ॥ दमन त्वमिहागच्छ, सान्निध्यं कुरु ते नमः," એ મંત્રવડે દમનક દેવતાનું આવાહન કરી પૂર્વાદિક આઠ દિશામાં આગળ કહીએ છીએ એવા આઠ મંત્રવડે પૂજા કરવી. क्लीं कामदेवाय नमो ह्रीं रत्यै नमः १, क्लीं भस्मशरीराय नमो

ह्रीं रत्यै नमः २, क्लीं अनंगाय नमो क्लीं रत्यै नमः ३, क्लीं मन्मथाय नमो ह्रीं रत्यै नमः ४, क्लीं वसंतसखाय नमो ह्रीं रत्यै नमः ५, क्लीं सराय नमो ह्रीं रत्यै नमः ६, क्लीं इक्षुचापाय नमो ह्रीं रत्यै नमः ७, क्लीं पुष्पवाणास्त्राय नमो ह्रीं रत्यै नमः ८, એ રીતે પૂજા કીધા પછી, तत्पुरुषाय विद्महे कामदेवाय धीमहि ॥ तन्नोऽनंगः प्रचोदयात्," એ મંત્રવડે દવણાને એકસો આઠ (૧૦૮) વાર મંત્રી ચંદનાદિકથી પૂજા કરવી. પછી "ह्रीं नमः" એ મંત્રવડે પુષ્પાંજલિ અર્પણ કરી, "नमोऽस्तु पुष्पवाणाय०" એ પ્રથમ કહેલા આવાહનમંત્રવડે નમસ્કાર કરવો. પછી "क्षीरोदधिमहानागशय्यावस्थितविग्रह ॥ प्रातस्त्वां पूजयिष्यामि, सन्निधौ भव ते नमः," એ મંત્રવતી દેવતાની પ્રાર્થના કરી પુષ્પાંજલિ દેવી. અને તે એકાદશીની રાત્રિયે જાગરણ કરવું. પ્રાતઃકાલમાં નિત્યપૂજા કરી કરી દેવનું પૂજન કરી દૂર્વા, ચંદન, ચોખા ઇત્યાદિસહિત દવણાની મંજરી લઇ મૂલમંત્ર બોલીને "देवदेव जगन्नाथ, वांछितार्थप्रदायक ॥ हृत्स्थान्पूरय मे विष्णो, कामान् कामेश्वरीप्रिय ॥ इदं दमनकं देव, गृहाण मदनुग्रहात् ॥ इमां सांवत्सरीं पूजां, भगवन् परिपूरय," એ રીતે આ મંત્ર ભણ્યા પછી ફરી મૂલમંત્રનો જપ કરી દેવને દવણો અર્પણ કરવો. ફરી સુશોભિત દેખાય તે રીતે દવણો અર્પણ કરવો. પછી અંગદેવતાઓને દવણો અર્પણ કરી દેવની પ્રાર્થના કરવી. તેનો મંત્ર—"मणिविद्रुममालाभिर्मंदारकुसुमादिभिः इयं सांवत्सरी पूजा, तवास्तु गरुडध्वज ॥ वनमालां यथादेव, कौस्तुभं संततं हृदि ॥ तद्वद्दामनकीं मालां, पूजांच हृदये वह ॥ जानताऽजानता वापि, न कृतं यत्तवार्चनं ॥ तत्सर्वं पूर्णतां यातु, त्वत्प्रसादाद्रमापते ॥ जितं ते पुंडरीकाक्ष, नमस्ते विश्वभावन ॥ हृषीकेश नमस्तेस्तु, महापुरुषपूर्वज ॥ मंत्रहीनं क्रियाहीनं, भक्तिहीनं सुरेश्वर ॥ यत्पूजितं मयादेव, परिपूर्णं तदस्तु मे," આ મંત્રોવડે પ્રાર્થના કીધા પછી પાંચ ઉપચાર (સામગ્રી) થી દેવની પૂજા કરી આરતિ કરવી. પછી બ્રાહ્મણોને દવણો દઇ બાકી બચે તે પોતે ધારણ કરી સંબંધિસહિત પારણા કરવી. મંત્રદીક્ષા જેને ન હોય તેણે નામમંત્રવડે દેવને દવણો ધરાવવો. આ દમન ઉત્સવનો ગૌણકાલ શ્રાવણ માસ લગી છે, એ મલમાસમાં કરવો નહીં. ગુરુશુક્રનાં અસ્તાદિક હોય તો પણ કરવો. એ રીતે દમનારોપણનો વિધિ કહ્યો. આ બારસમાટે ભારતમાંનું વચન કહેછે. "ચૈત્ર શુદ બારસને દિવસે રાત્રિદિવસ વિષ્ણુનું સ્મરણ કીધાથી પુંડરીક યજ્ઞનું ફળ મળેછે, અને તે વિષ્ણુલોકમાં જાયછે."

चैत्रशुक्लत्रयोदश्यामनंगपूजनव्रतम् ॥ तत्रत्रयोदशीपूर्वविद्धाग्राह्या अथचतुर्दश्यांनृसिंहस्यदोलोत्सवः अत्रैवश्रीशिवस्यैकवीरायाभैरवस्यचदमनकैःपूजनं अत्रचचतुर्दशीपूर्वविद्धापराह्णव्यापिनीग्राह्या अपराह्णव्याप्त्यभावेपराह्णस्पर्शिन्यपिपूर्वाग्राह्या तदभावेपराग्राह्या चैत्रपौर्णमासीसामान्यनिर्णयात्पराग्राह्या पूर्वोक्ततत्तत्तिथौदमनकपूजनाकरणेस्यामेवसर्वदेवानांदमनकपूजनं चैत्र्यांचित्रायुतायांचित्रवस्त्रदानंसौभाग्यदं रविगुरुमंदवारयुतचैत्र्यांस्नानश्राद्धादिभिरश्वमेधपुण्यं चैत्रस्यशुक्लैकादश्यांपौर्णमास्यांवामेषसंक्रांतिमारभ्यवावैशाखस्नानारंभः तत्रमंत्रः वैशाखंसकलंमासंमेषसंक्रमणेरवेः प्रातःसनियमःस्नास्येप्रीयतांमधुसूदनः मधुहंतुःप्रसादेनब्राह्मणानामनुग्रहात् निर्विघ्नमस्तुमेपुण्यंवैशाखस्नानमन्वहं माधवेमेषगेभानौमुरारेमधुसूदन प्रातःस्नानेनमेनाथफलदोभवपापहन्निति अत्रहविष्याशनब्रह्मचर्यादयोनियमाः एवंसंपूर्णस्नानाशक्तौत्रयोदश्यादिदिनत्रयमंतेस्नायात् इयंपौर्णमासीमन्वादिःपूर्वमुक्ता चैत्रकृष्णत्रयोदशीशततारकानक्षत्रयुतावारुणीसंज्ञकास्नानादिनाग्रहणादिपर्वतुल्यफलदाशनिवारयुक्तामहावारुणीशुभयोगशनिवारशततारकायुक्तामहामहावारुणी वारुणीयोगेकृष्णादिःपौर्णमास्यंतोमासस्तेनामांतमासेफाल्गुनकृष्णत्रयोदशीग्राह्येतिबोध्यं चैत्रकृष्णचतुर्दश्यांशिवसन्निधौस्नानेनभौमवारयुतायांगंगायांस्नानेनपिशाचत्वाभावःफलम् ॥ इति श्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे चैत्रमासकृत्यनिर्णय उद्देशः समाप्तः ॥

ચૈત્ર શુદ તેરસને દિવસે અનંગપૂજનરૂપ વ્રત કરવું. તે વ્રતમાં તેરસ બારસવડે વિદ્ધા હોય તે લેવી. ચૈત્ર શુદ ચૌદશને દિવસે નૃસિંહનો ડોલ ઉત્સવ કરવો. એજ ચૌદશને દિવસે શિવ, એકવીરા દેવી અને ભૈરવ એમની દવણાથી પૂજા કરવી. એ દમનકપૂજનમાં ચૌદશ, પૂર્વતિથિવડે વિદ્ધા અને અપરાહ્ણમાં વ્યાપિની લેવી. સંપૂર્ણ અપરાહ્ણકાલવ્યાપ્તિ ન હોય તો પણ અપરાહ્ણનો સ્પર્શ કરનારી એવી પ્રથમનીજ લેવી. અપરાહ્ણનો સ્પર્શજ કરતી ન હોય તો બીજા દિવસની લેવી. ચૈત્રી પૂનમ સામાન્યનિર્ણયે કરી બીજા દિવસની લેવી. જે પ્રથમ કહેલી, તે તે તિથિઓમાં દમનક પૂજા કરી ન

હોય તો એજ પૂનમને દિવસે સઘળા દેવતાઓની દવણાવતી પૂજા કરવી. ચિત્રા નક્ષત્રયુક્ત ચૈત્રી પૂનમને દિવસે વિચિત્રવસ્ત્રનું દાન સૌભાગ્ય દેનારૂં છે. રવિ, ગુરુ અને શનિવારયુક્ત ચૈત્રી પૂનમને દિવસે સ્નાન, શ્રાદ્ધ આદિક કરવાથી અશ્વમેધનું પુણ્ય પ્રાપ્ત થાય છે. ચૈત્ર શુદ એકાદશી પૂનમ અથવા મેષ સંક્રાંતિ એઓમાંથી કોઇએક દિવસે વૈશાખસ્નાનનો આરંભ કરવો. તેનો મંત્ર—“વૈशाखं सकलं मासं, मेषसंक्रमणे रवेः ॥ प्रातः सनियमः स्नास्ये, प्रीयतां मधुसूदनः ॥ मधुहंतुः प्रसादेन, ब्राह्मणानामनुग्रहात् ॥ निर्विघ्नमस्तु मे पुण्यं, वैशाखस्नानमन्वहं ॥ माधवे मेषगे भानौ, मुरारे मधुसूदन ॥ प्रातःस्नानेन मे नाथ, फलदो भव पापहन्” એ મંત્રવડે સ્નાનનો આરંભ કરવો. હવિષ્યાન્ન જમવું, બ્રહ્મચર્ય ઇત્યાદિ નિયમ પાળવા. સંપૂર્ણ માસ લગી સ્નાન કરવાની શક્તિ ન હોય તો તેરસથી કરી છેલ્લા ત્રણ દિવસ સ્નાન કરવું. એ પૂનમ મન્વાદિ છે, તે પ્રથમ કહ્યું છે. ચૈત્ર વદ તેરસ શતતારકા નક્ષત્રયુક્ત હોય તેને વારૂણી એમ કહેછે. તે દિવસે સ્નાન, દાન કરવાથી ગ્રહણાદિક પર્વણીપ્રમાણે ફલ દેનારી છે. શનિવાર યુક્ત હોય તો મહાવારૂણી. શુભ યોગ, શનિવાર, શતતારકા નક્ષત્ર એવડે યુક્ત હોય તો મહામહાવારૂણી. વારૂણી યોગમાટે વદ એકમથી પૂનમ લગી પૂર્ણિમાંત માસ લેવાનો છે માટે અમાંત માસનાં પ્રમાણથી ફાગણ વદ તેરસ લેવી એમ સમજવું. ચૈત્ર વદ ચૌદશને દિવસે મગલવાર છતાં શિવસમીપે તથા ગંગામાં સ્નાન કરવાથી પિશાચપણું દૂર થાય એ ફલ છે. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે ચૈત્રમાસકૃત્યનિર્ણયોદેશઃ સમાપ્તઃ ॥

अथवैशाखमासः ॥ अत्रवृषसंक्रमेपूर्वाःषोडशनाडिकाःपुण्यकालः रात्रौचप्रागुक्तं अत्रप्रातःस्नानंतिलैःपितृतर्पणंधर्मघटदानंचकार्यं अत्रब्राह्मणानांगंधमाल्यपानककदलीफलादिभिर्वसंतपूजाकार्या वैशाखेज्येष्ठेवाथवामासेऊष्मबाहुल्यंतत्रप्रातर्नित्यपूजांकृत्वागंधोदकपूर्णपात्रेविष्णुंसंस्थाप्य पंचोपचारैः संपूज्यतत्रैवजलेसूर्यास्तपर्यंतमधिवास्यरात्रौस्वस्थानेस्थापयित्वापंचोपचारैःपूजयेत्तेनतीर्थोदकेनगृहदारादियुतमात्मानंपावयेत् एतच्चद्वादश्यांदिवानकार्यं रात्रौकिंचित्कालंजलस्थंपूजयित्वास्वस्थानेस्थापयेत् अत्रमासेकृष्णगौराख्यतुलसीभिर्विष्णुंत्रिकालमर्चयेन्मुक्तिःफलं प्रातःस्नात्वाबहुतोयेनाश्वत्थमूलंसिंचेत्प्रदक्षिणाश्चकुर्यात् अनेककुलतारणंफलं एवंगवांकंडूयनेपि अत्रमासेएकभक्तंनक्तमयाचितंवा सर्वेप्सितफलदं अत्रमासेप्रपादानंदेवेगलंतिकाबंधनंव्यजनच्छत्रोपानच्चंदनादिदानंमहाफलं यदावैशाखोमलमासोभवतितदाकाम्यानांतत्रसमाप्तिनिषेधान्मासद्वयंवैशाखस्नानहविष्याशनादिनियमाअनुष्ठेयाः चांद्रायणादिकंतुमलेपिसमापनीयं वैशाखशुक्लतृतीयायांगंगास्नानंयवहोमोयवदानंयवाशनंचसर्वपापापहं यःकरोतितृतीयायांकृष्णंचंदनभूषितं वैशाखस्यसितेपक्षेसयात्यच्युतमंदिरं इयमक्षय्यतृतीयासंज्ञिका अस्यांयत्किंचिज्जपहोमपितृतर्पणदानादिक्रियतेतत्सर्वमक्षयं इयंरोहिणीबुधयोगेमहापुण्या अस्यांजपहोमादिकृत्येपिवक्ष्यमाणयुगादिवन्निर्णयः इयंकृतयुगस्यादिः अत्रयुगादिश्राद्धमपिंडकमनुष्ठेयं श्राद्धासंभवेतिलतर्पणमप्यवश्यकार्यं अत्रशुक्लयुगादिकृत्यंपूर्वाह्णेकार्यं तत्रासंभवेपराह्णेपि कृष्णयुगादिकार्यंत्वपराह्णे इत्यादिमन्वादिप्रकरणोक्तोनिर्णयः द्वेधाविभक्तदिनपूर्वार्धैकदेशव्यापिनीदिनद्वयेचेत्त्रिमुहूर्ताधिकव्याप्तिसत्त्वेपरा त्रिमुहूर्तन्यूनत्वेपूर्वा मन्वादौचयुगादौचग्रहणेचंद्रसूर्ययोः व्यतीपातेवैधृतौचतत्कालव्यापिनीक्रियेतिवचनेन साकल्यव्याप्तिवाक्यानामपवादाच्छ्राद्धादिकंतृतीयामध्येएव कर्तव्यं पुरुषार्थचिंतामणौतुसप्तमाष्टमनवममुहूर्तानांगांधर्वकुतुपरौहिणसंज्ञकानांयुगादिश्राद्धकालत्वात् शुक्ले,मध्यमदिनमानेत्रयोदश्यादिपंचदश्यंतघटीत्रयव्यापिन्यांश्राद्धं कृष्णेतुषोडशीमारभ्यघटीत्रयेउभयत्रनाद्दशघटीत्रयव्याप्तौसत्यामसत्यांवाशुक्लापरा यदातुपरेद्युस्त्रयोदशघटीतःपूर्वंसमाप्तापूर्वेद्युस्त्रयोदश्यादिघटीत्रयेतदेकदेशेवाविद्यतेतदाकर्मकालशास्त्रबाहुल्यात्पूर्वैवग्राह्येत्युक्तं इदमेवयुक्तमितिभाति अत्रदेवतोद्देशेनपित्रुद्देशेनचोदकुंभदानमुक्तं तत्र श्रीपरमेश्वरप्रीतिद्वारा उदकुंभदानकल्पोक्तफलावाप्त्यर्थं ब्राह्मणायोदकुंभदानंकरिष्ये इतिसंकल्प्य सूत्रवेष्टितंगंधफलयवाद्युपेतंकलशंपंचोपचारैर्ब्राह्मणंचसंपूज्य एषधर्मघटोदत्तोब्रह्मविष्णुशिवात्मकः अस्यप्रदानात्सकलाममसंतुमनोरथाः इतिमंत्रेणदद्यात् पित्रुद्देशेतुपितृणामक्षय्यतृप्त्यर्थंउदकुंभदानंकरिष्येइतिसंकल्प्यपूर्ववत्कुंभब्राह्मणौसंपूज्योदकुंभेगंधतिलफलादि निक्षिप्य एषधर्मघटोदत्तोब्रह्मविष्णुशिवात्मकः अस्यप्रदानात्तृप्यंतुपितरोपिपितामहाः गंधोदकतिलैर्मिश्रंसान्नंकुंभंफलान्वितं पितृभ्यःसंप्रदास्यामिअक्षय्यमुपतिष्ठत्वितिमंत्रेणदद्यात् युगादौसमुद्रस्नानंमहाफलं वैशाखस्याधिमासत्वेयुगादिश्राद्धंमासद्वयेपिकार्यं युगादिषूपवासोमहाफलः युगादिमन्वादौ

रात्रिभोजने अभिस्ववृष्टिमितिमंत्रजपः युगादिश्राद्धलोपेयुगादिश्राद्धलोपजन्यप्रत्यवायपरिहारार्थमृग्विधानोक्तंप्रायश्चित्तंकरिष्ये इतिसंकल्प्य नयस्यद्यावेतिऋचंशतवारंजपेत् अयंनिर्णयःसर्वयुगादौज्ञेयः इति अक्षय्यतृतीयानिर्णयः ॥

હવે વૈશાખમાસમાંનાં કાર્યો કહેછે.

વૈશાખમાસમાં વૃષ સંક્રાંતિની પ્રથમની સોળ ઘડી પુણ્યકાલ. રાત્રિએ સંક્રાંતિ થાય તો પુણ્યકાલ પ્રથમ કહ્યા પ્રમાણે જાણવો. એ માસમાં પ્રાતઃસ્નાન, તિલયુક્ત જળથી પિતૃતર્પણ, ધર્મકુંભનું દાન, ઇત્યાદિક કરવાં. એ માસમાં ચંદન, પુષ્પમાળા, સાકરનો પણો, કેળાં ઇત્યાદિવડે બ્રાહ્મણોની વસંતપૂજા કરવી. વૈશાખ અથવા જ્યેષ્ઠ એ બે માસમાંથી જેમાં ગરમી અધિક હોય તે માસમાં પ્રાતઃકાલે નિત્યપૂજા કરી સુગંધી જળથી ભરેલા પાત્રમાં વિષ્ણુની સ્થાપના કરી પંચોપચારથી પૂજા કરવી. ત્યહાંજ સૂર્યાસ્તપર્યંત મૂર્ત્તિ રાખ્યાપછી રાત્રિએ તેને ઠેકાણે સ્થાપના કરી પંચોપચારથી પૂજા કરવી. ફરી તે તીર્થરૂપ જળવડે ઘરમાં, સ્ત્રી આદિ સર્વ મનુષ્યઉપર અને પોતાઉપર પ્રોક્ષણ (માર્જન) કરવું. આ કાર્ય બારસને દિવસે, દિવસનું કરવું નહીં. રાત્રિએ થોડી વખત જળમાં મૂર્ત્તિનું સ્થાપન કરી ત્યહાંજ પૂજા કરી પછી સ્વસ્થાનકે પધરાવવી. આ માસમાં શ્વેત, શ્યામ, તુળસીવતી ત્રિકાળ વિષ્ણુની પૂજા કરવી, તેથી મુક્તિ મળે છે. પ્રભાતમાં સ્નાન કરી ઝાઝું જળ પિપળાને મૂળે રેડવું અને પ્રદક્ષિણા કરવી, તેથી અનેક કુળ તરે છે. ગાયોને ખજવાળવાથી પણ એજ પ્રમાણે ફળ થાય છે. એ માસમાં એકભક્ત, નક્ત, અયાચિત એ વ્રતો ધારણ કરવાથી વાંછિત ફળ પ્રાપ્ત થાય છે. એ માસમાં પ્રપા(પાણીની પરબ)નું દાન, દેવતાઉપર જળની ગળતી બાંધવી, અને પંખો, છત્ર, પગરખાં, ચંદન ઇત્યાદિ દાન કરવાથી મહાફળ થાય છે. જ્યારે વૈશાખ અધિકમાસ થાય ત્યારે, કામ્યકર્મની સમાપ્તિનો અધિકમાં નિષેધ કહ્યો છે માટે બે માસ લગી વૈશાખસ્નાન, હવિષ્યભોજન ઇત્યાદિ જે નિયમો હોય તે પાળવા. ચાંદ્રાયણાદિકની સમાપ્તિ મલમાસમાં પણ થાય છે. વૈશાખ શુદ ત્રીજને દિવસે ગંગાસ્નાન, યવનો હોમ, યવદાન, યવ ખાવા, એમાંથી કાંઇએક પણ કરવાથી સઘળાં પાપ નાશ થાય છે. "વૈશાખ શુદ ત્રીજને દિવસે શ્રીકૃષ્ણને અંગે જે ચંદનનું લેપન કરેછે તે વિષ્ણુલોકમાં જાય છે." એ ત્રીજનું અક્ષયતૃતીયા એવું નામ છે. જે અક્ષયત્રીજને દિવસે જપ, હોમ, પિતૃતર્પણ, દાન ઇત્યાદિક જે કાંઇ કરે તે સર્વ અક્ષય થાય છે. એ ત્રીજ રોહિણી નક્ષત્ર અને બુધવારે યુક્ત હોય તો મહાપુણ્યકારક છે. એ ત્રીજને દિવસે જપ, હોમ ઇત્યાદિક કરવાં, તેનો નિર્ણય આગળ કહેવાશે એવો જે યુગાદિ તિથિનો નિર્ણય તે રીતે જાણવો. એ ત્રીજ સતયુગની આદિ તિથિ છે. એ દિવસે યુગાદિશ્રાદ્ધ પિંડરહિત કરવું. શ્રાદ્ધ ન થઇ શકે તો તિલવતી તર્પણ અવશ્ય કરવું. શુકલપક્ષમાંની યુગાદિ તિથિનાં કાર્ય પૂર્વાહ્ણકાલમાં કરવાં. પૂર્વાહ્ણમાં થઇ ન શકે તો અપરાહ્ણમાં પણ કરવાં. કૃષ્ણપક્ષમાંની યુગાદિ તિથિમાં કાર્ય અપરાહ્ણકાલે કરવાં. ઇત્યાદિક મન્વાદિ પ્રકરણમાં (પત્ર ૫૨ માં) કહેલો નિર્ણય જાણવો. એ ત્રીજ દિવસના બે ભાગ કરી તેમાંના પૂર્વાર્ધના એકદેશમાં વ્યાપેલી એવી છ ઘડીથી અધિક વ્યાપ્તિ બન્ને દિવસે હોય તો બીજા દિવસની લેવી. અને છ ઘડીથી ઓછી હોય તો પ્રથમ દિવસની લેવી. "મન્વાદિ, યુગાદિ, સૂર્યચંદ્રનાં ગ્રહણ, વ્યતીપાત અને વૈધૃતિ, એ સંબંધી જે કાર્ય તે તત્કાલવ્યાપિની તિથિમાં કરવાં," એ વચનવડે સંપૂર્ણવ્યાપ્તિનાં વાક્યોનો અપવાદ થાયછે માટે શ્રાદ્ધાદિક કરવાં તે ત્રીજમાંજ કરવાં. પુરુષાર્થચિંતામણિમાં તો સાતમા આઠમા અને નવમા એ મુહૂર્ત્તોનાં ગાંધર્વ, કુતુપ, અને રૌહિણ એવાં નામ છે અને એ મુહૂર્ત્ત યુગાદિ શ્રાદ્ધનો કાલ છે માટે શુકલપક્ષમાં મધ્યમ દિનમાનવડે તેરમી ઘડીથી પંદરમી ઘડી લગી એ ત્રણ ઘડીમાં જે દિવસે ત્રીજની વ્યાપ્તિ હોય તે દિવસે શ્રાદ્ધ કરવું. કૃષ્ણપક્ષમાં સોળમી ઘડીથી ત્રણ ઘડી લગીમાં શ્રાદ્ધ કરવું. બન્ને દિવસે તેવી ત્રણ ઘડી વ્યાપ્તિ હોય અથવા ન હોય તો શુકલપક્ષમાં બીજી કરવી. જો બીજે દિવસે તેર ઘડીથી પ્રથમ ત્રીજ સમાપ્ત થઇ જાય અને આગલે દિવસે તેરમી ઘડીથી ત્રણ ઘડીમાં અથવા તે ત્રણ ઘડીના એકદેશમાં વ્યાપ્તિ હોય તો કર્મકાલનાં શાસ્ત્ર અનેક છે માટે પ્રથમનીજ લેવી, એમ કહ્યું છે, અને એજ મત યોગ્ય છે એમ ભાસે છે. એ ત્રીજને દિવસે દેવતાઓના અને પિતૃના ઉદ્દેશવડે

યવ, ઇત્યાદિકે યુક્ત કલશની પંચોપચાર પૂજા કરી પછી બ્રાહ્મણની પૂજા કરવી. અનંતર “एष धर्मघटो दत्तो, ब्रह्मविष्णुशिवात्मकः ॥ अस्य प्रदानात्सकला, मम संतु मनोरथाः” ॥ એ મંત્રવડે દાન કરવું. પિતૃનો ઉદ્દેશ કરી દેવો હોય તો, “पितृणामक्षय्यतृप्त्यर्थं कुंभदानं करिष्ये” ॥ એવો સંકલ્પ કરી પ્રથમની રીતે કુંભ અને બ્રાહ્મણ એની પૂજા કરી જળકુંભમાં ચંદન, તિલ, ફળ ઇત્યાદિ ધરીને દાન કરવું. દાનનો મંત્ર—“एष धर्मघटो दत्तो, ब्रह्मविष्णुशिवात्मकः ॥ अस्य प्रदानात्तृप्यंतु पितरोऽपि पितामहाः ॥ गंधोदकतिलैर्मिश्रं, सान्नं कुंभं फलान्वितं ॥ पितृभ्यः संप्रदास्यामि, ह्यक्षय्यमुपतिष्ठतु,” ॥ એ મંત્ર ભણી કુંભદાન કરવું. યુગાદિતિથિને દિવસે સમુદ્રસ્નાન કરવાથી મહાફળ થાયછે. વૈશાખ અધિકમાસ હોય તો યુગાદિશ્રાદ્ધ, અધિક અને શુદ્ધ એ બન્ને માસમાં કરવું. યુગાદિતિથિને દિવસે ઉપવાસ કરવાથી મ્હોટું ફળ થાયછે. યુગાદિ અને મન્વાદિ એ દિવસે રાત્રિએ ભોજન કરે તો “अभिस्ववृष्टिं०” એ મંત્રનો જપ કરવો. યુગાદિશ્રાદ્ધનો લોપ થયો હોય તો “युगादिश्राद्धलोपजन्यप्रत्यवायपरिहारार्थं ऋग्विधानोक्तप्रायश्चित्तं करिष्ये,” એવો સંકલ્પ કરી “न यस्य द्यावा०” એ ઋચાનો સો વખત જપ કરવો. એ નિર્ણય સઘળી યુગાદિતિથિઓમાટે જાણવો. એ પ્રમાણે અક્ષયતૃતીયાનો નિર્ણય સમાપ્ત થયો.

इयमेवतृतीयापरशुरामजयंती ॥ इयंरात्रिप्रथमयामव्यापिनीग्राह्या पूर्वेद्युरेवप्रथमयामव्याप्तौपूर्वा दिनद्वयेरात्रिप्रथमयामेसाम्येनवैषम्येणवैकदेशव्याप्तौपरा अत्रप्रदोषेपरशुरामंसंपूज्यार्घ्यंदद्यात् तत्रमंत्रः जमदग्निसुतोवीरक्षत्रियांतकरप्रभो गृहाणार्घ्यंमयादत्तंकृपयापरमेश्वरेति वैशाखशुक्लसप्तम्यांगंगोत्पत्तिस्तस्यांमध्याह्नव्यापिन्यांगंगापूजनंकार्यं दिनद्वयेतद्व्याप्तौपूर्वा वैशाखमासेद्वादश्यांपूजयेन्मधुसूदनं अग्निष्टोममवाप्नोतिसोमलोकंचगच्छति वैशाखशुक्लचतुर्दशीनृसिंहजयंती सासूर्यास्तमयकालव्यापिनीग्राह्या दिनद्वयेतद्व्याप्तौतदव्याप्तौवापरैव स्वातीनक्षत्रशनिवारादियोगेसातिप्रशस्ता ॥

એજ ત્રીજ પરશુરામજયંતી, એ ત્રીજ રાત્રિના પ્રથમ પોહોરમાં વ્યાપેલી હોય તે લેવી. પ્રથમ દિવસેજ પહેલા પોહોરમાં વ્યાપ્તિ હોય તો પ્રથમની લેવી. બન્ને દિવસે રાત્રિના પ્રથમ પોહોરમાં સરખી એકદેશવ્યાપ્તિ કિંવા ઓછી વધતી એકદેશવ્યાપ્તિ હોય તો બીજા દિવસની લેવી. એ ત્રીજને દિવસે પ્રદોષસમયે પરશુરામની પૂજા કરી અર્ધ્ય દેવો. તે અર્ધ્યનો મંત્ર—“जमदग्निसुतोवीर, क्षत्रियांतकर प्रभो ॥ गृहाणार्घ्यं मया दत्तं, कृपया परमेश्वर,” ॥ વૈશાખ શુદ સાતમને દિવસે ગંગાજીનો અવતાર થયોછે, માટે મધ્યાહ્નવ્યાપિની તે (શુદ) સાતમમાં ગંગાજીનું પૂજન કરવું. બન્ને દિવસે મધ્યાહ્નવ્યાપ્તિ હોય તો પ્રથમ દિવસની લેવી. “વૈશાખમાસની બારસને દિવસે મધુસૂદનની પૂજા કરેછે, તેને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળેછે, અને તે ચંદ્રલોકને પામેછે.” વૈશાખ શુદ ચૌદશ એ નૃસિંહજયંતી, તે સૂર્યાસ્તકાલવ્યાપિની લેવી. બન્ને દિવસે સૂર્યાસ્તકાલવ્યાપિની હોય અથવા ન હોય તો બીજા દિવસનીજ લેવી, સ્વાતી નક્ષત્ર, શનિવાર ઇત્યાદિકનો યોગ હોય તો અતિ ઉત્તમ જાણવી.

अथव्रतप्रयोगः ॥ त्रयोदश्यांकृतैकभक्तश्चतुर्दश्यांमध्याह्नेतिलामलकैःस्नात्वा उपोष्येहंनारसिंह भुक्तिमुक्तिफलप्रद शरणंत्वांप्रपन्नोस्मिभक्तिंमेनृहरेदिशेतिमंत्रेणव्रतंसंकल्प्याचार्यंवृत्वा सायंकालेधान्यस्थोदकुंभेपूर्णपात्रेसौवर्णप्रतिमायांषोडशोपचारैर्देवंसंपूज्यार्घ्यंदद्यात् तत्रमंत्रः परित्राणायसाधूनांजातोविष्णोनृकेसरी गृहाणार्घ्यंमयादत्तंसलक्ष्मीर्नृहरिःस्वयं रात्रौजागरणंकृत्वाप्रातर्देवंसंपूज्यविसृज्याचार्यायधेनुयुतांप्रतिमांदद्यात् तत्रमंत्रः नृसिंहाच्युतगोविंदलक्ष्मीकांतजगत्पते अनेनार्चाप्रदानेनसफलाःस्युर्मनोरथाः अथप्रार्थना मद्वंशेयेनराजातायेजनिष्यंतिचापरे तांस्त्वमुद्धरदेवेशदुःसहाद्भवसागरात् पातकार्णवमग्नस्यव्याधिदुःखांबुवारिधेः नीचैश्चपरिभूतस्यमहादुःखगतस्यमे करावलंबनंदेहिशेषशायिन्जगत्पते श्रीनृसिंहरमाकांतभक्तानांभयनाशन क्षीरांबुधिनिवासत्वंचक्रपाणेजनार्दन व्रतेनानेनदेवेशभुक्तिमुक्तिप्रदोभवेति ततोब्राह्मणैःसहतिथ्यंतेपारणंकार्यं यामत्रयोर्ध्वगामिन्यांचतुर्दश्यांतुपूर्वाह्णेपयपारणं पौर्णमास्यांघृतान्नसहितोदकुंभदानेगोदानफलं स्वर्णतिलयुक्तद्वादशोदकुंभदानेब्रह्महत्यापापान्मुक्तिः अत्रयथाविधिकृष्णाजिनदानेपृथ्वीदानफलं स्वर्णमधुतिलसर्पिर्युतकृष्णाजिनदानेसर्वपापनाशः अत्रतिलस्नानंतिलहोमस्तिलपात्रदानंतिलतैलेनदीपदानंतिलैःपितृतर्पणंमधुयुक्ततिलदानंचमहाफलं तत्रतिलपात्रदानमंत्रः तिलावैसोमदैवत्याःसुरैःसृष्टास्तुगोसवे स्वर्गप्रदाःस्वतंत्राश्चतेमांरक्षंतुनित्यशः वैशाखशुक्लद्वादश्यांपौर्णमास्यांवावैशाखस्नानोद्यापनं एकादश्यांपौर्णमास्यांवोपोष्यकलशेसुवर्ण

प्रतिमायांसलक्ष्मीकंविष्णुंसंपूज्यरात्रौजागरणंकृत्वाप्रातर्ग्रहपूजनपूर्वकंपायसेनतिलाज्यैर्वायवैर्वाअष्टोत्तरशतंहोमःप्रतद्विष्णुरितिवाइदंविष्णुरितिवामंत्रेणकार्यः सांगतार्थंगोदानंपादुकोपानहच्छत्रव्यजनोदकुंभदानंशय्यादिदानंचकार्यं अशक्तेनकृसरान्नैर्दशब्राह्मणभोजनंकार्यं एतत्पौर्णमासीमारभ्यज्येष्ठशुक्लैकादशीपर्यंतंजलस्थविष्णुपूजोत्सवःकार्यः वैशाखामावास्याभावुकाख्यदिनंतत्परंकरिसंज्ञकदिनंचशुभेषुवर्ज्यं इतिश्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे वैशाखमासकृत्यनिर्णय उद्देशः समाप्तः ॥

હવે નૃસિંહજયંતીવ્રતનો પ્રયોગ કહેછે.

તેરસને દિવસે એક વખત ભોજન કરી ચૌદશને દિવસે મધ્યાહ્ને તિલ અને આમળાં વાટી અંગે લગાડી સ્નાન કરી उपोष्येऽहं नारसिंह, भुक्तिमुक्तिफलप्रद ॥ शरणं त्वां प्रपन्नोस्मि, भक्तिं मे नृहरे दिश," એ મંત્રવડે વ્રતનો સંકલ્પ કરી આચાર્યને વરાવી સાયંકાલે ધાનની ઢગલી ઉપર જળ પૂરેલો કલશ રાખી તે ઉપર પૂર્ણપાત્ર રાખવું, પછી તેમાં સોનાની પ્રતિમા પધરાવી તેમાં દેવનું આવાહન કરી ષોડશોપચારવડે દેવની પૂજા કરી અર્ઘ્ય દેવો.—અર્ઘ્યનો મંત્ર—"परित्राणाय साधूनां, जातो विष्णो नृकेसरी ॥ गृहाणार्घ्यं मया दत्तं, सलक्ष्मीर्नृहरिः स्वयं," પછી રાત્રિનું જાગરણ કરી પ્રાતઃકાલે દેવની પૂજા કરી વિસર્જન કરવું. પછી તે પ્રતિમા ગોદાનયુક્ત આચાર્યને દેવી. તેનો મંત્ર—"नृसिंहाच्युत गोविंद, लक्ष्मीकांत जगत्पते ॥ अनेनार्चाप्रदानेन, सफलाः स्युर्मनोरथाः" ॥ એ મંત્રવડે પ્રતિમાનું દાન કીધા પછી દેવની પ્રાર્થના કરવી. તેનો મંત્ર—"मद्वंशे ये नरा जाता, ये जनिष्यंति चापरे ॥ तांस्त्वमुद्धर देवेश, दुःसहाद्भवसागरात् ॥ पातकार्णवमग्नस्य, व्याधिदुःखांबुवारिधेः ॥ नीचैश्च परिभूतस्य, महादुःखागतस्य मे ॥ करावलंबनं देहि, शेषशायिन् जगत्पते ॥ श्रीनृसिंह रमाकांत, भक्तानां भयनाशन ॥ क्षीरांबुधिनिवास त्वं, चक्रपाणे जनार्दन ॥ व्रतेनानेन देवेश, भुक्तिमुक्तिप्रदो भव" ॥ પછી બ્રાહ્મણોસહિત તિથિને અંતે પારણા કરવી. ત્રણ પોહોરથકી ચૌદશ અધિક હોય તો પૂર્વાહ્ણમાંજ પારણા કરવી. પૂનમને દિવસે રાંધેલાં અન્નસહિત જલકુંભનું દાન કરવું, તેથી ગોદાનનું ફળ થાયછે. સુવર્ણ અને તિલસહિત બાર જલકુંભનું દાન કરવું, તે કીધાથી બ્રહ્મહત્યા પાપથકી મુક્તિ થાયછે, એ પૂનમને દિવસે વિધિપૂર્વક કાળા મૃગચર્મનું દાન દીધાથી પૃથ્વીદાનનું પુણ્ય થાયછે. સોનું, મધ, તિલ, અને ઘી સમેત કાળા મૃગચર્મના દાનવડે સઘળાં પાપનો નાશ થાયછે. એ પૂનમને દિવસે તિલસહિત જલથી સ્નાન, તિલહોમ, તિલપાત્રનું દાન, તિલનાં તેલવડે દીપદાન, તિલથકી પિતૃતર્પણ, મધસહિત તિલદાન, એ કીધાથી મહાફળ મળેછે. તિલપાત્રના દાનનો મંત્ર—"तिला वै सोमदैवत्याः, सुरैः सृष्टास्तु गोसवे ॥ स्वर्गप्रदाः स्वतंत्राश्च, ते मां रक्षंतु नित्यशः" ॥ વૈશાખ શુદ બારસ અથવા પૂનમને દિવસે વૈશાખસ્નાનનું ઉદ્યાપન કરવું. એકાદશી કિંવા પૂનમને દિવસે ઉપવાસ કરી કલશ સ્થાપન કરવું. પછી તે કલશ ઉપર સ્થાપેલી સોનાની મૂર્ત્તિવિષે લક્ષ્મીસહિત વિષ્ણુની પૂજા કરી રાત્રિનું જાગરણ કરવું. ફરી પ્રાતઃકાલમાં ગ્રહોની પૂજા કરી પાયસ (દૂધપાક), અથવા તિલ, ઘી, અથવા યવવડે "प्रतद्विष्णु०" અથવા "इदंविष्णु०" એ મંત્રેકરી અષ્ટોત્તરશત (૧૦૮) હોમ કરવો. કર્મનું સંપૂર્ણપણું થવામાટે ગોદાન, પાદુકા (ચાખડી), પગરખાં, છત્ર, પંખો, જલભરેલો કુંભ, અને શય્યા ઇત્યાદિ દાન કરવાં. અશક્ત હોય તેણે કૃસરાન્ન (તિલમિશ્રિત અન્ન) વડે દશ બ્રાહ્મણોને ભોજન કરાવવું. વૈશાખ શુદ પૂનમથી આરંભ કરી જ્યેષ્ઠ શુદ એકાદશી લગી જલમાં વિષ્ણુમૂર્ત્તિ પધરાવી તેની પૂજા ઇત્યાદિ ઉત્સવ કરવો. વૈશાખની અમાવાસ્યાનું ભાવુકા એ નામ છે. જ્યેષ્ઠ શુદ એકમનું કરિ એ નામ છે. એ બન્ને દિવસો શુભ કર્મમાં વર્જ્ય કરવા. **ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે વૈશાખમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥**

अथज्येष्ठकृत्यम् ॥ मिथुनसंक्रांतौ पराःषोडशनाड्यः पुण्यकालः रात्रौतुप्रागुक्तं ज्येष्ठमासेपिष्टेन ब्रह्ममूर्तिंकृत्वावस्त्राद्यैःपूजयेत्सूर्यलोकप्राप्तिः अत्रमासेजलधेनुदानमुक्तं ज्येष्ठशुक्लप्रतिपदिकरवीरव्रतमुक्तं ज्येष्ठशुक्लतृतीयायांरंभाव्रतं सापूर्वविद्धाग्राह्या यत्रपूर्वविद्धाग्राह्यतयोच्यते तत्रास्तात्पूर्वंद्विमुहूर्ताधिकायाग्राह्यत्वंज्ञेयंनन्यूनायाः तत्रापियदिपरेद्युःसूर्यास्तमयपर्यंतंपूर्वविद्धायास्तिथेःसत्त्वंतदासत्यपिपूर्वविद्धाग्राह्यत्ववचनेपूर्वविद्धांत्यक्त्वाअखंडत्वाच्छुद्धत्वात्परैवग्राह्या यदातु ग्राह्यायाःपूर्वविद्धायाः पूर्वेद्युर्मुहूर्तद्वयान्न्यूनत्वंपरेद्युश्चास्तमयात्प्राक्समाप्तत्वंतदापिपरैवग्राह्याएवंसर्वत्रोह्यं रंभाव्रतेपंचाग्नितप

नपराश्रीपुमान्वाभवानींस्वर्णप्रतिमायांसंपूज्ययथोक्तविधिहोमादिकृत्वासपत्नीकायगृहंसोपस्करंदद्यात् दांपत्यानिभोजयेत् विशेषविधिर्व्रतग्रंथेज्ञेयः चतुर्थ्यामुमावतारस्तत्रोमापूजनव्रतं अष्टम्यांशुक्लादेवीपूजा नवम्यामुपोष्यदेवींपूजयेत् ॥

હવે જ્યેષ્ઠમાસનાં કાર્ય કહેછે.

મિથુન સંક્રાંતિની પાછળની સોળ ઘડી પુણ્યકાલ, રાત્રિએ મિથુન સંક્રાંતિ થાય તો પ્રથમ (પત્ર ૩ માં) કહ્યા પ્રમાણે પુણ્યકાલ જાણવો. જ્યેષ્ઠ માસમાં પિષ્ટ (લોટ) વતી બ્રહ્માની મૂર્ત્તિ કરી વસ્ત્રાદિકવડે પૂજા કરવી,' તેથી સૂર્યલોકની પ્રાપ્તિ થાયછે. એ માસમાં જલધેનુનું દાન કરવું. જ્યેષ્ઠ શુદ એકમને દિવસે કરવીરવ્રત કરવું. જ્યેષ્ઠ શુદ ત્રીજને દિવસે રંભાવ્રત કરવું. તે રંભાવ્રતમાટે ત્રીજ બીજવિદ્ધા હોય તે લેવી; જ્યહાં પૂર્વવિદ્ધા લેવાનું કહેલું છે ત્યહાં સૂર્યાસ્તથી પ્રથમ ચાર ઘડી કરતાં અધિક હોય તે લેવી. ચાર ઘડીથી ઓછી હોય તે લેવી નહી. તેમાં પણ જો બીજે દિવસે સૂર્યાસ્ત લગી પૂર્વતિથિવડે વિદ્ધા તિથિ હોય તો, પૂર્વવિદ્ધા લેવા માટે કદિ પ્રમાણવચન હોય તો પણ પૂર્વવિદ્ધા છોડી અખંડ છે અને શુદ્ધ છે માટે બીજા દિવસનીજ લેવી. જ્યારે ગ્રહણ કરવાયોગ્ય પૂર્વવિદ્ધા તિથિ પ્રથમ દિવસે ચાર ઘડીકરતાં ઓછી હોય અને બીજે દિવસે અસ્તવખતથી પ્રથમ સમાપ્ત થાય ત્યારે પણ બીજા દિસનીજ લેવી. એ રીતે સર્વત્ર જાણવું. પંચાગ્નિસાધન કરનારી સ્ત્રી અથવા પુરુષ તેણે રંભાવ્રતને દિવસે સુવર્ણની મૂર્ત્તિમાં ભવાની દેવીની પૂજા કરી કહેલી રીતિપ્રમાણે હોમાદિક કરી, જેની સ્ત્રી જીવતી હોય તેવા બ્રાહ્મણને સર્વ સામગ્રીયુક્ત ઘરનું દાન દેવું અને દંપતી (સ્ત્રી પુરુષરૂપી બ્રાહ્મણની જોડ)ને ભોજન કરાવવું. વિશેષ વિધિ બીજા વ્રતના ગ્રંથોમાં જોઇ લેવો. જ્યેષ્ઠ શુદ્ધ ચોથને દિવસે ઉમા દેવીનો અવતાર થયોછે, તે દિવસે ઉમાપૂજારૂપ વ્રત કરવું. એ શુદ આઠમની શુકલાદેવીની પૂજા કરવી. નોમનો ઉપવાસ કરી દેવીની પૂજા કરવી.

ज्येष्ठशुक्लदशम्यांगंगावतारः ॥ इयंदशहरासंज्ञिका अत्रदशयोगाउक्ताः ज्येष्ठमासि १ सितेपक्षे २ दशम्यां ३ बुध ४ हस्तयोः ५ ॥ व्यतीपाते ६ गरानंदे ७८ कन्याचंद्रे ९ वृषेरवौ १० ॥ इति गराख्यंकरणं बुधवारहस्तयोगेआनंदाख्योयोगः अत्रदशमीव्यतीपातयोर्मुख्यत्वं तेनयस्मिन्दिने कतिपययोगवतीदशमीपूर्वाह्णेलभ्यतेतत्रदशहराव्रतंकार्यं दिनद्वयेपूर्वाह्णेतत्सत्त्वेयत्रबहूनांयोगःसाग्राह्या ज्येष्ठेमलमासेसतितत्रैवदशहराकार्यानतुशुद्धे दशहरासुनोत्कर्षश्चतुर्ष्वपियुगादिष्वितिहेमाद्रौऋष्यशृंगोक्तेः अत्रकाशीवासिभिर्दशाश्वमेधतीर्थेस्नात्वागंगापूजनंकार्यं इतरदेशस्थैःस्वसन्निहितनद्यांस्नात्वागंगापूजनादिकंकार्यम् ॥

જ્યેષ્ઠ શુદ્ધ દશમીમાં ગગાજીનો અવતાર થયોછે. એ દશમીનું દશહરા એવું નામ છે તે દિવસે દશ યોગ કહ્યાછે તે આ પ્રમાણેઃ—“ જ્યેષ્ઠમાસ ૧, શુકલપક્ષ ૨, દશમી ૩, બુધવાર ૪, હસ્ત નક્ષત્ર ૫, વ્યતીપાત ૬, ગર ૭, આનંદ ૮, કન્યારાશિના ચદ્ર ૯, વૃષના રવિ ૧૦, ગર એ કરણ છે. બુધવાર અને હસ્તનક્ષત્ર એનો યોગ તે આનદ યોગ થાય. એ દશ યોગમાંથી દશમી, અને વ્યતીપાત એ બે યોગ મુખ્ય છે, માટે કેટલાએક યોગે સયુક્ત દશમી જે દિવસે પૂર્વાહ્ણકાલમાં હોય તે દિવસે દશહરાવ્રત કરવું. બન્ને દિવસે પૂર્વાહ્ણકાલમાં તેવી દશમી હોય તો પ્રથમ કહેલા દશ યોગોમાંથી જે દિવસે અવિક યોગ હોય તે લેવી. જ્યેષ્ઠ અધિકમાસ હોય તો પણ “ચારે યુગમાં દશહરા તિથિમાટે ઉત્કર્ષ (શુદ્ધ માસમાં કરવાથી અધિકપણું) નથી” એ રીતનું હેમાદ્રિમાં ઋષ્યશૃંગનું વચન છે માટે, અધિકમાસમાંજ દશહરાવ્રત કરવું, શુદ્ધ જ્યેષ્ઠમાં કરવું નહી. આ વ્રતમાં કાશીમાં રહેનારાઓએ દશાશ્વમેધતીર્થમાં સ્નાન કરી ગગાપૂજન કરવું. બીજા દેશમાં રહેનારાઓએ પોતાની સમીપની નદીમાં સ્નાન કરી ગગાપૂજનનાદિક કરવું.

अथव्रतविधिः ॥ देशकालौसंकीर्त्यममैतज्जन्मजन्मांतरसमुद्भूतत्रिविधकायिकचतुर्विधवाचिकत्रिविधमानसेति स्कांदोक्तदशविधपापनिरासत्रयस्त्रिंशच्छतपितुद्धारब्रह्मलोकावाप्त्यादिफलप्राप्त्यर्थं ज्येष्ठमाससितपक्षदशमीबुधवारहस्ततारकागरकरणव्यतीपातानंदयोगकन्यास्थचंद्रवृषस्थसूर्येतिदशयोगपुण्यस्यांमहानद्यांस्नानंतीर्थपूजनंप्रतिमायांजाह्नवीपूजांतिलादिदानंमूलमंत्रजपमाज्यहोमंच यथाशक्तिकरिष्ये यथाविधिस्नानंदशवारंकृत्वाजलेस्थितोदशवारंसकृद्वावक्ष्यमाणंस्तोत्रंपठित्वा वासःपरि

धानादिपितृतर्पणांतंनित्यंविधायतीर्थेपूजांविधायसर्पिर्मिश्रान्दशप्रसृतिकृष्णतिलान्तीर्थेंजलिनाप्रक्षिप्यगुडमिश्रान्सक्तुपिंडान्दशप्रक्षिपेत् ततोगंगातटेताम्रेमृन्मयेवास्थापितेकलशेसौवर्णादिप्रतिमायांगंगामावाहयेत् तत्रमंत्रः नमोभगवत्यैदशपापहरायैगंगायैनारायण्यैरेवत्यैशिवायैदक्षायैअमृतायैविश्वरूपिण्यैनंदिन्यैतेनमोनमः अयंस्त्र्यादिसाधारणः द्विजमात्रविषयोविंशत्यक्षरोयथा ॐनमःशिवायैनारायण्यैदशहरायैगंगायैस्वाहेति एवंगंगामावाह्य नारायणंरुद्रंब्रह्माणंसूर्यंभगीरथंहिमाचलंचनाममंत्रेणतत्रैवावाह्य उक्तमूलमंत्रमुच्चार्यश्रीगंगायैनारायणरुद्रब्रह्मसूर्यभगीरथहिमवत्सहितायै आसनंसमर्पयामीत्येवमासनाद्युपचारैःपूजयेत् दशविधैःपुष्पैःसंपूज्य दशांगंधूपंदत्वा दशविधनैवेद्यांतेतांबूलंदक्षिणांदत्वा दशफलान्यर्पयेत् दशदीपान्दत्वापूजांसमापयेत् दशविप्रेभ्यःप्रत्येकंषोडशषोडशमुष्टितिलान्सदक्षिणान्दद्यात् एवंयवानपि ततोदशगाएकांवागांदद्यात् मत्स्यकच्छपमंडूकान्सौवर्णान्राजतान्पिष्टमयान्वासंपूज्य तीर्थेक्षिपेत् एवंदीपान्प्रवाहयेत् जपहोमचिकीर्षायांपूर्वोक्तमूलमंत्रस्यपंचसहस्रसंख्याजपो दशांशेनहोमः यथाशक्तिवाजपहोमौ तत्रदशहराव्रतांगत्वेनहोमंकरिष्येइतिसंकल्प्य स्थंडिलेग्निंप्रतिष्ठाप्यान्वाधाने चक्षुषीआज्येनेत्यंतेश्रीगंगाममुकसंख्ययाज्येननारायणादिषड्देवताएकैकयाज्याहुत्याशेषेणस्विष्टकृतमित्यादिप्रोक्षण्यादिपट्पात्राण्यासाद्याज्यंसंस्कृत्ययथान्वाधानंजुहुयात् दशब्राह्मणान्सुवासिनीश्चभोजयेत् प्रतिपद्दिनमारभ्यस्नानादिपूजांतोविधिःकार्यइतिकेचित् स्तोत्रंयथास्कांदे ब्रह्मोवाच नमःशिवायैगंगायैशिवदायैनमोनमः नमस्तेरुद्ररूपिण्यैशांकर्यैतेनमोनमः नमस्तेविश्वरूपिण्यैब्रह्ममूर्त्यैनमोनमः सर्वदेवस्वरूपिण्यैनमोभेषजमूर्तये सर्वस्यसर्वव्याधीनांभिषक्श्रेष्ठ्यैनमोस्तुते स्थाणुजंगमसंभूतविषहंत्र्यैनमोनमः भोगोपभोगदायिन्यैभोगवत्यैनमोनमः मंदाकिन्यैनमस्तेस्तुस्वर्गदायैनमःसदा नमस्त्रैलोक्यभूषायैजगद्धात्र्यैनमोनमः नमस्त्रिशुक्लसंस्थायैतेजोवत्यैनमोनमः नंदायैलिंगधारिण्यैनारायण्यैनमोनमः नमस्तेविश्वमुख्यायैरेवत्यैतेनमोनमः बृहत्यैतेनमस्तेस्तुलोकधात्र्यैनमोनमः नमस्तेविश्वमित्रायैनंदिन्यैतेनमोनमः पृथ्व्यैशिवामृतायैचसुवृषायैनमोनमः शांतायैचवरिष्ठायैवरदायैनमोनमः उस्रायैसुखदोग्ध्र्यैचसंजीविन्यैनमोनमः ब्रह्मिष्ठायैब्रह्मदायैदुरितघ्न्यैनमोनमः प्रणतार्तिप्रभंजिन्यैजगन्मात्रेनमोस्तुते सर्वापत्प्रतिपक्षायैमंगलायैनमोनमः शरणागतदीनार्तपरित्राणपरायणे सर्वस्यार्तिहरे देविनारायणिनमोस्तुते निर्लेपायैदुर्गहंत्र्यैदक्षायैतेनमोनमः परात्परतरेतुभ्यंनमस्तेमोक्षदेसदा गंगेममाग्रतोभूयागंगेमेदेविपृष्ठतः गंगेमेपार्श्वयोरेहित्वयिगंगेस्तुमेस्थितिः आदौत्वमंतेमध्येचसर्वंत्वंगांगतेशिवे त्वमेवमूलप्रकृतिस्त्वंहिनारायणःपरः गंगेत्वंपरमात्माचशिवस्तुभ्यंनमःशिवे यइदंपठतिस्तोत्रं भक्त्यानित्यंनरोपियः शृणुयाच्छ्रद्धयायुक्तःकायवाक्चित्तसंभवैः दशधासंस्थितैर्दोषैःसर्वैरेवप्रमुच्यते सर्वान्कामानवाप्नोतिप्रेत्यब्रह्मणिलीयते ज्येष्ठेमासिसितेपक्षेदशमीहस्तसंयुता तस्यांदशम्यामेतच्चस्तोत्रं गंगाजलेस्थितः यःपठेद्दशकृत्वस्तुदरिद्रोवापिचाक्षमः सोपितत्फलमाप्नोतिगंगांसंपूज्ययत्नतः अदत्तानामुपादानंहिंसाचैवाविधानतः परदारोपसेवाचकायिकंत्रिविधंस्मृतं पारुष्यमनृतंचैवपैशुन्यंचापिसर्वशः असंबद्धप्रलापश्चवाङ्मयंस्याच्चतुर्विधं परद्रव्येष्वभिध्यानंमनसानिष्टचिंतनं वितथाभिनिवेशश्च मानसंत्रिविधंस्मृतं एतानिदशपापानिहरत्वंममजाह्नवि दशपापहरायस्मात्तस्माद्दशहरास्मृता त्रयस्त्रिंशच्छतंपूर्वान्पितॄनथपितामहान् उद्धरत्येवसंसारान्मंत्रेणानेनपूजिता नमोभगवत्यैदशपापहरायैगंगायैनारायण्यैरेवत्यैशिवायैदक्षायैअमृतायैविश्वरूपिण्यैनंदिन्यैतेनमोनमः सितमकरनिषण्णांशुभ्रवर्णांत्रिनेत्रांकरधृतकलशोद्यत्सोत्पलामत्यभीष्टां विधिहरिहररूपांसेंदुकोटीरजुष्टां कलितसितदुकूलांजाह्नवीं तांनमामि आद्यावादिपितामहस्यनियमव्यापारपात्रेजलं पश्चात्पन्नगशायिनोभगवतःपादोदकंपावनं भूयःशंभुजटाविभूषणमणिर्जह्नोर्महर्षेरियं देवीकल्मषनाशिनीभगवतीभागीरथीदृश्यते गंगागंगेतियोब्रूयाद्योजनानांशतैरपि मुच्यतेसर्वपापेभ्योविष्णुलोकंसगच्छति इतिस्तोत्रेणस्तुत्वाहोमांतेप्रतिमोत्तरपूजांकृत्वाविसृज्याचार्यायमूलमंत्रेणदद्यात् इति दशहराविधिः ॥

હવે દશહરાવ્રતનો વિધિ કહેછે.

દેશકાલનો ઉચ્ચાર કરી "ममैतज्जन्मजन्मांतरसमुद्भूतत्रिविधकायिकचतुर्विधवाचिकत्रिविधमानसेतिस्कांदोक्तं' दशविधपापनिरासत्रयस्त्रिंशच्छतपित्रुद्धारब्रह्मलोकावाप्त्यादिफलप्राप्त्यर्थं ज्येष्ठमाससितपक्षदशमीबुधवारहस्ततारकागरकरणव्यतीपातानंदयोगकन्यास्थचंद्रवृषस्थसूर्येतिदशयोगपर्वण्यस्यां महानद्यां स्नानं तीर्थपूजनं प्रतिमायां जाह्नवीपूजां तिलादिदानं मूलमंत्रजपमाज्यहोमंच यथाशक्ति करिष्ये," એવો સંકલ્પ કરી વિધિપૂર્વક દશ વખત સ્નાન કરી જલમાં ઉભા રહી આગળ

કહેવાશે તે સ્તોત્રનો દશવાર અથવા એકવાર પાઠ કરી વસ્ત્ર પહેરવાથી તે પિતૃતર્પણ લગી નિત્યકર્મ સમાપ્ત કરી તીર્થની પૂજા કરી ઘીસહિત કાળા તિલના દશ પ્રસૃતિ (પસલા) તીર્થમાં નાંખી ગોળસહિત સકતુ (સાથવા)ના દશ પિંડ તીર્થમાં નાંખવા. પછી ગગાતીરે ત્રાંબાનો અથવા માટીનો કલશ સ્થાપન કરી તે ઉપર સોનાની પ્રતિમા રાખી તેમાં ગંગાનું આવાહન કરવું. તેનો મંત્ર—"नमो भगवत्यै दशपापहरायै गंगायै नारायण्यै रेवत्यै शिवायै दक्षायै अमृतायै विश्वरूपिण्यै नंदिन्यै ते नमोनमः" આ મત્ર સ્ત્રીજાતિ આદિ લઈ સર્વને માટે સાધારણ છે. દ્વિજમાત્રમાટે આવાહન કરવાનો વીસ અક્ષરનો મત્ર, તે આ પ્રમાણે.—"ॐनमः शिवायै नारायण्यै दशहरायै गंगायै स्वाहा," એ રીતે ગગાનું આવાહન કરી નારાયણ, રુદ્ર, બ્રહ્મા, સૂર્ય, ભગીરથ, અને હિમાલય એમનુ પોતપોપોતાના નામમત્રવડે તે કલશ ઉપરજ આવાહન કરી પ્રથમ કહેલા મૂળમંત્રનો ઉચ્ચાર કરી, "श्रीगंगायै नारायणरुद्रब्रह्मसूर्यभगीरथहिमवत्सहितायै आसनं समर्पयामि," એ રીતનો વાક્યોચ્ચાર કરી આસનાદિ ઉપચારવડે પૂજા કરવી. પછી દશ જાતનાં પુષ્પવડે પૂજા કરી દશાગ ધૂપ બતાવી દશ પ્રકારનાં નૈવેદ્ય અર્પણ કીધાપછી તાંબૂલ, દક્ષિણા દઇ દશ ફળ અર્પણ કરવાં. દશ દીપક અર્પણ કરી પૂજા સમાપ્ત કરવી. દરએકને દક્ષિણાસહિત સોળ મુઠી એ રીતે દશ બ્રાહ્મણને તિલનું દાન કરવું. એ પ્રમાણે યવનું પણ દાન કરવું. પછી દશ અથવા એક ગોદાન કરવું. સુવર્ણનાં રૂપાનાં અથવા લોટનાં માછલાં, કાચબા, દેડકાં કરી તેની પૂજા કરી તીર્થમાં નાંખવાં. એ રીતે દીપક કરી પ્રવાહમાં વહેવરાવવા. જપ, હોમ કરવાની ઇચ્છા હોય તો પૂર્વોક્ત મૂળમત્રનો પાંચ હજાર જપ, અને તેનો દશાંશ (૫૦૦) હોમ કરવો. અથવા સામર્થ્ય પ્રમાણે જપ, હોમ કરવા. હોમનો સકલ્પ—"दशहराव्रतांगत्वेन होमं करिष्ये," એ રીતે સંકલ્પ કરી સ્થંડિલઉપર અગ્નિનુ સ્થાપન કરી અન્વાધાન કરવું તે આ પ્રમાણે—"चक्षुषी आज्येनेत्यंते श्रीगंगाममुकसंख्ययाज्येन नारायणादिषड्देवता एकैकयाज्याहुत्या शेषेण स्विष्टकृतं." એ રીતે અન્વાધાન થયા પછી પ્રોક્ષણીઆદિ છ પાત્ર માંડી આજ્યા (ઘી)ને સંસ્કાર કરી અન્વાધાન પ્રમાણે હોમ કરવો. દશ બ્રાહ્મણ અને દશ સુવાસિની (ગોયણી) એમને ભોજન દેવું. એકમના દિવસથી આરંભ કરી સ્નાનઆદિ પૂજા લગી સઘળો વિધિ કરવો. એમ કેટલાએક કહેછે. ગંગાસ્તોત્ર સ્કંદપુરાણમાં તે આ રીતે, "ब्रह्मोवाच ॥ नमः शिवायै गंगायै शिवदायै नमोनमः ॥ नमस्ते रुद्ररूपिण्यै शांकर्यै ते नमोनमः ॥ नमस्ते विश्वरूपिण्यै ब्रह्ममूर्त्यै नमोनमः ॥ सर्वदेवस्वरूपिण्यै नमो भेषजमूर्तये ॥ सर्वस्य सर्वव्याधीनां भिषक्श्रेष्ठ्यै नमोस्तु ते ॥ स्थाणुजंगमसंभूतविषहंत्र्यै नमोनमः ॥ भोगोपभोगदायिन्यै भोगवत्यै नमोनमः ॥ मंदाकिन्यै नमस्तेस्तु स्वर्गदायै नमोनमः ॥ नमस्त्रैलोक्यभूषायै जगद्धात्र्यै नमोनमः ॥ नमस्त्रिशुक्लसंस्थायै तेजोवत्यै नमोनमः ॥ नंदायै लिंगधारिण्यै नारायण्यै नमोनमः ॥ नमस्ते विश्वमुख्यायै रेवत्यै ते नमोनमः ॥ बृहत्यै ते नमस्तेस्तु लोकधात्र्यै नमोनमः ॥ नमस्ते विश्वमित्रायै नंदिन्यै ते नमोनमः ॥ पृथ्व्यै शिवामृतायै च सुवृषायै नमोनमः ॥ शांतायै च वरिष्ठायै वरदायै नमोनमः ॥ उस्रायै सुखदोग्ध्र्यै च संजीविन्यै नमोनमः ॥ ब्रह्मिष्ठायै ब्रह्मदायै दुरितघ्न्यै नमोनमः ॥ प्रणतार्तिप्रभंजिन्यै जगन्मात्रे नमोस्तु ते ॥ सर्वापत्प्रतिपक्षायै मंगलायै नमोनमः ॥ शरणागतदीनार्तपरित्राणपरायणे ॥ सर्वस्यार्तिहरे देवि नारायणि नमोस्तु ते ॥ निर्लेपायै दुर्गहंत्र्यै दक्षायै ते नमोनमः ॥ परात्परतरे तुभ्यं नमस्ते मोक्षदे सदा ॥ गंगे ममाग्रतो भूया गंगे मे देवि पृष्ठतः ॥ गंगे मे पार्श्वयोरेहि त्वयि गंगेस्तु मे स्थितिः ॥ आदौ त्वमंते मध्ये च सर्वं त्वं गां गते शिवे ॥ त्वमेव मूलप्रकृतिस्त्वं हि नारायणः परः ॥ गंगे त्वं परमात्मा च शिवस्तुभ्यं नमः शिवे ॥ य इदं पठति स्तोत्रं भक्त्या नित्यं नरोपि यः ॥ शृणुयात् श्रद्धया युक्तः कायवाक्चित्तसंभवैः ॥ दशधा संस्थितैर्दोषैः सर्वैरेव प्रमुच्यते ॥ सर्वान्कामानवाप्नोति प्रेत्य ब्रह्मणि लीयते ॥ ज्येष्ठे मासि सिते पक्षे दशमी हस्तसंयुता ॥ तस्यां दशम्यामेतच्च स्तोत्रं गंगाजले स्थितः ॥ यः पठेद्दशकृत्वस्तु दरिद्रो वापि चाक्षमः ॥ सोपि तत्फलमाप्नोति गंगां संपूज्य यत्नतः ॥ अदत्तानामुपादानं हिंसा चैवाविधानतः ॥ परदारोपसेवा च कायिकं त्रिविधं स्मृतम् ॥ पारुष्यमनृतं चैव पैशुन्यं चापि सर्वशः ॥ असंबद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम् ॥ परद्रव्येष्वभिध्यानं मनसानिष्टचिंतनम् ॥ वितथाभिनिवेशश्च मानसं त्रिविधं स्मृतम् ॥ एतानि दश पापानि हर त्वं मम जाह्नवि ॥ दशपापहरा यस्मात्तस्माद्दशहरा स्मृता ॥ त्रयस्त्रिंशच्छतं पूर्वान् पितृनथ पितामहान् ॥ उद्धरत्येव संसारान्मंत्रेणानेन पूजिता ॥ नमो भगवत्यै दशपापहरायै गंगायै नारायण्यै

रेवत्यै शिवायै दक्षायै अमृतायै विश्वरूपिण्यै नंदिन्यै ते नमोनमः ॥ सितमकरनिषण्णां शुभ्रवर्णां त्रिनेत्रां करधृतकलशोद्यत्सोत्पलामत्यभीष्टाम् ॥ विधिहरिहररूपां सेंदुकोटीरजुष्टां कलितसितदुकूलां जाह्नवीं तां नमामि ॥ आदावादिपितामहस्य निगमव्यापारपात्रे जलं पश्चात्पन्नगशायिनो भगवतः पादोदकं पावनम् ॥ भूयः शंभुजटाविभूषणमणिर्जह्नोर्महर्षेरियं देवी कल्मषनाशिनी भगवती भागीरथी दृश्यते ॥ गंगा गंगेति यो ब्रूयाद्योजनानां शतैरपि ॥ मुच्यते सर्वपापेभ्यो विष्णुलोकं स गच्छति ॥" આ સ્તોત્રવડે સ્તુતિ કરી હોમ થયા પછી પ્રતિમાની ઉત્તરપૂજા કરી વિસર્જન કરી મૂળમંત્રવડે આચાર્યને પ્રતિમાનું દાન કરી દેવું. એ રીતે દશહરાવિધિ સમાપ્ત થયો.

ज्येष्ठशुक्लैकादशीनिर्जला ॥ अस्यांनित्याचमनादिव्यतिरिक्तजलपानवर्जनेनोपवासेकृतेद्वादशैकादश्युपवासफलं द्वादश्यांचनिर्जलोपोषितैकादशीव्रतांगत्वेनसहिरण्यसशर्करोदकुंभदानंकरिष्येइतिसंकल्प्य देवदेवहृषीकेशसंसारार्णवतारक उदकुंभप्रदानेनयास्यामिपरमांगतिमिति मंत्रेणशर्करायुतं सहिरण्यमुदकुंभंदद्यात् ज्येष्ठमाससितद्वादश्यामहोरात्रंत्रिविक्रमपूजनाद्गवामयनाख्यक्रतुफलसिद्धिः ज्येष्ठपौर्णमास्यांतिलदानादश्वमेधफलं ज्येष्ठानक्षत्रयुतायांज्यैष्ठ्यांछत्रोपानहदानान्नराधिपत्यप्राप्तिः ज्येष्ठपूर्णिमायांबिल्वत्रिरात्रिव्रतमुक्तं अत्रपरविद्धाग्राह्या ॥

જ્યેષ્ઠ શુદ એકાદશી નિર્જલા એ નામથી કહેવાય છે. એ એકાદશીને દિવસે નિત્યાચમનના જલશિવાય બીજા જલનો ત્યાગ કરી ઉપવાસ કરવાથી બાર એકાદશીના ઉપવાસ કરવાનું ફળ પ્રાપ્ત થાય છે. બારસને દિવસે, " निर्जलोपोषितैकादशीव्रतांगत्वेन सहिरण्यसशर्करोदकुंभदानं करिष्ये," એવો સંકલ્પ કરી, " देवदेव हृषीकेश संसारार्णवतारक ॥ उदकुंभप्रदानेन यास्यामि परमां गतिं," એ મંત્રેકરી સાકર અને સુવર્ણસહિત જલનો કુંભ દેવો. જ્યેષ્ઠ શુદ બારસને દિવસે રાત્રિદિવસ (આઠ પોહોર) ત્રિવિક્રમની પૂજા કરવાથી ગવામયન એવા નામના યજ્ઞનું ફળ મળે છે. જ્યેષ્ઠ શુદ પૂનમને દિવસે તિલનું દાન કરવાથી અશ્વમેધનું ફળ મળે છે. જ્યેષ્ઠાનક્ષત્રે યુક્ત એવી જ્યેષ્ઠ શુદ પૂનમને દિવસે છત્ર, પગરખાં, એમનું દાન કરવાથી નરાધિપત્ય મળે છે. જ્યેષ્ઠની પૂનમને દિવસે બિલ્વ ત્રિરાત્રિવ્રત કરવું. એ વ્રતમાટે પૂનમ એકમવિદ્ધા હોય તે લેવી.

अस्यामेववटसावित्रीव्रतम् ॥ अत्रव्रतेत्रयोदश्यादिदिनत्रयमुपवासः अशक्तौतुत्रयोदश्यां नक्तंचतुर्दश्यामयाचितंपौर्णमास्यामुपोषणं अत्रपौर्णमासीनिर्णयानुसारेणयथात्रिरात्रंभवेत्तथात्रयोदश्यादिदिनत्रयंग्राह्यं तत्रपौर्णिमासूर्यास्तमयात्पूर्वंत्रिमुहूर्ताधिकव्यापिनीचतुर्दशीविद्धाग्राह्या त्रिमुहूर्तन्यूनत्वेपरैव भूतोष्टादशनाडीभिर्दूषयत्युत्तरांतिथिमितिवचनंसावित्रीव्रतातिरिक्तेज्ञेयं सावित्रीव्रतोपवासेष्टादशनाडीविद्धायाअपिग्राह्यत्वात् यत्तु केवलंपूजनात्मकमुपवासरहितंसावित्रीव्रतंसर्वत्रस्त्रियोनुतिष्ठंति तत्रभूतोष्टादशेतिवेधोव्रतदानादिपरोनतूपवासपरइतिनिर्णयसिंधुलिखितमाधवाशयानुसारेणाष्टादशनाडीचतुर्दशीसत्त्वेपरैवपूजाव्रतेग्राह्या उपवासव्रतेतुपूर्वेतिममप्रतिभाति अत्रपारणंपूर्णिमांतेकर्तव्यं अत्ररजस्वलादिदोषेपूजादिब्राह्मणद्वाराकार्यं स्वयमुपवासादिकंकार्यमित्यादयःस्त्रीव्रतेविशेषाःप्रथमपरिच्छेदेज्ञेयाः अत्रपूजोद्यापनादिविधिर्व्रतग्रंथेप्रसिद्धः अत्रज्येष्ठपौर्णिमायांज्येष्ठानक्षत्रेबृहस्पतिश्चंद्रश्चरोहिणीनक्षत्रेतुसूर्यस्तदामहाज्येष्ठेतियोगस्तत्रस्नानदानादिकंकार्यं अस्याःपौर्णमास्यामन्वादित्वादत्रपिंडरहितंश्राद्धमुक्तं एतन्निर्णयश्चैत्रेउक्तः अत्रमासेविप्रेभ्यश्चंदनव्यजनोदकुंभादिकंत्रिविक्रमप्रीतयेदेयम् ॥ इति श्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे ज्येष्ठमासकृत्यनिर्णयउद्देशः समाप्तः ॥

હવે વટસાવિત્રીવ્રત કહેછે.

એજ પૂનમને દિવસે વટસાવિત્રીવ્રત કરવું. એ વટસાવિત્રીવ્રતમાં તેરસથી કરી ત્રણ દિવસ ઉપવાસ કરવો. ઉપવાસવિષે અશક્ત હોય તો તેરસનું નક્ત, ચૌદશનું અયાચિત અને પૂનમનો ઉપવાસ એ પ્રમાણે કરવું. આ વ્રતમાં પૂનમના નિર્ણયને અનુસારે જેમ ત્રણ રાત્રિ થાય તેમ તેરસ આદિ ત્રણ દિવસ લેવા. એ વ્રતમાં પૂનમ, સૂર્યાસ્તથી પ્રથમ છ ઘડી કરતાં અધિકવ્યાપિની એવી ચૌદશવતી વિદ્ધા હોય તો તે લેવી. સૂર્યાસ્તથી પ્રથમ છ ઘડીથી ઓછી હોય તો બીજા દિવસનીજ લેવી. "ચૌદશ અઢાર ઘડીવડે આવતી તિથિને દૂષિત કરેછે," એવું જે વચન તે સાવિત્રીવ્રત-

વિના બીજાં વ્રતો માટે જાણવું. કારણ, સાવિત્રીવ્રતના ઉપવાસમાટે અઢાર ઘડીવડે વિદ્ધા પૂનમ પણ લેવાની કહેલી છે. ઉપવાસવિના કેવળ પૂજામાત્ર કરવી એવું સાવિત્રીવ્રત જે સર્વત્ર સ્ત્રીઓ કરે છે, તેવાં વ્રત તથા દાનમાટે ચૌદશનો અઢાર ઘડીનો વેધ છે, ઉપવાસમાટે નથી, એ રીતે નિર્ણયસિંધુમાં લખેલા માધવના અભિપ્રાય પ્રમાણે અઢાર ઘડી ચૌદશ હોય તો બીજા દિવસનીજ પૂજાવ્રતમાટે લેવી, ઉપવાસવ્રતમાટે તો પ્રથમની લેવી એમ મને ભાસેછે. એ વ્રતની પારણા પૂનમને અંતે કરવી. એ વ્રતવિષે રજસ્વલા ઇત્યાદિક દોષ હોય તો પૂજા વગેરે બ્રાહ્મણદ્વારા કરાવવું, ઉપવાસ આદિ પોતે કરવા. એવા સ્ત્રીવ્રતોમાં વિશેષ પ્રથમ પરિચ્છેદમાં (પત્ર ૧૬ માં) કહ્યા છે તે જાણવા. એ વ્રતમાટે પૂજા, ઉદ્યાપનઆદિ વિધિ વ્રતગ્રંથોમાં પ્રસિદ્ધ છે. આ જ્યેષ્ઠની પૂનમને દિવસે જ્યેષ્ઠાનક્ષત્રનો બૃહસ્પતિ અને ચંદ્ર તેમજ રોહિણી નક્ષત્રમાં સૂર્ય હોય તો મહાજ્યેષ્ઠાયોગ થાય છે, તે દિવસે સ્નાન દાન આદિ કરવાં એ પૂનમ મન્વાદિ છે માટે તે દિવસે પિંડરહિત શ્રાદ્ધ કરવું. એનો નિર્ણય ચૈત્રમાસમાં કહેલો છે. એ માસમાં બ્રાહ્મણને ચંદન, પંખા, જલના કુંભ ઇત્યાદિક ત્રિવિક્રમની પ્રીતિઅર્થે દેવા. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે જ્યેષ્ઠમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥

अथाषाढेदक्षिणायनसंज्ञाकर्कसंक्रांतिः ॥ कर्कसंक्रांतौपूर्वास्त्रिंशन्नाड्यःपुण्यकालः तत्रापि संक्रांतिसन्निहितानाड्यःपुण्यतमाः रात्रावर्धरात्रात्प्राक्परतश्चसंक्रमेपिपूर्वेदिनेपुण्यकालः तत्रापिमध्याह्नात्परत पुण्यतमत्वं सूर्योदयोत्तरंघटीद्वयात्प्राक्संक्रमेपरतएवपुण्यं ज्योतिर्ग्रंथेतुसूर्योदयात्प्राक्घटीत्रयात्मकसंध्यासमयेपिकर्कसंक्रमेपरदिनेएवपुण्यमित्युक्तं अत्रदानोपवासादिप्रथमपरिच्छेदेउक्तं कर्ककन्याधनु कुंभस्थेरवौकेशकर्तनादिकंनिषिद्धं आषाढेमासमेकभक्तव्रतेकृतेबहुधनधान्यपुत्रप्राप्तिः अत्र मासेउपानच्छत्रलवणामलकानिवामनप्रीत्यैदेयानि आषाढशुक्लद्वितीयायांपुष्यनक्षत्रयुतायांकेवलायां वाश्रीरामस्यरथोत्सवः आषाढशुक्लपक्षेदशमीपौर्णमासीचमन्वादिः तन्निर्णयस्तूक्तः ॥

હવે આષાઢમાસનાં કૃત્ય કહેછે.

આષાઢ માસમાં જે કર્ક સક્રાતિ તેનું દક્ષિણાયન એ નામ છે. કર્ક સંક્રાંતિની પ્રથમની ત્રીસ ઘડી પુણ્યકાલ. તેમા પણ સક્રાતિપ્રવેશના સમીપ વખતની ઘડીઓ બહુ પુણ્યકારક છે. રાત્રિએ અર્ધ રાત્રિથી પ્રથમ અથવા પાછળ સક્રાતિપ્રવેશ થાય તો પણ પ્રથમ દિવસે પુણ્યકાલ. તેમાં પણ મધ્યાહ્ન પછીનો કાલ અતિ પુણ્યકારક છે. સૂર્યોદય થયા પછી બે ઘડીની અદર સક્રાંતિ થાય તો પ્રવેશ પછીજ પુણ્યકાલ છે. જ્યોતિષના ગ્રંથોમાં તો સૂર્યોદયથી આગળ ત્રણ ઘડીરૂપ સંધ્યાસમયમાં પણ કર્ક સક્રાતિ થાય તો બીજે દિવસે પુણ્ય છે, એમ કહેલુ છે. એ સક્રાતિએ દાન ઉપવાસાદિ જે કરવાનુ તે પ્રથમ પરિચ્છેદમાં (પત્ર ૪ માં) કહેલુ છે. કર્ક, કન્યા, ધનુષ, અને કુંભ એ રાશિમાં સૂર્ય છતાં ક્ષૌર (હજામત) વગેરે કરાવવું નહીં. આષાઢ માસમાં એક માસ લગી એકભક્ત વ્રત કરવાથી બહુ ધન, ધાન્ય, પુત્ર પ્રાપ્ત થાય છે. એ માસમાં પગરખાં, છત્ર, મીઠું, આમળા એનું દાન કરવાથી શ્રીવામન સતુષ્ટ થાય છે. આષાઢ શુદ બીજ પુષ્ય નક્ષત્રયુક્ત હોય અથવા એકલી બીજજ હોય તે દિવસે શ્રીરામનો રથોત્સવ (રથયાત્રા) કરવો, આષાઢ શુદ દશમ, અને પૂનમ, એ મન્વાદિ છે, તેનો નિર્ણય તો પ્રથમ (પત્ર ૫૨ માં) કહેલો છે.

अथैकादश्यांविष्णुशयनोत्सवः ॥ तत्रसोपस्करेमंचकेसुप्तांश्रीविष्णुप्रतिमांशंखादिचतुरायुधांलक्ष्मीसंवाहितचरणांनानाविधोपचारैःसंपूजयेत् सुप्तेत्वयिजगन्नाथेजगत्सुप्तंभवेदिदं विबुद्धेत्वयिबुध्येततत्सर्वंसचराचरमितिप्रार्थ्य उपोष्यजागरंकृत्वाद्वादश्यांपुनःसंपूज्यत्रयोदश्यांगीतनृत्यवाद्यादिकं निवेदयेत् एवमिदंत्रिदिनसाध्यंव्रतं तत्रस्मार्तैर्वैष्णवैश्चस्वस्वैकादशीव्रतदिनेशयनीव्रतमारब्धव्यं रात्रौ शयनोत्सवः दिवाप्रबोधोत्सव द्वादश्यांपारणाहेशयनप्रबोधोत्सवावितिकेचित् अत्रदेशाचाराद्व्यवस्था नेदंमलमासेकार्यं आषाढशुद्धद्वादश्यामनुराधायोगरहितायांपारणंकार्यं तत्रापिअनुराधाप्रथमपादयोग एववर्ज्यः यदातुद्वादशीस्वल्पावर्ज्यनक्षत्रभागोद्वादशीमतिक्रम्यविद्यतेतदानिषेधमनादृत्यद्वादश्यामेव पारणंकार्यमितिकौस्तुभेउक्तं संगवकालभागंत्यक्त्वा प्रातर्मध्याह्नभागेवाभोक्तव्यमिति पुरुषार्थचिंतामणौ ॥

હવે આષાઢ શુદ એકાદશીને દિવસે વિષ્ણુનો શયનોત્સવ કહેછે.

એકાદશીને દિવસે સઘળી સામગ્રીસમેત પલંગ ઉપર, શંખ આદિ ચાર આયુધસહિત, અને લક્ષ્મી જેના ચરણ સેવે છે એવી શ્રીવિષ્ણુની પ્રતિમા પોઢાડી તેની અનેક ઉપચારવડે પૂજા કરવી. પછી "सुप्ते त्वयि जगन्नाथे, जगत्सुप्तं भवेदिदं ॥ विबुद्धे त्वयि बुध्येत, तत्सर्वं सचराचरं," એ મંત્રવડે પ્રાર્થના કરવી. પછી ઉપવાસ અને જાગરણ કરવું. અને બારસને દિવસે ફરી પૂજા કરી તેરસને દિવસે ગીત નૃત્ય, વાજીંત્ર, ઇત્યાદિ નિવેદન કરવું. એ પ્રમાણે એ ત્રણ દિવસનું વ્રત છે. સ્માર્ત્ત અને વૈષ્ણવ એમણે પોતપોતાની એકાદશીવ્રતને દિવસે શયનીવ્રતનો આરંભ કરવો; તે આ પ્રમાણે;—રાત્રિએ શયન ઉત્સવ કરવો અને દિવસે પ્રબોધ ઉત્સવ કરવો. પારણાને દિવસે બારસમાં શયનોત્સવ અને પ્રબોધોત્સવ કરવા, એમ કેટલાએક કહેછે. એ વ્રત જેવો દેશાચાર હોય તે પ્રમાણે કરવું. આ ઉત્સવ મલમાસમાં કરવો નહીં, આષાઢ શુદ બારસ અનુરાધા નક્ષત્રના યોગવડે રહિત હોય તેમાં પારણા કરવી. તેમાં પણ અનુરાધા નક્ષત્રના પ્રથમ પાદનો યોગજ વર્જ્ય છે. જ્યારે બારસ થોડી હોય અને વર્જ્ય નક્ષત્રનો ભાગ બારસ ઉતરી જતાં પણ રહેતો હોય ત્યારે નિષેધનો આદર ન કરી બારસમાંજ પારણા કરવી; એમ કૌસ્તુભમાં કહ્યું છે. સંગવકાલનો ભાગ છોડી પ્રાતઃકાલમાં કિંવા મધ્યાહ્નકાલમાં ભોજન કરવું. એ રીતે પુરુષાર્થચિંતામણિમાં કહ્યું છે.

द्वादश्यांपारणोत्तरंसायंपूजांकृत्वाचातुर्मास्यव्रतसंकल्पंकुर्यादितिकौस्तुभे॥ एकादश्यामेवेतिनिर्णयसिंधुः चातुर्मास्यव्रतप्रथमारंभोगुरुशुक्रास्तादावाशौचादौचनभवति द्वितीयाद्यारंभस्तु अस्तादावाशौचादौचभवत्येव चातुर्मास्यव्रतंचशैवादिभिरपिकार्यम् ॥

ચાતુર્માસ્યવ્રતનો આરંભ કહેછે.

બારસને દિવસે પારણા કીધા પછી સાયંકાલે પૂજા કરી ચાતુર્માસ્યવ્રતનો સંકલ્પ કરવો, એ પ્રમાણે કૌસ્તુભમાં કહ્યું છે. એકાદશીને દિવસેજ ચાતુર્માસ્યવ્રતનો સંકલ્પ કરવો, એમ નિર્ણયસિંધુમાં છે, ચાતુર્માસ્યવ્રતનો પ્રથમ આરંભ, ગુરુશુક્રના અસ્તાદિક અને આશૌચ ઇત્યાદિ નિષિદ્ધ કાલમાં કરવો નહીં. બીજા ઇત્યાદિ વખતનો આરંભ તો અસ્તાદિક અને આશૌચાદિક છતાં પણ આવશ્યક થાય. ચાતુર્માસ્યવ્રત તો શૈવાદિકોએ પણ કરવું.

व्रतग्रहणप्रकारस्तु ॥ भगवतोजातीपुष्पादिभिर्महापूजांकृत्वा सुप्तेत्वयिजगन्नाथेजगत्सुप्तंभवेदिदं विबुद्धेत्वयिबुद्ध्येतप्रसन्नोमेभवाच्युतेतिप्रार्थ्य अग्रेकृतांजलिः चतुरोवार्षिकान्मासान्देवस्योत्थापनावधि श्रावणेवर्जयेशाकंदधिभाद्रपदेतथा दुग्धमाश्वयुजेमासिकार्तिकेद्विदलंतथा इदंकरिष्येनियमं निर्विघ्नंकुरुमेच्युत इदंव्रतंमयादेवगृहीतंपुरतस्तव निर्विघ्नंसिद्धिमायातुप्रसादात्तेरमापते गृहीतेस्मिन्व्रते देवपंचत्वंयदिमेभवेत् तदाभवतुसंपूर्णंप्रसादात्तेजनार्दन इतिप्रार्थ्य देवायशंखेनार्घ्यंनिवेदयेत् एतानिव्रतानिनित्यानि हविष्यभक्षणादिव्रतांतरचिकीर्षायां श्रावणेवर्जयेशाकमितिश्लोकस्थानेहविष्यान्नंभक्षयिष्येदेवाहंप्रीतयेतवेत्यूहःकार्यः शाकव्रतेव्रतांतरेचसमुच्चयेनकर्तव्येतंश्लोकंपठित्वाव्रतांतरमंत्रंवदेत् एवंगुडवर्जनादिधारणापारणादिव्रतेषु वर्जयिष्येगुडंदेवमधुरस्वरसिद्धये वर्जयिष्येतैलमहंसुंदरांगत्वसिद्धये योगाभ्यासीभविष्यामिप्राप्तंब्रह्मपदंपरं मौनव्रतीभविष्यामिस्वाज्ञापालनसिद्धये एकांतरोपवासीचप्राप्तुंब्रह्मपुरंपरमित्यादिरीत्योहःकार्यः निषिद्धमात्रवर्जनेच्छायां वृंताकादिनिषिद्धानिद्रव्याणिवर्जये इतिसंकल्पः ॥

ચાતુર્માસ્યવ્રત ગ્રહણ કરવાનો પ્રકાર કહેછે.

જાઈ ઇત્યાદિકનાં ફૂલવડે ભગવાનની મ્હોટી પૂજા કરી, " सुप्ते त्वयि जगन्नाथे, जगत्सुप्तं भवेदिदं ॥ विबुद्धे त्वयि बुध्येत, प्रसन्नो मे भवाच्युत " એ મંત્રવડે પ્રાર્થના કરી, સામે ઉભા રહી, હાથ જોડી, " चतुरो वार्षिकान् मासान्, देवस्योत्थापनावधि ॥ श्रावणे वर्जये शाकं दधि भाद्रपदे तथा ॥ दुग्धमाश्वयुजे मासि, कार्तिके द्विदलं तथा ॥ इमं करिष्ये नियमं, निर्विघ्नं कुरु मेच्युत ॥ इदं व्रतं मया देव, गृहीतं पुरतस्तव ॥ निर्विघ्नं सिद्धिमायातु, प्रसादात्ते रमापते ॥ गृहीतेऽस्मिन् व्रते देव, पंचत्वं यदि मे भवेत् ॥ तदा भवतु संपूर्णं, प्रसादात्ते जनार्दन" એ મંત્રવડે પ્રાર્થના કરવી, પછી

શંખવતી દેવને અર્ઘ્ય દેવો. શ્રાવણમાં શાક, ભાદરવામાં દહીં, આસોમાં દૂધ, અને કાર્તિકમાં બેદળવાળું ધાન્ય એ વર્જ્ય કરવા એ સઘળાં વ્રતો નિત્ય છે. હવિષ્યભક્ષણ આદિ બીજાં વ્રતો કરવાની ઇચ્છા હોય તો, "श्रावणे वर्जये शाकं." એ શ્લોકને બદલે "हविष्यान्नं भक्षयिष्ये, देवाहं प्रीतये तव." એવો ઉચ્ચાર કરવો. શાકવ્રત અને બીજાં વ્રતો સાથેજ કરવાનાં હોય તો તે (પ્રથમનો) શ્લોક બોલી બીજા વ્રતનો મંત્ર ભણવો. ગોળ વર્જવો અને ધારણાપારણા કરવી, ઇત્યાદિ વ્રતોમાટે જે ઉચ્ચાર કરવો તે આ પ્રમાણે,—"वर्जयिष्ये गुडं देव, मधुरस्वरसिद्धये ॥ वर्जयिष्ये तैलमहं सुंदरांगत्वसिद्धये ॥ योगाभ्यासी भविष्यामि, प्राप्तुं ब्रह्मपदं परं ॥ मौनव्रती भविष्यामि, स्वाज्ञापालनसिद्धये ॥ एकांतरोपवासी च, प्राप्तुं ब्रह्मपुरं परं," ઇત્યાદિ રીતે ઉચ્ચાર કરવો. નિષિદ્ધ પદાર્થમાત્ર વર્જિત કરવાની ઇચ્છા હોય તો "वृंताकादिनिषिद्धानि हरे सर्वाणि वर्जये," એવો સંકલ્પ કરવો.

तानिचचातुर्मास्येनिषिद्धानि ॥ प्राण्यंगचूर्णंचर्मस्थोदकंजंबीरंबीजपूरंयज्ञशेषभिन्नंविष्णवनिवेदितान्नंदग्धान्नंमसूरंमांसंचेत्यष्टविधमामिषंवर्जयेत् निष्पावराजमाषधान्ये लवणशाकंवृंताकंकालिंगफलंअनेकबीजफलं निर्बीजंमूलकंरक्तमूलकंकूष्मांडंइक्षुदंडंनूतनबदरीधात्रीफलानि चिंचांमंचकादिशयनमनृतुकालेभार्यांपरान्नंमधुपटोलंमाषकुलित्थसितसर्षपांश्चवर्जयेत् वृंताकबिल्वोदुंबरकालिंगभिःसदास्तुवैष्णवैःसर्वमासेषुवर्ज्याः अन्यत्रतुगोछागीमहिष्यन्यदुग्धंपर्युषितान्नंद्विजेभ्यःक्रीतारसा भूमिलवणं ताम्रपात्रस्थंगव्यंपल्वलजलंस्वार्थपक्वमन्नमित्यामिषगणउक्तः चतुर्ष्वपिहिमासेषुहविष्याशीनपापभाक् हविष्याणितुव्रीहिमुद्गयवतिलकंगुकलायश्यामाकगोधूमधान्यानि रक्तभिन्नमूलकंसूरणादिकंदः सैंधवसामुद्रलवणं गव्यानिदधिसर्पिर्दुग्धानि पनसाम्रनारिकेलफलानि हरीतकीपिप्पलीजीरकंशुंठीचिंचाकदलीलवलीधात्रीफलानि गुडेतरेक्षुविकारइत्येतानि अतैलपक्वानि गव्यंतक्रंमाहिषंघृतंक्वचित् ॥

હવે ચાતુર્માસ્યમાં નિષિદ્ધ પદાર્થ કયા તે કહેછે.

છીપ તથા બીજાં હાડકાંનો ચુનો; ચામડામાં રાખેલું પાણી; ગોદડિયાં લીંબુ; બીજોરૂં, વૈશ્વદેવ કીધાવિનાનું અને વિષ્ણુને અર્પણ ન કરેલું એવું અન્ન, બળેલું અન્ન; મસૂર; માંસ; એ આઠ પ્રકારનું આમિષ વર્જ્ય કરવું. કાળા વાલ; વટાણા; ચોળા; ભીડાનું શાક; વેંગણ; કાલીંગુ; ઘણુ બીજવાળું ફળ; બીજવિનાનું (કેળાંઆદિ) ફળ; સફેદ મુળા; રાતા મુળા; કોળું, શેરડી; નવાં બોર; આમળાં અને આંબલી; પલંગઆદિ ઉપર સુવું; ઋતુ આવ્યાવિના સ્ત્રીનું સેવન; પરાન્ન; મધ; પરવલ; અડદ; કળથી; ધોળા સર્ષપ; એ સર્વ વર્જ્ય કરવાં. વેંગણ; બીલિફળ; ગુલ્લરનાં ફળ; કાલીંગુ; દાઝેલું અન્ન; એ વૈષ્ણવોએ સર્વ માસમાં છોડી દેવાં. બીજા કોઈ ગ્રંથમાં તો; ગાય, બકરી, અને ભેંસવિના બીજાનું દૂધ; વાસી અન્ન; બ્રાહ્મણ પાસેથી વેચાતા લીધેલા રસ, જમીનસંબંધી લૂણ; ત્રાંબાના પાત્રમાં રાખેલાં ગાયનાં દૂધ, દહીં ઇત્યાદિ; ન્હાની તળાવડીનું જલ; પોતા માટેજ રાંધેલું અન્ન; ઇત્યાદિ આમિષગણ કહ્યો છે. ચારે માસમાં હવિષ્ય ભોજન કરવાથી પાપભાગી થતો નથી. **હવિષ્ય કયાં તે કહેછે.**—ચોખા, મગ, જવ, તિલ, કાંગ, કલાપ (કમલકાકડી), શામો, અને ઘઉં, એ ધાન્ય રાતાવિના બીજા મુળા; સુરણ આદિ કંદ; સૈંધવ, અને સમુદ્રનું એ બે લૂણ; ગાયનાં દૂધ, દહીં, ઘી, ફણસ, આંબા અને નારિયલ એ ફળ; હરડે, પિપર, જીરૂં, સુંઠ,, આંબલી, કેળાં, મ્હોટાં આમળાં, આમળાં, સાકર, ખાંડ, એ સઘળાં તેલમાં પાકેલાં ન હોય તો હવિષ્ય જાણવાં. ગાયની છાશ અને ભેંસનું ઘી એ પણ ગ્રાહ્ય હવિષ્યમાં કહ્યાં છે.

अथकाम्यव्रतानि ॥ गुडवर्जनान्मधुरस्वरता तैलवर्जनात्सुंदरांगता योगाभ्यासीब्रह्मपदमाप्नोति तांबूलत्यागाद्भोगीमधुरकंठश्च घृतत्यागीस्निग्धतनुः शाकत्यागीपक्वान्नभुक् पादाभ्यंगत्यागाद्वपुःसौगंध्यं दधिदुग्धतक्रत्यागाद्विष्णुलोकः स्थालीपाचितान्नत्यागाद्दीर्घसंततिः भूमौदर्भशायीविष्णुदासः भूमिभोजनान्नृपत्वं मधुमांसत्यागान्मुनिः एकांतरोपवासाद्ब्रह्मलोकः नखकेशधारणाद्दिनेदिनेगंगास्नानं मौनादस्खलिताज्ञा विष्णुवंदनाद्गोदानफलं विष्णुपादस्पर्शात्कृतकृत्यता हरेरालयेसंमार्जनादिना नृपत्वं नतिप्रदक्षिणाकरणाद्विष्णुलोकः एकभक्तादानादग्निष्टोमफलं अयाचितेनवापीकूपोत्सर्गादिपूर्तफलं षष्ठान्नकालभोजनात्स्वर्गगः पर्णेषुभोजनात्कुरुक्षेत्रवासफलं शिलाभोजनात्प्रयागस्नानफलं एवं मासचतु

द्यसाध्यानांव्रतानां संकल्पमेकादश्यांद्वादश्यांवाकृत्वा श्रावणमासव्रतविशेषसंकल्पइहैवकार्यः अहंशाकंवर्जयिष्येश्रावणेमासिमाधवेति अत्रशाकशब्देनलोकेप्रसिद्धाः फलमूलपुष्पपत्रांकुरकांडत्वगादिरूपा वर्ज्याः नतुव्यंजनमात्रं शुंठीहरिद्राजीरकादिकमपिवावर्ज्यं तत्रतत्कालोद्भवानामातपादिशोषितकालांतरोद्भवानांचसर्वशाकानांवर्जनंकार्यं अथैषांचातुर्मास्यव्रतानांसमाप्तौकार्तिक्यांदानानितत्रैववक्ष्यंते ॥

હવે કામ્યવ્રત કહેછે.

ગોળનો ત્યાગ કરવાથી સ્વર મધુર થાય છે. તેલના ત્યાગથી શરીર સુંદર થાય છે. યોગાભ્યાસ કરવાથી બ્રહ્મપદ પ્રાપ્ત થાય છે. તાંબૂલનો ત્યાગ કરવાથી અનેક ભોગની પ્રાપ્તિ તથા કંઠ મધુર થાય છે. ઘી છોડવાથી શરીર કોમળ થાય છે. શાકનો ત્યાગ કરવાથી પકવાન્નનો ભોક્તા થાય છે. પગને તેલ આદિનું મર્દન છોડવાથી શરીર સુગંધિ થાય છે. દહીં, દૂધ, અને છાસ છોડવાથી વિષ્ણુલોક પ્રાપ્તિ થાય છે. પાત્રમાં રાંધેલા અન્નનો ત્યાગ કરવાથી વંશવૃદ્ધિ થાય છે. પૃથ્વી ઉપર દર્ભ પાથરી તે ઉપર નિદ્રા કરવાથી ભગવદ્‌ભક્ત થાય છે. પૃથ્વી ઉપર ભોજન કરવાથી રાજ્ય મળે છે. મધ, અને માંસનો ત્યાગ કરવાથી મુનિ (વિચારશીલ) થાય છે. એકાંતર ઉપવાસ કરવાથી બ્રહ્મલોક પ્રાપ્તિ થાય છે. નખ, કેસ એ ધારણ કરવાથી નિત્ય ગંગાસ્નાનનું ફળ થાય છે. મૌનવ્રત કરવાથી આજ્ઞા અસ્ખલિત ચાલે છે. વિષ્ણુને પ્રણામ કરવાથી ગોદાનનું ફળ થાય છે. વિષ્ણુના ચરણસ્પર્શ કરવાથી કૃતાર્થપણું થાય છે. દેવમંદિરમાં ઝાડુ વગેરે શુદ્ધિ કરવાથી રાજ્ય મળે છે. વિષ્ણુને સો પ્રદક્ષિણા કરવાથી વિષ્ણુલોક પ્રાપ્ત થાય છે. એકભક્ત કરવાથી અગ્નિહોત્રનું ફળ. અયાચિતવ્રત પાળવાથી વાવ, કુવા ઇત્યાદિક ઉત્સર્ગ કરવાનું ફળ મળે છે, દિવસના છઠ્ઠા ભાગમાં ભોજન કરવાથી ઘણો વખત સ્વર્ગવાસ થાય છે. પાંદડાંઓમાં ભોજન કરવાથી કુરુક્ષેત્રમાં નિવાસ કરવાનું ફળ મળે છે. શિલા ઉપર ભોજન કરવાથી પ્રયાગસ્નાનનું ફળ થાય છે. એ રીતે ચાર માસ પાળવાનાં વ્રતોનો સંકલ્પ એકાદશીને અથવા બારસને દિવસે કરી શ્રાવણ માસનાં બીજાં વ્રતોનો સંકલ્પ પણ એજ દિવસે કરવો. તે આ પ્રમાણે,—" अहं शाकं वर्जयिष्ये, श्रावणे मासि माधव, " અહીં શાક શબ્દવડે લોકપ્રસિદ્ધ ફળ, મૂળ, પાન, અંકુર, ડાંખળી, છિલકા, ઇત્યાદિરૂપ શાક વર્જવું. વ્યંજન (કઢી વગેરે) સઘળું વર્જિત કરવું નહી. અથવા સૂંઠ, હલદર, જીરૂં ઇત્યાદિ પણ છોડવાં. એજ રીતે તે સમયમાં ઉત્પન્ન થયેલાં અને પ્રથમ પેદા થયેલાં છતાં તડકે સૂકવી રાખેલાં સઘળાં શાક વર્જ્ય કરવાં, હવે એ ચાતુર્માસ્યવ્રતોની સમાપ્તિ થયેલી કાર્તિકી પૂનમને દિવસે દાન દેવાનાં તે, તે પ્રકરણમાં કહીશું.

शयनीबोधिन्योस्तप्तमुद्राधारणमुक्तंरामार्चनचंद्रिकायाम् ॥ अत्रतप्तमुद्राधारणे विधायकानिप्रशंसावचनानिनिषेधकानिनिंदावचनानिचबहुतराण्युपलभ्यंते तेषांशिष्टाचाराद्व्यवस्था येषांकुलेपितृपितामहादिभिस्तप्तमुद्राधारणादिधर्मोनुष्ठितस्तैस्तथैवानुष्ठेयः येषांतुकुलेपुनकेनाप्यनुष्ठितस्तैर्नस्वमतिविलसितश्रद्धयातद्धर्मोनुष्ठेयोदोषश्रवणादितितात्पर्यम् ॥

શયની (આષાઢ શુદ) અને બોધિની (કાર્તિક શુદ) એ એકાદશીને દિવસે તપ્તભદ્રા (છાપ) ધારણ કરવાનું રામાર્ચનચંદ્રિકામાં કહ્યું છે. એ તપ્તભદ્રા ધારણ કરવામાં પ્રશસા કરનારા વિધિ વાક્ય, અને નિષેધકારક નિંદાવચનો બહુ મળે છે, માટે તે વચનોની શિષ્ટાચારપ્રમાણે વ્યવસ્થા કરવી. જેઓનાં કુલોમાં બાપ, દાદા ઇત્યાદિકોએ તપ્તમુદ્રાધારણાદિક ધર્મ આચરેલા હોય તેમણે તેમજ ધર્માચરણ કરવું. અને જેઓનાં કુલોમાં પ્રથમ કોઇએ પણ આચરણ કર્યું ન હોય તેમણે, શાસ્ત્રમાં દોષ સંભળાય છે માટે પોતાની બુદ્ધિમાં થયેલી શ્રદ્ધાથી તે તપ્તમુદ્રાધારણાદિક ધર્મ આચરણ કરવો નહીં, એ અભિપ્રાય જાણવો.

आषाढशुक्लद्वादश्यांवामनपूजनेननरमेधफलम् ॥ पूर्वाषाढायुतायांपौर्णमास्यामन्नपानादिदानादक्षय्यान्नादिप्राप्तिः अस्यामेवपौर्णमास्यांप्रदोषव्यापिन्यांश्रीशिवस्यशयनोत्सवः अस्यामेवकोकिलाव्रतं तत्र स्नानंकरिष्येनियताब्रह्मचर्येस्थितासती भोक्ष्यामिनक्तंभूशय्यांकरिष्येप्राणिनांदयामिति मासव्रतंसंकल्प्य कोकिलारूपिणींशिवांप्रत्यहंसंपूज्यनक्तभोजनं यासिन्वप।वकाप।

पाढेमतंकार्यमित्याचारःसनिर्मूलः आषाढस्यश्रावणस्यवापौर्णमास्यांचतुर्दश्यामष्टम्यांवाशिवपवित्रारोपणमुक्तं अस्यांपौर्णमास्यांसंन्यासिनांचातुर्मास्यवाससंकल्पांगत्वेनक्षौरव्यासपूजादिकंविहितं अत्रकर्मणिऔदयिकीत्रिमुहूर्तापौर्णमासीग्राह्या चातुर्मास्यमध्येतुवपनंवर्जयेद्यतिः चातुर्मासंद्विमासंवासदेकत्रैवसंवसेत्॥

આષાઢ શુદ બારસને દિવસે વામનની પૂજા કરવાથી નરમેધ યજ્ઞનું ફળ મળેછે. પૂર્વાષાઢા નક્ષત્રવડે યુક્ત એવી પૂનમને દિવસે અન્ન, પાણી, ઇત્યાદિ દાન કરવાથી અક્ષય અન્નાદિકની પ્રાપ્તિ થાયછે. એજ પૂનમ પ્રદોષકાલવ્યાપિની હોય તે દિવસે શ્રીશિવનો શયન ઉત્સવ કરવો. એજ પૂનમને દિવસે કોકિલાવ્રત કરવું. તે વ્રતમાટે, “स्नानं करिष्ये नियता, ब्रह्मचर्ये स्थिता सती॥ भोक्ष्यामि नक्तं भूशय्यां, करिष्ये प्राणिनां दयां” એ રીતે માસપર્યંત વ્રતનો સંકલ્પ કરી કોકિલારૂપિણી શિવા દેવીનું નિત્ય પૂજન કરી નક્તભોજન કરવું. જે વર્ષમાં આષાઢ અધિકમાસ હોય તેજ વર્ષમાં શુદ્ધ આષાઢમાં વ્રત કરવું. એ આચાર ચાલેછે તે નિર્મૂલ છે. આષાઢ અથવા શ્રાવણની પૂનમ, ચૌદશ અથવા આઠમ એમાંથી કોઇ એક દિવસે શિવને પવિત્રાં ધરાવવાનું કહ્યું છે. એ પૂનમને દિવસે સંન્યાસીઓએ, ચાર માસ એક ઠેકાણે રહેવા માટે જે સંકલ્પ કરવો તેનાં અંગરૂપ ક્ષૌર, વ્યાસપૂજા ઇત્યાદિક કરવાં. એ કાર્યોમાટે પૂનમ સૂર્યોદયથકી છ ઘડી હોય તે લેવી. “ચાતુર્માસ્યના મધ્યમાં સન્યાસીએ ક્ષૌર કરાવવું નહીં; અને ચાર માસ અથવા બે માસ નિયમથી એક સ્થાનકે રહેવું.”

तत्रादौक्षौरंविधायद्वादशमृत्तिकास्नानानिप्राणायामादिविधिंचकृत्वाव्यासपूजांकुर्यात् अथसंक्षेपेणतद्विधिः॥ देशकालौसंकीर्त्यचातुर्मास्यवाससंकल्पंकर्तुंश्रीकृष्णव्यासभाष्यकाराणांसपरिवाराणांपूजनंकरिष्येइतिसंकल्प्य मध्येश्रीकृष्णंतत्पूर्वतःप्रादक्षिण्येनवासुदेवसंकर्षणप्रद्युम्नानिरुद्धानावाह्य श्रीकृष्णपंचकदक्षिणभागेव्यासंतत्पूर्वतःप्रादक्षिण्येनसुमंतुजैमिनिवैशंपायनपैलानितिव्यासपंचकमावाह्यश्रीकृष्णादिवामेभाष्यकारंश्रीशंकरंतत्पूर्वतः प्रादक्षिण्येन पद्मपादविश्वरूपत्रोटकहस्तामलकाचार्यानावाह्य श्रीकृष्णपंचके श्रीकृष्णपार्श्वयोर्ब्रह्मरुद्रौपूर्वादिचतुर्दिक्षुसनकादीन् श्रीकृष्णपंचकात्पुरतःगुरुपरमगुरुपरमेष्ठिगुरून् ब्रह्मवसिष्ठशक्तिपराशरव्यासशुकगौडपादगोविंदपादशंकराचार्यान्ब्रह्मनिष्ठांश्चावाह्य पंचकचतुष्टयस्याग्नेयेगणेशंईशान्येक्षेत्रपालंवायव्येदुर्गांनैर्ऋत्येसरस्वतींप्रागाद्यष्टदिक्षुइंद्रादिलोकपालांश्चावाह्यपूजयेत् तत्रनारायणाष्टाक्षरेणश्रीकृष्णपूजा अन्येषांप्रणवादिनमोंतैस्तत्तन्नाममंत्रैः पूजाकार्या पूजांते असतिप्रतिबंधेचतुरोवार्षिकान्मासानिहवसामि इतिमनसासंकल्प्य अहंतावदिहवत्स्यामिसर्वेभूतहितायवै प्रायेणप्रावृषिप्राणिसंकुलंवर्त्मदृश्यते अतस्तेषामहिंसार्थंपक्षान्वैश्रुतिसंश्रयान् स्थास्यामश्चतुरोमासानत्रैवासतिबाधके इतिवाचिकसंकल्पंकुर्यात् ततोगृहस्थाःप्रतिब्रूयुः निवसंतुसुखेनात्रगमिष्यामःकृतार्थतां यथाशक्तिचशुश्रूषांकरिष्यामोवयंमुदेति ततोवृद्धानुक्रमेणयतीन् गृहस्थाः यतयश्चान्योन्यंनमस्कुर्युःएतद्विधिःपौर्णमास्यामसंभवेद्वादश्यांकार्यः आषाढकृष्णद्वितीयायामशून्यशयनंव्रतं अत्रलक्ष्मीयुतंविष्णुंपर्यंकेसंपूज्य पत्नीभर्तुर्वियोगंचभर्ताभार्यासमुद्भवं नाप्नुवंतियथादुःखंदंपत्यानितथाकुर्वित्यादिभिर्दांपत्याभंगप्रार्थनार्थैर्मंत्रैःप्रार्थयेत् ततश्चंद्रायार्घ्यंदत्वानक्तभोजनंकार्यं एवंमासचतुष्टयेकृष्णद्वितीयासुसंपूज्य सपत्नीकायशय्यादानंकृत्वातांप्रतिमांचसोपस्करांदद्यात् अस्मिन्व्रतेअक्षय्यंदांपत्यसुखंपुत्रधनाद्यवियोगोगार्हस्थ्यावियोगःसप्तजन्मनिभवति अत्रव्रतेचंद्रोदयव्यापिनीतिथिर्ग्राह्या चंद्रोदयेपूजायुक्तेः दिनद्वयेसत्त्वेऽसत्त्वेवापरैव॥ इति श्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे आषाढमासकृत्यनिर्णय उद्देशः समाप्तः॥

સંન્યાસીએ ચાતુર્માસ્ય એક ઠેકાણે રહેવું તેનો વિધિ કહેછે.

સંન્યાસીએ પ્રથમ ક્ષૌર કરાવી બાર વખત મૃત્તિકાસ્નાન અને પ્રાણાયામ ઇત્યાદિક વિધિ કરી વ્યાસપૂજા કરવી. હવે સંક્ષેપથકી તેનો વિધિ કહેછેઃ—દેશ કાલનો ઉચ્ચાર કરી “चातुर्मास्यवास-

---

[१] अन्यत्रापि आषाढे ॥ आषाढे तु यदा स्नानं कोकिलायास्तदार्चनम् ॥ तथा या कुरुते नारी न सा वैधव्यमाप्नुयात् ॥ १ ॥ शृणु देवि प्रवक्ष्यामि व्रतं पौर्णिमेयं शुभम् ॥ मलमासे त्वतिक्रान्ते शुद्धाषाढे समागते ॥ २ ॥ आषाढ्यां पौर्णिमास्यां तु संध्याकाले ह्युपस्थिते ॥ संकल्पयेन्मासमेकं श्रावण्यां पूर्णं व्रतम् ॥ ३ ॥ सौभाग्यधनधान्यादिप्राप्तये शिवतुष्ट्ये इत्यादि निर्मूलं ॥

संकल्पं कर्तुं श्रीकृष्णव्यासभाष्यकाराणां सपरिवाराणां पूजनं करिष्ये." એવો સંકલ્પ કરી મધ્યભાગમાં શ્રીકૃષ્ણનું આવાહન કરી તેની પૂર્વ દિશાથી પ્રદક્ષિણારીતે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અને અનિરુદ્ધ, એમનું આવાહન કરી એ શ્રીકૃષ્ણપંચકના દક્ષિણ ભાગમાં વ્યાસનું આવાહન કરી તેની પૂર્વ દિશાથી પ્રદક્ષિણારીતે સુમંતુ, જૈમિનિ, વૈશંપાયન, અને પૈલ એ વ્યાસપંચકનું આવાહન કરી શ્રીકૃષ્ણપંચકના ડાબા ભાગમાં ભાષ્યકાર શ્રીશંકરાચાર્યનું આવાહન કરવું. પછી તેની પૂર્વ દિશાથી પ્રદક્ષિણારીતે પદ્મપાદ, વિશ્વરૂપ, ત્રોટક, અને હસ્તામલક, એમનું આવાહન કીધા પછી શ્રીકૃષ્ણપંચકમધ્યે-શ્રીકૃષ્ણની બન્ને તરફ બ્રહ્મા, અને રુદ્ર; પૂર્વાદિક ચાર દિશામાં સનક, સનંદન, સનાતન, અને સનત્કુમાર, એમનું આવાહન કરવું. શ્રીકૃષ્ણપંચકની આગળ ગુરુ, પરમગુરુ, પરમેષ્ઠિગુરુ, વસિષ્ઠ, શક્તિ, પરાશર, વ્યાસ, શુક, ગૌડપાદ, ગોવિંદપાદ, શંકરાચાર્ય અને બીજા બ્રહ્મનિષ્ઠ એ સર્વેનું આવાહન કરી ત્રણે પંચકને અગ્નિખુણે ગણપતિ, ઇશાન ખુણામાં ક્ષેત્રપાળ; વાયુકોણમાં દુર્ગા, નૈઋતખુણે સરસ્વતી, અને પૂર્વથકી આઠે દિશામાં ઇંદ્રાદિક આઠ લોકપાલ, એ રીતે એ સઘળા દેવોનું આવાહન કરી પૂજા કરવી, તેમાં નારાયણના અષ્ટાક્ષર મંત્રવડે શ્રીકૃષ્ણની પૂજા કરવી. બીજાઓની, ઓંકાર આદિ અને નમઃ અંતમાં એવા તેના તેના નામમંત્રવડે પૂજા કરવી. પૂજા થયાપછી પ્રતિબંધ ન હોય તો, "**चतुरो वार्षिकान् मासान् इह वसामि.**" એવો મનમાં સકલ્પ કરી "**अहं तावन्निवत्स्यामि, सर्वभूतहिताय वै ॥ प्रायेण प्रावृषि प्राणिसंकुलं वर्त्म दृश्यते ॥ अतस्तेषामहिंसार्थं, पक्षान् वै श्रुतिसंश्रयान् ॥ स्थास्यामश्चतुरो मासानत्रैवासतिबाधके,**" એવો વાચિક સંકલ્પ કરવો. પછી સંન્યાસીને ગૃહસ્થોએ ઉત્તર આપવો. સુખેકરી આપ ઇહાં બિરાજો, તેથી અમે કૃતાર્થ થઇશું, અને હર્ષસાથે અમો યથાશક્તિ આપની સેવા કરીશું." એ રીતે કહ્યા પછી વૃદ્ધોના ક્રમવડે યતિઓને ગૃહસ્થોએ અને યતિઓએ પરસ્પર નમસ્કાર કરવા. આ વિધિ પૂનમને દિવસે ન બને તો બારસને દિવસે કરવો. આષાઢ વદ બીજને દિવસે અશૂન્યશયન એ નામનું વ્રત કરવું. એ વ્રતમાં લક્ષ્મીસહિત વિષ્ણુની પલંગ ઉપર પૂજા કરી "**पत्नी भर्तुर्वियोगं च, भर्ता भार्यासमुद्भवं ॥ नाप्नुवंति यथा दुःखं, दंपत्यानि तथा कुरु.**" ઇત્યાદિક સ્ત્રી પુરુષના અભંગની પ્રાર્થના કહેનાર મંત્રોવડે પ્રાર્થના કરવી. પછી ચદ્રને અર્ઘ્ય આપી નક્તભોજન કરવું. એ રીતે ચાર માસ લગી વદ બીજને દિવસે પૂજા કરી સ્ત્રીસહિત એવા બ્રાહ્મણને શય્યાદાન કરી તે પ્રતિમાનું સર્વે સામગ્રીસહિત દાન કરવું. આ વ્રત કરવાથી અક્ષય દાંપત્ય(સ્ત્રી પુરુષપણા)નું સુખ; પુત્ર, ધન, ઇત્યાદિકોનો અવિયોગ; અને ગૃહસ્થાશ્રમનો અવિયોગ; ઇત્યાદિ સાત જન્મ લગી પ્રાપ્ત થાયછે. ચંદ્રોદયસમયે પૂજા કરવી એમ કહેલ છે માટે એ વ્રતમાં ચંદ્રોદયવ્યાપિની તિથિ લેવી. બન્ને દિવસે ચંદ્રોદયવ્યાપિની હોય અથવા ન હોય તો બીજા દિવસનીજ લેવી. **ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે આષાઢમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥**

अथश्रावणमासः ॥ सिंहेपूर्वाःषोडशनाड्यःपुण्यकालः रात्रौतूक्तं अत्रमासेपक्वभक्तव्रतंनक्तव्रतं विष्णुशिवाद्यभिषेकश्चोक्तः सिंहराशिगतेसूर्येयस्यगौःप्रसूयते तेनव्याहृतिभिर्घृताक्तायुतसंख्यसर्षपहोमं कृत्वासागौर्ब्राह्मणायदेया एवंनिशीथेगोःक्रंदनेपिमृत्युंजयमंत्रेणहोमादिरूपाशांतिःकार्या एवंश्रावणमासेदिवाश्विनीप्रसवोपिनिषिद्धः माघेबुधेचमहिषीश्रावणेवडवादिवा सिंहेगावःप्रसूयंतेस्वामिनोमृत्युदायका इत्युक्तेरत्रापिशांतिः शांतिग्रंथतोज्ञेया सोमवारव्रतंकार्यंश्रावणेवैयथाविधि शक्तेनोपोषणंकार्यमथवानिशिभोजनं एवंश्रावणेभौमवारेगौरीपूजाप्युक्ता श्रावणशुक्लचतुर्थीमध्याह्नव्यापिनीपूर्वयुताग्राह्या श्रावणशुक्लपंचमीनागपंचमी इयमुदयेत्रिमुहूर्तव्यापिनीपरविद्धाग्राह्या परेद्युस्त्रिमुहूर्तन्यूनापंचमीपूर्वेद्युस्त्रिमुहूर्तन्यूनचतुर्थ्याविद्धातदापूर्वैव त्रिमुहूर्ताधिकचतुर्थीवेधेद्विमुहूर्तापिपरैव मुहूर्तमात्रातुनग्राह्येतिममप्रतिभाति अस्यांभित्त्यादिलिखिताःमृन्मयावायथाचारंनागाःपूज्याः श्रावणशुक्लद्वादश्यांमासंकृतस्य शाकवर्जनव्रतस्यसांगतार्थंब्राह्मणायशाकदानंकरिष्यइतिसंकल्प्य ब्राह्मणंसंपूज्य उपायनमिदंदेवव्रतसंपूर्णहेतवे शाकंतुद्विजवर्यायसहिरण्यंददाम्यहं इत्यादिमंत्रेणपक्वमामंवाशाकंदद्यात् ततो दधिभाद्रपदेमासेवर्जयिष्येसदाहरे इतिदधिव्रतंसंकल्पयेत् अत्रदधिमात्रंवर्ज्यं तक्रादीनामनिषेधः अथपारणाहेद्वादश्यांविष्णोःपवित्रारोपणं पारणाहेद्वादश्यसत्त्वेत्रयोदश्यांपारणाहेतत्रासंभवेश्रवणर्क्षेपूर्णिमायांवाकार्यं

शिवपवित्रंचतुर्दश्यामष्टम्यांवापौर्णमास्यांवाकार्यमेवंदेवीगणेशदुर्गादीनां चतुर्दशीचतुर्थीतृतीयानवम्यादयोयथाकुलाचारंतिथयः तत्तत्तिथिष्वसंभवेसर्वदेवानांश्रावणपौर्णमास्यांकार्यं तत्राप्यसंभवेकार्तिक्यवधिगौणकालः इदंनित्यंअकुर्वाणोव्रजत्यधः तस्यसांवत्सरीपूजानिष्फलेत्याद्युक्तेः गौणकालेप्यकरणे तदायुतंजपेन्मंत्रंस्तोत्रंवापिसमाहित इत्युक्तेरयुतसंख्याकतद्देवतामूलमंत्रजपःप्रायश्चित्तं तत्रपूर्वेद्युरधिवासनंपरेह्निपवित्रारोपणंद्व्यहकालासंभवेसद्योधिवासनपूर्वकंतत्कार्यम् ॥

હવે શ્રાવણ માસમાંનાં કૃત્યો કહેછે.

સિંહ સંક્રાંતિની પ્રથમની સોળ ઘડી પુણ્યકાલ. રાત્રિએ સંક્રાંતિ થઈ હોય તો પ્રથમ (પત્ર ૪ માં) કહ્યાપ્રમાણે પુણ્યકાલ જાણવો. એ માસમાં એકભક્તવ્રત, નક્તવ્રત, વિષ્ણુ અને શિવ ઇત્યાદિ ઉપર અભિષેક એ કરવા. સિંહ રાશિનો સૂર્ય છતાં જેની ગાય વિયાય તેણે વ્યાહૃતિમંત્રવડે ઘીમાં ભીંજવેલા સર્ષવનો દશ હજાર હોમ કરી તે વિયાયલી ગાય બ્રાહ્મણને દેવી. એ પ્રમાણે મધ્યરાત્રે ગાય ઉંચા સ્વરથી શોક કરે તો પણ મૃત્યુંજય મંત્રવડે હોમાદિરૂપ શાંતિ કરવી. એ રીતે શ્રાવણ માસમાં દિવસે ઘોડી વિયાય તો તે પણ નિષિદ્ધ છે. "માઘ માસમાં તથા બુધવારે ભેંસ; શ્રાવણ માસમાં દિવસની ઘોડી; અને સિંહ સંક્રાંતિમાં ગાય; એ વિયાય તો પોતાના પાળનારને મૃત્યુ આપે છે," એવાં વચન છે માટે એ ઠેકાણે પણ શાંતિ કરવી, તે શાંતિગ્રંથોમાં જોઇ લેવી. "શ્રાવણ માસમાં વિધિપૂર્વક સોમવારનું વ્રત કરવું. શક્તિમાન્ હોય તેણે ઉપવાસ કરવો, અથવા રાત્રિએ ભોજન કરવું." એ રીતે શ્રાવણના મંગળવારને દિવસે ગૌરીપૂજા પણ કરવાની કહી છે. શ્રાવણ શુદ ચોથ મધ્યાહ્નવ્યાપિની હોય અને પૂર્વવિદ્ધા હોય તે લેવી. શ્રાવણ શુદ પાંચમને નાગપંચમી કહે છે. એ સૂર્યોદયપછી છ ઘડી વ્યાપેલી હોય એવી છઠવડે વિદ્ધા લેવી. પાંચમ બીજે દિવસે છ ઘડીથી ઓછી હોય અને પ્રથમ દિવસે છ ઘડી કરતાં ઓછી એવી ચોથવડે વિદ્ધા હોય તો પ્રથમનીજ લેવી. છ ઘડી કરતાં અધિક ચોથનો વેધ હોય તો ચાર ઘડી છતાં પણ બીજા દિવસની લેવી. બીજે દિવસે બે ઘડી હોય તો તે લેવી નહીં, એમ મને ભાસે છે. એ પાંચમને દિવસે, પોતાના કુલાચાર પ્રમાણે ભીંતમાં ચીતરેલા, અથવા માટીવતી બનાવેલા નાગ દેવતાઓની પૂજા કરવી. શ્રાવણ શુદ બારસને દિવસે, "मासंकृतस्य शाकवर्जनव्रतस्य सांगतार्थं ब्राह्मणाय शाकदानं करिष्ये." એવો સંકલ્પ કરી બ્રાહ્મણની પૂજા કીધા પછી, "उपायनमिदं देव, व्रतसंपूर्णहेतवे ॥ शाकं तु द्विजवर्याय, सहिरण्यं ददाम्यहं," ઇત્યાદિક મંત્રવડે રાંધેલું અથવા કાચું શાક દેવું. ત્યાર પછી, "दधि भाद्रपदे मासे, वर्जयिष्ये सदा हरे." એવો દધિવ્રતનો સંકલ્પ કરવો. એ વ્રતમાં કેવલ દહીં વર્જ્ય છે; છાસ દૂધ ઇત્યાદિકનો નિષેધ નથી. પછી પારણાને દિવસે બારસમાં વિષ્ણુને પવિત્રાં ધરાવવાં. પારણાને દિવસે બારસ ન હોય તો તેરસમાં પારણાને દિવસે, તે સમયે ન બને તો શ્રવણ નક્ષત્ર, અથવા પૂનમ એ દિવસે પવિત્રાં ધરાવવાં. ચૌદશ, આઠમ અથવા પૂનમ એમાંના કોઇએક દિવસે શિવને પવિત્રાં ધરાવવાં, એ પ્રમાણે દેવી, ગણપતિ, દુર્ગા, ઇત્યાદિકોને પવિત્રાં ધરાવવાં તે માટે ચૌદશ, ચોથ, ત્રીજ, નોમ ઇત્યાદિ તિથિઓ કુલાચારપ્રમાણે લેવી. તે તે તિથિમાં બની ન શકે તો સર્વ દેવતાઓને શ્રાવણની પૂનમને દિવસે ધરાવવાં. તે દિવસે પણ બની ન શકે તો કાર્તિક શુદ પૂનમ લગી ગૌણ કાલ છે. "એ પવિત્રાં ધરાવે નહીં તો અધોયોનિ પામે છે, અને વર્ષ લગી કરેલી પૂજા વ્યર્થ જાય છે," એમ કહ્યું છે માટે એ પવિત્રાર્પણ નિત્ય છે. ગૌણકાલમાં પણ ન કરે તો, "તે સમયે સાવધાન થઇ મંત્રનો દશ હજાર જપ અથવા સ્તોત્ર પાઠ કરવા," એવાં વચન છે માટે તે દેવતાનો મૂળમંત્રનો દશ હજાર જપ કરવો એ પ્રાયશ્ચિત્ત જાણવું. તેમાં પ્રથમ દિવસે અધિવાસન કરી બીજે દિવસે પવિત્રાં ધરવાં. બે દિવસનો સંભવ ન હોય તો એકજ દિવસે પ્રથમ અધિવાસન કરી પછી પવિત્રાં ધરાવવાં.

अथसंक्षेपतःप्रयोगः ॥ कार्पाससूत्रमयनवसूत्रींविधायअष्टोत्तरशतनवसूत्र्यादेवजानुपर्यंतंचतुर्विंशतिग्रंथिकमुत्तमपवित्रं चतुःपंचाशन्नवसूत्र्याऊरुलंबिद्वादशग्रंथिकंमध्यमं सप्तविंशतिनवसूत्र्याअष्टग्रंथिकंनाभिपर्यंतंकनिष्ठं पवित्रंचकृत्वा त्रिशत्युत्तरशतेनसप्तत्यावानवसूत्र्यापादलंबिनींवनमालामष्टोत्तरशतचतुर्विंशत्यन्यतरग्रंथिकांकृत्वा द्वादशनवसूत्र्याद्वादशग्रंथिकंगंधपवित्रं. सप्तविंशतिनवसूत्र्यागुरुपवित्रं त्रिसूत्र्यांगदेवतापवित्राणिकुर्यात् शिवपवित्राणिलिंगविस्तारानुसारेणकुर्यात् सर्वाणि

पवित्राणिपंचगव्येनप्रोक्ष्य प्रणवेनप्रक्षाल्यमूलेनाष्टोत्तरशतमभिमंत्र्य ग्रंथीन्कुंकुमेनरंजयित्वासर्वपवित्राणिवंशपात्रेसंस्थाप्य वस्त्रेणपिधायदेवपुरतोन्यस्य क्रियालोपविधानार्थंयत्त्वयाविहितंप्रभो मयैतत्क्रियतेदेवतवतुष्ट्यैपवित्रकं नमेविघ्नोभवेद्देवकुरुनाथदयांमयि सर्वथासर्वदाविष्णोममत्वंपरमागतिरितिप्रार्थ्याधिवासनंकुर्यात् तत्र देशकालौसंकीर्त्य संवत्सरकृतपूजाफलावाप्त्यर्थं अमुकदेवताप्रीत्यर्थं अधिवासनविधिपूर्वकंपवित्रारोपणंकरिष्ये इतिसंकल्प्य देवपुरतःसर्वतोभद्रेजलपूर्णकुंभंसंस्थाप्य कुंभेचवंशपात्रंतत्रतानिपवित्राणिनिधायतेषु संवत्सरस्ययागस्यपवित्रीकारणायभोः विष्णुलोकात्पवित्राद्यआगच्छेहनमोस्तुते इतिमंत्रेणमूलमंत्रेणचावाह्य त्रिसूत्र्यांब्रह्मविष्णुरुद्रान्नवसूत्र्यांॐकारसोमवह्निब्रह्मनागेशसूर्यशिवविश्वेदेवानुत्तममध्यमकनिष्ठपवित्रेषुब्रह्मविष्णुरुद्रान्सत्वरजस्तमांस्यावाह्यवनमालायांप्रकृतिंचावाह्यमूलमंत्रेणश्रीपवित्राद्यावाहितदेवताभ्योनमइत्यंतेनगंधाद्युपचारैःपूजयेत् ततःपूर्वसंपादितंवितस्तिमात्रंद्वादशग्रंथिकंगंधपवित्रमादाय विष्णुतेजोद्भवंरम्यंसर्वपातकनाशनं सर्वकामप्रदंदेवतवांगेधारयाम्यहमितिमंत्रेणमूलसंपुटितेनदेवपादयोःसमर्पयेत् देवस्यकरेवध्नीयादित्यन्ये ततोदेवंपंचोपचारैः संपूज्यप्रार्थयेत् आमंत्रितोसिदेवेशपुराणपुरुषोत्तम प्रातस्त्वांपूजयिष्यामिसान्निध्यंकुरुकेशव क्षीरोदधिमहानागशय्यावस्थितविग्रह प्रातस्त्वांपूजयिष्यामिसन्निधौभवतेनमः ततःसाष्टांगंप्रणम्यपुष्पांजलिंदद्यात् इत्यधिवासनं अत्रसर्वत्रमूलमंत्रोगुरूपदिष्टस्तांत्रिकोवैदिकोवादेवगायत्रीरूपोवाग्राह्यः ॥

હવે સંક્ષેપથી પવિત્રાં ધરાવવાનો પ્રયોગ કહેછે.

કપાસસાં સૂત્રવતી નવસૂત્રી (નવ તંતુ) કરી તે નવસૂત્રીના એકસો આઠ ફેરાનું, અને દેવના જાનુ (ગોઠણ-ગુડા) લગી લાંબું, અને ચોવીશ ગાંઠ સહિત જે પવિત્રુ તે ઉત્તમ, નવસૂત્રીના ચોવીશ ફેરાનું, સાથળલગી લાંબું, અને બાર ગાંઠ સહિત તે મધ્યમ અને સત્તાવીસ નવસૂત્રીનું, નાભિપર્યંત લાંબું, અને આઠ ગાંઠયુક્ત તે કનિષ્ઠ, એ પ્રમાણે પવિત્રાં કરીને, પછી નવસૂત્રીના એકમો વીસ ફેરાની અથવા સિત્તેર (૭૦) ફેરાની, ચરણ લગી લાંબી અને એકસો આઠ અથવા ચોવીશ ગાંઠયુક્ત એવી વનમાલા કરવી. ત્યારપછી નવસૂત્રીના બાર ફેરાનું અને બાર ગાંઠયુક્ત એવું ગંધપવિત્ર કરવું. પછી નવસૂત્રીના સત્તાવીશ ફેરાનું ગુરુપવિત્ર કરવું, અને ત્રિસૂત્રી (ત્રણ તંતુ) વડે અંગદેવતાનાં પવિત્રાં કરવાં. શિવમાટે પવિત્રાં લિંગના સ્વરૂપને અનુસારે કરવાં. એ રીતે સઘળાં પવિત્રાંઓને પંચગવ્યવતી પ્રોક્ષણ કરી ૐકારવડે ધોવાં. ત્યારપછી મૂળમંત્ર ભણી એકસો આઠવાર પવિત્રાં મત્રી ગાંઠોને કુંકુમવડે રંગી, તે પવિત્રાં વાંસના પાત્રમાં રાખી, તે ઉપર વસ્ત્ર ઢાંકી, દેવને સમીપે ધરવાં અને પ્રાર્થના કરવી. પ્રાર્થનાનો મંત્ર—"क्रियालोपविधानार्थं, यत्त्वया विहितं प्रभो ॥ मयैतत्क्रियते देव, तव तुष्ट्यै पवित्रकं ॥ न मे विघ्नो भवेद्देव, कुरु नाथ दयां मयि ॥ सर्वथा सर्वदा विष्णो, मम त्वं परमा गतिः," એ રીતે પ્રાર્થના કરી અધિવાસન કરવું. તે આ રીતે,—દેશ, કાલનો ઉચ્ચાર કરી, "संवत्सरकृतपूजाफलावाप्त्यर्थं अमुकदेवताप्रीत्यर्थं अधिवासनविधिपूर्वकं पवित्रारोपणं करिष्ये" એવો સકલ્પ કરી, દેવની સામે સર્વતોભદ્રમંડલ કરી તે ઉપર જલપૂર્ણ કલશ રાખી તે ઉપર વાંસનું પાત્ર રાખવું અને તેમાં પવિત્રાં રાખવાં. પછી તે પવિત્રાંમાં "संवत्सरस्य यागस्य, पवित्रीकरणाय भोः ॥ विष्णुलोकात्पवित्राद्य आगच्छेह नमोस्तु ते," એ મંત્રવડે આવાહન કરી ત્રિસૂત્રીમાં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, એમનું અને નવસૂત્રીમાં ૐકાર, સોમ, વહ્નિ, બ્રહ્મા, નાગ, ઇશ, સૂર્ય, શિવ, વિશ્વેદેવા, એમનું અને ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ પવિત્રામાં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, અને સત્વ, રજ, તમ એમનું આવાહન કરી વનમાલામાં પ્રકૃતિનું આવાહન કરી મૂળમંત્રનો ઉચ્ચાર કરી તેની અંતે "श्रीपवित्राद्यावाहितदेवताभ्योनमः" એવો ઉચ્ચાર કરી ચંદનાદિક સામગ્રીવડે પૂજા કરવી. પછી પ્રથમ તૈયાર કરેલું વેત ૧ લાંબું બાર ગાંઠયુક્ત એવું ગંધપવિત્ર હાથમાં લઇ, "विष्णुतेजोद्भवं रम्यं, सर्वपातकनाशनं ॥ सर्वकामप्रदं देव, तवांगे धारयाम्यहं," એ મંત્રની બન્ને તરફ મૂળમંત્રનો ઉચ્ચાર કરી તે મંત્રવડે દેવના ચરણ ઉપર અર્પણ કરવું. દેવના હાથમાં બાંધવું એમ પણ કેટલાએક કહે છે. પછી દેવની પંચોપચારથી પૂજા કરી પ્રાર્થના કરવી. "आमंत्रितोसि देवेश, पुराणपुरुषोत्तम ॥ प्रातस्त्वां पूजयिष्यामि, सान्निध्यं कुरु केशव ॥ क्षीरोदधिमहानागशय्यावस्थितविग्रह ॥ प्रातस्त्वां पूजयिष्यामि, सन्निधौ भव ते नमः ॥" આ પ્રમાણે પ્રાર્થના કીધાપછી સાષ્ટાંગ નમસ્કાર કરી પુષ્પાંજલિ સમર્પણ કરવી, એ રીતે અધિવાસન થયું. અહીં સઘળે સ્થાનકે મૂળમત્ર લેવો તે તાંત્રિક, વૈદિક અથવા દેવગાયત્રીરૂપ જે ગુરુએ ઉપદેશ કરેલો હોય તે લેવો.

ततोरात्रिंसत्कथाजागरेणातिवाह्य प्रातःकालेसद्योधिवासनेगोदोहांतरितेवाकालेपवित्रारोपणांगभूतंदेवपूजनंपवित्रपूजनंचकरिष्येइतिसंकल्प्य देवंपवित्राणिचफलाद्युपनैवेद्यांतगंधाद्युपचारैःसंपूज्यगंधदूर्वाक्षतयुतंकनिष्ठंपवित्रमादाय देवदेवनमस्तुभ्यंगृहाणेदंपवित्रकं पवित्रीकरणार्थायवर्षपूजाफलप्रदं पवित्रकंकुरुष्वाद्ययन्मयादुष्कृतंकृतं शुद्धोभवाम्यहंदेवत्वत्प्रसादात्सुरेश्वरेतिमंत्रेणमूलसंपुटितेनदत्वा मध्यमोत्तमपवित्रेवनमालांचैवमेवैतन्मंत्रावृत्त्यादद्यात् अंगदेवताभ्योनाम्नासमर्प्यमहानैवेद्यंदत्वानीराज्यप्रार्थयेत् मणिविद्रुममालाभिर्मंदारकुसुमादिभिः इयंसांवत्सरीपूजातवास्तुगरुडध्वज वनमालांयथादेवकौस्तुभंसततंहृदि तद्वत्पवित्रतंतूंस्त्वंपूजांचहृदयेवह जानताऽजानतावापियत्कृतंनतवार्चनं केनचिच्छिद्रदोषेणपरिपूर्णंतदस्तुमे मंत्रहीनंक्रियाहीनंभक्तिहीनंसुरेश्वर यत्पूजितंमयादेवपरिपूर्णंतदस्तुमे अपराधसहस्राणिक्रियंतेहर्निशंमया दासोयमितिमांमत्वाक्षमस्वपरमेश्वरेति अत्रशिवादौगरुडध्वजेत्यादौवृषवाहनेत्यूहः वनमालामितिश्लोकस्यतुलोपःदेव्यांतुदेवदेवसुरेश्वरेत्यादौदेविदेविसुरेश्वरीत्यादिस्त्रीप्रत्ययांतपदोहःकार्यः शेषंसमानं ततोगुरुंसंपूज्यपवित्रंदत्वान्यब्राह्मणेभ्यःसुवासिनीभ्यश्चान्यानिदत्वा स्वयमपिसकुटुंबोधारयेत् ततोब्राह्मणैःसहभुक्त्वात्रिरात्रंब्रह्मचर्यादिनियमवान्देवेपवित्राणिधारयेत् देवस्यस्नानादिकोपचारान्पवित्राणिउत्तार्यकारयेत् त्रिरात्रांतेदेवंसंपूज्यपवित्राणिविसर्जयेत् अत्रशिवादिपवित्रारोपणेचतुर्दशीपूर्वविद्धाग्राह्या एवंपूर्णिमापित्रिमुहूर्तसायाह्नव्यातापूर्वविद्धैवग्राह्या अष्टम्यादितिथ्यंतराण्यपिपवित्रारोपणेप्रथमपरिच्छेदोक्तसामान्यतिथिनिर्णयानुसारेणग्राह्याणि ॥ इति पवित्रारोपणविधिः ॥

ત્યારપછી સત્કથાના શ્રવણ વગેરેથી જાગરણવડે રાત્રિ વીતાવી, પ્રાતઃકાલે તત્કાળ અથવા ગાય દોવાય એટલા વખત સુધી અધિવાસન કર્યું હોય તો, "पवित्रारोपणांगभूतं देवपूजनं पवित्रपूजनं च करिष्ये," એ રીતે સંકલ્પ કરી દેવતાની અને પવિત્રાંઓની ફળાદિક સાધારણ નૈવેદ્ય લગી ગંધાદિક ઉપચારવડે પૂજા કરી ચંદન, દૂર્વા અને અક્ષતસહિત કનિષ્ઠ પવિત્રું લઇ "देव देव नमस्तुभ्यं, गृहाणेदं पवित्रकं ॥ पवित्रीकरणार्थाय, वर्षपूजाफलप्रदं ॥ पवित्रकं कुरुष्वाद्य, यन्मया दुष्कृतं कृतं ॥ शुद्धो भवाम्यहं देव, त्वत्प्रसादात्सुरेश्वर," મૂળમંત્રવડે સંપુટ કરેલા આ મંત્રે કરી તે પવિત્રું અર્પણ કીધાં પછી મધ્યમ, ઉત્તમ પવિત્રાં અને વનમાળા એ સર્વે પ્રથમ કહેલા મંત્રવડેજ અર્પણ કરવાં. અંગદેવતાઓને નામમંત્રવડે અર્પણ કરી મહાનૈવેદ્ય અર્પણ કરી આરતી કરી પ્રાર્થના કરવી. તેનો મંત્ર—"मणिविद्रुममालाभिर्मंदारकुसुमादिभिः ॥ इयं सांवत्सरी पूजा, तवास्तु गरुडध्वज ॥ वनमालां यथा देव कौस्तुभं सततं हृदि ॥ तद्वत्पवित्रतंतूंस्त्वं पूजां च हृदये वह ॥ जानताऽजानता वापि, यत्कृतं न तवार्चनं ॥ केनचिच्छिद्रदोषेण, परिपूर्णं तदस्तु मे ॥ मंत्रहीनं, क्रियाहीनं, भक्तिहीनं सुरेश्वर ॥ यत्पूजितं मया देव, परिपूर्णं तदस्तु मे ॥ अपराधसहस्राणि, क्रियंतेऽहर्निशं मया ॥ दासोऽयमिति मां मत्वा, क्षमस्व परमेश्वर." શિવ ઇત્યાદિક દેવતાઓનાં પવિત્રાં હોય તો 'गरुडध्वज' એ ઠેકાણે 'वृषवाहन' એવો ઉચ્ચાર કરવો, અને 'वनमालां०' એ શ્લોક બોલવો નહીં. દેવીનાં પવિત્રાં હોય તો 'देव देव सुरेश्वर' ઇત્યાદિ સ્થાનકે 'देवि देवि सुरेश्वरि' ઇત્યાદિક સ્ત્રીપ્રત્યયાંત પદનો ઉચ્ચાર કરવો, અને બાકી સઘળું સમાન જાણવું.—ત્યારપછી ગુરુની પૂજા કરી પવિત્રાં દેવાં અને બીજા બ્રાહ્મણો, તથા સૌભાગ્યવતી સ્ત્રીઓ એમને બીજાં પવિત્રાં દઇ પછી સર્વ કુટુંબસમેત પોતે પવિત્રાં ધારણ કરવાં. પછી બ્રાહ્મણસહિત ભોજન કરી ત્રણ રાત્રિપર્યંત બ્રહ્મચર્યાદિ નિયમ ધારણ કરી દેવને પવિત્રાં ધારણ કરાવવાં. દેવને સ્નાનાદિક ઉપચાર પવિત્રાં ઉતારી કરવા. આ રીતે ત્રણ રાત્રિ ગયાપછી દેવની પૂજા કરી પવિત્રાંનું વિસર્જન કરવું. શિવ ઇત્યાદિકને પવિત્રાં ધરાવવામાટે ચૌદશ પૂર્વવિદ્ધા હોય તે લેવી. એ પ્રમાણે પૂનમ પણ ૭ ઘડી સાયાહ્નકાળમાં વ્યાપિની હોય એવી પૂર્વવિદ્ધાજ લેવી. આઠમ આદિ બીજી તિથિઓ પણ પવિત્રાં ધરાવવામાટે પ્રથમ પરિચ્છેદમાં કહેલા સામાન્ય તિથિનિર્ણયને અનુસારેજ લેવી. એ પ્રમાણે પવિત્રાં ધરાવવાનો વિધિ સંપૂર્ણ થયો.

अथोपाकर्मकालः ॥ तत्रबह्वृचानांश्रावणशुक्लपक्षेश्रवणनक्षत्रंपंचमीहस्तइतिकालत्रयंतत्रश्रवणंमुख्यकालस्तदलाभेपंचम्यादिःतथाचकालतत्त्वविवेचनेसंग्रहकारिकायां पर्वणिश्रवणेकार्यंग्रहसंक्रांत्यदूषितेअध्वर्युभिर्बह्वृचैश्चकथंचित्तदसंभवे तत्रैवहस्तपंचम्यांतयोःकेवलयोरपितत्रदिनद्वयेश्रवणसत्त्वेयदिपूर्वं सूर्योदयमारभ्यप्रवृत्तंश्रवणंद्वितीयदिनेसूर्योदयोत्तरंत्रिमुहूर्तंवर्तते तदापरदिनएवोपाकर्मधनिष्ठायोगभा

शस्त्यात् यदित्रिमुहूर्तन्यूनंतदापूर्वेदिनएवसंपूर्णव्याप्तेः यदिपूर्वेदिनेसूर्योदयेनास्तिपरदिनेसूर्योदयोत्तरं मुहूर्तद्वयंचर्ततेतदोत्तरदिनेएव उत्तराषाढावेधनिषेधात् यदिपरदिनेमुहूर्तद्वयंन्यूनंपूर्वेदिनेचोत्तराषाढा विद्धंतदापंचम्यादिकालोग्राह्यः पंचमीहस्तइतिकालद्वयंतु औदयिकंमुहूर्तत्रयव्यापिमुख्यं तदलाभेपूर्वं विद्धमपि एवंभाद्रपदशुक्लपक्षेपिश्रवणपंचमीहस्तकालत्रयनिर्णयोज्ञेयः एतद्बह्वृचैःपूर्वाह्णेकार्यम् ॥

હવે ઉપાકર્મ (ઋષિપૂજન કરી જનોઈ બદલાવવું તે)નો કાળ કહેછે.

ઋગ્વેદીઓને શ્રાવણ શુદ પક્ષમાંના શ્રવણ નક્ષત્ર, પાંચમ, હસ્ત નક્ષત્ર એ ત્રણ કાળ છે. તેમાં શ્રવણ મુખ્ય કાળ છે. શ્રવણ ન મળે તો પાંચમ અથવા હસ્ત એ લેવા. તેમજ કાળતત્વવિવેચન ગ્રંથમાં સંગ્રહકારિકાવિષે કહ્યુંછે. “ગ્રહણ, સંક્રાંતિ આદિ દૂષણ રહિત એવી પૂનમ અને શ્રવણ નક્ષત્રમાં ક્રમથકી યજુર્વેદી, અને ઋગ્વેદી એમણે ઉપાકર્મ કરવું. કદાચિત શુદ્ધ પૂનમ અને શુદ્ધ શ્રવણનો સંભવ ન હોય તો તે શુક્લ પક્ષમાંજ હસ્તસહિત પાંચમને દિવસે, અથવા કેવળ હસ્ત નક્ષત્રને દિવસે, અથવા કેવળ પાંચમને દિવસે ઉપાકર્મ કરવું.” તેમાં બે દિવસ શ્રવણ નક્ષત્ર હોય એટલે જો પ્રથમ દિવસના સૂર્યોદયથકી આરંભ કરી બીજે દિવસે સૂર્યોદયપછી છ ઘડી લગી શ્રવણ હોય તો ધનિષ્ઠાનો યોગ ઉત્તમ છે તેથી બીજે દિવસેજ ઉપાકર્મ કરવું. જો ત્રણ મૂહુર્ત્તથકી ઓછું હોય તો સંપૂર્ણવ્યાપ્તિ છે માટે પ્રથમ દિવસેજ કરવું. જો પ્રથમ દિવસે સૂર્યોદયસમયે શ્રવણ ન હોય અને બીજે દિવસે સૂર્યોદય પછી ચાર ઘડી શ્રવણ હોય તો ઉત્તરાષાઢાના વેધનો નિષેધ છે તેથી બીજે દિવસેજ કરવું.—જો બીજે દિવસે શ્રવણ ચાર ઘડી કરતાં અલ્પ હોય અને પ્રથમ દિવસેજ ઉત્તરાષાઢાવડે શ્રવણ વિદ્ધ હોય ત્યારે પાંચમ આદિ કાળ ગ્રહણ કરવા. પાંચમ, હસ્ત એ બે કાળ તો સૂર્યોદયથકી છ ઘડી લગી વ્યાપ્ત હોય તે મુખ્ય. સૂર્યોદયથકી છ ઘડી લગી ન મળે તો પૂર્વવિદ્ધ પણ લેવા. એજ રીતે ભાદરવા શુદ પક્ષમાં શ્રવણ, પાંચમ, અને હસ્ત નક્ષત્ર એ ત્રણ કાળનો નિર્ણય જાણવો. એ ઉપાકર્મ ઋગ્વેદીઓએ પૂર્વાહ્ણકાળમાં કરવું.

अथयजुर्वेदिनिर्णयः ॥ तत्रबह्वृचानांश्रवणवत्सर्वयजुर्वेदिनांश्रावणपौर्णमासीमुख्यःकालः पौर्णमास्याःखंडत्वेयदापूर्णिमापूर्वेदिनेमुहूर्ताद्यनंतरंप्रवृत्ताद्वितीयदिनेषण्मुहूर्तव्यापिनी तदासर्वयाजुषाणामुत्तरैव यदाशुद्धाधिकतयादिनद्वयेपिसूर्योदयव्यापिनीतदासर्वयाजुषाणांपूर्वैव पूर्वेदिनेमुहूर्ताद्यनंतरंप्रवृत्ताद्वितीयदिनेमुहूर्तद्वयत्रयादिव्यापिनीषण्मुहूर्तन्यूना तदातैत्तिरीयैरुत्तराग्राह्या तैत्तिरीयभिन्नयाजुषैःपूर्वाग्राह्या यदापूर्वेदिनेमुहूर्ताद्यनंतरंप्रवृत्ताद्वितीयदिनेमुहूर्तद्वयन्यूनाभवतिक्षयवशान्नास्त्येववातदासर्वयाजुषाणांपूर्वैव हिरण्यकेशितैत्तिरीयाणांश्रावणीपूर्णमासीमुख्यःकालस्तदभावेश्रावणेहस्तःश्रावणशुक्लपंचमीतुतत्तत्सूत्रेऽनुक्तेर्नग्राह्या एतदेवभाद्रपदेपिकालद्वयमितिविशेषः खंडतिथित्वेनिर्णयःपूर्वोक्तएव हस्तनक्षत्रमपिऔदयिकंसंगवस्पर्शिग्राह्यमन्यथापूर्वविद्धमेव आपस्तंबानांश्रावणीपूर्णमासीमुख्यातदभावेभाद्रपदीतिविशेषः बौधायनानांश्रावणीपूर्णमासीमुख्यादोषसंभावनयातदभावेआषाढीतिविशेषः एतेषामपिखंडतिथित्वेपूर्वोक्तएवनिर्णयः ॥

હવે યજુર્વેદીય ઉપાકર્મ કાળ કહેછે.

ઋગ્વેદીઓને જેમ શ્રવણ મુખ્ય કાળ છે, તેમ સર્વ યજુર્વેદીઓને શ્રાવણની પૂનમ મુખ્ય કાળ છે. પૂનમ જો ખંડિત હોય એટલે જ્યારે પ્રથમ દિવસે પૂનમ સૂર્યોદયથી બે ઘડી ઇત્યાદિ પછી પ્રવૃત્ત થઇ અને બીજે દિવસે બાર ઘડી વ્યાપ્તિ હોય ત્યારે સર્વ યજુર્વેદીઓએ બીજા દિવસનીજ લેવી. જ્યારે શુદ્ધાધિક હોવાથી બન્ને દિવસે સૂર્યોદયવ્યાપિની હોય ત્યારે સર્વ યજુર્વેદીઓએ પ્રથમ દિવસની લેવી. જ્યારે પૂર્વ દિવસે સૂર્યોદયથી બે ઘડી ઇત્યાદિ પછી પૂનમ પ્રવૃત્ત થઇ અને બીજે દિવસે ૪।૬ ઇત્યાદિ ઘડી અથવા બાર ઘડીથી ઓછી હોય ત્યારે તૈત્તિરીયશાખાવાળાઓએ બીજા દિવસની લેવી, તૈત્તિરીયવિના બીજા યજુર્વેદીઓએ પૂર્વની લેવી. જ્યારે પૂર્વ દિવસે સૂર્યોદયથી બે ઘડી ઇત્યાદિ પછી પ્રવૃત્ત થઇ અને બીજે દિવસે ચાર ઘડી કરતાં ઓછી હોય અથવા ક્ષય થવાથી મુદ્દલ ન હોય ત્યારે સર્વ યજુર્વેદીઓએ પૂર્વનીજ લેવી. હિરણ્યકેશી તથા તૈત્તિરીયશાખાવાળાઓને શ્રાવણની પૂનમ એ મુખ્ય કાળ છે, તે ન મળે તો શ્રાવણમાં હસ્ત લેવું. શ્રાવણ શુદ પાંચમ તો તે તે સૂત્રમાં કહી નથી માટે હિરણ્યકેશી તથા તૈત્તિરીયશાખાવાળા એમણે લેવી નહીં. એજ બન્ને

કાલ ભાદરવામાં પણ તેમને કહ્યા છે, એ વિશેષ જાણવો. એ તિથિઓ ખંડિત હોય તો પ્રથમ કહ્યાપ્રમાણેજ નિર્ણય જાણવો. હસ્ત નક્ષત્ર પણ સૂર્યોદયથકી સંગવકાળનો સ્પર્શ કરતું હોય તો તે લેવું. સંગવકાળને સ્પર્શ કરતું ન હોય તો પૂર્વવિદ્ધજ લેવું. આપસ્તંબોને શ્રાવણની પૂનમ મુખ્ય કાળ છે, તે ન મળે તો ભાદરવાની પૂનમ લેવી, એ વિશેષ જાણવો. બૌદ્ધાયનોને શ્રાવણની પૂનમ મુખ્ય છે. કાંઇ એક દોષને લીધે તે ન મળે તો આષાઢની પૂનમ લેવી, એ વિશેષ જાણવો. એ પ્રથમ કહેલા કાળ પણ ખંડિત હોય તો પ્રથમ કહ્યાપ્રમાણેજ નિર્ણય જાણવો.

अथकाण्वमाध्यंदिनादिकात्यायनानां श्रवणयुताश्रावणपूर्णिमाकेवलावाहस्तयुक्तापंचमीकेवलावामुख्यःकालः अतःकेवलश्रवणेकेवलहस्तेचतैर्नकार्यं श्रावणमासेविघ्नदोषेभाद्रपदगतपूर्णिमापंचम्योःकार्यं तिथेःखंडत्वेषण्मुहूर्ताधिक्येउत्तरा षण्मुहूर्तन्यूनत्वेपूर्वाग्राह्येत्यादिःपूर्वोक्तएवनिर्णयः ॥

કાણ્વ, માધ્યંદિન આદિ કાત્યાયનોને શ્રવણયુક્ત એવી શ્રાવણની પૂનમ, અથવા કેવળ શ્રાવણની પૂનમ, હસ્તયુક્ત પંચમી, કિંવા કેવળ પાંચમ એ મુખ્ય કાળ છે, માટે એમણે એકલા શ્રવણ કે એકલા હસ્ત નક્ષત્રમાં ઉપાકર્મ કરવું નહીં. શ્રાવણ માસમાં કાંઇ વિઘ્ન અથવા દોષ હોય તો ભાદરવાની પૂનમ અથવા પાંચમ એ દિવસે કરવું. ખંડિત તિથિ હોય અને બાર ઘડી કરતાં અધિક હોય તો બીજા દિવસની લેવી. બાર ઘડીથી ઓછી હોય તો પૂર્વ દિવસની લેવી, ઇત્યાદિક પ્રથમ કહેલો તેજ નિર્ણય જાણવો.

अथसामवेदिनांभाद्रपदशुक्लेहस्तनक्षत्रंमुख्यःकालः संक्रांत्यादिदोषेणतत्रासंभवेश्रावणमासेहस्तोग्राह्यइतिनिर्णयसिंधुः अन्येतुभाद्रपदहस्तेदोषसंभवेश्रावणपौर्णमास्यामुपाकर्मकृत्वाभाद्रपदस्थहस्तपर्यंतंनपठनीयंततःपरंपठनीयमित्याहुः हस्तस्यखंडत्वेदिनद्वयेपराह्णपूर्णव्याप्तौअपराह्णैकदेशस्पर्शेवापरदिनेएवोपाकर्म पूर्वदिनएवापराह्णपूर्णव्याप्तौपूर्वत्रैव सर्वत्रसामगानामपराह्णस्यैवोपाकर्मकालत्वेनोक्तेः पूर्वदिनएवापराह्णैकदेशस्पर्शेदिनद्वयेप्यपराह्णस्पर्शाभावेवापरत्रैव येषांसामवेदिनांप्रातःसंगवौकर्मकालत्वेनोक्तौतेषांपूर्वत्रापराह्णव्याप्तिंत्यक्त्वापरदिनेसंगवोर्ध्वंवर्तमानहस्तग्रहणं सिंहस्थेसूर्येउपाकर्मविधानंतुयदिश्रावणेहस्तःपूर्णिमावासिंहस्थेसूर्येभवतितदातत्रोपाकर्म नकर्कस्थे इतिसामगानांश्रावणमासगतहस्तपक्षेणोक्तव्यवस्थापरं अन्यशाखिनांसिंहस्थत्वेविधिर्निषेधोवानास्ति अथर्ववेदिनांतुश्रावण्यांभाद्रपदगतायांवापौर्णमास्यांउपाकर्म तिथिखंडेऔदयिकसंगवकालव्यापितिथिर्ग्राह्येति सर्वशाखिनांश्रावणभाद्रपदमासगतस्वस्वगृह्योक्तकालेषुग्रहणसंक्रांत्याशौचादिदोषसंभावनायांसर्वथाकर्मलोपप्राप्तौ शाखांतरोक्तकालानांग्राह्यत्वमावश्यकं तत्रापस्तंबबौधायनसामगादीनांश्रावणभाद्रपदगतपंचमीपूर्णिमादेरप्यविशेषेणग्राह्यत्वप्राप्तौनर्मदोत्तरदेशेसिंहगतेसूर्येपंचम्यादेर्ग्रहणं नर्मदादक्षिणभागेकर्कटस्थेसूर्येश्रावणपंचम्यादेर्ग्रहणमितिव्यवस्थेतिकौस्तुभेउक्तं तेनऋग्वेदिनामपिसर्वथाकर्मलोपप्रसक्तौपूर्णिमापिसिंहस्थकर्कस्थादिव्यवस्थयाग्राह्येतिममभाति सर्वशाखिभिःश्रावणमासेमुख्यकालेपर्जन्याभावेन व्रीह्याद्योषधिप्रादुर्भावाभावेआशौचादौ वाभाद्रपदश्रवणादौकार्यं ओषधिप्रादुर्भावाभावेपिश्रावणमासेकार्यमितिकर्कादिमतं सर्वशाखिनां गृह्योक्तमुख्यकालत्वेननिर्णीतेदिने ग्रहणस्य संक्रांतेर्वासत्त्वे संक्रांतिरहिताः पंचम्यादयोग्राह्याः ग्रहणसंक्रांतियोगश्चोपाकर्मसंबंधिन्यहोरात्रे भविष्यन्मध्यरात्रात्पूर्वमतीतमध्यरात्रादूर्ध्वंचेतियामाष्टकेविद्यमानः श्रवणनक्षत्रपूर्णिमादितिथ्यस्पृष्टोप्युपाकर्मदूषकः केचित्तूक्तयामाष्टकादन्यत्रापिविद्यमानोग्राह्यश्रवणादिनक्षत्रपर्वादितिथिस्पर्शीचेत्सोपिदूषकइत्याहुः नूतनोपनीतानांप्रथमोपाकर्मगुरुशुक्रास्तादौमलमासादौसिंहस्थेगुरौचनकार्यं द्वितीयाद्युपाकर्मतुअस्तादावपिकार्यं मलमासेतुद्वितीयाद्यपिनकार्यं प्रथमोपाकर्मस्वस्तिवाचननांदीश्राद्धादिकृत्वाकार्यं नूतनोपनीतानांश्रावणमासगतपंचमीहस्तश्रवणादिकालेषुगुरुशुक्रास्तादिप्रतिबंधेनोपाकर्मारंभाभावेभाद्रपदमासगतपंचमीश्रवणादयोग्राह्याः मौंजींयज्ञोपवीतंचनवंदंडंचधारयेत् अजिनंकटिसूत्रंचनवंवस्त्रंतथैवचेतिब्रह्मचारिणोविशेषःप्रतिवर्षंज्ञेयःउपाकर्मोत्सर्जनेब्रह्मचारिसमावृत्तगृहस्थवानप्रस्थैःसर्वैःकर्तव्ये उत्सर्जनकालस्तु नेहप्रपंच्यते उपाकर्मदिनेऽथवेतिवचनानुसारेण सर्वशिष्टानामिदानीमुपाकर्मदिनेएवोत्सर्जनकर्मानुष्ठानाचारेणैतन्निर्णयस्यानुपयोगात् एतेउपाकर्मोत्सर्जनेयदिअन्यैःद्विजैःसहकरोति तदालौकिकाग्नौकुर्यात् यदैकःकरोतितदास्वगृह्याग्नौकुर्यात् कात्यायनैस्तुऔपसथ्यअग्नावेवहोतव्यंनलौकिकाग्नौ बह्वृचादिःस्वयंचतुरवत्तीबहुभिश्चतुरव

त्तिभिरुपाकर्मादिकंकुर्वन्नेकस्यापिजामदग्न्यादेः पंचावत्तिनः सत्वेतदनुरोधेनपंचावत्तमेवकुर्यात् चतुरवत्तिनामपिपंचावत्तित्वस्यवैकल्पिकत्वोक्तयातेषामपिकर्मवैगुण्याभावात् अकरणेदोषश्रवणेनप्रत्यब्दमेतेकर्तव्येकचित्पुस्तकेनिर्णयसिंधावेतदकरणेप्राजापत्यकृच्छ्रमुपवासोवाप्रायश्चित्तंदृश्यतेनसर्वत्र उपाकर्मोत्सर्जनयोरुभयोरपिऋषिपूजनमुक्तं ऋष्यादितर्पणंतूत्सर्जनएव अत्रविवाहोत्तरंतिलतर्पणेनदोषः अत्रसंकल्पे अधीतानांछंदसामाप्यायनद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थमुपाकर्मदिनेअद्योत्सर्जनाख्यंकर्मकरिष्यइति उपाकर्मणितुअधीतानामध्येष्यमाणानांचछंदसांयातयामतानिरासेनाप्यायनद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थंइतिविशेषः अवशिष्टःसर्वोपिप्रयोगविशेषःस्वस्वगृह्यानुसारेणज्ञेयः अत्रनदीनांरजोदोषेन ब्रह्मादिदवऋष्यादीनांजलेसान्निध्यंतेनस्नानात्सर्वदोषक्षयःऋषिपूजनस्थानस्थितजलस्पर्शनपानाभ्यांसर्वकामाप्तिः इति सर्वशाखिसाधारणनिर्णयः ॥

હવે સામવેદીઓને ભાદરવા શુદમાં હસ્ત નક્ષત્ર એ ઉપાકર્મનો મુખ્ય કાળ છે. સંક્રાંતિ આદિ દોષને લીધે તે હસ્ત નક્ષત્રમાં થઇ ન શકે તો શ્રાવણ માસમાં હસ્ત લેવું; એમ **નિર્ણયસિંધુ** કહે છે. બીજા ગ્રંથકારો તો, ભાદરવાના હસ્તમાં કાંઇ દોષ હોય તો શ્રાવણની પૂનમનું ઉપાકર્મ કરી ભાદરવાના હસ્ત લગી અધ્યયન કરવું નહીં; ત્યારપછી અધ્યયન કરવું એમ કહેછે. હસ્ત નક્ષત્ર ખંડિત હોય એટલે બન્ને દિવસે અપરાહ્નકાલમાં સંપૂર્ણવ્યાપ્તિ હોય અથવા બન્ને દિવસે અપરાહ્નમાં એકદેશનો સ્પર્શ કરતું હોય તો બીજે દિવસેજ ઉપાકર્મ કરવું. પૂર્વ દિવસેજ અપરાહ્નમાં પૂર્ણવ્યાપ્તિ હોય તો, સર્વ ગ્રંથોમાં સામવેદીઓને અપરાહ્નકાળ મુખ્ય કહેલો છે માટે તેમણે પ્રથમ દિવસેજ ઉપાકર્મ કરવું. પ્રથમ દિવસેજ અપરાહ્નમાં એકદેશસ્પર્શ હોય, અથવા બન્ને દિવસે અપરાહ્નનો સ્પર્શ ન હોય તો બીજે દિવસેજ ઉપાકર્મ કરવું. જે સામવેદીઓને પ્રાતઃકાળ અને સંગવકાળ એ ઉપાકર્મના કાળ કહ્યા છે તેમણે પૂર્વ દિવસે અપરાહ્નકાલમાં વ્યાપ્તિ હોય તે છોડી બીજે દિવસે સંગવકાળ પછી જે હસ્ત હોય તે લેવું. સિંહસ્થ સૂર્યમાં ઉપાકર્મ કરવાનું કહ્યું છે તે તો, જો શ્રાવણમાં હસ્ત અથવા પૂનમ સિંહસ્થ સૂર્યમાં આવે તો તે દિવસે ઉપાકર્મ કરવું, કર્કના સૂર્ય હોય તો કરવું નહીં, એ રીતે સામવેદીઓને શ્રાવણ માસમાંના હસ્ત અને પૂનમ એની વ્યવસ્થામાટે જાણવું. બીજી શાખાવાળાઓને સિંહસ્થ સૂર્યનો વિધિ અથવા નિષેધ નથી. અથર્વવેદીઓએ તો શ્રાવણની અથવા ભાદરવાની પૂનમનું ઉપાકર્મ કરવું. ખંડ તિથિ હોય તો ઉદયથકી સંગવકાળવ્યાપિની તિથિ હોય તે લેવી. શ્રાવણ અને ભાદરવામાં પોતપોતાનાં ગૃહ્યસૂત્રમાં જે કાળ કહ્યા છે તે તે દિવસે ગ્રહણ, સંક્રાંતિ, આશૌચ આદિ દોષ પ્રાપ્ત થતાં સર્વથા કર્મનો લોપ થાય તો, સઘળી શાખાવાળાઓએ બીજી શાખાઓમાં કહેલા કાળ અવશ્ય લેવા. તેમાં આપસ્તંબ, બૌધાયન, અને સામવેદી એમને શ્રાવણ અને ભાદરવામાંની પાંચમ, પૂનમ ઇત્યાદિ કાળ સાધારણપણાથી લેવાના પ્રાપ્ત થયા તો નર્મદાના ઉત્તર ભાગમાં સિંહસ્થ સૂર્ય છતાં પાંચમ આદિ કાળ લેવા. કર્કના સૂર્ય હોય તો નર્મદાના દક્ષિણ ભાગમાં શ્રાવણની પાંચમ આદિ કાળ લેવા, એવી વ્યવસ્થા **કૌસ્તુભમાં** કહેલી છે, તેથી ઋગ્વેદીઓએ પણ સર્વથા કર્મલોપનો સંભવ હોય તો 'સિંહના સૂર્ય,' 'કર્કના સૂર્ય,' ઇત્યાદિક જે પ્રથમ વ્યવસ્થા કહેલી છે તે પ્રમાણે પૂનમ પણ ગ્રહણ કરવી, એમ મને ભાસેછે. સર્વ શાખાવાળાઓએ મુખ્ય કાળ જે શ્રાવણ માસ તેમાં વરસાદ ન પડવાથી વ્રીહિ (ભાત) ઇત્યાદિ વનસ્પતિ ઉત્પન્ન થઇ ન હોય તો અથવા અશૌચાદિક હોય તો ભાદરવામાં શ્રવણ આદિક જે કાળ તે દિવસે ઉપાકર્મ કરવું. વનસ્પતિ ઉત્પન્ન થઇ ન હોય તો પણ શ્રાવણ માસમાં કરવું એ કર્કાદિકનો મત છે. સર્વ શાખાવાળાઓને ગૃહ્યસૂત્રમાં મુખ્યરૂપે નિર્ણય કરેલા દિવસે ગ્રહણ અથવા સક્રાંતિ હોય તો ગ્રહણ, સંક્રાંતિરહિત પાંચમ આદિ કાળ લેવા. ગ્રહણ અને સંક્રાંતિનો યોગ તો, ઉપાકર્મસંબંધી અહોરાત્રમાં એટલે આવતી મધ્યરાત્રિથી પ્રથમના બે પોહોર, ગયેલી મધ્યરાત્રિ પછીના બે પોહોર, અને વર્તમાન દિવસના ચાર પોહોર, એ આઠ પોહોરમાં રહેનારા જે શ્રવણ નક્ષત્ર અને પૂનમ આદિ તિથિ તેને સ્પર્શ કરતો ન હોય તો પણ ઉપાકર્મનો દૂષક છે. કોઇ ગ્રંથકાર તો, પ્રથમ કહેલા આઠ પોહોરવિના આગળ કે પાછળ પણ આવેલો ગ્રહણ અને સક્રાંતિનો યોગ, ગ્રહણ કરવા યોગ્ય શ્રવણઆદિ નક્ષત્ર, અને પૂનમ આદિ તિથિનો સ્પર્શ કરે તો તે પણ ઉપાકર્મનો દૂષક થાય છે, એમ કહે છે. નવીન જનોઇ પહેરેલી હોય તેનું પ્રથમ ઉપાકર્મ, ગુરુશુક્રનાં અસ્તાદિક, મલમાસ આદિ અને સિંહસ્થ ગુરુમાં પણ કરવું નહીં. બીજા ત્રીજા ઇત્યાદિ વખતનું ઉપાકર્મ તો અસ્તાદિ-

કમાં પણ કરવું. મલમાસમાં તો બીજા ઇત્યાદિ વખતનું પણ ઉપાકર્મ કરવું નહીં. પ્રથમ ઉપાકર્મ કરવું તે પુણ્યાહવાચન, નાંદીશ્રાદ્ધાદિ કરીને કરવું. નવીન જનોઇ પહેરેલાઓને શ્રાવણમાંના પાંચમ, હસ્ત, શ્રવણ આદિ કાળમાં ગુરુ શુક્રના અસ્તાદિકની અડચણને લીધે ઉપાકર્મનો આરંભ ન થાય તો ભાદરવાના પાંચમ, શ્રવણ આદિ કાળ લેવા. "મુંજ, જનોઇ, નવો દંડ, હરિણનું ચર્મ, કટિસૂત્ર (મેખલા), અને નવું વસ્ત્ર, એ બ્રહ્મચારીએ ધારણ કરવાં." એ પ્રમાણે બ્રહ્મચારીમાટે દરવર્ષે વિશેષ જાણવો. ઉપાકર્મ અને ઉત્સર્ગ એ બન્ને બ્રહ્મચારી, જેણે બ્રહ્મચર્યની સમાપ્તિ કરી હોય તેણે, ગૃહસ્થ, અને વાનપ્રસ્થ, એ સઘળાઓએ કરવાં. ઉત્સર્જન કરવાનો કાળ ઇહાં કહેતા નથી. "અથવા ઉપાકર્મને દિવસે કરવું," એ વચન પ્રમાણે સર્વ શિષ્ટો ઉપાકર્મને દિવસેજ ઉત્સર્જન કરે છે, એ આચાર ચાલે છે, તેથી ઉત્સર્ગના નિર્ણયનો ઉપયોગ નથી. જો ઉપાકર્મ, અને ઉત્સર્જન બીજા બ્રાહ્મણોની સાથે કરવાં હોય તો લૌકિકાગ્નિમાં કરવાં, જો એકલો કરે તો પોતાના ગૃહ્યાગ્નિવિષે કરવાં. કાત્યાયનોએ તો અન્વાધાન કરેલા અગ્નિવિષેજ હોમ કરવો. લૌકિકાગ્નિમાં હોમ કરવો નહીં. ઋગ્વેદી ઇત્યાદિક પોતે ચતુરવત્તી છતો ઝાઝા ચતુરવત્તીઓની જોડે ઉપાકર્મ કરતો હોય અને તેઓમાં એક જામદગ્નિઆદિ પંચાવત્તી હોય તો તેને અનુસારે ચતુરવત્તીઓએ પણ પંચાવત્તજ કર્મ કરવું. ચતુરવત્તીઓને પણ પંચાવત્ત કર્મ કરવામાટે વિકલ્પ કહેનારૂં વચન છે તેથી પંચાવત્ત કરવાથી તે (ચતુરવત્તી)નાં કર્મને ન્યૂનપણું થતું નથી. ઉપાકર્મ અને ઉત્સર્ગ ન કરવાથી દોષ સંભળાયછે માટે એ બન્ને દરવર્ષે કરવાં. ઉત્સર્ગ, ઉપાકર્મ ન કરે તો પ્રાજાપત્ય કૃચ્છ્ર, અથવા ઉપવાસ કરવો એ પ્રાયશ્ચિત્ત નિર્ણયસિંધુના એકાદ પુસ્તકમાં જોવામાં આવેછે, સઘળાં પુસ્તકોમાં મળતું નથી. ઉપાકર્મ અને ઉત્સર્જન એ બન્નેમાં ઋષિપૂજન કરવું. ઋષિઆદિકનું તર્પણ કરવું તે તો ઉત્સર્જનમાંજ કરવું. વિવાહપછી ઉપાકર્મમાં તિલતર્પણ કરવાનો દોષ નથી. ઉત્સર્જનમાં સંકલ્પ કરવો તેનો વિશેષ—"अधीतानां छंदसां आप्यायनद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं उपाकर्मदिने अद्योत्सर्जनाख्यं कर्म करिष्ये." એ રીતે અને ઉપાકર્મમાં તો, अधीतानां अध्येष्यमाणानां च छंदसां यातयामतानिरासेनाप्यायनद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं," એટલો વિશેષ છે. બાકીનો સઘળો પ્રયોગવિશેષ પોતપોતાનાં ગૃહ્યને અનુસારે જાણવો. આ ઉત્સર્જન, તથા ઉપાકર્મમાટે નદીઓને રજોદોષ નથી. બ્રહ્મા આદિ દેવ અને ઋષિ એમનું જળમાં સમીપપણું હોવાથી નદી આદિ જળમાં સ્નાન કરવાથી સર્વ દોષની નિવૃત્તિ થાયછે. ઋષિનું પૂજન જે સ્થાનકે કીધું તે સ્થાનકના જળના સ્પર્શ અને પીવાથી સર્વ કામના પ્રાપ્ત થાયછે. એ રીતે સર્વ શાખાવાળાઓનો સામાન્ય નિર્ણય પ્રાપ્ત થયો.

अथरक्षाबंधनम् ॥ अस्यामेवपूर्णिमायांभद्रारहितायांत्रिमुहूर्ताधिकोदयव्यापिन्यामपराह्णेप्रदोषेवाकार्यं उदयेत्रिमुहूर्तन्यूनत्वेपूर्वेद्युर्भद्रारहितेप्रदोषादिकालेकार्यं इदंग्रहणसंक्रांतिदिनेपिकर्तव्यंमंत्रस्तु येनबद्धोबलीराजादानवेंद्रोमहाबलः तेनत्वामभिबध्नामिरक्षेमाचलमाचलेति अत्रैवपूर्णिमायांहयग्रीवोत्पत्तिः श्रावणपूर्णिमाकुलधर्मादौत्रिमुहूर्तसायाह्नव्याप्तापूर्वविद्धैवग्राह्या त्रिमुहूर्तन्यूनत्वेपरा अस्यामेवपौर्णमास्यामाश्वलायनानांश्रवणाकर्मसर्पबलिश्चरात्रावुक्तः तैत्तिरीयाणांतुसर्पबलिरेवोक्तः कात्यायनानांसामगानांचश्रवणाकर्मसर्पबलीद्वावप्युक्तौ श्रवणाकर्मसर्पबल्याश्वयुजीप्रत्यवरोहणादिपाकसंस्थानांस्वस्वकालेप्यकरणेप्राजापत्यंप्रायश्चित्तंकार्यं नतुकालांतरेतदनुष्ठानं श्रवणाकर्मादिसंस्थाःपत्न्यामृतुमत्यामपिकार्याः प्रथमारंभस्तुनभवति अत्रपौर्णमासीअस्तमयप्रभृतिप्रवृत्तकर्मपर्याप्तकालव्यापिनी पूर्वाचेत्पूर्वैवग्राह्या दिनद्वयेतत्संबंधसत्त्वेअसत्त्वेवापरैव प्रयोगस्तुस्वस्वसूत्रेभ्योज्ञेयः श्रावणकृष्णचतुर्थ्यामारभ्यकृष्णचतुर्थीषुयावज्जीवमेकविंशतिवर्षाणिवाएकवर्षवासंकष्टचतुर्थीव्रतंकार्यं अशक्तौप्रतिवर्षं श्रावणचतुर्थ्यामेवकार्यं अत्रचंद्रोदयव्याप्त्यातिथिनिर्णयः प्रथमपरिच्छेदेउक्तः सोद्यापनव्रतप्रयोगः कौस्तुभादौज्ञेयः ॥

હવે રક્ષાબંધનનો નિર્ણય કહેછે.

સૂર્યોદયથકી ૭ ઘડી કરતાં અધિકવ્યાપિની અને ભદ્રારહિત એવી શ્રાવણની પૂનમને દિવસેજ અપરાહ્ન કાળ અથવા પ્રદોષ કાળમાં રક્ષાબંધન (રાખડી બાંધે છે તે) કરવું. બીજે દિવસે સૂર્યોદય પછી પૂનમ ૭ ઘડી કરતાં ઓછી હોય તો પ્રથમ દિવસે ભદ્રારહિત જે પ્રદોષ આદિ કાળ તેમાં

કરવું. એ રક્ષાબંધન ગ્રહણ, સંક્રાંતિદિવસે પણ કરવું. તેનો મંત્ર—"येन वद्धो वली राजा दानवेंद्रो महावलः ॥ तेन त्वामभिवध्नामि, रक्षे मा चल मा चल," એ મંત્રવડે રક્ષાબંધન કરવું. એજ પૂનમને દિવસે હયગ્રીવનો અવતાર થયો છે, શ્રાવણની પૂનમ કુળધર્માદિકમાં સૂર્યાસ્તથી પ્રથમ ૭ ઘડી વ્યાપ્તિ હોય એવી પૂર્વવિદ્ધાજ લેવી. પ્રથમ દિવસે સાયાહ્નકાળે ૭ ઘડી કરતાં ઓછી હોય તો બીજા દિવસની લેવી. એજ પૂનમને દિવસે આશ્વલાયનોએ શ્રવણાકર્મ, અને સર્પબલિ એ બન્ને રાત્રિએ કરવાં. તૈત્તિરીયોએ કેવલ સર્પબલિજ કરવો. કાત્યાયન અને સામવેદી એમણે શ્રવણાકર્મ અને સર્પબલિ એ બન્ને કરવાં. શ્રવણાકર્મ, સર્પબલિ, આશ્વયુજીકર્મ, પ્રત્યવરોહણ ઇત્યાદિક પાકસંસ્થા, એ સઘળાં પોતપોતાને સમયે ન થયાં હોય સો પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું, બીજે કાળે તે કર્મ કરવાં નહીં. શ્રવણાકર્મ આદિ સાત સંસ્થાઓ, સ્ત્રી રજસ્વલા હોય તો પણ કરવી, પ્રથમ આરંભ તો ન કરવો. આ શ્રવણાકર્મમાટે પૂનમ લેવી તે, સૂર્યાસ્તથકી આરંભ કરી, આરંભેલું સઘળું કર્મ પૂનમમાંજ સમાપ્ત થાય, એટલી વ્યાપ્તિ પ્રથમ દિવસેજ મળે તો પ્રથમ દિવસનીજ લેવી. બન્ને દિવસે એવી વ્યાપ્તિ હોય અથવા ન હોય તો બીજા દિવસનીજ લેવી. શ્રવણાકર્મનો પ્રયોગ પોતપોતાના સૂત્રગ્રંથોમાં જોવો. શ્રાવણ વદ ચોથથકી આરંભ કરી સઘળી અંધારી ચોથને દિવસે જીવવા લગી, અથવા એકવીસ વર્ષ લગી, અથવા એક વર્ષ લગી, સંકષ્ટચતુર્થીનું વ્રત કરવું. અશક્તિ હોય તો વર્ષે વર્ષે શ્રાવણ વદ ચોથને દિવસેજ કરવું. આ વ્રત માટે ચંદ્રોદયવ્યાપ્તિ જોઇએ, તેવી ચોથનો નિર્ણય પ્રથમ પરિચ્છેદમાં કહેલો છે. ઉદ્યાપનસહિત એ વ્રતનો પ્રયોગ કૌસ્તુભાદિ ગ્રંથોમાં જોવો.

अथजन्माष्टमीव्रतम् ॥ तत्राष्टमीद्विविधा शुद्धाविद्धाच दिवारात्रौवासप्तमीयोगरहितायत्रदिनेयावतीतत्रतावतीशुद्धा दिवारात्रौवासप्तमीयोगवतीयस्मिन्नहोरात्रेयावतीतत्रतावतीविद्धा सापुनर्द्विविधा रोहिणीयुतारोहिणीयोगरहिताचेति तत्ररोहिणीयोगरहितकेवलाष्टमीभेदाः सप्तमीनाड्यः ५९ पलानि ५९ अष्टमी ५८।५ अस्यांशुद्धायांसंदेहोनास्तिद्वितीयकोट्यभावात् सप्तमी २ अष्टमी ५५ अस्यां विद्धायामप्यसंदेहः दिनांतरेअभावेनद्वितीयकोट्यभावात् यदादिनद्वयेकेवलाष्टमीवर्ततेतदाचत्वारः पक्षाः पूर्वेद्युरेवनिशीथव्यापिनीपरेद्युरेवनिशीथव्यापिनीदिनद्वयेपिनिशीथव्यापिनीदिनद्वयेपिनिशीथव्याप्त्यभावइति रात्र्यर्धंनिशीथपदार्थः स्थूलदृष्ट्यात्वष्टमोमुहूर्तोनिशीथः तत्रपूर्वेद्युरेवनिशीथव्यापिनी यथा सप्तमी ४० अष्टमी ४२ अत्रसप्तमीयुतापूर्वविद्धैवाष्टम्युपोष्या यथावाष्टमी ६०।४ इयं शुद्धाधिकापिपूर्वैव परेद्युरेवनिशीथे यथा सप्तमी ४७ अष्टमी ४६ अत्रपरैवाष्टम्युपोष्या उभयत्रनिशीथे यथा सप्तमी ४२ अष्टमी ४६ अत्रापिपरैवाष्टमीग्राह्या दिनद्वयेनिशीथव्याप्त्यभावोयथा सप्तमी ४७ अष्टमी ४२ अत्रापिपरैवाष्टमीग्राह्या अत्रसर्वत्रसप्तमीयुक्तायांरात्रिपूर्वार्धावसानेकलयाप्यष्टम्याः सत्त्वे एवनिशीथव्यापित्वंनवमीयुक्तायांरात्र्युत्तरार्धादिभागेसत्त्वएवोत्तरत्रनिशीथव्यापित्वं सप्तमीदिने उत्तरभागेएवसत्त्वेनवमीयुतदिनेपूर्वभागएवसत्त्वेचनिशीथाव्यापित्वपक्षएवमंतव्यः एवंवक्ष्यमाणरोहिणीयुक्तभेदेप्यपित्रयं रोहिणीयुताष्टम्यामपिपूर्वेदिनेएवनिशीथेष्टमीरोहिण्योर्योगः परदिनएवनिशीथेयोगः दिनद्वयेनिशीथेयोगइतिपक्षत्रयं पूर्वेद्युरेवनिशीथेयोगोयथा सप्तमी ४० तद्दिनेकृत्तिका ३५ अष्टमी ४६ तद्दिनेरोहिणी ३६ अत्रपूर्वविद्धैवाष्टम्युपोष्या परदिनेएवनिशीथयोगोयथा सप्तमी ४२ तद्दिने कृत्तिका ५० अष्टमी ४७ रोहिणी ४६ अत्रपरैवाष्टमीग्राह्या दिनद्वयेनिशीथेष्टमीरोहिण्योर्योगोयथा सप्तमी ४२ कृत्तिका ४३ अष्टमी ४७ रोहिणी ४८ अत्रपरैवाष्टमीग्राह्या अथरोहिणीयुताष्टम्यामेव दिनद्वयेपिनिशीथेरोहिणीयोगाभावोबहुधासंभवति ॥

હવે જન્માષ્ટમીવ્રતનો નિર્ણય કહેછે.

અષ્ટમી બે પ્રકારની છે-એક શુદ્ધા; બીજી વિદ્ધા. દિવસે અથવા રાત્રિએ સાતમના યોગવડે રહિત એવી જે દિવસે જેટલી હોય તે દિવસે તેટલી શુદ્ધા જાણવી, દિવસે અથવા રાત્રિએ સાતમના યોગસહિત જે દિવસે જેટલી હોય તે દિવસે તેટલી વિદ્ધા જાણવી, તે આઠમ ફરી બે પ્રકારની-એક રોહિણી નક્ષત્રસહિત, અને બીજી રોહિણીયોગે રહિત. તેમાં રોહિણીયોગરહિત જે કેવળ આઠમ તેના ભેદ કહેછે,—દાખલો,—સાતમ ઘડી ૫૯ પળ ૫૯,—આઠમ ઘડી ૫૮।૫ એ શુદ્ધા છે. ઇહાં બીજા ભેદનો સંભવ નથી માટે એ શુદ્ધામાં સંશય નથી. ઉદાહરણ,—સાતમ ઘ૦ ૨, આઠમ ઘ૦ ૫૫, એ વિદ્ધા છે; પરંતુ બીજે દિવસે કાંઇ પણ ન હોવાથી બીજા પક્ષનો સંભવ નથી માટે

એ વિદ્ધામાં પણ સંશય નથી. જ્યારે બન્ને દિવસે કેવળ આઠમ હોય ત્યારે ચાર પક્ષ થાયછે. તે આ રીતે—૧ પ્રથમ દિવસેજ નિશીથવ્યાપિની; ૨ બીજે દિવસેજ નિશીથવ્યાપિની; ૩ બન્ને દિવસે નિશીથવ્યાપિની; ૪ બન્ને દિવસે નિશીથવ્યાપિની ન હોય તે. રાત્રિનાં અર્ધને એટલે મધ્યરાત્રિને નિશીથ કહેછે. સ્થૂલ માનવડે તો આઠમું મુહૂર્ત્ત તે નિશીથકાળ. પૂર્વદિવસેજ નિશીથવ્યાપિની, તેનું ઉદાહરણ;—સાતમ ઘ૦ ૪૦, આઠમ ઘ૦ ૪૨. આ પક્ષમાં સાતમ વિદ્ધા એવી પ્રથમનીજ આઠમ ઉપવાસમાટે લેવી. અથવા બીજું ઉદાહરણ;—આઠમ ઘ૦ ૬૦।૪ એ શુદ્ધાધિક છે તથાપિ પ્રથમ દિવસનીજ લેવી. બીજે દિવસેજ નિશીથવ્યાપિની હોય—ઉદાહરણ;—સાતમ ઘ૦ ૪૭, આઠમ ઘ૦ ૪૬ એ પક્ષમાં બીજા દિવસનીજ આઠમ ઉપવાસમાટે લેવી. બન્ને દિવસે નિશીથવ્યાપિનીનું ઉદાહરણ:—સાતમ ઘ૦ ૪૨, આઠમ ઘ૦ ૪૬ એ પક્ષમાં પણ બીજા દિવસનીજ આઠમ લેવી. બન્ને દિવસે નિશીથવ્યાપ્તિ ન હોય, તેનું ઉદાહરણ;—સાતમ ૪૭, આઠમ ૪૨ એ પક્ષમાં પણ બીજા દિવસનીજ લેવી. આ સઘળા પક્ષો સાતમયુક્ત હોય તો રાત્રિના પ્રથમ અર્ધની સમાપ્તિસમયે એક કળામાત્ર જો આઠમ હોય તોજ નિશીથવ્યાપ્તિ માનવી. નવમીયુક્ત હોય તો રાત્રિના ઉત્તર અર્ધના પ્રથમ ભાગમાં એક કળામાત્ર જો આઠમ હોય તોજ બીજે દિવસે નિશીથવ્યાપ્તિ માનવી. સાતમને દિવસે ઉત્તર ભાગમાંજ અષ્ટમી હોય અને નોમયુક્તદિવસે પ્રથમ ભાગમાંજ આઠમ હોય તો નિશીથવ્યાપ્તિ નથી એમજ જાણવું. એ પ્રમાણે આગળ કહેવાશે જે રોહિણીયુક્ત વેદો છે ત્યાં એમજ સમજવું. રોહિણીયુક્ત આઠમમાં પણ પ્રથમ દિવસેજ નિશીથસમયે આઠમ અને રોહિણીનો યોગ; બીજે દિવસેજ નિશીથસમયે યોગ; બન્ને દિવસે નિશીથસમયે યોગ; એ પ્રમાણે ત્રણ પક્ષ થાયછે. પ્રથમ દિવસેજ નિશીથસમયે, આઠમ, રોહિણીનો યોગ હોય તેનું, ઉદાહરણ;—સાતમ ૪૦, તે દિવસે કૃત્તિકા ૩૫, આઠમ ૪૬, તે દિવસે રોહિણી ૩૬, ઇહાં પૂર્વવિદ્ધાજ આઠમ ઉપવાસમાટે લેવી. બીજે દિવસેજ નિશીથસમયે યોગનું ઉદાહરણ;—સાતમ ૪૨, તે દિવસે કૃત્તિકા ૫૦, આઠમ ૪૭, રોહિણી ૪૬, આ પક્ષમાં બીજા દિવસનીજ આઠમ લેવી. બન્ને દિવસે નિશીથસમયે આઠમ, રોહિણીના યોગનું, ઉદાહરણ;—સાતમ ૪૨, કૃત્તિકા ૪૩, આઠમ ૪૭, રોહિણી ૪૮, આ પક્ષમાં બીજા દિવસનીજ આઠમ લેવી. હવે રોહિણીયુક્ત આઠમમાં બન્ને દિવસે પણ નિશીથકાળે રોહિણીયોગ હોય નહીં એમ બહુધા સંભવે છે.

परेद्युरेवनिशीथव्यापिनीअष्टमीपरेद्युरेवनिशीथादन्यत्ररोहिणीयुक्ताचेत्येकःपक्षः यथा सप्तमी ४७ अष्टमी ५० अष्टमीदिनेकृत्तिका ४६ अत्रपक्षेपरैवाष्टमीग्राह्या एतत्तुल्ययुक्त्यापूर्वेद्युरेवनिशीथव्यापिनी पूर्वेद्युरेवनिशीथादन्यत्ररोहिणीयुतेतिपक्षेपिपूर्वैवग्राह्या दिनद्वयेपिनिशीथादन्यत्ररोहिणीयुतापरेद्युरेव निशीथव्यापिनीतिद्वितीयःपक्षः यथा सप्तमी ४८ तद्दिनेकृत्तिका ३० अष्टमी ४८ रोहिणी २५ अत्रापि परैवग्राह्या दिनद्वयेनिशीथादन्यत्ररोहिणीयुक्तापूर्वेद्युरेवनिशीथव्यापिनीतितृतीयोयथा सप्तमी २५ कृत्तिका ४८ अष्टमी २० रोहिणी ४२ अत्रापिपरैव रोहिणीयोगसाम्येपिपूर्वत्रसप्तमीविद्धत्वात् यथावाष्टमी ६०।४ कृत्तिका ५० अत्रपूर्वैवग्राह्या अहोरात्रद्वयेरोहिणीयोगसाम्येपिपूर्वस्याःशुद्धत्वात्पूर्णव्याप्तेश्च दिनद्वयेपिनिशीथव्यापिनीपरेद्युरेवनिशीथादन्यत्ररोहिणीयुतेतिचतुर्थो यथा सप्तमी ४२ अष्टमी ४१ कृत्तिका ४६ अत्रपरैवाष्टमी एवंदिनद्वयेपिनिशीथव्यापिनीपूर्वेद्युरेवनिशीथादन्यत्ररोहिणीयुतेतिपंचमो यथा सप्तमी ४१ तद्दिनेरोहिणी ४२ अष्टमी ४७ अत्रपूर्वैवाष्टम्युपोष्या दिनद्वयेपिनिशीथव्यापिनीदिनद्वयेनिशीथादन्यत्ररोहिणीयुतेतिषष्ठो यथा सप्तमी ४२ कृत्तिका ४८ अष्टमी ४९ रोहिणी ४२ अत्रपरैव दिनद्वयेपिनिशीथाव्यापिनीपूर्वेद्युरेवनिशीथादन्यत्ररोहिणीयुतेतिसप्तमोयथा सप्तमी ४८ तद्दिनेरोहिणी ५८ अष्टमी ४२ अत्रपरैवाष्टमीग्राह्या अत्रैवपक्षेपरेद्युरेवउभयत्रवानिशीथादन्यत्ररोहिणीयोगेपिपरैवेतिकैमुत्येन सिद्धम् पूर्वेद्युरेवनिशीथव्यापिनीपरेद्युरेवनिशीथादन्यत्ररोहिणीयुतेतिचरमःपक्षः यथा सप्तमी ३० अष्टमी २५ तद्दिने कृत्तिका ५ यथावाष्टमी ६०।४ अष्टमी शेषदिने कृत्तिका १ अत्रोदाहरणद्वयेपिपरैवाष्टमी ग्राह्या स्वल्पस्यापिरोहिणीयोगस्यप्राशस्त्येनमुहूर्तमात्राया अपिपरस्या ग्राह्यतयापूर्वत्रविद्यमानायानिशीथव्याप्तेरनादरात्सर्वपक्षेषुयदिपरदिनेमुहूर्तन्यूनावर्ततेतदासानग्राह्या किंतुपूर्वैवेतितुपुरुषार्थचिंतामणौ युक्तं परेद्युरेवनिशीथव्यापिनीपूर्वेद्युरेवनिशीथादन्यत्ररोहिणीयुता यथा सप्तमी ४८ रोहिणी ५१ अष्टमी

---

१ सप्तमी ४८ अष्टमी ४१ तद्दिने कृत्तिका १२॥. २ सप्तमी ४८ कृत्तिका ४८ अष्टमी ४२ रोहिणी ४२॥

४८ अत्रपरैव विद्धायांनिशीथोत्तरंरोहिणीयोगस्याप्रयोजकत्वात् अत्रविस्तरेणोक्तानांबहुपक्षाणांसंक्षेपेणनिर्णयसंग्रहः पुरुपार्थचिंतामणौ शुद्धसमायांशुद्धन्यूनायांवाविद्धसमायांविद्धन्यूनायांवाकेवलाष्टम्यां संदेहएवनास्ति शुद्धाधिकापिकेवलाष्टमीपूर्वैव विद्धाधिकातुपूर्वेदिनएवनिशीथव्याप्तौपूर्वा दिनद्वयेनिशीथव्याप्तावव्याप्तौवापरैवेति ॥

બીજે દિવસેજ નિશીથવ્યાપિની આઠમ, અને બીજે દિવસેજ નિશીથકાળથી આગળ કે પાછળ રોહિણીયુક્ત આઠમ, એ એક પક્ષ-ઉદાહરણ;—સાતમ ૪૭, આઠમ ૫૦, આઠમને દિવસે કૃત્તિકા ૪૬, એ પક્ષમાં બીજા દિવસનીજ આઠમ લેવી. એની બરોબર યુક્તિ હોવાથી પ્રથમ દિવસેજ નિશીથકાળવ્યાપિની આઠમ, અને પ્રથમ દિવસેજ નિશીથકાળવિના અન્યત્ર (આગળ અથવા પાછળ) રોહિણીયુક્ત આઠમ, એ પક્ષમાં પણ પ્રથમ દિવસનીજ લેવી. બન્ને દિવસે નિશીથકાળવિના આગળ કે પાછળ રોહિણીયુક્ત આઠમ, અને બીજે દિવસેજ નિશીથકાળવ્યાપિની, એ બીજો પક્ષ-ઉદાહરણ;—સાતમ ૪૮, તે દિવસે કૃત્તિકા ૩૦, આઠમ ૪૮, રોહિણી ૨૫, આ પક્ષમાં પણ બીજા દિવસનીજ લેવી. બન્ને દિવસે નિશીથવિના અન્યત્ર રોહિણીયુક્ત આઠમ, અને પૂર્વ દિવસેજ નિશીથકાળવ્યાપિની, એ ત્રીજો પક્ષ-ઉદાહરણઃ—સાતમ ૨૫, કૃત્તિકા ૪૮, આઠમ ૨૦, રોહિણી ૪૩ એ પક્ષમાં પણ બીજા દિવસનીજ લેવી, કારણ બન્ને દિવસે રોહિણીનો યોગ સમાન છે તથાપિ પ્રથમ દિવસે સાતમનો વેધ છે તેથી, ઉદાહરણ;-આઠમ ૬૦૧૪, કૃત્તિકા ૫૦, આ પક્ષમાં બન્ને અહોરાત્ર (રાતદિવસ)માં રોહિણીયોગ સમાન છે તો પણ પ્રથમ દિવસે શુદ્ધ અને પૂર્ણ છે માટે પ્રથમનીજ લેવી. બન્ને દિવસે નિશીથવ્યાપિની અને બીજે દિવસે નિશીથકાળવિના અન્યત્ર રોહિણીયોગ એ ચોથો પક્ષ-ઉદાહરણ;—સાતમ ૪૩, આઠમ ૪૭, કૃત્તિકા ૪૬, આ પક્ષમાં બીજા દિવસનીજ આઠમ લેવી. એ રીતે બન્ને દિવસે નિશીથકાળવ્યાપિની આઠમ અને પ્રથમ દિવસેજ નિશીથકાળવિના અન્યત્ર રોહિણીયુક્ત એ પાંચમો પક્ષ-ઉદાહરણ;—સાતમ ૪૧, તે દિવસે રોહિણી ૪૩, આઠમ ૪૭, આ પક્ષમાં પ્રથમનીજ આઠમ ઉપવાસમાં લેવી. બન્ને દિવસે નિશીથવ્યાપિની આઠમ, અને બન્ને દિવસે નિશીથકાળવિના અન્યત્ર રોહિણીયુક્ત એ છઠ્ઠો પક્ષ-ઉદાહરણ;—સાતમ ૪૨, કૃત્તિકા ૪૮, આઠમ ૪૯, રોહિણી ૪૨. એ પક્ષમાં બીજા દિવસનીજ લેવી. બન્ને દિવસે નિશીથવ્યાપિની ન હોય અને પ્રથમ દિવસેજ નિશીથવિના રોહિણીયોગ એ સાતમો પક્ષ-ઉદાહરણ;—સાતમ ૪૮, તે દિવસે રોહિણી ૫૮, આઠમ ૪૨, આ પક્ષમાં બીજા દિવસનીજ આઠમ લેવી. એજ પક્ષમાં બીજે[1] દિવસેજ, અથવા બન્ને[2] દિવસે નિશીથકાળવિના અન્યત્ર રોહિણીયોગ હોય તો પણ બીજા દિવસનીજ લેવી એ તો "કૈમુત્ય[3]" યુક્તિવડે સિદ્ધ છે. પ્રથમ દિવસેજ નિશીથવ્યાપિની, અને બીજે દિવસેજ નિશીથકાળવિના રોહિણીયુક્ત એ છેવટનો પક્ષ-ઉદાહરણ;—સાતમ ૩૦, આઠમ ૨૫, તે દિવસે કૃત્તિકા ૫, અથવા આઠમ ૬૦૧૪, બીજી આઠમને દિવસે કૃત્તિકા ૧, રોહિણીનો યોગ અલ્પ હોય તો પણ ઉત્તમ છે, માટે બે ઘડી કદી બીજે દિવસે આઠમ હોય તો તે લેવાને યોગ્ય છે, તેથી પ્રથમ દિવસે નિશીથકાળવ્યાપ્તિ હોય તેનો પણ આદર નથી. માટે ઉપર કહેલાં બન્ને ઉદાહરણમાં બીજા દિવસનીજ આઠમ લેવી. પ્રથમ કહેલા સર્વે પક્ષોમાં જો બીજે દિવસે બે ઘડી કરતાં ઓછી આઠમ હોય તો તે લેવી નહીં, ત્યારે પ્રથમનીજ લેવી, એ પુરુષાર્થચિંતામણિમાં કહેલું છે. બીજે દિવસેજ નિશીથકાળવ્યાપિની આઠમ, અને પ્રથમ દિવસેજ નિશીથકાળવિના અન્યત્ર રોહિણીયુક્ત હોય, ઉદાહરણ; સાતમ ૪૮, રોહિણી ૫૫, આઠમ ૪૮, એ વિદ્ધા આઠમમાં નિશીથપછી રોહિણીયોગનો ઉપયોગ નથી માટે એ પક્ષમાં બીજા દિવસનીજ લેવી. ઇહાં વિસ્તારે કરી કહેલા ઘણા પક્ષોના નિર્ણયનો સંગ્રહ સંક્ષેપથી પુરુષાર્થચિંતામણિમાં છે. શુદ્ધસમ, શુદ્ધન્યૂન, અથવા વિદ્ધસમ, વિદ્ધન્યૂન, અથવા કેવલ આઠમ એઓમાં તો સંશયજ નથી. શુદ્ધાધિક એવી પણ કેવલ અષ્ટમી પ્રથમ દિવસનીજ લેવી. વિદ્ધાધિક તો પ્રથમ દિવસેજ નિશીથવ્યાપિની હોય તો પ્રથમની, અને બન્ને દિવસે નિશીથવ્યાપિની હોય અથવા બન્ને નિશીથવ્યાપિની ન હોય તો બીજા દિવસનીજ લેવી.

---

[1] સાતમ ૪૮, આઠમ ૪૨, તે દિવસે કૃત્તિકા ૧૨. [2] સાતમ ૪૮ કૃત્તિકા ૪૮, આઠમ ૪૨, રોહિણી ૪૨. [3] ગુજરાતીમાં, 'આ રીતે હોય તો એમાં તે શું?' એ વાક્ય કૈમુત્ય.

अथरोहिणीयोगेयदिशुद्धसमायांशुद्धन्यूनायांवाईषदपिरोहिणीयोगस्तदानसंदेहः शुद्धाधिकायांपूर्वेदिनेदिनद्वयेपिवारोहिणीयोगेपूर्वैव शुद्धाधिकायामुत्तरदिनएवरोहिणीयोगेमुहूर्तमात्राप्युत्तरैव विद्धाधिकायांपूर्वदिनएवनिशीथात्पूर्वंनिशीथेवारोहिणीयोगेपूर्वा दिनद्वयेपिपरत्रैववानिशीथेनिशीथंविहाय वारोहिणीयोगेपरैवेतिसंक्षेपेणनिर्णयसंग्रहः एवंकौस्तुभादिनवीनग्रंथानुसृतमाधवमतानुसारेणजन्माष्टमीनिर्णीता अत्रकेचित्केवलाष्टमीजन्माष्टमीसैवरोहिणीयुताजयंतीसंज्ञकेतिजयंत्यष्टम्योर्व्रतैक्यमाहुः अन्येतुजन्माष्टमीव्रतंजयंतीव्रतंचभिन्नंरोहिणीयोगाभावेजयंतीव्रतलोपाज्जन्माष्टमीव्रतमेवकार्यं यस्मिन्वर्षेजयंत्याख्ययोगोजन्माष्टमीतदा अंतर्भूताजयंत्यांस्यादितिजयंतीदिनेनिशीथाख्यकर्मकालेष्टम्याद्यभावेपिसाकल्यवचनापादितकर्मकालव्याप्तिमादायव्रतद्वयमपिजयंतीदिनएवतंत्रेणानुष्ठेयं व्रतद्वयस्याप्यकरणेमहादोषश्रवणेनफलश्रवणेनचनित्यकाम्योभयरूपत्वात् नतुनिशीथव्याप्तायांपूर्वाष्टम्यांजन्माष्टमीव्रतंकृत्वाजयंतीदिनेपारणमनुष्ठेयं नित्यव्रतलोपप्रत्यवायापातादित्याहुः निर्णयसिंधौतु उक्तरीत्यामाधवमतमुपपाद्यहेमाद्रिमतेनजन्माष्टमीव्रतमेवनित्यं जयंतीव्रतंतुनित्यमपिकलियुगेलुप्तमितिकेचिन्नानुतिष्ठंतीत्युक्त्वा स्वमतेनयस्मिन्वर्षे पूर्वदिनएवनिशीथेष्टमीपरदिनएवनिशीथादन्यत्रजयंत्याख्ययोगस्तत्रोपोषणद्वयंकार्यंव्रतद्वयस्यापिनित्यत्वेनाकरणेदोषात् जयंत्यामष्टम्यंतर्भावोक्तिस्तुमूर्खप्रतारणामात्रमिति प्रतिपादितं ममतुकौस्तुभादिनवीनपरिगृहीतमाधवमतरीत्याजयंत्यंतर्भावेनाष्टमीव्रतानुष्ठानमेवयुक्तंप्रतिभाति अत्रव्रतेबुधसोमवारयोगःप्राशस्त्यविधायकोनतुरोहिणीवन्निर्णायकः ॥

હવે રોહિણીયોગ છતાં, જો શુદ્ધસમ અથવા શુદ્ધન્યૂન આઠમમાં અલ્પ પણ રોહિણીયોગ હોય તો સંશય નથી. શુદ્ધાધિક આઠમમાં પ્રથમ દિવસે અથવા બન્ને દિવસે રોહિણીયોગ હોય તો પૂર્વ દિવસનીજ લેવી. શુદ્ધાધિક આઠમમાં બીજે દિવસેજ રોહિણીયોગ હોય તો બે ઘડી પળ બીજા દિવસનીજ લેવી. વિદ્ધાધિક આઠમમાં પ્રથમ દિવસેજ નિશીથકાલથી પ્રથમ અથવા નિશીથકાલે રોહિણીયોગ હોય તો પૂર્વ દિવસનીજ લેવી. બન્ને દિવસે, અથવા બીજે દિવસેજ નિશીથકાલે અથવા નિશીથકાલવિના રોહિણીયોગ હોય તો બીજા દિવસનીજ લેવી, એ સક્ષેપથી નિર્ણયનો સંગ્રહ કહ્યો. એ પ્રમાણે કૌસ્તુભાદિક નવીન ગ્રંથોમાં ગ્રહણ કરેલા માધવમતને અનુસારે જન્માષ્ટમીનો નિર્ણય કહ્યો. ઇહાં કોઇ ગ્રંથકાર, કેવળ આઠમ એજ જન્માષ્ટમી, અને એજ જન્માષ્ટમી રોહિણીયુક્ત હોય તો એનું નામ જયતી, એ રીતે જયંતી અને જન્માષ્ટમી એ બન્નેનું એકજ વ્રત કહેછે. બીજા ગ્રંથકારો તો, જન્માષ્ટમીવ્રત અને જયંતીવ્રત જુદાં જુદાં છે માટે રોહિણીયોગ ન હોય તો જયંતીવ્રતનો લોપ છે તેથી જન્માષ્ટમીવ્રતજ કરવું, "જે વર્ષમાં જયતી નામનો યોગ હોય ત્યારે જન્માષ્ટમી જયતીમાં અંતર્ગત થાયછે" માટે જયંતીને દિવસે નિશીથનામના કર્મકાલમાં જો આઠમ ન હોય તો પણ સંપૂર્ણપણું બતાવનારાં વચનવડે પ્રાપ્ત થયેલી કર્મકાલવ્યાપ્તિ માની બન્ને વ્રત જયંતીને દિવસે તંત્રથી કરવાં, બન્ને વ્રત નિત્ય અને કામ્ય છે, ન કરવાથી મહાદોષ અને કરવાથી મહાફલ સંભળાય છે માટે બન્ને કરવાં, પણ નિત્ય વ્રતના લોપથી મહાદોષ થાયછે માટે નિશીથકાલવ્યાપિની પ્રથમ દિવસની આઠમનુ જન્માષ્ટમીવ્રત કરી જયતીને દિવસે પારણું કરવું નહીં, એમ કહેછે. નિર્ણયસિંધુમાં તો, પ્રથમ કહેલી રીતિપ્રમાણે માધવમતનું નિરૂપણ કરી હેમાદ્રિને મતે જન્માષ્ટમીવ્રતજ નિત્ય છે. જયંતીવ્રત તો નિત્ય છે પણ કલિયુગમાં લુપ્ત થયેલું છે માટે કેટલાએક કરતા નથી, એ રીત કહી પોતાને મતે, જે વર્ષમાં પ્રથમ દિવસેજ નિશીથકાલે આઠમ, અને બીજે દિવસેજ નિશીથવિના અન્યત્ર જયતી નામનો યોગ હોય તો, બન્ને વ્રત નિત્ય છે અને ન કરવાથી દોષ થાયછે માટે તે વર્ષે બન્ને ઉપવાસ કરવા. "જયંતીમાં જન્માષ્ટમી અતર્ગત થાયછે," એ વચન મૂર્ખને ભૂલ ખવરાવવામાટે છે એ, રીતે પ્રતિપાદન કરેલું છે. મને તો, કૌસ્તુભાદિ નવીન ગ્રંથોમાં ગ્રહણ કરેલા માધવમત પ્રમાણે જયંતીનો અતર્ભાવ કરી જન્માષ્ટમીનુંજ વ્રત કરવું, એજ યોગ્ય લાગેછે, એ વ્રતમાં બુધવાર અથવા સોમવારનો યોગ આવે તો ઉત્તમપણું બતાવનારો છે, પણ રોહિણીયોગનીપેઠે નિર્ણય કરવા યોગ્ય નથી.

अथद्वितीयदिनेभोजनरूपंपारणंव्रतांगंविहितंतत्कालोनिर्णीयते केवलतिथ्युपवासेतिथ्यंतेनक्षत्रयुक्ततिथ्युपवासेउभयांतेपारणंकार्यं यदितिथिनक्षत्रयोरेकतरांतोदिनेलभ्यतेउभयांतस्तुरात्रौतदादिवैवान्यतरांतेपारणं यदादिवानैकस्याप्यंतस्तदानिशीथादर्वागन्यतरांतेउभयांतेवापारणं यदातुनिशीथाव्यवहितपूर्वक्षणेएकतरांतउभयांतोवातदानिशीथेपिपारणंकार्यं भोजनासंभवेपारणासंपत्त्यर्थंफलाद्याहारो

विधेयः केचित्तूक्तविषयेनिशीथेपारणंनकार्यंकिंतूपवासात्तृतीयेह्निदिवाकार्यमित्याहुस्तन्नयुक्तं अशक्तस्तुएकतरांताभावेपि उत्सवांतेप्रातरेवदेवपूजाविसर्जनादिकृत्वापारणंकुर्यात् ॥

હવે બીજે દિવસે ભોજનરૂપ પારણાવ્રતનું અંગ કહેલું છે માટે તેના કાલનો નિર્ણય કહેછે;–કેવળ તિથિનો ઉપવાસ હોય તો તિથિને અંતે, નક્ષત્રયુક્ત તિથિનો ઉપવાસ હોય તો બન્નેને અંતે પારણા કરવી. જો તિથિ અને નક્ષત્ર એમાંથી એકનો અંત દિવસનો મળે અને બન્નેનો અત તો રાત્રિનો મળે ત્યારે દિવસનુંજ એકને અંતે પારણું કરવું. જો દિવસમાં બન્નેમાંથી એકનો પણ અત ન મળે ત્યારે અર્ધરાત્રિથી પ્રથમ એકને અંતે અથવા બન્નેને અંતે પારણા કરવી. જ્યારે મધ્યરાત્રિ થયા પહેલાં મધ્યરાત્રિની સમીપે એકનો અથવા બન્નેનો અંતે થાય ત્યારે મધ્યરાત્રિને સમયે પણ પારણા કરવી. ભોજનનો સંભવ ન હોય તો પારણા થવામાટે ફળાદિક ભોજન કરવું. કોઇ ગ્રંથકાર તો, પ્રથમ કહેલા સમયે અર્ધરાત્રિએ પારણા ન કરવી ત્યારે ઉપવાસથી ત્રીજે દિવસે દિવસની પારણા કરવી, એમ કહેછે, તે યુક્ત નથી. અશક્ત હોય તેણે તો, એકનો અંત ન હોય તો પણ ઉત્સવને અંતે પ્રાતઃકાલેજ દેવપૂજા, વિસર્જન, ઇત્યાદિક કરી પારણા કરવી.

अथसंक्षेपेणव्रतविधिः ॥ प्रातःकृतनित्यक्रियःप्राङ्मुखोदेशादिसंकीर्त्यंतत्तत्कालेसप्तम्यादिसत्त्वेपिप्रधानभूतामष्टमीमेवसंकीर्त्य श्रीकृष्णप्रीत्यर्थंजन्माष्टमीव्रतंकरिष्येजयंतीयोगसत्त्वेजन्माष्टमीव्रतंजयंतीव्रतंचतंत्रेणकरिष्येइतिसंकल्पयेत् ताम्रपात्रेजलंगृहीत्वा वासुदेवंसमुद्दिश्यसर्वपापप्रशांतये उपवासंकरिष्यामिकृष्णाष्टम्यांनभस्यहं अशक्तौ फलानिभक्षयिष्यामीत्याद्यूहः आजन्ममरणंयावद्यन्मयादुष्कृतंकृतं तत्प्रणाशयगोविंदप्रसीदपुरुषोत्तमेतिपात्रस्थंजलंक्षिपेत् ततःसुवर्णरजतादिमय्योमृन्मय्योवा भित्तिलिखितावाप्रतिमायथाकुलाचारंकार्याः तायथा पर्यंकेप्रसुप्तदेवक्याःस्तनंपिबंतींश्रीकृष्णप्रतिमांनिधायजयंतीसत्त्वेत्वन्यदेवक्याउत्संगेद्वितीयांश्रीकृष्णमूर्तिंनिधायपर्यंकस्थदेवकीचरणसंवाहनपरां लक्ष्मींनिधाय भित्त्यादौखड्गधरंवसुदेवं नंदगोपीगोपान्लिखित्वाप्रदेशांतरेमंचकेप्रसूतकन्ययासहयशोदाप्रतिमां पीठांतरे वसुदेवदेवकीनंदयशोदाश्रीकृष्णरामचंडिका इतिसप्तप्रतिमाःस्थापयेत् एतावत्प्रतिमाकरणाशक्तौवसुदेवादिचंडिकांताःसप्तवायथाचारंयथाशक्तिवाकृत्वा अन्याःसर्वायथायथंध्यायेदिति भाति निशीथासन्नप्राक्कालेस्नात्वाश्रीकृष्णप्रीत्यर्थंसपरिवारश्रीकृष्णपूजांकरिष्यइतिसंकल्प्यन्यासान्शंखादिपूजांतंनित्यवत्कृत्वा पर्यंकस्थांकिन्नराद्यैर्युतांध्यायेत्सुदेवकीं श्रीकृष्णंबालकंध्यायेत्पर्यंकेस्तनपायिनं श्रीवत्सवक्षसंशांतंनीलोत्पलदलच्छविं संवाहयंतींदेवक्याःपादौध्यायेच्चतांश्रियं एवंध्यात्वादेवक्यैनमः इतिदेवकीमावाह्यमूलमंत्रेणपुरुषसूक्तऋचावाश्रीकृष्णायनमःश्रीकृष्णमावाहयामीतिआवाह्य लक्ष्मींचावाह्यदेवक्यैवसुदेवाययशोदायैनंदायकृष्णायरामायचंडिकायैइतिनाम्नावाह्यलिखितादिदेवताःसकलपरिवारदेवताभ्योनमइत्यावाह्यमूलमंत्रेणसूक्तऋचावा अत्रावाहितदेवक्यादिपरिवारदेवतासहितश्रीकृष्णायनमइत्यासनपाद्यार्घ्याचमनीयाभ्यंगस्नानानिदत्वा पंचामृतस्नानांतेचंदनेनानुलेपयेत् शुद्धोदकाभिषेकांतेवस्त्रयज्ञोपवीतगंधपुष्पाणिधूपदीपौच विश्वेश्वरायविश्वायतथाविश्वोद्भवायच विश्वस्यपतयेतुभ्यंगोविंदायनमोनमः यज्ञेश्वरायदेवायतथायज्ञोद्भवायच यज्ञानांपतयेनाथगोविंदायनमोनमइतिमंत्राभ्यांमूलमंत्रादिसमुच्चिताभ्यांदद्यात् जगन्नाथनमस्तुभ्यंसंसारभयनाशन जगदीश्वरायदेवायभूतानांपतयेनम इतिनैवेद्यं मूलमंत्रादिकंसर्वत्रयोज्यं तांबूलादिनमस्कारप्रदक्षिणापुष्पांजल्यंतंकार्यं अथवोद्यापनप्रकरणोक्तविधिनापूजा सायथा उक्तप्रकारेणध्यानावाहनेकृत्वा देवाब्रह्मादयोयेनस्वरूपंनविदुस्तव अतस्त्वांपूजयिष्यामिमातुरुत्संगवासिनं पुरुषएवेदमासनं अवतारसहस्राणिकरोषिमधुसूदन नतेसंख्यावताराणांकश्चिज्जानातितत्त्वतः एतावानस्येतिपाद्यं जातःकंसवधार्थायभूभारोत्तारणायच देवानांचहितार्थायधर्मसंस्थापनायच कौरवाणांविनाशायपांडवानांहितायच गृहाणार्घ्यंमयादत्तंदेवक्यासहितोहरे त्रिपादू० अर्घ्यं सुरासुरनरेशायक्षीराब्धिशयनायच कृष्णायवासुदेवायददाम्याचमनंशुभं तस्मा० आचमनीयं नारायणनमस्तेस्तुनरकार्णवतारक गंगोदकंसमानीतंस्नानार्थंप्रतिगृह्यतां यत्पुरुषे० स्नानं पयोदधिघृतक्षौद्रशर्करास्नानमुत्तमं तृप्त्यर्थंदेवदेवेशगृह्यतांदेवकीसुतेति पंचामृतं शुद्धोदकस्नानमाचमनं क्षौमंचपट्टसूत्राद्यंमयानीतांशुकंशुभं गृह्यतांदेवदेवेशमयादत्तंसुरोत्तम तंयज्ञं० वस्त्रं नमः कृष्णायदेवायशंखचक्रधरायच ब्रह्मसूत्रंजगन्नाथगृहाणपरमेश्वर तस्माद्यज्ञा० यज्ञोपवीतं नानागंधसमायुक्तंचंदनंचारुचर्चितं कुंकुमाक्ताक्षतैर्युक्तंगृह्यतांपरमेश्वर तस्माद्यज्ञा० गंधं पुष्पाणियानिदिव्यानि

पारिजातोद्भवानिच मालतीकेसरादीनिपूजार्थंप्रतिगृह्यतां तस्माद० पुष्पाणि अथांगपूजा श्रीकृष्णाय नमः पादौपूजयामि संकर्षणायनमः गुल्फौपू० कालात्मनेनमः जानुनीपू० विश्वकर्मणेन० जंघेपू० विश्वनेत्राय० कटीपू० विश्वकर्त्रेन० मेढ्रंपू० पद्मनाभायनमः नाभिंपू० परमात्मनेन० हृदयंपू० श्रीकंठायनम. कंठंपू० सर्वास्त्रधारिणेन० बाहूपू० वाचस्पतयेन० मुखंपू० केशवायन० ललाटंपू० सर्वात्मनेन० शिरःपू० विश्वरूपिणेनारायणायनमः सर्वांगंपूजयामि वनस्पतिरसो० यत्पुरुषं० धूपं त्वं ज्योतिःसर्वदेवानांतेजस्त्वंतेजसांपरं आत्मज्योतिर्नमस्तुभ्यंदीपोयंप्रतिगृह्यतां ब्राह्मणो० दीपं नानागंधसमायुक्तंभक्ष्यभोज्यंचतुर्विधं नैवेद्यार्थंमयादत्तंगृहाणपरमेश्वर चंद्र० नैवेद्यं आचमनं करोद्वर्तनं तांबूलंचसकर्पूरंपूगीफलसमन्वितं मुखवासकरंरम्यंप्रीतिदंप्रतिगृह्यतां सौवर्णराजतंताम्रंनानारत्नसमन्वितं कर्मसाद्गुण्यसिद्ध्यर्थंदक्षिणाप्रतिगृह्यतां रंभाफलंनारिकेलंतथैवाम्रफलानिच पूजितोसिसुरश्रेष्ठ गृह्यतांकंससूदन नाभ्याआ० नीराजनं० यानिका० सप्तास्या० प्रदक्षिणां यज्ञेनेत्यादिवेदमंत्रैः पुष्पांजलिं नमस्कारान् अपराधसहस्राणि० पूजांनिवेदयेत् सर्वोपचारपूजनसमाप्तौ द्वादशांगुलविस्तारं रौप्यमयंस्थंडिलादिलिखितंवा रोहिणीयुतंचंद्रं सोमेश्वरायसोमायतथासोमोद्भवायच सोमस्यपतयेनित्यंतुभ्यंसोमायवैनमइतिसंपूज्य सपुष्पकुशचंदनंतोयंशंखेनादाय क्षीरोदार्णवसंभूतअत्रिगोत्रसमुद्भव गृहाणार्घ्यंशशांकेशरोहिणीसहितोमम ज्योत्स्नापतेनमस्तुभ्यंज्योतिषांपतयेनमः नमस्तेरोहिणीकांत अर्घ्यंनःप्रतिगृह्यतां इतिमंत्राभ्यांचंद्रायार्घ्यंदद्यात् ततः श्रीकृष्णायार्घ्यंदद्यात् तत्रमंत्रः जात.कंसवधार्थायभूभारोत्तारणायच पांडवानांहितार्थायधर्मसंस्थापनायच कौरवाणांविनाशायदैत्यानांनिधनायच गृहाणार्घ्यंमयादत्तंदेवक्यासहितोहरे इति तत.प्रार्थयेत् त्राहिमांसर्वलोकेशहरेसंसारसागरात् त्राहिमांसर्वपापघ्नदुःखशोकार्णवात्प्रभो सर्वलोकेश्वरत्राहिपतितंमांभवार्णवे त्राहिमांसर्वदुःखघ्नरोगशोकार्णवाद्धरे दुर्गतांस्त्रायसेविष्णोयेस्मरंतिसकृत्सकृत् त्राहिमांदेवदेवेशत्वत्तोनान्योस्तिरक्षिता यत्किंचन कौमारेयौवनेयच्चवार्धके तत्पुण्यंवृद्धिमायातुपापंदहहलायुधेति ॥

હવે સંક્ષેપેકરી વ્રતનો વિધિ કહેછે.

પ્રાત કાલે સ્નાન સંધ્યા આદિ નિત્યકર્મ કરી પૂર્વ દિશા સામે બેસી દેશ, કાલ ઇત્યાદિ ઉચ્ચાર કરી તે તે સમયે સાતમ આદિ તિથિ હોય તો પણ મુખ્ય અષ્ટમીનોજ ઉચ્ચાર કરી, "श्रीकृष्ण प्रीत्यर्थं जन्माष्टमीव्रतं करिष्ये." જયતીનો યોગ હોય તો, "जन्माष्टमीव्रतं जयंतीव्रतं च तंत्रेण करिष्ये." એવો સંકલ્પ કરવો. ત્રાંબાના પાત્રમાં જળ લઇ, "वासुदेवं समुद्दिश्य, सर्वपापप्रशांतये ॥ उपवासं करिष्यामि, कृष्णाष्टम्यां नभस्यहं," અશક્તિ હોય તો "फलानि भक्षयिष्यामि," ઇત્યાદિક ઉચ્ચાર કરવો. "आजन्ममरणं यावद्यन्मया दुष्कृतं कृतं ॥ तत्प्रणाशय गोविंद, प्रसीद पुरुषोत्तम," એ બન્ને મંત્રોનો ઉચ્ચાર કરી પાત્રનુ જલ પૃથ્વી ઉપર છોડવું. પછી સોનાની, રૂપાની, માટીની અથવા ભીતઉપર ચીતરેલી જેવો કુલાચાર હોય તે પ્રમાણે મૂર્તિ કરવી. તે આ પ્રમાણે,—પલગ ઉપરે સુતેલી દેવકીનાં સ્તનનું પાન કરતી એવી શ્રીકૃષ્ણની પ્રતિમા કરવી. જયતી હોય તો બીજી દેવકીના ખોળામાં બેઠેલી એવી બીજી શ્રીકૃષ્ણમૂર્તિ કરવી. પલગ ઉપરે બેઠેલી દેવકીની સેવા કરતી એવી લક્ષ્મીનીમૂર્તિ રાખવી. ભીંત ઇત્યાદિક ઉપર ખડ્ગધારી એવા વસુદેવ, નદ, ગોપ અને ગોપી ઇત્યાદિક મૂર્તિ લખી બીજે ઠેકાણે પલગ ઉપર જન્મ પામેલી કન્યાસહિત યશોદાની મૂર્તિ સ્થાપવી. પછી બીજી ચોકી ઉપર વસુદેવ, દેવકી, નદ, યશોદા, શ્રીકૃષ્ણ, રામ અને ચડિકા, એ સાત મૂર્તિનુ સ્થાપન કરવું. એટલી મૂર્તિ કરવાને અશક્ત હોય તો વસુદેવથી તે ચડિકા લગી સાત, અથવા જેવો આચાર, અથવા જેવી શક્તિ હોય તે પ્રમાણે કરી બાકીની સર્વ પ્રતિમાનું યોગ્ય રીતે ધ્યાન કરવું, એમ મને ભાસે છે. અર્ધરાત્રિથી પ્રથમ સ્નાન કરી "श्रीकृष्णप्रीत्यर्थं सपरिवारश्रीकृष्णपूजां करिष्ये," એ રીતે સંકલ્પ કરી ન્યાસ, અને શંખ ઇત્યાદિકની પૂજા નિત્યની પેઠે કરી દેવતાઓનું ધ્યાન કરવું. તેનો વિધિ—"पर्यंकस्थां किन्नराद्यैर्युतां ध्यायेत्तु देवकीं ॥ श्रीकृष्णं बालकं ध्यायेत्पर्यंके स्तनपायिनं ॥ श्रीवत्सवक्षसं शांतं, नीलोत्पलदलच्छविं ॥ संवाहयंतीं देवक्याः, पादौ ध्यायेच्च तां श्रियं" એ રીતે ધ્યાન કરી "देवक्यै नम." એ નામમંત્રવડે દેવકીનું આવાહન કરી મૂલમંત્રવડે અથવા પુરુષસૂક્તના મંત્રવડે "श्रीकृष्णाय नमः श्रीकृष्णं आवाहयामि," એ રીતે શ્રીકૃષ્ણનુ આવાહન કરી અને લક્ષ્મીનું પણ આવાહન કરી "देवक्यै वसुदेवाय यशोदायै नंदाय कृष्णाय रामाय चंडिकायै," એ નામમંત્રો-

વડે આવાહન કરવું. પછી લખેલી દેવતાઓનું "सकलपरिवारदेवताभ्यो नमः" એ રીતે આવાહન કરી મૂલમંત્રવડે અથવા પુરુષસૂક્તના મંત્રવડે "अत्रावाहितदेवक्यादिपरिवारसहितश्रीकृष्णाय नमः" એ રીતે કહી આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમનીય, અભ્યંગ (અવટન) સ્નાન એ અર્પણ કરી પંચામૃતસ્નાન કરાવી ચંદન ધરાવવું. પછી શુદ્ધ જલથી અભિષેક કરી વસ્ત્ર, યજ્ઞોપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ એ ઉપચાર અર્પણ કરવા. તેના મંત્ર-"विश्वेश्वराय, विश्वाय तथा विश्वोद्भवाय च ॥ विश्वस्य पतये तुभ्यं, गोविंदाय नमोनमः ॥ यज्ञेश्वराय देवाय, तथा यज्ञोद्भवाय च ॥ यज्ञानां पतये नाथ, गोविंदाय नमोनमः ॥" મૂલમંત્રયુક્ત એ બે મંત્રવડે વસ્ત્રાદિક ઉપચાર અર્પણ કરવા. "जगन्नाथ नमस्तुभ्यं, संसारभयनाशन ॥ जगदीश्वराय देवाय, भूतानां पतये नमः" એ મંત્રવડે નૈવેદ્ય દેવું. મૂલમંત્રાદિક સર્વ ઠેકાણે જોડવા. તાંબૂલ આદિ દઇ નમસ્કાર, પ્રદક્ષિણા, અને પુષ્પાંજલિપર્યંત પૂજા કરવી. અથવા ઉદ્યાપનપ્રકરણમાં કહેલા વિધિપ્રમાણે પૂજા કરવી. તે આ પ્રમાણે-પ્રથમ કહ્યાપ્રમાણે ધ્યાન, તથા આવાહન કરી આગળ કહેવાયછે એ પ્રમાણે પૂજા કરવી. પૂજા,—"देवा ब्रह्मादयो येन स्वरूपं न विदुस्तव ॥ अतस्त्वां पूजयिष्यामि मातुरुत्संगवासिनम् ॥ पुरुष एवेदमासनम् ॥ अवतारसहस्राणि करोषि मधुसूदन ॥ न ते संख्यावताराणां कश्चिज्जानाति तत्त्वतः ॥ एतावानस्येति पाद्यम् ॥ जातः कंसवधार्थाय भूभारोत्तारणाय च ॥ देवानां च हितार्थाय धर्मसंस्थापनाय च ॥ कौरवाणां विनाशाय पांडवानां हिताय च ॥ गृहाणार्घ्यं मया दत्तं देवक्या सहितो हरे ॥ त्रिपादू० अर्घ्यम् ॥ सुरासुरनरेशाय क्षीराब्धिशयनाय च ॥ कृष्णाय वासुदेवाय ददाम्याचमनं शुभम् ॥ तस्मा० आचमनीयम् ॥ नारायण नमस्तेस्तु नरकार्णवतारक ॥ गंगोदकं समानीतं स्नानार्थं प्रतिगृह्यताम् ॥ यत्पुरुषे० स्नानम् ॥ पयोदधिघृतक्षौद्रशर्करास्नानमुत्तमम् ॥ तृप्त्यर्थं देवदेवेश गृह्यतां देवकीसुत ॥ पंचामृतम् ॥ शुद्धोदकस्नानमाचमनम् ॥ क्षौमं च पट्टसूत्राद्यं मयानीतांशुकं शुभम् ॥ गृह्यतां देवदेवेश मया दत्तं सुरोत्तम ॥ तंयज्ञं० वस्त्रम् ॥ नमः कृष्णाय देवाय शंखचक्रधराय च ॥ ब्रह्मसूत्रं जगन्नाथ गृहाण परमेश्वर ॥ तस्माद्य० यज्ञोपवीतम् ॥ नानागंधसमायुक्तं चंदनं चारुचर्चितम् ॥ कुंकुमाक्ताक्षतैर्युक्तं गृह्यतां परमेश्वर ॥ तस्माद्य० गंधम् ॥ पुष्पाणि यानि दिव्यानि पारिजातोद्भवानि च ॥ मालतीकेसरादीनि पूजार्थं प्रतिगृह्यताम् ॥ तस्माद्० पुष्पाणि ॥ अथांगपूजा ॥ श्रीकृष्णाय नमः पादौ पूजयामि ॥ संकर्षणाय नमः गुल्फौ पू० कालात्मने न० जानुनी पू० विश्वकर्मणे न० जंघे पू० विश्वनेत्राय० कटी पू० विश्वकर्त्रे० मेढ्रं पू० पद्मनाभाय० नाभिं पू० परमात्मने० हृदयं पू० श्रीकंठाय० कंठं पू० सर्वास्त्रधारिणे० बाहू पू० वाचस्पतये० मुखं पू० केशवाय० ललाटं पू० सर्वात्मने० शिरः पू० विश्वरूपिणे नारायणाय नमः सर्वांगं पूजयामि ॥ वनस्पतिरसो० यत्पुरुषं० धूपम् ॥ त्वं ज्योतिः सर्वदेवानां तेजस्त्वं तेजसां परम् ॥ आत्मज्योतिर्नमस्तुभ्यं दीपोयं प्रतिगृह्यताम् ॥ ब्राह्मणो० दीपम् ॥ नानागंधसमायुक्तं भक्ष्यभोज्यं चतुर्विधम् ॥ नैवेद्यार्थं मया दत्तं गृहाण परमेश्वर ॥ चंद्र० नैवेद्यम् ॥ आचमनम् ॥ करोद्वर्तनम् ॥ तांबूलं च सकर्पूरं पूगीफलसमन्वितम् ॥ मुखवासकरं रम्यं प्रीतिदं प्रतिगृह्यताम् ॥ तांबूलम् ॥ सौवर्णं राजतं ताम्रं नानारत्नसमन्वितम् ॥ कर्मसाद्गुण्यसिद्ध्यर्थं दक्षिणा प्रतिगृह्यताम् ॥ दक्षिणाम् ॥ रंभाफलं नारिकेलं तथैवाम्रफलानि च ॥ पूजितोसि सुरश्रेष्ठ गृह्यतां कंससूदन ॥ फलानि ॥ नाभ्याआसी० नीराजनम् ॥ यानि कानि० सप्तास्या० प्रदक्षिणाम् ॥ यज्ञेन० पुष्पांजलिम् ॥ नमस्कारान् ॥ अपराधस० पूजां निवेदयेत् ॥" એ રીતે સર્વ ઉપચારવડે પૂજા સમાપ્ત કરીને પછી બાર અંગુલ વિસ્તારવાળું, રૂપાનું અથવા સ્થંડિલ ઇત્યાદિ ઉપર લખેલું એવું રોહિણીસહિત ચંદ્રબિંબ કરી, "सोमेश्वराय सोमाय, तथा सोमोद्भवाय च ॥ सोमस्य पतये नित्यं तुभ्यं सोमाय वै नमः ॥" એ મંત્રવડે પૂજા કરવી. પછી પુષ્પ, કુશ, અને ચંદનસહિત જળ શંખમાં લઇ, "क्षीरोदार्णवसंभूत अत्रिगोत्रसमुद्भव ॥ गृहाणार्घ्यं शशांकेश रोहिणीसहितो मम ॥ ज्योत्स्नापते नमस्तुभ्यं ज्योतिषां पतये नमः ॥ नमस्ते रोहिणीकांत अर्घ्यं नः प्रतिगृह्यताम् ॥" એ બે મંત્રવડે ચંદ્રને અર્ઘ્ય દેવો. પછી શ્રીકૃષ્ણને અર્ઘ્ય દેવો. તેનો મંત્ર-"जातः कंसवधार्थाय भूभारोत्तारणाय च ॥ पांडवानां हितार्थाय धर्मसंस्थापनाय च ॥ कौरवाणां विनाशाय दैत्यानां निधनाय च ॥ गृहाणार्घ्यं मया दत्तं देवक्या सहितो हरे ॥" એ રીતે અર્ઘ્ય દઇ પ્રાર્થના કરવી. પ્રાર્થનાનો મંત્ર—"त्राहि मां सर्वलोकेश हरे संसारसागरात् ॥ त्राहि मां सर्वपापघ्न दुःखशोकार्णवात्प्रभो ॥ सर्वलोकेश्वर त्राहि पतितं मां भवार्णवे ॥ त्राहि मां सर्वदुःखघ्न रोगशोकार्णवाद्धरे ॥ दुर्गतांस्त्रायसे विष्णो ये स्मरंति सकृत् सकृत् ॥ त्राहि मां देवदेवेश

त्वत्तो नान्योस्ति रक्षिता ॥ यद्वा कचन कौमारे यौवने यच्च वार्धके ॥ तत्पुण्यं वृद्धिमायातु पापं दह हलायुध ॥" એ મંત્રોવડે પ્રાર્થના કરવી.

अथपूजानंतरंकृत्यमग्निपुराणे ॥ इत्येवंपूजयित्वातुपुरुषसूक्तैःसवैष्णवैः ॥ स्तुत्वावादित्रनिर्घोषैर्गीतवादित्रमंगलैः ॥ सुकथाभिर्विचित्राभिस्तथाप्रेक्षणकैरपि ॥ पूर्वेतिहासैःपौराणैःक्षिपेत्तांशर्वरीं नृपेति अत्रकथासुवैचित्र्यंदेशभाषाकाव्यकृतं सूक्तानांप्रागुक्तेःपुराणकथानामंतेभिधानात् प्रेक्षणकानि नृत्यादीनि तथाचवैदिकसूक्तकरणकस्तुतिविशिष्टःपौराणेतिहासमिश्रितोगीतनृत्ययुतदेशभाषाकाव्यप्रमुखकथाकरणकोजागरोविप्रादिवर्णत्रयस्यविधीयते शूद्रादीन्प्रतिएतादृशजागरस्यविधातुमयोग्यत्वात् वचनांतरेणतुसूक्तादिरहितगीतादिविशिष्टोवर्णचतुष्टयसाधारणोविधीयते गोकुलस्थजन्मलीलादिश्रवणोत्तरं वैष्णवैःपरस्परंदध्यादिभिःसेचनंकार्यं दधिक्षीरघृतांबुभिःआसिंचंतोविलिंपंतइत्यादिभागवतवचनेनतथाविधिकल्पनात् अयमुत्सवोधुनामहाराष्ट्रदेशेगोपालकालेतिव्यवह्रियतइतिमेभाति एतत्सर्वं कौस्तुभेश्रीमदनंतदेवैःस्पष्टीकृतमस्तीतिनमह्यमसूयाकार्या एतादृशकथायुतोजागरोन्यत्ररामनवम्येकादश्याद्युत्सवेष्वप्यूह्यः पूजाजागरादिविशिष्टव्रतोत्सवसाम्यात् महाराष्ट्रीयेषुतथाचाराच्च भगवत्प्रेमादिभाग्यशालिनस्तुपर्वणिस्युरुतान्वहमितिन्यायेनप्रत्यहमेवोक्तविधिकथोत्सवंकुर्वंतीतिभाति ॥

હવે પૂજા થયા પછી જે કરવું તે કહેછે.

અગ્નિપુરાણમાં—"એ પ્રમાણે પૂજા કરી પુરુષસૂક્ત અને વિષ્ણુસૂક્તવડે સ્તુતિ કરી પછી ગીત, વાદિત્ર, મંગળ, વિચિત્ર પ્રકારની સુંદર કથા, નાચ આદિ, અને પ્રાચીન પુરાણોમાંના ઇતિહાસોનું શ્રવણ, ઇત્યાદિક કરી રાત્રિએ જાગરણ કરવું." ઇહાં પ્રથમ સૂક્ત કહી પછી પુરાણ કથા કહી છે માટે કથામાં વિચિત્રપણું દેશભાષામાં રચાયલાં કાવ્ય આદિકોએ કરેલું જાણવું. તેમ છતાં વેદના મંત્રોવડે સ્તુતિયુક્ત; પુરાણસંબંધી ઇતિહાસમિશ્રિત; અને ગીત, નૃત્યયુક્ત, દેશભાષાનાં કાવ્ય (પદ, અભંગ) ઇત્યાદિ કથા કરી જે જાગરણ કરવું તે બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય, એ ત્રણ વર્ણોએ કરવું, શૂદ્રાદિકોને એવાં જાગરણ કરવાની યોગ્યતા નથી માટે શૂદ્રાદિકોએ કરવું નહીં. બીજાં પ્રમાણવચનોવડે તો વૈદિકમંત્રાદિકે રહિત, ગાયનાદિયુક્ત સાધારણ જાગરણ ચારે વર્ણોએ કરવું એવું વિધાન કરાય છે. ગોકુલમાંની જન્મલીલા ઇત્યાદિક શ્રવણ કીધા પછી "દહીં, દૂધ, ઘી, જલ આદિથી પરસ્પર સિંચતા અને લેપન કરતા" ઇત્યાદિ ભાગવતનાં વચનવડે એવો વિધિ પ્રાપ્ત થાય છે માટે વૈષ્ણવોએ પરસ્પર દહીં, દૂધ આદિક છાંટવાં. આ ઉત્સવ હાલમાં મહારાષ્ટ્ર દેશમાં 'ગોપાલકાલા' એ નામથી ચાલતો છે એમ મને ભાસે છે. એ સઘળું કૌસ્તુભ ગ્રંથમાં શ્રીમાન્ અનંતદેવે સ્પષ્ટ કરેલું છે, માટે મને દોષ દેવો નહીં. પૂજા, જાગરણ આદિ સહિત વ્રતના ઉત્સવ સર્વે સમાન છે માટે એવાં કથાયુક્ત જાગરણ એકાદશી, રામનવમી ઇત્યાદિક બીજા ઉત્સવોમાં પણ કરવાં. કારણ, મહારાષ્ટ્ર દેશની પ્રજામાં તેવો આચાર પણ છે, પ્રેમી ભગવદ્ભક્તો તો, "ઉત્સવો પર્વણીને દિવસે કરવા, અથવા નિત્ય કરવા" એ યુક્તિને અનુસરી પ્રથમ કહ્યા પ્રમાણે કથા જાગરણરૂપ ઉત્સવ નિત્ય કરે છે, એમ મને ભાસે છે.

ततोनवम्यांब्राह्मणान्भोजनदक्षिणादिभिःसंतोष्योक्तपारणानिर्णीतेकालेभोजनंकुर्यात् अस्यैवजयंतीव्रतस्यसंवत्सरसाध्यःप्रयोगः श्रावणकृष्णाष्टमीमारभ्यप्रतिमासंकृष्णाष्टम्यामुक्तविधिनापूजादिरूपःपुराणांतरेउक्तः अत्रोद्यापनविधिर्ग्रंथांतरेज्ञेयः ॥ इति जन्माष्टमीनिर्णयः ॥

એ પ્રમાણે ઉત્સવ કરી નોમને દિવસે ભોજન, દક્ષિણાવડે બ્રાહ્મણોને સંતોષ કરી પ્રથમ નિર્ણય કરી કહેલા પારણાના સમયે ભોજન કરવું. એ જયંતીવ્રતનો શ્રાવણ વદ અષ્ટમીનો આરંભ કરી દરએક માસની વદ આઠમને દિવસે પ્રથમ કહેલા વિધિવડે પૂજાદિક કરવી, એ રીતનો પ્રયોગ એક વર્ષમાં બની શકે એવો બીજા પુરાણોમાં કહ્યો. છે. એ વ્રતનો ઉદ્યાપનવિધિ બીજા ગ્રંથમાં જોઇ લેવો. એ જન્માષ્ટમીનો નિર્ણય સંપૂર્ણ થયો.

नभोमासस्यदर्शेतुशुचिर्दर्भान्समाहरेत् अयातयामास्तेदर्भाविनियोज्याःपुनःपुनः केचिद्भाद्रामायां दर्भग्रहणमाहुः कुशाःकाशायवादूर्वाउशीराश्चसकुंदकाः गोधूमाव्रीहयोमौंजादशदर्भाःसबल्वजाः विरिं

चिनासहोत्पन्नपरमेष्ठिनिसर्गज नुदसर्वाणिपापानिदर्भस्वस्तिकरोभव एवंमंत्रंसमुच्चार्यततःपूर्वोत्तरामुखः हुंफट्कारेणमंत्रेणसकृच्छित्वासमुद्धरेत् चतुर्भिर्दर्भैर्विप्रस्यपवित्रं क्षत्रियादेरेकैकन्यूनं सर्वेषांवाभवेद्वाभ्यांपवित्रंग्रंथितंनवा ॥ इतिश्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे श्रावण मासकृत्यनिर्णयोद्देशः समाप्तः ॥

"પવિત્ર થઈ શ્રાવણની અમાવાસ્યાને દિવસે દર્ભ લાવવા. તે દર્ભ તાજા રહે છે, અને બ્રહ્મકર્મમાં તેના તે દર્ભ ફરી ફરી લેવા." કોઈ ગ્રન્થકાર, ભાદરવાની અમાવાસ્યાને દિવસે દર્ભ આણવાનું કહે છે. "કુશ, કાશ, યવ, દૂર્વા, વાળા, કુંદ, ગહું, ડાંગર, મુંજ, અને બલ્વજ (ટુંકો દર્ભ)," એ દશ પ્રકારના દર્ભ જાણવા. દર્ભ લાવવાનો મંત્ર—"विरिंचिना सहोत्पन्न, परमेष्ठिनिसर्गज ॥ नुद सर्वाणि पापानि, दर्भ स्वस्तिकरो भव" એ મંત્ર બોલી પૂર્વ અથવા ઉત્તરની સામે ઉભા રહી "हुंफट्" એ મંત્ર બોલી એકજ વારમાં દર્ભ તોડી લેવો. બ્રાહ્મણોએ ચાર દર્ભનું, ક્ષત્રિયોએ ત્રણ દર્ભનું, વૈશ્યોએ બે દર્ભનું, એ રીતે પવિત્ર ધારણ કરવું. અથવા સઘળાઓએ બે બે દર્ભનું પવિત્ર ધારણ કરવું. પવિત્રને ગાંઠ દેવી તે વૈકલ્પિક છે. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુ કાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે શ્રાવણમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥

अथभाद्रपदमासः ॥ तत्रकन्यासंक्रांतौपराःषोडशनाड्यःपुण्यकालः भाद्रपदमासे एकान्नाहारव्रताद्धनारोग्यादिफलं अत्रमासेहृषीकेशप्रीत्यर्थंपायसगुडौदनलवणादेर्दानं भाद्रपदशुक्लतृतीयायां हरितालिकाव्रतं तत्रमुहूर्तमात्राततोन्यूनापिपराग्राह्या यदाक्षयवशात्परदिनेनास्तितदाद्वितीयायुतापि ग्राह्या यदाशुद्धाधिकातदापूर्वदिनेषष्टिघटीमितामपित्यक्त्वापरदिनेस्वल्पापिचतुर्थीयुतैवग्राह्या गणयोगप्राशस्त्यात् अत्रव्रतेभवानीशिवयोःपूजनमुपवासश्चस्त्रीणांनित्यः तत्र मंदारमालाकुलितालकायैकपालमालांकितशेखराय दिव्यांबरायैचदिगंबरायनमःशिवायैचनमःशिवाय इत्यादयःपूजामंत्राज्ञेयाः ॥

હવે ભાદરવાનાં કૃત્ય કહે છે.

કન્યા સંક્રાંતિની પાછળની સોળ ઘડી પુણ્યકાલ. ભાદરવામાં એક અન્ન ખાવું, એ વ્રત કરવાથી ધન, આરોગ્ય ઇત્યાદિ ફળ મળે છે. એ માસમાં હૃષીકેશના સંતોષમાટે દૂધપાક, ગોળવાળા ભાત અને લૂણ ઇત્યાદિકનું દાન દેવું. ભાદરવા શુદ ત્રીજનું હરિતાલિકાવ્રત કરવું. એ હરિતાલિકાવ્રતમાટે ત્રીજ બીજે દિવસે બે ઘડી અથવા તે કરતાં કમતી હોય તો પણ બીજા દિવસની લેવી. જ્યારે ક્ષયને લીધે બીજે દિવસે ન હોય ત્યારે બીજયુક્ત પણ લેવી. જ્યારે શુદ્ધાધિકા (વૃદ્ધિયુક્ત) હોય ત્યારે પ્રથમ દિવસની સાઠ ઘડી પણ છોડી બીજે દિવસે થોડી હોય તો પણ ચોથયુક્ત ઉત્તમ કહી છે માટે ચોથયુક્તજ લેવી. એ વ્રતમાં સ્ત્રીઓએ ગૌરી અને શિવની પૂજા કરી ઉપવાસ કરવો. એ (હરિતાલિકાવ્રત) નો ઉપવાસ સ્ત્રીઓને નિત્ય છે. એ વ્રતમાં, "मंदारमालाकुलितालकायै, कपालमालांकितशेखराय ॥ दिव्यांबरायै च दिगंबराय नमः शिवायै च नमः शिवाय" ઇત્યાદિક પૂજામંત્ર જાણવા.

शुक्लचतुर्थ्यांसिद्धिविनायकव्रतम् ॥ सामध्याह्नव्यापिनीग्राह्या दिनद्वयेसाकल्येनमध्याह्नेव्याप्तावव्याप्तौवापूर्वा दिनद्वयेसाम्येनवैषम्येणवैकदेशव्याप्तावपिपूर्वैव वैषम्येणव्याप्तावधिकव्यापिनी चेत्परेतिकेचित् पूर्वदिनेसर्वथामध्याह्नस्पर्शोनास्त्येव परदिनेएवमध्याह्नस्पर्शिनीतदैवपरा पूर्वदिनेएकदेशेनमध्याह्नव्यापिनी परदिनेसंपूर्णमध्याह्नव्यापिनी तदापिपरैव एवंमासांतरेपिनिर्णयः इयंरविभौमवारयोगे प्रशस्ता ॥

ભાદરવા શુદ ચોથને દિવસે સિદ્ધિવિનાયકનું, વ્રત કરવું, તે વ્રતમાટે ચોથ મધ્યાહ્નકાલવ્યાપિની લેવી. બન્ને દિવસે સંપૂર્ણ મધ્યાહ્નકાલવ્યાપ્તિ હોય અથવા બન્ને દિવસે મધ્યાહ્નકાલવ્યાપ્તિ ન હોય તો પ્રથમ દિવસની લેવી. બન્ને દિવસે સરખી એકદેશવ્યાપ્તિ અથવા ઓછી વધતી એકદેશવ્યાપ્તિ હોય તો પણ પ્રથમનીજ લેવી. ઓછી વધતી વ્યાપ્તિમાં અધિકવ્યાપ્તિ હોય તો બીજા દિવસની લેવી, એમ કોઇ ગ્રંથકાર કહેછે. પ્રથમ દિવસે સર્વથા મધ્યાહ્નકાલે સ્પર્શ હોયજ નહીં, અને બીજે દિવસેજ મધ્યાહ્નકાલે સ્પર્શ કરનારી હોય તોજ બીજા દિવસની લેવી. પ્રથમ દિવસે એકદેશમાં મધ્યા-

હ્નવ્યાપિની અને બીજે દિવસે સંપૂર્ણ મધ્યાહ્નવ્યાપિની હોય ત્યારે પણ બીજા દિવસનીજ લેવી. એ રીતે બીજા માસોમાં પણ નિર્ણય જાણવો. એ ચોથને દિવસે રવિવાર અથવા મંગળવારનો યોગ હોય તો ઉત્તમ છે.

अत्रचतुर्थ्यांचंद्रदर्शनेमिथ्याभिदूषणदोषस्तेनचतुर्थ्यामुदितस्यपंचम्यांदर्शनंविनायकव्रतदिनेपिनदोषाय पूर्वदिनेसायाह्नमारभ्यप्रवृत्तायांचतुर्थ्यांविनायकव्रताभावेपिपूर्वेद्युरेवचंद्रदर्शनेदोषइतिसिद्ध्यति चतुर्थ्यामुदितस्यनदर्शनमितिपक्षेतुअवशिष्टपंचषण्मुहूर्तमात्रचतुर्थीदिनेपिनिषेधापत्तिः इदानींलोकास्तुएकतरपक्षाश्रयेणविनायकव्रतदिनेएवचंद्रंनपश्यंतिनतूदयकालेदर्शनकालेवाचतुर्थीसत्त्वासत्त्वेनियमेनाश्रयंति दर्शनेजातेतद्दोषशांतये सिंहःप्रसेनमवधीत्सिंहोजांबवताहतः सुकुमारकमारोदीस्तवह्येषस्यमंतकः इतिश्लोकजपःकार्यः तत्रमृन्मयादिमूर्तौप्राणप्रतिष्ठापूर्वकंविनायकंषोडशोपचारैःसंपूज्यैकमोदकेननैवेद्यंदत्वा सगंधाएकविंशतिदूर्वागृहीत्वा गणाधिपायोमापुत्रायाघनाशनायविनायकायेशपुत्रायसर्वसिद्धिदायैकदंतायेभवक्त्रायमूषकवाहनायकुमारगुरवे इति दशनामभिर्दूर्वयोर्द्वयंद्वयंसमर्प्यावशिष्टामेकांदूर्वां उक्तदशनामभिःसमर्पयेत् दशमोदकान्विप्रायदत्वादशस्वयंभुंजीतेतिसंक्षेपः ॥

આ ચોથને દિવસે ચંદ્રદર્શન થાય તો ખોટા દોષનો આરોપ થાયછે, પરંતુ ચોથમાં ઉદય થયેલા ચદ્રનું પાંચમમાં દર્શન થાય અને તે દિવસે વિનાયકવ્રતનો દિવસ હોય તોપણ દોષ નથી. પ્રથમ દિવસે સાયાહ્નકાલને આરંભ કરી રહેનારી ચોથમાં વિનાયકવ્રત ન હોય તો પણ પ્રથમ દિવસેજ ચંદ્રદર્શનમાટે દોષ છે એમ સિદ્ધ થાયછે. ચોથમાં ઉદય પામેલા ચંદ્રનું દર્શન કરવું નહી, એ પક્ષમાં તો બાકી રહેલી માત્ર દશ બાર ઘડી ચોથને દિવસે પણ ચંદ્રદર્શનનો નિષેધ પ્રાપ્ત થાયછે. હાલમાં લોક તો બન્નેમાંથી એક પક્ષનો સ્વીકાર કરી વિનાયકવ્રતને દિવસેજ ચંદ્રદર્શન કરતા નથી. પરંતુ ઉદય સમયે અથવા દર્શન સમયે ચોથ છે કે નથી એ જોઇ તે નિયમપ્રમાણે ચાલતા નથી. ચંદ્રદર્શન થયું હોય તો તે દોષની નિવૃત્તિ થવામાટે, "सिंहः प्रसेनमवधीत्सिंहो जांबवता हतः ॥ सुकुमारक मा रोदीस्तव ह्येष स्यमंतकः ॥" એ મંત્રનો જપ કરવો. વિનાયકવ્રતમાં મૃત્તિકા આદિવડે વિનાયકની મૂર્ત્તિ કરી પ્રાણપ્રતિષ્ઠાપૂર્વક ષોડશોપચારવડે વિનાયકની પૂજા કરવી, અને એક મોદકનું નૈવેધ દઈ પછી ચદનસહિત એકવીશ દૂર્વા લઇને, "गणाधिपाय, उमापुत्राय, अघनाशनाय, विनायकाय, ईशपुत्राय, सर्वसिद्धिदाय, एकदंताय, इभवक्त्राय, मूषकवाहनाय, कुमारगुरवे," આ દશ નામમાંનાં એક એક નામવડે બે બે દૂર્વા અર્પણ કરી બાકી રહેલી એક દૂર્વા દશ નામોનો ઉચ્ચાર કરી અર્પણ કરવી. દશ મોદક બ્રાહ્મણને દઈ દશ પોતે ભોજન કરવા, એ પ્રમાણે વ્રતનો સંક્ષેપ જાણવો.

भाद्रपदशुक्लपंचमीऋषिपंचमी ॥ सामध्याह्नव्यापिनी ग्राह्या दिनद्वयेमध्याह्नव्याप्तौतदव्याप्तौचपूर्वैव अत्रऋषीन्पूजयित्वा कर्षणरहितभूमिजन्यशाकाहारंकुर्यात् शुक्लेभाद्रपदेषष्ठ्यांस्नानंभास्करपूजनं प्राशनंपंचगव्यस्यअश्वमेधफलाधिकं इयंसूर्यषष्ठीसप्तमीयुताग्राह्या अस्यामेवस्वामिकार्तिकेयदर्शनाद्ब्रह्महत्यादिपापनाशः भाद्रपदशुक्लाष्टमीदूर्वाष्टमीसापूर्वाग्राह्या इयंज्येष्ठामूलर्क्षयुतात्याज्या अलाभेतयुक्तापिग्राह्या इदंदूर्वापूजनव्रतंकन्यार्केऽगस्त्योदयेचवर्ज्यं इदंस्त्रीणांनित्यं अत्र ज्येष्ठादेवीपूजनव्रतंकेवलाष्टमीप्राधान्येनकेवलज्येष्ठानक्षत्रप्राधान्येनचोक्तं तत्रदाक्षिणात्याःकेवलज्येष्ठानक्षत्रएवकुर्वंति तथाऽनुराधायामावाहनंज्येष्ठायांपूजनंमूलेविसर्जनमितित्रिदिनंज्ञेयं आवाहनविसर्जनदिनयोःपूजनदिनानुरोधेननिर्णयः तत्रयदापूर्वमध्याह्नमारभ्यप्रवृत्ताज्येष्ठाद्वितीयदिनेमध्याह्नेमध्याह्नात्पूर्वंवासमाप्यतेतदापूर्वदिनेएवपूजनं यदापूर्वदिनेमध्याह्नोत्तरंप्रवृत्तापरदिनेमध्याह्नेसमाप्तातदाष्टमीयोगवशेनपूर्वापरावाग्राह्या उभयत्राष्टमीयोगेपूर्वैव यदापूर्वत्रमध्याह्नमारभ्यमध्याह्नोत्तरंवाप्रवृत्तापरदिनेमध्याह्नोत्तरमपराह्णंस्पृशति तदाष्टमीयोगाभावेपिपरैव ॥

ભાદરવા શુદ પાંચમને ઋષિપંચમી કહેછે, તે મધ્યાહ્નવ્યાપિની લેવી. એ બન્ને દિવસે મધ્યાહ્નવ્યાપ્તિ હોય અથવા ન હોય તો પ્રથમ દિવસનીજ લેવી. એ ઋષિપંચમીને દિવસે ઋષિની પૂજા કરી ખેડવિનાની પૃથ્વીમાં પેદા થયેલાં શાકનો આહાર કરવો. "ભાદરવા શુદ છઠને દિવસે પ્રાતઃ-

---

१ मैत्रशाक्रमूलेषुज्येष्ठस्यार्चाविसर्जनम् ॥ नवाह्ननियमस्तत्रनचपातादिलक्षणम् ॥

સ્નાન, સૂર્યપૂજા, અને પચગવ્યનું ભક્ષણ એ કરવાથી અશ્વમેધનાં ફળ કરતાં અધિક ફળ મળેછે." એ સૂર્યષષ્ઠી કહેવાયછે તે સાતમયુક્ત હોય તે લેવી. એજ છઠને દિવસે કાર્તિકસ્વામીનાં દર્શન કરવાથી બ્રહ્મહત્યાદિ પાપનો નાશ થાયછે. ભાદરવા શુદ આઠમ એ દુર્વાષ્ટમી. એ પૂર્વ દિવસની હોય તે લેવી. એ આઠમ જ્યેષ્ઠા અથવા મૂળ નક્ષત્રયુક્ત હોય તો લેવી નહીં. જ્યેષ્ઠા અને મૂળરહિત ન મળે તો તે સહિત પણ લેવી. આ દૂર્વાપૂજનવ્રત કન્યાગત સૂર્ય, તથા અગસ્ત્યનો ઉદય એમાં કરવું નહીં, અને એ વ્રત સ્ત્રીઓને નિત્ય છે. એ આઠમને દિવસે જ્યેષ્ઠા દેવીનું પૂજનરૂપ વ્રત કરવું તે કેવળ આઠમના પ્રધાનપણાથી અથવા કેવળ જ્યેષ્ઠા નક્ષત્રના પ્રધાનપણાથી કરવું, તેમાં દક્ષિણ દેશના લોકો કેવળ જ્યેષ્ઠા નક્ષત્રમાંજ કરેછે. તે અનુરાધામાં આવાહન, જ્યેષ્ઠામાં પૂજન, અને મૂળમાં વિસર્જન, એ રીતે એ વ્રત ત્રણ દિવસનું છે. આવાહન અને વિસર્જનના દિનનો નિર્ણય, પૂજાદિવસના નિર્ણયને અનુસારે કરવો. તેમાં જ્યારે પ્રથમ દિવસે મધ્યાહ્નકાલને આરભી રહેનારી જ્યેષ્ઠા અને બીજે દિવસે મધ્યાહ્ને અથવા મધ્યાહ્નથી પ્રથમ સમાપ્ત થાય તો પ્રથમ દિવસેજ પૂજા કરવી. જ્યારે પ્રથમ દિવસે મધ્યાહ્ન પછી જ્યેષ્ઠાનો આરંભ થઇ બીજે દિવસે મધ્યાહ્નકાલે સમાપ્ત થાય ત્યારે આઠમનો યોગ હોય તેના આધારથી પ્રથમ દિવસની અથવા બીજા દિવસની લેવી. બન્ને દિવસે આઠમનો યોગ હોય તો પ્રથમ દિવસનીજ લેવી. જ્યારે પ્રથમ દિવસે મધ્યાહ્નને આરભી અથવા મધ્યાહ્નપછી પ્રવૃત્ત થયેલી જ્યેષ્ઠા બીજે દિવસે મધ્યાહ્ન પછી અપરાહ્ણકાલને સ્પર્શ કરે ત્યારે આઠમનો યોગ ન હોય તો પણ બીજા દિવસનીજ લેવી.

भाद्रपदशुक्लैकादश्यांद्वादश्यांवापारणोत्तरंविष्णुपरिवर्तनोत्सवः ॥ तत्र श्रुतेश्च मध्येपरिवर्तमेतीतिवचनात् त्रेधाविभक्तश्रवणमध्यभागयोगस्यैकादश्यांसत्त्वेतत्रैव द्वादश्यांसत्त्वेद्वादश्यामेवोभयत्रनक्षत्रयोगाभावेद्वादश्यामेवेत्यादिव्यवस्थाज्ञेया तत्रसंध्यायांविष्णुंसंपूज्य वासुदेवजगन्नाथप्राप्तेयंद्वादशीतव पार्श्वेनपरिवर्तस्वसुखंस्वपिहिमाधवेतिमंत्रेणप्रार्थयेत् ॥

ભાદરવા શુદ એકાદશીને દિવસે અથવા બારસને દિવસે પારણા થયા પછી વિષ્ણુનો પરિવર્તન ઉત્સવ કરવો. તેમાં, "શ્રવણ નક્ષત્રના મધ્યભાગમાં પરિવર્ત્ત (પડખું ફેરવવાનું) કરે છે," એવું વચન છે, માટે શ્રવણના ત્રણ ભાગ કરી તેના મધ્યમ ભાગનો યોગ એકાદશીને દિવસે હોય તો એકાદશીને દિવસે કરવો. બારસને દિવસે હોય તો બારસને દિવસે કરવો. બન્ને દિવસે નક્ષત્ર યોગ ન હોય તો બારસને દિવસેજ કરવો, ઇત્યાદિક વ્યવસ્થા જાણવી. તેમાં સંધ્યાસમયે વિષ્ણુની પૂજા કરી. "वासुदेव जगन्नाथ, प्राप्तेयं द्वादशी तव ॥ पार्श्वेन परिवर्तस्व, सुखं स्वपिहि माधव," એ મંત્રવડે પ્રાર્થના કરવી.

अथश्रवणद्वादशीव्रतम् ॥ तत्रयत्रदिनेमुहूर्तमात्रादिःस्वल्पोपिद्वादश्याःश्रवणयोगस्तत्रोपोषणं उत्तराषाढाविद्धश्रवणनिषेधवाक्यानितुनिर्मूलानि यदापूर्वेदिनेएकादशीविद्धाद्वादशीपरदिनेनुवर्ततेदिनद्वयेपिचश्रवणयोगस्तदा पूर्वेदिनेएकादशीद्वादशीश्रवणेतित्रितययोगरूपविष्णुशृंखलयोगात्पूर्वैवोपोष्या तत्रोदाहरणं एकादशी १८ उत्तराषाढा ६ द्वादशी २० श्रवण १२ यथावा एकादशी १८ उत्तराषाढा २५ द्वादशी २० श्रवण १८ अत्रद्वितीयोदाहरणेएकादश्याःश्रवणयोगाभावेपिश्रवणयुक्तद्वादशीस्पर्शमात्रेणविष्णुशृंखलयोगः द्विविधोप्ययंयोगोदिवैवग्राह्योनरात्रौ इतिपुरुषार्थचिंतामणौ रात्रावपिनिशीथोत्तरमपियोगोग्राह्यइतिनिर्णयसिंधुः रात्रेःप्रथमप्रहरपर्यंततिथ्योःश्रवणयोगोग्राह्योनद्वितीयप्रहरादावित्यपरे अत्रचरमपक्षएवयुक्तोभाति अत्रविष्णुशृंखलयोगेव्रतद्वयोपोषणंतंत्रेणैकादश्यामेवकृत्वाद्वादश्यावक्ष्यमाणपारणानिर्णयानुसारेणपारणंकार्यं यदोक्तविष्णुशृंखलयोगोनास्तितदायदिशुद्धाधिकाद्वादशीदिनद्वयेपिश्रवणयोगः पूर्वेदिनेचोदयेश्रवणाभावस्तदोत्तरैवग्राह्या यदोभयदिने सूर्योदयेद्वादश्यांश्रवणयोगस्तदापूर्वैव विद्धाधिकायामपिपरत्रैवोदये उदयोत्तरंवाश्रवणयोगेपरैवेतिनिर्विवादं उभयत्रश्रवणयोगेउक्तविधविष्णुशृंखलयोगेपूर्वा अन्यथापरैवेतिविज्ञेयं एवंयत्रैकादशीश्रवणद्वादश्योर्नैरंतर्येणोपवासप्राप्तिस्तत्रशक्तेनोपवासद्वयंकार्यं व्रतद्वयस्यापिनित्यत्वात् व्रतद्वयस्यैकदैवतत्वाच्चपारण

---

१ एकादशीश्रवणद्वादशीव्रतद्वयम् ।

लोपदोषः यस्तूपवासद्वयासमर्थएकादशीव्रतसंकल्पात्पूर्वंच निजासामर्थ्यंनिश्चिनोतितेनैकादश्यांफलाद्याहारंकृत्वाद्वादश्यांनिरशनंकार्यं नचैकादशीव्रतलोपः उपोष्यद्वादशींपुण्यांविष्णुऋक्षेणसंयुतां एकादश्युद्भवंपुण्यंनरःप्राप्नोत्यसंशयमितिनारदोक्तेः श्रवणेनयुताचेत्स्याद्द्वादशीसाहिवैष्णवैः स्मार्तैश्चोपोषणीयास्यात्त्यजेदेकादशींतदा इतिमाधवोक्तेश्च अत्रैकादशीत्यागपदेनफलाहारोबोध्यते नतुभोजनं यस्तूपवासद्वयशक्तिभ्रमेणकृतैकादशीव्रतसंकल्पः संकल्पोत्तरंचद्वितीयोपवासासामर्थ्यमनुभवतितदातेनैकादश्यामुपोष्यद्वादश्यांविष्णुपूजनंकृत्वापारणंकार्यं अत्रव्रतांगपूजनंकृत्वोपवासासमर्थ उपवासप्रतिनिधिरूपंविष्णुपूजनंकरिष्यइतिसंकल्प्यपुनःपूजनंकुर्यात् अत्रद्वादश्यांश्रवणयोगाभावेएकादश्यांश्रवणयोगेतत्रैवश्रवणद्वादशीव्रतंकार्यं विद्धैकादश्यांश्रवणयोगेतुयेषांतत्रैकादशीव्रतप्राप्तिस्तेषांतंत्रेणोपवासद्वयसिद्धिः अन्येषांगृहीतश्रवणद्वादशीव्रतानामुपवासद्वयं तत्राशक्तानांतुपूर्वेह्निफलाहारः परेह्निनिरशनमितिभाति ॥

હવે શ્રવણદ્વાદશીનું વ્રત કહેછે.

તેમાં જે દિવસે બે ઘડી આદિ થોડો પણ બારસ અને શ્રવણનો યોગ હોય તે દિવસે ઉપવાસ કરવો. ઉત્તરાષાઢાવડે વિદ્ધ એવા શ્રવણના નિષેધનાં વાક્યો તો નિર્મૂલ છે. જ્યારે પૂર્વ દિવસે એકાદશીવડે વિદ્ધા એવી બારસ બીજે દિવસે શેષ હોય અને બન્ને દિવસે શ્રવણ યોગ હોય ત્યારે પ્રથમ દિવસે; એકાદશી, દ્વાદશી, અને શ્રવણ એ ત્રણના યોગનું વિષ્ણુશૃંખલ યોગ એવું નામ છે, તે યોગ છે માટે પ્રથમ દિવસેજ ઉપવાસ કરવો.–તેનું ઉદાહરણ;—એકાદશી ૧૮ ઉત્તરાષાઢા ૬, બારસ ૨૦, શ્રવણ ૧૨; અથવા બીજું ઉદાહરણ;—એકાદશી ૧૮, ઉત્તરાષાઢા ૨૫, બારસ ૨૦, શ્રવણ ૧૮. આ બીજા ઉદાહરણમાં એકાદશીને શ્રવણનો યોગ નથી તો પણ શ્રવણયુક્ત બારસના સ્પર્શમાત્રથકીજ વિષ્ણુશૃંખલ યોગ થાયછે. આ બન્ને પ્રકારનો યોગ દિવસનો આવે તેજ ગ્રહણ કરવો. રાત્રિએ લેવો નહીં, એમ પુરુષાર્થચિંતામણિમાં છે. રાત્રિએ પણ અને મધ્યરાત્રિપછી પણ યોગ લેવો, એમ નિર્ણયસિંધુમાં છે. રાત્રિના પ્રથમ પોહોર લગી બન્ને તિથિ જોડે શ્રવણનો યોગ હોય તો લેવો, બીજા ઇત્યાદિ પોહોરમાં હોય તો લેવો નહીં, એ રીતે કેટલાએક કહેછે. ઇહાં છેલ્લો પક્ષજ યુક્ત છે એમ મને ભાસે છે. ઇહાં વિષ્ણુશૃંખલ યોગને દિવસે એકાદશી અને શ્રવણદ્વાદશી એ બન્ને વ્રતના ઉપવાસ તંત્રથકી એકાદશીને દિવસેજ કરી બારસને દિવસે, આગળ જે પારણાનો નિર્ણય કહેવાશે તેને અનુસારે પારણા કરવી. જ્યારે પ્રથમ કહેલો વિષ્ણુશૃંખલ યોગ ન હોય ત્યારે જો શુદ્ધાધિક બારસ થઈ બન્ને દિવસે શ્રવણ યોગ હોય અને પૂર્વ દિવસે ઉદયકાલે શ્રવણ ન હોય ત્યારે બીજા દિવસનીજ લેવી. જ્યારે બન્ને દિવસે સૂર્યોદયસમયે બારસમાં શ્રવણ યોગ હોય ત્યારે પૂર્વદિવસનીજ લેવી. વિદ્ધાધિક બારસ હોય પણ બીજે દિવસેજ સૂર્યોદયકાલે અથવા ઉદયપછી શ્રવણ યોગ હોય તો બીજા દિવસનીજ લેવી, એ વિવાદરહિત છે. બન્ને દિવસે શ્રવણયોગ હોય અને વિષ્ણુશૃંખલ યોગ હોય તો પૂર્વદિવસની લેવી. તેમ ન હોય તો બીજા દિવસની લેવી, એમ જાણવું. એ રીતે જ્યારે એકાદશી અને શ્રવણદ્વાદશી એ બન્નેના ઉપવાસ જોડાજોડ બે પ્રાપ્ત થાય ત્યારે બન્ને વ્રત નિત્ય છે માટે શક્તિમાન્ હોય તેણે બે ઉપવાસ કરવા. બન્ને વ્રતની એક દેવતા છે માટે પારણાના લોપનો દોષ નથી. બે ઉપવાસ કરવાને જે અશક્ત હોય તેણે તો એકાદશીવ્રતના સંકલ્પ કરવાથી પ્રથમજ પોતાની અશક્તિનો નિશ્ચય કરી એકાદશીને દિવસ ફલાદિકનો આહાર કરી બારસને દિવસે નિરશન (ઉપવાસ) કરવું. "શ્રવણ નક્ષત્રયુક્ત બારસને દિવસે જે મનુષ્ય ઉપવાસ કરે છે તેને એકાદશીસંબંધી પુણ્ય થાય છે. તેમાં સંશય નથી," એવું નારદજીનું વચન છે માટે એકાદશીનો લોપ થતો નથી. અને "જો શ્રવણયુક્ત બારસ હોય તો તે દિવસે વૈષ્ણવ અને સ્માર્ત એ સઘળાઓએ ઉપવાસ કરવો અને એકાદશીનો ત્યાગ કરવો," એવું માધવનું પણ વચન છે. એ માધવના વચનમાં 'એકાદશીનો ત્યાગ' એવું પદ છે તે ફલાહારનો બોધ કરે છે, ભોજનનો બોધ કરતું નથી. બન્ને ઉપવાસ કરવાની શક્તિ છે એ ભ્રમથી એકાદશીવ્રતનો સંકલ્પ કરે અને સંકલ્પ કીધાં પછી બીજો ઉપવાસ કરવાની પોતામાં શક્તિ નથી એવો અનુભવ કરે ત્યારે તેણે એકાદશીને દિવસે ઉપવાસ કરી બારસને દિવસે વિષ્ણુપૂજન કરી પારણા કરવી. ઇહાં વ્રતનું અંગભૂત પૂજન કરી ઉપવાસમાટે અશક્ત હોય તેણે, "उपवासप्रतिनिधिरूपं विष्णुपूजनं करिष्ये," એવો સંકલ્પ કરી

બીજીવાર પૂજા કરવી. એ બારસને દિવસે શ્રવણનો યોગ ન હોય અને એકાદશીને દિવસે શ્રવણનો યોગ હોય તો એકાદશીને દિવસેજ શ્રવણદ્વાદશીનું વ્રત કરવું. વિદ્ધા એકાદશીને દિવસે શ્રવણયોગ હોય તો જેને તે દિવસે એકાદશીવ્રત આવે તેને તંત્રે કરી બે ઉપવાસની સિદ્ધિ થાય છે. શ્રવણદ્વાદશીવ્રત જેમણે ગ્રહણ કરેલું હોય તેમણે બે દિવસ ઉપવાસ કરવા. તેમાં બે ઉપવાસ કરવામાં અશક્ત હોય તેમણે પ્રથમ દિવસે ફલાહાર અને બીજે દિવસે ઉપવાસ કરવો એમ મને ભાસે છે.

अथपारणा ॥ उभयांतेपारणंमुख्यःपक्षः अन्यतरांतेगौणःपक्षः तत्रविष्णुशृंखलाभावेत्रयोदश्यामुभयांतेपारणं विष्णुशृंखलयोगेतुपूर्वेदिनेतंत्रेणकृतोपवासद्वयस्यपरदिनेश्रवणर्क्षाद्द्वादश्याधिक्येश्रवणमतिक्रम्यद्वादश्यांपारणं यदिचद्वादश्यपेक्षयाश्रवणाधिक्यंपारणादिनेभवतितदाएकादशीव्रतपारणायां द्वादश्युल्लंघनेदोषोक्तेर्द्वादश्यामेवपारणं नत्वन्यतरांतापेक्षा तत्रसतिसंभवे श्रवणमध्यभागंविंशत्यादिघटिकात्मकंत्यक्त्वापारणं यथैकादशी ३० उत्तराषाढा २९ द्वादशी २५ श्रवण २९ अत्रपूर्वेद्युस्तंत्रेणोपवासद्वयंकृत्वा परेऽह्निश्रवणमध्यभागमवशिष्टंनवघटिकात्मकं त्यक्त्वा द्वादश्यांचरमोविंशतिघटिकारूपेश्रवणभागेपारणं एवमुक्तोदाहरणेएव एकादश्याःदशनाडिकात्वे द्वादश्याःअष्टनाडिकात्वे द्वादशीश्रवणयोःपंचदशचत्वारिंशन्नाडीत्वेवा श्रवणमध्यभागत्यागे द्वादश्युल्लंघनापत्तौ संगवकालं त्यक्त्वा मुहूर्तत्रयपर्यंतं सप्तममुहूर्तादौवाऋक्षमध्यभागेएवभोक्तव्यं अयंमध्यभागत्यागोभाद्रपदगतश्रवणद्वादशीव्रतएव नतुमाघफाल्गुनमासकृष्णपक्षगतश्रवणद्वादशीव्रतपारणायां मासांतरगतश्रवणभागेविष्णुपरिवर्तनाभावात् येतुभाद्रेश्रवणमध्यवर्जनमात्रेणनिषेधचारितार्थ्यंमन्यमाना विष्णुशृंखलयोगाभावेपिश्रवणमध्यमात्रंत्यक्त्वाभुंजते तेनित्यश्रवणद्वादशीव्रतमाहात्म्यानभिज्ञाभ्रांताएव अयंसर्वोपिनिर्णयोमासांतरगतश्रवणद्वादशीव्रतेप्यूह्यः श्रवणद्वादशीव्रतेनदीसंगमेस्नात्वाकलशेस्वर्णमयंजनार्दननामानंविष्णुंसंपूज्य वस्त्रयज्ञोपवीतोपानच्छत्रादिसमर्प्योपोष्यपारणदिनेदध्योदनयुतंवस्त्रवेष्टितंजलपूर्णघटंछत्रादियुतांपूजितांसपरिवारांतांप्रतिमांचदद्यात् तत्रमंत्रः नमोनमस्तेगोविंदबुधश्रवणसंज्ञक अघौघसंक्षयंकृत्वासर्वसौख्यप्रदोभवेति ॥

હવે પારણાનો કાલ કહે છે.

બારસ અને શ્રવણ નક્ષત્ર એ બન્નેને અંતે પારણા કરવી, એ મુખ્ય પક્ષ છે. બન્નેમાંથી કોઇ એકને અંતે પારણા કરવી, એ ગૌણ પક્ષ છે. તેમાં વિષ્ણુશૃંખલ યોગ ન હોય તો તેરસને દિવસે બન્નેને અંતે પારણા કરવી. વિષ્ણુશૃંખલ યોગ હોય તો પ્રથમ દિવસે તંત્રથી જેણે બે ઉપવાસ કરેલા હોય તેણે, બીજે દિવસે શ્રવણ કરતાં બારસ અધિક હોય તો શ્રવણનું ઉલ્લંઘન કરી બારસમાં પારણા કરવી. જો પારણાને દિવસે બારસ કરતાં શ્રવણ અધિક હોય તો, એકાદશીવ્રતની પારણામાં બારસનું ઉલ્લંઘન થવાથી દોષ થાય એવાં વચનો છે માટે બારસમધ્યેજ પારણા કરવી, બેમાંથી એકને અંતે થવી જોઇએ એવું કાંઇ નહિ.—તેમાં સંભવ હોય તો વીશ ઘડીથી ચાલીશ ઘડી લગી જે શ્રવણનો મધ્યભાગ તે છોડી પારણા કરવી. ઉદાહરણઃ–એકાદશી ૩૦, ઉત્તરાષાઢા ૨૯, બારસ ૨૫, શ્રવણ ૨૯; આ ઉદાહરણમાં પ્રથમ દિવસે તંત્રવડે બે ઉપવાસ કરી બીજે દિવસે શ્રવણના મધ્યભાગમાંની બાકી રહેલી નવ ઘડી છોડી બારસમાં છેવટની વીશ ઘડી જે શ્રવણ તેમાં પારણા કરવી. આ પ્રમાણે પ્રથમ કહેલા ઉદાહરણમાંજ એકાદશી દશ ઘડી હોય અને બારસ આઠ ઘડી હોય અથવા બારસ પન્નર ઘડી અને શ્રવણ ચાલીશ ઘડી હોય તો શ્રવણનો મધ્યભાગ છોડતાં બારસ છૂટી જાય છે, ત્યારે સગવ કાલ છોડી ૭ ઘડી લગી, અથવા સાતમા મુહુર્તે ઇત્યાદિક સમયે શ્રવણ નક્ષત્રના મધ્યભાગમાંજ ભોજન કરવું. આ મધ્યમ ભાગનો ત્યાગ કરવો તે ભાદરવામાં શ્રવણદ્વાદશીવ્રતવિષેજ કરવો. માઘ અને ફાગણ માસના કૃષ્ણપક્ષસંબંધી શ્રવણદ્વાદશીવ્રતની પારણામાં આ ત્યાગ કરવો નહિ; કારણ, બીજા માસમાંના શ્રવણ નક્ષત્રના ભાગમાં વિષ્ણુનું પરિવર્ત્તન (પડખું ફેરવવું) નથી. જે ભાદરવામાં શ્રવણનો મધ્યભાગ માત્ર છોડવાથી નિષેધ પાળવા સરખું માની વિષ્ણુશૃંખલ યોગ ન હોય તોપણ શ્રવણનો મધ્યભાગ માત્ર છોડી ભોજન કરે છે, તે, નિત્ય જે શ્રવણદ્વાદશીનું વ્રત તેના માહાત્મ્યના અજ્ઞાની માટે ભ્રાંતજ છે. આ સઘળો નિર્ણય બીજા માસમાં આવેલું જે શ્રવણદ્વાદશીનું વ્રત તેમાં પણ જાણવો. શ્રવણદ્વાદશીને દિવસે બે નદીના સંગમમાં સ્નાન કરી કલશ ઉપર સોનાના જનાર્દન નામના વિષ્ણુનું પૂજન કરી વસ્ત્ર, યજ્ઞોપવીત, પગરખાં, છત્ર, ઇત્યાદિ

અર્પણ કરી ઉપવાસ કરવો. પછી પારણાને દિવસે દહીંભાતસહિત વસ્ત્રવતી ઢાંકેલો, અને જલપૂર્ણ એવા કલશનું દાન કરવું. તેમજ પરિવારસહિત પૂજેલી જે વિષ્ણુપ્રતિમા તેનું પણ છત્ર આદિ પદાર્થોસહિત દાન કરવું. દાનનો મંત્રઃ-“नमो नमस्ते गोविंद, बुधश्रवणसंज्ञक ॥ अघौघसंक्षयं कृत्वा, सर्वसौख्यप्रदो भव” ॥

अथवामनजयंती॥ भाद्रपदशुक्लद्वादश्यांश्रवणयुतायांमध्याह्नेवामनोत्पत्तिः अतोमध्याह्नव्यापिनीद्वादशीमध्याह्नेततोन्यत्रकालेवाश्रवणयुताग्राह्या उभयदिनेश्रवणयोगेपूर्वैव सर्वथाद्वादश्याःश्रवणयोगाभावेएकादश्यामेवश्रवणसत्त्वेमध्याह्नव्यापिनीमपिद्वादशींविहायैकादश्यामेवव्रतंकार्यं शुद्धैकादश्यांश्रवणाभावेदशमीविद्धैकादश्यामपिश्रवणयुतायांव्रतं पूर्वदिनएवमध्याह्नव्यापिनीद्वादशीपरदिनेमध्याह्नादन्यत्रकालेश्रवणयुतातदापूर्वैव तिथिद्वयेपिश्रवणयोगाभावेद्वादश्यामेवमध्याह्नव्यापिन्यांव्रतं दिनद्वयेमध्याह्नव्याप्तौतदव्याप्तौचैकादशीयुक्तैवग्राह्या पारणातुपूर्वोक्तरीत्योभयांतेन्यतरांतेवाकार्या अत्रमध्याह्नेनदीसंगमेस्नात्वासौवर्णंवामनंसंपूज्यार्घ्यंसौवर्णपात्रेणदद्यात् तत्रपूजामंत्रः देवेश्वरायदेवायदेवसंभूतिकारिणे प्रभवेसर्वदेवानांवामनायनमोनमः ॥अथार्घ्यमंत्रः॥ नमस्तेपद्मनाभायनमस्तेजलशायिने तुभ्यमर्घ्यंप्रयच्छामिबालवामनरूपिणे नमःशार्ङ्गधनुर्बाणपाणयेवामनायच यज्ञभुक्फलदात्रेचवामनायनमोनमः ततःपरदिनेसपरिवारंवामनंद्विजायदद्यात् वामनःप्रतिगृह्णातिवामनोहंददामिते वामनंसर्वतोभद्रंद्विजायप्रतिपादये इतिदानमंत्रः अस्यामेवद्वादश्यांरात्रौदेवपूजांकृत्वातत्रासंभवेदिवैववादधिव्रतंनिवेद्यदधिदानंकृत्वादुग्धव्रतसंकल्पंकुर्यात् अत्रपयोव्रतेपयोविकारस्यपायसादेः दुग्धपाचितान्नस्यचवर्जनं दध्यादेःपयोविकारस्यापिनवर्जनं एवंदधिव्रतेतक्रादेर्नवर्जनं यत्रप्रसूतायागोर्दशदिनेषुसंधिन्यादेश्चक्षीरनिषेधस्तत्रक्षीरविकारस्यदधितक्रादेःसर्वस्यैववर्जनम् ॥

હવે વામનજયંતીનો નિર્ણય કહે છે.

ભાદરવા શુદમાં શ્રવણ નક્ષત્રસહિત બારસને દિવસે મધ્યાહ્ન કાલે વામનનો અવતાર થયો છે, માટે મધ્યાહ્નકાલવ્યાપિની બારસ અને મધ્યાહ્ન કાલે અથવા મધ્યાહ્નકાલ વિના બીજે સમયે શ્રવણયુક્ત હોય તે લેવી. બન્ને દિવસે શ્રવણયોગ હોય તો પ્રથમ દિવસનીજ લેવી. સર્વથા બારસને દિવસે શ્રવણયોગ ન હોય અને એકાદશીને દિવસે શ્રવણયોગ હોય તો મધ્યાહ્નવ્યાપિની એવી પણ બારસ છોડી એકાદશીને દિવસેજ વ્રત કરવું. શુદ્ધા એકાદશીને દિવસે શ્રવણયોગ ન હોય તો દશમવડે વિદ્ધા જે શ્રવણયુક્ત એકાદશી તે દિવસે પણ વ્રત કરવું. જ્યારે પ્રથમ દિવસેજ મધ્યાહ્નકાલવ્યાપિની બારસ હોય અને બીજે દિવસે મધ્યાહ્ન વિના બીજા કાલમાં શ્રવણયુક્ત હોય ત્યારે પ્રથમ દિવસનીજ લેવી. બન્ને તિથીમાં પણ શ્રવણયોગ ન હોય તો મધ્યાહ્નકાલવ્યાપિની બારસને દિવસેજ વ્રત કરવું. બન્ને દિવસે મધ્યાહ્નકાલવ્યાપ્તિ હોય અથવા ન હોય તો એકાદશીયુક્ત હોય તેજ લેવી. પારણા કરવી તે તો પ્રથમ કહેલી રીતિપ્રમાણે બન્નેને અંતે અથવા બેમાંથી એકને અંતે કરવી. આ વ્રતમાં મધ્યાહ્ન સમયે નદીના સંગમમાં સ્નાન કરી સુવર્ણના વામનનું પૂજન કરી સુવર્ણના પાત્રવડે અર્ઘ્ય દેવો. પૂજાનો મંત્રઃ—“देवेश्वराय देवाय, देवसंभूतिकारिणे ॥ प्रभवे सर्वदेवानां, वामनाय नमोनमः” ॥ હવે અર્ઘ્યનો મંત્રઃ—“नमस्ते पद्मनाभाय, नमस्ते जलशायिने ॥ तुभ्यमर्घ्यं प्रयच्छामि, बालवामनरूपिणे ॥ नमः शार्ङ्गधनुर्बाणपाणये वामनाय च ॥ यज्ञभुक्फलदात्रे च, वामनाय नमोनमः”॥ પછી બીજે દિવસે પરિવારસહિત વામનનું બ્રાહ્મણને દાન દેવું. તેનો મંત્રઃ—“वामनः प्रतिगृह्णाति, वामनोहं ददामि ते ॥ वामनं सर्वतोभद्रं, द्विजाय प्रतिपादये” ॥ એ રીતે દાન દીધા પછી એજ બારસને દિવસે રાત્રિએ દેવપૂજા કરવી. રાત્રિએ સભવ ન હોય તો દિવસનીજ પૂજા કરવી. પૂજા કીધા પછી દધિવ્રત નિવેદન કરી દહીંનું દાન કરવું અને દુગ્ધવ્રતનો સકલ્પ કરવો. આ પયોવ્રતમાં દૂધવતી બનેલા દૂધપાક આદિ પદાર્થો અને દૂધમાં રાંધેલાં અન્ન એ સઘળાં વર્જ્ય કરવાં. દૂધથી બનેલા દહીં આદિ વર્જ્ય કરવાં નહિ. એ રીતે દધિવ્રતમાં છાસ ઇત્યાદિ વર્જ્ય કરવાં નહિ. વિયાયલી ગાયનું દશ દિવસમાંનું દૂધ, અને સંધિની (બોગવાસ્તે સાંઢ જેની પાછળ થયો હોય તે) ઇત્યાદિ ગાયોનાં દૂધ એનો જ્યહાં નિષેધ કહ્યો છે ત્યહાં દૂધથી થનારા દહીં છાસ ઇત્યાદિ સર્વ પદાર્થ વર્જ્ય કરવા.

अथभाद्रपदशुक्लचतुर्दश्यामनंतव्रतम् ॥ तत्रोदयेत्रिमुहूर्तव्यापिनीचतुर्दशीग्राह्येतिमुख्यः पक्षः तदभावेद्विमुहूर्ताग्राह्येत्यनुकल्पः द्विमुहूर्तन्यूनातुपूर्वैवग्राह्या दिनद्वयेसूर्योदयव्यापित्वेसंपूर्णत्वात् पूर्वैव अत्रपूर्वाह्णोमुख्यःकर्मकालः तदभावेमध्याह्नोपि अत्रव्रतेसुवर्णप्रतिमायांचतुर्दशग्रंथियुतदोरके चानंतपूजनादिविधिस्तदुद्यापनविधिश्चकौस्तुभादौज्ञेयः पूजितदोरकनाशेतुगुरुंवृत्वा तदनुज्ञयायथाशक्तिकृच्छ्रादिप्रायश्चित्तंविधायाष्टोत्तरशतमाज्येनद्वादशाक्षरवासुदेवमंत्रेणहुत्वा केशवादिचतुर्विंशतिनामभिःसकृत्सकृद्धुत्वाहोमशेषंसमाप्यनूतनदोरकेपूर्ववत्पूजनादिचरेत् ॥

હવે ભાદરવા શુદ ચૌદશને દિવસે અનંતવ્રત કહે છે.

એ અનંતવ્રતમાટે સૂર્યોદય પછી છ ઘડીવ્યાપિની ચૌદશ હોય તે લેવી, એ મુખ્ય પક્ષ છે. છ ઘડી ન હોય તો ચાર ઘડી લેવી, એ ગૌણ પક્ષ છે. ચાર ઘડી કરતાં કમતી હોય તો પ્રથમ દિવસનીજ લેવી. બન્ને દિવસે સૂર્યોદયવ્યાપિની હોય તો પ્રથમ દિવસે પૂર્ણવ્યાપ્તિ છે માટે પૂર્વ દિવસનીજ લેવી.—આ વ્રતમાં પૂર્વાહ્ન મુખ્ય કાલ છે. તે ન મળે તો મધ્યાહ્ન કાલ પણ લેવો. એ વ્રતમાં સોનાની પ્રતિમામાં, તથા ચૌદ ગાંઠવાળા દોરામાં અનંતની પૂજા કરવી ઇત્યાદિ પૂજાનો વિધિ અને ઉદ્યાપનનો વિધિ એ કૌસ્તુભાદિક ગ્રંથોમાં જોવો. પૂજેલા દોરાનો નાશ થાય તો ગુરૂને વરાવી તેમની આજ્ઞાપ્રમાણે યથાશક્તિ કૃચ્છ્રાદિ પ્રાયશ્ચિત્ત કરી દ્વાદશાક્ષર વાસુદેવના મંત્રવડે ઘીની (૧૦૮) આહુતી હવન કરી કેશવ આદિ ચોવીસ નામવડે એક એક વાર હવન્ કરી હોમનો બાકી વિધિ સમાપ્ત કરી નવીન દોરામાં પ્રથમની રીતે પૂજા કરવી.

सूर्यस्यवृषभसंक्रमोत्तरंसप्तमदिनेऽगस्त्योस्तंप्रयाति सिंहसंक्रांत्युत्तरमेकविंशतितमेदिनेउदयमेति तत्रकन्यासंक्रांतेःपूर्वंसप्तदिनमध्येऽगस्त्यपूजनंतदर्घ्यादिकंकार्यं भाद्रपदपौर्णमास्यांप्रपितामहात्परान्पित्रादींस्त्रीन्सपत्नीकान्वसुरुद्रादित्यरूपान् मातामहादित्रयंचसपत्नीकमुद्दिश्यश्राद्धंकार्यं इदंपार्वणत्वादपराह्णेपुरूरवार्द्रवदेवयुक्तंसपिंडकंकार्यं केचित्तुप्रपितामहस्यपित्रादित्रयमात्रमुद्दिश्यनांदीश्राद्धधर्मेणसत्यवसुदेवयुक्तंश्राद्धंकार्यं नात्रमातामहाद्युद्देशइत्याहुः इदंप्रोष्ठपदीश्राद्धंसकृन्महालयपक्षेसकलकृष्णपक्षव्यापिमहालयपक्षेचावश्यकं पंचम्यादिमहालयपक्षेषुकृताकृतम् ॥

સૂર્યની વૃષભ સંક્રાંતિ થયા પછી સાતમે દિવસે અગસ્ત્ય અસ્ત પામે છે. અને સિંહ સંક્રાંતિ થયા પછી એકવીસમે દિવસે અગસ્ત્ય ઉદય પામે છે. ત્યારે કન્યા સંક્રાંતિથી પ્રથમ સાત દિવસમધ્યે અગસ્ત્યનું પૂજન કરવું, અને તેને અર્ઘ્ય આદિક દેવાં. ભાદરવાની પૂનમને દિવસે પ્રપિતામહ(પરદાદા)ને મૂકી તેથી ઉપરના ત્રણ એટલે પરદાદાના પિતા, પિતામહ, પ્રપિતામહ એ ત્રણે સપત્નીક વસુ, રુદ્ર, અને આદિત્યસ્વરૂપ, તેમજ માતામહ (નાના) આદિ ત્રણ એટલે માતામહ, માનો દાદો, તથા પરદાદો એ પણ સપત્નીક એમને ઉદ્દેશે કરી શ્રાદ્ધ કરવું. એ શ્રાદ્ધ પાર્વણ છે માટે અપરાહ્ણકાલે પુરૂરવાર્દ્રવ એ નામના વિશ્વેદેવાસહિત અને પિંડસહિત કરવું. કોઇ ગ્રંથકાર તો, પ્રપિતામહથી ઉપરના જે ત્રણ તેમનેજ ઉદ્દેશે કરી નાંદીશ્રાદ્ધરીતે સત્યવસુ નામના દેવતાસહિત શ્રાદ્ધ કરવું, અને એ શ્રાદ્ધમાં માતામહાદિકનો ઉદ્દેશ (ઉચ્ચાર) કરવો નહિ, એમ કેહે છે. આ પ્રોષ્ઠપદીશ્રાદ્ધ સકૃત્ (પન્નર દિવસમાં કોઇએક દિવસે કરવું) એવા મહાલય પક્ષમાં અને સંપૂર્ણ કૃષ્ણપક્ષપર્યંત મહાલય કરવું એ પક્ષમાં પણ અવશ્ય કરવાનું છે. પાંચમ થકી ઇત્યાદિક જે મહાલયના પક્ષ તેમાં કૃતાકૃત (કરો અથવા ન કરો) એમ છે.

अथमहालयः ॥ तत्रशक्तेनभाद्रपदापरपक्षेप्रतिपदमारभ्यदर्शांततिथिवृद्धौषोडशमहालयाः कर्तव्याः वृद्धिक्षयाभावेपंचदशैवमहालयाः तिथिक्षयेचतुर्दशैव अशक्तेनतुपंचम्यादिषुषष्ठ्यादिष्वष्टम्यादिषुदशम्यादिष्वेकादश्यादिषुदर्शांततिथिषुकार्याः अत्राप्यशक्तेनानिषिद्धेकस्मिंश्चिदेकस्मिन्दिनेसकृन्महालयःकर्तव्यः प्रतिपदादिदर्शांतपक्षेचतुर्दशीनवर्ज्या पंचम्यादिदर्शांतादिपंचपक्षेषुचतुर्दशींवर्जयित्वान्यतिथिषुमहालयाः सकृन्महालयेपिचतुर्दशीवर्जनीया सकृन्महालयेप्रतिपदाषष्ठीएकादशीचतुर्दशी शुक्रवारोजन्मनक्षत्रंजन्मनक्षत्राद्दशममेकोनविंशंनक्षत्रंचरोहिणीमघारेवतीचेतिवर्ज्यानि
सप्तमीरविवारोभौमवारोपिवर्ज्यउक्तः पितृमृततिथौसकृन्महालयकरणेनंदादिनिषेधोनास्ति

पितृपक्षेतुकरोत्येकदिनेयतः निषिद्धेपिदिनेकुर्यात्पिंडदानंयथाविधि इत्यादिवचनात् मृततिथौश्राद्धासंभवेनिषिद्धतिथ्यादिदिनंवर्जयित्वामहालयः तत्रापिद्वादश्यमावास्याष्टमीभरणीव्यतीपातेषुमृततिथ्यभावेपि सकृन्महालयेकोपितिथ्यादिनिषेधोनास्ति संन्यासिनांमहालयस्तु अपराह्णव्यापिन्यांद्वादश्यामेवसपिंडकःकार्योनान्यतिथौ चतुर्दश्यांमृतस्यापिमहालयश्चतुर्दश्यांनभवति श्राद्धंशस्त्रहतस्यैवचतुर्दश्यांप्रकीर्तितमितिनियमेनसर्वतोबलिष्ठेनप्रतिवार्षिकश्राद्धातिरिक्तश्राद्धस्यचतुर्दश्यांनिषेधात् एवंपौर्णमासीमृतस्यापिमहालयःपौर्णमास्यांनकार्यः अपरपक्षत्वाभावेनतस्यांमहालयाप्राप्तेः तेनचतुर्दशीमृतस्यपौर्णमासीमृतस्यवामहालयोद्वादश्यमावास्यादितिथिषुकार्यः अत्रकन्यार्कःप्राशस्त्यसंपादकोनतुनिमित्तं आदौमध्येवसानेवायत्रकन्यांव्रजेद्रविः सपक्षःसकलःपूज्यःश्राद्धषोडशकंप्रतीत्यादिस्मृतेः अमावास्यापर्यंततिथावसंभवे आश्विनशुक्लपंचमीपर्यंतंयस्मिन्कस्मिंश्चित्तिथौमहालयः तत्रासंभवेयावद्वृश्चिकदर्शनंव्यतीपातद्वादश्यादिपर्वणिकार्यः मृताहेमहालयेचश्राद्धंपकान्नेनैवकार्यंनत्वामान्नादिना महालयेगयाश्राद्धेमातापित्रोर्मृतेऽहनि कृतोद्वाहोपिकुर्वीतपिंडदानंयथाविधि ॥

હવે મહાલયનો નિર્ણય કહે છે.

દ્રવ્યાદિકવડે સમર્થ હોય તેણે ભાદરવા વદમાં એકમથકી તે અમાવાસ્યા લગી, તિથિની વૃદ્ધિ હોય તો સોળ મહાલય કરવાં. વૃદ્ધિ, ક્ષય ન હોય તો પન્નરજ મહાલય કરવાં. તિથિનો ક્ષય હોય તો ચૌદજ મહાલય કરવાં. અશક્ત હોય તેણે તો પાંચમથકી, છઠથકી, આઠમથકી, દશમથકી, અથવા એકાદશીથકી, તે અમાવાસ્યા લગી તિથિવિષે મહાલય કરવાં. એ પક્ષોવિષે પણ જે અસમર્થ હોય તેણે, જેનો નિષેધ ન હોય એવા કોઇ એક દિવસે મહાલય કરવું. એકમથી અમાવાસ્યા લગી જે પક્ષ (૧૫) મહાલયનો કહ્યો છે તેમાં ચૌદશ વર્જ્ય કરવી નહિ. પાંચમથકી અમાવાસ્યા લગી ઇત્યાદિ જે પાંચ પક્ષ કહ્યા તેમાં ચૌદશ વર્જ્ય કરી બીજી તિથિઓમાં મહાલય કરવાં. એક દિવસ મહાલય કરવું એ પક્ષમાં પણ ચૌદશ વર્જ્ય કરવી. એક દિવસ મહાલય કરવું એમાં એકમ, છઠ, એકાદશી, ચૌદશ, શુક્રવાર, જન્મનક્ષત્ર, જન્મનક્ષત્રથકી દશમું અને ઓગણીશમું નક્ષત્ર, રોહિણી, મઘા, અને રેવતી એ વર્જ્ય કરવાં. કોઈ ગ્રન્થમાં તેરસ, સાતમ, રવિવાર અને ભૌમવાર એ પણ વર્જ્ય કહ્યા છે. "પન્નર દિવસ લગી મહાલય કરવાને જે અશક્ત હોય તેણે કોઈ એક નિષિદ્ધ દિવસે પણ યથાવિધિ પિંડદાન કરવું," ઇત્યાદિક વચન છે માટે પિતાની મૃતતિથીને દિવસે એક વાર મહાલય કરવું હોય તો તેમાં એકમ ઇત્યાદિનો નિષેધ નથી. મૃતતિથીને દિવસે શ્રાદ્ધ કરવાનો સંભવ ન હોય તો નિષિદ્ધ તિથિ, વાર આદિ દિવસ છોડી મહાલય કરવું. તેમાં પણ બારસ, અમાવાસ્યા, આઠમ, ભરણી અને વ્યતીપાત એ દિવસે મૃતતિથિ ન હોય તો પણ સકૃત્ મહાલય પક્ષમાં કોઈ પણ તિથિ ઇત્યાદિકનો નિષેધ નથી. સંન્યાસિઓનું મહાલય તો અપરાહ્ણકાલવ્યાપિની બારસમાંજ પિંડસહિત કરવું, બીજી તિથિમાં કરવું નહિ. "શસ્ત્રવડે જે મરણ પામેલો તેનુંજ શ્રાદ્ધ ચૌદશને દિવસે કરવું", એ રીતનો સર્વથી બળવાન્ જે નિયમ તેણે કરી પ્રતિવાર્ષિક (સાંવત્સરિક) શ્રાદ્ધવિના બીજાં શ્રાદ્ધનો ચૌદશને દિવસે નિષેધ છે, માટે ચૌદશને દિવસે જે મરણ થયેલો હોય તેનું પણ મહાલય ચૌદશને દિવસે કરવું નહિ. એ રીતે પૂનમને દિવસે મરણ પામેલો હોય તેનું પણ મહાલય પૂનમને દિવસે કરવું નહિ કારણ કૃષ્ણપક્ષ નથી તેથી પૂનમને દિવસે મહાલયની પ્રાપ્તિ નથી, માટે ચૌદશનો મરણ પામેલો, અને પૂનમનો મરણ પામેલો, તેનું મહાલય બારસ, અમાવાસ્યા ઇત્યાદિક તિથિને દિવસે કરવું. એ મહાલયમાં કન્યાગત સૂર્ય ઉત્તમપણું આપનારો છે, પણ શ્રાદ્ધનું નિમિત્ત તે નથી. કારણ, "આદ્યમાં, મધ્યમાં અથવા અંતમાં જે કોઈ દિવસે કન્યાગત સૂર્ય થાય તે સઘળું પક્ષ સોળ શ્રાદ્ધમાટે ઉત્તમ છે", ઇત્યાદિક સ્મૃતિ છે. અમાવાસ્યા લગી તિથિમાં અસંભવ હોય તો આશુ શુદ પાંચમ લગી કોઈ પણ એક તિથિમાં મહાલય કરવું. જે આશુ શુદ પાંચમ લગી થઈ શક્યું ન હોય તો જ્યહાં લગી વૃશ્ચિક સંક્રાંતિ થાય ત્યહાં લગી વ્યતીપાત, બારસ ઇત્યાદિ પર્વણીમાં કરવું. મૃતદિવસે (સાંવત્સરીને દિવસે) અને મહાલયને દિવસે શ્રાદ્ધ પકવ અન્નવડેજ કરવું, કાચાં અન્નવડે કરવું નહિ. "મહાલય, ગયાશ્રાદ્ધ, અને માતાપિતાનો મરણદિવસ, તે દિવસે વિવાહ કીધો હોય તો પણ યથાવિધિ પિંડદાન કરવું."

पक्षश्राद्धेपित्रादिपार्वणत्रयपत्न्याद्येकोद्दिष्टपितृगणसहितसर्वपित्रुद्देशेन सपत्नीकपित्रादित्रयसपत्नीकमातामहादित्रयेतिषट्दैवतमात्रोद्देशेनवा षट्दैवतैकोद्दिष्टगणोद्देशेनचाप्रत्यहंमहालयइतिपक्षत्रयं एवं पंचम्यादिपक्षेष्वपि सकृन्महालयेतुसर्वपित्रुद्देशेनैव तत्रदेवतासंकल्पः पितृपितामहप्रपितामहानां मातृतत्सपत्नीपितामहीतत्सपत्नीप्रपितामहीतत्सपत्नीनां यद्वाअसत्सापत्नमातुरितिपृथगुद्देशः मातामहमातृपितामहमातृप्रपितामहानां सपत्नीकानां यथानामगोत्राणांवस्वादिरूपाणांपार्वणविधिना पत्न्याः पुत्रस्यकन्यकायाः पितृव्यस्यमातुलस्यभ्रातुः पितृष्वसुर्मातृष्वसुरात्मभगिन्याः पितृव्यपुत्रस्यजामातुर्भागिनेयस्यश्वशुरस्यश्वश्र्वाआचार्यस्योपाध्यायस्यगुरोः सख्युःशिष्यस्य एतेषांयथानामगोत्ररूपाणांपुरुषविषयेसपत्नीकानां स्त्रीविषयेसभर्तृकसापत्यानामेकोद्दिष्टविधिनामहालयापरपक्षश्राद्धमथवासकृन्महालयापरपक्षश्राद्धंसदैवंसद्यःकरिष्यइति एतेषांमध्येयेकेचिज्जीवंतितान्विहायइतरेषामुद्देशः मातामहादिपुपत्न्याजीवनेसपत्नीकेत्यस्यस्त्रीपुत्रभर्त्रादेरनुच्चारः महालयेगयाश्राद्धेवृद्धौचान्वष्टकासुच नवदैवतमत्रेष्टंशेषंषाट्पौरुषंविदुः अन्वष्टकासुवृद्धौचप्रतिसंवत्सरेतथा महालयेगयायांचसपिंडीकरणात्पुरा मातुःश्राद्धंपृथक्कार्यमन्यत्रपतिनासह इत्यादिस्मृत्यनुसारात्पार्वणत्रयमेवोक्तं केचित्तुमातामहादित्रयंपृथगुच्चार्यद्वादशदैवताकंपार्वणचतुष्टयमाहुः एताएवदेवतागयायांतीर्थश्राद्धेनित्यतर्पणेचज्ञेयाः महालये धूरिलोचनसंज्ञकाविश्वेदेवाः अत्रसतिसंभवेदेवार्थंद्वौविप्रौपार्वणत्रयार्थंप्रतिपार्वणंत्रीनित्येवंनवपत्न्याद्येकोद्दिष्टगणेप्रतिदैवतमेकैकमेवं विप्रान्निमंत्रयेत् अशक्तौदेवार्थमेकंप्रतिपार्वणमेकमितिपार्वणत्रयेत्रीन्सर्वैकोद्दिष्टगणार्थमेकमितिनिमंत्रयेत् देवार्थंविप्रद्वयपक्षेप्रतिपार्वणेत्रयएवकार्याः नतुदेवार्थंद्वौप्रतिपार्वणमेकइतिवा प्रतिपार्वणंत्रीन्देवार्थमेकइतिवावैपरीत्यंकार्यं एवंसर्वत्रअमावास्यादिश्राद्धेष्वपिज्ञेयं अत्यशक्तौपार्वणद्वयार्थमेकोपिकार्यः महालयेअंतेमहाविष्ण्वर्थंविप्रोऽवश्यंनिमंत्रितव्यइतिविशेषः कौस्तुभे जीवन्मातृकः सापत्नमातुरेकोद्दिष्टंकुर्यान्नपार्वणं अनेकाःसापत्नमातरोयस्यतेनसर्वमात्रुद्देशेनैकएवविप्रः पिंडश्चकार्योऽर्घ्यपात्रंपृथक् स्वजनन्यासहानेकमातृत्वेस्वजनन्यासहसर्वमात्रर्थमेकोविप्रःपिंडोर्घ्यश्चेति पार्वणमेवनपृथक्सापत्नमातॄणामेकोद्दिष्टमितिवा सर्वसापत्नमातॄणांपृथगेवैकोद्दिष्टमितिवापक्षः महालयेपार्वणार्थंअग्नौकरणमेकोद्दिष्टगणार्थंत्वग्नौकरणंकृताकृतं करणपक्षेएकोद्दिष्टगणार्थमग्नौकरणान्नंपृथक्पात्रेग्राह्यं महालयेसर्वपार्वणार्थमेकोद्दिष्टार्थंचसकृदाच्छिन्नंबर्हिरेकमेव दर्शादौतुप्रतिपार्वणंबर्हिर्भिन्नमेव अवशिष्टःश्राद्धप्रयोगोनेकमातृत्वेभ्यंजनादिमंत्रोहश्चश्राद्धसागरेस्वस्वशाखोक्तप्रयोगग्रंथेषुचज्ञेयः सकृन्महालयेश्राद्धांगतिलतर्पणंपरेहन्येवसर्वपित्रुद्देशेनप्रातःसंध्यायाःपूर्वमेवप्रातःसंध्योत्तरंवाब्रह्मयज्ञांगतर्पणाद्भिन्नमेवकार्यं प्रतिपदादिपंचम्यादिपक्षेषुविप्रविसर्जनांतेएवश्राद्धपूजितपित्रुद्देशेनतर्पणंकार्यं पत्न्यांरजस्वलायांसकृन्महालयोनकार्यःकालांतराणांसत्त्वात् अमायांरजोदोषेआश्विनशुक्लपंचमीपर्यंतं गौणकालेमहालयः प्रतिपदादिष्वन्येषुपक्षेषुप्रारंभदिनेपाकात्पूर्वंपत्नीरजस्वलाचेदुत्तरोत्तरपक्षस्वीकारः पाकारंभोत्तरंचेत्तांगृहांतरेऽपरुध्यमहालयःकर्तव्यः एवंविधवाकर्तृकश्राद्धेपिज्ञेयं अत्रापुत्राविधवाममभर्तृतत्पितृपितामहानांभर्तुर्मातृपितामहीप्रपितामहीनांममपितृपितामहप्रपितामहानांमममातृपितामहीप्रपितामहीनांमममातामहमातृपितामहमातृप्रपितामहानांमममातामहीमातृपितामहीमातृप्रपितामहीनां तृप्त्यर्थंसकृन्महालयापरपक्षश्राद्धंकरिष्ये इतिस्वयंसंकल्प्यब्राह्मणद्वाराअग्नौकरणादिसहितंसर्वमविकृतं प्रयोगंकारयेत् ब्राह्मणस्त्वमुकनाम्न्यायजमानायाभर्तृतत्पितृपितामहेत्याद्युच्चार्यप्रयोगंकुर्यात् अशक्तौभर्त्रादित्रयंस्वपित्रादित्रयंस्वमात्रादित्रयंस्वमातामहादित्रयंसपत्नीकमिति पार्वणचतुष्टयोद्देशेन महालयः अत्यशक्तौस्वभर्त्रादित्रयंस्वपित्रादित्रयंचेतिपार्वणद्वयमेवकार्यम् ॥

એકમથી અમાવાસ્યા લગી પક્ષપર્યંત મહાલય શ્રાદ્ધવિષે પિતૃગણુ લેવા તે પિતા ઇત્યાદિ ત્રણુ પાર્વણુ (પિતૃત્રયી, માતૃત્રયી અને માતામહત્રયી સપત્નીક); સ્ત્રી ઇત્યાદિ એકોદ્દિષ્ટ પિતૃગણુ (સ્ત્રી, પુત્રાદિક, કાકા, મામા, ભાઇ, એ સપત્નીક; ફોઇ, માસી, અને બેહેન એ પતિ તથા પુત્રસહિત; સસરો, ગુરૂ,) એમણે સહિત સર્વ પિતૃને ઉદ્દેશે કરી મહાલય કરવું, એ એક પક્ષ—સપત્નીક પિતૃત્રયી, અને માતામહત્રયી એ છ દેવતાઓનો માત્ર ઉદ્દેશ કરી કરવું, એ બીજો પક્ષ—પિતૃત્રયી (સપત્નીક), અને માતામહત્રયી (સપત્નીક) એ છ દેવતા, અને સ્ત્રી ઇત્યાદિ એકોદ્દિષ્ટગણુ એમને ઉદ્દેશે કરી નિત્ય મહાલય કરવું. એ ત્રીજો પક્ષ.—એ રીતે ત્રણુ પક્ષ કહ્યા. એ પ્રમાણે પાંચમ આદિ પાંચ પક્ષમાં પણુ પ્રથમ કહ્યાપ્રમાણેજ લેવા. એક વાર મહાલય કરવું હોય તો સર્વ પિતૃનો ઉદ્દેશ કરી મહાલય કરવું. તે મહાલયમાં દેવતાઓનો

---

१ अत्रसूतकप्राप्तौतृतीयोत्तरार्धेनिर्णयः ॥ आत्रादिमहालयनिर्णयश्चतत्रैव ॥

સંકલ્પઃ—"पितृपितामहप्रपितामहानां, मातृतत्सपत्नीपितामहीतत्सपत्नीप्रपितामहीतत्सपत्नीनां, અથવા 'असत्सापत्नमातुः' એ રીતે જુદો ઉચ્ચાર કરવો. मातामहमातृपितामहमातृप्रपितामहानां सपत्नीकानां यथानामगोत्राणां वस्वादिरूपाणां पार्वणविधिना पत्न्याः पुत्रस्य कन्यायाः पितृव्यस्य मातुलस्य भ्रातुः पितृष्वसुर्मातृष्वसुरात्मभगिन्याः पितृव्यपुत्रस्य जामातुर्भागिनेयस्य श्वशुरस्य श्वश्र्वा आचार्यस्योपाध्यायस्य गुरोः सख्युः शिष्यस्य एतेषां यथानामगोत्ररूपाणां पुरुषविषये सपत्नीकानां स्त्रीविषये सभर्तृकसापत्यानामेकोद्दिष्टविधिना महालयापरपक्षश्राद्धमथवा सकृन्महालयापरपक्षश्राद्धं सदैवं सद्यः करिष्ये." એ પ્રથમ કહેલા પિતૃગણમાં જે કોઈ જીવતો હોય તેને છોડી બીજાઓનો ઉચ્ચાર કરવો. માતામહ આદિકની સ્ત્રી જીવતી હોય તો "સપત્નીક" એવો અને સ્ત્રીઓનો પતિ જીવતો હોય તો "સભર્તૃક" ઇત્યાદિક ઉચ્ચાર કરવો નહિ. "મહાલય, ગયાશ્રાદ્ધ, નાંદીશ્રાદ્ધ, અને અન્વષ્ટકાશ્રાદ્ધ એઓમાં નવ દેવતા (પિતૃત્રયી, માતૃત્રયી અને માતામહત્રયી સપત્નીક)નો ઉદ્દેશ કરી શ્રાદ્ધ કરવું. બીજાં શ્રાદ્ધો છ દેવતા (પિતૃત્રયી સપત્નીક, અને માતામહત્રયી સપત્નીક)નો ઉદ્દેશ કરી કરવાં, એમ કેહે છે. અન્વષ્ટકા, નાંદીશ્રાદ્ધ, પ્રતિસાંવત્સરિકશ્રાદ્ધ, મહાલય, અને ગયાશ્રાદ્ધ એટલે ઠેકાણે તેમજ સપિંડીકરણથકી પ્રથમ માતાનું શ્રાદ્ધ જુદું કરવું, બીજે ઠેકાણે પતિસાથે કરવું, ઇત્યાદિક સ્મૃતિને અનુસારે ત્રણજ પાર્વણ લેવાનાં કહ્યાં છે. કોઈ ગ્રંથકાર તો, માતામહી ઇત્યાદિ ત્રણ (પોતાની માની મા, તેની સાસુ, તેની સાસુ) એમનો જુદો ઉચ્ચાર કરી ચાર દેવતાસહિત ચાર પાર્વણનું શ્રાદ્ધ કેહે છે. એજ દેવતાઓ (પિતૃગણ) ગયાશ્રાદ્ધ, તીર્થશ્રાદ્ધ, અને નિત્યતર્પણમાં લેવા. મહાલયમાં ધૂરિલોચન નામના વિશ્વેદેવા લેવા. એ મહાલયમાં સંભવ હોય તો દેવતાઓને ઠેકાણે બે બ્રાહ્મણ, એકેક ત્રયીને ઠેકાણે ત્રણ ત્રણ મળી ત્રણ ત્રયીને ઠેકાણે નવ બ્રાહ્મણ અને સ્ત્રી ઇત્યાદિક એકોદ્દિષ્ટગણમાં એક એક દેવતાને ઠેકાણે એકેક એ પ્રમાણે બ્રાહ્મણ કેહેવા. એટલા કેહેવાની શક્તિ ન હોય તો દેવતાઓને ઠેકાણે એક, એકેક ત્રયીને ઠેકાણે એકેક એટલે ત્રણ ત્રયીને ઠેકાણે ત્રણ, અને સર્વ એકોદ્દિષ્ટગણને ઠેકાણે એક, એ પ્રમાણે કેહેવા. દેવ ઠેકાણે બે બ્રાહ્મણ કહ્યા હોય તો દરએક ત્રયીને ઠેકાણે ત્રણ ત્રણ કેહેવા. દેવ ઠેકાણે બે, અને દરએક ત્રયીને ઠેકાણે એક, અથવા દરએક ત્રયીને ઠેકાણે ત્રણ ત્રણ અને દેવસ્થાનકે એક એ રીતે વિષમ પ્રમાણ કરવું નહિ. એ પ્રમાણે સર્વત્ર અમાવાસ્યા આદિ શ્રાદ્ધમાં પણ જાણવું. અતિ અસામર્થ્ય હોય તો બે ત્રયીને ઠેકાણે એકજ બ્રાહ્મણ પણ નોતરવો. મહાલયશ્રાદ્ધમાં છેવટે મહાવિષ્ણુને ઠેકાણે અવશ્ય બ્રાહ્મણ નોતરવો, એ વિશેષ કૌસ્તુભમાં કહ્યો છે. જેની મા જીવતી હોય તેણે સાવકી માનું એકોદ્દિષ્ટ શ્રાદ્ધ કરવું. પાર્વણ શ્રાદ્ધ કરવું નહિ. જેની સાવકી મા ઝાઝી હોય તેણે સઘળી માતાઓનો ઉદ્દેશ કરી એકજ બ્રાહ્મણ કેહેવો અને પિંડ પણ એકજ દેવો. માત્ર અર્ઘ્યપાત્ર જુદાં જુદાં કરવાં. અથવા પોતાની માતાસહિત અનેક માતાઓ હોય તો પોતાની માસહિત સઘળી માતાઓનો ઉદ્દેશ કરી એક બ્રાહ્મણ, એક પિંડ અને એક અર્ઘ્ય, એ રીતે પાર્વણ શ્રાદ્ધજ કરવું. સાવકી માતાઓનું જુદું એકોદ્દિષ્ટ કરવું નહિ. અથવા સઘળી સાવકી માતાઓનું જુદુંજ એકોદ્દિષ્ટ કરવું. મહાલયમાં પાર્વણ છે માટે અવશ્ય અગ્નૌકરણ કરવું, એકોદ્દિષ્ટગણમાં કૃતાકૃત (કરવું ન કરવું) એમ છે. અગ્નૌકરણ કરવું એ પક્ષમાં એકોદ્દિષ્ટગણમાટે અગ્નૌકરણનું અન્ન જુદા પાત્રમાં લેવું. મહાલયમાં સઘળાં પાર્વણમાટે, અને એકોદ્દિષ્ટમાટે પણ એક વાર કાપેલો એકજ દર્ભ લેવો. દર્શાદિક શ્રાદ્ધવિષે તો દરએક પાર્વણમાટે દર્ભ જુદો જુદોજ લેવો. બાકીનો શ્રાદ્ધપ્રયોગ, અને અનેક માતા છતાં અભ્યજનાદિકમાટે મંત્રનો ઉચ્ચાર શ્રાદ્ધસાગરમાં અને પોતપોતાની શાખાઓ પ્રમાણે કહેલા પ્રયોગ ગ્રંથોમાં જાણવો. એક વખત મહાલય કરવામાં શ્રાદ્ધનું અંગભૂત તિલતર્પણ બીજે દિવસેજ સર્વ પિતૃને ઉદ્દેશે કરી પ્રાતઃસંધ્યાથકી પ્રથમજ, અથવા પ્રાતઃસંધ્યા પછી બ્રહ્મયજ્ઞના અંગભૂત તર્પણથી જુદુંજ કરવું. એકમ આદિ અને પાંચમ આદિ પ્રથમ કહેલા પક્ષમાં બ્રાહ્મણોનું વિસર્જન થયા પછીજ શ્રાદ્ધમાં પૂજેલા પિત્રોનો ઉદ્દેશ કરી તર્પણ કરવું. સ્ત્રી રજસ્વલા થઈ હોય તો સકૃત્ (એક વાર) મહાલય કરવું નહિ. કારણ, સકૃત્ મહાલયના બીજા કાલ છે. અમાવાસ્યાને દિવસે સ્ત્રી રજસ્વલા થઈ હોય તો આશુ શુદ પાંચમ લગી ગૌણ કાલમાં મહાલય કરવું. એકમ આદિ બીજા પક્ષોમાં પ્રારભ દિવસે રસોઈ આરભ કરવાથી પ્રથમ સ્ત્રી રજસ્વલા થાય તો તે છોડી બીજા બીજા પક્ષનો સ્વીકાર કરવો. પાકનો આરભ-થયા-પછી-રજસ્વલા થાય તો તેને બીજા ઘરમાં બેસાડી મહાલય

કરવું. એ પ્રમાણે વિધવાએ કરવાનું જે શ્રાદ્ધ તેમાં પણ જાણવું. આ મહાલયમાં પુત્રવિનાની વિધવા શ્રાદ્ધ કરતી હોય તો તેણે “मम भर्तृतत्पितृपितामहानां, भर्तुर्मातृपितामहीप्रपितामहीनां, मम पितृपितामहप्रपितामहानां, मम मातृपितामहीप्रपितामहीनां, मम मातामहमातृपितामहमातृप्रपितामहानां, मम मातामहीमातृपितामहीमातृप्रपितामहीनां तृप्त्यर्थं सकृन्महालयापरपक्षश्राद्धं करिष्ये,” પોતે એવો સંકલ્પ કરી બ્રાહ્મણહસ્તક અગ્નૌકરણાદિસહિત સઘળો પ્રયોગ સંપૂર્ણ કરાવવો. બ્રાહ્મણે તો, “अमुकनाम्न्या यजमानाया भर्तृतत्पितृपितामह” ઇત્યાદિ ઉચ્ચાર કરી પ્રયોગ કરવો. સામર્થ્ય ન હોય તો ભર્તૃત્રયી, પોતાની પિતૃત્રયી, પોતાની માતૃત્રયી અને પોતાની માતામહત્રયી સપત્નીક, એ પ્રમાણે ચાર ત્રયીનો ઉદ્દેશ કરી મહાલય કરવું. અતિ અશક્તિ હોય તો પોતાની ભર્તૃત્રયી અને પોતાની પિતૃત્રયી, એ રીતે બે ત્રયીનો ઉચ્ચાર કરીને બે પાર્વણુંજ કરવું.

महालयः पितरिसंन्यस्ते पातित्यादियुतेवाजीवत्पितृकेणापिपुत्रेण पितुःपित्रादिसर्वपित्रुद्देशेन पिंडदानरहितः सांकल्पविधिनाकार्यः वृद्धौतीर्थेचसंन्यस्तेतातेचपतितेसति येभ्यएवपितादद्यात्तेभ्यो दद्यात्स्वयंसुतः मुंडनंपिंडदानंचप्रेतकर्मचसर्वशः नजीवत्पितृकःकुर्याद्गुर्विणीपतिरेवचेत्यादिवचनात् पिंडदानादिविस्तरंकर्तुमशक्तेनापि सांकल्पविधिःकार्यः सांकल्पिकविधावर्घ्यदानं समंत्रकावाहनमग्नौकरणं पिंडदानंविकिरदानं स्वधांवाचयिष्ये ॐ स्वधोच्यतामित्यादिस्वधावाचनप्रयोगंचवर्जयेत् अनेकब्राह्मणालाभे देवस्थाने शालग्रामादिदेवमूर्तिं संस्थाप्य श्राद्धंकार्यं सर्वथाविप्रालाभेदर्भवटुविधिना श्राद्धं पित्रोर्मरणेप्रथमाब्दे महालयःकृताकृतः महालयोमलमासे न कार्यः अपरपक्षेप्रतिवार्षिकप्राप्तौ मृततिथौवार्षिकंकृत्वातिथ्यंतरेसकृन्महालयःकार्यः प्रतिपदादिदर्शांतादिपक्षेषुमृततिथौवार्षिकंकृत्वा पाकांतरेणमहालयः अमायांप्रतिवार्षिकसकृन्माहालयप्राप्तौपूर्वंवार्षिकंततोमहालयःततोदर्शश्राद्धमिति त्रयंपाकभेदेन महालयमात्रप्राप्तावपिपूर्वंमहालयः ततोदर्शः मृततिथौसकृन्महालयपक्षेतत्तत्तिथेर्ग्राह्यत्वनिर्णयोपराह्णव्याप्त्यादर्शवदितिभाति अत्रापरपक्षेभरणीश्राद्धाद्गयाश्राद्धफलप्राप्तिः भरणीश्राद्धमपिंडकंषड्दैवतंसांकल्पविधिनाकार्यंदेवौधूरिलोचनौपुरूरवार्द्रवौवा भरणीश्राद्धंकाम्यंगयाश्राद्धफलकामेनप्रतिवर्षंकार्यं केचित्पित्रादिमरणोत्तरंप्रथमवर्षएवकुर्वंतिद्वितीयादिवर्षेनकुर्वंतितत्रमूलंचिंत्यं ममतु नद्वैधंनापिवापित्र्यंयावत्पूर्णोनवत्सर इत्यादिवचनेनसर्वस्यापिदर्शादिश्राद्धस्य प्रथमाब्देनिषेधादब्दांतेएव पितृत्वप्राप्तेश्चद्वितीयादिवर्षेएवकर्तुंयुक्तमितिभाति यत्तुपितृभिन्नोपियोयोम्रियतेतस्यतस्यप्रथमाब्देभरणीश्राद्धंक्रियते तत्रापिमूलंनपश्यामः गयाश्राद्धफलार्थमाचारमनुसृत्यक्रियतेचेन्मृताद्येकमेवपार्वणमुद्दिश्यसदैवंकार्यं अत्रसपिंडत्वाचारोपिचिंत्यः ॥

“પિતા સંન્યાસી, અથવા પતિત હોય તો નાંદીશ્રાદ્ધ અને તીર્થશ્રાદ્ધમાં જે પિતૃદેવતાઓને પિતા દેતો તે પિતૃદેવતાઓને પુત્ર આપે.” “મુંડન, પિંડદાન, મરણપામેલાની ક્રિયા, એ સઘળુ જેનો પિતા જીવતો હોય તેણે અને જેની સ્ત્રી સગર્ભા હોય તેણે ન કરવાં,” ઇત્યાદિક પ્રમાણ છે, માટે પિતા સંન્યાસી અથવા પાતકાદિકે યુક્ત હોય તો જેનો પિતા જીવતો છે તે પુત્રે પણ પિતાના જે પિતા ઇત્યાદિક સર્વે પિતૃ તેમનો ઉદ્દેશ કરી મહાલયશ્રાદ્ધ પિંડદાનવિના સાંકલ્પવિધિવડે કરવું. પિંડદાનાદિક વિસ્તાર કરવાને અશક્ત હોય તેણે પણ સાંકલ્પવિધિ કરવો. સાંકલ્પવિધિમાં અર્ઘ્યદાન, મંત્રસહિત આવાહન, અગ્નૌકરણ, પિંડદાન, વિકિરનું દાન અને “स्वधां वाचयिष्ये ॐ स्वधोच्यतां,” ઇત્યાદિ સ્વધાવચન પ્રયોગ, એટલાં વર્જ્ય કરવાં. ઝાઝા બ્રાહ્મણો ન મળે તો દેવસ્થાનકે શાલગ્રામાદિક મૂર્ત્તિની સ્થાપના કરી શ્રાદ્ધ કરવું. એક પણ બ્રાહ્મણ ન મળે તો દર્ભના બટુ કરી શ્રાદ્ધ કરવું. માતા કે પિતાના મરણ પછી પ્રથમ વર્ષમાં મહાલય શ્રાદ્ધ કરવું અથવા ન કરવું એ વિકલ્પ છે. મલમાસમાં મહાલય કરવું નહિ. અપરપક્ષ (શ્રાદ્ધપક્ષ)માં સાંવત્સરિક શ્રાદ્ધ પ્રાપ્ત થાય તો મરનારની તિથિને દિવસે સાંવત્સરિક શ્રાદ્ધ કરી બીજી તિથિને દિવસે સકૃન્મહાલય કરવું. એકમથકી અમાવાસ્યા લગી ઇત્યાદિક પક્ષોમાં મૃતતિથિને દિવસે દરવખતનું સાંવત્સરિક કરીને બીજા પાકવડે મહાલય કરવું. જો અમાવાસ્યાને દિવસે પ્રતિસાંવત્સરિક અને સકૃન્મહાલય એ રીતે બે પ્રાપ્ત થાય તો પ્રથમ સાંવત્સરિક કરી પછી મહાલય કરવું, અને ત્યાર પછી દર્શશ્રાદ્ધ કરવું, એ રીતે ત્રણે જુદા પાક કરી કરવાં. એકલું મહાલય પ્રાપ્ત થાય તો પ્રથમ મહાલય, પછી દર્શ કરવું. મૃતતિથિને દિવસે જે સકૃન્મહાલય કરવુ તેમા તિથિનિર્ણય, અપરાહ્ણકાલે જે દિવસે વ્યાપ્તિ હોય તેને અનુસારે

દર્શ પ્રમાણે લેવા, એ રીતે ભાસે છે, આ અપરપક્ષમાં ભરણી નક્ષત્રને દિવસે શ્રાદ્ધ કરવાથી ગયાશ્રાદ્ધ કરવાનું ફળ પ્રાપ્ત થાય છે. તે ભરણીશ્રાદ્ધ પિંડરહિત અને ષટ્દૈવત (પિતૃત્રયી સપત્નીક અને માતામહત્રયી સપત્નીક), સાંકલ્પવિધિવડે કરવું. તે ભરણીશ્રાદ્ધમાં દેવ ધૂરિલોચન, અથવા પુરૂરવાર્દ્રવ લેવા. ભરણીશ્રાદ્ધ કામ્ય છે માટે ગયાશ્રાદ્ધના ફળની ઇચ્છા કરનારે દરવર્ષે કરવું. પિતા ઇત્યાદિકના મરણ પછી પ્રથમ વર્ષમાંજ કેટલાએક લોકો ભરણીશ્રાદ્ધ કરેછે, બીજા ઇત્યાદિક વર્ષમાં કરતા નથી, તેમાં મૂળ શું? તે વિચાર કરવો. મને તો, “જ્યહાં લગી વર્ષ પુરૂં ન થાય ત્યહાં લગી દેવકર્મ અને પિતૃકર્મ એ કરવાં નહિ,” ઇત્યાદિક વચનવડે દર્શાદિક સર્વ શ્રાદ્ધનો નિષેધ કહ્યો છે માટે વર્ષ પુરૂં થયા પછીજ પિતૃપણાની પ્રાપ્તિ થાય છે, તેથી બીજા ઇત્યાદિક વર્ષમાંજ કરવાને યોગ્ય છે, એમ ભાસે છે. પિતા માતા એ વિના પણ જે જે કોઈ મરણ પ્રાપ્ત થાય છે તેના તેના પ્રથમવર્ષે જે ભરણીશ્રાદ્ધ કરે છે, તેમાં પણ ક્યહીં મૂળ દેખાતું નથી. ગયાશ્રાદ્ધનું ફળ મળવામાટે કેવળ લોકાચારને અનુસરી કરવું હોય તો મરનારને આદિ લઈ જે એક ત્રયી તેનોજ ઉદ્દેશ કરી દેવતાસહિત કરવું. એ ભરણીશ્રાદ્ધમાં પિંડદાન કરવાનો જે આચાર છે તે પણ વિચાર કરવા યોગ્ય છે.

अत्रापरपक्षे सप्तम्यादिदिनत्रयेमाघ्यावर्षश्राद्धंकर्तुं पूर्वेद्युःश्राद्धंकरिष्ये माघ्यावर्षश्राद्धंकरिष्येऽन्वष्टक्यश्राद्धंकरिष्येइतिक्रमेण संकल्पंकृत्वा सर्वोप्यष्टकाविधिराश्वलायनैःकार्यः इदमाश्वलायनानामष्टकाविकृतिरूपमेकाष्टकाकरणपक्षेपिकार्यं इतरशाखिनांत्वष्टकारूपमेवेति पंचाष्टकाकरणपक्षेष्टकाश्राद्धं करिष्यइतिसंकल्प्यकार्यं एकाष्टकापक्षेतु नकार्यं नवम्यामन्वष्टक्यश्राद्धंनवदैवतं सर्वशाखिभिरष्टम्यामष्टकाश्राद्धाकरणेपि गृह्याग्नौयथोक्तविधिनाकार्यं अस्यामन्वष्टक्यस्यमुख्यत्वात् गृह्याग्निरहितस्तु येषां पूर्वंमातामृता पश्चात्पितामृतस्तैर्मृतमातापितृकैः पाणिहोमादिविधिना नवदैवत्यंकार्यं जीवत्पितृकेण मृतमातृकेणानुपनीतेनापि मात्रादित्रितयमात्रोद्देशेनैकपार्वणकं पुरूरवार्द्रवदेवसहितंसपिंडकंश्राद्धं कार्यं स्वमातरिजीवंत्यांमृतसापत्नमात्रादित्रयोद्देशेनकार्यं स्वमातृसापत्नमात्रोर्मृतौद्विवचनप्रयोगेण सापत्नमात्रनेकत्वेचमात्रासहबहुवचनप्रयोगेण एकस्मिन्विप्रेएकएवक्षणोर्घ्यःपिंडश्चैकएवदेयः पितामहीप्रपितामह्योर्द्वौविप्रौपिंडौचेत्येवंपार्वणमावश्यकं केचिन्मातृबहुत्वेविप्रपिंडादिभेदमाहुः स्वमातृसापत्नमातृजीवनेतु गृह्याग्निरहितेनमृतपितृकेणापिनकार्यं अन्वष्टक्येमातृयजनस्यमुख्यत्वादतएवात्रकैश्चिन्मातृपार्वणस्यैवप्राथम्यमुक्तमितिभाति पूर्वंपितृमृतौपश्चान्मातृमृतावपिगृह्याग्निमतामस्यांनवम्यामन्वष्टक्यामावश्यकंनित्यत्वात् अन्येषांपश्चान्मातृमृतौनावश्यकं केचिन्नवम्यांपूर्वमृतमातृश्राद्धं मृतेभर्तरिलुप्यतइतिवचनप्रामाण्यमाश्रित्यपितृमरणोत्तरंनकुर्वंति भर्तुरग्रेसहदाहेनवामृतानांमातामहीभगिनीदुहितृमातृष्वसृपितृष्वस्रादीनामपुत्राणांपितृमात्रादिकुलोत्पन्नानांसर्वासामेवसौभाग्यवतीनामस्यांनवम्यांश्राद्धंकार्यं भर्तुरग्रेमृतानांतत्तद्भर्तृमरणोत्तरंचनकार्यं अतएवास्याअविधवानवमीत्वप्रसिद्धिः अतःपत्न्याअपिनवमीश्राद्धंकार्यं अस्याविधवानवमीश्राद्धस्यमहालयवद्यावद्वृश्चिकदर्शनंगौणकालः एवंदौहित्रप्रतिपच्छ्राद्धस्यापीतिकालतत्त्वविवेचने अत्राविधवानवमीश्राद्धेसुवासिनीनांप्रतिसांवत्सरिकश्राद्धादौचसुवासिनीभोजनमपिकार्यं भर्तुरग्रेमृतानारीसहदाहेनवामृता तस्याःस्थानेनियुंजीतविप्रैःसहसुवासिनीमित्यादिमार्कंडेयवचनात् अस्यांनवम्यांपिंडदानंजीवत्पितृकेणापिगर्भिणीपतिनाचापिकार्यं नवमीश्राद्धासंभवेममान्वष्टक्याकरणजनितप्रत्यवायपरिहारार्थंशतवारमेभिर्द्युभिःसुमनाइतिमंत्रजपंकरिष्येइतिसंकल्प्य तज्जपंकुर्यात् अन्वष्टक्येसामवेदिभिःपितृपार्वणमेवकार्यं मातृमातामहपार्वणेनकार्येइतिसिंधुः ॥

એ અપરપક્ષમાં સાતમ, આઠમ, અને નોમ એ ત્રણ દિવસ “माघ्यावर्षश्राद्धं कर्तुं पूर्वेद्युःश्राद्धं करिष्ये, माघ्या वर्षश्राद्धं करिष्ये, अन्वष्टक्यश्राद्धं करिष्ये,” એવો ક્રમવડે સંકલ્પ કરી આશ્વલાયનોએ સઘળો અષ્ટકાશ્રાદ્ધનો વિધિ કરવો. આ અષ્ટકાવિકૃતિરૂપ શ્રાદ્ધ, આશ્વલાયનો એક અષ્ટકાશ્રાદ્ધ કરતા હોય, એ પક્ષમાં પણ કરવું. બીજી શાખાવાળાઓએ અષ્ટકારૂપજ કરવું. પાંચ અષ્ટકા કરવી એ પક્ષમાં, “अष्टकाश्राद्धं करिष्ये,” એવો સંકલ્પ કરી કરવું. એકાષ્ટકાપક્ષમાં તો કરવું નહિ. સઘળી શાખાવાળાઓએ આઠમને દિવસે અષ્ટકાશ્રાદ્ધ ન કર્યું હોય તો પણ નોમને દિવસે અન્વષ્ટક્યશ્રાદ્ધ નવદૈવત (પિતૃત્રયી માતૃત્રયી, અને માતામહત્રયી સપત્નીક) એ રીતે ગૃહ્યાગ્નીમાં જેવો વિધિ કહ્યો છે તેપ્રમાણે કરવું; કારણ, એ નવમીને દિવસે અન્વષ્ટક્યશ્રાદ્ધ મુખ્ય છે. જેનો ગૃહ્યાગ્નિ સિદ્ધ ન હોય તેણે તો, જેની માતા પ્રથમ મરેલી હોય અને પિતા પછી મરણ પામેલો હોય તેણે એટલે

એ રીતે જેનાં માતા પિતા મરણ પામેલાં હોય તેણે પાણિહોમાદિવિધિ કરી નવદૈવત્યશ્રાદ્ધ કરવું. પિતા જીવતો હોય અને માતા મરણ પામેલી હોય તેમ યજ્ઞોપવીત પેહેર્યું ન હોય તેણે પણ માતૃત્રયીનો માત્ર ઉદ્દેશ કરી એક પાર્વણરૂપ પુરૂરવાર્દ્રવ દેવસહિત અને સપિંડક શ્રાદ્ધ કરવું. પોતાની માતા જીવતી હોય તો મરેલી સાવકી મા ઇત્યાદિ જે ત્રયી તેનો ઉદ્દેશ કરી કરવું. પોતાની માતા અને સાવકી માતા એ બન્ને મરણ પામેલી હોય તો દ્વિવચનનો પ્રયોગ કરી, અને સાવકી માતા અધિક હોય તો માતાસહિત બહુવચનનો પ્રયોગ કરી એક બ્રાહ્મણમાં એકજ ક્ષણ, અને અર્ઘ્ય; પિંડ પણ એકજ કરવો. પિતામહી અને પ્રપિતામહી એ બન્ને ઠેકાણે બે બ્રાહ્મણ અને બે પિંડ, એ રીતે એ પાર્વણ આવશ્યક છે. કોઈ ગ્રંથકાર, માતા ઘણી હોય તો બ્રાહ્મણ અને પિંડ જુદા જુદા જોઇએ એવો ભેદ કહે છે. પોતાની માતા અને સાવકી માતા એ જીવતી હોય તો ગૃહ્યાગ્નિરહિત હોય તેણે અને જેનો પિતા મરેલો હોય તેણે પણ કરવું નહિ. કારણ, અન્વષ્ટક્યશ્રાદ્ધમાં માતૃપૂજનાદિકજ મુખ્ય છે, માટેજ કેટલાએક ગ્રંથકારોએ અન્વષ્ટક્યશ્રાદ્ધને દિવસે માતૃપાર્વણજ પ્રથમ કહેલું છે, એમ ભાસે છે. પ્રથમ પિતા મૃત થયેલો હોય અને પછી માતા મૃત થયેલી હોય તો પણ ગૃહ્યાગ્નિ ધરનારાઓને નિત્ય છે માટે નવમીને દિવસે અન્વષ્ટક્યશ્રાદ્ધ અવશ્ય કરવું. બીજાઓને માતા પછી મરણ પામેલી હોય તો આવશ્યક નથી. કેટલાએક મનુષ્યો નોમનો દિવસે પ્રથમ મરેલી માતાનું શ્રાદ્ધ, “પતિ મરણ થયા પછી લુપ્ત થાય છે,” એ વચનના પ્રમાણનો આશ્રય કરી પિતા મરણ થયા પછી કરતા નથી. પતિથી પ્રથમ અથવા પતિની સાથે સતી થઈ મરણ થયેલી માતામહી (માની મા), બ્હેન, દીકરી, માસી અને ફોઇ ઇત્યાદિક પુત્રરહિત એવી; પિતા માતા ઇત્યાદિકનાં કુલમાં ઉત્પન્ન થયેલી સઘળી સૌભાગ્યવતી સ્ત્રિયોનું એ નોમને દિવસે શ્રાદ્ધ કરવું. પતિથી પ્રથમ મરેલીનું શ્રાદ્ધ તેનો પતિ મરવા પછી કરવું નહિ, માટેજ એ નોમનું અવિધવાનવમી એવું નામ છે. માટે પોતાની સ્ત્રીનું પણ નોમને દિવસે શ્રાદ્ધ કરવું. એ અવિધવા નવમીશ્રાદ્ધનો મહાલયશ્રાદ્ધનીપેઠે વૃશ્ચિક સંક્રાંતિનો પ્રવેશ થાય ત્યહાં લગી ગૌણ કાલ છે. એ પ્રમાણે એકમને દિવસે દૌહિત્રે કરવાનું જે માતામહ(નાના)નું શ્રાદ્ધ તેનો પણ કાલ વૃશ્ચિક સંક્રાંતિનાં દર્શન લગી છે એ રીતે કાલતત્ત્વવિવેચન ગ્રંથમાં કહ્યું છે. એ અવિધવાનવમી શ્રાદ્ધને દિવસે અને સૌભાગ્યવતીનાં દરવર્ષનાં સાંવત્સરિક ઇત્યાદિક શ્રાદ્ધને દિવસે પણ સુવાસિનીભોજન કરાવવું. “પતિથી પ્રથમ મરણ પામેલી, અથવા પતિની સાથે સતી થઈ મરણ થયેલી તેને ઠેકાણે એટલે તેના શ્રાદ્ધમાં બ્રાહ્મણોની સાથે સુવાસિની પણ નોતરવી,” ઇત્યાદિક માર્કંડેયનાં વચનો છે. આ નવમીશ્રાદ્ધને દિવસે પિંડદાન, જેના પિતા જીવતા હોય તેણે અને જેની સ્ત્રી સગર્ભા હોય તેણે પણ કરવું. નોમનું શ્રાદ્ધ કરવાનો સંભવ ન હોય તો, “**ममान्वष्टक्याकरणजनितप्रत्यवायपरिहारार्थं शतवारं 'एभिर्द्युभिः सुमना०' इति मंत्रजपं करिष्ये,**” એવો સંકલ્પ કરી તે મંત્રનો જપ કરવો. અન્વષ્ટક્યશ્રાદ્ધમાં સામવેદીઓએ પિતૃપાર્વણજ (પિતૃત્રયી) કરવું, માતૃપાર્વણ, અને માતામહપાર્વણ કરવાં નહિ, એ રીતે નિર્ણયસિંધુ કહે છે.

अत्रद्वादश्यांसंन्यासिनांमहालयः सचापराह्णव्यापिन्यामित्युक्तं तत्रवैष्णवाअपराह्णव्यापिन्याद्वादश्या एकादशीव्रतदिनसत्त्वेस्वल्पायामपिद्वादश्यांशुद्धत्रयोदश्यांचैकादशीपारणादिनेएवसंन्यासिदैवत्यंश्राद्धंकुर्वंति ममत्वीदृशेविषयेवैष्णवैःसंन्यासिमहालयोदर्शेकार्यइतिभाति ॥

એ અપરપક્ષમાં અપરાહ્ણકાલવ્યાપિની બારસને દિવસે સંન્યાસિયોનું મહાલય કરવું. તેમાં વૈષ્ણવો, અપરાહ્ણકાલવ્યાપિની બારસ, એકાદશીવ્રતને દિવસે હોય તો અલ્પ કદિ બારસ હોય તો પણ તે દિવસે અથવા શુદ્ધ તેરસને દિવસે અર્થાત્ એકાદશીના પારણાને દિવસેજ સન્યાસિદૈવત્ય (સંન્યાસી જેના દેવતા છે) એવું શ્રાદ્ધ કરે છે.—મને તો એવે પ્રસગે વૈષ્ણવોએ સંન્યાસિઓનું મહાલય અમાવાસ્યાને દિવસેજ કરવું, એમ ભાસે છે.

अत्रत्रयोदश्यांमघायुतायांकेवलायांवाश्राद्धंनित्यंकेवलमघायामपिश्राद्धंकार्यं अत्रश्राद्धविधौबहुग्रंथेषु बहवःपक्षाः अपुत्रेणपुत्रिणावागृहिणासपत्नीकपितृपार्वणमातामहपार्वणाभ्यांपितृव्यभ्रातृमातुलपितृष्वसृमातृष्वसृभगिनीश्वशुरादिपार्वणैश्चसहितंअपिंडकंसांकल्पविधिनाश्राद्धंकार्यं अथवापित्रादिपार्वणद्वयंमहालयवत्पितृव्याद्येकोद्दिष्टगणांश्चोद्दिश्यसांकल्पविधिनाश्राद्धंकार्यं यद्वादर्शवत्षट्दैवतंश्राद्धम-

पिंडकंकार्यं अथवानिष्कामेणपुत्रिणाश्राद्धविधिनाश्राद्धंनानुष्ठेयं किंतु पित्रादिपार्वणद्वयंकेवलंपितृव्यादिसहितंवोद्दिश्यैतेषांतृप्त्यर्थंब्राह्मणभोजनंकरिष्यइतिसंकल्प्य पितृरूपिणेब्राह्मणायगंधंसमर्पयामीत्येवं पंचोपचारान्समर्प्य ब्रह्मार्पणमित्यादिपठित्वा अनेनब्राह्मणभोजनेन पित्रादिरूपीश्वरःप्रीयतामित्यन्नमुत्सृज्य पायसादिमधुरान्नेनविप्रान्भोजयित्वादक्षिणादिभिःसंतोष्यस्वयंभुंजीतेत्येतावदेवकर्तव्यं अपुत्रिणः सकामस्यचापिंडदानरहितश्राद्धविधिनाश्राद्धंनदोषाय क्वचिदपुत्रिणःपिंडदानमप्युक्तं एवमुक्तपक्षेष्वन्यतमपक्षेणमघात्रयोदशीश्राद्धमवश्यानुष्ठेयं अकरणेदोषोक्तेर्नित्यत्वात् हस्तनक्षत्रस्थेसूर्येमघायुतात्रयोदशीगजच्छायासंज्ञिता अस्यांश्राद्धेनफलभूयस्त्वं अत्रमहालयस्ययुगादेश्चप्राप्तौमघात्रयोदशीमहालययुगादिश्राद्धानितंत्रेणकरिष्यइतिसंकल्प्य तंत्रेणकुर्यात् नतुदर्शेननित्यश्राद्धस्यैवकस्यचित्प्रसंगसिद्धिः अत्रैवंभाति अंगानामैक्यंप्रधानमात्रभेदस्तंत्रं तेनविश्वेदेवपाकाद्यंगानामैक्यंविप्रार्घ्यपिंडादेर्भेदएव प्रसंगसिद्धिस्थलेतुप्रधानमपिनभिद्यतइति त्रयोदशीश्राद्धेऽपरपक्षत्वाद्धूरिलोचनाविश्वेदेवाःश्राद्धसागरेउक्ताः अविभक्तैरपिभ्रातृभिर्मघात्रयोदशीश्राद्धंपृथक्कार्यमितिसिंधुकौस्तुभादौ विभक्तैरपिसहेवेतिश्राद्धसागरे ॥

એ અપરપક્ષમાં મઘાનક્ષત્રયુક્ત તેરશ અથવા કેવળ તેરસને દિવસે શ્રાદ્ધ અવશ્ય કરવું. એકલા મઘા નક્ષત્રમાં પણ શ્રાદ્ધ કરવું. એ મઘાશ્રાદ્ધના વિધિમાટે અનેક ગ્રંથોમાં અનેક રીતિના પક્ષ કહ્યા છે. પુત્રરહિત અથવા પુત્રવાન્ ગૃહસ્થે સપત્નીક પિતૃપાર્વણ અને માતામહપાર્વણેસહિત તથા કાકા, ભાઈ, મામા, ફોઈ, માસી, બેહેન, સસરો, ઇત્યાદિકોનાં પાર્વણેસહિત એવું સાંકલ્પ વિધિવડે પિંડરહિત શ્રાદ્ધ કરવું. અથવા પિતૃત્રયી, માતૃત્રયી અને મહાલયપ્રમાણે કાકા ઇત્યાદિ એકોદ્દિષ્ટગણ એ સઘળાઓનો ઉદ્દેશ કરી સાંકલ્પવિધિવડે શ્રાદ્ધ કરવું. અથવા અમાવાસ્યાના શ્રાદ્ધ સરખું છ દેવતાઓનો ઉદ્દેશ કરી પિંડરહિત શ્રાદ્ધ કરવું. અથવા નિષ્કામ એવા પુત્રવાન્ ગૃહસ્થે શ્રાદ્ધવિધિ કરી શ્રાદ્ધ કરવું નહિ, ત્યારે કેવળ પિતૃત્રયી, માતૃત્રયી, એનો ઉદ્દેશ કરી, અથવા પિતૃત્રયી, માતૃત્રયી અને કાકા ઇત્યાદિ એકોદ્દિષ્ટગણોનો ઉદ્દેશ કરી "एतेषां तृप्त्यर्थं ब्राह्मणभोजनं करिष्ये" એવો સંકલ્પ કરી, "पितृरूपिणे ब्राह्मणाय गंधं समर्पयामि" એવો ઉચ્ચાર કરી ગંધાદિ પંચોપચાર અર્પણ કરવા; પછી "ब्रह्मार्पणं०" ઇત્યાદિ મંત્ર ઉચ્ચાર કરી, "अनेन ब्राह्मणभोजनेन पित्रादिरूपी परमेश्वरः प्रीयतां," એવું કહી અન્નદાનનું જળ મૂકવું. પછી દૂધપાક ઇત્યાદિ મધુર અન્નવડે બ્રાહ્મણોને ભોજન કરાવી દક્ષિણાથી સંતોષ કરાવી પછી પોતે ભોજન કરવું, એટલોજ વિધિ કરવો. પુત્રરહિત અને સકામ એવા ગૃહસ્થને તો પિંડદાનરહિત એવા શ્રાદ્ધવિધિવડે શ્રાદ્ધ કરવાથી દોષ પ્રાપ્ત થતો નથી.—કોઈ ગ્રંથમાં પુત્રરહિતને પિંડદાન પણ કરવું એમ કહ્યું છે. એ પ્રમાણે કહેલા પક્ષોમાંથી કોઈ એક પક્ષ સ્વીકાર કરી મઘા નક્ષત્ર તથા ત્રયોદશીને દિવસે શ્રાદ્ધ અવશ્ય કરવું. કારણ, ન કરવાથી દોષ કહેલો છે માટે તે નિત્ય છે. હસ્ત નક્ષત્રમાં સૂર્ય આવ્યો હોય તેમાં મઘાયુક્ત તેરસનું નામ ગજચ્છાયા એવું છે. તે દિવસે શ્રાદ્ધ કરવાથી મહાફળ મળે છે. એ તેરસને દિવસે મહાલય અને યુગાદિ તિથિ એ આવે તો, "मघात्रयोदशीमहालययुगादिश्राद्धानि तंत्रेण करिष्ये," એવો સંકલ્પ કરી તંત્રોવડે શ્રાદ્ધ કરવાં. દર્શશ્રાદ્ધવડે નિત્યશ્રાદ્ધસરખી બીજા કોઈ પણ શ્રાદ્ધની સિદ્ધિ થતી નથી. એ વિષયમાં એવું ભાસે છે કે, અંગરૂપ કર્મ એક હોય અને માત્ર પ્રધાન કર્મનો ભેદ હોય તેને તંત્ર કહે છે, તેથી વિશ્વેદેવ, પાક ઇત્યાદિક જે અંગ તે સઘળાંનાં એક હોય અને બ્રાહ્મણ, અર્ધ્ય, પિંડ ઇત્યાદિક પ્રધાન કર્મ જુદાં જુદાં કરવા. પ્રસંગ (એક કરવાથી અન્નેની) સિદ્ધિ થતી હોય તે ઠેકાણે તો પ્રધાન કર્મ સુદ્ધાં જુદાં થતાં નથી. તેરસનું શ્રાદ્ધ એ અપરપક્ષનું શ્રાદ્ધ છે માટે હીંઆ દેવ ધૂરિલોચન નામના લેવા એ રીતે શ્રાદ્ધસાગરમાં કહેલુ છે. સાથે રેહેનારા ભાઇઓએ પણ મઘાત્રયોદશીશ્રાદ્ધ જુદાં જુદાં કરવાં, એ રીતે નિર્ણયસિંધુ, કૌસ્તુભ ઇત્યાદિ ગ્રન્થોમાં કહ્યું છે. જુદા થયા હોય તોપણ સઘળાઓએ એકજ કરવું. એ રીતે શ્રાદ્ધસાગરમાં કહ્યું છે.

अथात्रचतुर्दश्यांपित्रादित्रयमध्येएकस्यापिशस्त्रविषाग्निजलादिशृंगिव्याघ्रसर्पादिनिमित्तेनदुर्मरणेनमृतस्यैकोद्दिष्टविधिनाश्राद्धंकार्यम् पित्रादिद्वयोःशस्त्रादिहतत्वेद्वएकोद्दिष्टेकार्ये पित्रादीनांत्रयाणांशस्त्रादिहतत्वेपार्वणमेवकार्यं केचिदेकोद्दिष्टत्रयंकार्यमित्याहुः सहगमनेप्रयागादौचविधिप्राप्तेग्निजलादिमरणे चतुर्दशीश्राद्धंनकार्यं युद्धप्रायोपवेशनयोर्वधत्वेपीदंकार्यं अत्रशस्त्रादिहतपितृव्यभ्रात्रादेरप्य

पुत्रस्यैकोद्दिष्टंकार्यं इदंधूरिलोचनसंज्ञकदेवसहितंकार्यं अत्रसंबंधगोत्रनामाद्युच्चार्यामुकनिमित्तेनमृतस्यचतुर्दशीनिमित्तमेकोद्दिष्टंश्राद्धंसदैवंसपिंडंकरिष्यइतिसंकल्प्य प्रत्येकोद्दिष्टमेकार्घ्यैकपवित्रैकपिंडयुतंश्राद्धंकार्यं पित्रादेर्भ्रात्रादेश्चशस्त्रहतत्वे पृथक्पाकादिनामहालयवत्सहतंत्रेणवैकोद्दिष्टद्वयादि एवंचतुर्दश्यामेकोद्दिष्टंकृत्वापित्रादिसर्वपितृगणोद्देशेनसकृन्महालयस्तिथ्यंतरेऽवश्यंकार्यः अस्यांचतुर्दश्यांयदिशस्त्रादिमृतयोर्मातापित्रोर्मृताहस्तदाचतुर्दशीनिमित्तमेकोद्दिष्टंकृत्वा पुनस्तद्दैवमृतादित्रयोद्देशेनसांवत्सरिकंपार्वणविधिनाकार्यमितिश्राद्धसागरे कौस्तुभादौतुसांवत्सरिकपार्वणेनैवचतुर्दशीश्राद्धसिद्धिर्नपृथक्कार्यमित्युक्तं दिनांतरेचसकृन्महालयःकार्यः अत्रचतुर्दशीश्राद्धस्यकथंचिद्विघ्नेतुअत्रैवपक्षेऽग्रिमपक्षेवादिनांतरेतत्पार्वणविधिनैवकार्यंनत्वेकोद्दिष्टं अत्रैकोद्दिष्टेपराह्णव्यापिन्येवचतुर्दशीग्राह्या नत्वितरैकोद्दिष्टतिथिवन्मध्याह्नव्यापिनीतिकौस्तुभे ॥

એ અપરપક્ષમાં પિતા, પિતામહ, અને પ્રપિતામહ એ ત્રણમાંથી કોઈ પણ હથિયાર, વિષ, અગ્નિ, જળ ઇત્યાદિક અથવા શિગડાંવાળા (પશુઆદિક), સિંહ, સર્પ, ઇત્યાદિક નિમિત્તવડે દુર્મરણથી મરણ થયેલો હોય તો તેનું શ્રાદ્ધ એ ચૌદશને દિવસે એકોદ્દિષ્ટવિધિવડે કરવું. પિતા, પિતામહ ઇત્યાદિ બે શસ્ત્રાદિકવડે મરણ થયેલા હોય તો બે એકોદ્દિષ્ટ કરવાં. પિતા, પિતામહ, અને પ્રપિતામહ એ ત્રણે શસ્ત્રાદિકવડે મરણ થયેલા હોય તો પાર્વણજ કરવું. કોઈ ગ્રન્થકાર ત્રણ એકોદ્દિષ્ટ કરવાં, એમ કહે છે. સતી થઈ પતિની સાથે જવાને સમયે વિધિપ્રાપ્ત અગ્નિમાં મરણ થયું હોય અને પ્રયાગાદિકમાં વિધિપ્રાપ્ત જળસમાધિવડે મરણ થયેલું હોય તો ચૌદશને દિવસે શ્રાદ્ધ કરવું નહિ. યુદ્ધ અને પ્રાયોપવેશન (દર્ભ પાથરી ઉપર બેસી ઉપવાસ કરી મરવું) એ જો કે વિધિપ્રાપ્ત છે તો પણ તેવડે મરણ પામ્યો હોય તો તેનું શ્રાદ્ધ ચૌદશનું કરવું. શસ્ત્રાદિકવડે મરણ થયેલા અને પુત્રરહિત એવા કાકા, ભાઈ ઇત્યાદિકનું પણ એ ચૌદશને દિવસે એકોદ્દિષ્ટ શ્રાદ્ધ કરવું. એ શ્રાદ્ધ ધૂરિલોચન નામના વિશ્વેદેવાસહિત કરવું. એ શ્રાદ્ધમાં સંબંધ, ગોત્ર, નામ, ઇત્યાદિકનો ઉચ્ચાર કરી, “**अमुकनिमित्तेन मृतस्य चतुर्दशीनिमित्तमेकोद्दिष्टं श्राद्धं सदैवं सपिंडं करिष्ये,**” એવો સંકલ્પ કરી દરએક એકોદ્દિષ્ટ શ્રાદ્ધ એક અર્ઘ્ય પવિત્ર, અને એક પિંડસહિત કરવું. પિતા ઇત્યાદિક અને ભાઈ ઇત્યાદિક બે શસ્ત્રવડે મરણ થયેલા હોય તો પાક ઇત્યાદિક જુદા કરી મહાલયપ્રમાણે અથવા એકતંત્રવડે બે એકોદ્દિષ્ટ કરવાં. એ પ્રમાણે ચૌદશને દિવસે એકોદ્દિષ્ટ કરી પિતા ઇત્યાદિક સર્વે પિતૃગણનો ઉદ્દેશ કરી સકૃન્મહાલય બીજી તિથિમાં અવશ્ય કરવું. શસ્ત્રાદિકવડે મરણ થયેલાં માતા, પિતા ઇત્યાદિકનો મરણ દિવસ જો એ ચૌદશને દિવસે આવે તો ચતુર્દશીનિમિત્ત એકોદ્દિષ્ટ શ્રાદ્ધ કરી ફરી એજ દિવસે મરણ પામેલી ઇત્યાદિક ત્રયીનો ઉદ્દેશ કરી સાંવત્સરિક શ્રાદ્ધ પાર્વણવિધિવડે કરવું. એ રીતે શ્રાદ્ધસાગર ગ્રંથમાં કહ્યું છે. કૌસ્તુભાદિ ગ્રન્થમાં તો, સાંવત્સરિકના પાર્વણ વિધિવડેજ તેની સિદ્ધિ થાય છે, માટે ચૌદશનું શ્રાદ્ધ જુદું કરવું નહિ એમ કહેલું છે; અને બીજે કોઈ એક પણ દિવસે સકૃન્મહાલય કરવું. એ ચૌદશના શ્રાદ્ધને કાંઇએક વિઘ્ન આવે તો એજ પક્ષમાં, અથવા બીજા પક્ષમાં, બીજે કોઈ દિવસે તે ચૌદશનું શ્રાદ્ધ પાર્વણવિધિવડેજ કરવું, એકોદ્દિષ્ટ કરવું નહિ. એ એકોદ્દિષ્ટ શ્રાદ્ધમાં અપરાહ્ણકાલવ્યાપિની ચૌદશ લેવી, બીજાં એકોદ્દિષ્ટની તિથિ પ્રમાણે મધ્યાહ્નકાલવ્યાપિની લેવી નહિ, એ રીતે કૌસ્તુભમાં છે.

हस्तनक्षत्रेसूर्येसतिचांद्रहस्तनक्षत्रयुतामावास्यागजच्छायातस्यांश्राद्धदानादिकार्यंइत्यमायांगजच्छाया आश्विनशुक्लप्रतिपदिदौहित्रेणानुपनीतेनापिसपत्नीकमातामहस्यपार्वणंमातुलेसत्यपिअवश्यंकार्यं मातामहीसत्त्वेकेवलमातामहपार्वणं इदंजीवत्पितृकेणैवकार्यं इदंसपिंडकमपिंडकंवा अत्रपुरूरवार्द्रवसंज्ञकाविश्वेदेवाःधूरिलोचनाइतिकेचित् इयंप्रतिपदपराह्णव्यापिनीग्राह्येतिबहवः संगवव्यापिनीतिकेचित् अस्यश्राद्धस्ययावद्वृश्चिकदर्शनंगौणकालइतिकालतत्त्वविवेचने इतिमहालयादिनिर्णयोद्देशः समाप्तः ॥

હસ્ત નક્ષત્રના સૂર્ય છતાં અમાવાસ્યાને દિવસે ચદ્રનું હસ્ત નક્ષત્ર હોય તો તે અમાવાસ્યાનું ગજચ્છાયા એવું નામ છે, માટે તે દિવસે શ્રાદ્ધ, દાન ઇત્યાદિક કરવું. એ રીતે અમાવાસ્યાને દિવસે ગજચ્છાયાપર્વણી કહી. જેને જનોઈ મળી ન હોય તેવે દોહિત્રે પણ આશુ શુદ એકમને દિવસે સપત્નીક માતામહનું મહાલય શ્રાદ્ધ મામા છતાં પણ અવશ્ય કરવું. માતામહી (માની મા) હોય તો કેવળ માતામહનું પાર્વણજ કરવું. એ માતામહશ્રાદ્ધ જેનો પિતા જીવતો હોય તેણેજ કરવું.

એ પિંડસહિત અથવા પિંડરહિત કરવું. એ શ્રાદ્ધમાં 'પુરૂરવાર્દ્રવ નામના' વિશ્વેદેવા લેવા. 'ધૂરિલોચન' લેવા, એમ પણ કોઈ કહે છે. એ એકમ માતામહશ્રાદ્ધમાં અપરાહ્નવ્યાપિની લેવી, એ રીતે ઘણા ગ્રંથકારો કેહે છે. સંગવકાલવ્યાપિની લેવી, એમ પણ કોઇ એક કેહેછે. આ માતામહશ્રાદ્ધનો વૃશ્ચિક સંક્રાંતિનો પ્રવેશ થાય ત્યહાં લગી ગૌણ કાલ છે, એ રીતે કાલતત્ત્વવિવેચન ગ્રંથમાં કહ્યું છે. એ પ્રમાણે મહાલય ઇત્યાદિકનો નિર્ણય સમાપ્ત થયો.

भाद्रपदकृष्णपक्षेभौमवारव्यतीपातरोहिणीयुताषष्ठीकपिलाषष्ठी ॥ अत्रहस्तस्थे सूर्येफलातिशयः अयंयोगोदिवैवग्राह्योननुरात्रौसूर्यपर्वत्वादितिभाति अस्यांहुतंचदत्तंचसर्वंकोटिगुणं भवेत् अत्रश्राद्धंकार्यमितिविशेषवचनंनोपलभ्यते तथापिअलभ्ययोगेश्राद्धविधानाद्दर्शवत्षड्दैवतं श्राद्धंकार्यम् ॥

હવે કપિલા છઠનો નિર્ણય કહે છે.

ભાદરવાના કૃષ્ણપક્ષમાં છઠને દિવસે મંગળવાર, વ્યતીપાત, રોહિણી એ સર્વેનો યોગ આવ્યો હોય તો તે છઠને કપિલા છઠ એમ કહે છે. એ છઠને દિવસે હસ્ત નક્ષત્રના સૂર્ય હોય તો અત્યંત મહાફળ મળે છે. એ કપિલા છઠનો યોગ સૂર્યપર્વ છે માટે દિવસનોજ લેવો, રાત્રિએ લેવો નહિ એમ ભાસે છે. "એ કપિલા છઠને દિવસે હોમ, દાન ઇત્યાદિક જે કરે તે સર્વ કોટિગુણ થાય છે." એ કપિલા છઠને દિવસે શ્રાદ્ધ કરવું એ રીતે વિશેષ વચન મળતું નથી, તો પણ અલભ્ય યોગનેવિષે શ્રાદ્ધ કરવાનો વિધિ છે માટે દર્શાવ્યાપ્રમાણે ષટ્દૈવત (પિતૃત્રયી સપત્નીક અને માતામહત્રયી સપત્નીક એ રીતે) શ્રાદ્ધ કરવું.

अथात्रसंक्षेपतोव्रतविधिः ॥ सूर्योद्देशेनोपवासंसंकल्प्य देवदारूशीरकुंकुमैलामनःशिलापद्मकाष्ठतंडुलान्मधुगव्याभ्यांपेषयित्वाक्षीरालोडितेनकल्केनांगंविलिप्यस्नायात् तत्रमंत्रः आपस्त्वमसि देवेशज्योतिषांपतिरेवच पापंनाशयमेदेववाङ्मनःकायकर्मजं ततःपंचगव्येनस्नात्वापंचपल्लवैर्मार्जयित्वा मृत्तिकास्नानंकुर्यात् तर्पणादिनित्यविधिंकृत्वा वरुणंपूजयित्वा सर्वतोभद्रमध्येकलशोपरितंडुलादौ पद्मंलिखित्वातस्याष्टसुपत्रेषुपूर्वादौ सूर्यंतपनंस्वर्णरेतसंरविमादित्यंदिवाकरंप्रभाकरंसूर्यमित्यावाह्य मध्येसौवर्णरथेसूर्यमग्रेऽरुणंचावाह्यकरवीरार्कादिपुष्पैर्धूपादिभिःसंपूजयेत् दिक्पालादिदेवताःसंपूज्य द्वादशार्घ्यान्सूर्यायदद्यात् सविस्तरःपूजाविधिर्द्वादशार्घ्यमंत्राश्चकौस्तुभेज्ञेयाः सूर्याग्रे प्रभाकरनमस्तुभ्यं संसारान्मांसमुद्धर भुक्तिमुक्तिप्रदोयस्मात्तस्माच्छांतिंप्रयच्छमे नमोनमस्तेवरदऋक्सामयजुषांपते नमोऽस्तुविश्वरूपायविश्वधात्रेनमोस्तुते इतिप्रार्थ्य उदुत्यमित्यादिसौरसूक्तानिजपित्वारात्रौजागरणं कृत्वाप्रातराकृष्णेनेतिमंत्रेणार्कसमिच्चर्वाज्यतिलैःप्रतिद्रव्यमष्टोत्तरशतंहुत्वा घंटादिसर्वालंकारयुतां कपिलांगांमंत्रैःसंपूज्यविप्रायदद्यात् गोपूजामंत्राःकौस्तुभे दानमंत्रस्तु नमस्तेकपिलेदेविसर्वपापप्रणाशिनि संसारार्णवमग्नंमांगोमातस्त्रातुमर्हसि वस्त्रयुग्मच्छन्नांसघंटामित्यादिविशेषणान्युक्त्वाइमांगां तुभ्यमहंसंप्रददे इतिदत्वा सुवर्णदक्षिणांदद्यात् ततस्तस्मैविप्रायरथंसूर्यप्रतिमांचदद्यात् तत्रमंत्रः दिव्यमूर्तिर्जगच्चक्षुर्द्वादशात्मादिवाकरः कपिलासहितोदेवोमममुक्तिंप्रयच्छतु यथात्वंकपिलेपुण्यासर्वे लोकस्यपावनी प्रदत्तासहसूर्येणमममुक्तिप्रदाभवेत्यादि ततःकपिलाप्रार्थनादिविस्तारःकौस्तुभे अथवोपोषणजागरहोमादिविधिमकृत्वाषष्ठ्यामेवस्नानंरथादिपूजनंकपिलादानादिकार्यं इतिसंक्षेपतःकपिलाषष्ठीव्रतविधिः इति श्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे भाद्रपदमासकृत्यनिर्णय उद्देशः समाप्तः ॥

હવે સંક્ષેપથી કપિલા છઠના વ્રતનો વિધિ કહે છે.

સૂર્યના ઉદ્દેશવડે ઉપવાસનો સંકલ્પ કરી દેવદારૂ, વાળો, કેશર, એલચી, મણશીલ, કમલનું કાષ્ઠ અને ચોખા એટલા પદાર્થો, મધ અને ગાયના ઘીમાં વાટી દૂધમાં મેળવી તેનું સઘળા અંગમાં મર્દન કરી સ્નાન કરવું. તેનો મંત્ર—"आपस्त्वमसि देवेश, ज्योतिषां पतिरेव च ॥ पापं नाशय मे देव, वाङ्मनःकायकर्मजं," એ મંત્રવડે સ્નાન કરી પછી પંચગવ્યવડે સ્નાન કરવું. પછી પંચપલ્લવ(પીપળો, ઉંબર, પીપળી, આંબો, વડ)વડે, માર્જન કરી મૃત્તિકાસ્નાન કરવું. પછી તર્પણ ઇત્યાદિ નિત્યવિધિ કરી વરુણની પૂજા કરવી. પછી સર્વતોભદ્ર મંડળ કરી તેના મધ્યભાગમાં કલશ માંડી તે ઉપર

ચોખા ભરેલું પૂર્ણપાત્ર માંડી તે ચોખામાં આઠ પાંખડીનું કમળ બનાવી, તેમાં પૂર્વાદિ દિશાથકી ક્રમવડે સૂર્ય, તપન, સ્વર્ણરેતસ, રવિ, આદિત્ય, દિવાકર, પ્રભાકર, અને સૂર્ય એ આઠ દેવનું આવાહન કરી મધ્યભાગમાં સુવર્ણના રથમાં સૂર્યનું આવાહન કરી તેની સામે અરુણનું આવાહન કરવું; પછી કણેર, આકડો ઈત્યાદિકનાં પુષ્પવડે અને ધૂપ દીપાદિકવડે સારી રીતે પૂજા કરવી. પછી દિક્પાલ ઇત્યાદિ દેવતાઓનું પૂજન કરી બાર અર્ઘ્ય સૂર્યને દેવા. વિસ્તારસહિત પૂજાનો વિધિ અને બાર અર્ઘ્યના મંત્ર કૌસ્તુભમાં જોવા. સૂર્યની સામે હાથ જોડી પ્રાર્થના કરવાનો મંત્રઃ—"**प्रभाकर नमस्तुभ्यं संसारान्मां समुद्धर ॥ भुक्तिमुक्तिप्रदो यस्मात्, तस्माच्छांतिं प्रयच्छ मे ॥ नमो नमस्ते वरद, ऋक्सामयजुषां पते ॥ नमोस्तु विश्वरूपाय, विश्वधात्रे नमोस्तु ते,**" એ રીતે પ્રાર્થના કરી "**उदुत्यं०**" ઇત્યાદિ સૂર્યસૂક્તનો જપ કરી રાત્રિએ જાગરણ કરવું; પછી પ્રાતઃકાલે "**आकृष्णेन०**" એ મંત્રવડે આકડાનાં સમિધ, ચરૂ (ભાત), ઘી અને તિલ એ દરએક પદાર્થની એકસો આઠ (૧૦૮) આહુતિથી હોમ કરી, ઘંટાદિક સર્વ અલંકારયુક્ત કપિલા ગાયની મંત્રવડે પૂજા કરી તે બ્રાહ્મણને દેવી. ગાયની પૂજાના મંત્રો કૌસ્તુભમાં કહ્યા છે. ગાયના દાનનો મંત્રઃ—" **नमस्ते कपिले देवि, सर्वपापप्रणाशिनि ॥ संसारार्णवमग्नं मां, गोमातस्त्रातुमर्हसि**" "**वस्त्रयुगच्छन्नां सघंटां**" ઇત્યાદિક, વિશેષણ કહી, "**इमां गां तुभ्यमहं संप्रददे**" એટલું કહી ગાય દેવી, પછી સુવર્ણદક્ષિણા દેવી. ત્યાર પછી તે બ્રાહ્મણને રથ અને સૂર્યમૂર્તિનું દાન કરવું. દાનનો મંત્રઃ—"**दिव्यमूर्तिर्जगच्चक्षुर्द्वादशात्मा दिवाकरः ॥ कपिलासहितो देवो, मम मुक्तिं प्रयच्छतु ॥ यथा त्वं कपिले पुण्या, सर्वलोकस्य पावनी ॥ प्रदत्ता सह सूर्येण, मम मुक्तिप्रदा भव**" ઇત્યાદિ; ત્યાર પછી કપિલાની પ્રાર્થના કરવી, ઇત્યાદિક વિસ્તાર કૌસ્તુભમાં કહ્યો છે. અથવા ઉપવાસ, જાગરણ, હોમ ઇત્યાદિક વિધિ કર્યાવિના કપિલાછઠને દિવસેજ સ્નાન, રથાદિકનું પૂજન, કપિલા ગાયનું દાન ઇત્યાદિક કરવું. એ રીતે સંક્ષેપે કરી કપિલાષષ્ઠીવ્રતનો વિધિ સમાપ્ત થયો. ઇતિ **શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે ભાદ્રપદમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ** ॥

तुलामेषसंक्रांतिर्विषुवसंज्ञा ॥ तस्याःपूर्वाःपराश्चपंचदशपंचदशनाड्यःपुण्यकालः विशेषः प्रागुक्तएव आश्विनशुक्लप्रतिपदिदेवीनवरात्रारंभः नवरात्रशब्दःआश्विनशुक्लप्रतिपदमारभ्यमहानवमीपर्यंतंक्रियमाणकर्मनामधेयं तत्रकर्मणिपूजैवप्रधानं उपवासादिकंस्तोत्रंजपादिकंचांगं तथाचयथाकुलाचारमुपवासैकभक्तनक्तायाचितान्यतमव्रतयुक्तं यथाकुलाचारंसप्तशतीलक्ष्मीहृदयादिस्तोत्रजपसहितप्रतिपदादिनवम्यंतनवतिथ्यधिकरणकपूजाख्यंकर्मनवरात्रशब्दवाच्यं पूजाप्राधान्योक्तेरेव क्वचित्कुले जपोपवासादिनियमस्यव्यतिरेकउपलभ्यते पूजायास्तुनकापिकुलेनवरात्रकर्मण्यभावोदृश्यते यत्कुले नवरात्रमेवनानुष्ठीयतेतत्रनवरात्रपूजादेरप्यभावआस्तांनाम सचनवरात्रारंभः सूर्योदयोत्तरंत्रिमुहूर्तव्यापिन्यांप्रतिपदिकार्यः तदभावेद्विमुहूर्तव्यापिन्यामपि क्वचिन्मुहूर्तमात्रव्यापिन्यामप्युक्तः सर्वथादर्शयुक्तप्रतिपदिनकार्यइतिबहुग्रंथसंमतं मुहूर्तन्यूनव्याप्तौसूर्योदयास्पर्शेवादर्शयुतापिग्राह्या प्रथमदिनेषष्टिघटिकाप्रतिपद्द्वितीयदिनेमुहूर्तद्वयादिपरिमितावर्धतेतदापूर्णत्वात्पूर्वैवग्राह्या द्वितीयावेधनिषेधोपि एतत्पक्षद्वयेएवयोज्यः पुरुषार्थचिंतामणौतुपूर्वदिनेमुहूर्तचतुष्टयोत्तरंमुहूर्तपंचकोत्तरंवा प्रवृत्ताद्वितीयदिनेमुहूर्तद्वयादिपरिमिताप्रतिपत्तदापरस्याःक्षयगामितथानिषिद्धत्वादमायुक्तापिपूर्वैवग्राह्येत्युक्तं तत्र सूर्योदयोत्तरंदशघटीमध्येतत्रासंभवेमध्याह्नेऽभिजिन्मुहूर्तेप्रारंभःकार्योनत्वपराह्णे एवंचप्रतिपदआद्यषोडशनाडीनिषेधश्चित्रावैधृतियोगनिषेधश्चोक्तकालानुरोधेनसतिसंभवेपालनीयो नतुनिषेधानुरोधेन पूर्वाह्णःप्रारंभकालःप्रतिपत्तिथिर्वातिक्रमणीयः ॥

હવે આશુ માસમાં કરવાનાં કાર્યો કહે છે.

તુલા સંક્રાંતિ અને મેષ સંક્રાંતિ એનું વિષુવ એવું નામ છે. તે વિષુવ સંક્રાંતિની પ્રથમની ૧૫ અને પાછળની ૧૫ ઘડી પુણ્યકાલ જાણવો. એ કરતાં અધિક નિર્ણય પ્રથમ (પત્ર ૩ માં) કહેલો છેજ. આશુ શુદ એકમને દિવસે દેવીના નવરાત્રનો આરંભ કરવો. આશુ શુદ એકમથી આરંભ કરી મહાનવમી લગી કરવાનાં જે (પૂજા ઇત્યાદિક) કર્મ તેને નવરાત્ર એમ કહે છે. તે નવરાત્રનાં કર્મોમાં પૂજા એજ મુખ્ય કર્મ છે. ઉપવાસ આદિક, સ્તોત્ર, અને જપાદિક એ અંગ છે. તેમજ જેવો કુલાચાર હોય તે પ્રમાણે ઉપવાસ, એકભુક્ત, નક્ત, અયાચિત એમાંના એકાદ વ્રતસહિત અને જેવો કુલાચાર હોય તે પ્રમાણે સપ્તશતી (ચંડીપાઠ), લક્ષ્મીહૃદય ઇત્યાદિક સ્તોત્ર જપેયુક્ત એવું

એકમથકી નવમી લગી નવ દિવસ પૂજા નામનું જે કર્મ કરવું તેને, પૂજાપ્રધાન એવો શબ્દ છે માટેજ, નવરાત્ર એમ કહે છે. કેટલાંએક કુલમાં જપ, ઉપવાસ ઇત્યાદિક નિયમ મુદલ નથીજ, પરંતુ કોઈ પણ કુલમાં નવરાત્ર કર્મમાં પૂજા નથી એમ ક્યાંય પણ દેખાતું નથી. જેના કુલમાં મુદલ નવરાત્રજ કરવાનો આચાર નથી ત્યહાં પૂજા ઇત્યાદિકનો પણ અભાવ હોય તો રહો. તે નવરાત્રનો આરંભ સૂર્યોદય પછી છ ઘડીવ્યાપિની એવી એકમને દિવસે કરવો. સૂર્યોદય પછી છ ઘડી ન હોય તો ચાર ઘડીવ્યાપિનીમાં પણ કરવો. કોઈ ગ્રન્થમાં બે ઘડીવ્યાપિનીમાં પણ કરવો એમ છે, પરંતુ સર્વથા અમાવાસ્યાયુક્ત એકમને દિવસે આરંભ કરવો નહિ, એ રીતે બહુ ગ્રન્થોનો મત છે. સૂર્યોદય પછી બે ઘડી કરતાં ઓછી વ્યાપ્તિ હોય અથવા સૂર્યોદયને સ્પર્શે ન હોય તો અમાવાસ્યાયુક્ત પણ લેવી. જો પ્રથમ દિવસે સાઠ ઘડી એકમ હોય અને બીજે દિવસે ચાર ઘડી અથવા કાંઈ અધિક એવી વધતી હોય તો પૂર્ણવ્યાપ્તિ છે માટે પ્રથમ દિવસનીજ લેવી. બીજના વેધનો નિષેધ છે તે પણ એ બે પક્ષમાંજ સમજવો. પુરૂષાર્થચિંતામણીમાં તો પ્રથમ દિવસે આઠ ઘડી પછી અથવા દશ ઘડી પછી એકમ આવે અને બીજે દિવસે ચાર ઘડી ઇત્યાદિક પ્રમાણવાળી એકમ હોય ત્યારે બીજા દિવસની ક્ષયગામિની છે તે કારણથી એ નિષિદ્ધ છે માટે અમાવાસ્યાયુક્ત છે તો પણ પ્રથમ દિવસનીજ લેવી, એ રીતે કહ્યું છે. તેમાં સૂર્યોદય પછી દશ ઘડીમધ્યે પ્રારંભ કરવો. દશ ઘડીમાં ન થાય તો મધ્યાહ્ને અભિજીત્ મુહૂર્તમાં પ્રારંભ કરવો, અપરાહ્ણકાલમાં કરવો નહિ. એ પ્રમાણે એકમની પ્રથમની સોળ ઘડીનો નિષેધ, તેમજ ચિત્રા અને વૈધૃતિનો નિષેધ પ્રથમ કહેલા કાલમાં પાળી શકાય તો પાળવો. કેવળ નિષેધ કહેલો છે એટલું માની પ્રારંભનો કાલ જે પૂર્વાહ્ણકાલ, અથવા એકમ તિથિ એનું ઉલ્લંઘન કરવું નહિ.

अत्रकर्मणिब्राह्मणादिचतुर्वर्णस्यम्लेच्छादेश्चाधिकारः तत्रविप्रेणजपहोमान्नबलिनैवेद्यैःसात्त्विकीपूजा कार्या नैवेद्यैश्चनिरामिषैः मद्यंदत्वाब्राह्मणस्तुब्राह्मण्यादेवहीयते मद्यमपेयमदेयमित्यादिनिषेधान्मांस मद्यादियुतराजसपूजायांब्राह्मणस्यनाधिकारः मद्यपानेमरणांतप्रायश्चित्तोक्तेः स्पर्शेतदंगच्छेदोक्तेश्चाल्पप्रायश्चित्तेनदोषानपगमेनपातित्यापातात् इत्थमेवसर्वेप्राचीनानवीनाश्चनिबंधकारानिर्बंधेनलिखंति नवीनतराभास्कररायप्रभृतयोपि सप्तशतीटीकादौप्राचीनग्रंथाननुसृत्यैवमेवपरिस्फुर्वंति सभायांचैतन्मतमेवश्लाघंतेच आचरणंत्वन्यथाकुर्वंति तत्किंस्वयंदुर्दैववशेनब्राह्मण्यभ्रष्टोभूवमन्येप्येवंमाभूवन्निति भूतदययावास्वपातित्यगोपनायवान्येषांकलियुगस्थविप्राणामधिकाराभावालोचनयावेतिनवयं तत्त्वंजानीमः क्षत्रियवैश्ययोर्मांसादियुतजपहोमसहितराजसपूजायामप्यधिकारः सचकेवलंकाम्यएवननुनित्यः निष्कामक्षत्रियादेःसात्त्विकपूजाकरणेमोक्षादिफलातिशयः एवंशूद्रादेरपि शूद्रादेर्मंत्रहीनाजपादिरहितामांसादिद्रव्यकातामसपूजापिविहिता शूद्रेणसप्तशत्यादिजपहोमसहितासात्त्विकी पूजाब्राह्मणद्वाराकार्या स्त्रीशूद्रादेःस्वतःपौराणमंत्रपाठेपिनाधिकारः अतएवशूद्रःसुखमवाप्नुयादित्यत्र भाष्येस्त्रीशूद्रयोःश्रवणादेवफलं नतुपाठादित्युक्तं एतेनस्त्रीशूद्रयोर्गीताविष्णुसहस्रनामपाठोदोषायैवेति ज्ञेयं क्वचित्पौराणमंत्रयुक्तपूजायांस्त्रीशूद्रयोःस्वतोप्यधिकारउक्तः जपहोमादौविप्रद्वारैव म्लेच्छादीनांतुब्राह्मणद्वारापिजपहोमेसमंत्रकपूजायांचनाधिकारः किंतुतैस्तत्तदुपचाराणांदेवीमुद्दिश्यमनसोत्सर्गमात्रंकर्तव्यम् ॥

આ નવરાત્રવ્રતમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર એ ચારે વર્ણને અધિકાર છે. તેમજ મ્લેચ્છાદિકને પણ અધિકાર છે. તેમાં બ્રાહ્મણે જપ, હોમ, અન્નનું બલિ અને નૈવેદ્ય એણેકરી પૂજા કરવી. "માંસરહિત નૈવેદ્યવડે; બ્રાહ્મણ મદ્ય અર્પણ કરવાથી બ્રાહ્મણપણાથીજ ભ્રષ્ટ થાય છે; મદ્ય પીવાને તથા દેવાને અયોગ્ય છે" ઇત્યાદિ નિષેધ છે માટે માંસ, મદ્ય ઇત્યાદિવડે યુક્ત રાજસી પૂજામાં બ્રાહ્મણને અધિકાર નથી; કારણ, મદ્યપાન કરવાથી મરણપર્યંત પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું છે, અને સ્પર્શ થાય તો તે અંગ કાપવું એવાં વચન છે, અને અલ્પ પ્રાયશ્ચિત્ત કરવાથી દોષનો નાશ ન થતાં પતિતપણું પ્રાપ્ત થાય છે. એ પ્રમાણેજ સઘળા પ્રાચીન અને હાલના ગ્રંથકારો નિશ્ચયવડે લખે છે. જે અત્યંત નવીન ભાસ્કરરાય વગેરે ગ્રંથકારો તેઓ પણ સપ્તશતીની ટીકા આદિ ગ્રંથોમાં પ્રાચીન ગ્રંથોને અનુસરી એજ રીતે પ્રતિપાદન કરે છે, અને સભાવચમાં પણ એજ મત કહે છે, અને આચરણ તો બીજી રીતે કરે છે; ત્યારે, હું જેમ દુષ્ટ દૈવવડે બ્રાહ્મણપણાથી ભ્રષ્ટ થયો તેમ બીજા થાવો; મા એવી પ્રાણી ઉપરે દયા કરી, અથવા પોતાનું ભ્રષ્ટપણું ગુપ્ત કરવું એ હેતુથી,

અથવા બીજા કલિયુગના બ્રાહ્મણોને અધિકાર નથી એ વિચારવડે તેઓ એમ કરે છે, એઓમાં ખરૂં કારણ કયું, તે હમો જાણતા નથી. ક્ષત્રિયો અને વૈશ્યોને માંસાદિકયુક્ત અને જપ હોમસહિત રાજસપૂજાવિષે અધિકાર છે, તે અધિકાર પણ કેવળ કામનાથી છે, નિત્ય નથી. ક્ષત્રિયાદિકોએ નિષ્કામ સાત્વિક પૂજા કરવાથી તેમને અત્યંત મોક્ષાદિ ફળ મળે છે. એ રીતે શૂદ્રાદિકોને પણ મળે છે. શૂદ્રાદિકોને મંત્રહીન, જપાદિક રહિત, માંસાદિક દ્રવ્યસહિત તામસી પૂજા પણ કરવાની કહેલી છે. શૂદ્રે સપ્તશતી ઇત્યાદિકના પાઠ અને હોમસહિત સાત્વિકી પૂજા બ્રાહ્મણવડે કરાવવી. સ્ત્રિયો અને શૂદ્રોને પોતાને પુરાણસંબંધી મંત્રના પાઠ કરવાવિષે પણ અધિકાર નથી, માટેજ, "શૂદ્ર સુખ પામે" એ વાક્યના ભાષ્યમાં સ્ત્રિયો અને શૂદ્રોને શ્રવણવડેજ ફળ છે, પાઠવડે નહિ, એ રીતે કહેલું છે. એથી સ્ત્રી અને શૂદ્રને ગીતા અને વિષ્ણુસહસ્રનામના પાઠ કરવાથી દોષ પ્રાપ્ત થાય છે એમજ જાણવું. કેટલાએક ગ્રંથમાં સ્ત્રિયો અને શૂદ્રોને પોતેજ પુરાણસંબંધી મંત્ર બોલી પૂજા કરવી એમ કહેલું છે. જપ, હોમ કરવા તે બ્રાહ્મણવડેજ કરાવવા. મ્લેચ્છ આદિઓને તો બ્રાહ્મણદ્વારા પણ જપ, હોમ અને મંત્રયુક્ત પૂજા કરવામાં અધિકાર નથી. ત્યારે તે મ્લેચ્છોએ તે તે ઉપચાર દેવીના ઉદ્દેશવડે મને કરી સમર્પણ કરવા.

अथनवरात्रेनुकल्पाः ॥ तृतीयादिनवम्यंतंसप्तरात्रंवाकर्तव्यं पंचम्यादिपंचरात्रंवा सप्तम्यादित्रिरात्रंवा अष्टम्यादिद्विरात्रंवा एकाहपक्षेकेवलाष्टम्यांकेवलनवम्यांवा एषांपक्षाणांस्वस्वकुलाचारानुसारेणप्रतिबंधादिना पूर्वपूर्वपक्षासंभवानुसारेणवाव्यवस्था तत्रतृतीयापंचम्योर्निर्णयःप्रतिपदादिवत् सप्तम्यादिस्तुनिर्णयोवक्ष्यते नवरात्रादिपक्षेपुक्षयवृद्धिवशेनदिनाधिक्यन्यूनत्वेपूजाद्यावृत्तिःकार्या केचित्तुदिनक्षयेष्टावेवपूजाश्चंडीपाठांश्चकुर्वंति इदंदेवीपूजनात्मकंनवरात्रकर्मनित्यं अकरणेदोषश्रवणात् फलश्रवणात्काम्यंच ॥

હવે નવરાત્રીના ગૌણ પક્ષ કહે છે.

ત્રીજથકી નોમ લગી સાત રાત્રપર્યંત નવરાત્ર કરવાં. અથવા પાંચમથકી નોમ લગી પાંચ રાત્રિ નવરાત્ર કરવાં. અથવા સાતમથકી નોમ લગી ત્રણ રાત્રિ નવરાત્ર કરવાં. અથવા આઠમથકી નોમ લગી બે રાત્રિ કરવાં. એક દિવસ કરવાં હોય તો કેવળ આઠમ અથવા નોમને દિવસે કરવાં. એ સઘળા પક્ષોની વ્યવસ્થા પોતપોતાના કુલના આચાર પ્રમાણે અથવા કાંઈ એક પ્રતિબંધવડે પ્રથમ પક્ષનો સંભવ ન હોય તો જાણવી. તેમાં ત્રીજ અને પાંચમનો નિર્ણય એકમ ઇત્યાદિકની પેઠે જાણવો. સાતમ ઇત્યાદિકોનો નિર્ણય કેહેવાશે. નવ રાત્રિ આદિ જે પક્ષ કહ્યા તેઓમાં દિવસનો ક્ષય અથવા વૃદ્ધિ થવાથી ઓછા અધકા દિવસો થાય તો પૂજા ઇત્યાદિકની આવૃત્તિ કરવી. કેટલાએક મનુષ્ય તો દિનક્ષય થવાથી પૂજા અને ચંડીપાઠ આઠ આઠ કરે છે. એ દેવીપૂજનરૂપ નવરાત્ર કર્મ ન કરવાથી દોષ કહેલો છે અને કરવાથી ફળ કહેલું છે, માટે નિત્ય અને કામનિક એવા બે પ્રકારનું છે.

अत्रनवरात्रेघटस्थापनंप्रातर्मध्याह्नेप्रदोषकालेचेतित्रिकालंद्विकालमेककालंवास्वस्वकुलदेवतापूजनंसप्तशत्यादिजपोऽखंडदीपःआचारप्राप्तमालाबंधनंउपवासनक्तैकभक्तादिनियमः सुवासिनीभोजनं कुमारीभोजनपूजनादि अंतेसप्तशत्यादिस्तोत्रमंत्रहोमादीत्येतानिविहितानि एतेषांमध्येकचित्कुलेघटस्थापनादीनिद्वित्रादीन्येवानुष्ठीयंतेनसर्वाणि क्वचिद्घटस्थापनादिरहितानिकानिचित्क्वचित्सर्वाण्येवेत्येतेषांसमुच्चयविकल्पौ कुलाचारानुसारेणव्यवस्थितौज्ञेयौ कुलपरंपराप्राप्तादधिकंशक्तिसत्त्वेपिनानुष्ठेयमितिशिष्टाचारः फलकामनयाप्रार्थितमुपवासादिकंकुलाचाराभावेपिकुर्वंति इदंकलशस्थापनंरात्रौनकार्यं तत्रकलशस्थापनार्थंशुद्धमृदावेदिकांकृत्वा पंचपल्लवदूर्वाफलतांबूलकुंकुमधूपादिसंभारान्संपादयेत् ॥

એ નવરાત્રમાં ઘટસ્થાપના કરવી; પ્રાતઃકાલે, મધ્યાહ્નકાલે, અને પ્રદોષકાલે ત્રણ વખત, બે વખત, અથવા એક વખત પોતપોતાના કુલદેવતાનું પૂજન કરવું; સપ્તશતી ઇત્યાદિકનો જપ, અખંડ દીપ, પોતપોતાના આચારપ્રમાણે માળા બાંધવી; ઉપવાસ, નક્ત, એકભુક્ત ઇત્યાદિ નિયમ ધારણ કરવા; સુવાસિનીને ભોજન દેવું; કુમારીને ભોજન પૂજન ઇત્યાદિ કરવું અને છેલ્લે દિવસે સપ્તશતી ઇત્યાદિ સ્તોત્ર, તથા મંત્રવડે, હોમ ઇત્યાદિ કરવાં, એ પ્રમાણે કૃત્ય કહેલાં છે. એઓમાંથી કેટલાંએક કુલમાં ઘટસ્થાપનાદિક બે, ત્રણજ કરે છે, સઘળાં કરતાં નથી. કેટલેએક ઠેકાણે ઘટસ્થાપના-

વિના કેટલાંએક કરે છે. કેટલેએક ઠેકાણે સઘળાં કરે છે. એ પ્રમાણે એ સઘળાં કરવાં અથવા તેમાંથી કેટલાંએક કરવાં, તેની વ્યવસ્થા કુલાચારપ્રમાણે જાણવી. કુલપરંપરાવડે જે પ્રાપ્ત હોય તે કરતાં અધિક શક્તિ હોય તોપણ કરવું નહિ, એવો શિષ્ટોનો આચાર છે. ફળની ઇચ્છાથકી સંકલ્પ કરેલા ઉપવાસાદિક કુલાચાર ન હોય તો પણ કરે છે. એ કલશસ્થાપન રાત્રિએ કરવું નહીં. કલશસ્થાપનમાટે શુદ્ધ માટીવડે વેદી (ઓટલી) કરી પંચપલ્લવ, દૂર્વા, ફળ, તાંબૂલ, કુંકુમ, ધૂપ, દીપ ઇત્યાદિક સામગ્રી એકઠી કરવી.

अथसंक्षेपतोनवरात्रारंभप्रयोगः ॥ प्रतिपदिप्रातःकृताभ्यंगस्नानःकुंकुमचंदनादिकृतपुंड्रो धृतपवित्रःसपत्नीकोदशघटिकामध्येऽभिजिन्मुहूर्तेवादेशकालौसंकीर्त्य ममसहकुटुंबस्यामुकदेवताप्रीतिद्वारासर्वापच्छांतिपूर्वकदीर्घायुर्धनपुत्रादिवृद्धिशत्रुजयकीर्तिलाभप्रमुखचतुर्विधपुरुषार्थसिद्ध्यर्थमद्य प्रभृति महानवमीपर्यंतंप्रत्यहंत्रिकालमेककालंवामुकदेवतापूजामुपवासनक्तैकभक्तान्यतमनियमसहितामखंडदीपप्रज्वालनंकुमारीपूजनं चंडीसप्तशतीपाठंसुवासिन्यादिभोजनमित्यादि यावत्कुलाचारप्राप्तमनूद्यएवमादिरूपंशारदनवरात्रोत्सवाख्यंकर्मकरिष्ये देवतापूजांगत्वेनघटस्थापनंकरिष्ये तदादौ निर्विघ्नतासिद्ध्यर्थंगणपतिपूजनंपुण्याहवाचनं चंडीसप्तशतीजपाद्यर्थंब्राह्मणवरणंचकरिष्ये एतानि कृत्वा घटस्थापनसत्त्वेमहीद्यौरितिभूमिंस्पृष्ट्वातस्यांभुविअंकुरारोहणार्थं शुद्धमृदंप्रक्षिप्य ओषधयःसमितितस्यांमृदियवादीन्प्रक्षिप्य आकलशेष्वितिकुंभंनिधाय इमंमेगंगेइतिजलेनापूर्य गंधद्वारामितिगंधं याओषधीरितिसर्वाओषधीः कांडात्कांडादितिदूर्वाः अश्वत्थेवइतिपंचपल्लवान्स्योनापृथिवीतिमृदः याःफलिनीरितिफलं सहिरत्नानीतिहिरण्यरूपइतिरत्नहिरण्ये प्रक्षिप्ययुवासुवासाइतिसूत्रेणावेष्ट्य पूर्णादर्वीति पूर्णपात्रंनिधाय तत्त्वायामीतिवरुणंसंपूज्य तत्कलशोपरिकुलदेवताप्रतिमांसंस्थाप्यपूजयेत् स्वस्थानेएववासंस्थाप्यपूजयेत् तद्यथा जयंतीमंगलाकालीभद्रकालीकपालिनी दुर्गाक्षमाशिवाधात्री स्वाहास्वधानमोस्तुते आगच्छवरदेदेविदैत्यदर्पनिषूदनि पूजांगृहाणसुमुखिनमस्तेशंकरप्रिये अनेन पुरुषसूक्तश्रीसूक्तप्रथमऋग्भ्यांचावाह्य जयंतीमंगलाकालीतिमंत्रेणसूक्तऋग्भिश्चासनादिषोडशोपचारैः संपूजयेत् सर्वमंगलमांगल्येइत्यादिभिःसंप्रार्थ्य प्रत्यहंबलिदानपक्षेमाषभक्तेनकूष्मांडेनवाबलिंदद्यात् अंतेएववाबलिदानंनवाबलिदानं ततः अखंडदीपकंदेव्याःप्रीतयेनवरात्रकं उज्ज्वालयेअहोरात्रमेकचित्तोधृतव्रत इत्यखंडदीपंप्रतिष्ठापयेत् ॥

હવે સંક્ષેપથકી નવરાત્રીના આરંભનો પ્રયોગ કહે છે.

એકમને દિવસે પ્રાતઃકાલમાં તેલમર્દનપૂર્વક સ્નાન કરી કેશર, ચંદન ઇત્યાદિકવડે તિલક કરી હાથમાં દર્ભનાં પવિત્રાં ધારણ કરી સ્ત્રીસહિત, દશ ઘડીમાં અથવા અભિજીત્ મુહૂર્તસમયે દેશ કાલનો ઉચ્ચાર કરી—"मम सहकुटुंबस्यामुकदेवताप्रीतिद्वारा सर्वापच्छांतिपूर्वकदीर्घायुर्धनपुत्रादिवृद्धिशत्रुजयकीर्तिलाभप्रमुखचतुर्विधपुरुषार्थसिद्ध्यर्थं अद्यप्रभृतिमहानवमीपर्यंतं प्रत्यहं त्रिकालमेककालं वाऽमुकदेवतापूजामुपवासनक्तैकभक्तान्यतमनियमसहितामखंडदीपप्रज्वालनं कुमारीपूजनं चंडीसप्तशतीपाठं सुवासिन्यादिभोजनमित्यादि यावत्कुलाचारप्राप्तमनूद्य एवमादिरूपं शारदनवरात्रोत्सवाख्यं कर्म करिष्ये, देवतापूजांगत्वेन घटस्थापनं च करिष्ये, तदादौनिर्विघ्नतासिद्ध्यर्थं गणपतिपूजनं पुण्याहवाचनं चंडीसप्तशतीजपाद्यर्थं ब्राह्मणवरणं च करिष्ये," એ પ્રમાણે સંકલ્પ કરી ગણપતિપૂજન, પુણ્યાહવાચન, અને ચંડી સપ્તશતી પાઠમાટે બ્રાહ્મણવરણ પણ કરવાં. ઘટસ્થાપન કરવું હોય તો, "महीद्यौ०" એ મંત્રવડે પૃથ્વીને સ્પર્શ કરી તે પૃથ્વીમાં અકુર (જવારા) થવામાટે શુદ્ધ માટી પાથરીને "ओषधयःसं०" એ મંત્રવડે તે માટી ઉપરે જવ ઇત્યાદિક છાંટવા. પછી "आकलशेषु०" એ મંત્રવડે કલશ માંડી "इमं मे गंगे०" એ મંત્રવડે જળથી કલશ ભરવો. પછી "गंधद्वारां०" એ મંત્રવડે કલશમાં ચંદન નાંખવું. "याओषधीः०" એ મંત્ર બોલીને [1]સર્વૌષધી, "कांडात्कांडात्०" એ મંત્ર ભણી દૂર્વા, "अश्वत्थेव०" એ મંત્રવડે પચપલ્લવ, "स्योनापृथिवि०" એ મંત્રવડે [2]સપ્તમૃત્તિકા, याःफलिनी०" એ મંત્ર ભણી ફળ, "सहि रत्नानि०" એ મંત્રવડે [3]પચરત્ન, "हिरण्यरूप०" એ મંત્ર

---

[1] કુઠ, જટામાસી, હળદર, આંબાહળદર, વજ, મોરવેલ, શિલાજીત, ચંદન, ચપો, મોથ, એ સર્વૌષધી જાણવી. [2] ઘોડા, હાથી, રાફડો, સંગમ, દ્રહ (ધ્રો), રાજદ્વાર, ગોષ્ટ (ગાયોનુ સ્થાન) એ ઠેકાણાની માટી. [3] હીરો, માણિક, વૈડૂર્ય, પુખરાજ, નીલ, એ પંચરત્ન.

બોલી હિરણ્ય ઇત્યાદિ કલશમાં નાંખવાં. "युवासुवासः०" એ મંત્રવડે કલશને સૂત્ર વીંટવું. "पूर्णादर्वि०" એ મંત્રવડે કલશઉપર પૂર્ણપાત્ર માંડી, "तत्त्वायामि०" એ મંત્રવડે વરુણની પૂજા કરી તે કલશ ઉપર પૂર્ણપાત્ર માથે કુલદેવતાની પ્રતિમાનું સ્થાપન કરી પૂજા કરવી. અથવા દેવીના સ્થાન ઉપરજ દેવીનું સ્થાપન કરી પૂજા કરવી. તે આ પ્રમાણે,—जयंती मंगला काली, भद्रकाली कपालिनी ॥ दुर्गा क्षमा शिवा धात्री, स्वाहा स्वधा नमोऽस्तु ते ॥ आगच्छ वरदे देवि, दैत्यदर्पनिषूदनि ॥ पूजां गृहाण सुमुखि, नमस्ते शंकरप्रिये" એ મંત્રવડે તથા પુરુષસૂક્ત અને શ્રીસૂક્તની પ્રથમ ઋચાવડે આવાહન કરી "जयंती मंगला काली०" એ મત્ર ભણી તથા સૂક્તોના મંત્ર ભણી આસનાદિ સોળ ઉપચારવડે પૂજા કરવી. પછી, "सर्वमंगलमांगल्ये०" ઇત્યાદિક મંત્રવડે પ્રાર્થના કરી, દરરોજ બલિદાન કરવું હોય તો અડદસહિત ભાતનું, અથવા કોળાનું બલિદાન દેવું. અથવા છેવટે બલિ દેવું, અથવા દેવું નહિ. પછી "अखंडदीपकं देव्याः प्रीतये नवरात्रकं ॥ उज्ज्वालयेअहोरात्रमेकचित्तो धृतव्रतः" એ મંત્રવડે અખંડ દીપસ્થાપન કરવું.

अथचंडीपाठप्रकारः ॥ यजमानेनवृतोहंचंडीसप्तशतीपाठंनारायणहृदयलक्ष्मीहृदयपाठंवाकरिष्येइत्यादिसंकल्प्यआसनादिविधायआधारेअन्यहस्तलिखितंपुस्तकंस्थापयित्वा नारायणंनमस्कृत्येतिवचनात् ॐनारायणायनमः नरायनरोत्तमायनमः देव्यैसरस्वत्यैनमः व्यासायनमः इतिनमस्कृत्यप्रणवमुच्चार्यसर्वपाठांतेप्रणवंपठेत् पुस्तकवाचनेनियमाः हस्तेपुस्तकंनधारयेत् स्वयंब्राह्मणमिन्नेनचलिखितंविफलं अध्यायंप्राप्यविरमेन्नतुमध्येकदाचन कृतेविरामेमध्येतुअध्यायादिपठेत्पुनः ग्रंथार्थंबुध्यमानःस्पष्टाक्षरंनातिशीघ्रंनातिमंदंरसभावस्वरयुतंवाचयेत् त्रिवर्गफलकामेनचंडीपाठःसदैवकर्तव्यः तस्मान्ममैतन्माहात्म्यंपठितव्यंसमाहितैः श्रोतव्यंचसदाभक्त्येत्यादिवचनात् नैमित्तिकपाठोप्युक्तः शांतिकर्मणिसर्वत्रतथादुःस्वप्नदर्शने ग्रहपीडासुचोग्रासुमाहात्म्यंशृणुयान्ममेत्यादि तथा अरण्येप्रांतरेवापिदावाग्निपरिवारितः दस्युभिर्वावृतःशून्येगृहीतोवापिशत्रुभिरित्यादिसंकटान् उद्दिश्य सर्वे बाधासुचोग्रासुवेदनाभ्यर्दितोपिवा स्मरन्ममैतन्माहात्म्यंनरोमुच्येतसंकटादित्युक्तं उपसर्गोपशांत्यर्थंत्रयःपाठाःकार्याः ग्रहपीडाशांतयेपंच महाभयेसप्त शांत्यर्थंवाजपेयफलार्थंचनव राजवश्यार्थमेकादश वैरनाशार्थंद्वादश स्त्रीपुंसवश्यतार्थंचतुर्दश सौख्यायलक्ष्म्यर्थंचपंचदश पुत्रपौत्रधनधान्यार्थं षोडश राजभयनाशायसप्तदश उच्चाटनायाष्टादश वनभयेविंशतिः बंधमोचनायपंचविंशतिः दुश्चिकित्स्यरोगकुलोच्छेदायुर्नाशवैरिवृद्धिव्याधिवृद्धित्रिविधोत्पातादिमहासंकटनाशेराज्यवृद्धिश्चशतावृत्तिभिः सहस्रावर्तनैःशताश्वमेधफलंसर्वमनोरथावाप्तिर्मोक्षश्चेतिवाराहीतंत्रेउक्तं सर्वत्रकाम्यपाठे आदौसंकल्पपूर्वकंपूजनमंतेबलिदानंचकार्यं अत्राचाराद्वेदपारायणमपिकार्यं तद्विधिर्बौधायनोक्तःकौस्तुभेज्ञेयः ॥

હવે ચંડીપાઠનો વિધિ કહે છે.

બ્રાહ્મણે આચમન, પ્રાણાયામ કરી "यजमानेन वृतोऽहं चंडीसप्तशतीपाठं नारायणहृदयलक्ष्मीहृदयपाठं वा करिष्ये." ઇત્યાદિ સંકલ્પ કરી આસન આદિ વિધિ કરી બીજા પાસેથી લખાવેલું પુસ્તક આસન ઉપર સ્થાપન કરી "નારાયણને નમસ્કાર કરી" એવું વચન છે માટે "ॐ नारायणाय नमः, नराय नरोत्तमाय नमः, देव्यै सरस्वत्यै नमः, व्यासाय नमः," એ પ્રમાણે નમસ્કાર કરી ઓંકારનો ઉચ્ચાર કરી સઘળો પાઠ સંપૂર્ણ થયા પછી ઓંકારનો ઉચ્ચાર કરવો. હવે પુસ્તક વાંચવાના નિયમો કહે છે. પુસ્તક હાથમાં ધરવું નહિ. પોતે લખેલું, અથવા બ્રાહ્મણવિના બીજી જાતે લખેલું પુસ્તક નિષ્ફળ. "અધ્યાય સમાપ્ત થયા પછી વિરામ કરવો, વચમાં ક્યારે પણ વિરામ કરવો નહિ. વચમાં વિરામ કરે તો, અધ્યાય આરંભથી ફરી ભણવો." ગ્રંથના અર્થને જાણતાં છતાં સ્પષ્ટાક્ષર, અતિ ઉતાવળરહિત, અતિ વિલંબરહિત અને રસ, ભાવ, સ્વરયુક્ત પુસ્તક વાંચવું. ધર્મ, અર્થ, કામના ફળની ઇચ્છા કરનારે સર્વકાલ ચંડીપાઠ કરવો; કારણ "મનુષ્યે ચિત્ત સ્થિર કરી આ મ્હારા માહાત્મ્યનો પાઠ કરવો, અને સર્વકાલ ભક્તિવડે શ્રવણ પણ કરવું," ઇત્યાદિક વચન છે. કાંઇએક નિમિત્ત પ્રાપ્ત થયેથી પણ પાઠ કરવો. "સર્વ શાંતિકર્મમાં, તેમજ દુષ્ટ સ્વપ્ન, અને ઉગ્ર એવી ગ્રહપીડા પ્રાપ્ત થઈ હોય તો મ્હારૂં માહાત્મ્ય શ્રવણ કરવું." ઇત્યાદિ. તેમજ, "અરણ્યમાં અથવા શૂન્યસ્થળમાં દાવાનલવડે વીંટાયો હોય અથવા ચોરવડે શૂન્યસ્થળમાં ઘેરાયો હોય અથવા શત્રુઓએ અકસ્માત્

પકડ્યો હોય" ઇત્યાદિ સંકટનો ઉદ્દેશ કરી, "ઉગ્ર એવી સર્વ ગ્રહપીડામાં મ્હારૂં માહાત્મ્ય શ્રવણ કરવું. અથવા વેદનાવડે પીડાયલો મનુષ્ય મ્હારૂં આ માહાત્મ્ય સ્મરણ કરે તો સંકટથકી મુક્ત થાય," એ રીતે કહ્યું છે. અશુભ સૂચવનારા ઉપદ્રવોના નાશમાટે ત્રણ પાઠ કરવા. ગ્રહપીડાની શાંતિમાટે પાંચ. મહાભય નાશમાટે સાત. શાંતિમાટે અને વાજપેય યજ્ઞની ફળપ્રાપ્તિમાટે નવ. રાજા વશ થવામાટે અગીયાર. શત્રુના નાશમાટે બાર. સ્ત્રી પુરુષ વશ થવામાટે ચૌદ. સુખ, અને લક્ષ્મીની પ્રાપ્તિમાટે પન્નર. દીકરા પોતરા, ધન, ધાન્યની પ્રાપ્તિમાટે સોળ. રાજભય નાશમાટે સત્તર. ઉચ્ચાટનમાટે અઢાર. વનસબંધી ભયની નિવૃત્તિમાટે વીશ. બંધનથી છૂટવામાટે પચીશ. મહારોગ, કુલનો ઉચ્છેદ (નાશ), આયુષ્યનો નાશ, શત્રુવૃદ્ધિ, વ્યાધિની વૃદ્ધિ, ત્રણ તરેહના ઉત્પાત, ઇત્યાદિ મહાસંકટના નાશમાટે અને રાજ્યની વૃદ્ધિમાટે શતચંડી કરવી. એક સહસ્ર પાઠ કરવાથી સો અશ્વમેધનું ફળ, સર્વ મનોરથની પ્રાપ્તિ અને મોક્ષ એ પ્રાપ્ત થાય છે, એ રીતે વારાહીતંત્રમાં કહ્યું છે. સઘળે ઠેકાણે કામનાના પાઠમાં પ્રથમ સંકલ્પ કરી પૂજા અને છેવટે બલિદાન પણ કરવું. આ નવરાત્રકર્મમાં કુલનો આચાર હોય તો વેદપારાયણ કરવું, તે વેદપારાયણનો વિધિ બૌધાયનસૂત્રમાં કહેલો કૌસ્તુભમાંથી જાણવો.

अथकुमारीपूजा ॥ एकवर्षांतुयाकन्यापूजार्थंतांविवर्जयेत् द्विवर्षकन्यामारभ्यदशवर्षावधिकुमारीणांक्रमेण कुमारिकात्रिमूर्तिःकल्याणीरोहिणीकालीचंडिकाशांभवीदुर्गाभद्रेतिनामानि आसांकुमारीणांप्रत्येकंपूजामंत्राःफलविशेषाःलक्षणानिचान्यत्रज्ञेयानि ब्राह्मणेनब्राह्मणीत्येवंसवर्णाप्रशस्ता विजातीयापिक्वचित्कामनाविशेषेणोक्ता एकैकवृद्ध्याप्रत्यहमेकावाकुमारीपूज्या मंत्राक्षरमयींलक्ष्मींमातृणांरूपधारिणीं नवदुर्गात्मिकांसाक्षात्कन्यामावाहयाम्यहं जगत्पूज्येजगद्वंद्येसर्वशक्तिस्वरूपिणि पूजांगृहाण कौमारिजगन्मातर्नमोस्तुते इतिमंत्रेणपादक्षालनपूर्वकंवस्त्रकुंकुमगंधधूपदीपभोजनैःपूजयेदितिसंक्षेपः कुमारीपूजावद्देवीपूजाचंडीपाठश्चैकोत्तरवृद्ध्यापिविहितः भवानीसहस्रनामपाठोपिक्वचिदुक्तः अयं शारदनवरात्रोत्सवोमलमासेनिषिद्धः शुक्रास्तादौतुभवति प्रथमारंभस्तुनकार्यः शावाशौचजननाशौचयोस्तुसर्वोपिघटस्थापनादिविधिर्ब्राह्मणद्वाराकार्यः केचिदारंभोत्तरंमध्येआशौचपातेस्वयमेवारब्धंपूजादिकंकार्यमित्याहुः शिष्टास्त्वाशौचेपूजादेवतास्पर्शादेर्लोकविद्विष्टत्वादन्येनैवकारयंति अपरेतृतीयादिपंचम्यादिसप्तम्याद्यनुकल्पेननवरात्रविधीनांसत्त्वात्प्रतिपदाशौचेतृतीयाद्यनुकल्पाश्रयणंकुर्वंति सर्वथालोपप्रसक्तावेवब्राह्मणद्वाराकुर्वंति उपवासादिशारीरनियमःस्वयंकार्यः एवंरजस्वलापिउपवासादिकंस्वयंकृत्वापूजादिकमन्येनकारयेत् अत्रसमर्थकर्त्रीणांउपवासेगंधतांबूलादिग्रहणंनदोषायेत्याहुः ॥

હવે કુમારીપૂજાનો વિધિ કહે છે.

"એક વર્ષની કન્યા પૂજામાં વર્જ્ય કરવી." બે વર્ષના વયની કન્યાથકી દશ વર્ષપર્યંત કુમારીનાં ક્રમથકી નામ કહે છે.—બે વર્ષની તે કુમારી, ત્રણ વર્ષની ત્રિમૂર્તિ, ચાર વર્ષની કલ્યાણી, પાંચ વર્ષની રોહિણી, છ વર્ષની કાલી, સાત વર્ષની ચંડિકા, આઠ વર્ષની શાંભવી, નવ વર્ષની દુર્ગા, દશ વર્ષની ભદ્રા, એ પ્રમાણે નવ કન્યાનાં નવ નામ જાણવાં. એ કુમારીના જુદા જુદા પૂજામંત્રો, ફલનો વિશેષ, અને તે કુમારીઓનાં લક્ષણો એ સર્વ બીજા ગ્રન્થોમાં જોવાં. બ્રાહ્મણે બ્રાહ્મણી કુમારી પૂજવી, એ પ્રમાણે પોતપોતાના વર્ણની કુમારી ઉત્તમ જાણવી. કોઈ ગ્રન્થમાં કામનાને ભેદે બીજા વર્ણની પણ કહેલી છે. દરરોજ એક એક અધિક, અથવા દરરોજ એક કુમારી પૂજવી. કુમારીપૂજાના મંત્રોઃ—"मंत्राक्षरमयीं लक्ष्मीं, मातृणां रूपधारिणीं ॥ नवदुर्गात्मिकां साक्षात्, कन्यामावाहयाम्यहं ॥ जगत्पूज्ये जगद्वंद्ये, सर्वशक्तिस्वरूपिणि ॥ पूजां गृहाण कौमारि, जगन्मातर्नमोस्तुते" એ મંત્રવડે પાદપ્રક્ષાલનપૂર્વક વસ્ત્ર, કુંકુમ, ચંદન, ધૂપ, દીપ, અને ભોજનવડે પૂજા કરવી એ રીતે સંક્ષેપ કહ્યો. કુમારીપૂજાની પેઠે દેવીની પૂજા, ચંડીપાઠ એ પણ દરરોજ એક એક અધિક કરવાં એમ પણ કહ્યું છે. કોઈ ગ્રન્થમાં ભવાનીસહસ્રનામના પણ પાઠ કરવા એમ કહ્યું છે. આ શરત્ ઋતુસંબંધી નવરાત્રનો ઉત્સવ મલમાસમાં કરવો નહિ. ગુરૂ શુક્રના અસ્તાદિકમાં તો થાય છે. નવીનજ આરંભ હોય તો અસ્તાદિકમાં કરવો નહીં. મરણસૂતકમાં અને જનનઆશૌચમાં ઘટસ્થાપન ઇત્યાદિક સઘળો વિધિ બ્રાહ્મણદ્વારાએ કરાવવો. કોઈ ગ્રંથકાર તો, આરંભ થયા પછી વચમાં આશૌચ પ્રાપ્ત થાય તો આરંભ કરેલું પૂજાદિક કર્મ પોતેજ કરવું, એમ કહે છે. આશૌચમાં પૂજા, દેવતાઓનો સ્પર્શ ઇત્યાદિક કર-

વાથી લોકમાં નિંદા થાય છે માટે શિષ્ટજન તો બીજાપાસેથીજ કરાવે છે. બીજા કોઈ તો, ગૌણ પક્ષથી નવરાત્રનો વિધિ ત્રીજથકી, પાંચમથકી, અને સાતમથકી ઇત્યાદિક કહેલો છે તેથી એકમને દિવસે આશૌચ હોય તો ત્રીજ ઇત્યાદિક ગૌણ પક્ષનો આશ્રય કરે છે, એટલે ત્રીજ ઇત્યાદિ દિવસથકી નવરાત્રનો આરંભ કરે છે, અને સાવ લોપ થતો હોય તોજ બ્રાહ્મણદ્વારા કરાવે છે. આ નવરાત્રમાં ઉપવાસ આદિ શરીરસંબંધી નિયમો પોતે કરવા. એ રીતે રજસ્વલા સ્ત્રી હોય તેણે પણ ઉપવાસ આદિ પોતે કરી પૂજા ઇત્યાદિ બીજાપાસે કરાવવી. આ નવરાત્રમાં સૌભાગ્યવતી સ્ત્રિયોને ઉપવાસને દિવસે સુગંધી પદાર્થ, તાંબૂલ ઇત્યાદિક લેવામાં દોષ નથી, એમ કહે છે.

अथपंचम्यामुपांगललिताव्रतम् ॥ अत्रपंचमीअपराह्णव्यापिनीग्राह्या अपराह्णस्यैवतत्पूजाकालत्वोपपत्तेः दिनद्वयेकार्त्स्न्येनापराह्णव्याप्तौसाम्येनवैषम्येणवापराह्णैकदेशव्याप्तौचपूर्वैव युग्मवाक्यात्परत्रैवापराह्णव्याप्तौपरैव केचित्तुरात्रिव्यापिनींगृह्णंति पूजादिकंचरात्रावेवकुर्वंतितत्रमूलंचिंत्यं अत्रपूजादिविधिर्ग्रंथांतरेप्रसिद्धइतिनलिख्यते ॥

હવે ઉપાંગલલિતાવ્રતનો નિર્ણય કહે છે.

આશુ શુદ પાંચમને દિવસે ઉપાંગલલિતા દેવીનું વ્રત કરવું. એ વ્રતમાં પાંચમ અપરાહ્ણવ્યાપિની લેવી. કારણ, ઉપાંગલલિતાની પૂજા અપરાહ્ણકાલમાંજ કરવી, એમ કહ્યું છે. બન્ને દિવસે સંપૂર્ણ અપરાહ્ણકાલમાં વ્યાપ્તિ હોય, અથવા બન્ને દિવસે સરખી કિંવા ઓછી વધતી અપરાહ્ણમાં એકદેશવ્યાપ્તિ હોય તો, [1]યુગ્મવાક્ય છે-માટે પ્રથમ દિવસનીજ લેવી. બીજે દિવસેજ અપરાહ્ણવ્યાપ્તિ હોય તો બીજે દિવસેજ લેવી. કોઈ ગ્રન્થકાર તો રાત્રિવ્યાપિની લે છે, અને પૂજા ઇત્યાદિક રાત્રિએજ કરે છે તેમાં મૂલ વિચાર કરવો. આ ઉપાંગલલિતાવ્રતનો પૂજા ઇત્યાદિક વિધિ બીજા ગ્રન્થમાં પ્રસિદ્ધ છે, તેથી અહીં કહેતા નથી.

आश्विनशुक्लपक्षेमूलनक्षत्रेपुस्तकेषुसरस्वतीमावाह्यपूजयेत् मूलेषुस्थापनंदेव्याःपूर्वाषाढासुपूजनं उत्तरासुबलिंदद्याच्छ्रवणेनविसर्जयेदितिवचनात् अत्रपूजयेत्प्रत्यहमितिरुद्रयामलवचनात् मूलेआवाहनंतदंगभूतंपूजनंचकरिष्येइत्यादिसंकल्प्यावाहनपूजनेकार्ये पूर्वाषाढासुपूजनंकरिष्य इतिसंकल्प्यावाहनरहितपूजैवकेवलं उत्तरासुबलिदानंतदंगभूतांपूजांचकरिष्येइत्येवंतेकार्ये श्रवणेविसर्जनंकर्तुं तदंगभूतांपूजांकरिष्यइतिसंकल्प्यसंपूज्यविसर्जयेदितिक्रमः तत्रमूलस्यप्रथमेपादेसूर्यास्तात्प्राक्त्रिमुहूर्तव्यापिनिसरस्वत्यावाहनं त्रिमुहूर्तन्यूनत्वेरात्रौवाप्रथमपादसत्त्वेतस्यविशेषवचनंविनाग्राह्यत्वाभावाद्द्वितीयादिपादेपरदिनएवावाहनं एवंपूर्वाषाढादिनक्षत्रेपूजादौदिनव्याप्त्यैवग्राह्यं विसर्जनंतुश्रवणप्रथमपादेरात्रिभागगतेपिकार्यं विशेषवचनात् तच्चरात्रेःप्रथमप्रहरपर्यंतमेवेतिभाति ॥

આશુ શુદમાં મૂળ નક્ષત્રને દિવસે પુસ્તકોમાં સરસ્વતીનું આવાહન કરી પૂજા કરવી. કારણ, "મૂળમાં સરસ્વતીનું આવાહન, પૂર્વાષાઢામાં પૂજા, ઉત્તરાષાઢામાં બલિદાન, અને શ્રવણમાં વિસર્જન કરવું," એ પ્રમાણે વચન છે. એમાં "દરરોજ પૂજા કરવી" એવું રુદ્રયામલનું વચન છે માટે, મૂળ નક્ષત્રમાં, "आवाहनं तदंगभूतं पूजनं च करिष्ये," ઇત્યાદિક સંકલ્પ કરી આવાહન અને પૂજન કરવાં. પૂર્વાષાઢામાં, "पूजनं करिष्ये" એવો સંકલ્પ કરી આવાહનરહિત કેવલ પૂજાજ કરવી. ઉત્તરાષાઢા નક્ષત્રમાં, "बलिदानं तदंगभूतां पूजां च करिष्ये" એવો સકલ્પ કરી બલિદાન, અને પૂજા પણ કરવી. શ્રવણ નક્ષત્રમાં, "विसर्जनं कर्तुं तदंगभूतां पूजां करिष्ये," એવો સંકલ્પ કરી પૂજા કરવી, અને ત્યાર પછી વિસર્જન કરવું, એ પ્રમાણે ક્રમ જાણવો. સરસ્વતીનું આવાહન કરવું તે, સૂર્યાસ્તથકી પ્રથમ છ ઘડી વ્યાપતો જે મૂળનો પ્રથમ પાદ તેમાં કરવું. સૂર્યાસ્તથી પ્રથમ છ ઘડી કરતાં ઓછો મૂળનો ચરણ વ્યાપતો હોય અથવા રાત્રિએ પ્રથમ ચરણ હોય તો તે લેવામાં વિશેષ વચન નથી માટે બીજા, ત્રીજા, ઇત્યાદિક ચરણમાં બીજે દિવસેજ આવાહન કરવું. એ રીતે પૂર્વાષાઢા ઇત્યાદિક નક્ષત્રો પૂજા ઇત્યાદિકોમાં દિવસવ્યાપિ હોય તેજ લેવાં. વિસર્જન તો શ્રવણનો પ્રથમ પાદ રાત્રિમાં આવ્યો હોય તો પણ વિશેષ વચન છે માટે તેમાંજ કરવું. તે વિસર્જન રાત્રિના પ્રથમ પોહોર લગીજ કરવું એમ ભાસે છે.

---

[1] યુગ્મવાક્યનો નિર્ણય પ્રથમ પરિચ્છેદમાં તિથિનિર્ણયના પ્રસંગમાં (પત્ર ૯ માં) કહ્યો છે.

अथसप्तम्यादिदिनत्रयेपत्रिकापूजनंविहितं तत्रसप्तम्यादितिथित्रयंसूर्योदयेमुहूर्तमात्रमपिग्राह्यंतत्राधिवासनादिप्रयोगविस्तारःकौस्तुभादौज्ञेयः यत्तु सप्तमीप्रभृतित्रिरात्रंनवरात्रकर्मकुर्वंतितत्रसप्तमीसूर्योदयोत्तरंमुहूर्ताधिकव्यापिनीग्राह्या मुहूर्तन्यूनत्वेपूर्वा ॥

હવે સાતમ, આઠમ અને નોમ એ ત્રણ દિવસ [1]પત્રિકાપૂજન કરવું. પત્રિકાપૂજનમાં સાતમા આદિ ત્રણ તિથિ, સૂર્યોદયમાં બે ઘડી હોય તો પણ તે લેવી. તે પત્રિકાપૂજનમાં અધિવાસન કરવું ઇત્યાદિક પ્રયોગનો વિસ્તાર કૌસ્તુભાદિક ગ્રંથમાં જોવો. સાતમથકી ત્રણ રાત્રિ લગી જે નવરાત્રકર્મ કરે છે તેમાં સાતમ, સૂર્યોદય પછી બે ઘડી કરતાં અધિકવ્યાપિની હોય તે લેવી. સૂર્યોદય પછી બે ઘડી કરતાં ઓછી હોય તો પ્રથમ દિવસનીજ લેવી.

अथमहाष्टमीघटिकामात्राप्यौदयिकीनवमीयुताग्राह्या ॥ सप्तमीस्वल्पयुतासर्वथात्याज्या यदातुपूर्वत्रसप्तमीयुतापरत्रोदयेनास्तिघटिकान्यूनावावर्ततेतदापूर्वासप्तमीविद्धापिग्राह्या इयंभौमवारेऽतिप्रशस्ता यदाचपूर्वेदिनेषष्टिघटिकाष्टमीपरदिनेमुहूर्तादिव्यापिनीतदानवमीयुतामप्युत्तरांत्यक्त्वासंपूर्णत्वात्पूर्वैवग्राह्या एवंनवम्याःक्षयवशेनदशमीदिनेसूर्योदयोत्तरमनुवृत्त्यभावेऽष्टमींनवमीयुतामौदयिकीमपित्यक्त्वासप्तमीयुतैवाष्टमीग्राह्या अष्टम्यांपुत्रवतोपवासोनकार्यः कुलाचारप्राप्तौकिंचिद्भक्ष्यंप्रकल्प्यकार्यः महानवमीतुबलिदानव्यतिरिक्तविषयेपूजोपोषणादावष्टमीविद्धाग्राह्या साचयदिअष्टमीदिनेसायंत्रिमुहूर्तास्यात्तदैवग्राह्या त्रिमुहूर्तन्यूनत्वेपरैवग्राह्या नवमीप्रयुक्तमहाबलिदानेतुदशमीविद्धा यदाशुद्धाधिकानवमीतदाबलिदानमपिपूर्णत्वात्पूर्वत्रैवकार्यं अष्टमीनवम्योःसंधौपूजोक्ता साष्टमीनवम्योःपृथक्त्वेदिवारात्रौवाष्टम्यंतनाडीनवम्याद्यनाड्योःकार्या यदितु अष्टमीनवम्योर्मध्याह्नेऽपराह्णेवायोगस्तदाष्टमीनवमीपूजयोरप्येकदिनेएवप्राप्तेरष्टमीनवमीपूजांतत्संधिपूजांच तंत्रेणकरिष्ये इतिसंकल्प्यतंत्रेणपूजाकार्या यदिशुद्धाधिकाष्टमीतदापूर्वेद्युरष्टमीपूजापरेद्युःसंधिपूजानवमीपूजयोस्तंत्रं अत्रनवरात्रेस्वयंपूजादिकंकर्तुमशक्तावन्येनकारयेत् षोडशोपचारपूजाविस्तारंकर्तुमशक्तोगंधादिपंचोपचारपूजांकुर्यात् नवम्यांपूजांविधायहोमःकार्यः केचिदष्टम्यामेवहोमइत्याहुः अन्येतु अष्टम्यामुपक्रम्यनवम्यांहोमःसमापनीयः सच्चारणोदयमारभ्यसायंकालपर्यंतमष्टमीनवम्योःसंधौसंभवति निशायांतत्संधौतुरात्रौहोमादेरयोग्यत्वान्नवम्यामेवहोमोपक्रमसमाप्तीकार्येइत्याहुः अत्रयथाकुलाचारंव्यवस्था सचहोमोनवार्णमंत्रेणकार्यः अथवाजयंतीमंगलाकालीतिश्लोकेन अथवानमोदेव्यैमहादेव्यैइतिश्लोकेन अथवासप्तशतीश्लोकैः अथवासप्तशतीस्तोत्रस्थसप्तशतमंत्रैः कवचार्गलाकीलकरहस्यत्रयश्लोकसहितैर्होमः सप्तशतमंत्रविभागोन्यत्रज्ञेयः अत्रापिविकल्पेषुयथाकुलाचारंव्यवस्था होमद्रव्यंसर्पिर्मिश्रितंशुक्लतिलमिश्रंचपायसंकेवलतिलैर्वाहोमः क्वचित्किंशुकपुष्पदूर्वासर्षपलाजपूगयवश्रीफलरक्तचंदनखंडनानाविधफलानामपिपायसेमिश्रणंकार्यमित्युक्तं होमश्चजपदशांशेनकार्यः कुलाचारप्राप्तश्चेन्नृसिंहभैरवादिदैवत्यमंत्रहोमोपिकार्यः अत्रसविस्तरःसग्रहमखोहोमप्रयोगःकौस्तुभेज्ञेयः ॥

હવે મહાષ્ટમીનો નિર્ણય કહે છે.

આશુ શુદ આઠમ મહાષ્ટમી. એ આઠમ સૂર્યોદય પછી એક ઘડી હોય તો પણ નોમયુક્ત લેવી. અત્યત થોડી એવી સાતમયુક્ત હોય તો સર્વથા ન લેવી. જ્યારે પૂર્વ દિવસે સાતમયુક્ત હોય અને બીજે દિવસે સૂર્યોદયસમયે સર્વથા ન હોય અથવા એક ઘડી કરતાં ઓછી હોય ત્યારે પ્રથમ દિવસની, સપ્તમીવડે વિદ્ધા હોય તો પણ તે લેવી. એ આઠમ મંગળવારની હોય તો અતિ ઉત્તમ. જ્યારે પ્રથમ દિવસે સાઠ ઘડી આઠમ હોય અને બીજે દિવસે બે ઘડી ઇત્યાદિક શેષ આઠમ હોય ત્યારે નોમયુક્ત છે તો પણ તે છોડી સંપૂર્ણ તિથિ છે માટે પ્રથમનીજ લેવી. એ રીતે નોમનો ક્ષય થઈ દશમને દિવસે સૂર્યોદય પછી અલ્પ પણ નોમ ન હોય તો નવમીયુક્ત એવી સૂર્યોદયવ્યાપિની આઠમી છોડી સાતમયુક્ત હોય તેજ આઠમ લેવી. પુત્રવાન્ ગૃહસ્થે આઠમને દિવસે ઉપવાસ કરવો નહિ. ઉપવાસ કરવાનો કુલાચાર હોય તો કાંઈ ફળાહારાદિક કરી ઉપવાસ કરવો. મહાનવમી તો બલિદાનવિના બાકીનાં પૂજા, ઉપવાસ ઇત્યાદિ કૃત્યોમાં આઠમવડે વિદ્ધા હોય તે લેવી. જો તે નોમ,

---

[1] કેળ, બોરીંગણી, હલદર, રાઈ, બીલિ, દાડિમ, આશુપાલવ, કાળી પાડ અને હાથમારિ એ નવ વનસ્પતિનાં પાનમાં બાનું અધિવાસન કરી સાતમથકી ત્રણ દિવસ તે પાદડાંની પૂજા કરવી.

આઠમને દિવસે સાયંકાલે ૭ ઘડી હોય તો તે દિવસનીજ લેવી. ૭ ઘડી કરતાં ઓછી હોય તો બીજા દિવસનીજ લેવી. નોમને દિવસે કરવાનું જે મહાબલિદાન તેમાં નોમ, દશમવડે વિદ્ધા હોય તે લેવી. જ્યારે શુદ્ધાધિકા નોમ હોય ત્યારે સંપૂર્ણ તિથિ છે માટે બલિદાનસુદ્ધાં પ્રથમ દિવસેજ કરવાં. આઠમ અને નોમની સંધીમાં પૂજા કરવી એમ કહ્યું છે. આઠમ અને નોમ એ બન્ને જુદી જુદી હોય તો, દિવસે અથવા રાત્રિએ આઠમની છેલી એક ઘડી અને નોમની પ્રથમની એક ઘડી એ બે ઘડીમાં પૂજા કરવી. જ્યારે આઠમ અને નોમનો યોગ મધ્યાહ્નકાલમાં અથવા અપરાહ્નકાલમાં હોય ત્યારે આઠમની પૂજા અને નોમની પૂજા એ બન્ને પણ એકજ દિવસે પ્રાપ્ત થાય છે. માટે, "अष्टमीनवमीपूजां तत्संधिपूजां च तंत्रेण करिष्ये," એવો સંકલ્પ કરી તંત્રે કરી પૂજા કરવી. જ્યારે શુદ્ધાધિક આઠમ હોય ત્યારે પ્રથમ દિવસે આઠમસંબંધી પૂજા અને બીજે દિવસે સંધિપૂજા તથા નોમસંબંધી પૂજા એ બન્ને એકતંત્રવડે કરવી. આ નવરાત્રમાં પોતે પૂજા કરવાને અશક્ત હોય તો બીજાપાસે પૂજા કરાવવી. સોળ ઉપચારસહિત વિસ્તારવાળી પૂજા કરવાને અશક્ત હોય તો ગંધાદિક પંચોપચારવડે પૂજા કરવી. નોમને દિવસે પૂજા કરી હોમ કરવો. કોઈ ગ્રંથકાર, આઠમને દિવસેજ હોમ કરવો એમ કહે છે. બીજા કોઈ ગ્રંથકારો તો, આઠમમાં હોમનો આરંભ કરી નોમમાં હોમ સમાપ્ત કરવો, તે હોમ અરુણોદયથકી આરંભ કરી સાયંકાલ લગી આઠમ અને નોમનો સંધિ હોય તેમાં થાયછે. આઠમ અને નોમનો સંધિ રાત્રિમધ્યે હોય તો, રાત્રિએ હોમાદિક કરવો અયોગ્ય છે, માટે નોમને દિવસેજ હોમનો આરંભ અને સમાપ્તિ કરવાં, એમ કહે છે. અહીં જેમનો જેવો કુલાચાર હોય તે પ્રમાણે વ્યવસ્થા જાણવી. તે હોમ નવાર્ણ મંત્રવડે કરવો. અથવા, "जयंती मंगला काली०" એ શ્લોકવડે કરવો. અથવા, "नमो देव्यै महादेव्यै०" એ શ્લોકવડે કરવો. અથવા સપ્તશતીના શ્લોકવડે, અથવા કવચ, અર્ગલા, કીલક અને ત્રણ હરસ્યના શ્લોકસહિત સપ્તશતી સ્તોત્રના સાતસો મંત્રવડે કરવો. સાતસો મંત્રના વિભાગ (કયહાંથકી કેટલા મંત્ર તે) બીજા ગ્રંથોમાં જોવા. એ રીતે અનેક પ્રકારના હોમમાં કુલાચારપ્રમાણે વ્યવસ્થા જાણવી. હોમનાં દ્રવ્ય—ઘીસહિત અને સફેદ તિલસહિત દૂધપાક લેવો. અથવા કેવળ તિલવડેજ હોમ કરવો. કોઈ એક ગ્રંથમાં, કેસુડાંનાં ફૂલ, દૂર્વા, સર્ષવ, સાળ, સોપારી, યવ, નારિયલ, રતાંજલીના કટકા, અને તરેહતરેહનાં ફળ, એ પદાર્થો દૂધપાકમાં મેળવવા, એમ કહ્યુ છે. જપનો દશાંશ હોમ કરવો. કુલાચાર હોય તો નૃસિંહ, ભૈરવ ઇત્યાદિ દેવતાના મંત્રવડે પણ હોમ કરવો. આ વિષે ગ્રહશાંતિસહિત વિસ્તારપૂર્વક હોમનો પ્રયોગ કૌસ્તુભ ગ્રન્થમાં જોવો.

अथवलिदानम् ॥ ब्राह्मणेनमाषादिमिश्रान्नेनकूष्मांडेनवाकार्यं यद्वाघृतमयंयवपिष्टादिमयंवासिंहव्याघ्रनरमेषादिकंकृत्वाखड्गेनघातयेत् ब्राह्मणेनपशुमांसमद्यादिवलिदानेब्राह्मण्यभ्रष्टता सकामेनक्षत्रियादिनासिंहव्याघ्रनरमहिषच्छागसूकरमृगपक्षिमत्स्यनकुलगोधादिप्राणिस्वगात्ररुधिरादिमयोवलिर्देयः कृष्णसारमृगःक्षत्रियादिभिरपिनदेयः अत्रवलिदानमंत्रादिप्रकारःसिंधौज्ञेयः अत्रशतचंडीसहस्रचंडीप्रयोगःकौस्तुभादौज्ञेयः   द्विविधाशौचेपिनवम्यांहोमंघटादिदेवतोत्थापनंचब्राह्मणद्वाराकारयित्वा स्वयंपारणंकृत्वाशौचांतेब्राह्मणभोजनंदक्षिणादिदानंचकार्यं   एवंरजस्वलापिपारणाकालेपारणंकृत्वाशुद्धौदानादिकंकुर्यात् विधवायास्तुरजोदोषेभोजननिषेधात्पारणापिशुद्ध्युत्तरमेव   एवंव्रतांतरेप्यूह्यं प्रतिपदादियावदष्टमीलोहाभिसारिकंकर्मराज्ञांविहितं   तत्रछत्रचामरादिराजचिह्नानांगजाश्वादीनांचापादिशस्त्राणांदुंदुभ्यादीनांचपूजाहोमादिकंकार्यं   येहयान्पालयंतितेराजभिन्नाअपिस्वातीयुतामाश्विनप्रतिपदंद्वितीयांवारभ्यनवमीपर्यंतंवाजिनीराजनाख्यंकर्मकुर्युः   तत्रोच्चैःश्रवःपूजारेवतपूजाचप्रतिमायांकार्या प्रत्यक्षंअश्वपूजानीराजनंचकार्यं कर्मद्वयेपितत्पूजामंत्राहोमादिमंत्राःसविस्तरप्रयोगश्चकौस्तुभे इदानीमश्ववंतःप्राकृतजनास्तुविजयादशम्यामश्वान् तोयेवगाह्यपुष्पमालाभिर्विभूष्याश्वशालायांप्रवेशयंति तत्र गंधर्वकुलजातस्त्वंमाभूयाःकुलदूषकः ब्रह्मणःसत्यवाक्येनसोमस्यवरुणस्यच   प्रभावाच्चहुताशस्यवर्धयत्वंतुरंगमान् रिपून्विजित्यसमरेसहभर्त्रासुखीभवेतिमंत्रेणकेवलाश्वपूजापिकर्तुमुचिता ॥

હવે બલિદાન કહે છે.

બ્રાહ્મણે બલિદાન કરવું તે અડદ ઇત્યાદિ સહિત અન્નવડે કરવું, અથવા કોળાવડે કરવું. કિંવા ઘીવડે અથવા યવના લોટ આદિવડે સિંહ, વ્યાઘ્ર, મનુષ્ય, મેષ (રિઢ), બનાવી તેને તરવારવતી મારવાં. બ્રાહ્મણ પશૂના માંસનું અથવા મદિરા આદિકનું બલિદાન કરે તો બ્રાહ્મણપણાથી ભ્રષ્ટ થાય

છે. સકામ ક્ષત્રિયાદિકોએ સિંહ, વ્યાઘ્ર (ચિતરો), મનુષ્ય, પાડો, બકરા, સૂવર, હરિણ, પક્ષી, માછલાં, નોળિયાં, ગોધા (ઘો) ઇત્યાદિક પ્રાણિનું અને પોતાના શરીરમાંનું રૂધિર ઇત્યાદિક બલિદાન દેવું, કાળા હરિણનું બલિ ક્ષત્રિયાદિકોએ પણ ન દેવું. અહીં બલિદાનના મંત્રાદિકનો પ્રકાર નિર્ણયસિંધુમાં કહ્યોછે તે જોવો. એ નવરાત્રમાં શતચંડી, સહસ્રચંડી, એનો પ્રયોગ કૌસ્તુભ ઇત્યાદિ ગ્રંથમાં જોવો. જનનાશૌચ અથવા મૃતાશૌચ હોય તોપણ નોમને દિવસે હોમ, અને ઘટ ઇત્યાદિ દેવતાઓનું ઉત્થાપન પણ બ્રાહ્મણદ્વારા કરાવી પોતે પારણા કરી આશૌચ ગયા પછી બ્રાહ્મણભોજન, દક્ષિણા ઇત્યાદિક કરવાં. એ રીતે રજસ્વલાએ પણ પારણાને સમયે પારણા કરી શુદ્ધિ થવા પછી દાન આદિક કરવાં. વિધવાઓ તો, રજોદોષવખતે ભોજન કરવું નહિ, એવો નિષેધ છે માટે પારણા પણ શુદ્ધિ થયા પછીજ કરવી. એ રીતે બીજાં વ્રતોવિષે પણ જાણવું. રાજાએ એકમથકી આઠમ લગી લોહાભિસારિક કર્મ કરવું. તેમાં છત્ર, ચમર આદિ રાજચિહ્ન, હાથી, ઘોડા ઇત્યાદિક પશૂ; ધનુષ આદિક શસ્ત્ર; તથા દુંદુભી (નગારાં) આદિ વાજીત્ર; ઇત્યાદિકની પૂજા અને હોમાદિક કરવાં. જેઓ ઘોડા પાળતા હોય તેઓ રાજા ન હોય તો પણ તેમણે સ્વાતી નક્ષત્રસહિત એકમને દિવસે અથવા બીજને દિવસે આરંભ કરી નોમ લગી વાજીનીરાજન કર્મ (ઘોડાની પૂજા કરી આરતી કરવી તે) કરવું. તેમાં ઉચ્ચૈઃશ્રવાની પૂજા અને રેવતપૂજા પ્રતિમામાં કરવી. ઘોડાની પ્રત્યક્ષ પૂજા અને આરતી કરવી. આ બન્ને કર્મમાં તેમની પૂજાના મંત્ર અને હોમાદિકના મંત્ર અને એમનો વિસ્તારપૂર્વક સઘળો પ્રયોગ કૌસ્તુભમાં કહ્યો છે. હાલ વખતમાં ઘોડા પાળનારા પ્રાકૃત મનુષ્યો તો વિજયાદશમીને દિવસે ઘોડાને નવરાવી ફૂલની માળા ઇત્યાદિકવડે શોભાવી ઘોડારમાં લાવે છે, તેમાં "गंधर्वकुलजातस्त्वं, मा भूयाः कुलदूषकः ॥ ब्रह्मणः सत्यवाक्येन, सोमस्य वरुणस्य च ॥ प्रभावाच्च हुताशस्य, वर्धय त्वं तुरंगमान् ॥ रिपून् विजित्य समरे, सह भर्त्रा सुखी भव," એ મંત્રવડે કેવળ ઘોડાની પૂજા કરવી, એ પણ યોગ્ય છે.

अथपारणाविसर्जनयोःकालः ॥ तत्रविसर्जनंदशम्यांकार्यं दिनद्वयेदशमीसत्त्वेपूर्वेदशम्यां श्रवणांत्यपादयोगेतत्रैवविसर्जनं तत्रतद्योगाभावेतुपरदशम्यामेव परत्रदशम्यभावेपूर्वेनवम्यांनक्षत्रयोगेसत्यसतिवाकार्यं नक्षत्रयोगानुरोधेनक्रियमाणंविसर्जनमपराह्णेपिभवति अन्यथाप्रातरेव तत्रमृदादिप्रतिमायाविसर्जनपूर्वकंजलादौत्यागः परंपरयापूजितायाधातुप्रतिमायास्तुघटादिस्थानादुत्तिष्ठेत्यादिमंत्रेणोत्थापनमात्रंकार्यं नतुविसर्जनं यद्दिनेविसर्जनंतत्रैवनियमत्यागस्यौचित्यात् विसर्जनोत्तरंतद्दिनेएव पारणंकार्यं अन्येतुसत्यपिदशम्यांविसर्जनविधौनवम्यामेवपारणंकार्यं नवम्यांपारणंकुर्याद्दशम्यामभिषेकंचकृत्वामूर्तिंविसर्जयेदित्यादिवचनादित्याहुः अत्रेयंव्यवस्था प्रथमदिनेस्वल्पाष्टम्यायुक्तानवमीद्वितीयदिनेपारणपर्याप्तनवम्यायुक्तादशमीतत्परदिनेश्रवणयुक्ताविसर्जनार्हादशमी तत्राष्टमीनवम्युपवासयोःप्रथमदिनेसिद्धत्वादवशिष्टनवम्यांपारणमवशिष्टदशम्यांविसर्जनं यदातुअवशिष्टनवमीदिनेएवदशमीश्रवणयुक्ताविसर्जनार्हातदाविसर्जनोत्तरंपारणं यदापूर्वदिनेषष्टिदंडाष्टमीपरदिनेष्टमीशेषयुतानवमी तत्परदिनेनवमीशेषयुतादशमीतदा नवम्यायुक्तदशम्यामेवविसर्जनोत्तरंपारणा अथनवमीषष्टिदंडाद्वितीयदिनेनवमीशेषयुक्तादशमीतत्रापिनवम्यायुक्तदशम्यामेवविसर्जनपारणे यदातु अष्टमीनवमीदशम्यस्तिस्रोपितिथयःसूर्योदयमारभ्यास्तमयपर्यंतमखंडास्तत्तत्कृत्यपर्याप्तास्तदा दाक्षिणात्यानांनवम्यामेवपारणाचारान्नवम्यामेवपारणविसर्जने येषांदशम्यामेवाचारस्तेषांतदुभयंदशम्यामेव ॥

હવે પારણાં અને દેવતાનાં વિસર્જનનો કાલ કહે છે.

દેવતાનું વિસર્જન દશમને દિવસે કરવું. જો બન્ને દિવસે દશમ હોય તો પ્રથમ દિવસની દશમને દિવસે શ્રવણના છેલ્લા પાદનો યોગ હોય તો તે સમયેજ કરવું. પ્રથમ દિવસે દશમમાં શ્રવણના છેલ્લા પાદનો યોગ ન હોય તો બીજા દિવસની દશમમાં કરવું. બીજે દિવસે દશમ ન હોય તો પ્રથમ દિવસની દશમમાં શ્રવણનો યોગ હોય અથવા ન હોય તો પણ કરવું. નક્ષત્રયોગને અનુસારે કરવાનું જે વિસર્જન તે અપરાહ્ણકાલમાં પણ થાય છે. નક્ષત્રયોગને અનુસારે કરવું ન હોય તો પ્રાતઃકાલેજ કરવું. તેમાં માટી ઇત્યાદિકની પ્રતિમા હોય તો તેનું વિસર્જન કરી જલ ઇત્યાદિકમાં તે નાખવી. પરંપરાએ પૂજેલી ધાતુની મૂર્ત્તિનું કલશ આદિક સ્થાનક થકી "उत्तिष्ठ०" ઇત્યાદિક મંત્રવડે ઉત્થાપન માત્ર કરવું, વિસર્જન કરવું નહિ. જે દિવસે દેવતાનું વિસર્જન થાય તેજ દિવસે, પ્રથમ ગ્રહણ કરેલા નિયમો છોડવા એ યોગ્ય છે, માટે વિસર્જન થયા પછી તેજ દિવસે પારણા કરવી.

બીજા ગ્રંથકારો તો, દશમને દિવસે વિસર્જનનો વિધિ યોગ્ય છે તો પણ નોમને દિવસેજ પારણા કરવી; કારણ, "નોમમાં પારણા કરવી, દશમમાં અભિષેક કરી મૂર્તિનું વિસર્જન કરવું." ઇત્યાદિક વચન છે, એમ કહે છે. એ બાબતમાં એવી વ્યવસ્થા:-પ્રથમ દિવસે થોડી આઠમવડે યુક્ત નોમ, બીજે દિવસે પારણા થાય એટલી નોમસહિત દશમ, અને ત્રીજે દિવસે શ્રવણ નક્ષત્રયુક્ત એવી વિસર્જનને યોગ્ય દશમ હોય ત્યહાં આઠમ અને નોમ બન્નેના ઉપવાસ પ્રથમ દિવસે થયા માટે બીજે દિવસે બાકી રહેલી નોમમાં પારણા કરી બાકી રહેલી દશમમાં (ત્રીજે દિવસે) વિસર્જન કરવું. જ્યારે શેષ રહેલી નોમને દિવસેજ શ્રવણયુક્ત વિસર્જનયોગ્ય એવી દશમ હોય ત્યારે વિસર્જન કીધા પછી પારણા કરવી. જ્યારે પ્રથમ દિવસે સાઠ ઘડી આઠમ, બીજે દિવસે શેષ આઠમયુક્ત નોમ, અને ત્રીજે દિવસે નોમના શેષયુક્ત દશમ હોય ત્યારે નોમયુક્ત દશમને દિવસેજ વિસર્જન કીધા પછી પારણા કરવી. જ્યારે પ્રથમ દિવસે સાઠ ઘડી નોમ, બીજે દિવસે નોમના શેષસહિત દશમ હોય ત્યારે પણ નોમયુક્ત દશમમાંજ વિસર્જન અને પારણા કરવી. જ્યારે આઠમ, નોમ, અને દશમ એ ત્રણે તિથિ સૂર્યોદયથકી અસ્તલગી અખંડ રહી તે તે કર્મમાટે પૂરી હોય ત્યારે દક્ષિણ દેશના લોકોનો આચાર, નોમને દિવસેજ પારણા કરવાનો છે માટે નોમને દિવસેજ પારણા અને વિસર્જન કરવાં. દશમમાંજ પારણા કરવાનો જેનો આચાર હોય તેણે પારણા અને વિસર્જન એ બન્ને દશમમાંજ કરવાં.

अथविजयादशमी ॥ सा परदिनेएवापराह्णव्याप्तौपरा दिनद्वयेऽपराह्णव्याप्तौ दिनद्वयेपि श्रवणयोगेसत्यसतिवापूर्वा एवंदिनद्वयेऽपराह्णव्याप्त्यभावेपि श्रवणयोगसत्त्वासत्त्वयोःपूर्वैव दिनद्वयेपराह्णव्याप्त्यव्याप्त्योरेकतरदिनेश्रवणयोगे यद्दिनेश्रवणयोगःसैवग्राह्या एवमपराह्णैकदेशव्याप्तावूह्यं यदापूर्वदिनेएवापराह्णव्याप्तापरदिनेचश्रवणयोगाभावःतदापिपूर्वैव यदातुपूर्वदिनेएवापराह्णव्यापिनीपरदिनेच मुहूर्तत्रयादिव्यापिनीअपराह्णात्पूर्वमेवसमाप्ता परत्रैवश्रवणयोगवतीतदापरैव अपराह्णेदशम्यभावेपि यांतिथिंसमनुप्राप्यउदयंयातिभास्कर इत्यादिसाकल्यवचनैः श्रवणयुक्तायाग्राह्यायाऔदयिकस्वल्पदशम्याःकर्मकालेसत्त्वापादनात् सिंधौतुइदंपरदिनेऽपराह्णकालेश्रवणसत्त्वेएव श्रवणस्याप्यपराह्णात्पूर्वमेवसमाप्तौतुपूर्वैवेत्युक्तं युक्तंचैतत् यदापरदिनेएवापराह्णव्याप्तिःपूर्वदिनेएवापराह्णात्परत्रसायाह्नादौश्रवणयोगस्तदातुपरैवग्राह्येतिममप्रतिभाति अत्रापराजितापूजनंसीमोल्लंघनंशमीपूजनंदेशांतरयात्रार्थिनांप्रस्थानंचविहितं तत्पूजाप्रकारस्तु अपराह्णेग्रामादीशान्यांदिशिगत्वाशुचिदेशेभुवमुपलिप्यचंदनादिनाष्टदलमालिख्य ममसकुटुंबस्यक्षेमसिद्ध्यर्थंअपराजितापूजनंकरिष्येइतिसंकल्प्य मध्येअपराजितायैनमइत्यपराजितामावाह्यतद्दक्षिणेक्रियाशक्त्यैनमइतिजयांवामतःउमायैनमइतिविजयांचावाह्य अपराजितायैनमः जयायैनमःविजयायैनमःइतिनाममंत्रैःषोडशोपचारपूजांकृत्वाप्रार्थयेत् इमांपूजांमयादेवियथाशक्तिनिवेदितां रक्षार्थंतुसमादायव्रजस्वस्थानमुत्तममिति अथराज्ञःसंकल्पेयात्रायांविजयसिद्ध्यर्थमिति विशेषः पूजानमस्कारांते हारेणतुविचित्रेणभास्वत्कनकमेखला अपराजिताभद्ररताकरोतुविजयंममेत्यादिमंत्रैर्विजयंप्रार्थ्य पूर्ववद्विसृजेदितिसंक्षेपः ततःसर्वेजनाःग्रामाद्बहिरीशानदिगवस्थितांशमींगत्वा पूजयेयुः सीमोल्लंघनंतुशमीपूजनात्पूर्वंपश्चाद्वाकार्यं राजातु अश्वमारुह्यसहपुरोहितःसामात्यःशमीमूलेगत्वावाहनादवरुह्यस्वस्तिवाचनपूर्वकंशमींसंपूज्यकार्योद्देशानमात्यैःसहसंवदन्प्रदक्षिणांकुर्यात् पूजाप्रकारस्तु ममदुष्कृतामंगलादिनिरासार्थंक्षेमार्थंयात्रायांविजयार्थंचशमीपूजांकरिष्येशम्यलाभेअश्मंतकवृक्षपूजांकरिष्येइतिसंकल्पः राजातुशमीमूलेदिक्पालपूजांवास्तुदेवतापूजांचकुर्यात् अमंगलानांशमनींशमनींदुष्कृतस्यच दुःस्वप्रणाशिनींधन्यांप्रपद्येहंशमींशुभामितिपूजामंत्रः पूजांते शमीशमयतेपापंशमीलोहितकंटका धरित्र्यर्जुनबाणानांरामस्यप्रियवादिनी करिष्यमाणयात्रायांयथाकालंसुखंमया तत्रनिर्विघ्नकर्त्रीत्वंभवश्रीरामपूजिते इतिप्रार्थयेत् अश्मंतकपूजने अश्मंतकमहावृक्षमहादोषनिवारण इष्टानांदर्शनंदेहिशत्रूणांचविनाशनमितिप्रार्थयेत् राजाशत्रोर्मूर्तिंकृत्वाशस्त्रेणविध्येत् प्राकृताःशमीशाखाश्छित्वा आनयंतितन्निर्मलं गृहीत्वासाक्षतामार्द्रांशमीमूलगतांमृदं गीतवादित्रनिर्घोषैरानयेत्स्वगृहंप्रति ततो

तिथ्र्योक्तैरन्यान्यपिकर्माणिमासविशेषनिरपेक्षाण्यत्रचंद्राद्यानुकूल्याभावेप्यनुष्टेयानि मासविशेषविहितानितुचूडाकर्मविष्ण्वादिदेवताप्रतिष्ठादीनिनकुर्यात् राज्ञांपट्टाभिषेकेनवमीविद्धादशमीविद्धादशमी श्रवणयुतापिनग्राह्याकिंत्वौदयिक्येवग्राह्या ॥

હવે વિજયાદશમીનો નિર્ણય કહે છે.

તે વિજયાદશમી બીજે દિવસે અપરાહ્ણકાલવ્યાપિની હોય તો બીજા દિવસનીજ લેવી. જો બન્ને દિવસે અપરાહ્ણકાલવ્યાપ્તિ હોય અને બન્ને દિવસે શ્રવણયોગ હોય અથવા ન હોય તો પણ પ્રથમ દિવસનીજ લેવી. એ રીતે બન્ને દિવસે અપરાહ્ણવ્યાપ્તિ ન હોય તો પણ અને શ્રવણયોગ હોય અથવા ન હોય તો પણ પ્રથમ દિવસનીજ લેવી. બન્ને દિવસે અપરાહ્ણવ્યાપ્તિ હોય અથવા ન હોય અને બન્નેમાંથી એક દિવસ શ્રવણયોગ હોય તો જે દિવસે શ્રવણયોગ હોય તેજ લેવી. બન્ને દિવસે અપરાહ્ણકાલમાં એકદેશવ્યાપ્તિ છતાં પણ એ પ્રમાણેજ નિર્ણય જાણવો. જ્યારે પ્રથમ દિવસેજ અપરાહ્ણકાલવ્યાપ્તિ હોય અને બીજે દિવસે શ્રવણયોગ ન હોય ત્યારે પણ પ્રથમ દિવસનીજ લેવી. જ્યારે પ્રથમ દિવસેજ અપરાહ્ણકાલવ્યાપિની હોય અને બીજે દિવસે પણ છ ઘડી અથવા કાંઇએક અધિકવ્યાપિની થઈ અપરાહ્ણકાલથકી પ્રથમજ સમાપ્ત થાય અને બીજે દિવસેજ શ્રવણયોગયુક્ત હોય તો બીજા દિવસનીજ લેવી. કારણ, અપરાહ્ણકાલમાં દશમી ન હોય તો પણ, "જે તિથિમાં સૂર્યોદય થાય છે તે તિથિ સપૂર્ણ જાણવી" ઇત્યાદિક સાકલ્ય સૂચવનારાં વચનવડે ઉદયકાલવ્યાપિની થઈ શ્રવણયુક્ત એવી અલ્પ દશમ હોય તો પણ તે કર્મકાલમાં લેવાવિષે કહેલી છે. નિર્ણયસિંધુમાં તો બીજે દિવસે અપરાહ્ણકાલમાં શ્રવણ હોય તોજ બીજા દિવસની લેવી, અપરાહ્ણથી પ્રથમજ શ્રવણ પૂર્ણ થતું હોય તો પ્રથમ દિવસનીજ લેવી, એ રીતે કહેલું છે; અને એ યોગ્ય પણ છે. જ્યારે બીજે દિવસેજ અપરાહ્ણકાલવ્યાપ્તિ હોય અને પ્રથમ દિવસે અપરાહ્ણકાલ પછી સાયાહ્નકાલ ઇત્યાદિ કાલમાં શ્રવણયોગ હોય ત્યારે તો બીજા દિવસનીજ લેવી, એમ મને ભાસે છે. એ વિજયાદશમીને દિવસે અપરાજિતાપૂજન, સીમાનું ઉલ્લંઘન, શમીપૂજન, અને દેશાંતર જવાને ચાહનારાઓએ પ્રસ્થાન ઇત્યાદિક કૃત્ય કરવાં. **અપરાજિતા દેવીની પૂજાનો પ્રકાર**—અપરાહ્ણકાલે ગામથકી ઈશાન ખુણે જઈ, સ્વચ્છ સ્થલમાં પૃથિવી લીપી ચંદન ઇત્યાદિકવડે અષ્ટદલ કાઢી, "मम सकुटुंबस्य क्षेमसिद्ध्यर्थं अपराजितापूजनं करिष्ये," એવો સંકલ્પ કરી અષ્ટદલના મધ્યભાગમાં "अपराजितायै नमः" એ નામમંત્રવડે અપરાજિતાનું આવાહન કરી તેની દક્ષિણ તરફ, "क्रियाशक्त्यैनमः" આ મંત્રવડે જયાદેવીનું આવાહન કરવું. પછી ડાબી બાજુ, "उमायै नमः" એ મંત્રવડે વિજયાદેવીનું આવાહન કરી, "अपराजितायै नमः, जयायै नमः, विजयायै नमः" એ નામમંત્રોવડે ષોડશોપચારપૂજા કરી પ્રાર્થના કરવી. પ્રાર્થનાનો મંત્રઃ—"इमां पूजां मया देवि, यथाशक्ति निवेदितां ॥ रक्षार्थं तु समादाय मज स्वस्थानमुत्तमं." રાજાએ સંકલ્પ કરવો હોય તો "यात्रायां विजयसिद्ध्यर्थं" એટલો વિશેષ જાણવો. પૂજા, નમસ્કાર કર્યા પછી, "हारेण तु विचित्रेण, भास्वत्कनकमेखला ॥ अपराजिता भद्ररता, करोतु विजयं मम," ઇત્યાદિક મંત્રવડે વિજયની પ્રાર્થના કરી પ્રથમ કહ્યાપ્રમાણે વિસર્જન કરવું. એ પ્રમાણે સંક્ષેપ કહ્યો. ત્યાર પછી સઘળા મનુષ્યોએ ગામથી બાહાર જઈ ઈશાન દિશામાં ઉગેલા શમીના વૃક્ષનું પૂજન કરવું. સીમાનું ઉલ્લંઘન કરવું તે તો શમીપૂજાથકી પ્રથમ અથવા પાછળ કરવું. રાજાએ તો ઘોડા ઉપર બેસી ગુરૂ તથા પ્રધાનસહિત શમીવૃક્ષની પાસે જઈ ઘોડાપરથી નીચે ઉતરી પુણ્યાહવાચન કરી શમીનું પૂજન કરવું. પછી કાર્યોની વાતો પ્રધાનોસાથે કરતાં પ્રદક્ષિણા કરવી. **શમીપૂજાનો પ્રકાર**—"मम दुष्कृतामंगलादिनिरासार्थं क्षेमार्थं यात्रायां विजयार्थं च शमीपूजां करिष्ये," શમી ન મળે તો, "अश्मंतकवृक्षपूजां करिष्ये," એવો સંકલ્પ કરવો. રાજાએ તો શમીવૃક્ષના મૂળમાં દિક્પાલ અને વાસ્તુદેવતાની પૂજા કરવી. "अमंगलानां शमनीं शमनीं दुष्कृतस्य च ॥ दुःस्वप्ननाशिनीं धन्यां, प्रपद्येऽहं शमीं शुभां" એ મંત્રવડે શમીની પૂજા કરવી. પૂજા થયા પછી, "शमी शमयते पापं, शमी लोहितकंटका ॥ धरित्र्यर्जुनबाणानां, रामस्य प्रियवादिनी ॥ करिष्यमाणयात्रायां, यथाकालं सुखं मया ॥ तत्र निर्विघ्नकर्त्री त्वं, भव श्रीरामपूजिते," આ મંત્રવડે શમીની પ્રાર્થના કરવી. અશ્મંતક (આગોંદા)નું પૂજન કર્યું હોય તો, "अश्मंतक महावृक्ष, महादोषनिवारण ॥ इष्टानां दर्शनं देहि, शत्रूणां च विनाशनं," એ મંત્રવડે અશ્મંતકની પ્રાર્થના કરવી. રાજાએ શત્રુની મૂર્તિ કરી શસ્ત્રવડે છેદવી. મૂર્ખ મનુષ્યો શમીની શાખા તથા પાન ઇત્યાદિ તોડી લાવે છે તે નિર્મૂલ

છે. "શમીવૃક્ષના મૂળની ભીંજાયલી માટી ચોખાસહિત લઈ તે ગાજતાં વાજતાં પોતાને ઘેર લાવવી. સૌભાગ્યવતી સ્ત્રિયોવતી પોતાની આરતી કરાવવી, પછી પોતે પોતાના ઇષ્ટ મિત્રોસહિત ભૂષણ, વસ્ત્ર ઇત્યાદિક ધારણ કરવાં." એ વિજયાદશમીને દિવસે વિદેશ જનારાઓએ ચંદ્ર ઇત્યાદિક અનુકૂલ ન હોય તોપણ વિજયમુહૂર્ત્તમાં પ્રયાણ કરવું. તે પ્રયાણમાં વિજયમુહૂર્ત્ત બે પ્રકારનું છે. **પ્રથમ પ્રકાર**—"સાયંકાલે કાંઈ એક સંધિકાલ ગયા પછી થોડાં એક નક્ષત્રો દેખાવા લાગે એવો જે કાલ તે વિજયકાલ, તે સઘળાં કાર્ય અને અર્થ સફલ કરનારો છે." **બીજો પ્રકાર**—"સૂર્યોદયથકી અગીયારમા મુહૂર્ત્તને વિજયમુહૂર્ત્ત કહે છે, તે વિજયકાલમાં પોતાના જયની ઇચ્છા કરનારા સઘળાઓએ પ્રયાણ કરવું. આ બન્નેમાંથી કોઈએક દશમયુક્ત મુહૂર્ત્તમાં પ્રસ્થાન કરવું, એકાદશીયુક્ત મુહૂર્ત્તમાં કરવું નહિ. "આશુ શુદ દશમ તેનું **વિજયાદશમી** એવું નામ છતાં તે સઘળાં શુભકર્મમાં શુભ છે." પ્રયાણમાં તો વિશેષ કરી શુભ છે, ફરી શ્રવણયુક્ત હોય તો અતિ ઉત્તમ, એવાં જ્યોતિષ ગ્રંથોનાં વચન છે, તેથી વિશેષ માસાદિકની ગરજ ન કરતાં થનારાં જે બીજાં કાર્યો તે વિજયાદશમીને દિવસે ચંદ્ર ઇત્યાદિક અનુકૂલ ન હોય તોપણ કરવાં. અમુક માસમાં કરવાનાં ચૂડાકર્મ તથા વિષ્ણુ ઇત્યાદિક દેવતાની પ્રતિષ્ઠા વગેરે કૃત્ય, તે કરવાં નહિ. રાજાના પટ્ટાભિષેકમાટે, નોમવડે વિદ્ધા દશમી શ્રવણયુક્ત હોય તોપણ લેવી નહિ, ત્યારે બીજા દિવસની સૂર્યોદય સમયે હોય તેજ લેવી.

आश्विनस्यशुक्लांदशमीमेकादशींपूर्णमासींवारभ्यमुहूर्तावशिष्टायांरात्रौतीर्थादौगत्वाप्रत्यहंमासपर्यंतंकार्तिकस्नानंकार्यम् ॥ तत्प्रकारः । विष्णुंस्मृत्वादेशकालौसंकीर्त्य नमःकमलनाभायनमस्तेजलशायिने नमस्तेस्तुहृषीकेशगृहाणार्घ्यंनमोस्तुते इत्यर्घ्यंदत्वा कार्तिकेहंकरिष्यामिप्रातःस्नानंजनार्दन प्रीत्यर्थंतवदेवेशदामोदरमयासह ध्यात्वाहंत्वांचदेवेशजलेऽस्मिन्स्नातुमुद्यतः तवप्रसादात्पापंमेदामोदरविनश्यतु इतिमंत्राभ्यांस्नात्वापुनरर्घ्यंद्विर्दद्यात् तत्रमंत्रौ नित्येनैमित्तिकेकृष्ण कार्तिकेपापनाशने गृहाणार्घ्यंमयादत्तंराधयासहितोहरे व्रतिनःकार्तिकेमासिस्नातस्यविधिवन्मम गृहाणार्घ्यंमयादत्तंराधयासहितोहरे कुरुक्षेत्रगंगापुष्करादितीर्थविशेषेणफलविशेषः अथान्योपिविशेषः कार्तिकंसकलंमासंनित्यस्नायीजितेंद्रियः जपन्हविष्यभुग्दांतःसर्वपापैःप्रमुच्यते स्मृत्वाभागीरथीं विष्णुंशिवंसूर्यंजलेविशेत् नाभिमात्रेजलेतिष्ठन्व्रतीस्नायाद्यथाविधि इदंकार्तिकस्नानं प्रातःस्नानंप्रातःसंध्यांचकृत्वाकार्यं ताभ्यांविनेतरकर्मानधिकारात् यद्यपि प्रातःसंध्यायाः सूर्योदयेसमाप्तिस्तथाप्यत्र वचनबलादुदयात्पूर्वंसंध्यांसमाप्यकार्तिकस्नानंकार्यमितिनिर्णयसिंधौउक्तं नैवंग्रंथांतरेदृश्यते एवं मासस्नानाशक्तौत्र्यहंस्नायात् अन्येषामपिकार्तिकमासव्रतानामत्रैवारंभः तानियथा तुलसीदललक्षेणकार्तिकेयोऽर्चयेद्धरिं पत्रेपत्रेमुनिश्रेष्ठमौक्तिकंलभतेफलं तुलसीमंजरीभिर्हरिहरार्चनेमुक्तिःफलं रोपणपालनस्पर्शैःपापक्षयः तुलसीछायायांश्राद्धात्पितृतृप्तिः तुलसीशोभितगृहेतीर्थरूपेयमकिंकरानायांति इत्यादि तुलसीमाहात्म्यं एवं धात्रीमाहात्म्यमपि कार्तिकेधात्रिवृक्षाधश्चित्रान्नैस्तोषयेद्धरिं ब्राह्मणान्भोजयेद् भक्त्यास्वयंभुंजीतबंधुभिः धात्रीछायासुश्राद्धंधात्रीपत्रैःफलैश्चहरिपूजनंचमहाफलं देवर्षिसर्वयज्ञतीर्थानां धात्रीवृक्षेनिवासोक्तेः अत्रैवहरिजागरविधिः जागरंकार्तिकेमासियःकुर्यादरुणोदये दामोदराग्रेसेनानीर्गोसहस्रफलंलभेत् शिवविष्णुगृहाभावेसर्वदेवालयेष्वपि कुर्यादश्वत्थमूलेषुतुलसीनांवनेष्वपि विष्णुनामप्रबंधानियोगायेद्विष्णुसन्निधौ गोसहस्रप्रदानस्यफलमाप्नोतिमानवः वाद्यकृत्पुरुषश्चापिवाजपेयफलंलभेत् सर्वतीर्थावगाहोत्थंनर्तकःफलमाप्नुयात् सर्वमेतल्लभेत्पुण्यंतेषांतुद्रव्यदःपुमान् अर्चनाद्दर्शनाद्वापितत्षडंशमवाप्नुयादिति कौस्तुभे सर्वाभावेब्राह्मणानांविष्णुभक्तानांवाश्वत्थवटयोर्वासेवनंकुर्यादिति तत्रैव सरोरुहाणितुलसीमालतीमुनिपुष्पकं कार्तिकेविहितान्येवंदीपदानंचपंचमं कार्तिकेमासोपवासोवानप्रस्थयतिविधवाभिःकार्यः गृहस्थैर्नकार्यः कृच्छ्रंवाप्यतिकृच्छ्रंवाप्राजापत्यमथापिवा एकरात्रंव्रतंकुर्यात्त्रिरात्रव्रतमेववा शाकाहारंपयोहारंफलाहारमथापिवा चरेद्यवान्नाहारंवासंप्राप्तेकार्तिकेव्रती ॥

હવે કાર્તિકસ્નાનનો નિર્ણય કહે છે.

આશુ શુદ દશમ, અગીયારસ, અથવા પૂનમ એમાંથી કોઈ એક પણ દિવસે કાર્તિકસ્નાનનો આરંભ કરવો. પ્રભાતે બે ઘડી રાત બાકી રહે ત્યારે ઉઠી તીર્થ ઇત્યાદિકમાં જઈ દરરોજ એક માસ લગી કાર્તિકસ્નાન કરવું. તેનો પ્રકાર—વિષ્ણુનું સ્મરણ કરી દેશ, કાલનો ઉચ્ચાર કરી, પછી,

नमः कमलनाभाय, नमस्ते जलशायिने ॥ नमस्तेऽस्तु हृषीकेश, गृहाणार्घ्यं नमोस्तु ते," એ મંત્રવડે અર્ઘ્ય દઈ, "कार्तिकेऽहं करिष्यामि, प्रातःस्नानं जनार्दन ॥ प्रीत्यर्थं तव देवेश, दामोदर मया सह ॥ ध्यात्वाऽहं त्वां च देवेश जलेऽस्मिन् स्नातुमुद्यतः ॥ तव प्रसादात्पापं मे, दामोदर विनश्यतु," એ મંત્રવડે સ્નાન કરી ફરી બે અર્ઘ્ય દેવા, તેના મંત્ર—"नित्ये नैमित्तिके कृष्ण, कार्तिके पापनाशने ॥ गृहाणार्घ्यं मया दत्तं, राधया सहितो हरे ॥ व्रतिनः कार्तिके मासि, स्नातस्य विधिवन्मम ॥ गृहाणार्घ्यं मया दत्तं, राधया सहितो हरे." કુરૂક્ષેત્ર, ગંગા, પુષ્કર ઇત્યાદિક વિશેષ તીર્થોમાં ફલ અધિક જાણવું. હવે બીજો પણ વિશેષ કહે છે. "સઘળા કાર્તિક માસ લગી નિત્યસ્નાન કરનારો, જીતેંદ્રિય, જપ કરનારો, હવિષ્યાન્ન ભોજન કરનારો અને દાંત (તપસ્યાના કલેશને સહન કરનારો) એવો મનુષ્ય સર્વ પાપથકી મુક્ત થાય છે." "ભાગીરથી (ગંગા), વિષ્ણુ, શિવ, અને સૂર્ય એમનું સ્મરણ કરી જલમાં પ્રવેશ કરવો, અને વ્રત ધારણ કરનારે નાભિપ્રમાણ જલમાં ઉભા રહી વિધિપૂર્વક સ્નાન કરવું." એ કાર્તિકસ્નાન, પ્રાતઃસ્નાન અને પ્રાતઃસંધ્યા કર્યા પછી કરવું; કારણ, પ્રાતઃસ્નાન અને પ્રાતઃસંધ્યા કર્યાવિના બીજાં કર્મ કરવાનો અધિકાર નથી. જો કે પ્રાતઃસંધ્યાની સમાપ્તી સૂર્યોદય થયા પછી થાય છે એમ છે તોપણ અહીં વિશેષ વચન છે માટે ઉદયથકી પ્રથમ પ્રાતઃસંધ્યા સમાપ્ત કરી કાર્તિકસ્નાન કરવું, એ રીતે નિર્ણયસિંધુમાં કહ્યું છે. બીજા ગ્રંથોમાં એ રીતે દેખાતું નથી. એક માસ લગી સ્નાન કરવાની શક્તિ ન હોય તો ત્રણ દિવસ સ્નાન કરવું. કાર્તિકમાસસંબંધી બીજાં વ્રતોનો પણ આરંભ એજ દિવસે કરવો. તે વ્રતો આ રીતે,—"જે મનુષ્ય કાર્તિક માસમાં લાખ તુલસીદલવડે વિષ્ણુની પૂજા કરે છે તેને હે મુનિશ્રેષ્ઠ! એક એક પત્રે મોતિ અર્પણ કરવાનું ફલ મળે છે. તુલસીની મંજરીવડે હરિ, હરની પૂજા કરવાથી મુક્તિફલ મળે છે. તુલસીનું રોપવું, પાળવું, અને સ્પર્શ કરવાથી પાપનો ક્ષય થાય છે. તુલસીની છાયામાં બેસી શ્રાદ્ધ કરવાથી પિત્રોને તૃપ્તિ થાય છે. તુલસીવડે શોભાયમાન એવા તીર્થરૂપી ઘરમાં યમના દૂતો આવતા નથી." ઇત્યાદિક તુલસીનું માહાત્મ્ય કહ્યું છે. એ પ્રમાણે આમળાનું માહાત્મ્ય પણ કહ્યું છે. "કાર્તિક માસમાં આમળાનાં વૃક્ષનીચે વિચિત્ર અન્નવડે હરિને સંતોષ પમાડવો; એટલે વિચિત્ર અન્નનું નૈવેદ્ય સમર્પણ કરવું, અને ભક્તિવડે બ્રાહ્મણને ભોજન દઈ પોતાના સંબંધીસહિત પોતે ભોજન કરવું. આમળાની છાયામાં બેસી શ્રાદ્ધ કરવાથી અને આમળાનાં પાન, ફૂલવડે વિષ્ણુની પૂજા કરવાથી મહાફલ મળે છે. કારણ, આમળામાં દેવ, ઋષિ, સર્વ યજ્ઞ, અને સઘળાં તીર્થો રેહે છે, એવાં વચન છે." એ કાર્તિક માસમાં હરિજાગરણનો વિધિ કરવો. "કાર્તિક માસમાં અરૂણોદયકાલે જે દામોદરસમીપે જાગરણ કરે છે તેને હે સ્વામી કાર્તિક! સહસ્ર ગોદાનનું ફલ મળે છે. શિવ, વિષ્ણુ એમના દેવાલયમાં જાગરણ કરવાં. શિવ, વિષ્ણુનાં દેવાલય ન હોય તો સઘળાં દેવાલયમાં જાગરણ કરવાં. અથવા પીપળાના મૂળપાસે, અથવા તુલસીનાં વનમાં પણ જાગરણ કરવું. વિષ્ણુની સમીપે વિષ્ણુની કથા ગાનારાને હજાર ગોદાનનું ફલ મળે છે. વાજિત્ર વગાડનારાને વાજપેય યજ્ઞનું ફલ મળે છે. વિષ્ણુ પાસે નાચ કરનારાને સઘળાં તીર્થોમાં સ્નાન કરવાનું ફલ મળે છે. હરિજાગરણાદિક કરનારાએને દ્રવ્ય દેવાથી સઘળું પુણ્ય મળે છે. પૂજા, દર્શન ઇત્યાદિ કરવાથી હરિજાગરણનું પષ્ઠાંશ પુણ્ય મળે છે," એમ કૌસ્તુભમાં કહ્યું છે. દેવાલય આદિક ન હોય તો, બ્રાહ્મણ, વિષ્ણુભક્ત, પિપળો અથવા વડ એમની સેવા કરવી એ કૌસ્તુભમાંજ કહ્યું છે. કાર્તિક માસમાં કમલ, તુલસી, માલતી (પીળી ચમેલી, સફેદ જાઈ, ગુલબાસનાં પુષ્પ), અગસ્ત્યાનાં પુષ્પ, એ ઉત્તમ છે; માટે એ પુષ્પોવડે વિષ્ણુની પૂજા કરવી, અને પાંચમું દીપદાન પણ કરવું. કાર્તિક માસમાં, વાનપ્રસ્થ (તપસ્યા માટે વનમાં રેહેનારો), સંન્યાસી અને વિધવા એમણે એક માસ લગી ઉપવાસ કરવા, ગૃહસ્થે કરવા નહિ. કાર્તિક માસમાં વ્રત ધારણ કરનારે કૃચ્છ્ર, અતિકૃચ્છ્ર અથવા પ્રાજાપત્ય કરવાં. અથવા એકરાત્ર, ત્રિરાત્ર એવાં વ્રત કરવાં. અથવા શાકનો આહાર, દૂધનો આહાર, ફલનો આહાર એમાંથી કોઈ એક પણ કરવાં. અથવા યવનાં અન્નનો આહાર કરવો.

अथकार्तिकेवर्ज्यानि॥पलांडुलशुनहिंगुच्छत्राकगृंजनमूलकालाबुशिग्रुवृंताककूष्मांडबृहतीफलकलिंगकपित्थतैललवणशाकद्विपाचितान्नपर्युषितान्नदग्धान्नानि माषमुद्गमसूरचणककुलित्थनिष्पावाढकयादिद्विदलानिचवर्जयेत् सप्तम्यांधात्रीफलंतिलांश्चाष्टम्यांनालिकेरंरविवारेधात्रीफलंसर्वथावर्ज्यम्॥

હવે કાર્તિક માસમાં વર્જ્ય પદાર્થો કહ્યા તે કહે છે.

કાર્તિક માસમાં કાંદા, લસણ, હીંગ, છત્રાક (ચોમાસામાં છત્ર સરખાં સફેદ થાય છે તે) ગાજર, મૂળા, દૂધિ, સરગવાની સીંગ, રીંગણાં, કોળું, બૃહતીફળ (ભોરીંગણી), કલિંગડ, કોઠ, તેલ, અથાણું, બે વખત રાંધેલું અન્ન, વાસી અન્ન, બળેલું અન્ન, એ પદાર્થો વર્જ્ય કરવાં. અડદ, મગ, મસૂર, ચણા, કળથી, ચોળા, વાલ, અને તુવર ઇત્યાદિક બે દલવાળાં ધાન્ય વર્જ્ય કરવાં. સાતમને દિવસે આમળાં, અને તિલ વર્જ્ય કરવાં. આઠમને દિવસે નારિયળ, રવિવારે આમળાં એ સર્વદા વર્જ્ય કરવાં.

व्रतसमाप्तिदिनेदानानिकथितानि ॥ कांस्यपात्रभोजनवर्जनव्रतेकांस्यपात्रंघृतपूर्णंदद्यात् । मधुत्यागेघृतपायसशर्करादानंसमाप्तौकार्यं तैलत्यागेतिलदानं कार्तिकेमौनभोजी सतिलांघंटांदद्यात् स्वर्णयुतानिमाषयुतानित्रिंशत्कूष्मांडान्यत्रमासेदद्यात् कार्तिकेकांस्यभोजीकृमिभुक् फलवर्जनेफलं रसत्यागेरसो धान्यत्यागेधान्यानिदेयानि सर्वत्रगोदानंवा एकतःसर्वदानानिदीपदानंतथैकतः कार्तिकेदीपदानस्यकलांनार्हंतिषोडशीं एतावद्व्रतासंभवेचातुर्मास्यव्रतासंभवेवाकार्तिकेकिंचिद्व्रतमवश्यंकार्यं अव्रतः कार्तिकोयेषांगतोमूढधियामिह तेषांपुण्यस्यलेशोपिनभवेत्सूकरात्मनामित्युक्तेः शालग्रामादिदेवताग्रे स्वस्तिकमंडलादिकंरंगवल्ल्यादिनाकरोति सास्वर्गादिफलंभुक्त्वासप्तजन्मसुवैधव्यंनाप्नोति कार्तिके पुराणेतिहासश्रवणारंभसमाप्तीविहिते ॥

હવે વ્રતની સમાપ્તિને દિવસે કયાં દાન કરવાં તે કહે છે.

કાંસાના પાત્રમાં ભોજન ન કરવું એ વ્રત હોય તો ઘી ભરીને કાંસાનું પાત્ર દેવું. મધ છોડ્યો હોય તો ઘી, દૂધપાક, સાકર એનું દાન છેલ્લે દિવસે કરવું. તેલ છોડ્યું હોય તો તિલનું દાન કરવું. કાર્તિક માસમાં મૌન રાખી ભોજન કરનારે તિલસહિત ઘંટાનું દાન કરવું. બીજા માસોમાં ભોજન સમયે મૌન ધરનારે સુવર્ણ, અડદસહિત ત્રીસ કોળાં દેવાં. કાર્તિક માસમાં કાંસાના પાત્રમાં ભોજન કરે તો કીડા ખાધા એવું થાય છે. ફળ વર્જ્ય કીધાં હોય તો જે ફળ છોડ્યું હોય તે ફળ દેવું. રસના બદલામાં જે રસ છોડ્યો હોય તે રસ દેવો. ધાન્યનો નિયમ હોય તો તે તે ધાન્ય દેવાં. અથવા સઘળાં વ્રતોમાં ગોદાન કરવું. "સઘળાં દાન એક તરફ અને દીપદાન એક તરફ, એટલે સઘળાં દાનો કરતાં દીપદાન ઉત્તમ છે, માટે કાર્તિક માસમાં દીપદાનના પુણ્યના સોળમા અંશને પણ બીજાં દાન પોહોચતાં નથી." એટલાં વ્રતો થઈ શકવાનો સંભવ ન હોય અથવા ચાતુર્માસ્યવ્રતનો સંભવ ન હોય તો કાર્તિક માસમાં કોઈએક વ્રત તો અવશ્ય કરવુંજ. કારણ, "જેમને કાર્તિક માસ વ્રતવિના જાય, સૂવર સમાન તે મૂઢ બુદ્ધિવાળાઓને આ લોકમાં લેશ પણ પુણ્ય મળતું નથી," એવાં વચન છે. જે સ્ત્રી શાલગ્રામ ઇત્યાદિ દેવને સમીપે અનેક રંગવડે સાથિયા, સર્વતોભદ્ર ઇત્યાદિક ચિત્ર કરે છે તે સ્વર્ગાદિક ફળ ભોગવી સાત જન્મ લગી વિધવાપણું પામતી નથી. કાર્તિક માસમાં પુરાણ તથા ઇતિહાસ (ભારત આદિ) એમનાં શ્રવણનો આરંભ અને સમાપ્તિ પણ કરવી.

तत्प्रकारः ॥ ब्राह्मणंवाचकंकुर्यान्नान्यवर्णजमादरात् श्रावयेच्चतुरोवर्णान्कृत्वाब्राह्मणमग्रतः विस्पष्टमद्रुतंशांतंस्पष्टाक्षरपदंतथा कलास्वरसमायुक्तंरसभावसमन्वितं ब्राह्मणादिषुसर्वेषुग्रंथार्थंचार्पयेन्नृपयएवंवाचयेद्राजन्सविप्रोव्यासउच्यते समाप्तेषुपुराणेषुशक्त्यातंतर्पयेन्नृप वाचकःपूजितोयेनप्रसन्नास्तस्य देवताः श्राद्धेयस्यद्विजोभुंक्तेवाचकःश्रद्धयान्वितः भवंतिपितरस्तस्यतृप्तावर्षशतंनृपेति कार्तिकस्नानकालेऽभिलाषाष्टकंकाशीखंडोक्तंपुत्रकामेनपठितव्यं अत्रैवदुग्धव्रतंसमर्प्यदुग्धदानंकृत्वाद्विदलव्रतंसंकल्पयेत् अत्रोत्पत्तौयेषांदलद्वयंदृश्यतेतेवर्जनीयाइत्येके अन्येत्वेवंलक्षणायांवचनाभावात्स्वरूपतोयेषांद्विदलंदृश्यतेतेवर्ज्यानतुअन्येनापिपत्रपुष्पादिकमित्याहुः एवमन्यान्यपितांबूलकेशकर्तनादिवर्जनरूपाणि व्रतानिज्ञेयानि अत्राकाशदीपउक्तः सूर्यास्तेगृहाददूरेपुरुषप्रमाणयज्ञियकाष्ठंभूमौनिखन्य तस्यमूर्ध्नि अष्टदलाद्याकृतिनिर्मितेदीपयंत्रेमध्येमुख्यदीपंसमंततोष्टावितिसंस्थाप्यनिवेदयेत् दामोदरायनभसितुलायां दोलयासह प्रदीपंतेप्रयच्छामिनमोनंतायवेधस इतिमंत्रः एवंमासमाकाशदीपदानान्महाश्रीप्राप्तिः ॥

હવે પુરાણશ્રવણનો વિધિ કહે છે.

“પુરાણ વાંચનારો બ્રાહ્મણ નીમવો. બીજા વર્ણવાળાને બેસાડવો નહિ. શ્રોતાઓમાં બ્રાહ્મણને પ્રથમ સામે બેસાડીને ચારે વર્ણને શ્રવણ કરાવવું. વાંચનારાએ વિશેષે કરી સ્પષ્ટ, ધીરજથી તથા શાંતવૃત્તિથી વાંચવું અને અર્થ કહેવો. અક્ષર અને પદ સ્પષ્ટ બોલવાં. કલા, સ્વર, રસ, ભાવ, એ યથાયોગ્ય હોવાં જોઇએ. એ પ્રમાણે હે રાજા! પુરાણ વાંચનારાએ ગ્રંથનો અર્થ બ્રાહ્મણાદિક ચારે વર્ણને કહેવો. એ રીતે જે પુરાણ વાંચે છે તે વ્યાસ કહેવાય છે. એ પ્રમાણે પુરાણ સમાપ્ત થયા પછી વાંચનારાની યથાશક્તિ વસ્ત્ર, અલંકાર ઇત્યાદિકવડે પૂજા કરવાથી તે પૂજનારાને સર્વે દેવ પ્રસન્ન થાય છે. હે રાજા! જેના શ્રાદ્ધમાં ભક્તિપૂર્વક, વાંચનારો બ્રાહ્મણ ભોજન કરે છે, તેના પિત્ર સો વર્ષે તૃપ્ત થાયછે. પુત્રની કામનાવાળાએ કાર્તિકસ્નાન સમયે કાશીખંડમાં કહેલા અભિલાષાષ્ટક સ્તોત્રનો પાઠ કરવો. એજ દિવસે દૂધવ્રત સમાપ્ત કરી દૂધનું દાન દઈ, દ્વિદલ (બે દલવાળાં અન્ન) વ્રતનો સંકલ્પ કરવો. એ દ્વિદલ ધાન્યમાં ઉત્પત્તિ સમયે જેનાં બે દલ દેખાયછે તે વર્જ્ય કરવાં, એમ કોઈ ગ્રંથકાર કહે છે. બીજા ગ્રથકારો તો, એવી લક્ષણા કરવામાં એટલે ઉત્પત્તિ સમયે જેનાં બે દલ દેખાય તે વર્જ્ય કરવાં, એમાં પ્રમાણભૂત વચન નથી માટે સ્વરૂપથકી જેનાં બે દલ દેખાય તે વર્જ્ય કરવાં, બીજાં વર્જ્ય કરવાં નહિ, અને પત્ર પુષ્પ ઇત્યાદિક પણ વર્જ્ય નથી, એમ કહે છે. એ પ્રમાણે તાંબૂલ ભક્ષણ કરવું નહિ, પંચકેશ રાખવા. ઇત્યાદિક પણ વ્રત જાણવાં. આ કાર્તિક માસમાં આકાશદીવો જોડવો. તેનો પ્રકાર–સૂર્યાસ્ત સમયે પોતાના ઘરની સમીપે પુરૂષપ્રમાણ (સાડાત્રણ હાથ) લાંબું અને યજ્ઞને યોગ્ય એવું કાષ્ઠ હોય તે લઈ પૃથિવીમાં ખોડી તેની ઉપરે અષ્ટદલ ઇત્યાદિક આકારવડે બનાવેલા દીપયંત્રના વચમાં મુખ્ય દીપક અને ચારેમેર આઠ બીજાં દીપક જોડવાં, અને દેવને અર્પણ કરવાં. તેનો મંત્ર—“दामोदराय नभसि, तुलायां दोलया सह ॥ प्रदीपं ते प्रयच्छामि, नमोऽनंताय वेधसे,” એ મંત્રવડે દીપ અર્પણ કરવા. એ પ્રમાણે એક માસપર્યંત આકાશદીવા જોડવાથી મહાસંપત્તિ પ્રાપ્ત થાય છે.

आश्विनपौर्णिमास्यांकोजागरव्रतम् ॥ सापूर्वेद्युरेवनिशीथव्याप्तौपूर्वा उत्तरदिनेएवदिनद्वयेपि वानिशीथव्याप्तौदिनद्वयेनिशीथास्पर्शेवाउत्तरैव केचित्पूर्वदिनेनिशीथव्याप्तिरेवपरदिनेप्रदोषव्याप्तिरेवतदापरेत्याहुः अत्रलक्ष्मींद्रयोःपूजनंजागरणमक्षक्रीडाचविहिता तत्रपद्मासनस्थांलक्ष्मींध्यात्वाक्षतपुंजे ॐलक्ष्म्यैनमइत्यावाहनादिषोडशोपचारैःसंपूज्य नमस्तेसर्वदेवानांवरदासिहरिप्रिये यागतिस्त्वत्प्रपन्नानांसामेभूयात्त्वदर्चनादितिपुष्पांजलिंदत्वानमेत् चतुर्दंतसमारूढोवज्रपाणिःपुरंदरः शचीपतिश्चध्यातव्योनानाभरणभूषित इतिध्यात्वाक्षतपुंजादौ इंद्रायनम इतिसंपूज्य विचित्रैरावतस्थायभास्वत्कुलिशपाणये पौलोम्यालिंगितांगायसहस्राक्षायतेनम इतिपुष्पांजलिंदत्वानमेत् नालिकेरोदकंपीत्वाअक्षक्रीडांसमाचरेत् निशीथेवरदालक्ष्मीःकोजागर्तीतिभाषिणी तस्मैवित्तंप्रयच्छामिअक्षैःक्रीडांकरोतियः नारिकेलान्पृथुकांश्चदेवपितृभ्यःसमर्प्यबंधुभिःसहस्वयंभक्षयेत् अस्यामेवाश्वयुजीकर्माश्वलायनैःकार्यं तच्चपर्वद्वयेपूर्वाह्णसंधौशेषपर्वणिप्रकृतीष्टिंकृत्वाकार्यं अपराह्णसंधौविकृतिमिमांकृत्वाप्रकृतेरन्वाधानं तत्प्रयोगोन्यत्रज्ञेयः ॥

હવે કોજાગરવ્રત કહે છે.

આશ્વ શુદ્ધ પૂનમને દિવસે કોજાગરવ્રત કરવું. તે પૂનમ પ્રથમ દિવસેજ નિશીથવ્યાપિની હોય તો પ્રથમ દિવસનીજ લેવી. જો બીજે દિવસેજ અથવા બન્ને દિવસે નિશીથવ્યાપિની હોય, અથવા બન્ને દિવસે નિશીથકાલે સ્પર્શ ન હોય તો બીજા દિવસનીજ લેવી. કોઈ ગ્રંથકાર, પૂર્વ દિવસે નિશીથવ્યાપ્તિજ અને બીજે દિવસે પ્રદોષવ્યાપ્તિજ હોય તો બીજા દિવસની લેવી, એમ કહે છે. આ કોજાગરવ્રતમાં લક્ષ્મી અને ઇંદ્રની પૂજા કરી જાગરણ અને દ્યૂત (જુગાર) રમવું. તેમાં પણ આસન ઉપર બેઠેલી લક્ષ્મીનું ધ્યાન કરી, ચોખાના પુંજ (ઢગલી) ઉપર “ॐ लक्ष्म्यै नमः” એ મંત્રવડે આવાહન આદિક ષોડશોપચારવડે પૂજા કરવી, અને “नमस्ते सर्वदेवानां वरदासि हरिप्रिये ॥ या गतिस्त्वत्प्रपन्नानां, सा मे भूयात्त्वदर्चनात्” એ મંત્રવડે પુષ્પાંજલિ અર્પણ કરી નમસ્કાર કરવો. “चतुर्दंतसमारूढो, वज्रपाणिः पुरंदरः ॥ शचीपतिश्च ध्यातव्यो नानाभरणभूषितः” એ મંત્રવડે ઇંદ્રનું

ધ્યાન કરી, ચોખાના પુંજ ઇત્યાદિ ઉપરે "इंद्राय नमः" એ મંત્રવડે પૂજા કરી, "विचित्रैरावतस्थाय, भास्वत्कुलिशपाणये ॥ पौलोम्यालिंगितांगाय, सहस्राक्षाय ते नमः" એ મંત્રવડે પુષ્પાંજલિ દઈ નમસ્કાર કરવો. "નારિયળનું જળ પીને ધૂતનો આરંભ કરવો. વરદાન દેનારી લક્ષ્મી અર્ધરાત્રિ સમયે ઘરોમાં આવી જુવે છે; અને કોણ જાગરણ કરે છે, ધૂત રમી જે જાગરણ કરતો હોય તેને હું દ્રવ્ય આપું એમ કહે છે." નારિયલ અને પોવા દેવ, પિતૃને અર્પણ કરી બાંધવસહિત પોતે ભક્ષણ કરવા. એજ પૂનમને દિવસે આશ્વલાયન શાખાવાળાઓએ આશ્વયુજી કર્મ કરવું. પર્વમાં બે મત હોય તો પૂર્વાહ્ણસંધિમાં શેષ પર્વ હોય તેમાં પ્રથમ પ્રકૃતિ ઇષ્ટિ કરી પછી આશ્વયુજી કર્મ કરવું. અપરાહ્ણસંધિ હોય તો તેમાં એ વિકૃતિ કરી પ્રકૃતીનું અન્વાધાન કરવું. તેનો પ્રયોગ બીજે ઠેકાણે જોવો.

अथाग्रयणकालः॥ आश्विनकार्तिकयोःपौर्णमास्याममावास्यायांवाशुक्लपक्षगतकृत्तिकादिविशाखांतनक्षत्रेषुशुक्लपक्षस्थरेवत्यांवाव्रीह्याग्रयणं एवंश्रावणभाद्रपदयोरुक्तेषुपर्वसुनक्षत्रेषुवाश्यामाकाग्रयणं चैत्रवैशाखयोःपर्वादिषुयवाग्रयणं तत्रपूर्णमासीपर्वणिसंगवात्पूर्वसंधौपूर्वेदिनेआग्रयणंकृत्वाप्रकृत्यन्वाधानं मध्याह्नात्परसंधौसंधिदिनेआग्रयणंकृत्वाप्रकृत्यन्वाधानं मध्याह्नेसंगवादूर्ध्वंमध्याह्नात्पूर्वंत्रवासंधौ संधिदिनेआग्रयणेष्टिंकृत्वाप्रकृतीष्टिःसद्यःकार्या दर्शेतुपूर्वाह्णेपराह्णेवासंधौयथाकालंदर्शेष्टिंकृत्वाप्रतिपन्मध्येआग्रयणेष्टिःकार्या एवंनक्षत्राग्रयणपक्षेपिपौर्णमासेष्टेःप्राक्दर्शेष्टेःपरंयथाभवेत्तथाग्रयणंकार्यं तथाच दीपिका दर्शेष्ट्याःपरमुक्तमाग्रयणकंप्राक्पौर्णमासाच्चतदितियद्यपिअथोपूर्वाह्णपर्वक्षयइत्युपक्रमात्पूर्वाह्णसंधावेवायंक्रमइतिहेमाद्रिसिद्धांतानुसारिदीपिकामतं तथापिसर्वावस्थेसंधावित्थमेवक्रमइतिकौस्तुभसिद्धांतानुसार्यंत्रत्यसिद्धांतोज्ञेयः अत्रपक्षेअथोपदंचार्थेयोज्यं पूर्वाह्णेपर्वक्षयेचेत्यर्थः इत्थंचकृष्णपक्षेनभवतीतिसिद्धं एतद्दीपिकाकारमतममावास्यापर्वण्याग्रयणविधानस्याखंडदर्शेवैयर्थ्यापत्त्यानयुक्तमितिगृह्याग्निसागरोक्तिर्नसमीचीनाप्रतिभाति विकृत्यंतराणांखंडपर्वणिप्रकृत्युत्तरंप्रतिपद्यनुष्ठानेपिपर्वानुग्रहसंमतिवद्खंडदर्शेपिप्रतिपदिक्रियमाणाग्रयणस्यदर्शपर्वानुग्रहसंमतिसंभवात् खंडदर्शेदर्शपर्वविधानसार्थक्यसंभवाच्चेतिदिक् श्रावणादौश्यामाकाग्रयणंनकृतंचेच्छरदिव्रीह्याग्रयणेनसमानतंत्रंकार्यं तत्रसार्तेव्रीह्याग्रयणंश्यामाकाग्रयणंचतंत्रेणकरिष्येइतिसंकल्प्यैंद्राग्निविश्वेदेवार्थाष्टौव्रीहिमुष्टीन्निरूप्यशूर्पांतरेश्यामाकान्सोमायनाम्नानिरूप्यपुनःप्रथमशूर्पेद्यावापृथिव्यर्थंव्रीहिनिर्वापः एवंहोमेपिविश्वेदेवहोमात्परंसौम्यश्यामाकचरुंहुत्वाद्यावापृथिवीहोमः आश्विनपौर्णमास्यामपराह्णादिसंधावाग्रयणेक्रियमाणेआश्वयुजीकर्मणापिसमानतंत्रताकार्या तथाचजीर्णव्रीहिचरुर्नवव्रीहिचरुःनवश्यामाकचरुश्चेतिस्थालीत्रयेचरुत्रयं पूर्वाह्णादिसंधौतुसंधिदिनेप्रकृतियागोत्तरमाश्वयुजीपूर्वेदिनेसंधिदिनेवाप्रकृतियागात्पूर्वमाग्रयणमिति कालैक्याभावान्नैकतंत्रता श्यामाकचर्वसंभवेश्यामाकतृणैःप्रस्तरंकृत्वास्रुचादुत्तरआस्तीर्यतत्रस्रुचोनिधानंतावतैवश्यामाकाग्रयणसिद्धिरितिवृत्तिकृन्नारायणः यवाग्रयणंतुकृताकृतं व्रीह्याग्रयणस्यवसंतपर्यंतं गौणकालः यवाग्रयणस्यवर्षर्तुपर्यंतं अनापदिगौणकालेकुर्वन्कालातिपत्तिप्रायश्चित्तपूर्वकमाग्रयणंकुर्यात् आपदिगौणकालेकुर्वन्प्रायश्चित्तंनकुर्यात् गौणकालेप्यतिक्रांतेवैश्वानरेष्टिप्रायश्चित्तंकृत्वातिक्रांताग्रयणं कुर्यात् सार्तेतुवैश्वानरदेवताकःस्थालीपाकोग्राह्यः यएवाहिताग्नेःपुरोडाशास्तएवौपासनाग्निमतश्चरव इत्युक्तेः प्रथमाग्रयणस्यशरदत्ययेविभ्रष्टेष्टितद्देवताकंस्थालीपाकंवाकृत्वा आगामिमुख्यकाले प्रथमाग्रयणं कार्यं गौणकालेप्रथमाग्रयणंनभवति अनारब्धानांदर्शपूर्णमासाग्रयणादीनांप्रायश्चित्तविकल्पाद्विभ्रष्टेष्टिरपिविकल्पिताज्ञेया आग्रयणमकृत्वाकिमपिनवोत्पन्नंसस्यंनभक्षणीयं अकृताग्रयणोश्नीयान्नवान्नंयदिवैनरः वैश्वानरायकर्तव्यश्चरुःपूर्णाहुतिस्तुवा यद्वासमिंद्रायेतिशतवारंजपेन्मनुम् ॥

હવે આગ્રયણનો કાલ કહે છે.

આશુ અથવા કાર્તિક એ માસમાં પૂનમ અથવા અમાવાસ્યાને દિવસે અથવા એ માસમાં શુક્લપક્ષમાં આવેલાં કૃત્તિકાથકી વિશાખા સુધી ચૌદ નક્ષત્રોમાં અથવા શુક્લપક્ષમાં આવેલા રેવતી નક્ષત્રમાં વ્રીહ્યાગ્રયણ કરવું. એ રીતે શ્રાવણ અથવા ભાદરવામાં પ્રથમ કહેલા પર્વને દિવસે અથવા નક્ષત્રોમાં શ્યામાક(સામા)નું આગ્રયણ કરવું. ચૈત્ર અથવા વૈશાખમાં પૂર્વોક્ત પર્વાદિકમાં યવાગ્રયણ કરવું. તેમાં પૂનમપર્વ હોય તો સંગવકાલથકી પ્રથમ સંધિ છતાં પ્રથમ દિવસે આગ્રયણ કરી પ્રકૃતિ-

ઇષ્ટિનું અન્વાધાન કરવું. મધ્યાહ્ન કાલથકી પાછળ સધિ હોય તો સંધિ દિવસે આગ્રયણ કરી પ્રકૃતિ-ઇષ્ટિનું અન્વાધાન કરવું. મધ્યાહ્નકાલે સંધિ હોય, અથવા સંગવકાલ પછી અને મધ્યાહ્નથી પ્રથમ સંધિ હોય તો સંધિને દિવસે આગ્રયણેષ્ટિ કરી પ્રકૃતિ ઇષ્ટિ તેજ દિવસે કરવી. અમાવાસ્યા પર્વ હોય તો પૂર્વાહ્ણકાલે અથવા અપરાહ્ણકાલે સંધિ છતાં સમય પ્રમાણે દર્શેષ્ટિ કરી એકમમાં આગ્રયણેષ્ટિ કરવી. એ પ્રમાણે નક્ષત્રાગ્રયણના પક્ષમાં પણ પૂનમની ઇષ્ટિથકી પ્રથમ અને અમાવાસ્યાની ઇષ્ટિ પછી જેમ આવે તે રીતે આગ્રયણ કરવું. એ વિષે દીપિકામાં "દર્શેષ્ટિ પછી, અને પૂર્ણિમાની ઇષ્ટિથકી પ્રથમ આગ્રયણ કરવું, એમ કહેલું છે." જો કે, "अथोपूर्वाह्णपर्वक्षये" એવો આરંભ છે માટે પૂર્વાહ્ણસંધિમાંજ પર્વના ક્ષય સમયે એ ક્રમ જાણવો; એ રીતના હેમાદ્રીના સિદ્ધાંતને મળતો દીપિકાનો મત છે, તો પણ ચાહોય તેવો સધિ હોય તો પણ એ પ્રમાણેજ ક્રમ થાયછે, એવા કૌસ્તુભના સિદ્ધાંતને મળતો અહીંનો સિદ્ધાંત જાણવો. એ પક્ષમાં 'अथो' એ પદ ચના અર્થમાં જોડવું, અને 'પૂર્વાહ્ણસધિમાં તથા પર્વક્ષયમાં' એવો અર્થ કરવો. એવું છતાં કૃષ્ણપક્ષમાં થતું નથી એ સિદ્ધ થયું. અમાવાસ્યાપર્વમાં આગ્રયણ કરવું એમ કહ્યું છે તેને અખંડ અમાવાસ્યાને દિવસે વ્યર્થપણું પ્રાપ્ત થાય છે માટે એ દીપિકાકારનો મત યોગ્ય નથી, એવો ગૃહ્યાગ્નિસાગરનો મત છે તે યોગ્ય નથી, એમ મને ભાસે છે; કારણ, ખંડપર્વ છતાં પ્રકૃતિ પછી બીજી વિકૃતિઓ એકમમાં કરવાથી પણ પર્વમાં કરવા સમાન ફળ પ્રાપ્ત થાયછે; તેમ અખંડ અમાવાસ્યા છતાં પણ એકમમાં કરવાનાં આગ્રયણને અમાવાસ્યાપર્વનું ફળ, મળવાની સંમતીનો સભવ છે. ખંડ અમાવાસ્યા છતાં અમાવાસ્યા પર્વને વિધાને કરી સાર્થકપણું થવાનો સંભવ છે, એ પ્રમાણે સિદ્ધાંત જાણવો. શ્રાવણ ઇત્યાદિક માસમાં શ્યામાકનું આગ્રયણ કર્યું ન હોય તો શરદ્દઋતુમાં વ્રીહિના આગ્રયણની સાથે એક તંત્રે કરવું. ત્યહાં સ્માર્ત્ત અગ્નિને વિષે "व्रीह्याग्रयणं श्यामाकाग्रयणं च तंत्रेण करिष्ये" એવો સંકલ્પ કરી ઇંદ્રાગ્ની અને વિશ્વેદેવમાટે આઠ મુઠી ચોખા સૂપડામાં લઈ બીજા સૂપડામાં આઠ મુઠી સામો "सोमाय" એ નામ મંત્રવડે લઈ પ્રથમના સૂપડામાં દ્યાવાપૃથિવી દેવતામાટે ચોખા લેવા. એ પ્રમાણે હોમમાં પણ વિશ્વેદેવહોમ થયા પછી સોમ દેવતાસંબંધી સામાના ચરૂનો હોમ કરી પછી દ્યાવાપૃથિવી દેવતાનો હોમ કરવો. આશુની પૂનમને દિવસે અપરાહ્ણ ઇત્યાદિક સધિમાં આગ્રયણ કરવું હોય તો આશ્વયુજી કર્મની સાથે સમાનતંત્રતા કરી આગ્રયણ કરવું. તેમજ જુના ચોખાનો ચરૂ, નવા ચોખાનો ચરૂ, અને નવા સામાનો ચરૂ, એવા ત્રણ ચરૂ ત્રણ પાત્રમાં જુદા જુદા કરવા. પૂનમને દિવસે પૂર્વાહ્ણ ઇત્યાદિક સંધિ હોય તો સધિદિવસે પ્રકૃતિયાગ કીધા પછી આશ્વયુજી કર્મ કરી પ્રથમ દિવસે અથવા સંધિદિવસે પ્રકૃતિ યાગથકી પ્રથમ આગ્રયણ કરવું. એ પ્રમાણે બન્ને કર્મના જુદા જુદા કાલ હોવાથી બન્ને કર્મ એકતંત્રે કરવા નહિ. શ્યામાક ચરૂનો સંભવ ન હોય તો સામાનાં ઘાસની મુઠી કરી તે સ્રુવ પાત્રથકી ઉત્તરમાં પાથરી તે ઉપરે સ્રુચિપાત્ર રાખવું, એટલું કરવાથી શ્યામાકાગ્રયણની સિદ્ધિ થાય છે, એ રીતે વૃત્તિકાર નારાયણ કહેછે. યવનું આગ્રયણ કરવું અથવા ન કરવું. વ્રીહીનાં આગ્રયણનો વસંતઋતુ લગી ગૌણ કાલ છે. યવાગ્રયણનો વર્ષાઋતુપર્યંત ગૌણ કાલ છે. આપત્તિકાલવિના ગૌણ કાલે આગ્રયણ કરે તો મુખ્ય કાલના ઉલ્લંઘનનું પ્રાયશ્ચિત્ત પ્રથમ કરી પછી આગ્રયણ કરવું. આપત્તિકાલ છતાં, ગૌણકાલમાં કરે તો પણ પ્રાયશ્ચિત્ત કરવું નહિ. ગૌણકાલનું પણ ઉલ્લંઘન થાય તો વૈશ્વાનરેષ્ટિરૂપ પ્રાયશ્ચિત્ત કરી રહેલાં આગ્રયણ કરવાં. સ્માર્ત્તાગ્નિ(આવસથ્ય)માં, જેનો દેવતા વૈશ્વાનર છે એવો સ્થાલીપાક (ચરૂ) ગ્રહણ કરવો. "અગ્નિહોત્રીના જે પુરોડાશ તેજ આવસથ્યવાળાના ચરૂ" એવાં વચનો છે. પ્રથમ આગ્રયણ કરવાનું તે શરદ્દઋતુમાં કરવું. તે ઋતુમાં ન થાય તો વિભ્રાટ ઇષ્ટિ, અથવા વિભ્રાટ દેવતાસંબંધી ચરૂ કરી આગળ આવનારા મુખ્ય કાલમાં પ્રથમ આગ્રયણ કરવું. ગૌણ કાલમાં પ્રથમ આગ્રયણ થતું નથી. જેનો પ્રથમ આરંભ કરેલો નથી એવાં દર્શ, પૌર્ણમાસ, આગ્રયણ ઇત્યાદિકનાં પ્રાયશ્ચિત્ત કરવામાટે વિકલ્પ છે એટલે પ્રાયશ્ચિત્ત કરવું અથવા ન કરવું એમ છે માટે વિભ્રાટ ઇષ્ટિ પણ વૈકલ્પિક છે. આગ્રયણ કીધા વિના કોઈ પણ નવું ઉત્પન્ન થયેલું ધાન્ય ખાવું નહિ. "આગ્રયણ કીધા વિના જો કોઈ મનુષ્ય નવું ધાન્ય ભક્ષણ કરે તો તેણે વૈશ્વાનર દેવતામાટે ચરૂ કરવો, અથવા પૂર્ણાહુતિ કરવી. અથવા "समिंद्रराया०" એ મંત્રનો જપ કરવો."

अथाग्रयणानुकल्पाः ॥ पृथगाग्रयणप्रयोगाशक्तौप्रकृतीष्टिसमानतंत्राग्रयणप्रयोगः तत्रपौर्णमासेष्ट्यासमानतंत्रत्वे आदावाग्रयणप्रधानंपश्चात्प्राकृतप्रधानं दर्शेष्ट्यैकतंत्रत्वेपूर्वंदर्शेष्टिप्रधानयागःपश्चादाग्रयणप्रधानयागः अन्यत्पूर्वोत्तरांगजातमाग्रयणविकृतिसंबंध्येवकार्यं विरोधेवैकृतंतंत्रमितिसिद्धांतात् एतदसंभवेनवश्यामाकव्रीहियवैःपुरोडाशंकृत्वादर्शपौर्णमासौकुर्यात् यद्वानवव्रीह्यादिभिरग्निहोत्रहोमंकुर्यात् अथवानवान्नान्यग्निहोत्र्यागवाखादयित्वातस्याःपयसाग्निहोत्रंजुहुयात् यद्वानवान्नेनब्राह्मणान्भोजयेदितिसंक्षेपः इदंमलमासेनकार्यं गुर्वाद्यस्तेपिनकार्यमितिकेचित् जीर्णधान्यालाभेतुमलमासादौकार्यम् ॥

હવે આગ્રયણનો ગૌણ કાલ કહે છે.

જુદું આગ્રયણ કરવાનું સામર્થ્ય ન હોય તો, પ્રકૃતિઇષ્ટિની સાથે સમાનતંત્ર કરી આગ્રયણનો પ્રયોગ કરવો. તેમાં પૂનમની ઇષ્ટિની સાથે એકતંત્રે આગ્રયણ કરવું હોય તો પ્રથમ આગ્રયણનું પ્રધાન કર્મ કરી પછી પ્રકૃતિઇષ્ટિનું પ્રધાન કર્મ કરવું. દર્શઇષ્ટિની સાથે એકતંત્રવડે કરવું હોય તો પ્રથમ દર્શઇષ્ટિનું પ્રધાન કર્મ કરી પછી આગ્રયણનું પ્રધાન કર્મ કરવું. બીજાં, પ્રથમનાં અને પાછળનાં સઘળાં અગભૂત કર્મ, આગ્રયણ વિકૃતિસંબંધી હોય તેજ કરવાં; કારણ, “કર્મનો વિરોધ હોય તો વિકૃતિ તંત્ર કરવો,” એવો સિદ્ધાંત છે. એનો સભવ ન હોય તો નવા સામા, વ્રીહિ અને યવનો પુરોડાશ કરી દર્શ, પૌર્ણમાસ કરવા. અથવા નવા વ્રીહિ ઇત્યાદિકવડે અગ્નિહોત્રસંબંધી હોમ કરવો. અથવા નવાં અન્ન અગ્નિહોત્રસંબંધી ગાયને ખવરાવી તેના દૂધવડે અગ્નિહોત્ર હોમ કરવો, અથવા નવાં અન્નવડે બ્રાહ્મણભોજન કરાવવું. એ સંક્ષેપ કહ્યો. આ આગ્રયણ મલમાસમાં કરવું નહીં. ગુરૂ શુક્રના અસ્તકાલમાં પણ કરવું નહીં, એમ કોઈ ગ્રંથકાર કહે છે. જુનાં ધાન ન મળે તો મલમાસાદિકમાં કરવું.

अस्यामेवपौर्णमास्यांज्येष्ठापत्यनीराजनादिकंपरविद्धायांकार्यम् ॥

એજ પૂનમને દિવસે મ્હોટો દીકરો અથવા મ્હોટી કન્યા એની નીરાજનવિધિ કરવી, તે એકમવિદ્ધા પૂનેમને દિવસે કરવી.

आश्विनकृष्णचतुर्थीकरकचतुर्थी साचंद्रोदयव्यापिनीग्राह्या दिनद्वयेतद्व्याप्त्यादौसंकष्टचतुर्थीवन्निर्णयः ॥

આશુ વદ ચોથને કરકચતુર્થી એમ કહે છે, એ ચોથ ચંદ્રોદયવ્યાપિની હોય તે લેવી. બન્ને દિવસે ચંદ્રોદયવ્યાપ્તિ, અવ્યાપ્તિ ઇત્યાદિક હોય તો સકષ્ટચતુર્થી પ્રમાણે નિર્ણય જાણવો.

कृष्णाष्टम्यांराधाकुंडेस्नानंमथुरामंडलवासिभिःकार्यं साअरुणोदयव्यापिनीतदभावेसूर्योदयव्यापिनीग्राह्या ॥

મથુરાજીને સમીપે રેહેનારાઓએ આશુ વદ આઠમને દિવસે રાધાકુંડમાં સ્નાન કરવું. તે સ્નાનમાટે આઠમ અરૂણોદયવ્યાપિની લેવી. અરૂણોદયવ્યાપિની ન હોય તો સૂર્યોદયવ્યાપિની લેવી.

आश्विनकृष्णद्वादशीगोवत्सद्वादशी ॥ साप्रदोषव्यापिनीग्राह्या दिनद्वयेतदव्याप्तौपरा सायंकालाख्यगौणकालेसत्त्वात् उभयत्रतद्व्याप्तौपूर्वेतिवह्वचः परेतिकेचित् अत्रवत्सतुल्यवर्णांसवत्सां पयस्विनींगांसंपूज्य गोपादेताम्रपात्रेणार्घ्यंदद्यात् तत्रमंत्रः क्षीरोदार्णवसंभूतेसुरासुरनमस्कृते सर्वदेवमयेमातर्गृहाणार्घ्यंनमोस्तुते ततोमाषादिवटकान्गोग्रासार्थंदत्वाप्रार्थयेत् सर्वदेवमयेदेविसर्वदेवैरलंकृते मातर्ममाभिलषितंसफलंकुरुनंदिनि तद्दिनेतैलपक्वंस्थालीपाकंगोक्षीरंगोघृतंगोदधितक्रंचवर्जयेत् नक्तंमाषान्नभोजनभूशय्याब्रह्मचर्यंचकार्यं इमामेवद्वादशीमारभ्यपंचसुदिनेषुपूर्वरात्रेनीराजनविधिर्नारदेनोक्तः नीराजयेयुर्देवांश्चविप्रान्गाश्चतुरंगमान् ज्येष्ठान्श्रेष्ठान्जघन्यांश्चमातृमुख्याश्चयोषित इति त्रयोदश्यामपमृत्युनाशार्थंयमायनिशामुखेवहिर्दीपोदेयः इमामेवत्रयोदशीमारभ्यगोत्रिरात्रव्रतमुक्तं तत्प्रयोगः कौस्तुभे ॥

આશુ વદ બારસને ગોવત્સદ્વાદશી કહે છે. તે પ્રદોષવ્યાપિની લેવી. બન્ને દિવસે પ્રદોષવ્યાપિની ન હોય તો બીજા દિવસની લેવી; કારણ, સાયંકાલ આ તેનો ગૌણ કાલ તેમાં તેની વ્યાપ્તિ છે.

બન્ને દિવસે પ્રદોષવ્યાપ્તિ હોય તો પ્રથમ દિવસની લેવી એ રીતે ઘણા ગ્રંથકારો કહે છે. બીજા દિવસની લેવી એમ પણ કેટલાએક ગ્રંથકારો કહે છે. આ બારસને દિવસે વાછડાની બરોબર રંગવાળી, વાછડાંસહિત અને દૂધ દેનારી એવી ગાયનું પૂજન કરી ગાયના પગની આગળ ત્રાંબાના પાત્રવડે અર્ઘ્ય આપવો. તેનો મંત્ર—"क्षीरोदार्णवसंभूते, सुरासुरनमस्कृते ॥ सर्वदेवमये मातर्गृहाणार्घ्यं नमोस्तु ते" પછી અડદ ઇત્યાદિકનાં વડાં ગાયને ભક્ષણમાટે દઈ પ્રાર્થના કરવી. તેનો મંત્ર—"सर्वदेवमये देवि, सर्वदेवैरलंकृते ॥ मातर्ममाभिलषितं, सफलं कुरु नंदिनि" એ ગોવત્સદ્વાદશીને દિવસે તેલમાં તળેલા, ટોપ આદિ વાસણમાં રાંધેલા, તથા ગાયસંબંધી દૂધ, ઘી, દહીં અને છાસ, એ પદાર્થો વર્જ્ય કરવા. નક્તવ્રત, અડદસહિત અન્નનું ભોજન, ભૂમિઉપર શયન અને બ્રહ્મચર્ય, એ નિયમ પાળવા. એજ બારસથકી આરંભ કરી પાંચ દિવસપર્યંત રાત્રિના પ્રથમ ભાગમાં નીરાજન (આરતી)નો વિધિ કરવો એ રીતે નારદજીએ કહ્યું છે. "દેવ, બ્રાહ્મણ, ગાય, ઘોડા, જ્યેષ્ઠ (અવસ્થાએ મ્હોટા), શ્રેષ્ઠ અને કનિષ્ઠ, એ સર્વેને માતાઆદિ સઘળી સ્ત્રિઓએ આરતી કરવી." અપમૃત્યુ (અકાલમૃત્યુ આદિ દુષ્ટ મરણ)ના નાશમાટે તેરસને દિવસે સાયંકાલે યમરાજાને નિમિત્તે ઘરથી બાહાર દીપક મેલવો. એજ તેરસને દિવસે આરંભ કરી ગોત્રિરાત્રવ્રત કરવું. તેનો પ્રયોગ કૌસ્તુભમાં જોવો.

आश्विनकृष्णचतुर्दश्यांचंद्रोदयव्यापिन्यां नरकभीरुभिस्तिलतैलेनाभ्यंगस्नानं कार्यम् ॥ अत्ररात्र्यंत्ययाममारभ्यारुणोदयावधिस्ततश्चंद्रोदयावधिस्ततःसूर्योदयावधिरितिकालत्रये पूर्वःपूर्वोजघन्यउत्तरउत्तरःश्रेष्ठः अतश्चंद्रोदयोत्तरोमुख्यकालः प्रातःकालोगौणः तत्रपूर्वदिनेएवचंद्रोदयव्याप्तौपूर्वा परदिनएवतद्व्याप्तौपरा अस्मिन्पक्षेतद्दिनेस्तमयादिकालेविहितमुल्कादानंदीपदानादिकंतत्कालेचतुर्दश्यभावेपिकार्यं दिनद्वयेचंद्रोदयव्याप्तौपूर्वा दिनद्वयेचंद्रोदयाव्याप्तौपक्षत्रयंसंभवति पूर्वत्रचंद्रोदयोत्तरमुषःकालंसूर्योदयंचव्याप्यप्रवृत्ताचतुर्दशीपरत्रचंद्रोदयात्पूर्वंसमाप्ता यथात्रयोदशीघट्यः ५८ पलानि ५० चतुर्दशी ५७ अस्मिन्प्रथमपक्षेउषःकालैकदेशेचतुर्दशीयुक्तेभ्यंगस्नानंकार्यं अथपूर्वत्रसूर्योदयमात्रंव्याप्यप्रवृत्तापरत्रचंद्रोदयात्पूर्वंसमाप्ता अथवासूर्योदयास्पर्शेनक्षयएवचतुर्दश्याः यथात्रयोदशी ५९।५९ चतुर्दशी ५७ यथावात्रयोदशी २ तद्दिनेचतुर्दशी ५४ अत्रपक्षद्वयेपरत्रचंद्रोदयेभ्यंगस्नानं चतुर्थयामादिजघन्यकालेचतुर्दशीव्याप्तिसत्त्वात् एतत्पक्षद्वयेकेचिदरुणोदयात्पूर्वमपिचतुर्दशीमध्येएवस्नानंकार्यमितिवदंति अपरेत्वरुणोदयोत्तरंचंद्रोदयादिकालेऽमावास्यायुक्तेपिस्नानमितिवदंति यत्तुचतुर्दशीक्षयेपूर्वत्रयोदश्यांचंद्रोदयेस्नानमित्याहुस्तदयुक्तं अत्राभ्यंगस्नानेविशेषः सीतालोष्टसमायुक्तसकंटकदलान्वितहरपापमपामार्गभ्राम्यमाणःपुनःपुनरितिमंत्रेणलांगलोद्धृतलोष्टयुतापामार्गतुंबीचक्रमर्दनशाखानांस्नानमध्येत्रिवारंभ्रामणंकार्यं अभ्यंगस्नानोत्तरंतिलकादिकृत्वाकार्तिकस्नानंकार्यं उक्तकालेपुस्नानासंभवेसूर्योदयोत्तरंगौणकालेपि यत्यादिभिरप्यवश्यमभ्यंगस्नानंकार्यं कार्तिकस्नानोत्तरंचयमतर्पणंकार्यं तद्यथा यमायनमः यमंतर्पयामीत्युक्त्वा तिलमिश्रांस्त्रीनंजलीन्सव्येनापसव्येनवादेवतीर्थेनपितृतीर्थेनवादक्षिणामुखोदद्यात् एवमग्रेपि धर्मराजाय० मृत्यवे० अंतकाय० वैवस्वताय० कालाय० सर्वभूतक्षयाय० औदुंबराय० दध्नाय० नीलाय० परमेष्ठिने० वृकोदराय० चित्राय० चित्रगुप्ताय० जीवत्पितृकस्तुयवैर्देवतीर्थेनसव्येनकुर्यात् ततःप्रदोषसमयेदीपान्दद्यान्मनोहरान् देवालयेमठेवापिप्राकारोद्यानवीथिषु गोवाजिहस्तिशालायामेवंदिनत्रयेपिच तुलासंस्थेसहस्रांशौप्रदोषेभूतदर्शयोः उल्काहस्तानराःकुर्युःपितॄणांमार्गदर्शनं तत्रदानमंत्रः अग्निदग्धाश्चयेजीवायेप्यदग्धाःकुलेमम उज्ज्वलज्योतिषादग्धास्तेयांतिपरमांगतिं यमलोकंपरित्यज्यआगतायेमहालये उज्ज्वलज्योतिषावर्त्मप्रपश्यंतुव्रजंतुते अस्यांनक्तभोजनंमहाफलम् ॥

ચંદ્રોદયસમયે વ્યાપનારી એવી આશુ વદ ચૌદશને દિવસે નરકથકી ભય પામનારાઓએ તલનાં તેલવડે અભ્યંગ કરી સ્નાન કરવું. એ વિષે રાત્રિના છેલ્લા પોહોર થકી આરંભ કરી અરૂણોદયપર્યંત, અરૂણોદયથકી આરંભ કરી ચંદ્રોદયપર્યંત, અને ચંદ્રોદયથકી તે સૂર્યોદય લગી એ રીતના ત્રણ કાળમાં પ્રથમ પ્રથમ ગૌણ અને બીજો બીજો શ્રેષ્ઠ છે, માટે ચંદ્રોદય પછીનો જે કાળ તે મુખ્ય કાળ, અને પ્રાતઃકાળ તે ગૌણ કાળ જાણવો. તેમાં પ્રથમ દિવસેજ ચંદ્રોદયવ્યાપ્તિ હોય તો ચૌદશ પ્રથમની લેવી. બીજે દિવસેજ ચંદ્રોદયવ્યાપિની હોય તો બીજા દિવસની લેવી. એ ચંદ્રોદયવ્યાપ્તિ પક્ષમાં તે દિવસે સૂર્યાસ્તસમયે કરવાને કહેલું ઉલ્કા(મેરાયા)નું દાન, દીપદાન, ઇત્યાદિક તે, તે સમયે

ચૌદશ ન હોય તો પણ કરવાં. બન્ને દિવસે ચંદ્રોદયવ્યાપ્તિ હોય તો પ્રથમ દિવસની લેવી. બીજા દિવસે ચંદ્રોદયવ્યાપ્તિ ન હોય તો ત્રણ પક્ષ સંભવે છે. પ્રથમ દિવસે ચદ્રોદય પછી ઉષઃકાલને, અથવા સૂર્યોદયને વ્યાપનારી ચૌદશ અને બીજે દિવસે ચંદ્રોદયથકી પ્રથમ સમાપ્ત થઈ. ઉદાહરણઃ—તેરસ ઘ૦ ૫૮, પળ ૫૦, ચૌદશ ઘ૦ ૫૭, એ પ્રથમ પક્ષમાં ચૌદશયુક્ત એવા ઉષઃકાલના એકદેશમાં અભ્યંગસ્નાન કરવું. હવે પ્રથમ દિવસે ચૌદશ કેવળ સૂર્યોદયને વ્યાપી રેહેનારી, અને બીજે દિવસે ચંદ્રોદયથકી પ્રથમ સમાપ્ત થઈ. અથવા,સૂર્યોદયને સ્પર્શ સુદ્ધાં ન કરતાં ચૌદશનો ક્ષય છે; ઉદાહરણઃ—તેરસ ઘ૦ ૫૯, પળ ૫૯, ચૌદશ ઘ૦ ૫૭, અથવા બીજું ઉદાહરણઃ—તેરસ ઘડી ૨ તે દિવસે ચૌદશ ઘ૦ ૫૪ આ બન્ને પક્ષમાં બીજે દિવસે ચંદ્રોદયસમયે અભ્યંગસ્નાન કરવું; કારણ, ચોથો પોહોર ઇત્યાદિક સ્નાનના ગૌણ કાલમાં ચૌદશની વ્યાપ્તિ છે. આ બન્ને પક્ષમાં કેટલાએક ગ્રંથકારો, અરૂણોદયથકી પ્રથમ ચૌદશમાંજ સ્નાન કરવું, એમ કહે છે. બીજા ગ્રંથકારો તો, અરૂણોદય પછી ચન્દ્રોદય ઇત્યાદિક કાળે અમાવાસ્યા હોય તો પણ તેમાં સ્નાન કરવું, એમ કહે છે. ચૌદશનો ક્ષય હોય તો, પૂર્વ દિવસે તેરસમાં ચન્દ્રોદયસમયે સ્નાન કરવું એ રીતે જે કેટલાએક ગ્રંથકારો કહે છે તે યોગ્ય નથી. એ અભ્યંગસ્નાનમાટે વિશેષ છે—“सीतालोष्ठसमायुक्त, सकंटकदलान्वित ॥ हर पापमपामार्ग, भ्राम्यमाणः पुनःपुनः” એ મંત્રવડે હળવતી ઉખેડેલી માટી, અઘાડો, દુધી અને પુવાડિયાં, એમની શાખાઓ સ્નાનમાં ત્રણ વખત પોતાનાં શરીર ઉપર ફેરવવી. અભ્યંગસ્નાન કીધા પછી તિલક કરી કાર્તિકસ્નાન કરવું. પ્રથમ કહેલા મુખ્ય કાળમાં સ્નાન ન થાય તો સૂર્યોદય પછી ગૌણ કાળમાં પણ કરવું. સંન્યાસી ઇત્યાદિકોએ અવશ્ય અભ્યંગ કરી સ્નાન કરવું તેમજ કાર્તિકસ્નાન કીધા પછી યમતર્પણ કરવું. તે આ રીતેઃ–“यमायनमः यमं तर्पयामि” એવું કહી દક્ષિણ દિશાનીસામે ઉભા રહી તિલયુક્ત ત્રણ અંજલી સવ્યે કરી અથવા અપસવ્યે કરી [1]દેવતીર્થવડે અથવા [2]પિતૃતીર્થવડે દેવી. એ પ્રમાણે આગળ કહેવાય છે તે મંત્રોવડે પણ પ્રથમ કહ્યા પ્રમાણે તર્પણ કરવું. તે મંત્રઃ–“ धर्मराजाय नमः धर्मराजं तर्पयामि ॥ मृत्यवे नमः मृत्युं त० ॥ अंतकाय नमः अंतकं त० ॥ वैवस्वताय नमः वैवस्वतं त० ॥ कालाय नमः कालं त० ॥ सर्वभूतक्षयाय नमः सर्वभूतक्षयं त० ॥ औदुंबराय नमः औदुंबरं त० ॥ दध्नाय नमः दध्नं त० ॥ नीलाय० नीलं त० ॥ परमेष्ठिने० परमेष्ठिनं त० ॥ वृकोदराय० वृकोदरं० ॥ चित्राय० चित्रं० ॥ चित्रगुप्ताय० चित्रगुप्तं०” જેનો પિતા જીવતો હોય તેણે પણ યવસહિત દેવતીર્થવડે તર્પણ કરવું. “ત્યાર પછી પ્રદોષ કાળે સુશોભિત એવા દીપક દેવાલય, મઠ (સંન્યાસી આદિકોને રેહેવાના સ્થાન), ગઢ, બગીચા, માર્ગ (રસ્તા), ગોશાળા ઘોડાર, અને હાથિઓનાં સ્થાન, એ ઠેકાણે ત્રણ દિવસ દેવા.” “ તૂલ સંક્રાંતિના સૂર્ય થયા પછી ચૌદશ અને અમાવાસ્યા એ બન્ને દિવસે પ્રદોષ સમયે પુરુષોએ હાથમાં ઉલ્કા (મેરાયાં ફેરાવે છે તે) લઈ પિત્રોને માર્ગ બતાવવો.” તેનો મંત્ર—“अग्निदग्धाश्च ये जीवा, येप्यदग्धाः कुले मम ॥ उज्ज्वलज्ज्योतिषा दग्धास्ते यांति परमां गतिम् ॥ यमलोकं परित्यज्य, आगता ये महालये ॥ उज्ज्वलज्ज्योतिषा वर्त्म, प्रपश्यंतु व्रजंतु ते ॥” એ ચૌદશને દિવસે નક્તભોજન કરવાથી મહાફળ થાયછે.

अथाश्विनामावास्यायांप्रातरभ्यंगः॥ प्रदोषेदीपदानलक्ष्मीपूजनादिविहितं तत्रसूर्योदयंव्याप्यास्तोत्तरंघटिकाधिकरात्रिव्यापिनिदर्शेसतिनसंदेहः अत्रप्रातरभ्यंगदेवपूजादिकंकृत्वापराह्णेपार्वणश्राद्धंकृत्वाप्रदोषसमयेदीपदानोल्काप्रदर्शनलक्ष्मीपूजनानिकृत्वा भोजनंकार्यं अत्रदर्शेबालवृद्धादिभिर्दिवानभोक्तव्यं रात्रौभोक्तव्यमितिविशेषोवाचनिकः तथाचपरदिनेएवदिनद्वयेवाप्रदोषव्याप्तौपरापूर्वत्रैव प्रदोषव्याप्तौलक्ष्मीपूजादौपूर्वा अभ्यंगस्नानादौपरा एवमुभयत्रप्रदोषव्याप्त्यभावेपि पुरुषार्थचिंतामणौतु पूर्वत्रैवव्याप्तिरितिपक्षेपरत्रयामत्रयाधिकव्यापिदर्शेदर्शापेक्षयाप्रतिपद्वृद्धिसत्त्वेलक्ष्मीपूजादिकमपिपरत्रैवेयुक्तं एतन्मतेउभयत्रप्रदोषाव्याप्तिपक्षेपिपरत्रदर्शस्यसार्धयामत्रयाधिकव्यापित्वात्परैवयुक्तेतिभाति चतुर्दश्यादिदिनत्रयेपिदीपावलिसंज्ञकेयत्रयत्राह्निस्वातीनक्षत्रयोगस्तस्यतस्यप्राशस्त्यातिशयः अस्यामेव निशीथोत्तरंनगरस्त्रीभिःस्वगृहांगणादलक्ष्मीनिःसारणंकार्यं इतिश्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे द्वितीयपरिच्छेद आश्विनमासकृत्यनिर्णय उद्देशः समाप्तः ॥

---

[1] દેવતીર્થ એટલે આંગળીઓનાં અગ્રવડે.

[2] પિતૃતીર્થ એટલે અંગુઠો અને તેની જોડની આંગળી એ બન્નેના મધ્યભાગવડે.

હવે આશુ અમાવાસ્યાનાં કૃત્યો કહે છે.

હવે આશુની અમાવાસ્યાને દિવસે પ્રાતઃકાલે તૈલાભ્યંગ કરી સ્નાન કરવું; પ્રદોષ સમયે દીપદાન, અને લક્ષ્મીપૂજન ઇત્યાદિક કરવાં. તેમાં સૂર્યોદયને વ્યાપીને સૂર્યાસ્ત પછી એક ઘડી કરતાં અધિક રાત્રિવ્યાપિની અમાવાસ્યા હોય તો તેમાં સંશય નથી. એ અમાવાસ્યાને દિવસે પ્રાતઃકાલે તૈલાભ્યંગ કરીને સ્નાન કરવું. પછી દેવપૂજા ઇત્યાદિક કરી અપરાહ્ણકાલે પાર્વણશ્રાદ્ધ કરવું, તેમજ પ્રદોષ સમયે દીપદાન, ઉલ્કાદર્શન, અને લક્ષ્મીપૂજન એ કાર્યો કરી ભોજન કરવું. એ અમાસને દિવસે બાલક, વૃદ્ધ, અને રોગી વિના બીજાં મનુષ્યોએ દિવસનું ભોજન કરવું નહિ, રાત્રિએ ભોજન કરવું એવો વચનસિદ્ધ વિશેષ જાણવો. તેમજ બીજે દિવસેજ અથવા બન્ને દિવસેજ પ્રદોષવ્યાપ્તિ હોય તો બીજા દિવસની લેવી, પ્રથમ દિવસેજ પ્રદોષવ્યાપ્તિ હોય તો લક્ષ્મીપૂજન ઇત્યાદિકમાં પ્રથમની લેવી. અભ્યંગસ્નાન ઇત્યાદિકમાં બીજા દિવસની લેવી. એ રીતે બન્ને દિવસે પ્રદોષવ્યાપિની ન હોય તો પણ પ્રથમની પ્રમાણેજ લેવી. પુરુષાર્થચિંતામણીમાં તો પૂર્વ દિવસેજ પ્રદોષવ્યાપિની છે, એવો પક્ષ હોય તો બીજે દિવસે ત્રણ પોહોરથકી અધિક અમાવાસ છતાં અને અમાવાસ કરતાં એકમ અધિક હોય તો લક્ષ્મીપૂજનાદિક સુદ્ધાં બીજે દિવસેજ કરવું, એ રીતે કહ્યું છે. એ મતપ્રમાણે બન્ને દિવસે પ્રદોષવ્યાપિની નથી એવો પક્ષ છતાં પણ બીજે દિવસે અમાવાસ સાડા ત્રણ પોહોર કરતાં અધિકવ્યાપિની હોય તો બીજા દિવસનીજ લેવામાં યોગ્ય છે, એમ ભાસે છે. ચોદશ, અમાવાસ, અને એકમ એ ત્રણે દિવસનું **દીપાવલી** એવું નામ છે; અને એ ત્રણ દિવસમાં જે દિવસે સ્વાતીનક્ષત્રનો યોગ હોય તે દિવસ અતિ ઉત્તમ એમ સમજવું. અમાવાસ્યાને દિવસે અર્ધરાત્રિ પછી, ગામની સ્ત્રિયોએ પોતપોતાના ઘરનાં આંગણાંમાંથી અલક્ષ્મીને કાઢવી. **ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે દ્વિતીયપરિચ્છેદે આશ્વિનમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥**

अथकार्तिकमासः ॥ वृश्चिकसंक्रांतौपूर्वाःषोडशनाड्यःपुण्याः शेषंप्राग्वत् अथकार्तिकशुक्लप्रतिपत्कृत्यं अत्राभ्यंगआवश्यकः एवंचचतुर्दश्यादिदिनत्रयेभ्यंगाद्युत्सवस्याकरणेनरकादिदोषश्रवणात्करणेलक्ष्मीप्राप्त्यलक्ष्मीपरिहारादिफलश्रवणाच्च नित्यकाम्योभयरूपत्वं अस्यां प्रतिप्रदिबलिपूजादीपोत्सवोगोक्रीडनंगोवर्धनपूजामार्गपालीबंधनं वष्टिकाकर्षणंनववस्त्रादिधारणाद्युत्सवोद्यूतंनारीकर्तृकनीराजनंमंगलमालिकाचेत्येवमादीनिकृत्यानि तत्रयदि उदयंव्याप्यदशमुहूर्ताप्रतिपत्तदाचंद्रदर्शनाभावाच्चंद्रदर्शनप्रयुक्तद्वितीयावेधनिषेधाप्रवृत्तेः सर्वकार्याणिपरप्रतिपद्येवभवंति इष्टिनिर्णयप्रकरणेत्रिमुहूर्तद्वितीयाप्रवेशमात्रेणचंद्रदर्शनमुक्तंतत्सूक्ष्मदर्शनाभिप्रायं अत्रतुस्थूलदर्शनमेवनिषेधप्रयोजकंतच्चषण्मुहूर्तद्वितीयाप्रवेशएवेतिनविरोधइतिभाति यदिनवममुहूर्तोनास्तितदाबलिपूजागोक्रीडागोवर्धनपूजामार्गपालीबंधनवष्टिकाकर्षणानि पूर्वविद्धप्रतिपदिकार्याणि अभ्यंगनववस्त्रादिधारणद्यूतनारीकर्तृकनीराजनमंगलमालिकादीनि औदयिकमुहूर्तव्यापिन्यामपिकार्याणि बलिपूजादेःकेनचिन्निमित्तेनपूर्वविद्धायामनुष्ठानासंभवेपरविद्धायामनुष्ठानंकार्यं नतुकर्मत्यागस्तिथ्यंतरपरिग्रहोवा यथाबौधायनीयाद्यैःस्वस्वसूत्रोक्तानुष्ठानासंभवे आपस्तंबीयादिसूत्रोक्तानुष्ठानंकार्यं नतुकर्मलोपः शाखांतरपरिग्रहोवातद्वदितिमाधवीयेस्पष्टं तत्रराजापंचवर्णरंगैर्बलिंद्विभुजमालिख्य अन्यजनाःशुक्लतंडुलैर्विरच्यपूजयेयुः तत्रमंत्रः बलिराजनमस्तुभ्यंविरोचनसुतप्रभो भविष्येंद्रसुराराते पूजेयंप्रतिगृह्यतां बलिमुद्दिश्ययत्किंचिद्दानकरणेऽक्षय्यविष्णुप्रीतिकरंतत् योयादृशेनभावेनतिष्ठत्यस्यांमुनीश्वर हर्षदैन्यादिरूपेणतस्यवर्षंप्रयातिहि अस्यांद्यूतंप्रकर्तव्यंप्रभातेसर्वमानवैः तस्मिन्द्यूतेजयोयस्यतस्यसंवत्सरेजयः विशेषचच भोक्तव्यंप्रशस्तैर्ब्राह्मणैःसह बलिराज्येदीपदानात्सदालक्ष्मीःस्थिराभवेत् दीपैर्नीराजनादत्रसैषादीपावलीस्मृता बलिराज्यंसमासाद्य यैर्नदीपावलीकृता तेषांगृहेकथंदीपाःप्रज्वलिष्यंतिकेशवेत्यादि ॥

હવે કાર્તિક માસનાં કૃત્ય કહે છે.

વૃશ્ચિક સંક્રાંતિની પ્રથમની સોળ ઘડી પુણ્યકાળ જાણવો. બીજો નિર્ણય પ્રથમ (પત્ર ૩ માં) કહ્યા પ્રમાણે જાણવો. હવે કાર્તિક શુદી એકમનાં કૃત્ય કહે છે. એ એકમને દિવસે તૈલાભ્યંગ અવશ્ય કરવો. એ રીતે ચૌદશ ઇત્યાદિ ત્રણ દિવસે, તૈલાભ્યંગ ઇત્યાદિ ઉત્સવ ન કરવાથી નરકપ્રાપ્તિ થાય છે ઇત્યાદિક દોષ સંભળાય છે, અને તે ઉત્સવો કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થઈ અલક્ષ્મીનો નાશ થાય છે.

ઇત્યાદિક ફળનું શ્રવણ છે, માટે એ ઉત્સવો નિત્ય અને કામ્ય બે પ્રકારના છે. એ એકમને દિવસે બલિરાજાની પૂજા, દીપોત્સવ, ગોક્રીડા, ગોવર્ધનપૂજા, માર્ગપાલીબંધન, ઘાસ આદિકની દોરી ખેંચવી, નવાં વસ્ત્રાદિક ધારણ કરવાં, ઇત્યાદિક ઉત્સવ, દ્યૂત રમવું, સ્ત્રિયોપાસે આરતી કરાવવી, અને મંગલમાલિકા, ઇત્યાદિક કૃત્ય કરવાં. તેમાં જો ઉદયને વ્યાપી વીસ ઘડી એકમ હોય તો તે દિવસે ચંદ્રદર્શન નથી માટે ચંદ્રદર્શનયુક્ત જે દ્વિતીયા તેના વેધનો નિષેધ તે દિવસે પ્રાપ્ત થતો નથી તેથી સર્વ કૃત્ય બીજા દિવસની એકમમાંજ થાય છે. ઇષ્ટિનિર્ણયનાં પ્રકરણમાં એકમને દિવસે છ ઘડી બીજનો પ્રવેશ હોય તો ચંદ્રદર્શન થાય છે એવું જે કહ્યું તે સૂક્ષ્મદૃષ્ટિના અભિપ્રાયવડે કહ્યું છે. આ સ્થલમાં તો સ્થૂલદર્શનજ નિષેધનું કારણ છે અને તે (સ્થૂલ) ચંદ્રદર્શન બાર ઘડી બીજ પ્રવેશ થઈ હોય તોજ થાય છે માટે વિરોધ નથી, એમ ભાસે છે. જો સૂર્યોદયથકી એકમ આઠ મુહૂર્ત્ત છે, નવમું મુહૂર્ત્ત નથી, તો બલિપૂજા, ગોક્રીડા, ગોવર્ધનપૂજા, માર્ગપાલીબંધન, અને વષ્ટિકાકર્ષણ (ઘાસ આદિકની દોરી ખેંચવી) એ કૃત્યો પ્રથમની તિથિવડે વિદ્ધા એવી એકમમાં કરવાં. તૈલાભ્યંગ, નવીન વસ્ત્રાદિકનું ધારણ, દ્યૂત સ્ત્રિયોપાસે આરતી કરાવવી, અને મંગલમાલિકા, ઇત્યાદિક કૃત્યો સૂર્યોદયસમયે બે ઘડી વ્યાપ્તિ હોય તો પણ તેમાંજ કરવાં. બલિપૂજા ઇત્યાદિક કૃત્યો કાંઈ એક નિમિત્તવડે પૂર્વવિદ્ધા એકમને દિવસે ન થાય તો પરવિદ્ધા એકમને દિવસે કરવાં, પરંતુ કર્મનો ત્યાગ કરવો નહિ, અને બીજી તિથિમાં કરવાં પણ નહિ. જે રીતે બૌધાયનીય શાખાવાળા ઇત્યાદિકોએ પોતાના સૂત્રમાં કહ્યા પ્રમાણે અનુષ્ઠાન ન થાય તો આપસ્તંબીય ઇત્યાદિક સૂત્રમાં કહ્યા પ્રમાણે અનુષ્ઠાન કરવું; પરંતુ કર્મનો લોપ અથવા અન્ય શાખાનું ગ્રહણ કરવું નહિ, તે પ્રમાણે આપણે કરવું, એ રીતે માધવના ગ્રંથમાં સ્પષ્ટ છે. તે એકમને દિવસે રાજાએ પાંચ પ્રકારના રંગવડે બે ભુજાયુક્ત બલીની મૂર્ત્તિ કાઢી પૂજા કરવી. બીજા મનુષ્યોએ સફેદ ચોખાની મૂર્ત્તિ કરી પૂજા કરવી. પૂજાનો મંત્ર;—"बलिराज नमस्तुभ्यं, विरोचनसुत प्रभो ॥ भविष्येंद्र सुराराते, पूजेयं प्रतिगृह्यताम्" બલીના ઉદ્દેશવડે જે કાંઈ દાન કરે તે અક્ષય્ય વિષ્ણુની પ્રીતિ કરનારૂં થાય છે. "એ એકમને દિવસે જે મનુષ્ય જેવા હર્ષ દૈન્ય ઇત્યાદિક ભાવથકી રહે છે તેનું સઘળું વર્ષ તેવું જાય છે." એટલે દૈન્યપણાથી રહે તો સઘળું વર્ષ દૈન્યપણાથી જાય છે, અને હર્ષવડે રહે તો સંપૂર્ણ વર્ષ હર્ષ પ્રાપ્ત થાય છે, એ તાત્પર્ય. "એ એકમને દિવસે પ્રાતઃકાળે સઘળાં મનુષ્યોએ દ્યૂત રમવું, અને તે દ્યૂતમાં જેનો જય થાય છે તેનો વર્ષ લગી જય થાય છે. પ્રશસ્ત (સત્પાત્ર) બ્રાહ્મણો સહિત પક્વાન્નવડે ભોજન કરવું, બલિરાજ્યને[1] દિવસે દીપદાન કરવાથકી લક્ષ્મી સર્વ કાળ સ્થિર રહે છે—દીવા કરી આરતી કરાવવી એવો વિધિ છે માટે એ એકમનું **દીપાવલી** એવું નામ છે. હે કેશવ ! બલિરાજ્યને દિવસે જેઓએ અધિક દીપક કીધા નથી, તેમનાં ઘરમાં દીપક કેમ પ્રજ્વલ થાય, ઇત્યાદિ."

अत्रलक्ष्मीपूजाकुबेरपूजाचोक्ता लक्ष्मीर्यालोकपालानांधेनुरूपेणसंस्थिता घृतंवहतियज्ञार्थेममपापं व्यपोहतु अग्रतःसंतुमेगावोगावोमेसंतुपृष्ठतः गावोमेहृदयेसंतुगवांमध्येवसाम्यहं इतिमंत्राभ्यां गवां सवत्सानांबलीवर्दानांचपूजनंविभूषणंचकृत्वादोहनभारवाहनादिकंवर्जयेत् ॥

એ એકમને દિવસે લક્ષ્મીની પૂજા અને કુબેરની પૂજા કરવી. "लक्ष्मीर्या लोकपालानां, धेनुरूपेण संस्थिता ॥ घृतं वहति यज्ञार्थे, मम पापं व्यपोहतु ॥ अग्रतः संतु मे गावो, गावो मे संतु पृष्ठतः ॥ गावो मे हृदये संतु, गवां मध्ये वसाम्यहं" એ મંત્રોવડે વાછડાંસહિત ગાયોની અને બળદોની પૂજા કરી ફુલોની માળા ઇત્યાદિકવડે તેમને સુશોભિત કરવું અને તે દિવસે ગાયોને દોવી નહિ અને બળદોને જોડવા નહિ.

अथगोवर्धनपूजा ॥ मुख्यगोवर्धनसान्निध्येतस्यैवपूजा तदसान्निध्येगोमयेनान्नकूटेनवागोवर्धनं कृत्वातत्सहितगोपालपूजाकार्या तत्र श्रीकृष्णप्रीत्यर्थंगोवर्धनपूजनगोपालपूजनात्मकंमहोत्सवंकरिष्य इतिसंकल्प्य बलिराज्ञोद्वारपालोभवानद्यभवप्रभो निजवाक्यार्थनार्थायसगोवर्धनगोपते इतिमंत्रेणस गोवर्धनंगोपालमावाह्यस्थापयेत् ततो गोपालमूर्तेविश्वेशशक्रोत्सवविभेदक गोवर्धनकृतच्छत्रपूजांमेहर गोपते गोवर्धनधराधारगोकुलत्राणकारक विष्णुबाहुकृतच्छायगवांकोटिप्रदोभवेतिमंत्राभ्यांश्रीगोपाळ..

---

[1] આશુ વિદ ચૌદશ થકી ત્રણ દિવસનું બલિરાજ્ય એવું નામ છે.

गोवर्धनंषोडशोपचारैःपूजयेत् तत्रयथाविभवंमहानैवेद्योदेयः ततःतदंगत्वेनप्रत्यक्षधेनौमृद्धेनौवागोपूजां पूर्वोक्तमंत्राभ्यांकृत्वा आगावोअग्मन्प्रैतेवदंत्विति ऋग्भ्यांगृहसिद्धचरुहोमःकार्यः ब्राह्मणेभ्योऽन्नगवादि दानं गोभ्यस्तृणदानं गिरयेबलिदानंच ततोगोविप्रहोमाग्निगिरिप्रदक्षिणासहचरीभिर्गोभिर्युतैःकार्या ॥

હવે ગોવર્દ્ધનપૂજાનો વિધિ કહે છે.

જેઓને મુખ્ય ગોવર્ધનપર્વત સમીપ હોય તો તેમણે તેનીજ પૂજા કરવી. તે (ગોવર્ધન) સમીપ ન હોય તો છાણનો અથવા અન્નના સમુદાયનો ગોવર્ધન કરી તે ગોવર્ધન સહિત ગોવાળોની પૂજા કરવી. તે પૂજામાં "श्रीकृष्णप्रीत्यर्थं गोवर्धनपूजनगोपालपूजनात्मकं महोत्सवं करिष्ये" એવો સંકલ્પ કરી, "बलिराजो द्वारपालो, भवानत्र भव प्रभो ॥ निजवाक्यार्थनार्थाय, सगोवर्धन गोपते" એ મંત્રવડે ગોવર્ધનયુક્ત ગોપાળનું આવાહન કરી સ્થાપન કરવું. ત્યાર પછી गोपालमूर्ते विश्वेश, शक्रोत्सवविभेदक ॥ गोवर्धनकृतच्छत्र पूजां मे हर गोपते ॥ गोवर्धनधराधार, गोकुलत्राणकारक ॥ विष्णुबाहुकृतच्छाय गवां कोटिप्रदो भव" એ મંત્રવડે શ્રીગોપાલ અને ગોવર્ધનની ષોડશોપચારવડે પૂજા કરવી. તે પૂજામાં પોતાની સંપત્તિ પ્રમાણે મહાનૈવેદ્ય (અન્નનો પર્વત કરી) દેવું. પછી એ ગોવર્ધનપૂજાનાં અંગપણે કરી પ્રત્યક્ષ ગાયની અથવા માટીની ગાય કરી તેની પ્રથમ કહેલા "लक्ष्मीर्या०" એ બે મંત્રવડે પૂજા કરી "आगावो अग्मन्० प्रैते वदंतु०" એ ઋચાવડે, ઘરમાં રાંધેલા ચરૂનો હોમ કરવો. બ્રાહ્મણોને અન્ન અને ગાયોનું દાન કરવું, ગાયોને ઘાસ દેવું, અને ગોવર્ધનને બલિદાન કરવું. ત્યાર પછી ગાયોને સાથે લઈ, ગાયો, બ્રાહ્મણ, હોમ, અગ્નિ અને ગોવર્ધન પર્વત એમને પ્રદક્ષિણા કરવી.

अथापराह्णेमार्गपालीबंधनम् ॥ तत्रपूर्वस्यांदिशिकुशकाशमयरज्जुविशेषंयथाचारंकृत्वोच्चस्तंभेवृक्षेचबद्ध्वा मार्गपालिनमस्तेस्तुसर्वलोकसुखप्रदे विधेयैःपुत्रदाराद्यैःपुनरेहिव्रतस्यमे इतिनमस्कृत्यप्रार्थ्यंतदधोमार्गेणगोगजादिसहिताःनृपराजादयःसर्वेगच्छेयुः एवंकाशादिमयींयष्टिकांदृढां कृत्वा एकतो राजपुत्रा अन्यत्रहीनजातयोजयज्ञानार्थंकर्षयेयुः अत्रहीनजातिजयेराजजयः प्रातर्द्यूतंकार्यमित्युक्तं एवंनारीभिर्नीराजनमपिप्रातरेवकार्यंरात्रौगीतवाद्याद्युत्सवःकार्यःनवैर्वस्त्रैश्चसंपूज्याद्विजसंबंधिबांधवाइति ॥

પછી અપરાહ્ન કાલે માર્ગપાલીબંધન કરવું, તે આ પ્રમાણે,-પોતાના કુલાચારપ્રમાણે કુશ અથવા મુંજ ઇત્યાદિકનું એક દોરડું કરી પૂર્વ દિશામાં જઈ માર્ગ ઉપર તે દોરડાને ઉંચા સ્તંભમાં અથવા ઝાડમાં બાંધી, "मार्गपालि नमस्तेस्तु, सर्वलोकसुखप्रदे ॥ विधेयैः पुत्रदाराद्यैः, पुनरेहि व्रतस्य मे," એ મંત્રવડે નમસ્કાર કરી પ્રાર્થના કરવી, પછી તે દોરડાના તળેના માર્ગમાંથી ગાય, હાથી ઇત્યાદિક સહિત બ્રાહ્મણ, અને રાજા ઇત્યાદિકોએ જવું. એ રીતે કાશ ઇત્યાદિ ઘાસનું મ્હોટું દોરડું કરી તે દોરડાને એક તરફ રાજપુત્રોએ પકડવું અને બીજી મેર હીન જાતીના મનુષ્યોએ પકડવું. પછી તે દોરડું જયની પરીક્ષા લેવામાટે પોતપોતાગામે ખેંચવું. એ ખેંચવામાં હીન જાતિનો જય થાય તો રાજાનો જય છે એમ સમજવું. એ એકમને દિવસે પ્રાતઃકાળે દ્યૂતકર્મ રમવું. એ પ્રમાણે સ્ત્રિયોપાસે આરતી કરાવવી તે પણ પ્રાતઃકાળેજ કરાવવી. રાત્રિએ ગાયન, વાદ્ય ઇત્યાદિક ઉત્સવ કરવા. બ્રાહ્મણ, વૃદ્ધ, અને સંબંધી એમને નવાં વસ્ત્ર દઈ તેમનો પૂજા સત્કાર કરવો.

अथयमद्वितीया ॥ यमोयमुनयापूर्वंभोजितःस्वगृहेस्वयं अतोयमद्वितीयासाप्रोक्तालोकेयुधिष्ठिर अस्यांनिजगृहेनभोक्तव्यंयत्नेनभगिनीहस्ताद्भोक्तव्यं तेनधनधान्यसुखलाभः वस्त्रालंकरणैःसर्वाभगिन्यः पूज्याः स्वभगिन्यभावेमित्रादिभगिन्यःपूज्याः भगिन्याअपिभ्रातृपूजनेअर्घ्यंधर्म्यंभ्रातुश्चिरजीवनं तदकरणेतज्जन्मसुभ्रातृनाशः इयंपूर्वेद्युरेवापराह्णव्यापिनीपूर्वा उभयत्रव्याप्त्यव्याप्त्यादिपक्षांतरेषुपरैव अस्यांयमुनास्नानमपराह्णेचित्रगुप्तयमदूतसहितयमपूजनंयमायार्घ्यदानंचविहितम् ॥

હવે યમદ્વિતીયાનો નિર્ણય કહે છે.

"પ્રથમ યમુનાએ યમને પોતાને ઘેર તેડાવી ભોજન કરાવ્યું છે માટે હે યુધિષ્ઠિર! લોકમાં એ બીજને યમદ્વિતીયા એમ કહે છે." એ બીજને દિવસે મનુષ્યે પોતાને ઘેર ભોજન કરવું નહિ, પ્રયત્ન કરી પણ બેહેનના હાથથી ભોજન કરવું; તેવડે ધન, ધાન્ય, અને સુખની પ્રાપ્તિ થાય છે.

વસ્ત્ર, અલંકાર ઇત્યાદિવડે સઘળી બેહેનોની પૂજા કરવી. પોતાની બેહેન ન હોય તો મિત્રાદિકની બેહેનને પોતાની બેહેન માની તેની પૂજા કરવી. બેહેને ભાઈનું પૂજન કરવું, તેણે કરી અખંડ સૌભાગ્ય અને ભાઈનું ચિરકાળ આયુષ્ય એ ફળ મળે છે. તે ન કરવાથી સાત જન્મપર્યંત ભાઈનો નાશ થાયછે. એ યમદ્વિતીયા પ્રથમ દિવસેજ અપરાહ્ણવ્યાપિની હોય તો પ્રથમની લેવી. બન્ને દિવસે 'અપરાહ્ણવ્યાપિની હોય' અથવા બન્ને દિવસે અપરાહ્ણવ્યાપિની ન હોય ઇત્યાદિક બીજા પક્ષોમાં બીજા દિવસનીજ લેવી. એ બીજને દિવસે યમુનાસ્નાન, અપરાહ્ણકાળે ચિત્રગુપ્ત અને યમદૂતસહિત યમનું પૂજન, તથા યમને અર્ઘ્યદાન કરવું.

कार्तिकशुक्लषष्ठ्यांभौमयुतायांवह्निंसमभ्यर्च्यतत्प्रीत्यर्थंविप्रभोजनंकार्यम् ॥

મંગળવારે યુક્ત કાર્તિક શુદી છઠને દિવસે અગ્નિની પૂજા કરી અગ્નિની પ્રીતિને અર્થે બ્રાહ્મણભોજન કરાવવું.

कार्तिकशुक्लाष्टमीगोपाष्टमी अत्रगोपूजनगोप्रदक्षिणगवानुगमनैरिष्टकामावाप्तिः ॥

કાર્તિક શુદી આઠમને ગોપાષ્ટમી કહે છે. એ આઠમને દિવસે ગાયોની પૂજા, ગાયોની પ્રદક્ષિણા, અને ગાયોની પાછળ વનમાં જવું, ઇત્યાદિ કૃત્ય કરવાં; તેણે કરી વાંછિત મનોરથ પ્રાપ્ત થાય છે.

कार्तिकशुक्लनवम्यांमथुराप्रदक्षिणोक्ता इयंयुगादिरपि अस्यांपूर्वाह्णव्यापिन्यामपिंडकंश्राद्धमुक्तं अत्र विशेषोवैशाखप्रकरणेउक्तः ॥

કાર્તિક શુદી નોમને દિવસે મથુરાને પ્રદક્ષિણા કરવી. એ નોમ યુગાદિ છે. એ પૂર્વાહ્ણકાલવ્યાપિની નોમને દિવસે પિંડરહિત શ્રાદ્ધ કરવું. એમાં વિશેષ પ્રકાર વૈશાખમાસનાં પ્રકરણમાં (પત્ર ૪૯ માં) કહ્યો છે.

एकादश्यादिदिनपंचकेभीष्मपंचकव्रतमुक्तम् ॥ तच्चशुद्धैकादश्यामारभ्यचतुर्दश्यविद्धौदयिकपौर्णमास्यांसमापनीयं यदिशुद्धैकादश्यामारंभेक्षयवशेनपौर्णमास्यांपंचदिनात्मकव्रतसमाप्तिर्नघटतेतदाविद्धैकादश्यामप्यारंभः शुद्धैकादश्यामारंभेपिदिनवृद्धिवशेनपरविद्धपौर्णमास्यांसमापनेयदिषट्दिनापत्तिस्तदाचतुर्दशीविद्धपौर्णिमायामपिसमाप्तिःकार्या व्रतप्रयोगःकौस्तुभादौज्ञेयः कार्तिकमासेएकादश्यादिपर्वणिचंद्रतारादिबलान्वितेशिवविष्णुमंत्रग्रहणादिरूपादीक्षाकर्तव्या कार्तिकेतुकृतादीक्षानृणां जन्मविमोचनीतिनारदोक्तेः तथात्रतुलसीकाष्ठमालाधारणमुक्तं स्कांदद्वारकामाहात्म्येविष्णुधर्मेच निवेदयेत्केशवेमालांतुलसीकाष्ठसंभवां वहतेयोनरोभक्त्यातस्यनैवास्तिपातकं तुलसीकाष्ठसंभूतेमालेकृष्णजनप्रिये बिभर्मित्वामहंकंठेकुरुमांकृष्णवल्लभं एवंसंप्रार्थ्यविधिवन्मालांकृष्णगलेर्पितां धारयेत्कार्तिकेयोवैसगच्छेद्वैष्णवंपदमितिनिर्णयसिंधौस्पष्टं यत्तु तत्रैवमालाधारणप्रकरणांतेसर्वपुस्तकेष्वदृश्यमानमपिअप्रमूलंचिंत्यमितिवाक्यंक्वचिन्निर्णयसिंधुपुस्तकेदृश्यते तस्यमालाधारणविधिवाक्यानांनाप्रामाणिकत्वेतात्पर्यं स्वयमेवस्कंदपुराणस्थविष्णुधर्मस्थस्वेनोक्तानांस्वयमेवाप्रामाणिकत्वोक्तौव्याघातप्रसंगात् तुलसीकाष्ठघटितैरुद्राक्षाकारकारितैः निर्मितांमालिकांकंठेनिधायार्चनमारभेत् तुलसीकाष्ठमालयाभूषितःकर्म आचरन् पितॄणांदेवतानांचकृतंकोटिगुणंभवेत् इतिपद्मपुराणे पातालखंडेनवसप्ततितमाध्याये प्रत्यक्षोपलभ्यमानवचनविरोधाच्च किंचाषाढमासप्रकरणेआषाढशुद्धद्वादश्यामनुराधायोगरहितायांपारणंकार्यमित्युक्त्वा तत्रप्रमाणत्वेनाभाकासितपक्षेषुमैत्राद्यपादेस्वपितीहविष्णुरित्यादीनिभविष्यस्थविष्णुधर्मस्थानिवाक्यानिलिखित्वा यथांतेइदंनिर्मूलमित्युक्तं एवं प्रकरणांतरेपितस्यचमाधवादिमूलग्रंथेषुनोपलभ्यते इत्येवतत्परिभाषातात्पर्यं नत्वप्रामाणिकत्वे तथात्वेभाद्रकार्तिकयोस्तद्वाक्यानुसारेणपारणनिर्णयलेखनासांगत्यप्रसंगात् कौस्तुभादिसर्वनवीनग्रंथेषुतद्वाक्यानुसारेणैवनिर्णयस्यासंगत्यापाताच्च सर्वशिष्टानांतदनुसारेणैवपारणाचरणस्याप्यप्रमाणत्वापत्तेश्चतद्वदत्रापिज्ञेयं एतेनमाधवादिष्वनुपलंभादेवाप्रामाण्यापत्तिरितिनिरस्तं बहूनांमाधवादिलिखितानांवाक्यानामाचाराणांचाप्रामाण्यापत्तेः यत्रतुयानि यत्तुइत्येवमादिरूपेणयत्पदोपक्रममनूद्यतानिनिर्मूलानीत्येवमादिरीत्यादूष्यंते यथाश्रवणद्वादशीप्रकरणे श्रवणस्योत्तराषाढावेधनिषेधकवाक्यानितत्रतेषामप्रमाणत्वेएवसर्वथातात्पर्यमितिसूक्ष्मबुद्ध्योविदांकुर्वंतु ननुमाधवादिग्रंथेष्वनुपलंभान्ननिर्मूलत्वमुच्यते किंतुकाष्ठमालाधारणनिषेधवाक्यानांबाधकानामुपलंभादितिचेत् किंतानिवाक्यानिसामान्यतःकाष्ठमालाधारणनिषेधकानिदृश्यंते विशेषतस्तुलसीकाष्ठ

मालानिषेधकानिवा आद्येसामान्यतःकाष्ठमालानिषेधकवाक्यानांविशेषरूपैस्तुलसीधात्रीकाष्ठमालाधारणविधिवाक्यैर्बाधःस्पष्टः द्वितीयेषोडशीग्रहणाग्रहणवद्विहितप्रतिषिद्धत्वेनविकल्पमवगच्छ सचविकल्पोवैष्णवावैष्णवविषयतयाव्यवस्थितोभविष्यति मूलवाक्येषुविष्ण्वादिपदश्रवणादितिननिर्मूलत्वसंभवः अतएवैतद्वाक्यानांमाधवाद्यनुल्लेखस्याशयोहरिवासरलक्षणवाक्येषुपुरुषार्थचिंतामणौ वैष्णवानामेवावश्यकत्वादेतदनुपन्यासेपिमाधवादीनांनन्यूनतेत्युक्तयारीत्योहितुंशक्यः एवंधात्रीकाष्ठमालाधारणविधिर्ज्ञेयः रामार्चनचंद्रिकादौ तुलसीकाष्ठमालयाजपविधिवाक्यानितुलसीकाष्ठघटितैर्मणिभिर्जपमालिकेत्यादीनिस्पष्टानि एवंग्रंथांतरेषुबहूनिवाक्यान्युपलभ्यंते तथाचप्रयोगपारिजाताह्निकेपूजाप्रकरणे उक्तं आदौदेवपूजासाधनमप्रोदकगंधपुष्पाक्षतादिकंसंभृत्यपादौपाणीप्रक्षाल्ययथाशक्तिधृतदुकूलादिशुद्धवस्त्रो भूषणभूषितोमुक्ताफलप्रवालपद्माक्षतुलसीमणिनिर्मितमालाःकंठेधृत्वा इतिसर्वदेशीयवैष्णवेषुतुलसीकाष्ठमालाधारणजपाचारश्चोपलभ्यते भस्मादिधारणद्वेषिवैष्णवस्पर्धयाशैवागमाग्रहिभिःकेवलंद्विष्यतइत्यलंबहुनेतिदिक् ॥

હવે તુલસીમાલા ગ્રહણ વિધિ કહે છે.

એકાદશીથકી પાંચ દિવસ ભીષ્મપંચકવ્રત કરવું. તે ભીષ્મપંચકવ્રત, શુદ્ધ એકાદશીને દિવસે આરંભ કરી ચૌદશવડે વિદ્ધા ન હોય એવી ઔદયિક (સૂર્યોદયસમયની) પૂનમનાં સમાપ્ત કરવું. જો શુદ્ધા એકાદશીને દિવસે આરંભ કીધો હોય અને તિથિક્ષયને પ્રસંગે દિવસ ઓછો થતો હોય તો પૂનમને દિવસે પાંચ દિવસના વ્રતની સમાપ્તિ થતી નથી ત્યારે વિદ્ધા એકાદશીમાં પણ આરંભ કરવો. શુદ્ધા એકાદશીને દિવસે પણ આરંભ કીધો હોય અને તિથિના વૃદ્ધિવડે એકમવિદ્ધા પૂનમને દિવસે સમાપ્તિ કરવાથી જો છ દિવસ થાય તો ચૌદશવિદ્ધા પૂનમને દિવસે પણ સમાપ્તિ કરવી. એ વ્રતનો પ્રયોગ કૌસ્તુભાદિક ગ્રંથમાં જોવો. કાર્તિક માસમાંનાં એકાદશી ઇત્યાદિક પર્વમાં ચંદ્રબલ અને તારાબલ જોઈ શિવ અને વિષ્ણુના મંત્રનું ગ્રહણ કરવું ઇત્યાદિ દીક્ષા કરવી. કારણ, "કાર્તિક માસમાં મંત્રદીક્ષા ગ્રહણ કરવાથી તે દીક્ષા જન્મથકી છોડાવનારી, એટલે મુક્તિ દેનારી થાય છે," એવાં નારદનાં વચન છે. તેમજ એ કાર્તિક માસમાં તુલસીનાં કાષ્ઠની માળા ધારણ કરવી એ રીતે સ્કંદપુરાણમાંના દ્વારકામાહાત્મ્યમાં અને વિષ્ણુધર્મમાં કહેલું છે. "તુલસીનાં કાષ્ઠની માળા કેશવને અર્પણ કરી પછી તેને ભક્તિપૂર્વક જે ધારણ કરે તે મનુષ્યનાં પાતક અવશ્ય રેહેતાં નથી." માળાની પ્રાર્થનાનો મંત્રઃ—"तुलसीकाष्ठसंभूते, माले कृष्णजनप्रिये ॥ बिभर्मि त्वामहं कंठे, कुरु मां कृष्णवल्लभम्," "એ મંત્રવડે માળાની પ્રાર્થના કરી કૃષ્ણના કંઠમાં અર્પણ કરેલી માળા, કાર્તિક માસમાં વિધિપૂર્વક જે ધારણ કરે તે વિષ્ણુપદ પ્રત્યે જાય છે." એ રીતે નિર્ણયસિંધુમાં સ્પષ્ટ કહ્યુ છે. જે નિર્ણયસિંધુમાંજ માળાધારણનાં પ્રકરણની છેવટે સઘળાં પુસ્તકોમાં જો મળતું નથી તો પણ 'એમાં મૂળ વિચાર કરવો' એવું વાક્ય એકાદ નિર્ણયસિંધુના પુસ્તકમાં મળે છે તેનો તાત્પર્ય; માળા ધારણવિષે જે વિધિવાક્ય છે તે પ્રમાણભૂત નથીજ, એ વિષયમાં નથી. કારણ, નિર્ણયસિંધુકાર પોતેજ સ્કંદપુરાણમાંના વિષ્ણુધર્મમાં લખેલાં વાક્યો કહી પોતેજ તે વાક્યો અપ્રમાણ કહે તો મ્હોટો હાનિનો પ્રસંગ આવે, અને "રૂદ્રાક્ષના આકાર પ્રમાણે કરેલા જે તુલસીકાષ્ઠના મણિ (પારા) તેની માળા કરી તેને કંઠમાં ધારણ કરી પૂજાનો આરંભ કરવો, તુલસીકાષ્ઠની માળાવડે ભૂષિત છતા પિતૃ અને દેવની પૂજા કરે તો તે પૂજનરૂપ કર્મ કોટિગુણિત થાય છે," એ રીતનાં પદ્મપુરાણમાંના પાતાલખંડના ઓગણએંશીમા અધ્યાયમાં પ્રત્યક્ષ વાંચવામાં આવતાં વચનો સાથે વિરોધ આવશે. તો આષાઢ માસના પ્રકરણમાં આષાઢ શુદી બારસ વિષે અનુરાધાયોગે રહિત બારસમાં પારણા કરવી એ રીતે કહી તેમાં પ્રમાણભૂત એવાં, "आभाकासितपक्षेषु, मैत्राद्यपादे स्वपितीह विष्णुः" ઇત્યાદિક ભવિષ્યપુરાણમાંના વિષ્ણુધર્મગ્રંથનાં વાક્યો લખી જેમ છેવટે એ નિર્મૂલ છે એમ કહ્યું, તેમ તેનાં બીજા પ્રકરણમાં પણ; માધવાદિક મૂળગ્રંથમાં તે વચનો મળતાં નથી, એવોજ નિર્ણયસિંધુની પરિભાષાનો તાત્પર્ય છે; વચન અપ્રમાણ છે એવો તાત્પર્ય નથી. અપ્રમાણવિષે તાત્પર્ય છે એમ માનિયે તો ભાદ્રપદ માસ અને કાર્તિક માસમાં તેજ વાક્યોને અનુસરીને જે પારણાનો નિર્ણય લખેલો છે તેની સગતિ થનારી નથી. તેમ કૌસ્તુભાદિક સર્વ નવીન ગ્રંથોમાં તે વાક્યને અનુસરીનેજ જે નિર્ણય કહ્યો છે તેની પણ સંગતિ થનારી નથી. અને સર્વ શિષ્ટજનો તે વાક્યોને અનુસરી તે પ્રમાણેજ જે પારણા કરે છે તેને પણ અપ્રમાણપણું થશે, માટે તે પ્રમાણે અહીં જાણવું, એણે કરી માધવાદિક

ગ્રંથમાં મળતું નથી માટે એ અપ્રમાણ એ રીતે જે કહ્યું તે ખંડિત થયું; કારણ, લખેલાં ઘણાં વાક્યો અને આચારો પ્રમાણભૂત નથીજ એવું બહુ સ્થાનકે છે. તેમજ 'यत्तु' એ સ્વરૂપે કરી યત્ એવું પદ કહ્યા વિના 'તે નિર્મૂલ છે' ઇત્યાદિક રીતિવડે જેમ શ્રવણદ્વાદશીના પ્રકરણમાં શ્રવણને ઉત્તરાષાઢાના વેધના નિષેધ કરનારા વાક્યો ત્યહાં તેના અપ્રમાણપણાવિષેજ સર્વથા તાત્પર્ય છે; એ રીતે સૂક્ષ્મબુદ્ધિવાળા મનુષ્યો

શંકા—માધવાદિક ગ્રંથોમાં મળતાં નથી માટે નિર્મૂલ છે એમ નહિ, ત્યારે કાષ્ઠમાલા ધારણનાં નિષેધ કરનારાં બાધક વાક્યો મળે છે માટે નિર્મૂળ, એમ કહીશ તો તે વાક્યો કેમ સામાન્યપણે કાષ્ઠમાલાનાં ધારણના નિષેધ કરનારાં મળે છે? અથવા વિશેષે કરી તુલસીકાષ્ઠમાલાનાં ધારણના નિષેધ કરનારાં મળે છે? પ્રથમ પક્ષવિષે **સમાધાન**—સામાન્યપણે કાષ્ઠમાલાધારણનાં નિષેધ કરનારાં જે વાક્યો તેનો બાધ, વિશેષરૂપ એવા તુલસી, આમળા ઇત્યાદિક કાષ્ઠની માલા ધારણ કરવાવિષે પ્રતિપાદન કરનારાં જે વાક્યો તેવડે સ્પષ્ટ થાય છે. બીજા પક્ષવિષે **સમાધાન**—જેમ યજ્ઞમાં પોડશી એ પાત્રનું ગ્રહણ વૈકલ્પિક છે એટલે ગ્રહણ કરવું અથવા ન કરવું, તેમ વિધિ અને નિષેધરૂપવડે તુલસીકાષ્ઠમાલા ધારણનો વિકલ્પ છે એમ જાણવું. તે વિકલ્પ વૈષ્ણવ અને અવૈષ્ણવ એ ભેદવડે નિશ્ચિત થશે. કારણ, મૂળ વચનમાં વિષ્ણુ ઇત્યાદિ પદ મળે છે માટે નિર્મૂલ એમ થતું નથી, માટેજ એ વાક્યો માધવાદિકોએ લખ્યાં નથી. તેનો અભિપ્રાય હરિવાસરનાં લક્ષણનાં વાક્યોવિષે પુરૂષાર્થચિંતામણીમાં વૈષ્ણવોએજ હરિવાસર અવશ્ય પાળવો, એમ કહ્યું છે; માટે એનું ગ્રહણ જો નથી કર્યું તો પણ તેથકી માધવાદિકોને ન્યૂનપણું પ્રાપ્ત થતું નથી, એ રીતે જાણી શકાય છે. એ રીતે આમળાનાં કાષ્ઠની માલાના ધારણનો વિધિ જાણવો. રામાર્ચનચંદ્રિકા ઇત્યાદિક ગ્રંથોમાં તુલસીના કાષ્ઠની માલા કરી તે માલાવડે જપ કરવો એ પ્રકારનાં, "તુલસીનાં કાષ્ઠના મણી કરી તેની જપમાલા કરવી," ઇત્યાદિક વિધિવાક્યો સ્પષ્ટ છે, અને એવાં વાક્યો બીજા ગ્રંથોમાં બહુ મળે છે. તેમજ પ્રયોગપારિજાતકનાં આહ્નિકમાં પૂજાપ્રકરણમાં કહ્યું છે, તે આ પ્રમાણે,—પ્રથમ અગ્રોદક (દર્ભનાં અગ્રનું જલ), ગંધ, પુષ્પ, અને અક્ષત, ઇત્યાદિક દેવપૂજાની સામગ્રી સંપાદન કરી હાથ, પગ ધોઈ પોતાની શક્તિઅનુસારે પીતાંબર ઇત્યાદિક શુદ્ધ વસ્ત્ર ધારણ કરી, અલંકાર ધારણ કરી, મોતી, પરવાળાં, કમળના મણિ, અથવા તુલસીકાષ્ઠના મણિ એમની માલાઓ કંઠમાં ધારણ કરી પૂજાનો આરંભ કરવો. એ રીતે સર્વ દેશના વૈષ્ણવોમાં તુલસીના કાષ્ઠની માલા ધારણ કરી જપ કરવાનો આચાર પણ મળે છે, માટે ભસ્મ ઇત્યાદિકનાં ધારણનાં દ્વેષ કરનારા જે વૈષ્ણવો તેમના દ્વેષવડે શૈવમાર્ગના આગ્રહ ધરનારા શિવભક્તો તુલસીકાષ્ઠમાલાનો દ્વેષ કરે છે, એ પ્રમાણે નિર્ણય થયો. એ કરતાં વિશેષ વિસ્તાર કરવાનું પ્રયોજન નથી.

अथधात्रीमूलेदेवपूजाविधिः ॥ सर्वपापक्षयद्वाराश्रीदामोदरप्रीत्यर्थंधात्रीमूलेश्रीदामोदरपूजांकरिष्ये पुरुषसूक्तेनपोडशोपचारैःसंपूज्यगंधपुष्पफलयुतमर्घ्यंदद्यात् अर्घ्यंगृहाणभगवन्सर्वकामप्रदो भव अक्षयासंततिर्मेस्तुदामोदरनमोस्तुते ततोपराधसहस्राणीतिप्रार्थ्य धात्रींकुंकुमगंधादिनाभ्यर्च्यपुष्पैःपूजयेत् धात्र्यैनमः शांत्यैन० मेधायै० प्रकृत्यै० विष्णुपत्न्यै० महालक्ष्म्यै० रमायै० कमलायै० इंदिरायै० लोकमात्रे० कल्याण्यै० कमनीयायै० सावित्र्यै० जगद्धात्र्यै० गायत्र्यै० सुधृत्यै० अव्यक्तायै० विश्वरूपायै० सुरूपायै० अब्धिभवायै० ततोधात्रीमूलेसव्येनतर्पणंकार्यं पितापितामहश्चान्येअपुत्रायेचगोत्रिणः तेपिबंतुमयादत्तंधात्रीमूलेऽक्षयंपयः आब्रह्मस्तंबपर्यंतं० दामोदरनिवासायैधात्र्यैदेव्यैनमोस्तुते सूत्रेणानेनबध्नामिसर्वदेवनिवासिनीमितिसूत्रेणवेष्टयेत् धात्र्यैनमइतिचतुर्दिक्षुबलीन्दत्वाष्टदीपान्दद्यात् अष्टकृत्वःप्रदक्षिणीकृत्यनमेत् धात्रिदेविनमस्तुभ्यंसर्वपापक्षयंकरि पुत्रान्देहिमहाप्राज्ञेयशोदेहिबलंचमे प्रज्ञांमेधांचसौभाग्यंविष्णुभक्तिंचशाश्वतीं नीरोगंकुरुमांनित्यंनिष्पापंकुरुसर्वदा ततोघृतपूर्णंसहेमकांस्यपात्रं दद्यादितिसंक्षेपः ॥

હવે આમળીના મૂળમાં દેવપૂજાનો વિધિ કહે છે.

"सर्वपापक्षयद्वारा श्रीदामोदरप्रीत्यर्थं धात्रीमूले श्रीदामोदरपूजां करिष्ये," એવો સંકલ્પ કરી પુરૂષસૂક્તવડે પોડશોપચારથી પૂજા કરી; ગંધ, પુષ્પ, અને ફલ એણેસહિત અર્ઘ્ય દેવો. તેનો મંત્ર;—अर्घ्यं गृहाण भगवन्, सर्वकामप्रदो भव ॥ अक्षया संततिर्मेस्तु, दामोदर नमोस्तु ते." ત્યાર પછી

કરી પુષ્પવડે પૂજા કરવી. પુષ્પપૂજાના મંત્ર,—“अपराधसहस्राणि०” એ મંત્રવડે પ્રાર્થના કરી આમળીના વૃક્ષની કુંકુમ, ચંદન, ઇત્યાદિકવડે પૂજા કરી “धात्र्यैनमः, शांत्यैन०, मेधायै०, प्रकृत्यै०, विष्णुपत्न्यै०, महालक्ष्म्यै०, रमायै०, कमलायै०, इंदिरायै०, लोकमात्रे०, कल्याण्यै०, सावित्र्यै०, कमनीयायै०, जगद्धात्र्यै०, गायत्र्यै०, सुधृत्यै०, अव्यक्तायै०, विश्वरूपायै०, सुरूपायै०, अब्धिभवायै०” એ પ્રમાણે પૂજા કીધા પછી આમળીના મૂળમાં સવ્યે કરી તર્પણ કરવું. તર્પણના મંત્ર;—“पिता पितामहश्चान्ये, अपुत्रा ये च गोत्रिणः ॥ ते पिबंतु मया दत्तं, धात्रीमूलेऽक्षयं पयः ॥ आब्रह्मस्तंबपर्यंतं०” એ રીતે તર્પણ કરી, પછી, “दामोदरनिवासायै, धात्र्यै देव्यै नमोऽस्तु ते ॥ सूत्रेणानेन बध्नामि, सर्वदेवनिवासिनीम्,” એ મંત્રવડે આમળીના વૃક્ષને સૂત્ર વીંટવું. અને “धात्र्यै नमः” એ મંત્રવડે પૂર્વાદિક ચાર દિશામાં બલિનું દાન કરી આઠ દીપક દેવા, અને આઠ પ્રદક્ષિણા કરી નમસ્કાર કરવા. તેના મંત્ર;—“धात्रि देवि नमस्तुभ्यं, सर्वपापक्षयंकरि ॥ पुत्रान् देहि महाप्राज्ञे, यशो देहि बलं च मे ॥ प्रज्ञां मेधां च सौभाग्यं, विष्णुभक्तिं च शाश्वतीम् ॥ नीरोगं कुरु मां नित्यं, निष्पापं कुरु सर्वदा,” ત્યાર પછી ઘૃતપૂર્ણ અને સુવર્ણસહિત કાંસાના પાત્રનું દાન કરવું. એ રીતે સંક્ષેપથકી પૂજાપ્રયોગ કહ્યો.

कार्तिकशुक्लद्वादश्यांरेवतीयोगरहितायांपारणं अपरिहार्ययोगेचतुर्थपादोवर्ज्यइत्यादिविशेषः श्रवणनिर्णयप्रकरणोक्तोद्रष्टव्यः ॥

કાર્તિક શુદ બારસ રેવતી નક્ષત્રના યોગે રહિત હોય તે બારસમાં પારણા કરવી. સઘળા નક્ષત્રનો ત્યાગ થઇ ન શકે એમ હોય તો ચોથો પાદ વર્જ્ય કરવો, ઇત્યાદિક વિશેષ પ્રકાર શ્રવણનિર્ણયના પ્રસંગમાં (પત્ર ૬૬ માં) કહ્યો છે તે જોવો.

अथप्रबोधोत्सवतुलसीविवाहौ ॥ तत्रप्रबोधोत्सवः कार्तिकशुक्लैकादश्यांक्वचिदुक्तः रामार्चनचंद्रिकादौ द्वादश्यामुक्तः उत्थापनमंत्रेद्वादशीग्रहणाद्द्वादश्यामेवयुक्तः तत्रापिद्वादश्यारेवत्यंतपादयोगोरात्रिप्रथमभागेप्रशस्तः तदभावेतत्रैवरात्रौरेवतीनक्षत्रमात्रयोगोपि तदभावेरात्रिप्रथमभागेकेवलद्वादश्यपि एवंकेवलरेवत्यपि द्वादशीरेवत्योरुभयोरपि रात्रावभावेदिवैवद्वादशीमध्येकार्यइति कौस्तुभे स्थितं तथापिपारणाहेपूर्वरात्रौ इतिवचनात्पारणाहेरात्रिपूर्वभागेद्वादश्यभावेपित्रयोदश्यामेवपारणाहेप्रबोधोत्सवइतिदेशाचारः एवंतुलसीविवाहस्यनवम्यादिदिनत्रयेएकादश्यादिपूर्णिमांतेयत्रक्वापिदिने कार्तिकशुक्लांतर्गतविवाहनक्षत्रेषुवाविधानादनेककालत्वं तथापिपारणाहेप्रबोधोत्सवकर्मणासहतंत्रतयैवमप्यत्रानुष्ठीयते इतिसोपिपारणाहेपूर्वरात्रेकार्यः प्रबोधोत्सवात्पृथक्चिकीर्षायांकालांतरेवाकार्यः तत्रपुण्याहवाचननांदीश्राद्धविवाहहोमाद्यंगसहितस्तुलसीविवाहप्रयोगःकौस्तुभादौज्ञेयः संक्षेपतस्तुप्रबोधोत्सवेनैकतंत्रतयाशिष्टाचारमनुसृत्यलिख्यते देशकालौसंकीर्त्य श्रीदामोदरप्रीत्यर्थं प्रबोधोत्सवंसंक्षेपतस्तुलसीविवाहविधिंचतंत्रेणकरिष्ये तदंगतयापुरुषसूक्तेनविधिनाषोडशोपचारैस्तंत्रेण श्रीमहाविष्णुपूजांतुलसीपूजांचकरिष्ये न्यासादिविधाय श्रीविष्णुंतुलसींचध्यात्वा सहस्रशीर्षेतिश्रीमहाविष्णुंतुलसींचावाह्य पुरुषएवेत्यादिभिः श्रीमहाविष्णवेदामोदरायश्रीदेव्यैतुलस्यैचनमआसनमित्यादिस्नानांते मंगलार्थं सुगंधितैलहरिद्राभ्यांनागवल्लीदलगृहीताभ्यां उष्णोदकेनचमंगलस्नानं विष्णवेतुलस्यैचसुवासिनीभिःकारयित्वा स्वयंवादत्त्वा पंचामृतस्नानंसमर्प्यशुद्धोदकेनाभिषिच्यवस्त्रयज्ञोपवीतचंदनंदत्त्वातुलस्यैहरिद्राकुंकुमकंठसूत्रमंगलालंकारान्दत्त्वा मंत्रपुष्पांतपूजांसमाप्यघंटादिवाद्यघोषेणदेवंप्रबोधयेत् तत्रमंत्राः इदंविष्णु० योजागारेतितुआचारप्राप्तः ब्रह्मेंद्ररुद्राग्निकुबेरसूर्यसोमादिभिर्वंदितवंदनीयः बुध्यस्वदेवेशजगन्निवासमंत्रप्रभावेनसुखेनदेव इयंचद्वादशीदेवप्रबोधार्थंतुनिर्मिता त्वयैवसर्वलोकानांहितार्थंशेषशायिना उत्तिष्ठोत्तिष्ठगोविंदत्यजनिद्रांजगत्पते त्वयिसुप्तेजगत्सुप्तमुत्थितेचोत्थितंजगत् एवमुत्थाप्य चरणंपवित्रं० गतामेघावियच्चैवनिर्मलंनिर्मलादिशः शारदानिचपुष्पाणिगृहाणममकेशवेत्यादिमंत्राभ्यांपुष्पांजलिंदद्यात् अथाचारात्तुलसीसंमुखांश्रीकृष्णप्रतिमांकृत्वामध्येंतःपटंधृत्वामंगलाष्टकपद्यानिपठित्वा अंतःपटंविसृज्याक्षताप्रक्षेपंकृत्वा दामोदरहस्ते तुलसीदानंकुर्यात् देवींकनकसंपन्नांकनकाभरणैर्युताम् दास्यामिविष्णवेतुभ्यंब्रह्मलोकजिगीषया मयासंवर्धितांयथाशक्त्यलंकृतामिमांतुलसींदेवींदामोदरायश्रीधरायवरायतुभ्यमहंसंप्रददे देवपुरतः साक्षतजलंक्षिपेत् श्रीमहाविष्णुःप्रीयतामित्युक्त्वा इमांदेवींप्रतिगृह्णातुभवान् इतिवदेत् ततोदेवहस्तस्पर्शंतुलस्याःकृत्वा कइदंकस्माअदात्कामः कामायादा

त्कामोदाता कामःप्रतिग्रहीता कामंसमुद्रमाविशकामेनत्वाप्रतिगृह्णामि कामैतत्तेवृष्टिरसि द्यौस्त्वाददातु पृथिवीप्रतिगृह्णातु इतिमंत्रमन्येनवाचयेत् यजमानः त्वंदेविमेग्रतोभूयास्तुलसीदेविपार्श्वतः देवि त्वंपृष्ठतोभूयास्त्वद्दानान्मोक्षमाप्नुयाम् दानस्यप्रतिष्ठासिद्ध्यर्थमिमांदक्षिणांसंप्रददे देवपुरतोदक्षिणामर्पयेत् ततः स्वस्तिनोमिमीतां शंनइत्यादि स्वस्वशाखोक्तानिशांतिसूक्तानिविष्णुसूक्तानिचपठेयुः तुलसीयुतायविष्णवेमहानीराजनंकृत्वामंत्रपुष्पंदत्वा सपत्नीकःसगोत्रजः सामात्योयजमानश्चतस्त्रःप्रदक्षिणाः कुर्वीत ब्राह्मणेभ्योदक्षिणांदत्वायथाशक्तिब्राह्मणभोजनंसंकल्प्यकर्मेश्वरार्पणंकुर्यात् एवंदेवंप्रबोध्य कार्तिकेयद्यद्रव्यस्यवर्जनंकृतंतत्तद्द्रव्यमुक्तरीत्याद्रव्यांतरंच ब्राह्मणेभ्योदत्वाव्रतपूर्णतांप्रार्थयेत् इदंव्रतंमयादेव कृतंप्रीत्यैतवप्रभो न्यूनंसंपूर्णतांयातुत्वत्प्रसादाज्जनार्दनेति ततोव्रतंभगवदर्पणंकुर्यात् चातुर्मास्यव्रतसमाप्तिरप्यत्रैवेतिकेचित् कार्तिकमासव्रतोद्यापनंचातुर्मास्यव्रतोद्यापनंचतुर्दश्यांपूर्णिमायांवेत्यपरे ॥

હવે પ્રબોધઉત્સવ અને તુલસીવિવાહનો વિધિ કહે છે.

પ્રબોધોત્સવ કાર્તિક શુદ એકાદશીને દિવસે કરવો, એ રીતે કેટલાએક ગ્રંથોમાં કહ્યું છે. રામાર્ચનચંદ્રિકા ઇત્યાદિક ગ્રંથમાં બારસને દિવસે કરવો એ રીતે કહ્યું છે. ઉત્થાપનના મંત્રમાં બારસ ગ્રહણ કરી છે તેથી બારસને દિવસેજ કરવો એ યોગ્ય છે. તેમાં પણ બારસ અને રેવતી નક્ષત્રનો છેલો પાદ એ બન્નેનો યોગ રાત્રિના પ્રથમ ભાગમાં આવે તો ઉત્તમ. તે ન હોય તો એજ રાત્રિમાં કેવળ રેવતી નક્ષત્રનોજ યોગ હોય તો એ પણ ઉત્તમ. રેવતી નક્ષત્રનો પણ યોગ ન હોય તો રાત્રિના પ્રથમ ભાગમાં કેવળ બારસ હોય તો તે પણ પ્રશસ્ત છે. એ પ્રમાણે કેવળ રેવતી નક્ષત્ર હોય તો તે પણ ઉત્તમ જાણવું. બારસ અને રેવતી બન્ને રાત્રિએ ન હોય તો દિવસેજ બારસમાં કરવો એ રીતે કૌસ્તુભમાં છે, તો પણ "પારણાને દિવસે રાત્રિના પ્રથમ ભાગમાં" એવું વચન છે માટે પારણાને દિવસે રાત્રિના પ્રથમ ભાગમાં બારસ ન હોય તો પણ તેરસમાંજ પારણાને દિવસે પ્રબોધોત્સવ કરવાનો દેશાચાર છે. એ રીતે તુલસીવિવાહ એ નોમ, દશમ અને એકાદશી એ ત્રણ દિવસમાં કરવો, અથવા એકાદશીથકી પૂનમપર્યંત કોઈએક દિવસે, અથવા કાર્તિક શુદિ પક્ષમાંનાં વિવાહ નક્ષત્રોમાં કરવો, એ રીતે તુલસીવિવાહના અનેક કાળ કહ્યા છે તો પણ પારણાને દિવસે પ્રબોધોત્સવની સાથે એકતંત્રથકીજ સર્વત્ર કરેછે, તેથી તે પણ પારણાને દિવસે રાત્રિના પ્રથમ ભાગમાં કરવો. પ્રબોધોત્સવ કરતાં જુદો કરવો હોય તો બીજે સમયે કરવો, તેમાં પુણ્યાહવાચન, નાંદીશ્રાદ્ધ, વિવાહહોમ ઇત્યાદિક અંગભૂત કર્મસહિત તુલસીવિવાહનો પ્રયોગ કૌસ્તુભાદિક ગ્રંથમાં જોવો. પ્રબોધોત્સવની સાથે એકતંત્રવડે કરવાનો શિષ્ટાચાર છે તેને અનુસરી સક્ષેપથકી તે પ્રયોગ લખુંછું. દેશ, કાળનો ઉચ્ચાર કરી "श्रीदामोदरप्रीत्यर्थं प्रबोधोत्सवं संक्षेपतस्तुलसीविवाहविधिं च तंत्रेण करिष्ये, तदंगतया पुरुषसूक्तेन विधिना षोडशोपचारैस्तंत्रेण श्रीमहाविष्णुपूजां तुलसीपूजां च करिष्ये," એવો સંકલ્પ કરી ન્યાસ ઇત્યાદિક કરી શ્રીવિષ્ણુ અને તુલસીનું ધ્યાન કરી, "सहस्रशीर्षा०" એ મંત્રવડે શ્રીમહાવિષ્ણુ અને તુલસીનું આવાહન કરી "पुरुषएवेदं०" "श्रीमहाविष्णवे दामोदराय श्रीदेव्यै तुलस्यै च नमः" ઇત્યાદિક મંત્રવડે આસન ઇત્યાદિકથકી આરંભ કરી સ્નાન પર્યંત પૂજા થયા પછી મંગળ વાજીંત્રોનો નાદ કરી સુવાસિની સ્ત્રિયોવડે અથવા પોતે નાગરવેલનાં પાનવડે સુગંધી તેલ અને હળદર મહાવિષ્ણુ અને તુલસીને લગાડી ઉષ્ણ જલવડે મંગલસ્નાન કરાવી પંચામૃત સ્નાન અર્પણ કરી શુદ્ધોદકવડે અભિષેક કરવો. પછી વસ્ત્ર, યજ્ઞોપવીત અને ચંદન અર્પણ કરી તુલસીને હળદર, કુંકુમ, કંઠસૂત્ર (સૌભાગ્યવતી સ્ત્રિઓએ કંઠમાં બાંધવાનાં), અને મંગલ અલકાર અર્પણ કરી મંત્રપુષ્પ પર્યંત પૂજા સમાપ્ત કરી ઘટા ઇત્યાદિક વાદ્યના નાદવડે દેવને પ્રબોધ (જાગૃત) કરાવવો. જાગૃત કરવાના મત્ર-"इदंविष्णु०" "योजागार०" એ મંત્ર તો આચારવડે પ્રાપ્ત છે. "ब्रह्मेंद्ररुद्राग्निकुबेरसूर्यसोमादिभिर्वंदितवंदनीय ॥ बुध्यस्व देवेश जगन्निवास, मंत्रप्रभावेन सुखेन देव ॥ इयं च द्वादशी देव, प्रबोधार्थं तु निर्मिता ॥ त्वयैव सर्वलोकानां, हितार्थं शेषशायिना ॥ उत्तिष्ठोत्तिष्ठ गोविंद, त्यज निद्रां जगत्पते ॥ त्वयि सुप्ते जगत्सुप्तमुत्थिते चोत्थितं जगत्," એ પ્રમાણે જાગૃત કરી "चरणं पवित्रं०" "गता मेघा वियच्चैव, निर्मलं निर्मला दिशः ॥ शारदानि च पुष्पाणि, गृहाण मम केशव," ઇત્યાદિક મંત્ર ભણી પુષ્પાંજલી દેવી. પછી આચાર પ્રમાણે તુલસીની સામે શ્રીકૃષ્ણની મૂર્ત્તિ પધરાવી વચમાં અંતઃપટ ધરી મંગલાષ્ટકના શ્લોક ભણી અંતઃપટ દૂર કરવો. પછી મૂર્ત્તિ અને

તુલસી ઉપરે અક્ષત છાંટી દામોદરના હાથમાં તુલસીનું દાન કરવું. તેનો મંત્ર—"देवीं कनकसंपन्नां, कनकाभरणैर्युतां ॥ दास्यामि विष्णवे तुभ्यं, ब्रह्मलोकजिगीषया ॥ मया संवर्धितां यथाशक्त्यलंकृतां इमां तुलसीं देवीं दामोदराय श्रीधराय वराय तुभ्यमहं संप्रददे" એ મંત્રવડે દાન કરી દેવની સમીપે અક્ષત સહિત જલ છોડવું. પછી "श्रीमहाविष्णुः प्रीयतां," એ રીતે કહી, "इमां देवीं प्रतिगृह्णातु भवान्" એ વાક્ય કહેવું. પછી તુલસીને દેવના હાથનો સ્પર્શ કરાવી, "क इदं कस्मा अदात्कामः कामायादात् कामो दाता कामः प्रतिग्रहीता कामं समुद्रमाविश कामेन त्वा प्रतिगृह्णामि कामैतत्ते वृष्टिरसि द्यौस्त्वा ददातु पृथिवी प्रतिगृह्णातु" એ મંત્ર બીજાવડે કહેવરાવવો. પછી યજમાને "त्वं देवि मेऽग्रतो भूयास्तुलसीदेवि पार्श्वतः ॥ देवि त्वं पृष्ठतो भूयास्त्वद्दानान्मोक्षमाप्नुयाम् ॥ दानस्य प्रतिष्ठासिद्ध्यर्थं इमां दक्षिणां संप्रददे" એ મંત્ર ભણી દેવની સમીપે દક્ષિણા અર્પણ કરવી. પછી "स्वस्तिनो मिमीता० शन्न इंद्राग्नी०" ઇત્યાદિક પોતપોતાની શાખામાં કહેલાં શાંતિસૂક્ત અને વિષ્ણુસૂક્તનો બ્રાહ્મણોએ પાઠ કરવો. પછી તુલસીસહિત વિષ્ણુની મહાઆરતી કરી મંત્રપુષ્પ સમર્પણ કરી સ્ત્રીસહિત યજમાને પોતાના ગોત્રજ અને અમાત્ય (સલાહકાર) સહિત ચાર પ્રદક્ષિણા કરવી. બ્રાહ્મણોને દક્ષિણા દઈ યથાશક્તિ બ્રાહ્મણભોજનનો સંકલ્પ કરી કર્મ ઈશ્વરને અર્પણ કરવું. એ પ્રમાણે દેવને જાગૃત કરી કાર્તિક માસમાં જે જે પદાર્થ વર્જ્ય કર્યા હોય તે તે પદાર્થ અથવા પ્રથમ કહ્યા પ્રમાણે બીજા પદાર્થો બ્રાહ્મણોને દઈ વ્રત સંપૂર્ણ થવાની પ્રાર્થના કરવી. પ્રાર્થનાનો મંત્ર,—"इदं व्रतं मयादेव, कृतं प्रीत्यै तव प्रभो ॥ न्यूनं संपूर्णतां यातु, त्वत्प्रसादाज्जनार्दन." ત્યાર પછી વ્રત ઈશ્વરને અર્પણ કરવું. ચાતુર્માસ્યવ્રતની સમાપ્તિ પણ એજ દિવસે કરવી એમ કોઈ ગ્રંથકાર કહે છે. બીજા ગ્રંથકાર કાર્તિક માસવ્રતનું ઉદ્યાપન અને ચાતુર્માસ્યવ્રતનું ઉદ્યાપન એ બન્ને ચૌદશ અથવા પૂનમને દિવસે કરવાં એમ કહે છે.

अथवैकुंठचतुर्दशी ॥ पूर्वेद्युरुपवासंकृत्वारुणोदयव्यापिन्यांचतुर्दश्यांशिवंसंपूज्य प्रातःपारणंकार्यम् तथाचचतुर्दशीयुक्तारुणोदयवतिअहोरात्रेउपवासःफलितः उभयत्रारुणोदयव्याप्तौपरत्रारुणोदयेपूजापूर्वत्रोपवासः उभयत्राव्याप्तौचतुर्दशीयुक्ताहोरात्रेपवारुणोदयेपूजापूर्वत्रोपवासश्च केचित्तु विष्णुपूजायामियंनिशीथव्यापिनीग्राह्या दिनद्वयेतद्व्याप्तौनिशीथप्रदोषोभयव्यापिनीग्राह्येत्याहुः अस्यामेवचतुर्दश्यांपरविद्धायांकार्तिकमासव्रतोद्यापनांगत्वेनोपवासंकृत्वाधिवासनंविधाय रात्रौजागरणंकुर्याद्गीतवाद्यादिमंगलैः नराणांजागरेविष्णोर्गीतंनृत्यंचकुर्वताम् गोसहस्रंचददतांफलंसममुदाहृतमित्यादिवाक्यैर्विहितं गीतनृत्यवाद्यविष्णुचरितपठनस्वेच्छालापलीलानुकारैर्हरिजागरंकृत्वापरविद्धपौर्णमास्यांसपत्नीकाचार्यंवृत्वा अतोदेवेतिद्वाभ्यांतिलपायसंहुत्वागोदानंकार्यमितिमासव्रतोद्यापनं कार्तिकशुक्लद्वादशी पौर्णमासीचमन्वादिः सापौर्वाह्णिकीग्राह्या अन्यत्पूर्वमुक्तम् ॥

હવે વૈકુંઠ ચતુર્દશીનો નિર્ણય કહે છે.

પ્રથમ દિવસે ઉપવાસ કરી અરુણોદયવ્યાપિની ચૌદશને દિવસે શિવપૂજા કરી પ્રાતઃકાળે પારણા કરવી. તેથી જે દિવસે ચૌદશયુક્ત અરુણોદય છે તે અહોરાત્ર (દિવસ રાત્રિ)માં ઉપવાસ કરવો એ સિદ્ધ થયું, બન્ને દિવસે અરુણોદયવ્યાપ્તિ હોય તો પ્રથમ દિવસે ઉપવાસ કરી બીજે દિવસે અરુણોદયસમયે પૂજા કરવી. બન્ને દિવસે અરુણોદયવ્યાપ્તિ ન હોય તો પ્રથમ દિવસે ઉપવાસ કરી ચૌદશયુક્ત અહોરાત્ર હોય તે દિવસેજ અરુણોદયસમયે પૂજા કરવી. કોઈ ગ્રંથકાર તો વિષ્ણુપૂજામાટે વૈકુંઠચતુર્દશી નિશીથવ્યાપિની લેવી, બન્ને દિવસે નિશીથવ્યાપિની હોય તો નિશીથ અને પ્રદોષ એ બન્ને કાળમાં વ્યાપિની હોય તે લેવી, એમ કહે છે. પૂર્ણિમાવડે વિદ્ધા એવી એજ ચૌદશને દિવસે કાર્તિક માસવ્રતનાં ઉદ્યાપનનું અંગભૂત ઉપોષણ (ઉપવાસ) કરી અધિવાસન કરી, "ગીત, વાદ્ય ઇત્યાદિક મંગલવડે રાત્રિયે જાગરણ કરવું. વિષ્ણુનાં જાગરણમાં ગાયન, નૃત્ય કરનારાઓને અને સહસ્ર ગૌદાન કરનારાઓને સમાન ફળ મળેછે," ઇત્યાદિ વાક્યવડે વિધાન કરેલું એવું ગાયન, નૃત્ય, વાદ્ય, વિષ્ણુના ચરિતનું પઠન, ઇચ્છાઅનુસારે ભાષણ, અને ભગવલ્લીલાનું અનુકરણ ઇત્યાદિવડે હરિજાગરણ કરી, એકમવડે વિદ્ધા એવી પૂનમને દિવસે સ્ત્રીસહિત આચાર્યનું વરણ કરી "अतो देवा०" એ બે મંત્રવડે તિલ અને પાયસ (દૂધપાક)નો હોમ કરી ગૌદાન કરવું.

એ રીતે માસવ્રતનું ઉદ્યાપન કરવું. કાર્તિક શુદ બારસ અને પૂનમ એ બે તિથિ મન્વાદિ છે. તે પૂર્વાહ્ણકાલવ્યાપિની લેવી. બીજો નિર્ણય પ્રથમ પરિચ્છેદમાં કહેલો છે.

अस्यांचातुर्मास्यव्रतसमाप्तिः ॥ तत्र चातुर्मास्यव्रतानांसमाप्तौदानानि नक्तव्रतेवस्त्रयुग्मंएकांतरोपवासेगौः भूशयनेशय्या षष्ठकालभोजनेगौः व्रीहिगोधूमादिधान्यत्यागेसौवर्णव्रीहिगोधूमादिदानम् कृच्छ्रव्रतेगोयुग्मम् शाकाहारेगौः पयोमात्रभक्षणेपयोवर्जनेचगौः मधुदधिघृतवर्जनेवस्त्रंगौश्च ब्रह्मचर्येस्वर्णम् तांबूलवर्जनेवस्त्रयुग्मम् मौनेघंटाघृतकुंभोवस्त्रद्वयंच रंगवल्लीकरणेगौः सुवर्णपद्मंच दीपदानव्रतेदीपिकावस्त्रद्वयंच भूमिभोजनेकांस्यपात्रंगौश्च गोग्रासेगोवृषौ प्रदक्षिणाशतेवस्त्रम् अभ्यंगवर्जनेतैलपूर्णघटः नखकेशधारणेमधुसर्पिर्हेमदानम् यत्रविशेषतोदानंनोक्तंतत्रस्वर्णंगौश्च गुडवर्जनेगुडपूर्णं ससुवर्णं ताम्रपात्रं एवंलवणवर्जनेलवणपूर्णताम्रपात्रमितिक्वचित् अस्यामेवलक्षप्रदक्षिणालक्षनमस्काराणामाषाढ्यादावारब्धानामुद्यापनंकार्यम् एवंतुलसीलक्षपूजांकार्तिकेमाघेवारभ्यप्रत्यहंसहस्रतुलसीसमर्पणेन लक्षं समाप्य माघ्यांवैशाख्यांवोद्यापनंकार्यं एवंपुष्पादिलक्षपूजायाअपि तत्रबिल्वपत्रलक्षेणलक्ष्मीप्राप्तिःफलं दूर्वालक्षेणारिष्टशांतिः चंपकलक्षेणायुष्यम् अतसीलक्षेणविद्या तुलसीलक्षेणविष्णुप्रसादः गोधूमतंडुलादिप्रशस्तधान्यलक्षेणदुःखनाशः एवंसर्वपुष्पैः सर्वकामावाप्तिः एवंलक्षवर्तिव्रतमपिमासत्रयंकृत्वा कार्तिकेमाघेवैशाखेवाउत्तरोत्तरप्रशस्तेसमापनीयम् एवंधारणपारणव्रतोद्यापनमपिपूर्णमास्यामेव कार्तिकमासव्रतानांमासोपवासादीनांद्वादश्यामेवसमापनम् तत्रासंभवेपौर्णमास्याम् एवंगोपद्मव्रतमाषाढशुक्लैकादश्यादावारभ्य प्रत्यहंत्रयस्त्रिंशद्गोपद्मानिविलिप्य गंधपुष्पैःप्रपूज्य तावत्संख्याकार्घ्यनमस्कारप्रदक्षिणाःकृत्वा कार्तिकद्वादश्यांत्रयस्त्रिंशदपूपवायनंदद्यादेवंवत्सरपंचकमनुष्ठायोद्यापनंकुर्यात् लक्षप्रदक्षिणादिगोपद्मपर्यंतोद्यापनानामितिकर्तव्यताः कौस्तुभेद्रष्टव्याः कार्तिकेपौर्णमास्याःकृत्तिकानक्षत्रयोगेमहापुण्यत्वं रोहिणीयोगेमहाकार्तिकीत्वम् कार्तिक्यांकृत्तिकायोगेयःकार्तिकेयदर्शनंकरोतिससप्तसुजन्मसुधनाढ्योवेदपारगोविप्रोभवेत् विशाखास्थेसूर्येसतियद्दिनेचंद्रनक्षत्रंकृत्तिकातत्रपद्मकयोगः अयंपुष्करतीर्थेतिप्रशस्तः ॥

એ પૂનમને દિવસે ચાતુર્માસ્યવ્રતની સમાપ્તિ કરવી. ચાતુર્માસ્યવ્રતની સમાપ્તિમાં દાન કરવાં તે કહે છે,–નક્તવ્રતનો નિયમ કરેલો હોય તો બે વસ્ત્ર દેવાં. એકાંતર ઉપવાસવ્રતમાં ગૌદાન, પૃથ્વીઉપર શયન કરવું એ વ્રત કીધું હોય તો શય્યાદાન, છઠ્ઠા કાળમાં ભોજનવ્રત કીધું હોય તો ગૌદાન, ચોખા ગહું ઇત્યાદિક ધાન્યનો ત્યાગ કીધો હોય તો સુવર્ણના ચોખા ગહું ઇત્યાદિક કરી તેનું દાન કરવું. કૃચ્છ્રવ્રત કીધાં હોય તો બે ગાય દેવી. શાકાહાર કીધો હોય તો ગૌદાન કરવું. માત્ર દૂધ ભક્ષણ કીધું હોય અથવા દૂધનો ત્યાગ કીધો હોય તો ગૌદાન કરવું. મધ, દહીં, ઘી એનો ત્યાગ કીધો હોય તો વસ્ત્ર અને ગાયનું દાન કરવું. બ્રહ્મચર્ય ધારણ કીધું હોય તો સુવર્ણ દાન કરવું. તાંબૂલ વર્જ્ય કીધું હોય તો બે વસ્ત્રનું દાન કરવું. મૌનવ્રત ધારણ કીધું હોય તો ઘંટા, ઘૃત કુંભ, અને બે વસ્ત્રનું દાન કરવું. દેવમદિરમાં રંગવલ્લી (ચિત્ર કાઢવા) નો નિયમ હોય તો ગાય અને સુવર્ણનાં કમલનું દાન કરવું. દેવમદિરમાં અથવા બ્રાહ્મણના ઘરમાં દીપદાનનો નિયમ હોય તો દીવી અને બે વસ્ત્રનું દાન કરવું. ભૂમિ ઉપર ભોજન કરતો હોય તો કાંસાનું પાત્ર અને ગાયનું દાન કરવું. ગોગ્રાસનો નિયમ હોય તો ગાય અને બલદ. નિત્ય સો પ્રદક્ષિણાનો નિયમ હોય તો વસ્ત્રનું દાન કરવું. અભ્યંગ વર્જ્ય કીધો હોય તો તૈલવડે પૂર્ણ ઘડાનું દાન કરવું. નખ, કેશનાં ધારણનો નિયમ હોય તો મધ, ઘૃત અને સુવર્ણનું દાન કરવું. જે વ્રતમાટે વિશેષે કરી (બીજું) દાન કહ્યું નથી તે વ્રતમાટે સુવર્ણ અને ગાયનું દાન કરવું. ગોળ વર્જ્ય કીધો હોય તો ત્રાંબાનાં પાત્રમાં સુવર્ણ સહિત ગોળ ભરી તેનું દાન કરવું. એ રીતે લવણ (મીઠું) વર્જ્ય કીધું હોય તો લવણપૂર્ણ એવા ત્રાંબાના પાત્રનું દાન કરવું, એમ કોઈ ગ્રંથમાં છે. આષાઢની પૂનમ ઇત્યાદિક દિવસે આરંભ કરેલાં જે લક્ષ પ્રદક્ષિણા અથવા લક્ષ નમસ્કારરૂપ વ્રત તેમનું ઉદ્યાપન પણ એજ પૂનમને દિવસે કરવું. એ પ્રમાણે તુલસીની લક્ષ પૂજાનો કાર્તિક અથવા માઘ માસમાં આરંભ કરી નિત્ય એક સહસ્ર તુલસી અર્પણ કરવી, તે લક્ષ પૂજા સમાપ્ત કરી, માઘ માસની અથવા વૈશાખ માસની પૂનમને દિવસે તેનું ઉદ્યાપન કરવું. એ પ્રમાણે પુષ્પાદિક લક્ષ પૂજાનો પણ નિર્ણય જાણવો. તેમાં બિલ્વપત્રવડે લક્ષ પૂજા કરવાથી લક્ષ્મીપ્રાપ્તિ એ ફળ થાય છે. દૂર્વાવડે લક્ષ પૂજા કરવાથી અરિષ્ટ (અલ્પમૃત્યુ) નાશ

થાય છે. ચંપાના પુષ્પવડે લક્ષ પૂજા કરવાથી આયુષ્યવૃદ્ધિ થાય છે. અતસી (અલસી) નાં પુષ્પવડે લક્ષ પૂજા કરવાથી વિદ્યાપ્રાપ્તિ થાય છે. તુલસીની લક્ષ પૂજાવડે વિષ્ણુ પ્રસન્ન થાય છે. ગહું, ચોખા ઇત્યાદિક ઉત્તમ ધાન્યની લક્ષ પૂજાવડે દુઃખ નાશ થાય છે. એ પ્રમાણે સર્વ પ્રકારનાં પુષ્પવડે લક્ષ પૂજા કરવાથી સર્વ મનોરથ સિદ્ધ થાય છે. એ રીતે લક્ષ દીપકનું વ્રત પણ ત્રણ માસ પર્યંત કરી ઉત્તરોત્તર ઉત્તમ એવા કાર્તિક, માઘ અથવા વૈશાખ એ માસમાં સમાપ્ત કરવું. એ પ્રમાણે ધારણ પારણવ્રતનું ઉદ્યાપન પણ પૂનમને દિવસેજ કરવું. માસ પર્યંત ઉપવાસ કરવા ઇત્યાદિક કાર્તિકમાસ વ્રતની સમાપ્તિ દ્વાદશીને દિવસેજ કરવી. દ્વાદશીને દિવસે ન થાય તો પૂનમને દિવસે કરવી. એ પ્રમાણે આષાઢ શુદ એકાદશી ઇત્યાદિક દિવસે ગોપદ્મવ્રતનો આરંભ કરી; નિત્ય તેત્રીસ ગોપદ્મ કરી ચંદન, પુષ્પવડે તેમની પૂજા કરી અર્ઘ્ય, નમસ્કાર, પ્રદક્ષિણા તેત્રીસ તેત્રીસ કરી; કાર્તિક શુદ બારસને દિવસે તેત્રીસ અપૂપ (માલપુવા) નું વાયન દાન કરવું. એ પ્રમાણે પાંચ વર્ષપર્યંત ગોપદ્મવ્રત કરી ઉદ્યાપન કરવું. લક્ષ પ્રદક્ષિણા વ્રતથકી આરંભ કરી ગોપદ્મવ્રતપર્યંત ઉદ્યાપનનો વિધિ કૌસ્તુભ ગ્રંથમાં જોવો. કાર્તિકની પૂનમને દિવસે કૃત્તિકા નક્ષત્રનો યોગ હોય તો મહાપુણ્ય છે. રોહિણીનો યોગ હોય તો તેને મહાકાર્તિકી એમ કહે છે. કૃત્તિકા નક્ષત્રયુક્ત કાર્તિકની પૂનમને દિવસે જે મનુષ્ય કાર્તિકસ્વામીનું દર્શન કરેછે તે સાત જન્મપર્યંત ધનાઢ્ય અને વેદપારગ, એવો બ્રાહ્મણ થાય. વિશાખા નક્ષત્રના સૂર્ય છતાં જે દિવસે ચંદ્રનક્ષત્ર કૃત્તિકા આવે તે દિવસે પદ્મક યોગ થાય છે એ યોગ પુષ્કરતીર્થમાં અતિ પુણ્યકારક છે.

अस्यामेवत्रिपुराख्यदीपदानमुक्तम् ॥ कार्तिकेपौर्णमास्यांकाम्यवृषोत्सर्गोतिप्रशस्तः एवंगजाश्वरथघृतधेन्वादिमहादानमपिप्रशस्तम् वृषोत्सर्गस्याश्विनीपौर्णमासीग्रहणद्वयमयनद्वयंविषुवद्वयंचेतिकालांतराणि अन्यत्रमाघीचैत्रीवैशाखीफाल्गुन्याषाढीचेतिपौर्णमास्योरेवतीनक्षत्रं वैधृतिव्यतीपातौयुगादिमन्वादिसूर्यसंक्रांतिपितृक्षयाहाष्टकाअपिकालाउक्ताः अत्रवृषोत्सर्गप्रयोगोतिविस्तृतोनानाशाखाभेदभिन्नःकौस्तुभेद्रष्टव्यः ॥

એ (કાર્તિકની) પૂનમને દિવસેજ ત્રિપુર એ નામના દીપકનું દાન કરવું. કાર્તિક માસની પૂનમને દિવસે કામ્ય (કામનાથી કરવાનો) વૃષોત્સર્ગ કરવો, તે અતિ પુણ્યકારક છે. એ રીતે હાથી, ઘોડા, રથ, ઘૃતધેનુ આદિ મહાદાન કરવાં, એ પણ અતિ પુણ્યકારક છે. વૃષોત્સર્ગમાટે આશ્વિન માસની પૂનમ, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, ઉત્તરાયણ, દક્ષિણાયન, મેષ સંક્રાંતિ અને તુલા સંક્રાંતિ, એવા બીજા કાળ કહ્યા છે. બીજા ગ્રંથોમાં; માઘ, ચૈત્ર, વૈશાખ, ફાલ્ગુન અને આષાઢ એ માસોની પૂનમ, રેવતી નક્ષત્ર, વૈધૃતિ, વ્યતીપાત, યુગાદિ, મન્વાદિ, સૂર્યસંક્રાંતિ, પિતાની સંવત્સરીનો દિવસ અને અષ્ટકા[1] શ્રાદ્ધના દિવસો, એ પણ કામ્યવૃષોત્સર્ગના કાળ કહ્યા છે. એ વિષે અનેક શાખાઓના ભેદવડે જુદો જુદો અને અતિ વિસ્તારવાળો એવો કામ્યવૃષોત્સર્ગનો પ્રયોગ કૌસ્તુભ ગ્રંથમાં જોવો.

कार्तिककृष्णाष्टमीकालाष्टमी ॥ इयंपूर्णिमांतमासपक्षेमार्गशीर्षकृष्णाष्टमीत्युच्यते सेयंमध्याह्नव्यापिनीग्राह्या दिनद्वयेमध्याह्नव्याप्तौपूर्वैवेतिसिंधौस्थितं प्रदोषव्यापिनीतिकौस्तुभे उभयदिनेप्रदोषव्याप्तौतदेकदेशस्पर्शेवापरैव यदापूर्वत्रप्रदोषव्याप्तिरेवपरत्रमध्याह्नव्याप्तिरेवतदा बहुशिष्टाचारानुरोधात्प्रदोषव्याप्त्यैवनिर्णयोनमध्याह्नव्याप्त्येतिभाति अत्रकालभैरवपूजांकृत्वात्रयोर्घ्यादेयाः उपवासोजागरश्चकार्यः इतिश्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे कार्तिकमासकृत्यनिर्णयोद्देशः समाप्तः ॥

કાર્તિકની કૃષ્ણ આઠમને **કાળાષ્ટમી** એમ કહે છે. પૂર્ણિમાંત માસના પક્ષ પ્રમાણે એ માર્ગશીર્ષ માસમાં કૃષ્ણાષ્ટમી[2] કહેવાય છે. તે એ આઠમ મધ્યાહ્નકાળવ્યાપિની લેવી. બન્ને દિવસે મધ્યાહ્નકાળવ્યાપિની હોય તો પ્રથમનીજ લેવી એમ નિર્ણયસિંધુમાં છે. અને પ્રદોષવ્યાપિની લેવી એમ કૌસ્તુભમાં છે. બન્ને દિવસે પ્રદોષવ્યાપ્તિ હોય અથવા પ્રદોષના એકદેશમાં વ્યાપ્તિ હોય તો

---

[1] અષ્ટકા શ્રાદ્ધના દિવસો માર્ગશીર્ષ માસના પ્રકરણમાં કહ્યા છે.

[2] પૂર્ણિમાંત માસમાં પ્રથમ કૃષ્ણપક્ષ, અને પછી શુક્લપક્ષ એમ થાય છે.

બીજા દિવસનીજ લેવી. જ્યારે પ્રથમ દિવસે પ્રદોષવ્યાપ્તિજ હોય અને બીજે દિવસે મધ્યાહ્નવ્યાપ્તિજ હોય ત્યારે બહુ શિષ્ટોનો આચાર છે તેથી પ્રદોષકાલવ્યાપ્તિવડેજ નિર્ણય કરવો, મધ્યાહ્નકાલવ્યાપ્તિવડે નિર્ણય કરવો નહી એમ ભાસે છે. એ આઠમને દિવસે કાળભૈરવની પૂજા કરી ત્રણ અર્ઘ્ય દેવાં. તેમજ ઉપવાસ અને જાગરણ કરવું. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે કાર્તિકમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥

अथमार्गशीर्षमासः ॥ धनुःसंक्रांतौपराःषोडशनाड्यःपुण्याः अन्यत्प्रागुक्तम् ॥

હવે માર્ગશીર્ષ માસનાં કૃત્ય કહે છે.

ધનુઃસક્રાંતિની પ્રવેશ પછીની સોળ ઘડી પુણ્યકાલ. બીજો નિર્ણય પ્રથમ પરિચ્છેદમાં કહ્યો છે.

मार्गशीर्षशुक्लपंचम्यांनागपूजादाक्षिणात्यानांप्रसिद्धा इयंषष्ठीयुताग्राह्येत्यादिविशेषः प्रथमपरिच्छेदे उक्तः ॥

માગસર શુદ પાંચમને દિવસે નાગપૂજા કરવી, તે દક્ષિણ દેશના લોકોમાં પ્રસિદ્ધ છે. એ પાંચમ ષષ્ઠીયુક્ત લેવી ઇત્યાદિક વિશેષ નિર્ણય પ્રથમ પરિચ્છેદમાં કહ્યો છે.

मार्गशीर्षशुक्लषष्ठीचंपाषष्ठीमहाराष्ट्रेषुप्रसिद्धा ॥ अत्रतिथिद्वैधेयस्मिन्दिनेरविवारभौमवारशततारकावैधृतीनांमध्येधिकैर्योगः सापूर्वापरावामुहूर्तत्रयव्यापिनीग्राह्या दिनद्वयेपियोगाभावे परैवत्रिमुहूर्ताग्राह्या इयमेवस्कंदषष्ठीसापूर्वाग्राह्या अथसप्तम्यांसूर्यव्रतंतद्विधिःकौस्तुभे मृगयुतायांपौर्णमास्यांलवणदानेसुंदररूपता ॥

માગસર શુદ પક્ષની છઠને ચંપાષષ્ઠી એમ કહે છે. એ ચંપાષષ્ઠી મહારાષ્ટ્ર લોકોમાં પ્રસિદ્ધ છે. એ ચપાષષ્ઠી, બન્ને દિવસે હોય તો જે દિવસે રવિવાર, ભૌમવાર, શતભિષા, વૈધૃતિ એઓમાંથી અધિક યોગ આવે તે છ ઘડી વ્યાપિની હોય એવી પ્રથમ દિવસની અથવા બીજા દિવસની લેવી. પ્રથમ કહેલા યોગો બન્ને દિવસે ન હોય તો છ ઘડી વ્યાપિની એવી બીજા દિવસનીજ લેવી, એ છઠનુંજ સ્કંદષષ્ઠી એવું નામ છે. તે પ્રથમ દિવસની લેવી. પછી સાતમને દિવસે સૂર્યવ્રત કરવું. તેનો વિધિ કૌસ્તુભમાં કહ્યો છે. મૃગશિર નક્ષત્રે યુક્ત માર્ગશીર્ષ માસની પૂનમને દિવસે લવણનું દાન કરવાથી સ્વરૂપમાં સુંદરપણું પ્રાપ્ત થાય છે.

मार्गशीर्षपौर्णमास्यांदत्तात्रेयोत्पत्तिः ॥ इयंप्रदोषव्यापिनीग्राह्या मार्गशीर्षशुक्लचतुर्दश्यां पौर्णमास्यांवाप्रदोषेआश्वलायनैःप्रत्यवरोहणंकार्यं तत्रकर्मकालव्यापिनीतिथिः तत्प्रयोगःप्रयोगरत्नकौस्तुभादौज्ञेयः मार्गशीर्षादिमासचतुष्टयस्यकृष्णाष्टमीष्वष्टकाश्राद्धानि तत्पूर्वसप्तमीषुपूर्वेद्युःश्राद्धानि तदुत्तरनवमीषुचान्वष्टक्यश्राद्धानिकर्तव्यानि एवंभाद्रकृष्णपक्षेपिअष्टकादिश्राद्धानिकार्याणीति पंचाष्टकापक्षआश्वलायनभिन्नशाखिनां आश्वलायनानांतुमार्गादिचतुरष्टकापक्षएव भाद्रपदकृष्णाष्टम्यांतुमाघ्यावर्षेश्राद्धंकरिष्येइतिसंकल्प्यसर्वमष्टकाश्राद्धवत्कार्यं सप्तम्यांतुमाघ्यावर्षेश्राद्धंकर्तुंपूर्वेद्युःश्राद्धंकरिष्यइतिसंकल्पः नवम्यामन्वष्टकाश्राद्धंकरिष्यइतिसंकल्पइतिविशेषः एवंभाद्रकृष्णाष्टमीश्राद्धस्यमाघ्यावर्षसंज्ञकत्वादाश्वलायनानांचतुरष्टकापक्षः अन्यशाखिनांपौषादित्र्यष्टकापक्षोपि एवंसर्वाअष्टकाःकर्तुमशक्तेनएकैवाष्टकाकार्या साचमाघपौर्णमास्यनंतरकृष्णपक्षस्यसप्तम्यामष्टम्यांनवम्यामितिदिनत्रयेकार्या दिनत्रयेश्राद्धत्रयंकर्तुमशक्तेनमाघकृष्णेष्टमीश्राद्धमेवकार्यं तत्राष्टकाश्राद्धेऽपराह्णव्यापिन्यष्टमीग्राह्या दिनद्वये व्याप्त्यव्याप्त्यादौदर्शवन्निर्णयः अष्टम्यनुरोधेनपूर्वपरदिनयोःपूर्वेद्युःश्राद्धान्वष्टक्यश्राद्धेकार्ये नतुसप्तम्यादेरपराह्णव्याप्तिरपेक्षणीया एकदिनेप्यशक्तस्यप्रत्याम्नायाः अनडुहोयवसमाहरेत् अग्निनावाकक्षंदहेदपिवानूचानेभ्यउदकुंभमाहरेदपिवाश्राद्धमंत्रानधीयीतेति क्वचिदुपवासोप्युक्तः एवंश्रवणाकर्मादिपाकसंस्थालोपेप्रतिपाकयज्ञंप्राजापत्यकृच्छ्रंप्रायश्चित्तमुक्तं मलमासेष्टकाश्राद्धानिनकार्याणीतिनारायणवृत्तिः अष्टकादिश्राद्धत्रयप्रयोगःकौस्तुभप्रयोगरत्नादौ अत्राष्टमीश्राद्धेकामकालसंज्ञकौविश्वेदेवौ सप्तमीनवम्योस्तुपुरूरवार्द्रवाविति आहिताग्नेःपूर्वेद्युःश्राद्धांगहोमोष्टकांगहोमोन्वष्टकाग्नौकरणहोमोदिनत्रयेहविःश्रप

पंचदक्षिणाग्नौभवतीतिविशेषः शेषमनाहिताग्निवत् अष्टकालोपेप्राजापत्यमुपवासोवाप्रायश्चित्तं अन्वष्टक्यलोपेतद्दिनेशतवारमेभिर्द्युभिःसुमनाइतिमंत्रजपः ॥

માર્ગશીર્ષ માસની પૂનમને દિવસે દત્તાત્રેયનો અવતાર થયો છે. એ પૂનમ પ્રદોષવ્યાપિની લેવી. માગસર શુદ ચૌદશ અથવા પૂનમને દિવસે પ્રદોષ કાળે આશ્વલાયન શાખાવાળાઓએ પ્રત્યવરોહણ નામનું કર્મ કરવું. તે પ્રત્યવરોહણ માટે [1]કર્મકાળવ્યાપિની તિથી લેવી. પ્રત્યવરોહણનો પ્રયોગ પ્રયોગરત્ન (નારાયણભટ્ટી), કૌસ્તુભ ઇત્યાદિક ગ્રંથમાં જોવો. માગસર આદિ ચાર માસના કૃષ્ણપક્ષની આઠમને દિવસે અષ્ટકાશ્રાદ્ધ, તે આઠમથી પ્રથમ સાતમને દિવસે પૂર્વેદ્યુઃશ્રાદ્ધ, અને તે આઠમની પાછળની નોમને દિવમે અન્વષ્ટક્યશ્રાદ્ધ, એ રીતે શ્રાદ્ધ કરવાં. એ પ્રમાણે ભાદરવાના કૃષ્ણપક્ષમાં પણ અષ્ટકા ઇત્યાદિક શ્રાદ્ધ કરવાં, એવો પાંચ અષ્ટકાશ્રાદ્ધનો પક્ષ, આશ્વલાયનોથકી જુદા બીજી શાખાવાળાઓએ કરવો. આશ્વલાયનોએ તો માગસર આદિક ચાર અષ્ટકાશ્રાદ્ધનો પક્ષજ કરવો. ભાદરવા વદ આઠમને દિવસે તો, "माघ्या वर्षश्राद्धं करिष्ये," એવો સંકલ્પ કરી સઘળું કર્મ અષ્ટકાશ્રાદ્ધ પ્રમાણેજ કરવું—સાતમને દિવસે તો, "माघ्यावर्षश्राद्धं कर्तुं पूर्वेद्युःश्राद्धं करिष्ये," એવો સંકલ્પ કરવો. નવમીને દિવસે તો, "अन्वष्टकाश्राद्धं करिष्ये," એવો સકલ્પ કરવો, એ વિશેષ કહ્યો છે. એ રીતે ભાદરવા વદ આઠમનું માધ્યાવર્ષ એવું નામ છે, માટે આશ્વલાયનોએ ચાર અષ્ટકાનો પક્ષ કરવો. બીજી શાખાવાળાઓએ પૌષાદિક ત્રણ અષ્ટકાનો પક્ષ પણ કરવો. એ પ્રમાણે જો સર્વ અષ્ટકાશ્રાદ્ધ કરવામાં અસમર્થ હોય તો તેણે એકજ અષ્ટકાશ્રાદ્ધ કરવું. તે અષ્ટકાશ્રાદ્ધ માઘની પૂનમ પછી કૃષ્ણપક્ષમાં સાતમ, આઠમ અને નોમ એ ત્રણ દિવસે કરવું. ત્રણ દિવસ શ્રાદ્ધ કરવામાં અસમર્થ હોય તો તેણે માઘ વદ અષ્ટમીનુંજ શ્રાદ્ધ કરવું. એ અષ્ટકાશ્રાદ્ધમાટે આઠમ લેવી તે અપરાહ્ણકાલવ્યાપિની લેવી. બન્ને દિવસે અપરાહ્ણકાલવ્યાપિની હોય તો અથવા ન હોય તો દર્શશ્રાદ્ધની પેઠે નિર્ણય જાણવો. જે દિવસે અષ્ટમી હોય તેને આગલે દિવસે પૂર્વેદ્યુઃશ્રાદ્ધ અને આઠમને બીજે દિવસે અન્વષ્ટક્યશ્રાદ્ધ એ પ્રમાણે શ્રાદ્ધ કરવાં. સાતમ અને નોમને દિવસે અપરાહ્ણવ્યાપ્તિની જરૂર નથી. એક દિવસ પણ અષ્ટકાશ્રાદ્ધ કરવાને સમર્થ ન હોય તો તેણે પ્રત્યામ્નાય (ગૌણપક્ષ) સ્વીકાર કરવા, તે આ પ્રમાણેઃ—"બળદોને ઘાસ ખવરાવવું. અગ્નિમાં સુકેલું ઘાસ બાળવું. અનૂચાન (ગુરૂ પાસેથી અંગસહિત વેદ ભણનારાઓ)ને જળપૂર્ણ કળશ દેવા, અથવા શ્રાદ્ધના મંત્રોનો પાઠ કરવો." કોઈ ગ્રંથમાં ઉપવાસ કરવો એમ પણ કહ્યું છે. એ પ્રમાણે શ્રવણાકર્મ ઇત્યાદિક પાકસંસ્થાઓનો લોપ થાય તો દર એક પાકયજ્ઞના લોપમાટે પ્રાજાપત્યકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું એમ કહ્યુ છે. મલમાસમાં અષ્ટકાશ્રાદ્ધ કરવાં નહી એમ (આશ્વલાયનગૃહ્યસૂત્ર ઉપર) નારાયણ પંડિતે લખેલી વૃત્તિમાં છે. અષ્ટકાદિ ત્રણ શ્રાદ્ધનો પ્રયોગ કૌસ્તુભ, પ્રયોગરત્ન ઇત્યાદિક ગ્રંથમાં જોવો. એ અષ્ટમીશ્રાદ્ધમાં કામકાળ નામના વિશ્વેદેવા લેવા. સપ્તમી અને નવમીના શ્રાદ્ધમાં પુરૂરવાર્દ્રવ નામના લેવા. આહિતાગ્નિ (અગ્નિહોત્રી) હોય તેણે કરવાના પૂર્વેદ્યુઃશ્રાદ્ધનો અંગભૂત હોમ, અષ્ટકાશ્રાદ્ધનો અંગભૂત હોમ, અન્વષ્ટકાશ્રાદ્ધનો અગ્નૌકરણહોમ અને ત્રણ દિવસ હવિ (હોમના પદાર્થ)નું શ્રપણ (રાંધવું), એ સઘળું દક્ષિણાગ્નિમાં કરવું, એટલો વિશેષ છે. બાકી રહેલું સઘળું કાર્ય ગૃહાગ્નિપ્રમાણે કરવું. અષ્ટકાશ્રાદ્ધનો લોપ થાય તો [2]પ્રાજાપત્ય, અથવા ઉપવાસ એ પ્રાયશ્ચિત્ત કરવું. અન્વષ્ટક્યશ્રાદ્ધનો લોપ થાય તે દિવસે, "एभिर्द्युभिः सुमना०" એ મંત્રનો સો વાર જપ કરવો.

मार्गशीर्षादिरविवारेषुकाम्यंसौरव्रतमुक्तम् ॥ तत्रभक्ष्याणि मार्गेतुलसीपत्रत्रयं पौषेत्रिपलंघृतं माघेतिलानांमुष्टित्रयं फाल्गुनेत्रिपलंदधि चैत्रेत्रिपलंदुग्धं वैशाखेगोमयं ज्येष्ठेतोयांजलित्रयं आषाढेमरीचकत्रयं श्रावणेत्रिपलाःसक्तवः भाद्रेगोमूत्रं आश्विनेशर्करा कार्तिकेसद्धविरिति इतिश्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे मार्गशीर्षमासकृत्यनिर्णय उद्देशः समाप्तः ॥

---

[1] કર્મકાળ સૂર્યાસ્ત પછી છે માટે સૂર્યાસ્ત થયા પછી જે દિવસે વ્યાપ્તિ હોય તે લેવી

[2] ત્રીજા પરિચ્છેદના પૂર્વાર્ધમાં કૃચ્છ્રનાં લક્ષણમાં પાદકૃચ્છ્રનું સ્વરૂપ કહ્યું છે, તે પાદકૃચ્છ્રને ચાહાય તે ક્રમથકી ચોગણું કરે તો તે પ્રાજાપત્ય કહેવાય છે,

[1] मार्गशीर्षमासगतेषु षट्सु रविवारेष्वित्यर्थः एवमग्रेपि ॥

માગસર માસથકી બાર માસપર્યંત પ્રત્યેક રવિવારે કામ્ય એવું સૌર(સૂર્યનું)વ્રત કરવું. તે વ્રતમાં ભક્ષણ કરવાયોગ્ય પદાર્થ કહે છે;—માગસર [1]માસમાં ત્રણ ત્રણ તુલસીપત્ર,' પૌષમાં ત્રણ પળ[2] ઘી, માઘમાં ત્રણ મુઠી તિલ, ફાગણમાં ત્રણ પળ દહીં, ચૈત્રમાં ત્રણ પળ દૂધ, વૈશાખમાં છાણ, જ્યેષ્ઠમાં ત્રણ અંજલી જળ, આષાઢ માસમાં ત્રણ મિરી, શ્રાવણમાં ત્રણ પળ સાતવાનો લોટ, ભાદ્રપદમાં ગોમૂત્ર, આશ્વિનમાં સાકર, કાર્તિકમાં શુદ્ધ હવિ એ રીતે ભક્ષણ કરવું. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે માર્ગશીર્ષકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ॥

अथपौषः ॥ दिवामकरसंक्रमेसंक्रांत्यनंतरंचत्वारिंशन्नाड्यःपुण्याः घटिकाद्यल्पदिनशेषेमकरसंक्रांतौसंक्रांत्यासन्नपूर्वकालेदिवैवस्नानश्राद्धदानभोजनानिकार्याणि रात्रौश्राद्धदानादेर्निषेधात्स्वल्पदिनभागे स्नानश्राद्धस्वभोजनादेःकर्तुमशक्यत्वाद्रात्रौभोजननिषेधात्पुत्रवद्गृहिणउपवासनिषेधाच्च तस्मादीदृशेविषयेपरपुण्यकालत्वंबाधित्वा मकरसंक्रांतेःपूर्वभागएवपुण्यत्वंज्ञेयं रात्रौपूर्वभागेनिशीथेवामकरसंक्रमे उत्तरदिनंपुण्यं तत्राप्युत्तरदिनपूर्वार्धंपुण्यतरं तत्रापिसूर्योदयोत्तरंपंचनाड्यःपुण्यतमाः एवंरात्रिसंक्रांतिविषयेन्यत्रापि यत्रपूर्वदिनोत्तरार्धस्यपुण्यत्वंतत्रदिनांतेपंचनाडीनांपुण्यतमत्वं यत्रोत्तरदिनपूर्वार्धस्यपुण्यत्वंतत्रोदयोत्तरंपंचनाडीनांपुण्यतमत्वं एवंदिवासंक्रमेपिसंक्रांतिसन्निहितनाडीनांमकरादिषूत्तरासांकर्कादिषुपूर्वासांपुण्यतमत्वंज्ञेयम् यायाःसन्निहिता नाड्यस्तास्ताः पुण्यतमाः स्मृताइत्युक्तेः मुहूर्तचिंतामण्यादौतु सूर्यास्तादूर्ध्वंघटीत्रयंसंध्याकालस्तत्रमकरसंक्रमे परदिनेपुण्यत्वंबाधित्वा पूर्वदिनेपुण्यत्वमुक्तं नेदं सर्वत्रधर्मशास्त्रग्रंथेषुदृश्यते शुक्लपक्षेतुसप्तम्यांसंक्रांतिर्ग्रहणाधिका अत्रकृत्यं रविसंक्रमणेप्राप्तेनस्नायाद्यस्तुमानवः सप्तजन्मनिरोगीस्यान्निर्धनश्चैवजायते इतिवचनान्मनुष्यमात्रस्य स्नानंनित्यं एवंश्राद्धमप्यधिकारिणोनित्यं तच्चापिंडकं संक्रांतौयानिदत्तानिहव्यकव्यानिदातृभिः तानिनित्यंददात्यर्कःपुनर्जन्मनिजन्मनि अयनसंक्रांतौत्रिदिनमुपवासः यद्वासंक्रांतिमत्यहोरात्रेपुण्यकालवत्यहोरात्रेचोपवासंकृत्वोक्तपुण्यकालेस्नानदानादिकार्यं अयमुपवासः सापत्यगृहस्थेननकार्यः धेनुंतिलमयींराजन्दद्याच्चैवोत्तरायणे तिलतैलेनदीपाश्चदेयाःशिवगृहेशुभाः सतिलैस्तंदुलैश्चैवपूजयेद्विधिवच्छिवं तस्यां कृष्णतिलैःस्नानंकार्यंचोद्वर्तनंतिलैः तिलादेयाश्चहोतव्याभक्ष्याश्चैवोत्तरायणे शुक्लतिलैर्देवादितर्पणं कृष्णतिलैःपितृतर्पणंचकार्यं अत्रशंभौघृताभिषेकोमहाफलः अत्रसुवर्णयुततिलताम्रपात्रंदेयं तत्प्रयोगो वक्ष्यते अत्रैवंशिवपूजाव्रतं पूर्वदिनेउपोष्यसंक्रांतिदिनेतिलोद्वर्तनतिलस्नानतिलतर्पणानिकृत्वा शिवं गव्येनाज्येनमर्दयित्वाशुद्धोदकेनप्रक्षाल्य वस्त्राद्युपचारैःपूजयित्वा सुवर्णहीरकनीलपद्मरागमौक्तिकमितिपंचरत्नानिकर्पार्धंसुवर्णंवासमर्प्य तिलदीपैःससुवर्णैःसाक्षतैस्तिलैःसंपूज्य घृतकंबलंदत्वा वितानचामरेसमर्प्य विप्रेभ्यः ससुवर्णतिलान्दत्वातिलान्हुत्वाविप्रान्यतींश्चसंभोज्यदक्षिणांदत्वा सतिलंपंचगव्यं पीत्वापारणंकुर्यादिति अत्रवस्त्रदानंमहाफलं तिलपूर्वमनड्वाहंदत्वारोगैःप्रमुच्यते अत्रक्षीरेणभास्करंस्नापयेत्सूर्यलोकप्राप्तिः दिवाविषुवायनसंक्रांतौतस्मिन्दिनेपूर्वरात्रौआगामिरात्रौचानध्यायः रात्रौतत्संक्रमे तस्यांरात्रौपूर्वदिवसेआगामिदिवसेचेतिपक्षिण्यनध्यायः अत्ररात्रौसंक्रमेग्रहणवद्रात्रावेवस्नानदानादीतिपक्षःकैश्चिल्लिखितोनसर्वशिष्टसंमतः अयनदिनंतत्परंकरिसंज्ञकंचदिनंशुभेषुवर्ज्यमित्युक्तं तत्रार्धरात्राद्वार्गयनसंक्रांतौतद्दिनंतत्परदिनंचवर्ज्यं निशीथात्परत्रनिशीथेवासंक्रांतौ परंतत्परंचवर्ज्यमिति भाति एवंग्रहणेप्यूह्यम् ॥

હવે પૌષ માસનાં કૃત્ય કહે છે.

મકરસંક્રાંતિ દિવસે પ્રવેશ કરે તો પ્રવેશ પછીની ચાલીસ ઘડી પુણ્યકાલ. એક ઘડી ઇત્યાદિક અલ્પ દિવસ બાકી શેષ છતાં સંક્રાંતિપ્રવેશ થાય તો સંક્રાંતિની સમીપનો જે પૂર્વકાલ તેમાં સ્નાન, દાન, શ્રાદ્ધ અને ભોજન ઇત્યાદિક કરવાં. રાત્રિએ શ્રાદ્ધ, દાન ઇત્યાદિકનો નિષેધ છે. તેમ અલ્પ રહેલા દિવસના ભાગમાં સ્નાન, શ્રાદ્ધ, ભોજન ઇત્યાદિક થવાને અશક્ય છે, અને સંક્રાંતિની રાત્રિએ ભોજનનો નિષેધ છે; તેમજ પુત્રવાન્ ગૃહસ્થને ઉપવાસનો પણ નિષેધ છે માટે એવે

---

[1] એટલે માગસર માસમાંના ચાર રવિવારને દિવસે એ અર્થ સમજવો. એ રીતે આગળ પણ જાણવું.

[2] પળ એ નામના વજનનું પ્રમાણ (પત્ર ૧૩૧ મા) કહ્યું છે.

[3] या काचन संक्रांतिरित्यर्थः.

પ્રસંગે બીજે દિવસે પુણ્યકાલનો બાધ કરી મકરસંક્રાંતિના પ્રથમ ભાગમાંજ પુણ્યકાલ જાણવો. રાત્રિએ રાત્રિના પૂર્વભાગમાં, પાછલા ભાગમાં અથવા મધ્યરાત્રિએ મકરસંક્રાંતિ થાય તો બીજે દિવસે પુણ્યકાલ. તેમાં પણ બીજા દિવસનો પૂર્વાર્ધ વિશેષ પુણ્યકાલ, તેમાં પણ સૂર્યોદય પછી પાંચ ઘડી અતિશય પુણ્યકાલ જાણવો. એ રીતે રાત્રિએ સંક્રાંતિપ્રવેશ થયા છતાં બીજી સંક્રાંતિઓમાં પણ જ્યહાં પૂર્વ દિવસનું ઉત્તરાર્દ્ધ પુણ્યકાલ હોય ત્યહાં દિવસના અંતની પાંચ ઘડી વિશેષ પુણ્યકાલ. જ્યહાં બીજા દિવસનો પૂર્વાર્ધ પુણ્યકાલ હોય ત્યહાં સૂર્યોદય પછી પાંચ ઘડી અતિશય પુણ્યકાલ જાણવો. એ રીતે દિવસે સંક્રાંતિપ્રવેશ થાય તો પણ મકરાદિક સંક્રાંતિઓમાં સંક્રાંતિની સમીપની પ્રવેશ પછીની ઘડીઓ અતિશય પુણ્યકારક અને કર્કાદિક સંક્રાંતિઓમાં સંક્રાંતિની સમીપની પ્રથમની ઘડીઓ અધિક પુણ્યકારક થાય છે એમ જાણવું. કારણ, "સંક્રાંતિની સમીપની જે જે ઘડીઓ તે તે અતિશય પુણ્યકારક માનેલી છે," એવું વચન છે. મુહૂર્તચિંતામણિ ઇત્યાદિક ગ્રંથમાં તો, સૂર્યાસ્ત પછી ત્રણ ઘડી સંધ્યાકાલ કહ્યો છે, તે કાળે મકરસંક્રાંતિ થાય તો બીજા દિવસનો પુણ્યકાલ બાધિત કરી પૂર્વ દિવસે પુણ્યકાલ કહ્યો છે, પરંતુ તે સર્વ ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં જોવામાં આવતું નથી. "શુકલપક્ષમાં સાતમને દિવસે જે કોઈએક પણ સૂર્યસંક્રાંતિ થાય તો તે ગ્રહણ કરતાં અધિક જાણવી." સંક્રાંતિને દિવસે કરવાનાં કૃત્ય કહે છે;—"સંક્રાંતિને દિવસે જે મનુષ્ય સ્નાન કરતો નથી, તે સાત જન્મપર્યંત રોગી છતો નિર્ધન થાય છે," એવું વચન છે માટે મનુષ્યમાત્રે અવશ્ય સ્નાન કરવું. એ રીતે અધિકારીને શ્રાદ્ધ પણ નિત્ય છે. શ્રાદ્ધ પિંડરહિત કરવું. "સંક્રાંતિને દિવસે દેવ, પિતૃ એમનો ઉદ્દેશ કરી દાતા પુરૂષ જે જે પદાર્થનું દાન કરે તે તે પદાર્થ ફરી સૂર્ય તેને જન્મ જન્મમાં નિત્ય આપે છે." અયનસંક્રાંતિ નિમિત્ત ત્રણ દિવસ ઉપવાસ કરવા. અથવા જે અહોરાત્રમાં સંક્રાંતિપ્રવેશ થતો હોય તે અહોરાત્રમાં અથવા પુણ્યકાલયુક્ત અહોરાત્રમાં ઉપવાસ કરી પ્રથમ કહેલા પુણ્યકાલમાં સ્નાન, દાન, આદિક કરવાં. આ ઉપવાસ પ્રજાયુક્ત ગૃહસ્થે કરવો નહી. "હે રાજા ! તિલની [1]ધેનુ કરી ઉત્તરાયણમાં (મકરસંક્રાંતિને દિવસે) દેવી, તિલના તેલવડે શિવમંદિરમાં ઉત્તમ દીપક દેવા. તિલ અને ચોખાવડે શિવની પૂજા કરવી. તે દિવસે શરીરમાં તિલવડે મર્દન કરી કાળા તિલયુક્ત જલવડે સ્નાન કરવું, તિલનું દાન કરવું, તિલનો હોમ કરવો, અને તિલનું ભક્ષણ કરવું." એ મકરસંક્રાંતિને દિવસે શ્વેત તિલવડે દેવતાઓનું તર્પણ અને કૃષ્ણ તિલવડે પિતૃનું તર્પણ કરવું. એ મકરસંક્રાંતિને દિવસે મહાદેવ ઉપર ઘૃતનો અભિષેક કરવાથી મહાફળ પ્રાપ્ત થાય છે. એ સંક્રાંતિને દિવસે સુવર્ણયુક્ત તિલ ત્રાંબાના પાત્રમાં પૂરી તેનું દાન કરવું, તેનો પ્રયોગ કહેશું. એ સંક્રાંતિને દિવસે શિવપૂજારૂપ વ્રત કરવું. તે આ પ્રમાણેઃ— પ્રથમ દિવસે ઉપવાસ કરી સંક્રાંતિને દિવસે તિલમર્દન, તિલસ્નાન અને તિલતર્પણ કરી મહાદેવને ગાયના ઘૃતનું મર્દન કરી શુદ્ધ જળવડે સ્નાન કરાવી પછી વસ્ત્રાદિક સામગ્રીવડે પૂજા કરવી. પછી સુવર્ણ, હીરા, નીલ, માણિક અને મોતી એ પંચરત્ન અથવા આઠ માષા સુવર્ણ શિવને સમર્પણ કરી તિલના તેલના દીપક કરી અને સુવર્ણસહિત, અક્ષત (ચોખા) સહિત તિલવડે પૂજા કરી [2]ઘૃતકંબલ સમર્પણ કરી ઉલેચ અને ચમર અર્પણ કરી બ્રાહ્મણોને સુવર્ણસહિત તિલનું દાન કરી તિલનો હોમ કરવો. પછી બ્રાહ્મણો અને સંન્યાસિઓને ભોજન કરાવી દક્ષિણા દાન કરી પછી પોતે તિલસહિત પંચગવ્યનું પાન કરી પારણા કરવી. એ દિવસે વસ્ત્રદાન કરવાથી અતિશય પુણ્ય મળે છે. "તિલસહિત બળદનું દાન કરવાથી રોગવડે મુક્ત થાય છે. એ મકરસંક્રાંતિને દિવસે સૂર્યને દૂધવડે નવરાવવાથી સૂર્યલોકની પ્રાપ્તિ થાય છે. મેષ, તુલા, કર્ક અને મકર એ સંક્રાંતિઓનો દિવસે પ્રવેશ થાય તો તે દિવસ, તેથી પ્રથમ ગઇ રાત્રિ અને આવતી રાત્રિ, એમ (બાર પોહોર) અનધ્યાય. એ સંક્રાંતિઓનું રાત્રિએ સંક્રમણ થાય તો તે રાત્રિ, ગયો દિવસ અને આવતો દિવસ એ રીતે પક્ષિણી (ગયા અને આવતા દિવસ સહિત મધ્યની રાત્રિ) અનધ્યાય જાણવો. એ મકરસંક્રાંતિનો રાત્રિએ પ્રવેશ થાય તો ગ્રહણ પ્રમાણે રાત્રિએજ સ્નાન, દાન કરવાં, એવો પક્ષ કેટલાએક ગ્રંથકારોએ લખ્યો છે, પણ સર્વ શિષ્ટોને સંમત નથી. અયનસંક્રાંતિનો દિવસ અને તેની જોડનો બીજો કરી એ નામનો દિવસ એ બન્ને દિવસો શુભ કાર્યોમાં વર્જ્ય કરવા એમ કહ્યું છે. તેમાં અર્ધરાત્રથી પ્રથમ

---

[1] તિલધેનુનો પ્રકાર દાનકમલાકર ગ્રંથમાં કહ્યો છે.

[2] ઘૃતકંબલનો વિધિ વ્રતરાજ અને વ્રતાર્કમાં કહ્યો છે.

અયનસંક્રાંતિ થાય તો તે સંક્રાંતિનો દિવસ અને તેની જોડનો બીજો દિવસ એ બે વર્જ્ય કરવા. અર્ધરાત્રિએ અથવા મધ્યરાત્રિ ગયા પછી અયનસંક્રાંતિ થાય તો બીજો દિવસ અને તેની જોડનો દિવસ એ બે દિવસ વર્જ્ય કરવા, એમ ભાસે છે. એ રીતે ગ્રહણમાં પણ એ કરિદિનનો નિર્ણય જાણવો.

पौषशुक्लाष्टम्यांवुधवासरयुतायांस्नानजपहोमतर्पणविप्रभोजनानिकार्याणि अस्यांभरणीयोगेमहापुण्यत्वमित्येके रोहिण्यार्द्रायोगेइतिपरे ॥

પોષ સુદિ અષ્ટમીને દિવસે બુધવારનો યોગ હોય તો સ્નાન, જપ, હોમ, તર્પણ અને બ્રહ્મભોજન એ કરવાં. એ અષ્ટમીને દિવસે ભરણી નક્ષત્રનો યોગ હોય તો મહાપુણ્ય થાય છે એમ કેટલાએક ગ્રંથકારો કહે છે. રોહિણી અથવા આર્દ્રાનો યોગ હોય તો મહાપુણ્ય થાય છે એમ બીજા ગ્રંથકારો કહે છે.

पौषशुक्लैकादशी मन्वादिः तन्निर्णयःप्रागुक्तः ॥

પોષ સુદિ એકાદશી મન્વાદિ છે. તેનો નિર્ણય પ્રથમ પરિચ્છેદમાં કહ્યો છે.

अथमाघस्नानम् ॥ तत्रपौषस्यशुक्लैकादश्यांपौर्णमास्याममावास्यायांवामाघस्नानारंभः माघेद्वादशीपूर्णिमादौसमापनम् यद्वामकरसंक्रमणप्रभृतिकुंभसंक्रमणपर्यंतंस्नानंकार्यं अथस्नानकालः अरुणोदयमारभ्यप्रातःकलावधिः उत्तमंतुसनक्षत्रंलुप्ततारंचमध्यमं सवितर्युदितेभूपततोहीनंप्रकीर्तितं माघमासेरटंत्यापःकिंचिदभ्युदितेरवौ ब्रह्मघ्नंवासुरापंवाकंपतंतंपुनीमहे अत्राधिकारिणः ब्रह्मचारीगृहस्थोवावानप्रस्थोथभिक्षुकः वालवृद्धयुवानश्चनरनारीनपुंसका इति अथजलतारतम्येनफलं तप्तेनवारिणास्नानंयद्गृहेक्रियतेनरैः षडब्दफलदंतद्धिमकरस्थेदिवाकरे वाप्यादौद्वादशाब्दफलं तडागेतद्द्विगुणं नद्यांतच्चतुर्गुणं महानद्यांशतगुणं महानदीसंगमेतच्चतुर्गुणं गंगायांसहस्रगुणं गंगायमुनासंगमेपतच्छतगुणमिति यत्रकुत्रापिस्नानेप्रयागस्मरणंकार्यं इदंसमुद्रेप्यतिप्रशस्तम् ॥

હવે માઘસ્નાનનો નિર્ણય કહે છે.

માઘસ્નાનનો આરંભ, પોષ સુદિ એકાદશી, પોષ સુદિ પૂનમ, અથવા વદ અમાસને દિવસે કરવો, અને માઘ માસની બારસ અથવા પૂનમ ઇત્યાદિક દિવસે સમાપ્તિ કરવી. અથવા મકરસંક્રાંતિના પ્રવેશથકી કુંભસંક્રાંતિના પ્રવેશપર્યંત માઘસ્નાન કરવું. હવે સ્નાનનો સમય કહે છેઃ—અરૂણોદયને આરંભ કરી પ્રાતઃકાળપર્યંત સ્નાનકાળ જાણવો. “હે રાજા! નક્ષત્ર છતાં સ્નાન કરવું તે ઉત્તમ, નક્ષત્રો અસ્ત થયા પછી સ્નાન કરવું તે મધ્યમ, અને સૂર્યના ઉદય પછી સ્નાન કરવું તે હીન (નિકૃષ્ટ) કહેવાય છે.” “સૂર્ય કિંચિત્ ઉદય થયો હોય તે સમયે માઘ માસમાં જળ એમ બોલે છે કે, બ્રહ્મહત્યા કરનારો, સુરાપાન કરનારો, એવો કયો પાતકી અહીં આવી સ્નાન કરે છે જેને અમે પાવન કરિએ.” એ માઘસ્નાનમાટે, “બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી, બાળક, વૃદ્ધ અને યૌવન એવા પુરૂષો, સ્ત્રિઓ અને નપુંસકો,” એ સઘળાં અધિકારી છે. “હવે જળના ભેદવડે ફળભેદ કહે છેઃ—મકરસંક્રાંતિના સૂર્ય છતાં મનુષ્યો ઉષ્ણ જળવડે ઘરમાં જે સ્નાન કરે છે તેને [1]ષડબ્દ ફળ મળે છે.” વાવ ઇત્યાદિકમાં સ્નાન કરવાથી દ્વાદશાબ્દનું ફળ મળે છે. તળાવમાં સ્નાન કરવાથી તેથી બમણું ફળ, નદીમાં સ્નાન કરવાથી દ્વાદશાબ્દ કરતાં ચોગુણું ફળ મળે છે. મહાનદીમાં શતગુણ ફળ, એ મહાનદીના સંગમમાં સ્નાન કરવાથી તેથી ચોગુણું ફળ થાય છે. ગગાજીમાં સ્નાન કરવાથી સહસ્રગુણ ફળ, ગંગા અને યમુનાના સગમમાં એ કરતાં શતગુણ ફળ જાણવું. જે કોઈ પણ ઠેકાણે સ્નાન કરવું ત્હાં પ્રયાગનું સ્મરણ કરવું. એ સ્નાન સમુદ્રમાં કરવાથી પણ અતિ ઉત્તમ્ છે.

अथविधिः ॥ माघमासमिमंपूर्णंस्नास्येहंदेवमाधव तीर्थस्यास्यजलेनित्यमितिसंकल्प्यचेतसि इत्येकतीर्थंपरिगृह्य दुःखदारिद्र्यनाशायश्रीविष्णोस्तोषणायच प्रातःस्नानंकरोम्यद्यमाघेपापविनाशनं मकरस्थे

---

[1] ષડબ્દ, દ્વાદશાબ્દ આદિનાં સ્વરૂપ ત્રીજા પરિચ્છેદમાં કૃચ્છ્રપ્રકરણમાં કહ્યાં છે.

रवौमाघेगोविंदाच्युतमाधव स्नानेनानेनमेदेवयथोक्तफलदोभव इमौमंत्रौसमुच्चार्यस्नायान्मौनसमन्वितः प्रत्यहंसूर्यार्घ्यमंत्रः सवित्रेप्रसवित्रेचपरंधामजलेमम त्वत्तेजसापरिभ्रष्टंपापंयातुसहस्रधेति पितृतर्पणादिनित्यंविधायमाधवंपूजयेत् भूमौशयीतहोतव्यमाज्यंतिलसमन्वितं हविष्यंब्रह्मचर्यंचमाघमासेमहाफलं अन्नेंधनकंबलवस्त्रोपानत्तैलघृततूलपूर्णपटीसुवर्णान्नदानानिमहाफलानि नवह्निंसेवयेत्स्नातोह्यस्नातोपिवरानने होमार्थंसेवयेद्वह्निंशीतार्थंनकदाचन अहन्यहनिदातव्यास्तिलाःशर्करयान्विताः त्रयोभागास्तिलानांचतुर्थ.शर्करयाः अनाभ्यंगोवर्ज्यः माघेमास्युपसिस्नानंकृत्वादांपत्यमर्चयेत् माघेयत्नेनसंत्याज्यंमूलकंमदिरोपमम् पितृणांदेवतानांचमूलकंनैवदापयेत् यदामाघोमलमासोभवतितदाकाम्यानांतत्रसमाप्तिनिषेधान्मासद्वयंस्नानंतन्नियमाश्चकर्तव्याः मासोपवासचांद्रायणादिकंतुमलमासएवसमापयेदित्युक्तं इदंमाघस्नानंनित्यकाम्योभयरूपं मासपर्यंतस्नानेप्यशक्तस्त्र्यहमेकाहंवास्नायात् तत्राद्यंदिनत्रयमितिकेचित् त्रयोदश्यादिदिनत्रयमितिबहुसंमतं पौषपूर्णिमानंतरासु अष्टमीसप्तमीनवमीष्वष्टकादिश्राद्धानिप्रागुक्तानि पौषामावास्यायामर्धोदययोगः अमार्कपातश्रवणैर्युक्ताचेत्पौषमाघयोः अर्धोदयःसविज्ञेयःकोटिसूर्यग्रहैःसमः किंचिन्न्यूनंमहोदयइतिचतुर्थपादंकेचित्पठंति पौषमाघयोर्मध्यवर्तिनीत्यर्थइत्येके अमांतमासेपौषस्यपूर्णिमांतमासेमाघस्यचेत्यर्थइत्यपरे सर्वथापौषपौर्णमास्युत्तरामावास्येत्यर्थः दिवैवयोगःशस्तोयंनतुरात्रौकदाचन अर्धोदयेतुसंप्राप्तेसर्वेगंगासमंजलं शुद्धात्मानोद्विजाःसर्वेभवेयुर्ब्रह्मसंनिभाः यत्किंचिद्दीयतेदानंतद्दानंमेरुसंनिभम् ॥

હવે માઘસ્નાનનો વિધિ કહે છે.

"હે દેવ ! માધવ ! હું આ તીર્થના જળમાં સપૂર્ણ માઘમાસપર્યંત નિત્ય સ્નાન કરીશ, એવો મનમાં સકલ્પ કરી," સ્નાન કરવામાટે એક તીર્થનો નિશ્ચય કરી, "दुःखदारिद्र्यनाशाय श्रीविष्णोस्तोषणाय च ॥ प्रातःस्नानं करोम्यद्य, माघे पापविनाशनम् ॥ मकरस्थे रवौ माघे गोविंदाच्युत माधव ॥ स्नानेनानेन मे देव, यथोक्तफलदो भव ॥" એ બે મંત્રનો ઉચ્ચાર કરી મૌનયુક્ત થઈ સ્નાન કરી સૂર્યને અર્ઘ્ય દેવો, તેનો મત્ર;—"सवित्रे प्रसवित्रे च, परं धाम जले मम ॥ त्वत्तेजसा परिभ्रष्टं, पापं यातु सहस्रधा ॥" એ મત્રવડે અર્ઘ્યદાન કરી પિતૃતર્પણ ઇત્યાદિક નિત્યકર્મ કરી માધવની પૂજા કરવી. માઘ માસમાં ભૂમિ ઉપર શયન, તિલયુક્ત ઘૃતનો હોમ, હવિષ્ય પદાર્થોનું ભોજન અને બ્રહ્મચર્ય એ મહાફલદાયક છે." એ માઘમાસમાં કાષ્ઠ, ઊનના વસ્ત્ર, પગરખાં, તેલ, ઘૃત, કપાસવડે ભરેલાં વસ્ત્ર (ડગલા ઇત્યાદિ), સુવર્ણ અને અન્ન એમનાં દાનથી મહાફળ મળેછે, "હે સ્ત્રી ! સ્નાન કીધું હોય અથવા ન કીધું હોય તેણે પણ અગ્નિ હિમના નિવારણમાટે સેવવો નહી, હોમને અર્થે અગ્નિનું સેવન કરવું." નિત્ય સાકર સહિત તિલનું દાન દેવું, તેમાં ત્રણ ભાગ તિલ અને ચોથો ભાગ સાકર એ પ્રમાણે દેવા. એ માઘમાસમાં તૈલાભ્યંગ ન કરવો. માઘમાસમાં ઉષઃકાળે (પચાવન ઘડી ઇત્યાદિક વખતે) સ્નાન કરી દાંપત્ય (સ્ત્રીપુરુષ) અર્થાત્ બ્રાહ્મણના, તેની પૂજા કરવી. માઘમાસમાં મૂળાનો અવશ્ય ત્યાગ કરવો. કારણ, તે મદિરા પ્રમાણે નિષિદ્ધ છે. પિતૃ અને દેવતાઓને પણ મૂળા અર્પણ કરવા નહી. જે વર્ષમાં માઘમાસ થાયછે તે વર્ષમાં, મલમાસમાં કામ્યવ્રતની સમાપ્તિનો નિષેધ છે, તેથી બે માસપર્યંત સ્નાન અને તેના નિયમ કરવા. માસપર્યંત ઉપવાસ અને ચાંદ્રાયણાદિક એ તો મલમાસમાંજ સમાપ્ત કરવાં એમ કહ્યુ છે. એ માઘસ્નાન નિત્ય અને કામ્ય એ બે પ્રકારનું છે. માસપર્યંત સ્નાન કરવામાં અશક્ત હોય તો તેણે ત્રણ દિવસ અથવા એક દિવસ સ્નાન કરવું. તેમાં પ્રથમના ત્રણ દિવસ સ્નાન કરવું એમ કોઈ કહે છે. તેરસ થકી ત્રણ દિવસ સ્નાન કરવું એ પક્ષ ઘણાઓને સમત છે. પૌષની પૂનમ પછીની સાતમ, આઠમ, અને નોમમાં કરવાનાં જે અષ્ટકાદિક શ્રાદ્ધ તે પ્રથમ (પત્ર ૧૨૬ માં) કહેલાંજ છે. પૌષની અમાસને દિવસે અર્દ્ધોદય યોગ થાયછે, તે આ પ્રમાણે·—"પૌષ અને માઘ એની અમાસને દિવસે રવિવાર, વ્યતીપાત, શ્રવણ નક્ષત્ર, એમનો યોગ હોય તો તે અર્દ્ધોદય યોગ જાણવો, અને તે ક્રોડ સૂર્યગ્રહણની બરોબર છે." એ યોગમાં કાંઇ એક ન્યૂન હોય તો મહોદય થાય છે, એવું ચોથું પદ કોઈ કહે છે. (પૌષ અને માઘ એની અમાસને દિવસે, એનો પૌષ અને માઘ એ બેના મધ્યની અમાવાસ્યા એવો અર્થ, એમ કોઈ ગ્રંથકાર કહે છે. અમાંત (અમાસપર્યંત) માસને પ્રમાણે પૌષની, અને પૂર્ણિમાંત (પૂનમપર્યંત) માસને પ્રમાણે માઘની અમાસ, એવો અર્થ બીજા ગ્રંથકારો કહે છે. સર્વ

પ્રકારે પૌષની પૂનમ વીત્યા પછીની અમાવાસ્યા એ અર્થ સમજવો, "એ અર્દ્ધોદયયોગ દિવસમાંજ ઉત્તમ છે. રાત્રિમાં ક્યારે પણ ઉત્તમ નથી. અર્દ્ધોદયયોગ આવ્યા છતાં સઘળું જળ ગંગાજળસમાન, અને સઘળા બ્રાહ્મણ બ્રહ્મા સમાન શુદ્ધ થાય છે. એ અર્દ્ધોદય સમયે અલ્પ જે દાન કરાય છે તે મેરૂ પ્રમાણે મ્હોટું થાય છે."

अथामत्रदानप्रयोगः ॥ देशकालौसंकीर्त्यसमुद्रमेखलायाःपृथ्व्याःसम्यग्दानफलकामोहमर्धोदयविहितामत्रदानंकरिष्येइतिसंकल्प्योपलिप्तेदेशेधौततंडुलैरष्टदलंकृत्वा तत्रचतुःषष्टिपलंचत्वारिंशत्पलंवापंचविंशतिपलंवाकांस्यपात्रंकृताग्न्युत्तारणंस्थापयेत् तत्राष्टगुंजात्मकोमाषःचत्वारिंशन्माषाःकर्षःपलंकर्षचतुष्टयं अमरसिंहमतेतु अशीतिगुंजात्मकःकर्षःपलंकर्षचतुष्टयं कांस्यपात्रेपायसंनिक्षिप्यपायसेष्टदलंकृत्वातत्कर्णिकायां कर्षतदर्धतदर्धान्यतमपरिमाणहेमलिंगंनिधायकांस्यपात्रेब्रह्माणंपायसेविष्णुंलिंगेशिवंयथाधिकारंवैदिकैर्मंत्रैर्नामभिर्वाआवाहनाद्युपचारैःसंपूजयेत् ततोविप्रंवस्त्रादिभिःपूजयेत् सुवर्णपायसामत्रंयस्मादेतत्त्रयीमयं आवयोस्तारकंयस्मात्तद्गृहाणद्विजोत्तम अमुकगोत्रायामुकशर्मणेतुभ्यंइदंसुवर्णलिंगपायसयुक्तममत्रंसमुद्रमेखलापृथ्वीदानफलकामोहं संप्रददे नममेतिविप्रहस्तेजलंदद्यात् विप्रःदेवस्यत्वेतिगृह्णीयात् दातादानस्यसंपूर्णतार्थमिमांदक्षिणांसंप्रददइतियथाशक्तिहिरण्यंदद्यात् हेमाद्र्याद्युक्तःप्रकारांतरेणार्धोदयव्रतप्रयोगो ब्रह्मादियुततिलपर्वतत्रयशय्यात्रयगोत्रयदानहोमादिसहितःकौस्तुभेद्रष्टव्यः इति श्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारेपौषमासकृत्यनिर्णय उद्देशः समाप्तः ॥

હવે પાત્રદાનનો પ્રયોગ કહે છે.

દેશ, કાલનો ઉચ્ચાર કરી "समुद्रमेखलायाः पृथ्व्याः सम्यग्दानफलकामोऽहमर्धोदयविहितामत्रदानं करिष्ये, "એવો સંકલ્પ કરી, લીપેલી એવી શુદ્ધ, પૃથ્વી ઉપર ધોયેલા ચોખાવડે અષ્ટદલ કરી તે ઉપર, ચોસઠ પળ અથવા ચાલીસ પળ, કિંવા પચીસ પળ વજનનું એવું કાંસાનું પાત્ર લઈ તેને ભસ્મવડે શુદ્ધ કરી, સ્થાપિત કરવું. વજનનું પ્રમાણ—આઠ ગુંજા (રતી)નો એક માષો, ચાલીસ માષાનો એક કર્ષ, ચાર કર્ષનું એક પળ. અમરસિંહના મતમાં તો, એંસી ગુંજાનો એક કર્ષ, ચાર કર્ષનું એક પળ. કાંસાના પાત્રમાં પાયસ (દૂધપાક) ભરી પાયસમાં અષ્ટદલ કરી તે અષ્ટદલની કલિમાં કર્ષ, અર્ધ કર્ષ, અથવા પા કર્ષ, એમાંના કોઈએક પરિમાણ પ્રમાણે સુવર્ણનું લિંગ સ્થાપિત કરી કાંસ્યપાત્રમાં બ્રહ્મા, પાયસમાં વિષ્ણુ, અને લિંગમાં શિવ એમની, પોતાના અધિકાર પ્રમાણે વૈદિક અથવા નામમંત્રવડે આવાહનાદિક ઉપચારે કરી પૂજા કરવી. પછી વસ્ત્રાદિકવડે બ્રાહ્મણની પૂજા કરી તે કાંસ્યપાત્રનું દાન કરવું. તેના મંત્ર.—"सुवर्णपायसामत्रं, यस्मादेतत्त्रयीमयं ॥ आवयोस्तारकं यस्मात्तद्गृहाण द्विजोत्तम ॥ अमुकगोत्रायामुकशर्मणे तुभ्यं इदं सुवर्णलिंगपायसयुक्तममत्रं समुद्रमेखलापृथ्वीदानफलकामोऽहं संप्रददे न मम," એ સંકલ્પ કરી બ્રાહ્મણના હાથમાં જળ મુકવું. અને બ્રાહ્મણે "देवस्य त्वा०" એ મંત્ર ભણી દાન લેવું. દાતાએ "दानस्य संपूर्णतार्थमिमां दक्षिणां संप्रददे" એ વાક્ય કહી યથાશક્તિ સુવર્ણ દેવું. હેમાદ્રિ ઇત્યાદિક ગ્રંથકારોએ કહેલો બીજા પ્રકારનો, અર્દ્ધોદયવ્રતનો, પ્રયોગ છે તે આ પ્રમાણે,–બ્રહ્મા વિષ્ણુ અને શિવ એમણે યુક્ત એવા તિલના ત્રણ પર્વત, ત્રણ શય્યા, અને ગાય એ સર્વેનું દાન કરી હોમ ઇત્યાદિક કરવો. એ પ્રયોગ કૌસ્તુભમાં જોવો. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે પૌષમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥

अथमाघमासः ॥ कुंभसंक्रांतौपूर्वषोडशनाड्यःपुण्याः माघेवेणीस्नानमहिमा सितासितेतुयत्स्नानंमाघमासेयुधिष्ठिर नतेषांपुनरावृत्तिःकल्पकोटिशतैरपि कुरुक्षेत्रसमागंगायत्रकुत्रावगाहिता तस्माद्दशगुणाविंध्येकाश्यांशतगुणाततः काश्याःशतगुणाप्रोक्तागंगायमुनयान्विता सहस्रगुणितासापिमाघे *पश्चिमवाहिनी* ॥

હવે માઘમાસનાં કૃત્ય કહે છે.

કુંભસંક્રાંતિની પ્રથમની સોળ ઘડી પુણ્યકાળ. માઘમાસમાં ત્રિવેણીમાં સ્નાનનો મહિમા છે તે કહે છે—"હે યુધિષ્ઠિર! માઘમાસમાં ગંગા અને યમુનાના સંગમમાં જે સ્નાન કરે તેને સો ક્રોડ

કલ્પવડે પણ ફરી જન્મ થતો નથી. જ્યહાં ક્યહાં પણ ગંગામાં સ્નાન કરવાથી કુરૂક્ષેત્રમાં સ્નાન સમાન પુણ્ય છે. વિંધ્યાચલ સમીપ ગંગાસ્નાન કરવાથી કુરૂક્ષેત્ર કરતાં દશગુણ ફળ થાય છે. તેથી શતગુણ કાશીમાં. ગંગા અને યમુનાનો સમાગમ એટલે પ્રયાગ, ત્યહાં કાશી કરતાં શતગુણ ફળ, અને માઘમાસમાં પશ્ચિમવાહિની ગંગામાં સ્નાન કરવાથી પ્રયાગ કરતાં સહસ્રગુણ, એ રીતે સ્નાનનું ફળ જાણવું.

अथमाघेतिलपात्रदानंप्रशस्तम् ॥ तत्प्रयोगः ताम्रपात्रेतिलान्कृत्वापलषोडशनिर्मिते सहिरण्यंस्वशक्त्यावाविप्रायप्रतिपादयेत् वाङ्मनःकायजत्रिविधपापनाशपूर्वकंब्रह्मलोकप्राप्तिकामस्तिलपात्रदानंकरिष्ये उक्तपरिमाणेताम्रपात्रेप्रस्थतिलान्कर्षसुवर्णयुतान्यथाशक्तिसुवर्णयुतान्वाकृत्वाविप्रंसंपूज्य देवदेवजगन्नाथवांछितार्थफलप्रद तिलपात्रंप्रदास्यामितवांगेसंस्थितोह्यहमितिमंत्रेणदद्यात् धान्यमानेतु कुडवोमुष्टीनांस्याच्चतुष्टये चत्वारःकुडवाःप्रस्थश्चतुःप्रस्थमथाढकं अष्टाढकोभवेद्द्रोणोद्विद्रोणःशूर्पउच्यते सार्धशूर्पोभवेत्खारीत्युक्तरीत्या पलंसुवर्णाश्चत्वारःकुडवंप्रस्थमाढकं द्रोणंचखारिकाचेतिपूर्वेपूर्वाच्चतुर्गुणमित्युक्तरीत्या वा प्रस्थमानस्वरूपंज्ञेयं यद्वा हिरण्यरहितान्तिलांस्ताम्रपात्रेनिधाय तिलाःपुण्याःपवित्राश्चसर्वपापहराःस्मृताः शुक्लाश्चैवतथाकृष्णाविष्णुगात्रसमुद्भवाः यानिकानिचपापानिब्रह्महत्यासमानिच तिलपात्रप्रदानेनतानिनश्यंतुमेसदा इदंतिलपात्रंयथाशक्तिदक्षिणासहितंयमदैवतंब्रह्मलोकप्राप्तिकामस्तुभ्यमहंसंप्रददे इतिदद्यात् अथसहिरण्यतुलसीपत्रदानमंत्रः सुवर्णतुलसीदानाद्ब्राह्मणःकायसंभवात् पापंप्रशममायातुसर्वेसंतुमनोरथाः अथशालग्रामदानमंत्रः शालग्रामशिलापुण्याभुक्तिमुक्तिप्रदायिनी शालग्रामप्रदानेनममसंतुमनोरथाः चक्रांकितसमायुक्तशालग्रामशिलाशुभा दानेनैवभवेत्तस्याउभयोर्वांछितंफलम् ॥

માઘમાસમાં તિલપાત્રનું દાન કરવું એ ઉત્તમ છે, તેનો પ્રયોગ કહે છે;—"સોળ પળ (પત્ર ૧૩૧ માં) વજનનું ત્રાંબાનું પાત્ર, તિલપૂર્ણ કરી સુવર્ણયુક્ત, અથવા પોતાની શક્તિ પ્રમાણે બ્રાહ્મણને દેવું." "वाङ्मनःकायजत्रिविधपापनाशपूर्वकं ब्रह्मलोकप्राप्तिकामस्तिलपात्रदानं करिष्ये," એવો સંકલ્પ કરી, પ્રથમ કહેલા વજનવાળા ત્રાંબાના પાત્રમાં એક પ્રસ્થ પરિમિત તિલ નાંખી એક કર્ષ સુવર્ણ કિંવા યથાશક્તિ સુવર્ણ રાખી બ્રાહ્મણની પૂજા કરી તિલપાત્રનું દાન કરવું. તેનો મંત્ર;—"देव देव जगन्नाथ, वांछितार्थफलप्रद ॥ तिलपात्रं प्रदास्यामि, तवांगे संस्थितोह्यहं." એ મંત્રવડે દાન કરવું. ધાન્યનું પ્રમાણ-ચાર મુઠીનો એક કુડવ, ચાર કુડવનો એક પ્રસ્થ, ચાર પ્રસ્થનો એક આઢક, આઠ આઢકનો એક દ્રોણ, બે દ્રોણનું એક શૂર્પ, દોઢ શૂર્પની એક ખારી, એ રીતે-અથવા ચાર સુવર્ણ (કર્ષ) નું એક પળ, ચાર પળનો એક કુડવ, ચાર કુડવનો એક પ્રસ્થ, ચાર પ્રસ્થનો એક આઢક, ચાર આઢકનો એક દ્રોણ, ચાર દ્રોણની એક ખારી, એ રીતે પ્રસ્થનું સ્વરૂપ સમજવું. અથવા સુવર્ણરહિત તિલ ત્રાંબાના પાત્રમાં મૂકી "तिलाः पुण्याः पवित्राश्च, सर्वपापहराः स्मृताः ॥ शुक्लाश्चैव तथा कृष्णा, विष्णुगात्रसमुद्भवाः ॥ यानि कानि च पापानि, ब्रह्महत्यासमानि च ॥ तिलपात्रप्रदानेन, तानि नश्यंतु मे सदा ॥ इदं तिलपात्रं यथाशक्तिदक्षिणासहितं यमदैवतं ब्रह्मलोकप्राप्तिकामस्तुभ्यमहं संप्रददे," એ મંત્રવડે તે પાત્રનું દાન કરવું. હવે સુવર્ણસહિત તુલસીપત્રના દાનનો મંત્ર—"सुवर्णतुलसीदानात् ब्राह्मणः कायसंभवात् ॥ पापं प्रशममायातु, सर्वे संतु मनोरथाः," શાલગ્રામના દાનનો મંત્ર—"शालग्रामशिला पुण्या, भुक्तिमुक्तिप्रदायिनी ॥ शालग्रामप्रदानेन, मम संतु मनोरथाः ॥ चक्रांकितसमायुक्तशालग्रामशिला शुभा ॥ दानेनैव भवेत्तस्या, उभयोर्वांछितं फलं," એ મંત્રવડે શાલગ્રામનું દાન કરવું.

अथप्रयागेवेणीदानम् ॥ तत्रसर्वेषांवपनविधिः ऊर्ध्वमब्दाद्द्विमासोनाद्यदातीर्थंव्रजेन्नरः तदातद्वपनंशस्तंप्रायश्चित्तमृतेद्विज प्रयागेतुयोजनत्रयादागतस्यदशमासादर्वागपि प्रथमयात्रायांतु जीवत्पितृकगुर्विणीपतिकृतचूडबालानामपिसभर्तृकस्त्रीणामपिवपनमितिविशेषःकेचित्तुसभर्तृकस्त्रीणांसर्वान्केशान्समुद्धृत्यछेदयेदंगुलद्वयमित्याहुः तत्प्रयोगः वेणीभूतकेशा कृतमांगलिकवेषास्त्री भर्तारं नत्वातदाज्ञयासर्ववपनंद्व्यंगुलकेशच्छेदंवाकृत्वास्नात्वात्रिवेणीपूजांकुर्यात् भर्त्रावाकारयेत् पूजांते पत्नीछिन्नवेणीयुक्तंवेणवपात्रमंजलौधृत्वातस्यांहेमवेणींमौक्तिकादिकंचनिधाय वेण्यांवेणीप्रदानेनममपापंव्यपोहतु ज

न्मांतरेष्वपिसदासौभाग्यंममवर्धतामितित्रिवेण्यांक्षिपेत् विप्राःसुमंगलीरियंवधूरितिपठेयुः ततोविप्रान्सुवासिनीश्चवस्त्रादिनातोषयेत् ॥

હવે પ્રયાગમાં વેણીદાનનો વિધિ કહે છે.

પ્રયાગમાં સઘળાઓએ મુંડન કરાવવું. "હે દ્વિજ! જો દશ માસ વ્યતીત થયા પછી મનુષ્ય તીર્થમાં જાય તો તેણે પ્રાયશ્ચિત્ત વિના મુંડન કરાવવું." પ્રયાગમાં તો બાર ગાઉ ઉપરથી આવેલો હોય તો દશ માસ કરતાં પ્રથમ પણ ક્ષૌર કરાવવું. પ્રથમજ યાત્રા હોય તો જીવત્પિતૃક (જેનો પિતા જીવતો હોય), સગર્ભા સ્ત્રીનો પતિ, અને જેનો મુંડન સંસ્કાર થયો હોય એવો બાળક, એ સઘળાઓએ અને સૌભાગ્યવતી સ્ત્રિઓએ પણ પ્રયાગમાં ક્ષૌર કરાવવું, એ વિશેષ વિધિ જાણવો. કોઇ ગ્રંથકાર તો, સૌભાગ્યવતી સ્ત્રિયોએ સઘળા કેશ હાથમાં ધરી છેડામાંથી બે અંગુલ છેદવા, એમ કહે છે. તે વેણીદાનનો પ્રયોગ,—સૌભાગ્યવતી સ્ત્રીએ પોતાના મસ્તકના કેશ ગુંથી મંગળવેષ ધારણ કરી પોતાના પતિને પ્રણામ કરી પતિની આજ્ઞા લઇ સઘળા કેશનું મુંડન અથવા બે અંગુલ કેશનું છેદન કરી સ્નાન કરી ત્રિવેણીની પૂજા કરવી અથવા પતિવડે પૂજા કરાવવી. પૂજા થયા પછી છેદન કરેલી વેણી (કેશ) વાંસના પાત્રમાં મૂકી તે પાત્ર હાથમાં લઈ તે છેદેલી વેણી ઉપરે સુવર્ણની વેણી અને મોતી ઇત્યાદિક રાખી, "वेण्यां वेणीप्रदानेन, मम पापं व्यपोहतु ॥ जन्मांतरेष्वपि सदा, सौभाग्यं मम वर्धतां," એ મંત્ર ભણી તે વંશપાત્ર ત્રિવેણીમાં છોડી દેવું. પછી બ્રાહ્મણોએ, "सुमंगलीरियं वधूः०" એ મંત્રનો પાઠ કરવો. પછી બ્રાહ્મણ, સુવાસિની એમને વસ્ત્ર, દક્ષિણા ઇત્યાદિકનું દાન કરી સંતુષ્ટ કરવાં.

अथत्रिवेण्यांदेहत्यागविधिः ॥ येवैतन्वं१विसृजंतिधीरास्तेजनासोअमृतत्वंभजंतइतिश्रुतिर्माघमासविषया तनुंत्यजतियैमाघेतस्यमुक्तिर्नसंशय इतिब्रह्मोक्तेः अन्यमासेतनुत्यागात्स्वर्गप्राप्तिः तत्र यथाशक्तिसर्वंप्रायश्चित्तंकृत्वाश्राद्धाधिकार्यभावेस्वीयजीवच्छ्राद्धंसपिंडनांतंकृत्वागोदानादिकृत्वाकृतोपवासःपारणाहेफलोल्लेखपूर्वकंसंकल्प्य विष्णुंध्यात्वावेणींप्रविशेदिति जीवच्छ्राद्धप्रयोगःकौस्तुभेद्रष्टव्यः माघंप्रकृत्य तिलस्नायीतिलोद्वर्तीतिलहोमीतिलोदकी तिलभुक्तिलदाताचषट्तिलाःपापनाशनाः इत्युक्तेवाक्ये तिलस्नायीपदेनतिलयुक्तोदकेनस्नानं तिलहोमपदेनायुतलक्षतिलहोमात्मकस्यग्रहमखस्यापिसंग्रहः तिलोदकीतितिलयुक्तोदकेनदेवपूजातर्पणसंध्यादिकंपानंचकार्यमित्यर्थः सचहोमस्त्रिधा प्रथमोयुतहोमःस्याल्लक्षहोमस्ततःपरः कोटिहोमस्तृतीयस्तुसर्वकामफलप्रद इति लक्षहोमादिप्रयोगःकुंडमंडपनिर्माणादिसहितः कौस्तुभमयूखादौज्ञेयः ॥

હવે ત્રિવેણીમાં જળસમાધિ લેવાનો વિધિ કહે છે.

"જે મનુષ્યો ધીર થઈ (ગંગા યમુનાના સંગમમાં) દેહનું વિસર્જન એટલે જળસમાધિ કરે છે તે મુક્ત થાય છે," એ શ્રુતિ માઘમાસ માટે છે. કારણ, "માઘમાસમાં (પ્રયાગમાં) જે શરીર છોડે છે તેને નિઃસંશય મુક્તિ મળે છે," એવું બ્રહ્મપુરાણનું વચન છે. બીજા માસમાં (પ્રયાગમાં) દેહત્યાગ કરવાથી સ્વર્ગપ્રાપ્તિ થાય છે. તેમાં પ્રથમ યથાશક્તિ સઘળું પ્રાયશ્ચિત્ત કરી, પાછળ પોતાની ક્રિયા કરનારો ન હોય તો સપિંડન (સંયોજન)પર્યંત પોતે પોતાનું જીવતશ્રાદ્ધ કરી, ગોદાનાદિક કરી, ઉપવાસ કરી, પારણાને દિવસે, સ્વર્ગ અથવા મુક્તિ જે ફલની ઇચ્છા હોય તેના ઉલ્લેખ (ઉચ્ચાર) સહિત સંકલ્પ કરી, વિષ્ણુનું ધ્યાન કરી, ત્રિવેણીમાં પ્રવેશ કરવો. જીવતશ્રાદ્ધનો પ્રયોગ કૌસ્તુભ ગ્રંથમાં જોવો. માઘમાસને ઉદ્દેશે, "તિલસ્નાયી, તિલોદ્વર્ત્તી, તિલહોમી, તિલોદકી, તિલભુક્, તિલદાતા, એ છ તિલ પાપ નાશ કરનારા થાય છે," એ રીતે કહેલા વાક્યમાં 'તિલસ્નાયી' એ પદવડે તિલયુક્ત જળેકરી સ્નાન કરવું. 'તિલહોમી' એ પદવડે અયુત (દશ હજાર), લક્ષ તિલહોમરૂપ ગ્રહયજ્ઞ (ગ્રહશાંતિ) પણ કરવો. 'તિલોદકી' એ પદવડે તિલયુક્ત જળેકરી દેવપૂજા, તર્પણ, સંધ્યા, ઇત્યાદિક અને તિલયુક્ત જળનું પાન પણ કરવું એ અર્થ થાય છે. પ્રથમ કહેલો ગ્રહયજ્ઞરૂપ હોમ ત્રણ પ્રકારનો છે—"પ્રથમ દશ હજાર હોમ, બીજો લક્ષ હોમ, ત્રીજો કોટિ હોમ, તે હોમ સર્વ મનોરથ પૂર્ણ કરનારો છે." કુંડ, મંડપ કરવા ઇત્યાદિક વિધિયુક્ત લક્ષ હોમાદિકનો પ્રયોગ કૌસ્તુભ, મયૂખ ઇત્યાદિક ગ્રંથમાં જોવો.

माघशुक्लचतुर्थ्यांढुंढिराजोद्देशेननक्तव्रतंतत्पूजातिललड्डुकादिनैवेद्यंतिलभक्षणंचोक्तं अत्रप्रदोषव्यापिनीग्राह्या अस्यामेवप्रदोषव्यापिन्यांकुंदपुष्पैःशिवंसंपूज्योपवासंनक्तभोजनंवाकुर्यात् श्रियंप्राप्नुयात् अत्रविनायकव्रतस्यतुभाद्रशुक्लचतुर्थीवन्निर्णयः ॥

માઘ સુદિ ચોથને દિવસે ઢુંઢિરાજ (ગણપતિ)ને ઉદ્દેશે કરી નક્તવ્રત ગણપતિની પૂજા, તિલના લાડુ ઇત્યાદિક નૈવેદ્ય, અને તિલભક્ષણ એ કરવાં. એમાં ચોથ પ્રદોષવ્યાપિની લેવી. એજ પ્રદોષવ્યાપિની ચોથને દિવસે કુંદનાં પુષ્પવડે શિવપૂજા કરી ઉપવાસ અથવા નક્તભોજન કરવું, તેથી લક્ષ્મીપ્રાપ્તિ થાય છે એ ચતુર્થીને દિવસે વિનાયકવ્રતનો નિર્ણય ભાદરવા સુદ ચોથની પેઠે જાણવો.

माघशुक्लपंचमीवसंतपंचमी तस्यांवसंतोत्सवारंभः अस्यांरतिकामयोःपूजोक्ता इयंपरत्रैवपूर्वाह्णव्याप्तौपरा अन्यथापूर्वैव ॥

માઘ સુદિ પંચમીને વસંત **પંચમી** કહે છે. એ પંચમીને દિવસે વસંત ઉત્સવનો આરંભ કરવો. એ પંચમીને દિવસે રતિ અને કામદેવની પૂજા કરવી. એ પંચમી બીજે દિવસેજ પૂર્વાહ્ણકાળવ્યાપિની હોય તો બીજા દિવસે પૂર્વાહ્ણકાળવ્યાપિની ન હોય તો પ્રથમ દિવસનીજ લેવી.

माघशुक्लसप्तमीरथसप्तमी साऽरुणोदयव्यापिनीग्राह्या दिनद्वयेरुणोदयव्याप्तौपूर्वा यदाघटिकादिमात्रा षष्ठीसप्तमीचक्षयवशादरुणोदयात्पूर्वंसमाप्यते तदाषष्ठीयुक्ताग्राह्या तत्रषष्ठ्यांसप्तमीक्षयघटीःप्रवेश्यारुणोदयेस्नानंकार्यं अत्रव्रतेषष्ठ्यामेकभक्तंकृत्वा सप्तम्यामरुणोदयेस्नानंकार्यं तत्रमंत्रः यदाजन्मकृतंपापंमयाजन्मसुजन्मसु तन्मेरोगंचशोकंचमाकरीहंतुसप्तमी एतज्जन्मकृतंपापंयच्चजन्मांतरार्जितं मनोवाक्कायजंयच्चज्ञाताज्ञातेचयेपुनः इतिसप्तविधंपापंस्नानान्मेसप्तसप्तिके सप्तव्याधिसमायुक्तंहरमाकरिसप्तमि अथार्घ्यमंत्रः सप्तसप्तिवहप्रीतसप्तलोकप्रदीपन सप्तमीसहितोदेवगृहाणार्घ्यंदिवाकरेति इयंचमन्वादिरपि शुक्लपक्षमन्वादित्वात्पौर्वाह्णिकीग्राह्येत्युक्तम् ॥

માઘ સુદિ સપ્તમીને **રથસપ્તમી** એમ કહે છે. એ સપ્તમી અરૂણોદયવ્યાપિની હોય તે લેવી. બન્ને દિવસે અરૂણોદયવ્યાપ્તિ હોય તો પ્રથમની લેવી. જ્યારે એક ઘડી ઇત્યાદિક માત્ર છઠ હોય અને સપ્તમી તો ક્ષય હોવાથી અરૂણોદય કરતાં પ્રથમ સમાપ્ત થતી હોય ત્યારે ષષ્ઠીયુક્ત સપ્તમી લેવી. તેમાં સપ્તમીના ક્ષયની ઘડીઓ ષષ્ઠીમાં જોડી અરૂણોદય સમયે સ્નાન કરવું. એ વ્રતમાં છઠને દિવસે એક વખત ભોજન કરી સપ્તમીને દિવસે અરૂણોદય સમયે સ્નાન કરવું. તેનો મંત્ર—" यदाजन्मकृतं पापं, मया जन्मसु जन्मसु ॥ तन्मे रोगं च शोकं च माकरी हंतु सप्तमी ॥ एतज्जन्मकृतं पापं, यच्च जन्मांतरार्जितं ॥ मनोवाक्कायजं यच्च, ज्ञाताज्ञाते च ये पुनः ॥ इति सप्तविधं पापं, स्नानान्मे सप्तसप्तिके ॥ सप्तव्याधिसमायुक्तं, हर माकरि सप्तमि." એ પ્રમાણે સ્નાન કીધા પછી સૂર્યને અર્ઘ્ય દેવો. તેનો મંત્ર—"सप्तसप्तिवह प्रीत, सप्तलोकप्रदीपन ॥ सप्तमीसहितो देव, गृहाणार्घ्यं दिवाकर." એ સપ્તમી મન્વાદિ છે. એ શુક્લ પક્ષની મન્વાદિ છે માટે પૂર્વાહ્ણકાળવ્યાપિની લેવી, એમ (પત્ર ૪૩ માં) કહ્યું છે.

माघशुक्लाष्टमीभीष्माष्टमी अस्यांभीष्मोद्देशेनयेश्राद्धंकुर्वंतितेसंततिमंतोभवंति तत्रश्राद्धंकाम्यंतर्पणंतुनित्यं तर्पणेकृतेसंवत्सरोपात्तदुरितनाशः अकृतेपुण्यनाशइत्युक्तेः तत्रतर्पणमंत्रः वैयाघ्रपद्यगोत्रायसांकृत्यप्रवरायच गंगापुत्रायभीष्मायआजन्मब्रह्मचारिणे अपुत्रायजलंदद्मिनमोभीष्मायवर्मणे भीष्मःशांतनवोवीरःसत्यवादीजितेंद्रियः आभिरद्भिरवाप्नोतुपुत्रपौत्रोचितांक्रियामिति एवमपसव्येनतर्पणंकृत्वाचसव्येनार्घ्यंदद्यात् वसूनामवतारायशंतनोरात्मजायच अर्घ्यंददामिभीष्मायआवाल्यब्रह्मचारिणे इति अत्रजीवत्पितृकस्यनाधिकारइतिकौस्तुभः जीवत्पितृकस्याप्यधिकारइतिबहवः अत्रमध्याह्नव्यापिनीअष्टमीग्राह्या श्राद्धादेरेकोद्दिष्टत्वादिति ॥

માઘ શુક્લ અષ્ટમીને **ભીષ્માષ્ટમી** એમ કહે છે. એ અષ્ટમીને દિવસે ભીષ્મને ઉદ્દેશે કરી જે શ્રાદ્ધ કરે છે તે સંતતિયુક્ત થાય છે. તે દિવસે શ્રાદ્ધ કામનિક છે અને તર્પણ તો નિત્ય છે. ભીષ્મને ઉદ્દેશે તર્પણ કરવાથી વર્ષપર્યંત સંચિત થયેલા પાપનો નાશ થાય છે. કારણ, "તર્પણ ન કરવાથી પુણ્યનો નાશ થાય છે," એમ કહ્યું છે. તે તર્પણનો મંત્ર—"वैय्याघ्रपद्यगोत्राय, सांकृत्यप्रवराय च ॥

गंगापुत्राय भीष्माय, आजन्मब्रह्मचारिणे ॥ अपुत्राय जलं दद्मि, नमो भीष्माय वर्मणे ॥ भीष्मः शांतनवो वीरः सत्यवादी जितेंद्रियः ॥ आभिरद्भिरवाप्नोतु, पुत्रपौत्रोचितां क्रियां ॥" એ મંત્રવડે અપસવ્યે તર્પણ કરી આચમન કરી સવ્યે અર્ઘ્ય દેવો. તેનો મત્ર,—"वसूनामवताराय, शंतनोरात्मजाय च ॥ अर्घ्यं ददामि भीष्माय, आबाल्यब्रह्मचारिणे." જીવત્પિતૃકને આ તર્પણમાં અધિકાર નથી, એમ કૌસ્તુભમાં છે, અને જીવત્પિતૃકને પણ અધિકાર છે, એમ ઘણા ગ્રંથકારો કહે છે. એમાં મધ્યાહ્નકાળવ્યાપિની અષ્ટમી લેવી. કારણ, એ અષ્ટમીને દિવસે કર્તવ્ય જે શ્રાદ્ધાદિક તે એકોદ્દિષ્ટ વિધિએ કરવાનાં કહ્યાં છે, અને એકોદ્દિષ્ટનો કાળ મધ્યાહ્ન છે.

माघशुक्लद्वादश्यांतिलोत्पत्तिरतोस्यामुपोष्य तिलस्नानंतिलैर्विष्णुपूजनंतिलनैवेद्यंतिलतैलेनदीपदानंतिलहोमस्तिलदानंचतिलभक्षणंचकार्यम् ॥

માઘ શુદિ બારસને દિવસે તિલની ઉત્પત્તિ થઈ છે માટે એ બારસને દિવસે ઉપવાસ કરી તિલયુક્ત જળવડે સ્નાન, તિલેકરી વિષ્ણુની પૂજા, તિલ નૈવેદ્ય, તિલના તેલનો દીપ, તિલહોમ, તિલદાન, અને તિલભક્ષણ એ કરવાં.

माघीपौर्णिमापरा अन्नकृत्यं एवंमाघावसानेतुदेयंभोज्यमवारितं भोजयेद्विजदांपत्यंभूषयेद्वस्त्रभूषणैः कंबलाजिनरक्तवस्त्राणितूलगर्भचोलकानिउपानहौप्रच्छादनपटाश्चैतानि माधवःप्रीयतामित्युक्त्वादेयानि अथकृतस्यमाघस्नानस्यसांगतार्थमुद्यापनंकरिष्येइतिसंकल्प्य सवित्रेप्रसवित्रेचपरंधामजलेमम त्वत्तेजसापरिभ्रष्टंपापंयातुसहस्रधा दिवाकरजगन्नाथप्रभाकरनमोस्तुते परिपूर्णंकरिष्येहंमाघस्नानंतवाज्ञयेति मंत्राभ्यामपिसंकल्पःकार्यः एवंचतुर्दश्यांसंकल्पोपवासाधिवासनमाधवपूजनानिकृत्वा पौर्णिमायां तिलचर्वाज्यैरष्टोत्तरशतहोमंकृत्वातिलशर्करागर्भत्रिंशन्मोदकात्मकंवायनंदेयं तत्रमंत्रौ सवितःप्रसवस्त्वंहिपरंधामजलेमम त्वत्तेजसापरिभ्रष्टंपापंयातुसहस्रधा दिवाकरजगन्नाथप्रभाकरनमोस्तुते परिपूर्णंकुरुष्वेहमाघस्नानमुषःपते इति ततोदंपत्योःसूक्ष्मवाससीसप्तधान्यानिचदत्वा ब्राह्मणेभ्योदांपत्यायच षड्रसभोजनंदेयं तत्रमंत्रः सूर्योमेप्रीयतांदेवोविष्णुमूर्तिर्निरंजन इति एवंमाघप्लुवीयातिभित्त्वादेवंदिवाकरं परिव्राड्योगयुक्तश्चरणेचाभिमुखोहत इति ॥

માઘ શુદિ પૂનમ બીજા દિવસની લેવી. એ પૂનમને દિવસે કરવાનાં કૃત્ય કહે છે,—"એ રીતે માઘની પૂનમને દિવસે કોઇને નિષેધ ન કરતાં અન્નદાન દેવું, બ્રાહ્મણોનાં દાંપત્ય (સ્ત્રીપુરૂષાત્મક જોડ) ને ભોજન કરાવી વસ્ત્ર, અલંકારવડે ભૂષિત કરવાં," કામળાં, કાળાં મૃગચર્મ, રાતાં વસ્ત્ર, કપાસે ભરેલાં વસ્ત્ર (ડગલા), પગરખાં, પછેડી, અને ઓછાડ, એ સઘળાં 'માધવ પ્રસન્ન થાઓ' એમ કહી દેવાં. પછી "कृतस्य माघस्नानस्य सांगतार्थं उद्यापनं करिष्ये," એવો સકલ્પકરી "सवित्रे प्रसवित्रे च, परं धाम जले मम ॥ त्वत्तेजसा परिभ्रष्टं, पापं यातु सहस्रधा ॥ दिवाकर जगन्नाथ, प्रभाकर नमोस्तु ते ॥ परिपूर्णं करिष्येऽहं, माघस्नानं तवाज्ञया," એ મત્રવડે પણ સકલ્પ કરવો. એ રીતે ચૌદશને દિવસે સકલ્પ, ઉપવાસ, અવિવાસન અને માધવની પૂજા કરી પૂનમને દિવસે તિલ, ચરૂ (ભાત), અને ઘૃત એવડે એકસો આઠ આહુતિ એક એક પદાર્થની દેવી. એ રીતે હોમ કરી તિલ અને સાકર સાથે નાખી કરેલા એવા ત્રીસ લાડુનું વાયન દેવું. વાયનદાનના મત્ર—"सवितः प्रसवस्त्वं हि, परं धाम जले मम ॥ त्वत्तेजसा परिभ्रष्टं, पापं यातु सहस्रधा ॥ दिवाकर जगन्नाथ, प्रभाकर नमोऽस्तु ते ॥ परिपूर्णं कुरुष्वेह, माघस्नानमुषःपते." ત્યાર પછી દાંપત્યને સૂક્ષ્મ વસ્ત્ર અને સપ્ત ધાન્યનું દાન કરી બીજા બ્રાહ્મણોને અને દાંપત્યને છ રસસહિત ભોજન દેવું. તેનો મત્ર,—"सूर्यो मे प्रीयतां देवो, विष्णुमूर्त्तिर्निरंजनः" એ રીતે માઘસ્નાન કરનારા, સન્યાસી અને યુદ્ધમાં શત્રુને સન્મુખ થઈ મરણ પામેલાં એ સર્વ સૂર્યદેવનું ભેદન કરી જાય છે," અર્થાત્ મુક્ત થાય છે.

माघकृष्णाष्टम्यांचतुरष्टकाकरणाशक्तएकाष्टकांपूर्वेद्युःश्राद्धान्वष्टक्यश्राद्धसहितांकुर्यात् दिनत्रयेकर्तुमशक्तोष्टम्यामेवैकामष्टकांकुर्यात् ॥

ચાર અષ્ટકા કરવાને અશક્ત હોય તેણે માઘ વદ અષ્ટમીને દિવસે એક અષ્ટકાશ્રાદ્ધ; પૂર્વેદ્યુઃશ્રાદ્ધ અને અન્વષ્ટક્ય શ્રાદ્ધસહિત કરવું. એટલે સપ્તમીને દિવસે પૂર્વેદ્યુઃશ્રાદ્ધ, અષ્ટમીને દિવસે અષ્ટકાશ્રાદ્ધ, અને નવમીને દિવસે અન્વષ્ટક્ય શ્રાદ્ધ એ પ્રમાણે ત્રણ દિવસ ત્રણ શ્રાદ્ધ કરવાં. ત્રણ દિવસ કરવાને અશક્ત હોય તેણે આઠમને દિવસેજ એક અષ્ટકા કરવી.

अथशिवरात्रिः ॥ सानिशीथव्यापिनीग्राह्या निशीथस्तुरात्रेरष्टमोमुहूर्तइत्युक्तं तत्रपरदिनएवार्धरात्रौपरा पूर्वेद्युरेवतद्व्याप्तौपूर्वा दिनद्वयेप्यर्धरात्रव्याप्त्यभावेपिपरैव दिनद्वयेकार्त्स्न्येनैकदेशेनवार्धरात्रव्याप्तौपूर्वेतिहेमाद्र्याशयानुसारीकौस्तुभः परैवेतिमाधवनिर्णयसिंधुपुरुषार्थचिंतामण्यादयोबहवः परेद्युर्निशीथैकदेशव्याप्तौपूर्वेद्युःसंपूर्णतद्व्याप्तौपूर्वैव पूर्वदिनेनिशीथैकदेशव्याप्तौपरदिनेसंपूर्णतद्व्याप्तौपरैव इदंव्रतंरविवारभौमवारयोगेशिवयोगयोगेचातिप्रशस्तम् ॥

હવે શિવરાત્રીનો નિર્ણય કહે છે.

માઘ કૃષ્ણ પક્ષની ચૌદશને **શિવરાત્રી** એમ કહે છે. તે ચતુર્દશી નિશીથવ્યાપિની હોય તે લેવી. રાત્રિના આઠમા મુહૂર્તનું **નિશીથ** એવું નામ કહ્યું છે. તેમાં જો બીજે દિવસેજ નિશીથવ્યાપિની હોય તો પરા લેવી. પૂર્વ દિવસેજ નિશીથવ્યાપિની હોય તો પૂર્વા લેવી. બન્ને દિવસે નિશીથવ્યાપિની ન હોય તો પણ પરાજ લેવી. બન્ને દિવસે નિશીથ સમયે સંપૂર્ણ વ્યાપ્તિ અથવા એકદેશવ્યાપ્તિ હોય તો પ્રથમની લેવી એ પ્રમાણે, હેમાદ્રિના અભિપ્રાયને અનુસારે કૌસ્તુભમાં છે. બીજા દિવસનીજ લેવી એ રીતે માધવ, નિર્ણયસિંધુ, પુરૂષાર્થચિંતામણી ઇત્યાદિક બહુ ગ્રંથકારો કહે છે. બીજે દિવસે નિશીથકાળના એક દેશમાં વ્યાપ્તિ હોય અને પ્રથમ દિવસે સંપૂર્ણ નિશીથવ્યાપ્તિ હોય તો પ્રથમ દિવસનીજ લેવી. પ્રથમ દિવસે નિશીથકાળના એકદેશમાં વ્યાપ્તિ હોય અને બીજે દિવસે નિશીથસમયે સંપૂર્ણવ્યાપ્તિહોય તો બીજા દિવસનીજ લેવી. આ શિવરાત્રી વ્રતને દિવસે રવિવાર, મંગળવાર, અને શિવયોગ એમનો યોગ આવે તો અતિ ઉત્તમ જાણવું.

अथपारणानिर्णयः ॥ यामत्रयादर्वाक्चतुर्दशीसमाप्तौचतुर्दश्यंतेपारणं यामत्रयोर्ध्वगामिन्यां चतुर्दश्यांप्रातश्चतुर्दशीमध्यएवपारणमितिमाधवादयः निर्णयसिंधौतुयामत्रयादर्वाक्चतुर्दशीसमाप्तावपिचतुर्दशीमध्यएवपारणं नतुकदाचिदपिचतुर्दश्यंते उपोषणंचतुर्दश्यांचतुर्दश्यांचपारणं कृतैःसुकृतलक्षैस्तुलभ्यतेयदिवानवा सिक्थेसिक्थेफलंतस्यशक्तोवक्तुंनपार्वतीत्यादिना चतुर्दशीमध्येपारणेपुण्यातिशयोक्तेरित्युक्तं अत्रैवंव्यवस्थाबोध्या यदानित्यकृत्यपूर्वकपारणपर्याप्ताचतुर्दशीनास्तितदा वा येषांचतुर्दशीशेषदिनेदर्शादिश्राद्धप्रसक्तिस्तैर्वातिथ्यंतेपारणंकार्यं द्वादश्यामिवात्रनित्यकृत्यापकर्षकवाक्याभावात् तिथ्यंतपारणविधायकवाक्यसत्त्वेनसंकटविषयकजलपारणविधिवाक्यानामत्राप्रवृत्तेश्च कर्मपर्याप्तचतुर्दशीसत्त्वेश्राद्धप्रसक्त्यभावेचतिथिमध्यएवपारणमिति ॥

હવે શિવરાત્રિની પારણાનો નિર્ણય કહે છે.

ત્રણ પોહોરથકી પ્રથમ ચતુર્દશી સમાપ્ત થાય તો ચતુર્દશીને અંતે પારણા કરવી, અને ત્રણ પોહોર કરતાં અધિક ચતુર્દશી હોય તો પ્રાતઃકાળે ચતુર્દશીમાંજ પારણા કરવી, એ રીતે માધવાદિક ગ્રંથકારો કહે છે. નિર્ણયસિંધુમાં તો, ત્રણ પોહોરથકી પ્રથમ ચતુર્દશી સમાપ્ત થતી હોય તો પણ ચતુર્દશીમાંજ પારણા કરવી, ચૌદશને અંતે કયારે પણ પારણા કરવી નહી. કારણ, "હે પાર્વતી ! ચૌદશમાં ઉપવાસ કરી ચૌદશમાં પારણા કરવી એ યોગ લક્ષાવધિ પુણ્ય કરવાથી પણ મળે કે ન મળે તેનો સંશય છે, અને તે પારણામાં એક એક ગ્રાસનું ફળ કહેવામાં હું સમર્થ નથી," ઇત્યાદિક ચૌદશમાં પારણા કરવાથી પુણ્યની અધિકતાનાં સૂચન કરનારાં વચનો છે, એમ કહ્યું છે. એ વિષયમાં એવી વ્યવસ્થા જાણવી.—જ્યારે પોતાનાં નિત્યકૃત્ય અને પારણા થઇ શકે એટલી ચૌદશ ન હોય ત્યારે, અથવા જેમને શેષ (બાકી રહેલી) ચૌદશને દિવસે દર્શ ઇત્યાદિક શ્રાદ્ધ કરવાનો પ્રસંગ હોય તેમણે ચૌદશને અંતે પારણા કરવી. કારણ દ્વાદશી પ્રમાણે એ ચૌદશને દિવસે નિત્યકર્મનો અપકર્ષ (પાછળ કરવાનાં કર્મ ખેંચી પ્રથમ કરવાં તે) કરવાવિષે વચન નથી. અને તિથિને અંતે પારણા

કરવી એમાં વચન છે, તેથી સંકટ સમયે જળપારણા કરવી એ રીતે કહેનારાં વચનોની આ ચતુર્દશી વ્રતમાં પ્રવૃત્તિ નથી. નિત્યકર્મ અને પારણા એ સર્વે થઇ એટલી ચતુર્દશી હોય, તેમ તે દિવસે શ્રાદ્ધ કર્તવ્ય ન હોય તો ચૌદશમાંજ પારણા કરવી.

अत्रव्रतप्रयोगः ॥ त्रयोदश्यांकृतैकभक्तश्चतुर्दश्यांकृतनित्यक्रियः प्रातर्मंत्रेणसंकल्पंकुर्यात् शिवरात्रिव्रतंह्येतत्करिष्येहंमहाफलं निर्विघ्नमस्तुमेचात्रत्वत्प्रसादाज्जगत्पते चतुर्दश्यांनिराहारोभूत्वाशंभोपरेहनि भोक्ष्येहंभुक्तिमुक्त्यर्थंशरणंमेभवेश्वरेति द्विजस्तुरात्रींप्रपद्येजननीमित्यृचाचपिपठित्वाजलमुत्सृजेत् ततःसायाह्नेकृष्णतिलैःस्नानंकृत्वाधृतभस्मत्रिपुंड्रुद्राक्षोनिशामुखेशिवायतनंगत्वाक्षालितपादःस्वाचांतउदङ्मुखोदेशकालौसंकीर्त्य शिवरात्रौप्रथमयामपूजांकरिष्येइतियामचतुष्टयेपूजाचतुष्टयचिकीर्षायांसंकल्पः सकृत्पूजाचिकीर्षायांश्रीशिवप्रीत्यर्थंशिवरात्रौश्रीशिवपूजांकरिष्यइतिसंकल्पः तत्रादौ सामान्यतःपूजाविधिरुच्यते यामभेदेनविशेषस्तुवक्ष्यते अस्यश्रीशिवपंचाक्षरमंत्रस्यवामदेवऋषिः अनुष्टुप्छंदः श्रीसदाशिवोदेवता न्यासेपूजनेजपेचविनियोगः वामदेवऋषयेनमःशिरसि अनुष्टुप्छंदसेनमोमुखे श्रीसदाशिवदेवतायैनमोहृदि ॐनंतत्पुरुषायनमःहृदये ॐमंअघोरायनमःपादयोः ॐशिंसद्योजातायनमःगुह्ये ॐवांवामदेवाय० मूर्ध्नि ॐयंईशानाय० मुखे ॐॐहृदयायनमः ॐनंशिरसेस्वाहा ॐमंशिखायैवषट् ॐशिंकवचायहुं ॐवांनेत्रत्रयायवौषट् ॐयंअस्त्रायफट् कुंभपूजांविधाय ध्यायेन्नित्यंमहेशंरजतगिरिनिभंचारुचंद्रावतंसंरत्नाकल्पोज्ज्वलांगंपरशुमृगवराभीतिहस्तंप्रसन्नं पद्मासीनंसमंतात्स्तुतममरगणैर्व्याघ्रकृत्तिंवसानंविश्वाद्यंविश्वबीजंनिखिलभयहरंपंचवक्त्रंत्रिनेत्रं इतिध्यात्वाप्राणप्रतिष्ठांकृत्वास्थाप्यलिंगंस्पृशन् ॐभूःपुरुषंसांवसदाशिवमावाहयामि ॐभुवःपुरुषंसांव० ॐस्वःपुरुषंसांव० ॐभूर्भुवःस्वःपुरुषंसां० इत्यावाहयेत् स्वामिन्सर्वजगन्नाथयावत्पूजावसानकं तावत्त्वंप्रीतिभावेन लिंगेस्मिन्सन्निधौभवेतिपुष्पांजलिंदद्यात् स्थावरलिंगेपूर्वसंस्कृतचरलिंगेचप्राणप्रतिष्ठाद्यावाहनांतंनकार्यं ॐसद्योजातंप्रपद्यामिसद्योजातायवैनमोनमः ॐनमःशिवायश्रीसांवसदाशिवायनमः आसनंसमर्पयामि स्त्रीशूद्रश्चेत् ॐनमःशिवायेतिपंचाक्षरीस्थाने श्रीशिवायनमइतिनमोंतमंत्रेणपूजयेत् ॐभवेभवेनातिभवेभवस्वमां ॐनमःशिवाय श्रीसांवसदाशिवायनमः पाद्यंसमर्पयामि ॐभवोद्भवायनमः ॐनमःशिवायसांवस० अर्घ्यं० ॐवामदेवायनमः ॐनमःशिवायश्रीसांव० आचमनं० ॐज्येष्ठायनमः ॐनमःशिवाय० स्नानं ततोमूलमंत्रेणआप्यायस्वेत्यादिभिश्चपंचामृतैःसंस्नाप्य आपोहिष्ठेतितिसृभिःशुद्धोदकेनप्रक्षाल्य एकादशावृत्त्यैकावृत्त्यावारुद्रेणपुरुषसूक्तेनचचंदनकुंकुमकर्पूरवासितजलेनाभिषेकंकृत्वा ॐनमःशिवायेतिस्नानांतेआचमनंदत्वासाक्षतजलेनतर्पणंकार्यं ॐभवंदेवंतर्पयामि १ शर्वंदेवंतर्पयामि २ ईशानंदेवंतर्पयामि ३ पशुपतिंदेवंतर्पयामि ४ उग्रंदेवंत० ५ रुद्रंदेवंत० ६ भीमंदेवंत० ७ महांतंदेवंत० ८ भवस्यदेवस्यपत्नींतर्पयामि शर्वस्यदेवस्यपत्नींतर्पयामि ईशानस्यदेवस्यपत्नींत० पशुपतेर्देवस्यप० उग्रस्यदेवस्यप० रुद्रस्यदेवस्यप० भीमस्यदेवस्यप० महतोदेवस्यपं० ८ ॐज्येष्ठायनमः ॐनमःशिवाय श्रीसांव० वस्त्रं० मूलेनाचमनं ॐरुद्रायनमः ॐनमःशिवाय० यज्ञोपवीतं० मूलेनाचमनं ॐकालायनमः ॐनमःशिवायसांवदाशिवायनमः चंदनं० ॐकलविकरणायनमः ॐनमःशिवायसांवसदाशिवायनमः अक्षतान्० ॐवलविकरणायनमः ॐनमःशिवायश्रीसांवसदाशिवायनमः पुष्पाणि० सहस्रमष्टोत्तरशतंवा सहस्रादिनामभिर्मूलमंत्रेणवा विल्वपत्राणिदद्यात् ॐवलायनमः ॐनमःशिवायश्रीसांवसदाशिवायनमः धूपं० ॐवलप्रमथनायनमः ॐनमःशिवायसां० दीपं ॐसर्वभूतदमनायनमः ॐनमःशिवाय० नैवेद्यं० मूलेनाचमनंफलंच ॐमनोन्मनायनमः ॐनमःशिवाय० तांबूलं० मूलेनवैदिकैर्मंत्रैश्चनीराजनं० ईशानःसर्वविद्यानामीश्वरःसर्वभूतानांब्रह्माधिपतिर्ब्रह्मणोधिपतिर्ब्रह्माशिवोमेअस्तुसदाशिवों ॐनमःशिवाय० मंत्रपुष्पं० भवायदेवायनमः शर्वायदेवायेत्याद्यष्टौ भवस्यदेवस्यपत्न्यै इत्यष्टौच नमस्कारान्कृत्वा शिवाय० रुद्राय० पशुपतये० नीलकंठाय० महेश्वराय० हरिकेशाय० विरूपाक्षाय० पिनाकिने० त्रिपुरांतकाय० शंभवे० शूलिने० महादेवायनमइतिद्वादशनामभिर्द्वादशपुष्पांजलीन्दत्वा मूलेनप्रदक्षिणानमस्कारान्कृत्वा मूलमंत्रमष्टोत्तरशतंजप्त्वा क्षमापयित्वाऽनेनपूजनेनसांवसदाशिवःप्रीयतामितिनिवेदयेत् ॥

હવે શિવરાત્રિ વ્રતનો પ્રયોગ કહે છે.

તેરસને દિવસે એકભક્ત કરી ચૌદશને દિવસે નિત્યકર્મ કરી પ્રાતઃકાળે મંત્રપૂર્વક સંકલ્પ કરવો. તે. મંત્ર,—"शिवरात्रिव्रतं ह्येतत् करिष्येऽहं महाफलम् ॥ निर्विघ्नमस्तु मेचात्र त्वत्प्रसादाज्जगत्पते ॥

चतुर्दश्यां निराहारो भूत्वा शंभो परेऽहनि ॥ भोक्ष्येऽहं भुक्तिमुक्त्यर्थं शरणं मे भवेश्वर ॥" બ્રાહ્મણ હોય તેણે તો "रात्रीं प्रपद्ये जननीं०" એ બે મંત્રનો પણ પાઠ કરી જળ છોડવું. પછી સાયાહ્નસમયે શરીરમાં કૃષ્ણતિલમર્દનપૂર્વક સ્નાન કરી ભસ્મવડે ત્રિપુંડ્ર અને રૂદ્રાક્ષનું ધારણ કરી પ્રદોષ સમયે શિવના દેવાલયમાં જઇ હાથ પગ ધોઇ આચમન કરવું. પછી દેશકાળનો ઉચ્ચાર કરી "शिवरात्रौ प्रथमयामपूजां करिष्ये," ચાર પોહોરની ચાર પૂજા કરવી હોય તો એવો સંકલ્પ કરવો. એકવારજ પૂજા કરવી હોય તો, "श्रीशिवप्रीत्यर्थं शिवरात्रौ श्रीशिवपूजां करिष्ये," એવો સંકલ્પ કરવો. તેમાં પ્રથમ સામાન્યપણે પૂજાનો વિધિ કહે છે—પોહર પોહરની પૂજાનો વિશેષ પ્રકાર તો આગળ કહેશું. "अस्य श्रीशिवपंचाक्षरमंत्रस्य वामदेव ऋषिः ॥ अनुष्टुप् छंदः ॥ श्रीसदाशिवो देवता ॥ न्यासे पूजने जपे च विनियोगः ॥ वामदेवऋषये नमः शिरसि ॥ अनुष्टुप्छंदसे नमो मुखे ॥ श्रीसदाशिवदेवतायै नमः हृदि ॥ ॐ नं तत्पुरुषाय नमः हृदये ॥ ॐ मं अघोराय नमः पादयोः ॥ ॐ शिं सद्योजाताय नमः गुह्ये ॥ ॐ वां वामदेवाय नमः मूर्ध्नि ॥ ॐ यं ईशानाय नमः मुखे ॥ ॐ ॐ हृदयाय नमः ॥ ॐ नं शिरसे स्वाहा ॥ ॐ मं शिखायै वषट् ॥ ॐ शिं कवचाय हुं ॥ ॐ वां नेत्रत्रयाय वौषट् ॥ ॐ यं अस्त्राय फट्" એ રીતે ન્યાસ કરી, કલશની પૂજા કરી, "ध्यायेन्नित्यं महेशं रजतगिरिनिभं चारुचंद्रावतंसं रत्नाकल्पोज्ज्वलांगं परशुमृगवराभीतिहस्तं प्रसन्नम् ॥ पद्मासीनं समंतात्स्तुतममरगणैर्व्याघ्रकृत्तिं वसानं विश्वाद्यं विश्ववंद्यं निखिलभयहरं पंचवक्त्रं त्रिनेत्रम् ॥" એ શ્લોકવડે ધ્યાન કરી પ્રાણપ્રતિષ્ઠા કરવી. પછી શિવલિંગનું સ્થાપન કરી સ્પર્શ કરી, ॐ भूः पुरुषं सांबसदाशिवमावाहयामि ॥ ॐ भुवः पुरुषं सांब० ॥ ॐ स्वः पुरुषं सांब० ॥ ॐ भूर्भुवःस्वः पुरुषं सांब० ॥" એ મંત્રવડે આવાહન કરવું. પછી હાથમાં પુષ્પ ધરી "स्वामिन्सर्वजगन्नाथ यावत्पूजावसानकम् ॥ तावत्त्वं प्रीतिभावेन लिंगेऽस्मिन्सन्निधौ भव ॥" એ મંત્રવડે પુષ્પાંજળી સમર્પણ કરવી. સ્થાવર લિંગમાં અને પ્રથમ સંસ્કાર કરેલા ચર લિંગમાં પ્રાણપ્રતિષ્ઠા થકી આવાહનપર્યંત વિધિ કરવો નહી. "ॐ सद्यो जातं प्रपद्यामि सद्यो जाताय वै नमो नमः ॐ नमः शिवाय श्रीसांबसदाशिवाय नमः आसनं समर्पयामि." સ્ત્રી અને શૂદ્ર પૂજા કરનારાં હોય તો તેમણે "ॐ नमः शिवाय," એ પંચાક્ષર મંત્રને ઠેકાણે "श्रीशिवाय नमः" એવો (નમઃ શબ્દ જેને અંતે છે તે) મંત્ર કહી પૂજા કરવી. "ॐ भवे भवे नातिभवे भजस्व मां ॐ नमः शिवाय श्रीसांबसदाशिवाय नमः पाद्यं समर्पयामि ॥ ॐ भवोद्भवाय नमः ॐ नमः शिवाय श्रीसांबसदाशिवाय० अर्घ्यं० ॥ ॐ वामदेवाय नमः ॐ नमः शिवाय श्रीसांब० आचमनं० ॥ ॐ ज्येष्ठाय नमः ॐ नमः शिवाय श्रीसांब० स्नानं०" પછી મૂળમંત્રવડે અને "आप्यायस्व०" ઇત્યાદિક મંત્રવડે પંચામૃતે સ્નાન કરાવી "आपोहिष्ठा०" એ ત્રણ મંત્રવડે શુદ્ધોદકે સ્નાન કરાવી રૂદ્રમંત્રોની અગ્યાર અથવા એક આવૃત્તિ અને પુરૂષસૂક્તનો ઉચ્ચાર કરી ચંદન, કેશર, કપૂરવડે સુગંધી જળનો અભિષેક કરી "ॐ नमः शिवाय" એ મંત્રવડે સ્નાનની અંતે આચમન અર્પણ કરી અક્ષતયુક્ત જળવડે તર્પણ કરવું. તે આ પ્રમાણે,- ॐ भवं देवं तर्पयामि १ ॥ ॐ शर्वं देवं त० २ ॥ ॐ ईशानं देवं त० ३ ॥ ॐ पशुपतिं देवं त० ४ ॥ ॐ उग्रं देवं त० ५ ॥ ॐ रुद्रं देवं त० ६ ॥ ॐ भीमं देवं त० ७ ॥ ॐ महांतं देवं त० ८ ॥ भवस्य देवस्य पत्नीं तर्पयामि ॥ शर्वस्य देवस्य पत्नीं तर्पयामि ॥ ईशानस्य देवस्य पत्नीं तर्प० ॥ पशुपतेर्देवस्य पत्नीं त० ॥ उग्रस्य देवस्य पत्नीं० ॥ रुद्रस्य देवस्य पत्नीं० ॥ भीमस्य देवस्य पत्नीं० ॥ महतो देवस्य पत्नीं त० ८ ॥ ॐ ज्येष्ठाय नमः ॐ नमः शिवाय श्रीसां० वस्त्रं० ॥ પછી "ॐ नमः शिवाय" એ મૂળમંત્રવડે આચમન દેવું. પછી "ॐ रुद्राय नमः ॐ नमः शिवाय श्रीसांब० यज्ञोपवीतं स०" પછી મૂળમંત્રવડે આચમન દેવું. ત્યાર પછી "ॐ कालाय नमः ॐ नमः शिवाय श्रीसां० चंदनं० ॥ ॐ कलविकरणाय नमः ॐ नमः शिवाय श्रीसां० अक्षतान्० ॥ ॐ बलविकरणाय नमः ॐ नमः शिवाय श्रीसां० पुष्पाणि० ॥" એ રીતે પુષ્પપર્યંત પૂજા થયા પછી એક સહસ્ર અથવા એક સો આઠ બિલ્વપત્ર, શિવના સહસ્રનામવડે અથવા મૂળમંત્રવડે અર્પણ કરવાં. પછી "ॐ बलाय नमः ॐ नमः शिवाय श्रीसां० धूपं स० ॥ ॐ बलप्रमथनाय नमः ॐ नमः शिवाय श्रीसां० दीपं० ॥ ॐ सर्वभूतदमनाय नमः ॐ नमः शिवाय श्रीसांब० नैवेद्यं० ॥" પછી મૂળમંત્રવડે આચમન અને ફળ અર્પણ કરવાં. ત્યાર પછી "ॐ मनोन्मनाय नमः ॐ नमः शिवाय श्रीसांब० तांबूलं स०" પછી મૂળમંત્ર અને વેદના મંત્રવડે આરતી કરવી. પછી "ईशानः सर्वविद्यानामीश्वरः० ॐ नमः शिवाय श्रीसांब० मंत्रपुष्पं०" એ રીતે મંત્રપુષ્પપર્યંત પૂજા થયા પછી "भवाय देवाय नमः ॥ शर्वाय देवाय नमः ॥" ઇત્યાદિક આઠ

અને "भवस्य देवस्य पत्न्यै नमः" ઇત્યાદિક આઠ એ પ્રમાણે નમસ્કાર કરી "शिवाय नमः, रुद्राय नमः, पशुपतये०, नीलकंठाय०, महेश्वराय०, हरिकेशाय०, विरूपाक्षाय०, पिनाकिने०, त्रिपुरांतकाय०, शंभवे०, शूलिने०, महादेवाय०" એ બાર નામવડે બાર પુષ્પાંજલી સમર્પણ કરી મૂળમંત્રવડે પ્રદક્ષિણા અને નમસ્કાર કરી મૂળમંત્રનો (૧૦૮) જપ કરી પ્રાર્થના કરવી. પછી "अनेन पूजनेन सांबसदाशिवः प्रीयताम्" એટલું કહી પૂજા અર્પણ કરવી.

अथचतुर्षुयामेषुपूजाचतुष्टयेविशेषः ॥ तत्रप्रथमयामेमूलमंत्रांतेश्रीशिवायासनंसमर्पयामीतिशिवनाम्नासर्वोपचारसमर्पणम् द्वितीययामेशिवरात्रौद्वितीययामपूजांकरिष्यइतिसंकल्प्यश्रीशंकरायासनमितिशंकरनाम्ना ततोमहानिशिपूजांकरिष्यइतिसंकल्प्यपूर्ववत्पूजा ततस्तृतीययामपूजांकरिष्यइत्युक्त्वा श्रीमहेश्वरायासनमित्यादि एवमेवचतुर्थयामेश्रीरुद्रायेतिरुद्रनाम्ना प्रतियामंतैलाभ्यंगपंचामृतोष्णोदकशुद्धोदकगंधोदकाभिषेकाःकार्याः यज्ञोपवीतांतेगोरोचनकस्तूरीकुंकुमकर्पूरागरुचंदनमिश्रितानुलेपेनलिंगंलेपयेत् पंचविंशतिपलमितःसर्वोनुलेप इतिअनुलेपपरिमाणं यथाशक्ति वा धत्तूरकरवीरकुसुमैर्बिल्वपत्रैश्चपूजनमतिप्रशस्तं पुष्पाभावेशालितंडुलगोधूमयवैःपूजा नैवेद्योत्तरंतांबूलमुखवासौउक्तौ नागवल्लीपत्रक्रमुकफलशुक्त्यादिचूर्णेतित्रयंतांबूलसंज्ञं एतदेवनारिकेलकर्पूरैलाकंकोलैःसहितंमुखवाससंज्ञं एतेषामन्यतमद्रव्यालाभेतत्तद्द्रव्यंस्मरेद्बुधः सर्वपूजांतेप्रार्थना नित्यंनैमित्तिकंकाम्यंयत्कृतंतुमयाशिव तत्सर्वंपरमेशानमयातुभ्यंसमर्पितमिति शिवरात्रिव्रतंदेवपूजाजपपरायणः करोमिविधिवद्दत्तंगृहाणार्घ्यंनमोस्तुते इत्यर्घ्यः एवंयामचतुष्टयेर्घ्यभेदःकौस्तुभे ततःप्रभातेस्नात्वापुनःशिवंसंपूज्यपूर्वोक्तद्वादशनामभिर्द्वादशब्राह्मणानशक्तावेकंवासंपूज्य तिलपक्वान्नपूर्णान्द्वादशकुंभानेकंवादत्वा व्रतमर्पयेत् यन्मयाद्यकृतंपुण्यंतद्रुद्रस्यनिवेदितं त्वत्प्रसादान्मयादेवव्रतमद्यसमर्पितं प्रसन्नोभवमेश्रीमन्सद्गतिःप्रतिपाद्यतां त्वदालोकनमात्रेणपवित्रोस्मिनसंशय इति ततोब्राह्मणान्भोजयित्वापूर्वनिर्णीतकालेस्वजनैःसहपारणंकुर्यात् तत्रमंत्रः संसारक्लेशदग्धस्यव्रतेनानेनशंकर प्रसीदसुमुखोनाथज्ञानदृष्टिप्रदोभवेति इतिशिवरात्रिव्रतविधिः ॥

હવે ચાર પોહોરની ચાર પૂજાનો વિશેષ પ્રકાર કહે છે.

પ્રથમ પોહોરે મૂળમંત્રનો ઉચ્ચાર કરી "श्रीशिवाय आसनं समर्पयामि," એમ કહી 'શિવ' એ નામવડે સર્વ ઉપચાર અર્પણ કરવા. બીજે પોહોરે—"शिवरात्रौ द्वितीययामपूजां करिष्ये," એવો સંકલ્પ કરી "श्रीशंकराय आसनं समर्पयामि," એ રીતે શંકર નામવડે ઉપચાર અર્પણ કરવા. ત્યાર પછી "महानिशिपूजां करिष्ये," એવો સંકલ્પ કરી પ્રથમની પેઠેજ પૂજા કરવી. ત્રીજે પોહોરે—"तृतीययामपूजां करिष्ये," એવો સંકલ્પ કરી "श्रीमहेश्वराय आसनं समर्पयामि," એમ કહી આસનાદિક પૂજા કરવી. એજ પ્રમાણે ચોથે પોહોરે—"चतुर्थयामपूजां करिष्ये," એવો સંકલ્પ કરી, "श्रीरुद्राय आसनं समर्पयामि," એમ કહી પ્રથમ પ્રમાણે પૂજા કરવી. પોહોરે પોહોરે તૈલમર્દન, અને પંચામૃત, ઉષ્ણ જળ, શુદ્ધ જળ, અને સુગંધી જળ એવડે અભિષેક કરવો. યજ્ઞોપવીત અર્પણ કીધા પછી ગોરોચન, કસ્તુરી, કેશર, કપૂર, અગરુ ચંદન એમણે યુક્ત એવું ચંદન કરી શિવલિંગને લીપવું. પચીશ પળ સઘળું ચંદન લેવું એ પ્રમાણે ચંદનનું વજન જાણવું. અથવા યથાશક્તિ લેવું. ધત્તુરાનાં અને કણેરનાં પુષ્પ તથા બિલિપત્રવડે પૂજા કરવી એ અતિ ઉત્તમ થાય. પુષ્પ ન હોય તો ધોળા ચોખા, ગહું, અને યવ એવડે પૂજા કરવી. નૈવેદ્ય સમર્પણ કીધા પછી તાંબૂલ અને મુખવાસ અર્પણ કરવા. નાગરવેલનાં પાન સોપારી અને છીપ ઇત્યાદિકનો ચુનો એ ત્રણ પદાર્થ મળી તાંબૂલ થાય છે. એજ તાંબૂલ, ટોપરૂં, કપૂર, એલચી, કંકોલ એઓવડે યુક્ત થાય તો તે મુખવાસ કહેવાય છે. એ પદાર્થોમાંથી કોઈ એક પદાર્થ ન મળે તો તેનું સ્મરણ કરવું. એ રીતે સઘળી પૂજા થાય પછી પ્રાર્થના કરવી. તેનો મંત્ર—"नित्यं नैमित्तिकं काम्यं, यत्कृतं तु मया शिव ॥ तत्सर्वं परमेशान, मया तुभ्यं समर्पितम्." એ રીતે પ્રાર્થના કીધા પછી અર્ઘ્ય દેવો. તેનો મંત્ર—"शिवरात्रिव्रतं देव, पूजाजपपरायणः ॥ करोमि विधिवद्दत्तं, गृहाणार्घ्यं नमोऽस्तुते" એ રીતે ચારે પોહોરે જુદા જુદા અર્ઘ્ય દેવા તેનો પ્રકાર કૌસ્તુભમાં જોવો. ત્યાર પછી પ્રાતઃકાળે સ્નાન કરી ફરી શિવપૂજા કરી પ્રથમ કહેલાં બાર નામવડે બાર બ્રાહ્મણોની પૂજા, અથવા શક્તિ ન હોય તો એક

બ્રાહ્મણની પૂજા કરી તિલ, અને પક્વાન્નવડે પૂર્ણ એવા બાર અથવા એક કલશનું દાન કરી વ્રત દેવને અર્પણ કરવું. "यन्मयाद्य कृतं पुण्यं, तद्रुद्रस्य निवेदितम् ॥ त्वत्प्रसादान्महादेव, व्रतमद्य समर्पितम् ॥ प्रसन्नो भव मे श्रीमन्, सद्गतिः प्रतिपाद्यताम् ॥ त्वदालोकनमात्रेण, पवित्रोसि न संशयः" પછી બ્રાહ્મણભોજન કરાવી પ્રથમ નિર્ણય કરેલા સમયે પોતાના વડીલ અને સ્નેહી ઈત્યાદિકે યુક્ત થઈ પારણા કરવી. તે સમયે પ્રાર્થના કરવાનો મંત્ર,—"संसारक्लेशदग्धस्य, व्रतेनानेन शंकर ॥ प्रसीद सुमुखो नाथ, ज्ञानदृष्टिप्रदो भव." એ પ્રમાણે શિવરાત્રીવ્રતનો વિધિ સમાપ્ત થયો.

अथमृन्मयलिंगेशिवपूजाचिकीर्षायांतद्विधिः ॥ ॐहरायनमइतिमृदमाहृत्य शोधितायांतस्यांजलप्रक्षेपेणसंपीड्यतेनपिंडेन ॐमहेश्वरायनमइतिलिंगंकुर्यात् तच्चलिंगमशीतिगुंजात्मककर्षादधिकपरिमाणमंगुष्ठमात्रं ततोधिकंवाकार्यं नन्यूनं मृन्मयलिंगेपंचसूत्रसंपादनाभावेपिनदोषः अतएव सप्तकृत्वस्तुलारूढंवृद्धिमेतिनहीयते वाणलिंगमितिप्रोक्तंशेषंनार्मदमुच्यते इत्युक्तलक्षणाद्वाणलिंगादतिदुर्लभाद्दुःसंपाद्यपंचसूत्रसंपादनात्सुवर्णादिलिंगाच्चमृन्मयलिंगंश्रेष्ठं द्वापरेपारदंश्रेष्ठंपार्थिवंतुकलौयुग इतिवचनाच्च ततः ॐशूलपाणयेनमः शिवइहप्रतिष्ठितोभवेतिसबिल्वपत्रेपूजापीठेप्रतिष्ठाप्य ध्यायेन्नित्यंमहेशमितिध्यात्वा ॐपिनाकधृपेनमःश्रीसांबशिवइहागच्छइहप्रतिष्ठइहसन्निहितोभवेत्यावाहयेत् इह द्विजानांसर्वत्रमूलमंत्रोपिज्ञेयः ततः ॐनमःशिवायेतिमूलमंत्रेणपाद्यमर्घ्यमाचमनंदत्वापशुपतयेनमइतिमूलेनचस्नानंवस्त्रमुपवीतंगंधंपुष्पंधूपदीपनैवेद्यफलतांबूलनीराजनमंत्रपुष्पांजलीन्दत्वा शर्वायक्षितिमूर्तयेनमइतिप्राच्यांपूजयेत् भवायजलमूर्तयेनमईशान्यां रुद्रायाग्निमूर्तयेनम उदीच्यां उग्रायवायुमूर्तयेनमःवायव्यां भीमायाकाशमूर्तयेनमःप्रतीच्यां पशुपतयेयजमानमूर्तयेनमइतिनैर्ऋत्यां महादेवायसोममूर्तयेनमइतिदक्षिणस्यां ईशानायसूर्यमूर्तयेनमइत्याग्नेय्यां ततःस्तुत्वा नमस्कृत्यमहादेवायनमइति विसर्जयेदितिसंक्षेपः विस्तरस्तुपुरुषार्थचिंतामणौज्ञेयः शिवरात्रिश्चेत्पूर्वोक्तपूजाविधिःपार्थिवलिंगेपि कार्यः पार्थिवलिंगोद्यापनविधिःकौस्तुभादौज्ञेयः ॥

હવે માટીના લિંગમાં શિવપૂજા કરવાની હોય તો તેનો વિધિ કહે છે.

"ॐहराय नमः" એ મંત્ર ભણી માટી લાવી તેને ચોખી કરી તેમાં જળ નાંખી એકઠી કરી તે માટીના પિંડનું "ॐ महेश्वराय नमः" એ મંત્ર ભણી શિવલિંગ કરવું. તે લિંગ એંશી ગુંજા પ્રમાણ જે કર્ષ તે કરતાં અધિક પરિમાણનું, અંગુઠા જેવડું અથવા તેથી મ્હોટું કરવું, અંગુઠા કરતાં નાહાનું કરવું નહી. મૃત્તિકાના લિંગમાં પંચસૂત્રની ક્રિયા કીધી ન હોય તો પણ દોષ નથી, તેથીજ "સાતવાર કાંટામાં મેલી વજન કરતાં દર વખતે વજન અધિક થાય પણ કમતી થાય નહી એવા લિંગને બાણલિંગ કહેવું. બાકીના જે લિંગ તે નાર્મદ (નર્મદામાંનાં) જાણવાં." એ પ્રમાણે ઉક્ત લક્ષણે યુક્ત બાણલિંગ મળવું અતિ દુર્લભ છે અને સુવર્ણાદિકનાં લિંગમાં પંચસૂત્રની ક્રિયા કરવાની કહી છે તે અતિ શ્રમસાધ્ય છે માટે સર્વમાં મૃત્તિકાનું લિંગ શ્રેષ્ઠ છે. કારણ, "દ્વાપરયુગમાં પારાનું લિંગ ઉત્તમ અને કલિયુગમાં પાર્થિવ (મૃત્તિકાનું) લિંગ ઉત્તમ એવાં વચન છે. ત્યાર પછી "ॐशूलपाणये नमः शिव इह प्रतिष्ठितो भव." એ મંત્ર ભણી બિલિપત્રયુક્ત પૂજનાપીઠ ઉપર લિંગની સ્થાપના કરી, "ध्यायेन्नित्यं महेशं०" એ મંત્રવડે ધ્યાન કરી, "ॐपिनाकधृपे नमः श्रीसांबशिव इहागच्छ इह प्रतिष्ठ इह सन्निहितो भव." એમ કહી આવાહન કરવું. એ પૂજામાં દ્વિજે (બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્યે) એ મૂળમંત્રનું પણ ગ્રહણ કરવું. ત્યાર પછી, "ॐनमः शिवाय" એ મૂળમંત્રવડે પાદ્ય, અર્ઘ્ય, આચમન એ ઉપચાર અર્પણ કરી "पशुपतये नमः" એ મંત્ર અને મૂળમંત્રવડે સ્નાન, વસ્ત્ર યજ્ઞોપવીત, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ, તાંબૂલ, આરતી, અને મંત્રપુષ્પાંજલિ એ ઉપચાર અર્પણ કર્યા પછી, "शर्वाय क्षितिमूर्त्तये नमः" એ મંત્રવડે ભણી પૂર્વ દિશામાં પૂજા કરવી. भवाय जलमूर्त्तये नमः" એ મંત્રવડે ઈશાન દિશામાં "रुद्राय अग्निमूर्त्तये नमः" એ મંત્ર ભણી ઉત્તરમાં. "उग्राय वायुमूर्त्तये नमः" એ મંત્ર ભણી વાયુ દિશામાં, "भीमाय आकाशमूर्त्तये नमः" એ મંત્ર ભણી પશ્ચિમ દિશામાં, "पशुपतये यजमानमूर्त्तये नमः" એ મંત્ર ભણી નૈર્ઋત દિશામાં "महादेवाय सोममूर्त्तये०" એ મંત્ર ભણી દક્ષિણ દિશામાં, "ईशानाय सूर्यमूर्त्तये०" એ મંત્ર ભણી અગ્નિ દિશામા, એ રીતે આઠ દિશામાં, પૂજા

કરી પછી સ્તુતિ અને નમસ્કાર કરી "महादेवाय नमः" એ મંત્ર ભણી (અક્ષત છાંટી) વિસર્જન કરવું. એ રીતે સંક્ષેપે પૂજાનો વિધિ કહ્યો. એ કરતાં અધિક વિસ્તાર પુરૂષાર્થચિંતામણીમાં જાણવો. પ્રથમ કહેલો પૂજાનો વિધિ શિવરાત્રિને દિવસે, મૃત્તિકાના શિવલિંગમાં પણ કરવો. મૃત્તિકાના લિંગના ઉદ્યાપનનો વિધિ કૌસ્તુભાદિક ગ્રંથોમાં જોવો.

लिंगविशेषेणफलविशेषः ॥ आयुष्यंहीरजेलिंगे मौक्तिकेरोगनाशः वैडूर्येशत्रुनाशः पाद्मरागेलक्ष्मीः पुष्परागजेसुखं ऐंद्रनीलेयशः मारकतेपुष्टिः स्फाटिकेसर्वकामाः राजतेराज्यंपितृमुक्तिः हैमेसत्यलोकः ताम्रेपुष्टिरायुश्च पैत्तलेतुष्टिः कांस्येकीर्तिः लौहेशत्रुनाशः सीसजेआयुष्यं मतांतरे सौवर्णेब्रह्मस्वपरिहारःस्थिरलक्ष्मीश्च एवंगंधमयेसौभाग्यं हस्तिदंतजेसेनापत्यं व्रीह्यादिधान्यपिष्टजेपुष्टिसुखरोगनाशादि माषजेस्त्रीः नावनीतेसुखं गोमयजेरोगनाशः गौडेन्नादि वंशांकुरजेवंशवृद्धिरित्यन्यत्रविस्तरः एवंलिंगसंख्याविशेषात्फलविशेषः कौस्तुभे ॥

જૂદી જૂદી જાતનાં શિવલિંગના પૂજનથકી જૂદું જૂદું ફળ મળે છે તે કહે છે.

હીરાના લિંગનું પૂજન કરવાથી આયુષ્યવૃદ્ધિ થાય છે. મોતિના લિંગનું પૂજન કરવાથી રોગનાશ, વૈડૂર્યના લિંગથકી શત્રુનાશ, માણિકના લિંગથકી લક્ષ્મીપ્રાપ્તિ, પુખરાજના લિંગથકી સુખ, નીલમણિનાં લિંગવડે યશ, મરકત (પાચ) ના લિંગવડે પુષ્ટિ. સ્ફટિકના લિંગથકી સર્વ કામની પ્રાપ્તિ, રૂપાના લિંગથકી રાજ્ય અને પિતૃની મુક્તિ, સુવર્ણના લિંગથકી સત્યલોકની પ્રાપ્તિ, ત્રાંબાના લિંગથકી પુષ્ટિ અને આયુષ્ય, પિતળના લિંગથકી સંતોષ, કાંસાના લિંગથકી કીર્ત્તિ, લોહ (લોઢા)ના લિંગથકી શત્રુનાશ, સીસાના લિંગથકી આયુષ્યવૃદ્ધિ, બીજા ગ્રંથકારોને મતે સુવર્ણના લિંગવડે બ્રાહ્મણના ઋણથકી મુક્તિ અને સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ. ચંદનનાં લિંગથકી સૌભાગ્ય, હાથિદાંતના લિંગથકી સેનાધિપતિપણું, ચોખા ઇત્યાદિક ધાનના લોટના લિંગથકી પુષ્ટિ, સુખ, અને રોગનાશ ઇત્યાદિક, અડદના લોટના લિંગથકી સ્ત્રીપ્રાપ્તિ, માખણના લિંગથકી સુખ, છાણના લિંગથકી રોગનાશ, ગોળના લિંગથકી અન્ન ઇત્યાદિકની પ્રાપ્તિ, વાંસનો અંકુર (કોટો) લાવી તેનું લિંગ કરી પૂજા કરવાથી વંશવૃદ્ધિ થાય છે. એ પ્રમાણે બીજા ગ્રંથમાં વિસ્તાર કહ્યો છે. એ રીતે લિંગની અધિક સંખ્યા થવાથી ફળમાં આધિક્ય તે કૌસ્તુભમાં જોવું.

शिवनिर्माल्यग्रहणाग्रहणविचारस्तृतीयपरिच्छेदेज्ञेयः मासशिवरात्रिनिर्णयःप्रथमपरिच्छेदेउक्तः शिवरात्रिव्रतोद्यापनंकौस्तुभादौज्ञेयं मासशिवरात्रिव्रतोद्यापनमपिकौस्तुभेस्पष्टं माघामावास्यायामपराह्णव्यापिन्यांयुगादित्वादपिंडकंश्राद्धंकार्यं तच्चदर्शश्राद्धेनसहतंत्रंकार्यं माघामावास्यायांशततारकायोगेपरमःपुण्यकालस्तत्रश्राद्धात्परमापितृतृप्तिः धनिष्ठायोगेतुतिलान्नेनश्राद्धंकार्यं तेनवर्षायुतकालंपितृतृप्तिः इति श्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे माघमासकृत्यनिर्णयउद्देशः समाप्तः ॥

શિવનું નિર્માલ્ય ગ્રહણ કરવું અથવા ન કરવું એ નિર્ણયનો વિચાર ત્રીજા પરિચ્છેદમાં જોવો. દર માસની શિવરાત્રીનો નિર્ણય પ્રથમ પરિચ્છેદમાં (પત્ર ૨૪ માં) કહ્યો છે. શિવરાત્રિવ્રતના ઉદ્યાપનનો વિધિ કૌસ્તુભાદિક ગ્રંથોમાં જોવો. શિવરાત્રિનું ઉદ્યાપન પણ કૌસ્તુભમાં સ્પષ્ટ કહ્યું છે. માઘની અમાસ એ યુગાદિ છે માટે અપરાહ્ણવ્યાપિની અમાવાસ્યાને દિવસે પિંડરહિત શ્રાદ્ધ કરવું, અને તે દર્શશ્રાદ્ધ સાથે એકતંત્રે કરવું. માઘની અમાસને દિવસે શતભિષા નક્ષત્રનો યોગ હોય તો અતિપુણ્યકારક છે અને તે પુણ્યકાળમાં શ્રાદ્ધ કરવાથી પિતૃને અત્યંત તૃપ્તિ થાય છે. ધનિષ્ઠા નક્ષત્રનો યોગ હોય તો તિલયુક્ત અન્નવડે શ્રાદ્ધ કરવું. તેથી દશ હજાર વર્ષપર્યંત પિતૃની તૃપ્તિ થાય છે. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે માઘમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥

अथ फाल्गुनमासः ॥ मीनसंक्रांतौपराःषोडशनाड्यःपुण्याः रात्रौतुप्रागुक्तं फाल्गुने गोव्रीहिवस्त्रदानंगोविंदप्रीतयेकार्यं अथफाल्गुनशुक्लप्रतिपदमारभ्यद्वादशदिनपर्यंतपयोव्रतं श्रीभागवतेउक्तं तत्प्रयोगोमूलानुसारेणोह्यः ॥

હવે ફાલ્ગુન માસનાં કૃત્ય કહે છે.

મીન સંક્રાંતિની પ્રવેશ પછીની સોળ ઘડી પુણ્યકાળ. રાત્રિએ સંક્રાંતિ થાય તો તેનો નિર્ણય પ્રથમ (પત્ર ૩ માં) કહ્યો છે. ગોવિંદના સંતોષમાટે ફાલ્ગુનમાસમાં ગાય, ચોખા, અને વસ્ત્ર એનું દાન કરવું. ત્યાર પછી, ફાગણ સુદ એકમથકી બાર દિવસ પર્યંત પયોવ્રત કરવું. તે શ્રીભાગવતમાં (અષ્ટમસ્કંધમાં અધ્યાય ૧૬ મા માં) કહ્યું છે. તેનો પ્રયોગ મૂળ પ્રમાણે (શ્રીભાગવતમાં કહ્યા પ્રમાણે) જાણવો.

फाल्गुनीपौर्णमासीमन्वादिःसापौर्वाह्णिकीग्राह्या इयमेवहोलिकासाप्रदोषव्यापिनीभद्रारहिताग्राह्या दिनद्वयेप्रदोषव्याप्तौपरदिनेप्रदोषैकदेशव्याप्तौवापरैव पूर्वदिनेभद्रादोषात् परदिनेप्रदोषस्पर्शाभावेपूर्वदिनेप्रदोषेभद्रासत्त्वेयदिपूर्णिमापरदिने सार्धत्रियामा ततोधिकावातत्परदिनेच प्रतिपद्वृद्धिगामिनी तदापरदिनेप्रतिपदिप्रदोषव्यापिन्यांहोलिका उक्तविपर्ययेयदिप्रतिपद्ध्रासस्तदापूर्वदिनेभद्रापुच्छेवा भद्रामुखमात्रंत्यक्त्वा भद्रायामेववाहोलिकादीपनं परदिनेप्रदोषस्पर्शाभावेपूर्वदिनेयदिनिशीथात्प्राक्भद्रासमाप्तिस्तदाभद्रावसानोत्तरमेवहोलिकादीपनं निशीथोत्तरंभद्रासमाप्तौभद्रामुखंत्यक्त्वाभद्रायामेव प्रदोषेभद्रामुखव्याप्तेभद्रोत्तरंप्रदोषोत्तरंवा दिनद्वयेपिपूर्णिमायाःप्रदोषस्पर्शाभावेपूर्वदिनएवभद्रापुच्छेतदलाभेभद्रायामेवप्रदोषोत्तरमेवहोलिका रात्रौपूर्वार्धभद्रायाग्राह्यत्वोक्तेः नतुपूर्वप्रदोषादौचतुर्दश्यांनवा परत्रसायाह्नादौदिवाहोलिकादीपनंतुसर्वग्रंथविरुद्धं इदंहोलिकापूजनंश्रवणाकर्मादिवद्भुक्त्वापिकुर्वंति युक्तंचैतत् केचिद्धोलिकापूजनंकृत्वाभुंजतेतेषांभोजनस्यपूजनस्यवाननियमेनशास्त्रविहितकाललाभः इदं चंद्रग्रहणसत्त्वेवेधमध्येकार्यंग्रस्तोदयेपरदिनेप्रदोषेपूर्णिमासत्त्वेग्रहणमध्यएवकार्यं अन्यथापूर्वदिने ॥

ફાગણની પૂનમ એ મન્વાદિ છે. તે પૂર્વાહ્ણકાળવ્યાપિની લેવી. એ પૂનમનેજ હોલિકા કહે છે. તે હોલિકાપૂનમ ભદ્રારહિત હોય એવી પ્રદોષવ્યાપિની લેવી. બન્ને દિવસે પ્રદોષવ્યાપિની હોય અથવા બીજે દિવસે પ્રદોષના એકદેશમાં વ્યાપ્તિ હોય તો પ્રથમ દિવસે ભદ્રાદોષ છે માટે બીજા દિવસનીજ લેવી. બીજે દિવસે પ્રદોષ કાળે સ્પર્શ ન હોય અને પૂર્વ દિવસે પ્રદોષ સમયે ભદ્રા છતાં જો બીજે દિવસે પૂનમ સાડા ત્રણ પોહોર અથવા તે કરતાં કાંઈ અધિક હોય અને તેને બીજે દિવસે એકમ વધતી હોય તો બીજી પૂનમને દિવસે પ્રદોષવ્યાપિની એકમમાં હોલિકા કરવી. જો પ્રથમ કહેલા પ્રસંગમાં એકમ તિથિનો ક્ષય હોય તો પ્રથમ દિવસે ભદ્રાનાં પુચ્છમાં અથવા ભદ્રાનાં કેવળ મુખનો ત્યાગ કરી ભદ્રામાંજ હોલિકા પ્રદીપ્ત કરવી. બીજે દિવસે પ્રદોષસમયે પૂનમનો સ્પર્શ ન હોય અને પૂર્વ દિવસે જો મધ્યરાત્રિથી પ્રથમ ભદ્રા સમાપ્ત થતી હોય તો ભદ્રા ઉતરવા પછીજ હોલિકા પ્રદીપ્ત કરવી. જો નિશીથ (અર્ધ રાત્રિ) પછી ભદ્રા સમાપ્ત થાય તો ભદ્રાનું મુખમાત્ર છોડી ભદ્રામાંજ હોલિકા પ્રદીપ્ત કરવી. પ્રદોષકાળે ભદ્રાનું મુખ આવે તો ભદ્રાપછી અથવા પ્રદોષ કાળ પછી હોલી પ્રદીપ્ત કરવી. જો બન્ને દિવસે પણ પ્રદોષ સમયે પૂનમનો સ્પર્શ ન હોય તો પૂર્વ દિવસેજ ભદ્રાનાં પુચ્છમાં પ્રદીપ્ત કરવી. ભદ્રાનું પુચ્છ ન મળે તો ભદ્રામાંજ પ્રદોષ કાળ પછીજ હોલી પ્રદીપ્ત કરવી. કારણ, તિથિના પૂર્વાર્ધની ભદ્રા રાત્રિએ ગ્રહણ કરવી, એવાં વચન છે. પરંતુ પૂર્વ દિવસના પ્રદોષ ઇત્યાદિક કાળે ચૌદશમાં અથવા બીજે દિવસે સાયાહ્ન કાળે હોલિકા પ્રદીપ્ત કરવી નહી. દિવસે હોલી પ્રદીપ્ત કરવી એ તો સર્વ ગ્રંથોથી વિરૂદ્ધ છે. એ હોલિકાપૂજન શ્રવણાકર્મની પેઠે ભોજન કરીને પણ કરે છે, અને તેમ કરવું યોગ્ય પણ છે. કેટલાએક હોલીનું પૂજન કરી પછી ભોજન કરે છે, તેમને નિયમ થકી ભોજન અથવા પૂજનનો કાળ શાસ્ત્રથકી મળતો નથી. એ હોલીની પૂજા, ચંદ્રગ્રહણ હોય તો, વેધમાં પણ કરવી. ગ્રહણ ગ્રસ્તોદય છતાં બીજે દિવસે એટલે ગ્રહણને દિવસે પ્રદોષકાળે પૂનમ હોય તો ગ્રહણમાંજ પૂજા કરવી. પ્રદોષકાળે પૂનમ ન હોય તો પ્રથમ દિવસે પૂજા કરવી.

अथभद्रामुखपुच्छलक्षणम् ॥ पूर्णिमायांभद्रायास्तृतीयपादांतेघटीत्रयंपुच्छं चतुर्थपादाद्यघटीपंचकंमुखं तथाचमध्यममानेनषष्टिघटीमितायांपूर्णिमायांपूर्णिमाप्रवृत्त्युत्तरंसार्धैकोनविंशतिघटिकोत्तरंघटीत्रयंपुच्छं सार्धद्वाविंशतिघटिकोत्तरंघटीपंचकंमुखं तिथेश्चतुःषष्टिघटीमितत्वेपूर्णिमायाएकविंशतिघटिकोत्तरंपुच्छं चतुर्विंशतिघटिकोत्तरंमुखं एवंतिथेर्मानांतरेप्यूह्यम् ॥

હવે ભદ્રાનાં મુખ અને પુચ્છનાં લક્ષણ કહે છે.

પૂનમમાં ભદ્રાના ત્રીજા પાદની જે છેવટની ત્રણ ઘડી તે ભદ્રાનું પુચ્છ થાય, અને ચોથા પાદની પ્રથમની પાંચ ઘડી તે મુખ થાય. તેમ છતાં મધ્યમ પ્રમાણથકી સાઠ ઘડી પૂનમ માની, પૂનમના આરંભ થકી સાડી ઓગણીસ ઘડી ગયા પછી જે ત્રણ ઘડી તે પુચ્છ, અને સાડીબાવીસ ઘડી ગયા પછી જે પાંચ ઘડી તે મુખ થાય. જો પૂનમ ચોસટ ઘડી હોય તો પૂનમની એકવીસ ઘડી પછી ત્રણ ઘડી પુચ્છ અને ચોવીસ ઘડી પછી પાંચ ઘડી મુખ એ રીતે તિથિના કમતી વધારે પ્રમાણ છતાં પણ મુખ અને પુચ્છનો નિર્ણય જાણવો.

अथपूजाविधिः ॥ देशकालौसंकीर्त्यसकुटुंबस्यममढुंढाराक्षसीप्रीत्यर्थंतत्पीडापरिहारार्थं होलिकापूजनमहंकरिष्ये इतिसंकल्प्य शुष्कानांकाष्ठानांगोमयपिंडानांचराशिंकृत्वावह्निनाप्रदीप्य तत्र असाभिर्भयसंत्रस्तैःकृतात्वंहोलिकेयतः अतस्त्वांपूजयिष्यामिभूतेभूतिप्रदाभवेति पूजामंत्रेण श्रीहोलिकायैनमोहोलिकामावाहयामीत्यावाह्य होलिकायैनमइतिमंत्रेणासनपाद्यादिषोडशोपचारान्दत्त्वा तमग्निंत्रिःपरिक्रम्यगायंतुचहसंतुच जल्पंतुस्वेच्छयालोकानिःशंकायस्ययन्मतं ज्योतिर्निबंधे पंचमीप्रमुखास्तासुतिथयोनंतपुण्यदाः दशस्युःशोभनास्तासुकाष्ठस्तेयंविधीयते चांडालसूतिकागेहाच्छिशुहारितवह्निना प्राप्तायांपूर्णिमायांतुकुर्यात्तत्काष्ठदीपनं ग्रामाद्बहिश्चमध्येवातूर्यनादसमन्वितः स्नात्वाराजाशुचिर्भूत्वास्वस्तिवाचनतत्परः दत्वादानानिभूरीणिदीपयेद्धोलिकाचितिं ततोभ्युक्ष्यचितिंसर्वांसाज्येन पयसासुधीः नालिकेराणिदेयानिबीजपूरफलानिच गीतवाद्यैस्तथानृत्यैरात्रिःसानीयतेजनैः तमग्निंत्रिः परिक्रम्यशब्दैर्लिंगभगांकितैः तेनशब्देनसापापाराक्षसीतृप्तिमाप्नुयात् एवंरात्रौहोलिकोत्सवंकृत्वा प्रातःप्रतिपदियःश्वपचंदृष्ट्वास्नानंकुर्यात् नतस्यदुष्कृतंकिंचिन्नाधयोव्याधयोपिच कृत्वाचावश्यकार्याणिसंतर्प्यपितृदेवताः वंदयेद्धोलिकाभूतिंसर्वदुष्टोपशांतये वंदनेमंत्रः वंदितासिसुरेन्द्रेणब्रह्मणाशंकरेणच अतस्त्वंपाहिनोदेविभूतेभूतिप्रदाभवेति होलिकादिनंकरिसंज्ञकंतदुत्तरदिनंचशुभेवर्ज्यं होलिकाग्रहणभावुकायनप्रेतदाहदिवसोत्रपंचमःतत्परंचकरिसंज्ञकंदिनंवर्जितं सकलकर्मसुभयमित्युक्तेः ग्रहणायनप्रेतदाहेषुनिशीथविभागेनपूर्वदिनपरदिनयोर्निर्णयोज्ञेयः नरोदोलागतंदृष्ट्वागोविंदंपुरुषोत्तमं फाल्गुन्यांसंयतोभूत्वागोविंदस्यपुरंव्रजेत् ॥

હવે હોળીની પૂજાનો વિધિ કહે છે.

દેશકાળનો ઉચ્ચાર કરી “ सकुटुंबस्य मम ढुंढाराक्षसीप्रीत्यर्थं तत्पीडापरिहारार्थं होलिकापूजनमहं करिष्ये,” એવો સંકલ્પ કરી સુકેલાં લાકડાં અને છાણાનો ગજ કરી તેમાં અગ્નિ પ્રજ્વલિત કરી તે ઠેકાણે “ असाभिर्भयसंत्रस्तैः कृता त्वं होलिके यतः ॥ अतस्त्वां पूजयिष्यामि, भूते भूतिप्रदा भव.” એ પૂજામંત્રવડે “*श्रीहोलिकायै नमः होलिकां आवाहयामि*, એ રીતે આવાહન કરી “होलिकायै नमः” એ મંત્રવડે આસન, પાદ્ય ઇત્યાદિક સોળ ઉપચાર અર્પણ કરી “તે અગ્નિને ત્રણ પરિક્રમા કરી જેમનો જેવો મત હોય તેપ્રમાણે નિઃશંકપણે લોકોએ સ્વેચ્છાપૂર્વક ગાયન, હાસ્ય અને ભાષણ કરવું” જ્યોતિર્નિબંધ ગ્રંથમાં—“શુદ પાંચમ થકી વદ પાંચમપર્યંત પન્નર તિથિઓમાં દશ તિથિઓ ઉત્તમ અને અનંતપુણ્યકારક છે, અને તેમાં કાષ્ઠ (લાકડાં)ની ચોરી કરવી. ચાંડાળ અથવા સુવાવડીનાં ઘરમાંથી બાળકવડે અગ્નિ મંગાવી, પૂનમને દિવસે ગામની બાહેર અથવા મધ્યે તે કાષ્ઠાદિકનો દાહ કરવો, રાજાએ વાજીંત્ર વજડાવી સ્નાન કરી શુદ્ધ થઈ પુણ્યાહવાચન કરાવી અનેક દાન દઈ હોળીને પ્રદીપ્ત કરવી. પછી તે સઘળી હોળીને દૂધસહિત ઘીવડે છાંટી નારિયળ અને બીજોરાનાં ફળ વેહેંચવાં. તેમજ લોકોએ ગીત, વાદ્ય, નૃત્ય કરી તે રાત્રી આનંદથી કાહાડવી. અને લિંગ તથા ભગયુક્ત ખરાબ શબ્દો બોલી અગ્નિને ત્રણ પ્રદક્ષિણા

કરવી. તે ખરાબ શબ્દ સાંભળવાથી પાપરૂપિણી તે ઢુંઢા રાક્ષસી તૃપ્ત થાય છે." એ રીતે રાત્રિએ હોળીકાનો ઉત્સવ કરી પ્રાતઃકાળે એકમને દિવસે જે ચાંડાળને જોઇ કરી સ્નાન કરે તેને કશું પાપ, માનસી પીડા અને વ્યાધિ એ થતાં નથી. નિત્યકર્મ કરી પીતૃ, દેવતાઓનું તર્પણ કરી સઘળાં દુષ્ટ(અરિષ્ટ)ની શાંતિમાટે હોળીની વિભૂતિને નમસ્કાર કરવો. નમસ્કારનો મંત્ર,—"वंदितासि सुरेंद्रेण, ब्रह्मणा शंकरेण च ॥ अतस्त्वं पाहि नो देवि, भूते भूतिप्रदा भव." હોળીનો દિવસ અને કરિ નામનો તેથી બીજો દિવસ એ શુભ કાર્યમાં વર્જ્ય કરવા. કારણ, "હોળીનો દિવસ, ગ્રહણનો દિવસ, ભાવુકા દિવસ (વૈશાખ વદ અમાસ), અયનસંક્રાંતિની બે દિવસ, અને પ્રેત (શબ) ના દાહનો દિવસ, એ પાંચ દિવસો અને એમના કરિ દિવસો એટલે જોડના બીજા દિવસો સઘળા શુભકર્મમાં વર્જ્ય કરવા," એવાં વચન છે. ગ્રહણદિવસ, અયનદિવસ અને પ્રેતદહનનો દિવસ એ ત્રણેમાં મધ્ય રાત્રિના વિભાગવડે પૂર્વદિવસ અને કરિદિવસનો નિર્ણય સમજવો. "ફાગણની પૂનમને દિવસે પુરૂષોત્તમ એવા ગોવિંદને હીંડોળાઉપર બેસાડી ઝુલાવવા અને તેમનાં દર્શન કરવાં, તેવડે વૈકુંઠપુરપ્રત્યે જાય છે.

फाल्गुनकृष्णप्रतिपदिवसंतारंभोत्सवः साचौदयिकीग्राह्या दिनद्वयेसत्त्वेपूर्वा अत्रतैलाभ्यंग उक्तः अत्रप्रतिपदिचूतपुष्पप्राशनमुक्तं तत्प्रकारः गोमयोपलिप्तेगृहांगणेशुक्लवस्त्रासनउपविष्टः प्राङ्मुखः सुवासिन्याकृतचंदनतिलकनिराजनःसचंदनमाम्रकुसुमंप्राश्नीयात् तत्रमंत्रः चूतमग्र्यंवसंतस्यमाकंदकुसुमं तव सचंदनंपिबाम्यद्यसर्वकामार्थसिद्धय इति ॥

ફાગણ વદ એકમને દિવસે વસંત ઋતુના આરંભનો ઉત્સવ કરવો, તે ઉત્સવમાટે એકમ સૂર્યોદયવ્યાપિની લેવી. બન્ને દિવસે સૂર્યોદયવ્યાપિની હોય તો પ્રથમ દિવસની લેવી. એ એકમને દિવસે તૈલાભ્યંગ કરવું. એ એકમને દિવસે આંબાનો મોહોર ખાવો, તેનો વિધિ—છાણવડે લીંપી પવિત્ર કરેલા આંગણામાં આસન ઘાલી તેઉપર શ્વેત વસ્ત્ર બિછાવી તેની ઉપર પૂર્વમુખે બેસવું. પછી સુવાસિનીના હાથથી ચંદનનું તિલક અને આરતી કરાવી ચંદનયુક્ત એવો આંબાનો મોહોર ભક્ષણ કરવો. તેનો મંત્ર,—"चूतमग्र्यं वसंतस्य, माकंद कुसुमं तव ॥ सचंदनं पिबाम्यद्य, सर्वकामार्थसिद्धये."

कृष्णद्वितीयायांदेशग्रामाधिपतिर्विततेवितानादिशोभितेदेशेरम्यासनेउपविश्य पौरजानपदान्लोकान् सिंदूरादिक्षोदैश्चंदनादिभिःपट्टवासैश्चविकीर्य तेभ्यस्तांबूलादिदत्त्वा नृत्यगीतविनोदैर्महोत्सवंकुर्यात् इदानींप्राकृतजनास्तुकृष्णपंचमीपर्यंतमेतमुत्सवंकुर्वंति इति होलिकोत्सवः ॥

ફાગણ વદ બીજને દિવસે દેશ અથવા ગામના અધિપતિએ વિશાલ જગ્યાને બિછાનાવડે સુશોભિત કરી ત્યહાં ઉત્તમ આસન માંડી તેઉપર બેસી નગરવાસી અને દેશવાસી એવાં સઘળાં પોતાનાં મનુષ્યોઉપર સિંદૂર ગુલાલ, ચંદન, અને સુગંધી ચૂર્ણ ઇત્યાદિક છાંટી તેમને તાંબૂલ ઇત્યાદિક દઇ નૃત્ય, ગીત, અને વિનોદ ઇત્યાદિકવડે મ્હોટો ઉત્સવ કરવો. હાલમાં પ્રાકૃત મનુષ્યો તો વદ પાંચમપર્યંત એ ઉત્સવ કરે છે. એ રીતે હોળીનો ઉત્સવ સમાપ્ત થયો.

फाल्गुनामावास्यामन्वादिः सापराह्णव्यापिनीग्राह्या इतिश्रीमदनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्याय विरचिते धर्मसिंधुसारे फाल्गुनमासकृत्यनिर्णय उद्देशः समाप्तः ॥

ફાગણની અમાવાસ્યા મન્વાદિ છે, તે અપરાહ્ણકાળવ્યાપિની લેવી. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે ફાલ્ગુનમાસકૃત્યનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥

अथपरिच्छेदद्वयशेषाख्यंप्रकीर्णप्रकरणमुच्यते ॥ द्वादशस्वपिमासेषुश्राद्धेव्यतीपातादियोगस्यभरण्यादिनक्षत्रस्यचापराह्णव्याप्त्यादर्शननिर्णयोज्ञेयः उपवासादौप्रचुराचाराभावान्नोक्तः अथचांद्रसांवत्सरभेदाः प्रभवोविभवःशुक्लःप्रमोदोथप्रजापतिः अंगिराःश्रीमुखोभावोयुवाधातातथैवच १ ईश्वरोबहुधान्यश्चप्रमाथीविक्रमोवृषः चित्रभानुःसुभानुश्चतारणःपार्थिवोव्ययः २ सर्वजित्सर्वधारीचवि

रोधीविकृतिःखरः नंदनोविजयश्चैवजयोमन्मथदुर्मुखौ ३ हेमलंबीविलंबीचविकारीशार्वरीप्लवः शुभकृच्छोभकृत्क्रोधीविश्वावसुपराभवौ ४ प्लवंगःकीलकःसौम्यःसाधारणविरोधकृत् परिधावीप्रमादीचआनंदोराक्षसोनलः ५ पिंगलःकालयुक्तश्चसिद्धार्थीरौद्रदुर्मती दुंदुभीरुधिरोद्गारीरक्ताक्षीक्रोधनःक्षयः ६ इति रवेःराशिसंक्रमवन्नक्षत्रसंक्रमेपिषोडशनाड्यःपूर्वत्रपरत्रचपुण्यकालः ॥

હવે બન્ને પરિચ્છેદમાં કહ્યા ઉપરાન્ત બાકી રહેલું પરચુટણ પ્રકરણ કહે છે.

બારે માસમાં શ્રાદ્ધવિષે, વ્યતીપાતાદિક જે યોગ અને ભરણી ઇત્યાદિક જે નક્ષત્ર તેમનો નિર્ણય અપરાહ્ણકાળવ્યાપ્તિવડે દર્શ પ્રમાણે જાણવો. વ્યતીપાતાદિક યોગ અને ભરણી આદિક નક્ષત્રોમાં ઉપવાસાદિક કરવાનો અધિક આચાર નથી, માટે તેનો નિર્ણય કહ્યો નથી. હવે ચાંદ્ર સંવત્સરોના નામો કહે છે.—“પ્રભવ, વિભવ, શુક્લ, પ્રમોદ, પ્રજાપતિ, અંગિરા, શ્રીમુખ, ભાવ, યુવા, ધાતા, ઇશ્વર, બહુધાન્ય, પ્રમાથી, વિક્રમ, વૃષ, ચિત્રભાનુ, સુભાનુ, તારણ, પાર્થિવ, વ્યય, સર્વજીત, સર્વધારી, વિરોધી, વિકૃતિ, ખર, નંદન, વિજય, જય, મન્મથ, દુર્મુખ, હેમલંબ, વિલંબ, વિકારી, શાર્વરી, પ્લવ, શુભકૃત, શોભકૃત, ક્રોધી, વિશ્વાવસુ, પરાભવ, પ્લવંગ, કીલક, સૌમ્ય, સાધારણ, વિરોધકૃત, પરિધાવી, પ્રમાદી, આનંદ, રાક્ષસ, અનલ, પિંગલ, કાલયુક્ત, સિદ્ધાર્થી, રૌદ્ર, દુર્મતિ, દુંદુભિ, રૂધિરોદ્ગારી, રક્તાક્ષી, ક્રોધન, અને ક્ષય.” એ પ્રમાણે સાઠ ચાંદ્ર સંવત્સરનાં નામ થાય છે. જેમ સૂર્યની સંક્રાંતિનો પ્રથમ પુણ્યકાળ કહ્યો છે તેમ નક્ષત્રમાં સૂર્યના સંક્રમણનો પણ, પ્રથમની અને પાછળની સોળ સોળ ઘડી પુણ્યકાળ જાણવો.

अथचंद्रादीनांसंक्रांतौपुण्यकालः ॥ चंद्रस्यसंक्रांतौप्राक्परत्रचत्रयोदशपलाधिकाएकाघटी पुण्यकालः भौमस्यैकपलाधिकाश्चतस्रोनाड्यः बुधस्यचतुर्दशपलाधिकास्तिस्रः गुरोःसप्तत्रिंशत्पलाधिकाश्चतस्रः शुक्रस्यैकपलाधिकाश्चतस्रः शनेःसप्तपलाधिकाःषोडश एताःसर्वाःप्राक्परत्रचबोद्धव्याः रात्रौग्रहांतराणांसंक्रमेरात्रावेवपुण्यकालः सूर्यसंक्रांतिवद्दिवापुण्यत्वविधायकाभावात् चंद्रादिसंक्रांतिषुस्नानंकाम्यंनतुनित्यम् ॥

હવે ચંદ્ર, મંગળ ઇત્યાદિક ગ્રહોની સંક્રાંતિનો પુણ્યકાળ કહે છે.

ચંદ્રની સંક્રાંતિની પ્રથમની એક ઘડી અને તેર પળ તથા પાછળની એક ઘડી અને તેર પળ પુણ્યકાળ. મંગળની સંક્રાંતિની ચાર ઘડી અને એક પળ પુણ્યકાળ. બુધની સંક્રાંતિની ત્રણ ઘડી અને ચૌદ પળ પુણ્યકાળ. બૃહસ્પતીની સંક્રાંતિની ચાર ઘડી અને સડત્રીસ પળ પુણ્યકાળ. શુક્રની સંક્રાંતિની ચાર ઘડી અને એક પળ પુણ્યકાળ. શનિની સંક્રાંતિની સોળ ઘડી અને સાત પળ પુણ્યકાળ. એ સઘળી ઘડિઓ પૂર્વની અને પાછળની જાણવી. સૂર્યની સંક્રાંતિ પ્રમાણે દિવસે પુણ્યકાળ લેવામાં વચન નથી, માટે સૂર્ય વિના બીજા ગ્રહની સંક્રાંતિ રાત્રિએ થાય તો રાત્રિએજ પુણ્યકાળ જાણવો ચંદ્રાદિક ગ્રહોની સંક્રાંતિને દિવસે સ્નાન કરવું તે કામ્ય છે, નિત્ય નથી.

आदित्यादिसूचितपीडानिरासार्थंस्नानानि ॥ मंजिष्ठागजमदकुंकुमरक्तचंदनानि जलपूर्णताम्रपात्रेप्रक्षिप्यस्नानं सूर्यपीडाहरं उशीरशिरीषकुंकुमरक्तचंदनयुतशंखतोयेनस्नानं चंद्रदोषहरं खदिरदेवदारुतिलामलकयुतरौप्यपात्रजलेनस्नानंभौमे गजमदयुतसंगमजलेनमृत्पात्रस्थेनस्नानंबुधे औदुंबरबिल्ववटामलकानांफलैर्युतसौवर्णपात्रजलेनस्नानंगुरौ गोरोचनगजमदशतपुष्पाशतावरीयुतराजतपात्रजलेनस्नानंशुक्रे तिलमाषप्रियंगुगंधपुष्पयुतलोहपात्रस्थजलेनस्नानंशनौ गुग्गुलहिंगुहरितालमनःशिलायुतमहिषश्रृंगपात्रजलेनस्नानंराहौ वराहोत्खातपर्वताग्रमृच्छागक्षीरयुतखड्गपात्रजलेनस्नानंकेतौ ॥

સૂર્યાદિક ગ્રહોએ સૂચિત કરેલી પીડાની નિવૃત્તિમાટે સ્નાન કહે છે.

મજીઠ, હાથીનો મદ, કેશર, અને રક્તચંદન (રતાંજલી), એ ઓષધો જળપૂર્ણ ત્રાંબાનાં પાત્રમાં નાંખી તે જલવડે સ્નાન કરવાથી સૂર્યની પીડા દૂર થાય છે. વાળો, શિરીષ (સરસડો)

કેશર, અને રક્તચંદન એ ઔષધો જળમાં મેલી તે જળવડે શંખ ભરી સ્નાન કરવાથી ચંદ્રની પીડા દૂર થાય છે. ખેર, દેવદારૂ, તિલ અને આમળાં એ રૂપાનાં પાત્રમાં નાંખી તેમાં જળ લઈ તે જળવડે સ્નાન કરવાથી મંગળની પીડા દૂર થાય છે. સંગમનું જળ હાથીના મદ સહિત માટીનાં પાત્રમાં મેલી તેવડે સ્નાન કરવાથી બુધની પીડા દૂર થાય છે. ઔદુંબર (ગુલર), બિલી, વડ, અને આમળાં, એમનાં ફલયુક્ત જળ સુવર્ણનાં પાત્રમાં લઈ સ્નાન કરવાથી ગુરૂની પીડા નિવૃત્ત થાય છે. ગોરોચન, હાથીનો મદ, વિરિયારી, અને શતાવરી યુક્ત જળ રૂપાનાં પાત્રમાં લઇ સ્નાન કરવાથી શુક્રની પીડા નિવૃત્ત થાય છે. તિલ, અડદ, કાંગ, અને આશુપાલવે યુક્ત જળ લોઢાનાં પાત્રમાં લઇ સ્નાન કરવાથી શનિસંબંધી પીડા નિવૃત્ત થાય છે. ગુગળ, હીંગ, હરતાલ, અને મણસિલસહિત જલ મહિષ (પાડા) નાં શીંગડામાં ભરી તે જળવડે સ્નાન કરવાથી રાહુકૃત પીડા દૂર થાય છે. ગુવરે ઉખેડેલી પર્વતના શિખરની માટી અને બકરીનું દૂધ ગેંડાના પાત્રમાં રાખી તેમાં જળ ભરી તે જળવડે સ્નાન કરવું; તેથી કેતુ પીડા દૂર થાય છે.

अथग्रहप्रीत्यर्थंदानानि ॥ माणिक्यगोधूमधेनुरक्तवस्त्रगुडहेमताम्ररक्तचंदनकमलानिरवेःप्रीत्यर्थंदानानि वंशपात्रस्थतंडुलकर्पूरमौक्तिकश्वेतवस्त्रघृतपूर्णकुंभवृषभाश्चंद्रस्य प्रवालगोधूममसूरिकारक्तवृषगुडसुवर्णरक्तवस्त्रताम्राणिभौमस्य नीलवस्त्रसुवर्णकांस्यमुद्गगारुत्मदासीहस्तिदंतपुष्पाणिबुधस्य पुष्परागमणिहरिद्राशर्कराश्वपीतधान्यपीतवस्त्रलवणसुवर्णानिसुरगुरोः चित्रवस्त्रश्वेताश्वधेनुवज्रमणिसुवर्णरजतगंधतंडुलाःशुक्रस्य इंद्रनीलमाषतैलतिलकुलित्थमहिषीलोहकृष्णधेनवःशनेः गोमेदाश्वनीलवस्त्रकंबलतैलतिललोहानिराहोः वैदूर्यतैलतिलकंबलकस्तूरीछागवस्त्राणिकेतोर्दानानि शनिपीडापरिहारार्थंशनिवारेतैलाभ्यंगस्तैलदानंच ॥

હવે નવગ્રહનાં દાન કહે છે.

સૂર્યની પ્રીતિમાટે માણિક, ગહું, ગાય, રક્ત વસ્ત્ર, ગોળ, સુવર્ણ, ત્રાંબું, રક્તચંદન, અને કમળ, એનું દાન કરવું.

ચંદ્રમાટે-વાંસનાં પાત્રમાં ભરી ચોખા, કપૂર, મોતિ, શ્વેત વસ્ત્ર; ઘૃતપૂર્ણ કુંભ; અને બેલ.
મંગળમાટે-પરવાળાં, ગહું, મસુર, રાતો બેલ, ગોળ, સોનું, રાતું વસ્ત્ર, અને ત્રાંબું.
બુધનાં દાન-નીલું વસ્ત્ર, સુવર્ણ, કાંસાનું પાત્ર, મગ, પાચ મણિ, દાસી, હાથીનો દાંત, અને ફૂળ.
ગુરૂનાં દાન-પુખરાજ, હલદર, સાખર, ઘોડો, પીળું ધાન્ય, પીળું વસ્ત્ર, લૂણ, અને સુવર્ણ.
શુક્રનાં દાન-ચિત્ર વસ્ત્ર, શ્વેત ઘોડો, ગાય, હીરો, સુવર્ણ, ચંદન અને ચોખા.
શનિનાં દાન-નીળ મણિ, અડદ, તેલ, તિલ, કળથી, ભેંસ, લોઢું, અને કાળી ગાય.
રાહુનાં દાન-ગોમેદ મણિ, ઘોડો, શ્યામ વસ્ત્ર, કામળો, તેલ, તિલ, અને લોઢું.
કેતુનાં દાન-વૈડૂર્ય મણિ, તેલ, તિલ, કામળો, કસ્તુરી, બકરી, અને વસ્ત્ર, એ દાન કરવાં.
શનિકૃત પીડાના નાશમાટે શનિવારે તૈલાભ્યંગ અને તેલનું દાન કરવું.

अथशनिव्रतम् ॥ लोहमयंशनिंतैलकुंभेलोहेमृन्मयेवानिक्षिप्यकृष्णवस्त्राभ्यांकंबलेनवायुतं कृष्णैःसुगंधपुष्पैश्चकृसरान्नैस्तिलौदनैः पूजयित्वाकृष्णायद्विजायतदभावेन्यस्मैसदानिर्देयः तत्रशंनोदेवीरितिमंत्रः शन्नादेस्तु यःपुनर्नष्टराज्यायनलायपरितोषितः स्वप्नेददौनिजंराज्यंसमेसौरिःप्रसीदतु नमोर्कपुत्रायशनैश्चरायनीहारवर्णांजनमेचकाय श्रुत्वारहस्यंभवकामदस्त्वंफलप्रदोमेभवसूर्यपुत्रेत्यादयः एवंव्रतं प्रतिशनिवारंसंवत्सरंकार्यं कोणस्थःपिंगलोबभ्रुःकृष्णोरौद्रोंतकोयमः सौरिःशनैश्चरोमंदःपिप्पलादेनसंस्तुत इतिदशनामानिचानित्यंपठनीयानि अथशनिस्तोत्रं पिप्पलाद उवाच नमस्तेकोणसंस्थायपिंगलायनमोस्तुते नमस्तेबभ्रुरूपायकृष्णायचनमोस्तुते नमस्तेरौद्रदेहायनमस्तेचांतकायच नमस्तेयमसंज्ञाय नमस्तेसौरयेविभो नमस्तेमंदसंज्ञायशनैश्चरनमोस्तुते प्रसादंकुरुदेवेशदीनस्यप्रणतस्यच अनेनस्तोत्रेणमस्यहंमानःशनिस्थनेनसार्धंसततवार्षिकशनिपीडानाशः ॥

હવે શનિનું વ્રત કહે છે.

લોઢાની શનિની મૂર્ત્તિ કરી લોઢાના અથવા માટીના કુંભમાં તેલ ભરી તેમાં તે મૂર્ત્તિ રાખી કાળાં બે વસ્ત્રવડે અથવા કમળવડે વીંટી કાળાં પુષ્પ, સુગંધી પુષ્પ, તિલયુક્ત અન્ન, અને તિલની ખીચડી ઇત્યાદિકવડે તે મૂર્ત્તિની પૂજા કરી શ્યામ વર્ણના બ્રાહ્મણને, અથવા તેવો ન મળે તો બીજા બ્રાહ્મણને "**शन्नो देवी०**" એ મંત્ર ભણી તે મૂર્ત્તિનું દાન કરવું. શૂદ્રાદિક દાન કરનારો હોય તો તેણે, "**यः पुनर्नष्टराज्याय, नलाय परितोपितः ॥ स्वप्ने ददौ निजं राज्यं, स मे सौरिः प्रसीदतु ॥ नमोऽर्कपुत्राय शनैश्वराय, नीहारवर्णांजनमेचकाय ॥ श्रुत्वा रहस्यं भव कामदस्त्वं फलप्रदो मे भव सूर्यपुत्र,**" ઇત્યાદિક મંત્રવડે દાન કરવું. એ પ્રમાણે દર એક શનિવારે એક વર્ષપર્યંત વ્રત કરવું, અને નિત્ય "**कोणस्थः पिंगलो बभ्रुः, कृष्णो रौद्रोंऽतको यमः ॥ सौरिः शनैश्वरो मंदः, पिप्पलादेन संस्तुतः**" એ દશ નામનો નિત્ય પાઠ કરવો. હવે શનિસ્તોત્ર કહે છે—**पिप्पलाद उवाच ॥ नमस्ते कोणसंस्थाय, पिंगलाय नमोस्तु ते ॥ नमस्ते बभ्रुरूपाय, कृष्णाय च नमोस्तु ते ॥ नमस्ते रौद्रदेहाय, नमस्ते चांतकाय च ॥ नमस्ते यमसंज्ञाय, नमस्ते सौरये विभो ॥ नमस्ते मंदसंज्ञाय, शनैश्वर नमोऽस्तु ते ॥ प्रसादं कुरु देवेश, दीनस्य प्रणतस्य च,**" આ સ્તોત્રનો નિત્ય પાઠ કરી શનિની સ્તુતિ કરવાથી સાડા સાત વર્ષ (પનોતિ)ની શનિએ કરેલી પીડા નિવૃત્ત થાય છે.

रविवारेसूर्यपूजोपवाससूर्यमंत्रजपैःसर्वरोगनाशः ह्रींह्रींसःसूर्यायेतिषडक्षरःसूर्यमंत्रः इति श्रीमत्काश्युपाध्यायसूरिसूनुयज्ञेश्वरोपाध्यायानुजानंतोपाध्यायसूरिसुतकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे प्रकीर्णनिर्णय उद्देशः समाप्तः ॥

રવિવારે સૂર્યપૂજા, ઉપવાસ, સૂર્યના મંત્રનો જપ ઇત્યાદિ રીતે આરાધન કરવાથી સર્વ રોગનિવૃત્ત થાય છે "**ह्रीं ह्रीं सः सूर्याय,**" એ છ અક્ષરનો સૂર્યનો મંત્ર જાણવો. ઇતિ શ્રીમત્કાશ્યુપાધ્યાયસૂરિસૂનુયજ્ઞેશ્વરોપાધ્યાયાનુજાનંતોપાધ્યાયસૂરિસુતકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે પ્રકીર્ણનિર્ણયઃ ॥

उक्तआद्यपरिच्छेदेसामान्येनविनिर्णयः ॥ द्वितीयेस्मिन्परिच्छेदेविशेषेणविनिर्णयः ॥

પ્રથમ પરિચ્છેદમાં સામાન્યે કરી નિર્ણય કહ્યો છે અને બીજા પરિચ્છેદમાં વિશેષે કરી નિર્ણય કહ્યો છે.

मीमांसाधर्मशास्त्रज्ञाःसुधियोनलसानराः ॥ कृतकार्याःप्राङ्निबंधैस्तदर्थंनायमुद्यमः ॥ १ ॥

ગ્રંથકાર આ ગ્રન્થ કરવાનું પ્રયોજન કહે છે.

મીમાંસા અને ધર્મશાસ્ત્રના જાણનારા, બુદ્ધિમાન્, અને આલસ્ય રહિત એવા વિદ્વાનો તો પ્રાચીન વિદ્વાનોએ કરેલા પ્રાચીન નિબંધો જોઇનેજ કૃતકાર્ય થાય છે, અર્થાત્ પ્રાપ્ત થયેલાં કાર્યો કરે છે, તેથી આ મ્હારો ઉદ્યોગ તેમને માટે નથી.

येपुनर्मंदमतयोलसाअज्ञाश्चनिर्णयम् ॥ धर्मेवेदितुमिच्छंतिरचितस्तदपेक्षया ॥ २ ॥
निबंधोयंधर्मसिंधुसारनामासुबोधनः ॥ अमुनाप्रीयतांश्रीमद्विठ्ठलोभक्तवत्सलः ॥ ३ ॥

ત્યારે જે મંદબુદ્ધિ, આળસુ, નિર્ણયના અજ્ઞાની છતાં ધર્મવિષે નિર્ણય જાણવાની ઇચ્છા રાખે છે તેઓને માટે ધર્મસિંધુસાર નામનો આ સુબોધ ગ્રન્થ મેં રચ્યો છે. આ ગ્રન્થવડે ભક્તવત્સલ એવા શ્રીમદ્વિઠ્ઠલ સંતુષ્ટ થાઓ.

सर्वत्रमूलवचनानीहज्ञेयानितद्विचारश्च ॥ कौस्तुभनिर्णयसिंधुश्रीमाधवकृतनिबंधेभ्यः ॥ ४ ॥

આ ગ્રન્થવિષે સર્વત્ર મૂળવચન અને તેમનો વિચાર જોવો હોય તો તે કૌસ્તુભ નિર્ણયસિંધુ અને શ્રીમાધવે કરેલા જે નિબંધ તેઓમાંથી જોવો.

प्रेम्णासद्भिर्ग्रंथःसेव्यःशब्दार्थतःसदोषोपि ॥
संशोध्यवापिहरिणासुदाममुनिसतुषपृथुकमुष्टिरिव ॥ ५ ॥

इतिश्रीमत्काश्युपाध्यायसूरिसूनुयज्ञेश्वरोपाध्यायानुजानंतोपाध्यायसूरिसुतकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे द्वितीयपरिच्छेदः समाप्तः ॥

આ મ્હારો ગ્રન્થ કવચિત્ સ્થલે જો શબ્દ અને અર્થવડે દોષ સહિત હોય તો પણ વિદ્વાનોએ શોધન કરી પ્રેમપૂર્વક ગ્રહણ કરવા યોગ્ય છે. તેમાં દૃષ્ટાંત—સુદામા બ્રાહ્મણે આપેલા પોવા ફોતરીસમેત હતા તો પણ શ્રીહરિએ તેમાંની ફોતરીનો ત્યાગ કરી શુદ્ધ કરી તે જેમ ભક્ષણ કીધા, તેમ વિદ્વાનોએ આ મ્હારા ગ્રથનો સ્વીકાર કરવો. ઇતિ શ્રીમત્કાશ્યુપાધ્યાયસૂરિસુતયજ્ઞેશ્વરોપાધ્યાયાનુજાનંતોપાધ્યાયસૂરિસુતકાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે પ્રકીર્ણનિર્ણયોદ્દેશઃ સમાપ્તઃ ॥

દ્વિતીય પરિચ્છેદ સમાપ્ત.

॥ શ્રીગણેશાય નમઃ ॥

गर्भाधानादिसंस्कारबुद्धे मनसि भावितम् ॥
मुनिभिस्तत्त्वलब्ध्यर्थं, वंदे कामप्रदं प्रभुम् ॥ १ ॥

એ રીતે મંગળાચરણ કરી તૃતીય પરિચ્છેદના ભાષાંતરનો આરંભ કરૂંછું.

श्रीपांडुरंगमकलंककलानिधानकांताननंयदबुधानमनंमुधान ॥
श्रीवत्सकौस्तुभरमोल्लसितोरसंतंवंदेपदाब्जभृतनंददुदारसंतम् ॥ १ ॥

કલંકરહિત ચંદ્રસમાન સુંદર મુખવાળા; તેમ જેને અજ્ઞાનિઓએ કરેલા નમસ્કાર પણ નિરર્થક થતા નથી; તેમજ શ્રીવત્સ, કૌસ્તુભ, અને લક્ષ્મીવડે સુશોભિત છે વક્ષસ્થળ જેનું; અને જેનાં ચરણકમળના આશ્રયથકી મ્હોટા સાધુજનો પોષણ અને આનંદ પામેછે; એવા જે શ્રીપાંડુરંગ તેને નમસ્કાર કરૂંછું.

भीमाप्रियंसुकरुणार्णवमाशुतोषं दीनेष्टपोषमघसंहतिसिंधुशोषम् ॥
श्रीरुक्मिणीमतिमुषंपुरुषंपरंतं वंदेदुरंतचरितंहृदिसंचरंतम् ॥ २ ॥

ભીમા નદી છે પ્રિય જેને એવા, કરૂણાના સાગર, શીઘ્ર સંતુષ્ટ થનારા, ભક્તોના મનોરથ પોષણ કરનારા, પાપસમૂહરૂપ સમુદ્રના શોષણ કરનારા, લક્ષ્મીસ્વરૂપ જે રૂક્મિણી તેની બુદ્ધિના આકર્ષણ કરનારા, અને હૃદયસ્થળમાં રેહેનારા છતાં અનંતચરિત એવા પરમ પુરૂષ જે શ્રીપાંડુરંગ તેને નમસ્કાર કરૂંછું.

वंदेप्रतिघ्नंतमघानिशंकरं धत्तांसमेमूर्ध्निदिवानिशंकरम् ॥
शिवांचविघ्नेशमथोपितामहं सरस्वतीमाशुभजेपितामहम् ॥ ३ ॥

પાપના નાશ કરનારા જે શંકર તેને નમસ્કાર કરૂંછું. તે શંકર વરદ એવો પોતાનો હાથ મ્હારા મસ્તક ઉપર રાત્રિ દિવસ ધારણ કરો. પાર્વતી દેવી, ગણપતિ, બ્રહ્મદેવ, અને પ્રસિદ્ધ એવી સરસ્વતી એ સર્વેને શીઘ્ર હું નમસ્કાર કરૂંછું.

श्रीलक्ष्मींगरुडंसहस्रशिरसंप्रद्युम्नमीशंकपिं श्रीसूर्यंविधुभौमविद्गुरुकविच्छायासुतान्षण्मुखम् ॥
इंद्राद्यान्विबुधान्गुरूंश्चजननींतातंत्वनंताभिधं नत्वार्यान्वितनोमिमाधवमुखान्धर्माब्धिसारंमितम् ४

શ્રીલક્ષ્મી, ગરૂડ, શેષ, પ્રદ્યુમ્ન, નારાયણ, હનુમાન્, શ્રીસૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, સ્વામિ કાર્ત્તિક, ઇંદ્રાદિક, સર્વ દેવ, પોતાના ગુરૂ, માતા, અનંત નામના પિતા, અને શ્રેષ્ઠ એવા માધવાદિક ધર્મશાસ્ત્રના નિબંધકર્ત્તાઓ એઓ સર્વેને નમસ્કાર કરી અતિ વિસ્તારરહિત અને અતિ સંક્ષેપરહિત એવો ધર્માબ્ધિસાર નામનો ગ્રંથ રચુંછું.

दृष्ट्वापूर्वनिबंधान्प्राच्यांश्चनवांश्चतेषुसिद्धार्थान् ॥ प्रायेणमूलवचनान्युज्झित्वालिखामिबालबोधाय ५

આ ગ્રંથ કેવળ કપોલકલ્પિત નથી પણ પ્રાચીન વિદ્વાનોના ગ્રંથોના અભિપ્રાય પ્રમાણે છે, એવિષે કહેછે—કમળાકરભટ્ટકૃત નિર્ણયસિંધુ, નીળકંઠભટ્ટકૃત દ્વાદશમયૂખ, વિષ્ણુભટ્ટકૃત પુરૂષાર્થચિંતામણી, કાળમાધવ, હેમાદ્રિ અને અનંતદેવકૃત કૌસ્તુભ ઇત્યાદિક પ્રાચીન અને અર્વાચીન ગ્રંથો જોઇ તેઓમાંનાં બહુધા મૂળવચનો છોડી કેવળ પ્રસિદ્ધ અર્થમાત્ર બાળકોના બોધને અર્થે હું લખુંછું.

उक्त्वाधर्माब्धिसारेस्मिन्निर्णयंकालगोचरम् ॥ परिच्छेदेप्रथमजेद्वितीयेचयथाक्रमम् ॥ ६ ॥
अथगर्भाधानादिसंस्कारान्धर्मान्गृह्यादिसंमतान् ॥ वक्ष्येसंक्षेपतःसंतोऽनुगृह्णंतुदयालवः ॥ ७ ॥

આ ધર્માબ્ધિસારના પ્રથમ અને બીજા પરિચ્છેદમાં ક્રમપૂર્વક કાળસંબંધી નિર્ણય કહીને હવે ગૃહ્યસૂત્રાદિક પ્રમાણે ગર્ભાધાનાદિ સંસ્કાર અને આચારાદિ ધર્મ, સંક્ષેપે કહુંછું. માટે દયાળુ એવા સજ્જનો અનુગ્રહ કરો.

काशीनाथाभिधेनात्रानंतोपाध्यायसूनुना ॥ निर्णीयतेयदेतत्तुशोधनीयंमनीषिभिः ॥ ८ ॥

અનંત ઉપાધ્યાયનો પુત્ર હું કાશીનાથ આ ગ્રંથમાં જે નિર્ણય લખુંછું તે વિદ્વાનોએ શોધન કરવો.

तत्रादौगर्भाधानसंस्कारउच्यते ॥ तदुपयोगितयाप्रथमरजोदर्शनेदुष्टमासादिनिर्णीयते तत्रचैत्रज्येष्ठाषाढभाद्रपदकार्तिकपौषमासादुष्टाः प्रतिपद्रिक्ताष्टमीषष्ठीद्वादशीपंचदश्योऽनिष्टफलास्तिथयः तथारविभौममंदवारेषु भरणीकृत्तिकार्द्राश्लेषामघापूर्वात्रयविशाखाज्येष्ठानक्षत्रेषुविष्कंभगंडातिगंडशूलव्याघातवज्रपरिघपूर्वार्धव्यतीपातवैधृतियोगेषु विष्ट्यांग्रहणेरात्रिसंध्यापराह्णकालेषु निद्रायांजीर्णरक्तनीलचित्रवस्त्रेषु नग्नत्वे परगृहपरग्रामेषु अल्पाधिकनीलादिरक्तत्वेचानिष्टफलं संमार्जनीकाष्ठतृणाग्निशूर्पान्हस्तेदधाना कुलटास्यात् वस्त्रेविषमारक्तबिंदवःपुत्रफलाः समाःकन्याफलाः ॥

હવે પ્રથમ ગર્ભાધાન સંસ્કાર કહેવાય છે.

તેમાં ગર્ભાધાનને ઉપયોગી હોવાથી પ્રથમ રજોદર્શનમાં દુષ્ટ એવા માસ, તિથિ ઈત્યાદિકનો નિર્ણય કહે છે—ચૈત્ર, જેઠ, આષાઢ, ભાદ્રપદ, કાર્તિક, અને પોષ એ માસ દુષ્ટ. એકમ, રિક્તા (ચોથ, નોમ, ચૌદશ), આઠમ, છઠ, દ્વાદશી, અને પૂનમ એ તિથિઓમાં પ્રથમ રજોદર્શન થાય તો નિંદિત ફળ જાણવું. તેમજ રવિ, મંગળ, અને શનિ એ વાર નિંદ્ય. ભરણી, કૃત્તિકા, આર્દ્રા, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, વિશાખા, અને જ્યેષ્ઠા એ નક્ષત્રો નિંદ્ય છે. વિષ્કંભ, ગંડ, અતિગંડ, શૂલ, વ્યાઘાત, વજ્ર, પરિઘનું પૂર્વાર્ધ, વ્યતીપાત, અને વૈધૃત, એ યોગો નિંદ્ય. ભદ્રા, ગ્રહણ, રાત્રિ, સંધ્યા, અપરાહ્ણકાલ, નિદ્રાવસ્થા, જીર્ણ (જુનાં) રાતાં, કાળાં, અને વિચિત્ર રંગનાં વસ્ત્ર, એ નિંદ્ય છે. નગ્નપણું છતાં, પરાયે ઘરે, અને બીજે ગામે પ્રથમ રજોદર્શન નિંદ્ય છે. તે રજોદર્શન અલ્પ, અધિક, અને રંગે કાળું ઈત્યાદિક હોય તો દુષ્ટ ફળ. ઝાડુ, લાકડાં, ઘાસ, અગ્નિ અને સૂપડું એ પદાર્થો હાથમાં છતાં તે વેળાએ પ્રથમ રજોદર્શન થયું હોય તો તે સ્ત્રી વ્યભિચારિણી થાય. વસ્ત્રમાં રૂધિરના બિંદુ વિષમ (૩, ૫, ૭ ઇત્યાદિ) હોય તો તેથી પુત્રપ્રાપ્તિ થાય, અને સમ (૪, ૬, ૮, ઇત્યાદિ) હોય તો કન્યાપ્રાપ્તિ થાય છે.

अथप्रथमर्तौ अक्षतैरासनंकृत्वातत्रतामुपवेश्य पतिपुत्रवत्यः स्त्रियो हरिद्राकुंकुमगंधपुष्पस्रक्तांबूलादितस्यैदत्त्वा दीपैर्नीराज्य सदीपालंकृतेगृहेतांवासयेयुः सुवासिनीभ्योगंधादिकंलवणमुद्गादिचदद्यात् ॥

હવે પ્રથમ રજોદર્શન થયા પછીનો વિધિ કહે છે—ચોખાનું આસન કરી તે ઉપર તેને બેસાડી પતિ અને પુત્રવાળી સ્ત્રીઓએ હળદર, કુંકુમ, ચંદન, સુગંધી પુષ્પોની માળા, અને તાંબૂલ, ઈત્યાદિક ઉપચાર તે સ્ત્રીને દઇ તેની આરતી કરી દીપક અને અરીસા ઈત્યાદિકવડે સુશોભિત ઘરમાં તે સ્ત્રીને બેસાડવી, અને સૌભાગ્યવતી સ્ત્રિયોને ચંદન, હળદર, કુંકુમ ઈત્યાદિક અને મીઠું, મગ ઈત્યાદિક દેવાં.

अथसर्वर्तुसाधारणनियमाः ॥ त्रिरात्रमस्पृश्याभूत्वा अभ्यंगांजनस्नानदिवास्वापाग्निस्पर्शदंतधावनमांसाशनसूर्याद्यवलोकान्भूमौरेखाकरणंचवर्जयेदधःशयीत अंजलिनाताम्रलोहपात्रेणवाजलंनपिबेत् याखर्परपात्रेणजलंपिबतितस्याःखर्वःपुत्रः नखनिकृंतनेकुनखीपुत्रः पर्णेनपानेउन्मत्तइति द्वितीयादिपुऋतुष्वप्रवासगंधमाल्यादिधारणतांबूलगोरसभक्षणपीठाद्यारोहणंवर्जयेत् मृन्मयेआयसेभूमौवाभुंजीत ग्रहणादिनिमित्तकस्नानप्राप्तौनोदकमज्जनरूपंस्नानं किंतुपात्रांतरितजलेनस्नात्वानवस्त्रपीडनंकुर्यादन्यद्वासश्चधारयेत् एवंमृताशौचादिनिमित्तकस्नानप्राप्तावपि सगोत्रयोर्योनिसंबंधिन्योर्वाब्राह्मण्योः रजस्वलयोःपरस्परंस्पर्शउक्तरीत्यातदैवस्नानमात्रेणशुद्धिः बुद्ध्यास्पर्शेएकरात्रमुपवासः गोत्रादिसंबंधाभावेअबुद्ध्यास्पर्शेतस्मिन्दिनेस्नात्वानभुंजीत मत्यास्पर्शेतुआशुद्धेर्नभुंजीत भोजनेतुशुद्ध्यनंतरंतावद्दिनसंख्ययोपवसेत् उपवासाशक्तौतुतत्प्रत्याम्नायब्राह्मणभोजनादिकुर्यात् सर्वत्रशुद्ध्युत्तरंपंचगव्याशनंज्ञेयं शूद्रीब्राह्मण्योःरजस्वलयोःस्पर्शेआशुद्धेरभोजनंशुद्धौकृच्छ्रप्रायश्चित्तंब्राह्मण्याःशूद्र्यास्तुपादकृच्छ्रमात्रं रजस्वलाया.सूतिकायावाचांडालस्पर्शेआशुद्धेर्नभोजनं अतिकृच्छ्रंच अमत्यास्पर्शेप्राजापत्यं दंडादिपरंपरयाचांडालादिस्पर्शेस्नानमात्रं भुंजानायाःस्पर्शेप्राजापत्यंद्वादशब्राह्मणभोजनंच मिताक्षरायांतु पतितांत्यजचांडालैःकामतःस्पर्शेआशुद्धेरभुक्त्वाशुद्ध्युत्तरंप्रथमेह्निस्पर्शेत्र्यहमुपवासः द्वितीयेद्व्यहं तृतीयेएकाहः अकामतस्तुआशुद्धेरभोजनमात्रं एवंग्रामकुक्कुटसूकरश्ववायसरजकादि

स्पर्शेपि 'अशक्तौतुस्नात्वायावन्नक्षत्रदर्शनमभोजनं भुंजानायाःश्वचांडालादिस्पर्शेआशुद्धेरभोजनंषड्रात्रंगोमूत्रयावकाहारः अशक्तौसुवर्णदानंविप्रभोजनंवा उच्छिष्टयोरजस्वलयोःस्पर्शेउच्छिष्टचांडालेनस्पर्शेवाकृच्छ्रेणशुद्धिः उच्छिष्टद्विजस्पर्शेरजस्वलायास्त्र्यहमूर्ध्वोच्छिष्टेअधरोच्छिष्टेत्वेकाहमुपवासः इत्युक्तं उच्छिष्टशूद्रस्पर्शेअधिकंकल्प्यं पुष्पिण्याःसूतक्याद्यशुद्धनरस्पर्शेआशुद्धेरभोजनं भोजनेतु कृच्छ्रं पंचनखद्विशफैकशफपशुस्पर्शेअंडजस्पर्शेचाशुद्धेरभोजनं रजस्वलायाःश्वजंबूकगर्दभदंशेआशुद्धेरभोजनं शुद्धौपंचरात्रमुपवासः नाभेरूर्ध्वंदंशेदशरात्रं मूर्ध्निदंशेविंशतिरात्रं भुंजानारजस्वलारजस्वलांपश्यतिचेदाशुद्धेरभोजनं चांडालंपश्यतिचेदुपवासत्रयमपि कामतश्चांडालंपश्यतिचेत्प्राजापत्यं रजसलायाःशवसूतिकाभ्यांस्पर्शेशुद्ध्यंतेत्रिरात्रमुपवासः आशुद्धेरभोजनंच भोजनेतुकृच्छ्रम् सर्वत्रब्रह्मकूर्चविधिनापंचगव्याशनमुक्तमेव आशौचिभिःस्पर्शेज्ञानात्प्राग्रजोदर्शनेचतुर्थदिनपर्यंतमभोजनं अशक्तौतुसद्यःस्नात्वाभुंजीत एवंबंधुमरणश्रवणेज्ञानात्प्राग्रजोदर्शनेपि तथारजोदर्शनोत्तरंबंधुमरणश्रवणेपिशक्तायाःआशुद्धेरभोजनमशक्तायाःस्नानेनभोजनं सर्वत्रास्पृश्यस्पर्शेअशक्तायाःस्नानेकृतेभोजनं शुद्ध्यंतेऽनशनमत्याम्नायइतिकेचित् ॥

હવે સઘળાં રજોદર્શનનો સાધારણ નિયમ કહેછે.

(રજસ્વલા સ્ત્રીએ) ત્રણ રાત્રિપર્યંત કોઈને સ્પર્શ કરવો નહી. તૈલાભ્યંગ, નેત્રમાં કાજળ, સ્નાન, દિવસે નિદ્રા, અગ્નિનો સ્પર્શ, દાંત ઘસવા, માંસ ભક્ષણ, સૂર્ય ઈત્યાદિકનું દર્શન, અને પૃથ્વી ઉપર રેખા કાઢવી, એ સઘળાં વર્જ્ય કરવાં. પૃથ્વી ઉપર શયન કરવું, ખોખાથી, અથવા ત્રાંબાનાં કે લોઢાનાં પાત્રવડે જળ પીવું નહી. જે સ્ત્રી ખર્વ (નાનાં) પાત્રવડે જળ પિયે તેનો પુત્ર ખર્વ (ઠીંગણો) થાય છે. જે નખ કાપી નાખે તેનો પુત્ર કુનખી (ખરાબ નખવાળો) થાય છે. પાદત્રાંવડે જળ પિયે તો તેનો પુત્ર ઉન્મત્ત (વિકળ) થાય છે. બીજા ઈત્યાદિક રજોદર્શનમાં પ્રવાસ (બહારગામ જાવું), ચદન, પુષ્પમાળા ઈત્યાદિકનું ધારણ, તાંબૂલ, ગોરસ (દૂધ, દહી, છાસ) ઈત્યાદિકનું ભક્ષણ અને ચોકી પાટલા ઈત્યાદિક ઉપર બેસવું, એ સઘળાંઓનો ત્યાગ કરવો. માટીનાં પાત્રમાં, લોઢાનાં પાત્રમાં, અથવા પૃથ્વી ઉપર ભોજન કરવું. ગ્રહણ આદિ નિમિત્તવડે સ્નાન કરવું પ્રાપ્ત થાય તો જળમાં ઉતરી સ્નાન કરવું નહી, પણ બીજા પાત્રમાં જળ લઈ સ્નાન કરવું. વસ્ત્ર નીચાવવું નહી, અને બીજું વસ્ત્ર પેહેરવું નહી. એ રીતે સૂતક ઈત્યાદિક નિમિત્ત થકી સ્નાન પ્રાપ્ત થયા છતાં પણ એજ આચાર જાણવો. એક ગોત્રની અથવા બે સગી બેહેનો એવી બે બ્રાહ્મણી રજસ્વલાઓનો પરસ્પર (અજાણમાં) સ્પર્શ થાય તો પ્રથમ કહ્યા પ્રમાણે તે સમયેજ સ્નાન માત્ર કરવાથી શુદ્ધિ થાય છે. જાણીને સ્પર્શ કરે તો એક રાત્રિ પર્યંત ઉપવાસ કરવો. એક ગોત્ર ઈત્યાદિક સંબંધ ન છતાં અજાણમાં સ્પર્શ થાય તો તે દિવસે સ્નાન કરવું અને ભોજન કરવું નહી. જાણીને સ્પર્શ કરે તો શુદ્ધિપર્યંત ભોજન કરવું નહી. જો ભોજન કરે તો જેટલા દિવસ ભોજન કીધું હોય તેટલા દિવસ શુદ્ધિ થયા પછી ઉપવાસ કરવા. ઉપવાસ કરવામાં અશક્ત હોય તો તેણે ઉપવાસને બદલે બ્રાહ્મણભોજન કરાવવાં. સઘળા પક્ષોમાં શુદ્ધિ થયા પછી પંચગવ્ય પ્રાશન કરવું. એક શૂદ્રી, અને એક બ્રાહ્મણી એ રીતે બે રજસ્વલા પરસ્પર સ્પર્શ કરે તો શુદ્ધિ પર્યંત ઉપવાસ કરી બ્રાહ્મણીયે કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. અને શૂદ્રીએ માત્ર પાદકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. રજસ્વલા, અને સુવાવડી સ્ત્રીને ચાંડાલનો સ્પર્શ થાય તો તેણે શુદ્ધિ થવાપર્યંત ઉપવાસ કરી અતિકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. અજાણમાં સ્પર્શ થાય તો પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું. લાકડી ઈત્યાદિક પરંપરાવડે ચાંડાલાદિકનો સ્પર્શ થાય તો કેવળ સ્નાન માત્ર કરવું. ભોજન કરતાં ચાંડાળનો સ્પર્શ થાય તો પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરી બાર બ્રાહ્મણોને ભોજન કરાવવું. મિતાક્ષરા ગ્રંથમાં તો પતિત (વટલેલો), અત્યંત, અને ચાંડાળ એમનો જાણીને સ્પર્શ કરે તો શુદ્ધિપર્યંત ઉપવાસ કરી શુદ્ધિ પછી, પ્રથમ દિવસે સ્પર્શ થયો હોય તો ત્રણ દિવસ ઉપવાસ, બીજે દિવસે સ્પર્શ થયો હોય તો બે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસે સ્પર્શ થયો હોય તો એક દિવસ ઉપવાસ, એ પ્રમાણે ઉપવાસ કરવા. અજાણમાં સ્પર્શ થાય તો શુદ્ધિ થવાપર્યંત ઉપવાસી (ભોજન કીધા વિના) રેહેવું. એ પ્રમાણે ગામનાં કુકડાં, સૂવર, કુતરાં, કાગડા, અને ધોબી ઈત્યાદિકોનો સ્પર્શ થાય તો પણ એજ નિર્ણય જાણવો. પ્રથમ કહ્યા પ્રમાણે (ઉપવાસ) કરવામાં અશક્ત હોય તો તેણે સ્નાન કરી નક્ષત્રદર્શન થાય ત્યહાંપર્યંત ભોજન કરવુ નહી. ભોજન કરતાં કુતરાં, ચાંડાળ ઇત્યા-

દિકનો સ્પર્શ થાય તો શુદ્ધિપર્યંત ઉપવાસ કરી, ૭ રાત્રિપર્યંત, ગોમૂત્રમાં ભિજવેલા જવ ખાવા. તેમ કરવાનું સામર્થ્ય ન હોય તો સુવર્ણદાન અથવા બ્રાહ્મણભોજન કરવું. ઉચ્છિષ્ટ એવી બે રજસ્વલા પરસ્પર સ્પર્શ કરે અથવા ઉચ્છિષ્ટ એવા ચાંડાળનો રજસ્વલાને સ્પર્શ થાય તો કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું, તેવડે શુદ્ધિ થાય. રજસ્વલાને ઉચ્છિષ્ટ એવા બ્રાહ્મણનો સ્પર્શ થાય તો [1]ઉર્ધ્વોચ્છિષ્ટ બ્રાહ્મણ છતાં રજસ્વલાએ ત્રણ ઉપવાસ કરવા, [2]અધરોચ્છિષ્ટ બ્રાહ્મણ હોય તો રજસ્વલાએ એક દિવસ ઉપવાસ કરવો, એમ કહ્યું છે. ઉચ્છિષ્ટ એવા શૂદ્રનો સ્પર્શ થાય તો પ્રથમ કરતાં અધિક પ્રાયશ્ચિત્ત કરવું. રજસ્વલાને સૂતકી આદિ અશુદ્ધ મનુષ્યનો સ્પર્શ થાય તો તે રજસ્વલાએ શુદ્ધિપર્યંત ભોજન કરવું નહી, જો ભોજન કરે તો કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. પાંચ નખ, બે નખ, અને એક નખવાળા પશુઓનો, અને પક્ષિઓનો સ્પર્શ થાય તો શુદ્ધિપર્યંત ભોજન કરવું નહી. કુતરાં, શિયાળ, ગધેડાં એ રજસ્વલાને દંશ કરે તો શુદ્ધિ થયા પછી પાંચ રાત્રિ ઉપવાસ કરવા. નાભિથી ઉપર દંશ કરે તો દશ રાત્રિ ઉપવાસ, અને મસ્તકને દંશ કરે તો વીશ રાત્રિ ઉપવાસ કરવા. જો રજસ્વલા ભોજન કરતાં બીજી રજસ્વલાને જુએ તો શુદ્ધિપર્યંત ભોજન કરવું નહી. ચાંડાળને દેખે તો પણ ત્રણ રાત્રિ ઉપવાસ કરવા. જાણીને ચાંડાળને જુવે તો પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું. રજસ્વલાને શબનો અથવા સુવાવડીનો સ્પર્શ થાય તો શુદ્ધિપર્યંત ભોજન કરવું નહી, અને શુદ્ધિ થયા પછી ત્રણ રાત્રિ ઉપવાસ કરવા. જો ભોજન કીધું હોય તો કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. આ સઘળામાં બ્રહ્મકૂર્ચવિધિવડે પંચગવ્ય પ્રાશન કરવાનું કહ્યુંજ છે. સૂતકીનો સ્પર્શ થયા પછી સ્નાન કીધાથી પ્રથમ રજસ્વલા થાય તો ચોથા દિવસપર્યંત ભોજન કરવું નહી. તેટલું સામર્થ્ય ન હોય તો તેજ સમયે સ્નાન કરી ભોજન કરવું. એરીતે સંબંધી મરણ પામેલો છે એવું સાંભળી સ્નાન કરવાથી પ્રથમ રજોદર્શન થાય તો પણ એજ નિર્ણય જાણવો. રજોદર્શન પછી સંબંધીનું મરણ સાંભળે તો શક્તિમાન્ હોય તો તેણે શુદ્ધિપર્યંત ભોજન કરવું નહી. અશક્ત હોય તો તેણે સ્નાન કરી ભોજન કરવું. અસ્પૃશ્યનો સ્પર્શ થયા છતાં સઘળે ઠેકાણે અશક્ત હોય તો તેણે સ્નાન કરી ભોજન કરવું. શુદ્ધિ થયા પછી ઉપવાસનો પ્રતિનિધિ કરવો, એમ કોઈ ગ્રંથકાર કહે છે.

रजस्वलायाःप्रथमदिननिर्णयस्तु ॥ रात्रेःपूर्वभागद्वयेपूर्वदिनंप्रथमं तृतीयेभागेरजोदर्शनेउत्तरदिनंप्रथमं यद्वार्धरात्रात्पूर्वंपूर्वदिनंप्रथमं अर्धरात्रादूर्ध्वंउत्तरदिनंप्रथमं एवंजननमरणाशौचेपिज्ञेयं यस्याःप्रायेणमासेरजोदर्शनंतस्याःसप्तदशदिनपर्यंतंपुनारजोदर्शनेस्नानाच्छुद्धिः अष्टादशाहेएकरात्रमशुचित्वं एकोनविंशेद्विरात्रं विंशतिप्रभृतित्रिरात्रं यस्याःप्रायःपक्षेपक्षेरजोदर्शनंतस्याःदशदिनपर्यंतंस्नानाच्छुद्धिः एकादशाहेरजोदृष्टौएकाहः द्वादशेद्विरात्रं ऊर्ध्वंत्रिरात्रं रोगेणयद्रजःस्त्रीणामन्वहंप्रतिवर्तते तत्रनास्पृश्यत्वं किंतुरजोनिवृत्तिपर्यंतंपाकदैवपित्र्यकर्मानधिकारमात्रं रोगजेवर्तमानेपिमासजंरजोनियात्येवतत्रसावधानासतीत्रिरात्रमशुचिर्भवेत् यत्तुगर्भिण्याःप्राक्प्रसवाद्रोगजंरजोदर्शनंतत्रत्रिदिनमेवाशौचं प्रसूतिकायाःकिंचिदूनमासात्पूर्वंरजोनिवृत्तौस्नानमात्रं पूर्णमासेत्रिरात्रं उच्छिष्टास्त्रीयदिरजस्वलाभवतितदाशुध्यंतेत्र्यहमधरोच्छिष्टेत्वेकाहमुपवासः अविज्ञातरजोदोषायदिगृहेव्यवहरतितदातयास्पृष्टंगोरसमृद्भांडादिकंजलादिकंचनत्याज्यम् सूतकवज्ज्ञानकालमारभ्यैवदोषात् अशुचित्वंतुस्नानमारभ्यत्रिदिनमितिकेचित् अन्येतुद्वितीयादिदिनेरजसिज्ञातेसूतकवच्छेषदिनैरेवशुद्धिरित्याहुः ॥

રજસ્વલાના પ્રથમ દિવસનો નિર્ણય કહે છે.

રાત્રિના ત્રણ ભાગ કરવા, તેમાં પ્રથમના બે ભાગમાં રજસ્વલા થાય તો ગયો દિવસ ને પ્રથમ દિવસ સમજવો. રાત્રિના ત્રીજા ભાગમાં રજસ્વલા થાય તો આવતો દિવસ તે પ્રથમ દિવસ સમજવો. અથવા મધ્યરાત્રથી પ્રથમ રજસ્વલા થાય તો ગયો દિવસ તે પ્રથમ, અને મધ્ય રાત્ર પછી રજસ્વલા થાય તો બીજો દિવસ તે પ્રથમ દિવસ સમજવો. એ પ્રમાણે જન્મ અને મરણનાં આશૌચ (સૂતક) વિષે પણ સમજવું. ઘણું કરી જે સ્ત્રી એક માસે રજસ્વલા થતી હોય તે સત્તર દિવસની માંય રજસ્વલા થાય તો તેને સ્નાન કરવાથી શુદ્ધિ જાણવી. અઢારમે દિવસે રજસ્વલા થાય

---

[1] ભોજન થયા પછી આચમન કીધું ન હોય તો તે, ઉર્ધ્વોચ્છિષ્ટ થાય

[2] મળમૂત્રાદિનો ત્યાગ કરી હાથ, પગ ધોઈ આચમન કર્યું ન હોય તો તે, અધરોચ્છિષ્ટ થાય

તો એક રાત્રિ અસ્પૃશ્યપણું, ઓગણીશમે દિવસે રજસ્વલા થાય તો બે રાત્રિ અસ્પૃશ્યપણું, અને વીસમા દિવસથકી ત્રણ રાત્રિ રજોદર્શક પાળવું. જે સ્ત્રી ઘણું કરી પન્નર પન્નર દિવસે રજસ્વલા થતી હોય તે દશ દિવસની અંદર રજસ્વલા થાય તો તેને સ્નાનવડે શુદ્ધિ જાણવી. ઇગ્યારમે દિવસે રજસ્વલા થાય તો એક રાત્રિ પાળવી, બારમે દિવસે થાય તો બે રાત્રિ, અને તેરમા દિવસથી ત્રણ રાત્રિ, રજોદર્શન પાળવું. "જે સ્ત્રીને રોગનાં કારણથી નિત્ય રજોદર્શન થતું હોય તેને તે રજોદર્શનનો બાધ નથી. પણ જ્યહાંપર્યંત રજ બંધ થાય ત્યહાંપર્યંત રસોઈ કરવામાં અને દેવતા, પિતૃનાં કર્મ કરવાવિષે માત્ર અધિકાર નથી. રોગ સંબંધી રજસ્રાવ થાયછે તેમ છતાં માસ સંબંધી રજસ્રાવ થાયજ છે, માટે તે વેળાએ સાવધાની રાખી તે સ્ત્રીએ ત્રણ રાત્રી રજોદર્શન પાળવું. જે સ્ત્રી સગર્ભા છતાં પ્રસવ થયાથી પ્રથમ રોગના યોગે રજસ્વલા થાય તો તેણે ત્રણ દિવસ રજોદર્શન પાળવું. જે સ્ત્રીને પ્રસવ થયા પછી એક માસની માંય રજોદર્શન થાય તો તેણે માત્ર સ્નાન કરવું. માસ પૂરો થયા પછી રજોદર્શનમાં ત્રણ રાત્રિ પાળવી. ઉચ્છિષ્ટપણામાં જે સ્ત્રી રજસ્વલા થાય તો ઉર્ધ્વોચ્છિષ્ટપણું છતાં શુદ્ધિ થયા પછી ત્રણ દિવસ ઉપવાસ, અને અધરોચ્છિષ્ટપણું છતાં એક દિવસ ઉપવાસ કરવો. રજસ્વલા થયા પછી તેનું જ્ઞાન થયાથી પ્રથમ ઘરનો વ્યવહાર કરતાં તેણે સ્પર્શ કરેલા ગોરસ, માટીનાં પાત્ર, અને જળ ઇત્યાદિક પદાર્થો કાઢવા નહી; કારણ, સૂતકની પેઠે ખબર પડવા પછીજ દોષ છે. અસ્પૃશ્યપણું તો ખબર પડી ત્યહાંથી ત્રણ દિવસ પાળવું એમ કેટલાએક ગ્રંથકારો કહેછે. બીજા ગ્રંથકારો તો, બીજા ઇત્યાદિક દિવસે ખબર પડે તો સૂતકપ્રમાણે બાકી રહેલા દિવસો વડેજ શુદ્ધિ થાય છે, એમ કહે છે.

एवंत्रिदिनंस्थित्वाचतुर्थेह्ननिषष्टिवारंमृत्तिकाशौचेनमलंप्रक्षाल्यदंतधावनपूर्वकंसंगवकालेस्नायात् सूर्योदयात्प्राक्स्नानंत्वनाचारः चतुर्थेह्ननिरजोनिवृत्तौभर्तृशुश्रूषणादौशुद्धिः पंचमेह्ननिदैवपित्र्यकर्मणिशुद्धिः कानिचिद्दिनानिरजोयद्यनुवर्ततेतदातन्निवृत्तिपर्यंतंदैवपित्र्ययोर्नशुद्धिः रोगेणत्वनुवृत्तौप्रागुक्तं केचित्तुचतुर्थदिवसेदर्शेष्ट्यादिश्रौतकर्माणिकर्तव्यानीत्याहुः अपरेतुइतरदिनापेक्षयाचतुर्थदिनस्यैवानुकूलत्वेतत्रैवगर्भाधानं दुष्टरजोदर्शनशांतिश्चकर्तव्या महासंकटेश्रीसूक्तहोमपूर्वकाभिषेकेणोपनयनादिकमपिचतुर्थेह्ननिकर्तव्यमित्याहुः अयंचतुर्थेह्नन्यधिकारनिर्णयःसर्वथारजोनिवृत्तावेवज्ञातव्यः ॥

એ રીતે ત્રણ દિવસ રહી ચોથે દિવસે સાઠ વાર માટીવડે મળ પ્રક્ષાલન કરી દાંત ઘસી સંગવ કાળે (છ ઘડી દિવસ ચડ્યા પછી) સ્નાન કરવું. સૂર્યોદયથકી પ્રથમ સ્નાન કરવું એ અનાચાર છે. ચોથે દિવસે રજસ્રાવ બંધ થયા પછી પતિની સેવા ઇત્યાદિકમાં શુદ્ધિ થાય છે. પાંચમે દિવસે દેવતા, પિતૃ એમના કર્મવિષે શુદ્ધિ થાય છે. જો કેટલાએક દિવસ રજસ્રાવ થયા કરે તો તે બંધ થાય ત્યહાંપર્યંત દૈવ અને પિત્ર્ય કર્મવિષે શુદ્ધિ નથી. રોગના યોગે સ્રાવ થતો હોય તો તે વિષયમાં પ્રથમ કહેલું છે. કેટલાએક ગ્રંથકારો તો, ચોથે દિવસે દર્શેષ્ટિ ઇત્યાદિક શ્રૌત કર્મ કરવાં, એમ કહે છે. બીજા ગ્રંથકારો તો, બીજા દિવસો કરતાં ચોથો દિવસજ અનુકૂળ આવે તો તેજ દિવસે ગર્ભાધાન અને દુષ્ટ રજોદર્શનની શાંતિ પણ કરવી, મહાસંકટ હોય તો શ્રીસૂક્તનો હોમ અને અભિષેક પ્રથમ કરી મૌંજી (યજ્ઞોપવીત) ઇત્યાદિક કર્મ પણ ચોથે દિવસે કરવાં, એમ કહે છે. ચોથે દિવસે અધિકારનો જે આ નિર્ણય કર્યો તે સર્વથા રજોનિવૃત્તિ થઈ હોય તોજ જાણવો.

यदिज्वरादिभिरातुराचतुर्थेह्ननिस्नातुंनशक्ता तदातामन्यानारीनरोवादशवारंस्पृष्ट्वास्नायादाचामेच्च प्रतिस्नानमातुरस्यवस्त्रमन्यदन्यत्परिधापनीयं अंतेस्पृष्टानांसर्ववस्त्राणांत्यागआर्द्रवस्त्रादिव्यवधानेनशुद्धवस्त्रग्रहणांतेब्राह्मणभोजनात्पुण्याहवाचनाच्चशुद्धिः सर्वेषामप्यातुराणामेवंशुद्धिर्विधीयते एवंशुद्धेतेशुभेदिनेदुष्टरजोदर्शनप्रयुक्तांशौनकोक्तांभुवनेश्वरीशांतिं ग्रंथांतरोक्तांवाशांतिंविधायगर्भाधानंकार्यम् सूर्यग्रहेरजोदर्शनेहैमंसूर्यबिंबंतन्नक्षत्ररूपंचसीसेनराहुंचकृत्वासंपूज्यार्कसमिद्भिःसूर्यंनक्षत्रेशंप्लक्षैःराहुंदूर्वाभिर्हुत्वाज्यचरुतिलैश्चजुहुयात् चंद्रग्रहेराजतंचंद्रबिंबंपालाश्यश्चसमिधइतिविशेषः ग्रहणव्यतीपातादिबहुतरदोषेरजोदर्शनेतुद्वितीयादिरजोदर्शने शांतिपूर्वकंगर्भाधानंकार्यम् गर्भाधानेगुरुशुक्रास्ताधिकमासादिदोषोनास्ति यदितुप्रथमरजोदर्शनेशांतिर्नकृता द्वितीयादिरजोदर्शनेशुक्रास्तादिदोषप्रसक्तिस्तदानिमित्तानंतरमेव यत्रनैमित्तिकानुष्ठानं तत्रास्तादिदोषाभावोमुख्यकालातिक्रमेतुअस्ता

दिदोषोस्त्येवेति सामान्यनिर्णयानुसारेणऋतुशांतिरस्तादौनकार्या तदनुरोधेनगर्भाधानंचकार्यमिति भाति शांतिश्चसग्रहमखैवकार्या शांतौभुवनेश्वरीप्रधानदेवता इंद्रेंद्राण्यौपार्श्वदेवते एवंकलशत्रयेपि प्रतिमात्रयस्थापनं ग्रहाणामर्कादिसमिधश्चरुराज्यंचद्रव्यं प्रधानदेवतायादूर्वास्तिलमिश्रगोधूमाः पायसंआज्यंचेतिहविश्चतुष्टयं एवंपार्श्वदेवतयोरपि पायसस्यस्थंडिलाग्नौश्रपणमेवकार्यं नतु गृहसिद्धस्य ग्रहणं ग्रहहोमार्थगृहसिद्धचरुःपात्रासादनकालेपायसश्रपणार्थमेकस्थालीगृहसिद्धान्नसंस्कारार्थमपरेतिस्थालीद्वयं अनेककर्तृकाज्यहोमप्रसक्तावनेकस्रुवासादनं आज्येनसहहविस्त्रयस्यगृहसिद्धान्नस्यचपर्यग्निकरणं स्रुवादिसंमार्गांतेगृहसिद्धान्नमासादितचरुस्थाल्यामादायाग्नावधिश्रित्याभिघारणादिर्बर्हिरासादनांतंकुर्यात् ततः पायसाभिघारणाद्यासादनांतं अन्वाधानेहविस्त्यागेचप्रधानदेवतायाभुवनेश्वरीपदेनसवितृपदेनवोच्चारः गायत्र्याहोमोक्तेः आज्यभागांते यजमानोन्वाधानानुसारेणप्रतिदैवतमष्टाविंशत्याहुतिपर्याप्तमर्कादिजातीयसमिच्चर्वाज्यात्मकंहविस्त्रयं सूर्यायसोमायभौमायबुधायबृहस्पतये शुक्रायशनयेराहवेकेतवेचनमम अष्टाष्टसंख्यापर्याप्तंहविस्त्रयं तत्तदधिदेवताप्रत्यधिदेवताभ्योनममचतुश्चतुःसंख्यापर्याप्तंतद्धविस्त्रयं विनायकादिभ्यःऋतुसंरक्षकऋतुसाद्गुण्यदेवताभ्योनमम अष्टोत्तरशतसंख्याकाहुतिपर्याप्तंदूर्वातिलगोधूमपायसाज्येतिहविश्चतुष्टयंभुवनेश्वर्यैनमम यद्वासवित्रेनमम एवमष्टाविंशतिसंख्यापर्याप्तंचतुष्टयमिंद्रेंद्राणीभ्यांनममेतित्यागंकुर्यात् बहुतरदोषेऽष्टोत्तरसहस्रसंख्याकोहोमोभुवनेश्वर्याःइंद्रेंद्राण्योरष्टोत्तरशतसंख्याकः इंद्रेंद्राण्योर्होमःकृताकृतः होमांतेग्रहादिबलयःभुवनेश्वर्यादिबलयोऽभिषेकश्चेतिसंक्षेपः समंत्रकःसविस्तरःप्रयोगःस्वस्वशाखीयानुसारेणज्ञेयः संकल्पःस्वस्तिवाग्विप्रवरणंभूतनिःसृतिः पंचगव्यैर्भूमिशुद्धिर्मुख्यदेवतपूजनम् १ अग्निप्रतिष्ठासूर्यादिग्रहस्थापनपूजनं देवतान्वाहितिःपात्रासादनंहविषांकृतिः २ यथाक्रमंत्यागहोमावितिपौर्वांगकःक्रमः पूजास्विष्टंनवाहुत्योबलिःपूर्णाहुतिस्तथा ३ पूर्णपात्रविमोकायभ्यर्चनांतेभिषेचनं मानस्तोकेतिभूतिश्चदेवपूजाविसर्जने ४ श्रेयोग्रहोदक्षिणादिदानंकर्मेश्वरार्पणं क्रमोयमुत्तरांगानांप्रायःस्मार्तेष्वितिस्थितिः ५ एवंमदनरत्नोक्तावौधायनोक्ताचशांतिःकौस्तुभेद्रष्टव्या प्राग्रजोदर्शनात्पत्नीगमनेब्रह्महत्यादोषोक्तेः किंचित्प्रायश्चित्तंविधेयमिति भाति ऋतौतुगमनमावश्यकं अन्यथाभ्रूणहत्यादोषः अयंचमनसिकामेसतिक्षेपादिनास्त्रियमनुपगच्छतो ज्ञेयः विरक्तस्यनकोपिदोषइति श्रीभागवतेलोकेव्यवायेतिपद्येटीकायांचस्पष्टं ऋतुकालस्तुरजोदर्शनमारभ्यषोडशदिनपर्यंतंज्ञेयः तत्रप्रथमदिनचतुष्टयैकादशत्रयोदशदिनेषुगमनंवर्ज्यं अवशिष्टदशदिनेषु पुत्रार्थिनासमदिनेकन्यार्थिनाविषमदिनेगमनंकार्यं तत्राप्युत्तरोत्तररात्रीणांप्राशस्त्यं एकस्यांरात्रौसकृदेवगमनंकार्यं सकृद्गमनंचयुग्मासुसर्वासुआवश्यकमितिकेचित् अन्यकालेप्रतिबंधादिनागमनासंभवेश्वैकादश्यादिदिनेपिऋतुगमनंकार्यमितिकेचित् स्त्रीणांवरमनुस्मरन् पत्नीच्छयानृतावपिगच्छन्नदोषभाक् किंतुब्रह्मचर्यहानिमात्रं ऋतौगच्छतियोभार्यामनृतौनैवगच्छति यावज्जीवंब्रह्मचारीमुनिभिःपरिकीर्तितः अष्टमीचतुर्दशीपौर्णिमाऽमावास्यासूर्यसंक्रांतिवैधृतिव्यतीपातपरिघपूर्वदलविष्टिसंध्यासु मातापित्रोर्मृतदिनेश्राद्धतत्प्राग्दिनेजन्मनक्षत्रेदिवाचस्त्रीगमनंवर्ज्यम् ॥

જે જ્વરાદિકવડે આતુર થવાથી રજસ્વલા ચોથે દિવસે સ્નાન કરવાને અસમર્થ હોય તો તેને સ્પર્શ કરી બીજી સ્ત્રી અથવા બીજે પુરૂષે દશ વાર સ્નાન કરવું અને આચમન કરવું. એક એક સ્નાનને સમયે આતુરને વસ્ત્ર બદલાવી બીજું પહેરાવવું. છેવટે સ્પર્શ કરેલાં સઘળાં વસ્ત્રોનો ત્યાગ કરવો, અને બીજું વસ્ત્ર વચમાં પહેરાવી શુદ્ધ વસ્ત્ર ધારણ કરાવવું, પછી પુણ્યાહવાચન અને બ્રાહ્મણભોજન કરાવવાથી શુદ્ધિ થાય છે. એ પ્રમાણે સઘળા આતુરોની શુદ્ધિ જાણવી. એ રીતે શુદ્ધિ થયા પછી શુભ દિવસે દુષ્ટ રજોદર્શનના ફળની નિવૃત્તિમાટે શૌનકે કહેલી ભુવનેશ્વરી શાંતિ અથવા અન્ય ગ્રંથોમાં કહેલી શાંતિ કરી ગર્ભાધાન કરવું. સૂર્યગ્રહણમાં રજોદર્શન થાય તો સૂર્યબિંબ અને તે દિવસે જે નક્ષત્ર હોય તેનું સ્વરૂપ એ બન્ને સોનાનાં કરી રાહુની પ્રતિમા સીસાની કરવી. પછી સઘળાંની પૂજા કરી સૂર્યને ઉદ્દેશે આકડાનાં સમિધવડે હોમ, નક્ષત્રના સ્વામીને ઉદ્દેશે પીપળાનાં સમિધનો હોમ, અને રાહુને ઉદ્દેશે દુર્વાના સમિધવડે હોમ કરી ઘૃત, ચરૂ, અને તિલ એનો પણ હોમ કરવો. ચંદ્રગ્રહણ સમયે રજોદર્શન થાય તો રૂપાનું ચંદ્રબિંબ અને ખાખરાના સમિધ એટલો વિશેષ જાણવો. ગ્રહણ, વ્યતીપાત ઇત્યાદિ બહુ દોષયુક્ત દિવસે પ્રથમ રજોદર્શન થાય તો બીજા, ત્રીજા, ઇત્યાદિક રજોદર્શન સમયે શાંતિ કરી ગર્ભાધાન કરવું. ગર્ભાધાનવિષે ગુરૂ, શુક્રનો અસ્ત; અધિક માસ ઇત્યાદિકનો દોષ નથી. જો પ્રથમ રજોદર્શન સમયે શાંતિ કરી નથી અને બીજા ઇત્યાદિક રજોદર્શન સમયે

ગુરુશુક્ર ઇત્યાદિકનો અસ્તાદિક દોષ પ્રાપ્ત થાય તો તે અસ્તાદિક દોષ ગયા પછી ગર્ભાધાન કરવું; કારણ, નિમિત્ત પ્રાપ્ત થતાંજ જ્યહાં નૈમિત્તિક કાર્ય કરાય તો તે મુખ્ય કાળ છે માટે ત્યહાં અસ્તાદિક દોષ નથી. મુખ્ય કાળનું ઉલ્લંઘન થાય તો અસ્તાદિક દોષ છેજ, એવા સામાન્ય નિર્ણય ઉપરથી ઋતુશાંતિ અસ્તાદિકમાં કરવી નહી, અને શાંતિ કરવી નહી ત્યારે ગર્ભાધાન પણ કરવું નહી એમ મને ભાસેછે, શાંતિ કરવી તે ગ્રહયજ્ઞ (ગ્રહશાંતિ) સહિતજ કરવી. શાંતિમાં ભુવનેશ્વરી એ પ્રધાન દેવતા, ઇંદ્ર અને ઇંદ્રાણી એ પાર્શ્વ (પડખા)ના દેવતા, એ પ્રમાણે ત્રણે કલશમાં ત્રણ પ્રતિમાનું સ્થાપન કરવું. સૂર્યાદિક ગ્રહોના આકડો ઇત્યાદિક સમિધ, ચરૂ, અને ઘૃત એ દ્રવ્ય; દૂર્વા, તિલમિશ્રિત ગહું, પાયસ, અને ઘૃત, પ્રધાન દેવતાનાં એ ચાર દ્રવ્ય; અને પાર્શ્વ દેવતાઓનાં પણ એજ ચાર દ્રવ્ય જાણવાં. પાયસ કરવો તે સ્થંડિલના અગ્નિ ઉપરજ કરવો, પણ ઘરમાં રાંધેલો ગ્રહણ કરવો નહી. ગ્રહોના હોમસારૂ ચરૂ લેવો તે ઘરમાં રાંધેલો લેવો. પાત્રોનાં સ્થાપન કરતી વેળાએ પાયસ રાંધવામાટે એક સ્થાલી, અને ઘરમાં રાંધેલા ચરૂના સંસ્કારમાટે બીજી સ્થાલી, એ પ્રમાણે બે સ્થાલીપાત્ર સ્થાપન કરવાં. ઘૃતના હોમ કરનારા ઘણા હોય તો સ્રુવપાત્ર ઘણાં સ્થાપન કરવાં. ઘૃત સહિત ત્રણ હોમદ્રવ્ય, અને ઘરમાં રાંધેલો ચરૂ એ ચાર દ્રવ્યને અગ્નિસંસ્કાર કરવો. સ્રુવ (સરવો) ઇત્યાદિક પાત્રના સંસ્કાર થયા પછી ઘરમાં રાંધેલો ચરૂ પ્રથમ રાખેલા સ્થાલીપાત્રમાં લઇ, અગ્નિ ઉપર રાખી રાંધ્યો હોય તે પ્રમાણે કરી પછી અભિઘારણ (તે ઉપર ઘી નાખવું) ત્યહાંથકી તે દર્ભનાં આસાદનપર્યંત કર્મ કરવું. પછી પાયસમાં ઘૃત નાંખવું, ત્યહાંથકી તે તેને નીચે ઉતારી રાખવો ત્યહાંપર્યંત કર્મ કરવું. અન્વાધાનમાં અને હોમના દ્રવ્યના ત્યાગ (અર્પણ) માં પ્રધાન દેવતાનો ઉચ્ચાર કરવો તે '**भुवनेश्वरी**' એ પદવડે અથવા '**सविता**' એ પદવડે કરવો; કારણ ગાયત્રીમંત્રવડે હોમ કરવાનો કહ્યો છે. આજ્યભાગ થયા પછી યજમાને જેવું અન્વાધાન કરેલું હોય તે પ્રમાણે ત્યાગનો ઉચ્ચાર કરવો. તે આ રીતે—"**प्रतिदैवतं अष्टाविंशत्याहुतिपर्याप्तमर्कादिजातीयसमिच्चर्वाज्यात्मकं हविस्त्रयं सूर्याय सोमाय भौमाय बुधाय बृहस्पतये शुक्राय शनये राहवे केतवे न मम ॥ अष्टाष्टसंख्यापर्याप्तं हविस्त्रयं तत्तदधिदेवताप्रत्यधिदेवताभ्यो न मम ॥ चतुश्चतुःसंख्यापर्याप्तं तद्धविस्त्रयं विनायकादिभ्यः क्रतुसंरक्षकक्रतुसाद्गुण्यदेवताभ्यो न मम ॥ अष्टोत्तरशतसंख्याहुतिपर्याप्तं दूर्वातिलमिश्रगोधूमपायसाज्येतिहविश्चतुष्टयं भुवनेश्वर्यै न मम ॥ अथवा सवित्रे न मम ॥ अष्टाविंशतिसंख्यापर्याप्तं तच्चतुष्टयमिंद्रेंद्राणीभ्यां न मम**" એ રીતે ત્યાગ કરવો. ઋતુ સમયે ઘણા દોષ હોય તો ભુવનેશ્વરીનો હોમ (૧૦૦૮) કરવો, અને ઇંદ્ર, ઇંદ્રાણીનો હોમ (૧૦૮) કરવો. ઇંદ્ર ઇંદ્રાણીનો હોમ કરો અથવા ન કરો તો પણ સમાન છે. હોમને અંતે નવગ્રહ ઇત્યાદિકને બલિદાન, અને ભુવનેશ્વરી ઇત્યાદિકને બલિદાન દઈ અભિષેક કરવો, એ રીતે સંક્ષેપ કહ્યો. મંત્રસહિત વિસ્તારપૂર્વક બીજો પ્રયોગ પોતપોતાની શાખા પ્રમાણે જાણવો. "સંકલ્પ, પુણ્યાહવાચન, બ્રાહ્મણોનું વરણ, ભૂતનિઃસારણ (સર્ષપ છાંટી ભૂતાપસર્પણ), પંચગવ્યવડે ભૂમિની શુદ્ધિ કરવી, પ્રધાન દેવની પૂજા, અગ્નિની સ્થાપના, સૂર્યાદિક ગ્રહોનું સ્થાપનં અને પૂજન, દેવતાનું અન્વાધાન, પાત્રાસાદન (પાત્ર રાખવાં), હોમનાં દ્રવ્ય તયાર કરવાં, અને ક્રમપૂર્વક હોમ તથા ત્યાગ કરવો, એ પ્રથમનાં અંગભૂત કર્મનો ક્રમ જાણવો. પૂજા, સ્વિષ્ટકૃત, પ્રાયશ્ચિત્તાદિ હોમશેષ, બલિદાન, પૂર્ણાહુતિ, પૂર્ણપાત્રનું નિનયન (ખાલી કરવું), પાથરેલા દર્ભનું વિસર્જન, અગ્નિની પૂજા, અભિષેક, "**मानस्तोके०**" એ મંત્ર ભણી વિભૂતિધારણ, દેવતાની પૂજા અને વિસર્જન, શ્રેયોગ્રહણ (બ્રાહ્મણો પાસેથી કર્મનું ફળ યજમાને લેવું), દક્ષિણા ઇત્યાદિક દેવું, અને કર્મ ઈશ્વરને અર્પણ કરવું, એ રીતે હોમની પાછળ અંગભૂત કર્મનો ક્રમ જાણવો, સ્માર્ત્ત કર્મની ઘણું કરી એજ રીતિ જાણવી." એ પ્રમાણે મદનરત્ને અને બૌધાયને કહેલી શાંતિ, કૌસ્તુભમાં જોવી. રજોદર્શનથી પ્રથમ સ્ત્રી સાથે સંભોગ કરે તો બ્રહ્મહત્યા દોષ લાગેછે એમ છે, તેથી થોડુંક પ્રાયશ્ચિત્ત કરવું એમ મને ભાસેછે. ઋતુકાળે અવશ્ય સ્ત્રીભોગ કરવો, ન કરે તો ભ્રૂણહત્યા (ગર્ભહત્યા) દોષ લાગેછે. મનમાં ભોગ ઇચ્છા હોય અને દ્વેષાદિકને લીધે સ્ત્રીગમન ન કરે તેને આ દોષ લાગેછે. વિરક્ત હોય તો તેને કોઇ પણ દોષ નથી. એ પ્રમાણે શ્રીભાગવતમાં (એકાદશસ્કંધમાં) "**लोके व्यवाया०**" એ શ્લોકની ટીકામાં સ્પષ્ટ છે. રજોદર્શન થાય તે દિવસથકી સોળ દિવસપર્યંત ઋતુકાળ જાણવો. તેમાં પ્રથમના ચાર દિવસ, ઇગ્યારમો દિવસ, અને તેરમો દિવસ તે દિવસે સ્ત્રીસંગ ન કરવો. બાકી રહેલા દશ દિવસોમાં પુત્રની ઇચ્છાવાળે સમ્ (૬-૮-૧૦-૧૨ ઇત્યાદિક) દિવસે અને

કન્યાની ઇચ્છાવાળે વિષમ (૫-૭-૯-૧૧ ઇત્યાદિક) દિવસે ગમન કરવું. તેમાં પણ ઉત્તરોત્તર આવતી રાત્રિઓ ઉત્તમ. એક રાત્રિમાં એક વખતજ ગમન કરવું. એકવાર ગમન કરવું તે સઘળી સમ રાત્રિમાં અવશ્ય કરવું, એમ કોઈ ગ્રંથકાર કહે છે. બીજા દિવસોમાં કાંઇ એક પ્રતિબંધને યોગે ગમન ન થાય તો શ્રાદ્ધદિવસ, એકાદશીનો દિવસ તે દિવસ પણ ઋતુગમન આવશ્ય કરવું, એમ કોઈ ગ્રંથકાર કહે છે. સ્ત્રીઓના કામનો નાશ કરનારો પાપી થાય એવા વરદાનને સ્મરણ કરી સ્ત્રીની ઇચ્છાથી ઋતુકાળ વિના પણ ગમન કરે તો દોષ થતો નથી; માત્ર બ્રહ્મચર્યનો નાશ થાય છે. "જે ઋતુકાળેજ સ્ત્રીનું ગમન કરે, અને ઋતુકાળ વિના ક્યારે પણ ગમન કરે નહી, તે યાવજ્જીવ બ્રહ્મચારી છે એમ ઋષિઓએ કહ્યું છે." આઠમ, ચૌદશ, પૂનમ, અમાસ, સૂર્યની સંક્રાંતિ, વૈધૃતિ, વ્યતીપાત, પરિઘનું પૂર્વાર્ધ, ભદ્રા, સંવિનો કાળ, માતાપિતાનો મરણ દિવસ, શ્રાદ્ધદિવસ, તેથી આગલો દિવસ, જન્મનક્ષત્ર અને દિવસ એટલે કાળે સ્ત્રીગમન વર્જ્ય કરવું.

अथगर्भाधानकालः ॥ चतुर्थीषष्ठीचतुर्दश्यष्टमीपंचदशीरहिताःतिथयः प्रशस्ताः चंद्रबुधगुरुशुक्रवाराःशुभाः मूलमघारेवतीज्येष्ठानक्षत्राणिवर्ज्यानि भरणीकृत्तिकार्द्राश्लेषापूर्वात्रयविशाखामध्यमानि शेषाणिशुभानि सर्वकार्येषुगोचरेचंद्रबलमावश्यकं तद्यथा चंद्रोन्नमधनंसौख्यंरोगंकार्यक्षतिंश्रियं स्त्रियं मृत्युंनृपभयंसुखमायंव्ययंक्रमात् १ स्थानेषुद्वादशस्वेतज्जन्मराशेःप्रयच्छति शुक्लपक्षेशशीश्रेष्ठोद्विपंच नवमेष्वपि २ अनेकभार्यस्यऋतुयौगपद्येविवाहक्रमेणऋतुप्राप्तिक्रमेणवागर्भाधानंऋतावप्यगमनेदोषापवादः व्याधितोबंधनस्थोवाप्रवासेष्वथपर्वसु वृद्धांवंध्यामसद्वृत्तांमृतापत्यामपुष्पिणीं कन्यासूंबहुपुत्रांच अगच्छन्नैवदोषभाक् ॥

હવે ગર્ભાધાનનો કાળ કહે છે.

ચોથ, છઠ ચૌદશ, આઠમ, પૂનમ અને અમાસ એ તિથિ વર્જ્ય કરી બાકીની તિથિઓ ગર્ભાધાનમાટે ઉત્તમ. સોમ, બુધ, ગુરૂ, અને શુક્ર એ વાર ગર્ભાધાનમાટે શુભ. મૂળ, મઘા, રેવતી, અને જ્યેષ્ઠા એ નક્ષત્ર વર્જ્ય કરવાં. ભરણી, કૃતિકા, આર્દ્રા, આશ્લેષા, ત્રણ પૂર્વા, (પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા), અને વિશાખા, એ મધ્યમ. બાકી રહ્યાં તે શુભ છે. સર્વ કાર્યોમાં ગોચરવિષે ચંદ્રબળ અવશ્ય જોઈએ. તે આ પ્રમાણેઃ—"અન્નલાભ, દ્રવ્યનાશ, સુખ, રોગ, કાર્યનાશ, ધનલાભ, સ્ત્રીલાભ, મૃત્યુ, રાજભય, સુખ, ધનલાભ, અને ધનનાશ, એ રીતે ચંદ્ર પોતાની જન્મરાશીથકી બાર સ્થાનકવિષે રહ્યા છતાં ક્રમે કરી ફળ દે છે. શુકલપક્ષમાં બીજો, પાંચમો, અને નવમો એ ચંદ્ર પણ શુભ થાય." જેની અનેક સ્ત્રીઓ હોય તે સ્ત્રીઓને એક સમયે ઋતુ પ્રાપ્ત થાય ત્યારે તેણે વિવાહના ક્રમપ્રમાણે અથવા ઋતુપ્રાપ્તિના ક્રમપ્રમાણે ગર્ભાધાન કરવું. ઋતુકાળે ગમન ન કરતાં પણ દોષ નથી તે કહે છે. "રોગી, બંધનમાં પડેલો, અથવા પરદેશ ગયો હોય, અને પર્વ દિવસે, "એવે સમયે ઋતુકાળે ગમન ન કરતાં પણ દોષ નથી. "વૃદ્ધા, વંધ્યા (વાંઝણી), વ્યભિચારિણી, મૃતવત્સા (જેની પ્રજા મરી જતી હોય તે) રજોદર્શન રહિત, જેને કન્યા પ્રજા થતી હોય તે, બહુ પુત્રવાળી, એવી સ્ત્રીને ગમન ન કરે તો પણ દોષ નથી.

तत्रप्रथमर्तुगमनंगर्भाधानहोमंगृह्याग्नौकृत्वाकार्यं द्वितीयादिकऋतुगमनेचनहोमादिकं येषांसूत्रेहोमोनोक्तस्तैर्होमवर्ज्यंमंत्रपाठादिरूपोगर्भाधानसंस्कारःप्रथमगमनेकार्यः आहिताग्नेरधीयानिनोऽनाहिताग्नेश्चौपासनाग्निसिद्धिसत्त्वेतत्रैवहोमः औपासनाग्निविच्छेदेद्वादशदिनपर्यंतमयाश्चेत्याज्याहुत्याततऊर्ध्वंप्रायश्चित्तपूर्वकंपुनःसंधानविधिनाग्निमुत्पाद्यतत्रकार्यः तत्रप्रत्यब्दंप्राजापत्यकृच्छ्रप्रायश्चित्तं तत्रेत्थंसंकल्पः ममगृह्याग्निविच्छेददिनादारभ्यैतावंतंकालंगृह्याग्निविच्छेदजनितदोषपरिहारद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं गृह्याग्निविच्छेददिनादारभ्यैतावदब्दपर्यंतं प्रत्यब्दमेकैककृच्छ्रान्यथाशक्तितत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतरजतनिष्कनिष्कार्धनिष्कपादनिष्कपादार्धान्यतमद्रव्यदानेनाहमाचरिष्ये तथाएतावद्दिनेषुगृह्याग्निविच्छेदेनलुप्तसायंप्रातरौपासनहोमद्रव्यं लुप्तदर्शपौर्णमासस्थालीपाकादिकर्मपर्याप्तव्रीह्याद्याज्यद्रव्यंच तन्निष्क्रयंवादातुमहमुत्सृजे कृच्छ्रप्रत्याम्नायांतरचिकीर्षायांतथोहःकार्यः अशीतिगुंजात्मकोनिष्कपादः अयंचतुर्गुणितोनिष्कः एवंसंकल्प्यविच्छिन्नस्यगृह्याग्नेःपुनःसंधानंकरिष्यइतिसंकल्पपूर्वकंस्वस्वसूत्रानु

सारेणगृह्याग्निंसंसाधयेत् सर्वाधानिनापिएवमेवपुनःसंधानेनगृह्याग्निमुत्पाद्यगर्भाधानपुंसवनादिहोमःकार्यः तत्रकृच्छ्रसंकल्पोहोमादिद्रव्यदानसंकल्पश्चनकार्यः गर्भाधानहोमंकर्तुंगृह्यपुनःसंधानंकरिष्येइत्येवसंकल्पः गर्भाधानांतेऽग्नित्यागः अर्धाधानिनामपिपक्षद्वयं गृह्याग्नौसायंप्रातर्होमःस्थालीपाकःकार्यइत्येकः गृह्याग्निःकेवलंसंरक्ष्योनतुतत्रहोमादिकार्यमित्यपरः आद्यपक्षेपूर्वोक्तहोमादिद्रव्यदानंकार्यं होमाद्यकरणपक्षेप्रायश्चित्तमात्रंकार्यं नतुद्रव्यदानं द्विभार्यस्याग्निद्वयसंसर्गात्पूर्वमुभयाग्न्यनुगतौ उभयविच्छेददिनादब्दगणनयापृथक्पृथक्कृच्छ्रप्रायश्चित्तंपृथक्पृथक्होमद्रव्यदानं स्थालीपाकद्रव्यदानंचकृत्वा पुनःसंधानद्वयेनाग्निद्वयमुत्पाद्याग्निद्वयसंसर्गंविधायतत्रगर्भाधानहोमः अग्निद्वयसंसर्गात्पूर्वंएकाग्न्यनुगतौतन्मात्रप्रायश्चित्तंतद्धोमद्रव्यमात्रदानंचकार्यं नतुस्थालीपाकद्रव्यदानं भार्यांतरस्यासन्निधाने यस्यांगर्भाधानंतदग्निविच्छेदप्रायश्चित्तादिनागृह्यमुत्पाद्यतत्रहोमः सर्वत्रपुनःसंधानेस्थालीपाकानारंभेस्थालीपाकादिद्रव्यदानंकृताकृतं एवंयथायथंगृह्याग्निसिद्धिंकृत्वा ममास्यांभार्यायांसंस्कारातिशयद्वाराऽस्यांजनिष्यमाणसर्वगर्भाणांबीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंगर्भाधानाख्यंकर्मकरिष्ये तदंगत्वेनस्वस्तिवाचनेत्यादिसंकल्प्य पुण्याहवाचनमातृकापूजननांदीश्राद्धादिकृत्वायथागृह्यंगर्भाधानसंस्कारःकार्यः अत्रगर्भाधानकर्मणोब्रह्मदेवताकत्वात्पुण्याहवाचनांते कर्मांगदेवताब्रह्माप्रीयतामितिवदेत् औपासनांगेस्वस्तिवाचने अग्निसूर्यप्रजापतयःप्रीयंतां स्थालीपाकारंभे अग्निःप्रीयतामिति एवमन्यत्रग्रंथांतरादूह्यम् ॥

તેમાં પ્રથમ ઋતુ સમયે ગૃહ્યાગ્નીમાં ગર્ભાધાન સંબંધી હોમ કરી ગમન કરવું. બીજા ઇત્યાદિક ઋતુ સમયે ગમન કરવાવિષે હોમ ઇત્યાદિક નથી. જેમના સૂત્રવિષે હોમ કરવાનું કહ્યું નથી, તેમણે હોમ ન કરતાં મંત્રનો માત્ર પાઠ પ્રથમ ગમન સમયે કરવો. [1]અર્ધાધાની અગ્નિહોત્રીએ અને [2]અનાહિતાગ્નિએ ગૃહ્યાગ્નિ સિદ્ધ હોય તો તે ઉપરજ ગર્ભાધાનહોમ કરવો. બાર દિવસપર્યંત ગૃહ્યાગ્નિનો વિચ્છેદ (નાશ) થાય તો "अयाश्चा०" એ મંત્રવડે ઘૃતાહુતિરૂપ પ્રાયશ્ચિત્ત કરવું. અગ્નિનો નાશ થઈ બાર કરતાં અધિક દિવસ થયા હોય તો પ્રથમ પ્રાયશ્ચિત્ત કરી ફરી પુનઃસંધાનવિધિવડે અગ્નિ ઉત્પન્ન કરી તે અગ્નિ ઉપર ગર્ભાધાનહોમ કરવો. પ્રાયશ્ચિત્ત કરવું તે દર વર્ષે પ્રાજાપત્ય કૃચ્છ્ર કરવું. તેમાં આ રીતે સંકલ્પ કરવો. "**ममगृह्याग्निविच्छेददिनादारभ्यैतावंतं कालं गृह्याग्निविच्छेदजनितदोषपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं गृह्याग्निविच्छेददिनादारभ्यैतावदब्दपर्यंतं प्रत्यब्दं एकैककृच्छ्रान् यथाशक्ति तत्प्रत्याम्नायगोनिष्कयीभूतरजतनिष्कनिष्कार्धनिष्कपादनिष्कपादार्धान्यतमद्रव्यदानेनाहमाचरिष्ये तथा एतावद्दिनेषु गृह्याग्निविच्छेदेन लुप्तसायंप्रातरौपासनहोमद्रव्यं लुप्तदर्शपौर्णमासस्थालीपाकादिकर्मपर्याप्तव्रीह्याद्याज्यद्रव्यं च तन्निष्क्रयं वा दास्येऽहमुत्सृजे.**" કૃચ્છ્રને સ્થાનકે બીજો પ્રત્યામ્નાય કરવો હોય તો તેવો ઉચ્ચાર કરવો. એંશી ગુંજાભારનો નિષ્કપાદ, એ ચોગુણો કરવાથી એક નિષ્ક. એ પ્રમાણે સંકલ્પ કરી, "**विच्छिन्नस्य गृह्याग्नेः पुनःसंधानं करिष्ये.**" એવો સંકલ્પ કરી પોતપોતાના સૂત્રપ્રમાણે ગૃહ્યાગ્નિ સિદ્ધ કરવો. [3]સર્વાધાની હોય તેણે પણ એજ રીતે પુનઃસંધાન વિધિવડે ગૃહ્યાગ્નિ ઉત્પન્ન કરી તે અગ્નિ ઉપર ગર્ભાધાન, પુંસવન ઇત્યાદિકનો હોમ કરવો. સર્વાધાનીએ કૃચ્છ્રનો સંકલ્પ અને હોમાદિક દ્રવ્યના દાનનો સંકલ્પ એ કરવા નહી. ત્યારે, "**गर्भाधानहोमं कर्तुं गृह्यपुनःसंधानं करिष्ये,**" એવોજ સંકલ્પ કરવો, અને ગર્ભાધાન થયા પછી અગ્નિનો ત્યાગ કરવો. અર્ધાધાનીઓના પણ બે પક્ષ છે. પ્રથમપક્ષ—ગૃહ્યાગ્નિ ઉપર સાયંકાળે, પ્રાતઃકાળે હોમ અને સ્થાલીપાક કરવા. બીજો પક્ષ—કેવળ ગૃહ્યાગ્નિનું માત્ર રક્ષણ કરવું; તે ઉપર હોમાદિક કરવો નહી. પ્રથમ પક્ષવિષે પ્રથમ કહ્યા પ્રમાણે હોમાદિકનાં દ્રવ્યનું દાન કરવું. હોમાદિક ન કરવો એ પક્ષવિષે પ્રાયશ્ચિત્ત માત્ર કરવું, હોમાદિકના દ્રવ્યનું દાન કરવું નહી. જેની બે સ્ત્રી હોય તેના બન્ને અગ્નિનો સંસર્ગ (એકીકરણ) થયાથી પ્રથમ બન્ને અગ્નિ નષ્ટ થાય તો બન્નેનો નાશ જે દિવસે થયો તે દિવસથકી વર્ષ લેખી તે પ્રમાણે બન્નેનાં જુદાં જુદાં કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત, અને જુદાં જુદાં હોમદ્રવ્યનું દાન, અને સ્થાલીપાકના દ્રવ્યનું દાન એ

---

[1] ગૃહ્યાગ્નિયુક્ત જે અગ્નિહોત્રી તે અર્ધાધાની.

[2] કેવળ સ્માર્તાગ્નિ (આવસથ્ય) યુક્ત તે અનાહિતાગ્નિ કહેવાયછે.

[3] અગ્નિહોત્રી હોય અને ગૃહ્યાગ્નિરહિત તે સર્વાધાની કહેવાયછે.

સર્વ કરી બે પુનઃસંધાન કરી બે અગ્નિ ઉત્પન્ન કરવા, પછી તે બન્ને અગ્નિનો સંસર્ગ કરી તે સંસર્ગાગ્નિ ઉપર ગર્ભાધાનનિમિત્ત હોમ કરવો. બન્ને અગ્નિનો સસર્ગ થયાથી પ્રથમ બેમાંથી એક અગ્નિ નષ્ટ થાય તો તેનુ પ્રાયશ્ચિત્ત, અને તેના હોમદ્રવ્યનું દાન એ માત્ર કરવાં, સ્થાલીપાકનાં દ્રવ્યનું દાન કરવું નહી. બીજી સ્ત્રી પાસે ન હોય તો જે સ્ત્રીને ગર્ભાધાન કરવાનું તેના અગ્નિનો નાશ થયાનું પ્રાયશ્ચિત્ત ઇત્યાદિક કરી પુનઃસંધાનવિધિવડે અગ્નિ ઉત્પન્ન કરી તે ઉપર ગર્ભાધાનહોમ કરવો. સ્થાલીપાકનો આરંભ થયો ન હોય તો સર્વત્ર પુનઃસધાન સમયે સ્થાલીપાક ઇત્યાદિકનાં દ્રવ્યનું દાન કરવું, ચાહાય ન કરવું એમ છે, એ પ્રમાણે યથાયોગ્ય ગૃહ્યાગ્નિ સિદ્ધ કરી "ममास्यां भार्यायां संस्कारातिशयद्वाराऽस्यां जनिष्यमाणसर्वगर्भाणां बीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं गर्भाधानाख्यं कर्म करिष्ये, तदंगत्वेन स्वस्तिवाचनं," ઇત્યાદિક સકલ્પ કરી પુણ્યાહવાચન, માતૃકાપૂજન, અને નાંદીશ્રાદ્ધ ઇત્યાદિક કરી પોતાના ગૃહ્યસૂત્રપ્રમાણે ગર્ભાધાન સંસ્કાર કરવો. આ ગર્ભાધાન સંસ્કારના દેવતા બ્રહ્મા છે માટે પુણ્યાહવાચનની છેવટે, "कर्मांगदेवता ब्रह्मा प्रीयतां" એવો ઉચ્ચાર કરવો. અગ્નિ સિદ્ધ કરતી વખતે તેના અંગભૂત પુણ્યાહવાચનની અંતે, "अग्निसूर्यप्रजापतयः प्रीयतां," એવો ઉચ્ચાર કરવો. સ્થાલીપાકના આરંભ સમયે, "अग्निः प्रीयतां," એવો ઉચ્ચાર કરવો. એ રીતે બીજાં કર્મોમાં ઉચ્ચાર કરવો તે બીજા ગ્રંથોમાં જોવો.

अथनांदीश्राद्धविचारः ॥ गौर्यादिमातृकापूजनंनांदीश्राद्धांगं यत्रनांदीश्राद्धंनक्रियते तत्रमातृकापूजनमपिनकार्यं तत्र पूर्वंमातृपार्वणंततःपितृपार्वणंततःसपत्नीकमातामहपार्वणं इति पार्वणत्रयात्मकंनांदीश्राद्धं मातृजीवने सपत्नमातृमरणेपिनमातृपार्वणं एवंमातामह्याजीवने मातामहीसपत्न्यामरणेऽपिनमातामहादेःसपत्नीकत्वं एवंदर्शादावपिमातृजीवनेसपत्नमातृमरणेपि नसपत्नीकत्वंपित्रादेः अत्रस्वधाशब्दस्थानेस्वाहाशब्दः सव्येनैवसर्वाःक्रियाः प्रतिपार्वणंदैवेच युग्माब्राह्मणाः कुशस्थानेदूर्वाः विवाहादिमंगलकर्मांगेवृद्धिश्राद्धेयज्ञादिकर्मांगेतुअमूलादर्भाग्राह्याः दूर्वादर्भाश्चयुग्माएव उदङ्मुखःकर्ता प्राङ्मुखाविप्राः प्राङ्मुखोवाकर्ताउदङ्मुखाविप्राः पूर्वाह्णकालः प्रदक्षिणंकर्म आधानांगत्वपराह्णेकार्यं पुत्रजन्मनिमित्तकंरात्रावपि एवंचविश्वेदेवार्थविप्रसहिताअष्टौविप्रा अत्यशक्तौचत्वारोवा वृद्धिश्राद्धे विश्वेदेवाःसत्यवसुसंज्ञकाः सोमयागगर्भाधानपुंसवनसीमंतोन्नयनाधानादिकर्मांगभूतवृद्धिश्राद्धेक्रतुदक्षसंज्ञकाः गर्भाधानादिसंस्कारेषुवापीदेवप्रतिष्ठादिपूर्तकर्मसु अपूर्वाधानादिषु संन्यासस्वीकारेकाम्यवृषोत्सर्गगृहप्रवेशेतीर्थयात्रायांश्रवणाकर्मसर्पबल्याश्वयुज्याग्रयणादिपाकसंस्थानां प्रथमारंभे नांदीश्राद्धमावश्यकं पुनराधानेसोमयागादिभिन्नेअसकृत्क्रियमाणेकर्मणिअष्टकादिश्राद्धकर्मसुचनांदीश्राद्धंनकार्यं गर्भाधानपुंसवनसीमंतचौलमौंजीविवाहातिरिक्तसंस्कारेषुश्रवणाकर्मादिषुचनांदीश्राद्धंवैकल्पिकं जातकर्मांगंपुत्रजन्मनिमित्तकंचनांदीश्राद्धंपृथगेव जन्मकालेएवजातकर्मणिक्रियमाणेपुत्रजन्मनिमित्तकंजातकर्मांगंचवृद्धिश्राद्धंतंत्रेणकरिष्ये इतिसंकल्प्य सकृदेवकार्यं नामकर्मणासहजातकर्मचिकीर्षायांपुत्रजन्मनिमित्तंजन्मकालेएवहेमाद्युक्त्याकर्मांगंनामकर्मकालेकार्यं तद्वातदकरणेनामकर्मकालेएवपुत्रजन्मनिमित्तकंजातकर्मनामकर्मांगंचनांदीश्राद्धंतंत्रेणकरिष्यइतिसंकल्प्यैकमेवकार्यं एवंचौलादिकर्मणासहजातकर्मादिषुक्रियमाणेषुपुत्रजन्मनिमित्तकंचौलांतसंस्कारांगंचनांदीश्राद्धंतंत्रेणकरिष्यइतिसंकल्पः तथाचसहैवक्रियमाणेषुचौलादिष्वन्येषुचकर्मसुनांदीश्राद्धस्यसकृदेवानुष्ठानंनतुप्रतिकर्मपृथगनुष्ठानम् एवंयमलयोर्युगपदेकसंस्कारकरणेपिज्ञेयं बह्वृचशाखिभिःकात्यायनैश्चपितृपितामहप्रपितामहाइतिपितृपूर्वकउच्चारःकार्यः अन्यशाखिभिस्तुप्रपितामहपितामहपितरोनांदीमुखाइतिप्रपितामहपूर्वकउच्चारः मातृपार्वणेनांदीमुखशब्देङीप्विकल्पान्नांदीमुख्यइतिनांदीमुखाइतिपक्षद्वयमुच्चारे अनादिसंज्ञात्वेननप्रमुखात्संज्ञायामितिनिषेधानवतारादितिपुरुषार्थचिंतामणीकारः ॥

હવે નાંદીશ્રાદ્ધનો નિર્ણય કહે છે.

ગૌરી ઇત્યાદિક માતૃકાનું પૂજન નાંદીશ્રાદ્ધનું અગ છે. જ્યહાં નાંદીશ્રાદ્ધ થતું નથી તે કર્મમાં માતૃકાપૂજન પણ કરવું નહી. પ્રથમ માતૃપાર્વણ, પછી પિતૃપાર્વણ, પછી સપત્નીક માતામહ પાર્વણ એ પ્રમાણે ત્રણ પાર્વણ જેમાં છે તે નાંદીશ્રાદ્ધ. માતા જીવતી હોય અને સાવકી માતા મરણ પા-

મેલી હોય તો પણ માતૃપાર્વણ ન થાય. એ રીતેં માતામહી (માતાની માતા) જીવતી હોય અને સાવકી માતામહી મરણ પામેલી હોય તો પણ માતામહ ઇત્યાદિકને સપત્નીકપણું નથી. એ રીતે દર્શાદિક શ્રાદ્ધમાં પણ માતા જીવતી હોય અને સાવકી માતા મરણ પામેલી હોય તો પણ પિત્રાદિકને સપત્નીકપણું નથી. એ નાંદી શ્રાદ્ધમાં ‘स्वधा’ શબ્દને સ્થાનકે ‘स्वाहा’ શબ્દ ઉચ્ચારે કરવો. અને સવ્યેજ સઘળું કર્મ કરવું. દર એક પાર્વણને ઠેકાણે અને દેવને ઠેકાણે બે બે બ્રાહ્મણ નોતરવા. વિવાહાદિક મંગળ કર્મનું અંગભૂત નાંદીશ્રાદ્ધ હોય તો દર્ભને ઠેકાણે દૂર્વા લેવી. યજ્ઞાદિક કર્મનું અંગભૂત નાંદીશ્રાદ્ધ હોય તો મૂળરહિત દર્ભ લેવા. દૂર્વા અને દર્ભ એ બે બેજ લેવાં. નાંદીશ્રાદ્ધ કર્ત્તાએ ઉત્તરાભિમુખ બેસવું, અને બ્રાહ્મણોએ પૂર્વમુખ બેસવું. અથવા કર્ત્તાએ પૂર્વમુખ, અને બ્રાહ્મણોએ ઉત્તર મુખ બેસવું. નાંદીશ્રાદ્ધમાં પૂર્વાહ્ણકાળ લેવો. સઘળું કર્મ પ્રદક્ષિણ કરવું. ગર્ભાધાનનું અંગભૂત નાંદીશ્રાદ્ધ અપરાહ્ણ કાળે કરવું. પુત્રજન્મનિમિત્ત નાંદીશ્રાદ્ધ રાત્રિએ પણ કરવું. એ રીતે વિશ્વદેવા સંબંધી બ્રાહ્મણ સહિત આઠ બ્રાહ્મણોને કહેવું. તેટલું સામર્થ્ય ન હોય તો ચાર બ્રાહ્મણોને કહેવું. નાંદીશ્રાદ્ધમાં ‘सत्यवसु’ નામના વિશ્વેદેવા લેવા. સોમયાગ, ગર્ભાધાન, પુંસવન. સીમંતોન્નયન, અને અગ્ન્યાધાન, ઇત્યાદિક કર્મનાં અંગભૂત નાંદીશ્રાદ્ધમાં ‘क्रतुदक्ष’ નામના વિશ્વેદેવા લેવા. ગર્ભાધાન ઇત્યાદિક સંસ્કાર; વાવ, અને દેવની પ્રતિષ્ઠા ઇત્યાદિક પૂર્ત્તકર્મ; પ્રથમ ન કરેલું એવું આધાન (અગ્નિહોત્ર) ઇત્યાદિક કર્મ; સંન્યાસ લેવો; કામ્ય વૃષોત્સર્ગ; ગૃહપ્રવેશ; તીર્થયાત્રા અને શ્રવણાકર્મ, સર્પબલિ, આશ્વયુજી કર્મ, આગ્રયણ ઇત્યાદિક પાકસંસ્થાઓનો પ્રથમ આરંભ; એ કર્મના આરંભ સમયે નાંદીશ્રાદ્ધ અવશ્ય કરવું. સોમયાગ વિના પુનરાધાન, વારંવાર કરવાનાં કર્મ, અને અષ્ટકા ઇત્યાદિક શ્રાદ્ધકર્મ, એઓમાં નાંદીશ્રાદ્ધ કરવું નહી. ગર્ભાધાન, પુંસવન, સીમતોન્નયન. ચૌલ, મૌંજી. અને વિવાહ એ વિના બીજા સંસ્કારો અને શ્રવણાકર્માદિક કર્મવિષે નાંદીશ્રાદ્ધ કરવું અથવા ન કરવું એ વિકલ્પ છે. જાતકર્મનું અંગભૂત નાંદીશ્રાદ્ધ અને પુત્રજન્મસંબંધી નાંદીશ્રાદ્ધ એ ભિન્ન ભિન્ન કરવાં. પુત્રજન્મ સમયેજ જાતકર્મ સંસ્કાર કરવામાં આવતો હોય તો, “पुत्रजन्मनिमित्तकं जातकर्मांगं च वृद्धिश्राद्ध तंत्रेण करिष्ये,” એવો સંકલ્પ કરી એક વખતજ નાંદીશ્રાદ્ધ કરવું. નામકરણ સંસ્કારની સાથે જાતકર્મ કરવાનું હોય તો પુત્રજન્મ સંબંધી નાંદીશ્રાદ્ધ જન્મકાળેજ સુવર્ણવડે કરી કર્માંગભૂત નાંદીશ્રાદ્ધ નામકર્મ સમયે કરવું. જન્મકાળે તે કરવું ન હોય તો નામકર્મસમયેજ, पुत्रजन्मनिमित्तकं जातकर्मनामकर्मांगं च नांदीश्राद्धं तंत्रेण करिष्ये,” એવો સંકલ્પ કરી એકજ કરવું. એ પ્રમાણે ચૌલ ઇત્યાદિ કર્મની સાથે જાતકર્માદિ સંસ્કાર કરવાના હોય તો, “पुत्रजन्मनिमित्तकं चौलांतसंस्कारांगं च नांदीश्राद्धं तंत्रेण करिष्ये.” એવો સંકલ્પ કરવો એજ રીતે સાથેજ કરવાના ચૌલાદિક સસ્કાર અને બીજાં કર્મ તેઓમાં નાંદીશ્રાદ્ધ એકજ વાર કરવું, કર્મ કર્મપ્રત્યે ભિન્ન કરવું નહી. એ પ્રમાણે યમળ (બેલડાંનાં) જે તેમના સંસ્કાર એક કાળે કરવાના હોય તેમાં પણ એ પ્રમાણેજ નિર્ણય જાણવો. ઋગ્વેદીઓએ, અને કાત્યયનોએ “पितृपितामहप्रपितामहाः” એવો પિતૃપૂર્વક ઉચ્ચાર કરવો. બીજી શાખાવાળાઓએ તો “प्रपितामहपितामहपितरो नांदीमुखाः” એવો પ્રપિતામહપૂર્વક ઉચ્ચાર કરવો. માતૃપાર્વણમાં નાંદીમુખ શબ્દની આગળ વ્યાકરણનો ડીપ્ પ્રત્યય વિકલ્પથી પ્રાપ્ત થાયછે માટે “नांदीमुख्यः” એવો, અથવા “नांदीमुखः” એવો એ બન્ને પક્ષ ઉચ્ચારમાં ચાલેછે તેથી બન્નેમાંથી કોઈ એક લેવો. “નખ અથવા મુખ એ શબ્દ જેને અંતે આવ્યો હોય એવો શબ્દ કોઈની સંજ્ઞા થાય તો તેની આગળ ડીપ્ પ્રત્યય થતો નથી, પણ ટાપ્ પ્રત્યય થાયછે,” એવો જે નિષેધ કર્યો તેની એ ઠેકાણે પ્રાપ્તિ નથી, કારણ, ‘નાંદીમુખ’ એ સંજ્ઞા અનાદિ છે, એ રીતે પુરુષાર્થચિંતામણીકાર કહે છે.

अथवृद्धिश्राद्धकर्तुर्जीवत्पितृकत्वेनिर्णयः ॥ जीवेत्तुयदिवर्गाद्यस्तंवर्गंतुपरित्यजेदितिन्यायेनजीवत्पितृकःस्वापत्यसंस्कारेपुमातृमातामहपार्वणयुतंनांदीश्राद्धंकुर्यात् मातरिजीवत्यांमातामहपार्वणकमेव मातामहेजीवतिमातृपार्वणकमेव केवलमातृपार्वणेविश्वेदेवानकार्याः वर्गत्रयाद्येपुमातृपितृमातामहेपुजीवत्सुनांदीश्राद्धलोपएवसुतसंस्कारेपूचितः द्वितीयविवाहाधानपुत्रेष्टिसोमयागादिषु स्वसंस्कारकर्मसु येभ्यएवपितादद्यात्तेभ्योदद्यात् तथाचमृतमातृमातामहकोपिजीवत्पितृकःस्वसंस्कारे पितुर्मातृपितामहीप्रपितामह्यः पितुःपितृपितामहप्रपितामहाः पितुर्मातामहमातृपितामहमातृप्रपिता

महाः इत्येवपार्वणत्रयमुद्दिश्यश्राद्धंकुर्यात् नतुस्वमातृमातामहपार्वणोद्देशः पितरिपितामहेचजीवति स्वसंस्कारे पितामहस्यमातृपितामहीप्रपितामह्यइत्याद्युद्देशः एवंप्रपितामहेपियोज्यं पितुर्मात्रादिजीवने तत्पार्वणलोपएव तथाचयेभ्यएवपितादद्यादितिपक्षस्यवर्गाद्यजीवनेतत्पार्वणलोपइतिद्वारलोपपक्षस्य चस्वसंस्कारस्वापत्यसंस्कारभेदेनव्यवस्थासिद्धांतितेतिज्ञेयं केचित्तुपक्षद्वयस्यैच्छिकोविकल्पोनतुव्यवस्थितइत्याहुः एवंमृतपितृकस्यजीवन्मातृमातामहस्यपितृपार्वणेनैवनांदीश्राद्धसिद्धिर्ज्ञेया समावर्तनस्य माणवककर्तृत्वेपितदंगभूतनांदीश्राद्धेपितुस्तदभावेज्येष्ठभ्रात्रादेरधिकारइतिकेचित् तत्रपितापुत्रसमावर्तनेस्वपितृभ्योनांदीश्राद्धंकुर्यात् पिताजीवत्पितृकश्चेत्सुतसंस्कारत्वात्द्वारलोपपक्षोयुक्तइतिभाति माणवकपितुःप्रवासादिनाअसंनिधानेभ्रात्रादिर्माणवकस्यपितुर्मातृपितामहीप्रपितामह्यइत्याद्युच्चार्यश्राद्धंकुर्यात् मृतपितृकमाणवकसमावर्तनेपितृव्यभ्रात्रादिरस्यमाणवकस्यमातृपितामहीत्याद्युच्चारयेत् भ्रात्रादेरभावेस्वयमेवस्वपितृभ्योदद्यात् एवंजीवत्पितृकोपिपितुरसन्निधानेभ्रात्रादेरभावेपितुःपितृभ्यःस्वयमेव नांदीमुखंकुर्यात् उपनयनेनकर्माधिकारस्यजातत्वात् एवंविवाहेपिद्रष्टव्यं मृतपितृकस्यचौलोपनयनादिकंपितृव्यमातुलादिःकुर्वन् अस्यसंस्कार्यस्यपितृपितामहेत्याद्युच्चार्यश्राद्धंकुर्यात् जीवतःपितुरसंनिधानेनकुर्वन्मातुलादिरस्यसंस्कार्यस्यपितुर्जनकादीनुद्दिश्यकुर्यान्नतुसंस्कार्यस्यमृतानपिमात्रादीनितिसंक्षेपः ॥

હવે નાંદીશ્રાદ્ધ કરનારાનો પિતા જીવતો હોય તો તેવિષે નિર્ણય કહે છે.

માતા (મા) પિતામહી (દાદી), અને પ્રપિતામહી (પરદાદી), એ ત્રણ મળી એક વર્ગ; પિતા (બાપ), પિતામહ (દાદો), અને પ્રપિતામહ (પરદાદો), એ ત્રણ મળી એક વર્ગ, માતામહ (માનો પિતા), માતુઃપિતામહ (માનો દાદો), અને માતુઃપ્રપિતામહ (માનો પરદાદો) એ સપત્નીક ત્રણે મળી એક વર્ગ; એ પ્રમાણે ત્રણ વર્ગ છે, તેમાં "વર્ગનું પ્રથમ મનુષ્ય જીવતું હોય તો તે વર્ગજ છોડી દેવો." એવો ન્યાય છે માટે જેનો પિતા જીવતો હોય તેણે પોતાનાં બાળકોના સંસ્કાર સમયે માતૃપાર્વણ અને માતામહ પાર્વણ એ બે પાર્વણે યુક્ત નાંદીશ્રાદ્ધ કરવું. માતા જીવતી હોય તો માતામહ પાર્વણે યુક્તજ કરવું. માતામહ જીવતો હોય તો માતૃપાર્વણે યુક્તજ નાંદીશ્રાદ્ધ કરવું. કેવળ એક માતૃપાર્વણજ હોય તો નાંદીશ્રાદ્ધમાં વિશ્વેદેવા કરવા નહી. ત્રણ વર્ગમાંનાં પ્રથમનાં એટલે માતા, પિતા અને માતામહ, એ ત્રણે જીવતાં હોય તો પુત્રસંસ્કારમધ્યે નાંદીશ્રાદ્ધનો લોપજ કરવો એ યોગ્ય છે. બીજો વિવાહ, અગ્ન્યાધાન, પુત્રેષ્ટિ, અને સોમયાગ ઇત્યાદિક પોતાના સંસ્કારરૂપ કર્મવિષે "પોતાનો પિતા જે પિતૃને પાર્વણ દેતો હોય તેજ પિતૃને પુત્રે દેવું, તેમજ જેની માતા અને માતામહ એ મૃત થયાં હોય અને પિતા જીવતો હોય તો તેણે પોતાના સંસ્કારમાંનાં નાંદીશ્રાદ્ધ સમયે પિતા જેનો ઉચ્ચાર કરતો હોય તેનોજ ઉચ્ચાર કરવો. તે આ પ્રમાણે,—"पितुर्मातृपितामहीप्रपितामह्याः पितुःपितृपितामहप्रपितामहाः पितुर्मातामहमातृपितामहमातृप्रपितामहाः" એજ રીતે ત્રણ પાર્વણનો ઉદ્દેશ કરી નાંદીશ્રાદ્ધ કરવું, પોતાનાં માતૃપાર્વણ અને માતામહપાર્વણનો ઉચ્ચાર કરવો નહી. પિતા અને પિતામહ બન્ને જીવતા હોય તો પોતાના સંસ્કાર સમયે પિતામહનાં માતૃપાર્વણનો ઉચ્ચાર કરવો. તે આ રીતે,—"पितामहस्य मातृपितामहीप्रपितामह्याः," એ રીતે ઉદ્દેશ કરવો. પ્રપિતામહ જીવતો હોય તો પણ એ પ્રમાણે યોજના કરવી. પિતાની માતા ઇત્યાદિક જીવતી હોય તો તે પાર્વણનો લોપજ કરવો. તેમજ "જે પિતૃને પિતા પાર્વણ દેતો હોય તેજ પિતૃને પુત્રે દેવાં." એ એક પક્ષ; અને વર્ગમાંનો પ્રથમ જીવતો હોય તો તે પાર્વણનો લોપ કરવો એ બીજો દ્વારલોપ પક્ષ; એમની વ્યવસ્થા, પોતાના સંસ્કાર અને પોતાનાં સંતાનોના સંસ્કાર. એ ભેદવડે કરેછે, એમ જાણવું; એટલે પોતાના સંસ્કારમાં પિતાનાં પાર્વણો અને પુત્રના સંસ્કારમાં પોતાનાં પાર્વણો લેવાં એ તાત્પર્ય. કોઈ ગ્રંથકાર તો, પ્રથમ કહેલા બન્ને પક્ષનો વિકલ્પ ઐચ્છિક (ઇચ્છાપૂર્વક) છે, વ્યવસ્થાયુક્ત નથી એમ કહે છે. એજ રીતે જેનો પિતા મૃત થયો હોય, અને માતા તથા માતામહ એ બન્ને જીવતાં હોય તો તેના નાંદીશ્રાદ્ધની સિદ્ધિ એક પિતૃપાર્વણ થકીજ થાય છે એમ સમજવું, જો કે સમાવર્તન સંસ્કાર પોતેજ બટુક કરે તો પણ સમાવર્તનનું અંગભૂત નાંદીશ્રાદ્ધ પિતાએ કરવું. પિતા ન હોય તો જ્યેષ્ઠ ભ્રાતાએ કરવું, એમ કોઈ ગ્રંથકાર કહે છે. પિતાએ પુત્રનાં સમાવર્તન સમયે નાંદીશ્રાદ્ધ કરવું તે પોતાના પિતૃને ઉદ્દેશે કરવું. પિતા જીવત્પિતૃક (જેનો પિતા જીવતો હોય તેવો) હોય તો પુત્રનો સંસ્કાર છે માટે ત્યહાં દ્વારલોપ પક્ષ યોગ્ય છે એમ ભાસેછે. બટુનો પિતા

પ્રવાસ ઇત્યાદિક કારણથી સમીપે ન હોય તો બટુના ભાઈ ઇત્યાદિકે "**माणवकस्य पितुर्मातृपितामहीप्रपितामह्यः**, એવો (બટુના પિતાનાં પાર્વણનો) ઉચ્ચાર કરી નાંદીશ્રાદ્ધ કરવું. મૃતપિતૃક (જેનો પિતા મૃત છે) એવા બટુના સમાવર્ત્તન વિષે કાકો, ભાઈ ઇત્યાદિકે બટુના પાર્વણવડે નાંદીશ્રાદ્ધ કરવું. તેમાં, "**अस्य माणवकस्य मातृपितामहीप्रपितामह्यः**," એવો ઉચ્ચાર કરવો. ઇત્યાદિક ન હોય તો બટુએજ પોતાના પિતૃને ઉદ્દેશે નાંદીશ્રાદ્ધ કરવું. તેમજ પિતા જીવતો છતાં સમીપે ન હોય અને ભાઈ ઇત્યાદિકનો અભાવ હોય તો પિતાના પિતૃને ઉદ્દેશે બટુએ પોતેજ નાંદીશ્રાદ્ધ કરવું. કારણ, યજ્ઞોપવીત થયેલું છે તેથી બટુને કર્મનો અધિકાર છે. એ પ્રમાણે વિવાહમાં પણ નિર્ણય જાણવો. મૃતપિતૃકના ચૌલ, મૌંજી ઇત્યાદિક સંસ્કાર કરવાના તે કાકો મામો ઇત્યાદિક સંસ્કાર કરતા હોય તો તેઓએ "**अस्य संस्कार्यस्य पितृपितामहप्रपितामहाः**" ઇત્યાદિક ઉચ્ચાર કરી જેને સંસ્કાર કરવાના છે તેના પાર્વણવડે નાંદીશ્રાદ્ધ કરવું. પિતા જીવતો છતાં તે સમીપે ન હોવાના કારણથી મામો ઇત્યાદિક સંસ્કાર કરે તો તેણે, જેને સંસ્કાર કરવાના છે તેના પિતાની માતા, પિતા ઇત્યાદિકને ઉદ્દેશે નાંદીશ્રાદ્ધ કરવું, બટુની માતા ઇત્યાદિક મૃત થઈ હોય તો પણ તેને ઉદ્દેશે કરવું નહી. એ પ્રમાણે નાંદીશ્રાદ્ધનાં પાર્વણનો સંક્ષેપે નિર્ણય કર્યો.

नांदीश्राद्धेपिंडदानंकुलधर्मानुसारेणवैकल्पिकं पिंडेपुदधिमधुवदरद्राक्षामलकमिश्रणं दक्षिणायांद्राक्षामलकानि प्रथमांतेनसंकल्पः सर्वत्रोच्चारेसंबंधनामगोत्रंवर्जयेत् मालतीमल्लिकाकेतकीकमलानांमालादेयानतुरक्तपुष्पाणां कुंकुमचंदनाद्यलंकृताःसर्वे नांदीश्राद्धारंभेपाकांतरेणवैश्वदेवःसाग्निकानग्निकैः सर्वशाखिभिःकार्यः द्वयोर्द्वयोर्विप्रयोर्युगपन्निमंत्रणं भवद्भ्यांक्षणःक्रियतामोंतथाप्राप्नुतांभवंतौप्राप्नवावेत्युक्तिः शंनोदेवीत्यनुमंत्र्ययवानेवक्षिपेत् यवोसिसोमदेवत्योगोसवेदेवनिर्मितः प्रत्नवद्भिःप्रत्तःपुष्ट्यानांदीमुखान्पितॄनिमाँल्लोकान्प्रीणयाहिनःस्वाहानमइतिपित्र्येमंत्रः द्विर्द्विर्गंधादिदानं पाणिहोमोग्नयेकव्यवाहनायस्वाहासोमायपितृमतेस्वाहेति अत्रश्राद्धेनापसव्यंनतिलाःनचपितृतीर्थेनदानं पावमानीःशंवतीः शकुनिसूक्तंस्वस्तिसूक्तंचश्रावयेत् मधुवाताइतित्र्यृचस्थानेउपास्मैगायतेतिपंचर्चः अक्षन्नमीमदंतेतिच तृप्तिप्रश्नस्थानेसंपन्नमिति दैवेरुचितमितिप्रश्नः पूर्वाग्रेषुकुशेषुदूर्वासुवाएकस्यद्वौद्वौपिंडौ अक्षय्यस्थाने नांदीमुखाःपितरःप्रीयंतां स्वधावाचनस्थानेनांदीमुखान्पितॄन्वाचयिष्ये इत्यादिनास्वधांप्रयुंजीत त्वमूपुवाजिनमितिविप्रविसर्जनं केचिन्नांदीश्राद्धांतेवैश्वदेवोवह्वृचानामित्याहुः नात्रश्राद्धांगतर्पणं अत्राहिताग्निनापिंडदानंकार्यं पितुर्मात्रादिवर्गत्रयोद्देशेनश्राद्धे पितुर्मातामहीचैवतथैवप्रपितामहीत्यादिश्लोकपाठः द्वारलोपपक्षे यत्पार्वणलोपस्तत्पार्वणविषयकश्लोकैकदेशलोपः केवलमातृपार्वणेदेवानकार्याः एताभवंतुसुप्रीताइत्यूहःकार्यः सांकल्पविधिनासंक्षिप्तनांदीश्राद्धप्रयोगःप्रयोगरत्नादौद्रष्टव्यः इतिनांदीश्राद्धविचारः ॥

નાંદીશ્રાદ્ધમાં પિંડદાન કરવું તે કુળાચાર પ્રમાણે વૈકલ્પિક (કરે અથવા ન કરે) એમ છે. પિંડમાં દહીં, મધ, બોરાં, દ્રાખ, અને આમળાં એ પદાર્થો મેળવવા. દક્ષિણામાં દ્રાખ અને આંમળાં દેવાં. પ્રથમા વિભક્ત્યંત શબ્દવડે સંકલ્પ કરવો. સર્વત્ર ઉચ્ચારમાં સંબંધ, નામ અને ગોત્ર એ વર્જ્ય કરવાં. જાઈ, ચમેલી, મોગરા, કેતકી અને કમલની માળા (બ્રાહ્મણોને) દેવી, રાતાં ફુલની માળા દેવી નહી. સઘળાઓએ કેશર, ચંદન ઇત્યાદિકવડે અલંકૃત રહેવું. નાંદીશ્રાદ્ધનો આરંભ થયા પછી સાગ્નિક, નિરગ્નિક સર્વ શાખાવાળાઓએ જુદો પાક (ભાત) કરી વૈશ્વદેવ કરવો. બે બે બ્રાહ્મણોનું એક વખતેજ નિમંત્રણ કરવું. તેનો ઉચ્ચાર આ પ્રમાણે,—"**भवद्भ्यां क्षणः क्रियतां ॐतथा, प्राप्नुतां भवंतौ, प्राप्नवाव.**" "**शन्नोदेवी०**" એ મંત્રવડે મંત્રી જવજ છાંટવા. "**यवोसि सोमदेवत्यो, गोसवे देवनिर्मितः ॥ प्रत्नवद्भिः प्रत्तः पुष्ट्या नांदीमुखान् पितॄनिमाँल्लोकान्प्रीणयाहि नः स्वाहा नमः,**" એ મંત્ર પિત્ર્યકર્મવિષે લેવો, ચંદન ઇત્યાદિક ઉપચાર બે બે વખત દેવા. બ્રાહ્મણોના હાથમાં હોમ કરવો તે "**अग्नये कव्यवाहनाय स्वाहा, सोमाय पितृमते स्वाहा**" એ મંત્રવડે કરવો. આ નાંદીશ્રાદ્ધમધ્યે અપસવ્ય કરવું નહી, તિલ લેવા નહી, [1]પિતૃતીર્થે દાન દેવું નહી. પાવમાની ઋચા, શંવતી ઋચા. શકુનિસૂક્ત, અને સ્વસ્તિસૂક્ત એ બ્રાહ્મણકને શ્રવણ કરાવવાં. "**मधुवाता०**" એ

---

[1] અંગૂઠો અને તેની જોડની આગળી એ બન્નેનાં મૂળનો જે મધ્યભાગ તેને પિતૃતીર્થ કહે છે.

ત્રણ ઋચાને બદલે "उपास्मै गायता०" એ પાંચ ઋચા અને "अक्षन्नमी मदंत०" એ ઋચા ભણવી. તૃપ્તિ પ્રશ્નને ઠેકાણે "संपन्न" એ ઉચ્ચાર કરવો. દેવકર્મમાં "रुचितं", એવું પ્રશ્ન કરવું. પૂર્વ દિશા સામે અગ્રવાળા એવા દર્ભઉપર અથવા દૂર્વાઉપર એકને બે બે પિંડ દેવા. 'अक्षय्यं' એ ઠેકાણે, "नांदीमुखाः पितरः प्रीयंतां" એવો ઉચ્ચાર કરવો. સ્વધાવાચનને ઠેકાણે, "नांदीमुखान् पितॄन् वाचयिष्ये" ઈત્યાદિક ઉચ્ચાર કરવો, સ્વધાશબ્દનો ઉચ્ચાર કરવો નહી. પછી "स्यमू षुवाजिनं०" એ મંત્રવડે બ્રાહ્મણોનું વિસર્જન કરવું. કોઈ ગ્રંથકાર, નાંદીશ્રાદ્ધની અંતે ઋગ્વેદીઓએ વૈશ્વદેવ કરવો, એમ કહે છે. એ નાંદીશ્રાદ્ધમાં શ્રાદ્ધસંબંધી તર્પણ કરવું નહી. એ શ્રાદ્ધમાં અગ્નિહોત્રીએ પિંડદાન કરવું. પિતાની માતા ઈત્યાદિક ત્રણ વર્ગને ઉદ્દેશે નાંદીશ્રાદ્ધ કરવાનું હોય તો તેમાં "पितुर्मातामही चैव, तथैव प्रपितामही," ઇત્યાદિક શ્લોક પાઠ કરવો. દ્વારલોપપક્ષ હોય તો જે પાર્વણનો લોપ હોય તે પાર્વણ સંબંધી શ્લોકના એકદેશનો લોપ કરવો. કેવળ માતૃપાર્વણયુક્ત નાંદીશ્રાદ્ધ હોય તો વિશ્વેદેવા ન કરવા, ઇહાં "एता भवंतु सुप्रीताः" એવો ઊહ કરવો. સાંકલ્પ વિધિવડે સંક્ષિપ્ત નાંદીશ્રાદ્ધનો પ્રયોગ, પ્રયોગરત્ન ઇત્યાદિક ગ્રંથમાં જોવો. એ પ્રમાણે નાંદીશ્રાદ્ધનો નિર્ણય સમાપ્ત થયો.

एवंस्वस्तिवाचनंक्रतुदक्षसंज्ञकविश्वेदेवयुतंचनांदीश्राद्धंगर्भाधानांगंकृत्वा यथाशाखंगर्भाधानसंस्कारःकार्यः आश्वलायनैर्गृह्याग्नौप्राजापत्यंचरुंहुत्वाविष्णुंषड्वारंसकृत्प्रजापतिंचाज्येनहुत्वाजपोपस्थानेनस्तःकरणादिकंचकार्यं विष्णुर्योनिंजपेत्सूक्तंयोनिंस्पृष्ट्वात्रिभिर्व्रती गर्भाधानंततःकुर्यात्सुपुत्रोजायतेध्रुवं एवंनेजमेषेत्यादिजपोपि सर्वथाहोमासंभवे अश्वगंधारसंउदीर्ष्वातइतिमंत्रेणदक्षिणनासायामासिच्योपगमनंकार्यं एवंगर्भाधानसंस्कारमकृत्वास्त्रीगमनेगर्भोत्पत्तौतत्प्रायश्चित्तंगोदानंकृत्वापुंसवनंकार्यम् ॥

એ પ્રમાણે પુણ્યાહવાચન અને ક્રતુદક્ષ નામના વિશ્વેદેવાસહિત એવું ગર્ભાધાનનું અંગભૂત નાંદીશ્રાદ્ધ કરી પોતાની શાખા પ્રમાણે ગર્ભાધાન સંસ્કાર કરવો. આશ્વલાયન શાખાવાળાઓએ ગૃહ્યાગ્નિમાં પ્રાજાપત્ય (પ્રજાપતિ છે દેવતા જેનો) એવા ચરુનો હોમ કરી વિષ્ણુને છ અને પ્રજાપતીને એક એવી ઘૃતાહુતીનો હોમ કરી, જપ, અગ્નિનું ઉપસ્થાન (પ્રાર્થના), અને નાકવડે દૂર્વાનો રસ પીવો ઇત્યાદિક કરવું. વ્રતધારણપૂર્વક ત્રણ દર્ભવડે યોનીનો સ્પર્શ કરી "विष्णुर्योनिं०" એ સૂક્તનો જપ કરવો, પછી ગર્ભાધાન કરવું, તેથી અવશ્ય સુપુત્ર થાય છે." એ રીતે "नेजमेष०" ઈત્યાદિક મંત્રનો પણ જપ કરવો. સર્વથા હોમ કરવાનો સંભવ ન હોય તો દક્ષિણ (જમણી) નાસિકામાં અશ્વગંધા (આસંધ) નો રસ "उदीर्ष्वातः०" એ મંત્રવડે નાખી પછી સ્ત્રીનું ગમન કરવું. એ પ્રમાણે ગર્ભાધાન સંસ્કાર કર્યા વિના સ્ત્રીગમન કરવાથી ગર્ભ રહે તો તેના પ્રાયશ્ચિત્તરૂપ ગોદાન કરી પુંસવન કરવું.

अथमैथुनांते ऋतौतुगर्भशंकित्वात्स्नानंमैथुनिनःस्मृतं अनृतौतुयदागच्छेच्छौचंमूत्रपुरीषवत् इत्युक्तरीत्याशौचंकृत्वाचामेत् आचमनंविनामूत्रपुरीषोत्सर्गेतु तैलाभ्यक्तस्त्वनाचांतःश्मश्रुकर्मणिमैथुने मूत्रोच्चारंयदाकुर्यादहोरात्रेणशुद्ध्यति इत्येकाहोपवासः स्त्रीणांतुनस्नानं शयनादुत्थितानारीशुचिःस्यादशुचिःपुमान् इत्युक्तेः इतिगर्भाधानाद्युपयोगिनिर्णयः ॥

હવે મૈથુનને અંતે કર્ત્તવ્ય વિધિ કહે છે.

"ઋતુકાળે ગમન કરવાથી ગર્ભનો સંભવ છે માટે મૈથુન કર્ત્તાએ મૈથુનને અંતે સ્નાન કરવું. ઋતુકાળ વિના અન્ય સમયે ગમન કરે તો મલ, મૂત્રનીપેઠે શૌચ (હાથ પગ ધોવા ઈત્યાદિક) કરવું," એ કહ્યા પ્રમાણે હાથ, પગ ઈત્યાદિક ધોઈ આચમન કરવું. "જો અભ્યંગ, શ્મશ્રુકર્મ (વાળ ઉતરાવવા), અથવા મૈથુન એ કરીને આચમન કર્યા વિના મલ, મૂત્ર કરે તો એક અહોરાત્રવડે શુદ્ધ થાય છે." એવાં વચન છે માટે મૈથુનને અંતે આચમન કર્યાવિના મલ મૂત્રનો ત્યાગ કરે તો તેણે એક અહોરાત્ર ઉપવાસ કરવો. મૈથુનને અંતે સ્ત્રિયોએ સ્નાન કરવું નહી, કારણ "પલંગ ઉપરથી ઉઠેલી સ્ત્રી શુદ્ધ છે, પુરૂષ શુદ્ધ નથી," એવાં વચન છે. એ પ્રમાણે ગર્ભાધાન ઈત્યાદિકનો ઉપયોગી નિર્ણય સમાપ્ત થયો.

एवंकृतेपिगर्भाधानेयदिगर्भोत्पत्त्यभावोमृतापत्यतावातदा प्रतिवंधकप्रेतोपद्रवनिवृत्त्यर्थंनारायणवलिर्नागवलिश्चकार्यः तत्रनारायणवलिःशुक्लैकादश्यांपंचम्यांश्रवणेवा कालांतरानुपलब्धेः तत्प्रयोगः परिशिष्टस्मृत्यर्थसारानुसारीकौस्तुभे शुक्लैकादश्यांनदीतीरेदेवालयादौतिथ्यादिकीर्तनांतेमदीयकुलाभिवृद्धिप्रतिवंधकप्रेतस्यप्रेतत्वनिवृत्त्यर्थंनारायणवलिंकरिष्येविधिनास्थापितकुंभद्वयेहेमादिप्रतिमयोर्विष्णुंवैवस्वतयमंचावाह्य पुरुषसूक्तेनयमायसोममितिमंत्रेणचषोडशोपचारैःसंपूजयेत् अत्रकेचित्कुंभपंचके ब्रह्मविष्णुशिवयमप्रेतान्पूजयंति तत्पूर्वभागेरेखायांदक्षिणाग्रकुशेषुशुंधंतांविष्णुरूपीप्रेतइतिदशस्थानेषुदक्षिणसंस्थमपोनिनीयमधुघृततिलयुतान्दशपिंडान्काश्यपगोत्रदेवदत्तप्रेतविष्णुदैवतअयंतेपिंड इति दक्षिणमुखःप्राचीनावीतिवामंजान्वाच्यपितृतीर्थेनदद्यात् गंधादिभिरभ्यर्च्य प्रवाहणांतंकृत्वाविसर्जयेत् तस्यामेवरात्रौश्वःकरिष्यमाणश्राद्धेक्षणःक्रियतामिति एकंत्रीन्पंचवाविप्रान्निमंत्र्योपोषितोजागरंकुर्यात् श्वोभूतेमध्याह्ने विष्णुंसंपूज्यविष्णुरूपंप्रेतंविष्णुब्रह्मशिवयमप्रेतान्वोद्दिश्यैकोद्दिष्टविधिना पादक्षालनादितृप्तिप्रश्नांतं कृत्वा रेखाकरणाद्यवनेजनांतंतूष्णींकृत्वा विष्णवेब्रह्मणेशिवायसपरिवारयमायेति चतुरःपिंडान्नाममंत्रैर्दत्वाविष्णुरूपंप्रेतंध्यायन्काश्यपगोत्रदेवदत्तविष्णुरूपप्रेत अयंतेपिंडइतिपंचमंपिंडंदत्वा अर्चनादिप्रवाहणांतेआचांतान्दक्षिणादिभिःसंतोष्य तेष्वेकस्मैगुणवतेप्रेतबुद्ध्यावस्त्राभरणादिदत्वा विप्रान्वदेत् भवंतःप्रेतायतिलोदकांजलिदानंकुर्वंत्विति तेचपवित्रपाणयःकुशतिलतुलसीयुततिलांजलिं प्रेतायकाश्यपगोत्रायविष्णुरूपिणेअयंतिलांजलिरितिदद्युः विप्रान्वाचयेत् अनेननारायणवलिकर्मणाभगवान्विष्णुरिमंदेवदत्तंप्रेतंशुद्धमपापमर्हंकरोत्विति विसृज्यस्नात्वाभुंजीतेति सिंधौतुकुंभपंचकेविष्णुब्रह्मशिवयमप्रेतेतिपंचकंपूजयेत् स्वर्णरूप्यताम्रलोहमयाश्चत्वारः प्रेतोदर्भमयः अग्निंप्रतिष्ठाप्यश्रपितचरुंनारायणायपुरुषसूक्तेनषोडशाहुतिभिर्हुत्वादशपिंडान्तेपुरुषसूक्ताभिमंत्रितशंखोदकेन प्रेतंप्रत्यृचं तर्पयेत् विष्ण्वादिचतुर्भ्योवलिंदद्यात् श्वोभूतेएकोद्दिष्टविधिनाश्राद्धपंचकंकरिष्यइतिसंकल्प्यविप्रपंचकेपाद्यादिपिंडदानांतेतर्पणादीतिविशेषउक्तः शेषंपूर्ववत् ॥

એ રીતે ગર્ભાધાન કર્યા છતાં જો ગર્ભની ઉત્પત્તિ ન થાય અથવા બાલક ઉત્પન્ન થઈ મરણ પામતાં હોય તો સંતતીનો પ્રતિબંધ કરનારા એવા પિશાચોનો ઉપદ્રવ દૂર થવામાટે નારાયણબલિ અને નાગબલિ એ વિધિ કરવો. તેમાં નારાયણબલિ કરવો તે શુકલ પક્ષમાંની એકાદશી, પંચમી અથવા શ્રવણ નક્ષત્રને દિવસે કરવો; કારણ, એ વિના બીજો કહેલો કાળ મળતો નથી. તે નારાયણબલિનો પ્રયોગ પરિશિષ્ટ અને સ્મૃત્યર્થસાર એને લગતો કૌસ્તુભમાં કહ્યો છે. તે આ પ્રમાણે,—શુકલ પક્ષની એકાદશીને દિવસે નદીને તીરે, દેવાલય ઇત્યાદિક પવિત્ર સ્થાનકે જઈ તિથિ, વાર ઇત્યાદિકનો ઉચ્ચાર કર્યા પછી, "मदीयकुलाभिवृद्धिप्रतिवंधकप्रेतस्यप्रेतत्वनिवृत्त्यर्थं नारायणवलिं करिष्ये." એવો સંકલ્પ કરી યથાવિધિ બે કુંભની સ્થાપના કરી તે બન્ને ઉપર સુવર્ણ ઇત્યાદિકની બે પ્રતિમા રાખી તેમાં વિષ્ણુ અને વૈવસ્વત યમનું આવાહન કરી પુરૂષસૂક્તવડે વિષ્ણુની અને "यमाय सोमं०" એ મંત્રવડે યમની ષોડશોપચાર પૂજા કરવી. એ ઠેકાણે કોઈ પાંચ કલશ રાખી તે ઉપર બ્રહ્મા, વિષ્ણુ, શિવ, યમ, અને પ્રેત એમની પૂજા કરે છે. કલશની પૂર્વ તરફ રેખા કરી દક્ષિણ દિશાભણી અગ્રવાળા દર્ભ ઉપર "शुंधंतां विष्णुरूपी प्रेतः" એમ કહી ઉત્તર મેરથી આરંભ કરી દક્ષિણની સામે દશ ઠેકાણે જળદાન કરી, મધ, ઘી, અને તિલયુક્ત દશ પિંડ, "काश्यपगोत्र देवदत्तप्रेत विष्णुदैवत अयं ते पिंडः" એવો ઉચ્ચાર કરી દક્ષિણ દિશા સમ્મુખ થઈ જનોઈ અપસવ્ય કરી ડાબો ગોઠણ પૃથ્વી ઉપર ઉંધો પાડી પિતૃતીર્થવડે દેવા. ચંદનાદિકવડે પૂજા કરી પિંડનું પ્રવાહણ (વેહેવરાવવું) પર્યંત કર્મ કરી વિસર્જન કરવું. તેજ રાત્રિએ "श्वः करिष्यमाणश्राद्धे क्षणः क्रियतां," એવો ઉચ્ચાર કરી એક, ત્રણ અથવા પાંચ બ્રાહ્મણોને આમંત્રણ કરી ઉપવાસી રહી જાગરણ કરવું. પછી બીજે દિવસે મધ્યાહ્ન કાળે વિષ્ણુની પૂજા કરી વિષ્ણુસ્વરૂપી એવા પ્રેતને અથવા વિષ્ણુ, બ્રહ્મા, શિવ, યમ, અને પ્રેત એમને ઉદ્દેશે કરી એકોદ્દિષ્ટવિધિવડે પાદ પ્રક્ષાલનથકી તે તૃપ્તિપ્રશ્નપર્યંત કર્મ કરી રેખાકરણથકી ઉદકદાનપર્યંત મંત્રરહિત કર્મ કરી "विष्णवे, ब्रह्मणे, शिवाय, सपरिवारयमाय," એવો ઉચ્ચાર કરી ચાર પિંડ નામમંત્રવડે દઈ પ્રેતનું વિષ્ણુરૂપે ધ્યાન કરતાં "काश्यपगोत्र देवदत्त विष्णुरूप प्रेत अयं ते पिंडः" એમ કહી પાંચમો પિંડ દઈ પૂજા ઇત્યાદિકથકી તે પિંડપ્રવાહણપર્યંત કર્મ કરી બ્રાહ્મણોએ આચમન કીધા પછી તેમને દક્ષિણા ઇત્યા-

---

१ विसर्जयेदिति पाठस्तु णिजंतत्वान्नातिरमणीयोऽतएवानादृतः.

દિક દઈ સંતુષ્ટ કરવા. પછી તે બ્રાહ્મણોમાંથી એક ગુણવાન બ્રાહ્મણને પ્રેતની બુદ્ધિવડે વસ્ત્ર, અલંકાર ઇત્યાદિક દઈ બ્રાહ્મણોને કહેવું કે, તમે પ્રેતને તિલોદકની અંજલી ઘો. પછી તે બ્રાહ્મણોએ હાથમાં દર્ભનાં પવિત્ર ધારણ કરી તિલ, દર્ભ, અને તુલસીયુક્ત એવી તિલાંજલી ભરી, "प्रेताय काश्यपगोत्राय विष्णुरूपिणे अयं तिलांजलिः" એમ કહી દેવી. પછી બ્રાહ્મણોને "अनेन नारायणबलिकर्मणा भगवान् विष्णुरिमं देवदत्तं प्रेतं शुद्धमपापमर्हं करोतु." એ રીતે બોલાવવા. પછી વિસર્જન કરી સ્નાન કરી ભોજન કરવું. નિર્ણયસિંધુમાં તો, પાંચ કુંભમાં વિષ્ણુ, બ્રહ્મા, શિવ, યમ, અને પ્રેત એ પાંચ દેવતાની પૂજા કરવી, સુવર્ણ, રૂપું, ત્રાંબું, લોઢું, એની ચાર પ્રતિમા અને પ્રેત દર્ભમય કરવો; અગ્નિની સ્થાપના કરી તે ઉપર ચરૂ રાંધી પુરૂષસૂક્તની સોળ ઋચાવડે નારાયણને ઉદ્દેશે હોમ કરી દશ પિંડદાન કીધા પછી પુરૂષસૂક્ત ભણી મંત્રેલા શંખનાં જલવડે એક એક ઋચાએ પ્રેતનું તર્પણ કરવું, વિષ્ણુ ઇત્યાદિક ચાર દેવતાને બલિ દેવું, બીજે દિવસે 'एकोद्दिष्टविधिना श्राद्धपंचकं करिष्ये" એવો સંકલ્પ કરી પાંચ બ્રાહ્મણની પાદ્યાદિક પૂજા કરી પિંડદાનપર્યંત કર્મ થયા પછી તર્પણ કરવું, એટલો વિશેષ વિધિ કહ્યો છે. બાકી રહ્યો તે પ્રથમ પ્રમાણે કરવો.

सुप्रीताःप्रसन्नाःसंतुतेसदा विष्णुलोकेचयेसर्पावासुकिप्रमुखाश्चये नमोस्तु० रुद्रलोकेचयेसर्पास्तक्षकप्रमुखास्तथा नमोस्तु० खांडवस्यतथादाहेस्वर्गंयेचसमाश्रिताः नमोस्तु० सर्पसत्रेचयेसर्पाआस्तिकेनचरक्षिताः नमोस्तु० मलयेचैवयेसर्पाःकर्कोटप्रमुखाश्चये नमोस्तु० धर्मलोकेचयेसर्पावैतरण्यांसमाश्रिताः नमो० येसर्पाःपार्वतीयेपुदरीसंधिपुसंस्थिताः नमो० ग्रामेवायदिवारण्येयेसर्पाःप्रचरंतिहि नमो० पृथिव्यांचैवयेसर्पायेसर्पाबलिसंस्थिताः नमो० रसातलेचयेसर्पाअनंताद्यामहाबलाः नमो० एवंस्तुत्वादेशकालौसंकीर्त्यकृतस्यसर्पसंस्कारकर्मणःसांगतार्थमिमंहैमनागंसकलशंसवस्त्रंसदक्षिणंतुभ्यमहंसंप्रददेनमम अनेनस्वर्णनागदानेनानंताद्योनागदेवताःप्रीयंताम् आचार्यायगोदानं यस्यस्मृत्याच० मयाकृतंसर्पसंस्काराख्यकर्मतद्भवतांविप्राणांवचनात्परमेश्वरप्रसादात्सर्वंपरिपूर्णमस्तु तथास्त्वितितेब्रूयुः ब्राह्मणांस्तोपयेत् सांगतार्थंब्राह्मणान्भोजयेत् कृत्वासर्पस्यसंस्कारमनेनविधिनानरः विरोगोजायतेक्षिप्रंसंततिंलभतेशुभाम् इतिसर्पबलिः ॥ एवमपिपुत्रोत्पत्त्यसिद्धौकर्मविपाकग्रंथोक्तहरिवंशश्रवणादिविधानंकुर्यात् तच्चपडब्दंचतुरब्दंत्र्यब्दंसार्धाब्दंअब्दंवा प्रायश्चित्तंकृत्वाधाकार्यम् ॥

હવે નાગબલિનો વિધિ કહે છે.

તે નાગબલિ અમાસ, પૂનમ, પાંચમ, અથવા આશ્લેષાયુક્ત નવમી, એમાંના કોઈ એક દિવસે કરવો. તે આ રીતે, બ્રાહ્મણની સભાને પ્રદક્ષિણા કરી નમસ્કાર કરી તે સભાની આગળ એક ગાય અને એક બળદની કીંમત રાખી પ્રાર્થના કરવી. “સ્ત્રી સહિત, મ્હારા આ જન્મવિષે અથવા પૂર્વ જન્મવિષે થયેલા સર્પવધના દોષની નિવૃત્તિમાટે મને તમો પ્રાયશ્ચિત્ત કહો; તમો સર્વ ધર્મના વિચાર કરનારાઓ છો, ઇત્યાદિક.” એવી પ્રાર્થના કીધા પછી “બ્રાહ્મણોએ પૂર્વાંગ અને ઉત્તરાંગ સહિત અમુક પ્રત્યામ્નાયદ્વારાએ ચૌદ કૃચ્છ્રરૂપ પ્રાયશ્ચિત્ત કરવાથી તારી શુદ્ધિ થશે; એ રીતે કહેવું.” પછી યજમાને દેશ, કાલનો ઉચ્ચાર કરી “ एपंदुपदिष्टं चतुर्दशकृच्छ्रप्रायश्चित्तं अमुकप्रत्याम्नायेनाहमाचरिष्ये, ” એવો સંકલ્પ કરી ક્ષૌર ઇત્યાદિ વિધિપૂર્વક પ્રાયશ્ચિત્ત કરવું. ક્ષૌર ન કરે તો બમણા (૨૮) કૃચ્છ્રના પ્રત્યામ્નાય કરવા પછી સર્પવધનો દોષ દૂર થવામાટે “ सर्पवधदोषपरिहारार्थमिमं लोहदंडं सदक्षिणं तुभ्यमहं संप्रददे, ” એવો સંકલ્પ કરી લોહદંડનું દાન કરવું. પછી ગુરૂની આજ્ઞા લઈ ગહું, ચોખા અથવા તિલ એમાંથી કોઈ એકના લોટવડે સર્પનો આકાર કરી તેને સૂપડામાં રાખવો. પછી તેની “ एहि पूर्वमृतः सर्प, अस्मिन् पिष्टे समाविश ॥ संस्कारार्थमहं भक्त्या, प्रार्थयामि समाहितः ” એ મંત્રવડે પ્રાર્થના કરી આવાહનાદિક ષોડશોપચારવડે તેની પૂજા કરી નમસ્કાર કરી બલિદાન દેવું. તે આ પ્રમાણે,—“ भो सर्प इमं बलिं गृहाण ममाभ्युदयं कुरु, ” એ રીતે બલિદાન દઇ હાથ પગ ધોઈ આચમન કરવું. પછી દેશ, કાળનો ઉચ્ચાર કરી “ सभार्यस्य ममेहजन्मनि जन्मांतरे वा ज्ञानादज्ञानाद्वा जातसर्पवधोत्थदोषपरिहारार्थं सर्पसंस्कारकर्म करिष्ये ” એવો સંકલ્પ કરી સ્થંડિલમાં અગ્નિની સ્થાપના કરી ધ્યાન કરી અન્વાધાનનો સંકલ્પ કરવો. તે આ રીતે,—“ अस्मिन् सर्पसंस्कारहोमकर्मणि देवतापरिग्रहार्थमन्वाधानं करिष्ये चक्षुषीआज्येनेत्यंते अग्नौ अग्निं वायुं सूर्यं आज्येन सर्पमुखे प्रजापतिमाज्येन आज्यशेषेण सर्पं सद्यो यक्ष्ये. ” એવો સંકલ્પ (અન્વાધાન) કર્યા પછી બે સમિધ અગ્નિમાં હોમવી. પછી અગ્નિથી અગ્નિ દિશા તરફ પૃથ્વીનું પ્રોક્ષણ ત્યહાં ચિતા કરવી. પછી અગ્નિ અને ચિતા એનું પરિસમૂહન (એક જાતનો જળ સંસ્કાર) કરી અગ્નિ દિશા મેર અગ્ર કરી દર્ભનું પરિસ્તરણ કરવું, પછી પર્યુક્ષણ (ઉદક સંસ્કાર) કરી છ પાત્ર માંડવાં ઇત્યાદિકથકી તે ચક્ષુષીહોમપર્યંત કર્મ કરી સર્પને ચિતાઉપર રાખવો. પછી જળ અને કાનનો સ્પર્શ કરી અગ્નિમાં—“ भूः स्वाहा अग्नयइदं न मम ” ઇત્યાદિક ત્રણ વ્યાહૃતિ મંત્રવડે ત્રણ ઘૃતાહુતિ હોમ કરી સમસ્ત (સર્વે) વ્યાહૃતિ મંત્રવડે ચોથી આહુતિ સર્પનાં મુખમાં દેવી. બાકી રહેલું ઘૃતશેષ સુવ પાત્રમાં લઈ સર્પ ઉપર રેડવું. એમાં સ્વિષ્ટકૃત આદિ હોમશેષ નથી. ચમસ પાત્રમાંનું જળ લઈ તે જળવડે, સમસ્ત વ્યાહૃતિ મંત્ર કહી હાથવડે સર્પને ધોવો. પછી તેને ચિતા ઉપર રાખી “ अग्ने रक्षाणो वसिष्ठोग्निर्गायत्री सर्पायाग्निदाने विनियोगः ॥ अग्ने रक्षाणो अंहस० ऋक्, ” એ મંત્ર ભણી અગ્નિ દીધા પછી ઉપસ્થાન કરવું, તે આ રીતે—नमो अस्तु सर्पेभ्यो ये केच पृथिवीमनु ॥ ये अंतरिक्षे ये दिवि तेभ्यः सर्पेभ्यो नमः ॥ येदोरोचनेदिवो ये वा सूर्यस्य रश्मिभिः ॥ येपामप्सु सदस्कृतं तेभ्यः० ॥ या इषवो यातुधानानां ये वा वनस्पतिंरनु ॥ ये वा वटेषु शेरते तेभ्यः० ॥

હવે પ્રાર્થનાના મંત્રો કહે છે. त्राहि त्राहि महाभोगिन् सर्पोपद्रवदुःखतः ॥ संततिं देहि मे पुण्यां, निर्दुष्टां दीर्घदेहिनीं ॥ प्रपन्नं पाहि मां भक्त्या, कृपालो दीनवत्सल ॥ ज्ञानतोऽज्ञानतो वापि, कृतः सर्पवधो मया ॥ जन्मांतरे तथैतस्मिन्, मत्पूर्वैरथवा विभो ॥ तत्पापं नाशय क्षिप्रमपराधं क्षमस्व मे" એ મંત્રોવડે પ્રાર્થના કરવી. પછી સ્નાન કરી ફરી ત્યહાં આવી દૂધ અને ઘીવડે વ્યાહૃતિ મંત્ર ભણી અગ્નિનું પ્રોક્ષણ કરી સર્પ દગ્ધ થયા પછી જળવડે અગ્નિ બુઝાવવો. "સર્પનું સંસ્કારકર્મ સઘળું સવ્યેજ કરવું. અસ્થિસંચયન કરવું નહી. પછી સ્નાન અને આચમન કરી ઘરે જવું." કર્ત્તાએ સ્ત્રીસહિત ત્રિરાત્ર આશૌચ પાલન કરી બ્રહ્મચર્ય ધારણ કરવું. ચોથે દિવસે વસ્ત્રસહિત સ્નાન કરી ઘી, દૂધપાક અને બીજા પદાર્થોવડે આઠ બ્રાહ્મણભોજન કરાવવાં. તે આ રીતે—" सर्पस्वरूपिणे ब्राह्मणाय इदं ते पाद्यं, अनंतस्वरूपिणे०, शेषस्वरूपिणे०, कपिलस्वरूपिणे०, नागस्वरूपिणे०, कालिकस्वरूपिणे०, शंखपालस्वरूपिणे०, भूधरस्वरूपिणे०," એ પ્રમાણે આઠ બ્રાહ્મણને પાદ્ય દઈ પછી પોતાના પગ ધોઇ આચમન કરવું. પછી આસન દેવું, તે આ પ્રમાણે,—" सर्पस्वरूपिणे ब्राह्मणाय इदमासनं आस्यतां " એ રીતે અનંતાદિક સાતેને આસન દેવાં. પછી, " सर्पस्थाने क्षणः क्रियतां इत्यादि, ॐतथा प्राप्नोतु भवान् प्राप्नवानि" "भो सर्परूप इदं ते गंधं" એ પ્રમાણે અનંતાદિક સાતેને ક્ષણ, અને ચંદન દેવાં. એ રીતે પુષ્પ, ધૂપ, દીપ, અને વસ્ત્ર ઇત્યાદિક ઉપચાર અર્પણ કરી પાત્ર માંડી તે ઉપર સઘળા પદાર્થ પીરસી પ્રોક્ષણ કરી અન્ન નિવેદન (અર્પણ) કરવું. તે આ પ્રમાણે,—" सर्पाय इदमन्नं परिविष्टं परिवेक्ष्यमाणं च दत्तं च दास्यमानं चातृप्तेरमृतरूपेण स्वाहा संपद्यतां न मम " એ રીતે અનંતાદિકોને પણ અન્નનું નિવેદન કરવું. બ્રાહ્મણ ભોજન થયા પછી આચમન કરાવી " भो सर्प अयं ते बलिः " ઇત્યાદિ નામમંત્રવડે બલિદાન કરવું, અને તે પિંડોની વસ્ત્રાદિક ઉપચારવડે પૂજા કરવી. આ સઘળાં કર્મ પણ સવ્યેજ કરવાં. પછી બ્રાહ્મણોને તાંબૂલ, દક્ષિણા ઇત્યાદિક દઇ આચાર્યની પૂજા કરવી, અને કલશમાં સુવર્ણના નાગની સ્થાપના કરી આવાહનાદિક સોળ ઉપચારવડે પૂજા કરી પ્રાર્થના કરવી. પ્રાર્થનાના મંત્ર—"ब्रह्मलोके च ये सर्पाः शेषनागपुरोगमाः ॥ नमोस्तु तेभ्यः सुप्रीताः प्रसन्नाः संतु ते सदा ॥ विष्णुलोके च ये सर्पा वासुकिप्रमुखाश्च ये ॥ नमोस्तु ते० ॥ रुद्रलोके च ये सर्पास्तक्षकप्रमुखास्तथा ॥ नमोस्तु० ॥ खांडवस्य तथा दाहे स्वर्गं ये च समाश्रिताः ॥ नमोस्तु० ॥ सर्पसत्रे च ये सर्पा आस्तिकेन च रक्षिताः ॥ नमोस्तु० ॥ मलये चैव ये सर्पाः कर्कोटप्रमुखाश्च ये ॥ नमोस्तु० ॥ धर्मलोके च ये सर्पा वैतरण्यां समाश्रिताः ॥ नमोस्तु०॥ ये सर्पाः पार्वतीयेषु, दरीसंधिषु संस्थिताः ॥ नमोस्तु० ॥ ग्रामे वा यदि वारण्ये, ये सर्पाः प्रचरंति हि ॥ नमोस्तु० ॥ पृथिव्यां चैव ये सर्पा, ये सर्पा बलिसंस्थिताः ॥ नमोस्तु० ॥ रसातले च ये सर्पा, अनंताद्या महाबलाः ॥ नमोस्तु० ॥" એ રીતે પ્રાર્થના કીધા પછી દેશ, કાળનુ કથન કરી " कृतस्य संस्कारकर्मणः सांगतार्थं इमं हैमनागं सकलशं सवस्त्रं सदक्षिणं तुभ्यमहं संप्रददे न मम ॥ अनेन स्वर्णनागदानेन अनंतादयो नागदेवताः प्रीयंतां" એ પ્રમાણે સંકલ્પ કરી કલશ ઉપર સ્થાપન કરેલા નાગનું દાન કરવું. આચાર્યને ગોદાન કરી કર્મ સમાપ્ત કરવું. તે આ રીતે,—" यस्य स्मृत्या च० ॥ मया कृतं सर्पसंस्काराख्यकर्म तद्भवतां विप्राणां वचनात्परमेश्वरप्रसादात्सर्वं परिपूर्णमस्तु, " એ રીતે યજમાને કહ્યા પછી બ્રાહ્મણોએ "तथास्तु" એમ કહેવું. પછી બ્રાહ્મણોને સંતોષ કરાવવો અને કર્મની સાંગતામાટે બ્રાહ્મણભોજન કરાવવું. "આ વિધિવડે સર્પનો સંસ્કાર કરવાથી નિરોગી થઈ તરત ઉત્તમ સંતતિ પામેછે" એટલું કરતાં પણ પુત્રોત્પત્તિ ન થાય તો 'कर्मविपाक' ગ્રંથમાં કહ્યા પ્રમાણે હરિવંશ ગ્રંથનું શ્રવણ ઇત્યાદિ વિધિ કરવો. તે વિધિ-ષડબ્દ (છ વર્ષ), ચતુરબ્દ (ચાર વર્ષ), ત્ર્યબ્દ (ત્રણ વર્ષ), સાર્ધાબ્દ (દોઢ વર્ષ), અથવા અબ્દ (એક વર્ષ), એવું પ્રાયશ્ચિત્ત કર્યા પછી કરવો.

तत्रत्रिंशत्कृच्छ्रात्मकोब्दः ॥ कृच्छ्रस्तुद्वादशदिनसाध्यः तथाहिप्रथमेदिनेमध्याह्नेहविष्यस्यैकभक्तस्य षड्विंशतिर्ग्रासाभोक्तव्याः द्वितीयेहनिनक्तंद्वाविंशतिर्ग्रासाः तृतीयेअयाचितस्यचतुर्विंशतिर्ग्रासाः चतुर्थेनिरशनं अयंपादकृच्छ्रःकथंचित्त्रिगुणीकृतोयंप्राजापत्यःकृच्छ्रः एकभक्तनक्तायाचितद्वयोपवासद्वयैरर्धकृच्छ्रः यद्वा त्र्यहमयाचितंत्र्यहमुपवासइत्यर्धकृच्छ्रः एकभक्तायाचितोपवासैःकथंचित्त्रिगुणैःपादोनकृच्छ्रः येषुनवदिनेषुभोजनप्राप्तिस्तत्रग्रासनियमंत्यक्त्वापाणिपूरान्नभोजनेअतिकृच्छ्रः एकमासपर्याप्तस्यप्राणधारणपर्याप्तस्यवादुग्धस्यएकविंशतिदिनेषुभक्षणेकृच्छ्रातिकृच्छ्रः एकदिनेसक्तुशोद

कसिथपंचगव्याशनंएकउपवासइतिद्वैरात्रिकःसांतपनकृच्छ्रः पंचगव्यकुशोदकानाममिश्राणामेकैकस्यैकैकदिनेऽशनमेकउपवासइतिसप्ताहसाध्योमहासांतपनः त्र्यहंमिश्रितपंचगव्याशनेयतिसांतपनं तप्तानांदुग्धघृतजलानामेकैकस्यत्रिदिनेपानमुपवासत्रयंचेतितप्तकृच्छ्रः शीतानांपानेशीतकृच्छ्रः यद्वा तप्तानांघृतादीनामेकैकदिनेऽशनंचतुर्थदिनेउपवासइति दिनचतुष्टयसाध्यस्तप्तकृच्छ्रः द्वादशाहोपवासेनपराककृच्छ्रः शुक्लपक्षेप्रतिपदादितिथिषु मयूरांडसमानैकैकग्रासान्वर्धयन्पूर्णिमायांपंचदशग्रासाः क्षयेचतुर्दशवृद्धौषोडशसंपद्यंते कृष्णपक्षेएकैकग्रासह्रासेनामायामुपवासइतिमाससाध्यंयवमध्यसंज्ञंचांद्रायणं कृष्णपक्षेप्रतिपदिचतुर्दशग्रासान्भुक्त्वा एकैकग्रासह्रासेनदर्शेअनशनंशुक्लेवृद्धिरिति कृष्णादिशुक्लांतेतंपिपीलिकामध्यचांद्रायणं कृच्छ्रचांद्रायणादेः त्रिकालस्नानग्रासाभिमंत्रणादिविधियुतःप्रयोगः प्रायश्चित्तप्रकरणेज्ञेयः अतिकृच्छ्रादिलक्षणंप्रसंगादत्रोक्तं अब्दगणनातुप्राजापत्यकृच्छ्रैरेव ॥

હવે કૃચ્છ્રનાં લક્ષણ કહે છે.

ત્રીસ કૃચ્છ્ર કરે એટલે એક અબ્દ. એક કૃચ્છ્ર બાર દિવસથી થાય છે, તે આ રીતે-પ્રથમ દિવસે મધ્યાહ્ન કાળે એક વખત હવિષ્યાન્નના છવીસ ગ્રાસ ભક્ષણ કરવા, બીજે દિવસે નક્ત કરવું, તેમાં બાવીસ ગ્રાસ ભક્ષણ કરવા, ત્રીજે દિવસે કોઈપાસે ન માગતાં મળેલા અન્નના ચોવીસ ગ્રાસ ભક્ષણ કરવા, અને ચોથે દિવસે ઉપવાસ કરવો, એને પાદકૃચ્છ્ર કહે છે. એ (પાદકૃચ્છ્ર)ને ચાહાય તે ક્રમથકી ત્રિગુણ કરે તે પ્રાજાપત્યકૃચ્છ્ર થાય છે. પ્રથમ દિવસે મધ્યાહ્ને એકભક્ત, બીજે દિવસે નક્ત, ત્રીજે અને ચોથે દિવસે અયાચિત, પાંચમે અને છઠ્ઠે દિવસે ઉપવાસ, એને અર્ધકૃચ્છ્ર કહે છે. અથવા ત્રણ દિવસ અયાચિત ભોજન, ત્રણ દિવસ ઉપોષણ (ઉપવાસ), એને પણ અર્ધકૃચ્છ્ર કહેછે. પ્રથમ દિવસે મધ્યાહ્ને એકભક્ત, બીજે દિવસે અયાચિત, ત્રીજે દિવસે ઉપવાસ, એમને ચાહાય તે ક્રમથકી ત્રિગુણ કરવાથી પાદોનકૃચ્છ્ર થાય છે. જે નવમે દિવસે ભોજન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, ત્યહાં ગ્રાસનો નિયમ છોડી હાથમાં સમાય એટલું અન્ન ભોજન કરવું તેને અતિકૃચ્છ્ર કહેછે. એક ગ્રાસ જેટલું, અથવા પ્રાણધારણ થાય એટલું દૂધ એકવીશ દિવસપર્યંત પિયે તેને કૃચ્છ્રાતિકૃચ્છ્ર કહેછે. એક દિવસ દર્ભના જળસહિત પંચગવ્યનું પાન કરી એક દિવસ ઉપવાસ કરવો એ રીતે બે રાત્રિના વ્રતને, સાંતપનકૃચ્છ્ર કહે છે. પ્રથમ દિવસે ગોમૂત્ર, બીજે દિવસે ગોમય, ત્રીજે દિવસે દૂધ, ચોથે દિવસે દહી, પાંચમે દિવસે ઘી, છઠ્ઠે દિવસે કુશનું જળ, અને સાતમે દિવસે ઉપવાસ એ રીતે સાત દિવસનાં વ્રતને મહાસાંતપન કહે છે. ત્રણ દિવસ માત્ર મિશ્રિત કરેલું પંચગવ્ય ખાવું તેને યતિસાંતપન કહે છે. પ્રથમ ત્રણ દિવસ ઉનું દૂધ, ચોથા દિવસથકી ત્રણ દિવસ ઉનું ઘી, સાતમા દિવસથકી ત્રણ દિવસ ઉષ્ણ જળ પીવું, અને પછી ત્રણ દિવસ ઉપવાસ કરવા એને તપ્તકૃચ્છ્ર કહે છે. દૂધ, ઘી અને જળ એ પ્રથમ કહ્યા પ્રમાણે શીતળ (ટાઢાં) પીવાં તેને શીતકૃચ્છ્ર કહે છે. અથવા તપ્ત (ઉષ્ણ) કરેલાં દૂધ, ઘી અને જળ એમનું એક એક દિવસ પાન કરે અને ચોથે દિવસે ઉપવાસ કરે એ ચાર દિવસના વ્રતને તપ્તકૃચ્છ્ર કહે છે. બાર દિવસ ઉપવાસ કરે તેને પરાકકૃચ્છ્ર કહે છે. શુકલપક્ષની એકમ આદિ તિથિથકી મોરના ઇંડા જેવડો એક એક ગ્રાસ વૃદ્ધિ કરતાં પૂનમને દિવસે પન્નર ગ્રાસ ભક્ષણ કરવા. તે પક્ષમાં તિથિક્ષય હોય તો ચૌદ ગ્રાસ, અને તિથિવૃદ્ધિ હોય તો સોળ ગ્રાસ થાય છે. એ પ્રમાણે કૃષ્ણપક્ષમાં નિત્ય એકેક ગ્રાસ ન્યૂન કરવો અને અમાવાસ્યાને દિવસે ઉપવાસ કરવો એ રીતે એક માસના વ્રતને યવમધ્ય એ નામનું ચાંદ્રાયણ કહે છે. કૃષ્ણપક્ષની એકમને દિવસે ચૌદ ગ્રાસ ભક્ષણ કરી બીજથી એકેક ગ્રાસ ઓછો કરવો અને અમાવાસ્યાને દિવસે ઉપવાસ કરી શુકલપક્ષમાં નિત્ય એક એક ગ્રાસની વૃદ્ધિ કરવી, એ રીતે કૃષ્ણપક્ષમાં આરંભ કરી શુકલપક્ષમાં સમાપ્તિ કરવી તેને પિપીલિકામધ્ય એ નામનું ચાંદ્રાયણ કહે છે, કૃચ્છ્ર, ચાંદ્રાયણ ઇત્યાદિકમાં ત્રણ વાર સ્નાન કરવું અને ગ્રાસને મંત્રિત કરવા ઇત્યાદિ વિધિયુક્ત પ્રયોગ પ્રાયશ્ચિત્તપ્રકરણમાં જોવો. અતિકૃચ્છ્ર ઇત્યાદિકનાં લક્ષણ પ્રસંગથી ઇહાં કહ્યાં, અબ્દની સંખ્યા કરવી તે તો પ્રાજાપત્ય કૃચ્છ્રવડેજ કરવી.

अथप्रत्याम्नायाः ॥ तत्र प्राजापत्यप्रत्याम्नायाः दशसहस्रगायत्रीजपः गायत्र्यासहस्रंतिलहोमः क्वचित्सहस्रंव्याहृत्यातिलहोमउक्तः शतद्वयंप्राणायामाः द्वादशब्राह्मणभोजनं यावत्केशशोषणंवि

रस्य तीर्थेद्वादशस्नानानि वेदसंहितापारायणं योजनयात्रा द्वादशसहस्रंनमस्काराः द्वात्रिंशदुत्तरं शतंप्राणायामान्कृत्वा अहोरात्रमुपोषितःप्राङ्मुखस्तिष्ठेत् गोमूत्रेणयावकभक्षणे ऐकाहिककृच्छ्रंकश्चिद्रुद्रैकादशिनीजपात्कृच्छ्रमाह पावकेष्टिः पावमानेष्टिः षडुपवासाः प्राजापत्यप्रत्याम्नायाः एकविप्रभोजनमुपवासस्य अत्यशक्तौसहस्रगायत्रीजपोद्वादशप्राणायामावेतिस्मृत्यर्थसारे प्राजापत्येष्वशक्तस्तुधेनुंदद्यात्पयस्विनीं धेनोरभावेनिष्कंस्यात्तदर्धपादमेववा अशीतिगुंजात्मकःकर्षः चत्वारःकर्षानिष्कं निष्कनिष्कार्धनिष्कपादान्यतमप्रमाणं हेमरूप्यंवाधेनुमूल्यंदेयं अत्यशक्तेन निष्कपादार्धरजतंतत्समं धान्यादिवादेयं अतिकृच्छ्रेगोद्वयं सांतपनेगोद्वयं पराकेतप्तकृच्छ्रेचगोत्रयं कृच्छ्रातिकृच्छ्रेगोचतुष्टयं गोत्रयंवा चांद्रायणेअष्टौपंचचतस्रस्तिस्रोवागावः मासंपयोव्रतेयावकव्रतेमासोपवासेचपंचगावः मासंगोमूत्रयावकव्रतेषड्गावः ॥

હવે કૃચ્છ્રના પ્રતિનિધિ કહે છે.

તેમાં પ્રાજાપત્યના પ્રતિનિધિ—દશ સહસ્ર ગાયત્રીમંત્રનો જપ કરવો. ગાયત્રીમંત્રવડે એક હજાર તિલહોમ કરવો. કોઇ ગ્રંથમાં વ્યાહૃતિ મંત્રવડે એક હજાર તિલહોમ કરવો એમ કહ્યું છે. બસો પ્રાણાયામ કરવા. બાર બ્રાહ્મણભોજન કરાવવાં. તીર્થમાં સ્નાન કરી કેશ સુકાય ત્યાંસુધી એમજ ઉભા રહી ફરી સ્નાન કરવું, એવાં બાર સ્નાન કરવાં. વેદની સંહિતાનું પારાયણ કરવું. ચાર ગાઉ-પર્યંત તીર્થને ઉદ્દેશે યાત્રા (પંથ) કરવી. બાર હજાર નમસ્કાર કરવાં. એક સો બત્રીસ પ્રાણાયામ કરી અહોરાત્ર ઉપવાસી રહી પૂર્વદિશા સન્મુખ ઉભું રેહેવું. ગોમૂત્રની સાથે યવ (જવ) ભક્ષણ કરવાથી એક દિવસમાં કૃચ્છ્ર થાય છે. કોઈ ગ્રંથકાર, રુદ્રમંત્રોની અગીયાર આવૃત્તિ કરવાથી કૃચ્છ્ર થાય છે, એમ કહે છે. પાવકેષ્ટિ, પાવમાનેષ્ટિ, છ ઉપવાસ એ એક એક પ્રાજાપત્યનો પ્રતિનિધિ છે. એક બ્રાહ્મણભોજન કરાવવું એ ઉપવાસનો પ્રતિનિધિ થાય છે. અત્યંત સામર્થ્ય ન હોય તો એક હજાર ગાયત્રીમંત્રનો જપ કરવો, અથવા બાર પ્રાણાયામ કરવા એ રીતે સ્મૃત્યર્થસારમાં કહ્યું છે. "જે પ્રાજાપત્ય કરવામાં અશક્ત હોય તેણે દૂધ આપનારી ગાયનું દાન દેવું. ગાય ન હોય તો એક નિષ્ક, અથવા નિષ્કનો ચતુર્થાંશ દ્રવ્ય દેવું." એંસી ગુંજા ભારનો એક કર્ષ, અને ચાર કર્ષનો એક નિષ્ક થાય છે. નિષ્ક, અર્ધ નિષ્ક, અથવા નિષ્કનો ચતુર્થાંશ એમાંથી કોઈ એક પ્રમાણનું સુવર્ણ અથવા રૂપું એ ગાયની કીમત દેવી. અતિ અશક્ત હોય તેણે નિષ્કનો આઠમો ભાગ રૂપું અથવા તેટલી કીમતનું ધાન્ય ઇત્યાદિક દેવું. અતિકૃચ્છ્રને ઠેકાણે બે ગાય દેવી. સાંતપનને ઠેકાણે બે ગાય દેવી. પરાક અને તૃપ્તકૃચ્છ્રને બદલે ત્રણ ત્રણ ગાય દેવી. કૃચ્છ્રાતિકૃચ્છ્રને બદલે ચાર અથવા ત્રણ ગાય દેવી. ચાંદ્રાયણને ઠેકાણે આઠ, પાંચ, ચાર અથવા ત્રણ ગાય દેવી. એક માસપર્યંત જળ પીવું, જવ ખાવા અથવા ઉપવાસ કરવા તેને બદલે પાંચ પાંચ ગાય દેવી. માસપર્યંત ગોમૂત્રની સાથે જવ ખાવા એ વ્રતને ઠેકાણે છ ગાય દેવી.

अथप्रायश्चित्तप्रयोगः ॥ सचैलंस्नात्वाशक्तौक्लिन्नवासाःपर्षदग्रेगोवृषप्रत्याम्नायंनिष्कादिप्रमाणं ब्रह्मदंडंनिधायसाष्टांगंप्रणम्यपर्षदंप्रदक्षिणीकुर्यात् सर्वेधर्मविवेक्तारोगोप्तारःसकलाद्विजाः ममदेहस्यसंशुद्धिंकुर्वंतुद्विजसत्तमाः मयाकृतंमहाघोरंज्ञातमज्ञातकिल्बिषं प्रसादःक्रियतांमह्यंशुभानुज्ञांप्रयच्छथ पूज्यैःकृतपवित्रोहंभवेयंद्विजसत्तमाः मामनुगृह्णंतुभवंतइतिवदेत् विप्रैःकिंतेकार्यंमिथ्यामावादीःसत्यमेववदेतिपृष्टः स्वपापंख्यापयेत् मयाममपत्न्यावाइहजन्मनिजन्मांतरेवाअनपत्यत्वमृतापत्यत्वादिनिदानभूतबालघातविप्ररत्नापहारादिदुरितंकृतंतस्यनाशायकरिष्यमाणेहरिवंशश्रवणादौकर्मविपाकोक्तेविधानेऽधिकारार्थंदीर्घायुष्मत्पुत्रादिसंततिप्राप्तयेप्रायश्चित्तमुपदिशंतुभवंतइतिप्रार्थयेत् तेचपापिनापूजितानुवादकाग्रे षडब्दत्र्यब्दसार्धाब्दान्यतमप्रायश्चित्तेनपूर्वोत्तरांगसहितेनाचरितेनतवशुद्धिर्भविष्यति तेनत्वं कृतार्थोभविष्यसीतिवदेयुः अनुवादकःपापिनंवदेत् ततःकर्ताओमित्यंगीकृत्यपर्षदंविसृज्यदेशकालौसंकीर्त्यसभार्यस्यममैतज्जन्मजन्मांतरार्जितानपत्यत्वादिनिदानभूतबालघातविप्ररत्नापहारादिजन्यदुरितसमूलनाशकर्मविपाकोक्तविधिनाधिकारसिद्धिद्वारादीर्घायुष्मद्बहुपुत्रादिसंततिप्राप्तये षडब्दंत्र्यब्दंसार्धाब्दंवाप्रायश्चित्तंपूर्वोत्तरांगसहितममुकप्रत्याम्नायेनाहमाचरिष्यइतिसंकल्प्य दिनांतेकेशरोमनखादिवापयित्वास्नात्वा आयुर्बलंयशोवर्चःप्रजाःपशुवसूनिच ब्रह्मप्रज्ञांचमेधांचत्वंनोदेहिवनस्पते इतिविहितका

ष्ठेनदंतधावनंकुर्यात् ततोदशस्नानानि तत्रभस्मस्नानं ईशानायनमःशिरसि तत्पुरुषायनमःमुखे अघोरायनमःहृदये वामदेवायनमोगुह्ये सद्योजातायनमःपादयोः प्रणवेनसर्वांगेषु भस्मविलिंपेत् ईशानादिपदोपेतैर्मंत्रैर्वाभस्मलेपः ततःस्नात्वाचामेत् ॥

હવે પ્રાયશ્ચિત્તનો પ્રયોગ કહે છે.

વસ્ત્રસહિત સ્નાન કરી, શક્તિ હોય તો ભીજેલાં વસ્ત્ર ધારણ કરી બ્રાહ્મણોની સભાની આગળ એક ગાય અને એક બળદનો પ્રતિનિધિ નિષ્ક ઇત્યાદિ પરિમિત બ્રહ્મદંડ ધરી સાષ્ટાંગ નમસ્કાર કરી સભાને પ્રદક્ષિણા કરી "सर्वे धर्मविवेक्तारो, गोप्तारः सकला द्विजाः ॥ मम देहस्य संशुद्धिं, कुर्वंतु द्विजसत्तमाः ॥ मया कृतं महाघोरं, ज्ञातमज्ञातकिल्बिषं ॥ प्रसादः क्रियतां मह्यं, शुभानुज्ञां प्रयच्छथ ॥ पूज्यैः कृतपवित्रोहं, भवेयं द्विजसत्तमाः" એ મંત્રો ભણી બ્રાહ્મણોની પ્રાર્થના કરવી. પછી "मामनुगृह्णंतु भवंत इति वदेत्" (તમે મ્હારી ઉપર કૃપા કરો એમ કહેવું). "विप्रैः किं ते कार्यं मिथ्या मा वादीः सत्यमेव वदेति पृष्टः स्वपापं ख्यापयेत्" (અર્થ—ત્હારૂં શું કાર્ય છે? ખોટું બોલતો નહીં, ખરૂં બોલ, એ રીતે બ્રાહ્મણોએ પૂછ્યા પછી તેણે પોતાનું પાપ કહેવું). તે આ રીતે,—"मया मम पत्न्या वा इह जन्मनि जन्मांतरे वा अनपत्यत्वमृतापत्यत्वादिनिदानभूतबालघातविप्ररत्नापहारादि दुरितं कृतं तस्य नाशाय करिष्यमाणे हरिवंशश्रवणादौ कर्मविपाकोक्ते, विधानेऽधिकारार्थंदीर्घायुष्मत् पुत्रादिसंततिप्राप्तये प्रायश्चित्तमुपदिशंतु भवंतः" (અર્થ—મે અથવા મ્હારી સ્ત્રીએ આ જન્મવિષે અથવા જન્માંતરવિષે વંધ્યાપણાના અથવા મૃતવત્સાપણાના કારણરૂપ બાલહત્યા અથવા બ્રાહ્મણોના દ્રવ્યની ચોરી ઇત્યાદિક પાપ કરેલાં હોય તેની નિવૃત્તિ થવામાટે કરવાનો જે; કર્મવિપાક ગ્રંથમાં કહેલું હરિવંશ ગ્રંથનું શ્રવણ ઇત્યાદિક, વિધિ; તેનો અધિકાર પ્રાપ્ત થઈ દીર્ઘાયુ એવો પુત્ર ઇત્યાદિ સંતતિ પ્રાપ્ત થવામાટે તમો મને પ્રાયશ્ચિત્ત કહો) એવી પ્રાર્થના કર્યા પછી તે બ્રાહ્મણોએ, પાપીએ પૂજન કરેલા એવા અનુવાદક (બ્રાહ્મણોનાં વચન પાપીને સંભળાવનારા)ની સામે, "षडब्द-त्र्यब्दसार्धाब्दान्यतमप्रायश्चित्तेन पूर्वोत्तरांगसहितेनाचरितेन तव शुद्धिर्भविष्यति तेन त्वं कृतार्थो भविष्यसि" (અર્થ,-છ અબ્દ, ત્રણ અબ્દ, દોઢ અબ્દ એમાંનું; પૂર્વાંગ ઉત્તરાંગ સહિત કોઈ એક પ્રાયશ્ચિત્ત લીધાથી તારી શુદ્ધિ થશે અને તું કૃતાર્થ થઈશ) એ રીતે કહેવું. અનુવાદકે પાપીને કહેવું. પછી પ્રાયશ્ચિત્ત કરનારે "ॐ" (તથાસ્તુ) એમ કહિ અનુવાદકે કહ્યા પ્રમાણે અંગીકાર કરવો. સભાનું વિસર્જન કરી દેશકાલનો ઉચ્ચાર કરી "सभार्यस्य ममैतज्जन्मजन्मांतरार्जितानपत्यत्वादिनिदानभूतबालघातविप्ररत्नापहारादिजन्यदुरितसमूलनाशकर्मविपाकोक्तविधिनाधिकारसिद्धिद्वारा दीर्घायुष्मद्बहुपुत्रादिसंततिप्राप्तये षडब्दं त्र्यब्दं सार्द्धाब्दं वा प्रायश्चित्तं पूर्वोत्तरांगसहितममुकप्रत्याम्नायेनाहमाचरिष्ये," એવો સંકલ્પ કરવો. પછી મધ્યાહ્ને ક્ષૌર કરાવી સ્નાન કરવું. પછી વનસ્પતિની પ્રાર્થના કરવી. તેનો મંત્ર—"आयुर्बलं यशो वर्चः, प्रजाः पशुवसूनि च ॥ ब्रह्म प्रज्ञां च मेधां च, त्वं नो देहि वनस्पते," એ પ્રમાણે પ્રાર્થના કરી ઉક્ત કાષ્ઠવડે દંતધાવન કરવું. પછી દશ સ્નાન કરવાં. તેમાં પ્રથમ ભસ્મસ્નાન કરવું તે આ રીતે—"ईशानाय नमः" એ મંત્રવડે મસ્તકને ભસ્મ લગાડવું. તત્પુરુષાય નમઃ" એ મંત્રવડે મુખને, "अघोराय नमः" એ મંત્રવડે હૃદયને, "वामदेवाय नमः" એ મંત્રવડે ગુહ્ય સ્થાનકે, "सद्योजाताय नमः" એ મંત્રવડે પગને અને પ્રણવમંત્રવડે સઘળાં અંગોને ભસ્મ લેપન કરવું. અથવા ઈશાનાદિ પદયુક્ત મંત્રવડે ભસ્મ લગાડવું.

अथगोमयस्नानम् ॥ गोमयमादाय प्रणवेनदिक्षुदक्षिणभागंतीर्थेचोत्तरभागंप्रक्षिप्य शेषंमानस्तोकेइत्यभिमंत्र्य गंधद्वारामितिसर्वांगमालिप्य हिरण्यशृंगमितिद्वाभ्यांप्रार्थ्य याःप्रवतइतितीर्थमभिमृश्य स्नात्वाद्विराचामेत् ॥

હવે ગોમયસ્નાન કરવું તે કહે છે,—છાણ લઈ પ્રણવમંત્રવડે છાણનો દક્ષિણ ભાગ ચારે દિશાઓમાં અને ઉત્તર ભાગ તીર્થમાં નાખી બાકી રહેલું ગોમય "मानस्तोके०" એ મંત્રવડે મં-

---

[૧] ततः स्नात्वाचामेत्, इत्यधिकः पाठः क्वचित्पुस्तके दृश्यते परंतु प्राचीनपुस्तकेषु तथाऽभावाद्भस्मस्नानांते जलस्नानाऽनुपयोगाच्चात्र तु न मुद्रितः.

[૨] असिद्धोऽपि संधिः पुस्तकांतरसमत्या स्थापित'.

ત્રિત કરી "गंधद्वारां" એ મંત્રવડે સંપૂર્ણ અંગમાં લગાડવું. પછી "हिरण्यशृंगं०" એ બે મંત્રવડે તીર્થની પ્રાર્થના કરી "याःप्रवत०" એ મંત્રવડે તીર્થને સ્પર્શ કરી સ્નાન કરી બે વાર આચમન કરવું.

अथमृत्तिकास्नानम् ॥ अश्वक्रांतेरथक्रांतेविष्णुक्रांतेवसुंधरे शिरसाधारयिष्यामिरक्षस्वमांपदे पदे इतिमृत्तिकामभिमंत्र्य उद्धृतासिवराहेणकृष्णेनशतबाहुना मृत्तिकेहरमेपापंयन्मयादुष्कृतंकृतं इति तामादाय नमोमित्रस्येतिसूर्यायप्रदर्श्य गंधद्वारामितिमंत्रेण स्योनापृथिवीतिमंत्रेणवा इदंविष्णुरितिवा शिरःप्रभृत्यंगानिविलिंपेत्स्नात्वाद्विराचामेत् ॥

હવે મૃત્તિકાસ્નાન કહે છે.—"अश्वक्रांते रथक्रांते, विष्णुक्रांते वसुंधरे ॥ शिरसा धारयिष्यामि, रक्षस्व मां पदे पदे" એ મંત્રવડે મૃત્તિકાને મંત્રી "उद्धृतासि वराहेण, कृष्णेन शतबाहुना ॥ मृत्तिके हर मे पापं, यन्मया दुष्कृतं कृतं" એ મંત્રવડે મૃત્તિકા લઈ "नमो मित्रस्य०" એ મંત્રવડે સૂર્યને બતાવી "गंधद्वारां०" અથવા "स्योनापृथिवि०" કિંવા "इदंविष्णु०" એ મંત્રવડે મસ્તકાદિ સર્વ અંગમાં મૃત્તિકા લગાડી બે વાર આચમન કરવું.

अथवारिस्नानम् ॥ आपोअस्मानित्युक्त्वाभास्कराभिमुखःस्थितः इदंविष्णुर्जपित्वाचप्रतिस्रोतो निमज्जति ततःपंचगव्यकुशोदकैःपृथक्पृथक्स्नात्वा स्नानांगतर्पणादिकुर्यात् विष्णुश्राद्धं पूर्वांगगोप्रदानं चकृत्वा अग्निंप्रतिष्ठाप्य पंचगव्यहोमंव्याहृतिभिरष्टोत्तरशतमष्टाविंशतिंवाऽज्यहोमंचकृत्वाव्रतंग्रहीष्यइतिविप्रान्प्रार्थ्य हुतशेषंपंचगव्यंप्रणवेनपिबेत् ॥

હવે જળવડે સ્નાન કહે છે.—"आपो अस्मान्०" એ મંત્ર કહી સૂર્યની સામે ઉભા રહી, "इदं विष्णु०" એ મત્રનો જપ કરી જળપ્રવાહની સામે ડુબકી મારવી. પછી પંચગવ્ય અને કુશોદકવડે જુદાં જુદાં સ્નાન કરી સ્નાનસંબંધી તર્પણ ઇત્યાદિ કરવું. પછી વિષ્ણુશ્રાદ્ધ અને પૂર્વાંગસંબંધી ગોદાન કરી અગ્નિની સ્થાપના કરી પંચગવ્યનો હોમ, અને વ્યાહૃતિમંત્રવડે (૧૦૮) અથવા (૨૮) ઘૃતાહુતિરૂપ હોમ કરી "व्रतं ग्रहीष्ये" (વ્રત ગ્રહણ કરૂંછું) એ રીતે બ્રાહ્મણની પ્રાર્થના કરી બાકી રહેલું પંચગવ્ય પ્રણવમંત્રવડે પી જવું.

मुख्यप्रायश्चित्तकृच्छ्रान्संकल्पानुसारेणानुष्ठायव्याहृत्याज्यहोमविष्णुश्राद्धगोदानानिपूर्ववत्कुर्यात् आज्यहोमेपंचगव्यहोमेच इध्माधानादिस्थालीपाकेतिकर्तव्यतांकेचिन्नेच्छंति व्याहृत्याज्यहोमेपापापह महाविष्णुर्देवतेतिकेचित् ॥

મુખ્ય પ્રાયશ્ચિત્તમાં કૃચ્છ્ર, સંકલ્પ પ્રમાણે કરી; વ્યાહૃતિ મંત્રવડે ઘૃતનો હોમ, વિષ્ણુશ્રાદ્ધ, અને ગાયનું દાન એ પ્રથમ પ્રમાણે કરવાં. ઘૃતનો હોમ અને પંચગવ્યનો હોમ એમાં ઇધ્માસ્થાપન ઇત્યાદિક સ્થાલીપાકનો વિધિ કરવો નહીં, એમ કોઈ ગ્રંથકાર કહેછે. વ્યાહૃતિમંત્રવડે જે ઘૃતનો હોમ કરવો તેમાં પાપના નાશક મહાવિષ્ણુ દેવતા છે, એમ કોઈ ગ્રંથકાર કહે છે.

पंचगव्यविधिस्तु ताम्रेपालाशेवापात्रे ताम्रायागोर्मूत्रमष्टमापप्रमाणंगायत्र्यादाय गंधद्वारामिति श्वेतगोशकृत्षोडशमापमादाय आप्यायस्वेतिपीतगोक्षीरंद्वादशमापं दधिक्राव्णइतिनीलगोर्दधिदशमापं तेजोसिशुक्रमसीतिकृष्णगोघृतमष्टमापमादाय तत्रदेवस्यत्वेतिकुशोदकंचतुर्मापंप्रक्षिप्य प्रणवेनालोडयेत् अत्रमापःपंचगुंजात्मकः ततःसप्तपत्रैःसाग्रैःकुशैर्जुहुयात् इरावतीतिपृथ्वीं इदंविष्णुरितिविष्णुं मानस्तोकेइतिरुद्रं शन्नोदेवीरित्यपः ब्रह्मजज्ञानमितिब्रह्माणं वा अग्निंसोमंचनाम्नागायत्र्यासूर्यंप्रजापतेनत्वेतिसमस्तव्याहृतिभिर्वाप्रजापतिं प्रणवेन प्रजापतिं अग्निंस्विष्टकृतंचनाम्नेत्येताः पंचगव्येनाग्निंवायुंसूर्यंप्रजापतिंचेतिवा महाविष्णुंवाज्येनाष्टाविंशतिसंख्याहुतिभिरित्यन्वाधानं स्त्रीशूद्राणां होमोनकार्यः केचिद्ब्राह्मणद्वाराहोमः कार्यइत्याहुः स्त्रीशूद्राणांपंचगव्यपानेविकल्पइतिमहार्णवः ॥

હવે પંચગવ્યનો વિધિ કહે છે.—ત્રાંબાના પાત્રમાં અથવા ખાખરાના દૂનામાં આગળ કહેવાય છે તે પ્રમાણે પદાર્થ મેળવવા. તે આ રીતે-રાતી ગાયનું ગોમૂત્ર આઠ માષા ગાયત્રીમંત્રવડે

---

१ अत्रापि स्नातेत्यधिकः पाठः क्वचिदुपलभ्यतेऽनुपयुक्तत्वान्मोप्यपास्त..

પાત્રમાં રાખવું. ધોળી ગાયનું ગોમય (છાણ) સોળ માષા "गंधद्वारां०" એ મંત્રવડે પાત્રમાં રાખવું. પીળા વર્ણની ગાયનું દૂધ બાર માષા "आप्यायस्व०" એ મંત્રવડે પાત્રમાં રાખવું. નીલી ગાયનું દહીં દશ માષા "दधिक्राव्ण०" એ મંત્ર ભણી પાત્રમાં રાખવું. કાળી ગાયનું ઘી આઠ માષા "तेजोसि शुक्रमसि०" એ મંત્રવડે પાત્રમાં રાખવું, અને "देवस्य त्वा०" એ મત્ર ભણી ચાર માષા કુશોદક તે પાત્રમાં નાખી પ્રણવમંત્રવડે તેને એકરસ કરવાં. ઈહાં પાંચ ગુંજાનો માષો લેવો. એ રીતે પંચગવ્ય કરી સાત સળીવાળા અને અગ્રસહિત એવા દર્ભવડે તેનો હોમ કરવો. તેનું અન્વાધાન આ રીતે કરવું. "इरावतीति पृथ्वीं, इदं विष्णुरिति विष्णुं, मानस्तोकेति रुद्रं, शन्नोदेवीत्यपः, ब्रह्मजज्ञानमिति ब्रह्माणं वा अग्निं, सोमं च नाम्ना, गायत्र्या सूर्यं, प्रजापतेनत्वेति समस्तव्याहृतिभिर्वा प्रजापतिं, प्रणवेन प्रजापतिं, अग्निं स्विष्टकृतं च नाम्नेत्येताः पंचगव्येन अग्निं वायुं सूर्यं प्रजापतिं चेति वा महाविष्णुं वाज्येनाष्टाविंशतिसंख्याहुतिभिः" એ રીતે અન્વાધાન કરી તેને અનુસારે હોમ કરવો. સ્ત્રી અને શૂદ્રોએ હોમ કરવો નહીં. કોઈ ગ્રંથકાર (સ્ત્રી શૂદ્રોએ) બ્રાહ્મણદ્વારા હોમ કરાવવો. એમ કહેછે. સ્ત્રી અને શૂદ્રોએ પંચગવ્ય પ્રાશન કરવું અથવા ન કરવું. એવો મહાર્ણવ ગ્રંથમાં વિકલ્પ છે.

स्त्रीशूद्रौ विप्रैःपंचगव्यंकारयित्वा तूष्णींपिबतइतिस्मृत्यर्थसारः अयंप्रायश्चित्तविधिः कृच्छ्रन्यून प्रायश्चित्तेपुनकार्यः कृच्छ्रप्रभृतिषु सर्वत्रप्रायश्चित्तेष्वनुष्ठेयः एवंकृच्छ्राद्यनुष्ठाय सूर्यारुणसंवादमहार्णवादिकर्मविपाकग्रंथोक्तं हरिवंशादिश्रवणादिकर्मकुर्यात् तत्रशुभेदिनेदेशकालौसंकीर्त्य अनेकजन्मार्जितानपत्यत्वमृतापत्यत्वादिनिदानभूतबालघातनिक्षेपहरणविप्ररत्नापहरणादिजन्यदुरितसमूलनाशद्वारा दीर्घायुष्मद्बहुपुत्रादिसंततिप्राप्तिकामो हरिवंशं श्रोष्यामीत्येकस्यकर्तृत्वे दंपत्योःकर्तृत्वेश्रोष्याव इतिसंकल्प्य गणेशपूजनस्वस्तिवाचननांदीश्राद्धानि विनायकशांतिंचकृत्वा हरिवंशश्रवणार्थंश्रावयितारं त्वांवृणेइति विप्रंवृत्वा वस्त्रालंकारैःपूजयेत् वाचकंप्रत्यहंपायसादिनाभोजयेत् दंपतीप्रतिदिनंत्रायंतामित्यादिवैदिकैःसुरास्त्वामितिपौराणैश्चमंत्रैः सुस्नातावलंकृतौ तदेकचित्तौशृण्वंतौ तैलतांबूलक्षौरमैथुनखट्वाशयनानियावत्समाप्तिवर्जयंतौ हविष्यंभुंजीयातां अंतेवाचकायगांसुवर्णत्रयमेकंवासुवर्णदक्षिणांदत्वा प्रत्यवरोहमंत्रेणसहस्रंतिलाज्यंहुत्वा शतंविप्रान् चतुर्विंशतिमिथुनानिवा पायसेनभोजयेदितिहरिवंशश्रवणप्रयोगः ॥

સ્ત્રી અને શૂદ્રોએ બ્રાહ્મણદ્વારા પંચગવ્ય કરાવી મંત્રરહિત તેનું પ્રાશન કરવું, એમ સ્મૃત્યર્થસાર ગ્રંથમાં છે. આ પ્રાયશ્ચિત્તનો વિધિ, કૃચ્છ્ર કરતાં ઓછા પ્રાયશ્ચિત્તવિષે કરવો નહીં, કૃચ્છ્ર ઇત્યાદિક સર્વ પ્રાયશ્ચિત્તોમાં કરવો. એ રીતે કૃચ્છાદિક પ્રાયશ્ચિત કરી સૂર્યારૂણસંવાદ તથા મહાર્ણવ ઇત્યાદિક કર્મવિપાક ગ્રંથોમાં કહેલું હરિવંશાદિકનું શ્રવણ ઇત્યાદિક કર્મ કરવું. હરિવંશાદિક ગ્રંથોનું શ્રવણ કરવું તે શુભ દિવસ જોઈ તે દિવસે દેશકાલનો ઉચ્ચાર કરી સકલ્પ કરવો. તે આ રીતે,–"अनेकजन्मार्जितानपत्यत्वमृतापत्यत्वादिनिदानभूतबालघातनिक्षेपहरणविप्ररत्नापहरणादिजन्यदुरितसमूलनाशद्वारा दीर्घायुष्मद्बहुपुत्रादिसंततिप्राप्तिकामो हरिवंशं श्रोष्यामि," એવો સકલ્પ એક શ્રવણ કરનારો હોય તો કરવો, અને સ્ત્રી પુરૂષ બન્ને શ્રવણ કરનારા હોય તો "श्रोष्यावः" એવો સંકલ્પ કરી ગણેશપૂજન, પુણ્યાહવાચન તથા વિનાયકશાંતિ કરી હરિવંશ શ્રવણ કરવામાટે કથા શ્રવણ કરાવનારા બ્રાહ્મણને વરાવવો. તે આ રીતે,—"हरिवंशश्रवणार्थं श्रावयितारं त्वां वृणे," એ પ્રમાણે બ્રાહ્મણને વરાવી તેની વસ્ત્ર, અલંકારવડે પૂજા કરવી, અને વાંચનારાને નિત્ય પાયસ (દૂધપાક) ઇત્યાદિવડે ભોજન કરાવવું. સ્ત્રી પુરૂષ બન્ને જણાઓએ નિત્ય "त्रायंतां" ઇત્યાદિક વેદમંત્રવડે તથા "सुरास्त्वा०" ઇત્યાદિક પુરાણોક્ત મંત્રોવડે સ્નાન કરી અલંકારયુક્ત થઈ એકાગ્ર ચિત્તથી ગ્રંથનું શ્રવણ કરવું અને તેલ, તાંબૂલ, ક્ષૌર, મૈથુન, તથા પલગ ઉપર નિદ્રા કરવી એ સઘળાં ગ્રંથની સમાપ્તિ થાય ત્યાંલગી વર્જ્ય કરવાં. અને હવિષ્ય પદાર્થનું (પત્ર ૫૮ માં) ભોજન કરવું. અંતે ગ્રંથ વાંચનારાને ગાય અને (૨૪૦) રતિ ભાર અથવા (૮૦) રતિ ભાર સુવર્ણદક્ષિણા દઈ "प्रत्यवरोह०" એ મંત્રવડે તિલ અને ઘૃતનો હજાર હજાર હોમ કરી સો બ્રાહ્મણ અથવા ચોવીશ દંપતી (સ્ત્રી પુરૂષરૂપ જોડ) ને પાયસનું ભોજન કરાવવું. એ પ્રમાણે હરિવંશ ગ્રંથના શ્રવણનો પ્રયોગ સમાપ્ત થયો.

अथविधानांतराणि ॥ सौवर्णबालकंकृत्वादद्यादोलासमन्वितम् अथवावृषभंदद्याद्विप्रोद्वाहनमेववा महारुद्रजपोवापिलक्षपद्मैःशिवार्चनम् स्वर्णधेनुःप्रदातव्यासवत्सावायथाविधि घृतकुंभप्रदानंवा संक्षेपादिदमीरितम् अथवाप्रत्यहंपार्थिवलिंगपूजांकृत्वा अभिलाषाष्टकजपंसंवत्सरंकुर्यात् अभिलाषाष्टकस्तोत्रंकौस्तुभेज्ञेयं एवमपिफलाप्राप्तौदत्तपुत्रोग्राह्यः ॥

હવે બીજાં વિધાન (સંતતિના ઉપાય) કહે છે.

“સુવર્ણનો બાળક કરી તેને પાલણામાં બેસાડી તેનું દાન કરવું. અથવા બેલનું દાન કરવું. અથવા બ્રાહ્મણનો વિવાહ કરાવવો. મહારુદ્રનો જપ, કિંવા લક્ષ કમલવડે શિવની પૂજા કરવી. અથવા વાછડાસહિત [1]ગાય સુવર્ણની કરી તેનું દાન કરવું. અથવા પ્રત્યક્ષ ગાયનું વાછડાસહિત યથાવિધિ દાન કરવું, કિંવા ઘૃત ભરેલા કુંભનું દાન કરવું. એ સક્ષેપે કહ્યું.” અથવા નિત્ય પાર્થિવ લિંગની પૂજા કરી અભિલાષાષ્ટક સ્તોત્રનો જપ એક વર્ષપર્યંત કરવો. અભિલાષાષ્ટક સ્તોત્ર કૌસ્તુભમાં કહ્યું છે. તે જોવું. એટલું કરતાં પણ સતતિ ન થાય તો દત્તક પુત્ર લેવો.

अथदत्तकग्राह्याग्राह्यविचारः ॥ ब्राह्मणानांसोदरभ्रातृपुत्रोमुख्यत्वात्प्रथमंग्राह्यः तदभावेसगोत्रसपिंडोयःकश्चित् सापत्नभ्रातृपुत्रोवा तदभावेत्वसगोत्रसपिंडोमातुलकुलजःपितृष्वस्रादिकुलजः तदभावेत्वसपिंडः समानगोत्रः तदभावेत्वसपिंडः पृथक्गोत्रोपि असगोत्रसपिंडेषु भागिनेयदौहित्रौ वर्ज्यौ एवंविरुद्धसंबंधापत्यापुत्रबुद्ध्यनर्हौमातुलोपिनग्राह्यः अतएवसगोत्रसपिंडेषुभ्रातापितृव्योवा नग्राह्यः विप्रादीनांवर्णानांसमानवर्णएव तत्रापिदेशभेदप्रयुक्तगुर्जरत्वांध्रत्वादिनासमानजातीयएव सर्वोपिसभ्रातृकएवग्राह्यः तत्रापि ज्येष्ठपुत्रोनग्राह्योनदेयः शूद्रस्यदौहित्रभागिनेयावपिग्राह्यौ अत्रमूलं भ्रातृणामेकजातानामेकश्चेत्पुत्रवान्भवेत् सर्वेतेतेनपुत्रेणपुत्रिणोमनुरब्रवीत् अनेनवचनेन नापुत्रस्यलोकोस्तिजायमानोवैब्राह्मणस्त्रिभिर्ऋणवान्जायतइत्यादिशास्त्रबोधितस्याप्रजस्त्वप्रयुक्तदोषस्यनिवृत्तिर्विधिना अस्वीकृतेनापिभ्रातृपुत्रेणपितृव्यस्यभवतीतिबोध्यते अतःपुत्रसदृशत्वाद्ग्राह्येषुमुख्यइतिज्ञाप्यते मुख्याभावेतत्सदृशः प्रतिनिधिरितिन्यायात् नचास्मादेववाक्याद्विधिवत्प्रतिग्रहंविनैवतस्यपुत्रत्वमितिशंक्यं तथासतिऔरसदत्तकादिद्वादशविधपुत्रवदेतस्य पत्नीतःपूर्वमेवधनहारित्वपिंडदत्वौचित्येन पत्नीदुहितरश्चैवपितरौभ्रातरस्तथा तत्सुतागोत्रजाबंधुरितितत्क्रमवाक्ये भ्रात्रनंतरंभ्रातृसुतनिवेशानुपपत्तेः तस्मात्पत्नीतःपूर्वंमदीयपिंडदानधनग्रहणेधिकारीकश्चिद्भवत्वितिकामनायांविधिवत्स्वीकृतएवतथाधिकारीभवतिनान्यथा तादृशकामनायाअभावेतु पितृऋणापाकरणादिपारलौकिकमात्रार्थंदत्तपुत्रोनग्राह्यः भ्रातृपुत्रेणैवतत्सिद्धेरित्येवंवचनतात्पर्यं क्वचिद्देशेवैदिकविधिंविनापिदातृग्रहीतृसंमतिराजपुरुषाद्यनुमत्यादिलौकिकव्यापारमात्रेणोपनयनादिसंस्कारकरणमात्रेणच सगोत्रसपिंडेपुत्रत्वसिद्धिव्यवहारोदृश्यते तत्रमूलंनोपलभ्यते सर्वासामेकपत्नीनामेकाचेत्पुत्रिणीभवेत् सर्वास्तास्तेनपुत्रेणपुत्रिण्योमनुरब्रवीत् इतिवचनंतु सापत्नपुत्रस्यागृहीतस्यापिपुत्रत्वपिंडदानाद्यधिकारित्वविधायकं तेनैकसपत्न्याः सपुत्रत्वेन्यसपत्न्यापुत्रोनग्राह्यः दौहित्रोभागिनेयश्चशूद्राणांविहितःसुतः ब्राह्मणादित्रयेनास्तिभागिनेयःसुतःक्वचित् नत्वेवैकंपुत्रंदद्यात्प्रतिगृह्णीयाद्वेतिनज्येष्ठंपुत्रंदद्यादितिचअत्रौरसानेकपुत्रेणपुत्रदानंकार्यमितिविधीयते तेनपूर्वंदत्तकोगृहीतः ततःऔरसोजातस्तादृशानेकपुत्रेणदत्तकएकऔरसोवानदेयः सधवयास्त्रियापत्यनुज्ञयापुत्रोगृहीतव्योदातव्यश्च भर्त्रनुज्ञाभावेतुनग्राह्योनदेयः एवंविधवयापिस्त्रियात्वयापुत्रःस्वीकार्यइतिउक्त्वा भर्तरिमृतेग्राह्यः स्पष्टमीदृशानुज्ञाभावेभर्तृजीवनदशायांतन्मरणोत्तरमासमुगाद्य पुत्रस्वीकारविषयकभर्त्रभिप्रायंज्ञातवत्यापिग्राह्यइतिसर्वसंमतं एतदुभयविधभर्त्रनुज्ञाभावेपि तत्पत्न्यास्वाभिमतकाम्यव्रतादिधर्माचरणइवपुत्रप्रतिग्रहेपि नापुत्रस्यलोकोस्तीत्यादिसामान्यशास्त्रादेव विधवायाअधिकारः नस्त्रीपुत्रंदद्यात्प्रतिगृह्णीयाद्वान्यत्रभर्त्रनुज्ञानादितिवसिष्ठवाक्यंतुभर्त्रनुज्ञारहितांप्रतिपुत्रप्रतिग्रहाभ्यनुज्ञापरं नतुपुत्रप्रतिग्रहनिषेधपरं शास्त्रप्राप्तनिषेधायोगात् अतस्तादृशस्त्रियाः पुत्रप्रतिग्रहप्रतिबंधेनवृत्तिलोपपिंडविच्छेदादिकुर्वन्नरकभाग्भवति योब्राह्मणस्यवृत्तौतुप्रतिकूलंसमाचरेत् विरमुत्रांतुरमीणांस्यादितिशास्त्रादितिकौस्तुभेविस्तरः स्त्रीभिःपुत्रस्वीकारे व्रतादिवद्विप्रद्वाराहोमादिकंकार्यएवंशूद्रेणापि विप्रःशूद्रदक्षिणामादायवैदिकमंत्रैस्तदीयहोमादिकरोतितत्रशूद्रःपुण्यफलभाग्भ

---

[1] ગાય અને વાછડું કેટલા કેટલા સુવર્ણનાં કરવાં તે સઘળો વિધિ દાનચંદ્રિકા ગ્રંથમાં જોવો.

यति किंतुविप्रस्यैवप्रत्यवायः पुत्रंप्रतिगृह्यगृहीत्राजातकर्माद्याश्चूडाद्यावासंस्काराःकार्याइतिमुख्यःपक्षः असंभवेसगोत्रसपिंडेपुकृतोपनयनोपिविवाहितोपिवादत्तकोभवति असंजातपुत्रएवविवाहितोग्राह्य इतिमेभाति असपिंडसगोत्रेपुकृतोपनयनएवेत्यपिभाति भिन्नगोत्रस्तुअकृतोपनयनएवग्राह्यः केचित्तु कृतोपनयनोपिभिन्नगोत्रोग्राह्यइत्याहुः इतिग्राह्याग्राह्यविवेकः ॥

હવે દત્તક પુત્ર કયો લેવાય અને કયો ન લેવાય તેનો નિર્ણય કહે છે.

સગા ભાઇનો પુત્ર બ્રાહ્મણોને મુખ્ય છે માટે પ્રથમ તેજ લેવો. તે ન મળે તો પોતાનો સગોત્ર (એક ગોત્રવાળો) સપિંડ એવો (સાત પેહેઢીમાંનો) જે કોઈ હોય તે લેવો, અથવા સાવકા ભાઇનો પુત્ર લેવો. તેમાંથી ન મળે તો જુદા ગોત્રમાંનો સપિંડ એવો મામાના કુળમાનો અથવા ફોઇના કુળમાંનો લેવો. તે ન મળે તો અસપિંડ (સાત પેહેઢી ઉપરનો) સમાન ગોત્ર (એક ગોત્રવાળો) લેવો તેવો ન મળે તો અસપિંડ એવો જુદા ગોત્રનો લેવો. જુદા ગોત્રમાંના છતાં સપિંડ એવા ભાગિનેય (બેહેનનો પુત્ર) અને દૌહિત્ર (પુત્રીનો પુત્ર) દત્તક લેવા નહિ. વિરૂદ્ધ સબંધ થાય છે માટે પુત્રબુદ્ધિ કરવાને અયોગ્ય એવા મામાને પણ દત્તક લેવો નહિ, અને એજ કારણ માટે સગોત્ર છતાં સપિંડ જે પોતાનો ભાઇ અથવા કાકો તેને પણ લેવા નહિ. બ્રાહ્મણ ઇત્યાદિકોએ પોતપોતાના સમાન વર્ણવાળોજ લેવો. તેમાં પણ દેશભેદવડે ગુર્જરત્વ, આંધ્રત્વ (તૈલગત્વ) ઇત્યાદિકવડે સમાન (તુલ્ય) જાતિનોજ લેવો. કોઈ પણ દત્તક લેવો તે જેને ભાઈ હોય એવાને લેવો. તેમાં પણ સર્વ કરતાં વડીલ પુત્ર લેવો નહિ, અને દેવો નહિ. શૂદ્રોએ પોતાની દીકરીનો પુત્ર અને બેહેનનો પુત્ર પણ દત્તક લેવો. તેમાં મૂળવચન,-“સહોદર (સગા) ભાઈઓમાં જો એક ભાઇને પુત્ર થયો તો તે પુત્રવડે સર્વે ભ્રાતા પુત્રવાળા થાય છે એમ મનુ કહે છે.” એ વચનવડે, “પુત્રરહિતને સ્વર્ગલોક નથી,” “ઉત્પન્ન થયેલો બ્રાહ્મણ ત્રણ ઋણવડે (દેવ, ઋષિ અને પિતૃ ઋણવડે) યુક્ત છે.” ઇત્યાદિક શાસ્ત્રે કહેલા જે કાકાને અપુત્રત્વપણાથી થતા દોષ તેઓની નિવૃત્તિ, વિધિપૂર્વક ભાઇનો પુત્ર ન લીધા છતાં પણ તેજ પુત્રવડે થાયછે, એ હેતુથી તે (ભાઇનો પુત્ર) પુત્ર પ્રમાણેજ છે માટે લેવા યોગ્ય જે દત્તપુત્ર તેમાં એ મુખ્ય છે, એમ જાણવું; કારણ, મુખ્ય ન હોય તો તે ઠેકાણે તેના સરખો બીજો લેવો, એવો ન્યાય છે. વિધિપૂર્વક લીધા વિના એજ વાક્ય ઉપરથી તે ભાઇનો પુત્ર પોતાનો પણ પુત્ર છે એમ માનવું નહિ. પુત્ર છે એમ માને તો ઔરસ, દત્તક ઇત્યાદિક જે બાર પ્રકારના પુત્ર તે પ્રમાણે આ સહોદર ભાઇના પુત્રને સ્ત્રી કરતાં પ્રથમજ દ્રવ્ય લેવું, પિંડ દેવો એ અધિકાર હોવાથી “સ્ત્રી, કન્યા, માતા, પિતા, ભાઈ, ભાઇનો પુત્ર, ગોત્રજ અને બંધુ (મામા, ફોઈ, અને માસીના પુત્ર),” એઓમાંથી પ્રથમનો ન છતાં બીજો એમ ક્રમ કહ્યો છે તે વાક્યમાં ભાઇ પછી ભાઇના પુત્રનું જે ગ્રહણ કીધું તેની યોગ્ય યોજના થશે નહિ. માટે સ્ત્રી કરતાં પ્રથમ, મને પિંડ દેવો અને મ્હારૂં દ્રવ્ય લેવું તેમાં કોઈ અધિકારી જોઇયે એવી ઇચ્છાવડે વિધિપૂર્વક કીધેલો તેજ પિંડદાન અને દ્રવ્યગ્રહણમાં અધિકારી થાય છે, વિધિપૂર્વક કીધા વિના અધિકારી થતો નથી. તેમજ એવી ઇચ્છા ન હોય તો પિતૃઋણનું દૂરીકરણ ઇત્યાદિક પરલોકસંબંધી કૃત્યમાટે દત્તક લેવો નહિ, કારણ ભાઈના પુત્રવડેજ પિતૃઋણની નિવૃત્તિ થાય છે, એવો આ વચનનો અભિપ્રાય જાણવો. કેટલાએક દેશોમાં વૈદિક વિધિવિના પણ પુત્ર આપનારા અને લેનારાના સંમતિ તથા રાજપુરૂષ ઇત્યાદિકની સંમતિ આદિ લૌકિક વ્યવહારવડે અથવા કેવળ મૌંજી ઇત્યાદિક સંસ્કાર કરવાથી સગોત્ર છતાં સપિંડ એવો જે પુત્ર તેને પોતાનો પુત્ર એમ માની સઘળો વ્યવહાર ચાલે છે એવો આચાર જોવામાં આવે છે, પરંતુ તેમાં પ્રમાણ મળતું નથી. “એક પુરૂષની અનેક સ્ત્રીઓ છતાં તેઓમાંથી જો એક સ્ત્રીને પુત્ર થયો તો તે એક પુત્રવડે સઘળી સ્ત્રીઓ પુત્રવાળી થાય છે એમ મનુ કહે છે,” એવું જે વચન તે તો શોકનો પુત્ર જો વિધિપૂર્વક લીધેલો ન હોય તો પણ તેને પણ પુત્રપણું અને પિંડ દેવો ઇત્યાદિકવિષે અધિકાર ઉત્પન્ન કરનારૂં છે, તેથી એ સિદ્ધ થાયછે કે એક શોકને પુત્ર હોય તો બીજીએ દત્તક લેવો નહિ. “દીકરીનો પુત્ર, અને બેહેનનો પુત્ર, એ શૂદ્રોએ દત્તક લેવા, બ્રાહ્મણ, ક્ષત્રિય. અને વૈશ્યોએ બેહેનનો પુત્ર ક્યારે પણ દત્તક લેવો નહીં.” “એક પુત્ર હોય તો તે અવશ્ય દત્તક કરી દેવો નહી અને લેનારાએ લેવો નહીં એમ છે, અને જ્યેષ્ઠપુત્ર પણ દત્તક દેવો નહીં,” આ ઠેકાણે જેના ઔરસ (પોતાની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા)

પુત્ર અનેક હોય તેણે દત્તકપુત્ર દેવો એવો વિધિ પ્રાપ્ત થાય છે. તેથી પ્રથમ દત્તકપુત્ર લીધા પછી ઔરસ પુત્ર થાય એવે પ્રકારે અનેક પુત્ર હોય તથાપિ એક દત્તક કિંવા એક ઔરસ પુત્ર દેવો નહીં, જેનો પતી વિદ્યમાન હોય એવી સ્ત્રીએ પતિની આજ્ઞા લઈ પુત્ર લેવો અને દેવો. પતિની આજ્ઞા ન હોય તો લેવો નહીં અને દેવો નહીં. એ રીતે વિધવા સ્ત્રીએ પણ, 'તું દત્તક લેજે' એ રીતે પતિ આજ્ઞા આપી મરણ પામ્યો હોય તો લેવો. 'તું પુત્ર લેજે' એવી સ્પષ્ટ આજ્ઞા ન છતાં પણ, પતિ જીવતાં અથવા પતિ મરણ પામ્યા પછી પ્રામાણિક પુરૂષના મુખથી 'દત્તક પુત્ર લેવો' એ રીતનો પતિનો અભિપ્રાય જાણનારી સ્ત્રીએ પણ દત્તક પુત્ર લેવો એ સર્વસંમત છે. આ ઉપર કહેલી બેમાંથી એક પણ આજ્ઞા ન હોય તથાપિ નિત્યવ્રત અને કામ્યવ્રત ઇત્યાદિક ધર્મ આચરણવિષે જેમ તે તે શાસ્ત્રવડે અધિકાર છે તેમ દત્તક પુત્ર લેવાવિષે પણ, "અપુત્રને સ્વર્ગલોક નથી," ઇત્યાદિક સામાન્ય શાસ્ત્રથકીજ વિધવા સ્ત્રીને અધિકાર છે. "પતિની આજ્ઞા વિના સ્ત્રીએ પુત્ર દેવો નહીં, અથવા લેવો નહીં," એવું જે વસિષ્ઠવાક્ય છે તે તો, જે સ્ત્રીને પતિની આજ્ઞા નથી તે સ્ત્રી દત્તક પુત્ર ન લે તો પણ તેની મરજી એ રીતે પુત્ર ન લેવામાં સંમતિ માત્ર આપેછે; પણ સર્વથા સ્ત્રીએ પુત્ર લેવોજ નહીં એવો નિષેધ કહેતું નથી. કારણ, શાસ્ત્રસિદ્ધ અર્થનો નિષેધ સંભવતો નથી. માટે દત્તક પુત્રને ગ્રહણ કરતી એવી સ્ત્રીને દત્તપુત્ર લેવામાં પ્રતિબંધ (અડચણ) કરનારાઓ; વૃત્તિ (ઉપજીવિકા) નો લોપ, અને પિંડનો વિચ્છેદ (નાશ) ઇત્યાદિકના કર્તા બની નરકના અધિકારી થાય છે. કારણ, "બ્રાહ્મણની વૃત્તિમાં જે વિઘ્ન કરે છે તે વિષ્ટા ભક્ષણ કરનારા એવા કૃમિ (કીડા)માં ઉત્પન્ન થાય છે," એવું શાસ્ત્ર છે; એ રીતે કૌસ્તુભ ગ્રંથમાં વિસ્તાર કરેલો છે.—સ્ત્રીએ દત્તક પુત્ર લેતી વખતે હોમ ઇત્યાદિક કરવો તે વ્રતાદિક પ્રમાણે બ્રાહ્મણદ્વારા કરાવવો. શૂદ્રે પણ એજ રીતે કરવું. જે બ્રાહ્મણ શૂદ્ર પાસેથી દક્ષિણા લઈ વેદમંત્રવડે તેનાં હોમ ઇત્યાદિક કર્મ કરે તો તે કર્મમાં શૂદ્રને પુણ્યફળની પ્રાપ્તિ થાયછે, અને બ્રાહ્મણનેજ માત્ર દોષ થાય છે. દત્તક પુત્ર લઈ, લેનારાએ (તે પુત્રના) જાતકર્મ ઇત્યાદિક અથવા ચૌલ ઇત્યાદિક સંસ્કાર કરવા, એ મુખ્ય પક્ષ છે. તેમ સંભવ ન હોય તો સગોત્ર અને સપિંડમાંથી જેને યજ્ઞોપવીત સંસ્કાર થયલો હોય તે અથવા વિવાહ થયલો હોય તે પણ દત્તક પુત્ર થાય છે. વિવાહિત હોય તો પણ જેને પુત્ર થયો ન હોય તેજ દત્તક લેવો, એમ મને ભાગે છે. અસપિંડ એવા સગોત્રમધ્યે દત્તક લેવો તે જેને યજ્ઞોપવીત સંસ્કાર થયો હોય તેજ લેવો, એમ પણ ભાગે છે. ભિન્ન ગોત્રમાંનો દત્તક લેવો હોય તો યજ્ઞોપવીત વિનાનોજ લેવો. કોઈ ગ્રંથકાર તો, ભિન્ન ગોત્ર એવો જેને યજ્ઞોપવીત સંસ્કાર થયેલો હોય તે પણ લેવો, એમ કહે છે. એ પ્રમાણે કયો દત્તક લેવો અને કયો ન લેવો તેનો નિર્ણય સમાપ્ત થયો.

अथऋग्वेदिनांपुत्रप्रतिग्रहप्रयोगः ॥ पूर्वेद्युःकृतोपवासःपवित्रपाणिःप्राणानायम्यदेशकालौसंकीर्त्य ममाप्रजस्त्वप्रयुक्तपैतृकऋणापाकरणपुंनामनरकत्राणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं शौनकोक्तविधिनापुत्रप्रतिग्रहंकरिष्ये तदंगत्वेनस्वस्तिवाचनमाचार्यवरणंविष्णुपूजनमन्नदानंचकरिष्ये आचार्यमधुपर्केणविष्णुंसंपूज्य ब्राह्मणादिभोजनंसंकल्पयेत् आचार्यः यजमानानुज्ञयापुत्रप्रतिग्रहांगत्वेनविहितंहोमंकरिष्ये इतिसंकल्प्य अग्निंप्रतिष्ठाप्यचक्षुषीआज्येनेत्यंतेसकृदग्निंसूर्यांसावित्रींपञ्चवारंचरुणाअग्निंवायुंसूर्यंप्रजापतिंचाज्येन शेषेणस्विष्टकृतमित्यादिअन्वाधाय अष्टाविंशतिमुष्टीस्तूष्णींनिरूप्यतथैवप्रोक्ष्याज्योत्पवनांतंकुर्यात् दातारंगत्वापत्नसंपुत्रंदेहीतियाचयेत् दातादेशकालौसंकीर्त्यश्रीपरमेश्वरप्रीत्यर्थंपुत्रदानंकरिष्ये इतिसंकल्प्य गणपतिपूजनांतेप्रतिग्रहीतारंयथाशक्त्यासंपूज्य येयज्ञेनेतिपंचानांनाभानेदिष्टोमानवोवैश्वदेवास्त्रिष्टुप् पंचम्यनुष्टुप् पुत्रदानेविनियोगः येयज्ञेनेतिऋक्पंचकांतेइमंपुत्रंतवपैतृकऋणापाकरणपुंनामनरकत्राणसिद्ध्यर्थं आत्मनःश्रीपरमेश्वरप्रीत्यर्थंतुभ्यमहंसंप्रददेनमम प्रतिगृह्णातुपुत्रंभवान् इतिप्रतिग्रहीतृहस्तेजलंक्षिपेत् प्रहीतादेवस्येतिहस्तद्वयेप्रतिगृह्य स्वांकेउपवेश्य अंगादंगात्संभवसीतिमंत्रेणमूर्धनिजिघ्रेत् वस्त्रकुंडलाद्यलंकृतंगीतवाद्यैःस्वस्तिमंत्रैश्चस्वगृहमानीय पादौप्रक्षाल्याचम्याचार्यंदक्षिणतःस्वयंस्वदक्षिणेभार्यांसंगेपुत्रमित्युपविशेत् आचार्योबर्हिरासादनाद्याज्यभागांतेचरुमवदाय यस्त्वाहृदेनेत्रयोपायेयोपसुश्रुतोग्निस्त्रिष्टुप् पुत्रप्रतिग्रहांगहोमेविनियोगः यस्त्वाहृदेतिऋग्द्वयेनैकमेवावदानंजुहुयात् यजमानोग्नयइदंनमम तुभ्यमग्रेपर्यवहन्सूर्यांग्नाविर्ग्रासूर्यासावित्र्यनुष्टुप् तुभ्य० सूर्यासावित्र्या इदं० सोमोददिति पंचानां सूर्यांग्नाविर्ग्रासूर्यासावित्री अनुष्टुभौ जगतीत्रिष्टुबनुष्टुप्सोमो० पंचस्वपि सूर्या

सावित्र्याइदं० एवंसप्तचर्वाहुतीर्हुत्वाज्यंव्यस्तसमस्तव्याहृतिभिर्हुत्वास्विष्टकृदादिसमाप्याचार्यायधेनुंदत्वाविप्रान्भोजयेत् ॥

હવે ઋગ્વેદીઓને દત્તક પુત્ર લેવાનો પ્રયોગ કહે છે.

પ્રથમ દિવસે ઉપવાસ કરી બીજે દિવસે નિત્યકૃત્ય કીધા પછી હાથમાં દર્ભપવિત્ર ધારણ કરી આચમન, પ્રાણાયામ ઇત્યાદિક કરી દેશકાલનો ઉચ્ચાર કરી “ममाप्रजत्वप्रयुक्तपैतृकऋणापाकरणपुन्नामनरकत्राणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं शौनकोक्तविधिना पुत्रप्रतिग्रहं करिष्ये ॥ तदंगत्वेन स्वस्तिवाचनमाचार्यवरणंविष्णुपूजनमन्नदानं च करिष्ये.” એવો સંકલ્પ કરી આચાર્યની મધુપર્કવડે પૂજા કીધા પછી વિષ્ણુની પૂજા કરી બ્રાહ્મણાદિકોના ભોજનનો સકલ્પ કરવો. પછી આચાર્યે, “यजमानानुज्ञया पुत्रप्रतिग्रहांगत्वेन विहितं होमं करिष्ये” એવો સંકલ્પ કરી અગ્નિસ્થાપન કરવું. પછી “चक्षुषीआज्येनेत्यंते सकृदग्निं सूर्यासावित्रीं पञ्चारं चरुणा अग्निं वायुं सूर्यं प्रजापतिं चाज्येन शेषेण स्विष्टकृतमित्यादि,” એ રીતે અન્વાધાન કરી અઠ્ઠાવીશ મૂઠી ચોખા મંત્ર બોલ્યા વિના પાત્રમાં નાખી તેનું મંત્રવિના પ્રોક્ષણ કરી આજ્યોત્પવન (ઘી શુદ્ધ કરવું) પર્યંત કર્મ કરવું. ત્યાર પછી દાતાને સમીપે જઈ ‘આને પુત્ર દે’ એવી યાચના કરવી. દાતાએ દેશ, કાલનો ઉચ્ચાર કરી श्रीपरमेश्वरप्रीत्यर्थं पुत्रदानं करिष्ये,” એવો સંકલ્પ કરી ગણપતિપૂજન થયા પછી પુત્ર લેનારાનું યથાશક્તિ પૂજન કરી પુત્રનું દાન કરવું. તે આ રીતે,—“येयज्ञेनेतिपंचानांनाभानेदिष्ठोमानवोविश्वेदेवास्त्रिष्टुप् पंचम्यनुष्टुप् पुत्रदाने विनियोगः ॥ येयज्ञेन०” એ પાંચ મંત્ર કહ્યા પછી, इमं पुत्रं तव पैतृकऋणापाकरणपुन्नामनरकत्राणसिद्ध्यर्थं आत्मनः श्रीपरमेश्वरप्रीत्यर्थं तुभ्यमहं संप्रददे न मम । प्रतिगृह्णातु पुत्रं भवान्” એવું વાક્ય કહી પુત્ર લેનારાના હાથમાં સંકલ્પનું જળ આપવું. અને પુત્રનું દાન લેનારાએ “देवस्य त्वा०” એ મંત્ર કહી પુત્રને બે હાથવતી લઈ પોતાના ખોળા ઉપર બેસાડી “अंगादंगात् संभवसि०” એ મંત્ર કહી બાળકનું મસ્તક સૂંઘવું. પછી વસ્ત્ર, કુંડલ ઇત્યાદિકે સુશોભિત એવા બાળકને ગાજતે, વાજતે અને મંત્રોનો ઉચ્ચાર કરતે પોતાને ઘેર લાવી પગ ધોઈ આચમન કરી આચાર્યની જમણીમેર પોતે બેસવું, અને પોતાની જમણીમેર બેઠેલી સ્ત્રીના ખોળામાં પુત્રને બેસાડવો. પછી આચાર્યે બર્હિનું જે આસાદન (અગ્નિની ચોમેર બિછાવવું) ત્યહાં થકી તે આજ્યભાગપર્યંત કર્મ કર્યા પછી ચરૂ લઇ તેનો હોમ કરવો, તેનો વિધિ—“यस्त्वाहृदेति द्वयोरात्रेयो वसुश्रुतोग्निस्त्रिष्टुप् ॥ पुत्रप्रतिग्रहांगहोमे विनियोगः ॥ यस्त्वाहृदा०” એ બે મંત્ર ભણી એકજ આહુતિ હોમવી. યજમાને “अग्नयइदं न मम,” એ રીતે ત્યાગનો ઉચ્ચાર કરવો. પછી “तुभ्यमग्रे पर्यवहन्सूर्यासावित्री सूर्यासावित्र्यनुष्टुप् ॥ ॐतुभ्यमग्ने० ॥ सूर्यासावित्र्या इदं न मम ॥ सोमोददिति पंचानां सूर्यासावित्री सूर्यासावित्री अनुष्टुभौ जगती त्रिष्टुबनुष्टुप्॥ ॐसोमोददत्०” એ પાંચ મંત્રવડે પાંચ આહુતિ હોમવી અને પાપે આહુતિનો “सूर्यासावित्र्या इदं न मम” એ રીતે ત્યાગનો ઉચ્ચાર કરવો. એ રીતે ચરૂની સાત આહુતિ હોમ કરી છૂટી છૂટી અને મળેલી એવી વ્યાહૃતિમંત્રવડે (ॐ भूः स्वाहा । ॐ भुवः स्वा० । ॐ स्वः स्वा० । ॐ भूर्भुवःस्वः स्वा०) ધૃતાહુતિનો હોમ કરી સ્વિષ્ટકૃત્ ઇત્યાદિક હોમની સમાપ્તિ કરી આચાર્યને ગોદાન દઈ બ્રાહ્મણોને ભોજન કરાવવું.

अथयजुर्वेदिनांबौधायनोक्तरीत्याप्रयोगः ॥ तत्रराज्ञःशिष्टानांबंधूनांचानुमतिंलब्ध्वा संकल्पादिआचार्यपूजांतंप्राग्वत्कुर्यात् ब्राह्मणभोजनसंकल्पांतेआचार्योदेवयजनोल्लेखनादिआप्रणीताभ्यःकुर्यात् ग्रहीतादातुःसमक्षंगत्वापुत्रंमेदेहीतिस्वयमेवभिक्षेत् दाताददामीत्याह दातुःसंकल्पादिपुत्रदानांतंपूर्ववत् ग्रहीताधर्मायत्वागृह्णामिसंतत्यैत्वागृह्णामीतिपरिगृह्यैनंपुत्रंवस्त्रकुंडलांगुलीयकैरलंकुर्यात् आचार्यःकुशमयंबर्हिःपालाशमयमिध्मंचसंपाद्यपरिधानप्रभृतिअग्निमुखंकृत्वाचरुश्रपणासादनांते पूर्वांगहोमंकृत्वा यस्त्वाहृदाकीरिणेतिपुरोनुवाक्यामुक्त्वायस्मैत्वंसुकृतेइतियाज्ययाहुत्वाव्यस्तसमस्तव्याहृतीर्हुत्वास्विष्टकृदादिकुर्यात् आचार्यायदक्षिणावस्त्रकुंडलांगुलीयकंदद्यादिति ॥

હવે યજુર્વેદીઓનો બૌધાયનના કહ્યા પ્રમાણે પ્રયોગ કહે છે.

દત્તક પુત્ર લેવાવિષે રાજા, માન્યજન, અને બાંધવોની સંમતિ લઈ સંકલ્પથકી આરંભ કરી આચાર્યપૂજનપર્યંત કર્મ પ્રથમની પેઠે કરવું. ફરી બ્રાહ્મણભોજનનો સંકલ્પ થયા પછી આચાર્યે

દેવયજન સ્થંડિલસંસ્કાર ઇત્યાદિથકી તે પ્રણીતાપાત્રપર્યંત કર્મ કરવું. પછી પુત્ર લેનારાએ પ્રત્યક્ષ પોતેજ દાતાની પાસે જઇ 'મને પુત્ર દે' એમ યાચના કરવી. પછી દાતાએ 'આપુંછું' એમ કહેવું. દાતાએ સંકલ્પથકી તે પુત્રદાનપર્યંત કર્મ પ્રથમ પ્રમાણે કરવું. પુત્ર લેનારાએ "**धर्माय त्वा गृह्णामि संतत्यै त्वा गृह्णामि**" એ મંત્ર ભણી પુત્રને હાથમાં લઇ તેને વસ્ત્ર, કુંડલ, અને અંગુઠી ઇત્યાદિ અલંકારોવડે ભૂષિત કરવો. પછી આચાર્યે દર્ભના બર્હિ અને ખાખરાના સમિધના ઇધ્મ સંપાદન કરી પાત્રાસાદન ઇત્યાદિક થકી તે અગ્નિમુખ કરી ચરૂ સિદ્ધ કરી આસાદનપર્યંત કર્મ થયાપછી પૂર્વાંગ હોમ કરી "**यस्त्वाहृदाकीरिणा०**" એ પુરોનુવાક્ય નામનો મંત્ર કહી "**यस्मै त्वं सुकृते०॥**" એ યાજ્યમંત્રવડે હોમ કરી છૂટી અને મળેલી વ્યાહૃતિ મંત્રવડે હોમ કરી સ્વિષ્ટકૃત્ ઇત્યાદિ કર્મ કરવું. પછી આચાર્યને દક્ષિણા, વસ્ત્ર, કુંડલ અને અંગુઠી ઇત્યાદિ દેવું.

परगोत्रोत्पन्नदत्तकस्योपनयनमात्रेपालकगोत्रेणकृते उपनयनोत्तरंप्रतिग्रहेवादत्तकेनाभिवादनश्राद्धादिकर्मसुगोत्रद्वयोच्चारःकार्यः चूडादिसंस्कारेपालकेनकृतेपालकैकगोत्रएववियाहेतुसर्वेदत्तकेनजनकपालकयोरुभयोरपिपित्रोर्गोत्रप्रवरसंबंधिनीकन्यावर्जनीया नात्रसप्तपुरुषंपांचपुरुषमित्येवंपुरुषनियम उपलभ्यते सापिंड्यंतुजनकगोत्रेणोपनयनेजनकपितृमात्रोःकुलेसप्तपुरुषंपांचपुरुषं ग्रहीतृमातृपितृकुले त्रिपुरुषं ग्रहीतृगोत्रेणोपनयनमात्रेकृतेउभयत्रपांचपुरुषंपितृकुलेमातृकुलेत्रिपुरुषं जातकर्माद्युपनयनांतसंस्कारेग्रहीत्राकृतेग्रहीतृकुलेसप्तपुरुषं मातृतःपंचपुरुषं अतोन्यूनंजनककुलेकल्प्यं केचित्तुदत्तकप्रवेशेकुलद्वयेपिसर्वथान्यूनमेवसापिंड्यमित्याहुः एवंदत्तकसंततेरपिसापिंड्यंज्ञेयं दत्तकस्यमरणेपूर्वापरपित्रोस्त्रिरात्रंसपिंडानामेकाहमाशौचं उपनीतदत्तकमरणादौपालकसपिंडानांदशाहादीतिनीलकंठीयेदत्तकनिर्णये एवंदत्तकेनापिपूर्वापरपित्रोर्मृतौत्रिरात्रंपूर्वापरसपिंडानांमरणेएकाहं पित्रोरौर्ध्वदेहिककरणेतुकर्मांगंदशाहमेव दत्तकस्यपुत्रपौत्रादेर्जन्ममरणयोःसपिंडानामेकाहः सगोत्रसपिंडेदत्तीकृतेतुसर्वेषांदशरात्रमेव पत्नीदुहित्रादिसत्त्वेपिदत्तकएवपितृधनभागीभवति दत्तकग्रहणोत्तरमौरसेजातेदत्तकश्चतुर्थांशभागीनसमभागी केचित्तुप्रतिग्रहीत्राजाताद्युपनयनांतसंस्कारेविधानेचकृतेऔरससमानांशभागित्वंसंस्कारमात्रकरणेविधानाभावेविवाहमात्रलाभोनान्यधनलाभः कतिपयसंस्कारकरणेचतुर्थांशलाभइत्याहुः दत्तकसत्त्वेप्यौरसस्यैवपित्रोःपिंडदानेधिकारः जनकस्यापिंडदानाभावेदत्तोजनकपालकयोरुभयोरपिश्राद्धंकुर्यात् धनंचोभयोर्गृह्णीयादितिनीलकंठीये एवंदत्तकन्यायाअपिस्वीकारउक्तविधिनाकार्यः तत्रपरगोत्रोत्पन्नायाग्रहणेविवाहेगोत्रद्वयवर्जनंप्राग्वत् पुत्रपत्न्योरभावेदत्तकन्यैवपितृधनभागिनी इति दत्तोपयोगिसर्वनिर्णयः ॥

પરગોત્રમાં ઉત્પન્ન થયલા દત્તકને પરગોત્રવાળા પાલન કર્તાએ કેવળ મૌંજી (યજ્ઞોપવીત) માત્ર કરેલી હોય, અથવા ઉપવીત થયા પછી દત્તક લીધો હોય તો દત્તકે નમસ્કાર, શ્રાદ્ધ ઇત્યાદિક કર્મવિષે બન્ને ગોત્રનો ઉચ્ચાર કરવો. ચૌલ ઇત્યાદિક સસ્કાર પાલક પિતાએ કરેલા હોય તો પાલક પિતાના ગોત્રનોજ ઉચ્ચાર કરવો. વિવાહ કરવાવિષે તો સર્વે દત્તકોએ જનક પિતા અને પાલક પિતા એ બન્નેનાં ગોત્ર તથા પ્રવરસબંધી કન્યા વર્જ્ય કરવી. અને એ વિષયમાં સાત પુરૂષ કે પાંચ પુરૂષ વર્જ્ય કરવા એ રીતનો પુરૂષનો નિયમ કોઈ ગ્રંથમાં દેખાતો નથી. દત્તકનું સાપિંડ્ય તો, જનકગોત્રવાળાએ ઉપવીત કરેલું હોય તો જનક પિતા અને માતાનાં કુલમાં ક્રમથી સાત પુરૂષ અને પાંચ પુરૂષપર્યંત સાપિંડ્ય માનવું. અને દત્તક લેનારા માતા, પિતાના કુલમા ત્રણ પુરૂષપર્યંત સાપિંડ્ય જાણવું, પરગોત્રવાળા દત્તક લેનારાએ દત્તકને માત્ર યજ્ઞોપવીત કરેલું હોય તો જનક અને પાલક બન્ને પિતાના કુલમાં પાંચ પુરૂષ અને બન્ને માતાનાં કુલમાં ત્રણ પુરૂષપર્યંત સાપિંડ્ય જાણવું. દત્તક લેનારાએ જાતકર્મથકી મૌંજીપર્યંત સંસ્કાર કર્યા હોય તો પાલક પિતાના કુલમાં સાત પુરૂષપર્યંત સાપિંડ્ય, માતૃકુલમાં પાંચ પુરૂષપર્યંત સાપિંડ્ય, અને જનક પિતાના કુલમાં તે કરતાં ઓછું સાપિંડ્ય માનવું. કોઈ ગ્રંથકાર તો, દત્તક લેવાયો એટલે બન્ને કુલમાં સર્વથા ઓછુંજ સાપિંડ્ય માનવું. એમ કહે છે. એ પ્રમાણે દત્તકની સંતતિનું પણ સાપિંડ્ય જાણવું. દત્તક પુત્ર મૃત થયા છતાં જનક અને પાલક એ બન્ને માતાપિતાએ ત્રણ દિવસ આશૌચ પાળવું. અને બન્ને સપિંડોએ એક દિવસ આશૌચ પાળવું. ઉપનીત થયલા દત્તકનું મરણ થાય તો પાલક પિતા અને તેના સપિંડ એમણે દશાહાદિક આશૌચ પાળવું એમ નીલકંઠના દત્તક નિર્ણયમાં કહ્યું છે. એ રીતે જનક અથવા પાલક માતપિતા

મૃત થાય તો દત્તકે ત્રિરાત્ર આશૌચ પાળવું. અને બન્ને સપિંડમાંથી મૃત થાય તો એક દિવસ આશૌચ પાળવું. માતા પિતાની ઉત્તર ક્રિયા કરવી હોય તો કર્મના અંગસબંધી આશૌચ દશ દિવસજ પાળવું. દત્તકના પુત્ર અને પોતરા ઇત્યાદિકના જન્મ મરણનું આશૌચ સપિંડોએ એક દિવસ પાળવું. સગોત્ર છતાં સપિંડ એવો દત્તક હોય તો સઘળાઓએ દશ દિવસજ આશૌચ પાળવું. સ્ત્રી, કન્યા ઇત્યાદિક હોય તો પણ પિતાના દ્રવ્યનો વારસ દત્તક પુત્રજ થાય છે. દત્તક લીધા પછી ઔરસ પુત્ર તો દત્તક ચોથા ભાગનો વારસુ થાય છે, સરખા ભાગનો વારસુ થતો નથી. કોઈ ગ્રંથકાર તો, જાતકર્મથકી મૌંજીપર્યંત સંસ્કાર અને દત્તકવિધાન કરેલાં હોય તો દત્તક પણ ઔરસ પુત્રની બરોબર સમાન ભાગીદાર થાય છે. સંસ્કાર કરેલા હોય અને વિધાન કર્યું ન હોય તો તેનો વિવાહ માત્ર કરવો, બીજું ધન તેને મળે નહીં, જાતકર્માદિક ઘણા સંસ્કાર કર્યા ન હોય તો ચતુર્થાંશ મળે, એમ કહે છે. દત્તક પુત્ર હોય તો પણ માતાપિતાને પિંડદાનનો અધિકાર ઔરસ પુત્રનેજ છે. જનક પિતાને પિંડ દેનારો કોઈ ન હોય તો દત્તકેજ જનક અને પાલક એ બન્ને પિતાનું શ્રાદ્ધ પણ કરવું, અને દ્રવ્ય પણ બન્નેનું લેવું, એ રીતે નીલકંઠના દત્તકનિર્ણયમાં કહ્યું છે. એ રીતે પ્રથમ કહેલા વિધિ પ્રમાણે કન્યા પણ દત્તક લેવી. તે કન્યા પરગોત્રની લીધેલી હોય તો તેના વિવાહવિષે પ્રથમની પેઠે બન્ને ગોત્રનો ત્યાગ કરવો. પુત્ર અને સ્ત્રી એ બન્નેમાંથી એક પણ ન હોય તો દત્ત કન્યાજ પિતાના ધનની વારસુ થાયછે, એ રીતે દત્તક પુત્રને ઉપયોગી સઘળો નિર્ણય સમાપ્ત થયો.

अथकन्यानामेवोत्पत्तौपुत्रार्थंपुत्रकामेष्टिः ॥ ऋतुकालात्षष्ठेदिनेसभार्यःकृताभ्यंगःप्राणानायम्यदेशकालौसंकीर्त्य पुत्रकामःपुत्रकामेष्टिंकरिष्यइतिसंकल्प्य स्वस्तिवाचनादिनांदीश्राद्धांतेग्निंप्रतिष्ठाप्य चक्षुषीआज्येनात्रप्रधानं अग्निंपंचवारंवरुणंपंचवारंविष्णुंपृथ्वींविष्णुंसोमंसूर्यांसावित्रींपायसेनशेषेणस्विष्टकृतमित्यादिनिर्वापकालेतूष्णींपष्टिमुष्टीन्निरूप्य तथैवप्रोक्ष्यश्वेतवत्सश्वेतगोःक्षीरेणचरुंपक्त्वाज्यभागांते आतेगर्भइतिअग्निरैतुइतिसूक्तद्वयस्यहिरण्यगर्भऋषिः क्रमेणाग्नीवरुणौदेवते अनुष्टुब्जगत्यौछंदसी पायसचरुहोमेविनियोगः ॥ ॐआतेगर्भोयोनिमैतुपुमान्बाणइवेषुधिं आवीरोजायतांपुत्रस्तेदशमास्यःस्वाहा अग्नयइदं० करोमितेप्राजापत्यमागर्भोयोनिमैतुते अनूनःपुत्रोजायतामश्लोणोपिशाच[1]धीरैःस्वाहा अग्नय० पुमांस्तेपुत्रोनारीतंपुमाननुजायतां तानिभद्राणिबीजान्यृषभाजनयंतुनौस्वाहा अग्न० यानिभद्राणिबीजान्यृषभाजनयंतिनः तैस्त्वंपुत्रान्विंदस्वसाप्रसूर्धेनुकामवस्वाहा अग्न० कामःसमृद्ध्यतांमह्यमपराजितमेवमे यंकामंकामयेदेवतन्मेवायोसमर्धयस्वाहा अग्न० अग्निरैतुप्रथमोदेवतानांसोस्यैप्रजांमुंचतुमृत्युपाशात् तदयंराजावरुणोनुमन्यतांयथेयंस्त्रीपौत्रमघन्नरोदात्स्वाहा वरुणायेदं० इमामग्निस्त्रायतांगार्हपत्यःप्रजामस्यैनयतुदीर्घमायुः अशून्योपस्थाजीवतामस्तुमातापौत्रमानंदमभिप्रबुध्यतामियंस्वाहा वरुणा० मातेगृहेनिशिघोषउत्थादन्यत्रत्वद्रुदंत्यःसंविशंतु मात्वंविकेश्युरआवधिष्ठाजीवपत्नीपतिलोकेविराजपश्यंतीप्रजांसुमनस्यमानास्वाहा वरुणा० अप्रजस्तांपौत्रमृत्युंपाप्मानमुतवाघं शीर्ष्णःस्रजमिवोन्मुच्यद्विषद्भ्यःप्रतिमुंचामिपाशंस्वाहा वरुणा० दैवकृतंब्राह्मणंकल्पमानंतेनहन्मियोनिपदःपिशाचान् क्रव्यादोमृत्यूनधरान्पातयामिदीर्घमायुस्तवजीवंतुपुत्राःस्वाहा वरु० नेजमेषेतितिसृणांविष्णुस्त्वष्टागर्भकर्ताविष्णुपृथ्वीविष्णवोनुष्टुप् ॥ पायसचरुहोमेवि० ॥ नेजमेष० विष्णव० यथेयंपृथिवी० पृथिव्याइ० विष्णो.श्रेष्ठेन० विष्णव० सोमोधेनुं[2]राहूगणोगौतमःसोमस्त्रिष्टुप् पायसचरुहोमेवि० सोमोधेनुं० सोमायेदं० तांपूषन् सूर्यासावित्रीसूर्यासावित्रीत्रिष्टुप् पायसहोमेवि० तांपूषन्छिव० सूर्यासावित्र्याइदं० इतिपंचदशाहुतीर्हुत्वा स्विष्टकृद्धोमंकृत्वा दंपतीअपश्यंत्वेतिद्वयोःप्रजावान्प्राजापत्यःप्रजापतिस्त्रिष्टुप् हुतशेषचरुप्राशनेविनियोगः अपश्यंत्वेतिद्वाभ्यांप्राश्य पिशंगभृष्टिमित्यस्यदैवोदासिःपरुच्छेपइंद्रोगायत्री नाभ्यालंभनेवि० पिशंगभृष्टिं०इतिदंपतीनाभ्यालंभनंकुर्यातां यजमानःप्रायश्चित्तादिहोमशेषंसमाप्य विप्रेभ्योगांसुवर्णादिदक्षिणांचदत्वारात्रौदंपतीदर्भास्तरणेशयीयातां इतिपुत्रकामेष्टिप्रयोगः ॥

હવે સઘળી કન્યાજ થતી હોય તો પુત્રપ્રાપ્તિમાટે પુત્રકામેષ્ટિ કહે છે.

ઋતુકાલથકી છઠ્ઠે દિવસે સ્ત્રીસહિત અભ્યંગસ્નાન કરી પ્રાણાયામ કરી દેશકાલનો ઉચ્ચાર કીધા પછી "पुत्रकामः पुत्रकामेष्टिं करिष्ये" એવો સંકલ્પ કરી પુણ્યાહવાચનથકી નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ

---

[1] धीत॰ इति पाठांतरम्। [2] राहुगण इति पाठांतरम्।

થયા પછી અગ્નિ સ્થાપન કરી અન્વાધાન કરવું. તે આ રીતે;—"चक्षुषीआज्येनात्र प्रधानं अग्निं पंचवारं वरुणं पंचवारं विष्णुं पृथ्वीं विष्णुं सोमं सूर्यासावित्रीं पायसेन शेषेण स्विष्टकृतं इत्यादि." એ રીતે અન્વાધાન કર્યા પછી નિર્વાપ સમયે સાઠ મુઠી ચોખા મંત્ર ઉચ્ચાર વિના પાત્રમાં નાખી તેને મંત્રોચ્ચાર વિનાજ ધોઈ ધોળા વાછડાવાળી ધોળી ગાયના દૂધવડે ચરૂ (ભાત) રાંધી આજ્યભાગ થયા પછી ચરૂહોમ કરવો, તે આ રીતે;—"आतेगर्भइति अग्निरैतु इति सूक्तद्वयस्य हिरण्यगर्भऋषिः। क्रमेणाग्नीवरुणौ देवते। अनुष्टुप्जगत्यौ छंदसी ॥ पायसहोमे विनियोगः ॥ ॐआतेगर्भो० अग्नय इदं न मम ॥ करोमिते० अग्नय इदं० ॥ पुमांस्ते० अग्नय इदं० ॥ यानि भद्राणि० अग्नय इदं० ॥ कामः समृ० अग्नय इदं० ॥ अग्निरैतु प्र० वरुणायेदं न मम ॥ इमामग्निस्त्रायतां० वरुणायेदं० ॥ मा ते गृहे निशि० वरुणायेदं० ॥ अप्रजस्तां पौत्र० वरुणायेदं० ॥ देवकृतं ब्राह्मणं० वरुणायेदं० ॥ नेजमेषेति तिसृणां विष्णुस्त्वष्टा गर्भकर्ता विष्णुपृथ्वी विष्णवोनुष्टुप्। पायसहोमे विनि० ॥ नेजमेष० विष्णव इदं न मम ॥ यथेयं पृथिवी० पृथिव्या इ० विष्णोः श्रेष्ठेन० विष्णवइ० ॥ सोमो धेनुं राहूगणो गौतमः सोमस्त्रिष्टुप्।पायसहोमे विनियोगः॥ सोमोधेनुं० सोमायेदं०॥ तांपूषन् सूर्यासावित्रीसूर्यासावित्री त्रिष्टुप् ॥ पायसहोमेवि० तां पूषञ्छिव० सूर्यासावित्र्याइदं० ॥" એ રીતે પન્નર આહુતિનો હોમ કરી સ્વિષ્ટકૃત્ હોમ કરવો. પછી દપતી (સ્ત્રીપુરૂષ) બન્ને જણાએ, "अपश्यंत्वेति द्वयोः प्रजावान् प्राजापत्यः प्रजापतिस्त्रिष्टुप् हुतशेषचरुप्राशने विनियोगः ॥ अपश्यंत्वा०" એ બે મંત્રવડે હોમશેષ પાયસ ભક્ષણ કરી दैवोदासिः परुच्छेप इंद्रो गायत्री नाभ्यालंभने विनि० ॥ पिशंगभृष्टि०" એ મંત્રવડે દંપતીએ પોતપોતાની નાભિને સ્પર્શ કરવો. પછી યજમાને પ્રાયશ્ચિત્તાદિ હોમશેષની સમાપ્તિ કરી બ્રાહ્મણોને ગોદાન અને સુવર્ણ ઇત્યાદિ દક્ષિણા દઈ રાત્રિએ દપતીએ દર્ભ બિછાવી તે ઉપર નિદ્રા કરવી. એ રીતે પુત્રકામેષ્ટિ પ્રયોગ સમાપ્ત થયો.

अथपुंसवनम् ॥ तच्चव्यक्तेगर्भेद्वितीयेचतुर्थेषष्ठेष्टमेवामासेसीमंतेनसहवाकार्यं शुक्लपंचमीमारभ्यकृष्णपंचमीपर्यंतेचतुर्थीनवमीचतुर्दशीपंचदशीवर्जितेतिथौसूर्यभौमगुरुवारेषुप्रशस्तं क्वचिच्चंद्रबुधशुक्रवाराउक्ताः नक्षत्राणितुपुंनामकानिप्रशस्तानि तानिच पुष्यश्रवणहस्तपुनर्वसुमृगाभिजिन्मूलानुराधाश्विनीत्येतानि अत्रपुष्योमुख्यः तदभावेश्रवणस्तदभावेहस्तादीनि अयमेवानवलोभनस्यापिकालः पुंसवनेनसहकरणीयत्वविधानात् पुंसवनानवलोभनेप्रतिगर्भंकार्ये गर्भसंस्कारत्वात् गर्भाधानसीमंतोन्नयनेतुस्त्रीसंस्कारत्वात्प्रतिगर्भंनावर्तेते किंतुप्रथमगर्भएवकार्ये प्रथमगर्भेलोपेतुप्रतिगर्भंतयोर्लोपप्रायश्चित्तंआवश्यकं नचप्रथमापत्येतयोःप्रायश्चित्तेनद्वितीयादिगर्भाणांसंस्कारसिद्धिर्भवति प्रायश्चित्तेनहिप्रत्यवायपरिहारमात्रं नत्वपूर्वोप्यातिशयोत्पादनं तत्तुसंस्कारविधिनैवेतियुक्तंप्रतिगर्भंप्रायश्चित्तंपुंसवनानवलोभनयोस्तुप्रथमगर्भेनुष्ठानेपिप्रतिगर्भंतयोर्लोपेप्रायश्चित्तं तच्चपादकृच्छ्रंप्रतिसंस्कारंकार्यंबुद्धिकृतलोपेद्विगुणं पुंसवनेपतिःकर्तातदभावेदेवरादिः ॥

હવે પુંસવન સંસ્કાર કહે છે.

એ પુંસવન સંસ્કાર ગર્ભનું સ્પષ્ટ જ્ઞાન થયા પછી બીજે, ચોથે, છઠ્ઠે, અથવા આઠમે માસે કરવો, અથવા સીમંતની સાથે કરવો. શુક્લપક્ષની પંચમીથકી આરંભ કરી કૃષ્ણપક્ષની પંચમીપર્યંત પંદર દિવસોમાં ચોથ, નોમ, ચૌદશ અને પૂનમ એ તિથિ વર્જ્ય કરી બીજા દિવસ રવિ, ભૌમ અને ગુરૂ એ વારે કરવો. કોઈ ગ્રંથમાં સોમ, બુધ અને શુક્ર એ વારે કરવો એમ કહ્યું છે. એ સંસ્કારવિષે પુરૂષ નામનાં નક્ષત્રો એટલે પુરૂષ નક્ષત્રો ઉત્તમ છે, તે (પુરૂષ નક્ષત્ર) કહે છે,–પુષ્ય, શ્રવણ, હસ્ત, પુનર્વસુ, મૃગશિર, અભિજીત, મૂળ, અનુરાધા, અને અશ્વિની. એઓમાં પુષ્ય નક્ષત્ર મુખ્ય છે. પુષ્ય ન મળે તો શ્રવણ લેવું. શ્રવણ ન મળે તો હસ્તાદિક લેવાં. અનવલોભન સંસ્કારનો પણ એજ (પુંસવનનોજ) કાળ જાણવો. કારણ, પુંસવન સંસ્કારની સાથે અનવલોભન કરવું એમ કહ્યું છે. પુંસવન અને અનવલોભન એ સંસ્કાર સર્વ ગર્ભને કરવા; કારણ, તે ગર્ભના સંસ્કાર છે. ગર્ભાધાન અને સીમંતોન્નયન એ સસ્કાર તો, સ્ત્રીસંસ્કાર છે માટે તે પ્રત્યેક ગર્ભમાં કરવા નહીં, ત્યારે પ્રથમ ગર્ભસમયેજ કરવા. પ્રથમ ગર્ભસમયે કીધા ન હોય તો દરએક ગર્ભવખતે તેના લોપનું પ્રાયશ્ચિત્ત અવશ્ય કરવું. કારણ, પ્રથમ ગર્ભવખતે તે (ગર્ભાધાન અને સીમંતોન્નયન) નું પ્રાયશ્ચિત્ત કરવાથી બીજા, ત્રીજા ઇત્યાદિક ગર્ભના સંસ્કારોની સિદ્ધિ થતી નથી; ત્યારે પ્રાયશ્ચિત્ત કરવાથી માત્ર દોષની

નિવૃત્તિ થાયછે, પુણ્યનું આધિક્ય ઉત્પન્ન થતું નથી, તે પુણ્યાધિક્ય તો સંસ્કાર વિધિ કરવાથીજ ઉત્પન્ન થાયછે, માટે દરએક ગર્ભસમયે પ્રાયશ્ચિત્ત કરવું યોગ્ય છે. પુંસવન અને અનવલોભન એ સંસ્કાર પ્રથમ ગર્ભને કરેલા હોય તો પણ જે જે ગર્ભસમયે ન થાય ત્યારે તેના તેના લોપનું પ્રાયશ્ચિત્ત કરવું. તે પ્રાયશ્ચિત્ત દરએક સંસ્કારનું પાદકૃચ્છ્ર કરવું. જાણી જોઇ લોપ થયો હોય તો બમણું પ્રાયશ્ચિત્ત કરવું. પુંસવન સંસ્કાર પતિએ કરવો. તે સમીપે ન હોય તો દેવર ઇત્યાદિકે કરવો.

अथसीमंतकालः ॥ तच्चतुर्थेष्टमेषष्ठेपंचमेमासिवाविहितं नवमेमासिवाकुर्याद्यावद्गर्भविमोचनं स्त्रीयद्यकृतसीमंताप्रसूयेतकदाचन गृहीतपुत्राविधिवत्सातंसंस्कारमर्हति पक्षतिथिवारनक्षत्राणिपुंसवनोक्तान्येवप्रशस्तानि क्वचिद्दशमीपर्यंतंकृष्णोपिग्राह्यः षष्ठ्यष्टमीद्वादश्योरिक्ताःपंचदशीचवर्ज्याःतासुसंकटेचतुर्थीचतुर्दशीपौर्णमास्योग्राह्याः क्रमेणाष्टचतुर्दशदशनाडिकाआद्यास्त्यक्त्वा षष्ठ्यष्टमीद्वादश्योपि ग्राह्याः पुंनक्षत्राणामलाभेरोहिणीरेवत्युत्तरात्रयाणिग्राह्याणि उक्तनक्षत्राणांप्रथमांत्यपादौत्यक्त्वामध्यम पादद्वयंग्राह्यमित्युक्तं इदंकर्मसकृदेवकार्यमित्युक्तं कात्यायनानांतुगर्भसंस्कारत्वात्प्रतिगर्भमावर्तनीयं सीमंतोन्नयनेपतिरेवकर्ता गर्भाधानलोपेतत्प्रायश्चित्तार्थंविप्रायगांदत्वापुंसवनादिकार्यंतत्राश्वलायनानां देशकालसंकीर्तनांते ममास्यांभार्यायामुत्पत्स्यमानगर्भस्यगार्भिकवैजिकदोषपरिहारपुंरूपतासिद्धिज्ञानोदयप्रतिरोधपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं पुंसवनमनवलोभनं ममास्यांभार्यायां गर्भाभिवृद्धिपरिपंथिपिशितरुधिरप्रियालक्ष्मीभूतराक्षसीगणदूरनिरसनक्षमसकलसौभाग्यनिदानमहालक्ष्मीसमावेशनद्वारा प्रतिगर्भंबीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वाराच श्रीपरमेश्वरप्रीत्यर्थं स्त्रीसंस्काररूपंसीमंतोन्नयनाख्यंकर्मचतंत्रेणकरिष्यइतिसंकल्पःसीमंतेनसहत्रयाणांकरणेज्ञेयः नांदीश्राद्धेक्रतुदक्षसंज्ञकाविश्वेदेवाः पुंसवनस्यपृथक्त्वेपवमानसंज्ञकमौपासनाग्निंप्रतिष्ठापयेत् त्रयाणांसहत्वेमंगलनामानंप्रतिष्ठापयेत् गृह्याग्निविच्छेदेसर्वाधानिनश्चाग्न्युत्पत्तिःपूर्ववत् पुंसवनेप्रजापतिंचरुणासीमंतेधातारंद्विः राकांद्विः विष्णुंत्रिः प्रजापतिंसकृदाज्येनजुहुयात् अवशिष्टःप्रयोगोन्यत्रज्ञेयः शाखांतरेषुचतत्तद्ग्रंथेभ्यो ज्ञेयः अत्रप्रतिसंस्कारं दशदशत्रींस्त्रीन्वाब्राह्मणान्भोजयेत् शक्तेनशतंशतं सीमंतांगभोजनेप्रायश्चित्तंपारिजाते ब्रह्मौदनेचसोमेच सीमंतोन्नयनेतथा जातश्राद्धेतथाभुक्त्वाभोक्ताचांद्रायणंचरेत् यद्वाअराइवेतिमंत्रस्यशतवारंजपः एतच्च आधानांगब्रह्मौदनांगभोजनइवसीमंतांगभोजनेज्ञेयं नतुतद्दिनेतद्गृहेभोक्तृमात्रस्येतिपारिजातोक्तंयुक्तम् ॥

હવે સીમંતોન્નયન સંસ્કારનો કાળ કહે છે.

“એ સીમંતોન્નયન સંસ્કાર કરવો તે ચોથે, આઠમે, છઠ્ઠે, પાંચમે, અથવા નવમે માસે કરવો. જ્યહાંપર્યંત બાળકનો જન્મ થાય ત્યહાંપર્યંત તેનો સમય છે. સીમંતોન્નયન સંસ્કાર કર્યા વિના સ્ત્રીને બાળકનો જન્મ થાય તો તે સ્ત્રી બાળક હાથમાં લઇ બેસે અને યથાવિધિ તે સંસ્કાર કરવાને યોગ્ય છે.” પક્ષ, તિથિ, વાર અને નક્ષત્ર એ સઘળાં પુંસવનમાં જે કહ્યાં છે તેજ ઈહાં લેવાં. કોઈ ગ્રંથમાં દશમીપર્યંત કૃષ્ણપક્ષ પણ લેવું એમ કહ્યું છે. છઠ, આઠમ, દ્વાદશી, રિક્તા (ચોથ, નોમ, ચૌદશ), અને પૂનમ એ તિથિ વર્જ્ય કરવી. સંકટ હોય તો તેમાં ચોથ, ચૌદશ અને પૂનમ એ લેવી. તેમજ પ્રથમની ૮।૧૪।૧૦ ઘડી છોડી છઠ, આઠમ અને બારસ એ તિથિ પણ લેવી. પુરૂષનક્ષત્ર ન મળે તો રોહિણી, રેવતી, અને ત્રણ ઉત્તરા એ નક્ષત્ર લેવાં. કહેલાં નક્ષત્રોનો પ્રથમ એને છેલો એ બે પાદ છોડી મધ્યના બે પાદ લેવા એમ કહ્યું છે. આ સીમંતોન્નયન સંસ્કાર એક વારજ કરવો, એમ કહ્યું છે. કાત્યાયનોને તો એ ગર્ભસંસ્કાર છે માટે તેમણે એ સંસ્કાર દરએક ગર્ભસમયે કરવો. સીમંતોન્નયન સંસ્કાર પતિએજ કરવો. ગર્ભાધાન સંસ્કારનો લોપ થયો હોય તો, તેના પ્રાયશ્ચિત્તમાટે બ્રાહ્મણને ગોદાન કરી પુંસવનાદિક સસ્કાર કરવા. તેમાં આશ્વલાયન શાખાવાળાઓએ દેશકાલનો ઉચ્ચાર કરી “ममास्यां भार्यायामुत्पत्स्यमानगर्भस्य गार्भिकवैजिकदोषपरिहारपुंरूपतासिद्धिज्ञानोदयप्रतिरोधपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं पुंसवनमनवलोभनं ममास्यां भार्यायां गर्भाभिवृद्धिपरिपंथिपिशितरुधिरप्रियालक्ष्मीभूतराक्षसीगणदूरनिरसनक्षमसकलसौभाग्यनिदानमहालक्ष्मीसमावेशनद्वारा प्रतिगर्भं बीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वारा च श्रीपरमेश्वरप्रीत्यर्थं स्त्रीसंस्काररूपं सीमंतोन्नयनाख्यं कर्म च तंत्रेण करिष्ये,” એવો સંકલ્પ, સીમંતોન્નયન સંસ્કારની સાથે ત્રણે સંસ્કાર કરવા હોય તો જાણવો. એ સંસ્કારના અંગભૂત નાંદીશ્રાદ્ધમાં ક્રતુદક્ષ નામના વિશ્વેદેવા લેવા. પુંસવન સંસ્કાર જુદો

કરવો હોય તો પવમાન નામના ઔપસનાગ્નિની સ્થાપના કરવી. અને પુંસવન, અનવલોભન તથા સીમંતોન્નયન એ ત્રણે સંસ્કાર એકતંત્રે કરવા હોય તો મંગલ નામક અગ્નિની સ્થાપના કરવી. ગૃહ્યાગ્નિનો નાશ થાય તો સર્વાધાનીએ અગ્નિની ઉત્પત્તિ પ્રથમ કહ્યા પ્રમાણે કરવી. પુંસવન સંસ્કારવિષે પ્રજાપતિને ઉદ્દેશે કરી ચરૂનો હોમ કરવો. સીમંતોન્નયન સંસ્કારવિષે, ધાતા દેવતાને ઉદ્દેશે બે આહુતિ, રાકા દેવતાને ઉદ્દેશે બે આહુતિ, વિષ્ણુ દેવતાને ઉદ્દેશે ત્રણ આહુતિ અને પ્રજાપતિ દેવતાને ઉદ્દેશે એક આહુતિ એ પ્રમાણે ઘૃતનો હોમ કરવો. અવશિષ્ટ (એ શિવાય) બીજો પ્રયોગ બીજા ગ્રંથોમાં જોવો, અને બીજી શાખાઓનો પ્રયોગ તે તે ગ્રથોમાં જોવો. ઇહાં દરએક સંસ્કારવિષે દશ દશ અથવા ત્રણ ત્રણ બ્રાહ્મણભોજન કરાવવાં. શક્તિ હોય તો સો સો બ્રાહ્મણ ભોજન કરાવવાં. સીમંતસંસ્કારસંબંધી ભોજનનું પારિજાત ગ્રંથમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે. "બ્રહ્મૌદન, સોમયાગ, સીમંતસંસ્કાર અને જાતકર્મસંબંધી નાંદીશ્રાદ્ધ એટલાંઓનેવિષે ભોજન કરવાથી ભોજન કરનારાએ ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું." અથવા "अराइव०" એ મંત્રનો સો વાર જપ કરવો. આધાનના અગભૂત બ્રહ્મૌદનસંબંધી ભોજન પ્રમાણે સીમંતસંસ્કારસંબંધી ભોજન કરવાથી એ પ્રાયશ્ચિત્ત જાણવું. પણ તે દિવસે તેને ઘેર કેવળ ભોજન માત્ર કરવાથી તેને પ્રાયશ્ચિત્ત નથી, એ રીતે પારિજાત ગ્રંથમાં જે કહ્યું છે તે યોગ્ય છે.

अथगर्भिणीधर्माः ॥ गर्भिणीकुंजराश्वादिशैलहर्म्यादिरोहणं व्यायामंशीघ्रगमनंशकटारोहणं त्यजेत् नभस्मादावुपविशेन्मुसलोलूखलादिषु त्यजेज्जलावगाहंचशून्यंसद्मतरोस्तलं कलहंगात्रभंगंचतीक्ष्णात्युष्णादिभक्षणं संध्यायामतिशीताम्लंगुर्वाहारंपरित्यजेत् व्यवायशोकासृङ्मोक्षंदिवास्वापंनिशिस्थितिं भस्मांगारनखैर्भूमिलेखनंशयनंसदा त्यजेदमंगलंवाक्यंनचहास्याधिकाभवेत् नमुक्तकेशानोद्विग्नाकुक्कुटासनगानच गर्भरक्षासदाकार्यानित्यंशौचनिषेवणात् प्रशस्तमंत्रलिखनाच्छस्तमाल्यानुलेपनात् विशुद्धगेहवसनाद्दानैःश्वश्र्वादिपूजनैः हरिद्राकुंकुमंचैवसिंदूरंकज्जलंतथा केशसंस्कारतांबूलंमांगल्याभारणंशुभं चतुर्थेमासिषष्ठेवाप्यष्टमेगर्भिणीवधूः यात्रांविवर्जयेन्नित्यमाषाढात्तुविशेषतः ॥

હવે ગર્ભિણી સ્ત્રીના ધર્મ કહે છે.

ગર્ભિણી સ્ત્રીએ હાથી, ઘોડા ઇત્યાદિક ઉપર બેસવું નહીં. પર્વત અને બે અથવા ત્રણ ઇત્યાદિક મજલાનાં બાંધેલાં ઘર ઉપર ચડવું નહીં. પરિશ્રમ કરવો, ઉતાવળુ ચાલવું, ગાડીમાં બેસવું એ પણ વર્જ્ય કરવાં. રાખોડીવાળી ભૂમિ ઉપર અને મુસલ (સાંબેલું), ઉલૂખલ (ખાંડણી), ઇત્યાદિક ઉપર બેસવું નહીં. જળમાં ઉતરી ડુબકી દઈ નાહાવું નહીં, શૂન્ય ઘરમાં અને ઝાડની તળે બેસવું નહીં. કલહ કરવા, અંગ મરોડવાં, તીખા તથા અતિ ગરમ પદાર્થ ભક્ષણ કરવા, સંધ્યાકાળે ભોજન કરવું, અતિ શીતલ તથા અતિ ખાટા પદાર્થનું ભક્ષણ કરવું અને ભારે પદાર્થનું ભોજન-એ સઘળું વર્જ્ય કરવું. મૈથુન; શોક; રૂધિર કાઢવું; દિવસે નિદ્રા; રાત્રિએ જાગવું, રાખોડી, કોલસા, તથા નખવડે પૃથ્વી ઉપર રેખા કાઢવી; સર્વ કાલ નિદ્રા એ વર્જ્ય કરવાં. અમંગલ શબ્દ બોલવા નહીં, ઘણું હસવું નહીં, છુટે કેશે રહેવું નહીં, ઉદ્વેગ કરવો નહીં. કુક્કુટાસન (કુકડાની પેઠે વિષમ આસન) કરવું નહીં. નિત્ય પવિત્રતા રાખવી, ઉત્તમ મંત્ર લખવા, સુગંધી પુષ્પની માળા અને સુગંધી ચંદન ધારણ કરવાં, સ્વચ્છ ઘરમાં રેહેવું, દાન કરવાં, સસરા સાસુ ઇત્યાદિ વડીલોની સેવા કરવી, ઇત્યાદિકવડે નિત્ય ગર્ભનું રક્ષણ કરવું. હળદર, કુંકુમ, સિંદૂર, અને કાજળ એ વાપરવાં; કેશ ગુંથવા; તાંબૂલ ભક્ષણ; અને સૌભાગ્યનાં આભૂષણ પેહેરવાં એ શુભકારક છે. ચોથો, છઠ્ઠો અથવા આઠમો એ માસમાં સગર્ભા સ્ત્રીયે અવશ્ય યાત્રા (બીજે ગામ જવું તે) કરવી નહીં. આષાઢ માસમાં તો વિશેષે કરી અવશ્ય યાત્રા વર્જ્ય કરવી."

अथगर्भिणीपतिधर्माः ॥ गर्भिणीवांछितंद्रव्यंतस्यैदद्याद्यथोचितं सूतेचिरायुषंपुत्रमन्यथादोषमर्हति सिंधुस्नानंद्रुमच्छेदंवपनंप्रेतवाहनं विदेशगमनंचैवनकुर्याद्गर्भिणीपतिः वपनंमैथुनंतीर्थंश्राद्धभोजनमेवच वर्जयेत्सप्तमान्मासान्नावआरोहणंतथा युद्धादिवास्तुकरणंनखकेशविकर्तनं चौलंशवानुगमनंविवाहंचनिवर्जयेत् मुंडनंपिंडदानंचप्रेतकर्मचसर्वशः नजीवत्पितृकःकुर्याद्गुर्विणीपतिरेवच अत्रकर्तनमपिनिषिध्यते वपनस्यनिषेधेपिकर्तनंतुविधीयतइतिवाक्यंतुजीवत्पितृकादीनांयोवपननिषेधस्तत्रकर्तन

विधिपरं एतदपवादः क्षौरंनैमित्तिकंकुर्यान्निषेधेसत्यपिध्रुवं पित्रोःप्रेतविधानंचगर्भिणीपतिराचरेत् अन्वष्टक्याष्टकयोर्गर्भिणीपतिःपिंडदानंकुर्यात् केचित्पित्रोःप्रतिसांवत्सरिकेपिंडदानंकुर्वंति दर्शमहालयादिषुनैवकार्यं ॥

હવે (સગર્ભા સ્ત્રીના) પતિના ધર્મ કહે છે.

“ગર્ભિણી સ્ત્રી જે પદાર્થની વાંછા કરે તે પદાર્થ તેને યથાયોગ્ય દેવો; તેથી દીર્ઘ આયુષ્યવાન પુત્ર ઉત્પન્ન થાય છે. અને તેની ઇચ્છા પૂરણ ન કરવાથી પતિ દોષયુક્ત થાય છે, સમુદ્રસ્નાન, ઝાડ કાપવાં, ક્ષૌર (વાળ ઉતરાવવા), શબને ઉપાડવું અને પરદેશ જવું, એ ગર્ભિણીપતિએ વર્જ્ય કરવાં, ક્ષૌર, મૈથુન, તીર્થયાત્રા, શ્રાદ્ધભોજન, નાવ ઉપર બેસવું. યુદ્ધ ઇત્યાદિ કરવા, ઘર બાંધવું, નખ તથા કેશ કાપવા, ચૌલ, શબની પાછળ જવું, અને વિવાહ એ સઘળાં સાતમો માસ બેઠા પછી વર્જ્ય કરવાં. ક્ષૌર, પિંડદાન, અને પ્રેતક્રિયા એ જેનો પિતા જીવતો હોય તેણે અને ગર્ભિણીપતિએ કરવાં નહી.” ઇહાં નખ અને કેશના છેદવાનો પણ નિષેધ કહ્યો છે. “જો કે ક્ષૌરનો નિષેધ છે તથાપિ નખ અને કેશ એનો છેદ કરવો.” એવાં જે વાક્ય છે તે તો જીવત્પિતૃકાદિકને જે ક્ષૌરનો નિષેધ કહ્યો છે તે વિષયમાં નખ અને કેશ એનો છેદ કરવો, એમ કહે છે. એ ક્ષૌરવિષે અપવાદ કહે છે—“ગર્ભિણીપતિ હોય તેને અવશ્ય ક્ષૌરનો નિષેધ કહ્યો છે તથાપિ નૈમિત્તિક ક્ષૌર કરાવવું, તેમજ માતાપિતાની પ્રેતક્રિયા પણ કરવી” અન્વષ્ટક્ય અને અષ્ટકા એ શ્રાદ્ધવિષે ગર્ભિણીપતિએ પણ પિંડદાન કરવું. કેટલાએક મનુષ્યો માતા પિતાનાં પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધનેવિષે પિંડદાન કરે છે, દર્શ અને મહાલય ઇત્યાદિક શ્રાદ્ધનેવિષે પિંડદાન કરવુંજ નહીં.

अथगर्भस्रावहरंकांचनयज्ञोपवीतदानंमहार्णवे इदंस्त्रीकर्तृकं शुभदिनेस्त्रीआचम्यदेशकालौसंकीर्त्य ममगर्भस्रावनिदानसकलदोषपरिहारद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंवायुपुराणोक्तंसुवर्णयज्ञोपवीतदानविधिंकरिष्येइतिसंकल्प्य पलेनतदर्धेनतदर्धेनयथाशक्तिवाहैमंयज्ञोपवीतंग्रंथिप्रदेशेमौक्तिकयुतंकृत्वातथैववज्रमणियुतंराजतमुत्तरीयकंचकृत्वोभयंपंचगव्येन गायत्र्याप्रक्षाल्य ताम्रपात्रेद्रोणमितंदधिनिक्षिप्यतन्मध्ये द्रोणमितमाज्यंनिक्षिप्याज्योपरितदुभयंसंस्थाप्य भर्ताब्राह्मणोवागायत्रीमंत्रेणगंधादिभिःपूजयेत् अष्टगुंजात्मकोमाषःदशमाषाःसुवर्णं पलकुडवप्रस्थाढकद्रोणाःसुवर्णादिपूर्वपूर्वचतुर्गुणाः दध्याज्ययोर्द्रोणपरिमाणाभावेशक्त्यनुसारिपरिमाणं ब्राह्मणद्वाराआज्यमधुमिश्रैस्तिलैरष्टोत्तरशतंगायत्र्याव्याहृतिभिर्वाहोमं कारयेत् त्यागंभर्तावास्त्रीवाकुर्यात् होमकर्तारंविप्रंवस्त्राद्यैःसंपूज्यप्राङ्मुखायतस्मैउदङ्मुखास्त्रीदानंकुर्यात् तद्यथाउपवीतंपरिमितंब्रह्मणाविधृतंपुरा भवनौकास्यदानेनगर्भंसंधारयेह्यहं इतिमंत्रेणविप्रस्यनामगोत्रेउच्चार्यताम्रपात्रस्थदध्याज्यसंस्थंसुपूजितंसोत्तरीयकमिदं यज्ञोपवीतं गर्भस्रावनिदानदोषपरिहारद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंतुभ्यमहंसंप्रददेनमम प्रतिगृह्यतां विप्रःप्रतिगृह्णामीत्यादियथाशक्तिदक्षिणांदत्वान्येभ्योपि यथाशक्तिदक्षिणांदत्वा प्रतिग्रहीतुरनुव्रज्यनमस्कारक्षमापनादिकृत्वाविप्रभोजनंसंकल्प्यकर्मेश्वरायार्पयेत् एतच्चस्रवद्गर्भाभवेत्सातुबालकंहंतियाविपैरित्युक्तेर्बालहत्याप्रायश्चित्तंकृत्वाकार्यं अन्यत्रतुस्वर्णधेनुदानहरिवंशश्रवणादीन्युक्त्वा घृतपूर्णताम्रकलशदानादिविधानानिउक्तानि ॥

હવે ગર્ભસ્રાવ થતો હોય તેને બંધ કરનારૂં એવું સુવર્ણના યજ્ઞોપવીતનું દાન મહાર્ણવ ગ્રંથમાં કહ્યું છે. એ દાન સ્ત્રીયે કરવું. તે આ રીતે,—શુભ દિવસ જોઇ તે દિવસે સ્ત્રીયે આચમન કરી દેશ, કાલનો ઉચ્ચાર કરી “मम गर्भस्रावनिदानसकलदोषपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं वायुपुराणोक्तं सुवर्णयज्ञोपवीतदानविधिं करिष्ये,” એવો સંકલ્પ કરી એક પળ, અર્ધું પળ અથવા પળનો ચતુર્થાંશ કિંવા યથાશક્તિ સુવર્ણનું યજ્ઞોપવીત (જનોઈ) કરી તેની ગ્રંથીને ઠેકાણે મોતી રાખવું. તેમજ વજ્રમણિ (હીરાએ) યુક્ત એવું રૂપાનું ઉત્તરીય કરાવવું. પછી તે બન્ને ગાયત્રીમંત્ર ભણી પંચગવ્યે ધોઈ ત્રાંબાના પાત્રમાં દ્રોણપરિમિત દહી નાંખી તેમાંજ દ્રોણપરિમિત ઘૃત નાંખી તે ઘૃત ઉપર તે બન્ને રાખવાં. પછી પતિ કિંવા બ્રાહ્મણે ગાયત્રીમંત્ર ભણી ગંધાદિકવડે તેની પૂજા કરવી. આઠ ગુંજાનો એક માષો, દશ માષા એટલે એક સુવર્ણ, ચાર સુવર્ણ એટલે એક પળ, ચાર પળ એટલે એક કુડવ, ચાર કુડવ એટલે એક પ્રસ્થ, ચાર પ્રસ્થ એટલે એક આઢક, ચાર આઢક એટલે એક દ્રોણ. દહીં અથવા ઘી દ્રોણ પરિમિત ન મળે તો યથાશક્તિ લેવાં. ઘી અને મધયુક્ત એવા તિલની અષ્ટોત્તરશત

(૧૦૮) આહુતિ ગાયત્રી કિંવા વ્યાહૃતિ મંત્રવડે બ્રાહ્મણદ્વારા હોમાવવી. હોમનો ત્યાગ કરવો તે પતિ કિંવા સ્ત્રી એમાંથી કોઇએકે કરવો, હોમ કરનારા બ્રાહ્મણની વસ્ત્રાદિકવડે પૂજા કરી પૂર્વ દિશા સંમુખ બેઠેલા બ્રાહ્મણને ઉત્તર સંમુખ બેઠેલી સ્ત્રીએ ઉત્તરીય સહિત યજ્ઞોપવિતનું દાન કરવું. તે આ રીતે–"उपवीतं परिमितं ब्रह्मणा विधृतं पुरा ॥ भव नौकास्य दानेन गर्भं, संधारये ह्यहम्" એ મંત્ર કહી બ્રાહ્મણનાં નામ, ગોત્રનો ઉચ્ચાર કરી દાન કરવું, તે દાનનું વાક્ય;—"ताम्रपात्रस्थदध्याज्यसंस्थं सुपूजितं सोत्तरीयकमिदं यज्ञोपवीतं गर्भस्रावनिदानदोषपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं तुभ्यमहं संप्रददे न मम ॥ प्रतिगृह्यताम्," દાનકર્તાએ વાક્ય કહ્યા પછી બ્રાહ્મણે "प्रतिगृह्णामि," એ વાક્ય બોલવું, ઇત્યાદિ. પછી (દાનની સાંગતા થવામાટે) યથાશક્તિ દક્ષિણા દઈ બીજા બ્રાહ્મણોને પણ યથાશક્તિ દક્ષિણા દઇ દાન લેનારાની સાથે જઇ થોડી દૂર પોહોચાડી નમસ્કાર, પ્રાર્થના ઇત્યાદિક કરી બ્રાહ્મણ ભોજનનો સંકલ્પ કરી કર્મ ઈશ્વરને સમર્પણ કરવું. "વિષવડે જે સ્ત્રી બાળકને મારેછે તેના ગર્ભનો સ્રાવ થાય છે." એવાં વચન છે માટે બાળહત્યાનું પ્રાયશ્ચિત્ત કર્યા પછી એ કહેલું દાન કરવું. બીજા ગ્રંથોમાં તો, સુવર્ણધેનુનું દાન, હરિવંશ કથાનું શ્રવણ ઇત્યાદિક કહી ત્રાંબાની ગાગર ઘીવડે ભરી તેનું દાન કરવું, ઇત્યાદિક વિધાન કહ્યાં છે.

अथसूतिकागृहप्रवेशः ॥ गृहनैर्ऋत्यांसूतिकागृहंकृत्वा तत्राश्विनीरोहिणीमृगपुनर्वसुपुष्यत्र्युत्तराहस्तचित्रास्वात्यनुराधाधनिष्ठाशततारकानक्षत्रेपुरिक्तादिवर्ज्यतिथौ चंद्रानुकूल्येशुभलग्नेसूतिकाप्रवेशो गोविप्रदेवपूजांकृत्वामंत्रवाद्यघोषेणसापत्यस्त्रीभिःसहकार्यः असंभवेसद्योवा प्रसवप्रतिबंधेऋग्विधाने प्रमंदिनेइत्यृचंविजिहीष्वेंतिसूक्तंवाजपेत् एताभ्यामभिमंत्रितजलंवापाययेत् तेनसुखप्रसवः शीघ्रप्रसवमंत्रस्तु हिमवत्युत्तरेपार्श्वेसुरथानामयक्षिणी तस्याःस्मरणमात्रेणविशल्यागर्भिणीभवेत् ॐह्रीं ॐस्वाहेतिमंत्रेणदूर्वांकुरेणतिलतैलंशतंसहस्रंवाऽभिमंत्र्यकिंचित्पाययेत् किंचिन्मात्रस्यगर्भेलेपश्चासम्यग्लेपेशीघ्रंसुखप्रसवः अस्थिमात्रावशिष्टगोमस्तकस्यसूतिकागृहोपरिनिधानेसुखप्रसवः वंशनिंबयोस्त्वक्तुलसीमूलंकपित्थपत्रंकरवीरबीजंचसमभागंमहिषीदुग्धेनपेषयित्वा तेनसतैलेनयोनिलेपेसद्यःप्रसवः ॥

હવે પ્રસવને યોગ્ય ઘરમાં ગર્ભિણીનો પ્રવેશ કહે છે.

નિવાસ ઘરથી નૈર્ઋત્ય કોણમાં સૂતિકાગૃહ કરી ઘરમાં; અશ્વિની, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ચિત્રા સ્વાતી, અનુરાધા, ધનિષ્ઠા અને શતભિષા એ નક્ષત્રે; રિક્તાદિ તિથિ વર્જ્ય કરી બીજી તિથિઓમાં; અને ચંદ્ર અનુકૂલ છતાં. ગાય, બ્રાહ્મણ અને દેવ એમની પૂજા કરી; મંત્ર અને વાદ્યના ઘોષપૂર્વક; બાળકયુક્ત એવી સુવાસિની સ્ત્રીયોસહિત; શુભ લગ્નવિષે સગર્ભાએ પ્રવેશ કરવો. તેવો સંભવ ન હોય તો તત્કાલેજ પ્રવેશ કરવો. પ્રસવ (બાળકની ઉત્પત્તિ) માં પ્રતિબંધ થાય તો ઋગ્વિધાન ગ્રંથમાં આ રીતે ઉપાય કહ્યા છે. "प्रमंदिने०" એ ઋચાનો, અથવા "विजिहीष्वं०" એ સૂક્તનો જપ કરવો. અથવા એ ઋચા અને સૂક્તવડે મંત્રેલું જળ પીવરાવવું. તેથી સુખપૂર્વક પ્રસવ થાય છે. શીઘ્ર પ્રસવ થવાનો મંત્ર—"हिमवत्युत्तरे पार्श्वे, सुरथा नाम यक्षिणी ॥ तस्याः स्मरणमात्रेण, विशल्या गर्भिणी भवेत् ॥ ॐह्रीं ॐस्वाहा," એ મંત્ર ભણી દૂર્વાંકુરવડે તિલના તેલને સો અથવા હજાર વાર મંત્રી તેમાંથી થોડું પીવરાવવું. અને થોડું ગર્ભસ્થાનકે ચોપડવું. તે સારી રીતે ચોપડવાથી શીઘ્ર અને સુખપૂર્વક પ્રસવ થાય છે. સુકેલું ગાયનું મસ્તક (ખોપરી) લાવી સૂતિકાના ઘર ઉપર રાખવું; તેથી સુખે પ્રસવ થાય છે. વાંસની અને લીંબડાની છાલ, તુલસીનાં મૂળ, કોઠનાં પાન, અને કણેરનાં બીજ એ સમ ભાગ લઇ ભેંસના દૂધથી વાટી તેમાં તિલનું તેલ નાંખી તેનો યોનિને લેપ કરવાથી તત્કાળ પ્રસવ થાય છે.

अथजातकर्म ॥ मूलज्येष्ठाव्यतीपातादावनुत्पन्नस्यजातमात्रस्यपुत्रस्यपितामुखंकुलदेवतावृद्धप्रणामपूर्वकमवलोक्य नद्यादावुदङ्मुखःस्नायात् तदसंभवेगृहेआनीताभिःशीताभिःस्वर्णयुताभिरद्भिःस्नायात् एतच्चरात्रावपिनद्यादौकार्यं अशक्तौरात्रावग्निसन्निधौस्वर्णयुतशीतोदकैः मूलादिषुजननेतुमुखमदृष्ट्वैवस्नानं देशांतरगतेजनकेपुत्रजन्मश्रवणोत्तरंस्नानं सचैलस्नानात्प्रागस्पृश्यत्वं एवंकन्योत्पत्तावपि

स्नानंतत्प्राक्अस्पृश्यत्वंचज्ञेयं अन्यसपिंडाशौचमध्येजननेपिपितुस्तात्कालिकीस्नानदानादौजातकर्मणिचशुद्धिः केचिन्मृताशौचेपुत्रजननेजातकर्माशौचांतेकार्यमित्याहुः नालच्छेदनात्पूर्वंसंपूर्णसंध्यावंदनादिकर्मणिनाशौचं प्रथमदिनेपंचमषष्ठदशमदिनेचदानप्रतिग्रहयोर्नदोषः शृतमन्नंनग्राह्यं ज्योतिष्टोमादिदीक्षावतास्वयमन्येनवाजातकर्मनकार्यं किंतुअवभृथस्नानांतेदीक्षांविसृज्यस्वयंकार्यं श्रेष्ठःकनिष्ठेनपुंसवनादिकंनकारयेत् जातकर्मतुकारयेत् अतिक्रांतंतुस्वयमेवकुर्यात् महारोगार्तोजातकर्मस्वयंनकुर्यात् अच्छिन्ननाभिकर्तव्यंश्राद्धंवैपुत्रजन्मनि पुत्रपदेनकन्यापिगृह्यते तथाचसंस्कारांगभिन्नंकन्यापुत्रयोर्जन्मनिमित्तकंनांदीश्राद्धंविधीयते एतच्चरात्रावपिकार्यं तच्चहेम्नैवकार्यंनत्वन्नादिना तथाचस्नातोलंकृतः पिताअकृतनालच्छेदमपीतस्तन्यमन्यैरस्पृष्टंप्रक्षालितंकुमारंमातुरुत्संगेकारयित्वाचमनादिदेशकालादिकीर्तनांते अस्यकुमारस्यगर्भांबुपानजनितदोषनिवर्हणायुर्मेधाभिवृद्धिबीजगर्भसमुद्भवैनोनिवर्हणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थंजातकर्मकरिष्ये तदादौस्वस्तिपुण्याहवाचनंमातृकापूजनंचकरिष्ये हिरण्येनपुत्रजन्मनिमित्तकंजातकर्मांगंचनांदीश्राद्धंतंत्रेणकरिष्ये इतिसंकल्प्य यथागृह्यंकुर्यात् ततोदद्यात्सुवर्णंचभूमिंगांतुरगंरथंछत्रंछागंचमाल्यंचशयनंचासनंगृहं तिलपूर्णानिपात्राणिसहिरण्यानिचैवहि भक्षयित्वातुपक्वान्नंद्विजश्चांद्रायणंचरेत् सूतकेतुसकुल्यानांनदोषोमनुरब्रवीत् ॥

હવે જાતકર્મ સંસ્કાર કહે છે.

મૂળ, જ્યેષ્ઠા અને વ્યતિપાત ઇત્યાદિ અશુભ કાલમાં ઉત્પન્ન ન થયલો એવો પુત્ર ઉત્પન્ન થતાંજ પિતાએ કુલદેવતા અને વડીલ એમને પ્રથમ નમસ્કાર કરી પુત્રનું મુખ જોઈ નદી ઇત્યાદિકવિષે ઉત્તર સન્મુખ થઈ સ્નાન કરવું. નદી ઇત્યાદિક ન હોય તો ઘરે લાવેલા શીતળ જળમાં સુવર્ણ નાંખી તે જળવડે સ્નાન કરવું. એ સ્નાન રાત્રિએ પણ નદી ઇત્યાદિકવિષે કરવું. અશક્ત હોય તો તેણે રાત્રિએ અગ્નિની સમીપમાં ઉભા રહી સુવર્ણયુક્ત શીતળ જળવડે સ્નાન કરવું. મૂળ ઇત્યાદિક દુષ્ટ સમયે જન્મ થયો હોય તો પુત્રનું મુખ ન જોતાંજ સ્નાન કરવું. પિતા દેશાંતર ગયો હોય ત્યહાં 'પુત્ર જન્મ થયો' એમ સાંભળી તેણે સ્નાન કરવું. સ્નાન થકી પ્રથમ કોઈને પણ સ્પર્શ કરવો નહીં, એ સર્વત્ર સમજવું. એ રીતે કન્યા ઉત્પન્ન થઈ હોય તો પણ સ્નાન કરવું. અને સ્નાનથકી પ્રથમ સ્પર્શ કરવો નહીં. બીજા સપિંડોસંબંધી આશૌચ છતાં તેમાં પુત્રજન્મ સાંભળે તોપણ સ્નાન, દાન ઇત્યાદિક કર્મ અને જાતકર્મ કરવાવિષે પિતાને તાત્કાલિક શુદ્ધિ છે. કોઈ ગ્રંથકાર, મૃતાશૌચવિષે પુત્રજન્મ થવાથી જાતકર્મ કરવું તે મૃતાશૌચની નિવૃત્તિ થયા પછી કરવું, એમ કહેછે. નાળચ્છેદ થયાથી પ્રથમ સંધ્યાવંદનાદિ સંપૂર્ણ કર્મ કરવાવિષે આશૌચ નથી. પ્રથમ, પાંચમો, છઠ્ઠો, અને દશમો એ દિવસે દાન દેવું અને લેવું તેમાં દોષ નથી. રાંધેલું અન્ન લેવું નહીં. જેને જ્યોતિષ્ટોમાદિકની દીક્ષા થઈ હોય તેણે પોતેજ અથવા બીજાવડે જાતકર્મ કરવું તથા કરાવવું નહીં; ત્યારે યજ્ઞની સમાપ્તિ થયા પછી અવભૃથ (યજ્ઞાંત) સ્નાન કરી યજ્ઞદીક્ષાનું વિસર્જન કરી પોતેજ જાતકર્મ કરવું. જ્યેષ્ઠે કનિષ્ઠપાસેથી પુંસવન ઇત્યાદિક કર્મ કરાવવાં નહીં. જાતકર્મ તો (કનિષ્ઠ પાસેથી) પણ કરાવવું. અતિક્રાંત (પ્રથમ કરવાનું રહી ગયું) હોય તો, પિતાએજ કરવું. પિતા મહારોગે પીડિત હોય તો તેણે જાતકર્મ કરવું નહીં. "પુત્ર જન્મ થયા પછી નાળચ્છેદથકી પ્રથમ નાંદીશ્રાદ્ધ કરવું," એ વાક્યમાં પુત્રશબ્દ છે તથાપિ કન્યાનું પણ ગ્રહણ કરવું. તેમજ સંસ્કારસંબંધી નાંદી શ્રાદ્ધ કરતાં જુદું કન્યા અને પુત્રના જન્મસંબંધી નાંદી શ્રાદ્ધ કરવું. એવો વિધિ પ્રાપ્ત છે. એ જન્મસંબંધી નાંદીશ્રાદ્ધ રાત્રિએ પણ કરવું, અને તે હેમવડે કરવું, અન્નાદિકે કરવું નહીં. તેમજ પિતાએ સ્નાન કરી અલંકારયુક્ત થઈ નાળચ્છેદનરહિત, સ્તનપાનરહિત, અને અન્યસ્પર્શરહિત એવા બાળકને જળવડે ધોઇ તેની માના ખોળામાં દઈ પોતે આચમન કરી દેશ, કાલનો ઉચ્ચાર કરી "अस्य कुमारस्य गर्भांबुपानजनितदोषनिवर्हणायुर्मेधाभिवृद्धिबीजगर्भसमुद्भवैनोनिवर्हणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं जातकर्म करिष्ये ॥ तदादौ स्वस्तिपुण्याहवाचनं मातृकापूजनं च करिष्ये ॥ हिरण्येन पुत्रजन्मनिमित्तकं जातकर्मांगं च नांदीश्राद्धं तंत्रेण करिष्ये ॥" એવો સંકલ્પ કરી ગૃહ્યસૂત્રપ્રમાણે પ્રયોગ કરવો. "ત્યાર પછી સુવર્ણ, પૃથ્વી, ગાય, ઘોડો, રથ, છત્ર, બકરી, પુષ્પમાળા, પલંગ, આસન, ઘર, અને સુવર્ણસહિત તિલપૂર્ણ પાત્ર એમનું દાન કરવું. આશૌચ વાળાનાં ઘરનું રાંધેલું અન્ન ભોજન કરે તો તે બ્રાહ્મણે ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું. સૂતકમાં સપિંડોને (તેનાં ઘરનું) અન્ન ભક્ષણ કરવાથી દોષ નથી એમ મનુ કહે છે."

अथारिक्तपाणिर्ज्योतिर्विदंसंपूज्यतस्माज्जन्मलग्नगतशुभाशुभग्रहनिर्णयंज्ञात्वा प्रतिकूलग्रहानुकूल्यार्थं तत्तद्ग्रहप्रीत्यर्थंदानानिकुर्यात् ग्रहमंत्रजपादिशांतिसूक्तजपादिकर्मणिविप्रान्वानियोजयेत् ततोनालच्छेदंकारयित्वाहिरण्योदकेनमातुर्दक्षिणस्तनंप्रक्षाल्यमात्राकुमारंपाययेत् तत्रइमांकुमारइत्यादिमंत्रंविप्रादिःपठेत् जातकर्माद्यन्नप्राशनांतसंस्कारेषु आश्वलायनानांहोमःकृताकृतः होमपक्षेनांदीश्राद्धांतेजातकर्मांगहोमंकरिष्येइतिसंकल्प्य लौकिकाग्निंप्रतिष्ठाप्यान्वाधानाद्याज्यभागांते अग्निमिंद्रंप्रजापतिंविश्वान्देवान्ब्रह्माणमाज्येनजुहुयात् मधुसर्पिःप्राशनादिमूर्धाघ्राणांतेस्विष्टकृदादिकुर्यादितिक्रमः अन्येषांयथागृह्यंहोमादिज्ञेयम् ॥

હવે શ્રીફળ ઇત્યાદિક હાથમાં લઈ જ્યોતિષીની પૂજા કરી તેનાથી જન્મલગ્નવિષે શુભાશુભ ગ્રહોનો નિર્ણય સમજી પ્રતિકૂલ ગ્રહનું અનુકૂલપણું થવામાટે તે તે ગ્રહના સંતોષને અર્થે દાન કરવાં, અથવા ગ્રહોના મંત્રનો જપ અને શાંતિસૂક્તાદિકનો જપ ઇત્યાદિક કર્મવિષે બ્રાહ્મણોને પ્રેરણા કરવી. પછી નાળચ્છેદન કરાવી સુવર્ણયુક્ત જળવડે માતાનું જમણું સ્તન ધોવરાવી માતાકને પુત્રને સ્તનપાન કરાવવું, સ્તનપાનસમયે "इमां कुमार०" ઇત્યાદિક મંત્ર બ્રાહ્મણોએ પઠન કરવા. જાતકર્મ થકી અન્નપ્રાશન સંસ્કારપર્યંત સંસ્કારોવિષે આશ્વલાયન શાખાવાળાઓએ હોમ કરવો અથવા ન કરવો. હોમ કરવો હોય તે પક્ષવિષે, નાંદીશ્રાદ્ધ થયા પછી, "जातकर्मांगहोमं करिष्ये," એવો સકલ્પ કરી લૌકિકાગ્નિનું સ્થાપન કરી અન્વાધાનથકી આજ્યભાગપર્યંત કર્મ થયા પછી અગ્નિ, ઈંદ્ર, પ્રજાપતિ, વિશ્વેદેવા અને બ્રહ્મા એ દેવતાઓને ઉદ્દેશે ઘૃતનો હોમ કરવો. પછી મધ અને ઘી એના પ્રાશન ઇત્યાદિક થકી મસ્તક સુંઘવું ત્યહાંપર્યંત કર્મ કરી સ્વિષ્ટકૃત કર્મ કરવું, એ પ્રમાણે ક્રમ જાણવો. બીજી શાખાવાળાઓનો પોતપોતાના ગૃહ્યસૂત્રપ્રમાણે હોમાદિક પ્રયોગ જાણવો.

कुमार्यांअपि जातकर्मादिसंस्काराश्चौलांताःसर्वेंअमंत्रकंकार्याः विवाहस्तुसमंत्रकः अतःकन्यायाजातकर्मादिसंस्कारलोपेतत्तत्कालेविवाहकालेवाप्रायश्चित्तंकृत्वाविवाहःकार्यः अत्रसर्वत्रजातकर्मनामकर्मादौमुख्यकालातिक्रमे गुर्वाद्यस्तरहितेशुभनक्षत्रादौजातकर्मादिकंकार्यं तत्रजातकर्मणिनक्षत्राणिरोहिणीत्र्युत्तराश्विनीहस्तपुष्यानुराधारेवतीमृगचित्राश्रवणादित्रयस्वातीपुनर्वसवः रिक्तापर्वरहितास्तिथयः भौमशनिभिन्नावाराः भद्रावैधृत्यादिशून्येशुकेंद्रलग्नेशुभम् ॥

કન્યાના પણ જાતકર્મથકી ચૌલપર્યંત સંસ્કાર મંત્રરહિત કરવા. અને વિવાહ મંત્રસહિત કરવો. માટે કન્યાના જાતકર્મ ઇત્યાદિક સંસ્કારનો લોપ થાય તો એટલે તે સંસ્કાર ન થયા હોય તો જે કાળે એ સંસ્કાર કરવાના હોય તે તે કાળે અથવા વિવાહને સમયે તે સંસ્કારના લોપનું પ્રાયશ્ચિત્ત કરી વિવાહ કરવો. આ સર્વ જાતકર્મ નામકર્મ ઇત્યાદિક સંસ્કારના મુખ્ય કાલનું ઉલ્લંઘન થયું હોય તો, ગુરુ ઇત્યાદિકનો અસ્ત ન હોય અને શુભ નક્ષત્ર ઇત્યાદિક જે દિવસે હોય તે દિવસે જાતકર્માદિક કરવાં. તે જાતકર્મનેવિષે નક્ષત્ર. રોહિણી, ત્રણ ઉતરા, અશ્વિની, હસ્ત, પુષ્ય, અનુરાધા, રેવતી, મૃગ, ચિત્રા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, સ્વાતી અને પુનર્વસુ એ નક્ષત્રો; અને રિક્તા (ચોથ, નોમ, અને ચૌદશ), પર્વ (પૂનમ, અમાવાસ્યા) એ તિથિ વર્જ્ય કરી અન્ય તિથિ લેવી. મંગળ અને શનિ વર્જ્ય કરી બીજા વાર લેવા. ભદ્રા, વૈધૃતિ ઇત્યાદિક રહિત એવા શુભ દિવસે શુભ કેંદ્રવાળું લગ્ન છતાં જાતકર્મ શુભ થાય.

अथपंचमषष्ठदिनयोर्जन्मदानांपूजनम् ॥ रात्रेःप्रथमयामेपित्रादिःस्नात्वाचम्यदेशकालौसंकीर्त्य अस्यशिशोःसमातृकस्यायुरारोग्यप्राप्तिसकलारिष्टशांतिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंविघ्नेशस्यजन्मदानांजीवंत्यपरनाम्न्याःषष्ठीदेव्याःशस्त्रगर्भाभगवत्याश्चपूजनंकरिष्येइतिसंकल्प्य तंडुलपुंजेषुविघ्नेशंजन्मदाख्यनाममंत्रेणावाह्य आयाहिवरदादेविमहाषष्ठीतिविश्रुते शक्तिभिःसहबालंमेरक्षजागरवासरे इतिषष्ठीदेवीमावाह्यनाम्नाभगवतीमावाह्यनामभिः शक्तिस्त्वंसर्वदेवानांलोकानांहितकारिणी मातर्बालमिमंरक्षमहाषष्ठिनमोस्तुते इतिमंत्रेणचषोडशोपचारैःसंपूज्यप्रार्थयेत् लंबोदरमहाभागसर्वोपद्रवनाशन त्वत्प्रसादादविघ्नेशचिरंजीवतुबालकः जननीसर्वभूतानांबालानांचविशेषतः नारायणीस्वरूपेणबालंमेरक्षसर्वदा प्रेतभूतपिशाचेभ्योशाकिनीडाकिनीषुच मातेवरक्षबालंमेश्वापदेपन्नगेषुच गौरीपुत्रोयथास्कंदः

शिशुत्वेरक्षितःपुरा तथाममाप्ययंबालःषष्ठिकेरक्ष्यतांनमः इतिविप्रेभ्यस्तांबूलदक्षिणादिदद्यात् रात्रौजागरणंकुर्यात् पंचमषष्ठदिनयोर्दानप्रतिग्रहेनदोषः दशमदिनेबलिदानंस्वीयेभ्योन्नदानंचकार्यम् ॥

હવે પાંચમે અને છઠ્ઠે દિવસે જન્મદા નામની દેવતાનું પૂજન કરવું. તે આ રીતે,–રાત્રિએ પ્રથમ પોહોરે પિતા ઇત્યાદિકે સ્નાન કરી આચમન કરી દેશ, કાલનો ઉચ્ચાર કરી, "अस्य शिशोः समातृकस्यायुरारोग्यप्राप्तिसकलानिष्टशांतिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं विघ्नेशस्य जन्मदानां जीवंत्यपरनाह्व्याः षष्ठीदेव्याः शस्त्रगर्भाभगवत्याश्च पूजनं करिष्ये," એવો સંકલ્પ કરી ચોખાના પુંજ ઉપર વિઘ્નેશ (ગણેશ) અને જન્મદા દેવતાનું નામમંત્રવડે આવાહન કરી, "आयाहि वरदा देवि, महाषष्ठीति विश्रुते ॥ शक्तिभिः सह बालं मे, रक्ष जागरवासरे," એ મંત્રવડે ષષ્ઠી દેવીનું આવાહન કરી નામમંત્રવડે ભગવતી દેવીનું આવાહન કરી નામમંત્રવડે અને "शक्तिस्त्वं सर्वदेवानां, लोकानां हितकारिणी ॥ मातर्बालमिमं रक्ष, महाषष्ठि नमोऽस्तु ते," એ મંત્રવડે ષોડશોપચારસહિત પૂજા કરી પ્રાર્થના કરવી. પ્રાર્થનાના મંત્ર,—लंबोदर महाभाग, सर्वोपद्रवनाशन ॥ त्वत्प्रसादादविघ्नेश, चिरं जीवतु बालकः ॥ जननी सर्वभूतानां, बालानां च विशेषतः ॥ नारायणीस्वरूपेण, बालं मे रक्ष सर्वदा ॥ प्रेतभूतपिशाचेभ्यो, शाकिनीडाकिनीषु च ॥ मातेव रक्ष बालं मे, श्वापदे पन्नगेषु च ॥ गौरीपुत्रो यथा स्कंदः शिशुत्वे रक्षितः पुरा ॥ तथा ममाप्ययं बालः, षष्ठिके रक्ष्यतां नमः," એ પ્રમાણે પ્રાર્થના કરી બ્રાહ્મણોને તાંબૂલ, દક્ષિણા ઇત્યાદિક દાન કરવું, અને રાત્રિએ જાગરણ કરવું. પાંચમે અને છઠ્ઠે દિવસે દાન દેવું અને લેવું એમાં દોષ નથી. દશમે દિવસે બલિદાન અને સંબંધીઓને અન્નદાન કરવું.

अथाशौचेकर्तव्यनिर्णयः ॥ सूतकेमृतकेकुर्यात्प्राणायाममर्मत्रकं तथामार्जनमंत्रांश्चमनसोच्चार्यमार्जयेत् गायत्रींसम्यगुच्चार्यसूर्यायार्घ्यंनिवेदयेत् उपस्थानंनैवकार्यंमार्जनंतुकृताकृतं सूर्यंध्यायन्नमस्कुर्याद्गायत्रीजपोनकार्यः अर्घ्यांतामानसीसंध्येत्युक्तेः केचिन्मनसादशगायत्रीजपःकार्यइत्याहुः वैश्वदेवब्रह्मयज्ञादयःपंचमहायज्ञानकार्याः वेदाभ्यासोनकार्यः औपासनहोमपिंडपितृयज्ञावसगोत्रेणकारयेत् केचिच्छ्रौतकर्मणिसद्यःशुद्ध्युक्तेरग्निहोत्रहोमःस्वयंकार्यइत्याहुः अपरेतु सर्वस्याप्याशौचापवादस्यानन्यगतिकत्वात्सतिब्राह्मणेब्राह्मणद्वारैवकार्यः ब्राह्मणाभावेस्वयंकार्यइत्याहुः स्थालीपाकोनकार्यःआशौचांतेकार्यः सर्वथालोपप्रसक्तौस्थालीपाकोपिब्राह्मणद्वाराकार्यः अन्वाधानोत्तरंसूतकप्राप्तौब्राह्मणद्वाराश्रौतेऽपिस्थालीपाकौहोमादौत्यागःस्नात्वास्वयंकार्यः दर्शादिश्राद्धस्यलोपएव प्रतिसांवत्सरिकंश्राद्धंआशौचांतेएकादशाहेकार्यं तत्रासंभवेदर्शव्यतीपातादिपर्वणि एवंपत्न्यामृतुमत्यामपिपिंडयज्ञदर्शश्राद्धेकार्ये अन्वाधानोत्तरंरजोदोषेइष्टिस्थालीपाकौकार्यौ अन्यथाकालांतरे दानप्रतिग्रहाध्ययनानिवर्ज्यानि आशौचेन्यस्यान्नंनाश्नीयात् पितृयज्ञस्थालीपाकश्रवणाकर्मादिसंस्थानांप्रथमारंभोब्राह्मणद्वाराप्याशौचयोर्नभवति प्रथमारंभोत्तरं श्रवणाकर्मादिकंविप्रद्वाराशौचेपिपत्न्यार्तवेपिकार्यं आग्रयणंतुनभवति अग्निसमारोपप्रत्यवरोहौआशौचेनभवतः तेनसमारोपोत्तरमाशौचे तैत्तिरीयाणांत्रिदिनंहोमलोपेबह्वृचादीनांद्वादशदिनंहोमलोपेग्निनाशात्आशौचांतेश्रौतस्मार्तयोःपुनराधानमेव समारोपप्रत्यवरोहयोरन्यकर्तृकत्वाभावात् अग्न्यनुगमेप्रायश्चित्तपूर्वकपुनरुत्पत्तिरन्यद्वाराभवति भोजनकालेआशौचप्राप्तौमुखस्थंग्रासंत्यक्त्वास्नायात् तद्ग्रासभक्षणेएकोपवासः सर्वान्नभक्षणेत्रिरात्रोपवासः सूतकेमृतकेचैवनदोषोराहुदर्शनइत्युक्तेर्ग्रहणेस्नात्वाश्राद्धदानजपादिकमाशौचेपिकार्यं एवंसंक्रांतिस्नानदानादिकमपि संकटेनांदीश्राद्धोत्तरंमौंजीविवाहयोर्नाशौचं संकटेमधुपर्कोत्तरमृत्विजांनाशौचं यजमानस्यदीक्षणीयोत्तरंप्रागवभृथान्नाशौचं अवभृथमाशौचोत्तरंकार्यं व्रतेपुनाशौचमित्युक्तेरनंतव्रतादिकमन्यैःकारयेत् प्रारब्धान्नसत्रस्यान्नदानादिपुनाशौचं पूर्वसंकल्पितान्नेपुनदोषःपरिकीर्तितः उदकदुग्धदधिघृतलवणफलमूलभर्जिताद्यन्नानांसूतकिगृहस्थितानांस्वयंग्रहणेदोषाभावः सूतकिहस्तात्तुनग्राह्यं केचित्तंडुलादिकमपक्कमन्नंग्राह्यमाहुः इतिसंक्षेपेणनिर्णयोविशेषस्तुवक्ष्यते ॥

હવે આશૌચમાં કયાં કર્મ કરવાં અને કયાં ન કરવાં તે કહે છે.

"જાતાશૌચ અને મૃતાશૌચમાં પ્રાણાયામ અમંત્રક કરવા. તેમજ માર્જનના મંત્ર મનમાં ભણી માર્જન કરવું. ગાયત્રીમંત્રનો સ્પષ્ટ ઉચ્ચાર કરી સૂર્યને અર્ઘ્ય દેવો, ઉપસ્થાન (પ્રાર્થના) કરવુંજ નહીં,

અને માર્જન તો કરવું અથવા ન કરવું." સૂર્યનું ધ્યાન કરી નમસ્કાર કરવા. ગાયત્રીમંત્રનો જપ કરવો નહીં. કારણ, "અર્ઘ્યપર્યંત મનમાં ઉચ્ચાર કરી સંધ્યા કરવી" એવાં વચન છે. કોઈ ગ્રંથકાર, મનમાં ઉચ્ચાર કરી દશ વાર ગાયત્રી જપ કરવો એમ કહેછે. વૈશ્વદેવ, બ્રહ્મયજ્ઞ ઇત્યાદિક પાંચ મહાયજ્ઞ કરવા નહીં, અને વેદપાઠ કરવો નહીં. ઔપાસનહોમ અને પિંડપિતૃયજ્ઞ એ ભિન્ન ગોત્રિપાસે કરાવવા. કોઈ ગ્રંથકાર તો, શ્રૌતકર્મ કરવું હોય તો તે કર્મ કરવાપર્યંત શુદ્ધિ છે એવાં વચન છે માટે અગ્નિહોત્રનો હોમ પોતેજ કરવો, એમ કહે છે. બીજા ગ્રંથકારો તો, સઘળા આશૌચના અપવાદની બીજી ગતિજ નથી માટે બ્રાહ્મણ હોય તો બ્રાહ્મણવડેજ હોમ કરાવવો, બ્રાહ્મણ ન હોય તો પોતે કરવો, એમ કહે છે. સ્થાલીપાક આશૌચમાં કરવો નહીં, આશૌચ નિવૃત્ત થયા પછી કરવો. સર્વથા સ્થાલીપાકના લોપનોજ સંભવ આવે તો સ્થાલીપાક પણ બ્રાહ્મણદ્વારા કરાવવો. અન્વાધાન થયા પછી આશૌચ પ્રાપ્ત થાય તો શ્રૌતેષ્ટિ અને સ્થાલીપાક બ્રાહ્મણદ્વારા કરાવવા. હોમ ઇત્યાદિકમાં ત્યાગ કરવો તે સ્નાન કરી પોતેજ કરવો. દર્શ ઇત્યાદિક શ્રાદ્ધનો લોપજ કરવો. પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ કરવું તે આશૌચની અંતે અગીયારમે દિવસે કરવું. અગીયારમે દિવસે શ્રાદ્ધ કરવાનો અસંભવ હોય તો અમાવાસ્યા, વ્યતીપાત ઇત્યાદિ પર્વ દિવસે કરવું. એ રીતે સ્ત્રી રજસ્વલા હોય તો પિંડપિતૃયજ્ઞ, અને દર્શશ્રાદ્ધ પણ (પાંચમે દિવસે) કરવાં. અન્વાધાન થયા પછી સ્ત્રી રજસ્વલા થઇ હોય તો ઇષ્ટિ અને સ્થાલીપાક કરવા. અન્વાધાનથકી પ્રથમ રજસ્વલા થઇ હોય તો કાલાંતરે કરવા. દાન દેવું, લેવું, અને અધ્યયન (વિદ્યાભ્યાસ) એ વર્જ્ય કરવાં. આશૌચવિષે બીજાનું અન્ન ભક્ષણ કરવું નહીં. પિંડપિતૃયજ્ઞ, સ્થાલીપાક, અને શ્રવણાકર્મ ઇત્યાદિક પાકસંસ્થાઓનો પ્રથમ આરંભ બ્રાહ્મણદ્વારાએ પણ બન્ને આશૌચમાં કરાવવો નહીં. પ્રથમ આરંભ થયા પછી શ્રવણાકર્મ ઇત્યાદિક કરવાં તે, આશૌચ હોય અથવા સ્ત્રી રજસ્વલા હોય તથાપિ બ્રાહ્મણદ્વારાએ કરાવવાં, આગ્રયણ માત્ર કરવું નહીં. અગ્નીનો સમારોપ (સમિધ શેકી તે ઉપરે અગ્નિ લેવો), પ્રત્યવરોહણ (શેકી રાખેલી સમિધનો ફરી અગ્નિમાં હોમ કરવો), એ આશૌચમાં થતાં નથી; તેથી અગ્નિનો સમારોપ કીધા પછી આશૌચ પ્રાપ્ત થાય તો, તૈત્તિરીય શાખાવાળાઓને ત્રણ દિવસ હોમનો લોપ થવાથી અને ઋગ્વેદીઓને બાર દિવસ હોમનો લોપ થવાથી બન્નેનો અગ્નિ નાશ થાય છે માટે આશૌચ ગયા પછી (તૈત્તિરીય શાખાવાળાઓએ અને ઋક્શાખાવાળાઓએ) શ્રૌતાગ્નિ અને સ્માર્તાગ્નિ એમનું નિશ્ચયથી ફરી આધાન (સ્થાપન) કરવું. કારણ, અગ્નિનું સમારોપણ, અને પ્રત્યવરોહણ એ કર્મ બીજાવડે કરાવવાને આધાર નથી માટે કરાવવાં નહીં. અગ્નિનો નાશ થયો હોય તો અગ્નિનાશનું પ્રાયશ્ચિત્ત કરી બીજાવડે અગ્નિ ઉત્પન્ન કરાવવો. ભોજન કાળે આશૌચ પ્રાપ્ત થાય તો મુખમાં જે ગ્રાસ હોય તે કાઢી નાખી સ્નાન કરવું. મુખમાંનો ગ્રાસ ભક્ષણ કરી જાય તો એક ઉપવાસ કરવો. સઘળું (પાત્રમાં લીધેલું) અન્ન ભક્ષણ કરે તો ત્રણ રાત્રિ ઉપવાસ કરવા. "જનનાશૌચ, અને મૃતાશૌચ એમાં ગ્રહણ પ્રાપ્ત થાય તો દોષ નથી," એવાં વચન છે માટે ગ્રહણ પ્રાપ્ત થાય તો સ્નાન કરી આશૌચવિષે પણ શ્રાદ્ધ, દાન, અને જપ ઇત્યાદિક કરવાં. એપ્રમાણે સંક્રાંતિ નિમિત્તક પણ સ્નાન દાન, ઇત્યાદિક કરવાં. સંકટવિષય હોય તો નાંદીશ્રાદ્ધ થયા પછી મૌંજી અને વિવાહ એનેવિષે દોષ નથી. સંકટવિષે મધુપર્કપૂજા પછી ઋત્વિજોને આશૌચ નથી. યજમાનને યજ્ઞદીક્ષા લીધા પછી અવભૃથ (યજ્ઞાંત) સ્નાનથી પ્રથમ આશૌચ નથી. અવભૃથ સ્નાન આશૌચ પછી કરવું. "વ્રતવિષે આશૌચ નથી" એવું વચન છે માટે અનંતવ્રત ઇત્યાદિક બીજાપાસે કરાવવાં. પ્રથમ આરંભ કરેલા અન્નસત્ર સંબંધી અન્નદાનાદિકવિષે આશૌચ નથી. "પ્રથમ સંકલ્પ કરેલાં અન્નાદિકવિષે દોષ નથી." જળ, દૂધ, દહીં, ઘી, લૂણ, ફળ, મૂળ અને સેકેલાં ધાન ઇત્યાદિક મૂતકીના ઘરમાં રહેલા પદાર્થો લેનારાએ પોતાને હાથેથી લેવાનો દોષ નથી. મૂતકીને હાથેથી તો લેવા નહીં. કોઈ ગ્રંથકાર, ચોખા ઇત્યાદિક કાચું અન્ન લેવું, એમ કહે છે. એ પ્રમાણે સંક્ષેપે નિર્ણય કહ્યો. વિશેષ નિર્ણય કહેવો તે આગળ કહેશું.

अथसूतिकाशुद्धिः ॥ दशाहांतेसूतिकायाअस्पृश्यत्वनिवृत्तिर्नामकर्मजातकर्मादिमासकर्माधिकारश्च जातेऽपिविवाहोपनयनादिकर्मसुतु पुत्रप्रसूतानांविंशतिरात्रांतेधिकारः कन्याप्रसूतानांमासांते ऽधिकारः ॥

હવે સૂતિકા (પ્રસવવાળી સ્ત્રી)ની શુદ્ધિ કહે છે.

પ્રસવથી દશ દિવસ ગયા પછી અસ્પૃશ્યત્વની નિવૃત્તિ; અને નામકર્મ, જાતકર્મ, ઇત્યાદિક પ્રાપ્ત થયલાં કર્મ કરવાવિષે અધિકાર પણ પ્રાપ્ત થાય છે. જાતેષ્ટિ, વિવાહ અને મૌંજી ઇત્યાદિક કર્મવિષે તો, જેને પુત્ર ઉત્પન્ન થયો હોય તેને વીસ રાત્રિ વ્યતીત થયા પછી અધિકાર થાય છે; અને જેને કન્યા ઉત્પન્ન થઈ હોય તેને એક માસ ગયા પછી અધિકાર થાય છે.

अथजन्मनिदुष्टकालस्तच्छातयश्चनिर्णीयंते ॥ तत्रादौगोप्रसवः यत्रजन्मकालेपितुर्मातुः सुतस्यचारिष्टमुक्तं तत्रगोप्रसवशांतिस्तत्तन्नक्षत्रादिशांतिश्चकार्या धनाद्यरिष्टेपुनकार्या मूलाश्लेषाज्येष्ठामघानक्षत्रेषुजननेचतुर्थपादादिषुपित्राद्यरिष्टाभावेपिगोप्रसवः अश्विनीरेवतीपुष्यचित्रासुनक्षत्रशांत्यभावेपिगोप्रसवशांतिरेवकार्या तत्र अस्यशिशोरमुकदुष्टकालोत्पत्तिसूचितारिष्टनिवृत्त्यर्थंगोमुखप्रसवशांतिंकरिष्येइतिसंकल्प्य गणेशपूजनमात्रंकृत्वा अंगादंगादितिमंत्रेणशिशुमूर्धावघ्राणांतेप्रयोगमध्यएवपुण्याहवाचनमितिकौस्तुभमयूखौ पुण्याहवाचनंशाखोक्तंकृत्वामूर्धावघ्राणांते अस्यगोमुखप्रसवस्यपुण्याहंभवंतोब्रुवंत्वित्येकवाक्यमेवत्रिर्वदेत् ऋत्विजश्चप्रतिब्रूयुर्नतुशाखोक्तमितिकमलाकरः नांदीश्राद्धंनकार्यं अग्निप्रतिष्ठांतेकस्मिंश्चित्पीठेनवग्रहान्अधिदेवतादिरहितान्प्रतिष्ठाप्यान्वाधानंकुर्यात् आज्यभागांते अपःआपोहिष्ठेतित्र्यृचेनअप्सुमेसोमइतिगायत्र्याऋचाच मिलितदधिमध्वाज्येनप्रत्यृचंअष्टाष्टसंख्याहुतिभिर्विष्णुंतद्विष्णोरित्यृचामिलितदधिमध्वाज्येनाष्टाहुतिभिः यक्ष्महणंअक्षीभ्यामितिसूक्तेनप्रत्यृचमष्टाष्टमिलितदधिमध्वाज्याहुतिभिर्नवग्रहान्दधिमध्वाज्येनाष्टाष्टसंख्याहुतिभिः शेषेणेत्यादिमयूखादयः कमलाकरस्तुदधिमध्वाज्येनापश्चतुर्वारंविष्णुंसकृत्यक्ष्महणमक्षीभ्यामितिसूक्तेनप्रत्यृचमष्टाष्टसंख्याहुतिभिर्नवग्रहानेकैकयाहुत्याशेषेणस्विष्टकृतमित्याह आज्यभागहोमांतेएकस्मिन्कुंभेविष्णुवरुणौप्रतिमयोःसंपूज्यौ प्रतिमासु विष्णुवरुणयक्ष्महणःपूज्याइतिमयूखे ततोयथान्वाधानहोमइतिसंक्षेपः अत्रशिष्टप्रयोगःशांतिग्रंथेषु एवमग्रेपिदेवताद्रव्याहुतिसंख्यानिमित्तफलमात्रंलिख्यतेविस्तरोन्यत्रज्ञेयः ॥

હવે જન્મ સમયના દુષ્ટ કાળ અને તેની શાંતિઓ, તેનો નિર્ણય કહે છે.

તેમાં પ્રથમ ગોપ્રસવ શાંતિ કહે છે. જે જન્મ સમયે પિતાને, માતાને, અને બાળકને અરિષ્ટ કહ્યાં છે તેવા જન્મસમયે ગોપ્રસવ શાંતિ અને તે તે નક્ષત્ર ઇત્યાદિકની શાંતિ કરવી. દ્રવ્યનાશ ઇત્યાદિરૂપ અરિષ્ટ હોય તો શાંતિ કરવી નહી. મૂળ, આશ્લેષા, જ્યેષ્ઠા, અને મઘા એ નક્ષત્રવિષે જન્મ થાય તો તેમના ચોથા ઇત્યાદિક પાદનેવિષે પિતા ઇત્યાદિકને અરિષ્ટ નથી તથાપિ ગોપ્રસવ શાંતિ કરવી. અશ્વિની, રેવતી, પુષ્ય, અને ચિત્રા એ નક્ષત્રવિષે જન્મ થાય તો નક્ષત્રશાંતિ કરવી નહીં, તથાપિ ગોપ્રસવ શાંતિ તો અવશ્ય કરવી. તે ગોપ્રસવ શાંતિનો સંકલ્પ “**अस्य शिशोरमुकदुष्टकालोत्पत्तिसूचितारिष्टनिवृत्त्यर्थं गोमुखप्रसवशांतिं करिष्ये,**” એવો સંકલ્પ કરી ગણપતિનું પૂજન માત્ર કરી “**अंगादंगात्०**” એ મંત્રવડે બાળકનું મસ્તક સુંઘવા પછી પ્રયોગની વચ્ચેજ પુણ્યાહવાચન કરવું એમ કૌસ્તુભ અને મયૂખ ગ્રથમાં છે. પોતાની શાખામાં કહેલું પુણ્યાહવાચન કરી મસ્તક સુંઘવું. પછી યજમાને, “ **अस्य गोमुखप्रसवस्य पुण्याहं भवंतो ब्रुवंतु,**” એ એકજ વાક્ય ત્રણ વાર કહેવું. ઋત્વિજોએ પણ પ્રતિવચન (અસ્તુ પુણ્યાહ, એવો ઉત્તર) દેવું. શાખામાં કહેલું પુણ્યાહવાચન કરવું નહીં. એ રીતે શાંતિકમલાકર ગ્રથમા છે. નાંદીશ્રાદ્ધ કરવુ નહીં. અગ્નિ સ્થાપન કીધા પછી કોઈએક આસન ઉપર અધિદેવતાદિકે રહિત એવું નવગ્રહનું સ્થાપન કરી અન્વાધાન કરવું. પછી આજ્યભાગપર્યંત કર્મ થયાપછી પ્રધાન હોમ કરવો. તે આ રીતે,—અપ દેવતાને અર્થે “**आपोहिष्ठा०**” એ ત્રણ ઋચાવડે, “**अप्सुमे सोमो०**” એ ઋચાવડે અને ગાયત્રીમંત્રવડે દહીં, મધ, અને ઘી એ ત્રણ પદાર્થ મિશ્રિત કરી દરએક ઋચાવડે આઠ આઠ વાર એપ્રમાણે હોમ કરવો. વિષ્ણુ દેવતાને અર્થે “**तद्विष्णो०**” એ ઋચાવડે દહીં, મધ અને ઘી એ ત્રણ પદાર્થ મિશ્રિત કરી તેનો આઠ વાર હોમ કરવો. યક્ષ્મહણ દેવતાને અર્થે “**अक्षीभ्यां०**” એ સૂક્તની એક એક ઋચાવડે મિશ્રિત એવાં દહીં, મધ અને ઘીનો આઠ આઠ વાર હોમ કરવો, નવગ્રહને અર્થે મિશ્રિત એવાં દહીં, મધ અને ઘીવડે આઠ આઠ વાર હોમ કરવો, અને શેષ દ્રવ્યવડે સ્વિષ્ટકૃત હોમ ઇત્યાદિક કરવો,

अथैतेषांमानम् ॥ भुवोमानंगोचर्म सप्तहस्तोदंडः त्रिंशद्दंडावर्तनं दशवर्तनानिगोचर्म तिलानां द्रोणः सुवर्णरजतयोर्दशमाषतदर्धतदर्धान्यतमं आज्यस्यचत्वारिंशत्पलानि वाससस्त्रिहस्तत्वं धान्यस्य पंचद्रोणाः एवंगुडलवणयोः एतावत्प्रमाणाशक्तौनित्यनैमित्तिकेयथाशक्तिदेयानि यथाशक्तिहिरण्यंवा तत्तत्प्रतिनिधित्वेनहिरण्यगर्भेतिमंत्रेणदेयं नैमित्तिकादेरकरणेप्रत्यवायात् अभ्युदयादिफलार्थंतुदशदानानिशक्तिंविनानकार्याणीतिभाति होमांतेबलिदानाभिषेकादि इतिसिनीवालीकुहूशांतिः ॥

હવે એ દશ દાનનાં પ્રમાણ કહે છે. પૃથ્વીનું પ્રમાણ ગોચર્મ, તે આ રીતેઃ-સાત હાથ એટલે એક દંડ, ત્રીસ દંડ એટલે એક વર્તન, દશ વર્તન એટલે એક ગોચર્મ (જેનું (૨૧૦૦) હાથ ક્ષેત્રફળ થાય અર્થાત્ (૪૫) હાથ અને (૨૦) અંગુલ એટલી ચોરસ પૃથ્વી) દેવી. તિલ એક દ્રોણ દેવા. સોનું અને રૂપું તે દશ માષા, પાંચ માષા, અથવા અઢી માષા, એમાંથી કોઈ એક પ્રમાણનું દેવું. ઘી ચાલીશ પળ. વસ્ત્ર ત્રણ હાથ, ધાન્ય પાંચ દ્રોણ. ગોળ અને લૂણ એનું એજ પ્રમાણે પ્રમાણ જાણવું. એ કહ્યા પ્રમાણે દેવામાં સામર્થ્ય ન હોય તો, નિત્ય અને નૈમિત્તિક કર્મવિષે યથાશક્તિ દેવાં. અથવા જે જે દાન દેવાનાં હોય તે તે ઠેકાણે જેવી શક્તિ હોય તે પ્રમાણે "हिरण्यगर्भ०" એ મંત્રવડે સુવર્ણ દેવું. કારણ, નૈમિત્તિકાદિક ન કરવાથી દોષ છે. પુણ્યપ્રાપ્તિ માટે દશ દાન કરવાં તે શક્તિ ન હોય તો કરવાં નહીં એમ ભાસે છે. હોમની અંતે બલિદાન, અભિષેક ઇત્યાદિક કરવાં. એ પ્રમાણે સિનીવાલી અને કુહૂની શાંતિ સમાપ્ત થઈ.

अथदर्शशांतिः ॥ अथातोदर्शजातानांमातापित्रोर्दरिद्रता तद्दोषपरिहारार्थंशांतिंवक्ष्यामितेसदा अस्यदर्शजननसूचितारिष्टनिरासार्थंशांतिंकरिष्येइतिसंकल्पः स्थंडिलात्पूर्वदेशेकलशंप्रतिष्ठाप्यकलशाग्न्योर्मध्येसर्वतोभद्रपीठेब्रह्मादिमंडलदेवताआवाह्य तन्मध्येस्वर्णप्रतिमायां येचेहेतिमंत्रेणपितृनावाहयेत् तद्दक्षिणेरजतप्रतिमायामाप्यायस्वेतिसोममुत्तरतस्ताम्रप्रतिमायां सवितापश्चातादितिसूर्यंचावाह्यसंपूज्याग्निंप्रतिष्ठाप्य सर्वतोभद्रैशान्यांग्रहस्थापनादि अन्वाधानेआदित्यादिग्रहान् अमुकसंख्याभिः समिच्चर्वाज्याहुतिभिः पितृन् अष्टाविंशतिसंख्याकाभिःसमिच्चरुभ्यांसोमंसूर्यंचप्रत्येकमष्टोत्तरशतसंख्य समिच्चर्वाहुतिभिः शेषेणस्विष्टकृतमित्यादि अत्रस्विष्टकृतःपूर्वंमातापितृशिशूनांकलशोदकेनाभिषेकस्ततःस्विष्टकृद्बलिदानादीतिविशेषः इतिदर्शशांतिः ॥

હવે દર્શશાંતિ કહે છે.

“દર્શ નામની અમાવાસ્યાને દિવસે ઉત્પન્ન થયલાં બાળકોનાં માતા પિતાને દરિદ્રતા પ્રાપ્ત થાય છે. તે દરિદ્રતા દોષ સર્વદા દૂર થવા માટે તને શાંતિ કહુંછું, “अस्य शिशोर्दर्शजननसूचितारिष्टनिरासार्थं शांतिं करिष्ये,” એવો સંકલ્પ કરવો. સ્થંડિલની પૂર્વે દિશામાં કલશની સ્થાપના કરી કલશ અને અગ્નિના મધ્યમાં સર્વતોભદ્ર પીઠ ઉપર બ્રહ્માદિક મંડલદેવતાઓનું આવાહન કરી તે મંડળના મધ્યમાં સુવર્ણની પ્રતિમામાં “येचेह०” એ મત્રવડે પિતૃ દેવતાઓનું આવાહન કરવું. તે પિત્રોની દક્ષિણ તરફ રૂપાની પ્રતિમામાં, “आप्यायस्व०” એ મંત્રવડે ચંદ્રનું, અને ઉત્તર તરફ ત્રાંબાની પ્રતિમામાં, “सविता पश्चा०” એ મંત્રવડે સૂર્યનું આવાહન કરી પૂજા કરી અગ્નિનું સ્થાપન કરી સર્વતોભદ્રની ઈશાન દિશામાં ગ્રહસ્થાપનાદિક કરવું. પછી અન્વાધાન કરવું તે આ રીતે,—“आदित्यादि ग्रहान् अमुकसंख्याभिःसमिच्चर्वाज्याहुतिभिः पितृन् अष्टाविंशतिसंख्याकाभिः समिच्चरुभ्यां सोमं सूर्यं च प्रत्येकमष्टोत्तरशतसंख्यसमिच्चर्वाहुतिभिः शेषेण स्विष्टकृतं इत्यादि,” આ શાંતિમાં સ્વિષ્ટકૃત્ હોમથી પ્રથમ માતા, પિતા, અને બાળક એની ઉપર કલશના જળવડે અભિષેક કરી, પછી સ્વિષ્ટકૃત્ હોમ અને બલિદાન ઇત્યાદિક કરવાં. એ વિશેષ જાણવો. એ પ્રમાણે દર્શશાંતિ સમાપ્ત થઈ.

अथनक्षत्रशांतिः ॥ तत्रमूलनक्षत्रफलं पिताम्रियेतमूलाद्यपादेपुत्रजनिर्यदि द्वितीयेजननीनाशोधननाशस्तृतीयके चतुर्थेकुलनाशोतःशांतिःकार्याप्रयत्नतः क्वचिच्चतुर्थचरणःशुभउक्तोमनीषिभिः एवं चदुहितुश्चैवंमूलजातफलंबुधैः केचित्तु नकन्याहंतिमूलर्क्षेपितरंमातरंतथा मूलजाश्वशुरंहंतिश्वश्रूमाश्लेषजासुता ज्येष्ठायांतुपतिज्येष्ठंविशाखोत्थातुदेवरं शांतिर्वापुष्कलास्याच्चेत्तर्हिदोषोनविद्यतइत्याहुः अभुक्तमूलसंभवंपरित्यजेत्तुबालकं समाष्टकंपिताथवानतन्मुखंविलोकयेत् ज्येष्ठांतेघटिकाचैकामूलादौघटि

काद्वयं अभुक्तमूलमथवासंधिनाडीचतुष्टयं वृपालिसिंहेपुघटेचमूलंदिविस्थितंयुग्मतुलांगनांत्ये पातालगंमेपधनुःकुलीरनक्रेपुमर्त्येष्वितिसंसरंति एतल्लग्नफलं स्वर्गमूलेभवेद्राज्यंपातालेचधनागमः मृत्युलोकेयदामूलंतदाशून्यंसमादिशेत् नवमासंसार्पदोपोमूलदोपोष्टवर्पकं ज्यैष्ठोमासान्पंचदशतावद्दर्शनवर्जनम् व्यतीपातेंगहानिःस्यात्परिघेमृत्युमादिशेत् वैधृतौपितृहानिःस्यान्नष्टेंदावंधतांव्रजेत् मूलेसमूलनाशःस्यात्कुलनाशोधृतौभवेत् विकृतांगश्चहीनश्चसंध्ययोरुभयोरपि तद्वत्सदंतजातस्तुपादजातस्तथैवच तस्माच्छांतिंप्रकुर्वीतग्रहाणांक्रूरचेतसां व्यतीपातादौग्रहमखसहितातत्तच्छांतिरवश्यंकार्या इतरशांतिपुग्रहमखोनावश्यकइत्यर्थः ॥

હવે નક્ષત્રોની શાંતિ, તેમાં મૂળ નક્ષત્રનું ફળ કહે છે.

“મૂળ નક્ષત્રના પ્રથમ ચરણમાં પુત્રજન્મ થાય તો પિતાને મૃત્યુ પ્રાપ્ત થાય છે, બીજા ચરણમાં જન્મ થાય તો માતાનું મૃત્યુ. ત્રીજા ચરણમાં જન્મ થાય તો ધન નાશ, ચોથા ચરણમાં જન્મ થાય તો કુલનો નાશ, એ પ્રમાણે દુષ્ટ ફળ થાય છે; માટે પ્રયત્નપૂર્વક શાંતિ કરવી. કોઈ મતમાં ચોથો ચરણ શુભ છે એમ પંડિતોએ કહ્યું છે. મૂળ નક્ષત્રમાં કન્યા જન્મ પામી હોય તો પણ એવુંજ ફળ વિદ્વાનોએ જાણવું.” કોઇએક તો પોતાના મનમાં,—“મૂળ નક્ષત્રમાં ઉત્પન્ન થયલી કન્યા માતાપિતાનો નાશ કરતી નથી; ત્યારે મૂળમાં જન્મેલી કન્યા સસરાનો નાશ કરે છે; આશ્લેપામાં જન્મેલી કન્યા સાસૂને મારનારી થાય છે; જ્યેષ્ઠામાં જન્મેલી કન્યા જેઠને મારે છે; અને વિશાખામાં ઉત્પન્ન થયલી કન્યા દેવરને મારેછે; એવાં દુષ્ટ ફળ થાયછે, માટે જો મ્હોટી શાંતિ તે વિષયમાં કરે તો પૂર્વોક્ત દોષનો નાશ થાય છે, એમ કહે છે. અભુક્ત મૂળમાં ઉત્પન્ન થયલા બાળકનો પિતાએ આઠ વર્ષપર્યંત ત્યાગ કરવો. અથવા આઠ વર્ષપર્યંત પિતાએ તેનું મુખ જોવું નહીં. “જ્યેષ્ઠા નક્ષત્રની અંતની એક ઘડી અને મૂળ નક્ષત્રની બે ઘડી મળી ત્રણ ઘડી તે અભુક્ત મૂળ છે. અથવા જ્યેષ્ઠાની છેલ્લી બે ઘડી અને મૂળની પ્રથમની બે ઘડી મળી ચાર જે સંધિની ઘડી તે અભુક્ત મૂળ. “વૃષ, વૃશ્ચિક, સિંહ, અને કુંભ એ ચાર લગ્નમાં મૂળ સ્વર્ગલોકમાં રહેછે. મિથુન, તુળા, કન્યા, અને મીન એ લગ્નમાં પાતાલે રહે છે. મેષ, ધનુષ, કર્ક અને મકર એ લગ્નમાં મૂળ પૃથ્વી ઉપર રહેછે, એમ કહે છે.” એ લગ્નનાં ફળ,—“સ્વર્ગ લોકમાં મૂળ હોય તો રાજ્યપ્રાપ્તિ થાય, પાતાળે મૂળ હોય તો ધનપ્રાપ્તિ, અને મૃત્યુલોકે મૂળ હોય તો શૂન્ય જાણવું, એ પ્રમાણે લગ્ન ફળ સમજવાં.” આશ્લેષાનો દોષ નવ માસ, મૂળનો દોષ આઠ વર્ષ, જ્યેષ્ઠાનો દોષ પન્નર મહિના એ પ્રમાણે દોષ છે માટે ત્યહાં પર્યંત તે બાળકનું મુખ જોવું નહીં.” વ્યતિપાતમાં અંગહાનિ, પરિધમાં મૃત્યુફળ, વૈધૃતિમાં માતાપિતાનો નાશ, અમાવાસ્યામાં અંધપણું, મૂળ નક્ષત્રમાં સમૂળ નાશ, ધૃતિ યોગમાં કુળનાશ, પ્રાતઃ અને સાયં એ બન્ને સંધિ સમયે વિકૃતાંગ (દૂષિત અંગવાળો) અને હીનાંગ થાય છે. તેમજ દંતયુક્ત થાય અથવા પગથી ઉત્પન્ન થાય તો મહા અનિષ્ટ કરનારો થાય છે, માટે ક્રૂર ગ્રહની શાંતિ કરવી.” વ્યતીપાતાદિકવિષે ગ્રહયજ્ઞસહિત તે તે અનિષ્ટની શાંતિ અવશ્ય કરવી. બીજી શાંતિઓમાં ગ્રહયજ્ઞ અવશ્ય કરવો એમ નથી.

मुख्यकालंप्रवक्ष्यामिशांतिहोमस्ययत्नतः जातस्यद्वादशाहेतुजन्मर्क्षेवाशुभेदिने जननाद्द्वादशाहेशांतिकरणेशांत्युक्तनक्षत्राहुतिवह्निचक्रावलोकनादिकंनावश्यकं कालांतरेआवश्यकं एवमन्यशांतिष्वपिनियम् ॥

શાંતિના હોમનો મુખ્ય કાળ કહે છે.—જન્મથકી બારમે દિવસે, જન્મ નક્ષત્રે અથવા શુભ દિવસે શાંતિ કરવી. જન્મથકી બારમે દિવસે શાંતિ કરવી હોય તો શાંતિમાટે કહેલાં નક્ષત્ર, આહુતિ અને અગ્નિચક્ર એ જોવાનું અવશ્ય નથી. બીજા કાળમાં શાંતિ કરવી હોય તો અવશ્ય જોવું. એ રીતે બીજી શાંતિઓવિષે પણ જાણવું.

तद्यथा शुक्लादितस्तिथिःसैकावारयुक्ताब्धिशेषिता खेगुणेभुविवासोग्नेर्द्व्येकयोःस्यादधोदिवि भूमावग्निःशुभः होमाहुतिःसूर्यभतस्त्रिभंत्रिभंगण्यंमुहुस्तत्रचचंद्रभावधि सूर्यज्ञशुक्रार्कजचंद्रभूमिजाजीवस्तमःकेतुरसत्यसन्मुखेसंस्कारनित्यकर्मसुनिमित्ताव्यवहितनैमित्तिकेपुरोगातुरेचवह्निचक्रादिकंनापेक्षितं अग्नेःस्थापनवेलायांपूर्णाहुत्यामथापिवा आहुतिर्वह्निवासश्चविलोक्यौशांतिकर्मणि ॥

અગ્નિચક્ર જોવાની રીતિ.—“શુદિ એકમથી વર્તમાન તિથિપર્યંત તિથી લેખી જે સંખ્યા આવે તેમાં એક મેળવવો અને જે વર્તમાન વાર હોય તેટલા અંક મેળવી તે અંકને (૪) ચારે ભાગ દઇ શેષ અંક રહે તે ઉપર અગ્નિ જોવો. શૂન્ય અથવા ત્રણ શેષ રહે તો પૃથ્વી ઉપર અગ્નિ, એક શેષ રહે તો સ્વર્ગલોકે, અને બે શેષ રહે તો પાતાળે અગ્નિ જાણવો.” પૃથ્વી ઉપર અગ્નિ હોય તો શુભ ફળ. **હોમની આહુતિ જોવાનો પ્રકાર**:—સૂર્યનક્ષત્રથકી દિવસનક્ષત્રપર્યંત નક્ષત્ર લેખી ત્રણ ત્રણ નક્ષત્રવડે એક એક ગ્રહના મુખમાં આહુતિ પડે છે, તે આ રીતે—પ્રથમ ત્રણ નક્ષત્ર સૂર્યના મુખમાં, બીજાં ત્રણ બુધના મુખમાં, ત્રીજાં ત્રણ શુક્રના મુખમાં, ચોથાં ત્રણ શનિના મુખમાં, પાંચમાં ત્રણ નક્ષત્ર ચંદ્રના મુખમાં, છઠ્ઠા ત્રણ મંગળના મુખમાં, સાતમાં ત્રણ બૃહસ્પતિના મુખમાં, આઠમાં ત્રણ રાહુના મુખમાં, અને નવમાં ત્રણ નક્ષત્ર કેતુનાં મુખમાં, એ પ્રમાણે આહુતિ પડે છે, તે જે દિવસે પાપગ્રહનાં મુખમાં આહુતિ પડે તે અશુભ, અને શુભ ગ્રહના મુખમાં પડે તો શુભ થાય.” સંસ્કાર, નિત્યકર્મ, નિમિત્ત પ્રાપ્ત થતાંજ કર્તવ્ય જે નિમિત્તિક કર્મ, અને રોગવડે આતુર એટલાઓને વિષે અગ્નિચક્ર ઇત્યાદિક જોવાની જરૂર નથી. શાંતિકર્મવિષે અગ્નિસ્થાપનસમયે અને પૂર્ણાહુતિ સમયે આહુતિ અને અગ્નિચક્ર જોવાં.

त्र्युत्तरारोहिणीश्रवणधनिष्ठाशततारकापुनर्वसुस्वातीमघाश्विनीहस्तपुष्यानुराधारेवतीनक्षत्रेषुगुरुशुक्रास्तमलमासरहितेशुभवारतिथ्यादौशांतिःकार्या निमित्तान्यवहितनैमित्तिकेरोगशांतौच अस्तादिविचारणानास्ति इतिप्रसंगात्सर्वशांत्युपयोगीशुभदिननिर्णयः ॥

ત્રણ ઉત્તરા, રોહિણી, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, પુનર્વસુ, સ્વાતી, મઘા, અશ્વિની, હસ્ત, પુષ્ય, અનુરાધા, અને રેવતી એ નક્ષત્રોને વિષે; ગુરૂ, શુક્રનો અસ્ત, અને મલમાસ તેણે રહિત એવા શુભ વાર, શુભ તિથિ ઇત્યાદિક શાંતિ કરવી. નિમિત્ત પ્રાપ્ત થતાંજ કર્તવ્ય જે નૈમિત્તિક કર્મ, અને રોગસંબંધી શાંતિ એને વિષે અસ્તાદિકનો વિચાર કરવો નહી. એ રીતે શાંતિના પ્રસંગથી સર્વ શાંતિને ઉપયોગી એવો શુભ દિવસનો નિર્ણય કહ્યો.

अभुक्तमूलोत्पत्तौवर्षाष्टकंशिशुत्यागः ततःशांतिः तदन्यमूलोत्पत्तौद्वादशाहे अव्यवहितागामिमूलयुते शुभदिनेवान्यत्रशुभदिनेवा गोप्रसवशांतिंकृत्वास्यशिशोर्मूलप्रथमचरणोत्पत्तिसूचितारिष्टनिरासार्थं सग्रहमखांशांतिंकरिष्यइतिसंकल्पयेत् द्वितीयादिपादोत्पत्तौसंकल्पेतथोह्यः ब्रह्मसदस्यौकृताकृतौऋत्विजोष्टौचत्वारोवा मध्यकलशेस्वर्णप्रतिमायांरुद्रावाहनादि तस्यचतुर्दिक्षुकुंभचतुष्टयेऽक्षतपुंजेषुवरुणपूजा यद्वा मध्येकुंभेप्रतिमायांरुद्रस्तदुत्तरकुंभेवरुणःपूज्यइतिकुंभद्वयंरुद्रकुंभोत्तरतःकुंभेप्रतिमासुनिर्ऋतिमिंद्रमपश्चावाह्य पद्मस्यचतुर्विंशतिदलेषुउत्तराषाढाद्यनुराधांतचतुर्विंशतिनक्षत्राणांविश्वेदेवादिचतुर्विंशतिदेवतास्तंडुलपुंजादिष्वावाह्य दिक्षुलोकपालांश्चावाह्यपूजयेत् अग्निग्रहस्थापनाद्यंतेऽन्वाधानेऽर्कादिग्रहान्समिच्चर्वाज्याहुतिभिः निर्ऋतिंप्रतिद्रव्यमष्टोत्तरशतसंख्याभिर्घृतमिश्रपायससमिदाज्यचर्वाहुतिभिः यद्वापायसेनाष्टोत्तरशतसंख्ययासमिदाज्यचरुभिरष्टाविंशतिसंख्यया इंद्रमपश्चप्रतिद्रव्यमष्टाविंशतिसंख्यपायससमिदाज्यचर्वाहुतिभिर्विश्वेदेवादिचतुर्विंशतिदेवता अष्टाष्टपायसाहुतिभिः रक्षोहणमग्निंकृणुष्वपाजेतिपंचदशर्ग्भिः प्रत्यृचमष्टाष्टसंख्यकृसराहुतिभिः १२० सवितारंदुर्गांत्र्यंबकंकवीन् दुर्गांवास्तोष्पतिंअग्निंक्षेत्रपालंमित्रावरुणावग्निंचाष्टाष्टकृसराहुतिभिः श्रियंहिरण्यवर्णामितिपंचदशर्ग्भिः प्रत्यृचमष्टाष्टसमिदाज्यचर्वाहुतिभिः सोमंत्रयोदशपायसाहुतिभिः रुद्रंस्वराजंचतुर्गृहीताज्येनाग्निंवायुंसूर्यंप्रजापतिंचाज्येन शेषेणस्विष्टकृतमित्यादि कवीनित्यत्रऋत्विक्स्तुतिमित्युद्देशोमयूखादौ शूर्पत्रयेनिर्वापः तत्रप्रथमेशूर्पेपायसार्थंतूष्णींद्वादशमुष्टीन्निर्ऋतिमिंद्रमपश्चोद्दिश्यनिरूप्यद्वितीयेचपर्धतदेवत्रयमुद्दिश्य द्वादशमुष्टीन् पुनः प्रथमेषण्णवतिमुष्टीन्पायसार्थं तृतीयेशूर्पेकृसरार्थंचतुश्चत्वारिंशन्मुष्टीन् द्वितीयेपुनश्चतुरोमुष्टीन् प्रथमेपुनःसोमार्थंचतुर्मुष्टीन्निरूप्य ततःशूर्पत्रयेआहुतिपर्याप्ततंडुलान्गृहीत्वानिर्वापसंख्ययाप्रोक्ष्य पात्रत्रयेहविस्त्रयंश्रपयेत् तिलमिश्रतंडुलपाकेनकृसरोभवतिग्रहार्थंगृहसिद्धान्नंग्राह्यं सर्वग्रंथेषुनिर्ऋत्याद्यर्थंनिर्वापादिक्रमेणश्रपणमेवोक्तं अतोगृहसिद्धान्नएवतिलदुग्धमिश्रेणकृसरादिसंपादनंप्रमादालस्यादिकृतकर्मभ्रंशएव ततोहोमकालेयजमानस्त्यागंकुर्यात् तत्रएतावत्संख्याहुतिपर्याप्तंसमिदाज्यचरुद्रव्यमादित्यादिनवग्रहेभ्योनमम एवमधिदेवतादिभ्यः ततोष्टोत्तरशतसंख्याहुतिपर्याप्तंघृतमिश्रपायसं अष्टोत्तरशताहुतीनामष्टाविंशत्याहुतीनांचापर्याप्तंसमिदाज्यचर्वात्मकद्रव्यत्रयमिदंनिर्ऋतयेनमम अष्टाविंशत्याहु

तिपर्याप्तंपायससमिच्चर्वाज्यमिंद्रायनमम एवमग्रेः अष्टाष्टाहुतिपर्याप्तंपायसंविश्वेभ्योदेवेभ्यो० १ विष्णवे २ वसुभ्यो ३ वरुणाय ४ अजैकपदे ५ अहयेबुध्न्याय ६ पूष्णे ७ अश्विभ्यां ८ यमाय ९ अग्नये १० प्रजापतये ११ सोमाय १२ रुद्राय १३ अदित्यै १४ बृहस्पतये १५ सर्पेभ्यः १६ पितृभ्यः १७ भगाय १८ अर्यम्णे १९ सवित्रे २० त्वष्ट्रे २१ वायवे २२ इंद्राग्निभ्यां २३ मित्राय २४ नमम विंशत्यधिकशताहुतिपर्याप्तंकृसरं रक्षोघ्नेऽग्नयेनमम अष्टाष्टाहुतिपर्याप्तंकृसरं सवित्रेदुर्गायैत्र्यंबकायकविभ्योदुर्गायैवास्तोष्पतयेऽग्नयेक्षेत्रपालायमित्रावरुणाभ्यामग्नयेचनमम प्रतिद्रव्यंविंशत्यधिकशताहुतिपर्याप्तानिसमिच्चर्वाज्यानि श्रियैनमम त्रयोदशाहुतिपर्याप्तंपायसंसोमाय चतुर्गृहीताज्यंरुद्रायस्वराजेएकैकाहुतिपर्याप्तमाज्यंअग्नयेवायवेसूर्यायप्रजापतयेचनमम एवं सविस्तरंतत्तद्द्रव्यसंख्यादेवतोच्चारेणत्यागःसर्वत्रज्ञेयः केचित्तु इदमुपकल्पितमन्वाधानोक्तद्रव्यजातमन्वाधानोक्ताहुतिसंख्यापर्याप्तमन्वाधानोक्ताभ्यो वक्ष्यमाणाभ्योदेवताभ्योनममेतिसंक्षेपेणत्यागंकुर्वंति ततोग्रहमंत्रैर्निर्ऋत्यादिमंत्रैश्चयथायथं होमांतेग्रहपूजास्विष्टकृन्नवाहुतिबलिदानपूर्णाहुतिपूर्णपात्रविमोकादिवह्निपूजांतेयजमानाद्यभिषेकेकृतेधृतशुक्लवस्त्रगंधोयजमानोमानस्तोकेइतिविभूतिंधृत्वा मुख्यदेवतापूजनविसर्जनश्रेयोग्रहणदक्षिणादानानिकुर्यात् शतंतदर्धंदशवाब्राह्मणान्भोजयेदितिसंक्षेपः ॥

અભુક્તમૂળમાં ઉત્પન્ન થયલો હોય તો આઠ વર્ષપર્યંત બાળકનો ત્યાગ કરી પછી શાંતિ કરવી. અભુક્તમૂળ કરતાં અન્ય મૂળમાં જન્મ થયો હોય તો બારમે દિવસે, અથવા ફરી સમીપે આવનારા એવા મૂળ નક્ષત્રેયુક્ત શુભ દિવસે, અથવા બીજે શુભ દિવસે ગોપ્રસવ શાંતિ કરી "अस्य शिशोर्मूलप्रथमचरणोत्पत्तिसूचितारिष्टनिरासार्थं सग्रहमखां शांतिं करिष्ये," એવો સંકલ્પ કરવો. બીજા, ત્રીજા કે ચોથા ચરણમાં જન્મ થયો હોય તો સંકલ્પમાં તેવો ઉચ્ચાર કરવો. બ્રહ્મા અને સદસ્ય એ કરવા અથવા ન કરવા એમ છે. ઋત્વિજ આઠ અથવા ચાર જોઈએ. મધ્ય કલશ ઉપર સુવર્ણની પ્રતિમામાં રુદ્ર દેવતાનું આવાહનાદિક કરવું. તે મધ્ય કલશની ચાર દિશાએ ચાર કલશ સ્થાપન કરી તે કલશ ઉપર ચોખાના પુંજમાં વરુણની પૂજા કરવી. અથવા મધ્ય કલશ ઉપર પ્રતિમામાં રુદ્રની પૂજા કરવી, અને તેની ઉત્તર તરફ કલશ ઉપર વરુણની પૂજા કરવી, એ રીતે બે કલશ સ્થાપવા, રુદ્રકલશની ઉત્તર તરફના કલશ ઉપરની પ્રતિમાઓમાં નિર્ઋતિ, ઇંદ્ર અને અપ્ એ દેવતાઓનું આવાહન કરી કમળનાં ચોવીશ દલમાં ઉત્તરાષાઢાથકી અનુરાધાપર્યંત જે ચોવીશ નક્ષત્ર તેમના વિશ્વેદેવા આદિ ચોવીશ દેવતાઓનું તંડુળના પુંજ ઇત્યાદિક ઉપર આવાહન કરી આઠ દિશાઓમાં ઇંદ્રાદિક આઠ લોકપાલનું આવાહન કરી સર્વની પૂજા કરવી. અગ્નિ અને ગ્રહોનાં સ્થાપન ઇત્યાદિક કર્મ થયા પછી અન્વાધાન કરવું. તે આ રીતે,—"अर्कादिग्रहान् समिच्चर्वाज्याहुतिभिः निर्ऋतिं प्रतिद्रव्यं अष्टोत्तरशतसंख्याभिर्घृतमिश्रपायससमिदाज्यचर्वाहुतिभिः यद्वा पायसेनाष्टोत्तरशतसंख्यया समिदाज्यचरुभिरष्टाविंशतिसंख्यया इंद्रमपश्च प्रतिद्रव्यमष्टाविंशतिसंख्यपायससमिदाज्यचर्वाहुतिभिर्विश्वेदेवादिचतुर्विंशतिदेवता अष्टाष्टपायसाहुतिभिः रक्षोहणमग्निंकृणुष्वपाजेतिपंचदशर्ग्भिः प्रत्यृचमष्टाष्टसंख्यकृसराहुतिभिः १२० सवितारं दुर्गां त्र्यंबकं कवीन् दुर्गां वास्तोस्पतिं अग्निं क्षेत्रपालं मित्रावरुणावग्निंचाष्टाष्टकृसराहुतिभिः श्रियं हिरण्यवर्णामिति पंचदशर्ग्भिः प्रत्यृचमष्टाष्टसमिदाज्यचर्वाहुतिभिः सोमं त्रयोदशपायसाहुतिभिः रुद्रंस्वराजं चतुर्गृहीताज्येनाग्निं वायुं सूर्यं प्रजापतिं चाज्येन शेषेण स्विष्टकृतमित्यादि," એ રીતે અન્વાધાન કરવું. અન્વાધાનવિષે જ્યહાં 'कवीन्' એવું કહ્યું છે ત્યહાં 'ऋत्विक्स्तुतिं' એવો ઉદ્દેશ કરવો એમ મયૂખાદિક ગ્રંથોમાં છે. ત્રણ સૂપડામાં નિર્વાપ એટલે ચોખા લેવા. તેમાં પ્રથમ સૂપડામાં પાયસમાટે મંત્રરહિત બાર મૂઠી ચોખા નિર્ઋતિ, ઇંદ્ર અને અપ્ એ ત્રણ દેવતાઓને ઉદ્દેશે લેવા. બીજા સૂપડામાં ચરૂ માટે તેજ ત્રણ દેવતાને ઉદ્દેશે બાર મૂઠી લેવા. ફરી પ્રથમના સૂપડામાં (૯૬) મૂઠી ચોખા પાયસમાટે લેવા. ત્રીજા સૂપડામાં કૃસરમાટે (૪૪) મૂઠી લેવા. ફરી બીજામાં ચાર મુઠી લેવા, ફરી પ્રથમના સૂપડામાં સોમ દેવતામાટે ચાર મૂઠી લેવા. ત્યાર પછી ત્રણ સૂપડામાં સર્વ આહુતિને પુરા પડે એટલા ચોખા લઈ જેટલી જેટલી મૂઠી ચોખા લીધા હોય તેટલી સંખ્યા પ્રમાણે જુદા જુદા ધોઈ ત્રણ પાત્રમાં ત્રણે ચરૂ રાંધવા. તિલસહિત ચોખાનો પાક કરવો એટલે કૃસર થાય છે. ગ્રહના હોમમાટે ચરૂ લેવા તે ઘરમાં રાંધેલો લેવો. નિર્ઋતિ આદિ આઠ દેવતામાટે ચોખા જે ક્રમવડે લીધા હોય તેજ ક્રમવડે તેનો પાક કરવો, એમ સર્વે ગ્રંથોમાં કહ્યું છે, માટે ઘરમાં રાંધેલા અન્નમાંજ તિલ અથવા દૂધમિશ્રિત કરી કૃસર અને પાયસ ઇત્યાદિક સિદ્ધ

કરવા, એ રીતે પ્રમાદ અથવા આલસ્ય ઇત્યાદિકવડે કીધેલું જે કર્મ તે વ્યર્થજ થાય છે. ત્યારે પછી હોમને સમયે યજમાને દ્રવ્યનો ત્યાગ કરવો. તે આ રીતે;—"एतावत्संख्याहुतिपर्याप्तं समिदाज्यचरुद्रव्यमादित्यादिनवग्रहेभ्यो न मम ॥ एवमधिदेवतादिभ्यः ॥ ततोऽष्टोत्तरशतसंख्याहुतिपर्याप्तं घृतमिश्रपायसं अष्टोत्तरशताहुतीनामष्टाविंशत्याहुतीनां वा पर्याप्तं समिदाज्यचर्वात्मकद्रव्यत्रयमिदं निर्ऋतये न मम ॥ अष्टाविंशत्याहुतिपर्याप्तं पायससमिच्चर्वाज्यमिंद्राय न मम ॥ एवमद्भ्यः ॥ अष्टाष्टाहुतिपर्याप्तं पायसं विश्वेभ्यो देवेभ्यो १ विष्णवे २ वसुभ्यो ३ वरुणाय ४ अजैकपदे ५ अहयेबुध्न्याय ६ पूष्णे ७ अश्विभ्यां ८ यमाय ९ अग्नये १० प्रजापतये ११ सोमाय १२ रुद्राय १३ अदित्यै १४ बृहस्पतये १५ सर्पेभ्यः १६ पितृभ्यः १७ भगाय १८ अर्यम्णे १९ सवित्रे २० त्वष्ट्रे २१ वायवे २२ इंद्राग्निभ्यां २३ मित्राय २४ न मम ॥ विंशत्यधिकशताहुतिपर्याप्तं कृसरं रक्षोघ्नेऽग्नये न मम ॥ अष्टाष्टाहुतिपर्याप्तं कृसरं सवित्रे दुर्गायै त्र्यंबकाय कविभ्यो दुर्गायै वास्तोष्पतयेऽग्नये क्षेत्रपालाय मित्रावरुणाभ्यामग्नये च न मम ॥ प्रतिद्रव्यं विंशत्यधिकशताहुतिपर्याप्तानि समिच्चर्वाज्यानि श्रियै न मम ॥ त्रयोदशाहुतिपर्याप्तं पायसं सोमाय चतुर्गृहीताज्यं रुद्रायस्वराजे एकैकाहुतिपर्याप्तमाज्यं अग्नये वायवे सूर्याय प्रजापतये च न मम," એ પ્રમાણે વિસ્તારસહિત તે તે દ્રવ્યની સંખ્યા અને દેવતા એ બન્નેનો ઉચ્ચાર કરી સર્વત્ર ત્યાગ કરવો. કોઈ ગ્રંથકાર તો, "इदं उपकल्पितमन्वाधानोक्तद्रव्यजातमन्वाधानोक्ताहुतिसंख्यापर्याप्तमन्वाधानोक्ताभ्यो यक्ष्यमाणाभ्यो देवताभ्यो न मम" આ પ્રમાણે સંક્ષેપ રીતે ત્યાગ કરેછે. ત્યાર પછી ગ્રહોના મંત્રવડે અને નિર્ઋતિ ઇત્યાદિક દેવતાઓના મંત્રવડે યથાયોગ્ય હોમ કરી ગ્રહપૂજા, સ્વિષ્ટકૃત, પ્રાયશ્ચિત્તહોમ, બલિદાન, પૂર્ણાહુતિ, પ્રણીતાપાત્રનું વિસર્જન ઇત્યાદિ, અને વહ્નિપૂજા એટલાપર્યંત કર્મ થયા પછી યજમાન ઇત્યાદિકને અભિષેક કરવો. પછી યજમાને શ્વેત વસ્ત્ર, અને ચંદન ધારણ કરી "मानस्तोके०" એ મંત્રવડે વિભૂતિ ધારણ કરી મુખ્ય દેવતાનું પૂજન, વિસર્જન, શ્રેયોગ્રહણ, અને દક્ષિણાદાન એ કર્મ કરવાં, પછી સો, પચાસ અથવા દશ બ્રાહ્મણભોજન કરાવવાં. એ રીતે સંક્ષેપ કહ્યો.

तत्राश्लेषाफलम् ॥ आश्लेषायाःक्रमेणपंचसप्तद्वित्रिचतुरष्टैकादशषट्नवपंचेतिदशधाविभक्तनाडीपुक्रमेण राज्यंपितृनाशोमातृनाशःकामभोग:पितृभक्तिर्बलंहिंसकत्वंत्यागोभोगोधनमितिफलानि अथ पादविभागेनफलं तत्राद्यपाद:शुभः द्वितीयेपादेधनस्यनाशः तृतीयेमातुः चतुर्थेपितुः आश्लेषांत्यपादत्रयजातकन्याश्वश्रूंहंति एवंवरोपिअंत्यपादत्रयज:स्वश्वश्रूंहंति आश्लेषासर्वपादेषुशांतिःकार्याप्रयत्नतः जातस्यद्वादशाहेतुशांतिकर्मसमाचरेत् असंभवेतुजन्मर्क्षेअन्यस्मिन्वाशुभेदिने ॥

હવે આશ્લેષા શાંતિ કહે છે.

આશ્લેષા નક્ષત્રનું ફળ કહે છે.—આશ્લેષા નક્ષત્રની એકંદર ઘડી સાઠ લેખી તેનો, પ્રથમ ભાગ પાંચ ઘડી, બીજો સાત ઘડી, ત્રીજો બે ઘડી, ચોથો ત્રણ ઘડી, પાંચમો ચાર ઘડી, છઠ્ઠો આઠ ઘડી, સાતમો અગીયાર ઘડી, આઠમો છ ઘડી, નવમો નવ ઘડી, અને દશમો પાંચ ઘડી, એ રીતે દશ ભાગ કરી જે ભાગમાં જન્મ થાય તે પ્રમાણે ક્રમથી રાજ્ય, પિતાનો નાશ, માતાનો નાશ, કામભોગ, પિતૃભક્તિ, બલ, હિંસકપણું, ત્યાગ, ભોગ, અને ધન, એ ફળ જાણવાં. હવે પાદવિભાગ પ્રમાણે ફળ કહે છે. આશ્લેષાનો પ્રથમ પાદ શુભ છે, બીજા પાદમાં ધનનાશ, ત્રીજા પાદમાં માતાનો નાશ, ચોથા પાદમાં પિતાનો નાશ. આશ્લેષાના છેવટના ત્રણ ચરણમાં ઉત્પન્ન થયલી કન્યા સાસુનો નાશ કરેછે. એ રીતે વર પણ આશ્લેષાના છેલ્લા ત્રણ પાદમાં જન્મ પામ્યો હોય તો પોતાની સાસુનો નાશ કરે છે. "આશ્લેષા નક્ષત્રના કોઈ પણ પાદમાં જન્મ થાય તો તેની શાંતિ પ્રયત્નપૂર્વક કરવી. તે શાંતિ જન્મ દિવસથી બારમે દિવસે કરવી અને તેમ ન થાય તો જન્મ નક્ષત્રે અથવા બીજે કોઇ શુભ દિવસ જોઈ તે દિવસે કરવી."

अथोक्तकालेगोमुखप्रसवंकृत्वा अस्यशिशोराश्लेषाजननसूचितसर्वारिष्टपरिहारेत्यादिसंकल्पंकृत्वा मूलशांतिवत्तुंभद्वयेरुद्रवरुणौद्वौसंपूज्य चतुर्विंशतिदलपद्मस्थकुंभेप्रतिमायामाश्लेषाधिपतीन् सर्पान्नागा तद्दक्षिणेपुष्यदेवतांबृहस्पतिमुत्तरतोमघादेवतांपितॄंश्चाचाष्टदलेषुपूर्वदलमारभ्य प्रादक्षिण्येनपूर्वा

घिपतिभगादिपुनर्वसुदेवतादितिपर्यंतचतुर्विंशतिदेवतावाहनादिकुर्यात् कौस्तुभेतु तैत्तिरीयकमंत्रैःपुष्यमघादिपूर्वादिनक्षत्राणामेवावाहनमुक्तंनतुनक्षत्रदेवतानां ततोलोकपालानावाह्यावाहितसर्वदेवताः संपूज्याग्निग्रहांश्चप्रतिष्ठाप्यान्वादध्यात् आदित्यादिग्रहाद्युद्देशांते प्रधानदेवताः सर्पान् प्रतिद्रव्यमष्टोत्तरशतसंख्यमष्टाविंशतिसंख्यंवाघृतमिश्रपायससमिदाज्यचर्वाहुतिभिः बृहस्पतिंपितृंश्चाष्टाविंशतिसंख्यमष्टसंख्यंवातैरेवद्रव्यैर्भगादिचतुर्विंशतिदेवताः अष्टाष्टपायसाहुतिभिः रक्षोहणमित्यादिशेषदेवतानिर्देशोमूलशांतिवत् तद्वदेवपायसकृसरचरूणांश्रपणंहविस्त्यागश्चकार्यः कौस्तुभोक्तप्रधानदेवतामंत्रैस्तत्तद्धोमः शेषंमूलशांतिवत् ॥

હવે પ્રથમ કહેલા સમયે ગોમુખપ્રસવ શાંતિ કરી "अस्य शिशोः आश्लेषाजननसूचितसर्वारिष्टपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं," ઇત્યાદિ સકલ્પ કરી મૂલશાંતિની પેઠે બે કલશની ઉપર રુદ્ર અને વરૂણ એ બે દેવની પૂજા કરી ચોવીસ દલવાળુ કમળ કાઢી તેના મધ્યમાં કલશ સ્થાપન કરી તે કલશ ઉપર પ્રતિમામાં આશ્લેષા નક્ષત્રના સર્પ દેવતાઓનું આવાહન કરી તેની દક્ષિણ તરફ પુષ્ય નક્ષત્રના દેવ જે બૃહસ્પતિ તેનું અને ઉત્તર તરફ મઘા નક્ષત્રના દેવ જે પિતૃ તેનુ આવાહન કરી ચોવીશ દલમાં પૂર્વ દલથી આરંભ કરી પ્રદક્ષિણા ક્રમ પ્રમાણે પૂર્વા નક્ષત્રના દેવ જે ભગ ત્યહાંથી આરંભ કરી પુનર્વસુ નક્ષત્રની દેવતા અદિતિપર્યંત ચોવીશ દેવતાઓનું આવાહન ઇત્યાદિક કરવું. કૌસ્તુભમાં તો, પુષ્ય, મઘા આદિ લઈ પૂર્વાદિક નક્ષત્રોનુંજ આવાહન કરવાનું કહ્યું છે, નક્ષત્રોના દેવતાઓનું આવાહન કરવાનું કહ્યું નથી. પછી આઠ દિક્પાલનું આવાહન કરી આવાહન કરેલા સર્વ દેવનું પૂજન કરી અગ્નિ અને ગ્રહ એની સ્થાપના કરી અન્વાધાન કરવું. આદિત્યાદિ ગ્રહોના અન્વાધાનનો ઉદ્દેશ કરી પ્રધાન દેવતાનું અન્વાધાન કરવું, તે આ રીતે;-"प्रधानदेवताः सर्पान् प्रतिद्रव्यमष्टोत्तरशतसंख्यमष्टाविंशतिसंख्यं वा घृतमिश्रपायससमिदाज्यचर्वाहुतिभिः बृहस्पतिं पितृंश्चाष्टाविंशतिसंख्यमष्टसंख्यं वा तैरेव द्रव्यैर्भगादिचतुर्विंशतिदेवताः अष्टाष्टपायसाहुतिभिः रक्षोहणमित्यादि." બીજા રહેલા દેવતાઓનો નિર્દેશ મૂલશાંતિ પ્રમાણે કરવો. પાયસ, કૃસર અને ચરૂ એ રાંધી તયાર કરવાં અને હવિનો ત્યાગ તે પણ મુલશાંતિ પ્રમાણેજ કરવો. કૌસ્તુભમાં કહેલા પ્રધાન દેવતાના જે મત્ર તેવડેજ તે તે દેવતાને અર્થે હોમ કરવો. બાકી સઘળું કર્મ મૂલશાંતિ પ્રમાણે જાણવું.

अथज्येष्ठानक्षत्रफलम् ॥ ज्येष्ठायादशभागेषुआद्येमातामहीमृतिः मातामहंद्वितीयेचतृतीयेहंतिमातुलं तुर्येजातोमातरंचहंत्यात्मानंतुपंचमे गोत्रजान्षष्ठभागेचसप्तमेतूभयंकुलं अष्टमेस्वाग्रजंहंतिनवमेश्वशुरंतथा दशमांशकजातस्तुसर्वंहंतिशिशुर्ध्रुवं ज्येष्ठर्क्षेतुपुमान्जातोज्येष्ठभ्रातुर्विनाशकः ज्येष्ठर्क्षेकन्यकाजाताहंतिशीघ्रंधवाग्रजं पादत्रयेजातनरोज्येष्ठोप्यत्रप्रजायते ज्येष्ठांत्यपादजातस्तुपितुःस्वस्यचनाशकः ॥

જન્મ સમયે જ્યેષ્ઠા નક્ષત્ર હોય તો તેનું ફળ કહે છે.

જ્યેષ્ઠા નક્ષત્રની એકદર સાઠ ઘડી લેખી તેના સમાન દશ ભાગ કરવા, એટલે છ છ ઘડીનો એક એક ભાગ થયો, તેના પ્રથમ ભાગમાં જન્મ થાય તો માતામહી(માની માતા)નું મૃત્યુ થાય. બીજા ભાગમાં જન્મ થાય તો માતામહ (માના પિતા)નું મરણ. ત્રીજા ભાગમાં માતાનું મૃત્યુ, પાંચમા ભાગમાં પોતાનું (બાળકનું) મૃત્યુ. છઠ્ઠા ભાગમાં ગોત્રજ પુરૂષોનો નાશ થાય છે. સાતમા ભાગમાં જન્મ થાય તો માતાનાં અને પિતાનાં બન્ને કુલનો નાશ. આઠમા ભાગમાં મ્હોટા ભાઇનો નાશ. નવમા ભાગમાં સસરાનો નાશ. અને દશમા ભાગમાં જન્મ થાય તો તે બાળક અવશ્ય સઘળું નાશ કરેછે. જ્યેષ્ઠા નક્ષત્રમાં પુત્ર જન્મ પામે તો તે પોતાના મ્હોટા ભાઇનો નાશ કરે છે. જ્યેષ્ઠા નક્ષત્રમાં કન્યાનો જન્મ થાય તો તે જેઠ(વરના મ્હોટા ભાઈ)ને શીઘ્ર મારે છે. જ્યેષ્ઠા નક્ષત્રના પ્રથમના ત્રણ ચરણમાં પુત્ર જન્મ થાય તો તે શ્રેષ્ઠ પણ છે. જ્યેષ્ઠા નક્ષત્રના ચોથા ચરણમાં પુત્રજન્મ થાય તો તે પિતાનો અને પોતાનો નાશ કરનારો થાય છે.

द्वादशाहेशांत्युक्तशुभदिनेवा गोप्रसवशांतिंकृत्वास्यशिशोर्ज्येष्ठर्क्षजननसूचितसर्वारिष्टपरिहारद्वारेत्यादिसंकल्प्य मध्यकलशेसुवर्णप्रतिमायांशचीसहितमैरावतारूढमिंद्रं लोकपालांश्चावाह्य रक्तवस्त्रद्व

यशष्कुलीनैवेद्यसहितषोडशोपचारैःपूजयेत् तस्यचतुर्दिक्षुकुंभचतुष्टयंतत्पूर्वेमध्यमभागेशतच्छिद्रंचनिधायपूर्णपात्रयुतेषुफलादौवरुणावाहनपूजनादि अन्वाधानेग्रहान्वाधानांते इंद्रंपलाशसमिदाज्यचरुद्रव्यैः प्रतिद्रव्यमष्टोत्तरशतसंख्ययाइंद्रायेन्द्रोमरुत्वतइतिमंत्रेण प्रजापतिमष्टोत्तरशततिलाहुतिभिः समस्तव्याहृतिमंत्रेण शेषेणस्विष्टकृतमित्यादि अष्टोत्तरशतंब्राह्मणान्भोजयेत् इतिज्येष्ठाशांतिसंक्षेपः ॥

હવે જ્યેષ્ઠા નક્ષત્રની શાંતિ કહે છે.

બારમે દિવસે અથવા શાંતિમાટે કહેલા શુભ દિવસે ગોપ્રસવ શાંતિ કરી, "अस्य शिशोर्ज्येष्ठर्क्षजननसूचितसर्वारिष्टपरिहारद्वारा०" ઇત્યાદિક સંકલ્પ કરી મધ્યમ કલશ ઉપર સુવર્ણની પ્રતિમામાં ઇંદ્રાણી સહિત ઐરાવત હાથી ઉપર બેઠેલા એવા ઇંદ્રનું અને બીજા લોકપાલોનું આવાહન કરી બે રાતાં વસ્ત્ર અને શષ્કુલી (પુરી=ચકુલી)નું નૈવેદ્ય તેણે સહિત ષોડશોપચારવડે પૂજા કરવી. તે કલશની ચાર દિશામાં ચાર કલશ, અને તેની પૂર્વ તરફ મધ્યમાં શતચ્છિદ્ર કલશ, એમ પાંચ કલશ સ્થાપન કરી તેની ઉપર પૂર્ણપાત્ર રાખી ફળાદિકમાં વરૂણનું આવાહન, પૂજન ઇત્યાદિક કરવાં. અન્વાધાનમાં ગ્રહનું અન્વાધાન થયા પછી "इंद्रं पलाशसमिदाज्यचरुद्रव्यैः प्रतिद्रव्यमष्टोत्तरशतसंख्यया इंद्रायेंद्रोमरुत्वत इति मंत्रेण प्रजापतिमष्टोत्तरशततिलाहुतिभिः समस्तव्याहृतिमंत्रेण शेषेण स्विष्टकृतं," ઇત્યાદિક અન્વાધાન કરવું. એકસો આઠ બ્રાહ્મણભોજન કરાવવાં. એ રીતે જયેષ્ઠા નક્ષત્રની શાંતીનો સંક્ષેપ કહ્યો.

चित्राद्यर्धेपुष्यमध्येद्विपादेपूर्वाषाढाधिष्ण्यपादेतृतीये जातःपुत्रश्चोत्तराद्येविधत्तेपित्रोर्भ्रातुःस्वस्य चापिप्रणाशं उत्तराफल्गुन्याद्यपादेइत्यर्थः अत्रेत्थंभाति चित्रापूर्वार्धेजातस्यगोप्रसवंकृत्वानक्षत्राधिपतिप्रतिमांसंपूज्य अजादानंकार्यं एवंपुष्यद्वितीयतृतीयपादयोर्जननेगोप्रसवनक्षत्राधिपपूजागोदानानि कार्याणि उत्तराफल्गुनीप्रथमपादेजननेनक्षत्राधिपपूजांतिलपात्रदानंचकुर्यात् एवंपूर्वाषाढातृतीयपादेजननेनक्षत्रेशपूजाकांचनदानं मघाप्रथमपादजननेमूलवत्फलं तत्रगोप्रसवनक्षत्रेशपूजनग्रहमखाः कार्याः मघायाआद्यघटिद्वयजननेनक्षत्रगंडांतशांतिरपि रेवत्यंतघटिद्वयेश्विन्याद्यद्वयेजननेनक्षत्रगंडांतशांतिगोप्रसवग्रहमखाःकार्याः रेवत्यश्विन्योरितरभागेषुमघांतिमपादत्रयेचदोषविशेषानुक्तेर्नशांत्यादिकं एवंविशाखाचतुर्थपादजननेशालकदेवरनाशादिदुष्टफलोक्तेर्ग्रहमखःकार्यः यत्रकालेदुष्टफलमुक्तंशांतिर्नोक्ता तत्रग्रहमखइतिकमलाकरोक्तेः एवमितरत्राप्यूह्यं इतिनक्षत्रशांतयः ॥

"ચિત્રા નક્ષત્રનું પૂર્વાર્ધ, પુષ્ય નક્ષત્રના મધ્યના બે પાદ, પૂર્વાષાઢા નક્ષત્રનો ત્રીજો પાદ; અને ઉત્તરાનો પ્રથમ પાદ એઓમાં જન્મ થાય તો તે પુત્ર ક્રમે કરી માતા, પિતા, ભાઈ અને પોતે એમનો નાશ કરે છે." ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું પ્રથમ ચરણ, એમ સમજવું, એમાં એવો વિચાર ભાસેછે–ચિત્રા નક્ષત્રના પૂર્વાર્ધમાં જન્મ થાય તો ગોપ્રસવ કરી નક્ષત્ર દેવતાની પ્રતિમાનું પૂજન કરી અજા (બકરી)નું દાન કરવું. એ પ્રમાણે પુષ્યના બીજા અથવા ત્રીજા પાદમાં જન્મ થયો હોય તો ગોપ્રસવ, નક્ષત્ર દેવતાની પૂજા, અને ગોદાન કરવાં. ઉત્તરાફાલ્ગુનીનાં પ્રથમ પાદમાં જન્મ થયો હોય તો નક્ષત્ર દેવતાની પૂજા અને તિલપાત્રનું દાન કરવું.—એ રીતે પૂર્વાષાઢાના ત્રીજા ચરણમાં જન્મ થાય તો નક્ષત્રદેવતાની પૂજા અને સુવર્ણદાન એ કરવું. મઘાના પ્રથમ પાદમાં જન્મ થયો હોય તો મૂળ નક્ષત્રપ્રમાણે ફળ થાય છે, માટે ત્યહાં ગોપ્રસવ, નક્ષત્રદેવતાની પૂજા, અને ગ્રહયજ્ઞ એ કરવાં. મઘાની પ્રથમની બે ઘડીમાં જન્મ થયો હોય તો નક્ષત્રગંડાંતની શાંતિ પણ કરવી. રેવતી નક્ષત્રની છેલ્લી બે ઘડી અથવા અશ્વિનીની પ્રથમની બે ઘડી, તેમાં જન્મ થાય તો નક્ષત્રગંડાંતશાંતિ, ગોપ્રસવ, અને ગ્રહયજ્ઞ એ સઘળાં કરવાં. રેવતી અને અશ્વિની એના બીજા ભાગોમાં અને મઘા નક્ષત્રના છેલ્લા ત્રણ ચરણમાં જન્મ થાય તો તેમાં દોષ વિશેષ(અમુક દોષ)નાં કહેનારાં વચન નથી માટે શાંતિ ઇત્યાદિક કરવાનું કારણ નથી. એજ રીતે વિશાખાના ચોથા ચરણમાં જન્મ થાય તો સાળો, અને દેર એનો નાશ થાય છે ઇત્યાદિક દુષ્ટ ફળ કહ્યાં છે. માટે ગ્રહયજ્ઞ કરવો. કારણ, જે સમયવિષે દુષ્ટ ફળ કહ્યું, અને તેની શાંતિ કહી નથી ત્યહાં ગ્રહયજ્ઞ કરવો, એવું કમલાકરનું વચન છે. એ રીતે અન્યત્ર પણ જાણવું. એ પ્રકારે નક્ષત્રની શાંતિ સમાપ્ત થઈ.

अथव्यतीपातवैधृतिसंक्रांतिशांतिः ॥ कुमारजन्मकालेतुव्यतीपातश्चवैधृतिः संक्रमश्चरवेस्तत्रजातोदारिद्र्यकारकः अश्रियंमृत्युमाप्नोतिनात्रकार्याविचारणा स्त्रीणांचशोकदुःखंचसर्वनाशकरोभवेत् गोमुखप्रसवंकुर्याच्छांतिंचसनवग्रहां उक्तकालेसंकल्पादिकंकृत्वा पंचद्रोणपरिमितव्रीहिराशिं कृत्वा तदुपरिसार्धद्रोणद्वयमिततंडुलराशिंतदुपरिसपादद्रोणपरिमिततिलराशिंचकृत्वातिलराशौविधिनास्थापितकुंभे सौवर्णप्रतिमायांसूर्यमावाह्यतद्दक्षिणोत्तरयोरग्निरुद्रावावाह्यतिस्रोदेवताःव्यतीपातशांतौसंक्रांतिशांतौचपूजयेत् व्यतीपातसंक्रांत्योर्जननेव्यतीपातसंक्रांतिशांतितंत्रेणसंकल्प्यैकैवशांतिः कार्या अत्रपूजाहोमादेःप्रसंगसिद्धिः द्विगुणोवाप्रधानहोमइतिभाति ग्रहपीठदेवतान्वाधानांते सूर्यंउत्सूर्योबृहदितिमंत्रेणसमिदाज्यचर्वाहुतिभिः प्रतिद्रव्यमष्टोत्तरशतसंख्याभिः अग्निरुद्रंचतैरेवद्रव्यैः प्रत्येकमष्टाविंशतिसंख्याहुतिभिरग्निंदूतमितित्र्यंबकमितिमंत्राभ्यांमृत्युंजयमष्टोत्तरशततिलाहुतिभिः शेषेणेत्यादि अभिषेकांतेगोवस्त्रस्वर्णादिदत्वाशतंब्राह्मणान्भोजयेत् इतिव्यतीपातवैधृतिसंक्रांतिशांतिः ॥

હવે વ્યતીપાત, વૈધૃતિ અને સંક્રાંતિ એમનાં ફળ અને શાંતિ કહે છે.

“પુત્રના જન્મ સમયે વ્યતીપાત, વૈધૃતિ અથવા સૂર્યસંક્રાંતિ હોય અને તેમાં જન્મ થાય તો દારિદ્ય, દ્રવ્યનો નાશ અને તે બાળકનું મૃત્યુ થાય છે, એમાં સંશય નથી. સ્ત્રીયોને શોક અને દુઃખ થાય છે. તેમ તે બાળક સર્વનો નાશ કરનારો થાય છે, માટે ગોમુખપ્રસવ, અને નવગ્રહ સહિત શાંતિ કરવી.” ઉક્ત સમયે સંકલ્પાદિક કરી પાંચ દ્રોણ પરિમિત શાળનો પુંજ કરી તે ઉપર અઢી દ્રોણ પરિમિત ચોખાનો પુંજ કરી, તે ઉપર સવા દ્રોણ પરિમિત તિલનો પુંજ કરી તે તિલના પુંજની ઉપર વિધિપૂર્વક કલશ સ્થાપન કરી તે કળશ ઉપર સુવર્ણની પ્રતિમામાં સૂર્યનું આવાહન કરી તેની દક્ષિણ અને ઉત્તર તરફ અગ્નિ અને રુદ્ર એમનું આવાહન કરી એ ત્રણ દેવતાઓનું વ્યતીપાતશાંતિ અને સંક્રાંતિશાંતિવિષે પૂજન કરવું. એકજ સમયે વ્યતીપાત અને સંક્રાંતિ એ બન્નેમાં જન્મ થાય તો વ્યતીપાતશાંતિ અને સંક્રાંતિશાંતિ એ બન્નેનો એકતંત્રે સંકલ્પ કરી એકજ શાંતિ કરવી. આ એકતંત્ર શાંતિમાં પૂજા, હોમ ઇત્યાદિકની પ્રસંગસિદ્ધિ એટલે એક કરવાથી બન્નેની સિદ્ધિ થાય છે. અથવા પ્રધાન દેવતાનો હોમ બમણો કરવો એમ ભાસે છે. ગ્રહપીઠ ઉપર આવાહન કરેલા દેવતાઓનું અન્વાધાન ગયા પછી, “सूर्यं उत्सूर्योबृहदितिमंत्रेण समिदाज्यचर्वाहुतिभिः प्रतिद्रव्यमष्टोत्तरशतसंख्याभिः अग्निं रुद्रं च तैरेव द्रव्यैः प्रत्येकमष्टाविंशतिसंख्याहुतिभिः अग्निं दूतमिति त्र्यंबकमिति मंत्राभ्यां मृत्युंजयमष्टोत्तरशततिलाहुतिभिः शेषेणेत्यादि.” આ પ્રમાણે અન્વાધાન કરવું. અનંતર અભિષેક કર્યા પછી ગાય, વસ્ત્ર અને સુવર્ણ ઇત્યાદિકનું દાન કરી સો બ્રાહ્મણભોજન કરાવવાં. એ રીતે વ્યતીપાત, અને સંક્રાંતિની શાંતિ સમાપ્ત થઈ.

अथवैधृतिशांतौविशेषः ॥ पूर्ववद्व्रीहितंडुलतिलराशौस्थापितकुंभेमध्येत्र्यंबकमितिमंत्रेणरुद्रंदक्षिणतःउत्सूर्यइतिसूर्यंउत्तरतश्चाप्यायस्वेतिसोममावाह्यपूजयेत् अन्वाधानेरुद्रंसमिच्चर्वाज्यैःप्रतिद्रव्यमष्टोत्तरशतसंख्याहुतिभिः सूर्यसोमौप्रत्येकमष्टाविंशतिसंख्यैस्तैरेवद्रव्यैर्मृत्युंजयमष्टोत्तरसहस्रशतान्यतरसंख्यतिलाहुतिभिः शेषेणेत्यादि अन्यत्पूर्ववत् संक्रांतिदिनेवैधृतिसत्त्वेदेवताभेदाच्छांतिद्वयंपृथक्कार्यं इतिवैधृतिशांतिः ॥

હવે વૈધૃતિશાંતિમાં વિશેષ પ્રકાર કહે છે.

પ્રથમ કહ્યાપ્રમાણે શાળ, ચોખા અને તિલના પુંજ ઉપર કલશ સ્થાપન કરી તે કલશ ઉપર “त्र्यंबकं०” એ મંત્રવડે મધ્યમાં રુદ્ર દેવતાનું, તેની દક્ષિણ તરફ “उत्सूर्यं०” એ મંત્રવડે સૂર્યનું, અને ઉત્તર તરફ “आप्यायस्व०” એ મંત્રવડે સોમનું આવાહન કરી પૂજા કરવી. પછી, “रुद्रं समिच्चर्वाज्यैः प्रतिद्रव्यमष्टोत्तरशतसंख्याहुतिभिः सूर्यसोमौ प्रत्येकमष्टाविंशतिसंख्यैस्तैरेव द्रव्यैर्मृत्युंजयं अष्टोत्तरसहस्रशतान्यतरसंख्यतिलाहुतिभिः शेषेणेत्यादि,” એ રીતે અન્વાધાન કરવું. બાકીનું કર્મ પ્રથમ પ્રમાણે કરવું. સંક્રાંતિને દિવસે વૈધૃતિ હોય તો બન્નેના દેવતા જુદા જુદા છે માટે ભિન્ન ભિન્ન બે શાંતિ કરવી. એ પ્રમાણે વૈધૃતિશાંતિનો પ્રયોગ સમાપ્ત થયો.

अथैकनक्षत्रजननशांतिः ॥ एकस्मिन्नेवनक्षत्रेभ्रात्रोर्वापितृपुत्रयोः प्रसूतिश्चेत्तयोर्मृत्युर्भवेदेकस्यनिश्चितः पितृनक्षत्रेमातृनक्षत्रेवाकन्यायाःपुत्रस्यवोत्पत्तौगोमुखप्रसवंकृत्वाशांतिःकार्या सोदरभ्रातृभगिन्योर्नक्षत्रेभ्रातुर्भगिन्यावोत्पत्तौगोप्रसवमकृत्वैवशांतिमात्रंकार्यं संकल्पेपित्रैकनक्षत्रोत्पत्तिसूचितसर्वारिष्टेत्याद्यूहः कलशेरक्तवस्त्रेयस्मिन्नक्षत्रेजन्मतन्नक्षत्रप्रतिमांतन्नक्षत्रदेवताप्रतिमांवा अग्निर्नःपातुकृत्तिकाइत्यादितैत्तिरीयमंत्रैःपूजयेत् अन्वाधानेइदंनक्षत्रंअमुकांनक्षत्रदेवतांवा समिच्चर्वाज्यैःप्रतिद्रव्यमष्टोत्तरशतसंख्यंशेषेणेत्यादि अंतेययोरेकनक्षत्रेजन्मतयोरभिषेकः अत्रग्रहमखोनावश्यकः क्वचित्संपूजितहरिहरप्रतिमादानमप्युक्तम् ॥

હવે એક નક્ષત્રમાં જન્મ થયો હોય તેનાં ફળ અને શાંતિ કહે છે.

“બે ભાઈ અથવા પિતા પુત્ર એમનો એકજ નક્ષત્રમાં જન્મ થયો હોય તો તે બેમાંની એકનું નિશ્ચય મૃત્યુ થાય છે.” પિતાના જન્મનક્ષત્રમાં અથવા માતાના જન્મનક્ષત્રમાં પુત્ર અથવા કન્યાનો જન્મ થાય તો ગોમુખપ્રસવ કરી એકનક્ષત્રજનની શાંતિ કરવી. સહોદર (સગા) ભાઈ અથવા બેહેનના જન્મનક્ષત્રમાં ભાઈ અથવા બેહેનની ઉત્પત્તિ થાય તો ગોપ્રસવ કર્યા વિનાજ શાંતિ માત્ર કરવી. સંકલ્પમાં “पित्रैकनक्षत्रोत्पत्तिसूचितसर्वारिष्टनिरसन,” ઇત્યાદિક ઉચ્ચાર કરવો. કલશમાં રાતા વસ્ત્ર ઉપર, જે નક્ષત્રમાં જન્મ થયો હોય તે નક્ષત્રની પ્રતિમાનું અથવા તે નક્ષત્રના દેવતાની પ્રતિમાનું “अग्निर्नः पातु कृत्तिका०” ઇત્યાદિ તૈત્તિરીય મંત્રવડે પૂજન કરવું. પછી અન્વાધાનવિષે “इदं नक्षत्रं अमुकां नक्षत्रदेवतां वा समिच्चर्वाज्यैः प्रतिद्रव्यमष्टोत्तरशतसंख्यं शेषेणेत्यादि,” એવો ઊહ કરવો. છેવટે જેમનો એક નક્ષત્રમાં જન્મ થયો હોય તેમની ઉપર અભિષેક કરવો. આ શાંતિમાં ગ્રહયજ્ઞની આવશ્યકતા નથી. કોઈ ગ્રંથમાં, પ્રતિમાવિષે હરિ, હરની પૂજા કરી તે પ્રતિમાનું દાન કરવું, એમ પણ કહ્યું છે.

अथग्रहणशांतिः ॥ ग्रहणेचंद्रसूर्यस्यप्रसूतिर्यदिजायते इत्थंसंजायतेयस्तुतस्यमृत्युर्नसंशयः व्याधिपीडाचदारिद्र्यंशोकश्चकलहोभवेत् अत्रगोमुखप्रसवःकार्यइतिभाति ग्रहमखःकृताकृतः संकल्पेसूर्यग्रहणकालिकप्रसूतिसूचितेत्याद्यूहः ग्रहणकालिकनक्षत्रस्यनक्षत्रदेवतायावा हेमप्रतिमांसूर्यग्रहेसूर्यस्यहेमप्रतिमांचंद्रग्रहेराजतंचंद्रबिंबंकृत्वोभयत्रसीसेनराहोर्नागाकृतिंकृत्वा गोमयोपलिप्तेशुचिदेशेश्वेतवस्त्रोपरिदेवतात्रयपूजनं नात्रकलशस्थापनादि तत्रमध्येआकृष्णेनेतिसूर्यं दक्षिणतःस्वर्भानोरधइतिराहुं उत्तरतोनक्षत्रदेवतांपूजयेत् चंद्रग्रहेतुआप्यायस्वेतिमध्येचंद्रःपूज्यः पार्श्वयोराहुनक्षत्रदेवतेपूर्ववत् अन्वाधानेसूर्यग्रहेसूर्यंअर्कसमिदाज्यचरुतिलैः प्रत्येकंअष्टोत्तरशतसंख्ययाराहुंदूर्वाज्यचरुतिलैस्तावत्संख्यैर्नक्षत्रदेवतांजलवृक्षसमिदाज्यचरुतिलैस्तावत्संख्ययाशेषेणेत्यादि चंद्रग्रहेचचंद्रंपालाशसमिदाज्यचरुतिलैःशेषंपूर्ववत् अंतेग्रहकलशोदकेनपंचगव्यपंचत्वक्पंचपल्लवादियुतलौकिकोदकेनचलौकिकेनैवाभिषेकः वेधकालेजन्मनिनैवशांतिः किंतुदुष्टकालत्वाद्रुद्राभिषेकःकार्यइतिभाति ॥

હવે ગ્રહણમાં જન્મ થાય તો તેનું ફળ અને શાંતિ કહે છે.

“ચંદ્ર અને સૂર્યના ગ્રહણ સમયે જન્મ થાય તો તે જન્મ પામનારાનું અવશ્ય મૃત્યુ થાય છે. રોગપીડા, દારિદ્ર, શોક અને કલહ એ પણ થાય છે.” એ ગ્રહણશાંતિવિષે ગોમુખપ્રસવ કરવો એમ ભાસેછે. ગ્રહયજ્ઞ કરો અથવા ન કરો એમ છે. સંકલ્પમાં, “सूर्यग्रहणकालिकप्रसूतिसूचित०” ઇત્યાદિ ઉચ્ચાર કરવો. ગ્રહણ સમયે જે નક્ષત્ર હોય તેની અથવા તે નક્ષત્રના દેવતાની સુવર્ણપ્રતિમા કરવી. સૂર્યગ્રહણ હોય તો સુવર્ણની સૂર્યપ્રતિમા, ચંદ્રગ્રહણ હોય તો રૂપાનું ચંદ્રબિંબ કરી બન્ને ગ્રહણમાં સિસાની રાહુપ્રતિમા નાગને આકારે કરી છાણવડે શુદ્ધ કરેલી પવિત્ર પૃથ્વી ઉપરે શ્વેત વસ્ત્ર બિછાવી તે ઉપર ત્રણ દેવની પૂજા કરવી. ઈહાં કલશ સ્થાપન ઇત્યાદિ કરવું નહીં. તે વસ્ત્ર ઉપર મધ્યભાગમાં “आकृष्णेन०” એ મંત્રવડે સૂર્ય, તેની દક્ષિણ દિશાએ “स्वर्भानोरध०” એ મંત્રવડે રાહુ, અને ઉત્તર તરફ નક્ષત્રદેવતા એપ્રમાણે ત્રણેનું આવાહન કરી પૂજન કરવું. ચંદ્રગ્રહણ હોય તો “आप्यायस्व०” એ મંત્રવડે મધ્યભાગમાં ચંદ્રનું અને બન્ને પડખે રાહુ તથા નક્ષત્રદેવતાનું આવાહન પ્રથમની પેઠે કરી પૂજન કરવું. સૂર્યગ્રહણ હોય તો અન્વાધાનવિષે, “सूर्यं अर्कसमिदा-

ज्यचरुतिलैः प्रत्येकं अष्टोत्तरशतसंख्यया राहुं दूर्वाज्यचरुतिलैस्तावत्संख्यैर्नक्षत्रदेवतां जलवृक्षसमिदाज्यचरुतिलैस्तावत्संख्यया शेषेणेत्यादि," એવો ઊહ કરવો. ચંદ્રગ્રહણ હોય તો "चंद्रं पालाशसमिदाज्यचरुतिलैः" એટલો વિશેષ, બાકી કર્મ પ્રથમ પ્રમાણે જાણવું. અંતે ગ્રહના કલશના જળવડે અને પંચગવ્ય, પંચત્વચા, અને પંચપલ્લવાદિ યુક્ત લૌકિક જળવડે અથવા કેવળ લૌકિક જળવડેજ અભિષેક કરવો. ગ્રહણના વેધ સમયે જન્મ થાય તો શાંતિ કરવીજ નહીં. પણ દુષ્ટ કાળ છે તેથી રૂદ્રાભિષેક કરવો એમ ભાસે છે.

अथनक्षत्रगंडांतशांतिः ॥ रेवत्याश्लेषाज्येष्ठानक्षत्राणामंत्यघटिद्वयमश्विनीमघामूलानामाद्यं घटिद्वयमितिघटिकाचतुष्टयमितंत्रिविधंनक्षत्रगंडांतं अश्विनीमघामूलानांपूर्वार्धेबाध्यतेपिता पूषाहिशक्रपश्चार्धेजननीबाध्यतेशिशोः सर्वेषांगंडजातानांपरित्यागोविधीयते वर्जयेद्दर्शनंयावत्तस्यषाण्मासिकंभवेत् शांतिर्वापुष्कलाकार्यासोममंत्रेणभक्तिमान् अस्यशिशोरेवत्यश्विनीसंध्यात्मकगंडांतजननसूचितारिष्टनिरासार्थंनक्षत्रगंडांतशांतिंकरिष्यइत्यादिसंकल्पः गोमुखप्रसवंकृत्वाषोडशपलमष्टपलंवाचतुःपलंवाकांस्यपात्रंनिधाय तस्मिन्पायसंपयोवानिक्षिप्य तत्रनवनीतपूर्णशंखंनिधाय तस्मिन्राजतंचंद्रबिंबंसंस्थाप्य सोमोहमितिध्यानपूर्वकंचंद्रमाप्यायस्वेतिपूजयेत् पूजांतेआप्यायस्वेतिमंत्रस्यसहस्रंजपः ग्रहमखहोमःकार्यः नात्रप्रधानदेवताहोमः ग्रंथांतरेतुताम्रकलशेराजतप्रतिमायांबृहस्पतिमंत्रेणवागीश्वरंसंपूज्य तदुत्तरेकुंभचतुष्टयेपंचपल्लवादिकंकुंकुमचंदनकुष्ठगोरोचनानिक्षिप्त्वावरुणंपूजयेदित्युक्तं आचार्याय सशंखसमौक्तिकचंद्रदानं ग्रंथांतरपक्षेताम्रपात्रसहितवागीश्वरदानं आयुर्वृद्ध्यर्थंसहस्राक्षेणेतिमंत्रजपः दशावरब्राह्मणभोजनंचेति ॥

હવે નક્ષત્રગંડાંત અને તેની શાંતિ કહે છે.

રેવતી, આશ્લેષા, અને જયેષ્ઠા એ ત્રણ નક્ષત્રોની છેલ્લી બે બે ઘડી; અશ્વિની, મઘા અને મૂળ એ ત્રણ નક્ષત્રની પ્રથમની બે બે ઘડી એ રીતે ચાર ચાર ઘડીના ત્રણ પ્રકારના નક્ષત્રગંડાંત થાય છે. "અશ્વિની, મઘા, અને મૂળ એમનાં પૂર્વાર્ધમાં પુત્રનો જન્મ થાય તો પિતાને પીડા થાયછે. રેવતી, આશ્લેષા, અને જયેષ્ઠા એમનાં ઉત્તરાર્ધમાં જન્મ થાય તો માતાને પીડા થાય છે, ગંડાંતમાં ઉત્પન્ન થયલાં સર્વ બાળકોનો ત્યાગ કરવો. છ માસપર્યંત તે બાળકનું મુખ જોવું નહી, અથવા ભક્તિયુક્ત થઈ સોમના મંત્રવડે મ્હોટી શાંતિ કરવી. "अस्य शिशोरेवत्यश्विनीसंध्यात्मकगंडांतजननसूचितारिष्टनिरासार्थं नक्षत्रगंडांतशांतिं करिष्ये," ઇત્યાદિ સંકલ્પ કરવો. ગોમુખપ્રસવ કરી સોળ પળ, આઠ પળ, અથવા ચાર પળ વજનનું કાંસાનું પાત્ર કરી તેમાં પાયસ અથવા દુધ ભરી તેમાં માખણ ભરેલો શંખ રાખી તે શંખ ઉપર રૂપાનું ચંદ્રબિંબ રાખી "सोमोहं" (સોમ હું છું) એવું ધ્યાન કરી "आप्यायस्व०" એ મંત્રવડે ચંદ્રની પૂજા કરવી. પૂજા થયા પછી "आप्यायस्व०" એ મંત્રનો એક હજાર જપ કરવો, અને ગ્રહમખસંબંધી હોમ કરવો. એ શાંતિમાં પ્રધાન દેવતાનો હોમ નથી. બીજા ગ્રંથોમાં તો, ત્રાંબાના કલશ ઉપર રૂપાની પ્રતિમામાં બૃહસ્પતિના મંત્રવડે વાગીશ્વરનું પૂજન કરી તેની ઉત્તર તરફ ચાર કલશ સ્થાપન કરી તેમાં પંચપલ્લવ ઇત્યાદિક, કુંકુમ, કેશર, કુષ્ઠ, અને ગોરોચન એ નાખી વરૂણની પૂજા કરવી એમ કહ્યું છે. પછી આચાર્યને શંખ અને મોતીસહિત ચંદ્રબિંબનું દાન દેવું. અને ઉપર કહેલા ગ્રંથાંતરના પક્ષપ્રમાણે ત્રાંબાના કલશ સહિત વાગીશ્વરની પ્રતિમાનું દાન; આયુષ્યની વૃદ્ધિ થવાને અર્થે, "सहस्राक्षेण०" એ મંત્રનો જપ; અને દશ કરતાં અધિક બ્રાહ્મણભોજન પણ કરાવવાં.

अथतिथिगंडांतलग्नगंडांतशांतिः ॥ पंचमीषष्ठ्योर्दशम्येकादश्योःपंचदशीप्रतिपदोःसंधिभूतंघटीद्वयंतिथिगंडांतं कर्कसिंहयोर्वृश्चिकधनुषोर्मीनमेषयोश्चलग्नयोःसंधिभूतैकाघटिकालग्नगंडांतं तत्रतिथिगंडांतेपूर्वार्धेजन्मनितत्कालंस्नात्वावृषभदानंतन्मूल्यदानंवाकृत्वासूतकांतेशांतिःकार्या उत्तरार्धेजन्मनिशांतिमात्रं लग्नगंडांतपूर्वार्धेजन्मनिकांचनदानं उत्तरार्धेशांतिमात्रं कुंभेहेमप्रतिमायांवरुणंसंपूज्य वरुणोद्देशेनप्रतिद्रव्यमष्टोत्तरशतसंख्ययासमिच्चर्वाज्यतिलयवानांहोमःकार्यः यवव्रीहिमाषतिलमुद्गानांदक्षिणात्वेनदानमिति ॥

તીએ શ્વેત વસ્ત્ર, અને ચદન, ધારણ કરી ઉત્તર દિશાની સંમુખ બેસવું. આચાર્યે પૂર્વાભિમુખ બેસી અગ્નિ અને ગ્રહનું સ્થાપન કીધા પછી અન્વાધાન કરવું. તે આ રીતે;—"**अपत्तिसृभिराज्याहुतिभिरिंद्रं सप्तभिर्वरुणं पंचभिरपएकयाग्निमष्टाभिराज्याहुतिभिः पूर्वाभिषेकार्थमुक्तैश्चतुर्विंशतिमंत्रैरग्निं सोमं पवमानं पावकं मारुतं मरुतः यमं अंतकं मृत्युं चैकैकया चर्वाहुत्या नाममंत्रैः शेषेण०**" ઇત્યાદિક અન્વાધાન કરવું. છત્રીશ વાર મંત્રવિના નિર્વાપ (ચોખા લેવા તે) કરી તેટલી વાર તે ધોવા. છેવટ ગ્રહકલશના જલ ઇત્યાદિકવડે અભિષેક કરવો. દાસી, ભેંસ. ઘોડી, ગાય, અને હાથણી એમને યમલ પ્રસવ થાય તોપણ આ શાંતિ કરવી. ગ્રહસંબંધી ઉત્પાત; ઘુવડ, કપોત, (હોલો) ગીધ અને શીચાણા એ પક્ષિ ઘરમાં પ્રવેશ કરે; સ્તંભપ્રરોહ (થંભને કોમલ પાન આવે); ઘરમાં વલ્મીક (ભોયરૂ=રાફડો) ઉત્પન્ન થાય, ઘરમાં મધમાખી મધપોડું કરે; આસન, પલગ અને યાન (પાલખી, રથ) ઇત્યાદિકનો અકસ્માત્ ભગ થાય; પલ્લી (અધી ચિચી=ગરોળી) ઉપર પડે; કાકીડો ચડે; અને છત્ર, ધજા એનો અકસ્માત્ નાશ થાય, તેમજ એવા બીજા ઉત્પાત થાય તે સઘળાઓમાં આ શાંતિ કરવી, એ કાત્યાયન ઋષીનો મત છે. તે શાંતિ સાગ્નિક કાત્યાયનોએ પોતાના ગૃહ્યાગ્નિવિષે કરવી. અગ્નિરહિત કાત્યાયનોએ અને બીજાઓએ લૌકિકાગ્નિવિષે કરવી. એ પ્રમાણે યમલજનની શાંતિ સમાપ્ત થઈ.

अथत्रिकप्रसवशांतिः ॥ सुतत्रयेसुताचेत्स्यात्तत्त्रयेवासुतोयदि मातापित्रोःकुलस्यापितदानिष्टंमहद्भवेत् ज्येष्ठनाशोवित्तहानिर्दुःखंवासुमहद्भवेत् गोप्रसवंकृत्वाममसुतत्रयजन्मानंतरंकन्याजननसूचितसर्वारिष्टेतिवाकन्यात्रयजन्मानंतरंपुत्रजननसूचितेतिवानिमित्तानुसारेणसंकल्पः स्थंडिलपूर्वभागेग्रहस्थापनांतेतदुत्तरतःकलशपंचकेस्वर्णप्रतिमासुब्रह्मविष्णुमहेशेंद्ररुद्रानावाह्यपूजयेत् तत्रमंत्राः ब्रह्मजज्ञानं० इदंविष्णु० त्र्यंबकं० यतइंद्र० कद्रुद्रायेति ग्रहपीठदेवतान्वाधानांते ब्रह्माणंविष्णुंमहेशंइंद्रंरुद्रंचप्रत्येकंसमिदाज्यचरुतिलैः प्रतिद्रव्यमष्टोत्तरसहस्राष्टोत्तरत्रिशताष्टोत्तरशतान्यतमसंख्याहुतिभिःशेषेणेत्यादि ॥

હવે ત્રણ પુત્ર પછી ચોથી કન્યા અથવા ત્રણ કન્યા પછી ચોથો પુત્ર થાય તો તેનું ફળ અને શાંતિ કહે છે.

"જોડાજોડ ત્રણ પુત્ર જન્મના પછી ચોથી કન્યા થાય અથવા જોડાજોડ ત્રણ કન્યા જન્મ્યા પછી ચોથો પુત્ર થાય તો તે માતા, પિતા, અને પોતાના કુલને મ્હોટું અનિષ્ટ કરે છે. મ્હોટા પુત્રનો નાશ દ્રવ્યની હાનિ કિંવા મ્હોટું દુઃખ એ થાય છે." ગોપ્રસવ કરી સંકલ્પ કરવો, તે—"**मम सुतत्रयजन्मानंतरं कन्याजननसूचितसर्वारिष्टेति**" અથવા "**कन्यात्रयजन्मानंतरं पुत्रजननसूचितेति,**" એ પ્રમાણે ત્રણ પુત્ર કિંવા ત્રણ કન્યા જેવું નિમિત્ત હોય તેવો સંકલ્પ કરવો. સ્થંડિલની પૂર્વ તરફ ગ્રહસ્થાપન કર્યા પછી ગ્રહની ઉત્તર તરફ પાંચ કલશ સ્થાપન કરી તે કલશ ઉપર સુવર્ણની પ્રતિમાઓમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇંદ્ર અને રુદ્ર એમનું આવાહન કરી પૂજન કરવું. તે પૂજનના મંત્ર,—"**ब्रह्मजज्ञानं०, इदंविष्णु० त्र्यंबकं०, यतइंद्र०, कद्रुद्राय०,**" એ પાંચ જાણવા. ગ્રહપીઠ ઉપર આવાહિત દેવતાનું અન્વાધાન કીધા પછી, "**ब्रह्माणं विष्णुं महेशं इंद्रं रुद्रं च प्रत्येकं समिदाज्यचरुतिलैः प्रतिद्रव्यमष्टोत्तरसहस्रअष्टोत्तरत्रिशतअष्टोत्तरशतान्यतमसंख्याहुतिभिः शेषेण०**" ઇત્યાદિક અન્વાધાન કરવું.

अथसदंतजननशांतिः ॥ उपरिप्रथमंयस्यजायंतेथशिशोर्द्विजाः दंतैर्वासहयस्यस्याज्जन्मभार्गवसत्तम द्वितीयेचतृतीयेचचतुर्थेपंचमेतथा यदादंताश्चजायंतेमासेचैवमहद्भयं मातरंपितरंवाथखादेदात्मानमेवच वालानामष्टमेमासिषष्ठेमासिततःपुनः दंतायस्यचजायंतेमातावाम्रियतेपिता वालकःपीड्यतेयात्रस्वयमेवनसंशयः केचित्तुअष्टमेमासिदंतजन्मशुभमाहुः तत्रास्यशिशोःप्रथममूर्ध्वदंतजननसूचितसर्वारिष्टेत्यादि सदंतजननसूचितेत्यादिवा द्वितीयमासेदंतजन्मसूचितेत्यादिवासंकल्पंयथानिमित्तंयोजयेत् स्थंडिलोत्तरभागेनौकायांस्वर्णपीठेवास्वस्तिकयुतेवालमुपवेश्य सर्वौषध्यादियुक्तजलैः स्नापयित्वास्थंडिलपूर्वतः कलशेप्रतिमासुधातारंवह्निंसोमंवायुंपर्वतान्केशवंचेतिषड्देवताःसंपूज्य ग्रहान्वाधानांतेधातारंसरुद्रंचवरुणाचक्षयादिपंचदेवताएकैकयाज्याहुत्याशेषेणेत्यादिअन्वादध्यात् धात्रेत्याजु

ष्टंनिर्वपामीत्यादिनिर्वापप्रोक्षणे नाम्नाचरुहोमः स्रुवेणवह्न्यादिभ्यःपंचाज्याहुतयोपिनाम्नैव होमांते दक्षिणांदत्वासप्ताहंयथाशक्तिब्राह्मणान्भोजयेत् अष्टमदिनेकांचनादिदत्वाकर्मेश्वरार्पणंकुर्यात् षष्ठाष्टममासयोर्दंतजननेतुएकस्याबृहस्पतिदेवतायाःपूजनं दधिमधुघृताक्तानामश्वत्थसमिधामष्टोत्तरशतंबृहस्पतिमंत्रेणहोमः आज्येनस्विष्टकृतादि इतिसदंतजननशांतिः ॥

હવે દાંત ઉત્પન્ન થાય તેની શાંતિ કહે છે.

“જે બાળકને પ્રથમ ઉપરના દાંત આવે અથવા દાંતસહિત જે જન્મ પામે અથવા બીજે, ત્રીજે, ચોથે કે પાંચમે માસે જો દાંત આવે તો મ્હોટો ભય પ્રાપ્ત થાય છે, માતાનો, પિતાનો કિંવા પોતાનોજ નાશ કરે છે, આઠમે અથવા છઠ્ઠે માસે જો બાળકને દાંત આવે તો તેની માતા અથવા પિતા નાશ પામે છે. અથવા બાળક પોતેજ પીડા પામે છે, એમાં સંશય નથી.” કોઈ ગ્રંથકાર તો આઠમે માસે દાંત આવે તો શુભ કહે છે. તેમાં પ્રથમ ઉપરના દાંત આવ્યા હોય તો, “अस्य शिशोः प्रथममूर्ध्वदंतजननसूचितसर्वारिष्टेत्यादि” દાંતસહિત જન્મ થયો હોય તો, “सदंतजननसूचित०” ઇત્યાદિ; બીજા માસમાં દાંત આવ્યા હોય તો “द्वितीयमासे दंतजननसूचित०” એ પ્રમાણે જેવું નિમિત્ત હોય તેવો સંકલ્પ કરવો. સ્થંડિલની ઉત્તર તરફ નાવ બનાવી તેમાં અથવા સ્વસ્તિકયુક્ત સુવર્ણના પીઠ ઉપર બાળકને બેસાડી સર્વ ઔષધી ઇત્યાદિયુક્ત જલવડે બાળકને સ્નાન કરાવી, સ્થંડિલની પૂર્વતરફ કલશ ઉપર ૭ પ્રતિમાઓમાં ધાતા, વહ્નિ, સોમ, વાયુ, પર્વતો અને કેશવ એ ૭ દેવની પૂજા કરી ગ્રહનું અન્વાધાન કીધા પછી, “धातारं सकृच्चरुणा वह्न्यादि पंचदेवता एकैकयाज्याहुत्या शेषेण०” ઇત્યાદિક અન્વાધાન કરવું. પછી “धात्रे त्वाजुष्टं निर्वपामि” ઇત્યાદિક કહી નિર્વાપ અને પ્રોક્ષણ કરવાં. નામમંત્રે ચરૂહોમ કરવો. સ્રુવપાત્રવડે વહ્નિ આદિક પાંચ દેવતાને પાંચ ઘૃતાહુતિ દેવી તે પણ નામમંત્રેજ દેવી. હોમ થયા પછી દક્ષિણા દઈ સાત દિવસ યથાશક્તિ બ્રાહ્મણભોજન કરાવવું. આઠમે દિવસે સુવર્ણ ઇત્યાદિક દાન કરી કર્મ ઈશ્વરને અર્પણ કરવું. છઠ્ઠા અથવા આઠમા માસમાં દાંત ઉત્પન્ન થાય તો એક બૃહસ્પતિ દેવતાની પૂજા કરવી અને દહીં, મધ તથા ઘૃતમાં ભીજવેલાં પિપળાનાં સમિધની બૃહસ્પતિના મત્રવડે (૧૦૮) આહુતિનો હોમ કરી ઘૃતવડે સ્વિષ્ટકૃત્ ઇત્યાદિક હોમ કરવો. એ રીતે દાંત ઉત્પન્ન થાય તેની શાંતિ સમાપ્ત થઈ.

अथप्रसववैकृतशांतिः ॥ यत्रगर्भेविपर्यासोमानुषाणांगवामपि अद्भुतानिप्रसूयंतेतत्रदेशस्यविप्लवः मानुषामानुषाणांचगजाश्वमृगपक्षिणां जायंतेजातिभेदाश्चसदंताविकृतास्तथा बहुशीर्षाअशीर्षावाबहुकर्णाअकर्णकाः एकशृंगाद्वित्रिशृंगास्तथैवत्रिचतुर्भुजाः दीर्घकर्णामहाकर्णागजकर्णाश्चमानवाः राजश्रेष्ठेकुलेनाशोधनस्यचकुलस्यच अष्टोत्तरसहस्राणिचरुंवैजुहुयाद्घृतं समिधांतुपलाशानांतर्पयेत्पूर्ववद्विजान् अशिराजायतेजंतुस्तथाद्वित्रिशिरास्तथा अत्रसूर्याद्भुतेसूर्यंपूजयेज्जुहुयादपि दध्याज्यमधुसंयुक्ताःसमिधस्त्वर्कसंभवाः' मृगीजनयतेसर्पान्मंडूकांश्चैवमानुषान् अत्राद्भुतेगीष्पतयेपूजांहोमंचकारयेत् औदुंबरस्यसमिधोदधिसर्पिःसमन्विताः स्त्रीगर्भपातोयमलंप्रसूयंतेथवास्त्रियः सदंताश्चैवजायंतेजातमात्रांहसंतिच बुधाद्भुतेबुधायात्रपूजाहोमौसमाचरेत् ॥

હવે વિપરીત ઉત્પત્તિ થઇ હોય તેની શાંતિ કહે છે.

“જયહાં મનુષ્યના અને ગાયના ગર્ભમાં વિપર્યાસ (જે રીતે થવું જોઇએ તેમ ન થાય તે) થાય, અને અદ્દ્ભુત ઉત્પન્ન થાય છે ત્યહાં દેશનો નાશ થાય છે. મનુષ્ય, પશુ, હાથી, ઘોડા, મૃગ, અને પક્ષી એમને જુદી જાતના, અથવા દાંતસહિત, કિંવા વિકાળ એવા ગર્ભ થાય, અથવા ઘણા મસ્તકવાળા, મસ્તકરહિત, ઘણા કાનસહિત, કાનવિનાના, એક શીંગવાળા, બે શીંગવાળા, ત્રણ શીંગવાળા, ત્રણ હાથવાળા, ચાર હાથવાળા, લાંબા કાનવાળા, મ્હોટા કાનવાળા, અને હાથી સમાન કાનવાળા, એવા મનુષ્ય થાય ત્યહાં શ્રેષ્ઠ એવા રાજકુલનો નાશ. ધનનો અને કુલનો નાશ થાય છે. માટે ચરૂ, ઘૃત, અને ખાખરાનાં સમિધ એ એક એક પદાર્થનો (૧૦૦૮) હોમ કરવો. અને પ્રથમની પેઠે બ્રાહ્મણોને ભોજનાદિક દાનવડે તૃપ્ત કરવા. મસ્તકરહિત, અથવા બે કે ત્રણ મસ્તકયુક્ત પ્રાણી ઉત્પન્ન થાય તો તે સૂર્યસંબંધી અદ્દ્ભુત છે, માટે સૂર્યની પૂજા કરી દહીં, ઘૃત અને મધમાં ભીજવેલાં આકડાનાં સમિધવડે સૂર્યને ઉદ્દેશે હોમ પણ કરવો. હરિણીથી સર્પ, દેડકાં કે મનુષ્યની

ઉત્પત્તિ થાય તો તે અદ્‌ભુત બૃહસ્પતિસંબંધી છે, તેમાં બૃહસ્પતિની પૂજા કરી દહીં અને ઘૃતમાં ભીંજવેલાં ઔદુમ્બર(ધુલર)નાં સમિધનો હોમ કરવો. સ્ત્રીઓના ગર્ભપાત થાય, સ્ત્રીયોને યમલ જન્મ થાય અથવા દાંતસહિત જન્મ થાય કિંવા ઉત્પન્ન થતેજ હસે ઇત્યાદિક જે અદ્‌ભુત તે બુધસંબંધી છે, તેથી એ વિષયમાં બુધની પૂજા અને બુધને અર્થે હોમ કરવો.

संक्षेपेणयथाप्राज्ञमित्थंजननशांतयः ॥ उक्ताजपाभिषेकार्थसूक्तादिबहुविस्तृताः ॥ प्रयोगाःकौस्तुभादौचप्रसिद्धाबहवःपराः अनेनप्रीयतांदेवोभगवान् विठ्ठलःप्रभुः ॥

એ પ્રમાણે યથામતિ સંક્ષેપથી જનનની શાંતિઓ કહી, જપ, અભિષેક માટે સૂક્તાદિકવડે અતિ વિસ્તારયુક્ત અને પ્રસિદ્ધ એવા બીજા પ્રયોગ કૌસ્તુભ ઇત્યાદિક ગ્રંથોમાં અનેક કહ્યા છે. આ મ્હારા ગ્રંથની રચનાવડે ભગવાન્ વિઠ્ઠલ પ્રભુ પ્રસન્ન થજો.

अथनामकरणम् ॥ तत्रजन्मदिनेजातकर्मानंतरंतत्कालःक्वचित् एकादशाहेद्वादशाहेवाविप्रस्य नामकर्म दशमदिनेआशौचसत्त्वेपिवचनान्नामकर्मकार्यमितिकेचित् क्षत्रियाणांत्रयोदशेषोडशेवादिने वैश्यानांषोडशेविंशतितमेवादिने द्वाविंशेमासांतेवाशूद्राणां मासांतेशततमेदिनेवत्सरांतेवेतिविप्रादीनांगौणकालः मुख्यकालेकुर्वन्विप्रादिःपुण्यतिथिनक्षत्रचंद्रानुकूल्यादिगुणादरंनकुर्यात् उक्तमुख्यकालातिक्रमेशुभनक्षत्रादिकमावश्यकं वैधृतिव्यतीपातसंक्रांतिग्रहणदिनामावास्याभद्रासुप्राप्तकालेपिनामकर्मादिशुभकर्मनकार्यं अत्रमलमासगुरुशुक्रास्तादिदोषोनास्तीत्युक्तं अपराह्णेरात्रौचनामकर्मवर्ज्यम् ॥

હવે નામકરણસંસ્કાર કહે છે.

જન્મ દિવસે જાતકર્મસંસ્કાર કર્યા પછી નામકર્મસંસ્કારનો એજ સમય છે એમ કોઈ ગ્રંથમાં કહ્યું છે. અગીયારમે દિવસે અથવા બારમે દિવસે બ્રાહ્મણનું નામકર્મ કરવું, દશમે દિવસે આશૌચ છે તથાપિ વચન છે માટે નામકર્મ કરવું, એમ કોઈ ગ્રન્થકાર કહે છે. ક્ષત્રિયોનો નામકર્મસંસ્કાર તેરમે અથવા સોળમે દિવસે કરવો. વૈશ્યનો સોળમે અથવા વીસમે દિવસે કરવો, શૂદ્રનો બાવીસમે દિવસે કિંવા માસને અંતે કરવો. માસને અંતે, સોમે દિવસે, અને વર્ષને અંતે એ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય એમનો ક્રમથી ગૌણકાલ જાણવો. બ્રાહ્મણાદિક મુખ્ય કાલે નામકર્મ કરે તો તે કાલમાં શુભ તિથિ, શુભ નક્ષત્ર, અને અનુકૂલ ચંદ્ર ઇત્યાદિક ગુણ જોવાનું અવશ્ય નથી. કહેલો મુખ્ય કાલ વ્યતીત થઈ ગયો તો શુભ તિથિ, શુભ નક્ષત્ર ઇત્યાદિક અવશ્ય જોવાં. વૈધૃતિ, વ્યતીપાત, સંક્રાંતિ, ગ્રહણ દિવસ, અમાવાસ્યા, અને ભદ્રા એ દિવસે જો કર્મકાલ પ્રાપ્ત થયો હોય તો પણ તે દિવસે નામકર્માદિક શુભ કર્મ કરવાં નહીં. એ નામકર્મવિષે મલમાસ, અને ગુરૂશુક્રનો દોષ નથી એક કહ્યું છે. અપરાહ્ણકાલે અને રાત્રિએ નામકર્મ કરવું નહીં.

अथोक्तकालातिक्रमेऽपेक्षितशुभतिथ्यादि चतुर्थीषष्ठ्यष्टमीनवमीद्वादशीचतुर्दशीपंचदशीरहितास्तिथयःप्रशस्ताः चंद्रबुधगुरुशुक्रावासराः अश्विनीत्र्युत्तरारोहिणीमृगपुनर्वसुपुष्यहस्तस्वात्यनुराधाश्रवणधनिष्ठाशततारकारेवत्योनक्षत्राणि वृषभसिंहवृश्चिकलग्नानिप्रशस्तानि ॥

હવે ઉક્ત કાલ જતો રહ્યો હોય ત્યારે જે શુભ તિથિ ઇત્યાદિક લેવાનાં તે કહે છે.

ચોથ, છઠ, આઠમ, નોમ, દ્વાદશી, ચૌદશ અને પૂનમ એ વિનાની બીજી તિથિઓ ઉત્તમ. સોમ, બુધ, ગુરૂ અને શુક્ર એ વાર ઉત્તમ. અશ્વિની, ત્રણ ઉત્તરા, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, સ્વાતી, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા અને રેવતી એ નક્ષત્રો શુભ છે. વૃષ, સિંહ અને વૃશ્ચિક એ લગ્ન પ્રશસ્ત છે.

तानिनामानिचतुर्विधानि देवतानाममासनामनाक्षत्रनामव्यावहारिकनामेति तत्रामुकदेवताभक्त इत्याकारकंदेवतानामप्रथमं चैत्रादिमासनामानिवैकुंठोथजनार्दनः उपेंद्रोयज्ञपुरुषोवासुदेवस्तथाहरिः योगीशःपुंडरीकाक्षःकृष्णोनंतोच्युतस्तथा चक्रीतिद्वादशैतानिक्रमादाहुर्मनीषिण इत्यनुसारेणमासना

मद्वितीयकं मासाश्चात्रचांद्राः तेचशुक्लादिकृष्णांताएव यस्मिन्नक्षत्रेजन्मतन्नक्षत्रवाचकशब्दात्तत्र जात इत्यधिकारेविहिततद्धितप्रत्ययेकृतेनिष्पन्नंनाक्षत्रनामतृतीयं तद्यथा आश्वयुक् आपभरणः कार्तिकः रौहिणः मार्गशीर्षः आर्द्रकः पुनर्वसुः तिष्यः आश्लेषः माघः पूर्वाफल्गुनः उत्तराफल्गुनः हस्तः चैत्रः स्वातिः विशाखः अनुराधः ज्यैष्ठः मूलकः पूर्वाषाढः उत्तराषाढः आभिजितः श्रावणः श्रविष्ठा शतभिषक् पूर्वाप्रौष्ठपादः उत्तराप्रौष्ठपादः रैवत इति केचित्तु चूचेचोलाश्विनीप्रोक्तेत्यादि ज्योतिर्ग्रंथोक्तावकहडाचक्रानुसारेणाश्विन्यादेश्चतुर्षुचरणेषुचूडामणिश्चेदीशश्चोलेशोलक्ष्मणइत्यादिकानिनाक्षत्रनामानिकुर्वंति तन्नश्रौतग्रंथादिबहुसंमतं शांखायनास्तु कृत्तिकोत्पन्नस्याग्निशर्मेतिनक्षत्रदेवतासंबद्धंनाक्षत्रंनामकुर्वंति एवंकातीयाअपि नाक्षत्रनामैवाभिवादनीयंगुप्तंचामौंजीबंधनात् मातापितरावेवजानीयातां व्यावहारिकंनामचतुर्थं तच्च कवर्गादिषुतृतीयचतुर्थपंचमवर्णहकारान्यतमवर्णाद्यावयवकं यरलवान्यतममध्यवर्णयुतं ऋऌवर्णरहितंविसर्गांतंपित्रादिपुरुषत्रयान्यतमवाचकं शत्रुवाचकभिन्नं तद्धितप्रत्ययरहितंकृत्प्रत्ययांतंयुग्माक्षरंपुंसां अयुग्माक्षरंस्त्रीणांकार्यं यथादेवइतिहरिरिति उक्तसर्वलक्षणाभावे समाक्षरंपुंसांअयुग्माक्षरंस्त्रीणामित्येकलक्षणयुतमेव यथारुद्रइतिराजेत्यादि अक्षरमत्रस्वरः व्यंजनेषु नसंख्यानियमः अत्रविशेषः द्व्यक्षरंप्रतिष्ठाकामश्चतुरक्षरंब्रह्मवर्चसकामः अंत्यलकाररेफंवर्जयेदिति आपस्तंबहिरण्यकेशिसूत्रेतु प्रातिपदिकादिधात्वंतंयथाहिरण्यदाइतिउपसर्गयुतंवा सुश्रीरित्यादीतिविशेषउक्तः तच्च व्यावहारिकंनामशर्मपदांतंदेवपदांतंवाब्राह्मणस्य वर्मेतिराजेतिवापदयुतंक्षत्रियस्य गुप्तदत्तान्यतरांतंवैश्यस्य दासांतंशूद्रस्यकार्यं व्यावहारिकंनामप्रासादादीनामपिकार्यं देवालयगजाश्वानां वृक्षाणांवापिकूपयोः सर्वापणानांपण्यानांचिह्नानांयोषितांनृणां काव्यादीनांकवीनांचपश्वादीनांविशेषतः राजप्रासादयज्ञानांनामकर्मयथोदितमित्युक्तेः ॥

તે નામ ચાર પ્રકારનાં છે. જે કે,—દેવતાસંબંધી નામ, માસસંબંધી નામ, નક્ષત્રસંબંધી નામ, અને વ્યવહારસંબંધી નામ, એ પ્રમાણે ચાર પ્રકારનાં નામ જાણવાં તેમાં અમુક દેવતાભક્ત (જેમ, ગોપાળભક્ત ઇત્યાદિ) એ દેવતા નામ પ્રથમ. "ચૈત્રાદિક માસસંબંધી નામ—વૈકુંઠ, જનાર્દન, ઉપેંદ્ર, યજ્ઞપુરૂષ, વાસુદેવ, હરિ, યોગીશ, પુંડરીકાક્ષ, કૃષ્ણ, અનંત, અચ્યુત અને ચક્રી એ બાર નામ ક્રમવડે વિદ્વાનો કહે છે." એ પ્રમાણે માસસંબંધી નામ તે બીજું. આ નામપ્રકરણમાં માસ ચાંદ્ર લેવા. તે શુક્લપક્ષથકી તે કૃષ્ણપક્ષપર્યંતજ લેવા. જે નક્ષત્રમાં જન્મ થયો હોય તે નક્ષત્રનો વાચક જે શબ્દ તેથકી 'જાતઃ' એ અર્થમાં આવેલા તદ્ધિત પ્રત્યયવડે સિદ્ધ થયલું જે નામ તે ત્રીજું. તે આ રીતે,—આશ્વયુક્ (અશ્વિની નક્ષત્રમાં ઉત્પન્ન થયો તે ઇ૰, એ પ્રમાણે સર્વ નક્ષત્રસંબંધી નામનો અર્થ જાણવો.) આપભરણ, કાર્તિક, રૌહિણ, માર્ગશીર્ષ, આર્દ્રક, પુનર્વસુ; તિષ્ય, આશ્લેષ, માઘ, પૂર્વાફલ્ગુન, ઉત્તરાફલ્ગુન હસ્ત. ચૈત્ર, સ્વાતિ, વિશાખ, અનુરાધ, જ્યૈષ્ઠ, મૂલક, પૂર્વાષાઢ, ઉત્તરાષાઢ, આભિજીત, શ્રાવણ, શ્રવિષ્ઠ, શતભિષક્, પૂર્વાપ્રૌષ્ઠપાદ, ઉત્તરાપ્રૌષ્ઠપાદ, અને રૈવત એ પ્રમાણે નામ જાણવાં. કોઈ ગ્રંથકાર તો, "ચૂ, ચે, ચો, લા અશ્વિની" ઇત્યાદિક જ્યોતિષ ગ્રંથમાં કહેલા અવકહડચક્રને અનુસારે અશ્વિની ઇત્યાદિકના ચાર ચરણવિષે ચૂડામણિ, ચેદીશ, ચોલેશ અને લક્ષ્મણ ઇત્યાદિક નાક્ષત્ર નામ ઠેરવે છે. પણ તેવાં નામ ઠેરવવાં તે અનેક શ્રૌત ગ્રંથાદિકોને માન્ય નથી. શાંખાયનો તો કૃત્તિકામાં ઉત્પન્ન થયલાનું 'અગ્નિશર્મા' એવું નક્ષત્રદેવતાના નામવડે જોડાયલું એવું નામ પાડે છે. અને કાત્યાયનો પણ એમજ નાક્ષત્ર નામ પાડે છે. નક્ષત્રસંબંધી નામજ અભિવાદનીય (માતા, પિતા અથવા ગુરૂ એમને નમસ્કાર કરતી વખતે ઉચ્ચાર કરવા યોગ્ય) છે, અને તે મૌંજી થયાપર્યંત માત્ર માતાપિતાનેજ ખબર હોતાં બીજાઓથી ગુપ્ત રાખવું. વ્યવહારસબંધી નામ તે ચોથું. તે વ્યાવહારિક નામ કવર્ગ આદિ પાંચ વર્ગના ત્રીજા, ચોથા, અથવા પાંચમા વર્ણ અને હકારવર્ણ એમાંનો કોઈ પણ અક્ષર પ્રથમ હોય; ય, ર, લ, વ એમાનો કોઈ પણ અક્ષર મધ્યમાં હોય; ઋ, ઌ એ વર્ણેરહિત હોય; જેની અંતે વિસર્ગ હોય; પિતા, પિતામહ (દાદા), પ્રપિતામહ (પરદાદા) એ ત્રણ પુરૂષમાંથી કોઇનું નામ હોય; શત્રુના નામ કરતાં ભિન્ન હોય; તદ્ધિત પ્રત્યયરહિત હોય; અને જેની અતે કૃત્ પ્રત્યય હોય એવું પુરૂષનું સમ અક્ષરનું અને સ્રીયોનું વિષમ અક્ષરનું નામ પાડવું. જેમ કે દેવ, હરિ. ઉપર કહેલાં સર્વ લક્ષણો ન મળે તો પુરૂષનાં સમ અક્ષરનાં અને સ્રીઓનાં વિષમ અક્ષરનાં, એ પ્રમાણે એકજ લક્ષણયુક્ત નામ પાડવાં. જેમ રુદ્ર, રાજા ઇત્યાદિક. ઈહાં અક્ષર એટલે સ્વર સમજવા. વ્યંજનો વિષે સંખ્યાનો નિયમ નથી. એ વિષયમાં વિશેષ

કહે છે. પ્રતિષ્ઠાની ઇચ્છા હોય તો બે અક્ષરનું અને બ્રહ્મતેજની ઇચ્છા હોય તો ચાર અક્ષરનું નામ પાડવું, અને અંતે લ અથવા ર એ ન રાખવા. આપસ્તંબ હિરણ્યકેશી સૂત્રમાં તો, નામ જેને આદ્યે હોય અને ધાતુ જેને અંતે હોય એવું નામ પાડવું; જેમ,—હિરણ્યદા એ રીતે; અથવા ઉપસર્ગે યુક્ત એવું, જેમ,—સુશ્રીઃ, ઇત્યાદિક વિશેષ પ્રકાર કહ્યા છે. તે વ્યવહારસંબંધી નામ બ્રાહ્મણનું શર્મ પદ અથવા દેવ પદ જેની અંતે હોય એવું પાડવું. વર્મ પદ અથવા રાજપદ જેની અંતે હોય એવું ક્ષત્રિયનું નામ પાડવું. ગુપ્ત પદ અથવા દત્ત પદ જેની અંતે હોય એવું વૈશ્યનું નામ પાડવું. શૂદ્રનું દાસ પદાંત નામ પાડવું. દેવાલય અને રાજમહેલ ઇત્યાદિકનું પણ વ્યાવહારિક નામ પાડવું. કારણ, "દેવાલય, હાથી, ઘોડા, ઝાડ, વાવ, કુવા, સઘળી બજાર, વેચવાના પદાર્થ, ચિહ્ન, સ્ત્રી, પુરુષ, કાવ્યાદિક, કવિ, પશુ, રાજાના મેહેલ, અને યજ્ઞ એમનાં યથાયોગ્ય નામ પાડવાં" એવું વચન છે.

अथप्रयोगेविशेषः ॥ गर्भाधानादिसंस्कारलोपेप्रत्येकंपादकृच्छ्रंबुद्धिपूर्वकमकरणेप्रत्येकमर्धकृच्छ्रंप्रायश्चित्तंजातकर्मणःकालातिपत्तिनिमित्तकाज्यहोमपूर्वकंकार्यं तद्यथा जातकर्मणःकालातिपत्तिनिमित्तकदोषपरिहारद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं प्रायश्चित्तहोमंकरिष्यइतिसंकल्प्याग्निस्थापनेध्माधानादिपाकयज्ञतंत्रसहितंवह्निस्थापनाज्यसंस्कारमात्रसहितंवा भूर्भुवःस्वःस्वाहेतिसमस्तव्याहृत्याज्यहोमं कुर्यात् होमंसमाप्य गर्भाधानपुंसवनानवलोभनसीमंतोन्नयनलोपजनितदोषपरिहारद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं एतावतःपादकृच्छ्रान्बुद्धिपूर्वकलोपेर्धकृच्छ्रान् तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतद्रव्यदानेनाहमाचरिष्ये इतिसंकल्प्यद्रव्यंदद्यात् जातकर्मनाम्नोःसहचिकीर्षायांपूर्वोक्तजातकर्मसंकल्पवाक्यमुच्चार्य अस्यकुमारस्यायुरभिवृद्धिव्यवहारसिद्धिबीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंनामकर्मचतंत्रेणकरिष्यइतिसंकल्प्य स्वस्तिवाचनादिकुर्यात् तत्रजातकर्मनामकर्मणोःपुण्याहंभवंतोब्रुवंत्वित्युक्त्वा अस्यकुमारस्यजातकर्मणएतन्नाम्नेअस्मैचस्वस्तिभवंतोब्रुवंत्वितिस्वस्तिपर्यायेवदेत् तदनुसारेणैवविप्रप्रतिवचनं केवलनामचिकीर्षायांनामकर्मणःपुण्याहंभवंतोब्रुवंत्वित्युक्त्वास्वस्तिपर्याये अमुकनाम्नेअस्मैस्वस्तिभवंतोब्रुवंत्वितिवदेत् विप्राश्चामुकनाम्नेअस्मैस्वस्तीतिप्रतिब्रूयुः लेखनादौनामत्रयंशर्मादिपदरहितंकृत्वा व्यावहारिकंनामशर्माद्यंतंकुर्यात् अभिवादनेनाक्षत्रनामापिशर्माद्यंतंसर्वत्रोच्चारणीयं अवशिष्टःप्रयोगःप्रयोगग्रंथेषु ॥

હવે પ્રયોગમાં વિશેષ કહે છે.

ગર્ભાધાન ઇત્યાદિ સંસ્કારનો લોપ થાય તો એક સંસ્કારલોપને બદલે પાદકૃચ્છ્ર, અને જાણી જોઇ ન કીધા હોય તો અર્ધકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત, જાતકર્મનો કાળ ટળી ગયો હોય એ નિમિત્તથી કરવાનો જે ઘૃતહોમ તે પ્રથમ કરી, પછી કરવું. તે આ રીતે;—"जातकर्मणः कालातिपत्तिनिमित्तकदोषपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं प्रायश्चित्तहोमं करिष्ये" એવો સંકલ્પ કરી અગ્નિસ્થાપન, ઇધ્માસ્થાપન ઇત્યાદિક પાકયજ્ઞના તંત્રેયુક્ત, અથવા અગ્નિસ્થાપન, આજ્યસંસ્કાર, અને પાત્રના સંસ્કાર, માત્ર એમણેજ યુક્ત એવો, "भूर्भुवःस्वःस्वाहा" એ સમસ્ત વ્યાહૃતિમંત્રવડે આજ્યનો હોમ કરવો. હોમ સમાપ્ત કરી "गर्भाधानपुंसवनानवलोभनसीमंतोन्नयनलोपजनितदोषपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं एतावतः पादकृच्छ्रान् बुद्धिपूर्वकलोपेऽर्धकृच्छ्रान् तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतद्रव्यदानेनाहमाचरिष्ये," એવો સંકલ્પ કરી તેટલું દ્રવ્ય દેવું. જાતકર્મ અને નામકર્મ બન્ને સંસ્કાર એકતંત્રે કરવાના હોય તો પ્રથમ કહેલા જાતકર્મના સંકલ્પ વાક્યનો ઉચ્ચાર કરી એકતંત્રનો સંકલ્પ કરવો. તે આ રીતે,—"अस्य कुमारस्यायुरभिवृद्धिव्यवहारसिद्धिबीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं नामकर्म च तंत्रेण करिष्ये," એવો સંકલ્પ કરી પુણ્યાહવાચન ઇત્યાદિક કરવું. "जातकर्मनामकर्मणोः पुण्याहं भवंतो ब्रुवंतु," એવું પુણ્યાહવાચનમાં વાક્ય કહી "अस्य कुमारस्य जातकर्मणे एतन्नाम्ने अस्मै च स्वस्ति भवंतो ब्रुवंतु" એ રીતે સ્વસ્તિ શબ્દવિષે કહેવું. તે રીતેજ બ્રાહ્મણોએ પ્રત્યુત્તર વચન કહેવું. કેવળ નામકરણ કર્ત્તવ્ય હોય તો "नामकर्मणः पुण्याहं," એમ કહી "अमुकनाम्ने अस्मै स्वस्ति भवंतो ब्रुवंतु" એ રીતે સ્વસ્તિ શબ્દવિષે કહેવું. બ્રાહ્મણોએ "अमुकनाम्ने अस्मै स्वस्ति" એવું પ્રતિવચન કહેવું. નામ લખવામાં ત્રણ નામ શર્માદિ શબ્દરહિત લખી, વ્યાવહારિક નામ શર્માદિ પદ જેની અંતે હોય એવું લખવું. અભિવાદન વિષે (નામ ગોત્રોચ્ચારપૂર્વક નમસ્કાર

વિષે (નાક્ષત્ર નામ પણ શર્માદિ પદ જેની અંતે હોય એવું ઉચ્ચાર કરવું. અવશિષ્ટ (બાકીનો) પ્રયોગ પ્રયોગગ્રંથોમાં જોવો.

अथस्त्रीणांनामकर्म ॥ संकल्पे अस्याःकुमार्याइतिविशेषः स्वस्तिवाचने एतन्नाम्न्यैअस्यैस्वस्तीत्यादि भक्तेत्यावंतंदेवतानाम मासनामसु चक्रिणीवैकुंठीवासुदेवीतित्रीणिङीवंतानि हरिरित्यविकृतं अवशिष्टानि अष्टावावंतानि रौहिणीकृत्तिकेत्येवंयथायथंनाक्षत्रनामेतिमातृदत्तमते आश्वलायनैर्नाक्षत्रनामस्त्रीणांनकार्यं व्यावहारिकंयज्ञदाशर्मेतिपुंवत् पूजादिकंवैदिकमंत्ररहितंपुंवत्कार्यं पितुरसन्निधौस्त्रीपुंसयोर्नामपितामहादिःकुर्यात् इतिनामकरणम् ॥

હવે સ્ત્રીયોનું નામકર્મ કહે છે.

સંકલ્પમાં "अस्याः कुमार्याः" એટલો વિશેષ જાણવો. પુણ્યાહવાચનમાં "एतनाम्न्यै अस्यै स्वस्ति" ઇત્યાદિક વિશેષ જાણવો. 'भक्ता' એવું આબત દેવતા નામ; માસ નામમાં ચક્રિણી, વૈકુંઠી, વાસુદેવી એ ત્રણ નામ ઙીપ્ પ્રત્યયાંત જાણવાં. હરિ એ નામ પુત્ર અને કન્યાવિષે સમાન છે. બાકી આઠ નામ (જનાર્દના, ઉપેંદ્રા, યજ્ઞપુરૂપા, યોગીશા, પુંડરીકાક્ષા, કૃષ્ણા, અનંતા, અચ્યુતા) આબંત જાણવાં. રૌહિણી, કૃત્તિકા એ પ્રમાણે નાક્ષત્ર નામ યથાયોગ્ય માંડવાં; એ માતૃદત્તનો મત છે. આશ્વલાયનોએ સ્ત્રીઓનું નાક્ષત્રનામ પાડવું નહીં. વ્યાવહારિક નામ પાડવું તે 'યજ્ઞદા શર્મા' એમ પુરૂપ પ્રમાણે પાડવું. પૂજાદિક કર્મ વૈદિક મંત્રેરહિત પુરૂપ પ્રમાણે કરવું. પિતા સમીપે ન હોય તો કન્યા અને પુત્રનો નામકર્મસસ્કાર પિતામહ ઇત્યાદિકે કરવો. એ રીતે નામકરણ સમાપ્ત થયું.

अथांदोलारोहणम् ॥ आंदोलाशयनेपुंसोद्वादशोदिवसःशुभः त्रयोदशस्तुकन्यायाननक्षत्रविचारणा अन्यस्मिन्दिवसेचेत्स्याच्छुभकालंविचारयेत् उत्तरात्रयरोहिणीहस्ताश्विनीपुष्यरेवत्यनुराधामृगचित्रापुनर्वसुश्रवणस्वातिनक्षत्रेषु शुभवारे रिक्तातिरिक्ततिथौ चंद्रताराबले कुलयोषिद्भिरांदोलाशयनंकार्यम् ॥

હવે બાળકને પાલણામાં સુવાડવું તે કહે છે.

"પુત્રને પાલણામાં સુવાડવામાં બારમો દિવસ શુભ; અને કન્યાને પાલણે સુવાડવામાં તેરમો દિવસ શુભ છે. એ દિવસે શુભ નક્ષત્રના વિચારની જરૂર નથી. અન્ય દિવસે પાલણે સુવાડવું હોય તો દિનશુદ્ધિ વિચારવી." ત્રણ ઉત્તરા, રોહિણી, હસ્ત, અશ્વિની, પુષ્ય, રેવતી, અનુરાધા, મૃગ, ચિત્રા, પુનર્વસુ, શ્રવણ અને સ્વાતી એ નક્ષત્રે; સોમ, બુધ, ગુરૂ અને શુક્ર એ શુભવારે; રિક્તા (ચોથ, નોમ, ચૌદશ) તિથિ વિના બીજી તિથીઓમાં; ચદ્રબળ અને તારાબળે યુક્ત એવે દિવસે કુટુંબની સ્ત્રીઓએ બાળકને પાલણામાં સુવાડવો.

एकत्रिंशेदिनेद्वितीयजन्मर्क्षेवादोलारोहोक्तनक्षत्रैर्वापूर्वाह्णमध्याह्नयोःकुलदेवताविप्रयोःपूजांविधायशंखेनगोदुग्धंपाययेत् इतिदुग्धपानम् ॥

એકત્રીસમે દિવસે, કિંવા બીજે જન્મનક્ષત્રે, અથવા પાલણામાં સુવાડવાને જે નક્ષત્રો કહ્યાં છે તે નક્ષત્રે પૂર્વાહ્ણ અથવા મધ્યાહ્નકાલે કુલદેવતા અને બ્રાહ્મણોનું પૂજન કરી શંખવડે ગાયનું દૂધ બાલકને પીવડાવવું. એ પ્રમાણે દુગ્ધપ્રાશન સમાપ્ત થયું.

सूत्यामासोत्तरंबुधसोमगुरुवारेषुरिक्तान्यतिथौ श्रवणपुष्यपुनर्वसुमृगहस्तमूलानुराधानक्षत्रेषुजलस्थानंगत्वाजलपूजाकार्या अत्रगुरुशुक्रास्तचैत्रपौषमासाधिमासावर्ज्याः इतिजलपूजनम् ॥

હવે જળપૂજા કહે છે.

પ્રસૂતાને પ્રસવાનંતર પૂર્ણ એક માસ ગયા પછી બુધ, સોમ, અથવા ગુરૂ વારે; રિક્તા વિના બીજી તિથિએ; શ્રવણ, પુષ્ય, પુનર્વસુ, મૃગ, હસ્ત, મૂળ, અને અનુરાધા એ નક્ષત્રે; જળને સ્થાનકે જઈ જળની પૂજા કરવી. એમાં ગુરૂ, શુક્રનો અસ્ત; ચૈત્ર, પૌષ અને અધિકમાસ એ વર્જ્ય કરવા. એ પ્રમાણે જળપૂજન સમાપ્ત થયું.

तृतीयेमासिसूर्यावलोकनं चतुर्थेमासिअन्नप्राशनकालेवानिष्क्रमणं तत्रकालः शुक्लपक्षःशुभःप्रोक्तः कृष्णश्चांत्यत्रिकंविना रिक्ताषष्ठ्यष्टमीदर्शद्वादशीचविवर्जिता गुरुशुक्रबुधवाराश्विनीरोहिणीमृगपुष्योत्तरात्रयहस्तधनिष्ठाश्रवणरेवतीपुनर्वसुअनुराधानक्षत्राणिचशस्तानि इदंनिष्क्रमणंनित्यंकाम्यं सूर्यावलोकननिष्क्रमणयोर्नांदीश्राद्धंकृताकृतम् ॥

ત્રીજે માસે સૂર્યનું દર્શ કરાવવું. ચોથે માસે અથવા અન્નપ્રાશનને સમયે નિષ્ક્રમણ (બાળકને પ્રથમ ઘરથી બાહાર તેડી નીકળવું તે) કરાવવું. તેવિષે મુહૂર્ત—"શુકલપક્ષ શુભ છે. છેવટના પાંચ દિવસ વર્જ્ય કરી કૃષ્ણપક્ષ પણ શુભ છે. રિક્તા, છઠ, આઠમ, અમાવાસ્યા, અને બારસ એ તિથિ વર્જ્ય કરવી." ગુરૂ, શુક્ર, અને બુધ એ વાર શુભ છે. અશ્વિની, રોહિણી, મૃગ, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ધનિષ્ઠા, શ્રવણ, રેવતી, પુનર્વસુ, અને અનુરાધા એ નક્ષત્ર શુભ છે. એ નિષ્ક્રમણ નિત્ય અને કામ્ય એમ બે પ્રકારનું છે. સૂર્યનું દર્શન અને નિષ્ક્રમણ એમાં નાંદીશ્રાદ્ધ કરવું અથવા ન કરવું એમ છે.

अथभूम्युपवेशनकालः ॥ पंचममासेनिष्क्रमोक्ततिथ्यादौभौमबलेसतिभूम्युपवेशनंकार्यं ॥

હવે બાળકને પૃથ્વી ઉપર બેસાડવાનો કાળ કહે છે.

પાંચમે માસે; નિષ્ક્રમણમાં કહેલાં જે તિથિ, વાર, અને નક્ષત્ર તે દિવસે; ભૌમબળ (મંગળનું બળ) હોય તો; બાળકને પૃથ્વી ઉપર બેસાડવો.

अथान्नप्राशनकालः ॥ षष्ठेष्टमेदशद्वादशेवामासेपूर्णेवत्सरेवापुंसोन्नप्राशनं पंचमसप्तमनवममासेपुस्त्रीणां द्वितीयाचतृतीयाचपंचमीसप्तमीतथा त्रयोदशीचदशमीप्राशनेतिथयःशुभाः बुधशुक्रगुरुवाराःशुभाः रविचंद्रवारौक्वचित् अश्विनीरोहिणीमृगपुनर्वसुपुष्योत्तरात्रयहस्तचित्रास्वात्यनुराधाश्रवणधनिष्ठाशततारकारेवत्यःशुभाः जन्मनक्षत्रमशुभमितिकेचित् भद्रावैधृतिव्यतीपातगंडातिगंडवज्रशूलपरिघावर्ज्याः विष्णुशिवचंद्रार्कदिक्पालभूमिदिशाब्राह्मणान्संपूज्य मात्रुत्संगगतस्यशिशोःकांचनेकांस्येवापात्रेस्थितंदधिमधुघृतमिश्रंपायसंसुवर्णयुतहस्तेनसमंत्रंप्राशयेत् सूर्यावलोकनादीन्यन्नप्राशनांतानि अन्नप्राशनकालेशिष्टाःसहैवानुतिष्ठंति एतेषांसहप्रयोगसंकल्पादिकंकौस्तुभादौज्ञातव्यम् ॥

હવે અન્નપ્રાશન સંસ્કારનો કાળ કહે છે.

છઠ્ઠે, આઠમે, દશમે; અથવા બારમે માસે અથવા વર્ષ પૂર્ણ થાય ત્યારે પુરૂષને અન્નપ્રાશનસંસ્કાર કરવો. પાંચમે, સાતમે અથવા નવમે માસે સ્ત્રીયોને અન્નપ્રાશનસંસ્કાર કરવો. "બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, તેરસ અને દશમ એ તિથિઓ અન્નપ્રાશનસંસ્કારવિષે શુભ છે." બુધ, ગુરૂ અને શુક્ર એ વાર શુભ છે. રવિ અને ચંદ્ર એ વાર કોઈ ગ્રંથમાં શુભ કહ્યા છે. અશ્વિની, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અને રેવતી એ નક્ષત્રો શુભ છે. જન્મનક્ષત્ર અશુભ એમ કોઈ ગ્રંથકાર કહેછે. ભદ્રા, વૈધૃતિ, વ્યતીપાત, ગંડ, અતિગંડ, વજ્ર, શૂલ, અને પરિઘ એ યોગ વર્જ્ય કરવા. વિષ્ણુ, શિવ, ચંદ્ર, સૂર્ય, દિક્પાળ, ભૂમિ, દિશા અને બ્રાહ્મણ એમની પૂજા કરી માતાના ખોળા ઉપર બેસાડેલા બાળકને સુવર્ણના અથવા કાંસાના પાત્રમાં રાખેલો દહીં, મધ, ઘૃતમિશ્રિત એવો પાયસ સુવર્ણયુક્ત હાથમાં લઈ મંત્રવડે પ્રાશન કરાવવો (ખવડાવવો), સૂર્યાવલોકનથકી તે અન્નપ્રાશનપર્યંત સર્વ કર્મ શિષ્ટજનો અન્નપ્રાશન સમયેજ કરે છે. સર્વ કર્મ અન્નપ્રાશનની સાથે કરવાનાં હોય તો તેનો સંકલ્પ ઇત્યાદિક સર્વ વિસ્તાર કૌસ્તુભ ઇત્યાદિક ગ્રંથોમાં જોવો.

अथान्नप्राशनांतेकर्तव्यम् ॥ अग्रतोऽथपरिन्यस्यशिल्पवस्तूनिसर्वशः शस्त्राणिचैववस्त्राणि ततःपश्येत्तुलक्षणं प्रथमंयत्स्पृशेद्बालःपुस्तकादिस्वयंतदा जीविकातस्यबालस्यतेनैवतुभविष्यति अन्नप्राशनांतसंस्कारेषुमलमासगुरुशुक्रास्तादिदोषोनास्ति इत्युक्तंतच्छुद्धकालेष्वसंभवेज्ञेयं तेनषष्ठादिमासे अस्तादिदोषसत्त्वेऽष्टमादिमासेकार्यम् इतिसूर्यावलोकननिष्क्रमणभूम्युपवेशनान्नप्राशनानि ॥

હવે અન્નપ્રાશન થયા પછી કર્ત્તવ્યવિધિ—"બાળકની સામે કળાકુશળતા સર્વ પદાર્થ શસ્ત્ર અને વસ્ત્ર ઇત્યાદિક રાખી તે ઉપરથી તે બાળકનું લક્ષણ જાણવું. સામે રાખેલા પદાર્થમાંથી જે પદાર્થને બાળક સ્પર્શ કરે તે પદાર્થવડેજ તેની આજીવિકા થવાની." અન્નપ્રાશનપર્યંત સંસ્કારોવિષે મળમાસ, ગુરૂ અને શુક્રનાં અસ્તાદિક એમનો દોષ નથી એવું જે કહ્યું તે, શુદ્ધ કાળમાં અસંભવ (ન થઈ શકે એમ) હોય તો જાણવું, તેથી છઠ્ઠા ઇત્યાદિક માસમાં અસ્તાદિક દોષ હોય તો (અન્નપ્રાશન) આઠમા ઇત્યાદિ માસમાં કરવું. એ પ્રમાણે સૂર્યાવલોકન, નિષ્ક્રમણ, ભૂમ્યુપવેશન અને અન્નપ્રાશન એ સંસ્કાર સમાપ્ત થયા.

अथकर्णवेधः ॥ दशमेद्वादशेवाह्निषोडशेकर्णवेधनं मासेषष्ठेसप्तमेवाअष्टमेदशमेपिवा द्वादशे वाततोऽब्देचप्रथमेवातृतीयके नकर्तव्यंसमेवर्षेस्त्रीपुंसःश्रुतिवेधनं तृतीयादिवत्सरेमासाः कार्तिकेपौष मासेवाचैत्रेवाफाल्गुनेपिवा शुक्लपक्षःशुभःप्रोक्तोजन्ममासोनिषेधितः भद्रायांविष्णुशयनेकर्णवेधंविवर्जयेत् तेनकार्तिकमासविधिःशुक्लद्वादश्युत्तरंज्ञेयः केचिन्मीनस्थसूर्येचैत्रं धनुःस्थेपौषमासंवर्जयंति द्वितीयादशमीषष्ठीसप्तमीचत्रयोदशी द्वादशीपंचमीशस्तातृतीयाकर्णवेधने चंद्रबुधगुरुशुक्रवाराः पुष्य पुनर्वसुमृगोत्तरात्रयहस्तचित्राश्विनीश्रवणरेवतीधनिष्ठाःशुभाः विष्णुरुद्रब्रह्मसूर्यचंद्रदिक्पालनासत्य सरस्वतीगोब्राह्मणगुरुपूजांकृत्वालक्तकरसांकितंकर्णं पुंसःपूर्वंदक्षिणंविध्येत्पश्चाद्वामं स्त्रीणांपूर्ववामं सौवर्णीराजपुत्रस्यराजतीविप्रवैश्ययोः शूद्रस्यचायसीसूचीबालकाष्टांगुलामता कर्णरंध्रेरवेश्छायाप्रविशेद्वर्धयेत्तथा अन्यथादर्शनेतस्यपूर्वपुण्यविनाशनम् इतिकर्णवेधः ॥

હવે કર્ણવેધ (કાન વીંધવા તે) કહે છે.

"જન્મદિવસ થકી દશમે, બારમે અથવા સોળમે દિવસે બાળકના કાન વીંધવા. કિંવા છઠ્ઠે, સાતમે, આઠમે, દશમે અથવા બારમે માસે; તેમજ પેહેલે અથવા ત્રીજે વર્ષે; બાળકના કાન વીંધવા. પુત્ર અથવા કન્યાનો કર્ણવેધ સમ (૨, ૪, ૬, ઇત્યાદિ) વર્ષે કરવો નહીં." ત્રીજા ઇત્યાદિ વર્ષે કર્ણવેધ કરવો હોય તો માસ કહે છે—"કાર્તિક, પૌષ, ચૈત્ર, અથવા ફાલ્ગુન એ માસના શુક્લપક્ષમાં કર્ણવેધ કરવો. [જન્મ માસમાં કરવો નહીં. ભદ્રામાં અને વિષ્ણુશયન(ચાતુર્માસ્ય)માં કર્ણવેધ કરવો નહીં." આ ઉપરથી કાર્તિક માસનો જે વિધિ કહ્યો છે તે શુદ બારસ પછી સમજવો. કોઈ ગ્રન્થકાર, મીનના સૂર્યમાં ચૈત્ર માસ અને ધનના સૂર્યમાં પૌષ માસ એ કર્ણવેધવિષે વર્જ્ય કરે છે. "બીજ, દશમ, છઠ, સાતમ, તેરસ, બારસ, પાંચમ અને ત્રીજ એ તિથિ કર્ણવેધવિષે ઉત્તમ જાણવી." ચંદ્ર, બુધ, ગુરૂ અને શુક્ર એ વાર શ્રેષ્ઠ. પુષ્ય, પુનર્વસુ, મૃગ, ઉત્તરા ત્રણ, હસ્ત, ચિત્રા, અશ્વિની, શ્રવણ, રેવતી, અને ધનિષ્ઠા એ શુભ છે. વિષ્ણુ, રુદ્ર, બ્રહ્મા, સૂર્ય, ચંદ્ર, દિક્પાળ, અશ્વિનીકુમાર, સરસ્વતી, ગાય, બ્રાહ્મણ અને ગુરૂ એમનું પૂજન કરી કાનમાં લાખના રસવડે ચિહ્ન કરી પુરૂષનો પ્રથમ જમણો કાન વીંધી પછી ડાબો વીંધવો. સ્ત્રીયોનો પ્રથમ ડાબો વીંધી પછી જમણો વીંધવો. "બાળકનાં" આઠ અંગુલ પ્રમાણે લાંબી એવી રાજપુત્રના કર્ણવેધમાં સોનાની, બ્રાહ્મણ અને વૈશ્ય માટે રૂપાની, અને શૂદ્રમાટે લોઢાની સૂચી (સોઈ) કરવી, કાનનું છિદ્ર, સૂર્યની કિરણ અંદર આવે એવડું વધારવું. કર્ણવેધ વિના બાળકને જુવે તો પૂર્વ પુણ્યનો નાશ થાય છે. એ પ્રમાણે કર્ણવેધ સમાપ્ત થયો.

अथबालस्यदुष्टदृष्टिदोषादौरक्षाविधिः ॥ वासुदेवोजगन्नाथःपूतनातर्जनोहरिः रक्षतुत्वरितोबालंमुंचमुंचकुमारकं कृष्णरक्षशिशुंशंखमधुकैटभमर्दन प्रातःसंगवमध्याह्नसायाह्नेषुचसंध्ययोः महानिशिसदारक्षकंसारिष्टनिषूदन यद्गोरजःपिशाचांश्चग्रहान्मातृग्रहानपि बालग्रहान्विशेषेणछिंधिछिंधिमहाभयात् त्राहित्राहिहरेनित्यंत्वद्रक्षाभूषितंशिशुं इतिभस्माभिमंत्र्यैवभूषयेत्तेनभस्मना शिरोललाटाद्यंगेषुरक्षांकुर्याद्यथाविधि इति प्रयोगसागरे रक्षरक्षमहादेवनीलग्रीवजटाधर ग्रहैस्तुसहितोरक्षमुंचमुंचकुमारकं अमुंमंत्रंभूर्जपत्रेविलिख्यतत्पत्रंभुजेबध्नीयात् बालरोदनपरिहारार्थंयंत्रमुक्तंमयूखे षडस्रमध्येह्रींकारस्तन्मध्येशिशोर्नामविलिख्यषट्कोणेषु ॐलुलुस्वाहेतिमंत्रषडक्षराणिविलिख्य तद्बहिर्नेमिवद्वृत्तद्वयंविलिख्य तद्बहिरधोमुखैरर्धचंद्रैरावेष्ट्य पंचोपचारैःसंपूज्य बालहस्तेबध्नीयादिति बालग्रहशांत्यादिकंबालग्रहस्तवश्च शांतिकमलाकरशांतिमयूखयोर्द्रष्टव्यम् ॥

હવે બાળકને દૃષ્ટિદોષાદિક હોય તો તેની રક્ષાનો વિધિ કહે છે.

“वासुदेवो जगन्नाथः, पूतनातर्जनो हरिः ॥ रक्षतु त्वरितो बालं, मुंच मुंच कुमारकं ॥ कृष्ण रक्ष शिशुं शंखमधुकैटभमर्दन ॥ प्रातः संगवमध्याह्नसायाह्नेषु च संध्ययोः ॥ महानिशि सदा रक्ष, कंसारिष्टनिषूदन ॥ यद्गोरजः पिशाचांश्च, ग्रहान् मातृग्रहानपि ॥ बालग्रहान् विशेषेण, छिंधि छिंधि महाभयान् ॥ त्राहि त्राहि हरे नित्यं, त्वद्रक्षाभूषितं शिशुं,” એ મંત્રવડે ભસ્મ મંત્રી બાળકનાં મસ્તક કપાળ ઇત્યાદિક અંગને તે ભસ્મ લગાડી યથાવિધિ રક્ષણ કરવું.” પ્રયોગસાર ગ્રંથમાં બીજો પ્રકાર કહે છે. “रक्ष रक्ष महादेव, नीलग्रीव जटाधर ॥ ग्रहैस्तु सहितो रक्ष, मुंच मुंच कुमारकं,” એ મંત્ર ભોજપત્ર ઉપર લખી તે ભોજપત્ર બાળકને હાથે બાંધવું. બાળક રોયા કરતો હોય તો તેની નિવૃત્તિમાટે મયૂખ ગ્રંથમાં યંત્ર કહ્યો છે, તે આ રીતે;-૭ કોણનો યંત્ર કરી તે યંત્રના ૭ ખુણામાં ‘ह्रीं’ એ અક્ષર લખી તે યંત્રના મધ્યભાગમાં બાળકનું નામ લખી યત્રના ૭ ખુણાઉપર “ॐलुलुवस्वाहा” એ મંત્રના ૭ અક્ષર (દરએક કોણે એક એક અક્ષર) લખી તેની બાહાર રથના ચક્ર સરખાં બે વર્તુળ લખી તેની બાહાર અધોમુખ એવા અર્ધચંદ્ર કાઢવા. પછી ગધાદિક પંચોપચારવડે યંત્રની પૂજા કરી તે યત્ર બાળકને હાથે બાંધવો. બાળગ્રહની શાંતિ ઇત્યાદિક તથા બાળગ્રહના સ્તોત્ર ઇત્યાદિક વિધિ શાંતિકમલાકર, શાંતિમયૂખ એ ગ્રંથોમાં જોવાં.

अथवर्धापनविधिः ॥ सचवर्षपर्यंतंप्रतिमासंजन्मतिथौकार्यः वर्षोत्तरंप्रत्यब्दंजन्मतिथौकार्यः तिथिद्वैधेयत्रजन्मर्क्षयोगःसाग्राह्या दिनद्वयेजन्मनक्षत्रयोगसत्त्वासत्त्वयोरौदयिकीत्रिमुहूर्ताधिकाग्राह्या त्रिमुहूर्तन्यूनत्वेपूर्वा जन्ममासस्यअधिमासत्वेशुद्धमासेप्रत्याब्दिकवर्धापनविधिर्नत्वधिके ॥

હવે વર્ધાપન (જન્મદિવસ) વિધિ કહે છે.

જે દિવસે જન્મ થાય તે દિવસને જન્મદિવસ કહે છે. જન્મદિવસનો વિધિ કરવો તે એક વર્ષપર્યંત દરએક માસે જન્મતિથિએ કરવો. વર્ષ પછી દર વર્ષે જન્મતિથિએ કરવો. જન્મતિથિ બે દિવસ હોય તો જે દિવસે જન્મનક્ષત્રનો યોગ હોય તે દિવસ લેવો. બન્ને દિવસે જન્મનક્ષત્રનો યોગ હોય અથવા બન્ને દિવસે જન્મનક્ષત્રનો યોગ ન હોય તો સૂર્યોદયવ્યાપિની એવી ચાર ઘડી કરતાં અધિક હોય તે તિથિ લેવી. ચાર ઘડી કરતાં કમતી હોય તો પ્રથમ દિવસની લેવી. જન્મમાસ અધિકમાસ આવે તો દરવર્ષે કરવાનો જન્મતિથિનો વિધિ શુદ્ધ માસમાં કરવો. અધિકમાસમાં કરવો નહીં.

अथसंक्षेपतःप्रयोगः ॥ आयुरभिवृद्ध्यर्थंवर्षवृद्धिकर्मकरिष्यइतिसंकल्प्य तिलोद्वर्तनपूर्वकंतिलोदकेनस्नात्वाकृततिलकादिविधिर्गुरुंसंपूज्याक्षतपुंजेषुदेवताःपूजयेत् तत्रादौकुलदेवतायैनमइतिकुलदेवतामावाह्य जन्मनक्षत्रंपितरौप्रजापतिंभानुंविघ्नेशंमार्कंडेयंव्यासंजामदग्न्यरामंअश्वत्थामानंकृपंबलिंप्रह्लादंहनुमंतंविभीषणंषष्ठींचनाम्नैवावाह्यपूजयेत् षष्ठ्यैदधिभक्तनैवेद्यः पूजांतेप्रार्थना चिरंजीवीयथात्वं भोभविष्यामितथामुने रूपवान्वित्तवांश्चैवश्रियायुक्तश्चसर्वदा मार्कंडेयनमस्तेस्तुसप्तकल्पांतजीवन आयुरारोग्यसिद्ध्यर्थंप्रसीदभगवन्मुने चिरंजीवीयथात्वंतुमुनीनांप्रवरोद्विज कुरुष्वमुनिशार्दूलतथामांचिरजीविनं मार्कंडेयमहाभागसप्तकल्पांतजीवन आयुरारोग्यसिद्ध्यर्थमस्माकंवरदोभव अथषष्ठीप्रार्थना जयदेविजगन्मातर्जगदानंदकारिणि प्रसीदममकल्याणिनमस्तेषष्ठिदेवते त्रैलोक्येयानिभूतानिस्थावराणिचराणिच ब्रह्मविष्णुशिवैःसार्धंरक्षांकुर्वंतुतानिमे ततस्तिलगुडमिश्रंपयःपिबेत् तत्रमंत्रः सतिलंगुडसंमिश्रमंजल्यर्धमितंपयः मार्कंडेयाद्वरंलब्ध्वापिबाम्यायुर्विवृद्धये क्वचित्पूजितषोडशदेवताभ्यो नाम्नाप्रत्येकमष्टाविंशतिसंख्यतिलहोमउक्तः ततोविप्रभोजनं तद्दिनेनियमाः खंडनंनखकेशानांमैथुनाध्वागमौतथा आमिषंकलहंहिंसांवर्षवृद्धौविवर्जयेत् मृतेजन्मनिसंक्रांतौश्राद्धेजन्मदिनेतथा अस्पृश्यस्पर्शनेचैवन स्नायादुष्णवारिणा ॥

હવે વર્ધાપનનો સંક્ષેપ પ્રયોગ કહે છે.

“आयुरभिवृद्ध्यर्थं वर्षवृद्धिकर्म करिष्ये,” એવો સંકલ્પ કરી અંગને તિલ લગાડી તિલોદકવડે સ્નાન કરી કપાળમાં તિલક કરી નિત્યકર્મ અને ગુરૂની પૂજા કરી ચોખાના પુંજ ઉપર દેવતાઓનું

પૂજન કરવું. તેમાં પ્રથમ—"कुलदेवतायै नमः" એ નામમંત્રવડે કુલદેવતાનું આવાહન કરી જન્મ નક્ષત્ર, માતા પિતા, પ્રજાપતિ, સૂર્ય, વિઘ્નેશ, માર્કંડેય, વ્યાસ, પરશુરામ, અશ્વત્થામા, કૃપાચાર્ય, બલિ, પ્રહ્લાદ, હનુમાન, વિભીષણ, અને પછી દેવી એ દેવતાનું નામમંત્રેજ આવાહન કરી પૂજા કરવી. પછી દેવીને દહીં ભાતનું નૈવેદ્ય અર્પણ કરવું. પૂજા થયા પછી પ્રાર્થના કરવી. તેના મંત્ર,—"चिरंजीवी यथा त्वं भो, भविष्यामि तथा मुने ॥ रूपवान् वित्तवांश्चैव, श्रिया युक्तश्च सर्वदा ॥ मार्कंडेय नमस्तेऽस्तु, सप्तकल्पांतजीवन ॥ आयुरारोग्यसिद्ध्यर्थं, प्रसीद भगवन्मुने ॥ चिरंजीवी यथा त्वं तु, मुनीनां प्रवरो द्विज ॥ कुरुष्व मुनिशार्दूल, तथा मां चिरजीविनं ॥ मार्कंडेय महाभाग, सप्तकल्पांतजीवन ॥ आयुरारोग्यसिद्ध्यर्थमस्माकं वरदो भव" એ પ્રમાણે પ્રાર્થના કરી પછી દેવીની પ્રાર્થના કરવી, તેનો મંત્ર,—"जय देवि जगन्मातर्जगदानंदकारिणि ॥ प्रसीद मम कल्याणि, नमस्ते षष्ठिदेवते ॥ त्रैलोक्ये यानि भूतानि, स्थावराणि चराणि च ॥ ब्रह्मविष्णुशिवैः सार्धं, रक्षां कुर्वंतु तानि मे ॥" પછી તિલ અને ગોળયુક્ત દૂધ પીવું. તેનો મંત્ર,—"सतिलं गुडसंमिश्रमंजल्यर्धमितं पयः ॥ मार्कंडेयाद्वरं लब्ध्वा, पिबाम्यायुर्विवृद्धये" કોઈ ગ્રંથમાં, પૂજન કરેલા સોળ દેવતાઓને ઉદ્દેશે નામમંત્રવડે એક એક દેવતાને અર્થે અઠાવીશ (૨૮) તિલની આહુતિ હોમવી, એમ કહ્યું છે. પછી બ્રાહ્મણને ભોજન કરાવવું. તે દિવસે નિયમ પાળવા તે,—નખ અને કેશનું છેદન, મૈથુન, પ્રયાણ, માંસભક્ષણ, કલહ, અને હિંસા એ જન્મદિવસે વર્જ્ય કરવાં. મરણ, (પુત્રાદિ) જન્મ, સંક્રાંતિ, શ્રાદ્ધ, જન્મદિવસ અને અસ્પૃશ્યનો સ્પર્શ, એમાંનું કોઈ પણ નિમિત્ત હોય તો ઉષ્ણ જળે સ્નાન કરવું નહીં.

अथचौलम् ॥ जन्मतोगर्भतोवाब्देप्रथमेथद्वितीयके तृतीयेपंचमेचापिचौलकर्मप्रशस्यते यद्वासहोपनीत्यात्रकुलाचाराद्व्यवस्थितिः माघफाल्गुनवैशाखज्येष्ठेमासिशुभंस्मृतं जन्ममासेधिमासेनज्येष्ठे ज्येष्ठस्यनोभवेत् शुक्लपक्षःशुभःप्रोक्तःकृष्णश्चांत्यत्रिकंविना द्वितीयाथतृतीयाचपंचमीसप्तमीशुभा दशम्येकादशीवापित्रयोदश्यपिशस्यते रविभौमार्किशनयोवाराविप्रादिवर्णतः गुरुशुक्रबुधाःशुक्लेसोमःसर्वेशुभावहाः अश्विनीमृगपुनर्वसुपुष्यहस्तचित्रास्वातीज्येष्ठाश्रवणधनिष्ठाशततारकारेवत्यःशुभाः क्षौरप्रयाणभैषज्येजन्मर्क्षंवर्जयेत्सदा आयुःक्षयोनुराधाग्नित्र्युत्तरारोहिणीमघे सिंहस्थेगुरौचौलादिशुभकर्मनकार्यं सूनोर्मातरिगर्भिण्यांचूडाकर्मनकारयेत् पंचमाब्दात्प्रागूर्ध्वंतुगर्भिण्यामपिकारयेत् सहोपनीत्याकुर्याच्चेत्तदादोषोनविद्यते पृथक्चूडाकर्मपृथगुपनयनंचमातरिगर्भिण्यांनकार्यं उभयोःसहानुष्ठानेतु नदोषः गर्भिण्यामपिपंचममासपर्यंतंनदोषः पंचममासादधःकुर्यादतऊर्ध्वंनकारयेदित्युक्तेः ज्वरितस्य चौलादिमंगलंनकार्यं विवाहव्रतचूडासुमातायदिरजस्वला तस्याःशुद्धेःपरंकार्यंमंगलंमनुरब्रवीत् नांदीश्राद्धोत्तरंरजस्वलायांशांतिंकृत्वाकार्यं केचित्तुमुहूर्तांतराभावेप्रारंभात्प्रागपिरजोदोषेश्रीपूजनादिविधिनाशांतिंकृत्वाकार्यमित्याहुः मातुलपितृव्यादौकर्तरितत्पत्न्यांरजस्वलायामपिमंगलंनेतिसिंधुः त्रिपुरुषात्मककुलेषण्मासमध्येमौंजीविवाहरूपमंगलोत्तरंमुंडनाख्यंचूडाकर्मादिनकार्यं संकटेतुअब्दभेदेकार्यं चतुःपुरुषपर्यंतंकुलेसपिंडीकरणमासिकश्राद्धांतप्रेतकर्मसमाप्तेःप्राक् चूडाकर्मादिकमाभ्युदयिकंकर्मनकार्यं एकमातृजयोरेकवत्सरेपत्ययोर्द्वयोः नसंस्कारःसमानःस्यान्मातृभेदेविधीयते प्रारंभोत्तरंसूतकप्राप्तौकूष्मांडीभिर्ऋग्भिर्घृतंहुत्वागांदत्वाचूडोपनयनोद्वाहनादिकमाचरेत् अत्रविशेषोविवाहप्रकरणेवक्ष्यते मध्येमुख्याएकाशिखाअन्याश्चपार्श्वादिभागेष्वितियथाकुलाचारंप्रवरसंख्ययाशिखाश्चूडासमयेकार्याः उपनयनकालेमध्यशिखेतरशिखानांवपनंकृत्वामध्यभागेएवोपनयनोत्तरंशिखाधार्या चौलकर्मणिजातकर्मणिचभोजनेसांतपनकृच्छ्रंप्रायश्चित्तं अन्येषुसंस्कारेषुउपवासेनशुद्धिः चूडांताःसर्वेसंस्काराः स्त्रीणाममंत्रकाःकार्याः होमस्तुसमंत्रकः होमोप्यमंत्रकःकार्योनवाकार्यइतिवृत्तिकृदादिमतं एवंशूद्रस्याप्यमंत्रकंचौलं इदानींशिष्टेषुस्त्रीणांचूडादिसंस्कारकरणंनदृश्यते विवाहकाले चूडादिलोपप्रायश्चित्तमात्रंकुर्वंति चौलोत्तरंमासत्रयपर्यंतंसपिंडैःपिंडदानंतिलतर्पणंचनकार्यं महालयेगयायांपित्रोःप्रत्यब्दश्राद्धेचापिंडदानादिकार्यम् ॥

હવે ચૌલસંસ્કાર કહે છે.

"જન્મથકી કિંવા ગર્ભથકી પેહેલે, બીજે, ત્રીજે, અથવા પાંચમે વર્ષે ચૌલસંસ્કાર કરવો.; અથવા જનોઈની સાથે કરવો. એ વિષયમાં જેવો કુલાચાર હોય તે પ્રમાણે વ્યવસ્થા જાણવી. માઘ,

ફાગણુ, વૈશાખ, અને જેઠ એ માસમાં ચૌલસસ્કાર શુભ છે, જન્મમાસ અને અધિકમાસમાં ચૌલકર્મ કરવું નહીં. જેઠ માસમાં જ્યેષ્ઠ પુત્રને ચૌલકર્મ કરવું નહીં, શુક્લપક્ષ શુભ છે. છેવટના પાંચ દિવસ વર્જ્ય કરી કૃષ્ણુપક્ષ પણુ શુભ છે. બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, અગીયારસ, અને તેરશ એ તિથિઓ ઉત્તમ છે, રવિ, ભૌમ, શનિ, અને શનિ એ વાર ક્રમથી બ્રાહ્મણાદિક (ચાર) વર્ણુને શ્રેષ્ઠ છે, એટલે બ્રાહ્મણુને રવિવાર, ક્ષત્રિયને ભૌમ, વૈશ્યને શનિ અને શૂદ્રને શનિ. ગુરૂ, શુક્ર, બુધ, અને શુક્લપક્ષમાં સોમવાર એ સર્વે વર્ણુને શુભ છે.” અશ્વિની, મૃગ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતિ, જ્યેષ્ઠા, શ્રવણુ, ધનિષ્ઠા, શતતારકા અને રેવતી એ નક્ષત્ર શુભ છે. “ક્ષૌરકર્મ, પ્રયાણુ અને ઔષધસેવનવિષે જન્મનક્ષત્ર સર્વદા વર્જ્ય કરવું. અનુરાધા, કૃતિકા, ત્રણુ ઉત્તરા, રોહિણી, અને મઘા એ નક્ષત્રોમાં ચૌલકર્મ કરવાથી આયુષ્યનો ક્ષય થાય છે.” સિંહ રાશિનો ગુરૂ હોય તેમાં ચૌલાદિક શુભ કર્મ કરવું નહીં. “બાળકની માતા સગર્ભા હોય અને તે બાળકનું વય પાંચ વર્ષની અંદર હોય તો ચૌલકર્મ કરવું નહીં, બાળકનું વય પાંચ વર્ષ કરતાં અધિક હોય તો તેની માતા સગર્ભા છતાં પણુ ચૌલ કરવું. જનોઇની સાથે ચૌલકર્મ કરવાનું હોય તો દોષ નથી. ચૌલકર્મ અને યજ્ઞોપવીત એ સંસ્કાર માતા સગર્ભા હોય તો ભિન્ન ભિન્ન કરવા નહીં. બન્ને સાથે કરવામા તો દોષ નથી. ગર્ભિણી હોય તથાપિ પાંચમા માસપર્યંત દોષ નથી. કારણુ, “પાંચમા માસથી પ્રથમ કરવા, પાંચમા માસ પછી કરવા નહીં,” એવાં વચન છે. જ્વરયુક્ત હોય તેનાં ચૌલાદિક મંગળ કરવાં નહીં. “વિવાહ, મૌંજી અને ચૌલ એ સસ્કાર કરવાના છતાં જો તેની માતા રજસ્વલા થાય તો તેની શુદ્ધિ થયા પછી મગળ કાર્ય કરવાં એમ મનુ કહે છે.” નાંદીશ્રાદ્ધ થયા પછી રજસ્વલા થાય તો શાંતિ કરી મંગળ કાર્ય કરવાં. કોઈ ગ્રથકાર તો, બીજું મુહૂર્ત્ત ન મળે તો પ્રારંભથકી પ્રથમ પણુ રજસ્વલારૂપ દોષ થતાં શ્રીપૂજનાદિક વિધિવડે શાંતિ કરી મંગળ કાર્ય કરવું, એમ કહેછે. મામો અથવા કાકો ઇત્યાદિક કર્ત્તા હોય અને તેની સ્ત્રી રજસ્વલા થઈ હોય તથાપિ મંગળ કાર્ય કરવું નહીં એમ નિર્ણયસિંધુ ગ્રંથમાં કહ્યું છે. ત્રણુ પુરૂષપર્યંત કુલમાં મૌંજી અથવા વિવાહરૂપ મંગળ કાર્ય થયા પછી છ માસપર્યંત, મુંડન છે નામ જેનુ એવું ચૌલકર્મ ઇત્યાદિક કરવું નહીં. સકટ હોય તો વર્ષભેદથી કરવું એટલે ફાગણુમાં વિવાહ થયો હોય તો વૈશાખમાં ચૌલાદિક કરવું. ચાર પુરૂષપર્યંત કુલમાં, સપિંડીકરણુ અને માસિક એ શ્રાદ્ધ જેની અતમાં છે એવું પ્રેતકર્મ સમાપ્ત થયાથી પ્રથમ ચૌલકર્માદિક માંગલિક કર્મ કરવુ નહીં. “એક માતાથી ઉત્પન્ન થયલા એવા બે સહોદર (સગા) ભાઈ અથવા સગી બેહેન એમના સમાન (સરખા) સંસ્કાર કરવા નહી, માતા ભિન્ન હોય તો કરવા.” પ્રારંભ થયા પછી અશૌચ પ્રાપ્ત થાય તો કૂષ્માંડી ઋચાવડે ઘૃતનો હોમ કરી ગોદાન કરી ચૌલ, મૌંજી અને વિવાહ ઇત્યાદિક કરવાં. એ વિષયમાં વિશેષ નિર્ણુય છે તે વિવાહપ્રકરણુમાં કહેવાશે. મધ્યમાં મુખ્ય એક શિખા (ચોટી) રાખી બીજી શિખા પડખે, પાછળ ઇત્યાદિ ઠેકાણે, જેવો કુલાચાર હોય તે પ્રમાણે પ્રવરની સખ્યા હોય તેટલી, એટલે ત્રણુ પ્રવર હોય તો ત્રણુ, પાંચ પ્રવર હોય તો પાંચ, એ રીતે શિખાઓ ચૌલકર્મ સમયે રાખવી. મૌંજી સમયે મધ્યની શિખા રાખી બાકીની સર્વે શિખા કાઢી નાખવી. અને મૌંજી પછી મધ્યભાગમાંજ શિખા ધારણુ કરવી. ચૌલ અને જાતકર્મવિષે ભોજન કર્યુ હોય તો સાંતપનકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. બીજા સંસ્કારોવિષે ભોજન કર્યું હોય તો એક ઉપવાસવડે શુદ્ધિ થાય છે. જાતકર્મથકી ચૌલપર્યંત સર્વે સંસ્કાર સ્ત્રિયોના મંત્રરહિત કરવા. હોમ માત્ર મત્રસહિત કરવો. હોમ પણુ અમત્રક કરવો અથવા કરવો નહીં, એ વૃત્તિકારાદિકનો મત છે. એ પ્રમાણે શૂદ્રનું પણુ ચૌલકર્મ અમત્રક કરવું. હાલના વર્તમાન કાળમાં શિષ્ટજનો સ્ત્રીયોના ચૌલાદિક સસ્કાર કરતા હોય એમ દેખાતું નથી. વિવાહ સમયે ચૌલાદિક સંસ્કારના લોપનું પ્રાયશ્ચિત્ત માત્ર કરે છે. ચૌલ કીધા પછી સપિંડોએ ત્રણુ માસપર્યંત પિંડદાન અને તિલતર્પણુ કરવાં નહીં. મહાલયશ્રાદ્ધ, ગયાશ્રાદ્ધ અને માતા પિતાનું સાંવત્સરિકે શ્રાદ્ધ એમાં પિંડદાન ઇત્યાદિક કરવાં.

अथविद्यारंभः ॥ पंचमेवर्षेअक्षरलेखनारंभउत्तरायणेकार्यः अत्रकुंभस्थःसूर्योवर्ज्यः शुक्लपक्षः शुभःप्रोक्तःकृष्णश्चांत्यत्रिकंविना द्वितीयातृतीयापंचमीदशम्येकादशीद्वादशीत्रयोदश्यःश्रेष्ठाः अश्विनी मृगार्द्रापुनर्वसुपुष्यहस्तचित्रास्वात्यनुराधाश्रवणधनिष्ठाशततारकारेवत्यो भौमशनिभिन्नवाराश्चशुभाः विघ्नेशंलक्ष्मीनारायणौसरस्वतींस्ववेदंसूत्रकारांश्चपूजयित्वागुरुंब्राह्मणान्धात्रींचसंपूज्यनत्वासर्वांस्त्रिःप्र

दक्षिणीकृत्यप्रणवपूर्वकमक्षरमारभेत् ततोगुरुंनत्वादेवताविसर्जयेत् ततोत्रभुवनमातःसर्ववाङ्मयरूपेणागच्छागच्छेतिसरस्वत्यावाहनमंत्रः प्रणवेनषोडशोपचारार्पणम् ॥

હવે વિધાના આરંભનો કાલ કહે છે.

પાંચમે વર્ષે ઉત્તરાયણમાં અક્ષર લખવાનો આરંભ કરાવવો. એ અક્ષર લખવામાં કુંભ રાશીનો સૂર્ય વર્જ્ય કરવો. "શુક્લપક્ષ શુભ છે. છેવટના પાંચ દિવસ વર્જ્ય કરી કૃષ્ણપક્ષ પણ શુભ છે." બીજ, ત્રીજ, પાંચમ, દશમ, એકાદશી, દ્વાદશી અને તેરશ એ તિથિઓ શ્રેષ્ઠ છે. આશ્વની, મૃગ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અને રેવતી એ નક્ષત્ર શુભ છે. મંગલ અને શનિ વર્જ્ય કરી બીજા વાર શુભ છે. વિઘ્નેશ, લક્ષ્મી, નારાયણ, સરસ્વતી, પોતાનો વેદ અને સૂત્રકાર એમની પૂજા કરી ગુરૂ, બ્રાહ્મણો અને ઉપમાતા (ધાવમા) એમની પૂજા કરી નમસ્કાર કરી સર્વેને ત્રણ પ્રદક્ષિણા કરી પ્રથમ પ્રણવ (ઓંકાર) લખી પછી બીજા અક્ષરો લખવાનો આરંભ કરવો. પછી ગુરૂને નમસ્કાર કરી દેવતાઓનું વિસર્જન કરવું. પછી, "अत्र भुवनमातः सर्ववाङ्मयरूपेणागच्छागच्छ," એ મંત્રવડે સરસ્વતીનું આવાહન કરવું. અને પ્રણવમંત્રવડે સોળ ઉપચાર અર્પણ કરવા.

अथानुपनीतधर्माः ॥ प्रागुपनयनात्कामचारकामवादकामभक्षाः तेनमूत्रपुरीषोत्सर्गादावाचमनाद्याचारोनास्ति लघुपातकहेतुलशुनपर्युषितोच्छिष्टादिभक्षणेदोषाभावः एवमपेयपानेअनृतावाच्यभाषणेपि महादोषहेतुमांसांत्यजरजस्वलादिस्पृष्टान्नभक्षणेमद्यादिपानेचदोषोस्त्येव रजस्वलादिसंस्पर्शेस्नानमेवकुमारके शिशोरभ्युक्षणंप्रोक्तंबालस्याचमनंस्मृतं तत्रप्रागन्नप्राशनाच्छिशुसंज्ञा ततऊर्ध्वं प्राक्चौलात्त्रिवर्षाद्वाबालसंज्ञा ततआमौंजीबंधात्कुमारसंज्ञा अत्राचमनमितित्रिरुदकपानमेव नतुओष्ठमार्जनादिकल्पइतिज्ञेयं नचानुपनीतोवेदमुच्चारयेत् पित्रोरंत्यक्रियायांत्वनुपनीतेनापिमंत्रोच्चारःकार्यः सचद्वित्रिवर्षयोःकृतचूडस्यैवत्रिवर्षोर्ध्वंत्वकृतचूडस्यापि एतच्चौरसपुत्रविषयं पित्रोरनुपनीतोपिविदध्यादौरसःसुतः और्ध्वदेहिकमन्येतुसंस्कृताःश्राद्धकारका इतिस्कांदात् बालानामपथ्यंपित्रादिभिर्निवारणीयं तस्मात्सर्वप्रयत्नेनबालानग्रेतुभोजयेत् बालानांक्रीडनदानेस्वर्गसुखं तेषांभोज्यप्रदाने गोदानफलम् ॥

હવે જેને યજ્ઞોપવીત નથી મળ્યું તેના ધર્મ કહે છે.

મૌંજી થયાથી પ્રથમ બાળક ઇચ્છાપ્રમાણે ફરે, ઇચ્છામાં આવે તેની જોડે ભાષણ કરે, અને ઇચ્છામાં આવે તે ભક્ષણ કરે તેમાં દોષ નથી, તેથી લઘુશંકા અને શૌચ ઇત્યાદિકવિષે આચમન કરવાનો જે આચાર ઉક્ત છે તે મૌંજીથી પ્રથમ નથી. લઘુપાતકનું કારણ જે, લસણ, વાસી રહેલું અન્ન અને ઉચ્છિષ્ટ અન્ન, ઇત્યાદિકનું ભક્ષણ તે થવાથી દોષ નથી. એ પ્રમાણે પીવાને અયોગ્ય પદાર્થ પીવામાં આવે અથવા ખોટું કે ન બોલવાનું ભાષણ કરવામાં આવે તો પણ દોષ નથી. મહાદોષનાં કારણ જે, માંસ અથવા અંત્યજ અને રજસ્વલા ઇત્યાદિકે સ્પર્શ કરેલું અન્ન તેનું ભક્ષણ થયું હોય અથવા મદ્યાદિક પીવામાં આવ્યું હોય તો દોષ છેજ. "રજસ્વલા ઇત્યાદિકને કુમારને સ્પર્શ થાય તો કુમારે સ્નાનજ કરવું. શિશુને જલ છાંટવું, અને બાલકે આચમન કરવું." અન્નપ્રાશન થકી પ્રથમ શિશુ સંજ્ઞા છે. અન્નપ્રાશન પછી અને ચૌલથી પ્રથમ અથવા ત્રણ વર્ષથી પ્રથમ બાલ સંજ્ઞા છે. ચૌલ પછી મૌંજીબંધન થવાપર્યંત કુમાર સંજ્ઞા છે. ઈહાં આચમન કરવું એટલે ત્રણ વાર જલ પાનજ માત્ર કરવું, હોઠને માર્જન કરવું ઇત્યાદિક પક્ષ નથી. યજ્ઞોપવીત જેને થયું ન હોય તેણે. વેદનો ઉચ્ચાર કરવો નહીં. માતાપિતાની અંત્યક્રિયા (પ્રેતક્રિયા) માં તો જેને યજ્ઞોપવીત ન મળ્યું હોય તેણે પણ વેદના મંત્રનો ઉચ્ચાર કરવો. તે મંત્રોચ્ચાર વિષે અધિકાર બીજા અથવા ત્રીજા વર્ષમાં તો જેને ચૌલ થયું હોય તેનેજ છે. ત્રણ વર્ષ પછી તો જેને ચૌલ ન થયું હોય તેવાને પણ છે. મૌંજીરહિત પુત્રે માતાપિતાની ક્રિયાને નિમિત્તે મંત્રોચ્ચાર કરવો એવું જે કહ્યું તે ઔરસ પુત્રવિષે જાણવું. "ઔરસ પુત્રને મૌંજી ન મળી હોય તથાપિ તેણે માતાપિતાની અંત્યક્રિયા કરવી, અને બીજા પુત્રો તો મૌંજીસંસ્કારે યુક્ત હોય તોજ શ્રાદ્ધ કરવાના અધિકારી છે," એવું સ્કંદપુરાણનું વચન છે. બાલકને અપથ્ય (અયોગ્ય ભોજનાદિક) નું નિવારણ પિતા ઇત્યાદિકે કરવું. "માટે સંપૂર્ણ

પ્રયત્ન કરી પ્રથમ બાલકોને ભોજન કરાવવું." બાલકોને રમતના દાનથી સ્વર્ગસુખ મળે છે. બાલકોને ભોજનયોગ્ય પદાર્થના દાનથી ગોદાનનું ફળ મળે છે.

अथोपनयनम् ॥ उपनयनंनाम आचार्यसमीपनयनांगकोगायत्र्युपदेशप्रधानकःकर्मविशेषकः उपनयनपदस्ययोगरूढत्वात् तत्राधिकारिणः पितैवोपनयेत्पुत्रंतदभावेपितु पिता तदभावेपितुर्भ्राता तदभावेतुसोदरः तदभावेसगोत्रसपिंडाः तदभावेमातुलादयोऽसगोत्रसपिंडाः तदभावेअसपिंडसगोत्रजाः एतेचकुमारापेक्षयावयोज्येष्ठाविवक्षिताः कनिष्ठकर्तृकोपनयनस्यनिषिद्धत्वात् सर्वाभावेश्रोत्रियः जन्मनाब्राह्मणोज्ञेयःसंस्कारैर्द्विजउच्यते विद्यत्वाद्यापिविप्रत्वंत्रिभिःश्रोत्रियउच्यते कृच्छ्रत्रयंचोपनेता त्रीन्कृच्छ्रांश्चवटुश्चरेत् गायत्र्याद्वादशाधिकसहस्रजपश्चोपनयनेत्राधिकारसिद्ध्यर्थंकार्यः केचिद्द्वादशसाहस्रींजपंति ॥

હવે ઉપનયન (મૌંજી) સંસ્કાર કહે છે.

ઉપનયન એટલે, કુમારને આચાર્યની સમીપે લઈ જવો એ જેનું અગ કર્મ, અને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરવો એ જેમાં પ્રધાન (મુખ્ય) કર્મ, એમણે યુક્ત જે એક કર્મ તેને ઉપનયન કહે છે. 'ઉપનયન' એ શબ્દ યોગરૂઢ છે, ઉપનયન સંસ્કાર કરવામાં અધિકારીઓ કહે છે.—"પુત્રને પિતાએજ ઉપનયન કરવું. પિતા ન હોય તો દાદાએ કરવું. દાદા ન હોય તો કાકાએ કરવું. કાકા ન હોય તો સગા ભાઈએ કરવું." સગો ભાઈ ન હોય તો સગોત્ર એવા જે સપિંડ તેમણે કરવું. સગોત્ર સપિંડ ન હોય તો મામા ઇત્યાદિક જે અસગોત્ર સપિંડ તેમણે કરવું. તેઓ ન હોય તો અસપિંડ એવા સગોત્રે કરવું. આ સઘળા જે ઉપનયન કરવામાં અધિકારી કહ્યા તે કુમારના વય કરતાં અધિક વયના હોવા જોઈએ. કારણ, કુમારની વય કરતાં કનિષ્ઠે કરેલું ઉપનયન નિષિદ્ધ છે. પૂર્વોક્ત અધિકારીઓમાંથી કોઈ પણ ન હોય તો શ્રોત્રિયે કરવું. "જન્મવડે બ્રાહ્મણ જાણવો; જે બ્રાહ્મણને સંસ્કાર થયા તે દ્વિજ છે, વેદાધ્યયન કરવાથી વિપ્ર છે; જન્મથી બ્રાહ્મણ તે સસ્કારે યુક્ત થઈ વેદાધ્યયન કરે ત્યારે શ્રોત્રિય કહેવાય છે"—"ઉપનયન કરનારાએ ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું, અને કુમારે ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું" ઉપનયન કર્તાએ ઉપનયન કરવાનો અધિકાર પ્રાપ્ત થવા માટે ગાયત્રીમત્રનો (૧૦૧૨) જપ કરવો. કેટલાએક (૧૨૦૦૦) જપ કરે છે.

अथोपनयनकालः ॥ गर्भतोजन्मतोवापंचमेष्टमेवावर्षेब्राह्मणस्योपनयनं एकादशेद्वादशेवाक्षत्रियस्य द्वादशेषोडशेवावैश्यस्य षष्ठेतुधनकामस्यविद्याकामस्यसप्तमे अष्टमेसर्वकामस्यनवमेकांतिमिच्छतः केचित्तुविप्रस्यषष्ठंनमन्यंते आषोडशाद्द्वाविंशाच्चतुर्विंशाच्चवर्षाद्ब्राह्मणादेर्गौणकालः अत्रगर्भादिःसंख्या तथाचजन्मतःपंचदशवर्षपर्यंतंविप्रस्यनविशेषतःप्रायश्चित्तं षोडशवर्षेसशिखवपनमेकविंशतिरात्रंयावकाशनमंतेसप्तब्राह्मणभोजनमितिप्रायश्चित्तं सप्तदशादिवर्षेषुकृच्छ्रत्रयादिप्रायश्चित्तपूर्वकमुपनयनंबोध्यं विप्रक्षत्रिययोरुत्तरायणेमौंजीबंधः वैश्यस्यदक्षिणायनेपि वसंतेब्राह्मणमुपनयीतग्रीष्मेराजन्यंशरदिवैश्यं माघादिज्येष्ठांतकपंचमासाःसाधारणावासकलद्विजानामितिशार्ङ्गोक्तेर्वसंतालाभेशिशिरग्रीष्मावपिग्राह्यौ वसंतविधिनोत्तरायणादिविधेःसंकोचायोगात् एवंमाघादिमासपंचकनियमात्पौषाषाढयोःसत्यप्युत्तरायणेउपनयनंनकार्यं तत्रापिमीनार्कमारभ्ययावन्मिथुनप्रवेशंप्रशस्तःकालः मीनमेषयोस्तुप्रशस्ततरः मकरकुंभस्थेर्केमध्यमं मीनमेषस्थेउत्तमं वृषभमिथुनस्थेऽधममुपनयनमित्यभिधानात् मीनार्कविशिष्टश्चैत्रोऽनिष्टबृहस्पत्यादिबहुविधदोषापवादकतयाप्रशस्ततमः जीवभार्गवयोरस्तेसिंहस्थेदेवतागुरौ चंद्रसूर्येदुर्बलेपिगोचरेनिष्टेगुरौ मेखलाबंधनंकार्यंचैत्रेमीनगतेरवावित्यर्थकस्मृतेः अत्रगुरुशुक्रास्तदोषापवादोऽतिमहासंकटविषयत्वान्नकथनीयः मीनार्कचैत्रेजन्ममासनक्षत्रदोषोनास्ति जन्ममासजन्मनक्षत्रजन्मतिथिजन्मलग्नजन्मराशिलग्नेषुविप्राणामुपनयनंनदोषाय क्षत्रियवैश्ययोरप्रथमगर्भेदोषोन ज्येष्ठापत्यस्यज्येष्ठमासेमंगलंन शुक्लपक्षःशुभःप्रोक्तःकृष्णश्चांत्यत्रिकंविनेतिगुरूक्तेः कृष्णपक्षेदशमीपर्यंतं संकटेपिकृष्णपक्षेपंचमीपर्यंतमेवकुर्वंति ॥

હવે ઉપનયનનો કાલ કહે છે.

ગર્ભથી અથવા જન્મથી પાંચમે અથવા આઠમે વર્ષે બ્રાહ્મણની મૌંજી કરવી. અગીયારમે અથવા બારમે વર્ષે ક્ષત્રિયની મૌંજી કરવી. બારમે અથવા સોળમે વર્ષે વૈશ્યની મૌંજી કરવી. "ધર્મની ઇચ્છા કરનારાની છઠ્ઠે વર્ષે, વિદ્યાની ઇચ્છા કરનારાની સાતમે વર્ષે, સર્વની ઇચ્છા કરનારાની આઠમે વર્ષે, અને કાંતિની ઇચ્છા કરનારાની નવમે વર્ષે મૌંજી કરવી." કોઈ ગ્રંથકાર છઠ્ઠું વર્ષ બ્રાહ્મણને ઉક્ત નથી એમ માને છે. ગૌણ કાલ કહે છે. સોળ વર્ષપર્યંત બ્રાહ્મણનો, બાવીશ વર્ષપર્યંત ક્ષત્રિયનો અને ચોવીશ વર્ષપર્યંત વૈશ્યનો, ગૌણ કાલ જાણવો. આ ગૌણ કાલ વિષે ગર્ભથકી સંખ્યા લેવી. એમ છતાં જન્મથકી પન્નર વર્ષપર્યંત (મૌંજી થઈ ન હોય તો) બ્રાહ્મણને વિશેષે કરી પ્રાયશ્ચિત્ત નથી. સોળમું વર્ષ થયું હોય તો શિખાસહિત વપન કરાવી એકવીશ રાત્રિપર્યંત યવ ભક્ષણ કરવા, પછી સાત બ્રાહ્મણને ભોજન કરાવવું, એ પ્રાયશ્ચિત્ત કરવું. સત્તરમું ઇત્યાદિક વર્ષ છતાં ત્રણ કૃચ્છ્ર ઇત્યાદિક પ્રાયશ્ચિત્ત પ્રથમ કરી પછી મૌંજી કરવી. એ રીતે નિર્ણય જાણવો. બ્રાહ્મણ અને ક્ષત્રિયની મૌંજી ઉત્તરાયણમાં કરવી. વૈશ્યની દક્ષિણાયનમાં પણ કરવી. "વસંતઋતુમાં બ્રાહ્મણને ઉપનયન કરવું. ક્ષત્રિયને ગ્રીષ્મઋતુમાં અને વૈશ્યને શરદ્ઋતુમાં ઉપનયન કરવું." "માઘથકી જ્યેષ્ઠપર્યંત પાંચ માસ સાધારણપણાથી સઘળાં દ્વિજોને ઉક્ત છે." એવું ગર્ગ ઋષીનું વચન છે માટે વસંત ન મળે તો શિશિરઋતુ અને ગ્રીષ્મઋતુએ પણ ગ્રહણ કરવી. કારણ, વસંતઋતુમાં બ્રાહ્મણની મૌંજી કરવી એ વિધિવડે ઉત્તરાયણ ઇત્યાદિક વિધિનો સંકોચ ઘટતો નથી. એ રીતે માઘ ઇત્યાદિક પાંચ માસ લેવા એવો નિયમ કહ્યો છે તેથી, પૌષ માસ અને આષાઢ માસ એમાં ઉત્તરાયણ હોય તથાપિ મૌંજી કરવી નહીં. તેમાં પણ મીનના સૂર્યથી આરંભ કરી મિથુન રાશીમાં સૂર્યના પ્રવેશપર્યંત જે કાલ તે શ્રેષ્ઠ છે. મીન અને મેષનો સૂર્ય છતાં તો અતિ ઉત્તમ. "મકર અને કુંભનો સૂર્ય છતાં મધ્યમ, મીન અને મેષનો સૂર્ય છતાં ઉત્તમ; તેમજ વૃષભ અને મિથુનનો સૂર્ય છતાં અધમ ઉપનયન," એવું વચન છે, તેથી મીનાર્કયુક્ત ચૈત્ર, અનિષ્ટ બૃહસ્પતિ ઇત્યાદિક અનેક દોષની નિવૃત્તિ કરનારો હોવાથી અત્યંતજ ઉત્તમ છે. કારણ, "ગુરૂ અને શુક્રનો અસ્ત સિંહસ્થ ગુરૂ, ચંદ્ર અને સૂર્ય દુર્બળ, અને ગોચર (ચાલતી રાશી)માં ગુરૂ અનિષ્ટ ઇત્યાદિક દોષ છતાં પણ મીનનો સૂર્ય હોય તો ચૈત્ર માસમાં મૌંજી કરવી, એ અર્થની સ્મૃતિ છે." આ મૌંજી વિષયમાં ગુરૂ શુક્રના અસ્તદોષનો જે અપવાદ કહ્યો તે અત્યંત મહાસંકટ હોય તોજ છે; માટે તે કહેવો નહીં. ચૈત્ર માસમાં મીનાર્ક હોય તો જન્મ માસ અને જન્મ નક્ષત્રનો દોષ નથી. જન્મ માસ, જન્મ નક્ષત્ર, જન્મ તિથિ, જન્મ લગ્ન, અને જન્મરાશિનું લગ્ન એઓમાં બ્રાહ્મણની મૌંજી કરવાથી દોષ નથી. ક્ષત્રિય અને વૈશ્યોને બીજા ઇત્યાદિક ગર્ભવિષે દોષ નથી. પ્રથમ સંતાનનું જ્યેષ્ઠ માસમાં મંગળ કરવું નહીં. "શુકલપક્ષ શુભ છે અને છેલ્લા પાંચ દિવસ વર્જ્ય કરી કૃષ્ણપક્ષ પણ શુભ;" એ બૃહસ્પતિનું વચન છે માટે કૃષ્ણપક્ષમાં દશમીપર્યંત, સંકટ હોય તો મૌંજી કરવી. શિષ્ટજનો તો સંકટ હોય તો પણ કૃષ્ણપક્ષમાં પંચમીપર્યંતજ મૌંજી કરે છે.

अथतिथिविचारः ॥ द्वितीयातृतीयापंचमीषष्ठीदशम्येकादशीद्वादश्यःप्रशस्ताः क्वचित्सप्तमी त्रयोदशीकृष्णप्रतिपद्विधिः पुनरुपनयनमूकाद्युपनयनविषयः तिथौसोपपदाख्यायामनध्यायेगलग्रहे अपराह्णेचोपनीतःपुनःसंस्कारमर्हति सिताज्येष्ठेद्वितीयाचआश्विनेदशमीसिता चतुर्थीद्वादशीमाघेएताः सोपपदाःस्मृताः अनध्यायाःपौर्णमासीचतुर्दश्यष्टमीअमा प्रतिपत्सूर्यसंक्रांतिमन्वाद्याश्चयुगादयः कृष्णपक्षेद्वितीयाचकार्तिकाषाढफाल्गुने विषुवायनसंक्रांत्योःपक्षिणीअनध्यायइतिपूर्वपरिच्छेदेउक्तं सोपपदानामनध्यायतिथीनांचदिनद्वयेसूर्योदयोत्तरंसूर्यास्तात्पूर्वंचत्रिमुहूर्तसत्त्वेदिनद्वयमनध्यायः शिष्टास्तु प्रतिपच्छेषेघटिकादिमात्रेपिव्रतबंधेऽनध्यायंवदंति विषुवायनेतरसंक्रांतिमन्वादियुगादिषुतु प्रथमद्वितीयपरिच्छेदोक्तरीत्या यत्रदिनेसंक्रांतिपुण्यकालोयुगमन्वादिश्राद्धकालश्चतद्दिनेनध्यायः नतु तेषामस्तादौमुहूर्तत्रयेसत्त्वमनध्यायहेतुः त्रयोदश्यादिचत्वारिसप्तम्यादिदिनत्रयं चतुर्थ्येकतःप्रोक्ताअष्टावेतेगलग्रहाः अत्रचतुर्थीनवमीचव्रतकालेत्याज्येतिभाति केचिच्चतुर्थीशेषयुतपंचम्यांव्रतबंधंनकुर्वंतितन्मूलंमृग्यं नवमीशेषयुतदशम्यांमौंजीनकार्येतिमयूखे अपराह्णस्त्रेधाविभक्तदिनतृतीयांशोव्रतबंधेवर्ज्यः दिनमध्यमभागोमध्यमः प्रथमभागोमुख्यः मन्वादियुगादयोद्वितीयपरिच्छेदेदर्शिताः तत्रोपनयनेचैत्र

शुक्लतृतीयायाः मन्वादेर्वैशाखशुक्लतृतीयायायुगादेश्चप्रसक्तिः अन्येषांयुगादिमन्वादितिथीनांप्रसक्तिर्नास्ति अनयोरपवादःसिंधुकौस्तुभादौस्मर्यंते याचैत्रवैशाखसितातृतीयामाघस्यसप्तम्यथफाल्गुनस्य कृष्णेद्वितीयोपनयेप्रशस्ताप्रोक्ताभरद्वाजमुनींद्रमुख्यैरिति अत्रमाघसप्तम्यामन्वादेरपवादः पुनरुपनयनादिविषयः फाल्गुनकृष्णद्वितीयायाश्चातुर्मास्यद्वितीयात्वेनानध्यायत्वंप्राप्तंतस्यापवादोयं यत्तु अनध्यायसपूर्वेद्युरनध्यायात्परेहनि व्रतारंभंविसर्गंचविद्यारंभंचवर्जयेदितिस्मृत्यंतरं तद्द्वितीयाविध्यनुपपत्त्यागलग्रहत्वेनप्राप्तसप्तमीनवमीत्रयोदशीनिषेधानुवादकमितिभाति अप्राप्तनिषेधकत्वेमन्वादियुगादिसंक्रांत्यादिप्रयुक्तानध्यायेभ्योपिपूर्वपरदिनयोर्निषेधापत्त्याचैत्रशुक्लद्वितीयादेरपिनिषिद्धत्वापातात् नचेष्टापत्तिः शिष्टाचारग्रंथेषुचानुपलंभात् मुहूर्तमार्तंडोक्त्या माघेशुक्लद्वितीयांकृष्णद्वितीयांवैशाखकृष्णद्वितीयांचेत्यनध्यायत्रयमुपनयनेधिकंप्राप्नोति एतदपरेनाद्रियंते बहुग्रंथेषुमूलानुपलंभात् मौंजीप्रकरणेमुहूर्तचिंतामण्यादिग्रंथेषुक्ताप्यनुक्तेश्च अतोमार्तंडोक्तानामतिरिक्तानध्यायानामुपनिषत्पाठादिविषयत्वं नतुमौंजीविषयत्वमितियुक्तंभाति तत्रतृतीयाषष्ठीद्वादशीषुप्रदोषसत्त्वेमौंजीनकार्या रात्रेःप्रथमयामेचतुर्थीसार्धयामेसप्तमीयामद्वयेत्रयोदशीचेत्तदाप्रदोषः दिनद्वयेप्रथमयामादिषुचतुर्थ्यादिव्याप्तौपूर्वदिनेप्रदोषोनोत्तरदिनेइतिकौस्तुभे प्रदोषदिनेमंदवारेकृष्णपक्षांत्यत्रिकेचोपनयनेपुनरुपनयनमितिमयूखे एते नित्यानध्यायाः ॥

હવે મૌંજીવિષે તિથિ કઇ લેવી તે કહે છે.

બીજ, ત્રીજ, પાંચમ, છઠ, દશમ, એકાદશી અને દ્વાદશી તે તિથિઓ શ્રેષ્ઠ છે. કોઈ ગ્રંથમાં સાતમ, તેરસ અને વદ એકમ લેવાની કહી છે, પરંતુ તે ફરી ઉપનયન, અને મૂક(મુંગા)ને ઉપનયનવિષે લેવી. "સોપપદા તિથિ, અનધ્યાય, ગલગ્રહ અને અપરાહ્ણ કાલ એમાંથી કોઈ એક કાલમાં જેને મૌંજી થઈ હોય તે ફરી ઉપનયનને યોગ્ય છે." "જ્યેષ્ઠ શુદ બીજ, આશુ શુદ દશમ, માઘ માસની ચોથ અને બારસ એ તિથિઓનું સોપપદા એવું નામ છે." "અનધ્યાય કહે છે-પૂનમ; ચૌદશ; આઠમ; અમાવાસ્યા; એકમ; સૂર્યની સંક્રાંતિ; મન્વાદિ તિથિ; યુગાદિ તિથિ; કાર્તિક, આષાઢ, અને ફાગણના કૃષ્ણપક્ષની બીજ; એ તિથિઓ અનધ્યાય છે. તુળ, મેષ, કર્ક અને મકર સંક્રાંતિનો પક્ષિણી અનધ્યાય છે એમ પ્રથમપરિચ્છેદમાં (પત્ર ૪ માં) કહ્યુ છે. સોપપદા તિથિ અને અનધ્યાય તિથિ એ બન્ને દિવસે સૂર્યોદય પછી અને સૂર્યાસ્તથકી પ્રથમ છ ઘડીપર્યંત હોય તો બન્ને દિવસ અનધ્યાય જાણવો. શિષ્ટજન તો, જો એકમ એક ઇત્યાદિક ઘડી શેષ હોય તોપણ મૌંજીવિષે અનધ્યાય માને છે. મેષ, તુળ, કર્ક, અને મકર એના કરતાં અન્ય સંક્રાંતી; મન્વાદિ, અને યુગાદિ એમનેવિષે તો પ્રથમ અને બીજા પરિચ્છેદમાં કહેલી રીતિ પ્રમાણે સંક્રાંતિનો પુણ્યકાલ અને યુગાદિ, મન્વાદિ તિથિનો શ્રાદ્ધકાલ એ જે દિવસે પ્રાપ્ત થાય તે દિવસે અનધ્યાય જાણવો, તે (અન્ય સંક્રાંતિ, મન્વાદિ, અને યુગાદિ તિથિ) અસ્ત ઇત્યાદિક સમયે છ ઘડી હોય તથાપિ તેમને અનધ્યાય સમજવા નહીં. તેરસથી એકમપર્યંત ૪ તિથિ, સાતમ, આઠમ, નોમ અને ચોથ એ આઠ તિથિની ગલગ્રહ સંજ્ઞા છે. ઇહાં ચોથ અને નોમ એ તિથિ મૌંજીમાં ત્યાજ્ય કરવી એમ ભાસે છે. કેટલાએક અલ્પ ચતુર્થીએ યુક્ત પંચમીમાં પણ મૌંજી કરતા નથી, પરંતુ તેમાં મૂળ વિચાર કરવો. નોમના શેષેયુક્ત'દશમીમાં મૌંજી કરવી નહીં એમ મયૂખમાં કહ્યું છે. અપરાહ્ણ એટલે દિવસના ત્રણ ભાગ કરી ત્રીજો ભાગ, તે મૌંજીવિષે વર્જ્ય કરવો. દિવસનો મધ્યમ ભાગ તે મધ્યમ અને પ્રથમ ભાગ તે મુખ્ય છે. મન્વાદિ અને યુગાદિ તિથિ બીજા પરિચ્છેદમાં કહેલી છે. ચૈત્ર શુદ ત્રીજ તે મન્વાદિ અને વૈશાખ શુદ ત્રીજ એ યુગાદિ એ બન્ને તિથિઓની મૌંજીવિષે પ્રાપ્તિ છે, બીજી યુગાદિ, મન્વાદિની પ્રાપ્તિ નથી. ચૈત્ર શુદ ત્રીજ અને વૈશાખ શુદ ત્રીજ એનો અપવાદ નિર્ણયસિંધુ, કૌસ્તુભ ઇત્યાદિક ગ્રંથોમાં કહ્યો છે. "ચૈત્ર અને વૈશાખની શુદ ત્રીજ, માઘ માસની સાતમ અને ફાગણ વદ બીજ એ તિથિઓ મૌંજીવિષે ઉત્તમ છે એમ મુનીંદ્ર ભરદ્વાજ ઇત્યાદિકોએ કહ્યું છે." ઇહાં માઘ માસની સાતમનો જે અપવાદ કહ્યો તે પુનરૂપનયનવિષે છે. ફાગણ વદ બીજને ચાતુર્માસ્ય(કર્મ)ની દ્વિતીયાપણાએ પ્રાપ્ત થયલાં અનધ્યાયપણાનો આ અપવાદ સમજવો. જે આ "અનધ્યાયથી પ્રથમ દિવસે અને અનધ્યાયને બીજે દિવસે મૌંજી સમાવર્તન અને વિદ્યારંભ એ કરવાં નહીં," એવી બીજી સ્મૃતિ છે તે તો, બીજની વિધિની અસિદ્ધિવડે એટલે બીજને અયોગ્ય ન માનતાં ગલગ્રહ તિથિના યોગવડે પ્રાપ્ત થયલી જે સપ્તમી, નવમી, અને ત્રયોદશીના નિષેધની પુનરૂક્તિ તેની

કરનારી છે એમ ભાસે છે. જો એને અપ્રાપ્ત (સ્વતંત્ર) નિષેધ માનિએ તો મન્વાદિ, યુગાદિ અને સંક્રાંતિ ઇત્યાદિકવડે થતા અનધ્યાયોના જે પૂર્વ અને પર દિવસ તેમનો પણ નિષેધ પ્રાપ્ત થતાં ચૈત્ર શુદ બીજનો પણ નિષેધ પ્રાપ્ત થશે; એ ઇષ્ટ નથી. કારણ, શિષ્ટાચાર ગ્રંથોમાં તેમ દેખાતું નથી. મુહૂર્તમાર્તંડકારના વચનવડે માઘ માસની શુદ બીજ વદ બીજ અને વૈશાખ વદ બીજ એ ત્રણ મૌંજીવિષે અધિક અનધ્યાય પ્રાપ્ત થાય છે, પરંતુ બીજા ગ્રંથકારો એ ત્રણ અનધ્યાય માનતા નથી. કારણ, ઘણા ગ્રંથોમાં આધાર મળતો નથી. મુહૂર્તચિંતામણી ઇત્યાદિક ગ્રંથોના મૌંજીપ્રકરણમાં એ ક્યાંય પણ કહ્યા નથી માટે માર્તંડમાં જે અધિક કહ્યા છે તે ઉપનિષદ ઇત્યાદિકના પાઠમાટે છે, મૌંજીમાટે નથી, એમ મને યોગ્ય ભાસેછે. તેમ ત્રીજ, છઠ, અને બારસને દિવસે પ્રદોષ હોય તો મૌંજી કરવી નહીં. રાત્રિના પ્રથમ પોહોરમાં ચોથ, દોઢ પોહોરમાં સાતમ, અને બે પોહોરમાં તેરશની વ્યાપ્તિ હોય તો પ્રદોષ થાય છે. બન્ને દિવસે પ્રથમ પોહોર ઇત્યાદિકમાં ચોથ ઇત્યાદિક તિથિની વ્યાપ્તિ હોય તો પ્રથમ દિવસે પ્રદોષ; બીજે દિવસે નહીં, એમ કૌસ્તુભમાં કહ્યું છે. પ્રદોષને દિવસે, શનિવારે અને કૃષ્ણપક્ષના છેલ્લા પાંચ દિવસે મૌંજી કરી હોય તો ફરી મૌંજી કરવી એમ મયૂખમાં કહ્યું છે. એ નિત્ય અનધ્યાય કહ્યા.

अथनैमित्तिकाः ॥ विवाहप्रतिष्ठोद्यापनादिष्वासमाप्तेः सगोत्राणामनध्यायइतिस्मृत्यर्थसारोक्तेस्त्रिपुरुषसपिंडेषुब्रह्मयज्ञादिवर्जनात् मौंजीविवाहादिनिमित्तकमंडपप्रतिष्ठाद्युत्सवसमाप्तिपर्यंतमुपनयनंनकार्यमितिभाति विवाहादिमंगलकरणेदोषोन शोभनदिनेचानध्यायइत्युक्तेर्गर्भाधानादिशुभकार्येदिनेएककुलेएकगृहेवाव्रतबंधोनकार्यइतिभाति भूकंपेभूविदारणेवज्रपातेउल्कापातेधूमकेतूत्पत्तौग्रहणेचदशाहंसप्ताहंवाव्रतबंधादिमंगलंनकार्यं केचित्संकटेत्रिदिनमनध्यायमाहुः अकालवृष्टौत्रिरात्रंपक्षिणीवानध्यायः पौषादिचैत्रांतमकालवृष्टिः केचिदार्द्रादिज्येष्ठांतसूर्यनक्षत्रादन्यत्राकालवृष्टिरित्याहुः यस्मिन्देशेयोवर्षाकालस्ततोन्यत्राकालवृष्टिरितिसिद्धांतः अतिवृष्टौकरकावृष्टौरुधिरवृष्टौचत्र्यहं प्रातःसंध्यागर्जनेत्वहोरात्रं गुरुशिष्यऋत्विग्मरणेत्र्यहं पशुमंडूकनकुलश्वाहिमार्जारमूषकैरंतरागमनेहोरात्रं आरण्यमार्जारादिगमनेत्रिरात्रं सृगालवानरैर्द्वादशरात्रं श्रवणद्वादशीयमद्वितीयामहाभरण्यादयोऽन्येप्यनध्यायानित्यानैमित्तिकाश्चबहवोग्रंथेषूक्तास्तेषामुपनयनेप्रसक्त्यभावादत्रनोक्ताः व्रतबंधेनांदीश्राद्धोत्तरंपूर्वोक्तप्रातर्गर्जितादिनैमित्तिकानध्यायप्राप्तौज्योतिर्निबंधे नांदीश्राद्धंकृतंचेत्स्यादनध्यायस्त्वकालिकः तदोपनयनंकार्यंवेदारंभंनकारयेदिति वेदारंभंनकारयेदितिनिषेधोयाजुषादिविषयः बह्वृचानामुपाकर्मण्येववेदारंभोक्त्यामौंजीदिनेवेदारंभाप्रसक्तेः तदोपनयनंकार्यमितिबह्वृचादिसर्वसाधारणः याजुषादिभिर्मौंज्युत्तरमपिअनध्यायप्राप्तौवेदारंभोवर्ज्यः नांदीश्राद्धात्प्राक्नैमित्तिकानध्यायेमुहूर्तांतरेकार्यंमौंज्युत्तरमनुप्रवचनीयात्प्राक्गर्जनेवक्ष्यते इतिअनध्यायादिनिर्णयः ॥

હવે નૈમિત્તક (નિમિત્તથી થયેલા) અનધ્યાય કહે છે.

વિવાહ, પ્રતિષ્ઠા (મંડપનું પૂજન), અને ઉદ્યાપન ઇત્યાદિક કાર્યની સમાપ્તિ થવાપર્યંત સગોત્ર (એક ગોત્રવાળાઓ)ને અનધ્યાય છે એમ સ્મૃત્યર્થસાર ગ્રંથમાં લખ્યું છે. માટે ત્રણ પુરૂષપર્યંત સપિંડોએ બ્રહ્મયજ્ઞ અને વૈશ્વદેવ ઇત્યાદિક કર્મ વર્જ્ય કરવાં એમ છે તેથી મૌંજી, વિવાહ ઇત્યાદિક નિમિત્તથી કરેલા જે મંડપપ્રતિષ્ઠાદિક ઉત્સવ તેની સમાપ્તિ થવાપર્યંત મૌંજી કરવી નહીં એમ ભાસે છે. વિવાહાદિક મંગલ કાર્ય કરવામાં દોષ નથી. 'મંગલ કાર્યને દિવસે અનધ્યાય,' એવું વચન છે તેથી ગર્ભાધાનાદિક મંગલ કાર્ય જે દિવસે હોય તે દિવસે એક કુલમાં અથવા એક ઘરમાં મૌંજી કરવી નહીં એમ ભાસે છે. ભૂકંપ, ભૂવિદારણ (પૃથ્વીમાં ફાટ પડવી), વીજ પડવી, આકાશમાંથી અગ્નિરૂપ તારા પડવા, કેતુનો ઉદય, અને ગ્રહણ ઇત્યાદિક થયાં હોય તો દશ દિવસ અથવા સાત દિવસપર્યંત મૌંજી ઇત્યાદિક મંગલ કાર્ય કરવાં નહીં. કોઈ ગ્રંથકાર સકટ હોય તો ત્રણ દિવસ અનધ્યાય, એમ કહે છે. સમય વિના વૃષ્ટિ થાય તો ત્રણ રાત્રી અથવા પક્ષિણી (બાર પોહોર) અનધ્યાય, પોષથકી ચૈત્ર માસપર્યંત જે વૃષ્ટિ તે અકાળવૃષ્ટિ છે. કોઈ ગ્રંથકાર આર્દ્રાથકી જ્યેષ્ઠાપર્યંત સૂર્યનક્ષત્ર વિના બીજે સમયે જે વૃષ્ટિ થાય છે તેને અકાળવૃષ્ટિ કહે છે. જે દેશમાં જે વર્ષાનો સમય છે તે વિના બીજે કાળે વૃષ્ટિ થાય તે અકાળવૃષ્ટિ, એ સિદ્ધાંત જાણવો. અતિવૃષ્ટિ, કરકાવૃષ્ટિ (કરા પડવા), અથવા રૂધિરવૃષ્ટિ થાય તો ત્રણ દિવસ અનધ્યાય. પ્રાતઃસંધ્યા સમયે મેઘગર્જન થાય

તો એક અહોરાત્ર અનધ્યાય, ગુરૂ, શિષ્ય, કે ઋત્વિક્ એઓમાંથી કોઇને મરણ પ્રાપ્ત થાય તો ત્રણ દિવસ અનધ્યાય. પશુ, દેડકાં, નોળિયું, કુતરૂં, સર્પ, બિલાડું, અને ઉંદર એમાંથી એકાદ (અધ્યયન સમયે) વચમાંથી નીકળી જાય તો એક અહોરાત્ર અનધ્યાય. જંગલી બિલાડા ઇત્યાદિક વચમાંથી નીકળી જાય તો ત્રણ રાત્રી અનધ્યાય. શિયાળ અથવા વાંદરો વચમાંથી નીકળી જાય તો બાર રાત્રી અનધ્યાય, શ્રવણદ્વાદશી, યમદ્વિતીયા અને મહાભરણી ઇત્યાદિક બીજા અનધ્યાય નિત્ય અને નૈમિત્તિક ઘણા ગ્રંથોમાં લખ્યા છે. પરતુ મૌંજીવિષે તેમની પ્રવૃત્તિ નથી તેથી ઈહાં કહ્યા નથી. મૌંજીવિષે નાંદીશ્રાદ્ધ થયા પછી પ્રથમ કહેલા પ્રાતઃકાલે મેઘગર્જનાદિક નૈમિત્તિક અનધ્યાય પ્રાપ્ત થાય તો જ્યોતિર્નિબંધ ગ્રંથમાં કહ્યું છે.—"નાંદીશ્રાદ્ધ કીધા પછી જો અકાલિક અનધ્યાય પ્રાપ્ત થાય તો ઉપનયન કરવું, વેદનો આરંભ કરવો નહીં." વેદારભ કરવો નહીં એવો જે નિષેધ કહ્યો તે યજુર્વેદી ઇત્યાદિમાટે જાણવો; કારણ ઋગ્વેદીઓએ ઉપાકર્મને સમયેજ વેદારંભ કરવો એમ કહ્યું છે તેથી તેમને મૌંજીને દિવસે વેદારંભની પ્રાપ્તિ નથી માટે 'ઉપનયન કરવું, વેદારંભ કરવો નહીં' એવો જે નિષેધ તે ઋગ્વેદી ઇત્યાદિક સર્વને સાધારણપણાએ કહ્યો છે. યજુર્વેદીઓએ મૌંજી થયા પછી પણ અનધ્યાય પ્રાપ્ત થાય તો વેદારંભ વર્જ્ય કરવો. નાંદીશ્રાદ્ધથકી પ્રથમ નૈમિત્તિક અનધ્યાય પ્રાપ્ત થાય તો બીજે મુહૂર્ત્તે મૌંજી થયા પછી અનુપ્રવચનીય હોમથકી પ્રથમ ગર્જના થાય તો તે વિષયમાં આગળ કહેવાશે. એ રીતે અનધ્યાયદિકનો નિર્ણય સમાપ્ત થયો.

इत्थंतिथिं तत्प्रसंगप्राप्तमनध्यायादिकंचविचार्यवारादिर्चिंत्यते गुरुशुक्रबुधवाराःश्रेष्ठाः सूर्यवारो मध्यमः चंद्रवारोधमः भौममंदवारौनिषिद्धौ सामवेदिनांक्षत्रियाणांचभौमवारःप्रशस्तः शाखाधिपति वाराश्चशाखाधिपबलंतथा शाखाधिपतिलग्नंचदुर्लभंत्रितयंव्रते गुरुशुक्रौभौमबुधावृग्वेदाद्यधिपाः स्मृताः पतीसितेज्यौविप्राणांनृपाणांकुजभास्करौ वैश्यानांशशभृत्सौम्याविंतिवर्णाधिपाःस्मृताः पितुः सूर्यबलंश्रेष्ठंशाखावर्णेशयोर्बटोः पितुर्बटोश्चसर्वेषांबलंवाक्पतिचंद्रयोः बटुतत्पित्रोरुभयोर्गुरुचंद्रबलाला भेबटोरुभयबलमावश्यकं तत्रचंद्रबलंगर्भाधानप्रसंगेउक्तं द्विपंचसप्तनवैकादशस्थोगुरुःशुभफलप्रदः जन्मतृतीयषष्ठदशमस्थानेषुपूजाहोमात्मकशांत्याशुभः चतुर्थाष्टमद्वादशस्थानेषुदुष्टफलः कर्कधनुर्मीनराशिषुचतुर्थादिस्थानेष्पिनदोषः अतिसंकटेचतुर्थद्वादशस्थोद्विगुणपूजाहोमादिनाशुभः अष्टमस्तुत्रिगुणपूजादिनाशुभः केचिदनिष्टोवामवेधेशुभइत्याहुस्तन्नेतिराजमार्तंडः अष्टमवर्षादिमुख्यकालेगुरुबलाभावेपिमीनगतरवियुतचैत्रेवाशांत्यावाव्रतबंधःकार्यो नतुमुख्यकालातिक्रमः नित्यकालस्यबलीयस्त्वात् ॥

એ પ્રમાણે તિથિ, અને તિથિના પ્રસંગથી અનધ્યાયાદિકનો નિર્ણય કહી હવે વારાદિકનો નિર્ણય કહે છે,—ગુરૂ, શુક્ર અને બુધ એ વાર શ્રેષ્ઠ છે. રવિવાર મધ્યમ, સોમવાર અધમ, ભૌમ અને શનિવાર નિષિદ્ધ છે. સામવેદી અને ક્ષત્રિય એમને ભૌમવાર શ્રેષ્ઠ છે. "શાખાધિપતિનો વાર, શાખાધિપતિનુ બળ, અને શાખાધિપતિનું લગ્ન એ ત્રણ મૌંજીમાં મળવાં દુર્લભ છે. ગુરૂ, શુક્ર, ભૌમ, અને બુધ એ ક્રમથી ચાર વેદના અધિપતિ છે, ગુરૂ અને શુક્ર બ્રાહ્મણના અધિપતિ, મંગળ અને રવિ ક્ષત્રિયના અધિપતિ, ચંદ્ર અને બુધ વૈશ્યના અધિપતિ, એ પ્રમાણે વર્ણાધિપતિ કહ્યા. પિતાને સૂર્યબળ શ્રેષ્ઠ, બટુને શાખાવિપતિ અને વર્ણાધિપતિતું બળ શ્રેષ્ઠ છે. પિતા બટુ અને બીજા સઘળાઓને બૃહસ્પતી અને ચદ્રબળ શ્રેષ્ઠ છે." બટુ અને તેની માતા પિતા એમને ગુરૂ અને ચંદ્રનું બળ ન હોય તો બટુને ગુરૂ અને ચદ્રનું બળ અવશ્ય જોઇએ. તેમાં ચંદ્રબળ ગર્ભાધાન પ્રસંગમાં કહ્યું છે. જન્મ રાશિથકી ૨।૫।૭।૯।૧૧ એ સ્થાનકે રહેલો ગુરૂ શુભ ફળ દેનારો છે. ૧।૩।૬।૧૦ એ સ્થાનકે ગુરૂ પૂજા, હોમરૂપ શાંતિવડે શુભ છે. ૪।૮।૧૨ એ સ્થાનકે ગુરૂ દુષ્ટફળ દેનારો છે. કર્ક, ધનુષ અને મીન એ રાશિનો ગુરૂ હોય તો ૪।૮।૧૨ સ્થાનકે છતાં પણ દોષ નથી. અતિ સંકટ હોય તો ચોથો, બારમો દ્વિગુણ પૂજા હોમ ઇત્યાદિક કરવાથી શુભ છે. આઠમો હોય તો ત્રિગુણ પૂજા, હોમ ઇત્યાદિકવડે શુભ છે. કોઈ ગ્રંથકાર, અનિષ્ટ ગુરૂ વામવેધ હોવાથી શુભ છે એમ કહે છે, પરંતુ રાજમાર્તંડમા તેનો નિષેધ છે. આઠમું વર્ષ ઇત્યાદિક મુખ્ય કાળે ગુરૂબળ ન હોય તો પણ મીન રાશિના સૂર્ય યુક્ત ચૈત્ર માસમાં મૌંજી કરવી, અથવા શાતિ કરી મૌંજી કરવી, પણ મુખ્ય કાળ જવા દેવો નહી; કારણ નિત્ય કાળ બલવાન છે.

अथनक्षत्राणि ॥ पूर्वात्रयहस्तचित्रास्वातीमूलाश्लेषार्द्राश्रवणेषुऋग्वेदिनांमौंजीशस्ता रोहिणीमृगपुष्यपुनर्वसुत्र्युत्तराहस्तानुराधाचित्रारेवतीषुयजुषाणां अश्विनीपुष्योत्तरात्रयार्द्राहस्तधनिष्ठाश्रवणेषुसामगानां अश्विनीमृगानुराधाहस्तधनिष्ठापुनर्वसुरेवतीषुअथर्ववेदिनां एषांनक्षत्राणामसंभवे भरणीकृत्तिकामघाविशाखाज्येष्ठाशततारकावर्जयित्वासर्वाणिसर्वेषांग्राह्याणि राजमार्तंडेपुनर्वसुनिषेधो निर्मूलइतिबहवः केचिदृक्सामवेदविषयःपुनर्वसुनिषेधइत्याहुः व्यतीपातवैधृतिपरिघार्धषुविष्कंभादीनां निषिद्धनाडीषुभद्रायांग्रहणेचमौंजीवर्ज्या ॥

હવે મૌંજીનાં નક્ષત્ર કહે છે.

પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, હસ્ત, ચિત્રા, સ્વાતી, મૂળ, આશ્લેષા, આર્દ્રા અને શ્રવણ એ નક્ષત્રોમાં ઋગ્વેદીઓની મૌંજી શ્રેષ્ઠ છે. રોહિણી, મૃગ, પુષ્ય, પુનર્વસુ, ત્રણ ઉત્તરા, હસ્ત, અનુરાધા, ચિત્રા અને રેવતી એ નક્ષત્રોમાં યજુર્વેદીઓની મૌંજી પ્રશસ્ત છે. અશ્વિની, પુષ્ય, ત્રણ ઉત્તરા, આર્દ્રા, હસ્ત, ધનિષ્ઠા અને શ્રવણ એ નક્ષત્રમાં સામવેદીઓની મૌંજી શ્રેષ્ઠ છે. અશ્વિની, મૃગ, અનુરાધા, હસ્ત, ધનિષ્ઠા, પુનર્વસુ અને રેવતી એ નક્ષત્રોમાં અથર્વણવેદીઓની મૌંજી શ્રેષ્ઠ છે. એ નક્ષત્રો ન મળે તો ભરણી, કૃત્તિકા, મઘા, વિશાખા, જ્યેષ્ઠા અને શતભિષા એ નક્ષત્રો વર્જ્ય કરી બાકીનાં સર્વ નક્ષત્રો સઘળાઓએ લેવાં. રાજમાર્તંડમાં પુનર્વસુનો નિષેધ કહ્યો છે તે નિર્મૂળ છે, એમ ઘણા ગ્રંથકારો કહે છે. કોઈ ગ્રંથકાર પુનર્વસુનો નિષેધ . ઋગ્વેદી અને સામવેદીમાટે છે એમ કહે છે. વ્યતીપાત, વૈધૃતિ, પરિઘનું અર્ધ, વિષ્કંભ[1] ઇત્યાદિક યોગોની નિષિદ્ધ ઘડી; ભદ્રા અને ગ્રહણ એમાંનું એક પણ હોય તો મૌંજી કરવી નહીં.

अथलग्नेग्रहबलम् ॥ मतेग्राह्याद्वादशाष्टषड्वर्ज्याःशुभखेचराः खलास्त्र्यायारिगाश्चंद्रःशुक्लगो कर्कगस्तनौ क्वचित्सूर्यस्तनौश्रेष्ठोऽष्टमेवर्ज्योऽखिलोग्रहः लग्नेशःशुक्रचंद्रौचषष्ठेवर्ज्याःसितोंत्यगः लग्नेचंद्रखलाश्चैवंदुर्वर्ज्योद्वादशाष्टमे पंचेष्टग्रहहीनंचलग्नंसर्वत्रवर्जयेत् तुलामिथुनकन्याख्याधनुर्वृषझषाह्वयाः नवमांशाःशुभाःप्रोक्ताःकर्कांशंवर्जयेद्व्रते षड्वर्गशुद्ध्यादिकमिष्टकालसाधनादिविचारश्चज्योतिर्ग्रंथेभ्यो ज्ञातव्यः मातरिरजस्वलायांमातुलज्येष्ठभ्रात्रादीनांपित्रसान्निध्यात्कर्तृणांपत्न्यांरजस्वलायांचमौंजीविवाहादिनकार्यं नांदीश्राद्धोत्तरंमातृरजसिभ्रात्रादिकर्त्रंतरसत्त्वेपिसन्निहितमुहूर्तांतरालमेशांतिंकृत्वाकार्यं अन्यथामुहूर्तांतरेएव नांदीश्राद्धोत्तरंमातुलादिकर्तृणांपत्नीरजोदोषेआरब्धत्वाच्छांतिंविनैवकार्यं मौंजीविवाहोत्तरंमंडपोद्वासनात्प्राक्मातृरजोदोषेपिशांतिःकार्या मंगलस्यासमाप्तत्वादितिमुहूर्तचिंतामणिटीकायां प्रारंभात्प्रागपिरजोदोषेमुहूर्तांतरालमेशांतिंकृत्वातिसंकटेव्रतबंधादिकंकार्यमितिकौस्तुभे शांतिप्रकारश्च ममामुकमंगलेसंस्कार्यजननीरजोदोषजनिताशुभफलनिरासार्थंशुभफलावाप्त्यर्थंश्रीपूजनादिशांतिंकरिष्यइतिसंकल्प्य माषसुवर्णनिर्मितांलक्ष्मींश्रीसूक्तेनषोडशोपचारैःसंपूज्य स्वगृह्योक्तविधिना श्रीसूक्तेनप्रत्यृचंपायसंहुत्वाकलशोदकेनाभिषिच्य विष्णुंस्मृत्वाकर्मेश्वरार्पणंकुर्यादिति प्रारंभोत्तरंसूतकप्राप्तौएकोदरयोःसमानसंस्कारेप्रेतकर्मासमाप्तौचचौलप्रकरणेउक्तं विशेषस्तुवक्ष्यते ॥

હવે લગ્નમાં ગ્રહબળ કહે છે.

મૌંજીવિષે લગ્નશુદ્ધિ જોવી તે આ રીતે;—"બારમું, આઠમું, અને છઠું સ્થાનક વર્જ્ય કરી (અન્ય સ્થાનકે) રહેલા શુભ ગ્રહો મૌંજીમાં ગ્રહણ કરવાના કહ્યા છે. ત્રીજે, છઠ્ઠે અને અગીયારમે સ્થાનકે પાપગ્રહ ઉક્ત છે. શુક્લપક્ષમાં ચંદ્ર વૃષ અથવા કર્ક રાશીનો થઈ લગ્નમાં હોય તો શ્રેષ્ઠ છે. કોઈ ગ્રંથમાં લગ્નમાં સૂર્ય હોય તો શ્રેષ્ઠ છે, એમ કહ્યું છે, અને આઠમે સ્થાનકે કોઈ પણ ગ્રહ હોય તો વર્જ્ય કરવો. છઠ્ઠે લગ્નપતિ, શુક્ર અને ચંદ્ર એ વર્જ્ય કરવા અને બારમે શુક્ર વર્જ્ય કરવો. ચંદ્ર અને પાપગ્રહ લગ્ને; અને બારમે તથા આઠમે ચંદ્ર વર્જ્ય કરવા. પાંચ ઇષ્ટ (જોઇતા) ગ્રહ જે લગ્નમાં આવે નહીં તે લગ્ન સર્વત્ર વર્જ્ય કરવું. તુલ, મિથુન, કન્યા, ધન, વૃષ અને મીન એ નવમાંશ શુભ છે. મૌંજીમાં કર્ક રાશિનો નવમાંશ વર્જ્ય કરવો." ષડ્વર્ગશુદ્ધિ ઇત્યાદિક અને ઇષ્ટ કાલ-

---

[1] વિષ્કંભની ૩ ઘડી, વ્યાઘાતની ૯, શૂલની ૫, વજ્રની ૩, ગંડની ૬, અતિગંડની ૬, એ પ્રમાણે એ યોગોની પ્રથમની ઘડિયો વર્જ્ય છે એમ જાણવું.

સાધન ઇત્યાદિકનો વિચાર જ્યોતિષના ગ્રંથોથી જાણવો. જેને મૌંજી કરવાની તેની માતા રજસ્વલા હોય અને પિતા સમીપે ન હોવાથી મામો, મ્હોટો ભાઇ ઇત્યાદિક મૌંજી કરનારા હોતા છતાં તેની સ્ત્રી રજસ્વલા હોય તો મૌંજી, વિવાહ ઇત્યાદિક કરવાં નહીં. નાંદીશ્રાદ્ધ થયા પછી માતા રજસ્વલા થયા છતાં જો ભાઈ ઇત્યાદિક બીજો કર્ત્તા હોય તથાપિ બીજું મુહૂર્ત્ત સમીપ ન મળે તો શાંતિ કરી ઉપનયન કરવું. તેમ ન હોય તો બીજે મુહૂર્તેજ કરવું. નાંદીશ્રાદ્ધ થયા પછી મામો ઇત્યાદિક કર્ત્તાની સ્ત્રી રજસ્વલા થાય તો આરંભ થયો છે માટે શાંતિ કીધાવિનાજ કરવું. મૌંજી અને વિવાહ એ થયા પછી મંડપવિસર્જનથી પ્રથમ માતા રજસ્વલા થાય તો પણ મંગળની સમાપ્તિ થઈ નથી માટે શાંતિ કરવી, એમ મુહૂર્ત્તચિંતામણિની ટીકામાં કહ્યું છે. પ્રારંભથી પ્રથમ પણ રજસ્વલા થઈ હોય અને બીજું મુહૂર્ત્ત મળતું ન હોય તો અતિ સંકટ છતાં શાંતિ કરી મૌંજી ઇત્યાદિક કાર્ય કરવાં. એમ કૌસ્તુભમાં કહ્યું છે. શાંતિનો પ્રકાર કહે છે—" ममामुकमंगले संस्कार्यजननीरजोदोपजनिताशुभफलनिरासार्थं शुभफलावाप्त्यर्थं श्रीपूजनादिशांतिं करिष्ये," એવો સંકલ્પ કરી એક માષા સુવર્ણની લક્ષ્મીની પ્રતિમા કરી તે પ્રતિમાની શ્રીસૂક્તવડે ષોડશોપચાર પૂજા કરી પોતાના ગૃહ્યમાં કહેલા વિધિપ્રમાણે શ્રીસૂક્તની દરએક ઋચાવડે પાયસનો હોમ કરી કલશના જલવડે અભિષેક કરી વિષ્ણુસ્મરણ કરી કર્મ ઈશ્વરને અર્પણ કરવું. પ્રારંભ થયા પછી આશૌચ પ્રાપ્ત થાય, સગા ભાઈના સમાન સંસ્કાર કરવાના હોય; અને પ્રેતકર્મની સમાપ્તિ થઈ ન હોય; એ વિષયનો નિર્ણય ચૌલપ્રકરણમાં (પત્ર ૨૧૨ માં) કહ્યો છે. વિશેષ નિર્ણય કહેવો તે આગળ કહેવાશે.

अथपदार्थसंपादनम् ॥ कौपीनंप्रावारश्चकार्पासजमहतंसंपाद्यं ईषद्धौतंनवंश्वेतंसदशंवस्त्रमहतसंज्ञं प्रावारार्थमजिनंवा तच्चत्र्यंगुलंचतुरंगुलंवावहिर्लोमाखंडंत्रिखंडंवाष्टाचत्वारिंशदंगुलंधार्यं त्रिखंडपक्षेचतुर्विंशत्यंगुलाष्टांगुलषोडशांगुलाःक्रमेणत्रयःखंडाः कार्पासंयज्ञोपवीतम् ॥

હવે મૌંજીમાટે પદાર્થ એકઠા કરવાં તે કહે છે.

કૌપીન (લંગોટી), ઓઢવાનું વસ્ત્ર, એ કપાસનાં અહુત લેવાં. એકાદ વખત ધોયલું, નવું, શ્વેતવર્ણ અને દશા (છેડાએ) યુક્ત જે વસ્ત્ર તે અહત કહેવાય છે, તે ઓઢવામાટે લેવું, અથવા કાળું મૃગચર્મ લેવું. તે કૃષ્ણાજીન ત્રણ અંગુલ અથવા ચાર અંગુલ, બાહેર રોમવાળું એવું, અખંડ અથવા ત્રિખંડ (૪૮) અંગુલનું ધારણ કરવું. ત્રિખંડ ધારણ કરવું હોય તો (૨૪) અંગુલ, (૮) અંગુલ, અને (૧૬) અંગુલના એ પ્રમાણે ક્રમથી ત્રણ ટુકડા જોઇએ. યજ્ઞોપવીત કરવું તે કપાસનું કરવું.

तन्निर्माणप्रकारः ॥ ब्राह्मणेनब्राह्मणस्त्रीभिर्विधवादिभिश्चनिर्मितंसूत्रंग्राह्यं संहतचतुरंगुलिमूलेषुषण्णवत्यासूत्रमावेष्ट्य तत्त्रिगुणीकृत्योर्ध्ववृत्तंवलितंकृत्वा पुनरधोवृत्तरीत्यात्रिगुणीकृतंतत्सूत्रंनवतंतुकंसंपद्यते तत्त्रिरावेष्ट्यदृढग्रंथिंकुर्यात् स्तनादूर्ध्वमधोनाभेर्नधार्यंतत्कथंचन विच्छिन्नंवाप्यधोयातंभुक्त्वानिर्मितमुत्सृजेत् सिद्धेमंत्राःप्रयोक्तव्याइतिन्यायेनसिद्धंयज्ञोपवीतंत्रिगुणीकरणादिमंत्रैरभिमंत्र्ययज्ञोपवीतंपरममितिमंत्रेणधारयेत् तद्यथा गायत्र्यात्रिगुणीकृत्यापोहिष्ठेतितिसृभिःप्रक्षाल्य पुनर्गायत्र्यात्रिगुणीकृत्यग्रंथौविष्णुब्रह्मरुद्रान्न्यसेत् केचित्प्रतितंतुपुनर्नवदेवतान्यासमाहुः ततोगायत्र्यादशवारमभिमंत्रिताभिरद्भिर्यज्ञोपवीतंप्रक्षाल्योदुत्यमितितृचेनसूर्यायप्रदर्श्ययज्ञोपवीतमितिमंत्रेण प्रथमंदक्षिणंबाहुमुद्धृत्यपश्चात्कंठेधारयेदिति उपवीतंब्रह्मसूत्रंप्रोद्धृतेदक्षिणेकरे प्राचीनावीतमन्यस्मिन्निवीतंकंठलंबितं चितिकाष्ठचितिधूमचंडालरजस्वलाशवसूतिकास्पर्शस्नात्वायज्ञोपवीतत्यागः कंठलंबितत्वाधःकृत्वामलमूत्रोत्सर्गेचत्यागः मासचतुष्टयोत्तरंचयज्ञोपवीतत्यागः केचिज्जननशावाशौचयोरंतेपितत्त्यागमाहुः समुद्रंगच्छस्वाहेतिमंत्रेणसप्रणवव्याहृतिभिर्वाजीर्णयज्ञोपवीतत्यागः यज्ञोपवीतंप्रमादान्नष्टंचेत्तूर्ष्णीलौकिकं धृत्वा मनोज्योतिरितिअग्नेव्रतपतेव्रतंचरिष्यामितच्छकेयंतन्मेराध्यतां वायोव्रतपते० आदित्यव्रतपतेइत्यादिमंत्रचतुष्टयेन चतस्रआज्याहुतीर्हुत्वाविधिवन्नूतनंधारयेत् अथवायज्ञोपवीतनाशजन्यदोषनिरासार्थंप्रायश्चित्तंकरिष्येइतिसंकल्प्य आचार्यवरणाग्निप्रतिष्ठादिआज्यभागांतेसवितारंगायत्र्यातिलैराज्येनवाष्टोत्तरशतंसहस्रंवाजुहुयात् नूतनंधृत्वातिक्रांतंसंध्याद्याचरेदिति यज्ञोपवीतहीनःक्षणंतिष्ठेच्चेद्व्रत

गायत्रीजपः यज्ञोपवीतंविनाभोजनेविण्मूत्रकरणेवागायत्र्यष्टसहस्रंजपः वामस्कंधात्कूर्परेमणिबंधांतेवा पतितेयथास्थानंधृत्वात्रीन्षड्वा यथाक्रमंप्राणायामान्कृत्वानवंधारयेत् कोपादिनास्वयंयज्ञोपवीतत्यागे पूर्ववल्लौकिकंधृत्वाप्रायश्चित्तांतेनवंधारयेत् ब्रह्मचारिणएकंयज्ञोपवीतं स्नातकस्यद्वे उत्तरीयाभावेतृतीय कंजीवत्पितृकेणजीवज्ज्येष्ठभ्रातृकेणचोत्तरीयंतत्स्थानेतृतीयंयज्ञोपवीतंवानधार्यं आयुष्कामस्यत्र्यधिका निबहूनियज्ञोपवीतानि अभ्यंगेचोदधिस्नानेमातापित्रोर्मृतेहनि तैत्तिरीयाःकठाःकण्वाश्चरकावाजसनेयिनः कंठादुत्तार्यसूत्रंतुकुर्युर्वैक्षालनंद्विजाः अन्ययाजुषैर्बह्वृचैःसामगैश्चकंठादुत्तारणेतत्त्यक्त्वानवंधार्यम्

હવે યજ્ઞોપવીત કરવાની રીતિ કહે છે.

જનોઈમાટે સૂત્ર લેવું તે બ્રાહ્મણે બ્રાહ્મણની સ્ત્રીયો અને વિધવા ઇત્યાદિકોએ બનાવેલું લેવું, જોડાજોડ રાખેલી ચાર આંગળીઓના મૂલમા છન્નુંવાર સૂત્ર વીંટી તે સૂત્ર ત્રેવડું કરી તેને ઉર્ધ્વવૃત્ત વણી કરી તેને ત્રેવડું કરી અધોવૃત્ત રીતે વણવું, એટલે નવસૂત્ર થાય છે. પછી તે નવસૂત્રને ત્રણ વાર વીંટી પાકી ગાંઠ દેવી. "સ્તનથી ઉપર અને નાભીથી નીચે યજ્ઞોપવીત ક્યારે પણ ધારણ કરવું નહીં. તુટેલું, નીચે ઉતરેલું અથવા ભોજન કીધા પછી બનાવેલું એવું જે યજ્ઞોપવીત તેનો ત્યાગ કરવો." "સિદ્ધ થયલા પદાર્થોમાં મંત્ર જોડવા" એવો ન્યાય છે માટે યજ્ઞોપવીત તયાર થયા પછી ત્રિગુણીકરણાદિકના મંત્રોવડે મંત્રિત કરી "यज्ञोपवीतं परमं" એ મંત્રવડે ધારણ કરવું. તેનો પ્રકાર કહે છે;—ગાયત્રીમંત્રવડે ત્રિગુણિત કરી "आपोहिष्ठा०" એ ત્રણ ઋચાવડે પ્રક્ષાલન કરી ફરી ગાયત્રીમંત્રવડે ત્રિગુણિત કરી ગાંઠમાં બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રનું સ્થાપન કરવું. કોઈ ગ્રંથકાર, નવસૂત્રમાં નવ દેવતાનું સ્થાપન કરવું એમ કહે છે. પછી ગાયત્રીમંત્રવડે દશવાર મંત્રિત જલવડે યજ્ઞોપવીત ધોઈ "उद्वुत्यं०" એ ત્રણ ઋચાવડે સૂર્યને બતાવી "यज्ञोपवीतं०" એ મંત્રવડે પ્રથમ જમણો હાથ ઊંચો કરી પછી કંઠમાં ધારણ કરવું. "જમણો હાથ ઊંચો કરી ડાબા ખભા ઉપર ધારણ કરેલું જે બ્રહ્મસૂત્ર તે ઉપવીત, જમણા ખભા ઉપર ધારણ કરેલું જે બ્રહ્મસૂત્ર તે પ્રાચીનાવીત અને કંઠમાં સરલ માલાની પેઠે ધારણ કરેલું જે બ્રહ્મસૂત્ર તે નિવીત." ચિતાનાં કાષ્ઠ, ચિતાનો ધૂમ, ચાંડાલ, રજસ્વલા, શબ અને સુવાવડીનો સ્પર્શ થાય તો સ્નાન કરી યજ્ઞોપવીતનો ત્યાગ કરવો, એટલે બીજું ધારણ કરવું. નિવીતિ ઇત્યાદિક કીધાવિના મળમૂત્રનો ત્યાગ કરે તો પણ તે યજ્ઞોપવીતનો ત્યાગ કરવો. ચાર માસ થયા પછી પણ તે યજ્ઞોપવીતનો ત્યાગ કરવો. કોઈ ગ્રંથકાર જનનાશૌચ અને મૃતાશૌચને અંતે પણ યજ્ઞોપવીતનો ત્યાગ કરવો એમ કહે છે. જુના યજ્ઞોપવીતનો ત્યાગ કરવો તે "समुद्रं गच्छ स्वाहा" એ મંત્રવડે અથવા પ્રણવસહિત વ્યાહૃતિમંત્રવડે કરવો. યજ્ઞોપવીત પ્રમાદથી જતું રહ્યું હોય તો મંત્રરહિત યજ્ઞોપવીત ધારણ કરી "मनोज्योति०, अग्ने व्रतपते व्रतं चरिष्यामि तच्छकेयं तन्मे राध्यतां, वायो व्रतपते०, आदित्य व्रतपते०" ઇત્યાદિ ચાર મંત્રવડે ચાર ઘૃતાહુતિનો હોમ કરી પછી વિધિપૂર્વક નવીન યજ્ઞોપવીત ધારણ કરવું. અથવા "यज्ञोपवीतनाशजन्यदोषनिरासार्थं प्रायश्चित्तं करिष्ये," એવો સંકલ્પ કરી આચાર્યવરણ, અગ્નિસ્થાપન ઇત્યાદિ આજ્યભાગપર્યંત કર્મ કરી સવિતા દેવને ઉદ્દેશે ગાયત્રીમંત્રે તિલ અથવા ઘીનો અષ્ટોત્તરશત (૧૦૮) અથવા સહસ્ર (૧૦૦૮) હોમ કરવો. પછી નવીન યજ્ઞોપવીત ધારણ કરી રહી ગયેલું સંધ્યાદિક કર્મ કરવું. યજ્ઞોપવીતવિના જો એક ક્ષણ રહે તો સો ગાયત્રી જપ કરવો. યજ્ઞોપવીતવિના ભોજન કરે અથવા શૌચ કે મૂત્ર કરે, તો ગાયત્રીમંત્રનો આઠ હજાર જપ કરવો. ડાબા ખભાથી કોણી અથવા કાંડા ઉપર યજ્ઞોપવીત પડે તો ખભા ઉપરજ ધારણ કરી ત્રણ અને છ ક્રમથી પ્રાણાયામ કરવા. પછી નવીન ધારણ કરવું. ક્રોધાદિકવડે પોતેજ યજ્ઞોપવીતનો ત્યાગ કરે તો પ્રથમ કહ્યાપ્રમાણે લૌકિક યજ્ઞોપવીત ધારણ કરી પ્રાયશ્ચિત્ત કીધા પછી નવું ધારણ કરવું. બ્રહ્મચારીએ એક ધારણ કરવું, સ્નાતકે (સમાવર્તનસંસ્કાર જેનો થયો છે તેણે) બે પેહેરવાં. ઉત્તરીય વસ્ત્રને અભાવે ત્રીજું પેહેરવું. જેનો પિતા અથવા મ્હોટો ભાઈ જીવતો હોય તેણે ઉત્તરીય વસ્ત્ર અથવા તેને બદલે ત્રીજું યજ્ઞોપવીત ધારણ કરવું નહીં. આયુષ્યની ઇચ્છા કરનારાએ ત્રણ કરતાં અધિક ઘણાં યજ્ઞોપવીત પેહેરવાં. "અભ્યંગસ્નાન સમુદ્રસ્નાન અને માતા પિતાના સાંવત્સર શ્રાદ્ધને દિવસે તૈત્તિરીય, કઠ, કણ્વ, ચરક અને વાજસનેયી એટલા બ્રાહ્મણોએ કંઠથી યજ્ઞોપવીત કાઢી તેનું પ્રક્ષાલન કરવું." બીજા યજુર્વેદી, ઋગ્વેદી અને સામવેદી એમણે કંઠથી ઉતારેલું હોય તો તેનો ત્યાગ કરી નવું ધારણ કરવું.

अथमेखला ॥ मौंजीत्रिवृत्समाश्लक्ष्णाकार्याविप्रस्यमेखला त्रिवृत्ताग्रंथितैकेनत्रिभिःपंचभिरेवच मुंजाभावेतुकर्तव्याकुशाश्मंतकवल्वजैः ब्राह्मणस्यभवेद्दंडःपालाशःकेशसंमितः सर्वेषांयज्ञियोवास्यादूर्ध्वं नासाग्रसंमितः वटुहस्तेनचतुर्हस्ताहस्तोच्छ्रिताचतुरस्रासोपानांकिताप्रागुदक्प्रवणाकदलीस्तंभाद्यलंकृतावेदिःसंपाद्या ॥

હવે મેખલા (દંડ) ઇત્યાદિક કહે છે.

“મુંજના ઘાસની, ત્રેવડી, સરખી અને સુંદર ઝીણી એવી મેખલા બ્રાહ્મણની કરવી. તે મેખલાને ત્રણ ફેરા વીંટી પેહેલી ગાંઠ એક આવૃત્તિની, બીજી ત્રણ આવૃત્તિની અને ત્રીજી પાંચ આવૃત્તિની, એ પ્રમાણે બાંધવી. મુંજનું ઘાસ ન મળે તો કુશ, અશ્મંતક, બલ્વજ એ ઘાસની કરવી. બ્રાહ્મણનો કેશપર્યંત ઊંચો એવો ખાખરાનો દંડ કહ્યો છે. અથવા સઘળાઓનો યજ્ઞમાં યોગ્ય વૃક્ષનો દંડ નાસિકાના ઉપરના અગ્રપર્યંત ઊંચો એવો કહ્યો છે.” બટુના હાથપ્રમાણે સમચોરસ ચાર હાથ, ઊંચી એક હાથ, ચતુષ્કોણ, પગથી સહિત, પૂર્વ અથવા ઉત્તર તરફ નમતી અને કેળના સ્તંભાદિકવડે સુશોભિત એવી વેદી કરવી.

अथोपनयनांतर्गतपदार्थेषुविशेषउच्यते ॥ वासःपरिधानोत्तरंलौकिकमाचमनं यज्ञोपवीतधारणोत्तरंतुयथाविधि आचमनविधिर्वक्ष्यते एवमाज्यपात्रादुत्तरभागेवटुमाचमय्यप्रणीतापश्चिमदेशरूपतीर्थेनप्रवेश्याचार्याग्न्योर्मध्येननीत्वाचार्यदक्षिणतउपवेशयेत् ततोबर्हिरास्तरणादिस्रुवसंमार्गांतेयज्ञोपवीतदानाद्याचमनांतं ततःशिष्यांजलौजलावक्षारणादिसमिदाधानांतं गायत्र्युपदेशांगंवटोःशुचित्वसिद्धये अग्नयेसमिधमितिमंत्रएकश्रुत्याप्रयोक्तव्यः ततः परिदानाभिवादनांते आचारप्राप्तंगायत्रीपूजनंकृत्वाऽग्नेरुत्तरदेशेगायत्र्युपदेशःकार्यः अवक्षारणमप्युत्तरदेशेउक्तं प्राङ्मुखआचार्यः प्रत्यङ्मुखायोपविष्टायवटवेगायत्रीमुपदिशेत् ॥

હવે મૌંજીના અંતર્ગત પદાર્થોમાં વિશેષ કહે છે.

વસ્ત્ર પેહેર્યા પછી લૌકિક આચમન કરવું. યજ્ઞોપવીત ધારણ કીધા પછી તો વિધિયુક્ત આચમન કરવું. આચમનનો વિધિ આગળ કહેવાશે. એ રીતે આજ્યપાત્રની ઉત્તર તરફ બટુને આચમન કરાવી પ્રણીતાપાત્રના પશ્ચિમ દેશરૂપ તીર્થવડે પ્રવેશ કરાવી આચાર્ય અને અગ્નિના મધ્યમાંથી લઈ આચાર્યની ડાબી તરફ બેસાડવો. પછી બર્હિના આસ્તરણથકી સ્રુવસંમાર્ગપર્યંત કર્મ કીધા પછી યજ્ઞોપવીતદાન ઇત્યાદિક આચમનપર્યંત કર્મ કરવું. પછી શિષ્યની અંજલીમાં જલ આપવું, ત્યાંથી તે સમિદાધાનપર્યંત ગાયત્રી ઉપદેશનું અંગભૂત કર્મ કરવું. બટુને પવિત્રતાની સિદ્ધિ થવામાટે “अग्नये समिधं०” એ મંત્ર એક વાર કહેવો. પછી પરિદાન (સૂર્ય અને પ્રજાપતિને મનથી બટુ અર્પણ કરવો). અને અભિવાદન (અગ્નિને યથાવિધિ નમસ્કાર કરવો) એ કીધા પછી આચારપ્રાપ્ત ગાયત્રીપૂજન કરી અગ્નિની ઉત્તર તરફ બટુને ગાયત્રીનો ઉપદેશ કરવો. જલ આપવું તે પણ અગ્નિની ઉત્તર તરફ આપવું. પૂર્વ દિશા સંમુખ બેઠેલા આચાર્યે પશ્ચિમાભિમુખ બેઠેલા બટુને ગાયત્રીનો ઉપદેશ કરવો.

अथोपसंग्रहणप्रकारः ॥ उपसंग्रहणंनामामुकप्रवरान्वितामुकगोत्रोमुकशर्माहं भोअभिवादयइत्युक्त्वा दक्षिणोत्तरकर्णौवामदक्षिणपाणिभ्यांस्पृष्ट्वा दक्षिणहस्तेनगुरोर्दक्षिणपादंवामेनवामंस्पृष्ट्वाशिरोघनमनमिति एवंगुरुषुमातापित्रादिषुचअभिवादनपूर्वकपादस्पर्शात्मकमुपसंग्रहणं वृद्धतरेषुत्वभिवादनमात्रं वृद्धेषुनमस्कारः अशुचिवमंतमभ्यक्तंस्नानंकुर्वंतंजपादिरतंपुष्पजलभैक्षादिभारवाहंननमेत् तन्नमनेउपवासः शूद्रनतौत्रिरात्रं अंत्यजेकृच्छ्रं देवतागुरुयतिनमनाकरणेउपवासः ॥

હવે ઉપસંગ્રહણ (ગુરુના ચરણમાં નમવા)નો વિધિ કહે છે.

ઉપસંગ્રહણ એટલે “અમુક પ્રવરેયુક્ત, અમુક ગોત્ર, અમુક શર્મા એવો હું નમસ્કાર કરૂંછું,” એમ કહી બટુએ પોતાના જમણા અને ડાબા કાનને ક્રમથી ડાબા અને જમણા હાથે સ્પર્શ કરી પછી ગુરુના જમણા પગને જમણે હાથે અને ડાબા પગને ડાબે હાથે સ્પર્શ કરી મસ્તક

નમાવવું, એ ઉપસંગ્રહણ છે. એ રીતે ગુરુ, માતા અને પિતા ઇત્યાદિકના ચરણને અભિવાદનપૂર્વક સ્પર્શ કરવો તે ઉપસંગ્રહણ છે. અતિ વૃદ્ધ હોય તેમનું અભિવાદન માત્ર કરવું. વૃદ્ધને નમસ્કાર કરવા. અપવિત્ર; વમન કરતો; અભ્યંગ જેણે કરેલો છે તે; સ્નાન કરતો; જપાદિકમાં બેઠેલો; અને પુષ્પ, જળ, તથા ભિક્ષા ઇત્યાદિકનો ભાર ઉપાડનારો તેમને તે તે સમયે નમસ્કાર કરવો નહીં. તેમને નમસ્કાર કરે તો ઉપવાસ કરવો. શૂદ્રને નમસ્કાર કરે તો ત્રણ રાત્રિ ઉપવાસ કરવા. અંત્યજને નમસ્કાર કરે તો કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. દેવતા, ગુરૂ અને સંન્યાસિયોને નમસ્કાર ન કરે તો ઉપવાસ કરવો.

अथप्रत्यभिवादनम् ॥ तत्रांत्यस्वरःप्लुतःकार्यः तद्यथा आयुष्मान्भवसौम्यदेवदत्ता ३ एकारौकारांतेनाम्नि हरा ३ इ शंभा ३ उ इतिसंध्यक्षरविश्लेषेणपूर्वभागाकारःप्लुतइति अनुप्रवचनीयार्थभिक्षायां भिक्षांभवान्ददातुभिक्षांभवतीददात्वितिवा भवच्छन्दमध्यमकोभिक्षावाक्यप्रयोगः अन्यभिक्षायामादावंतेवाभवच्छन्दइति ॥

હવે પ્રત્યભિવાદન (શિષ્યે નમસ્કાર કીધા પછી ગુરુએ આશીર્વાદ દેવો) તે કહે છે.

તે પ્રત્યભિવાદનવિષે છેલ્લો સ્વર પ્લુત હોવો જોઇએ. તે આ રીતે;—"आयुष्मान् भव सौम्य देवदत्ता ३" અર્થ—હે સૌમ્ય! દેવદત્ત, આયુષ્યમાન્ થા. એકાર અને ઓકાર જેની અંતમાં છે એવાં નામ હોય તો "हरा ३ इ, शंभा ३ उ" અર્થ—હે હરે, હે શંભો, એ પ્રમાણે સંધિના અક્ષરોને છૂટ પાડી તેનો પૂર્વ ભાગ 'આ' કાર તે પ્લુત થાય. અનુપ્રવચનીય હોમમાટે ભિક્ષામાં "भिक्षां भवान् ददातु" અથવા "भिक्षां भवती ददातु," એ પ્રમાણે 'भवत्' શબ્દ જે વાક્યના મધ્યમાં છે એવા ભિક્ષાવાક્યનો પ્રયોગ કરવો. અનુપ્રવચનીયવિના ભિક્ષાવાક્ય હોય તો પ્રથમ અથવા છેવટે 'ભવત્' શબ્દ બોલવો.

अथोपनयनविवाहादौनिर्विघ्नफलप्राप्त्यर्थमुपसर्गनिरासायवा सपिंडमरणादिनिमित्तकप्रतिकूलनिवृत्त्यर्थंवाविनायकशांतिःकार्या तत्रकालः शुक्लपक्षचतुर्थीगुरुवारःपुष्यश्रवणोत्तरारोहिणीहस्ताश्विनीमृगनक्षत्राणिशस्तानि उपनयनादौतुप्रधानकालानुरोधेनयथासंभवकालोग्राह्यः तत्रामुककर्मणोनिर्विघ्नफलसिद्ध्यर्थमितिवा उपसर्गनिवृत्त्यर्थमितिवामुकसपिंडमरणनिमित्तकाशुचित्वप्रातिकूल्यनिरासार्थमितिवासंकल्पऊह्यः अवशिष्टप्रयोगोन्यत्रज्ञेयः ॥

હવે વિનાયકશાંતિ કહે છે.

મૌંજી, વિવાહ ઇત્યાદિક કાર્યનેવિષે નિર્વિઘ્નતારૂપ ફલપ્રાપ્તિમાટે અથવા ઉપસર્ગ (અશુભસૂચક ઉપદ્રવ)નો નાશ થવામાટે, કિંવા સપિંડમાં મરણ ઇત્યાદિક નિમિત્તવડે પ્રાપ્ત થતાં પ્રતિકૂલની નિવૃત્તિમાટે વિનાયકશાંતિ કરવી. તેનો કાલ-શુક્લપક્ષની ચોથ, ગુરૂવાર, પુષ્ય, શ્રવણ, ત્રણ ઉત્તરા, રોહિણી, હસ્ત, અશ્વિની અને મૃગ એ નક્ષત્ર ઉત્તમ છે. મૌંજી ઇત્યાદિકવિષે તો મુખ્ય કાલના અનુસારથી જેવો મળે તેવો લેવો. તેમાં—"अमुककर्मणो निर्विघ्नफलसिद्ध्यर्थं," અથવા "उपसर्गनिवृत्त्यर्थं," કિંવા अमुकसपिंडमरणनिमित्तकाशुचित्वप्रातिकूल्यनिरासार्थं," એ રીતે જેવું નિમિત્ત હોય તેને અનુસારે સંકલ્પમાં ઉચ્ચાર કરવો. બાકીનો પ્રયોગ કૌસ્તુભાદિકમાં જોવો.

विवाहोपनयनादिष्वाभ्युदयकर्मस्वादौग्रहयज्ञंकुर्यात् ॥ श्राद्धातिरिक्तेष्वनाभ्युदयिकेष्वपि शांत्यादिकर्मसुग्रहानुकूल्यकामोग्रहयज्ञंकुर्यात् अरिष्टनिरासार्थंउत्पातेषुशांतिस्थानेष्वप्रधानोपि ग्रहमखउक्तः प्रधानकर्मणःपूर्वमव्यवहितेव्यवहितेवाकालेकुर्यात् व्यवहितपक्षेसप्तदिनाधिकव्यवधानंन कार्यं प्रतिग्रहंदशावरप्रधानाहुतिसंख्यायामेकएवऋत्विक् दशाधिकपंचाशत्पर्यंतसंख्यायांचत्वारऋत्विजः ततऊर्ध्वंशतावरहोमेष्टौऋत्विजोनवमआचार्यः तत्राचार्यआचार्यकर्मकृत्वाआदित्यायजुहुयात् अष्टभ्यःसोमादिभ्योष्टौऋत्विजोजुहुयुः ऋत्विक्चतुष्टयपक्षेद्वाभ्यांग्रहाभ्यांएकैकोजुहुयात् आचार्योकांयताम्रादिमयीषुप्रतिमासुसर्वासुसौवर्णीषुवाफलेष्वक्षतपुंजेषुवाआदित्यादिपूजनं होमसंख्यानुसारेणकुंड

स्यस्थंडिलस्यवाग्रहवेदेश्चहस्तादिमानं तत्रप्रधानांगाहुतीनांपंचाशदवरसंख्यत्वे रत्निमितंकुंडं शतावरत्वे अरत्निमितं सहस्रावरत्वेहस्तमितं अयुतादिहोमेहस्तद्वयं लक्षहोमेचतुर्हस्तं तत्रकृतमुष्टिःकरोरत्निः मुक्तकनिष्ठिकःकरःअरत्निः चतुर्विंशत्यंगुलोहस्तः यवोनचतुस्त्रिंशदंगुलानिहस्तद्वयं अष्टचत्वारिंशदंगुलानि हस्तचतुष्टयं कुंडेमेखलायोनिनाभिखातादिमानंग्रंथांतरेभ्योज्ञेयं इदंकुंडादिमानंसर्वत्रज्ञेयं समिच्चर्वाज्यं द्रव्यं अर्कःपलाशःखदिरश्चापामार्गोथपिप्पलः औदुंबरःशमीदूर्वाकुशोर्कादेःक्रमात्समित् केचित्तिलानपिआहुः अर्कादिप्रधानहोमसंख्यादशांशेनाधिदेवताप्रत्यधिदेवतानांहोमः अधिदेवताद्यर्धसंख्ययाक्रतुसंरक्षकक्रतुसाद्गुण्यदेवतानां शांत्यंगभूतेग्रहयज्ञेबलिदानंकुर्वंति अन्यत्रग्रहमखेबलिदानंनकुर्वंति प्रधानभूतायाएकाहुतेरेकविप्रभोजनंश्रेष्ठं शताहुतेरेकविप्रभोजनंमध्यमं सहस्राहुतेरेकविप्रभोजनंजघन्यं सुविस्तरप्रयोगादिकमन्यत्र इतिग्रहयज्ञः ॥

હવે ગ્રહયજ્ઞ કહે છે.

વિવાહ, મૌંજી ઇત્યાદિક મંગલકાર્ય કરવાં હોય તો પ્રથમ ગ્રહયજ્ઞ કરવો. શ્રાદ્ધથકી ભિન્ન અને વિવાહાદિક મંગલથકી ભિન્ન શાંતિ ઇત્યાદિક કર્મ કરવાનાં હોય તો પણ ગ્રહોનાં અનુકૂલપણાની ઇચ્છા કરનારાએ ગ્રહયજ્ઞ કરવો. શાંતિ કરવા યોગ્ય ઉત્પાત થયા હોય તો, મુખ્ય નથી તથાપિ અરિષ્ટ નાશ થવામાટે ગ્રહમખ કરવા, એમ કહ્યું છે માટે પ્રધાન કર્મ (શાંતિ)થી પ્રથમ સમીપમાં અથવા કાંઈ એક પેહેલાં કરવો. કાંઈ એક પેહેલાં કરવો હોય તો (પ્રધાન કર્મના દિવસથકી) સાત દિવસ કરતાં અધિક અંતર હોવું ન જોઇએ. દરએક ગ્રહોની મુખ્ય આહુતિની સંખ્યા દશપર્યંત હોય તો એકજ ઋત્વિજ કરવો. દશ કરતાં અધિક પચાસપર્યંત હોમસંખ્યા હોય તો ચાર ઋત્વિજ કરવા. પચાસ કરતાં અધિક સોપર્યંત હોમસખ્યા હોય તો આઠ ઋત્વિજ અને નવમો આચાર્ય વરાવવા. તેમાં આચાર્યે આચાર્યકર્મ કરી સૂર્યનો હોમ કરવો. સોમાદિક આઠ ગ્રહોનો હોમ આઠ ઋત્વિજોએ કરવો. ચાર ઋત્વિજ હોય તો બે બે ગ્રહનો એકેકે હોમ કરવો, અને આચાર્યે સૂર્યને હોમ કરવો. ત્રાંબુ[1] ઇત્યાદિકની પ્રતિમાઓમાં, સર્વ સુવર્ણની પ્રતિમાઓમાં, ફળમાં અથવા ચોખાના પુંજ ઉપર આદિત્યાદિ નવગ્રહોનું પૂજન કરવું. હોમની સંખ્યાપ્રમાણે કુંડ અથવા સ્થંડિલ અને ગ્રહની વેદી એમને હસ્તાદિક પ્રમાણ લેવું. પ્રધાન આહુતિ અને અંગદેવતાઓની આહુતિ મળી પચાસપર્યંત હોય તો રત્નિપ્રમાણનો કુંડ કરવો. સોની અંદર હોય તો અરત્નિપ્રમાણ કરવો. સહસ્રની અંદર હોય તો એક હસ્તપરિમિત કુંડ કરવો. દશ હજાર ઇત્યાદિક હોય તો બે હાથનો કુંડ કરવો. એક લાખ હોમ હોય તો ચાર હાથનો કુંડ કરવો. મુઠી વાળેલો હાથ તે રત્નિ. છૂટી કનિષ્ઠિકા આંગળીએયુક્ત મુઠી છે જેની એવો હાથ તે અરત્નિ. ચોવીશ અંગુળ એટલે એક હાથ. એક યવ કમતી ચોત્રીશ અંગુળના બે હાથ. અડતાલીશ અંગુળના ચાર હાથ. કુંડની મેખલા, યોનિ, નાભિ અને ઉંડાઈ ઇત્યાદિકનું પ્રમાણ બીજા ગ્રંથોમાંથી જોવું. કુંડાદિકનું પ્રમાણ સર્વત્ર જાણવું. સમિધ, ચરૂ અને ઘૃત એ હોમનું દ્રવ્ય છે. “આકડો, ખાખરો, ખેર, અઘાડો, પિપળો, ઘુલર, શમી (કંડી) દુર્વા અને દર્ભ એ સૂર્યાદિક નવગ્રહોનાં ક્રમથી સમિધ જાણવાં.” કોઈ તિલ પણ લેવા એમ કહે છે. સૂર્યાદિક પ્રધાનદેવતાના મુખ્ય હોમની સંખ્યા કરતાં દશાંશ, અધિદેવતા અને પ્રત્યધિદેવતાનો હોમ કરવો. અધિદેવતાની સંખ્યા કરતાં અર્ધ સંખ્યાએ ક્રતુસંરક્ષક અને ક્રતુસાદ્ગુણ્ય એ દેવતાનો હોમ કરવો. શાંતિના અંગભૂત ગ્રહયજ્ઞમાં બલિદાન કરેછે. શાંતિવિના ગ્રહયજ્ઞમાં બલિદાન કરતા નથી. પ્રધાનભૂત એક એક આહુતિએ એક એક બ્રાહ્મણને ભોજન દેવું તે શ્રેષ્ઠ, સો આહુતિએ એક બ્રાહ્મણને ભોજન દેવું તે મધ્યમ. સહસ્ર આહુતિએ એક બ્રાહ્મણને ભોજન દેવું તે અધમ છે. વિસ્તારસહિત પ્રયોગાદિકનો પ્રકાર બીજા ગ્રંથમાં જોવો. એ પ્રમાણે ગ્રહમખ સમાપ્ત થયો.

कुमारस्योपनयनकालेकन्यायाविवाहेवाबृहस्पत्यानुकूल्याभावेशौनकाद्युक्ताशांतिःकार्या अस्यकुमारस्योपनयनेअस्याःकन्यकायाविवाहेवाबृहस्पत्यानुकूल्यसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंबृहस्पतिशांतिकरिष्यइतिसंकल्प्याचार्यंवृणुयात् स्थंडिलेईशान्यांयथाविधिस्थापितेश्वेतकलशे पंचगव्यकुशोदकविष्णुक्रां

---

[1] સૂર્યની ત્રાંબાની, ચંદ્રની સ્ફટિક મણિની, મંગળની રક્તચંદનની, બુધની સુવર્ણની, ગુરૂની સુવર્ણની, શુક્રની રૂપાની, શનિની લોઢાની, રાહુની સિસાની અને કેતુની કાંસાની એ પ્રમાણે નવગ્રહની પ્રતિમા જાણવી.

ताशतावरीप्रमुखौषधिप्रक्षेपपूर्णपात्रनिधानांते हरिताक्षतनिर्मितदीर्घचतुरस्रपीठेहैमींगुरुप्रतिमांप्रतिष्ठाप्यस्थंडिलेग्निस्थापनादिअन्वाधाने बृहस्पतिमश्वत्थसमिदाज्यसर्पिर्मिश्रपायसैःसाज्येनमिश्रितयवव्रीहितिलेनचप्रतिद्रव्यमष्टोत्तरशताहुतिभिःशेषेणस्विष्टकृतमित्यादि आज्यभागांतेप्रतिमायांषोडशोपचारैर्गुरुपूजा तत्रपीतवस्त्रयुग्मपीतयज्ञोपवीतपीतचंदनपीताक्षतपीतपुष्पघृतदीपदध्योदननैवेद्यार्पणांते माणिक्यंसुवर्णंवादक्षिणांदत्वा ग्रहमखोक्तरीत्याकुंभानुमंत्रणांते बृहस्पतिमंत्रेणदधिमध्वाक्तसमिदाज्यगृहसिद्धपायसमिश्रितयवाद्यैर्यथान्वाधानंहोमः होमशेषंसमाप्यगंधादिभिर्बृहस्पतिंसंपूज्यपीतगंधाक्षतपुष्पफलयुतताम्रपात्रस्थजलेनार्घ्यंदद्यात् तत्रमंत्रः गंभीरदृढरूपांगदेवेज्यसुमतेप्रभो नमस्तेवाक्पतेशांतगृहाणार्घ्यंनमोस्तुते प्रार्थयेत् भक्त्यायत्तेसुराचार्यहोमपूजादिसत्कृतं तत्त्वंगृहाणशांत्यर्थंबृहस्पतेनमोनमः जीवोबृहस्पतिःसूरिराचार्योगुरुरंगिराः वाचस्पतिर्देवमंत्रीशुभंकुर्यात्सदाममेति विसर्जनप्रतिमादानांतेकुमारादियुतयजमानाभिषेकः तत्रमंत्राः आपोहिष्ठेतितिस्रः तत्त्वायामि० ३ स्वादिष्ठया० ३ समुद्रज्येष्ठाः० ४ इदमापःप्रवह० १ तामग्निवर्णां० १ याओषधीः० १ अश्वावतीर्गोमतीर्न० १ यद्देवादेवहेडनमित्याद्याः कूष्मांडमंत्राः पुनर्मनःपुनरायुरित्यंतास्तैत्तिरीयशाखायांप्रसिद्धाःकौस्तुभादौलिखिता एतैरभिषिच्यविप्रान्भोजयेदिति इतिबृहस्पतिशांतिः ॥

હવે બૃહસ્પતિની શાંતિ કહે છે.

બાળકને મૌંજીસમયે અથવા કન્યાને વિવાહસમયે બૃહસ્પતિ અનુકૂલ ન હોય તો શૌનકાદિકોએ કહેલી શાંતિ કરવી. તે આ રીતે;—"अस्य कुमारस्य उपनयने अस्याः कन्यकाया विवाहे वा बृहस्पत्यानुकूल्यसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं बृहस्पतिशांतिं करिष्ये," એવો સંકલ્પ કરી આચાર્યને વરાવવા. સ્થંડિલની ઈશાન દિશામાં યથાવિધિ સ્થાપન કરેલા શ્વેત કલશમાં પંચગવ્ય, કુશોદક, વિષ્ણુક્રાંતા અને શતાવરી ઇત્યાદિક ઔષધિ નાખી પૂર્ણપાત્ર સ્થાપન કીધા પછી પીળા ચોખાવડે કરેલા દીર્ઘચતુરસ્ર પીઠ ઉપર સુવર્ણમય બૃહસ્પતિની પ્રતિમા સ્થાપન કરી સ્થંડિલમાં અગ્નિસ્થાપનાદિક કર્મ કરવું. પછી અન્વાધાન કરવું, તે આ રીતે—"बृहस्पतिमश्वत्थसमिदाज्यसर्पिर्मिश्रपायसैः साज्येन मिश्रितयवव्रीहितिलेन च प्रतिद्रव्यमष्टोत्तरशताहुतिभिः शेषेण स्विष्टकृतं०," ઇત્યાદિ અન્વાધાન કરી આજ્યભાગપર્યંત કર્મ કીધા પછી પ્રતિમામાં ષોડશોપચારવડે ગુરુની પૂજા કરવી. તેમાં,—પીળાં બે વસ્ત્ર, પીળું યજ્ઞોપવીત, પીતચંદન, પીળા ચોખા, પીળાં પુષ્પ, ઘૃતદીપ અને દહીંભાતનું નૈવેદ્ય, એ ઉપચાર અર્પણ કર્યા પછી માણેક અથવા સુવર્ણદક્ષિણા દઇ ગ્રહમખમાં કહ્યાપ્રમાણે કલશનું અભિમંત્રણ કર્યા પછી બૃહસ્પતિના મંત્રવડે દહીં, મધમાં ભીંજવેલાં સમિધ, ઘૃત અને ઘરમાં રાંધેલા પાયસે મિશ્રિત યવાદિક એ દ્રવ્યોનો અન્વાધાનને અનુસારે હોમ કરવો. પછી હોમશેષ સમાપ્ત કરી ગંધાદિક ઉપચારવડે બૃહસ્પતિની પૂજા કરી ત્રાંબાના પાત્રમાં જલ લઈ તેમાં પીળા ચોખા, પીળું ચંદન અને પીળાં પુષ્પ નાંખી તે જલે અર્ઘ્ય દેવો. તેનો મંત્ર,—"गंभीरदृढरूपांग, देवेज्य सुमते प्रभो ॥ नमस्ते वाक्पते शांत, गृहाणार्घ्यं नमोस्तु ते." પછી પ્રાર્થના કરવી. તેનો મંત્ર—"भक्त्या यत्ते सुराचार्य, होमपूजादि सत्कृतं ॥ तत्त्वं गृहाण शांत्यर्थं, बृहस्पते नमो नमः ॥ जीवो बृहस्पतिः सूरिराचार्यो गुरुरंगिराः ॥ वाचस्पतिर्देवमंत्री, शुभं कुर्यात् सदा मम," એ રીતે પ્રાર્થના કર્યા પછી દેવતાનું વિસર્જન અને પ્રતિમાનું દાન કીધા પછી કુમાર ઇત્યાદિકે યુક્ત યજમાન ઉપર અભિષેક કરવો. અભિષેકના મંત્ર "आपोहिष्ठा० ऋचा० ३, तत्त्वायामि० ऋचा ३, स्वादिष्ठया० ऋचा ३, समुद्रज्येष्ठा० ऋचा ४, इदमापः प्रवह० ऋचा १, तामग्निवर्णां० ऋचा १, याओषधी० ऋचा १, अश्वावतीर्गोमतीर्न० ऋचा० १, यद्देवादेवहेडनं०" ઇત્યાદિક કૂષ્માંડમંત્ર. "पुनर्मनः पुनरायुः०" ઇહાંપર્યંત તૈત્તિરીય શાખામાં પ્રસિદ્ધ, તે કૌસ્તુભાદિકમાં લખ્યા છે. એ મંત્રોવડે અભિષેક કરી બ્રાહ્મણોને ભોજન કરાવવું. એ પ્રમાણે બૃહસ્પતિશાંતિ સમાપ્ત થઈ.

अथोपनयनादौसंकल्पाः ॥ तत्रोपनयनात्पूर्वंगुराचार्यो ममोपनेतृत्वयोग्यतासिद्ध्यर्थंकृच्छ्रत्रयं तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतद्रव्यदानेनाहमाचरिष्ये तथाद्वादशाधिकसहस्रगायत्रीजपमुपनेतृत्वयोग्यतासिद्ध्यर्थंकरिष्येइतिसंकल्पयेत् यदिपूर्वसंस्काराअतीतास्तदा अस्यकुमारस्यपुंसवनादीनामथवाजातकर्मादीनांचौलांतानांसंस्काराणांकालातिपत्तिजनितप्रत्यवायपरिहारद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं प्रतिसंस्कारमेकैकांभूर्भुवःस्वःस्वाहेतिसमस्तव्याहृत्याज्याहुतिंहोष्यामि इतिसंकल्प्याग्निस्थापनेभ्मा

धानादिपाकयज्ञतंत्रसहितावह्निस्थापनाज्यसंस्कारपात्रसंमार्गमात्रसहितावाऽतीतसंस्कारसमसंख्यसमस्तव्याहृत्याज्याहुतीर्जुहुयात् ततोस्यकुमारस्यपुंसवनानवलोभनसीमंतोन्नयनजातकर्मनामकर्मसूर्यावलोकननिष्क्रमणोपवेशनान्नप्राशनचौलसंस्काराणांलोपनिमित्तप्रत्यवायपरिहारार्थं प्रतिसंस्कारंपादकृच्छ्रंप्रायश्चित्तंचौलस्यार्धकृच्छ्रंबुद्धिपूर्वकलोपेप्रतिसंस्कारमर्धकृच्छ्रंचूडायाःकृच्छ्रंतत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतद्रव्यदानेनाहमाचरिष्ये चौलस्योपनीत्यासहकरणस्य कुलधर्मप्राप्तत्वेकालातिपत्तिहोमंचौललोपप्रायश्चित्तंचनकार्यंकेचित्संस्कारलोपप्रायश्चित्तंबटुनाकारयंति ततोबटुर्ममकामचारकामवादकामभक्षादिदोषपरिहारद्वारोपनेयत्वयोग्यतासिद्ध्यर्थं कृच्छ्रत्रयप्रायश्चित्तंतत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतदानद्वाराआचरिष्येइतिसंकल्पयेत् निष्कंनिष्कार्धंनिष्कपादंनिष्कपादार्धंवारजतंगोमूल्यंदेयंनतुन्यूनं अष्टगुंजमाषरीत्याचत्वारिंशन्माषोनिष्कइत्युक्तं ततः प्रायश्चित्तेकृतेपश्चादतीतमपि कर्मैव कार्यमित्येकआचार्यानेत्यन्येपिविपश्चितइतिवचनाज्जातकर्मादिसंस्काराःकार्यानकार्याइतिपक्षद्वयं तत्र प्रायश्चित्तेनप्रत्यवायपरिहारेपिसंस्कारजन्यापूर्वोत्पत्त्यर्थंसंस्कारानुष्ठानपक्षेसंकल्पः पत्न्याकुमारेणचसहोपविश्यदेशकालौसंकीर्त्यास्यकुमारस्यगर्भांबुपानजनितदोषनिबर्हणायुर्मेधाभिवृद्धिबीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंअतिक्रांतंजातकर्म तथाबीजगर्भसमुद्भवैनोनिबर्हणायुरभिवृद्धिव्यवहारसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंनामकर्म आयुरभिवृद्धिद्वाराश्रीपर० सूर्यावलोकनं आयुःश्रीवृद्धिबीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वाराश्रीपर० निष्क्रमणं आयुरभिवृद्धिद्वारा० उपवेशनंमातृगर्भमलप्राशनशुद्ध्यन्नाद्यब्रह्मवर्चसतेजइंद्रियायुरभिवृद्धिबीजगर्भसमुद्भवैनोनिबर्हणद्वारा श्रीप० अन्नप्राशनंचाद्यकरिष्ये बीजगर्भसमुद्भवैनोनिबर्हणेनबलायुर्वर्चोभिवृद्धिद्वाराश्रीप० चूडाकर्मद्विजत्वसिद्ध्यावेदाध्ययनाधिकारार्थंउपनयनंचश्वःकरिष्ये जातादिसर्वसंस्कारांगत्वेनपुण्याहवाचनंमातृकापूजनंनांदीश्राद्धंकरिष्येउपनयनांगत्वेनमंडपदेवतास्थापनंकुलदेवतास्थापनंचकरिष्ये इतिस्वस्वगृह्यग्रंथानुसारेणसंकल्प्य नांदीश्राद्धांतंतंत्रेण अनेकोद्देशेनसकृदंगानुष्ठानंतंत्रंकृत्वा मंडपदेवतास्थापनादिकं बटुपितृभ्यांसुहृत्कृतवस्त्रदानांतंकृत्वान्नप्राशनांताःसंस्कारायथागृह्यंपूर्वदिनेकार्याः चौलोपनयनेपरदिनेकार्ये सर्वेषांसद्यःकरणेपूर्वोक्तसर्वसंकल्पवाक्यांते उपनयनंचाद्यकरिष्येइतिसंकल्पः संस्काराणामकरणपक्षे चूडाकर्मोपनयने संकल्प्योभयांगत्वेनपुण्याहवाचनंनांदीश्राद्धंउपनयनांगत्वेनमंडपदेवतास्थापनंकुलदेवतास्थापनंकरिष्ये इतिसंकल्पः नांदीश्राद्धांतेपूर्वपूजितमातृकासहितमंडपदेवतास्थापनं ततःपूर्वोक्तरीत्यावेदिनिर्माणं इतिपूर्वदिनकृत्यम्॥

હવે મૌંજી આદિ સંસ્કારસમયે કરવાના સંકલ્પ કહે છે.

મૌંજીથી પ્રથમ દિવસે આચાર્યે "ममोपनेतृत्वयोग्यतासिद्ध्यर्थं कृच्छ्रत्रयं तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतद्रव्यदानेनाहमाचरिष्ये," તથા द्वादशाधिकसहस्रगायत्रीजपमुपनेतृत्वयोग्यतासिद्ध्यर्थं करिष्ये," એવો સંકલ્પ કરવો. જો મૌંજીથી પ્રથમના સંસ્કાર થયા ન હોય તો, "अस्य कुमारस्य पुंसवनादीनामथवा जातकर्मादीनां चौलांतानां संस्काराणां कालातिपत्तिजनितप्रत्यवायपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं प्रतिसंस्कारमेकैकां भूर्भुवःस्वःस्वाहेति समस्तव्याहृत्याज्याहुतिं होष्यामि," એવો સંકલ્પ કરી અગ્નિસ્થાપન, ઇધ્માસ્થાપન ઇત્યાદિક પાકયજ્ઞના તંત્રેસહિત, અથવા અગ્નિસ્થાપન, આજ્યસંસ્કાર અને પાત્રસંમાર્ગ એઓએજ માત્ર યુક્ત એવી જેટલા સંસ્કાર ગયા હોય તેટલી, સમસ્ત વ્યાહૃતિમંત્રે આજ્યાહુતિનો હોમ કરવો. ત્યારપછી, "अस्य कुमारस्य पुंसवनानवलोभनसीमंतोन्नयनजातकर्मनामकर्मसूर्यावलोकननिष्क्रमणोपवेशनान्नप्राशनचौलसंस्काराणां लोपनिमित्तप्रत्यवायपरिहारार्थं प्रतिसंस्कारं पादकृच्छ्रं प्रायश्चित्तं चौलस्यार्धकृच्छ्रं बुद्धिपूर्वकलोपे प्रतिसंस्कारमर्धकृच्छ्रं चूडायाः कृच्छ्रं तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतद्रव्यदानेनाहमाचरिष्ये," ચૌલસંસ્કાર મૌંજીની સાથે કરવાનો કુલધર્મ હોય તો કાલ વ્યતીત થવાનો હોમ અને ચૌલલોપનું પ્રાયશ્ચિત્ત કરવું નહીં. કોઈ શિષ્ટજન સંસ્કારના લોપનું પ્રાયશ્ચિત્ત બટુકવતી કરાવે છે. પછી બટુકે "मम कामचारकामवादकामभक्षादिदोषपरिहारद्वारोपनेयत्वयोग्यतासिद्ध्यर्थं कृच्छ्रत्रयप्रायश्चित्तं तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतदानद्वारा आचरिष्ये," એવો સંકલ્પ કરવો. નિષ્ક, અર્ધ નિષ્ક-નિષ્કનો ચતુર્થાંશ અથવા નિષ્કનો અષ્ટમાંશ એ પ્રમાણે રૂપું, ગાયનું મૂલ્ય દેવું, તેથી ન્યૂન દેવું નહીં. આઠ ગુંજા એટલે એક માષો, એવા ચાળીશ માષા એટલે એક નિષ્ક એમ કહ્યું છે. પછી "પ્રાયશ્ચિત્ત કીધું તથાપિ પ્રથમ ન થયલાં જે કર્મ તે પણ નિશ્ચયે કરવાં, એમ કેટલાએક આચાર્ય કહે છે. બીજા આચાર્ય

પ્રાયશ્ચિત્ત કીધા પછી પ્રથમ ન થયલાં કર્મ કરવાં નહીં એમ કહે છે,” એવાં વચન છે માટે પ્રાયશ્ચિત્ત કીધા પછી જાતકર્માદિ સંસ્કાર કરવા અથવા ન કરવા એમ બે પક્ષ છે. તેમાં પ્રાયશ્ચિત્ત કરવાથી દોષનિવૃત્તિ થઈ તથાપિ સંસ્કારજન્ય પુણ્ય થવામાટે સંસ્કાર કરવા હોય એ પક્ષમાં સંકલ્પ કરવા. તે આ રીતે;—સ્ત્રી અને બાળકેસહિત યજમાને બેસી દેશ, કાલનો ઉચ્ચાર કરી, “अस्य कुमारस्य गर्भांबुपानजनितदोपनिवर्हणायुर्मेधाभिवृद्धिवीजगर्भसमुद्भवैनोनिवर्हणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं अतिक्रांतं जातकर्म, तथा वीजगर्भसमुद्भवैनोनिवर्हणायुरभिवृद्धिव्यवहारसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं नामकर्म, आयुरभिवृद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं सूर्यावलोकनं आयुःश्रीवृद्धिवीजगर्भसमुद्भवैनोनिवर्हणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं निष्कमणं, आयुरभिवृद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं उपवेशनं, मातृगर्भमलप्राशनशुद्ध्यन्नाद्यब्रह्मवर्चसतेजइंद्रियायुरभिवृद्धिवीजगर्भसमुद्भवैनोनिवर्हणद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं अन्नप्राशनं चाद्य करिष्ये, वीजगर्भसमुद्भवैनोनिवर्हणवलायुर्वर्चोभिवृद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं चूडाकर्मद्विजत्वसिद्ध्या वेदाध्ययनाधिकारार्थं उपनयनं चश्वः करिष्ये, जातादिसर्वसंस्कारांगत्वेन पुण्याहवाचनं मातृकापूजनं नांदीश्राद्धं च करिष्ये, उपनयनांगत्वेन मंडपदेवतास्थापनं कुलदेवतास्थापनं च करिष्ये,” એ રીતે પોતપોતાના ગૃહ્યગ્રંથના કહ્યાપ્રમાણે સંકલ્પ કરી નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ એકતંત્રે કરવું. અનેકને ઉદ્દેશે અંગભૂત કર્મ એકવાર કરવું તે તંત્ર છે. મંડપદેવતાના સ્થાપનથકી તે બટુ અને તેનાં મામા પિતાને સંબંધીઓએ કરેલાં વસ્ત્રદાન (મોસાળાં) પર્યંત કર્મ કરી અન્નપ્રાશનપર્યંત સર્વ સંસ્કાર પોતપોતાનાં ગૃહ્યસૂત્ર પ્રમાણે પ્રથમ દિવસે કરવાં. ચૌલ અને મૌંજી બીજે દિવસે કરવાં. સઘળા સંસ્કાર મૌંજીને દિવસે કરવાના હોય તો પૂર્વોક્ત સર્વ સંકલ્પવાક્યોની અંતે, “उपनयनं चाद्य करिष्ये” એવો સંકલ્પ કરવો. સંસ્કાર ન કરવા એવો પક્ષ હોય તો ચૌલકર્મ અને ઉપનયન એમનો સંકલ્પ કરી, “उभयांगत्वेन पुण्याहवाचनं नांदीश्राद्धं उपनयनांगत्वेन मंडपदेवतास्थापनं कुलदेवतास्थापनं च करिष्ये,” એવો સંકલ્પ કરવો. નાંદીશ્રાદ્ધ થયા પછી પ્રથમ પૂજેલી માતૃકાએસહિત મંડપદેવતાનું સ્થાપન કરવું. પછી પ્રથમ કહ્યાપ્રમાણે વેદી કરવી. એ પ્રમાણે મૌંજીના પ્રથમ દિવસનું કૃત્ય સમાપ્ત થયું.

ततःपरदिनेतिक्रांतचौलंकृत्वापूर्वंजातचौलंत्वभ्यंगस्नानेनस्नापयित्वामात्रासहभोजयेत् तदाब्रह्मचारिभ्योभोजनंदेयमित्याचारः ततोदेशकालौसंकीर्त्यास्यकुमारस्यद्विजत्वसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंगायत्र्युपदेशंकर्तुं तत्प्राच्यांगभूतंवापनादिकरिष्यइतिसंकल्प्यवापनादिकुर्यात् मुख्यशिखान्यशिखानांचौलेधृतानामत्रवापनं ततःस्नातमहतवस्त्रंबद्धशिखंकृतमंगलतिलकंवटुंकुर्युः मौहूर्तिकंसंपूज्यतदुक्तेसुमुहूर्तेआचार्योवेद्यांप्राङ्मुखउपविष्टोंतःपटमपसार्यवटुमुखमीक्षेत कृतनमस्कारंतंस्वांकेकुर्वीत ततोविप्रायथाचारंमंत्रैरुभयोःशिरस्यक्षतान्क्षिपेयुः एवंयथागृह्यमुपनयनप्रयोगंज्ञात्वानुष्ठेयं सर्वत्रवटुनागायत्र्यादिमंत्रान्वाचयन्संधिकृतंवर्णविकारंनान्यथाकुर्यात् प्रयोगशेपंसमाप्यद्वेशतेशतंयथाशक्तिवाब्राह्मणभोजनंसंकल्प्यविप्रेभ्योभूयसींदक्षिणांदद्यात् ततोब्रह्मचारीनूतनभिक्षाभाजनेमातरंमातृष्वसादिकांवा भिक्षां भवतीददात्विति अनुप्रवचनीयार्थंतंडुलान्याचेत पितरंभिक्षांभवान्ददात्वितियाचेत भैक्ष्यमाचार्यायनिवेद्यमध्याह्नसंध्यामुपास्यगुरुसन्निधावहःशेपंनयेत् तद्दिनेमध्याह्नसंध्याविकल्पितेत्यन्येब्रह्मयज्ञस्तुद्वितीयदिनमारभ्यगायत्र्याकार्यः अनुप्रवचनीयहोमारंभात्पूर्वं गर्जितवृष्ट्यादिसंभावनायांदिवैवचरुश्रपणांतंकृत्वास्तमितेजुहुयात् पाकाभावेगर्जितादिनिमित्तेतुशांतिंकृत्वापाकःकार्यः ॥

પછી બીજે દિવસે અતિક્રાંત (પ્રથમ ન થયલું) ચૌલ કરી, અને જો પ્રથમ ચૌલ થયું હોય તો તેને અભ્યંગસ્નાન કરાવી માતાની સાથે ભોજન કરાવવું. તે વેળાએ બ્રહ્મચારિઓને ભોજન કરાવવું એવો આચાર છે, પછી દેશ કાલનો ઉચ્ચાર કરી, “अस्य कुमारस्य द्विजत्वसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं गायत्र्युपदेशं कर्त्तुं तत्प्राच्यांगभूतं वापनादि करिष्ये,” એવો સંકલ્પ કરી વપન આદિ કરવું. મુખ્ય શિખા રાખી તે વિના બીજી જે ચૌલમાં ધારણ કરેલી શિખા તેને ઇહાં વપન (મુંડન) કરવું. એટલે બીજી શિખાઓ કાઢી નાંખવી. પછી બટુને નવરાવી નવાં વસ્ત્ર પેહરાવી શિખાબંધન કરવું, માંગલિક તિલક કરવું. જ્યોતિષીની પૂજા કરી તેણે કહેલા મુહૂર્તમાં, વેદીમાં પૂર્વમુખ બેઠેલા આચાર્યે અંતઃપટ (વચમાંનું વસ્ત્ર) દૂર કરી બટુનું મુખ જોવું. પછી બટુએ (આચાર્યને) નમસ્કાર કરવો, ત્યાર પછી તેને આચાર્યે પોતાના ખોળા ઉપર બેસાડવો. ત્યાર પછી

બ્રાહ્મણોએ જેવો આચાર હોય તે પ્રમાણે મંત્રવડે બન્નેનાં મસ્તક ઉપર ચોખા છાંટવા. એ રીતે ગૃહ્યસૂત્ર પ્રમાણે મૌંજીનો પ્રયોગ જોઈ સર્વ કર્મ આચરણ કરવું. સર્વત્ર બટુકને ગાયત્રી ઇત્યાદિક મંત્ર બોલાવતાં સંધિથી થયલા અક્ષરો અન્યથા (અશુદ્ધ) બોલાવવા નહીં. શેષ પ્રયોગ સમાપ્ત કરી બશો, સો અથવા યથાશક્તિ બ્રાહ્મણભોજનનો સંકલ્પ કરી બ્રાહ્મણોને ભૂયસી દક્ષિણા દેવી. પછી બ્રહ્મચારીએ નવીન ભિક્ષાપાત્રમાં મા અથવા માસી ઇત્યાદિક પાસે, "भिक्षां भवती ददातु" એવું વાક્ય કહી અનુપ્રવચનીય હોમમાટે ચોખા માગવા. પિતા પાસે, "भिक्षां भवान् ददातु" એવું વાક્ય કહી માગવું. પછી તે ભિક્ષા આચાર્યને અર્પણ કરી મધ્યાહ્નસંધ્યા કરી બાકી રહેલો દિવસ ગુરુની સમીપે રહી વીતાવવો. મૌંજીને દિવસે મધ્યાહ્નસંધ્યા વૈકલ્પિક (કરવી અથવા ન કરવી એમ) છે એ રીતે કોઈ ગ્રંથકાર કહે છે. બ્રહ્મયજ્ઞ તો બીજા દિવસથી આરંભ કરી ગાયત્રીમંત્રે કરવો. અનુપ્રવચનીય હોમના આરંભથી પ્રથમ ગર્જના અથવા મેઘવૃષ્ટિ ઇત્યાદિ થવાનો સંભવ હોય તો દિવસેજ ચરુશ્રપણ (ચરુ રાંધવા) પર્યંત કર્મ કરી સૂર્યાસ્ત થયા પછી હોમ કરવો. પાક (ચરુ) ન થયો હોય અને ગર્જના ઇત્યાદિક નિમિત્ત થાય તો શાંતિ કર્યા પછી પાક કરવો.

अथशांतिप्रयोगः ॥ ब्रह्मौदनपाकात्पूर्वंगर्जितेनसूचितस्यब्रह्मचारिकर्तृकाध्ययनविघ्नस्यनिरासद्वाराश्रीपर० शांतिंकरिष्यइतिसंकल्प्यस्वस्तिवाचनाचार्यवरणेकृते आचार्योऽग्निंप्रतिष्ठाप्य चक्षुषीआज्येनेत्यंते सवितारमष्टोत्तरशतसंख्यसाज्यपायसाहुतिभिर्गायत्रीमंत्रेणशेषेणस्विष्टकृतमित्यादिप्रायश्चित्तहोमांतेगायत्र्यासवितारमाज्येनेतिअन्वाधायगृहसिद्धपायसहोमांते बृहस्पतिसूक्तजपः अंतेआचार्याय धेनुंदत्वाशतंयथाशक्तिवाविप्रान्भोजयिष्येइतिसंकल्पयेत् ॥

હવે શાંતિનો પ્રયોગ કહે છે.

"ब्रह्मौदनपाकात्पूर्वं गर्जितेन सूचितस्य ब्रह्मचारिकर्तृकाध्ययनविघ्नस्य निरासद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थंशांतिं करिष्ये," એવો સંકલ્પ કરી સ્વસ્તિવાચન અને આચાર્યનું વરણ કીધા પછી આચાર્યે અગ્નિસ્થાપન કરી અન્વાધાન કરવું. તે,—"चक्षुषीआज्येनेत्यंते सवितारं अष्टोत्तरशतसंख्यसाज्यपायसाहुतिभिर्गायत्रीमंत्रेण शेषेण स्विष्टकृतं०," ઇત્યાદિ "प्रायश्चित्तहोमांते गायत्र्या सवितारमाज्येन," એ પ્રમાણે અન્વાધાન કરી ઘરમાં રાંધેલા પાયસનો હોમ કર્યા પછી બૃહસ્પતિસૂક્તનો જપ કરવો. અંતે આચાર્યને ગૌદાન દઈ "शतं यथाशक्ति वा विप्रान् भोजयिष्ये," એ રીતે બ્રાહ્મણભોજનનો સંકલ્પ કરવો.

मेधाजननात्पूर्वंकालिकाग्निकार्यंयावत्अग्निनाशेउपनयनाहुतिभिः कटिसूत्रधारणादिमाणवकसंस्कारावक्षारणाग्निकार्यगायत्र्युपदेशरहिताभिःपूर्वोत्तरतंत्रसहिताभिरग्निमुत्पाद्य तत्रानुप्रवचनीयपूर्वंभाव्यग्निकार्यंकृत्वानुप्रवचनीयहोमंकृत्वा मेधाजननात्प्राक्तनान्यग्निकार्याणिकृत्वा मेधाजननंकार्यमिति कौस्तुभेउपपादितं नष्टोपनयनाग्नेपुनरुत्पत्तिहोमेविनियोगइतिविशेषइतिचोक्तं ममतुउपनयनाहुतिभिरग्निमुत्पाद्यतत्रमेधाजननपूर्वंभाव्यग्निकार्याणिकृत्वामेधाजननंकार्यं अनुप्रवचनपूर्वंभाव्यग्निकार्यमनुप्रवचनीयहोमश्चनकार्यंइतिभाति गायत्र्युपदेशानुप्रवचनीयमेधाजननानांत्रयाणां समप्रधानभावेनाध्ययनांगत्वादग्नेस्त्रितयांगत्वात्कौस्तुभोक्तरीत्या गायत्र्युपदेशतत्पूर्वाग्निकार्यावृत्त्यभाववदनुप्रवचनीयतत्पूर्वाग्निकार्ययोरावृत्त्यभावौचित्यात् नह्यग्निष्टोमांगपशुत्रयस्यांगेयूपेपशुद्वयानुष्ठानानंतरंनष्टेतृतीयपश्वर्थंयूपोत्पादनेद्वितीयपश्वनुष्ठानमप्यावर्तते अत्रसदसत्सद्भिर्विचार्यानुष्ठेयं सायंसंध्याग्निकार्येकृतेनुप्रवनीयहोमंब्रह्मचारीकुर्यात् वटोरशक्तौचरुश्रपणांतमन्यःकुर्यात होममात्रंवटुःकुर्यात् हुतचरुशेषेणत्र्यवरब्राह्मणभोजनम् ॥

મેધાજનન કર્મથકી પ્રથમ કરવાનું જે અગ્નિકાર્ય તે થયા વિના અગ્નિ નાશ થાય તો કટિસૂત્રધારણ ઇત્યાદિક બટુસંસ્કાર, અવક્ષારણ (જલ છોડાવવું), અગ્નિકાર્ય અને ગાયત્રીનો ઉપદેશ એ વિનાની અને પૂર્વોત્તર તંત્રેસહિત એવી ઉપનયનની આહુતિવડે અગ્નિ ઉત્પન્ન કરી તે અગ્નિઉપર અનુપ્રવચનીય હોમથી પ્રથમ થવાનું અગ્નિકાર્ય કરી પછી અનુપ્રવચનીય હોમ કરી મેધાજનનની પ્રથમનાં અગ્નિકાર્ય કરી મેધાજનન કરવું, એમ કૌસ્તુભમાં કહ્યું છે અને "नष्टोपनयनाग्नेः पुनरुत्पत्तिहोमे विनियोगः" એટલો હોમવિષે વિશેષ પણ કહ્યો છે. મને તો, ઉપનયનની આહુતિવડે અગ્નિ ઉત્પન્ન કરી તે અગ્નિઉપર મેધાજનનની પ્રથમ કરવાના અગ્નિકાર્ય કરી મેધાજનન કરવું, અનુપ્રવચનની પ્રથમ કરવાનું અગ્નિકાર્ય અને અનુપ્રવચનીય હોમ એ કરવા નહીં, એમ ભાસે છે. કારણ, ગાયત્ર્યુ-

પદેશ, અનુપ્રવચનીય અને મેધાજનન એ ત્રણે કર્મ સરખાં પ્રધાન (મુખ્ય)પણાએ અધ્યયનનાં અંગ છે, અને અગ્નિ એ ત્રણે પ્રધાનકર્મનું અંગ છે માટે કૌસ્તુભમાં કહેલી રીતિ પ્રમાણે ગાયત્રીનો ઉપદેશ અને તેનાથી પ્રથમ થવાનું અગ્નિકાર્ય એની આવૃત્તિનો જેમ અભાવ છે તેમ અનુપ્રવચનીય અને તેનાથી પ્રથમનું અગ્નિકાર્ય તેની આવૃત્તિનો પણ અભાવ માનવો, એ યોગ્ય છે. અગ્નિષ્ટોમનાં અંગ એવા ત્રણ પશુયાગનો અંગ જે યૂપ (યજ્ઞાંગસ્તંભ) તે, બે પશુયાગ કીધા પછી નષ્ટ થાય તો ત્રીજા પશુયાગ કરવા માટે નષ્ટ થયલા યૂપની ઉત્પત્તિ કરવાવિષે બીજા પશુયાગનું અનુષ્ઠાન પણ થતું નથી. આ વિષયમાં વિદ્વાનોએ આ યોગ્ય અને અયોગ્ય એવો વિચાર કરી જે કરવું હોય તે કરવું. સાયંસંધ્યા અને અગ્નિકાર્ય કરી બ્રહ્મચારીએ અનુપ્રવચનીય હોમ કરવો. બ્રહ્મચારી અશક્ત હોય તો બીજાપાસેથી ચરૂશ્રપણપર્યંત કર્મ કરાવવું, હોમ માત્ર બ્રહ્મચારીએ કરવો. હોમ કરતાં શેષ રહેલા ચરૂવડે ઓછામાં ઓછા ત્રણ બ્રાહ્મણને ભોજન કરાવવાં.

अथबटुव्रतम् ॥ क्षारादिवर्जमश्नीयाद्ब्रह्मचारीदिनत्रयं शयीताधश्चतुर्थेह्निमेधाजननमाचरेत् यद्वाद्वादशरात्रंस्यादब्दव्रतमथापिवा मेधाजननविधिरन्यत्र ॥

હવે બટુ (બ્રહ્મચારી)નું વ્રત કહે છે—"ક્ષાર, (લૂણ) ઇત્યાદિકે રહિત એવું ભોજન બ્રહ્મચારીએ ત્રણ દિવસ કરવું. નીચે (આસને) નિદ્રા કરવી, ચોથે દિવસે મેધાજનન કરવું. અથવા બાર રાત્રિપર્યંત અથવા એક વર્ષપર્યંત પૂર્વોક્ત વ્રત ધારણ કરવું." મેધાજનનનો વિધિ બીજા ગ્રંથોમાં જોવો.

अथमंडपदेवतोत्थापनम् ॥ तच्चस्थापनदिनात्समदिवसेपंचमसप्तमदिनयोश्चशुभं षष्ठदिने विषमदिनेचाशुभम् ॥

હવે મંડપદેવતાનું ઉત્થાપન કહે છે—તે મંડપદેવતાનું ઉત્થાપન જે દિવસે મંડપદેવતાનું સ્થાપન કરેલું હોય તે દિવસથકી સમ દિવસે, પાંચમે દિવસે અથવા સાતમે દિવસે કરવું, તે શુભ છે. છઠ્ઠે દિવસે અથવા વિષમ દિવસે કરવું તે અશુભ છે.

अथमंडपोद्वासनपर्यंतंनिषेधाः ॥ नांदीश्राद्धेकृतेपश्चाद्यावन्मातृविसर्जनं दर्शश्राद्धंक्षयश्राद्धं स्नानंशीतोदकेनच अपसव्यंस्वधाकारंनित्यश्राद्धंतथैवच ब्रह्मयज्ञंचाध्ययनंनदीसीमातिलंघनं उपवासव्रतंचैवश्राद्धभोजनमेवच नैवकुर्युःसपिंडाश्चमंडपोद्वासनावधि अत्रस्वधाकारग्रहणं तत्सहचरितवैश्वदेवनिषेधार्थं अत्रसपिंडास्त्रिपुरुषपर्यंताइतिपुरुषार्थचिंतामणौ अभ्यंगेसूतकेचैवविवाहेपुत्रजन्मनि मांगल्येषुचसर्वेषुनधार्यंगोपिचंदनं एतेषुभस्मधारणमपिनकुर्वंति जननाशौचेभस्मगोपीचंदनेनिषिद्धे मृतकेभस्मधार्यम् ॥

હવે મંડપના વિસર્જનપર્યંત (સપિંડોએ) કયાં કાર્ય ન કરવાં તે કહે છે.

"નાંદીશ્રાદ્ધ કીધા પછી માતૃકાનું વિસર્જન થવાપર્યંત દર્શશ્રાદ્ધ, માતાપિતાનું સાંવત્સરિક શ્રાદ્ધ, શીતળ જળે સ્નાન, અપસવ્ય, સ્વધાકાર, નિત્યશ્રાદ્ધ, બ્રહ્મયજ્ઞ, અધ્યયન, નદી અને સીમા (સીમાડા)નું ઉલ્લંઘન, ઉપવાસવ્રત અને શ્રાદ્ધભોજન, એ સર્વ સપિંડોએ મંડપદેવતાના વિસર્જન થવાપર્યંત વર્જ્ય કરવાં." ઈહાં સ્વધાકારનું જે ગ્રહણ કીધુ છે તે સ્વધાકારસહિત વૈશ્વદેવના નિષેધમાટે છે, તેથી વૈશ્વદેવ પણ કરવો નહીં. ઈહાં સપિંડ લેવા તે ત્રણ પુરૂષપર્યંત લેવા એમ પુરૂષાર્થચિંતામણિમાં કહ્યું છે. "અભ્યંગ, સૂતક, વિવાહ, પુત્રજન્મ અને સર્વ માંગલિક કાર્ય એમનેવિષે ગોપીચંદન ધારણ કરવું નહીં." એ અભ્યંગાદિકનેવિષે ભસ્મધારણ પણ કરતા નથી. જનનાશૌચમાં ભસ્મ અને ગોપીચંદન બન્ને ધારણ કરવાં નહીં. મૃતાશૌચમાં ભસ્મ ધારણ કરવી.

षंढांधबधिरमूकपंगुकुब्जवामनादयःसंस्कार्याः मत्तोन्मत्तौनसंस्कार्यावित्येके पातित्यंतुनास्तिकर्मानधिकारात् तदपत्यंसंस्कार्यं ब्राह्मण्यांब्राह्मणादुत्पन्नोब्राह्मणएवेतिश्रुतेः अन्येतुमत्तोन्मत्तावपिसंस्कार्यावित्याहुः अत्रहोममाचार्यःकरोति उपनयनंचाचार्यसमीपनयनमग्निसमीपनयनंवागायत्रीवाचनंवाविकलांगविषयेप्रधानं एतत्त्रयान्यतममात्रंविकलांगेसंपाद्यं अन्यदंगंयथासंभवंकार्यं मूकबधिरादेःसावित्रीवाचनासंभवेस्पृष्ट्वासावित्रीजपःकार्यः संस्कारमंत्रावासःपरिधानमंत्राश्चाचार्येणवाच्याः केचित्तूष्णींवासःपरिधानादिकमाहुः एवंविवाहेपिकन्यास्वीकरणादन्यत्सर्वंविप्रेणकारयेदित्यादिवचनात् इतिविकलांगोपनयनादिविचारः ॥

ષંઢ (નપુંસક), અંધો, બહેરો, મૂંગો, પાંગળો, કુબડો અને વામન (ઠીંગણો), ઇત્યાદિકને સંસ્કાર કરવા. મત્ત (છકેલો) અને ઉન્મત્ત (વિકળ) ને સંસ્કાર કરવા નહીં એમ કોઈ ગ્રંથકાર કહે છે. પતિતપણું તો નથી; કારણ, તેમને કર્મનો અધિકારજ નથી. મત્ત અને ઉન્મત્તનાં સંતાનોના સંસ્કાર કરવા; કારણ, "બ્રાહ્મણથકી બ્રાહ્મણી સ્ત્રીમા ઉત્પન્ન થયો તે બ્રાહ્મણજ છે," એવી શ્રુતિ છે. બીજા ગ્રંથકારો તો મત્ત અને ઉન્મત્તના પણ સંસ્કાર કરવા એમ કહે છે. તે સંસ્કારોમાં હોમ આચાર્યે કરવો. વિકલાંગ એટલે જેનું અગ ઓછું છે તે, તેના ઉપનયનવિષે; ઉપનયન એટલે તેને આચાર્યની સમીપે લઈ જવો, અગ્નિની સમીપે લઈ જવો અથવા ગાયત્રીમત્ર કહેવો એ ત્રણ કર્મ પ્રધાન છે, માટે એ ત્રણમાંથી કોઈએક માત્ર કરવું. બીજાં અગકર્મ જેવો સંભવ હોય તે પ્રમાણે કરવાં. મૂંગો, બહેરો ઇત્યાદિકને ગાયત્રીમંત્રના ઉચ્ચારનો સંભવ નથી તેથી તેને સ્પર્શ કરી ગાયત્રીમંત્રનો જપ કરવો. સંસ્કારના મંત્ર અને વસ્ત્ર પેહેરવાના મંત્ર તે આચાર્યે કેહેવા. કોઈ ગ્રંથકાર વસ્ત્ર પેહેરવાં ઇત્યાદિક કર્મ મંત્રરહિત કરવાં એમ કહે છે. એ રીતે વિવાહમાં પણ એવોજ નિર્ણય જાણવો; કારણ, "કન્યાના પાણિગ્રહણ વિના બીજું સર્વ કર્મ બ્રાહ્મણપાસે કરાવવું," એવું વચન છે. એ રીતે વિકલાંગની મૌંજી ઇત્યાદિકનો નિર્ણય સમાપ્ત થયો.

अमृतेजारजःकुंडोमृतेभर्तरिगोलकः एतयोःकुंडगोलकयोःसंस्कार्यत्ववचनंयुगांतरविषयं तस्यक्षेत्रजपुत्रविषयत्वात् कलियुगेदत्तौरसातिरिक्तपुत्राणांनिषेधात् ज्येष्ठेत्वकृतसंस्कारेगर्भाधानादिकर्मभिः कनिष्ठोनैवसंस्कार्यइतिशातातपोब्रवीत् इदंचौलोपनयनांतसंस्कारविषयं विवाहविषयेतुविकलांगेपुनायंनियमः कन्यास्वपिज्येष्ठाविवाहानंतरमेवकनिष्ठायाविवाहः ज्येष्ठपुत्रविवाहाभावेपिकनिष्ठाकन्यासंस्कार्या ज्येष्ठस्योपनयनाभावेकनिष्ठानविवाह्या ॥

"પતિ જીવતાં જારથી ઉત્પન્ન થયેલો તે કુંડ છે, અને પતિ મૃત થયા પછી જારથી થયો હોય તે ગોલક છે." એ કુંડ, અને ગોલકને સંસ્કાર કરવા એમ કહેનારૂં જે વચન છે તે બીજા યુગમાટે છે; કારણ, તે વચન ક્ષેત્રજ પુત્રવિષયક છે, અને કલિયુગમાં દત્તક અને ઔરસવિના બીજા પુત્રનો નિષેધ છે. "મ્હોટા પુત્રના સંસ્કાર થયા ન હોય તો કનિષ્ઠના ગર્ભાધાનાદિક સંસ્કાર અવશ્ય કરવા નહીં, એમ શાતાતપે કહ્યું છે." એ વચન ચૌલ અને ઉપનયનપર્યંત સંસ્કારનો નિષેધ કહે છે. વિવાહવિષે તો વિકલાંગ હોય તો એ નિયમ નથી. કન્યાવિષે પણ, મ્હોટી કન્યાનો વિવાહ થયા પછીજ નાહાની કન્યાનો વિવાહ કરવો. જ્યેષ્ઠ પુત્રનો વિવાહ થયો ન હોય તથાપિ નાહાની કન્યાનો સંસ્કાર (વિવાહ) કરવો. જ્યેષ્ઠ પુત્રની મૌંજી થઈ ન હોય તો કનિષ્ટ કન્યાનો વિવાહ કરવો નહીં.

अथपुनरुपनयनम् ॥ तच्चत्रिविधं प्रत्यवायनिमित्तकंप्रायश्चित्तभूतंपुनरुपनयनमाद्यं तच्चजातकर्मादिसहितंतद्रहितंप्रायश्चित्तांतरसहितंकेवलंचेत्यनेकविधं कृतस्योपनयनस्योक्तकालाद्यंगवैगुण्येनवैफल्यापत्तावपरं वेदांतराध्ययनार्थंविहितंतृतीयं तत्रप्रथमंयथा अमत्याऔषधांतरानाद्यरोगनाशार्थंपैष्ट्याःसुरायाःपानेत्रिमासंकृच्छ्राचरणंपुनरुपनयनंच मत्यापैष्ट्यन्यसुरायाऔषधार्थंपानेकृच्छ्रातिकृच्छ्रौपुनरुपनयनंच पैष्टीपानेद्वादशाब्दं अज्ञानाद्वारुणीगौडीमाध्वीसुरापीताचेत्पुनरुपनयनंतप्तकृच्छ्रंच अज्ञानाद्रेतोविण्मूत्राणामशनेसुरासंसृष्टान्नजलादिभक्षणेचपुनःसंस्कारस्तप्तकृच्छ्रंच ज्ञात्वाविण्मूत्राद्यशनेचांद्रायणपुनःसंस्कारौ लशुनपलांडुगृंजनविड्वराहग्रामकुक्कुटनरगोमांसभक्षणेद्विजातीनांतत्तत्प्रायश्चित्तांतेपुनरुपनयनं अविसरोष्ट्रमानुषीक्षीरपानेहस्तिनीवडवाक्षीरपानेचतप्तकृच्छ्रंपुनःसंस्कारः रासभोष्ट्रारोहणेकृच्छ्रःपुनःसंस्कारश्च इदंहेमाद्रिमतमितिसिंधौक्वचित् मिताक्षरास्मृत्यर्थसारादिमतेरासभोष्ट्रारोहेउपवासत्रयादिमात्रंनतुपुनःसंस्कारः कौस्तुभाशयोप्येवं वृषभारोहणेअमत्याकृच्छ्रंमत्याकृच्छ्रत्रयादि केचिद्वृषारोहेपुनःसंस्कारंकुर्वंतितत्रमूलंमृग्यं एवमजवस्तमहिषारोहेपि मांसभक्षकपशोर्विड्भक्षणेपुनरुपनयनमात्रं केचिन्मानुषमलभक्षणेपिपुनःसंस्कारमात्रमाहुः प्रेतशय्याप्रतिग्राहीपुनःसंस्कारमर्हति जीवतोमृतवार्ताश्रुत्वांत्यकर्मकरणे तंघृतकुंभेनिमज्योद्धृत्यस्नापयित्वाजातकर्माद्युपनयनांतसंस्कारान्कृत्वा त्रिरात्रव्रतांते पूर्वभार्ययातस्यांमृतायामन्यभार्ययावाविवाहःकार्यः आहिताग्निश्चेत्पुनराधानायुष्मदिष्ट्यादितीर्थयात्रांविनाकलिंगांगवंगांध्रसिंधुसौवीरप्रत्यंतवासिदेशगमनेपुनःसंस्कारः चांडालान्नभक्षणेचांद्रायणंबुद्धिपूर्वभक्षणेकृच्छ्राब्दं उभयत्रपुनःसंस्कारः अजिनंमेखलादंडोभैक्ष्यचर्याव्रतानिच निवर्तंतेद्विजातीनांपुनःसंस्कारकर्मणि वपनंमेखलेतिस्मृत्यंतरेपाठः ब्रह्मचारिणोमधुमांसाशनेपुनरुपन

यनंप्राजापत्यंत्रिरात्रोपासोवा मत्याभक्षणेपराकः अभ्यासेद्विगुणंपुनःसंस्कारश्च पितृमातृगुरुभ्योभिन्नस्यप्रेतस्यांत्यकर्मकरणेब्रह्मचारिणःपुनरुपनयनं हस्तमथितदधिभक्षणेबहिर्वेदिपुरोडाशाशनेअभ्यासेकृच्छ्रःपुनःसंस्कारश्च यःसंन्यासंगृहीत्वाततोनिवृत्यगार्हस्थ्यंचिकीर्षतिसषण्मासंकृच्छ्रान्कृत्वाजातकर्मादिसंस्कारैःसंस्कृतःशुद्धोगार्हस्थ्यंकुर्यात् एवमनशनंमरणार्थंसंकल्प्यनिवृत्तोपिकुर्यात् कर्मनाशाजलस्पर्शात्करतोयाविलंघनात् गंडकीबाहुतरणात्पुनःसंस्कारमर्हति ॥

હવે પુનરૂપનયન કહે છે.

તે પુનરૂપનયન ત્રણ પ્રકારનું છે. પ્રત્યવાય(દોષ)ના નિમિત્તથી પ્રાપ્ત થયું જે પ્રાયશ્ચિત્તરૂપ પુનરૂપનયન તે પ્રથમ. તે જાતકર્માદિ સંસ્કારેયુક્ત, અથવા રહિત, અન્ય પ્રાયશ્ચિત્તેસહિત અથવા કેવળ (એકલું) એ પ્રમાણે અનેક પ્રકારનું છે. એકવાર કરેલા ઉપનયનમાં ઉક્ત કાલાદિકનું ન્યૂનપણું થવાથી કરેલું ઉપનયન વ્યર્થ થતાં જે બીજીવાર કરવું તે બીજું પુનરૂપનયન. એક વેદનું અધ્યયન કરી બીજા વેદના અધ્યયન કરવામાટે કહેલું તે ત્રીજું પુનરૂપનયન છે. તેમાં પ્રથમનું કેમ કરવું તે કહે છે. બીજાં ઔષધોથી નાશ ન થવાનો એવા રોગના નાશમાટે, અજાણમાં (વૈદ્યે ઔષધરૂપ બતાવવાથી) પૈષ્ટી સુરાનું પાન કીધું હોય તો ત્રણ માસપર્યંત કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી પુનરૂપનયન કરવું. પૈષ્ટી વિના બીજી સુરા બુદ્ધિપૂર્વક ઔષધ માટે પીધી હોય તો કૃચ્છ્ર અને અતિકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી પુનરૂપનયન કરવું. પૈષ્ટી સુરા પીધી હોય તો દ્વાદશાબ્દ પ્રાયશ્ચિત્ત કરવું. વારૂણી, ગૌડી (ગોળની) અને માધ્વી (મૌડાનાં પુષ્પથી થયલી) એ સુરાનું અજાણમાં પ્રાશન કીધું હોય તો પુનરૂપનયન અને તપ્તકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. વીર્ય, વિષ્ઠા અને મૂત્રનું અજાણમાં ભક્ષણ થાય અથવા મદ્યમિશ્રિત એવું અન્ન કે જળ ઇત્યાદિક ભક્ષણ કરવામાં આવે તો પુનઃસંસ્કાર (પુનરૂપનયન) અને તપ્તકૃચ્છ્ર એ પ્રાયશ્ચિત્ત કરવું. જાણીને વિષ્ઠા, મૂત્ર ઇત્યાદિક ભક્ષણ કરે તો ચાંદ્રાયણ અને પુનઃસંસ્કાર એ પ્રાયશ્ચિત્ત કરવું. દ્વિજાતિએ (બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્યે) લસણ, કાંદા (ડુંગળી), ગાજર અને ગામમાંનાં કુક્કર, ગામનાં કુકડાં, મનુષ્ય અને ગાય એમનું માંસ એ ભક્ષણ કરેલાં હોય તો તે તે પ્રાયશ્ચિત્ત કરી પુનરૂપનયન કરવું. ગાડરી, ગધેડી, ઉંટડી, સ્ત્રી, હાથણી અને ઘોડી એમનું દૂધ પીએ તો તપ્તકૃચ્છ્ર અને પુનઃસંસ્કાર એ પ્રાયશ્ચિત્ત કરવું. ગધેડો અને ઊંટ ઇત્યાદિક ઉપર ચડે તો કૃચ્છ્ર અને પુનઃસંસ્કાર કરવા; એ હેમાદ્રિનો મત છે એમ નિર્ણયસિંધુના કોઈ એકાદ પુસ્તકમાં મળે છે. મિતાક્ષરા, સ્મૃત્યર્થસાર ઇત્યાદિક ગ્રંથને મતે ખર કે ઊંટ એમના ઉપર ચડે તો ત્રણ ઉપવાસ ઇત્યાદિક માત્ર પ્રાયશ્ચિત્ત કરવું, પુનઃસંસ્કાર કરવો નહીં. કૌસ્તુભનો પણ એજ મત છે. અજાણે બેલ ઉપર બેસે તો કૃચ્છ્ર, અને જાણીને બેસે તો ત્રણ કૃચ્છ્ર, ઇત્યાદિ કરવું. કેટલાએક મનુષ્ય, બેલ ઉપર બેસે તો પુનઃસંસ્કાર કરેછે; પરંતુ તેમાં મૂળ શું ? તે શોધ કરવો. એ રીતે ઘેટા, બકરા અને ભેંસા (પાડા) ઉપર બેસે તો પણ એજ નિર્ણય જાણવો. માંસ ખાનારા પશુની વિષ્ઠા ભક્ષણ કરે તો પુનરૂપનયન માત્ર કરવું. કોઈ ગ્રંથકાર મનુષ્યની વિષ્ઠા ભક્ષણ કરી હોય તો પણ પુનઃસંસ્કાર માત્ર કરવો એમ કહે છે. "મૃતશય્યાનો લેનારો પુનઃસંસ્કારનું પાત્ર થાયછે." જીવતો હોય તેની 'મરી ગયો' એવી વાત સાંભળી ઉત્તરક્રિયા કરી હોય તો, તેને ઘીના કુંભમાં ડુબાડી પાછો બાહેર કાઢી સ્નાન કરાવી જાતકર્મ થકી ઉપનયનપર્યંત સંસ્કાર કરી ત્રણ રાત્રિ વ્રત ધારણ કીધા પછી (તેનો) પ્રથમની સ્ત્રીની સાથે અથવા તે મૃત થઇ હોય તો બીજી સ્ત્રીની સાથે વિવાહ કરવો. અગ્નિહોત્રી હોય તેણે પુનરાધાન અને આયુષ્મત્ ઇષ્ટિ કરવી. તીર્થયાત્રા ઇત્યાદિક કારણવિના કલિંગ, અંગ, બંગ, આંધ્ર, સિંધુ, સૌવીર અને પ્રત્યંત દેશ (પશ્ચિમ દેશ—મ્લેચ્છ દેશ) એ દેશોમાં ગમન કરે તો પુનઃસંસ્કાર કરવો. ચાંડાલનું અન્ન ભક્ષણ કરે તો ચાંદ્રાયણ, અને બુદ્ધિપૂર્વક ચાંડાલનું અન્ન ભક્ષણ કરે તો કૃચ્છ્રાબ્દ પ્રાયશ્ચિત્ત કરી બન્નેમાં પુનઃસંસ્કાર કરવો. "મૃગચર્મ, મેખલા, દંડ એનું ધારણ, ભિક્ષા માગવી; અને વ્રત એટલા પ્રકાર દ્વિજાતિને પુનઃસંસ્કારમાં વર્જ્ય કરવા." 'અજીનં, મેખલા' એ ઠેકાણે 'વપનં, મેખલા' એવો બીજી સ્મૃતિમાં પાઠ દેખાય છે. બ્રહ્મચારીએ મધુ (મદ્ય) અને માંસ ભક્ષણ કીધું હોય તો પુનરૂપનયન, અને પ્રાજાપત્ય અથવા ત્રણ રાત્રિ ઉપવાસ એ પ્રાયશ્ચિત્ત જાણવું. જાણીને ભક્ષણ કરે તો પરાક પ્રાયશ્ચિત્ત કરવું. અભ્યાસ (વારંવાર ભક્ષણ કીધું) હોય તો બમણું પ્રાયશ્ચિત્ત કરી પુનઃસંસ્કાર કરવો. બ્રહ્મચારીએ માતા, પિતા અને ગુરુ વિના અન્ય મરણ પામેલાની અંત્યક્રિયા

ષંઢ (નપુંસક), આંધો, બેહેરો, મૂંગો, પાંગળો, કુબડો અને વામન (ઠીંગણો), ઇત્યાદિકને સંસ્કાર કરવા. મત્ત (છકેલો) અને ઉન્મત્ત (વિકળ) ને સંસ્કાર કરવા નહીં એમ કોઈ ગ્રંથકાર કહે છે. પતિતપણું તો નથી; કારણ, તેમને કર્મનો અધિકારજ નથી. મત્ત અને ઉન્મત્તનાં સંતાનોના સંસ્કાર કરવા; કારણ, “બ્રાહ્મણથકી બ્રાહ્મણી સ્ત્રીમા ઉત્પન્ન થયો તે બ્રાહ્મણજ છે,” એવી શ્રુતિ છે. બીજા ગ્રંથકારો તો મત્ત અને ઉન્મત્તના પણ સંસ્કાર કરવા એમ કહે છે. તે સંસ્કારોમાં હોમ આચાર્યે કરવો. વિકલાંગ એટલે જેનું અગ ઓછું છે તે, તેના ઉપનયનવિષે; ઉપનયન એટલે તેને આચાર્યની સમીપે લઈ જવો, અગ્નિની સમીપે લઈ જવો અથવા ગાયત્રીમંત્ર કહેવો એ ત્રણ કર્મ પ્રધાન છે, માટે એ ત્રણમાંથી કોઈએક માત્ર કરવું. બીજાં અંગકર્મ જેવો સંભવ હોય તે પ્રમાણે કરવાં. મૂંગો, બેહેરો ઇત્યાદિકને ગાયત્રીમંત્રના ઉચ્ચારનો સંભવ નથી તેથી તેને સ્પર્શ કરી ગાયત્રીમંત્રનો જપ કરવો. સંસ્કારના મંત્ર અને વસ્ત્ર પેહેરવાના મંત્ર તે આચાર્યે કેહેવા. કોઈ ગ્રંથકાર વસ્ત્ર પેહેરવાં ઇત્યાદિક કર્મ મન્ત્રરહિત કરવાં એમ કહે છે. એ રીતે વિવાહમાં પણ એવોજ નિર્ણય જાણવો; કારણ, “કન્યાના પાણિગ્રહણ વિના બીજું સર્વ કર્મ બ્રાહ્મણપાસે કરાવવું,” એવું વચ્ન છે. એ રીતે વિકલાંગની મૌંજી ઇત્યાદિકનો નિર્ણય સમાપ્ત થયો.

अमृतेजारजःकुंडोमृतेभर्तरिगोलकः एतयोःकुंडगोलकयोःसंस्कार्यत्ववचनंयुगांतरविषयं तस्यक्षेत्रजपुत्रविषयत्वात् कलियुगेदत्तौरसातिरिक्तपुत्राणांनिषेधात् ज्येष्ठेत्वकृतसंस्कारेगर्भाधानादिकर्मभिः कनिष्ठोनैवसंस्कार्यइतिशातातपोब्रवीत् इदंचौलोपनयनांतसंस्कारविषयं विवाहविषयेतुविकलांगे पुनार्यंनियमः कन्यास्वपिज्येष्ठाविवाहानंतरमेवकनिष्ठायाविवाहः ज्येष्ठपुत्रविवाहाभावेपिकनिष्ठाकन्यासंस्कार्या ज्येष्ठस्योपनयनाभावेकनिष्ठानविवाह्या ॥

“પતિ જીવતાં જારથી ઉત્પન્ન થયેલો તે કુંડ છે, અને પતિ મૃત થયા પછી જારથી થયો હોય તે ગોલક છે.” એ કુંડ, અને ગોલકને સંસ્કાર કરવા એમ કહેનારૂં જે વચન છે તે બીજા યુગમાટે છે; કારણ, તે વચન ક્ષેત્રજ પુત્રવિષયક છે, અને કલિયુગમાં દત્તક અને ઔરસવિના બીજા પુત્રનો નિષેધ છે. “મ્હોટા પુત્રના સંસ્કાર થયા ન હોય તો કનિષ્ઠના ગર્ભાધાનાદિક સંસ્કાર અવશ્ય કરવા નહીં, એમ શાતાતપે કહ્યું છે.” એ વચન ચૌલ અને ઉપનયનપર્યંત સંસ્કારનો નિષેધ કહે છે. વિવાહવિષે તો વિકલાંગ હોય તો એ નિયમ નથી. કન્યાવિષે પણ, મ્હોટી કન્યાનો વિવાહ થયા પછીજ નાહાની કન્યાનો વિવાહ કરવો. જ્યેષ્ઠ પુત્રનો વિવાહ થયો ન હોય તથાપિ નાહાની કન્યાનો સંસ્કાર (વિવાહ) કરવો. જ્યેષ્ઠ પુત્રની મૌંજી થઈ ન હોય તો કનિષ્ટ કન્યાનો વિવાહ કરવો નહીં.

अथपुनरुपनयनम् ॥ तच्चत्रिविधं प्रत्यवायनिमित्तकंप्रायश्चित्तभूतंपुनरुपनयनमाद्यं तच्चजातकर्मादिसहितंतद्रहितंप्रायश्चित्तांतरसहितंकेवलंचेत्यनेकविधं कृतस्योपनयनस्योक्तकालाद्यंगवैगुण्येनवैकल्यापत्तावपरं वेदांतराध्ययनार्थंविहितंतृतीयं तत्रप्रथमंयथा अमत्याऔषधांतरानाश्यरोगनाशार्थंपैष्ट्याःसुरायाःपानेत्रिमासंकृच्छ्राचरणंपुनरुपनयनंच मत्यापैष्ट्यन्यसुरायाऔषधार्थंपानेकृच्छ्रातिकृच्छ्रौपुनरुपनयनंच पैष्टीपानेद्वादशाब्दं अज्ञानाद्वारुणीगौडीमाध्वीसुरापीताचेत्पुनरुपनयनंतप्तकृच्छ्रंच अज्ञानाद्रेतोविण्मूत्राणामशनेसुरासंस्पृष्टान्नजलादिभक्षणेचपुनःसंस्कारस्तप्तकृच्छ्रंच ज्ञात्वाविण्मूत्राद्यशनेचांद्रायणपुनःसंस्कारौ लशुनपलांडुगृंजनविड्वराहग्रामकुक्कुटनरगोमांसभक्षणेद्विजातीनांतत्तत्प्रायश्चित्तांतेपुनरुपनयनं अविसरोष्ट्रमानुषीक्षीरपानेहस्तिनीवडवाक्षीरपानेचतप्तकृच्छ्रंपुनःसंस्कारः रासभोष्ट्राद्यारोहणेकृच्छ्रःपुनःसंस्कारश्च इदंहेमाद्रिमतमितिसिंधौक्वचित् मिताक्षरास्मृत्यर्थसारादिमतेरासभोष्ट्रारोहेउपवासत्रयादिमात्रंनतुपुनःसंस्कारः कौस्तुभाशयोप्येवं वृषभारोहणेअमत्याकृच्छ्रंमत्याकृच्छ्रत्रयादि केचिद्वृषारोहेपुनःसंस्कारंकुर्वंतितत्रमूलंमृग्यं एवमजयस्तमहिषारोहेपि मांसभक्षकपशोर्विट्भक्षणेपुनरुपनयनमात्रं केचिन्मानुषमलभक्षणेपिपुनःसंस्कारमात्रमाहुः प्रेतशय्याप्रतिग्राहीपुनःसंस्कारमर्हति जीवतोमृतवार्तांश्रुत्वांत्यकर्मकरणे तंघृतकुंभेनिमज्योद्धृत्यस्नापयित्वाजातकर्माद्युपनयनांतसंस्कारान्कृत्वात्रिरात्रव्रतांते पूर्वभार्ययातस्यांमृतायामन्यभार्ययावाविवाहःकार्यः आहिताग्निश्चेत्पुनराधानायुष्मदिष्ट्यादितीर्थयात्रांविनाकलिंगांगवंगांध्रसिंधुसौवीरप्रत्यंतवासिदेशागमनेपुनःसंस्कारः चांडालान्नभक्षणेचांद्रायणंबुद्धिपूर्वभक्षणेकृच्छ्राब्दं उभयत्रपुनःसंस्कारः अजिनंमेखलादंडोभैक्ष्यचर्याव्रतानिचनिवर्तंतेद्विजातीनांपुनःसंस्कारकर्मणि वपनंमेखलेतिस्मृत्यंतरेपाठः ब्रह्मचारिणोमधुमांसाशनेपुनरुपन

यनंप्राजापत्यंत्रिरात्रोपासोवा मत्याभक्षणेपराकः अभ्यासेद्विगुणंपुनःसंस्कारश्च पितृमातृगुरुभ्योभिन्नस्यप्रेतस्यांत्यकर्मकरणेब्रह्मचारिणःपुनरुपनयनं हस्तमथितदधिभक्षणेवहिर्वेदिपुरोडाशाशनेअभ्यासे कृच्छ्रःपुनःसंस्कारश्च यःसंन्यासंगृहीत्वाततोनिवृत्यगार्हस्थ्यंचिकीर्षतिसषण्मासंकृच्छ्रान्कृत्वाजातकर्मादिसंस्कारैःसंस्कृतःशुद्धोगार्हस्थ्यंकुर्यात् एवमनशनंमरणार्थसंकल्प्यनिवृत्तोपिकुर्यात् कर्मनाशाजलस्पर्शात्करतोयाविलंघनात् गंडकीबाहुतरणात्पुनःसंस्कारमर्हति ॥

હવે પુનરૂપનયન કહે છે.

તે પુનરૂપનયન ત્રણ પ્રકારનું છે. પ્રત્યવાય(દોષ)ના નિમિત્તથી પ્રાપ્ત થયું જે પ્રાયશ્ચિત્તરૂપ પુનરૂપનયન તે પ્રથમ. તે જાતકર્માદિ સંસ્કારેયુક્ત, અથવા રહિત, અન્ય પ્રાયશ્ચિત્તેસહિત અથવા કેવળ (એકલું) એ પ્રમાણે અનેક પ્રકારનું છે. એકવાર કરેલા ઉપનયનમાં ઉક્ત કાલાદિકનું ન્યૂનપણું થવાથી કરેલું ઉપનયન વ્યર્થ થતાં જે બીજીવાર કરવું તે બીજું પુનરૂપનયન. એક વેદનું અધ્યયન કરી બીજા વેદના અધ્યયન કરવામાટે કહેલું તે ત્રીજું પુનરૂપનયન છે. તેમાં પ્રથમનું કેમ કરવું તે કહે છે. બીજાં ઓષધોથી નાશ ન થવાનો એવા રોગના નાશમાટે, અજાણમાં (વૈદ્યે ઔષધરૂપ બતાવવાથી) પૈષ્ટી સુરાનું પાન કીધું હોય તો ત્રણ માસપર્યંત કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી પુનરૂપનયન કરવું. પૈષ્ટી વિના બીજી સુરા બુદ્ધિપૂર્વક ઓષધ માટે પીધી હોય તો કૃચ્છ્ર અને અતિકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી પુનરૂપનયન કરવું. પૈષ્ટી સુરા પીધી હોય તો દ્વાદશાબ્દ પ્રાયશ્ચિત્ત કરવું. વારૂણી, ગૌડી (ગોળની) અને માધ્વી (મૌડાનાં પુષ્પથી થયલી) એ સુરાનું અજાણમાં પ્રાશન કીધું હોય તો પુનરૂપનયન અને તપ્તકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. વીર્ય, વિષ્ઠા અને મૂત્રનું અજાણમાં ભક્ષણ થાય અથવા મદ્યમિશ્રિત એવું અન્ન કે જળ ઇત્યાદિક ભક્ષણ કરવામાં આવે તો પુનઃસંસ્કાર (પુનરૂપનયન) અને તપ્તકૃચ્છ્ર એ પ્રાયશ્ચિત્ત કરવું. જાણીને વિષ્ઠા, મૂત્ર ઇત્યાદિક ભક્ષણ કરે તો ચાંદ્રાયણ અને પુનઃસંસ્કાર એ પ્રાયશ્ચિત્ત કરવું. દ્વિજાતિએ (બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્યે) લસણ, કાંદા (ડુંગળી), ગાજર અને ગામમાંનાં ડુક્કર, ગામનાં કુકડાં, મનુષ્ય અને ગાય એમનું માંસ એ ભક્ષણ કરેલાં હોય તો તે તે પ્રાયશ્ચિત્ત કરી પુનરૂપનયન કરવું. ગાડરી, ગધેડી, ઉંટડી, સ્ત્રી, હાથણી અને ઘોડી એમનું દૂધ પીએ તો તપ્તકૃચ્છ્ર અને પુનઃસંસ્કાર એ પ્રાયશ્ચિત્ત કરવું. ગધેડો અને ઊંટ ઇત્યાદિક ઉપર ચડે તો કૃચ્છ્ર અને પુનઃસંસ્કાર કરવા; એ હેમાદ્રિનો મત છે એમ નિર્ણયસિંધુના કોઈ એકાદ પુસ્તકમાં મળે છે. મિતાક્ષરા, સ્મૃત્યર્થસાર ઇત્યાદિક ગ્રંથને મતે ખર કે ઊંટ એમના ઉપર ચડે તો ત્રણ ઉપવાસ ઇત્યાદિક માત્ર પ્રાયશ્ચિત્ત કરવું, પુનઃસંસ્કાર કરવો નહી. કૌસ્તુભનો પણ એજ મત છે. અજાણે બેલ ઉપર બેસે તો કૃચ્છ્ર, અને જાણીને બેસે તો ત્રણ કૃચ્છ્ર, ઇત્યાદિ કરવું. કેટલાએક મનુષ્ય, બેલ ઉપર બેસે તો પુનઃસંસ્કાર કરેછે; પરંતુ તેમાં મૂળ શું ? તે શોધ કરવો. એ રીતે ઘેટા, બકરા અને ભેંસા (પાડા) ઉપર બેસે તો પણ એજ નિર્ણય જાણવો. માંસ ખાનારા પશુની વિષ્ઠા ભક્ષણ કરે તો પુનરૂપનયન માત્ર કરવું. કોઈ ગ્રંથકાર મનુષ્યની વિષ્ઠા ભક્ષણ કરી હોય તો પણ પુનઃસંસ્કાર માત્ર કરવો એમ કહે છે. "મૃતશય્યાનો લેનારો પુનઃસંસ્કારનું પાત્ર થાયછે." જીવતો હોય તેની 'મરી ગયો' એવી વાત સાંભળી ઉત્તરક્રિયા કરી હોય તો, તેને ઘીના કુંભમાં ડુબાડી પાછો બાહેર કાઢી સ્નાન કરાવી જાતકર્મ થકી ઉપનયનપર્યંત સંસ્કાર કરી ત્રણ રાત્રિ વ્રત ધારણ કીધા પછી (તેનો) પ્રથમની સ્ત્રીની સાથે અથવા તે મૃત થઇ હોય તો બીજી સ્ત્રીની સાથે વિવાહ કરવો. અગ્નિહોત્રી હોય તેણે પુનરાધાન અને આયુષ્મત્ ઇષ્ટિ કરવી. તીર્થયાત્રા ઇત્યાદિક કારણવિના કલિંગ, અંગ, બંગ, આંધ્ર, સિંધુ, સૌવીર અને પ્રત્યંત દેશ (પશ્ચિમ દેશ–મ્લેચ્છ દેશ) એ દેશોમાં ગમન કરે તો પુનઃસંસ્કાર કરવો. ચાંડાલનું અન્ન ભક્ષણ કરે તો ચાંદ્રાયણ, અને બુદ્ધિપૂર્વક ચાંડાલનું અન્ન ભક્ષણ કરે તો કૃચ્છ્રાબ્દ પ્રાયશ્ચિત્ત કરી બન્નેમાં પુનઃસંસ્કાર કરવો. "મૃગચર્મ, મેખલા, દંડ એનું ધારણ, ભિક્ષા માગવી; અને વ્રત એટલા પ્રકાર દ્વિજાતિને પુનઃસંસ્કારમાં વર્જ્ય કરવા." 'અજીનં, મેખલા' એ ઠેકાણે 'વપનં, મેખલા' એવો બીજી સ્મૃતિમાં પાઠ દેખાય છે. બ્રહ્મચારીએ મધુ (મદ્ય) અને માંસ ભક્ષણ કીધું હોય તો પુનરૂપનયન, અને પ્રાજાપત્ય અથવા ત્રણ રાત્રિ ઉપવાસ એ પ્રાયશ્ચિત્ત જાણવું. જાણીને ભક્ષણ કરે તો પરાક પ્રાયશ્ચિત્ત કરવું. અભ્યાસ (વારંવાર ભક્ષણ કીધું) હોય તો બમણું પ્રાયશ્ચિત્ત કરી પુનઃસંસ્કાર કરવો. બ્રહ્મચારીએ માતા, પિતા અને ગુરુ વિના અન્ય મરણ પામેલાની અંત્યક્રિયા

કરી હોય તો તેણે પુનરૂપનયન કરવું. હાથે મથેલું દહીં અભ્યાસથી ભક્ષણ કરે, અથવા વેદીની બાહેર પુરોડાશ અભ્યાસથી ભક્ષણ કરે તો કૃચ્છ્ર અને પુનઃસંસ્કાર એ પ્રાયશ્ચિત્ત કરવું. જે બ્રાહ્મણ સંન્યાસ ગ્રહણ કરી તેથી નિવૃત્ત થઈ ગૃહસ્થાશ્રમસબંધી ધર્મ પાળવાની ઇચ્છા કરે તો તેણે છ માસ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી જાતકર્માદિ સંસ્કાર કરાવી શુદ્ધ થઈ, પછી ગૃહસ્થાશ્રમના ધર્મ પાળવા. મરવામાટે ઉપવાસનો સકલ્પ કરી ફરી તેથી નિવૃત્ત થાય તો તેણે પણ એ રીતે કરવું. “કર્મનાશા નદીના જળનો સ્પર્શ, કરતોયા નદીનું ઉલ્લંઘન, અને ગંડકી નદીને હાથેથી તરવું એમાંથી એક થાય તો તે પુનઃસંસ્કારનું પાત્ર થાય છે.”

अथद्वितीयंपुनरुपनयनम् ॥ प्रदोषेनिश्यनध्यायेमंदेकृष्णेगलग्रहे अपराह्णेचोपनीतःपुनःसंस्कारमर्हति अत्रप्रदोषःप्रदोषदिनं कृष्णःकृष्णपक्षएकादश्यादिरंत्यत्रिकरूपोपराह्णश्चदिनतृतीयभागरूप इत्युक्तं अनध्यायाअपिनित्याएवपौर्णिमाप्रतिपदादयःपुनरुपनयननिमित्तं नतुनैमित्तिकाअकालवृष्ट्यादिनिमित्तकत्रिरात्रादयः नैमित्तिकेषुप्रातर्गर्जितनिमित्तानध्यायएवपुनःसंस्कारनिमित्तं अत्रविस्तरः कौस्तुभे अंसाभिमर्शपूर्वकंवटोःसमीपमानयनंप्रधानकर्म तस्यविस्मरणेपुनरुपनयनं एवंगायत्र्युपदेशविस्मरणेपि ॥

હવે બીજું પુનરૂપનયન કહે છે.

“પ્રદોષ, રાત્રિ, અનધ્યાય, શનિ વાર, કૃષ્ણ, ગલગ્રહ તીથિ, અને અપરાહ્ણકાલ એમાં જેની મૌંજી થઈ તે પુન.સંસ્કારને યોગ્ય છે.” ઇહાં પ્રદોષ એટલે પ્રદોષનો દિવસ કૃષ્ણ એટલે કૃષ્ણપક્ષ; તે એકાદશીથકી છેલ્લા પાંચ દિવસ અને અપરાહ્ણ એટલે દિવસનો ત્રીજો ભાગ એમ કહ્યું છે. અનધ્યાયો પણ પૂનમ, એકમ ઇત્યાદિક જે નિત્ય અનધ્યાય કહ્યા છે તેજ પુનરૂપનયનનું નિમિત્ત છે. અકાલ વૃષ્ટ્યાદિક નિમિત્તથકી થયલા જે ત્રિરાત્રિ આદિ અનધ્યાય તે પુનરૂપનયનનું કારણ નથી. નૈમિત્તિક અનધ્યાયોમાં પ્રાતઃકાલે ગર્જના થવારૂપ નૈમિત્તિક અનધ્યાય તેજ પુનઃસંસ્કારનું કારણ છે, એ વિષયમાં વિસ્તાર કૌસ્તુભમાં કહ્યો છે. પ્રથમ ખભાનો સ્પર્શ કરી બટુને આચાર્યની સમીપે લાવવો એ જે પ્રધાનકર્મ તેનું વિસ્મરણ થયું હોય તો પુનરૂપનયન કરવું. એ પ્રમાણે ગાયત્રીમંત્રના ઉપદેશનું વિસ્મરણ થયું હોય તો પણ પુનરૂપનયન કરવું.

तृतीयःपुनरुपनयननिमित्तप्रकारः ॥ एकंवेदमधीत्यवेदांतराध्ययनचिकीर्षायांप्रतिवेदंपुनरुपनयनमित्येके अन्यवेदिनामृग्वेदाध्ययनार्थमुपनयनमित्यपरे अन्येतुएकेनैवोपनयनेनवेदत्रयाध्ययनाधिकारः अथर्ववेदाध्ययनार्थंद्वितीयमुपनयनमित्याहुः तेनऋगादिवेदत्रयाध्यायिनोमुंडमांडूक्याद्याथर्वणोपनिषदोविनापुनःसंस्कारंपठंतितेचिंत्याः युगपदनेकवेदारंभे नोपनयनावृत्त्यपेक्षेतिसकृदुपनीत्यायुगपत्सकलवेदारंभःसिद्ध्यतीतिपरे तत्रएकवेदाध्ययनानंतरंयद्वेदाध्ययनचिकीर्षातदेतिकर्तव्यताकंपुनरुपनयनं तत्रवपनंब्रह्मौदनंमेधाजननंदीक्षाचकृताकृतापरिदानरहिताक्रियाभवति अनध्यायादिकेद्वितीये पुनरुपनयननिमित्तेसर्वमविकृतंयथोक्तकालेउपनयनम् ॥

ન કરવાં; પરિદાન ક્રિયા કરવી નહીં. બીજા ઉપનયનનું કારણ જે અનધ્યાયાદિક તેમાં મૌંજી થવાથી જે પુનરૂપનયન કરવું તેમાં કાંઈ પણ વર્જ્ય કરવું નહીં, અને ઉક્ત કાલે કરવું.

अथप्रायश्चित्तार्थेव्रतबंधेविशेषः ॥ तत्रनिमित्तानंतरमेवकरणे उदगयनपुण्यनक्षत्राद्युक्तकालोनापेक्ष्यते अन्यथातुयथोक्तकालापेक्षा तत्रकर्तापितातदभावेपितृव्यादिःसपिंडः तदभावेन्यःकश्चित् यत्रपुनरुपनयनंप्रायश्चित्तत्वेनोक्तंतत्रपर्षदुपदिष्टविधिनातदेवकार्यं यत्रतुप्रायश्चित्तांतरसहितं तत्रोक्तविधिनाप्रायश्चित्तंसंस्कार्येणकारयित्वाचार्येणतस्योपनयनंकार्यं यत्रजातकर्मादिसंस्कारसहितमुपनयनंविहितंतत्रजातादिचौलांतसंस्कारान्कृत्वाकार्यं पुनरुपनयनेगायत्रीस्थाने तत्सवितुर्वृणीमह इत्यस्या उपदेशादाचार्येणास्याप्यृचोद्वादशोत्तरसहस्रजपः कृच्छ्रत्रयंचोपनेतृत्वाधिकारार्थंकार्यं तत्रास्य कृतौर्ध्वदैहिकस्यपुनःसंस्कारद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंजातकर्माद्युपनयनांतसंस्कारान्करिष्ये एवंनिमित्तांतरेपिसंकल्पऊह्यः सर्वसंस्कारोद्देशेनतंत्रेणनांदीश्राद्धादिश्मश्रुवपनानंतरंचौलकेशवपनं मनुष्यादिक्षीरपानादिनिमित्तांतरेतुसंस्कार्योमुकदोषपरिहारार्थं पर्षदुपदिष्टममुकप्रायश्चित्तंकरिष्यइतिसंकल्प्यतत्कुर्यात् आचार्यस्तु अस्यामुकदोषपरिहारार्थंपुनःसंस्कारसिद्धिद्वाराश्री० पुनरुपनयनंकरिष्यइतिसंकल्प्योपनयनमात्रंकुर्यात् यत्रोपनयनमात्रोक्तिस्तत्रसंस्कार्यस्यनसंकल्पः किंत्वाचार्यस्यैवपुनरुपनयनं ग्रामाद्बहिःप्राच्यामुदीच्यांवागत्वाकार्यं नांदीश्राद्धांतेमंडपदेवतास्थापनं कृतमंगलस्नानंसंस्कार्यंभोजयित्वा वपनपक्षेवपनस्नानेकारयित्वा अस्यप्रायश्चित्तार्थंपुनरुपनयनहोमेदेवतापरिग्रहार्थमन्वाधानं करिष्ये अस्मिन्नन्वाहितेग्नावित्यादिनित्यवत् ब्रह्मचारिणःपुनरुपनयनेसमंत्रकंवासोधारणंनित्यं अन्यस्यवैकल्पिकं ब्रह्मसूत्रधारणादिसूर्येक्षणांतंनित्यवत् ततोयुवासुवासाइत्येतन्मंत्रकंप्रदक्षिणमावर्तनादिघासोबद्धांजलिग्रहणांतेप्रणवव्याहृतीनांऋष्यादिस्मृत्वा तत्सवितुर्वृणीमहइत्यस्यश्यावाश्वःसवितानुष्टुप् पुनरुपनयनेउपदेशेविनियोगः पादशोर्धर्चशःसर्वामितित्रिर्वाचयेत् ब्रह्मचारिणोमेखलादानादि नित्यवद्ब्रह्मचर्योपदेशांतं अन्यस्यमेखलाजिनदंडधारणंपाक्षिकं ब्रह्मचर्योपदेशोदिवामास्वाप्सीरियंतः वेदमधीष्वेत्यादिकंन ततःस्विष्टकृदादि मेधाजननपक्षेतत्पर्यंताग्निधारणं भिक्षापूर्वकानुप्रवचनीयः गायत्र्याःस्थानेतत्सवितुर्वृणीमहइतिहोमः त्रिरात्रव्रतांतेयस्मिन्नाश्रमेपुनरुपनयनंतदाश्रमधर्मान्कुर्यात् यत्रपुनरुपनयनांतेपुनर्विवाहःकृतौर्ध्वदैहिकादेःश्रूयते तत्रमेखलादिधारणपूर्वकं कतिचिद्दिनानिब्रह्मचर्यंकृत्वोचितकालेसमाप्यपूर्वभार्ययान्ययावाविवाहंकुर्यात् इतिऋग्वेदिनांपुनःसंस्कारः ॥

હવે પ્રાયશ્ચિત્તમાટે જે પુનરૂપનયન તેમાં વિશેષ કહે છે.

નિમિત્ત પ્રાપ્ત થયા પછી તેજ વખતે પુનરૂપનયન કરવું હોય તો ઉત્તરાયણ, શુભ નક્ષત્ર ઇત્યાદિક ઉક્ત કાલ જોવાની જરૂર નથી. તેજ સમયે કરવું ન હોય તો ઉક્ત કાલ જોવાની આવશ્યકતા છે. તે પુનરૂપનયનમાં કર્ત્તા પિતા, પિતા ન હોય તો કાકો ઇત્યાદિક સપિંડે કરવું. તે ન હોય તો બીજા કોઇએ કરવું. જ્યહાં પ્રાયશ્ચિત્તરૂપ પુનરૂપનયન કહ્યું છે ત્યહાં સભાએ કહેલા વિધિપ્રમાણે તેજ કરવું. અને જ્યહાં અન્ય પ્રાયશ્ચિત્તસહિત પુનરૂપનયન કહ્યું છે ત્યહાં જેને પુનરૂપનયન કરવું હોય તેની પાસે ઉક્ત વિધિએ પ્રાયશ્ચિત્ત કરાવી આચાર્યે તેનું પુનરૂપનયન કરવું. જ્યહાં જાતકર્માદિ સંસ્કારસહિત પુનરૂપનયન કરવાનું કહ્યું છે ત્યહાં જાતકર્મથકી ચૌલપર્યંત સંસ્કાર કરી પછી કરવું. પુનરૂપનયનમાં ગાયત્રીને ઠેકાણે "तत्सवितुर्वृणीमहे०" એ મંત્રનો ઉપદેશ કરવો એમ કહ્યું છે માટે આચાર્યે એજ ઋચાનો (૧૨૦૦૦) જપ, અને ત્રણ કૃચ્છ્ર મૌંજી આપવાના અધિકારની પ્રાપ્તિ માટે કરવાં, પછી "अस्य कृतौर्ध्वदैहिकस्य पुनःसंस्कारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं जातकर्माद्युपनयनांतसंस्कारान् करिष्ये," એવો સંકલ્પ કરવો. બીજું નિમિત્ત છતાં તે પ્રમાણે સંકલ્પમાં ઉચ્ચાર કરવો. સર્વ સંસ્કારને ઉદ્દેશે કરી એકતંત્રે નાંદીશ્રાદ્ધાદિક કર્મ કરી શ્મશ્રુનું વપન કીધા પછી ચૌલસંબંધી કેશનું વપન કરાવવું. મનુષ્યાદિકનું દૂધ પીધું હોય ઇત્યાદિક નિમિત્ત હોય તો જેને સંસ્કાર કરવાના હોય તેણે "अमुकदोषपरिहारार्थं पर्षदुपदिष्टं अमुकप्रायश्चित्तं करिष्ये," એવો સંકલ્પ કરી તે પ્રાયશ્ચિત્ત કરવું. આચાર્યે તો, "अस्यामुकदोषपरिहारार्थं पुनःसंस्कारसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं पुनरुपनयनं करिष्ये," એવો સંકલ્પ કરી ઉપનયનમાત્ર કરવું. જ્યહાં ઉપનયનમાત્ર કહ્યું છે ત્યહાં સંસ્કાર્ય(જેના સંસ્કાર છે તે)ને સંકલ્પ નથી; કેવળ આચાર્યેજ સંકલ્પ કરવો. પુનરૂપનયન કરવું તે ગામની બાહેર પૂર્વ દિશા અથવા ઉત્તર દિશામાં જઇ કરવું. નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ કીધા પછી મંડ-

પદેવતાનું સ્થાપન કરવું. જેણે મંગલસ્નાન કીધું હોય એવા સંસ્કાર્યને, ભોજન કરાવી, વપન કરવાનો પક્ષ હોય તો વપન અને સ્નાન કરાવી "अस्य प्रायश्चित्तार्थं पुनरुपनयनहोमे देवतापरिग्रहार्थमन्वाधानं करिष्ये ॥ अस्मिन्नन्वाहितेऽग्नौ," ઇત્યાદિક અન્વાધાન નિત્યપ્રમાણે કરવું. બ્રહ્મચારીને પુનરૂપનયનમાં સમંત્રક વસ્ત્રનું ધારણ કરવું એ નિત્ય છે. બ્રહ્મ ન હોય તો તેને વિકલ્પે છે. યજ્ઞોપવીત ધારણથકી સૂર્યદર્શન કરવાપર્યંત કર્મ નિત્યપ્રમાણે કરવું. પછી "युवासुवासा०" એ મંત્રે પ્રદક્ષિણા કરવી ઇત્યાદિકથકી તે વસ્ત્ર બાંધેલ અજલિ ગ્રહણ કરવી ઇહાંપર્યંત કર્મ કીધા પછી પ્રણવ અને વ્યાહૃતિ એમના ઋષિ અને દેવતા ઇત્યાદિકનું સ્મરણ કરી ઉપદેશ કરવો. તે આ રીતે,—"तत्सवितुर्वृणीमह इत्यस्य श्यावाश्वः सवितानुष्टुप् ॥ पुनरुपनयने उपदेशे विनियोगः ॥ तत्सवितु०" પ્રથમ એક એક પાદ, બીજી વાર અર્ધી અર્ધી ઋચા, અને ત્રીજી વાર સર્વ, એ પ્રમાણે ત્રણ વાર કહેવી. બ્રહ્મચારી હોય તો તેને મેખલાદાનાદિકથકી તે બ્રહ્મચર્યના ઉપદેશપર્યંત કર્મ નિત્ય છે. બીજાને મેખલા, મૃગચર્મ અને દંડ એના ધારણનો વિકલ્પ છે. બ્રહ્મચર્યનો ઉપદેશ "दिवा मा स्वाप्सीः" (દિવસે નિદ્રા કરીશ મા) ઇહાંપર્યંત કરવો. "वेदमधीष्व" (વેદનું અધ્યયન કર) ઇત્યાદિક ઉપદેશ કરવો નહીં. પછી (સ્વિષ્ટકૃત્ હોમ ઇત્યાદિક કર્મ કરવું. મેધાજનન કરવાનો પક્ષ હોય તો મેધાજનન થવાપર્યંત અગ્નિનું રક્ષણ કરવું. ભિક્ષા માગી અનુપ્રવચનીય હોમ કરવો. ગાયત્રીને સ્થાને, "तत्सवितुर्वृणीमह०" એ મંત્રે હોમ કરવો. ત્રિરાત્ર વ્રત ધારણ કીધા પછી, પુનરૂપનયન કરતી વેળાએ પ્રથમ જે આશ્રમમાં હતો તે આશ્રમમાં ધર્મ પાલન કરવા. જેની પ્રેતક્રિયા થઈ ગઈ હોય તેને પુનરૂપનયન થયા પછી ફરી તેણે વિવાહ કરવો એવું જે કહ્યું છે ત્યહાં પ્રથમ મેખલા ઇત્યાદિક ધારણ કરી થોડા એક દિવસ બ્રહ્મચર્ય કરી યોગ્ય કાલે તેની સમાપ્તિ કરી પ્રથમની સ્ત્રીજોડે અથવા (તે મૃત થઈ હોય તો) બીજી જોડે વિવાહ કરવો. એપ્રમાણે ઋગ્વેદીઓનો પુનઃસંસ્કાર સમાપ્ત થયો.

अथयजुर्वेदिनाम् ॥ तत्रबौधायनोब्रह्मचारिणःपितृज्येष्ठाभ्यामन्योच्छिष्टभक्षणेस्त्रियासहभोजनेमधुमांसश्राद्धसूतकान्नगणान्नगणिकान्नाशनेपुनरुपनयनमित्यादि उक्त्वा अग्निमुखंकृत्वाज्याक्तपालाशसमिधमादायवाचयति पुनस्त्वादित्या०कामाःस्वाहेतियन्मआत्मनोमिंदाभूदग्निःपुनरग्निश्चक्षुरदादितिद्वाभ्यांहुत्वाचरुंपक्त्वाजुहोति सप्ततेअग्ने० घृतेनस्वाहेति ततोयेनदेवाःपवित्रेणेतितिसृभिरुपहोमास्ततःस्विष्टकृत्प्रभृतिसिद्धमाधेनुवरप्रदानात् अथापरमापरिधानात्कृत्वापालाशींसमिधमादाय व्रात्यप्रायश्चित्तंजुहोतिव्याहृतीर्जुहोति अथापरोब्राह्मणवचनात् सावित्र्याशतकृत्वोभिमंत्रितंघृतंप्राश्यकृतप्रायश्चित्तोभवतीत्यादिकमवदत् अत्रोक्तपक्षाणांशक्ताशक्तभेदेनव्यवस्था इदंकौस्तुभेद्रष्टव्यं एवंशाखांतरेष्वपिवपनमेखलाजिनदंडभैक्ष्यचर्याव्रतादिकंवैकल्पिकव्यवस्थयानुष्ठायस्वस्वशाखोक्तोपनयनंकार्यम् ॥

હવે યજુર્વેદીઓનો પુનઃસંસ્કાર કહે છે.

બ્રહ્મચારીએ, પિતા અથવા પોતાથી જ્યેષ્ઠ, એમનાથી અન્યનું ઉચ્છિષ્ટ ભક્ષણ કીધું હોય; સ્ત્રીની જોડે ભોજન કીધું હોય; અથવા મદ્ય, માંસ, શ્રાદ્ધાન્ન, સૂતકાન્ન, ગણાન્ન (ઘણા જણોનું અન્ન એકઠું રાંધ્યું હોય તે) અને વેશ્યાનું અન્ન, ભક્ષણ કીધું હોય તો; પુનરૂપનયન કરવું ઇત્યાદિક કહી અગ્નિમુખ એટલે સ્થંડિલકરણાદિ કર્મ કરી ઘૃતે ભીજવેલી ખાખરાની સમિધ લઈ "पुनस्त्वा० कामाः स्वाहा," "यन्म आत्मनो मिंदाभूदग्निः पुनरग्निश्चक्षुरदात्०" એ બે મંત્રવડે હવન કરી ચરૂ રાંધી હોમ કરવો. તેનો મંત્ર-"सप्त ते अग्ने० घृतेन स्वाहा" પછી "येन देवाः पवित्रेण०" એ ત્રણ ઋચાવડે ઉપહોમ કરવા. પછી સ્વિષ્ટકૃત્ હોમથકી ગુરુને ગોદાન દેવું ઇહાંપર્યંત કર્મ કરવું. બીજો પક્ષ—વસ્ત્રધારણપર્યંત કર્મ કરી ખાખરાની સમિધ લઈ વ્રાત્યપ્રાયશ્ચિત્તનો હોમ કરી વ્યાહૃતિ મંત્રે હોમ કરવો. ત્રીજો પક્ષ—બ્રાહ્મણકને ગાયત્રીમંત્રે સોવાર મંત્રિત કરાવેલું ઘૃત પ્રાશન કરવાથી કૃતપ્રાયશ્ચિત્ત (શુદ્ધ) થાય છે ઇત્યાદિક પ્રકાર બૌધાયને કહ્યા છે. ઇહાં ઉક્ત પક્ષોની શક્ત અશક્ત એ ભેદે કરી વ્યવસ્થા કરવી, એ કૌસ્તુભમાં જોવું. એપ્રમાણે બીજી શાખાઓવિષે પણ વપન, મેખલા, અજિન, દંડ, ભિક્ષાચરણ અને વ્રત ઇત્યાદિક કર્મ કરવાં અથવા ન કરવાં એવી વ્યવસ્થાએ કરી પોતપોતાની શાખામાં કહ્યાપ્રમાણે પુનરૂપનયન કરવું.

अथब्रह्मचारिधर्माः ॥ तत्रसंध्यात्रयमग्निपरिचरणंभैक्षंचनित्यं तत्राग्निकार्यंप्रातःसायंचसायमेवसकृद्वा तत्रपालाशखदिराश्वत्थशमीसमिधःश्रेष्ठास्तदलाभेऽर्कवेतसौ भवच्छब्दपूर्विकाभिक्षापि

प्राणां साचविप्रगृहेष्वेव आपदिशूद्रगृहेषुआमान्नंगृह्णीयात् हव्येश्राद्धभिन्नकव्येचाभ्यर्थितोभुंजीत अस्यब्रह्मयज्ञोपिनित्यः सचोपाकरणात्पूर्वंगायत्र्याकार्यः गुरूच्छिष्टंमध्वादिकंनिषिद्धमपितदन्यापरिहार्यरोगनिवृत्त्यर्थंभक्षणीयं निषिद्धान्यद्गुरूच्छिष्टंत्वनौषधमपिभक्ष्यं एवंज्येष्ठभ्रातुःपितुश्चोच्छिष्टेषुज्ञेयं दिवास्वापोनेत्रेकज्जलमुपानच्छत्रंमंचादौशयनंचवर्ज्यं तांबूलाभ्यंजनंचैवकांस्यपात्रेचभोजनं यतिश्च ब्रह्मचारीचविधवाचविवर्जयेत् मधुसूतकान्नश्राद्धान्नादेर्निषेधाःपुनःसंस्कारप्रकरणोक्ताअनुसंधेयाः मेखलामजिनंदंडमुपवीतंचनित्यशः कौपीनंकटिसूत्रंचब्रह्मचारीविधारयेत् मेखलोपवीतादौत्रुटितेजले प्रास्यान्यद्धारयेत् यज्ञोपवीतनाशेमनोज्योतिरित्यनेनव्रातपतिभिश्चेतिचतस्रआज्यहुतीर्जुहुयादित्युक्तं अस्यगुरुपरिचर्याप्रकारोऽन्यत्रज्ञेयः ॥

હવે બ્રહ્મચારીના ધર્મ કહે છે.

ત્રિકાલસંધ્યાવંદન, અગ્નિની સેવા અને ભિક્ષા એ બ્રહ્મચારીને નિત્ય છે. તેમાં અગ્નિની સેવા પ્રાતઃ અને સાયંકાલે કરવી; અથવા સાયંકાલેજ એક વાર કરવી. તેમાં ખાખરો, ખેર, પિપળો અને શમી એ સમિધ ઉત્તમ અને તે ન મળે તો આકડો અને વેતસ (નેતર)નાં લેવાં. "भवत्" શબ્દપૂર્વક ભિક્ષા બ્રાહ્મણે માગવી. તે ભિક્ષા બ્રાહ્મણને ઘેરજ માગવી. આપત્તિ હોય તો શૂદ્રને ઘેર કાચા અન્નની ભિક્ષા લેવી. હવ્ય (દેવતાની પ્રીતિ અર્થે જે અન્ન તે), અને શ્રાદ્ધવિના કવ્ય (પિતૃપ્રીત્યર્થે જે અન્ન તે) એમને વિષે બોલાવે તો ભોજન કરવું. બ્રહ્મચારીને બ્રહ્મયજ્ઞ પણ નિત્ય છે. તે બ્રહ્મયજ્ઞ ઉપાકર્મથી પ્રથમ ગાયત્રીમંત્રેકરી કરવો. ગુરુનું ઉચ્છિષ્ટ, મધ ઇત્યાદિ નિષિદ્ધ પદાર્થ તે પણ, તે નિષિદ્ધ પદાર્થવિના નિવૃત્ત ન થાય એવો રોગ થયો હોય તો તેની નિવૃત્તિમાટે ભક્ષણ કરવો. નિષિદ્ધ પદાર્થવિના ગુરુનું ઉચ્છિષ્ટ એવું ઔષધ ન હોય તો પણ તે ભક્ષણ કરવું. મ્હોટો ભાઈ, અને પિતા એમનાં ઉચ્છિષ્ટવિષે પણ એજ નિર્ણય જાણવો. દિવસે નિદ્રા, નેત્રમાં કાજળ નાખવું, પગરખાં પેહેરવાં, છત્ર લેવું અને પલંગ ઇત્યાદિક ઉપર નિદ્રા કરવી એ વર્જ્ય કરવાં. "તાંબૂલ, કાજળ અને કાંસાના પાત્રમાં ભોજન એ સંન્યાસી, બ્રહ્મચારી અને વિધવાએ વર્જ્ય કરવાં." મધ, સૂતકાન્ન, અને શ્રાદ્ધાન્ન ઇત્યાદિકના નિષેધ પુનઃસંસ્કારપ્રકરણમાં કહ્યા છે તે જાણવા. "મેખલા, મૃગચર્મ, દંડ, યજ્ઞોપવીત, કૌપીન અને કટિસૂત્ર એ બ્રહ્મચારીએ નિત્ય ધારણ કરવાં." મેખલા કે યજ્ઞોપવીત ઇત્યાદિક તુટે તો તુટેલાં જળમાં નાખી બીજાં ધારણ કરવાં. યજ્ઞોપવીતનો નાશ થાય તો "मनोज्योतिः०" એ મંત્રે અને "व्रातपतिभिः०" એ ત્રણ મંત્રે ઘૃતની ચાર આહુતિ હોમવી એમ કહ્યું છે. બ્રહ્મચારીએ ગુરૂની સેવા કરવી તેનો પ્રકાર અન્યત્ર જોવો.

अथब्रह्मचारिव्रतलोपे ॥ संध्याग्निकार्यलोपेष्टसहस्रगायत्रीजपः क्वचित्सकृल्लोपेमानस्तोकेइति मंत्रस्यशतंजपउक्तः भिक्षालोपेऽष्टशतं अभ्यासेद्विगुणंपुनःसंस्कारश्च मधुमांसाद्यशनेउक्तं स्त्रीसंगेगर्दभपशुः एकानेकव्रतलोपसाधारणमृग्विधाने तंवोधियाजपेन्मंत्रंलक्षंचैवशिवालये ब्रह्मचारीस्वधर्मेषुन्यूनंचेत्पूर्णमेतितत् ॥

હવે બ્રહ્મચારીવ્રતનો લોપ થયો હોય તો પ્રાયશ્ચિત્ત કહે છે.

સંધ્યા અને અગ્નિકાર્યનો લોપ થયો હોય તો આઠ હજાર ગાયત્રીજપ કરવો. કોઈ ગ્રંથમાં એકવાર સંધ્યા અને અગ્નિકાર્યનો લોપ થયો હોય તો "मानस्तोके०" એ મંત્રનો સો વાર જપ કરવો, એમ કહ્યું છે. ભિક્ષાનો લોપ થાય તો આઠસો જપ કરવો. વારંવાર લોપ થયો હોય તો બમણો જપ કરી પુનઃસંસ્કાર કરવો. મધુ, માંસ ઇત્યાદિકનાં ભક્ષણવિષે પ્રથમ કહ્યું છે. સ્ત્રીસંગ થાય તો બ્રહ્મચારીએ ગર્દભપશુયાગ કરવો. એક અથવા અનેક વ્રતનો લોપ થયો હોય તો સાધારણ પ્રાયશ્ચિત્ત ઋગ્વિધાન ગ્રંથમાં કહ્યું છે,–બ્રહ્મચારીના સ્વધર્મમાં કાંઈ ન્યૂનપણું પ્રાપ્ત થાય તો શિવમંદિરમાં બેસી "तंवोधिया०" એ મંત્રનો લક્ષ જપ કરવો, તેની ન્યૂનપણું નિવૃત્ત થઈ પૂર્ણતા પ્રાપ્ત થાય છે.

उपाकर्मकृत्वाप्रागुक्तविद्यारंभकालेक्षरारंभोक्तविष्ण्वादिपूजाप्रकारेणवेदारंभःकार्यः द्विजस्त्रीणां युगांतरेमौंजीबंधोवेदाध्ययनंचासीत् कलियुगेतुनैतद्द्वयं अतःस्त्रीणांवेदोच्चारादौदोषः ॥

ઉપાકર્મ કરી પૂર્વોક્ત જે વિદ્યારંભનો કાલ તે કાલે અક્ષરારંભની વખતે જેમ વિષ્ણુ આદિ દેવની પૂજાનો પ્રકાર કહ્યો છે તે પ્રકારે પૂજા કરી વેદાધ્યયનનો આરંભ કરવો. બીજા યુગોમાં બ્રાહ્મ-

ણની સ્ત્રીઓને મૌંજીબંધન અને વેદાધ્યયન સંસ્કાર હતા. કલિયુગમાં તો, એ બન્ને સંસ્કાર સ્ત્રીઓને નથીજ, માટે સ્ત્રીઓને વેદના ઉચ્ચારાદિકવિષે દોષ છે.

अथानध्यायाः ॥ तेचनित्यानैमित्तिकाश्चप्रायेणमौंजीप्रकरणेउक्ताः ततोन्येपिउभयविधानध्यायावंतोनिबंधेषूक्तास्तेत्रनप्रपंच्यंते कलिकालेस्मिंस्तावदनध्यायपालनस्यदुर्मेधसामशक्यत्वात् तथाच हेमाद्रौस्मृतिः चतुर्दश्यष्टमीपर्वप्रतिपत्स्वेवसर्वदा दुर्मेधसामनध्यायास्त्वंतरागमनेषुचेति अतःकलौ प्रतिपद्द्वयमष्टमीद्वयंचतुर्दशीद्वयंपूर्णिमादर्शौऽयनसंक्रांतिरित्येतावतएवानध्यायांस्त्यक्त्वावेदशास्त्रादिकमध्येतव्यं पुंसांप्रायोल्पप्रज्ञत्वात् शिष्टाचारोप्येवमेव पूर्वदिनेसायंपरत्रप्रातश्चत्रिमुहूर्तानध्यायतिथिसत्त्वे उदयेस्तमयेवापीत्यनेनदिनद्वयेऽनध्यायप्राप्तौवचनांतरं केचिदाहुःक्वचिद्देशेयावत्तद्दिननाडिकाः तावदेवत्वनध्यायोनतन्मिश्रेदिनांतर इति इदमप्यल्पप्रज्ञविषयं चतुर्थीसप्तम्यादौप्रदोषनिर्णयउक्तः प्रदोषेपुनस्मरेन्नचकीर्तयेदित्युक्तेरितरानध्यायतोदोषाधिक्यं अनध्यायस्तुनांगेषुनेतिहासपुराणयोः नधर्मशास्त्रेष्वन्येषुपर्वण्येतानिवर्जयेत् नित्येजपेचकाम्येचक्रतौपारायणेपिच नानध्यायोस्तिवेदानांग्रहणेग्राहणेस्मृतः ॥

હવે અનધ્યાય કહે છે.

અનધ્યાય નિત્ય અને નૈમિત્તિક બે પ્રકારના છે, તે બહુધા મૌંજીપ્રકરણમાં કહ્યા છે. તેથી બીજા પણ નિત્ય અને નૈમિત્તિક અનધ્યાય ગ્રંથોમાં ઘણા કહ્યા છે પરંતુ તે ઇહાં કહેતા નથી; કારણ, આ કલિયુગમાં તે સર્વે અનધ્યાય પાળવાનું દુર્મેધા (મંદમતિ) મનુષ્ય હોવાથી અત્યંત અશક્ય છે. તેમજ હેમાદ્રિ ગ્રંથમાંનું સ્મૃતિવાક્ય છે,—"ચતુર્દશી, અષ્ટમી, પર્વણી, એકમ અને અધ્યયનની વખતે મધ્યમાંથી કોઈ નીસરી જાય એટલા અનધ્યાય મંદમતિને છે," માટે કલિયુગમાં બે એકમ, બે આઠમ, બે ચૌદશ, પૂનમ, અમાવાસ્યા અને અયનસંક્રાંતિ (કર્ક, મકર)-એટલાજ અનધ્યાયના દિવસ છોડી; વેદ, શાસ્ત્ર ઇત્યાદિકનું અધ્યયન કરવું; કારણ પુરૂષોની બુદ્ધિ બહુધા મંદ છે, અને શિષ્ટજનોનો આચાર પણ એમજ છે. પૂર્વ દિવસે સાયંકાલે અથવા બીજે દિવસે પ્રાતઃકાલે છ ઘડી અનધ્યાયતિથિ હોય તો, "ઉદયકાલે કિંવા અસ્તકાલે," એ વચનેકરી બન્ને દિવસ અનધ્યાય પ્રાપ્ત થયા તેથી બીજું વચન કહે છે.—"જે દિવસે જેટલી અનધ્યાયતિથિની ઘડી હોય તેટલોજ અનધ્યાય માનવો, અનધ્યાયની ઘડીએ યુક્ત બીજે દિવસે અનધ્યાય નહીં, એમ કોઈ ગ્રંથકાર કહે છે," એ વચન પણ મંદબુદ્ધિનેવિષે જાણવું. ચોથ, સાતમ ઇત્યાદિક દિવસે પ્રદોષ થાયછે તેનો નિર્ણય પ્રથમ કહ્યો છે. "પ્રદોષદિવસે પઠણ અને સ્મરણ પણ કરવું નહીં એવું વચન છે, તેથી અન્ય અનધ્યાયો કરતાં પ્રદોષ અનધ્યાયનો દોષ અધિક સમજવો." અંગ, ઇતિહાસ (ભારત ઇ૦), પુરાણ, ધર્મશાસ્ત્ર અને અન્ય શાસ્ત્રોવિષે અનધ્યાય નથી. પર્વણીને દિવસે અંગાદિકનું અધ્યયન કરવું નહીં. નિત્યકર્મ, જપ, કામ્યકર્મ, યજ્ઞ અને પારાયણવિષે અનધ્યાય નથી. વેદનું અધ્યયન કરવું અને કરાવવું તેનેવિષે અનધ્યાય છે.

अथाध्ययनधर्माः ॥ वेदारंभेचसानेगुरोःपादोपसंग्रहणं आदौप्रणवमुच्चार्यवेदमधीत्यांतेप्रणवमुच्चार्यभूमिंस्पृष्ट्वाविरमेत् रात्रेःप्रथमयामेचरमयामेचवेदाध्ययनं यामद्वयंशयानस्तुब्रह्मभूयायकल्पते गुरुंपितरंमातरंचमन्येत कदापिनद्रुह्येत अध्यापितायेगुरुंनाद्रियंतेशिष्यावाचामनसाकर्मणावा यथैव तेनगुरोर्भोजनीयास्तथैवतान्नभुनक्तिश्रुतंतत् इत्यध्ययनधर्माः ॥

હવે અધ્યયન કેમ કરવું તેના ધર્મ કહે છે.

વેદાધ્યયનના આરંભ સમયે અને સમાપ્તિ સમયે ગુરુના ચરણ ગ્રહણ કરવા. પ્રથમ ઓંકારનો ઉચ્ચાર કરી પછી વેદનું અધ્યયન કરી પાછો અંતે ઓંકારનો ઉચ્ચાર કરી પૃથ્વીનો સ્પર્શ કરી વિરામ કરવો. રાત્રિના પ્રથમ પોહોરે, અને છેલ્લે પોહોરે વેદાધ્યયન કરવું. "બે પોહોર નિદ્રા કરનારો બ્રહ્મત્વને પામે છે." ગુરુ, પિતા અને માતા એમનું સન્માન રાખવું, ક્યારે પણ દ્રોહ કરવો નહીં. "ગુરુએ ભણાવેલા શિષ્યો મન, વાણી, કર્મે કરી જો ગુરુનો સત્કાર ન કરે તો જેમ તેઓ ગુરુએ પાલન કરવાને યોગ્ય નથી તેમ વેદ પણ તેઓનું પાલન કરતા નથી; એટલે તેને તે અધ્યયન ફળ દેનારૂં થતું નથી." એ પ્રમાણે અધ્યયનના ધર્મ સમાપ્ત થયા.

अथव्रतानि ॥ तानिमहानाम्नीव्रतमहाव्रतोपनिषद्व्रतगोदानव्रताख्यानिचत्वारिक्रमेणजन्मतस्त्रयोदशादिषुवर्षेषूत्तरायणेचौलोक्ततिथिनक्षत्रवारादिषुकार्याणि अत्रविस्तृतप्रयोगाःकौस्तुभादौस्वस्वगृह्येषुचद्रष्टव्याः एतेषांलोपेप्रत्येकमेकैककृच्छ्रंचरित्वागायत्र्याशताहुतीर्जुहुयात् त्रीन्षड्द्वादशवाकृच्छ्रान् कुर्यात् इत्यन्यत्र ॥

હવે વ્રત કહે છે.

તે વ્રત મહાનામ્નીવ્રત, મહાવ્રત, ઉપનિષદ્વ્રત અને ગોદાનવ્રત એ નામનાં ચાર છે. તે ચાર ક્રમે કરી જન્મથકી તેરમા ઇત્યાદિક વર્ષે ઉત્તરાયણમાં ચૌલસંસ્કારમાટે કહેલાં તિથિ, નક્ષત્ર અને વારમાં કરવાં. એ વ્રતોનો વિસ્તારયુક્ત પ્રયોગ કૌસ્તુભાદિક ગ્રંથમાં અને પોતપોતાના ગૃહ્યમાં જોવો. એમનો લોપ થાય તો એક એક વ્રતનું એક એક કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી ગાયત્રીમત્રે સો આહુતિનો હોમ કરવો. ત્રણ, છ અથવા બાર કૃચ્છ્ર કરવાં એમ બીજા ગ્રંથોમાં કહ્યું છે.

अथसमावर्तनम् ॥ गुरवेक्षेत्राद्यन्यतमंदत्वातदनुज्ञयास्नायात् स्नानंनामसमावर्तनं तानिचक्षेत्रंहेमगौरश्वश्छत्रोपानहौधान्यंवस्त्रत्रयंशाकमित्येतानि एषुयद्गुरोःप्रियंतद्देयं दानंविनैवगुरुप्रीतौतदनुज्ञयैवस्नायात् क्षेत्रादिनापिनविद्यानिष्क्रयः एकैकमक्षरंयस्तुगुरुःशिष्येनिवेदयेत् पृथिव्यांनास्तितद्द्रव्यंयद्दत्वात्वनृणीभवेदित्युक्तेः सचस्नातकस्त्रिविधः विद्यास्नातकोव्रतस्नानकोविद्याव्रतोभयस्नातकइति तत्रैकंद्वौत्रीन्चतुरोवावेदान्वेदैकदेशंवाधीत्यतदर्थंचज्ञात्वाद्वादशवर्षादिब्रह्मचर्यकालावधेःप्रागेवस्नाति सविद्यास्नातकः उपनयनव्रतसावित्रीव्रतवेदव्रतान्यनुष्ठायवेदसमाप्तेःपूर्वमेवस्नातोव्रतस्नातकः द्वादशवर्षादिब्रह्मचर्यंसमाप्यावेदंसमाप्यस्नातोविद्याव्रतोभयस्नातकः तत्रोपनयनोत्तरंमेधाजननपर्यंतंत्रिरात्रद्वादशरात्रादिव्रतमुपनयनव्रतं मेधाजननोत्तरमुपाकर्मांतंब्रह्मचारिधर्मानुष्ठानंसावित्रीव्रतं तदुत्तरंवेदाध्ययनार्थंद्वादशवर्षादिकालावच्छिन्नव्रतंवेदव्रतं स्वाध्यायोऽध्येतव्यइतिविधेरर्थज्ञानपर्यंतत्वाद्वेदार्थज्ञानंविनावेदाध्ययनमात्रेणसमावर्तनेऽधिकारोनेतिपूर्वमीमांसकाःवेदग्रहणमेवविधिफलंपूर्वकांडार्थज्ञानंकर्मानुष्ठानाक्षिप्तं उत्तरकांडार्थज्ञानंकाम्यश्रोतव्यविधिप्राप्तमित्युत्तरमीमांसकाः तत्रसंहिताब्राह्मणंचमिलित्वैकोवेदः आरण्यकांडंब्राह्मणांतर्गतमेव संपूर्णैकवेदाध्ययनेऽप्यशक्तोवेदैकदेशंपठेत् अत्यशक्तेन संहितायाः प्रथमचरमसूक्तेकतिपयसूक्तानांप्रथमाऋचः सर्वसूक्तानांप्रथमाऋचोवाध्येतव्याः एवंवेदैकदेशाध्ययनोत्तरंसमावृत्तोविवाहितोवाब्रह्मचर्योक्तनियमेनवेदाध्ययनंकुर्यात् तत्रऋतौभार्यागमनंकार्यं ब्रह्मचारीव्रतलोपप्रायश्चित्तंकृच्छ्रत्रयंकृत्वामहाव्याहृतिहोमंचकृत्वासमावर्तनंकार्यं एतच्चसंध्याग्निकार्यभिक्षालोपशूद्रादिस्पर्शकटिसूत्रमेखलाजिनत्यागदिवास्वापांजनपर्युषितभोजनादिव्रतभंगेषु अल्पकालमल्पव्रतभंगेज्ञेयम् बहुधर्मलोपेतु तंवोधियानव्यस्याशविष्ठमितिमंत्रस्यलक्षजपःशिवालयेइत्युक्तंपंचमहानाम्न्यादिव्रतलोपस्यब्रह्मचर्यव्रतलोपस्यचप्रायश्चित्तोत्तरंसमावर्तनाधिकारः ॥

હવે સમાવર્ત્તન કહે છે.

વેદાધ્યયન થયા પછી ગુરુને ક્ષેત્રાદિકમાંથી એકાદ દઈ ગુરુની આજ્ઞા ગ્રહણ કરી સ્નાન કરવું, સ્નાન એટલે સમાવર્ત્તન કરવું. ક્ષેત્રાદિક પદાર્થો કહે છે.—ક્ષેત્ર (ખેતર), સોનું, ગાય, ઘોડો, છત્ર, પગરખાં, ધાન્ય, ત્રણ વસ્ત્ર અને શાક એમાંથી જે ગુરુને પ્રિય હોય તે દેવું. કાંઈ દીધાવિનાજ ગુરુ પ્રસન્ન થયા હોય તો તેમની આજ્ઞા ગ્રહણ કરીનેજ સ્નાન કરવું. ક્ષેત્રાદિક દીધા થકી પણ વિદ્યાનું મૂલ્ય થતું નથી; કારણ, “ ગુરુ જે એક એક અક્ષર શિષ્યને ભણાવે છે તેને બદલે પૃથ્વીમાં એવો પદાર્થ કોઈ નથી કે જે દીધાથી અનૃણી (ગુરુના ઋણરહિત) થઈ શકે,” એવું વચન છે. તે સ્નાતક ત્રણ પ્રકારના–વિદ્યાસ્નાતક, વ્રતસ્નાતક અને વિદ્યાવ્રતોભયસ્નાતક એ રીતે. તેમાં એક, બે, ત્રણ અથવા ચાર વેદ કિંવા વેદનો એક ભાગ અધ્યયન કરી અને તેનો અર્થ જાણી બાર વર્ષ ઇત્યાદિક જે બ્રહ્મચર્યના કાલનો અવધિ કહ્યો છે તેથી પ્રથમજ સમાવર્ત્તન કરે તે વિદ્યાસ્નાતક છે. ઉપનયનવ્રત, સાવિત્રીવ્રત, અને વેદવ્રતનું આચરણ કરી વેદાધ્યયનની સમાપ્તિ થવાથી પ્રથમજ સ્નાન કરે તે વ્રતસ્નાતક છે. બાર વર્ષ ઇત્યાદિકપર્યંત બ્રહ્મચર્ય ધારણ કરી તેની સમાપ્તિ કરી વેદની સમાપ્તિ કરી જે સ્નાન કરે છે તે વિદ્યાવ્રતોભયસ્નાતક છે. મૌંજી થયા પછી મેધાજનનપર્યંત જે ત્રણ રાત્રી, બાર રાત્રી ઇત્યાદિ વ્રત ધારણ કરવું તે ઉપનયનવ્રત છે. મેધાજનન પછી ઉપાકર્મપર્યંત જે

બ્રહ્મચારીના ધર્મનું આચરણ કરવું તે **સાવિત્રીવ્રત** છે. ઉપાકર્મ પછી વેદાધ્યયન કરવા માટે બાર વર્ષ ઇત્યાદિક કાલપર્યંત જે વ્રત આચરણ કરવું તે **વેદવ્રત** છે. "વેદના અર્થનું જ્ઞાન થવાપર્યંત વેદાધ્યયન કરવું," એવો વિધિ છે માટે વેદના અર્થનું જ્ઞાન થયાવિના કેવળ વેદનો પાઠ કરવાથી સમાવર્ત્તનવિષે અધિકાર નથી એમ પૂર્વમીમાંસાશાસ્ત્રના કર્ત્તાઓ કહે છે. વેદનું અધ્યયન કરવું એજ વિધિનું ફળ છે. પૂર્વકાંડના અર્થનું જ્ઞાન સંપાદન કરવું તે કર્મના અનુષ્ઠાનમાટે ઉપયોગી છે, અને ઉત્તરકાંડના અર્થનું જ્ઞાન સંપાદન કરવું તે કામ્યકર્મનો જે સાંભળવાનો વિધિ તેણે કરી પ્રાપ્ત છે એમ ઉત્તરમીમાંસાશાસ્ત્રકર્ત્તાઓ કહે છે. તેમાં સંહિતા અને બ્રાહ્મણ મળી એક વેદ છે. આરણ્યકકાંડ તો બ્રાહ્મણને અંતર્ગતજ છે. સંપૂર્ણ એક વેદના અધ્યયનમાં અશક્ત હોય તો તેણે વેદનો એક ભાગ અધ્યયન કરવો. અતિ અશક્ત હોય તેણે સંહિતાનાં પ્રથમ અને છેલ્લાં સૂક્ત, કેટલાંએક સૂક્તોની પ્રથમની ઋચાઓ અથવા સર્વ સૂક્તોની પ્રથમની ઋચાઓ એનું અધ્યયન કરવું. એ રીતે વેદના એક દેશનું અધ્યયન કીધા પછી સમાવર્ત્તન કરી અથવા વિવાહ કરી બ્રહ્મચારીને કહેલા નિયમપ્રમાણે વેદાધ્યયન કરવું. તેમાં ઋતુ સમયે સ્ત્રીગમન કરવું. બ્રહ્મચારીવ્રતના લોપનું પ્રાયશ્ચિત્ત ત્રણ કૃચ્છ્ર કરી મહાવ્યાહૃતિનો હોમ કરી સમાવર્ત્તન કરવું. એ પ્રાયશ્ચિત્ત સંધ્યા, અગ્નિકાર્ય અને ભિક્ષા એનો લોપ થયો હોય; શૂદ્રાદિકનો સ્પર્શ થયો હોય; કટિસૂત્ર, મેખલા અને મૃગચર્મ એનો ત્યાગ થયો હોય; દિવસે નિદ્રા નેત્રમાં કાજલ અને વાસી અન્ન ભક્ષણ ઇત્યાદિક વ્રતભંગોમાં થોડા દિવસપર્યંત અલ્પ વ્રતનો ભંગ થયો હોય તો તે વિષયમાં જાણવું. ઘણા ધર્મનો લોપ થયો હોય તો, "तंवोधियानव्यस्याशविष्ठं०" એ મંત્રનો એક લક્ષ જપ શિવાલયમાં કરવો એમ પ્રથમ કહ્યું છે. એ પ્રમાણે મહાનામ્ની આદિક વ્રતનો લોપ થયો હોય તો તેનું અને બ્રહ્મચર્યવ્રતના લોપનું પ્રાયશ્ચિત્ત કરીને પછી સમાવર્ત્તનસંસ્કારનો અધિકાર પ્રાપ્ત થાય છે.

अथसमावर्तनकालः ॥ तत्रोपनयनोक्तकालेसमावर्तनमितिबहवोज्योतिर्ग्रंथाः तेनानध्यायेप्रदोषदिनेभौमशनिवारयोःपौषाषाढयोर्दक्षिणायनेचनभवति मार्गशीर्षेविवाहप्रसक्तौदक्षिणायनेपिभवति अन्यथा अनाश्रमीनतिष्ठेतदिनमेकमपिद्विजइतिनिषेधातिक्रमापत्तेः अन्येतुमौंज्युक्तकालोपादाने मूलाभावात् रिक्तात्रयपूर्णिमामावास्याष्टमीप्रतिपद्भिन्नतिथिषुशुक्लेंत्यत्रिकभिन्नकृष्णेचगुरुशुक्रास्तादि दिनक्षयभद्राव्यतीपातादिदोषशून्येशुभवारेसमावर्तनंकार्यं नात्रप्रदोषसोपपदादितिथिवर्जनमावश्यकमित्याहुः पुष्यपुनर्वसुमृगरेवतीहस्तानुराधोत्तरात्रयरोहिणीश्रवणविशाखाचित्राःश्रेष्ठाः एतदलाभे मौंज्युक्तभानि क्वचिद्भौमशनिवारौसिंधावुक्तौ ॥

હવે સમાવર્ત્તનનો કાલ કહે છે.

સમાવર્ત્તન એટલે મૌંજીનું વિસર્જન કરવું તે, મૌંજીમાં કાલ કહ્યો છે તે કાલે કરવું, એમ ઘણા જ્યોતિષગ્રંથોમાં કહ્યું છે. તેથી અનધ્યાય, પ્રદોષદિવસ, ભૌમવાર, શનિવાર, પોષ માસ, આષાઢ માસ અને દક્ષિણાયન એમાં સમાવર્ત્તન કરવું નહીં. માર્ગશીર્ષ માસમાં તેના વિવાહનો પ્રસંગ આવે તો દક્ષિણાયનમાં પણ કરવું. વિવાહ ન છતાં સમાવર્ત્તન કરે તો "દ્વિજે એક ક્ષણ પણ આશ્રમવિના રેહેવું નહીં," એ નિષેધનું ઉલ્લંઘન થાય છે. બીજા ગ્રંથકાર તો મૌંજીમાં કહેલો કાલ સમાવર્ત્તનમાટે લેવો એવું મૂલવચન ક્યાંય પણ મળતું નથી માટે ત્રણ રિક્તા તિથિ (૪, ૯, ૧૪), પૂનમ, અમાવાસ્યા, આઠમ અને એકમ એ તિથિ વર્જ્ય કરી અન્ય તિથિ; શુકલપક્ષ; છેલ્લા પાંચ દિવસ વર્જ્ય કરી કૃષ્ણપક્ષ; અને ગુરુ શુક્રના અસ્તાદિક, દિનક્ષય, ભદ્રા અને વ્યતીપાત ઇત્યાદિ દોષે રહિત એવા શુભ વારે સમાવર્ત્તન કરવું. આ સમાવર્ત્તનવિષે પ્રદોષ, સોપપદા ઇત્યાદિ તિથિ વર્જ્ય કરવાનું આવશ્યક નથી, એમ કહે છે. પુષ્ય, પુનર્વસુ, મૃગ, રેવતી, હસ્ત, અનુરાધા, ત્રણ ઉત્તરા, રોહિણી, શ્રવણ, વિશાખા અને ચિત્રા એ નક્ષત્ર શુભ છે. એ ન મળે તો મૌંજીમાટે કહેલાં નક્ષત્રો લેવાં. કોઈ સમયે ભૌમ અને શનિ વાર લેવા એમ નિર્ણયસિંધુમાં કહ્યુ છે.

अथमणिकुंडलवस्त्रयुगच्छत्रोपानद्युगदंडस्रगुन्मर्दनानुलेपांजनोष्णीषाणि आत्मनेआचार्यायचसंपाद्यालाभेआचार्यायैववासंपादयेत् देशकालौसंकीर्त्य ममब्रह्मचर्यनियमलोपजनितसंभावितदोषपरिहारेणसमावर्तनाधिकारसंपादनद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थमाज्यहोमपूर्वकंकृच्छ्रत्रयं महानाम्न्यादिव्रतच

तुष्टयलोपजनितप्रत्यवायपरिहारार्थं प्रतिसंस्कारमेकैकंकृच्छ्रंचगायत्र्याज्यहोमपूर्वकंतंत्रेणाहमाचरिष्यइतिसंकल्प्याग्निप्रतिष्ठादिचक्षुषीआज्येनात्रप्रधानं अग्निंवायुंसूर्यंप्रजापतिंचचतसृभिराज्याहुतिभिः आग्निं पृथिवींमहांतमेकयाज्याहुत्या वायुमंतरिक्षंमहांतमेकया० आदित्यंदिवंमहांतमेकया० चंद्रमसंनक्षत्राणिदिशोमहांतमेकया० अग्निंद्विःविभावसुंशतक्रतुं अग्निंअग्निंअग्निंवायुंसूर्यंप्रजापतिंचेत्यष्टावेकैकयाज्याहुत्याशेषेणेत्यादि आज्यभागांते व्यस्तसमस्तव्याहृतिभिर्हुत्वाभूरग्नयेचपृथिव्यैचमहतेचस्वाहा अग्नयेपृथिव्यैमहतेइदमित्यादियथान्वाधानंत्यागः भुवोवायवेचांतरिक्षायचमहतेचस्वाहा सुवरादित्यायचदिवेच महतेचस्वाहा भूर्भुवःसुवश्चंद्रमसेचनक्षत्रेभ्यश्चदिग्भ्यश्चमहतेचस्वाहा चंद्रमसेनक्ष० पाहिनोअग्नएनसेस्वाहा पाहिनोविश्ववेदसेस्वाहा यज्ञंपाहिविभावसोस्वाहा सर्वंपाहिशतक्रतोस्वाहा पुनरूर्जानिवर्तस्वपुनरग्नइहायुषा पुनर्नःपाह्यंहसःस्वाहा सहरय्यानिवर्तस्वाग्नेपिन्वस्वधारया विश्वप्स्नियाविश्वतस्परिस्वाहा पुनर्व्यस्तसमस्तव्याहृतिचतुष्टयं ८ ततः व्रतचतुष्टयार्थंगायत्र्याज्यहोमःकृच्छ्रत्रयगोनिष्क्रयंदत्वाहोमशेषंसमापयेत् महानाम्न्यादिलोपे प्रत्येकमष्टोत्तरशतमष्टाविंशतिमष्टौवागायत्र्याज्याहुतीर्हुत्वा एकैकं कृच्छ्रंचरेत् इतिप्रायश्चित्तप्रयोगः ॥

પછી મણિ, કુંડલ, બે વસ્ત્ર, છત્ર, પગરખાં, દંડ, માળા, અભ્યંગ, ચંદન, કાજળ અને પાઘડી એ પદાર્થ પોતાસારૂ અને આચાર્યમાટે એકઠા કરવા. અથવા બન્નેને માટે પૂરતા ન મળે તો આચાર્યમાટેજ મેળવવા. પછી દેશ, કાલનો ઉચ્ચાર કરી " मम ब्रह्मचर्यनियमलोपजनितसंभावितदोषपरिहारेण समावर्त्तनाधिकारसंपादनद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं आज्यहोमपूर्वकं कृच्छ्रत्रयं महानाम्न्यादिव्रतचतुष्टयलोपजनितप्रत्यवायपरिहारार्थं प्रतिसंस्कारमेकैकं कृच्छ्रं च गायत्र्याज्यहोमपूर्वकं तंत्रेणाहमाचरिष्ये," એવો સંકલ્પ કરી અગ્નિસ્થાપન ઇત્યાદિક કર્મ કીધા પછી, "चक्षुषी आज्येनात्र प्रधानं अग्निं वायुं सूर्यं प्रजापतिं च चतसृभिराज्याहुतिभिः अग्निं पृथिवीं महांतमेकयाज्याहुत्या वायुमंतरिक्षं महांतमेकयाज्याहुत्या आदित्यं दिवं महांतमेकयाज्याहुत्या चंद्रमसं नक्षत्राणि दिशो महांतमेकयाज्याहुत्या अग्निं द्विः 'विभावसुं शतक्रतुं अग्निं अग्निं अग्नि.वायुं सूर्यं प्रजापतिं' चेत्यष्टावेकैकयाज्याहुत्या शेषेण स्विष्टकृतं०" ઇત્યાદિક અન્વાધાન કરી આજ્યભાગપર્યંત કર્મ કીધા પછી વ્યસ્ત (છુટ) અને સમસ્ત (એકઠી) વ્યાહૃતિમંત્રે હોમ કરી ફરી "भूरग्नये च महते च स्वाहा" એ મંત્રે હોમ કરવો. "अग्नये पृथिव्यै महते इदं न मम," ઇત્યાદિ અન્વાધાન પ્રમાણે ત્યાગ કરવો. "भुवो वायवे चांतरिक्षाय च महते च स्वाहा ॥ सुवरादित्याय च दिवे च महते च स्वाहा ॥ भूर्भुवः सुवश्चंद्रमसे च नक्षत्रेभ्यश्च दिग्भ्यश्च महते च स्वाहा चंद्रमसे नक्ष० ॥ पाहि नो अग्न एनसे स्वाहा ॥ पाहि नो विश्ववेदसे स्वाहा ॥ यज्ञं पाहि विभावसो स्वाहा ॥ सर्वं पाहि शतक्रतो स्वाहा ॥ पुनरूर्जानिवर्तस्व पुनरग्न इहायुषा पुनर्नः पाह्यंहसः स्वाहा ॥ सहरय्या निवर्तस्वाग्ने पिन्वस्व धारया विश्वप्स्नियाविश्वतस्परि स्वाहा," એ પ્રમાણે હોમ કરી વ્યસ્ત અને સમસ્ત વ્યાહૃતિમંત્રે ચાર આહુતિ હોમવી ૮. પછી ચાર વ્રતમાટે ગાયત્રીમંત્રે આજ્યહોમ કરવો. ત્રણ કૃચ્છ્ર અને ગાયનું મૂલ્ય દાન કરી હોમશેષ સમાપ્ત કરવો. મહાનામ્ની આદિકના લોપવિષે એક એક વ્રતમાટે એકસો આઠ, અઠ્યાવીશ અથવા આઠ, ગાયત્રીમંત્રે આજ્યની આહુતિનો હોમ કરી એક એક કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. એ પ્રમાણે પ્રાયશ્ચિત્તનો પ્રયોગ સમાપ્ત થયો.

अथसमावर्तनसंकल्पादि ॥ ममगृहस्थाश्रमार्हतासिद्धिद्वारार्थीपर०समावर्तनंकरिष्यइतिसंकल्प्यनांदीश्राद्धांतंवटुरेवकुर्यात् ब्रह्मचारीजीवत्पितृकश्चेत्पितुर्मात्राद्युद्देशः ब्रह्मचार्यशक्तश्चेत्पित्रादिस्तत्प्रतिनिधित्वेननांदीश्राद्धंकुर्यात् समावर्तनउपनयनादाविवपित्रादिरेवनांदीश्राद्धकर्तेतिमतांतरेणप्रागुक्तं अवशिष्टप्रयोगःस्वस्वगृह्यानुसारेण दशत्रीन्वाविप्रान्भोजयेत् दास्यंतिमधुपर्कयेतत्रैतांरजनींवसेत् ततोव्रतानिसंकल्पयेत् तानिचस्वसूत्रोक्तानिस्मृत्युक्तानिचेतिद्विविधानिसर्वाण्यपिपुरुषार्थान्येवनतुसमावर्तनांगानि तत्राशक्तःसूत्रोक्तान्येवव्रतानिकुर्यात् शक्तस्तुस्मृत्युक्तान्यपि तानियथा निमित्तंविनान नक्तंस्नास्यामि ननग्नःस्नास्यामि ननग्नःशयिष्ये ननग्नांस्त्रियमीक्षिष्येन्यत्रमैथुनात् वर्षतिनधाविष्ये नवृक्षमारोहिष्ये नकूपमवरोहिष्ये नबाहुभ्यांनदींतरिष्यामि नप्राणसंशयमभ्यापत्स्येइति सूत्रोक्तानि ॥

હવે સમાવર્ત્તનનાં સંકલ્પાદિક કહે છે.

" मम गृहस्थाश्रमार्हतासिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं समावर्तनं करिष्ये," એવો સંકલ્પ કરી નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ બટુએજ કરવું. બ્રહ્મચારી જીવત્પિતૃક (જેનો પિતા જીવતો છે એવો)

હોય તો નાંદીશ્રાદ્ધમાં પિતાની માતા ઇત્યાદિકનો ઉદ્દેશ કરવો. બ્રહ્મચારી અશક્ત હોય તો પિતા ઇત્યાદિકે તેના પ્રતિનિધિરૂપે નાંદીશ્રાદ્ધ કરવું. મૌંજી આદિક સંસ્કારોમાં જેમ પિતા ઇત્યાદિકજ નાંદીશ્રાદ્ધના કર્ત્તા છે તેમ સમાવર્ત્તનમાં પણ નાંદીશ્રાદ્ધના કર્ત્તા પિતા આદિકજ છે એ ,મતાંતરથી પ્રથમ કહ્યું છે. બાકીનો પ્રયોગ પોતપોતાના ગૃહ્યસૂત્રપ્રમાણે કરવો. દશ અથવા ત્રણ બ્રાહ્મણભોજન કરાવવાં. જે મધુપર્કવડે પૂજા કરે ત્યહાં તે રાત્રિ રેહેવું. પછી વ્રતના સંકલ્પ કરવા. તે વ્રત પોતાના સૂત્રમાં કહેલાં અને સ્મૃતિમાં કહેલાં એમ બે પ્રકારનાં છે. તે સઘળાં વ્રતો પુરૂષને અર્થ(લાભ) રૂપજ છે, સમાવર્ત્તનના અંગરૂપ નથી. તે સર્વ કરવાને અશક્ત હોય તેણેસૂત્રમાં કહેલાં માત્ર વ્રત કરવાં. શક્ત હોય તો સ્મૃતિમાં કહ્યાં છે તે પણ કરવાં. તે વ્રતો કહે છે—નિમિત્તવિના હું રાત્રિએ સ્નાન કરીશ નહી. નગ્ન થઈ સ્નાન કરીશ નહીં. નગ્ન થઈ નિદ્રા કરીશ નહીં. મૈથુનવિના અન્ય સમયે નગ્ન સ્ત્રીને જોઈશ નહીં. વરસાદમાં દોડતો ચાલીશ નહીં. વૃક્ષ ઉપર ચઢીશ નહીં. કુવામાં ઉતરીશ નહીં. હાથવતી નદીને તરીશ નહીં. પ્રાણ રેહેશે વા જશે એવો પ્રાણસંશય જેથી થાય તેવું કર્મ કરીશ નહીં. એ સૂત્રોક્ત વ્રત જાણવાં.

अथस्मृत्युक्तानि ॥ नित्यंयज्ञोपवीतद्वयंधारयिष्ये सोदककमंडलुंछत्रमुष्णीषंपादुकेउपानहौ सुवर्णकुंडलेदर्भमुष्टिंचधारयिष्ये कर्तनेनह्रस्वीकृतकेशश्मश्रुनखःस्यां निमित्तंविनामुंडनंनकरिष्यइत्यर्थः मसमावृत्तामुंडेरन्नितिनिषेधात् नित्यमध्ययनरतःस्यां स्वशरीरादुद्धृतंस्वनिर्माल्यंपुष्पचंदनादिपुनर्नधारयिष्ये शुक्लांबरधरःस्यां सुगंधीप्रियदर्शनःस्यां विभवेसतिजीर्णवासामलवद्वासाश्चनस्यां रक्तंवासःशरीरपीडावहंवावस्त्रंनधारयिष्ये गुरुंविनान्यैर्धृतंवस्त्रमलंकारंस्रजंचनधारयिष्ये अशक्तस्तुअन्यधृतमपिवस्त्रादिप्रक्षाल्यधारयेत् अन्यधृतोपवीतमुपानहौचनधारये कंथांनधारयिष्ये नस्वरूपमुदकेनिरीक्षिष्ये नभार्ययासाकमेकपात्रेएककालेवाश्नीयां एतद्विवाहभिन्नविषयं शूद्रायधर्मज्ञानंनीतिज्ञानंव्रतफलंचनोपदिशामि एतत्साक्षादुपदेशपरं कृत्वाब्राह्मणमग्रतइतिब्राह्मणद्वारकोपदेशेदोषाभावात् गृहमेधिशूद्रायस्वोच्छिष्टंनदास्ये शूद्रायहोमशेषंनदास्ये उद्धृतोदकेनतिष्ठन्नाचमनंनकरिष्ये जानुमात्रेत्वधिकेवाजलेतिष्ठदाचमनेदोषाभावात् अशुचिनाएकहस्तेनवाआनीतजलैर्नाचमिष्ये पादेनपादधावनंनकरिष्ये अफलपांक्तियंनगमिष्यामि नप्रावृतमस्तकोह्नि पर्यटिष्यामि रात्रौमलमूत्रोत्सर्गंचप्रावृतशिराःस्यां सोपानत्कोशनाभिवादननमस्कारान्नकरिष्ये पादेनासनंनापकर्षिष्यामि एवमन्यान्यपिस्मृत्युक्तानिज्ञेयानि एतेषुव्रतेषुयानि कर्तुंशक्नुयात्तावंत्येवसंकल्पयेत् अत्रसंकल्पितव्रतोल्लंघनेमत्याकृतेत्र्यहमभोजनं अमत्याकृतेएकरात्रमभोजनंप्रायश्चित्तं अशक्तस्त्रीनेकंवाविप्रंभोजयेत् इतिस्नातकव्रतानि ॥

હવે સ્મૃતિમાં કહેલા વ્રતો કહે છે.

નિત્ય બે યજ્ઞોપવીત ધારણ કરીશ. જલયુક્ત કમંડલુ, છત્ર, પાઘડી, પાદુકા (ચાંખડી), પગરખાં, સુવર્ણનાં કુંડલ અને દર્ભમુષ્ટી એ ધારણ કરીશ. કપાવવાથી ટુંકા છે કેશ, દાઢી, મુછ અને નખ જેનાં એવો રહીશ; એટલે નિમિત્ત વિના મુંડન કરાવીશ નહીં, એ અર્થ જાણવો. કારણ, “ જેનું સમાવર્ત્તન થયું હોય તેણે ક્ષૌર કરાવવું નહીં.” એવો નિષેધ છે. નિત્ય અધ્યયનમાં તત્પર પોતાના અંગથી ઉતરેલું એટલે પોતાનું નિર્માલ્ય એવાં પુષ્પ, ચંદનાદિક ફરી ધારણ કરીશ નહીં. શ્વેત વસ્ત્ર ધારણ કરીશ. સુગંધસહિત અને પ્રીતિકારક છે દર્શન જેનું એવો રહીશ. સંપત્તિ હશે તો ફાટેલાં અને મલિન વસ્ત્ર ધારણ કરીશ નહીં. રાતાં અથવા શરીરને પીડા ઉપજાવનારા એવાં વસ્ત્ર ધારણ કરીશ નહીં. ગુરુવિના બીજાએ ધારણ કરેલાં વસ્ત્ર, અલંકાર અને માળા એ ધારણ કરીશ નહીં. અશક્ત હોય તો બીજાએ ધારણ કરેલાં વસ્ત્ર ઇત્યાદિક તે પણ ધોઇને ધારણ કરવાં. અન્યે ધારણ કરેલા યજ્ઞોપવીત અને પગરખાં તે ધારણ કરીશ નહીં. કંથા (ગોદડી) ધારણ કરીશ નહીં. પોતાનું સ્વરૂપ જળમાં જોઈશ નહીં. સ્ત્રીની સાથે એક પાત્રમાં અથવા એક કાલમાં ભોજન કરીશ નહી; એ વિવાહવિના જાણવું. શૂદ્રને ધર્મનો ઉપદેશ નીતિનો ઉપદેશ અને વ્રતનો ઉપદેશ કરીશ નહીં; એ નિષેધ સાક્ષાત્ ઉપદેશ કરવાવિષે છે. કારણ, “બ્રાહ્મણને આગળ બેસાડી ઉપદેશ કરવો,” એવું વચન છે માટે બ્રાહ્મણદ્વારાએ ઉપદેશ કરવામાં દોષ નથી. ગૃહસ્થાશ્રમી (હું) શૂદ્રને પોતાનું ઉચ્છિષ્ટ દઈશ નહીં. શૂદ્રને હોમનું શેષ દઈશ નહીં. ઉપર કાઢેલાં જલવડે, ઉભો રહી આચમન કરીશ નહીં; કારણ, ગોઠણપર્યંત અથવા તેથી અધિક જલમાં ઉભો રહી આચમન કરવામાં દોષ નથી. અપવિત્રે

અથવા એક હાથે કાઢેલા જલવડે આચમન કરીશ નહીં. પગવડે પગને ધોઇશ નહીં. રોગાદિકે અસમર્થ એવી સ્ત્રીસાથે ગમન કરીશ નહીં. મસ્તકઉપર વસ્ત્ર વીંટી દિવસે ફરીશ નહીં. રાત્રિએ અથવા મળ, મૂત્રના ત્યાગ સમયે મસ્તક ઉપર વસ્ત્ર વીટીશ. પગરખાં પેહેરી ભોજન, અભિવાદન (નામગોત્રોચ્ચારપૂર્વક નમસ્કાર) અને પ્રણામ કરીશ નહીં. પગવડે આસનને (એક તરફ) ખેંચીશ નહીં. એ પ્રમાણે બીજા પણ સ્મૃતિમાં કહેલાં વ્રતો જાણવાં. એ વ્રતોમા પોતાની જેટલાં વ્રત કરવાની શક્તિ હોય તેટલાંનોજ સકલ્પ કરવો. એ સકલ્પિત વ્રતોનુ બુદ્ધિપૂર્વક ઉલ્લઘન થાય તો ત્રણ દિવસ ઉપવાસ કરવા. અજાણમાં ઉલ્લઘન થયુ હોય તો એક રાત્રિ ઉપવાસ એ પ્રાયશ્ચિત્ત કરવું. ઉપવાસ કરવામાં અશક્ત હોય તેણે ત્રણ અથવા એક બ્રાહ્મણને ભોજન કરાવવું. એ પ્રમાણે સ્નાતકનાં વ્રત સમાપ્ત થયાં.

आतुरद्दशायांयथोक्तसमावर्तनासंभवेसंक्षेपतस्तत्कार्य तत्प्रयोगःसंकल्प्यब्रह्मचारीलिंगानिमेखलादीनित्यक्त्वावपनंकृत्वातीर्थेस्नात्वा वासःपरिधानाचमनतिलकधारणानिकृत्वाऽग्निंप्रतिष्ठाप्यतत्रप्रजापतिंमनसाध्यायंस्तूष्णींसमिधमादध्यात् अन्यदपिअविरोधितूष्णीमेवकर्तव्यमिति इतिसमावर्तनानुकल्पः ॥

આતુર અવસ્થામાં વિધિપૂર્વક સમાવર્ત્તનનો અસભવ હોય તો સક્ષેપે સમાવર્ત્તન કરવું. તેનો પ્રયોગ-સકલ્પ કરી બ્રહ્મચારીએ મેખલા આદિક ચિહ્નોનો ત્યાગ કરી વપન કરાવી તીર્થમાં સ્નાન કરી વસ્ત્ર પેહેર્યા પછી આચમન અને તિલક ધારણ કરી અગ્નિની સ્થાપના કરવી. પછી તેમાં, પ્રજાપતીનું મનમાં ધ્યાન કરતાં મત્રરહિત સમિધ હોમવી. બીજું પણ કર્મ વિરૂદ્ધ ન હોય તે મત્રરહિતજ કરવું. એ પ્રમાણે સમાવર્ત્તનનો ગૌણપક્ષ સમાપ્ત થયો.

ब्रह्मचर्यदशायांदशाहाशौचहेतुसपिंडमरणेसमावर्तनोत्तरमुदकदानपूर्वकंत्रिरात्रमतिक्रांताशौचंकार्यं अनुपनीतसपिंडेमातुलादौचमृतेऽतिक्रांताशौचंन एवंजननाशौचेप्यतिक्रांताशौचंन ततश्चदशाहाशौचापादकसपिंडकमृतौसमावर्तनोत्तरत्रिरात्रमध्येविवाहोनकार्यः कस्यचिन्मरणाभावेतुनविवाहेदोषः ॥

બ્રહ્મચારી અવસ્થામાં દશ દિવસ આશૌચ પાળવાનો હેતુ એવો કોઈ પોતાના સપિંડમાંનો મૃત થયો હોય તો સમાવર્ત્તન થયા પછી મરનારને તિલાજલિ દઇ ત્રણ દિવસ અતિક્રાંત આશૌચ પાલન કરવું. મૌંજીરહિત એવો સપિંડ મૃત થયો હોય અથવા મામો ઇત્યાદિક મૃત થયો હોય તો અતિક્રાંત આશૌચ પાળવુ નહીં. એ રીતે જનનાશૌચનિમિત્તક પણ અતિક્રાતાશૌચ નથી. તેથી દશાહ આશૌચ પાળવાને યોગ્ય એવો સપિંડ મૃત થયો હોય તો સમાવર્ત્તન થયા પછી ત્રણ રાત્રિમાં વિવાહ કરવો નહીં, કોઈ મૃત થયો ન હોય તો વિવાહવિષે દોષ નથી.

इत्थंव्रतांतकर्माण्यनंतोपाध्यायसूनुना ॥ निर्णीयश्रीविट्ठलांघ्र्योर्वाग्विलासःसमर्पितः ॥

અનતોપાધ્યાયનના પુત્રે મેં એ રીતે સ્નાતકવ્રતપર્યંત સર્વ કર્મનો નિર્ણય કરી મ્હારી વાણીનો વિલાસ શ્રીવિઠ્ઠલના ચરણમાં સમર્પણ કીધો.

अथश्रीभगवत्पादौपुंडरीकवरप्रदौ ॥ श्रीगुरूंन्पितरौनत्वाविवाहंवक्तुमुद्यतः ॥ १ ॥

હવે પુંડરીકને વરદાન દેનાર એવા શ્રીવિઠ્ઠલના ચરણ, શ્રીગુરુ અને માતાપિતા એ સર્વેને નમસ્કાર કરી વિવાહ કહેવાવિષે તત્પર થાઉં છું.

उद्वहेत्तुद्विजोभार्यांसवर्णांलक्षणैर्युतां अव्यंगांगीसौम्यनाम्नींमृद्वंगीचमनोहरां भाविशुभाशुभज्ञानहेतुलक्षणविचारोष्टौमृत्पिंडान्कृत्वेत्यादिरूपआश्वलायनसूत्रेउक्तः ज्योतिःशास्त्रोक्तराशिनक्षत्रादिघटितविचारोपिशुभादिज्ञानहेतुः सचसंक्षेपेणोच्यते तत्रमेषादिराशिस्वामिनः भौमःशुक्रोबुधश्चंद्रःसूर्यःसौम्योभृगुःकुजः ॥ गुरुःशनैश्चरोमंदःसुरेज्योराशिपाःस्मृताः ॥

હવે વિવાહ સંસ્કાર કહે છે.

"દ્વિજે પોતાની જાતિમાંની, લક્ષણે યુક્ત, હીન અંગવાળી ન હોય એવી, સુંદર નામની, કોમળ અંગવાળી અને મનોહર એવી સ્ત્રી પરણવી." આગળ થનારા શુભાશુભના જ્ઞાનનું કારણ, જે લક્ષણ તેનો વિચાર, "માટીના આઠ પિંડ કરવા," ઇત્યાદિ તો આશ્વલાયન સૂત્રમાં કહ્યો છે. જ્યોતિઃશાસ્ત્રમાં કહેલો રાશિ, નક્ષત્ર ઇત્યાદિકના ઘટિતનો વિચાર તે પણ શુભાદિક જ્ઞાનનું કારણ છે માટે તે સંક્ષેપથી કહુંછું. તેમાં પ્રથમ મેષાદિક રાશિના સ્વામિ કહે છે—"મંગળ, શુક્ર, બુધ, ચંદ્ર, સૂર્ય, બુધ, શુક્ર, મંગળ, ગુરૂ, શનિ, શનિ અને બૃહસ્પતિ એ ક્રમથી મેષાદિક બાર રાશિના સ્વામી જાણવા."

अथग्रहाणांशत्रुमित्रादि ॥ रवेर्गुरुभौमचंद्रामित्राणि शनिशुक्रौशत्रू बुधःसमः इंदोःसूर्यबुधौ मित्रे भौमगुरुशुक्रशनयःसमाः अस्यशत्रुर्न कुजस्यबुधोरिपुः सूर्यगुरुचंद्रामित्राणि शनिशुक्रौसमौ बुधस्यार्कशुक्रौमित्रे चंद्रोरिः शनिभौमगुरवःसमाः गुरोःसूर्यभौमचंद्रामित्राणि शुक्रबुधौशत्रू शनिःसमः शुक्रस्यशनिबुधौमित्रे सूर्यचंद्रावरी भौमगुरूसमौ शनेःशुक्रबुधौमित्रे कुजसूर्यचंद्राअरयः गुरुःसमः अत्रगुणविचारः राश्योरेकाधिपत्वेराशिपत्योर्मित्रत्वेचपंचगुणाः राशिपयोःसमत्वशत्रुत्वेऽर्धोगुणः समत्वमित्रत्वेचत्वारः शत्रुत्वमित्रत्वेएकः द्वयोःसमत्वेत्रयः द्वयोःशत्रुत्वेगुणाभावः ॥

હવે ગ્રહોના મિત્ર, શત્રુ અને સમાદિક કહે છે.

સૂર્યના—ગુરૂ, મંગળ અને ચંદ્ર એ મિત્ર છે. શનિ અને શુક્ર શત્રુ છે. બુધ સમ છે. ચંદ્રના—સૂર્ય અને બુધ મિત્ર છે. મંગળ, ગુરૂ, શુક્ર અને શનિ સમ છે. ચંદ્રનો શત્રુ છે નહીં. મંગળનો—બુધ શત્રુ. સૂર્ય, ગુરૂ અને ચંદ્ર મિત્ર. શનિ અને શુક્ર સમ છે. બુધના—રવિ અને શુક્ર મિત્ર છે. ચંદ્ર શત્રુ. શનિ, મંગળ અને ગુરૂ એ સમ છે. ગુરૂના—સૂર્ય, મંગળ અને ચંદ્ર મિત્ર. શુક્ર અને બુધ શત્રુ. શનિ સમ છે. શુક્રના—શનિ અને બુધ મિત્ર. સૂર્ય અને ચંદ્ર શત્રુ. મંગળ અને ગુરૂ સમ છે. શનિના—શુક્ર અને બુધ મિત્ર. મંગલ, સૂર્ય અને ચંદ્ર શત્રુ. ગુરૂ સમ છે. એ વિષયમાં ગુણનો વિચાર—વર, કન્યાની રાશિનો સ્વામી એક હોય અથવા રાશિસ્વામીની પરસ્પર મિત્રતા હોય તો પાંચ ગુણ જાણવા. રાશિસ્વામીમાં પરસ્પર એકને સમત્વ અને એકને શત્રુત્વ હોય તો અર્ધ ગુણ જાણવો. પરસ્પર સમત્વ અને મિત્રત્વ હોય તો ચાર ગુણ. શત્રુત્વ અને મિત્રત્વ હોય તો એક ગુણ. બન્નેનું સમત્વ હોય તો ત્રણ ગુણ. બન્નેનું શત્રુત્વ હોય તો શૂન્ય જાણવો.

अथगणाः ॥ पूर्वात्रयोत्तरात्रयभरणीरोहिण्यार्द्रामनुष्यगणः हस्तरेवतीपुनर्वसुपुष्यस्वातीमृगश्रवणाश्विन्यनुराधादेवगणः कृत्तिकाश्लेषामघाचित्राविशाखाज्येष्ठामूलधनिष्ठाशततारकाराक्षसगणः गणैक्येशुभं देवमनुष्ययोर्मध्यमं देवरक्षसोर्वैरं राक्षसमनुष्ययोर्मरणं अतोमनुष्यराक्षसयोर्विवाहोनकार्यः अत्रगुणाः गणैक्येषड्गुणाः वरोदेवोनृगणाकन्यात्रापिषट् वैपरीत्येपंच वरोराक्षसःकन्यादेवगणा अत्रैकः वैपरीत्येगुणाभावः मनुष्यराक्षसत्वेपिगुणाभावः ॥

હવે ગણમૈત્રી કહે છે.

ત્રણ પૂર્વા, ત્રણ ઉત્તરા, ભરણી, રોહિણી અને આર્દ્રા એ નક્ષત્રોમાં જન્મ હોય તો મનુષ્યગણ. હસ્ત, રેવતી, પુનર્વસુ, પુષ્ય, સ્વાતી, મૃગ, શ્રવણ, અશ્વિની અને અનુરાધામાં જન્મ હોય તો દેવગણ. કૃત્તિકા, આશ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, જ્યેષ્ઠા, મૂળ, ધનિષ્ઠા અને શતભિષા એ નક્ષત્રોમાં જન્મ હોય તો રાક્ષસગણ. વર કન્યાનો એક ગણ હોય તો શુભ. એકનો દેવ અને એકનો મનુષ્યગણ એમ હોય તો મધ્યમ, દેવ અને રાક્ષસગણ હોય તો વૈર થાય. રાક્ષસગણ અને મનુષ્યગણ હોય તો મૃત્યુ, માટે મનુષ્યગણ અને રાક્ષસગણનો વિવાહ ન કરવો. હવે ગણમૈત્રીના ગુણ કહે છે—બન્નેનો એક ગણ હોય તો છ ગુણ. વરનો દેવગણ અને કન્યાનો મનુષ્યગણ હોય તો ૭ ગુણ. વિપરીત (વરનો મનુષ્ય અને સ્ત્રીનો દેવગણ) હોય તો પાંચ ગુણ. વરનો રાક્ષસ અને સ્ત્રીનો દેવગણ હોય તો એક ગુણ. વિપરીત હોય તો શૂન્ય. એકનો મનુષ્ય અને એકનો રાક્ષસગણ હોય તો પણ શૂન્ય ગુણ જાણવો.

अथराशिकूटम् ॥ द्विर्द्वादशकेनिर्धनत्वं नवपंचमत्वेनिःपुत्रता षट्काष्टकेमरणंविपत्तिर्वा उभयं सप्तमेतृतीयैकादशेचतुर्थेदशमेचशुभं नक्षत्रैक्येचरणभेदेशुभं अत्रराश्यैक्येतिशुभं राशिभेदेपिकूटदोषोन नक्षत्रभेदेराश्यैक्येचशुभं अत्रनाडीगणादिदोषोन चरणैक्यंषट्काष्टकंचवर्ज्यं द्विर्द्वादशकेनवपंचमेचमध्यमं शेषेशुभं अत्रगुणाः सत्कूटेसप्त दुःकूटेग्रहमैत्रीसत्त्वेचत्वारः अन्यथाएकः चरणैक्येगुणाभावः ॥

હવે રાશિકૂટ કહે છે.

વર અથવા કન્યા એમની પરસ્પરની રાશીથકી પરસ્પરની રાશી બીજે અથવા બારમે હોય તો નિર્ધનત્વ થાય છે. પાંચમે અથવા નવમે હોય તો પુત્રહીનપણું થાય છે. છઠ્ઠે અથવા આઠમે હોય તો મૃત્યુ અથવા વિપત્તિ થાય છે. બન્ને તરફથી સાતમે, ત્રીજે અને અગીયારમે અથવા ચોથે અને દશમે હોય તો શુભ છે. બન્નેનું એક નક્ષત્ર છતાં ચરણ ભિન્ન ભિન્ન હોય તો શુભ છે. બન્નેનું નક્ષત્ર ભિન્ન અને રાશિ એક હોય તો શુભ છે. આ રાશિકૂટવિષે નાડી, ગણ ઇત્યાદિકનો દોષ નથી, વર, કન્યાના નક્ષત્રનો એકજ પાદ હોય તે, અથવા છઠ્ઠી, આઠમી રાશિ એ વર્જ્ય કરવાં. બીજી, બારમી અને નવમી, પાંચમી એ મધ્યમ. એ કરતાં બાકી રાશીમાં શુભ છે. ઇહાં ગુણ કહે છે. શુભ કૂટ હોય તો સાત ગુણ. દુષ્ટ કૂટ (બે બાર ઇત્યાદિક) છતાં ગ્રહમૈત્રી હોય તો ચાર ગુણ. એ બેમાંથી એક હોય તો એક ગુણ; વર, કન્યાના નક્ષત્રનું ચરણ એક હોય તો ગુણ નથી.

अथनाडी ॥ अश्विन्यार्द्रापुनर्वसूत्तराफल्गुनीहस्तज्येष्ठामूलशततारकापूर्वाभाद्रपदेतिप्रथमनाडी भरणीमृगपुष्यपूर्वाफल्गुनीचित्रानुराधापूर्वाषाढाधनिष्ठोत्तराभाद्रपदेतिमध्यमनाडी कृत्तिकारोहिण्याश्लेषामघास्वातीविशाखोत्तराषाढाश्रवणरेवतीतिचरमनाडी अत्रनाड्यैक्येमृत्युः नाडीभेदेष्टौ गुणाः नाड्यैक्यंसर्वथावर्ज्यं शूद्रादौपार्श्वैकनाडीद्वयंसंकटेशुभं अत्रवर्णवश्यभकूटयोनिकूटानामल्पगुणत्वाद्विवाहविघटकत्वाभावाच्चस्वरूपंनोक्तं अत्रसर्वगुणमेलनेनविंशतिगुणसंभवेमध्यमं विंशत्यधिकगुणत्वेऽतिशुभं विंशत्यूनत्वेत्वशुभं इतिनक्षत्रादिघटितविचारः ॥

હવે નાડીમૈત્રી કહે છે.

અશ્વિની, આર્દ્રા, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, જ્યેષ્ઠા, મૂળ, શતભિષા અને પૂર્વાભાદ્રપદા એ નક્ષત્રોની પ્રથમ નાડી છે. ભરણી, મૃગ, પુષ્ય, પૂર્વાફાલ્ગુની, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા, ધનિષ્ઠા અને ઉત્તરાભાદ્રપદા એમની મધ્યનાડી છે. કૃત્તિકા, રોહિણી, આશ્લેષા, મઘા, સ્વાતી, વિશાખા, ઉત્તરાષાઢા, શ્રવણ અને રેવતી એમની અંત્યનાડી છે. વર કન્યા બન્નેની એક નાડી હોય તો મૃત્યુ થાય છે. ભિન્ન ભિન્ન નાડી હોય તો આઠ ગુણ થાય છે. એક નાડી સર્વથા વર્જ્ય કરવી. શૂદ્રાદિકવિષે પાર્શ્વનાડી એટલે પ્રથમ અથવા અંત્ય એ નાડી બન્નેની એક હોય તો સંકટ છતાં શુભ છે. વર્ણ, વશ્ય, નક્ષત્રકૂટ અને યોનિકૂટ એમના અલ્પ ગુણ છતાં તે વિવાહના બાધ કરનાર નથી, માટે ઇહાં તેમનાં સ્વરૂપ કહ્યાં નથી. ઇહાં સઘળા ગુણ એકઠા કરતાં વીશ ગુણ આવે તો મધ્યમ; વીશથી અધિક આવે તો અતિ શુભ, અને વીશ કરતાં ઓછા આવે તો અશુભ છે. એ રીતે નક્ષત્રાદિકના ઘટિતનો વિચાર સમાપ્ત થયો.

अनन्यपूर्विकांकांतामसपिंडांयवीयसीं अरोगिणींभ्रातृमतीमसमानार्षगोत्रजामिति याज्ञवल्क्याद्युक्तकन्याविशेषणेषु कांतत्वनीरोगत्वभ्रातृमत्त्वभिन्नविशेषणानामभावेइहपरत्रपातित्यात्तानिप्रपंच्यंते तत्रान्यपूर्विकाःपुरुषांतरपूर्विकाःमनोदत्तावाचादत्ताग्निपरिगतासप्तमंपदंनीताभुक्तागृहीतगर्भाप्रसूतेति सप्तविधपुनर्भवास्तद्भिन्नामनन्यपूर्विकां सप्तपदीविधेःपूर्वमाद्यानांतिसृणांसंकटेन्येनविवाहोभवति सप्तपदीविधौजातेबलाद्विवाहितापिनान्यत्रदेया असपिंडां समानःएकःपिंडःपिंडदानक्रियामूलपुरुषशरीरं वायस्याःसासपिंडातद्भिन्नां तत्र लेपभाजश्चतुर्थाद्याःपित्राद्याःपिंडभागिनः पिंडदःसप्तमस्तेषांसापिंड्यं साप्तपौरुषमितिमात्स्योक्तेरेकस्यां पिंडदानक्रियायांदातृत्वपिंडभाक्त्वलेपभाक्त्वान्यतमसंबंधेनप्रवेशो

निर्वाप्यसापिंड्यमितिकेषांचिन्मतं अत्रस्त्रीणामपिपतिभिःसहकर्तृत्वात्सापिंड्यसिद्धिः मूलपुरुषैकशरीरावयवान्वयेनावयवसापिंड्यमित्यपरंमतं यद्यपिभ्रातृपत्नीनांपरस्परंनैतत्संभवतितथाप्याधारत्वेनैकशरीरान्वयः एकमूलपुरुषावयवानांपुत्रद्वारास्त्राधानादितिज्ञेयं उभयत्रापिगयादौमित्रादेरपिपिंडभाक्त्वादेकशरीरान्वयस्यसप्तमात्परेषुपुरुषशतेष्वपिसत्त्वाच्चातिप्रसंगप्राप्तेर्व्याघरस्यवाततःकूटस्थाद्यदिसप्तमः पंचमीचेत्तयोर्मातातत्सापिंड्यंनिवर्तेत इत्यादिवचनैर्निरासः मातृत्वपितृत्वादिसंबंधेसत्येवपंचमसप्तमपर्यंतमेवेत्युभयनियमस्वीकारात् तथाचपितृद्वारकसापिंड्यविचारेसप्तमादूर्ध्वंसापिंड्यनिवृत्तिः मातृद्वारकसापिंड्यविचारेतुपंचमादूर्ध्वंतन्निवृत्तिरितिनिर्णयः ॥

હવે સાપિંડ્યનો નિર્ણય કહે છે.

"અન્યપુરૂષે જેને પ્રથમ ગ્રહણ કરી નથી એવી, વરનારનાં મન અને નેત્રને આનંદ ઉત્પન્ન કરનારી, આગળ કહેવાશે જે સાપિંડ્ય તેણે રહિત, વર કરતાં વય અને શરીરે નાહાની, રોગરહિત, ભ્રાતાએ યુક્ત, તથા અસમાન એટલે ભિન્ન પ્રવર અને ગોત્રવાળા કુલમાં ઉત્પન્ન થયલી એવી, સ્ત્રી વરવી," એ પ્રમાણે યાજ્ઞવલ્કયાદિકે કહેલાં જે કન્યાનાં વિશેષણ તેમાં સુંદરપણું, રોગરહિતપણું, ભ્રાતૃયુક્તપણું એ વિશેષણોવિના બીજાં વિશેષણોનો કન્યામાં અભાવ છતાં તેવી કન્યા વરવાથી આ લોક અને પરલોકમાં પતિતપણું પ્રાપ્ત થાય છે માટે તે વિશેષણો વિસ્તારથી કહેવાય છે. તેમાં અનન્યપૂર્વિકા એટલે આગળ કહેવાશે એવા સાત પ્રકારના અન્યપુરૂષે રહિત તે આ રીતે—"મને કરી દીધેલી, વાણિએ દીધેલી, વિવાહહોમપર્યંત જેના સંસ્કાર થયા છે તે, જેનો સપ્તપદીનો વિધિ થયેલ છે તે, ભોગ કરેલી, જેને ગર્ભ રહ્યો છે તે, અને જેને બાળક થયું છે તે, એ પ્રમાણે સાત પ્રકારની પુનર્ભૂ છે તે તેથી જે ભિન્ન તે અનન્યપૂર્વિકા જાણવી." સપ્તપદી વિધિ (વિવાહહોમ થયા પછી સાત પગ ભરાવવારૂપ જે વિધિ થાય છે તે) થયાથી પ્રથમ સાતમાંથી પ્રથમ ત્રણ (મને દીધેલી, વાણિએ દીધેલી અને વિવાહહોમપર્યંત જેના સંસ્કાર થયા છે તે)નો વિવાહ સકટ છતાં બીજાની જોડે થાય છે. જેનો બલાત્કારે વિવાહ થયો છે એવી હોય તો પણ સપ્તપદી વિધિ થયા પછી તે કન્યા બીજા વરને પરણાવવી નહીં. સમાન એટલે એક છે પિંડ એટલે પિંડદાનક્રિયા અથવા મૂલપુરૂષનું શરીર જેનું તે સપિંડા, તેથી જે ભિન્ન તે અસપિંડા એવી લેવી. તે સાપિંડ્યવિષે, 'પિતા, પિતામહ અને પ્રપિતામહ એ પિંડભાગી છે, અને વૃદ્ધપ્રપિતામહથકી ઉપરના ત્રણ પુરૂષ લેપભાગી છે, એ રીતે એ છને સાતમો પિંડ દેનારો છે; તેથી સાત પુરૂષપર્યંત સાપિંડ્ય છે," એ મત્સ્યપુરાણનું વચન છે; માટે એક પિંડદાનક્રિયામાં દાતૃત્વ, પિંડભાક્ત્વ અને લેપભાક્ત્વ એમાંથી કોઈ એક પણ સંબંધેકરી જે પ્રવેશ થાય છે તેને **નિર્વાપ્યસાપિંડ્ય** કહે છે, એમ કેટલાએક ગ્રંથકારોનો મત છે. આ સાપિંડ્યમાં સ્ત્રીયોને પણ પતિની સાથે રહી કર્ત્તાપણું હોવાથી સાપિંડ્ય સિદ્ધ થાય છે. મૂલપુરૂષના એક શરીરસંબંધી અવયવો કારણપણાએ પરંપરા ચાલ્યાં આવે છે તેથી અવયવસાપિંડ્ય એ બીજો મત છે. આ સાપિંડ્ય ભાઇની સ્ત્રીયોમાં કદી પરસ્પર સંભવતું નથી, તથાપિ આધારપણાએ એક શરીરના અવયવોનો અન્વય છે. કારણ, ભાઇઓનો જે એક મૂલપુરૂષ, તેનાં અવયવોનું પુત્રદ્વારાએ તે ભાઇઓની સ્ત્રીયોમાં સ્થાપન થાય છે, તેથી જાણવું. નિર્વાપ્યસાપિંડ્ય અને અવયવસાપિંડ્ય એ બન્ને સાપિંડ્યમાં, ગયાદિક શ્રાદ્ધમાં મિત્રાદિકને પણ પિંડભાગીપણું થાય છે તેથી અને એક શરીરના અવયવનો સંબંધ સાતથકી ઉપર શેંકડો પુરૂષપર્યંત પણ હોવાથી તેમને પણ સાપિંડ્યપણું પ્રાપ્ત થશે અને તેમ થવાથી અનવસ્થારૂપ દોષ પ્રાપ્ત થશે માટે, "કન્યા અથવા વરનો પિતા જો મૂલપુરૂષથકી સાતમો હોય અને તે વર અથવા કન્યાની માતા મૂલપુરૂષથી પાંચમી હોય તો તે સાપિંડ્ય નિવૃત્ત થાય છે," ઇત્યાદિ વચનોવડે તેનો નિરાસ (દૂરીકરણ) થાય છે. કારણ, માતૃત્વ અને પિતૃત્વ ઇત્યાદિક સંબંધ છતાંજ માતા પાંચમી અને પિતા સાતમો ઇહાંપર્યંતજ સાપિંડ્ય એ રીતે બે નિયમનો સ્વીકાર કરેલો છે તેથી પિતાથકી સાપિંડ્યનો વિચાર કરતાં સાતમા પુરૂષ પછી સાપિંડ્યની નિવૃત્તિ થાય છે, અને માતાથકી સાપિંડ્યનો વિચાર કરતાં પાંચમાં પછી સાપિંડ્યની નિવૃત્તિ થાય છે, એ પ્રમાણે નિર્ણય જાણવો.

अत्रोदाहरणानि.

विष्णुमूलभूतः

कांतिः	२ गौरी		२
सुधीः	३ हरः		३
बुधः	४ मैत्रः		४
चैत्रः	५ शिवः		५
गणः	६ भूपः		६
मृडः	७ अच्युतः		७
रतिः	८ कामः		८

अत्र रतिकामयोरष्टमयोर्विवाहः पितृद्वारकत्वात् ॥

विष्णुर्मूलभूतः

दत्तः	२ चैत्रः		२
सोमः	३ मैत्रः		३
सुधीः	४ बुधः		४
श्यामा	५ रतिः		५
शिवः	६ गौरी		६

अत्र गौरीशिवयोः षष्ठयोर्विवाहः मातृद्वारकत्वात् ॥

विष्णुर्मूलभूतः

दत्तः	२ चैत्रः		२
सोमः	३ मैत्रः		३
सुधीः	४ बुधः		४
श्यामा	५ नर्मदा		५
शिवः	६ कामः		६
रमा	७ कविः		७

अत्र रमाकव्योर्न विवाहः मंडूकप्लुत्या सापिंड्यानुवृत्तेः ॥

विष्णुर्मूलभूतः

दत्तः	२ चैत्रः		२
सोमः	३ मैत्रः		३
सुधीः	४ बुधः		४
श्यामा	५ शिवः		५
कांतिः	६ हरः		६

अत्र कांतिहरयोर्न विवाहः एकतोनिवृत्तावपि अन्यतोनुवृत्तेः ॥

એ વિષયમાં ઉદાહરણ કહે છે.

વિષ્ણુ મૂલ પુરૂષ ૧

કાંતિ.	૨	ગૌરી.	૨
સુધી.	૩	હર.	૩
બુધ.	૪	મૈત્ર.	૪
ચૈત્ર.	૫	શિવ.	૫
ગણ.	૬	ભૂપ.	૬
મૃડ.	૭	અચ્યુત	૭
રતિ	૮	કામ.	૮

એ ઉદાહરણમાં રતિ અને કામનો વિવાહ થાય; કારણ, પિતાથકી બન્ને આઠમાં છે.

વિષ્ણુ મૂલ પુરૂષ ૧

દત્ત.	૨	ચૈત્ર.	૨
સોમ.	૩	મૈત્ર.	૩
સુધી.	૪	બુધ.	૪
શ્યામા.	૫	રતિ.	૫
શિવ.	૬	ગૌરી.	૬

એ ઉદાહરણમાં ગૌરી અને શિવનો વિવાહ થાય; કારણ, માતાથી બન્ને છઠ્ઠાં છે.

વિષ્ણુ મૂલ પુરૂષ ૧

દત્ત.	૨	ચૈત્ર.	૨
સોમ.	૩	મૈત્ર.	૩
સુધી	૪	બુધ.	૪
શ્યામા.	૫	નર્મદા.	૫
શિવ.	૬	કામ.	૬
રમા.	૭	કવિ.	૭

આ ઉદાહરણમાં રમા- અને કવિનો વિવાહ થાય નહીં; કારણ, મંડૂકપ્લુતિવડે ઇહાં સાપિંડ્ય પ્રાપ્ત થાય છે. મંડૂકપ્લુતિ એટલે એક પેઢી મૂકી આગળની પેઢીને જે ફરી સાપિંડ્ય પ્રાપ્ત થાય તેને મંડૂકપ્લુતિ કહે છે. આ ઉદાહરણમાં શિવ અને કામનું પરસ્પર સાપિંડ્ય નિવૃત્ત થયું; કારણ, માતાથકી પાંચ પુરૂષ સાપિંડ્ય છે અને શિવ તથા કામ એ બન્ને મૂલપુરૂષથકી છઠ્ઠા છે પરંતુ એથી આગળ પેઢી જે રમા અને કવિ તેને પરસ્પર સાપિંડ્ય પ્રાપ્ત થયું; કારણ પિતાથકી સાત પુરૂષપર્યંત સાપિંડ્ય છે.

વિષ્ણુ મૂલ પુરૂષ ૧

દત્ત.	૨	ચૈત્ર.	૨
સોમ.	૩	મૈત્ર.	૩
સુધી.	૪	બુધ.	૪
શ્યામા.	૫	શિવ.	૫
કાંતિ.	૬	હર.	૬

આ ઉદાહરણમાં કાંતિ અને હરનો વિવાહ થાય નહીં; કારણ એક તરફથી એટલે કાંતિ તરફથી સાપિંડ્ય નિવૃત્ત થયું. તથાપિ બીજી તરફ એટલે હરની તરફ સાપિંડ્ય નિવૃત્ત થતું નથી; કારણ, કાંતિ તરફ માતૃદ્વારક છે અને હર તરફ પિતૃદ્વારક છે એ તાત્પર્ય જાણવો.

विष्णोर्मूलात्कांतिगौर्यौजातौताभ्यांसुधीहरौ ॥ बुधमैत्रौचैत्रशिवौगणभूपौमृडाच्युतौ ॥ १ ॥
तज्जातयोरष्टमयोर्विवाहोरतिकामयोः ॥

“મૂલપુરૂષ વિષ્ણુ, તેની એક કાંતિ અને બીજી ગૌરી એ બે કન્યા, તેમાંથી કાંતિનો પુત્ર સુધી, તેનો પુત્ર બુધ, તેનો ચૈત્ર, તેનો ગણ, ગણનો મૃડ, અને મૃડની કન્યા રતિ, એ મૂલપુરૂષ વિષ્ણુથકી આઠમી છે. બીજી કન્યા ગૌરીનો પુત્ર હર, હરનો પુત્ર મૈત્ર, તેનો શિવ, તેનો ભૂપ, તેનો અચ્યુત, અને અચ્યુતનો પુત્ર કામ, એ મૂલપુરૂષ વિષ્ણુથકી આઠમો છે, માટે રતિ અને કામ એ બન્નેને આઠમા થવાથી વિવાહ થાય.”

विष्णोर्मूलाद्दत्तचैत्रौसोममैत्रौसुधीबुधौ ॥ २ ॥ ताभ्यांश्यामारतीतज्जशिवगौर्योःकरग्रहः ॥

“મૂલપુરૂષ વિષ્ણુ, તેનો એક દત્ત અને બીજો ચૈત્ર એ બે પુત્ર તેમાંથી દત્તનો પુત્ર સોમ, તેનો સુધી, સુધીની કન્યા શ્યામા, શ્યામાનો પુત્ર શિવ, તે મૂલપુરૂષ વિષ્ણુથકી છઠ્ઠો છે. બીજો પુત્ર ચૈત્ર, તેનો મૈત્ર, તેનો બુધ, બુધની કન્યા રતિ અને રતિની કન્યા ગૌરી, એ મૂલપુરૂષ વિષ્ણુથકી છઠ્ઠી છે, એ રીતે શિવ અને ગૌરી બન્ને છઠ્ઠા હોવાથી એમનો વિવાહ થાય.”

विष्णोर्मूलाद्दत्तचैत्रौसोममैत्रौसुधीबुधौ ॥ ३ ॥ ताभ्यांश्यामानर्मदाचशिवकामौरमाकवी ॥
मंडूकप्लुतिसापिंड्यंरमाकव्योर्विवाहहृत् ॥ ४ ॥

“મૂલપુરૂષ વિષ્ણુ, તેના દત્ત અને ચૈત્ર એ બે પુત્ર. દત્તનો પુત્ર સોમ, તેનો સુધી, સુધીની કન્યા શ્યામા, શ્યામાનો પુત્ર શિવ, અને શિવની કન્યા રમા, તે મૂલપુરૂષ વિષ્ણુથકી સાતમી છે. બીજો પુત્ર ચૈત્ર, તેનો મૈત્ર, તેનો બુધ, બુધની કન્યા નર્મદા, નર્મદાનો પુત્ર કામ, અને કામનો પુત્ર કવિ, એ મૂલપુરૂષથકી સાતમો છે. ઇહાં મંડૂકપ્લુતિ સાપિંડ્ય છે; માટે રમા અને કવિ એમનો વિવાહ થાય નહીં.”

विष्णोर्मूलाद्दत्तचैत्रौसोममैत्रौसुधीबुधौ ॥ श्यामाशिवौकांतिहरौहरकांतीनदंपती ॥ ५ ॥
निवृत्तमप्येकतस्तदन्यतस्त्वनुवर्तते ॥ दिङ्मात्रेणोदाहृतात्रसेयंसापिंड्यपद्धतिः ॥ ६ ॥

“મૂલપુરૂષ વિષ્ણુ, તેના દત્ત અને ચૈત્ર એ બે પુત્ર. દત્તનો પુત્ર સોમ, તેનો સુધી, સુધીની કન્યા શ્યામા, અને શ્યામાની કન્યા કાંતિ, એ મૂલપુરૂષ વિષ્ણુથકી છઠ્ઠી છે. બીજો પુત્ર ચૈત્ર, તેનો મૈત્ર, તેનો બુધ, તેનો શિવ, અને શિવનો પુત્ર હર, એ મૂલપુરૂષ વિષ્ણુથકી છઠ્ઠો છે, તો કાંતિ અને હરનો પણ વિવાહ થાય નહીં; કારણ, કાંતિની તરફ માતૃદ્વારક સાપિંડ્ય હોવાથી તે નિવૃત્ત થયું. પણ હરની તરફ પિતૃદ્વારક સાપિંડ્ય હોવાથી તે નિવૃત્ત થતું નથી. એ સાપિંડ્યનો પ્રકાર ઇહાં દિશા બતાવવારૂપે દેખાડ્યો છે.”

कूटस्थात्पंचम्योःकन्ययोःसंततौ मातृद्वारकत्वात्सापिंड्यनिवृत्तिः पंचम्योःकन्ययोर्यौपुत्रौतयोःसंततौ पितृद्वारकत्वात्सापिंड्यमनुवर्ततइतीदंमंडूकप्लुतिसापिंड्यम् ॥

મૂલપુરૂષથકી પાંચમી જે બે કન્યા તેની સંતતિવિષે માતા તરફથી સાપિંડ્ય છે માટે તે નિવૃત્ત થાય છે. અને મૂલપુરૂષથકી પાંચમી કન્યાઓના પુત્રોની સંતતિને પિતા તરફથી સાપિંડ્ય છે. એટલે તે નિવૃત્ત થતું નથી; એ મંડૂકપ્લુતિ સાપિંડ્ય.

पंचम्याःकन्यायाः पुत्रस्यषष्ठस्यकूटस्थात्पंचमादिःसपिंडोनभवति तथापिद्वितीयसंततिपंक्तौपंचमषष्ठादेःपितृद्वारकत्वादिनासापिंड्यसत्त्वादेकतोनिवृत्तावप्यन्यतोनुवृत्त्यापंचमषष्ठादिनापंचम्याःकन्यायाःसंततिर्नविवाह्या एवंकूटस्थमारभ्याष्टमादेःकूटस्थमारभ्यद्वितीयतृतीयादेश्चैकतोनिवृत्तिपरतोनुवृत्त्योःसत्त्वमूह्यं एवमाशौचविषयकसापिंड्येपिएकतोनुवृत्त्यादिकंयथासंभवंसर्वमूह्यम् ॥

મૂલપુરૂષથકી પાંચમી કન્યાનો પુત્ર જે છઠ્ઠો પુરૂષ તેનો, પાંચમાનો આદિ જે મૂલપુરૂષ તે સપિંડ થતો નથી તથાપિ બીજી સંતતિની પંક્તિમાં પાંચમો. છઠ્ઠો ઇત્યાદિ પુરૂષને પિતૃદ્વારકપણાથી સાપિંડ્ય છે માટે એક તરફ એટલે માતૃદ્વારકપણાએ સાપિંડ્ય નિવૃત્ત થયું તથાપિ બીજી તરફ એટલે પિતૃદ્વારકપણાએ સાપિંડ્ય હોવાથી પાંચમા, છઠ્ઠા ઇત્યાદિક પુરૂષે પાંચમી કન્યાની સંતતિ જોડે

વિવાહ કરવો નહીં. એ પ્રમાણે મૂલપુરૂષને આરંભી આઠમા ઇત્યાદિક પુરૂષને અને બીજા ત્રીજા ઇત્યાદિક પુરૂષને એકમેરથી સાપિંડ્યની નિવૃત્તિ, અને બીજીમેર સાપિંડ્યની અનુવૃત્તિ છે એમ યોજના કરવી. એ રીતે આશૌચવિષે સાપિંડ્યમાં પણ એકમેર સાપિંડ્યની અનુવૃત્તિ અને એકમેર સાપિંડ્યની નિવૃત્તિ તે જેવો સંભવ હોય તે પ્રમાણે જાણવી.

एवंपितृद्वारकसापिंड्यंसप्तमादूर्ध्वंनिवर्तते मातृद्वारकंतुपंचमादूर्ध्वमितिमुख्यकल्पेनवर्जनीयानांकन्यानांसंख्याचेत्थंसंपद्यते पितृकुलेषोडशाधिकद्विसाहस्री २०१६ मातृकुलेपंचोत्तरशतं १०५ कुलद्वयेमेलनेनैकविंशत्युत्तरशताधिकसहस्रद्वयसंख्या २१२१ कन्यावर्ज्याःसंपद्यंते अत्रगणनाप्रकारस्तत्रमूलश्लोकास्तद्व्याख्याचकौस्तुभेस्पष्टाः बालानांदुर्बोधतयानेहोच्यते तथाचमुख्यकल्पेनकुलद्वयेएतावत्यःवर्जनीयाएव नत्वनुकल्पानुसारणेनसप्तमात्पंचमादर्वाग्विवाहःकार्यः पंचमेसप्तमेचैवयेषांवैवाहिकीक्रिया क्रियापराअपिहितेपतिताःशूद्रतांगताः सप्तमात्पंचमाद्वीमान्यःकन्यामुद्वहेद्द्विजः गुरुतल्पीसविज्ञेयःसगोत्रांचैवमुद्वहन् इत्यादिस्मृतिभ्यः यानितु चतुर्थीमुद्वहेत्कन्यांचतुर्थःपंचमोवरः तृतीयांवाचतुर्थींवापक्षयोरुभयोरपि इत्यादिवचनानितेषुकानिचिन्निर्मूलानिकानिचिद्दत्तकसापत्न्यादिसंबंधविषयतयाविप्राणांक्षत्रियादिषुसापिंड्यविषयतयावानेयानिइतिनिर्णयसिंधुमतं कौस्तुभेतु उद्वहेत्सप्तमादूर्ध्वंतदभावेतुसप्तमीं पंचमींतदभावेतुपितृपक्षेप्ययंविधिः ॥

એ રીતે પિતૃદ્વારક સાપિંડ્ય મૂલપુરૂષથકી સાતમા પુરૂષ પછી નિવૃત્ત થાય છે, અને માતૃદ્વારક સાપિંડ્ય તો મૂલપુરૂષથકી પાંચમા પુરૂષ પછી નિવૃત્ત થાય છે, તેથી મુખ્ય પક્ષે વર્જન કરવા યોગ્ય કન્યાઓની સખ્યા આ પ્રમાણે થાય છે. જે, કે—પિતાના કુલમાં ૨૦૧૬, અને માતાના કુલમાં ૧૦૫, એ રીતે બન્ને મળી ૨૧૨૧ કન્યા વર્જ્ય કરવી. એ (૨૧૨૧) કન્યાઓ કઈ રીતે ગણવી તેનો પ્રકાર, તે વિષે મૂલ શ્લોક અને તેની વ્યાખ્યા એ સર્વે કૌસ્તુભમાં સ્પષ્ટ કહ્યું છે. બાળકો (શાસ્ત્રાભ્યાસરહિત)ને સમજવામાં આવે નહીં તેથી તે ઇહાં કહેતા નથી. તેમ છતાં મુખ્ય પક્ષે બન્ને કુલ મળી એટલી (૨૧૨૧) કન્યા અવશ્ય વર્જ્ય કરવી. ગૌણપક્ષનો આશ્રય કરી સાતમા કે પાંચમા પુરૂષની માંહ્ય વિવાહ કરવો નહીં. કારણ, “પાંચમા અથવા સાતમા પુરૂષની માંહ્ય જેના વિવાહની ક્રિયા થાય છે તે પુરૂષ ક્રિયાકુશલ હોય તો પણ પતિત થઈ શૂદ્રત્વને પામે છે” “સાતમા, કે પાંચમા પુરૂષની માંહ્યની અથવા એક ગોત્રમાંની કન્યાજોડે જે બુદ્ધિમાન દ્વિજ વિવાહ કરે તે ગુરૂપત્ની જોડે વ્યભિચાર કરનારો જાણવો,” ઇત્યાદિક સ્મૃતિવાક્ય છે. “મૂલપુરૂષથકી ચોથે વરે મૂલપુરૂષથી ચોથી કન્યા વરવી, અને પાંચમે વરે ત્રીજી અથવા ચોથી કન્યા વરવી; એ પ્રમાણે બન્ને (પિતૃ અને માતૃ) પક્ષમાં જાણવું.” ઇત્યાદિક જે વચન છે તેમાંનાં કેટલાએક વચનો નિર્મૂલ અને કેટલાએક ચચન દત્તક, તથા સાપત્ન (સાવકા) ઇત્યાદિક સંબંધવિષે બ્રાહ્મણોમાટે જોડવાં, અથવા ક્ષત્રિયાદિકનાં સાપિંડ્યવિષે જોડવાં, એવો નિર્ણયસિંધુનો મત છે. કૌસ્તુભમાં તો, “મૂલપુરૂષથકી સાતમા પુરૂષ પછીની કન્યા વરવી, તે ન હોય તો સાતમી, અને તેને અભાવે પાંચમી કન્યા વરવી, એવિધિ (માતૃપક્ષમાં છે અને) પિતૃપક્ષમાં પણ છે.”

सिद्धत्वात् अतएवमातुलकन्योद्वाहिनांश्राद्धेनिमंत्रणनिषेधोपिस्वकुलाचारादिविरोधेनतदुद्वाहिपरः उक्तविधसापिंड्यसंकोचेनविवाहंकुर्वतांशिष्टैःश्राद्धादौभोजनाद्याचारादिबहूपपादितं परंतुसापिंड्यसंकोचस्वीकारेपिकतिथीकन्याकतिथेनपुरुषेणविवाह्याकतिथेननविवाह्येतिव्यवस्थानोपपादिता ॥

“સાતમી, છઠ્ઠી અને પાંચમી કન્યા વરવી, એને વરવામાં દોષ નથી એમ શાકટાયન ઋષિ કહે છે.” “બન્ને પક્ષમાં ત્રીજી અથવા ચોથી કન્યા વરવી એમ મનુ, વ્યાસ, યમ અને અંગિરા એ કહે છે. જે પુરુષ દેશાચાર અને કુલાચારને અનુસરી વિવાહ કરે છે તે અવશ્ય વ્યવહારને યોગ્ય એ રીતે વેદમાં પણ જોવામાં આવેછે.” ઇત્યાદિ વચનો ચતુર્વિંશતિમત, અને ષટ્ત્રિંશન્મત ઇત્યાદિ ગ્રંથોમાં મળે છે, તેમ સાપિંડ્યનો સંકોચ માની બહુ દેશમાં વિવાહ કરવાનો આચાર પણ દેખાય છે માટે જેના કુલમાં અથવા દેશમાં ગૌણપક્ષે કરી સાપિંડ્યનો સંકોચ પરંપરા પ્રાપ્ત છે, તેણે સાપિંડ્યનો સંકોચ માની વિવાહ કીધો હોય તો તેને દોષ નથી. પોતાના કુલ અને દેશાચારથકી વિરુદ્ધ એવો, સાપિંડ્યના સંકોચે વિવાહ કીધો હોય તો અવશ્ય દોષ પ્રાપ્ત થાય છે. કારણ, “દેશાચાર, ગામના આચાર અને કુલાચાર વિવાહમાં માનવા,” એ આશ્વલાયનનો મત છે, “જે આચારે પોતાના પિતા અને પિતામહ વર્ત્યા છે તેજ સન્માર્ગે પોતાને વર્તવું, તેમ વર્તનારો દોષયુક્ત થતો નથી,” ઇત્યાદિક વાક્યોવડે પોતાના કુલાચાર અને દેશાચાર કરતાં વિરુદ્ધ ન હોય એવુંજ શાસ્ત્ર વિવાહવિષે લેવું. એ પ્રમાણે મામાની કન્યા જોડે વિવાહ કરવામાં પણ દેશ અને કુલના આચાર કરતાં અવિરુદ્ધ શાસ્ત્ર જોઈ તે રીતે કરવું. “હે ઇંદ્ર! વપા એ તમારે અર્થે છે. જેમ માતુલ (મામા)ની કન્યા એ ભાણેજનો ભાગ છે અને ફોઈની કન્યા એ મામાના પુત્રનો ભાગ છે.” એ મંત્રના પ્રમાણથી મામાની કન્યા, મામાના ગોત્રની કન્યા અથવા પોતાની સાથે એક પ્રવરવાળી કન્યા જોડે વિવાહ કીધો હોય તો તેનો ત્યાગ કરી ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું, ઇત્યાદિક સ્મૃતિવચનોનો (મામાની કન્યાજોડે વિવાહ કરવામાં) બાધ થાય છે; માટે જેમના કુલમાં મામાની કન્યાજોડે વિવાહ કરવાનું પરંપરાએ પ્રાપ્ત છે તેમણે તે વિવાહ કરવો. “ફોઈની કન્યા, અથવા મામાની કન્યાજોડે વિવાહ કરવો, અને ગોવધ કરવો.” એ કલિયુગમાં વર્જ્ય કરવાં, એ રીતે કલિવર્જ્યપ્રકરણમાં મામાની કન્યાજોડે વિવાહનિષેધનાં જે વચનો છે તે પણ જેના કુલ અને દેશમાં મામાની કન્યાજોડે વિવાહ કરતા નથી તેવિષે જાણવાં. કારણ, મામાની કન્યાસાથે વિવાહ કરવો તે અનેક શ્રુતિ, સ્મૃતિપ્રમાણવડે સિદ્ધ છે, માટેજ ‘મામાની કન્યાજોડે વિવાહ કરનારને શ્રાદ્ધમાં આમંત્રણ કરવું નહીં,’ એ નિષેધ પણ પોતાના કુલાચારથી વિરુદ્ધપણાએ મામાની કન્યાસાથે વિવાહ કરનારવિષે જાણવો. પ્રથમ કહેલાં સાપિંડ્યના સંકોચવડે વિવાહ કરનાર પુરુષને શ્રાદ્ધાદિકમાં ભોજનાદિકમાટે કહેવાનો શિષ્ટોનો આચાર છે. ઇત્યાદિક અનેક રીતે કહ્યું છે, પરંતુ સાપિંડ્યનો સંકોચ સ્વીકાર કર્યા છતાં પણ કેટલી સંખ્યાની કન્યા કેટલી સંખ્યાને પુરુષે વરવી અને કેટલી સંખ્યાને પુરુષે ન વરવી એ વ્યવસ્થા કહી નથી.

सापिंड्यदीपिकाकारादयोर्वाचीनास्तु चतुर्थीमुद्वहेत्कन्यांचतुर्थःपंचमोवरः पराशरमतेषष्ठींपंचमोनतुपंचमीमित्यादिवचनानांसमूलत्वंनिश्चित्य अशक्तःसंकटेसमाश्रयणीयस्यसापिंड्यसंकोचस्यव्यवस्थामूचुः तथाहिचतुर्थीकन्यापितृपक्षेमातृपक्षेचचतुर्थेनपंचमेनवापुंसाविवाह्या द्वितीयतृतीयषष्ठाद्यैश्चतुर्थीनोद्वाह्यापराशरमतेपंचमःषष्ठीमुद्वहेत् द्वितीयतृतीयचतुर्थादिःषष्ठींनोद्वहेत् पंचमःपंचमींनोद्वहेत् मातृतःपितृतश्चापिषष्ठःषष्ठींसमुद्वहेदितिवचनांतरात् षष्ठेनापिषष्ठीविवाह्यापंचमषष्ठभिन्नैःषष्ठीनविवाह्येपिपर्यवसन्नं तथापितृपक्षेसप्तमीमातृपक्षेपंचमीचतृतीयाद्यैःसर्वैःपरिणेया पितृपक्षाच्चसप्तमींमातृपक्षात्तुपंचमीमितिव्यासवचनात् उद्वहेत्सप्तमादूर्ध्वंतदभावेतुसप्तमीं पंचमींतदभावेतुपितृपक्षेप्ययंविधिरितिचतुर्विंशतिमतोक्तेश्चपितृपक्षेपिपंचमीतृतीयाद्यैःपरिणेया तत्रापिमातृपक्षेपितृपक्षेपिपंचमेनपंचमीनोद्वाह्यापंचमोनतुपंचमीमितिसर्वत्रनिषेधात् तृतीयांवाचतुर्थींवापक्षयोरुभयोरपीतिवचनात्तुतृतीयाविवाह्याप्राप्नोति तत्रव्यवस्थोच्यते मातृपक्षेतावत्तृतीयामातुलकन्यामातृष्वसृकन्यावासंभवति पितृपक्षेतुतृतीयापितृव्यकन्यापितृष्वसृकन्यावा तत्रपितृव्यकन्यासगोत्रत्वात्त्याज्या पैतृष्वसेयींभगिनींस्वस्त्रीयांमातुरेवच एतास्तिस्रस्तुभार्यार्थंनोपयच्छेत्तुबुद्धिमानितिमनूक्तेः पितृष्वसृमातृष्वसृकन्येअपित्याज्ये पितृष्वसृकन्यांमातुर्भगिनींमातृष्वसारंमातुःस्वस्त्रीयांमातृष्वसृकन्यामेतास्तिस्रोनोद्वहेदितितदर्थात् मातुलकन्यैव

तृतीयापूर्वोक्तरीत्याकुलपरंपरागतत्वेपरिणेया एवंचतृतीयापितृतीयेनैवमातुलकन्यैवपरिणेया नचतुर्थादिनाकेनापि केचित्संकटेपितृष्वसृकन्यापरिणयनमाहुः तत्रदेशकुलाचाराद्व्यवस्थाज्ञातव्या अत्रायंसापिंड्यदीपिकादिसिद्धार्थसंग्रहः तृतीयामातुलकन्यैवोद्वाह्या चतुर्थीचतुर्थपंचमाभ्यामेव पंचमीपंचमभिन्नैःतृतीयाद्यैःसप्तमांतैः षष्ठीपंचमषष्ठाभ्यामेव सप्तमीतृतीयाद्यैःसप्तमांतैरिति अयंसापिंड्यसंकोचेनविवाहःसंकटेप्यशक्तेनकार्यःकन्यांतरलाभेशक्तैर्नकार्यःगुरुतल्पादिदोषस्मृतेः सापिंड्यसंकोचवाक्यानामशक्तविषयत्वस्यस्पष्टत्वात् प्रभुःप्रथमकल्पस्ययोनुकल्पेनवर्तते सनाप्नोतिफलंचेहेति शक्तैरनुकल्पस्वीकारेदोषोक्तेः दत्तकसापिंड्यंदत्तकनिर्णयेप्रागेवोक्तम् ॥

સાપિંડ્યદીપિકાકાર આદિક જે આધુનિક ગ્રંથકારો તેઓ તો, "ચોથા અથવા પાંચમા પુરૂષે ચોથી કન્યા વરવી, પરાશરને મતે છઠ્ઠી વરવી; પણ પાંચમે પાંચમી વરવી નહીં," ઇત્યાદિક વચન પ્રમાણભૂત છે એવો નિશ્ચય કરી અશક્તોએ સંકટ સમયે સ્વીકાર કરવાયોગ્ય સાપિંડ્યના સંકોચની વ્યવસ્થા કહે છે, તે આ રીતે,—"પિતૃપક્ષ અથવા માતૃપક્ષમાં ચોથી કન્યા ચોથે કિંવા પાંચમે પુરૂષે વરવી. બીજો, ત્રીજો અથવા છઠ્ઠો ઇત્યાદિ પુરૂષે ચોથી કન્યા વરવી નહીં. પરાશરને મતે પાંચમે છઠ્ઠી કન્યા વરવી. બીજો, ત્રીજો અથવા ચોથો ઇત્યાદિકે છઠ્ઠી કન્યા વરવી નહીં. પાંચમે પાંચમી કન્યા વરવી નહીં. માતૃકુલથકી અથવા પિતૃકુલથકી છઠ્ઠે પુરૂષે છઠ્ઠી કન્યા વરવી," એવું બીજું વચન છે; તેથી છઠ્ઠે પુરૂષે પણ છઠ્ઠી કન્યા વરવી. પાંચમા અને છઠ્ઠા વિના બીજાએ છઠ્ઠી કન્યા વરવી નહીં, એ છેવટનો અર્થ જાણવો. તથાપિ પિતૃપક્ષમાં સાતમી કન્યા અને માતૃપક્ષમાં પાંચમી કન્યા તે ત્રીજા ઇત્યાદિક સઘળાઓએ વરવી. કારણ, "પિતૃપક્ષમાં સાતમી અને માતૃપક્ષમાં પાંચમી કન્યા વરવી એ વ્યાસનું વચન છે." "મૂલપુરૂષથકી સાતમા પુરૂષ પછીની કન્યા વરવી. તે ન હોય તો સાતમી. અને તેને અભાવે પાંચમી વરવી, એ વિધિ પિતૃપક્ષમાં પણ છે" એવું **ચતુર્વિંશતિ સ્મૃતિમાં** વચન છે; માટે પિતૃપક્ષમાં પણ પાંચમી કન્યા ત્રીજા ઇત્યાદિકે વરવી. તેમાં પણ માતૃપક્ષમાંના અને પિતૃપક્ષમાંના પણ પાંચમા પુરૂષે પાંચમી કન્યા વરવી નહીં. કારણ, "પાંચમા પુરૂષે પાંચમી કન્યા વરવી નહીં." એ સર્વત્ર નિષેધ છે. "માતૃપક્ષ અને પિતૃપક્ષ એ બન્ને પક્ષમાં ત્રીજી અથવા ચોથી કન્યા વરવી," એ વચન છે, તેથી તો ત્રીજી કન્યા વરવી પ્રાપ્ત થાય છે ત્યહાં વ્યવસ્થા કહે છે. માતૃપક્ષમાં ત્રીજી મામાની કન્યા અથવા માસીની કન્યા એ સંભવે છે. પિતૃપક્ષમાં તો ત્રીજી કાકાની કન્યા અથવા ફોઇની કન્યા એ સંભવે છે, તેમાંથી કાકાની કન્યા બેહેન એ એક ગોત્રમાંની છે તે વર્જ્ય કરવી. ફોઈની દીકરી બેહેન, માતાની બેહેન (માસી) અને માસીની કન્યા એ ત્રણ કન્યા બુદ્ધિમાન પુરૂષે વરવી નહીં એવું મનુનું વચન છે; તેથી ફોઈની કન્યા બેહેન અને માસીની કન્યા બેહેન એ પણ વરવી નહીં. ફોઈની કન્યા, માસી અને માસીની કન્યા એ ત્રણ વરવી નહીં, એ પ્રમાણે વાક્યનો અર્થ થાય છે; માટે મામાની કન્યા એજ ત્રીજી પૂર્વોક્ત રીતીએ કુલપરંપરા પ્રાપ્ત આચાર હોય તો વરવી. એ પ્રમાણે ત્રીજી કન્યા પણ ત્રીજાએજ અને મામાની કન્યાજ વરવી, ચોથા ઇત્યાદિક કોઈ પણ પુરૂષે વરવી નહીં. કોઈ ગ્રંથકાર સંકટ છતા માસીની કન્યાસાથે વિવાહ કરવો એમ કહે છે. પરંતુ તેવિષે દેશાચાર અને કુલાચારપ્રમાણે વ્યવસ્થા જાણવી. ઇહાં સાપિંડ્યદીપિકા ઇત્યાદિકે સિદ્ધ કરેલા અર્થનો સંગ્રહ કહે છે. ત્રીજી કન્યા તે મામાની કન્યાજ વરવી. ચોથી કન્યા તે ચોથા અને પાંચમા પુરૂષેજ વરવી. પાંચમી કન્યા તે પાંચમાએ વર્જ્ય કરી ત્રીજા, ચોથા, છઠ્ઠા અને સાતમાએ વરવી. છઠ્ઠી કન્યા પાંચમા અને છઠ્ઠાએજ વરવી. સાતમી કન્યા ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમાએ વરવી. આ સાપિંડ્યનો સંકોચ માની જે વિવાહ કહ્યો તે અશક્તે સંકટ છતાં કરવો. બીજી કન્યા મળતી હોય તો શક્તિમાને એ વિવાહ કરવો નહીં. કારણ, સાપિંડ્યનો સંકોચ માની વિવાહ કરવાથી ગુરૂપત્નીજોડે ગમન કરવાનો દોષ છે, અને સાપિંડ્ય સંકોચનાં જે વચનો છે તે અશક્તવિષે છે એ વાત સ્પષ્ટ છે. કારણ, "મુખ્યપક્ષમાં સમર્થ છતો જે ગૌણપક્ષે કર્મ કરે છે તેને કર્મનું ફળ પ્રાપ્ત થતું નથી," એવું વચન છે તેથી શક્ત થઇ ગૌણપક્ષનો સ્વીકાર કરે છે તો તેને દોષ લાગે છે એમ કહ્યું છે. દત્તકવિષે સાપિંડ્યનો નિર્ણય દત્તકના નિર્ણયપ્રસંગમાં પ્રથમજ કહેલો છે.

अथसापत्नमातृकुलेसापिंड्यप्रकारंसुमंतुराह ॥ पितृपत्न्यःसर्वामातरः तद्भ्रातरोमातुलाः तद्भगिन्योमातृष्वसारः तद्दुहितरश्चभगिन्यः तदपत्यानिभागिनेयानि अन्यथासंकरकारिणःस्युरिति अत्रलक्षणयासापत्नमातृकुलेचतुःपुरुषसापिंड्यंविवाहनिषेधायविधीयतइतिकेचित् अपरेतुविवाहमात्रविषयत्वेमानाभावादाशौचादिविषयकत्वस्यापिसंभवात् यावद्वाचनिकंप्रमाणमितिन्यायेनपरिगणितेष्वेवसापिंड्यमितिवदंति तथाचसुमंतुवाक्येवाक्यभेदाश्रयणेनैवंवाक्यार्थाःपर्यवस्यंति पितृपत्न्यःसर्वामातरइतिप्रथमवाक्येसापत्नमातरिमुख्यमातृवत्संमाननं तद्वधेमातृवधप्रायश्चित्तंतद्गमनेमातृगमनप्रायश्चित्तादिकंचातिदिश्यते नात्रातिक्रांतविषयेदशाहाशौचातिदेशः त्रिरात्रविधिनाबाधात् तद्भ्रातरोमातुलाइत्यत्रमातुलत्वप्रयुक्तमाशौचादिकंमातुलस्यस्वभगिनीसपत्न्याःकन्योद्वाहनिषेधश्च अत्रमातुलत्वातिदेशेपिनतत्पुत्रादिषुमातुलपुत्रत्वाद्यतिदेशः तेनबंधुत्रयत्वप्रयुक्तमाशौचंन मातुलकन्यादौविवाहविधिनिषेधावपिन एवंमातुलकन्यादौपितुर्भगिनीत्वातिदेशाभावेनतत्पुत्रंप्रत्यपिपितृष्वसृत्वाद्यतिदेशोनभवति तद्भगिन्योमातृष्वसारइत्यत्राशौचंविवाहनिषेधश्च मातृष्वसृपुत्रेबंधुत्रयत्वंचन सापत्नमातृष्वसृकन्याविवाहनिषेधस्तुविरुद्धसंबंधत्वादेववक्ष्यते तदपत्यानिभगिन्यइत्यत्राशौचंसंमाननादिकंच नात्रविवाहप्रसक्तिःसगोत्रत्वात् अत्रसापत्नमातुलसापत्नभ्रातृसापत्नमातृष्वसृसापत्नभगिनीनांस्वमातुलसोदरभ्रात्राद्यनंतरंतर्पणंमहालयादावुद्देशोप्यतएववचनादावश्यकइतिभाति तदपत्यानिभागिनेयानीत्यत्राशौचंविवाहनिषेधश्च भागिनेयीत्वातिदेशेपितत्कन्यासुभागिनेयीकन्यात्वातिदेशोनथाचदृष्टंप्रमाणमितिन्यायादितिदिक् ॥

પ્રાપ્ત થાય છે. સાવકી બેહેનજોડે વિવાહનો પ્રસંગ છેજ નહીં. કારણ સમાન ગોત્ર છે. આ ઠેકાણે પોતાનો મામો અને પોતાના સગા ભાઇનો ઉચ્ચાર કીધા પછી સાવકો મામો, સાવકો ભાઈ, સાવકી માસી અને સાવકી બેહેનનું તર્પણ કરવું. મહાલયશ્રાદ્ધાદિકવિષે ઉચ્ચાર કરવો તે પણ એજ વાક્યવડે અવશ્ય કર્ત્તવ્ય છે એમ ભાસેછે. “સાવકી બેહેનોનાં જે સંતાન તે ભાણેજ છે,” એ વાક્યવડે સાવકી બેહેનનાં સંતાનનું આશૌચ અને તેમનીજોડે વિવાહનો નિષેધ પ્રાપ્ત થાય છે. ભાણેજીપણાનો જો આરોપ છે તથાપિ સાવકી ભાણેજીની કન્યાવિષે ભાણેજીની કન્યા એવો આરોપ થતો નથી. કારણ, ‘જેટલું કહ્યું છે તેટલુંજ પ્રમાણ છે’ એ ન્યાય છે, એ રીતે દિશા માત્ર બતાવી છે.

क्वचित्सापिंड्याभावेपिवचनादविवाहः अविरुद्धसंवंधामुपयच्छेत दंपत्योर्मिथःपितृमातृसाम्येविरुद्धसंवंधः यथाभार्यास्वसुर्दुहितापितृव्यपत्नीस्वसाचेतिपरिशिष्टोक्तेः वौधायनः मातुःसपत्न्याभगिनींतत्सुतांचविवर्जयेत् पितृव्यपत्नीभगिनींतत्सुतांचविवर्जयेत् केचिज्ज्येष्ठभ्रातापितुःसमःइत्युक्तेर्ज्येष्ठभ्रातृपत्न्याभगिनीमातृष्वसृतुल्यत्वान्नविवाह्येत्याहुः यवीयसींस्वापेक्षयावयसावपुषाचन्यूनामुद्वहेत् असमानार्षगोत्रजां आर्षंप्रवरः स्वसमानेआर्षगोत्रेयस्यतज्जानभवतियातां असमानगोत्रामसमानप्रवरांचोद्वहेदित्यर्थः ॥

કોઈ ઠેકાણે, સાપિંડ્ય ન છતાં પણ વિશેષ વચન હોવાથી વિવાહ થતો નથી, એમ કહ્યું છે. “જેનો વિરૂદ્ધસંબંધ ન હોય તે કન્યાજોડે વિવાહ કરવો.” જેનો પરસ્પર વિવાહ કરવો હોય એવા વર અને કન્યામાં વરને કન્યાના પિતાસમાનપણું ન હોય તેમ કન્યાને વરની માતાસમાનપણું ન હોય તો તે અવિરૂદ્ધસંબંધ અને તેમ ન હોય તો તે વિરૂદ્ધસંબંધ છે. જેમ કે— “પોતાની શાળીની કન્યા, અને પોતાની કાકીની બેહેન,” એમ પરિશિષ્ટમાં કહ્યું છે. ઇહાં શાળીની દીકરીનો પોતે માસો થયો એટલે પિતાસમાનપણું પ્રાપ્ત થયું. કાકીની બેહેન તે પોતાને મા પ્રમાણે હોવાથી તેને માતાસમાનપણું પ્રાપ્ત થયું. એ પ્રમાણે વિરૂદ્ધસબંધ જાણવો. બૌધાયન આ રીતે વિરૂદ્ધસંબંધ કહે છે. “સાવકી માની બેહેન અને તેની કન્યા, તેમજ કાકીની બેહેન અને તેની કન્યા એ વર્જ્ય કરવી.” કોઈ ગ્રંથકાર, “જ્યેષ્ઠ ભ્રાતા પિતાતુલ્ય છે.” એવું વચન હોવાથી મ્હોટા ભાઈની સ્ત્રીની બેહેન એ પોતાને માસી પ્રમાણે છે માટે તે વરવી નહીં, એમ કહે છે. તેમ યવીયસી એટલે પોતાથી વર્ષે અને શરીરે નાહાની હોય તે વરવી. અસમાનાર્ષગોત્રજા એટલે પોતાથી ભિન્ન છે ગોત્ર અને પ્રવર જેનાં એવા કુલમાંની એટલે ભિન્ન ગોત્ર અને ભિન્ન પ્રવરવાળી વરવી એ તાત્પર્ય જાણવો.

अथसंक्षेपतोगोत्रप्रवरनिर्णयः ॥ तत्रगोत्रलक्षणं विश्वामित्रोजमदग्निर्भरद्वाजोथगौतमःअत्रिर्वसिष्ठःकश्यपइत्येतेसप्तऋषयः सप्तानामृषीणामगस्त्याष्टमानांयदपत्यंतद्गोत्रमित्याचक्षते यद्यपिकेवलभार्गवेष्वार्ष्टिषेणादिषुकेवलांगिरसेषुहारीतादिषुचनैतल्लक्षणं भृग्वंगिरसोरष्टऋषिष्वनंतर्गतत्वात् तथाप्यत्रप्रवरैक्यादेवाविवाहः यद्यपिगोत्राणिअनंतानि गोत्राणांतुसहस्राणिप्रयुतान्यर्बुदानिचेत्युक्तेस्तथापिऊनपंचाशदेवगोत्रभेदाः व्यावर्तकप्रवरभेदानांतावतामेवदर्शनात् प्रवरलक्षणंतु गोत्रवंशप्रवर्तकऋषीणांव्यावर्तकाऋषिविशेषाः प्रवराइत्येवसंक्षेपतोज्ञेयं समानगोत्रत्वं समानप्रवरत्वंचपृथक्पृथक्विवाहप्रतिवंधकं तत्रप्रवरसाम्यंद्विविधं एकप्रवरसाम्यंद्वित्रिप्रवरसाम्यंच तत्रभृग्वंगिरोगणेतरेषुएकप्रवरसाम्यमपिविवाहप्रतिवंधकं केवलभृगुगणेषुकेवलांगिरोगणेषुचैकप्रवरसाम्यंनविवाहवाधकं किंतुत्रिप्रवरेषुद्विप्रवरसाम्यमेवपंचप्रवरेषुत्रिप्रवरसाम्यमेवचविवाहवाधकं पंचानांत्रिषुसामान्यादविवाहस्त्रिषुद्वयोः भृग्वंगिरोगणेष्वेवंशेषेष्वेकोपिवारयेदित्यादिवचनात् जामदग्न्यभृगुगणेषुगौतमांगिरसेषुभरद्वाजांगिरसेषुचैकप्रवरसाम्येपिक्वचित्प्रवरसाम्याभावेपिचसगोत्रत्वादेवाविवाहः ॥

હવે સંક્ષેપથી ગોત્ર અને પ્રવરનો નિર્ણય કહે છે.

તેમાં પ્રથમ ગોત્રનું લક્ષણ કહે છે. “વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, અત્રિ, વસિષ્ઠ, કશ્યપ એ સાત ઋષિ અને આઠમા અગસ્ત્ય એમના વંશને ગોત્ર કહે છે. જો કે કેવળ ભાર્ગવ જે

---

[1] गोत्रप्रवर्तकानां विश्वामित्रादीनां वंशप्रवर्तकानां भृग्वादीनां च ऋषीणामित्यर्थः ॥

પ્રાપ્ત થાય છે. સાવકી બેહેનજોડે વિવાહનો પ્રસંગ છેજ નહીં. કારણ સમાન ગોત્ર છે. આ ઠેકાણે પોતાનો મામો અને પોતાના સગા ભાઇનો ઉચ્ચાર કીધા પછી સાવકો મામો, સાવકો ભાઈ, સાવકી માસી અને સાવકી બેહેનનું તર્પણ કરવું. મહાલયશ્રાદ્ધાદિકવિષે ઉચ્ચાર કરવો તે પણ એજ વાક્યવડે અવશ્ય કર્ત્તવ્ય છે એમ ભાસેછે. "સાવકી બેહેનોનાં જે સંતાન તે ભાણેજ છે," એ વાક્યવડે સાવકી બેહેનનાં સંતાનનું આશૌચ અને તેમનીજોડે વિવાહનો નિષેધ પ્રાપ્ત થાય છે. ભાણેજીપણાનો જો આરોપ છે તથાપિ સાવકી ભાણેજીની કન્યાવિષે ભાણેજીની કન્યા એવો આરોપ થતો નથી. કારણ, 'જેટલું કહ્યું છે તેટલુંજ પ્રમાણ છે' એ ન્યાય છે, એ રીતે દિશા માત્ર બતાવી છે.

क्वचित्सापिंड्याभावेपिवचनादविवाहः अविरुद्धसंबंधामुपयच्छेत दंपत्योर्मिथःपितृमातृसाम्येविरुद्धसंबंधः यथाभार्यास्वसुर्दुहितापितृव्यपत्नीस्वसाचेतिपरिशिष्टोक्तेः वौधायनः मातुःसपत्न्याभगिनींतत्सुतांचविवर्जयेत् पितृव्यपत्नीभगिनींतत्सुतांचविवर्जयेत् केचिज्ज्येष्ठभ्रातापितुःसमःइत्युक्तेर्ज्येष्ठभ्रातृपत्न्याभगिनीमातृष्वसृतुल्यत्वान्नविवाह्येत्याहुः यवीयसींसापेक्षयावयसावपुषाचन्यूनामुद्वहेत् असमानार्षगोत्रजां आर्षप्रवरः स्वसमानेआर्षगोत्रेयस्यतज्जातंभवतियातां असमानगोत्रामसमानप्रवरांचोद्वहेदित्यर्थः ॥

કોઈ ઠેકાણે, સાપિંડ્ય ન છતાં પણ વિશેષ વચન હોવાથી વિવાહ થતો નથી, એમ કહ્યું છે. "જેનો વિરૂદ્ધસંબંધ ન હોય તે કન્યાજોડે વિવાહ કરવો." જેનો પરસ્પર વિવાહ કરવો હોય એવા વર અને કન્યામાં વરને કન્યાના પિતાસમાનપણું ન હોય તેમ કન્યાને વરની માતાસમાનપણું ન હોય તો તે અવિરૂદ્ધસંબંધ અને તેમ ન હોય તો તે વિરૂદ્ધસંબંધ છે. જેમ કે— "પોતાની શાળીની કન્યા, અને પોતાની કાકીની બેહેન," એમ પરિશિષ્ટમાં કહ્યું છે. ઇહાં શાળીની દીકરીનો પોતે મામો થયો એટલે પિતાસમાનપણું પ્રાપ્ત થયું. કાકીની બેહેન તે પોતાને મા પ્રમાણે હોવાથી તેને માતાસમાનપણું પ્રાપ્ત થયું. એ પ્રમાણે વિરૂદ્ધસંબંધ જાણવો. બૌધાયન આ રીતે વિરૂદ્ધસંબંધ કહે છે. "સાવકી માની બેહેન અને તેની કન્યા, તેમજ કાકીની બેહેન અને તેની કન્યા એ વર્જ્ય કરવી." કોઈ ગ્રંથકાર, "જ્યેષ્ઠ ભ્રાતા પિતાતુલ્ય છે." એવું વચન હોવાથી મ્હોટા ભાઈની સ્ત્રીની બેહેન એ પોતાને માસી પ્રમાણે છે માટે તે વરવી નહીં, એમ કહે છે. તેમ યવીયસી એટલે પોતાથી વર્ષે અને શરીરે નાહાની હોય તે વરવી. અસમાનાર્ષગોત્રજા એટલે પોતાથી ભિન્ન છે ગોત્ર અને પ્રવર જેનાં એવા કુલમાંની એટલે ભિન્ન ગોત્ર અને ભિન્ન પ્રવરવાળી વરવી એ તાત્પર્ય જાણવો.

अथसंक्षेपतोगोत्रप्रवरनिर्णयः ॥ तत्रगोत्रलक्षणं विश्वामित्रोजमदग्निर्भरद्वाजोथगौतमः अत्रिर्वसिष्ठःकश्यपइत्येतेसप्तऋषयः सप्तानामृषीणामगस्त्याष्टमानांयदपत्यंतद्गोत्रमित्याचक्षते यद्यपिकेवलभार्गवेष्वार्ष्टिषेणादिषुकेवलांगिरसेषुहारीतादिषुचनैतल्लक्षणं भृग्वंगिरसोरष्टऋषिष्वनंतर्गतत्वात् तथाप्यत्रप्रवरैक्यादेवाविवाहः यद्यपिगोत्राणिअनंतानि गोत्राणांतुसहस्राणिप्रयुतान्यर्बुदानिचेत्युक्तेस्तथापिऊनपंचाशदेवगोत्रभेदाः व्यावर्तकप्रवरभेदानांतावतामेवदर्शनात् प्रवरलक्षणंतु गोत्रेवंशप्रवर्तकऋषीणांव्यावर्तकाऋषिविशेषाः प्रवराइत्येवसंक्षेपतोज्ञेयं समानगोत्रत्वं समानप्रवरत्वंचपृथक्पृथक्विवाहप्रतिबंधकं तत्रप्रवरसाम्यंद्विविधं एकप्रवरसाम्यंद्वित्रिप्रवरसाम्यंच तत्रभृग्वंगिरोगणेतरेषुएकप्रवरसाम्यमपिविवाहप्रतिबंधकं केवलभृगुगणेषुकेवलांगिरोगणेषुचैकप्रवरसाम्यंनविवाहबाधकं किंतुत्रिप्रवरेषुद्विप्रवरसाम्यमेवपंचप्रवरेषुत्रिप्रवरसाम्यमेवचविवाहबाधकं पंचानांत्रिषुसामान्यादविवाहस्त्रिषुद्वयोः भृग्वंगिरोगणेष्वेवंशेषेष्वेकोपिवारयेदित्यादिवचनात् जामदग्न्यभृगुगणेषुगौतमांगिरसेषुभरद्वाजांगिरसेषुचैकप्रवरसाम्येपिक्वचित्प्रवरसाम्याभावेपिचसगोत्रत्वादेवाविवाहः ॥

આર્ષ્ટિષેણાદિક અને કેવળ આંગિરસ જે હારિતાદિક એઓમાં પૂર્વોક્ત ગોત્રનું લક્ષણ આવતું નથી; કારણ ભૃગુ અને અંગિરા એ બે ઋષિ પૂર્વોક્ત આઠ ઋષિના વંશમાં નથી તો પણ એઓમાં એક પ્રવર હોવાથીજ વિવાહ થતો નથી. યદ્યપિ 'સહસ્ર, પ્રયુત (દશ લક્ષ), અર્બુદ (દશ ક્રોડ), એવી ગોત્રની સંખ્યાનું કહેનારૂં વચન' હોવાથી ગોત્ર અનંત છે તથાપિ ગોત્રના ભેદ ઓગણપચાસજ છે. કારણ, ગોત્રોને ભિન્ન ભિન્ન બતાવનારા પ્રવરના ભેદ ઓગણપચાસજ મળે છે. પ્રવરનું લક્ષણ–ગોત્રના અને વંશના પ્રવર્ત્તક જે ઋષિ તેમના ભેદ બતાવનારા જે તેમના વંશમાંના મુખ્ય ઋષિ તેજ પ્રવર એમ સંક્ષેપે જાણવું. એક ગોત્રપણું અથવા એક પ્રવરપણું એ જુદું જુદું વિવાહનું પ્રતિબંધક છે. તેમાં પ્રવરનું સરખાપણું બે પ્રકારનું છે. ક્યહાં એક પ્રવરનુ સરખાપણું અને કયહાં બે અથવા ત્રણ પ્રવરનું સરખાપણું પ્રાપ્ત થાય છે. તેમાં ભૃગુગણ અને અંગિરોગણ વિનાના બીજા ગણોમાં એક પ્રવરનું સરખાપણું આવે તો તે પણ વિવાહનું પ્રતિબંધક છે એટલે એક પણ પ્રવર બન્નેનો એક થાય તો તેમનો વિવાહ થાય નહીં. કેવળ ભૃગુગણ અને કેવળ અંગિરોગણમાં જો એક પ્રવરનું સામ્ય છે તથાપિ તે વિવાહનું બાધક નથી; ત્યારે જેનાં ત્રણ પ્રવર છે તેમાંના બે પ્રવરનું સામ્ય હોય, અને જેનાં પાંચ પ્રવર છે તેમાંના ત્રણ પ્રવરનું સામ્ય હોય તો તેજ વિવાહનું બાધ કરનારૂં થાય છે. કારણ, "ભૃગુગણ અને અગિરોગણમાં પાંચ પ્રવરમાં ત્રણ પ્રવર સમાન હોય તો અથવા ત્રણ પ્રવરમાં બે પ્રવર સમાન હોય તો વિવાહ કરવો નહીં; અને બાકીના ગણમાં જો એક પ્રવર સમાન આવે તો પણ વિવાહ કરવો નહીં," ઇત્યાદિક વચન છે. જામદગ્ન્ય ભૃગુગણ, ગૌતમાંગિરસ, અને ભરદ્વાજાગિરસ એઓમાં જો એક પ્રવરનું સામ્ય હોય તેમ ક્વચિત્ સ્થળમાં પ્રવરનું સામ્ય ન હોય તો પણ એક ગોત્ર હોય માટેજ એમનો પરસ્પર વિવાહ થાય નહીં.

गोत्राणांप्रवराणांचगणनाप्रोच्यतेधुना संक्षेपात्सुखबोधायभगवत्प्रीतयेपिच सप्तभृगवः सप्तदशांगिरसः चत्वारोत्रयः दशविश्वामित्राः त्रयःकश्यपाः चत्वारोवसिष्ठाः चत्वारोगस्तयइत्येकोनपंचाशद्गणास्तथापिसर्वग्रंथमतसंग्रहेणाधिकास्तत्रतत्रवक्ष्यंते तत्रसप्तभृगुगणाः वत्साःविदाःएतौ जामदग्न्यौआर्ष्टिषेणाः यस्काः मित्रयुवः वैन्याः शुनकाः एतेचपंचकेवलभृगवः एवंसप्त तत्रवत्साः मार्कंडेयाः मांडूकेयाः इत्यादयः शतद्वयाधिकावत्सगोत्रभेदाः एतेषांपंचप्रवराः भार्गवच्यावनाप्नवानौर्वजामदग्न्येति भार्गवौर्वजामदग्न्येतित्रयोवा भार्गवच्यावनाप्नवानेतित्रयोवा विदाःशैलाःअवटाइत्यादयोविंशत्यधिकाविदाः तेषांपंचप्रवराः भार्गवच्यावनाप्नवानौर्ववैदेति भार्गवौर्वजामदग्न्येतिवा आर्ष्टिषेणाःनैर्ऋतयः ग्राम्यायणाः इत्यादयोविंशत्यधिकाआर्ष्टिषेणाः एषांभार्गवच्यावनाप्नवानार्ष्टिषेणानूपेतिपंच भार्गवार्ष्टिषेणानूपेतित्रयोवा एतेषांत्रयाणांवत्सविदार्ष्टिषेणानांपरस्परमविवाहः द्वित्रिप्रवरसाम्यात् आद्ययोर्जामदग्न्यत्वेनसगोत्रत्वाच्च यद्यपित्रिप्रवरार्ष्टिषेणानांवत्सविदैःसहनद्विप्रवरसाम्यंनापिसगोत्रत्वं जामदग्न्यत्वाभावात् तथापिपंचप्रवरपक्षगतमपित्रिप्रवरसाम्यंविवाहबाधकं एवमग्रेपिज्ञेयं वात्स्यानां भार्गवच्यावनाप्नवानेतित्रयः वत्सपुरोधसोभार्गवच्यावनाप्नवानवत्सपौरोधसेतिपंच वैजमथितयोर्भार्गवच्यावनाप्नवानवैजमथितेतिपंच एतेत्रयःक्वचित् एतेषांपरस्परंपूर्वोक्तैश्चत्रिभिर्नविवाहः त्रिप्रवरसाम्यात् यस्काःमौनाःमूकाइत्यादयस्त्रिपंचाशदधिकायस्काः एषांभार्गववैतहव्यसावेतसेतित्रयः मित्रयुवः रौक्ष्यायनाः सार्पिष्ठिनाः इत्यादयस्त्रिंशदधिकामित्रयुवः तेषांभार्गववाध्र्यश्वदिवोदासेतित्रयः भार्गवच्यावनदैवोदासेतिवा वाध्र्यश्वेत्येकोवा वैन्याः पार्थाः बाष्कलाः इत्येताइत्येतेवैन्याः एषांभार्गववैन्यपार्थेतित्रयः शुनकाः गार्त्समदाः यज्ञपतयः इत्यादयः सप्तदशाधिकाःशुनकाः एषांशौनकेत्येकः गार्त्समदेतिवा भार्गवगार्त्समदेतिद्वौवा भार्गवशौनहोत्रगार्त्समदेतित्रयोवा यस्कादीनांचतुर्णांस्वस्वगणंहित्वापरस्परंपूर्वैर्जामदग्न्यवत्सादिभिश्चसहविवाहोभवति एकप्रवरसाम्येपिद्वित्रिप्रवरसाम्याभावात् भृगुगणेषुएकप्रवरसाम्यस्यदूषकत्वाभावात् अजामदग्न्यत्वेनासगोत्रत्वात् मित्रयूनांपाक्षिकद्विप्रवरसाम्याद्विप्रवरैर्वत्सादिभिःसहनविवाहइतिकेचित् तत्प्रवरपक्षग्राहिणामविवाहः पक्षांतरग्राहिणांमित्रयूनांविवाहएवेत्यन्ये क्वचिदधिकंगणद्वयमुक्तं वेदविश्वज्योतिषांभार्गववेदवैश्वज्योतिषेतित्रयः शाठरमाठराणांभार्गवशाठरमाठरेतित्रयः अनयोःपरस्परंपूर्वैश्चसर्वैर्विवाहः इतिभृगुगणः॥

"સંક્ષેપથી સુખપૂર્વક બોધ થવામાટે અને પરમાત્માની પ્રીતિને અર્થે સંક્ષેપથકી ગોત્ર અને પ્રવરની સંખ્યા કહું છું." ૭ ભૃગુગણ, ૧૭ આંગિરસગણ, ૪ અત્રિગણ, ૧૦ વિશ્વામિત્રગણ,

૩ કશ્યપગણુ, ૪ વસિષ્ઠગણુ, ૪ અગસ્તિગણુ; એ સર્વે મળી ઓગણુપચાસ ગણુ છે. તથાપિ સર્વે ગ્રંથના મતના સંગ્રહે કરી જોતાં એથી કાંઇએક અધિક ગણુ દેખાય છે તે, તે તે ઠેકાણે કહેવાશે. **તેમાં પ્રથમ ભૃગુગણુ** કહે છે—વત્સ અને વિદ એ જામદગ્ન્ય ભૃગુ છે. આર્ષ્ટિષેણુ, યસ્ક, મિત્રયુ, વૈન્ય અને શુનક એ પાંચ કેવળ ભૃગુ છે. એ રીતે ૨ જામદગ્ન્ય ભૃગુ અને ૫ કેવળ ભૃગુ મળી સાત ભૃગુગણુ છે. તેમાં ૧ વત્સ, માર્કંડેય અને માંડૂકેય ઇત્યાદિક બસો કરતાં અધિક વત્સગોત્રના ભેદ છે. એ વત્સગોત્રવાળાઓના ભાર્ગવ, ચ્યાવન, આપ્નવાન, ઔર્વ અને જામદગ્ન્ય એ પાંચ પ્રવર છે. અથવા ભાર્ગવ, ઔર્વ અને જામદગ્ન્ય એ ત્રણુ પ્રવર છે. કિંવા ભાર્ગવ, ચ્યાવન અને આપ્નવાન એ ત્રણુ પ્રવર છે. ૨ વિદ, શૈલ, અને અવટ ઇત્યાદિક વીશ કરતાં અધિક વિદગોત્રના ભેદ છે. એના પ્રવર-ભાર્ગવ, ચ્યાવન, આપ્નવાન, ઔર્વ અને વૈદ એ પાંચ. અથવા ભાર્ગવ, ઔર્વ અને જામદગ્ન્ય એ ત્રણુ પ્રવર જાણુવા. **૩ આર્ષ્ટિષેણુ**, નૈર્ઋતિ, અને ગ્રામ્યાયણુ ઇત્યાદિક વીશ કરતાં અધિક આર્ષ્ટિષેણુ જાણુવા. એમના પ્રવર—ભાર્ગવ, ચ્યાવન, આપ્નવાન, આર્ષ્ટિષેણુ અને અનૂપ એ પાંચ છે. અથવા ભાર્ગવ, આર્ષ્ટિષેણુ અને અનૂપ એ ત્રણુ છે. વત્સ, વિદ અને આર્ષ્ટિષેણુ એ ત્રણુનો પરસ્પર વિવાહ થાય નહીં, કારણુ, એમના બે અથવા ત્રણુ પ્રવર સમાન આવે છે. તેમ પ્રથમના બે જે વત્સ અને વિદ એ જામદગ્ન્ય હોવાથી એમનું એક ગોત્રપણું પણુ થાય છે. ત્રણુ પ્રવરવાળા આર્ષ્ટિષેણુના જો કે વત્સ અને વિદનીજોડે બે પ્રવર સરખા થતા નથી, તેમ આર્ષ્ટિષેણુ જામદગ્ન્ય નથી તેથી સગોત્રત્વ પણુ નથી તથાપિ પાંચ પ્રવરમાંના ત્રણુ પ્રવર (ભાર્ગવ, ચ્યાવન અને આપ્નવાન) સરખા થવાથી તે વિવાહના બાધક છે. એ રીતે આગળ પણુ એમજ સમજવું. ૪ વાત્સ્યના પ્રવર—ભાર્ગવ, ચ્યાવન અને આપ્નવાન એ ત્રણુ છે. ૫ વત્સપુરોધાના—ભાર્ગવ, ચ્યાવન, આપ્નવાન, વત્સ અને પૌરોધસ એ પાંચ પ્રવર જાણુવા. ૬, ૭ બૈજ અને મથિતના—ભાર્ગવ, ચ્યાવન, આપ્નવાન, બૈજ અને મથિત એ પાંચ પ્રવર જાણુવા. કોઈ ગ્રંથમાં એ ત્રણુ પ્રવર કહ્યા છે. વાત્સ્ય, વત્સપુરોધા, બૈજ અને મથિત એમનો પરસ્પર વિવાહ થતો નથી તેમ પૂર્વોક્ત જે (વત્સ, વિદ અને આર્ષ્ટિષેણુ) એ ત્રણુ સાથે પણુ વાત્સ્ય આદિકનો વિવાહ થતો નથી. કારણુ, ત્રણુ પ્રવર સમાન આવે છે. ૮ યસ્ક, મૌન અને મૂક ઇત્યાદિક ત્રણુ કરતાં અધિક યસ્ક છે. એમના-ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ એ પ્રમાણે ત્રણુ પ્રવર જાણુવા. ૯ મિત્રયુ, રૌક્ષ્યાયન, અને સાર્પિંડિન ઇત્યાદિક ત્રીશ કરતાં અધિક મિત્રયુ છે. એમના ભાર્ગવ, વાધ્ર્યશ્વ અને દિવોદાસ એ ત્રણુ પ્રવર જાણુવા. અથવા ભાર્ગવ, ચ્યાવન અને દૈવોદાસ એ ત્રણુ પ્રવર જાણુવા. કિંવા વાધ્ર્યશ્વ એ એકજ પ્રવર જાણુવો. ૧૦ વૈન્ય, પાર્થ, બાષ્કલ અને શ્યેત એ વૈન્ય છે. એમના-ભાર્ગવ, વૈન્ય અને પાર્થ એ ત્રણુ પ્રવર જાણુવા. ૧૧ શુનક, ગાર્ત્સમદ અને યજ્ઞપતિ ઇત્યાદિક સત્તર કરતાં અધિક શુનક છે. એમનો-શૌનક એ એક અથવા ગાર્ત્સમદ એ એક; અથવા ભાર્ગવ અને ગાર્ત્સમદ એ બે પ્રવર. કિંવા ભાર્ગવ, શૌનહોત્ર અને ગાર્ત્સમદ એ ત્રણુ પ્રવર જાણુવા. યસ્ક, મિત્રયુ, વૈન્ય અને શુનક એ ચારનો, પોતપોતાનો ગણુ છોડી પરસ્પરમાં અને પૂર્વોક્ત જામદગ્ન્ય વત્સાદિકજોડે પણુ વિવાહ થાય છે. કારણુ, જો કે એક પ્રવર સમાન છે તથાપ બે અથવા ત્રણુ પ્રવર સમાન નથી. તેમ ભૃગુગણુ એક પ્રવર સમાન હોય તો પણુ તે વિવાહનો બાધક નથી. અને જામદગ્ન્ય ન હોવાથી તે એકગોત્રી પણુ નથી. મિત્રયુના એક પક્ષમાં બે પ્રવર સમાન આવે છે, માટે ત્રિપ્રવર એવા વત્સાદિકજોડે મિત્રયુનો વિવાહ થતો નથી એમ કોઈ ગ્રંથકાર કહે છે. વત્સાદિકના પ્રવરનો પક્ષ લેનારા એવા મિત્રયુનો વિવાહ થતો નથી, બીજા પ્રવરનો પક્ષ લેનારા એવા મિત્રયુનો વિવાહ થાયજ છે, એમ બીજા ગ્રંથકારો કહે છે. કોઇ ગ્રંથમાં બે ગણુ અધિક કહ્યા છે. તે આ રીતે—૧ વેદ અને ૨ વિશ્વજ્યોતિષ એમના-ભાર્ગવ, વેદ અને વૈશ્વજ્યોતિષ એ ત્રણુ પ્રવર જાણુવા.—૧ શાઠર અને ૨ માઠર એમના-ભાર્ગવ, શાઠર અને માઠર એ ત્રણુ પ્રવર જાણુવા. એ બન્નેનો પરસ્પર અને પૂર્વોક્ત સઘળાઓસાથે વિવાહ થાય છે. એ ભૃગુગણુ કહ્યો.

अथाङ्गिरसः ॥ तेत्रिविधाः गौतमाः भरद्वाजाः केवलाश्चेति तत्रगौतमांगिरसोदश आयास्याः १ शारद्वताः २ कौमंडाः ३ दीर्घतमसः ४ करेणुपालयः ५ वामदेवाः ६ औशनसः ७ राहूगणाः ८ सोमराजकाः ९ वृहदुक्थाश्चेति १० तत्रआयास्याः श्रोणिवेधाः मूढरथाइत्यादयोष्टादशाधिका आयास्याः तेषामांगिरसायास्यगौतमेतित्रयः शारद्वताः अभिजिताः रौहिण्याइत्यादयःसतत्यधिकाः

शारद्वतास्तेषामांगिरसगौतमशारद्वतेतित्रयः कौमंडाः मामंथरेषणाः मासुराक्षाइत्यादयोदशाधिकाः कौमंडास्तेषामांगिरसौतथ्यकाक्षीवतगौतमकौमंडेतिपंच आंगिरसौतथ्यगौतमौशिजकाक्षीवतेतिवा आंगिरसायास्यौशिजगौतमकाक्षीवतेतिवा आंगिरसौशिजकाक्षीवतेतित्रयोवा आंगिरसौतथ्यकाक्षीवतेतिवा औतथ्यगौतमकौमंडेतिवा अथदीर्घतमसोगौतमास्तेषामांगिरसौतथ्यकाक्षीवतगौतमदैर्घतमसेतिपंच आंगिरसौतथ्यदैर्घतमसेतित्रयोवा करेणुपालयः वास्तव्याः श्वेतीयाइत्यादयःसप्ताधिकाः करेणुपालयस्तेषामांगिरसगौतमकरेणुपालेतित्रयः वामदेवानामांगिरसवामदेव्यगौतमेतित्रयः. आंगिरसवामदेव्यवार्हदुक्थेतिवा औशनसाःदिश्याःप्रशस्ताःइत्यादिकानवाधिकाऔशनसास्तेषामांगिरसगौतमौशनसेतित्रयः राहूगणानामांगिरसराहूगणगौतमेतित्रयः सोमराजकानांआंगिरससोमराजगौतमेतित्रयः बृहदुक्थानामांगिरसवार्हदुक्थगौतमेतित्रयः १० क्वचिद्गणद्वयमधिकं उतथ्यानामांगिरसौतथ्यगौतमेति राघुवानामांगिरसराघुवगौतमेति गौतमानांसर्वेषामविवाहः सगोत्रत्वात्प्रायेणद्वित्रिप्रवरसाम्याच्च ॥

હવે આંગિરસગણ કહે છે—તે ગૌતમ, ભરદ્વાજ અને કેવળઆંગિરસ એ રીતે ત્રણ પ્રકારના છે. તેમાં ગૌતમાંગિરસ તે, ૧ આયાસ્ય, ૨ શારદ્વત, ૩ કૌમંડ, ૪ દીર્ઘતમસ, ૫ કરેણુપાલિ, ૬ વામદેવ, ૭ ઔશનસ, ૮ રાહૂગણ, ૯ સોમરાજક, અને ૧૦ બૃહદુકથ એ પ્રમાણે દશ પ્રકારના છે. તેમાં ૧ આયાસ્ય, શ્રોણિવેધ અને મૂઢરથ ઇત્યાદિક અઢાર કરતાં અધિક આયાસ્ય જાણવા. એમના–આંગિરસ, આયાસ્ય અને ગૌતમ એ પ્રમાણે ત્રણ પ્રવર જાણવા. ૨ શારદ્વત, અભિજીત અને રૌહિણ્ય ઇત્યાદિક સત્તર કરતાં અધિક શારદ્વત છે. એમના–આંગિરસ, ગૌતમ અને શારદ્વત એ ત્રણ પ્રવર જાણવા. ૩ કૌમંડ, મામંથરેષણ અને માસુરાક્ષ ઇત્યાદિક દશ કરતાં અધિક કૌમંડ છે. એમના–આંગિરસ, ઔતથ્ય, કાક્ષીવત, ગૌતમ અને કૌમંડ એ પાંચ પ્રવર. અથવા આંગિરસ, ઔતથ્ય, ગૌતમ, ઔશિજ અને કાક્ષીવત એ પાંચ પ્રવર. અથવા આંગિરસ, આયાસ્ય, ઔશિજ, ગૌતમ અને કાક્ષીવત એ પાંચ પ્રવર. અથવા આંગિરસ, ઔશિજ અને કાક્ષીવત એ ત્રણ પ્રવર. કિંવા આંગિરસ, ઔતથ્ય અને કાક્ષીવત એ ત્રણ પ્રવર. અથવા ઔતથ્ય, ગૌતમ અને કૌમંડ એ ત્રણ પ્રવર થાય છે. ૪ હવે દીર્ઘતમસ ગૌતમના–આંગિરસ, ઔતથ્ય, કાક્ષીવત, ગૌતમ અને દૈર્ઘતમસ એ પાંચ પ્રવર. અથવા આંગિરસ, ઔતથ્ય અને દૈર્ઘતમસ એ ત્રણ પ્રવર જાણવા. ૫ કરેણુપાલિ, વાસ્તવ્ય અને શ્વેતીય ઇત્યાદિક સાત કરતાં અધિક કરેણુપાલિ જાણવા, એમના આંગિરસ, ગૌતમ અને કરેણુપાલ એ ત્રણ પ્રવર જાણવા. ૬ વામદેવના–આંગિરસ, વામદેવ્ય અને ગૌતમ એ ત્રણ પ્રવર. અથવા આંગિરસ, વામદેવ્ય અને બાર્હદુકથ એ ત્રણ પ્રવર છે. ૭ ઔશનસ, દિશ્ય અને પ્રશસ્ત ઇત્યાદિક નવ કરતાં અધિક ઔશનસ છે. એમના–આંગિરસ, ગૌતમ અને ઔશનસ એ ત્રણ પ્રવર જાણવા. ૮ રાહૂગણના–આંગિરસ, રાહૂગણ અને ગૌતમ એ ત્રણ પ્રવર છે. ૯ સોમરાજકના–આંગિરસ, સોમરાજ અને ગૌતમ એ ત્રણ પ્રવર છે. ૧૦ બૃહદુકથના–આંગિરસ, બાર્હદુકથ અને ગૌતમ એ ત્રણ પ્રવર છે. એ રીતે દશ ગૌતમાંગિરસ કહ્યા. કોઈ ગ્રંથમાં બે ગણ અધિક કહ્યા છે. ૧ ઉતથ્યના–આંગિરસ, ઔતથ્ય અને ગૌતમ એ ત્રણ પ્રવર જાણવા. રાઘુવના–આંગિરસ, રાઘુવ અને ગૌતમ એ ત્રણ પ્રવર જાણવા. સઘળા ગૌતમાંગિરસનો પરસ્પર વિવાહ થતો નથી. કારણ, એ સર્વનું ગોત્ર એક છે, અને બહુધા બે અથવા ત્રણ પ્રવર સમાન છે. એ રીતે આંગિરસગણમાંથી પ્રથમ દશ ગૌતમાંગિરસ કહ્યા.

अथभरद्वाजाः ॥ तेचत्वारः भारद्वाजाःगर्गाःऋक्षाःकपयश्चेति भरद्वाजाः क्षाम्यायणाःदेवाश्वाइत्यादयः षष्ट्युत्तरशताधिकाभरद्वाजास्तेषामांगिरसबार्हस्पत्यभारद्वाजेतित्रयः गर्गाः सांभरायणाः सखीनयः इत्यादयःपंचाशदधिकागर्गास्तेषामांगिरसबार्हस्पत्यभारद्वाजशैन्यगार्ग्येतिपंचआंगिरसशैन्यगार्ग्येतित्रयोवा अंत्ययोर्व्यत्ययोवा भारद्वाजगार्ग्यशैन्येतिवा गर्गभेदानामांगिरसतैत्तिरिकापिभुवेति ऋक्षाः रौक्षायणाः कपिलाः इत्यादयोनवाधिकाऋक्षास्तेषामांगिरसबार्हस्पत्यभारद्वाजवांदनमातवचसेतिपंच आंगिरसवांदनमातवचसेतित्रयोवा कपयः स्वस्तितरयः दंडिनइत्यादयःपंचविंशत्यधिकाः कपयस्तेषामांगिरसामहय्यौरुक्षय्येतित्रयः आंगिरसामहीयवौरुक्षयसेत्याश्वलायनपाठः

---

१ काशिमुनेरि पाठांतरम्.

आतमभुवामांगिरसभारद्वाजवार्हस्पत्यवरात्मभुवेतिपंच अयंगणःक्वचित् भरद्वाजानांसर्वेषांपरस्परम विवाहः सगोत्रत्वात् प्रायेणद्वित्रिप्रवरसाम्याच्च ऋक्षांतर्गतानांकपिलानांविश्वामित्रैरप्यविवाहः इति भरद्वाजांगिरसः॥

હવે ભરદ્વાજ (આંગિરસગણમાંના બીજા) કહે છે. તે ૧ ભારદ્વાજ, ૨ ગર્ગ, ૩ ઋક્ષ અને ૪ કપિ, એ રીતે ચાર પ્રકારના છે. ૧ ભરદ્વાજ, ક્ષામ્યાયણ, અને દેવાશ્વ ઇત્યાદિક એકસો સાઠ કરતાં અધિક ભરદ્વાજ છે. એમના-આંગિરસ, બાર્હસ્પત્ય અને ભરદ્વાજ એ ત્રણ પ્રવર છે. ૨ ગર્ગ, સાંભરાયણ અને સખીનિ ઇત્યાદિક પચાશ કરતાં અધિક ગર્ગ છે. તેમના-આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, શૈન્ય અને ગાર્ગ્ય એ પાંચ પ્રવર અથવા આંગિરસ શૈન્ય અને ગાર્ગ્ય એ ત્રણ પ્રવર અથવા છેલ્લા બેને ઉલટાવવા, એટલે આંગિરસ, ગાર્ગ્ય અને શૈન્ય એ ત્રણ પ્રવર જાણવા. અથવા ભારદ્વાજ, ગાર્ગ્ય અને શૈન્ય એ ત્રણ પ્રવર જાણવા. ૩ ઋક્ષ, રૌક્ષાયણ અને કપિલ ઇત્યાદિક નવ કરતાં અધિક ઋક્ષ જાણવા. તેમના-આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, વાંદન અને માતવચસ એ પાંચ પ્રવર. અથવા આંગિરસ, વાંદન અને માતવચસ એ ત્રણ પ્રવર થાય છે. ૪ કપિ, સ્વસ્તિતરિ અને દંડિ ઇત્યાદિક પચીસ કરતાં અધિક કપિ જાણવા. એમના-આંગિરસ, આમહય્ય અને ઔરૂક્ષય્ય એ ત્રણ પ્રવર જાણવા. 'આંગિરસ, આમહીયવ અને ઔરૂક્ષયસ' એવો આશ્વલાયન સૂત્રમાં પાઠ છે. આત્મભૂના-આંગિરસ, ભારદ્વાજ, બાર્હસ્પત્ય, વર અને આત્મભુવ એ પ્રમાણે પાંચ પ્રવર થાય છે. એ ગણ કોઈ ગ્રંથમાં કહ્યો છે. સઘળા ભારદ્વાજોનો પરસ્પર વિવાહ થતો નથી; કારણ, સર્વેનું ગોત્ર એક છે, તેમ પ્રવરપણ બે અથવા ત્રણ સરખા આવે છે. ઋક્ષગણમાંના અંતર્ગણ કપિલનો વિશ્વામિત્રોજોડે વિવાહ થતો નથી. એ રીતે ભરદ્વાજઆંગિરસ કહ્યા.

अथकेवलाङ्गिरसः ॥ तेचषट् हारीताः[1] कुत्साः कण्वाः रथीतराः विष्णुवृद्धाः मुद्गलाश्चेति हारीताः सौभगाः नैय्यगवाइत्यादयोद्वात्रिंशदधिकाहारीतास्तेषामांगिरसांबरीषयौवनाश्वेति आद्योमांधातावा कुत्सानामांगिरसमांधात्रकौत्सेतित्रयः कण्वाःऔपमर्कटाःबाष्कलायनाःइत्यादयएकविंशत्यधिकाःकण्वास्तेषामांगिरसाजमीढकाण्वेतित्रयः आंगिरसघौरकाण्वेतिवा रथीतराः हस्तीदाः नैतिरक्षयः इत्यादयश्चतुर्दशाधिकारथीतरास्तेषामांगिरसवैरूपरथीतरेतित्रयः आंगिरसवैरूपपार्षदश्वेतिवा अष्टादंष्ट्रवैरूपपार्षदश्वेतिवा अंत्ययोर्व्यत्ययोवा विष्णुवृद्धाः शठाः भरणा[2]इत्यादयःपंचविंशत्यधिकाविष्णुवृद्धास्तेषामांगिरसपौरुकुत्स्यत्रासदस्यवेतित्रयः मुद्गलाः सात्यमुग्रियः हिरण्यस्तंबयःइत्यादिकाअष्टादशाधिकास्तेषामांगिरसभार्म्याश्वमौद्गल्येतित्रयः आद्यस्तार्क्ष्योवा आंगिरसताविमौद्गल्येतिवाप्यपांपणांकेवलांगिरसानांस्वस्वगणंहित्वापरस्परंपूर्वैश्चसर्वैर्विवाहोभवति अंगिरसोगस्त्याप्रमसर्पिभिन्नत्वेनतदपत्यानांसगोत्रत्वाभावात् द्वित्रिप्रवरसाम्याभावाच्च हारीतकुत्सयोस्तुनविवाहः पाक्षिकद्विप्रवरसाम्यात् ॥

હવે કેવળઆંગિરસ કહે છે—તે ૧ હારીત, ૨ કુત્સ, ૩ કણ્વ, ૪ રથીતર, ૫ વિષ્ણુવૃદ્ધ, અને ૬ મુદ્દગલ એ રીતે છ પ્રકારના છે. ૧ હારીત, સૌભગ અને નૈય્યગવ ઇત્યાદિક બત્રીસ કરતાં અધિક હારીત છે. એમના-આંગિરસ, આંબરીષ અને યૌવનાશ્વ એ ત્રણ પ્રવર. અથવા એ ત્રણમાં પ્રથમનો માંધાતા પ્રવર જાણવો. ૨ કુત્સના-આંગિરસ, માંધાતૃ અને કૌત્સ એ ત્રણ પ્રવર છે. ૩ કણ્વ, ઔપમર્કટ અને બાષ્કલાયન ઇત્યાદિક એકવીસ કરતાં અધિક કણ્વ છે. એમના—આંગિરસ, આજમીઢ અને કાણ્વ એ ત્રણ પ્રવર થાય છે. અથવા આંગિરસ, ઘૌર અને કાણ્વ એ ત્રણ પ્રવર થાય છે. ૪ રથીતર, હસ્તીદ અને નૈતિરક્ષિ ઇત્યાદિક ચૌદ કરતાં અધિક રથીતર છે. એમના—આંગિરસ, વૈરૂપ અને રથીતર એ ત્રણ પ્રવર અથવા આંગિરસ, વૈરૂપ અને પાર્ષદશ્વ એ ત્રણ પ્રવર. કિંવા અષ્ટાદંષ્ટ્ર, વૈરૂપ અને પાર્ષદશ્વ એ ત્રણ પ્રવર. અથવા છેલ્લા બેને ઉલટાવવા, એટલે અષ્ટાદંષ્ટ્ર, પાર્ષદશ્વ અને વૈરૂપ એ ત્રણ પ્રવર જાણવા. ૫ વિષ્ણુવૃદ્ધ, શઠ, અને ભરણ ઇત્યાદિક પચીશ કરતાં અધિક વિષ્ણુવૃદ્ધ છે. એમના-આંગિરસ, પૌરૂકુત્સ્ય અને ત્રાસદસ્યુ એ ત્રણ પ્રવર છે. ૬ મુદ્દગલ, સાત્યમુગ્રિ અને હિરણ્યસ્તંબિ ઇત્યાદિક અઢાર કરતાં અધિક મુદ્દગલ છે. તેમના-આંગિરસ, ભાર્મ્યાશ્વ અને મૌદ્દગલ્ય એ ત્રણ પ્રવર. અથવા તાર્ક્ષ્ય, ભાર્મ્યાશ્વ અને મૌદ્દગલ્ય એ

---

[1] हारित इति हस्वमध्योपि शब्दो वर्तते [2] मरणा इति पाठांतरम्।

ત્રણ પ્રવર, અથવા આંગિરસ, તાવિ અને મૌદ્ગલ્ય એ ત્રણ પ્રવર થાય છે. એ છ આંગિરસોનો, પોતપોતાનો ગણ છોડી પરસ્પરમાં અને પૂર્વોક્ત સઘળાઓ સાથે વિવાહ થાય છે. કારણ, અગસ્ત્યે સહિત આઠ સપ્તર્ષિથી અંગિરસ ભિન્ન હોવાથી તેમના પુત્રોનું એક ગોત્ર નથી, તેમ બે અથવા ત્રણ પ્રવર પણ સરખા નથી. હારીત અને કુત્સ એમનો તો પરસ્પર વિવાહ થતો નથી; કારણ, એક પક્ષમાં બે પ્રવર સમાન આવે છે.

अथात्रयः ॥ तेचत्वारः अत्रयः गविष्ठिराः वाद्भुतकाः मुद्गलाश्चेति अत्रयोभूरयःछांदयइत्याद्याश्चतुर्नवत्यधिकाअत्रयस्तेषामात्रेयार्चनानसश्यावाश्वेतित्र्यः १ गविष्ठिराः दक्षयः भलंदनाइत्यादयश्चतुर्विंशत्यधिकागविष्ठिरास्तेषामात्रेयार्चनानसगाविष्ठिरेतित्र्यः आत्रेयगाविष्ठिरपौर्वातिथेतिवा २ वाद्भुतकानामात्रेयार्चनानसवाद्भुतकेतित्र्यः ३ मुद्गलाः शालिसंधयः अर्णवाः इत्यादयोदशावरामुद्गलास्तेषामात्रेयार्चनानसपौर्वातिथेतित्र्यः ४ क्वचित्अतिथयोवामरथ्याःसुमंगलाबीजवापाधनंजयाश्चेतिपंचगणाअधिकाः तत्राद्यचतुर्णामात्रेयार्चनानसातिथेतित्र्यः आत्रेयार्चनानसगाविष्ठिरेतिवासुमंगलानामत्रिसुमंगलश्यावाश्वेतिवा धनंजयानामात्रेयार्चनानसधानंजयेति वालेयाःकौंद्रेयाःशौभ्रेयाः वामरथ्याइत्यादयः अत्रेःपुत्रिकापुत्रास्तेषामात्रेयवामरथ्यपौत्रिकेतित्र्यः अत्रीणांसर्वेषामविवाहः सगोत्रत्वात्समप्रवरत्वाच्च अत्रेःपुत्रिकापुत्राणांवामरथ्यादीनांचवसिष्ठविश्वामित्राभ्यामप्यविवाहः इत्यत्रयः ॥

હવે અત્રિગણ કહે છે. તે ૧ અત્રિ, ૨ ગવિષ્ઠિર, ૩ વાદ્ભુતક અને ૪ મુદ્ગલ એ પ્રમાણે ચાર પ્રકારના અત્રિ છે. ૧ અત્રિ, ભૂરિ અને છાંદિ ઇત્યાદિક ચોરાણું કરતાં અધિક અત્રિ છે. એમના-આત્રેય, આર્ચનાનસ અને શ્યાવાશ્વ એ ત્રણ પ્રવર છે. ૨ ગવિષ્ઠિર, દક્ષિ અને ભલંદન ઇત્યાદિક ચોવીશ કરતાં અધિક ગવિષ્ઠિર છે. તેમના આત્રેય, આર્ચનાનસ અને ગાવિષ્ઠિર એ ત્રણ પ્રવર. અથવા આત્રેય, ગાવિષ્ઠિર અને પૌર્વાતિથ એ ત્રણ પ્રવર છે. ૩ વાદ્ભુતકના—આત્રેય, આર્ચનાનસ અને વાદ્ભુતક એ ત્રણ પ્રવર છે. ૪ મુદ્ગલ—શાલિસંધિ અને અર્ણવ ઇત્યાદિક ઓછામાં ઓછા દશ મુદ્ગલ છે. એમના-આત્રેય, આર્ચનાનસ અને પૌર્વાતિથ એ ત્રણ પ્રવર છે. કોઈ ગ્રંથમાં અતિથિ, વામરથ્ય, સુમંગલ, બીજવાપ અને ધનંજય એ પાંચ ગણ અધિક કહ્યા છે. તેમાં પ્રથમ જે ચાર (અતિથિ, વામરથ્ય, સુમંગલ અને બીજવાપ) એમના-આત્રેય, આર્ચનાનસ અને આતિથ એ ત્રણ પ્રવર. અથવા આત્રેય, આર્ચનાનસ અને ગાવિષ્ઠિર એ ત્રણ પ્રવર છે. અથવા સુમંગલના-અત્રિ, સુમંગલ અને શ્યાવાશ્વ એ ત્રણ પ્રવર છે. ધનંજયના-આત્રેય, આર્ચનાનસ અને ધાનંજય એ ત્રણ પ્રવર છે. વાલેય, કૌંદ્રેય, શૌભ્રેય અને વામરથ્ય ઇત્યાદિક અત્રિની કન્યાના પુત્ર છે. એમના-આત્રેય, વામરથ્ય, અને પૌત્રિક એ ત્રણ પ્રવર છે. અત્રિગણવાળા સઘળાઓનો પરસ્પર વિવાહ ગતો નથી; કારણ, સઘળાઓનું ગોત્ર એકજ છે, અને પ્રવર પણ સર્વેના સમાન છે. અત્રિની કન્યાઓના પુત્ર જે વામરથ્યાદિક તેમનો વાસિષ્ઠ અને વિશ્વામિત્રજોડે પણ વિવાહ થતો નથી. એપ્રમાણે અત્રિગણ કહ્યો.

अथविश्वामित्राः ॥ तेदश कुशिकाः लोहिताः रौक्षकाः कामकायनाः अजाः कताः धनंजयाः अघमर्षणाः पूरणाः इंद्रकौशिकाश्चेति कुशिकाःपर्णजंघावारकयाइत्यादयः त्र्यशीत्यधिकाःकुशिकास्तेषां विश्वामित्रदेवरातौदलेतित्र्यः १ लोहिताःकुडपयाज्ञाश्वयर्णायनाइत्यादयः पंचाधिकालोहिताः रोहिता इतिकेचित् तेषांवैश्वामित्राष्टकलौहितेतित्र्यः अंत्ययोर्व्यत्ययोवा वैश्वामित्रमाधुच्छंदसाष्टकेतिवा विश्वामित्राष्टकेतिद्वौवा २ रौक्षकाणांविश्वामित्रगाथिनरैवणेतित्र्यः विश्वामित्ररौक्षकरैवणेतिवा एतेरेवणावा ३ कामकायनाः देवश्रवसः देवतरसाइत्यादयः पंचावराः कामकायनाः श्रीमतावा तेषांवैश्वामित्रदेवश्रवसदेवतरसेतित्र्यः ४ अजानांवैश्वामित्रमाधुच्छंदसाजेतित्र्यः ५ कताः औदुंबरयः शैशिरयः इत्यादयोविंशत्यधिकाःकतास्तेषांवैश्वामित्रकात्याक्षीलेतित्र्यः ६ धनंजयाः पार्थिवाः बंधुलाः इत्यादयः गणाधनंजयास्तेषांवैश्वामित्रमाधुच्छंदसधानंजयेतित्र्यः वैश्वामित्रमाधुच्छंदसाघमर्षणेतिवा ७ अघमर्षणानांवैश्वामित्राघमर्षणकौशिकेतित्र्यः ८ पूरणानांवैश्वामित्रपूरणेतिद्वौ वैश्वामित्रदेवरातपौरणेतिवा ९ इंद्रकौशिकानांवैश्वामित्रैंद्रकौशिकेतिद्वौ १० क्वचिदन्येप्येकादशोकाः आश्मरथ्याः १ साहु

---

१ देवरात इति पाठांतरम्।

लाः २ गाथिनाः ३ वैणयाः ४ हिरण्यरेतसः ५ सुवर्णरेतसः ६ कपोतरेतसः ७ शालंकायनाः ८ घृतकौशिकाः ९ कथकाः १० रौहिणाइति ११ आश्मरथ्यानांवैश्वामित्राश्मरथ्यवाघुलेतित्रयः १ साहुलानां वैश्वामित्रसाहुलमाहुलेतित्रयः २ गाथिनानांवैश्वामित्रगाथिनरैणवेतित्रयः ३ वेणुवेतिकचित्पाठः एतेएवरेणवइति उदवेणवइतिचोच्यंते ३ वैणवानांवैश्वामित्रगाथिनवैणवेति ४ हिरण्यरेतसां वैश्वामित्रहैरण्यरेतसेतिद्वौ ५ सुवर्णरेतसांवैश्वामित्रसौवर्णरेतसेतिद्वौ ६ कपोतरेतसांवैश्वामित्रकापोतरेतसेतिद्वौ ७ शालंकायनानांवैश्वामित्रशालंकायनकौशिकेतित्रयः एतेएवकौशिकाइतिजंह्नवइतिचोच्यंते ८ घृतकौशिकानांवैश्वामित्रघृतकौशिकेतिद्वौ ९ कथकानांवैश्वामित्रकाथकेति १० रौहिणानांवैश्वामित्रमाधुच्छंदसरौहिणेतित्रयः ११ वैश्वामित्रगणानांसर्वेषांपरस्परमविवाहःसगोत्रत्वात्सप्रवरत्वाच्च कुशिकानां देवरातप्रवरसाम्येनदेवरातात्भेदानिर्णयाद्वक्ष्यमाणदेवरातवदेवजामदग्न्यैरप्यविवाहइतिभाति धनंजयानांविश्वामित्रैरत्रिभिश्चाविवाहः कातानांभरद्वाजैर्विश्वामित्रैश्चाविवाहः द्विगोत्रत्वात् इतिविश्वामित्राः ॥

હવે વિશ્વામિત્રગણ કહે છે—તે ૧ કુશિક, ૨ લોહિત, ૩ રૌક્ષક, ૪ કામકાયન, ૫ અજ, ૬ કત, ૭ ધનંજય; ૮ અઘમર્ષણ, ૯ પૂરણ, અને ૧૦ ઇંદ્રકૌશિક એ રીતે દશ વિશ્વામિત્ર છે. ૧ કુશિક, પર્ણજંઘ અને વારકય ઇત્યાદિક સિત્તેર (૭૦) કરતાં અધિક કુશિક છે. એમના વિશ્વામિત્ર, દેવરાત અને ઔદલ એ ત્રણ પ્રવર છે. ૨ લોહિત, કુડક્ય અને આક્રવર્ણાયન ઇત્યાદિક પાંચ કરતાં અધિક લોહિત છે. 'લોહિત' ઠેકાણે 'રોહિત' એમ કોઈ કહે છે. એમના-વિશ્વામિત્ર, આષ્ટક અને લૌહિત એ ત્રણ પ્રવર અથવા છેલ્લા બેને ઉલટાવવા, એટલે વિશ્વામિત્ર, લૌહિત અને આષ્ટક એ ત્રણ પ્રવર. અથવા વૈશ્વામિત્ર, માધુચ્છંદસ અને આષ્ટક એ ત્રણ પ્રવર. અથવા વિશ્વામિત્ર અને આષ્ટક એ બે પ્રવર છે. ૩ રૌક્ષકના-વિશ્વામિત્ર, ગાથિન અને રેવણ એ ત્રણ પ્રવર અથવા વિશ્વામિત્ર, રૌક્ષક અને રૈવણ એ ત્રણ પ્રવર. અથવા એક રેવણ પ્રવર જાણવો. ૪ કામકાયન, દેવશ્રવસ અને દેવતરસ ઇત્યાદિક ઓછામાં ઓછા પાંચ કામકાયન અથવા શ્રૌમત છે. એમના—વૈશ્વામિત્ર, દૈવશ્રવસ અને દૈવતરસ એ ત્રણ પ્રવર છે. ૫ અજના—વૈશ્વામિત્ર, માધુચ્છંદસ અને આજ એ ત્રણ પ્રવર છે. ૬ કત, ઔદુંબરિ અને રૌશિરિ ઇત્યાદિક વીશ કરતાં અધિક કત છે. એમના—વૈશ્વામિત્ર, કાત્ય અને આક્ષીલ એ ત્રણ પ્રવર છે. ૭ ધનંજય, પાર્થિવ અને બંધુલ ઇત્યાદિક ઓછામાં ઓછા સાતપર્યંત ધનંજય છે. તેમના વૈશ્વામિત્ર, માધુચ્છંદસ અને ધાનંજય એ ત્રણ પ્રવર અથવા વૈશ્વામિત્ર, માધુચ્છંદસ અને અઘમર્ષણ એ ત્રણ પ્રવર છે. ૮ અઘમર્ષણના—વૈશ્વામિત્ર, અઘમર્ષણ અને કૌશિક એ ત્રણ પ્રવર છે. ૯ પૂરણના-વૈશ્વામિત્ર અને પૂરણ એ બે પ્રવર. અથવા વૈશ્વામિત્ર, દેવરાત અને પૌરણ એ ત્રણ પ્રવર છે. ૧૦ ઇંદ્રકૌશિકના-વૈશ્વામિત્ર અને ઇંદ્રકૌશિક એ બે પ્રવર છે. કોઈ ગ્રંથમાં બીજા પણ અગીયાર ગણ કહ્યા છે. તે આ રીતે—૧ આશ્મરથ્ય, ૨ સાહુલ, ૩ ગાથિન, ૪ વૈણુય, ૫ હિરણ્યરેતસ, ૬ સુવર્ણરેતસ, ૭ કપોતરેતસ, ૮ શાલંકાયન, ૯ ઘૃતકૌશિક, ૧૦ કથક, અને ૧૧ રૌહિણ એ પ્રમાણે અગીયાર ગણ જાણવા. ૧ આશ્મરથ્યના—વૈશ્વામિત્ર, આશ્મરથ્ય અને વાધુલ એ ત્રણ પ્રવર છે. ૨ સાહુલના—વૈશ્વામિત્ર, સાહુલ અને માહુલ એ ત્રણ પ્રવર છે. ૩ ગાથિનના-વૈશ્વામિત્ર, ગાથિન અને રૈણવ એ ત્રણ પ્રવર છે. કોઈ ગ્રંથમાં 'રૈણવ' ઠેકાણે 'વેણુવ' એવો પાઠ છે. એ 'રેણુવ' તેજ 'ઉદવેણુવ' એમ પણ કહેવાય છે. ૪ વૈણુવના—વૈશ્વામિત્ર ગાથિન અને વૈણુવ એ ત્રણ પ્રવર છે. ૫ હિરણ્યરેતસના-વૈશ્વામિત્ર અને હૈરણ્યરેતસ એ બે પ્રવર છે. ૬ સુવર્ણરેતસના-વૈશ્વામિત્ર અને સૌવર્ણરેતસ એ બે પ્રવર છે. ૭ કપોતરેતસના—વૈશ્વામિત્ર અને કાપોતરેતસ એ બે પ્રવર છે. ૮ શાલંકાયનના—વૈશ્વામિત્ર શાલકાયન્ અને કૌશિક એ ત્રણ પ્રવર છે. એમનેજ 'કૌશિક' અને 'જન્હુવ' એમ પણ કહે છે. ૯ ઘૃતકૌશિકના વૈશ્વામિત્ર અને ઘૃતકૌશિક એ બે પ્રવર છે. ૧૦ કથકના-વૈશ્વામિત્ર અને કાથક એ બે પ્રવર છે. ૧૧ રૌહિણના—વૈશ્વામિત્ર, માધુચ્છંદસ અને રૌહિણ એ ત્રણ પ્રવર છે. સઘળા વૈશ્વામિત્ર ગણોનો પરસ્પર વિવાહ થતો નથી; કારણ વિશ્વામિત્ર ગણ સઘળા એકગોત્રી અને સમાન પ્રવરવાળા છે. કુશિકોના અને દેવરાતોના પ્રવર એકસરખાજ છે માટે કુશિક દેવરાતથકી ભિન્ન છે કે તે બન્ને એકજ છે એ નિર્ણય થતો નથી, તેથી આગળ કહેવાશે કે જેમ દેવરાતનો જામદગ્ન્યજોડે વિવાહ

---

[१] जन्हुव इति पाठांतरम्।

થતો નથી, તેમ કુશિકોનો પણ જામદગ્ન્યસાથે વિવાહ થાય નહીં એમ ભાસે છે. ધનંજયોનો વિશ્વામિત્ર અને અત્રીનીજોડે વિવાહ થાય નહીં. કતોનો ભરદ્વાજ અને વિશ્વામિત્ર જોડે પણ વિવાહ થાય નહીં; કારણ, એમનાં બે ગોત્ર છે. એ રીતે વિશ્વામિત્રગણ કહ્યો.

अथकश्यपाः ॥ तेत्रयः निध्रुवाः रेभाः शांडिलाश्चेति तत्र निध्रुवाःकश्यपाःअप्सांगिरसः इत्यादयश्चत्वारिंशदधिकशतावरानिध्रुवास्तेषांकाश्यपावत्सारनैध्रुवेतित्रयः निर्णयसिंधौतुनिध्रुवगणोत्तरंकश्यपगणमुक्त्वाकश्यपानांकाश्यपावत्सारासितेतिहिप्रवरत्रयमुक्तं अत्रशिष्टाचारोपिदृश्यते १ रेभाणांकाश्यपावत्साररैभ्येतित्रयः २ शांडिलाः कोहलाः उदमेधाइत्यादयः षष्ट्यवराः शांडिलास्तेषांकाश्यपावत्सारशांडिल्येतित्रयः अंत्यस्थानेदेवलोवाअसितोवा काश्यपासितदेवलेतिवा अंत्ययोर्व्यत्ययोवा देवलासितेतिद्वौवा एषांकश्यपानांपरस्परमविवाहः सगोत्रत्वात्सप्रवरत्वाच्च ॥

હવે કશ્યપગણ કહે છે—તે ૧ નિધ્રુવ, ૨ રેભ અને ૩ શંડિલ એ રીતે ત્રણ કશ્યપ છે. તેમાં ૧ નિધ્રુવ, કશ્યપ અને અપ્સાંગિરસ ઇત્યાદિક કમતીમાં કમતી એકસો ચાળીશ નિધ્રુવ છે. તેમના–કાશ્યપ, અવત્સાર અને નૈધ્રુવ એ ત્રણ પ્રવર છે. નિર્ણયસિંધુમાં તો નિધ્રુવગણ પછી કશ્યપગણ કહી તે કશ્યપના 'કાશ્યપ, અવત્સાર અને અસિત' એ ત્રણ પ્રવર કહ્યા છે, અને એવિષે શિષ્ટાચાર પણ દેખાય છે. ૨ રેભના–કાશ્યપ, અવત્સાર અને રૈભ્ય એ ત્રણ પ્રવર છે. ૩ શંડિલ, કોહલ અને ઉદમેધ ઇત્યાદિક ઓછામાં ઓછા સાઠ શંડિલ છે. એમના–કાશ્યપ, અવત્સાર અને શાંડિલ્ય એ ત્રણ પ્રવર. અથવા શાંડિલ્યને ઠેકાણે 'દેવલ' કિંવા 'અસિત' એ પ્રવર છે. અથવા કાશ્યપ, અસિત અને દેવલ એ ત્રણ પ્રવર. અથવા છેલ્લા બેનો વ્યત્યય કરવો, એટલે કાશ્યપ. દેવલ અને આસિત એ ત્રણ પ્રવર. અથવા દેવલ અને અસિત એ બે પ્રવર છે. એ કશ્યપોનો પરસ્પર વિવાહ થતો નથી; કારણ, એ સઘળા એકગોત્રી અને સમાન પ્રવરવાળા છે. એ કશ્યપ કહ્યા.

अथवसिष्ठाः ॥ तेचत्वारः वसिष्ठाः १ कुंडिनाः २ उपमन्यवः ३ पराशराश्च ४ वसिष्ठावैतालकवयः रकयइत्यादयःषष्ट्यधिकाः वसिष्ठास्तेषांवासिष्ठैंद्रप्रमदाभरद्वस्वितित्रयः वासिष्ठेत्येकोवा १ कुंडिनाः लोहितायनाः गुग्गुलयः इत्यादयः पंचविंशत्यवराःकुंडिनास्तेषांवासिष्ठमैत्रावरुणकौंडिण्येतित्रयः २ उपमन्यवः औदलयः मांडलेखयइत्यादयःसप्तत्यवराः उपमन्यवस्तेषांवासिष्ठैंद्रप्रमदाभरद्वस्वितित्रयः आभरद्वसव्येतिपाठांतरं वासिष्ठाभरद्वस्विंद्रप्रमदेतिवा आद्ययोर्व्यत्ययोवा ३ पराशराः कांडुशयाः वाजयइत्यादयः सप्तचत्वारिंशदवराःपराशरास्तेषांवासिष्ठशाक्त्यपाराशर्येतित्रयः ४ एषांवसिष्ठानांपरस्परमविवाहः इतिवसिष्ठाः ॥

હવે વસિષ્ઠગણ કહે છે.—તે ૧ વસિષ્ઠ. ૨ કુંડિન, ૩ ઉપમન્યુ અને ૪ પરાશર એ ચાર વસિષ્ઠ છે. તેમાં ૧ વસિષ્ઠ, વૈતાલકવિ અને રકિ ઇત્યાદિક ૬૦ કરતાં અધિક વસિષ્ઠ છે. એમના–વાસિષ્ઠ, ઇંદ્રપ્રમદ અને આભરદ્વસુ એ ત્રણ પ્રવર. અથર્વા વાસિષ્ઠ એ એક પ્રવર છે. ૨ કુંડિન, લોહિતાયન અને ગુગ્ગુલિ ઇત્યાદિક ઓછામાં ઓછા પચીશ કુંડિન છે. એમના–વાસિષ્ઠ, મૈત્રાવરૂણ અને કૌંડિણ્ય એ ત્રણ પ્રવર છે. ૨ ઉપમન્યુ, ઔદલિ અને માંડલેખિ ઇત્યાદિક, કમતીમાં કમતી સિત્તેર (૭૦) પર્યંત ઉપમન્યુ છે. એમના—વાસિષ્ઠ, ઇંદ્રપ્રમદ અને આભરદ્વસુ એ ત્રણ પ્રવર છે. 'આભરદ્વસુ' એ ઠેકાણે 'આભરદ્વસવ્ય' એવો બીજો પાઠ છે. અથવા વાસિષ્ઠ, આભરદ્વસુ અને ઇંદ્રપ્રમદ એ ત્રણ પ્રવર. અથવા આભરદ્વસુ, વાસિષ્ઠ અને ઇંદ્રપ્રમદ એ ત્રણ પ્રવર છે. ૪ પરાશર, કાંડુશય અને વાજી ઇત્યાદિક ઓછામાં ઓછા સડતાળીશ પરાશર છે.—એમના–વાસિષ્ઠ, શાકત્ય અને પારાશર્ય એવા ત્રણ પ્રવર છે. એ ચાર વાસિષ્ઠનો પરસ્પર વિવાહ થતો નથી. એ પ્રમાણે વસિષ્ઠગણ કહ્યો.

अथागस्त्याः ॥ तेदश इध्मवाहाः १ सांभवाहाः २ सोमवाहाः ३ यज्ञवाहाः ४ दर्भवाहाः ५ सारवाहाः ६ अगस्तयः ७ पूर्णमासाः ८ हिमोदकाः ९ पाणिकाश्चेति १० इध्मवाहाः विशालाद्याः स्फालायनाः इत्यादयः पंचाशदधिकाइध्मवाहास्तेषामागस्त्यदार्ढ्यच्युतैध्मवाहेतित्रयः आगस्त्येत्येकोवा १ सांभवाहानामागस्त्यदार्ढ्यच्युतसांभवाहेतित्रयः २ सोमवाहानां सोमवाहोंत्यः आद्यौपूर्वोक्तावेव ३ एवंयज्ञवाहानांयज्ञवाहोंत्यः ४ दर्भवाहानांदर्भवाहोंत्यः ५ सारवाहानांसारवाहोंत्यः ६ अगस्तीनामागस्त्यमाहेंद्रमायोभवेति ७ पूर्णमासानामागस्त्यपौर्णमासपारणेतित्रयः ८ हिमोदकानामागस्त्यहैमवर्चि

हैमोद्केतित्रयः ९ पाणिकानामागस्त्यपैनायकपाणिकेतित्रयः १० अगस्तीनांसर्वेषामविवाहः सगोत्रत्वात्समप्रवरत्वाच्च इत्यगस्तयः ॥

હવે આગસ્ત્યગણ કહે છે—તે ૧ ઇધ્મવાહ, ૨ સાંભવાહ, ૩ સોમવાહ, ૪ યજ્ઞવાહ, ૫ દર્ભવાહ, ૬ સારવાહ, ૭ અગસ્તિ, ૮ પૂર્ણમાસ, ૯ હિમોદક અને ૧૦ પાણિક એ દશ આગસ્ત્યગણ છે. તેમાં ૧ ઇધ્મવાહ, વિશાલાધ અને સ્ફાલાયન ઇત્યાદિક પચાસ કરતાં અધિક ઇધ્મવાહ છે. તેમના—આગસ્ત્ય, દાર્ઢચ્યુત અને ઇધ્મવાહ એ ત્રણ પ્રવર. અથવા આગસ્ત્ય એ એક પ્રવર છે. ૨ સાંભવાહના—આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત અને સાંભવાહ એ ત્રણ પ્રવર છે. ૩ સોમવાહના—આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત અને સોમવાહ એ ત્રણ પ્રવર છે. ૪ યજ્ઞવાહના—આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત અને યજ્ઞવાહ એ ત્રણ પ્રવર છે. ૫ દર્ભવાહના—આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત અને દર્ભવાહ એ ત્રણ પ્રવર છે. ૬ સારવાહના—આગસ્ત્ય, દાર્ઢ્યચ્યુત અને સારવાહ એ ત્રણ પ્રવર છે. ૭ આગસ્તિના—આગસ્ત્ય, માહેંદ્ર અને માયોભવ એ ત્રણ પ્રવર છે. ૮ પૂર્ણમાસના—આગસ્ત્ય, પૌર્ણમાસ અને પારણ એ ત્રણ પ્રવર છે. ૯ હિમોદકના—આગસ્ત્ય, હૈમવર્ચિ અને હૈમોદક એ ત્રણ પ્રવર છે. ૧૦ પાણિકના—આગસ્ત્ય, પૈનાયક અને પાણિક એ ત્રણ પ્રવર જાણવા. એ સઘળા આગસ્ત્યગણનો પરસ્પર વિવાહ થતો નથી; કારણ, એ સર્વનું ગોત્ર એક છે અને પ્રવર પણ સર્વેના સમાન છે. એ આગસ્ત્યગણ.

अथद्विगोत्राः ॥ तत्रभारद्वाजाच्छुंगात् वैश्वामित्रस्यशैशिरेःक्षेत्रेजातःशौंगशैशिरिर्नामऋषिःतस्यगोत्रलक्षणाक्रांतत्वाद्गोत्रत्वं तद्गोत्राणामांगिरसबार्हस्पत्यभारद्वाजशौंगशैशिरेतिपंच आंगिरसबार्हस्पत्यभारद्वाजकात्याक्षीलेतिवा आंगिरसकात्याक्षीलेतित्रयोवा आद्योभरद्वाजोवा एषांसर्वैर्भरद्वाजैःसर्वैर्विश्वामित्रैश्चाविवाहः संकृतयः पूतिमाषाः तंडयइत्यादयोष्टाविंशत्यवराः संकृतयस्तेषामांगिरसगौरिवीतिसांकृत्येतित्रयः शाक्त्यगौरिवीतिसांकृत्येतिवा अंत्ययोर्व्यत्ययोवा एषांस्वगणस्थैःपूतिमाषादिभिः सर्वैर्वसिष्ठगणैश्चाहर्वसिष्ठसंज्ञकवक्ष्यमाणलौगाक्षिभिश्चाविवाहः केवलांगिरोगणैस्तुविवाहोभवत्येव आंगिरसत्वेपिसगोत्रत्वाभावात् त्रित्रिप्रवरसाम्याभावाच्च केचिद्भारद्वाजांगिरसत्वमाश्रित्यभारद्वाजशौंगशैशिरैःसहाविवाहमाहुः तन्न भारद्वाजत्वेदृढप्रमाणाभावात् प्रयोगपारिजातेकाश्यपैःसहैषामविवाहइत्युक्तंतत्रहेतुश्चिंत्यइतिकौस्तुभे लौगाक्षयः दार्भायणाः इत्यादयोष्टत्रिंशदधिकालौगाक्षयस्तेषांकाश्यपावत्सारवासिष्ठेतित्रयः काश्यपावत्सारासितेतिवा एतेअहर्वसिष्ठाःनक्तंकाश्यपाःदिनकर्मणिवासिष्ठत्वप्रयुक्तकार्यभाजः रात्रिकर्मणिकाश्यपत्वप्रयुक्तकार्यभाजइत्यर्थः एतेषांसर्वैःकाश्यपैःसर्वैश्चवसिष्ठैः संकृतिभिश्चाविवाहः ॥ ३ ॥

હવે દ્વિગોત્ર (બે ગોત્રવાળા) કહે છે.

ભારદ્વાજ ગોત્રમાં ઉત્પન્ન થયલા શુંગથકી વિશ્વામિત્ર ગોત્રવાળા શૈશિરની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો શૌંગશૈશિરિ નામનો જે ઋષિ તે ગોત્રલક્ષણેયુક્ત હોવાથી તેને ગોત્રપણું છે. તે ગોત્રના—આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, શૌંગ અને શૈશિર એ પાંચ પ્રવર. અથવા આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, કાત્ય અને આક્ષીલ એ પાંચ પ્રવર. અથવા આંગિરસ, કાત્ય અને આક્ષીલ એ ત્રણ પ્રવર. અથવા ભરદ્વાજ, કાત્ય અને આક્ષીલ એ ત્રણ પ્રવર છે. એમનો સર્વ ભરદ્વાજ, અને સર્વ વિશ્વામિત્રજોડે વિવાહ થતો નથી. સંકૃતિ, પૂતિમાષ અને તંડિ ઇત્યાદિક ઓછામાં ઓછા અઠ્ઠાવીશ સંકૃતિ છે. એમના—આંગિરસ, ગૌરવીતિ અને સાંકૃત્ય એ ત્રણ પ્રવર છે, અથવા શાકત્ય, ગૌરવીતિ અને સાંકૃત્ય એ ત્રણ પ્રવર. અથવા શાકત્ય, સાંકૃત્ય અને ગૌરવીતિ એ ત્રણ પ્રવર છે. એમનો; પોતાના ગણમાંના પૂતિમાષાદિક, સર્વ વસિષ્ઠગણ અને આગળ કહેવાશે એવા અહર્વસિષ્ઠસંજ્ઞક જે લૌગાક્ષિ એ સઘળાઓની જોડે વિવાહ થતો નથી. કેવળ અંગિરોગણજોડે તો એમનો વિવાહ થાયછેજ; કારણ, તે કેવળ આંગિરસ જો કે આંગિરસ છે તો પણ તેમનું ગોત્ર એક ન હોતાં તેમના પ્રવર પણ બે અથવા ત્રણ સમાન નથી. કોઈ ગ્રંથકાર એ સંકૃતિઓને ભારદ્વાજાંગિરસપણું અંગીકાર કરી એમનો ભારદ્વાજ જે શૌંગશૈશિરિ તેમનીજોડે વિવાહ થાય નહીં એમ કહે છે, પરતુ તે યોગ્ય નથી; કારણ, એમને ભારદ્વાજપણું હોવામાં પ્રબળ પ્રમાણ નથી. પ્રયોગપારિજાતમાં, કાશ્યપજોડે એમનો વિવાહ થતો નથી એમ કહ્યું છે, પરંતુ તેમાં હેતુ શું? એમ કૌસ્તુભમાં કહ્યું છે. લૌગાક્ષિ અને દાર્ભાયણ ઇત્યાદિક અડત્રીશ કરતાં અધિક લૌગાક્ષિ છે. એમના—કાશ્યપ, અવત્સાર અને વાસિષ્ઠ એ ત્રણ પ્રવર છે.

અથવા કાશ્યપ, અવત્સાર અને અસિત એ ત્રણ પ્રવર છે. એ લૌગાક્ષિને અહર્વસિષ્ઠ અને નક્તકાશ્યપ એમ કહે છે, એટલે તેઓ દિવસે કર્ત્તવ્યકર્મવિષે વાસિષ્ઠપણાના નિમિત્તથકી કાર્ય કરનારા અને રાત્રિએ કર્ત્તવ્યકર્મવિષે કાશ્યપપણાના નિમિત્તથકી કાર્ય કરનારા છે. એમનો સર્વ કાશ્યપ, સર્વ વસિષ્ઠ અને સંકૃતિજોડે વિવાહ થતો નથી.

अथस्मृत्यर्थसाराद्युक्ताद्विगोत्राः ॥ देवरातानांवैश्वामित्रदेवरातौदलेतित्रयः एतेषांसर्वैर्जामदग्न्यैर्विश्वामित्रैश्चाविवाहः १ धनंजयानांविश्वामित्रमाधुच्छंदसधानंजयेतित्रयः एषांसर्वैर्विश्वामित्रैरत्रिभिश्चाविवाहः अयंविश्वामित्रगणेप्रागुक्तः २ जातूकर्ण्यानांवासिष्ठात्रेयजातूकर्ण्येति एषांवसिष्ठैरत्रिभिश्चाविवाहः अयंवसिष्ठगणेसिंधावुक्तः ३ पूर्वमत्रिगणेप्युक्तानांवामरथ्यादीनामत्रिपुत्रिकापुत्राणांवसिष्ठात्रिभ्यामविवाहः अत्रिविश्वामित्राभ्यामितिकेचित् ४ पूर्वंभरद्वाजगणस्थऋक्षांतरगणत्वेनोक्तानां कपिलानामांगिरसबार्हस्पत्यभारद्वाजवांदनमातवचसेतिपंचप्रवराणांविश्वामित्रभरद्वाजाभ्यामविवाहः ५ पूर्वंविश्वामित्रेप्युक्तानांकतानांवैश्वामित्रकात्याक्षीलेतित्रिप्रवराणांविश्वामित्रभरद्वाजाभ्यामविवाहः ६ अनेनैवन्यायेनपरगोत्रोत्पन्नदत्तकादीनामिदानींतनानामपिद्विगोत्रत्वात् जनकप्रतिग्रहीतृपित्रोर्द्वयोरपिसगोत्रैःसहअविवाहोज्ञेयः नात्रपुरुषसंख्या तेनशतपुरुषोत्तरमपिद्विगोत्रत्वंनापैति क्षत्रियवैश्यौतुपुरोहितगोत्रप्रवरावितिसर्वसिद्धांतः ॥

હવે સ્મૃત્યર્થસારાદિક ગ્રંથમાં કહેલા દ્વિગોત્ર કહે છે—૧ દેવરાતના-વૈશ્વામિત્ર, દેવરાત અને ઔદલ એ ત્રણ પ્રવર છે. એ દેવરાતોનો સર્વ જામદગ્ન્ય અને સર્વ વિશ્વામિત્રજોડે વિવાહ થાય નહીં. ૨ ધનંજયના-વિશ્વામિત્ર, માધુચ્છંદસ અને ધાનંજય એ ત્રણ પ્રવર છે. એ ધાનંજયોનો સઘળા વિશ્વામિત્ર અને અત્રિજોડે વિવાહ થતો નથી. આ (ધનંજય) ગણ વિશ્વામિત્રગણમાં પ્રથમ કહ્યોછે. ૩ જાતૂકર્ણ્યના-વાસિષ્ઠ, આત્રેય અને જાતૂકર્ણ્ય એ ત્રણ પ્રવર જાણવા. એ જાતૂકર્ણ્યોનો વસિષ્ઠ અને અત્રિજોડે વિવાહ થતો નથી. નિર્ણયસિંધુમાં આ ગણ વસિષ્ઠગણમાં કહ્યો છે. ૪ પ્રથમ અત્રિગણમાં કહેલા જે અત્રિની કન્યાના પુત્ર વામરથ્યાદિક એમનો વસિષ્ઠ અને અત્રિજોડે વિવાહ થતો નથી. અત્રિ અને વિશ્વામિત્રજોડે વિવાહ થતો નથી એમ કોઈ ગ્રંથકાર કહે છે. ૫ પ્રથમ ભરદ્વાજગણમાંના ઋક્ષગણના પેટામાં કહેલા એવા આંગિરસ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, વાંદન અને માતવચસ એ પાંચ પ્રવરે યુક્ત જે કપિલ તેમનો વિશ્વામિત્ર, અને ભરદ્વાજજોડે વિવાહ થતો નથી. ૬ પ્રથમ વિશ્વામિત્રગણમાં કહેલા, વૈશ્વામિત્ર, કાત્ય અને આક્ષીલ એ ત્રણ પ્રવરે યુક્ત એવા કતોનો વિશ્વામિત્ર અને ભરદ્વાજ સાથે વિવાહ થતો નથી. એજ ન્યાયપ્રમાણે પરગોત્રમાં ઉત્પન્ન થએલા એવા વર્તમાનકાલના દત્તકાદિકોના પણ બે ગોત્ર છે માટે જનક પિતા અને દત્તક લેનાર પિતા એ બન્નેના સગોત્રીજોડે દત્તકાદિકોનો વિવાહ થાય નહી એમ જાણવું. એવિષે અમુક પુરૂષપર્યંત વિવાહ ન થાય એવી સંખ્યા ક્યાંય કહી નથી તેથી સો પુરૂષ (પેહેડી) પછી પણ દત્તકનું દ્વિગોત્રપણું દૂર થતું નથી. ક્ષત્રિય અને વૈશ્ય એ તો પુરોહિતનાં ગોત્ર અને પ્રવરવાળા છે, એ સર્વનો સિદ્ધાંત જાણવો.

अथस्वगोत्राज्ञाने ॥ उपनयनेयआचार्यस्तद्गोत्रप्रवरैरेवकर्माणिविवाहाविवाहौचेति आचार्यगोत्राज्ञानेतु दत्वात्मानंतुकस्मैचित्तद्गोत्रप्रवरोभवेत् ॥

હવે પોતાના ગોત્રની ખબર ન હોય તો તેનો નિર્ણય કહે છે.

પોતાના ગોત્રની ખબર ન હોય તો મૌંજી સમયે જે આચાર્ય હોય તેમનાં ગોત્ર અને પ્રવરવડેજ સર્વ કર્મ કરવાં અને વિવાહ થાય કે ન થાય એ પણ આચાર્યના ગોત્ર પ્રવર પ્રમાણે જોવું. આચાર્યના ગોત્રની ખબર ન હોય તો “ પોતાનું કોઈ એકને દાન કરી પોતે તે દાન લેનારનાં ગોત્ર પ્રવરે યુક્ત થવું.”

अथमातृगोत्रवर्जननिर्णयः ॥ तत्रमातृगोत्रपदेनमातामहगोत्रमेववर्ज्यं तच्चगांधर्वादिविवाहोढापुत्राणांसर्वेषांवर्ज्यं ब्राह्मविवाहोढापुत्राणांतुसर्वेषांमातामहगोत्रंनवर्ज्यं किंतुमाध्यंदिनानामेव मातृगोत्रंमाध्यंदिनीयानामितिसत्याषाढवचनात् तथैवसर्वत्रशिष्टाचाराच्च ॥

હવે માતૃગોત્ર વર્જ્ય કરવું તેનો નિર્ણય કહે છે.

વિવાહવિષે માતાનું ગોત્ર વર્જ્ય કરવું એમ જે કહ્યું છે તે ઠેકાણે માતામહનું ગોત્રજ વર્જ્ય કરવું. માતામહ ગોત્ર વર્જ્ય કરવું તે ગાંધર્વાદિક વિવાહે પરણેલી સ્ત્રીના સર્વે પુત્રોએ વર્જ્ય કરવું. બ્રાહ્મવિવાહ કરી પરણેલી સ્ત્રીના સર્વ પુત્રોએ માતામહ ગોત્ર વર્જ્ય કરવું નહીં, ત્યારે માત્ર માધ્યંદિનીયોનેજ માતામહ ગોત્ર વર્જ્ય કરવાનું છે. કારણ, "માતૃગોત્ર (માતામહ ગોત્ર) માધ્યંદિની શાખાવાળાઓએજ વર્જ્ય કરવું." એવું સત્યાષાઢનું વચન છે, અને તેવોજ સર્વ શિષ્ટોનો આચાર પણ છે.

अथसगोत्रादिविवाहादौप्रायश्चित्तम् ॥ तत्राज्ञानतःसगोत्रसप्रवरविवाहे कन्यांत्यक्त्वा चांद्रायणंप्रायश्चित्तंकार्यं ज्ञानतोद्विगुणं एवंकन्यायाएतदर्धं एवंसपिंडायाविवाहेपि त्यागश्चब्राह्मण्याः संभोगधर्मकार्ययोरेव मातृवत्परिपालयेदित्यन्नादिनापालनोक्तेः यस्तुसगोत्रादिकांविवाह्योपगच्छति तस्याज्ञानेविवाहप्रयुक्तचांद्रायणंसगोत्रागमनप्रयुक्तंचांद्रायणद्वयाधिकं ज्ञानतस्तुअधिकंकल्प्यमितिकेचित् अन्येतुगुरुतल्पव्रताच्छुध्येदितिगुरुतल्पसाम्योक्तेःषडब्दंप्रायश्चित्तं अज्ञानतस्त्र्यब्दंचांद्रायणत्रयं वेत्याहुः अज्ञानतःसगोत्रादिषूत्पन्नानांजनकप्रायश्चित्तोत्तरंकाश्यपगोत्रेणव्यवहारःकार्योनतुत्यागःज्ञानतस्तुसगोत्राद्युत्पन्नानांचांडालत्वमेव आरूढपतितापत्यंब्राह्मण्यांयश्चशूद्रजः सगोत्रोढासुतश्चैवचांडालास्त्रयईरिताइतियमस्मृतेः ॥

હવે એક ગોત્રાદિકમાં વિવાહાદિક થયો હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કહે છે.

એક ગોત્રવાળી અને સમાન પ્રવરવાળી કન્યાજોડે અજાણમાં વિવાહ થયો હોય તો તે કન્યાનો ત્યાગ કરી ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું. જાણીને વિવાહ થયો હોય તો બમણું (બે ચાંદ્રાયણ) પ્રાયશ્ચિત્ત કરવું. એ રીતે કન્યાએ એનું અર્ધ પ્રાયશ્ચિત્ત કરવું. એ રીતે સપિંડમાંની કન્યાજોડે વિવાહ થયો હોય તો પણ એજ નિર્ણય જાણવો. બ્રાહ્મણી સ્ત્રીનો માત્ર સંભોગ અને ધર્મકાર્યવિષેજ ત્યાગ કરવો, પરંતુ "માતાનીપેઠે તે સ્ત્રીનું પાલન કરવું," એવું વચન છે તેથી અન્નાદિકવડે તેનું રક્ષણ કરવું. જે પુરુષ સગોત્ર કન્યાજોડે અજાણમાં, વિવાહ કરી તેનું ગમન કરે તો તેણે સગોત્ર કન્યાજોડે વિવાહ થયો તેનું એક ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરી સગોત્ર કન્યાનું ગમન કર્યું તેથી બે ચાંદ્રાયણ કરતાં અધિક પ્રાયશ્ચિત્ત કરવું, જાણીને સગોત્ર કન્યાજોડે નિવાહાદિક થયાં હોય તો પ્રથમ કરતાં અધિક પ્રાયશ્ચિત્ત કરવું એમ કોઈ ગ્રંથકારો કહેછે. બીજા ગ્રંથકારો તો, "ગુરુસ્ત્રીમાં ગમન કરનારનું જે પ્રાયશ્ચિત્ત તે કરવાથી શુદ્ધ થાય છે," એવું વચન છે એટલે સગોત્રની કન્યા ગુરુપત્ની સમાન છે એવું વચન હોવાથી ષડબ્દ પ્રાયશ્ચિત્ત કરવું; અજ્ઞાનથી થયાં હોય તો ત્રણ અબ્દ અથવા ત્રણ ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવાં એમ કહે છે. અજાણે સગોત્રા આદિ કન્યાવિષે ઉત્પન્ન થયેલા પુત્રોનો સઘળો વ્યવહાર, તેના પિતાએ પ્રાયશ્ચિત્ત કીધા પછી કાશ્યપગોત્રવડે કરવો, પણ તેનો ત્યાગ કરવો નહીં. જાણીને સગોત્રા આદિ કન્યાવિષે ઉત્પન્ન થયેલા પુત્રોને તો ચાંડાલત્વજ છે; કારણ, "આરૂઢપતિત(ઉત્તમ આશ્રમથકી ઉતરેલા)નું સંતાન, બ્રાહ્મણી સ્ત્રીમાં શૂદ્રથકી ઉત્પન્ન થયેલો પુત્ર, અને સગોત્રા કન્યાનો વિવાહ કરી તેથી ઉત્પન્ન થયેલો પુત્ર એ ત્રણે ચાંડાલ કહ્યા છે," એવી યમસ્મૃતિ છે.

अथान्येपिविवाहेनिषेधाः ॥ प्रत्युद्वाहोनैवकार्योनैकस्मैदुहितृद्वयं नचैकजन्ययोःपुंसोरेकजन्येतुकन्यके अत्रापवादः सोदरयोःसोदरकन्यके वत्सरादिकालव्यवधानेमहानद्यादिव्यवधानेवावेये पूर्वकन्यायादत्तायाःमृतौतस्यैववरस्यद्वितीयाकन्यादेया प्रत्युद्वाहोदारिद्र्यादिसंकटेकार्यः सोदराणांतुल्यसंस्कारोवर्षमध्येनिषिद्धः गृहनिर्माणविवाहौवर्षांतर्नेकार्यौ गृहप्रवेशस्यनिषेधाभावाद्गृहप्रवेशोत्तरंविवाहःकार्यः सोदरयोःपुत्रयोःकन्यापुत्रयोर्वाकन्ययोर्वाविवाहौषण्मासाभ्यंतरेविशेषतोनिषिद्धौ पुरुषत्रयात्मककुलेविवाहान्मौंजीवंधःषण्मासेनिषिद्धः षण्मासेशुभकार्यत्रयंनकार्यं अत्रशुभकार्यपदेनमौंजीविवाहावेव तेनगर्भाधाननामकर्मादिसंस्काराणांनत्रित्वनिषेधः नवागर्भाधानादिनाचतुष्ट्वादिसंपादनंनाग्निकार्यत्रयंभवेदित्यनेनैकवाक्यतालाघवादितिभाति भिन्नोदराणामग्निकार्यत्रयंनदोषायेतिकश्चित्केचिन्नकुर्यान्मंगलत्रयमित्यस्यभिन्नार्थत्वंस्वीकृत्ययत्किंचिच्छुभकार्याणामपित्रित्वंनशुभमित्याहुः पुरुषोद्वाहा

त्युद्वाहःषण्मासाभ्यंतरेनिषिद्धः ज्येष्ठमंगलाल्लघुमंगलंनकार्यं बहिर्मंडपेविहितंज्येष्ठमंगलं तद्भिन्नंलघु गर्भाधानादिकस्यप्राप्तकालस्यननिषेधः एवंशांत्यादेरपिनैमित्तिकस्यप्राप्तकालस्यननिषेधः अतिपन्नस्यत्वयंनिषेधः एवंव्रतोद्यापनादीनांवास्तुप्रवेशादीनांचलघुत्वादेवविवाहाद्युत्तरंनिषेधः इदंनिषेधचतुष्टयं त्रिपुरुषात्मककुलेषण्मासाभ्यंतरएव एवंमुंडनद्वयनिषेधंव्रतबंधाच्चौलनिषेधंचकेचिदाहुः ॥

હવે બીજા પણ વિવાહવિષે નિષેધ કહે છે.

“પ્રત્યુદ્વાહ (પોતાની કન્યા જેના પુત્રને દીધી તેની કન્યા પોતાના પુત્રમાટે લેવી તે) કરવો નહીં. એક વરનું બે સગી બેહેન દેવી નહીં. તેમ સગા બે ભાઇને સગી બે બેહેનો દેવી નહીં,” એવિષે બાધ કહે છેઃ—સગા બે ભાઇને સગી બે બેહેનો દેવી હોય તો એક વર્ષ ઇત્યાદિ કાલને અંતરાયે એટલે એક ભાઇના વિવાહ પછી એક વર્ષ ઇત્યાદિ કાલ ગયા પછી બીજા ભાઇને બીજી કન્યા દેવી. અથવા મહાનદીનું અંતર હોય તો દેવી. પ્રથમ દીધેલી કન્યા મૃત થઈ હોય તો તેજ વરને બીજી કન્યા દેવી. દરિદ્રપણું ઇત્યાદિક સંકટ હોય તો પ્રત્યુદ્વાહ કરવો. સગા ભાઈ અથવા સગી બેહેનોના સમાન (એકજ) સંસ્કાર એક વર્ષમાં કરવા નહીં. ઘર બાંધવું અને વિવાહ એ બન્ને એક વર્ષમાં કરવાં નહીં. ઘરમાં પ્રવેશ કરવાનો નિષેધ નથી માટે ગૃહપ્રવેશ પછી વિવાહ કરવો. સગા બે પુત્ર, અથવા એક કન્યા અને પુત્ર અથવા બે સગી કન્યા એમનો વિવાહ છ માસની માંહ્ય વિશેષે નિષિદ્ધ છે એટલે એક સંતાનનો વિવાહ કીધા પછી છ માસમાં બીજાં સહોદર સંતાનનો વિવાહ કરવો નહીં. ત્રિપુરૂષ કુલમાં વિવાહ થયા પછી છ માસપર્યંત મૌંજી કરવી નહીં, છ માસની માંહ્ય ત્રણ શુભકાર્ય કરવાં નહીં. એમાં શુભકાર્ય એ પદથકી મૌંજી અને વિવાહનોજ નિષેધ કીધો છે, તેથી ગર્ભાધાન, નામકરણ ઇત્યાદિક ત્રણ સંસ્કાર કરવાનો નિષેધ નથી. અથવા ગર્ભાધાનાદિક કરવાથી ચાર ઇત્યાદિ કાર્ય કરવાં નહીં. “ત્રણ અગ્નિકાર્ય થતાં નથી.” એ વાક્યજોડે એક અર્થ થવાથી લાઘવ (ગુણ) થાય છે, માટે એમ ભાસે છે. જુદી માતાથી ઉત્પન્ન થયાં હોય તેમનાં ત્રણ અગ્નિકાર્ય થવાથી દોષ નથી, એમ કોઈ ગ્રંથકાર કહે છે. કોઈ ગ્રંથકાર “ત્રણ મંગળકાર્ય કરવાં નહીં,” એ વાક્યને ભિન્નાર્થકપણું માની કોઈપણું ત્રણ શુભકાર્ય કરવાં નહીં, એમ કહે છે. ૧ પુત્રનો વિવાહ કીધા પછી છ માસમાં કન્યાનો વિવાહ કરવો નહીં. ૨ જ્યેષ્ઠમંગળ કીધા પછી લઘુમંગળ કરવું નહીં. બાહેર મંડપમાં જે કરવાનું તે જ્યેષ્ઠમંગળ; અને તેથી જુદું તે લઘુમંગળ. જેનો સમય પ્રાપ્ત થયો છે એવા ગર્ભાધાનાદિક સંસ્કારનો નિષેધ નથી. નિમિત્તવડે પ્રાપ્ત છે કાલ જેનો એવાં શાંતિ ઇત્યાદિક નૈમિત્તિક કર્મનો નિષેધ નથી. ૩ જેનો કાલ વ્યતીત થઈ ગયો હોય તેનો માત્ર એ નિષેધ જાણવો. ૪ એ રીતે વ્રતનાં ઉદ્યાપનાદિક અને ગૃહપ્રવેશ આદિકને લઘુપણું હોવાથીજ વિવાહાદિક કીધા પછી એમનો નિષેધ છે. એ જે ચાર નિષેધ કહ્યા તે ત્રિપુરૂષરૂપ કુલમાં અને છ માસની માંહ્યજ જાણવા. એ રીતે બે મુંડનકર્મનો નિષેધ અને મૌંજી થયા પછી ચૌલસંસ્કારનો નિષેધ એ બે નિષેધ કોઈ ગ્રંથકાર કહે છે.

अथैषामपवादाः ॥ सोदराणामपिसमानसंस्कारौविवाहौचसंकटेअब्दभेदात्कार्यौ चतुर्दिनव्यवधानादेकदिनव्यवधानाद्वाकार्यौ अतिसंकटेएकदिनेकर्तृभेदेनमंडपभेदेनवाकार्यौ द्वाभ्यांकर्तृभ्यांएकस्मिन्नपिलग्नेएकस्मिन्नपिगृहेभिन्नोदर्योर्विवाहःकार्यः एवंपूर्वोक्तनिषेधचतुष्टयेपिवर्षभेदेदोषाभावः यमलयोरेककालेएकमंडपेवासमानसंस्काराणांनदोषः एवंमातृभेदेपिषण्मासाभ्यंतरेसमानसंस्कारेदोषो न मातृभेदेएकजातकन्ययोरेकदिनेएकमंडपेपिवेदीभेदेनविवाहोनदोषायेतिकेचित् पुरुषत्रयात्मककुले मंगलकार्योत्तरंषण्मासाभ्यंतरेमुंडनयुक्तंकर्मनकार्यं अत्रसर्वत्रपुरुषत्रयगणनाप्रकारःप्रतिकूलविचारेस्पष्टीकरिष्यते मुंडनकर्मतुचौलंनागसंस्कारादिकमाधानादिकमभ्युदयार्थमैच्छिकसर्वप्रायश्चित्तादिकं क्षौरप्रापकतीर्थयात्रादिकंचोह्यं व्रतबंधस्तुकात्यायनमतेमंगलरूपत्वाद्विवाहाद्युत्तरंकार्यः अन्येषांमतेमुंडनरूपत्वान्नकार्यः पित्रोरंत्यक्रियादिप्राप्तमुंडनमाकस्मिकप्राप्तप्रायश्चित्तमुंडनमासन्नमरणेनसर्वप्रायश्चित्तीयमुंडनंचकर्तव्यमेव नित्यत्वाद्दर्शपूर्णमासचातुर्मास्यादिमुंडनेपिनदोषः नचमुंडनंचौलमित्युक्तंव्रतोद्वाहौतुमंगलमितिवचसामंडनमुंडनयोःपरिगणनादाधानादीनांनदोषइतिवाच्यं वाक्यस्योदाहरणार्थत्वात् अन्यथाव्रतोद्वाहाश्चौलकमित्येववक्तव्ये मंडनाच्चतुमुंडनमितिसामान्येनवचनरचनानर्थक्यापातात् तस्माद्गर्भाधानादिलघुमंगलादुद्वाहादिज्येष्ठमंगलाच्चाधानादिमुंडनमपिवर्ज्यमितिभाति एवंसतिकुले

बहुकर्मोपरोधःस्यादितिचेत् विवाहव्रतचूडोत्तरमंगलेषुपिंडदानादौ मासाद्यल्पकालप्रतिबंधवत्पित्राद्यन्यमरणेल्पकालप्रतिकूलनिर्णयवच्चलघुमंगलोत्तरंमासाद्यल्पकालमुंडननिषेधकल्पनंयुक्तिबलादाश्रयणीयमितिभाति अत्रविषयेप्राचीननिबंधेषुविशेषोनदृश्यते तथापिधाष्ट्येनमयोक्तोविशेषोयुक्तश्चेद्ग्राह्यः इतिमंडनमुंडननिर्णयः ॥

હવે એ નિષેધોનો અપવાદ (બાધ) કહે છે.

સગા બે ભાઇના પણ સમાન (એકસરખા) સંસ્કાર અને વિવાહ સંકટ હોય તો વર્ષભેદવડે (સંવત્ અથવા શક બદલે તો) કરવા. અથવા ચાર દિવસને અંતરે કિંવા એક દિવસને અંતરે કરવા. અતિસંકટ હોય તો એક દિવસે કર્ત્તાને ભેદે અથવા ભિન્ન મંડપમાં કરવા. બે કર્ત્તા હોય તો એક લગ્નમાં, અને એક ઘરમાં ભિન્નોદરનો વિવાહ કરવો. એ રીતે પ્રથમ કહેલા ચાર નિષેધ વિષે પણ વર્ષભેદ હોય તો દોષ નથી. બેલડાંના એક કાલે અથવા એક મંડપમાં એકસરખા સંસ્કાર કરવાનો દોષ નથી. માતા ભિન્ન હોય તો ૭ માસમાં સમાન સંસ્કાર કરવામાં દોષ નથી. એક પુરૂષની બે કન્યાઓની માતા ભિન્ન હોય તો તે કન્યાઓનો વિવાહ એક દિવસે અને એક મંડપમાં વેદીમાત્ર ભિન્ન કરી, કરવામાં દોષ નથી એમ કોઈ કહે છે. ત્રિપુરૂષરૂપ કુલમાં મંગળકાર્ય કીધા પછી ૭ માસમાં મુંડનયુક્ત કર્મ કરવું નહીં. આ સઘળા વિષયોમાં ત્રણ પુરૂષ ગણવાનો પ્રકાર પ્રતિકૂલના વિચારપ્રસગવિષે સ્પષ્ટ કહેવાશે. મુંડનકર્મ કયાં તે કહે છે. ચૌલ, નાગબલિ આદિક, અગ્નિહોત્રગ્રહણાદિક, પોતાનો ઉત્કર્ષ થવામાટે ઇચ્છાપ્રાપ્ત એવાં સર્વ પ્રાયશ્ચિત્તાદિક અને ક્ષૌરનું કારણ તીર્થયાત્રાદિક એ સર્વે મુંડનકર્મ જાણવાં. કાત્યાયનને મતે વ્રતબંધ (મૌંજી) તો મંગળરૂપ છે માટે વિવાહાદિક કીધા પછી કરવો. બીજાઓને મતે વ્રતબંધ મુંડનરૂપ છે માટે તે કરવો નહીં. માતા, પિતાની અંત્યક્રિયા ઇત્યાદિ માટે પ્રાપ્ત થયેલું મુંડન, અકસ્માત પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્તસંબંધી મુંડન, અને મરણસમય સમીપમાં આવ્યાથી કર્ત્તવ્ય જે સર્વ પ્રાયશ્ચિત્તસંબંધી મુંડન એ અવશ્ય કરવાં. દર્શ, પૂર્ણમાસ અને ચાતુર્માસ્ય ઇત્યાદિસંબંધી મુંડન નિત્ય છે માટે તે કરવામાં દોષ નથી. “ચૌલ એ મુંડન અને મૌંજી તથા વિવાહ એ મંગળ છે,” એ વચનવડે મંગળ અને મુંડન લેખી બતાવ્યાં છે તેથી આધાનાદિક કરવામાં દોષ નથી એમ કહેવું નહીં; કારણ, એ વચન જે કહ્યું તે કેવળ ઉદાહરણ દેખાડવામાટે કહ્યું છે. જો એમ ન માનિએ તો, “મૌંજી અને વિવાહ કીધા પછી ચૌલ ન કરવું” એમ કહેવું હતું તેને ન કહેતાં “મંડન (મંગળ) પછી મુંડન કરવું નહીં.” એ રીતે–સામાન્યપણે જે વચન કહ્યુ તે વ્યર્થ કહ્યુ એવો દોષ પ્રાપ્ત થશે, માટે ગર્ભાધાનાદિક લઘુમંગળ અને વિવાહાદિક જ્યેષ્ઠમંગળ, એ થયાં હોય તો અગ્ન્યાધાનાદિક મુંડન પણ વર્જ્ય કરવાં એમ ભાસે છે. એમ થવાથી કુટુંબમાં અનેક કર્મ બંધ રહેશે એમ હોય તો વિવાહ, મૌંજી અને ચૌલ એ જ્યેષ્ઠમંગળ થયા પછી પિંડદાનાદિકવિષે જેમ એક માસ ઇત્યાદિક અલ્પકાલના પ્રતિબંધનો નિર્ણય અને માતા, પિતા કરતાં અન્ય કોઈ મૃત થયો હોય તો અલ્પકાલપર્યંત જેમ પ્રતિકૂલ થાય છે એવો નિર્ણય કહ્યો છે તેમ લઘુમંગળ થયા પછી એક માસ ઇત્યાદિક અલ્પકાલપર્યંત મુંડનનાં નિષેધની કલ્પના કરવી એ યુક્તિબળથી માનવું એમ મને ભાસે છે. આ વિષયમાં પ્રાચીન ગ્રંથોમાં ક્યાંય પણ નિર્ણય જોવામાં આવતો નથી, તથાપિ આ વિશેષ મેં મ્હારી ધૃષ્ટતા(ધીઠાઈ)થી કહેલો છે, તે યોગ્ય ભાસે તો ગ્રહણ કરવો. એ પ્રમાણે મંડન અને મુંડનનો નિર્ણય કહ્યો.

अथप्रतिकूलविचारः ॥ विवाहनिश्चयोत्तरंवरस्यकन्यायावासगोत्रत्रिपुरुषात्मककुलेकस्यचिन्मरणेप्रतिकूलदोषः विवाहनिश्चयश्चवैदिकोलौकिकोवाग्राह्यः तत्रवैदिकोवाग्दानाख्यविधिनाकृतोमुख्यः लौकिकोलग्नतिथिनिश्चयादिर्वरवध्वोःशुल्कभाषाबंधपूगीफलदानादिश्च सगोत्रत्रिपुरुषेत्युक्त्यामातामहकुलादिव्यावृत्तिः तथाचवरस्तत्पूर्वपत्नीवरमातापितरौवरपितामहपितामह्यावनूढापितृष्वसाचेतिपूर्वेत्रिपुरुषी वरस्तस्यभ्रातापत्नीपुत्रानूढकन्यासहितोवरस्यानूढाभगिनीवरस्यस्नुषापुत्रौअनूढाकन्याचपौत्रस्तद्भार्याचानूढापौत्रीचेतिपरत्रिपुरुषी पितृव्यतत्पत्न्यौपितृव्यपुत्रस्तत्पत्न्यावनूढापितृव्यकन्याचेतिसंतानभेदेत्रिपुरुषीचेति सगोत्रत्रिपुरुषीपुरुषपरिगणना एतेषामन्यतममरणेप्रतिकूलमितिपर्यवसितोर्थः अत्रभ्रातापुत्रपौत्रादिश्चानुपनीतोपित्रिवर्षाधिकवयाग्राह्यः एवमनूढभगिन्यादेरपित्रिवर्षाधिकत्वंयुक्तंभाति एवंवधूकुलेप्यूह्यं एवमेवमंडनमुंडनादावपित्रिपुरुषगणनोह्या ॥

હવે પ્રતિકૂલનો વિચાર કહે છે.

વિવાહનો નિશ્ચય થયા પછી વર અથવા કન્યાનાં સગોત્ર ત્રિપુરૂષરૂપ કુલમાં કોઈ મૃત થાય તો પ્રતિકૂલ દોષ થાય છે. વિવાહનો નિશ્ચય લેવો તે વૈદિક અથવા લૌકિક એ બેમાંથી એક લેવો. તેમાં વાગ્દાનવિધિવડે જે નિશ્ચય થયો તે વૈદિક અને મુખ્ય પણ એજ છે. લગ્ન અને તિથિ એનો નિશ્ચય ઇત્યાદિ; વર અને કન્યાને જે અલંકારાદિક દેવા તેનો પરસ્પર ભાષાબંધ (કરાર); અને સોપારી દેવી ઇત્યાદિક તે લૌકિક નિશ્ચય છે. 'સગોત્ર ત્રિપુરૂષ' એમ કહેવાથી માતામહ કુલાદિકની નિવૃત્તિ થઈ. હવે ત્રિપુરૂષ કયા તે કહે છે.–વર, તેની પ્રથમ પરણેલી સ્ત્રી, વરની માતા, પિતા, પિતામહ, પિતામહી અને ન પરણેલી પિતાની બેહેન (ફોઈ) એ પૂર્વ ત્રિપુરૂષી છે. વર, તેનો ભાઈ, ભાઇની સ્ત્રી, ભાઇનો પુત્ર, કુવારી એવી ભાઈની કન્યા, કુવારી એવી વરની બેહેન, વરનો પુત્ર અને તેની સ્ત્રી, વરની કુવારી એવી કન્યા, વરનો પોતરો અને તેની સ્ત્રી અને કુવારી એવી વરની પોતરી એ પરત્રિપુરૂષી છે. વરનો કાકો, કાકી, કાકાનો પુત્ર, તેની સ્ત્રી અને કુવારી એવી કાકાની કન્યા અને સંતાનભેદ હોય તો તે ત્રિપુરૂષી, એ પ્રમાણે સગોત્ર ત્રિપુરૂષીના પુરૂષની સંખ્યા જાણવી. એ જે કહ્યા તેમાંનો કોઈપણ મૃત થાય તો પ્રતિકૂલદોષ થાય એ છેવટનો અર્થ જાણવો. આ પ્રતિકૂલવિષે ભાઈ, પુત્ર અને પોતરો ઇત્યાદિકની મૌંજી થઈ ન હોય તો પણ તે ત્રણ વર્ષ કરતાં અધિક વયનો હોય તે લેવો. એ પ્રમાણે કુવારી બેહેન ઇત્યાદિક પણ ત્રણ વર્ષ કરતાં અધિક વયની હોય તે લેવી એ યોગ્ય ભાસે છે. એ રીતે કન્યાના કુલમાં પણ એજ નિર્ણય જાણવો. એજ રીતે મંડન અને મુંડન આદિવિષે પણ ત્રિપુરૂષની સંખ્યા જોડવી.

अत्रविशेषः ॥ पितामातापितामहःपितामहीपितृव्यः पूर्वपत्नीपूर्वस्त्रियाःपुत्रो भ्रातानूढाभगिनीचैतेषांमरणेविशेषतःप्रतिकूलदोषान्नैवकर्तव्योविवाहः एतदन्यत्रिपुरुषसपिंडमरणेशांत्यादिनादोषंपरिहृत्यविवाहःकार्यः संकटेतुपित्रादिमरणेपिकालप्रतीक्षाशांतिभ्यांदोषंनिर्हृत्यविवाहःकार्यः तत्रव्यवस्था निश्चयोत्तरंमातापित्रोर्द्वयोरपिमरणेकालप्रतीक्षाशांतिभ्यामपिदोषशांत्यभावान्नकार्योविवाहः मातापित्रोरेकैकमरणेतुशांत्यादिनाविवाहः तत्रपितुरब्दमिहाशौचंतदर्धंमातुरेवच मासत्रयंतुभार्यायास्तदर्धंभ्रातृपुत्रयोः अन्येषांतुसपिंडानामाशौचंमाससंमितं तदंतेशांतिकंकृत्वाततोलग्नंविधीयते प्रतिकूलेनकर्तव्यंलग्नंयावदृतुत्रयं प्रतिकूलेसपिंडस्यमासमेकंविवर्जयेदित्यादिवाक्याश्रयेणव्यवस्थोच्यते अत्राशौचपदेनप्रतिकूलकृतंविवाहानधिकारमात्रंकालप्रतीक्षार्थमुच्यते अतःपितृमरणेवर्षोत्तरंविनायकशांतिंकृत्वासंकटेविवाहःकार्यः अतिसंकटेषण्मासोत्तरंविनायकशांतिंश्रीपूजनादिशांतिंचकृत्वाविवाहःततोप्यतिसंकटेमासोत्तरंशांतिद्वयांतेविवाहइतिसंकटतारतम्येनपक्षत्रयं मातुर्मरणेषण्मासांते विनायकशांत्याविवाहः अतिसंकटेमासांतेशांतिद्वयंकृत्वोद्वाहः यत्तु प्रमीतौपितरौयस्यदेहस्तस्याशुचिर्भवेत् नदैवंनापिपित्र्यंयावत्पूर्णोनवत्सरइतिपित्रोर्मृतौवर्षपर्यंतंसर्वशुभकर्मनिषेधवचनंतत्प्राङ्निश्चयात्पित्रोर्मृतौसंकटाभावेवाज्ञेयं भार्यामरणेमासत्रयांतेमासांतेवाश्रीपूजनादिशांतिःभ्रातृमरणेसार्धमासांतेमासांतेवाविनायकशांतिः पुत्रमृतौसार्धमासंमासंवाप्रतीक्ष्यश्रीपूजनादिशांतिः पितृव्यमरणेमासांतेविनायकशांतिः पितामह्याअनूढभगिन्याश्चमरणेमासांतेश्रीपूजनादिशांतिः एतदन्यत्रिपुरुषसपिंडमरणेमासांतेश्रीपूजनादिशांतिः ततोविवाहः गुणवद्वरमातुर्मृतौषण्मासैर्नमनःखेदानपगमेवर्षंप्रतीक्षाएवंगुणवद्वरभार्यायाःषण्मासपर्यंतंप्रतीक्षा ज्योतिःप्रकाशेतु अतिसंकटवशेनमात्रादिमरणेमासाधिकप्रतीक्षायाअसंभवेमासमध्येपिदशाहोत्तरंकंचित्कालंप्रतीक्ष्योक्तव्यवस्थया विनायकशांतिंश्रीपूजनादिशांतिंचकृत्वागांदत्वापुनर्वाग्दानादिचरेदित्युक्तं सर्वोप्ययमपवादःसंकटेषुतारतम्येनबुधैर्योज्यः अल्पसंकटविषयेमहासंकटविषयकविधिकथनेवक्तुःकर्तुश्चदोषएव दुर्भिक्षराष्ट्रभंगादिभयेपित्रोर्मरणाशंकायांचनप्रतिकूलंदीर्घरोगिदूरदेशस्थविरक्तानांकन्यायाःप्रौढत्वेचप्रतिकूलदोषोनेत्यपवादः ॥

કરવો. તેમાં વ્યવસ્થા કહે છે. વિવાહનો નિશ્ચય કીધા પછી માતા અને પિતા એ બન્નેનું મરણ થાય તો કાલની પ્રતીક્ષા અને શાંતિ કરવાથી પણ દોષ નિવૃત્ત થતો નથી, માટે વિવાહ કરવો નહીં. માતા અને પિતા એ બેમાંથી એક મરણ પામે તો શાંતિ ઇત્યાદિક કરી વિવાહ કરવો. તેમાં, "વિવાહવિષે પિતાનું એક વર્ષપર્યંત આશૌચ, માતાનું છ માસ આશૌચ, સ્ત્રીનું ત્રણ માસ આશૌચ, ભાઈ અને પુત્રનું દોઢ માસનું આશૌચ અને બીજા સાપિંડોનું એક માસ આશૌચ. તે આશૌચની નિવૃત્તિ થયા પછી શાંતિ કરી વિવાહ કરવો. પ્રતિકૂલ દોષ હોય તો છ માસપર્યંત લગ્ન કરવું નહીં. સાપિંડસબંધી પ્રતિકૂલ હોય તો એક માસ વર્જ્ય કરવો," ઇત્યાદિક વચનના આશ્રયથી એની વ્યવસ્થા કહે છે,- આ વાક્યમાં 'આશૌચ' એ શબ્દવડે પ્રતિકૂલથકી થયેલો વિવાહનો માત્ર અનધિકાર, કાલની પ્રતીક્ષા (સમય વ્યતીત) કરવામાટે કહ્યો છે; તેથી પિતા મૃત થયો હોય તો એક વર્ષ પછી વિનાયકશાંતિ કરી સંકટ હોય તો વિવાહ કરવો. અતિ સંકટ હોય તો છ માસ પછી વિનાયકશાંતિ અને શ્રીપૂજનાદિક શાંતિ કરી વિવાહ કરવો. તેથી અતિ સકટ હોય તો એક માસ પછી પૂર્વોક્ત બન્ને શાંતિ કરી વિવાહ કરવો, એ પ્રમાણે સંકટને અનુસારે (ન્યૂનાધિકપણાએ) ત્રણ પક્ષ કહ્યા. માતા મૃત થઈ હોય તો છ માસ વીત્યા પછી વિનાયકશાંતિ કરી વિવાહ કરવો. અતિ સકટ હોય તો એક માસ પછી બન્ને શાંતિ કરી વિવાહ કરવો. "જેનાં માતા અથવા પિતા મરણ પ્રાપ્ત થયાં હોય તેનું દેહ એક વર્ષપર્યંત અપવિત્ર રહે છે, માટે વર્ષ પુરૂં થવાપર્યંત દૈવ અને પિત્ર્યકર્મવિષે તેને અધિકાર નથી," એ રીતે માતાપિતાનાં મરણ થવા પછી એક વર્ષપર્યંત સર્વ શુભ થયાં કર્મનો નિષેધ કરનારૂં જે વચન તે વિવાહના નિશ્ચય કરવાથકી પ્રથમ માતા પિતા મૃત હોય અને વિવાહ કરવો હોય અથવા સંકટ ન છતાં વિવાહ કરવો હોય તો તેવિષે જાણવું. સ્ત્રી મૃત થઈ હોય તો ત્રણ માસ પછી અથવા એક માસ પછી શ્રીપૂજનાદિક શાંતિ કરવી. ભાઈ મૃત થયો હોય તો દોઢ માસ અથવા એક માસ વીત્યા પછી વિનાયકશાંતિ કરવી. પુત્ર મૃત થયો હોય તો દોઢ અથવા એક માસ પ્રતીક્ષા કરી શ્રીપૂજનાદિક શાતિ કરવી. કાકો મૃત થયો હોય તો એક માસની અંતે વિનાયકશાંતિ કરવી. દાદી અથવા કુંવારી બેહેન મૃત થઈ હોય તો એક માસની અંતે શ્રીપૂજનાદિક શાંતિ કરવી. એ ઉપર કહેલા કરતાં અન્ય ત્રિપુરૂષ સાપિંડમાંનો કોઈ મૃત થયો હોય તો એક માસ પછી શ્રીપૂજનાદિક શાંતિ કરવી. ત્યાર પછી વિવાહ કરવો. અતિ ગુણવતી માતા મૃત થઇ હોય તેનો શોક છ માસે મનમાંથી નિવૃત્ત ન થાય તો એક વર્ષ પ્રતીક્ષા કરવી એ રીતે અતિ ગુણવાળી સ્ત્રી મૃત થઈ હોય તો છ માસપર્યંત પ્રતીક્ષા કરવી. જ્યોતિઃપ્રકાશ ગ્રંથમાં તો માતા ઇત્યાદિક મૃત થયલ હોય અને અતિ સંકટ હોતાં એક માસ કરતાં અધિક પ્રતીક્ષા કરવાનો સભવ ન હોય તો માસની માંહ્ય પણ દશ દિવસ ગયા પછી કાંઈએક કાલની પ્રતીક્ષા કરી પૂર્વોક્ત વ્યવસ્થા પ્રમાણે વિનાયકશાંતિ અને શ્રીપૂજનાદિક શાંતિ કરી ગૌદાન કરી ફરી વાગ્દાનાદિક કરવું એમ કહ્યું છે. આ સઘળો અપવાદ કહ્યો તે અતિસકટ છતાં વિદ્વાનોએ ન્યૂનાધિક વિચાર કરી જોડવો. અલ્પ સંકટના વિષયમાં મહાસંકટસબંધી વિધિ કહે તો બતાવનારો અને કર્ત્તા એ બન્નેને દોષ છે. દુષ્કાલ, દેશભગ ઇત્યાદિક ભય અને માતા, પિતાના મરણની શંકા એનેવિષે પ્રતિકૂલદોષ નથી. ઘણા કાલનો રોગી, દૂર દેશાવરમાં રહેલો અને વિરક્ત એમને વરાવેલી કન્યા બહુ મ્હોટી થઇ હોય તો પ્રતિકૂલનો દોષ નથી, એ રીતે પ્રતિકૂલનો અપવાદ જાણવો.

श्रीपूजनादिशांतिश्च ॥ श्रियेजातइतिश्रियंइदंविष्णुरितिविष्णुंगौरीर्मिमायेतिगौरींत्र्यंबकमिति रुद्रंपरंमृत्योरितियमंचसंपूज्याष्टोत्तरशततिलाज्यंजुहुयात् भूःस्वाहामृत्युर्नश्यतांसुपायैसुखंवर्धतांस्वाहेति ततोहोमंसमाप्याथगोद्वयंदक्षिणाभवेदितिकौस्तुभेद्रष्टव्या इतिप्रतिकूलविचारः ॥

હવે શ્રીપૂજનાદિક શાંતિનો વિધિ કહે છે.

"श्रियेजात०" એ મંત્રવડે લક્ષ્મીની, "इदंविष्णु०" એ મંત્રે વિષ્ણુની, "गौरीर्मिमाय०" એ મંત્રે ગૌરીની, "त्र्यंबकं" એ મંત્રે રુદ્રની અને "परमृत्यो०" એ મંત્રે યમની પૂજા કરી તિલ અને ઘૃતવડે (૧૦૮) આહુતિ હોમવી. "भूःस्वाहामृत्युर्नश्यतां सुपायै सुखं वर्धतां स्वाहा," એ મંત્રવડે હોમ કરવો. "પછી હોમની સમાપ્તિ કરી બે ગોદાન દક્ષિણા દેવી." એ રીતે કૌસ્તુભમાં શાંતિ જોવી. એ પ્રમાણે પ્રતિકૂલનો વિચાર કહ્યો.

प्रेतकर्माण्यनिर्वृत्यचरेन्नाभ्युदयक्रियां आचतुर्थंततःपुंसिपंचमेशुभदंभवेत् अत्रप्रेतकर्मपदेनसपिंडीकरणात्पूर्वभाविकर्माणिसपिंडीकरणंच सपिंडीकरणोत्तरंपार्वणविधिनोक्तानिमासिकानिचोच्यंते सपिंडीकरणादर्वागपकृष्यकृतान्यपि पुनरप्यपकृष्यंतेवृद्ध्युत्तरनिषेधनादित्यनुमासिकानामप्यपकर्षोक्तेः अभ्युदयपदेननांदीश्राद्धयुक्तंकर्ममात्रंग्राह्यं कैश्चिद्विवाहाद्येवग्राह्यमित्युक्तं आचतुर्थमितिनांदीश्राद्धकर्तारंपुरुषमारभ्यजनकचतुःपुरुषीजन्यचतुःपुरुषीसंतानभेदेचचतुःपुरुषीसगोत्रागृह्यतेतथाचनांदीश्राद्धकर्तुः पितृपितामहप्रपितामहाःपत्नीसहिताः कर्तुर्भार्यापुत्रपौत्रप्रपौत्रास्तद्भार्याश्च भ्रातातत्पुत्रपौत्रास्तद्भार्याः पितृव्यतत्पुत्रपौत्रास्तद्भार्याश्च प्रपितामहस्यपुत्रपौत्रप्रपौत्रास्तद्भार्याश्चैतेषांमृतानामनुमासिकांतप्रेतकर्माकरणेमंगलंनकार्यमित्यर्थः नांदीश्राद्धकर्तात्रमुख्यएवग्राह्योनतुमातुलादिर्गौणः मृतपितृकस्योपनयनादौसंस्कार्यमारभ्यैवचतुःपुरुषीगणना [1]मातामहादेर्भिन्नगोत्रत्वेपिनांदीश्राद्धदेवतात्वात्प्रेतकर्माभावेमंगलंनभवति मातामह्यादेः[2]स्वातंत्र्येणदेवतात्वाभावात् दशाहांतकर्माभावेपिमंगलप्रतिबंधोनास्ति इत्यंतकर्माभावनिमित्तकमंगलप्रतिबंधनिर्णयः ॥

“પ્રેતકર્મ સમાપ્ત કર્યાવિના ચાર પુરૂષ સાપિંડ્યની માંહે અભ્યુદય (મંગળકર્મ) કરવાં નહીં. પછી પાંચમા પુરૂષથકી શુભદાયક છે.” એ વાક્યમાં ‘પ્રેતકર્મ’ એ પદવડે સપિંડીકરણથકી પ્રથમ થવાનાં કર્મ, સપિંડીકરણ અને સપિંડીકરણ કીધા પછી પાર્વણવિધિએ કરવાના માસિક ઇત્યાદિક કહેવાય છે; કારણ, “સપિંડીકરણથકી પ્રથમ અપકર્ષ કરી કરેલ હોય તો પણ તે ફરી અપકર્ષ કરી (આગળ કરવાનાં તે ખેંચીને પ્રથમ) કરવાં; કારણ કે, વૃદ્ધિશ્રાદ્ધ કીધા પછી તે પ્રેતકર્મ કરવાનો નિષેધ છે.” એ રીતે અનુમાસિકના અપકર્ષ કરવાવિષે પણ વચન છે. ‘અભ્યુદય’ પદવડે નાંદીશ્રાદ્ધયુક્ત કર્મ માત્ર ગ્રહણ કરવાં. કેટલાએક ગ્રંથકારોએ વિવાહાદિક લેવા એમ કહ્યું છે. ‘આચતુર્થ’ એ પદવડે નાંદીશ્રાદ્ધ કરનારા પુરૂષને આરંભી જનક (પિતા આદિ) ચાર પુરૂષ, જન્ય (પુત્રાદિક) ચાર પુરૂષ, અને સંતાનભેદ હોય તો તે ચાર પુરૂષ એ સગોત્ર પુરૂષોનું ગ્રહણ થાય છે. તે આ રીતે,—નાંદીશ્રાદ્ધ કરનારના પિતા, પિતામહ અને પ્રપિતામહ સપત્નીક, સ્ત્રી, પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર (પડપોતરો) સપત્નીક, ભાઈ, તેનો પુત્ર અને પોતરો સપત્નીક, કાકો તેનો પુત્ર અને પોતરો એ સપત્નીક, પરદાદાના પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર એ સપત્નીક એમાંનું કોઈ મૃત થયા છતાં તેમનું અનુમાસિકપર્યંત પ્રેતકર્મ કર્યાવિના મંગળકાર્ય કરવું નહીં. ઈહાં નાંદીશ્રાદ્ધ કર્ત્તાજ મુખ્ય લેવો, મામો ઇત્યાદિક ગૌણ કર્ત્તા લેવા નહીં. જેનો પિતા મૃત થયલો હોય તેના મૌંજી આદિક સંસ્કારમાં સંસ્કાર્ય (બાળક) થકી આરંભી ચાર પુરૂષની સંખ્યા ગણવી. માતામહ, માતૃપિતામહ, માતૃપ્રપિતામહ એ ભિન્ન ગોત્રમાંના છે તથાપિ તેઓ નાંદીશ્રાદ્ધના દેવતા છે તેથી તેમનું પ્રેતકર્મ થયું ન હોય તો મંગળકાર્ય કરવું નહીં. માતામહી (માતાની મા), માતૃપિતામહી અને માતૃપ્રપિતામહી એ સ્વતંત્રપણાએ નાંદીશ્રાદ્ધ દેવતા નથી માટે એમનું દશાહપર્યંત કર્મ થયું ન હોય તથાપિ મંગળ કરવામાં પ્રતિબંધ નથી. એ પ્રમાણે ઔર્ધ્વદેહિક કર્મ ન કરવારૂપ નિમિત્તથકી મંગળ કાર્યવિષે જે પ્રતિબંધ તેનો નિર્ણય કહ્યો.

* * *

मौंजीविवाहयोर्नांदीश्राद्धमारभ्यमंडपोद्वासनपर्यंतंमध्येदर्शादिनंयथानपतेत्तथाकार्यं दर्शान्यत्पित्रोःक्षयाहादिश्राद्धदिनंयदिज्ञानादज्ञानाद्वापतति तदात्रिपुरुषसपिंडैर्विवाहादिमंगलसमाप्त्युत्तरंश्राद्धंकार्यंएवंचदर्शान्यश्राद्धस्यैवस्वरूपतोविवाहमध्येनिषेधः नतुदर्शवच्छ्राद्धरहितस्यापिश्राद्धतिथिमात्रस्य वृत्तेविवाहेपरतस्तुकुर्याच्छ्राद्धमित्याद्युक्तेः एतेनसंक्रांतिमन्वाद्यष्टकादिदिनानांश्राद्धदिनत्वाद्दर्शवन्मध्येपातोनिषिद्धइतिशंकानिरस्ता तेनषण्णवतिश्राद्धकर्तृभिःसपिंडैर्मध्यपतितमन्वादेःप्रायश्चित्तादिनासंपत्तिःसंपाद्या इतिचतुर्थीकर्ममध्येदर्शादिनिर्णयः ॥

મૌંજી અને વિવાહ એ કાર્યવિષે નાંદીશ્રાદ્ધનો આરંભ કરી મંડપના વિસર્જનપર્યંત મધ્યમાં અમાવાસ્યા આવે નહીં તેમ કરવું. અમાવાસ્યાવિના અન્ય, માતા પિતાના સંવત્સરી આદિક શ્રાદ્ધદિવસ જાણે અથવા અજાણે મધ્યમાં આવે તો ત્રણ પુરૂષપર્યંત સપિંડોએ વિવાહાદિક મંગળની સમાપ્તિ થયા પછી શ્રાદ્ધ કરવું. એથી, દર્શવિના અન્ય શ્રાદ્ધનોજ સ્વરૂપે વિવાહમાં નિષેધ કહ્યો, પણ જેમ દર્શનો નિષેધ કર્યો છે તેમ શ્રાદ્ધરહિત એવી શ્રાદ્ધની તિથિ માત્રનો નિષેધ કીધો નથી;

---

[1] मातामहमातृपितामहप्रपितामहानामित्यर्थः ॥ [2] सपत्नीकानामेव नांदीश्राद्धे देवतात्वात्स्वातंत्र्याभावः ॥

કારણ, "વિવાહ થઈ ગયા પછી શ્રાદ્ધ કરવું." ઇત્યાદિક વચન છે. એથી સંક્રાંતી, મન્વાદિ અને અષ્ટકાદિક એ શ્રાદ્ધદિવસો છે માટે દર્શનીપેઠે વિવાહના મધ્યમાં પડે તો તે નિષિદ્ધ છે એ શંકા નિવૃત્ત કરી, તેથી છતું શ્રાદ્ધ કરનારા સપિંડોએ તે શ્રાદ્ધસંબંધી મન્વાદિ દિવસ વિવાહમાં પ્રાપ્ત થાય તો તે શ્રાદ્ધની પ્રાયશ્ચિત્તાદિકવડે સિદ્ધિ કરવી, પ્રત્યક્ષ શ્રાદ્ધ કરવું નહીં, એ પ્રમાણે વિવાહસંબંધી ચાર દિવસમાં દર્શાદિક પ્રાપ્ત થાય તો તેનો નિર્ણય કહ્યો.

प्रारंभात्प्रागारंभोत्तरंवा मातुःपितृव्यादेःकर्त्रंतरस्यपत्न्याचारजोदोषेयद्वक्तव्यंतद्व्रतबंधप्रकरणे विस्तरेणोक्तंतत्रैवज्ञेयम् ॥

પ્રારંભ થકી પ્રથમ અથવા પ્રારંભ પછી વર અથવા કન્યાની માતા અથવા કાકા ઇત્યાદિક જે અન્ય નાંદીશ્રાદ્ધકર્ત્તા તેની સ્ત્રીને રજોદર્શન થાય તો ત્યારે જે નિર્ણય કહેવાનો તે ચૌલપ્રકરણમાં વિસ્તારપૂર્વક કહ્યો છે તે ત્યહાંથીજ જાણવો.

रजोदोषजननाशौचादिसंभावनायांनांदीश्राद्धस्यापकृष्यानुष्ठानेदिनावधिः एकविंशत्यहर्यज्ञेविवाहे दशावासराः त्रिषट्चौलोपनयनेनांदीश्राद्धंविधीयते दशादिनाद्यतिक्रमेपुनर्नांदीश्राद्धमित्यर्थात्सिद्धं नांदीश्राद्धोत्तरंसूतकमृतकयोःप्राप्तौनविवाहादिप्रतिबंधः विवाहव्रतयज्ञेषुश्राद्धेहोमेर्चनेजपे आरब्धेसूतकं नस्यादनारब्धेतुसूतकं प्रारंभोवरणंयज्ञेसंकल्पोव्रतसत्रयोः नांदीमुखंविवाहादौश्राद्धेपाकपरिक्रियेत्युक्तेः इदंसन्निहितमुहूर्तांतराभावादिसंकटएवज्ञेयं संकटाभावेतुनांदीश्राद्धेजातेपिसूतकांतेमुहूर्तांतरेएवमंगलंसर्वोप्याशौचापवादोऽनन्यगतित्वेआर्तौचज्ञेयइतिसिंधूक्तेः तेनव्रतेसंकल्पोत्तरमाशौचेपिविप्रद्वारैवपूजादि यज्ञादौमधुपर्कविधिनावरणोत्तरमपिऋत्विगंतरालाभादिकेनन्यगतौसंकटएवचमधुपर्कविधिना वृतस्याशौचाभावः एवंजपहोमादावप्यूह्यं श्राद्धेपाकपरिक्रियापाकप्रोक्षणं एतदप्यार्तिसत्त्वे महासंकटे प्रारंभात्प्रागपिसूतकप्राप्तौकूष्मांडमंत्रैर्घृतहोमंकृत्वापयस्विनींगांदत्वापंचगव्यंप्राश्यशुद्धश्चूडोपनयनोद्वाहप्रतिष्ठादिकमाचरेत् उपकल्पितबहुसंभारस्यसन्निहितलग्नांतराभावेननाशाद्यापत्तावप्येवंशुद्धिः इदं जननाशौचमात्रविषयमितिमार्तंडादौ ॥

રજોદોષ અને જનનાશૌચાદિક પ્રાપ્ત થશે એવો સંભવ હોય તો આગળ કરવાનું નાંદીશ્રાદ્ધ અપકર્ષ કરી કેટલા દિવસ પ્રથમ કરવું તે કહે છે—"યજ્ઞસંબંધી નાંદીશ્રાદ્ધ એકવીશ દિવસપર્યંત, વિવાહસંબંધી દશ દિવસપર્યંત, ચૌલસંબંધી ત્રણ દિવસપર્યંત અને મૌંજીસંબંધી છ દિવસપર્યંત (પ્રથમ) કરવું." દશ દિવસ ઇત્યાદિક જે મર્યાદા કહી તે વ્યતીત થઈ હોય તો ફરી નાંદીશ્રાદ્ધ કરવું, એ અર્થાત્ સિદ્ધ થયું. નાંદીશ્રાદ્ધ થયા પછી જનનાશૌચ અથવા મૃતાશૌચ પ્રાપ્ત થાય તો વિવાહાદિક કરવામાં પ્રતિબંધ નથી; કારણ, "વિવાહ, વ્રત, યજ્ઞ, શ્રાદ્ધ, હોમ, પૂજા અને જપ એમનો આરંભ થયા પછી સૂતક પ્રાપ્ત થતું નથી. આરંભ થયો ન હોય તો સૂતક છે." પ્રારંભનું લક્ષણ કહે છે—"યજ્ઞવિષે ઋત્વિજોનું વરણ, વ્રત અને સત્રવિષે સંકલ્પ કરવો તે, વિવાહાદિક કાર્યવિષે નાંદીશ્રાદ્ધ થયું તે અને શ્રાદ્ધવિષે પાકનું પ્રોક્ષણ થયું તે આરંભ," એવું વચન છે. એ પ્રારંભનું લક્ષણ. આ નિર્ણય બીજું મુહૂર્ત્ત સમીપમાં ન હોય ઇત્યાદિક સંકટવિષેજ ગ્રહણ કરવો. સંકટ ન હોય તો નાંદીશ્રાદ્ધ થયા છતાં પણ આશૌચ નિવૃત્તિ થયા પછી બીજા મુહૂર્ત્તવિષેજ મંગળ કરવું; કારણ, આ સઘળો જે આશૌચનો અપવાદ કહ્યો તે અન્ય ગતિ ન હોય અને આપત્તિ હોય તો જાણવો, એમ નિર્ણયસિંધુમાં કહ્યું છે. એથી વ્રતવિષે સંકલ્પ થયા પછી આશૌચ પ્રાપ્ત થાય તો વિપ્રદ્વારાએજ કરાવવું. યજ્ઞાદિકવિષે મધુપર્કવિધિવડે ઋત્વિજનું વરણ થયા પછી પણ અન્ય ઋત્વિજ ન મળે ઇત્યાદિક અને જેની અન્ય ગતિ નથી એવું સંકટ છતાંજ મધુપર્કવિધિએ વરેલાને આશૌચ નથી. એ રીતે જપ, હોમ ઇત્યાદિકવિષે પણ એજ નિર્ણય જાણવો. શ્રાદ્ધવિષે પાકપરિક્રિયા એટલે પાકનું પ્રોક્ષણ; એ પણ નિર્ણય આપત્તિ છતાંજ જાણવો. મહાસંકટ હોય તો પ્રારંભ થકી પ્રથમ સૂતક પ્રાપ્તિ થયા છતાં પણ કૂષ્માંડમંત્રવડે ઘૃતનો હોમ કરી દૂધવાળી ગાયનું દાન કરી પંચગવ્ય પ્રાશન કરી શુદ્ધ થઈ ચૌલ, મૌંજી, વિવાહ અને પ્રતિષ્ઠા ઇત્યાદિક કરવાં. બીજું મુહૂર્ત્ત સમીપમાં ન હોવાથી સિદ્ધ કરેલા સર્વ પદાર્થોનો નાશ થવાનો ઇત્યાદિક આપત્તિકાલે પણ એપ્રમાણેજ શુદ્ધિ જાણવી. આ નિર્ણય જનનાશૌચવિષેજ જાણવો એમ માર્ત્તંડાદિક ગ્રન્થોમાં કહ્યું છે.

कूष्मांडहोमादिनाशुद्धिपूर्वकं सूतकमृतकयोर्मध्यआरब्धेविवाहादौविप्राणांपूर्वसंकल्पितान्नभोजने दोषोन पाकपरिवेषणादिकमपिसूतकिभिःकार्यं होमादिविधिनाशुद्धिसंपादनादितिकौस्तुभेस्थितं नैतद्युक्तं लोकविद्विष्टत्वादतःपरगोत्रैरेवान्नदानंयुक्तंभाति नांदीश्राद्धोत्तरं सूतकमृतकयोःप्राप्तौपूर्वमन्नसंकल्पाभावेपिविवाहोत्तरकालसंकल्पितान्नभोजनंविप्रैःकार्यं अत्रापि परैरन्नंप्रदातव्यंभोक्तव्यंचद्विजोत्तमैरितिसर्वसंमतं परैरसगोत्रैरितिसिंधुमयूखादौव्याख्यानात् पूर्वसंकल्पितान्नस्यापिभोजनसमयेसूतकप्राप्तौभोक्तृभिर्भुक्तशेषंत्यक्त्वापरगृहोदकैराचांततादिविधेयं पाकशेषःसूतकिभिर्भोक्तव्यः भुंजानेषुचविप्रेष्वंतरामृतसूतके अन्यगेहोदकाचांताइतिस्मृतेः नांदीश्राद्धोत्तरंभोजनादन्यकालेसूतकप्राप्तौसूतकिगृहेभोक्तव्यं भुंजानेषुसूतकप्राप्तौभोक्तृभिःपात्रस्थमप्यन्नंत्याज्यमितिवाचनिकएवविशेषः नहिवचनस्यातिभारइतिन्यायात् ममतुभुंजानेष्वितिवाक्यमारब्धानारब्धसर्वकर्मसु असंकल्पितान्नविषयमिति भाति इतिविवाहादौरजोदोषसूतकप्राप्तिनिर्णयः ॥

જનન અને મૃતક આશૌચના મધ્યમાં કૂષ્માંડમંત્રે હોમાદિક કરી શુદ્ધિ કર્યા પછી આરંભ કરેલા વિવાહાદિકવિષે પ્રથમ સકલ્પ કરી રાખેલા અન્નનું બ્રાહ્મણોએ ભક્ષણ કરવું તેમાં દોષ નથી. પાત્ર ઉપર પીરસવાનું પણ સૂતકીએ કરવું; કારણ, હોમાદિક વિધિવડે શુદ્ધિ કરેલી છે, એમ કૌસ્તુભમાં કહ્યુ છે, તથાપિ એ યોગ્ય નથી; કારણ, તેથી લોકમાં નિંદા થાય છે, માટે પરગોત્રીવડેજ અન્ન પીરસાવવું એ યોગ્ય ભાસે છે. નાંદીશ્રાદ્ધ કીધા પછી જનનાશૌચ અથવા મૃતાશૌચ પ્રાપ્ત થાય તો નાંદીશ્રાદ્ધથી પ્રથમ અન્નનો સંકલ્પ કીધો ન હોય તથાપિ વિવાહ થયા પછી સંકલ્પ કરેલા અન્નનું બ્રાહ્મણોએ ભોજન કરવું. એ વિષયમાં પણ, "અન્યે અન્ન પીરસવું અને તે બ્રાહ્મણોએ ભોજન કરવું," એ સર્વને સમત છે; કારણ, પર એટલે પરગોત્રી એ રીતનો અર્થ નિર્ણયસિંધુ અને મયૂખાદિક ગ્રન્થોમાં કહ્યો છે. પ્રથમ સકલ્પ કરેલા અન્નના ભોજન સમયે સૂતક પ્રાપ્ત થાય તો ભોજન કરનારે બાકી રહેલા શેષ અન્નનો ત્યાગ કરી પરાયા ઘરના જલવડે આચમનાદિક કરવું, શેષ અન્ન રહેલું હોય તે સૂતકીઓએ ભોજન કરવું; કારણ, "બ્રાહ્મણોએ ભોજન કરતીવેળાએ મધ્યમાં મૃતાશૌચ પ્રાપ્ત થાય તો પરઘરના જલવડે આચમન કરવું." એવી સ્મૃતિ છે. નાંદીશ્રાદ્ધ કીધા પછી ભોજનસમયવિના અન્ય કાલે આશૌચ પ્રાપ્ત થાય તો સૂતકીને ઘેર ભોજન કરવું. બ્રાહ્મણોએ ભોજન કરતી વખતે આશૌચ પ્રાપ્ત થાય તો ભોજન કરનારા બ્રાહ્મણોએ પાત્ર ઉપર રહેલું અન્ન પણ છોડી દેવું, એ વચનવડેજ વિશેષ છે. કારણ, વચનને અતિ ભાર છે નહીં એવો ન્યાય છે. મને તો, "બ્રાહ્મણોએ ભોજન કરતી વેળાએ મધ્યમાં મૃતાશૌચ પ્રાપ્ત થાય તો પરઘરના જલવડે આચમન કરવું," ઇત્યાદિક જે વાક્ય કહ્યાં છે તે પ્રારંભ કરેલાં અથવા ન કરેલાં એવાં સર્વ કર્મવિષે જેનો સકલ્પ નથી કર્યો એવા અન્નમાટે છે એમ ભાસે છે. એ રીતે વિવાહાદિ મગળ કાર્ય સમયે રજોદર્શન, અથવા આશૌચપ્રાપ્તિ થાય તો તેનો નિર્ણય કહ્યો.

विवाहात्पूर्वंकन्यायारजोदर्शनेमातृपितृभ्रातॄणांनरकपातःकन्यायावृषलीत्वंतद्भर्तुर्वृषलीपतित्वं अत्र शुद्धिप्रकारः कन्यादाताऋतुसंख्ययागोदानानिएकंवागोदानंयथाशक्तिब्राह्मणभोजनंवाकृत्वाकन्यादाने योग्योभवेत् कन्यातूपवासत्रयांतेगव्यपयःपानंकृत्वाविप्रकुमार्यैसरत्नभूषणंदत्वोद्वाहयोग्याभवति वरश्चकूष्मांडहोमपूर्वकंतामुद्वहन्नदोषीस्यादिति विवाहहोमकालेरजोदोषेतांस्नापयित्वा युंजानेतितैत्तिरीयमंत्रेणप्रायश्चित्तंहुत्वाहोमतंत्रंसमापयेत् यदातुदात्रभावाद्रजोदर्शनंतदाकन्यावर्षत्रयंप्रतीक्ष्यस्वयंवरंवृणुयात् नात्रवरस्यापिदोषः इतिकन्यारजोदोषनिर्णयः ॥

વિવાહ થયાની પ્રથમ કન્યાને રજોદર્શન થાય તો તેથી તે કન્યાની માતા, પિતા અને ભાઇને નરકપ્રાપ્તિ થાય છે. કન્યાને વૃષલી (શૂદ્રી) પણું અને તેના પતિને વૃષલીપતિત્વ થાય છે. એ વિષયમાં શુદ્ધિનો પ્રકાર કહે છે:—કન્યાના દાતાએ જેટલી વાર કન્યાને ઋતુ પ્રાપ્ત થઈ હોય તેટલી વાર લેખી તેટલાં ગોદાન અથવા એક ગોદાન અથવા યથાશક્તિ બ્રાહ્મણભોજન એમાંનો કોઈ એક પક્ષ કરવાથી તે કન્યાદાનવિષે યોગ્ય થાય છે. કન્યા તો ત્રણ ઉપવાસ કરી પછી ગાયનું દૂધ પ્રાશન કરી બ્રાહ્મણની કુમારીને રત્નસહિત અલકારનું દાન કરવાથી વિવાહને યોગ્ય થાય છે. વર કૂષ્માંડમત્રવડે ઘીનો હોમ કરી તેને પરણે તો દોષયુક્ત થતો નથી. વિવાહહોમને સમયે કન્યાને રજોદર્શન થાય તો તેને સ્નાન કરાવી "યુંજાન૦" એ તૈત્તિરીય શાખાના મત્રે પ્રાયશ્ચિત્તહોમ કરી હોમતંત્ર

સમાપ્ત કરવો. જ્યારે દાન કરનાર ન હોવાથી કન્યાને મ્હોટી અવસ્થા પામવાથી રજોદર્શન પ્રાપ્ત થાય ત્યારે તેણે ત્રણ વર્ષપર્યંત પ્રતીક્ષા (દાતાની શોધ) કરી પોતેજ વરને વરવું. એ કન્યાવિષે વરને પણ દોષ નથી. એ પ્રમાણે કન્યાના રજોદોષનો નિર્ણય કહ્યો.

पक्षमध्येतिथिद्वयस्यक्षयेणयस्त्रयोदशदिनात्मकःपक्षःसक्षयपक्षः तदाबहुप्रजासंहारोराजसंहारोवा क्षयपक्षेचौलोपनयनोद्वाहादिवास्तुकर्मादिशुभंनकार्यं क्षयमासाधिमासगुरुशुक्रास्तादौविवाहनिषेधः प्रथमपरिच्छेदे एवंसिंहस्थगुरुनिषेधनिर्णयोपिप्रथमपरिच्छेदेद्रष्टव्यः क्षयसंवत्सरोपिनिषिद्धः शीघ्रगत्या पूर्वराशिशेषमतिक्रम्यराश्यंतरसंचारोतिचारस्तंप्राप्तोगुरुःपुनःपूर्वराशिंवक्रगत्यायदिनायातितदासक्षयसंवत्सरःसर्वकर्मसुवर्ज्यः तत्रमेषवृषभवृश्चिककुंभमीनराशिषुनदोषः केचिद्गोदादक्षिणदेशेकोप्यतिचारादिगुरुदोषोनेत्याहुः इतिक्षयपक्षादिविचारः ॥

હવે ક્ષયપક્ષાદિકનો નિર્ણય કહે છે.

એક પખવાડીયામાં બે તિથિનો ક્ષય થઈ તેર દિવસનું જે પક્ષ થાય છે તે ક્ષયપક્ષ છે, અને તે સમયે બહુ પ્રજાનો સંહાર અથવા રાજાનો સંહાર થાય છે. ક્ષયપક્ષમાં ચૌલ, મૌંજી, વિવાહ, અને ઘર બાંધવું ઇત્યાદિક શુભ કાર્ય કરવાં નહીં. ક્ષયમાસ, અધિકમાસ અને ગુરૂ, શુક્રનો અસ્ત એનેવિષે વિવાહનો નિષેધ પ્રથમપરિચ્છેદમાં કહ્યો છે. એ રીતે સિંહસ્થ ગુરૂનો નિર્ણય પણ પ્રથમ પરિચ્છેદમાં કહ્યો છે તે જોવો. ક્ષયસંવત્સર પણ નિષિદ્ધ છે. શીઘ્રગતિવડે પૂર્વ રાશિના શેષ સમયનું ઉલ્લંઘન કરી બીજી રાશિમાં જે સંચાર તેનું નામ અતિચાર છે. તે અતિચારપ્રત્યે ગયલો ગુરૂ ફરી વક્રગતિએ જો પૂર્વ રાશિપ્રત્યે આવે નહીં તો ત્યારે ક્ષયસંવત્સર થાય છે. તે સર્વકર્મવિષે વર્જ્ય છે. તેમાં મેષ, વૃષભ, વૃશ્ચિક, કુંભ અને મીન રાશિનો બૃહસ્પતિ હોય તો દોષ નથી. કોઈ ગ્રંથકાર, ગોદાવરીની દક્ષિણદિશામાં અતિચારાદિક ગુરૂસંબંધી કોઈ પણ દોષ નથી, એમ કહે છે. એ રીતે ક્ષયપક્ષાદિકનો નિર્ણય સમાપ્ત થયો.

मुख्यंगुरुबलंवध्वावरस्येष्टंरवेर्बलं द्विपंचसप्तनवैकादशस्थोगुरुःकन्यायाःशुभः जन्मतृतीयषष्ठदशमस्थानेषुपूजाहोमात्मकशांत्याशुभः चतुर्थाष्टमद्वादशस्थानेषुदुष्टफलः कर्कधनुर्मीनगश्चतुर्थादिस्थानेपि नदुष्टः संकटेचतुर्थद्वादशस्थोद्विवारमष्टमस्त्रिवारंहोमादिरूपपूजयार्चितःशुभः ॥

હવે ગુરૂબલનો નિર્ણય કહે છે.

“કન્યાને ગુરૂબલ શ્રેષ્ઠ છે. વરને રવિબલ શ્રેષ્ઠ છે.” જન્મ રાશીથકી બીજે, પાંચમે, સાતમે, નવમે અને અગીયારમે ગુરૂ કન્યાને શુભ છે. જન્મરાશીમાં, ત્રીજે, છઠ્ઠે અને દશમે પૂજા અને હોમરૂપ શાંતિવડે શુભ થાય છે. ચોથે, આઠમે અને બારમે દુષ્ટ ફળદાયક છે. કર્ક, ધનુષ અને મીન રાશિનો હોય તો ચોથે, આઠમે અને બારમે છતાં પણ દુષ્ટ નથી. સંકટ સમયે ચોથે અને બારમે હોય તો બે વાર તેમ આઠમે હોય તો ત્રણ વાર હોમાદિરૂપ પૂજાવડે પૂજીત થયો છતાં શુભ થાય છે.

वरराशेस्त्रिषट्दशैकादशस्थानेरविःशुभः अन्यत्रग्रहमखोक्तपूजयाशुभः गुरुपूजाप्रकारउपनयनप्रकरणेउक्तः ॥

વરની જન્મરાશીથકી ત્રીજે, છઠ્ઠે, દશમે અને અગીયારમે સ્થાનકે રવિ શુભ છે. અન્ય સ્થાનકે હોય તો ગ્રહયજ્ઞમાં કહેલી પૂજા કરવાથી શુભ છે. ગુરૂની પૂજાનો પ્રકાર મૌંજીપ્રકરણમાં કહ્યો છે.

जन्मतोगर्भतोवापंचमवर्षप्रभृतिअष्टमवर्षपर्यंतंकन्याविवाहेउचितःकालः षड्वर्षोत्तरंवर्षद्वयंप्रशस्ततरः षडब्दमध्येनोद्वाह्याकन्यावर्षद्वयंयतः सोमोभुंक्तेततस्तद्वद्गंधर्वश्चततोऽनलः इत्युक्तेः नवमदशमयोर्मध्यमः एकादशवर्षेधमः द्वादशादौप्रायश्चित्तावहः ॥

હવે કન્યાના વિવાહનો કાલ કહે છે.

જન્મ અથવા ગર્ભથકી પાંચમા વર્ષને આરંભી આઠમા વર્ષપર્યંત કન્યાના વિવાહવિષે કાલ ઉક્ત છે, છઠ્ઠા વર્ષ પછીનાં બે વર્ષ અતિ ઉત્તમ છે. કારણ, “ ૭ વર્ષની માંહ્ય કન્યાનો વિવાહ કરવો

નહીં, તે એ કારણથી કે, જન્મથકી બે વર્ષ તેનો ઉપભોગ સોમ કરે છે. પછી બે વર્ષ ગંધર્વ અને ત્યાર પછીનાં બે વર્ષ અગ્નિ ઉપભોગ કરે છે, એ રીતે છ વર્ષપર્યંત દેવતા કન્યાનો ઉપભોગ કરે છે," એવાં વચન છે. નવમું અને દશમું એ બે વર્ષ મધ્યમકાલ છે. અગીયારમા વર્ષમાં વિવાહ અધમ છે. બારમા ઇત્યાદિક વર્ષે વિવાહ કરે તો તે વિવાહ પ્રાયશ્ચિત્તકારક છે.

ब्राह्मोदैवआर्षःप्राजापत्यआसुरोगांधर्वोराक्षसःपैशाचइत्यष्टौविवाहाः योग्यवरमाहूयालंकृत्यकन्यादानविधिनातस्मैदानंब्राह्मोविवाहः यज्ञेऋत्विक्कर्मकुर्वतेऽलंकृत्यकन्यार्पणंदैवः वरादेकंगोमिथुनंद्वेवागृहीत्वातस्मैकन्यार्पणमार्षः इदंगोमिथुनग्रहणंनानिंदितं तस्यकुमारीपूजनार्थत्वेनकन्याविक्रयाभावात् त्वयैतयैवसहगृहधर्मआचरणीयएतस्याजीवनपर्यंतंविवाहांतरंचतुर्थाश्रमोवानकार्य इत्याभाष्यकन्यादानंप्राजापत्यः ज्ञातिभ्योयथेच्छंधनंदत्वाविवाहआसुरः वरवध्वोरिच्छयान्योन्यसंयोगोगांधर्वः युद्धादिनाबलाद्धरणंराक्षसः चौर्येणकन्याहरणंपैशाचः पूर्वेचतुर्षुपूर्वःपूर्वःश्रेष्ठः उत्तरेषूत्तरउत्तरोनिंद्यः तत्रविप्रस्यब्राह्मदैवौप्रशस्तौ क्षत्रियस्यगांधर्वराक्षसौ आसुरोवैश्यस्य आर्षप्राजापत्यपैशाचाःसर्वेषां संकटेराक्षसभिन्नाःसप्तविप्रस्य ब्राह्मदैवेतरेषट्क्षत्रियस्य वैश्यशूद्रयोर्ब्राह्मदैवराक्षसभिन्नाःपंच सर्वेष्वपिविवाहेषुतत्तत्प्रकारैःकन्यापरिग्रहोत्तरंस्वस्वगृह्यरीत्याविवाहहोमादिविधिरावश्यकः दानविधिनादानंसर्वत्रनभवति पैशाचादौसप्तपदीविधेःपूर्वमन्यस्मैकन्यादेया ब्राह्मादिष्वपिकन्यादानोत्तरमपिसप्तपदीविधेःपूर्वंवरस्यषंढत्वादिदोषज्ञानेवरमृतौवाकन्यान्यस्मैदेया ब्राह्मविवाहोढायांजातःपुत्रोदशपूर्वान्दशपरान्पितॄंस्तारयेत् दैवोढापुत्रःसप्तसप्त प्राजापत्योढापुत्रःषट्षट् आर्षोढापुत्रस्त्रींस्त्रीन् आश्वलायनसूत्रेतुब्राह्मादिपुत्राद्दशदशाष्टौसप्तचपूर्वान्परांश्चपुत्रस्तारयतइत्युक्तं अन्येषुदुर्विवाहेषुब्रह्मधर्मद्विषःसुताः वाग्दानोत्तरंवरस्यदेशांतरगमनेषण्मासंप्रतीक्ष्यान्यस्मैदेया कन्यायाःशुल्कंप्रदायगमनेवर्षंप्रतीक्ष्यतुबलाद्विवाहेसगोत्रत्वक्लीबत्वादिवरदोषेवाकन्यासप्तपदीविध्युत्तरमपिअन्यस्मैदेयेतितत्कलियुगेनिषिद्धं वाग्दानोत्तरंपातित्यादिदोषाभावेपिकन्यामदातुर्दंडउक्तः एवंकन्यायाअपसारदोषमनुक्त्वादातापिदंड्यः अधर्म्योद्वाहेषुद्विजैर्भोजनादौकृतेआसुरेएकरात्रंउपवासोगांधर्वेत्रिरात्रंराक्षसपैशाचयोश्चांद्रायणंप्रायश्चित्तं इतिविवाहभेदाः ॥

હવે વિવાહ કેટલા પ્રકારના તે કહે છે.

બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ એ પ્રમાણે આઠ પ્રકારના વિવાહ છે. યોગ્ય વરને સત્કારપૂર્વક બોલાવી અલકારયુક્ત કન્યાનું, કન્યાદાનના વિધિવડે તેને દાન કરવું તે બ્રાહ્મવિવાહ છે. યજ્ઞમાં ઋત્વિજનું કર્મ કરનારા બ્રાહ્મણને અલંકારયુક્ત કન્યા અર્પણ કરવી તે દૈવવિવાહ છે. વર પાસેથી એક અથવા બે ગોમિથુન (ગાય અને બેલ) લઈ તેને કન્યાનું દાન કરવું તે આર્ષવિવાહ છે. એ ગોમિથુન લેવાં તે નિંદિત નથી; કારણ, કન્યાની પૂજા (સત્કાર) માટે લેવાં એમ કહ્યું છે તેથી કન્યાનો વિક્રય થતો નથી. તારે આ સ્ત્રીની સાથેજ રહી ગૃહસ્થાશ્રમધર્મનું પાલન કરવું અને એ સ્ત્રી જીવતી હોય ત્યહાંપર્યંત બીજો વિવાહ અથવા સંન્યાસઆશ્રમ કરવો નહીં એમ કહી કન્યા દેવી તે પ્રાજાપત્યવિવાહ. જાતવાળાને તેની ઇચ્છાપ્રમાણે દ્રવ્ય દઈ વિવાહ કરવો તે આસુર. વર અને કન્યાની ઇચ્છાએ પરસ્પરનો સંયોગ થાય તે ગાંધર્વ. યુદ્ધાદિક કરી બલાત્કારે કન્યાહરણ કરવું તે રાક્ષસવિવાહ. ચોરી કરી કન્યાહરણ કરવું તે પૈશાચવિવાહ. એ રીતે આઠ વિવાહ છે. તેમાં પ્રથમના ચાર (બ્રાહ્મ, દૈવ, આર્ષ અને પ્રાજાપત્ય)માં પ્રથમ પ્રથમનો એટલે પ્રાજાપત્ય કરતાં આર્ષ, તે કરતાં દૈવ, અને તેથકી પણ બ્રાહ્મ શ્રેષ્ઠ એ રીતે સમજવું. પાછળના ચાર (આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ)માં ઉત્તરોત્તર એટલે આસુરથકી ગાંધર્વ, તેથકી રાક્ષસ અને તે કરતાં પણ પૈશાચ નિંદ્ય છે એમ સમજવું. એ આઠ વિવાહમાં બ્રાહ્મ અને દૈવ એ બે બ્રાહ્મણને શ્રેષ્ઠ છે. ક્ષત્રિયને ગાંધર્વ અને રાક્ષસ ઉત્તમ છે. વૈશ્યને આસુરવિવાહ શ્રેષ્ઠ છે. આર્ષ, પ્રાજાપત્ય અને પૈશાચ એ સર્વને પ્રશસ્ત છે. સકટ હોય તો એક રાક્ષસવિવાહવિનાના સાતે વિવાહ બ્રાહ્મણને ઉક્ત છે. સકટ છતાં બ્રાહ્મ અને દૈવ એ બે વિનાના છ વિવાહ ક્ષત્રિયને ઉક્ત છે. સંકટ છતાં વૈશ્ય અને શૂદ્રને બ્રાહ્મ, દૈવ અને રાક્ષસ એ ત્રણવિનાના પાંચે ઉક્ત છે. સર્વે વિવાહમાં તે તે પ્રકારે કન્યાનો સ્વીકાર કીધા પછી પોતપોતાના ગૃહ્યસૂત્રની રીતિપ્રમાણે વિવાહહોમાદિક વિધિ અવશ્ય કરવો. દાનના વિધિવડે દાન સઘળા વિવાહોમાં થતું નથી.

પૈશાચાદિક વિવાહમાં સપ્તપદીવિધિ થયાથી પ્રથમ અન્ય વરને કન્યા દેવી. બ્રાહ્મ ઇત્યાદિક વિવાહવિષે કન્યાનું દાન થયા પછી પણ સપ્તપદી વિધિ થયાથી પ્રથમ વરને નપુંસકત્વાદિક દોષ છે એમ ખબર મળે અથવા વર મૃત થાય તો તે કન્યા બીજા વરને દેવી. બ્રાહ્મવિવાહે પરણેલી સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર, દશ પ્રથમના અને દશ થવાના એવા વીશ પિતૃને તારે છે. દૈવવિવાહે પરણેલી સ્ત્રીનો પુત્ર સાત સાત પુરૂષને તારે છે. પ્રાજાપત્યવિવાહે પરણેલી સ્ત્રીનો પુત્ર ૭ છને તારે છે. આર્ષવિવાહે પરણેલી સ્ત્રીનો પુત્ર ત્રણ ત્રણને તારે છે. આશ્વલાયનસૂત્રમાં તો બ્રાહ્માદિક ચાર વિવાહે પરણેલી સ્ત્રીના પુત્ર ૧૨।૧૦।૮ અને ૭, પ્રથમના અને થવાના પુરૂષોને ક્રમથી તારે છે, એમ કહ્યું છે. "બીજા દુષ્ટ વિવાહથકી ઉત્પન્ન થયેલા પુત્રો બ્રાહ્મણ અને ધર્મનાં દ્વેષ કરનારા થાય છે." વાગ્દાન કીધા પછી વર દેશાંતર ગયો હોય તો તેની ૭ માસપર્યંત વાટ જોઈ પછી તે કન્યા બીજા વરને દેવી. કન્યાનું મૂલ્ય દઇને ગયો હોય તો એક વર્ષપર્યંત વાટ જોવી. બલાત્કારે વિવાહ થયો હોય અથવા એકગોત્રત્વ, નપુંસકત્વાદિક વરના દોષ પ્રસિદ્ધ થાય તો સપ્તપદીવિધિ થયા છતાં પણ તે કન્યા અન્ય વરને દેવી, એમ જે કહ્યું છે તે કલિયુગમાં નિષિદ્ધ છે. વાગ્દાન કીધા પછી પતિતપણું ઇત્યાદિક દોષ ન છતાં કન્યાદાન કરે નહીં તો તે કન્યાદાતાને દંડ કરવો એમ કહ્યું છે. તેમ કન્યાને અપસ્માર (મૃગીનો) રોગ હોય તે ન કહીને કન્યાનું દાન કરે તો તે દાતા પણ દંડને પાત્ર થાય છે. અધર્મ્યવિવાહનેવિષે બ્રાહ્મણોએ ભોજન ઇત્યાદિક કર્યું હોય તો આસુરવિષે એક રાત્રિ ઉપવાસ, ગાંધર્વવિવાહ હોય તો ત્રણ રાત્રિ ઉપવાસ, રાક્ષસ અને પૈશાચ હોય તો ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું, એ રીતે વિવાહના ભેદ કહ્યા.

दाराग्निहोत्रसंयोगंकुरुतेयोग्रजेस्थिते सकनिष्ठःपरिवेत्ताज्येष्ठःपरिवित्तिः एवंज्येष्ठायामनूढायांकनिष्ठकन्योद्वाहेज्येष्ठाकन्यादिधिषुः कनिष्ठाग्रेदिधिषुः अत्रप्रायश्चित्तं अज्ञानतःपित्रादिदत्तोद्वाहेभ्रात्रोः परिवेत्तृपरिवित्तिसंज्ञयोःकृच्छ्रद्वयंकन्यायाःकृच्छ्रंदातुरतिकृच्छ्रंयाजकस्यचांद्रायणंज्ञानतः पित्राद्यदत्तोद्वाहेसर्वेषांवत्सरंकृच्छ्राचरणं कामतःपित्रादिदत्तोद्वाहेत्रैमासिकं अज्ञानेनादत्तोद्वाहेचांद्रायणादि दिधिष्वादिपतेरतिकृच्छ्रकृच्छ्रौ अत्रापवादः सापत्नेदत्तकेवाज्येष्ठेकनिष्ठस्यदाराग्निहोत्रग्रहणेदोषोन सोदरेपिक्लीबेमूकबधिरवामनभग्नपादत्वादिदोषयुतेदेशांतरस्थे वेश्यासक्ते पतितेमहारोगिण्यतिवृद्धेकृषिसक्तेधनवृद्धिराजसेवादिव्यापारासक्तेचौर्यासक्तेउन्मत्तेविवाहाग्निहोत्रेच्छानिवृत्तेचज्येष्ठे कनिष्ठस्य दाराग्निहोत्रग्रहणेदोषोन देशांतरगतंज्येष्ठमष्टौद्वादशवावर्षाणिकनिष्ठःप्रतीक्षेत् एवंकन्यायाअपिज्येष्ठायाभिन्नमातृजत्वेकनिष्ठाविवाहेदोषोन एवंमूकत्वादिदोषयुतायांज्येष्ठायामूह्यं इतिपरिवेत्रादिनिर्णयः ॥

"મ્હોટા ભાઇના વિવાહ થયો ન હોય અને જે કનિષ્ઠ ભાઈ સ્ત્રી તથા અગ્નિહોત્રનું ધારણ કરે તો તે પરિવેત્તા, અને જ્યેષ્ઠ ભાઈ પરિવિત્તિ જાણવો." એજ રીતે મ્હોટી બેહેન કુંવારી છતાં નાહાની કન્યાનો વિવાહ થાય તો જ્યેષ્ઠ કન્યા દિધિષુ, અને કનિષ્ઠ કન્યા અગ્રેદિધિષુ કહેવાય છે. એવા વિષયમાં પ્રાયશ્ચિત્ત કહે છે. પિતા ઇત્યાદિકે દીધેલી કન્યાજોડે અજાણમાં વિવાહ થયો હોય તો પરિવેત્તા અને પરિવિત્તિ નામના બન્ને ભાઇઓને બે બે કૃચ્છ્ર, કન્યાદાતાને અતિકૃચ્છ્ર અને ઉપાધ્યાયને ચાંદ્રાયણ, એ રીતે પ્રાયશ્ચિત્ત જાણવું. પિતા ઇત્યાદિકે ન આપેલી કન્યાજોડે જાણી જોઈ વિવાહ કરે તો (પૂર્વોક્ત) સઘળાઓએ એક વર્ષપર્યંત કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. ઇચ્છાથકી પિતા ઇત્યાદિકે આપેલી કન્યાજોડે વિવાહ કરે તો ત્રણ માસપર્યંત કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. પિતા ઇત્યાદિકે આપેલી ન છતાં અજાણમાં તે કન્યાજોડે વિવાહ થાય તો ચાંદ્રાયણાદિક પ્રાયશ્ચિત્ત કરવું. એજ રીતે દિધિષુના પતિએ અતિકૃચ્છ્ર. અને અગ્રેદિધિષુના પતિએ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. એવિષે અપવાદ કહે છે,—સાવકો અથવા દત્તક જ્યેષ્ઠ ભ્રાતા હોય તો કનિષ્ઠને વિવાહ તથા અગ્નિહોત્ર ગ્રહણ કરવાવિષે દોષ નથી, સગો ભાઈ હોતાં પણ તે નપુંસક, મૂક (મૂંગો), બધિર, વામન (ઠીંગણો), લંગડો ઇત્યાદિ રીતે દોષયુક્ત હોય; દેશાંતરે રેહેનારો હોય; વેશ્યામાં આસક્ત; જ્ઞાતિબાહ્ય; મહારોગી; અતિવૃદ્ધ; ખેતી કરવામાં આસક્ત, ધનવૃદ્ધિ, રાજસેવા ઇત્યાદિ વ્યાપારવિષે આસક્ત; ચૌર્યાસક્ત; ઉન્મત્ત અને વિવાહ તથા અગ્નિહોત્રવિષે ઇચ્છારહિત એવો જ્યેષ્ઠ બંધુ હોય તો કનિષ્ઠને વિવાહ અને અગ્નિહોત્ર ગ્રહણવિષે દોષ નથી. જ્યેષ્ઠ ભ્રાતા દેશાંતર ગયો હોય તો કનિષ્ઠ આઠ અથવા બાર વર્ષ તેની પ્રતીક્ષા કરવી. એ રીતેજ જ્યેષ્ઠ કન્યાની માતા ભિન્ન હોય તો કનિષ્ઠ કન્યાના

વિવાહવિષે દોષ નથી. એ પ્રમાણે મૂકત્વાદિક દોષયુક્ત જ્યેષ્ઠ કન્યા હોય તો પણ એવો નિર્ણય જાણવો. એ રીતે પરિવેત્તા ઇત્યાદિકનો નિર્ણય કહ્યો.

अथकन्यादातृक्रमः ॥ पितापितामहोभ्रातापितृकुलस्थपितृव्यादिर्मातृकुलस्थोमातामहमातुलादिःसर्वाभावेजननीत्येवंपूर्वाभावेपरःपरः भ्रातृणामुपनीतानामेवाधिकारः अनुपनीतभ्रातुर्मात्रादेश्च सत्त्वेमात्रादेरेवाधिकारोनत्वनुपनीतभ्रातुः सर्वाभावेकन्यास्वयंवरंवृणुयात् कन्यास्वयंवरेमातुर्दातृत्वेचताभ्यामेवनांदीश्राद्धंकार्यं तत्रमाताकन्यावास्वयंप्रधानसंकल्पमात्रंकृत्वान्यद्ब्राह्मणद्वाराकारयेत् वरस्तुसंस्कृतभ्रात्राद्यभावेस्वयमेवनांदीश्राद्धंकुर्यान्नमाता उपनयनेनकर्माधिकारस्यजातत्वात् द्वितीयादिविवाहेवरःस्वयमेवनांदीश्राद्धंकुर्यात् परकीयकन्यादानेविशेषः आत्मीकृत्यसुवर्णेनपरकीयांतुकन्यकां धर्मेणविधिनादानमसगोत्रेपियुज्यते इतिदातृनिर्णयेवरवध्वोरपिनांदीश्राद्धकर्तृत्वनिर्णयः ॥

હવે કન્યાદાતાઓને અનુક્રમ કહે છે.

કન્યાનું દાન પિતાએ કરવું. તે ન હોય તો દાદાએ. તેને અભાવે ભ્રાતાએ, તે ન હોય તો પિતાના કુલમાંના કાકા ઇત્યાદિકે, એને અભાવે માતાના કુલમાંનો માતાને પિતા, માનો ભાઈ (મામો) ઇત્યાદિકે કન્યાદાન કરવું. સર્વને અભાવે માતા, એ પ્રમાણે પૂર્વ પૂર્વને અભાવે બીજો બીજો અધિકારી થાય છે. ભાઇને યજ્ઞોપવીત થયું હોય તોજ કન્યાદાનનો અધિકાર છે. મૌંજીરહિત ભાઈ અને માતા ઇત્યાદિક હોય તો માતા ઇત્યાદિકનેજ અધિકાર છે, મૌંજીરહિત ભાઇને અધિકાર નથી. સઘળાઓને અભાવે કન્યાએ પોતેજ વરને વરવું. કન્યા પોતે વરનારી હોય અથવા માતા દાન કરનારી હોય તો તેમણે પોતેજ નાંદીશ્રાદ્ધ કરવું. તેમાં માતા અથવા કન્યાએ પ્રધાન સંકલ્પ માત્ર કરી બાકી સઘળું કૃત્ય બ્રાહ્મણદ્વારાએ કરાવવું. વરે તો; સંસ્કારયુક્ત ભાઈ ઇત્યાદિક ન હોય તો પોતેજ નાંદીશ્રાદ્ધ કરવું; માતાએ કરવું નહીં; કારણ, મૌંજી થયાથી વરને કર્મનો અધિકાર પ્રાપ્ત થયો છે. બીજા ઇત્યાદિક વિવાહવિષે વરે પોતેજ નાંદીશ્રાદ્ધ કરવું. અન્યની કન્યાના દાનવિષે વિશેષ કહે છે. "પારકી કન્યાને, સુવર્ણ આપી પોતાની કન્યા જેવી કરી તેનું ધર્મવિધિએ દાન કરવું એ પરગોત્રવાળાને પણ યુક્ત છે." એ પ્રમાણે કન્યાદાતાનો નિર્ણય કહેતા તેની સાથે વર અને કન્યાને પણ નાંદીશ્રાદ્ધ કર્તાપણાનો નિર્ણય કહ્યો.

मूलनक्षत्राद्यपादत्रयजातौवधूवरौस्वस्वश्वशुरंनाशयतः आश्लेषांत्यपादत्रयजातौश्वश्रूं ज्येष्ठांत्यपादजातावन्योन्यज्येष्ठभ्रातरं विशाखांत्यपादजावन्योन्यकनिष्ठभ्रातरं मघाप्रथमपादेमूलवत्फलंकेचिदाहुः केचिदुपनयनस्यद्वितीयजन्मरूपत्वात्तेनचद्वितीयजन्मनापूर्वजन्मसंभवमूलादिदोषस्यनिरस्तत्वाद्वरस्यश्वशुरघातित्वादिदोषोनेत्यपवादंसंकटेवदंति श्वशुराद्यभावेवध्वाअपिनदोषः नर्क्षवृक्षनदीनाम्नींनांत्यपर्वतनामिकां नपक्ष्यहिप्रेष्यनाम्नींनविभीषणनामिकामुद्वहेदिति वरायपुंस्त्वंपरीक्ष्यकन्यादेया यस्याप्सुप्लवतेबीजंह्लादिमूत्रंचफेनिलमित्यादिपुंस्त्वपरीक्षा कुलंचशीलंचवपुर्वयश्चविद्यांचवित्तंचसनाथतांच एतान्गुणान्सप्तपरीक्ष्यदेयाकन्याबुधैःशेषमचिंतनीयं इतिवधूवरयोर्मूलजातत्वादिगुणदोषनिर्णयः ॥

મૂલ નક્ષત્રના પ્રથમના ત્રણ ચરણમાં ઉત્પન્ન થયલાં કન્યા અને વર પોતપોતાના સસરાનો નાશ કરે છે. આશ્લેષા નક્ષત્રના છેલ્લા ત્રણ ચરણમાં ઉત્પન્ન થયલાં સાસુનો નાશ કરે છે. જ્યેષ્ઠા નક્ષત્રના છેલ્લા પાદમાં ઉત્પન્ન થયલાં પરસ્પરના જ્યેષ્ઠ ભ્રાતાનો નાશ કરે છે. વિશાખાના છેલ્લા પાદમાં જન્મ પામેલાં વર અને કન્યા પરસ્પરના કનિષ્ઠ ભ્રાતાનો નાશ કરે છે. મઘાના પ્રથમ પાદમાં જન્મ થયો હોય તો મૂલ પ્રમાણે ફલ થાય છે એમ કોઈ ગ્રંથકાર કહે છે. કોઈ ગ્રંથકાર, ઉપનયન એ અન્ય જન્મરૂપ હોવાથી તે ઉપનયનરૂપ અન્ય જન્મવડે, પૂર્વજન્મવિષે ઉત્પન્ન થયલો મુલાદિક નક્ષત્રોનો દોષ નિવૃત્ત થાયછે માટે 'મૂલમાં ઉત્પન્ન થયલો વર શ્વસુરઘાતક થાય છે' ઇત્યાદિક દોષ નથી, એવો અપવાદ સંકટ છતાં કહે છે. સસરો ઇત્યાદિક ન હોય તો કન્યાને પણ દોષ નથી. "રીંછ, ઝાડ, નદી, ચાંડાલ, પર્વત, પક્ષી, સર્પ અને દાસ એ નામની; તથા ભયંકર નામવાળી એવી કન્યા વરવી નહીં." વરને પુરૂષપણાની પરીક્ષા કરી કન્યા દેવી. "જેનું વીર્ય જળઉપરે તરે, મૂત્ર શબ્દસહિત અને ફેન (ફીણ)યુક્ત હોય ઇત્યાદિ પુરૂષત્વની પરીક્ષા જાણવી." "કુલ, સ્વભાવ, વપુ (શરીરસામર્થ્ય), વય, વિદ્યા દ્રવ્ય અને એનો પાલક કોણ એ સાત ગુણની વરના અંગમાં ચતુર પુરૂષોએ

પરીક્ષા કરી કન્યા દેવી, બાકીના ગુણ જોવાની જરૂર નથી.” એ રીતે કન્યા અને વર મૂલ ઇત્યાદિ નક્ષત્રમાં ઉત્પન્ન થયાં હોય તો તેના ગુણદોષનો નિર્ણય સમાપ્ત થયો.

अथविवाहेमासादिनिर्णयः ॥ माघफाल्गुनवैशाखज्येष्ठमासाःशुभप्रदाः मार्गशीर्षोमध्यमः स्यात्कचिदाषाढकार्तिकौ अत्रमिथुनेर्केआषाढोवृश्चिकेकार्तिकश्चदेशाचारानुरोधेनग्राह्योनसर्वदेशे एवं मकरस्थपौषोमेषस्थचैत्रोपि ज्येष्ठयोर्वधूवरयोर्ज्येष्ठेमासिविवाहोनशुभः मासांतरेमध्यमः नज्येष्ठयोर्विवाहःस्याज्ज्येष्ठेमासिविशेषतः द्वौज्येष्ठौमध्यमौप्रोक्तावेकज्यैष्ठ्यंसुखावहं ज्येष्ठत्रयंनकुर्वीतविवाहेसर्वसंमतमित्युक्तेः तथाचज्येष्ठमासोज्येष्ठगर्भस्यमंगलेमध्यमः जन्ममासजन्मनक्षत्रादिकंज्येष्ठापत्यस्यनिषिद्धं सार्वकालमेकेविवाहमितित्वासुराद्यधर्मविवाहविषयम् ॥

હવે વિવાહવિષે માસાદિકનો નિર્ણય કહે છે.

“માઘ, ફાગણ, વૈશાખ અને જયેષ્ઠ એ માસ શુભદાયક છે. માર્ગશીર્ષ મધ્યમ છે. કોઈ ગ્રંથમાં આષાઢ અને કાર્તિક એ પણ કહ્યા છે. વિવાહવિષે મિથુનનો સૂર્ય છતાં આષાઢમાસ અને વૃશ્ચિકનો સૂર્ય છતાં કાર્તિકમાસ એ દેશાચાર હોય તો લેવા, સર્વ દેશમાં લેવા નહીં. એપ્રમાણે મકરનો સૂર્ય છતાં પૌષમાસ અને મેષનો સૂર્ય છતાં ચૈત્રમાસ એ પણ એજ રીતે ગ્રહણ કરવા. જયેષ્ઠ કન્યા અને જયેષ્ઠ વર એમનો વિવાહ જયેષ્ઠમાસમાં શુભકારક નથી, અને જયેષ્ઠવિના અન્ય માસમાં મધ્યમ છે. કારણ, “જયેષ્ઠ કન્યા અને જયેષ્ઠ વરનો વિવાહ વિશેષે કરી જયેષ્ઠ માસમાં કરવો નહીં. બે જયેષ્ઠ હોય તો તે મધ્યમ છે. જયેષ્ઠ વર, જયેષ્ઠ કન્યા અને જયેષ્ઠ માસ એઓમાંથી એક જયેષ્ઠ હોય તો સુખકારક છે. વિવાહમાં ત્રણ જયેષ્ઠ (એટલે જયેષ્ઠ વર, જયેષ્ઠ કન્યા અને જયેષ્ઠ માસ) કરવા નહીં એ સર્વસંમત વચન છે.” તેમજ જયેષ્ઠ વર અથવા જયેષ્ઠ કન્યાના મગલકાર્યવિષે જયેષ્ઠમાસ મધ્યમ છે. જન્મમાસ, જન્મનક્ષત્ર ઇત્યાદિક જયેષ્ઠ સંતાનના સંસ્કારવિષે નિષિદ્ધ છે. “કેટલાએક આચાર્ય સર્વ કાલમાં વિવાહ કરવો એમ કહે છે,” તે વચન તો આસુરાદિક અધર્મ્ય વિવાહવિષયતું છે.

मयूखे आर्द्रादिदशनक्षत्रेषुसूर्याधिष्ठितेषुविवाहमौंज्यादिकंवसिष्ठादिभिर्निषिद्धमित्युक्तं नैतत्कौस्तुभसिंध्वादिग्रंथेमार्तंडादिज्योतिर्ग्रंथेपीतिवहवः शिष्टाःआर्द्रादिप्रवेशदोषंनमन्यंते अमावास्यानिषिद्धा रिक्ताष्टमीषष्ठ्योल्पफलाः अन्यास्तिथयोबहुफलाः शुक्लपक्षःश्रेष्ठः कृष्णस्त्रयोदशीपर्यंतोमध्यमः सोमबुधगुरुशुक्रवाराःशुभाः अन्येमध्यमाः रोहिणीमृगमघास्तिस्रउत्तराहस्तस्वातीमूलानुराधारेवत्यःसर्वसंमतनक्षत्राणि हरदत्तमतेचित्राश्रवणधनिष्ठाश्विन्यइत्यधिकानिचत्वारि तत्रापिखलग्रहयुतंनक्षत्रं वर्ज्यं चंद्रतारावलंकन्यावरयोरुभयोरपि अन्यतरस्यचंद्रवलाभावेरजतादिदानंकार्यम् ॥

આર્દ્રાદિક દશ નક્ષત્રવિષે સૂર્ય હોય તો મૌંજી, વિવાહ ઇત્યાદિક મંગળ કાર્ય નિષિદ્ધ છે એમ વસિષ્ઠાદિક ઋષિઓએ કહ્યુ છે; પરંતુ કૌસ્તુભ, નિર્ણયસિંધુ ઇત્યાદિક ગ્રંથોવિષે અને માર્તંડાદિક જ્યોતિષગ્રંથોવિષે પણ એ છે નહીં માટે બહુ શિષ્ટજનો આર્દ્રાદિક નક્ષત્રોના પ્રવેશના દોષને માનતા નથી. (વિવાહવિષે) અમાવાસ્યા નિષિદ્ધ છે. રિક્તા (ચોથ, નોમ, ચૌદશ), અષ્ટમી અને ષષ્ઠી એ તિથિઓ અલ્પ ફળ આપનારી (મધ્યમ) છે. શુકલપક્ષ શ્રેષ્ઠ છે. કૃષ્ણપક્ષ તેરસપર્યંત મધ્યમ છે. સોમ, બુધ, ગુરૂ અને શુક્ર એ વાર શુભ છે. બીજા વાર મધ્યમ છે. રોહિણી, મૃગ, મઘા, ત્રણ ઉત્તરા, હસ્ત, સ્વાતી, મૂળ, અનુરાધા અને રેવતી એ નક્ષત્રો વિવાહવિષે સર્વને માન્ય છે. હરદત્તના મતમાં ચિત્રા, શ્રવણ, ધનિષ્ઠા અને અશ્વિની એ ચાર અધિક છે. જે આ વિવાહનક્ષત્રો કહ્યાં તેમાં પણ ક્રૂરગ્રહે યુક્ત જે નક્ષત્ર હોય તે વર્જ્ય કરવું. ચદ્રબલ અને તારાબલ એ વર, કન્યા બન્નેને અવશ્ય હોવું જોઇએ. બેમાંથી એકને ચંદ્રબલ ન હોય તો રૂપું ઇત્યાદિકનુ દાન કરવું.

मेषःकन्याघटःसिंहोनक्रंयुग्मंधनुर्वृषः मीनःसिंहोधनुःकुंभोजादीनांघातचंद्रमाः यात्रायांयुद्धकार्येषुघातचंद्रंविवर्जयेत् विवाहेसर्वमांगल्येचौलादौव्रतबंधने घातचंद्रोनैवचिंत्योयज्ञेसीमंतजातयोः मृत्युयोगेपारिघार्धेभद्रायांपातवैधृतौ विष्कंभादेर्दुष्टभागेतिथिवृद्धिक्षयेपिच यामार्धकुलिकादौचगंडांतेरविसंक्रमे केतूद्गमेभूमिकंपेविवाहाद्यंविवर्जयेत् ग्रहणेपादादिग्रासेत्रिचतुःषडष्टदिवसाःप्रागर्धिता वर्ज्याः भूकंपेउल्कापातेचत्रिदिनंवज्रपातेचैकंदिनंवर्ज्यं - यावत्केतूद्गमस्तावदशुभःसमयोभवेत् अस्या

पवादः भूकंपादेर्नदोषोस्तिवृद्धिश्राद्धेकृतेसति दिवाविवाहःप्रशस्तः रात्रावपिकन्यादानंहेमाद्यादिमतेप्रशस्तंभवति ॥

ઘાતચંદ્ર—"મેષ રાશીને ૧, વૃષ રાશીને ૫, મિથુનને ૯, કર્કને ૨, સિંહને ૬, કન્યાને ૧૦, તુળને ૩, વૃશ્ચિકને ૭, ધનને ૪, મકરને ૮, કુંભને ૧૧, અને મીન રાશીને ૧૨ મો, એ ઘાતચંદ્ર જાણવો. પ્રયાણ (પરદેશ જવામાં) અને યુદ્ધકાર્યવિષે ઘાતચંદ્ર વર્જ્ય કરવો. વિવાહ, સઘળાં મંગલકર્મ, ચૌલાદિક, મૌંજી, યજ્ઞ, સીમંત અને જાતકર્મ એ કરવાનાં હોય તો ઘાતચંદ્ર જોવો નહી. મૃત્યુયોગ, પરિઘનું પૂર્વાર્ધ, ભદ્રા, વ્યતીપાત, વૈધૃતિ, વિષ્કંભાદિક યોગની નિષિદ્ધ ઘડી, તિથીની વૃદ્ધિ, તિથિનો ક્ષય, યામાર્ધ, કુલિકાદિક, ગંડાંત, સૂર્યની સંક્રાંતિ, કેતુનો ઉદય અને ભૂકંપ એમનેવિષે વિવાહાદિક મંગળકાર્ય કરવાં નહીં," એક પાદ ગ્રાસ હોય તો ત્રણ દિવસ, બે પાદ હોય તો ચાર દિવસ, ત્રણ પાદ હોય તો છ દિવસ, અને પૂર્ણગ્રહણ હોય તો આઠ દિવસ. તેમાં ગ્રહણના દિવસથી અર્ધા દિવસ પ્રથમ અને અર્ધા દિવસ ગ્રહણ થયા પછી વર્જ્ય કરવા. ભૂકંપ અને ઉલ્કાપાત (આકાશમાંથી અગ્નિસરખા તારા પડે છે તે) હોય તો ત્રણ દિવસ, વજ્રપાત થયો હોય તો એક દિવસ, એ પ્રમાણે વર્જ્ય કરવા. "કેતુનો તારો જ્યહાંપર્યંત ઉગતો હોય ત્યહાંપર્યંત જેટલા દિવસ તે અશુભ છે. એટલે તેટલા દિવસ શુભકાર્ય કરવું નહીં." એનો અપવાદ કહે છે—"નાંદીશ્રાદ્ધ કીધા પછી ભૂકંપાદિકનો દોષ નથી. દિવસે વિવાહ શ્રેષ્ઠ છે. કન્યાદાન રાત્રવિષે પણ હેમાદ્રિ આદિના મતવિષે ઉત્તમ છે."

अथलग्नेग्रहबलम् ॥ त्रि ३ षष्ठा ६ ष्ट ८ स्वर्कस्त्रि ३ जल ४ धन २ गोब्जः क्षितिसुतस्त्रि ३ षष्ठ ६ स्थोऽक्षेज्यौव्ययनिधन १२।८ वर्ज्यौ भृगुसुतः द्वितीयाब्धीष्वंकाग्नतनुषु २।४।५।९।१०।१ रिपु ६ त्र्य ३ ष्ट ८ सुशनिस्तमःकेतुश्चाये ११ भवतिसुखहेतुश्चसकलः ॥

હવે વિવાહલગ્નવિષે ગ્રહબલ કહે છે.

"જે લગ્નવિષે વિવાહ કરવાનો તે "લગ્નથકી ત્રીજે, છઠ્ઠે અને આઠમે રવિ;—ત્રીજે, ચોથે અને બીજે ચંદ્ર; ત્રીજે અને છઠ્ઠે મંગલ; બારમું અને આઠમું સ્થાનક છોડી અન્યત્ર ઠેકાણે બુધ અને ગુરૂ; બીજે, ચોથે, પાંચમે, નવમે, દશમે, અથવા લગ્નવિષે શુક્ર; અને છઠ્ઠે ત્રીજે અથવા આઠમે શનિ, રાહુ અને કેતુ; અને અગીયારમે સ્થાનકે સર્વ ગ્રહ શુભ છે."

अथलग्नेवर्ज्यग्रहाः ॥ रविर्लग्ने १ चंद्रस्तनुरिपुमृति १।६।८ स्युःक्षितिसुतोष्टलग्नाग्रे ८।१।१० क्षेज्यौनिधन ८ उशनाव्य ३ ष्ट ८ रिपु ६ षु शनिःशेषौलग्ने १ तनुपतिरथार्य ६ ष्टम ८ गृहेविवाहेस्युः सर्वेमदनसदने७नैवशुभदाः शेषौराहुकेतू अन्येद्वादशगं १२ चंद्रंदृक्केशनवमांशपौ षष्ठाष्ट ६।८ गौबुधं चाग्रे १० वर्ज्यानाहुर्मनीषिणः ॥

હવે લગ્નવિષે વર્જ્યગ્રહ કયા તે કહે છે.

"લગ્નમાં સૂર્ય; લગ્ન, છઠ્ઠે, અથવા આઠમે ચંદ્ર; આઠમે, લગ્નમાં અથવા દશમે મંગલ; આઠમે બુધ અને ગુરૂ; ત્રીજે, આઠમે અથવા છઠ્ઠે શુક્ર; શનિ અને શેષ ગ્રહ લગ્નવિષે; છઠ્ઠે અથવા આઠમે લગ્નપતિ; અને સપ્તમસ્થાનકે સર્વે ગ્રહ; એ રીતે ગ્રહો હોય તો તેઓ વિવાહવિષે શુભ ફળ દેતા નથી અર્થાત્ વર્જ્ય કરવા. ઇહાં શેષ શબ્દવડે રાહુ અને કેતુ સમજવા. કોઈ ગ્રંથકાર, બારમે ચંદ્ર; દ્રેષ્કાણસ્વામી અથવા નવાંશસ્વામી એ છઠ્ઠે અથવા આઠમે, તેમજ દશમે બુધ એ વર્જ્ય કરવા, એમ કહે છે.

मेषान्नक्रात्तुलात्कर्कान्निर्गण्यानवमांशकाः । शस्तावृषनृयुक्कर्ककन्यातूलधनुर्झषाः ॥

નવાંશની રીતિ—મેષ, સિંહ અથવા ધન એ લગ્ન હોય તો મેષથકી નવાંશ ગણવા. વૃષ, કન્યા અથવા મકરલગ્ન હોય તો મકરથકી; મિથુન, તુળ અથવા કુંભલગ્ન હોય તો તુળથકી; અને કર્ક, વૃશ્ચિક અથવા મીનલગ્ન હોય તો કર્કથકી નવાંશ ગણવા. એ રીતે ત્રણ વખત આવૃત્તિરૂપ ગણવાથકી નવાંશ થાય છે. તેમાં વૃષ, મિથુન, કર્ક, કન્યા, તુળ, ધન અથવા મીન એ નવાંશ હોય તો શુભ જાણવા.

अथैकविंशतिमहादोषाः ॥ दुःपंचांग्यष्टमोसृक्सविधुखलतनुःषण्मृतींदुःसितोरौ संक्रांति गंडदोषःसखलभदिनजौचक्रचक्रार्धपातौ रंध्रंलग्नंकुवर्गोस्तगखलउदयास्ताशुचिःक्रूरवेधः कर्तर्येकार्गलाभिर्ग्रहणभकुलवौदुःक्षणोत्पातमेच ॥

હવે એકવીશ મહાદોષ કહે છે.

"૧ દુઃપંચાંગી–જે કાર્યમાં જે તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ વર્જિત છતાં તે હોય. ૨ અષ્ટમોસ્કૃ:–લગ્નથકી આઠમે મંગળ. ૩ સવિધુખલતનુઃ–ચંદ્ર અથવા પાપગ્રહે યુક્ત લગ્ન. ૪ ષણ્મૃતીંદુઃ–લગ્નથકી છઠ્ઠે અથવા આઠમે ચંદ્ર. ૫ સિતોરૌ–લગ્નથકી છઠ્ઠે શુક્ર. ૬ સંક્રાંતિઃ–સૂર્ય બીજી રાશિમાં જતો હોય તે દિવસ. ૭ ગંડદોષઃ–ત્રણ પ્રકારના ગંડાંતનો દોષ. ૮ સખલભઃ–પાપગ્રહે-યુક્ત નક્ષત્ર. ૯ દિનજ–વારથી ઉત્પન્ન થયલા એવા કુલિક, અર્ધયામાદિક દોષ. ૧૦ ચક્રચક્રાર્ધપાતૌઃ–વૈધૃતિ અને વ્યતીપાત નામનો સૂર્યચંદ્રસંબંધી ક્રાંતિસામ્યરૂપ. ૧૧ રંધ્રલગ્ન–જન્મલગ્ન અથવા જન્મ-રાશિથકી આઠમું લગ્ન. ૧૨ કુવર્ગઃ–ષડ્વર્ગમાં પાપગ્રહનો વર્ગ અધિક હોય તે. ૧૩ અસ્તગખલ–લગ્નથકી સાતમે પાપગ્રહ. ૧૪ ઉદયાસ્તાશુચિઃ–લગ્ન અથવા લગ્નનો નવમાંશ તેમજ સાતમું લગ્ન અથવા તેનો નવાંશ એ પોતપોતાના સ્વામિવડે યુક્ત અથવા તેમની ઉપર તેમની દૃષ્ટિ હોય તો તે ઉદય એટલે લગ્ન અને અસ્ત એટલે સપ્તમ તેની શુદ્ધિ કહેવાય અને એ ન હોય તો તે. ૧૫ ક્રૂરવેધઃ–પાપગ્રહે વિદ્ધ નક્ષત્ર. ૧૬ કર્ત્તરિઃ–ચંદ્ર અથવા લગ્નથકી ૨, ૧૨ એ બન્ને સ્થાનકે પાપગ્રહ હોય તો તે. ૧૭ એકાર્ગલાંધ્રિઃ–વિષ્કંભ, અતિગંડ, વ્યાઘાત, વજ્ર, વ્યતીપાત, પરિઘ, વૈધૃતિ, શૂળ ગંડ એ નવમાંનો કોઈ એક દુષ્ટ યોગ છતાં તે દિવસે ચદ્રનક્ષત્રથકી અભિજિત્સહિત ગણી વિષમ નક્ષત્રમાં સૂર્ય હોય તો એકાર્ગલ યોગ થાય છે. તે એકાર્ગલયોગે વિદ્ધ કરેલું નક્ષત્રનું ચરણ. ૧૮ ગ્રહણભઃ–જે નક્ષત્રમાં ગ્રહણ થયલું હોય તે. ૧૯ કુલવઃ–નિષિદ્ધ નવાંશ. ૨૦ દુઃક્ષણઃ–શુક્રવારે ૯ મું મુહૂર્ત્ત, સોમવારે ૯ મું, ગુરૂવારે ૧૨ મું, શનિવારે ૧ લું, એ દિવસનાં; અને ભૌમવારે ૭ મું રાત્રિનું; એ દુષ્ટ મુહૂર્ત્ત. ૨૧ ઉત્પાતભઃ–જે નક્ષત્રમાં ભૂકંપાદિક ઉત્પાત થયલા હોય તે નક્ષત્ર. એ એકવીશ મહાદોષ કહ્યા." (વિવાહવિષે એમાંનો એક પણ દોષ હોવો ન જોઇએ.)

अथसंकटेगोधूलम् ॥ गोधूलंपद्जातकेशुभकरंपंचांगशुद्धौरवेरर्धास्तात्परपूर्वतोर्धघटिकंतत्रेंदुमष्टारिगं सोमांगंकुजमष्टमंगुरुयमाहःपातमर्कक्रमंजह्याद्द्विप्रमुखेतिसंकटइदंसयौवनाढ्येकचित् ।

હવે સંકટવિષે ગોધૂલ (ગોરજ) મુહૂર્ત્ત કહે છે.

સાયંકાલે સૂર્યના અર્ધ અસ્તથકી પ્રથમ ૧૫ પળ અને પાછળ ૧૫ પળ મળી જે અર્ધ ઘડી તે ગોધૂલ લગ્ન. વિવાહોક્ત પંચાંગશુદ્ધિ હોય તો એ ગોધૂલ મુહૂર્ત્ત શૂદ્રજાતીને વિવાહ માટે શુભ છે. તે ગોધૂલ મુહૂર્ત્તમાં લગ્નથકી છઠ્ઠે અથવા આઠમે ચંદ્ર, પાપગ્રહયુક્ત લગ્ન, આઠમે મંગળ, ગુરૂ અને શનિ એ વાર, મહાપાત (સિદ્ધાંતશિરોમણીમાં કહેલો છે તે) અને જે દિવસે સૂર્યની સંક્રાંતિ થઇ હોય તે દિવસ, એટલા દોષ વર્જ્ય કરવા. બ્રાહ્મણાદિકોએ અતિ સંકટ સમયે અથવા કન્યાને યૌવન વય પ્રાપ્ત થયું હોય તો વિવાહવિષે ગોધૂલ મુહૂર્ત્ત લેવું એમ કોઈ ગ્રંથમાં કહ્યું છે.

यथोक्तचंद्रताराद्यभावेदानानि ॥ चंद्रेचशंखंलवणंचतारेतिथौविरुद्धेत्वथतंडुलांश्च धान्यंचदद्यात्करणेचवारेयोगेविरुद्धेकनकंचदेयम् ॥

ચંદ્ર તારા આદિ કહ્યા પ્રમાણે ન હોય તો તેવિષે દાન કહે છે.

" ચંદ્ર અશુભ હોય તો શંખદાન, તારા અશુભ હોય તો લવણદાન, તિથિ વિરૂદ્ધ હોય તો તંદુલ (ચોખા) નું દાન, કરણ (ભદ્રા) હોય તો ધાન્યદાન, અને વ્યતીપાતાદિક દુષ્ટ યોગ અથવા દુષ્ટ વાર હોય તો સુવર્ણદાન, એ પ્રમાણે દાન કરવું."

षड्वर्गशुद्ध्यादिविचारः ॥ कालसाधनादिप्रकारः कुलिकादिस्वरूपाणिचज्योतिर्ग्रंथेभ्यो ज्ञातव्यानि विस्तरभयान्नेहोच्यंते इतिमुहूर्तविचारसंक्षेपः मंडपनिर्माणाद्यंगजातमंगिनोविवाहादेरुक्त नक्षत्रादौकार्यं कंडनदलनयवारकमंडपमृद्धेदिवर्णकाद्यखिलं तत्संबंधिगतागतमृक्षैर्वैवाहिकेकुर्यादि

त्युक्तेः यवारकंचिकसाइतिभाषायां एवंहरिद्रादिषुअंगेषुचंद्रबलंनापेक्ष्यं विवाहांगंविवाहात्प्राक्तृतीयषष्ठनवमदिनेषुनकार्यं तत्रमंडपःषोडशद्वादशदशाष्टान्यतमसंख्यहस्तश्चतुर्द्वारःकार्यः मंडपेचतुर्वरकरांपंचवधूकरांवावेदींचतुरस्रांसोपानयुतांप्राक्प्रवणांरंभास्तंभादिभिःसर्वतःसुशोभितांगृहनिर्गमाद्वामभागेकुर्यात् ॥

હોરા, દક્કાણ, સપ્તાંશ, નવાંશ, દ્વાદશાંશ અને ત્રિંશાંશ એ ષડ્વર્ગની શુદ્ધિ ઇત્યાદિકનો નિર્ણય, લગ્નવેળાસાધન ઇત્યાદિ પ્રકાર અને કુલિકાદિકનાં સ્વરૂપ, એ સર્વ, જ્યોતિષગ્રંથોમાં જોવું. ગ્રંથવિસ્તાર થવાના ભયથકી ઇહાં કહ્યાં નથી. એ રીતે મુહૂર્ત્તવિચાર સક્ષેપે કહ્યો. વિવાહાદિકના અંગભૂત એવાં મંડપ બાંધવો ઇત્યાદિક જે કરવાનાં કાર્ય, તે અંગીભૂત (મુખ્ય) વિવાહાદિકમાટે ઉક્ત તિથિ નક્ષત્ર ઇત્યાદિક સમયે કરવાં. કારણ, "ખાંડવું, દળવું, 'યવારક, મંડપ કરવો, માટીની વેદી' કરવી, ચિત્ર કાઢવાં ઇત્યાદિક સપૂર્ણ વિવાહસંબંધી આગળ અને પાછળનાં અંગકાર્ય કરવાં તે વિવાહોક્ત નક્ષત્રવિષે કરવાં" એવું વચન છે. 'યવારક' એટલે પ્રાકૃતમાં જેને 'ચિકસા' એમ કહે છે તે. એ પ્રમાણે હળદર લગાડવી ઇત્યાદિક અંગભૂત કાર્ય કરવામાં ચદ્રબલની જરૂર નથી. વિવાહસંબંધી અંગભૂત જે કાર્ય તે વિવાહથકી પ્રથમ ત્રીજે, છઠ્ઠે અને નવમે દિવસે કરવાં નહી. વિવાહનો મંડપ કરવો તે સોળ હાથ, બાર હાથ, દશ હાથ અથવા આઠ હાથ એમાંથી કોઈ એક સંખ્યાનો અને ચાર દ્વારે યુક્ત એવો કરવો. તે મંડપમાં વરના હાથથી ચાર હાથ અથવા કન્યાના હાથથી પાંચ હાથ, સમચોરસ, પગથીવાળી, પૂર્વદિશાસામે નમતી અને કેળના સ્તંભઆદિવડે સર્વત્ર સુશોભિત એવી વેદી ઘરથી બાહેર જવાના દ્વારની ડાબીમેર કરવી.

अथकन्यायाजन्मकालीनग्रहादियोगसूचितवैधव्यपरिहारोपायः ॥ तत्रमूर्तिदानं कन्यादेशकालौसंकीर्त्य वैधव्यहरंश्रीविष्णुप्रतिमादानंकरिष्यइतिसंकल्प्य पलतदर्धतदर्धान्यतमप्रमाणहेमनिर्मितांविष्णुप्रतिमांचतुर्भुजांसायुधांवृतेनाचार्येणाग्न्युत्तारणादिपूर्वकंषोडशोपचारैःपूजयेत् वस्त्रार्पणकालेपीतवस्त्रेपुष्पार्पणकालेकुमुदोत्पलमालांचदद्यात् पूजांतेकन्यादेवंप्रणम्यमंत्रेणदद्यात् यन्मयाप्रांचिजनुषिघ्नंत्यापतिसमागमं विषोपविषशस्त्राद्यैर्हतोवापिविरक्तया प्राप्यमाणंमहाघोरंयशःसौख्यधनापहं वैधव्याद्यतिदुःखौघंतन्नाशायसुखाप्तये बहुसौभाग्यवृद्ध्यैचमहाविष्णोरिमांतनुं · सौवर्णींनिर्मितांशक्त्यातुभ्यंसंप्रददेद्विजेति ततोयथाशक्तिहेमदक्षिणांदत्त्वा अनघाद्याहमस्मीतित्रिर्वदेत् एवमस्त्वितिविप्रोपित्रिः ततोविप्रभोजनम् ॥

હવે કન્યાના જન્મસમયના ગ્રહાદિકને યોગે સૂચિત કરેલું જે વૈધવ્ય તેની નિવૃત્તિનો ઉપાય કહે છે. તેવિષે મૂર્ત્તિનું દાન કરવું. તે આ રીતે-કન્યાએ દેશ, કાલનો ઉચ્ચાર કરી "वैधव्यहरं श्रीविष्णुप्रतिमादानं करिष्ये" એવો સંકલ્પ કરી એક પલ (૪૦ માષા), અર્ધ પલ અથવા પા પલ એમાંથી કોઈ એક પ્રમાણના સુવર્ણવડે કરેલી, આયુધસહિત અને ચતુર્ભુજ એવી વિષ્ણુમૂર્ત્તિની અગ્ન્યુત્તારણપૂર્વક ષોડશોપચાર પૂજા, પ્રથમ વરેલા આચાર્યદ્વારાએ કરાવવી. પૂજામાં વસ્ત્ર અર્પણ કરવાને સમયે બે પીળાં વસ્ત્ર, અને પુષ્પ અર્પણ કરવાને સમયે કુમુદ (કમલ) અને કમલની માળા એ અર્પણ કરવાં. એ રીતે પૂજા થયા પછી કન્યાએ મૂર્ત્તિને નમસ્કાર કરી મંત્રવડે તે મૂર્ત્તિનું દાન કરવું. દાનનો મંત્ર—"यन्मया प्रांचि जनुषि, घ्नंत्या पतिसमागमं ॥ विषोपविषशस्त्राद्यैर्हतो वापि विरक्तया ॥ प्राप्यमाणं महाघोरं, यशः सौख्यधनापहं ॥ वैधव्याद्यतिदुःखौघं, तन्नाशाय सुखाप्तये ॥ बहुसौभाग्यवृद्ध्यै च, महाविष्णोरिमां तनुं ॥ सौवर्णीं निर्मितां शक्त्या, तुभ्यं संप्रददे द्विज," એ મંત્ર ભણી દાન કરવું. પછી યથાશક્તિ સુવર્ણદાન કરી "अनघाद्यामहस्मि" એ રીતે કન્યાએ ત્રણ વાર કહેવું. "एवमस्तु" એ રીતે બ્રાહ્મણે પણ ત્રણ વાર કહેવું. પછી બ્રાહ્મણભોજન કરાવવું.

अथवैधव्यहरःकुंभविवाहः ॥ विवाहकर्तापित्रादिःकन्यावैधव्यहरंकुंभविवाहंकरिष्यइति संकल्प्य नांदीश्राद्धांतंकृत्वामहीद्यौरित्यादिनाकुंभस्थापनांतंतत्रवरुणप्रतिमायांवरुणंसंपूज्यतत्रकलश

---

૧ મહારાષ્ટ્ર ભાષામાં 'ચિકસા' કહે છે તેનો અર્થ પીઠી થાય છે પણ અપભ્રંશ શબ્દને અનુસારે યવારક એટલે જવારા એવો અર્થ લઈએ એમ ભાસે છે.

मध्येविष्णुप्रतिमायांविष्णुंषोडशोपचारैःसंपूज्यप्रार्थयेत् वरुणांगस्वरूपायजीवनानांसमाश्रय पतिंजीवयकन्यायाश्चिरंपुत्रसुखंकुरु देहिविष्णोवरंदेवकन्यांपालयदुःखतइति ततोविष्णुरूपिणेकुंभायेमांकन्यांश्रीरूपिणींसमर्पयामीतिसमर्प्य परित्वेत्यादिमंत्रैरधस्तादुपरिचकुंभंकन्यांचमंत्रावृत्त्यापरिवेष्ट्य ततः कुंभंनिःसार्य जलाशयेप्रभज्यशुद्धजलेनसमुद्रज्येष्ठेत्यादिमंत्रैःपंचपल्लवैःकन्यामभिषिच्यविप्रान्भोजयेदिति इतिकुंभविवाहः ॥

હવે વૈધવ્યદોષને દૂર કરનારો કુંભવિવાહ કહે છે.

કન્યાનો વિવાહ કરાવનારા પિતા ઇત્યાદિકે "कन्यावैधव्यहरं कुंभविवाहं करिष्ये," એવો સંકલ્પ કરી નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ કરી "महीद्यौः०" ઇત્યાદિક વિધિવડે કુંભસ્થાપન કીધા પછી તે કુંભ ઉપર વરુણની પ્રતિમાવિષે વરુણનું પૂજન કરી તે કલશના મધ્યભાગમાં વિષ્ણુની પ્રતિમા સ્થાપન કરી તે પ્રતિમાવિષે વિષ્ણુની ષોડશોપચારવડે પૂજા કરી પ્રાર્થના કરવી. તે પ્રાર્થનાના મંત્ર–"वरुणांगस्वरूपाय, जीवनानां समाश्रय ॥ पतिं जीवय कन्यायाश्चिरं पुत्रसुखं कुरु ॥ देहि विष्णो वरं देव, कन्यां पालय दुःखतः," એ રીતે પ્રાર્થના કીધા પછી "विष्णुरूपिणे कुंभायेमां कन्यां श्रीरूपिणीं समर्पयामि," એ વાક્યનો ઉચ્ચાર કરી કન્યા કુંભને અર્પણ કરી "परित्वा०" ઇત્યાદિક મંત્રવડે તળે અને ઉપર કુંભ અને કન્યાને મંત્રોની આવૃત્તિ (બેવાર બોલાવવા)વડે સૂત્ર વીંટવું. ત્યાર પછી ત્યહાંથી કુંભને લઈ જલાશયમાં જઈ ફોડવો. પછી શુદ્ધ જલવડે "समुद्रज्येष्ठा०" ઇત્યાદિક મંત્ર ભણી પંચપલ્લવવડે કન્યાને અભિષેક કરી બ્રાહ્મણોને ભોજન કરાવવું. એ રીતે કુંભવિવાહ કહ્યો.

अथवरस्यमृतभार्यात्वपरिहारोपायः ॥ तत्रपरिवेत्तृत्वपापात्मृतभार्यात्वंतत्पापपरिहारायप्राजापत्यत्रयंचांद्रायणत्रयंकृत्वाअसकृन्मृतभार्यात्वयोगेतदुभयत्रयमावृत्त्याकृत्वा मृतभार्यात्वनिरासद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं अयुतसंख्यचर्वाज्यहोमंकरिष्यइतिसंकल्प्याग्निस्थापनांतेऽन्वाधानं दुर्गाग्निविष्णून् अष्टाधिकायुतसंख्याभिश्चर्वाज्याहुतिभिःशेषेणस्विष्टकृतमित्यादि प्रतिदैवतंतूष्णींनिरूप्यप्रोक्ष्यच त्यागकालेअष्टोत्तरायुतसंख्याहुतिपर्याप्तंचर्वाज्यद्रव्यं यथामंत्रलिंगंदुर्गायैअग्नयेविष्णवेचनममेतित्यजेत् जातवेदसेइत्यनुवाकस्यउपनिषदऋषयः दुर्गाग्निविष्णवोदेवताः त्रिष्टुप्छंदः चर्वाज्यहोमेविनियोगः अनुवाकानुवृत्त्याप्रत्यृचंहोमः तत्रप्रथमंचतुरधिकपंचसहस्रसंख्यश्चरुहोमस्ततश्चतुरधिकपंचसहस्राज्यहोमइत्येवमयुतहोमः होमशेषंसमाप्यदशविप्रान्भोजयेदिति अथवाकस्यचिद्ब्राह्मणस्यविवाहंकुर्यात् ॥

હવે વરના મૃતભાર્યાત્વ (સ્ત્રી મરી જતી હોય તે) દોષની નિવૃત્તિનો ઉપાય કહે છે.

પરિવેત્તૃત્વ પાપથકી મૃતભાર્યાત્વ દોષ થાય છે તો તે દોષની નિવૃત્તિ થવામાટે ત્રણ પ્રાજાપત્ય અને ત્રણ ચાંદ્રાયણ કરવાં. વારંવાર મૃતભાર્યાત્વયોગ હોય તો ત્રણ પ્રાજાપત્ય અને ત્રણ ચાંદ્રાયણ આવૃત્તિએ કરી, "मृतभार्यात्वनिरासद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं अयुतसंख्यचर्वाज्यहोमं करिष्ये," એવો સંકલ્પ કરી અગ્નિસ્થાપનપર્યંત કર્મ કીધા પછી "दुर्गाग्निविष्णून् अष्टाधिकायुतसंख्याभिश्चर्वाज्याहुतिभिः शेषेणस्विष्टकृतमित्यादि," એ રીતે અન્વાધાન કરવું. પછી પ્રત્યેક દેવતામાટે મંત્રરહિત નિર્વાપ (ચરુમાટે પાત્રમાં ચોખા લઈ ધોવા તે) કરવો. પછી ત્યાગ સમયે "अष्टोत्तरायुतसंख्याहुतिपर्याप्तं चर्वाज्यद्रव्यं यथामंत्रलिंगं दुर्गायै अग्नये विष्णवे च न मम," એમ કહી ત્યાગ કરવો. પછી "जातवेदसे इत्यनुवाकस्य उपनिषदऋषयः, दुर्गाग्निविष्णवो देवताः, त्रिष्टुप्छंदः, चर्वाज्यहोमे विनियोगः" જાતવેદસે એ અનુવાકની આવૃત્તિ કરી તેમાંના પ્રત્યેક મંત્રવડે હોમ કરવો. તેમાં પ્રથમ (૫,૦૦૪) આહુતિ ચરુનો હોમ કરી પછી (૫,૦૦૪) આહુતિ આજ્યનો હોમ કરવો. એ રીતે (૧૦૦૦૦) હોમ કરવો. પછી હોમશેષ સમાપ્ત કરી બ્રાહ્મણોને ભોજન કરાવવું. અથવા કોઈ એક બ્રાહ્મણનો વિવાહ કરાવવો.

अथमृतपुत्रत्वदोषेब्राह्मणोद्वाहनंहरिवंशश्रवणंमहारुद्रजपश्चेति त्रीणिव्यस्तानिसमस्तानिवाशक्त्यपेक्षयाकुर्यात् रुद्रजपेदशांशेनाज्याक्तदूर्वाहोमः हरिवंशश्रवणविधिरन्येपिविधयोविस्तरेणप्रागुक्ताः ॥

હવે મૃતપુત્રત્વ (પુત્ર થઇને મૃત્યુ પામતો હોય તે) દોષ હોય તો બ્રાહ્મણનો વિવાહ, હરિવંશ ગ્રંથનું શ્રવણ અથવા મહારુદ્રજપ એ ત્રણ ઉપાય કહ્યા છે. એમાંનો કોઈએક અથવા ત્રણે પોતાની શક્તિપ્રમાણે કરવા. રુદ્રજપ કરેલો હોય તો જપથકી દશાંશ ઘૃતે યુક્ત દુર્વાનો હોમ કરવો. હરિવંશશ્રવણનો વિધિ અને બીજા પણ વિધિ વિસ્તારપૂર્વક પ્રથમ કહ્યા છે.

यथाशक्तिभूषणालंकृतकन्याप्रदाताश्वमेधयाजीभयेषुप्राणदाताचेतित्रयःसमपुण्याः श्रुत्वाकन्याप्रदातारंपितरःसपितामहाः विमुक्ताःसर्वपापेभ्योब्रह्मलोकंव्रजंतिते इतिकन्यादानप्रशंसा ॥

યથાશક્તિ અલંકારે સુશોભિત કન્યાનું દાન કરનારો, અશ્વમેધ યજ્ઞ કરનારો અને ભયને સમયે ભયભીતની પ્રાણરક્ષા કરનારો એ ત્રણેને સમાન પુણ્ય છે. "કન્યાદાન દેનારાના પિતામહસહિત પિતા, (વંશજે) કન્યાદાન દીધું છે એમ સાંભળી તેઓ સર્વ પાપથકી મુક્ત થઈ બ્રહ્મલોકપ્રત્યે જાય છે." એ રીતે કન્યાદાનની પ્રશંસા છે.

विष्णुंजामातरंमत्वातस्यकोपंनकारयेत् अप्रजायांतुकन्यायांनाश्नीयात्तस्यवैगृहे इतिकन्यागृहेपित्रोर्भोजननिषेधः विवाहमध्येस्त्रियासहभोजनेपिनदोषः अन्यदापत्न्यासहभोजनेचांद्रायणप्रायश्चित्तम् ॥

"જમાઇને વિષ્ણુ માની તેને કોપ ઉપજાવવો નહીં." "કન્યાને પ્રજા થઈ ન હોય ત્યહાંપર્યંત જમાઇને ઘેર કન્યાના પિતા અને માતાએ ભોજન કરવું નહીં" એ પ્રમાણે કન્યાને ઘેર માતાપિતાને ભોજનનો નિષેધ કહ્યો. વિવાહવિષે સ્ત્રીનીસાથે ભોજન થયું હોય તો પણ દોષ નથી. વિવાહવિના અન્ય સમયે સ્ત્રીનીસાથે ભોજન કરે તો ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું.

अथवाग्दानादिविचारः ॥ विवाहनक्षत्रादियुतेसुदिनेवरस्यपित्रादिः कन्यागृहंगत्वाकन्यापूजनंकरिष्ये तदंगत्वेनगणपतिपूजनंवरुणपूजनंचकरिष्यइतिसंकल्पयेत् कन्यापितातुकरिष्यमाणकन्यादानांगभूतंवाग्दानंकरिष्ये तदंगगणपतिपूजनंवरुणपूजनंचकरिष्येइतिसंकल्पयेत् अवशिष्टप्रयोगोन्यत्रज्ञेयः ॥

હવે વાગ્દાન ઇત્યાદિકનો વિચાર કહે છે.

વિવાહસંબંધી નક્ષત્રાદિકે યુક્ત એવા શુભ દિવસે વરના પિતા ઇત્યાદિકે કન્યાને ઘેર જઇ "कन्यापूजनं करिष्ये, तदंगत्वेन गणपतिपूजनं वरुणपूजनं च करिष्ये," એવો સંકલ્પ કરવો. કન્યાના પિતાએ તો "करिष्यमाणकन्यादानांगभूत वाग्दानं करिष्ये, तदंगगणपतिपूजनं वरुणपूजनं च करिष्ये," એવો સંકલ્પ કરવો. અવશિષ્ટ (બાકીનો) પ્રયોગ બીજા ગ્રન્થોમાં જોવો.

अथविवाहदिनेतत्पूर्वदिनेवा वध्वाहरिद्रातैलादिनामंगलस्नानंकारयित्वातच्छेषहरिद्रादिनावरस्य मंगलस्नानंकारणीयमित्याचारः ॥

હવે વિવાહને દિવસે અથવા વિવાહથી પ્રથમ દિવસે કન્યાને હળદર, તેલ ઇત્યાદિક લગાડી મંગળસ્નાન કરાવી કન્યાને લગાડતાં શેષ રહેલી હળદર ઇત્યાદિકવડે વરને મંગળસ્નાન કરાવવું એવો આચાર છે તે પ્રમાણે કરવું.

एवंवरस्यपित्रादिःपत्न्यासंस्कार्येणचसहकृताभ्यंगस्नानोऽहतवासाःप्राङ्मुखउपविश्य स्वदक्षिणेपत्नींतद्दक्षिणेसंस्कार्यमुपवेश्यदेशकालौसंकीर्त्य ममास्यपुत्रस्यदैवपित्र्यऋणापाकरणहेतुधर्मप्रजोत्पादनसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थविवाहाख्यंसंस्कारकर्मकरिष्ये तदंगत्वेनस्वस्तिवाचनंमातृकापूजनंनांदीश्राद्धंनांदीन्यादिमंडपदेवतास्थापनंचकरिष्ये तदादौनिर्विघ्नतासिद्ध्यर्थंगणपतिपूजांकरिष्ये इतिपुत्रविवाहेसंकल्पः कन्याविवाहेतुजातकर्मादिलोपे ममास्याःकन्यायाःजातकर्मनामकर्मसूर्यावलोकननिष्क्रमणोपवेशनान्नप्राशनचौलसंस्काराणां बुद्धिपूर्वकलोपजन्यप्रत्यवायपरिहारार्थंप्रतिसंस्कारमर्धकृच्छ्रंचूडायाःकृच्छ्रं तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतदानेनाहमाचरिष्ये गर्भाधानसीमंतयोर्लोपेतयोरप्यूहः ततोममास्याःकन्यायाःभर्त्रासहधर्मप्रजोत्पादनद्रव्यपरिग्रहधर्माचरणेष्वधिकारसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंविवाहाख्यंसंस्कारंकरिष्यइतिविशेषः शेषंपूर्ववत् भ्राताममभ्रातुरितिभगिन्याइतिवा पितृव्यादिःकर्ताममभ्रातृसुतस्यभ्रातृकन्यायाइतिवासंकल्पोहंकुर्यात् वरवध्वोःस्वयंकर्तृत्वेममदैवपित्र्यऋ

---

१ गृह इति पाठांतरम्.

णेत्यादिममभर्त्रासहेत्यादिचसंकल्पः केचित्स्वस्तिवाचनकालेकन्यादानादिकालेवाप्रधानविवाहसंस्कारसंकल्पंनकुर्वंतिसप्रमादइतिबहवः अन्येतुकन्यादानविवाहहोमादिसंकल्पएवप्रधानसंकल्पस्तदतिरिक्तविवाहपदार्थाभावादित्याहुः मातृकापूजांतेमृतपितृमातृमातामहोवरवध्वोःपितास्वपित्राद्युद्देश्यकपार्वणत्रययुतंनांदीश्राद्धंकुर्यादित्यसंदिग्धं मातर्येवजीवंत्यांतत्पार्वणलोपः मातामहमात्रजीवनेतत्पार्वणमात्रलोपः तथाचोभयत्रपार्वणद्वयेनैवनांदीश्राद्धसिद्धिः मातृमातामहयोर्जीवनेपितृपार्वणेनैवतत्सिद्धिः पितृप्रपितामहमृतौपितामहजीवनेचपितृप्रपितामहतत्पितृनुद्दिश्यपितृपार्वणं तथाचपितृप्रपितामहतत्पितरोनांदीमुखाइदंवःपाद्यमित्यादिप्रयोगः प्रपितामहमातृजीवने पितृपितामहतत्पितामहाइत्युद्देशः पितृमृतौपितामहप्रपितामहजीवनेपितुःपितामहस्यपितामहप्रपितामहौचनांदीमुखाइत्युच्चारः एवंमातृमरणेपितामहीमात्रजीवनेमातःपितुःपितामहीप्रपितामह्यौचनांदीमुखाइत्युच्चारः प्रपितामहीमात्रजीवनेमातृपितामह्यौपितुःप्रपितामहिचनांदीमुखाइत्युच्चारः पितामहीप्रपितामह्योर्जीवनेमातःपितामहस्यपितामहीप्रपितामह्यौचेत्युच्चारः मुख्यमातृजीवनेसपत्नमातृमरणेपिनमातृपार्वणं एवंमुख्यपितामहीजीवनेपितामह्याः सपत्नीमृतावपितयासहनमातृपार्वणं किंतुपूर्वोक्तएवोच्चारः एवंप्रपितामहीसपत्नीविषयेपि एवंमुख्यमातामहीजीवनेतत्सपत्न्यादिमरणेपिनमातामहादीनांसपत्नीकत्वेनोच्चारः किंतुकेवलानामेव दर्शादौमातृजीवनेसापत्नमातुर्मृतौकेवलानामेवपित्रादीनामुद्देशइतिसिद्धांतात् ॥

એ રીતે વરના પિતા ઇત્યાદિકે પોતાની પત્ની અને સંસ્કાર્ય (જેનો વિવાહસંસ્કાર કરવાનો હોય) તેણેસહિત અભ્યંગસ્નાન કરી નવીન વસ્ત્ર ધારણ કરી પૂર્વાભિમુખ બેસી પોતાની જમણીમેર સ્ત્રી અને સ્ત્રીની જમણીમેર સંસ્કાર્ય એ રીતે બેસાડી દેશ કાલનો ઉચ્ચાર કરી, “**ममास्य पुत्रस्य दैवपित्र्यऋणापाकरणहेतुधर्मप्रजोत्पादनसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं विवाहाख्यं संस्कारकर्म करिष्ये ॥ तदंगत्वेन स्वस्तिवाचनं मातृकापूजनं नांदीश्राद्धं नंदिन्यादिमंडपदेवतास्थापनं च करिष्ये ॥ तदादौ निर्विघ्नतासिद्ध्यर्थं गणपतिपूजां करिष्ये,**” એ રીતે પુત્રના વિવાહવિષે સંકલ્પ કરવો. કન્યાના વિવાહવિષે તો જાતકર્માદિક સંસ્કારનો લોપ થયો હોય તો, **ममास्याः कन्यायाः जातकर्मनामकर्मसूर्यावलोकननिष्क्रमणोपवेशनान्नप्राशनचौलसंस्काराणां बुद्धिपूर्वकलोपजन्यप्रत्यवायपरिहारार्थं प्रतिसंस्कारमर्धकृच्छ्रं चूडायाः कृच्छ्रं तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतदानेनाहमाचरिष्ये,**” ગર્ભાધાન અને સીમંતોન્નયન એનો લોપ થયો હોય તો તેનો પણ સંકલ્પમાં ઊહ કરવો. પછી, “**ममास्याः कन्यायाः भर्त्रासह धर्मप्रजोत्पादनद्रव्यपरिग्रहधर्माचरणेष्वधिकारसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं विवाहाख्यं संस्कारं करिष्ये,**” એ પ્રમાણે સંકલ્પમાં વિશેષ જાણવો. બાકી પ્રયોગ પ્રથમપ્રમાણે કરવો. ભાઇ કર્તા હોય તો તેણે ‘**मम भ्रातुः**’ અથવા ‘**मम भगिन्याः**’ એવો અને કાકો ઇત્યાદિક કર્તા હોય તો તેણે ‘**मम भ्रातृसुतस्य**’ કિંવા ‘**भ्रातृकन्यायाः**’ એવો સંકલ્પમાં ઉચ્ચાર કરવો. વર અથવા કન્યા પોતે વિવાહ કરનારા હોય તો, વરે “**मम दैवपित्र्यऋणेत्यादि**” અને કન્યાએ “**मम भर्त्रासहेत्यादि**” સંકલ્પ કરવો. કોઈ ગ્રંથકાર, પુણ્યાહવાચન સમયે અથવા કન્યાદાન ઇત્યાદિક સમયે, પ્રધાન જે વિવાહસંસ્કાર તેનો સંકલ્પ કરતા નથી; પરંતુ એ તેનો પ્રમાદ છે એમ ઘણાએક કહે છે. બીજા તો, કન્યાદાન અને વિવાહહોમ ઇત્યાદિકનો સંકલ્પ તેજ પ્રધાનસંકલ્પ છે; કારણ, કન્યાદાન અને વિવાહહોમવિના અન્ય કર્મની ‘**विवाह**’ એવી સંજ્ઞા નથી એમ કહે છે. માતૃકાપૂજન થયા પછી, જેની માતા, પિતા અને માતામહ મૃત થયલાં હોય એવો જે વરપિતા અથવા કન્યાપિતા તેણે પોતાના પિતા ઇત્યાદિકને ઉદ્દેશે કરી ત્રણ પાર્વણેયુક્ત નાંદીશ્રાદ્ધ કરવું, એ નિઃસશય છે. માતાજ જીવતી હોય તો માતૃપાર્વણનો લોપ કરવો. કેવળ માતામહ જીવતો હોય તો તેના પાર્વણનો માત્ર લોપ કરવો. અર્થાત્ એ બન્ને પક્ષમાં બે બે પાર્વણવડેજ નાંદીશ્રાદ્ધની સિદ્ધિ થાય છે. માતા અને માતામહ એ બન્ને જીવતાં હોય તો કેવળ પિતૃપાર્વણવડેજ નાંદીશ્રાદ્ધની સિદ્ધિ થાય છે. પિતા, પ્રપિતામહ મૃત હોય અને પિતામહ જીવતો હોય તો પિતા, પ્રપિતામહ અને પ્રપિતામહનો પિતા એમને ઉદ્દેશે કરી પિતૃપાર્વણ કરવું, એટલે “**पितृप्रपितामहतत्पितरो नांदीमुखा इदं वः पाद्यं**” ઇત્યાદિક પ્રયોગ કરવો. પ્રપિતામહ જીવતો હોય તો “**पितृपितामहतत्पितामहाः**” એવો પ્રયોગ કરવો. પિતા મૃત હોય અને પિતામહ તથા પ્રપિતામહ જીવતા હોય તો, “**पितुः पितामहस्य पितामहप्रपितामहौ च नांदीमुखाः**” એવો ઉચ્ચાર કરવો. એ પ્રમાણે માતા મૃત થઈ હોય અને પિતામહી માત્ર જીવતી હોય તો

હવે મૃતપુત્રત્વ (પુત્ર થઇને મૃત્યુ પામતો હોય તે) દોષ હોય તો બ્રાહ્મણનો વિવાહ, હરિવંશ ગ્રંથનું શ્રવણ અથવા મહારુદ્રજપ એ ત્રણ ઉપાય કહ્યા છે. એમાંનો કોઈએક અથવા ત્રણે પોતાની શક્તિપ્રમાણે કરવા. રુદ્રજપ કરેલો હોય તો જપથકી દશાંશ ઘૃતે યુક્ત દુર્વાનો હોમ કરવો. હરિવંશશ્રવણનો વિધિ અને બીજા પણ વિધિ વિસ્તારપૂર્વક પ્રથમ કહ્યા છે.

यथाशक्तिभूषणालंकृतकन्याप्रदाताश्वमेधयाजीभयेषुप्राणदाताचेतित्रयःसमपुण्याः श्रुत्वाकन्याप्रदातारंपितरःसपितामहाः विमुक्ताःसर्वपापेभ्योब्रह्मलोकंव्रजंतिते इतिकन्यादानप्रशंसा ॥

યથાશક્તિ અલંકારે સુશોભિત કન્યાનું દાન કરનારો, અશ્વમેધ યજ્ઞ કરનારો અને ભયને સમયે ભયભીતની પ્રાણરક્ષા કરનારો એ ત્રણેને સમાન પુણ્ય છે. “કન્યાદાન દેનારાના પિતામહસહિત પિતા, (વગેરે) કન્યાદાન દીધું છે એમ સાંભળી તેઓ સર્વ પાપથકી મુક્ત થઈ બ્રહ્મલોકપ્રત્યે જાય છે.” એ રીતે કન્યાદાનની પ્રશંસા છે.

विष्णुंजामातरंमत्वातस्यकोपंनकारयेत् अप्रजायांतुकन्यायांनाश्नीयात्तस्यवैगृहे इतिकन्यागृहेपित्रोर्भोजननिषेधः विवाहमध्येस्त्रियासहभोजनेपिनदोषः अन्यदापत्न्यासहभोजनेचांद्रायणप्रायश्चित्तम् ॥

“જમાઇને વિષ્ણુ માની તેને કોપ ઉપજાવવો નહીં.” “કન્યાને પ્રજા થઈ ન હોય ત્યહાંપર્યંત જમાઇને ઘેર કન્યાના પિતા અને માતાએ ભોજન કરવું નહીં” એ પ્રમાણે કન્યાને ઘેર માતાપિતાને ભોજનનો નિષેધ કહ્યો. વિવાહવિષે સ્ત્રીનીસાથે ભોજન થયું હોય તો પણ દોષ નથી. વિવાહવિના અન્ય સમયે સ્ત્રીનીસાથે ભોજન કરે તો ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું.

अथवाग्दानादिविचारः ॥ विवाहनक्षत्रादियुतेसुदिनेवरस्यपित्रादिः कन्यागृहंगत्वाकन्यापूजनंकरिष्ये तदंगत्वेनगणपतिपूजनंवरुणपूजनंचकरिष्यइतिसंकल्पयेत् कन्यापितातुकरिष्यमाणकन्यादानांगभूतंवाग्दानंकरिष्ये तदंगगणपतिपूजनंवरुणपूजनंचकरिष्येइतिसंकल्पयेत् अवशिष्टप्रयोगोन्यत्रज्ञेयः ॥

હવે વાગ્દાન ઇત્યાદિકનો વિચાર કહે છે.

વિવાહસંબંધી નક્ષત્રાદિકે યુક્ત એવા શુભ દિવસે વરના પિતા ઇત્યાદિકે કન્યાને ઘેર જઇ “कन्यापूजनं करिष्ये, तदंगत्वेन गणपतिपूजनं वरुणपूजनं च करिष्ये,” એવો સંકલ્પ કરવો. કન્યાના પિતાએ તો “करिष्यमाणकन्यादानांगभूतं वाग्दानं करिष्ये, तदंगगणपतिपूजनं वरुणपूजनं च करिष्ये,” એવો સંકલ્પ કરવો. અવશિષ્ટ (બાકીનો) પ્રયોગ બીજા ગ્રન્થોમાં જોવો.

अथविवाहदिनेतत्पूर्वदिनेवा वध्वाहरिद्रातैलादिनामंगलस्नानंकारयित्वातच्छेषहरिद्रादिनावरस्य मंगलस्नानंकारणीयमित्याचारः ॥

હવે વિવાહને દિવસે અથવા વિવાહથી પ્રથમ દિવસે કન્યાને હળદર, તેલ ઇત્યાદિક લગાડી મંગળસ્નાન કરાવી કન્યાને લગાડતાં શેષ રહેલી હળદર ઇત્યાદિકવડે વરને મંગળસ્નાન કરાવવું એવો આચાર છે તે પ્રમાણે કરવું.

एवंवरस्यपित्रादिःपत्न्यासंस्कार्येणचसहकृताभ्यंगस्नानोऽहतवासाःप्राङ्मुखउपविश्य स्वदक्षिणेपत्नींतद्दक्षिणेसंस्कार्यमुपवेश्यदेशकालौसंकीर्त्य ममास्यपुत्रस्यदेवपित्र्यऋणापाकरणहेतुधर्मप्रजोत्पादनसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंविवाहाख्यंसंस्कारकर्मकरिष्ये तदंगत्वेनस्वस्तिवाचनंमातृकापूजनंनांदीश्राद्धंनंदिन्यादिमंडपदेवतास्थापनंचकरिष्ये तदादौनिर्विघ्नतासिद्ध्यर्थंगणपतिपूजांकरिष्ये इतिपुत्रविवाहेसंकल्पः कन्याविवाहेतुजातकर्मादिलोपे ममास्याःकन्यायाःजातकर्मनामकर्मसूर्यावलोकननिष्क्रमणोपवेशनान्नप्राशनचौलसंस्काराणां बुद्धिपूर्वकलोपजन्यप्रत्यवायपरिहारार्थंप्रतिसंस्कारमर्धकृच्छ्रंचूडायाःकृच्छ्रं तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतदानेनाहमाचरिष्ये गर्भाधानसीमंतयोर्लोपेतयोरप्यूहः ततोममास्याःकन्यायाःभर्त्रासहधर्मप्रजोत्पादनद्रव्यपरिग्रहधर्माचरणेष्वधिकारसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंविवाहाख्यंसंस्कारंकरिष्यइतिविशेषः शेषंपूर्ववत् भ्राताममभ्रातुरितिभगिन्याइतिवा पितृव्यादिःकर्ताममभ्रातृसुतस्यभ्रातृकन्यायाइतिवासंकल्पोहंकुर्यात् वरवध्वोःस्वयंकर्तृत्वेममदैवपित्र्यऋ

---

१ गृह इति पाठांतरम्.

णेत्यादिममभर्त्रासहेत्यादिचसंकल्पः केचित्स्वस्तिवाचनकालेकन्यादानादिकालेवाप्रधानविवाहसंस्कारसंकल्पंनकुर्वंतिसप्रमादइतिबहवः अन्येतुकन्यादानविवाहहोमादिसंकल्पएवप्रधानसंकल्पस्तदतिरिक्तविवाहपदार्थाभावादित्याहुः मातृकापूजांतेमृतपितृमातृमातामहोवरवध्वोःपितास्वपित्राद्युद्देश्यकपार्वणत्रययुतंनांदीश्राद्धंकुर्यादित्यसंदिग्धं मातर्येवजीवंत्यांतत्पार्वणलोपः मातामहमात्रजीवनेतत्पार्वणमात्रलोपः तथाचोभयत्रपार्वणद्वयेनैवनांदीश्राद्धसिद्धिः मातृमातामहयोर्जीवनेपितृपार्वणेनैवतत्सिद्धिः पितृप्रपितामहमृतौपितामहजीवनेचपितृप्रपितामहतत्पितृनुद्दिश्यपितृपार्वणं तथाचपितृप्रपितामहतत्पितरोनांदीमुखाइदंवःपाद्यमित्यादिप्रयोगः प्रपितामहमातृजीवनेपितृपितामहतत्पितामहा इत्युद्देशः पितृमृतौपितामहप्रपितामहजीवनेपितुःपितामहस्यपितामहप्रपितामहौचनांदीमुखाइत्युच्चारः एवंमातृमरणेपितामहीमात्रजीवनेमातःपितुःपितामहीप्रपितामह्यौचनांदीमुखाइत्युच्चारः प्रपितामहीमात्रजीवनेमातृपितामह्यौपितुःप्रपितामहिचनांदीमुखाइत्युच्चारः पितामहीप्रपितामह्योर्जीवनेमातः पितामहस्यपितामहीप्रपितामह्यौचेत्युच्चारः मुख्यमातृजीवनेसपत्नमातृमरणेपिनमातृपार्वणं एवंमुख्यपितामहीजीवनेपितामह्याः सपत्नीमृतावपितयासहनमातृपार्वणं किंतुपूर्वोक्तएवोच्चारः एवंप्रपितामहीसपत्नीविपर्ययेपि एवंमुख्यमातामहीजीवनेतत्सपत्न्यादिमरणेपिनमातामहादीनांसपत्नीकत्वेनोच्चारः किंतुकेवलानामेव दर्शादौमातृजीवनेसापत्नमातुर्मृतौकेवलानामेवपित्रादीनामुद्देशइतिसिद्धांतात् ॥

એ રીતે વરના પિતા ઇત્યાદિકે પોતાની પત્ની અને સંસ્કાર્ય (જેનો વિવાહસંસ્કાર કરવાનો હોય) તેણેસહિત અભ્યંગસ્નાન કરી નવીન વસ્ત્ર ધારણ કરી પૂર્વાભિમુખ બેસી પોતાની જમણીમેર સ્ત્રી અને સ્ત્રીની જમણીમેર સંસ્કાર્ય એ રીતે બેસાડી દેશ કાલનો ઉચ્ચાર કરી, "ममास्य पुत्रस्य दैवपित्र्यऋणापाकरणहेतुधर्मप्रजोत्पादनसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं विवाहाख्यं संस्कारकर्म करिष्ये ॥ तदंगत्वेन स्वस्तिवाचनं मातृकापूजनं नांदीश्राद्धं नंदिन्यादिमंडपदेवतास्थापनं च करिष्ये ॥ तदादौ निर्विघ्नतासिद्ध्यर्थं गणपतिपूजां करिष्ये," એ રીતે પુત્રના વિવાહવિષે સંકલ્પ કરવો. કન્યાના વિવાહવિષે તો જાતકર્માદિક સંસ્કારનો લોપ થયો હોય તો, ममास्याः कन्यायाः जातकर्मनामकर्मसूर्यावलोकननिष्क्रमणोपवेशनान्नप्राशनचौलसंस्काराणां बुद्धिपूर्वकलोपजन्यप्रत्यवायपरिहारार्थं प्रतिसंस्कारमर्धकृच्छ्रं चूडायाः कृच्छ्रं तत्प्रत्याम्नायगोनिष्क्रयीभूतयथाशक्तिरजतदानेनाहमाचरिष्ये," ગર્ભાધાન અને સીમંતોન્નયન એનો લોપ થયો હોય તો તેનો પણ સંકલ્પમાં ઊહ કરવો. પછી, "ममास्याः कन्यायाः भर्त्रासह धर्मप्रजोत्पादनद्रव्यपरिग्रहधर्माचरणेष्वधिकारसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं विवाहाख्यं संस्कारं करिष्ये," એ પ્રમાણે સંકલ્પમાં વિશેષ જાણવો. બાકી પ્રયોગ પ્રથમપ્રમાણે કરવો. ભાઇ કર્તા હોય તો તેણે 'मम भ्रातुः' અથવા 'मम भगिन्याः' એવો અને કાકો ઇત્યાદિક કર્તા હોય તો તેણે 'मम भ्रातृसुतस्य' કિંવા 'भ्रातृकन्यायाः' એવો સંકલ્પમાં ઉચ્ચાર કરવો. વર અથવા કન્યા પોતે વિવાહ કરનારા હોય તો, વરે "मम दैवपित्र्यऋणेत्यादि" અને કન્યાએ "मम भर्त्रासहेत्यादि" સંકલ્પ કરવો. કોઈ ગ્રંથકાર, પુણ્યાહવાચન સમયે અથવા કન્યાદાન ઇત્યાદિક સમયે, પ્રધાન જે વિવાહસંસ્કાર તેનો સંકલ્પ કરતા નથી; પરંતુ એ તેનો પ્રમાદ છે એમ ઘણાએક કહે છે. બીજા તો, કન્યાદાન અને વિવાહહોમ ઇત્યાદિકનો સંકલ્પ તેજ પ્રધાનસંકલ્પ છે; કારણ, કન્યાદાન અને વિવાહહોમવિના અન્ય કર્મની 'विवाह' એવી સંજ્ઞા નથી એમ કહે છે. માતૃકાપૂજન થયા પછી, જેની માતા, પિતા અને માતામહ મૃત થયલાં હોય એવો જે વરપિતા અથવા કન્યાપિતા તેણે પોતાના પિતા ઇત્યાદિકને ઉદ્દેશી કરી ત્રણ પાર્વણેયુક્ત નાંદીશ્રાદ્ધ કરવું, એ નિઃસંશય છે. માતાજ જીવતી હોય તો માતૃપાર્વણનો લોપ કરવો. કેવળ માતામહ જીવતો હોય તો તેના પાર્વણનો માત્ર લોપ કરવો. અર્થાત્ એ બન્ને પક્ષમાં બે બે પાર્વણવડેજ નાંદીશ્રાદ્ધની સિદ્ધિ થાય છે. માતા અને માતામહ એ બન્ને જીવતાં હોય તો કેવળ પિતૃપાર્વણવડેજ નાંદીશ્રાદ્ધની સિદ્ધિ થાય છે. પિતા, પ્રપિતામહ મૃત હોય અને પિતામહ જીવતો હોય તો પિતા, પ્રપિતામહ અને પ્રપિતામહનો પિતા એમને ઉદ્દેશી કરી પિતૃપાર્વણ કરવું, એટલે "पितृप्रपितामहतत्पितरो नांदीमुखा इदं वः पाद्यं" ઇત્યાદિક પ્રયોગ કરવો. પ્રપિતામહ જીવતો હોય તો "पितृपितामहतत्पितामहाः" એવો પ્રયોગ કરવો. પિતા મૃત હોય અને પિતામહ તથા પ્રપિતામહ જીવતા હોય તો, "पितुः पितामहस्य पितामहप्रपितामहौ च नांदीमुखाः" એવો ઉચ્ચાર કરવો. એ પ્રમાણે માતા મૃત થઈ હોય અને પિતામહી માત્ર જીવતી હોય તો

"मातःपितुःपितामहीप्रपितामह्यौ च नांदीमुखाः" એવો ઉચ્ચાર કરવો. પ્રપિતામહી માત્ર જીવતી હોય તો, **"मातृपितामह्यौ पितुः प्रपितामही च नांदीमुखाः"** એવો ઉચ્ચાર કરવો. પિતામહી અને પ્રપિતામહી જીવતી હોય તો, **"मातःपितामहस्य पितामहीप्रपितामह्यौ च नांदीमुखाः"** એવો ઉચ્ચાર કરવો. મુખ્ય માતા જીવતી હોય અને સાવકી માતા મૃત થઈ હોય તથાપિ માતૃપાર્વણ કરવું નહીં. એપ્રમાણે મુખ્ય પિતામહી જીવતી હોય અને પિતામહીની સોક મૃત થઈ હોય તથાપિ તેની સાથે માતૃપાર્વણ કરવું નહીં, ત્યારે પ્રથમ કહેલોજ ઉચ્ચાર કરવો. એ રીતે પ્રપિતામહીની સોક મૃત થઇ હોય તો તેવિષે પણ એવોજ નિર્ણય જાણવો. એ પ્રમાણે મુખ્ય માતામહી જીવતી હોય અને તેની સોક ઇત્યાદિ મૃત થઈ હોય તો પણ માતામહાદિકનો **'सपत्नीक'** એવો ઉચ્ચાર કરવો નહીં, ત્યારે કેવળ માતામહાદિકનોજ ઉચ્ચાર કરવો; કારણ, દર્શાદિક શ્રાદ્ધવિષે માતા જીવતી છતાં સાવકી માતા મૃત થઇ હોય તો પિતા ઇત્યાદિકનોજ કેવળ ઉચ્ચાર કરવો, એવો સિદ્ધાંત છે.

अथमातामहमृतौमातुःपितामहजीवनेमातामहतत्पितामहप्रपितामहाइत्युच्चारः मातुःप्रपितामहमात्रजीवनेमातामहमातृपितामहौमातामहस्यप्रपितामहश्चनांदीमुखाइत्युच्चारः द्वयोर्जीवनेमातामहमातुःपितामहस्यपितामहप्रपितामहौचनांदीमुखाइत्युच्चारः ॥

હવે માતામહ મૃત થયો હોય અને માતાનો પિતામહ જીવતો હોય તો, **"मातामहतत्पितामहप्रपितामहाः"** એવો ઉચ્ચાર કરવો. માતાનો પ્રપિતામહ માત્ર જીવતો હોય તો, **"मातामहमातृपितामहौ मातामहस्य प्रपितामहश्च नांदीमुखाः"** એવો ઉચ્ચાર કરવો. માતાના પિતામહ અને પ્રપિતામહ બન્ને જીવતો હોય તો **"मातामह मातुःपितामहस्य पितामहप्रपितामहौ च नांदीमुखाः"** એવો ઉચ્ચાર કરવો.

अथजीवत्पितृकोमृतमातृमातामहश्चविवाहोपनयनजातकर्मादिषुपुत्रसंस्कारेषुमातृमातामहपार्वणद्वयमेवकुर्यात् मातर्यपिजीवत्यांमातामहपार्वणमेव मातामहजीवनेमातृमरणेजीवत्पितृकःसुतसंस्कारेमातृपार्वणमेवदेवरहितंकुर्यात् त्रिष्वपिजीवत्सुसुतसंस्कारेपितुःपित्रादीनुद्दिश्यपार्वणत्रयंकुर्यात् त्रिष्वपिजीवत्सुसुतसंस्कारे नांदीश्राद्धलोपएवेतिपक्षांतरंग्रंथारंभेउक्तम् ॥

હવે પિતા જીવતો હોય અને માતા તથા માતામહ એ જેનાં મૃત થયાં હોય તેણે વિવાહ, મૌંજી, જાતકર્મ ઇત્યાદિક પુત્રના સંસ્કારવિષે નાંદીશ્રાદ્ધમાં માતૃપાર્વણ અને માતામહપાર્વણ એ બે પાર્વણજ કરવાં. માતા પણ જીવતી હોય તો માતામહ પાર્વણજ કરવું. માતા મૃત થઇ હોય અને માતામહ જીવતો હોય એવો જે જીવત્પિતૃક તેણે પુત્રના સંસ્કારવિષે દેવરહિત માતૃપાર્વણજ કરવું. માતા, પિતા અને માતામહ એ ત્રણે જીવતાં હોય તો પુત્રના સંસ્કારવિષે પિતાના પિતા ઇત્યાદિકને ઉદ્દેશે કરી ત્રણ પાર્વણેયુક્ત નાંદીશ્રાદ્ધ કરવું. પિતા, માતા અને માતામહ એ ત્રણે જીવતાં હોય તો પુત્રના સંસ્કારવિષે નાંદીશ્રાદ્ધનો લોપજ કરવો એવો બીજો પક્ષ આ ગ્રંથના ત્રીજા પરિચ્છેદના આરંભમાં કહ્યો છે.

द्वितीयविवाहसमावर्तनाधानादिषुस्वसंस्कारेषुनांदीश्राद्धंकुर्वन्जीवत्पितृकः पितुःपित्रादीनुद्दिश्यपार्वणत्रयंकुर्यात् पितुर्मातृपितामहीप्रपितामह्यः पितुःपितृपितामहप्रपितामहाः पितुर्मातामहमातुःपितामहमातुःप्रपितामहानांदीमुखाइतितत्रोच्चारः अत्रपितुर्मात्रादिजीवनेतत्पार्वणलोपः मृतपितृकस्तुस्वपित्रादीनुद्दिश्येतित्वसंदिग्धं पितृपितामहयोर्जीवनेपितामहस्यमात्रादिपार्वणत्रयोद्देशः त्रयाणांजीवनेपिपार्वणलोपः तत्रसुतसंस्कारद्वयस्यसंस्कारेमातृमातामहयोःपार्वणाभ्यामेवनांदीश्राद्धसिद्धिः पित्रादित्रयजीवनेमातृमातामहयोश्चजीवनेप्रपितामहस्यपित्रादिपार्वणत्रयोद्देशेननांदीश्राद्धं एवंप्रथमविवाहेपिकर्त्रंतराभावात् वरएवनांदीश्राद्धंकुर्वन्मृतपितृकःस्वपित्रादीनुद्दिश्यजीवत्पितृकस्तुपितुःपित्रादीनुद्दिश्यकुर्यात् जीवत्पितृपितामहस्तुपितामहस्यपित्रादिपार्वणत्रयोद्देशेनप्रपितामहस्यापिजीवनेप्रपितामहस्यापित्रादिपर्वाणत्रयोद्देशेनवापितृपार्वणलोपेनवानांदीश्राद्धं अत्रसर्वत्रपितुःपितामहादेर्वापित्रादिपार्वणोद्देशपक्षेस्वमातृमातामहयोर्मरणेपिनस्वमातृमातामहयोःपार्वणं किंतुपित्रादेर्मातृमातामहयोरेवेतिज्ञेयं इतिजीवत्पितृकनांदीश्राद्धप्रयोगः ॥

પોતાનો પિતા જીવતો હોય તેમ છતાં બીજો વિવાહ, સમાવર્તન, આધાન ઇત્યાદિક પોતાના સંસ્કારવિષે નાંદીશ્રાદ્ધ કરવું તે પોતાના પિતાના જે પિતા ઇત્યાદિક તેને ઉદ્દેશે કરી ત્રણ પાર્વણયુક્ત કરવું. અને,-"पितुर्मातृपितामहीप्रपितामह्यः ॥ पितुःपितृपितामहप्रपितामहाः ॥ पितुर्मातामहमातुःपितामहमातुःप्रपितामहाः नांदीमुखाः" એ પ્રમાણે ત્યહાં ઉચ્ચાર કરવો. એ ઠેકાણે પિતાની માતા ઇત્યાદિક જીવતી હોય તો તે પાર્વણનો લોપ કરવો, પોતાનો પિતા મૃત થયો હોય તો તેણે પોતાના પિતા ઇત્યાદિકને ઉદ્દેશે કરી કરવું, એ વિષયમાં સંશય નથી. પિતા અને પિતામહ એ બન્ને જીવતા હોય તો પિતામહની માતા ઇત્યાદિક જે ત્રણ પાર્વણ તેનો ઉદ્દેશ કરવો. ત્રણે જીવતાં હોય તો પણ પાર્વણનો લોપ કરવો. તેમાં જેમ પુત્રના સંસ્કારવિષે માતૃપાર્વણ અને માતામહપાર્વણ એ બે પાર્વણવડે સિદ્ધ થાય છે તેમ પોતાના સંસ્કારવિષે માતૃપાર્વણ અને માતામહપાર્વણ એ બે પાર્વણવડેજ નાંદીશ્રાદ્ધની સિદ્ધિ થાય છે. પિતા ઇત્યાદિક ત્રણે જીવતાં હોય તેમ માતા અને માતામહ એ પણ જીવતાં હોય તો પ્રપિતામહના જે પિતા ઇત્યાદિક ત્રણ પાર્વણ તેને ઉદ્દેશે કરી નાંદીશ્રાદ્ધ કરવું. એ રીતે પ્રથમ વિવાહવિષે પણ બીજો કર્ત્તા ન છતાં મૃતપિતૃક એવો વર પોતેજ નાંદીશ્રાદ્ધનો કર્ત્તા હોય તો તેણે પોતાના પિતામહ ઇત્યાદિકને ઉદ્દેશે કરીને નાંદીશ્રાદ્ધ કરવું, અને જીવત્પિતૃક એવો વર પોતે નાંદીશ્રાદ્ધકર્ત્તા હોય તો તેણે પિતાના પિતા ઇત્યાદિકને ઉદ્દેશે કરીને નાંદીશ્રાદ્ધ કરવું. જેના પિતા અને પિતામહ એ બન્ને જીવતા હોય તો તે વરે પિતામહના જે પિતા ઇત્યાદિક ત્રણ પાર્વણ તેને ઉદ્દેશે કરી નાંદીશ્રાદ્ધ કરવું. જો પ્રપિતામહ પણ જીવતો હોય તો પ્રપિતામહના જે પિતા ઇત્યાદિક ત્રણ પાર્વણ તેને ઉદ્દેશે કરી અથવા પિતૃપાર્વણનો લોપ કરી નાંદીશ્રાદ્ધ કરવું. આ સર્વ ઠેકાણે પિતા, પિતામહ અથવા પ્રપિતામહ એમના પિતા ઇત્યાદિક પાર્વણને ઉદ્દેશે કરી નાંદીશ્રાદ્ધ કરવું એ પક્ષમાં તો પોતાની માતા અને માતામહ મૃત થયાં હોય તથાપિ પોતાની માતા અને માતામહ એમનું પાર્વણ લેવું નહીં, પરંતુ પોતાના પિતા ઇત્યાદિકની જે માતા અને માતામહ તેજ પાર્વણ લેવાં એમ જાણવું. એ રીતે જીવત્પિતૃકના નાંદીશ્રાદ્ધનો પ્રયોગ કહ્યો.

यदातुकन्याविवाहंपुत्रस्योपनयनंप्रथमविवाहंच पितृव्यमातुलादिःकरोति तदासंस्कार्यस्यमृतपितृकत्वे अस्यसंस्कार्यस्यपितृपितामहप्रपितामहाइत्यादिप्रयोगंकुर्यात् सोदरभ्रातुर्नोच्चारेविशेषः भ्रातुःपित्रादीनांसंस्कार्यपित्रादीनांचैक्यात् सापत्नभ्रातातुसंस्कार्यस्यमातृपितामहीप्रपितामह्य इत्याद्युच्चारयेत् संस्कार्यमातृजीवनेतत्पार्वणलोपः संस्कार्यस्यजीवत्पितृकत्वेमातुलादिःकर्ता संस्कार्यपितुः मातृपितामहीप्रपितामह्यः संस्कार्यपितुःपितृपितामहप्रपितामहाइत्याद्युच्चार्यतत्पितुः पित्रादिपार्वणत्रयंकुर्यात् संस्कार्यस्यपितृपितामहयोर्जीवनेमातुलादिः संस्कार्यपितुर्मात्रादीन् मातामहादींश्चोद्दिश्यपार्वणद्वयंकुर्यात् पितुर्वर्गद्वयाद्यजीवने एकैकवर्गपार्वणे पितुर्वर्गत्रयाद्यजीवने मातुलादिः पितामहस्यमात्रादिपार्वणत्रयोद्देशंकुर्यात् पितामहस्यमात्रादिजीवनेतत्पार्वणलोपःपूर्ववत् पितृव्येजीवत्पितृकसंस्कारकर्तरि नोच्चारेविशेषः संस्कार्यपितुःपित्रादीनांपितृव्यस्यपित्रादीनांचैक्यात् पितामहस्यसंस्कर्तृत्वेसंस्कार्यपितृमरणेसंस्कार्यस्यपितः ममपितृपितामहौचनांदीमुखाः संस्कार्यस्यमात्रादयोमातामहादयश्चेत्याद्युच्चारः संस्कार्यपितृजीवनेपितामहः कर्ता स्वमातृपितृमातामहपार्वणानिममेतिपदरहितानितत्सहितानिवोच्चारयेत् एवंप्रपितामहेकर्तर्यपियोज्यम् ॥

જ્યારે કન્યાનો વિવાહ, પુત્રની મૌંજી અથવા પ્રથમ વિવાહ એનો કર્ત્તા કાકો અથવા મામો ઇત્યાદિક હોય તો તે સમયે (સંસ્કાર કરવાયોગ્ય) મૃતપિતૃક હોય તે, સસ્કારકર્ત્તાએ, "अस्य संस्कार्यस्य पितृपितामहप्रपितामहाः" ઇત્યાદિક પ્રયોગ કરવો, સગો ભાઈ સંસ્કારકર્ત્તા હોય તો તેને ઉચ્ચાર કરવાવિષે વિશેષ નથી; કારણ, સગા ભાઈના પિતા ઇત્યાદિક અને સંસ્કાર્યના પિતા ઇત્યાદિક એ એકજ છે, સાવકો ભાઈ સંસ્કારકર્ત્તા હોય તો તેણે, "संस्कार्यस्यमातृपितामहीप्रपितामह्यः" ઇત્યાદિક ઉચ્ચાર કરવો. સંસ્કાર્યની માતા જીવતી હોય તો માતૃપાર્વણનો લોપ કરવો. સંસ્કાર્યનો પિતા જીવતો છતાં સંસ્કારકર્ત્તા મામો ઇત્યાદિક હોય તો તેણે "संस्कार्यपितुः मातृपितामहीप्रपितामह्यः ॥ संस्कार्यपितुःपितृपितामहप्रपितामहाः" ઇત્યાદિક ઉચ્ચારણ કરી સંસ્કાર્યના પિતાના જે પિતા ઇત્યાદિક ત્રણ પાર્વણ તે લેવાં. સંસ્કાર્યના પિતા અને પિતામહ એ બન્ને જીવતા છતાં મામો ઇત્યાદિક સસ્કારકર્ત્તાએ સંસ્કાર્યના પિતાની જે માતા ઇત્યાદિક અને માતામહ ઇત્યાદિક તેને ઉદ્દેશે કરીને બે પાર્વણ કરવાં. પિતાના બે વર્ગના આદ્ય, એટલે માતૃવર્ગની [illegible] ([illegible]) પિતૃવર્ગનો

પ્રથમ (પિતા) અને માતામહવર્ગનો પ્રથમ (માતામહ) એમાંથી કોઈ પણ બે વર્ગના આદ્ય (પ્રથમ) જીવતા હોય તો (જે વર્ગનો આદ્ય ગયો હોય તે) એક એક વર્ગનું પાર્વણ કરવું. પિતાના ત્રણે વર્ગના પ્રથમ જીવતા છતાં મામો ઇત્યાદિક[१] કર્ત્તા હોય તો તેણે સંસ્કાર્યના પિતામહની જે માતા ઇત્યાદિક ત્રણ પાર્વણ તેનો ઉદ્દેશ કરવો. પિતામહની માતા ઇત્યાદિક જીવતી હોય તો તે પાર્વણનો લોપ પ્રથમ કહ્યાપ્રમાણે કરવો. જીવત્પિતૃકના સસ્કારનો કર્ત્તા કાકો હોય તો પાર્વણના ઉચ્ચારવિષે વિશેષ નથી; કારણ, સંસ્કાર્યના પિતાના પિતા ઇત્યાદિક અને કાકાના પિતા ઇત્યાદિક એ એકજ છે. સસ્કાર્યનો પિતા મૃત થયો હોય અને સસ્કારકર્ત્તા પિતામહ હોય તો તેણે, “ संस्कार्यस्य पितः मम पितृपितामहौ च नांदीमुखाः ॥ संस्कार्यस्य मातृपितामहीप्रपितामह्यः ॥ संस्कार्यस्य मातामहमातुःपितामहमातुःप्रपितामहाः ઇત્યાદિક ઉચ્ચાર કરવો. સંસ્કાર્યનો પિતા જીવતો છતાં સસ્કારકર્ત્તા પિતામહ હોય તો તેણે પોતાની માતા, પિતા અને માતામહ એ પાર્વણનો ‘मम’ એ પદેરહિત અથવા ‘मम’ એ પદેસહિત ઉચ્ચાર કરવો. એ રીતે પ્રપિતામહ સસ્કારકર્ત્તા છતાં પણ એજપ્રમાણે યોજના કરવી.

दातुमशक्नुवताकन्यादानाधिकारिणात्वंकन्यादानंकुर्विंतिप्रार्थितोयः परकीयकन्यांदातुमिच्छति यश्चसुवर्णनात्मीयांकृत्वाअनाथांज्ञात्वावान्यकन्यांदातुमिच्छतिसोपि संस्कार्यायाःकन्यायाःपित्रादीनुच्चारयेत् तस्याःपितृजीवनेतदीयमात्रादींस्तस्यावर्गत्रयाद्यजीवनेपितुःपित्रादीनितियथासंभवमूह्यं इतिपित्रन्यकर्तृकनांदीश्राद्धप्रयोगः ॥

કન્યાદાન કરવાને અસમર્થ એવા કન્યાદાનના અધિકારીએ ‘ તું કન્યાદાન કર ’ એ રીતે પ્રાર્થના કરવાથી જે બીજાની કન્યા દેવાને ઈચ્છા ધરતો હોય તેણે, અથવા જે સુવર્ણ આપી બીજાની કન્યાને પોતાની કન્યા કરી તેનું દાન કરતો હોય તેણે, અથવા બીજાની કન્યાને અનાથ એમ સમજી તેનું દાન કરવાને ઇચ્છા ધરતો હોય તેણે પણ સસ્કાર્ય એવી કન્યાના પિતા ઇત્યાદિકનો ઉચ્ચાર કરવો. તે કન્યાનો પિતા જીવતો હોય તો તે કન્યાનાં માતૃપાર્વણ અને માતામહપાર્વણ એમનો ઉચ્ચાર કરવો. તે કન્યાના ત્રણ વર્ગના પ્રથમ એટલે પિતા, માતા અને માતામહ એ જીવતા હોય તો કન્યાના પિતાના જે પિતા ઇત્યાદિક ત્રણ પાર્વણ તેનો ઉચ્ચાર કરવો. એ રીતે જેવો સભવ હોય તેવી કલ્પના કરી ઉચ્ચાર કરવો. એ રીતે પિતા કરતાં બીજાએ નાંદીશ્રાદ્ધ કરવું હોય તો તેનો પ્રયોગ કહ્યો.

दत्तकन्यायाविवाहंकुर्वन्प्रतिग्रहीतापितास्वपित्रादीनुद्दिश्यैवकुर्यात् दत्तकस्तुपुत्रोयदिअधिकार्यंतराभावाल्लब्धजनकपितृधनस्तदाजनकपित्रादीन् प्रतिग्रहीतृपित्रादींश्चपितरौपितामहौप्रपितामहौच नांदीमुखाइत्येवमुच्चार्यश्राद्धंकुर्यात् एवंमातृपार्वणेमातामहपार्वणेचद्विवचनप्रयोगऊह्यः यदितु जनकधनग्रहणेधिकार्यंतरसत्त्वादलब्धजनकधनस्तदा प्रतिग्रहीतृपित्रादीनेवोद्दिश्यकुर्यात् नपितृद्वयोद्देशेन अत्रसर्वत्रसंभ्रमेणक्वचित्मातृपार्वणपितृपार्वणयोः क्रमवैपरीत्यपातेपिसक्रमोनविवक्षितः सर्वत्र नांदीश्राद्धेषु पूर्वंमातृपार्वणंततःपितुःपार्वणंततोमातामहस्येतिक्रमस्यनिश्चितत्वात् बह्वृचकात्यायनैर्मातृपितामहीप्रपितामह्यइत्यादिनानुलोम्येनपार्वणत्रयेप्युच्चारः तैत्तिरीयादिभिस्तुप्रपितामहपितामहपितरइत्येवमादिनाप्युत्क्रमेणोच्चारःकार्यः एकसंस्कार्यस्यानेकसंस्काराणांसहानुष्ठानेनांदीश्राद्धंसकृदेव एवंयमलयोर्द्वयोःपुत्रयोःकन्ययोर्वाविवाहोपनयनादिसंस्काराणांसहैवानुष्ठानेपिनांदीश्राद्धंसकृदेव यमलयोःसंस्काराणामेकमंडपेएककालेएकेनकर्त्रासहकरणेदोषोनेत्युक्तं नांदीश्राद्धेअन्नाभावेआममामामावेहिरण्यंदद्यात् हिरण्याभावेयुग्मब्राह्मणभोजनपर्याप्तान्ननिष्क्रयीभूतंयथाशक्तिकिंचिद्द्रव्यंस्वाहानममेतिवदेत् अन्यःसर्वोपिविशेषोगर्भाधानप्रकरणेविस्तरेणोक्तस्ततएवानुसंधेयः इतिनांदीश्राद्धम् ॥

દત્તક લીધેલી કન્યાનો વિવાહ, દત્તક લેનારો પિતા કરતો હોય તો તેણે પોતાના પિતા ઇત્યાદિક ત્રણ પાર્વણને ઉદ્દેશે કરીનેજ નાંદીશ્રાદ્ધ કરવું. દત્તક પુત્ર થઈ, જનક પિતાનો બીજો કોઈ અધિકારી ન છતાં જો જનક પિતાનું ધન તે (દત્તક)ને મળ્યું હોય તો તે દત્તક પુત્રે જનક પિતા ઇત્યાદિકનો અને પોતાનો પ્રતિગ્રહીતા (ગ્રહણ કરનારો પિતા ઇત્યાદિકનો) “ पितरौ पितामहौ प्रपितामहौ च नांदीमुखाः ” એ પ્રમાણે ઉચ્ચાર કરી નાંદીશ્રાદ્ધ કરવું. એ પ્રમાણે માતૃપાર્વણ અને

---

[१] मातृमातामहपार्वणद्वयमेवेत्यर्थ .

માતામહપાર્વણવિષે પણ દ્વિવચનના પ્રયોગનો ઉચ્ચાર કરવો. (એટલે, **"मातरौ पितामह्यौ प्रपितामह्यौ च नांदीमुखाः ॥ मातामहौ मातुः पितामहौ मातुः प्रपितामहौ च नांदीमुखाः"** એવો ઉચ્ચાર કરવો.) જનક પિતાના ધનનો લેનારો બીજો અધિકારી છતાં એ(દત્તક થયલા)ને જનકનું ધન ન મળે તો પોતાનો પ્રતિગ્રહીતા (ગ્રહણ કરનારા) પિતા ઇત્યાદિકનેજ ઉદ્દેશે કરી નાંદીશ્રાદ્ધ કરવું, બે પિતાને ઉદ્દેશે કરી કરવું નહી. આ સઘળાં નાંદીશ્રાદ્ધપ્રકરણમાં સંભ્રમથકી કોઈ સ્થલમાં માતૃપાર્વણ અને પિતૃપાર્વણના કહેવામાં વિપરીત ક્રમ કહેવાયો હશે તથાપિ તે ક્રમ વિવક્ષિત નથી; કારણ, સર્વત્ર નાંદીશ્રાદ્ધમાં પ્રથમ માતૃપાર્વણ પછી પિતૃપાર્વણ અને ત્યાર પછી માતામહપાર્વણ એજ અનુક્રમ નિશ્ચિત છે. ઋગ્વેદી અને કાત્યાયનોએ **"मातृपितामहीप्रपितामह्यः"** ઇત્યાદિક ક્રમેકરી ત્રણે પાર્વણમાં અનુલોમ એટલે સવળા ક્રમથી ઉચ્ચાર કરવો. તૈત્તિરીય ઇત્યાદિક શાખાવાળાઓએ તો **"प्रपितामहपितामहपितरः"** એ રીતે ઉલટા ક્રમથી ઉચ્ચાર કરવો. એક સંસ્કાર્યના અનેક સંસ્કાર એક સમયે કરવા હોય તો નાંદીશ્રાદ્ધ એક વારજ કરવું, એ રીતે યમલ (જોડલાંના) બે પુત્ર અથવા જોડલાંની બે કન્યાના વિવાહ, યજ્ઞોપવીત ઇત્યાદિક સંસ્કાર સાથેજ કરવા હોય તો પણ નાંદીશ્રાદ્ધ એક વારજ કરવું. યમલના સંસ્કાર એક મંડપમાં, એક કાલે અને એક કર્તાએ સાથેજ કરવા હોય તો દોષ નથી એમ પ્રથમ કહ્યું છે. નાંદીશ્રાદ્ધમાં અન્ન ન હોય તો કાચું અન્ન દેવું. તે ન હોય તો હિરણ્ય (સોનું) દેવું. હિરણ્યનો અભાવ હોય તો બે બ્રાહ્મણને ભોજન થાય એટલા અન્નનું મૂલ્ય એવું યથાશક્તિ કાંઈ પણ દ્રવ્ય, **"युग्मब्राह्मणभोजनपर्याप्तान्ननिष्क्रयीभूतं यथाशक्ति किंचित् द्रव्यं स्वाहा न मम"** એ પ્રમાણે ઉચ્ચાર કરી દેવું, બીજો સઘળો વિશેષ નિર્ણય ગર્ભાધાનપ્રકરણમાં વિસ્તારપૂર્વક કહ્યો છે તે ત્યહાંથી જાણવો. એ પ્રમાણે નાંદીશ્રાદ્ધ કહ્યું.

ततोमंडपदेवतास्थापनंग्रहयज्ञश्चस्वस्तिवाचनात्पूर्वंनांदीश्राद्धोत्तरंवाकार्यः ॥

ત્યાર પછી મંડપદેવતાનું સ્થાપન અને ગ્રહયજ્ઞ એ કર્મ પુણ્યાહવાચનથી પ્રથમ અથવા નાંદીશ્રાદ્ધ પછી કરવાં.

अथकन्यादातावरगृहंगतः करिष्यमाणकन्याविवाहांगत्वेनवरस्यसीमांतपूजांकरिष्यइतिसंकल्प्यगणेशवरुणौसंपूज्यवरंपादप्रक्षालनवस्त्रगंधपुष्पनीराजनैःसंपूज्य यथाचारंदुग्धादिप्राशयेत् ततोवरोमंगलघोषैःवाहनारूढोवधूगृहंगच्छेत् वरपितावधूंवस्त्रादिनापूजयेदितियथाचारं लग्नदिनेकन्यापिताकन्यावाअन्योन्यालिंगितगौरीहरयोःप्रतिमांसुवर्णरौप्यादिनिर्मितां कात्यायनीमहालक्ष्मीशचीभिःसहपूजयेत् तत्रकोणचतुष्टयस्थापितकलशश्रेणीनांमध्येउपलयुतदृषदिवस्त्रेवातंडुलपूर्णेगौरीहरौमंत्रेणपूजयेत् तत्रसिंहासनस्थांदेवेशींसर्वालंकारसंयुतां पीतांबरधरंदेवंचंद्रार्धकृतशेखरं करेणाधःसुधापूर्णंकलशं दक्षिणेनतु वरदंचाभयंवामेनाश्लिष्यचतनुप्रियामितिध्यानमंत्रः गौरीहरमहेशानसर्वमंगलदायक पूजां गृहाणदेवेशसर्वदामंगलंकुरु इतिपूजामंत्रः कन्यादेहप्रमाणेनसप्तविंशतितंतुभिः कृतयावर्तिकयादीपंप्रज्वाल्यसुवासिनीब्राह्मणान्भोजयेत् इतिगौरीहरपूजा ॥

હવે સીમાંતપૂજનનો વિધિ કહે છે.

હવે કન્યાના દાતાએ વરને ઘેર જઈ **"करिष्यमाणकन्याविवाहांगत्वेन वरस्य सीमांतपूजां करिष्ये,"** એવો સંકલ્પ કરી ગણપતિ અને વરુણની પૂજા કરી વરના પગ ધોવરાવી વસ્ત્ર, ચંદન, પુષ્પ અને આરતિ એણેકરી વરની પૂજા કરી પછી જેવો પોતાનો આચાર હોય તેપ્રમાણે દૂધ ઇત્યાદિ વરને પીવરાવવું. પછી વરે વાહન ઉપર બેસી મંગલઘોષેસહિત, કન્યાને ઘેર જવું. પછી પોતાના આચારપ્રમાણે વરના પિતાએ વસ્ત્ર ઇત્યાદિકવડે કન્યાની પૂજા કરવી. લગ્નને દિવસે કન્યાના પિતાએ અથવા કન્યાએ પરસ્પર આલિંગિત એવી સુવર્ણ અથવા ચાંદીવડે બનાવેલી ગૌરી અને હરની પ્રતિમાનું કાત્યાયની, મહાલક્ષ્મી અને શચી એમણેસહિત પૂજન કરવું. ચાર ખુણામાં સ્થાપન કરેલા કલશની પંક્તિના મધ્યભાગમાં પથરાસહિત શિલાઉપર અથવા તંદુલપૂર્ણ વસ્ત્ર ઉપર ગૌરી અને હરની મન્ત્રે કરી પૂજા કરવી. તેના ધ્યાનના મંત્ર—**"सिंहासनस्थां देवेशीं, सर्वालंकारसंयुतां ॥ पीतांबरधरं देवं चंद्रार्धकृतशेखरं ॥ करेणाधःसुधापूर्णं, कलशं दक्षिणेन तु ॥ वरदं चाभयं वामेनाश्लिष्य च तनुप्रियां ॥** એપ્રમાણે ધ્યાન કરી પૂજા કરવી. પૂજનના મંત્ર—**गौरीहर महेशान, सर्वमंगलदायक ॥ पूजां गृहाण देवेश, सर्वदा मंगलं कुरु,"** એ મન્ત્ર કહી પૂજા કરવી. પછી કન્યા જેવડી

પ્રથમ (પિતા) અને માતામહવર્ગનો પ્રથમ (માતામહ) એમાંથી કોઈ પણ બે વર્ગના આદ્ય (પ્રથમ) જીવતા હોય તો (જે વર્ગનો આદ્ય ગયો હોય તે) એક એક વર્ગનું પાર્વણ કરવું. પિતાના ત્રણે વર્ગના પ્રથમ જીવતા છતાં મામો ઇત્યાદિક[1] કર્ત્તા હોય તો તેણે સંસ્કાર્યના પિતામહની જે માતા ઇત્યાદિક ત્રણ પાર્વણ તેનો ઉદ્દેશ કરવો. પિતામહની માતા ઇત્યાદિક જીવતી હોય તો તે પાર્વણનો લોપ પ્રથમ કહ્યાપ્રમાણે કરવો. જીવત્પિતૃકના સંસ્કારનો કર્ત્તા કાકો હોય તો પાર્વણના ઉચ્ચારવિષે વિશેષ નથી; કારણ, સંસ્કાર્યના પિતાના પિતા ઇત્યાદિક અને કાકાના પિતા ઇત્યાદિક એ એકજ છે. સસ્કાર્યનો પિતા મૃત થયો હોય અને સસ્કારકર્ત્તા પિતામહ હોય તો તેણે, "संस्कार्यस्य पितः मम पितृपितामहौ च नांदीमुखाः ॥ संस्कार्यस्य मातृपितामहीप्रपितामह्यः ॥ संस्कार्यस्य मातामहमातुःपितामहमातुःप्रपितामहाः ઇત્યાદિક ઉચ્ચાર કરવો. સંસ્કાર્યનો પિતા જીવતો છતાં સંસ્કારકર્ત્તા પિતામહ હોય તો તેણે પોતાની માતા, પિતા અને માતામહ એ પાર્વણનો 'मम' એ પદેરહિત અથવા 'मम' એ પદેસહિત ઉચ્ચાર કરવો. એ રીતે પ્રપિતામહ સંસ્કારકર્ત્તા છતાં પણ એજપ્રમાણે યોજના કરવી.

दातुमशक्नुवता कन्यादानाधिकारिणात्वंकन्यादानंकुर्विंतिप्रार्थितोयः परकीयकन्यांदातुमिच्छति यश्चसुवर्णेनात्मीयांकृत्वाअनाथांज्ञात्वावान्यकन्यांदातुमिच्छतिसोपि संस्कार्यायाःकन्यायाःपित्रादीनुच्चारयेत् तस्याःपितृजीवनेतदीयमातादींस्तस्यावर्गत्रयाद्यजीवनेपितुःपित्रादीनितियथासंभवमूह्यं इतिपित्रन्यकर्तृकनांदीश्राद्धप्रयोगः ॥

કન્યાદાન કરવાને અસમર્થ એવા કન્યાદાનના અધિકારીએ 'તું કન્યાદાન કર' એ રીતે પ્રાર્થના કરવાથી જે બીજાની કન્યા દેવાને ઇચ્છા ધરતો હોય તેણે, અથવા જે સુવર્ણ આપી બીજાની કન્યાને પોતાની કન્યા કરી તેનું દાન કરતો હોય તેણે, અથવા બીજાની કન્યાને અનાથ એમ સમજી તેનું દાન કરવાને ઇચ્છા ધરતો હોય તેણે પણ સસ્કાર્ય એવી કન્યાના પિતા ઇત્યાદિકનો ઉચ્ચાર કરવો. તે કન્યાનો પિતા જીવતો હોય તો તે કન્યાનાં માતૃપાર્વણ અને માતામહપાર્વણ એમનો ઉચ્ચાર કરવો. તે કન્યાના ત્રણ વર્ગના પ્રથમ એટલે પિતા, માતા અને માતામહ એ જીવતા હોય તો કન્યાના પિતાના જે પિતા ઇત્યાદિક ત્રણ પાર્વણ તેનો ઉચ્ચાર કરવો. એ રીતે જેવો સંભવ હોય તેવી કલ્પના કરી ઉચ્ચાર કરવો. એ રીતે પિતા કરતાં બીજાએ નાંદીશ્રાદ્ધ કરવું હોય તો તેનો પ્રયોગ કહ્યો.

दत्तकन्यायाविवाहंकुर्वन्प्रतिग्रहीतापितास्वपित्रादीनुद्दिश्यैवकुर्यात् दत्तकस्तुपुत्रोयदिअधिकार्यंतराभावाल्लब्धजनकपितृधनस्तदाजनकपित्रादीन् प्रतिग्रहीतृपित्रादींश्चपितरौपितामहौप्रपितामहौच नांदीमुखाइत्येवमुच्चार्यश्राद्धंकुर्यात् एवंमातृपार्वणेमातामहपार्वणेचद्विवचनप्रयोगऊह्यः यदितु जनकधनग्रहणेधिकार्यंतरसत्त्वादलब्धजनकधनस्तदा प्रतिग्रहीतृपित्रादीनेवोद्दिश्यकुर्यात् नपितृद्वयोद्देशेन अत्रसर्वत्रसंभ्रमेणक्वचित्मातृपार्वणपितृपार्वणयोः क्रमवैपरीत्यपातेपिसक्रमोनविवक्षितः सर्वत्र नांदीश्राद्धेषु पूर्वमातृपार्वणंततःपितुःपार्वणंततोमातामहस्येतिक्रमस्यनिश्चितत्वात् यद्बह्वृचकात्यायनैर्मातृपितामहीप्रपितामह्यइत्यादिनानुलोम्येनपार्वणत्रयेप्युच्चारः तैत्तिरीयादिभिस्तुप्रपितामहपितामहपितरइत्येवमादिनाव्युत्क्रमेणोच्चारःकार्यः एकसंस्कार्यस्यानेकसंस्काराणांसहानुष्ठानेनांदीश्राद्धंसकृदेव एवंयमलयोर्द्वयोःपुत्रयोःकन्ययोर्वाविवाहोपनयनादिसंस्काराणांसहैवानुष्ठानेपिनांदीश्राद्धंसकृदेव यमलयोःसंस्काराणामेकमंडपेएककालेएकेनकर्त्रासहकरणेदोषोनेत्युक्तं नांदीश्राद्धेअन्नाभावेआममामाभावेहिरण्यंदद्यात् हिरण्याभावेयुग्मब्राह्मणभोजनपर्याप्तान्ननिष्क्रयीभूतंयथाशक्तिकिंचिद्द्रव्यंस्वाहानममेतिवदेत् अन्यःसर्वोपिविशेषोगर्भाधानप्रकरणेविस्तरेणोक्तस्ततएवानुसंधेयः इतिनांदीश्राद्धम् ॥

દત્તક લીધેલી કન્યાનો વિવાહ, દત્તક લેનારો પિતા કરતો હોય તો તેણે પોતાના પિતા ઇત્યાદિક ત્રણ પાર્વણને ઉદ્દેશે કરીનેજ નાંદીશ્રાદ્ધ કરવું. દત્તક પુત્ર થઈ, જનક પિતાનો બીજો કોઈ અધિકારી ન છતાં જો જનક પિતાનું ધન તે (દત્તક)ને મળ્યું હોય તો તે દત્તક પુત્રે જનક પિતા ઇત્યાદિકનો અને પોતાનો પ્રતિગ્રહીતા (ગ્રહણ કરનારો પિતા ઇત્યાદિકનો) "पितरौ पितामहौ प्रपितामहौ च नांदीमुखाः" એ પ્રમાણે ઉચ્ચાર કરી નાંદીશ્રાદ્ધ કરવું. એ પ્રમાણે માતૃપાર્વણ અને

---

[1] मातृमातामहपार्वणद्वयमेवेत्यर्थ.

માતામહપાર્વણવિષે પણ દ્વિવચનના પ્રયોગનો ઉચ્ચાર કરવો. (એટલે, “**मातरौ पितामह्यौ प्रपितामह्यौ च नांदीमुखाः ॥ मातामहौ मातुः पितामहौ मातुः प्रपितामहौ च नांदीमुखाः**” એવો ઉચ્ચાર કરવો.) જનક પિતાના ધનનો લેનારો બીજો અધિકારી છતાં એ(દત્તક થયલા)ને જનકનું ધન ન મળે તો પોતાનો પ્રતિગ્રહીતા (ગ્રહણ કરનારા) પિતા ઇત્યાદિકનેજ ઉદ્દેશે કરી નાંદીશ્રાદ્ધ કરવું, બે પિતાને ઉદ્દેશે કરી કરવું નહીં. આ સઘળાં નાંદીશ્રાદ્ધપ્રકરણમાં સભ્રમથકી કોઈ સ્થલમાં માતૃપાર્વણ અને પિતૃપાર્વણના કહેવામાં વિપરીત ક્રમ કહેવાયો હશે તથાપિ તે ક્રમ વિવક્ષિત નથી; કારણ, સર્વત્ર નાંદીશ્રાદ્ધમાં પ્રથમ માતૃપાર્વણ પછી પિતૃપાર્વણ અને ત્યાર પછી માતામહપાર્વણ એજ અનુક્રમ નિશ્ચિત છે. ઋગ્વેદી અને કાત્યાયનોએ “**मातृपितामहीप्रपितामह्यः**” ઇત્યાદિક ક્રમેકરી ત્રણે પાર્વણમાં અનુલોમ એટલે સવળા ક્રમથી ઉચ્ચાર કરવો. તૈત્તિરીય ઇત્યાદિક શાખાવાળાઓએ તો “**प्रपितामहपितामहपितरः**” એ રીતે ઉલટા ક્રમથી ઉચ્ચાર કરવો. એક સંસ્કાર્યના અનેક સસ્કાર એક સમયે કરવા હોય તો નાંદીશ્રાદ્ધ એક વારજ કરવું, એ રીતે યમલ (જોડલાંના) બે પુત્ર અથવા જોડલાંની બે કન્યાના વિવાહ, યજ્ઞોપવીત ઇત્યાદિક સંસ્કાર સાથેજ કરવા હોય તો પણ નાદીશ્રાદ્ધ એક વારજ કરવું. યમલના સંસ્કાર એક મડપમાં, એક કાલે અને એક કર્તાએ સાથેજ કરવા હોય તો દોષ નથી એમ પ્રથમ કહ્યુ છે. નાંદીશ્રાદ્ધમાં અન્ન ન હોય તો કાચુ અન્ન દેવું. તે ન હોય તો હિરણ્ય-(સોનું) દેવું. હિરણ્યનો અભાવ હોય તો બે બ્રાહ્મણને ભોજન થાય એટલા અન્નનુ મૂલ્ય એવું યથાશક્તિ કાંઈ પણ દ્રવ્ય, “**युग्मब्राह्मणभोजनपर्याप्तान्ननिष्क्रयीभूतं यथाशक्ति किंचित् द्रव्यं स्वाहा न मम**” એ પ્રમાણે ઉચ્ચાર કરી દેવું, બીજો સઘળો વિશેષ નિર્ણય ગર્ભાધાનપ્રકરણમાં વિસ્તારપૂર્વક કહ્યો છે તે ત્યહાંથી જાણવો. એ પ્રમાણે નાંદીશ્રાદ્ધ કહ્યુ.

ततोमंडपदेवतास्थापनंग्रहयज्ञश्चस्वस्तिवाचनात्पूर्वंनांदीश्राद्धोत्तरंवाकार्यः ॥

ત્યાર પછી મડપદેવતાનું સ્થાપન અને ગ્રહયજ્ઞ એ કર્મ પુણ્યાહવાચનથી પ્રથમ અથવા નાંદીશ્રાદ્ધ પછી કરવાં.

अथकन्यादातावरगृहंगतः करिष्यमाणकन्याविवाहांगत्वेनवरस्यसीमांतपूजांकरिष्यइतिसंकल्प्यगणेशवरुणौसंपूज्यवरंपादप्रक्षालनवस्त्रगंधपुष्पनीराजनैःसंपूज्य यथाचारंदुग्धादिप्राशयेत् ततोवरोमंगलघोषैःवाहनारुढोवधूगृहंगच्छेत् वरपितावधूंवस्त्रादिनापूजयेदितियथाचारं लग्नदिनेकन्यापिताकन्यावाअन्योन्यालिंगितगौरीहरयोःप्रतिमांसुवर्णरौप्यादिनिर्मितां कात्यायनीमहालक्ष्मीशचीभिःसहपूजयेत् तत्रकोणचतुष्टयस्थापितकलशश्रेणीनांमध्येउपलयुतदृषदिवस्त्रेवातंडुलपूर्णेगौरीहरौमंत्रेणपूजयेत् तत्रसिंहासनस्थांदेवेशींसर्वालंकारसंयुतां पीतांबरधरंदेवंचंद्रार्धकृतशेखर करेणाधःसुधापूर्णंकलशं दक्षिणेनतु वरदंचाभयंवामेनाश्लिष्यचतनुप्रियामितिध्यानमंत्रः गौरीहरमहेशानसर्वमंगलदायक पूजां गृहाणदेवेशसर्वदामंगलंकुरु इतिपूजामंत्रः कन्यादेहप्रमाणेनसप्तविंशतितंतुभिः कृतयावर्तिकयादीपंप्रज्वाल्यसुवासिनीब्राह्मणान्भोजयेत् इतिगौरीहरपूजा ॥

હવે સીમાંતપૂજનનો વિધિ કહે છે.

હવે કન્યાના દાતાએ વરને ઘેર જઈ “**करिष्यमाणकन्याविवाहांगत्वेन वरस्य सीमांतपूजां करिष्ये,**” એવો સંકલ્પ કરી ગણપતિ અને વરુણની પૂજા કરી વરના પગ ધોવરાવી વસ્ત્ર, ચદન, પુષ્પ અને આરતિ એણેકરી વરની પૂજા કરી પછી જેવો પોતાનો આચાર હોય તેપ્રમાણે દૂધ ઇત્યાદિ વરને પીવરાવવું. પછી વરે વાહન ઉપર બેસી મગલઘોષેસહિત, કન્યાને ઘેર જવું. પછી પોતાના આચારપ્રમાણે વરના પિતાએ વસ્ત્ર ઇત્યાદિકવડે કન્યાની પૂજા કરવી. લગ્નને દિવસે કન્યાના પિતાએ અથવા કન્યાએ પરસ્પર આલિંગિત એવી સુવર્ણ અથવા ચાંદીવડે બનાવેલી ગૌરી અને હરની પ્રતિમાનું કાત્યાયની, મહાલક્ષ્મી અને શચી એમણેસહિત પૂજન કરવું. ચાર ખુણામાં સ્થાપન કરેલા કલશની પક્તિના મધ્યભાગમાં પથરાસહિત શિલાઉપર અથવા તદુલપૂર્ણ વસ્ત્ર ઉપર ગૌરી અને હરની મત્રે કરી પૂજા કરવી. તેના ધ્યાનના મંત્ર—“**सिंहासनस्थां देवेशीं, सर्वालंकारसंयुतां ॥ पीतांबरधरं देवं चंद्रार्ककृतशेखरं ॥ करेणाधःसुधापूर्णं, कलशं दक्षिणेन तु ॥ वरदं चाभयं वामेनाश्लिष्य च तनुप्रियां ॥** એપ્રમાણે ધ્યાન કરી પૂજા કરવી. પૂજાના મત્ર—**गौरीहर महेशान, सर्वमंगलदायक ॥ पूजां गृहाण देवेश, सर्वदा मंगलं कुरु,**” એ મત્ર કહી પૂજા કરવી. પછી કન્યા જેવડી

ઉંચી હોય તે પ્રમાણે લાંબા સત્તાવીશ સૂત્રની વાટ કરી તેવડે દીપક બાળી સૌભાગ્યવતી સ્ત્રીયો અને બ્રાહ્મણોને ભોજન કરાવવું. એ રીતે ગૌરીહરની પૂજા કહી.

પંચવિંશતિદર્ભાણાંવેણ્યગ્રગ્રંથિસંયુતોલંબાગ્રોવિષ્ટરઃસંપાદ્યઃ વરસ્યયાભવેચ્છાખાતચ્છાખાગૃહ્યચોદિતઃ મધુપર્કઃપ્રદાતવ્યોહ્યન્યશાખેપિદાતરિ દધિમધુમિશ્રંમધુપર્કઃ તત્રદધ્યલાભેપયોજલંવા મધ્વલાભેસર્પિર્ગુડોવાપ્રતિનિધિઃ ગૃહાગતંસ્નાતકંવરંમધુપર્કેણાર્હયિષ્યઇતિસંકલ્પઃ વરસ્યદ્વિતીયોદ્વાહેતુસ્નાતકમિતિ પદલોપઃ તતોયથાગૃહ્યંમધુપર્કપ્રયોગોજ્ઞાતવ્યઃ એવંગુરુઃશ્રેષ્ઠવિપ્રાઃરાજાચેતિગૃહાગતાયજ્ઞેવૃતાઋત્વિજશ્ચ મધુપર્કેણપૂજનીયાઃ ઋત્વિગાદીનામપિ અર્ચ્યશાખયૈવમધુપર્કોનતુદાતૃશાખયા જયંતસ્તુસર્વત્રયજમાનશાખયૈવમધુપર્કઇત્યાહ અત્રગંધપુષ્પધૂપદીપપૂજાંતેઉપહારોમાષવિકારસહિતોભોજનાર્થંદેયઃ એવંમધુપર્કેતત્પૂર્વંવાકૃતભોજનાયૈવવરાયોપોષિતોદાતાકન્યાંદદ્યાત્ ॥

હવે મધુપર્કનો વિધિ કહે છે.

પચીશ દર્ભ લઈ તેની વેણી કરી (ગુંથી) તેને આગળ ગાંઠ આપેલી અને લાંબા અગ્રવાળો એવો વિષ્ટર કરવો. “કન્યાનો દાતા ભિન્ન શાખાવાળો હોય તો પણ વરની શાખાના ગૃહ્યસૂત્રમાં કહેલા વિધિપ્રમાણે મધુપર્ક દેવો.” દહીં અને મધ મિશ્રિત કરવું તેને મધુપર્ક કહે છે. તેમાં દહીં ન મળે તો દૂધ અથવા જલ લેવું. મધ ન મળે તો ઘૃત અથવા ગોળ એ પ્રતિનિધિ જાણવા. “गृहागतं स्नातकं वरं मधुपर्केणार्हयिष्ये,” એ રીતે મધુપર્કનો સંકલ્પ કરવો. વરનો બીજો વિવાહ હોય તો સંકલ્પમાં ‘સ્નાતક’ એ પદનો લોપ કરવો. પછી ગૃહ્યસૂત્રપ્રમાણે મધુપર્કનો પ્રયોગ જાણવો. એ પ્રમાણે ગુરૂ, શ્રેષ્ઠ બ્રાહ્મણો અને રાજા એમાંનો કોઈ પોતાને ઘેર આવે તો તેની અને યજ્ઞમાં વરેલા ઋત્વિજોની પણ મધુપર્કવડે પૂજા કરવી. ઋત્વિક્ ઇત્યાદિકને મધુપર્ક કરવો તે પણ તેમની શાખાને અનુસરેજ કરવો, દાતાની શાખાને અનુસારે કરવો નહીં, જયંત ગ્રંથકાર તો, સર્વત્ર યજમાનની શાખાને અનુસારેજ મધુપર્ક કરવો એમ કહે છે. એ મધુપર્ક પૂજનમાં ગંધ, પુષ્પ, ધૂપ અને દીપપર્યંત પૂજા થયા પછી અડદના લાડુસહિત સામગ્રી વરને ભોજન અર્થે દેવી. એ રીતે મધુપર્ક કીધા પછી અથવા તેથી પ્રથમ, જેણે ભોજન કરેલું હોય એવા વરને દાતાએ ઉપવાસી રહી કન્યા દેવી.

अथलग्नघटिस्थापनम् ॥ दशपलमितताम्रघटितं षडंगुलोन्नतंद्वादशांगुलविस्तृतंघटीयंत्रंकुर्यादितिसिंधुः द्वादशार्धपलोन्मानंचतुर्भिश्चतुरंगुलैः स्वर्णमाषैःकृतच्छिद्रंयावत्प्रस्थजलप्लुतमितिश्रीभागवतेतृतीयस्कंधेउक्तं अस्यार्थः अशीतिगुंजात्मकःकर्षः अस्यैवसुवर्णसंज्ञा कर्षचतुष्टयंपलं तथाच षट्पलताम्रविरचितंपात्रंविंशतिगुंजोन्मितसुवर्णनिर्मितचतुरंगुलदीर्घशलाकयामूलेकृतच्छिद्रंकुर्यात् तेनछिद्रेणयावत्प्रस्थपरिमितंजलंप्रविशतितेनचप्रस्थजलपूरणेनतत्पात्रंजलेमग्नंभवति तत्पात्रंघटीकालप्रमाणं तत्रप्रस्थमानंतुषोडशपलात्मकं पलंसुवर्णाश्चत्वारःकुडवःप्रस्थमाढकं द्रोणंचखारिकाचेतिपूर्वपूर्वंचतुर्गुणमित्युक्तेः ग्रंथांतरेचतुर्मुष्टिःकुडवश्चत्वारःकुडवाःप्रस्थइति केचित्षष्टिसंख्याकगुरुवर्णोच्चारेपलसंज्ञःकालः षष्टिपलकालानाडिकेत्याहुः एवंप्रमाणीकृतंघटीयंत्रंसूर्यमंडलस्यार्धोदयेधौतेवाजलपूर्णेताम्रपात्रेमृत्पात्रेवाक्षिपेत् तत्रमंत्रः मुख्यंत्वमसियंत्राणांब्रह्मणानिर्मितंपुरा भवभावायदंपत्योःकालसाधनकारणं अनेनमंत्रेणगणेशवरुणपूजनपूर्वकंघटीयंत्रंस्थापयेत् एवंस्थापिताघटीआग्नेययाम्यनैर्ऋतवायव्यदिग्गता नशुभा मध्यस्थितान्यदिग्गताचशुभा एवमाग्नेयादिपंचदिक्षुपूर्णानशुभा इति घटीविचारः ॥

હવે લગ્નઘટિકાના સ્થાપન વિધિ કહે છે.

દશ પલ વજન ત્રાંબું લઈ તેનો છ અંગુલ ઉંચો અને બાર અંગુલ પોળો એવો ઘટીયંત્ર કરવો એમ નિર્ણયસિંધુમાં કહ્યું છે. “द्वादशार्धपलोन्मानं, चतुर्भिश्चतुरंगुलैः” स्वर्णमाषैः कृतच्छिद्रं, यावत्प्रस्थजलप्लुतं,” એ રીતે તો શ્રીભાગવતના તૃતીયસ્કંધમાં (અધ્યાય ૧૧ માં) કહ્યું છે. એનો અર્થ—એંસી ગુંજા (રતિ) એટલે એક કર્ષ, એ કર્ષનીજ સુવર્ણ એવી સંજ્ઞા છે. ચાર કર્ષ એટલે એક પલ, એ પ્રમાણે છ પલ વજન ત્રાંબાની ઘટિકા કરવી. અને વીશ ગુંજા ભાર સોનાની ચાર અંગુલ લાંબી સળી કરી તેણેવતી ઘડીના મૂળમાં છિદ્ર પાડવું. તે છિદ્રથી તે ઘટિકાપાત્રમાં એકપ્રસ્થ પરિમિત જળ ભરાય છે, અને તે એક પ્રસ્થ પ્રમાણ જળ ભરાવાથી તે પાત્ર જળમાં બુડે છે, તે

પાત્ર એક ઘટિકા કાલનું પ્રમાણ છે. તેમાં પ્રસ્થનું પ્રમાણ તો, સોળ પલ એટલે એક પ્રસ્થ થાય છે. કારણ, "ચાર સુવર્ણ એટલે એક પલ, ચાર પલ તે એક કુડવ, ચાર કુડવ તે એક પ્રસ્થ, ચાર પ્રસ્થ એટલે એક આઢક, ચાર આઢક તે એક દ્રોણ અને ચાર દ્રોણ તે એક ખારિકા," એવું વચન છે. બીજા ગ્રંથમાં ચાર મુઠી એટલે એક કુડવ, અને ચાર કુડવ એટલે એક પ્રસ્થ, એમ કહ્યું છે. કોઈ ગ્રંથકાર, સાઠ ગુરૂ વર્ણના ઉચ્ચાર કરવાને જે કાલ લાગે છે તે પળ કહેવાય છે, અને સાઠ પળ એટલે એક ઘડી એમ કહે છે. એ રીતે પ્રમાણરૂપ કરેલો તે ઘટીયંત્ર સૂર્યમંડળના અર્ધ ઉદય કિંવા અર્ધ અસ્ત સમયે જલે ભરેલા ત્રાંબાના અથવા માટીનાં પાત્રમાં રાખવો. તેના મંત્ર—"मुख्यं त्वमसि यंत्राणां, ब्रह्मणा निर्मितं पुरा ॥ भव भावाय दंपत्योः, कालसाधनकारणं," એ મંત્રે કરી, ગણપતિ અને વરૂણની પ્રથમ પૂજા કરી) ઘટિકાનું સ્થાપન કરવું. એ રીતે સ્થાપન કરેલી ઘડી આગ્નેય, દક્ષિણ, નૈર્ઋત્ય અને વાયવ્ય એ દિશાઓમાં જાય તો તે શુભ નહીં. મધ્યભાગ અથવા અન્ય દિશામાં જાય તો તે શુભ છે. એ રીતે આગ્નેય ઇત્યાદિ પાંચ[1] દિશામાં પૂર્ણ થાય તો શુભ નહીં. એ પ્રમાણે ઘટિકાનો વિચાર કહ્યો.

अथज्योतिर्विदादिष्टेशुभकालेहस्तांतरालेतंडुलराशीपूर्वापरौकृत्वा पूर्वेराशौप्रत्यङ्मुखंवरंअपरस्मिन्प्राङ्मुखींकन्यांअवस्थाप्य तयोर्मध्येकुंकुमादिकृतस्वस्तिकांकितमंतःपटमुदग्दशंधारयेयुः कन्यावरयोःपित्रादिर्ज्योतिर्विदंसंपूज्यतद्दत्ताक्षताःफलयुताःकन्यावरयोरंजलौदद्यात् कन्यावरौसाक्षतहस्तौस्वस्तिकालोकनपरौ अमुकदेवतायैनमइतिस्वस्वकुलदेवतांध्यायंतौतिष्ठतः ज्योतिर्विदा मंगलपद्याष्टकपाठांतेस्वोक्तकालेतदेवलग्नमितिपठित्वा सुमुहूर्तमस्तुॐप्रतिष्ठेत्युक्ते अंतःपटमुत्तरतोपसारयेयुः ततः कन्यावरौपरस्परशिरसोरक्षतप्रक्षेपंपरस्परेक्षणंचकुर्यातां वरोवध्वाभ्रूमध्येदर्भाग्रेण ॐभूर्भुवःस्वरितिपरिमृज्यदर्भैनिरस्यापःस्पृशेत् वैदिकैःपठ्यमानब्राह्मणखंडवाक्यांतेकन्यापूर्वकंताभ्यामक्षतारोपणं प्रतिवाक्यंकार्यं ततःप्राङ्मुखंवरंप्रत्यङ्मुखींकन्यांकृत्वा दातादक्षिणेसपत्नीकउपविश्यवरदत्तालंकारादिरहितामहतवस्त्रस्वदेयालंकारमात्रयुतां कनकयुक्तांजलिं वरपूजावशिष्टगंधलिप्तहस्तपादांकन्यामेवंदद्यात् कुशहस्तोदेशकालौसंकीर्त्य अमुकप्रवरामुकगोत्रोमुकशर्माहंममसमस्तपितॄणांनिरतिशयानंदब्रह्मलोकावाप्त्यादिकन्यादानकल्पोक्तफलावाप्तये अनेनवरेणास्यांकन्यायामुत्पादयिष्यमाणसंतत्या द्वादशावरान्द्वादशपरान्पुरुषांश्चपवित्रीकर्तुमात्मनश्च श्रीलक्ष्मीनारायणप्रीतये ब्राह्मविवाहविधिनाकन्यादानंकरिष्ये इति कुशाक्षतजलेनसंकल्प्य उत्थायकन्यांसंप्रगृह्य कन्यांकनकसंपन्नांकनकाभरणैर्युतां दास्यामिविष्णवेतुभ्यंब्रह्मलोकजिगीषया विश्वंभरःसर्वभूत.साक्षिण्यःसर्वदेवताः इमांकन्यांप्रदास्यामिपितॄणांतारणायचेत्युक्त्वाकांस्यपात्रस्यकन्यांजलेरुपरिवरांजलिंनिधाय दक्षिणस्थितपत्न्यासंततांक्रियमाणांशुद्धोदकधारांसहिरण्येवरहस्तेनिक्षिपेत् कन्यातारयतु पुण्यंवर्धयतु शांतिःपुष्टिस्तुष्टिश्चास्तु पुण्याहंभवंतोब्रुवंतु इत्यादिवाक्यचतुष्टयांते अमुकप्रवरामुकगोत्रोमुकशर्माहंममसमस्तेत्यादिप्रीतयेइत्यंतमुक्त्वा अमुकप्रवरोपेतामुकगोत्रायामुकशर्मणः प्रपौत्रायामुकशर्मणःपौत्रायामुकशर्मण.पुत्रायामुकशर्मणेश्रीवररूपिणेवराय अमुकप्रवरामुकगोत्रामुकशर्मणः प्रपौत्रीं अमुकशर्मण.पौत्रीं अमुकशर्मणःममपुत्रीं अमुकनाम्नींकन्यांश्रीरूपिणीं प्रजापतिदैवत्यांप्रजोत्पादनार्थंतुभ्यमहंसंप्रददे इतिसहिरण्यहस्तेसाक्षतजलंक्षिपेत् प्रजापतिःप्रीयतां कन्यांप्रतिगृह्णातुभवानितिवदेत् एवंत्रिवारंकन्यातारयत्वित्यादिनाकन्यादानंकार्यं वरःॐस्वस्तिइत्युक्त्वाकन्यादक्षिणांसंस्पृश्य कइदंकस्माअदात्० पृथिवीप्रतिगृह्णात्वितित्रिरुक्त्वाधर्मप्रजासिद्ध्यर्थंप्रतिगृह्णामीतिवदेत् दाता गौरींकन्यामिमांविप्रयथाशक्तिविभूषितां गोत्रायशर्मणेतुभ्यंदत्तां विप्रसमाश्रय कन्येममाग्रतोभूयाःकन्येमेदेविपार्श्वयोः कन्येमेपृष्ठतोभूयास्त्वद्दानान्मोक्षमाप्नुयाम् ममवंशकुलेजातापालितावत्सराष्टकं तुभ्यंविप्रमयादत्तापुत्रपौत्रप्रवर्धिनी धर्मेचार्थेचकामेच नातिचरितव्यात्वयेयं वरोनातिचरामीति दाताउपविश्यकन्यादानप्रतिष्ठासिद्ध्यर्थंइदं सुवर्णमग्निदैवत्यंदक्षिणात्वेनसंप्रददे ॐस्वस्तीतिवरः ततोभोजनपात्रजलपात्रादिदानानि पितामहोदानकर्ताचेत्पौत्रीमित्यतःपूर्वंममेतिवदेत् पुत्रीमित्यतःपूर्वंनवदेत् भ्रात्रादिःपुरुषत्रयकीर्तनमेवकुर्यात्क्वापिममेतिनवदेत् प्रपितामहःप्रपौत्रीमित्यत्रममेतिवदेत् मातुलादिरन्योवादातास्वगोत्रंस्वविशेषणत्वेनोक्त्वामुकशर्मणः समस्तपितॄणामितिकन्यापितृनामषष्ठ्यंतमुक्त्वाकन्याविशेषणत्वेनतद्गोत्रादिवदेत् ममवंशकुलेजातेत्यत्रममेतिस्थाने कन्यापितृनामवदेत् दत्तककन्यादानेममवंशकुलेदत्तेतिऊहः ॥

---

[1] ઈહાં પૂર્ણ થવામાં પાંચમી પશ્ચિમદિશા છે એમ સમજવું.

હવે જ્યોતિર્વિએ કહેલા શુભ સમયે, એક હાથને અંતરાયે પૂર્વમાં અને પશ્ચિમમાં એક એક ચોખાની ઢગલી કરી પૂર્વદિશામાંની ઢગલી ઉપર પશ્ચિમાભિમુખ વર, અને પશ્ચિમદિશામાંની ઢગલી ઉપર પૂર્વાભિમુખ કન્યા એપ્રમાણે બન્નેને ઉભા કરી તે બન્નેના મધ્યમાં, કુંકુમાદિવડે સ્વસ્તિક (સાથિયો) જેમાં કાઢેલો હોય એવા અંતઃપટને ઉત્તર દિશાસામે છેડા રાખી ધરવો. કન્યા અને વર એના પિતા ઇત્યાદિકે જ્યોતિર્વિની પૂજા કરી તે જ્યોતિર્વિએ આપેલા અક્ષત ફળસહિત, કન્યા વરની અંજલીમાં આપવા. અક્ષત હાથમાં લઈ કન્યા અને વર એમણે અંતઃપટમાં ચિત્રેલા સ્વસ્તિકસામે "अमुकदेवतायै नमः" એ રીતે પોતાની કુલદેવતાનું ધ્યાન કરતાં ઊભા રેહેવું. જ્યોતિર્વિએ મંગલાષ્ટક કહ્યા પછી પોતે કહેલા સમયે "तदेव लग्नं०" એ વાક્ય કહી "सुमुहूर्तमस्तु ॐप्रतिष्ठा" એમ કહ્યા પછી અંતઃપટ ઉત્તરદિશાતરફ લઈ લેવો. પછી કન્યા અને વરે પરસ્પરના મસ્તક ઉપર અક્ષત છાંટવા અને પરસ્પરનું અવલોકન કરવું. વરે કન્યાની ભ્રુકુટી (ભમર)ના મધ્યભાગમાં દર્ભના અગ્રવડે "ॐभूर्भुवःस्वः" એ મંત્રેકરી માર્જન કરી દર્ભનો ત્યાગ કરી જલનો સ્પર્શ કરવો. વૈદિક બ્રાહ્મણોએ પાઠ કરાતા બ્રાહ્મણખંડના દરેક વાક્યની અંતે પ્રથમ કન્યાએ વરના મસ્તક ઉપર, અને પછી વરે કન્યાના મસ્તક ઉપર, એ રીતે પરસ્પરના મસ્તક ઉપર અક્ષત છાંટવા. ત્યાર પછી વરને પૂર્વમુખ અને કન્યાને પશ્ચિમમુખ કરી દાતાએ વર, કન્યાના દક્ષિણ ભાગમાં (ઉત્તરમુખ) બેસી વરે આપેલા અલંકારેરહિત નવીન વસ્ત્ર અને પોતે (દાતાએ) દેવાના અલંકાર તેણેજ માત્રયુક્ત, સુવર્ણસહિત અંજલીવાળી, અને વરનું પૂજન કરતાં શેષ રહેલા ચંદનવડે લિપ્ત છે હાથ અને પગ જેના એવી કન્યા દેવી. દાતાએ દર્ભ હાથમાં લઈ દેશ, કાલનો ઉચ્ચાર કરી, "अमुकप्रवरामुकगोत्रोमुकशर्माहं मम समस्तपितृणां निरतिशयानंदब्रह्मलोकावाप्त्यादिकन्यादानकल्पोक्तफलावाप्तये अनेन वरेणास्यां कन्यायामुत्पादयिष्यमाणसंतत्या द्वादशावरान् द्वादशपरान् पुरुषांश्च पवित्रीकर्तुमात्मनश्च श्रीलक्ष्मीनारायणप्रीतये ब्राह्मविवाहविधिना कन्यादानं करिष्ये," એવો સંકલ્પ કરી દર્ભ અને અક્ષતસહિત જલ છોડવું. પછી ઉભા થઈ કન્યાને તેડી, "कन्यां कनकसंपन्नां, कनकाभरणैर्युतां ॥ दास्यामि विष्णवे तुभ्यं, ब्रह्मलोकजिगीषया ॥ विश्वंभरः सर्वभूतः, साक्षिण्यः सर्वदेवताः ॥ इमां कन्यां प्रदास्यामि, पितॄणां तारणाय च," એ મંત્ર કહી, કાંસાના પાત્રમાં કન્યાના હાથ ઉપર વરનો હાથ રાખી દક્ષિણ બાજુ ઊભેલી સ્ત્રીયે સંતત કરાતી જે શુદ્ધ જલની ધારા તે હિરણ્ય (સુવર્ણ)યુક્ત વરના હાથમાં પાડવી. પછી, "कन्यातारयतु । पुण्यं वर्धयतु । शांतिः पुष्टिस्तुष्टिश्चास्तु । पुण्याहं भवंतो ब्रुवंतु ," ઇત્યાદિ ચાર વાક્યનો ઉચ્ચાર કીધા પછી. "अमुकप्रवरामुकगोत्रोऽमुकशर्माहं मम समस्तेत्यादि, प्रीतये" ઈહાંપર્યંત વાક્ય કહી. अमुकप्रवरोपेतामुकगोत्रायामुकशर्मणः प्रपौत्रायामुकशर्मणः पौत्रायामुकशर्मणः पुत्रायामुकशर्मणे श्रीधररूपिणे वराय ॥ अमुकप्रवरामुकगोत्रामुकशर्मणः प्रपौत्रीं अमुकशर्मणः पौत्रीं अमुकशर्मणः मम पुत्रीं अमुकनाम्नीं कन्यां श्रीरूपिणीं प्रजापतिदैवत्यां प्रजोत्पादनार्थं तुभ्यमहं संप्रददे," એવું વાક્ય કહી સુવર્ણસહિત હાથ ઉપર અક્ષતસહિત ઉદક આપવું, અને "प्रजापतिः प्रीयतां कन्यांप्रतिगृह्णातुभवान्" એમ કહેવું. એ રીતે ત્રણ વાર "कन्यातारयतु" ઇત્યાદિક પૂર્વોક્ત પ્રકારે કન્યાદાન કરવું. પછી વરે "ॐ स्वस्ति" એમ કહી કન્યાના જમણા ખંભાનો સ્પર્શ કરી, "कइदं कस्मा-अदात्० पृथिवी प्रतिगृह्णातु," એ મંત્ર ત્રણ વાર કહી "धर्मप्रजासिद्ध्यर्थं प्रतिगृह्णामि" એવું વાક્ય બોલવું. પછી દાતાએ "गौरीं कन्यामिमां विप्र, यथाशक्तिविभूषितां ॥ गोत्राय शर्मणे तुभ्यं, दत्तां विप्र समाश्रय ॥ कन्ये ममाग्रतो भूयाः, कन्ये मे देवि पार्श्वयोः ॥ कन्ये मे पृष्ठतो भूयास्त्वद्दानान्मोक्षमाप्नुयां ॥ मम वंशकुले जाता, पालिता वत्सराष्टकं ॥ तुभ्यं विप्र मया दत्ता, पुत्रपौत्रप्रवर्द्धिनी ॥ धर्मे चार्थे च कामे च नातिचरितव्या त्वयेयं." એવું વાક્ય કહ્યા પછી વરે "नातिचरामि" એવું વાક્ય કહેવું. પછી (કન્યાદાનની સાંગતા થવા માટે) દાતાએ બેસીને कन्यादानप्रतिष्ठासिद्ध्यर्थं इदं सुवर्णं अग्निदैवत्यं दक्षिणात्वेन संप्रददे," એવું વાક્ય કહી સુવર્ણદક્ષિણા દેવી. વરે "ॐ स्वस्ति" એમ કહી દક્ષિણા લેવી. પછી ભોજન કરવાનાં પાત્ર તથા જલપાત્રનું દાન કરવું. પિતામહ (દાદો) દાન કરનારો હોય તો તેણે દાનવાક્યમાં 'पौत्रीं' એ પદથી પ્રથમ 'मम' એ પદનો ઉચ્ચાર કરવો. 'पुत्रीं' એ પદથી પ્રથમ 'मम' એ પદનો ઉચ્ચાર કરવો નહીં. કન્યાદાનકર્તા ભાઇ ઇત્યાદિક હોય તો તેણે ત્રણ પુરૂષોનેજ ઉચ્ચાર કરવો, ક્યાંય પણ 'मम' એ પદનો ઉચ્ચાર કરવો નહીં. પ્રપિતામહ (પરદાદો) કર્તા હોય તો તેણે 'प्रपौत्रीं' એ પદથી પ્રથમ 'मम' એવો ઉચ્ચાર કરવો. મામો ઇત્યાદિક અથવા બીજો કોઈ કન્યાદાતા હોય તો તેણે પોતાનાં વિશેષણરૂપે પોતાનાં ગોત્રનો ઉચ્ચાર કરી

"अमुकशर्मणः समस्तपितॄणां" એ રીતે કન્યાપિતાનું નામ ષષ્ઠીવિભક્ત્યંત બોલાવી કન્યાના વિશેષણરૂપે તે (કન્યા)ના પિતાના ગોત્ર ઇત્યાદિકનો ઉચ્ચાર કરવો. 'मम वंशकुले जाता' એ વાક્યમાં 'मम' એને ઠેકાણે કન્યાના પિતાના નામનો ઉચ્ચાર કરવો. દત્તક કન્યાનું દાન કરવું હોય તો 'मम वंशकुले जाता' એ ઠેકાણે 'वंशकुले दत्ता' એવો ઉચ્ચાર કરવો.

अथकन्यादानांगत्वेनगवादिदानमंत्राः॥ यज्ञसाधनभूतायाविश्वस्याघौघनाशिनी विश्वरूपधरोदेवःप्रीयतामनयागवा हिरण्यगर्भसंभूतंसुवर्णंचांगुलीयकं सर्वप्रदंप्रयच्छामिप्रीणातुकमलापतिः इत्यंगुलीयस्य क्षीरोदमथनेपूर्वमुद्धृतंकुंडलद्वयं श्रियासहसमुद्भूतंददेश्रीःप्रीयतामिति कुंडलयोः कांचनंहस्तवलयंरूपकांतिसुखप्रदं विभूषणंप्रदास्यामिविभूषयतुमेसदेति वलययोः परापवादपैशून्यादभक्ष्यस्यचभक्षणात् उत्पन्नपापंदानेनताम्रपात्रस्यनश्यतु इतिताम्रजलपात्रस्य यानिपापानिकाम्यानिकामोत्थानिकृतानिच कांस्यपात्रप्रदानेनतानिनश्यंतुमेसदा इतिभोजनार्थकांस्यपात्रस्य अगम्यागमनंचैवपरदाराभिमर्शनं रौप्यपात्रप्रदानेनतानिनश्यंतुमेसदेतिजलार्थस्यभोजनार्थस्यचरौप्यपात्रस्य पूरितंपूगपूगेननागवल्लीदलान्वितं पूर्णेनचूर्णपात्रेणकर्पूरपिष्टकेनच सपूगखंडनंदिव्यंगंधर्वाप्सरसां प्रियं ददेदेवनिरातंकंत्वत्प्रसादात्कुरुष्वमामितितांबूलस्य एवंदासीमहिषीगजाश्वभूमिस्वर्णपात्रपुस्तकशय्यागृहरजतवृषभानांदानमंत्राःकौस्तुभेद्रष्टव्याः॥

હવે કન્યાદાનના અંગરૂપ જે ગાય ઇત્યાદિક દાન તેના મંત્ર કહે છે.—ગોદાનનો મંત્ર—यज्ञसाधनभूता या, विश्वस्याघौघनाशिनी॥ विश्वरूपधरो देवः, प्रीयतामनया गवा" અંગુઠી, કરડાં ઇત્યાદિકનો મંત્ર—"हिरण्यगर्भसंभूतं सुवर्णं चांगुलीयकं॥ सर्वप्रदं प्रयच्छामि, प्रीणातु कमलापतिः" કુંડલનો મંત્ર—"क्षिरोदमथने पूर्वमुद्धृतं कुंडलद्वयं॥ श्रियासह समुद्भूतं ददे श्रीः प्रीयतामिति," કડાંનો મંત્ર—'कांचनं हस्तवलयं, रूपकांतिसुखप्रदं॥ विभूषणं प्रदास्यामि, विभूषयतु मे सदा," ત્રાંબાના જલપાત્રનો મંત્ર—"परापवादपैशून्या, दभक्ष्यस्य च भक्षणात्॥ उत्पन्नपापं दानेन, ताम्रपात्रस्य नश्यतु." ભોજનસારૂ કાંસાના પાત્રદાનનો મંત્ર—"यानि पापानि काम्यानि, कामोत्थानि कृतानि च॥ कांस्यपात्रप्रदानेन, तानि नश्यंतु मे सदा." જળમાટે અથવા ભોજનમાટે આપવાનાં ચાંદીનાં પાત્રના મંત્ર—"अगम्यागमनं चैव, परदाराभिमर्शनं॥ रौप्यपात्रप्रदानेन, तानि नश्यंतु मे सदा." તાંબૂલનો મંત્ર—पूरितं पूगपूगेन, नागवल्लीदलान्वितं॥ पूर्णेन चूर्णपात्रेण, कर्पूरपिष्टकेन च॥ सपूगखंडनं दिव्यं, गंधर्वाप्सरसां प्रियं॥ ददे देव निरातंकं, त्वत्प्रसादात्कुरुष्व मां." એ પ્રમાણે દાસી, ભેંસ, હાથી, ઘોડા, ભૂમી, સુવર્ણપાત્ર, શય્યા, ગૃહ, ચાંદી અને વૃષભ એમનાં દાનના મંત્ર કૌસ્તુભમાં જોવા.

अंतःपटधारणादिकन्यादानांतंकेचिदग्निप्रतिष्ठापनोत्तरंकुर्वंति केचित्पूर्वांगहोमोत्तरंकेचिदाज्यसंस्कारोत्तरमित्यनेकेपक्षास्तत्रस्वस्वगृह्यानुसारेणाचारानुसारेणचव्यवस्था ततोवधूवराभिषेकः ततः कंकणबंधनं अथाक्षतारोपणं वधूवराभ्यांअन्योन्यतिलककरणंमालाबंधनं अष्टपुत्रीकंचुकीमांगल्यतंत्वादिदानं गणेशपूजा लड्डुकबंधनं उत्तरीयवस्त्रांतग्रंथियोजनं लक्ष्म्यादिपूजादि इतिकन्यादानानुक्रमःप्रायोबह्वृचानामन्येषांचयथागृह्यंज्ञेयः॥

અંતઃપટ ધારણ કરવો ઇત્યાદિકથકી કન્યાદાનપર્યંત કૃત્ય, કેટલાએક અગ્નિસ્થાપન કીધા પછી કરે છે, કેટલાએક પૂર્વાંગહોમ થયા પછી કરે છે, અને કેટલાએક આજ્યસંસ્કાર થયા પછી કરે છે, એ પ્રમાણે અનેક પક્ષ છે તેવિષે પોતપોતાના ગૃહ્યસૂત્રમાં કહ્યાપ્રમાણે જેનો જેવો આચાર હોય તેને અનુસારે વ્યવસ્થા જાણવી. ત્યાર પછી વરકન્યાને અભિષેક કરવો. ત્યાર પછી કંકણબંધન કરવું. અક્ષતારોપણ, કન્યા વરે પરસ્પર તિલક કરવું, પરસ્પરની કોટમાં માલા બાંધવી, અષ્ટપુત્રી કાંચલી, મંગલસૂત્ર ઇત્યાદિક વરે કન્યાને દેવાં, ગણપતિપૂજન, લાડુ બાંધવા, ઉપરના વસ્ત્રની છેડાછેડી બાંધવી, લક્ષ્મી ઇત્યાદિકની પૂજા ઇત્યાદિક કરવું, એ રીતનો કન્યાદાનનો અનુક્રમ બાહુધા ઋગ્વેદીઓનો છે, અને બીજી શાખાવાળાઓનો તેમના ગૃહ્યસૂત્રપ્રમાણે જાણવો.

अथविवाहहोमः॥ वधूवरौपूर्वोक्तलक्षणांवेदींमंत्रघोषेणारुह्य वरःस्वासनेउपविश्यवधूंदक्षिणतउपवेश्यदेशकालौसंकीर्त्यप्रतिगृहीतायामस्यांवध्वांभार्यात्वसिद्धयेविवाहहोमंकरिष्ये इति संकल्प्ययथा

गृह्यंविवाहहोमंकुर्यात् पतंदादिविवाहाग्निरक्षेत् रक्षितोग्निश्चतुर्थीकर्मपर्यंतंगृहप्रवेशनीयहोमात्पूर्वमनुगतश्चेद्विवाहहोमःपुनःकार्यः गृहप्रवेशनीयोत्तरंगतौहोमद्वयमपिपुनःकार्यं केचित्तुद्वादशरात्रपर्यंतंवृत्युक्तायाश्चेत्याज्याहुतेःसार्वत्रिकत्वमाश्रित्यात्रापिअयाश्चेत्याहुतिमेवाहुः ॥

હવે વિવાહહોમનો વિધિ કહે છે.

કન્યા અને વરે પૂર્વોક્ત લક્ષણેયુક્ત એવી વેદી ઉપર મંત્રઘોષપૂર્વક આરોહણ કરી વરે પોતાના આસન ઉપર બેસી કન્યાને પોતાના દક્ષિણભાગમાં બેસાડી દેશકાલનો ઉચ્ચાર કરી " प्रतिगृहीतायामस्यां वध्वां भार्यात्वसिद्धये विवाहहोमं करिष्ये " એવો સંકલ્પ કરી ગૃહ્યસૂત્રપ્રમાણે વિવાહહોમ કરવો. એ સમયથકી વિવાહના અગ્નિનું રક્ષણ કરી રાખવું. ચતુર્થીકર્મપર્યંત રાખેલો અગ્નિ ગૃહપ્રવેશનીય હોમથકી પ્રથમ નષ્ટ થાય તો ફરી વિવાહહોમ કરવો. ગૃહપ્રવેશનીય હોમ થયા પછી જાય તો બન્ને હોમ ફરી કરવાં. કોઈ ગ્રંથકાર તો, બાર દિવસપર્યંત ગૃહ્યાગ્નિ નષ્ટ થાય તો વૃત્તિ ગ્રંથમાં કહેલી " अयाश्चा० " એ મંત્રે કરી ઘૃતની આહુતિ દેવી એવો સાર્વત્રિક નિયમ છે માટે તેનો આશ્રય કરી આ સ્થળે પણ " अयाश्चा० " એ આહુતિજ દેવી એમ કહે છે.

अथगृहप्रवेशनीयहोमः ॥ सचवध्वासहस्वगृहंगतस्यविहितस्तथापिशिष्टाःश्वशुरगृहेएवकुर्वंति तत्रार्धरात्रोत्तरंविवाहहोमेपरेद्युःप्रातस्तिथ्यादिसंकीर्त्यममाग्नेर्गृह्याग्नित्वसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं गृहप्रवेशनीयाख्यंहोमंकरिष्यइतिसंकल्पःकार्यः अर्धरात्रात्पूर्वंविवाहहोमेतदैवहोमोत्तरंपुनस्तिथ्यादिसंकीर्त्य संकल्पपूर्वकंरात्रावपिगृहप्रवेशनीयहोमकरणेदोषोन यत्तुविवाहहोमगृहप्रवेशनीयहोमयोरेकतंत्रेणानुष्ठानंकुर्वंति तन्नयुक्तं विवाहाग्नेरेवगृहप्रवेशनीयहोमोत्तरंगृह्यत्वसिद्धिराश्वलायनतैत्तिरीयादीनांभवति तैत्तिरीयकात्यायनादीनांपुनराधानेप्रकारांतरमस्ति यदिरात्रौषट्घटीमध्येऽग्न्युत्पत्तिस्तदा गृहप्रवेशनीयाभावेपिव्यतीपातादिसंभवेपितदैवौपासनहोमारंभः तदुत्तरंचेत्परदिनेसायमौपासनारंभः सचेत्थं सायंसंध्यामुपास्यविवाहाग्निंप्रज्वाल्य प्राणानायम्य देशकालौ संकीर्त्यास्मिन्विवाहाग्नौ यथोक्तकालेश्रीपरमेश्वरप्रीत्यर्थं यावज्जीवमुपासनंकरिष्यइतिसंकल्प्य पुनर्देशकालौसंकीर्त्यश्रीपरमेश्वरप्रीत्यर्थंसायंप्रातरौपासनहोमौकरिष्ये तत्रेदानींसायमौपासनहोमंकरिष्ये प्रातस्तुपूर्वसंकल्पितप्रातरौपासनहोमंकरिष्येइतिसंकल्प्य होमःकार्यः ॥

હવે ગૃહપ્રવેશનીય હોમ કહે છે.

કન્યાસહિત વરે પોતાને ઘેર ગયા પછી પોતાને ઘેર ગૃહપ્રવેશનીય હોમ કરવો એમ કહ્યું છે, તથાપિ શિષ્ટ જન સસરાને ઘેરજ કરે છે. ત્યારે વિવાહહોમ અર્ધરાત્રિ પછી થયો હોય તો બીજે દિવસે પ્રાતઃકાલે તિથિ, વાર ઇત્યાદિકનો ઉચ્ચાર કરી " ममाग्नेर्गृह्याग्नित्वसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं गृहप्रवेशनीयाख्यं होमं करिष्ये," એવો સંકલ્પ કરવો. મધ્યરાત્રિથી પ્રથમ વિવાહહોમ થયો હોય તો તે વિવાહહોમ થયા પછી તેજ સમયે ફરી તિથિ વાર ઇત્યાદિકનો ઉચ્ચાર કરી સંકલ્પ કરી રાત્રિમધ્યે પણ ગૃહપ્રવેશનીયે હોમ કરવાનો દોષ નથી, પરંતુ વિવાહહોમ અને ગૃહપ્રવેશનીય હોમ એમનું એકતંત્રે જે અનુષ્ઠાન કરે છે તે યોગ્ય નથી. આશ્વલાયન, તૈત્તિરીયશાખી ઇત્યાદિકના ગૃહ્યાગ્નિની સિદ્ધિ ગૃહપ્રવેશનીય હોમ થયા પછી વિવાહાગ્નિથકીજ થાય છે. તૈત્તિરીય, કાત્યાયન ઇત્યાદિક શાખાવાળાઓનાં પુનરાધાનવિષે બીજો પ્રકાર છે. જો રાત્રિયે છ ઘડીની અંદર અગ્નિ ઉત્પન્ન થયો હોય તો ગૃહપ્રવેશનીય હોમ ન થયા છતાં પણ વ્યતીપાત ઇત્યાદિક કુયોગનો સંભવ હોય તો તે સમયેજ ઔપાસનહોમનો આરંભ કરવો. છ ઘડી પછી અગ્નિ ઉત્પન્ન થાય તો બીજે દિવસે સાયંકાલે ઔપાસનહોમનો આરંભ કરવો. તે આ રીતે–સાયંસંધ્યા કરી વિવાહાગ્નિ પ્રદીપ્ત કરી પ્રાણાયામ કરી દેશ કાલનો ઉચ્ચાર કરી " अस्मिन् विवाहाग्नौ यथोक्तकाले श्रीपरमेश्वरप्रीत्यर्थं यावज्जीवमुपासनं करिष्ये " એવો સંકલ્પ કરી ફરી દેશ કાલનો ઉચ્ચાર કરી "श्रीपरमेश्वरप्रीत्यर्थं सायंप्रातरौपासनहोमौ करिष्ये ॥ तत्रेदानीं सायमौपासनहोमं करिष्ये," એવો સંકલ્પ કરવો, પ્રાતઃકાલે તો, "पूर्वसंकल्पितप्रातरौपासनहोमं करिष्ये," એવો સંકલ્પ કરી હોમ કરવો.

अथत्रिरात्रंवधूवरौब्रह्मचारिणावलंकुर्वाणावधःशायिनावक्षारालवणाशिनौतिष्ठेताम् ॥

હવે ત્રણ રાત્રિપર્યંત કન્યા અને વરે; બ્રહ્મચારી, અલંકારયુક્ત, ભૂમિઉપર નિદ્રા કરવી, ક્ષાર લવણરહિત ભોજન કરવું, એ રીતે રેહેવું.

अथचतुर्थदिवसेऐरिणीदानम् ॥ तच्चवधूपितृभ्यामुपोपिताभ्यामुपोपितायैवरमात्रेकार्यंवरमातूरजोदोपेतस्याःशुद्धिप्रतीक्षाकरणासंभवे मनसापात्रमुद्दिश्येतिरीत्यातांमनसोद्दिश्यैरिणीदानं वधूवरमात्रोर्विवाहोत्तरंदेवकोत्थापनात्प्राक्रजोदोपेपूर्वोक्तांशांतिंकृत्वाशुद्ध्यंतेसंकटेशुद्धेःप्रागपि देवकोत्थापनंकार्यं मातुलादेःकर्त्रंतरस्यपत्न्यारजसिमौंजीप्रकरणेउक्तं एवंविवाहोत्तरमाशौचपातेचतुर्थीकर्मपर्यंतंप्राप्तकर्मकरणेदातुर्वरस्यकन्यायाश्चनाशौचं आशौचांतेदेवकोत्थापनं असंभवेआशौचमध्येएवदेवकोत्थापनंकृत्वाआशौचंकार्यं विवाहात्पूर्वमाशौचरजोदोपयोस्तुप्रागुक्तं चतुर्थीकर्मेहोमःकौस्तुभेउक्तःएतंकेचित्ऋक्शाखिनोनकुर्वंति मंडपोद्वासनदिननिर्णयोमंडपोद्वासनपर्यंतकर्तव्याकर्तव्यनिर्णयश्चोपनयनप्रकरणेउक्तस्तत्रैवद्रष्टव्यः नस्नायादुत्सवेतीतेमंगलंविनिवर्त्यच अनुव्रज्यसुहृद्बंधूनर्चयित्वेष्टदेवतां स्नानंसचैलंतिलमिश्रकर्मप्रेतानुयानंकलशप्रदानं अपूर्वतीर्थामरदर्शनंचविवर्जयेन्मंगलतोऽब्दमेकं मासषट्कंविवाहादौव्रतप्रारंभणेपिच जीर्णभांडादिनत्याज्यंगृहसंमार्जनंतथा ऊर्ध्वंविवाहात्पुत्रस्यतथाचव्रतबंधनात् आत्मनोमुंडनंचैववर्षंवर्षार्धमेवच मासमन्यत्रसंस्कारेत्रिमासंचौलकर्मणि पिंडदानंमृदास्नानंनकुर्यात्तिलतर्पणं अयंविवाहव्रतबंधचौलोत्तरंवर्षषण्मासत्रिमासेषु अन्यवृद्धिश्राद्धयुतमंगलोत्तरंचमासमेकंपिण्डदानतिलतर्पणनिपेधस्त्रिपुरुषसपिंडानामेव एवंमुंडननिपेधोपिव्रतोद्वाहोतुमंगलमितिपक्षेमौंज्युत्तरंमुंडननिपेधः व्रतबंधस्यमुंडनरूपत्वपक्षेतुननिपेधः आत्मनोमुंडनमितिकर्मांगतयाप्राप्तंरागप्राप्तंचमुंडनंनिपिध्यते अत्रापवादः गंगायांभास्करक्षेत्रेमातापित्रोर्मृताहनि आधानेसोमयागादौदर्शादौक्षौरमिष्यते महालयेगयाश्राद्धेपित्रोःप्रत्याब्दिकेतथा सपिंड्यंतप्रेतकर्मश्राद्धषोडशकेष्वपि कृतोद्वाहादिकःकुर्यात्पिंडदानंचतर्पणं केचिद्भ्रातृपितृव्यादेराब्दिकेप्येवमूचिरे एवंपिंडपितृयज्ञेअष्टकान्वष्टकापूर्वेद्युःश्राद्धेपुनर्पिंडदाननिपेधः दर्शश्राद्धंत्वपिंडकमेव तेनबह्वृचानांव्यतिषंगोन इतिमंडपोद्वासनोत्तरंकार्योकार्यनिर्णयः ॥

હવે ચોથે દિવસે ઐરિણીદાન કરવું. તે ઐરિણીદાન કન્યાનાં ઉપવાસી માતાપિતાએ ઉપવાસી એવી વરની માતાને દેવું. વરની માતા રજસ્વલા છતાં તે શુદ્ધ થવાપર્યંત પ્રતીક્ષા કરવાનો અસંભવ હોય તો, (જેમ કોઇને દાન કરવાનું હોય અને તે પાસે ન હોય તો મનમાં તેનો ઉદ્દેશ કરી દાન કરે છે તે રીતે) વરની માતાનો મનમાં ઉદ્દેશ કરી ઐરિણીદાન કરવું. વિવાહ થયા પછી દેવક (કુલદેવ)ના ઉત્થાપન થયાથી પ્રથમ કન્યા અથવા વરની માતાને રજોદર્શન થાય તો શુદ્ધિ થયા પછી પ્રથમ કહેલી શ્રીશાંતિ કરી દેવકોત્થાપન કરવું. સંકટ હોય તો શુદ્ધિથકી પ્રથમ પણ (શાંતિ કરી) દેવકોત્થાપન કરવું. મામો ઇત્યાદિક અન્ય કર્ત્તાની સ્ત્રી રજસ્વલા થાય તો તેનો નિર્ણય મૌંજીપ્રકરણમાં કહ્યો છે. એ રીતે વિવાહ થયા પછી આશૌચ પ્રાપ્ત થાય તો ચતુર્થીકર્મપર્યંત પ્રાપ્ત થયલા કર્મ કરવાવિષે દાતા, વર અને કન્યા એમને આશૌચ નથી. દેવકોત્થાપન આશૌચને અંતે કરવું. આશૌચ ગયા પછી દેવકોત્થાપન કરવાનો અસભવ હોય તો આશૌચમધ્યેજ દેવકોત્થાપન કરી આશૌચ પાળવું. વિવાહ થવાથી પ્રથમ આશૌચ, રજોદોષ એ પ્રાપ્ત થયાં હોય તો તેનો નિર્ણય પ્રથમ કહ્યો છે. ચતુર્થીકર્મસંબંધી હોમ કૌસ્તુભમાં કહ્યો છે, કેટલાએક ઋક્શાખી એ ચતુર્થીકર્મસંબંધી હોમ કરતા નથી. મંડપવિસર્જનના દિવસનો નિર્ણય, અને મડપવિસર્જનપર્યંત કયાં કર્મ કરવાં, કયાં કર્મ ન કરવાં એનો નિર્ણય ઉપનયનપ્રકરણમાં કહેલો છે તે ત્યહાં જોવો. ઉત્સવ સમાપ્ત થયા પછી; મગલકાર્ય સમાપ્ત થયા પછી; સબંધી, બાંધવ એમને વિદાય કરી આવીને; અને ઇષ્ટદેવતાની પૂજા કીધા પછી એટલાં કર્મ કર્યાં છતાં સ્નાન કરવું નહીં. મંગલકાર્ય થયા પછી એક વર્ષપર્યંત, વસ્ત્રરહિત સ્નાન, તિલસહિત તર્પણ, શબની પાછલ ગમન, કુંભદાન, નવીન તીર્થયાત્રા, અને અપૂર્વ દેવનુ દર્શન એટલાં કૃત્ય કરવાં નહીં. વિવાહાદિક તથા વ્રતનો પ્રારંભ એ કરેલાં હોય તો છ માસપર્યંત જુનાં વાસણ ઇત્યાદિ બહાર ફેંકવાં નહીં, અને ઘરમાં સાવરણીથી વાળી કાઢવું નહીં. પુત્રનો વિવાહ કીધા પછી એક વર્ષપર્યંત અને પુત્રની મૌંજી કીધા પછી છ માસપર્યંત (કર્ત્તાએ) પોતાનું મુંડન કરવું નહીં. ચૌલવિના બીજા સંસ્કાર કીધા હોય તો એક માસપર્યંત અને ચૌલ કીધું હોય તો ત્રણ માસપર્યંત પિંડદાન, મૃત્તિકાસ્નાન અને તિલતર્પણ એ કરવાં નહીં. વિવાહ, મૌંજી અને ચૌલ એ સંસ્કાર થયા પછી ક્રમે કરી

એક વર્ષ, છ માસ અને ત્રણ માસપર્યંત તથા બીજાં નાંદીશ્રાદ્ધયુક્ત મંગલકાર્યે થયા પછી એક માસપર્યંત પિંડદાન અને તિલતર્પણ એ કરવાં નહીં એવો જે નિષેધ કહ્યો તે ત્રિપુરુષસપિંડવિષયકજ જાણવો. એ રીતે મુંડનનો નિષેધ તે પણ ત્રિપુરુષસપિંડવિષયકજ છે. મૌંજી અને વિવાહ એ મંગલ છે એ પક્ષમાં મૌંજી કીધા પછી મુંડન કરવું નહીં. મૌંજી એ મુંડનરૂપ છે એ પક્ષવિષે તો મુંડનનો નિષેધ નથી, એટલે મુંડન કરવામાં દોષ નથી. 'પોતાનું મુંડન કરવું નહીં' એમ જે કહ્યું તેણે કરી કર્મના અંગરૂપે પ્રાપ્ત થયલું મુંડન અને પોતાની ઇચ્છાથી પ્રાપ્ત મુંડન એ સઘળાંઓનો નિષેધ પ્રાપ્ત થાય છે. એ નિષેધવિષે અપવાદ—"ગંગા, કુરુક્ષેત્ર, માતાપિતાનો મૃત્યુદિવસ, અગ્ન્યાધાન, સોમયાગ ઇત્યાદિક અને દર્શ આદિક એ નિમિત્ત પ્રાપ્ત થયું હોય તો ક્ષૌર કરાવવું." વિવાહાદિક કરેલા હોય તેણે પણ મહાલય, ગયાશ્રાદ્ધ, માતા પિતાનું પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ, સપિંડીકરણપર્યંત પ્રેતકર્મ અને સોળ માસિકશ્રાદ્ધ એમનેવિષે પિંડદાન અને તિલતર્પણ કરવાં." "કોઈ ગ્રંથકાર ભાઈ, કાકા ઇત્યાદિકનાં પ્રતિસાંવત્સરિકશ્રાદ્ધવિષે પણ પિંડદાન તર્પણ કરવું એમ કહે છે." એ રીતે પિંડપિતૃયજ્ઞ, અષ્ટકા, અન્વષ્ટકા અને પૂર્વેદ્યુઃશ્રાદ્ધ એમને વિષે પિંડદાનનો નિષેધ નથી. દર્શશ્રાદ્ધ તો પિંડરહિતજ કરવું, એથી ઋગ્વેદીઓને વ્યતિષંગ (બન્ને સાથે કરવાં) એમ નથી. એ પ્રમાણે મંડપવિસર્જન પછી ક્યાં કર્મ કરવાં અને ક્યાં ન કરવાં એનો નિર્ણય કહ્યો.

अथवधूप्रवेशः ॥ विवाहात्षोडशदिनांतः समदिनेषुपंचमसप्तमनवमदिनेषुरात्रौस्थिरलग्ने नूतनभिन्नगृहेवधूप्रवेशःशुभः प्रथमदिनेपिकेचित् षष्ठदिनेनिषेधःप्रयोगरत्नोक्तोनिर्मूलः षोडशदिनमध्येपूर्वोक्तदिनेषुप्रवेशोक्तनक्षत्रतिथिवारगोचरस्थचंद्रबलाद्यभावेपिगुरुशुक्रास्तादावपिनदोषः व्यतीपातेक्षयतिथौग्रहणेवैधृतौतथा अमासंक्रांतिविष्ट्यादौप्राप्तकालेपिनाचरेत् प्रथमनववधूप्रवेशेविवाहार्थगमनेचप्रतिशुक्रदोषोनास्ति द्विरागमनेएवसंमुखशुक्रदोषः षोडशदिनोत्तरंमासपर्यंतंविषमदिनेषुमासोत्तरंविषममासेषुवर्षोत्तरंविषमवर्षेषुवधूप्रवेशःशुभः समेष्वेतेषुवैधव्यादिदोषः पंचमवर्षोत्तरंसमविषमविचारोनास्ति षोडशदिनोत्तरंवधूप्रवेशेनक्षत्राणि अश्विनीरोहिणीमृगपुष्यमघोत्तरात्रयहस्तचित्रास्वात्यनुराधामूलश्रवणधनिष्ठारेवत्यःशुभाः मासोत्तरंमार्गशीर्षमाघफाल्गुनवैशाखज्येष्ठमासाःशुभाः चतुर्थीनवमीचतुर्दशीपंचदश्यमावास्याभिन्नतिथयो रविभौमेतरवाराश्चशुभाः इतिनववधूप्रवेशः ॥

હવે વધૂપ્રવેશનો નિર્ણય કહે છે.

વિવાહ થયા પછી સોળ દિવસની અંદર સમ દિવસે તથા પાંચમે, સાતમે અને નવમે એ વિષમ દિવસે; રાત્રિએ; સ્થિર લગ્નમાં; નવીન ન હોય એવા ઘરમાં; વધૂપ્રવેશ શુભ છે. પ્રથમ દિવસે પણ વધૂપ્રવેશ કરવો, એમ કોઈ ગ્રંથકાર કહે છે. પ્રયોગરત્ન ગ્રંથમાં છઠ્ઠા દિવસનો નિષેધ કહ્યો છે પણ તે નિર્મૂલ છે. સોળ દિવસની અંદર પ્રથમ કહેલા દિવસે; પ્રવેશવિષે ઉક્ત નક્ષત્ર, તિથિ, વાર, ગોચરનું ચંદ્રબળ ઇત્યાદિક ન હોય તથાપિ દોષ નથી, અને ગુરુ, શુક્રના અસ્તાદિકનો પણ દોષ નથી. વ્યતીપાત, ક્ષયતિથિ, ગ્રહણ, વૈધૃતિ, અમાવાસ્યા, સંક્રાંતિ અને વિષ્ટિ (ભદ્રા) ઇત્યાદિક કુયોગ હોય તો પ્રાપ્તકાલ (મુખ્ય સમય) છતાં પણ તે કરવું નહીં; એટલે જે શુભ કર્મના જે દિવસો કહ્યા છે તે દિવસે જો વ્યતીપાત ઇત્યાદિક હોય તો તે શુભ કર્મ કરવું નહીં. પ્રથમ નવીન વહુનો પ્રવેશ અને વિવાહ અર્થે જાવું એ વિષે પ્રતિશુક્રનો દોષ નથી. દ્વિરાગમન (પરણ્યા પછી બીજીવાર સ્ત્રી પોતાને ઘેર આવે તે) વિષેજ સંમુખ શુક્રનો દોષ છે. સોળ દિવસ પછી અને એક માસની અંદર વધૂપ્રવેશ કરવો હોય તો વિષમ દિવસે કરવો, એક માસ પછી કરવો હોય તો વિષમ (એકી) માસમાં કરવો, અને વર્ષ પછી કરવો હોય તો વિષમ વર્ષમાં કરવો, તે શુભ છે. સોળ દિવસ પછી સમ દિવસ, સમ માસ, અને સમ વર્ષમાં વધૂપ્રવેશ કરવાથી વૈધવ્યાદિક દોષ થાય છે. પાંચમાં વર્ષ પછી વધૂપ્રવેશવિષે સમ, વિષમનો વિચાર કરવાની જરૂર નથી. સોળ દિવસ પછી વધૂપ્રવેશવિષે નક્ષત્ર—અશ્વિની, રોહિણી, મૃગશિર, પુષ્ય, મઘા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, મૂલ, શ્રવણ, ધનિષ્ઠા અને રેવતી એટલાં નક્ષત્ર શુભ છે. એક માસ પછી માર્ગશીર્ષ, માઘ, ફાલ્ગુન, વૈશાખ અને જ્યેષ્ઠ એ માસ શુભ છે. ચોથ, નોમ, ચૌદશ, પૂનમ અને અમાવાસ્યા એ તિથિયો વર્જિત કરી અન્ય તિથિઓ શુભ છે. રવિવાર અને ભૌમવાર એ વર્જ્ય કરી બીજા વાર શુભ છે. એ રીતે નવીન વધૂનો પ્રવેશ કહ્યો.

अथद्विरागमनम् ॥ तत्रमाघफाल्गुनवैशाखाःशुक्लपक्षश्चशुभाः अश्विनीरोहिणीपुनर्वसुपुष्योत्तरात्रयानुराधाज्येष्ठाहस्तस्वातिचित्राश्रवणशततारकानक्षत्रेपु चंद्रबुधगुरुशुक्रवारेगुरुशुक्रास्तादिरहितेस्थिरलग्नादिशुभकालेद्वितीयवधूप्रवेशःशुभः ॥

હવે દ્વિરાગમન (બીજી વાર વધૂ ઘેર આવે તે) કહે છે.

દ્વિરાગમનવિષે માઘ, ફાલ્ગુન, વૈશાખ એ માસ અને શુક્લપક્ષ એ શુભ છે. અશ્વિની, રોહિણી, પુનર્વસુ, પુષ્ય, ત્રણે ઉત્તરા, અનુરાધા, જ્યેષ્ઠા, હસ્ત, સ્વાતી, ચિત્રા, શ્રવણ અને શતભિષા એ નક્ષત્રોનેવિષે; ચંદ્ર, બુધ, ગુરૂ અને શુક્ર એ વારોનેવિષે; ગુરૂ, શુક્રના અસ્તાદિકે રહિત એવા સ્થિર લગ્નાદિક શુભ કાલનેવિષે બીજીવાર વધૂપ્રવેશ શુભ છે.

द्विरागमनेधिमासविष्णुशयनमासाः समवत्सराः प्रतिशुक्रादिदोषाश्चवर्ज्याः द्विरागमोपियदिविवाहमारभ्यषोडशदिनमध्येक्रियतेतदाप्रतिशुक्रादिदोषोस्तादिदोषश्चनास्ति द्विरागमेषोडशवासरांतरेकादशाहेसमवासरेपु नचात्रऋक्षंनतिथिर्नयोगोनवारशुद्ध्यादिविचारणीयं केवलांगिरसकेवलभृगुभरद्वाजवसिष्ठकश्यपात्रिवत्सगोत्राणांप्रतिशुक्रदोषोन रेवत्यश्विनीभरणीकृत्तिकाद्यचरणेपुचंद्रेसतिशुक्रस्यांधत्वात्प्रतिशुक्रदोषोन दुर्भिक्षेदेशविप्लवेविवाहेतीर्थंगमनेएकनगरग्रामयोश्चप्रतिशुक्रदोषोन इति द्विरागमः ॥

દ્વિરાગમનવિષે અધિક માસ, વિષ્ણુશયનમાસ (આષાઢ શુદ એકાદશીથકી કાર્તિક શુદ દ્વાદશીપર્યંત ચાર માસ), સમ વર્ષ, અને પ્રતિશુક્રાદિક દોષ એ વર્જ્ય કરવા. દ્વિરાગમન પણ જો વિવાહથકી સોળ દિવસની અંદર કરવું હોય તો તેવિષે પ્રતિશુક્રાદિક દોષ અને અસ્તાદિક દોષ નથી. " વિવાહથકી સોળ દિવસની અંદર અગીયારમે દિવસે અથવા સમ દિવસે દ્વિરાગમન કરે તો તે વિષે નક્ષત્ર, તિથિ, યોગ વારશુદ્ધિ ઇત્યાદિકના વિચાર કરવાની જરૂર નથી." કેવલાંગિરસ, કેવલભૃગુ, ભરદ્વાજ, વસિષ્ઠ, કશ્યપ, અત્રિ અને વત્સ એ ગોત્રવાળાઓને પ્રતિશુક્રનો દોષ નથી. રેવતી, અશ્વિની, ભરણી અને કૃત્તિકાનો પ્રથમ પાદ એ નક્ષત્રોમાં ચંદ્ર હોય તો શુક્રને અંધપણું છે માટે તે સમયે પ્રતિશુક્રનો દોષ નથી. દુષ્કાળ, દેશમાં ઉપદ્રવ, વિવાહ, તીર્થયાત્રા, એક નગર અને એક ગામ એમનેવિષે પ્રતિશુક્રનો દોષ નથી. એ પ્રમાણે દ્વિરાગમનનો નિર્ણય કર્યો.

उद्वाहात्प्रथमेशुचौपदिवसेभर्तुर्गृहेकन्यकाहन्यात्तज्जननींक्षयेनिजतनुंज्येष्ठेपतिज्येष्ठकं पौषेचश्वशुरंपतिंचमलिनेचैत्रेस्वपित्रालयेतिष्ठंतीपितरंनिहंतिनभयंतेपामभावेभवेत् इति वध्वाःप्रथमाब्देनिवासविचारः ॥

પતિ આદિકને ઘેર પ્રથમ વર્ષમાં નિવાસનો નિષેધ કહે છે.

" વિહાહથકી પ્રથમવર્ષમાં આષાઢમાસે જો પતિને ઘેર રહે તો પતિની માતા એટલે પોતાની સાસુનો તે કન્યા નાશ કરે છે. ક્ષયમાસમાં રહે તો પોતાના શરીરનો, જ્યેષ્ઠમાસમાં જેઠનો, પોષમાસમાં સસારાનો, અધિકમાસમાં પતિનો અને ચૈત્રમાસમાં પિતાને ઘેર રહે તો પિતાનો નાશ કરે, માટે એ માસોમાં કન્યાએ તે તે ઘેર રેહેવું નહીં. જો સાસુ ઇત્યાદિક ન હોય તો ભય નથી. એ રીતે પ્રથમ વર્ષમાં કન્યાના રેહેવાનો નિર્ણય કર્યો.

अथपुनर्विवाहः ॥ दुष्टलग्नेयथोक्तग्रहताराद्यभावेऽन्यत्रापिदुष्टयोगाद्यशुभकालेकूष्मांडीघृतहोमादियथोक्तविधिविनासूतकादौचविवाहेजातेतयोरेवदंपत्योःसुमुहूर्तेपुनर्विवाहःकर्तव्यः सुरापीव्याधिताधूर्तावंध्यार्थघ्न्यप्रियंवदा स्त्रीप्रसूश्चाधिवेत्तव्यापुरुपद्वेपिणीतथा अधिवेदनंभार्यांतरकरणं अप्रजांदशमेवर्षेस्त्रीप्रजांद्वादशेत्यजेत् मृतप्रजांपंचदशेसद्यस्त्वप्रियवादिनीं अत्राप्रियवादोव्यभिचारः प्रतिकूलभाषणरूपस्यतस्यप्रायःकलौसार्वत्रिकत्वात् आज्ञासंपादिनींदक्षांवीरसूंप्रियवादिनीं पत्नींत्यक्त्वाभोगार्थमन्योद्वाहीपूर्वभार्यायैस्वधनस्यतृतीयांशंदद्यात् निर्धनश्चेत्तांपोषयेत् मनुः अधिविन्नातुयानारीनिर्गच्छेद्रोपितागृहात् सासद्यःसन्निरोद्धव्यात्याज्यावाकुलसन्निधौ अग्निशुश्रूषादिधर्माचरणंज्येष्ठयासह कार्यं नतुकनिष्ठया इदंज्येष्ठायाआज्ञासंपादिनीत्वे यदितुरोपादिशीलेनसमनंतरोक्तमनुवाक्याज्ज्येष्ठाकुलसन्निधौत्यागार्हा गृहांतरेनिरोधार्हावातर्हिकनिष्ठयापिसहधर्मंचरेदन्यथाधर्मभ्रंशापातात् तथावीर

सुतायास्तादाज्ञासंपादिनीचया दक्षाप्रियंवदाशुद्धातामत्रविनियोजयेदितिमाधवीयेस्मृतेश्च· द्वितीयविवाहहोम·पूर्वविवाहसंबंधिगृह्याग्नावेवकार्यः तदसंभवेलौकिकाग्नौकार्यः लौकिकाग्नौकरणपक्षे द्वितीयविवाहहोमादिनोत्पन्नाग्नेर्गृह्याग्नित्वाद्द्वयोर्गृह्याग्न्योःसंसर्गःकार्यः ॥

હવે પુનર્વિવાહ (ફરીને વિવાહ) કહે છે.

દુષ્ટ લગ્ન; યથોક્ત ગ્રહ, તારા ન હોય; બીજા પણ દુષ્ટ યોગ ઇત્યાદિક અશુભ સમયે-વિવાહ થયો હોય તો અથવા કૂષ્માંડી શાંતિપૂર્વક ઘૃતહોમ ઇત્યાદિ યથોક્તવિધિ કીધાવિના આશૌચમાં વિવાહ થયો હોય તો તેજ વર, કન્યાનો સારા મુહૂર્તમાં ફરી વિવાહ કરવો. "મદ્યપાન કરનારી, રોગિણી, ઠગવાવાળી, વંધ્યા, અર્થ (દ્રવ્ય આદિ પદાર્થ) નાશ કરનારી, અપ્રિયવાદ કરનારી, કન્યાઓને ઉત્પન્ન કરનારી, અને પતિનો દ્વેષ કરનારી એવી જે સ્ત્રી તે અધિવેત્તવ્યા." અધિવેદન એટલે બીજી સ્ત્રી કરવી તે અર્થાત્ તેના પતિએ બીજી સ્ત્રી કરવી એ ફલિતાર્થ છે. "જેને પ્રજા થતી ન હોય તે સ્ત્રીનો દશમે વર્ષે ત્યાગ કરવો. કન્યા ઉત્પન્ન કરનારીનો બારમે વર્ષે ત્યાગ કરવો. જેની પ્રજા મરી જતી હોય તેનો પન્નરમે વર્ષે, અને અપ્રિયવાદિનીનો તત્કાલ ત્યાગ કરવો." ઇહાં અપ્રિયવાદ એટલે વ્યભિચાર સમજવો. કારણ, કલિયુગમાં પ્રતિકૂલ બોલવારૂપ અપ્રિયવાદ તો તો ઘણું કરી સર્વત્ર છે. આજ્ઞા પાળનારી, ઘરના કાર્યમાં દક્ષ (ચતુર), વીર પુત્રને ઉત્પન્ન કરનારી, અને પ્રિય ભાષણ કરનારી એવી સ્ત્રીનો ત્યાગ કરી ઉપભોગને અર્થે બીજી સ્ત્રી જોડે વિવાહ કરે તો તેણે પ્રથમની સ્ત્રીને પોતાની સંપત્તિમાંનો ત્રીજો અંશ (ભાગ) દેવો. દરિદ્રી હોય તો તેણે તે સ્ત્રીનું અન્ન, વસ્ત્રવડે પોષણ કરવું. મનુ કહે છે.—"અધિવિન્ના (એક પુરૂષે પરણેલી બે સ્ત્રીયોમાંની પ્રથમ સ્ત્રી તે) રીસ કરી ઘરથી નીકળી જાય તો તેને તત્કાલ બંદોબસ્ત કરી બીજા ઘરમાં રાખવી, અથવા પોતાના કુલની સમીપે છોડવી એટલે કુલમાંના વડીલ પુરૂષને સ્વાધીન કરવી." અગ્નિની સેવા ઇત્યાદિક ધર્માચરણ (સાયંપ્રાતઃ ઔપાસન, અગ્નિહોત્ર ઇત્યાદિ) કરવું તે પ્રથમની સ્ત્રીને સાથે રાખી કરવું, કનિષ્ઠ સ્ત્રીને સાથે રાખી કરવું નહીં. જ્યેષ્ઠ સ્ત્રીની સાથે ધર્માચરણ કરવું એમ જે કહ્યું તે, જ્યેષ્ઠ સ્ત્રી આજ્ઞા માન્ય કરતી હોય તો એમ સમજવું પરંતુ જો ક્રોધાદિક સ્વભાવની હોવાથી ઉપર કહેલાં મનુનાં વાક્યપ્રમાણે જ્યેષ્ઠ-સ્ત્રી કુલની સમીપે છોડવાયોગ્ય હોય અથવા બીજા ઘરમાં રાખવાયોગ્ય હોય તો કનિષ્ઠ સ્ત્રીની જોડે પણ ધર્મનું આચરણ કરવું. કારણ, તેમ ન કરે તો ધર્મનો નાશ પ્રાપ્ત થાય છે. "તેમજ વીર પુત્રની માતા, આજ્ઞા માનવાવાળી, ઘરના કાર્યમાં દક્ષ, પ્રિય ભાષણ કરનારી, અને આચરણની શુદ્ધ એવી કનિષ્ઠ સ્ત્રી હોય તો તેને ધર્મકાર્યવિષે જોડવી. અર્થાત્ તેની જોડે ધર્માચરણ કરવું." એવી માધવના ગ્રંથમાં સ્મૃતિ છે. બીજા વિવાહસંબંધી હોમ કરવાનો તે પૂર્વના વિવાહસંબંધી ગૃહ્યાગ્નિવિષેજ કરવો. પ્રથમના વિવાહસંબંધી અગ્નિ ન હોય તો લૌકિકાગ્નિ વિષે કરવો. લૌકિકાગ્નિવિષે હોમ કરવો એ પક્ષમાં બીજા વિવાહના હોમાદિકવડે સિદ્ધ થયેલો જે-અગ્નિ તે ગૃહ્યાગ્નિ હોવાથી બન્ને અગ્નિનો સંસર્ગ કરવો.

अथाग्निद्वयसंसर्गप्रयोगः ॥ देशकालौसंकीर्त्य ममद्वाभ्यांभार्याभ्यांसहनिष्पन्नगृह्याग्न्योःताभ्यांसहाधिकारसिद्धिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं संसर्गंकरिष्यइतिसंकल्प्य स्वस्तिवाचनंकृत्वाउदगपवर्गस्थंडिलेकृत्वादक्षिणेस्थंडिलेज्येष्ठायागृह्याग्निमुत्तरेकनिष्ठायागृह्याग्निंप्रतिष्ठाप्य प्रथमाग्नौज्येष्ठपत्न्यान्वारब्धोन्वाधानंकुर्यात् अग्निद्वयसंसर्गार्थंप्रथमाग्निहोमकर्मणिदेवतापरिग्रहार्थमन्वाधानंकरिष्ये चक्षुषीआज्येनेत्यंतेअग्निंनवभिराज्याहुतिभिःशेषेणेत्यादि अग्निमीळेइतिनवानांमधुच्छंदाअग्निर्गायत्री अग्निद्वयसंसर्गार्थंप्रथमाग्नौप्रधानाज्यहोमेवि० अग्निमीळेइत्यादिनवभिर्ऋग्भिःप्रत्यृचंस्रुवेणनवाज्याहुतीर्जुहुयात् अग्नयइदमितिसर्वत्रत्यागः होमशेषंसमाप्य अयंतेयोनिरितिमंत्रेण ज्येष्ठाग्निंसमिधिसमारोप्यप्रत्यवरोहेतिमंत्रेणतंद्वितीयाग्नौप्रत्यवरोह्य ध्यात्वा पत्नीद्वयान्वारब्धोन्वाधानंकुर्यात् अग्निद्वयसंसर्गार्थंप्रथमसंसृष्टद्वितीयाग्नौनिहितहोमेदेवतापरिग्रहार्थमन्वाधानंकरिष्ये आज्यभागांतेअग्निंप्रधानंपञ्चदशाज्येनशेषेणेत्यादिप्रोक्षणींकुशान्दर्वींस्रुवंप्रणीताज्यपात्रेइध्माबर्हिषीत्यष्टौपात्राणि स्रुचिचतुर्गृहीतमाज्यंगृहीत्वापत्नीद्वयान्वारब्धोजुहुयात् अग्नावग्निरित्यस्यहिरण्यगर्भोग्निरष्टी अग्निद्वयसंसर्गार्थंसंसृष्टाग्नौप्रधानाज्यहोमेविनि० अग्नावग्निश्चरतिप्रविष्टऋषीणांपुत्रोअधिराजएषः तस्मैजुहोमिहविषाघृतेनमादेवानांमोमुहद्भागधेयंस्वाहा अग्नयइदं० एवमग्रेपि आज्यस्यस्रुचिचतुर्ग्रहणंविनियोगस्त्यागश्चअग्नि

नाग्निर्मेधातिथिःकाण्वोग्निर्गायत्री अग्निनाग्निःसमिध्यते० अस्तीदमितितिसृणांविश्वामित्रोग्निरनुष्टुप् अंत्येत्रिष्टुभौ अस्तीदमधि० अरण्यो० उत्तानायाम० पाहिनोअग्नइत्यस्यभर्गःप्रगाथोग्निर्बृहती पाहिनो० भिर्वसो० होमशेषंसमाप्याहिताग्नयेगोयुग्मंदत्वाविप्रान्भोजयेत् इत्यग्निद्वयसंसर्गप्रयोगः ॥

હવે બન્ને અગ્નિના સંસર્ગ(એક કરવા)નો પ્રયોગ કહે છે.

દેશ, કાલનો ઉચ્ચાર કરી “मम द्वाभ्यां भार्याभ्यां सह निष्पन्नगृह्याग्न्योः ताभ्यां सहाधिकारसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं संसर्गं करिष्ये.” એવો સંકલ્પ કરી સ્વસ્તિવાચન કરી એક દક્ષિણ દિશામાં અને બીજું ઉત્તર દિશામાં એ રીતે બે સ્થડિલ કરી તેમાંના દક્ષિણ સ્થડિલ ઉપર જ્યેષ્ઠ સ્ત્રીનો ગૃહ્યાગ્નિ અને ઉત્તર સ્થંડિલ ઉપર કનિષ્ઠ સ્ત્રીનો ગૃહ્યાગ્નિ એ રીતે બન્ને અગ્નિનુ સ્થાપન કરી જ્યેષ્ઠ પત્નીએ અન્વારબ્ધ (સ્પર્શ કર્યા) છતાં પ્રથમ અગ્નિ ઉપર અન્વાધાન કરવું. તે આ રીતે,—“ अग्निद्वयसंसर्गार्थं प्रथमाग्निहोमकर्मणि देवतापरिग्रहार्थमन्वाधानं करिष्ये ॥ चक्षुषी आज्येनेत्यंते अग्निंनवभिराज्याहुतिभिः शेषेणेत्यादि,” એ પ્રમાણે અન્વાધાન કરી ચક્ષુષીપર્યંત કર્મ થયા પછી પ્રધાનહોમ કરવો. તેનો મંત્ર—“ अग्निमीळे इति नवानांमधुच्छंदा अग्निर्गायत्री अग्निद्वयसंसर्गार्थप्रथमाग्नौ प्रधानाज्यहोमे विनियोगः ॥ अग्निमीळे०” ઇત્યાદિક નવ ઋચાવડે એક એક ઋચાએ સુવપાત્રે કરી ઘૃતની નવ આહુતિ હોમવી, અને “ अग्नय इदं न मम ” એવો સર્વત્ર ત્યાગમાં ઉચ્ચાર કરવો. એ રીતે પ્રધાનહોમ થયા પછી હોમશેષ સમાપ્ત કરી. “ अयं ते योनिः ” એ મંત્રવડે જ્યેષ્ઠાગ્નિને સમિધ ઉપર લઈ “ प्रत्यवरोह ” એ મંત્રવડે તે જ્યેષ્ઠાગ્નિનો બીજા અગ્નિ ઉપર પ્રત્યવરોહ કરવો એટલે જેના ઉપર અગ્નિ લીધેલ છે તે સમિધનો બીજા અગ્નિમાં હોમ કરવો. પછી અગ્નિનું ધ્યાન કરવું. પછી બન્ને સ્ત્રીયોસાથે અન્વારબ્ધ થઈ અન્વાધાન કરવું તે આ રીતે—“अग्निद्वयसंसर्गार्थं प्रथमसंसृष्टद्वितीयाग्नौ विहितहोमे देवतापरिग्रहार्थमन्वाधानं करिष्ये ॥ आज्यभागांते अग्निप्रधानं षड्वारमाज्येन शेषेणेत्यादि०” એ પ્રમાણે અન્વાધાન કરી; પ્રોક્ષણી, કુશ, દર્વી, સ્રુવ; પ્રણીતા, આજ્યપાત્ર, ઇધ્મા અને બર્હિ એ આઠ પાત્ર સ્થાપવાં. આજ્યભાગપર્યંત કર્મ થયા પછી દર્વીપાત્રમાં સુવપાત્રવડે ચારવાર આજ્ય લઈ બન્ને સ્ત્રીયો સાથે અન્વારબ્ધ થઈ હોમ કરવો. હોમનો મંત્ર—“अग्नावग्निरित्यस्य हिरण्यगर्भोग्निरष्टी अग्निद्वयसंसर्गार्थं संसृष्टाग्नौ प्रधानाज्यहोमे विनियोगः ॥ अग्नावग्निश्चरति प्रविष्ट ऋषीणां पुत्रो अधिराज एषः ॥ तस्मै जुहोमि हविषा घृतेन मा देवानां मोमुहद्भागधेयं स्वाहा ” એ રીતે આહુતિ દઈ “ अग्नय इदं न मम ” એ પ્રમાણે ત્યાગ કરવો. એ પ્રમાણે આગળ પણ જાણવું. દરએક આહુતિ સમયે દર્વીપાત્રમાં ચારવાર ઘૃત લેવું, વિનિયોગ કરવો અને ત્યાગનો ઉચ્ચાર કરવો એ સઘળુ પ્રથમ પ્રમાણે આગળ પણ કરવું. અગુણની આહુતિના મંત્ર—“अग्निनाग्निर्मेधातिथिः काण्वोग्निर्गायत्री ॥ अग्निनाग्निः समिध्यते० ॥ अस्तीदमिति तिसृणां विश्वामित्रोग्निरनुष्टुप् ॥ अंत्ये त्रिष्टुभौ ॥ अस्तीदमधि० ॥ अरण्यो० ॥ उत्तानाया० ॥ पाहिनो अग्न इत्यस्य भर्गः प्रगाथोग्निर्बृहती ॥ पाहिनो० ॥ भिर्वसो०,” એ રીતે પ્રધાનહોમ કરી હોમશેષ સમાપ્ત કરી અગ્નિહોત્રી બ્રાહ્મણને બે ગૌદાન કરી બ્રાહ્મણોને ભોજન કરાવવું. એ રીતે બન્ને અગ્નિના સસર્ગનો પ્રયોગ કહ્યો.

पत्न्योरेकायदिमृतादग्ध्वातेनैवतांपुनः ॥ आदधीतान्ययासार्धमाधानविधिनागृही ॥

“બન્ને સ્ત્રીયોમાંથી જો એક સ્ત્રી મૃત થાય તો તે સંસર્ગાગ્નિવડેજ તેનો દાહ કરી ગૃહસ્થે બીજી સ્ત્રીની જોડે ફરી આધાનવિધિવડે અગ્નિ ઉત્પન્ન કરી તે ધારણ કરવો.”

द्वितीयादिविवाहकालः ॥ प्रमदामृतिवासरादितःपुनरुद्वाहविधिर्वरस्यच विषमेपरिवत्सरे शुभोयुगुलेचापिमृतिप्रदोभवेत् संकटेमहारुद्राभिषेकंमृत्युंजयमंत्रजपंवाकृत्वाविवाहःकार्यइतिभाति तृतीयामानुषीकन्यानोद्वाह्याम्रियतेहिसा विधवावाभवेत्तस्मात्तृतीयेर्कंसमुद्वहेत् ॥

બીજા ઇત્યાદિક વિવાહનો કાલ કહે છે. “વરે ફરી વિવાહ કરવાનો તે સ્ત્રીના મરણ દિવસથકી વિષમ વર્ષે કરવો, તો તે શુભ છે. સમ વર્ષમાં કરવાથી મૃત્યુદાયક થાય છે.” સકટ હોય તો મહારુદ્રનો અભિષેક અથવા મૃત્યુંજયમંત્રનો જપ કરી વિવાહ કરવો એમ મને ભાસે છે. “ત્રીજી

મનુષ્યકન્યા પરણવી નહીં, પરણે તો તે મૃત થાય અથવા વિધવા થાય માટે ત્રીજા વિવાહને ઠેકાણે અર્ક (આકડા) ની સાથે વિવાહ કરવો."

अथार्कविवाहः ॥ रविशन्योर्वारेहस्तर्क्षेवान्यत्रशुभदिनेवापुष्पफलयुतमर्कंगत्वाअर्ककन्यादातारमाचार्यंवृत्वारक्तगंधादिभूषितोदेशकालौस्मृत्वा ममतृतीयमानुषीविवाहजन्यदोषपरिहारार्थंतृतीयमर्कविवाहंकरिष्ये आचार्यंवृत्वानांदीश्राद्धांतंकुर्यात् दातामधुपर्कयज्ञोपवीतवस्त्रगंधमाल्यादिभिर्वरंपूजयेत् अर्कस्यपुरतःस्थित्वा त्रिलोकवासिन्सप्ताश्वछाययासहितोरवे तृतीयोद्वाहजंदोषंनिवारयसुखंकुरु इतिप्रार्थ्य छायायुतंरविमर्कंध्यात्वाब्लिंगैरभिषिच्यवस्त्रादिभिराकृष्णेनेतिमंत्रेणसंपूज्य श्वेतवस्त्रेणसूत्रेणचावेष्ट्यगुडौदनंनिवेद्यतांबूलंदद्यात् ममप्रीतिकरायेयंमयासृष्टापुरातनी अर्कजाब्रह्मणासृष्टाद्यासान्संप्रतिरक्षतु इत्यर्कंप्रदक्षिणीकृत्य नमस्तेमंगलेदेविनमःसवितुरात्मजे त्राहिमांकृपयादेविपत्नीत्वंमइहागता अर्कत्वंब्रह्मणासृष्टःसर्वप्राणिहितायच वृक्षाणामधिभूतस्त्वंदेवानांप्रीतिवर्धन तृतीयोद्वाहजंपापंमृत्युंचाशुविनाशयेतिचप्रदक्षिणीकुर्यात् अंतःपटधारणादिकन्यादानपर्यंतंविधिंकृत्वा कन्यादातादित्यस्यप्रपौत्रींसवितुःपौत्रीमर्कस्यपुत्रींकाश्यपगोत्रामर्ककन्याममुकगोत्रायवराय तुभ्यंसंप्रददे अर्ककन्यामिमांविप्रयथाशक्तिविभूषितां गोत्रायशर्मणेतुभ्यंदत्तांविप्रसमाश्रय दक्षिणांदत्वा गायत्र्यावेष्टितसूत्रेणबृहत्सामेतिमंत्रेणअर्कवरयोःकंकणंबध्वार्कस्यचतुर्दिक्षुकुंभेषुविष्णुनाममंत्रेणषोडशोपचारैःसंपूज्य अर्कस्योत्तरेकंपत्न्यान्वारब्धोवरः अस्याःसम्यक्भार्यात्वसिद्ध्यर्थंपाणिग्रहहोमंकरिष्ये आघारदेवतेआज्येनेत्यंते बृहस्पतिंअग्निंअग्निंवायुंसूर्यंप्रजापतिंचाज्यद्रव्येणशेषेणस्विष्टकृतंआघारांतंकृत्वा संगोभिरित्यस्यांगिरसोबृहस्पतिस्त्रिष्टुप् आज्यहोमेविनियोगः संगोभिरांगिरसो० बृहस्पतयइदं० यस्मैत्वेतिवामदेवोग्निस्त्रिष्टुप् यस्मैत्वाकामकामायवयंसम्राड्यजामहे तमस्मभ्यंकामंदत्वाथेदंत्वंघृतंपिबस्वाहाअग्नयइदं० ततो व्यस्तसमस्तव्याहृतिभिर्हुत्वाहोमशेषंसमाप्य मयाकृतमिदंकर्मस्थावरेषुजरायुणा अर्कापत्यानिनोदेहिवत्सर्वंक्षंतुमर्हसि इतिप्रार्थ्य शांतिसूक्तपाठांतेगोयुग्ममाचार्यायदत्वास्वधृतवस्त्राणिगुरवेदत्वान्यानिधारयेत् दशत्रयोवाविप्राभोज्याः इत्यर्कविवाहः ॥

હવે અર્કવિવાહ કહે છે.

વિવાહકર્ત્તાએ રવિવાર, શનિવાર, હસ્ત નક્ષત્ર અથવા બીજા કોઈ એક શુભ દિવસે પુષ્પ અને ફળેયુક્ત એવા આકડાના વૃક્ષની પાસે જઈ અર્કકન્યાનું દાન કરનારા આચાર્યને વરાવી પોતે રક્તચંદન ઇત્યાદિકે ભૂષિત થઈ દેશ, કાલનો ઉચ્ચાર કરી "मम तृतीयमानुषीविवाहजन्यदोषपरिहारार्थं तृतीयमर्कविवाहं करिष्ये," એવો સંકલ્પ કરી આચાર્યને વરાવીને નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ કરવું. દાતાએ મધુપર્ક, યજ્ઞોપવીત, વસ્ત્ર, ગંધ અને પુષ્પમાલા ઇત્યાદિક ઉપચારવડે વરની પૂજા કરવી. પછી અર્કવૃક્ષની આગળ બેસી "त्रिलोकवासिन् सप्ताश्व, छायया सहितो रवे ॥ तृतीयोद्वाहजं दोषं, निवारय सुखं कुरु," એવી પ્રાર્થના કરી છાયાયેયુક્ત સૂર્યનું આકડાના વૃક્ષમાં ધ્યાન કરી અબ્લિંગ મંત્રો (समुद्रज्येष्ठा इत्यादि) વડે અભિષેક કરી વસ્ત્રાદિક ઉપચારવડે "आकृष्णेन" એ મંત્રવડે પૂજા કરી શ્વેત વસ્ત્ર અને સૂત્રવડે અર્કવૃક્ષને વીંટી ગુડૌદન (ગોળવાળા ભાત) નૈવેદ્ય ધરી તાંબૂલ દેવું. પછી "मम प्रीतिकरा येयं, मया सृष्टा पुरातनी ॥ अर्कजा ब्रह्मणा सृष्टाद्याऽसान्संप्रतिरक्षतु," એ મંત્રવડે અર્કવૃક્ષને પ્રદક્ષિણા કરી ફરી "नमस्ते मंगले देवि, नमः सवितुरात्मजे ॥ त्राहि मां कृपया देवि, पत्नी त्वं म इहागता ॥ अर्क त्वं ब्रह्मणा सृष्टः, सर्वप्राणिहिताय च ॥ वृक्षाणामधिभूतस्त्वं, देवानां प्रीतिवर्धन ॥ तृतीयोद्वाहजं पापं, मृत्युं चाशु विनाशय," આ મંત્રવડે પણ પ્રદક્ષિણા કરવી. પછી અંતઃપટ ધારણથકી કન્યાદાનપર્યંત વિધિ કરી કન્યાદાતાએ "आदित्यस्य प्रपौत्रीं सवितुः पौत्रीं अर्कस्य पुत्रीं काश्यपगोत्रामर्ककन्याममुकगोत्राय वराय तुभ्यं संप्रददे ॥ अर्ककन्यामिमां विप्र, यथाशक्ति विभूषितां ॥ गोत्राय शर्मणे तुभ्यं, दत्तां विप्र समाश्रय," એ મંત્રવડે અર્કકન્યા દેવી. પછી દક્ષિણા દઈ ગાયત્રીમંત્રવડે અર્ક અને વરને સૂત્ર વીંટી તે સૂત્રવડે "बृहत्साम०" આ મંત્રે કરી અર્કવૃક્ષ અને વરને કંકણબંધન કરી આકડાની ચારે દિશામાં ચાર કલશ માંડી તે સઘળા કલશો ઉપર નામમંત્રવડે વિષ્ણુની ષોડશોપચાર પૂજા કરી આકડાની ઉત્તર દિશામાં અર્કપત્નીએ અન્વારબ્ધ છતો વરે, "अस्याः सम्यक् भार्यात्वसिद्ध्यर्थं पाणिग्रहहोमं करिष्ये" એવો સંકલ્પ કરી "आघारदेवते आज्येनेत्यंते बृहस्पतिं अग्निं अग्निं वायुं सूर्यं प्रजापतिं चाज्यद्रव्येण शेषेण स्विष्टकृतं,"

એ પ્રમાણે અન્વાધાન કરી આધારપર્યંત કર્મ કરી "संगोभिरित्यस्यांगिरसो बृहस्पतिस्त्रिष्टुप् ॥ आज्यहोमे विनियोगः ॥ संगोभिरांगिरसो० ॥ बृहस्पतय इदं न मम ॥ यस्मै त्वेति वामदेवोग्निस्त्रिष्टुप् ॥ यस्मै त्वां कामकामाय वयं सम्राड्यजामहे ॥ तमस्मभ्यं कामं दत्वाथेदं त्वं घृतं पिब स्वाहा ॥ अग्नय इदं०" એ મંત્રોવડે હોમ કરી પછી એકેકી અને સઘળી વ્યાહૃતિઓવડે હોમ કરી હોમશેષ સમાપ્ત કરી, "मया कृतमिदं कर्म, स्थावरेषु जरायुणा ॥ अर्कापत्यानि नो देहि, तत्सर्वं क्षंतुमर्हसि," એ મંત્રવડે પ્રાર્થના કરી શાંતિસૂક્તનો પાઠ કીધા પછી બે ગાય આચાર્યને દઈ પોતે પેહેરેલાં વસ્ત્રો આચાર્યને દઈ બીજાં પેહેરવાં. દશ અથવા ત્રણ બ્રાહ્મણને ભોજન કરાવવું. એ પ્રમાણે અર્કવિવાહ કહ્યો.

श्रीमन्नाथांघ्रिकमलंदीनानाथदयार्णवं ॥ स्मारंस्मारंकामपूरमाह्निकाचरणंब्रुवे ॥

હવે આહ્નિક (નિત્યકર્મ)નો વિધિ કહે છે.

દીન અને અનાથવિષે દયાસાગર અને ભક્તોની કામના પૂર્ણ કરનારાં એવાં જે શ્રીમાન્ લક્ષ્મીપતિનાં ચરણકમલ તેમનું સ્મરણ કરી આહ્નિક આચાર કહુંછું.

प्रथमोक्तोबह्वृचानांप्रकारःसतुयाजुषैः ॥ ग्राह्योयत्रस्वसूत्रोक्तोविशेषःस्यान्नबाधकः ॥

ઋગ્વેદીઓનો પ્રથમ પ્રકાર (નિર્ણય) કહ્યો છે; તેનો, પોતાના સૂત્રમાં કહેલો વિશેષ નિર્ણય બાધક ન હોય તો તે યજુર્વેદીઓએ લેવો.

ब्राह्मेमुहूर्तेउत्थायश्रीविष्णुंस्मृत्वागजेंद्रमोक्षादिपठित्वाइष्टदेवतादिस्मरेत् समुद्रवसनेदेविपर्वतस्तनमंडिते विष्णुपत्निनमस्तुभ्यंपादस्पर्शंक्षमस्वमइतिभूमिंप्रार्थ्यगवादिमंगलानिपश्येत् ॥

બ્રાહ્મ[1] મુહૂર્તમાં ઉઠી શ્રીવિષ્ણુનું સ્મરણ કરી ગજેંદ્રમોક્ષાદિક સ્તોત્રનો પાઠ કરી ઇષ્ટદેવતા ઇત્યાદિકનું સ્મરણ કરવું. પછી, "समुद्रवसने देवि, पर्वतस्तनमंडिते ॥ विष्णुपत्नि नमस्तुभ्यं, पादस्पर्शं क्षमस्व मे," એ પ્રમાણે (પૃથિવીની) પ્રાર્થના કરી ગાય ઇત્યાદિક મંગલ પદાર્થોનું દર્શન કરવું.

अथमूत्रपुरीषोत्सर्गादिविधिः ॥ तृणाद्यंतर्हितभूमौ शिरःप्रावृत्ययज्ञोपवीतंनिवीतंपृष्ठतः कर्णेवाकृत्वाघ्राणपिधानंकृत्वा दिवासंध्ययोरुदङ्मुखोरात्रौदक्षिणामुखोमौनी अनुपानत्कआसीनोमूत्रपुरीषोत्सर्गंकुर्यात् यज्ञोपवीतस्यनिवीतत्वंविनैवकर्णधारणमनाचारः मार्गजलदेवालयनदीतीरादौमलोत्सर्गोनिषिद्धः हस्तान्द्वादशसंत्यज्यमूत्रंकुर्याज्जलाशयात् अवकाशेषोडशेवापुरीषेतुचतुर्गुणं प्रत्यर्कादिमेहनेस्वशकृद्दर्शनेचसूर्यंगांवापश्येत् ततोगृहीतशिश्नउत्थायशौचंकुर्यात् मूत्रोत्सर्गेशुद्धमृदंसकृल्लिंगेत्रिवारंवामकरेद्विवारमुभयोःकरयोर्दत्वातावद्वारंजलेनक्षालयेत् मूत्रात्तुद्विगुणंशुक्रेमैथुनेत्रिगुणंस्मृतं पुरीषेतु एकांलिंगेगुदेतिस्रस्तथावामकरेदश उभयोःकरयोःसप्तसप्तत्रिर्वापिपादयोः द्विगुणंब्रह्मचर्यस्याद्यतीनांचचतुर्गुणं एवंमृद्भिर्जलैःशौचंतदर्धंनिशिकीर्तितं तदर्धमातुरेशूद्रस्त्रीबालानांतदर्धतः उक्तसंख्यागंधलेपक्षयाभावेयावतातत्क्षयस्तावच्छौचं मृदार्द्रामलकमात्रा जलालाभेनशौचविलंबेसचैलंस्नानं यथोक्तशौचाकरणेतु गायत्र्यष्टशतंजप्त्वाप्राणायामत्रयंचरेत् अथमूत्रेचत्वारोगंडूषाःपुरीषेद्वादशाष्टौवा भोजनांतेषोडशकार्याः ॥

હવે મૂત્ર મળનો ત્યાગ ઇત્યાદિ વિધિ કહે છે.

પૃથિવી ઉપર ઘાસ ઇત્યાદિક પાથરી, માથા ઉપર વસ્ત્ર વીંટી, કંઠલંબિત યજ્ઞોપવીતને પીઠ ઉપર અથવા કાન ઉપર રાખી, નાકને ઢાંકી, દિવસે અથવા બન્ને સંધ્યાસમયે ઉત્તરાભિમુખ, અને રાત્રિએ દક્ષિણાભિમુખ, મૌનયુક્ત, પગમાં પગરખાં ન પેહેરી, બેસીને મૂત્ર અને પુરીષ (મળ)નો ત્યાગ કરવો. કંઠલંબિત કર્યાવિનાજ યજ્ઞોપવીતને કાન ઉપર રાખવી એ અનાચાર છે. માર્ગ, જળ, દેવાલયસંબંધી સ્થલ, નદીનો તીર ઇત્યાદિક સ્થલે મલત્યાગ કરવો નહીં. અધિક જગ્યા હોય તો તળાવ ઇત્યાદિક જલાશયથકી બાર હાથ અથવા સોળ હાથ જગ્યા છોડી મૂત્રત્યાગ કરવો. મલત્યાગ કરવો હોય તો મૂત્રત્યાગની જમીન કરતાં ચતુર્ગુણ જગ્યા છોડીને કરવો. સૂર્યની સામે મલત્યાગ

---

[1] રાત્રિના (વિભાગ) મુહૂર્ત સોળ કરી, તેમાંના પન્નરમા મુહૂર્તને બ્રાહ્મ મુહૂર્ત કહે છે.

થાય અથવા પોતાનો મળ જોવામાં આવે છે તો સૂર્ય અથવા ગાયનું દર્શન કરવું. પછી શિશ્ન (ગુહ્યસ્થાન) હાથમાં ધરી ઉઠીને શૌચ (શુદ્ધિ) કરવું. મૂત્રત્યાગ કર્યો હોય તો શુદ્ધ મૃત્તિકા લઈ લિંગમાં એક વાર ડાબા હાથમાં ત્રણ વાર અને બન્ને હાથમાં બે વાર એ પ્રમાણે મૃત્તિકા લગાડવી, અને તેટલી વાર જળથી તે તે અંગ ધોવાં. "વીર્યપાત થાય તો મૂત્ર કરતાં દ્વિગુણ, અને મૈથુન સમયે ત્રિગુણ શુદ્ધિ કરવી, એમ કહ્યું છે." મલત્યાગ વિષે શુદ્ધિ—લિંગમાં એક વાર, ગુદદ્વારમાં ત્રણ વાર, ડાબા હાથમાં દશ વાર, બન્ને હાથમાં સાત વાર, અને પગમાં સાત સાત વાર અથવા ત્રણ ત્રણ વાર એ પ્રમાણે મૃત્તિકા લગાડવી અને તેટલીજ વાર જળવતી તે તે અંગ ધોવાં. ગૃહસ્થને જે શૌચ કહ્યું તે કરતાં બમણું શૌચ બ્રહ્મચારીએ કરવું, અને સંન્યાસીએ ચતુર્ગુણ કરવું, એ રીતે મૃત્તિકા અને જળવડે શુદ્ધિ કરવી. દિવસે જે શુદ્ધિનો પ્રકાર કહ્યો તે કરતાં અર્ધી શુદ્ધિ રાત્રિએ જાણવી. રાત્રિએ જે શૌચ કહ્યું તે કરતાં અર્ધું રોગીએ કરવું. શૂદ્ર, સ્ત્રી અને બાળકોને રોગી કરતાં અર્ધ શૌચ કહ્યું છે." મૃત્તિકા અને જળની પ્રથમ કહેલી સંખ્યાપ્રમાણે શુદ્ધિ કરતાં જો મલ અને દુર્ગંધ દૂર ન થાય તો જેટલી વાર બીજી મૃત્તિકા લગાડવાથી શુદ્ધ થાય તેટલી વાર શુદ્ધિ કરવી. શૌચવિષે મૃત્તિકા લેવી તે નીલા આમળાના ફળ પ્રમાણે લેવી. જળ ન મળવાથી શૌચ કરવામાં વિલંબ થાય તો વસ્ત્રસહિત સ્નાન કરવું. યથોક્ત શૌચ ન થયું હોય તો ગાયત્રીમંત્રનો આઠ સો જપ કરી ત્રણ પ્રાણાયામ કરવા. હવે, કેવળ મૂત્ર કર્યું હોય તો ચાર, મલત્યાગ કીધો હોય તો બાર અથવા આઠ, અને ભોજન થયા પછી સોળ એ પ્રમાણે જળવડે ગંડૂષ (કોગળા) કરવા.

अथाचमनविधिः ॥ अप्रावृतशिरःकंठउपविष्टः उपवीतीप्राङ्मुखोवा अंगुष्ठमूलेनमुक्तांगुष्ठकनिष्ठहस्तेनानुष्णफेनादिरहितंजलंहृदयंगतंत्रिःपिबेत् केशवाद्यैस्त्रिभिःपीत्वैकेनदक्षकरंमृजेत् द्वाभ्यामोष्ठौचसंमृज्यएकेनोन्मार्जयेच्चतौ जलमेकेनसंमंत्र्यैकेनवामकरंमृजेत् एकेनदक्षिणंपादंवाममेकेनचैवहि संप्रोक्ष्यैकेनमूर्धानमूर्ध्वोष्ठंनासिकाद्वयं नेत्रयुगंश्रोत्रयुग्मंदक्षिणोपक्रमंक्रमात् नाभिहृदयमूर्धानौदक्षवामभुजौस्पृशेत् ॥

હવે આચમનનો વિધિ કહે છે.

મસ્તક અને કંઠવિષે વસ્ત્ર ન વીંટી, બેસી, ડાબા ખભા ઉપર યજ્ઞોપવીત ધારણ કરી પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ થઈ, છૂટ છે અંગુઠો અને કનિષ્ઠિકા જેની એવા હાથવડે શીતલ, ફેન (ફીણ) આદિકે રહિત, અને હૃદયને પોહોચનારૂં (હૃદયને સ્પર્શ થયો એવું જ્ઞાન થાય એટલું) એવું જળ અંગુઠાના મૂળવડે ત્રણ વાર પીવું. "केशवाय नमः नारायणाय नमः माधवाय नमः" એ ત્રણ નામમાંના એક એક નામવડે જળ પીવું. "गोविंदाय नमः" એ એક મંત્રવડે દક્ષિણ હાથ ધોવો. "विष्णवे नमः, मधुसूदनाय नमः" એ મંત્રવડે બે હોઠ પ્રક્ષાલન કરવા. "त्रिविक्रमाय नमः" એ એક મંત્રવડે બન્ને હોઠને પ્રોક્ષણ કરવું. "वामनाय नमः" એ એક મંત્રવડે જળ મંત્રણ કરી "श्रीधराय नमः" એ એક મંત્રવડે ડાબા હાથનું પ્રક્ષાલન કરવું. "हृषीकेशाय नमः" એક મંત્રવડે દક્ષિણ પગનું પ્રક્ષાલન કરવું. "पद्मनाभाय नमः" એ એક મંત્રવડે વામ પગનું પ્રક્ષાલન કરવું. "दामोदराय नमः" એ એક મંત્રવડે મસ્તક ઉપર પ્રોક્ષણ કરવું. "संकर्षणाय नमः" એ મંત્રવડે ઉપરના હોઠનું પ્રોક્ષણ કરવું. "वासुदेवाय नमः" એ મંત્રવડે નાસિકાના દક્ષિણ છિદ્રને સ્પર્શ કરવો. "प्रद्युम्नाय नमः" એ મંત્રવડે નાસિકાના વામ છિદ્રને સ્પર્શ કરવો. "अनिरुद्धाय नमः" એ મંત્રવડે દક્ષિણ નેત્રને સ્પર્શ કરવો. "पुरुषोत्तमाय नमः" એ મંત્રવડે વામ નેત્રને સ્પર્શ કરવો. "अधोक्षजाय नमः" એ મંત્રવડે દક્ષિણ કાનને સ્પર્શ કરવો. "नारसिंहाय नमः" એ મંત્રવડે વામ કર્ણને સ્પર્શ કરવો. એ રીતે પ્રથમ દક્ષિણ અને પછી વામ એ ક્રમ જાણવો. "अच्युताय नमः" એ મંત્રવડે નાભીને સ્પર્શ કરવો. "जनार्दनाय नमः" એ મંત્રવડે હૃદયને સ્પર્શ કરવો. "उपेंद्राय नमः" એ મંત્રવડે મસ્તકને સ્પર્શ કરવો. "हरये नमः" એ મંત્રવડે દક્ષિણ ભુજને સ્પર્શ કરવો. "श्रीकृष्णाय नमः" એ મંત્રવડે વામ ભુજને સ્પર્શ કરવો.

केचित्केशवाद्यैस्त्रिभिःपीत्वाद्वाभ्यांप्रक्षालयेत्करौ गंडोष्ठौमार्जयेद्द्विर्द्विरेकैकंपाणिपादयोः यद्वा ओष्ठमार्जनंमृजेद्द्विर्द्विरेकैकंपाणिपादयोः शेषंप्राग्वदित्याहुः तत्रोर्ध्वोष्ठस्यांगुल्यग्रैःस्पर्शः अंगुष्ठतर्जनीभ्यांना

सिकयोः अंगुष्ठानामिकाभ्यांनेत्रयोः अंगुष्ठकनिष्ठिकाभ्यांकर्णयोर्नाभेश्च तलेनहृदयस्य पाणिनामूर्ध्नः अंगुल्यग्रैर्भुजयोः एतावदाचमनविधावशक्तस्त्रिःपीत्वाकरंप्रक्षाल्यदक्षिणकर्णंस्पृशेत् कांस्यायःसीसत्रपु पित्तलपात्रैर्नाचामेत् श्रौताचमनंतुदेव्यास्त्रयःपादाआपोहिष्ठेतिनवपादाः सप्तव्याहृतयोदेवीपादत्रयंद्वेधाविभक्तंदेवीशिरश्चेतिचतुर्विंशतिस्थानानि ॥

કોઈ ગ્રંથકાર, કેશવાદિક ત્રણ નામવડે દરએક નામથી આચમન કરવું, બે (ગોવિંદ, વિષ્ણુ) નામવડે બે હાથનુ પ્રક્ષાલન કરવું, બે (મધુસૂદન, ત્રિવિક્રમ) નામવડે બન્ને કપોલનુ માર્જન કરવું, બે (વામન, શ્રીધર) નામવડે બન્ને હોઠનું માર્જન કરવું, એક (હૃષીકેશ) નામવડે હાથનું માર્જન કરવું, એક (પદ્મનાભ) નામવડે પગનું માર્જન કરવું, અથવા બે નામવડે ઓષ્ઠનુ માર્જન અને બે નામવડે હોઠનું પ્રક્ષાલન કરવું, હાથ અને પગને એક એક નામવડે માર્જન કરવું, બાકી નામ ગ્રંથપ્રમાણે જાણવાં, એમ કહે છે. **તેમાં સ્પર્શ શી રીતે કરવો તે કહે છે.** આંગળીઓના અગ્રવડે ઉપરના હોઠને સ્પર્શ કરવો. અગુષ્ઠ અને તર્જનીવડે નાસિકાના છિદ્રને સ્પર્શ કરવો. અંગુષ્ઠ અને અનામિકાવડે નેત્રને સ્પર્શ કરવો. અગુષ્ઠ અને કનિષ્ઠિકાવડે કાન અને નાભિને સ્પર્શ કરવો હાથના તલવડે હૃદયને સ્પર્શ કરવો. હાથવડે મસ્તકને સ્પર્શ કરવો. અને આંગળીના અગ્રવડે ભુજને સ્પર્શ કરવો. પૂર્વોક્ત આ આચમનવિધિ કરવામાં અસમર્થ હોય તેણે કેશવાદિ ત્રણ નામવડે ત્રણ આચમન કરી હસ્તપ્રક્ષાલન કરી દક્ષિણ કર્ણને સ્પર્શ કરવો. કાંસું, લોઢુ, સીસું, કલી અને પીતળ એ ધાતુના પાત્રવડે આચમન કરવું નહીં. **શ્રૌત આચમન કહે છે.** ગાયત્રીમંત્રના ત્રણ ચરણ; "आपोहिष्ठा०" એ ત્રણ મંત્રના નવ ચરણ; સાત વ્યાહૃતિમત્ર; ગાયત્રીના ત્રણ ચરણના બે વિભાગ, એટલે પ્રથમના બે ચરણનો એક વિભાગ અને છેલ્લા એક ચરણનો એક વિભાગ એ બે મત્ર; અને ગાયત્રીનો શિરોમંત્ર એ પ્રમાણે ચોવીશ સ્થાનક જાણવાં.

अथाचमननिमित्तानि ॥ कर्मकुर्वन्नधोवायुनिःसरणेश्रुपातेक्रोधेमार्जारस्पर्शेक्षुतेवस्त्रपरिधानेरजकाद्यंत्यजदर्शनेआचामेत् स्नात्वापीत्वाभुक्त्वासुप्त्वाचाचामेत् विण्मूत्ररेतःशौचांतेआचामेत् सर्वत्राचमनासंभवेदक्षिणकर्णस्पर्शः दंतलग्नान्नंमृदूपायेननिर्हरेत् रक्तनिर्गमेदोषोक्तेः दंतलग्नंचदंतवत् तस्यान्नस्य कालांतरेनिर्गमेआचमनं वामहस्तस्थितेदर्भेदक्षिणेननचाचामेत् करद्वयस्थितेदर्भेआचामेत्सोमपोभवेत् नचोच्छिष्टंपवित्रंतद्भुक्तेपित्र्येचसंत्यजेत् विण्मूत्रोत्सर्गेचत्यजेत् ॥

હવે આચમનનાં નિમિત્ત કહે છે.

કર્મકાલે અધોવાયુ સરે, અશ્રુપાત, ક્રોધ, માર્જાર (બીલાડા)નો સ્પર્શ, છીંક, વસ્ત્ર પેહેરવાં, ધોબી ઇત્યાદિક અથવા ચાંડાલનું દર્શન એમાંનું કોઇ એક પણ નિમિત્ત થયું હોય તો આચમન કરવું. સ્નાન કીધા પછી, કાંઇએક પદાર્થ ખાધા પછી, ભોજન કીધા પછી અને નિદ્રા કરી જાગ્યા પછી પણ આચમન કરવું. મલત્યાગ, મૂત્રત્યાગ અને રેત (વીર્ય) એ સંબધી શૌચ કીધા પછી આચમન કરવું. સઘળે ઠેકાણે આચમન કરવાનો અસભવ હોય તો દક્ષિણ કાનને સ્પર્શ કરવો, દાંતમાં અડકી રહેલું અન્ન કોમલ ઉપાયથી અર્થાત્ સભાળીને કાઢવું; કારણ લોહી નિકળે તો દોષ કહ્યો છે. દાંતમાં અડકી રહેલું તે દાંતસરખુ છે. તે (દાંતમાં અડકી રહેલું) અન્ન કાલાંતરે નીકળે તો તે સમયે આચમન કરવું. " ડાબા હાથમાં દર્ભ છતાં જમણે હાથે આચમન કરવું નહીં. બન્ને હાથમાં દર્ભપવિત્ર ધારણ કરી આચમન કરવું, તેમ કરવાથી સોમપાન કરવાવાળો થાય છે, તે પવિત્ર ઉચ્છિષ્ટ થતું નથી; ભોજન અને પિત્ર્યકર્મ કીધા પછી તે પવિત્રનો ત્યાગ કરવો." વિષ્ઠા અને મૂત્રના ત્યાગ સમયે દર્ભપવિત્રનો ત્યાગ કરવો.

अथदंतधावनम् ॥ कंटकिक्षीरवृक्षापामार्गादिकाष्ठैःकार्यं काष्ठालाभेश्राद्धोपवासादिनिषिद्धदिनेचपर्णादिनाप्रदेशिनीवर्ज्यांगुल्यावाद्वादशगंडूषैर्वादंतान्शोधयेत् ॥

હવે દંતધાવન કહે છે.

ખેર ઇત્યાદિ કાંટાવાળા વૃક્ષનાં, આકડો ઇત્યાદિ છીરવાળા વૃક્ષનાં, અને આઘાડો ઇત્યાદિ કાષ્ઠનાં કરવાં. જે દિવસે દાંતણ ન મળે તે દિવસે, અથવા શ્રાદ્ધ, ઉપવાસ ઇત્યાદિ નિષિદ્ધ દિવસે ઝાડનાં

પાન ઇત્યાદિકવડે અથવા અંગુઠાની જોડની આંગળી વિના બીજી આંગળીવડે અથવા બાર કોગળા. વડે દાંત શુદ્ધ કરવા.

अथसंक्षेपतःस्नानविधिः ॥ नद्यादौगत्वाशिखांबध्वाजानूर्ध्वेजलेतिष्ठन्नन्यथातूपविश्याचम्य ममकायिकवाचिकमानसिकदोषनिरसनपूर्वकंसर्वकर्मसुशुद्धिसिद्ध्यर्थं प्रातःस्नानंकरिष्येइतिसंकल्प्य जलंनत्वाप्राङ्मुखः प्रवाहाभिमुखोवा त्रिरवगाह्यांगानिनिमृज्यस्नात्वा द्विराचम्यापोहिष्ठेतिमार्जनंकृत्वा इमंमेगंगेइतित्रिर्जलमालोड्याघमर्षणंत्रिरावृत्तेन ऋतंचेतिसूक्तेन कात्यायनैर्द्रुपदेतिऋचाजलनिमग्नतया कृत्वास्नात्वाचम्यजलतर्पणंकुर्यान्नवा तदित्थं उपवीतीब्रह्मादयोयेदेवास्तान्देवान्०भूर्देवानित्यादिनिवीतीकृष्णद्वैपायनादयोयेऋषयः तानित्यादि प्राचीनावीतीसोमःपितृमान्यमोंगिरस्वानग्निष्वात्तादयोयेपितरस्तानित्यादि एकनद्यांस्नानेअन्यांनदींनस्मरेत् अत्रतैत्तिरीयादिभिस्तर्पणेऋष्यादीनांनामांतराण्युक्तानितानिसंक्षेपविधौतस्यतर्पणस्यकृताकृतत्वान्नोक्तानि ॥

હવે સંક્ષેપે સ્નાનવિધિ કહે છે.

નદી ઇત્યાદિક તીર્થપ્રત્યે જઈ શિખાબંધન કરી ગોઠણથી વધતું જળ હોય તો ઊભા રહી અને તેટલું ન હોય તો બેસીને આચમન કરી "मम कायिकवाचिकमानसिकदोषनिरसनपूर्वकं सर्वकर्मसु शुद्धिसिद्ध्यर्थं प्रातःस्नानं करिष्ये," એવો સંકલ્પ કરી જળને નમસ્કાર કરી પૂર્વાભિમુખ અથવા પ્રવાહની સન્મુખ થઈ ત્રણ વાર ડુબકી મારી સઘળા અંગનું પ્રક્ષાલન કરી સ્નાન કરી બે આચમન કરી "आपोहिष्ठा०" એ ત્રણ ઋચાવડે માર્જન કરી "इमं मे गंगे०" એ મંત્રવડે ત્રણ વાર જળમાં દર્ભ ફેરવી "ऋतं च०" એ સૂક્ત ત્રણ વાર કહી અઘમર્ષણ કરવું. (કાત્યાયન શાખાવાળાઓએ "द्रुपदा०" એ ઋચાવડે અઘમર્ષણ કરવું.) તે જળમાં નિમગ્ન થઇ કરવું. પછી સ્નાન કરી આચમન કરી જલતર્પણ કરવું અથવા ન કરવું. કરવું હોય તો તે આ રીતે-જનોઇ સવ્ય ધારણ કરી "ब्रह्मादयो ये देवास्तान् देवांस्तर्पयामि भूर्देवानित्यादि०" જનોઈ કંઠમાં ધારણ કરી "कृष्णद्वैपायनादयो ये ऋषयस्तान् ऋषींस्तर्पयामि," ઇત્યાદિ. પછી અપસવ્ય કરી सोमः पितृमान्यमोंगिरस्वानग्निष्वात्तादयो ये पितरस्तान् पितृंस्तर्पयामि," ઇત્યાદિ. એપ્રમાણે તર્પણ કરવું. એક નદીમાં સ્નાન કરતાં બીજી નદીનું સ્મરણ કરવું નહીં. આ જલતર્પણ સમયે તૈત્તિરીય શાખાવાળાઓએ તર્પણવિષે ઋષિ ઇત્યાદિક બીજા દેવતાઓનાં નામો કહ્યાં છે પરંતુ તે જલતર્પણ કરવું અથવા ન કરવું એમ છે તેથી સંક્ષેપવિધિમાં તે ઋષિ ઇત્યાદિકનાં નામ કહ્યાં નથી.

अथगृहेउष्णोदकेनस्नानंनतुशीतोदकेन तद्विधिश्चपात्रेशीतोदकंप्रक्षिप्यतदुपरिउष्णोदकेनापूर्यशंनोदेवी०आपःपुनंतु०द्रुपदादिवे०ऋतंच०आपोहिष्ठेतिपंचभिर्ऋग्भिरभिमंत्र्य इमंमे० इत्यादिनातीर्थानिस्मरन्स्नायात् गृहस्नानेसंकल्पआचमनंअघमर्षणंतर्पणंचन अंतेआचमनंमार्जनंचकार्यं एवंस्नात्वावस्त्रेणपाणिनावाजलापनयनमकृत्वाशुष्कंशुभ्रकार्पासवस्त्रंपरिधायस्नानार्द्रवस्त्रमूर्ध्वंतउत्तारयेत् विकच्छोनुत्तरीयश्चनग्नश्चावस्त्रएवच श्रौतस्मार्तंनचकुर्यात् द्विगुणवस्त्रोदग्धवस्त्रःस्यूतग्रथितवस्त्रःकाषायवस्त्रादयोदिगंबरश्चनग्नाः निष्पीडितंवस्त्रंनस्कंधेक्षिपेत् चतुर्गुणीकृत्यवस्त्रंगृहेऽधोदशंनद्यामूर्ध्वंदशांस्थलेनिष्पीडयेत् नतुत्रिगुणं उत्तरीयंजीवत्पितृकजीवज्ज्येष्ठभ्रातृकैर्नधार्यं प्रावारवस्त्रंतुसर्वैर्धार्यं इतिप्रातर्नित्यंस्नानम् ॥

હવે ઘેર સ્નાન કરવું તે કહે છે. ઘેર ઉષ્ણ જળવડે સ્નાન કરવું, શીતળ જળવડે કરવું નહીં. તેનો વિધિ-પાત્રમાં શીતળ જળ રેડી તેની ઉપર ઉષ્ણ જળ નાખવું. પછી "शंनोदेवी०, आपः पुनंतु०, द्रुपदादिवे०, ऋतंच०; અને आपोहिष्ठा०" એ પાંચ ઋચાવડે તે જળ મંત્રી "इमं मे गंगे०" ઇત્યાદિ મંત્રવડે તીર્થોનું સ્મરણ કરી સ્નાન કરવું. ઘેર સ્નાન કરવામાં સંકલ્પ, આચમન, અઘમર્ષણ અને તર્પણ એ કરવાં નહીં. સ્નાન કીધા પછી આચમન અને માર્જન કરવાં. એપ્રમાણે સ્નાન કરી વસ્ત્ર અથવા હાથવડે શરીર ઉપરનું જળ ન લુંછી સુકાયલું એવું[1] સફેદ કપાસનું વસ્ત્ર પહેરી સ્નાન સમયે પહેરેલું ભીનું વસ્ત્ર ઉપરથી ઉતારવું. "કચ્છરહિત, ઉત્તરીય (ઉપવસ્ત્ર) રહિત, નગ્ન અને વસ્ત્રરહિત, એવા પુરૂષે શ્રૌત સ્માર્ત કર્મ કરવું નહીં." બેવડું વસ્ત્ર પહેરનારો, દગ્ધ વસ્ત્ર પહેરનારો, શિવેલાં તથા સાંધાવાળાં વસ્ત્ર પહેરનારો, ભગવાં વસ્ત્ર પહેરનારો અને દિગંબર એ નગ્ન જાણવા.

---

[1] मध्यादर्जनमपि नित्यमित्यन्ये.

નીચોવેલું વસ્ત્ર ખભા ઉપર ધરવું નહીં. ઘેર વસ્ત્ર નીચોવવું તે ચોગણું કરી તેના છેડા નીચા રાખી પૃથિવી ઉપર નીચોવવું, અને નદી ઉપર નીચોવવું હોય તો છેડા ઉંચા રાખી પૃથિવી ઉપર નીચોવવું, ત્રેવડું કરી નીચોવવું નહીં. જેનો પિતા અથવા મ્હોટો ભાઈ જીવતો હોય તેણે ઉત્તરીય વસ્ત્ર ધારણ કરવું નહીં. અંગવસ્ત્ર તો સઘળાઓએ ધારણ કરવું. એ પ્રમાણે [1]પ્રાતઃકાલનું નિત્યસ્નાન કહ્યું.

चंडालसूतकिसूतिकोदक्याचितिकाष्ठशवचंडालच्छायादिस्पर्शेस्नानं चांडालादिस्पर्शिनमारभ्यतत्स्पृष्टस्पृष्टेषुतृतीयपर्यंतंसचैलंस्नानं चतुर्थस्याचमनमात्रं तदूर्ध्वंप्रोक्षणं द्वितीयादेर्दंडतृणाद्यंतरितस्पर्शेस्वाचमनमेव वस्त्रांतरितःसाक्षात्स्पर्शएवेतितत्रचतुर्थस्यैवाचमनं नैमित्तिकस्नानंरात्रावपि मृतेजन्मनि संक्रांतौश्राद्धेजन्मदिनेतथा अस्पृश्यस्पर्शनेचैवनस्नायादुष्णवारिणा नैमित्तिकेजलतर्पणादिविधिर्न नित्यस्नानमकृत्वाभुक्तौउपवासः ग्रहसंक्रांत्यादिनैमित्तिकस्नानमकृत्वाभोजनेपानेअष्टसहस्रजपः शूद्रादिस्पर्शनिमित्तेउपवासः श्वकाकचंडालादिस्पर्शेस्नानमकृत्वाभुक्तौपानेचत्रिरात्रं रजकादिस्पर्शेतदर्धं इति नैमित्तिकस्नानम् ॥

ચાંડાલ, સૂતકી, સુવાવડી, રજસ્વલા, ચિતાનાં કાષ્ઠ, શબ અને ચાંડાલની છાયા ઇત્યાદિકનો સ્પર્શ થયો હોય તો વસ્ત્રસહિત સ્નાન કરવું. ચાંડાલ ઇત્યાદિકના સ્પર્શ કરનારને આરંભી, તેણે બીજાને સ્પર્શ કર્યો બીજે ત્રીજાને સ્પર્શ કર્યો એમ, ત્રીજાપર્યંત વસ્ત્રસહિત સ્નાન કરવું. ત્રીજે ચોથાનો સ્પર્શ કર્યો હોય તો ચોથે આચમન માત્ર કરવું. અને પાંચમો ઇત્યાદિકે પ્રોક્ષણ માત્ર કરવું. બીજા ઇત્યાદિકને લાકડી અથવા ઘાસ ઇત્યાદિકને અંતરાયે સ્પર્શ થયો હોય તો તેણે આચમનજ કરવું, વસ્ત્રના અંતરાયવડે જે સ્પર્શ તે સાક્ષાત્ સ્પર્શજ છે માટે તેવિષે ચોથાએજ આચમન કરવું. કાંઇએક નિમિત્તવડે સ્નાન પ્રાપ્ત થાય તો તે રાત્રિવિષે પણ કરવું. “મરણ, પુત્રાદિકનો જન્મકાલ, સંક્રાંતિ, શ્રાદ્ધદિવસ, પોતાનો જન્મદિવસ અને સ્પર્શને અયોગ્ય એવી વસ્તુનો સ્પર્શ એ નિમિત્ત હોય તો ઉષ્ણ જળે સ્નાન કરવું નહીં.” નૈમિત્તિક સ્નાનમાં જળવડે તર્પણ કરવું ઇત્યાદિક વિધિ નથી. નિત્યસ્નાન (પ્રાતઃકાલનું સ્નાન) કર્યાવિના ભોજન કરે તો ઉપવાસ કરવો. ગ્રહણ, સંક્રાંતિ ઇત્યાદિ નિમિત્ત પ્રાપ્ત થયાં છતાં સ્નાન કર્યાવિના ભોજન, જળપાન કરે તો ગાયત્રીમંત્રનો આઠ હજાર જપ કરવો. શૂદ્રાદિકનો સ્પર્શ થયા પછી સ્નાન કર્યાવિના ભોજન કરે તો ઉપવાસ કરવો. કુતરાં, કાગડા, ચાંડાલ ઇત્યાદિકનો સ્પર્શ થયા પછી સ્નાન કર્યાવિના ભોજન, જળપાન કરે તો ત્રણ રાત્રિ વ્રત કરવું. ધોબી ઇત્યાદિકનો સ્પર્શ થયો હોય તો તેનું અર્ધ પ્રાયશ્ચિત્ત કરવું એ પ્રમાણે નૈમિત્તિકસ્નાન કહ્યું.

दर्शव्यतीपातरथसप्तम्यादौस्नानंकार्तिकस्नानंमाघस्नानादिकंचकाम्यं इतिजलावगाहादिरूपवारुणस्नानानि ॥

દર્શ, વ્યતીપાત, રથસપ્તમી ઇત્યાદિક પર્વણીને દિવસે સ્નાન; કાર્તિકસ્નાન અને માઘસ્નાનાદિક એ કામ્યસ્નાન છે. એ રીતે જળમાં ડુબકી મારી સ્નાન કરવું ઇત્યાદિ વારૂણસ્નાન કહ્યાં.

अथगौणस्नानानि ॥ आपोहिष्ठादिभिर्मंत्रैःप्रोक्षणंमंत्रस्नानं गायत्र्यादशकृत्वोजलमभिमंत्र्यतेन सर्वांगप्रोक्षणंगायत्रं भस्मस्नानमाग्नेयं आर्द्रवस्त्रेणांगमार्जनंकापिलं विष्णुपादोदकविप्रपादोदकप्रोक्षण विष्णुध्यानादिभिश्चस्नानांतराणि गौणस्नानैर्जपसंध्यादौशुद्धिर्नतुश्राद्धदेवार्चनादौ ब्रह्मयज्ञेविकल्पः ॥

હવે ગૌણસ્નાન કહે છે. “आपोहिष्ठा०” ઇત્યાદિક મંત્રવડે અંગને પ્રોક્ષણ કરવું તે **મંત્રસ્નાન.** ગાયત્રીમંત્રવડે દશ વાર જળ મંત્રી તે જળવડે અંગને પ્રોક્ષણ કરવું તે **ગાયત્રસ્નાન.** ભસ્મવડે સ્નાન કરવું તે **આગ્નેયસ્નાન.** વસ્ત્ર ભીંજવી તેવડે અંગને લૂંછવું તે **કાપિલસ્નાન.** વિષ્ણુનું ચરણોદક અને બ્રાહ્મણનું ચરણોદક એણે કરી પ્રોક્ષણ, તથા વિષ્ણુનું ધ્યાન ઇત્યાદિક બીજાં અનેક સ્નાનો કહ્યાં છે. ગૌણસ્નાન કીધાથકી જપ, સંધ્યા ઇત્યાદિક કરવાવિષે શુદ્ધિ થાય છે; પરંતુ શ્રાદ્ધકર્મ, દેવપૂજા ઇત્યાદિકવિષે શુદ્ધિ થતી નથી. ગૌણસ્નાન કર્યા પછી બ્રહ્મયજ્ઞ કરવો અથવા ન કરવો એ વિકલ્પ છે.

---

[1] મધ્યાહ્નકાલનું સ્નાન પણ નિત્યસ્નાન છે એમ કોઇ ગ્રંથકાર કહે છે.

अथतिलकविधिः ॥ प्रातःपुंड्रंमृदाकुर्याद्धुत्वाचैवतुभस्मना मृदश्चगोपीचंदनतुलसीमूलसिंधुतीरजाह्नवीतीरवल्मीकादिस्थाः ललाटोदरहृदयकंठेदक्षिणपार्श्वबाहुकर्णदेशेवामपार्श्वबाहुकर्णदेशेपृष्ठेककुदिचेतिद्वादशस्थानेषु शुक्लेकेशवादिनामभिः कृष्णपक्षेसंकर्षणादिनामभिः शिरसिवासुदेवेतिमृदा तिलकोविधेयः ॥

હવે તિલકનો વિધિ કહે છે.

“પ્રાતઃકાલનું સ્નાન કીધા પછી મૃત્તિકાવડે (ઉભું) તિલક કરવું. નિત્યહોમ કીધા પછી ભસ્મવડે (આડું) તિલક કરવું. ગોપીચંદન, તુલસીમૂળ, સમુદ્રતીર, ગંગાતીર અને જે ઠેકાણે રાફડો હોય તે સ્થલ ઇત્યાદિક સ્થલની મૃત્તિકા લેવી. તે મૃત્તિકાવડે લલાટ, પેટ, હૃદય, કંઠ, દક્ષિણ પાર્શ્વ (પડખું), દક્ષિણબાહુ, દક્ષિણકાન, વામપાર્શ્વ, વામબાહુ, વામકાન, પૃષ્ઠ, કકુત્ (કાંધ) એ બાર સ્થાનકે શુકલપક્ષમાં કેશવાદિ બાર નામવડે અને કૃષ્ણપક્ષમાં સંકર્ષણાદિ બાર નામવડે અને મસ્તકવિષે વાસુદેવ એ નામવડે તિલક કરવું.

अथभस्मत्रिपुंड्रः ॥ श्राद्धेयज्ञेजपेहोमेवैश्वदेवेसुरार्चने भस्मत्रिपुंड्रैःपूतात्मामृत्युंजयतिमानवः भस्मगृहीत्वा अग्निरितिभस्मवायुरितिभस्मजलमितिभस्मस्थलमितिभस्मव्योमेतिभस्मसर्वंहवाइदंभस्ममनएतानिचक्षूंषिभस्मानीतिमंत्रेणाभिमंत्र्य जलमिश्रितेनमध्यमांगुलित्रयगृहीतेनललाटहृदयनाभिगलांसबाहुसंधिपृष्ठशिरःस्थानेषु शिवमंत्रेणनारायणाष्टाक्षरेणवागायत्र्यावाप्रणवेनवात्रिपुंड्रान्कुर्यात् ॥

હવે ભીષ્મનું ત્રિપુંડ્ર કહે છે. “શ્રાદ્ધ, યજ્ઞ, જપ, હોમ, વૈશ્વદેવ અને દેવપૂજા એમનેવિષે ભસ્મનું ત્રિપુંડ્ર કરવું. તેણે કરી તે મનુષ્ય પવિત્ર થઈ મૃત્યુને જીતે છે.” હાથમાં ભસ્મ લઈ “अग्निरिति भस्म वायुरिति भस्म जलमिति भस्म स्थलमिति भस्म व्योमेति भस्म सर्वं ह वा इदं भस्म मन एतानि चक्षूंषि भस्मानि” એ મંત્રવડે મંત્રિ તેમાં જળ મિશ્રિત કરી વચલી ત્રણ આંગળીવડે ભસ્મ લઇ લલાટ, હૃદય, નાભિ, કંઠ, ખભા, બાહુસંધિ (કોણી) પૃષ્ઠ અને શિર એ સ્થાનકે શિવમંત્રવડે અથવા નારાયણના અષ્ટાક્ષરમંત્રવડે કિંવા ગાયત્રીમંત્રવડે અથવા પ્રણવમંત્રવડે ત્રિપુંડ્ર કરવાં.

अथसंध्याकालः ॥ उत्तमातारकोपेतामध्यमालुप्ततारका अधमासूर्यसहिताप्रातःसंध्यात्रिधा मता उत्तमासूर्यसहितामध्यमालुप्तभास्करा अधमातारकोपेतासायंसंध्यात्रिधामता अध्यर्धयामादा सायंसंध्यामाध्याह्निकीष्यते सर्वेषांसंध्यात्रयंनद्यादौबहिरेवप्रशस्तं साग्निकस्यतु प्रादुष्करणाद्यनुरोधे नसायंप्रातःसंध्येगृहेकर्तव्ये ॥

હવે સંધ્યાનો સમય કહે છે.

“પ્રાતઃકાલે નક્ષત્ર સ્પષ્ટ દેખાતાં હોય તે સમયે સંધ્યોપાસનનો પ્રારંભ કરે તો તે ઉત્તમ કાલ, નક્ષત્ર ન દેખાતાં આરંભ કરે તો તે મધ્યમ કાલ, અને સૂર્યોદય થયા પછી આરંભ કરે તો તે કનિષ્ઠ કાલ છે. એ રીતે પ્રાતઃસંધ્યાકાલ ત્રણ પ્રકારનો જાણવો. સાયંકાલે સૂર્ય સ્પષ્ટ દેખાતાં છતાં સંધ્યોપાસનનો આરંભ કરવો તે ઉત્તમ કાલ. સૂર્યાસ્ત થયા પછી પ્રારંભ કરવો તે મધ્યમ કાલ અને નક્ષત્ર દેખાયા પછી પ્રારંભ કરવો તે કનિષ્ઠ કાલ છે. એ રીતે સાયંસંધ્યાકાલ ત્રણ પ્રકારનો જાણવો. દોઢ પોહોર દિવસ ચડે ત્યહાંથકી સાયકાલપર્યંત મધ્યાહ્નસંધ્યાનો કાલ છે. નદી ઇત્યાદિ તીર્થ હોય તો સર્વ શાખાવાળાઓએ ત્રણે સંધ્યા તે તે તીર્થ ઉપર જઈ બાહેર કરવી એ ઉત્તમ છે. સાગ્નિક હોય તેણે અગ્નિ પ્રદીપ્ત કરવો ઇત્યાદિક કારણથકી પ્રાતઃકાલ અને સાયંકાલની સંધ્યા ઘેર કરવી.

अथसंक्षेपतःसंध्याप्रयोगोबह्वृचानाम् ॥ दर्भद्वयकृतेपवित्रेग्रंथियुतेग्रंथिरहितेवाहस्तयोर्धृत्वाद्विराचम्यप्राणायामंकुर्यात् प्रणवस्यपरब्रह्मऋषिः परमात्मादेवता दैवीगायत्रीच्छंदः सप्तानांव्याहृतीनांविश्वामित्रजमदग्निभरद्वाजगौतमात्रिवसिष्ठकश्यपाऋषयः अग्निवाय्वादित्यबृहस्पतिवरुणेंद्रविश्वेदेवादेवताः गायत्र्युष्णिगनुष्टुब्बृहतीपंक्तित्रिष्टुब्जगत्यश्छंदांसि गायत्र्याविश्वमित्रऋषिः सवितादेवतागायत्रीच्छंदः गायत्रीशिरसःप्रजापतिऋषिः ब्रह्माग्निवाय्वादित्यादेवताः यजुश्छंदः प्राणायामेविनियोगः सर्वांगुलीभिस्तर्जनीमध्यमाभिन्नाभिर्वानासांधृत्वादक्षिणेनवायुमाकृष्यरोधयेत् ॐभूः ॐभुवः

ॐस्वः ॐमहः ॐजनः ॐतपः ॐसत्यं ॐतत्सवितुर्वरेण्यं०यात् ॐआपोज्योतीरसोमृतं ब्रह्मभूर्भुवः सुवरोम् इतिसप्रणवसप्तव्याहृतिगायत्रीशिरस्त्रिःपठित्वावामनासयावायुंविसृजेदितिप्राणायामः सर्वशाखासाधारणः ममोपात्तदुरितक्षयद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं प्रातःसंध्यामुपासिष्ये आपोहिष्ठेति तृचस्यांबरीषःसिंधुद्वीपआपोगायत्री मार्जनेविनि० आपोहिष्ठेतिनवभिःपादैःसप्रणवैः कुशोदकेन मूर्ध्निनवकृत्वोमार्जयेत् यस्यक्षयायेत्यधोमार्जयेत् नद्यादौतीर्थस्थंताम्रमृन्मयादिभूमिष्ठपात्रस्थंवावाम करस्थंवा जलंदर्भादिनादायमार्जनंसर्वत्र नतुधाराच्युतजलेन ॥

હવે ઋગ્વેદીઓનો સંધ્યાપ્રયોગ સંક્ષેપથકી કહે છે.

બે બે દર્ભનાં પવિત્ર ગ્રંથિયુક્ત અથવા ગ્રંથિરહિત કરી બે હાથમાં ધારણ કરી બે વાર આચમન કરી પ્રાણાયામ કરવો. તે આ રીતે—"प्रणवस्य परब्रह्मऋषिः परमात्मा देवता । दैवी गायत्रीच्छंदः । सप्तानां व्यहृतीनां विश्वामित्रजमदग्निभरद्वाजगौतमात्रिवसिष्ठकश्यपाऋषयः ॥ अग्निवाय्वादित्यबृहस्पतिवरुणेंद्रविश्वेदेवा देवताः ॥ गायत्र्युष्णिगनुष्टुब्बृहतीपंक्तित्रिष्टुब्जगत्यश्छंदांसि ॥ गायत्र्या विश्वामित्रऋषिः । सविता देवता । गायत्रीच्छंदः ॥ गायत्रीशिरसः प्रजापतिर्ऋषिः । ब्रह्माग्निवाय्वादित्यादेवताः । यजुश्छंदः प्राणायामे विनियोगः" સઘળી આંગળી અથવા તર્જની અને મધ્યમા એણેરહિત એવી આંગળીઓવડે નાસિકા ધારણ કરી દક્ષિણ છિદ્રવડે વાયુને ખેંચીને રોકવો. પછી "ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं ॐ तत्सवितुर्वरेण्यं० यात् ॐ आपोज्योतीरसोमृतं ब्रह्मभूर्भुवः सुवरोम्," એ રીતે પ્રણવ, સાત વ્યાહૃતિ ગાયત્રી અને શિર એમનો ત્રણ વાર ઉચ્ચાર કરી ડાબી નાસિકાના છિદ્રવડે રોકેલો વાયુ છોડી દેવો. એ પ્રમાણે સઘળી શાખાવાળાઓનો સાધારણ પ્રાણાયામ કહ્યો. એ રીતે પ્રાણાયામ કીધા પછી, "ममोपात्तदुरितक्षयद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं प्रातःसंध्यामुपासिष्ये," એવો સંકલ્પ કરી, "आपोहिष्ठेतितृचस्यांबरीषः सिंधुद्वीप आपो गायत्री मार्जने विनियोगः ॥ आपो हिष्ठा०" આ ત્રણ ઋચાના પ્રણવયુક્ત નવ પાદવડે દર્ભના જળવડે મસ્તક ઉપર નવ વાર માર્જન કરવું. અને "यस्य क्षयाय०" આ મંત્રવડે પૃથિવી ઉપર નીચે માર્જન કરવું. નદી ઇત્યાદિકનેવિષે રહેલું જળ, ત્રાંબાનાં અથવા માટીનાં પાત્ર પૃથિવી ઉપર રાખેલાં તેમાં રહેલું જળ, અથવા ડાબા હાથમાં લીધેલું જળ દર્ભ ઇત્યાદિકવડે લઈ માર્જન કરવું, ધારાથી પડતા જળવડે માર્જન કરવું નહીં. એ રીતે સર્વત્ર માર્જનનો નિર્ણય કહ્યો.

अथमंत्राचमनम् ॥ सूर्यश्चेतिमंत्रस्ययाज्ञवल्क्यउपनिषदृषिः सूर्यमन्युमन्युपतयोरात्रिश्चदेवताःप्रकृतिश्छंदः मंत्राचमनेविनियोगः सूर्यश्चमामन्युश्चमन्युपतयश्चमन्युकृतेभ्यः पापेभ्योरक्षंतां यद्रात्र्यापापमकार्षं मनसावाचाहस्ताभ्यां पद्भ्यामुदरेणशिश्ना रात्रिस्तदवलुंपतु यत्किंचदुरितंमयि इदमहंमाममृतयोनौसूर्येज्योतिषिजुहोमिस्वाहेतिजलंपिबेत् आचम्य आपोहिष्ठेतिनवर्चस्यांबरीषःसिंधुद्वीपआपोगायत्रीअंत्येद्वेअनुष्टुभौ मार्जनेविनियोगः प्रणवेनव्याहृतिभिर्गायत्र्याप्रणवांतया आपोहिष्ठेतिसूक्तेन मार्जनंचचतुर्थकं ऋगंतेर्धर्चांतेवापादांतेवापिमार्जयेत् गायत्रीशिरसाचांतेमार्जयित्वाघमर्षणं ऋतंचेति तृचस्यमाधुच्छंदसोघमर्षणोभाववृत्तमनुष्टुप् अघमर्षणेविनि० दक्षिणहस्तेजलंकृत्वाऋतंचेतिऋक्त्रयंद्रुपदेतिऋचंवाजस्वा दक्षिणनासयापापपुरुषंनिरस्य तज्जलंनावलोक्यवामभागेक्षितौक्षिपेत् आचम्य गायत्र्याविश्वामित्रःसवितागायत्री श्रीसूर्यायार्घ्यदानेवि०प्रणवव्याहृतिपूर्वयागायत्र्यातिष्ठन्सूर्योन्मुखः जलांजलिंत्रिःक्षिपेत् कालातिक्रमेप्रायश्चित्तार्थंचतुर्थं असावादित्योब्रह्मेतिप्रदक्षिणंभ्रमन्जलंसिंचेत् अर्घ्यांजलौतर्जन्यंगुष्ठयोगोनकार्यः इदमर्घ्यदानंप्रधानमित्येके अंगमितिपरे ॥

હવે મંત્રાચમન કહે છે—"सूर्यश्चेति मंत्रस्य याज्ञवल्क्य उपनिषदृषिः सूर्यमन्युमन्युपतयो रात्रिश्चदेवताः । प्रकृतिश्छंदः । मंत्राचमने विनियोगः ॥ सूर्यश्च मामन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षतां यद्रात्र्या पापमकार्षं मनसा वाचा हस्ताभ्यां पद्भ्यामुदरेण शिश्ना रात्रिस्तदवलुंपतु यत्किंच दुरितं मयि इदमहं माममृतयोनौ सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा" એ મંત્ર ભણી જળ પીવું. પછી આચમન કરી "आपोहिष्ठेति नवर्चस्यांबरीषः सिंधुद्वीप आपो गायत्री अंत्ये द्वे अनुष्टुभौ मार्जने विनियोगः ॥ आपोहिष्ठा०," "પ્રણવમંત્રવડે પ્રથમ, સમસ્ત વ્યાહૃતિમંત્રવડે બીજું, પ્રણવાંત

ગાયત્રીમંત્રવડે ત્રીજું, અને "आपोहिष्ठा" એ સૂક્તવડે ચોથું એ રીતે માર્જન કરવાં. 'आपोहिष्ठा' એ સૂક્તની એક એક ઋચા, અથવા ઋચાનું એક એક અર્ધ, કિંવા ઋચાના એક એક પદનો ઉચ્ચાર કરી માર્જન કરવું. અંતે ગાયત્રીશિરોમંત્રવડે માર્જન કરી અઘમર્ષણ કરવું." તેનો મંત્ર— "ऋतं चेति तृचस्य माधुच्छंदसोऽघमर्षणो भाववृत्तमनुष्टुप् ॥ अघमर्षणे विनियोगः" દક્ષિણ હાથમાં જળ લઈ "ऋतं च०" આ ત્રણ ઋચા અથવા "द्रुपदा०" એ ઋચા જપી દક્ષિણ નાસિકાના છિદ્રવડે પાપપુરૂષને દક્ષિણ હાથમાં રહેલા જળમાં નાખી તે જળની સામે ન જોતાં (તેને) ડાબા ભાગની પૃથ્વી ઉપર છોડી દેવું. પછી આચમન કરી, "गायत्र्या विश्वामित्रः सविता गायत्री श्रीसूर्यायार्घ्यदाने विनियोगः" એમ કહી સૂર્યની સામે ઉભા રહી પ્રણવ અને વ્યાહૃતિમંત્રપૂર્વક ગાયત્રીમંત્રવડે જળના ત્રણ અંજલી દેવા. સંધ્યાકાલ ટળી ગયો હોય તો પ્રાયશ્ચિત્તાર્થે ચોથો અર્ઘ્ય દેવો. પછી, "असावादित्यो ब्रह्म," એ મંત્રવડે પ્રદક્ષિણા કરતાં જળ રેડવું. અર્ઘ્યના અંજલીમાં અંગુઠો અને તર્જની આંગળીનો યોગ (પરસ્પર સ્પર્શ) કરવો નહીં. કોઈ ગ્રંથકાર, અર્ઘ્યદાન એ પ્રધાન કર્મ છે એમ કહે છે. બીજા ગ્રંથકાર અર્ઘ્ય એ અંગભૂત છે એમ કહે છે.

अथगायत्रीजपः ॥ प्राणायामंकृत्वा गायत्र्याविश्वामित्रःसवितागायत्रीजपेवि० तत्सवितुर्हृदयायनमः वरेण्यंशिरसेस्वाहा भर्गोदेवस्यशिखायैवषट् धीमहिकवचायहुं धियोयोनोनेत्रत्रयायवौषट् प्रचोदयात्अस्त्रायफट् इतिषडंगन्यासःकार्यः नवाकार्योन्यासविधेरवैदिकत्वादितिगृह्यपरिशिष्टेस्पष्टं एतेनाक्षरन्यासपादन्यासादीनांमुद्रादिविधेः शापमोचनादिविधेश्च तांत्रिकत्वेनावैदिकत्वादनावश्यकत्वंवेदितव्यं मंत्रदेवतांध्यायेत् केचिद्गायत्र्यादिध्यानंवदंति आगच्छवरदेदेविजपेमेसन्निधौभव गायंतंत्रायसेयस्माद्गायत्रीत्वंततःस्मृतेतितामावाह्य योदेवःसवितास्माकंधियोधर्मादिगोचरे प्रेरयेत्तस्यतद्भर्गस्तद्वरेण्यमुपास्महे इतिमंत्रार्थंचिंतयन् मौनीप्रातःसूर्याभिमुखस्तिष्ठन्नामंडलदर्शनात्सप्रणवव्याहृतिकायाः गायत्र्या अष्टशतमष्टाविंशतिंदशकंवाजपेत् सायंवायव्याभिमुखआनक्षत्रदर्शनादितिविशेषः अनध्यायेष्टाविंशतिंप्रदोषेदशैवजपेदितिकारिकायां रुद्राक्षविद्रुमादिमालाभिरंगुलीपर्वभिर्वाजपः अष्टशतचतुःपंचाशत्सप्तविंशतिर्वामालामणयः उत्तरन्यासंकृत्वोपस्थानं जातवेदसे०तच्छंयो०नमोब्रह्मणइतिमंत्रैः सायंप्रातश्चोपतिष्ठेदितिपरिशिष्टमतं स्मृत्यंतरेमित्रस्यचर्षणीत्यादिमित्रदेवताकैःप्रातःइमंमेवरुणेत्यादिभिर्वरुणपदोपेतैः सायंसूर्योपस्थानमुक्तं प्राच्यैदिशेनमइंद्रायनमः आग्नेय्यैदिशेनमोग्नयेनमः इत्यादिना दशदिग्वंदनांते संध्यायैनमःगायत्र्यैनमःसावित्र्यै०सरस्वत्यै० सर्वाभ्योदेवताभ्योनमइतिनत्वा उत्तमेशिखरेजातेभूम्यांपर्वतमूर्धनि ब्राह्मणैरभ्यनुज्ञातागच्छदेवियथासुखमितिविसृज्य भद्रंनोअपिवातयमनः इतित्रिरुक्त्वाप्रदक्षिणंभ्रमन्नासत्यलोकादापातालादालोकालोकपर्वतात् येसंतिब्राह्मणादेवास्तेभ्योनित्यंनमोनमइतिभूम्युपसंग्रहंनमस्कृत्यद्विराचामेदिति ॥

હવે ગાયત્રી જપ કહે છે—પ્રાણાયામ કરી "गायत्र्या विश्वामित्रः सविता गायत्री जपे विनियोगः ॥ तत्सवितुर्हृदयाय नमः । वरेण्यं शिरसे स्वाहा । भर्गो देवस्य शिखायै वषट् । धीमहि कवचाय हुं । धियो यो नो नेत्रत्रयाय वौषट् । प्रचोदयात् अस्त्राय फट्," એ રીતે ષડંગ ન્યાસ કરવો, અથવા ન કરવો; કારણ, ન્યાસનો વિધિ વેદમાં કહ્યો નથી એ રીતે ગૃહ્યપરિશિષ્ટમાં સ્પષ્ટ છે. એ ઉપરથી અક્ષરન્યાસ, પાદન્યાસ ઇત્યાદિક, મુદ્રાદિક વિધિ, અને મંત્રનો શાપમોચનાદિ વિધિ એ પ્રકાર તંત્રગ્રંથોમાં કહ્યા છે, વેદમાં કહ્યા નથી તેથી એમનું પણ અવશ્ય કર્ત્તવ્યપણું નથી. પછી મંત્રદેવતાનું ધ્યાન કરવું. "કોઈ ગ્રંથકાર ગાયત્રી ઇત્યાદિક દેવતાઓનું ધ્યાન કરવું એમ કહે છે." પછી. "आगच्छ वरदे देवि, जपे मे सन्निधौ भव ॥ गायंतं त्रायसे यस्माद्गायत्री त्वं ततः स्मृता;" એ મંત્રવડે ગાયત્રીનું આવાહન કરી, "यो देवः सवितास्माकं, धियो धर्मादिगोचरे ॥ प्रेरयेत्तस्य तद्भर्गस्तद्वरेण्यमुपास्महे," એ રીતે મંત્રના અર્થનું ચિંતન કરતાં મૌન થઈ પ્રાતઃકાલે સૂર્યને સંમુખ ઉભા રહી સૂર્યમંડલ દૃષ્ટિગોચર થાય ત્યહાંપર્યંત, પ્રણવ અને વ્યાહૃતિએ યુક્ત એવા ગાયત્રીમંત્રનો (૧૦૮) કિંવા (૨૮) અથવા (૧૦) જપ કરવો. સાયંકાલે વાયુકોણને સંમુખ થઈ નક્ષત્ર દૃષ્ટિગોચર થાય ત્યહાંપર્યંત જપ કરવો, એ વિશેષ જાણવો. અનધ્યાયદિવસે અઠ્ઠાવીશ અને પ્રદોષદિવસે દશ કરવો એ રીતે કારિકામાં કહ્યું છે. રૂદ્રાક્ષ, પરવાલાં ઇત્યાદિકની માળાવડે અથવા આંગળીના પર્વવડે જપ કરવો. એક સો આઠ, ચોપન, સત્તાવીશ માળામાં મણિ (પારા) જોઇએ. પછી ઉત્તરન્યાસ કરી, "जातवेद०, तच्छंयो०, नमो ब्रह्मणे०" એ મંત્રવડે સાયંકાલે અને પ્રાતઃકાલે ઉપસ્થાન કરવું, એવો

ગૃહ્યપરિશિષ્ટનો મત છે. બીજી સ્મૃતિઓમાં, સૂર્ય જેના દેવતા છે એવા "मित्रस्य चर्षणी०" ઇત્યાદિક મંત્રવડે પ્રાતઃકાલે અને વરૂણશબ્દે યુક્ત એવા "इमं मे वरुण०" ઇત્યાદિક મંત્રવડે સાયંકાલે સૂર્યોપસ્થાન કરવું, એમ કહ્યું છે. ઉપસ્થાન કીધા પછી "प्राच्यै दिशे नमः इंद्राय नमः, आग्नेय्यै दिशे नमः अग्नये नमः" ઇત્યાદિક પ્રકારે દશ દિશાઓને વંદન કીધા પછી, "संध्यायै नमः, गायत्र्यै नमः, सावित्र्यै नमः, सरस्वत्यै नमः, सर्वाभ्यो देवताभ्यो नमः," એ રીતે નમસ્કાર કરી, "उत्तमे शिखरे जाते, भूम्यां पर्वतमूर्धनि ॥ ब्राह्मणैरभ्यनुज्ञाता, गच्छ देवि यथासुखं," એ મંત્રવડે સંધ્યાનું વિસર્જન કરી, "भद्रं नो अपि वातयमनः" આ મંત્ર ત્રણ વાર ભણી પ્રદક્ષિણા કરતાં "आसत्यलोकादापातालादा, लोकालोकपर्वतात् ॥ ये संति ब्राह्मणा देवास्तेभ्यो नित्यं नमोनमः" એ મંત્રવડે પૃથિવીને સ્પર્શપૂર્વક નમસ્કાર કરી બે વાર આચમન કરવું. એ રીતે ઋગ્વેદીઓનો સંક્ષેપે સંધ્યાવિધિ કહ્યો.

अथतैत्तिरीयाणाम् ॥ संकल्पांतंपूर्ववत् गायत्रींध्यात्वा आयातुवरदांदेवीअक्षरंब्रह्मसंमितं गायत्रीछंदसांमातेदंब्रह्मजुषस्वमे सर्ववर्णेमहादेविसंध्याविद्येसरस्वति अजरेअमरेदेविसर्वदेविनमोस्तुते ओजोसिसहोसिबलमसिभ्राजोसिदेवानांधामनामासि विश्वमसिविश्वायुः सर्वमसिसर्वायुरभिभूरोम् गायत्रीमावाहयामि सावित्रीमावाहयामि सरस्वतीमावाहया० छंदऋषीनावाह० श्रियं० ह्रियमावाहयामि इत्यावाह्यमार्जनंपूर्ववत् आपोवाइदँसर्वंविश्वाभूतान्यापःप्राणावाआपःपशवआपोन्नमापोमृतमापःसम्राडापोविराडापः स्वराडापश्छंदांस्यापोज्योतींष्यापोयजूंष्यापःसत्यमापः सर्वादेवता आपोभूर्भुवःसुवरापओमितिजलमभिमंत्र्य सूर्यश्चेतिपूर्ववन्मंत्राचमनं दधिक्राव्णोअकारिषमितिऋचमुक्त्वाआपोहिष्ठेतितिसृभिःहिरण्यवर्णाइतिपवमानःसुवर्जनइत्यनुवाकेनच ऋगंतेमार्जनांतेऽघमर्षणं कृत्वा नकृत्वा वार्घ्यदानादिगायत्रीजपांतमावाहनंमंत्रवर्ज्यंपूर्ववत् न्यासविधेरवैदिकत्वमुक्तमेव जपांते उपस्थानं मित्रस्यचर्षणी० मित्रोजना० प्रसमित्र० यच्चिद्धिते० यत्किंचेदं० कितवासोयद्रि० इति षड्भिरुपस्थाय प्राच्यैदिशेयाश्चदेवताएतस्यांप्रतिवसंत्येताभ्यश्चनमोनमइत्यादिनाअधरांताः षट्नत्वा अवांतरायैदिशेयाश्चदेवताइतिचनत्वा नमोगंगायमुनयोर्मध्येइत्यादिनामुनिदेवान्नत्वा सँ स्रवंतुदिशोइतिमंत्रंपठित्वागोत्राद्युच्चार्यपूर्ववद्भूम्युपसंग्रहंनत्वापूर्ववत्संध्यांविसृजेदिति ॥

હવે તૈત્તિરીય શાખાવાળાઓનો સંધ્યાપ્રયોગ કહે છે.

તૈત્તિરીય શાખાવાળાઓએ આચમનથકી સંકલ્પપર્યંત પ્રયોગ પ્રથમનીપેઠે કરી ગાયત્રીનું ધ્યાન કરી, आयातु वरदा देवी, अक्षरं ब्रह्मसंमितं ॥ गायत्री छंदसां मातेदं ब्रह्म जुषस्व मे ॥ सर्ववर्णे महादेवि, संध्याविद्ये सरस्वति ॥ अजरे अमरे देवि, सर्वदेवि नमोस्तु ते ॥ ओजोसि सहोसि बलमसि भ्राजोसि देवानां धामनामासि विश्वमसि विश्वायुः सर्वमसि सर्वायुरभिभूरोम् ॥ गायत्रीमावाहयामि ॥ सावित्रीमावाहयामि ॥ सरस्वतीमावाहयासि ॥ छंदऋषीनावाहयामि ॥ श्रियमावाह० ॥ ह्रियमावाह०," એ મંત્રવડે સંધ્યાનું આવાહન કરી માર્જન પ્રથમ પ્રમાણે કરવું. પછી હાથમાં જળ લઈ "आपो वा इदँ सर्वं विश्वा भूतान्यापः प्राणा वा आपः पशव आपोन्नमापोऽमृतमापः सम्राडापो विराडापः स्वराडापश्छंदांस्यापो ज्योतींष्यापो यजूंष्यापः सत्यमापः सर्वादेवता आपो भूर्भुवः सुवरापॐ," એ મંત્રવડે જળ મંત્રી "सूर्यश्च" એ મંત્રવડે પ્રથમ પ્રમાણે મંત્રાચમન કરવું. પછી, "दधिक्राव्णो०" એ ઋચા કહી "आपो हिष्ठा०" એ ત્રણ ઋચા, "हिरण्यवर्णा०," અને "पवमानः सुवर्जनः०," એ અનુવાક, એ મંત્રોવડે એટલે દર એક મંત્રની અંતે માર્જન કરવું પછી અઘમર્ષણ કરી અથવા ન કરી અર્ઘ્યદાનથકી ગાયત્રીજપપર્યંત કર્મ કરવું. ગાયત્રીનું આવાહન મંત્રરહિત પ્રથમપ્રમાણે કરવું. ન્યાસવિધિ વેદમાં કહી નથી એ પ્રથમજ કહ્યું છે. ગાયત્રીજપ કીધા પછી ઉપસ્થાન કરવું. તે આ રીતે—"मित्रस्य चर्षणी० मित्रोजनान्० प्रसमित्र० यच्चिद्धिते० यत्किंचेदं०, कितवासोयद्रि०" આ છ ઋચા કહી ઉપસ્થાન કરી, "प्राच्यै दिशे याश्च देवता एतस्यां प्रतिवसंत्येताभ्यश्च नमोनमः," ઇત્યાદિક મંત્રવડે પૂર્વાદિક ચાર દિશા, ઊર્ધ્વ દિશા, અને અધર દિશા એ છ દિશાને નમસ્કાર કરી, "अवांतरायै दिशे याश्च देवतार एतस्यां प्रतिवसंत्येताभ्यश्च नमोनमः" ઇત્યાદિક મંત્રવડે વિદિશા (ખુણા)ને નમસ્કાર કરવા. પછી "नमो गंगायमुनयोर्मध्ये०," ઇત્યાદિક

મંત્રવડે ઋષિ અને દેવતાઓને નમસ્કાર કરી, "सद्स्रवंतु दिशो०" આ મંત્ર પઠન કરી ગોત્ર, પ્રવર, અને નામ એમનો ઉચ્ચાર કરી પ્રથમની પેઠે પૃથ્વીના ગ્રહણપૂર્વક નમસ્કાર કરી પ્રથમ કહ્યા-પ્રમાણે સંધ્યાનું વિસર્જન કરવું. એ રીતે તૈત્તિરીય શાખાવાળાઓનો સંધ્યાપ્રયોગ કહ્યો.

अथकात्यायनानांसंध्याप्रयोगः ॥ आचम्य भूःपुनातुभुवःपुनातुस्वःपुनातुभूर्भुवःस्वःपुनात्वित्यादिनापावनंकृत्वा अपवित्रःपवित्रोवेतिविष्णुंस्मृत्वा आसनादिविधिंकृत्वाद्विराचम्यप्राणानायम्य पूर्ववत्संकल्प्य गायत्रींत्र्यक्षरांबालांसाक्षसूत्रकमंडलुं रक्तवस्त्रांचतुर्वक्त्रांहंसवाहनसंस्थितां ब्रह्माणीं ब्रह्मदैवत्यांब्रह्मलोकनिवासिनीं आवाहयाम्यहंदेवीमायांतींसूर्यमंडलात् आगच्छवरदेदेवित्र्यक्षरेब्रह्मवादिनि गायत्रिछंदसांमातर्ब्रह्मयोनेनमोस्तुते इत्यावाह्यपूर्ववत् आपोहिष्ठेतितृचेनमार्जयेत् सूर्यश्चेतिमंत्रस्यनारायणऋषिःसूर्योदेवताअनुष्टुप्छंदः आचमनेविनियोगः सूर्यश्चेति० जलंप्राश्याचम्य आपोहिष्ठेतिनवभिःप्रमार्जनंकुर्यादितिकेचिदाहुः बहवस्तुसंकल्पाद्यंतेसूर्यश्चेतिमंत्राचमनंकृत्वापोहिष्ठेतितिसृभिःप्रतिपादंमार्जनांतेऽघमर्षणंकार्यं नतुमार्जनद्वयमित्याहुः सुमित्र्यादुर्मित्र्याइतिद्वयोःप्रजापतिर्ऋषिःआपोदेवतायजुश्छंदःआदानप्रक्षेपे० सुमित्र्यानआपओषधयःसंतुइतिजलमादायदुर्मित्र्यास्तस्मैसंतुयोस्मान्द्वेष्टियंचवयंद्विष्मइतियाम्यांविक्षिपेत् ततऋतंचेतितृचेनद्रुपदेतित्रिरुक्तऋचावाघमर्षणंपूर्ववत् सायंप्रातर्ध्यानिरर्घ्यदानं पुष्पयुतजलेनपूर्ववत् मध्याह्नेसकृत्गायत्र्यापरितउक्षणं अथोपस्थानं उद्वयमुदुत्यमितिद्वयोः प्रस्कण्वःसूर्योनुष्टुब्गायत्र्यौ चित्रंदेवानामांगिरसःकुत्सःसूर्यस्त्रिष्टुप् तच्चक्षुर्दध्यङ्ङाथर्वणःसूर्यःपुरउष्णिक् उपस्थाने० उद्वयंतमस० १ उदुत्यंजा० १ चित्रंदे० १ तच्चक्षुर्देवहितंइतिऊर्ध्वबाहुःसूर्यमुदीक्षमाणोपस्थायासंपठेत् प्राणायामादिविधायन्यासमुद्रार्पणादिविधिःकृताकृतः तेजोसीतिपरमेष्ठीप्रजापतिराज्यंयजुःआवाहने० तेजोसिशुक्रमस्यमृतमसिधामनामासिप्रियंदेवानामनाधृष्टंदेवयजनमसि परोरजसइतिनिमलःपरमात्मानुष्टुप्गायत्र्युपस्था० गायत्र्यस्येकपदीद्विपदीत्रिपदीचतुष्पद्यपदस्यनहिपद्यसेनमस्तेतुरीयायदर्शनायपदायपरोरजसेसावदोम् ततोगायत्रीजपांतंपूर्ववत् ततःशाकेनविभ्राडितिअनुवाकेनपुरुषसूक्तेनवाशिवसंकल्पेनवामंडलब्राह्मणेनवोपस्थानंकार्यं अत्रऋक्शाखोक्तयद्दिग्यंर्तनंचित्कुर्वंति ततउत्तमेशिखरे० देवागातुविदोगातुमितिमंत्राभ्यांविसर्जनं भूम्युपसंग्रहंनमस्कारादिपूर्ववत् इतिकात्यायनसंध्या ॥

ण्णिक् ॥ उपस्थाने विनियोगः ॥ उद्वयंतमस० १, उदुत्यंजा० १, चित्रंदेवानां० १, तच्चक्षुर्देवहितं० १,” એ ઋચા ઉંચા હાથ રાખી સૂર્ય સામે જોઇ પોતાની શાખાપ્રમાણે ભણવી. પછી પ્રાણાયામ ઇત્યાદિક કરવા. ન્યાસ, મુદ્રા, તર્પણ ઇત્યાદિક વિધિ કરવો અથવા ન કરવો એમ છે. “तेजोसीति परमेष्ठी प्रजापतिराज्यं यजुः । आवाहने विनियोगः ॥ तेजोसि शुक्रमस्यमृतमसि धामनामासि प्रियं देवानामनाधृष्टं देवयजनमसि ॥ परोरजसइति विमलः परमात्मानुष्टुप् गायत्र्युपस्थाने विनियोगः गायत्र्यस्येकपदी द्विपदी त्रिपदी चतुष्पद्यपदसि नहि पद्यसे नमस्ते तुरीयाय दर्शनाय पदाय परोरजसे सावदोम्,” એ મંત્રવડે ઉપસ્થાન કીધા પછી ગાયત્રીજપપર્યંત કર્મ પ્રથમપ્રમાણે કરવું. પછી શક્તિમાન્ હોય તેણે “विभ्राट्” એ અનુવાક કિંવા “पुरुषसूक्त” અથવા “शिवसंकल्पसूक्त” કિંવા “मंडलब्राह्मण” એવડે ઉપસ્થાન કરવું. ઋક્ શાખામાં દિશાઓને વદન કરવાનું જેમ કહ્યું છે તેમ ઇહાં પણ દિશાઓને વંદન કેટલાએક કરે છે પછી, “उत्तमे शिखरे०” “देवा गातुविदो गातुं०” એ મંત્રવડે સંધ્યાનું વિસર્જન કરવું. પૃથ્વી ઉપર સાષ્ટાંગ નમસ્કાર ઇત્યાદિક કર્મ પ્રથમપ્રમાણે કરવાં. એ રીતે કાત્યાયનોની સંધ્યા કહી.

संध्यामुपासतेयेतेनिष्पापाब्रह्मलोकगाः अन्यकर्मफलंनास्तिसंध्याहीनेऽशुचित्वतः जीवमानोभवेच्छूद्रोमृतःश्वाजायतेध्रुवम् ॥

“જે દ્વિજ વિનયપૂર્વક સંધ્યાનું ઉપાસન કરે છે તે પાપરહિત થઈ બ્રહ્મલોકપ્રત્યે જાય છે.” જે દ્વિજ સંધ્યા કરતા નથી તે અપવિત્ર છે અને અપવિત્ર હોવાથી જે બીજું ધર્મકૃત્ય કરે તેનું તેને ફળ મળતું નથી. તે પુરૂષ જીવતો છતો શૂદ્ર છે અને મરણ પછી અવશ્ય શ્વાન (કુતરો) થાયછે.

संध्यात्रयेकालातिक्रमेप्रायश्चित्तार्थमेकमर्घ्यमधिकंदत्वारात्रौप्रहरपर्यंतंदिनोक्तकर्माणिकुर्यात् ब्रह्मयज्ञंसौरंचवर्जयेत् सर्वथासंध्यालोपेप्रतिसंध्यमेकोपवासोयुतमष्टोत्तरसहस्रंवागायत्रीजपः अत्यशक्तौ प्रतिसंध्यालोपेशतगायत्रीजपः द्व्यहंत्र्यहंलोपेतदावृत्तिः ततःपरंकृच्छ्रादिकल्प्यम् ॥

પ્રાતઃસંધ્યા, માધ્યાહ્નસંધ્યા અને સાયંસંધ્યાના જે મુખ્ય કાલ કહ્યા છે તેમનું ઉલ્લંઘન થઈ જાય તો પ્રાયશ્ચિત્તાર્થ એક અર્ઘ્યદાન અધિક કરવું, અને રાત્રિએ એક પોહોર રાત્ર થાય ત્યાંસુધી દિવસે કહેલાં કર્મ કરવાં. બ્રહ્મયજ્ઞ અને સૌરસૂક્તનો પાઠ એ રાત્રિએ કરવાં નહીં. સર્વથા સંધ્યાનો લોપ થયો હોય તો એક સંધ્યાના લોપનિમિત્ત એક ઉપવાસ, દશ હજાર અથવા (૧૦૦૮) ગાયત્રીજપ કરવો. અત્યંત અશક્તિ હોવાથી સંધ્યાનો લોપ થયો હોય તો પ્રત્યેક સંધ્યાએ (૧૦૦) ગાયત્રીજપ કરવો. બે અથવા ત્રણ દિવસ સંધ્યાલોપ થયો હોય તો ગાયત્રીજપાદિકની આવૃત્તિ કરવી. ત્રણ કરતાં અધિક દિવસ સંધ્યાનો લોપ થયો હોય તો કૃચ્છ્રાદિક પ્રાયશ્ચિત્ત કરવાં.

अथौपासनहोमः ॥ स्वयंहोमोमुख्यः अशक्तौपत्नीपुत्रःकुमारीभ्राताशिष्योभागिनेयोजामाताऋत्विग्वा पुत्रादिर्दंपत्योःसंनिधानेएकतरसंनिधानेवाजुहुयात् त्यागंयजमानः पत्नीवाकुर्यात् तस्याअसंनिधौतदाज्ञयाऋत्विगादिरपि पत्न्याऋतुप्रसवोन्मादादिदोषेतुतदाज्ञांविनापिऋत्विगादिस्त्यागंकुर्यात् स्वयंहोमेफलंयत्स्यादन्यैर्होमेतदर्धकं पर्वणितुस्वयमेवजुहुयात् तत्रप्रातःसूर्योदयात्प्राक्सायंसूर्यास्तात्प्राक्अग्नीनांगृह्याग्नेर्वाप्रादुष्करणंकृत्वा सूर्योदयास्तोत्तरंहोमःकार्यः प्रादुष्करणकालातिक्रमेॐभूर्भुवःस्वःस्वाहेतिमंत्रेणस्रुवाज्याहुतिरूपंसर्वप्रायश्चित्तमाज्यसंस्कारपूर्वकंकृत्वाहोमः सूर्योदयोत्तरंदशघटिकापर्यंतंप्रातर्होमकालोमुख्यः ततआसायंगौणः सायंनवनाडिकापर्यंतंमुख्यः ततआप्रातर्गौणः मुख्यकालातिक्रमेकालातिक्रमनिमित्तप्रायश्चित्तपूर्वकममुकहोमंकरिष्यइति संकल्प्याज्यंसंस्कृत्यस्रुचिचतुर्गृहीतंगृहीत्वासायंकालेदोषावस्तर्नमःस्वाहेतिहुत्वा प्रातस्तुप्रातर्वस्तर्नमःस्वाहेतिहुत्वाहौम्यंसंस्कृत्यनित्यहोमः श्रौतहोमंकृत्वास्मार्तहोमः केचित्स्मार्तहोमंपूर्वमाहुः आधानेपुनराधानेसायमुपक्रमोहोमः सायंप्रातर्होमयोर्द्रव्यैक्यंकर्त्रैक्यंच प्रातर्यजमानःकर्ताचेत्कर्तृभेदोनदोषाय ॥

હવે ઔપાસન (સાયંકાલ, પ્રાતઃકાલ અગ્નિવિષે) હોમ કરવો તે કહે છે.

સાયંકાલે અને પ્રાતઃકાલે હોમ કરવાનો તે પોતે હોમ કરે તો મુખ્ય છે. પોતાને હોમ કરવાની શક્તિ ન હોય તો સ્ત્રી, પુત્ર, કન્યા, ભાઇ, શિષ્ય બેહેનનો દીકરો, જમાઇ, અથવા ઋત્વિક્

એમાંના કોઇએકને હાથે હોમ કરાવવો. પુત્ર ઇત્યાદિકે હોમ કરવાનો હોય તો દંપતી (સ્ત્રી પુરૂષ) સમીપમાં છતાં અથવા એમાંથી એક તો સમીપમાં છતાં હોમ કરવો, યજમાન અથવા યજમાનની સ્ત્રીએ ત્યાગ કહેવો. યજમાનની સ્ત્રી સમીપમાં ન હોય તો તેની આજ્ઞાએ ઋત્વિક્ ઇત્યાદિકે પણ ત્યાગ કરવો. પત્નીને રજોધર્મ, સુવાવડ, ભ્રમ ઇત્યાદિક દોષ હોય તો તેની આજ્ઞાવિના પણ ઋત્વિક્ આદિકે ત્યાગ કરવો. "પોતે હોમ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તેના કરતાં અર્ધું ફળ બીજાએ હોમ કરવાથી પ્રાપ્ત થાય છે." પર્વણીને દિવસે તો પોતેજ હોમ કરવો. પ્રાતઃકાલે સૂર્યોદયની પ્રથમ અને સાયંકાલે સૂર્યાસ્તની પ્રથમ અગ્નિ (દક્ષિણાગ્નિ, ગાર્હપત્ય અને આહવનીય) અથવા ગૃહ્યાગ્નિનું પ્રાદુષ્કરણ (પ્રજ્વલિત કરવું) કરી પ્રાતઃકાલે સૂર્યોદય પછી અને સાયંકાલે સૂર્યાસ્ત પછી હોમ કરવો. પ્રાદુષ્કરણનો કાલ ટળી ગયો હોય તો આજ્યસસ્કારપૂર્વક સુવાપાત્રવડે આજ્યની આહુતિ "ॐभूर्भुवःस्वः स्वाहा" એ મત્રવડે દેવી; એ સર્વ પ્રાયશ્ચિત્ત કરી હોમ કરવો. સૂર્ય ઉદય પછી દશ ઘડીપર્યંત પ્રાતર્હોમનો મુખ્ય કાલ છે. દશ ઘડી પછી સાયંકાલપર્યંત ગૌણ કાલ છે. સાયંકાલે નવ ઘડીપર્યંત મુખ્ય કાલ છે. નવ ઘડી પછી પ્રાતઃકાલપર્યંત ગૌણ કાલ જાણવો. મુખ્ય કાલ ટળી ગયો હોય તો, "कालातिक्रमनिमित्तप्रायश्चित्तपूर्वकममुकहोमं करिष्ये," એવો સંકલ્પ કરી આજ્યસંસ્કાર કરી સુચિપાત્રમાં ચાર વાર આજ્ય લઈ સાયકાલે, "दोपावस्तर्नमः स्वाहा," એ મંત્રવડે આહુતિ દેવી. પ્રાતઃકાલે, "प्रातर्वस्तर्नमः स्वाहा," એ મત્રવડે પ્રાયશ્ચિત્તહોમ કરી હોમદ્રવ્યનો સંસ્કાર કરી નિત્યહોમ કરવો. પ્રથમ શ્રૌત હોમ કરી પછી સ્માર્ત્ત હોમ કરવો. કોઈ ગ્રંથકાર સ્માર્ત્ત હોમ પ્રથમ કરવો એમ કહે છે. આધાન અને પુનરાધાનવિષે સાયંકાલે હોમનો આરંભ કરવો. સાયંકાલે અને પ્રાતઃકાલે હોમનું દ્રવ્ય અને હોમનો કર્ત્તા એકજ જોઇએ. જો પ્રાતઃકાલે હોમકર્ત્તા યજમાન હોય તો કર્ત્તા ભિન્ન થવાનો દોષ નથી.

अथाश्वलायनस्मार्तहोमः ॥ आचम्यप्राणानायम्यदेशकालौसंकीर्त्यश्रीपरमेश्वरप्रीत्यर्थंसायमौपासनहोमंप्रातरौपासनहोमंवामुकद्रव्येणकरिष्ये चत्वारिशृंगेतिध्यात्वासोदकहस्तेनत्रिःपरिसमुह्यपरिस्तीर्यत्रिःपर्युक्ष्य होमद्रव्यंसमिद्युतमुत्तरतःस्थितंदर्भेणावज्वाल्यप्रोक्ष्यत्रिःपर्यग्निकृत्वाग्नेःपश्चिमतोदर्भेनिधाय विश्वानिनइत्यभ्यर्च्यप्रजापतिंमनसाध्यायन्समिधमग्नौप्रक्षिप्यतथैवत्यक्त्वासमिधिप्रदीप्तायांशततंडुलैरग्नयेस्वाहेतिसायंप्रथमाहुतिः सूर्यायस्वाहेतिप्रातःप्रथमाहुतिः शताधिकतंडुलैः प्रजापतयइतिमनसोच्चार्यहोमत्यागाभ्यांद्वितीयाहुतिरुभयकाले परिस्तरणंविसृज्यपरिसमूहनपर्युक्षणेकृत्वोपस्थानं अग्नआयूंषीतितिसृणांशतंवैखानसाअग्निःपवमानोगायत्री अग्न्युपस्थानेविनियोगः अग्नेत्वन्नइतिचतसृणांगौपायनाबंधुःसुबंधुःश्रुतबंधुर्विप्रबंधुश्चाग्निर्द्विपदाविराट् अग्न्युपस्थानेवि० प्रजापतेहिरण्यगर्भःप्रजापतिस्त्रिष्टुप् प्रजापत्युपस्थानेविनियोगः तंतुंतन्वन्देवाअग्निर्जगती यद्वा देवाःप्रजापतिर्जगती उपस्थानेविनियोगः हिरण्यगर्भोहिरण्यगर्भःप्रजापतिस्त्रिष्टुप् प्रजापत्युप० इतिवायव्यदेशेतिष्ठन्नुपस्थायउपविश्य मानस्तोकइत्यादिनाविभूतिधारणंकचिदुक्तं विष्णुंस्मृत्वा अनेनहोमकर्मणाश्रीपरमेश्वरःप्रीयतामित्यर्पयेत् प्रातस्तु सूर्योनोदियःसूर्यश्चक्षुःसूर्योगायत्री सूर्योप० उदुत्यंकाण्वःप्रस्कण्वःसूर्योगायत्री सूर्योप० चित्रंदेवानामांगिरसः कुत्सः सूर्यस्त्रिष्टुप् सूर्योप० नमोमित्रस्यसूर्योभितपाःसूर्योजगती सू०इतिचतुर्भिःपूर्वोक्तैस्त्रिभिःप्राजापत्यैश्चोपस्थानं केचित्प्रातस्तंतुंतन्वन्नितिनपठंति पत्नीकुमारीकर्तृकहोमेध्यानोपस्थानादौमंत्रावर्ज्याः ॥

હવે આશ્વલાયનોના સ્માર્ત્તહોમનો પ્રયોગ કહે છે.

આચમન, પ્રાણાયામ કરી દેશ, કાલનો ઉચ્ચાર કરી, "श्रीपरमेश्वरप्रीत्यर्थं सायमौपासनहोमं प्रातरौपासनहोमं वामुकद्रव्येण करिष्ये," એવો સંકલ્પ કરી, "चत्वारिशृंगा०" એ મંત્ર ભણી અગ્નિનું ધ્યાન કરવું. પછી હાથમાં જળ લઈ ત્રણ વાર કુડ અથવા સ્થંડિલને સિંચન કરી તેજપ્રમાણે દર્ભનું પરિસ્તરણ કરી ત્રણ વાર જળનું પ્રોક્ષણ કરવું. પછી કુંડની ઉત્તર દિશામાં રાખેલું સમિધસહિત હોમદ્રવ્ય પ્રજ્વલિત દર્ભવડે પ્રકાશિત કરી જળવડે પ્રોક્ષણ કરી તે દ્રવ્ય અગ્નિ ઉપર ત્રણ વાર ફેરવી અગ્નિની પશ્ચિમ તરફ દર્ભ ઉપર રાખી, "विश्वानिनो०," એ મંત્રવડે અગ્નિની ગધાદિકવડે પૂજા કરી મનમાં પ્રજાપતીનું ધ્યાન કરતાં સમિધ અગ્નિમાં નાખી તેમજ ત્યાગ મનમાં કહી સમિધ પ્રદીપ્ત થયા પછી સો તંડુલ (ચોખા) લઈ "अग्नये स्वाहा" એ મંત્રવડે સાયંકાલે

પ્રથમ આહુતિ અને "सूर्याय स्वाहा०" એ મંત્રવડે પ્રાતઃકાલે પ્રથમ આહુતિ, અને સો કરતાં અધિક તંડુલ લઇ તેવડે, "प्रजापतये०" એવો મનમાં ઉચ્ચાર કરી હોમ અને ત્યાગ કરી બીજી આહુતિ સાયં અને પ્રાતઃકાલે દેવી. પરિસ્તરણ કરેલો દર્ભ કાઢી પ્રથમપ્રમાણે ઉદકનું સિંચન અને પ્રોક્ષણ કરી ઉભા રહી અગ્નિનું ઉપસ્થાન કરવું. તેના મંત્ર—"अग्न आयूंषीति तिसृणां शतं वैखानसाग्निः पवमानोगायत्री अग्न्युपस्थाने विनियोगः ॥ अग्नेत्वन्न इति चतसृणां गौपायना बंधुः सुबंधुः श्रुतबंधुर्विप्रबंधुश्चाग्निर्द्विपदाविराट् अग्न्युपस्थाने विनियोगः ॥ प्रजापतेहिरण्यगर्भः प्रजापतिस्त्रिष्टुप् प्रजापत्युपस्थाने विनि० ॥ तंतुं तन्वन्देवा अग्निर्जगती ॥ यद्वा देवाःप्रजापतिर्जगती उपस्थाने विनि० ॥ हिरण्यगर्भो हिरण्यगर्भः प्रजापतिस्त्रिष्टुप् प्रजापत्युपस्थाने विनि०" એ મંત્ર ભણી વાયવ્ય દિશામાં ઉભા રહી ઉપસ્થાન કરી બેસી, "मानस्तोके०" ઇત્યાદિક મંત્રવડે વિભૂતિ ધારણ કરવું, એમ કોઇ ગ્રંથમાં કહ્યું છે. વિષ્ણુનું સ્મરણ કરી, "अनेन होमकर्मणा परमेश्वरः प्रीयतां" એ વાક્ય કહી કર્મ ઈશ્વરને અર્પણ કરવું. પ્રાતઃકાલે ઉપસ્થાન કરવું તેના મત્ર–"सूर्योनो दिवः सूर्यश्चक्षुः सूर्यो गायत्री सूर्योपस्थाने विनियोगः ॥ उदुत्यंकाण्वः प्रस्कण्वः सूर्यो गायत्री सूर्योपस्थाने विनि० ॥ चित्रं देवानामांगिरसः कुत्सः सूर्यस्त्रिष्टुप् सूर्योपस्थाने विनि० ॥ नमो मित्रस्य सूर्योभितपाः सूर्यो जगती ॥ सूर्योपस्थाने विनि०" આ ચાર મંત્ર, અને પ્રથમ કહેલા, પ્રજાપતિ છે દેવતા જેના એવા ત્રણ મત્ર એ રીતે સાત મંત્રવડે પ્રાતઃકાલે સૂર્યોપસ્થાન કરવું. કોઈ શિષ્ટજન પ્રાતઃકાલે "तंतुं तन्व" એ મત્ર ભણતા નથી. પત્ની અથવા કુમારી હોમ કરનાર હોય તો ધ્યાન, ઉપસ્થાન ઇત્યાદિકવિષે મંત્ર ભણવા નહીં. એ રીતે આશ્વલાયનોના સ્માર્તહોમનો પ્રયોગ કહ્યો.

अथहिरण्यकेशीयानाम् ॥ पूर्वोक्तसंकल्पाद्यंते यथाहतद्वसवइतिपरिसमुह्यपरिस्तीर्य अदितेनुमन्यस्वेतिदक्षिणतःप्राचीनंपर्युक्षेत् अनुमतेनुमन्यस्वेतिपश्चादुदीचीनं सरस्वतेनुमन्यस्वेति उत्तरतःप्राचीनं देवसवितःप्रसुवेतिसर्वतः तूष्णींसमिधमाधायहोमादिप्राग्वत् अदितेन्वमंस्थाः अनुमतेन्व०सरस्वतेन्व० देवसवितःप्रासावीरितिपूर्ववत्परिषेचनं उदुत्यंचित्रंदेवानामितिप्रातरुपस्थानं अग्निर्मूर्धादिवइतित्वामग्नेपुष्करादधीतिद्वाभ्यांसायमुपस्थानं आपस्तंबानांसायमग्नयेस्वाहाग्नयेस्विष्टकृतेस्वाहेतिद्वेआहुती प्रातस्तुसूर्यायस्वाहाग्नयेस्विष्टकृतेस्वाहेतिविशेषः शेषंहिरण्यकेशीयवत् ॥

હવે હિરણ્યકેશીય શાખાવાળાઓના સ્માર્તહોમનો પ્રયોગ કહે છે.

હિરણ્યકેશીય શાખાવાળાઓએ પૂર્વોક્તપ્રમાણે સંકલ્પ ઇત્યાદિક કરી "यथाहतद्वसव०" એ મત્રવડે કુંડની ચોતરફ જળ સિંચન કરી તેમજ દર્ભ પાથરી "अदितेनुमन्यस्व०" એ મંત્રવડે કુંડની દક્ષિણદિશામાં પશ્ચિમથી પૂર્વપર્યંત, "अनुमतेनुमन्यस्व" એ મંત્રવડે પશ્ચિમ દિશામાં દક્ષિણથી ઉત્તરપર્યંત, "सरस्वतेनुमन्यस्व" એ મંત્રવડે ઉત્તર દિશામાં પશ્ચિમથી પૂર્વપર્યંત, અને "देवसवितःप्रसुव०" એ મંત્રવડે ચોતરફ ઈશાન કોણથકી ઈશાન કોણપર્યંત પ્રદક્ષિણ એ પ્રમાણે ઉદક સિંચન કરવું. પછી અગ્નિવિષે મંત્રવિના સમિધહોમ કરી બીજું હોમાદિક કર્મ પ્રથમપ્રમાણે કરવું. પછી "अदितेन्वमंस्थाः ॥ अनुमतेन्व० ॥ सरस्वतेन्व० ॥ देवसवितःप्रासावीः" એ ચાર મંત્ર ભણી પ્રથમ પ્રમાણે જળ સિંચન કરવું. "उदुत्यं०, चित्रंदेवानां०" એ બે મંત્ર ભણી પ્રાતઃકાલે ઉપસ્થાન કરવું. અને, "अग्निर्मूर्द्धादिवः० त्वामग्नेपुष्करादधि०" એ બે મંત્ર ભણી સાયકાલે ઉપસ્થાન કરવું. આપસ્તંબોની સાયંકાલની "अग्नयेस्वाहा अग्नये स्विष्टकृते स्वाहा," એ બે આહુતિ થાય છે. પ્રાતઃકાલે તો, "सूर्याय स्वाहा, अग्नये स्विष्टकृते स्वाहा," એ બે આહુતિ છે એટલો વિશેષ જાણવો. બાકીનું બીજું કર્મ હિરણ્યકેશીય પ્રમાણે જાણવું.

अथकात्यायनानाम् ॥ सायमस्तमितेहोमः प्रातःसूर्येऽनुदितेहोमः तत्रप्रातरुपस्थानांतांसंध्यांकृत्वाहोमांतेगायत्रीजपादिसंध्यासमापनं तत्रपूर्ववत्संकल्पांतेउपयमनान्कुशानादायसव्येकृत्वादक्षिणकरेणतिस्रःसमिधोग्नावाधाय मणिकोदकेनपर्युक्ष्याग्निमर्चयित्वाग्नयेस्वाहाप्रजापतयेस्वाहेतिसायंदध्नातंडुलैर्वाहुत्वाप्रातस्तथैवसूर्यायप्रजापतयेचजुहुयात् समास्त्वेत्यनुवाकेनसायमुपस्थानंप्रातस्तुविभ्राडित्यनुवाकेन अत्रदधिहोमादौसंस्रवप्राशनमाहुः होमलोपेष्टोत्तरसहस्रगायत्रीजपः मुख्यकालातिक्रमेअनादिष्टहोमः ॥

હવે કાત્યાયનોના સ્માર્ત્તહોમનો પ્રયોગ કહે છે.

કાત્યાયનોએ સાયંકાલે સૂર્યાસ્તપછી હોમ કરવો. પ્રાતઃકાલે સૂર્યોદયની પ્રથમ હોમ કરવો. તે આ રીતે-પ્રાતઃકાલે ઉપસ્થાનપર્યંત સંધ્યા કરી હોમ કરવો. પછી ગાયત્રીજપ ઇત્યાદિ બાકીની સંધ્યા સમાપ્ત કરવી. તે હોમવિષે પ્રથમ કહ્યાપ્રમાણે સંકલ્પ કરી ઉપયમન નામના દર્ભ લઇ તે ડાબા હાથમાં રાખી જમણે હાથે ત્રણ સમિધ અગ્નિમાં હોમ કરી કળશના જળવડે કુંડની ચોતરફ પ્રોક્ષણ કરી અગ્નિની પૂજા કરી સાયંકાલે "अग्नयेस्वा०, प्रजापतयेस्वा०" એ મંત્રવડે દહીં અથવા તંડુલવડે હોમ કરવો, અને પ્રાતઃકાલે સાયંકાલના હોમપ્રમાણે "सूर्याय स्वाहा, प्रजापतये स्वाहा" એ બે મંત્રવડે હોમ કરવો. "समास्त्व०" એ અનુવાકવડે સાયંકાલે ઉપસ્થાન કરવું, અને પ્રાતઃકાલે તો "विभ्राट्०" એ અનુવાકવડે ઉપસ્થાન કરવું. ઇહાં દહીં ઇત્યાદિકનો હોમ કર્યો હોય તો સંસ્રવનું પ્રાશન કરવું એમ કહે છે. હોમનો લોપ થયો હોય તો ૧૦૦૮ ગાયત્રીજપ કરવો. મુખ્ય હોમકાલનો લોપ થયો હોય તો [1]અનાદિષ્ટ હોમ કરવો.

अथहोमद्रव्याणि ॥ व्रीहिश्यामाकयवानांतंडुलाः पयोदधिसर्पिर्यवव्रीहिगोधूमप्रियंगवःस्वरूपेणापिहोम्याःतिलास्तुस्वरूपेणैव तंडुलादयःशतसंख्याहस्तेनहोतव्याः दध्यादिद्रवद्रव्यंस्रुवेण सर्वत्रोत्तराहुतिःपूर्वतोभूयसी समिधश्चार्कपलाशखदिरापामार्गपिप्पलोदुंबरशमीदूर्वादर्भमयादशद्वादशांगुलाःसत्वचः वटप्लक्षविल्वादिजाहेमाद्रौ होमाहुत्योःसंसर्गेयन्नवेत्थेतिमंत्रेणाग्नयेसमिद्धोमः नित्यहोमेत्वतिक्रांतेआज्यंसंस्कृत्यचतुर्गृहीत्वा मनोज्योतिर्जुपतामितिजुहुयात् द्वादशदिनपर्यंतंहोमलोपेइदमेवप्रायश्चित्तं ततःपरमग्निनाशः एवंहोमलोपप्रायश्चित्तंकृत्वातिक्रांतहोमार्थंद्रव्यंसंस्कृत्यसायंप्रातःक्रमेणद्वेद्वेआहुती दिनगणनयाजुहुयात् अग्निसूर्यप्रजापतीनुपतिष्ठेन्नवाजुहुयात् प्रायश्चित्तेनचारितार्थ्यात् सूतकादिनाहोमलोपेप्येवंहिरण्यकेशीयानामप्येवं आपस्तंबादीनांत्रिरात्रात्परमग्निनाशोभवतीतिसूतकेपिस्वयंहोमः कार्यः समारोपोत्तरंसूतकपातेप्रत्यवरोहासंभवेनत्रिरात्रंहोमलोपेपुनराधानम् ॥

હવે હોમનાં દ્રવ્ય કહે છે.

વ્રીહિ (ભાત), સામો અને જવ એમના તંદુલ લેવા. અથવા દૂધ, દહીં, ઘી, જવ, વ્રીહિ, ઘઉં, કાંગ, એ દ્રવ્યસ્વરૂપેજ એટલે વ્રીહિ ઇત્યાદિકના તંદુલ કાઢ્યાવિના પણ હોમ કરવાને યોગ્ય છે. તિલ તો જેવા હોય તેવાજ હોમ કરવાને યોગ્ય છે. તંદુલ ઇત્યાદિક હોમ માટે લેવા હોય તો એક એક આહુતિમાટે એક સો લઇ હાથવતી હોમ કરવો. દહીં ઇત્યાદિક પ્રવાહી દ્રવ્ય સ્રુવાપાત્રવડે હોમવાં. પ્રથમ આહુતિ કરતાં બીજી આહુતિ અધિક લેવી એવો સર્વત્ર નિયમ છે. સમિધ-આકડો, ખાખરો, ખેર અઘાડો, પિપળા, ઉંબર, શમી (કંડી) દૂર્વા, અને દર્ભ એ વૃક્ષની સમિધ દશ અથવા બાર અંગુલની લાંબી છાલસહિત ગ્રહણ કરવી. વડ, પિપળી, બિલી ઇત્યાદિ વૃક્ષનાં સમિધ લેવાં એમ હેમાદ્રિમાં કહ્યું છે. એ આહુતિનો સંસર્ગ થયો હોય તો "यत्रवेत्थ०" એ મંત્રવડે અગ્નિને ઉદ્દેશે સમિધહોમ કરવો. નિત્યહોમને વિલંબ થયો હોય તો આજ્યનો સંસ્કાર કરી તે આજ્ય ચાર વાર સ્રુચિપાત્રમાં લઇ "मनोज्योतिर्जुपतां०" એ મંત્રવડે હોમ કરવો. બાર દિવસપર્યંત હોમનો લોપ થયો હોય તો એજ પ્રાયશ્ચિત્ત કરવું. બાર કરતાં અધિક દિવસ હોમનો લોપ થયો હોય તો અગ્નિનો નાશ થાય છે. એ રીતે હોમ લોપ થવાનું પ્રાયશ્ચિત્ત કરી લુપ્ત થયલો હોમ કરવામાટે હોમદ્રવ્યનો સંસ્કાર કરી સાયંકાલે અને પ્રાતઃકાલે ક્રમે કરી બે બે આહુતિ, તે જેટલા દિવસ હોમનો લોપ થયો હોય તેટલા દિવસ લેખી તેપ્રમાણે હોમ કરવો, અને અગ્નિ, સૂર્ય તથા પ્રજાપતિનું ઉપસ્થાન કરવું. અથવા અતિક્રાંત (પ્રથમ ન થયલો) હોમ કરવો નહીં; કારણ પ્રાયશ્ચિત્ત કરવાથી હોમ કરવાનું ફલ મળે છે. આશૌચ ઇત્યાદિક નિમિત્તથકી હોમનો લોપ થયો હોય તો પણ એજ પ્રાયશ્ચિત્ત જાણવું. હિરણ્યકેશીયોનો પણ એજપ્રમાણે નિર્ણય જાણવો. આપસ્તંબ ઇત્યાદિકોનો હોમલોપ થયો હોય તો ત્રિરાત્ર પછી અગ્નિ નાશ થાય છે, માટે

---

[1] સંપૂર્ણ કર્મ કહી જ્યહાં હોમ કહ્યો નથી ત્યહાં અનાદિષ્ટ (અનાદેશ) હોમ કરવો, એટલે अग्नि १, वायु २, सूर्य ३, प्रजापति ४, अग्नीवरुण ५, अग्नीवरुण ६, अयाग्नि ७, वरुण सविता विष्णु विश्वेदेव मरुत् स्वर्क ८, वरुण मादित्य अदिति ९ એ નવ આહુતિવડે કહેલી દેવતાઓનો ઉદ્દેશ કરી હોમ કરવો.

તેમણે સૂતકવિષે પણ પોતે હોમ કરવો. કદી અગ્નિનો સમારોપ કીધા પછી આશૌચ પ્રાપ્ત થાય અને તે કારણથી પ્રત્યવરોહ (ફરી સ્થાપન) કરવાનો સભવ ન હોવાથી ત્રણ રાત્રિ હોમનો લોપ થાય તો (આપસ્તબ ઇત્યાદિકોએ) પુનરાધાન કરવું.

अथसमस्यहोमः ॥ सायंप्रातर्होमौसमस्यकरिष्ये पूर्ववत्सायंकालहोमांतंकृत्वापर्युक्ष्यपुनर्द्रव्यं संस्कृत्यसमिधंप्रक्षिप्यसूर्यप्रजापत्याहुतीदत्वाहविष्पांतमित्युपतिष्ठेत् हविष्पांतमितिपंचर्चस्यवामदेवः सूर्यवैश्वानरौत्रिष्टुप् नित्यवत्प्रजापत्युपस्थानम् ॥

હવે સમસ્ય હોમ કહે છે.

(કાંઇ એક આપત્તિ પ્રાપ્ત થવાથી સાયંહોમ અને પ્રાતર્હોમ એ બન્ને સાયકાલેજ કરવા તેને સમસ્ય હોમ કહે છે). તેનો પ્રયોગ—" सायंप्रातर्होमौ समस्य करिष्ये, " એવો સકલ્પ કરી પૂર્વોક્ત રીતિપ્રમાણે સાયકાલના હોમપર્યંત કર્મ કરી જળવડે પ્રોક્ષણ કરી ફરી દ્રવ્યનો સસ્કાર કરી અગ્નિમાં સમિધ હોમ કરી સૂર્ય અને પ્રજાપતીને ઉદ્દેશે એક એક આહુતિ દઈ " हविष्पांतं० " એ પાંચ ઋચાવડે ઉપસ્થાન કરવુ. " हविष्पांतमितिपंचर्चस्य वामदेवः सूर्यवैश्वानरो त्रिष्टुप् " નિત્યપ્રમાણે પ્રજાપતિ મત્રવડે ઉપસ્થાન કરવું.

अथपक्षहोमः ॥ प्रतिपदि अद्यसायमारभ्यचतुर्दशीसायमवधिकान्पक्षहोमान्तंत्रेणकरिष्ये सायंतंडुलान्पात्रद्वयेवृद्धिक्षयानुसारेण चतुर्दशादिवारंगृहीत्वा होमकालेग्नयेस्वाहेतिसर्वान्पूर्वपात्रस्थानेकदेवहुत्वाद्वितीयपात्रस्थान्प्रजापतयेतथैवजुहुयात् एवंद्वितीयायांप्रातरद्यावधिपर्वप्रातरवधिकान्पक्षहोमान्तंत्रेणकरिष्यइत्यादिसायंवत् विशेषस्तुप्रथमपात्रस्थान्सूर्यायस्वाहेतिजुहुयात् द्वितीयपात्रस्थान्प्रजापतयेस्वाहेतिहुत्वोभयत्रसमिदेकोपस्थानादिसकृत् पक्षमध्येआपत्प्राप्तौतत्सायंकालाच्चतुर्दशीसायंपर्यंतान्शेषहोमान्सायंपक्षहोमवद्धुत्वा पर्वप्रातर्होमांतान्प्रातर्जुहुयात् सर्वथापर्वसायंहोमःप्रतिपत्प्रातर्होमश्चपृथगेव इतिपक्षहोमशेषहोमौपक्षमध्येआपन्निवृत्तावपकृष्टाहोमाः पुनःकार्याः संततपक्षहोमत्रयेग्निनाशात्तृतीयेपक्षेप्रतिदिनंहोमः सर्वथापन्निवृत्त्यभावेयावज्जीवंपक्षहोमाः ॥

હવે પક્ષહોમ કહે છે.

(મહા આપત્તિ પ્રાપ્ત થાય એમ હોય તો એકમથકી આરંભ કરી ચૌદશપર્યંત ચૌદ દિવસનો સાયપ્રાતર્હોમ અપકર્ષ કરી કરવો તેને પક્ષહોમ કહે છે.) તેનો વિધિ–એકમને દિવસે " अद्य सायमारभ्य चतुर्दशीसायमवधिकान् पक्षहोमान् तंत्रेण करिष्ये, " એવો સંકલ્પ કરી તિથીની વૃદ્ધિ અથવા ક્ષયને અનુસારે (ચૌદ વાર, તેર વાર, પદર વાર) સાયકાલના હોમના તડુલ બે પાત્રમાં લઇ, હોમને સમયે " अग्नये स्वाहा " એ મત્રવડે પ્રથમ લીધેલા પાત્રમાંના તડુલનો એક સમયેજ હોમ કરી બીજા પાત્રમાંના તડુલનો હોમ " प्रजापतये स्वाहा " એ મત્રવડે પ્રથમપ્રમાણેજ કરવો. એ રીતે બીજને દિવસે, " प्रातरद्यावधिपर्वप्रातरवधिकान् पक्षहोमान् तंत्रेण करिष्ये, " ઇત્યાદિક સાયહોમ પ્રમાણે કર્મ કરવું. વિશેષ વિધિ તો, પ્રથમ પાત્રમાં લીધેલા તડુલનો હોમ " सूर्याय स्वाहा " એ મત્રવડે કરવો, અને બીજા પાત્રમાં લીધેલા તડુલનો હોમ " प्रजापतये स्वाहा " એ મત્રવડે કરવો. બન્ને દિવસે અગ્નિમાં સમિધ એક વાર હોમવી અને ઉપસ્થાન પણ એક વાર કરવું. પક્ષના મધ્યમાં કાંઈ આપત્તિ પ્રાપ્ત થાય તો તે સધ્યાકાલથકી ચૌદશના સધ્યાકાલપર્યંત જે શેષહોમ તે સાયપક્ષહોમ પ્રમાણે કરી, પ્રાત:કાલે પર્વના પ્રાત:કાલના હોમપર્યંત હોમ કરવો. પર્વનો સાયહોમ, અને એકમનો પ્રાતર્હોમ એ સર્વથા જુદા જુદાજ કરવા. એ રીતે પક્ષહોમ અને શેષહોમ કહ્યા. પક્ષના મધ્યમાં આપત્તિની નિવૃત્તિ થાય તો અપકર્ષ કરીને કરેલો હોમ ફરી કરવો. સતત (સરખા) ત્રણ પક્ષહોમ થાય તો અગ્નિ નષ્ટ થાય છે માટે ત્રીજા પક્ષમાં પ્રતિદિવસ હોમ કરવો. સર્વથા આપત્તિ દૂર ન થાય તો યાવજ્જીવ (જીવનપર્યંત) પક્ષહોમ કરવો.

अथसमारोपः ॥ अयंतेयोनिरित्यस्यविश्वामित्रोग्निरनुष्टुप् अग्निसमा० अनेनमंत्रेणहोमोत्तरमरणीमश्वत्थसमिधंवाप्रताप्याग्निसमारोहंतत्रभावयेत् होमादिकालेअरणींनिर्मथ्यप्रत्यवरोहेतिमंत्रेणस्थंडिलेग्निंप्रतिष्ठापयेत् समित्समारोपेश्रोत्रियागारादग्निंप्रतिष्ठाप्यप्रत्यवरोहेतिमंत्रेणतांसमि[illegible]गावादध्या

तुसूत्रांतरेआजुह्वानउद्बुध्यस्वेतिमंत्राभ्यांप्रत्यवरोहणंप्रत्यहंसमारोपादिद्वादशदिनमेव पर्वणिसायंहोमकालपर्यंतंप्रत्यवरोहणाभावेग्निनाशइतिकेचित् समारोपप्रत्यवरोहौयजमानकर्तृकावेव तेनसमारोपोत्तरंपर्वण्याशौचप्राप्तौप्रत्यवरोहासंभवादग्निनाशः इदमापस्तंबादिपरं आश्वलायनानांतुद्वादशरात्रमध्येपर्वणिप्रत्यवरोहाभावेपिनाग्निनाशः किंतुद्वादशरात्रोत्तरंहोमलोपएवेत्यपरे राजक्रांत्यादिसंकटे ऋत्विग्द्वारापिसमारोपादि केचिदृत्विगाद्यभावेनानन्यगतिकत्वेआशौचपातात्पूर्वंपर्वहोमसहितानपिहोमानपकृष्यकृत्वानकृत्वावासमारोपंकृत्वासूतकांतेप्रत्यवरोहःकार्योनात्रपर्वोल्लंघनदोषइत्याहुः ॥

હવે અગ્નિસમારોપ કહે છે.

(જેનો અગ્નિ હોય તેણે અરણી (મથવાનાં કાષ્ઠ) માં અથવા સમિધમાં અગ્નિ આવ્યો એવી જે વિધિપૂર્વક ભાવના કરવી તેને અગ્નિસમારોપ કહે છે.) તેનો વિધિ—" अयंतेयोनिरित्यस्य विश्वामित्रोग्निरनुष्टुप् अग्निसमारोपे विनियोगः " એ મંત્રવડે હોમ પછી અરણી અથવા પીપળાની સમિધ તપાવી તે અગ્નિ અરણી ઉપર અથવા સમિધ ઉપર આવ્યો એવી ભાવના કરવી. પછી હોમાદિકનો સમય પ્રાપ્ત થાય ત્યારે તે અરણીનું મંથન કરી અગ્નિ ઉત્પન્ન કરી " प्रत्यवरोह० " એ મંત્રવડે સ્થંડિલમાં તે અગ્નિની સ્થાપના કરવી. સમિધવિષે સમારોપ કરેલ હોય તો શ્રોત્રિયના ઘરથી અગ્નિ લઈ આવી તેની સ્થંડિલમાં સ્થાપના કરી " प्रत्यवरोह० " એ મંત્રવડે તે સમિધ અગ્નિમાં હોમવી. બીજા સૂત્રોમાં " आजुह्वान, उद्बुध्यस्व० " એ બે મંત્રવડે પ્રત્યવરોહણ કરવું એમ કહ્યું છે. નિત્ય સમારોપાદિક કરવું તે બાર દિવસપર્યંતજ કરવું. પર્વ દિવસે સાયં હોમકાલપર્યંત પ્રત્યવરોહણ ન થયું હોય તો અગ્નિ નષ્ટ થાય છે એમ કોઈ ગ્રથકાર કહે છે. સમારોપ અને પ્રત્યવરોહણ એનો કર્તા યજમાનજ છે, એટલે તે યજમાનેજ કરવાં, એથી સમારોપ કીધા પછી પર્વને દિવસે આશૌચ પ્રાપ્ત થાય તો પ્રત્યવરોહણનો સભવ ન થવાથી અગ્નિ નષ્ટ થાય છે, પરંતુ એ નિર્ણય આપસ્તંબ ઇત્યાદિ શાખાવાળાવિષે છે. આશ્વલાયનોને તો બાર રાત્રિના મધ્યમાં પર્વ પ્રાપ્ત થયાં છતાં તે દિવસે પ્રત્યવરોહણ ન થવાથી પણ અગ્નિનાશ થતો નથી, પરંતુ બાર રાત્રિ પછી હોમનોજ માત્ર લોપ થાય છે એમ બીજા ગ્રથકાર કહે છે. રાજ્યક્રાંતિ (રાજ્યભય) ઇત્યાદિક સંકટ પ્રાપ્ત થાય તો ઋત્વિજદ્વારાએ પણ સમારોપાદિક કરવાં. કોઈ ગ્રથકાર, ઋત્વિજ ઇત્યાદિક પ્રતિનિધિ ન હોવાના કારણને લીધે બીજી ગતિ ન હોય તો આશૌચ પ્રાપ્ત થવાથી પ્રથમ પર્વહોમસહિત હોમનો અપકર્ષ કરી હોમ કરી અથવા ન કરી સમારોપ કરી આશૌચ ગયા પછી પ્રત્યવરોહ કરવો, એવિષે પર્વના ઉલ્લંઘનનો દોષ નથી એમ કહે છે.

समारोपोत्तरंदंपत्योःप्रवासेसीमानद्योरुल्लंघनकालेउभाभ्यामन्यतरेणवासमिदाद्यन्वारंभःकार्यः अन्यथाग्निनाशः यजमानस्यैवप्रवासेकृत्यं अभयंवोभयंमेस्त्वितिअग्निमुपस्थायप्रवासंगच्छेत् ततआगत्यगृहामाविभीतोपवःस्वस्त्येवोसासुचप्रजायध्वंमाचवोगोपतीरिपदितिमंत्रेणस्वगृहंनिरीक्ष्य गृहानहंसुमनसःप्रपद्येवीरघ्नोवीरवतःसुवीरान् इरांवहंतोघृतमुक्षमाणास्तेष्वहंसुमनाःसंविशामीतिगृहंप्रविश्य शिवंशग्मंशंयोःशंयोरितिपुनस्त्रिरनुवीक्ष्यनित्यहोमांते अभयंवोभयंमेस्त्वित्यग्निमुपतिष्ठेत् ज्येष्ठपुत्रशिरःपाणिभ्यांपरिगृह्य अंगादंगात्संभवसीतिमंत्रंजपित्वामूर्धानंत्रिर्जिघ्रेत् एवमितरपुत्राणांप्रत्तकन्यानांतूष्णींजिघ्रेत् प्रवासादागतंप्रतिज्ञातमपिअप्रियंतद्दिनेनवदेयुः ॥

સમારોપ કીધા પછી સ્ત્રીપુરૂષ બન્નેને પ્રવાસ કરવો પડે અને ગામની સીમા અથવા નદીના ઉલ્લંઘનનો સમય આવે ત્યારે બન્ને જણાએ અથવા બેમાંથી એકે, સમારોપિત એવી તે સમિધ અથવા અરણીને સ્પર્શ કરી રાખવો, સ્પર્શ ન કરે તો અગ્નિ નષ્ટ થાય છે. યજમાનનેજ પ્રવાસ કરવાનો હોય તો તેવિષે વિધિ–" अभयं वोऽभयं मेस्तु० " એ મંત્રવડે અગ્નિનું ઉપસ્થાન કરી પ્રવાસપ્રત્યે જવું. પછી પ્રવાસથી આવીને " गृहामाविभीतोपवः स्वस्त्येवोसासुच प्रजायध्वं माचवोगोपतीरिपत् " એ મત્રવડે પોતાના ઘરનું અવલોકન કરવું. પછી " गृहानहंसुमनसः प्रपद्ये वीरघ्नोवीरवतःसुवीरान् ॥ इरांवहंतोघृतमुक्षमाणास्तेष्वहंसुमनाःसंविशामि " એ મંત્ર ભણી ઘરમાં પ્રવેશ કરી " शिवंशग्मंशंयोःशंयोः " એ મંત્ર ભણી ફરી ત્રણ વાર પાછળ જોઈ નિત્યહોમ કીધા પછી " अभयं वोऽभयं मेस्तु० " એ મંત્રવડે અગ્નિનું ઉપસ્થાન કરવું. જ્યેષ્ઠપુત્રનું મસ્તક બન્ને હાથે ગ્રહણ

કરી, "अंगादंगात् संभवसि०" એ મંત્રનો જપ કરી મસ્તક ત્રણ વાર સૂંઘવું. એરીતે બીજા પુત્ર અને પરણાવેલી કન્યાનાં મસ્તકો મંત્રરહિત સૂંઘવાં. પ્રવાસથી આવેલાનીપાસે તે દિવસે પ્રતિજ્ઞાત (જાણેલું) કદી હોય તથાપિ અપ્રિય ભાષણ કોઇએ બોલવું નહીં.

प्रोपितेपत्यौपत्नीस्मार्तंहोमौस्वयंकृत्वादर्शपूर्णमासस्थालीपाकपिंडपितृयज्ञान्विप्रेणकारयेत् अनुगत प्रायश्चित्तादिपत्न्यांरजस्वलायामपिऋत्विक्कुर्यात्' पुनःसंधानंतुपत्यौप्रोपितेनभवेत् नैमित्तिकाजातेष्टि गृहदाहेष्टयोपिनभवंतिप्रायश्चित्तेष्टेःपूर्णाहुतिः ॥

પતિ પ્રવાસમાં હોય તો સ્ત્રીએ સ્માર્તહોમ પોતે કરી દર્શપૂર્ણમાસ, સ્થાલીપાક, અને પિંડપિતૃયજ્ઞ બ્રાહ્મણદ્વારાએ કરાવવા. પતિ પ્રવાસમાં ગયા પછી અગ્નિ નષ્ટ થવાનું પ્રાયશ્ચિત્ત ઇત્યાદિક કરવું તે સ્ત્રી રજસ્વલા હોય તથાપિ ઋત્વિજે કરવું. પુનઃસંધાન કરવું તે તો પતિ પ્રવાસમાં હોય તો થાય નહીં. નૈમિત્તિક ઇષ્ટિ, જાતેષ્ટિ, અને ગૃહદાહેષ્ટિ એ પતિ પ્રવાસમાં છતાં કરવી નહીં. પ્રાયશ્ચિત્તેષ્ટિની પૂર્ણાહુતિ કરવી નહીં.

अथौपासनाग्न्यनुगमनेगृह्याग्नेरनुगमप्रायश्चित्तंकरिष्येइतिसंकल्प्य आयतनस्थंभस्मदूरीकृत्योपलेपादिकृत्वाग्निंप्रतिष्ठाप्याज्यंसंस्कृत्य अयाश्चेतिमंत्रेणैकामाज्याहुतिंसर्वप्रायश्चित्तंचहुत्वादंपत्योरन्यतरेणापरहोमकालपर्यंतमुपोपितेनस्थातव्यं एवंद्वादशरात्रपर्यंतं केचिदुपवासमयाश्चेतिहोमंवाकुर्यात्नद्वयमित्याहुः एतद्वृत्तिकारमतं केचित्तुयद्यग्न्यनुगमनेहोमकालद्वयातिक्रमस्तदानष्टाग्निसंधानं तत्रत्रिरात्रमग्निनाशेप्राणायामशतं ततआविंशतिरात्रमेकदिनोपवासः ततआमासद्वयंत्रिरात्रोपवासः ततऊर्ध्वंसंवत्सरपर्यंतंप्राजापत्यकृच्छ्रं ततःप्रतिवर्षंकृच्छ्रावृत्तिः एवंप्रायश्चित्तंकृत्वाआधानोक्तसंभारान्निधायनष्टस्यगृह्याग्नेःप्रायश्चित्तंकरिष्येइतिसंकल्प्यायाश्चेत्याज्येनस्रुवाहुतिपत्न्युपवासादिपूर्ववत् लाजहोमादिकंवा एवंद्वादशरात्रपर्यंतमग्न्युत्पत्तिरित्याहुः द्वादशदिनोत्तरंविच्छेदप्रायश्चित्तंहोमादिद्रव्यदानंचकृत्वाविवाहहोमादिविधिना यथास्वस्वगृह्यंपुनःसंधानम् ॥

હવે ઔપાસનાગ્નિ નષ્ટ થયો હોય તો તેનો વિધિ—ઔપાસનાગ્નિ નષ્ટ થાય તો "गृह्याग्नेरनुगमप्रायश्चित्तंकरिष्ये" એવો સકલ્પ કરી કુંડમાંની ભસ્મ દૂર કરી તે કુંડને છાણવડે લીપવો ઇત્યાદિક કરી અગ્નિની સ્થાપના કરી આજ્યનો સંસ્કાર કરી "अयाश्चा०" એ મત્રવડે એક આજ્યાહુતિ અને સર્વપ્રાયશ્ચિત્તાહુતિ હોમ કરી દંપતી (સ્ત્રી પુરૂષ) બેમાંથી એકે બીજા હોમકાલપર્યંત ઉપવાસી રેહેવું. એ રીતે બાર રાત્રિપર્યંત થયું હોય તો એજ નિર્ણય જાણવો. કોઈ ગ્રંથકાર, ઉપવાસ અથવા "अयाश्चा०" એ મંત્રવડે હોમ એ બેમાંથી એક કરવું, ઉપવાસ અને હોમ એ બન્ને કરવાં નહીં, એમ કહે છે, અને એ વૃત્તિકારનો મત છે. કોઈ ગ્રથકાર તો, જો અગ્નિ નષ્ટ થયા પછી બે હોમકાલ અતિક્રાંત થાય તો નષ્ટ થયલો અગ્નિ સિદ્ધ કરવો, તેમાં ત્રણ રાત્રિપર્યંત અગ્નિ થાય તો સો પ્રાણાયામ કરવા, ત્રણ રાત્રિથી વીસ રાત્રિપર્યંત એક દિવસ ઉપવાસ કરવો, વીશ રાત્રિથી બે માસપર્યંત ત્રિરાત્ર ઉપવાસ કરવો, બે માસ પછી વર્ષપર્યંત પ્રાજાપત્યકૃચ્છ્ર કરવું. એક વર્ષ પછી પ્રતિવર્ષ કૃચ્છ્રની આવૃત્તિ કરવી. એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરી આધાનમાટે કહેલી સામગ્રી સંપાદન કરી, "नष्टस्य गृह्याग्नेः प्रायश्चित्तं करिष्ये," એવો સંકલ્પ કરી, "अयाश्चा०" એ મત્રવડે આજ્યની સ્રુવાહુતિ દેવી અને સ્ત્રિયે ઉપવાસ કરવો ઇત્યાદિક કર્મ પ્રથમ પ્રમાણે કરવાં, અથવા લાજાહોમાદિક કરવાં, એ રીતે બાર રાત્રિપર્યંત અગ્નિની ઉત્પત્તિ કરવી એમ કહે છે. બાર દિવસ પછી હોય તો અગ્નિવિચ્છેદનું પ્રાયશ્ચિત્ત, અને હોમાદિક દ્રવ્ય દાન એ કરી વિવાહહોમાદિક વિધિવડે પોતપોતાના ગૃહ્યસૂત્રને અનુસારે પુનઃસંધાન કરવું.

अथान्वाहिताग्नेःप्राक्यागादनुगतौ अयाश्चेतिपूर्ववदग्निमुत्पाद्य पुनरन्वाधानंकृत्वा भूर्भुवःस्वरित्युपस्थायसर्वप्रायश्चित्तंहुत्वास्थालीपाकंकुर्यात् अन्वाधानोत्तरंप्रयाणप्राप्तौ तुभ्यंताअंगिरस्तमइत्याज्याहुतिमग्नयेहुत्वासर्वप्रायश्चित्तंहुत्वाग्निंसमारोप्यगच्छेत् समारूढसमिन्नाशेपुनराधेयमिष्यते उपलेपादिकंकृत्वानष्टाग्निप्रायश्चित्तंपुनराधेयंसंकल्प्य आधानोक्तसंभारान्निधायाग्निंप्रतिष्ठाप्यअयाश्चेतिस्रुवाज्याहुतिंसर्वप्रायश्चित्तंचजुहुयादितिपुनराधेयं स्वाग्निक्रमेणान्याग्नौस्वयंयजनेस्वाग्नावन्ययजनेवापथिकृत्स्था

लीपाकंकरिष्येइतिसंकल्प्यचरुःकार्योथवापथिकृत्स्थानेपूर्णाहुतिंहोष्यामीतिसंकल्प्यस्रुचिद्वादशवारंचतुर्वारंवाज्यंगृहीत्वाअग्नयेपथिकृतेस्वाहेतिजुहुयात् विवाहोत्तरमाधानोत्तरंचापौर्णमास्यांस्थालीपाकारंभः प्रतिपदियागोतिक्रांतश्चेदागामिपर्वपूर्वतिथिषुचतुर्थीनवमीचतुर्दशीद्वितीयापंचम्यष्टमीर्विहायकार्यःनात्रकालातिक्रमप्रायश्चित्तं अन्वाधानोत्तरंप्रतिपदीष्ट्यकरणेतृतीयादितिथिषुसर्वप्रायश्चित्तंहुत्वापुनरन्वधाययागः द्वितीयपर्वप्राप्तौअतीतेष्टिः पथिकृच्चरुपूर्वकंपर्वणिकार्या तत्राप्यतिक्रमेद्वितीयप्रतिपदिलुप्तेष्टेःपादकृच्छ्रंकृत्वाप्राप्तकालयागः द्वितीययागस्यापिआगामितिथिषुलोपेतत्पर्वणिपादकृच्छ्रपथिकृत्पूर्वकंद्वितीययागः तत्राप्यतिक्रमेतृतीयप्रतिपदिअर्धकृच्छ्रंयागद्वयस्यकृत्वाप्राप्तयागः तृतीययागस्योक्ततिथावर्धकृच्छ्रपथिकृत्पूर्वकं चतुर्थपर्वणिवाअकरणेअग्निनाशात्पुनराधेयं अत्रपुनराधेयस्वरूपंसंभारनिधानपूर्वकमयाश्चेतिस्रुवाज्याहुतिरित्यन्वारूढसमिन्नाशस्थले उक्तमेव पुनराधानंतुविवाहहोमादिरूपंपुनराधेयाद्भिन्नं आयतनाद्बहिःशम्यापरासात्प्राक्वह्निपातेइदंतएकसित्यृचातमायतनेप्रक्षिप्यसर्वप्रायश्चित्तंजुहुयात् पर्वणिव्रतलोपेग्नयेव्रतपतयेचरुःपूर्णाहुतिर्वा पर्वणिदंपत्योरन्यतराश्रुपातेग्नयेव्रतभृतेचरुः पूर्णाहुतिर्वा पवित्रनाशेग्नयेपवित्रवतेचरुःपूर्णाहुतिर्वा अन्वाधानेष्टिमध्येचंद्रग्रहणेअत्राहगोरितिचंद्रायाज्यंहुत्वा नवोनवोइत्युपस्थायेध्माधानादियागः सूर्योपरागेउद्वयमितिसूर्यायाज्यंहुत्वाचित्रंदेवानामित्युपस्थानं अन्वाधानोत्तरंस्वप्नेरेतोविसर्गेइमंमेवरुणतत्वायामीतिवरुणायद्वेआज्याहुतीरविपूजापुनर्मामेति सौत्रमंत्रयोर्जपश्च वृद्ध्यारेतोविसर्गेग्निव्रतपतिचरुः अन्यदास्वप्नेरेतोविसर्गेसूर्यनमस्कारत्रयं इध्माधानोत्तरंहविर्दोषेदुष्टस्थानेआज्यंप्रतिनिधिंकृत्वा यागंसमाप्यदुष्टंजलेत्यक्त्वान्वाधानादिस्तद्देवताकः पुनर्यागः इध्माधानात्पूर्वंहविर्दोषेतद्देवताकंहविःपुनरुत्पाद्ययागः स्विष्टकृदर्थहविर्दोषेआज्येनस्विष्टकृतं कुर्यात् अंगहविर्दोषेतदाज्यंपुनरुत्पादयेत् ॥

હવે અન્વાધાન કરેલા અગ્નિનો યજ્ઞની પ્રથમ નાશ થાય તો, "अयाश्चा०" એ મંત્રવડે પ્રથમ કલ્પપ્રમાણે અગ્નિ ઉત્પન્ન કરી ફરી અન્વાધાન કરી "भूर्भुवःस्वः" એ મંત્રવડે ઉપસ્થાન કરી સર્વપ્રાયશ્ચિત્તાહુતિ દઈ સ્થાલીપાક કરવો. અન્વાધાન કીધા પછી પ્રયાણ કરવાનું પ્રાપ્ત થાય તો, "तुभ्यंता अंगिरस्तम०" એ મંત્રવડે અગ્નિને ઉદ્દેશે આજ્યની આહુતિ દઇ સર્વપ્રાયશ્ચિત્તાહુતિ હોમ કરી અગ્નિનો સમારોપ કરી પ્રયાણ કરવું. "અગ્નિસમારોપ કરેલી સમિધનો નાશ થાય તો પુનરાધેય કરવું." તે આ રીતે—કુંડને છાણવડે લીપવો ઇત્યાદિક કરી નષ્ટાગ્નિનાં પ્રાયશ્ચિત્તનો અને પુનરાધેયનો સંકલ્પ કરી આધાનમાં કહેલા પદાર્થ સપાદન કરી અગ્નિની સ્થાપના કરી "अयाश्चा०" એ મંત્રથી સ્રુવાવડે આજ્યાહુતિ એક અને સર્વપ્રાયશ્ચિત્તાહુતિ તેનો હોમ કરવો, એ પુનરાધેય છે. આ પોતાનો અગ્નિ છે એવા ભ્રમથી બીજાના અગ્નિ ઉપર પોતે હોમ કર્યો હોય, અથવા પોતાના અગ્નિ ઉપર બીજાએ હોમ કર્યો હોય તો "पथिकृत् स्थालीपाकं करिष्ये" એવો સકલ્પ કરી ચરૂ કરવો. અથવા, "पथिकृत्स्थाने पूर्णाहुतिंहोष्यामि," એવો સકલ્પ કરી સ્રુચિપાત્રમાં બાર અથવા ચાર વાર ઘૃત લઈ, "अग्नये पथिकृते स्वाहा" એ મંત્રવડે આહુતિ દેવી. સ્થાલીપાકનો આરંભ કરવાનો તે વિવાહ પછી અથવા આધાન કીધા પછી પૂનમને દિવસે કરવો. એકમને દિવસે યાગ થયો ન હોય તો આગળ આવતા પર્વ કરતા પ્રથમની તિથિઓનેવિષે (ચોથ, નોમ, ચૌદશ, બીજ, પાંચમ અને આઠમ એ તિથિ વર્જ્ય કરી) કરવો. તેમાં કાલાતિક્રમ થવાનુ પ્રાયશ્ચિત્ત નથી. અન્વાધાન કીધા પછી એકમને દિવસે ઇષ્ટિ કરવી. તે ન કરે તો ત્રીજ ઇત્યાદિક ઉક્ત તિથિઓનેવિષે, સર્વપ્રાયશ્ચિત્તહોમ કરી પુનઃ અન્વાધાન કરી યાગ કરવો. બીજુ પર્વ પ્રાપ્ત થાય તો પથિકૃત્ સ્થાલીપાક પ્રથમ કરી, પ્રથમની રહેલી ઇષ્ટિ, પર્વદિવમે કરવી. તે પર્વને દિવસે પણ ન થાય તો બીજી એકમને દિવસે ઇષ્ટિલોપનુ પાદકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી પ્રાપ્ત થયલા સમયે યાગ કરવો. બીજા યાગનો પણ આવતી તિથિનેવિષે લોપ થયો હોય તો તે પર્વદિવસે પાદકૃચ્છ્ર કરી પથિકૃત્ ચરૂ કરી બીજો યાગ કરવો. તે દિવમે પણ ન થાય તો ત્રીજી એકમને દિવસે, બે યાગનુ અર્ધકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી પ્રાપ્ત થયલો યાગ કરવો. ત્રીજો યાગ અર્ધકૃચ્છ્ર અને પથિકૃત્ સ્થાલીપાક પ્રથમ કરી, ઉક્ત તિથિને દિવસે અથવા ચતુર્થ પર્વને દિવમે કરવો, ન કરે તો અગ્નિ નષ્ટ થાય છે, માટે પુનરાધેય કરવું. ઇહાં પુનરાધેયનો પ્રકાર—આધાનોક્ત પદાર્થ સપાદન કરી "अयाश्चा०" એ મંત્રવડે સ્રુવાજ્યાહુતિ દેવી, તે તો, સમારોપ કરેલી સમિધનો નાશ થયો હોય તેના નિર્ણયને ઠેકાણે કહ્યુંજ છે. અને પુનરાધાન જે વિવાહ-

હોમાદિરૂપ તે તો પુનરાધેય કરતાં ભિન્ન છે. કુંડથકી બાહેર અને [1]શમ્યાપરાસની અંદરઅગ્નિ પડે તો, "इदंतएकं०" એ ઋચાવડે તે અગ્નિ કુંડમાં પધરાવી સર્વપ્રાયશ્ચિત્તહોમ કરવો. પર્વને દિવસે વ્રતલોપ થયો હોય તો, વ્રતપતિ અગ્નિને ઉદ્દેશે ચરૂ અથવા પૂર્ણાહુતિ કરવી. પર્વદિવસે દંપતીમાંથી કોઇએકને અશ્રુપાત થયો હોય તો, વ્રતધારી અગ્નિને ઉદ્દેશે શરૂ અથવા પૂર્ણાહુતિ કરવી. પવિત્રનો નાશ થયો હોય તો, પવિત્રમાન્ અગ્નિને ઉદ્દેશે ચરૂ અથવા પૂર્ણાહુતિ કરવી. અન્વાધાનેષ્ટિના મધ્યમાં ચંદ્રગ્રહણ પ્રાપ્ત થાય તો, "अत्राहगो०" એ મંત્રવડે ચંદ્રને ઉદ્દેશે આજ્યાહુતિ દઇ, "नवोनवो०" એ મંત્રવડે ઉપસ્થાન કરી ઇધ્માસ્થાપનાદિ યાગ કરવો. સૂર્યગ્રહણ હોય તો, "उद्वयं०" એ મંત્રવડે સૂર્યને ઉદ્દેશે આજ્યાહુતિ દઈ, "चित्रंदेवानां०" એ મંત્રવડે ઉપસ્થાન કરવું. અન્વાધાન કીધા પછી સ્વપ્નમાં વીર્યપાત થાય તો, "इमंमेवरुण तत्त्वायामि०" એ બે મંત્રવડે વરૂણને બે આજ્યાહુતિ દઈ સૂર્યની પૂજા અને "पुनर्माम०" એ સૂત્રોક્ત મંત્રનો જપ કરવો. બુદ્ધિપૂર્વક વીર્યપાત થાય તો, વ્રતપતિ અગ્નિને ઉદ્દેશે ચરૂ કરવો. અન્ય સમયે સ્વપ્નમાં વીર્યપાત થયો હોય તો, સૂર્યને ત્રણ નમસ્કાર કરવા. ઇધ્માનું સ્થાપન કીધા પછી હોમદ્રવ્યને કાંઈ દોષ થાય તો દુષ્ટ થયલા હોમદ્રવ્યને ઠેકાણે આજ્યપ્રતિનિધિ કરી યાગ સમાપ્ત કરી દુષ્ટ થયલુ દ્રવ્ય જલમાં નાખી, અન્વાધાનાદિક, (તે તે છે દેવતા જેની એવો) પુનઃ યાગ કરવો. ઇધ્માસ્થાપનની પ્રથમ હોમદ્રવ્યમાં દોષ ઉત્પન્ન થયો હોય તો તે દેવતાનું હોમદ્રવ્ય ફરી બીજું લઇ યાગ કરવો. સ્વિષ્ટકૃત્ કરવામાટે લીધેલાં હોમદ્રવ્યને કાંઈ દોષ ઉત્પન્ન થાય તો આજ્યવડે સ્વિષ્ટકૃત્ કરવો. અગભૂત હોમદ્રવ્યને દોષ થાય તો તે સમયે ફરી આજ્ય ગ્રહણ કરવું.

हविर्दोषास्तु ॥ प्रच्युतनखकेशैःकीटैरक्तास्थिविण्मूत्रश्लेष्माद्यैर्बीभत्सितैश्चमार्जारनकुलकाकैर्मुखजलबिंदुघर्मनासिकामलाश्रुकर्णमलैः सूतिकारजस्वलाचांडालादिदृष्टिभिश्चसंसर्गाः देवताहविर्मंत्रादिविपर्यासेयद्वोदेवाइतिमरुद्भ्यआज्यहोमः कृत्स्नहविर्दाहेतद्धविरुत्पाद्यसएवयागोनतुपुनर्यागःपूर्वादिचतुर्दिक्षुचरूत्सेकेअग्नयेयमायवरुणायसोमायेतिक्रमेणहुत्वा सर्वतउत्सेकेचतुर्भ्योपिहुत्वाकोणेपूत्सेके व्याहृतीर्हुत्वा चरुमाप्यायस्वसंतेपयांसीतिमंत्राभ्यामाज्येनाप्यायतिअग्नौमिंदाहुतीचद्वेइतिकेचित् स्वगृह्याग्नेरन्यगृह्याग्निनासंसर्गेउभौयजमानौ युगपत्तमग्निंसमारोप्योभौ प्रत्यवरोहणंकृत्वाऽग्नयेविविचयेचरुं कुर्यातां शवाग्निनासंसर्गेऽग्नयेशुचयेचरुः पचनाग्निनासंसर्गेसंवर्गायाग्नयेचरुः सर्वत्रसंसर्गेसमारोपप्रत्यवरोहणोत्तरंचरुः स्वयमग्निप्रज्वलनेउद्दीप्यस्वजातवेदो० मानोहिंसीर्जातवेदोगामश्वंपुरुषंजगत् अविभ्रदग्नआगहिश्रियामापरिपातयेतिद्वाभ्यांद्वेसमिधावग्नयेजुहुयात् सर्वत्रविध्यपराधेसांगतार्थंसर्वप्रायश्चित्तं गृहदाहेग्नयेक्षामवतेचरुः एवमन्यान्यपिप्रायश्चित्तानिबह्वृचब्राह्मणादिषूक्तानिज्ञेयानि यत्रतुप्रायश्चित्तविशेषोनोक्तस्तत्रसर्वप्रायश्चित्तं भूर्भुवःस्वरित्यनेनाज्याहुतेःसर्वप्रायश्चित्तसंज्ञा ॥

હોમદ્રવ્યના દોષ કહે છે—શરીરથી છૂટ થયલ નખ અને કેશ, કીડા, રક્ત (લોહી), અસ્થિ, વિષ્ઠા, મૂત્ર, કફ, ઇત્યાદિક ખરાબ પદાર્થ; બિલાડાં, નોળિઆં, કાગડા, મોઢાના થૂકના છાંટા, પરસેવો, નાકનો મળ, આંસુ, કાનનો મળ; સુવાવડી, રજસ્વલા, ચાંડાલ ઇત્યાદિની દ્રષ્ટે; એમનો જે સંબંધ થવો તે દોષ છે. દેવતા, હોમદ્રવ્ય અને મંત્ર એમનો વિપર્યાસ (ઉલટપાલટ) થાય તો, "यद्वोदेवा०" એ મંત્રવડે વાયુદેવતાને ઉદ્દેશે આજ્યનો હોમ કરવો. સઘળુ હોમદ્રવ્ય બળી જાય તો, તે હોમદ્રવ્ય ઉત્પન્ન કરી તેજ યજ્ઞ કરવો, પુનર્યાગ કરવો નહીં. પૂર્વાદિક ચાર દિશામાં ચરૂ ઉભરાય તો ક્રમે કરી પૂર્વ દિશામાં અગ્નિને ઉદ્દેશે, દક્ષિણ દિશામાં યમને ઉદ્દેશે, પશ્ચિમ દિશામાં વરૂણને ઉદ્દેશે, અને ઉત્તર દિશામાં સોમને ઉદ્દેશે હોમ કરવો. ચારે દિશામાં ઉભરાય તો ચારે દેવતાને ઉદ્દેશે હોમ કરવો. ખુણાભણી ઉભરાય તો વ્યાહૃતિવડે હોમ કરી "आप्यायस्व०, संतेपयांसि०" એ બે મંત્રવડે ચરૂને આજ્યવડે યુક્ત કરવો. કોઈ ગ્રંથકાર, અગ્નિમા બે બિંદાહુતિ (यन्मआ० पुनर०) દેવી એમ કહે છે. પોતાના ગૃહ્યાગ્નિનો બીજાના ગૃહ્યાગ્નિજોડે સસર્ગ થયો હોય તો, બન્ને યજમાને એક કાલે તે અગ્નિનો સમારોપ કરી બન્ને જણાએ પ્રત્યવરોહણ કર્મ કરી વિવિચિનામક અગ્નિને ઉદ્દેશે ચરૂ કરવો. શબના અગ્નિજોડે સંસર્ગ થયો હોય તો, શુચિ નામના અગ્નિને ઉદ્દેશે ચરૂ કરવો. પાકના અગ્નિ સાથે સંસર્ગ થયો હોય તો, સંસર્ગ નામના અગ્નિને ઉદ્દેશે ચરૂ કરવો. સર્વત્ર સંસર્ગને-

---

[1] શમ્યાપ્રાસ, એવો પણ પાઠ છે. શમ્યાપરાસ એટલે કુંડની ચોતરફ ફરતી છત્રીશ અંગુલ લાંબી ભૂમી તે.

વિષે સમારોપ અને પ્રત્યવરોહણ કીધા પછી ચરૂ કરવો. પોતાનીમેળે અગ્નિ પ્રદીપ્ત થાય તો, "उद्दीप्यस्व जातवेदो०, मा नोहिंसीर्जातवेदो गामश्वं पुरुषं जगत् ॥ अबिभ्रदग्न आगहि श्रिया मा परिपातय" એ બે મંત્રવડે બે સમિધ અગ્નિને ઉદ્દેશે હોમવી. સર્વત્ર અનુષ્ઠાનની વિધિમાં ચુક પડે તો તેની સાંગતાને અર્થે સર્વપ્રાયશ્ચિત્તાહુતિ દેવી. ઘર દગ્ધ થયું હોય તો ક્ષામવાન્ અગ્નિને ઉદ્દેશે ચરૂ કરવો. એ પ્રમાણે બીજા પ્રાયશ્ચિત્ત ઋગ્વેદના બ્રાહ્મણાદિ ગ્રંથમાં કહ્યાં છે તે જોઈ લેવાં. જે સ્થળે વિશેષ પ્રાયશ્ચિત્ત કહ્યુ નથી તે ઠેકાણે સર્વ પ્રાયશ્ચિત્તાહુતિ કરવી. "भूर्भुवः स्वः" એ મંત્રવડે જે આજ્યાહુતિ દેવી તેનું સર્વપ્રાયશ્ચિત્ત એવું નામ છે.

अथाग्न्युपघातनिमित्तानि ॥ श्वशूकररासभकाकसृगालमर्कटशूद्रांत्यजपतितकुणपसूतिकारजस्वलाभिः पुरीषमूत्ररेतोश्रुपूयश्लेष्मशोणितास्थिमांसादिभिरन्यैर्वाजुगुप्सितैरारोपितारणिस्पर्शेग्नेःस्पर्शेवाग्निनाशः तत्रारणिगतेवह्नौनष्टेपुनराधेयमग्नेःस्पर्शेपुनराधानं यद्वापुनस्त्वादित्यारुद्रावसवःसमिंधतांपुनर्ब्रह्माणोवसुनीथयज्ञैः घृतेनत्वंतन्वंवर्धयस्वसत्याःसंतुयजमानस्यकामाःस्वाहा आदित्यरुद्रवसुभ्यइदंनममेतिसमिद्धोमः स्रुवेणाज्याहुतिर्वाअग्नौजलोपघातेपीदमेवस्वस्यजीविनोमृतशब्दश्रवणेग्नयेसुरभिमतेचरुःपूर्णाहुतिर्वा प्रधानाहुतीनांस्विष्टकृतासंसर्गेसर्वप्रायश्चित्तं पिंडपितृयज्ञेअतिप्रणीतनाशेतत्रहोमपक्षेसर्वप्रायश्चित्तं होमपक्षेपुनःप्रणयनमपि आपस्तंबानांप्रायश्चित्तांतेप्रणयनमेवनित्यं पिंडपितृयज्ञलोपेवैश्वानरश्चरुःसप्तहोत्राख्यमहाहविर्होतेत्यादिमंत्रैःपूर्णाहुतिर्वा श्रवणाकर्मसर्पबल्याश्वयुजाग्रयणप्रत्यवरोहणकर्मणामन्यतमलोपेप्राजापत्यकृच्छ्रं अकृताग्रयणस्यनवान्नभक्षणेग्नयेवैश्वानरायचरुः अष्टकालोपेउपवासः पूर्वेद्युःश्राद्धलोपेप्युपवासः उपवासप्रत्याम्नायएकविप्रभोजनंवा अन्वष्टक्यलोपेएभिर्द्युभिःसुमनाएभिरिंदुभिरितिऋचःशतंजपःसर्वत्रचरुस्थानेपूर्णाहुतिः दर्शपूर्णमासानारंभेआलस्यादिनापूर्णाहुतिकरणेतुयागपर्याप्तंव्रीह्याज्यंदेयमितिगृह्याग्निसागरे निषिद्धतिथ्यादौस्वभार्यागमनेअयाज्ययाजनेलशुनादिगणिकान्नाद्यभोज्यभोजनेनिषिद्धप्रतिग्रहेपुनर्मामैत्विंद्रियं० इमेयेधिष्ण्यासइतिद्वाभ्यामाज्यहोमःसमिद्धोमोवाजपोवा गृहोपरिकपोतोपवेशने देवाःकपोतइतिपंचर्चंसूक्तजपःप्रत्यृचमाज्यहोमोवापाकयज्ञतंत्रेणदुःस्वप्नदर्शनेयोमेराजन्युज्योवेतिऋचासूर्योपस्थानं आतुरत्वनाशाययक्ष्मरोगनाशायवामुंचामित्वेतिसूक्तेनप्रत्यृचंचरोर्होमः यक्ष्मनाशायेदंनममेतिपंचसुत्यागः षष्ठंस्विष्टकृदितिप्रोक्षणीप्रणीतास्थजलानांविंदुपातेस्रावेवा आपोहिष्ठेतितृचेनपुनःपूरणंततंमेअपस्तदुतायतेइत्यृचाज्याहुतिः इध्माधानलोपेतस्याज्यभागोत्तरंस्मरणेविपर्यासप्रायश्चित्तंकृत्वेध्माधानंचकृत्वाप्रधानयागः प्रधानयागोत्तरंस्मरणेग्निसमिंधनरूपद्वारस्याभावाल्लोपएवेतिप्रायश्चित्तेनैवसिद्धिः अन्यांगेष्वप्येवमूह्यम् ॥

હવે અગ્નિનાશ થવાનાં નિમિત્ત કહે છે.

કુતરૂં, સુવર, ખર, કાગડા, શિયાલ, વાંદરા, શૂદ્ર, અંત્યજ (ચાંડાલ), વટલેલો, શબ, સુવાવડી, રજસ્વલા, વિષ્ઠા, મૂત્ર, વીર્ય, અશ્રુપાત, પિરૂ, કફ, રૂધિર, અસ્થિ અને માંસ ઇત્યાદિક તેમ બીજા પણ નિંદિત પદાર્થનો, જે અરણિ ઉપર અગ્નિસમારોપ કરેલો છે તે અરણિને અથવા સાક્ષાત્ અગ્નિને સ્પર્શ થાય તો તે અગ્નિ નષ્ટ થાય છે. તેમાં અરણિસબંધી અગ્નિ નષ્ટ થાય તો પુનરાધેય કરવું, અને સાક્ષાત્ અગ્નિને સ્પર્શ થયો હોય તો પુનરાધાન કરવું, અથવા, "पुनस्त्वादित्या०" એ મંત્રવડે સમિધહોમ કરી "आदित्यरुद्रवसुभ्य इदं न मम" એવો ત્યાગ કરવો, અથવા સ્રુવપાત્રવડે આજ્યાહુતિ દેવી. અગ્નિવિષે જળ પડે તો પણ એજ પ્રાયશ્ચિત્ત જાણવું. પોતે જીવતાં હું મૃત થયો એવો શબ્દ સાંભળવામા આવે તો, સુરભિમાન અગ્નિને ઉદ્દેશે ચરૂ અથવા પૂર્ણાહુતિ કરવી. પ્રધાનઆહુતિનો સ્વિષ્ટકૃતસાથે સંસર્ગ થાય તો સર્વપ્રાયશ્ચિત્તાહુતિ કરવી. પિંડપિતૃયજ્ઞવિષે અતિપ્રણીત નામના અગ્નિનો નાશ થયા છતાં હોમપક્ષ ન હોય તો તોવિષે સર્વપ્રાયશ્ચિત્ત કરવું. હોમપક્ષ હોય તો ફરી અગ્નિ પધરાવવો એ પણ કરવું. આપસ્તંબોને પ્રાયશ્ચિત્તાહુતિ કીધા પછી ફરી અગ્નિ પધરાવવાનુ અવશ્ય છે, પિંડપિતૃયજ્ઞનો લોપ થયો હોય તો વૈશ્વાનર ચરૂ કરવો. અથવા, "सप्तहोत्राख्यमहाहविर्होता०" ઇત્યાદિક મંત્રવડે પૂર્ણાહુતિ કરવી. શ્રવણાકર્મ, સર્પબલિ, આશ્વયુજી કર્મ, આગ્રયણ અને પ્રત્યવરોહણ એ કર્મમાંથી એકાદનો લોપ થયો હોય તો પ્રાજાપત્યકૃચ્છ્ર કરવું. આગ્રયણ કીધાવિના નવું અન્ન ભક્ષણ કીધું હોય તો વૈશ્વાનર અગ્નિને ઉદ્દેશે ચરૂ કરવો. અષ્ટકાશ્રાદ્ધનો લોપ થયો હોય તો ઉપવાસ કરવો. પૂર્વેદ્યુઃશ્રાદ્ધનો લોપ થયો હોય તો પણ ઉપવાસ કરવો. અથવા

ઉપવાસનો પ્રત્યામ્નાય એક બ્રાહ્મણને ભોજન કરાવવું, અન્વષ્ટક્ય શ્રાદ્ધનો લોપ થયો હોય તો, “ **एभिर्द्युभिः सुमना एभिरिंदुभिः** ” એ ઋચાનો સો વાર જપ કરવો, જે જે ઠેકાણે ચરૂ કરવાનું કહેલું છે તે તે ઠેકાણે, દર્શપૂર્ણમાસનો આરંભ કીધો ન હોય તો, પૂર્ણાહુતિ કરવી. આલસ્ય ઇત્યાદિ કારણથી (ચરૂ ઠેકાણે) પૂર્ણાહુતિ કીધી હોય તો, યાગ પૂર્ણ થાય એટલા તદુલ અને ઘૃતનું દાન કરવું, એમ ગૃહ્યાગ્નિસાગરમાં કહ્યું છે. નિષિદ્ધ તિથિ ઇત્યાદિક દિવસે પોતાની સ્ત્રીનું ગમન કીધું હોય, જે હોમ કરાવવાને અયોગ્ય હોય તેને ઘેર હોમ કરાવ્યા હોય, લસણ ઇત્યાદિક અને વેશ્યાનાં ઘરનું અન્ન ઇત્યાદિક અભોજ્ય પદાર્થનું ભોજન કીધું હોય, નિષિદ્ધ દાન લીધું હોય તો એમને વિષે, “ **पुनर्मामैत्विंद्रियं०, इमे ये धिष्ण्यासः** ” એ બે મંત્રવડે આજ્યહોમ, અથવા સમિધહોમ, અથવા જપ કરવો. ઘરની ઉપર કપોતપક્ષી (હોલો) બેઠેલો હોય તો, “ **देवाः कपोत०** ” એ પાંચ ઋચાનાં સૂક્તનો જપ અથવા પાકયજ્ઞતંત્રે કરી એક એક ઋચાવડે આજ્યહોમ કરવો. દુષ્ટ સ્વપ્ન દેખાયલું હોય તો, “ **योमे राजन्युज्योवा०** ” એ મંત્રવડે સૂર્યનું ઉપસ્થાન કરવું. રોગનિવૃત્તિ માટે અથવા યક્ષ્મ (ક્ષય) રોગના નાશ માટે “ **मुंचामि त्वा०** ” એ સૂક્તની એક એક ઋચાવડે ચરૂનો હોમ કરવો, અને પાંચ ઋચાવિષે, “ **यक्ष्मनाशायेदं न मम** ” એવો ત્યાગ કહેવો. છઠ્ઠી સ્વિષ્ટકૃત્ આહુતિ દેવી.—પ્રોક્ષણી અને પ્રણીતા એ પાત્રમાંના જળના બિંદુ બાહેર પડે અથવા એ પાત્રનો સ્રાવ (ઝરવું) થાય તો, “ **आपोहिष्ठा०** ” એ ત્રણ ઋચા ભણી ફરી તે પાત્રમાં જળ પૂરવું, અને “ **ततं म अपस्तदुतायते०** ” એ ઋચાવડે આજ્યાહુતિ દેવી. ઇધ્માસ્થાપનનો લોપ થયો હોય અને આજ્યભાગ થયા પછી તેનું સ્મરણ થાય તો વિપરીતપણું થવાનું પ્રાયશ્ચિત્ત કરી ઇધ્માસ્થાપન કરી પ્રધાનયાગ કરવો. પ્રધાનયાગ થયા પછી તેનું સ્મરણ થયું હોય તો અગ્નિપ્રજ્વલનરૂપ દ્વારનો અભાવ હોવાથી લોપજ છે અને પ્રાયશ્ચિત્તવડેજ તે ઇધ્માની સિદ્ધિ થાય છે. બીજાં અંગોવિષે પણ એવોજ નિર્ણય જાણવો.

अथाग्निनाशकानि ॥ दंपत्योरन्यतरोग्निसमीपेउदयास्तमयकालेवसेत् उभौदंपतीगृहसीमां ग्रामसीमांवानदींवोल्लंघ्यहोमकालेवहिर्वसेतांतदापुनराधानं अग्नीनामजस्रहरणेशम्यापरासात्प्रागुच्छ्वासेग्निनाशः कर्मार्थहरणेग्नीनांनानुच्छ्वासादिचोद्यते आत्मसमारोपणपक्षेप्सुमज्जनेमैथुनेशूद्रादिस्पर्शनेग्निनाशः पत्न्यनेकत्वेपिएकस्यामपिहोमकालेगृहसीम्नोवहिर्गतायामग्निनाशः ॥

હવે અગ્નિનો નાશ કરનારાં નિમિત્ત કહે છે.

દંપતી (સ્ત્રી પુરુષ બે)માંથી એકે, અગ્નિની સમીપે ઉદયકાલે, અને અસ્તકાલે વાસ કરવો. બન્ને દંપતી ઘરની સીમા, કિંવા ગામની સીમા અથવા નદી એમનું ઉલ્લંઘન કરી હોમકાલે બાહેર નિવાસ કરે તો પુનરાધાન કરવું જોઇએ. કુંડમાંથી અગ્નિ સર્વે બાહેર લઈ જવો એ પક્ષમાં અગ્નિ લઈ જતાં શમ્યાપરાસ (છત્રીસ અંગુલ ભૂમી)ની માંહ્ય શ્વાસ આવે તો અગ્નિનો નાશ થાય છે. કાંઇએક કર્મવિશેષમાટે કુંડમાંથી અગ્નિ લઈ જતાં તે સમયે ઉચ્છ્વાસ રોકવાનું જરૂર નથી. પોતાનેવિષે અગ્નિસમારોપ કીધો છે એ પક્ષવિષે તે જળમાં બુડે, મૈથુન અથવા શૂદ્રાદિકનો સ્પર્શ કરે તો અગ્નિ નષ્ટ થાય છે. ઘણી સ્ત્રિયો છતાં પણ તેમાંની એક સ્ત્રી પણ હોમકાલે ઘરની સીમાથી બાહેર જાય તો અગ્નિ નષ્ટ થાય છે.

ज्येष्ठायामग्निसमीपस्थायांकनिष्ठयासहयजमानप्रवासोनदोषायदंपतीउभावपिग्रामगृहयोःसीम्नोर्वहिर्गत्वाहोमकालात्पूर्वमागतौचेन्नदोषः यजमानेग्निसमीपस्थेपिहोमकालेपत्न्याग्रामांतरस्थितौपुनराधानमाहुःप्रवासेन्यतरेणसमारूढाग्नेरन्वारंभासत्त्वेनदीसीम्नोरुल्लंघनेपुनराधानं अग्निंविहाययजमानस्यशतयोजनगमनेवर्षपर्यंतंस्वयंहोमाभावेवाग्निनाशः तत्रपुनराधानंपवित्रेष्टिर्वा विनाग्निभिर्यदापत्नीनदीमंबुधिगामिनीं अतिक्रमेत्तदाग्नीनांविनाशःस्यादितिश्रुतिः अग्निसमीपेपत्यौपत्न्यंतरेवापत्न्यानदीलंघनेदोषोन पतिप्रवासेपत्न्याअग्निभिःसहसीमोल्लंघनेग्निनाशः एवंपत्युरपिपत्नीप्रवासे जलेनहेतुनाग्निरुपशांतश्चेत्पुनराधेयं तदेवपुनराधेयमग्नावनुगतेसति असमाधायचेत्स्वामीसीमामुल्लंघ्यगच्छति समारोपणंविनाशम्यापरासादूर्ध्वमग्नीनांहरणेनाशः रजोदोषेसमुत्पन्नेसूतकेमृतकेपिवा प्रवसन्नग्निमान्विप्रःपुनराधानमर्हति वह्वीनामपिचैकस्यामुदक्यायांनतुव्रजेत् एकादशेचतुर्थेह्निगंतुमिच्छेन्निमित्ततः नचाग्निहोमवेलायांप्रवसेन्नचपर्वणि होमद्वयात्ययेदर्शपूर्णमासात्ययेपुनराधेयमापस्तंबादिविषयं पचनाग्नौपचेदन्नंसूतकेष्ट

तथैपिवा अपक्त्वातुवसेद्रात्रिंपुनराधानमर्हतीदंकात्यायनादिपरं पत्नीप्रवासेपुनराधानमुक्तं तदेकभार्यं स्यबहुभार्यस्यतुज्येष्ठाप्रवासएवपुनराधानमितिकेचित् एतेषुनिमित्तेषुस्थितानग्नीनुत्सृज्यान्येषामाधानं आरादुपकारकांगलोपेकर्मसमाप्तेःप्राक्प्रायश्चित्तंकृत्वातदंगंकुर्यात् कर्मसमाप्तौप्रायश्चित्तमेवनांगावृत्तिः सन्निपत्योपकारकांगस्यद्रव्यसंस्काररूपस्यलोपेप्रधानात्प्राक्तत्कार्यं प्रधानोत्तरंप्रायश्चित्तमेवनावृत्तिः॥

જ્યેષ્ઠ સ્ત્રી અગ્નિની સમીપમાં રહ્યા છતાં કનિષ્ઠ સ્ત્રીનીસાથે યજમાન પ્રવાસ કરે તો દોષકારક નથી. યજમાન અને તેની સ્ત્રી બન્ને ઘરની સીમાથી બાહેર જઇ હોમકાલની પ્રથમ ઘેર આવે તો દોષ નથી. યજમાન અગ્નિ સમીપમાં છતાં પણ હોમસમયે સ્ત્રી બીજે ગામે રહી હોય તો પુનરાધાન કરવું એમ કહે છે. પ્રવાસમધ્યે નદી અથવા સીમાના ઉલ્લંઘન સમયે દંપતીમાંનું એક જો સમારોપિત અગ્નિનો સ્પર્શ ન કરે તો પુનરાધાન કરવું જોઇએ. યજમાન અગ્નિને છોડી ચારસો ગાઉપર્યંત પ્રયાણ કરે અથવા એક વર્ષપર્યંત પોતે હોમ ન કરે તો અગ્નિ નષ્ટ થાય છે, અને તેમ થયું હોય તો પુનરાધાન અથવા પવિત્રેષ્ટિ કરવી. "સાથે અગ્નિ લીધા વિના સ્ત્રી, સમુદ્રને મળનારી નદીનું ઉલ્લંઘન કરે તો અગ્નિનો નાશ થાય છે. એવું શ્રુતિપ્રમાણ છે." અગ્નિની સમીપે પતિ અથવા બીજી સ્ત્રી હોય તો સ્ત્રીને નદી ઉલ્લંઘન કરવાનો દોષ નથી. પતિ પ્રવાસમાં છતાં સ્ત્રી અગ્નિસહિત, સીમાનું ઉલ્લંઘન કરે તો અગ્નિનો નાશ થાય છે. એ પ્રમાણેજ સ્ત્રી પ્રવાસમાં છતાં પતિ અગ્નિસહિત, સીમાનું ઉલ્લંઘન કરે તો પણ અગ્નિનો નાશ થાય છે. જલના યોગથી અગ્નિ નષ્ટ થયો હોય તો પુનરાધેય કરવું. "અગ્નિ નષ્ટ થયા છતાં યજમાન અગ્નિનું ઉપસ્થાન કીધાવિના સીમાનું ઉલ્લંઘન કરે તો તેજ પુનરાધેય કરવો." સમારોપ કીધાવિના શમ્યાપરાસની બાહેર અગ્નિ લઇ જાય તો તે અગ્નિ નષ્ટ થાય છે. "સ્ત્રીને રજોદોષ, જનનાશૌચ, અથવા મૃતાશૌચ છતાં અગ્નિમાન્ બ્રાહ્મણ પ્રવાસ કરે તો તે પુનરાધાનને યોગ્ય છે. બહુ સ્ત્રીયોમાંથી જો એક રજસ્વલા હોય તો પણ પ્રવાસે જવું નહીં. નિમિત્તથકી અગીયારમે અથવા ચોથે દિવસે પ્રવાસ જવાની ઇચ્છા કરવી. અગ્નિના હોમસમયે અથવા પર્વને દિવસે પ્રયાણ કરવું નહીં." બે હોમનો લોપ થાય અથવા દર્શપૂર્ણમાસ સ્થાલીપાકનો લોપ થાય તો પુનરાધેય કર્મ કરવાનું જે કહ્યું તે આપસ્તંબાદિ શાખાવિષયક છે. "જનનાશૌચ અને મૃતાશૌચ છતાં પાકાગ્નિ ઉપર પાક કરવો. અને પાકાગ્નિ ઉપર પાક ન કરતાં એકજ રાત્રિ તેમ રહે તો પુનરાધાન કરવું," એવું જે કહ્યું છે તે કાત્યાયનોવિષયક છે. સ્ત્રી પ્રવાસ કરે તો પુનરાધાન કરવું એ કહ્યું તે જેની એક સ્ત્રી છે તેવિષે છે. જેની બહુ સ્ત્રીઓ છે તેણે જ્યેષ્ઠ સ્ત્રી પ્રવાસ કરે તોજ પુનરાધાન કરવું, એમ કોઇ ગ્રંથકાર કહે છે. એ પૂર્વોક્ત નિમિત્ત છતાં પ્રથમ અગ્નિનો ત્યાગ કરી બીજા અગ્નિનું આધાન કરવું. તરતમાં ઉપકાર કરનારાં અંગભૂત (પ્રયાજાદિ) કર્મનો લોપ થયા છતાં કર્મ સમાપ્તિની પ્રથમ પ્રાયશ્ચિત્ત કરી લુપ્ત થયલું અંગભૂત કર્મ કરવું. કર્મ સમાપ્તિ થયા પછી લોપ સ્મરણ થયો હોય તો પ્રાયશ્ચિત્તજ કરવું, અંગભૂત કર્મની આવૃત્તિ કરવી નહીં, પરંપરા સંબંધવડે દ્રવ્યસંસ્કારરૂપ ઉપકારક અંગનો લોપ થતો હોય તો પ્રધાનકર્મથકી પ્રથમ તે અંગભૂત કર્મ કરવું. પ્રધાનકર્મ થયા પછી લોપ થયો હોય તો પ્રાયશ્ચિત્તજ કરવું, અંગભૂત કર્મની આવૃત્તિ કરવી નહીં.

मृतायैपत्न्यैदाहायार्धाग्निंदत्त्वावशिष्टाग्नौसायंप्रातर्होमस्थालीपाकाग्रयणानिकुर्यात् कौस्तुभेतुअर्धाग्नि दानादिकमुक्त्वा विधुरस्यापूर्वाधानप्रकारस्तस्यविच्छेदेपुनराधानप्रकारश्चोक्तः तत्राधानप्रकारोवशिष्टाग्नेःप्राक्होमान्नाशपरः यद्वाश्रौताग्निषुभार्यायैअर्धाग्निदानंकृत्वाउत्सर्गेष्ट्यापूर्वाग्नीन्परित्यज्यपुनराधानंकृत्वाग्निहोत्रंकार्यमित्युक्तं तद्वदत्रापिउत्सर्गेष्ट्यापूर्वाग्नित्यागोत्तरमपूर्वाधानं कौस्तुभेउक्तमितियोज्यमितिभाति॥

પત્ની મૃત થઈ હોય તો તેના દાહમાટે અર્ધ અગ્નિ દઇ શેષ રહેલા અગ્નિ ઉપર સાયંપ્રાતર્હોમ, સ્થાલીપાક અને આગ્રયણ કરવાં. કૌસ્તુભમાં તો, અર્ધ અગ્નિ દેવો ઇત્યાદિક કહી વિધુરે-(જેની સ્ત્રી મૃત થઈ હોય તેણે) નવીન આધાન કરવું, અને તે શેષ રહેલો અગ્નિ નષ્ટ થાય-તો પુનરાધાન કરવું, એમ કહ્યું છે; તેમાં આધાન કરવાવિષે જે પ્રકાર કહ્યો તે, શેષ રહેલો અગ્નિ હોમની પ્રથમ નષ્ટ થાય તો તે પરાયણ જાણવો. અથવા શ્રૌતાગ્નિમાંથી સ્ત્રીના (દાહમાટે) અર્ધ અગ્નિ દઇ ઉત્સર્ગેષ્ટિ કરી પ્રથમના અગ્નિનો ત્યાગ કરી પુનરાધાન કરી અગ્નિહોત્ર કરવું એમ કહ્યું છે, તેમ ઇહાં પણ ઉત્સર્ગેષ્ટિ કરી પૂર્વ અગ્નિનો ત્યાગ કીધા પછી અપૂર્વાધાનવિષે કૌસ્તુભમાં કહ્યું છે, એમ યોજના કરવી એ રીતે ભાસે છે.

अरणिस्रुचादिपात्राणांलक्षणवृक्षादिविचारोन्यत्रज्ञेयः एतेषांविधीनांसंकल्पादिविस्तरयुक्ताः प्रयोगागृह्याग्निसागरे प्रायश्चित्तादिविधयःप्रायःसर्वसूत्रेषुसमानाएव क्वचित्क्वचित्स्वस्वसूत्रोक्ताविशेषाऊह्याः विवाहहोमोगृहप्रवेशनीयहोमेनसमानतंत्रोनुष्ठीयमानोबह्वृचानांपुनराधानं अन्येषांविवाहहोमाद्भिन्नमेवेतिविशेषः ॥

અરણી, સુવા ઇત્યાદિક પાત્રોનાં લક્ષણ અને તે ક્યા વૃક્ષનાં કરવાં તેનો નિર્ણય બીજા ગ્રંથોમાં જોવો. એ પૂર્વોક્ત સર્વ વિધિના સંકલ્પ ઇત્યાદિ વિસ્તારયુક્ત પ્રયોગ ગૃહ્યાગ્નિસાગરમાં જોવા. પ્રાયશ્ચિત્ત ઇત્યાદિકનો વિધિ ઘણું કરી સર્વ સૂત્રમાં સમાનજ કહ્યો છે. કોઇ કોઇ ઠેકાણે પોતપોતાના સૂત્રમાં કહેલા વિશેષ જોઈ લેવા. વિવાહહોમ, ગૃહપ્રવેશનીય હોમની સાથે એક તત્રે કરવો તે ઋગ્વેદીઓને પુનરાધાન છે. બીજી શાખાવાળાઓએ વિવાહહોમ કરતાં ભિન્નજ પુનરાધાન કરવું, આ વિશેષ જાણવો.

अथकात्यायनोपयोगिकिंचिदुच्यते ॥ पराग्निपक्वंनाश्नीयाद्गुडगोरसमंतरा आहिताग्नेरयंधर्मोयाज्ञिकानांतुसंमतः इक्षुक्षीरविकाराश्चभ्राष्ट्रभृष्टयवाअपि पराग्निपक्वंनज्ञेयंप्रवासेचाग्निहोत्रिणः यदन्नंवारिहीनंचपक्वंकेवलपावके तदन्नंफलवद्ग्राह्यमन्नदोषोनविद्यते प्रातर्होमंतुनिर्वर्त्यसमुद्धृत्यहुताशनात् शेषंमहानसेकृत्वातत्रपाकंसमाचरेत् पूर्वेणयोजयित्वातंतस्मिन्होमोविधीयते अतोस्मिन्वैश्वदेवादिकर्मकुर्यादतंद्रितः ॥

હવે કાત્યાયનોને ઉપયોગી કાંઈ નિર્ણય કહે છે.

(કાત્યાયનોએ) “ ગોળ, અને ગોરસવિના બીજા પદાર્થો બીજાના અગ્નિ ઉપર પક્વ થયલા ભક્ષણ કરવા નહીં. અગ્નિહોત્રીનો એ ધર્મ યાજ્ઞિકોને માન્ય છે. સેરડી અને દૂધથી બનેલા પદાર્થ; (માટીનાં) ખપરમાં ભૂંજેલા યવ, એ પદાર્થો બીજાના અગ્નિ ઉપર પક્વ થયા હોય તો પણ પ્રવાસમાં અગ્નિહોત્રિએ બીજાના અગ્નિ ઉપર પક્વ છે એમ સમજવું નહીંજ, અર્થાત્ (ગ્રહણ કરવા). કેવલ લૌકિકાગ્નિ ઉપર જળ વિના પક્વ થયલું અન્ન તે ફળની પેઠે લેવું, તે લેવાથી અન્નનો દોષ નથી. પ્રાતઃકાલનો હોમ સમાપ્ત કરી તે અગ્નિમાંથી થોડો અગ્નિ લઈ રસોડામાં પ્રદીપ્ત કરી તે ઉપર સર્વ પાક કરવો. ફરી તે અગ્નિ કુંડના અગ્નિજોડે મેળવી તે ઉપર હોમ કરવો, એમ છે માટે આલસ્ય છોડી વૈશ્વદેવાદિક કર્મ ગૃહ્યાગ્નિ ઉપર કરવું.

बह्वृचकारिकायाम् ॥ नित्यंपाकायशालाग्नेरेकदेशस्यकार्यतः पाकार्थमुल्मुकंहृत्वातत्रपक्त्वामहानसे वैश्वदेवोन्यगारेस्यात्पाकार्थोग्निश्चलौकिकः भूरिपाकोभवेद्यत्रश्राद्धादावुत्सवेषुच कृतेचवैश्वदेवेथलौकिकोनैवकार्यतः दीपकोधूपकश्चैवतापार्थयश्चनीयते सर्वेतेलौकिकाज्ञेयास्तावन्मात्रापवर्गतः बहुधाविहृतोह्यग्निरावसथ्यात्कथंचन यावदेकोपितिष्ठेत्तावदन्योनमथ्यते वैश्वदेवात्तथाहोमात्प्राक्क्षयेनैवमंथनं पचनाग्नावपक्त्वाहःपुनराधानमर्हति आरोपितारणीचोभेषकाचायदिनश्यति तत्राद्याधेयमिच्छंतिपुनराधेयमेववा अथानारोपितारण्योःक्षयेप्राह्नेनवेपुनः तदलाभेयदोद्वायादत्रस्यात्पुनराहितिः शूद्रोदक्यांत्यजैश्चैवपतितामेध्यरासभैः अनारूढारणिस्पर्शेतेविहायान्ययोर्ग्रहः आरूढारणिस्पर्शेपुनराधेयमुक्तं भवतंनःसमेत्यप्सुमज्जयेद्दूषितारणी एकारण्येवदुष्टाचेत्तामेवाप्सुनिजयेत् तत्रान्यारणिलाभात्प्रागुद्वातेपुनराहितिः उद्वातेअग्नौनष्टेनष्टायामरणौयावदग्निस्तिष्ठतिवेश्मनि तावद्धोमादिकंकृत्वातन्नाशेपुनराहरेत् अत्रैकारणिनाशेन्यामेकांमंत्रेणोपादायोभाभ्यांमंथनमितिकेचित् अवशिष्टांतामेवछित्वामंथनमित्यपरे एकस्याःदोषेप्यरणिद्वयंत्यक्त्वानूतनद्वयोपादानमितिनारायणवृत्त्याशयः अयमरणिविचारःश्रौतस्मार्तसाधारणःसर्वशाखासाधारणश्च ॥

બહ્વૃચકારિકામાં કહે છે—“ નિત્યપાક કરવામાટે ગૃહ્યાગ્નિમાંથી એક પડખાનું, પાક કરવો એજ છે પ્રયોજન જેનું એવું ઉલ્મુક (બળતું કાષ્ઠ) રસોડામાં લઇ જઈ પ્રદીપ્ત કરી તે ઉપર સર્વ પાકની ઉત્પત્તિ કરવી. જે ઉપર પાક થયો તે લૌકિકાગ્નિ છે માટે વૈશ્વદેવ ગૃહ્યાગ્નિ ઉપર કરવો. શ્રાદ્ધ ઇત્યાદિક નિમિત્ત અને ઉત્સવને દિવસે જે અગ્નિ ઉપર મ્હોટો પાક થાય છે તે ઉપર વૈશ્વદેવ કરવો; કારણ, કાર્યને અનુસારે તે લૌકિકાગ્નિ નથી. દીપક કરવા માટે, ધૂપ કરવા માટે અને તાપવામાટે ગૃહ્યાગ્નિમાંથી લીધેલો જે અગ્નિ તે સર્વ લૌકિકાગ્નિ છે. કારણ, તે તે કાર્ય થયા પછી તે તે અગ્નિનું

तर्केपिवा अंपक्त्वातुवसेद्रात्रिंपुनराधानमर्हतीदंकात्यायनादिपरं पत्नीप्रवासेपुनराधानमुक्तं तदेकभार्यस्यबहुभार्यस्यतुज्येष्ठाप्रवासएवपुनराधानमितिकेचित् एतेषुनिमित्तेषुस्थितानग्नीनुत्सृज्यान्येषामाधानं आरादुपकारकांगलोपेकर्मसमाप्तेःप्राक्प्रायश्चित्तंकृत्वातदंगंकुर्यात् कर्मसमाप्तौप्रायश्चित्तमेवनांगावृत्तिः सन्निपत्योपकारकांगस्यद्रव्यसंस्काररूपस्यलोपेप्रधानात्प्राक्तत्कार्यं प्रधानोत्तरंप्रायश्चित्तमेवनावृत्तिः ॥

જ્યેષ્ઠ સ્ત્રી અગ્નિની સમીપમાં રહ્યા છતાં કનિષ્ઠ સ્ત્રીનીસાથે યજમાન પ્રવાસ કરે તો દોષકારક નથી. યજમાન અને તેની સ્ત્રી બન્ને ઘરની સીમાથી બાહેર જઇ હોમકાલની પ્રથમ ઘેર આવે તો દોષ નથી. યજમાન અગ્નિ સમીપમાં છતાં પણ હોમસમયે સ્ત્રી બીજે ગામે રહી હોય તો પુનરાધાન કરવું એમ કહે છે. પ્રવાસમધ્યે નદી અથવા સીમાના ઉલ્લંઘન સમયે દંપતીમાંનું એક જો સમારોપિત અગ્નિનો સ્પર્શ ન કરે તો પુનરાધાન કરવું જોઇએ. યજમાન અગ્નિને છોડી ચારસો ગાઉપર્યંત પ્રયાણ કરે અથવા એક વર્ષપર્યંત પોતે હોમ ન કરે તો અગ્નિ નષ્ટ થાય છે, અને તેમ થયું હોય તો પુનરાધાન અથવા પવિત્રેષ્ટિ કરવી. "સાથે અગ્નિ લીધા વિના સ્ત્રી, સમુદ્રને મળનારી નદીનું ઉલ્લંઘન કરે તો અગ્નિનો નાશ થાય છે. એવું શ્રુતિપ્રમાણ છે." અગ્નિની સમીપે પતિ અથવા બીજી સ્ત્રી હોય તો સ્ત્રીને નદી ઉલ્લઘન કરવાનો દોષ નથી. પતિ પ્રવાસમાં છતાં સ્ત્રી અગ્નિસહિત, સીમાનું ઉલ્લઘન કરે તો અગ્નિનો નાશ થાય છે. એ પ્રમાણેજ સ્ત્રી પ્રવાસમાં છતાં પતિ અગ્નિસહિત, સીમાનું ઉલ્લઘન કરે તો પણ અગ્નિનો નાશ થાય છે. જલના યોગથી અગ્નિ નષ્ટ થયો હોય તો પુનરાધેય કરવું. "અગ્નિ નષ્ટ થયા છતાં યજમાન અગ્નિનું ઉપસ્થાન કીધાવિના સીમાનું ઉલ્લંઘન કરે તો તેજ પુનરાધેય કરવો." સમારોપ કીધાવિના શમ્યાપરાસની બાહેર અગ્નિ લઇ જાય તો તે અગ્નિ નષ્ટ થાય છે. "સ્ત્રીને રજોદોષ, જનનાશૌચ, અથવા મૃતાશૌચ છતાં અગ્નિમાન્ બ્રાહ્મણ પ્રવાસ કરે તો તે પુનરાધાનને યોગ્ય છે. બહુ સ્ત્રીયોમાંથી જો એક રજસ્વલા હોય તો પણ પ્રવાસે જવું નહીં. નિમિત્તથકી અગીયારમે અથવા ચોથે દિવસે પ્રવાસ જવાની ઇચ્છા કરવી. અગ્નિના હોમસમયે અથવા પર્વને દિવસે પ્રયાણ કરવું નહીં." બે હોમનો લોપ થાય અથવા દર્શપૂર્ણમાસ સ્થાલીપાકનો લોપ થાય તો પુનરાધેય કર્મ કરવાનું જે કહ્યું તે આપસ્તંબાદિ શાખાવિષયક છે. "જનનાશૌચ અને મૃતાશૌચ છતાં પાકાગ્નિ ઉપર પાક કરવો. અને પાકાગ્નિ ઉપર પાક ન કરતાં એકજ રાત્રિ તેમ રહે તો પુનરાધાન કરવું," એવું જે કહ્યું છે તે કાત્યાયનોવિષયક છે. સ્ત્રી પ્રવાસ કરે તો પુનરાધાન કરવું એ કહ્યું તે જેની એક સ્ત્રી છે તેવિષે છે. જેની બહુ સ્ત્રીઓ છે તેણે જ્યેષ્ઠ સ્ત્રી પ્રવાસ કરે તોજ પુનરાધાન કરવું, એમ કોઇ ગ્રંથકાર કહે છે. એ પૂર્વોક્ત નિમિત્ત છતાં પ્રથમ અગ્નિનો ત્યાગ કરી બીજા અગ્નિનું આધાન કરવું. તરતમાં ઉપકારકરનારાં અગભૂત (પ્રયાજાદિ) કર્મનો લોપ થયા છતાં કર્મ સમાપ્તિની પ્રથમ પ્રાયશ્ચિત્ત કરી લુપ્ત થયલું અગભૂત કર્મ કરવું. કર્મ સમાપ્તિ થયા પછી લોપ સ્મરણ થયો હોય તો પ્રાયશ્ચિત્તજ કરવું, અંગભૂત કર્મની આવૃત્તિ કરવી નહીં, પરંપરા સંબંધવડે દ્રવ્યસંસ્કારરૂપ ઉપકારક અગનો લોપ થતો હોય તો પ્રધાનકર્મથકી પ્રથમ તે અંગભૂત કર્મ કરવું. પ્રધાનકર્મ થયા પછી લોપ થયો હોય તો પ્રાયશ્ચિત્તજ કરવું, અંગભૂત કર્મની આવૃત્તિ કરવી નહીં.

मृतायैपत्न्यैदाहायार्धाग्निंदत्वावशिष्टाग्नौसायंप्रातर्होमस्थालीपाकाग्रयणानिकुर्यात् कौस्तुभेतुअर्धाग्निदानादिकमुक्त्वा विधुरस्यापूर्वाधानप्रकारस्तस्यविच्छेदेपुनराधानप्रकारश्चोक्तः तत्राधानप्रकारोवशिष्टाग्नेःप्राक्होमान्नाशपरः यद्वाश्रौताग्निषुभार्यायैअर्धाग्निदानंकृत्वाउत्सर्गेष्ट्यापूर्वाग्नीन्परित्यज्यपुनराधानंकृत्वाग्निहोत्रंकार्यमित्युक्तं तद्वदत्रापिउत्सर्गेष्ट्यापूर्वाग्नित्यागोत्तरमपूर्वाधानं कौस्तुभेउक्तमितियोज्यमितिभाति ॥

પત્ની મૃત થઈ હોય તો તેના દાહમાટે અર્ધ અગ્નિ દઇ શેષ રહેલા અગ્નિ ઉપર સાયંપ્રાતર્હોમ, સ્થાલીપાક અને આગ્રયણ કરવાં. કૌસ્તુભમાં તો, અર્ધ અગ્નિ દેવો ઇત્યાદિક કહી વિધુરે (જેની સ્ત્રી મૃત થઈ હોય તેણે) નવીન આધાન કરવું, અને તે શેષ રહેલો અગ્નિ નષ્ટ થાય તો પુનરાધાન કરવું, એમ કહ્યુ છે; તેમાં આધાન કરવાવિષે જે પ્રકાર કહ્યો તે, શેષ રહેલો અગ્નિ હોમની પ્રથમ નષ્ટ થાય તો તે પરાયણ જાણવો. અથવા શ્રૌતાગ્નિમાંથી સ્ત્રીના (દાહમાટે) અર્ધ અગ્નિ દઇ ઉત્સર્ગેષ્ટિ કરી પ્રથમના અગ્નિનો ત્યાગ કરી પુનરાધાન કરી અગ્નિહોત્ર કરવું એમ કહ્યું છે, તેમ ઇહાં પણ ઉત્સર્ગેષ્ટિ કરી પૂર્વે અગ્નિનો ત્યાગ કીધા પછી અપૂર્વાધાનવિષે કૌસ્તુભમાં કહ્યુ છે, એમ યોજના કરવી એ રીતે ભાસે છે.

अरणिस्रुवादिपात्राणांलक्षणवृक्षादिविचारोन्यत्रज्ञेयः एतेषांविधीनांसंकल्पादिविस्तरयुक्ताः प्रयोगागृह्याग्निसागरे प्रायश्चित्तादिविधयःप्रायःसर्वसूत्रेषुसमानाएव क्वचित्क्वचित्स्वस्वसूत्रोक्ताविशेषा ऊह्याः विवाहहोमोगृहप्रवेशनीयहोमेनसमानतंत्रोनुष्ठीयमानोबह्वृचानांपुनराधानं अन्येषांविवाहहोमाद्भिन्नमेवेतिविशेषः ॥

અરણી, સુવા ઇત્યાદિક પાત્રોનાં લક્ષણ અને તે ક્યા વૃક્ષનાં કરવાં તેનો નિર્ણય બીજા ગ્રંથોમાં જોવો. એ પૂર્વોક્ત સર્વ વિધિના સંકલ્પ ઇત્યાદિ વિસ્તારયુક્ત પ્રયોગ ગૃહ્યાગ્નિસાગરમાં જોવા. પ્રાયશ્ચિત્ત ઇત્યાદિકનો વિધિ ઘણું કરી સર્વે સૂત્રમાં સમાનજ કહ્યો છે. કોઇ કોઇ ઠેકાણે પોતપોતાના સૂત્રમાં કહેલા વિશેષ જોઈ લેવા. વિવાહહોમ, ગૃહપ્રવેશનીય હોમની સાથે એક તંત્રે કરવો તે ઋગ્વેદીઓને પુનરાધાન છે. બીજી શાખાવાળાઓએ વિવાહહોમ કરતાં ભિન્નજ પુનરાધાન કરવું, આ વિશેષ જાણવો.

अथकात्यायनोपयोगिकिंचिदुच्यते ॥ पराग्निपक्वंनाश्नीयाद्गुडगोरसमंतरा आहिताग्नेरयं धर्मोयाज्ञिकानांतुसंमतः इक्षुक्षीरविकाराश्चभ्राष्ट्रभृष्टयवाअपि पराग्निपक्वंनज्ञेयंप्रवासेचाग्निहोत्रिणः यदन्नंवारिहीनंचपक्वंकेवलपावके तदन्नंफलवद्ग्राह्यमन्नदोषोनविद्यते प्रातर्होमंतुनिर्वर्त्यसमुद्धृत्यहुताशनात्, शेषंमहानसेकृत्वातत्रपाकंसमाचरेत् पूर्वेणयोजयित्वातंतस्मिन्होमोविधीयते अतोस्मिन्वैश्वदेवादि कर्मकुर्यादतंद्रितः ॥

હવે કાત્યાયનોને ઉપયોગી કાંઈ નિર્ણય કહે છે.

(કાત્યાયનોએ) “ગોળ, અને ગોરસવિના બીજા પદાર્થો બીજાના અગ્નિ ઉપર પક્વ થયલા ભક્ષણ કરવા નહીં. અગ્નિહોત્રીનો એ ધર્મ યાજ્ઞિકોને માન્ય છે. સેરડી અને દૂધથી બનેલા પદાર્થ; (માટીનાં) ખપરમાં ભૂંજેલા યવ, એ પદાર્થો બીજાના અગ્નિ ઉપર પક્વ થયા હોય તો પણ પ્રવાસમાં અગ્નિહોત્રિએ બીજાના અગ્નિ ઉપર પક્વ છે એમ સમજવું નહીંજ, અર્થાત્ (ગ્રહણ કરવા). કેવલ લૌકિકાગ્નિ ઉપર જળ વિના પક્વ થયલું અન્ન તે ફળની પેઠે લેવું, તે લેવાથી અન્નનો દોષ નથી. પ્રાતઃકાલનો હોમ સમાપ્ત કરી તે અગ્નિમાંથી થોડો અગ્નિ લઈ રસોડામાં પ્રદીપ્ત કરી તે ઉપર સર્વ પાક કરવો. ફરી તે અગ્નિ કુંડના અગ્નિજોડે મેળવી તે ઉપર હોમ કરવો, એમ છે માટે આલસ્ય છોડી વૈશ્વદેવાદિક કર્મ ગૃહ્યાગ્નિ ઉપર કરવું.

बह्वृचकारिकायाम् ॥ नित्यंपाकायशालाग्नेरेकदेशस्यकार्यतः पाकार्थमुल्मुकंहृत्वातत्रपक्त्वामहानसे वैश्वदेवोप्यगारेस्यात्पाकार्थोग्निश्चलौकिकः भूरिपाकोभवेद्यत्रश्राद्धादावुत्सवेषुच कृतेचवैश्वदेवेथलौकिकोनैवकार्यतः दीपकोधूपकश्चैवतापार्थंयश्चनीयते सर्वेतेलौकिकाज्ञेयास्तावन्मात्रापवर्गतः बहुधा विहृतोह्यग्निरावसथ्यात्कथंचन यावदेकोपितिष्ठेत्तावदन्योनमथ्यते वैश्वदेवात्तथाहोमात्प्राक्क्षयेनैव मंथनं पचनाग्नावपक्त्वाहःपुनराधानमर्हति आरोपितारणीचोभेएकावायदिनश्यति तत्राग्न्याधेयमिच्छंतिपुनराधेयमेववा अथानारोपितारण्योःक्षयेग्राह्योनवेपुनः तदलाभेयदोद्वायादन्नस्यात्पुनराहितिः शूद्रोदक्यांत्यजैश्चैवपतितामेध्यरासभैः अनारूढारणिस्पर्शेतेविहायान्ययोर्ग्रहः आरूढारणिस्पर्शेपुनराधेयमुक्तं भवतंनःसमेत्यप्सुमज्जयेद्दूषितारणी एकारण्येवदुष्टाचेत्तामेवाप्सुनिज्जयेत् तत्रान्यारणिलाभात्प्रागुद्वातेपुनराहितिः उद्वातेअग्नौनष्टेनष्टायामरणौयावदग्निस्तिष्ठतिवेश्मनि तावद्धोमादिकंकृत्वातन्नाशेपुनराहरेत् अत्रैकारणिनाशेन्यामेकांमंत्रेणोपादायोभाभ्यांमंथनमितिकेचित् अवशिष्टांतामेवछित्वामंथनमित्यपरे एकस्याःदोषेप्यरणिद्वयंत्यक्त्वानूतनद्वयोपादानमितिनारायणवृत्त्याशयः अयमरणिविचारःश्रौतस्मार्तसाधारणःसर्वशाखासाधारणश्च ॥

બહ્વૃચકારિકામાં કહે છે—“નિત્યપાક કરવામાટે ગૃહ્યાગ્નિમાંથી એક પડખાનું, પાક કરવો એજ છે પ્રયોજન' જેનું એવું ઉલ્મુક (બળતું કાષ્ઠ) રસોડામાં લઇ જઈ પ્રદીપ્ત કરી તે ઉપર સર્વ પાકની ઉત્પત્તિ કરવી. જે ઉપર પાક થયો તે લૌકિકાગ્નિ છે માટે વૈશ્વદેવ ગૃહ્યાગ્નિ ઉપર કરવો. શ્રાદ્ધ ઇત્યાદિક નિમિત્ત અને ઉત્સવને દિવસે જે અગ્નિ ઉપર મ્હોટો પાક થાય છે તે ઉપર વૈશ્વદેવ કરવો; કારણ, કાર્યને અનુસારે તે લૌકિકાગ્નિ નથી. દીપક કરવા માટે, ધૂપ કરવા માટે અને તાપવામાટે ગૃહ્યાગ્નિમાંથી લીધેલો જે અગ્નિ તે સર્વ લૌકિકાગ્નિ છે. કારણ, તે તે કાર્ય થયા પછી તે તે અગ્નિનું

ગૃહ્યાગ્નિપણું નષ્ટ થાયછે. ગૃહ્યાગ્નિમાંથી જુદાં જુદાં કાર્યમાટે બહુ વાર લીધેલા અગ્નિમાંથી જ્યહાંપર્યંત એક પણ અગ્નિ હોય ત્યહાંપર્યંત અરણીમંથન કરી બીજો અગ્નિ લેવો નહીં. વૈશ્વદેવ, હોમ કરવાની પ્રથમ અગ્નિમંથન કરવું નહીં. પાક કરવામાટે ગૃહ્યાગ્નિમાંથી લીધેલો જે અગ્નિ તે પચનાગ્નિ છે, માટે પચનાગ્નિ ઉપર દિવસનો પાક ન કરે તો તેણે પુનરાધાન કરવું. અગ્નિસમારોપ કરેલી એવી બે અરણીમાંથી એક, અથવા બન્ને અરણી નષ્ટ થઈ હોય તો તે કાલે અગ્નિનું આધેય કરવું, અથવા પુનરાધેયજ કરવું. અગ્નિસમારોપ ન કરેલી એવી અરણી નષ્ટ થાય તો બીજી નવી અરણી લેવી. બીજી નવી અરણી ન મળે અને અગ્નિ નષ્ટ થાય તો પુનરાધાન કરવું. અગ્નિસમારોપ ન કરેલી અરણીને શૂદ્ર, રજસ્વલા, ચાંડાલ, પતિત, અપવિત્ર, ગર્દભ (ખર) ઇત્યાદિકોએ સ્પર્શ કીધો હોય તો તેનો ત્યાગ કરી બીજી બે અરણી લેવી.” અગ્નિસમારોપ કરેલી અરણીને શૂદ્રાદિકોનો સ્પર્શ થયો હોય તો પુનરાધેય કરવું એમ કહ્યું છે. સમારોપ કરેલી અરણી દૂષિત થઇ હોય તો તે અરણી, “ **भवतंनः सम०** ” એ મંત્રવડે જળમાં નાખવી. એકજ અરણી દૂષિત થઈ હોય તો તેનેજ જળમાં નાખવી. બીજી અરણી મળવાની પ્રથમ અગ્નિ નષ્ટ થાય તો પુનરાધાન કરવું. “ અરણી નષ્ટ થયા પછી યાવત્કાલ અગ્નિ ઘરમાં છે ત્યહાંપર્યંત હોમાદિક કરવાં, અને તે અગ્નિ નષ્ટ થાય તો પુનરાધાન કરવું.” આ સ્થળમાં એક અરણીનો નાશ થયા પછી બીજી એક અરણી સમંત્રક લઈ, બે અરણીવડે મથન કરી અગ્નિ ઉત્પન્ન કરવો એમ કોઈ ગ્રંથકાર કહે છે. બીજા ગ્રંથકાર તો, શેષ રહેલી અરણીને કાપી બે કરી તેનું મંથન કરવું એમ કહે છે. કદાચિત્ એક અરણી દૂષિત થઇ તથાપિ બન્ને અરણીનો ત્યાગ કરી નવીન બે અરણી લેવી એવો નારાયણવૃત્તિનો અભિપ્રાય છે. આ અરણીનો નિર્ણય શ્રૌતકર્મ અને સ્માર્તકર્મને સાધારણ તેમજ સર્વ શાખાને સાધારણ કહ્યો છે.

अग्निसमारोपेकातीयैर्वैश्वदेवःपाकश्चलौकिकेग्नौकार्यइत्याहुः यस्यवेदश्चवेदीचविच्छिद्येतेत्रिपूरुषं स वैदुर्ब्राह्मणोज्ञेयःसर्वकर्मसुगर्हितः अग्निहोत्रंप्रकुर्वीतज्ञानवाञ्छ्रद्धयान्वितः अग्निहोत्रात्परोधर्मोनभूतो नभविष्यति श्रौतेकर्मणियोशक्तोज्ञानद्रव्याद्यभावतः स्मार्तंकुर्याद्यथाशक्तोत्राप्याचारंलभेत्सदा कृत दारोनतिष्ठेत्क्षणमप्यग्निनाविना तिष्ठतचेद्द्विजोव्रात्यस्तथाचपतितोभवेत् नगृह्णीयाद्विवाहाग्निंगृहस्थ इतिमन्यते अन्नंतस्यनभोक्तव्यंवृथापाकोहिसस्मृतः योदद्यात्कांचनंमेरुंपृथिवींचससागरां तत्सायंप्रातर्होमस्यतुल्यंभवतिवानवा इतिहोमप्रकरणम् ॥

અગ્નિસમારોપ કીધા છતાં કાત્યાયનોએ વૈશ્વદેવ અને પાક (રસોઈ), લૌકિકાગ્નિ ઉપર કરવો એમ કહે છે. “ જેના કુળમાં ત્રણ પુરુષપર્યંત વેદાધ્યયન, અને અગ્નિહોત્ર ગ્રહણ કીધો ન હોય તો તે દુર્બ્રાહ્મણ છે, અને કોઈ પણ સત્કર્મવિષે તે યોગ્ય નથી. જ્ઞાનવાન્ પુરુષે શ્રદ્ધાપૂર્વક અગ્નિહોત્ર ગ્રહણ કરવો; કારણ, અગ્નિહોત્ર સમાન ઉત્તમ ધર્મ પ્રથમ થયો નથી, આગળ થનાર પણ નથી. જ્ઞાન અને દ્રવ્ય ઇત્યાદિકના અભાવને લીધે શ્રૌત (અગ્નિહોત્રાદિ) કરવાવિષે જે અસમર્થ હોય તેણે યથાશક્તિ સ્માર્ત્તકર્મ કરવું. એ સ્માર્ત્તકર્મવિષે પણ સર્વકાલ આચાર (ધર્મ) પ્રાપ્ત થાય છે. યથાવિધિ વિવાહ કરી સ્ત્રી ગ્રહણ કીધા પછી બ્રાહ્મણે એક ક્ષણ પણ અગ્નિવિના રહેવું નહીં. કદાચિત્ અગ્નિવિના રહે તો તે સંસ્કારહીન અને પતિત થાય છે. જે બ્રાહ્મણ વિવાહાગ્નિનું ધારણ કીધાવિના પોતાને ગૃહસ્થ છું એમ માને છે તેનું અન્ન ભક્ષણ કરવું નહીં, કારણ તેનો તે પાક વ્યર્થ છે. સુવર્ણમય મેરૂ પર્વત અને સમુદ્રસહિત પૃથિવી, એનું જે દાન કરે છે તે દાનનુંજ ફળ; તે સાયંકાલે અને પ્રાતઃકાલે જે અગ્નિમાં હોમ કરવો તેનાં ફળની બરોબર થાય છે કે નથી થતું, એટલે સુવર્ણના મેરૂ અને પૃથિવીનું દાન કરવાથી જે ફળ થાય છે તે કરતાં હોમનું ફળ વિશેષ છે એ તાત્પર્ય જાણવો. એ રીતે હોમનું પ્રકરણ કહ્યું.

अथनित्यदानम् ॥ एकस्मिन्नप्यतिक्रांतेदिनेदानविवर्जिते दस्युभिर्मुषितस्येवयुक्तमाक्रंदितुंभृशम् तस्माद्विभवानुसारेणधनधान्यादिदेयमसंभवेपूगीफलादिकमपिप्रत्यहंदेयं ततोगोब्राह्मणादिमंगलदर्शनइत्यष्टधाविभक्तदिनस्यप्रथमभागकृत्यम् ॥

હવે નિત્યદાન કહે છે.

“ એક પણ દિવસ જો દાનવિના જાય તો ચોરે ઘરમાંથી સર્વસ્વ લૂટવાથી જેમ તે દિવસ અત્યંત દુઃખ આપનારો થાય છે તેવો દાનરહિત દિવસ પણ દુઃખ આપનારો છે,” માટે શક્તિ

અનુસારે ધન, ધાન્ય ઇત્યાદિક કાંઇ અલ્પ પણ દાન કરવું. ધન, ધાન્ય ઇત્યાદિક દેવાની શક્તિ ન હોય તો સોપારી ઇત્યાદિકનું પણ દાન નિત્ય કરવું. ત્યાર પછી ગાય, બ્રાહ્મણ ઇત્યાદિ મંગળ પદાર્થનું દર્શન કરવું. એ રીતે દિવસના આઠ ભાગ કરી તેમાંના પ્રથમ ભાગનું કૃત્ય કહ્યું.

द्वितीयभागेवेदशास्त्राभ्यासः पठेदध्यापयेद्वेदान्जपेच्चैवविचारयेत् अवेक्षेतचशास्त्राणिधर्मादीनिद्विजोत्तमः देवार्चनमपिप्रातर्होमोत्तरंवाचतुर्थभागेब्रह्मयज्ञोत्तरंवाकार्यं विधायदेवतापूजांप्रातर्होमादनंतरं कुर्वीतदेवतापूजांजपयज्ञादनंतरमित्यादिद्विविधस्मृतेः देवार्चनंप्रकर्तव्यंत्रिकालेपियथाक्रमं अशक्तौविस्तरात्प्रातर्मध्याह्नेगंधमादितः सायंनीराजनंकुर्यात्रिकालेतुलसीदलं यथासंध्यातथापूजात्रिकाले मोक्षदास्मृतेतिकमलाकरः तत्रविष्णुशिवब्रह्मसूर्यशक्तिविनायकादिष्वभिमतांदेवतामर्चयेत् तत्रापि कलौहरिहरयोःपूजाप्रशस्ता नविष्ण्वाराधनात्पुण्यंविद्यतेकर्मवैदिकं तस्मादनादिमध्यांतंनित्यमाराधयेद्धरिं अथवादेवमीशानंभगवंतंसनातनं प्रणवेनाथवारुद्रगायत्र्यात्र्यंबकेनवा तथोन्नमःशिवायेतिमंत्रेणपनेनवायजेत् तत्रापिप्रतिमास्थंडिलादिभ्यःशालिग्रामेवाणलिंगेचप्रशस्ता आवाहनादिकंविनासदादेवतासंनिधानात् श्रीमद्भागवते उद्वासावाहनेनस्तःस्थिरायामुद्धवार्चने अस्थिरायांविकल्पःस्यात्स्थंडिलेतुभवेद्द्वयम् ॥

દિવસના બીજા વિભાગમાં (૩॥ ઇત્યાદિક ઘડી પછી) વેદ, શાસ્ત્રનો અભ્યાસ કરવો. બ્રાહ્મણે વેદપાઠ કરવો, બીજાને શિખવવો, જપ કરવો, વેદાર્થનો વિચાર કરવો, અને ધર્મશાસ્ત્ર અર્થવિચારપૂર્વક જોવાં." દેવસેવા પ્રાતઃકાલનો હોમ કીધા પછી કરવી અથવા દિવસના ચોથા ભાગમાં બ્રહ્મયજ્ઞ કીધા પછી કરવી. કારણ, "પ્રાતઃકાલનો હોમ કીધા પછી દેવપૂજા કરવી. અથવા જપયજ્ઞ (બ્રહ્મયજ્ઞ) કીધા પછી દેવપૂજા કરવી," ઇત્યાદિક બે પ્રકારનાં સ્મૃતિવચન છે. "દેવપૂજા ત્રણે કાલમાં યથાક્રમે કરવી. ત્રિકાલે વિસ્તારથી પૂજા કરવાની શક્તિ ન હોય તો પ્રાતઃકાલે વિસ્તારથી કરવી, મધ્યાહ્ને ચંદનાદિક ઉપચારથી કરવી, અને સાયકાલે ધૂપ, દીપ, આરતી ઇત્યાદિક ઉપચારવડે કરવી." ત્રિકાલ તુળસીદળવડે પૂજા કરવી. જેવી ત્રિકાલ સંધ્યા મોક્ષ દેનારી છે તેવી ત્રિકાલ પૂજા મોક્ષ દેનારી છે. એમ કમલાકર કહે છે. તેમાં વિષ્ણુ, શિવ, બ્રહ્મા, સૂર્ય, દેવી અને ગણપતિ ઇત્યાદિક દેવતાઓમાંથી પોતાના ઇષ્ટદેવનું પૂજન કરવું. તેમાં પણ કલિયુગમાં વિષ્ણુ અને શિવનું પૂજન મુખ્ય છે. "વિષ્ણુના પૂજન કરતાં પુણ્યકારક કોઈ પણ વૈદિક કર્મ નથી, માટે જેનો આદિ, મધ્ય અને અંત નથી એવા સંસારદુઃખ હરણ કરનાર વિષ્ણુનું નિત્ય પૂજન કરવું. અથવા પ્રકાશમાન, ષડ્ગુણ ઐશ્વર્યસપન્ન, અને અવિનાશી એવા શિવની પૂજા પ્રણવ મંત્રવડે, કિંવા રુદ્રગાયત્રીમંત્રવડે, કિંવા ત્ર્યંબકમંત્રવડે, અથવા "ॐनमः शिवाय" એ ષડક્ષરમંત્રવડે કરવી." તેમાં પણ મૂર્ત્તિ અને સ્થંડિલ ઇત્યાદિક કરતાં શાલિગ્રામ અને બાણલિંગમાં પૂજા કરવી તે ઉત્તમ છે; કારણ, આવાહનાદિક કીધાવિના દેવતાનું સાન્નિધ્ય શાલિગ્રામ અને બાણલિંગમાં નિત્ય છે. શ્રીમદ્ભાગવતમાં "હે ઉદ્ધવ! સ્થિર મૂર્ત્તિની પૂજા કર્ત્તવ્ય હોય તો આવાહન અને વિસર્જન કરવાં નહીં. અસ્થિર મૂર્ત્તિની પૂજા કર્ત્તવ્ય હોય તો આવાહન અને વિસર્જનવિષે વિકલ્પ (આવાહન વિસર્જન કરવાં અથવા ન કરવાં એમ) છે. સ્થંડિલવિષે તો બન્ને કરવાં.

तत्रसंक्षेपतःपूजाप्रयोगउच्यते ॥ विशेपविचारस्तुमूर्त्तिप्रतिष्ठाप्रसंगेनवक्ष्यते तत्रोदयात्पूर्वं निर्माल्यमपसार्ययथाकालेपूजारंभः येभ्योमाता० एवापित्रे० इतिपठन्घंटानादंकृत्वाचम्यप्राणानायम्यदेशकालादिसंकीर्तनांतेश्रीमहाविष्णुपूजांकरिष्यइति पंचायतनपक्षेश्रीरुद्रविनायकसूर्यशक्तिपरिवृत श्रीमहाविष्णुपूजांकरिष्यइतिसंकल्प्यासनादिविधाय सहस्रशीर्षेतिपोडशर्चस्यसूक्तस्यनारायणःपुरुपोनुष्टुप्अत्यात्रिष्टुप्न्यासेपूजायांचविनि० ततःप्रथमामृचंवामेकरेद्वितीयांदक्षिणेन्यसेत् तृतीयांवामेपादे चतुर्थींदक्षिणेपचमींवामेजानुनिपष्ठींदक्षिणेसप्तमींवामकटौअष्टमींदक्षिणेनवमींनाभौदशमींहृदि एकादशींकंठेद्वादशींवामबाहौत्रयोदशींदक्षिणेचतुर्दशींमुखेपंचदशीमक्ष्णोःपोडशींमूर्ध्नि एवंदेहेचदेवेचन्यासंकुर्याद्विधानतः अंत्याभिःपंचभिर्ऋग्भिर्हृदयाद्यंगपंचके कलशंशंखघंटेचपाद्यार्घ्योचमनीयकं संपूज्य प्रोक्ष्यचात्मानंपूजासंभारमेवच ध्यायेदभिमतांविष्णुमूर्तिंसंपूजयेत्ततः प्रथमयापुरुपसूक्तस्यऋचावाहनंशालग्रामादौआवाहनाभावान्मंत्रपुष्पं ऋगंतेश्रीमहाविष्णवेश्रीकृष्णायेत्येवमभिमतमूर्तिंचतुर्थ्योद्वि

द्यसर्वोपचारार्पणं पंचायतनेतुश्रीविष्णवेशिवविनायकसूर्यशक्तिभ्यश्चेत्येवं यथोपास्यमुच्चारः नैवेद्यादौपार्थक्याभावेयथांशतइतिवदेत् द्वितीययाऽऽसनंदद्यात् तृतीययापाद्यं चतुर्थ्यार्घ्यं पंचम्याऽऽचमनं षष्ठ्यास्नानं संभवेपंचामृतस्नानान्याप्यायस्वेत्यादिमंत्रैः चंदनोशीरकर्पूरकुंकुमागरुवासितजलैः सुवर्णघर्मानुवाकमहापुरुषविद्यापुरुषसूक्तराजनसामभिरभिषेकः सप्तम्यावस्त्रं अष्टम्यायज्ञोपवीतं नवम्यागंधं दशम्यापुष्पाणि एकादश्याधूपं द्वादश्यादीपं स्नानेधूपेचदीपेचघंटादेर्नादमाचरेत् त्रयोदश्यानैवेद्यं संभवेतांबूलफलदक्षिणानीराजनंच चतुर्दश्यानमनं पंचदश्याप्रदक्षिणाः षोडश्याविसर्जनं पुष्पांजलिर्वा स्नानेवस्त्रेचनैवेद्येदद्यादाचमनंतथा दत्वाषोडशभिर्ऋग्भिः षोडशान्नस्यचाहुतीः सूक्तेनप्रत्यृचंपुष्पंदत्वा सूक्तेनसंस्तुयात् ततःपौराणैःप्राकृतैश्चस्तुत्वा शिरोमत्पादयोःकृत्वाबाहुभ्यांचपरस्परं प्रपन्नंपाहिमामीशभीतंमृत्युग्रहार्णवात् इतिवदन्नमेत् निर्माल्यंदेवदत्तंभावयित्वाशिरसिधारयेत् विष्णुमूर्ध्निस्थितंपुष्पं शिरसानवहेन्नरः शंखोदकंशिरसिधृत्वादेवतीर्थंपूजांतेवैश्वदेवांतेवाशिरसिधार्यं पेयंच तत्रक्रमः विप्रपादोदकंपीत्वाविष्णुपादोदकंपिबेत् शालग्रामशिलातोयमपीत्वायस्तुमस्तके प्रक्षेपणंचकुरुतेब्रह्महासनिगद्यते पात्रांतरेणवैग्राह्यंनकरेणकदाचनेतिकमलाकरः क्षालनेनएकस्यैववस्त्रस्यप्रतिदिनेदानेदोषोन एवंस्वर्णादिभूषणानामपि सुवर्णमययज्ञोपवीतेप्येवमाचारः एवंपूजायाःफलंस्कांदे कामासक्तोथवा क्रुद्धःशालग्रामशिलार्चनात् भक्त्यावायदिवाऽभक्त्याकलौमुक्तिमवाप्नुयात् कथांयःकुरुतेविष्णोःशालग्रामशिलाग्रतः वैवस्वतभयंनास्तितथाचकलिकालजं प्रायश्चित्तंहिपापानांकलौपादोदकंहरेः धृतेशिरसिपीतेचसर्वास्तुष्यंतिदेवताः बौधायनोक्तोहरिहरयोःपूजाविधिःपराशरमाधवे मयातुशिवपूजाविधिः शिवरात्रिप्रकरणेद्वितीयपरिच्छेदेउक्तइतिनेहोच्यते कौर्मे योमोहादथवालस्यादकृत्वादेवतार्चनं भुंक्ते सयातिनरकंसूकरेष्वभिजायते एवंदेवंसंपूज्यमातापितृप्रमुखान्गुरून्पूजयेत् यस्यदेवेपराभक्तिर्यथा देवेतथागुरावितिश्रुतेरितिमाधवः ॥

હવે સંક્ષેપેકરી દેવપૂજાનો પ્રયોગ કહે છે.

આ સ્થળમાં દેવપૂજાનો પ્રયોગ સક્ષેપે કહે છે. વિશેષ વિચાર તો મૂર્ત્તિની પ્રતિષ્ઠાના પ્રસગમાં આગળ કહેવાશે. તેમાં સૂર્યોદયથકી પ્રથમ દેવ ઉપરનાં નિર્માલ્ય ઉતારી ઉક્ત સમયે પૂજાનો આરભ કરવો. “ येभ्योमाता०, एवापित्रे० ” એ મત્ર ભણી ઘંટાનાદ કરવો. પછી આચમન, પ્રાણાયામ કરી દેશ, કાલનો ઉચ્ચાર કર્યા પછી, “ श्रीमहाविष्णुपूजां करिष्ये, ” એવો સંકલ્પ કરવો. પચાયતન (પાંચ દેવની) પૂજા કરવાની હોય એ પક્ષમાં, “ श्रीरुद्रविनायकसूर्यशक्तिपरिवृतश्रीमहाविष्णुपूजां करिष्ये, ” એવો સકલ્પ કરી આસનાદિક વિધિ કરી પુરૂષસૂક્તવડે ન્યાસ કરવા. તે આ રીતે,—“सहस्रशीर्षेति षोडशर्चस्य सूक्तस्य नारायणः पुरुषोनुष्टुप् अंत्यात्रिष्टुप् न्यासे पूजायां च विनियोगः ” પછી પ્રથમ ઋચા ભણી ડાબા હાથમાં ન્યાસ કરવો, બીજી ઋચા ભણી જમણા હાથમાં ન્યાસ, ત્રીજી ઋચાનો ડાબા પગમાં ન્યાસ, ચોથી ઋચાનો જમણા પગમાં ન્યાસ, પાંચમી ઋચાનો ડાબા ગોઠણમાં ન્યાસ, છઠ્ઠી ઋચાનો જમણા ગોઠણમાં ન્યાસ, સાતમી ઋચાનો ડાબી કેડમાં ન્યાસ, આઠમી ઋચાનો દક્ષિણ કેડમાં ન્યાસ, નવમી ઋચાનો નાભીસ્થાનકમાં, દશમી ઋચાનો હૃદયમાં, અગિયારમી ઋચાનો કંઠમાં, બારમી ઋચાનો ડાબા હાથમાં, તેરમી ઋચાનો જમણા હાથમાં, ચૌદમી ઋચાનો મુખસ્થાનકમાં, પંદરમી ઋચાનો બન્ને નેત્રમા, અને સોળમી ઋચાનો મસ્તક વિષે, એ રીતે પુરૂષસૂક્તની સોળ ઋચા ભણી પોતાના દેહવિષે અને દેવતાના દેહવિષે ન્યાસ કરવા, અને ફરી છેવટની પાચ (ब्राह्मणो०, चंद्रमा०, नाभ्या०, सप्तास्या०, यज्ञेन०) ઋચાનો ક્રમે કરી હૃદય, મસ્તક, શિખા, કવચરૂપ, અને અસ્ત્રરૂપ ન્યાસ કરવો, પછી કલશ, શખ, ઘટાની પૂજા કરી પાદ્યોદક, અર્ઘ્યોદક અને આચમનીયોદકની પૂજા કરી શખના જળવડે પોતાના અગઉપર અને પૂજાના પદાર્થઉપર પ્રોક્ષણ કરવુ. પછી પોતાની ઇષ્ટ વિષ્ણુમૂર્ત્તિનુ ધ્યાન કરી તે મૂર્ત્તિની પૂજા કરવી. પુરૂષસૂક્તની પ્રથમ ઋચાવડે આવાહન કરવું. શાલિગ્રામ ઇત્યાદિક દેવનું આવાહન નથી તેથી મત્રપુષ્પ અર્પણ કરવું. સૂક્તની એક એક ઋચા કહ્યા પછી “ श्रीमहाविष्णवे, श्रीकृष्णाय० ” એ રીતે પોતાની જે ઇષ્ટદેવતા હોય તેનો ચતુર્થી વિભક્તિવડે ઉદ્દેશ કરી સર્વોપચાર અર્પણ કરવા. પચાયતન પૂજા હોય તો, “ श्रीविष्णवे शिवविनायकसूर्यशक्तिभ्यश्च ” એ પ્રમાણે જે જે ઉપાસ્ય હોય તેનો ઉદ્દેશ પ્રથમ કરી પછી બીજાનો ઉચ્ચાર કરવો. નૈવેદ્યાદિક ઉપચાર જુદા જુદા ન હોય તો “ यथांशतः ” એમ કહેવું. બીજી ઋચાવડે આસન દેવું. ત્રીજી ઋચાવડે પાદ્ય દેવું. ચોથી

ઋચાવડે અર્ધ્ય દેવો. પાંચમી ઋચાવડે આચમન દેવું. છઠ્ઠી ઋચાવડે સ્નાન કરાવવું. સંભવ હોય તો “आप्यायस्व०” ઇત્યાદિક મંત્રે કરી પચામૃતસ્નાન કરાવવું. ચંદન, વાળો, કપૂર, કેશર, કૃષ્ણાગરૂ એ પદાર્થો નાખી સુગંધિત કરેલા જળવડે “सुवर्णघर्मानुवाक (सुवर्णघर्मं परिवेदवेनं इत्यादि,) महापुरुषविद्या (जितं ते पुंडरीकाक्ष, नमस्ते विश्वभावन० એ શ્લોક) पुरुषसूक्त (सहस्रशीर्षेत्यादि), અને राजनसाम (इंद्रंनरोनेमधिता हवंते० એ ઋચામાં કહેલો) એ મંત્રોવડે અભિષેક કરવો. સાતમી ઋચાવડે વસ્ત્ર અર્પણ કરવું. આઠમી ઋચાવડે યજ્ઞોપવીત અર્પણ કરવું. નવમી ઋચાવડે ચંદન, દશમી ઋચાવડે પુષ્પ ધરાવવાં, અગીયારમી ઋચાવડે ધૂપ, બારમી ઋચાવડે દીપ દેખાડવો. “સ્નાન, ધૂપ દીપ એ ઉપચાર અર્પણ કરતી વેળાએ ઘંટાનો નાદ કરવો.” તેરમી ઋચાવડે નૈવેદ્ય અર્પણ કરવું. સભવ હોય તો તાંબૂલ, ફળ, દક્ષિણા અને આરતી એ ઉપચાર અર્પણ કરવા. ચૌદમી ઋચાવડે નમસ્કાર કરવા. પંદરમી ઋચાવડે પ્રદક્ષિણા કરી, સોળમી ઋચાવડે વિસર્જન કરવું, અથવા પુષ્પાંજલી અર્પણ કરવી. સ્નાન કરાવ્યા પછી વસ્ત્ર અને યજ્ઞોપવીત દીધા પછી તેમજ નૈવેદ્ય દીધા પછી આચમનમાટે જળ દેવું. પુરૂષસૂક્તની સોળ ઋચાવડે ચરૂની સોળ આહુતિ હોમ કરી તેજ પુરૂષસૂક્તની સોળ ઋચાવડે સોળ પુષ્પ અર્પણ કરવાં. ફરી પુરૂષસૂક્તવડે સ્તુતિ કરવી. પછી પુરાણમાંનાં સ્તોત્ર તથા પ્રાકૃત સ્તોત્રવડે સ્તુતિ કરી, “દેવના ચરણવિષે મસ્તક રાખી દક્ષિણ અને વામ હાથવડે દેવના દક્ષિણ અને વામ ચરણનું ગ્રહણ કરી અથવા પોતાની પીઠ ઉપર પરસ્પર બાંધેલા બે હાથ રાખી. હે ઈશ! મૃત્યુગ્રહરૂપ સમુદ્રથકી ભયભીત માટેજ શરણાગત જે હું તે મારી રક્ષા કરો,” એવી પ્રાર્થના કરી નમસ્કાર કરવા. પછી નિર્માલ્ય (દેવતાએ ધરેલાં પુષ્પાદિ), દેવતાએ દીધું એવી ભાવના કરી તે મસ્તક ઉપર ધારણ કરવું. “વિષ્ણુના મસ્તક ઉપર ધરેલું પુષ્પ મનુષ્યે પોતાના મસ્તક ઉપર ધરવું નહીં.” શંખોદક પોતાના મસ્તક ઉપર ધારણ કરી, દેવતાનું તીર્થ (ચરણામૃત) પૂજા થયા પછી અથવા વૈશ્વદેવ થયા પછી મસ્તક ઉપર ધારણ કરવું અને પાન પણ કરવું.–તેવિષે ક્રમ. “બ્રાહ્મણનું તીર્થ પાન કરી વિષ્ણુના તીર્થનું પાન કરવું. જે મનુષ્ય શાલિગ્રામનું તીર્થપાન કીધાવિના પોતાના મસ્તક ઉપર ઉડાવે તો તે બ્રહ્મહત્યા કરનારો થાય છે. તીર્થ લેવું તે બીજા પાત્રવડે લેવું, હાથવડે ક્યારે પણ લેવું નહી,” એ રીતે કમલાકરે કહ્યુ છે. દેવને અર્પણ કરેલુ એકજ વસ્ત્ર ધોઇને નિત્ય અર્પણ કરવામાં દોષ નથી. એ રીતે સુવર્ણાદિ અલંકારવિષે પણ એજ નિર્ણય જાણવો. સુવર્ણનાં યજ્ઞોપવીતવિષે પણ એવોજ આચાર છે. શાલિગ્રામની પૂજાનું ફળ સ્કંદપુરાણમાં કહ્યું છે. “કામને સ્વાધીન અથવા ક્રોધને સ્વાધીન છતો, ભક્તિવડે અથવા ભક્તિરહિત પણ કલિમધ્યે જે (બ્રાહ્મણ) શાલિગ્રામશિળાની પૂજા કરે તે મોક્ષને પામે, શાલિગ્રામશિળાની સમીપે જે વિષ્ણુનું કીર્તન કરેછે તેને યમનો અને કલિયુગનો ભય પ્રાપ્ત થતો નથી. કલિયુગમધ્યે પાપનિવૃત્તિ થવાનું પ્રાયશ્ચિત્ત વિષ્ણુનું તીર્થ છે. તે તીર્થ મસ્તકઉપર ધારણ કરવાથી અને પાન કરવાથી સર્વ દેવતા સતુષ્ટ થાય છે.” વિષ્ણુ અને શિવની પૂજાનો વિધિ બૌધાયને કહેલો પરાશરમાધવમાં જોવો. મેં તો શિવપૂજાનો વિધિ બીજા પરિચ્છેદમાં શિવરાત્રિપ્રકરણમાં કહેલો છે, માટે ઇહાં કહેતો નથી. કૂર્મપુરાણમાં–“મોહથી અથવા આળસથી જે મનુષ્ય દેવપૂજા કર્યાવિના ભોજન કરેછે તે નરકમાં જાય છે અને બીજા જન્મમાં સૂકરનો અવતાર પામે છે.” એ પ્રમાણે દેવની પૂજા કરી માતા, પિતા આદિ ગુરુની પૂજા કરવી; કારણ, જેની દેવનેવિષે પરમભક્તિ છે અને જેવી દેવવિષે છે તેવી ગુરુવિષે ભક્તિ હોય તો, એવી શ્રુતિ છે એમ માધવ કહે છે.

तृतीयभागेपोष्यवर्गार्थधनार्जनम् ॥ यजनाध्ययनदानयाजनाध्यापनप्रतिग्रहाःषट्विप्रकर्माणि षण्णांतुकर्मणामस्यत्रीणिकर्माणिजीविका याजनाध्यापनेचैवविशुद्धाच्चप्रतिग्रहः श्रीभागवते प्रतिग्रहंमन्यमानस्तपस्तेजोयशोनुदं अन्याभ्यामेवजीवेतशिलैर्वादोषदृक्तयोरिति तथा वार्ताविचित्राशालीनयायावरशिलोंछनं विचित्रावार्ताकृष्यादिः शालीनमयाचितं यायावरंप्रत्यहंधान्ययाच्ञा कणिशोपादानंकणोपादानंचशिलोंछनं अत्रोत्तरोत्तराप्रशस्ता शिलोंछनंकलौनिषिद्धं कुसूलकुंभीधान्योवात्र्याहिकोश्वस्तनोपिवा कुटुंबपोषणेद्वादशाहपर्याप्तधान्यःकुसूलधान्यः षडहपर्याप्तधान्यःकुंभीधान्यः नकुर्यात्क्वपिवाणिज्यंसेवावृत्तिंतथैवच ब्राह्मण्याद्धीयतेतेनतस्मात्तानिविवर्जयेदित्युक्तेर्वार्तावृत्तिरापद्विषया पुत्रमांसंवरंभोक्तुंनतुराजप्रतिग्रहइतिचाघयमधर्मवार्तिराजप्रतिग्रहविषयं वृद्धौचमातापितरौसाध्वीभार्याशि

शुःसुतश्चायाज्ययाजनशूद्रप्रतिग्रहादिनापिपोषणीयाइत्यप्यापदि शाकपयोदधिपुष्पजलकुशभूमयःकुलटापंढपतितभिन्नात् नीचादप्ययाचितप्राप्ताग्राह्याः ब्रह्मचारीयतिश्चैवविद्यार्थीगुरुपोषकः अध्वगःक्षीणवृत्तिश्चषट्पकान्नस्यभिक्षुकाः शूद्रस्यद्विजशुश्रूषावृत्तिः आपदिकृष्यादिः ॥

દિવસના ત્રીજા ભાગવિષે પોતાનાં પોષ્યવર્ગ (માતા, પિતા, ગુરુ, વૃદ્ધજન, સ્ત્રી, પુત્રાદિક, અનાથ, આશ્રિત, પ્રથમ ક્યારે પણ ન આવેલો એવો પરોણો, એક રાત્રિ રેહેનાર પરોણો, અને ગૃહાગ્નિ એ સમુદાયને પોષ્યવર્ગ કહે છે તેને માટે ધન સંપાદન કરવું, યજ્ઞ કરવો, વેદાદિકનું અધ્યયન કરવું, દાન દેવું, ઋત્વિક્કર્મ કરવું. શિષ્યાદિકોને વેદનું અધ્યયન કરાવવું,, અને દાન લેવું, એ છ કર્મ બ્રાહ્મણોને વિહિત છે. "એ છ કર્મમાંથી ઋત્વિક્કર્મવડે ધન સંપાદન કરવું, ધર્મબુદ્ધિથી શિષ્યને વેદાધ્યયન કરાવી તે વિદ્વાન્ થયા પછી પ્રત્યુપકારબુદ્ધિથી જે ધન દે તે લેવું, અને ન્યાયથી ધન મેળવનારા યજમાન પાસેથી પ્રતિગ્રહ (દાન) લેવો એ ત્રણ કર્મ બ્રાહ્મણની આજીવિકા છે." શ્રીભાગવતમાં—"પ્રતિગ્રહ, તપશ્ચર્યા, બ્રહ્મતેજ અને કીર્ત્તિની હાનિ કરનારો છે એ રીતે માનનારાએ ઋત્વિક્કર્મવડે ધન સપાદન કરવું, અને શિષ્યે વેદાભ્યાસ કરી પ્રત્યુપકારબુદ્ધિથી આપેલું ધન લેવું, એ બે સાધનથી જીવિકા ચલાવવી, અને પૂર્વોક્ત બે પ્રકારનાં જીવિકાનાં સાધનમાં કૃપણતા ઇત્યાદિક દોષ દૃષ્ટિ હોય તો, ધણીએ છોડી દેવાથી ખેતરમાં પડેલાં અનાજ સાફ કરી લાવી તેવડે ઉપજીવીકા કરવી. તેમજ વાર્ત્તાવિચિત્રા, શાલીન, યાયાવર, અને શિલોંછન એ ચાર ઉપવિજીકા છે. વાર્ત્તાવિચિત્રા એટલે ખેડ કરવી ઇત્યાદિક, શાલીન એટલે યાચનાવિના મળે તે ગ્રહણ કરવું, યાયાવર એટલે નિત્ય ભિક્ષા માગવી, શિલોંછન એટલે સ્વામીએ છોડેલાં ધાન્યની સિંગ અથવા ધાન્ય ગ્રહણ કરવું, એ રીતે ચાર આજીવીકા કહી, તેમાં એકથકી એક ઉત્તમ છે. શિલોંછન વૃત્તિ કલિયુગમાં નિષિદ્ધ છે. કુસૂલધાન્ય, કુંભીધાન્ય, ત્ર્યાહિક (ત્રણ દિવસ પૂરતું થાય એટલું ધાન્ય જેની પાસે છે તે), શ્વસ્તન (આવતા એક દિવસ પૂરતું થાય એટલું ધાન્ય જેની પાસે છે તે), એવું રેહેવું. કુટુંબપોષણ માટે બાર દિવસ પૂરતું થાય એટલું ધાન્ય જેની પાસે છે તેને કુમૂલધાન્ય કહે છે. છ દિવસપર્યંત પૂરતું થાય એટલું ધાન્ય જેની પાસે છે તેને કુભીધાન્ય કહે છે. "કૃષિકર્મ (ખેતીવાડી), વ્યાપાર, સેવા (ચાકરી) એ બ્રાહ્મણ કરે તો બ્રાહ્મણપણાથી ભ્રષ્ટ થાય છે, માટે તે કરવું નહીં, એવાં વચન છે, માટે કૃષિકર્મવૃત્તિ આપત્તિકાળે કરવી. "પુત્રનું માંસ ભક્ષણ કરવું, એ ઉત્તમ; પરંતુ રાજાપાસેથી પ્રતિગ્રહ (દાન) લેવો એ ઉત્તમ નથી," એવું જે વચન છે તે અધર્મવિષે વર્ત્તનારા રાજાપાસેથી દાન લેવાનો નિષેધ કરે છે એમ સમજવું. અયાજ્યયાજન (હોમાદિક કરવાને અધિકાર રહિત જે તેને ઘેર હોમાદિક કરાવવો), શૂદ્રોપાસેથી દાન લેવું, ઇત્યાદિક ઉપાયે કરી પણ વૃદ્ધ માતા, પિતા, પતિવ્રતા સ્ત્રી, અને નાહાનાં બાળકનું પોષણ કરવું એવું જે કહ્યું તે પણ આપત્તિકાલે જાણવું. વ્યભિચારિણી સ્ત્રી, નપુંસક અને પતિત (જાતિભ્રષ્ટ) વિના બીજા નીચ પાસેથી પણ યાચનાવિના પ્રાપ્ત થયલા શાક, દૂધ, દહીં, ફૂલ, જળ, કુશ અને ભૂમિ ઇત્યાદિ પદાર્થ ગ્રહણ કરવા. "બ્રહ્મચારી, સન્યાસી, વિદ્યાર્થી, ગુરુ, માતા અને પિતા ઇત્યાદિ વૃદ્ધનું પોષણ કરનારો, રસ્તે ચાલનારો મુસાફર, અને ધાન્યાદિ આજીવિકાવડે હીન એ છ રાધેલાં અન્નના ભિક્ષુક છે; એટલે એમને રાધેલું અન્ન દેવું." દ્વિજ (ત્રિવર્ણ) ની સેવા કરવી એ શૂદ્રની વૃત્તિ છે. આપત્તિકાલે શૂદ્રે કૃષિકર્મ ઇત્યાદિક વૃત્તિ કરવી. એ પ્રમાણે દિવસના ત્રીજા વિભાગનું કૃત્ય કહ્યુ.

चतुर्थभागेमध्याह्नस्नानम् ॥ प्रातर्गोमयस्नानं मध्याह्नेमृत्तिकास्नानं अनयोर्विधिःप्रायश्चित्ते उक्तः शेषविधिःप्रातःस्नानवत् ब्रह्मयज्ञांगतर्पणात्प्राक्वस्त्रंननिष्पीड्यमितिविशेषः ततोधृतपुंड्रोमध्याह्नसंध्यांकुर्यात् अध्यर्धयामादासायंसंध्यामाध्याह्निकीष्यते तत्रविशेषः सूर्यश्चेतिस्थाने आपःपुनंत्विति मंत्राचमनं आपःपुनंत्वित्यस्यनारायणयाज्ञवल्क्यआपः पृथिवी ब्रह्मणस्पतिरष्टी मंत्राचमनेविनियोगः ओंआपःपुनंतुपृथिवींपृथिवीपूतापुनातुमां पुनंतुब्रह्मणस्पतिर्ब्रह्मपूतापुनातुमां यदुच्छिष्टमभोज्यंयद्वादुश्चरितंमम सर्वंपुनंतुमामापोसतांचप्रतिग्रहंस्वाहेतिपिबेत् अघमर्षणांतेतिष्ठन् हंसःशुचिषदित्यस्यगौतमःसूर्योजगतीअर्घ्यदानेविनियोगः ॐ हंसःशुचिष० एकार्घ्यं अर्घ्यांतेउपस्थानं ऊर्ध्वबाहुः उदुत्यमिति त्रयोदशर्चस्यप्रस्कण्वः सूर्योगायत्री अंत्याश्चतस्रोनुष्टुभः सूर्योपस्थाने० केचित् चित्रंदेवानामितिषड्

भिरप्युपतिष्ठंतेशेषमुपस्थानवर्ज्यंप्रात संध्यावत् रात्रौमध्याह्नसंध्यायांआकृष्णेनेत्यर्घ्यदानं गायत्र्याप्रायश्चित्तार्थंद्वितीयंदत्वा हविष्पांतमितिपंचर्चोपस्थानम् ॥

ચોથા ભાગમા મધ્યાહ્ન સ્નાન કરવું. પ્રાત કાલે ગોમય (છાણ) વડે સ્નાન કરવું. મધ્યાહ્ને મૃત્તિકાવડે સ્નાન કરવુ. આ બન્ને સ્નાનનો વિવિ પ્રાયશ્ચિત્તપ્રકરણમા કહ્યો છે. બાકી રહેલો વિધિ પ્રાત સ્નાન પ્રમાણે જાણવો. બ્રહ્મયજ્ઞસબધી તર્પણ કર્યાની પ્રથમ વસ્ત્ર નીચોવવુ નહીં, એ વિશેષ જાણવો. મધ્યાહ્નસ્નાન કીધા પછી પુડ્ર ધારણ કરી મધ્યાહ્નસધ્યા કરવી. "દોઢ પોહોર દિવસ પછી સાયકાલપર્યંત મધ્યાહ્નસધ્યા કરવી તે ઇષ્ટ છે મધ્યાહ્નસંધ્યાવિષે વિશેષ વિધિ—"सूर्यश्च०" એ મત્રને ઠેકાણે "आपः पुनंतु०" એ મત્રવડે મત્રાચમન કરવુ (હાથમાં જળ લઇ) "आप पुनंत्वित्यस्य नारायणयाज्ञवल्क्य आपः पृथिवीब्रह्मणस्पतिरष्टी मंत्राचमने विनियोगः ॥ "ॐ आपःपुनंतु०" એ મત્ર ભણી હાથમાં લીધેલા જળનુ પાન કરવુ. અઘમર્ષણપર્યંત કર્મ કીધા પછી ઉભા રહી "हंस शुचिषदित्यस्य गौतमः सूर्यो जगती अर्घ्यदाने विनियोगः ॥ ॐहंसः शुचिष०" એ મત્ર ભણી એક અર્ઘ્ય દેવો અર્ઘ્ય દીધા પછી ઉપસ્થાન કરવુ. તે આ રીતે-ઉંચા હાથ કરી ઉભા રહી "उदुत्यमिति त्रयोदशर्चस्य प्रस्कण्वः सूर्यो गायत्री ॥ अंत्याश्चतस्रोनुष्टुभः ॥ सूर्योपस्थाने विनियोगः" કોઈ શિષ્ટજન "चित्रं देवाना०" એ છ ઋચાવડે પણ ઉપસ્થાન કરે છે. ઉપસ્થાન વર્જ્ય કરી શેષ રહેલુ કર્મ પ્રાત સધ્યા પ્રમાણે કરવું. રાત્રિએ મધ્યાહ્નસધ્યા કરવી હોય તો "आकृष्णेन०" એ મત્રવડે અર્ઘ્ય દેવો, અને ગાયત્રીમત્રવડે પ્રાયશ્ચિત્તાર્થે બીજો અર્ઘ્ય દઈ "हविष्पांतं०" એ પાંચ ઋચાવડે ઉપસ્થાન કરવું.

अथतैत्तिरीयाणां आपःपुनंत्वित्यपःपीत्वा दधिक्राव्णेतिपूर्ववत्कृत्वासूर्यायेकमर्घ्यंगायत्र्यादत्वोर्ध्वबाहुस्तिष्ठन्नुपतिष्ठेत् उद्वयं० १ उदुत्यंजातवेदसं० १ चित्रंदेवानां० १ तच्चक्षुर्देवहितंपुरस्तात्० १ यउदगान्महतो० १ ततोजपादिउपस्थानवर्ज्यंप्राग्वत् ॥

હવે તૈત્તિરીય શાખાવાળાઓની મધ્યાહ્નસંધ્યા—"आपःपुनंतु०" એ મત્રવડે મત્રાચમન કરી "दधिक्राव्णो०" એ મત્રવડે પ્રથમ પ્રમાણે (માર્જન) કરી સૂર્યને એક અર્ઘ્ય ગાયત્રીમત્રવડે દાન કરી ઉંચા હાથ કરી ઉભા રહી ઉપસ્થાન કરવુ. ઉપસ્થાનના મત્ર—"१ उद्वयं० १ उदुत्यं जातवेदसं०, १ चित्रं देवाना०, १ तच्चक्षुर्देवहितं पुरस्तात्०, १ यउदगान्महतो०" એ રીતે ઉપસ્થાન કીધા પછી જપાદિક, ઉપસ્થાનવિના પ્રથમ પ્રમાણે કરવા.

अथकातीयानां आपःपुनंत्वितिप्राग्वत् गायत्र्यैकार्घ्यं उद्वयमित्यादिचतुर्भिरुपस्थानंजपांतेशक्तस्य पूर्वोक्तैर्विभ्राडित्यनुवाकादिभिरुपस्थानं शेषंप्राग्वत् ॥

હવે કાત્યાયનોની મધ્યાહ્નસંધ્યા—"आपः पुनंतु०" એ મત્રવડે મત્રાચમન પ્રથમ પ્રમાણે કરવું, ગાયત્રીમત્રવડે એક અર્ઘ્ય દેવો, "उद्वयं०" ઇત્યાદિક ચાર ઋચાવડે ઉપસ્થાન કરવુ જપ કીધા પછી શક્તિમાન્ હોય તેણે, પ્રથમ કહેલા જે "विभ्राट्०" એ અનુવાકાદિક તેણે કરી ઉપસ્થાન કરવુ. શેષ કર્મ પ્રથમની પેઠે કરવું.

अथब्रह्मयज्ञः ॥ सचप्रातर्होमोत्तरंवामध्याह्नसंध्योत्तरंवावैश्वदेवांतेवासकृदेवकार्यः भट्टोजिदीक्षितीयेतुप्रातराहुतेरनंतरकाल शाखांतरविषयः आश्वलायनैस्तुमध्याह्नसंध्योत्तरमेवानुष्ठेयइत्युक्तं शुक्लंवासस्तदभावेआर्द्रंनिर्विधुन्वन्परिधायाचम्यप्राणानायम्यश्रीपरमेश्वरप्रीत्यर्थंब्रह्मयज्ञंकरिष्ये तदगतयादेवऋष्याचार्यतर्पणंकरिष्येमृतपितृके पितृतर्पणंचकरिष्येइतिसंकल्प्य दर्भेषुदर्भपाणिः प्राङ्मुखउपवोपविश्य वामजंघोपरिमूलदेशेदक्षिणपादंनिधायाथवावामपादांगुष्ठोपरिदक्षिणपादांगुष्ठंनिधायैवमुपस्थंकृत्वा दक्षिणजानुस्थेवामेकरेउत्तानेप्रागग्रांगुलौप्रागग्रेद्वेपवित्रेधृत्वादक्षिणकरेणतथैवसंपुटीकृत्यद्यावापृथिव्यो संधिमीक्षमाणोनिमीलिताक्षोवा ओंकारव्याहृती सकृदुच्चार्यगायत्रींपच्छोर्धर्चशः सर्वामनवानामितित्रिर्जपेत् ततोग्निमीळइतिसूक्तंपठित्वासंहिताब्राह्मणषडंगानिएकंसमाप्यापरमिति अध्यायंसूक्तमृचंवायथाशक्तिक्रमशःपठेत् मंत्रब्राह्मणादीनिभागशः सर्वाणियथाशक्तिप्रतिदिनंपठेदितिकेचित् एवंचतु

वेदाध्यायीक्रमशश्चतुर्वेदान् भागशःसर्वानेववाऋग्वेदपूर्वकान्पठेत् एकैकशाखाध्यायीतुस्वशाखामेव शाखाध्ययनाभावेसूक्तमृचंवापठित्वैकंयजुःसामचोपनिषदश्चेतिहासपुराणादींश्चपठेत् पुरुषसूक्तमुक्त्वा नमोब्रह्मणेनमोअस्त्वग्नयइतिऋचंत्रिःपठेत् नात्रऋष्यादिस्मरणं विद्युदसीत्यादेराद्यंतेपाठस्तैत्तिरीयविषयः उपविश्यपाठाशक्तस्तिष्ठन्व्रजन्शयानोवापठेदित्याश्वलायनः अनध्यायेप्यल्पंपठेत् ॥

હવે બ્રહ્મયજ્ઞનો વિધિ કહે છે.

બ્રહ્મયજ્ઞ કરવો તે પ્રાતઃકાલસંબંધી હોમ કીધા પછી, કિંવા મધ્યાહ્નસંધ્યા કીધા પછી, અથવા વૈશ્વદેવ કીધા પછી એક વારજ કરવો. ભટ્ટોજીદીક્ષિતના આહ્નિક ગ્રંથમાં તો, પ્રાતર્હોમ કીધા પછી જે બ્રહ્મયજ્ઞનો કાલ કહ્યો છે તે બીજી શાખાઓમાટે છે, આશ્વલાયનોએ તો મધ્યાહ્નસંધ્યા કીધા પછી બ્રહ્મયજ્ઞ કરવો, એમ કહ્યુ છે. સુકેલું વસ્ત્ર પેહેરવું. સુકેલું ન હોય તો ભીંજવેલું વસ્ત્ર ત્રણ વાર ઝાટકીને પેહેરવું. પછી આચમન, પ્રાણાયામ કરી "श्रीपरमेश्वरप्रीत्यर्थं ब्रह्मयज्ञं करिष्ये, तदंगतया देवऋष्याचार्यतर्पणं च करिष्ये." જેનો પિતા મૃત હોય તેણે, "पितृतर्पणं च करिष्ये," એવો સંકલ્પ કરી દર્ભનું આસન પાથરી તે ઉપર હાથમાં દર્ભ ધારણ કરી પૂર્વાભિમુખેજ બેસી ડાબા પગની પીંડીના મૂળભાગ ઉપર જમણો પગ રાખી અથવા ડાબા પગના અંગુઠા ઉપર જમણા પગનો અંગુઠો રાખી એ પ્રમાણે ઉપસ્થ (એ નામનું આસન) કરી બેસવું. પછી પૂર્વદિશા સામે છે આંગળી જેની એવો ડાબો હાથ, જમણા ગોઠણ ઉપર સમો રાખી તેમાં બે પૂર્વાગ્ર દર્ભપવિત્ર ધારણ કરી જમણા હાથવડે તેજ રીતે સંપુટ કરી આકાશ અને પૃથ્વીના મધ્યભાગવિષે દૃષ્ટિ કરી અથવા આંખ મીંચી "ॐकार" અને ત્રણ વ્યાહૃતિનો એક વાર ઉચ્ચાર કરી, ગાયત્રીનો, એક એક પાદ, પછી અર્ધ અર્ધ, છેવટ ભિન્નપાદરહિત સર્વ ઋચા એ રીતે ત્રણવાર જપ કરવો. પછી "अग्निमीळे०" એ સૂક્તનો પાઠ કરી સંહિતા, બ્રાહ્મણ, ષડંગ (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ અને જ્યોતિષ,) એક સમાપ્ત કરી બીજું એ રીતે અધ્યાય અથવા સૂક્ત અથવા એક ઋચા પોતાની શક્તિને અનુસારે ક્રમથી પઠન કરવાં. મંત્રબ્રાહ્મણાદિકનો પાઠ કરવો તે વિભાગ પ્રમાણે સઘળાઓનો, પોતાની શક્તિપ્રમાણે નિત્યપાઠ કરવો, એમ કોઈ ગ્રંથકાર કહે છે. એ રીતે ચાર વેદનું અધ્યયન કરનારાએ ક્રમે કરી ચારે વેદ થોડા થોડા કરી અથવા સર્વ ઋગ્વેદપૂર્વક પઠન કરવા. એક એક શાખાનું અધ્યયન કરનારાએ પોતાની શાખાનોજ પાઠ કરવો. સંપૂર્ણ શાખાનું અધ્યયન ન હોય તો સૂક્ત અથવા ઋચાનો પાઠ કરી યજુર્વેદનો એક મંત્ર, એક સામ, અને એક ઉપનિષદ, તથા ઇતિહાસ, પુરાણ ઇત્યાદિકનો પાઠ કરવો. પછી પુરૂષસૂક્તનો પાઠ કરી "नमो ब्रह्मणे नमो अस्त्वग्नये०" એ ઋચા ત્રણ વાર ભણવી. આ બ્રહ્મયજ્ઞમાં ઋષિ, દેવતા, છંદ કહેવા નહીં. "विद्युदसि०" ઇત્યાદિક મંત્રનો આદ્યે અને અંતે જે પાઠ તે તૈત્તિરીય શાખાવિષયક છે. બેઠા રહી પાઠ કરવાને અશક્ત હોય તેણે ઊભા રહી, ચાલતાં, સુતાં કોઈ પણ સ્થિતિએ બ્રહ્મયજ્ઞનો પાઠ કરવો, એમ આશ્વલાયને કહ્યું છે. અનધ્યાયને દિવસે અલ્પ પાઠ કરવો.

अथतर्पणम् ॥ तत्रसव्येनदेवतीर्थेनदर्भाग्रैर्देवतर्पणं तद्यथा साक्षतजलैर्देवर्षितर्पणं सतिलजलैराचार्यपितृतर्पणं प्रजापतिस्तृप्यतु १ ब्रह्मातृ० २ वेदास्तृ० ३ देवा० ४ ऋषयस्तृ० ५ सर्वाणिछंदांसि० ६ ओंकार० ७ वषट्कार० ८ व्याहृतय० ९ सावित्री तृ० १० यज्ञा० ११ द्यावापृथिवी तृप्यतां १२ अंतरिक्षं० १३ अहोरात्राणि तृप्यंतु १४ सांख्या० १५ सिद्धा० १६ समुद्रा० १७ नद्य० १८ गिरय० १९ क्षेत्रौषधिवनस्पतिगंधर्वाप्सरस० २० नागा० २१ वयांसि० २२ गाव० २३ साध्या० २४ विप्रा० २५ यक्षा० २६ रक्षांसि० २७ भूतानि० २८ एवमंतानितृप्यंतु २९ अथऋषयः निवीती कनिष्ठिकामूलेनदर्भमध्यैः शतर्चिनस्तृ० माध्यमास्तृ० गृत्समद० विश्वामित्र० वामदेव० अत्रि० भरद्वाज० वसिष्ठ० प्रगाथा० पावमान्य० क्षुद्रसूक्ता० महासूक्ता० १२ एकत्वद्वित्वबहुत्वेषुतृप्यतुतृप्यतांतृप्यंत्वितियथायथंवदेत् अथप्राचीनावीती पितृतीर्थेनद्विगुणीकृतदर्भमूलाग्रैःसुमंतुजैमिनिवैशंपायनपैलसूत्रभाष्यभारतमहाभारतधर्माचार्यास्तृप्यंतु १ जानंतिबाहविगार्ग्यगौतमशाकल्यबाभ्रव्यमांडव्यमांडूकेयास्तृप्यंतु २ गर्गीवाचक्नवी० ३ वडवाप्रातीथेयी० ४ सुलभामैत्रेयी० ५ कहोळंत० ६ कौषीतकं० ७ महाकौषीतकं० ८ पैंग्यं० ९ महापैंग्यं० १० सुयज्ञंतर्पया० ११ सांख्यायनंत० १२ ऐतरेयंत० १३ महैतरेयंत० १४ शाकलं०

१५ बाष्कलं० १६ सुजातवक्त्रं० १७ औदवाहिं० १८ महौदवाहिं० १९ सौजामिं० २० शौनकं० २१ आश्वलायनं० २२ येचान्येआचार्यास्तेसर्वेतृप्यंतु २३ ततोमृतपितृकः पितृत्रयींमातृत्रयींसापत्नमातरंसपत्नीकमातामहत्रयींपत्न्याद्येकोद्दिष्टगणांश्चमहालयप्रकरणोक्तान्मृतांस्तर्पयेत् संबंधंप्रथमंब्रूयान्नामगोत्रमनंतरं पश्चाद्रूपंविजानीयात्क्रमएषसनातनः एकैकमंजलिंदेवेभ्योद्वौद्वौऋषिभ्यस्त्रींस्त्रीन्पितृभ्यइतिसंख्याविशेषःआश्वलायनानांवैकल्पिकः तत्सूत्रेसंख्याऽनुक्तेः येषांसूत्रेसंख्योक्तिस्तेषांनित्यइतिमाधवः मातृत्रयीभिन्नस्त्रीभ्यएकांजलिः एतावद्भिस्तत्तर्पणाशक्तौ आब्रह्मस्तंबपर्यंतंदेवर्षिपितृमानवाः तृप्यंतुपितरःसर्वेमातृमातामहादयः अतीतकुलकोटीनांसप्तद्वीपनिवासिनां आब्रह्मभुवनाल्लोकादिदमस्तुतिलोदकमितित्रिस्त्रिर्दद्यात् ततो येकेचास्मत्कुलेजाताअपुत्रागोत्रिणोमृताः तेगृह्णंतुमयादत्तंवस्त्रनिष्पीडनोदकमितिपरिधानवस्त्रंभूमौनिष्पीड्यदद्यात् अत्रबह्वृचानांप्राचीनावीतीअन्येषांनिवीती इदंगृहेनिषिद्धं ब्रह्मयज्ञोग्रामाद्बहिरुदकसमीपेविहितोग्रामेमनसाधीयीत सव्यान्वारब्धदक्षिणेनवाअंजलिनावातर्पणं तर्पणंबर्हिषाच्छन्नेस्थलेकार्यंनतुजले पात्राद्वाजलमादायशुभेपात्रांतरेक्षिपेत् जलपूर्णेथवागर्तेनस्थलेतु विबर्हिषि हेमरौप्यताम्रकांस्यमयेपात्रेनमृन्मये यत्राशुचिस्थलंतत्रतर्पणंस्यान्नदीजले अनामिकाधृतंहेमतर्जन्यांरौप्यमेवच कनिष्ठिकाधृतंखड्गंतेनपूतोभवेन्नरः अंगुल्यग्रेतीर्थंदैवंस्वल्पांगुल्योर्मूलेकायं मध्येंगुष्ठांगुल्योःपित्र्यंमूलेत्वंगुष्ठस्यब्राह्मं उद्धृतजलेनपितृतर्पणेतिलान्संमिश्रयेज्जले अनुद्धृतजलेनतर्पणेवामहस्तेतिलाग्राह्याः तिलतर्पणंगृहेनिषिद्धं रविभृगुवारेसप्तमीनंदासुकृत्तिकामघाभरणीषुमन्वादौयुगादौच पिंडदानंमृदास्नानंनकुर्यात्तिलतर्पणं पित्रोःश्राद्धदिनेनित्यतर्पणेतिलानिषिद्धाः पर्वदिनेनिषिद्धतिथिवारादिष्वपितिलतर्पणं विकिरेपिंडदानेचतर्पणेस्नानकर्मणि आचांतःसन्प्रकुर्वीतदर्भसंत्याजनंबुधः दर्भत्यागमंत्रस्तु येषांपितानभ्रातानपुत्रोनान्यगोत्रिणः तेसर्वेतृप्तिमायांतुमयोत्सृष्टैःकुशैस्तथेति ॥

હવે તર્પણ કહે છે.

તેમાં સવ્યે કરી દેવતીર્થવડે અને દર્ભના અગ્રવડે દેવતર્પણ કરવું. તે આ રીતે—જળમાં અક્ષત નાખી તે જળવડે દેવ અને ઋષિનું તર્પણ કરવું. જળમાં તિલ નાખી તેવડે આચાર્ય અને પિતૃનું તર્પણ કરવું. તર્પણની દેવતા-" १ प्रजापतिस्तृप्यतु, २ ब्रह्मातृ०, ३ वेदास्तृप्यं०, ४ देवास्तृप्यं० ५ ऋषयस्तृप्यं०, ६ सर्वाणिच्छंदांसितृप्यं०, ७ ॐकारस्तृप्य०, ८ वषट्कारस्तृ०, ९ व्याहृतयस्तृप्यं०, १० सावित्रीतृप्य०, ११ यज्ञास्तृप्यं०, १२ द्यावापृथिवीतृप्यतां, १३ अंतरिक्षंतृ०, १४ अहोरात्राणितृप्यं०, १५ सांख्यास्तृप्यं०, १६ सिद्धास्तृप्यं०, १७ समुद्रास्तृप्यं०, १८ नद्यस्तृप्यं०, १९ गिरयस्तृप्यं०, २० क्षेत्रौषधिवनस्पतिगंधर्वाप्सरसस्तृप्यंतु, २१ नागास्तृप्यं०, २२ वयांसितृप्यं०, २३ गावस्तृप्यं०, २४ साध्यास्तृप्यं०, २५ विप्रास्तृप्यं, २६ यक्षास्तृप्यं०, २७ रक्षांसितृप्यं०, २८ भूतानितृप्यं०, २९ एवमंतानि तृप्यंतु." એ રીતે દેવતર્પણ કરી નિવીતી (જેણે માળા સરખી જનોઈ કરી છે તે) થઈ કનિષ્ઠિકાના મૂળવડે, દર્ભના મધ્યભાગવડે ઋષિનું તર્પણ કરવું. તે ઋષિદેવતા-" १ शतर्चिनस्तृप्यंतु, २ माध्यमास्तृप्यं०, ३ गृत्समदस्तृप्यतु, ४ विश्वामित्रस्तृप्यतु, ५ वामदेवस्तृ०, ६ अत्रिस्तृ०, ७ भरद्वाजस्तृ०, ८ वसिष्ठस्तृ०, ९ प्रगाथास्तृ०, १० पावमान्यस्तृप्यं०, ११ क्षुद्रसूक्तास्तृप्यं०, १२ महासूक्तास्तृप्यंतु." એકવચન, દ્વિવચન, અને બહુવચનને ઠેકાણે ક્રમથી "तृप्यंतु, तृप्यतां, तृप्यंतु" એ પ્રમાણે જ્યાં જેવો યોગ્ય હોય ત્યાં તેવો ઉચ્ચાર કરવો. પછી પ્રાચીનાવીતી (જેણે જમણા ખભા ઉપર જનોઈ ધરી છે તે) થઇ પિતૃતીર્થે કરી બેવડા કરેલા દર્ભનાં મૂળ અને અગ્રવડે તર્પણ કરવું. તેની દેવતા—"१ सुमंतुजैमिनिवैशंपायनपैलसूत्रभाष्यभारतमहाभारतधर्माचार्यास्तृप्यंतु, २ जानंतिबाहविगार्ग्यगौतमशाकल्यबाभ्रव्यमांडव्यमांडूकेयास्तृप्यंतु, ३ गर्गीवाचक्नवीतृप्यतु, ४ वडवाप्रातीथेयीतृप्यतु. ५ सुलभामैत्रेयीतृप्यतु, ६ कहोळंतर्पयामि, ७ कौषीतकंतर्पयामि, ८ महाकौषीतकं तर्पयामि, ९ पैंग्यंतर्पयामि, १० महापैंग्यंतर्पयामि, ११ सुयज्ञंतर्पयामि, १२ सांख्यायनंतर्पयामि, १३ ऐतरेयंतर्पयामि, १४ महैतरेयंतर्पयामि, १५ शाकलंतर्पयामि, १६ बाष्कलंतर्पयामि, १७ सुजातवक्त्रंतर्पयामि, १८ औदवाहिंतर्पयामि, १९ महौदवाहिंतर्पयामि, २० सौजामिंतर्पयामि, २१ शौनकंतर्पयामि, २२ आश्वलायनंतर्पयामि, २३ येचान्येआचार्यास्ते सर्वेतृप्यंतु," એ પ્રમાણે આચાર્યતર્પણ કરી, જેનો પિતા મૃત થયો હોય તેણે "પિતૃત્રયી, માતૃત્રયી, સાવકી માતા, સપત્નીક માતામહત્રયી અને મહાલયપ્રકરણમાં કહેલા મૃતપત્ની ઇત્યાદિક એકોદ્દિષ્ટગણનું તર્પણ કરવું." જે પિત્રાદિકનું તર્પણ કરવું હોય તેના અને પોતાના સંબંધનો પ્રથમ ઉચ્ચાર કરવો, (ઉદાહરણ; અસ્મત્પિતરં ઇત્યાદિ) પછી નામ અને ગોત્રનો

ઉચ્ચાર કરવો, (ઉદાહરણ; અમુક શર્માણું અમુક ગોત્રં ઇત્યાદિ) પછી તે પિત્રોનું જે વસુ ઇત્યાદિક સ્વરૂપ, ત્રયી હોય તો વસુરુદ્રાદિત્યસ્વરૂપાઃ એકોદ્દિષ્ટ હોય તો વસુરૂપાઃ એવો ઉચ્ચાર કરવો. એ નિર્બાધ સનાતન ક્રમ જાણવો. તર્પણવિષે દેવતાઓને જળનો અંજલી એક એક દેવો, ઋષિને બે બે અજલિ દેવા, અને પિતૃને ત્રણ ત્રણ અજલિ દેવા, એ જે સંખ્યાનો વિશેષ કહેલો છે તે આશ્વલાયનોને વિકલ્પે જાણવો; કારણ આશ્વલાયનોના સૂત્રમાં અંજલીની સંખ્યા કહી નથી. જેના સૂત્રમાં સખ્યા કહી હોય તેને નિત્ય છે, એટલે તેણે તે પ્રમાણે અવશ્ય અંજલિ દેવા, એમ માધવે કહ્યું છે. માતૃત્રયી વિના બીજી સ્ત્રિયોને એક અંજલી દેવી, એટલું વિસ્તારપૂર્વક તર્પણ કરવાની શક્તિ ન હોય તો, " आब्रह्मस्तंबपर्यंतं, देवर्षिपितृमानवाः ॥ तृप्यंतुपितरःसर्वे, मातृमातामहादयः ॥ अतीतकुलकोटीनां, सप्तद्वीपनिवासिनां ॥ आब्रह्मभुवनाल्लोकादिदमस्तुतिलोदकम् " એ મંત્ર ભણી ત્રણ ત્રણ અજલી દેવા. પછી " येकेचास्मत्कुलेजाता, अपुत्रा गोत्रिणोमृताः ॥ तेगृह्णंतुमयादत्तं, वस्त्रनिष्पीडनोदकं," એ મંત્ર ભણી પેહેરેલું વસ્ત્ર પૃથિવી ઉપર નિચોવી જળ દેવું. એ વિષયમાં આશ્વલાયનોએ પ્રાચીનાવીતી કરવી. બીજી શાખાવાળાઓએ નિવીતી કરવી. વસ્ત્ર નિચોવી જળ દેવું તે ઘરમાં નિષિદ્ધ છે. બ્રહ્મયજ્ઞ, ગામથી બાહેર જળની સમીપે કરવો, ગામમાં બ્રહ્મયજ્ઞ કરવો હોય તો અધ્યયન મનોમય કરવુ. દક્ષિણ હાથને વામ હાથનો સંયોગ કરી તે દક્ષિણ હાથે અથવા બે હાથનો અંજલી કરી તે અંજલીવડે તર્પણ કરવું. "દર્ભે આચ્છાદિત પૃથિવી ઉપર તર્પણ કરવું, જળવિષે તર્પણ કરવું નહીં. અથવા પાત્રમાંનું જળ લઈ બીજા શુદ્ધ પાત્રમાં છોડવું. અથવા જળે ભરેલા પૃથિવીના ખાડામાં છોડવું, પરંતુ દર્ભરહિત ભૂમિ ઉપર છોડવું નહી. તર્પણમાટે સુવર્ણનું, રૂપાનું, ત્રાબાંનું અથવા કાંસાનું પાત્ર લેવું, પણ માટીનું પાત્ર લેવું નહીં. તર્પણ કરવાને સમયે તે પૃથ્વી અપવિત્ર હોય તો નદી ઉપર જઈ નદીના જળમાં તર્પણ કરવું. અનામિકા આંગળીમાં સુવર્ણ, તર્જનીમાં રૂપું, અને કનિષ્ઠિકા આંગળીમાં ખડ્ગ(ગેંડા)ની અંગુઠી ધારણ કરવાથી મનુષ્ય પવિત્ર થાયછે. આંગળીનાં જે અગ્ર તે દેવતીર્થ છે, અનામિકા અને કનિષ્ઠિકાનું જે મૂલ તે કાય (પ્રજાપતિ) તીર્થ છે. અંગુઠો અને તર્જનીનો જે મધ્યભાગ તે પિતૃતીર્થ છે. અંગુઠાનું જે મૂળ તે બ્રહ્મતીર્થ છે." જળ બાહેર કાઢી તેથી તર્પણ કરવું હોય તો તેમાં તિલ મિશ્ર કરી તર્પણ કરવું. બાહેર ન કાઢેલા જલવડે તર્પણ કરવાનું હોય તો ડાબા હાથમાં તિલ લેવા. તિલતર્પણ ઘેર ન કરવું. રવિવાર, ભૃગુવાર, સપ્તમી, નંદા તિથી, કૃતિકા, મઘા, ભરણી, મન્વાદિ તિથિ અને યુગાદિ તિથિ, એ દિવસે પિંડદાન, મૃત્તિકાસ્નાન, અને તિલતર્પણ કરવાં નહીં. માતા, પિતાના શ્રાદ્ધદિવસે નિત્યતર્પણમાં તિલ નિષિદ્ધ છે. પર્વને દિવસે, નિષિદ્ધ એવાં તિથિવારાદિક હોય તો પણ તિલતર્પણ કરવું. " વિદ્વાન પુરૂષે વિકિર, પિંડદાન તર્પણ અને સ્નાનકર્મ કીધા પછી આચમન કરી ધારણ કરેલા દર્ભનો ત્યાગ કરવો." દર્ભત્યાગનો મંત્ર—" येषां पिता न न भ्राता, न पुत्रो नान्यगोत्रिणः; ते सर्वे तृप्तिमायांतु, मयोत्सृष्टैः कुशैस्तथा." એ રીતે તર્પણ કહ્યું.

अथहिरण्यकेशीयानांसंकल्पादित्रिर्गायत्रीजपांतंप्राग्वत् ततइषेत्वोर्जेतिअध्यायानुवाकं वायथाशक्तिपठित्वाऋचंसामषडंगेतिहासपुराणादीनिपठित्वानमोब्रह्मणइत्येतयात्रिःपरिदधाति ॥

હવે હિરણ્યકેશીયોનો બ્રહ્મયજ્ઞ કહે છે.

હિરણ્યકેશીયોને સંકલ્પથકી તે ત્રણ વાર ગાયત્રીજપપર્યંત કર્મ પ્રથમ પ્રમાણેજ જાણવું. ત્યાર પછી, " इषेत्वोर्जेत्वा० " ઇત્યાદિક અધ્યાય અથવા અનુવાક યથાશક્તિ પઠન કરી ઋચા, સામ, ષડંગ, ઇતિહાસ, પુરાણ ઇત્યાદિક પઠન કરી "नमोब्रह्मणे०" એ ઋચા ત્રણ વાર ભણી બ્રહ્મયજ્ઞ સમાપ્ત કરવો.

अथतर्पणं तच्चतैत्तिरीयाणांब्रह्मयज्ञांगंनभवति तेनब्रह्मयज्ञोत्तरंव्यवहितकालेपिब्रह्मयज्ञात्प्रागपिभवति एवंकाण्वमाध्यंदिनानामपि अतोदेवर्ष्याचार्यपितृतृप्तिद्वाराश्रीपरमेश्वर० देवर्ष्याचार्यपितृतर्पणं करिष्ये इतिपृथगेवसंकल्पः पूर्ववदेकैकांजलिनादेवतर्पणं ब्रह्माणंतर्पयामि प्रजापतिंतर्प० बृहस्पतिं० अग्निं० वायुं० सूर्यं० चंद्रमसं० नक्षत्राणि० इंद्रंराजानं० यमंराजानं० वरुणंराजानं० सोमंराजानं० वैश्रवणंराजानं० वसून्० रुद्रान्० आदित्यान्० विश्वान्देवान्० साध्यान्० ऋभून्० भृगून्०

मरुतः० अथर्वणः० अंगिरसस्तर्पयामीति निवीती उदङ्मुखः विश्वामित्रं० जमदग्निं० भरद्वाजं० गौतमं० अत्रिं० वसिष्ठं० कश्यपं० अरुंधतीं० अगस्त्यं० कृष्णद्वैपायनं० जातूकर्ण्यं० तरुक्षं० तृणबिंदुं० वर्मिणं० वरूथिनं० वाजिनं० वाजिश्रवसंत० सत्यश्रवसंत० सुश्रवसंत० सुतश्रवसं० सोमशुष्मायणं० सत्ववंतं० बृहदुक्थं० वामदेवं० वाजिरत्नं० हर्यज्वायनं० उदमयं० गौतमं० ऋणंजयं० ऋतंजयं० कृतंजयं० धनंजयं० बभ्रुं० त्र्यरुणं० त्रिवर्षं० त्रिधातुं० शिबिं० पराशरं० विष्णुंत० रुद्रं० स्कंदं० काशीश्वरं० ज्वरंत० धर्मं० अर्थं० कामं० क्रोधं० वसिष्ठं० इंद्रं० त्वष्टारंत० कर्तारं० धर्तारं० धातारं० मृत्युं० सवितारंत० सावित्रींतर्पं० ऋग्वेदंत० यजुर्वेदं० सामवेदं० अथर्ववेदं० इतिहासपुराणंत० ६१ इतिद्वौद्वावंजली प्राचीनावीती दक्षिणामुखः वैशंपायनं० पिलिंगुं० तित्तिरिंत० उखंत० आत्रेयंपदकारं० कौंडिण्यंवृत्तिकारं० सूत्रकारान्० सत्याषाढंत० प्रवचनकर्तॄन्० आचार्यान्० ऋषीन्० वानप्रस्थान्० ऊर्ध्वरेतसः० एकपत्नीस्तर्पयामीतित्रींस्त्रीनंजलीनितिविशेषः शेषंपितृतर्पणादिसर्वंप्रागुक्तमेव ॥

હવે તર્પણનો વિધિ કહે છે-તે તર્પણ તૈત્તિરીયશાખાવાળાઓને બ્રહ્મયજ્ઞનું અંગ થતું નથી. માટે બ્રહ્મયજ્ઞ (અધ્યયન) કીધા પછી કેટલીએકવાર ખમીને અથવા બ્રહ્મયજ્ઞથકી પ્રથમ પણ થાય છે. એપ્રમાણે કાણ્વ, માધ્યંદિનવિષે પણ એજ નિર્ણય છે. તેથી, “ देवर्ष्याचार्यपितृतृप्तिद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थं देवर्ष्याचार्यपितृतर्पणंकरिष्ये ” એવી રીતે જુદોજ સંકલ્પ કરવો, અને પ્રથમની પેઠે એક એક અંજલી દઇ દેવતર્પણ કરવું. તે દેવતર્પણની દેવતા—“ १ ब्रह्माणंतर्पयामि, २ प्रजापतिं तर्पयामि, ३ बृहस्पतिंत०, ४ अग्निंत०, ५ वायुंत०, ६ सूर्यंत०, ७ चंद्रमसंत०, ८ नक्षत्राणित, ९ इंद्रꣳराजानंत०, १० यमꣳराजानंत०, ११ वरुणꣳराजानंत०, १२ सोमꣳराजानंत०, १३ वैश्रवणꣳराजानंत०, १४ वसून्त०, १५ रुद्रांस्त०, १६ आदित्यान् त०, १७ विश्वान्देवांस्त०, १८ साध्यान्त०, १९ ऋभून्त०, २० भृगून्त०, २१ मरुतस्त०, २२ अथर्वणस्त०, २३ अंगिरस्तर्पयामि.” એ રીતે દેવતર્પણ કરી નિવીતી કરી ઉત્તરદિશા સમુખ થઇ ઋષિતર્પણ કરવું. ઋષિતર્પણની દેવતા—“ १ विश्वामित्रंतर्पयामि, २ जमदग्निंत०, ३ भरद्वाजंत०, ४ गौतमंत०, ५ अत्रिंत०, ६ वसिष्ठंत०, ७ कश्यपंत०, ८ अरुंधतींतर्पं०, ९ अगस्त्यंतर्पयामि, १० कृष्णद्वैपायनं०, ११ जातूकर्ण्यं०, १२ तरुक्षं०, १३ तृणबिंदुंत०, १४ वर्मिणं०, १५ वरूथिनंत०, १६ वाजिनं०, १७ वाजिश्रवसं०, १८ सत्यश्रवसंत०, १९ सुश्रवसं०, २० सुतश्रवसं०, २१ सोमशुष्मायणंत०, २२ सत्ववंतं०, २३ बृहदुक्थं०, २४ वामदेवं०, २५ वाजिरत्नं०, २६ हर्यज्वायनं०, २७ उदमयं०, २८ गौतमं०, २९ ऋणंजयंत०, ३० ऋतंजयंत०, ३१ कृतंजयं०, ३२ धनंजयं०, ३३ बभ्रुंत०, ३४ त्र्यरुणंत०, ३५ त्रिवर्षं०, ३६ त्रिधातुं०, ३७ शिबिं०, ३८ पराशरं०, ३९ विष्णुंत०, ४० रुद्रं०, ४१ स्कंदं०, ४२ काशीश्वरं०, ४३ ज्वरं०, ४४ धर्मंत०, ४५ अर्थं०, ४६ कामं०, ४७ क्रोधं०, ४८ वसिष्ठं०, ४९ इंद्रं०, ५० त्वष्टारंत०, ५१ कर्तारं०, ५२ धर्तारं०, ५३ धातारं०, ५४ मृत्युं०, ५५ सवितारं०, ५६ सावित्रींत०, ५७ ऋग्वेदंत०, ५८ यजुर्वेदंतर्पया०, ५९ सामवेदं०, ६० अथर्ववेदं०, ६१ इतिहासपुराणंतर्पयामि ” એ રીતે બે બે અંજલિ એક એકને દઇ તર્પણ કર્યા પછી પ્રાચીનાવીતી કરી દક્ષિણાભિમુખ થઇ આચાર્યતર્પણ કરવું. તેની દેવતા—“ १ वैशंपायनंतर्पयामि, २ पिलिंगंत०, ३ तित्तिरं०, ४ उखंत०, ५ आत्रेयंपदकारं०, ६ कौंडिण्यंवृत्तिकारं०, ७ सूत्रकारान्०, ८ सत्याषाढं०, ९ प्रवचनकर्तॄन्०, १० आचार्यान्०, ११ ऋषीन्त०, १२ वानप्रस्थान्त०, १३ ऊर्ध्वरेतसस्त०, १४ एकपत्नीस्तर्पयामि०” એ રીતે એક એકને ત્રણ ત્રણ અંજલી દઇ તર્પણ કરવું એ વિશેષ જાણવો. બાકીનું શેષ પિતૃતર્પણાદિ સઘળું કર્મ પ્રથમ કહ્યુંજ છે તે પ્રમાણે કરવું.

अथापस्तंबादीनांब्रह्मादयोयेदेवास्तान्दे० सर्वान्दे० सर्वान्देवगणान्० सर्वादेवपत्नीः० सर्वान्पुत्रां० सर्वान्पौत्रान्० भूर्देवां० भुवर्देवां० सुवर्देवां० भूर्भुवःसुवर्देवां० कृष्णद्वैपायनादयोयेऋषयः तानृषीं० सर्वानृषीं० सर्वानृषिगणां० सर्वाऋषिपत्नीः० सर्वानृषिपुत्रां० सर्वानृषिपौत्रां० ६ भूरृषीं० ४ एवं सोमः पितृमान्यमोंगिरस्वानग्निष्वात्ताः० तान्पितृनित्यादयोदशपितृपर्यायाऊह्याः एवमन्येषामप्यूह्यम् ॥

હવે આપસ્તંબાદિકના તર્પણનો વિધિ કહે છે.—તે તર્પણની દેવતા–“ १ ब्रह्मादयो येदेवास्तान्देवां०, २ सर्वान्देवां०, ३ सर्वान्देवगणांस्त०, ४ सर्वादेवपत्नीस्त०, ५ सर्वान्पुत्रांस्तर्पयामि, ६ सर्वान्पौत्रांस्त०, ७ भूर्देवांस्त०, ८ भुवर्देवांस्त०, ९ सुवर्देवांस्त०, १० भूर्भुवःसुवर्देवांस्त०, ११ कृष्णद्वैपा-

यतादयोयेऋषयःतानृषींस्त०, १२ सर्वानृषींस्त०, १३ सर्वानृषिगणांस्त०, १४ सर्वाऋषिपत्नीस्त०, १५ सर्वानृषिपुत्रांस्त०, १६ सर्वानृषिपौत्रांस्त०, १७ भूर्ऋषींस्त०, १८ भुवर्ऋषीं०, १९ सुवर्ऋषीं०, २० भूर्भुवःसुवर्ऋषींस्त०, २१ एवंसोमःपितृमान्यमोंगिरस्वानग्निष्वात्ताःकव्यवाहनादयोयेपितरः २२ तान्पितॄंस्त०" ઇત્યાદિક ૬૨ પિતૃપર્યાયના ઉચ્ચાર કરવા, એજ રીતે બીજાઓએ પણ એમજ જાણવું,

---

अथकात्यायनानां प्राङ्मुखआचम्यपवित्रेधृत्वाप्राणानायम्यश्रीपर०र्थं ब्रह्मयज्ञेनयक्ष्ये दर्भानंजलौधृत्वादक्षिणजानौधृत्वासूत्रांतराद्गायत्रींत्रिरुच्चार्य इषेत्वेत्यादिआरभ्यसंहितांब्राह्मणंचपूर्वोक्तरीत्यापठेत् अंतेउपनिषदितिहासपुराणादिपठित्वा अंतेओंस्वस्तीतिवदेत् सूत्रांतरोक्तत्वात् नमोब्रह्मणइतित्रिःपठंतिकेचित् ॥

હવે કાત્યાયનશાખાવાળાઓનો બ્રહ્મયજ્ઞવિધિ કહે છે-પૂર્વમુખ બેસી આચમન કરી હાથમાં દર્ભપવિત્ર ધારણ કરી પ્રાણાયામ કરી "श्रीपरमेश्वरप्रीत्यर्थं ब्रह्मयज्ञेन यक्ष्ये" એ પ્રમાણે સકલ્પ કર્યા પછી અંજલીમાં દર્ભ ધારણ કરી તે અંજલી જમણા ગોઠણ ઉપર રાખી બીજા સૂત્રોમાં કહ્યા પ્રમાણે ત્રણ વાર ગાયત્રીનો ઉચ્ચાર કરી "इषेत्वा०" ઇત્યાદિક થકી આરંભ કરી સંહિતા અને બ્રાહ્મણનો પૂર્વોક્ત રીતિપ્રમાણે પાઠ કરવો. પછી ઉપનિષદ, ઇતિહાસ, પુરાણ, ઇત્યાદિકનો પાઠ કરી અંતે "ॐस्वस्ति" એમ કહેવું. બીજા સૂત્રોમાં કહેલ છે તેથી "नमो ब्रह्मणे०" એ ઋચાનો ત્રણ વાર પાઠ કોઇએક કરે છે.

अथतर्पणं एतच्चप्रातःसंध्योत्तरंवामध्याह्नेब्रह्मयज्ञोत्तरंवासकृदेवकार्यं ब्रह्मयज्ञस्यवैकल्पिकं कालत्रयमुक्तं तत्रदेवर्षिपितृतर्पणंकरिष्येइतिसंकल्प्यादौपूर्वोक्तधर्मेणदेवतर्पणंभूमौताम्रादिपात्रे वा दर्भानास्तीर्यविश्वेदेवासआगतेतिदेवानावाह्य विश्वेदेवाःशृणुतेममितिजपित्वा त्रीन्प्रागग्रान्दर्भान्धृत्वादेवतीर्थेन ओंब्रह्मातृप्यतां विष्णुस्तृप्य० रुद्र० प्रजापति० देवास्तृ० छंदांसि० वेदा० ऋषय० पुराणाचार्या० गंधर्वा० इतराचार्या० संवत्सरःसावयव० देव्यस्तृप्यंतां अप्सरसस्तृ० देवानुगा० नागा० सागरा० पर्वता० सरित० मनुष्या० यक्षा० रक्षांसि० पिशाचा० सुपर्णा० भूतानितृ० पशव० वनस्पतय० ओषधय० भूतग्रामश्चतुर्विधस्तृप्यतामितिसर्वत्रसप्रणवंप्रथमांतंनामोच्चार्यतर्पयेत् २९ सप्तऋषयइतिमंत्रेणर्षीनावाह्यनिवीतीद्विर्द्विः सनकस्तृप्यतु सनंदन० सनातन० कपिल० आसुरि० वोढुस्तृ० पंचशिख० अपसव्यं उशंतस्त्वेति पितॄनावाह्य आयंतुनःपितरइतिजपित्वापितृतीर्थेनत्रिस्त्रिःकव्यवाडनलस्तृप्यतां सोम० यम० अर्यमा० अग्निष्वात्ताःपितरस्तृप्यंतां सोमपाःपितरस्तृ० बर्हिषदस्तृ० यमायनमस्तर्पयामि धर्मराजाय० मृत्यवे० अंतकाय० वैवस्वताय० कालाय० सर्वभूतक्षयाय० औदुंबराय० दध्नाय० नीलाय० परमेष्ठिने० वृकोदराय० चित्राय० चित्रगुप्ताय० २१ यमतर्पणं वैकल्पिकं सूत्रेएकेइत्युक्तेः जीवत्पितृकस्यमणिबंधपर्यंतमपसव्यंसर्वत्र ततोमृतपितृकः पित्रादित्रयींमात्रादित्रयींचतर्पयित्वा उदीरतामितिनवभिर्ऋग्भिस्तर्पणंजलस्थानेअंजलिनाधारांनिषिंचेत् उदीरता० १ अंगिरसोनःपितरो० २ आयंतुन.० ३ ऊर्जंवहंतीरमृतं० ४ पितृभ्यःस्वधाविभ्य. ५ येचेह० ६ मधुवाताइतितिस्रइति ७ प्रत्यृचंप्रत्येकंशुंधंतांतृप्यध्वमितिचत्रिःसिंचेत् ततोनमोवःपितरइत्यष्टौयजूंषिपठित्वामातामहादीनेकोद्दिष्टगणांश्चतर्पयेत् देवागातुविदइतिविसर्जयेत् स्नानवस्त्रनिष्पीडनोदकदानादिप्राग्वत् प्रातर्होमोत्तरंदेवतार्चनंनदृष्टंचेच्चतुर्थभागेब्रह्मयज्ञोत्तरंकार्यम् ॥

હવે તર્પણ કહે છે—એ તર્પણ પ્રાતઃસંધ્યા થયા પછી કરવું, અથવા મધ્યાહ્ને બ્રહ્મયજ્ઞ કર્યા પછી એક વારજ કરવું, બ્રહ્મયજ્ઞના કાલ વિકલ્પે કરી ત્રણ કહ્યા છે. તેમાં "देवर्षिपितृतर्पणं करिष्ये" એવો સકલ્પ કરી પ્રથમ કહ્યા પ્રમાણે દેવતર્પણ પ્રથમ કરવું. પૃથ્વી અથવા ત્રાંબુ ઇત્યાદિકના પાત્રવિષે દર્ભ પાથરી "विश्वेदेवासआगत०" એ મંત્ર ભણી દેવતાનું આવાહન કરી "विश्वेदेवाः शृणुतेमं०" એ મંત્રનો જપ કરી પૂર્વ દિશામાં અગ્રવાળા ત્રણ દર્ભ ધારણ કરી દેવતીર્થે (આંગળીનાં અગ્ર) વડે તર્પણ કરવું. દેવતર્પણની દેવતા—" १ ॐब्रह्मातृप्यतां, २ विष्णुस्तृ०, ३ रुद्रस्तृ०, ४ प्रजापतिस्तृ०, ५ देवास्तृप्यं०, ६ छंदांसितृप्यं०, ७ वेदास्तृप्य० ८ ऋषयस्तृप्य०, ९ पुराणाचार्यास्तृप्यं०, १० गंधर्वास्तृ०, ११ इतराचार्यास्तृप्य०, १२ संवत्सरः सावयवस्तृप्य०, १३ देव्यस्तृप्यं० १४ अप्सरसस्तृप्यं०, १५ देवानुगास्तृप्यं,० १६ नागा०, १७ सागरा०, १८ पर्वता०,

१९ सरित०, २० मनुष्यास्तृप्यं०, २१ यक्षास्तृप्यं०, २२ रक्षांसितृप्यं०, २३ पिशाचास्तृप्यं०, २४ सुपर्णास्तृप्यं०, २५ भूतानि०, २६ पशव०, २७ वनस्पतय०, २८ ओषधय० २९ भूतग्रामश्चतुर्विधस्तृप्यतां " એ રીતે સર્વત્ર પ્રણવસહિત પ્રથમાવિભક્ત્યંત નામનો ઉચ્ચાર કરી તર્પણ કરવું. " सप्तऋषय० " એ મંત્રવડે ઋષિનું આવાહન કરી નિવીતી થઇ એક એક ઋષિને બે બે અંજલી દેવા એ રીતે તર્પણ કરવું, તે ઋષિતર્પણની દેવતા—" १ सनकस्तृप्यतु, २ सनंदनस्तृ०, ३ सनातनस्तृ०, ४ कपिलस्तृ०, ५ आसुरीतृ०, ६ वोढुस्तृ०, ७ पंचशिखस्तृप्यतु " એ પ્રમાણે તર્પણ કરી પ્રાચીનાવીતી થઇ " उशंतस्त्वा०, " એ મંત્રવડે પિતૃનું આવાહન કરી " आयंतुनः पितर० " એ મંત્રનો જપ કરી પિતૃતીર્થવડે એક એકને ત્રણ ત્રણ અજલી દઇ તર્પણ કરવું. તે પિતૃતર્પણની દેવતા—" १ कव्यवाडनलस्तृप्यतां, २ सोम०, ३ यम०, ४ अर्यमा०,५ अग्निष्वात्ताः पितरस्तृप्यंतां, ६ सोमपाःपितरः०, ७ वर्हिषदः०, ८ यमायनमस्तर्पयामि, ९ धर्मराजाय०, १० मृत्यवे०, ११ अंतकाय०, १२ वैवस्वताय०, १३ कालाय०, १४ सर्वभूतक्षयाय०, १५ औदुंबराय०, १६ दध्नाय०, १७ नीलाय०, १८ परमेष्ठिने०, १९ वृकोदराय० २० चित्राय०, २१ चित्रगुप्ताय० " એ પ્રમાણે તર્પણ કરવું. આ યમતર્પણ કરવું અથવા ન કરવું એમ વૈકલ્પિક છે, કારણ સૂત્રમાં " एके " એવું વચન છે એટલે કોઈ આચાર્ય કરે એમ કહે છે. જેનો પિતા જીવતો હોય તેણે મણિબંધ (કાંડા) પર્યંત અપસવ્ય કરવું, એ સર્વત્ર નિર્ણય જાણવો. પછી જેનો પિતા મૃત થયલો હોય તેણે પિતૃત્રયી અને માતૃત્રયીનું તર્પણ કરી, " उदीरता० " એ નવ ઋચાવડે તર્પણ કરવું. જ્યાં જળ હોય ત્યાં અંજલીવડે જળધારા છોડવી. તે નવ ઋચા—" १ उदीरता०, २ अंगिरसोनः पितरो०, ३ आयंतुनः०, ४ ऊर्जंवहंतीरमृतं०, ५ पितृभ्यःस्वधानमः०, ६ येचेहपि०, ७ मधुवाता०, ऋचा ३, " એ નવ ઋચામાંની એક એક ઋચા પ્રતિ એક એક વાર અને " तृप्यध्वं० " એમ કહી અજલી વડે ત્રણ ત્રણ વાર જળધારા પાડવી. પછી " नमोवःपितर० " એ આઠ યજુર્વેદના મત્ર કહી માતામહાદિત્રયી અને એકોદ્દિષ્ટગણ એમનું તર્પણ કરવું. પછી " देवागातुविद० " એ મત્ર ભણી વિસર્જન કરવું. સ્નાન કરેલું વસ્ત્ર નિચોવી જળ દેવું ઇત્યાદિક શેષ કર્મ પ્રથમ કહ્યા પ્રમાણે જાણવું. પ્રાતઃકાલનો હોમ કીધા પછી દેવપૂજા કરી ન હોય તો ચોથા ભાગમાં બ્રહ્મયજ્ઞ કર્યા પછી કરવી. (એ દિવસના ચોથા ભાગનું કૃત્ય કહ્યું.)

अथपंचमभागकृत्यम् ॥ वैश्वदेवःप्रकर्तव्यःपंचसूनापनुत्तये कंडणीपेषणीचुल्लीजलकुंभोथमार्जनीतिपंचहिंसास्थानानिपंचसूनाः वैश्वदेवस्यप्रातरेवप्रारंभोनत्वग्निहोत्रादिवत्सायं तेनप्रातःसायंवैश्वदेवेत्यादिरेवसंकल्पः पंचमहायज्ञाअहरहःकर्तव्याः तेचब्रह्मयज्ञदेवयज्ञभूतयज्ञपितृयज्ञमनुष्ययज्ञाख्याः तत्रब्रह्मयज्ञउक्तः बह्वृचादीनांवैश्वदेवोदेवयज्ञादियज्ञत्रयरूपः मनुष्ययज्ञस्तुमनुष्येभ्योन्नदानं गृहपक्वहविष्यान्नैस्तैलक्षारादिवर्जितैः जुहुयात्सर्पिषाभ्यक्तैर्गृह्याग्नौलौकिकेपिवा यस्मिन्नग्नौपचेदन्नंतस्मिन्होमोविधीयते वैश्वदेवांतर्गतपितृयज्ञेनैवनित्यश्राद्धसिद्धेर्ननित्यश्राद्धार्थविप्रभोजनं अनेनैवदर्शश्राद्धस्यापिसिद्ध्या दर्शश्राद्धमप्यशक्तैः संवत्सरमध्येसकृदेवकार्यमितिभट्टोजीये सूतकेपंचमहायज्ञानांलोपइत्युक्तं सचायं वैश्वदेवआत्मसंस्कारार्थोन्नसंस्कारार्थश्चतेनाविभक्तानांपाकैक्येपृथग्वैश्वदेवोन विभक्तानांतुपाकैक्येपि हविष्यांतरेणपृथगेव अविभक्तानांपाकभेदे पृथक्वैश्वदेवःकृताकृतइतिभट्टोजीये पाकासंभवेपक्वादस्यादौतंडुलैर्वापयोदधिघृतफलोदकादिभिर्वाकार्यः हस्तेनान्नादिभिःकुर्याददिभिरंजलिनाजले कोद्रवंचणकं माषंमसूरंचकुलित्थकं क्षारंचलवणंसर्वंवैश्वदेवेविवर्जयेत् प्रवसतागृहेपुत्रर्त्विगादिद्वारावैश्वदेवःकारयितव्यः गृहेकर्त्रंतराभावेप्रवासेस्वयंकार्यः वैश्वदेवोबह्वृचैस्तैत्तिरीयैश्चदिवारात्रौचेतिद्विवारंकार्यः अशक्तैस्त्वेककालेपयद्विरावृत्त्यासहवाकार्यः बह्वृचतैत्तिरीययोर्लौकिकाग्नौपाकोवैश्वदेवश्चेतिप्रायेणाचारः ॥

હવે દિવસના પાંચમાં ભાગનું કૃત્ય કહે છે.

ગૃહસ્થને સર્વદા પંચસૂના સંબંધી દોષ પ્રાપ્ત થાય છે તેના નાશ માટે નિત્ય વૈશ્વદેવ કરવો. " कंडणी० " એટલે ખાંડણી, સાંબેલું ઇત્યાદિક ખાંડવાનાં સાધન, " पेषणी " એટલે ઘંટી, છીપર, પથરા ઇત્યાદિક દળવા, વાટવાનાં સાધન; " चुल्ली " એટલે ચુલા, સગડી ઇત્યાદિ પાક કરવાનાં સાધન; "जलकुंभः" એટલે ઘડા, હાંડા, ગોળા ઇત્યાદિક જળ રાખવાનાં સાધન, "मार्जनी" એટલે ઝાડુ કાઢવાનાં સાધન, એ પાંચ સાધન અલ્પ જીવોની અજાણમાં હિંસા થવાનાં સ્થલ છે તેથી પંચસૂના છે. વૈશ્વદેવનો પ્રારંભ પ્રાતઃકાલેજ થાય છે, અગ્નિહોત્ર પ્રમાણે સાયકાલે પ્રારંભ થતો નથી, માટે સંકલ્પ

કરવો તે, "प्रातःसायंवैश्वदेव०" ઇત્યાદિકજ કરવો. પંચમહાયજ્ઞ નિત્ય કરવા. તે આ—બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, અને મનુષ્યયજ્ઞ, એ પાંચ મહાયજ્ઞ છે. તેમાં બ્રહ્મયજ્ઞ કહ્યો. ઋગ્વેદી ઇત્યાદિકોનો વૈશ્વદેવ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ અને મનુષ્યયજ્ઞ, એ ત્રણ મળીને થાય છે. મનુષ્ય(અતિથિ) ને અન્ન દેવું તે મનુષ્યયજ્ઞ છે. "ઘરમાં રાંધેલું પણ તેલ ક્ષાર ઇત્યાદિકે રહિત અને ઘૃતયુક્ત જે હવિષ્યાન્ન તેનો હોમ ગૃહ્યાગ્નિ અથવા લૌકિકાગ્નિવિષે કરવો. જે અગ્નિ ઉપર પાક (ચરૂ) કીધો હોય તે અગ્નિ ઉપર વૈશ્વદેવ કરવો." વૈશ્વદેવના પેટામાંનો પિતૃયજ્ઞ કરવાથી નિત્યશ્રાદ્ધની સિદ્ધિ થાય છે, તો નિત્યશ્રાદ્ધ માટે બ્રાહ્મણભોજન કરાવવું નહીં. વૈશ્વદેવસંબંધી પિતૃયજ્ઞ કરવાથીજ દર્શશ્રાદ્ધની પણ સિદ્ધિ થાય છે તેથી પ્રતિમાસ દર્શશ્રાદ્ધ કરવાને અશક્ત હોય તેણે વર્ષમાં એક વારજ કરવું, એ રીતે ભટ્ટોજીદીક્ષિતે કરેલા આહ્નિકમાં કહ્યું છે. સૂતકમાં પંચમહાયજ્ઞ કરવા નહીં એમ કહ્યું છે. એ વૈશ્વદેવ આત્મસસ્કાર (શરીરસંસ્કાર) અને અન્નસંસ્કારને અર્થે છે, તેથી સાથે રહેલા ભાઇઓનો પાક એક હોય તો વૈશ્વદેવ જુદો કરવો નહીં. વેહેંચણ કર્યા પછી જો પાક એક હોય તો પણ બીજું હવિષ્ય દ્રવ્ય લઈ તેણે કરી જુદોજ વૈશ્વદેવ કરવો. વિભાગ કર્યાવિના પાક ભિન્ન હોય તો જુદો વૈશ્વદેવ કરવો અથવા ન કરવો એમ ભટ્ટોજીદીક્ષિતકૃત આહ્નિકમાં કહ્યું છે. પાકનો અસંભવ છતાં એકાદશી ઇત્યાદિક દિવસે આખા, દૂધ, દહી, ઘી, ફળ, અથવા જળ ઇત્યાદિકવડે કરવો. "અન્ન ઇત્યાદિક દ્રવ્યનો વૈશ્વદેવ હાથવતી કરવો, જળે કરી અંજલીવડે જળમાં કરવો. કોદ્રુ, ચણા, અડદ, મસૂર, અને કળથી, સર્વ ક્ષાર, સઘળાં લૂણ એ પદાર્થ વૈશ્વદેવવિષે વર્જ્ય કરવા. જે ગૃહસ્થ પ્રવાસી હોય તેણે પોતાને ઘેર પુત્ર, ઋત્વિક ઇત્યાદિકદ્વારાએ વૈશ્વદેવ કરાવવો. પોતાને ઘેર વૈશ્વદેવ કરનારો કોઈ ન હોય તો પ્રવાસમાં પોતેજ કરવો. ઋગ્વેદી અને તૈત્તિરીય શાખાવાળાઓએ વૈશ્વદેવ દિવસે અને રાત્રિએ બે વાર કરવો. જેને બે વખત કરવાની શક્તિ ન હોય તેણે એક સમયેજ બે આવૃત્તિ કરીને અથવા એકતંત્રે કરવો. ઋગ્વેદી અને તૈત્તિરીયશાખી એમનો બહુધા આચાર, પાક અને વૈશ્વદેવ લૌકિકાગ્નિ ઉપરજ કરવાનો છે.

अथप्रातःसायंवैश्वदेवस्यसहकरणपक्षेतंत्रप्रयोगः तत्रवैष्णवैर्भगवतेषोडशोपचारेषुदीपांतानुपचारान्समर्प्यसर्वान्नात्पुरुषाहारपर्याप्तंनैवेद्यंसमर्प्यशेषान्नेनवैश्वदेवःकार्यः वैष्णवभिन्नैस्तुवैश्वदेवांतेतच्छेषेणनैवेद्यःकार्यः विष्णोर्निवेदितान्नेनयष्टव्यंदेवतांतरं पितृभ्यश्चापितद्देयंतदानंत्यायकल्पतइत्यादिवचनानांवैष्णवविषयकत्वस्यनिबंधकारैरुक्तत्वात् अत्रवैष्णवानारायणाष्टाक्षरादिवैष्णवमंत्रदीक्षोपदेशजपवंतोमुख्याः उपदेशःकलौयुगइतिस्मृत्योपदेशमात्रस्यापिदीक्षासमफलत्वात् गौणाश्चपारंपर्यागतारुणोदयविद्धैकादश्यनुपवासशुक्लकृष्णैकादश्युपवासादियत्किंचिद्धर्ममात्रपरामंत्रोपदेशादिरहिताः ननुपांचरात्राद्यागमोक्तदीक्षांप्राप्तोहिवैष्णवइत्युक्तेः किंचिद्धर्ममात्रानुष्ठानेनकथंवैष्णवत्वमितिचेत् गायत्र्यध्ययनादिक्षत्रियवैश्यसाधारणधर्मवतांयाजनाध्यापनप्रतिग्रहरूपासाधारणधर्मशून्यानांपित्रादिपरंपरया वैश्यादिवृत्तिपराणामप्यव्यभिचरितैकगोत्रत्वादियत्किंचिद्ब्राह्मणधर्ममात्रेणयथाब्राह्मणत्वं तदुचितसूतकाद्याचारश्चतथाकलियुगेकिंचिद्धर्मेणापि वैष्णवत्वंतदुचिताचारश्चयुज्यते क्षत्रियाणांहि पुरोहितभेदेनगोत्रभेदस्तेनयदुवंशेषुपरस्परंविवाहो नैवंब्राह्मणेष्वितिस्पष्टं एवंश्राद्धेपिनैवेद्यंसमर्प्यापितृभ्योन्ननिवेदनंज्ञेयं ममात्मान्नसंस्कारपंचसूनाजनितदोषपरिहारद्वाराश्रीपर० प्रातर्वैश्वदेवंसायंवैश्वदेवंचसहतंत्रेणकरिष्ये कुंडेस्थंडिलादौवापचनाग्निंव्याहृतिभिः पावकनामानंप्रतिष्ठाप्य चत्वारिशृंगेति ध्यात्वापरिसमुह्यपर्युक्ष्यविश्वानिनइत्यर्चनादिविधाय घृताक्तमन्नमग्नावधिश्रित्य प्रोक्ष्योद्वास्याग्नेःपश्चान्निधाय त्रिधाविभज्यप्रथमभागंदेवेभ्योजुहुयात् तद्यथाहृदिसव्यंकरंनिधायोत्तानहस्तेनसूर्यायस्वाहा सूर्यायेदंनमम प्रजापतये० सोमायवनस्पतये० अग्नीषोमाभ्यां० इंद्राग्निभ्यां० द्यावापृथिवीभ्यां० धन्वंतरये० इंद्राय० विश्वेभ्योदेवेभ्यः० ब्रह्मणे० इतिदशप्रातर्वैश्वदेवाहुतयः ॥

હવે પ્રાતઃકાલ અને સાયંકાલસંબંધી બે વૈશ્વદેવસાથે એ પક્ષવિષે એકતંત્ર પ્રયોગ કહે છે—તેમાં વૈષ્ણવે ભગવાન્ (શ્રીવિષ્ણુ)ને સોળ ઉપચારમાં દીપપર્યંત ઉપચાર અર્પણ કરી સઘળા અન્નમાંથી એક પુરૂષને આહાર પૂર્ણ થાય એટલું નૈવેદ્ય(ભગવાન્‌ને) અર્પણ કરી શેષ રહેલા અન્નવડે વૈશ્વદેવ કરવો. જે વૈષ્ણવ ન હોય તેણે તો પ્રથમ વૈશ્વદેવ કરી શેષ રહેલા પાકવડે નૈવેદ્ય સમર્પણ કરવું; કારણ, "વિષ્ણુને અર્પણ કરેલું અન્ન લઈ તેવડે બીજા દેવતાનો યજ્ઞ કરવો, અને

પિતૃને પણ તે અન્ન દેવું, એટલે તે અન્નવડે શ્રાદ્ધ કરવું, તે કર્મ અનંત ફળ દેનારૂં છે," ઇત્યાદિક જે વચન તે વૈષ્ણવપરાયણ છે એમ નિબંધકારે કહેલું છે. એ વૈષ્ણવોવિષે (વિચાર કરતાં સિદ્ધ થાય છે જે) નારાયણના અષ્ટાક્ષર ઇત્યાદિક વૈષ્ણવમંત્રોની દીક્ષાનો ઉપદેશ લઈ જપ કરે છે તે મુખ્ય છે; કારણ, "કલિયુગમાં ઉપદેશ ગ્રહણ કરવો." એવાં સ્મૃતિવાક્યોથી ઉપદેશમાત્રનું પણ દીક્ષાના ફળ સરખું ફળ છે. પરંપરા પ્રાપ્ત અરૂણોદયવડે વિદ્ધ એવી એકાદશીનું વ્રત ન કરવું, શુક્લ અથવા કૃષ્ણ એકાદશીનો ઉપવાસ કરવો ઇત્યાદિક સ્વલ્પ ધર્મ પાળનારા અને મંત્રોપદેશે રહિત એવા જે તે ગૌણ વૈષ્ણવ છે. **શંકા**–"**પાંચરાત્ર** ઇત્યાદિક વૈષ્ણવશાસ્ત્રોવિષે કહેલી દીક્ષાનું જે ગ્રહણ કરે તે વૈષ્ણવ છે." એવાં વચન છે તો અલ્પ ધર્મ પાલન કરવાથી વૈષ્ણવપણું કેમ થાય? **સમાધાન**–ગાયત્રીનું અધ્યયન કરવું. ઇત્યાદિક જે ક્ષત્રિય અને વૈશ્યનો સાધારણ ધર્મ તેનું માત્ર પાલન કરનારા; ઋત્વિક્ કર્મ કરવું. વેદનું અધ્યયન કરાવવું, અને દાન લેવું એવો જે વિશેષ ધર્મ તેણે રહિત; અને પિતા, પિતામહ ઇત્યાદિક પરંપરાએ વૈશ્યાદિકની વૃત્તિ (વ્યાપાર) કરનારા એવા બ્રાહ્મણોને પણ જેમ તેમનું અને પોતાનું એક ગોત્ર એક જાતિ ઇત્યાદિક અલ્પ બ્રાહ્મણધર્મવડે બ્રાહ્મણપણું અને બ્રાહ્મણને યોગ્ય આશૌચ પાલન કરવું એવો આચાર છે તેમ કલિયુગમાં અલ્પ સ્વલ્પ ધર્મ પાલન કરવાથી પણ વૈષ્ણવપણું અને વૈષ્ણવને યોગ્ય આચાર એ માનવામાં આવે છે. ક્ષત્રિયોનું શુદ્ધ ગોત્ર ન હોતાં તેમના પુરોહિતનું જે ગોત્ર તે તેમનું ગોત્ર એવા નિયમથી ક્ષત્રિયોના પુરોહિત અનેક થયા એ કારણથી ક્ષત્રિયોનાં ગોત્ર પણ અનેક થયાં, અને તેણેકરી યદુવંશમાં પરસ્પર વિવાહ થયા એમ બ્રાહ્મણમાં થતું નથી એ સ્પષ્ટ છે. એ રીતે શ્રાદ્ધવિષે પણ નૈવેદ્ય સમર્પણ કરી પિતૃને અન્ન સમર્પણ કરવું. એમ જાણવું. **વૈશ્વદેવનો સંકલ્પ**—"**ममात्मान्नसंस्कारपंचसूनाजनितदोषपरिहारद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थंप्रातर्वैश्वदेवं सायंवैश्वदेवं च सहतंत्रेण करिष्ये,**" એવો સંકલ્પ કરી કુંડ અથવા સ્થંડિલ ઇત્યાદિકવિષે પચનાગ્નિ (જે ઉપર પાક કરેલો છે તે)ને વ્યાહૃતિમંત્રવડે "**पावकनामानं**" એ રીતે સ્થાપન કરી, "**चत्वारिशृंगा०**" એ મંત્રવડે ધ્યાન કરી પરિસમૂહન, પર્યુક્ષણ કરી "**विश्वानिनो०**" એ મંત્રવડે પૂજા, સ્તુતિ કરી ઘૃતયુક્ત અન્ન અગ્નિ ઉપર રાંધ્યાસરખું કરી તે જળવડે પ્રોક્ષિત કરી ઉત્તર તરફથી લાવી અગ્નિના પશ્ચિમ ભાગમાં સ્થાપન કરી તેના ત્રણ ભાગ કરી તેમાંના પ્રથમ ભાગનો દેવતાને ઉદ્દેશે હોમ કરવો. તે આ રીતે—ડાબો હાથ હૃદય ઉપર રાખી સવળા એવા જમણે હાથે "**सूर्याय स्वाहा सूर्यायेदं न मम, प्रजापतये०, सोमायवनस्पतये०, अग्नीषोमाभ्यां०, इंद्राग्निभ्यां०, द्यावापृथिवीभ्यां०, धन्वंतरये०, इंद्राय०, विश्वेभ्योदेवेभ्यः०, ब्रह्मणे०**" હોમ કરવો. એ દશ આહુતિ પ્રાતઃકાલના વૈશ્વદેવની છે.

अथसायंवैश्वदेवीयाः अग्नयेस्वाहेतिहुत्वाप्रजापतयइत्यादिपुनर्नवजुहुयात् एवंविंशत्याहुतीर्हुत्वाप्रायश्चित्तार्थंव्यस्तसमस्तव्याहृतिभिर्हुत्वानहुत्वावापरिसमूहनपर्युक्षणेकुर्यात् ओंचमइत्युपतिष्ठेत् इति देवयज्ञः ॥

હવે સાયંકાલના વૈશ્વદેવની આહુતિ કહે છે—"**अग्नये स्वाहा**" એ આહુતિનો હોમ કરી, "**प्रजापतये स्वाहा**" ઇત્યાદિક ફરી નવ આહુતિ હોમવી. એ રીતે વીશ આહુતિ હોમ કરી પ્રાયશ્ચિત્તાર્થે વ્યસ્ત (છુટ છુટ) સમસ્ત (એકઠા) વ્યાહૃતિમંત્રવડે હોમ કરવો અથવા ન કરવો. પછી પરિસમૂહન, પર્યુક્ષણ કરતાં. "**ॐचमे०**" એ મંત્રવડે ઉપસ્થાન કરવું. એ પ્રમાણે દેવયજ્ઞ કહ્યો.

अथवलिहरणाख्योभूतयज्ञः ॥ द्वितीयभागाद्गृहीत्वाशुद्धभूमौसूर्यायस्वाहासूर्यायेदंनममेत्येवंदशाहुतीः प्राक्संस्थानिरंतराहुत्वामध्येंतरालंत्यक्त्वा अद्भ्यःस्वाहा ओषधिवनस्पतिभ्यः० गृहा० गृहदेवताभ्यः० वास्तुदेवता० इतिप्राक्संस्थाहुत्वा अद्भ्यआहुतेःपश्चात्इंद्राय० तदुत्तरे इंद्रपुरुषेभ्यः० अंतरालस्यदक्षिणेयमाय० तदुत्तरेयमपुरुषेभ्यः० ब्रह्मणआहुतेःप्राक् वरुणाय० तदुत्तरेवरुणपुरुषेभ्यः० अंतरालस्योत्तरेसोमाय० तदुत्तरंसोमपुरुषेभ्यः० अंतरालेब्रह्मणे० ब्रह्मपुरुषे० विश्वेभ्योदेवेभ्यः० सर्वेभ्योभूतेभ्यः० दिवाचारिभ्यः० सोमपुरुषोत्तरंरक्षोभ्यः० एवमेवसूर्यस्थानेप्रथममग्नयेहुत्वाप्रजापतयइत्यादिपूर्ववत्सायंवैश्वदेवसंबंधिद्वितीयवलिहरणंकुर्यात् तत्रदिवाचारिभ्यइत्यस्यस्थानेनक्तंचारिभ्यःस्वाहेतिजुहुयात् इतिविशेषः इतिभूतयज्ञः ॥

पवीतीअपःस्पृष्ट्वा भूतयज्ञेनयक्ष्ये भूतेभ्योनमइतिभूमौदत्वापरिषिच्य निवीतीमनुष्ययज्ञेनयक्ष्ये उक्तप्रमाणमन्नंमनुष्येभ्योहंतेतिदद्यात् सर्वयज्ञेषुआद्यंतयोः क्रमेणविद्युदसिवृष्टिरसीतिमंत्रयोःपाठःप्रायेणैषां वलिशिष्टमन्नं येभूताःप्रचरंतीतिगृहांगणेगत्वाकाशेउत्क्षिपेत् ततोयथाचारंश्ववायसादिवलिः ॥

હવે દેવયજ્ઞાદિ ચાર યજ્ઞ કહે છે:—“देवयज्ञेन यक्ष्ये,” એવો સંકલ્પ કરી અગ્નિની ચારે તરફ જળનું સિંચન કરી “देवेभ्यःस्वाहा” એ મંત્રવડે અગ્નિમાં હોમ કરી ઉત્તરપરિષેક કરવો. પછી પ્રાચીનાવીતી થઈ “पितृयज्ञेन यक्ष्ये” એવો સંકલ્પ કરી દક્ષિણ તરફ પૃથ્વી ઉપર “पितृभ्यःस्वधास्तु” એ મંત્રવડે આહુતિ દઈ ત્યાગનો ઉચ્ચાર કરી જળનું સિંચન કરી યજ્ઞોપવીતી થઈ જળનો સ્પર્શ કરી “भूतयज्ञेन यक्ष्ये” એવો સંકલ્પ કરી “भूतेभ्यो नमः” એ મંત્રવડે પૃથ્વી ઉપર આહુતિ દઇ જળસિંચન કરવું. પછી નિવીતી થઈ “मनुष्ययज्ञेन यक्ष्ये” એવો સંકલ્પ કરી પ્રથમ કહ્યાપ્રમાણે અન્ન “मनुष्येभ्यो हंत०” એ મંત્રવડે દેવું. તૈત્તિરીયશાખાવાળાઓ આ સર્વ યજ્ઞવિષે આદ્યે અને અંતે ક્રમે કરી “विद्युदसि, અને वृष्टिरसि” એ મંત્રનો પાઠ બહુધા કરે છે. બલિહરણ કરી શેષ રહેલું અન્ન લઈ ઘરના આંગણમાં જઇ “येभूताःप्रचरंतिदिवा०” એ મંત્ર ભણી ઉંચે આકાશવિષે ઉડાડવું. પછી પોતાના આચાર પ્રમાણે કુતરાં, કાગડાને બલિ દેવું.

अथकातीयानां तत्रसाग्निकानामेकपाकेनैवश्राद्धदिनेआदौवैश्वदेवः अन्येषांमत्ते आवसथ्योल्मुकं महानसेकृत्वातत्रपाकंविधायमहानसस्थांगारान्गृह्याग्नौनिधाय पाकादन्नंघृताक्तमादायपूर्ववदात्मा०र्थंवैश्वदेवाख्यंकर्मकरिष्यइतिसंकल्पः अथवादेवभूतपितृमनुष्यान्वैश्वदेवान्नेनयक्ष्ये गृह्याग्निंमणिकोदकेनपर्युक्ष्यहस्तेनाग्नौजुहुयात् ब्रह्मणेस्वाहाइदंब्रह्मणेनममएवमग्रेपि प्रजापतये० गृह्याभ्यः० कश्यपाय० अनुमतये० इतिदेवयज्ञः ततोमणिकसमीपेवलित्रयमुदक्संस्थं पर्जन्यायनमःस्वाहा इदंपर्जन्यायनमम अद्भ्योन० पृथिव्यै० अथद्वार्यशाखयोःप्राक्संस्थं वलिद्वयं धात्रे० विधात्रे० उदकेनचतुरस्रंकृत्वातत्र पूर्वेवायवे० दक्षिणेवायवे० पश्चिमेवायवे० उत्तरेवायवे० प्रागादिषुवायुवलेःप्रागुदग्वाप्राच्यैदिशे० दक्षिणस्यैदि० प्रतीच्यैदि० उदीच्यैदि० मध्येप्राक्संस्थं ब्रह्मणे० अंतरिक्षाय० सूर्याय० एषामुत्तरेविश्वेभ्योदेवेभ्यो० विश्वेभ्योभूतेभ्यो० अनयोरुत्तरेउपसे० भूतानांचपतये० इति भूतयज्ञः प्राचीनावीती ब्रह्मादिवलित्रयस्यदक्षिणेपितृतीर्थेन पितृभ्यःस्वधानमइतिइदंपितृभ्योनममेतिदद्यात् इतिपितृयज्ञः ॥

હવે કાત્યાયનશાખાવાળાઓનો વૈશ્વદેવપ્રયોગ કહે છે.

કાત્યાયન શાખાવાળાઓમાં જે સાગ્નિક હોય તેમણે એક પાક(શ્રાદ્ધપાક)વડેજ શ્રાદ્ધને દિવસે શ્રાદ્ધથકી પ્રથમ વૈશ્વદેવ કરવો. જે સાગ્નિક ન હોય તેમણે શ્રાદ્ધ પછી તેજ પાકવડે વૈશ્વદેવ કરવો. ગૃહ્યાગ્નિમાંથી પ્રજ્વલિત કાષ્ઠ લઈ રસોડામાં પ્રદીપ્ત કરી તે ઉપર સર્વ પાક સિદ્ધ કરી રસોડાનો અગ્નિ લઇ તે ગૃહ્યાગ્નિમાં મેળવવો. પછી સિદ્ધ કરેલા પાકમાંથી ઘૃતયુક્ત અન્ન (ચરૂ) લઇ પ્રથમપ્રમાણે, “आत्माद्यसंस्कारार्थं वैश्वदेवाख्यं कर्म करिष्ये” એવો સંકલ્પ કરવો. અથવા “देवभूतपितृमनुष्यान् वैश्वदेवान्नेन यक्ष्ये,” એવો સંકલ્પ કરવો. પછી કલશમાંના જળવડે ગૃહ્યાગ્નિની ચારે તરફ પ્રોક્ષણ કરી હાથવડે અગ્નિમાં હોમ કરવો. તેની દેવતા—“ब्रह्मणे स्वाहा इदं ब्रह्मणे न मम” એ રીતે આગળ પણ જાણવું. “प्रजापतये०, गृह्याभ्यः०, कश्यपाय०, अनुमतये०” એ પ્રમાણે દેવયજ્ઞ કહ્યો. ત્યાર પછી કલશની પાસે ઉત્તર તરફ જાય એવી ત્રણ આહુતિ એક પછી એક એમ દેવી. તે આ રીતે—“पर्जन्याय नमः स्वाहा इदं पर्जन्याय न मम, अद्भ्यो न०, पृथिव्यै०” પછી દ્વારશાખાની પાસે પૂર્વ તરફ જાય એવી “धात्रे० विधात्रे०” એ આહુતિ દેવી. પછી જળવડે ચતુરસ્ર (ચોરસ) મંડળ કરી તે મંડળ ઉપર પૂર્વ તરફ “वायवे०,” દક્ષિણ તરફ “वायवे०,” પશ્ચિમ તરફ “वायवे०,” ઉત્તર તરફ “वायवे०,” એ પ્રમાણે આહુતિ દઈ ફરી પૂર્વાદિ દિશાથકી વાયુબલિની પૂર્વ અથવા ઉત્તર તરફ “प्राच्यै दिशे०, दक्षिणस्यै दिशे०, प्रतीच्यै दिशे०, उदीच्यै दिशे०” એ આહુતિ દેવી. પછી મધ્યભાગવિષે પૂર્વ તરફ જાય એવી “ब्रह्मणे०, अंतरिक्षाय०, सूर्याय०, એ આહુતિ દેવી, અને એની ઉત્તર તરફ, “विश्वेभ्यो देवेभ्यो०, विश्वेभ्यो भूतेभ्यो०,” એવી આહુતિ દેવી. એની ઉત્તર તરફ “उपसे०, भूतानां च पतये०,” એ આહુતિ દેવી. એ

પ્રમાણે ભૂતયજ્ઞ કહ્યો. પછી પ્રાચીનાવીતી થઇ ‘ब्रह्मादि’ ત્રણ આહુતિની દક્ષિણ તરફ પિતૃતીર્થવડે, “पितृभ्यः स्वधा नम इदं पितृभ्यो न मम,” એવો મંત્ર કહી આહુતિ દેવી. એ પ્રમાણે પિતૃયજ્ઞ કહ્યો.

पात्रंप्रक्षाल्यसव्येनब्रह्मादिबलितोवायव्यांयक्ष्मैतत्तेनिर्णेजनमितितज्जलंनिनयेत् पूर्ववन्मनुष्ययज्ञः निरग्निकस्तु लौकिकाग्निमाहृत्यपृष्टोदिवीतिप्रतिष्ठाप्यतत्सवितु० ताꣳसवि० विश्वानिदेव० इतित्रिभिः सावित्रैःप्रज्वाल्यतत्रनित्यौपासनहोमंकृत्वापाकंपचेद्वैश्वदेवंचकुर्यादितिगदाधरः अत्राप्यशक्तौबह्वृचाद्युक्तरीत्यापचनाग्निंप्रतिष्ठाप्यध्यात्वासंपूज्यतत्रपूर्वोक्तरीत्यावैश्वदेवस्तत्रअग्नयेस्विष्टकृतेस्वाहेतिपंचाहुतीनामुत्तरंहोमः सर्वत्रनिरग्नेरितिविशेषः शेषंप्राग्वत् कात्यायनानांदिवैवैकोवैश्वदेवोनद्वितीयोरात्रौ सामगाथर्वणैरपिस्वगृह्योक्तरीत्यापंचमहायज्ञाःकार्याः स्वगृह्यानुपलंभेबह्वृचोक्तरीत्योपनयनादिसंस्काराः पंचमहायज्ञादयश्चकार्याः ॥

ચરૂનું પાત્ર પ્રક્ષાલન કરી ડાબી તરફથી બ્રહ્માદિક આહુતિની વાયવ્ય દિશામાં “यक्ष्मैतत्ते निर्णेजनं” એ મંત્રવડે તે જળ દેવું. પછી પ્રથમ કહ્યાપ્રમાણે મનુષ્યયજ્ઞ કરવો. નિરગ્નિક હોય તેણે તો, લૌકિકાગ્નિ લાવી “पृष्टो दिवि०” એ મંત્રવડે તે અગ્નિની પ્રતિષ્ઠા કરી “तत्सवितु० ताꣳसवितु०, विश्वानि देव०” આ ત્રણ સાવિત્ર (સૂર્ય છે દેવતા જેના તે) મંત્રવડે પ્રદીપ્ત કરી તે અગ્નિ ઉપર નિત્યનો ઔપાસન હોમ કરી પછી તે અગ્નિ ઉપર પાક કરી વૈશ્વદેવ કરવો. એમ ગદાધર કહે છે. આ રીતે કરવામાં પણ અસમર્થ હોય તો તેણે ઋગ્વેદી ઇત્યાદિકને કહેલી રીતિપ્રમાણે પચનાગ્નિ) જેની ઉપર પાક કરેલો હોય તે)નું સ્થાપન કરી ધ્યાન કરી પૂજા કરવી. પછી તે અગ્નિ ઉપર પ્રથમ કહ્યાપ્રમાણે વૈશ્વદેવ કરવો. તેમાં પ્રથમની પાંચ આહુતિ હોમ્યા પછી, “अग्नये स्विष्टकृते स्वाहा” એ મંત્રવડે આહુતિ દેવી. એ રીતે નિરગ્નિકને સર્વત્ર વિશેષ જાણવો. શેષ કર્મ પ્રથમપ્રમાણે કરવું. કાત્યાયન શાખાવાળાઓએ દિવસેજ એક વૈશ્વદેવ કરવો. રાત્રિએ બીજો કરવો નહીં. સામવેદી અને અથર્વણવેદી એમણે પણ પોતપોતાના ગૃહ્યસૂત્રમાં કહ્યાપ્રમાણે પંચમહાયજ્ઞ કરવા. પોતાનું ગૃહ્યસૂત્ર ન મળે તો ઋગ્વેદીઓને કહેલી રીતિપ્રમાણે ઉપનયનાદિ સંસ્કાર અને પંચમહાયજ્ઞ કરવા.

शाखांतरमतंसम्यगनालोच्यस्वधार्ष्ट्यतः ॥ शाखांतराह्निकंप्रोक्तंज्ञात्वाशोध्यंस्वशाखिभिः ॥ इति ॥

“પરાઇ શાખાનો મત યથાર્થ જાણ્યાવિના પોતાની ધૃષ્ટતાથકી અન્ય શાખાનું આહ્નિકપ્રકરણ મેં કહ્યું છે, એમ જાણી તે તે શાખાવાળાઓએ શોધવું.”

इक्षूनपःफलंमूलंतांबूलंपयऔषधं भक्षयित्वापिकर्तव्याःस्नानदानादिकाःक्रियाः पंचमहायज्ञेष्वन्यतमस्यलोपेउपवासः धनिकस्यातुरस्यचप्रतियज्ञंकृच्छ्रार्धं अन्येत्वेकाहंलोपेमनस्वत्याहुतिर्द्व्यहंत्र्यहंलोपेतिसृभिस्तंतुमतीभिर्होमोवारुणीनांचतसृणांजपोद्वादशाहंलोपेतंतुमतीस्थालीपाकोवारुणीभिराज्यहोमश्चेत्याहुः ॥

“સેરડી, જળ, ફળ, મૂળ, તાંબૂલ, દૂધ, અને ઔષધ એ ભક્ષણ કરીને પણ સ્નાન, દાન ઇત્યાદિક કર્મ કરવું.” પાંચ મહાયજ્ઞમાંથી એકાદા યજ્ઞનો લોપ થાય તો ઉપવાસ કરવો. ધનવાન્ અને રોગી એમણે એક એક યજ્ઞનો લોપ થયો હોય તો અર્ધકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. બીજા ગ્રંથકાર તો, એક દિવસ પંચમહાયજ્ઞનો લોપ થયો હોય તો, “मनस्वती०” એ આહુતિનો હોમ; બે દિવસ, ત્રણ દિવસ લોપ થયો હોય તો, ત્રણ “तंतुमती०” એ આહુતિવડે હોમ અને ચાર વારૂણી ઋચાનો જપ કરવો; બાર દિવસપર્યંત લોપ થયો હોય તો, તંતુમતી સ્થાલીપાક, અને વારૂણી ઋચાવડે આજ્યહોમ કરવો; એમ કહે છે.

अथसर्वसाधारणोभोजनादिविधिः ॥ हैमेराजतेपात्रेआम्रादिपत्रेवाभोजनंशस्तं पकपत्रतु भुंजीतकांस्यपात्रेनान्योच्छिष्टे तांबूलाभ्यंजनंचैवकांस्यपात्रेचभोजनं यतिश्चब्रह्मचारीचविधवाचविवर्जयेत् पलाशपर्णेषुयत्यादेःप्रशस्तं गृहिणस्तुचांद्रायणं इदंवल्लीपलाशविषयमितिस्मृत्यर्थसारे कदलीकुटजमधुजंबूपनसाम्रचंपकोदुंबरपत्राणिशस्तानि अर्काश्वत्थवटादिपत्राणिनिषिद्धानि ॥

હવે સઘળાઓને સાધારણપણાએ ભોજનાદિકનો વિધિ કહે છે.

સુવર્ણ અથવા ચાંદીના પાત્રમાં કિંવા આંબા ઇત્યાદિક વૃક્ષના પાનવિષે ભોજન કરવું તે ઉત્તમ છે. કાંસાના પાત્રમાં એકેજ ભોજન કરવું. જે પાત્રમાં એકે ભોજન કર્યું હોય તેમાં ઉચ્છિષ્ટ થવાથી બીજાએ ભોજન કરવું નહીં. “સંન્યાસી, બ્રહ્મચારી અને વિધવા એમણે તાંબૂલ, તૈલમર્દન અને કાંસ્યપાત્રમાં ભોજન એ વિશેષેકરી વર્જ્ય કરવાં,” સંન્યાસી ઇત્યાદિકોએ પલાશ(ખાખરા)ના પાનમાં ભોજન કરવું એ ઉત્તમ છે. ગૃહસ્થ પલાશના પાનમાં ભોજન કરે તો, તેણે ચાંદ્રાયણ કરવું. એ ચાંદ્રાયણ કરવાનું જે કહ્યું તે વલ્લીરૂપ જે પલાશનું વૃક્ષ તે વિષયમાં છે એમ સ્મૃત્યર્થસારમાં કહ્યું છે. કેળ, કુટજ, (કુડાકકમળ) મોવા, જાંબુ, ફણસ, આંબા, ચંપો અને ઉંબર એમનાં પાન ભોજનવિષે ઉત્તમ છે. આકડો, પિપળો, વડ ઇત્યાદિકનાં પાન નિષિદ્ધ છે.

चतुरस्रमंडलेप्रक्षालितपात्रंनिधायपंचयज्ञावशिष्टंघृतादियुतंपरिविष्टमन्नमस्माकं नित्यमस्त्वेतदिति वदन्नत्वाग्रंथिरहितपवित्रयुतदक्षिणपाणिः पादाभ्यांपादेनवाभुवंस्पृशन्व्याहृतिभिर्गायत्र्याचाभिमंत्र्य सत्यंत्वर्तेनपरिषिंचामिइतिदिवा ऋतंत्वासत्येनपरिषिंचामीतिरात्रौपरिषेचनंकृत्वा अंतश्चरतिभूतेषु गुहायांविश्वतोमुखः त्वंयज्ञस्त्वंवषट्कारस्त्वंविष्णुःपुरुषःपरः पात्राद्दक्षिणेभूमौ भूपतयेनमःभुवनपतयेनमःभूतानांपतयेनमः इतित्रीन्बलीन्दद्यात् यद्वाचित्रायचित्रगुप्ताययमाययमधर्मायसर्वभूतेभ्यइति वा व्यस्तसमस्तव्याहृतिभिर्वाचत्वारः धर्मराजायचित्रगुप्तायेतिद्वौवा भूपत्यादित्रययुतावेताविति पंचवादेयाः हस्तपादमुखार्द्रः आपोशनार्थंजलमादाय अन्नंब्रह्मरसोविष्णु० अहंवैश्वानरोभूत्वेत्यर्थंध्यात्वा वामकरेणपात्रंधृत्वाअमृतोपस्तरणमसीत्यपःप्राश्यमौनी ओंप्राणायस्वाहा ओंअपानायस्वाहा ओंव्यानाय० ओंउदानाय० ओंसमानाय० इतिसघृताःसक्षीरावापंचाहुतीःसर्वांगुलिभिःसर्वग्रासंग्रसन्मुखेजुहुयात् ब्रह्मणेस्वाहेतिषष्ठींक्वचित् प्राणाहुतिपर्यंतंपात्रालंभोमौनंचनियतमग्रेपेच्छिकंद्वयंभोजनंप्राङ्मुखंप्रत्यङ्मुखंवाशस्तं दक्षिणामुखंयशःफलंकाम्यं उदङ्मुखमधमं विदिङ्मुखंनिषिद्धं कृत्स्नंग्रासंग्रसन्द्वात्रिंशदादिनियतग्रासमनियतग्रासंवाभुक्त्वा अमृतापिधानमसीतिगंडूषार्धंपीत्वार्धंभूमौनिनीय पवित्रंत्यक्त्वा मुखहस्तोच्छिष्टंसम्यक्प्रक्षालयेत् तर्जन्यामुखंनशोधयेत् किंचिद्गण्डूषोत्तरंहस्तप्रक्षालनंषोडशगंडूषांते द्विराचामेत् भोजनगृहेचनाचामेत् अनाचांतोमूत्रपुरीषौनकुर्यात् उत्तरापोशनमकृत्वोत्थानेस्नात्वाशुद्धिः हस्तौसंमृज्यप्रक्षाल्यांगुष्ठेननेत्रयोर्निषिंच्येष्टदेवतांस्मरेत् नांजलिनापिबेत् पालाशंदग्धमयोबद्धंच पीठंवर्जयेत् नशिशुभिःसहभुंजीत भार्ययासहविवाहवर्जंनभुंजीत बालवृद्धेभ्योन्नमदत्वानभुंजीत नप्रौढपादोनासनारूढपादोनप्रसारितपादोनविदिक्तुंडोनदुष्टैकपंक्तौनशून्याग्निपाकगृहेनदेवालयेभुंजीत न संध्ययोर्नमहानिशायांनयज्ञोपवीतहीनोनवामहस्तेननशूद्रशेषंभुंजीत आदौमधुरंमध्येलवणाम्लमंतेतिक्तादि पूर्वंद्रवंमध्येकठिनमंतेद्रवं अष्टौग्रासायतेःषोडशवाद्वात्रिंशद्वागृहिणोवनस्थस्यषोडशयथेष्टंब्रह्मचारिणः सर्वसदोषमश्नीयान्निःशेषंघृतपायसं क्षीरंदधिमधुभुंजीतदिवारात्रौचेतिद्विवारमेवनांतराभोजनम्॥

ॐ प्राणायस्वाहा, ॐ अपानायस्वा०, ॐ व्यानाय०, ॐ उदानाय०, ॐ समानाय० " એ મંત્ર ભણી એક એક મંત્રવડે ઘૃત અથવા દૂધસહિત પાંચ આહુતિ, સર્વ આંગળીવડે સઘળો ગ્રાસ ભક્ષણ કરવો, એ રીતે મુખમાં હોમવી. "ब्रह्मणेस्वाहा" એ છઠ્ઠી આહુતિ કોઇ ગ્રંથમાં કહેલી છે. પાત્રનો સ્પર્શ અને મૌન એ પ્રાણાહુતિપર્યંત અવશ્ય છે, પ્રાણાહુતિ થયા પછી બન્ને ઐચ્છિક એટલે કરવાં અથવા ન કરવાં એ ઇચ્છાપ્રમાણે છે, ભોજન કરવું તે પૂર્વમુખ અથવા પશ્ચિમમુખ બેસી કરવું એ ઉત્તમ છે. દક્ષિણમુખ બેસી ભોજન કરવું તે કામ્ય છે; કારણ, તેનું ફળ યશ છે. ઉત્તર તરફ મુખ કરી ભોજન કરવું તે નિંદ્ય છે. વિદિશા (ખુણા) સંમુખ થઇ ભોજન કરવું તે નિષિદ્ધ છે. અન્નનો સંપૂર્ણ ગ્રાસ ભક્ષણ કરવો એ રીતે બત્રીશ ઇત્યાદિક નિયમપૂર્વક ગ્રાસ અથવા ઇચ્છાપ્રમાણે ગ્રાસ લઈ ભોજન કરી હાથમાં જળ લઈ "अमृतापिधानमसि" એ મંત્રવડે તે જળ અર્ધ પીવું અને અર્ધ પૃથ્વી ઉપર નાખવું. પછી હાથમાં રાખેલા પવિત્રનો ત્યાગ કરી મુખ અને હાથ બરાબર શુદ્ધ કરવાં. તર્જની (અંગુઠાના જોડની) આંગળીવડે મુખ શુદ્ધ કરવું નહીં. પ્રથમ થોડાએક ગંડૂષ (કોગળા) કર્યા પછી હાથ ધોવા. સોળ ગંડૂષ કર્યા પછી બે આચમન કરવાં. ભોજનઘરમાં આચમન કરવું નહીં, આચમન કર્યા વિના મૂત્ર અને મળનો ત્યાગ કરવો નહીં. ઉત્તર આપોશન કર્યા વિના ઉઠે તો સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે. હાથ ધોઈ તે જળ પૃથિવી ઉપર નાખી તે જળેકરી અંગુઠાવડે નેત્રને સિંચન કરી ઇષ્ટદેવતાનું સ્મરણ કરવું. જળ અંજલીવડે પીવું નહીં. ખાખરાના, બળેલા અથવા લોહના ખીલાએ જડેલા પાટલા ઉપર બેસવું નહીં. બાળકને પાસે બેસાડી તેની જોડે ભોજન કરવું નહીં. વિવાહવિના અન્ય સમયે સ્ત્રીનીસાથે ભોજન કરવું નહીં. બાળક, વૃદ્ધ એમને ભોજન કરાવ્યાવિના ભોજન કરવું નહીં. પગઉપર પગ રાખી; પાટલાઉપર પગ રાખી; પગ પસારી; ખુણાસામે મુખ કરી; દુષ્ટની જોડે એક પંક્તિમાં; અગ્નિ અથવા પાકસિદ્ધિવડે રહિત ઘરમાં; અથવા દેવાલયમાં ભોજન કરવું નહીં. બન્ને સંધ્યાસમયે; મધ્યરાત્રિએ; અથવા યજ્ઞોપવીતરહિત; કિંવા ડાબે હાથે; અથવા શૂદ્રે ભોજન કરતાં શેષ રહેલું અન્ન ભોજન કરવું નહીં. પ્રથમ મધુર પદાર્થ, મધ્યમાં ખારા ખાટા પદાર્થ, અને અંતે તીખા ઇત્યાદિ પદાર્થ એ રીતે ભોજન કરવું. પ્રથમ નરમ પદાર્થ, મધ્યમાં કઠિણ પદાર્થ અને અંતે નરમ પદાર્થ ભક્ષણ કરવા. સંન્યાસીએ આઠ ગ્રાસ; ગૃહસ્થે સોળ અથવા બત્રીશ; વાનપ્રસ્થે સોળ; અને બ્રહ્મચારીએ ઇચ્છા પ્રમાણે ગ્રાસ; ભોજન કરવા. ઘૃત અને પાયસ (દૂધપાક) એ પદાર્થ નિઃશેષ ભોજન કરવા. બીજા પદાર્થો પાત્રઉપર શેષ રાખી ભોજન કરવું. (ભોજનમાં) દૂધ, દહીં, મધ એ પદાર્થ ભક્ષણ કરવા. દિવસ અને રાત્રિ મળી બેવારજ ભોજન કરવું. વચમાં ત્રીજીવાર ભોજન કરવું નહીં.

अर्कपर्वद्वयेरात्रौचतुर्दश्यष्टमीदिवा एकादश्यामहोरात्रंभुक्त्वाचांद्रायणंचरेत् यस्तुपाणितलेभुंक्तेयश्चफूत्कारसंयुतं प्रसृतांगुलिभिर्यश्चतस्यगोमांसवच्चतत् नाजीर्णेभोजनंकुर्यात्कुर्यान्नातिबुभुक्षितः नार्द्रवासानार्द्रशिरानपादारोपितेकरे ग्रासशेषंचनाश्नीयात्पीतशेषंपिबेन्नच शाकमूलफलादीनिदंतच्छेदैर्नभक्षयेत् नोच्छिष्टोघृतमादद्यान्नपद्भ्यांभाजनंस्पृशेत् पिबतोयत्पतेत्तोयंभाजनेमुखनिःसृतं अभोज्यंतत् पीतावशिष्टतोयपानेचांद्रायणं हस्तनखस्पृष्टजलपानेवामहस्तोद्धृतजलपानेचसुरापानसमं एकपंक्त्युपविष्टानांविप्राणांभुंजानानामेकस्मिन्नप्युत्थितेआचांतेवान्यैर्नभोज्यं अन्नोत्थितस्यभोक्तुश्चदोषः गुरोर्नदोषः लवणंव्यंजनंचैवघृतंतैलंतथैवच लेह्यंपेयंचविविधंहस्तदत्तंनभक्षयेत् ताम्रेगव्यंकांस्येनारीकेलेक्षुरसौसगुडंदधिसगुडमार्द्रकंचमद्यसमं सैंधवसामुद्रभिन्नप्रत्यक्षलवणभक्षणंमृद्भक्षणंचगोमांससमं उदक्यामपिचांडालंश्वानंकुक्कुटमेवच भुंजानोयदिपश्येत्तुतदन्नंतुपरित्यजेत् भुंजानस्यगुदस्रावेउपवासःपंचगव्यंच आपोशनोत्तरंप्राणाहुतेःप्राक्तत्स्रावेस्नानंषट्प्राणायामाः भुंजानस्याशौचप्राप्तौग्रासंत्यक्त्वास्नानं ग्रासाशनेउपवासः सर्वाशनेत्रिरात्रं विष्ठादिस्पर्शेस्नानंप्राणायामत्रयंच चांडालपतितोदक्यावाक्यंश्रुत्वाभोजनेएकोपवासः स्नात्वाशतगायत्रीजपोवा कलहघरट्टोलूखलमुसलानां यावच्छब्दस्तावदभोजनं अप्येकपंक्त्यानाश्नीयाद्ब्राह्मणैःस्वजनैरपि कोपिजानातिकिंकस्यप्रच्छन्नंपातकंभवेत् ततोग्निनाभस्मनावस्तंभेनसलिलेनच द्वारेणैवचमार्गेणपंक्तिभेदंचरेद्बुधः केशपिपीलिकामक्षिकाभिःसहपक्वमन्नंत्यजेदेव पाकोत्तरंकेशपिपीलिकादिकीटकमक्षिकासंस्पृष्टेगवाघ्रातेवान्ने सलिलंभस्मद्वापिप्रक्षेप्तव्यंविशुद्धये इतिविज्ञानेश्वरः शूद्रान्नंशूद्रदत्तब्राह्मणान्नंरात्रिपर्युषितंरजस्वलाचांडाल

पतितादिदृष्टंकाकादिपक्ष्युच्छिष्टमभोज्यं स्नेहपक्कमंडकादिचपर्युषितंग्राह्यं अवत्सायागोरनिर्दशानांगोमहिष्यजानां गर्भिण्याएककालांतरितदोहायायमलसूत्रवत्स्तन्योरजवर्जद्विस्तनीनामुष्ट्रीवडवयोरारण्यकमृगादेरवेश्चक्षीराणिवर्ज्यानि शिग्रुहिंगुवर्ज्यंरक्तंवृक्षनिर्यासंपुरीषस्थानोत्पन्नतंडुलीयकादिकं देवाद्युद्देशंविनाकृतंसंयावपायसापूपशष्कुलीकृसरंवर्जयेत् शणकुसुंभालाबुवार्ताककोविदारवटादिफलानिमातुलिंगंचवर्ज्यं पलांडुलशुनगृंजनभक्षणेचांद्रायणं भुंजानेषुपरस्परस्पर्शेअन्नत्यागः पात्रस्यान्नभक्षणेज्ञात्वाष्टोत्तरशतगायत्रीजपः अधिकभोजनेसहस्रं भुंजानस्याशुचिनाविप्रेणस्पर्शेन्नत्यागः भुक्तोच्छिष्टस्पर्शे सवर्णस्नानंजपोवा असवर्णेतूपवासः भुक्तोच्छिष्टस्यश्वशूद्रादिस्पर्शेउपोष्यपंचगव्यं रजकादिस्पर्शेत्रिरात्रंपरिवेषणंकुर्वन्नुच्छिष्टस्पर्शेपयोदधिघृतादिलघुद्रव्यमत्यजन्नाचांतःशुचिः भक्ष्याद्यन्नस्यत्यागएव वस्त्रेविकल्पः परिवेषणादिकालेरजोदृष्टौतत्स्पृष्टान्नत्यागः ॥

"રવિવાર, પૂનમ અને અમાવાસ્યાને દિવસે રાત્રિએ ભોજન કરવું નહીં; ચૌદશ અને આઠમને દિવસે દિવસનું ભોજન કરવું નહીં; એકાદશીને દિવસે અહોરાત્ર (રાત્ર-દિવસમાં) ભોજન કરવું નહીં; કારણ તે દિવસે ભોજન કરે તો ચાંદ્રાયણ કરવું એમ કહ્યું છે." જે મનુષ્ય હાથમાં અન્ન લઈ ભોજન કરે, અથવા ઉષ્ણ અન્ન ઉપર ફુંક મારી જમે, અથવા આંગળી ફેલાવી ભોજન કરે તો તે અન્ન ગોમાંસ સમાન થાય છે. અજીર્ણ છતાં ભોજન કરવું નહીં. અતિ ભૂખ્યો હોય તેણે તેજ સમયે ભોજન કરવું નહીં. ભીનું વસ્ત્ર પેહેરી, ભીનું મસ્તક હોય તો, અથવા પગઉપર હાથ રાખી, કિંવા ગ્રાસનું શેષ ભોજન કરવું નહીં. જળપાન કીધા પછી પાત્રમાં શેષ રહેલું જળ પીવું નહીં. શાક, મૂળ, ફળ ઇત્યાદિક પદાર્થો દાંતે તોડીને ખાવા નહીં. ઉચ્છિષ્ટ પુરૂષે ઘૃત લેવું નહીં. પગથી પાત્રને સ્પર્શ કરવો નહીં. જળપાન કરતાં મોઢામાંથી જળ પાત્રમાં પડે તો તે પાત્રમાંનું અન્ન ભક્ષણ કરવું નહીં. જળપાન કરી પાત્રમાં શેષ રહેલું જળ ફરી પીયે તો ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું. હાથના નખનો સ્પર્શ થયેલું જળ અથવા ડાબે હાથે ઉપાડેલું જળ પીયે તો સુરાપાનસમાન જાણવું. એક પંક્તિમાં બેઠેલા બ્રાહ્મણ ભોજન કરતા હોય અને તેમાંનો એકાદ ઉઠે અથવા ઉત્તર આપોશન લે તો પણ બીજાઓએ શેષ રહેલું અન્ન ભોજન કરવું નહીં. એવિષે ઉઠનારાને અને ભોજન કરનારાને બન્નેને દોષ છે. ગુરૂને દોષ નથી. લૂણ, વ્યંજન (ચટણી વગેરે), ઘૃત, તેલ, લેહ્ય (ચાટવાયોગ્ય પદાર્થ), પેય (પીવાયોગ્ય પદાર્થ) ઇત્યાદિ પદાર્થ હાથેથી દીધેલા હોય તો ભક્ષણ કરવા નહીં. ત્રાંબાના પાત્રમાં ગાયનાં દૂધ ઇત્યાદિક, કાંસાના પાત્રમાં નારિયળનું જળ અથવા સેરડીનો રસ, ગોળસાથે મળેલું દહીં, અને ગોળસાથે મળેલું આદુ એ મદ્યસમાન છે. સિંધાલૂણ, અને સમુદ્રમાંથી ઉત્પન્ન થયલું મીઠું તેવિના બીજા મીઠાનું પ્રત્યક્ષ ભક્ષણ કરે તો તે ગોમાંસતુલ્ય છે. ભોજન કરતાં રજસ્વલા સ્ત્રી, ચાંડાલ, કૂતરૂં અથવા કુકડું એ દેખવામાં આવે તો તે અન્નનો ત્યાગ કરવો. ભોજન કરતાં અધોવાયુ સરે તો તેણે એક ઉપવાસ કરી પચગવ્ય લેવું. આપોશન લીધા પછી પ્રાણાહુતિથી પ્રથમ અધોવાયુ સરે તો સ્નાન કરી છ પ્રાણાયામ કરવા. ભોજન કરતીવેળાએ આશૌચ પ્રાપ્ત થાય તો મોઢામાંના ગ્રાસનો ત્યાગ કરી સ્નાન કરવું, મોઢામાંનો ગ્રાસ ભક્ષણ કરે તો સ્નાનપૂર્વક ઉપવાસ કરવો. તે સઘળું અન્ન ભક્ષણ કરે તો ત્રણ રાત્રિ ઉપવાસ કરવા. ભોજન કરતાં વિષ્ઠા ઇત્યાદિકનો સ્પર્શ થાય તો સ્નાન કરી ત્રણ પ્રાણાયામ કરવા. ચાંડાલ, પતિત અથવા રજસ્વલા એમનો શબ્દ સાંભળીને ભોજન કરે તો એક ઉપવાસ કરવો, અથવા સ્નાન કરી સો ગાયત્રીજપ કરવો. કલહ (ટંટો), ઘરટ (ઘંટી), ખાંડણી, સાંબેલું, એમનો શબ્દ થતો હોય ત્યાંસુધી ભોજન કરવું નહીં. "બ્રાહ્મણે પોતાના સંબંધીજોડે પણ એક પંક્તિમાં બેસી ભોજન કરવું નહીં; કારણ, કેનું કયું ગુપ્ત પાપ છે તેને કોઇ જાણે છે? કોઇ પણ જાણતો નથી. માટે વિદ્વાન્ પુરૂષે અગ્નિ, ભસ્મ, સ્તંભ, જળ, દ્વાર અથવા માર્ગ એમાંના કોઇ એક પ્રકારથકી પંક્તિભેદ કરવો." વાળ, કીડીઓ, માંખીઓ એમણેસહિત રંધાયલા અન્નનો ત્યાગજ કરવો. પાક થયા પછી તે અન્ન વાળ, કીડી આદિક કીટ, માંખી ઇત્યાદિકે મિશ્રિત થાય અથવા તે અન્નને ગાય સૂંઘે તો "તે અન્નની શુદ્ધિમાટે જળ, ભસ્મ અથવા મૃત્તિકા તે ઉપર છાંટવાં." એમ વિજ્ઞાનેશ્વર કહે છે. શૂદ્રનું અન્ન; શૂદ્રે દીધેલું એવું બ્રાહ્મણપાસેનું અન્ન; રાત્રિ વચમાં જતાં વાસી રહેલું અન્ન; રજસ્વલા, ચાંડાલ, પતિત ઇત્યાદિકે જોયેલું; કાગડા ઇત્યાદિક પક્ષિઓનું ઉચ્છિષ્ટ; એ સઘળાં ભોજન કરવાયોગ્ય નથી. ઘૃત, તેલમાં તળેલા (વડાં, પુરી ઇત્યાદિ) પદાર્થ વાસી ગ્રહણ કરવા. જેનું વાછડું નથી એવી ગાય; જેને વિયાવાને દશ દિવસ થયા નથી એવી ગાય;

ભેંસ; બકરી; ગર્ભસહિત; એક વખતનો અંતરાય નાંખી એટલે એકાંતર દૂધ દેનારી; બે વાંછડાં જણનારી; જેના સ્તનમાંથી નિત્ય દૂધ સ્રવતું હોય તે; બકરી વિના જે બે સ્તનવાળી; ઉંટડી; ઘોડી; જંગલમાંનાં હરિણી ઇત્યાદિક; અને રીંઢ; એમનાં દૂધ વર્જ્ય છે. સરગુ અને હીંગવિના રાતો વૃક્ષનો રસ; વિષ્ઠાના સ્થાનકમાં ઉત્પન્ન થયલો તાંદળજો ઇત્યાદિક; દેવતાના ઉદ્દેશવિના કરેલા એવા સીરો, લાડુ, પાયસ, અપૂપ (પૂડલા,) તિલસાકરી, કૃસર (ખીચડી+તિલમિશ્રિત ભાત); એ પદાર્થો વર્જ્ય કરવા. ભીંડી, કુસુંબ, દુધી, રીંગણાં, કચનાર, વડ ઇત્યાદિકનાં ફળ અને તરબુચ એ ભક્ષણ કરવાં નહીં. કાંદા, લસણુ અને ગાજર ભક્ષણ થાય તો ચાંદ્રાયણ કરવું. ભોજન કરતાં પરસ્પર સ્પર્શ થાય તો તે અન્નનો ત્યાગ કરવો. પાત્રમાંનું અન્ન ભક્ષણ કીધું હોય તો સ્નાન કરી (૧૦૮) ગાયત્રીજપ કરવો. પાત્રમાંનું અન્ન ભોજન કર્યા પછી બીજું અન્ન લઈ ભક્ષણ કરે તો સ્નાન કરી (૧૦૦૦) ગાયત્રીજપ કરવો. ભોજન કરનારનો અપવિત્ર બ્રાહ્મણજોડે સ્પર્શ થાય તો તે અન્નનો ત્યાગ કરવો. ભોજન પછી ઉચ્છિષ્ટ અવસ્થામાં સ્પર્શ થાય અને તે સ્પર્શ કરનારો પોતાના વર્ણમાંનો હોય તો સ્નાન અથવા જપ કરવો, પોતાના વર્ણનો ન હોય તો ઉપવાસ કરવો. ભોજન કર્યા પછી ઉચ્છિષ્ટ અવસ્થામાં કુતરાં, શૂદ્ર ઇત્યાદિકનો સ્પર્શ થાય તો ઉપવાસ કરી પંચગવ્ય પ્રાશન કરવું. ધોબી ઇત્યાદિકનો સ્પર્શ થયો હોય તો ત્રણ રાત્રિ ઉપવાસ કરવો. પાત્ર પીરસતાં ઉચ્છિષ્ટનો સ્પર્શ થાય તો દૂધ, દહીં, ઘૃત ઇત્યાદિક હલકા પદાર્થનો ત્યાગ ન કરતાં હાથ, પગ પ્રક્ષાલન કરી આચમન કરવાથી શુદ્ધ થાય છે. ભક્ષ્ય, આદિ પદાર્થનો ત્યાગજ કરવો. વસ્ત્રનો ત્યાગ કરવો અથવા ન કરવો એ વિકલ્પ છે. સ્ત્રી પીરસતાં રજસ્વલા થાય તો તેણે સ્પર્શ કરેલા અન્નનો ત્યાગ કરવો.

भोजनांतेउच्छिष्टशेषान्नं रौरवेपूयनिलयेपद्मार्बुदनिवासिनां प्राणिनांसर्वभूतानामक्षय्यमुपतिष्ठत्वितिदद्यात् आचांतोप्यशुचिस्तावद्यावत्पात्रमनुद्धृतं उद्धृतेप्यशुचिस्तावद्यावन्नोन्मृज्यतेमही पर्णस्याग्रंचमूलंचशिरांचैवविशेषतः चूर्णपर्णंवर्जयित्वातांबूलंखादयेद्बुधः अनिधायमुखेपर्णंपूगंवैभक्षयेन्नच इतिपंचमभागकृत्यम् ॥

ભોજન થયા પછી ઉચ્છિષ્ટ રહેલું શેષ અન્ન લઈ "रौरवे पूयनिलये, पद्मार्बुदनिवासिनां ॥ प्राणिनां सर्वभूतानामक्षय्यमुपतिष्ठतु" એ મંત્ર ભણી દેવું. "હાથ, પગ, મુખ, પ્રક્ષાલન કરી આચમન કીધું હોય તો પણ, યાવત્કાલ ભોજનપાત્ર ઉઠાવ્યું નથી ત્યાંપર્યંત તે અશુચિ છે. પાત્ર ઉઠાવ્યા પછી પણ યાવત્કાલ પૃથિવીને લીપિ શુદ્ધ કીધી નથી ત્યાંપર્યંત તે અશુચિ છે." "નાગરવેલના પાનનું અગ્ર, મૂળ અને તેમાંની શિરા (નસો) એમનો અવશ્ય ત્યાગ કરી જે ઉપર ચૂનો આવ્યો હોય તે પાન વર્જ્ય કરી વિદ્વાન્ પુરૂષે તાંબૂલ ભક્ષણ કરવું. મુખમાં પાન મેલ્યાવિના સોપારી ભક્ષણ કરવી નહીં. એટલે પ્રથમ પાન પછી સોપારી એ રીતે તાંબૂલ ભક્ષણ કરવું." એ રીતે પાંચમા ભાગનું કૃત્ય કહ્યું.

इतिहासपुराणाद्यैःषष्ठसप्तमकौनयेत् अष्टमेलोकयात्रातुवहिःसंध्याततःपुनः सायंसंध्याप्रातःसंध्यावत् अग्निश्चमामन्युश्च० यदह्नापापमकार्षं० अहस्तदवलुंपतु० सत्येज्योतिषिजुहोमिस्वाहेतिमंत्राचमने विशेषः पश्चिमाभिमुखस्तिष्ठन् अर्घ्यंदद्यात् ऊर्ध्वजानुरुपविश्यप्रत्यङ्मुखएवगायत्रींजपेत् सायंहोमस्तूक्तएव सायंवैश्वदेवेपुनःपाकः अतिथिंसंपूज्यघटित्रयानंतरंसार्धयामात्प्राक्भुक्त्वाशयीत ॥

"દિવસનો છઠ્ઠો અને સાતમો ભાગ ભારતાદિ ઇતિહાસ, પુરાણ ઇત્યાદિકના શ્રવણવડે વીતાવવા. આઠમા ભાગમાં પોતાના ઇષ્ટ મિત્ર ઇત્યાદિકને મળવું, વાર્તા કરવી ઇત્યાદિક સસારસંબંધી કાર્ય કરવાં. પછી યોગ્ય કાળે ગામની બાહેર નદી, તળાવ ઇત્યાદિક સ્થળ ઉપર સાયસંધ્યા કરવા જવું." સાયંકાલની સંધ્યા પ્રાતઃકાલ પ્રમાણે કરવી. પ્રાતઃસંધ્યા કરતાં સાયંસંધ્યામાં કાંઇએક વિશેષ છે. તે આ—"अग्निश्च मामन्युश्च०, यदह्ना पापंकार्षं०, अहस्तदवलुंपतु०, सत्ये ज्योतिषि जुहोमि स्वाहा" એ પ્રમાણે મંત્રાચમનમાં વિશેષ જાણવો. પશ્ચિમ દિશાની સન્મુખ ઉભા રહી અર્ઘ્ય દેવા. ગોઠણ ઉભા રહે એ રીતે પશ્ચિમમુખેજ બેસી ગાયત્રીનો જપ કરવો. સાયંકાલનો હોમ પ્રથમ કહ્યો છે તેમ કરવો. સાયંકાલે વૈશ્વદેવ કરવો હોય તો ફરી પાક કરવો. અતિથિનું પૂજન કરી ત્રણ ઘડી રાત્રિ ગયા પછી અને દોઢ પોહોર રાત્રિની પ્રથમ ભોજન કરી નિદ્રા કરવી.

भोजनकालेदीपनाशेपात्रमालभ्यसूर्यंस्मृत्वापुनर्दीपंदृष्ट्वापात्रस्थंभुंजीतनान्यत् श्राद्धतत्पूर्वेदिनेपातधृतिसंक्रांत्यादिपुनर्निशिभोजनं चतुर्थप्रथमौयामौविद्याभ्यासैर्नयेन्निशि प्रहरद्वयशायीतुब्रह्मभूयायकल्पते प्राक्प्रत्यग्दक्षिणस्यांशिरःकृत्वाशयीतनकदाचिदुदक्शिराः रात्रिसूक्तंजप्त्वासुखशायिनःस्मृत्वाविष्णुंनत्वास्वप्यात् अगस्तिर्माधवश्चैवमुचुकुंदोमहामुनिः कपिलोमुनिरास्तीकःपंचैतेसुखशायिनः ॥

ભોજન કરતાં દીપક નષ્ટ થાય તો પાત્રનો સ્પર્શ કરી સૂર્યનું સ્મરણ કરી ફરી દીપક થયા પછી તેનું દર્શન કરી પાત્રમાં રહેલા અન્નનું ભક્ષણ કરવું, બીજું અન્ન ભક્ષણ કરવું નહીં. શ્રાદ્ધનો પૂર્વ દિવસ, શ્રાદ્ધદિવસ, વ્યતીપાત, વૈધૃતિ, સંક્રાંતિ ઇત્યાદિક દિવસે રાત્રિએ ભોજન કરવું નહીં, "રાત્રિનો ચોથો અને પ્રથમ પોહોર વિદ્યાભ્યાસવડે વીતાવવા, એટલે એ બે પ્રહર વિદ્યાભ્યાસ કરવો. વચમાંના બે પોહોર જે નિદ્રા કરે છે તે બ્રહ્મત્વને પામે છે." પૂર્વ, પશ્ચિમ અથવા દક્ષિણ એમાંથી કોઈ એક દિશામાં મસ્તક રાખી શયન કરવું, ઉત્તરમાં મસ્તક રાખી ક્યારે પણ સુવું નહીં. રાત્રિસૂક્ત (रात्रिव्यख्यदायती०) ઇત્યાદિક ઋચાનો જપ કરી વિષ્ણુને પ્રણામ કરી નિદ્રા કરવી. "અગસ્તિ, માધવ, મુચુકુંદ, મહામુનિ કપિલ, અને આસ્તીક, એ પાંચ સુખશાયી છે માટે નિદ્રાકાળે એમનું સ્મરણ કરવાથી નિદ્રા સુખકારક થાય છે."

नसंध्यायांनधान्येनगोगृहेनदेवविप्रगुरूणामुपरिनोच्छिष्टोनदिवाननग्नःशयीत निद्राकालेतांबूलंमुखात्स्त्रियंशयनाद्भालात्तिलकंशिरसःपुष्पंत्यजेत् गर्भाधानप्रकरणोक्तकालेसार्धयामोत्तरंदीपेसत्यसतिवानिवीतंयज्ञोपवीतंकंठादौकृत्वापत्नींगच्छेत् अष्टम्यांचचतुर्दश्यांदिवापर्वणिमैथुनं कृत्वासचैलंस्नात्वातुवारुणीभिश्चमार्जयेत् पुनर्मामैत्वितिजपश्चोक्तएव ॥

સંધ્યા સમયે; ધાન્ય ઉપર; ગૌશાળામાં; દેવ, બ્રાહ્મણ, અને ગુરુના ઉપર ભાગમાં; ઉચ્છિષ્ટ રહી; દિવસે; અથવા નગ્નપણે નિદ્રા કરવી નહીં. નિદ્રા સમયે મુખમાંથી તાંબૂલ, બિછાના ઉપરથી સ્ત્રી, મસ્તક ઉપરથી તિલક, અને સંભોગ સમયે મસ્તક ઉપર ધરેલાં પુષ્પ એ સર્વનો ત્યાગ કરવો. ગર્ભાધાનપ્રકરણમાં કહેલા સમયે દોઢ પોહોર રાત્રિ ગયા પછી દીપક હોય અથવા ન હોય તો નિવીત (કંઠમાં પેહેરેલી) યજ્ઞોપવીતને કંઠાદિકવિષે ધારણ કરી સ્ત્રીગમન કરવું. "આઠમ, ચૌદશ, દિવસ, પર્વણી એ સમયે મૈથુન કરનારાએ વસ્ત્રસહિત સ્નાન કરી વારુણી ઋચાવડે માર્જન કરવું." અને ફરી "पुनर्मामैत्वि०" એ મંત્રનો જપ કરવો તે પ્રથમ કહેલુંજ છે.

एवंस्नानभोजनादिकेबहुविधविधिनिषेधाकुले आह्निककर्मणिन्यूनाधिकदोषविधिनिषेधातिक्रमदोषपरिहारार्थं प्रायश्चित्ताज्ञानेतत्सांगतार्थंप्रायश्चित्तसांगतार्थंच श्रीविष्णुनामोच्चारणादिकंकार्यं प्रायश्चित्तान्यशेषाणितपःकर्मात्मकानिच यानितेषामशेषाणांकृष्णानुस्मरणंपरं यस्यस्मृत्याचनामोक्त्यातपोयज्ञक्रियादिषु न्यूनंसंपूर्णतांयातिसद्योवंदेतमच्युतं नाम्नोस्तियावतीशक्तिःपापनिर्हरणेहरेः तावत्कर्तुंनशक्नोतिपातकंपातकीजनः लौकिकंवैदिकंकर्मेश्वरेर्पणीयं यत्करोषियदश्नासियज्जुहोषिददासियत् यत्तपस्यसिकौंतेयतत्कुरुष्वमदर्पणमित्युक्तेः युगपत्सर्वकर्मार्पणेमंत्रः कामतोकामतोवापियत्करोमिशुभाशुभं तत्सर्वंत्वयिसंन्यस्तंत्वत्प्रयुक्तःकरोम्यहम् ॥

એ રીતે અનેક પ્રકારના વિધિ, નિષેધયુક્ત એવાં સ્નાન, ભોજન ઇત્યાદિક આહ્નિકકર્મવિષે ન્યૂનાધિક દોષ વિધિ, નિષેધનું ઉલ્લંઘન કરવાનો દોષ એ સર્વ દોષોની નિવૃત્તિ થવા માટે, પ્રાયશ્ચિત્તનું જ્ઞાન ન હોય તો કર્મની સાંગતા થવા માટે અને પ્રાયશ્ચિત્તની સાંગતા થવામાટે શ્રીવિષ્ણુના નામનું ઉચ્ચારણ ઇત્યાદિક કરવું. "તપોરૂપ, કર્મરૂપ એવાં જે સઘળાં પ્રાયશ્ચિત્ત છે તે સઘળાંઓનેવિષે શ્રીકૃષ્ણનું સ્મરણ એ શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત છે. તપશ્ચર્યા, યજ્ઞ, કર્મ ઇત્યાદિકવિષે જે કાંઈ ન્યૂનતા હોય છે તે જેમનાં સ્મરણ અને નામોચ્ચારણવડેજ પરિપૂર્ણતાને પામે છે એવા જે સનાતન વિષ્ણુ તેને નમસ્કાર કરૂંછું. હરિના નામને પાપ નાશ કરવાવિષે જેટલી શક્તિ છે તેટલી શક્તિ પાપી પુરૂષને પાપ કરવાવિષે નથી." "લૌકિક અને વેદોક્ત કર્મ ઈશ્વરને સમર્પણ કરવું; કારણ, હે અર્જુન! જે કર્મ કરે છે, જે ભક્ષણ કરે છે, જે હવન કરે છે, જે દાન દેછે, અને જે તપ કરે છે તે સર્વ કર્મ મને અર્પણ કર," એવું ગીતામાં શ્રીકૃષ્ણનું વચન છે. એકજ અવસરવિષે સર્વ કર્મ ઈશ્વરને અર્પણ કરવું

હોય તો તેનો મંત્ર—“कामतोऽकामतो वापि, यत्करोसि शुभाशुभं ॥ तत्सर्वं त्वयि संन्यस्तं, त्वत्प्रयुक्तः करोम्यहं.”

अपारमाह्निकंकर्मगहनंबहुभेदयुक् निःशेषमक्षमोवक्तुंयथामत्यवदल्लघु अनंतोपाध्यायजनिःकाशीनाथाभिधःसुधीः तुष्यतांतेनभगवाञ्छ्रीनाथोविट्ठलःप्रभुः इत्यनंतोपाध्यायसूनुकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे तृतीयपरिच्छेदे आह्निकाचारप्रकरणं समाप्तम् ॥

શાખાપરત્વે અનેક ભેદેયુક્ત, એવું અપાર આહ્નિકકર્મ અત્યંત ગહન હોવાથી તે સંપૂર્ણ કહેવાને અનંત ઉપાધ્યાયનો પુત્ર કાશીનાથ નામનો પંડિત હું અસમર્થ છું. તેથી યથામતિ સંક્ષેપે કહ્યું છે. તેણે કરી શ્રીરુક્મિણીપતિ ભગવાન્ પ્રભુ વિઠ્ઠલ સંતુષ્ટ થજો.” ઇતિ અનંતોપાધ્યાયસૂનુ કાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે તૃતીયપરિચ્છેદે આહ્નિકાચારપ્રકરણં સમાપ્તમ્ ॥

आवश्यंप्रत्यहंकृत्यमुक्त्वातच्छेषउच्यते ॥ काम्यंनैमित्तिकंचापिप्रायःसिंधुक्रमादथ ॥

“નિત્ય કરવાનું આવશ્યક એવું આહ્નિકકર્મ કહ્યા પછી તે આહ્નિકનું શેષ રહેલું તે કામ્ય, અને નૈમિત્તિક કર્મ બહુધા નિર્ણયસિંધુના ક્રમથી કહુંછું.”

अथाधानविचारः ॥ तत्राधाननक्षत्रादिकालविचारः प्रथमपरिच्छेदेउक्तः आवसथ्याधानं तुदारकालेदायविभागकालेवा अग्निर्वैवाहिकोयेननगृहीतःप्रमादिना पितर्युपरतेतेनग्रहीतव्यःप्रयत्नतः गृह्याग्निहीनस्यान्नमभोज्यं पितरिज्येष्ठभ्रातरिवासाग्निकेकनिष्ठादेरविभक्तस्यनिरग्नित्वदोषोन एवंज्ञानाध्ययनादिनिष्ठस्यापिनदोषः गृहस्थस्याप्यध्ययनोक्तेःस्मार्ताधानमपिज्येष्ठेभ्रातरिअकृताधानेसतिनकार्यमितिनिर्णयसिंध्वादौगार्ग्योक्तिः अत्रैवंनिर्णयोभाति यत्रज्येष्ठेनदायाद्यपक्षमवलंब्यविवाहकालेयावज्जीवमौपासनंकरिष्येइत्येवंसंकल्पपूर्वकंविवाहाग्निर्नगृहीतस्तद्विषयोयंकनिष्ठस्यनिषेधः येनज्येष्ठेनविवाहकालेतथासंकल्पपूर्वकमग्निःपरिगृहीतः सपश्चात्परिचरणाभावेनाविद्यमानाग्निकोपिउच्छिन्नाग्निरेवनत्वकृताधानइतितत्रकनिष्ठस्याधानेदोषोनेति अत्राधिकारिणोपिभ्रातुरनुज्ञयाकनिष्ठस्याधानंभवति विवाहस्तुअनुज्ञयापिन एवंपितुरनुज्ञयाप्याधानं संन्यस्तेछिन्नहस्तादौयक्ष्मापंढादिदूषणे जनकेसोदरेज्येष्ठे कुर्यादेवेतरःक्रियामित्यादिविशेषः विवाहप्रकरणेपरिवेत्तृप्रसंगेउक्तः ॥

હવે (અગ્નિનું) આધાન કહે છે.

તેમાં આધાન ક્યા નક્ષત્ર આદિ કાલવિષે કરવું ઇત્યાદિક નિર્ણય પ્રથમપરિચ્છેદમાં કહ્યો છે તે ત્યાં જોવો. ગૃહ્યાગ્નિ ધારણ કરવો તે તો, વિવાહ સમયે અથવા પિતા કે ભાઇજોડે દાયવિભાગ (ધનનો વિભાગ કરી ભિન્ન થવું તે) સમયે કરવો. “પ્રમાદયુક્ત એવા જે પુરૂષે વિવાહસંબંધી અગ્નિ ગ્રહણ કીધો નથી તેણે પિતાનું મરણ થયા પછી મ્હોટા પ્રયત્ન થકી પણ ગ્રહણ કરવો.” ગૃહ્યાગ્નિરહિત પુરૂષનું અન્ન ભક્ષણ કરવું નહીં. પિતા અથવા મ્હોટો ભાઈ સાગ્નિક છતાં નાહાનો ઇત્યાદિ ભાઈ અગ્નિ ગ્રહણ ન કરે તો તેને દોષ નથી. એ રીતે જ્ઞાન, અધ્યયનાદિકવિષે જે તત્પર હોય તેને પણ અગ્નિ ધારણ ન કરવાનો દોષ નથી; કારણ, ગૃહસ્થે પણ અધ્યયન કરવું, એવાં વચન છે. જ્યેષ્ઠ ભાઇએ આધાન કર્યું ન હોય તો કનિષ્ઠે સ્માર્ત અગ્નિનું પણ આધાન કરવું નહીં, એવાં નિર્ણયસિંધુ ઇત્યાદિક ગ્રંથવિષે ગર્ગઋષિનાં વચન છે. એ વિષયમાં મને એવો નિર્ણય ભાસેછે. જ્યાં જ્યેષ્ઠ ભ્રાતાએ દાયવિભાગનો પક્ષ સ્વીકાર કરી, વિવાહસમયે, “यावज्जीवमौपासनं करिष्ये.” એવો સંકલ્પ કરી વિવાહાગ્નિનું ગ્રહણ કીધું નથી તે વિષયમાં આ કનિષ્ઠને નિષેધ કહ્યો. જે જ્યેષ્ઠ ભ્રાતાએ વિવાહસમયે તેવો સંકલ્પ કરી વિવાહાગ્નિ ગ્રહણ કીધો અને પછી તે અગ્નિસેવનના અભાવથી અવિદ્યમાનાગ્નિક (નથી વિદ્યમાન અગ્નિ જેને તેવો) થયો તથાપિ તે ઉચ્છિન્નાગ્નિજ (જેનો અગ્નિ નષ્ટ થયો છે તે) થયો છે, આધાન કર્યું ન હોય એવો નથી, માટે એવે સ્થળે કનિષ્ઠને આધાન કરવામાં દોષ નથી. આ આધાનવિષે કનિષ્ઠ અધિકારી છે તથાપિ તેણે જ્યેષ્ઠ ભ્રાતાની આજ્ઞા લઈ આધાન કરવું; વિવાહ, જ્યેષ્ઠ ભ્રાતાની આજ્ઞા લે તો પણ થાય નહીં. એ રીતે પિતાની આજ્ઞા લઇને પણ પુત્રે આધાન કરવું. “પિતા અથવા જ્યેષ્ઠ ભ્રાતા સંન્યાસી કિંવા તુટેલા હાથવાળો

હોય, કિંવા તેને નપુંસકત્વાદિક દોષ હોય તો કનિષ્ઠે સઘળું કર્મ (અગ્નિહોત્રાદિક) કરવું," ઇત્યાદિક વિશેષ નિર્ણય વિવાહપ્રકરણવિષે પરિવેત્તાના પ્રસંગમાં કહ્યો છે.

अथशूद्रसंस्कारविचारः ॥ गर्भाधानपुंसवनानवलोभनसीमंतोन्नयनजातकर्मनामकर्मनिष्क्रमणान्नप्राशनचौलोपनयनमहानाम्न्यादिव्रतचतुष्टयसमावर्तनविवाहाइति षोडशसंस्काराद्विजानां जातकर्मनामकर्मनिष्क्रमणान्नप्राशनचूडाविवाहाइतिषट्द्विजस्त्रीणां तत्रविवाहःसमंत्रकोन्येमंत्ररहिताः गर्भाधानसीमंतौस्त्रीपुरुषसाधारणौ चूडांतानवविवाहश्चेतिदशामंत्रकाःशूद्राणामितिबहुसंमतं शूद्रकमलाकरेशूद्राणांपंचमहायज्ञाअप्युक्ताः केचिदवैदिकमंत्रेणोपनयनमप्याहुः ब्राह्मेतु विवाहमात्रंसंस्कारंशूद्रोपिलभतांसदेत्युक्तं अत्रसदसच्छूद्रगोचरत्वेनवापरंपराप्राप्तप्रकारेणवाव्यवस्था अस्यद्विजसेवावृत्तिः आपदिवाणिज्यशिल्पादि शूद्रेणलवणादिविक्रेयं मद्यमांसंचन कपिलाक्षीरपानेनब्राह्मणीगमनेनच वेदाक्षरविचारेणशूद्रश्चांडालतांव्रजेत् शूद्रोवर्णश्चतुर्थोपिवर्णत्वाद्धर्ममर्हति वेदमंत्रस्वधास्वाहावषट्कारादिभिर्विना स्त्रीशूद्रधर्मेषुव्रतादिषुसर्वत्रविप्रेणमंत्रःपठनीयः सोपिपौराणएव भारतपुराणयोःश्रवणे स्त्रीशूद्रयोरधिकारोनत्वध्ययने श्रावयेच्चतुरोवर्णान्कृत्वाब्राह्मणमग्रतः शूद्रस्यपंचयज्ञश्राद्धादिकर्माणिकातीयसूत्रानुसारेणेतिमयूखे आगमोक्ताविष्णुशिवादिमंत्राःनमोंताःप्रणवरहिताः पुराणादिनाश्रवणनिदिध्यासनादिकृत्वाब्रह्मज्ञानमपिस्त्रीशूद्रैःसंपाद्यं उपनिषच्छ्रवणेतुनाधिकारइतिशूद्रस्यतदनादरश्रवणादित्यधिकरणे शूद्रस्यसर्वश्राद्धान्यामेनैव केचित्सर्वप्रजानांकाश्यपत्वात्सर्वशूद्राणांकाश्यपगोत्रं तच्चश्राद्धएवकीर्तनीयंनान्यत्रेत्याहुः एवंशांतिकादावधिकारोविप्रद्वारैव यदिविप्रःशूद्रदक्षिणामादायवैदिकमंत्रैस्तदीयहोमाभिषेकादिकरोतितदातत्रशूद्रस्तत्पुण्यफलभाक् विप्रस्तुमहाप्रत्यवायीतिमाधवः ॥

હવે શૂદ્રના સંસ્કારનો વિચાર કહે છે.

ગર્ભાધાન, પુંસવન, અનવલોભન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકર્મ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ, મૌંજી, મહાનામ્ન્યાદિક ચાર વ્રત, સમાવર્તન, અને વિવાહ, એ સોળ સંસ્કાર દ્વિજના છે. જાતકર્મ, નામકર્મ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલ અને વિવાહ એ છ સંસ્કાર દ્વિજની સ્ત્રિયોના છે. તેમાં સ્ત્રીને વિવાહસંસ્કાર મંત્રસહિત અને બીજા મંત્રરહિત કરવા. ગર્ભાધાન સીમંતોન્નયન એ સંસ્કાર સ્ત્રી, પુરૂષના સાધારણ (સમાન) છે, ગર્ભાધાન થકી ચૌલપર્યંત નવ અને વિવાહ એ દશ સંસ્કાર શૂદ્રને મંત્રરહિત કરવા એ બહુસંમત છે. શૂદ્રકમલાકર ગ્રંથવિષે શૂદ્રોને પંચમહાયજ્ઞ કરવાનું પણ કહ્યું છે. કોઈ ગ્રંથકાર, પુરાણોક્ત મંત્રવડે શૂદ્રને ઉપનયન પણ કરાવવું એમ કહે છે. બ્રહ્મપુરાણમાં તો, "શૂદ્રને વિવાહસંસ્કાર માત્ર સર્વદા કરવો" એમ કહ્યું છે. ત્યારે એ વિષયમાં સચ્છૂદ્ર અને અસચ્છૂદ્રવિષે અથવા પરંપરાથી ચાલતા આવેલા આચારપ્રમાણે વ્યવસ્થા જાણવી. દ્વિજ (ત્રૈવર્ણિક)ની સેવા કરવી એ શૂદ્રની વૃત્તિ છે. આપત્તિકાળવિષે વ્યાપાર, શિલ્પ (કારીગરી) ઇત્યાદિક વૃત્તિ જાણવી. શૂદ્રે લવણ ઇત્યાદિક વેચવાં; મદ્ય, માંસનો વિક્રય કરવો નહીં. "કપિલા ગાયનું દુગ્ધપાન, બ્રાહ્મણની સ્ત્રીનું ગમન, અને વેદના અક્ષરનો વિચાર એ કરવાથી શૂદ્ર ચાંડાલપણાને પામે છે." "શૂદ્ર એ ચોથો વર્ણ છે; તેથી પણ મુખ્ય વર્ણમાંનો હોવાથી; વેદમંત્ર, સ્વધાકાર, સ્વાહાકાર અને વષટ્કાર ઇત્યાદિક વર્જ્ય કરી અન્ય ધર્માચરણ કરવાને યોગ્ય છે." "સ્ત્રી, શૂદ્રના ધર્મ જે વ્રતાદિક તેનેવિષે સર્વત્ર બ્રાહ્મણે મંત્ર ભણવો, તે પણ પુરાણોક્તજ મંત્ર ભણવો. સ્ત્રી અને શૂદ્રને ભારત અને પુરાણ શ્રવણ કરવાનો અધિકાર છે પણ અધ્યયનનો અધિકાર નથી." "વક્તાએ બ્રાહ્મણ શ્રોતાને આગળ બેસાડી ચાર વર્ણને પુરાણ શ્રવણ કરાવવું." શૂદ્રના પંચમહાયજ્ઞ અને શ્રાદ્ધાદિક કર્મ કાતીય સૂત્રપ્રમાણે થાય છે એમ મયૂખમાં કહ્યું છે. આગમ (શિવ, વિષ્ણુ ઇત્યાદિકનું પ્રતિપાદન કરનારા કેટલાએક ગ્રંથો) વિષે કહેલા, જેને અંતે નમઃ શબ્દ છે એવા વિષ્ણુ શિવ ઇત્યાદિ દેવતાના મંત્ર, પ્રણવરહિત, શૂદ્રે પઠન કરવા. સ્ત્રી અને શૂદ્રોએ પુરાણાદિ સાધનવડે શ્રવણ, નિદિધ્યાસન ઇત્યાદિક કરી બ્રહ્મજ્ઞાન પણ સંપાદન કરવું. ઉપનિષતના શ્રવણવિષે તો અધિકાર નથી; કારણ, "तदनादरश्रवणात्" એ સૂત્રમાં શૂદ્રને ઉપનિષદનું શ્રવણ નથી એમ કહ્યું છે. શૂદ્રે સર્વ શ્રાદ્ધ આમાન્નેજ કરવાં. કોઈ ગ્રંથકાર, સર્વ પ્રજા કશ્યપની છે તેથી સર્વ શૂદ્રોનું કાશ્યપ ગોત્ર છે, પણ એ કાશ્યપ

ગોત્ર શૂદ્રોએ શ્રાદ્ધવિષેજ ઉચ્ચારણ કરવું, અન્ય કર્મવિષે ઉચ્ચારણ કરવું નહીં, એમ કહે છે. એ પ્રમાણે શૂદ્રને શાંતિ આદિક કર્મવિષે જે અધિકાર કહ્યો તે બ્રાહ્મણદ્વારાએજ છે એમ જાણવું. જો બ્રાહ્મણ શૂદ્રપાસેથી દક્ષિણા લઇ વૈદિકમંત્રવડે શૂદ્રમાટે હોમ, અભિષેક ઇત્યાદિક કરે તો, તે હોમાદિકનું ફળ શૂદ્રને પ્રાપ્ત થાય છે, અને બ્રાહ્મણ તો મહાદોષયુક્ત થાય છે એ રીતે માધવમાં કહ્યું છે.

अहिंसासत्यास्तेयशौचेंद्रियनिग्रहदानशमदमक्षमादयः शूद्रादिसर्वसाधरणाधर्माः परपदप्रापकाः स्वस्तिवाचनादिशूद्रकर्मणांप्रयोगास्तुशूद्रकमलाकरेज्ञेयाः ॥

હિંસા ન કરવી, સત્ય ભાષણ કરવું, ચોરી ન કરવી, પવિત્ર રેહેવું, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, દાન, શમ, દમ, ક્ષમા ઇત્યાદિક ધર્મ શૂદ્રાદિક સર્વ પ્રજાના સાધારણ ધર્મ છે અને ઈશ્વરપદની પ્રાપ્તિના પુણ્યાહવાચનાદિક શૂદ્રના કર્મના પ્રયોગ તો શૂદ્રકમલાકર ગ્રંથમાં જોવા.

अथवापीकूपाद्युत्सर्गादि ॥ गृहग्रामयोराग्नेयदक्षिणनैर्ऋत्यवायव्येपुमध्येचदुष्टफलः कूपः शेपदिक्षुशुभः वापीकूपतडागाद्युत्सर्गेउत्तरायणेमाघादिमासषट्कस्यशुक्लपक्षेपुप्रशस्तः जलक्षयसंभावनायांकार्तिकमार्गशीर्षयोरपि नकालनियमस्तत्रसलिलंकारणंपरमित्युक्तेः चतुर्षुविष्णुशयनमासेपु शुक्रास्तादौचवर्ज्यम् ॥

હવે વાવ કુવા ઇત્યાદિકનો ઉત્સર્ગ (દાન) આદિ કહે છે.

ઘર અથવા ગામની આગ્નેય, દક્ષિણ, નૈર્ઋત્ય, અને વાયવ્ય એ દિશાઓવિષે અથવા ઘર કે ગામના મધ્યભાગવિષે વાવ, કુવા ઇત્યાદિક દુષ્ટ ફળ દેનારા છે. બીજી દિશાઓવિષે શુભફળદાયક છે. વાવ, કુવા, તળાવ, ઇત્યાદિકનો ઉત્સર્ગ કરવો તે ઉત્તરાયણવિષે અને માઘ આદિક છ માસના શુક્લપક્ષવિષે શ્રેષ્ઠ છે. માઘાદિક માસમાં જળ શુષ્ક થઇ જશે એવો સભવ હોય તો કાર્તિક, માર્ગશીર્ષ એ માસવિષે પણ ઉત્સર્ગ કરવો. કારણ, "ઉત્સર્ગ કરવાનું મુખ્ય કારણ જળ છે, તેમાં કાળનો નિયમ નથી," એવાં વચન છે. વિષ્ણુશયનના ચાર માસ (આષાઢ શુદિ એકાદશીથકી કાર્તિક શુદિ એકાદશીપર્યંત) અને શુક્રનો અસ્તાદિક એનેવિષે ઉત્સર્ગ કરવો નહીં.

अश्विनीरोहिणीमृगपुष्यमघात्र्युत्तरामूलश्रवणादित्रयहस्तज्येष्ठानुराधारेवतीपुद्वितीयातृतीयापंचमीसप्तमीदशम्येकादशीत्रयोदशीतितिथिपुबुधगुरुशुक्रसोमवारेपुजलोत्सर्गःशुभः उत्सर्गाभावेजलंन ग्राह्यं वापीकूपतडागादौयज्जलंस्यादसंस्कृतं नस्पृष्टव्यंनपेयंचपीत्वाचांद्रायणंचरेत् उत्सर्गप्रयोगोन्यतोज्ञेयः ॥

જલોત્સર્ગનાં નક્ષત્રાદિક—અશ્વિની, રોહિણી, મૃગ, પુષ્ય, મઘા, ત્રણ ઉત્તરા, મૂળ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, હસ્ત, જ્યેષ્ઠા, અનુરાધા અને રેવતી એ નક્ષત્ર; બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, એકાદશી, અને તેરશ એ તિથિ; બુધ, ગુરૂ, શુક્ર અને સોમ એ વારવિષે જલઉત્સર્ગ શુભ છે. ઉત્સર્ગસસ્કાર કર્યાવિના જળ લેવું નહીં "વાવ, કુવા, તળાવ ઇત્યાદિકનાં જળને સસ્કાર કર્યો ન હોય તો તે અસંસ્કૃત હોવાથી તેનો સ્પર્શ પણ કરવો નહીં, અને પીવું નહીં, પિયે તો ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું." ઉત્સર્ગનો પ્રયોગ બીજા ગ્રંથમાં જોવો.

अथवृक्षादिरोपणम् ॥ अश्विनीरोहिणीमृगपुष्यमघोत्तरात्रयहस्तचित्राविशाखानुराधामूलशततारकारेवतीपुसत्तिथिवारेपुवृक्षलतारोपःशस्तः आश्लेपायांसोमवारःसोमोलग्नेवलान्वितः योगोस्मिन्रोपयेदिक्षुकदलीक्रमुकादिकान् नारीकेलान्वपेद्भूमावश्विन्यांलग्नगेरवौ नागवल्लींगुरौलग्नेचंद्रेस्वांशस्थितेसति ॥

હવે વૃક્ષ ઇત્યાદિકનું રોપણ (રોપવું) કહે છે.

અશ્વિની, રોહિણી, મૃગ, પુષ્ય, મઘા, ત્રણ ઉત્તરા, હસ્ત, ચિત્રા, વિશાખા, અનુરાધા, મૂળ, શતભિષા, અને રેવતી એ નક્ષત્ર; શુભ તિથિ અને શુભ વારને દિવસે વૃક્ષ, લતાઓનું રોપવું શુભ

છે. આશ્લેષા નક્ષત્ર, સોમવાર અને લગ્નવિષે બળવાન્ ચંદ્રમા એવા યોગવિષે શેરડી, કેળ, સોપારી ઇત્યાદિક વૃક્ષ રોપવા. અશ્વિની નક્ષત્રવિષે લગ્નમાં સૂર્ય હોતાં નાળીયર પૃથ્વીમાં રોપવા. ચંદ્રમા પોતાના અંશવિષે અને લગ્નવિષે બૃહસ્પતિ છતાં નાગરવેલ રોપવી.

अथमूर्तिप्रतिष्ठा ॥ प्रतिष्ठासर्वदेवानांवैशाखज्येष्ठफाल्गुने चैत्रेतुस्याद्विकल्पेनमाघेविष्णवन्यमूर्तिषु सौम्यायनेशुभाप्रोक्तानिंदितादक्षिणायने मातृभैरववाराहनरसिंहत्रिविक्रमाः दक्षिणेप्ययनेस्थाप्यादेव्यश्चेत्यूचिरेपरे विष्णोःशस्ताश्चैत्रमासाश्विनश्रावणकाअपि माघफाल्गुनवैशाखज्येष्ठाषाढसहःसुच श्रावणेचनभस्येचलिंगस्थापनमुत्तमं देव्यामाघेश्विनेमासेप्युत्तमासर्वकामदा अश्विनीरोहिण्युत्तरात्रयमृगपुनर्वसुपुष्यहस्तचित्रास्वात्यनुराधाश्रवणत्रयरेवतीषु शनिभौमान्यवासरेदर्शरिक्तान्यतिथौसर्वदेवप्रतिष्ठाशुभा श्रवणेकृत्तिकादिविशाखांतेषुचद्वादश्यांचविष्णोःप्रशस्ता चतुर्थीगणेशस्योक्तानवमीमूलभंचदेव्याः तथास्वस्वनक्षत्राणिसर्वेषां यथार्द्राशिवस्यहस्तःसूर्यस्येत्यादि ॥

હવે મૂર્ત્તિપ્રતિષ્ઠાનો કાલ કહે છે.

"વૈશાખ, જ્યેષ્ઠ, અને ફાલ્ગુન માસમાં સર્વ દેવની પ્રતિષ્ઠા કરવી. ચૈત્ર માસમાં વિકલ્પે થાય છે, એટલે કેટલાએકને મતે થાય છે, કેટલાએકને મતે થતી નથી. વિષ્ણુની પ્રતિમાવિના અન્ય મૂર્ત્તિની પ્રતિષ્ઠા માઘ માસમાં કરવી. પ્રતિષ્ઠા ઉત્તરાયણમાં શુભ છે. દક્ષિણાયનવિષે અશુભ છે. કોઈ ગ્રંથકાર માતૃકા, ભૈરવ, વારાહ, નૃસિંહ, ત્રિવિક્રમ અને દેવીની પ્રતિષ્ઠા દક્ષિણાયનમાં પણ કરવી એમ કહે છે. ચૈત્ર, આશ્વિન અને શ્રાવણ એ માસ વિષ્ણુપ્રતિષ્ઠાવિષે શ્રેષ્ઠ છે. માઘ, ફાલ્ગુન, વૈશાખ, જ્યેષ્ઠ, આષાઢ, માર્ગશીર્ષ, શ્રાવણ, અને ભાદ્રપદ એ માસવિષે લિંગસ્થાપન ઉત્તમ છે. માઘ અને આશ્વિન માસમા દેવીની પ્રતિષ્ઠા કરવી તે ઉત્તમ અને સર્વ કામને દેનારી છે." અશ્વિની, રોહિણી, ત્રણ ઉત્તરા, મૃગ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અને રેવતી એ નક્ષત્રવિષે; શનિ અને ભૌમ વાર વર્જ્ય કરી અન્ય વારવિષે; આમાવાસ્યા, અને રિક્તા (ચોથ, નોમ, ચૌદશ) એ તિથિ વર્જ્ય કરી અન્ય તિથિવિષે સઘળા દેવની પ્રતિષ્ઠા શુભ છે. શ્રવણ, કૃતિકા, રોહિણી, મૃગ, આર્દ્રા; પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતી અને વિશાખા એ નક્ષત્રવિષે અને દ્વાદશીને દિવસે વિષ્ણુની પ્રતિષ્ઠા શુભ છે. ગણપતીની પ્રતિષ્ઠાવિષે ચોથ ઉક્ત છે. દેવીની પ્રતિષ્ઠાવિષે નવમી તિથિ અને મૂળ નક્ષત્ર ઉક્ત છે. તેમજ જે દેવતાનાં જે નક્ષત્ર હોય તે નક્ષત્રવિષે તે દેવતાની પ્રતિષ્ઠા કરવી. ઉદાહરણ,—આર્દ્રા શિવનુ નક્ષત્ર છે તેમાં શિવની, હસ્ત સૂર્યનું નક્ષત્ર છે તેમાં સૂર્યની (પ્રતિષ્ઠા કરવી) ઇત્યાદિક જાણવું..

हंत्यर्थहीनाकर्तारंमंत्रहीनातुऋत्विजं स्त्रियंलक्षणहीनातुनप्रतिष्ठासमोरिपुः ब्रह्मातुब्राह्मणैःस्थाप्योगायत्रीसहितःप्रभुः सर्ववर्णैस्तथाविष्णुःप्रतिष्ठाप्यःसुखार्थिभिः मातृभैरवाद्याः सर्वैः शिवलिंगंयतिनापि पुराणप्रसिद्धजीर्णलिंगंस्त्रीशूद्रैरपिपूज्यं नूतनस्थापितंलिंगंस्त्रीशूद्रोवापिनस्पृशेत् शिवादिप्रतिष्ठायांस्त्रीशूद्रादेर्नाधिकारः शूद्रोवानुपनीतोवास्त्रियोवापतितोपिवा केशवंवाशिवंवापिस्पृष्ट्वानरकमश्नुते स्थिरप्रतिमाःप्राङ्मुखीरुदङ्मुखोयजेत् चलप्रतिमासुप्राङ्मुखः सौवर्णीराजतीताम्रीमृन्मयीप्रतिमाभवेत् पाषाणधातुयुक्तावाकांस्यपित्तलयोरपि अंगुष्ठपर्वमानात्सावितस्तियावदेवतु गृहेषुप्रतिमाकार्यानाधिकाशस्यतेबुधैः मृद्दारुलाक्षागोमेदमधूच्छिष्टेनचक्वचित् श्रीमद्भागवते शैलीदारुमयीलौहीलेप्यालेख्याचसैकती मनोमयीमणिमयीप्रतिमाष्टविधास्मृता लौहीसौवर्णी दारुमधूकवृक्षस्यैवसप्तांगुलाधिकाद्वादशांगुलपर्यंतागृहेप्रतिमेतिदेवीपुराणे अर्चकस्यतपोयोगादर्चनस्यातिशायनात् आभिरूप्याच्चबिंबानांदेवःसान्निध्यमृच्छति प्रतिमापट्टयंत्राणांनित्यंस्नानंनकारयेत् कारयेत्पर्वदिवसेयदाचमलधारणं पार्थिवलिंगपूजादिविचारोद्वितीयपरिच्छेदेउक्तः ॥

"દ્રવ્યરહિત પ્રતિષ્ઠા કરે તો, કર્તાનો નાશ કરે; મંત્રહીન પ્રતિષ્ઠા કરે તો, ઋત્વિજનો નાશ કરે; લક્ષણહીન મૂર્ત્તિની પ્રતિષ્ઠા કરે તો, સ્ત્રીનો નાશ કરે તેથી પ્રતિષ્ઠા સમાન બીજો શત્રુ નથી. ગાયત્રીસહિત બ્રહ્માની પ્રતિષ્ઠા બ્રાહ્મણે કરવી. સુખની ઇચ્છા કરનારા સર્વ વર્ણે વિષ્ણુની પ્રતિષ્ઠા

કરવી. માતૃકા, ભૈરવ ઇત્યાદિક દેવતાઓની પ્રતિષ્ઠા સઘળાઓએ કરવી. શિવલિંગની સ્થાપના સંન્યાસિએ પણ કરવી. પુરાણપ્રસિદ્ધ પ્રાચીન લિંગની પૂજા સ્ત્રી અને શૂદ્રે પણ કરવી.” “નવીન સ્થાપન કરેલા લિંગને સ્ત્રી અને શૂદ્રે સ્પર્શ કરવો નહીં.” સ્ત્રી અને શૂદ્રાદિકને શિવ આદિ દેવતાઓની પ્રતિષ્ઠાવિષે અધિકાર નથી. “શૂદ્રે, યજ્ઞોપવીત જેને થયું ન હોય એવા ત્રિવર્ણ, સ્ત્રી અથવા પતિત (નાતબાહેર) એમાંનો કોઇ પણ કેશવ (વિષ્ણુ) અથવા શિવને સ્પર્શ કરે તો તે નરકનો ભોગવનારો થાય છે.” જે સ્થિર પ્રતિમા પૂર્વમુખ હોય તેની પૂજા ઉત્તરાભિમુખ બેસીને કરવી. જે ચળ પ્રતિમા હોય તેની પૂજા પૂર્વમુખ બેસી કરવી. “મૂર્ત્તિ કરવી તે સુવર્ણ, ચાંદી, ત્રાંબું, મૃત્તિકા, પાષાણ, ધાતુ, મોતી, કાંસું અને પિતળ એમાંથી કોઇએકની કરવી. ઘરમાં પૂજનમાટે મૂર્ત્તિ કરવાની તે વિદ્વાન્ પુરૂષે અંગુઠાના ઉપરના પર્વ (ટેરવા) પરિમાણથકી તે વેંતપર્યંત કરવી, એ શુભ છે. એક વેંતથકી ઉંચી પ્રતિમા શુભ નથી. કોઈ ગ્રંથમાં મૃત્તિકા, કાષ્ઠ, લાખ, ગોમેદ મણિ, અને મીણની પણ મૂર્ત્તિ કરવી એમ કહ્યું છે.” શ્રીમદ્ભાગતવિષે—“પાષાણમયી, કાષ્ટમયી, લોહની, મૃત્તિકાની, રંગવડે બનાવેલી (ચિત્ર આદિ) વાલુકાની, મનોમયી, અને મણિમયી એ રીતે આઠ પ્રકારની મૂર્ત્તિ કરવી, એમ કહ્યું છે. લોહની એટલે સોનાની, કાષ્ટની એટલે મૌંડાના વૃક્ષની કરવી. ઘરવિષે પૂજનમાટે પ્રતિમા કરવાની તે સાત અગુલ કરતાં અધિક અને બાર અગુલપર્યંત એટલી ઉંચી કરવી એમ દેવીપુરાણમાં કહ્યું છે. “પૂજા કરનારનું તપ, પૂજામાં ભક્તિ વિશેષ, અને મૂર્ત્તિનું સૌંદર્ય એ ત્રણ કારણથી દેવતા પૂજા સમયે સમીપમાં રહેછે. પ્રતિમા, છબી અને યંત્રને નિત્ય સ્નાન કરાવવું નહીં. પર્વણીને દિવસે સ્નાન કરાવવું, અથવા મૂર્ત્તિ મલિન થાય ત્યારે સ્નાન કરાવવું.” પાર્થિવ લિંગની પૂજા ઇત્યાદિકનો વિચાર (નિર્ણય) બીજા પરિચ્છેદમાં કહ્યો છે.

अथपंचसूत्रीनिर्णयः ॥ लिंगोच्चतालिंगविस्तारोलिंगस्थौल्यंपीठविस्तारःप्रनालिकामानंचेतिपंचसूत्राणि तत्रलिंगमस्तकविस्तारंलिंगोच्चतातुल्यंकृत्वातद्द्विगुणसूत्रवेष्टनार्हंलिंगस्थौल्यंकृत्वालिंगात्सर्वतोलिंगसमविस्तारंपीठंवर्तुलंकुर्यात् पीठोच्चतालिंगोच्चद्विगुणा पीठाद्बहिःपीठोत्तरभागेलिंगसमदीर्घामूलेदैर्घ्यसमविस्तारा अग्रेतदर्धविस्ताराप्रनालिका लिंगोच्चत्वत्रिगुणापीठोच्चतेतिकेचित् अथपीठमध्यभागेलिंगाद्द्विगुणस्थूलं पीठोच्चतातृतीयांशेनकंठंकुर्यात् कंठस्योर्ध्वाधोभागयोःसमवप्रद्वयंकृत्वापीठोपरिलिंगविस्तारषष्ठांशेनमेखलांकृत्वा तदंतःसंलग्नंतत्समंखातंकुर्यात् प्रनालिकायामपिविस्तारतृतीयांशेनखातःपीठवन्मेखलाचकार्येति ॥

હવે પંચસૂત્રીનો નિર્ણય કહે છે.

લિંગની ઉંચાઇ, લિંગનો વિસ્તાર, લિંગની જાડાઈ, પીઠનો વિસ્તાર, અને જલાધારીનું પ્રમાણ એ પાંચ સૂત્ર જાણવાં. તેમાં લિંગની ઉંચાઈ પ્રમાણે લિંગના મસ્તકનો વિસ્તાર (વ્યાસ) કરી તે ઉંચાઈ કરતાં દ્વિગુણ (બમણું) સૂત્ર વીટતાં પૂરતું થાય એટલું લિંગનું સ્થૌલ્ય (જાડાઇ) કરી લિંગની ચારેમેર લિંગના વિસ્તારપ્રમાણે વિસ્તારયુક્ત એવો વર્તુળ (ગોળાકાર) પીઠ કરવો. પીઠની (પૃથિવીથી) ઉંચાઈ લિંગની ઉંચાઈ કરતાં બમણી કરવી. પીઠથી બાહેર પીઠના ઉત્તર ભાગમાં લિંગની ઉંચાઇપ્રમાણે લાંબી; મૂળમાં, જેટલી લાંબી તેટલીજ વિસ્તારવાળી (પોહોળી) અને અગ્રભાગમાં (છેવટે) તે (મૂળ) કરતાં અર્ધ વિસ્તારવાળી પ્રનાલિકા (જલાધારીની નાળ) કરવી. કોઈ ગ્રંથકાર લિંગની ઉંચાઈ કરતાં ત્રિગુણ (ત્રણગણી) પીઠની ઉંચાઈ કરવી, એમ કહેછે. પૃથ્વીથકી જે પીઠ ઉંચો છે તેના મધ્યભાગમાં લિંગની ઉંચાઇ કરતાં બમણો સ્થૂળ (જાડો) એવો, પીઠની ઉંચાઈના ત્રીજા ભાગ (અંશ) વડે કંઠ કરવો. કંઠના ઉપરના અને હેઠળના ભાગમાં સરખી બે મેખલા કરી, પીઠની ઉપર, લિંગના વિસ્તાર (વ્યાસ)ના છઠ્ઠા હિસાપ્રમાણે (પોહોળી) મેખલા (પટી) કરી તે મેખલાની માંહ્ય સંલગ્ન (મેખલાજોડે મળેલો) એવો અને તે મેખલાની પોહોળાઇ જેવડોજ ઉંડો ખાત (ખાડો–ઉંડાઇ) કરવો. પ્રનાલિકા (જલાધારી) વિષે પણ વિસ્તારના એટલે જલાધારીના વિસ્તારના તૃતીયાંશવડે એટલે વચલા તૃતીયાંશમાં ખાત કરવો. પીઠની મેખલા પ્રમાણે જલાધારીની મેખલા કરવી. એ પ્રમાણે પંચસૂત્રીનો પ્રકાર જાણવો.

गृहेलिंगद्वयंनार्च्यंशालग्रामद्वयंतथा द्वेचक्रेद्वारकायास्तुनार्च्यंसूर्यद्वयंतथा शक्तित्रयंत्रिविघ्नेशंद्वौशंखौनार्चयेत्सुधीः अन्यत्रतु चक्रांकमिथुनंपूज्यंनैकंचक्रांकमर्चयेदित्युक्तंतेनविकल्पः नार्चयेच्चतथामत्स्यकूर्मादिदशकंगृहे अग्निदग्धाश्चभग्नाश्चनपूज्याःप्रतिमागृहे भग्नावास्फुटितावापिशालग्रामशिलाशुभा शालग्रामाःसमाःपूज्याःसमेषुद्वितयंनहि विषमानैवपूज्यंतेविषमेष्वेकएवहि ससुवर्णशालग्रामदाने पृथ्वीदानफलं शतशालग्रामपूजनेऽनंतफलं अविभक्तानामपिभ्रातॄणांदेवतार्चनमग्निहोत्रंसंध्याब्रह्मयज्ञश्चपृथगेव स्त्रीशूद्रोवास्पर्शसहितंशालग्रामचक्रांकितवाणलिंगानिनार्चयेत् शूद्रोवानुपनीतोवासधवाविधवांगना दूरादेवास्पृशन्पूजांप्रकुर्याच्छिवकृष्णयोः शालग्रामवाणयोरेवस्पर्शननिषेधोनतुप्रतिमादौ सर्वैर्वर्णैस्तुसंपूज्याःप्रतिमाःसार्वदेवताः लिंगान्यपितुपूज्यानिमणिभिःकल्पितानिचेत्युक्तेः शालग्रामशिलाक्रीतामध्यमायाचिताधमा उक्तलक्षणसंपन्नापारंपर्यक्रमागता उत्तमासातुविज्ञेयागुरुदत्तातुतत्समा तत्राप्यामलकीतुल्यापूज्यासूक्ष्मैवयाभवेत् यथायथाशिलासूक्ष्मातथास्यात्तुमहत्फलं यवमात्रंतुगर्तःस्याद्यवार्धलिंगमुच्यते शिवनाभिरितिख्यातस्त्रिषुलोकेषुदुर्लभः शालग्रामशिलायास्तुप्रतिष्ठानैवविद्यते महापूजांतुकृत्वादौपूजयेत्तांततोबुधः वाणलिंगानिराजेंद्रख्यातानिभुवनत्रये नप्रतिष्ठानसंस्कारस्तेषामावाहनंतथा वासुदेवसंकर्षणप्रद्युम्नानिरुद्धाविप्राद्यैःक्रमेणपूज्याः तल्लक्षणंतु पंचचक्रोवासुदेवः षड्भिश्चक्रैःप्रद्युम्नः सप्तभिःसंकर्षणः एकादशभिरनिरुद्धइति प्रणवोच्चारणाच्चैवशालग्रामशिलार्चनात् ब्राह्मणीगमनाच्चैवशूद्रश्चांडालतांव्रजेत् दीक्षायुक्तैस्तथाशूद्रैर्मद्यपानविवर्जितैः कर्तव्यंब्राह्मणद्वाराशालग्रामशिलार्चनम् विष्णुप्रीतिकरंनित्यंतुलसीकाष्ठचंदनम् कार्तिकेकेतकीपुष्पंयेनदत्तंहरेःकलौ दीपदानंचदेवर्षेतारितंतेनवैकुलं शालग्रामसंवंधितोयवच्चक्रांकशिलातोयस्यापिपानविधानात्सापिशालग्रामसन्निधौपूज्या अग्राह्यंशिवनिर्माल्यंपत्रंपुष्पंफलंजलं शालग्रामस्यसंस्पर्शात्सर्वंयातिपवित्रतां मध्यमानामिकामध्येपुष्पंसंगृह्यपूजयेत् अंगुष्ठतर्जन्यग्राभ्यांनिर्माल्यमपनोदयेत् विनाभस्मत्रिपुंड्रेणविनारुद्राक्षमालया पूजितोपिमहादेवोनस्यात्तस्यफलप्रदः विनामंत्रंनविभृयाद्रुद्राक्षान्भुविमानवः पंचामृतंपंचगव्यंस्नानकालेप्रयोजयेत् रुद्राक्षस्यप्रतिष्ठायांमंत्रंपंचाक्षरंतथा त्र्यंवकादिकमंत्रंचतथातत्रप्रयोजयेत् अष्टोत्तरशतंकुर्याच्चतुःपंचाशदेवतु सप्तविंशतिमानावामालाहीनानयुज्यते सप्तविंशतिरुद्राक्षमालया देहसंस्थया यःकरोतिनरःपुण्यंसर्वंकोटिगुणंभवेत् ॥

"ઘરમાં બે લિંગ પૂજવાં નહીં. તેમજ બે શાળગ્રામ, બે દ્વારકાચક્ર, બે સૂર્ય, ત્રણ દેવી, ત્રણ ગણપતી, અને બે શખ પૂજવા નહીં." બીજા ગ્રંથમાં તો, "ચક્ર બે પૂજવાં, એક ચક્ર પૂજવું નહીં" એમ કહ્યું છે અને પ્રથમ બે ચક્રપૂજનનો નિષેધ કહ્યો તેથી એ સિદ્ધ થાય છે જે બે ચક્ર પૂજવાવિષે વિકલ્પ છે. "તેમજ, ઘરમાં મત્સ્ય, કૂર્મ ઇત્યાદિક દશાવતારમૂર્ત્તિનું પૂજન કરવું નહીં. અગ્નિવડે દગ્ધ થયેલી, અને ફૂટેલી મૂર્ત્તિ ઘરમાં પૂજવી નહીં, શાળગ્રામશિલા ભાંગેલી હોય અથવા ફૂટેલી હોય તે પણ પૂજામાં શુભ છે. શાળગ્રામશિલા સમ (૪, ૬, ૮ ઈ૦) પૂજવી. સમમાં બે પૂજવી નહીં. અને વિષમ (૩, ૫, ૭ ઇ૦) પૂજવી નહીં, વિષમમાં એકજ પૂજવી." સુવર્ણસહિત શાળગ્રામના દાનથી પૃથ્વીદાનનું ફળ પ્રાપ્ત થાય છે. સો શાળગ્રામનું પૂજન કરવાથી અનંત ફળ મળે છે. ભાઈઓ જુદા થયા ન હોય તો પણ તેમણે દેવપૂજા, અગ્નિહોત્ર, સંધ્યા, બ્રહ્મયજ્ઞ એ જુદાં જુદાં કરવાં. સ્ત્રી, શૂદ્રે, શાળગ્રામ, ચક્ર અને બાણલિંગનો સ્પર્શ કરી પૂજા કરવી નહીં. કારણ, "શૂદ્ર, યજ્ઞોપવીતરહિત, સૌભાગ્યવતી સ્ત્રી અને વિધવા સ્ત્રી એમણે સ્પર્શ ન કરતાં દૂરથકીજ શિવ અને વિષ્ણુની પૂજા કરવી." એવાં વચન છે. શાળગ્રામ અને બાણલિંગ એમનાજ સ્પર્શનો નિષેધ છે, મૂર્ત્તિ ઇત્યાદિકના સ્પર્શનો નિષેધ નથી; કારણ, "સર્વ વર્ણે સર્વ દેવની પ્રતિમા પૂજવી. મણિમય બનાવેલા લિંગનું પણ પૂજન કરવું." એવાં વચન છે. "વેચાતી લીધેલી શાળગ્રામશિલા મધ્યમ છે, યાચના કરી લીધેલી તે અધમ છે. ઉક્તલક્ષણસંપન્ન અને પરંપરાપ્રાપ્ત જે શાળગ્રામશિલા તે ઉત્તમ જાણવી. અને પોતાના ગુરૂએ દીધેલી તે પણ તેના સમાન (ઉત્તમ) જાણવી. તેમાં પણ જે શાળગ્રામશિલા આમળા જેવડી નાહાની હોય એજ પૂજ્ય છે; એ કરતાં પણ જેમ જેમ સૂક્ષ્મ (નાહાની) હોય તેમ તેનાં પૂજનથી મહત્ફળ (મોક્ષ) પ્રાપ્ત થાય છે. જે શાળગ્રામમાં એક યવપ્રમાણ ખાડો હોય અને તેમાં અર્ધ યવપ્રમાણ લિંગ હોય તે શાળગ્રામ શિવનાભિ કહેવાય છે તેમજ તેનું સ્વરૂપ ત્રણ લોક (સ્વર્ગ, મૃત્યુ, પાતાળ) વિષે દુર્લભ છે. શાળગ્રામશિલાની પ્રતિષ્ઠા કરવીજ નહીં. પ્રથમ મહાપૂજા કરી પછી તેનું પૂજન કરવું, હે રાજેંદ્ર! બાણલિંગ ત્રિભુવનવિષે પ્રસિદ્ધ છે, તેની પ્રતિષ્ઠા આ-

વાહન અને સંસ્કાર કરવા નહીં.” વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એમનું વિપ્રાદિક ચાર વર્ણે ક્રમેકરી પૂજન કરવું. તેનાં લક્ષણ—જે શાળાગ્રામશિલા ઉપર પાંચ ચક્ર હોય તે વાસુદેવમૂર્ત્તિ, જે ઉપર છ ચક્ર હોય તે પ્રદ્યુમ્ન, જે ઉપર સાત ચક્ર હોય તે સંકર્ષણ, અને અગીયાર ચક્રે યુક્ત તે અનિરૂદ્ધ, એ પ્રમાણે લક્ષણ જાણવાં. “પ્રણવનો ઉચ્ચાર, શાળગ્રામશિલાનું સેવન, અને બ્રાહ્મણની સ્ત્રીનું ગમન એ કરવાથી શૂદ્ર ચાંડાલપણાને પામે છે. મદ્યપાનરહિત થઈ દીક્ષાએ યુક્ત એવા શૂદ્રે બ્રાહ્મણદ્વારા શાળગ્રામશિલાની પૂજા કરાવવી. હે નારદ ! વિષ્ણુને નિત્ય પ્રીતિ કરનારૂં તુળસીનાં કાષ્ઠનું ચંદન, કાર્ત્તિક માસમાં કેતકી પુષ્પ અને દીપદાન એ કલિયુગમાં હરિને જેણે અર્પણ કર્યાં તેણે પોતાનાં કુળને તાર્યું એમ છે.” શાળગ્રામનાં ચરણામૃતપ્રમાણે દ્વારિકાચક્રનું ચરણામૃત પણ પીવું એવો વિધિ છે, તેથી શાળગ્રામશિલાની સમીપે ચક્રશિલાનું પણ પૂજન કરવું. “શિવનાં નિર્માલ્ય એવાં પત્ર, પુષ્પ, ફળ અને જળ એ અગ્રાહ્ય છે, માટે શાળગ્રામના સ્પર્શવડે સઘળું શિવનિર્માલ્ય પવિત્ર છે. મધ્યમા અને અનામિકા આંગળિના મધ્યવડે પુષ્પ લઇ દેવને ધરાવવું. દેવ ઉપરથી નિર્માલ્ય ઉતારવાનું તે અંગુષ્ઠ અને તર્જની આંગળીના અગ્રવડે ઉતારવું. ભસ્મનું ત્રિપુંડ્ર કર્યાવિના અને રુદ્રાક્ષમાળા ધારણ કર્યાવિના જો મહાદેવનું પૂજન કરે તથાપિ પૂજા કરનારાને તે (પૂજા) ફળદાયક થતી નથી. પૃથિવી ઉપર મનુષ્યે મંત્રવિના રુદ્રાક્ષ ધારણ કરવી નહીં. રુદ્રાક્ષને પંચામૃત અને પંચગવ્યવડે સ્નાન કરાવવું. રુદ્રાક્ષની પ્રતિષ્ઠાવિષે પંચાક્ષર (नमः शिवाय) મંત્ર અથવા ત્ર્યંબકાદિક મંત્ર લેવા. માળા કરવી તે અષ્ટોત્તરશત, ચોપન, અથવા સત્તાવીશ મણીની કરવી. એથી ઓછા મણીવડે માળા કરવી નહીં. સત્તાવીશ રુદ્રાક્ષની માળા દેહ ઉપર ધારણ કરી જે મનુષ્ય જપ ઇત્યાદિક પુણ્યકર્મ કરે છે તેનું તે સર્વ કર્મ કોટિગુણિત થાય છે.”

अथरुद्राक्षतुलस्यादिसर्वजपमालानांसंस्कारः ॥ कुशोदकसहितैः पंचगव्यैर्मालांप्रक्षाल्य ॐह्रींअंआंइंईंउंऊंऋंॠंऌंॡंएंऐंओंऔंअंअः कंखंगंघंङं चंछंजंझंञं टंठंडंढंणं तंथंदंधंनं पंफंबंभंमं यंरंलंवंशंषंसंहंक्षं इत्येतानिपंचाशन्मातृकाक्षराणि अश्वत्थपत्रस्थापितमालायांविन्यस्य ॐसद्योजातं० वामदेवाय० अघोरेभ्यो० तत्पुरुषाय० ईशानःसर्वविद्याना० इतिपंचमंत्रान्जपित्वा सद्योजातेतिमंत्रेणमालांपंचगव्येनप्रोक्ष्यशीतजलेनप्रक्षाल्यवामदेवेतिचंदनेनाघृष्याघोरेतिमालांधूपयित्वा तत्पुरुषेतिचंदनकस्तूर्यादिनालेपयित्वेशानइतिमंत्रेणप्रतिमणिशतवारंदशवारंवाभिमंत्र्य अघोरइतिमंत्रेणमेरुंशतवारमभिमंत्रयेत् ततएतैरेवपंचभिर्मंत्रैर्मालांपंचोपचारैःपूजयेदिति ॥

હવે રુદ્રાક્ષ, તુળસી ઇત્યાદિક સર્વ જપમાળાના સંસ્કાર કહે છે.

કુશોદકેસહિત પંચગવ્ય (દૂધ, દહીં, ઘૃત, ગોમય, ગોમૂત્ર) વડે માળાનું પ્રક્ષાલન કરી તે માળાને પિપળાના પાન ઉપર સ્થાપન કરી તે ઉપર હાથ રાખી “ ॐह्रीं अं आं इंईंउंऊंऋंॠंऌंॡं एंऐंओंऔंअंअः कंखंगंघंङं चंछंजंझंञं टंठंडंढंणं तंथंदंधंनं पंफंबंभंमं यंरंलंवंशंषंसंहंक्षं ” એ પચાસ માતૃકાનો ન્યાસ કરવો. પછી “ सद्योजातं०, वामदेवाय०, अघोरेभ्यो०, तत्पुरुषाय०, ईशानः सर्व०” આ પાંચ મંત્રનો જપ કરી “ सद्यो जातं० ” એ મંત્રવડે પંચગવ્યથી માળાનું પ્રોક્ષણ કરી શીતળ જળવડે તે માળાને સ્નાન કરાવી “ वामदेवा० ” એ મંત્રવડે ચંદનલેપન કરી “ अघोरे० ” એ મંત્રવડે ધૂપ દેખાડી “ तत्पुरुषा० ” એ મંત્ર ભણી ચંદન, કસ્તુરી ઇત્યાદિકવડે લેપન કરી “ईशानः स० ” એ મંત્રવડે એક એક મણીને સોવાર અથવા દશવાર અભિમંત્રણ કરી “ अघोरे० ” એ મંત્ર ભણી માળાના મેરૂને સોવાર અભિમંત્રણ કરવું. પછી એજ પાંચ મંત્રવડે માળાની ગંધાદિક પંચોપચારવડે પૂજા કરવી. એપ્રમાણે માળાસંસ્કાર વિધિ કહ્યો.

वोपदेवः रुद्राक्षान्कंठदेशेदशन३२परिमितान्मस्तकेविंशतीद्वे४० षट्षट्कर्णांतदेशे करयुगलकृते द्वादशद्वादशैव । बाह्वोरिंदोःकलाभि१६र्नयनयुगलकृते एकमेकंशिखायां वक्षस्यष्टाधिकंयः कलयति शतकं सस्वयंनीलकंठः रुद्राक्षदानाद्रुद्रपदप्राप्तिः ॥

બોપદેવ રુદ્રાક્ષધારણની સંખ્યા કહે છે. “કંઠવિષે ૩૨, મસ્તક ઉપર ૪૦, એક એક કાન ઉપર છ છ, બન્ને હાથમાં બાર બાર, બન્ને બાહુવિષે સોળ સોળ, બન્ને નેત્ર ઠેકાણે એક એક, શિ-

ખાવિષે એક, અને વક્ષઃસ્થલવિષે (૧૦૮), એ પ્રમાણે જે મનુષ્ય ધારણ કરે છે તે સાક્ષાત્ શંકર જાણવો." રુદ્રાક્ષનું દાન કરવાથી રુદ્રપદની પ્રાપ્તિ થાય છે.

पंचविंशत्पलैर्लिंगेप्यभ्यंगंकारयेदथ स्नापयेत्तिलतैलैश्चकरयंत्रोद्भवैःशिवं स्नानंपलशतंज्ञेयमभ्यंगःपंचविंशतिः पलानांद्विसहस्रेणमहास्नानंजलेनतत् पयोदधिघृतक्षौद्रशर्कराद्यैस्ततःक्रमात् शिवस्यसर्पिषास्नानंप्रोक्तंपलशतेनवै तावतामधुनाचैवदध्नाचपयसापिच पलसार्धसहस्रेणरसेनैवैक्षवेणच भक्त्याचोष्णोदकैःशीतोदकैःसंस्नापयेच्छिवं श्रीविष्णुंक्षीरदध्याद्यैःक्रमाद्दशगुणोत्तरैः स्नापयेत्केचिदूचुश्चक्षीराद्यैःपंचभिःसमैः ॥

લિંગને અભ્યગ કરાવવો તે પચીશ પળવડે કરાવવો. હાથના યંત્રવડે કાઢેલા તિલના તેલથી શિવને સ્નાન કરાવવું. સો પળ જળવડે સ્નાન અને પચીશ પળવડે અભ્યંગ કરાવવો. બે હજાર પળપરિમિત જળ લઇ સ્નાન કરાવવું તે મહાસ્નાન છે. ત્યારપછી ક્રમેકરી દૂધ, દહીં, ઘૃત, મધ, અને શર્કરાવડે સ્નાન કરાવવું. શિવને સો પળ ઘૃતવડે સ્નાન કરાવવું એમ કહ્યું છે. તેમજ મધ, દહીં, અને દૂધ એ સો સો પળ લઇ સ્નાન કરાવવું. પન્નરસો પળ શેરડીનો રસ લઇ તેવડે સ્નાન કરાવવું. શિવને ઉષ્ણોદક અને શીતળ જળવડે ભક્તિપૂર્વક સ્નાન કરાવવું. વિષ્ણુને પંચામૃત સ્નાન કરાવવું તે ક્રમથી ઉત્તરોત્તર દશગુણ લેવાં; એટલે દૂધથી દહીં દશગુણ, દહીંથી ઘૃત દશગુણ એ પ્રમાણે લેવાં. કોઇ ગ્રંથકાર, દૂધ ઇત્યાદિક પંચામૃત સમાન (સરખાંજ) લઈ સ્નાન કરાવવું, એમ કહે છે.

अथश्रीविष्ण्वादिपंचायतनानि ॥ विष्णुर्मध्येशिवेभास्यसूर्यार्याईशादिक्क्रमात् ॥ शंभौमध्येविष्णुसूर्यगजास्यार्यास्तथाक्रमात् ॥१॥ रवौमध्यगतेरुद्रगणेशाच्युतशक्तयः ॥ मध्येदेवीविष्णुशिवगणेशरवयःक्रमात् ॥ २ ॥ मध्येगणपतिर्विष्णुशिवसूर्यांबिकास्तथा ॥ ऐशान्यादिक्रमेणैवपंचायतनपंचकम् ॥ ३ ॥

હવે વિષ્ણુ આદિક પંચાયતન માંડવાની રીતિ કહે છે.

વિષ્ણુપંચાયતન—મધ્યમાં વિષ્ણુ, ઇશાન ખુણે શિવ, અગ્નિ ખુણે ગણપતિ, નૈર્ઋતિ ખુણે સૂર્ય, અને વાયુ ખુણે દેવી એ રીતે સ્થાપવું. **શિવપંચાયતન**—મધ્યમાં શિવ, ઈશાને વિષ્ણુ, અગ્નિ ખુણે સૂર્ય, નૈર્ઋતે ગણપતિ, વાયુ ખુણે દેવી એપ્રમાણે સ્થાપવું. **સૂર્યપંચાયતન**-મધ્યમાં સૂર્ય, ઈશાન ખુણાથી ક્રમે કરી શિવ, ગણપતિ, વિષ્ણુ અને દેવી એપ્રમાણે સ્થાપવાં. **દેવીપંચાયતન**—મધ્યમાં દેવી, ઈશાન ખુણાથી વિષ્ણુ, શિવ, ગણપતિ અને સૂર્ય ક્રમથી સ્થાપવાં. **ગણપતિપંચાયતન**—મધ્યમાં ગણપતિ, ઇશાન ખુણાથી વિષ્ણુ, શિવ, સૂર્ય અને દેવી એ ક્રમથી સ્થાપવાં. એ રીતે ઇશાનાદિ ક્રમવડે પાંચ પંચાયતન માંડવાનો ક્રમ જાણવો.

પંચાયતન.

शंकर गणेश २ ३	विष्णु सूर्य २ ३	शिव गणेश २ ३	विष्णु शिव २ ३	विष्णु शिव २ ३
विष्णु १	शिव १	सूर्य १	देवी १	गणेश १
देवी सूर्य ५ ४	देवी गणेश ५ ४	देवी विष्णु ५ ४	सूर्य गणेश ५ ४	देवी सूर्य ५ ४

अथकेशवादिचतुर्विंशतिमूर्तिनिर्णयकथोपदेशश्लोकःसिंधौव्याख्यातः तस्यायंसंग्रहः केशवादेश्चतु
होर्दक्षिणोर्ध्वकरक्रमात् ॥ शंखचक्रगदापद्मायुधैःकेशवउच्यते ॥ १ ॥ नारायणःपद्मगदाचक्रशंखा
धिःक्रमात् ॥ माधवश्चक्रशंखाभ्यांपद्मेनगदयाभवेत् ॥ २ ॥ गोविंदोगदयापद्मशंखचक्रैःक्रमाद्भवेत् ॥
ष्णुःपद्मेनशंखेनचक्रेणगदयाक्रमात् ॥ ३ ॥ शंखपद्मगदाचक्रैर्मधुसूदनईरितः ॥ त्रिविक्रमोगदाचक्र

शंखपद्मैरनुक्रमात् ॥ ४ ॥ वामतःशंखचक्राभ्यांपद्मेनगदयापिच ॥ चक्रेणगदयाशंखपद्माभ्यांश्रीधरः स्मृतः ॥ ५ ॥ हृषीकेशःस्मृतश्चक्रपद्मशंखगदायुधैः ॥ पद्मनाभःपद्मचक्रगदाशंखैःक्रमात्स्मृतः ॥ ६ ॥ दामोदरःशंखगदाचक्रपद्मैरुदीर्यते ॥ संकर्पणःशंखपद्मचक्रायुधगदायुधैः ॥ ७ ॥ वासुदेवश्चक्रगदापद्मशंखाख्यलक्षणैः ॥ प्रद्युम्नःस्याच्छंखगदापद्मचक्रैःक्रमाद्धृतैः ॥ ८ ॥ अनिरुद्धोगदाशंखपद्मचक्रैरनुक्रमात् ॥ पद्मशंखगदाचक्रायुधैःस्यात्पुरुषोत्तमः ॥ ९ ॥ अधोक्षजोगदाशंखचक्रपद्मैःकरस्थितैः ॥ नरसिंहःपद्मगदाशंखचक्रायुधैर्भवेत् ॥ १० ॥ अच्युतःपद्मचक्राभ्यांशंखेनगदयाक्रमात् ॥ जनार्दनश्चक्रशंखगदापद्माद्यबाहुभिः ॥ ११ ॥ उपेंद्रोगदयाचक्रपद्मशंखान्वितैःकरैः ॥ चक्रपद्मगदाशंखैःकरस्थैःस्यात्क्रमाद्धरिः ॥ १२ ॥ श्रीकृष्णाख्योगदापद्मचक्रशंखैर्मतोविभुः ॥ इतिप्रोक्ताःकेशवादिचतुर्विंशतिमूर्तयः ॥ १३ ॥

હવે કેશવાદિ ચોવીશ મૂર્તિના નિર્ણયનો બોપદેવે કરેલો શ્લોક નિર્ણયસિંધુમાં વ્યાખ્યાસહિત લખેલો છે, તેનો ઇહાં સંગ્રહ કરીએ છિએ. ચાર ભુજાયુક્ત એવી કેશવાદિ ચોવીશ મૂર્તિના ચારે હાથમાં ચાર આયુધનાં ઉલટપાલટપણાથી ચોવીશ મૂર્ત્તિ જાણવી, અને તે આયુધનો ક્રમ ઉપરના દક્ષિણભુજથી સમજવો. તે આ રીતે-૧ ઉપરના દક્ષિણહાથમાં શંખ, નીચેના દક્ષિણહાથમાં ચક્ર, નીચેના વામહાથમાં ગદા, અને ઉપરના વામહાથમાં પદ્મ એ આયુધે યુક્ત તે કેશવ. ૨ ઉપરના દક્ષિણહાથમાં પદ્મ, નીચેના દક્ષિણહાથમાં ગદા, નીચેના વામહાથમાં ચક્ર, અને ઉપરના વામહાથમાં શંખ એ આયુધે યુક્ત તે નારાયણ. ચક્ર, શંખ, પદ્મ અને ગદા એ આયુધે યુક્ત તે માધવ. ૪ ગદા, પદ્મ, શંખ અને ચક્ર એ આયુધે યુક્ત તે ગોવિંદ. ૫ પદ્મ, શંખ, ચક્ર અને ગદાએ યુક્ત તે વિષ્ણુ. ૬ શંખ, પદ્મ, ગદા અને ચક્રે યુક્ત તે મધુસૂદન. ૭ ગદા, ચક્ર, શંખ અને પદ્મ યુક્ત તે ત્રિવિક્રમ. ૮ શંખ, ચક્ર, પદ્મ અને ગદાએ યુક્ત તે વામન. ૯ ચક્ર, ગદા, શંખ અને પદ્મે યુક્ત તે શ્રીધર. ૧૦ ચક્ર, પદ્મ, શંખ અને ગદાએ યુક્ત તે હૃષીકેશ. ૧૧ પદ્મ, ચક્ર, ગદા અને શંખે યુક્ત તે પદ્મનાભ. ૧૨ શંખ, ગદા, ચક્ર અને પદ્મે યુક્ત તે દામોદર. ૧૩ શંખ, પદ્મ, ચક્ર, ગદાએ યુક્ત તે સંકર્ષણ. ૧૪ ચક્ર, ગદા, પદ્મ અને શંખે યુક્ત તે વાસુદેવ. ૧૫ શંખ, ગદા, પદ્મ અને ચક્રે યુક્ત તે પ્રદ્યુમ્ન. ૧૬ ગદા, શંખ, પદ્મ, અને ચક્રે યુક્ત તે અનિરૂદ્ધ. ૧૭ પદ્મ, શંખ, ગદા અને ચક્ર એ આયુધે યુક્ત તે પુરૂષોત્તમ. ૧૮ ગદા, શંખ, ચક્ર અને પદ્મ એ ક્રમથી હાથમાં આયુધ ધરનારા તે અધોક્ષજ. ૧૯ પદ્મ, ગદા, શંખ અને ચક્ર એ આયુધે યુક્ત તે નૃસિંહ. ૨૦ પદ્મ, ચક્ર, શંખ અને ગદાએ યુક્ત તે અચ્યુત. ૨૧ ચક્ર, શંખ, ગદા અને પદ્મ એ આયુધ દક્ષિણ આદિ બાહુથી ધારણ કરનારા તે જનાર્દન. ૨૨ ગદા, ચક્ર, પદ્મ અને શંખેયુક્ત ભુજવાળા ઉપેંદ્ર, ૨૩ ચક્ર, પદ્મ, ગદા અને શંખ એ ક્રમથી કરમાં આયુધ ધારણ કરનારા તે હરિ. ૨૪ ગદા, પદ્મ, ચક્ર અને શંખેયુક્ત તે શ્રીકૃષ્ણ જાણવા. એ પ્રમાણે આયુધધારણને અનુસારે કેશવાદિ ચોવીશ મૂર્ત્તિ કહી.

अथसिंध्वनुसारेणदेवप्रतिष्ठाप्रयोगः ॥ यजमानोद्वादशादिहस्तंमंडपंकृत्वाआग्नेयेपूर्वेतोवाहस्तमात्रंकुंडंस्थंडिलंवाकृत्वामध्येवेदींतदुपरिसर्वतोभद्रंग्रहचिकीर्पायां पूर्वतःईशान्यांवाग्रहवेदींप्रासादसंस्कारेमंडपसंस्कारेवाचिकीर्पितेनैर्ऋतेवास्तुपीठंकृत्वा अस्यांमूर्तौलिंगेवादेवतासान्निध्यार्थंदीर्घायुर्लक्ष्मीसर्वकामसमृद्ध्यक्षय्यसुखकामोमुकदेवमूर्तिंप्रतिष्ठांकरिष्येइतिसंकल्प्य स्वस्तिवाचनादिनांदीश्राद्धांतेआचार्यंवृत्वाष्टौचतुरोवाऋत्विजोवृत्वापूजयेत् आचार्योयदत्रेतिसर्षपान्विकीर्यापोहिष्ठेतिकुशोदकैर्भूमिंप्रोक्ष्य देवाआयांतुयातुधानाअपयांतु विष्णोदेवयजनंरक्षस्वेतिभूमौप्रादेशंकृत्वा मंडपप्रतिष्ठांकृत्वानकृत्वावा मूर्तिंपंचगव्यहिरण्ययवदूर्वाश्वत्थपलाशपर्णान्युदकुंभेप्रक्षिप्य ताभिरद्भिरापोहिष्ठेतितिसृभिर्हिरण्यवर्णाःशुचयःपावकायासुजातःकश्यपोयास्विंद्रः अग्निंयागर्भंदधिरेविरूपास्तानआपःशंस्योनाभवंतु १ यासांराजावरुणोयातिमध्येसत्यानृतेअवपश्यंजनानां मधुश्चुतःशुचयोयाःपावकास्ता० २ यासांदेवादिविकृण्वंतिभक्षंयाअंतरिक्षेवहुधाभवंति याःपृथिवींपयसोंदंतिशुक्रास्तान० ३ शिवेनमाचक्षुपापश्यतापःशिवयातनुवोपस्पृशतत्वचंमे सर्वांअग्नींरप्सुपदोहुवेवोमयिवर्चोवलमोजोनिधत्त ४ पवमानःसुवर्जनः पवित्रेणविचर्पणिः यःपोतासपुनातुमा पुनंतुमादेवजनाः पुनंतुमनवोधिया पुनंतुविश्वआयवः जातवेदःपवित्रवत् पवित्रेणपुनाहिमा शुक्रेणदेवदीद्यत् अग्नेक्रत्वाक्रतूंरनु १ यत्तेपवित्रमर्चिपि अग्नेविततमंतरा ब्रह्मतेनपुनीमहे उभाभ्यांदेवसवितः पवित्रेणसवेनच इदंब्रह्मपुनीमहे

वैश्वदेवीपुनतीदेव्यागात् यस्यैयह्वीस्तनुवोवीतपृष्ठाः तयामदंतःसधमाद्येषु वयꣳस्यामपतयोरयीणां २ वैश्वानरोरश्मिभिर्मापुनातु वातःप्राणेनेषिरोमयोभूः द्यावापृथिवीपयसापयोभिः ऋतावरीयज्ञियेमापुनीतां,बृहद्भिःसवितस्तृभिः वर्षिष्ठैर्देवमन्मभिः अग्नेदक्षैःपुनाहिमा येनदेवाअपुनत येनापोदिव्यंकशः तेनदिव्येनब्रह्मणा ३ इदंब्रह्मपुनीमहे यःपावमानीरध्येति ऋषिभिःसंभृतꣳरसं सर्वꣳसपूतमश्नाति स्वदितंमातरिश्वना पावमानीर्योअध्येति ऋषिभिःसंभृतꣳरसं तस्मैसरस्वतीदुहे क्षीरꣳसर्पिर्मधूदकं पावमानीःस्वस्त्ययनीः ४ सदुघाहिपयस्वतीः ऋषिभिःसंभृतोरसः ब्राह्मणेष्वमृतꣳहितं पावमानीर्दिशंतुनः इमंलोकमथोअमुं कामान्समर्धयंतुनः देवीर्देवैःसमाभृताः पावमानीःस्वस्त्ययनीः सुदुघाहिघृतश्चुतः ऋषिभिःसंभृतोरसः ५ ब्राह्मणेष्वमृतꣳहितं येनदेवाःपवित्रेण आत्मानंपुनतेसदा तेनसहस्रधारेण पावमान्यःपुनंतुमा प्राजापत्यंपवित्रं शतोद्यामꣳहिरण्मयं तेनब्रह्मविदोवयं पूतंब्रह्मपुनीमहे इंद्रःसुनीतीसहमापुनातु सोमःस्वस्त्यावरुणःसमीच्या यमोराजाप्रमृणाभिःपुनातुमा जातवेदामूर्जयंत्यापुनातु ६इत्यनुवाकेनचाभिषिच्यव्याहृतिभिरिदंविष्णुरितिचफलयवदूर्वाःसमर्प्य रक्षोहणमितिदेवहस्तेकंकणंबद्ध्वा वाससाच्छाद्य अवतेहेळोउदुत्तममितिजलेधिवासयेत् ॥

હવે નિર્ણયસિંધુમાં કહ્યાપ્રમાણે દેવપ્રતિષ્ઠાનો પ્રયોગ કહે છે.

યજમાને બાર ઇત્યાદિ હાથના પ્રમાણનો મંડપ કરી અગ્નિકોણમાં અથવા પૂર્વદિશામાં એક હાથપ્રમાણનો કુંડ અથવા સ્થંડિલ કરી મંડપના મધ્યભાગમાં વેદી કરી તે ઉપર સર્વતોભદ્રમંડળ કરવું. ગ્રહ કરવાની ઇચ્છા હોય તો પૂર્વ અથવા ઈશાન દિશામાં ગ્રહસ્થાપના માટે વેદી કરવી. પ્રાસાદ (દેવાલય) નો અથવા મંડપનો સંસ્કાર કરવો હોય તો નૈર્ઋત્ય દિશામાં વાસ્તુપીઠ કરી યજમાને "अस्यां मूर्त्तौ लिंगे वा देवतासान्निध्यार्थं दीर्घायुर्लक्ष्मीसर्वकामसमृद्ध्यक्षय्यसुखकामोऽमुकदेवमूर्तिप्रतिष्ठां करिष्ये," એપ્રમાણે સંકલ્પ કરી પુણ્યાહવાચન અને નાંદીશ્રાદ્ધ થયા પછી આચાર્યને વરાવી આઠ અથવા ચાર ઋત્વિજ વરાવી તેમની પૂજા કરવી. પછી આચાર્યે "यदत्र०" એ મંત્ર ભણી પૂર્વાદિક આઠે દિશામાં સર્સવ છાંટી "आपोहिष्ठा०" એ મંત્રવડે કુશોદકથકી પૃથ્વી ઉપર પ્રોક્ષણ કરી "देवा आयांतु, यातुधाना अपयांतु, विष्णो देवयजनं रक्षस्व," એ વાક્ય ભણી પૃથ્વી ઉપર પ્રાદેશ (એ નામના હાથનો આકાર) કરવો. પછી મંડપની પ્રતિષ્ઠા કરી અથવા ન કરી મૂર્ત્તિને પચગવ્ય, સુવર્ણ, યવ, દુર્વા, અશ્વત્થ, (પીપળો) અને ખાખરાનાં પાન એટલા પદાર્થો જળના કળશમાં નાખી તે જળવડે સ્નાન કરાવવાંનું. તે સ્નાનના મંત્ર—"आपोहिष्ठा ऋचा ३ हिरण्यवर्णाः शुचयः" ઇહાંથી પ્રારંભ કરી "जातवेदामूर्जयंत्या पुनातु" ઇહાંપર્યંત એ અનુવાકવડે અભિષેક કરી વ્યાહૃતિમંત્ર અને "इदंविष्णु०" એ મંત્રવડે ફળ, યવ, દુર્વા એ પદાર્થો દેવને અર્પણ કરવા. પછી "रक्षोहणं०" એ મંત્ર ભણી દેવના હાથમાં કંકણ બાંધી વસ્ત્રવડે દેવને આચ્છાદન કરવું. પછી "अवतेहेळो०, उदुत्तमं०" એ બે મંત્ર ભણી દેવને જળમાં સુવાડી રાખવા.

अथचलप्रतिष्ठायामग्निंप्रतिष्ठाप्यध्यात्वाग्रहादिपक्षेग्रहान्वास्तुदेवताश्चप्रतिष्ठाप्यान्वादध्यात् चक्षुषीआज्येनेत्यंतेग्रहादिहोमपक्षे ग्रहानधिदेवतादींश्चसमिच्चर्वाज्येनवास्तुपीठदेवताश्चान्वाधानेउद्दिश्य इंद्रंपृथिवींशर्वंअग्निंअग्निमूर्तिंपशुपतिंयमंयजमानमूर्तिंउग्रंनिर्ऋतिंसूर्यमूर्तिंरुद्रंवरुणंजलमूर्तिंभवंवायुंवायुमूर्तिंईशानंकुबेरंसोममूर्तिंमहादेवंईशानंआकाशंभीमंएताःलोकपालमूर्तिमूर्तिपतिदेवताः पालाशोदुंबराश्वत्थशम्यपामार्गसमिद्भिःआज्याहुतिभिस्तिलाहुतिभिश्चप्रतिदैवतंप्रतिद्रव्यमष्टाष्टसंख्याकाभिः स्थाप्यदेवताममुकां पलाशोदुंबराश्वत्थशम्यपामार्गसमित्तिलचर्वाज्यैः प्रतिद्रव्यमष्टोत्तरसहस्रमष्टोत्तरशतमष्टाविंशतिसंख्ययावा अग्निर्यजुर्भिरित्यनुवाकेनविश्वान्देवांस्तिलाज्याभ्यांदशदशाहुतिभिः एवंद्वितीयेपर्यायेएताएवदेवतास्तत्तत्संख्याकैस्तैरेवद्रव्यैरेवंतृतीयेपर्याये एताएवदेवतास्तत्तत्संख्याकैस्तैरेवद्रव्यैर्ब्रह्मादिमंडलदेवतास्तिलाज्याहुतिभिः प्रतिदैवतंदशदशसंख्याकाभिः शेषेणस्विष्टकृतमित्यादि शूर्पे प्रधानदेवतार्थंतूष्णींचतुरोमुष्टीन्निरुप्यहोमपर्याप्तंगृहीत्वा तथैवप्रोक्ष्यगोक्षीरेनीवारचरुंश्रपयेदाज्यभागांते यजमानः इदमुपकल्पितमन्वाधानोक्तद्रव्यजातमन्वाधानोक्ताहुतिसंख्यापर्याप्तमन्वाधानोक्ताभ्योवक्ष्यमाणाभ्योदेवताभ्योस्तुनममेतित्यागंकुर्यात् गृहसिद्धाग्न्यादिनाग्रहादिहोमंविधायलोकपालमूर्तिमूर्तिपतिभ्यः समित्पंचकंतिलाज्येचजुहुयात् प्रतिद्रव्यहोमांतेदेवंपादनाभिशिरसिस्पृशेत् आज्यहोमेचोत्तरतःसजलकुंभेसंपातान्नयेत् तेषांमंत्राः इंद्रायेंदोइतींद्रस्य स्योनेतिपृथिवीमूर्तेः अघोरेभ्यइतित

त्पतेःशर्वस्य अग्नआयाहीत्यग्नेः अग्निंदूतमित्यग्निमूर्तेः नमःशर्वायचपशुपतयेचेतिपशुपतेः यमायसोममितियमस्य असिहिवीरेतियजमानमूर्तेः स्तुहिश्रुतमितितत्पतेरुग्रस्य असुन्वंतमितिनिर्ऋतेः आकृष्णेनेतिसूर्यमूर्तेः योरुद्रोअग्नावितितत्पतेरुद्रस्य इमंमे० वरुणस्य शन्नोदेवी० जलमूर्तेः नमोभवायचेतिभवस्य आनोनियुद्भिः०वायोः वातआवातु०वायुमूर्तेः तमीशानं०ईशानस्य आप्यायस्व०कुबेरस्य वयंसोम०सोममूर्तेः तत्पुरुषाय०महादेवस्य अभित्वादे०ईशानस्य आदित्प्रत्नस्य०आकाशस्य नमउग्रायचेतिभीमस्य ततः स्थाप्यदेवमंत्रेणसमित्पंचकपायसचरुतिलाज्यहोमः प्रतिद्रव्यहोमांते देवे पादनाभिशिरःस्पर्शः देवमंत्रश्चतांत्रिकोमूलमंत्रोदेवगायत्रीवावैदिकोवाग्राह्यः अग्निर्यजुर्भिःसवितास्तोमैःइंद्रउक्थामदैः मित्रावरुणावाशिषा अंगिरसोधिष्णियैरंगिभिः मरुतःसदोहविर्धानाभ्यां आपःप्रोक्षणीभिः ओषधयोबर्हिषा अदितिर्वेद्या सोमोदीक्षया त्वष्टेध्मेन विष्णुर्यज्ञेन वसवआज्येन आदित्यादक्षिणाभिः विश्वेदेवाऊर्जा पूषास्वगाकारेण बृहस्पतिःपुरोधसा प्रजापतिरुद्गीथेन अंतरिक्षंपवित्रेण वायुःपात्रैः अहश्श्रद्धयास्वाहेत्यनुवाकेनतिलाज्ययोर्दशदशाहुतयः ततोदेवस्यपादौस्पृशेत् संपातजलेनदेवमभिषिंचेत् ॥

ત્યાર પછી કર્તવ્યવિધિ—ચલપ્રતિમા હોય તો અગ્નિનું ધ્યાન કરી ગ્રહસ્થાપન ઇત્યાદિક પક્ષ હોય તો નવગ્રહ, વાસ્તુદેવતા એમનું સ્થાપન કરી અન્વાધાન કરવું. તે આ રીતે—"चक्षुषी आज्येन०" એટલું કહ્યા પછી ગ્રહાદિકનો હોમ કરવો હોય એ પક્ષવિષે ગ્રહ અને અધિદેવતા ઇત્યાદિકની સમિધ, ચરુ, આજ્ય એ દ્રવ્યવડે અને વાસ્તુપીઠના દેવતાઓનો પણ અન્વાધાનવિષે ઉદ્દેશ કરી "इंद्रं पृथिवीं शर्वं अग्निं अग्निमूर्तिं पशुपतिं यमं यजमानमूर्तिं उग्रं निर्ऋतिं सूर्यमूर्तिं रुद्रं वरुणं जलमूर्तिं भवं वायुं वायुमूर्तिं ईशानं कुबेरं सोममूर्तिं महादेवं ईशानं आकाशं भीमं एताः लोकपालमूर्तिमूर्तिपतिदेवताः पलाशोदुंबराश्वत्थशम्यपामार्गसमिद्भिः आज्याहुतिभिस्तिलाहुतिभिश्च प्रतिदैवतं प्रतिद्रव्यमष्टोत्तरसहस्रमष्टोत्तरशतमष्टाविंशतिसंख्यया वा अग्निर्यजुर्भिरित्यनुवाकेन विश्वान्देवांस्तिलाज्याभ्यां दशदशाहुतिभिः एवं द्वितीये पर्याये एता एव देवतास्तत्तत्संख्याकैस्तैरेव द्रव्यैरेवं तृतीये पर्याये एता एव देवतास्तत्तसंख्याकैस्तैरेव द्रव्यैर्ब्रह्मादिमंडलदेवतास्तिलाज्याहुतिभिः प्रतिदैवतं दशदशसंख्याकाभिः शेषेण स्विष्टकृतमित्यादि" એ પ્રમાણે અન્વાધાન કરી સૂપડામાં પ્રધાનદેવતા માટે મંત્રરહિત ચાર મુઠી નીવાર (દેવધાન્ય=સામો) લઇ પછી હોમવિષે (ચરુ) પૂરો થાય એપ્રમાણે લઈ મંત્રરહિત પ્રોક્ષણ કરી ગાયના દૂધમાં નીવાર ચરુ રાંધવો. આજ્યભાગપર્યંત કર્મ કર્યા પછી યજમાને "इदमुपकल्पितमन्वाधानोक्तद्रव्यजातमन्वाधानोक्ताहुतिसंख्यापर्याप्तमन्वाधानोक्ताभ्यो यक्ष्यमाणाभ्यो देवताभ्योस्तु न मम" એપ્રમાણે ત્યાગ કરવો. ઘરમાં રાંધેલાં અન્નાદિકવડે ગ્રહાદિકનો હોમ કરી લોકપાલમૂર્ત્તિ અને મૂર્ત્તિપતિને ઉદ્દેશી પાંચ પ્રકારની સમિધ (પલાશ, ઉંબર, પીપળો, શમી અને અઘાડો) તીલ અને આજ્યને હોમ કરવો. એક એક દ્રવ્યના હોમની અંતે દેવના ચરણ, નાભી, અને મસ્તકનો સ્પર્શ કરવો. આજ્યહોમવિષે ઉત્તર તરફ રાખેલા જળસહિત કુંભમાં સંપાત (એવા નામની ધારા) નાંખવી. તે સંપાત નાંખવાના મંત્ર—"इंद्रायेंद्रो०" એ મંત્ર ઇંદ્રનો, "स्योनापृ०" એ મંત્ર પૃથિવીમૂર્ત્તિનો, "अघोरेभ्यो०" એ મંત્ર તે (પૃથિવી) ના પતિ જે શર્વ તેનો, "अग्नआयाहि०" એ અગ્નિનો, "अग्निं दूतं०" એ અગ્નિમૂર્ત્તિનો, "नमः शर्वाय च पशुपतये च०" એ મંત્ર પશુપતિનો, "यमाय सोमं०" એ યમનો, "असि हि वीर०" એ યજમાનમૂર્ત્તિનો, "स्तुहिश्रुतं०" એ યજમાનપતિ એવા ઉગ્રનો, "असुन्वंत०" એ નિર્ઋતિનો, "आकृष्णेन०" એ સૂર્યમૂર્ત્તિનો, "यो रुद्रो अग्नौ०" એ મંત્ર સૂર્યપતિ જે રુદ્ર તેનો, "इमं मे०" એ વરુણનો, "शन्नो देवी०" એ જળમૂર્ત્તિનો, "नमोभवाय०" એ ભવનો, "आनो नियुद्भिः०" એ વાયુનો, "वात आवातु०" એ વાયુમૂર્ત્તિનો, "तमीशानं०" એ ઈશાનનો, "आप्याय स्व०" એ કુબેરનો, "वयं सोम०". એ સોમમૂર્ત્તિનો, "तत्पुरुषाय०" એ મહાદેવનો, "अभित्वादे०" એ ઈશાનનો, "आदित्प्रत्न०" એ આકાશનો, "नम उग्राय च०" એ ભીમનો એપ્રમાણે તે તે દેવના મંત્રવડે તે તે દેવને ઉદ્દેશી સંપાત કલશમાં નાખવા. પછી જે દેવનું સ્થાપન કરવાનું હોય તે દેવના મંત્રવડે પાંચ પ્રકારની (પલાશ ઇત્યાદિ) સમિધ, પાયસ, ચરુ, તિલ અને આજ્યનો હોમ કરવો. એક એક દ્રવ્યના હોમની અંતે દેવનાં ચરણ, નાભિ અને મસ્તકનો સ્પર્શ કરવો. દેવનો મંત્ર લેવાનો તે તાંત્રિક, મૂળમંત્ર, દેવગાયત્રીમંત્ર અથવા વૈદિકમંત્ર લેવો. પછી "अग्निर्यजुर्भिः सविता स्तोमैः इंद्र उक्थामदैः मित्रावरुणावाशिषा अंगिरसो धिष्णियैरंगिभिः मरुतस्सदोहविर्धानाभ्यां आपः प्रोक्ष-

णीभिः ओषधयो बर्हिषा अदितिर्वेद्या सोमो दीक्षया त्वष्टेध्मेन विष्णुर्यज्ञेन वसवआज्येन आदित्या दक्षिणाभिः विश्वेदेवा ऊर्जा पूषा स्वगाकारेण बृहस्पतिः पुरोधसा प्रजापतिरुद्गीथेन अंतरिक्षं पवित्रेण वायुः पात्रैः अहꣳश्रद्धया स्वाहा " એ અનુવાક ભણી તિલવડે દશ આહુતિ અને ઘૃતની દશ આહુતિ હોમ કરી દેવના ચરણનો સ્પર્શ કરવો. પછી સંપાતજળેકરી દેવને અભિષેક કરવો.

एवमेवद्वितीयपर्यायेणहुत्वादेवस्यनाभिंस्पृशेत् तृतीयपर्यायेणहुत्वाशिरःस्पृशेत् प्रतिपर्यायंसंपाताभिषेकः एकपर्यायेआहुतिसंख्या पलाशसमिधः १९२ औदुंबर १९२ अश्वत्थ १९२ शमी १९२ अपामार्ग १९२ आज्य १९२ तिल १९२ स्थाप्यदेवस्याष्टाविंशतिपक्षेसमित्पंचकं १४० चर्वाज्यतिलाः ८४ अनुवाक २० मिलिताः १५८८ पर्यायत्रये ४७६४ एवंहुत्वार्चांशोधयेत् देवंनत्वा स्वागतंदेवदेवेशविश्वरूपनमोस्तुते शुद्धेपित्वदधिष्ठानेशुद्धिंकुर्मःसहस्वतामितिप्रार्थ्य उत्तिष्ठब्रह्मणस्पतइतिसर्त्विगुत्थाप्याग्न्युत्तारणंकुर्यात् अग्निःसप्तिमितिसूक्तमग्निपदहीनंपठित्वातत्सहितंपुनःपठेत् एवमष्टशतमष्टाविंशतिवारंवापठन्जलंपातयेत् ततोर्चांद्वादशवारंमृदाजलेनचप्रक्षाल्य मंत्रैःपंचगव्यंकृत्वा पयःपृथिव्यांपय ओषधीषुपयोदिव्यंतरिक्षेपयोधाः पयस्वतीःप्रदिशःसंतुमह्यं आवोराजानमितिचसंस्नाप्य आप्यायस्वेतिपंचमंत्रैःपंचामृतेनसंस्नाप्य लिंगंचेन्नमस्तेरुद्रइत्यष्टाभिःसंस्नाप्य घृताभ्यंगमुद्वर्तनमुष्णोदकेनक्षालनंचकृत्वागंधंदत्वासंपातोदकैरभिषिच्य सपल्लवैश्चतुर्भिःकुंभैःक्रमेणापोहिष्ठा०योवः० तस्मा० आकलशेषु० इतिसंस्नाप्य समुद्रज्येष्ठेतिचतसृभिराकलशेष्वितिचमिलितचतुष्कुंभैःसंस्नाप्य औदुंबरादिपीठेर्चामुपवेश्यपरितोष्टदिक्षुसजलकुंभेषुगंधपुष्पदूर्वाःक्षिप्त्वाद्यकुंभेसप्तमृदः द्वितीयेपुष्करपर्णशमीविकंकताश्मंतकत्वचःपल्लवांश्च तृतीयेसप्तधान्यं चतुर्थेपंचरत्नं पंचमेफलपुष्पाणि षष्ठेकुशदूर्वालोचनाः सप्तमेसंपातोदकं अष्टमेसर्वौषधीःक्षिप्त्वा क्रमेणापोहिष्ठेतित्रिभिः हिरण्यवर्णाःशुचयइतिचतुर्भिः पवमानानुवाकेनचाभिषिच्य एककुंभेशमीपलाशवटखदिरबिल्वाश्वत्थविकंकतपनसाम्रशिरीषोदुंबराणांपल्लवान्कषायांश्चक्षिप्त्वाश्वत्थेवइत्यभिषिच्य पंचरत्नोदकेनहिरण्यवर्णाःशुचयइतिसंस्नाप्य वाससीदत्वोपरिवितानंबध्नंतिकेचित् ॥

એજ રીતે બીજા પર્યાયવડે હોમ કરી દેવની નાભીને સ્પર્શ કરવો. ત્રીજા પર્યાયવડે હોમ કરીને દેવના મસ્તકને સ્પર્શ કરવો. એક એક પર્યાયવિષે સંપાતવડે દેવને અભિષેક કરવો. એક પર્યાયવિષે આહુતિની સંખ્યા—ખાખરાની સમિધ ૧૯૨, ઘુલરની સમિધ ૧૯૨, પીપળાની ૧૯૨, શમીની ૧૯૨, અઘાડાની ૧૯૨, આજ્યાહુતિ ૧૯૨, તિલાહુતિ ૧૯૨, સ્થાપન કરવા યોગ્ય દેવતાનો અઠ્ઠાવીશ હોમ કરવો હોય તો એ પક્ષવિષે પાંચ સમિધની ૧૪૦ આહુતિ, ચરુ, આજ્ય અને તિલ એમની (એક એકની ૨૮ લેખે) ૮૪, અનુવાકની ૨૦, એ સઘળી મળી ૧૫૮૮ થાય છે. ત્રણ પર્યાય મળી ૪૭૬૪ આહુતિ છે. એ પ્રમાણે હોમ કરી પ્રતિમાની શુદ્ધિ કરવી. દેવને નમસ્કાર કરી "स्वागतं देवदेवेश, विश्वरूप नमोस्तु ते ॥ शुद्धेपि त्वदधिष्ठाने, शुद्धिं कुर्मः सहस्व तां " એ રીતે પ્રાર્થના કરી ઋત્વિજસહિત આચાર્યે " उत्तिष्ठ ब्रह्मणस्पते० " એ મંત્રવડે દેવને ઉપાડી અગ્ન્યુત્તારણ કરવું. તે આ રીતે—" अग्निः सप्तिं० " એ સૂક્તનો અગ્નિપદરહિત પાઠ કરી ફરી અગ્નિપદસહિત પાઠ કરવો. એ રીતે અષ્ટશત (૮૦૦ આઠસો) અથવા અઠ્ઠાવીશવાર પાઠ કરતાં જળ દેવ ઉપર રેડવું. ત્યાર પછી મૃત્તિકા અને જળવડે મૂર્તિને બારવાર પ્રક્ષાલન કરી મંત્રોચ્ચારપૂર્વક પંચગવ્ય કરી "पयः पृथिव्यां पय ओषधीषु पयो दिव्यंतरिक्षे पयोधाः ॥ पयस्वतीः प्रदिशः संतु मह्यं ॥ आवोराजानं० " એ મંત્રવડે સ્નાન કરાવી " आप्यायस्व० " ઇત્યાદિક પાંચ મંત્રવડે દેવને પંચામૃતસ્નાન કરાવવું. લિંગ હોય તો " नमस्ते रुद्र० " એ આઠ મંત્રવડે સ્નાન કરાવી; ઘૃતના અભ્યંગ, ઉદ્વર્ત્તન (સુગંધી ચૂર્ણનું લેપન), અને ઉષ્ણોદકવડે સ્નાન કરાવી, ચંદન ધરાવી, સંપાતોદકવડે અભિષેક કરી, પલ્લવ (પંચપલ્લવ) સહિત ચાર કુંભવડે ક્રમે કરી " आपोहिष्ठा०, योव०, तस्मा०, आकलशे० " આ મંત્રવડે સ્નાન કરાવવું. પછી " समुद्रज्येष्ठा० " એ ચાર ઋચા અને " आकलशे० " એ એક ઋચા મળી પાંચ ઋચાવડે, એક સમયે ચાર કુંભવડે સ્નાન કરાવી ઘુલર ઇત્યાદિકના પીઠ (પાટલા) ઉપર પ્રતિમાને બેસાડી દેવની ચારેમેર પૂર્વાદિ આઠ દિશામાં જલપૂર્ણ કુંભ રાખી તેમાં ગંધ, પુષ્પ, દુર્વા એ પદાર્થ નાંખી પ્રથમ કુંભમાં સપ્તમૃત્તિકા; બીજામાં કમલપત્ર, શમી, વિકંકત (વેહેકળો) અશ્મંતક (આપટો) એમની ત્વચા (ઉપરની છાલ) અને પાન; ત્રીજા કુંભમાં સપ્તધાન્ય; ચોથામાં પંચરત્ન

(સુવર્ણ, હીરો, નીલમ, પરવાળુ, અને મોતી;) પાંચમા કુંભમાં ફળ અને પુષ્પ; છઠ્ઠા કુંભમાં કુશ, દુર્વા, અને ગોરોચન; સાતમા કુંભમાં સપાતોદક; અને આઠમા કુંભમાં સર્વૌષધી, એપ્રમાણે આઠ કુંભશમાં પદાર્થો નાંખી ક્રમથી "आपोहिष्ठा०" મત્ર ૩, "हिरण्यवर्णाः शुचयः०" મત્ર ૪ અને "पवमानानुवाक०" ૧ એ આઠ મત્ર ભણી આઠ કુંભનાં જળવડે અભિષેક કરી એક કુંભમાં શમી, ખાખરો, વડ, ખેર, બીલી, પીપળો, વિકંકત, કણુસ, આંબો, સરસડો અને ધુલર એમનાં પાન તથા રસ નાંખી "अश्वत्थेव०" એ મત્રવડે અભિષેક કરી પચરત્નસંબધી જળવડે "हिरण्यवर्णाः शुचय०" એ મત્ર ભણી સ્નાન કરાવી દેવને બે વસ્ત્ર અર્પણ કરી દેવની ઉપર કેટલાએક મનુષ્ય ચંદરવો બાંધે છે.

यज्ञोपवीतगंधपुष्पधूपदीपान्दत्वा हिरण्यगर्भः० १ यआत्मदा० २ यःप्राणतो० ३ यस्येमे० ४ येन द्यौ० ५ यंक्रंदसी० ६ आपोहयत्० ७ यश्चिदापो० ८ इत्यष्टौपीठेदीपान्दत्वासुवर्णशलाकयातैजसपात्रस्थं मधुघृतंचगृहीत्वाचित्रंदेवाना० तेजोसिशुक्रमस्यमृतमसिधामनामासिप्रियंदेवानामनाधृष्टंदेवयजनमसि इतिमंत्राभ्यां ॐनमोभगवतेतुभ्यंशिवायहरयेनमः हिरण्यरेतसेविष्णोविश्वरूपायतेनम इतिचदक्षिणसव्येदेवनेत्रेमंत्रावृत्त्यालिखेत् अंजंतित्वेत्यंजनेनाहूत्वा देवस्यत्वासवितुःप्रसवे० इंद्रस्येंद्रियेणानज्मीतिमध्वाज्यशर्कराभिरंक्त्वा अंजनेनपुनरंजयेत् ततआदर्शभक्ष्यादिदर्शयेत् अत्रकर्ताचार्यायगामृत्विग्भ्योदक्षिणांदद्यात् आचार्यःप्रत्यृचमादौप्रणवंवदन्पुरुषसूक्तेनस्तुत्वावंशपात्रस्थपंचवर्णौदनेनदेवंनीराजयित्वारुद्रायचतुष्पथादौदद्यात् मंत्रस्तु ॐनमोरुद्रायसर्वभूताधिपतये दीप्तशूलधरायोमादयितायविश्वाधिपतयेरुद्रायवैनमोनमः शिवमगर्हितंकर्मास्तुस्वाहेति अश्वत्थपर्णेभूतेभ्यो नम इति ॥

પછી યજ્ઞોપવીત, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ દેવને અર્પણ કરી "हिरण्यगर्भः० १, यआत्मदा० २, यःप्राणतो० ३, यस्येमे० ४, येनद्यौ० ५, यंक्रंदसी० ६, आपोहयत्० ७, यश्चिदापो० ८," એ આઠ મંત્ર ભણી આઠ દીપ દેવના પીઠ ઉપર જોડી સુવર્ણની શલાકા (સળી) વડે ધાતુપાત્રમાં રહેલાં મધ અને ઘૃત ગ્રહણ કરી चित्रंदेवाना०, तेजोसि०" એ બે મત્ર અને ॐनमो भगवते तुभ्यं, शिवाय हरये नमः ॥ हिरण्यरेतसे विष्णो, विश्वरूपाय ते नमः" એ મંત્ર, એ રીતે ત્રણ મત્રવડે દેવનાં દક્ષિણ અને વામ નેત્રવિષે મત્રોની આવૃત્તિ (બીજીવાર ભણવા) પૂર્વક આંજવાં. "अंजंति त्वा०" એ મંત્ર ભણી દેવનાં નેત્રવિષે કાજળ આંજી "देवस्य त्वा सवितुः प्रसवे० इंद्रस्येंद्रियेणानज्मि०" એ મંત્રવડે મધ, ઘૃત અને સાકર આંજી ફરી કાજળ આંજવું. પછી અરીસો બતાવી ભક્ષ્ય (ભોજન કરવા) યોગ્ય પદાર્થ અર્પણ કરવા. આ દેવપ્રતિષ્ઠાવિષે યજમાને આચાર્યને ગૌદાન અને ઋત્વિજોને દક્ષિણા દેવી. આચાર્યે એક એક મત્રના આદ્યમાં ઓંકારનો ઉચ્ચાર કરતાં પુરૂષસૂક્તવડે સ્તુતિ કરી વાંસના પાત્રવિષે પાંચ રંગવાળા ચોખા પૂરી તેવડે દેવના આરતી કરી તે અન્ન ચોવટાવિષે રુદ્રને નિમિત્તે દેવું (મૂકવું). તેનો મંત્ર-"ॐनमोरुद्रायसर्वभूताधिपतयेदीप्तशूलधरायोमादयितायविश्वाधिपतयेरुद्रायवैनमोनमः ॥ शिवमगर्हितंकर्मास्तुस्वाहा." પીપળાના પાન ઉપર "भूतेभ्यो नमः" એમ કહી અન્ન દેવું.

अथाचार्यःसर्वतोभद्रेदेवताआवाहयेत् मध्येब्रह्माणं पूर्वादिदिक्षुइंद्रादिलोकपालान् ईशानेंद्राद्यंतरालेषुवसून् १ रुद्रान् २ आदित्यान् ३ अश्विनौ ४ विश्वान्देवान् ५ पितॄन् ६ नागान् ७ स्कंदवृषौ ८ ब्रह्मेशानाद्यंतरालेषु दक्षं १ विष्णुं २ दुर्गां ३ स्वधाकारं ४ मृत्युरोगान् ५ समुद्रान् सरितः ६ मरुतः ७ गणपतिं ८ मध्येपृथिवींमेरुंस्थाप्यदेवंचावाह्य प्रागादिषु वज्रंशक्तिंदंडंखड्गंपाशंअंकुशंगदांशूलं तद्बाह्ये गौतमंभरद्वाजंविश्वामित्रंकश्यपंजमदग्निंवसिष्ठमत्रिंअरुंधतींच तद्बाह्ये नवग्रहान् तद्बाह्ये ऐंद्रीं कौमारींब्राह्मींवाराहींचामुंडांवैष्णवींमाहेश्वरींवैनायकीं एतानामभिरावाह्यसंपूज्य प्रतिमायांदेवंतन्मंत्रेणावाह्यमंडलमध्येप्रतिमांसुप्रतिष्ठितोभवेतिनिवेश्य संपूज्यवह्नौ मंडलदेवतानांनामभिस्तिलाज्येनदशदशाहुतीर्हुत्वापुष्पांजलिंसमर्प्य नमोमहदितिदेवंनत्वामंडलादुत्तरतःस्वस्तिकेमंचकंतदुपरिशय्यांकृत्वाउत्तिष्ठेतिदेवमुत्थाप्यमंगलघोषैःशय्यायांदेवमुपवेश्य पुरुषसूक्तोत्तरनारायणाभ्यांस्तुत्वादेवेन्यासं कुर्यात् तथाहि पुरुषात्मनेनमः प्राणात्मने० प्रकृतितत्वाय० बुद्धितत्वाय० अहंकारतत्वाय० मनस्तत्वाय० इतिसर्वांगेषु प्रकृतितत्वाय० बुद्धितत्वाय० हृदि शब्दतत्वाय० शिरसि स्पर्शतत्वाय० त्वचि

रूपतत्त्वाय० हृदि एवंहृद्येवरसगंधश्रोत्रत्वक्चक्षुर्जिह्वाघ्राणवाक्पाणिपादपायूपस्थपृथिव्यप्तेजोवाय्वाकाशसत्त्वरजस्तमोदेहतत्त्वानिविन्यसेत् ततःपुरुषसूक्ताद्यंऋग्द्वयंकरयोः तदुत्तरद्वयं पादयोः तदुत्तरद्वयं जानुनोः तदुत्तरद्वयं कट्योः ततः तिस्रोनाभिहृत्कंठेषु ततोद्वयंवाह्वोः ततोद्वयंनासयोः ततोद्वयमक्ष्णोः अंत्यांशिरसि ततः सुखशायीभवेतिशय्यायांदेवंस्वापयित्वामंडलशय्ययोरंतरानगंतव्यमितिप्रैषंदत्वा स्विष्टकृदादिहोमशेषंसमाप्यमंडलदेवताभ्योनामभिश्चरुणावलीन्दद्यात् नीवारचरुशेषेण दिग्वलिंततोधामंतइतिपूर्णाहुतिंजुहुयात् इत्यधिवासनम् ॥

પછી આચાર્યે સર્વતોભદ્રમંડળવિષે દેવતાનું આવાહન કરવું. તે આ રીતે–મધ્યમાં બ્રહ્મા, પૂર્વાદિ આઠ દિશામાં ઇંદ્રાદિક આઠ લોકપાલ; ઈશાન અને ઇંદ્ર ઇત્યાદિક આઠના મધ્યભાગ વિષે વસુ ૧, રુદ્ર ૨, આદિત્ય ૩, અશ્વિનીકુમાર ૪, વિશ્વેદેવા ૫, પિતૃ ૬, નાગ ૭, સ્કંદ અને વૃષ ૮, એ આઠ; બ્રહ્મા અને ઈશાનાદિક આઠના મધ્યભાગવિષે દક્ષ ૧, વિષ્ણુ ૨, દુર્ગા ૩, સ્વધાકાર ૪, મૃત્યુરોગ ૫, સમુદ્ર અને નદિઓ ૬, વાયુ ૭, ગણપતિ ૮, એ આઠ; મધ્યભાગમાં પૃથિવી, મેરુ અને સ્થાપ્યદેવતા એમનું આવાહન કરી પૂર્વાદિક આઠ દિશાઓમાં વજ્ર, શક્તિ, દંડ, ખડ્ગ, પાશ, અંકુશ, ગદા અને ત્રિશૂળનું સ્થાપન કરવું. તેમાંના બાહ્યભાગવિષે ગૌતમ, ભરદ્વાજ, વિશ્વામિત્ર, કશ્યપ, જમદગ્નિ, વસિષ્ઠ, અત્રિ અને અરૂંધતીનું સ્થાપન કરવું. તેમના બાહ્યભાગમાં નવગ્રહનું સ્થાપન કરવું. તેમના બાહ્યભાગમાં ઐંદ્રી, કૌમારી, બ્રાહ્મી, વારાહી, ચામુંડા, વૈષ્ણવી, માહેશ્વરી, અને વૈનાયકી એમનું નામમંત્રવડે આવાહન કરી પૂજન કરી પ્રતિમાવિષે તે દેવના મંત્રવડે દેવનું આવાહન કરી તે મૂર્ત્તિને મંડળના મધ્યભાગવિષે “सुप्रतिष्ठितो भव” એમ કહી બેસાડવી. પછી તેની પૂજા કરી મંડળદેવતાઓના નામમંત્રવડે તિલ અને આજ્ય એ એક એક દ્રવ્યની દશ દશ આહુતિ અગ્નિમાં હોમ કરવો. પછી દેવને પુષ્પાંજલિ અર્પણ કરી “नमो महत्०” એ મંત્રવડે દેવને નમસ્કાર કરી મંડળથી ઉત્તર ભાગમાં સ્વસ્તિક (સાથિયા) ઉપર મંચક (પલંગ) રાખી તે ઉપર શય્યા કરી “उत्तिष्ठ ब्र०” એ મંત્રવડે દેવને ઉપાડી મંગલવાદ્યના શબ્દપૂર્વક દેવને શય્યા ઉપર બેસાડવા. પછી પુરુષસૂક્ત અને ઉત્તર નારાયણવડે દેવને સ્તુતિ કરી દેવને ન્યાસ કરવા. તે આ રીતે–“पुरुषात्मने नमः, प्राणात्मने०, प्रकृतितत्त्वाय०, बुद्धितत्त्वाय०, अहंकारतत्त्वाय०, मनस्तत्त्वाय०” એ રીતે સર્વ અંગવિષે ન્યાસ કરવા. “प्रकृतितत्त्वाय०, बुद्धितत्त्वाय०, हृदि, शब्दतत्त्वाय० शिरसि, स्पर्शतत्त्वाय० त्वचि, रूपतत्त्वाय० हृदि;” એ પ્રમાણે ન્યાસ કરી હૃદયનેવિષેજ “રસ, ગંધ, શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીહ્વા, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, પાયુ, ઉપસ્થ, પૃથિવી, જળ, તેજ, વાયુ, આકાશ, સત્વ, રજ, અને તમ એ દેહતત્વનો ન્યાસ કરવો. પછી પુરુષસૂક્તનો ન્યાસ કરવો, તે આ રીતે–પ્રથમની બે ઋચા દક્ષિણ અને વામ હાથવિષે; તેની પાછળની બે ઋચા દક્ષિણ અને વામ ગોઠણવિષે; તેની વાસેની બે ઋચા દક્ષિણ અને વામ કટી (કેડ) વિષે; તે પછીની ત્રણ ઋચા નાભી, હૃદય અને કઠ વિષે; તે પછીની બે ઋચા દક્ષિણ અને વામ ભુજ વિષે; તે પછીની બે ઋચા દક્ષિણ, વામ નાસિકાવિષે; તે વાસેની બે દક્ષિણ, વામ નેત્રવિષે; અને છેવટની એક ઋચા મસ્તકવિષે એ રીતે ન્યાસ કરી ત્યાર પછી “सुखशायी भव” એમ કહી દેવને શય્યાઉપર સુવાડી મંડળ અને શય્યાની વચમાંથી કોઇએ જાવું નહી એમ સંભળાવી સ્વિષ્ટકૃત્ ઇત્યાદિક હોમશેષ સમાપ્ત કરી મંડળદેવતાઓના નામમંત્રવડે ચરુ(ભાત) નો બલી દેવો. નીવારચરુના શેષવડે દિગ્બલી દેવો. ત્યાર પછી “धामं ते” એ મંત્રવડે પૂર્ણાહુતિહોમ કરવો. એ રીતે અધિવાસનનો પ્રયોગ કહ્યો.

अथस्थिरार्चायांक्रमोविशेषश्च ॥ संकल्पादिजलाधिवासांतंकृत्वादेवंनत्वा स्वागतंदेवदेवेशेत्यादिप्रार्थनोत्थापनाग्न्युत्तारणादिनेत्रोन्मीलनांतंपूर्ववत् तत्रस्थिरेशिवलिंगे स्वर्णसूच्यागंधेन ॐ नमोभगवतेरुद्रायहिरण्यरेतसेपरायपरमात्मनेविश्वरूपायोमाप्रियायनमइत्युक्त्वाअंजनादिनांजयेदिति नेत्रोन्मीलनेलिंगेविशेषः ततःसूक्तस्तुत्यादिमंडलदेवतास्थापनांतं ततोमंडलेमूर्तिनिवेशस्ततः शय्यायांदेवतारोहणंततःस्तुतिःपूर्वोक्तन्यासः ततःशय्यायांदेवशयनं ततोऽग्निस्थापनादि पूर्वोक्तान्वाधाने विष्णौ नारायणंषोडशाज्याहुतिभिः शिवश्चेत् यातइषुःद्रापेसहस्राणीत्यनुवाकस्यऋग्भीरुद्रमाज्येनेति प्रधानोत्तरमूहइतिविशेषः लोकपालमूर्तिमूर्तिपतिहोमांतंपूर्ववत् स्थाप्यदेवताहोमेनैवारश्चरुर्नास्तिसतैवद्वींपि ततश्चविष्णोःस्थिरार्चायांपूर्वोक्तसमित्तिलाज्यहोमोत्तरंपुरुषसूक्तेनप्रत्यृचमाज्यंहुत्वाइदंविष्णुरि

तिपादौस्पृष्ट्वापुनस्ताप्यहुत्वा अतोदेवेतिशिरःस्पृष्ट्वा पुतनस्ताप्यहुत्वापुरुपसूक्तेनसर्वांगंस्पृशेत् स्थिरं लिंगंचेत्समिदाज्यतिलहोमांते यातइपुइत्यनुवाकांतेनद्रापेइतिसहस्राणीत्यनुवाकाभ्यांचप्रत्यृचमाज्यं हुत्वा सर्वोवैरुद्रइतिमूलंस्पृशेत् पुनस्ताप्यहुत्वाकद्रुद्रायेतिमध्यं पुनस्ताप्यहुत्वा नमोहिरण्यबाहव इत्यग्रंस्पृशेत् पुनस्ताप्यहुत्वा सर्वरुद्रेणसर्वांगंस्पृशेत् इत्यधिवासनेविशेपः ॥

હવે સ્થિર પ્રતિમાવિષે ક્રમ અને વિશેષ કહે છે.

સંકલ્પ થકી જલાધિવાસપર્યંત કર્મ કરી દેવને નમસ્કાર કરી "स्वागतं देवदेवेश०" ઇત્યાદિક પ્રાર્થના, ઉત્થાપન, અગ્ન્યુત્તારણ ઇત્યાદિ નેત્રોન્મીલનપર્યંત કર્મ પ્રથમપ્રમાણે કરવું. તેમાં સ્થિર શિવલિંગ હોય તો સોનાની શલાકાવડે ગંધ લઈ તે ગંધવડે "ॐनमो भगवते रुद्राय हिरण्यरेतसे पराय परमात्मने विश्वरूपायोमाप्रियाय नमः" એવો મંત્ર ભણી કાજળ ઇત્યાદિકવડે નેત્રનાં ચિહ્ન કરવાં, એટલો નેત્રોન્મીલનવિષે લિંગમાં વિશેષ જાણવો. પછી પુરૂષસૂક્તવડે સ્તુતિ ઇત્યાદિક મંડલદેવતાના સ્થાપનપર્યંત કર્મ કરી મંડલવિષે મૂર્ત્તિ પધરાવવી, પછી શય્યાવિષે દેવને બેસાડી સ્તુતિ અને પૂર્વોક્ત ન્યાસ કરવા. પછી શય્યાવિષે દેવને સુવાડી અગ્નિનું સ્થાપન ઇત્યાદિક કરવું. પ્રથમ કહેલા અન્વાધાનવિષે, વિષ્ણુ દેવતા હોય તો "नारायणं पोडशाज्याहुतिभिः" અને શિવ દેવતા હોય તો "यात इपुः, द्रापे०, सहस्राणीत्यनुवाकस्थऋग्भी रुद्रमाज्येन" એવો પ્રધાનદેવતા પછી ઉચ્ચાર કરવો, એટલો વિશેષ જાણવો. લોકપાલમૂર્ત્તિ અને મૂર્ત્તિપતિના હોમપર્યંત કર્મ પ્રથમપ્રમાણે કરવું. સ્થાપ્યદેવતાના હોમવિષે નીવાર ચરુ કરવો નહીં. સાતજ હોમદ્રવ્ય લેવાં. ત્યારપછી વિષ્ણુની સ્થિર પ્રતિમા હોય તો, પ્રથમ કહેલો એવો સમિધ, તિલ અને આજ્યનો હોમ કર્યા પછી પુરૂષસૂક્તની એક એક ઋચાવડે આજ્યનો હોમ કરી "इदंविष्णु०" એ મંત્ર ભણી દેવના ચરણને સ્પર્શ કરી ફરી એજ (પુરૂષસૂક્તની) ઋચાવડે હોમ કરી "अतो देवा०" એ મંત્ર ભણી દેવના મસ્તકને સ્પર્શ કરી ફરી એજ ઋચાવડે હોમ કરી પુરૂષસૂક્ત ભણી દેવના સર્વ અંગને સ્પર્શ કરવો. સ્થિર શિવલિંગ હોય તો, સમિધ, આજ્ય, અને તિલનો હોમ કર્યા પછી, "यात इपुः०" એ અનુવાક "द्रापे०" એ અનુવાક અને "सहस्राणि०" એ અનુવાક એ ત્રણે અનુવાકની એક એક ઋચાવડે આજ્યહોમ કરી "सर्वो वै रुद्र०" એ મંત્રવડે લિંગના મૂળને સ્પર્શ કરવો. ફરી તેની તે ઋચાવડે હોમ કરી "कद्रुद्राय०" એ મંત્રવડે લિંગના મધ્યભાગને સ્પર્શ કરવો. ફરી એજ ઋચાવડે હોમ કરી "नमो हिरण्यवाहवे०" એ અનુવાકવડે લિંગના અગ્રનો સ્પર્શ કરવો. ફરી એજ ઋચાવડે હોમ કરી સંપૂર્ણ રુદ્ર (રુદ્રીના મંત્ર) નો પાઠ કરી સર્વ અંગનો સ્પર્શ કરવો. એપ્રમાણે અધિવાસનનો વિશેષ જાણવો.

परेद्युःपीठिकांस्नापयित्वामहीमूष्विस्यावाह्य अदितिर्द्यौरितिस्तुत्वा ह्रींनमइतिसंपूज्य तेनैवपूर्णाहुतिंहुत्वाउत्तिष्ठब्रह्मणस्पतेइतिदेवमुत्थाप्यपुष्पांजलिंदत्वापुरुपसूक्तेनस्तुत्वा उदुत्यमित्युत्थाप्यकनिक्रददितिसूक्तेनविष्णुंसद्योजातमितिपंचानुवाकैर्लिंगंगृहंप्रवेश्य पीठिकायामिंद्रादिनामभिरष्टरत्नानिक्षिप्त्वा सप्तधान्यरौप्यमनःशिलाःक्षिप्त्वा पायसेनसंलिप्यप्रणवेनांगन्यासंकृत्वासुवर्णशलाकामंतरितांकृत्वासुलग्नेप्रतितिष्ठपरमेश्वरेतिउक्त्वातोदेवेतिविष्णुंरुद्रेणलिंगंचस्थापयेत् ततश्चरुहोमप्राणप्रतिष्ठादि ततःस्थिरार्चायामधिवासनेपरेद्युःकृत्येचविशेपोन्यत्सर्वमुक्तवक्ष्यमाणचलार्चावदेव ॥

બીજે દિવસે પીઠિકાને સ્નાન કરાવી "महीमूपु०" આ મંત્ર ભણી આવાહન કરી "अदितिर्द्यौ०" એ મંત્રવડે સ્તુતિ કરી "ह्रीं नमः" એ મંત્રવડે પૂજન કરી એજ મંત્રવડે પૂર્ણાહુતિ હોમ કરી "उत्तिष्ठ ब्रह्मण०" એ મંત્રવડે દેવને ઉઠાડી પુષ્પાંજલિ દઈ પુરૂષસૂક્તવડે સ્તુતિ કરી "उदुत्यं०" એ મંત્રવડે દેવને ઉઠાડી "कनिक्रद्०" એ સૂક્તવડે વિષ્ણુને અને "सद्योजातं" એ પાંચ અનુવાકવડે લિંગને ઘરમાં પ્રવેશ કરાવી પીઠિકામાં ઇંદ્રાદિક નામવડે આઠ રત્ન નાંખી સપ્તધાન્ય, ચાંદી, મનઃશિલા (મણુશીલ) એ પદાર્થો નાંખી પાયસવડે લીપી પ્રણવમંત્રવડે અંગન્યાસ કરી સુવર્ણની સળી મધ્યમાં રાખી "सुलग्ने प्रतितिष्ठ परमेश्वर" એવું વાક્ય કહી "अतोदेवा०" એ સૂક્તવડે વિષ્ણુની અને રુદ્રમંત્રવડે લિંગની સ્થાપના કરવી. પછી ચરુહોમ, પ્રાણપ્રતિષ્ઠા

કર્મ કરવાં. ત્યાર પછી સ્થિર પ્રતિમાના અધિવાસનવિષે અને બીજા દિવસના કૃત્યવિષે જે વિશેષ તે, અને બીજું સઘળું કર્મ પ્રથમ કહ્યાપ્રમાણે તથા આગળ કહેવાશે જે ચલાર્ચાનો વિધિ તેનીપેઠે કરવું.

अथचलप्रतिष्ठायामधिवासनांतेपरेद्युरेकाहपक्षेसद्योवाउत्तिष्ठब्रह्मणइतिदेवमुत्थाप्यपुरुषसूक्तोत्तरनारायणाभ्यांस्तूयात् ॥

હવે ચલ પ્રતિમા હોય તો અધિવાસન કર્યા પછી બીજે દિવસે અથવા એક દિવસનો પક્ષ હોય તો તેજ સમયે "उत्तिष्ठ ब्र०" એ મંત્રવડે દેવને ઉઠાડી પુરૂષસૂક્ત અને ઉત્તરનારાયણવડે સ્તુતિ કરવી.

अथप्रायःस्थिरचलार्चयोःसाधारणःप्रयोगः ॥ प्रतिष्ठांगंपरेद्युर्होमंकरिष्यइतिसंकल्प्य चक्षुषीआज्येनेत्यंतेस्थाप्यदेवंतन्मंत्रेण घृतपक्वव्रीहिचरुणादशाहुतिभिरग्निंसोमंधन्वंतरिंकुहूमनुमतिंप्रजापतिंपरमेष्ठिनंब्रह्माणमग्निंसोमंअग्निमन्नादंअग्निमन्नपतिंप्रजापतिंविश्वान्देवान्सर्वान्देवानग्निंस्विष्टकृतं पूजांगहोमेविष्णुश्चेत्संकर्षणादिद्वादशदेवताः शार्ङ्गिणंश्रियंसरस्वतींविष्णुंकृसरेणैकैकयाहुत्याविष्णुपञ्चारंकृसरेण शिवश्चेद्भवंशर्वंईशानंपशुपतिंरुद्रमुग्रंभीमंमहांतंकृसरेणैकैकया भवस्यदेवस्यपत्नीमित्याद्यष्टौगुडौदनेनैकैकया० भवस्यदेवस्यसुतमित्यादि ८ हरिद्रौदनेनएकै० रुद्रंसप्तदशवारंशिवंशंकरं सहमानंशितिकंठंकपर्दिनंताम्रमरुणमपगुरमाणंहिरण्यबाहुंसस्पिंजरंबभ्लुशंहिरण्यमेताः कृसरेणैकैकया०शेषेण स्विष्टकृतमित्यादि शूर्पेतूष्णींस्थाप्यदेवतायैचतुर्मुष्टीनग्न्यादिषोडशदेवताभ्यो नाम्नाचतुश्चतुर्मुष्टीन्निरूप्य तथैवप्रोक्ष्यसघृतजलेश्रपयित्वासुच्यावदानधर्मेणस्थाप्यदेवमंत्रेणदशदशाहुतीर्हुत्वानामभिर्जुहुयात् अग्नयेस्वाहा १ सोमाय० २ धन्वंतरये० ३ कुह्वै० ४ अनुमत्यै० ५ प्रजापतये० ६ परमेष्ठिने० ७ ब्रह्मणे० ८ अग्नये० ९ सोमाय० १० अग्नयेन्नादाय० ११ अग्नयेन्नपतये० १२ प्रजापतये० १३ विश्वेभ्योदेवेभ्यः० १४ सर्वेभ्योदेवेभ्यः० १५ भूर्भुवःस्वरग्नये स्विष्टकृतेस्वाहा १६ इति सप्ततेअग्नेसमिधःसप्तजिह्वाःसप्तऋषयःसप्तधामप्रियाणि सप्तहोत्राःसप्तधात्वायजंतिसप्तयोनीरापृणस्वाघृतेन पुनस्त्वादित्यारुद्रावसवःसमिंधतांपुनर्ब्रह्माणोवसुनीथयज्ञैः घृतेनत्वंतन्वंवर्धयस्वसत्याःसंतुयजमानस्यकामाइतिमंत्राभ्यांपूर्णाहुतिंकृत्वाचार्यो याओषधीरितिपुष्पफलसर्वौषधीःसमर्प्य संपातोदकंताम्रपात्रेआदायदेवमंत्रेणशतवारमभिमंत्र्यतेनदेवशिरसिसिंचेत् ततउत्तिष्ठब्रह्मणइतिदेवमुत्थाप्यविश्वतश्चक्षुरित्युपतिष्ठेत् एतेउत्थापनोपस्थानेचलार्चायामेव एवंध्यात्वाजपेत् ब्रह्मणेनमः विष्णवेनमः रुद्राय० इंद्रादीनष्टौ० ८ वसुभ्यो० रुद्रेभ्यो० आदित्येभ्यो० अश्विभ्यां० मरुद्भ्यो० कुबेराय० गंगादिमहानदीभ्यो० अग्नीषोमाभ्यां० इंद्राग्निभ्यां० द्यावापृथिवीभ्यां० धन्वंतरये० सर्वेशाय० विश्वेभ्योदेवेभ्यो० ब्रह्मणइति ततःसंपातोदकेनयजमानाभिषेकः देवंध्यात्वाप्रतितिष्ठपरमेश्वरेतिपुष्पांजलिंदत्वा सच्चिदानंदंब्रह्मैवभक्तानुग्रहायगृहीतविग्रहंस्वायुधाढ्यंनिजवाहनाद्युपेतंनिजहृत्कमलेवस्थितं सर्वलोकसाक्षिणमणीयांसंपरमेष्ठ्यसि परमांघ्रियंगमयेतिमंत्रेण पुष्पांजलावागतंविभाव्यार्चायांविन्यस्यप्राणप्रतिष्ठांकुर्यात् यथा अस्यश्रीप्राणप्रतिष्ठामंत्रस्य ब्रह्मविष्णुरुद्राऋषयः ऋग्यजुःसामानिछंदांसि क्रियामयवपुःप्राणाख्यदेवता आंबीजं क्रौंशक्तिः प्राणप्रतिष्ठायांविनियोगः ब्रह्मविष्णुरुद्रऋषिभ्योनमः शिरसि ऋग्यजुःसामछंदोभ्यो० मुखे प्राणाख्यदेवतायै० हृदि आंबीजाय० गुह्ये क्रौंशक्त्यै पादयोः ॐकंखंगंघंङंअंपृथिव्यप्तेजोवाय्वाकाशात्मनेआंहृदयाय० ॐचंछंजंझंञंइंशब्दस्पर्शरूपरसगंधात्मनेईंशिरसेस्वाहा ॐटंठंडंढंणंउंश्रोत्रत्वक्चक्षुर्जिह्वाघ्राणात्मनेऊंशिखायैवषट् ॐतंथंदंधंनंएंवाक्पाणिपादपायूपस्थात्मनेऐंकवचायहुं ॐपंफंबंभंमंओंवचनादानविहरणोत्सर्गानंदात्मनेऔंनेत्रत्रयायवौषट् ॐयंरंलंवंशंषंसंहंक्षंअंमनोबुद्ध्यहंकारचित्तात्मनेअःअस्त्रायफट् एवमात्मनिदेवेचकृत्वादेवंस्पृष्ट्वाजपेत् ॐआंह्रींक्रौंयंरंलंवंशंषंसंहंसः देवस्य प्राणाइहप्राणाः ॐआंह्रीं० हंसः देवस्य जीवइहस्थितः ॐआंह्रीं० हंसः देवस्य सर्वेंद्रियाणि० ॐआंह्रीं० हंसः देवस्य वाङ्मनश्चक्षुःश्रोत्रघ्राणप्राणाइहागत्यस्वस्तयेसुखेनसुचिरंतिष्ठंतुस्वाहा अर्चाहृदयंगुष्ठंदत्वाजपेत् अस्यैप्राणाःप्रतिष्ठंतुअस्यैप्राणाःक्षरंतुच अस्यैदेवत्वमर्चायैमामहेतिचकश्चन प्रणवेनसंरुध्यसजीवंध्यात्वा ध्रुवाद्यौरित्यृचंजप्त्वा कर्णेगायत्रींदेवमंत्रंचजप्त्वापुरुषसूक्तेनोपस्थाय पादनाभिशिरःस्पृष्ट्वा इहैवैधीतित्रिर्जपेत् ततः कर्ता स्वागतंदेवदेवेशमद्भाग्यात्त्वमिहागतः प्राकृतंत्वमदृष्ट्वामांबालवत्परिपालय धर्मार्थकामसिद्ध्यर्थंस्थिरोभवशिवायनः सान्निध्यंतुसदादेवस्वार्चायांपरिकल्पय यावच्चंद्रावनीसूर्यास्तिष्ठंत्यप्रतिघातिनः तावत्त्वयात्र

देवेशस्थेयंभक्तानुकंपया भगवन्देवदेवेशत्वंपितासर्वदेहिनां येनरूपेणभगवंस्त्वयाव्याप्तंचराचरं तेनरूपेणदेवेशसार्चायांसन्निधौभवेतिनमेत् ॥

હવે બહુધા સ્થિરપ્રતિમા અને ચલપ્રતિમાનો સાધારણ પ્રયોગ કહે છે.

“ प्रतिष्ठांगं परेद्युर्होमं करिष्ये ” એવો સંકલ્પ કરી “ चक्षुषीआज्येनेत्यंते स्थाप्य देवं तन्मंत्रेण घृतपक्वव्रीहिचरुणा दशाहुतिभिरग्निं सोमं धन्वंतरिं कुहूमनुमतिं प्रजापतिं परमेष्ठिनं ब्रह्माणमग्निं सोमं अग्निमन्नादं अग्निमन्नपतिं प्रजापतिं विश्वान्देवान् सर्वान् देवान् अग्निं स्विष्टकृतं. ” વિષ્ણુદેવતા હોય તો, પૂજાના અંગભૂત હોમવિષે “ संकर्षणादिद्वादशदेवताः शार्ङ्गिणं श्रियं सरस्वतीं विष्णुं कृसरेणैकैकयाज्याहुत्या विष्णुं पक्षारं कृसरेण.” શિવદેવતા હોય તો, “ भवं शर्वं ईशानं पशुपतिं रुद्रमुग्रं भीमं महांतं कृसरेणैकैकयाहुत्या भवस्य देवस्य पत्नीमित्याद्यष्टौ गुडोदनेनैकैकया० भवस्य देवस्य सुतमित्यादि ८ हरिद्रोदनेनैकैकया० रुद्रं सप्तदशवारं शिवं शंकरं सहमानं शितिकंठं कपर्दिनं ताम्रमरुणमपगुरमाणं हिरण्यबाहुं सस्पिंजरं बभ्लुशं हिरण्यमेताः कृसरेणैकैकया० शेषेण स्विष्टकृतमित्यादि, ” એપ્રમાણે અન્વાધાન કરી સૂપડામાં મંત્રરહિત સ્થાપ્યદેવતામાટે ચાર મુષ્ટિ અને અગ્નિ ઇત્યાદિ સોળ દેવતામાટે તે તે દેવતાના નામવડે ચાર ચાર મુષ્ટિ તંડુલ લઇ તેમજ એક એક દેવતાના નામવડે પ્રોક્ષણ કરી ઘૃતયુક્ત જળવડે ચરુ રાંધી સુચિવડે અવદાનના નિયમપ્રમાણે સ્થાપ્યદેવતાના મંત્રવડે દશ આહુતિ દઇ (બાકીનો) નામમંત્રવડે હોમ કરવો. તે આ રીતે–“ अग्नये स्वाहा १, सोमाय० २, धन्वंतरये० ३, कुह्वै० ४, अनुमत्यै० ५, प्रजापतये० ६, परमेष्ठिने० ७, ब्रह्मणे० ८, अग्नये० ९, सोमाय० १०, अग्नयेन्नादाय० ११, अग्नयेन्नपतये० १२, प्रजापतये० १३, विश्वेभ्यो देवेभ्यः० १४, सर्वेभ्यो देवेभ्यः० १५, भूर्भुवःस्वरग्नये स्विष्टकृते स्वाहा १६, ” એ રીતે નામમંત્રવડે હોમ કરવો. પછી “ सप्तते अग्ने० १, पुनस्त्वादित्या०, ” એ બે મંત્રવડે પૂર્ણાહુતિહોમ કરી આચાર્યે “ या ओषधि० ” એ મંત્રવડે પુષ્પ, ફળ અને સર્વૌષધી સમર્પણ કરી સંપાતોદક તામ્રપાત્રમાં લઈ તે જળ દેવના મંત્રવડે સોવાર મંત્રિત કરી તે જળ એજ મંત્રવડે દેવના મસ્તક ઉપર સિંચન કરવું. પછી “ उत्तिष्ठ ब्रह्मण० ” એ મંત્રવડે દેવને ઉઠાડી “ विश्वतश्चक्षु० ” એ મંત્રવડે ઉપસ્થાન કરવું. એ ઉત્થાપન અને ઉપસ્થાન ચલપ્રતિમા હોય તોજ કરવાં. એપ્રમાણે ધ્યાન કરી જપ કરવો. તે આ રીતે–ब्रह्मणेनमः, विष्णवेनमः, रुद्राय०, इंद्राय०, अग्नये०, यमाय०, निर्ऋतये०, वरुणाय०, वायवे०, सोमाय०, ईशानाय०, वसुभ्यो०, रुद्रेभ्यो०, आदित्येभ्यो०, अश्विभ्यां०, मरुद्भ्यो०, कुबेराय०, गंगादिमहानदीभ्यो०, अग्नीषोमाभ्यां०, इंद्राग्निभ्यां०, द्यावापृथिवीभ्यां०, धन्वंतरये०, सर्वेशाय०, विश्वेभ्योदेवेभ्यो०, ब्रह्मणे०, ” એ પ્રમાણે જપ કર્યા પછી સપાતોદકવડે યજમાન ઉપર અભિષેક કરવો. પછી દેવનું ધ્યાન કરી “ प्रतितिष्ठ परमेश्वर ” એમ કહી પુષ્પાંજલી સમર્પણ કરી હાથમાં પુષ્પ લઈ “ सच्चिदानंदं ब्रह्मैव भक्तानुग्रहाय गृहीतविग्रहं स्वायुधाढ्यं निजवाहनाद्युपेतं निजहृत्कमलेऽवस्थितं सर्वलोकसाक्षिणमणीयांसं परमेश्वासि परमां श्रियं गमय ” એ પ્રમાણે મંત્ર ભણી હાથમાં ધરેલા પુષ્પવિષે દેવ આવ્યા એવી ભાવના કરી તે પુષ્પ મૂર્ત્તિ ઉપર અર્પણ કરી પ્રાણપ્રતિષ્ઠા કરવી. તે આ રીતે–“ अस्य श्रीप्राणप्रतिष्ठामंत्रस्य ब्रह्मविष्णुरुद्रा ऋषयः ऋग्यजुःसामानि छंदांसि क्रियामयवपुः प्राणाख्या देवता आं बीजं क्रौं शक्तिः प्राणप्रतिष्ठायां विनियोगः ॥ ब्रह्मविष्णुरुद्रऋषिभ्यो नमः शिरसि ॥ ऋग्यजुःसामछंदोभ्यो० मुखे ॥ प्राणाख्यदेवतायै० हृदि ॥ आंबीजाय० गुह्ये ॥ क्रौंशक्तये०पादयोः ॥ ॐकंखंगंघंङंअं पृथिव्यप्तेजोवाय्वाकाशात्मनेआंहृदयाय० ॥ ॐचंछंजंझंञंइंशब्दस्पर्शरूपरसगंधात्मनेईशिरसेस्वाहा ॥ ॐटंठंडंढंणंउं श्रोत्रत्वक्चक्षुर्जिह्वाघ्राणात्मनेऊंशिखायैवषट् ॥ ॐतंथंदंधंनंएंवाक्पाणिपादपायूपस्थात्मनेऐंकवचायहुं ॥ ॐपंफंबंभंमंॐवचनादानविहरणोत्सर्गानंदात्मनेऔंनेत्रत्रयायवौषट् ॥ ॐयंरंलंवंशंषंसंहंक्षंअंमनोबुद्ध्यहंकारचित्तात्मनेअःअस्त्रायफट् ” એ પ્રમાણે પોતાના દેહવિષે અને દેવના સ્વરૂપવિષે ન્યાસ કરી દેવનો સ્પર્શ કરી (આગળ કહેવાય છે તે) જપ કરવો. ॐआंह्रींक्रोंयंरंलंवंशंषंसंहंसःदेवस्यप्राणाइह प्राणाः ॥ ॐआंह्रीं० हंसः देवस्य जीव इह स्थितः ॥ ॐआंह्रीं०हंसःदेवस्य सर्वेंद्रियाणि ॥ ॐआंह्रीं०हंसः देवस्य वाङ्मनश्चक्षुःश्रोत्रघ्राणप्राणा इहागत्यस्वस्तये सुखेनसुचिरंतिष्ठंतु स्वाहा ” એપ્રમાણે જપ કર્યા પછી મૂર્તિના હૃદય ઉપર અંગુઠો રાખી જપ કરવો. તે આ રીતે–“ अस्यै प्राणाः प्रतिष्ठंतु अस्यै प्राणाः क्षरंतु च । अस्यै देवत्वमर्चायै,

मामहेति च कश्चन" એપ્રમાણે જપ કરી પ્રણવવડે વાયુ રોધન કરી મૂર્ત્તિ સજીવ છે એમ ધ્યાન કરવું. પછી "ध्रुवाद्यौ०" એ મંત્રનો જપ કરી દેવના કાનમાં ગાયત્રી અને દેવના મંત્રનો જપ કરી પુરૂષસૂક્તવડે સ્તુતિ કરી દેવનાં ચરણ, નાભી અને મસ્તકને સ્પર્શ કરી "इहैवैधि०" એ મંત્રનો ત્રણવાર જપ કરવો. પછી કર્ત્તાએ "स्वागतं देवदेवेश, मद्भाग्यात्त्वमिहागतः ॥ प्राकृतं त्वमदृष्ट्वा मां, वालवत्परिपालय ॥ धर्मार्थकामसिद्ध्यर्थं, स्थिरो भव शिवाय नः ॥ सान्निध्यं तु सदा देव, स्वार्चायां परिकल्पय ॥ यावच्चंद्रावनीसूर्यास्तिष्ठंत्यप्रतिघातिनः ॥ तावत्त्वयात्र देवेश, स्थेयं भक्तानुकंपया ॥ भगवन्देवदेवेश, त्वं पिता सर्वदेहिनां ॥ येन रूपेण भगवन्, त्वया व्याप्तं चराचरम् ॥ तेन रूपेण देवेश, स्वार्चायां सन्निधौ भव," એ મંત્ર ભણી નમસ્કાર કરવો.

अथाचार्यःकर्तावालिंगमर्चांवाभूःपुरुषमावाहयामि भुवःपुरुषमा० स्वःपुरुष० भूर्भुवःस्वःपुरुष० इत्यावाह्यप्रणवेनासनंदत्वादूर्वाश्यामाकविष्णुक्रांतापद्ममिश्रंपाद्यं ॐइमाआपःशिवतमाःपूताःपूततमामेध्यामेध्यतमाअमृताअमृतरसाः पाद्यास्ताजुषतांप्रतिगृह्यतांप्रतिगृह्णातुभगवान् महाविष्णुर्विष्णवेनमइतिपाद्यं भगवान्महादेवोरुद्रायनमइतिलिंगे एवंदेवतांतरेप्यूह्यं इमाआपःशिव० आचमनीयास्ताजुषतांप्रतिगृह्य० इमाआ० अर्घ्यास्ता०इत्यर्घ्यं पंचामृतस्नानं देवंमंत्रैःसंस्नाप्य इदंविष्णुरितिविष्णौ नमोअस्तुनीलग्रीवायेतिलिंगे कंकणंविसृज्य वस्त्रंयज्ञोपवीतंचदत्वा इमेगंधाःशुभादिव्याःसर्वेगंधैरलंकृताः पूताब्रह्मपवित्रेण पूताःसूर्यस्यरश्मिभिः पूताइत्यादिपूर्ववदिति गंधं इमेमाल्याःशुभादिव्याःसर्वेमाल्यैरलंकृताः पूताइत्यादि इतिमालाः इमेपुष्पाइतिपुष्पं वनस्पतिरसोधूपो० धूपोयंप्रतिगृह्यतां प्रतिगृह्णातुभगवानित्यादि ज्योतिःशुक्रंचतेजश्चदेवानांसततंप्रियं प्रज्योतिःसर्वभूतानांदीपो० तां प्रतिगृह्णातुभगवानितिदीपंदत्वा विष्णौ संकर्षणादिद्वादशनामभिः पुष्पाणिसमर्प्य तैरेवतर्पणंकृत्वा पायसगुडौदनचित्रान्नानि पवित्रंतेविततमितिनिवेद्य संकर्षणादिनामभिर्द्वादशगृहसिद्धान्नकृसराहुतीर्हुत्वा कृसरेणैव शार्ङ्गिणे० श्रियै० सरस्वत्यै० विष्णवे० इतिहुत्वा विष्णोर्नुकं० तदस्यप्रियम० प्रतद्विष्णु० परोमात्रया० विचक्रमे० त्रिर्देवःपृथिवी० इतिमंत्रैःषड्जुहुयात् लिंगेतुदीपांतंकृत्वा भवायदेवाय० शर्वायदेवाय० ईशानायदेवाय० पशुपतयेदेवाय० रुद्रायदेवाय० उग्रायदेवाय० भीमायदेवाय० महतेदेवायनमइतिपुष्पाणिदत्वातैरेवतर्पणंकृत्वापवित्रंतेइतिपायसंगुडौदनंचनिवेद्यभवायदेवायस्वाहेत्याद्यष्टभिः कृसरंजुहुयात् तिलमिश्रौदनःकृसरः भवस्यदेवस्यपत्न्यैस्वाहेत्याद्यष्टभिर्गुडौदनंहुत्वा भवस्यदेवस्यसुतायस्वाहेत्याद्यष्टभिर्हरिद्रौदनंहुत्वा त्र्यंबकं० मानोमहांत० मानस्तोके० आरात्ते० विकिरिद० सहस्राणिसहस्र० इतिद्वादशर्क्चःएतैःकृसरंहुत्वा शिवाय० शंकराय० सहमानाय० शितिकंठाय० कपर्दिने० ताम्राय० अरुणाय० अपगुरमाणाय० हिरण्यबाहवे० सस्पिंजराय० बभ्लुशाय० हिरण्यायेतिद्वादशनामभिर्जुहुयात् स्विष्टकृदादिहोमशेषंसमाप्यपूर्वोक्तसर्वहविर्भिर्विष्णवेलिंगायवाबलिंदद्यात् मंत्रस्तु त्वामेकमाद्यंपुरुषंपुरातनंनारायणंविश्वसृजं यजामहे त्वमेवयज्ञोविहितोविधेयस्त्वमात्मनात्मन्प्रतिगृह्णीष्वहव्यं लिंगेतुनारायणपदेरुद्रंशिवमितिवदेत् अश्वत्थपर्णेभूर्भुवःस्वरोमितिहुतशेषं निधायप्रदक्षिणीकृत्य विश्वभुजेसर्वभुजेआत्मनेपरमात्मनेनमइति नत्वाचार्यायद्वादशतिलपकांवागांदत्वान्तरिग्भ्योदक्षिणांदत्वाशतंद्वादशवाविप्रान्भोजयेदिति प्रासादेनूतनेजलाशयोक्तप्रतिष्ठाविधिःकार्यः तत्र गोरुत्तारणपात्रीप्रक्षेपादिनकुर्यात् वारुणहोमस्थानेचास्तुहोमः इति स्थिरार्चाचलार्चयोःप्रतिष्ठाप्रयोगः ॥

પછી આચાર્યે અથવા યજમાને લિંગ અથવા મૂર્ત્તિવિષે આવાહન કરવું. તે આ રીતે–"भूःपुरुषमावाहयामि, भुवःपुरुषमा०, स्वःपुरुषमा०, भूर्भुवस्वःपुरुषमा०" એપ્રમાણે આવાહન કરી પ્રણવમંત્રવડે આસન દઇ દુર્વા, સામો, વિષ્ણુકાંતા (કાળી ગોકર્ણી, શંખપુષ્પી), અને કમળ એમણે મિશ્રિત એવું પાદ્ય કરી "ॐइमा आपः शिवतमाः पूताः पूततमा मेध्या मेध्यतमा अमृता अमृततमाः पाद्यास्ता जुषतां प्रतिगृह्यतां प्रतिगृह्णातु भगवान् महाविष्णुर्विष्णवे नमः" એ મંત્રવડે તે પાદ્યોદક સમર્પણ કરવું. લિંગ હોય તો "भगवान् महादेवो रुद्राय नमः" એવો મંત્રના અંતવિષે ઉચ્ચાર કરવો. એ રીતે બીજા દેવતાવિષે પણ કલ્પના કરવી. "इमा आप शिव० आचमनीयास्ताजुषतां प्रतिगृह्य० इमाआ० अर्घ्यास्ता०" એ રીતે આચમન અને અર્ઘ્ય દેવાં. પછી પંચામૃતસ્નાન કરાવી દેવને મંત્રવડે શુદ્ધસ્નાન કરાવવું. પછી "इदं विष्णु०" એ મંત્રવડે વિષ્ણુને, "नमो अस्तु नीलग्रीवाय०" એ મંત્રવડે લિંગને કંકણનું વિસર્જન કરી વસ્ત્ર, યજ્ઞોપવીત અર્પણ કરી "इमे गंधाः शुभा दिव्याः सर्वगंधैरलंकृताः ॥

पूता ब्रह्मपवित्रेण, पूताः सूर्यस्य रश्मिभिः" એ મંત્ર અને पूताः पूततमा०" એ પ્રથમ કહેલા મંત્રવડે ગંધ સમર્પણ કરવું "इमे माल्या शुभा दिव्याः, सर्वमाल्यैरलंकृताः॥ पूता०" ઇત્યાદિક મંત્રવડે માલા અર્પણ કરવી. "इमे पुष्पा०" ઇત્યાદિક મંત્રવડે પુષ્પ સમર્પણ કરવાં. "वनस्पतिरसो धूपो० धूपोयं प्रतिगृह्यतां, प्रतिगृह्णातु भगवान्" એ મંત્રવડે ધૂપ, "ज्योतिः शुक्रं च तेजश्च, देवानां सततं प्रियं॥ प्रज्योतिः सर्वभूतानां, दीपोयं० प्रतिगृह्णातु भगवान्" એ મંત્રવડે દીપ દઈ; વિષ્ણુદેવતા હોય તો, તેને સંકર્ષણાદિ દ્વાદશનામવડે પુષ્પ અર્પણ કરી એજ બાર નામવડે તર્પણ કરી પાયસ, ગુડયુક્ત અન્ન (ભાત) અને વિચિત્ર ભાત "पवित्रं ते०" એ મંત્રવડે નિવેદન કરી સંકર્ષણાદિ બાર નામવડે ઘરમાં રાંધેલા કૃસરની (બાર) આહુતિ હવન કરી કૃસરવડેજ "शार्ङ्गिणे०, श्रियै०, सरस्वत्यै०, विष्णवे०" એપ્રમાણે હોમ કરી "विष्णोर्नुकं०, तदस्य प्रियम०, प्रतद्विष्णु०, परोमात्रया०, विचक्रमे०, त्रिर्देवः पृथिवी०" એ છ મંત્રવડે હોમ કરવો. લિંગદેવતા હોય તો, દીપદાનપર્યંત પૂજન કરી "भवाय देवाय०, शर्वाय देवाय०, ईशानाय देवाय०, पशुपतये देवाय० रुद्राय देवाय०, उग्राय देवाय०, भीमाय देवाय० महते देवाय नमः" એ પ્રમાણે પુષ્પ અર્પણ કરી તેના તે નામમંત્રવડે તર્પણ કરી "पवित्रं ते०" એ મત્રવડે પાયસ અને ગોળભાત નિવેદન કરી "भवाय देवाय स्वाहा" ઇત્યાદિક આઠ મંત્રવડે કૃસરનો હોમ કરવો. તિલમિશ્રિત જે ભાત તે કૃસર. "भवस्य देवस्य पत्न्यै स्वाहा" ઇત્યાદિક આઠ નામમંત્રવડે ગોળભાતનો હોમ કરી "भवस्य देवस्य सुताय स्वाहा" ઇત્યાદિક આઠ નામમંત્રવડે હરિદ્રોદન (હળદરસહિત ભાત) નો હોમ કરવો. પછી. "त्र्यंबकं० मानो महांतं०, मानस्तोके०, आरात्ते०, विकिरिद०, सहस्राणि सहस्र०," એ બાર ઋચાવડે કૃસરનો હોમ કરી "शिवाय०, शंकराय०, सहमानाय०, शितिकंठाय०, कपर्दिने०, ताम्राय०, अरुणाय०, अपगुरमाणाय, हिरण्यबाहवे०, सस्पिंजराय०, वभ्लुशाय०, हिरण्याय०" એ બાર નામવડે હોમ કરવો. પછી સ્વિષ્ટકૃત ઇત્યાદિ હોમશેષ સમાપ્ત કરી પૂર્વોક્ત સઘળાં હોમદ્રવ્યવડે વિષ્ણુ અથવા લિંગ જે દેવતા હોય તેને બલિદાન દેવું. તેના મંત્ર–"त्वामेकमाद्यं पुरुषं पुरातनं, नारायणं विश्वसृजं यजामहे ॥ त्वमेव यज्ञो विहितो विधेयस्त्वमात्मनात्मन् प्रतिगृह्णीष्व हव्यं." લિંગ હોય તો "नारायणं" એ પદને ઠેકાણે "रुद्रं, शिवं" એવો ઉચ્ચાર કરવો. પીપળાના પાન ઉપર "भूर्भुवः स्वरोम्" એ મંત્રવડે હોમશેષ રાખી પ્રદક્ષિણા કરી "विश्वभुजे सर्वभुजे आत्मने परमात्मने नमः" એ મંત્રવડે નમસ્કાર કરી આચાર્યને બાર, ત્રણ અથવા એક ગોદાન દઈ ઋત્વિજોને દક્ષિણા દઇ સો અથવા બાર બ્રાહ્મણભોજન કરાવવાં. નવીન દેવમંદિર હોય તો જલાશયમાટે કહેલો પ્રતિષ્ઠાનો વિધિ કરવો. તે પ્રાસાદવિધિવિષે ગાયનું ઉત્તારણ અને પાત્રીનો પ્રક્ષેપ (નાંખવું) ઇત્યાદિક વિધિ કરવો નહીં. વારુણ હોમને બદલે વાસ્તુદેવતાને ઉદ્દેશે હોમ કરવો. એ રીતે સ્થિરપ્રતિમા અને ચલપ્રતિમાની પ્રતિષ્ઠાનો પ્રયોગ કહ્યો.

अथातोपिसंक्षिप्तएकाध्वरविधानेनचलप्रतिष्ठाप्रयोगः ॥ संकल्पादिनांदीश्राद्धांतंप्राग्वत् एकमाचार्यंवृणुयात् आचार्योमुकदेवप्रतिष्ठाकर्मकरिष्येइत्यादिसर्षपविकिरणांतं सर्वतोभद्रमंडलेप्राग्वन्नामभिर्ब्रह्मादिमंडलदेवताआवाह्यसंपूज्य यथागृह्यमग्निंप्रतिष्ठाप्यान्वादध्यात् आज्यभागांते स्थाप्यदेवतांसहस्रमष्टोत्तरशतंवासमिदाज्यचरुतिलद्रव्यैर्ब्रह्मादिमंडलदेवताः प्रत्येकंदशदशतिलाज्याहुतिभिःशेषेणेत्यादि तूष्णींनिर्वापप्रोक्षणे आज्यभागांते तडागनदीतीरगोष्ठचत्वरपर्वतगजाश्वहृदवल्मीकसंगमेतिदशमृद्भिरष्टवारंदेवंसंस्नाप्यपंचगव्यैःक्रमेणस्नापयित्वा दूर्वासिद्धार्थपल्लवोपेतैरष्टकलशैरापोहिष्ठादिमंत्रैरभिषिच्याग्न्युत्तारणंकुर्यात् सर्वतोभद्रस्थपीठेदेवमुपवेश्यनानावस्त्रगंधधूपादिदत्वाष्टदिक्षुपल्लवादियुतोदकुंभानष्टौदीपांश्चसंस्थाप्य प्राग्वन्नेत्रोन्मीलनंचित्रान्नेनबलिंदत्वापुरुषसूक्तेनस्तुत्वोक्तद्रव्यचतुष्टयंस्थाप्यदेवमंत्रेणहुत्वा एकैकद्रव्यहोमांतेदेवंस्पृशेत् आज्यहोमेकुंभेसंपातान्क्षिपेत् मंडलदेवताभ्योहुत्वाहोमशेषंसमाप्यपूर्णाहुतिंकुर्यात् ॥

હવે એનાં કરતાં પણ સંક્ષેપે એવો એકાધ્વરવિધિવડે ચલપ્રતિષ્ઠાનો પ્રયોગ કહે છે— સંકલ્પથકી નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ પ્રથમપ્રમાણે કરવું. એક આચાર્યને વરાવવા. પછી આચાર્યે "अमुकदेवताप्रतिष्ठाकर्म करिष्ये," એવો સંકલ્પ કરવો ઇત્યાદિકથકી સર્ષપ છાંટવાપર્યંત કર્મ કરવું. પછી સર્વતોભદ્રમંડળવિષે પ્રથમની પેઠે બ્રહ્માદિક મંડળદેવતાઓનું આવાહન કરી તેમની પૂજા કરી પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે અગ્નિની સ્થાપના કરી અન્વાધાન કરવું. આજ્યભાગપર્યંત કર્મ ગયા પછી

"स्थाप्यदेवतां सहस्रमष्टोत्तरशतं वा समिदाज्यचरुतिलद्रव्यैर्ब्रह्मादिमंडलदेवताः प्रत्येकं दश दश तिलाज्याहुतिभिः शेषेण इत्यादि" અન્વાધાન કરી ચરુ કરવામાટે એક એક દેવતાને અર્થે ચાર ચાર મુષ્ટિ ચોખા લેવા અને તેનું પ્રોક્ષણ કરવું તે મંત્રરહિત કરવું. આજ્યભાગપર્યંત કર્મ થયા પછી તલાવ, નદીતીર, ગોષ્ઠ (ગોશાળા), આંગણું, પર્વત, હસ્તિનું સ્થાન, ઘોડાર, હ્રદ (પાણીનો ધ્રો), રાફડો, અને સંગમ (ચોવટો) એ દશ સ્થાનકોની મૃત્તિકાવડે આઠવાર દેવને સ્નાન કરાવી પંચગવ્યવડે ક્રમથી સ્નાન કરાવી દૂર્વા, સર્ષવ અને પંચપલ્લવે યુક્ત આઠ કલશવડે "आपोहिष्ठा०" ઇત્યાદિક મંત્રવડે અભિષેક કરી અગ્ન્યુત્તારણ કરવું. પછી સર્વતોભદ્રઉપર રાખેલા પીઠઉપર દેવને બેસાડી નામમંત્રવડે વસ્ત્ર, ગંધ, ધૂપ ઇત્યાદિક અર્પણ કરી આઠે દિશાવિષે પંચપલ્લવાદિકે યુક્ત આઠ કલશ અને આઠ દીપ સ્થાપન કરી પ્રથમનીપેઠે નેત્રોન્મીલન અને ચિત્ર અન્નવડે બલિદાન કરી પુરુષસૂક્તવડે સ્તુતિ કરી પ્રથમ કહેલાં ચાર દ્રવ્યનો સ્થાપ્યદેવતાના મંત્રવડે હોમ કરી એક એક દ્રવ્યના હોમની અંતે દેવને સ્પર્શ કરવો. આજ્યહોમ કર્યા પછી કુંભવિષે સંપાત નાંખવા. મંડલદેવતાનો હોમ કરી હોમશેષ સમાપ્ત કરી પૂર્ણાહુતિ હોમ કરવો.

ततःपूर्वोक्तरीत्यासूक्तन्यासावाहनप्राणतिष्ठांतंकृत्वा इहैवैधीतितृचंपुरुपसूक्तंचजप्त्वामूलमंत्रादिनावाहनादिपंचामृतस्नानांतेसंपातोदकैरिमाआपःशिवतमाइत्यादिनाभिपेकः वस्त्रादिनैवेद्यांतंप्राग्वत्तांबूलफलदक्षिणानीराजननमस्कारप्रदक्षिणादिविधाय पुष्पांजलिंदत्वासाचार्यःकर्तादेवंनत्वाक्षमाप्याचार्यदक्षिणांतेऽष्टकुंभोदकैर्यजमानाभिपेकः विष्णुंस्मृत्वाकर्मेश्वरेर्पयेदितिसंक्षेपः ॥

પછી પૂર્વોક્ત રીતિપ્રમાણે સૂક્તનો ન્યાસ, આવાહન અને પ્રાણપ્રતિષ્ઠાપર્યંત કર્મ કરી "इहैવેધિ૦" ઇત્યાદિક ત્રણ ઋચા અને પુરુષસૂક્તનો જપ કરી મૂળમંત્રાદિવડે આવાહનથકી પંચામૃતસ્નાનપર્યંત કર્મ થયા પછી સંપાતોદકવડે "इमा आपः शिवतमा०" ઇત્યાદિક મંત્રવડે અભિષેક કરવો. પછી વસ્ત્રાદિકથકી નૈવેદ્યપર્યંત પૂજા પ્રથમપ્રમાણે કરવી. પછી તાંબૂલ, ફલ, દક્ષિણા, નીરાજન (આરતી), નમસ્કાર, પ્રદક્ષિણા ઇત્યાદિક કરી દેવને પુષ્પાંજલી અર્પણ કરી આચાર્યસહિત કર્ત્તાએ દેવને નમસ્કાર કરી પ્રાર્થના કરી આચાર્યને દક્ષિણા દીધા પછી આચાર્યે આઠ કુંભના જલવડે યજમાનને અભિષેક કરવો. પછી વિષ્ણુનું સ્મરણ કરી કર્મ ઈશ્વરને અર્પણ કરવું. એપ્રમાણે સંક્ષેપ જાણવો.

अथपुनःप्रतिष्ठा ॥ मद्यचांडालस्पृष्टावह्निदग्धाविप्ररक्तदूपिताशवपापिस्पृष्टाचप्रतिमापुनःसंस्कार्या खंडितेस्फुटितेस्थानभ्रंशेपूजनाभावेश्वगर्दभादिस्पर्शेपतितरजस्वलाचोरैःस्पर्शेचपुनःप्रतिष्ठा खंडितांभग्नांविधिनोद्धृत्यान्यांस्थाप्य अर्चायाभंगचौर्यादौतद्दिनेउपवासः ताम्रादिधातुमूर्तीनांचोरचांडालादिस्पर्शेताम्रादिधातूक्तशुद्धिंकृत्वापुनःप्रतिष्ठा पूर्वप्रतिष्ठितायाअबुद्धिपूर्वकमेकरात्रमेकमासंद्विमासंवार्चनादिविच्छेदेशूद्ररजस्वलाद्युपस्पर्शेनेवाजलाधिवासंकृत्वा कलशेनस्नपयेत् ततःपंचगव्येनस्नापयित्वाऽष्टसहस्रमष्टशतमष्टाविंशतिसंख्यंवाकलशैःशुद्धोदकेनपुरुपसूक्तेनस्नपयेत् गंधपुष्पादिनापूजयित्वागुडौदनंनिवेदयेदितिशुद्धिः ॥

હવે પુનઃપ્રતિષ્ઠા કહે છે.

મદ્ય અથવા ચાંડાલનો જેને સ્પર્શ થયો હોય તે, અગ્નિવડે દગ્ધ થયેલી, બ્રાહ્મણના રૂધિરવડે દૂષિત થયેલી, શબ અથવા પાપીએ સ્પર્શ કરેલી એવી મૂર્ત્તિની પુનઃપ્રતિષ્ઠા કરવી. ખંડિત; સ્ફુટિત (ફુટેલી); સ્થાનભ્રષ્ટ; પૂજનનો અભાવ; કુતરાં, ખર ઇત્યાદિકનો સ્પર્શ; અથવા પતિત, રજસ્વલા, ચોર એમનો સ્પર્શ; એ થયું હોય તો પણ પુનઃપ્રતિષ્ઠા કરવી. ખંડિત થયેલી અથવા ભાંગેલી મૂર્ત્તિને વિધિપૂર્વક ઉઠાડી બીજી મૂર્ત્તિ સ્થાપન કરવી. મૂર્ત્તિનો ભંગ અથવા ચોરી ઇત્યાદિક જે દિવસે થાય તે દિવસે ઉપવાસ કરવો. ત્રાંબુ ઇત્યાદિક ધાતુની મૂર્ત્તિને ચોર, ચાંડાલ ઇત્યાદિકનો સ્પર્શ થાય તો તામ્રાદિક ધાતુમાટે કહેલી શુદ્ધિ કરી પુનઃપ્રતિષ્ઠા કરવી. પ્રથમ પ્રતિષ્ઠા કરેલી મૂર્ત્તિની અજાણમાં એક રાત્રિ, એક માસ, અથવા બે માસપર્યંત પૂજા ઇત્યાદિકનો નાશ થાય અથવા શૂદ્ર, રજસ્વલા ઇત્યાદિકનો સ્પર્શ થાય તો જલાધિવાસ કરી કલશવડે સ્નાન કરાવવું. પછી પંચગવ્યવડે સ્નાન કરાવી આઠ સહસ્ર, આઠસો અથવા અઠ્ઠાવીશ કલશવડે શુદ્ધોદકે કરી પુરુષસૂક્ત ભણી સ્નાન કરાવવું. પછી ગંધ, પુષ્પ ઇત્યાદિકવડે પૂજન કરી ગોળભાતનું નૈવેદ્ય અર્પણ કરવું. એ પ્રમાણે મૂર્ત્તિની શુદ્ધિ કરવી.

बुद्धिपूर्वंपूजनविच्छेदेशूद्रस्पर्शादौचपुनःप्रतिष्ठयैवशुद्धिः अन्येतु एकाहपूजाविहतौकुर्याद्द्विगुणमर्चनं द्विरात्रेतुमहापूजांसंप्रोक्षणमतःपरं मासादूर्ध्वंपूजाविहतौपुनःप्रतिष्ठाप्रोक्षणविधिर्वाकार्यइत्याहुः पुनःप्रतिष्ठादिमलमासशुक्रास्तादावपिकार्यं देवालयवापीकूपतडागभेदने आरामसेतुसभाभंगेइदंविष्णुर्मानस्तोकेविष्णोःकर्माणिपादोस्येतिचतस्रआज्याहुतीर्हुत्वाब्राह्मणान्भोजयेदिति ॥

બુદ્ધિપૂર્વક પૂજાનો નાશ થયો હોય અથવા શૂદ્રાદિકનો સ્પર્શ થયો હોય તો પુનઃપ્રતિષ્ઠા કરવાથીજ શુદ્ધિ થાય છે. બીજા ગ્રન્થકાર તો, "એક દિવસ પૂજાનો નાશ થાય તો દ્વિગુણ પૂજા કરવી, બે રાત્ર પૂજાનો નાશ થાય તો મહાપૂજા કરવી, બે કરતાં અધિક દિવસ પૂજાનો નાશ થાય તો પ્રોક્ષણવિધિ કરવો," એક માસ કરતાં અધિક પૂજાનો નાશ થયો હોય તો પુનઃપ્રતિષ્ઠા અથવા પ્રોક્ષણવિધિ કરવો, એમ કહે છે. પુનઃપ્રતિષ્ઠા ઇત્યાદિક કરવું તે મલમાસ, શુક્રના અસ્તાદિકવિષે પણ કરવું. દેવમંદિર, વાવ, કુવા અને તલાવનો ભેદ (ફુટવું) થયો હોય; બાગ, સેતુ (પુલ, પાળ), સભા એમનો ભંગ થયો હોય તો "इदंविष्णु०, मानस्तोके०, विष्णोः कर्माणि०, पादोस्य०," એ ચાર ઋચાવડે ચાર આજ્યાહુતિ હોમ કરી બ્રાહ્મણોને ભોજન કરાવવું.

अथप्रोक्षणविधिः ॥ देवमुद्वास्यपंचवारंमृज्जलैःप्रक्षाल्य पंचगव्यैःस्नापयित्वाकुशोदकैर्विशोध्यमूलेनाष्टोत्तरशतवारंप्रोक्ष्यमूलेनमूर्धादिपीठांतंसंस्पृश्य तत्त्वन्यासलिपिन्यासमंत्रन्यासपूर्वकंप्राणप्रतिष्ठांकृत्वामहापूजांकुर्यात् पूजाहीनादिषुह्येषसंप्रोक्षणविधिःस्मृतः ॥

હવે પ્રોક્ષણનો વિધિ કહે છે.

દેવનું વિસર્જન કરી મૃત્તિકા અને જલવડે દેવને પાંચવાર પ્રક્ષાલન કરી પંચગવ્યવડે સ્નાન કરાવી કુશોદકવડે દેવની શુદ્ધિ કરી મૂલમંત્રવડે (૧૦૮) વાર પ્રોક્ષણ કરી મૂલમંત્રવડે મસ્તકથકી પીઠપર્યંત સ્પર્શ કરવો. પછી તત્ત્વન્યાસ લિપિન્યાસ અને મંત્રન્યાસ કરી પ્રાણપ્રતિષ્ઠા કરી મહાપૂજા કરવી. "જેની પૂજાનો ભંગ થયો હોય ઇત્યાદિક મૂર્ત્તિવિષે એ પ્રોક્ષણવિધિ કહ્યો છે."

अथजीर्णोद्धारः ॥ सचलिंगादौभग्नेदग्धेचलितेवाकार्यः अयंचानादिसिद्धप्रतिष्ठितलिंगादौभंगादिदोषेपिनकार्यः तत्रतुमहाभिषेकःकार्यः ॥

હવે જીર્ણોદ્ધાર કહે છે.

જીર્ણોદ્ધાર કરવાનો તે લિંગ ઇત્યાદિક ભગ્ન, દગ્ધ, અથવા ચલિત થયું હોય તો કરવો. અનાદિસિદ્ધ સ્થાપિત, લિંગ અથવા મૂર્ત્તિ ઇત્યાદિકને ભંગાદિક દોષ થયો હોય તથાપિ એનો જીર્ણોદ્ધાર કરવો નહીં, ત્યારે ત્યહાં મહાભિષેક કરવો.

कर्तामुकदेवस्यजीर्णोद्धारंकरिष्येइत्युक्त्वा नांदीश्राद्धांतंकृत्वाचार्यंवृत्वा पीठेमंडलदेवताआवाह्यलिंगेव्यापकेश्वरहृदयायनमःॐव्यापकेश्वरशिरसेस्वाहेत्यादिषडंगंकृत्वा देवतांतरेमूलमंत्रेणषडंगंकृत्वार्चयेत् अघोरेतिमंत्रमष्टोत्तरशतंजप्त्वाग्निंप्रतिष्ठाप्यअघोरेणघृताक्तसर्षपैःसहस्रंहुत्वेंद्रादिभ्योनाम्नाबलिंदत्वाजीर्णदेवंप्रणवेनसंपूज्य साज्यतिलैर्मंडलदेवताहोमंकृत्वाप्रार्थयेत् जीर्णभग्नमिदंचैवसर्वदोषावहं नृणां अस्योद्धारेकृतेशांतिःशास्त्रेस्मिन्कथितात्वया जीर्णोद्धारविधानंचनृपराष्ट्रहितावहं तदधस्तिष्ठतां देवप्रहरासितवाज्ञया क्षीराज्यमधुदूर्वासमिद्भिर्देवमंत्रेणाष्टोत्तरशतंहुत्वातिलैःसहस्रंहुत्वापायसेनशतं हुत्वालिंगंप्रार्थयेत् लिंगरूपंसमागत्ययेनेदंसमधिष्ठितं यायास्त्वंसंमितंस्थानंसंत्यज्यैवशिवाज्ञया अत्र स्थानेचयाविद्याःसर्वेविद्येश्वरैर्युताः शिवेनसहसंतिष्ठेतिमंत्रितजलेनाभिषिच्यविसर्जयेत् अस्त्रमंत्रितेन खनित्रेणखात्वालिंगमादाय वामदेवमंत्रेणनद्यादौक्षिपेत् मूर्तिंप्रणवेनक्षिपेत् दारुजंमधुनाभ्यज्याघोरेण दहेत् हेमादिमयंयोग्यंकृत्वातत्रैवस्थापयेत्ततःशांत्यर्थमघोरेणघृतक्षीरमध्वक्तैस्तिलैःसहस्रंहुत्वाप्रार्थयेत् भगवन्भूतभव्येशलोकनाथजगत्पते जीर्णलिंगसमुद्धारःकृतस्तवाज्ञयामया अग्निनादारुजंदग्धंक्षिप्तंशैलादिकंजले प्रायश्चित्तायदेवेशअघोरास्त्रेणतर्पितं ज्ञानतोज्ञानतोवापियथोक्तंनकृतंयदि तत्सर्वंपूर्णमेवास्तु त्वत्प्रसादान्महेश्वर अथयजमानःप्रार्थयेत् गोविप्रशिल्पिभूपानामाचार्यस्यचयज्वनः शांतिर्भवतुदेवेश अच्छिद्रंजायतामिदं मूर्तौतुविशेषः त्वत्प्रसादेननिर्विघ्नंदेहंनिर्मापयत्यसौ वासंकुरुष्वसुरश्रेष्ठतावत्त्वंचाल्पकेगृहे वसक्लेशंसहित्वेहमूर्तिंवैतथपूर्ववत् यावत्कारयतेभक्तःकुरुतस्यचवांछितं ततोनवांमूर्तिंलिंगंवाप्रत्योक्तविधिना प्रतिष्ठाकालानपेक्षयामासादर्वाक्स्थापयेत् इतिजीर्णोद्धारः ॥

કર્તાએ " अमुकदेवस्य जीर्णोद्धारं करिष्ये " એવો સંકલ્પ કરી નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ કર્યા પછી આચાર્યને વરાવી સર્વતોભદ્ર પીઠ ઉપર મંડલદેવતાઓનું આવાહન કરી લિંગનેવિષે " ॐ व्यापकेश्वरहृदयाय नमः ॐ व्यापकेश्वरशिरसेस्वाहा " ઇત્યાદિક ષડંગન્યાસ કરી અને બીજો દેવ હોય તો તે દેવના મૂલમંત્રવડે ષડંગન્યાસ કરી પૂજા કરવી. " अघोरेभ्यो० " એ મંત્રનો (૧૦૮) જપ કરી અગ્નિસ્થાપન કરી " अघोरेभ्यो० " એ મંત્રે કરી ઘૃતમાં ભીંજવેલા સર્ષપનો સહસ્ર હોમ કરી ઇંદ્રાદિક દેવના નામમંત્રવડે બલિદાન દઈ પ્રણવમંત્રવડે જીર્ણ દેવની પૂજા કરી ઘૃતયુક્ત તિલવડે મંડલદેવતાનો હોમ કરી પ્રાર્થના કરવી, તેનો મંત્ર—" जीर्णभग्नमिदं चैव, सर्वदोषावहं नृणां ॥ अस्योद्धारे कृते शांतिः, शास्त्रेस्मिन् कथिता त्वया ॥ जीर्णोद्धारविधानं च, नृपराष्ट्रहितावहं ॥ तदधिष्ठितां देव, प्रहरामि तवाज्ञया, " એપ્રમાણે પ્રાર્થના કરી દૂધ, ઘી, મધ, દૂર્વા અને સમિધવડે દેવનો મંત્ર ભણી (૧૦૮) હોમ કરી તિલનો સહસ્રહોમ કરી પાયસ (દૂધપાક)નો સો હોમ કરી લિંગની પ્રાર્થના કરવી તેનો મંત્ર-लिंगरूपं समागत्य, येनेदं समधिष्ठितं ॥ यायास्त्वं संसितं स्थानं, संत्यज्यैव शिवाज्ञया ॥ अत्र स्थाने च या विद्याः सर्वविद्येश्वरैर्युताः, " એ પ્રમાણે પ્રાર્થના કરી " शिवेन सह संतिष्ठ०, " એ મંત્રવડે અભિમંત્રિત જળવડે અભિષેક કરી વિસર્જન કરવું. અસ્ત્રમંત્રવડે મંત્રેલાં ખનિત્ર (ખોદવાનાં સાધન)વડે ખોદી તે લિંગ લઇ " वामदेव० " એ મંત્રવડે નદી ઇત્યાદિકવિષે નાંખવું. મૂર્ત્તિ હોય તો પ્રણવમંત્રવડે નાંખવી. કાષ્ઠની મૂર્ત્તિ હોય તો મધમાં ભીંજાવીને–"अघोरेभ्यो० " એ મંત્રવડે બાળવી. સુવર્ણ ઇત્યાદિક ધાતુમય હોય તો તેને યથાયોગ્ય સરખી કરી ફરી તેજ ઠેકાણે સ્થાપિત કરવી. પછી શાંતિમાટે " अघोरेभ्यो० " એ મંત્રવડે ઘૃત, દૂધ અને મધમાં ભીંજવેલા તિલનો સહસ્ર હોમ કરી પ્રાર્થના કરવી. તેના મંત્ર—" भगवन् भूतभव्येश, लोकनाथ जगत्पते ॥ जीर्णलिंगसमुद्धारः, कृतस्त्वदाज्ञया मया ॥ अग्निना दारुजं दग्धं, क्षिप्तं शैलादिकं जले ॥ प्रायश्चित्ताय देवेश, अघोरास्त्रेण तर्पितं ॥ ज्ञानतोज्ञानतो वापि, यथोक्तं न कृतं यदि ॥ तत्सर्वं पूर्णमेवास्तु, त्वत्प्रसादान्महेश्वर " પછી યજમાને પ્રાર્થના કરવી, તે આ રીતે—" गोविप्रशिल्पिभूपानामाचार्यस्य च यज्वनः ॥ शांतिर्भवतु देवेश, अच्छिद्रं जायतामिदं. " મૂર્ત્તિ હોય તો પ્રાર્થનાનો વિશેષ—" त्वत्प्रसादेन निर्विघ्नं, देहं निर्मापयत्यसौ ॥ वासं कुरु सुरश्रेष्ठ, तावत्त्वं चाल्पके गृहे ॥ वस क्लेशं सहित्वेह, मूर्त्तिं वै तव पूर्ववत् ॥ यावत्कारयते भक्तः, कुरु तस्य च वांछितं. " પછી નવીન મૂર્ત્તિ અથવા લિંગ કરી પ્રથમ કહેલા વિધિવડે પ્રતિષ્ઠાના મુહૂર્ત્તની પ્રતીક્ષા (વાટ) ન જોતાં માસની અંદર સ્થાપના કરવી. એપ્રમાણે જીર્ણોદ્ધાર કહ્યો.

प्रतिमाशिवलिंगप्रासादकलशादिभंगेस्वामिनोमरणंभवेत् तत्रशांतिः कुंडंकृत्वाविधानेनततोहोमं समाचरेत् चरुंचयमदैवत्यंसाधयित्वाविधानतः दधिक्षौद्रघृताक्तानामश्वत्थसमिधांततः जुहुयादष्टशतंमाइमारुद्रेतिमंत्रवित् माषैर्मुद्गैस्तिलैश्चैवघृतेनमधुनापिच एभिःपंचसहस्राणिशक्तिबीजेनहोमयेत् शक्तिबीजंह्रींबीजं भूमिंधेनुमनड्वाहंस्वर्णधान्यंसदक्षिणं दत्वाथपंचगव्येनस्नायाद्देवालयेद्विजः बलिंदद्याद्यमायाथकृसरैःपायसैस्तथा ईशानायबलिंदत्वाकृतकृत्योभवेन्नरः अत्रमूलंकमलाकरे ॥

મૂર્ત્તિ, શિવલિંગ, દેવાલય, દેવાલયનો કલશ ઇત્યાદિકનો નાશ થયો હોય તો તેના સ્વામી-(ધણી)નું મરણ થાય છે, માટે તેવિષે શાંતિ કરવી. તે આ રીતે–" વિધિપૂર્વક કુંડ કરી હોમ કરવો. વિધિપૂર્વક યમદૈવત્ય (યમ છે દેવતા જેની એવો) ચરુ કરી તે ચરુનો અને દહીં, મધ, ઘીમાં ભીંજવેલી પીપળાની સમિધનો " इमा रुद्रा० " એ મંત્રવડે મંત્રજ્ઞ અને વિદ્વાન્ એવા આચાર્યે (૧૦૮) હોમ કરવો. અડદ, મગ, તિલ, ઘૃત અને મધ એવડે એક એક પદાર્થનો સહસ્ર એ રીતે શક્તિબીજવડે હોમ કરવો." શક્તિબીજ એટલે 'ह्रीं' બીજ જાણવું. દ્વિજે પૃથિવી, ગાય, વૃષભ, સુવર્ણ અને ધાન્ય એમનું દક્ષિણાસહિત દાન કરી દેવાલયવિષે પંચગવ્યવડે સ્નાન કરવું. પછી યમને કૃસર અન્નનો બલી દઈ ઈશાનને પાયસનો બલી દેવો. તેણે કરી મનુષ્ય કૃતકૃત્ય થાય છે. એવિષે મૂલપ્રમાણ કમલાકરમાં કહ્યું છે.

अपर्युषितनिश्छिद्रैःप्रोक्षितैर्जंतुवर्जितैः आत्मारामोद्भवैर्मुख्यैर्भक्त्यासंपूजयेत्सुरान् त्यजेत्कीटावपन्नानिशीर्णपर्युषितानिच स्वयंपतितपुष्पाणिमल्लाद्युपहतानिच मुकुलैर्नार्चयेद्देवमपक्वैःकृमियुक्फलैः

---

[1] स्वीयदुत्पादितोत्पपुष्पाणांमुत्तमत्वं परारामोद्भवानांवनस्थानांमध्यमत्वं याचितानामधमत्वमितिग्रंथांतरे ॥

पुष्पाभावेपत्रपूजापत्रालाभेफलैरपि निवेदयेत्फलालाभेतृणगुल्मौषधीरपि समित्पुष्पकुशादीनिब्राह्मणःस्वयमाहरेत् शूद्रानीतैःक्रयक्रीतैःकर्मकुर्वन्पतत्यधः लक्षपुष्पार्चनंक्रयक्रीतैरपिकेचित् धर्मार्जितधनक्रीतैर्यःकुर्यात्केशवार्चनम् नपर्युषितदोषोस्तिमालाकारगृहेषुचेत्याद्युक्तेर्मालाकारानीतैः क्रयक्रीतैरपिपुष्पपत्रैःपूजयंति नित्यपूजार्थंपरोपवनादेरपिपुष्पादिग्रहेचौर्यदोषोन पूजार्थंपुष्पादिनयाचेत् समित्पुष्पकुशादीनिवहंतंनाभिवादयेत् तद्धारीचैवनान्यान्हिनिर्माल्यंतद्भवेत्तयोः देवोपरिधृतंवामहस्तेधोवस्त्रेचधृतंजलेंतःक्षालितंचपुष्पंनिर्माल्यं वर्ज्यंपर्युषितंपुष्पंवर्ज्यंपर्युषितंजलं नवर्ज्यंतुलसीपत्रंन वर्ज्यंतीर्थजंजलं प्रहरंतिष्ठतेजातीकरवीरमहर्निशं नैवपर्युषितंपद्मंतुलसीविल्वपत्रकं कुंदंचदमनंचैवागस्त्यंचकलिकातथा ॥

હવે દેવપૂજાવિષે પુષ્પ કેવાં લેવાં તે કહે છે—“વાસી ન હોય, છિદ્રરહિત, પ્રોક્ષણ કરેલાં, જીવેંરહિત અને [1]પોતાના બાગમાં ઉત્પન્ન થયલાં જે પુષ્પ તે મુખ્ય છે. એવાં પુષ્પોવડે ભક્તિપૂર્વક દેવોનું પૂજન કરવું. કીડાઓએ ખાધેલાં, શીર્ણ (ગળેલાં), વાસી, પોતાની મેળે ખરી પડેલાં, અને મલાદિકવડે ખરાબ થયેલાં પુષ્પો દેવપૂજાવિષે ગ્રહણ કરવાં નહીં. મુકુલ (કળી), અને કાચાં અથવા કીડાવાળાં ફળવડે દેવનું પૂજન કરવું નહીં.” પુષ્પ ન મળે તો પત્રવડે પૂજા કરવી. પત્ર ન મળે તો ફળવડે પણ પૂજા કરવી. “ફળ ન મળે તો દૂર્વા આદિ તૃણ, ગુલ્મ (વેલાના તંતુના ગુચ્છ), અને ઔષધી (શાળ, યવ) એવડે પણ પૂજા કરવી. બ્રાહ્મણે સમિધ, પુષ્પ અને દર્ભ ઇત્યાદિક પદાર્થો પોતે લાવવા. શૂદ્રે લાવેલાં અથવા વેચાતાં લીધેલાં પુષ્પાદિકવડે પૂજન કરનારા અધોયોનીને પામે છે.” લક્ષ પુષ્પવડે પૂજા કરવાની તે પુષ્પ વેચાતાં લઇને પણ કરવી. કેટલાએક મનુષ્યો “ન્યાયથી કમાવેલું દ્રવ્ય દઈ વેચાતાં લીધેલાં જે પુષ્પાદિક તેવડે જે કેશવપૂજન કરે છે તેને દોષ નથી અને માળીને ઘેરથી લાવેલાં પુષ્પવિષે પર્યુષિત (વાસીપણાનો) દોષ નથી,” એવાં વચન છે, તેથી માળીપાસેથી વેચાતાં લીધેલાં પુષ્પ અને પત્રવડે પૂજા કરે છે. નિત્યપૂજામાટે બીજાનો બગીચા ઇત્યાદિકમાંથી પણ પુષ્પ, પત્ર ઇત્યાદિક ગ્રહણ કરવાથી ચોરીનો દોષ નથી. પૂજાને અર્થે પુષ્પ, પત્રાદિકની યાચના કરવી નહીં. “સમિધ, પુષ્પ, દર્ભ ઇત્યાદિક લઈ જતો હોય તેને બીજાએ અને બીજાને તેણે નમસ્કાર કરવા નહી; કારણ, તે બન્નેમાંથી એક પણ નમસ્કાર કરે તો તે પાસે રહેલું પૂજાસાહિત્ય નિર્માલ્ય એટલે પૂજામાં નિરૂપયોગી થાય છે.” દેવને અર્પણ કરેલાં, વામ (ડાબા) હાથમાં ધરેલાં, અધોવસ્ત્ર (પેહેરલાં ધોતીયું, પંચિયું ઇત્યાદિક) માં ગ્રહણ કરેલાં અને જલમાં નાંખી ધોએલાં પુષ્પ નિર્માલ્ય છે.” વાસી પુષ્પ અને વાસી જલ વર્જ્ય કરવું. તુલસીપત્ર અને તીર્થનું જળ એ વાસી હોય તો પણ વર્જ્ય કરવું નહીં. જાયનું પુષ્પ એક પોહોરપર્યંત વાસી નથી. કણેરનું પુષ્પ એક અહોરાત્ર (આઠ પોહોર) વાસી નથી. કમળ, તુલસી, બિલ્વપત્ર, કુંદનું પુષ્પ, દવણાનાં પુષ્પ, અગસ્ત્યનાં પુષ્પ અને કળી એ વાસી થતાં નથી.”

विल्वादेरपर्युषितत्वदिनसंख्या विल्वः ३० अपामार्गः ३ जाती १ तुलसी ६ शमी ६ शतावरी ११ केतकी ४ भृंगराजः ९ दूर्वा ८ मंदारः १ पद्मं १ नागकेसरः २ दर्भाः ३० अगस्त्यः ३ तिलः १ मल्लिका ४ चंपकः ९ करवीरं ८ एतेषामेतद्दिनोत्तरंपर्युषितत्वम् ॥

બિલી ઇત્યાદિક પત્ર અને પુષ્પ કેટલાએક દિવસપર્યંત વાસી થતાં નથી તેના દિવસના અંક તે તે પદાર્થોની આગળ લખેલા છે તેથી તે પદાર્થો તેટલા દિવસપર્યંત વાસી થતા નથી એમ સમજવું. બિલીપત્ર ૩૦, અઘાડો ૩, જાય ૧, તુલસી ૬, શમી ૬, શતાવરી ૧૧, કેતકી ૪, ભાંગરો ૯, દૂર્વા ૮, મંદાર (હારશૃંગાર) ૧, પદ્મ ૧, નાગકેસર ૨, દર્ભ ૩૦, અગસ્ત્યો ૩, તિલ ૧, મલ્લિકા ૪, ચંપો ૯, કણેર ૮, એ પ્રમાણે એમને એટલા દિવસ પછી વાસીપણું થાય છે.

तुलसीग्रहणकालः ॥ वैधृतौचव्यतीपातेभौमभार्गवभानुषु पर्वद्वयेचसंक्रांतौद्वादश्यांसूतकद्वये तुलसींयेविचिन्वंतितेछिंदंतिहरेःशिरः नैवछिंद्याद्रवौदूर्वांतुलसींनिशिसंध्ययोः धात्रीपत्रंकार्तिकेचपुण्यार्थीमतिमान्नरः द्वादश्यांचदिवास्वापस्तुलस्यवचयस्तथा विष्णोश्चैवदिवास्नानंवर्जनीयंसदाबुधैः अत्र

---

[1] પોતાના બાગમાં ઉત્પન્ન થયલાં પુષ્પો મુખ્ય છે. બીજાની વાડી અને બાગમાંથી અથવા વનમાંથી લાવેલાં પુષ્પ મધ્યમ છે. માગી લીધેલાં પુષ્પ અધમ, એ રીતે ગ્રન્થાંતરમાં કહ્યું છે.

दिवानिषेधाद्रात्रौस्नानादिषोडशोपचारैःपूजाकार्या दिवातुगंधादिपुष्पांजल्यंतापचोपचाराइति कमलाकराह्निके विष्णोर्द्वादश्यांनिर्माल्यापनयनमपिनकार्यमितितंत्रांतरेस्मर्यते एतदपवादःपुरुषार्थचिंतामणौनारदीये पंचामृतेनसंस्नाप्यएकादश्यांजनार्दनं द्वादश्यांपयसास्नाप्यहरिसायुज्यमश्नुतेइति देवार्थंतुलसीछेदोहोमार्थंसमिधांतथा इंदुक्षयेनदुष्येतगवार्थंतुतृणस्यच तुलसीग्रहणमंत्रः तुलस्यमृतनामासि सदात्वंकेशवप्रिये केशवार्थंविचिन्वामिवरदाभवशोभने जातिमल्लिकाकरवीराशोकोत्पलचंपकवकुलविल्वशमीकुशाप्तानिसर्वदेवतानांविहितानि ॥

હવે તુલસી ગ્રહણ કરવાવિષે સમય કહે છે—“વૈધૃત, વ્યતીપાત, ભૌમવાર, શુક્રવાર, રવિવાર, પૂનમ, અમાવાસ્યા સંક્રાંતિ, બારસ, જનનાશૌચ અને મૃતાશૌચ એ સમયે જે તુલસી તોડે છે તે વિષ્ણુનું મસ્તક છેદે છે એમ છે, માટે તે દિવસે તુલસી તોડવી નહીં. પુણ્યની ઇચ્છા કરનારા બુદ્ધિમાન્ પુરૂષે રવિવારે દૂર્વા; રાત્રિ અને બન્ને સંધ્યા સમયે તુલસી; તેમજ કાર્તિકમાસમાં ધાત્રી (આમલી) નાં પત્ર તોડવાં નહીં. બારસને દિવસે દિવસની નિદ્રા, તુલસી તોડવી અને વિષ્ણુને દિવસમાં સ્નાન એ સર્વકાળ વિદ્વાને વર્જ્ય કરવાં.” એ વાક્યવિષે દિવસે સ્નાનનો નિષેધ કહ્યો તેથી રાત્રિએ સ્નાનાદિક ષોડશોપચાર પૂજા કરવી. દિવસે તો ચંદનથકી પુષ્પાંજલિપર્યંતજ ઉપચાર અર્પણ કરવા એ રીતે કમલાકરના આહ્નિકમાં કહ્યું છે. બારસને દિવસે વિષ્ણુ ઉપરનું નિર્માલ્ય પણ કાઢવું નહીં, એ રીતે બીજા તંત્રોવિષે કહ્યું છે. એ વાક્યનો અપવાદ (બાધ), પુરૂષાર્થચિંતામણીવિષે નારદીયપુરાણના વચનવડે કહ્યો છે તે આ રીતે-“જનાર્દન(વિષ્ણુ)ને એકાદશીને દિવસે પંચામૃતવડે સ્નાન કરાવી બારસને દિવસે દૂધવડે સ્નાન કરાવવાથી હરિનેવિષે સાયુજ્યમુક્તિને પામે છે.” “અમાવાસ્યાને દિવસે વિષ્ણુપૂજનમાટે તુલસી તોડવી, હોમને અર્થે સમિધ અને ગાયમાટે ઘાસ કાપવું, એ દોષકારક નથી.” તુલસીગ્રહણ કરવાનો મંત્ર—“तुलस्यमृतनामासि, सदा त्वं केशवप्रिये ॥ केशवार्थं विचिन्वामि, वरदा भव शोभने.” જાય, મોગરા, કણેર, અશોક, કમળ, ચંપા, બોલસરી, શમી અને કુશ એ પુષ્પો સર્વ દેવને અર્પણ કરવાવિષે ઉત્તમ છે.

अथविहितप्रतिषिद्धत्वाद्वैकल्पिकानि ॥ पाटलाशमीपत्रंचदुर्गायाः कुंदपलाशवकुलदूर्वाशिवस्य कुमुदतगरेसूर्यस्य तुलसीभृंगराजतमालपत्राणिशिवदुर्गयोः अगस्तिमाधवीलतालोध्रपुष्पंविष्णुशिवयोः धत्तूरमंदारौविष्णुसूर्ययोः इतिविकल्पितानि ॥

હવે કહેલાં અને નિષિદ્ધ કરેલાં માટે વૈકલ્પિક છે, તે આ—પાટલા અને શમીપત્ર એ દુર્ગાદેવીને વિહિતનિષિદ્ધ છે. કુંદ, પલાશપુષ્પ, બોલસરી અને દૂર્વા એ શિવને વિહિતનિષિદ્ધ છે. કુમુદ અને તગર એ સૂર્યને. તુલસી, ભાંગરો અને તમાલપત્ર એ શિવ તથા દુર્ગાને. અગસ્ત્યનાં પુષ્પ, માધવીલતાનાં, અને લોદરનાં પુષ્પ એ શિવ તથા વિષ્ણુને વિહિતનિષિદ્ધ છે. ધત્તૂરો અને મંદાર (હારશૃંગાર) એ વિષ્ણુ અને સૂર્યને વિહિતપ્રતિષિદ્ધ છે. એ વૈકલ્પિક પુષ્પ જાણવાં.

अथविष्णोःप्रियाणि ॥ मालतीजातीकेतकीमल्लिकाशोकचंपकपुन्नागवकुलोत्पलकुंदकरवीरपाटलातगरपुष्पाणि अन्यानिचसुरभीणिविष्णोःप्रियाणि अपामार्गभृंगराजखदिरशमीदूर्वाकुशदमनकविल्वतुलसीपत्राण्युत्तरोत्तराधिकप्रियाणितुलसीसर्वाधिका जातीपुष्पसहस्रेणमालार्पणेकल्पकोटिसहस्रंविष्णुपुरेवासः आम्रमंजर्यापूजनेगोकोटिदानफलम् ॥

હવે વિષ્ણુને પ્રિય પુષ્પો ક્યાં તે કહે છે—માલતી, જાય, કેતકી, મોગરો, અશોક, ચંપો, પુન્નાગ, બોલસરી, કમળ, કુંદ, કણેર, પાટલા (પાડળ) અને તગર એ પુષ્પો વિષ્ણુને પ્રિય છે. અઘાડો, ભાંગરો, ખેર, શમી, દૂર્વા, કુશ, દવણાં, બિલીપત્ર અને તુલસીપત્ર એ એક કરતાં એક અધિક પ્રિય છે. તુલસી સર્વે કરતાં અધિક પ્રિય છે. જાયનાં સહસ્ર પુષ્પની માળા કરી વિષ્ણુને અર્પણ કરવાથી ક્રોડસહસ્ર કલ્પપર્યંત વિષ્ણુપુરમાં વાસ થાય છે. આંબાના મોરવડે પૂજન કરવાથી ક્રોડ ગોદાનનું ફળ થાય છે.

अथशिवस्य ॥ चतुर्णांपुष्पजातीनांगंधमाघ्रातिशंकरः अर्कस्यकरवीरस्यविल्वस्यचवकस्यच दशसुवर्णदानफलंश्वेतार्कपुष्पं ततःसहस्रगुणंवकपुष्पं एवंधत्तूरशमीपुष्पद्रोणपुष्पनीलोत्पलानामुत्तरोत्त

राणांसहस्रगुणत्वं मणिमुक्ताप्रवालैस्तुरत्नैरप्यर्चनंकृतं नगृह्णासिविनादेविविल्वपत्रैर्वरानने सर्वकाम प्रदंविल्वंदारिद्र्यस्यविनाशनं नीलोत्पलसहस्रेणमालार्पणेकल्पकोटिसहस्रंशिवपुरेवासः धत्तूरैर्बृहतीपुष्पैश्चपूजनेगोलक्षफलं पाटलामंदारापामार्गजातीचंपकोशीरतगरनागकेसरपुन्नागजपामल्लिसहकारकुसुंभपुष्पाणिशिवप्रियाणि धत्तूराणिकदंबानिरात्रौदेयानिशंकरे मदनरत्ने केतकानिकदंबानीतिपाठः अभावेपुष्पपत्राणामन्नाद्येनाभिपूजयेत् शालितंडुलगोधूमयवैर्वापिसमाचरेत् ॥

હવે શિવને પ્રિય પુષ્પો કહે છે—મહાદેવ; અર્ક (આકડો), કણેર, બિલીપત્ર, અને બકુ (બોલસરી)નાં પુષ્પ એ ચાર જાતિનાં પુષ્પોનો સુગંધ ગ્રહણ કરે છે. શ્વેત અર્કનાં પુષ્પવડે શિવપૂજન કરવાથી દશ સુવર્ણદાનનું ફળ પ્રાપ્ત થાય છે. તે કરતાં બકપુષ્પ સહસ્રગુણ પ્રિય છે. એ રીતે ધત્તૂરો, શમીપુષ્પ, દ્રોણપુષ્પ, નીલકમળ એ એક કરતાં એક સહસ્રગુણ અધિક પ્રિય છે. “હે વરાનને! હે દેવિ! બિલીપત્ર વિના હીરા, મોતી, પરવાળાં અને રત્નવડે પણ કરેલી માહારી પૂજા હું ગ્રહણ કરતો નથી. બિલ્વપત્ર દારિદ્રનું નાશ કરનારૂં અને સર્વ મનોરથ પૂરણ કરનારૂં છે.” સહસ્ર નીલકમળની માળા અર્પણ કરવાથી ક્રોડ સહસ્ર કલ્પપર્યંત શિવપુરવિષે વાસ પ્રાપ્ત થાય છે. ધત્તૂરાનાં પુષ્પ અને રીંગણીનાં પુષ્પવડે પૂજન કરવાથી લક્ષ ગૌદાનનું ફળ પ્રાપ્ત થાય છે. પાડળ, મંદાર, અઘાડો, જાય, ચંપો, ઉશીર (વાળો), તગર, નાગકેસર, પુન્નાગ, જાસોદ, મોગરો, આંબો, અને કુસુંભ (કુસુંબા)નાં પુષ્પો શિવને પ્રિય છે. ધત્તૂરો અને કદંબ એ પુષ્પો શિવને રાત્રિએ અર્પણ કરવાં. મદનરત્ન ગ્રંથવિષે “ધત્તૂરો અને કદંબ” એ ઠેકાણે “કેતક અને કદંબ” એવો પાઠ છે. “પુષ્પ અને પત્ર ન મળે તો અન્ન ઇત્યાદિકવડે પૂજન કરવું.” સાળના ચોખા, ઘઉં અથવા યવવડે પણ શિવપૂજા કરવી.

अथनिषिद्धानि ॥ वंधूककुंदातिमुक्तकेतकीकपित्थवकुलशिरीषनिंबानि पुष्पपत्रादिकंस्वाभिमुखमुत्तानमर्पयेत् पत्रंपुष्पंफलंचैवयथोत्पन्नंतथार्पयेदितिवचनात् विल्वपत्रंतुस्वाभिमुखाग्रंन्युब्जमर्पयेत् पक्वाम्रफलस्यशिवार्पणेवर्षायुतंशिवपुरेवासः सव्यंव्रजेत्ततोसव्यंप्रणालींनैवलंघयेदित्यादिस्थिरलिंगेप्रदक्षिणाप्रकारः चरेतुसव्येनैव देव्याअपिवकुलकुंदादिसहितान्येतान्येवप्रियाणि धान्यानांसर्वपत्रैश्चपुष्पैर्देवींप्रपूजयेत् दूर्वाकुंदैःसिंधुवारैर्वंधूकागस्तिसंभवैः विल्वपत्रैःपूजनेराजसूयफलं करवीर स्रजाग्निष्टोमस्य वकुलस्रजावाजपेयस्य द्रोणस्रजाराजसूयस्येति एवंसूर्यविघ्नेशादेरपिप्रायोविष्णुवज्ज्ञेयानि ॥

હવે નિષિદ્ધ પુષ્પ કહે છે—બપોરિયો, કુંદ, માધવી, કેતકી, કોઠ, બોલસરી, સરસડો અને લીંબડો એ (શિવને) નિષિદ્ધ છે. પત્ર, પુષ્પાદિક અર્પણ કરવાં તે પોતાને સંમુખ અને સવળાં અર્પણ કરવાં; કારણ, “પત્ર, પુષ્પ અને ફળ જે રીતે ઉત્પન્ન થાય છે તે રીતેજ અર્પણ કરવાં,” એવાં વચન છે. બિલીપત્ર તો પોતાની તરફ અગ્ર કરી ઉલટું ધરાવવું. પરિપક્વ આંબાનું ફળ શિવને અર્પણ કરવાથી દશ હજાર વર્ષપર્યંત શિવપુરમાં નિવાસ પ્રાપ્ત થાય છે. “શિવને પ્રદક્ષિણા કરવાની તે પ્રથમ સવ્યમાર્ગવડે પ્રણાલી (જલાધારી) પર્યંત જવું, પછી ત્યહાંથી પાછું ફરી અપસવ્યે જલાધારી પર્યંત જવું; પરંતુ જલાધારીનું ઉલ્લંઘન કરવું નહીં,” ઇત્યાદિક પ્રદક્ષિણાનો પ્રકાર સ્થિરલિંગવિષે જાણવો. ચરલિંગવિષે તો સવ્ય માર્ગવડેજ પ્રદક્ષિણા કરવી. બકુલ અને કુંદાદિક સહિત એજ પુષ્પો દેવીને પણ પ્રિય છે. “ધાન્યનાં સર્વ પત્ર અને પુષ્પ, દૂર્વા, કુંદ, નિગોડ, બપોરિયો અને અગસ્ત્ય એમનાં પુષ્પવડે દેવીનું પૂજન કરવું.” બિલીપત્રવડે પૂજન કરવાથી રાજસૂયનું ફળ મળે છે. કણેરનાં પુષ્પની માળાવડે પૂજન કરવાથી અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે. બકુલ (બોલસરી)નાં પુષ્પની માળાવડે વાજપેય યજ્ઞનું ફળ મળે છે. દ્રોણપુષ્પની માળાવડે રાજસૂયનું ફળ મળે છે. એ રીતે સૂર્ય, ગણપતિ ઇત્યાદિકને પણ પ્રિય પુષ્પો બહુધા વિષ્ણુ પ્રમાણે જાણવાં, એટલે વિષ્ણુને જે પ્રિય છે તે પુષ્પ સૂર્ય અને ગણપતિને પણ પ્રિય છે એ તાત્પર્ય સમજવો.

अथशिवनिर्माल्यग्रहणविचारः ॥ अग्राह्यंशिवनैवेद्यंपत्रंपुष्पंफलंजलं शालग्रामशिलासंगात्सर्वंयातिपवित्रतां शैवसौरनैवेद्यभक्षणेचांद्रायणं अभ्यासेद्विगुणं मत्याभ्यासेसांतपनं अन्यनिर्माल्येप्यनापद्येवं इदंचज्योतिर्लिंगस्वयंभूलिंगसिद्धप्रतिष्ठापितलिंगातिरिक्तस्थावरलिंगविषयं ज्योतिर्लिं

गादौतुपूजकेनदत्तंफलतीर्थादिकंभक्त्याशुद्ध्यर्थंग्राह्यंनलोभेन पंचायतनस्थितलिंगेषुचरेषुप्रतिमासुचाद्यादेरपिस्वयंग्रहणेपिनदोषः ज्योतिर्लिंगाद्यन्यस्थिरलिंगेषुतीर्थोदकचंदनमात्रंश्रद्धावद्भिःशिवोपासकैरेवग्राह्यं ज्योतिर्लिंगादौपूजकदत्तमन्नमपिभक्ष्यमितिकेचित् ॥

હવે શિવનિર્માલ્યગ્રહણનો નિર્ણય કહે છે.

"શિવને અર્પણ કરેલું નૈવેદ્ય, પત્ર, પુષ્પ, ફળ અને જળ એ અગ્રાહ્ય છે; પરંતુ શાલગ્રામશિલાના સંબંધથી સઘળું શિવનું નૈવેદ્યાદિક પવિત્ર થાય છે." શિવ અને સૂર્યનું નૈવેદ્ય ભક્ષણ કર્યું હોય તો ચાંદ્રાયણ કરવું. અભ્યાસ (વારંવાર ખાધું) હોય તો બે ચાંદ્રાયણ કરવાં. બુદ્ધિપૂર્વક અભ્યાસ હોય તો સાંતપન કરવું. આપત્તિ છતાં બીજા દેવનું નિર્માલ્ય (નૈવેદ્યાદિક) ગ્રહણ કીધું હોય તો પણ એજ નિર્ણય જાણવો. આ શિવનિર્માલ્યગ્રહણનો નિષેધ જ્યોતિર્લિંગ, સ્વયંભૂલિંગ અને સિદ્ધ પુરુષોએ સ્થાપન કરેલાં લિંગ વિના અન્ય સ્થાવર લિંગના નિર્માલ્યવિષે જાણવો. જ્યોતિર્લિંગાદિકવિષે તો, પૂજા કરનારાએ દીધેલાં ફળ, તીર્થ ઇત્યાદિક ભક્તિપૂર્વક શુદ્ધિમાટે ગ્રહણ કરવાં, લોભથી ગ્રહણ કરવાં નહીં. પંચાયતનવિષે સ્થાપિત કરેલા ચર બાણલિંગ અને પ્રતિમા ઇત્યાદિકોનું અન્નાદિક નૈવેદ્ય પણ પોતે ગ્રહણ કરે તથાપિ દોષ નથી. જ્યોતિર્લિંગાદિક કરતાં બીજા સ્થિર લિંગનું તીર્થોદક અને ચંદન એ કેવળ ભક્તિમાન્ એવા શિવોપાસકોએજ ગ્રહણ કરવું. જ્યોતિર્લિંગાદિકવિષે પૂજન કરનારાએ દીધેલું અન્ન પણ ભક્ષણ કરવું એમ કેટલાએક કહે છે.

त्र्युत्तरारोहिणीध्रुवं मघाभरणीपूर्वात्रयंक्रूरं श्रवणत्रयपुनर्वसुस्वात्यश्चरं अश्विनीहस्तपुष्यंक्षिप्रं अनुराधारेवतीमृगचित्रंमृदु कृत्तिकाविशाखेमिश्रं मूलाश्लेषाज्येष्ठार्द्रास्तीक्ष्णं इतिनक्षत्रसंज्ञाः ॥

હવે નક્ષત્રોની સંજ્ઞા કહે છે.

ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા અને રોહિણી એ નક્ષત્રો ધ્રુવસંજ્ઞક છે. મઘા, ભરણી અને ત્રણ પૂર્વા એ ક્રૂરસંજ્ઞક છે. શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પુનર્વસુ અને સ્વાતી એ ચરસંજ્ઞક છે. અશ્વિની, હસ્ત અને પુષ્ય એ ક્ષિપ્રસંજ્ઞક છે. અનુરાધા, રેવતી, મૃગશિર અને ચિત્રા એ મૃદુસંજ્ઞક છે. કૃત્તિકા અને વિશાખા એ મિશ્રસંજ્ઞક છે. મૂળ, આશ્લેષા, જ્યેષ્ઠા અને આર્દ્રા એ નક્ષત્રો તીક્ષ્ણસંજ્ઞક છે. એ રીતે નક્ષત્રોની સંજ્ઞા કહી.

यत्रनोक्तातिथिस्तत्रग्राह्यारिक्ताममांविना वारोपियत्रनप्रोक्तस्तत्रार्कार्किकुजान्विना चरमृदुक्षिप्रध्रुवमूलविशाखामघासुसकुजेशुभवारेभूकर्षणंहितं सूर्यत्यक्तनक्षत्रात्त्र्यष्टनवाष्टसु अशुभंशुभमशुभंशुभमितिहलचक्रं अत्रैवनक्षत्रे शनिभौमभिन्नवारेबीजवापःसस्यारोपणंच धान्यच्छेदश्चक्षीरवृक्षजन्यःखलमध्येस्तंभः धान्यानांमर्दनंज्येष्ठामूलमघाश्रवणरेवतीरोहिण्यनुराधाफल्गुनीद्वयेशुभं धान्यसंग्रहःक्षिप्रध्रुवचरमृदुमूलेषुबुधगुरुशुक्रेषुचरभिन्नलग्नेशुभः ॐधनदायसर्वलोकहितायदेहिमेधान्यंस्वाहेतिमंत्रंलिखित्वाधान्यागारेक्षिपेत् तेनधान्यवृद्धिः बुधमंददिनेनैवधनधान्यव्ययःशुभः अद्यान्नवान्नंसद्वारेमृदुक्षिप्रचरेद्दिवा ॥

જે વિષયમાં તિથી કહેલી નથી તે વિષયમાં રિક્તા અને અમાવાસ્યા વિના અન્ય તિથિઓ લેવી. જ્યહાં વાર પણ કહ્યો નથી ત્યહાં રવિ, શનિ અને મંગળ એ વર્જ્ય કરી બીજા વાર લેવા. ચર, મૃદુ, ક્ષિપ્ર, ધ્રુવ, મૂળ, વિશાખા અને મઘા એ નક્ષત્રો; મંગળવાર અને શુભ વાર (ચંદ્ર, બુધ, ગુરુ, શુક્ર) ને દિવસે પૃથિવીને ખેડવી એ શુભ છે. સૂર્યે ત્યાગ કરેલાં નક્ષત્ર એટલે સૂર્યના વર્તમાન નક્ષત્ર કરતાં પ્રથમ નક્ષત્ર થકી ૩, ૮, ૯, ૮ એ નક્ષત્રો ક્રમથી અશુભ, શુભ, અશુભ અને શુભ, એ પ્રમાણે હળચક્ર જાણવું. એ હળચક્રનાજ નક્ષત્રવિષે; શનિ અને ભૌમ એ વાર વર્જ્ય કરી બીજા વારવિષે બીજ વાવવાં, ધાન્ય રોપવું અને કાપવું એ શુભ છે. ક્ષીરવૃક્ષ (પીપળો, ઉંબર) નો સ્તંભ (બળદ ફેરવવા માટે) ખળા વચમાં ખોડવો. જ્યેષ્ઠા, મૂળ, મઘા, શ્રવણ, રેવતી, રોહિણી, અનુરાધા, પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની એ નક્ષત્રોવિષે ધાન્યોનું મર્દન એટલે ખળામાં દલડી ફેરાવવી એ શુભ છે. ક્ષિપ્ર, ધ્રુવ, ચર, મૃદુ અને મૂળ એ નક્ષત્રોવિષે બુધ, ગુરૂ અને શુક્રવારે; તેમજ ચર લગ્ન વર્જ્ય કરી બીજાં લગ્નવિષે ધાન્યનો સંગ્રહ શુભ છે.

"ॐ धनदाय सर्वलोकहिताय देहि मे धान्यं स्वाहा" એ મંત્ર લખી (ધાન્યસંગ્રહ સમયે) કોઠારમાં નાંખવો, તેથી ધાન્યની વૃદ્ધિ થાય છે. "બુધ અને શનિવારને દિવસે ધન અને ધાન્યનો વ્યય (દ્રવ્ય વ્યાજુ દેવું, સવાયું દોઢું લખી ધાન્ય દેવું તે) કરવો નહીં. મૃદુ, ક્ષિપ્ર અને ચર નક્ષત્રે; શુભ વારે; દિવસનું નવીન અન્ન ભક્ષણ કરવું.

अथवस्त्रादि ॥ वस्त्रभूपणविधिर्ध्रुवाश्विनीहस्तपंचकपुनर्वसुद्वये पौष्णवासवभयोश्चसत्तिथौमंदभौमशशिवासरान्विना अनुक्तेपीष्टदंवस्त्रंविप्राज्ञोत्सवलब्धिषु ध्रुवपुष्यादितौयोपिद्धत्तेयावस्त्रभूपणे नप्राप्नोतिपतिप्रीतिंस्नातिवारुणभेचया पादुकासनशय्यादेर्भोगःसत्तिथिवासरे ध्रुवक्षिप्रमृदुश्रोत्रभरणीषुपुनर्वसौ चेन्नव्यवस्त्रंमध्यांशेदग्धस्फुटितपंकितं तत्त्यजेच्छांतिकंकुर्यात्त्यजेदेवांत्यभागयोः विज्ञेयमेतच्छय्यायामास्तृतौपादुकास्वपि सूचीकर्मानुराधाश्विचित्रामृगपुनर्वसौ वस्त्रंक्षाल्यंधारणोक्तकालेवुधदिनंविना भोजनंभाजनेरौप्यस्वर्णकांस्यादिनिर्मिते कुर्यादमृतयोगेषुचरक्षिप्रमृदुध्रुवैः स्याद्भूपणानांघटनंचरक्षिप्रमृदूध्रुवैः शुभवारेरत्नवतांमिश्रभेपिरवौकुजे इति वस्त्रादिविचारः ॥

હવે વસ્ત્રાદિક ધારણનું મુહૂર્ત્ત કહે છે.

"ધ્રુવસંજ્ઞક, અશ્વિની, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, પુનર્વસુ, પુષ્ય, રેવતી અને ધનિષ્ઠા એ નક્ષત્રો; શુભ તિથિ, અને શનિ, મંગળ, ચંદ્ર એ વાર વર્જ્ય કરી બીજા વારવિષે વસ્ત્ર અને આભૂષણ ધારણ કરવાં. બ્રાહ્મણની આજ્ઞા, વિવાહાદિક ઉત્સવ, અથવા જે વેળાએ લાભ થાય તેજ વેળાએ નિંધ દિવસ છતાં પણ ધારણ કરેલું વસ્ત્ર ઇષ્ટ (વાંછિત) દાયક થાય છે. ધ્રુવસંજ્ઞક, પુષ્ય અને પુનર્વસુ એ નક્ષત્રોવિષે જે સ્ત્રી વસ્ત્ર અથવા અલંકાર ધારણ કરે અને શતભિષા નક્ષત્રવિષે જે સ્ત્રી સ્નાન કરે તેની ઉપર પતિની પ્રીતિ થાય નહીં. શુભતિથિ, શુભવાર અને ધ્રુવ, ક્ષિપ્ર, મૃદુ, શ્રવણ, ભરણી અને પુનર્વસુ એ નક્ષત્રવિષે પાદુકા, આસન અને શય્યાદિકનો ઉપભોગ કરવો. નવીન વસ્ત્રના નવ ભાગ માની તેમાંના વચલા નવમાંશમાં, જો તે વસ્ત્ર નવીન છતાં દગ્ધ થાય, ફાટે અથવા ગારાવાળું થાય તો તેનો ત્યાગ કરી શાંતિ કરવી. પડખાના ભાગવિષે દગ્ધ ઇત્યાદિક થાય તો માત્ર તેનો ત્યાગ કરવો, શાંતિ કરવી નહીં. શય્યા (બિછાનું), આસ્તૃતિ (જાજમ વગેરે પાથરણાં), અને પાદુકા એમનેવિષે પણ એજ નિર્ણય જાણવો. અનુરાધા, અશ્વિની, ચિત્રા, મૃગશિર, પુનર્વસુ એ નક્ષત્રોવિષે સીવવાનું કામ કરવું. વસ્ત્રધારણમાટે જે કાલ કહ્યો તેજ કાલે એક બુધવારનો ત્યાગ કરી નવીન વસ્ત્ર ધોવું. ચાંદી, સુવર્ણ, કાંસુ ઇત્યાદિક ધાતુપાત્રવિષે ભોજન કરવાનું તે અમૃત યોગ અને ચર, ક્ષિપ્ર, મૃદુ, ધ્રુવ એ નક્ષત્રોવિષે કરવું. ચર, ક્ષિપ્ર, મૃદુ, અને ધ્રુવ, નક્ષત્ર અને શુભવાર એ દિવસે અલંકાર ઘડાવવા. મિશ્ર નક્ષત્ર, રવિ અને મંગળવાર એ દિવસે રત્નજડિત અલંકાર બનાવવા. એરીતે વસ્ત્રાદિક ધારણનું મુહૂર્ત્ત કહ્યું."

शस्त्राणांघटनंक्रूरमिश्राश्विमृगतीक्ष्णभे शस्त्रंधार्यंध्रुवक्षिप्रमृदुज्येष्ठाविशाखके सेवाकार्याक्षिप्रमैत्रध्रुवैर्ज्ञेज्यार्कभार्गवे मंदेपिचेत्सेवकर्क्षंस्वामिभान्नद्वितीयकं हस्तपट्कध्रुवश्रोत्ररेवतीपुष्यभेशुभं पुनर्वसौचशिविकागजाश्वादिपुरोहणं राज्ञांविलोकनंक्षिप्रश्रुतिद्वयमृदुध्रुवे नृत्यारंभःपुष्यमृगध्रुवज्येष्ठाधनिष्ठयोः अनुराधाशतभिपग्घस्तेस्याच्छुभवासरे विपणिःस्यान्मृदुक्षिप्रध्रुवैरिक्ताकुजान्विना क्रयःकार्योश्विनीस्वातीश्रवश्चित्राशतांत्यभे विक्रयोभरणीपूर्वात्रयाश्लेपासुमिश्रभे सेतुवंधोध्रुवेस्वात्यांजीवार्कशनिवासरे नानापशुक्रियाहस्तपुष्याद्रांमृगमिश्रभे पुनर्वसौधनिष्ठाश्विपूर्वाज्येष्ठाशतांत्यभे त्यक्त्वार्कभौमेंदुशनीन्श्रुतिचित्राध्रुवाणिच अमारिक्ताष्टमीश्चापिगतिक्रयमुखाःशुभाः द्रव्यंलघुचरैर्योज्यंवृद्ध्यर्थंचरलग्नके ऋणंभौमेनगृह्णीयाद्वृद्धियोगेर्कसंक्रमे धनिष्ठापंचकेहस्तेत्रिपुष्करद्विपुष्करे भौमादिषुऋणच्छेदंकुर्याच्चधनसंग्रहं वुधेधनंनप्रदेयंसंग्रहस्तुवुधेशुभः शन्यर्कारैस्त्रिपादर्क्षैभद्रातिथ्यात्रिपुष्करः मृगचित्राधनिष्ठासुतत्तिथ्यहिद्विपुष्करः शुभाशुभेषुत्रिगुणंद्विगुणंचफलंक्रमात् मिश्रक्रूरेषुतीक्ष्णेषुस्वात्यांद्रव्यंनलभ्यते दत्तंप्रयुक्तंनिक्षिप्तंनष्टंचेत्याहनारदः ॥

"ક્રૂર, મિશ્ર, અશ્વિની, મૃગ અને તિક્ષ્ણ નક્ષત્રવિષે શસ્ત્ર ઘડાવવાં. ધ્રુવ, ક્ષિપ્ર, મૃદુ, જ્યેષ્ઠા અને વિશાખા નક્ષત્રવિષે શસ્ત્ર ધારણ કરવું. ક્ષિપ્ર, મૈત્ર અને ધ્રુવ નક્ષત્રવિષે; બુધ, ગુરૂ, રવિ અને

---

[1] पशुगमनंपशुक्रयादिकमित्यर्थः ॥

શુક્રવારે; તેમજ સ્વામિના નક્ષત્રથી સેવકનું નક્ષત્ર બીજું ન હોય તો શનિવારને દિવસે પણ સ્વામિની સેવા કરવી, એટલે ચાકરી રેહેવું, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, ધ્રુવસંજ્ઞક, શ્રવણ, રેવતી, પુષ્ય અને પુનર્વસુ એ નક્ષત્રોવિષે પાલખી, હાથી, ઘોડા ઇત્યાદિક ઉપર બેસવું એ શુભ છે. ક્ષિપ્રસંજ્ઞક, શ્રવણ, ધનિષ્ઠા, મૃદુ અને ધ્રુવ નક્ષત્રોવિષે રાજાનું દર્શન (પ્રથમ મુલાકાત) કરવું. પુષ્ય, મૃગ, ધ્રુવ, જ્યેષ્ઠા, ધનિષ્ઠા, અનુરાધા, શતભિષા અને હસ્ત એ નક્ષત્રવિષે; તેમજ શુભવારે નૃત્યારંભ શુભ છે. મૃદુ, ક્ષિપ્ર અને ધ્રુવ નક્ષત્રવિષે રિક્તા તિથિ અને મંગળવાર વર્જ્ય કરી વિપણી (વેચવાની બજાર-વેચવાની વસ્તુ) કરવી એ શુભ છે. અશ્વિની, સ્વાતિ, શ્રવણ, ચિત્રા, શતભિષા અને રેવતી એ નક્ષત્રવિષે માલ ખરીદ કરવો. ભરણી, ત્રણ પૂર્વા, આશ્લેષા, અને મિશ્રસંજ્ઞક નક્ષત્રવિષે વિક્રય કરવો, એટલે વેચવો. ધ્રુવસંજ્ઞક અને સ્વાતી નક્ષત્રવિષે ગુરૂ, રવિ અને શનિ એ વારવિષે સેતુબંધ કરવો, એટલે ખેતરના બાંધા આદિક બાંધવા. હસ્ત, પુષ્ય, આર્દ્રા, મૃગ, મિશ્રસંજ્ઞક, પુનર્વસુ, ધનિષ્ઠા, અશ્વિની, ત્રણ પૂર્વા, જ્યેષ્ઠા, શતભિષા અને રેવતી એ નક્ષત્રવિષે; રવિ; ભૌમ, ચંદ્ર અને શનિવાર, શ્રવણ, ચિત્રા, અને ધ્રુવ નક્ષત્ર, અમાવાસ્યા, રિક્તા અને આઠમ એ વર્જ્ય કરી; પશુ લેવા, વેચવા ઇત્યાદિક નાનાપ્રકારનાં પશુસંબંધી કર્મ શુભ છે. લઘુ અને ચરસંજ્ઞક નક્ષત્રવિષે, તેમજ ચરલગ્નવિષે વૃદ્ધિ થવામાટે વ્યાજુ દ્રવ્ય દેવું. મંગળવાર, વૃદ્ધિયોગ અને સૂર્યસંક્રાંતિને દિવસે વ્યાજુ દ્રવ્ય લેવું નહીં. ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, હસ્ત, ત્રિપુષ્કર યોગ, દ્વિપુષ્કર યોગ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ એ દિવસે ઋણ (કર્જ) ઉતારવું અને ધનસંગ્રહ કરવો. બુધવારે ધન દેવું નહીં. ધનસંગ્રહ તો બુધવારે શુભ છે. શનિ, રવિ, મંગળવાર; ત્રિપાદ (કૃત્તિકા, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા, ઉત્તરાષાઢા, પૂર્વાભાદ્રપદા) એ નક્ષત્રો; અને ભદ્રા (બીજ, સાતમ, બારસ) એ તિથિ; એ ત્રણેનો યોગ થાય તો ત્રિપુષ્કર યોગ જાણવો. મૃગશિર, ચિત્રા, ધનિષ્ઠા એ નક્ષત્ર; ભદ્રા તિથિ; શનિ, ભૌમ, રવિવાર; એ ત્રણેનો યોગ હોય તો દ્વિપુષ્કર યોગ થાય છે. શુભ કે અશુભ કાર્ય કરતી વેળાએ એ ત્રિપુષ્કર અથવા દ્વિપુષ્કર યોગ હોય તો ક્રમથી ત્રમણું અને બમણું ફળ દેનારા છે. મિશ્ર, ક્રૂર, તીક્ષ્ણ અને સ્વાતી એ નક્ષત્રવિષે દીધેલું, કોઈ કામમાટે વાપરેલું, થાપણ રીતે રાખેલું અને નષ્ટ થયેલું દ્રવ્ય પ્રાપ્ત થતું નથી, એમ નારદ કહે છે.

अंधंमंदंचचिपिटंसुलोचनमितिक्रमात् गणनीयंरोहिणीभादंधेनष्टंलभेद्द्रुतं मंदेयत्नाल्लभेतेवचिविटस्वर्क्षयोर्नहि अन्विष्यंपूर्वतोंधेषुमंदसंज्ञेषुदक्षिणे प्रतीच्यांचिपिटाख्येषुसुलोचनउदग्दिशि राजाभिषेकः श्रवणेध्रुवर्क्षेज्येष्ठामृदुक्षिप्रउदग्रवौस्यात् त्यक्त्वाररिक्ताधिकचैत्ररात्रीश्चंद्रेज्यशुक्राभ्युदयेशुभाय जलाशयानांखननंमघाष्पुष्यध्रुवेमृगे पूर्वाषाढानुराधांत्यधनिष्ठाशतहस्तभे जलराशिगतेचंद्रेलग्नस्थेचबुधेगुरौ क्षौरंचालोकनक्षत्रवारादिषुशुभंजगुः पंचमेपंचमेराशांदिनेन्येषांयदृच्छया श्मश्रुकर्मभवेन्नैवनवमेदिवसेक्वचित् क्षौरंभूतेरतंदर्शंयजंयेच्चजिजीविषुः क्षौरंनकुर्युरभ्यक्तभुक्तस्नातविभूषिताः प्रयाणसमरारंभेनरात्रौनचसंध्ययोः श्राद्धाहमतिपद्रिक्काव्रताह्निचनवैधृतौ प्रशस्तंजन्मनक्षत्रंसर्वकर्मसुकीर्तितं क्षौरप्रयाणभैषज्यंविवादेषुनशोभनं षष्ठ्यमापूर्णिमापातचतुर्दश्यष्टमीतथा आशुसन्निहितंपापंतैलेपुस्त्रीभगेक्षुरे राजकार्यनियुक्तानांनराणांभूपजीविनां श्मश्रुलोमनखच्छेदेनास्तिकालविशोधनं क्षौरंनैमित्तिकंकार्यंनिषेधेसत्यपिध्रुवं यज्ञेमृतौबंधमोक्षेनृपविप्राज्ञयापिच प्राग्वयस्कैःसपितृकैर्नकार्यंमुंडनंसदा मुंडनस्यनिषेधेपिकर्तनंतुविधीयते उदङ्मुखःप्राङ्मुखोवावपनंकारयेत्सुधीः केशश्मश्रुलोमनखान्युदक्संस्थानिधापयेत् आनर्तोहिच्छत्रःपाटलिपुत्रोदितिर्दितिःश्रीशः क्षौरेस्मरणादेषांदोषानश्यंतिनिःशेषाः ॥

રોહિણી નક્ષત્રથી ચાર ચાર નક્ષત્ર લેખી તે ક્રમેકરી અંધ, મંદ, ચિપડું અને સુલોચના એ નામનાં થાય છે. અંધ નક્ષત્રવિષે નાશ પામેલા પદાર્થ શીઘ્ર પ્રાપ્ત થાય છે. મંદ નક્ષત્રવિષે નષ્ટ થયેલી વસ્તુ યત્નવડે મળે. ચિપડું અને સુલોચન એ નક્ષત્રવિષે નષ્ટ થયેલી વસ્તુ પ્રાપ્ત થાય નહીં. અંધ નક્ષત્રવિષે નષ્ટ થયેલી વસ્તુ પૂર્વ દિશામાં ખોળવી. મંદ નક્ષત્રવિષે નષ્ટ થયેલી વસ્તુ દક્ષિણ દિશામાં, ચિપડાં નક્ષત્રવિષે નષ્ટ થયેલી વસ્તુ પશ્ચિમ દિશામાં, અને સુલોચન નક્ષત્રવિષે નષ્ટ થયેલી વસ્તુ ઉત્તર દિશામાં ખોળવી. ઉત્તરાયણના સૂર્ય, પૂર્ણ ચંદ્ર, અને ગુરૂ, શુક્રનો ઉદય છતાં; મંગળવાર, રિક્તા, અધિકમાસ, ચૈત્રમાસ અને રાત્રિ એ વર્જ્ય કરી; શ્રવણ, ધ્રુવસંજ્ઞક, જ્યેષ્ઠા, મૃદુ, અને ક્ષિપ્ર

એ નક્ષત્રવિષે રાજાભિષેક કરવો, તે કલ્યાણને અર્થે થાય છે. મઘા, પુષ્પ, ધ્રુવ, મૃગ, પૂર્વાષાઢા, અનુરાધા, રેવતી; ધનિષ્ઠા, શતભિષા અને હસ્ત એ નક્ષત્રવિષે; ચંદ્રમા જળરાશિવિષે અને બુધ, શુક્ર લગ્નવિષે છતાં વાવ, કુવા, તલાવ ઇત્યાદિક જલાશય ખણાવવાં. ચૌલમાટે ઉક્ત નક્ષત્ર, વાર ઇત્યાદિકવિષે ક્ષૌરકર્મ (હજામત) કરાવવું તે શુભ છે, એમ કહે છે. રાજાઓએ પાંચમે પાંચમે દિવસ ક્ષૌર કરાવવું. બીજાઓએ ઇચ્છાપ્રમાણે દિવસ સંખ્યાવિના કરાવવું. એક ક્ષૌરકર્મ કરાવ્યા પછી બીજું ક્ષૌર નવમે દિવસે ક્યારે પણ કરાવવું નહીં. જીવવાની ઇચ્છા કરનારાએ ચૌદશને દિવસે ક્ષૌરકર્મ અને અમાવાસ્યાને દિવસે સ્ત્રીસંભોગ વર્જ્ય કરવાં. અભ્યંગ (તૈલમર્દન) કર્યા પછી, ભોજન કર્યા પછી, સ્નાન કર્યા પછી, અને અલંકારાદિક ધારણ કરી ક્ષૌર કરાવવું નહીં. પ્રયાણ (પરદેશ જવાને) દિવસે, યુદ્ધના આરંભ દિવસે, રાત્રિ સમયે, સંધ્યાસમયવિષે, શ્રાદ્ધદિવસ, એકમ, રિક્તા તિથિ, વ્રતદિવસ, એટલા દિવસે ક્ષૌર કરાવવું નહીં. જન્મ નક્ષત્ર, સઘળાં કર્મ કરવાવિષે ઉત્તમ છે; પરંતુ ક્ષૌર (વાળ ઉતરાવવા), પ્રયાણ, ઔષધસેવન અને વાદવિવાદવિષે શ્રેષ્ઠ નથી. છઠ, અમાવાસ્યા, પૂનમ, વ્યતીપાત્ત, ચૌદશ અને આઠમ એ દિવસે તૈલસેવન, સ્ત્રીસંભોગ અને ક્ષૌર કરાવવું નહીં; કારણ, એ કરવાથી પાપ થાય છે. રાજકાર્યમાં જોડાયલા અને રાજાના આશ્રયથી ઉપજીવિકા કરનારાઓએ શ્મશ્રુ (દાઢી, મુછ), વાળ અને નખ ઉતરાવવાવિષે કાળશુદ્ધિ જોવી નહીં. નિષેધ હોય તો પણ નિમિત્તથી પ્રાપ્ત થયલું ક્ષૌર તેમજ યજ્ઞ, મૃત્યુ, બંધ, મોક્ષ, રાજાની આજ્ઞા અને બ્રાહ્મણની આજ્ઞા છતાં ક્ષૌર અવશ્ય કરાવવું. પ્રથમ વયવાળાઓએ અને જેનો પિતા જીવતો હોય તેણે મુંડન કરાવવું નહીં. જોકે મુંડન કરાવવું નહીં, એવો નિષેધ છે તથાપિ સર્વદા કેશ કતરાવવા. બુદ્ધિમાન પુરૂષે ઉત્તર અથવા પૂર્વ દિશાને સન્મુખ બેસી વાળ ઉતરાવવા. કેશ, દાઢી, મુછ, રોમ અને નખ દક્ષિણથી છેદાતા ઉત્તરતરફ છેદાઈ રહે એ રીતે ઉતરાવવા. “ आनर्तोहिच्छत्रः, पाटलिपुत्रोऽदितिर्दितिः श्रीशः ॥ क्षौरे स्मरणादेषां, दोषा नश्यंति निःशेषाः ” (આનર્ત્ત, અહિચ્છત્ર, પાટલિપુત્ર, અદિતિ, દિતિ અને શ્રીશ એટલે વિષ્ણુ એમનું વાળ ઉતરાવવા સમયે સ્મરણ કરવાથી તે સમયના નિંદાયોગ્ય વારાદિક સઘળા દોષો દૂર થાય છે.)

अथरोगोत्पत्तौनक्षत्रफलम् ॥ अश्विन्यांरोगोत्पत्तौएकाहंनवदिनानिवापंचविंशतिदिनानिवापीडा १ भरण्यामेकादशैकविंशतिर्वामासंवामृत्युर्वा २ कृत्तिकायांदशनवैकविंशतिर्वा ३ रोहिण्यांदशवानववासप्तवात्रीणिवाहानि ४ मृगेपंचनववात्रिंशद्वा ५ आर्द्रायांमृत्युर्वादशाहंवामासंवा ६ पुनर्वसौसप्तनववामृत्युर्वा ७ पुष्येसप्तवामृत्युर्वा ८ आश्लेषायांमृत्युर्विंशतिस्त्रिंशद्वानववादिनानिपीडा ९ मघायांमृत्युर्वासार्धमासंवामासंवाविंशतिदिनानिवापीडा १० पूर्वाफल्गुन्यांमृत्युर्वाब्दंमासंवापीडा पंचदशवाषष्टिर्वादिनानि ११ उत्तरायांसप्तविंशतिःपंचदशसप्तवादिनानि १२ हस्तेमृत्युरष्टवानववासप्तवापंचदशवाहानि १३ चित्रायांपक्षमष्टवादशवाएकादशवाहानि १४ स्वात्यांमृत्युर्वैकद्वित्रिचतुःपंचमासैर्वादशदिनैर्वारोगनाशः १५ विशाखायांमासंवापक्षंवाष्टदिनंविंशतिदिनंवापीडा १६ अनुराधायांदशरात्रमष्टाविंशतिरात्रंवा १७ ज्येष्ठायांमृत्युर्वापक्षंवामासंवैकविंशतिरात्रंवापीडा १८ मूलेमृत्युःपक्षंनवरात्रंविंशतिरात्रंवापीडा १९ पूर्वाषाढायांमृत्युर्वाद्वित्रिषडादिमासैर्विंशतिदिनैःपक्षेणवारोगनाशः २० उत्तराषाढायांसार्धमासंविंशतिरात्रंवामासंवा २१ श्रवणेपंचविंशतिर्दशवाएकादशवाषष्टिर्वाहानि २२ धनिष्ठायांदशरात्रंपक्षंमासंत्रयोदशरात्रंवा २३ शततारकायांद्वादशैकादशवा २४ पूर्वाभाद्रायांमृत्युर्वाद्वित्र्यादिमासंवादशरात्रंवा २५ उत्तराभाद्रायांसार्धमासंपक्षंसप्ताहंदशाहंवा २६ रेवत्यांज्वराद्युत्पत्तौदशाहमष्टाविंशतिरात्रंवापीडा २७ जन्मनक्षत्रेजन्मराशौअष्टमचंद्रेरोगोत्पत्तौमृत्युः २८ अर्कादिवारेक्रमेणमघाद्वादश्यौविशाखैकादश्यौपंचम्यार्द्रे तृतीयोत्तराषाढे शततारषष्ठ्यौ अष्टम्यश्विन्यौ पूर्वाषाढानवम्यौ चेतित्रयाणांयोगेमृत्युः एवमर्कादौ अनुराधाभरण्यौ आर्द्रोत्तराषाढेमघाशततारेविशाखाश्विन्यौ ज्येष्ठामृगौ श्रवणाश्लेषेपूर्वाभाद्रपदाहस्तौचेन्मृत्युयोगः अत्रोक्तास्तिथिवारनक्षत्रशांतयोविस्तृताःकार्याः येषुनक्षत्रेषुमरणमुक्तंतत्रशांतिरावश्यकी अन्यत्रकृताकृता ॥

હવે રોગ ઉત્પન્ન થયા છતાં તે નક્ષત્રનાં ફળ કહે છે.

૧ અશ્વિની નક્ષત્રવિષે રોગ(જ્વરાદિક)ની ઉત્પત્તિ થઈ હોય તો એક દિવસ, નવ દિવસ અથવા પચીશ દિવસ પીડા જાણવી. ૨ ભરણીવિષે રોગ ઉત્પન્ન થાય તો અગીયાર દિવસ, એકવીશ દિવસ,

અથવા માસપર્યંત પીડા જાણવી; અથવા મૃત્યુ જાણવો. ૩ કૃત્તિકા નક્ષત્રવિષે દશ દિવસ, નવ દિવસ, અથવા એકવીશ દિવસ. ૪ રોહિણી નક્ષત્રવિષે દશ, નવ, સાત અથવા ત્રણ દિવસ પીડા. ૫ મૃગશિર નક્ષત્રવિષે પાંચ, નવ અથવા ત્રીશ દિવસ પીડા. ૬ આર્દ્રા નક્ષત્રવિષે મૃત્યુ; દશ દિવસ અથવા એક માસપર્યંત પીડા. ૭ પુનર્વસુ નક્ષત્રવિષે સાત અથવા નવ દિવસ પીડા; કિંવા મૃત્યુ. ૮ પુષ્ય નક્ષત્રવિષે સાત દિવસ પીડા; અથવા મૃત્યુ. ૯ આશ્લેષા નક્ષત્રવિષે મૃત્યુ; વીશ, ત્રીશ અથવા નવ દિવસ પીડા. ૧૦ મઘા નક્ષત્રવિષે મૃત્યુ; દોઢ માસ, એક માસ અથવા વીશ દીવસ પીડા. ૧૧ પૂર્વાફાલ્ગુની નક્ષત્રવિષે મૃત્યુ; એક વર્ષપર્યંત, અથવા એક માસપર્યંત, પંદર દિવસ કિંવા સાઠ દિવસ પીડા. ૧૨ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રવિષે સત્તાવીશ દિવસ, પંદર દિવસ અથવા સાત દિવસ પીડા. ૧૩ હસ્ત નક્ષત્રવિષે મૃત્યુ; આઠ, નવ, સાત અથવા પંદર દિવસ પીડા. ૧૪ ચિત્રા નક્ષત્રવિષે પંદર, આઠ, દશ અથવા અગીયાર દિવસ પીડા. ૧૫ સ્વાતીવિષે મૃત્યુ; એક, બે, ત્રણ, ચાર અથવા પાંચ માસે કિંવા દશ દિવસે રોગનો નાશ થાય. ૧૬ વિશાખાવિષે એક માસ, કિંવા પંદર દિવસ અથવા વીશ દિવસ પીડા. ૧૭ અનુરાધાવિષે દશ અથવા અઠ્ઠાવીશ રાત્રિપર્યંત પીડા. ૧૮ જ્યેષ્ઠાવિષે મૃત્યુ; પંદર દિવસ, એક માસ અથવા એકવીશ રાત્રિ પીડા. ૧૯ મૂળ નક્ષત્રવિષે મૃત્યુ; પંદર દિવસ, નવ અથવા વીશ રાત્રિ પીડા. ૨૦ પૂર્વાષાઢાવિષે મૃત્યુ; બે, ત્રણ, છ ઇત્યાદિક માસે અથવા વીશ દિવસે કિંવા પંદર દિવસે રોગનો નાશ થાય. ૨૧ ઉત્તરાષાઢા નક્ષત્રવિષે દોઢ માસ, વીશ રાત્રિ અથવા એક માસ પીડા, ૨૨ શ્રવણવિષે પચીશ, દશ, અગીયાર અથવા સાઠ દિવસ પીડા. ૨૩ ધનિષ્ઠાવિષે દશ રાત્રિ, પંદર દિવસ, એક માસ અથવા તેર રાત્રિ પીડા. ૨૪ શતભિષા નક્ષત્રવિષે બાર અથવા અગીયાર દિવસ પીડા. ૨૫ પૂર્વાભાદ્રપદાવિષે મૃત્યુ; બે, ત્રણ ઇત્યાદિક માસપર્યંત અથવા દશ રાત્રિ પીડા. ૨૬ ઉત્તરાભાદ્રપદાવિષે દોઢ માસ, પંદર દિવસ, સાત અથવા દશ દિવસ પીડા. ૨૭ રેવતી નક્ષત્રવિષે જ્વરાદિકની ઉત્પત્તિ થાય તો દશ દિવસ અથવા અઠ્ઠાવીશ રાત્રિ પીડા. ૨૮ જન્મ નક્ષત્ર, જન્મ રાશિ અથવા અષ્ટમ ચંદ્રવિષે રોગની ઉત્પત્તિ થાય તો મૃત્યુ. રવિ ઇત્યાદિક વારે ક્રમથી મઘા અને દ્વાદશી, વીશાખા અને એકાદશી, પાંચમ અને આર્દ્રા, ત્રીજ અને ઉત્તરાષાઢા, શતભિષા અને છઠ, આઠમ અશ્વિની, પૂર્વાષાઢા અને નોમ, એ રીતે વાર નક્ષત્ર અને તિથિ એ ત્રણનો યોગ છતાં રોગ ઉત્પન્ન થાય તો મૃત્યુ પ્રાપ્ત થાય. એજ રીતે રવિ ઇત્યાદિક વારે (ક્રમથી) અનુરાધા, ભરણી; આર્દ્રા, ઉત્તરાષાઢા; મઘા, શતભિષા; અશ્વિની; જ્યેષ્ઠા, મૃગશિર; શ્રવણ, આશ્લેષા; પૂર્વાભાદ્રપદા, હસ્ત; એ નક્ષત્ર હોય તો મૃત્યુનો યોગ થાય છે. એ વિષયવિષે કહેલી તિથિ, વાર અને નક્ષત્રની શાંતિઓ વિસ્તારયુક્ત કરવી. જે નક્ષત્રવિષે મરણ કહેલું છે તે નક્ષત્રવિષે રોગ ઉત્પન્ન થાય તો શાંતિ અવશ્ય કરવી. બીજાં નક્ષત્રોવિષે કરો અથવા ન કરો તે ઇચ્છા.

अथसर्वनक्षत्रसाधारणःशांतिप्रयोगः ॥ देशकालौसंकीर्त्यममोत्पन्नव्याधेर्जीवच्छरीराविरोधेनसमूलनाशार्थममुकनक्षत्रशांतिकरिष्यइतिसंकल्प्य गणेशपूजादिआचार्यंवृत्वाकुंभोपरिपूर्णपात्रेद्वादशदलेनक्षत्रदेवताप्रतिमांसौवर्णींसंपूज्य द्वादशदलेषुसंकर्षणादिद्वादशमूर्तीर्द्वादशादित्यान्वासंपूज्यदूर्वासमित्तिलक्षीराज्यैर्गायत्र्यातत्तद्देवतायै अष्टोत्तरशतंहुत्वामरणादिपीडाधिक्योक्तौसहस्रंहुत्वादध्योदनबलिंदत्वाचार्यायगांप्रतिमांचदद्यादितिसंक्षेपः शांतिमयूखादौनक्षत्रभेदेनहविर्मंत्रबलिधूपादिभेदस्तिथिवारदेवतामंत्रादिभेदइत्यादिविस्तारोद्रष्टव्यः कर्मविपाके जातवेदसइत्यृचोयुतंलक्षंवाजपोरुद्रेनमकानुवाकैः सहस्रकलशस्नानंवाविष्णौसहस्रावृत्तपुरुषसूक्तेनसहस्रघटस्नानंवाज्वरनाशकं यद्वा श्रीभागवतस्थज्वरस्तोत्रजपः ॥

હવે સઘળા નક્ષત્રોને સાધારણ શાંતિનો પ્રયોગ કહે છે.

દેશ, કાલનો ઉચ્ચાર કરી " ममोत्पन्नव्याधेर्जीवच्छरीराविरोधेन समूलनाशार्थं अमुकनक्षत्रशांतिं करिष्ये " એવો સંકલ્પ કરી ગણપતિપૂજન આદિક કરવું. પછી આચાર્યનું વરણ કરી કલશ ઉપર પૂર્ણપાત્રવિષે દ્વાદશ દલ કરી તેના મધ્યભાગવિષે નક્ષત્રદેવતાની સુવર્ણમય પ્રતિમાનું પૂજન કરી દ્વાદશ દલનેવિષે સંકર્ષણાદિક બાર મૂર્તિ અથવા બાર સૂર્યનું પૂજન કરી દૂર્વા, સમિધ, તિલ, દૂધ અને ઘી એ પદાર્થોવડે ગાયત્રીમંત્રથકી તે તે દેવતાને ઉદ્દેશે (૧૦૮) હોમ કરી અથવા મરણ આદિ અધિક પીડા પ્રાપ્ત થશે એમ કહ્યું હોય તો તેવિષે સહસ્ર હોમ કરી દહીં ભાતનું બલિદાન

દઈ આચાર્યને ગાય અને પ્રતિમાનું દાન કરવું. એ રીતે સંક્ષેપ જાણવો. શાંતિમયૂખ આદિ ગ્રંથવિષે, નક્ષત્રના ભેદવડે હોમદ્રવ્ય, મંત્ર, બલિદાન અને ધૂપાદિકનો ભેદ તેમજ તિથિ, વારના દેવતા અને મંત્રાદિકનો ભેદ એટલે જુદો જુદો પ્રકાર ઇત્યાદિ વિસ્તાર જોઈ લેવો. કર્મવિપાક ગ્રંથવિષે "जातवेदसे०" એ ઋચાનો દશહજાર અથવા એક લક્ષ જપ, અથવા મહાદેવ ઉપર નમક અનુવાકવડે સહસ્ર કલશથકી સ્નાન, કિંવા વિષ્ણુ ઉપર પુરૂષસૂક્તની સહસ્ર આવૃત્તિવડે સહસ્ર કલશ થકી સ્નાન કરાવવાથી જ્વર નાશ થાય છે એમ કહ્યું છે. અથવા શ્રીભાગવતમાંના જ્વરસ્તોત્રનો જપ કરવો.

अथसर्वरोगनाशकानि ॥ रोगानुसारेणलघुरुद्रमहारुद्रातिरुद्राणांजपोभिषेकोवा विष्णुसहस्रनामस्तोत्रस्यशतंसहस्रमयुतंवाजपः सौरं[1]जपःसूर्यनमस्कारार्घ्यदानानि मुंचामित्वेतिसूक्तजपोऽच्युतानंतगोविंदेतिनामत्रयजपोमृत्युंजयजपश्चरोगानुसारेणेति सर्वरोगहराणि ॥

હવે સરવે રોગને હરવાનાં સાધનો કહે છે.

નાહાના અથવા મ્હોટા રોગને અનુસારે લઘુરુદ્ર, મહારુદ્ર, અથવા અતિરુદ્રનો જપ કિંવા અભિષેક કરવો. વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો સો, હજાર અથવા દશહજાર જપ કરવો. સૂર્યનો ("उद्यंनद्य०" એ ત્રણ ઋચાનો માત્ર) જપ કરવો. સૂર્યને નમસ્કાર, અને અર્ઘ્યપ્રદાન કરવાં. "मुंचामित्वा०" એ સૂક્તનો જપ, "अच्युतानंतगोविंद०" એ ત્રણ નામનો જપ અથવા મૃત્યુંજય જપ એ સધળાં, રોગને અનુસારે કરવાથી સર્વ રોગને હરણ કરનારાં છે.

ज्येष्ठामूलश्रुतिस्वातिमृदुक्षिप्रपुनर्वसौ गुरुशुक्रेंदुवारेपुशस्तंभेपजभक्षणं रिक्तायांचरलग्नेमिश्रक्षिप्रेंद्रमूलपूर्वासु चित्राभरणीश्रवणत्रयभेरविकुजबुधार्कजेस्नायात् वैधृतौचव्यतीपातेभद्रायांसंक्रमेतथा रोगमुक्तस्नानमत्रचंद्रतारावलंनवा ॥

"જ્યેષ્ઠા, મૂળ, શ્રવણ, સ્વાતી, મૃદુસંજ્ઞક, ક્ષિપ્રસંજ્ઞક, અને પુનર્વસુ એ નક્ષત્રવિષે; ગુરૂ શુક્ર અને સોમવારે ઔષધ ખાવું એ ઉત્તમ છે. રિક્તા તિથિ; ચરલગ્ન; મિશ્ર નક્ષત્ર, ક્ષિપ્ર નક્ષત્ર, જ્યેષ્ઠા, મૂળ, ત્રણ પૂર્વા, ચિત્રા, ભરણી, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, એ નક્ષત્રોવિષે; રવિ; મંગળ, બુધ અને શનિવારે, રોગી પુરૂષે સ્નાન કરવું. વૈધૃત, વ્યતીપાત, ભદ્રા, સંક્રાંતિ એ દિવસે રોગથી મુક્ત થયેલા પુરૂષે સ્નાન કરવું; તેવિષે ચંદ્રબલ અને તારાબલ હોય અથવા ન હોય તેનું અવશ્ય નથી."

अथाभ्यंगः ॥ भद्रासंक्रमपातवैधृतिसितेज्यार्कारपष्ठ्यादिपुश्राद्धाहेप्रतिपद्द्वयेपरिहरेद्धेतुंविनाभ्यंजनं मांगल्यंविजयोत्सवोब्द्वदनंदीपावलीहेतवोभ्यंगस्याथबुधांबुपर्क्षेपितृभाभ्यंगात्पतिघ्न्यंगना अथापवादः सार्षपंगंधतैलंचयत्तैलंपुष्पवासितं द्रव्यांतरयुतंतैलंपक्वतैलंनदुष्यति किंचिद्गोघृतयुक्तंवाविप्रपादरजोन्वितं नित्याभ्यंगेचनोदुष्टंतैलंनिंद्येह्निसर्वदा रवौपुष्पंगुरौदूर्वांभौमवारेचमृत्तिकां भार्गवेगोमयंक्षिप्त्वातैलस्नानंसुखावहम् ॥

હવે અભ્યંગ (તૈલમર્દન)નો પ્રકાર કહે છે.

"ભદ્રા; સંક્રાંતિ; વ્યતીપાત; વૈધૃતિ; શુક્ર, ગુરૂ, રવિ અને ભૌમ એ વાર; છઠ ને આદિ દઈ તિથિઓ; શ્રાદ્ધદિવસ; એકમ અને બીજ એ દિવસે કારણવિના અભ્યંગસ્નાન કરવું નહીં. વિવાહાદિક મંગલકાર્ય; વિજ્યાદશમી; ચૈત્ર શુદ એકમ; અને દીવાળી એટલા દિવસો અભ્યંગ કરવામાં કારણ છે. એ દિવસે નિષિદ્ધ તિથ્યાદિક હોય તો પણ અભ્યંગ કરવો. બુધવાર, શતભિષા નક્ષત્ર અને મઘા નક્ષત્રનેવિષે અભ્યંગ કરી સ્નાન કરનારી સ્ત્રી પોતાના પતિનો નાશ કરનારી છે." હવે એનો અપવાદ (બાધ) કહે છે. સર્ષપનું તેલ, સુગંધી તેલ અથવા પુષ્પવડે સુગંધી કરેલું તેલ, તેમજ બીજા પદાર્થવડે મિશ્રિત કરેલાં અથવા ઉકાળેલા તેલનો અભ્યંગ કરવાથી દોષ નથી. થોડું એક ગાયનું ઘી અથવા બ્રાહ્મણના ચરણની રજ તેણે યુક્ત તેલનો અભ્યંગ કરવાથી કિંવા નિત્ય અભ્યંગ કરવાથી નિંદ્ય દિવસે પણ દોષ નથી. રવિવારે પુષ્પ, ગુરૂવારે દૂર્વા, મંગળવારે મૃત્તિકા અને શુક્રવારે છાણ તેલમાં મેળવી તે તેલવડે અભ્યંગ કરે તો તે સુખદાયક છે.

---

[1] उद्यंनद्येतितृचमात्रजपः ॥

वैशाखेफाल्गुनेपौषेश्रावणेमार्गशीर्षके गृहारंभप्रवेशौस्तःस्तंभोच्छ्रायश्चशस्यते ज्येष्ठकार्तिकमाघांश्चशुभदान्प्राहनारदः तृणगेहंसर्वमासेपौषेमुख्यगृहंनहि हस्तत्रयध्रुवमृदुधनिष्ठाद्वयपुष्यभे रिक्ताअर्ककुजौत्यक्त्वागृहंकुर्याद्विशेदपि शिलान्यासंचखातंचश्रुत्यश्विक्रूरमित्रभैः आश्लेषामूलपुष्यार्कमृगांत्यध्रुवभैरपि केंद्राष्टमेपापहीनेवेश्मकृत्यंस्थिरोदये धनिष्ठापंचकेवर्ज्यःस्तंभोच्छ्रायःसदाबुधैः नेष्टानिसप्तसूर्यर्क्षाद्दिष्टान्येकादशाष्टमात् दशशिष्टानिनेष्टानिचक्रेस्युर्वृषवास्तुनि यद्वातुर्यात्पंचदशात्रयोविंशतिसंख्यकात् वेदाब्धिपंचनेष्टानिगृहारंभप्रवेशयोः स्नानंपाकस्वापवस्त्रभुजीनांपशुकोशयोः देवानांचगृहान्कुर्यात्पूर्वादौमुख्यवेश्मनः उदग्दिशंध्रुवमुखाज्ज्ञात्वाप्राचींप्रसाधयेत् कोणाध्वभ्रमकूपद्वाःपंकस्तंभद्रुमामरैः विद्धादुष्टाद्वार्नदोषोगृहोच्चद्विगुणांतरे सूत्रंभित्तिशिलान्यासंस्तंभस्यारोपणंतथा आग्नेयींदिशमारभ्यकुर्यादित्याहकश्यपः अन्यवेश्मस्थितंदारुनान्यवेश्मनियोजयेत् नूतनेनूतनंकाष्ठंजीर्णेजीर्णंप्रशस्यते द्वात्रिंशाधिकहस्तेचतृणागारेचतुर्मुखे नतत्रचिंतयेद्धीमान्गुणानायव्ययादिकान् ॥

ગૃહારંભનું મુહૂર્ત—વૈશાખ, ફાગણ, પૌષ, શ્રાવણ અને માર્ગશીર્ષ માસમાં ઘર બાંધવાનો આરંભ, ઘરમાં પ્રવેશ અને સ્તભ ઉભા કરવા તે શુભ છે. જ્યેષ્ઠ, કાર્તિક અને માઘ એ માસ ઘરના કામવિષે શુભ છે એમ નારદ કહે છે. તૃણ (ઘાસ)નું ઘર સઘળા માસમાં બાંધવું. મુખ્ય ઘર પૌષમાસમાં બાંધવું નહીં. હસ્ત, ચિત્રા, સ્વાતી, ધ્રુવસંજ્ઞક, ધનિષ્ઠા, શતભિષા અને પુષ્ય એ નક્ષત્રોનેવિષે રિક્તા તિથિ, રવિવાર અને મગળવાર વર્જ્ય કરી ઘરનો આરંભ કરવો અને પ્રવેશ પણ કરવો. શ્રવણ, અશ્વિની, ક્રૂરસંજ્ઞક, અનુરાધા, આશ્લેષા મૂળ, પુષ્ય, હસ્ત, મૃગશિર, રેવતી અને ધ્રુવસંજ્ઞક એ નક્ષત્રમાં પ્રથમ શિલાનું માંડવું તથા પાયો ખોદવો એ કરવું. કેંદ્રસ્થાન (૧, ૪, ૭, ૧૦) અને અષ્ટમસ્થાનમાં પાપગ્રહ ન છતાં સ્થિરલગ્નવિષે ઘરસબંધી કાર્ય કરવું. વિદ્વાન્ પુરૂષે ધનિષ્ઠાથકી પાંચ નક્ષત્રમાં સ્તભ ઉભા ન કરવા. વૃષભવાસ્તુચક્ર કહે છે. સૂર્યના નક્ષત્ર થકી દિવસના નક્ષત્રપર્યંત નક્ષત્ર લેખવાં, તેમાં પ્રથમનાં સાત નક્ષત્ર અશુભ. આઠમા નક્ષત્ર થકી અગીયાર નક્ષત્ર શુભ. બાકીનાં દશ અશુભ, એરીતે વૃષભવાસ્તુ જોઇ જે દિવસે શુભ નક્ષત્ર હોય તે દિવસે આરંભ કરવો. અથવા સૂર્યના નક્ષત્રથકી ગણતાં ચોથા, પંદરમા અને ત્રેવીશમા નક્ષત્ર થકી ક્રમે કરી જાજાપ એ નક્ષત્રો ઘરના આરંભ અને પ્રવેશવિષે અશુભ છે. મુખ્ય ઘરની પૂર્વદિશા થકી સ્નાનઘર, પાકઘર (રસોડું), નિદ્રાગૃહ, વસ્ત્રગૃહ, ભોજનગૃહ, પશુ બાંધવાનું ઘર, કોશ (ખજાના)નું ઘર અને દેવગૃહ એ રીતે ગૃહ બાંધવાં. ધ્રુવમુખ થકી ઉત્તરદિશા સમજી તે ઉપરથી પૂર્વદિશા સાધવી. ખુણા, માર્ગ, કુંભારના ચક્ર આદિ યંત્ર, કુવા, કોઇનું દ્વાર, કીચ, સ્તંભ, ઝાડ અને દેવ એમાંના કોઇ એક પદાર્થે વેધાયલું એટલે તેમનીસામે ઘરનું દ્વાર દુષ્ટ છે; પણ ઘરની ઉંચાઈ કરતાં બમણું ખુણા ઇત્યાદિકને અંતર હોય તો વેધનો દોષ નથી. સૂત્રન્યાસ (દોરી બાંધવી), ભીંતનો આરંભ, શિલાન્યાસ અને સ્તંભ ઉભા કરવા એ સઘળાં અગ્નિ દિશા થકી આરંભ કરવાં એમ કશ્યપ કહે છે. એક ઘરમાં વાપરેલાં કાષ્ઠ બીજા ઘરમાં વાપરવાં નહીં. નવીન ઘરમાં નવીન કાષ્ઠ અને જુના ઘરમાં જુનાં કાષ્ઠ વાપરવાં, તે ઉત્તમ છે. બત્રીશ હાથ કરતાં અધિક પ્રમાણનું ઘર, ચાર દ્વારવાળું ઘર અથવા ઘાસનું ઘર તેનેવિષે બુદ્ધિમાન્ પુરૂષે આય, વ્યય ઇત્યાદિક ગુણોનો વિચાર કરવો નહીં.

अथगृहप्रवेशः ॥ वास्तुपूजाविधिःकार्यःपूर्वमेवप्रवेशतः मैत्रध्रुवक्षिप्रचरमूलभैर्धनपुत्रकृत् वास्तुशांतिप्रयोगोन्यतोज्ञेयः वास्तुशांतिर्दिवैवोक्ताप्रवेशस्तुनिशिक्वचित् गृहप्रवेशःप्रारंभोदितमासादिकःशुभः क्वचिन्माघोर्जशुक्रेषुकैश्चिदुक्तोमृदुध्रुवे श्रेष्ठःक्षिप्रैश्चरैर्मध्योनिंद्यस्तीक्ष्णोग्रमिश्रभैः त्रिषडायेखलैःसद्भिःषडष्टव्ययवर्जितैः शुद्धेंबुरंध्रेचतनौविजनुर्लग्नभाष्टमे ऋक्षाणिपंचसूर्यर्क्षान्नेष्टान्यत्रचतुर्दशात् शेषभानिशुभान्येवंप्रवेशेघटचक्रकं इतिवास्तुप्रकरणम् ॥

હવે ગૃહપ્રવેશનું મુહૂર્ત કહે છે.

નવીન ઘરમાં પ્રવેશ કરવાની પ્રથમજ મૈત્રસંજ્ઞક, ધ્રુવસંજ્ઞક, ક્ષિપ્રસંજ્ઞક, ચરસંજ્ઞક અને મૂળ એ નક્ષત્રોમાં વાસ્તુપૂજાનો વિધિ કરવો; તેથી ધન, પુત્રની પ્રાપ્તિ થાય છે. વાસ્તુશાંતિનો પ્રયોગ બીજા ગ્રંથોમાં જોઈ લેવો. વાસ્તુશાંતિ દિવસેજ ઉત્તમ છે; અને નવીન ઘરમાં પ્રવેશ કરવો તે કોઇ

ગ્રંથમાં રાત્રિએ પણ કરવો એમ કહ્યું છે. ઘરના આરંભવિષે જે માસ, નક્ષત્રાદિક કહ્યાં છે તેજ માસ નક્ષત્રાદિકમાં પ્રવેશ શુભ છે. કોઈ ગ્રંથમાં, માઘ, કાર્તિક અને જેઠ માસમાં; તેમજ કેટલાએકે મૃદુસંજ્ઞક અને ધ્રુવસંજ્ઞક એ નક્ષત્રવિષે ગૃહપ્રવેશ શ્રેષ્ઠ છે એમ કહ્યું છે. ક્ષિપ્રસંજ્ઞક અને ચરસંજ્ઞક નક્ષત્રોમાં ગૃહપ્રવેશ મધ્યમ છે. તીક્ષ્ણ, ઉગ્ર અને મિશ્ર એ નામવાળાં નક્ષત્રોવિષે નિંધ છે. ગૃહપ્રવેશમાટે લગ્નશુદ્ધિ-લગ્નથી ત્રીજે, અગીયારમે અને છઠ્ઠે પાપગ્રહ શુભ; તેમજ છઠ્ઠે, આઠમે અને બારમે શુભ ગ્રહ અશુભ; ચોથે અને આઠમે કોઇપણ ગ્રહ જોઇએ નહીં. જન્મલગ્ન અને જન્મરાશિ થકી આઠમું લગ્ન જોઇએ નહીં. સૂર્યનક્ષત્ર થકી પ્રથમનાં પાંચ નક્ષત્ર અને ચૌદમા નક્ષત્ર થકી આઠ નક્ષત્ર અશુભ છે એટલે ૧, ૨, ૩, ૪, ૫, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ એ નક્ષત્રોમાં પ્રવેશ કરવો નહીં. બાકીનાં નક્ષત્રો પ્રવેશમાં શુભ છે. એરીતે ઘરમાં પ્રવેશવિષે કુંભચક્ર જાણવું. એરીતે વાસ્તુપ્રકરણ કહ્યું.

अथधनाद्यर्थगमनम् ॥ श्रुतिद्वयाश्विपुष्यांत्यानुराधामृगहस्तमे पुनर्वसौगोचरेष्टप्रदवारेव्रजेन्नरः अभिजिद्भंगमेश्रेष्ठंदक्षिणाशांविनाक्षणः मघाचित्रात्रयाश्लेषाभरण्यार्द्राःसकृत्तिकाः पूर्वाभाद्राच नेष्टाःस्युःप्रयाणेजन्मभंतथा त्यजेद्रिक्तांपर्वषष्ठ्यष्टमीद्वादशिकास्तिथीः कृत्तिकाभरणीपूर्वामघानांघटिकाःक्रमात् एकविंशतिसप्ताथषोडशैकादशत्यजेत् ज्येष्ठाश्लेषाविशाखासुस्वात्यांचापिचतुर्दश भृगोर्मते संकटेपिसर्वांस्वातींमघांत्यजेत् स्वातीपित्र्याग्निपूर्वार्धंचित्राश्लेषांतकोत्तरम् ॥

હવે ધન કમાવવું ઇત્યાદિક કાર્યના નિમિત્તથી જવું તે—શ્રવણ, ધનિષ્ઠા, અશ્વિની, પુષ્ય, રેવતી, અનુરાધા, મૃગ, હસ્ત અને પુનર્વસુ એ નક્ષત્રમાં; ગોચર (ચાલતા ગ્રહ)વિષે શુભ ફળ દેનારા ગ્રહને વારે પ્રયાણ કરવું. અભિજીત્ નક્ષત્ર અને અભિજીત્ મુહૂર્ત દક્ષિણદિશા વિના પ્રયાણ કરવામાં શુભ છે. મધા, ચિત્રા, સ્વાતી, વિશાખા, આશ્લેષા, ભરણી, આર્દ્રા, કૃત્તિકા, પૂર્વાભાદ્રપદા, અને જન્મનક્ષત્ર એ પ્રયાણમાં અશુભ છે. રિક્તા, પર્વ, છઠ્ઠ, આઠમ અને બારસ એ તિથિ પ્રયાણમાં ત્યાગ કરવી. કૃત્તિકા, ભરણી, ત્રણ પૂર્વા અને મધા એ નક્ષત્રોની ક્રમથી ૨૧, ૭, ૧૬, ૧૧ એટલી પ્રથમની ઘટિકા ત્યાગ કરવી. જ્યેષ્ઠા, આશ્લેષા, વિશાખા અને સ્વાતી એ નક્ષત્રની ચૌદ ચૌદ ઘટિકા છોડવી. ભૃગુના મતપ્રમાણે સંકટ હોય તો પણ સપૂર્ણ સ્વાતી અને મધાનો ત્યાગ કરવો. સ્વાતી[2], મધા અને કૃત્તિકાનો પૂર્વાર્ધ; ચિત્રા, આશ્લેષા અને ભરણીનો ઉત્તરાર્ધ એનો ત્યાગ કરવો.

वारशूलःसोमशनीप्राच्यामीज्यस्तुदक्षिणे रविशुक्रौप्रतीच्यांस्यादुदीच्यांबुधमंगलौ पूर्वादिदिक्षुमेषाद्याःक्रमात्त्रिश्चंद्रराशयः संमुखोदक्षिणोब्जःसन्पृष्ठेवामेतिनिंदितः दिशियत्रोदेतिशुक्रस्तांदिशंनव्रजेन्नरः नव्रजेत्संमुखेज्ञेपिशुभंपृष्ठोपिवामतः रेवतीमेषगेचंद्रेशुक्रांध्यात्संमुखंव्रजेत् ॥

વારશૂલ—પ્રયાણ કરવામાં પૂર્વ દિશામાં સોમ અને શનિવાર; દક્ષિણ દિશામાં ગુરૂવાર; પશ્ચિમ દિશામાં રવિ, શુક્ર એ વાર; ઉત્તર દિશામાં બુધ અને મંગળ એ વાર વર્જ્ય કરવા. પૂર્વાદિક દિશાઓમાં ક્રમથી મેષાદિક બાર ચંદ્રરાશિ ગણતાં એક એક દિશામાં ત્રણ ત્રણ રાશિ થાય છે, તેમાંનો સંમુખ અથવા દક્ષિણ ભાગમાં ચંદ્ર હોય તો શુભ છે. પૃષ્ઠભાગ અથવા વામભાગમાં હોય તો નિંધ છે. જે દિશામાં શુક્ર ઉદય પામતો હોય તે દિશાની સામે પ્રયાણ કરવું નહીં. બુધ સંમુખ હોય તો પણ પ્રયાણ કરવું નહીં. વાંસે અથવા વામભાગમાં બુધ હોય તે શુભ. રેવતી નક્ષત્ર અથવા મેષ રાશીનો ચંદ્ર હોય તો શુક્ર અંધ થાય છે; તેથી તે સમયે શુક્રની સામે જવામાં બાધ નથી.

प्रयाणेशुभाःकेंद्र १।४।७।१०।कोणेषु।९।५ शस्ताः खलास्त्र्यायषट्खेष्वनिष्टः ३।११।६।१० शनिःखे कविःसप्तमेग्लौःषडष्टांत्यलग्ने विलग्नेश्वरोप्यस्तषष्ठाष्टमांत्ये केंद्रेवक्रीवक्रिवर्गोलग्नेवारश्च वक्रिणः कुंभःकुंभनवांशश्चलग्नेत्याज्याःप्रयत्नतः मीनलग्नेतदंशेवायातुर्मार्गोतिदुःखदः शत्रुलग्नमतःषष्ठं तत्पतिर्वामृतिप्रदः शत्रुक्षेत्रेतदंशेवातद्दृष्टेगमनंनसत् लग्नेस्तंगतराशिश्चजन्मराशिश्चनोशुभः शशी वर्गोत्तमेनग्नेवर्गोत्तमयुतेजयः ॥

---

१ भरण्याः पूर्वमर्धं चेत्यपि पाठो दृश्यते.

[2] ભરણીના પૂર્વ અર્ધનો પણ ત્યાગ કરવો, એવો પણ પાઠ દેખવામાં આવે છે.

પ્રયાણવિષે લગ્નશુદ્ધિ—જે લગ્નમાં પ્રયાણ કરવાનું હોય તે લગ્નથકી ૧, ૪, ૭, ૧૦, ૫, ૯ એમાંનાં કોઈ સ્થાનકે શુભ ગ્રહ હોય તે શ્રેષ્ઠ. ૩, ૧૧, ૬, ૧૦, એ સ્થાનકે પાપગ્રહ હોય તો શુભ. શનિ દશમે અશુભ. સપ્તમ શુક્ર અશુભ. ૬, ૮, ૧૨, ૧ એ સ્થાનકે ચદ્ર અશુભ, લગ્નનો સ્વામી પણ ૭, ૬, ૮, ૧૨, એ સ્થાનકે અશુભ છે. કેંદ્રમાં વક્રગતિનો ગ્રહ, લગ્નમાં વક્રગતિના ગ્રહનો વર્ગ, વક્રી ગ્રહનો વાર, કુંભ લગ્ન, કુંભ લગ્નનો નવાંશ એ સઘળાં પ્રયાણ સમયે પ્રયત્નપૂર્વક વર્જિત કરવાં. મીન લગ્ન અથવા મીનના નવાંશમાં પ્રયાણ કરે તો તેને માર્ગમાં બહુ દુઃખ પડે છે. પોતાનાં જન્મલગ્ન અથવા જન્મરાશિના સ્વામીનો શત્રુ; કિંવા જન્મલગ્ન કે જન્મરાશિથકી છઠ્ઠો રાશી; અથવા તેનો સ્વામી એ લગ્નમાં હોય તો મૃત્યુ દેનારો થાય છે. શત્રુનું ગૃહ કિંવા શત્રુનો અંશ અથવા શત્રુની દૃષ્ટિ લગ્નવિષે હોય તો પ્રયાણ કરવું નહીં. અસ્ત થયેલા ગ્રહનો રાશી અથવા જન્મરાશી લગ્નવિષે શુભ નથી. વર્ગોત્તમમાં અથવા વર્ગોત્તમયુક્ત લગ્નમાં ચંદ્ર હોય તો જય પ્રાપ્ત થાય છે.

शुक्लादितिथिवारर्क्षयोगोश्वैरष्टभिस्त्रिभिः त्रिस्थस्तष्टोवशिष्टश्चेत्सर्वांकःसार्वकामिकः त्रिपुक्रमाच्चेच्छून्यंदुःखदारिद्र्यमृत्युदं यद्येकस्मिन्नेवदिनेपुराद्गच्छेत्पुरांतरे प्रावेशिकीकालशुद्धिस्तदाज्ञेयानयात्रिकी प्रवेशान्निर्गमोनेष्टःप्रवेशोनिर्गमादपि जिष्णोःकदापिनवमेधिष्ण्येवारेतिथौतथा याम्यादिग्गमनं शय्यावितानंछादनंगृहे नकुंभमीनगेचंद्रेतृणकाष्ठस्यसंग्रहः तर्पिताग्निसुहृद्विप्रभार्यादिस्तृप्तिमान्व्रजेत् स्वकीयांपरकीयांवास्त्रियंपुरुषमेववा ताडयित्वातुयोगच्छेद्ब्राह्मणानवमान्यच व्याधितःक्षुधितोवापितदंतंतस्यजीवितम् ॥

શુક્લપક્ષની એકમથકી તિથિ, રવિવારથી વાર, અને અશ્વિનીથકી નક્ષત્ર પ્રયાણના દિવસપર્યંત લેખી જુદાં જુદાં ત્રણ ઠેકાણે ક્રમથી ૭, ૮, ૩, આંકથી ભાગ દેતાં સર્વ ઠેકાણે શેષ અંક રહે તો તે સર્વ કામ દેનારા છે. ત્રણે ઠેકાણે શૂન્ય રહે તો ક્રમથી દુઃખ, દારિદ્ર અને મૃત્યુનું દેનારૂં છે. જો એકજ દિવસે એક શેહેરથી બીજા શેહેરમાં પ્રયાણ કરવું હોય તો પ્રવેશકલાની શુદ્ધિ જોવી, પ્રયાણકાલની શુદ્ધિ જોવી નહીં. જયપ્રાપ્તિની ઇચ્છા ધરનારાએ પ્રવેશનાં નક્ષત્રથકી નવમું નક્ષત્ર, નવમો વાર અને નવમી તિથિએ પ્રયાણ કરવું નહીં; તેમજ પ્રયાણનાં નક્ષત્ર, વાર અને તિથિથકી નવમું નક્ષત્ર, વાર અને તિથિએ પ્રવેશ કરવો નહી. કુંભ અને મીન રાશીના ચદ્રવિષે દક્ષિણ દિશામાં પ્રયાણ; કોચ, પલગ ભરાવવા; ઘર છાજવું; અને તૃણ તથા કાષ્ઠનો સંગ્રહ એ કરવાં નહી. અગ્નિ, સંબધી, બ્રાહ્મણ અને સ્ત્રી ઇત્યાદિકને તૃપ્ત કરી પોતે તૃપ્ત થઈ પ્રયાણ કરવું. પોતાની કે પારકી સ્ત્રી, અથવા પુરૂષને માર મારી કિંવા બ્રાહ્મણનું અપમાન કરી પ્રયાણ કરે અથવા રોગગ્રસ્ત કે ભુખ્યાં રહી પ્રયાણ કરે તો મરણને પ્રાપ્ત થાય.

क्रोधंक्षौरंतथावांतिंतैलाभ्यंगाश्रुमोचनं मद्यंमांसंगुडंतैलंसितान्यतिलकंतथा श्वेतभिन्नंचवसनंप्रयाणेपरिवर्जयेत् क्षौरंपंचदिनंदुग्धंत्रिदिनंसप्तरात्रकं मैथुनंचापरंतैलंमध्वाज्यंतद्दिनेत्यजेत् स्त्र्यार्तवंबीजदानांतंतथाकुशकुनांस्त्यजेत् सुमुहूर्तेस्वयंगमनासंभवेप्रस्थानंकार्यं प्रस्थानंनामाभीष्टवस्तुचालनं यज्ञोपवीतंशस्त्रंमधुचस्थापयेत्फलं विप्रादिःक्रमतःसर्वैःस्वर्णधान्यांबरादिकं राजादशाहंपंचाहमन्योनप्रस्थितोवसेत् स्वयंगमनाद्वस्तुस्थापनाख्यप्रस्थानेर्धफलम् ॥

પ્રયાણવિષે નિયમ—પ્રયાણ સમયે; ક્રોધ, વાળ ઉતરાવવા, વમન, તૈલાભ્યંગ, અશ્રુપાત, મદિરા, માંસ, ગોળ, તેલ, શ્વેત તિલકવિના બીજું તિલક અને શ્વેતવિના બીજાં વસ્ત્ર; એ પદાર્થો વર્જિત કરવા. પ્રયાણ દિવસની પ્રથમ; પાંચ દિવસ ક્ષૌર (વાળ ઉતરાવવા); ત્રણ દિવસ દૂધ; સાત રાત્રિ મૈથુન; અને મધ, તેલ, ઘૃત આદિ બીજા પદાર્થ તેજ દિવસે વર્જ્ય કરવા. બીજની સ્થિતિ થવાપર્યંત એટલે સોળ રાત્રિ સ્ત્રીનો ઋતુ હોય છે તે તથા દુષ્ટ શકુન પ્રયાણમાં વર્જ્ય કરવાં. સારાં મુહુર્તમા પોતાને જઇ શકવાનો સંભવ ન હોય તો પ્રસ્થાન કરવું. પ્રસ્થાન એટલે પોતાની પ્રિય વસ્તુ બીજે ઠેકાણે રાખવી. બ્રાહ્મણે જનોઇ, ક્ષત્રિયે શસ્ત્ર, વૈશ્યે મધ અને શૂદ્રે ફલ પ્રયાણને સમયે પ્રસ્થાનમાં રાખવાં. સોનું, ધાન્ય, વસ્ત્ર ઇત્યાદિક સઘળાઓએ રાખવાં. પ્રસ્થાન કીધા પછી રાજાએ ૧૦ દિવસ, અને બીજાઓએ પાંચ દિવસ ઘેર રેહેવું. તેથી અધિક રહેવું નહીં. પોતાના પ્રયાણકરતાં જનોઈ આદિ વસ્તુના સ્થાપનરૂપ પ્રસ્થાનમાં અર્ધ ફલ જાણવું.

प्रस्थानदेशावधिः ॥ गेहाद्गेहांतरंगर्गःसीम्नःसीमांतरंभृगुः वाणक्षेपंभरद्वाजोवसिष्ठोनगराद्बहिः प्रस्थानेपिकृतेनेयान्महादोषान्वितेदिने प्रस्थानदिनेपिक्रोधादिकंवर्जयेत् शकुनापशकुनप्रपंचोन्यत्र इतियात्राप्रकरणम् ॥

પ્રસ્થાન કરવાવિષે દેશનો અવધિ કહે છે—“પોતાને ઘેરથી બીજાને ઘેર પ્રસ્થાન રાખવું એ ગર્ગનો મત છે, ગામની સીમ છોડી બીજી સીમમાં રાખવું એ ભૃગુનો મત, બાણનો ઘા કરતાં જેટલે છેટે બાણ જાય તેટલે દૂર રાખવું એ ભરદ્વાજનો મત, અને નગરની બહાર જઇ રાખવું એ વસિષ્ઠનો મત છે. પ્રસ્થાન કર્યું હોય તથાપિ મહાદોષયુક્ત દિવસ હોય તે દિવસે પણ પ્રયાણ કરવું નહી.” જે દિવસે પ્રસ્થાન કરવાનું હોય તે દિવસે પણ ક્રોધાદિક કરવાં નહીં. શુભ શકુન અને દુષ્ટ શકુનનો વિસ્તાર બીજા ગ્રંથોમાં જોવો. એરીતે યાત્રા પ્રકરણ કહ્યું.

अथगोचरप्रकरणम् ॥ जन्मराशेःक्रूरचंद्रास्त्रिपद्दशमगाःशुभाः सप्ताद्यगश्चापिचंद्रःशुक्लेद्वि नवपंचसु बुधोव्यंत्यसमे २।४।६।८।१० जीवोद्विपंचनवसप्तसु जन्मादिपंचसुतथानवाष्टद्वादशे भृगुः पकादशेसर्वखेटाःशुभाःस्युरितिसंग्रहः जन्मसंपद्विपत्क्षेमंप्रत्यरिःसाधिकावधः मैत्रातिमैत्राः स्युस्तारास्त्रिरावृत्त्यास्वजन्मभात् क्रमतःसूर्यादिवलंनृपदर्शनसर्वकार्ययुद्धेषु शास्त्रकरग्रहयात्रादीक्षा सूह्यंविशेषेण अनिष्टसूर्यादीनांदानानिद्वितीयपरिच्छदांते ॥

હવે ગોચરપ્રકરણ કહે છે.

“જન્મરાશિથકી ક્રૂર ગ્રહ અને ચંદ્રગ્રહ ૩, ૬, ૧૦ એ સ્થાનકે શુભ છે. ચંદ્ર ૭, ૧ એ સ્થાનકે પણ શુભ છે. શુક્લપક્ષમાં ચંદ્ર ૨, ૯, ૫ સ્થાનકે શુભ છે. બુધ ૨,૪,૬,૮,૧૦ એ સ્થાનકે શુભ છે. બૃહસ્પતિ ૨, ૫, ૯, ૭ એ સ્થાનકે શુભ છે. શુક્ર ૧,૨,૩,૪,૫,૯,૮,૧૨ એ સ્થાનકે શુભ છે. અગીયારમે સ્થાનકે સર્વ ગ્રહ શુભ છે; એરીતે સંક્ષેપે કહ્યું. પોતાના જન્મનક્ષત્રથી દિવસનક્ષત્રપર્યંત લેખવાં; તેમાંનું ૧ જન્મતારા, ૨ સંપત્, ૩ વિપત્, ૪ ક્ષેમ, ૫ પ્રત્યરિ, ૬ સાધિકા, ૭ વધ, ૮ મૈત્ર, ૯ અતિમૈત્ર; એ નવ નક્ષત્રની એક આવૃત્તિ થઈ તેમજ ફરી ૧૦ જન્મતારા, ૧૧ સંપત્ એ રીતે લેખતાં ત્રણ આવૃત્તિ કરવી, તેમાં જે નક્ષત્રનું જેવું નામ હોય તે તેવુંજ ફલ દેછે. રાજદર્શન, સર્વ કાર્ય, યુદ્ધ, શાસ્ત્રાભ્યાસ, વિવાહ, પ્રયાણ અને મંત્રદીક્ષા એ સાત કાર્યમાં ક્રમથી સૂર્યાદિક સાતનું બળ વિશેષે જોઈ તે તે ગ્રહના બળમાં તે તે કાર્ય કરવું.” અનિષ્ટ સૂર્યાદિક ગ્રહોનાં દાન બીજા પરિચ્છેદના અંતમાં કહેલાં છે.

दक्षांगोदरनाभिहृत्सुपतितापल्लीवरांगेहनुं मुक्तानुःशुभदास्त्रियाःफलमिदंवामेतरव्यत्ययात् इत्याहुः सरठप्ररोहणफलंपातेन्यथैकेवृथा पल्यारोहणकेपिवस्त्रसहितंस्नात्वाचरेच्छांतिकं इति ॥

હવે પલ્લી (ઢેડગરોળી=છાપકી=અંધારચી) નું પડવું કહે છે—“પુરૂષના જમણા અંગમાં પેટ, નાભી, હૃદય અને હડપચી વિના કંઠથી ઉપર મુખ, મસ્તક ઇત્યાદિકવિષે પલ્લી પડી હોય તો શુભ છે. એજ ફલ સ્ત્રીના ડાબા અંગમાં જાણવું. શરઠ (કાકીડો)ના ચડવામાં એજ ફલ જાણવું. કાકીડો ઉપરથી પડ્યો હોય તો વિપરીત (અશુભ) ફલ જાણવું. તેમજ પલ્લી ઉપર કહેલા અગ ઉપર ચડી હોય તો અશુભ જાણવું. પલ્લીનું ઉપર ચડવું અને કાકીડાનું ઉપરથી પડવું તેમાં શુભ અશુભ કાંઇ પણ ફળ નથી એમ કેટલાએક આચાર્ય કહે છે; તેમ છતાં પણ વસ્ત્રસહિત સ્નાન કરી શાંતિ કરવી.”

अथपल्लीसरठशांतिः ॥ तयोःस्पर्शमात्रेस्नानंकृत्वापंचगव्यंप्राश्याज्यमवलोक्याशुभनाशार्थंशुभवृद्ध्यर्थंवाशांतिःकार्या पल्याःसरठस्यवाहेम्नाप्रतिमांकृत्वारक्तवस्त्रेणसंवेष्ट्यसंपूज्यकलशेरुद्रंसंपूज्य मृत्युंजयमंत्रेणखादिरसमिद्भिरष्टोत्तरशतंतिलैर्व्याहृतिभिरष्टोत्तरसहस्त्रंशतंवाहुत्वास्विष्टकृदाद्यभिषेकांतेस्वर्णवस्त्रतिलदानम् ॥

હવે પલ્લી અને શરઠની શાંતિ કહે છે.

પલ્લી અને શરઠનો માત્ર સ્પર્શ થયો હોય તો સ્નાન કરી પંચગવ્યનું પાન કરી ઘીમાં મુખા-

વલોકન કરી અશુભની નિવૃત્તિને અર્થે અથવા શુભની વૃદ્ધિને અર્થે શાતિ કરવી. પક્ષી અથવા કાકીડાની સુવર્ણની પ્રતિમા કરી તેને રાતાં વસ્ત્ર વીંટી પૂજન કરવું. પછી કલશમાં રુદ્રનું પૂજન કરી મૃત્યુંજયમંત્રવડે ખેરની સમિધનો (૧૦૮), વ્યાહૃતિમંત્રવડે તિલનો (૧૦૦૮) અથવા સો હોમ કરી સ્વિષ્ટકૃતપછી અભિષેકપર્યંત કર્મ કર્યા પછી સુવર્ણ, વસ્ત્ર અને તિલનું દાન કરવું.

अथकपोतप्रवेशमधुवल्मीकोत्पत्तिपिंगलास्वरकाकवैकृतग्राम्यारण्यादिमृगपक्षिविकारेशांतिः देवाः कपोतइतिपंचर्चंसूक्तंसहस्रंशतंवाजपित्वा यतइंद्रभयामहेस्वस्तिदाविशत्र्यंबकमितिमंत्रैर्हुत्वाव्याहृतिभिरष्टोत्तरशतंतिलहोमंकुर्यात् अथवापंचविप्रैःक्रमेणदेवाःकपोतइतिसूक्तंसुदेवोअसीत्यृचं कनिक्रददितिशाकुंतसूक्तं नमोब्रह्मणेनमोअग्नयइतिमंत्रंच सहस्रादिसंख्ययाजप्त्वोपनिषदश्चपठित्वा व्याहृतिभिस्तिलहोमंकुर्यात् ॥

હવે ઘરમાં કપોતપક્ષી (હોલો) પ્રવેશ કરે, મધપુડું થાય, રાફડો થાય, પિંગલા નામનો પક્ષી (ઘુઘુરાજ ઇત્યાદિ) શબ્દ કરે, કાકવૈકૃત (કાગડાનું મૈથુન ઇત્યાદિ), અને ગામ અથવા જંગલ ઇત્યાદિકસંબંધી મૃગ (જાનવર), પક્ષી, એમનું આવવું ઇત્યાદિક થાય તો શાંતિ કરવી. “देवाः कपोत०” આ પાંચ ઋચાના સૂક્તનો સહસ્ર અથવા સોવાર પાઠ કરી “यत इंद्रभयामहे०, स्वस्तिदाविशः०, त्र्यंबकं०” એ મંત્રોવડે હોમ કરી વ્યાહૃતિમંત્રવડે તિલનો (૧૦૮) હોમ કરવો. અથવા પાંચ બ્રાહ્મણોમારફત ક્રમથી “देवाः कपोत०” એ સૂક્ત, “सुदेवो असि०” એ ઋચા, “कनिक्रदत्०” એ શાકુંત સૂક્ત, અને “नमो ब्रह्मणे नमो०” એ મંત્ર, એમનો સહસ્ર આદિક સંખ્યાનો જપ કરાવી ઉપનિષદોનો પાઠ કરી વ્યાહૃતિમંત્રવડે તિલનો હોમ કરવો.

अथकाकस्पर्शमैथुनादिशांतिः ॥ संकल्पाग्निप्रतिष्ठापनांतेकुंभेसौवर्णमिंद्रंलोकपालांश्चसंपूज्याग्नौचरुंश्रपयित्वा पलाशसमिच्चर्वाज्यव्रीहिभिःप्रत्येकमष्टोत्तरसहस्रंशतंवायतइंद्रेतिमंत्रेणहुत्वालोकपालेभ्यस्तैरेवद्रव्यैर्दशकृत्वोहुत्वा लोकपालबलिंकुंभाग्रेवायसेभ्योबलिमैंद्रवारुणेतिमंत्रेणदत्वायजमानोभिषेकांतेशतंदशवाविप्रान्भोजयेत् ॥

હવે કાગડાનો સ્પર્શ, કાગડાનું મૈથુન ઇત્યાદિની શાંતિ કહે છે.

સંકલ્પ કરી અગ્નિસ્થાપનપર્યંત કર્મ કર્યા પછી કલશ ઉપર સુવર્ણમય ઇંદ્ર અને લોકપાલની પૂજા કરી અગ્નિઉપર ચરુ રાંધી ખાખરાની સમિધ, ચરુ, ઘૃત અને શાલ એ દ્રવ્યમાંના એક એક દ્રવ્યનો (૧૦૦૮) અથવા (૧૦૮) “यत इंद्र०” એ મંત્રવડે હોમ કરી લોકપાલને ઉદ્દેશે એજ દ્રવ્યવડે દશ દશ આહુતિ હોમ કરી કુંભની સમીપે લોકપાલને બલિદાન અને કાગડાઓને બલિદાન “ऐंद्रवारुण०” એ મંત્રવડે દઇ અભિષેક થયા પછી સો અથવા દશ બ્રાહ્મણોને ભોજન કરાવવું.

घरट्टोलूखलमुसलदृषदासनमंचकादेरकस्मात्स्फोटनेघृताक्तमधुयुताश्वत्थसमिधः प्रजापतये हुत्वा गायत्र्यष्टोत्तरसहस्रेणाभिमंत्रयेत् ॥

ઘંટી; ખાંડણી; સાંબેલું; સીળ; ઉપરવટણો; આસન (પાટ ઇત્યાદિક); પલંગ, ખાટલો ઇત્યાદિક અકસ્માત્ ફુટે તો ઘીમાં ભીજવેલી અને મધયુક્ત એવી અશ્વત્થ(પીપળા)ની સમિધનો પ્રજાપતિને ઉદ્દેશે હોમ કરી (૧૦૦૮) ગાયત્રીમંત્રવડે (તે વસ્તુને) મંત્રયુક્ત કરવી.

नानाविधदिव्यभौमांतरिक्षोत्पातेषुशांतिः ॥ संकल्पादिकृत्वाकुंभेइंद्ररुद्रौसंपूज्य यतइंद्रस्वस्तिदाविशस्पतिःअघोरेभ्योथेतिमंत्रैः समिदाज्यचरुव्रीहितिलान्प्रतिद्रव्यमष्टोत्तरशतंहुत्वा व्याहृतिभिःकोटिहोमंलक्षहोममयुतहोमंतत्पादहोमंवातिलैर्वित्तानुसारेण निमित्तानुसारेणचसप्तरात्रंत्रिरात्रमेकरात्रंवाकृत्वा सूर्यगणेशक्षेत्रपालदुर्गामंत्राणांजपंकृत्वापायसादिनाब्राह्मणभोजनंकार्यं यद्वाचंडीसप्तशतीजपः अथवारुद्रंजपोभिषेकोवा अश्वत्थप्रदक्षिणाशिवपूजागोविप्रपूजादिवेतिनानोत्पातसामान्यशांतयः ॥

અનેક પ્રકારના દિવ્ય (કેતુ આદિ), ભૌમ (ભૂકંપાદિ) અને આંતરિક્ષ (ગંધર્વ નગર આદિ) ઉત્પાતની શાંતિ કહે છે—સંકલ્પ આદિક કરી કુંભ ઉપર ઇંદ્ર અને રુદ્રની પૂજા કરી, “यत इंद्र०, स्वस्तिदाविशस्पतिः०, अघोरेभ्योथघोरेभ्यः०” એ મંત્રવડે સમિધ, ઘૃત, ચરુ, શાલ,

અને તિલ એ એક એક દ્રવ્યનો (૧૦૮) હોમ કરી વ્યાહૃતિમંત્રવડે તિલનો કોટિ હોમ, લક્ષ હોમ, અયુત (૧૦,૦૦૦) હોમ, અથવા તેનો ચતુર્થાંશ (૨૫૦૦) હોમ, પોતાના દ્રવ્યની શક્તિપ્રમાણે અને જેવું નિમિત્ત હોય તેને અનુસારે સાત રાત્ર, ત્રણ રાત્ર, અથવા એક રાત્ર એ રીતનો હોમ કરી સૂર્ય, ગણેશ, ક્ષેત્રપાલ અને દુર્ગાના મત્રનો જપ કરી પાયસ (દૂધપાક) ઇત્યાદિવડે બ્રાહ્મણભોજન કરાવવું; અથવા ચડી (સપ્તશતી=દુર્ગા)નો પાઠ કરાવવો. કિંવા રુદ્રમત્રનો જપ અથવા રુદ્રમંત્રવડે અભિષેક કરાવવો. કિંવા પીપળાની પ્રદક્ષિણા, શિવપૂજા, ગાય, બ્રાહ્મણની પૂજા ઇત્યાદિક કરાવવાં. એ રીતે અનેક પ્રકારના ઉત્પાતોની સામાન્ય શાતિયો કહી.

अथगायत्रीपुरश्चरणप्रयोगः ॥ देशकालौसंकीर्त्यकरिष्यमाणगायत्रीपुरश्चरणेधिकारसिद्ध्यर्थंकृच्छ्रत्रयममुकप्रत्याम्नायेनाहमाचरिष्ये इतिसंकल्प्य होमादिप्रत्याम्नायविधिनाकृच्छ्राण्यनुष्ठायामुकशर्मणोमम गायत्रीपुरश्चरणेनेनकृच्छ्रत्रयानुष्ठानेनाधिकारसिद्धिरस्त्वितिविप्रान्वदेत् विप्राअधिकारसिद्धिरस्त्वितिब्रूयुः ततःकरिष्यमाणपुरश्चरणांगत्वेनविहितंगायत्रीजपादिकरिष्ये इतिसंकल्प्यस्वयंविप्रद्वारावाकुर्यात् तद्यथा सप्रणवव्याहृतिगायत्र्याअयुतंजप्त्वाआपोहिष्ठेतिसूक्तंएतोन्विंद्रमितितिस्रःऋतंचेतिसूक्तं स्वस्तिनइत्याद्याःस्वस्तिमतीस्वादिष्ठयेत्याद्याःपावमानीश्च सर्वाःप्रत्येकंदशवारंस्वयमन्यद्वारावाजपित्वा तत्सवितुरित्यस्याचार्यमृषिंविश्वामित्रंतर्पयामि गायत्रीछंदस्त० सवितारदेवतां० इतितर्पणंकृत्वारुद्रंनमस्कृत्यकद्रुद्रायेत्यादीनिरुद्रसूक्तानिजपेत् ॥

હવે ગાયત્રીપુરશ્ચરણનો પ્રયોગ કહે છે.

દેશ, કાલનો ઉચ્ચાર કરી "करिष्यमाणगायत्रीपुरश्चरणेऽधिकारसिद्ध्यर्थं कृच्छ्रत्रयममुकप्रत्याम्नायेनाहमाचरिष्ये," એવો સકલ્પ કરી હોમાદિકના પ્રતિનિધિના વિધિવડે ત્રણ કૃચ્છ્ર કરી "अमुकशर्मणो मम गायत्रीपुरश्चरणेऽनेन कृच्छ्रत्रयानुष्ठानेनाधिकारसिद्धिरस्तु" એ રીતે બ્રાહ્મણોનીપાસે બોલવું. પછી બ્રાહ્મણોએ "अधिकारसिद्धिरस्तु" એ રીતે કહેવું. પછી "करिष्यमाणपुरश्चरणांगत्वेन विहितं गायत्रीजपादि करिष्ये" એવો સકલ્પ કરી પોતે અથવા બ્રાહ્મણદ્વારાએ જપ કરવો. તે આ રીતે-પ્રણવ અને વ્યાહૃતિસહિત ગાયત્રીનો દશ હજાર જપ કરી "आपोहिष्ठा०" એ સૂક્ત, "एतोन्विंद्रं०" એ ત્રણ ઋચા, "ऋतं च०" એ સૂક્ત, "स्वस्ति नो०" ઇત્યાદિક સ્વસ્તિ એવા શબ્દે યુક્ત ઋચા, અને "स्वादिष्ठया०" ઇત્યાદિક પાવમાની ઋચા એ સઘળી ઋચાઓનો; એટલે એક એક ઋચાનો દશ દશવાર એ રીતે પોતે અથવા અન્યદ્વારાએ જપ કરાવી "तत्सवितुरित्यस्याचार्यमृषिं विश्वामित्रं तर्पयामि। गायत्रीछंदस्त०। सवितारं देवतां०" એપ્રમાણે તર્પણ કરી રુદ્રને નમસ્કાર કરી "कद्रुद्राय०" ઇત્યાદિક રુદ્રસૂક્તનો જપ કરવો.

ततोदिनांतरेदेशकालौसंकीर्त्यममसकलपापक्षयद्वाराश्रीपरमेश्वरप्रीत्यर्थंचतुर्विंशतिलक्षात्मकगायत्रीपुरश्चरणं स्वयंविप्रद्वारावाकरिष्ये तदंगत्वेनस्वस्तिवाचनंमातृकापूजनंनांदीश्राद्धंविप्रद्वाराजपेजपकर्तृवरणंचकरिष्यइतिसंकल्पः संकल्पस्यापिऋत्विक्कर्तृकत्वेमुकशर्मणोयजमानस्यसकलपापक्षयेत्यादियजमानानुज्ञयाकरिष्ये एवंपूर्वत्रापिसंकल्पऊह्यः नांदीश्राद्धांतेसविताप्रीयतामिति गायत्रीपुरश्चरणेजपकर्तारंत्वांवृणेइतिविप्रमेकैकंवृणुयात् वस्त्रादिभिःपूजयेत् ॥

પછી બીજે દિવસે દેશ, કાલનો ઉચ્ચાર કરી "मम सकलपापक्षयद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं चतुर्विंशतिलक्षात्मकगायत्रीपुरश्चरणं स्वयं विप्रद्वारा वा करिष्ये, तदंगत्वेन स्वस्तिवाचनं मातृकापूजनं नांदीश्राद्धं (બ્રાહ્મણદ્વારાએ જપ કરાવવો હોય તો) जपकर्तृवरणं च करिष्ये" એવો સકલ્પ કરવો. સકલ્પ પણ ઋત્વિજે કરવાનો હોય તો "अमुकशर्मणो यजमानस्य सकलपापक्षयेत्यादि० यजमानानुज्ञया करिष्ये" એપ્રમાણે પ્રથમ પણ સકલ્પ જાણવો. નાંદીશ્રાદ્ધની અંતે "सविता प्रीयतां" એમ કહેવું. "गायत्रीपुरश्चरणे जपकर्तारं त्वां वृणे" એવું વાક્ય કહી એક એક બ્રાહ્મણને વરાવવો અને વસ્ત્રાદિકવડે પૂજન કરવું.

अथनित्यकर्म ॥ एकैकोविप्रःस्वयंवाकुशाद्यासनोपविष्टःपवित्रपाणिराचम्यप्राणानायम्यदेवताःप्रार्थयेत् सूर्यःसोमोयमःकालःसंध्येभूतान्यहःक्षपा पवमानोदिक्पतिर्भूराकाशंखेचरामराः ब्रह्मशासन

मास्यायकल्पध्वमिहसंनिधिमिति ततोदेशकालौसंकीर्त्यप्रात्यहिकजपंसंकल्प्य गुरवेनमः गणपतये० दुर्गायै० मातृभ्यो० इतिनत्वात्रिःप्राणानायम्य तत्सवितुरितिगायत्र्याविश्वामित्रऋषिः सवितादेवता गायत्रीछंदः जपेवि० विश्वामित्रऋषयेनमःशिरसि गायत्रीछंदसेनमोमुखे सवितृदेवतायैनमोहृदि इति न्यस्य तत्सवितुरंगुष्ठाभ्यां० वरेण्यंतर्जनी० भर्गोदेवस्यमध्यमा० धीमह्यनामिका० धियोयोनःकनिष्ठिकाभ्यां० प्रचोदयात्करतलकरपृष्ठाभ्यांनम इति करन्यासंकृत्वैवंहृदयादिषडंगन्यासंकुर्यात् पूर्वोक्तरीत्यासंस्कृतांजपमालांपात्रेनिधायसंप्रोक्ष्य ओंमहामायेमहामालेसर्वशक्तिस्वरूपिणि चतुर्वर्गस्त्वयिन्यस्तस्तस्मान्मांसिद्धिदाभवेतिप्रार्थ्य ॐअविघ्नंकुरुमालेत्वमितितामादाय मंत्रदेवतांसवितारंध्यायन् हृदयेमालांधारयन्मंत्रार्थंस्मरन्मध्यंदिनावधिजपेत् अतित्वरायांसार्धत्रयप्रहरावधिजपांते पुनःप्रणवमुक्त्वा त्वंमालेसर्वदेवानांप्रीतिदाशुभदाभव शिवंकुरुष्वमेभद्रेयशोवीर्यंचसर्वदा इतिमालांशिरसिनिधायत्रिःप्राणानायम्यन्यासत्रयंकृत्वाजपमीश्वरार्पणंकुर्यात् प्रत्यहंसमानसंख्यएवजपोनतुन्यूनाधिकः एवंपुरश्चरणजपसमाप्तौहोमः पुरश्चरणसांगतासिद्ध्यर्थंहोमविधिंकरिष्यइतिसंकल्प्याग्निंप्रतिष्ठाप्यपीठेसूर्यादिनवग्रहपूजनादिकलशस्थापनांतेअन्वादध्यात् चक्षुषीआज्येनेत्यंते ग्रहपीठदेवतान्वाधानंअर्कादिसमिच्चर्वाज्याहुतिभिःकृत्वाप्रधानदेवतांसवितारंचतुर्विंशतिसहस्रतिलाहुतिभिः त्रिसहस्रसंख्याकाभिः पायसाहुतिभिर्घृतमिश्रतिलाहुतिभिर्दूर्वाहुतिभिःक्षीरद्रुमसमिदाहुतिभिश्चशेषेणस्विष्टकृतमित्यादि चरुपायसतिलैःसहाज्यस्यपर्यग्निकरणादिआज्यभागांते इदंहवनीयद्रव्यंअन्वाधानोक्तदेवताभ्यःअस्तुनममेतियजमानस्त्यागंकुर्यात्होमेसप्रणवाव्याहृतिरहितास्वाहांतागायत्रीदूर्वात्रयस्यैकाहुतिःदूर्वासमिधांदधिमध्वाज्यांजनं स्विष्टकृदादिबलिदानांतेसमुद्रज्येष्ठाइत्यादिभिर्यजमानाभिषेकःप्रतिलक्षंसुवर्णनिष्कत्रयंतदर्धंवाशक्त्यावादक्षिणा होमांतेजलेदेवंसवितारंसंपूज्यहोमसंख्यादशांशेन २४०० गायत्र्यंतेसवितारंतर्पयामीत्युक्त्वातर्पणंकार्यं तर्पणदशांशेन २४० गायत्र्यंतेआत्मानमभिषिंचामिनमइतिमूर्ध्न्यभिषेकः होमतर्पणाभिषेकाणांमध्येयदेवनसंभवतितत्स्थानेतत्तद्द्विगुणोजपःकार्यः अभिषेकसंख्यादशांशेनाधिकं वाविप्रभोजनं पुरश्चरणंपूर्णमस्त्वितिविप्रान्वाचयित्वेश्वरार्पणंकार्यं प्रत्यहंयज्जाग्रतइतिशिवसंकल्पमंत्रस्यत्रिःपाठः कर्ताब्राह्मणैःसहहविष्याशीसत्यवागधःशायीपरिगृहीतभूप्रदेशानतिचारीचभवेत् इत्यनंतदेवीयानुसारेणचतुर्विंशतिलक्षपुरश्चरणप्रयोगः ॥

હવે નિત્યકર્મ કહે છે.

એક એક બ્રાહ્મણે અથવા પોતે કુશ ઇત્યાદિકના આસન ઉપર બેસી હાથમાં દર્ભનું પવિત્ર ધારણ કરી આચમન પ્રાણાયામ કરી દેવતાની પ્રાર્થના કરવી. તે આ રીતે–" सूर्यः सोमो यमः कालः, संध्ये भूतान्यहः क्षपा ॥ पवमानो दिक्पतिर्भूराकाशं खेचरामराः ॥ ब्रह्मशासनमास्थाय, कल्पध्वमिह सन्निधिं " એ રીતે પ્રાર્થના કર્યા પછી દેશ, કાલનો ઉચ્ચાર કરી નિત્યપ્રતિ કર્તવ્ય જપનો સંકલ્પ કરી " गुरवे नमः गणपतये नमः, दुर्गायै०, मातृभ्यो० " એ રીતે નમસ્કાર કરી ત્રણ પ્રાણાયામ કરી "तत्सवितुरिति गायत्र्या विश्वामित्र ऋषिः सविता देवता गायत्री छंदः जपे विनि०॥ विश्वामित्रऋषये नमः शिरसि। गायत्रीछंदसे नमो मुखे। सवितृदेवतायै नमो हृदि " એ રીતે ન્યાસ કરી " तत्सवितुरंगुष्ठाभ्यां०। वरेण्यं तर्जनीभ्यां०। भर्गो देवस्य मध्यमाभ्यां०। धीमह्यनामिकाभ्यां०। धियो यो नः कनिष्ठिकाभ्यां० । प्रचोदयात्करतलकरपृष्ठाभ्यां नमः" એ રીતે કરન્યાસ કરી અને એજ રીતે હૃદયાદિ છ અંગવિષે ન્યાસ કરવો. પછી પ્રથમ કહેલી રીતિપ્રમાણે સંસ્કારયુક્ત જપમાલાનો પાત્રમાં રાખી પ્રોક્ષણ કરી " ॐमहामाये महामाले, सर्वशक्तिस्वरूपिणि ॥ चतुर्वर्गस्त्वयिन्यस्तस्तस्मान्मां सिद्धिदा भव" એ રીતે પ્રાર્થના કરી " ॐअविघ्नं कुरु माले त्वं० " એ મંત્રવડે તે માલા હાથમાં લઈ મંત્રદેવતા સવિતાનું ધ્યાન કરતાં હૃદયમાં માલા ધારણ કરી મંત્રના અર્થનું સ્મરણ કરતાં મધ્યાહ્નપર્યંત જપ કરવો. અત્યંત ઉતાવળ હોય તો સાડા ત્રણ પોહોરપર્યંત જપ કરવો. જપની અંતે ફરી પ્રણવનો ઉચ્ચાર કરી "त्वं माले सर्वदेवानां, प्रीतिदा शुभदा भव ॥ शिवं कुरुष्व मे भद्रे, यशो वीर्यं च सर्वदा " એ મંત્રવડે માલાને મસ્તક ઉપર રાખી ત્રણ પ્રાણાયામ કરી ત્રણ ન્યાસ કરી જપ ઇશ્વરને અર્પણ કરવો. નિત્ય જપ સરખી સંખ્યાનોજ કરવો. ન્યૂન અથવા અધિક કરવો નહીં. એ રીતે પુરશ્ચરણના જપની સમાપ્તિ થયા પછી હોમ કરવો. તેનો વિધિ કહે છે—" पुरश्चरणसांगतासिद्ध्यर्थं होमविधिं करिष्ये, " એવો સંકલ્પ કરી અગ્નિની સ્થાપના કરી પીઠ ઉપર સૂર્યાદિક નવગ્રહનું પૂજન ઇત્યાદિ કલશસ્થાપનપર્યંત કર્મ કર્યા પછી "चक्षुषी

आज्येन" એટલું કહી અન્વાધાન કર્યા પછી ગ્રહપીઠદેવતાનું અન્વાધાન; આકડો ઇત્યાદિક સમિધ, ચરુ, આજ્ય એમની આહુતિવડે કરી "**प्रधानदेवतां सवितारं चतुर्विंशतिसहस्रतिलाहुतिभिस्त्रिसहस्रसंख्याकाभिः पायसाहुतिभिर्घृतसिथतिलाहुतिभिर्दूर्वाहुतिभिः क्षीरद्रुमसमिदाहुतिभिश्च शेषेण स्विष्टकृतमित्यादि**" એ રીતે પ્રધાનદેવતાનું અન્વાધાન કરવું. ચરુ, પાયસ અને તિલસહિત આજ્યને પર્યગ્નિકરણ (અગ્નિને ચોતરફ ફેરવવું એ રીતનો દ્રવ્યસંસ્કાર) કરવું. આજ્યભાગપર્યંત કર્મ કર્યા પછી "**इदं हवनीयद्रव्यं अन्वाधानोक्तदेवताभ्यः अस्तु न मम**" એ વાક્ય કહી યજમાને ત્યાગ કરવો. હોમ કરતી વેળાએ; પ્રણવસહિત, વ્યાહૃતિમંત્રવડે રહિત અને સ્વાહાકારપર્યંત ગાયત્રીમંત્રનો ઉચ્ચાર કરવો. ત્રણ દૂર્વાની એક આહુતિ દેવી. દૂર્વા અને સમિધને દહીં, મધ તથા ઘીમાં ભીજવવાં, સ્વિષ્ટકૃત્થકી તે બલિદાનપર્યંત કર્મ કર્યા પછી "**समुद्रज्येष्ठा०**" ઇત્યાદિક મંત્રવડે યજમાનને અભિષેક કરવો. એક એક લક્ષ જપની ત્રણ નિષ્ક સુવર્ણ, દોઢ નિષ્ક સુવર્ણ અથવા યથાશક્તિ દક્ષિણા દેવી. હોમ કર્યા પછી જલમાં સવિતા દેવતાનું પૂજન કરી હોમની સંખ્યા કરતાં દશાંશ (૨૪૦૦) ગાયત્રીમંત્રની અંતે "**सवितारं तर्पयामि,**" એમ કહી તર્પણ કરવું. તર્પણ કરતાં દશાંશ (૨૪૦) ગાયત્રીમંત્રની અંતે "**आत्मानमभिषिंचामि नमः**" એવું વાક્ય કહી પોતાના મસ્તક ઉપર અભિષેક કરવો. હોમ, તર્પણ અને અભિષેકમાંથી જે કરવાનો અસંભવ હોય તેને બદલે તેની સંખ્યા કરતાં બમણી સંખ્યાનો જપ કરવો. અભિષેકની સંખ્યા કરતાં દશાંશ અધિક બ્રહ્મભોજન કરાવવું. "**पुरश्चरणं पूर्णमस्तु**" એવું વાક્ય બ્રાહ્મણોપાસે બોલાવી કર્મ ઇશ્વરને અર્પણ કરવું. નિત્ય "**यज्जाग्रतो०**" એ શિવસંકલ્પમંત્રનો ત્રણવાર પાઠ કરવો. કર્તાએ બ્રાહ્મણસહિત હવિષ્યભોજન કરવું. સત્ય ભાષણ કરવું. પૃથ્વી ઉપર નિદ્રા કરવી અને નિયમ કરેલી ભૂમિથી બાહેર જવું નહીં. એ પ્રમાણે અનંતદેવના ગ્રંથમાં કહેલી રીતિપ્રમાણે ચોવીશ લક્ષ ગાયત્રીપુરશ્ચરણનો પ્રયોગ કહ્યો.

ऋग्विधानेतु मध्याह्नेमितभुङ्मौनीत्रिःस्नानार्चनतत्परः लक्षत्रयंजपेद्धीमानितित्रिलक्षंपुरश्चरणमुक्तं जपशतांशस्त्रिसहस्रंहोमः कलौचतुर्गुणंप्रोक्तमितिपक्षेद्वादशलक्षजपः द्वादशसहस्रहोमइत्याद्यूह्यं विष्णुशयनमासेपुपुरश्चरणंनकार्यं तीर्थादौशीघ्रंसिद्धिः बिल्ववृक्षाश्रयेणजपेएकाहात्सिद्धिरितिसर्वमंत्रप्रक्रिया इतिगायत्रीपुरश्चरणम् ॥

ઋગ્વિધાન ગ્રંથવિષે તો, "મધ્યાહ્નકાલે અલ્પ ભોજન કરવું, મૌન રાખવું, ત્રણે કાલે સ્નાન, અને દેવપૂજા કરી ત્રણ લક્ષ મંત્રજપ કરવો." એ રીતે ત્રણ લક્ષ જપનું પુરશ્ચરણ કહ્યું છે. જપનો શતાંશ એટલે ત્રણ હજાર હોમ કરવો. "કલિયુગમાં ચોગણું કરવાનું કહ્યું છે" એ પક્ષમાં બાર લક્ષ જપ અને બાર હજાર હોમ કરવો, ઇત્યાદિક જાણવું. વિષ્ણુશયન માસમાં (આષાઢ શુદ એકાદશીથકી કાર્તિક શુદ એકાદશીપર્યંત) પુરશ્ચરણ કરવું નહીં. તીર્થાદિકવિષે (પુરશ્ચરણ કરવાથી) શીઘ્ર સિદ્ધિ થાય છે. બિલીનાં વૃક્ષને આશ્રયે જપ કરવાથી એક દિવસમાં સિદ્ધિ થાય છે, એ રીતે સર્વ મંત્રોની પ્રક્રિયા જાણવી. એપ્રમાણે ગાયત્રીમંત્રનું પુરશ્ચરણ કહ્યું.

अथपूर्तकमलाकरे ॥ अश्वत्थोपनयनं तच्चवर्णैःक्रमेणवृक्षस्थापनादष्टमैकादशेद्वादशेवर्षेउपनयनोक्तमुहूर्तेपूर्वाह्णेकार्यं शूद्रस्थापिताश्वत्थेपौराणिकमंत्रैरारामप्रतिष्ठामात्रंकार्यंनोपनयनम् ॥

હવે પૂર્તકમલાકર ગ્રંથમાંનો, અશ્વત્થને જનોઇનો પ્રયોગ કહે છે.

એ પીપળાને જનોઇ દેવાનો સંસ્કાર ત્રણે વર્ણે (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યે) ક્રમથી, વૃક્ષ રોપવાના દિવસથકી આઠમે, અગીયારમે અને બારમે વર્ષે ઉપનયનમાટે કહેલા મુહૂર્તવિષે પૂર્વાહ્ણ કાલે કરવો. શૂદ્રે વાવેલા પીપળાની, પુરાણોક્ત મંત્રવડે આરામપ્રતિષ્ઠા માત્ર કરવી, ઉપનયન કરવું નહીં.

अथप्रयोगः ॥ कर्तादेशकालौसंकीर्त्यसर्वपापक्षयकुलकोटिसमुद्धरणपूर्वकविष्णुसायुज्यप्राप्तिकामोश्वत्थोपनयनंकरिष्ये इतिसंकल्प्यनांदीश्राद्धांतेआचार्यंवृणुयात् आचार्यःपंचामृतैःशुद्धोदकैःसर्वौषधिजलैश्चाश्वत्थमभिषिच्य पिष्टातकेनालंकृत्यतत्पूर्वेस्थंडिलेग्निंप्रतिष्ठाप्यान्वाधाने अग्निंवायुंसूर्यंत्रिरग्निंपचमानंप्रजापतिंद्विरोषधीर्वनस्पतिंपिप्पलंप्रजापतिंचपलाशसमिच्चर्वाज्यैः प्रत्येकमेकैकयाहुत्या शेषेणेत्यादि अष्टचत्वारिंशन्मुष्टीनांतूष्णींनिर्वापप्रोक्षणेश्रपणाद्याज्यभागांते युवंवस्त्राणीत्यश्वत्थंवस्त्रयुग्मेनावेष्ट्ययज्ञोपवीतमितियज्ञोपवीतंदत्वा प्रावेपामेतिमेखलांत्रिरावेष्ट्यअजिनंदंडंचतूष्णींदत्वा**अश्वत्थे**

यइत्यृचागंधपुष्पैःसंपूज्यदेवस्यत्वेतिमंत्रांते हस्तंगृह्णाम्यश्वत्थेतिस्पृष्ट्वासप्रणवव्याहृतिकांगायत्रींत्रिर्जपित्वा अश्वत्थेवोनिषदनमितिसूक्तेनव्याहृतिभिश्चाश्वत्थंस्थापयामीतिस्वर्णशलाकयास्पृष्ट्वाज्यपलाशसमिच्चरुभिः प्रत्येकंद्वादशमंत्रैर्द्वादशाहुतीर्जुहुयात् मंत्रास्तुभूःस्वा० अग्नय० भुवःस्वा० वायव० स्वःस्वा० सूर्याये० अग्नआयूंषि० अग्निर्ऋषिः० अग्नेपवस्वेतित्रिभिरग्नयेपवमानायेदं० प्रजापतेनत्व० प्रजापतय० ओषधयःसंवदंते० अश्वत्थेवो० ओषधीभ्यइदं० वनस्पतेशत० वनस्पतयइ० द्वासुपर्णा० पिप्पलायेदं० समस्तव्याहृतिभिः प्रजापतयइदं० स्विष्टकृदादिहोमशेषंसमाप्याश्वत्थेवइतिगंधपुष्पधूपदीपनैवेद्यफलतांबूलाद्यैःसंपूज्याश्वत्थंस्पृष्ट्वाचार्यायगामन्येभ्योदक्षिणांदत्त्वाश्वत्थवस्त्रादिकमाचार्यायदत्त्वाष्टौविप्रान्भोजयेदिति ॥

હવે પ્રયોગ કહે છે—કર્તાએ દેશ કાલનો ઉચ્ચાર કરી “सर्वपापक्षयकुलकोटिसमुद्धरणपूर्वकविष्णुसायुज्यप्राप्तिकामोऽश्वत्थोपनयनं करिष्ये,” એવો સંકલ્પ કરી નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ કરીને પછી આચાર્યને વરાવવા. આચાર્યે પંચામૃત, શુદ્ધ જલ અને સર્વૌષધીયુક્ત જલવડે પીપળાને સ્નાન કરાવી પીષ્ટાતક (સુગંધી ચૂર્ણ) વડે અશ્વત્થને સુશોભિત કરી પીપળાની પૂર્વ દિશામાં સ્થંડિલ ઉપર અગ્નિસ્થાપન કરી “अग्निं वायुं सूर्यं त्रिरग्निं पवमानं प्रजापतिं द्विरोषधीर्वनस्पतिं पिप्पलं प्रजापतिं च पलाशसमिच्चर्वाज्यैः प्रत्येकमेकैकयाहुत्या शेषेणेत्यादि” એ રીતે અન્વાધાન કરવું. અડતાલીશ મુઠી શાખા મંત્રવિના લઈ, મંત્રવિના પ્રોક્ષણ કરવું. ચરુ રાંધવા થકી આજ્યભાગપર્યંત કર્મ કર્યા પછી “युवं वस्त्राणि०” એ મંત્રવડે બે વસ્ત્ર અશ્વત્થને ચારેમેર વીંટી “यज्ञोपवीतं०” એ મંત્રવડે યજ્ઞોપવીત દઇ “प्रावेपाम०” એ મંત્રવડે મેખલા ત્રણવાર વીંટી મૃગચર્મ અને દંડ એ મંત્રરહિત દેવાં. “अश्वत्थे०” એ મંત્રવડે ગંધ, પુષ્પથી પૂજા કરી “देवस्य त्वा०” એ મંત્ર ભણી “हस्तं गृह्णाम्यश्वत्थ” એવું વાક્ય કહી અશ્વત્થને સ્પર્શ કરી પ્રણવ અને વ્યાહૃતિસહિત ગાયત્રીમંત્રનો ત્રણવાર જપ કરવો. “अश्वत्थे वो निषदनं०” એ સૂક્ત અને વ્યાહૃતિમંત્રવડે “अश्वत्थं स्थापयामि” એવું વાક્ય કહી સુવર્ણની સળીવડે અશ્વત્થનો સ્પર્શ કરી આજ્ય, ખાખરાની સમિધ અને ચરુ એ એક એક દ્રવ્યની, બાર મંત્રવડે, બાર આહુતિ હોમવી. તે બાર મંત્ર—“१ भूःस्वाहा अग्नय०, २ भुवः० वायव०, ३ स्वः० सूर्याये०, ४ अग्नआयूंषि०, ५ अग्निर्ऋषिः०, ६ अग्नेपवस्व० (એ એક એક મંત્રવડે) अग्नयेपवमानायेदं०, ७ प्रजापतेनत्व० प्रजापतय०, ८ ओषधयःसंव०, ९ अश्वत्थे वो० (એ એક એક મંત્રવડે હોમ કરી) ओषधीभ्यइदं०, १० वनस्पते शत० वनस्पतय इ०, ११ द्वासुपर्णा० पिप्पलायेदं०, १२ समस्तव्याहृतिभिः प्रजापतय इदं०” એ રીતે હોમ કરી સ્વિષ્ટકૃત્ ઇત્યાદિ હોમશેષ સમાપ્ત કરી “अश्वत्थेवो०” એ મંત્રવડે ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ, તાંબૂલ ઇત્યાદિ પદાર્થવડે પૂજન કરી અશ્વત્થનો સ્પર્શ કરી આચાર્યને ગૌદાન અને બીજા બ્રાહ્મણોને દક્ષિણા દઇ અશ્વત્થને અર્પણ કરેલાં વસ્ત્રાદિક આચાર્યને દઇ આઠ બ્રાહ્મણને ભોજન કરાવવું. એ પ્રમાણે પ્રયોગ કહ્યો.

अपुत्रेणपुंसास्त्रियावावटप्लक्षाम्रादेःपुत्रत्वेनप्रतिग्रहःकार्यः देशकालौसंकीर्त्यमहापापक्षयकुलत्रयसमुद्धरणप्रजापतिपुरगमननिरयस्थपित्रुद्धारमधुधारातृप्तिसिद्ध्यर्थं सत्पुत्रत्वसिद्ध्यर्थंअमुकवृक्षंप्रतिगृहीष्येइतिसंकल्प्योपवासंकृत्वा रात्रौअष्टविप्रानाहूयचंद्रंसंपूज्यजागरंभूशयनंवाकृत्वाप्रातर्वृक्षंसंपूज्यतच्छायायांविप्रान्संभोज्यपुण्याहंवाचयित्वाप्रार्थयेत् अपुत्रोभगवंतोत्रपुत्रप्रतिकृतिंतरुं गृहीष्यामिममानुज्ञांकर्तुमर्हथसत्तमाः ताम्रपात्रेपंचसौवर्णफलानिबीजपंचरत्नयुतान्यधिवास्यलोकपालबलीन्दद्यात् ॥

પુત્રરહિત પુરૂષ અથવા સ્ત્રીએ વડ, પીપળી, આંબા ઇત્યાદિક વૃક્ષનું પુત્ર છે એમ સમજી ગ્રહણ કરવું તેનો વિધિ—દેશ, કાલનો ઉચ્ચાર કરી “महापापक्षयकुलत्रयसमुद्धरणप्रजापतिपुरगमननिरयस्थपित्रुद्धारमधुधारातृप्तिसिद्ध्यर्थं सत्पुत्रत्वसिद्ध्यर्थं अमुकवृक्षं प्रतिगृहीष्ये” એવો સંકલ્પ કરી ઉપવાસ કરી રાત્રિએ આઠ બ્રાહ્મણને બોલાવી ચંદ્રની પૂજા કરી જાગરણ અથવા ભૂમિશયન કરી પ્રાતઃકાલે વૃક્ષનુ પૂજન કરી તેની છાયાતળે બ્રાહ્મણોને ભોજન કરાવી “पुण्याहं०” એ રીતે બોલાવી બ્રાહ્મણોની પ્રાર્થના કરવી. તેનો મંત્ર—“अपुत्रो भगवंतोत्र, पुत्रप्रतिकृतिं तरुं ॥ गृहीष्यामि ममानुज्ञां, कर्तुमर्हथ सत्तमाः” એ મંત્રવડે પ્રાર્થના કરી ત્રાંબાના પાત્રમાં, બીજને સ્થાનકે પંચરત્નસહિત એવાં પાંચ સુવર્ણનાં ફલ રાખી લોકપાલોને બલીદાન દેવું.

परेद्युस्तिलाज्यचरुभिरष्टशतंवनस्पतिमंत्रेणहुत्वाजातकर्मादिविवाहांतसंस्कारान्कृत्वाभिषिक्तःकर्ता पुष्पांजलिमादायप्रार्थयेत् येशारिनःशिखरिणांशिरसांविभूषायेनंदनादिपुवनेपुकृतप्रतिष्ठाः येकाम

दाःसुरनरोरगकिन्नराणांतेमेनतस्यदुरितार्तिहराभवंतु एतेद्विजाविधिवदत्रहुतोहुताशःपश्यत्यसौचहिमदीधितिरंतरस्थः त्वंवृक्षपुत्रपरिकल्प्यमयावृतोसिकार्यंसदैवभवताममपुत्रकार्यं अंगादंगादितिस्पृष्ट्वाविप्रेभ्योदक्षिणांदत्वाविसृजेत् इतिवटादितरुपुत्रविधिः ॥

બીજે દિવસે તિલ, આજ્ય અને ચરુનો આઠસો હોમ વનસ્પતિમંત્રવડે કરી જાતકર્મથકી વિવાહપર્યંત સંસ્કાર કરી અભિષિક્ત (જે ઉપર અભિષેક થયલો હોય) એવા કર્તાએ પુષ્પાંજલી લઈ પ્રાર્થના કરવી. "ये शाखिनः शिखरिणां शिरसां विभूषा, ये नंदनादिषु वनेषु कृतप्रतिष्ठाः ॥ ये कामदाः सुरनरोरगकिन्नराणां, ते मे नतस्य दुरितार्तिहरा भवंतु ॥ एते द्विजा विधिवदत्र हुतो हुताशः, पश्यत्यसौ च हिमदीधितिरंतरस्थः ॥ त्वं वृक्षपुत्र परिकल्प्य मया वृतोसि, कार्यं सदैव भवता मम पुत्रकार्यं" એ મંત્રવડે પ્રાર્થના કરી "अंगादंगात्०" એ મંત્રવડે વૃક્ષનો સ્પર્શ કરી બ્રાહ્મણોને દક્ષિણા દઇ વિસર્જન કરવું. એ રીતે વડ આદિ વૃક્ષને પુત્ર બનાવવાનો વિધિ કહ્યો.

अथसकलकर्मसाधारणपरिभाषा ॥ सर्वेषुपाकयज्ञेषुभवेद्ब्रह्माकृताकृतः पात्रासादनमिच्छातआज्यादिश्रपणादिच स्रुवादिमार्जनंचेध्मरज्जुप्रहरणंतथा पूर्णपात्रंभवेन्नित्यमाज्यस्योत्पवनेतथा व्रीहीणामवघातश्चतंडुलेषुकृताकृतः द्रवीभूतघृतस्यापिविलापनविधिस्तथा प्रतिपदोक्ताज्यहोमेपरिस्तरणंविकल्पितं अनादिष्टाज्यहोमेतुनित्यं आज्यभागसहिततद्रहितकर्मणोस्तंत्रप्रयोगेआज्यभागाननुष्ठानमेवयुक्तं सर्वत्राज्यभागयोर्विकल्पात् अनेकपाकयज्ञानामेककालानुष्ठानेसमानतंत्रता तेनस्विष्टकृदादेकमेव यत्रद्रव्यंनोक्तंतत्राज्यंग्राह्यं मंत्रांतेकर्मकर्तव्यंमंत्रस्यकरणत्वतः कर्मावृत्तौतुमंत्रस्याप्यावृत्तिर्गृह्यकर्मणि समंत्रकहोमेतूष्णींनिर्वापः नाम्नाहोमेनाम्नैवनिर्वापादि यत्रमंत्रेणनाम्नावाहोमोनोक्तस्तत्र नाम्नैवहोमः समंत्रकहोमेसहैवानेकदैवत्यचरुपाकेपिनविभागोनाभिमर्शश्च अनुक्तौदक्षिणकरः दिशामनुक्तौप्राच्युदीचीशान्यः तिष्ठन्नासीनइत्याद्यनुक्तावासीनतैव अनादेशेस्वयंकर्ता अविज्ञातस्वरोमंत्रःसौत्रएकश्रुतिर्भवेत् होमेषुमंत्रंस्वाहांतंप्रणवाद्यंचकारयेत् विप्रादीनांद्विदर्भस्यात्पवित्रंग्रथितंनवा ॥

હવે સર્વ કર્મની સાધારણ રીતિ કહે છે.

સઘળા પાકયજ્ઞવિષે બ્રહ્મા કૃતાકૃત (કરવો અથવા ન કરવો એમ) છે. પાત્રાસાદન અને આજ્યાદિ દ્રવ્યને ગરમ કરવાં ઇત્યાદિ, ઇચ્છા હોય તો કરવાં, ઇચ્છા ન હોય તો ન કરવાં. સ્રુવાદિ પાત્રનું માર્જન, ઇધ્મને રજ્જુપ્રહરણ, પૂર્ણપાત્ર અને આજ્યોત્પવન (ઘૃતસંસ્કાર) એ નિત્ય છે. તંદુલ હોય તો તે ઠેકાણે વ્રીહિનું ખાંડવું એ કૃતાકૃત છે. દ્રવીભૂત (નરમ) ઘૃતને ગરમ કરવું એ કૃતાકૃત છે. શબ્દવડે કહેલા આજ્યહોમવિષે પરિસ્તરણ (દર્ભ પાથરવો) એ કૃતાકૃત છે. અનાદિષ્ટ (શબ્દવડે ન કહેલા) આજ્યહોમવિષે પરિસ્તરણ નિત્ય છે. આજ્યભાગસહિત અને આજ્યભાગરહિત એવાં બે કર્મનો તંત્ર (એક સમયે પ્રયોગ હોય તો તેમાં આજ્યભાગ દેવો નહીં એજ યોગ્ય છે.) કારણ, સર્વત્ર આજ્યભાગનો વિકલ્પ છે. અનેક પાકયજ્ઞ એક સમયે કરવાના હોય તો સમાનતંત્રપણું થાય છે. તેથી સ્વિષ્ટકૃત્ ઇત્યાદિક એકજ કરવા. જ્યહાં દ્રવ્ય કહ્યું નથી ત્યહાં આજ્ય ગ્રહણ કરવું. મંત્ર એ કર્મનું સાધન છે તેથી મંત્રની અંતે કર્મ કરવું. ગૃહ્યોક્ત કર્મની આવૃત્તિ હોય તો મંત્રની પણ આવૃત્તિ કરવી. મંત્રસહિત હોમ કરવાનો હોય તો મંત્રરહિત નિર્વાપ કરવો. નામમંત્રવડે હોમ કર્તવ્ય હોય તો નામમંત્રેજ નિર્વાપાદિક કરવા. જ્યહાં મંત્ર અથવા નામવડે હોમ કરવો કહ્યો નથી ત્યહાં નામમંત્રવડેજ હોમ કરવો. સમંત્રક હોમવિષે સાથેજ અનેક દેવતાઓને અર્થે ચરુ કર્યો હોય તો પણ વિભાગ અથવા અભિમર્શ (સ્પર્શ) કરવાનો નહીં. અમુક હાથેથી આ કામ કરવું એમ જ્યહાં કહ્યું ન હોય ત્યહાં દક્ષિણ હાથ જાણવો. દિશા કહી ન હોય ત્યહાં પૂર્વ, ઉત્તર અથવા ઈશાન દિશા લેવી. ઉભી રહી અથવા બેસી ઇત્યાદિક જ્યહાં કહ્યું ન હોય ત્યહાં બેસીનેજ કર્મ કરવું. જ્યહાં કર્તા કહ્યો ન હોય ત્યહાં યજમાન પોતે કર્તા જાણવો. જેનો સ્વર અન્યના શ્રવણમાં ન આવે તેવો, સૂત્રોક્ત મંત્ર સરલ રીતે ભણવો. હોમવિષે, પ્રણવ છે આદિ જેને અને સ્વાહા છે અંતમાં જેને એવો, મંત્ર, ભણવો. બ્રાહ્મણાદિકે બે દર્ભનું પવિત્ર ધારણ કરવું; તે ગ્રંથિયુક્ત કરવું અથવા ન કરવું એમ છે.

आहुतिप्रमाणम् ॥ कर्षप्रमाणमाज्यादिलाजामुष्टिमितामताः अन्नंग्राससमंग्राह्यंकंदानामष्टमोंशकः तिलसक्तुकणादीनांमृगीमुद्राप्रमाणतः ॥

આહુતિનું પ્રમાણ—ઘૃત આદિ પાતળું દ્રવ્ય, એક એક આહુતિમાટે એક કર્ષ (શાસ્ત્રના પ્રમાણથી એક તોલું) પરિમિત લેવું. શાલ મુઠી પ્રમાણે; અન્ન (ચરુ) ગ્રાસપરિમિત; કંદનો અષ્ટમાંશ; તિલ, શકતુ (લોટ), અને ધાન્યાદિકની આહુતિ મૃગીમુદ્રાપરિમિત લેવી. એ રીતે આહુતીનું પ્રમાણ છે.

ताम्रपात्रेणपिहितेताम्रपात्रादिकेशुभे अग्निप्रणयनंकार्यंमृन्मयेराजतादिके उत्तमःश्रोत्रियागारान्मध्यमःस्वगृहादितः नाप्रोक्षितमिंधनमग्नावादध्यात् सदोपवीतिनाभाव्यंसदाबद्धशिखेनच सदेतिकर्मांगतापुरुषार्थताच तेनकर्मकालेशिखाबंधाद्यभावेप्रायश्चित्तद्वयमन्यदैकमेव दशविधादर्भाउक्ताः वटप्लक्षबिल्ववैकंकतचंदनदेवदारुसरलवृक्षजाअपिकचित्समिधः प्रभुःप्रथमकल्पस्ययोनुकल्पेनवर्तते स नाप्नोतिफलंतस्यपरत्रेतिश्रुतिःस्मृतिः बह्वल्पंवास्वगृह्योक्तंयस्ययत्कर्मचोदितं तस्यतावतिशास्त्रार्थेकृते सर्वःकृतोभवेत् ॥

"ત્રાંબાનું, મૃત્તિકાનું અથવા રૂપાનું ઇત્યાદિક પાત્રમાં અગ્નિ લઈ તે પાત્ર ઉપર ત્રાંબાનું પાત્ર ઢાંકી અગ્નિ લઈ આવવો. અગ્નિહોત્રીને ઘેરથી અગ્નિ લેવો તે ઉત્તમ. પોતાનાં ઘર ઇત્યાદિક ઠેકાણેથી લેવો તે મધ્યમ છે." પ્રોક્ષણ કરયું ન હોય તેવું કાષ્ટ અગ્નિમાં હોમવું નહીં. સર્વ કાલ ઉપવીતસહિત અને સદા શિખાબધન કરી રહેવું. 'સદા' એ શબ્દવડે શિખાબંધન કરવાનું વિધાન કરયું તે શિખાબંધન, કર્મનું અંગ છે અને એમાં પુરૂષાર્થપણું પણ છે. એથી એવું સિદ્ધ થાય છે કે, કર્મકાલે શિખાબંધનાદિ ન હોય તો બે પ્રાયશ્ચિત્ત અને અન્ય સમયે તે ન હોય તો એકજ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. દશ પ્રકારના દર્ભ કહ્યા છે. વડ, પીપર, બીલી, વૈકંક્ત (વેહેકળો), ચંદન, દેવદારૂ અને સરલના વૃક્ષની પણ સમિધ કોઇ ગ્રંથમાં કહી છે. "મુખ્ય વિધાન કરવાને સમર્થ પુરૂષ કદી ગૌણપક્ષનું કર્મ કરે તો તેને પરલોકમાં તે કર્મનું ફળ મળે નહીં, એમ શ્રુતિ અને સ્મૃતિ કહે છે. ઘણું અથવા થોડું એવું પોતાના ગૃહ્યસૂત્રમાં જેને જે કર્મ કરવાનું કહ્યું છે તે તેટલું યથાશાસ્ત્ર કરે તો સર્વ શાસ્ત્રનો અર્થ કર્યા સરખો થાય છે."

अथकर्मविशेषेग्निनामानि ॥ अग्निस्तुमरुतोनामगर्भाधानेविधीयते पवमानःपुंसवनेसीमंते मंगलाभिधः प्रबलोजातसंस्कारेपार्थिवोनामकर्मणि अन्नाशनेशुचिःप्रोक्तःसभ्यःस्याच्चौलकर्मणि व्रतादेशेसमुद्भवः गोदानादौसूर्यः विवाहेयोजकः आवसथ्येद्विजनामा प्रायश्चित्तेविटः पाकयज्ञेषुपावकः पित्र्येकव्यवाहनः दैवेहव्यवाहनः शांतिकेवरदःप्रोक्तःपौष्टिकेबलवर्धनः मृतदाहेक्रव्यादः ज्ञात्वैवमग्निनामानिगृह्यकर्मसमारभेत् पलाशेनजुहूःकार्याखदिरेणस्रुवःस्रुचः तदभावेयथालाभयज्ञियवृक्षजाः तदभावेपलाशमध्यपर्णैर्वापिप्पलपर्णैर्वाहोमः एवंचमसादयोपिखदिरादियज्ञियवृक्षजाः काम्येप्रतिनिधिर्नास्तिनित्येनैमित्तिकेहिसः काम्येप्युपक्रमादूर्ध्वमन्येप्रतिनिधिंविदुः नस्यात्प्रतिनिधिर्मंत्रकर्मदेवाग्निकर्तृषु नदेशारणिकालेषुत्रिषुप्रतिनिधिर्मतः नापिप्रतिनिधातव्यंनिषिद्धंवस्तुकुत्रचित् स्वकालादुत्तरोगौणःकालःसर्वस्यकर्मणः तर्पणेप्यासनेश्राद्धेभुक्तौमूत्रपुरीषयोः पद्सुनिर्माल्यकादर्भादर्व्याद्याअभिचारके मंत्रोपियश्चशूद्रार्थेब्राह्मणःप्रेतभोजने ॥

હવે ભિન્ન ભિન્ન કર્મવિષે અગ્નિનાં નામ કહે છે.

"ગર્ભાધાનસંસ્કાર સમયે જે અગ્નિનું સ્થાપન કરવામાં આવે છે તેનું મરૂત એવું નામ છે. પુંસવનવિષે પવમાન નામનો અગ્નિ છે. સીમંતોન્નયનમાં મંગલ નામનો છે. જાતકર્મવિષે પ્રબલ, નામકર્મ સમયે પાર્થિવ, અન્નપ્રાશનવિષે શુચિ, ચૌલસંસ્કારવિષે સભ્ય, યજ્ઞોપવીત આદિ વ્રત સમયે સમુદ્ભવ, ગોદાન ઇત્યાદિકવિષે સૂર્ય, વિવાહવિષે યોજક, આવસથ્ય (સ્માર્તકર્મ) સમયે દ્વિજ નામનો, પ્રાયશ્ચિત્તવિષે વિટ, પાકયજ્ઞવિષે પાવક, પિતૃસંબંધી કર્મવિષે કવ્યવાહન, દૈવકર્મવિષે હવ્યવાહન, શાંતિકર્મવિષે વરદ, પૌષ્ટિકકર્મવિષે બલવર્ધન, અને શબના દાહ સમયે ક્રવ્યાદ નામનો અગ્નિ જાણવો. એપ્રમાણે અગ્નિનાં નામ જાણી ગૃહ્યકર્મનો આરંભ કરવો." ખાખરાના કાષ્ટની જુહૂ (મેક્ષણ) કરવી. ખેરના કાષ્ઠનાં સુવ અને સુચ એ પાત્ર કરવાં. તે વૃક્ષ ન મળે તો જેવા મળે

તેવા યજ્ઞયોગ્ય વૃક્ષમાંથી કરવાં. તેવા વૃક્ષ પણ ન મળે તો ખાખરાના વચલા પાનવડે કિંવા પીપળાના પાનવડે હોમ કરવો. એ રીતે ચમસ ઇત્યાદિક પાત્ર પણ ખેર ઇત્યાદિક જે યજ્ઞયોગ્ય વૃક્ષ તેનાં કરવાં. “કામ્યકર્મવિષે પ્રતિનિધિ કરવો નહીં, નિત્ય અને નૈમિત્તિક કર્મવિષે પ્રતિનિધિ થાય છે. કામ્યકર્મવિષે પણ આરંભ પછી પ્રતિનિધિ કરવો એવો બીજા ગ્રંથકારોનો મત છે.” મંત્ર, કર્મ, દેવ, અગ્નિ અને કર્ત્તાનિવિષે પ્રતિનિધિ કરવો નહીં. દેશ, અરણી અને કાલ એ ત્રણવિષે પ્રતિનિધિ કરવો નહીં. કોઈ પણ કર્મવિષે નિષિદ્ધ વસ્તુ પ્રતિનિધિને સ્થાનકે રાખવી નહીં. સર્વ કર્મના પોતાના કાલ કરતાં જે ઉત્તર (આવનારો) કાલ તે ગૌણ છે. તર્પણ, આસન, શ્રાદ્ધ, ભોજન, મૂત્ર અને મલત્યાગ એ ૭ કર્મવિષે દર્ભ નિર્માલ્ય થાય છે, અભિચાર (મારણાદિ) કર્મવિષે સ્રુચ આદિ પાત્ર તે નિર્માલ્ય થાય છે, એટલે તે તે કર્મ કર્યા પછી તે દર્ભ તથા પાત્ર અન્ય કર્મમાટે યોગ્ય નહીં. શૂદ્રના કર્મવિષે જોડેલો મંત્ર અને પ્રેતશ્રાદ્ધનું ભોજન કરનારો બ્રાહ્મણ એ પણ નિર્માલ્ય છે.

अथकर्मांगदेवताः ॥ विवाहस्याग्निर्देवता तेनविवाहांगभूतस्वस्तिवाचनाद्यंतेकर्मांगदेवताग्निः प्रीयतामितिवदेत् औपासनेग्निसूर्यप्रजापतयः स्थालीपाकेग्निः गर्भाधानेब्रह्मा पुंसवनेप्रजापतिः सीमंतेधाता जातकर्मणिमृत्युः नामकर्मनिष्क्रमणान्नप्राशनेपुसविता चौलेकेशिनः उपनयनेइंद्रश्रद्धामेधाः अंतेसुश्रवाः पुनरुपनयनेग्निः समावर्तनस्येंद्रः उपाकर्मणिव्रतेपुचसविता वास्तुहोमेवास्तोष्पतिरंतेप्रजापतिः आग्रयणेआग्रयणदेवताः सर्पबलेःसर्पाः तडागादीनांवरुणः ग्रहयज्ञेआदित्यादिनवग्रहाः कूष्मांडहोमेचांद्रायणेअग्न्याधानेचाग्न्यादयः अग्निष्टोमस्याग्निः अन्येष्विष्टकर्मसुप्रजापतिरिति ॥

હવે કર્મના અંગદેવતા કહે છે.

વિવાહના દેવતા અગ્નિ છે, તેથી વિવાહના અંગભૂત જે સ્વસ્તિવાચન ઇત્યાદિક કર્મ તેની અંતે “कर्मांगदेवता अग्निः प्रीयतां” એમ કહેવું. ઔપાસનવિષે અગ્નિ, સૂર્ય અને પ્રજાપતિ એ દેવતા છે. સ્થાલીપાકવિષે અગ્નિદેવતા છે. ગર્ભાધાનવિષે બ્રહ્મા; પુંસવનવિષે પ્રજાપતિ; સીમંતવિષે ધાતા; જાતકર્મવિષે મૃત્યુ; નામકર્મ, નિષ્ક્રમણ અને અન્નપ્રાશનવિષે સવિતા; ચૌલવિષે કેશિન; ઉપનયનવિષે ઇંદ્ર, શ્રદ્ધા અને મેધા એ દેવતા છે; અને એના અંતવિષે સુશ્રવા દેવતા, પુનરૂપનયનવિષે અગ્નિ દેવતા છે. સમાવર્તનના ઇંદ્ર; ઉપાકર્મ અને મહાનાસ્યાદિક વ્રતના સવિતા દેવતા; વાસ્તુહોમના વાસ્તોષ્પતિ; અને એના અંતે પ્રજાપતિ; આગ્રયણવિષે આગ્રયણ દેવતા; નાગબલીના દેવતા સર્પ; તલાવ ઇત્યાદિકના દેવ વરુણ; ગ્રહયજ્ઞવિષે દેવતા આદિત્યાદિ નવગ્રહ; કૂષ્માંડહોમ, ચાંદ્રાયણ અને અગ્ન્યાધાનવિષે અગ્નિ આદિક; અગ્નિષ્ટોમના દેવ અગ્નિ; અને બીજાં જે ઇષ્ટકર્મ તેના દેવ પ્રજાપતિ છે.

अथकलियुगेकार्याकार्यविवेकः ॥ गीतागंगातथाविष्णुःकपिलाश्वत्थसेवनं एकादशीव्रतंचैवसप्तमंनकलौयुगे विष्णुंशिवंवाभजतांगुरोःपित्रोश्चसेविनां गोवैष्णवमहाशैवतुलसीसेविनामपि न स्यात्कलिकृतोदोषःकाश्यांनिवसतामपि कलौगुरूणांभजनमीशभक्त्यधिकंस्मृतं जपादौयत्रयासंख्या कलौसास्याच्चतुर्गुणा कलौदानंमहाश्रेष्ठंशिवविष्णोश्चकीर्तनं कृतेयद्दशभिर्वर्षैस्त्रेतायांहायनेनतु द्वापरेतच्चमासेनअहोरात्रेणतत्कलौ प्रथमस्कंधे कुशलान्याशुसिद्ध्यंतिनेतराणिकृतानियदिति कलौपुण्यकर्मणां संकल्पेपिसिद्धिः पापानांत्वाचरणादेवेत्युक्तं स्मृत्यंतरविरोधेतुकलौपाराशरीस्मृतिः ध्यायन्कृतेयजन्यज्ञैस्त्रेतायांद्वापरेर्चयन् यदाप्नोतितदाप्नोतिकलौसंकीर्त्यकेशवमितिहेमाद्रौव्यासवचनं अत्रकृतयुगाद्यधिकरणकध्यानादिफलार्थंकल्यधिकरणकंकीर्तनंविधीयतइतिवाक्यार्थः कौस्तुभकर्तृपितामहैर्भक्तिनिर्णयेविस्तरेणनिरूपितः हेमाद्रौ कलिंसभाजयंत्यार्यागुणज्ञाःसारभागिनः यत्रसंकीर्तनेनैवसर्वःस्वार्थोभिलभ्यत इति श्रीभागवतवचनमुदाहृत्यसंकीर्तनेनहरिसंकीर्तनेनेत्यर्थइतिहेमाद्रावेवव्याख्यातं कृष्णवर्णंत्विषाकृष्णंसांगोपांगास्त्रपार्षदं यज्ञैःसंकीर्तनप्रायैर्यजंतिहिसुमेधसः यज्ञादिस्वस्वाचारमाचरद्भिरपि कालेपुसंकीर्तननिष्ठैर्भाव्यमित्याशयइतिकौस्तुभे अनेनचतुर्वर्गफलंनारायणाश्रयणमात्रेणभवतीतिसिद्धं यावैसाधनसंपत्तिःपुरुषार्थचतुष्टये तयाविनातदाप्नोतिनरोनारायणाश्रयइतिभारतोक्तेः ॥

હવે કલિયુગમાં શું કરવું અને શું ન કરવું તેનો નિર્ણય કહે છે.

“ગીતા, ગંગા, વિષ્ણુ, કપિલા ગાય, અશ્વત્થ અને એકાદશી વ્રત એ ૭ સેવવાયોગ્ય છે. સાતમો પદાર્થ કલિયુગમાં નથી. વિષ્ણુ,અથવા શિવને સેવનારા; ગુરુ અથવા માતા પિતાની સેવા કર-

નારા; ગાય, વૈષ્ણવ, મહાશૈવ અને તુલસીની સેવા કરનારા; તેમજ કાશીમાં નિવાસ કરનારા; એ સર્વને કલિસંબંધી દોષ થતો નથી. કલિયુગમાં ગુરુનું ભજન દેવતાની ભક્તિ કરતાં અધિક કહ્યું છે. જપાદિકવિષે જે સંખ્યા કહી છે તેથી કલિયુગમાં ચોગણી કરવી. દાન તથા શિવ અને વિષ્ણુનું કીર્ત્તન એ કલિયુગમાં મહાશ્રેષ્ઠ છે. સત્યયુગમાં જે દશ વર્ષે સિદ્ધિ થતી તે ત્રેતાયુગમાં એક વર્ષે, દ્વાપરયુગમાં એક માસે, અને કલિયુગમાં એક અહોરાત્ર એટલે આઠ પોહોરમાં થાય છે." પ્રથમસ્કંધમાં—"(કલિયુગમાં જેવાં) કુશળ (પુણ્ય) તરત સિદ્ધ થાય છે તેવાં પાપ શીઘ્ર સિદ્ધ થતાં નથી; કારણ, પાપ કરવાથીજ સિદ્ધ થાય છે." એ વાક્યમાં, કલિયુગવિષે પુણ્યકર્મની સંકલ્પથકી પણ સિદ્ધિ થાય છે અને પાપ આચરણ કરેલાં તેજ સિદ્ધ થાય છે, એમ કહ્યું છે. "બીજી સ્મૃતિઓવડે વિરોધ આવતો હોય તો કલિયુગવિષે પારાશરી સ્મૃતિ ગ્રહણ કરવી." સત્યયુગમાં ધ્યાનવડે, ત્રેતામાં યજ્ઞવડે, દ્વાપરમાં સેવાથકી જે (પુણ્યાદિ) પ્રાપ્ત થતું, તે કલિયુગમાં કેશવના નામકીર્ત્તનથકી પ્રાપ્ત થાય છે, એવું હેમાદ્રિમાં વ્યાસનું વચન છે. આ ઠેકાણે, સત્યયુગાદિકમાં ધ્યાનાદિકવડે પ્રાપ્ત થવાનાં જે ફળ કહ્યાં છે તે ફળની પ્રાપ્તિને અર્થે કલિયુગમાં કેશવનું કીર્ત્તન કરવું એવો વાક્યાર્થ, કૌસ્તુભ ગ્રંથના કર્ત્તા જે અનંતદેવ તેના દાદાએ ભક્તિનિર્ણય નામના ગ્રંથમાં વિસ્તારથી નિરૂપણ કરેલો છે. હેમાદ્રિવિષે,—"ગુણના જાણનારા અને સારના ગ્રહણ કરનારા જે આર્ય પુરૂષો તે ચાર યુગમાંથી કલિયુગનેજ શ્રેષ્ઠ કહે છે; કારણ, કલિયુગમાં સંકીર્ત્તનથકીજ સઘળો સ્વાર્થ સિદ્ધ થાય છે," એવું શ્રીભાગવતનું વચન કહી, સંકીર્ત્તન એટલે હરિકીર્ત્તન એવો અર્થ; એ રીતે હેમાદ્રિમાંજ વ્યાખ્યાન કર્યુ છે. "અંગ (હૃદયાદિક), ઉપાંગ (કૌસ્તુભાદિક), અસ્ત્ર (સુદર્શનાદિક), અને પાર્ષદ (નંદ, સુનંદાદિક) એમણે યુક્ત; વર્ણે કૃષ્ણ; કાંતિવિષે ઇંદ્રનીલમણિ સરખા ઉજ્જ્વલ; એવા જે (કૃષ્ણપરમાત્મા) તેનું યજન, બહુધા નામોચ્ચારણ છે જેમાં એવા યજ્ઞવડે વિવેકી પુરુષ કરે છે." પંચમહાયજ્ઞાદિક પોતપોતાના આચારને આચરણ કરનારા પુરૂષોએ પણ નિત્યકર્મ કરતાં અવશેષ રહેલા કાલવિષે સંકીર્ત્તનનિષ્ઠ રહેવું એટલે ભગવન્નામ કીર્ત્તન કરવું એવો અભિપ્રાય કૌસ્તુભમાં છે. એથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ રૂપ ફળ નારાયણના આશ્રયમાત્રથકી થાય છે એ સિદ્ધ થયું; કારણ, "ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થની પ્રાપ્તિમાટે જે સાધનસંપત્તિ કહી છે તેવિના પણ નારાયણનો આશ્રય કરનારો મનુષ્ય તે ચારે પુરુષાર્થને પામે છે; એવું મહાભારતમાં વચન છે."

श्रीभागवतेपि ॥ धर्मार्थकाममोक्षाख्यंयइच्छेच्छ्रेयआत्मनः एकंह्येवहरेस्तत्रकारणंपादसेवनमिति अत्रएकपदावधारणादिपदैरन्यसाधनानपेक्षत्वंभक्तियोगस्योच्यते ज्ञानयोगादेश्चहरिपादसेवनसापेक्षत्वंध्वन्यते तथाचस्पष्टमेकादशादौ तस्मान्मद्भक्तियुक्तस्ययोगिनोवैमदात्मनः नज्ञानंनचवैराग्यंप्रायःश्रेयोभवेदिह यत्कर्मभिर्यत्तपसाज्ञानवैराग्यतश्चयत् योगेनदानधर्मेणश्रेयोभिरितरैरपि सर्वंमद्भक्तियोगेनमद्भक्तोलभतेंजसा स्वर्गापवर्गंमद्धामकथंचिद्यदिवांछतीति श्रेयःस्रुतिंभक्तिमुदस्यतेविभोक्लिश्यंतियेकेवलबोधलब्धये तेषामसौक्लेशलएवशिष्यतेनान्यद्यथास्थूलतुषावघातिनामित्यादिपरसहस्रवचनानि ज्ञानयोगस्यभगवदाराधनंतत्प्रसादंचविनैवसिद्धिरितिक्वापिकेनाप्यनुक्तेश्च सर्वापेक्षाचयज्ञादिश्रुतेरश्ववदित्यधिकरणेज्ञानोत्पत्तौयज्ञादिसर्वसाधनापेक्षोक्तेश्च किंचभक्तियोगेदुराचारिणोपिदृढवैराग्यरहितस्याप्यधिकारोगम्यते अपिचेत्सुदुराचारोभजतेमामनन्यभाक् साधुरेवसमंतव्यःसम्यग्व्यवसितोहिसः क्षिप्रंभवतिधर्मात्माशश्वच्छांतिंनिगच्छति कौंतेयप्रतिजानीहिनमेभक्तःप्रणश्यति ननिर्विण्णोनातिसक्तोभक्तियोगोस्यसिद्धिदइत्यादिवचनेभ्यः नैवंदुराचारिणापिदृढवैराग्यादिसाधनचतुष्टयसंपत्त्यभावेपिवेदांतश्रवणाद्यनुष्ठितौज्ञानोत्पत्तिर्भवतीतिक्वाप्युपलभ्यते नचयथोक्ताधिकारसंपत्तिंविनानुष्ठितंसाधनंकिमपिफलायकल्पते तस्मात्सर्वथापर्वैःकलौश्रीहरिपादसेवनादिभक्तियोगाश्रयणमेव कर्तव्यमितिसिद्धम् ॥

શ્રીભાગવતમાં પણ કહ્યું છે—"જે મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ નામના પોતાના શ્રેયની ઇચ્છા ધરતો હોય તેને તે શ્રેયની પ્રાપ્તિવિષે એકજ હરિનું પાદસેવન કારણ છે." એ વાક્યમાં 'એક' એવું પદ તથા નિશ્ચય કરાવનારા 'જ' એ પદવડે ભક્તિયોગને અન્ય સાધનની ગરજ નથી એમ કહ્યું, અને જ્ઞાનયોગાદિકને હરિચરણ સેવાની સહાયતા જોઇએ છિએ એ અર્થ સૂચિત થાય છે. તેમજ એકાદશસ્કંધાદિકમાં સ્પષ્ટ કહ્યું છે. કે—"માહારી ભક્તિએ યુક્ત, તેથીજ માહારેવિષે

છે ચિત્ત જેનું એવો જે યોગી તેના શ્રેયનું સાધન ઘણું કરી જ્ઞાન કે વૈરાગ્ય એ થતાં નથી. જે કર્મથી પ્રાપ્ત થાય છે; જે તપથી પ્રાપ્ત થાય છે; જ્ઞાન અને વૈરાગ્યથી જે પ્રાપ્ત થાય છે; યોગ, દાનધર્મ, અને બીજા શ્રેયઃસાધનવડે જે પ્રાપ્ત થાય છે, તે સર્વ માહારા ભક્તિયોગવડે માહારો ભક્ત અનાયાસે (સહજ) પામે છે. સ્વર્ગ, મોક્ષ અને માહારૂં ધામ (વૈકુંઠાદિક) એની જો કદાચિત્ ઇચ્છા ધરે તો તે પણ પ્રાપ્ત થાય છે." હે વિભો! ભાગ્યોદય અને મોક્ષની દેનારી એવી તમારી ભક્તિનો ત્યાગ કરી જે પુરુષ કેવળ જ્ઞાનપ્રાપ્તિમાટે યત્ન કરે છે તેમને માત્ર ક્લેશજ રહે છે; બીજું કાંઈ પ્રાપ્ત થતું નથી; એમાં દૃષ્ટાંત–જેમ મોહોટી ફોતરીને ખાંડનારાને ક્લેશજ મળે છે તે રીતે (તમારી ભક્તિ તુચ્છ માની જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા ધરનારાઓ પણ છે)," ઇત્યાદિ હજારો વચન છે. ભગવદારાધન અને ભગવત્પ્રસાદવિના જ્ઞાનયોગની સિદ્ધિ થાય છે એ રીતે કોઇ ગ્રંથમાં કોઇએ પણ કહ્યું નથી. "**सर्वापेक्षा च यज्ञादिश्रुतेरश्ववत्**" આ સૂત્રમાં, 'ઘોડો જેમ રથાદિક ચાલવાનું સાધન છે' એ દૃષ્ટાંતપ્રમાણે "**विविदिषंति यज्ञेन**" એ શ્રુતિપ્રમાણે જ્ઞાનની ઉત્પત્તિવિષે યજ્ઞાદિક સર્વ સાધનોની અપેક્ષા છે એમ કહ્યું છે. બીજું પણ–દૃઢ વૈરાગ્યરહિત અને દુરાચારી હોય તેને પણ ભક્તિયોગવિષે અધિકાર છે, એમ જણવામાં આવે છે. (શાથી કે)–"જો કે અત્યંત દુરાચારી હોય તથાપિ અન્ય દેવતાની ભક્તિ છોડી માહારૂંજ ભજન કરે તો તે સાધુજ માનવો. કારણ, ભગવદ્‌ભજનવડેજ હું કૃતાર્થ થઇશ, એવો તેણે સારો નિશ્ચય કરેલો છે." "તે દુરાચારી છે તથાપિ માહારા ભજનવડે શીઘ્ર ધર્માત્મા થઇ પરમેશ્વરની પ્રાપ્તિરૂપ નિરંતર શાંતિને પામે છે. હે કૌંતેય (અર્જુન)! આવી માહારી પ્રતિજ્ઞા જાણ કે, માહારો ભક્ત ક્યારે પણ નાશ પામતો નથી. વિરક્ત ન હોય તેમ અતિ આસક્ત ન હોય તો તેને ભક્તિયોગ સિદ્ધિનો દેનારો થાય છે," એવાં વચનો છે. દુરાચારી હોય તેને પણ, દૃઢ વૈરાગ્ય આદિક જે ચાર સાધનની સંપત્તિ, તે વિના વેદાંતનાં શ્રવણાદિક કરવાથી જ્ઞાનોત્પત્તિ થાય છે રીતે ક્યાંય પણ પ્રમાણ મળતું નથી. શાસ્ત્રોમાં કહેલા અધિકારની પ્રાપ્તિવિના કોઈ એક પણ સાધન કરવાથી કાંઇ પણ ફળ પ્રાપ્ત થતું નથી. માટે સર્વત્ર ઈશ્વરભાવ રાખી સઘળાઓએ કલિયુગમાં શ્રીહરિચરણની સેવા કરવી ઇત્યાદિક ભક્તિયોગનો આશ્રયજ કરવો, એ સિદ્ધ થાય છે.

अथकलौनिषिद्धानि ॥ समुद्रयातुःस्वीकारःकमंडलुविधारणं द्विजानामसवर्णासुकन्यासूपयमस्तथा देवराद्यैःसुतोत्पत्तिर्मधुपर्केपशोर्वधः मांसदानंतथाश्राद्धेवानप्रस्थाश्रमस्तथा दत्ताक्षतायाःकन्यायाःपुनर्दानंपरस्यच दीर्घकालंब्रह्मचर्यंनरमेधाश्वमेधकौ महाप्रस्थानगमनंगोमेधश्चतथामखः इमान्धर्मान्कलियुगेवर्ज्यानाहुर्मनीषिणः मद्यंवर्ज्यंमहापापेमरणांतविशोधनं सौत्रामण्यादियज्ञेपिसुरापात्रग्रहस्तथा मद्यभक्षादिवामाद्यागमस्यतुनमानता मीमांसाद्वितयेसर्वैशिष्टैश्चतदनादरात् औरसोदत्तकश्चैतौपुत्रौकलियुगेस्मृतौ अन्यान्दशविधान्पुत्रान्क्रीताद्यान्वर्जयेत्कलौ कौस्तुभेस्वयंदत्तस्तृतीयोपिकलौविहितइति नचैवकलौनिषिद्धाइत्युक्तं कलियुगेब्रह्महंत्रादेरेवाव्यवहार्यत्वादिरूपंपातित्यं तत्संसर्गिणस्तुनरकहेतुदोषसत्त्वेपिपातित्यंनास्ति संसर्गदोषःपापेष्वितिकलिवर्ज्येषुवचनात् कृतेसंभाष्यपतति त्रेतायांस्पर्शनेनतु द्वापरेत्वन्नमादायकलौपततिकर्मणेतिवचनाच्च ब्रह्महननादिकर्मणैवपातित्यंनसंसर्गमात्रेणेतितदर्थात् इदंचलोकेष्ववहिष्कृतपातकिपुलोकविद्विष्टत्वेनापरिहार्यसंसर्गेपातित्याभावपरं नहिलोकेष्ववहिष्कृतानांप्रच्छन्नाभक्ष्यभक्षणापेयपानागम्यागमनादिपातकवतांतज्ज्ञानवतातिशिष्टेनापि संभाषणादिसंसर्गोनरकहेतुरपिपरिहर्तुंशक्यते लोकविद्वेषापातात् लोकवहिष्कृतपापिनांसंसर्गस्तुपातित्यहेतुरेव तथैवशिष्टाचारादितिमेभाति अतएव त्यजेद्देशंकृतयुगेत्रेतायांग्राममुत्सृजेत् द्वापरेकुलमेकंतुकर्तारंतुकलौयुगे इतिवाक्येकर्तृत्यागोविधीयते त्यागोहिसंसर्गपरिहारएव किंचानेनवाक्येनयत्र कुलादौब्रह्महत्यादिपातकीनिष्पद्यतेतत्कुलादिकंद्वापरादावेववहिष्कार्यंनतुकलौकुलादेर्वहिष्कारः किंतुकर्तुरेवकलौवहिष्कारइतिप्रतिपाद्यते नचैतद्वाक्यविरोधिवाक्यांतरंपतितसगोत्रसपिंडादीनांकर्मानर्हत्वासंव्यवहार्यत्वप्रतिपादकंक्वापिग्रंथेउपलभ्यते यत्तुनिर्णयसिंधौघटस्फोटप्रकरणेगृहेषुसैरमापद्येरन् इतिवसिष्ठवचनसामर्थ्यात् पात्रनिनयनात्प्राक्पतितज्ञातीनांधर्मकार्येष्वधिकारोनास्तीत्यपरार्कव्याख्यानमुपन्यस्तंतत्रसर्वपतितविषयं किंतुघटस्फोटार्हप्रायश्चित्तानीच्छुपतितविषयं अन्यथापात्रनिनयनात्प्रागितिनवदेत् प्रायश्चित्तात्प्रागित्येववदेत् कर्तारंतुकलौयुगे इत्यादिप्रत्यक्षवचनेनविरोधेर्थापत्तिमूलकस्यसर्वपतितविषयककुलवहिष्कारवर्णनस्य पुरुषव्याख्यानरूपस्याप्रामाण्यापाताच्चेतिभातिइति संक्षेपः ॥ '

હવે કલિયુગમાં નિષિદ્ધ કહે છે.

વહાણમાં બેસીને સમુદ્રયાત્રા (દરિયાઈ મુસાફરી) કરવી, જલયુક્ત કમંડલનું ધારણ, પોતાની જાતિ કરતાં અન્ય જાતિની કન્યાજોડે વિવાહ કરવો, દેર ઇત્યાદિકથકી પુત્રની ઉત્પત્તિ કરવી, મધુપર્કમાં પશુનો વધ, શ્રાદ્ધમાં માંસના પિંડનું દાન, વાનપ્રસ્થાશ્રમનું ગ્રહણ, સંકલ્પપૂર્વક આપેલી શુદ્ધ કન્યાનું ફરી બીજાને દાન કરવું, ઘણા સમયસુધી બ્રહ્મચર્ય, નરમેધ, અશ્વમેધ, મહાપ્રસ્થાન (ઉત્તર દિશામાં ચાલ્યા જતાં દેહત્યાગ) કરવાનું, અને ગોમેધ યજ્ઞ, એટલા ધર્મ કલિયુગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યે વર્જ્ય કરવા એ રીતે વિદ્વજ્જનો કહે છે. મદ્યપાન વર્જ્ય કરવું. મહાપાપવિષે મરણાંત પ્રાયશ્ચિત્ત સૌત્રામણિ ઇષ્ટિ ઇત્યાદિક યજ્ઞવિષે પણ સુરા (મદિરા)ના પાત્રનું ગ્રહણ, વર્જ્ય કરવું. મદ્યપાન આદિ કહેનારાં જે વામ માર્ગાદિકનાં શાસ્ત્ર તે માનવાં નહીં; કારણ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા આ બન્ને શાસ્ત્રવિષે શિષ્ટજને મદ્યનો અનાદર (નિષેધ) કર્યો છે. ઔરસ (પોતાના વીર્યથી પોતાની સ્ત્રીમાં ઉત્પન્ન થએલો) અને દત્તક એ બે પુત્ર કલિયુગમાં કહ્યા છે. વેચાતો લીધેલો ઇત્યાદિક બીજા દશ પ્રકારના કલિયુગમાં વર્જ્ય કરવા. કૌસ્તુભમાં, સ્વયંદત્ત એ નામનો ત્રીજો પણ પુત્ર કલિયુગમાં કહ્યો છે, તેથી નવનોજ નિષેધ છે, એમ કહ્યુ છે. કલિયુગમાં બ્રહ્મહત્યા કરનાર ઇત્યાદિકનેજ અવ્યવહાર્યત્વ (તેની સાથે કોઇ પણ જાતનો વ્યવહાર ન રાખવો) ઇત્યાદિરૂપ પતિતપણું છે, અને બ્રહ્મહત્યા કરનારના સસર્ગ (સબંધ) કરનારને નરકના કારણરૂપ દોષ છે તથાપિ પતિતપણું નથી; કારણ, પાપમાં સંસર્ગદોષ નથી, એ રીતનું કલિવર્જ્યમાં વચન છે. "સત્યયુગમાં પાપીસાથે ભાષણ કરવાથી પતિતપણું થતું, ત્રેતામાં પાપીનો સ્પર્શ કરવાથી પતિતપણું થતું, દ્વાપરમાં પાપીનું અન્ન લેવાથી પતિતપણુ થતું અને કલિયુગમાં પાપકર્મ કરવાથી પતિતપણુ થાય છે, એવાં પણ વચન છે." બ્રહ્મહત્યા ઇત્યાદિક કર્મવડેજ પતિતપણું થાય છે, માત્ર સંસર્ગથકી પતિતપણું થતું નથી, એવો એ વચનનો અર્થ છે; તેથી એ વચન, લોકમાં જાતિબાહ્ય ન છતાં જે પાતકી છે તેનો, લોકમાં દ્વેષવૃદ્ધિ થાય માટે ત્યાગ કરી ન શકાય એવો જે સસર્ગ તેનેવિષે પતિતપણું નથી એ પરાયણ જાણવું. લોકમાં જાતિબાહ્ય નથી પરંતુ ગુપ્તરૂપે અભક્ષ્યભક્ષણ, ન પીવાનું પાન, અગમ્યાગમન ઇત્યાદિ પાપ કરનારની સાથે તેને જાણનારા સાદા શિષ્ટજનોએ પણ સભાષણાદિક સસર્ગ કરવો એ જો કે નરકનું કારણ છે તથાપિ તે છોડી શકાતો નથી; કારણ, તેમ કરવાથી લોકમાં દ્વેષવૃદ્ધિ થાય છે. જાતિબાહ્ય થએલા પાપીનો સંસર્ગ તો પતિતપણાનુ કારણ છે અને શિષ્ટોનો આચાર પણ તેમજ છે એમ મને ભાસે છે. માટેજ "સત્યયુગમાં દેશનો ત્યાગ કરવો, ત્રેતામાં ગામનો ત્યાગ કરવો, દ્વાપરમાં એક કુલનો ત્યાગ કરવો અને કલિયુગમાં માત્ર કર્ત્તાનો ત્યાગ કરવો;" એ વાક્યમાં કર્ત્તાનો ત્યાગ કરવો એ વિધિ પ્રાપ્ત થાય છે; ત્યાગ એટલે સંસર્ગનોજ ત્યાગ જાણવો. તેમજ આ વાક્યવડે, જે કુલાદિકમાં બ્રહ્મહત્યાદિક પાપ કરનારો ઉત્પન્ન થાય છે તે કુલાદિક દ્વાપરાદિક યુગવિષેજ બહિષ્કૃત કરવાં; કલિયુગમાં કુલાદિકનો ત્યાગ કરવો નહીં; કેવળ પ્રત્યક્ષ પાપકર્ત્તાનેજ ત્યાગ કરવો; એમ પ્રતિપાદન થાય છે. આ વાક્યથી વિરુદ્ધ એવું બીજું વાક્ય, પતિતના સગોત્ર અને સપિંડોએ કાંઈ પણ કર્મ કરવું નહીં અને લોકમાં કોઈની જોડે કાંઈ પણ વ્યવહાર કરવો નહીં, એમ કહેવાવાળું કોઇ પણ ગ્રંથમાં જોવામાં આવતું નથી. જે નિર્ણયસિંધુના ઘટસ્ફોટપ્રકરણમાં, "ઘરમાં ઇચ્છાપ્રમાણે આવવું," એવાં વસિષ્ઠવચનના સામર્થ્યવડે પાત્ર (ફોડવાનો જે ઘટ ઇત્યાદિક તે)ના લઇ જવાથી પ્રથમ પતિતના સંબંધીઓને ધર્મકાર્યમાં અધિકાર નથી એવું અપરાર્ક ગ્રંથનુ વ્યાખ્યાન લખ્યું તે સર્વ પતિતમાટે નથી, ત્યારે ઘટસ્ફોટમાટે યોગ્ય છતાં પ્રાયશ્ચિત્તની ઇચ્છા ન કરનારા પતિતમાટે છે, અને જો તેમ ન હોય તો, 'પાત્ર લઈ જવાની પેહેલાં' એ રીતે ન કહેતાં 'પ્રાયશ્ચિત્તની પેહેલાં' એમજ કહેત. 'કલિયુગમાં માત્ર કર્ત્તાનોજ ત્યાગ કરવો,' ઇત્યાદિક પ્રત્યક્ષ વચન જોડે વિરોધ છતાં અર્થાપત્તિ પ્રમાણે છે મૂળ જેનું એવું જે, પતિતનાં સઘળાં કુલનો ત્યાગ કરવો એ પુરુષકૃત વ્યાખ્યાન તે અપ્રમાણ થશે એમ ભાસે છે. એ રીતે સક્ષેપ કહ્યો.

नचैवंघटस्फोटविधिर्व्यर्थइतिवाच्यं तस्यपारलौकिकदोषपरिहारार्थत्वात् लोकबहिष्कृतपातकिविषये संभाषणादिसंसर्गस्यपातित्यहेतुत्वाभावेपिपरत्रनरकजनकदोषहेतुत्ववत्पतितेनसहैककुलत्वसंसर्गस्यापीहपातित्यादिदोषहेतुत्वाभावेपिपारत्रिकदोषहेतुत्वात् अत्रचघटस्फोटविधेरेवार्थापत्तिविधाय

मानत्वात् तथाचपारत्रिकदोषपरिहारार्थंघटस्फोटविधिरितिनतद्विधिबलेनपतितमात्रस्यकुलेवहिष्कारः सत्राख्ययज्ञःकलौवर्ज्यः ब्रह्महत्यादिमहापातकेषुप्रायश्चित्तेननरकनिवृत्तिर्नभवतिकिंत्विहलोके व्यवहार्यतामात्रंकलौभवति स्वर्णस्तेयादिषुतुप्रायश्चित्तेननरकनिवृत्तिर्व्यवहार्यताच केचित्तुरहस्यकृतेषु महापापेषुरहस्यप्रायश्चित्तंकलौनोपदेष्टव्यमित्याहुः विप्रादिस्त्रीसंभोगेनभ्रष्टानांशूद्रादीनांप्रायश्चित्तेपि संसर्गोनिषिद्धः यज्ञेपशुमारणं[1]सोमविक्रयश्चविप्राणांकलौवर्ज्यः ज्येष्ठादिसर्वभ्रातृणांसमभागःकलौस्मृतः आततायिद्विजानांनोधर्मयुद्धेपिहिंसनं अब्धौनौयातुर्द्विजस्यप्रायश्चित्तेपिसंसर्गोन गवार्थंब्राह्मणार्थंचप्राणत्यागःकलौनहि द्विजानांगोपशूद्रादौभोज्यान्नत्वंकलौनहि शिष्यस्यगुरुपत्नीषुनचिरंवासशीलता आपदिक्षत्रवैश्यादिवृत्तिविप्रःकलौत्यजेत् कलौद्विजोनहिभवेदश्वस्तनिकजीविकः द्वादशाब्दंगुरौवासंमुखाग्निधमनक्रियां यतेर्भिक्षांसर्ववर्णेकलौत्रीणिविवर्जयेत् नवोदकनिषेधंचदक्षिणांगुरुवांछितां वृद्धरुग्णादिमरणंजलाग्निपतनादिभिः गोतृप्तिमात्रेभूमिष्ठेपयस्याचमनक्रियां पितृवादेसाक्षिदंडंकलौपंचविवर्जयेत् घृतदुग्धादिभिःपक्वमन्नंशूद्रात्कलौत्यजेत् भिक्षामटन्यतीरात्रौनवसेद्गृहिणांगृहे विधूमसन्नमुसलेकालेभिक्षांकलौत्यजेत् चत्वार्यब्दसहस्राणिचत्वार्यब्दशतानिच कलेर्यदागमिष्यंतितदात्रेतापरिग्रहः संन्यासश्चनकर्तव्योब्राह्मणेनविजानता त्रेतापरिग्रहःसर्वाधानं अर्धाधानंस्मृतंश्रौतस्मार्ताग्न्योस्तुपृथक्कृतिः सर्वाधानंतयोरैक्यंकृतिःपूर्वयुगाश्रया अस्यापवादः यावद्वर्णविभागोस्तियावद्वेदःप्रवर्तते संन्यासंचाग्निहोत्रंचतावत्कुर्यात्कलौयुगे इति शपथाःशकुनाःस्वप्नाःसामुद्रिकमुपश्रुतिः देवपूजोपहारादेःसंकल्पःकार्येसिद्धये प्रश्नोत्तरंकालविदांसंभवंतिकलौक्वचित् इतिकलौकार्याकार्येनिर्णयः॥

એમ કહેવાથી ઘટ ફોડવાનો જે વિધિ કહ્યો તે વ્યર્થ છે એમ કહેવું નહીં; કારણ, તે ઘટ ફોડવાનો વિધિ કરવાથી પરલોકસંબંધી દોષની નિવૃત્તિ થાય છે. લોકમાં જાતિબાહ્ય કરેલા પાતકીજોડે સંભાષણ ઇત્યાદિક સંસર્ગ કરવાથી તે સંસર્ગ કદી પતિતપણાનો હેતુ નથી, તથાપિ પરલોકમાં નરક ઉત્પત્તિ કરનારા દોષનું જેમ કારણ છે, તે રીતે પતિતસાથે એક કુલરૂપ સંસર્ગ જો કે આ લોકમાં પાતિત્યાદિ દોષનું કારણ નથી; તથાપિ તે પરલોકસંબંધી દોષનું કારણ છે. આ ઠેકાણે ઘટ ફોડવાના વિધિને 'અર્થાપત્તિ' રૂપે પ્રમાણપણું છે, અને તેમ છતાં પરલોકસંબંધી દોષનિવૃત્તિમાટે ઘટસ્ફોટનો વિધિ છે તો તે વિધિના સામર્થ્યથકી પતિતમાત્રના કુલને જાતિબાહ્ય કરવું એ ઘટતું નથી. સત્ર નામનો યજ્ઞ કલિમાં વર્જ્ય કરવો. બ્રહ્મહત્યા આદિ મહાપાપયુક્તને પ્રાયશ્ચિત્ત કરવાથી નરકનિવૃત્તિ થતી નથી; ત્યારે આ લોકમાં માત્ર વ્યવહારની યોગ્યતા કલિયુગમાં પ્રાપ્ત થાય છે. સુવર્ણની ચોરી ઇત્યાદિક પાપવિષે તો પ્રાયશ્ચિત્ત કરવાથી પાપની નિવૃત્તિ અને વ્યવહારની યોગ્યતા એ બન્ને પ્રાપ્ત થાય છે. કોઇ ગ્રંથકાર, ગુપ્ત રહી કરેલા મહાપાપમાટે રહસ્ય પ્રાયશ્ચિત્ત કલિયુગમાં કહેવું નહીં, એમ કહે છે. બ્રાહ્મણાદિકની સ્ત્રીનો સંભોગ કરવાથી ભ્રષ્ટ થએલા શૂદ્રાદિકે પ્રાયશ્ચિત્ત કર્યું હોય તો પણ તેનો સંસર્ગ નિષિદ્ધ છે. યજ્ઞમાં પશુનો[2] વધ અને સોમવિક્રય એ કલિયુગમાં બ્રાહ્મણે કરવાં નહીં. કલિયુગમાં જ્યેષ્ઠ (મોહોટો) ઇત્યાદિક સઘળા ભાઇઓનો સરખો વિભાગ કહ્યો છે. આતતાયી[3] બ્રાહ્મણની ધર્મયુદ્ધમાં પણ હિંસા કરવી નહીં. વહાણમાં બેસી સમુદ્રયાત્રા કરનારા દ્વિજે પ્રાયશ્ચિત્ત કર્યું હોય તો પણ તેનો સંસર્ગ કરવો નહીં. ગાય અથવા બ્રાહ્મણમાટે કલિયુગમાં પ્રાણત્યાગ કરવો નહીં. કલિયુગમાં દ્વિજે ગોવાળ, શૂદ્ર ઇત્યાદિકનું અન્ન ભક્ષણ કરવું નહીં. શિષ્યે ગુરૂની સ્ત્રીપાસે ચિરકાલ નિવાસ કરવો નહીં. આપત્તિના સમયમાં બ્રાહ્મણે ક્ષત્રિય, વૈશ્ય ઇત્યાદિકની વૃત્તિનો ત્યાગ કરવો. કલિયુગમાં બ્રાહ્મણે અશ્વસ્તનિકજીવિક, એટલે એક બે દિવસ પૂરૂં થાય એટલો પણ ધાન્યસંગ્રહ જેનીપાસે ન હોય તે, એમ રહેવું નહીં. ગુરુપાસે બાર વર્ષપર્યંત નિવાસ, મોઢેથી ફુંકી અગ્નિ પ્રદીપ્ત કરવો, અને સંન્યાસીયે સર્વ વર્ણ પાસેથી ભિક્ષા લેવી એ ત્રણ કલિયુગમાં વર્જ્ય કરવાં. નવીન જલ લેવું નહીં; ગુરુએ માગેલી દક્ષિણા ગુરુને દેવી; વૃદ્ધ, રોગી ઇત્યાદિકે જલસમાધિ, અગ્નિપાત, ભૃગુપાત (ભેરવજપ) ઇત્યાદિકવડે મરવું; ગાયની માત્ર તૃપ્તિ થાય એટલું પૃથ્વિમાં રહેલું જલ તેમાં આચમન કરવું; પિતા, પુત્રના વિવાદમાં સાક્ષીને દંડ દેવો; એ પાંચ કલિયુગમાં વર્જ્ય કરવા. ઘૃત કે દૂધ એમાં પકવ થએલું અન્ન શૂદ્રપાસેથી કલિયુગમાં લેવું નહીં. ભિક્ષામાટે ભ્રમણ કરતાં

---

[1] शूद्रहस्तेनकार्यंनतुविप्रेणस्वयंकार्यमित्यर्थः॥

[2] પશુનો વધ શૂદ્રને હાથે કરાવવો, પોતાને હાથે કરવો નહીં.

[3] અગ્નિવડે બાળનારો, ઝેહેરથી મારનારો ઇત્યાદિ છ આતતાયી કહ્યા છે.

સંન્યાસીએ ગૃહસ્થને ઘેર રાત્રિએ રહેવું નહીં. ધુંવારો અને મુસળનો શબ્દ તેણેરહિત એવા સમયમાં સંન્યાસીએ કલિયુગમાં ભિક્ષા વર્જ્ય કરવી. કલિનાં (૪૪૦૦) વર્ષ ગયા પછી વિદ્વાન્ બ્રાહ્મણે ત્રેતાપરિગ્રહ અને સંન્યાસ એ ધારણ કરવાં નહીં. ત્રેતાપરિગ્રહ એટલે સર્વાધાન, "શ્રૌત અને સ્માર્ત અગ્નિ ભિન્ન ભિન્ન રાખવા તે અર્ધાધાન, અને તે બન્ને અગ્નિ એકઠા રાખવા તે સર્વાધાન, એ એકઠા કરવા તે પ્રથમના યુગોમાં થતું." એનો અપવાદ—કલિમાં યાવત્કાલ વર્ણાશ્રમનો ધર્મ વિભાગ અને વેદ પ્રવર્ત્તે છે તાવત્કાલ સન્યાસ અને અગ્નિહોત્ર કરવાં. શપથ (સમ લેવા); શકુન; સ્વપ્ન; સામુદ્રિક; ઉપશ્રુતિ (વૃદ્ધોએ કહેલી ભવિષ્ય વાણી); કાર્યસિદ્ધિમાટે દેવપૂજા, ઉપહાર ઇત્યાદિકનો સંકલ્પ, અને જ્યોતિષીએ કરેલા પ્રશ્નના ઉત્તર; એ કલિયુગમાં કવચિત્ સત્ય થાય છે. એ રીતે કલિયુગમાં શું કરવું અને શું ન કરવું તેનો નિર્ણય કહ્યો.

अथस्वप्नविचारः ॥ स्वप्नोद्विविधः इष्टफलोनिष्टफलश्चेति तत्रसामान्यतइष्टफलोयथा नदीसमुद्रतरणमाकाशगमनंतथा ग्रहनक्षत्रमार्तंडचंद्रमंडलदर्शनं हर्म्यस्यारोहणंचैवप्रासादशिरसोपिवा स्वप्नेचमदिरापानंवसामांसस्यभक्षणं कृमिविष्ठानुलेपश्चरुधिरेणाभिषेचनं भोजनंदधिभक्तस्यश्वेतवस्त्रानुलेपनं रत्नान्याभरणादीनिस्वप्नेदृष्ट्वाप्रसिद्ध्यति देवताविप्रपृथ्वीशान्प्रशस्ताभरणांगनाः घृषेभपर्वतक्षीरिफलिवृक्षाधिरोहणं दर्पणामिषमाल्याप्तिंशुक्लपुष्पांबराश्रितान् द्रष्टुःस्वप्नेर्थलाभःस्याद्व्याधिमोक्षश्चजायते ॥

હવે સ્વપ્નનો વિચાર કહે છે.

શુભફલ આપનારાં તથા અશુભ ફલ આપનારાં એ ભેદથી સ્વપ્ન બે પ્રકારનાં છે. તેમાં સામાન્ય રીતે શુભફલ દેનારાં સ્વપ્ન કહે છે—"નદી, સમુદ્ર તરવા; આકાશમાં ગમન કરવું; ગ્રહ, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્ર અને ચંદ્રમંડલનું દર્શન; ઊંચા ઘર, દેવમંદિર, અથવા રાજદરબાર એમના ઉપરના ભાગ ઉપર ચડવું; મદિરાપાન; મજ્જા અને માંસનું ભક્ષણ; કીડા, વિષ્ઠા એ અંગમાં લીપાય; રૂધિરવડે સ્નાન; દહીં-ભાતનું ભોજન; શ્વેત વસ્ત્ર, શ્વેત ચંદન, રત્ન અને આભૂષણ; એ પદાર્થો સ્વપ્નમાં જોવાથી કાર્યસિદ્ધિ થાય છે. દેવતા; બ્રાહ્મણ; રાજા; ઉત્તમ આભૂષણ ધરનારી સ્ત્રી; બળદ, હાથી, પીપળો, ઘુલર, ફળેલું ઝાડ, એમના ઉપર ચડવું; અરીસો, માંસ અથવા પુષ્પમાલાની પ્રાપ્તિ;—શ્વેત પુષ્પ અને શ્વેત વસ્ત્રને ધારણ કરનારા; એ વસ્તુઓ સ્વપ્નમાં જોનારને દ્રવ્યલાભ અને રોગનિવૃત્તિ થાય છે.

अथानिष्टफलः ॥ दुष्टकिंशुकवल्मीकपारिभद्रादिरोहणं तैलकार्पासपिण्याकलोहप्राप्तिर्विपत्तये निवाहकरणंस्वप्नेरक्तस्रग्वस्त्रधारणं स्रोतसाहरणंनेष्टंपक्वमांसस्यभोजनं आदित्यस्याथचंद्रस्यनिष्प्रभस्यावलोकनं नक्षत्रादेश्चपातस्यस्वप्नेमरणशोककृत् अशोककरवीरपलाशानांपुष्पितानांस्वप्नेदर्शनेशोकः नौकारोहणेप्रवासः रक्तवस्त्रगंधधारिण्यास्त्रियालिंगनेमृत्युः घृततैलादिनाभ्यंगेव्याधिः केशदंतपातेधननाशःपुत्रशोकोवा खरोष्ट्रमहिषयानेतद्युक्तरथारोहणेवामृत्युः कर्णनासाकरादिच्छेदेपंकमज्जनेतैलाभ्यंगेविषभक्षणेप्रेतालिंगनेनलदमालिनोदिगंबरस्ययानेकृष्णपुरुषदर्शनेचमृत्युः ॥

હવે અશુભ ફલસૂચક સ્વપ્ન કહે છે—ખાખરો, વલ્મીક (રાફડો), લીંબડો એની ઉપર ચડવું; તેલ, કપાસ, ખળ, લોઢું એથી પ્રાપ્તિ; એ વિપત્તિ કરનારાં છે. વિવાહ કરવો, રાતાં પુષ્પની માલા અથવા રાતાં વસ્ત્ર ધારણ કરવાં, જલના પ્રવાહમાં વહી જવું, અથવા રાંધેલા માંસનું ભક્ષણ, એ સ્વપ્નમાં દેખાય તો નાશ કરનારાં છે. કાંતિહીન સૂર્ય કે ચદ્ર અથવા આકાશથી તારાઓનું પડવું એ સ્વપ્નમાં જોવાથી મરણ અથવા શોક ઉત્પન્ન થાય છે. અશોકવૃક્ષ, કણેર, અને ખાખરો એ ઝાડ સ્વપ્નમાં પુષ્પિત (ફુલેલાં) દેખાય તો શોક થાય છે. સ્વપ્નમાં, વહાણમાં પોતે ચડ્યો એમ દેખે તો પ્રવાસ (પરદેશ જવું) થાય છે. રાતાં વસ્ત્ર, રાતું ચંદન ધરનારી સ્ત્રી આલિંગન કરે તો મૃત્યુ થાય છે. ઘી અથવા તેલ ઇત્યાદિકવડે 'અભ્યંગ કરે તો વ્યાધિ ઉત્પન્ન થાય છે. કેશ (વાળ) ખરી ગયા અથવા દાંત પડી ગયા એવું દેખાય તો ધનનાશ કિંવા પુત્રશોક થાય છે. ખર ઊંટ, પાડા એમની ઉપર બેસી ચાલે, અથવા જે રથમાં ખરાદિક જોડેલાં હોય તે રથમાં બેસે, એમ સ્વપ્નમાં દેખે તો મૃત્યુ થાય છે. કાન, નાક, હાથ ઇત્યાદિક અંગનું છેદન, કીચમાં બુડવું, તૈલાભ્યંગ, વિષનું

ભક્ષણ, મરી ગયેલાનું આલિંગન, જાસૌદનાં પુષ્પની માલા ધારણ કરી નગ્ન થઈ જવું, અને શ્યામવર્ણ પુરૂષનું દર્શન, એ સઘળાં સ્વપ્નો મૃત્યુકારક છે.

अथजागृतावनिष्टानि ॥ अरुंधतींध्रुवंचैवनभोमंदाकिनींतथा स्वनासाग्रंचचंद्रांकमायुर्हीनो नपश्यति पांसुपंकादिषुन्यस्तचरणंखंडितंयदि स्नानांबुलिप्तगात्रस्ययस्यास्यंप्राक्प्रशुष्यति गात्रेष्वार्द्रेषु सर्वेषुसूर्यादिद्वयदर्शनं स्वर्णप्रतीतिर्वृक्षेषुस्वपदानामदर्शनं पिहितेकर्णयुगुलेयस्यघोषानुपश्रुतिः अदर्शनं स्वशिरसःप्रतिबिंबेजलादिषु छिद्रप्रतीतिश्छायायांसचिरंनैवजीवति ॥

હવે જાગૃત અવસ્થામાંનાં અરિષ્ટ (મરણાદિ સૂચક ચિન્હ) કહે છે—અરૂંધતી, ધ્રુવ, આકાશગંગા, પોતાના નાકનું અગ્ર, અને ચંદ્રમાંમાંનું કાળું ચિહ્ન, એમને જેનું આયુષ્ય હીન થયું હોય તે પુરૂષ દેખતો નથી, (એટલે તે બહુ દિવસ રહેનારો નહીં.) જેનો પગ ધૂળ, કીચડ ઇત્યાદિકમાં માંડ્યો હોય તો પણ અર્ધો દેખાય; કિંવા જેનું, સ્નાન કીધા પછી સાજું શરીર ભીંજાયલું છતાં મોહુંજ માત્ર પ્રથમ સૂકાઈ જાય; સૂર્ય ઇત્યાદિક બે બે દેખાય; ઝાડ સુવર્ણ સરખાં પીળાં દેખાય, ધૂળ ઇત્યાદિકમાં માંડેલા પોતાના પગ ન દેખાય; પોતાના કાન બંધ કરતાં તેની અંદર જે શબ્દ થયા કરે છે તે સાંભળવામાં ન આવે, જળ ઇત્યાદિકમાં પડેલા પોતાના પ્રતિબિંબમાં પોતાનું મસ્તક ન દેખાય, પોતાના પડછાયામાં છિદ્ર દેખાય, ઇત્યાદિક લક્ષણ જેને જોવામાં આવતાં હોય તે પુરૂષ બહુ દિવસ જીવે નહીં.

अथविशेषइष्टफलाःस्वप्नाः ॥ यस्तुपश्यतिवैस्वप्नेराजानंकुंजरंहयं सुवर्णंवृषभंगांवाकुटुंबं तस्यवर्धते वृषंवृक्षंवारुह्यतत्रस्थस्यजागरेधनाप्तिः श्वेतसर्पेणदक्षिणभुजदंशेदशदिनेसहस्रधनलाभः जलस्थंस्यवृश्चिकोरगग्रासेजयपुत्रधनानि प्रासादशैलारोहणेसमुद्रतरणेराज्यं तडागमध्येपद्मपत्रेषुघृतपायसभोजनेराज्यं वलाकाकुक्कुटीक्रौंचीदर्शनेभार्याप्राप्तिः निगडैर्बंधेबहुपाशबंधेवापुत्रधनादि आसनेशयनेयानेशरीरेवाहनेगृहे ज्वलमानेविबुध्येततस्यश्रीःसर्वतोमुखी सूर्यचंद्रमंडलदर्शनेरोगिणोरोगनाशोन्यस्यधनं सुरारुधिरयोःपानेविप्रस्यविद्याशूद्रादेर्धनं शुक्लांबरगंधधारिण्यासुभगस्त्रियालिंगनेसंपत्तिः छत्रपादुकोपानहखड्गलाभेधनं वृषभयुक्तरथारोहणेधनं दधिलाभेवेदाप्तिः दधिपयःपानेघृतलाभेचयशः घृतभक्षणेक्लेशः अंत्रैर्वेष्टनेराज्यं मनुष्यस्यचरणमांसभक्षणेशतंलाभः बाहुभक्षणेसहस्रं शीर्षमांसभक्षणेराज्यंवासहस्रधनंवा सफेनक्षीरपानेसोमपानं गोधूमदर्शनेधनलाभः यवदर्शनेयज्ञः गौरसर्षपदर्शनेलाभः नागपत्रंलभेत्स्वप्नेकर्पूरागमनंतथा चंदनंपांडुरंपुष्पंतस्यश्रीःसर्वतोमुखी सर्वाणिशुक्लान्यतिशोभनानिकार्पासभस्मौदनतक्रवर्ज्यं सर्वाणिकृष्णान्यतिनिंदितानिगोहस्तिदेवद्विजवाजिवर्ज्यं स्वप्नस्तुप्रथमेयामेवत्सरांतेफलप्रदः द्वितीयेषण्मासैः तृतीयेत्रिमासांते चतुर्थेयामेमासांते अरुणोदयेदशाहांते सूर्योदयेसद्यःफलम् ॥

હવે વિશેષ શુભ ફલ દેનારાં સ્વપ્ન કહે છે—જે પુરૂષ સ્વપ્નમાં; રાજા, હાથી, ઘોડો, સુવર્ણ, બળદ, અથવા ગાયને દેખે તો તેના કુટુંબની વૃદ્ધિ થાય છે. બળદ અથવા ઝાડ ઉપર ચડેલો એ રીતે સ્વપ્નમાં જોઈ તેમજ (ચડ્યા છતાં) જાગૃત થાય તો દ્રવ્ય પ્રાપ્તિ થાય છે. ધોળો સર્પ જમણા હાથને દંશ કરે એવું સ્વપ્ન દેખાય તો દશ દિવસમાં એક હજાર ધનની પ્રાપ્તિ થાય. જળમાં ઉભેલા પોતાને વીંછી અથવા સર્પ ગળી જાય એમ જુવે તો જય, પુત્ર અને ધનની પ્રાપ્તિ થાય. દેવમંદિર, રાજદરબાર અથવા પર્વતના શિખર ઉપર ચડ્યો, કિંવા સમુદ્ર તર્યો એમ દેખે તો રાજ્યપ્રાપ્તિ થાય. તલાવની વચ્ચે કમળના પાનમાં ઘી અને દૂધપાકનું ભોજન કર્યું એમ દેખે તો રાજ્યપ્રાપ્તિ થાય. બગલી, કુકડી, અને ક્રૌંચી એ પક્ષીને જોવાથી સ્ત્રીપ્રાપ્તિ થાય છે. પોતાને લોઢાંની બેડીવતી બંધાયલો અથવા બહુ પાશ (દોરી)થી બંધાયલો દેખે તો તેને ધન, પુત્રાદિકની પ્રાપ્તિ થાય છે. આસન; બિછાનું; પાલખી; ગાડી ઇત્યાદિક વાહન; શરીર; હાથી, ઘોડા ઇત્યાદિક વાહન; અને ઘર આદિ અગ્નિ લાગવાથી બળે છે એમ જોતાં જે જાગે છે તેને સર્વ કાલ અને સર્વ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. સૂર્યમંડળ અથવા ચંદ્રમંડળનું દર્શન થાય તો રોગીને રોગનિવૃત્તિ થાય અને બીજાને ધનપ્રાપ્તિ થાય. મદિરા, રૂધિર એનું પાન કર્યું એમ દેખે તો બ્રાહ્મણને વિદ્યા પ્રાપ્તિ અને શૂદ્રાદિકને ધનપ્રાપ્તિ થાય. શ્વેત વસ્ત્ર, શ્વેત ચંદનને ધરનારી સૌભાગ્યવતી સ્ત્રીએ આલિંગન કીધું એમ દેખે તો સંપત્તિ પ્રાપ્ત થાય. છત્ર, પાદુકા (ચાંખડી), પગરખાં, તલવાર એમની પ્રાપ્તિ થાય તો ધનલાભ થાય છે. બળદ

જોતરેલા રથ ઉપર બેઠો એમ જોવાથી ધનપ્રાપ્તિ. દહીનો લાભ થાય તો તે વેદપ્રાપ્તિ થાય છે: દહીં, દૂધનું પાન અથવા ઘૃતનો લાભ દેખે તો યશપ્રાપ્તિ થાય છે. ઘૃત ખાધું એમ દેખે તો ક્લેશ થાય. પોતે આંતરડાથી વીંટાયો એમ દેખે તો રાજ્ય. મનુષ્યના પગનું માંસ ભક્ષણ કીધું એમ દેખે તો સો ધનનો લાભ થાય છે. હાથનું ભક્ષણ કર્યું એમ દેખે તો સહસ્ર ધનનો લાભ થાય. મસ્તકના માસનું ભક્ષણ કર્યું એમ દેખે તો રાજ્ય અથવા સહસ્ર ધનનો લાભ થાય. ફીણસહિત દૂધનું પાન કરે તો સોમપાન થાય. ઘઉં દેખે તો ધનલાભ થાય. જવ દેખે તો યજ્ઞ થાય. શ્વેત સર્ષપ દેખે તો લાભ થાય. સ્વપ્નમાં નાગરવેલનાં પાન, કપૂર, ચંદન અને શ્વેત પુષ્પ એનો લાભ થાય તો તેને સર્વ કાલ સઘળા પ્રકારની લક્ષ્મી પ્રાપ્તિ થાય છે. કપાસ, ભસ્મ, રાંધેલો ભાત અને છાશવિના સઘળી શ્વેત વસ્તુ સ્વપ્નમાં દેખવાથી શુભ ફળ; તેમજ ગાય, હાથી, દેવતા, બ્રાહ્મણ અને ઘોડાવિના સઘળી શ્યામ વસ્તુ અતિનિંદિત જાણવી. પ્રથમ પોહોરમાં સ્વપ્ન ભળે તે એક વર્ષે ફળ આપે. બીજા પોહોરનું સ્વપ્ન આઠ માસે; ત્રીજા પોહોરનું સ્વપ્ન ત્રણ માસે; ચોથાં પોહોરનું સ્વપ્ન એક માસે; અરુણોદય સમયનું સ્વપ્ન દશ દિવસે; અને સૂર્યોદય કાલનું સ્વપ્ન તત્કાલ ફળ આપે છે.

अथदुःस्वप्नदर्शनेकृत्यम् ॥ योमेराजन्नित्यृचासूर्योपस्थानेदुःस्वप्ननाशः अघःस्वप्नस्येतिजपाद्वा क्वचिद्दर्शवच्छ्राद्धेनदुःस्वप्ननाशः चंडीसप्तशतीपाठेनवा यद्वाश्रीविष्णुसहस्रनामस्तोत्रजपःकार्यः अथवा श्रीभारतस्थस्यश्रीमद्भागवतस्थस्यवागजेंद्रमोक्षस्यश्रवणंपाठोवा इतिदुःस्वप्ननाशकविधिः ॥

હવે દુષ્ટ સ્વપ્ન જોયું હોય તો તેનો ઉપાય—"योमे राजन्०" એ ઋચાવડે સૂર્યનું ઉપસ્થાન કરવાથી અથવા "अघःस्वप्नस्य०" એ મંત્રનો જપ કરવાથી દુઃસ્વપ્નની નિવૃત્તિ થાય છે. કોઈ ગ્રંથમાં, દર્શપ્રમાણે શ્રાદ્ધ કરવું તેથી દુષ્ટ સ્વપ્નનો નાશ થાય છે, એમ કહ્યું છે. અથવા ચંડી સપ્તશતીનો પાઠ, કિંવા શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો જપ, અથવા શ્રીભારત કે શ્રીમદ્ભાગવતમાંના ગજેંદ્રમોક્ષનું શ્રવણ અથવા પાઠ કરવો. એ રીતે દુષ્ટસ્વપ્નનાશક વિધિ કહ્યો.

इत्थंगर्भाधानादुद्वाहांताःसमस्तसंस्काराः ॥ सपरिकरानिर्णीताअस्मिंस्तार्तीयपूर्वार्धे ॥ १ ॥

એ રીતે ત્રીજા પરિચ્છેદના પૂર્વાર્ધમાં ગર્ભાધાન થકી વિવાહપર્યંત સર્વ સંસ્કારોનો પ્રયોગસહિત નિર્ણય કહ્યો.

ततआह्निकआचारस्ततआधानादिकाःप्रकीर्णार्थाः ॥ शांतिकपौष्टिकमुख्यानित्यानैमित्तिकाश्चोक्ताः॥२॥

પછી આહ્નિક (નિત્યકર્મ) નો આચાર; ત્યાર પછી અગ્નિનું આધાન ઇત્યાદિ છૂટા છૂટા વિષય; અને શાંતિક તથા પૌષ્ટિક આદિ નિત્ય, નૈમિત્તિક વિષય કહ્યો.

पूर्वपरिच्छेदकयोःकालःसामान्यतोविशेषाच्च ॥ निर्णीतःसहकृत्यैस्तिथिमासाद्येषुविध्युक्तैः ॥ ३ ॥

પ્રથમ અને બીજા પરિચ્છેદમાં; તિથિ, માસ ઇત્યાદિકવિષે વિધિપ્રમાણે કહેલાં એવાં અનેક પ્રકારનાં કૃત્યસહિત, સામાન્ય તથા વિશેષે કરી કાલનો નિર્ણય કહ્યો.

नानापापेप्रायश्चित्तंव्यवहारविस्तरश्चापि ॥ उपदानमहादानादिविधिश्चोक्तोमयूखादौ ॥ ४ ॥

અનેક પ્રકારનાં પાપની નિવૃત્તિ થવામાટે પ્રાયશ્ચિત્ત, વ્યવહારનો વિસ્તાર, ઉપદાન અને મહાદાન ઇત્યાદિકનો વિધિ એ સઘળા વિષય મયૂખાદિક ગ્રંથમાં કહ્યા છે.

श्राद्धविधिःसांगोप्याशौचेनिर्णीतिरंत्यसंस्कारः ॥ तार्तीयीकस्योत्तरखंडेऽग्रेसंप्रवक्ष्यंते ॥ ५ ॥

અંગસહિત શ્રાદ્ધનો વિધિ, આશૌચનિર્ણય, અને છેવટના સંસ્કાર એ સઘળું આગળ ત્રીજા પરિચ્છેદના ઉત્તરાર્ધમાં કહેવાશે.

मूलभूतानिपद्यानिविकृतानिक्वचित्क्वचित् ॥ निर्विकाराण्यपिनवान्यप्युक्तान्यत्रकानिचित् ॥ ६ ॥

આ ગ્રંથમાં, મૂળશ્લોક કોઈ કોઈ ઠેકાણે અશુદ્ધ હોવાથી કેટલાએક નવા પણ શ્લોક શુદ્ધ કરી, લખ્યા છે.

मीमांसाधर्मशास्त्रज्ञाःसुधियोनलसाबुधाः ॥ कृतकार्याःप्राङ्निबंधैस्तदर्थंनायमुद्यमः ॥ ७ ॥

આ ગ્રંથ કરવાનું પ્રયોજન કહે છે.

મીમાંસા તથા ધર્મશાસ્ત્રના જાણનારા, બુદ્ધિમાન્ અને આલસ્યરહિત એવા જે પંડિતો તેઓ પ્રાચીન ગ્રંથો જોઈ તેપ્રમાણે પોતાના સમયપ્રાપ્ત કાર્ય કરે છે માટે આ મ્હારો ગ્રંથ કરવાનો ઉદ્યોગ તેમને માટે નથી.

येपुनर्मंदमतयोलसाअज्ञाश्चनिर्णयम् ॥ धर्मंवेदितुमिच्छंतिरचितस्तदपेक्षया ॥ ८ ॥
निबंधोयंधर्मसिंधुसारनामासुबोधनः ॥ अमुनाप्रीयतांश्रीमद्विठ्ठलोभक्तवत्सलः ॥ ९ ॥

ત્યારે જે મંદબુદ્ધિ, આળસુ અને અજ્ઞાની છતાં ધર્મનિર્ણય જાણવાની ઇચ્છા ધરેછે તેમનેમાટે "ધર્મસિંધુસાર" નામનો આ સુબોધ ગ્રંથ મેં કરેલો છે. આ ગ્રંથવડે ભક્તવત્સલ એવા શ્રીમદ્વિઠ્ઠલ પ્રસન્ન થજો.

प्रेम्णा सद्भिर्ग्रंथः सेव्यः शब्दार्थतः सदोपोपि ॥
संशोध्य चापि हरिणा सुदाममुनिसतुषपृथुकमुष्टिरिव ॥ १० ॥

આ મ્હારો ગ્રંથ કોઈ સ્થળે શબ્દ અને અર્થથી કદી અશુદ્ધ હોય તથાપિ, જેમ સુદામા બ્રાહ્મણે આપેલા પવા ફોતરીયુક્ત હતા તો પણ હરિએ તેમાંની ફોતરી ઇત્યાદિક કાઢી શુદ્ધ કરી ગ્રહણ કર્યા, તેમ વિદ્વાનોએ વિચારપૂર્વક શુદ્ધ કરી આ મ્હારો ગ્રથ ગ્રહણ કરવો.

श्रीकाश्युपाध्यायवरोमहात्माबभूवविद्वद्द्विजसार्वभौमः ॥
तस्मादुपाध्यायकुलावतंसोयज्ञेश्वरोनंतइमावभूताम् ॥ ११ ॥

વિદ્વાન્ બ્રાહ્મણોમાં સાર્વભૌમ (ચક્રવર્તિ) એવા મહાત્મા શ્રીકાશી નામના ઉપાધ્યાય પ્રથમ હતા. તેથી ઉપાધ્યાય કુલમાં મુકુટરૂપ એવા યજ્ઞેશ્વરોપાધ્યાય અને અનંતોપાધ્યાય એ નામના બે પુત્ર થયા.

यज्ञेश्वरोयज्ञविधानदक्षोदैवज्ञवेदांगसुशास्त्रशिक्षः ॥
भक्तोत्तमोनंतगुणैकधामानंताह्वयोनंतकलावतारः ॥ १२ ॥

એ બેમાંથી યજ્ઞેશ્વરોપાધ્યાય; શ્રૌતવિધિમાં વિચક્ષણ, જ્યોતિષી, અને વેદનું અંગ ઉત્તમ શાસ્ત્ર જે વ્યાકરણ તેની સારી શિક્ષા પામેલા હતા. અને અનંતોપાધ્યાય; ભક્તમાં શ્રેષ્ઠ છતાં અનંત (શેષનાગ) નો અશરૂપ અવતાર હોવાથી અનંત ગુણોના નિવાસનું સ્થાન હતા.

घपोत्यजज्जन्मभुवंस्वकीयांतांकोंकणाख्यांसुविरक्तिशाली ॥
श्रीपांडुरंगेवसतिंविधायभीमातटेमुक्तिमगात्सुभक्त्या ॥ १३ ॥

એ અનંતોપાધ્યાય પરમ વિરક્તપણાથી પોતાની કોંકણ નામની જન્મભૂમિનો ત્યાગ કરી શ્રીપાંડુરંગની સમીપે નિવાસ કરી શ્રીપાંડુરગની ભક્તિવડે ભીમા નામની નદીના તીર ઉપર મુક્તિપદને પ્રાપ્ત થયા.

तस्यानंताभिधानस्योपाध्यायस्यसुतःकृती ॥ काशीनाथाभिधोधर्मसिंधुसारंसमातनोत् ॥ १४ ॥

એ અનંતોપાધ્યાયનો પુત્ર કાશીનાથ નામનો વિદ્વાન્ તેણે આ ધર્મસિંધુસાર નામનો ગ્રથ કર્યો.

इति श्रीमत्काश्युपाध्यायसूरि० धर्मसिंधुसारे तृतीयपरिच्छेदे पूर्वार्धः समाप्तः ॥ ग्रंथसंख्या ४,५००.

ઇતિ શ્રીમત્કાશ્યુપાધ્યાયસૂરિ૦ ધર્મસિંધુસારે તૃતીયપરિચ્છેદે પૂર્વાર્ધઃ સમાપ્તઃ ॥

ઇતિ તૃતીય પરિચ્છેદસ્ય પૂર્વાર્ધં સમાપ્તમ્.

॥ શ્રીગણેશાય નમઃ ॥

नत्वा गुरुपदयुग्मं, प्रणम्य पित्रोस्तथैव पादाब्जं ॥
शक्त्या क्रियते व्याख्या, तार्तीयीकोत्तरार्धस्य ॥ १ ॥

એ રીતે મંગલાચરણ કરી ત્રીજા પરિચ્છેદના ઉત્તરાર્ધના ભાષાંતર કરવાનો પ્રારંભ કરૂંછું.

॥ श्रीपांडुरंगाय नमः ॥

श्रीरुक्मिणीपांडुरंगंप्रणम्यपितरौगुरून् ॥ तृतीयपरिच्छेदोत्तरार्धंतनोमिश्रीशतुष्टये ॥ १ ॥

શ્રીરુક્મિણીયુક્ત પાંડુરંગ, માતા, પિતા અને ગુરૂ એમને નમસ્કાર કરી શ્રીપાંડુરંગને સંતોષ થવામાટે ત્રીજા પરિચ્છેદનો ઉત્તરાર્ધ કરૂંછું.

श्रीनाथःकरुणासिंधुरिंदिराशंकरःसती ॥ विघ्नेशोभास्करैंद्राद्याविघ्नान्घ्नंतुसदैवमे ॥ २ ॥

કરૂણાસાગર એવા શ્રીનાથ (વિષ્ણુ), લક્ષ્મી, શંકર, પાર્વતી, ગણપતિ, સૂર્ય, અને ઇંદ્રાદિક દેવતા, એ સઘળા સર્વ કાલ મ્હારાં વિઘ્નોનો નાશ કરો.

तत्रतावच्छ्राद्धादिनिर्णयंवक्तुमधिकारनिर्णयायजीवत्पितृकाधिकारोविविच्यते॥

पादुकेचोत्तरीयंचतर्जन्यांरूप्यधारणं नजीवत्पितृकःकुर्याज्ज्येष्ठेभ्रातरिजीवति अत्रपादुकेकाष्ठमय्यौ उत्तरीयंसग्रंथिपरिमंडलंवस्त्रमेकद्व्यंगुलादिविस्तृतंसूत्रकृतंपरिमंडलरूपंवा उत्तरीयस्थानापन्नंस्मृत्युक्तं तृतीययज्ञोपवीतंवा जीवत्पितृकेणजीवज्ज्येष्ठभ्रातृकेणचनधार्यमितितात्पर्यं प्रावरणरूपंद्वितीयवस्त्रंतुजीवत्पितृकादिभिःसर्वैर्धार्यं एकवस्त्रोनभुंजीतनकुर्याद्देवतार्चनमित्यादिनासर्वकर्मस्वेकवस्त्रत्वनिषेधात् पितरिपितामहेज्येष्ठभ्रातरिचाकृताधानेजीवतिपुत्रपौत्रकनिष्ठभ्रातृभिराधानंनकार्यं ज्येष्ठभ्रातर्यकृतविवाहेकनिष्ठेनविवाहोनकार्यः अत्रविशेषःपूर्वार्द्धेउक्तः एवंपित्रादिष्वकृतसोमयागेषुजीवत्सुपुत्रादेःसोमेनाधिकारः एवंपूर्णमासेष्ट्यांदर्शेष्टावग्निहोत्रहोमेचपित्राद्यैरनारब्धेपुत्रादेर्नाधिकारः एवंसंन्यासेपिकनिष्ठस्यसोदरस्यैवदोषोनभिन्नोदरस्यभ्रातुः पित्रादेराज्ञायांपुत्रादेर्नदोषइतिकेचित् अधिकारिणिपितरिसत्याज्ञायामपिदोषः पातित्यजात्यंधत्वादिदोषैरनधिकारिण्याज्ञयानदोषः पातित्यादावाज्ञांविनापिनदोषइत्यपरे तथाजीवत्पितृकस्यापितृकृत्येषुदर्शादिश्राद्धतर्पणपैतृकदानेषुनाधिकारः अत्रविशेषः स्वापत्यसंस्कारस्यद्वितीयविवाहादिनिमित्तकनांदीश्राद्धेचातुर्मास्यांतर्गतपितृयज्ञेसोमांगतृतीयसवनस्थपितृयज्ञेजीवत्पितुरधिकारः पिंडपितृयज्ञेहोमांतःपिंडपितृयज्ञोनारंभोवापिंडपितृयज्ञस्येतिपक्षद्वयं। पितुःपित्राद्युद्देशेनपिंडदानमितितृतीयःपक्षःक्वचित् एवमष्टकादिविकृतिष्वपिपक्षत्रयं गयांप्रसंगतोगत्वामातुःश्राद्धंसुतश्चरेत् जीवत्पितामातुःश्राद्धमुद्दिश्यगयांनगच्छेत् महानदीषुसर्वासुतीर्थेचप्राप्तेजीवत्पितृकःपितुःपितृमात्राद्युद्देशेनश्राद्धंकुर्यात् नवम्यामन्वष्टकाश्राद्धंक्षयाहेमातुःप्रत्यब्दश्राद्धंचसपिंडकमेवजीवत्पितृकःकुर्यात् तथा संन्यस्तेतातेपतितेचतातेजीवत्यपिसतिदर्शश्राद्धमहालयसंक्रांतिग्रहणादिश्राद्धानिसर्वाणिपितुःपित्राद्युद्देशेनजीवत्पितृकेणकार्याणि एतानिचसांकल्पिकविधिनापिंडरहितानिकार्याणि अन्वष्टक्यादावपिचपिंडदानेविरोधवचनाभावात् ॥

તેમાં પ્રથમ શ્રાદ્ધાદિકનો નિર્ણય કહેવામાટે અધિકારના નિર્ણયને અર્થે જીવત્પિતૃકના અધિકારનો વિચાર કરૂંછું. "જીવત્પિતૃકે જ્યેષ્ઠભાઇ જીવતો છતાં પાદુકા, ઉત્તરીય અને તર્જની એટલે અંગુઠાના જોડની આંગળીમાં રૌપ્યધારણ (રૂપું પેહેરવું) કરવું નહીં. ઇહાં પાદુકા એટલે લાકડાની સમજવી. ઉત્તરીય એટલે ગ્રંથિયુક્ત ચારેમેર વીંટાયલું એક વસ્ત્ર, કિંવા બે ઇત્યાદિ અંગુલ પોહોળું, સૂત્રનું કરેલું ચારેમેર વીંટાયલું તે, અથવા ઉત્તરીય વસ્ત્રને ઠેકાણે પેહેરવાનું એવું સ્મૃતિવાક્યે કહેલું જે ત્રીજું યજ્ઞોપવીત તે જીવત્પિતૃકે અને જેનો જ્યેષ્ઠ ભ્રાતા જીવતો હોય તેણે ધારણ કરવું નહીં, એ તાત્પર્ય. ઓઢવાનું જે બીજું વસ્ત્ર તે તો જીવત્પિતૃકાદિક સઘળાઓએ ધારણ કરવું. કારણ "એક વસ્ત્ર પેહેરી ભોજન કરવું નહીં અને દેવપૂજા પણ કરવી નહીં" ઇત્યાદિક વચનવડે સર્વકર્મવિષે એકવસ્ત્ર ધારણનો નિષેધ છે. પિતા, પિતામહ અથવા જ્યેષ્ઠ ભ્રાતા એ જીવતા છતાં અકૃતાધાન (અગ્ન્યાધાન કર્યાવિના) હોય તો પુત્ર, પૌત્ર અને કનિષ્ઠ ભ્રાતા એમણે આધાન કરવું નહીં. જ્યેષ્ઠ ભ્રાતાનો વિવાહ થયો ન હોય તો કનિષ્ઠ ભ્રાતાએ વિવાહ કરવો નહીં. એવિષે વિશેષ નિર્ણય પૂર્વાર્ધમાં કહ્યો છે. એ રીતે પિતા ઇત્યાદિક જીવતા હોય અને સોમયાગ કર્યો ન હોય તો પુત્રાદિકને

સોમયાગ કરવાનો અધિકાર નથી. એપ્રમાણે પૂર્ણમાસેષ્ટિ, દર્શેષ્ટિ અને અગ્નિહોત્રનો હોમ એ પિતા ઇત્યાદિકે આરંભેલા ન હોય તો તે કરવાવિષે પુત્રાદિકને અધિકાર નથી. એ રીતે સંન્યાસવિષે પણ એજ નિર્ણય જાણવો. ઇહાં કનિષ્ઠને જે દોષ કહ્યો તે સોદર (સગાભાઇ)ને માટેજ છે, સાવકાભાઇને નથી. પિતા ઇત્યાદિકની આજ્ઞા હોય તો પુત્રાદિકને દોષ નથી એમ કેટલાએક ગ્રંથકાર કહે છે. અધિકારી પિતા હોય તો આજ્ઞા છતાં પણ દોષ છે. પતિતપણું, જન્માંધપણું ઇત્યાદિક દોષ પિતાને હોવાથી તેને અધિકાર ન છતાં તેની આજ્ઞાથી દોષ નથી. પાતિત્યાદિક છતાં આજ્ઞાવિના પણ દોષ નથી એમ બીજા ગ્રંથકાર કહે છે. તેમજ પિતૃકાર્યે જે દર્શાદિ શ્રાદ્ધ, તર્પણ, પિતૃસંબંધી દાન ઇત્યાદિકવિષે જીવત્પિતૃકને અધિકાર નથી. એવિષે વિશેષ નિર્ણય—પોતાનાં સંતાનોના સંસ્કાર, પોતાનો બીજો વિવાહ ઇત્યાદિક નિમિત્તથી કરવાનું નાંદીશ્રાદ્ધ, ચાતુર્માસ્યનો અંતર્ગત પિતૃયજ્ઞ અને સોમયાગનું અંગ જે તૃતીય સવન તેમાં કરવાનો પિતૃયજ્ઞ એમનેવિષે જીવત્પિતૃકને અધિકાર છે. પિંડપિતૃયજ્ઞ હોમપર્યંત કરવો, અથવા પિંડપિતૃયજ્ઞનો આરંભજ કરવો નહીં, એ પ્રમાણે પિંડપિતૃયજ્ઞના બે પક્ષ છે. પિતાના જે પિતા તેને ઉદ્દેશે પિંડદાન કરવું એવો ત્રીજો પક્ષ કોઈ ગ્રંથમાં છે. એ રીતે અષ્ટકા આદિક જે વિકૃતિ તેમાં પણ ત્રણ પક્ષ છે. "પ્રસંગથી ગયામાં ગએલા પુત્રે માતાનું શ્રાદ્ધ કરવું, પિતા જીવતા છતાં માતાના શ્રાદ્ધને ઉદ્દેશે ગયામાં જાવું નહીં." સઘળી મહાનદી અને તીર્થ પ્રાપ્ત થાય તો જીવત્પિતૃકે પિતાના જે પિતા, માતા ઇત્યાદિક તેમને ઉદ્દેશે શ્રાદ્ધ કરવું. નવમીને દિવસે અન્વષ્ટકાશ્રાદ્ધ, ક્ષય દિવસે માતાનું પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ એ જીવત્પિતૃકે પિંડસહિતજ કરવું, તેમજ પિતા સંન્યાસી અથવા પતિતરૂપે જીવતો હોય તો પણ દર્શશ્રાદ્ધ, મહાલય, સંક્રાંતિ, ગ્રહણ ઇત્યાદિ સઘળા શ્રાદ્ધ પિતાના જે પિતા ઇત્યાદિક તેમને ઉદ્દેશે જીવત્પિતૃકે કરવાં. એ શ્રાદ્ધ સંકલ્પવિધિવડે પિંડરહિત કરવાં. કારણ, અન્વષ્ટક્યાદિ શ્રાદ્ધમાં પિંડદાનવિષે જેમ વચન છે તેમ આ શ્રાદ્ધમાં પિંડદાનવિષે વિશેષ વચન નથી.

आश्विनशुक्लप्रतिपदिदौहित्रोजीवत्पितृकःसपिंडकंमातामहश्राद्धंकुर्यात् तथाभ्रातृपुत्रोऽपुत्रस्यपितृव्यस्यप्रत्यब्दश्राद्धंसपिंडंकुर्यात् एवंकनिष्ठभ्रातापिअपुत्रज्येष्ठभ्रातुःप्रत्यब्दं तथा सपत्नीपुत्रःसापत्नमातुः श्राद्धं एवंदौहित्रोऽपुत्रस्यमातामहस्यप्रत्यब्दं इत्थंचपितृव्यादिश्राद्धचतुष्टयेजीवत्पितृकस्याप्यधिकारः पितृव्यभ्रात्रादीनामपुत्राणांपत्नीसत्त्वेसैवाधिकारिणी नतुभ्रातृपुत्रादेःश्राद्धाधिकारः एवंपतिरेवपुत्राभावेभार्याश्राद्धंकुर्यात् सपत्नीपुत्रसत्त्वेतुसएवकुर्यान्नभर्ता दौहित्रभ्रातृपुत्रयोःसत्त्वे मृतस्यविभक्तत्वेदौहित्रएव अविभक्तत्वेभ्रातृपुत्रः केचित् भ्रातृतत्पुत्रयोःसत्त्वेभ्रात्रैवश्राद्धंकार्यमित्याहुः तथाजीवत्पितृकस्यपितृपितामहादिमनुष्यपितृतर्पणनिषेधेप्यग्निष्वात्तादिदेवर्षिपितृतर्पणनिषेधाभावात्स्नानांगतर्पणे ब्रह्मयज्ञांगभूतदेवर्षिपितृतर्पणेचाधिकारोस्त्येव एवंयदीयश्राद्धेधिकारस्तदीयश्राद्धांगतर्पणेप्यधिकारः जीवत्पितापिकुर्वीततर्पणंयमभीष्मयोः श्राद्धांगतर्पणभिन्नतर्पणंजीवत्पितृकेणतिलैर्नकार्यं श्राद्धप्रयोगमध्येवामजानुन्यग्भावोनीवीबंधश्चनकार्यः नद्यादौस्नात्वातर्पणांतेसमंत्रकंवस्त्रनिष्पीडनंविहितंतन्नकार्यं तथालक्ष्मौक्तिकहस्तेनकर्तव्यंपितृतर्पणमितिविहितंखड्गधारणंनकार्यं अपसव्यंद्विजाग्र्याणांपित्र्येकर्मणिकीर्तितं आप्रकोष्ठात्तुकर्तव्यमेतत्पितरिजीवति जीवतिसंन्यस्तादिरूपेपितरिमृतमातृमातामहकोपिपुत्रःपितुःपितृपितामहप्रपितामहानांपितुर्मातृपितामहीप्रपितामहीनांपितुर्मातामहमातृपितामहमातृप्रपितामहानामितिपार्वणत्रयमेकोद्दिष्टगणंच स्वमातरंपितुःपत्न्याइतिस्वपितृव्यंपितुर्भ्रातुरितिस्वमातामहंचपितुःश्वशुरस्येत्येवमादिनापितृसंबंधपुरस्कारेणैवोद्दिश्यमहालयश्राद्धंकुर्यात् एवंदर्शादिपूह्यम् पितुःसंन्यासाभावेपितीर्थश्राद्धंजीवत्पितुरेवमेव एवंवृद्धिश्राद्धेप्यूह्यं ब्रह्मयज्ञांतेनित्यंपितृतर्पणमपिसंन्यस्तादिरूपजीवत्पितृकेणैवमेवकार्यमित्याहुः ॥

જીવત્પિતૃક એવા દૌહિત્રે આશુ શુદિ એકમને દિવસે માતામહ (નાના)નું શ્રાદ્ધ પિંડસહિત કરવું. તેમજ, ભત્રીજે પુત્રરહિત એવા કાકાનું પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ પિંડસહિત કરવું. એ રીતે કનિષ્ઠ ભ્રાતાએ પણ પુત્રરહિત જ્યેષ્ઠ ભ્રાતાનું પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ કરવું. તેમજ શોકના પુત્રે સાવકી માતાનું શ્રાદ્ધ કરવું. એ રીતે દૌહિત્રે પુત્રરહિત માતામહનું પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ કરવું. એપ્રમાણે પિતૃવ્યાદિક ચાર (કાકો, જ્યેષ્ઠ ભ્રાતા, સાવકી મા અને માતામહ)નાં શ્રાદ્ધ કરવામાં જીવત્પિતૃકને પણ અધિકાર છે. પુત્રરહિત એવા, કાકો, ભાઈ ઇત્યાદિકની સ્ત્રી હોય તો તેનેજ અધિકાર છે,

ભાઈના પુત્ર ઇત્યાદિકને શ્રાદ્ધનો અધિકાર નથી. એપ્રમાણે પુત્ર ન હોય તો પતિએજ સ્ત્રીનું શ્રાદ્ધ કરવું. શોકનો પુત્ર હોય તો તેણેજ શ્રાદ્ધ કરવું, પતિએ શ્રાદ્ધ કરવું નહીં. દૌહિત્ર અને ભાઇનો પુત્ર એ બન્ને છતાં મરનાર (ભાઇઓથી) વિભાગ કરી જુદો થયો હોય તો દૌહિત્રજ અધિકારી છે અને મરનાર વિભાગ કરી જુદો થયો ન હોય તો ભાઇનો પુત્ર અધિકારી છે. ભાઈ અને ભાઇનો પુત્ર એ બન્ને હોય તો ભાઇએજ શ્રાદ્ધ કરવું, એમ કોઈ ગ્રંથકાર કહે છે. તેમ જીવત્પિતૃકને પિતા, પિતામહ ઇત્યાદિક જે મનુષ્યપિતૃ તેનાં તર્પણ કરવાનો જો નિષેધ છે તો પણ અગ્નિષ્વાત્તાદિક જે દેવ, ઋષિ, પિતૃ, તેમના તર્પણનો નિષેધ નથી માટે સ્નાનાંગતર્પણ અને બ્રહ્મયજ્ઞાંગભૂત દેવ ઋષિ પિતૃતર્પણવિષે પણ અધિકાર છેજ. એ રીતે જેનાં શ્રાદ્ધ કરવામાં અધિકાર છે, તેનાં શ્રાદ્ધાંગ તર્પણવિષે પણ અધિકાર છે. "જીવત્પિતૃકે પણ યમ અને ભીષ્મનું તર્પણ કરવું." જીવત્પિતૃકે શ્રાદ્ધાંગ તર્પણ કરતાં બીજું તર્પણ તિલથી કરવું નહીં, અને શ્રાદ્ધના પ્રયોગમાં ડાબા ગોઠણને ઉંધો પાડવો તેમજ નીવીનું બંધન એ કરવાં નહીં. નદી ઇત્યાદિકમાં સ્નાન કરી તર્પણની અંતે, મંત્ર ભણી વસ્ત્ર નીચોવવાનું કહ્યું છે તે કરવું નહીં. તેમજ "ખડ્ગ, મોતી હાથમાં ધારણ કરી પિતૃતર્પણ કરવું," એ વચનવડે કહેલું ખડ્ગ (ગેંડાની અંગુઠી, પાત્ર ઇત્યાદિક)નું ધારણ તે કરવું નહીં. "દ્વિજે પિતૃસંબંધી કર્મવિષે અપસવ્ય કરવું, એમ કહેલું છે માટે જીવત્પિતૃકે અપસવ્ય કરવું તે કાંડાપર્યંત કરવું." પિતા સંન્યાસી ઇત્યાદિક રૂપે જીવતો હોય અને માતા તથા માતામહ જેનાં મૃત થયાં હોય એવા પુત્રે પણ "पितुः पितृपितामहप्रपितामहानां, पितुर्मातृपितामहीप्रपितामहीनां, पितुर्मातामहमातृपितामहमातृप्रपितामहानां" એ ત્રણ પાર્વણ, એકોદ્દિષ્ટ ગણ, પોતાની માતાનો ઉચ્ચાર "पितुः पत्न्याः" એ રીતે પોતાના કાકાનો ઉચ્ચાર "पितुर्भ्रातुः" એવો અને પોતાના માતામહનો ઉચ્ચાર "पितुःश्वशुरस्य" એ રીતે, ઇત્યાદિક પિતાના સંબંધપૂર્વક ઉદ્દેશ કરી મહાલયશ્રાદ્ધ કરવું. એ રીતે દર્શ આદિ શ્રાદ્ધવિષે પણ જાણવું. પિતા સન્યાસી ન હોય તથાપિ તીર્થશ્રાદ્ધ જીવત્પિતૃકે એજ રીતે કરવું. નાંદીશ્રાદ્ધમાં પણ એ રીતે નિર્ણય જાણવો. બ્રહ્મયજ્ઞની અંતે નિત્ય કરવાનું જે પિતૃતર્પણ તે પણ, સંન્યાસી ઇત્યાદિ રૂપે જેનો પિતા જીવતો હોય તેણે એજ રીતે કરવું એમ કહે છે.

यदातुमातुर्वार्षिकमपुत्रमातामहवार्षिकमपुत्रपितृव्यवार्षिकंवाक्रियतेतदाक्रमेणमातृपितामहीप्रपितामहीनांमातामहमातृपितामहमातृप्रपितामहानां पितृव्यपितामहप्रपितामहानामित्येवोद्देशः यदात्वपि त्रादिभिःस्वाशक्त्यादिनानियोजितः पित्रादिकरणीयंश्राद्धंस्वयंपित्रादेःप्रतिनिधीभूयकरोतितदापितुरमुकशर्मणोयजमानस्यपितृपितामहप्रपितामहानामित्येवंयथाश्राद्धमुद्देशः सर्वत्रपितृकृत्येभ्रातृष्वविभक्तेषुज्येष्ठस्यैवाधिकारः विभक्तेषुपृथक्पृथक् सापत्नभ्रातरिज्येष्ठेसत्यपिकनिष्ठएवस्वमातृवार्षिकान्वष्टक्यादिकुर्यात् जीवत्पितृपितामहकस्य संन्यस्तपितृपितामहकस्यचपितामहस्यपित्राद्युद्देशेनवृद्धिश्राद्धं तीर्थश्राद्धंदर्शादिश्राद्धंवाभवति पित्रादिषुत्रिषुजीवत्सुसत्सुसंन्यस्तेषुचनकिमपिश्राद्धंकार्यंकेचित्तुपित्रादित्रयात्परेभ्यःश्राद्धंदेयमाहुः मृतेपितरिपितामहजीवनेपित्रेपितामहात्परात्पराभ्यांचश्राद्धंदेयं एवं पितृपितामहमरणेप्रपितामहजीवनेप्यूह्यम् ॥

જ્યારે માતાનું વાર્ષિક શ્રાદ્ધ, પુત્રરહિત એવા માતામહનું વાર્ષિક શ્રાદ્ધ, અથવા અપુત્ર એવા કાકાનું વાર્ષિક શ્રાદ્ધ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે ક્રમથી, "मातृपितामहीप्रपितामहीनां, मातामहमातृपितामहमातृप्रपितामहानां, पितृव्यपितामहप्रपितामहानां," એપ્રમાણેજ ઉદ્દેશ કરવો. જ્યારે પિતા ઇત્યાદિકે પોતાની અશક્તિ ઇત્યાદિક કારણને લીધે પુત્રાદિકને તે કાર્ય કરવાની પ્રેરણા કરી માટે પિતા ઇત્યાદિકે કરવાનું શ્રાદ્ધ, પોતે પિતા ઇત્યાદિકનો પ્રતિનિધિ થઈ કરે ત્યારે "पितुः अमुकशर्मणो यजमानस्य पितृपितामहप्रपितामहानां" એ રીતે જેવું શ્રાદ્ધ હોય તેપ્રમાણે ઉદ્દેશ કરવો. ભાઇઓ વિભાગ કરી જુદા થયા ન હોય તો સઘળાં પિતૃકર્મવિષે જ્યેષ્ઠ ભ્રાતાનેજ અધિકાર છે. વિભક્ત હોય તો જુદો જુદો અધિકાર છે. સાવકો ભાઈ જ્યેષ્ઠ હોય તથાપિ કનિષ્ઠેજ પોતાની માતાનું વાર્ષિકશ્રાદ્ધ અને અન્વષ્ટક્યાદિ શ્રાદ્ધ કરવું. પિતા અને પિતામહ એ બન્ને જીવતા હોય અથવા બન્ને સંન્યાસી હોય તો પિતામહના જે પિતા ઇત્યાદિક તેમને ઉદ્દેશે નાંદીશ્રાદ્ધ, તીર્થશ્રાદ્ધ અથવા દર્શાદિક શ્રાદ્ધ કરવાં. પિતા, પિતામહ અને પ્રપિતામહ એ ત્રણે જીવતા હોય અથવા સંન્યાસી હોય તો કોઇપણ શ્રાદ્ધ કરવું નહીં. કોઈ ગ્રંથકાર, પિતા ઇત્યાદિક ત્રણથી ઉપરના જે વૃદ્ધપ્રપિતામહાદિક

તેમને ઉદ્દેશે શ્રાદ્ધ કરવું એમ કહે છે. પિતા મૃત અને પિતામહ જીવતો હોય તો પિતા અને પિતામહથી પર જે પ્રપિતામહ તથા વૃદ્ધપ્રપિતામહ એ ત્રણેના ઉદ્દેશે શ્રાદ્ધ કરવું. એ રીતે પિતા તથા પિતામહ મૃત અને પ્રપિતામહ જીવતો હોય તોપણ એપ્રમાણેજ જાણવું.

यस्तुगृह्याग्निमान्जीवन्मातृपितृकःपितुःपित्रादिभ्यः पिंडदानमितितृतीयपक्षाश्रयेणारब्धपिंडपितृयज्ञाष्टकान्वष्टकाश्राद्धेन्वष्टकायांच पितुःपित्रादिमात्रादिमातामहादिभ्यःपिंडादिकंददानआसीदनंतरंचमातामृतासोन्वष्टकायांस्वमात्रादिभ्यःपितुःपित्रादिभ्यश्चदद्यात् यदाचापिंडपितृयज्ञान्वष्टकाद्यनारंभपक्षोजीवत्पितृकस्यतदापिसंन्यस्तादिपितृकस्यदर्शादिश्राद्धंपितुःपित्राद्युद्देशेनव्यतिषंगभिन्नप्रयोगेणसांकल्पिकेनभवत्येव ॥

જેનાં પિતા અને માતા જીવતાં હોય એવા ગૃહ્યાગ્નિયુક્ત[2] પુત્રે પિતાના જે પિતા ઇત્યાદિક તેમને પિંડદાન કરવું, એવા ત્રીજા પક્ષનો આશ્રય કરી આરંભ કરેલ જે પિંડપિતૃયજ્ઞ, અષ્ટકા, અન્વષ્ટકાશ્રાદ્ધ તેઓમાંથી અન્વષ્ટકાશ્રાદ્ધમાં પિતાના જે પિતા ઇત્યાદિક ત્રણ, માતા આદિ ત્રણ અને માતામહાદિક ત્રણ તેઓને ઉદ્દેશે પિંડાદિક દેવા. પછી માતા મૃત થઈ હોય તો તેણે અન્વષ્ટકાશ્રાદ્ધમાં પોતાની માતા, પિતામહી, પ્રપિતામહી અને પિતાની પિતૃત્રયી એમને ઉદ્દેશે પિંડાદિક દેવા. જ્યારે પિતા જીવતો હોવાથી પિંડપિતૃયજ્ઞ, અન્વષ્ટકા ઇત્યાદિકનો આરંભ કર્યો ન હોય એ પક્ષમાં પણ પિતા સંન્યાસી ઇત્યાદિકરૂપે હોય ત્યારે દર્શશ્રાદ્ધ પિતાના જે પિતા ઇત્યાદિક તેને ઉદ્દેશે પરસ્પર સંબંધ કરતાં ભિન્ન પ્રયોગ જે સાંકલ્પિકવિધિ તેણે કરીને થાયજ છે.

पितुरविभक्तैःपुत्रैःपृथग्वैश्वदेवोनकार्यः पितृपाकोपजीवीस्यात्भ्रातृपाकोपजीवकइत्युक्तेः अतएवगृह्याग्नौपाकवैश्वदेवकरणपक्षेपिसाग्निकेपितरिसाग्निकैरप्यविभक्तैःपुत्रैःपृथग्वैश्वदेवोनकार्यः येपांपाकाभावेग्नेर्लौकिकत्वंमतंतैःपाकमात्रमग्निसंस्कारार्थंकार्यमितिभाति विभक्तैस्तुपृथग्वैश्वदेवःकार्यः तत्रवैश्वदेवस्यदेवयज्ञभूतयज्ञपितृयज्ञात्मकत्वाज्जीवत्पितृकैरपिपंचमहायज्ञांतर्गतःपितृयज्ञःकार्यः वैश्वदेवाद्भिन्नाःपंचमहायज्ञास्तैत्तिरीयाणांतैरपिविभक्तैर्जीवत्पितृकैःपितृयज्ञःकार्यः तस्यदेवरूपिपितृदेवताकत्वेन पितृपितामहादिमनुष्यरूपिपितृदेवकत्वाभावात् मुंडनंपिंडदानंचप्रेतकर्मचसर्वशः नजीवत्पितृकःकुर्याद्गुर्विणीपतिरेवच अत्रमुंडनंक्षुरेणशिरसोवपनं तेनकर्तनंनसिद्ध्यति सर्वंप्रेतकर्मप्रेतदहनवहनसपिंडीकरणांतौर्ध्वदेहिकादिकमित्यर्थः मुंडनंरागप्राप्तमेवनिपिद्ध्यते तेनचौलोपनयनादिषुआधानदर्शपौर्णमासज्योतिष्टोमादिषुनित्यंप्राप्तं तीर्थप्रायश्चित्तमातृमरणादौनैमित्तिकप्राप्तंचभवत्येव केचित्काम्यनागवल्यादिषुकाम्यमपिभवतीत्याहुः गंगायांभास्करक्षेत्रेमातापित्रोर्गुरोर्मृतौ आधानेसोमपानेचवपनंसप्तसुस्मृतं गुरोरितिदत्तकस्यपूर्वापरपित्रोरित्यर्थः वाक्यांतरेतीर्थमात्रेक्षौरोक्तेर्गंगाभास्करक्षेत्रग्रहणंजीवत्पितृकस्यतत्रविशेपतःक्षौरविधानार्थं जीवत्पितृकस्यापिंडदाननिपेधः नांदीश्राद्धतीर्थश्राद्धयोःसंन्यस्तादिपितृकस्यदर्शमहालयादिश्राद्धेषुचापिंडरहितसांकल्पिकश्राद्धवोधनार्थः ॥

પિતાથી વિભાગ કરી જુદા ન થએલા પુત્રોએ જુદો વૈશ્વદેવ કરવો નહીં. કારણ, "પિતૃપાકવડે ઉપજીવિકા કરવી અથવા ભાઈના પાકવડે ઉપજીવિકા કરવી એ રીતે રહેવું," એવાં વચન છે માટેજ ગૃહ્યાગ્નિ ઉપર પાક અને વૈશ્વદેવ કરવો એ પક્ષ હોય તો પણ પિતા સાગ્નિક છતાં સાથે રહેનારા પુત્રો સાગ્નિક હોય તેમણે પણ જુદો વૈશ્વદેવ કરવો નહીં. ગૃહ્યાગ્નિ ઉપર પાક ન થાય તો તે ગૃહ્યાગ્નિ લૌકિક થાય છે એવો જેમનો મત છે તેમણે અગ્નિસંસ્કાર માટે પાક માત્ર ગૃહ્યાગ્નિ ઉપર કરવો એમ ભાસે છે. વિભક્ત હોય તેમણે તો ભિન્ન વૈશ્વદેવ કરવો. તેમાં વૈશ્વદેવ એ દેવયજ્ઞ, ભૂતયજ્ઞ અને પિતૃયજ્ઞરૂપ છે માટે જીવત્પિતૃકે એ પણ પંચમહાયજ્ઞમાંનો પિતૃયજ્ઞ કરવો. તૈત્તિરીય શાખાવાળાઓના પંચમહાયજ્ઞ વૈશ્વદેવથકી ભિન્ન છે તથાપિ જીવત્પિતૃક એવા વિભક્ત તૈત્તિરીય શાખાવાળાઓએ પણ પિતૃયજ્ઞ કરવો. કારણ, તે પિતૃયજ્ઞના દેવરૂપી પિતૃદેવતા હોવાથી તેના પિતા, પિતામહ ઇત્યાદિ મનુષ્યરૂપ પિતૃદેવતા નથી. "મુંડન, પિંડદાન અને સઘળાં પ્રેતકર્મ એ જીવત્પિતૃક અને સગર્ભા સ્ત્રીનો પતિ એણે કરવાં નહીં." ઈહીં મુંડન એટલે ક્ષુર (સજીયા) વડે માથાના કેશનું

---

१ श्रौताग्निमतोप्युपलक्षणमेतत् ॥

૨ ગૃહ્યાગ્નિયુક્ત એ શબ્દ થકી શ્રૌતાગ્નિમાન પણ સમજવો.

ઉતરાવવું એ છે, એથીજ કાતરથી કતરાવવું સિદ્ધ થાય છે. સઘળાં પ્રેતકર્મ એટલે શબને બાળવું, ઉપાડવું અને સપિંડીકરણપર્યંત ઓર્ધ્વદેહિકાદિક કર્મ જાણવાં. મુંડન પોતાની ઇચ્છાથી ન કરાવવું, એવો નિષેધ, તેથી ચૌલ, ઉપનયન ઇત્યાદિકમાં અગ્નિનું આધાન, દર્શ, પૌર્ણમાસ અને જ્યોતિષ્ટોમ ઇત્યાદિકવિષે નિત્ય પ્રાપ્ત થએલું; તેમજ તીર્થ, પ્રાયશ્ચિત્ત, માતાનું મરણ ઇત્યાદિકમાં પ્રાપ્ત થએલું નૈમિત્તિક મુંડન એ કરવાંજ જોઇએ. કોઈ ગ્રંથકાર, નાગબલી ઇત્યાદિક કામ્યકર્મવિષે કરવાનું જે કામ્યમુંડન તે કરવું એમ કહે છે. "ગગા, કુરુક્ષેત્ર, માતા, પિતા અને ગુરુનું મરણ, આધાન અને સોમપાન એ સાતમાથી કોઈ એક પ્રાપ્ત થાય તો વપન કરાવવું." ગુરુ એટલે દત્તકનો જનક પતા અને દત્તકરીતે લેનારો પિતા એ અર્થ જાણવો. બીજા વાક્યમાં, તીર્થમાત્રમાં ક્ષૌર કરાવવું એમ કહ્યું છે તેમ છતાં ઇહાં ગગા, કુરુક્ષેત્રનું જે ગ્રહણ કર્યું તે જીવત્પિતૃકને ત્યહાં (ગંગા, કુરુક્ષેત્રમાં) વિશેષે ક્ષૌર કરાવવું એવું વિધાન કરવા માટે છે. જીવત્પિતૃકને પિંડદાનનો જે નિષેધ કહ્યો તે નાંદીશ્રાદ્ધ, તીર્થશ્રાદ્ધ અને પિતા સન્યાસી ઇત્યાદિક હોવાથી પુત્રને કરવાનાં જે દર્શ, મહાલયાદિ શ્રાદ્ધ એમનેવિષે પિંડરહિત સકલ્પવિધિવડે શ્રાદ્ધ કરવું એવો બોધ થવામાટે છે.

महापितृयज्ञेसोमयागेमातृमातामहादेर्वार्षिकश्राद्धेषुगयायामन्वष्टक्यादौच पिंडदानंभवत्येवेत्युक्तं पिंडदानंप्रकुर्वीतमातापित्रोःक्षयाहनीतिश्राद्धविधिनापिंडदानेसिद्धे पुनःपिंडविधिःपित्रोर्वार्षिकेगर्भिणीपतित्वनिषिद्धकालादिप्रयुक्तनिषेधबाधनार्थं तेन विवाहव्रतचूडासुवर्षमर्धंतदर्धकं पिंडदानं मृदास्नानंनकुर्यात्तिलतर्पणमितितिनिषेधस्यापिबाधः क्षयाहग्रहणंसपिंडीकरणमासिकेष्वपिपिंडदानोपलक्षणपरम् ॥

મહાપિતૃયજ્ઞ, સોમયાગ, માતા, માતામહાદિકનું વાર્ષિક શ્રાદ્ધ, ગયાશ્રાદ્ધ અને અન્વષ્ટક્યાદિ શ્રાદ્ધ એમને વિષે પિંડદાન થાયજ છે એમ પ્રથમ કહ્યુ છે. "માતાપિતાના ક્ષય દિવસે પિંડદાન કરવું." એ વાક્યવડે શ્રાદ્ધના વિધાનથકી પિંડદાન કરવું એમ સિદ્ધ થયા છતાં, જે ફરી પિંડદાનનો વિધિ કહ્યો તે માતાપિતાનાં વાર્ષિક શ્રાદ્ધમાં ગર્ભિણીપતિત્વરૂપ નિષિદ્ધ કાલ ઇત્યાદિકે સૂચના કરેલો જે નિષેધ તેનો બાધ થવામાટે છે અને એ ઉપરથી "વિવાહ, ઉપનયન અને ચૌલ એ થયાં હોય તો ક્રમથી એક વર્ષ, છ માસ, અને ત્રણ માસપર્યંત પિંડદાન, મૃત્તિકાસ્નાન અને તિલતર્પણ કરવાં નહીં એ નિષેધનો પણ બોધ થાય છે. ક્ષયદિવસનું ગ્રહણ કર્યું તે સપિંડીકરણ, અને માસિક એમણે વિષે પણ જે પિંડદાન કરવું તેનો બોધ કરાવનારૂં છે."

अथप्रेतकर्मप्रतिप्रसवः ॥ जीवत्पितृकःस्वमातुरपुत्रसापत्नमातुःस्वपुत्रसपत्नीपुत्ररहितभार्यायाअपुत्रपितृव्यस्यापुत्रमातामहमातामह्योश्चदाहादिप्रेतकर्माणिकुर्यात् अत्रापुत्रपदेनमुख्यगौणपुत्रपौत्रप्रपौत्राभावोविवक्षितः मातुरौर्ध्वदेहिकमनुपनीतोपिजीवत्पितृकःकुर्यात् तत्रविशेषः ऊनत्रिवर्षश्चूडारहितश्चेद्दाहमात्रंसमंत्रकंकृत्वान्यदन्येनकारयेत् यदातुकृतचूडःपूर्णत्रिवर्षोवातदासर्वंसमंत्रकंप्रेतकर्मकुर्यात् ब्रह्मचारीतुपित्रोर्मातामहस्यचांत्यकर्मकुर्यान्नान्यस्य भर्तृदौहित्रयोःसत्त्वेभर्तैवपत्न्यादाहादिकुर्यात् मुंडनंतुभर्तुर्न एवमपुत्रस्यपत्नीदौहित्रयोःसत्त्वेपत्न्येवपत्युःकुर्यात् तत्रदाहमात्रंसमंत्रकंकृत्वान्यत्संकल्पमात्रंस्वयंविधायब्राह्मणद्वाराकारयेत् भर्तृसपत्नीपुत्रयोःसत्त्वेसापत्नपुत्रएवकुर्यान्नभर्ता सपत्नीपुत्रदौहित्रयोःसत्त्वेसपत्नीपुत्रएव अपुत्रयोर्विधवाविधुरयोर्भ्रातृपुत्रदौहित्रयोःसत्त्वेदौहित्रएवाधिकारीतिबहवः विधवायाभर्तुर्भ्रातृपुत्रएव विधुरस्यस्वभ्रातृपुत्रएवेतिजीवत्पितृकनिर्णयेभट्टाः अपुत्रस्यपत्नीभ्रातृपुत्रयोःसत्त्वेपत्न्येव एवंपुत्राद्यसंनिधौपौत्रादेःपितामहपितामह्याद्यौर्ध्वदेहिकाद्यधिकारः इत्थंपित्र्यकर्ममुंडनप्रेतकर्माद्यधिकारानधिकारौजीवत्पितृकस्यप्रपंचितौ अत्रविषयभेदाद्बालबोधार्थत्वाच्चपुनरुक्तिर्नातिदोषाय सपिंडानांसगोत्रसपिंडमरणेसकृत्सकृत्तिलांजलिदानंनिहितंतज्जीवत्पितृकेणापिकार्यं एवंमातामहाचार्यादिभ्योपि इतिजीवत्पितृकनिर्णयः ॥

હવે પ્રેતકર્મનો [1]પ્રતિપ્રસવ કહે છે.

જીવત્પિતૃકે, પોતાની માતા, પુત્રરહિત સાવકી માતા, પોતાનો પુત્ર અથવા શોકને પુત્ર તેણે રહિત એવી સ્ત્રી, પુત્રરહિત કાકો, પુત્રરહિત નાનો અને નાની, એમનાં દહન આદિ પ્રેતકર્મ કરવાં.

---

[1] પ્રતિપ્રસવ એટલે એકાદા કાર્યનો જે સામાન્યપણાએ નિષેધ કર્યો તેનુ ફરી વિશેષે કરી વિધાન કરવું તે.

ઈહાં અપુત્ર પદે કરી મુખ્ય અને ગૌણ એવા પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર (પડપોતરો) એમનો અભાવ કહ્યો છે, એટલે એમાંનો કોઈ ન હોય તો, એવો અર્થ જાણવો. જીવત્પિતૃકે મૌંજી થઈ ન હોય તોપણ માતાનું અંત્યકર્મ કરવું. ઇહાં વિશેષ નિર્ણય—ત્રણ વર્ષથી ઓછી વયનો છતાં ચૌલરહિત હોય તો તેણે દાહમાત્ર મંત્રસહિત કરી બીજી ક્રિયા બીજાપાસે કરાવવી. જો ચૌલ થયું હોય અથવા પુરાં ત્રણ વર્ષનો હોય તો સઘળું પ્રેતકર્મ સમંત્રક તેણે પોતે કરવું. બ્રહ્મચારી હોય તો તેણે માતા, પિતા અને માતામહ એમનું અંત્યકર્મ કરવું, બીજાનું કરવું નહીં. પતિ અને દોહિત્રો એ બન્ને છતાં પતિએજ સ્ત્રીનાં દાહાદિક કર્મ કરવાં, પતિએ મુંડન કરાવવું નહીં. એજ રીતે પુત્રરહિત પુરુષની સ્ત્રી અને દૌહિત્રો એ બન્ને હોય તો સ્ત્રીએજ પતિનું અંત્યકર્મ કરવું. તેમાં કેવળ દાહ સમંત્રક પોતે કરી બીજું કર્મ, સંકલ્પમાત્ર પોતે કરી બ્રાહ્મણદ્વારાએ કરાવવું. પતિ અને સાવકો પુત્ર એ બે હોય તો સાવકે પુત્રેજ અંત્યકર્મ કરવું, પતિએ કરવું નહીં. સાવકો પુત્ર અને દૌહિત્રો એ બે હોય સાવકે પુત્રેજ કરવું. પુત્રરહિત એવી વિધવા અથવા વિધુર (જેની સ્ત્રી મૃત થઈ હોય એવો ગૃહસ્થ) એમના ભાઇનો પુત્ર અને દૌહિત્ર એ બે હોય તો દૌહિત્રજ અધિકારી છે એમ ઘણા ગ્રંથકાર કહે છે. વિધવામાટે તેના પતિના ભાઇનો પુત્રજ અધિકારી અને વિધુર માટે પોતાના ભાઇનો પુત્રજ અધિકારી છે એવું જીવત્પિતૃકના નિર્ણયમાં ભટ્ટ કહે છે. પુત્રરહિતની સ્ત્રી અને ભાઇઓ પુત્ર એ બે હોય તો સ્ત્રીજ અધિકારી છે. એ રીતે પુત્ર સમીપમાં ન હોય તો પૌત્ર ઇત્યાદિકને પિતામહ, પિતામહી ઇત્યાદિકનાં અંત્યકર્માદિકનો અધિકાર છે. એ રીતે જીવત્પિતૃકને પિતૃસંબંધી કર્મ, મુંડન અને પ્રેતકર્મ ઇત્યાદિકનો અધિકાર અને અનધિકાર વિસ્તારપૂર્વક કહ્યો. ઈહાં વિષયનો ભેદ હોવાથી તેમજ શાસ્ત્રવ્યુત્પત્તિરહિત એવા બાળકોને બોધ થવામાટે જે પુનરુક્તિ થઈ હોય તે અતિદોષકારક નથી. સગોત્ર એવા સપિંડ મૃત થયા છતાં સપિંડોએ એકેકવાર તિલાંજલિ દેવી એમ કહ્યું છે માટે તે તિલાંજલિ જીવત્પિતૃકે પણ દેવી. એ રીતે માતામહ, આચાર્ય (ગુરુ) ઇત્યાદિકને પણ દેવી. એ રીતે જીવત્પિતૃકનો નિર્ણય કહ્યો.

अथश्राद्धाद्यधिकारिनिर्णयः ॥ तत्रसांवत्सरिकादिश्राद्धेषुदाहाद्यौर्ध्वदेहिकक्रियायांचौरसः पुत्रोमुख्योधिकारी औरसपुत्राणांबहुत्वेज्येष्ठएवाधिकारी ज्येष्ठस्याभावेऽसन्निधानेवापातित्यादिनाधिकाराभावेवाज्येष्ठानुजः यत्तुज्येष्ठासन्निधौसर्वतःकनिष्ठोधिकारीनतुमध्यमाइतितन्निर्मूलम् तत्रपुत्राणां विभक्तत्वेकनिष्ठेभ्योधनंगृहीत्वाज्येष्ठेनैवसपिंडीकरणांताक्रियाकार्या सांवत्सरिकादिकंतुपृथक्पृथक् अविभक्तत्वेतुसांवत्सरिकादिकमप्येकेनैवकार्यं एकेनकृतेपिसर्वेषांफलभागित्वात्सर्वैःपुत्रैर्ब्रह्मचर्यपरान्नवर्जनादयोनियमाःकार्याः पुत्राणामेकदेशस्थित्यभावेदेशांतरेगृहान्तरेवास्थितैस्तैरविभक्तैरपिपृथगेव वार्षिकादिकंकार्यम् तत्रयदाज्येष्ठासन्निधौकनिष्ठोदाहादिकंकरोतितदा षोडशश्राद्धांतमेवकुर्यान्नसपिंडीकरणम् वर्षपर्यंतंज्येष्ठप्रतीक्षांकुर्यात् तन्मध्येज्ञातेज्येष्ठेनैवकार्यम् नोचेद्वर्षांतेकनिष्ठेनापिकार्यम् वर्षात्प्राक्पुत्रभिन्नेनकृतमपिमासिकानुमासिकसपिंडीकरणंपुत्रेणपुनःकार्यं एवंकनिष्ठेनकृतमपिज्येष्ठपुत्रेणपुनःकार्यं विशेषस्त्वग्रेवक्ष्यते ॥

હવે શ્રાદ્ધાદિકના અધિકારીનો નિર્ણય કહે છે.

તેમાં સાંવત્સરિકાદિક શ્રાદ્ધ અને દહન આદિ ઔર્ધ્વદેહિક ક્રિયા એમાં ઔરસ પુત્ર મુખ્ય અધિકારી છે. ઔરસ પુત્ર ઘણા હોય તો જ્યેષ્ઠ પુત્રજ અધિકારી છે. જ્યેષ્ઠ પુત્ર મૃત થયો હોય, સમીપે ન હોય અથવા પતિતપણું ઇત્યાદિક કારણથી તેને અધિકાર ન હોય તો જ્યેષ્ઠથી નાહાનો (બીજો) અધિકારી છે. જ્યેષ્ઠ સમીપમાં ન હોય તો સઘળાં કર્મવિષે કનિષ્ઠ અધિકારી છે, મધ્યમ અધિકારી નથી, એ જે કહેવું તે નિર્મૂલ છે. તેમાં વિભાગ કરી પુત્ર જુદા થયા હોય તો કનિષ્ઠો પાસેથી ધન લઈ જ્યેષ્ઠ પુત્રેજ સપિંડીકરણપર્યંત ક્રિયા કરવી, સાંવત્સરિક આદિ શ્રાદ્ધ તો જુદાં જુદાં કરવાં. વિભાગ કરી ભિન્ન થયા ન હોય તો સાંવત્સરિકાદિક પણ એકેજ કરવાં. એકે કર્યા છતાં પણ સઘળા ફળભાગી થાય છે માટે સઘળા પુત્રોએ બ્રહ્મચર્ય, પરાન્નવર્જન ઇત્યાદિક નિયમ ધારણ કરવા. પુત્રોનો એક સ્થાનકમાં નિવાસ ન થતાં દેશાંતર અથવા જુદા જુદા ઘરમાં રહેતા હોય તો

ઉતરાવવું એ છે, એથીજ કાતરથી કતરાવવું સિદ્ધ થાય છે. સઘળાં પ્રેતકર્મ એટલે શબને બાળવું, ઉપાડવું અને સપિંડીકરણપર્યંત ઔર્ધ્વદેહિકાદિક કર્મ જાણવાં. મુંડન પોતાની ઇચ્છાથી ન કરાવવું, એવો નિષેધ, તેથી ચૌલ, ઉપનયન ઇત્યાદિકમાં અગ્નિનું આધાન, દર્શ, પૌર્ણમાસ અને જ્યોતિષ્ટોમ ઇત્યાદિકવિષે નિત્ય પ્રાપ્ત થએલું; તેમજ તીર્થ, પ્રાયશ્ચિત્ત, માતાનું મરણ ઇત્યાદિકમાં પ્રાપ્ત થએલું નૈમિત્તિક મુંડન એ કરવાંજ જોઇએ. કોઈ ગ્રંથકાર, નાગબલી ઇત્યાદિક કામ્યકર્મવિષે કરવાનું જે કામ્યમુંડન તે કરવું એમ કહે છે. "ગગા, કુરુક્ષેત્ર, માતા, પિતા અને ગુરુનું મરણ, આધાન અને સોમપાન એ સાતમાંથી કોઈ એક પ્રાપ્ત થાય તો વપન કરાવવું." ગુરુ એટલે દત્તકનો જનક પતા અને દત્તકરીતે લેનારો પિતા એ અર્થ જાણવો. બીજા વાક્યમાં, તીર્થમાત્રમાં ક્ષૌર કરાવવું એમ કહ્યું છે તેમ છતાં ઇહાં ગંગા, કુરુક્ષેત્રનું જે ગ્રહણ કર્યું તે જીવત્પિતૃકને ત્યહાં (ગંગા, કુરુક્ષેત્રમાં) વિશેષે ક્ષૌર કરાવવું એવું વિધાન કરવા માટે છે. જીવત્પિતૃકને પિંડદાનનો જે નિષેધ કહ્યો તે નાંદીશ્રાદ્ધ, તીર્થશ્રાદ્ધ અને પિતા સંન્યાસી ઇત્યાદિક હોવાથી પુત્રને કરવાનાં જે દર્શ, મહાલયાદિ શ્રાદ્ધ એમનેવિષે પિંડરહિત સકલ્પવિધિવડે શ્રાદ્ધ કરવું એવો બોધ થવામાટે છે.

महापितृयज्ञेसोमयागेमातृमातामहादेर्वार्षिकश्राद्धेपुगयायामन्वष्टक्यादौच पिंडदानंभवत्येवेत्युक्तं पिंडदानंप्रकुर्वीतमातापित्रोःक्षयाहनीतिश्राद्धविधिनापिंडदानेसिद्धे पुनःपिंडविधिःपित्रोर्वार्षिकेगर्भिणीपतित्वनिषिद्धकालादिप्रयुक्तनिषेधबाधनार्थं तेन विवाहव्रतचूडासुवर्षमर्धंतदर्धकं पिंडदानंमृदास्नानंनकुर्यात्तिलतर्पणमितिनिषेधस्यापिबाधः क्षयाहग्रहणंसपिंडीकरणमासिकेष्वपिपिंडदानोपलक्षणपरम् ॥

મહાપિતૃયજ્ઞ, સોમયાગ, માતા, માતામહાદિકનું વાર્ષિક શ્રાદ્ધ, ગયાશ્રાદ્ધ અને અન્વષ્ટક્યાદિ શ્રાદ્ધ એમને વિષે પિંડદાન થાયજ છે એમ પ્રથમ કહ્યું છે. "માતાપિતાના ક્ષય દિવસે પિંડદાન કરવું." એ વાક્યવડે શ્રાદ્ધના વિધાનથકી પિંડદાન કરવું એમ સિદ્ધ થયા છતાં, જે ફરી પિંડદાનનો વિધિ કહ્યો તે માતાપિતાનાં વાર્ષિક શ્રાદ્ધમાં ગર્ભિણીપતિત્વરૂપ નિષિદ્ધ કાલ ઇત્યાદિકે સૂચના કરેલો જે નિષેધ તેનો બાધ થવામાટે છે અને એ ઉપરથી "વિવાહ, ઉપનયન અને ચૌલ એ થયાં હોય તો ક્રમથી એક વર્ષ, છ માસ, અને ત્રણ માસપર્યંત પિંડદાન, મૃત્તિકાસ્નાન અને તિલતર્પણ કરવાં નહીં એ નિષેધનો પણ બોધ થાય છે. ક્ષયવિવસનું ગ્રહણ કર્યું તે સપિંડીકરણ, અને માસિક એમણે વિષે પણ જે પિંડદાન કરવું તેનો બોધ કરાવનારૂ છે."

अथप्रेतकर्मप्रतिप्रसवः ॥ जीवत्पितृकःस्वमातुरपुत्रसापत्नमातुःस्वपुत्रसपत्नीपुत्ररहितभार्यायाअपुत्रपितृव्यस्यापुत्रमातामहमातामह्योश्चदाहादिप्रेतकर्माणिकुर्यात् अत्रापुत्रपदेनमुख्यगौणपुत्रपौत्रप्रपौत्राभावोविवक्षितः मातुरौर्ध्वदेहिकमनुपनीतोपिजीवत्पितृकःकुर्यात् तत्रविशेषः ऊनत्रिवर्षश्चूडारहितश्चेद्दाहमात्रंसमंत्रकंकृत्वान्यदन्येनकारयेत् यदातुकृतचूडःपूर्णत्रिवर्षोवातदासर्वंसमंत्रकंप्रेतकर्मकुर्यात् ब्रह्मचारीतुपित्रोर्मातामहस्यचांत्यकर्मकुर्यान्नान्यस्य भर्तृदौहित्रयोःसत्त्वेभर्तैवपत्न्यादाहादिकुर्यात् मुंडनंतुभर्तुर्न एवमपुत्रस्यपत्नीदौहित्रयोःसत्त्वेपत्न्येवपत्युःकुर्यात् तत्रदाहमात्रंसमंत्रकंकृत्वान्यत्संकल्पमात्रंस्वयंविधायब्राह्मणद्वाराकारयेत् भर्तृसपत्नीपुत्रयोःसत्त्वेसापत्नपुत्रएवकुर्यान्नभर्ता सपत्नीपुत्रदौहित्रयोःसत्त्वेसपत्नीपुत्रएव अपुत्रयोर्विधवाविधुरयोर्भ्रातृपुत्रदौहित्रयोःसत्त्वेदौहित्रएवाधिकारीतिबह्वः विधवायाभर्तुर्भ्रातृपुत्रएव विधुरस्यस्वभ्रातृपुत्रएवेतिजीवत्पितृकनिर्णयेभट्टाः अपुत्रस्यपत्नीभ्रातृपुत्रयोःसत्त्वेपत्न्येव एवंपुत्रासन्निधौपौत्रादेःपितामहपितामह्याद्यौर्ध्वदेहिकाद्यधिकारः इत्थंपित्र्यकर्ममुंडनप्रेतकर्माद्यधिकारानधिकारौजीवत्पितृकस्यप्रपंचितौ अत्रविषयभेदाद्बालबोधार्थत्वाच्चपुनरुक्तिर्नातिदोषाय सपिंडानांसगोत्रसपिंडमरणेसकृत्सकृत्तिलांजलिदानंविहितंतज्जीवत्पितृकेणापिकार्यं एवंमातामहाचार्यादिभ्योपि इतिजीवत्पितृकनिर्णयः ॥

હવે પ્રેતકર્મનો [1]પ્રતિપ્રસવ કહે છે.

જીવત્પિતૃકે, પોતાની માતા, પુત્રરહિત સાવકી માતા, પોતાનો પુત્ર અથવા શોકને પુત્ર તેણે રહિત એવી સ્ત્રી, પુત્રરહિત કાકો, પુત્રરહિત નાનો અને નાની, એમનાં દહન આદિ પ્રેતકર્મ કરવાં.

---

[1] પ્રતિપ્રસવ એટલે એકાદા કાર્યનો જે સામાન્યપણાએ નિષેધ કર્યો તેનું ફરી વિશેષે કરી વિધાન કરવું તે.

ઈહાં અપુત્ર પદે કરી મુખ્ય અને ગૌણ એવા પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર (પડપોતરો) એમનો અભાવ કહ્યો છે, એટલે એમાંનો કોઈ ન હોય તો, એવો અર્થ જાણવો. જીવત્પિતૃકે મૌંજી થઈ ન હોય તોપણ માતાનું અંત્યકર્મ કરવું. ઇહું વિશેષ નિર્ણય—ત્રણ વર્ષથી ઓછી વયનો છતાં ચોલ-રહિત હોય તો તેણે દાહમાત્ર મત્રસહિત કરી બીજી ક્રિયા બીજાપાસે કરાવવી. જો ચૌલ થયું હોય અથવા પુરાં ત્રણ વર્ષનો હોય તો સઘળુ પ્રેતકર્મ સમંત્રક તેણે પોતે કરવું. બ્રહ્મચારી હોય તો તેણે માતા, પિતા અને માતામહ એમનું અંત્યકર્મ કરવું, બીજાનું કરવું નહીં. પતિ અને દોહિત્રો એ બન્ને છતાં પતિએજ સ્ત્રીનાં દાહાદિક કર્મ કરવાં, પતિએ મુંડન કરાવવું નહીં. એજ રીતે પુત્રરહિત પુરુષની સ્ત્રી અને દૌહિત્રો એ બન્ને હોય તો સ્ત્રીએજ પતિનું અંત્યકર્મ કરવું. તેમાં કેવળ દાહ સમંત્રક પોતે કરી બીજું કર્મ, સંકલ્પમાત્ર પોતે કરી બ્રાહ્મણદ્વારાએ કરાવવું. પતિ અને સાવકો પુત્ર એ બે હોય તો સાવકે પુત્રેજ અંત્યકર્મ કરવું, પતિએ કરવું નહીં. સાવકો પુત્ર અને દોહિત્રો એ બે હોય સાવકે પુત્રેજ કરવું. પુત્રરહિત એવી વિધવા અથવા વિધુર (જેની સ્ત્રી મૃત થઈ હોય એવો ગૃહસ્થ) એમના ભાઇનો પુત્ર અને દૌહિત્ર એ બે હોય તો દૌહિત્રજ અધિકારી છે એમ ઘણા ગ્રંથકાર કહે છે. વિધવામાટે તેના પતિના ભાઇનો પુત્રજ અધિકારી અને વિધુર માટે પોતાના ભાઈનો પુત્રજ અધિકારી છે એવું જીવત્પિતૃકના નિર્ણયમાં ભટ્ટ કહે છે. પુત્રરહિતની સ્ત્રી અને ભાઇઓ પુત્ર એ બે હોય તો સ્ત્રીજ અધિકારી છે. એ રીતે પુત્ર સમીપમાં ન હોય તો પૌત્ર ઇત્યાદિકને પિતામહ, પિતામહી ઇત્યાદિકનાં અંત્યકર્માદિકનો અધિકાર છે. એ રીતે જીવત્પિતૃકને પિતૃસબંધી કર્મ, મુંડન અને પ્રેતકર્મ ઇત્યાદિકનો અધિકાર અને અનધિકાર વિસ્તારપૂર્વક કહ્યો. ઈહાં વિષયનો ભેદ હોવાથી તેમજ શાસ્ત્રવ્યુત્પત્તિરહિત એવા બાળકોને બોધ થવામાટે જે પુનરૂક્તિ થઈ હોય તે અતિદોષકારક નથી. સગોત્ર એવા સપિંડ મૃત થયા છતાં સપિંડોએ એકેકવાર તિલાંજલિ દેવી એમ કહ્યું છે માટે તે તિલાંજલિ જીવત્પિતૃકે પણ દેવી. એ રીતે માતામહ, આચાર્ય (ગુરુ) ઇત્યાદિકને પણ દેવી. એ રીતે જીવત્પિતૃકનો નિર્ણય કહ્યો.

अथश्राद्धाद्यधिकारिनिर्णयः ॥ तत्रसांवत्सरिकादिश्राद्धेषुदाहाद्यौर्ध्वदेहिकक्रियायांचौरसः पुत्रोमुख्योधिकारी औरसपुत्राणांबहुत्वेज्येष्ठएवाधिकारी ज्येष्ठस्याभावेऽसन्निधानेवापातित्यादिनाधिकाराभावेवाज्येष्ठानुजः यत्तुज्येष्ठासन्निधौसर्वतःकनिष्ठोधिकारीनतुमध्यमाइतितन्निर्मूलम् तत्रपुत्राणां विभक्तत्वेकनिष्ठेभ्योधनंगृहीत्वाज्येष्ठेनैवसपिंडीकरणांताक्रियाकार्या सांवत्सरिकादिकंतुपृथक्पृथक् अविभक्तत्वेतुसांवत्सरिकादिकमप्येकेनैवकार्यं एकेनकृतेपिसर्वेषांफलभागित्वात्सर्वैःपुत्रैर्ब्रह्मचर्यपरान्नवर्जनादयोनियमाःकार्याः पुत्राणामेकदेशस्थित्यभावेदेशांतरेगृहान्तरेवास्थितैस्तैरविभक्तैरपिपृथगेव वार्षिकादिकंकार्यम् तत्रयदाज्येष्ठासन्निधौकनिष्ठोदाहादिकंकरोतितदा षोडशश्राद्धांतमेवकुर्यान्नसपिंडीकरणम् वर्षपर्यंतंज्येष्ठप्रतीक्षांकुर्यात् तन्मध्येज्ञातेज्येष्ठेनैवकार्यम् नोचेद्वर्षांतेकनिष्ठेनापिकार्यम् वर्षात्प्राक्पुत्रभिन्नेनकृतमपिमासिकानुमासिकसपिंडीकरणंपुत्रेणपुनःकार्यं एवंकनिष्ठेनकृतमपिज्येष्ठपुत्रेणपुनःकार्यं विशेषस्त्वग्रेवक्ष्यते ॥

હવે શ્રાદ્ધાદિકના અધિકારીનો નિર્ણય કહે છે.

તેમાં સાંવત્સરિકાદિક શ્રાદ્ધ અને દહન આદિ ઔર્ધ્વદેહિક ક્રિયા એમાં ઔરસ પુત્ર મુખ્ય અધિકારી છે. ઔરસ પુત્ર ઘણા હોય તો જ્યેષ્ઠ પુત્રજ અધિકારી છે. જ્યેષ્ઠ પુત્ર મૃત થયો હોય, સમીપે ન હોય અથવા પતિતપણું ઇત્યાદિક કારણથી તેને અધિકાર ન હોય તો જ્યેષ્ઠથી નાહાનો (બીજો) અધિકારી છે. જ્યેષ્ઠ સમીપમાં ન હોય તો સઘળાં કર્મવિષે કનિષ્ઠ અધિકારી છે, મધ્યમ અધિકારી નથી, એ જે કહેવું તે નિર્મૂલ છે. તેમાં વિભાગ કરી પુત્ર જુદા થયા હોય તો કનિષ્ઠો પાસેથી ધન લઈ જ્યેષ્ઠ પુત્રેજ સપિંડીકરણપર્યંત ક્રિયા કરવી, સાંવત્સરિક આદિ શ્રાદ્ધ તો જુદાં જુદાં કરવાં. વિભાગ કરી ભિન્ન થયા ન હોય તો સાંવત્સરિકાદિક પણ એકેજ કરવાં. એકે કર્યા છતાં પણ સઘળા ફળભાગી થાય છે માટે સઘળા પુત્રોએ બ્રહ્મચર્ય, પરાન્નવર્જન ઇત્યાદિક નિયમ ધારણ કરવા. પુત્રોનો એક સ્થાનકમાં નિવાસ ન થતાં દેશાંતર અથવા જુદા જુદા ઘરમાં રહેતા હોય તો

તે અવિભક્તોએ પણ ભિન્નજ વાર્ષિકાદિક શ્રાદ્ધ કરવું. તેમાં જ્યારે જ્યેષ્ઠ પુત્ર સમીપમાં ન હોવાથી કનિષ્ઠે દાહાદિક ક્રિયા કરી હોય તો ષોડશશ્રાદ્ધપર્યંતજ ક્રિયા કરવી, સપિંડીકરણ કરવું નહીં. વર્ષપર્યંત જ્યેષ્ઠ ભ્રાતાની પ્રતીક્ષા કરવી એટલે વાટ જોવી. એક વર્ષની અંદર ખબર પડે તો જ્યેષ્ઠેજ સપિંડીકરણ કરવું. તેમ ન થાય તો વર્ષની અંતે કનિષ્ઠે પણ કરવું. એક વર્ષની અંદર પુત્રવિના બીજાએ માસિક, અનુમાસિક, સપિંડીકરણ ઇત્યાદિક ક્રિયા કરી હોય તોપણ પુત્રે ફરી કરવી. એ રીતે કનિષ્ઠે કરી હોય તોપણ જ્યેષ્ઠે ફરી કરવી. વિશેષ નિર્ણય આગળ કહેવાશે.

कनिष्ठस्यसाग्निकत्वेसपिंडीकरणमपिद्वादशेह्निकनिष्ठेनकार्यं औरसपुत्राभावेपुत्रिकासुतक्षेत्रजादयोद्वादशविधाःपुत्राउक्तास्तथापि कलौतेषांपुत्राणांनिषेधादौरसपुत्राभावेदत्तकएवाधिकारी मातापितृभ्यामन्यतरेणवाविधिपूर्वंदत्तःप्रतिगृहीतृसवर्णोदत्तकः भार्यानुमत्यापत्युःपुत्रदातृत्वंतदप्यापदि अत्यंतापदितुभार्यानुमत्यभावेपिपत्न्याःपत्यनुमत्यैव अत्रविशेषविचारःप्रागुक्तः दत्तकाभावेपौत्रः पौत्राभावेप्रपौत्रः अन्येत्वौरसाभावेपौत्रः तदभावेप्रपौत्रः प्रपौत्राभावेदत्तकइत्याहुः उपनीतपौत्रसत्त्वेप्यनुपनीतस्याप्यौरसपुत्रस्यैवाधिकारः सचकृतचूडस्यैववर्षाधिकवयसः पूर्णत्रिवर्षस्यत्वकृतचूडस्यापिअनुपनीतेनापिमंत्रपाठपूर्वकमेवपित्रोरौर्ध्वदेहिकंसांवत्सरिकादिकंश्राद्धंचकार्यं अशक्तौत्वग्निदानमात्रंसमंत्रकमनुपनीतेनकार्यं अन्यत्त्वन्यद्वारा एवंश्राद्धेदर्शमहालयादौसंकल्पमात्रंकार्यं अन्यदितरेणकेचित्तूनत्रिवर्षेणचूडारहितेनापिदाहमात्रंसमंत्रकंकार्यंशेषमन्येनेत्याहुः दत्तकस्तूपनीतएवाधिकारीदत्तकाभावेप्रपौत्राभावेचभर्तुःपत्नीपत्न्याभर्ताचदाहाद्यौर्ध्वदेहिकंसांवत्सरिकश्राद्धादिकंचकुर्यात् भर्तुरपि सपत्नीपुत्रसत्त्वेधिकारोन विदध्यादौरसःपुत्रोजनन्याऔर्ध्वदेहिकं तदभावेसपत्नीजइत्युक्तेःभार्ययापि समंत्रकमेवौर्ध्वदेहिकादिकंकार्यं अशक्तौत्वग्निदानमात्रंसमंत्रकंकृत्वाशेषमन्येनकार्यं श्राद्धेसंकल्पमात्रंकृत्वाशेषमन्येन ॥

કનિષ્ઠ પુત્ર સાગ્નિક હોય તો સપિંડીકરણ પણ બારમે દિવસે કનિષ્ઠે કરવું. ઔરસ પુત્ર ન હોય તો પુત્રિકાપુત્ર, ક્ષેત્રજ ઇત્યાદિક બાર પ્રકારના પુત્ર કહ્યા છે તથાપિ કલિયુગમાં તે પુત્રોનો નિષેધ છે માટે ઔરસ પુત્ર ન હોય તો દત્તકજ અધિકારી છે. માતા અને પિતા એ બન્ને જણાએ અથવા બેમાંથી એકે વિધિપૂર્વક દીધેલ છતાં ગ્રહણ કરનારની જાતનો હોય તે દત્તક જાણવો. સ્ત્રીની સંમતિ લઈ પતિએ પુત્ર આપવો અને તે પણ આપત્તિ હોય તો દેવો એમ જાણવું. અત્યંત આપત્તિ હોય તો સ્ત્રીની સંમતિ ન છતાં પણ પતિએ પુત્ર દેવો. સ્ત્રીને પુત્ર દેવાનો અધિકાર પતિની સંમતિ હોય તોજ છે. એ વિષયમાં વિશેષ વિચાર પ્રથમ કહેલો છે. દત્તકનો અભાવ હોય તો પૌત્ર (પોતરો), પૌત્રને અભાવે પડપોતરો. બીજા ગ્રંથકાર તો ઔરસ પુત્રને અભાવે પોતરો, તેને અભાવે પડપોતરો, પડપોતરાને અભાવે દત્તક એમ કહે છે. જનોઈ પેહેરેલો પૌત્ર હોય તોપણ જનોઇ પેહેરી ન હોય એવો પણ ઔરસ પુત્રજ અધિકારી છે. તે અધિકાર એક વર્ષ કરતાં અધિક વયનો છતાં જેને ચૌલસંસ્કાર થયલો હોય તેનેજ છે. ચૌલસંસ્કાર ન થયો છતાં પૂર્ણ ત્રણ વર્ષનો હોય તો તેને પણ અધિકાર છે. યજ્ઞોપવીત થઇ ન હોય એવા પણ મંત્રપાઠસહિતજ માતાપિતાનું અંત્યકર્મ અને સાંવત્સરાદિક શ્રાદ્ધ કરવાં. સંપૂર્ણ કર્મ કરવાને સામર્થ્ય ન હોય તો યજ્ઞોપવીતરહિત પુત્રે અગ્નિદાન માત્ર મંત્રસહિત કરવું અને બીજું કર્મ તો અન્યદ્વારા કરાવવું. એ રીતે શ્રાદ્ધ, દર્શશ્રાદ્ધ, મહાલય ઇત્યાદિકમાં સંકલ્પ માત્ર કરી બીજું કર્મ અન્યપાસે કરાવવું. કોઈ ગ્રંથકાર તો, ત્રણ વર્ષ કરતાં અલ્પ વયનો છતાં ચૌલસસ્કાર થયલો ન હોય તો તેણે પણ દાહ માત્ર સમત્રક કરી બાકીનું કર્મ બીજાપાસે કરાવવું, એમ કહે છે. દત્તક તો યજ્ઞોપવીતસહિત હોય તોજ અધિકારી છે. દત્તકનો અભાવ અને પડપોતરાનો અભાવ છતાં પતિએ સ્ત્રીનું અને સ્ત્રીએ પતિનું દાહ આદિ ઔર્ધ્વદેહિક કર્મ અને સાંવત્સરિક શ્રાદ્ધાદિક કરવાં. સાવકો પુત્ર હોય તો પતિને પણ અધિકાર નથી; કારણ, "માતાનું અંત્યકર્મ ઔરસ પુત્રે કરવું, તે ન હોય તો સાવકે પુત્રે કરવું," એવું વચન છે. સ્ત્રીએ પણ પતિનાં ઔર્ધ્વદેહિક આદિ કર્મ સમંત્રકજ કરવાં. સામર્થ્ય ન હોય તો સમંત્રક અગ્નિ દેવો, માત્ર એટલું પોતે કરી બાકીનું કર્મ બીજા પાસે કરાવવું. શ્રાદ્ધમાં સકલ્પ માત્ર પોતે કરી શેષકર્મ બીજાપાસે કરાવવું.

यद्यप्यविभक्तस्यसंसृष्टस्यवाभ्रातुरेवधनग्रहाधिकारस्तथापिक्रियाधिकारःपत्न्याएव विभक्तासंसृष्टेतुभ्रातरिधनाधिकारोपिपत्न्याएव पत्न्यभावेविभक्तासंसृष्टस्यकन्यापिंडदाधनहारिणीच तत्रापिविवाहितैवपिंडदा धनहरात्वनूढापि दुहितुरभावेदौहित्रोधनहारीपिंडदश्च दौहित्राभावेभ्राताभ्रातुरभावेभ्रातुःपुत्रः अविभक्तस्यसंसृष्टस्यचपत्न्यभावेभ्राता संसृष्टोनामपूर्वंविभक्तोभूत्वापुनःस्वधनंभ्रातृधनैरेकीकृत्यैकपाकाद्युपजीवनः तत्रसोदरासोदरसमवायेसोदरएव तत्रापिज्येष्ठकनिष्ठयोःसत्त्वेकनिष्ठएव कनिष्ठभ्रातुरभावेज्येष्ठभ्रातैव कनिष्ठबहुत्वेमृतानंतरस्तदभावेतदनंतरादयः एवंज्येष्ठबहुत्वेमृतानंतरक्रमेणैव सोदरभ्रातुरभावेसापत्नभ्राता अत्रापिज्येष्ठत्वादिविचारःपूर्ववदेव केचित्तुदुहितृदौहित्रयोर्धनहारित्वेपिविभक्तासंसृष्टस्यदाहादिकंभ्रात्रैवकार्यं सगोत्रसद्भावेभिन्नगोत्रस्यतदनधिकारादित्याहुः भ्रातुरभावेभ्रातृपुत्रः तत्रापिसोदरभ्रातृपुत्रोमुख्यः तदभावेसापत्नभ्रातृपुत्रः तदभावेपितापितुरभावेमाता मात्रभावेस्नुषा तदभावेभगिनी तत्रानुजाग्रजसोदरासोदराणांसमवायेभ्रातृवत् भगिन्यभावेभगिनीपुत्रः समवायेतद्वदेव तदभावेपितृव्यतत्पुत्रादयःसपिंडाः तदभावेसोदकाः तदभावेगोत्रजाः तदभावेमातामहमातुलतत्पुत्रादयोमातृसपिंडाअनुक्रमेण मातृसपिंडाभावेस्वपितृष्वसृमातृष्वसृपुत्राः तदभावेपितुःपितृष्वसृमातृष्वसृमातुलपुत्ररूपाःपितृबंधवः एवंमातुःपितृष्वस्रादिपुत्ररूपमातृबंधवः पितृबंधूनामभावेधिकारिणः तदभावेशिष्यः शिष्याभावेजामाताश्वशुरस्य श्वशुरोजामातुः तदभावे सखा तदभावेविप्रस्यकश्चिद्धनहारी विप्रभिन्नस्यराज्ञाधनंगृहीत्वातेनधनेनान्यद्वाराकारणीयं अथवा विप्राद्यैर्मरणोन्मुखैर्धर्मपुत्रःकार्यः ॥

જો કે અવિભક્ત (વેહેંચણ કરી જુદા ન થએલા) અથવા સંસૃષ્ટ એવા ભાઇનેજ ધન લેવાનો અધિકાર છે, તથાપિ ક્રિયા કરવાનો અધિકાર સ્ત્રીનેજ છે. વિભક્ત (વેહેંચણ કરી જુદા થએલા) અથવા અસંસૃષ્ટ ભાઈ હોય તો ધનગ્રહણનો પણ અધિકાર સ્ત્રીનેજ છે. સ્ત્રી ન હોય તો વિભક્ત અથવા અસંસૃષ્ટ એવો જે મૃત થયો તો તેની જે કન્યા તેજ પિંડ દેનારી અને ધન લેનારી છે, તેમાં પણ પરણેલી હોય તેજ પિંડ દેનારી છે. ધન લેનારી તો અવિવાહિત પણ છે. કન્યા ન હોય તો કન્યાનો પુત્ર ધન લેનારો અને પિંડ દેનારો થાય છે. દૌહિત્ર ન હોય તો ભાઈ; ભાઈ ન હોય તો ભાઇનો પુત્ર અધિકારી છે. અવિભક્ત અથવા સંસૃષ્ટની સ્ત્રી ન હોય તો ભાઈ અધિકારી છે. સંસૃષ્ટ એટલે પ્રથમ વિભાગ કરી જુદા થઈ ફરી પોતાનું ધન ભાઇના ધનસાથે મેળવી એક રસોઈ ઇત્યાદિકવડે ઉપજીવિકા કરનારો તે. તેમાં સગા અથવા સાવકા એવા ભાઈ હોય તો સગો ભાઇજ અધિકારી, તેમાં પણ જ્યેષ્ઠ ભાઈ અને કનિષ્ઠ ભાઈ એમ બે હોય તો કનિષ્ઠજ અધિકારી. કનિષ્ઠ ભાઈ ન હોય તો જ્યેષ્ઠ ભાઈજ અધિકારી. કનિષ્ઠ ભાઇ ઘણા હોય તો મરનાર કરતાં જે કનિષ્ઠ તે અધિકારી; તે ન હોય તો તેની વાસેનો ઇત્યાદિક અધિકારી જાણવા. એપ્રમાણે જ્યેષ્ઠ ભાઈ ઘણા હોય તે મરનારથી મ્હોટો જે તે એ ક્રમથીજ અધિકારી જાણવા. સગો ભાઈ ન હોય તો સાવકો ભાઈ અધિકારી, એ સાવકા ભાઇઓમાં પણ જ્યેષ્ઠત્વાદિકનો વિચાર પ્રથમપ્રમાણેજ જાણવો. કોઈ ગ્રંથકાર તો, દીકરી અથવા દૌહિત્ર એ જો ધન લેવામાં અધિકારી છે તો પણ વિભક્ત છતાં અસંસૃષ્ટ એવા ભાઇનું દાહાદિક ભાઇએજ કરવું; કારણ, સગોત્રી છતાં ભિન્ન ગોત્રીને તે કર્મનો અધિકાર નથી, એમ કહે છે. ભાઈ ન હોય તો ભાઈના પુત્ર; તેમાં પણ સગા ભાઇનો પુત્ર મુખ્ય છે. તે ન હોય તો સાવકા ભાઇનો પુત્ર; તે ન હોય તો પિતા; પિતા ન હોય તો માતા; તે ન હોય તો દીકરાની વહુ; તે ન હોય તો બેહેન; ન્હાની, મ્હોટી, સગી, સાવકી એવી ઘણી હોય તો ભાઈપ્રમાણે નિર્ણય જાણવો. બેહેન ન હોય તો બેહેનનો પુત્ર; ભાણેજ ઘણા હોય તો ભાઈપ્રમાણે નિર્ણય જાણવો. ભાણેજ ન હોય તો કાકો, કાકાના દીકરા ઇત્યાદિક સપિંડ અધિકારી જાણવા. સપિંડ ન હોય તો સોદક; સોદક ન હોય તો ગોત્રજ; ગોત્રજ ન હોય તો માતામહ, મામો, મામાનો પુત્ર ઇત્યાદિક માતાના સપિંડ અનુક્રમથી અધિકારી થાય છે. માતાના સપિંડમાંથી ન હોય તો પોતાની ફઈના દીકરા ભાઈ, અથવા માસિયાઇ ભાઈ; ફઈ માસીના દીકરા ભાઈ ન હોય તો પિતાની ફઈના પુત્ર, માસીના પુત્ર અને મામાના પુત્રરૂપ પિતૃબંધુ અધિકારી છે. તે ન હોય તો માતાની ફઈ, માસી અને મામાના પુત્રરૂપ માતૃબંધુ અધિકારી થાય છે. તે ન હોય તો શિષ્ય; શિષ્ય ન હોય તો જમાઇ સસરાનો અધિકારી અને સસરો જમાઇનો અધિકારી; જમાઇ ન હોય તો મિત્ર અધિકારી; મિત્ર ન હોય તો બ્રાહ્મણનું ધન જે લે તે બ્રાહ્મણનો અધિકારી જાણવો. બ્રાહ્મણ કરતાં બીજા હોય તેનું ધન રાજાએ લઇ દ્રવ્યવડે બીજાપાસે કર્મ કરાવવું. અથવા જેમનું મરણ સમીપમાં હોય એવા બ્રાહ્મણાદિકોએ ધર્મપુત્ર કરવો.

अथस्त्रीणांदाहाद्यधिकारिणः ॥ अनूढायाःस्त्रियाःपिता तदभावेभ्रात्रादिः ऊढायास्तत्पुत्राभावेसपत्नीपुत्रः तदभावेपौत्रप्रपौत्राः तदभावेपतिः तदभावेदुहिता तदभावेदौहित्रः तदभावेपत्युर्भ्राता तदभावेपत्युर्भ्रातृपुत्रः तदभावेस्नुषा तदभावेपिता पितुरभावेभ्राता तदभावेभ्रातृपुत्रादयः पूर्वोक्ताः अत्रसर्वत्रपुत्रभिन्नानांपुत्रासन्निधानात्पुत्राभावाद्वाकर्तृत्वमितिस्थितम् तत्रयदिपुत्रासन्निधानात्कर्तृत्वंतदापुत्रभिन्नैर्दाहमारभ्यसपिंडीकरणात्प्राचीनकर्मैवकार्यम् नतुपुत्रभिन्नैःसपिंडीकरणंकार्यम् पुत्राभावेत्वन्यैःसपिंडीकरणमपिकार्यम् तत्रापिसपिंडादिभिर्नृपांतैर्दाहमारभ्यदशाहक्रियाकार्याएव ताएवपूर्वाइत्युच्यंते ततएकादशाहमारभ्यसपिंडीकरणांतामध्यमसंज्ञास्तासुसपिंडादीनांकृताकृतत्वम् तदूर्ध्वाअनुमासिकसांवत्सरिकाद्यास्ताउत्तराख्याःसपिंडादिभिर्नकार्याएव इदंचतदीयवृत्त्यादिस्थावरधनस्यचरधनस्यवाग्रहणाभावे तदन्यतरधनग्रहणेतुसपिंडादिभिरपिमध्यमोत्तराख्याअपिक्रियाःकार्याएव राज्ञातुमृतधनसत्त्वेतद्धनद्वारातत्सजातीयवर्णहस्तेनसर्वाअपिक्रियाःकरणीयाएव धनाभावेतुपूर्वाएवावश्यंकरणीयानान्याः सपिंडादिनृपांतभिन्नानांतुमृतस्यधनाभावेपिस्वधनेनैवसपिंडीकरणांतक्रियाकरणमावश्यकं मृतस्यधनंगृहीत्वाप्रेतकार्याकरणेनृपांतानांतद्वर्णवधप्रायश्चित्तं पुत्राद्यैर्भ्रातृसंतत्यंतैर्दौहित्रैश्चतत्पुत्रैश्चत्रिविधाअपिक्रियाधनग्रहणसत्त्वेतदसत्त्वेचापिकार्याएव तत्रस्त्रीणामुत्तराःक्रियामृताहन्येवनतुदर्शादौ भर्तृश्राद्धेनैवनिर्वाहस्मृतेः पूर्वमध्यमाख्यास्तुपृथगेवस्त्रीणाम् केचित्तुपत्योरभावेस्त्रीणांदौहित्रादिभिःसपिंडीकरणरहिताएवोत्तराःक्रियाःकार्याः सपिंडीकरणंतुतासांनकार्यम् सपिंडीकरणाभावेपिएकोद्दिष्टविधिनावार्षिकादिकंकार्यमित्याहुः ब्राह्मणस्त्वन्यवर्णानांनकुर्यात्कर्मपैतृकं कामाल्लोभाद्भयान्मोहात्कृत्वातज्जातितांव्रजेत् शूद्रेणापिब्राह्मणस्यनकार्यंपैतृकंक्वचित् ॥

હવે સ્ત્રીયોનાં દાહાદિક કર્મના અધિકારી કહે છે.

અનૂઢા (કુંવારી) સ્ત્રીનો પિતા અધિકારી; પિતા ન હોય તો ભાઈ ઇત્યાદિક અધિકારી છે. પરણેલી સ્ત્રીનો પુત્ર ન હોય તો સાવકો પુત્ર અધિકારી; સાવકો પુત્ર ન હોય તો પોતરો; તે ન હોય તો પડપોતરો અધિકારી; તે ન હોય તો પતિ; પતિ ન હોય તો કન્યા; દીકરી ન હોય તો દોહિત્રો; તે ન હોય તો પતિના ભાઈ; તે ન હોય તો પતિના ભાઈના પુત્ર; તેને અભાવે દીકરાની વહુ; તે ન હોય તો પિતા; પિતા ન હોય તો ભાઈ; ભાઈ ન હોય તો પ્રથમ કહેલા ભાઈના પુત્ર ઇત્યાદિક અધિકારી છે. આ સઘળે ઠેકાણે પુત્રવિના જે અધિકારી કહ્યા તેમને ક્રિયાનો અધિકાર, પુત્ર સમીપમાં ન હોય અથવા પુત્રનો અભાવ હોય તો, છે એમ જાણવું. તેમાં કદી પુત્ર સમીપ ન છતાં બીજો કર્ત્તા હોય તો પુત્રવિના બીજાએ દાહથી આરભ કરી સપિંડીકરણથી પ્રથમતુંજ કર્મ કરવું. પુત્રવિના બીજાઓએ સપિંડીકરણ કરવું નહીં. પુત્ર ન હોય તો બીજાઓએ સપિંડીકરણ પણ કરવું. તેમાં પણ સપિંડથી આરંભી રાજાપર્યંત જે અધિકારી તેમાંના કોઇએ પણ દાહને આરંભી દશ દિવસની ક્રિયા અવશ્ય કરવી અને તે ક્રિયા પૂર્વા એ નામની કહેવાય છે. ત્યાર પછી એકાદશાહથી આરંભ કરી સપિંડીકરણપર્યંત ક્રિયા તે મધ્યમ નામની છે. તે સપિંડાદિકોને કૃતાકૃત (કરવી અથવા ન કરવી એમ) છે. સપિંડીકરણથી પછીની ક્રિયા અનુમાસિક, સાંવત્સરિક ઇત્યાદિક તે ઉત્તર નામની ક્રિયા છે, અને તે સપિંડાદિકોએ કરવીજ નહીં. મરનારની આજીવિકા ઇત્યાદિ સ્થાવર ધન અથવા જંગમ ધન લીધું ન હોય તો એ નિર્ણય જાણવો. સ્થાવર અથવા જંગમ એમાંથી કોઈ એક ધન લીધું હોય તો સપિંડાદિકોએ પણ મધ્યમ અને ઉત્તર નામની ક્રિયાઓ પણ કરવીજ. રાજાએ તો, મરનારનુ ધન હોય તો તે ધનવતી, મરનારના જે એક જાતના હોય તેમને હાથેથી મરનારની સઘળી ક્રિયા અવશ્ય કરાવવી. ધન ન હોય તો પૂર્વાપર્યંત ક્રિયા અવશ્ય કરાવવી, બીજી ક્રિયા ન કરાવવી. સપિંડ થકી રાજાપર્યંત જે અધિકારી કહ્યા તેથી ભિન્ન એટલે સપિંડથકી પ્રથમના અધિકારિઓએ મરનારનું ધન ન હોય તો પણ પોતાના ધનવડેજ સપિંડીકરણપર્યંત ક્રિયા અવશ્ય કરવી. મરનારનું ધન લઇ તેની પ્રેતક્રિયા ન કરે તો રાજાપર્યંત સર્વ અધિકારિઓને તે તે વર્ણની હત્યાનું પ્રાયશ્ચિત્ત છે. પુત્ર આદિ લઈ ભાઇની સંતતિપર્યંત અધિકારી, દોહિત્રા અને તેના દીકરાઓએ પૂર્વોક્ત ત્રણે પ્રકારની ક્રિયા, ધન લીધું હોય અથવા ન લીધું હોય તો પણ અવશ્ય કરવી. તેમાં સ્ત્રિયોની ઉત્તરક્રિયા મૃત્યુ દિવસેજ કરવી, દર્શાદિક દિવસે કરવી નહીં. કારણ, પતિના શ્રાદ્ધવડેજ નિર્વાહ થાય છે એવું સ્મૃતિવચન છે. પૂર્વ અને મધ્યમ નામની ક્રિયા તો સ્ત્રિયોની જુદીજ કરવી. કોઈ ગ્રંથકાર, પુત્ર અને પતિનો અભાવ હોય તો

સ્ત્રિયોની, દૌહિત્રા ઇત્યાદિકવડે સપિંડીકરણરહિતજ ઉત્તરક્રિયા કરાવવી, સપિંડીકરણ તો સ્ત્રિયોનું કરવું નહીં, સપિંડીકરણ નથી તથાપિ એકોદ્દિષ્ટ વિધિવડે વાર્ષિકાદિક કરવાં, એમ કહે છે. "બ્રાહ્મણે બીજા વર્ણનું પિતૃસંબંધી કર્મ કરવું નહીં. કામ, લોભ, ભય, મોહ એમને આધીન થઈ કદાચિત્ કરે તો જેની ક્રિયા કરે તે જાતિપણાને પામે છે. શૂદ્રે પણ બ્રાહ્મણનું પિતૃસંબંધી કર્મ કરવું નહીં."

दत्तकस्तु जनकपितुःपुत्राद्यभावेजनकपितुःश्राद्धंकुर्याद्धनंचगृह्णीयात् जनकपालकयोरुभयोः पित्रोःसंतत्यभावे दत्तकोजनकपालकयोरुभयोरपिधनंहरेत् श्राद्धंचप्रतिवार्षिकमुभयोःकुर्यात् दर्शमहालयादौतुद्वयोःपित्राद्योःश्राद्धंदेयं तत्रद्वयोःपित्राद्योःपृथक्पिंडदानंपित्रादिद्वयद्वयोद्देशेनैकैकोवापिंडः एवंदत्तकस्यपुत्रोपि दत्तकजनकस्यपुत्राद्यभावेस्वपितरंपितामहद्वयंप्रपितामहद्वयंचोच्चार्यदर्शादिकंकुर्यात् तथैवधनंहरेत् एवंदत्तकपौत्रोपितज्जनककुलेप्रपितामहस्यपुत्राद्यभावेपितरंपितामहंचैकमुच्चार्यप्रपितामहद्वयमुच्चार्यदर्शादिश्राद्धंकुर्यात्प्रपितामहस्यधनंचहरेत् यद्येषांस्वासुभार्यास्वपत्यंनस्याद्रिक्थंहरेयुः पिंडंचैभ्यस्त्रिपुरुषंदद्युरित्यादिरेकपिंडेद्वावनुकीर्तयेद्ग्रहीतारंचोत्पादयितारंचातृतीयात्पुरुषादित्यादेश्च लौगाक्ष्यादिस्मृतिवचनात् यदिजनकपालकयोरुभयोरपिपुत्रादिसंततिसत्त्वं तदादत्तकउभयोरप्यौर्ध्वदेहिकंवार्षिकादिकंचनकुर्यात् पालकपितुरौरसपुत्राद्विभक्तेनदत्तकेनदर्शमहालयादिश्राद्धमात्रंपालकपित्रादिपार्वणोद्देशेनकार्यम् अविभक्तस्यतुतदौरसकृतदर्शादिनैवदत्तकस्यदर्शादिसिद्धिरितिभाति ॥

દત્તકે તો, જનક (ઉત્પન્ન કરનારા) પિતાના પુત્રાદિક કોઇ અધિકારી ન હોય તો જનક પિતાનું શ્રાદ્ધ કરવું અને ધન પણ લેવું. જનક પિતા અને પાલક પિતા એ બન્નેની સંતતિ ન હોય તો દત્તકે જનક અને પાલક એ બન્નેનું ધન ગ્રહણ કરવું, તેમજ બન્નેનું પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ પણ કરવું. દર્શ, મહાલય ઇત્યાદિક દિવસે તો બન્ને પિતા ઇત્યાદિકનું શ્રાદ્ધ કરવું. તેમાં બન્ને પિતા ઇત્યાદિકને જુદા જુદા પિંડ દેવા, અથવા બે પિતા, બે પિતામહ ઇત્યાદિકને ઉદ્દેશે એક એક પિંડ દેવો. એ રીતે દત્તકના પુત્રે પણ દત્તકના જનક પિતાનો પુત્રાદિક ન હોય તો પોતાના પિતા, બે પિતામહ અને બે પ્રપિતામહ એમનો ઉચ્ચાર કરી દર્શાદિ શ્રાદ્ધ કરવાં, અને તે રીતે ધન પણ લેવું. એ રીતે દત્તકના પોતરાએ પણ તેના જનક પિતાના કુલમાં પ્રપિતામહને પુત્રાદિક ન હોય તો એક પિતા એક પિતામહ એનો ઉચ્ચાર કરી બે પ્રપિતામહનો ઉચ્ચાર કરી દર્શાદિક શ્રાદ્ધ કરવું અને પ્રપિતામહનું ધન પણ ગ્રહણ કરવું. કારણ, "જો જનક પિતાથી ઉપરના ત્રણ પુરૂષને પોતપોતાની સ્ત્રીમાં સંતતિ થઈ ન હોય તો દત્તકે[1], અને તેના પુત્રાદિકોએ ત્રણ પુરૂષોને પિંડ દઈ તેનું ધન લેવું," ઇત્યાદિ. તેમજ "એક પિંડમાં દત્તક લેનારો પિતા અને જનક પિતા એ બન્નેનો ઉચ્ચાર કરવો, એપ્રમાણે ત્રણ પુરૂષપર્યંત જાણવું." ઇત્યાદિક લૌગાક્ષિ આદિ સ્મૃતિનાં વચન છે. જો જનક પિતા અને પાલક પિતા એ બન્નેની પણ પુત્રાદિક સંતતિ હોય તો દત્તકે બન્ને પિતાનું પણ અંત્યકર્મ અને વાર્ષિકાદિ શ્રાદ્ધ કરવું નહીં. પાલક પિતાના ઔરસ પુત્રથી વિભાગ કરી જુદા થએલા દત્તક પુત્રે દર્શ, મહાલય ઇત્યાદિ શ્રાદ્ધ માત્ર પાલક પિતા ઇત્યાદિ પાર્વણને ઉદ્દેશે કરવું. વિભાગ કરી જુદો થયલો ન હોય તો ઔરસ પુત્રે કરેલાં દર્શાદિક શ્રાદ્ધવડેજ દત્તકનાં દર્શાદિક શ્રાદ્ધની સિદ્ધિ થાય એમ ભાસે છે.

ब्रह्मचारिणोमासिकाब्दिकादिश्राद्धंमातापितृभिःकार्यम् ब्रह्मचारिणातुमातृपितृमातामहोपाध्यायाचार्यभिन्नानांशवनिर्हरणंदाहाद्यंत्यकर्मचनकार्यम् अन्याधिकार्यभावेमातृपितृमातामहाचार्याणांदाहादिकंब्रह्मचारिणाकार्यम् तत्रदशाहकर्मकरणेदशाहमाशौचं दाहमात्रकरणेएकाहम् तदाप्यस्यनित्यकर्मलोपोनास्ति अशुचित्वेप्याशौचिनामन्नंतेननभोक्तव्यं तैःसहनवस्तव्यं तदुभयकरणेप्रायश्चित्तपुनरुपनयनेवक्ष्येते अन्येषांदाहादौकृच्छ्रत्रयंपुनरुपनयनंच धर्मार्थंकेनचित्कस्यचित्सवर्णस्यदाहादिश्राद्धादिकरणेसंपत्त्यादिफलं अयंसर्वोपिश्राद्धविधिःशूद्राणाममंत्रकःकार्यः अत्रकेचिद्वैदिकमंत्रपाठएवशूद्राणांवर्ज्यः पौराणमंत्रास्तुपठनीयाइत्याहुः पौराणमंत्राअपिशूद्रेणस्वयंनपठनीयाःकिंतुविप्रद्वारापठनीयाः वेदमंत्रास्तुनविप्रद्वारापीतिसिंधुः एवंद्विजस्त्रियोपिव्रतोद्यापनादाविवसंकल्पमात्रंस्वयंकृत्वा वैदिकमंत्रादिप्रयुक्तंसर्वंश्राद्धंविप्रद्वाराकारयेयुरितिपारिजातकारमतम् शूद्रस्यसदामश्राद्धमेव

---

[1] તેના, સ્ત્રી ઇત્યાદિ અધિકારીનો અભાવ હોય તોજ દત્તકાદિકને આ અધિકાર છે.

पित्रेनमःपितामहायनमइत्येवमादिनानमोंतनाममंत्रेणनिमंत्रणपाद्यासनगंधपुष्पादिनाविप्रान्संपूज्यामं निवेद्य सक्तुनापिंडदानादिकृत्वादक्षिणादानादिश्राद्धंसमाप्यसजातीयान्गृहसिद्धपक्वान्नेनभोजयेत् यत्तुसिंधौनाममंत्रेणावाहनाग्नौकरणकाश्यपगोत्रोच्चारपूर्वकपिंडदानादिकंतर्पणादिकं पाकेनपिंडदानादिकंचोक्तंतत्सच्छूद्रविषयम् सप्तपुरुषंत्रिपुरुषंवापरंपरयास्नानवैश्वदेवतर्पणादिकंशूद्रकमलाकरादिग्रंथसंगृहीतंधर्मंनियमेनाचरन्सच्छूद्रउच्यते एवंकिरातयवनादिहीनजातीयानांविप्रेभ्यआमदानदक्षिणादानपूर्वकंस्वसजातीयभोजनात्मकमेवश्राद्धम् राजकार्येनियुक्तस्यबंधनिग्रहवर्तिनः व्यसनेषुचसर्वेषुश्राद्धंविप्रेणकारयेत् अत्रप्रथमंजीवत्पितृकनिर्णयउक्तस्तत्रप्रसंगात्किंचिदधिकारविचारोप्युक्तः इदानींतुसर्वोप्यधिकारक्रमविचारःसविस्तरउक्तइतितेनात्रपुनरुक्तिर्बालबोधनार्थत्वान्नदोषाय इतिश्रीमदनंतोपाध्यायसूनुविरचितेधर्मसिंधुसारेश्राद्धाधिकारदाहाद्यधिकारनिर्णयः ॥

બ્રહ્મચારીનું માસિક, વાર્ષિક ઇત્યાદિ શ્રાદ્ધ માતાપિતાએ કરવું. બ્રહ્મચારીએ તો માતા, પિતા, માતામહ, ઉપાધ્યાય (વેદ ભણાવનારો) અને આચાર્યવિના અન્યનું શબ ઉપાડવું તથા દાહ કરવો ઇત્યાદિક અંત્યકર્મ કરવું નહીં. બીજો અધિકારી ન હોય તો માતા, પિતા, માતામહ અને આચાર્યનું દાહાદિક અંત્યકર્મ બ્રહ્મચારીએ કરવું. તેમાં દશ દિવસનું કર્મ કર્યું હોય તો દશ દિવસ આશૌચ પાળવું અને દાહ માત્ર કર્યો હોય તો એક દિવસ આશૌચ પાળવું. તે સમયે પણ બ્રહ્મચારીને નિત્યકર્મનો લોપ નથી. બ્રહ્મચારી સૂતકી હોય તો પણ તેણે સૂતકીનું અન્ન ખાવું નહીં અને તેમની સાથે વાસ કરવો નહીં. એ બન્ને (સૂતકીનું અન્ન ખાવું અને તેનો સહવાસ) કરે તો પ્રાયશ્ચિત્ત અને પુનરૂપનયન કરવાનું એ આગળ કહેવાશે. બીજાઓનું દાહાદિક કર્મ કરે તો ત્રણ કૃચ્છ્ર અને પુનરૂપનયન કરવું. ધર્મને અર્થે, કોઈ, કોઈ એક પોતાના સવર્ણનું દાહાદિક અને શ્રાદ્ધાદિક કરે તો તેને સપત્તિ ઇત્યાદિક ફળ પ્રાપ્ત થાય છે. આ સઘળો શ્રાદ્ધવિધિ શૂદ્રોનો મંત્રરહિત કરવો. એ વિષયમાં કોઇ ગ્રંથકાર, વૈદિકમંત્રનો પાઠ માત્ર શૂદ્રને વર્જ્ય છે, પુરાણોક્ત મંત્ર તો શૂદ્રે પઠન કરવા, એમ કહે છે. પુરાણોક્ત મંત્ર પણ શૂદ્રે પોતે પઠન કરવા નહીં, ત્યારે બ્રાહ્મણદ્વારાએ પઠન કરાવવા, વેદમંત્ર તો બ્રાહ્મણદ્વારા પણ પઠન કરાવવા નહીં, એ રીતે નિર્ણયસિંધુમાં છે. એપ્રમાણે બ્રાહ્મણોની સ્ત્રીઓએ પણ વ્રતનાં ઉદ્યાપનાદિકની પેઠે સંકલ્પ માત્ર પોતે કરી વૈદિક મંત્રે યુક્ત સઘળું શ્રાદ્ધ બ્રાહ્મણદ્વારાએ કરાવવું એવો પારિજાતકારનો મત છે. શૂદ્રે સર્વ કાલ આમાન્ન (કાચા અન્ન) થીજ શ્રાદ્ધ કરવું. "पित्रे नमः पितामहाय नमः" ઇત્યાદિક "નમઃ" છે અંતમાં જેને એવા નામમંત્રે નિમંત્રણ, પાદ્ય, આસન, ગંધ, પુષ્પ ઇત્યાદિક ઉપચારવડે બ્રાહ્મણોની પૂજા કરી આમાન્ન અર્પણ કરી સક્તુ (સેકેલા ધાન્યનો લોટ) વડે પિંડદાનાદિક કરી દક્ષિણા દાન ઇત્યાદિક વિધિથી શ્રાદ્ધ સમાપ્ત કરી પોતાની જાતવાળાઓને ઘરમાં રાંધેલા પક્વ અન્નવડે ભોજન કરાવવું. જે નિર્ણયસિંધુમાં નામમંત્રવડે આવાહન, અગ્નૌકરણ, કાશ્યપગોત્રોચ્ચારપૂર્વક પિંડદાનાદિક તથા તર્પણાદિક અને પાકવડે પિંડદાનાદિક કરવાં, એમ કહ્યું છે તે સચ્છૂદ્રમાટે જાણવું. સાત પુરૂષપર્યંત અથવા ત્રણ પુરૂષપર્યંત પરંપરાથી સ્નાન, વૈશ્વદેવ, તર્પણાદિક શૂદ્રકમલાકરાદિ ગ્રંથમાં સંગ્રહ કરેલા ધર્મનું નિયમપૂર્વક આચરણ કરનારો તે સચ્છૂદ્ર છે. એપ્રમાણે ભીલ, યવન ઇત્યાદિ હીનજાતિવાળાઓએ બ્રાહ્મણોને આમાન્નનું દાન અને દક્ષિણાદાન કરી પોતપોતાની જાતિને ભોજન દેવું એજ શ્રાદ્ધ કરવું. "રાજકાર્યમાં જોડાયલો, કેદમાં રહેનારો અને સઘળાં વ્યસન છતાં એવે સમયે બ્રાહ્મણદ્વારાએ શ્રાદ્ધ કરાવવું." આ ઉત્તરાર્દ્ધમાં પ્રથમ જીવત્પિતૃકનો નિર્ણય કહ્યો ત્યહાં પ્રસગથી થોડો અધિકારનો વિચાર પણ કહ્યો. ઇહાં તો સઘળા અધિકારના ક્રમનો વિચાર વિસ્તારસહિત કહ્યો; તેથી અને જેને શાસ્ત્રનું જ્ઞાન નથી તેને બોધ થાય એ હેતુથી ઇહાં પુનરૂક્તિ થઈ તે દોષનું કારણ નથી. ઇતિ શ્રીમદનંતોપાધ્યાયસૂનુવિરચિતે ધર્મસિંધુસારે શ્રાદ્ધાધિકારદાહાદ્યતિકારનિર્ણયઃ સમાપ્તઃ ॥

अथश्राद्धशब्दार्थः ॥ पित्रादीन्मृतानुद्दिश्यविहितेकालेदेशेपक्वान्नामान्नहिरण्यान्यतमद्रव्यस्यविधिनादानंश्राद्धम् तत्राग्नौकरणंपिंडदानंब्राह्मणभोजनंचप्रधानम् तदुक्तं होमश्चपिंडदानंचतथाब्राह्मणभोजनम् श्राद्धशब्दाभिधेयंस्यादेकस्मिन्नौपचारिकमिति क्वचिद्वचनादशक्त्यावापिंडदानाद्यकरणेब्राह्मणभोजनादिमात्रमपिश्राद्धपदार्थःसंपद्यतइतिचतुर्थपादार्थः

बह्वृचानांद्विजार्चनम् श्राद्धशब्दाभिधेयंस्यादुभयंसामवेदिनाम् अश्रद्धयापितरोनसंतीतिमत्वाश्राद्धमकुर्वाणस्यरक्तंपितरःपिबंति ॥

હવે શ્રાદ્ધ એ શબ્દનો અર્થ કહે છે.

મરણ પામેલા પિતા ઇત્યાદિકને ઉદ્દેશે ઉક્ત કાલ અને દેશમાં પક્વાન્ન, કાચું અન્ન અને હિરણ્ય એમાંના કોઈ એક દ્રવ્યનું વિધિથી દાન કરવું તે શ્રાદ્ધ. તેમાં અગ્નૌકરણ, પિંડદાન અને બ્રાહ્મણભોજન એ પ્રધાન છે. તે કહ્યું છે—"હોમ, પિંડદાન અને બ્રાહ્મણભોજન એ ત્રણ કર્મ મળી જે એક વિશેષ કર્મ તે શ્રાદ્ધ છે." કોઈ ઠેકાણે વચનથકી અથવા અશક્તિથકી પિંડદાન ઇત્યાદિક ન કર્યાં છતાં માત્ર બ્રાહ્મણભોજનાદિક કરવું તે પણ શ્રાદ્ધ છે, એ રીતે 'શ્રાદ્ધ' એ પદનો અર્થ સિદ્ધ થાય છે. એ ચોથા પદનો અર્થ કહ્યો. **તેમજ બીજું વચન**—"યજુર્વેદીઓને પિંડદાન એ શ્રાદ્ધ, ઋગ્વેદીઓને બ્રાહ્મણનું પૂજન એ શ્રાદ્ધ અને સામવેદીઓને પિંડદાન અને બ્રાહ્મણપૂજન એ બન્ને મળીને શ્રાદ્ધ છે." 'પિતૃ નથી' એ રીતે અશ્રદ્ધાથી માની જે શ્રાદ્ધ નથી કરતો તેનું રૂધિર પિતૃ પિયે છે.

अथश्राद्धभेदाः ॥ तत्रश्राद्धंचतुर्विधम् पार्वणश्राद्धमेकोद्दिष्टश्राद्धंनांदीश्राद्धंसपिंडीकरणश्राद्धंचेतिभेदात् पित्रादित्रयोद्देशेनविहितंपिंडत्रययुतंपार्वणम् तच्चैकपार्वणकद्विपार्वणकत्रिपार्वणकमितित्रिविधम् तत्रपित्रादेर्मृततिथौक्रियमाणंप्रतिसांवत्सरिकमेकपार्वणकं अमावास्यादिषण्णवतिश्राद्धनित्यश्राद्धानिमहालयान्वष्टक्यभिन्नानिद्विपार्वणकानि एतेषुसपत्नीकपित्रादित्रयसपत्नीकमातामहादित्रययोरेवोद्देशात् अन्वष्टकाश्राद्धंत्रिपार्वणकं पित्रादित्रयमात्रादित्रयसपत्नीकमातामहादित्रयाणामुद्देशात् महालयश्राद्धंतीर्थश्राद्धंचपार्वणैकोद्दिष्टरूपम् पित्रादिपार्वणत्रयस्यपत्न्याद्येकोद्दिष्टगणस्यचोद्देशात् केचिदेतद्द्वयंमातामहमातामह्योःपार्वणभेदेनपार्वणचतुष्टययुतंकुर्वंति केषांचित्सूत्रेदर्शोपित्रिपार्वणकश्चतुःपार्वणकोवेतिहेमाद्रौ एकोद्देशेनक्रियमाणमेकपिंडयुतमेकोद्दिष्टम् तदपित्रिविधं नवसंज्ञंनवमिश्रसंज्ञंपुराणसंज्ञंचेति मृतस्यप्रथमदिनमारभ्यदशाहांतंविहितानिनवसंज्ञानि एकादशाहादीन्यूनाब्दांतानिनवमिश्राणि एतानिविश्वेदेवहीनानि ततःपराणिकनिष्ठभ्रातृवार्षिकशस्त्रहतचतुर्दशीश्राद्धादीनिपुराणसंज्ञानि केचित्सपिंड्युत्तरंक्रियमाणानांपार्वणानामपिपुराणसंज्ञामाहुः पुत्रजन्मविवाहादौक्रियमाणंवृद्धिश्राद्धंनांदीश्राद्धम् इदंपूर्वार्द्धेविस्तरेणप्रपंचितम् तदेवगर्भाधानपुंसवनसीमंतेषुआधानेसोमेचक्रियमाणंकर्मांगमितिचोच्यते अत्रक्रतुदक्षौविश्वेदेवाः अन्यकर्मसुवृद्धिसंज्ञम् तत्रसत्यवसुविश्वेदेवाः इतिनामभेदोदेवभेदश्चान्यत्समानं एतच्चपार्वणत्रययुतत्वात्पार्वणभेदांतर्गतमपिदर्शादितोबहुधर्मभेदात्पृथगुद्दिष्टं मृतस्यद्वादशाहादिकालेपिंडार्घ्यसंयोजनादिरूपंसपिंडीकरणं एतदपिपार्वणैकोद्दिष्टविकाररूपं अत्रविशेषोवक्ष्यते एवंचपार्वणमेकोद्दिष्टमितिद्विविधमेवश्राद्धं एतत्पुनस्त्रिविधं नित्यंनैमित्तिकंकाम्यंचेति नियतनिमित्तेविहितंनित्यं यथादर्शादि प्रत्यहंविहितमपिश्राद्धंनित्यसंज्ञंपार्वणद्वययुतंविश्वेदेवहीनमुक्तं अनियतनिमित्तेविहितंनैमित्तिकं यथासूर्यचंद्रग्रहणादौ एतदपि षड्दैवतं फलकामनोपाधिकंकाम्यंयथापंचम्यादितिथौकृत्तिकादिनक्षत्रेच ॥

હવે શ્રાદ્ધના ભેદ કહે છે.

તેમાં શ્રાદ્ધ ચાર પ્રકારનું છે–પાર્વણશ્રાદ્ધ, એકોદ્દિષ્ટશ્રાદ્ધ, નાંદીશ્રાદ્ધ અને સપિંડીકરણશ્રાદ્ધ એ ભેદથી ચાર પ્રકારનું છે. પિતા ઇત્યાદિક ત્રણના ઉદ્દેશથી કરેલું અને ત્રણ પિંડે યુક્ત પાર્વણશ્રાદ્ધ. તે પણ એકપાર્વણક, દ્વિપાર્વણક અને ત્રિપાર્વણક એ ભેદથી ત્રણ પ્રકારનું છે. તેમાં પિતા ઇત્યાદિકની મૃતતિથિને દિવસે કરવાનું જે પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ તે એકપાર્વણક છે. અમાવાસ્યા આદિ છન્નું શ્રાદ્ધ, નિત્ય શ્રાદ્ધ, મહાલય તેમજ અન્વષ્ટક્ય વિના બીજાં શ્રાદ્ધ તે દ્વિપાર્વણક છે; કારણ, એ દ્વિપાર્વણક શ્રાદ્ધમાં સપત્નીક પિતા ઇત્યાદિક અને સપત્નીક માતામહાદિક ત્રણ એમનોજ ઉદ્દેશ છે. અન્વષ્ટકાશ્રાદ્ધ ત્રિપાર્વણક છે; કારણ, એ શ્રાદ્ધમાં પિત્રાદિક ત્રણ, માત્રાદિક ત્રણ અને સપત્નીક માતામહાદિક ત્રણ એ ત્રણ પાર્વણનો ઉદ્દેશ છે. મહાલયશ્રાદ્ધ અને તીર્થશ્રાદ્ધ એ પાર્વણૈકોદ્દિષ્ટરૂપ છે; કારણ, એ બન્ને શ્રાદ્ધમાં પિત્રાદિક ત્રણ પાર્વણ અને સ્ત્રી ઇત્યાદિક એકોદ્દિષ્ટગણનો ઉદ્દેશ છે. કેટલાએક શિષ્ટ માતામહ અને માતામહી એમનાં જુદાં પાર્વણ કરી એ બન્ને શ્રાદ્ધ ચાર પાર્વણે યુક્ત કરે છે. કેટલાએકોના સૂત્રમાં દર્શશ્રાદ્ધ પણ ત્રણ પાર્વણે યુક્ત અથવા ચાર પાર્વણે યુક્ત કરવું એમ કહ્યું

છે, એ રીતે હેમાદ્રિમાં કહેલું છે. એકને ઉદ્દેશે કરવાનું એવું એક પિંડે યુક્ત જે શ્રાદ્ધ તે એકોદ્દિષ્ટ. તે એકોદ્દિષ્ટ પણ ત્રણ પ્રકારનું છે. નવ, નવમિશ્ર અને પુરાણ એ નામથી ત્રણ પ્રકારનું છે. મરનારના પ્રથમ દિવસથી આરંભ કરી દશ દિવસપર્યંત જે વિહિત શ્રાદ્ધ તે નવસંજ્ઞક છે. એકાદશાહ આદિ લઈ ઊનાબ્દપર્યંત જે શ્રાદ્ધ તે નવમિશ્રસંજ્ઞક છે. એ શ્રાદ્ધ વિશ્વેદેવરહિત છે. એથી આગળનાં, કનિષ્ઠ ભ્રાતાનું વાર્ષિક શ્રાદ્ધ અને શસ્ત્રથી હણાયલાનું ચતુર્દશીશ્રાદ્ધ ઇત્યાદિક જે તે પુરાણસંજ્ઞક છે કોઈ ગ્રંથકાર, સપિંડીકરણ પછી કરવાનાં જે પાર્વણ શ્રાદ્ધ તે પુરાણસંજ્ઞક છે, એમ કહે છે. પુત્રજન્મ, વિવાહ ઇત્યાદિકમાં કરવાનું જે વૃદ્ધિશ્રાદ્ધ તે નાંદીશ્રાદ્ધ છે. એ નાંદીશ્રાદ્ધનો પૂર્વાર્ધમાં (પત્ર ૧૫૮ થી ૧૫૯ માં) વિસ્તારથી નિર્ણય કહેલો છે. ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, અગ્નિનું આધાન અને સોમયાગ એઓમાં કરવાનું એવું કર્મનું અંગભૂત જે વૃદ્ધિશ્રાદ્ધ તેને ઇષ્ટિશ્રાદ્ધ એમ કહે છે. એ ઇષ્ટિશ્રાદ્ધમાં ક્રતુદક્ષ નામના વિશ્વેદેવ લેવા. બીજા કર્મમાં જે નાંદીશ્રાદ્ધ તે વૃદ્ધિસંજ્ઞક છે. વૃદ્ધિસંજ્ઞક શ્રાદ્ધમાં સત્યવસુ નામના વિશ્વેદેવ લેવા, એ રીતે નામભેદ અને દેવભેદ છે, બાકી સઘળું સમાન જાણવુ. એ નાંદીશ્રાદ્ધ ત્રણ પાર્વણે યુક્ત છે તેથી જો કે પાર્વણના ભેદમાં અંતર્ગત છે તો પણ દર્શાદિશ્રાદ્ધ કરતાં એના ધર્મ ઘણાએક ભિન્ન હોવાથી જુદું કહ્યું છે. મરનારનો બારમો દિવસ ઇત્યાદિક કાલે પિંડ અને અર્ઘ્ય એને ભેળું કરવું ઇત્યાદિકરૂપ જે કર્મ તે સાપિંડીકરણ છે. એ સપિંડીકરણ પણ પાર્વણ અને એકોદ્દિષ્ટ એવા વિકારરૂપ છે. એ બાબતમાં વિશેષ નિર્ણય આગળ કહીશું. એ રીતે પાર્વણ અને એકોદ્દિષ્ટ એ બે પ્રકારનાંજ શ્રાદ્ધ છે. એ શ્રાદ્ધ ફરી ત્રણ પ્રકારનાં છે-નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એ રીતે; નિયમપૂર્વક નિમિત્ત આવ્યા છતાં જે કરવાનું તે નિત્ય છે. જેમ-દર્શાદિક શ્રાદ્ધ. નિત્ય કરવામાં જે શ્રાદ્ધ તે પણ નિત્યસંજ્ઞક છે, તે બે પાર્વણે યુક્ત તથા વિશ્વેદેવાએ રહિત એમ કહ્યું છે. નિયમિતરહિત નિમિત્ત આવ્યા છતાં વિહિત (કરવા કહેલું) જે શ્રાદ્ધ તે નૈમિત્તિક છે. જેમ-સૂર્ય, ચંદ્રનાં ગ્રહણાદિક સમયે. એ પણ છ દેવતાયુક્ત છે. ફળની ઇચ્છાથી જે કરવાનું તે કામ્યશ્રાદ્ધ છે. જેમ-પાંચમ ઇત્યાદિ તિથિ અને કૃત્તિકાદિ નક્ષત્રને દિવસે કરવાનું શ્રાદ્ધ.

अथश्राद्धदेशाः ॥ दक्षिणाप्रवणेगोमयोपलिप्तेकृमिकेशास्थिश्लेष्मादिवर्जितेकृत्रिमभूमिवर्जिते रजस्वलादर्शनादिवर्जितेश्राद्धंकार्यं कुरुक्षेत्रप्रभासपुष्करप्रयागकाशीगंगायमुनानर्मदादितीरनैमिषगंगाद्वारगयाशीर्षाक्षय्यवटादिषुश्राद्धंमहाफलं शमीपत्रप्रमाणेनपिंडंदद्याद्गयाशिरे उद्धरेत्सप्तगोत्राणिकुलमेकोत्तरंशतं पितामाताचभार्याचभगिनीदुहितातथा पितृमातृष्वसाचैवसप्तगोत्राणिवैविदुः एषां गोत्राणिपुरुषाःक्रमेणचतुर्विंशतिर्विंशतिषोडशद्वादशैकादशदशाष्टावित्येकोत्तरशतसंख्यास्तेषामुद्धार इत्यर्थः तत्रपितृकुलेद्वादशपूर्वेद्वादशपराइतिचतुर्विंशतिरेवमग्रेपि तुलसीकाननच्छायाशालग्रामस्य सन्निधिः चक्रांकितस्यसान्निध्यमेषुयत्क्रियतेनरैः स्नानंदानंतपःश्राद्धंसर्वमक्षय्यतांव्रजेत् गोगजाश्वादिदुष्टप्रदेशेम्लेच्छदेशेचश्राद्धंनकार्यं परकीयगृहादौश्राद्धकरणेतद्भूमिस्वामिपितरोभागंहरंति तेनगृहस्वामिनेमूल्यंदत्वाकार्यं स्वाम्यनुज्ञयावाकार्यं वनानिगिरयोनद्यस्तीर्थान्यायतनानिच देवखाताश्चगर्ताश्च नस्वाम्यंतेषुकस्यचित् नैकवासानचद्वीपेनांतरिक्षेकदाचन श्रुतिस्मृत्युदितंकर्मनकुर्यादशुचिःक्वचित् ॥

હવે શ્રાદ્ધના દેશ કહે છે.

દક્ષિણ દિશામાં નમતી; છાણવડે લીપેલી; કીડા, અસ્થિ, વાળ, કફ ઇત્યાદિકે રહિત; કૃત્રિમભૂમિ (ઓટલી) રહિત; રજસ્વલાના દર્શનાદિકે રહિત એવી ભૂમિમાં શ્રાદ્ધ કરવું. કુરૂક્ષેત્ર, પ્રભાસ, પુષ્કર, પ્રયાગ, કાશી, ગંગા, યમુના, નર્મદા, ઇત્યાદિકનાં તીર; નૈમિષારણ્ય, ગંગાદ્વાર, ગયાશીર્ષ અને અક્ષય્યવટ ઇત્યાદિક સ્થાનકે શ્રાદ્ધ કરવાથી મહાફલ છે. "ગયાશિર ઉપર શમી (ખીજડી+કડી)ના પાનપ્રમાણે પિંડ દેવો, તેથી સાત ગોત્ર અને (૧૦૧) કુલ, એનો ઉદ્ધાર થાય છે." "પિતા, માતા, સ્ત્રી, બેહેન, કન્યા, ફઈ અને માસી એ સાત ગોત્ર જાણવાં." એમનાં ગોત્ર એટલે ક્રમે કરી ૨૪, ૨૦, ૧૬, ૧૨, ૧૧, ૧૦, ૮ એપ્રમાણે ૧૦૧ પુરૂષનો ઉદ્ધાર થાય છે, એ અર્થ છે. તેમાં પિતૃકુલમાંના બાર થઈ ગયલા અને બાર થવાના મળી ચોવીશ પુરૂષો એપ્રમાણે આગળ પણ જાણવું. "તુળસીનાં વનની છાયા, શાલગ્રામનું સાન્નિધ્ય અને ચક્રાંકિત શિલાનું સાન્નિધ્ય, એ સ્થાનકે મનુષ્ય જે સ્નાન, દાન, તપ અને શ્રાદ્ધ કરે તે સર્વ અક્ષય્ય થાય છે." ગાય, હાથી અને ઘોડાથી ખરાબ થએલા સ્થાનકે તેમજ મ્લેચ્છદેશમાં શ્રાદ્ધ કરવું નહીં. પરાયું ઘર ઇત્યાદિક સ્થાનકે શ્રાદ્ધ કરવાથી તે પૃથ્વીના

ધણીના પિતૃ તે શ્રાદ્ધમાંથી ભાગ લેછે. માટે તે ઘરના સ્વામિને ભાડું દઈ શ્રાદ્ધ કરવું અથવા ઘરના સ્વામિની રજા લઈ શ્રાદ્ધ કરવું. "વન, પર્વત, નદી, તીર, દેવાલય, દેવખાત (પોતાની મેળે થએલાં તલાવો) અને ખાડાઓ એમની ઉપર કોઇનું પણ સ્વામિપણું નથી. એક વસ્ત્ર ધારણ કરી; કોઈ પણ દ્વીપ અથવા અંતરિક્ષ એવે સ્થળે શ્રુતિસ્મૃતિમાં કહેલાં કર્મ ક્યારે પણ કરવાં નહિ.'

अथश्राद्धकालाः ॥ तेचप्रायेणामासंक्रांतियुगादिमन्वादिमहालयादयः पूर्वपरिच्छेदेउक्ताएव केचित्तूच्यंते महातीर्थप्राप्तिर्व्यतीपातोमृताहोग्रहणद्वयंश्राद्धंप्रतिरुचिः श्रोत्रियादिब्राह्मणसंपत्तिरर्धोदयकपिलाषष्ठ्याद्यलभ्ययोगाग्रहपीडादुःस्वप्नदर्शनंनवान्नप्राप्तिर्नवोदकप्राप्तिर्गृहप्रच्छादनादिनिमित्तंच श्राद्धकालाः यदाविष्टिर्व्यतीपातोभानुवारस्तथैवच पद्मकोनामयोगोयमयनादेश्चतुर्गुणः सर्वमासानां कृष्णपक्षेषुश्राद्धमुक्तम् अत्र प्रत्यहंपंचम्यादिवायदहःसंपत्तिर्वेतित्रयःपक्षाः एकदिनपक्षेदर्श एव नारायणवृत्तौतुदर्शश्राद्धेनैवपक्षश्राद्धसिद्धिरुक्ता सर्वमासेषुदर्शश्राद्धाशक्तौकन्याकुंभवृषस्थेर्केसतिदर्शत्रयेएकंत्रदर्शेवाश्राद्धं साग्निकस्यत्वशक्तस्यपिंडपितृयज्ञमात्रेणदर्शसिद्धिः निरग्निकस्यब्राह्मणभोजनमात्रेणधान्यादिद्रव्यदानेनवादर्शसिद्धिः कृष्णपक्षेषुमहालयापरपक्षस्यश्रेष्ठत्वं तत्रापि पंचदशाहादिपक्षाअन्योपिबहुविस्तरो द्वितीयपरिच्छेदेउक्तः अत्रविशेषांतरंकालतत्त्वविवेचनेपंचदशाहव्यापिमहालयप्रयोगारंभोत्तरमाशौचपातेकृतमहालयानांवैफल्यं तेनशुद्ध्यंतेकस्यांचित्तिथौसकृन्महालयमात्रमनुष्ठेयं एवंपंचम्यादिपक्षेपिप्रतिबंधांतरेप्रतिनिधिद्वाराशेषमहालयानुष्ठानं पितृव्यज्येष्ठभ्रात्रादीनामपुत्राणांमहालयापरपक्षेतत्तन्मृततिथौ तदेकपार्वणकमहालयश्राद्धंजीवत्पितृकेणापिकार्यमिति द्वादशपौर्णमास्योसंभवेमाघीश्रावणीप्रौष्ठपद्योनित्याः कस्मिंश्चित्कृष्णपक्षेप्रतिपदादिपंचदशतिथिषु कृत्तिकादिभरण्यंतनक्षत्रेषु विष्कंभादियोगेषु सूर्यादिवारेषु यवादिकरणेषुच श्राद्धे फलविशेषोक्तेरेतेतिथ्यादयः काम्यश्राद्धकालाज्ञेयाः इतिसामान्यकालः ॥

હવે શ્રાદ્ધનો કાલ કહે છે.

તે શ્રાદ્ધના કાલ અમાવાસ્યા, સંક્રાંતિ, યુગાદિ, મન્વાદિ અને મહાલય ઇત્યાદિક ઘણું કરી પ્રથમના પરિચ્છેદમાં (પત્ર ૪૩ માં) કહેલાજ છે. પરંતુ કેટલાએક રહ્યા છે તે કહીએ છીએ. મ્હોટા તીર્થની પ્રાપ્તિ; વ્યતીપાત; મૃતદિવસ; બન્ને ગ્રહણ; શ્રાદ્ધ કરવું એવી ઇચ્છા; શ્રોત્રિયાદિક બ્રાહ્મણનું આવવું; અર્ધોદય, કપિલાષષ્ઠી ઇત્યાદિક ન મળે એવા યોગ; ગ્રહપીડા; દુષ્ટ સ્વપ્નનું દર્શન; નવા અન્નની પ્રાપ્તિ; નવા જલની પ્રાપ્તિ અને ઘર છાજવું ઇત્યાદિક નિમિત્ત એ શ્રાદ્ધકાલ છે. "જ્યારે ભદ્રા, વ્યતીપાત અને રવિવાર એમનો યોગ થાય ત્યારે તે પદ્મક યોગ થાય અને તે અયનાદિક કરતાં ચતુર્ગુણ પુણ્યકારક છે." સઘળા માસોના કૃષ્ણપક્ષમાં શ્રાદ્ધ કરવું એમ કહ્યું છે. એમાં નિત્ય, કિંવા પાંચમથકી અથવા જે દિવસે શ્રાદ્ધ કરવાનું અનુકૂલ હોય તે દિવસે એવા ત્રણ પક્ષ છે. માસમાં એક દિવસ કરવું 'એ પક્ષ' હોય તો અમાવાસ્યાને દિવસેજ કરવું. નારાયણવૃત્તિમાં તો, દર્શશ્રાદ્ધ કરવાથકીજ પક્ષશ્રાદ્ધની સિદ્ધિ થાય છે એમ કહ્યું છે. સઘળા માસોમાં દર્શશ્રાદ્ધ કરવાનું સામર્થ્ય ન હોય તો કન્યા, કુંભ અને વૃષ એ રાશિના સૂર્ય છતાં ત્રણ અમાસનું અથવા એક અમાસનું શ્રાદ્ધ કરવું. સાગ્નિક છતાં અશક્ત હોય તો પિંડપિતૃયજ્ઞ માત્રથકી તેના દર્શશ્રાદ્ધની સિદ્ધિ થાય છે. નિરગ્નિકના દર્શશ્રાદ્ધની સિદ્ધિ બ્રાહ્મણભોજન માત્રથકી અથવા ધાન્ય આદિ દ્રવ્યના દાનથકી થાય છે. સઘળાં કૃષ્ણપક્ષોથકી મહાલયનું કૃષ્ણપક્ષ શ્રેષ્ઠ છે. તેમાં પણ પંદર દિવસ ઇત્યાદિ પક્ષ તથા બીજો પણ બહુ વિસ્તાર બીજા પરિચ્છેદમાં (પત્ર ૮૯ થી ૯૨ માં) કહ્યો છે. એ વિષયમાં બીજો વિશેષ નિર્ણય કાલતત્ત્વવિવેચન ગ્રંથમાં કહ્યો છે. પંદર દિવસપર્યંત જે મહાલયનો પક્ષ તે પ્રયોગનો આરંભ કર્યા પછી આશૌચ પ્રાપ્ત થાય તો કરેલાં મહાલય નિષ્ફળ થાય છે માટે આશૌચનિવૃત્તિ થયા પછી કોઇ એક તિથિને દિવસે સકૃન્મહાલય માત્ર કરવું. એ રીતે પંચમી ઇત્યાદિક પક્ષવિષે પણ એવોજ નિર્ણય જાણવો. આશૌચ વિના બીજો પ્રતિબંધ પડે તો પ્રતિનિધિદ્વારા બાકીનાં મહાલય કરાવવાં. પુત્રરહિત એવો કાકો, જ્યેષ્ઠ ભાઈ ઇત્યાદિકોનું એક પાર્વણસહિત મહાલયશ્રાદ્ધ ભાદરવાના કૃષ્ણપક્ષમાં તેની તેની મૃત્યુતિથિને દિવસે જીવત્પિતૃકે પણ કરવું. બાર પૂનમનો સંભવ ન હોય તો માઘ, શ્રાવણ અને

---

१ एकस्मिन्नित्येकत्र.

ભાદરવાની પૂનમ નિત્ય છે. કોઈ એક કૃષ્ણપક્ષમાં એકમ આદિ પંદર તિથિ, કૃત્તિકાથકી ભરણીપર્યંત નક્ષત્ર, વિષ્કંભાદિક યોગ રવિ આદિક વાર, અને બવાદિક કરણ, એ દિવસે શ્રાદ્ધ કરવું એવાં વિશેષ વચન છે તેથી એ તિથિ ઇત્યાદિક જે કહ્યાં તે કામ્યશ્રાદ્ધના કાલ છે. એ રીતે જાણવું. એપ્રમાણે શ્રાદ્ધનો સામાન્ય કાલ કહ્યો.

अथापराह्णादिविशेषनिर्णयः ॥ दिनस्यपंचविभागास्त्रित्रिमुहूर्तकास्तत्राद्योभागः प्रातः संज्ञः द्वितीयःसंगवः तृतीयोमध्याह्नः चतुर्थोपराह्णः पंचमोभागःसायाह्नः दिनस्यपंचदशोभागोमुहूर्तः तत्रसप्तमोगंधर्वोष्टमोमुहूर्तःकुतुपः नवमोरौहिणः तत्रदर्शादिश्राद्धानांनिर्णयःपूर्वपरिच्छेदयोःप्रायेणोक्तः विशेषस्तूच्यते साग्निकानांकात्यायनादीनामन्वाधानपिंडपितृयज्ञदर्शश्राद्धानामेकदिनकर्तव्यत्वनियमात् त्रेधाविभक्तदिनतृतीयभागरूपापराह्णव्यापिन्याममायां दर्शश्राद्धंकर्तव्यम् ॥

હવે અપરાહ્ન આદિ વિશેષ નિર્ણય કહે છે.

ત્રણ ત્રણ મુહૂર્તનો એક એક ભાગ, એવા એક દિવસના પાંચ ભાગ કરવા, તેમાં પ્રથમના ભાગનું પ્રાતઃ એવું નામ છે, બીજો ભાગ સંગવ, ત્રીજો ભાગ મધ્યાહ્ન, ચોથો ભાગ અપરાહ્ન અને પાંચમો ભાગ સાયાહ્ન. દિનમાનનો પંદરમો ભાગ તે મુહૂર્ત. તેમાં સાતમો મુહૂર્ત ગંધર્વ, આઠમો મુહૂર્ત કુતુપ અને નવમો મુહૂર્ત રૌહિણ નામનો છે. તેમાં દર્શાદિક શ્રાદ્ધોનો નિર્ણય ઘણું કરી પ્રથમના બન્ને પરિચ્છેદમાં કહ્યો છે. તે કરતાં જે વિશેષ નિર્ણય, તે કહુંછું. સાગ્નિક એવા કાત્યાયન ઇત્યાદિકોએ અન્વાધાન, પિંડપિતૃયજ્ઞ અને દર્શશ્રાદ્ધ એ ત્રણે એક દિવસે કરવાં એવો નિયમ કહ્યો છે. માટે દિનમાનના ત્રણ ભાગ કરી ત્રીજો ભાગ જે અપરાહ્ન કાલ તેમાં વ્યાપ્તિવાળી અમાવાસ્યામાં દર્શશ્રાદ્ધ કરવું.

अथप्रतिसांवत्सरिकमासिकादिनिर्णयउच्यते ॥ तत्रैकोद्दिष्टंमध्याह्नेसप्तमाष्टमनवममुहूर्तरूपेकार्यं तत्रापिकुतुपरौहिणसंज्ञकावष्टमनवममुहूर्तौमुख्यःकालः तत्रपूर्वत्रैवपरत्रैववादिनेमध्याह्नव्याप्तौसैवतिथिर्ग्राह्या दिनद्वयेमध्याह्नव्याप्तौमध्याह्नास्पर्शेवापूर्वत्रैव दिनद्वयेसाम्येनैकदेशव्याप्तौपूर्वा खर्वदर्पादिभिर्व्यवस्थेत्यन्ये वैषम्येणैकदेशव्याप्तावाधिक्येननिर्णयः पार्वणेत्वपराह्णव्यापिनीग्राह्या पूर्वत्रैव परत्रैववापराह्णव्याप्तौसैवग्राह्या दिनद्वयेतद्व्याप्तौतदस्पर्शेवांशतःसमव्याप्तौवापूर्वा विषमव्याप्तौत्वधिकाग्राह्या माधवाचार्यास्तुदिनद्वयेपूर्णापराह्णव्याप्तावंशतःसमव्याप्तौचोत्तरतिथेःक्षयेपूर्वा वृद्धौपरा उत्तरतिथेःक्षयवृद्ध्यभावेपिपरेत्याहुः अयंक्षयाहनिर्णयःप्रत्याब्दिकेमासिकेसकृन्महालयेचज्ञेयः ॥

હવે સાંવત્સરિક અને માસિકાદિક એમનો નિર્ણય કહે છે.

તેમાં એકોદ્દિષ્ટ શ્રાદ્ધ સાતમો, આઠમો તથા નવમો એ ત્રણ મુહૂર્તરૂપ જે મધ્યાહ્ન કાલ તેમાં કરવું. તેમાં પણ કુતુપ અને રૌહિણ એ નામના આઠમો તથા નવમો એ બે મુહૂર્ત મુખ્ય કાલ છે. તેમાં પૂર્વ દિવમેજ અથવા બીજે દિવસેજ મધ્યાહ્નવ્યાપ્તિ હોય તો તેજ તિથિ લેવી. બન્ને દિવસે મધ્યાહ્નવ્યાપ્તિ હોય અથવા બન્ને દિવસે મધ્યાહ્ન કાલે સ્પર્શ ન હોય તો પૂર્વ દિવસેજ કરવું. બન્ને દિવસે સરખી એકદેશવ્યાપ્તિ હોય તો પૂર્વ દિવસની લેવી. ખર્વ પર્વ (તિથિની ઓછી અધિકી વ્યાપ્તિ) ઇત્યાદિકવડે વ્યવસ્થા જાણવી, એમ બીજા ગ્રંથકારો કહે છે. વિષમમાનથકી એકદેશવ્યાપ્તિ હોય તો આધિક્યવડે નિર્ણય કરવો. પાર્વણ શ્રાદ્ધવિષે તો, અપરાહ્નવ્યાપિની તિથિ લેવી. પૂર્વ દિવસેજ અથવા પર દિવસેજ અપરાહ્નવ્યાપ્તિ હોય તો તેજ તિથિ લેવી. બન્ને દિવસે અપરાહ્નવ્યાપ્તિ હોય અથવા ન હોય અથવા અંશેકરી સરખી વ્યાપ્તિ હોય તો પૂર્વ દિવસની લેવી. વિષમવ્યાપ્તિ હોય તો અધિકવ્યાપિની લેવી. માધવાચાર્ય તો, બન્ને દિવસે પૂર્ણ અપરાહ્નવ્યાપ્તિ અથવા અંશથકી સરખી વ્યાપ્તિ છતાં બીજા દિવસની તિથિનો ક્ષય હોય તો પૂર્વ દિવસની લેવી. બીજા દિવસની તિથિની વૃદ્ધિ હોય તો બીજા દિવસની લેવી. બીજા દિવસની તિથિનો ક્ષય અથવા વૃદ્ધિ બન્ને નં હોય તો પણ બીજા દિવસની

---

१ मृततिथौक्रियमाणसकृन्महालयपरत्वं ॥

લેવી, એમ કહે છે. આ ક્ષયદિવસનો નિર્ણય પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ, માસિક શ્રાદ્ધ અને મૃત્યુતિથિને દિવસે કરવાનું સકૃન્મહાલય એવિષે જાણવો.

श्राद्धेभरण्यादिनक्षत्रंव्यतीपातादियोगश्चापराह्णव्यापीत्युक्तंद्वितीयेकेचिच्छुक्लपक्षेउदयव्यापिनक्षत्रंकृष्णपक्षेस्तमयव्यापियोगस्तुकुतुपादिव्यापीत्याहुः एतच्चपार्वणश्राद्धंकुतुपादिमुहूर्तपंचकेकार्यंनसायाह्नेनरात्रौनप्रातःसंगवयोः पिंडपितृयज्ञदिनेसायाह्नेपिपार्वणमनुज्ञायते यदाविघ्नवशाद्दिनेसांवत्सरिकश्राद्धंनकृतंतदारात्रावपिप्रथमप्रहरपर्यंतंकार्यं मृताहातिक्रमेचांडालत्वादिदोषोक्तेः ग्रहणदिनेदर्शमासिकप्रतिवार्षिकादिश्राद्धप्राप्तौतद्दिनेएवान्नेनामेनवाहेम्नावाकुर्यान्नोत्तरदिने प्रथमाब्दिकंत्रयोदशेमलमासेकार्यमित्युक्तंतेनयत्रद्वादशमासिकंशुद्धमासेभवतितत्रत्रयोदशेधिकएवप्रथमाब्दिकंकार्यं यदात्वधिकमध्येद्वादशंमासिकंतदाद्वादशमासिकस्यद्विरावृत्तिंकृत्वाचतुर्दशेशुद्धमासेप्रथमाब्दिकं एवंद्वितीयादिमासिकस्यापिमलमासेप्राप्तस्यद्विरावृत्तिर्ज्ञेया द्वितीयाब्दिकंतुशुद्धमासेएव एवंमहालयोपिशुद्धेएवनाधिकेमासेकिंचिदपि मलमासमृतानांतुयदासएवमलमासोभवतितदाधिकएवसांवत्सरिकंनशुद्धे दर्शदिनेवार्षिकप्राप्तौपूर्ववार्षिकंकृत्वाततःपिंडपितृयज्ञंपाकांतरेणदर्शश्राद्धंचकुर्यात् परेतुआदौपिंडपितृयज्ञस्ततोवार्षिकंततोदर्शइतिक्रममाहुः एवंमासिकादिष्वपिज्ञेयम् ॥

ભરણી ઇત્યાદિક નક્ષત્ર અને વ્યતીપાતાદિક યોગ શ્રાદ્ધવિષે અપરાહ્ણવ્યાપિ લેવાં એ રીતે બીજા પરિચ્છેદમાં (પત્ર ૮૪ માં) કહ્યું છે. કોઇ ગ્રંથકાર, શુકલપક્ષમાં સૂર્યોદયવ્યાપિ અને કૃષ્ણપક્ષમાં અસ્તમયવ્યાપિ નક્ષત્ર લેવાં અને યોગ તો કુતુપાદિવ્યાપિ લેવા એમ કહે છે. એ પાર્વણ શ્રાદ્ધ કુતુપાદિક પાંચ મુહૂર્ત્તમાં કરવું; સાયાહ્ન, રાત્રિ, પ્રાતઃકાલ અને સંગવ એ કાલમાં કરવું નહીં. પિંડપિતૃયજ્ઞને દિવસે સાયાહ્નકાલે પણ પાર્વણ શ્રાદ્ધ કરવું. જ્યારે કોઈ એક વિઘ્ન પડવાથી દિવસે સાંવત્સરિક શ્રાદ્ધ કર્યું ન હોય તે રાત્રિએ પણ પહેલા પોહોરપર્યંત કરવું; કારણ, મૃતદિવસનું ઉલ્લંઘન થાય તો ચાંડાલત્વાદિ દોષ પ્રાપ્ત થાય છે એવાં વચન છે. ગ્રહણને દિવસે દર્શશ્રાદ્ધ, માસિક અને પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધ પ્રાપ્ત થાય તો તે દિવસેજ અન્ન અથવા આમાન્ન કિંવા હિરણ્ય એણે કરી કરવું, બીજે દિવસે કરવું નહીં. પ્રથમાબ્દિક તેરમા મલમાસમાં કરવું એમ કહ્યું છે, તેથી જ્યારે બારમો માસિક શુદ્ધ માસમાં થાય છે ત્યારે તેરમા અધિકમાસમાંજ પ્રથમાબ્દિક કરવું. જ્યારે અધિકમાસમાં બારમો માસિક પ્રાપ્ત થાય ત્યારે બારમા માસિકની બીજીવાર આવૃત્તિ કરી ચૌદમા શુદ્ધ માસમાં પ્રથમાબ્દિક કરવું. એ પ્રમાણે મળમાસમાં પ્રાપ્ત થએલા દ્વિતીય આદિ માસિકની પણ બીજીવાર આવૃત્તિ કરવી. દ્વિતીય આદિ આબ્દિકશ્રાદ્ધ તો શુદ્ધ માસમાંજ કરવું. એ રીતે મહાલય શ્રાદ્ધ પણ શુદ્ધ માસમાંજ કરવું, અધિકમાસમાં કાંઇ પણ કરવું નહીં. મળમાસમાં મરેલા હોય તેમનું તો જ્યારે તેજ મળમાસ આવે ત્યારે તે અધિકમાસમાંજ સાંવત્સરિક શ્રાદ્ધ કરવું, શુદ્ધ માસમાં કરવું નહીં. દર્શને દિવસે વાર્ષિક (સાંવત્સરિક) શ્રાદ્ધ પ્રાપ્ત થાય તો પ્રથમ વાર્ષિક શ્રાદ્ધ કરી ત્યાર પછી બીજો પાક કરી પિંડપિતૃયજ્ઞ તથા દર્શશ્રાદ્ધ કરવાં. બીજા ગ્રંથકારો તો, પ્રથમ પિંડપિતૃયજ્ઞ, પછી વાર્ષિકશ્રાદ્ધ, તે પછી દર્શશ્રાદ્ધ કરવું, એવો ક્રમ કહે છે. એ રીતે માસિકાદિ શ્રાદ્ધવિષે પણ એવોજ નિર્ણય જાણવો.

सपिंडीकरणादूर्ध्वंयावदब्दत्रयंभवेत् तावदेचनभोक्तव्यंतदीयेश्राद्धमात्रके प्रथमाब्देस्थ्यादिभोजी द्वितीयेमांसभक्षकः तृतीयेरक्तभोजीस्याच्छुद्धंश्राद्धंचतुर्थके इत्यास्तांप्रासंगिकंप्रकृतमनुसरामः पार्वणमपिहेमश्राद्धमामश्राद्धंचद्वेधाविभक्तदिनपूर्वभागेएवकार्यं सर्वंचश्राद्धंतत्तन्निर्णीतकाले तत्तत्तिथ्यभावेपिकर्तव्यं साकल्यवचनादिनाशास्त्रतस्तत्रतत्तत्तिथिसत्त्वादितिकालतत्त्वविवेचनेवृद्धिश्राद्धंप्रातःसंगवयोःकार्यं मध्याह्नोगौणः अपराह्णसायाह्नरात्र्योर्निषिद्धाः रात्रौविवाहेप्रातर्वृद्धिश्राद्धंनकृतंतदारात्रावपिकार्यमितिक्वचित् ग्रहणनिमित्तकंपार्वणश्राद्धंपुत्रजन्मनिमित्तकंजातकर्मांगंवृद्धिश्राद्धंचरात्रावपिकार्यं इतिकालनिर्णयः ॥

“ સપિંડીકરણ પછી ત્રણ વર્ષપર્યંત તેના શ્રાદ્ધમાત્રમાં ભોજન કરવું નહીં. પ્રથમ વર્ષમાં ભોજન કરવાથી હાડકાં ઇત્યાદિકનું ભોજન કરનારો થાય છે, બીજે વર્ષે માંસભક્ષક અને ત્રીજે વર્ષે રૂધિરનું

---

१ तेनदिनद्वयेऽपराह्णेतिथिस्पर्शाभावस्थलेपूर्वदिनेतत्कालेतिथ्यभावेप्यपराह्णएवश्राद्धंनसायाह्ने ॥

ભોજન કરનારો થાય છે, ચોથે વર્ષે તે શ્રાદ્ધ શુદ્ધ છે." એપ્રમાણે પ્રસંગથી પ્રાપ્ત થએલો વિષય બહુ કહ્યો. હવે પ્રકૃત (ચાલતો) વિષય કહુંછું. પાર્વણરૂપ હોય તો પણ હેમશ્રાદ્ધ અથવા આમશ્રાદ્ધ, એ દિનમાનના બે ભાગ કરી જે પૂર્વ ભાગ છે તેમાંજ કરવું. સઘળાં શ્રાદ્ધ તેના તેના નિર્ણય કરેલા સમયમાં તે તે તિથિનો અભાવ હોય તો પણ (તે સમયે) કરવાં; કારણ, સાકલ્યવચનાદિક શાસ્ત્રથકી તે તે સમયે તે તે તિથિ છે એ રીતે કાલતત્ત્વવિવેચન[1] ગ્રંથમાં કહ્યુ છે. વૃદ્ધિશ્રાદ્ધ પ્રાતઃકાલ તથા સંગવ કાલમાં કરવું. મધ્યાહ્ન એ ગૌણ કાલ છે. અપરાહ્ન, સાયાહ્ન અને રાત્રિ એ નિષિદ્ધ કાલ છે. રાત્રિએ વિવાહ કરવાનો છતાં પ્રાતઃકાલે વૃદ્ધિશ્રાદ્ધ કર્યું ન હોય તો રાત્રિયે પણ કરવું એમ કોઈ ગ્રંથમાં છે. ગ્રહણનિમિત્તક પાર્વણશ્રાદ્ધ તથા પુત્રજન્મનિમિત્તક એવું જાતકર્મનું અંગભૂત વૃદ્ધિશ્રાદ્ધ એ રાત્રિમાં પણ કરવાં. એપ્રમાણે કાલનો નિર્ણય કહ્યો.

पुत्रादिभिः पितृमात्राद्युद्देशेनश्राद्धेक्रियमाणेनामगोत्रमंत्राश्चतत्तदन्नंतान्पितॄन्प्रापयंतितत्रपित्रादीनांदेवरूपत्वेतदन्नममृतरूपंभूत्वातत्रोपतिष्ठते गांधर्वत्वेभोग्यरूपेणपशुत्वेतृणरूपेणसर्पत्वेवायुरूपेणयक्षत्वेपानरूपेणदानवादित्वेमांसत्वेन प्रेतत्वेरुधिरत्वेनमनुष्यत्वेन्नादिरूपेणेतिग्रंथांतरे तस्यतेपितरः श्रुत्वाश्राद्धकालमुपस्थितं अन्योन्यंमनसाध्यात्वासंपतंतिमनोजवाः तैर्ब्राह्मणैःसहाश्नंतिपितरोवायुरूपिणः अतएवश्रीरामेणश्राद्धेक्रियमाणेसीताविप्रेषुदशरथादीन्ददर्शेतिकथाश्रूयते प्रावृष्यंतेयमःप्रेतान्पितॄंश्चापियमालयात् विसर्जयतिभूलोकंकृत्वाशून्यंस्वकंपुरं तेपुत्रादेःप्रकांक्षंतिपायसंमधुसंयुतं कन्यागतेसवितरिपितरोयांतिवैसुतान् अमावास्यादिनेप्राप्तेगृहद्वारंसमाश्रिताः श्राद्धाभावेस्वभवनंशापंदत्वाव्रजंतिते अतोमूलैःफलैर्वापितथाप्युदकतर्पणैः पितृतृप्तिंप्रकुर्वीतनैवश्राद्धंविवर्जयेत् किंचश्राद्धेनब्रह्मादिस्तंबपर्यंतसकलभूततृप्तिःश्रूयते तत्रपिशाचादिरूपाणांविकिरादिभिस्तृप्तिर्वृक्षादिरूपाणांस्नानवस्त्रोदकादिना केषांचिदुच्छिष्टपिंडादिनेति अतोब्रह्मीभूतपितृकेणापिश्राद्धंकार्यं तत्रपितृपितामहप्रपितामहादिरूपमेकैकंपार्वणंवसुरुद्रादित्यादिभेदेनध्येयं एकोद्दिष्टंवसुरूपेणेतिसर्वत्र केचित्तुपितृपितामहप्रपितामहाः प्रद्युम्नसंकर्षणवासुदेवात्मनाध्येयाः कर्तानिरुद्धात्मनेत्याहुः एवंवरुणप्रजापत्यग्निरूपेणक्वचित् क्वचिन्मासऋतुवत्सररूपेणेति तत्रयथाचारंसमुच्चयेविकल्पेनवाध्यानमितिव्यवस्था पित्रादिपार्वणेयथतथमातामहादयः सर्वेत्रैवहिकर्तव्यानाब्दिकेमासिकेपुन मासिकेपुत्वाब्दिकेचत्रिदैवत्यंप्रकीर्तितं वृद्धौतीर्थेन्वष्टकासुगयायांचमहालये त्रिपार्वणकमत्रेष्टंशेषंपाट्पौरुषंविदुः सपत्नीकंपित्रादित्रयंसपत्नीकंमातामहादित्रयमितिपाट्पौरुषत्वं क्षयाहंवर्जयित्वैकंस्त्रीणांनास्तिपृथक्क्रिया अन्वष्टकासुवृद्धौचगयायांचक्षयेहनि अत्रमातुःपृथक्श्राद्धमन्यत्रपतिनासह ॥

પુત્ર ઇત્યાદિકોએ પિતા, માતા ઇત્યાદિકને ઉદ્દેશે કરી કરાતાં જે શ્રાદ્ધ તેમાંનાં નામ, ગોત્ર અને મંત્ર એ તે તે અન્ન તે પિત્રોને પોહોંચાડે છે. તેમાં પિતા ઇત્યાદિક દેવરૂપ હોય તો તે અન્ન અમૃતરૂપ થઈ તે સ્થાનકે તેને પ્રાપ્ત થાય છે. ગંધર્વરૂપ છતાં ભોગ્યરૂપે, પશુરૂપ છતાં ઘાસરૂપે, સર્પરૂપ છતાં વાયુરૂપે, યક્ષરૂપ છતાં પાન (પીવા યોગ્ય પદાર્થ) રૂપે, દાનવ આદિરૂપ છતાં માંસરૂપે, પ્રેતરૂપ છતાં રૂધિરરૂપે અને મનુષ્યરૂપ છતાં અન્નાદિરૂપે તે તે સ્વરૂપ થઈ તે તે સ્થાનકે પ્રાપ્ત થાય છે. બીજા ગ્રંથોમાં, "શ્રાદ્ધકર્ત્તાના પિતૃ શ્રાદ્ધકાલ પ્રાપ્ત થયો એમ શ્રવણ કરી એક બીજાનું મનમાં ધ્યાન કરી મનના જેવા વેગથી પ્રાપ્ત થાય છે. પછી વાયુરૂપ તે પિતૃ શ્રાદ્ધમાં નોતરેલા બ્રાહ્મણોની સાથે ભોજન કરે છે," એ કારણથીજ શ્રીરામે શ્રાદ્ધ કર્યું તે સમયે સીતાએ બ્રાહ્મણોના દેહમાં દશરથાદિકોને જોયા, એવી કથા સાંભળવામાં આવે છે. "યમ વર્ષા ઋતુ સમાપ્ત થયા પછી પ્રેત અને પિત્રોને યમલોકથકી પોતાનું નગર શૂન્ય કરી ભૂલોક ઉપર મોકલે છે. પછી તે પિતૃ પુત્રાદિક પાસેથી મધયુક્ત દૂધપાક પ્રાપ્ત થાઓ એવી ઇચ્છા કરેછે. કન્યાગત સૂર્ય થયા છતાં અવશ્ય પિતૃ પુત્રપાસે આવે છે. અમાવાસ્યાનો દિવસ આવ્યા છતાં ઘરના દ્વારનો આશ્રય કરી શ્રાદ્ધની વાટ જોઇ ઉભા રહે છે. પુત્રાદિક શ્રાદ્ધ ન કરે તો તેઓને શાપ દઇ પોતાને સ્થાનકે જાય છે. માટે મૂળ કિંવા ફળ અથવા જળવડે તર્પણ કરી પિતૃની તૃપ્તિ કરવી, અવશ્ય શ્રાદ્ધ છોડવું નહીં." અને શ્રાદ્ધવડે

---

[1] એથી એમ સિદ્ધ થાય છે કે, બન્ને દિવસે અપરાહ્ન કાલે તિથિનો સ્પર્શ ન હોય એવે સ્થલે પ્રથમ દિવસે અપરાહ્ન કાલે તિથિ ન હોય તો પણ અપરાહ્ન કાલેજ શ્રાદ્ધ કરવું, સાયાહ્ન કાલે કરવું નહિ.

બ્રહ્માદિ સ્તંબપર્યંત સર્વે ભૂતની તૃપ્તિ થાય છે એમ સંભળાય છે. તેમાં પિશાચાદિરૂપ પિતૃની તૃપ્તિ વિકિર પિંડાદિકવડે થાય છે. વૃક્ષાદિક રૂપની તૃપ્તિ સ્નાન કર્યા પછી વસ્ત્ર નીચોવવાનું જે જલાદિક તેણે કરીને થાય છે. કેટલાએકોની ઉચ્છિષ્ટ પિંડાદિકવડે થાય છે, માટે જેના પિતૃ બ્રહ્મરૂપ થયા હોય તેણે પણ શ્રાદ્ધ કરવું. તેમાં પિતા, પિતામહ, પ્રપિતામહ ઇત્યાદિરૂપ એવું એક એક પાર્વણ વસુ, રુદ્ર અને આદિત્ય ઇત્યાદિ ભેદવડે ધ્યાન કરવા યોગ્ય છે. એકોદ્દિષ્ટ ગણનું વસુરૂપે ધ્યાન કરવું એ રીતે સઘળે ઠેકાણે જાણવું. કોઈ ગ્રંથકાર તો, પિતા, પિતામહ અને પ્રપિતામહનું પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવરૂપે ધ્યાન કરવું, અને કર્ત્તા અનિરૂદ્ધરૂપ છે, એમ કહે છે. એપ્રમાણે વરૂણ, પ્રજાપતિ અને અગ્નિરૂપે ધ્યાન કરવાયોગ્ય છે, એમ કોઇ ગ્રંથમાં છે. કોઈ ગ્રંથમાં, માસ, ઋતુ અને વર્ષ એ રૂપે ધ્યાન કરવાયોગ્ય છે. તેમાં જેવો આચાર હોય તેપ્રમાણે સમુચ્ચય વડે (એક સમયે સર્વરૂપે) અથવા વિકલ્પે કરી ધ્યાન કરવું, એપ્રમાણે વ્યવસ્થા જાણવી. "જ્યહાં પિતા ઇત્યાદિકનું પાર્વણ છે ત્યહાં માતામહાદિક પાર્વણનો ઉદ્દેશ કરવો. આબ્દિક અને માસિકશ્રાદ્ધમાં માતામહાદિકનો ઉદ્દેશ કરવો નહીં. માસિકશ્રાદ્ધ તથા આબ્દિકશ્રાદ્ધમાં ત્રણ દેવતા કહ્યા છે. વૃદ્ધિશ્રાદ્ધ (નાંદીશ્રાદ્ધ), તીર્થશ્રાદ્ધ, અન્વષ્ટકાશ્રાદ્ધ, ગયાશ્રાદ્ધ અને મહાલય એ શ્રાદ્ધોમાં ત્રણ પાર્વણ કરવાનાં છે, બીજાં શ્રાદ્ધ ષાટ્પૌરૂષ (બે પાર્વણનાં) છે. એમ કહે છે." સ્ત્રીસહિત પિતા ઇત્યાદિ ત્રણ અને સ્ત્રીસહિત માતામહાદિ ત્રણ એનું નામ ષાટ્પૌરૂષ. "એક ક્ષયદિવસ વર્જ્ય કરી સ્ત્રીનું જુદું શ્રાદ્ધ નથી. અન્વષ્ટકાશ્રાદ્ધ, વૃદ્ધિશ્રાદ્ધ, ગયાશ્રાદ્ધ અને ક્ષયદિવસ એ શ્રાદ્ધોમાં માતાનું ભિન્ન શ્રાદ્ધ કરવું, બીજાં શ્રાદ્ધોમાં પતિની સાથે કરવું."

अथविश्वेदेवाः ॥ यत्रविशेषोनोच्यतेतत्र सर्वत्रपार्वणश्राद्धेपुरूरवार्द्रवसंज्ञकाविश्वेदेवाः काम्यश्राद्धेमहालयेचधूरिलोचनसंज्ञकाः नैमित्तिकेऽष्टकाख्याष्टमीश्राद्धेच कामकालसंज्ञकाः एकोद्दिष्टं सपिंडीकरणंवानैमित्तिकसंज्ञं नांदीश्राद्धेसत्यवसुसंज्ञकाः तत्रापिगर्भाधानपुंसवनसीमंतोन्नयनेतिसंस्कारत्रयांगमग्न्याधानसोमयागांगंचनांदीश्राद्धमिष्टिश्राद्धसंज्ञकं कर्मांगश्राद्धसंज्ञकंच तत्रक्रतुदक्षसंज्ञकाविश्वेदेवाः पार्वणद्वयाद्ययोर्जीवनान्मातृपार्वणकमेवक्रियमाणंनांदीश्राद्धंदेवरहितंकार्यं एवंपार्वणत्रयस्यभिन्नत्वेनानुष्ठीयमानेनांदीश्राद्धेपिमातृपार्वणंदेवहीनं नांदीश्राद्धेहिदिनत्रयेक्रमेणपार्वणत्रयंकार्यं एकस्मिन्दिनेपृथक्पृथक्पार्वणत्रयसहतंत्रेणपार्वणत्रयमितित्रयःपक्षाः नित्यश्राद्धंदेवरहितंकार्यं एवंसपिंडीकरणात्प्राक्तनान्येकोद्दिष्टश्राद्धान्यपिदेवहीनानि इतिश्राद्धदेवतानिर्णयः ॥

હવે વિશ્વેદેવા કહે છે.

જે શ્રાદ્ધમાં વિશેષ કહ્યા ન હોય તે સઘળાં પાર્વણ શ્રાદ્ધોમાં પુરુરવાર્દ્રવ એ નામના વિશ્વેદેવા લેવા. કામ્યશ્રાદ્ધ અને મહાલય એમાં ધૂરિલોચન નામના વિશ્વેદેવા લેવા. નૈમિત્તિકશ્રાદ્ધ તથા અષ્ટકા નામની આઠમનું શ્રાદ્ધ એમાં કાલકામ નામના વિશ્વેદેવા લેવા. એકોદ્દિષ્ટ અથવા સપિંડીકરણ એ નૈમિત્તિકશ્રાદ્ધ છે. નાંદીશ્રાદ્ધમાં સત્યવસુ નામના વિશ્વેદેવા લેવા. તેમાં પણ ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, એ ત્રણ સંસ્કારના અંગભૂત તથા અગ્ન્યાધાન અને સોમયાગના અંગભૂત એવા નાંદીશ્રાદ્ધ ઇષ્ટિશ્રાદ્ધસંજ્ઞક; તથા કર્મના અંગભૂતસંજ્ઞક નાંદીશ્રાદ્ધ એમાં ક્રતુદક્ષસંજ્ઞક વિશ્વેદેવા લેવા. પિતૃપાર્વણ અને માતામહપાર્વણ એ બન્ને પાર્વણના પ્રથમ પુરૂષ જીવતા છે માટે માતૃપાર્વણયુક્તજ જે કરવાનું નાંદીશ્રાદ્ધ તે દેવરહિત કરવું. એપ્રમાણે ત્રણે પાર્વણ જુદાં જુદાં કરી કરવાનું જે નાંદીશ્રાદ્ધ તેમાં પણ માતૃપાર્વણ દેવહીન કરવું. નાંદીશ્રાદ્ધમાં તો ત્રણ દિવસ ક્રમે કરી ત્રણ પાર્વણ કરવાં, એક દિવસે જુદાં જુદાં ત્રણ પાર્વણ, અથવા એકતંત્રે ત્રણ પાર્વણ કરવાં, એવા ત્રણ પક્ષ છે. નિત્યશ્રાદ્ધ દેવરહિત કરવું. એપ્રમાણે સપિંડીકરણની પ્રથમનાં જે એકોદ્દિષ્ટશ્રાદ્ધ તે પણ દેવહીન કરવાં. એપ્રમાણે શ્રાદ્ધદેવતાઓનો નિર્ણય કહ્યો.

अथश्राद्धेब्राह्मणाः ॥ तत्र जातकर्मादिसंस्कारैःसंस्कृतःसत्यवाक्शुचिः वेदाध्ययनसंपन्नःषट्सुकर्मस्ववस्थितः पुरुषत्रयविख्यातःसवैब्राह्मणउच्यते इतिब्राह्मणसामान्यलक्षणं तत्रोत्तममध्यमाधमभेदेन त्रिविधाब्राह्मणाः ॥

હવે શ્રાદ્ધવિષે બ્રાહ્મણ કહે છે.

તેમાં, "જાતકર્માદિ સંસ્કારયુક્ત છતો સત્યવક્તા, પવિત્ર, વેદાધ્યયનયુક્ત, ષટ્કર્મ (અધ્યયન, અધ્યાપન, યજન, યાજન, દાન અને પ્રતિગ્રહ) વિષે કુશલ અને પિતા ઇત્યાદિ ત્રણ પુરૂષ જેના વિખ્યાત હોય એવો જે તે બ્રાહ્મણ કહેવાય છે." એપ્રમાણે બ્રાહ્મણનું સામાન્ય લક્ષણ કહ્યું, તેમાં ઉત્તમ, મધ્યમ અને અધમ એ ભેદવડે ત્રણ પ્રકારના બ્રાહ્મણ છે.

तत्रोत्तमाः ॥ वेदाध्ययनसंपन्नावेदांगाध्यायिनोपिच येवैयाकरणायेचमीमांसाध्ययनेरताः पौराणिकश्चवेदांतीधर्मशास्त्ररतोपिच एतेपामपियेपुत्राब्रह्मवेत्तातथैवच वेदार्थज्ञःकर्मनिष्ठस्तपोनिष्ठश्चयोगिनः पितृमातृपरश्चैवस्वधर्मनिरतस्तथा शिशुरप्यग्निहोत्रीचसोमादिश्रौतकर्मवित् शिवभक्तोविष्णुभक्तोभार्यायामृतुकालगः गुरुभक्तोज्ञाननिष्ठःसोमयाजीचसत्यवाक् सुशीलस्नातकयतिब्रह्मचारिणउत्तमाः एतेसर्वेसपत्नीकायुवत्वादिगुणान्विताः सापिंड्ययोनिशिष्यत्वादिसंबंधैश्चवर्जिताः कुष्ठापस्मारादिदोषैर्हीनाश्चेदुत्तमाःस्मृताः तत्रदशाहादि[1]सूतकादिप्रयोजकसापिंड्यसगोत्रसोदकत्वरूपसंबंधःसापिंड्यपदाभिधेयः योनिसंबंधोमातुलत्वश्वशुरत्वश्यालकत्वादिः आदिनागुरुत्वसहाध्यायित्वमित्रत्वादयः तथाचसपत्नीकत्वादिगुणयुक्ताउक्तसंबंधहीनाअपस्मारांधत्वादिदोषहीनावेदाध्यायित्वादिसप्तविंशतिप्रकाराविप्राउत्तमाइतिसिद्धं तत्रविशेषः यद्येकंभोजयेच्छ्राद्धेछंदोगंतत्रपूजयेत् ऋचोयजूंपिसामानित्रितयंतत्रविद्यते ऋग्वेदिनंचपित्रर्थेयाजुषंतुपितामहे प्रपितामहे[2]सामगंचभोजयेच्छ्राद्धकर्मणि अथर्ववेदिनंवैश्वदेवेपित्र्येचभोजयेत् एतेन स्वशाखीयद्विजाभावेद्विजानन्यान्निमंत्रयेदितिनिरस्तं केचिद्यथाकन्यातथाहविरितिनियमाद्यैःसहयोनिसंबंधस्तएवपरशाखीयाःश्राद्धार्हाइत्याहुस्तन्निर्मूलं केचिच्छ्राद्धकर्तृसगोत्रसप्रवरावर्ज्याः पितृपुत्रौभ्रातरौद्वौनिरग्निगुर्विणीपतिं सगोत्रप्रवरंचैववर्जयेच्छ्राद्धकर्मणीतिवचनादित्याहुः विनामांसेनमधुनाविनादक्षिणयाशिषा परिपूर्णभवेच्छ्राद्धंयतिपुश्राद्धभोजिपु इतियतिप्रशंसा ॥

તેમાં ઉત્તમ બ્રાહ્મણ કહે છે. "વેદાધ્યયનયુક્ત, વેદનાં જે અંગ તેનું અધ્યયન કરનારા, વ્યાકરણ ભણેલા, મીમાંસા શાસ્ત્રનું અધ્યયન કરનારા, પૌરાણિક, વેદાંતી, ધર્મશાસ્ત્રમાં પ્રીતિમાન તે અને તેમના પુત્ર, બ્રહ્મવેત્તા, વેદના અર્થનો જાણનારો, કર્મનિષ્ઠ, તપોનિષ્ઠ, યોગી પિતા અને માતાની સેવા કરનારો, સ્વધર્મતત્પર, અવસ્થાએ ન્હાનો પણ અગ્નિહોત્રી, સોમ આદિ શ્રૌતકર્મનો જાણનારો, શિવભક્ત, વિષ્ણુભક્ત, પોતાની સ્ત્રીપ્રત્યે ઋતુસમયે ગમન કરનારો, ગુરૂભક્ત, જ્ઞાનનિષ્ઠ, સોમયાગ કરનારો, સત્યવક્તા, સુશીલ, સ્નાતક, સંન્યાસી અને બ્રહ્મચારી એ સઘળા ઉત્તમ છે. એ સઘળા સપત્નીક હોય અને યુવત્વ (યૌવનપણું) ઇત્યાદિ ગુણે યુક્ત છતાં સાપિંડ્યસંબંધ, યોનિસંબંધ અને શિષ્યત્વાદિ સંબંધ એથી રહિત હોય, તેમજ કોઢ, અપસ્માર (મૃગીઅમિરિયો) ઇત્યાદિ દોષે હીન હોય તો તો ઉત્તમ છે." તેમાં દશાહાદિક[3] સૂતક (જનનાશૌચ અને મૃતાશૌચ) ઇત્યાદિકનું કારણ જે સાપિંડ્ય એટલે સગોત્ર સોદકત્વરૂપ સંબંધ તે સાપિંડ્યસંબંધ. મામાપણું, સસરાપણું અને શાલાપણું ઇત્યાદિરૂપ જે સંબંધ તે યોનિસંબંધ. આદિ શબ્દથી ગુરુત્વ, સહાધ્યાયિત્વ તથા મિત્રત્વ ઇત્યાદિ સંબંધ ગ્રહણ કરવા. એ રીતના વિચારથી સપત્નીકત્વાદિ ગુણયુક્ત છતાં પૂર્વોક્ત સંબંધરહિત; અપસ્માર, અંધત્વ ઇત્યાદિક દોષે હીન; એવા વેદાધ્યયનયુક્ત ઇત્યાદિક સત્તાવીશ પ્રકારના બ્રાહ્મણ તે ઉત્તમ છે, એમ સિદ્ધ થયું. તેમાં વિશેષ—"જો એક બ્રાહ્મણ શ્રાદ્ધમાં નોતરવો હોય તો છંદોગ (સામવેદી)ની પૂજા કરવી. તે છંદોગ બ્રાહ્મણમાં ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણે વેદ રહે છે. શ્રાદ્ધવિષે બ્રાહ્મણોને નોતરવા તે ઋગ્વેદીને પિતા ઠેકાણે, યજુર્વેદીને પિતામહ ઠેકાણે, સામવેદીને પ્રપિતામહ ઠેકાણે અને અથર્વવેદીને વિશ્વેદેવા તથા પિતૃ ઠેકાણે કહેવા." એથી, "પોતાની શાખાવાળા બ્રાહ્મણનો અભાવ હોય તો બીજી શાખાવાળાને નોતરવો," એવો જે મત તેનું ખંડન થયું. કોઈ ગ્રંથકાર, "જેવી કન્યા તેવું હવિ" એવો નિયમ છે તેથી જેની સાથે યોનિસંબંધ થાય છે તેજ પરશાખાવાળા બ્રાહ્મણો શ્રાદ્ધમાં યોગ્ય છે, એમ જે કહે છે તે નિર્મૂલ છે. કોઈ ગ્રંથકાર, "પિતા અને પુત્ર, બન્ને ભાઈ, નિરગ્નિક, ગર્ભિણી (સગર્ભા સ્ત્રી)નો પતિ, (શ્રાદ્ધકર્તાના) સગોત્રી અને

---

[1] आदिपदात्स्नान ॥ [2] भोजयेच्छ्राद्धयेपुसामगप्रपितामहे ॥

[3] આદિ પદવડે પણ બન્ને સ્નાનપર્યંત સમજવાં.

સપ્રવરી એવા બ્રાહ્મણો શ્રાદ્ધકર્મવિષે વર્જ્ય કરવા” એવાં વચન છે તેથી શ્રાદ્ધ કરનારાએ સગોત્ર અને સપ્રવર બ્રાહ્મણો વર્જ્ય કરવા, એમ કહે છે. “શ્રાદ્ધમાં સંન્યાસી ભોજન કરે તો, માંસવિના, મધવિના, દક્ષિણાવિના તથા આશીર્વાદવિના પણ શ્રાદ્ધ પરિપૂર્ણ થાય છે,” એ સંન્યાસીની પ્રશંસા કહી છે.

अथमध्यमाविप्राः ॥ मातामहोमातुलोभागिनेयोदौहित्रोजामातागुरुः शिष्योयाज्यःश्वशुरऋत्विक्स्यालकः पितृष्वसृपुत्रोमातृष्वसृपुत्रोमातुलपुत्रोतिथिः सगोत्रोमित्रमित्येतेमध्यमाः दौहित्रजामातृस्वस्रीयादीनांविद्यादिगुणवतांश्राद्धेनिमंत्रणाभावेदोषः गुणहीनत्वेतुनदोषः षड्भ्यस्तुपुरुषेभ्योर्वाक्श्राद्धार्हानैवगोत्रिणः षड्भ्यस्तुपरतोभोज्याअलाभेगोत्रजाअपि अत्रविशेषःऋत्विजःसपिंडाःसंबंधिनःशिष्याश्चवैश्वदेवस्थानेनियोज्यानतुपित्र्ये एवमन्येपिविगुणाविप्रादेवस्थानेयोज्याः पितापितामहोभ्रातापुत्रोवाथसपिंडकाः नपरस्परमर्घ्याःस्युर्नश्राद्धेऋत्विजस्तथा वैश्वदेवेनियोक्तव्यायद्येतेगुणवत्तराः ॥

હવે મધ્યમ બ્રાહ્મણ કહે છે.—માતામહ, મામો, ભાણેજ, દોહિત્ર, જમાઇ, ગુરુ, શિષ્ય, યજમાન, સસરો, ઋત્વિજ, શાળો, ફઇનો દિકરો ભાઈ, માસીનો પુત્ર ભાઈ, મામાનો પુત્ર ભાઈ, અતિથિ, સગોત્ર અને મિત્ર એ મધ્યમ છે. દોહિત્રો, જમાઈ, ભાણેજ ઇત્યાદિક એ વિદ્યાદિ ગુણે યુક્ત છતાં એમને શ્રાદ્ધમાં નિમંત્રણ ન કરવાથી દોષ છે, અને ગુણહીન હોય તો દોષ નથી. “છ પુરૂષમાંહેના સગોત્રી શ્રાદ્ધમાં નિમંત્રણ કરવાને યોગ્ય નથી. એટલે તેમને બેસાડવા નહીં. પરગોત્રી ન મળે તો છ પુરૂષથી ઉપરના ગોત્રજને પણ ભોજનમાટે કહેવું.” એમાં વિશેષ—ઋત્વિજ, સપિંડ, સંબંધી, અને શિષ્ય એ દેવઠેકાણે બેસાડવા, પિતૃઠેકાણે બેસાડવા નહીં. એપ્રમાણે બીજા પણ ગુણહીન બ્રાહ્મણો; દેવઠેકાણે બેસાડવા. “પિતા, પિતામહ, ભાઈ, અથવા પુત્ર અને સપિંડ એ પરસ્પર પૂજ્ય નથી, એટલે પરસ્પરને શ્રાદ્ધમાં કહેવું નહીં એ તાત્પર્ય. તેમજ ઋત્વિજ શ્રાદ્ધમાં પૂજ્ય નથી. જો એ અતિ ગુણવંત હોય તો વિશ્વેદેવાઠેકાણે બેસાડવા.”

अथवर्ज्याविप्राः ॥ क्षयश्वासमूत्रकृच्छ्रभगंदरादिमहारोगीहीनांगोधिकांगःकाणोबधिरोमूकः शत्रुः कितवोभृतकाध्यापकोमित्रद्रोहीपिशुनःकुनखीकृष्णदंतः क्लीबोमातापितृगुरुत्यागीचोरोनास्तिकःपापकर्माविहितकर्मत्यागी नक्षत्रोपजीवीवैद्योराजभृत्योगायकोलेखकः कुसीदजीवीवेदविक्रयीकवित्वजीवीदेवार्चनजीवीनटोगृहदाहीसमुद्रगामीशस्त्रकर्ता सोमविक्रयी पक्षिपोषकःपरिवेत्तादिधिषुपतिः कुमाराध्यापकः पुत्रात्प्राप्तविद्योद्रव्यप्राप्त्यर्थंवेदघोषकारीग्रामयाजीकेशपशुविक्रयीशिल्पीपित्रातिवादकारी शूद्रयाजकोजटीश्मश्रुहीनोनिर्दयोरजस्वलापतिर्गर्भिणीपतिः कुब्जोवामनोरक्तनेत्रोवाणिज्योपजीवीछिन्नोष्ठश्छिन्नलिंगोगडुमान् ज्वरितोदेवलकोविधुरोनिरग्निः शूद्रगुरुः शूद्रशिष्योदांभिकोगोविक्रयीरसविक्रयीवेदनिंदकोवृक्षरोपकः सदायाचकः कदर्यः कृषिजीवीसाधुनिंदितोमेषमहिषपोषकः कपिलकेशोविस्मृतवेदोनिष्ठुरवागित्यादयोविप्रा हव्यकव्ययोर्वर्ज्याः धर्मार्थमुदरार्थंवौषधकारीविगर्हितः देवार्चनपरोनित्यंवित्तार्थीवत्सरत्रयम् असौदेवलकोनामदेवस्वग्राहकोपिच वर्जनीयःसविज्ञेयःसर्वकर्मसुसर्वदा इदंमनुष्यस्थापितदेवताविषयमितिभाति दाराग्निहोत्रसंयोगंकुरुतेयोग्रजेस्थिते परिवेत्तासविज्ञेयः परिवित्तिस्तुअग्रजः अग्रजानुज्ञादौनदोषइत्युक्तम् ज्येष्ठायांयद्यनूढायांकन्यायामूह्यतेनुजा साचाग्रेदिधिषुर्ज्ञेयापूर्वातुदिधिषुर्मता प्रतिमाविक्रयंयोवैकरोतिपतितस्तुसः जीवनार्थंपरास्त्रीनिनयतेपतितःसच गाननृत्यादिकमुदरार्थंनिषिद्धं नतुभगवदर्थम् ॥

હવે વર્જ્ય બ્રાહ્મણ કહે છે—ક્ષય, દમ, મૂત્રકૃચ્છ્ર, ભગંદર ઇત્યાદિ મહારોગયુક્ત; હીનાંગ; અધિકાંગ; કાણો; બેહેરો; મૂંગો; શત્રુ; કિતવ (કપટી ધૂતારો); દ્રવ્ય લઈ વિદ્યા ભણાવનારો; મિત્રદ્રોહી; દુર્જન; બગડેલા નખવાળો; કાળા દાંતવાળો; નપુંસક; માતા, પિતા, ગુરુનો ત્યાગ કરનારો; ચોર; નાસ્તિક; પાપકર્મ કરનારો; વિહિત કર્મ (સ્નાન સંધ્યાદિક)નો ત્યાગ કરનારો; પંચાંગ ઉપરથી આજીવિકા ચલાવનારો; વૈદ્ય; રાજસેવક; ગવૈયો; ચિતારો; વ્યાજના ધંધાથી આજીવિકા ચલાવનારો; વેદ વેચનારો; કવિતા કરી આજીવિકા ચલાવનારો; દેવપૂજા કરી પેટ ભરનારો; નાટક આદિમાં વેષ પેહેરનારો; ઘરને અગ્નિ આપી બાળનારો; સમુદ્ર ઉપર ચડવાવાળો; હથિયાર બનાવનારો; સોમને વેંચવાવાળો; પક્ષી પાળનારો; પરિવેત્તા; દિધિષુનો પતિ; મેહેતાજી; પુત્રપાસેથી વિદ્યા શિખેલો; દ્રવ્યપ્રા-

ષિમાટે વેદઘોષ કરનારો; ગામનો ઉપાધ્યાય; કેશ અને પશુનો વેચવાવાળો; શિલ્પકામ કરનારો; પિતાસાથે અતિવાદ કરનારો; શૂદ્રને હોમાદિક કરાવનારો; જટાધારી; દાઢી મૂછરહિત; નિર્દય; રજસ્વલાનો પતિ; સગર્ભા સ્ત્રીનો પતિ; કુબડો; વામન (ઠીંગણો); રાતા નેત્રવાળો; વ્યાપાર કરનારો; તુટેલા હોઠવાળો; છિન્નલિંગ; ગડુમાન્ (રસોળીવાળો); તાવવાળો; દેવલક; વિધુર (જેની સ્ત્રી મરી ગએલી હોય તે); નિરગ્નિ; શૂદ્રનો ગુરુ; શૂદ્રનો શિષ્ય; દાંભિક; ગાય તથા બેલને વેચનારો; રસનો વેચનારો; વેદનો નિંદક, ઝાડ રોપવાવાળો; સદા ભિક્ષા માગનારો; કૃપણ; ખેડ કરી આજીવિકા કરવાવાળો; સાધુ જેની નિંદા કરે તે; મેષ (ઋઢ) તથા પાડાને પાળનારો; ભુરા કેશવાળો; વેદાધ્યયન ભૂલી ગયેલો; કઠોર વાણીવાળો ઇત્યાદિક બ્રાહ્મણ દૈવ તથા પિત્ર્યકર્મવિષે વર્જિત છે. “ધર્મઅર્થે અથવા પેટના નિર્વાહમાટે ઔષધ કરનારો બ્રાહ્મણ નિંદિત છે.” “દ્રવ્યમાટે ત્રણ વર્ષ સંતત દેવપૂજા કરનારો તથા દેવનું દ્રવ્ય લેવાવાળો જે બ્રાહ્મણ તે દેવલક છે, એ સર્વ કર્મવિષે સર્વદા વર્જ્ય છે એમ જાણવું.” એ વચન મનુષ્યે સ્થાપિત કરેલા જે દેવતા તેવિષે છે એમ ભાસે છે. “મ્હોટો ભાઈ સ્ત્રી અને અગ્નિહોત્ર રહિત છતાં જે કનિષ્ઠ ભાઈ સ્ત્રી અને અગ્નિહોત્ર ગ્રહણ કરે તે પરિવેત્તા અને મ્હોટો ભાઈ પરિવિત્તિ જાણવો.” મ્હોટા ભાઇની આજ્ઞા ઇત્યાદિક હોય તો દોષ નથી એમ (પત્ર ૨૫૭ માં) કહેલું છે. “મ્હોટી કન્યા કુવારી છતાં ન્હાની કન્યાનો વિવાહ કરે તો તે ન્હાની કન્યા અગ્રેદિધિષુ જાણવી, અને મ્હોટી કન્યા દિધિષુ જાણવી.” “મૂર્તિને જે વેચે તે પતિત છે, તેમજ ઉપજીવિકામાટે પરાયાં અસ્થિને જે લઈ જાય તે પણ પતિત છે.” ગાયન, નૃત્ય ઇત્યાદિક ઉપજીવિકામાટે કરવું તે નિષિદ્ધ છે, ભગવત્પ્રીતિઅર્થે કરવું તે નિષિદ્ધ નથી.

अत्रविप्राणांग्राह्यत्वोक्त्यैवतद्भिन्नानांवर्ज्यत्वेसिद्धे पुनर्वर्ज्यपरिगणनंवर्ज्यभिन्नानांनिर्गुणानामपिग्राह्यत्वार्थम् विद्याशीलादिगुणवत्त्वेकुष्ठित्वकाणत्वादिशारीरदोषाणांनदूषकत्वम् गयायांतुनिर्गुणाअपितेएवभोज्याः नविचार्यंकुलंशीलंविद्याचतपएवच पूजितैस्तैस्तुसंतुष्टादेवाःसपितृगुह्यकाइत्युक्तेः ब्राह्मणान्नपरीक्षेततीर्थक्षेत्रनिवासिनः यत्तु नब्राह्मणंपरीक्षेतदैवेकर्मणिधर्मवित् पित्र्येकर्मणितुप्राप्तेपरीक्षेतप्रयत्नतइतितदसंभवपरम् गायत्रीसारमात्रोपिवरंविप्रःसुयंत्रितः नायंत्रितश्चतुर्वेदीसर्वाशीसर्वविक्रयीतिहेमाद्रौव्यासः श्राद्धेकाणादयोभोज्यामिश्रितावेदपारगैः विप्रानिमंत्रणात्पूर्वमेवपरीक्षणीयानतुनिमंत्रणोत्तरम् इतिब्राह्मणविचारः ॥

આ ઠેકાણે ગ્રહણ કરવાયોગ્ય બ્રાહ્મણો કહ્યા તેણે કરી તેથી જે ભિન્ન તે વર્જ્ય એમ સિદ્ધ થયા છતાં ફરી વર્જ્ય બ્રાહ્મણો જે લેખ્યા તે, વર્જ્ય કરતાં જે બીજા તે નિર્ગુણ હોય તો પણ ગ્રહણ કરવા એટલામાટે છે. વિદ્યા, શીલ ઇત્યાદિ ગુણયુક્તવિષે કોઢિયાપણું, કાણાપણું ઇત્યાદિક શરીરના દોષ દૂષણ કરનારા નથી. ગયામાં તો નિર્ગુણ હોય તોપણ તેજ (ગયાવાળાજ) શ્રાદ્ધમાં ભોજનમાટે નોતરવા. “કુલ, શીલ, વિદ્યા, તપ, એનો વિચાર કરવો નહી, અને તેમની પૂજા કરવાથી પિતૃ તાથા ગુહ્યકસહિત દેવ સંતુષ્ટ થાય છે.” એવાં વચન છે માટે તીર્થવિષે ક્ષેત્રમાં રહેનારા બ્રાહ્મણોની પરીક્ષા કરવી નહીં. “ધર્મવેત્તા પુરૂષે દેવકર્મવિષે બ્રાહ્મણની પરીક્ષા કરવી નહીં, પિત્ર્યકર્મ પ્રાપ્ત થાય ત્યારે તો પ્રયત્નથી પરીક્ષા કરવી,” એવાં જે વચન તે બ્રાહ્મણના અસંભવપર છે. “આચારસંપન્ન છતાં કેવળ ગાયત્રી માત્ર જાણનારો હોય તો પણ તે ઉત્તમ અને આચાર સહિત ન છતાં સર્વ ખાનારો તથા સર્વ પદાર્થ વેચનારો તે ચાર વેદ જાણનારો હોય તોપણ નિંદ્ય જાણવો,” એવું હેમાદ્રીમાં વ્યાસનું વચન છે. “વેદપારગ બ્રાહ્મણોની સાથે કાણા ઇત્યાદિક શ્રાદ્ધમાં ભોજનમાટે નોતરવા.” શ્રાદ્ધનું નિમંત્રણ કરવાની પ્રથમ બ્રાહ્મણની પરીક્ષા કરવી, નિમંત્રણ કર્યા પછી પરીક્ષા કરવી નહીં. એપ્રમાણે બ્રાહ્મણોનો વિચાર કહ્યો.

अथश्राद्धार्हद्रव्याणि ॥ तत्रदर्भाः दर्भग्रहणेकालोमंत्रोदर्भभेदाश्चद्वितीयपरिच्छेदेउक्ताः विशेषस्तूच्यते कुशामुख्याःकुशाभावेकाशदूर्वोशीरतृणादयः तत्रकाशैर्दूर्वाभिर्वाकृतपवित्रहस्तोनाचामेत् द्वाभ्यामनामिकाभ्यांतुधार्येदर्भपवित्रके एकानामिकयावापिद्वयोर्मध्येतुपर्वणोः साग्रौविगर्भौतुकुशौकार्यंताभ्यांपवित्रकम् द्वाभ्यांतत्स्याच्चतुर्भिर्वाग्रंथियुक्तंनवाभवेत् स्नानेदानेजपेहोमेस्वाध्यायेपितृकर्मणि सपवित्रौसदर्भौवाकरौकुर्वीतनान्यथा ब्रह्मग्रंथिपवित्राढ्योनाचामेच्चबुधःसदा केचिद्ग्रथितपवित्रा

भावेसाग्रदर्भौद्वौदक्षिणकरेवामेतुत्रीन्द्वौवाबिभृयादित्याहुः आसनेद्वौदर्भौ पितृकर्मणिसमूलाद्विगुणादर्भाः दैवेसाग्राऋजवः पित्र्येपिसपिंडीकरणपर्यंतमृजुदर्भास्तदूर्ध्वंद्विगुणभुग्नाइति येचपिंडाश्रितादर्भायैःकृतंपितृतर्पणं मलमूत्रोत्सर्गधृतामलमूत्राद्यमेध्यगाः मार्गचितौयज्ञभूमौस्थितायेस्तरणासने ब्रह्मयज्ञेचयेदर्भास्त्यागार्हाःसर्वएवते अन्यानिचपवित्राणिकुशदूर्वात्मकानिच हैमात्मकपवित्रस्यकलां नार्हंतिषोडशीं पंचगुंजमाषमानेनषोडशमाषंहेममयंपवित्रकमित्याहुः ॥

હવે શ્રાદ્ધને યોગ્ય દ્રવ્ય કહે છે.

તેમાં પ્રથમ દર્ભ કહે છે—દર્ભગ્રહણવિષે કાલ, મંત્ર અને દર્ભના ભેદ બીજા પરિચ્છેદમાં (પત્ર ૭૭ માં) કહેલા છે. તે કરતાં માત્ર વિશેષ કહે છે—કુશ મુખ્ય છે. કુશ ન હોય તો કાશ, દૂર્વા, વાળો ઇત્યાદિ ગ્રહણ કરવાં. તેમાં કાશ અથવા દૂર્વા, એનું પવિત્ર હાથમાં રાખી આચમન કરવું નહીં. બન્ને અનામિકામાં બે દર્ભપવિત્ર ધારણ કરવાં. અથવા એક અનામિકામાં; પવિત્ર, બન્ને પર્વની વચમાં ધારણ કરવું. જેની ગર્ભની સળી કાઢેલી હોય એવા અગ્રસહિત બે કુશ ગ્રહણ કરી તેનું પવિત્ર કરવું. બે કુશવડે અથવા ચાર કુશવડે ગ્રંથિયુક્ત અથવા ગ્રંથિરહિત તે (પવિત્ર) કરવું. સ્નાન, દાન, જપ, હોમ, બ્રહ્મયજ્ઞ અને પિતૃકર્મ એ કરવાં હોય તો બન્ને હાથમાં પવિત્ર અથવા દર્ભ ધારણ કરવાં, દર્ભ વિના કર્મ કરવું નહીં. વિદ્વાન પુરૂષે બ્રહ્મગ્રંથિયુક્ત પવિત્ર હાથમાં ધારણ કરી આચમન કરવું નહીં. કોઈ ગ્રંથકાર, ગ્રંથિયુક્ત પવિત્ર ન હોય તો અગ્રસહિત એવા બે દર્ભ દક્ષિણ હાથમાં તથા ડાબા હાથમાં ત્રણ અથવા બે ધારણ કરવા, એમ કહે છે. આસનમાં બે દર્ભ લેવા. પિત્ર્યકર્મવિષે મૂલસહિત બેવડા દર્ભ લેવા. દૈવકર્મવિષે અગ્રસહિત સરલ લેવા. પિત્ર્યકર્મવિષે પણ સપિંડીકરણપર્યંત સરલ લેવા, સપિંડીકરણ થયા પછી બેવડા વાળેલા લેવા. "પિંડને આસરી રહેલા દર્ભ; જેનાથી પિતૃતર્પણ કરેલું છે તે દર્ભ; મળ, મૂત્રના ત્યાગ સમયે ધારણ કરેલા દર્ભ; મળ, મૂત્રાદિક અપવિત્ર પદાર્થમાં પડેલા દર્ભ; માર્ગ, ચિતા અને યજ્ઞભૂમિમાં પડેલા દર્ભ; અગ્નિની ચારે મેર પાથરેલા તથા આસનના દર્ભ; અને બ્રહ્મયજ્ઞના દર્ભ એ સઘળા ત્યાગ કરવાને યોગ્ય છે." "કુશ, દૂર્વા એનાં બનેલાં બીજાં પવિત્ર સોનાનાં પવિત્રના સોળમા અંશની બરોબર નથી, એટલે સર્વ જાતીનાં દર્ભપવિત્ર કરતાં સુવર્ણનું પવિત્ર શ્રેષ્ઠ છે." પાંચ રતિનો એક માષો એપ્રમાણે સોળ માષા વજનનું સોનાનું પવિત્ર કરવું એમ કહે છે.

अथहविः ॥ व्रीहियवतिलमाषगोधूमश्यामाकप्रियंगुमुद्गसर्षपाःश्राद्धेप्रशस्ताः चणकोविकल्पितः यावनालोपिविकल्पितः इष्टापूर्तेमृताहेचदर्शवृद्ध्यष्टकासुच पात्रेभ्यस्त्वेषुकालेषुदेयंनैवकुभोजनं अगोधूमंचयच्छ्राद्धंमाषमुद्गविवर्जितं तैलपक्केनरहितंकृतमप्यकृतंभवेत् राजमाषाश्चनिष्पावाअपिशस्ताःसतीनकाः राजमाषामहाराष्ट्रभाषयाचवळीतिप्रसिद्धाः निष्पावाःपावटेइति सतीनकावाटाणेइति कदलीफलमाम्रफलंसूरणःपनसःत्रिविधंकर्कटीफलं कोशातकीदोडकाइतिप्रसिद्धा कुस्तुंबुरुवैकल्पिकं पटोलं बदरमामलकंखर्जूरीफलंचिंचार्द्रकंशुंठीमूलकंद्राक्षालवंगैलापत्रकाणिजीरकंहिंगुदाडिमफलमिक्षुः शर्करागुडःकर्पूरःसैंधवसामुद्रेलवणे पूगीफलंतांबूलपत्रमितिश्राद्धेप्रोक्तानिहवींषि गव्ये दधिदुग्धे घृतंगव्यंमाहिषंचकेचित् माहिषंतक्रंसद्यःकृतमनुद्धृतनवनीतंग्राह्यमाहुः केचिन्महिषीक्षीरंशर्करादियुतंग्राह्यमाहुः मथितंनिर्जलंदधिसर्वंनिषिद्धं जंबीरफलंविहितप्रतिषिद्धत्वाद्विकल्पितं अक्षोटअक्रोडइतिप्रसिद्धः शृंगाटकः शिंगाडेइतिप्रसिद्धः चिर्भटंखर्बुजइतिप्रसिद्धं शीतकंदलीराताळीतिप्रसिद्धं एतेश्राद्धेविहिताः आम्रातकआंबाडाइतिप्रसिद्धस्तंडुलीयोमाठइतिप्रसिद्धः एतौद्वौविहितप्रतिषिद्धौ केचिद्राजमाषंकृष्णेतरमुद्गंकृष्णनिष्पावंचनिषिद्धमाहुः कथंचिद्यदिविप्रेभ्योनदत्तंभोजनेमधु पिंडास्तुनैवदातव्याःकदाचिन्मधुनाविना अक्षतागोपशुश्चैवश्राद्धेमांसंतथामधु देवराच्चसुतोत्पत्तिःकलौपंचविवर्जयेदितिवचनद्वयान्मधुनिषेच्छिकविकल्पः केचिद्यथाचारंप्रदेयंतुमधुमांसादिकंतथेतिवचनाद्देशाचारानुसारेणव्यवस्थितविकल्पमाहुः मांसंश्राद्धेषुनैवदेयंकलिवर्ज्यत्वात् नदद्यादामिषंश्राद्धेनचाद्याद्धर्मतत्त्वविदित्यादिश्रीभागवतवचनाच्च अन्यानिमुंजातचव्यकसेरुकालेयानिद्रव्याणिबहूनि महानिबंधेषूक्तानितान्यप्रसिद्धत्वाच्छ्राद्धेवश्यापेक्षोपयोगयोरभावाच्चनोच्यंते ॥

હવે હવિ એટલે શ્રાદ્ધમાટે શુદ્ધ પદાર્થ કયા તે કહે છે.

વ્રીહિ (સાળ), જવ, તિલ, અડદ, ઘઉં, સામો, કાંગ, મગ અને સરસવ એ શ્રાદ્ધમાં ઉત્તમ છે. ચણા વિકલ્પે ઉત્તમ છે. જુવાર પણ વિકલ્પે ઉત્તમ છે. "ઇષ્ટાપૂર્ત્ત (વાવ, કુવા ઇત્યાદિકનો ઉત્સર્ગ), મૃતદિવસ, દર્શશ્રાદ્ધ, વૃદ્ધિશ્રાદ્ધ અને અષ્ટકાશ્રાદ્ધવિષે બ્રાહ્મણોને નિંદ્ય પદાર્થનું ભોજન અવશ્ય દેવું નહીં. જે શ્રાદ્ધમાં ઘઉં, અડદ, મગ અને તેલમાં તળેલા પદાર્થ ન હોય તે શ્રાદ્ધ કર્યા છતાં પણ ન કર્યા સરખું છે. રાજમાષ, નિષ્પાવ અને સતીનક એ પણ ઉત્તમ છે." રાજમાષ એટલે મહારાષ્ટ્ર ભાષામાં ચવળી (ચોળા) એ નામથી પ્રસિદ્ધ છે. નિષ્પાવ એટલે પાવટે (વાલ), સતીનક એટલે વટાણા. કેળા, આંબા, સુરણ, ફણસ, ત્રણ જાતની કાકડી, તુરીયાં, (એ ઉત્તમ છે.) કોથમીર વિકલ્પે ઉત્તમ છે. પરવળ, બોર, આંમળાં, ખજુર, આંબલી, આદું, સૂંઠ, સફેત મુળા, દ્રાખ, લવગ, એલચી, તમાલપત્ર, જીરૂં, હીંગ, દાડમ, સેરડી, સાકર, ગોળ, કપૂર, સિંધાલૂણ તથા સમુદ્રનું મીઠું, સોપારી અને નાગરવેલના પાન એ પદાર્થો શ્રાદ્ધમાં ઉત્તમ કહ્યા છે. ગાયનું દહીં અને દૂધ, ગાય તથા ભેંસનું ઘી. કોઈ ગ્રંથકાર, ભેંસની છાસ તત્કાળ કરેલી છતાં તેનું માંખણ કાઢેલું ન હોય એવી ગ્રાહ્ય છે, એમ કહે છે. કોઈ ગ્રંથકાર, ભેંસનું દૂધ સાકર ઇત્યાદિ નાંખી લેવું, એમ કહે છે. પાણીવિનાનું મથેલું દહી સઘળું નિષિદ્ધ છે. લીંબુ વિહિત છે અને નિષિદ્ધ પણ છે તેથી વિકલ્પિત છે. અક્ષોટ, (અખોડ) એ નામથી પ્રસિદ્ધ. શૃંગાટક એટલે શિંગોડા એ નામથી પ્રસિદ્ધ. ચિર્ભટ ચીભડું એ નામથી પ્રસિદ્ધ. શીતકંદલી એટલે રતાળુ એ રીતે પ્રસિદ્ધ છે; એ પદાર્થો શ્રાદ્ધમાં વિહિત છે. આમ્રાતક એટલે આંબચુર એ નામથી પ્રસિદ્ધ, તંદુલીય એટલે માઠ એ રીતે પ્રસિદ્ધ એ બન્ને વિહિત તથા પ્રતિષિદ્ધ જાણવા. કોઈ ગ્રંથકાર, ચોળા, કાળા મગવિના બીજા મગ અને કાળા વાલને નિષિદ્ધ કહે છે. "જો કદાચિત્ ભોજનમાં બ્રાહ્મણોને મધ પીરસ્યું ન હોય તો ઠીક; પરંતુ પિંડ તો મધવિના ક્યારે પણ દેવા નહી." "અવિદ્ધયોનિ કન્યા, ગાયરૂપ પશુ, શ્રાદ્ધમાં માંસ અને મધ, તથા દેવરથી પુત્રની ઉત્પત્તિ એ પાંચ કલિમાં વર્જિત છે." એવાં બે વચન હોવાથી મધમાટે ઇચ્છાથી વિકલ્પ છે. કોઈ ગ્રંથકાર, "જેવો પોતાનો આચાર હોય તેને અનુસારે મધ, માંસ ઇત્યાદિ દેવાં." એવાં વચન હોવાથી દેશાચારને અનુસારે વ્યવસ્થાપૂર્વક વિકલ્પ છે, એમ કહે છે. કલિયુગમાં માંસ વર્જ્ય કહેલું છે, તથા "ધર્મતત્ત્વના જાણનારાએ શ્રાદ્ધમાં માંસ દેવું નહીં અને ભક્ષણ પણ કરવું નહીં" એવાં શ્રીભાગવતનાં વચન પણ છે, માટે શ્રાદ્ધમાં માંસ દેવું નહીં. ખારૂં જંગલી સુરણ, ગજપીપળી અથવા ચવક, કચુરો અથવા મોથ, અગર અથવા નીલકમલ ઇત્યાદિક અનેક પદાર્થ મ્હોટા ગ્રંથોમાં કહેલા છે; પરંતુ તે અપ્રસિદ્ધ હોવાથી તથા શ્રાદ્ધમાં અવશ્ય ઉપયોગી ન હોવાથી ઈહાં કહેતા નથી.

अथवर्ज्यानि ॥ यद्यपिविहितोक्त्यैवतद्भिन्नानामग्राह्यत्वंप्राप्तं तथापिविशेषदोषप्रदर्शनायाप्राप्तनिषेधज्ञापनायचतानिसंगृह्यंते उत्कोचादिनाप्राप्तंपतितांत्यजादेःप्राप्तमन्यायार्जितं कन्याविक्रयादिलब्धधनंनिंद्यं पित्रर्थंमेदेहीतियाचनार्जितमपिनिषिद्धं आढकीकुलित्थमसूरकोद्रवराजसर्षपानिषिद्धाः लंकेतिप्रसिद्धाः मर्कटकाश्चवर्ज्याः शिग्रुकूष्मांडोभयविधालाबुकरमर्दार्द्रमरीचपिंडमूलककुसुंभशणवंशांकुराः दशविधालशुनादिपलांडुभेदाः कृत्रिमलवणानि रक्तविल्वंश्वेतंकृष्णंवृंताकंगाजरापरपर्यायंगृंजनं भोकरसंज्ञःश्लेष्मातकोरक्तनिर्यासाश्चवर्ज्याः सामुद्रसैंधवेभक्ष्येप्रत्यक्षंलवणेबुधैः विडालोच्छिष्टमाघ्रातंश्राद्धेद्रव्यंविवर्जयेत् करीरफलपुष्पाणिविडंगमरिचानिच बीजपूरंपटोलंचश्राद्धेदत्वापतत्यधः कृष्णधान्यानिसर्वाणिवर्जयेच्छ्राद्धकर्मणि नवर्जयेत्तिलांश्चैवमुद्गमाषांस्तथैवच दातुर्यद्यत्प्रियंतत्तद्देयंनिंद्यंनचेदितं अजाविमहिषीक्षीरंतद्विकारांश्चवर्जयेत् वालुकाकीटपाषाणैःकेशैर्यच्चाप्युपद्रुतं वस्त्रेणवीजितंचान्नंवर्जयेच्छ्राद्धकर्मणि अमेध्यैर्जंगमैःस्पृष्टंशुष्कंपर्युषितंचयत् द्विःपक्वंपरिदग्धंचसिद्धभक्ष्यांश्चवर्जयेत् यत्सकृत्पाकेनभक्षणार्हमपिहिंगुजीरकादिसंस्कारार्थंपुनःपच्यतेतद्द्विःपक्वंवर्ज्यं यत्तुद्विःपाकेनैवभक्षणार्हंतन्ननिषिद्धमितिसिंधुः यदन्नैकदेशःकेनचित्पूर्वमास्वादितस्तदन्नंश्राद्धेवर्ज्यं मारीपंराजगिरेतिप्रसिद्धंशाकंधान्यंचवर्ज्यं वटप्लक्षोदुंबरकपित्थनीपमातुलिंगफलानिनभक्षयेत् क्षीरंचलवणैर्मिश्रंताम्रेगव्यंसुरासमम् अस्तापयादः पयोनुद्धृतसारंचपयसासंयुतंदधि घृतंचैतानिगव्यानिनैवदुष्यंतिताम्रके पिप्पलीवर्तुलम

रीचादेःप्रत्यक्षस्यनिपेधोनत्वन्यद्रव्यमिश्रितस्य नारिकेलंविहितप्रतिपिद्धं यच्चपातिकशाकादिकंजीर्णतक्रसंधिन्यादिक्षीरमनिर्दशायाःक्षीरंमृग्यादिक्षीरंफेनिलतक्रादिकं हस्तदत्तस्नेहलवणादिकंचनित्यभोजनेनिपिद्धम् तत्सर्वंश्राद्धेपिवर्जयेत् माधवीये मृतैर्मक्षिकाकृमिजंतुभिः केशरोमनखादिभिश्चदूपितंसतिसंभवेवर्जयेत् असंभवेतुकेशादिकमुद्धृत्यसंप्रोक्ष्यहिरण्यस्पर्शंकृत्वाभुंजीत श्वमार्जारमूपकादिभिरालीढादिकंत्वापद्यपिवर्ज्यमित्युक्तम् यत्तु मंडकवटकसक्तुपायसापूपकृसरादीनांस्नेहसिद्धानांचपर्युपितत्वदोपोनास्तीतिवचनंतन्नित्यभोजनपरं नतुश्राद्धपरमितिशिष्टाः यदग्निपक्वंसदेकरात्रिद्विरात्राद्यंतरितंतत्पर्युपितमुच्यते ॥

હવે વર્જ્ય પદાર્થ કહે છે.

જો પણ વિહિત (શાસ્ત્રમાં જે કહેલા છે તે) પદાર્થો કહેવાથીજ તેથી જે જુદા તે અગ્રાહ્ય છે તોપણ વિશેષ દોષ બતાવવામાટે તથા પ્રાપ્ત ન થયલો એવો નિષેધ જણાવવામાટે તેમનો સંગ્રહ કરૂંછું. લાંચ અથવા ગુપ્ત નજરાણું ઇત્યાદિકથી મળેલું, પતિત તથા અંત્યજ ઇત્યાદિક પાસેથી પ્રાપ્ત થયેલું, અન્યાયથી સંપાદન કરેલું અને કન્યાનો વિક્રય ઇત્યાદિક થકી મળેલું દ્રવ્ય તે નિંદ્ય છે. 'પિતૃકર્મ કરવામાટે મને દે' એવી યાચના કરી સંપાદન કરેલું દ્રવ્ય પણ નિષિદ્ધ છે. તુવેર, કળથી, મસૂર, કોદ્રુ, કાળી રાઈ અને કાળા સર્સવ એ નિંદ્ય છે. પ્રસિદ્ધ એવી લાંગ અને મર્કટ એટલે વાંદર, તથા મત્સ્ય એ પણ વર્જ્ય છે. સરગવો, કોળું, કાળી તથા ધોળી એ બે પ્રકારની દૂધી, કરમદાં, નીલાં મરી, રાતો ગોળ, મૂલા, કસુંબાનો પાલો ઇત્યાદિ, શણ (ભીંડી), વાંસના કોંટા, દશ પ્રકારનાં લસણ ઇત્યાદિક કાંદાના ભેદ, બનાવેલાં મીઠાં, રાતાં બીલીફલ, ધોળાં તથા કાળા રીંગણાં, ગાજર છે નામ જેનું એવાં ગૃંજન, શ્લેષ્માતક (લીસોડા×મ્હોટાં ગુંદાં) અને રાતો ગૂંદ એ પદાર્થો વર્જ્ય છે. "સમુદ્રનું તથા સૈંધવ એ મીઠાં પ્રત્યક્ષ ખાવાં, બિલાડાએ ઉચ્છિષ્ટ કરેલા તથા સુંઘેલા પદાર્થ શ્રાદ્ધમાં વર્જ્ય કરવા. ડવરાંનાં ફલ તથા ફૂલ, વાવડીંગ, મરી, બીજોરૂં અને પરવલ એ પદાર્થો શ્રાદ્ધમાં દીધાથી અધોયોનિ પ્રાપ્ત થાય છે." શ્રાદ્ધમાં સઘળાં કાળાં ધાન વર્જ્ય કરવાં, પરંતુ તિલ, મગ, અડદ એ વર્જ્ય કરવા નહીં. દાતાને જે જે પદાર્થ પ્રિય હોય તે નિંદ્ય ન હોય તો દેવા, અને તે હિતકારક થાય છે. બકરી, રીઢ અને ભેંસનાં દૂધ તથા તે દૂધથી બનેલા દહીં ઇત્યાદિ પદાર્થ વર્જ્ય કરવા. રેતી, કીડા, કાંકરી અને લાળવડે દૂષિત થએલું અન્ન, તથા લુગડાંવતી જેને પવન કરેલો છે તે અન્ન શ્રાદ્ધમાં વર્જ્ય કરવું. અપવિત્ર પ્રાણિએ સ્પર્શ કરેલું, સુકાયલું, વાસી, બે વખત રાંધેલું અને બળેલું એવું અન્ન તથા પ્રથમ તયાર કરી રાખેલા પદાર્થ એ સર્વ શ્રાદ્ધમાં વર્જ્ય કરવા." જે એક વખત રાંધવાથી ભક્ષણ કરવાયોગ્ય છતાં પણ હીંગ, જીરૂં ઇત્યાદિકવડે સુગંધી દેવા માટે બીજી વખત રાંધવામાં આવે તે બે વખત રાંધેલું એ વર્જ્ય કરવું. જે બે વખત રાંધવાથીજ ભક્ષણ કરી શકાય તે નિષિદ્ધ નથી એમ **નિર્ણયસિંધુમાં** કહ્યું છે. જે અન્નમાંનો થોડો ભાગ કોઇ પ્રાણિએ પ્રથમ ખાધેલો હોય તે અન્ન શ્રાદ્ધમાં વર્જ્ય કરવું. મારીષ એટલે રાજગિરી એ નામથી પ્રસિદ્ધ શાક તથા ધાન્ય વર્જ્ય છે. વડ, પીપળી, ઘુલર, કોઠ, કદબ અને બીજોરૂં એમનાં ફળ ભક્ષણ કરવાં નહીં. "મીઠાંસહિત દૂધ, અને ત્રાંબાના પાત્રમાં રાખેલા ગાઇનાં દૂધ અને દહીં એ મદિરાસમાન છે." એનો અપવાદ—"જેની તર ઉતારી નથી એવું દૂધ તથા દૂધસહિત દહીં અને ઘી એ ત્રાંબાના પાત્રમાં હોય તોપણ નિષિદ્ધ નથી." પીપર, ગોળાકાર મરી ઇત્યાદિકનો પ્રત્યક્ષ નિષેધ છે, બીજા પદાર્થ સાથે મિશ્રિત કરેલા હોય તો દોષ નથી. નારિયળ વિહિત અને પ્રતિષિદ્ધ છે. જે પૌતિક (પોથીનાં પાન, વરિયાળી, સુવા)નું શાક ઇત્યાદિક, વાસી છાસ, સંધિની (જેની વાંસે સાંઢ થયલો હોય એવી ગાય) ઇત્યાદિકનું દૂધ, વીયાયે દશ દિવસ થયા ન હોય એવી ગાયનું દૂધ, હરીણી ઇત્યાદિકનું દૂધ, ફીણવાળી છાસ ઇત્યાદિક અને હાથોહાથ દીધેલાં ઘી, તેલ તથા મીઠું ઇત્યાદિક પદાર્થ નિત્યભોજનમાં નિષિદ્ધ છે તે સઘળા શ્રાદ્ધવિષે પણ વર્જ્ય કરવા. **માધવના ગ્રંથમાં**—મરેલા માંખી, કીડા ઇત્યાદિક પ્રાણી, કેશ, રોમ અને નખ ઇત્યાદિકેકરી દૂષિત થયલું અન્ન સંભવ હોય તો વર્જ્ય કરવું. સંભવ ન હોય તો, કેશાદિક કાઢી પ્રોક્ષણ કરી સોનું અડાડી ભક્ષણ કરવું. કુતરાં, મીંદડાં અને ઉંદર ઇત્યાદિકે ચાટેલું હોય તો આપત્તિવિષે પણ વર્જ્ય કરવું એમ કહ્યું છે.[1] મોટો,

---

[1] माधवीयेतुमार्जारोच्छिष्टादेरपिकुशादिप्रोक्षणाद्युक्तं ॥

[2] માધવના ગ્રંથમાં તો માંજારના ઉચ્છિષ્ટ ઇત્યાદિક અન્નને પણ કુશાદિકવડે પ્રોક્ષણાદિક કરવું, એમ કહ્યુ છે.

વડા, સાથવો, દૂધપાક, પૂડા અને કૃસર (તિલમિશ્રિત ભાત) ઇત્યાદિક તથા તેલમાં તળેલા એ પદાર્થ વાસી હોય તોપણ દોષ નથી એવું જે વચન તે નિત્યભોજન માટે છે, શ્રાદ્ધ માટે નથી એમ શિષ્ટ કહે છે. જે રાંધેલું છતાં તેની ઉપર એક બે ઇત્યાદિક રાત્રિ જાય તે વાસી એમ કહેવાય છે.

कदर्यादीनामन्नंनित्यभोजनेश्राद्धकर्मणिचनग्राह्यम् ॥ तेच कदर्यश्चोरोनटोवीणोपजीवीवार्धुषिकोभिशस्तोगणिकाचिकित्सकः क्रुद्धः पुंश्चलीमत्तःक्रूरःशत्रुःपतितोदांभिकःपतिपुत्ररहितास्त्रीस्वर्णकारःस्त्रीजितोग्रामयाजकोघातुकःकर्मारस्तंतुवायःकृतघ्नोवस्त्रक्षालनोपजीवीदारोपजीवीसोमविक्रयीचित्रकर्मागायकइत्यादयस्त्रैवर्णिकाअपिअग्राह्यान्नाः आत्मानंधर्मकृत्यंचपुत्रदारांश्चपीडयेत् लोभाद्यःपितरौभृत्यान्सकदर्यइतिस्मृतः द्वावेवाश्रमिणौभोज्यौब्रह्मचारीगृहीतथा वानप्रस्थोयतीलिंगीनभोज्यान्नाःप्रकीर्तिताः षण्मासंयोद्विजोभुंक्तेशूद्रस्यान्नंविगर्हितम् सतुजीवन्भवेच्छूद्रोमृतःश्वाचाभिजायते अन्यानिचद्रव्याणिनिबंधेषुबहूनिनिषिद्धानि तानिविहितोक्त्यर्थसिद्धत्वादप्रसिद्धत्वाच्चनोक्तानि दुर्गंधिफेनिलंक्षारंपंकिलंपल्वलोदकम् नभवेद्यत्रगोतृप्तिर्नक्तंयच्चाप्युपाहृतम् नग्राह्यंतज्जलंश्राद्धेयच्चाभोज्यनिपानजम् स्नानमाचमनंदानंदेवतापितृतर्पणम् शूद्रोदकैर्नकुर्वीततथामेघाद्विनिःसृतैः नाहरेदुदकंरात्रौतुलसींगोमयंमृदं तुलसीबिल्वजाह्नवीजलभिन्नंपर्युषितंजलंपुष्पंचत्यजेत् दौहित्रःकुतुपःकालश्छागःकृष्णाजिनंतथा रौप्यंदर्भास्तिलागावःखड्गपात्रंपितृप्रियम् आरण्याःकृष्णतिलामुख्याः तदभावेग्राम्यागौराःकृष्णाश्च छागसान्निध्यंश्राद्धेतिप्रशस्तं कुक्कुटविड्वराहकाकमार्जारशूद्रषंढरजस्वलासान्निध्यमतिनिंद्यम् चांडालरजस्वलाखंजश्वित्रिन्यूनांगातिरिक्तांगादिभिर्वीक्षितमन्नमभोज्यं आपदिमृद्भस्महिरण्योदकस्पर्शाद्भोज्यम् पावमानीतरत्समंदीमंत्रैर्गायत्र्यादिभिश्चदर्भजलप्रोक्षणेदुष्टान्नशुद्धिः पादुकोपानहौछत्रंरक्तंचित्रांबरंतथा रक्तपुष्पंचमार्जारंश्राद्धभूमौविवर्जयेत् घंटानादोश्वघर्घूरशंखशुक्तिसान्निध्यंचवर्ज्यम् ॥

કદર્ય ઇત્યાદિકનું અન્ન નિત્યભોજન અને શ્રાદ્ધકર્મવિષે લેવું નહીં. તે (કદર્યાદિક) કહે છે—કદર્ય, ચોર, નટ, વીણાવાજીંત્રથકી આજીવિકા ચલાવનારો, વ્યાજવડે આજીવિકા ચલાવનારો, લોકનિંદાથી દૂષિત થયેલો, વેશ્યા, વૈદ્ય, ક્રોધી, વ્યભિચારિણી, ઉન્મત્ત, ક્રૂર, શત્રુ, પતિત, દાંભિક, પતિ તથા પુત્રેરહિત એવી સ્ત્રી, સોની, સ્ત્રીજીત, ગામનો ઉપાધ્યાય, હિંસક, કર્માર (સલાટ, સુતાર વગેરે કસબી). તંતુવાય (વણાટ કરનારો), કૃતઘ્ની, ધોબી, સ્ત્રીવડે આજીવિકા ચલાવનારો, સોમ વેચનારો, ચીતારો અને ગવૈયો ઇત્યાદિક એ જો ત્રૈવર્ણિક (બ્રાહ્મણ ક્ષત્રિય તથા વૈશ્ય) હોય તો પણ તેમનું અન્ન લેવું નહીં. "દેહ, ધર્મકાર્ય, પુત્ર, સ્ત્રી, માતા અને પિતા એમને લોભથી જે પીડા ઉપજાવે તે કદર્ય જાણવો." "બ્રહ્મચારી અને ગૃહસ્થ એ બે આશ્રમવાળાજ ભોજ્યાન્ન (ભોજન કરવા યોગ્ય છે અન્ન જેનું એવા) છે. વાનપ્રસ્થ, સન્યાસી અને લિંગી (પેટ ભરવામાટે ચિહ્ન ધારણ કરનારો) એ ભોજ્યાન્ન નથી. જે દ્વિજ છ માસ શૂદ્રસંબંધી નિંદિત એવું અન્ન ભોજન કરે તે જીવે ત્યાંસુધી શૂદ્ર બની મરતા પછી કુતરાની યોનીને પ્રાપ્ત થાય છે." બીજા પદાર્થ મ્હોટા નિબંધોમાં ઘણા નિષિદ્ધ કરેલા છે, પણ તે વિહિત પદાર્થ કહેવાથીજ નિષિદ્ધ થાય છે એમ અર્થાત્ સિદ્ધ થવાથી તથા તે અપ્રસિદ્ધ હોવાથી કહ્યા નથી. "દુર્ગંધયુક્ત, ફીણયુક્ત, ખારૂં, ગારાવાળું, ખાબોચિયાનું જલ, જે જલમાં ગાયની તૃપ્તિ થાય નહીં તે, અને રાત્રિએ ભરી રાખેલું એવું જલ શ્રાદ્ધમાં લેવું નહીં, તેમજ અભોજ્યાન્ન મનુષ્યનાં ટાંકાં ઇત્યાદિકમાંનું જે જલ તે પણ લેવું નહીં. સ્નાન, આચમન, દાન અને દેવતા તથા પિતૃનું તર્પણ એ શૂદ્રે લાવેલા જલવડે તથા મેઘના જલવડે કરવું નહીં. જલ, તુલસી, છાણુ અને માટી એ રાત્રિયે લાવવાં નહીં." તુલસી, બીલી અને ગંગાજલ એવિના બીજાં ફૂલ તથા જલ જે વાસી હોય તે છોડી દેવાં. "દોહિત્રો, કુતુપ કાળ, છાગ, (બકરો) કાળા મૃગનું ચર્મ, રૂપું, દર્ભ, તિલ, ગાય અને ગેંડાનું પાત્ર એ પદાર્થ પિતૃને પ્રિય છે." અરણ્યમાં ઉપજેલા કાળા તિલ મુખ્ય છે, તે ન મળે તો ગામમાં થએલા ધોળા તથા કાળા તિલ લેવા. શ્રાદ્ધમાં બકરાનું સાન્નિધ્ય અતિ ઉત્તમ છે. કુકડો, ગામનો ડુક્કર, કાગડો, બીલાડો, શૂદ્ર, નપુંસક અને રજસ્વલા એમનું સાન્નિધ્ય અતિ નિંદ્ય છે. ચાંડાલ, રજસ્વલા, લંગડો, કોઢિયો, ઓછાં અંગવાળો અને અધિક અંગવાળો ઇત્યાદિકે જોયેલું અન્ન અભોજ્ય છે. આપત્તિ હોય તો મૃત્તિકા, ભસ્મ, સોનું, અથવા જલ એ અડકવાથી ભક્ષણ કરવાને યોગ્ય છે. પાવમાની ઋચા તથા, તરત્સમંદી ઋચા એ મંત્રવડે તથા ગાયત્રી ઇત્યાદિક

મંત્રેકરી દર્ભવડે જલનું પ્રોક્ષણ કરવાથી દૂષિત અન્નની શુદ્ધિ થાય છે. "પાદુકા, પગરખાં, છત્ર, રાતાં વસ્ત્ર, ચિત્રવસ્ત્ર, રાતાં ફૂલ અને મીંદડો એ પદાર્થો શ્રાદ્ધભૂમીમાં વર્જિત કરવા." ઘંટાનાદ, ઘોડો, ધત્તૂરો, શંખ અને છીપ એ પદાર્થ વર્જ્ય છે.

अथश्राद्धदिनकृत्यम् ॥ गोमयादिभिर्भूमिभांडशुद्धिः देवताब्रह्मचारियतिशिशूनांपिंडदानपर्यंतमन्नंनदेयम् अतिशिशवस्तुगृहांतरेभोजनीयाः तिलानवकिरेत्तत्रसर्वतोबंधयेदजान् पाकःश्राद्धकर्त्रा स्वयमेवकार्यः तदभावेशुद्धपत्न्यातदभावेतुबांधवैः सगोत्रैर्वासपिंडैर्वामित्रैर्वासुगुणान्वितैः पुंश्चलींचतथावंध्यांविधवांचान्यगोत्रजां वर्जयेच्छ्राद्धपाकार्थममातृपितृवंशजाम् नपाकंकारयेत्पुत्रींगर्भिणींचापि दुर्मुखीं पाकभांडानिसौवर्णरौप्यताम्रोद्भवानिच कांस्यानिमृन्मयंतूक्तंनव्यमेवमनीषिभिः पैत्तलंरंगजातंचविहितंनोनर्निदितम् नकदाचित्पचेदन्नमयस्स्थालीषुपैतृकम् फलशाकादिछेदनार्थभिन्नानामायसानांशस्त्राणांभांडानांच दर्शनमपिपाकादिस्थानेनिषिद्धं पक्वान्नस्थापनार्थंतुशस्यंतेदारुजान्यपि गृह्याग्नौतु पचेदन्नंश्राद्धीयंलौकिकेपिवा यस्मिन्नग्नौपचेदन्नंतस्मिन्होमोविधीयते ॥

હવે શ્રાદ્ધદિવસનું કૃત્ય કહે છે.

છાણ ઇત્યાદિકવડે પૃથ્વી અને પાત્રની શુદ્ધિ કરવી. દેવતા, બ્રહ્મચારી, સંન્યાસી અને બાળકને પિંડદાન થયાપર્યંત અન્ન દેવું નહીં. અતિ ન્હાનાં બાળકોને બીજા ઘરમાં ભોજન દેવું. "શ્રાદ્ધભૂમીમાં તિલ છાંટવા, તથા ચારેમેર બકરા બાંધવા." શ્રાદ્ધસંબંધી પાક શ્રાદ્ધકર્ત્તાએ પોતેજ કરવો. "પોતાથી કરી ન શકાય તો પવિત્ર એવી સ્ત્રી પાસે કરાવવો, તેવી સ્ત્રી ન હોય તો બાંધવ, અથવા સગોત્ર, અથવા સપિંડ, કિંવા ગુણી એવા મિત્રપાસે કરાવવો. વ્યભિચારિણી, વાંઝણી, વિધવા, પરગોત્રમાં જન્મેલી અને શ્રાદ્ધકર્ત્તાના માતપિતાના વંશમાં જન્મેલી ન હોય એવી સ્ત્રીઓ શ્રાદ્ધના પાકમાટે વર્જ્ય છે. કન્યા, સગર્ભા અને દુર્મુખી એ સ્ત્રીઓપાસે પાક કરાવવો નહીં. શ્રાદ્ધના પાકનાં વાસણ સોનાનાં, રૂપાનાં, ત્રાંબાનાં અથવા કાંસાનાં એવાં જોઇએ. માટીનાં હોય તો નવાંજ હોવાં જોઇએ એમ વિદ્વાનોએ કહ્યું છે. પિતળનાં અને કલીનાં પાત્ર વિહિત નથી તેમ નિંદિત નથી. લોખંડના પાત્રમાં ક્યારે પણ પિતૃઅર્થે અન્ન રાંધવું નહીં." ફળ, શાક ઇત્યાદિકને સવારવામાટે જે, છુરી ઇત્યાદિક શસ્ત્ર તેવિના બીજાં લોખંડનાં શસ્ત્ર તથા વાસણ એનું દર્શન પણ પાકાદિક સ્થાનકમાં નિષિદ્ધ છે. "રાંધેલું અન્ન રાખવામાટે લાકડાનાં વાસણ પણ ઉત્તમ છે." શ્રાદ્ધનો પાક ગૃહ્યાગ્નિ અથવા લૌકિકાગ્નિ ઉપર કરવો. જે અગ્નિ ઉપર પાક કર્યો હોય તે અગ્નિમાં હોમ કરવો.

तत्रगृह्याग्नौपाकेविशेषः ॥ प्रातर्होमंकृत्वातदेकदेशंमहानसेकृत्वापाकंकुर्यात् पाकांतेपाकाग्न्येकदेशंगृह्याग्नौसंयोज्यगृह्येऽग्नौकरणवैश्वदेवादिकार्यम् अत्रैवंव्यवस्था कात्यायनादीनांगृह्याग्नौपाकः आश्वलायनानांतुनैत्यकेपचनाग्नौ अग्नौकरणंत्वाश्वलायनानांव्यतिषंगेणश्राद्धेगृह्याग्निपक्वचरुणागृह्येएव व्यतिषंगाभावेपाणिहोमः अन्यशाखीयस्यगृह्याग्नावेवाग्नौकरणं विधुरस्योच्छिन्नाग्निकस्यचपृष्ठोदिविविधानादिनाग्निसंपादनं तच्चपूर्वार्धेउक्तम् भोजनपात्राणितुहेमरौप्यकांस्यजानिवापलाशकमलकदलीमधूकपत्रनिर्मितानिवा ॥

તેમાં ગૃહ્યાગ્નિ ઉપર પાક કરવો હોય તો વિશેષ કહે છે-પ્રાતઃકાલે હોમ કરી તે ગૃહ્યાગ્નિમાંથી થોડોએક અગ્નિ રસોડામાં લઈ જઇ તે અગ્નિ ઉપર પાક કરવો. પાક થઇ રહ્યા પછી પાકના અગ્નિમાંથી થોડો અગ્નિ ગૃહ્યાગ્નિસાથે મેળવી ગૃહ્યાગ્નિ ઉપર અગ્નૌકરણ, અને વૈશ્વદેવ ઇત્યાદિક કરવાં. એમાં આ રીતની વ્યવસ્થા કરવી. કાત્યાયન ઇત્યાદિકોએ ગૃહ્યાગ્નિ ઉપર પાક કરવો. આશ્વલાયનોએ તો, નિત્યના પાકાગ્નિ ઉપર પાક કરવો. અગ્નૌકરણ કરવું તે તો, આશ્વલાયનોએ વ્યતિષંગેકરી શ્રાદ્ધ હોય તો ગૃહ્યાગ્નિ ઉપર ચરૂ પકવ કરી ગૃહ્યાગ્નિ ઉપરજ કરવું. વ્યતિષંગ ન હોય તો પાણિહોમ કરવો. બીજી શાખાવાળાઓએ ગૃહ્યાગ્નિ ઉપરજ અગ્નૌકરણ કરવું. વિધુર (જેની સ્ત્રી મરેલી હોય તે) તથા વિચ્છિન્નાગ્નિક (નષ્ટ થયો છે અગ્નિ જેનો તે) હોય તો "पृष्ठो दिवि॰" એ વિધાનાદિકે કરી અગ્નિ ઉત્પન્ન કરવો. તે વિધાન પૂર્વાર્ધમાં (પત્ર ૩૧૬ માં) કહ્યું છે. ભોજનનાં પાત્ર તો સોનાનાં, રૂપાનાં અથવા કાંસાનાં કરવાં, કિંવા ખાખરો, કમલ, કેલ અને મહુડાનાં પાનનાં કરવાં.

अथनिमंत्रणादिश्राद्धाहेभुक्तान्नपरिणामपर्यंतंकर्तुर्विप्राणांचनियमाः ॥ स्त्रीसंगपुनर्भोजनानृतभाषणाध्यापनद्यूतायासभारोद्वहनहिंसादानप्रतिग्रहचौर्याध्वगमनदिवास्वापकलहादिवर्जनंकर्तृभोक्त्रुभयधर्माः स्त्रीसंगश्चश्राद्धदिनेतत्पूर्वदिनेचऋतुकालेपिवर्ज्यः तांबूलक्षुरकर्माभ्यंगदंतधावनवर्जनंकर्तृधर्माः भोक्तृविप्राणांतैलाभ्यंगेउद्वर्तनेक्षौरेचविकल्पः कर्तुर्भोक्तुश्चमुख्यवारुणस्नानेनैवाधिकारो नतुगौणस्नानेन श्राद्धकृच्छुक्लवासाःस्यान्मौनीचविजितेंद्रियः उपवासंपरान्नंचऔषधंचविवर्जयेत् अवस्त्रत्वंमलवद्वस्त्रत्वंकौपीनवत्त्वंकच्छहीनत्वमनुत्तरीयत्वंकाषायवस्त्रत्वमार्द्रवस्त्रत्वंद्विगुणवस्त्रत्वंरक्तवस्त्रत्वंदग्धवस्त्रत्वंस्यूतवस्त्रत्वमित्येकादशविधनग्नत्वंकर्तृभोक्तृभ्यांवर्ज्यं कर्तुर्ललाटेऊर्ध्वपुंड्रादेर्विकल्पःभोक्तुस्तुभवत्येव चंदनतिलकस्तुपिंडदानात्प्राक्कर्तुर्वर्ज्यः भोक्तुस्तुभोजनकालात्प्राक्वर्ज्यः सदर्भहस्तेनतिलकोनकार्यः करणेआचमनंदर्भत्यागश्च कर्त्रानिमंत्रितविप्रत्यागोनकार्यः प्रमादेनत्यागेयत्नेनविप्रःप्रसादनीयः बुद्धिपूर्वकत्यागेयतिचांद्रायणंप्रायश्चित्तं आमंत्रितस्तुयोविप्रोभोक्तुमन्यत्रगच्छति नरकाणांशतंगत्वाचांडालेष्वभिजायते आमंत्रितस्तुयःश्राद्धेविलंबंकुरुतेद्विजः देवद्रोहीपितृद्रोहीपच्यतेनरकेषुसः स्त्रीसंगःपुनर्भोजनंचश्राद्धपूर्वरात्रावपिकर्तृभोक्तृभ्यांवर्ज्यं दशकृत्वःपिबेदापोगायत्र्याश्राद्धभुग्द्विजः सायंसंध्यामुपासीतजपेच्चजुहुयादपि सूतकेचप्रवासेचअशक्तौश्राद्धभोजने औपासनादिकंहोमंनकुर्यात्किंतुकारयेत् निमंत्रितस्तुनश्राद्धेकुर्याद्भार्यादिताडनं अपराह्णाख्यमुहूर्तत्रयेवनस्पतिच्छेदंदधिमंथनंसर्वैर्नकार्यं यदाकर्तुरशक्तयातत्पुत्रशिष्यादिःप्रतिनिधिःश्राद्धंकरोति तदा यजमानप्रतिनिधिभ्यामुभाभ्यांपूर्वोक्ताःसर्वेकर्तृनियमाःकार्याः मुक्तकच्छातुयानारीमुक्तकेशीतथैवच हसतेवदतेत्यंतंनिराशाःपितरोगताः सवर्णंप्रेषयेद्दातंद्विजानांतुनिमंत्रणे अभोज्यंब्राह्मणस्यान्नंवृषलेननिमंत्रितं तथैवचवृषलस्यान्नंब्राह्मणेननिमंत्रितं वृषलःशूद्रः ॥

હવે નિમંત્રણ થયું ત્યાંથી તે શ્રાદ્ધદિવસે ભોજન કરેલા અન્નનું પાચન થઈ જાય ત્યાંસુધી શ્રાદ્ધકર્ત્તાના અને બ્રાહ્મણોના નિયમ કહે છે–સ્ત્રીસંગ, બીજીવાર ભોજન, મિથ્યા ભાષણ, અધ્યાપન, દ્યૂત, પરિશ્રમ, ભાર ઉપાડવો, હિંસા, દાન, પ્રતિગ્રહ, ચોરી કરવી, પંથ કરવો, દિવસે નિદ્રા અને કલહ ઇત્યાદિક વર્જ્ય કરવાં, એ કર્ત્તા તથા ભોક્તા એ બન્નેના ધર્મ છે. સ્ત્રીસંગ વર્જ્ય કરવો તે તો શ્રાદ્ધદિવસે તથા શ્રાદ્ધના પ્રથમ દિવસે ઋતુકાલે પણ વર્જ્ય કરવો. તાંબૂલ, વાળ ઉતરાવવા, તૈલમર્દન અને દંતધાવન એ વર્જ્ય કરવાં તે શ્રાદ્ધકર્ત્તાના ધર્મ છે. શ્રાદ્ધમાં ભોજન કરનારા બ્રાહ્મણને તૈલમર્દન, અવટન લગાડવું તથા ક્ષૌર એવિષે વિકલ્પ છે. કર્ત્તા અને ભોક્તા એ બન્નેને મુખ્ય જલસ્નાનવડેજ અધિકાર પ્રાપ્ત થાય છે, ગૌણસ્નાનવડે થતો નથી. "શ્રાદ્ધકર્ત્તાએ સફેદ વસ્ત્ર પ્હેરી, મૌનયુક્ત અને જીતેંદ્રિય થઈ રેહેવું; તથા ઉપવાસ, પરાન્ન અને ઔષધ વર્જ્ય કરવું." વસ્ત્રહીન, મલિન વસ્ત્રવાળો, કૌપીનવાળો, કચ્છહીન, ઉત્તરીય વસ્ત્રરહિત, કાષાય વસ્ત્રવાળો, ભીજેલાં વસ્ત્રવાળો, બેવડાં વસ્ત્રવાળો, રાતાં વસ્ત્રવાળો, બળેલાં વસ્ત્રવાળો અને સાંધેલાં વસ્ત્રવાળો (નગ્ન કહેવાય) એ અગીયાર પ્રકારનું નગ્નપણું શ્રાદ્ધકર્ત્તા અને ભોક્તાએ વર્જ્ય કરવું. કર્ત્તાના કપાલમાં ઊર્ધ્વપુંડ્ર ઇત્યાદિક ધારણ કરવાને વિકલ્પ છે. ભોક્તાએ તો, અવશ્ય ઊર્ધ્વપુંડ્ર ધારણ કરવું. સુખડનું તિલક તો પિંડદાનની પ્રથમ કર્ત્તાએ કરવું નહીં. ભોજન કર્ત્તાએ તો ભોજનકાલથી પ્રથમ વર્જ્ય કરવું. દર્ભસહિત હાથવડે તિલક કરવું નહીં, કરે તો આચમન કરી દર્ભનો ત્યાગ કરવો. કર્ત્તાએ નોતરેલા બ્રાહ્મણનો ત્યાગ કરવો નહીં, પ્રમાદથી ત્યાગ કીધો હોય તો યત્ન કરી તે બ્રાહ્મણને પ્રસન્ન કરવો. બુદ્ધિપૂર્વક ત્યાગ કીધો હોય તો યતિચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું. "નોતરેલો જે બ્રાહ્મણ તે ભોજન કરવામાટે અન્યત્ર જાય તો સો નરક પામી અંતે ચાંડાલોમાં જન્મ પામે છે. શ્રાદ્ધમાં નોતરેલો બ્રાહ્મણ જો વિલંબ કરે તો તે દેવદ્રોહી અને પિતૃદ્રોહી થઇ નરકમાં પીડા પામે." સ્ત્રીસંગ, તથા બીજી વખત ભોજન શ્રાદ્ધદિવસની પ્રથમ રાત્રિએ પણ કર્ત્તા તથા ભોક્તાએ વર્જ્ય કરવું. શ્રાદ્ધમાં જમેલા બ્રાહ્મણે દશવાર ગાયત્રીમંત્રવડે મંત્રેલું જલ પીવું, સંધ્યા કરવી, જપ અને હોમ પણ કરવો." "સૂતક, પરદેશ, અસામર્થ્ય અને શ્રાદ્ધભોજન એટલે સમયે ઔપાસનાદિક હોમ પોતે કરવો નહીં, પણ બીજાપાસેથી કરાવવો. શ્રાદ્ધવિષે નિમંત્રણ થયા છતાં સ્ત્રી ઇત્યાદિકને માર મારવો નહીં." અપરાહ્ણ એ નામના જે ત્રણ મુહૂર્ત્ત તે સમયે સઘળાઓએ ઝાડ તોડવાં નહીં, અને દહીં મથવું નહીં. જ્યારે કર્ત્તાને અશક્તિ હોવાથી તેનો પુત્ર, શિષ્ય ઇત્યાદિક પ્રતિનિધિ શ્રાદ્ધ કરે ત્યારે યજમાન અને પ્રતિનિધિ એ બન્ને જણાઓએ પ્રથમ કહેલા કર્ત્તાના સઘળા નિયમ પાળવા. "કાછરહિત તથા છુટા કેશવાળી સ્ત્રી બહુ હસે તથા

બહુ બોલે તો પિતૃ નિરાશ થઇને જતા રહે છે. બ્રાહ્મણને નિમંત્રણ કરવામાટે પોતાની જાતનો અને લાયક એવો પુરૂષ મોકલવો. બ્રાહ્મણનું અન્ન વૃષલે નિમંત્રિત હોય તો તે અભોજ્ય થાય, અને વૃષલનું અન્ન બ્રાહ્મણે નિમંત્રિત હોય તો તે અભોજ્ય છે." વૃષલ એટલે શૂદ્ર જાણવો.

अथश्राद्धेब्राह्मणसंख्या ॥ वैश्वदेवेसमाःपित्र्येविषमाः तेनद्वौवैश्वदेवेत्रयःपितृपार्वणेइतिपंचविप्राः अथवाचत्वारोदैवेपार्वणेतुपित्रादीनामेकैकस्यत्रयस्त्रयइतित्रयोदशविप्राः यद्वापित्रादेरेकैकस्यपंचेत्येकोनविंशतिः किंवाएकैकस्यसप्तेतिपंचविंशतिः एवंदर्शादौपार्वणाधिक्येविप्राधिक्यमूह्यं तथाचवैश्वदेवेद्वौचतुरोवोपवेश्यपित्रादिष्वेकैकस्यस्थानेएकंत्रीन्पंचसप्तनववोपवेशयेदितिनिष्कर्षः सत्क्रियांदेशकालौचद्रव्यब्राह्मणसंपदं शौचंचविस्तरंहंतीतिपक्षे अशक्तौवादैवेएकः पितृपार्वणेचैकइतिद्वौविप्रौ तदुक्तंश्रीभागवते द्वौदैवेपितृकार्येत्रीनेकैकमुभयत्रवा भोजयेत्सुसमृद्धोपिश्राद्धेकुर्यान्नविस्तरं देशकालोचितश्रद्धाद्रव्यपात्रार्हणानिच सम्यग्भवंतिनैतानिविस्तरात्स्वजनार्पणादिति एतेनद्वौदैवेएकःपित्र्येइतिविप्रत्रयपक्षोनिर्मूलोवेदितव्यः द्वौदैवेथर्वणौविप्रौप्राङ्मुखावुपवेशयेत् पित्र्येतूदङ्मुखांस्त्रींश्चऋग्यजुःसामवेदिनः अत्यशक्तौपार्वणद्वयेएकोविप्रः ॥

હવે શ્રાદ્ધવિષે બ્રાહ્મણોની સંખ્યા કહે છે.

વિશ્વેદેવાને સ્થાનકે સમ, તથા પિતૃને સ્થાનકે વિષમ જોઇએ તેથી વિશ્વેદેવાને ઠેકાણે બે અને પિતૃપાર્વણને ઠેકાણે ત્રણ મળી પાંચ બ્રાહ્મણ જોઇએ. અથવા દેવસ્થાનકે ચાર અને પાર્વણવિષે તો પિતા ઇત્યાદિક જે ત્રણ તેમાં એકેકના ત્રણ ત્રણ એ રીતે સઘળા મળી તેર બ્રાહ્મણ કહેવા. અથવા પિતા ઇત્યાદિક એકેકના પાંચ પાંચ એ રીતે સઘળા મળી ઓગણીશ બ્રાહ્મણ કહેવા. અથવા એકેકના સાત સાત એ રીતે મળી પચીશ કહેવા. એપ્રમાણે દર્શાદિક શ્રાદ્ધવિષે પાર્વણ અધિક હોય તો કલ્પના કરી બ્રાહ્મણ અધિક કહેવા. એટલે વિશ્વેદેવાને ઠેકાણે બે અથવા ચાર બેસાડી પિતા ઇત્યાદિક એકેકાને સ્થાનકે એક, ત્રણ, પાંચ, સાત, અથવા નવ બેસાડવા એ તાત્પર્ય જાણવો. "શ્રાદ્ધવિષે વિસ્તાર કરવાથી સત્ક્રિયા, દેશ, કાલ, દ્રવ્ય, બ્રાહ્મણરૂપ સંપત્તિ અને પવિત્રપણું એમનો નાશ થાય છે," એ પક્ષમાં અથવા સામર્થ્ય ન હોય તો દેવસ્થાનકે એક અને પિતૃપાર્વણસ્થાનકે એક મળીને બે કહેવા. તે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે. "દેવકાર્યમાં બે તથા પિતૃકાર્યમાં ત્રણ અથવા દેવસ્થાનકે એક તથા પિતૃસ્થાનકે એક એ રીતે બ્રાહ્મણોને ભોજનમાટે કહેવું. મ્હોટી સમૃદ્ધિવાળો હોય તોપણ શ્રાદ્ધમાં વિસ્તાર કરવો નહીં," "પોતાના સંબંધીઓને ભોજનમાટે નોતરવાથી જે વિસ્તાર થાય છે તેથી દેશ, કાલ, યોગ્ય, શ્રદ્ધા, દ્રવ્ય, પાત્ર અને પૂજન એ યથાવિધિ બની શકે નહીં," એથી દેવસ્થાનકે બે અને પિતૃસ્થાનકે એક એ રીતે ત્રણ બ્રાહ્મણનો જે પક્ષ તે નિર્મૂલ જાણવો. "દેવકર્મવિષે બે અથર્વણવેદી બ્રાહ્મણ પૂર્વાભિમુખ બેસાડવા. પિતૃસ્થાનકે તો ઋગ્વેદી, યજુર્વેદી તથા સામવેદી એવા ત્રણ બ્રાહ્મણ ઉત્તરાભિમુખ બેસાડવા." અતિ અશક્તિ હોય તો બે પાર્વણવિષે એક બ્રાહ્મણને કહેવું.

यदैकएवविप्रस्तदाविश्वेदेवस्थाने शिवलिंगंशालग्रामंवासंस्थाप्य सर्वश्राद्धंसमाचरेत् दैवान्नंतत्क्षिपेदह्नौदद्याद्वाब्रह्मचारिणे स्थानत्रयेएकोविप्रइतिपक्षःसपिंडीकरणादन्यत्र सपिंडीकरणेतुपार्वणेत्रयएवविप्राः वृद्धिश्राद्धेतुदैवेद्वौप्रतिपार्वणंद्वौद्वावेवमष्टौनिकृष्टपक्षे संपदिदैवेचत्वारः प्रतिपार्वणंचत्वारइतिषोडशेत्येवंदैवेपित्र्येचसमाविप्राइतिविशेषः सर्वथाब्राह्मणालाभेकृत्वादर्भमयान्वटून् प्रैषानुप्रैषसंयुक्तंसर्वश्राद्धंप्रकल्पयेत् अत्रविप्रानुकूल्यरूपदृष्टप्रयोजनाभावेप्यदृष्टार्थंदक्षिणादेया एवंयतेःश्राद्धोपवेशनेपिसाचदक्षिणाकालांतरेन्यस्मैप्रतिपादनीया अथवाभ्यर्चितंलिंगंशालग्राममथापिवा संस्थाप्यदेवपित्रर्थेपीठेश्राद्धंचरेन्नरः पितरस्तस्यतिष्ठंतिकल्पकोटिशतंदिवि निमंत्रणंतुविप्राणांपूर्वेद्युःसद्यएववा कुर्याद्विप्रांश्चनियमाञ्छ्रावयेत्पैतृकान्बुधः अक्रोधनैःशौचपरैःसततंब्रह्मचारिभिः भवितव्यंभवद्भिश्चमयाचश्राद्धकारिणेति ॥

જ્યારે એકજ બ્રાહ્મણ હોય ત્યારે વિશ્વેદેવાને ઠેકાણે શિવલિંગ અથવા શાલગ્રામનું સ્થાપન કરી સઘળું શ્રાદ્ધ કરવું. "દેવનું અન્ન અગ્નિમાં હોમવું અથવા બ્રહ્મચારીને દેવું." ત્રણ ઠેકાણે મળી એક

બ્રાહ્મણ કહેવો એવો જે પક્ષ તે સપિંડીકરણવિના અન્યત્ર જાણવો. સપિંડીકરણવિષે તો પાર્વણમાં ત્રણજ બ્રાહ્મણ કહેવા. નાંદીશ્રાદ્ધવિષે તો દેવસ્થાનકે બે અને એકેક પાર્વણ ઠેકાણે બે બે મળી આઠ બ્રાહ્મણ નિકૃષ્ટ (ઓછામાં ઓછા) પક્ષમાં કહેવા. સંપત્તિ હોય તો દેવસ્થાનકે ચાર, એકેક પાર્વણવિષે ચાર ચાર એ રીતે મળી સોળ એમ દેવસ્થાનકે તથા પિતૃસ્થાનકે સમ બ્રાહ્મણ કહેવા, એપ્રમાણે વિશેષ જાણવો. “સર્વથા બ્રાહ્મણ ન મળે તો દર્ભના બટુ કરી પ્રૈષ અનુપ્રૈષસહિત સઘળું શ્રાદ્ધ કરવું.” એ દર્ભબટુવાળા શ્રાદ્ધવિષે બ્રાહ્મણોની અનુકૂલતારૂપ દેખીતું પ્રયોજન જો કે નથી તો પણ અદૃષ્ટફલમાટે દક્ષિણા દેવી. એ રીતે સંન્યાસી શ્રાદ્ધમાં બેઠેલો હોય તો પણ દક્ષિણા દેવી તે (દર્ભ બટુ પાસે રાખેલી) દક્ષિણા બીજે સમયે બીજાને આપી દેવી. “અથવા પૂજેલું શિવલિંગ કિંવા શાલગ્રામ દેવપિતૃસ્થાનકે પાટલા ઉપર બેસાડી જે મનુષ્ય શ્રાદ્ધ કરે છે તેના પિતૃ સો ક્રોડ કલ્પપર્યંત સ્વર્ગવિષે રહે છે. બ્રાહ્મણને શ્રાદ્ધવિષે નિમંત્રણ કરવું તે પૂર્વ દિવસે અથવા શ્રાદ્ધદિવસેજ કરવું, શ્રાદ્ધસંબંધી નિયમો પોતે પાળવા અને બ્રાહ્મણને સંભળાવવા.” તે નિયમો કહે છે—“ક્રોધરહિત, પવિત્રતાપરાયણ અને નિરંતર બ્રહ્મચારી એ રીતે હું શ્રાદ્ધ કર્તા અને તમોએ રહેવું.”

अथसामान्यतःश्राद्धपरिभाषा ॥ निपात्यदक्षिणंजानुंदेवान्परिचरेत्सदा पितृणांपरिचर्यातु वामजानुनिपातनात् प्रदक्षिणंतुदेवानांपितृणामप्रदक्षिणम् पितृणांद्विगुणाभुग्नादर्भादैवेऋजुत्वगाः दैवेतूदङ्मुखःकर्तापित्र्येस्याद्दक्षिणामुखः संकल्पेक्षणदानेपाद्येआसनेआवाहनेर्घ्यदानेगंधाद्याच्छादनांतपंचोपचारेन्नदानेपिंडदानेंजनाभ्यंजनयोरक्षय्येस्वधावाचनेचसंबंधगोत्रनामोच्चारणमावश्यकमन्यत्रकृताकृतम् संबंधगोत्रनामरूपाणीतिसंबंधनामगोत्ररूपाणीतिवोच्चारणेक्रमः तत्र सकारेणतुवक्तव्यंगोत्रंसर्वत्रधीमतेतिवाक्यात्काश्यपसगोत्रस्यकाश्यपगोत्रस्येतिवोच्चारः केचिच्छाखाभेदाद्व्यवस्थामाहुः गोत्रस्यत्वपरिज्ञानेकाश्यपंगोत्रमुच्यते शर्मांतंविप्रनामोक्तंवर्मांतंक्षत्रियस्यतु गुप्तांतंचैववैश्यस्यदासांतंशूद्रजन्मनः पित्रादिनामाज्ञानेतुतातपितामहप्रपितामहेत्येवंब्रूयात् ननामोच्चारयेदित्याश्वलायनः शाखांतरेतु पितुर्नाम्नःस्थानेपृथिवीपदितिपितामहस्यांतरिक्षसदितिप्रपितामहस्यदिविपदितिनामोच्चार्यम् स्त्रीणांदांतंनामसावित्रीदेत्येवमुच्चार्यम् केचिद्देवीशब्दांतमाहुः अन्येदेवीदापदयोःसमुच्चयमूचुः विभक्तिभिस्तुयत्किंचिद्दीयतेपितृकर्मणि तत्सर्वंसफलंज्ञेयंविपरीतंनिरर्थकम् षष्ठीविभक्त्यासंकल्पःक्षणश्चाक्षय्यकर्मच षष्ठ्यावास्याच्चतुर्थ्यावासनदानंद्विजातये द्वितीययावाहनंस्याद्विभक्तिस्तुचतुर्थिका अन्नदाने पिंडपूजास्वधास्त्वस्तीतिवाचने पिंडदानेतुसंबुद्धिर्येचत्वेत्यादितःपुरा ततःपरंचतुर्थीचेत्युभयंसर्वसंमतम् शेषाणिसर्वकर्माणिसंबुद्ध्यंतेयथायथम् इदंतेवाइदंवोवाप्रयुज्यैवसमाचरेत् सव्येनदैवंकर्मस्यादपसव्येनपैतृकम् विप्रप्रदक्षिणाविप्रस्वागतंचार्घ्यदानकम् सूक्तस्तोत्रजपोन्नस्यपात्रेषुपरिवेषणम् आह्वानमन्त्रस्याघ्राणंतथाचस्वस्तिवाचनम् तांबूलदानमारभ्यासमाप्तेरितिपैतृकम् प्रदक्षिणाद्येतदुक्तंसव्येनैवसमाचरेत् देवार्चादक्षिणादिःस्यात्पादजान्वंसमूर्धसु शिरोंसजानुपादेषुवामांगादिषुपैतृके अक्षय्यासनार्घ्यवर्ज्यं स्वधाकारेणपितृभ्यःसर्वदानम् देवेभ्यःस्वाहापदेन दैवतीर्थेनदैवंतत्पितृतीर्थेनपैतृकम् ॥

હવે સામાન્યપણે શ્રાદ્ધની પરિભાષા કહે છે.

“ જમણો ગોઠણ નીચે નમાવી સર્વદા વિશ્વેદેવાની પૂજા કરવી. ડાબો ગોઠણ નીચે પાડી પિતૃની પૂજા કરવી. દેવનું કાર્ય પ્રદક્ષિણ કરવું, અને પિતૃનું કાર્ય અપ્રદક્ષિણ (ઉલટું) કરવું. પિતૃમાટે દર્ભ વચ્ચે વાળી બેવડા કરેલા જોઇએ, અને દૈવકર્મવિષે સરખા વિનાવાળેલા લેવા જોઇએ. દેવકર્મવિષે કર્તા ઉત્તરમુખ, અને પિત્ર્યકર્મવિષે કર્તા દક્ષિણાભિમુખ હોવો જોઇએ.” સંકલ્પ, ક્ષણ દેવો, પાદ્ય, આસન, આવાહન, અર્ઘ્યદાન, ચંદનથકી વસ્ત્રપર્યંત પાંચ ઉપચાર, અન્નદાન, પિંડદાન, અંજન, અભ્યંજન, અક્ષય્ય અને સ્વધાવાચન એમનેવિષે સંબંધ, ગોત્ર અને નામનું ઉચ્ચારણ આવશ્યક છે, બીજે ઠેકાણે કૃતાકૃત છે. સંબંધ, ગોત્ર, નામ અને રૂપ એ ક્રમથી; અથવા સંબંધ, નામ, ગોત્ર, અને રૂપ એ ક્રમથી ઉચ્ચાર કરવો. તેમાં, “ બુદ્ધિમાન પુરૂષે સર્વત્ર ગોત્રનો ઉચ્ચાર સકારવડે કરવો.” એવું વચન છે માટે “ કાશ્યપસગોત્રસ્ય ” અથવા “ કાશ્યપગોત્રસ્ય ” એવો ઉચ્ચાર કરવો. કોઈ ગ્રંથકાર, શાખાભેદવડે વ્યવસ્થા કહે છે–“ ગોત્ર અજ્ઞાત હોય તો કાશ્યપ ગોત્રનો ઉચ્ચાર કરવો. બ્રાહ્મણના નામને અંતે શર્મ શબ્દ, ક્ષત્રિયના નામને અંતે વર્મ શબ્દ, વૈશ્યના નામને અંતે

ગુપ્ત શબ્દ અને શૂદ્રના નામને અંતે દાસ શબ્દ, એ રીતે નામનો ઉચ્ચાર કરવો. પિતા ઇત્યાદિકના નામનું જ્ઞાન ન હોય તો તાત, પિતામહ, પ્રપિતામહ એવોજ ઉચ્ચાર કરવો; નામનો ઉચ્ચાર કરવો નહીં એમ આશ્વલાયન કહે છે. બીજી શાખાઓવિષે તો, પિતાના નામને ઠેકાણે 'पृथिवीषत्' એવા પિતામહના નામને ઠેકાણે, 'अंतरिक्षसत्' એવું અને પ્રપિતામહના નામને ઠેકાણે 'दिविषत्' એવું નામ બોલવું. સ્ત્રીઓનું દા છે અંતમાં જેને એવું નામ 'सावित्रीदा' એ રીતે બોલવું. કોઈ ગ્રંથકાર, દેવી શબ્દ જેના અંતમાં હોય એવું બોલવું, એમ કહે છે. બીજા ગ્રંથકારો, દેવી અને દા એ બન્ને પદનો ઉચ્ચાર કરવો, એ રીતે કહે છે.' (જેમ–સાવિત્રીદેવીદા.) "પિતૃકર્મવિષે વિભક્તિવડે જે કાંઇ સમર્પણ કરે તે સર્વ સફળ જાણવું. વિભક્તિવિના જે દેવું તે વ્યર્થ છે. સંકલ્પ, ક્ષણ અને અક્ષય્ય કર્મ એ ષષ્ઠી વિભક્તિવડે કરવાં, બ્રાહ્મણને આસન દેવું તે ષષ્ઠી અથવા ચતુર્થી એ બેમાંથી કોઇએક વિભક્તિવડે દેવું. આવાહન દ્વિતીયા વિભક્તિવડે કરવું. અન્નદાન, પિંડની પૂજા, સ્વધા અને સ્વસ્તિવાચન એ ચતુર્થી વિભક્તિવડે કરવા. "येच त्वा०" ઇત્યાદિક ઉચ્ચારથી પ્રથમ જે પિંડદાન કરવું તે સંબોધન વિભક્તિવડે કરવું. ત્યાર પછી ચતુર્થી વિભક્તિ એપ્રમાણે એ બન્ને સર્વ સંમત છે. બાકીનાં સઘળાં કર્મ, સંબુદ્ધિ વિભક્તિને અંતે યથાયોગ્ય 'इदं ते' (એકવચનાંત) અથવા 'इदं वो' (બહુવચનાંત) એપ્રમાણે યોજના કરી કરવાં. દૈવકર્મ સવ્યે કરી અને પિત્ર્યકર્મ અપસવ્યે કરી કરવાં. બ્રાહ્મણને પ્રદક્ષિણા, બ્રાહ્મણને સ્વાગત, અર્ઘ્યદાન, સૂક્ત અને સ્તોત્રનો જપ, પાત્ર ઉપર અન્ન પીરસવું, બોલાવવું, અન્નને સુંઘવું, સ્વસ્તિવાચન અને તાંબૂલદાનથકી આરંભ કરી સમાપ્તિપર્યંત એ પ્રમાણે પ્રદક્ષિણાદિક જે પિતૃકર્મ કહ્યાં તે સવ્યે કરીનેજ કરવાં. દેવની પૂજા કરવી તે પગ, ગોઠણ, ખભા અને મસ્તક એ રીતે દક્ષિણ અંગપૂર્વક કરવી; એટલે પ્રથમ પગ થકી ઉપર કરતે જવું. પિતૃની પૂજા વામાંગપૂર્વક મસ્તક, ખભા, ગોઠણ અને પગ એ રીતે કરવી." અક્ષય્ય, આસન અને અર્ઘ્ય વર્જ્ય કરી બાકીના સઘળા પદાર્થો પિતૃને દેવા તે સ્વધા શબ્દવડે દેવા. દેવતાઓને સ્વાહા શબ્દવડે દેવા. "દૈવકર્મ દૈવતીર્થવડે અને પિત્ર્યકર્મ પિતૃતીર્થવડે કરવાં."

अथाचमनानि ॥ श्राद्धारंभेद्विराचमनं विप्रपादक्षालनांतेस्वपादक्षालनपूर्वकं द्विराचमनं देवार्चनांतेपित्रर्चनांतेचैकैकमाचमनमाघ्राणांतेएकं विकिरदानांतेद्विरेकंवा श्राद्धांतेस्वपादक्षालनपूर्वकंद्विराचमनमिति अन्येभस्ममर्यादांतेकरशुद्ध्यंते उच्छिष्टचालनांतेचाप्येकैकमाहुः ॥

હવે આચમન કહે છે.

શ્રાદ્ધના આરંભમાં બે વાર આચમન કરવું. બ્રાહ્મણનાં પાદપ્રક્ષાલન કર્યા પછી પોતાના પગ ધોઈ બે વાર આચમન, દેવનું અર્ચન કર્યા પછી તથા પિતૃની પૂજા કર્યા પછી એકેક વાર આચમન કરવું. પિંડ સૂંઘ્યા પછી એકવાર આચમન, વિકિર દીધા પછી બે અથવા એકવાર આચમન, શ્રાદ્ધને અંતે પોતાના પગ ધોઈ બેવાર આચમન કરવું. બીજા ગ્રંથકારો, [૧]ભસ્મમર્યાદા એટલે રક્ષાપરિવેષ કર્યા પછી, હાથ શુદ્ધ કર્યા પછી તથા ઉચ્છિષ્ટનું ચાલન કીધા પછી પણ એકેકવાર આચમન કરવું, એમ કહે છે.

अथभोक्तुः पादशौचांतेद्विराचमनंपाणिहोमांते एकं भोजनांतेद्विरिति ॥

હવે ભોક્તાને આચમન કહે છે—પાદપ્રક્ષાલન કર્યા પછી બેવાર આચમન, હાથમાં અગ્નૌકરણ થયા પછી એકવાર આચમન, તથા ભોજનને અંતે બેવાર આચમનું કરવું.

अथदर्भाः ॥ आचांतःप्राक्कुशांस्त्यक्त्वापाणावन्यांश्चधारयेत् तथाच श्राद्धारंभेधृतान्दर्भान्पाद्यांतेचविसर्जयेत् ततोदेवार्चनांतेपित्रर्चनांतेपिंडशेषाघ्राणांतेविकिरदानांतेश्राद्धांतेचपूर्वधृतदर्भांस्त्यजेत् श्राद्धसागरादिप्रयोगेतु पित्रर्चनांतेदर्भत्यागोनदृश्यते तेनक्वचिदाचमनेपिदर्भत्यागोनेतिभाति ॥

---

[૧] દેવ તથા પિતૃઠેકાણે બેઠેલા બ્રાહ્મણોપાસે પાત્ર માંડ્યા પછી પિતૃપાત્રની ચારેમેર "पिशंगभृष्टि०" એ મંત્રવડે, અને પછી "रक्षाणो अग्ने०" એ મંત્રવડે દેવપાત્રની ચારેમેર ભસ્મ (રાખોડી) વડે મંડળ કરવું; કારણ, यथा चक्रधरो विष्णु, स्त्रैलोक्यं परिरक्षति ॥ एवं मंडलभस्मांकः, सर्वभूतानि रक्षतु ॥ १ ॥ सर्वेषांपापदृष्टीनां, चक्षुर्बध्नाति केशवः ॥ भस्मना मंडलं कुर्या, त्पंक्तिदोषो न विद्यते ॥ २ ॥ એમ કહ્યુ છે, એ ભસ્મમર્યાદા.

હવે દર્ભ કહે છે.

આચમન કર્યા પછી પ્રથમ ધારણ કરેલા દર્ભનો ત્યાગ કરી હાથમાં બીજા દર્ભ ધારણ કરવા, તેમજ "શ્રાદ્ધના આરંભમાં ધારણ કરેલા દર્ભનો પાધને અતે ત્યાગ કરવો." ત્યાર પછી દેવની પૂજા કર્યા પછી, પિતૃની પૂજા કર્યા પછી, પિંડનું શેષ મુંક્યા પછી, વિકિર દીધા પછી અને શ્રાદ્ધને અંતે પ્રથમ ધારણ કરેલા દર્ભનો ત્યાગ કરવો. શ્રાદ્ધસાગરાદિક પ્રયોગગ્રથવિષે તો, પિતૃપૂજાને અંતે દર્ભનો ત્યાગ દેખાતો નથી, તેથી ક્યાંય, આચમનવિષે પણ દર્ભનો ત્યાગ કરવો નહીં એમ ભાસે છે.

अथोहविचारः ॥ यत्रवहुवचनांतःपितृशब्दस्तत्र पितृशब्दस्यसर्वपितृवाचित्वादूहोन यथार्घ्यपात्रेपितृनिमान्प्रीणयेत्यत्रमात्रादिश्राद्धेमातृनितिनवदेत् तत्रापिशुंधनमंत्रेषुशुंधंतांपितरः शुंधंतांपितामहाइत्यादिशुंधंतांमातरः इत्यादिचोहएव वहुवचनंतुनोह्यते प्रथममंत्रेएवपूज्यत्वार्थकत्वात् ऋचंनोहेदितिनिषेधादृग्मंत्रेषुनोहः पिंडदानेयेचत्वामत्रानुतेभ्यश्चेत्यत्रमातृश्राद्धे याश्चत्वामत्रानुताभ्यश्चेतिनवदेत् स्त्रीणांस्त्रियःपुरुषाश्चानुगाइतिपुमान्स्त्रियेतिपुंल्लिंगशेषादितिवृत्तिकृत् अन्येतुयाश्चेत्याद्यूहमाहुः मात्रादिद्वित्वेपिंडदानेएतद्वामसन्मातरौयज्ञदाश्रीदेयेचयुवामत्रान्वित्येकंपिंडंदत्वासन्मातृभ्यां० अयंपिं० इत्यादिअभ्यंजनेसन्मातरौ० अभ्यंजाथां० अंजनेअंजाथां एवंपितामहीप्रपितामहीद्वित्वेप्यूहः ॥

હવે ઊહ (ઉચ્ચાર) નો નિર્ણય કહે છે.

જે ઠેકાણે બહુવચનાંત પિતૃશબ્દ હોય તે ઠેકાણે (તે શબ્દ) સઘળા પિતૃનો વાચક છે માટે ઊહ કરવો નહીં. જેમ અર્ઘ્યપાત્રવિષે 'पितृनिमान् प्रीणय' એ ઠેકાણે માતા ઇત્યાદિકનાં શ્રાદ્ધવિષે 'मातृन्' એમ ઉચ્ચાર કરવો નહીં. તેમાં પણ શુંધનમંત્રોવિષે "शुंधंतां पितरः शुंधंतां पितामहाः" ઇત્યાદિક તથા "शुंधंतां मातरः" ઇત્યાદિક ઊહ કરવોજ. બહુવચનનો તો ઊહ કરાતો નથી; કારણ, પ્રથમ મંત્રવિષેજ (એ બહુવચન) પૂજ્યપણાનો અર્થ જણાવવામાટે છે. ઋગ્વેદવિષે ઊહ કરવો નહીં એવો નિષેધ હોવાથી ઋગ્વેદના મંત્રોવિષે ઊહ કરવો નહીં. પિંડદાનવિષે 'येचत्वामत्रानुतेभ्यश्च' એ ઠેકાણે માતાના શ્રાદ્ધવિષે 'याश्चत्वामत्रानुताभ्यश्च' એવો ઉચ્ચાર કરવો નહીં. સ્ત્રિયોવિષે સ્ત્રિયો અને પુરૂષો અનુયાયી થાય છે, કારણ, "पुमान् स्त्रिया" એ સૂત્રવડે સ્ત્રિયો અને પુરૂષો સાથે કહેવાના હોય તો પુંલ્લિંગ શેષ રહે છે એમ વૃત્તિકાર કહે છે. બીજા ગ્રંથકારો તો, 'याश्च' ઇત્યાદિક ઊહ કરવો એમ કહે છે. માતા ઇત્યાદિક બે હોય તો, પિંડદાનવિષે एतद्वामसन्मातरौ यज्ञदाश्रीदेयेचयुवामत्रानु०' એપ્રમાણે ઊહ કરી એક પિંડ દઈ 'असन्मातृभ्यां० अयंपिंडः०' ઇત્યાદિ ઉચ્ચાર કરવો. અભ્યંજનવિષે 'असन्मातरौ० अभ्यंजाथां०' ઇત્યાદિ ઉચ્ચાર કરવો. અંજનવિષે 'अंजाथां०' એ પ્રમાણે; દાદી તથા પરદાદી બે બે હોય તો પણ એવોજ ઊહ કરવો.

अथवहुत्वे ॥ एतद्वोसन्मातरोयज्ञदेश्रीदेरुद्रदे यथानामगोत्रायेचयुष्मानत्रानुइत्येकपिंडदानादि अभ्यंजनेऽभ्यङ्ध्वं अंजनेऽङ्ध्वमित्यादि एकनामत्वेएकमेवनामद्विवचनांतंवहुवचनांतंवावदेत् एवमर्घ्यदानकालेप्यसन्मातरावित्याद्यूहेनसंवोध्यइदंवामर्घ्यमिदंवोअर्घ्यमित्यूहोवोद्धव्यः तथाचायंतुनःपितरःसो० तिलोसिसोमदेवत्यो० उशंतस्त्वानि० पिंडानुमंत्रणदशावानोपस्थानप्रवाहणप्राशनादिमंत्रेषु वहुवचनांतपितृपदयुक्तत्वादिहेतोर्नोहइतिप्रसिद्धं नाप्रोक्षितंस्पृशेद्धस्तुनवदेन्मानुषीगिरम् नचोद्वीक्षेतभुंजानंनचैवाश्रूणिपातयेत् दैवेपित्र्येचसर्वत्रजपहोमादिकर्मसु मौनंकुर्यात्प्रयत्नेनसकलंफलमाप्नुयात् यदिमौनस्यलोपःस्याज्जपहोमार्चनादिषु व्याहरेद्वैष्णवंमंत्रंस्मरेद्वाविष्णुमव्ययम् यस्यस्मृत्याचनामोक्त्यातपोयज्ञक्रियादिषु न्यूनंसंपूर्णतांयातिसद्योवंदेतमच्युतं आदिमध्यावसानेषुश्राद्धस्येदमुदाहरेत् ॥

હવે ઘણી માતા હોય તો તેવિષે—"एतद्वोसन्मातरोयज्ञदेश्रीदेरुद्रदेयथानामगोत्रायेचयुष्मानत्रानु" એવો ઉચ્ચાર કરી એક પિંડ દેવો ઇત્યાદિક જાણવું. અભ્યંજનવિષે "अभ्यङ्ध्वं" અંજનવિષે "अङ्ध्वं" ઇત્યાદિક જાણવું. એક નામ હોય તો એકજ નામ દ્વિવચનાંત અથવા બહુવચનાંત બોલવું. એ રીતે અર્ઘ્યદાન સમયે પણ "असन्मातरौ ઇત્યાદિક ઉચ્ચારવડે સંબોધન કરી "इदंवां अर्घ्यमिदंवोअर्घ्यं" એવો ઉચ્ચાર જાણવો. તેમજ "आयंतुनःपितरःसो०, तिलोसिसोमदेवत्यो०,

उशंतस्त्वानि०" પિંડાનુમંત્રણ, દશાદાન (પિંડ ઉપર સૂત્ર દેવું), ઉપસ્થાન, પ્રવાહણ (વેહેવરાવવું) અને પ્રાશન (ભોજન), ઇત્યાદિકોના મંત્ર બહુવચનાંત પિતૃપદવડે યુક્ત છે ઇત્યાદિ હેતુથી તે મંત્રોમાં ઊહ નથી એ પ્રસિદ્ધ છે. "પ્રોક્ષણ ન કરેલી વસ્તુને સ્પર્શ કરવો નહીં, મનુષ્યની વાણી (ભાષા) બોલવી નહીં, ભોજન કરતાં બ્રાહ્મણની સામે જોવું નહીં, અને અશ્રુ પાડવાં નહીં, દેવકર્મ, પિત્ર્યકર્મ, જપ અને હોમ ઇત્યાદિક સઘળાં કર્મવિષે પ્રયત્નેકરી મૌન ધારણ કરવું, તેણેકરી કર્મનું સંપૂર્ણ ફળ મળે છે. જપ, હોમ, પૂજા ઇત્યાદિ કર્મવિષે જો મૌનનો લોપ થાય તો, વૈષ્ણવમંત્રનો ઉચ્ચાર કરવો અથવા અવિનાશી એવા વિષ્ણુનું સ્મરણ કરવું." તે સ્મરણનો મંત્ર—"यस्य स्मृत्या च नामोक्त्या, तपोयज्ञक्रियादिषु ॥ न्यूनं संपूर्णतां याति, सद्यो वंदे तमच्युतं." શ્રાદ્ધના આરંભવિષે મધ્યમાં અને સમાપ્તિ સમયે ઉપર કહેલો મન્ત્ર ભણવો.

अथसंक्षेपतआश्वलायनादीनांप्रयोगक्रमः॥ सव्येनापसव्येनवादेशकालौसंकीर्त्यापसव्येन तत्तच्छ्राद्धार्हपितॄणांषष्ठीविभक्त्याएतेषाममुकश्राद्धं सदैवंसपिंडंपार्वणविधिनैकोद्दिष्टेनवाऽऽमेनामेनवाहिरण्येनवाश्वःसद्योवाकरिष्यइतिसंकल्पोयथासंभवंकार्यः सर्वत्रकुरुष्वेत्यादियथोचितंब्राह्मणैःप्रतिवचनं देयमेवततोदैवधर्मेणविप्रस्यदक्षिणजानुंस्पृष्ट्वामुकपितॄणाममुकश्राद्धेअमुकविश्वेदेवार्थंत्वयाक्षणःक्रियतामितिक्षणंदद्यात् ओंतथेतिविप्रोवदेत् कर्ताप्राप्नोतुभवानितिविप्रःप्राप्नवानीति एवंपितृधर्मेणवामजानुस्पर्शेनामुकश्राद्धेमुकस्यस्थानेत्वयाक्षणइत्यादिपूर्ववत् त्रयस्थानेएकविप्रत्वेपितृपितामहप्रपितामहानांस्थानेइत्यादिः अक्रोधनैरित्यादिप्रार्थना अत्रसर्वत्रदेवपूर्वत्वं क्वचित्पितृपूर्वकत्वंवक्ष्यते इदंसंकल्पक्षणदानादिपूर्वेद्युःसद्योवाकार्यं ततःकुतुपेस्नातःस्नातान्धौतपादान्विप्रान्सन्निधापयेत् ततःसव्येनतिलोदकयवोदकेआचारात्कार्ये ततःसव्येनशुद्ध्यर्थंप्रायश्चित्तार्थंसूक्तजपःप्रदक्षिणाचसमस्तसंपदितिनमस्कारः अपसव्येनाचारादधिकारवाचनं ततआचमनप्राणायामौसव्येनकृत्वा अपसव्येनद्वितीयःसंकल्पः केचित्सद्यःकरणपक्षेद्वितीयसंकल्पंनेच्छंति ततस्तिष्ठन्सव्येनैवदैवेपित्र्येचभवतांस्वागतमितिप्रतिविप्रंप्रश्नः पूर्ववद्द्वितीयंक्षणदानम् अत्रबह्वृचानांगृह्याग्निमतांदर्शश्राद्धान्वष्टकापूर्वेद्युःश्राद्धेषु पिंडपितृयज्ञव्यतिषंगेण श्राद्धप्रयोगोनान्येषांनापिश्राद्धांतरेषु सचद्वितीयक्षणदानांतश्राद्धतंत्रंकृत्वापरिसमूहनादीध्माधानांतपिंडपितृयज्ञतंत्रांतेपादक्षालनादिमस्समर्यादांतं अन्नावन्नौकरणंकृत्वापरिवेषणादिसंपन्नवचनांतेपिंडदानादिपात्रोत्सर्गपर्यंतंकृत्वा विकिरादिश्राद्धशेषंसमापनीयमित्येवंरूपः एवंहिरण्यकेशीयादीनामपिप्रथमसंकल्पोत्तरमग्न्युपसमाधानान्वाधानाद्याज्यसंस्कारांतेपाद्यादिपूजांते तत्तन्मंत्रोहयुतःसविस्तरोग्नौकरणहोमोज्ञेयः॥

હવે સંક્ષેપથી આશ્વલાયન ઇત્યાદિકોનો પ્રયોગક્રમ કહે છે.

સવ્યેકરી અથવા અપસવ્યેકરી દેશકાલનો ઉચ્ચાર કરી, અપસવ્યેકરી તે તે શ્રાદ્ધને યોગ્ય જે પિતૃ તેમનો ષષ્ઠીવિભક્તિવડે "एतेषाममुकश्राद्धं सदैवं सपिंडं पार्वणविधिनैकोद्दिष्टेन वाऽऽमेनामेनवा हिरण्येन वा श्वः सद्यो वा करिष्ये," એવો સંકલ્પ જેવો સંભવ હોય તે પ્રમાણે કરવો. સઘળે ઠેકાણે બ્રાહ્મણોએ "कुरुष्व" ઇત્યાદિક યથાયોગ્ય પ્રતિવચન (ઉત્તર) અવશ્ય દેવું. પછી દૈવધર્મ (દેવકાર્ય) પ્રમાણે બ્રાહ્મણના દક્ષિણ ગોઠણને સ્પર્શ કરી "अमुकपितॄणाममुकश्राद्धे अमुकविश्वेदेवार्थं त्वया क्षणः क्रियतां" એટલું કહી ક્ષણ (નિમંત્રણ) દેવો. પછી "ॐतथा" એ રીતે બ્રાહ્મણે કહેવું. કર્તાએ "प्राप्नोतु भवान्" એમ બોલવું. બ્રાહ્મણે "प्राप्नवानि" એ રીતે કહેવું. એપ્રમાણે પિતૃધર્મ (અપસવ્યાદિક પિતૃકાર્ય) પ્રમાણે બ્રાહ્મણના ડાબા ગોઠણને સ્પર્શ કરી "अमुकश्राद्धे अमुकस्य स्थाने त्वया क्षणः०" ઇત્યાદિક પ્રથમપ્રમાણે કરવું. ત્રણને ઠેકાણે એક બ્રાહ્મણ હોય તો "पितृपितामहप्रपितामहानां स्थाने" ઇત્યાદિ ઉચ્ચાર કરવો. પછી "अक्रोधनैः०" ઇત્યાદિક પ્રાર્થના કરવી. ઇહાં સર્વ ઠેકાણે પ્રથમ દેવનું અને પછી પિતૃનું કર્મ કરવું. કોઈ ઠેકાણે પ્રથમ પિતૃનું પછી દેવનું કર્મ કરવું એમ કહેવાશે. એ સંકલ્પ કરવો, ક્ષણ દેવો ઇત્યાદિક કર્મ પ્રથમ દિવસે અથવા શ્રાદ્ધને દિવસે કરવું. પછી કુતુપકાલે (અષ્ટમ મુહૂર્તમાં) કર્તાએ સ્નાન કરી ન્હાયેલા અને પગ ધોયેલા એવા બ્રાહ્મણોને સમીપમાં બેસાડવા. પછી સવ્યેકરી તિલોદક તથા યવોદક આચાર છે માટે કરવાં. પછી

---

१ निमन्त्रयेत्॥

સવ્યેકરી શુદ્ધિમાટે તથા પ્રાયશ્ચિત્તમાટે સૂક્તનો જપ તથા પ્રદક્ષિણા કરવી. અને "समस्तसंपत्०" એ મન્ત્રેકરી નમસ્કાર કરવો. આચાર છે માટે અપસવ્યેકરી અધિકારવાચન કરવું. ત્યાર પછી સવ્યેકરી આચમન તથા પ્રાણાયામ કરી અપસવ્યે બીજો સંકલ્પ કરવો. કોઈ ગ્રંથકાર, સંકલ્પાદિક શ્રાદ્ધદિવસેજ કરવાં એ પક્ષ હોય તો બીજો સંકલ્પ કરવો નહીં, એમ કહે છે. પછી ઉભા રહી સવ્યેકરીનેજ દેવપાસે અને પિતૃપાસે "भवतां स्वागतं०" એપ્રમાણે એક એક બ્રાહ્મણ પ્રત્યે પ્રશ્ન કરી પ્રથમ કહ્યાપ્રમાણે બીજીવાર ક્ષણ દેવો. આ વિષયમાં ગૃહ્યાગ્નિયુક્ત ઋગ્વેદી હોય તો તેમણે દર્શશ્રાદ્ધ, અન્વષ્ટકાશ્રાદ્ધ અને પૂર્વેદ્યુઃશ્રાદ્ધ એમનેવિષે પિંડપિતૃયજ્ઞનો વ્યતિષંગ (પરસ્પર મિશ્રિતપણું) કરી શ્રાદ્ધપ્રયોગ કરવો, બીજી શાખાવાળાઓએ કરવો નહીં, તેમ ઋગ્વેદીઓએ પણ બીજાં શ્રાદ્ધોવિષે કરવો નહીં. તે વ્યતિષગપ્રયોગ આ રીતે—બીજો ક્ષણ દેવો ઇહાંપર્યંત શ્રાદ્ધતંત્ર કરી પરિસમૂહન થકી ઇધ્માસ્થાપનપર્યંત પિંડપિતૃયજ્ઞનો તંત્ર કર્યા પછી બ્રાહ્મણોના પાદપ્રક્ષાલનથકી ભસ્મમર્યાદાપર્યંત એટલે રક્ષાપરિવેષણપર્યંત કર્મ કર્યા પછી અગ્નિમાં અગ્નૌકરણ કરી પરિવેષણથકી સંપન્ન વચનપર્યંત કર્મ થયા પછી પિંડદાનથકી પાત્રચાલનપર્યંત કર્મ કરી વિકિર ઇત્યાદિક શ્રાદ્ધનું શેષ કર્મ સમાપ્ત કરવું, એ રીતનો વ્યતિષગપ્રયોગ જાણવો. એ પ્રમાણે હિરણ્યકેશીય ઇત્યાદિકોએ પણ પ્રથમ સંકલ્પ કર્યા પછી અગ્નિનું સ્થાપન, અન્વાધાન ઇત્યાદિક આજ્યસંસ્કારપર્યંત કર્મ થયા પછી પાદ્યાદિક પૂજા કરવી, ત્યાર પછી તે તે મન્ત્રોના ઉચ્ચારયુક્ત વિસ્તારસહિત એવો અગ્નૌકરણ હોમ જાણવો.

अथपाद्यम् ॥ अंगणेश्राद्धदेशद्वारेवा चतुरस्रंद्विहस्तंप्रादेशमात्रंवोदक्प्लवंदेवमंडलंकृत्वा ततोदक्षिणेषडंगुलंत्यक्त्वादक्षिणाप्लवंचतुर्हस्तंवितस्तिमात्रंवापितृमंडलंवर्तुलं सव्यापसव्यप्रादक्षिण्याप्रादक्षिण्यादिदैवपैत्रधर्मेणगोमूत्रगोमयाभ्यांकार्यं यथायथंदर्भयवतिलगंधपुष्पैस्तदर्चनं मंडलसमीपेपीठेउपविष्टस्यप्राङ्मुखस्यविप्रस्यपादयोरुदङ्मुखः प्रत्यङ्मुखोवाकर्तामुकसंज्ञकाविश्वेदेवाइदंवःपाद्यंस्वाहानमइति यवगंधपुष्पयुतजलमंजलिनाप्रक्षिप्यशंनोदेवीरितिशुद्धोदकेनपादावुपर्येवप्रक्षालयेत् नाधोभागेनापिसग्रंथिकपवित्रहस्तेनपितृमंडलेउदङ्मुखस्योपविष्टस्यपादयोर्दक्षिणामुखस्तिलगंधादिजलमंजलिनापितृतीर्थेनपितरमुकनामरूपगोत्रेदंतेपाद्यंस्वधानमइति त्रयस्थानेएकविप्रत्वेपितृपितामहप्रपितामहाइदंवःपाद्यमिति बहुवचनांतेनप्रक्षिप्य शंनोदेवीरित्यादिपूर्ववत् एवमग्रेपिपित्रादित्रयेब्राह्मणत्रयपक्षेइदंतेइत्येकविप्रपक्षेइदंवइतिवचनोहोज्ञेयः एवंमातामहादिपार्वणेपिबोध्यम् अत्रपाद्यात्पूर्वंपादार्घ्यःपाद्योत्तरंचगंधपुष्पाक्षतैःपादादिमूर्धांतमर्चनपूर्वकंदैवेएषवःपादार्घ्यइतिदत्वा पित्र्येपितिलैर्मूर्धाद्यर्चनपूर्वकंपादार्घ्यंदानमुक्तंतत्कात्यायनादीनामेवाचारात्तेषामेव बह्वृचानांतुनैषआचारः ततःपाद्यशेषंगंधयवतिलादिसव्यापसव्याभ्यां मंडलयोस्त्यक्त्वास्वपादक्षालनंपवित्रत्यागंचकृत्वान्यपवित्रेधृत्वा देवमंडलोत्तरेस्वयंविप्राश्चद्विराचम्यश्राद्धदेशेगच्छेयुः पादक्षालनोदकाचमनोदकयोःसंसर्गोनकार्यः अपसव्येनामुकश्राद्धसिद्धिरस्त्वितिवदेत्तैःप्रत्युक्तःनिरंगुष्ठंविप्रदक्षिणहस्तंधृत्वासव्यापसव्याभ्यां भूर्भुवःस्वःसमाध्वमिति सदर्भेषुपीठेष्वविलंबेनोपवेशयेत्तत्रदैवेप्राङ्मुखोविप्रःपित्र्येतूदङ्मुखः असंभवेदक्षिणान्यदिङ्मुखः ॥

હવે પાદ્ય કહે છે—આંગણામાં અથવા શ્રાદ્ધભૂમીના દ્વારમાં ચોખુણું, બે હાથનું અથવા પ્રાદેશ (એક ફુટ) જેવડું, ઉત્તર દિશામા નમતું એવું દેવમંડલ; અને તેની દક્ષિણ દિશામાં છ અંગુલ ભૂમી મૂકી તે ઠેકાણે દક્ષિણ દિશામાં નમતું, ચાર હાથનુ અથવા એક વેંત જેવડું, વર્તુલ (ગોળાકાર) પિતૃમંડલ; સવ્ય તથા અપસવ્ય પ્રાદક્ષિણ્ય તથા અપ્રાદક્ષિણ્ય ઇત્યાદિ દૈવ તથા પિતૃધર્મવડે ગોમૂત્ર તથા છાણવતી કરવાં. પછી યથાયોગ્ય દર્ભ, યવ, તિલ, ચંદન અને પુષ્પવડે તે મંડલોની પૂજા કરવી. મંડલની સમીપે પાટલા ઉપર પૂર્વમુખ બેઠેલા બ્રાહ્મણના બન્ને પગ ઉપર, ઉત્તરમુખ અથવા પશ્ચિમમુખ બેઠેલા શ્રાદ્ધકર્ત્તાએ "अमुकसंज्ञका विश्वेदेवा इदं वः पाद्यं स्वाहा नमः" એમ કહી યવ, ચંદન અને પુષ્પેયુક્ત જળની અંજલી નાંખી "शन्नोदेवी०" એ મન્ત્રવડે શુદ્ધ જળવડે બ્રાહ્મણના બન્ને પગ ઉપરજ ધોવા, પગનાં તળાનો ભાગ ધોવો નહીં, તેમ ગ્રથિવાળુ પવિત્ર હાથમાં રાખી પાદપ્રક્ષાલન કરવું નહી. પિતૃમંડલ ઉપર ઉત્તરમુખ બેઠેલા બ્રાહ્મણના બન્ને પગ ઉપર, કર્ત્તાએ દક્ષિણમુખ ઉભા રહી તિલ ચંદન ઇત્યાદિકે યુક્ત

गोत्रेदं ते पाद्यं स्वधा नमः" એમ કહી ત્રણ ઠેકાણે રેડવું. એક બ્રાહ્મણ હોય તો "पितृपितामहप्रपितामहा इदं वः पाद्यं" એ રીતે બહુવચનાંત વાક્ય કહી જળ રેડવું, પછી "शन्नोदेवी०" ઇત્યાદિક મંત્રેકરી પ્રથમપ્રમાણે પગ ધોવડાવવા. એ રીતે આગળ પણ પિત્રાદિ ત્રયીને ઠેકાણે ત્રણ બ્રાહ્મણોનો પક્ષ હોય તો 'इदंते' એવો એક બ્રાહ્મણના પક્ષમાં જે ઉચ્ચાર તે 'इदं वः' એવો બહુવચનવડે ઊહ જાણવો. એપ્રમાણે માતામહાદિ પાર્વણવિષે પણ એમજ જાણવું. ઇહાં પાદ્યસમયે પાદ્યથકી પ્રથમ પાદાર્ઘ્ય, તથા પાદ્ય પછી ચંદન, પુષ્પ અને અક્ષતવડે પગથકી મસ્તકપર્યંત પૂજનપૂર્વક દેવ સમીપે "एषवः पादार्घ्यः" એ વાક્યવડે દઇ પિતાપાસે પણ તિલવડે મસ્તકથકી પગપર્યંત પૂજનપૂર્વક પાદાર્ઘ્યનું દાન કરવું, એમ કહ્યું છે તે કાત્યાયન ઇત્યાદિકોનોજ આચાર હોવાથી તેમનેજ વિહિત છે, ઋગ્વેદીઓનો એ આચાર નથી. ત્યાર પછી પાદ્યનું શેષ જે ચંદન, યવ, તિલાદિક તે સવ્યેકરી તથા અપસવ્યેકરી બન્ને મંડલ ઉપર છાંટી પોતાના પગ ધોઇ પવિત્રાંનો ત્યાગ કરી બીજાં પવિત્ર ધારણ કરી દેવમંડલથી ઉત્તર દિશામાં પોતે તથા બ્રાહ્મણોએ બેવાર આચમન કરી શ્રાદ્ધભૂમીવિષે જવું. પાદપ્રક્ષાલનનું જળ તથા આચમનનું જળ તેનો સંસર્ગ (મિશ્રિતપણું) કરવો નહીં. અપસવ્યે કરી "अमुकश्राद्धसिद्धिरस्तु" એમ કહેવું. પછી બ્રાહ્મણોએ પ્રતિવચન દીધા બાદ બ્રાહ્મણોનો અંગુઠાવિનાનો દક્ષિણ હાથ ઝાલી સવ્ય તથા અપસવ્યવડે "भूर्भुवःस्वःसमाध्वं" એમ કહી દર્ભ પાથરેલા પાટલા ઉપર તે બ્રાહ્મણોને શીઘ્ર બેસાડવા. તેમાં દેવસ્થાનકે પૂર્વાભિમુખ બ્રાહ્મણ, અને પિતૃ ઠેકાણે તો ઉત્તરમુખ બ્રાહ્મણો બેસાડવા. સંભવ ન હોય તો દક્ષિણ દિશા વર્જ્ય કરી અન્ય દિશા સામે બેસાડવા.

अथासनानि ॥ हैमंराजतंताम्रंवादुकूलंकंबलंवा दारुजंतृणमयंपर्णमयंचासनंप्रशस्तम् दारुजे पुश्रीपर्णीजंबूकदंबाम्रवकुलशमीश्लेष्मातकशालवृक्षजन्यान्यासनानिशस्तानि अयःशंकुमयंपीठंप्रदेयंनोपवेशने अग्निदग्धान्यायसानिभग्नानिचविवर्जयेत् प्राक्संस्थादक्षिणासंस्थाभोक्तृपंक्तिस्तुपैतृके तत्रदेवासनेप्रागग्रौद्वौदर्भौ पित्र्येदक्षिणाग्रैकैकंदर्भंस्थापयेत् घृतैस्तिलादितैलैर्वास्थापयेच्चप्रतिद्विजं दीपंसव्यापसव्याभ्यांदीपमेकंतुसव्यतः ब्राह्मणाश्चेतःप्रभृत्याश्राद्धसमाप्तेर्मौनिनःपवित्रहस्ताउच्छिष्टोच्छिष्टस्पर्शवर्जयंतोवर्तेरन् अत्रयथालक्षणअतिथिरागतश्चेत्सव्येनविप्रपंक्तौविष्णूद्देशेनपूजयेत् सव्येनापवित्रःपवित्रोवेतिमंत्रंपठित्वा वैष्णव्यैनमः काश्यप्यैनमः क्षमायै० इतिभूमिंनत्वा मेदिनीलोकमातात्वमित्यादिश्लोकैःस्तुत्वाच श्राद्धभूमिंगयांध्यात्वाध्यात्वादेवंगदाधरं प्राचीनावीती तद्विष्णोःपरमंपदं० तद्विप्रासो० गायत्रींचजपित्वा सव्येनप्राणायामतिथ्यादिकीर्तनांतेपसव्येनामुकपितॄणामुपक्रांतममुकश्राद्धं करिष्ये इतिसंकल्प्यात्रादौमर्घ्येतेचदेवताभ्यःपितृभ्यश्च० अमूर्तानांच० चतुर्भिश्च० यस्यस्मृत्येतिचत्रिःपठेत् ॥

હવે આસન કહે છે.

સોનાનું, રૂપાનું, ત્રાંબાનું, રેશમી વસ્ત્ર, કંબલ, કાષ્ઠનું, ઘાસનું અથવા પાનનું એ આસન ઉત્તમ છે. કાષ્ઠનાં આસનમાં સાલવણ, જાંબૂ, કદંબ, આંબો, બોલસરી, શમી, મ્હોટો ગુંદો, અથવા શાલનાં ઝાડ એમનાં આસન (પાટલા) ઉત્તમ છે. "લોઢાના ખીલાવાળો પાટલો બ્રાહ્મણોને બેસવામાટે દેવો નહીં. અગ્નિમાં બળેલાં, લોઢાનાં અને ભાંગેલાં આસનો વર્જ્ય કરવાં. દેવ સમીપે પશ્ચિમથી પૂર્વપર્યંત અને પિતૃ સમીપે ઉત્તરથી દક્ષિણપર્યંત ભોજન કરનારા બ્રાહ્મણોની પંક્તિ બેસાડવી." તેમાં દેવના આસન ઉપર પૂર્વ દિશામાં અગ્રવાળા એવા બે દર્ભ, અને પિતૃના આસન ઉપર દક્ષિણ દિશામાં અગ્રવાળો એવો એક એક દર્ભ રાખવો. "એક એક બ્રાહ્મણપાસે ઘીનો અથવા તેલનો એકેકો દીપક સવ્યે તથા અપસવ્યે કરવો. એકજ દીપક કરવો હોય તો સવ્યેકરી કરવો. એ વેળાથી આરંભ કરી શ્રાદ્ધની સમાપ્તિ થાય ત્યહાંલગી બ્રાહ્મણોએ મૌન ધારણ કરી, હાથમાં પવિત્રાં ધારણ કરી અને ઉચ્છિષ્ટોચ્છિષ્ટનો સ્પર્શ વર્જ્ય કરી રહેવું. એ સમયે લક્ષણયુક્ત અતિથિ આવે તો સવ્યેકરી બ્રાહ્મણની પંક્તિમાં તેને બેસાડી વિષ્ણુને ઉદ્દેશે તેની પૂજા કરવી. સવ્યેકરી "अपवित्रःपवित्रोवा०" એ મંત્ર ભણી "वैष्णव्यै नमः, काश्यप्यै नमः, क्षमायै नमः," એ મંત્રવડે પૃથ્વીને નમસ્કાર કરી "मेदिनी लोकमाता त्वं०" ઇત્યાદિક શ્લોકવડે સ્તુતિ પણ કરવી. પછી "श्राद्धभूमिं गयां ध्यात्वा, ध्यात्वा देवं गदाधरं" ઇત્યાદિક મંત્ર ભણી પ્રાચીનાવીતી (અપસવ્ય) કરી "तद्विष्णोः परमं पदं०, तद्विप्रासोवि०" એ મંત્રનો તથા ગાયત્રીમંત્રનો જપ કરી સવ્યેકરી પ્રાણાયામ, તિથ્યાદિકનો ઉચ્ચાર કર્યા પછી અપસવ્યે "अमु-

कपितृणामुपक्रांतममुकश्राद्धं करिष्ये" એવો સંકલ્પ કરી એ ઠેકાણે આદિમાં, મધ્યમાં અને અંતમાં "देवताभ्य,पितृभ्यश्च०, अमूर्त्तानां०, चतुर्भिश्च०, यस्यस्मृत्या०", એ મંત્રોનો ત્રણવાર પાઠ કરવો.

॥ अथदक्षिणेवामेवाकुक्षौतिलैःसहकुशत्रयं परिहितवस्त्रांचलबद्धंकृत्वा कटिसंलग्नवस्त्रबहिर्भागेनसंवेष्टयरक्षणाख्योनीवीबंधो निहन्मिसर्वंयदमेध्यवद्भवेदितिश्लोकमंत्रेणकार्यः सर्वत्रापसव्येनापहतेत्यप्रदक्षिणंतिलान्क्षिप्त्वोदीरतेतिसव्येनप्रोक्षणंस्मृतं तिलारक्षंतुमंत्रेणद्वारेकुशतिलान्क्षिपेत् तरत्समंदीसूक्तेनपावमानीभिरेवच अभिमंत्र्यजलंतेनपाकादिप्रोक्षयेत्सुधीः यद्वातद्विष्णोर्मंत्रेणगायत्र्यावाभिमंत्रितं यद्देवाइतिमंत्राणांत्रयेणैवान्यशाखिनः वाचयेत्पाकपूतत्वंपुष्पाद्यंसर्वमुक्षयेत् नाप्रोक्षितंस्पृशेच्छ्राद्धकालेत्वेतंजपेत्ततः पदार्थयोग्यतांवाचयित्वादेवार्चनंचरेत् तत्रप्रत्युपचारंदैवेपित्र्येचाद्यंतयोरपोदद्यात् देवद्विजसन्निधावुदङ्मुखउपविश्य तद्दक्षिणकरमुत्तानं वामकरेणधृत्वा दक्षिणेनसयवंदर्भद्वयममुकेषांविश्वेषांदेवानांभूर्भुवःस्वरिदमासनंस्वाहेतिहस्तेजलमासिच्य दक्षिणभागेआसनेक्षिपेन्नहस्तेदर्भदानं आसनेप्यासनंदद्यान्नतुपाणौकदाचन पितृकर्मणिवामेचदैवेदद्यात्तुदक्षिणे विप्रोधर्मोसिविशिराजाप्रतिष्ठितइतिमंत्रेणगृहीत्वा स्वासनमितिवदेत् कर्तासनंस्पृशन्नपोदत्वास्यतामितिविप्रोधर्मोसीतिवदेत् अपोदत्वा दैवेक्षणःक्रियतामितिनिरंगुष्ठंकरंगृह्णीयादोंतथेत्यादिप्राग्वत् इदंतृतीयनिमंत्रणम् ॥

હવે જમણી અથવા ડાબી કુખમાં તિલસહિત ત્રણ કુશ, ઓઢેલા, વસ્ત્રના છેડામાં બાંધી તેને કેડમાં રહેલા વસ્ત્રના બાહેરના ભાગમાં વીંટી રક્ષણ એ નામનો નીવીબંધ, **निहन्मि सर्वं यदमेध्यवद्भवेत्०**" એ શ્લોકમંત્રવડે કરવો. સર્વત્ર અપસવ્યે "अपहता०" એ મંત્રવડે અપ્રદક્ષિણ કર્મ કરવું, તથા "उदीरता०" એ મંત્રવડે તિલ છાંટી સવ્યેકરી પ્રોક્ષણ કરવું. "तिलारक्षंतु०" એ મંત્રવડે શ્રાદ્ધભૂમીના દ્વારમાં કુશયુક્ત તિલ છાંટવા. તેમજ–"तरत्समंदी०" એ સૂક્તવડે, તથા "पावमानी०" એ ઋચાવડે જલ મંત્રી તે જલવડે પાકાદિક પદાર્થ ઉપર પ્રોક્ષણ કરવું. અથવા "तद्विष्णोः०" એ મંત્રવડે, કિંવા ગાયત્રીમંત્રવડે જલ મંત્રિત કરવું. બીજી શાખાવાળાઓએ "यद्देवा०" એ ત્રણ મંત્રવડેજ અભિમંત્રણ કરવું. પાકની પવિત્રતા કેહેવડાવવી, અને તે અભિમંત્રિત જલવડે પુષ્પાદિક પૂજાનો સઘળો ઉપચાર પ્રોક્ષિત કરવો. શ્રાદ્ધમાં પ્રોક્ષણરહિત પદાર્થને સ્પર્શ કરવો નહીં. પ્રોક્ષણનું ઉલ્લંઘન થાય તો તે મંત્રનો જપ કરવો. પદાર્થની યોગ્યતા કેહેવડાવી દેવની પૂજા કરવી." તેમાં એક એક ઉપચાર અર્પણ કરતી વેળાએ દેવસમીપે તથા પિતૃસમીપે ઉપચારને આદિ તથા અંતે જલ દેવું. દેવસ્થાનકે બેઠેલા બ્રાહ્મણને સમીપે ઉત્તરમુખ બેસી તે બ્રાહ્મણનો ચુલટો રાખેલો જમણો હાથ ડાબે હાથે ઝાલી પોતાને જમણે હાથે યવસહિત બે દર્ભ લઇ "अमुकेषां विश्वेषां देवानां भूर्भुवःस्वरिदमासनं स्वाहा" એમ કહી હાથમાં જળ રેડી તે દર્ભ દક્ષિણ તરફ આસન ઉપર દેવો, હાથમાં દર્ભ દેવો નહીં. "આસન ઉપર આસન દેવું, હાથમાં ક્યારે પણ દેવું નહીં. પિતૃકર્મમાં વામભાગે તથા દૈવકર્મમાં દક્ષિણભાગે આસન દેવું." બ્રાહ્મણે "धर्मोसिविशिराजाप्रतिष्ठितः" એ મંત્રવડે લઇ "स्वासनं" એ રીતે પ્રતિવચન દેવું. કર્તાએ આસનને સ્પર્શ કરી જળ દઈ "आस्यतां", એમ કહ્યા પછી બ્રાહ્મણે "धर्मोसि" એ રીતે કહેવું, પછી જળ દઈ "दैवे क्षणः क्रियतां" એમ કહી અંગુઠાવિનાનો હાથ ઝાલવો. પછી "ॐ तथा" એ રીતે બ્રાહ્મણે કહેવું, ઇત્યાદિક પ્રથમ કહ્યા પ્રમાણે જાણવું. એ ત્રીજું નિમંત્રણ થયું.

अथार्घ्यकल्पना ॥ तत्रपात्राणिहैमंरौप्यंताम्रमयंवादारुजंवापलाशादिपर्णमयंवाकांस्यंवाशंखशुक्तिजंवाश्मपात्रंवार्घ्यपात्रंप्रशस्तं अत्रविप्रैकत्वद्वित्वचतुष्केष्वपिदैवेर्घ्यपात्रद्वयमेव यत्तुदैवेद्वेअर्घ्यपात्रेपित्र्येत्रीण्युभयत्रैकैकंवेत्येकपात्रत्वपक्षांतरंतदशक्तिपरं एवंपात्रद्वयंप्रोक्षितायांभुविप्रागग्रकुशेषुन्युब्जमुत्तानंवासाद्यप्रोक्ष्य न्युब्जपक्षेउत्तानीकृत्यतयोर्द्विकुशेद्वेद्वेपवित्रेनिधाय शंनोदेवीरितिमंत्रावृत्त्यापआसिच्ययवोसीतिमंत्रेणावृत्त्यायवानोप्यतूष्णींगंधपुष्पाणिक्षिपेत् केचिद्गंधद्वारांओषधीःप्रतिमोदध्वमित्यृग्भ्यांगंधपुष्पाणिक्षिपंति देवार्घ्यपात्रेसंपन्नेइत्युक्त्वा सुसंपन्नेइतिप्रत्युक्तोवामकरंविप्रदक्षिणजानुनिन्यस्यामुकविश्वान्देवान्भवत्स्वावाहयिष्येइतिपृष्ट्वावाहयेत्यनुज्ञातो विश्वेदेवासआगतेत्यृचाप्रतिविप्रंदक्षिणपादादियुग्मक्रमेणजान्वंसमूर्धांतंयवान्विकिरेत् विश्वेदेवाः शृणुतेत्यृचोपस्थायभूमौशिष्टान्यवान्विकिरेत् हिरण्यकेशीयादयस्त्वर्घ्यदानगंधादिपूजोत्तरमग्नौकरणकालेयेदेवासस्त्वायातपितरइतिमं

आभ्यामग्निदक्षिणतोदेवपित्रावाहनंकुर्वंति कातीयैस्त्वर्घ्यपात्रासादनात्प्रागेवदेवपित्रावाहनंकार्यं तथैवकात्यायनसूत्रात् ततोर्घ्यपात्रसंपत्तिंवाचयित्वाद्विजोत्तमान् तदग्रेचार्घ्यपात्रेतुस्वाहार्घ्यइतिविन्यसेत् अपोदत्वाविप्रहस्तेदद्यादर्घ्यपवित्रके यादिव्याइतिमंत्रेणहस्तेष्वर्घ्यंविनिक्षिपेत् विश्वेदेवाइदंवोर्घ्यं स्वाहानमइतीरयन् प्रतिविप्रंयादिव्येत्यावृत्तिः केचित्तुयादिव्याइत्यनेनदत्तार्घ्यानुमंत्रणमाहुः मयूखे कातीयप्रयोगेविप्रहस्तेर्घ्यपवित्रदानांतेआवाहनवदंगेष्वर्चनंकृत्वार्घ्यदानमित्युक्तं एकविप्रत्वेएकस्यैवहस्तेद्विरर्घ्यदानंविप्रचतुष्टयपक्षेएकैकंपात्रंविभज्यद्वयोर्द्वयोर्देयं कूर्चस्तुतत्तत्पात्रस्थएव ॥

હવે અર્ધ્યકલ્પના કહે છે.

તેમાં પાત્ર—સોનાનાં, રૂપાનાં, ત્રાંબાનાં, લાંકડાનાં, અથવા ખાખરા ઇત્યાદિક પાનનાં, અથવા કાંસાનાં, કિંવા શંખ અને છીપનાં, અથવા ખડ્ગપાત્ર (ગેંડાનાં શીંગડાનાં પાત્ર) એ અર્ધ્યપાત્ર ઉત્તમ જાણવાં. આ અર્ધ્યવિષે એક, બે અથવા ચાર એટલા જો બ્રાહ્મણ હોય તો પણ દેવ સમીપે અર્ધ્યપાત્ર બેજ માંડવાં. દેવકર્મવિષે બે અર્ધ્યપાત્ર અને પિત્ર્યકર્મવિષે ત્રણ અર્ધ્યપાત્ર અથવા બન્ને ઠેકાણે એક એક એપ્રમાણે એક પાત્રત્વરૂપ જે બીજો પક્ષ તે અશક્તિવિષયક છે. એ રીતે પ્રોક્ષણ કરેલી પૃથ્વી ઉપર પૂર્વ દિશામાં અગ્રવાળા દર્ભ પાથરી તે ઉપર ઊંધાં અથવા સવળાં બે પાત્ર માંડી તેઓનું પ્રોક્ષણ કરી, ઊંધાં રાખ્યાં હોય તે પક્ષમાં સવળાં કરી તે બન્ને પાત્રમાં-બે બે દર્ભનું એક એપ્રમાણે બે બે પવિત્ર રાખી "शन्नो देवी०" એ મંત્ર બેવાર ભણી તે પાત્રોમાં જળ નાંખવું. પછી "यवोसि०" આ મત્ર બેવાર ભણી જવ નાંખી મત્રવિના ચદન પુષ્પ નાંખવાં. કોઇ વિદ્વાનો "गंधद्वारां०, ओषधीःप्रतिमोदध्वं०" એ બે ઋચાવડે ચદન તથા પુષ્પ નાંખેછે.-પછી देवार्घ्यपात्रेसंपपन्ने०" એવું વાક્ય કહી "सुसंपन्ने०" એવું બ્રાહ્મણે પ્રતિવચન દીધા પછી કર્તાએ પોતાનો ડાબો હાથ, બ્રાહ્મણનાં દક્ષિણ ગોઠણ ઉપર રાખી "अमुकविश्वान्देवान् भवत्स्वावाहयिष्ये" એ વાક્યવડે પ્રશ્ન કરી, "आवाहय" એવી આજ્ઞા દીધા પછી "विश्वेदेवास आगत०" એ ઋચાવડે એકેક બ્રાહ્મણને દક્ષિણ પગથી આરંભ કરી યુગ્મ (બન્ને બન્ને) એવા ક્રમવડે ગોઠણ, ખભા અને મસ્તકપર્યંત જવ છાંટવા. પછી "विश्वेदेवाः शृणुत०" એ ઋચાવડે પ્રાર્થના કરી બાકી રહેલા જવ પૃથ્વીઉપર છાંટવા. હિરણ્યકેશીયાદિકો તો અર્ધ્યદાન તથા ગંધાદિક પૂજા કર્યા પછી અગ્નૌકરણ સમયે "ये देवास०, आयात पितर०" એ બે મત્રવડે અગ્નિથી દક્ષિણ દિશામાં દેવ અને પિતૃનું આવાહન કરે છે. કાતીયોએ તો, અર્ધ્યપાત્ર સ્થાપન કરવાની પ્રથમજ દેવ પિતૃનું આવાહન કરવું. કારણ, કાત્યાયનસૂત્રમાં તેમજ છે. "પછી બ્રાહ્મણોપાસે અર્ધ્યસંપત્તિ કહેવરાવી બ્રાહ્મણોની આગળ "स्वाहा अर्घ्यः" એમ કહી અર્ધ્યપાત્ર માંડવાં. પછી બ્રાહ્મણોના હાથ ઉપર જળ દઈ અર્ધ્યપાત્રમાંનાં પવિત્રાં હાથમાં દેવાં. પછી "यादिव्या०" એ મંત્ર ભણી હાથ ઉપર અર્ધ્ય દઈ "विश्वेदेवा इदं वोर्घ्यं स्वाहा नमः" એવું વાક્ય કહેવું." એક એક બ્રાહ્મણની પાસે "यादिव्या०" એ મત્રની આવૃત્તિ કરવી. કોઈ ગ્રથકાર તો, પ્રથમ દીધેલા અર્ધ્યનું "यादिव्या०" એ મંત્રવડે અનુમંત્રણ કરવું, એમ કહે છે-મયૂખવિષે કાતીયપ્રયોગમા, બ્રાહ્મણના હાથ ઉપર અર્ધ્યનાં પવિત્રાં દીધા પછી આવાહનપ્રમાણે, અગવિષે અર્ચન કરી પછી અર્ધ્યદાન કરવું, એમ કહ્યું છે. એક બ્રાહ્મણ હોય તો એકનાજ હાથમાં બેવાર અર્ધ્ય દેવો. ચાર બ્રાહ્મણોનો પક્ષ હોય તો એક એક પાત્ર વેંહેચી બે બે બ્રાહ્મણને દેવું. કૂર્ચ (દર્ભમુષ્ટિ) તો તે તે પાત્ર ઉપરનોજ ગ્રહણ કરવો.

क्वचित्क्षीरदधिघृततिलतंडुलसर्षपकुशाग्रपुष्पेतिद्रव्याष्टकमर्घ्यपात्रेप्रक्षिप्यमित्युक्तं आद्यंतयोरपोधच्छन्नंगंधाद्यैरर्चनंचरेत् अमुकविश्वेदेवाअयंवोगंधःस्वाहानमइतिकरेणैवविप्रहस्तेष्वेवद्विर्द्विर्दानं गंधंसर्वेनदद्येस्वाहानमइत्यंतमुच्चार्योपचारदानं चंदनागरकर्पूरकुंकुमानिप्रदापयेत् गंधद्वारेतिवैगंधमाधनेतेचपुष्पकं धूरसीत्यमुनाधूपमुद्दीप्यस्वेतिदीपकं युवंवस्त्राणिमंत्रेणवस्त्रंदद्यात्प्रयत्नतः आसनेस्वासनंब्रूयादर्घ्येस्त्वर्घ्यंद्विजोत्तमः सुगंधश्चसुपुष्पाणिसुमाल्यानिसुधूपकः सुज्योतिश्चैवदीपश्चस्याच्छादनमितिक्रमः कर्तास्कंधधृतोत्तरीयोविगतपवित्रकरोविप्रहस्तदत्तगंधैर्विप्रभालाद्यंगेषुलिंपेत् विप्रभालेवर्तुलपुंड्रंत्रिपुंड्रंवानकुर्यात् अत्रविप्राणांकस्तूरीविकल्पिता आयनेतेइतिचौषधीःप्रतिमोदध्वमिति वागंधदानवद्धस्तेष्वेवेदंवःपुष्पमितिपुष्पदानंकार्यम् ॥

કોઇ ગ્રંથમાં દૂધ, દહીં, ઘૃત, તિલ, ચોખા, સર્શવ, કુશનાં અગ્ર અને પુષ્પ એ આઠ દ્રવ્ય અર્ઘ્યપાત્રમાં નાંખવાં એમ કહ્યું છે. "એક એક ઉપચારના આદિ અને અંતવિષે જળ દેતાં આવવું. એ રીતે ગંધાદિક ઉપચારવડે પૂજા કરવી." "अमुकविश्वेदेवा अयं वो गंधः स्वाहा नमः" એ વાક્યવડે હાથથકીજ બ્રાહ્મણના હાથ ઉપરજ બે બેવાર ચંદન દેવું. એ પ્રમાણે સઘળે ઠેકાણે દૈવકર્મવિષે "स्वाहा नमः" ઇહાંપર્યંત ઉચ્ચાર કરી ઉપચાર દેવા. "ચંદન, અગર, કપૂર અને કેસર એ પદાર્થ અર્પણ કરવા. "गंधद्वारां०" એ મંત્રવડે ચંદન, "आयनेते०" એ મંત્રવડે પુષ્પ, "धूरसि०" એ મત્રવડે ધૂપ, "उद्दीप्यस्व०" એ મંત્રવડે દીપ અને "युवं वस्त्राणि०" એ મંત્રવડે વસ્ત્ર પ્રયત્નપૂર્વક દેવાં. બ્રાહ્મણે આસનવિષે "स्वासनं" એ રીતે અને અર્ઘ્યવિષે "अस्त्वर्घ्यं" એમ કહેવું. ગંધાદિકવિષે 'सुगंधः,' 'सुपुष्पाणि,' 'सुमाल्यानि,' 'सुधूपकः,' 'सुज्योतिः' અથવા 'सुदीपः,' 'स्वाच्छादनं,' એપ્રમાણે ક્રમ જાણવો. કર્તાએ ખભા ઉપર ઉત્તરીયવસ્ત્ર ધારણ કરી હાથમાંથી પવિત્ર કાઢી બ્રાહ્મણના હાથમાં આપેલા ચદનવડે બ્રાહ્મણનાં કપાળ ઇત્યાદિક અંગવિષે લેપન કરવું. બ્રાહ્મણના કપાળમાં કેવળ ગોળાકાર ચાંદલો અથવા ત્રિપુંડ્ર કરવું નહીં. આ ચંદનલેપનવિષે બ્રાહ્મણોને કસ્તૂરી વિકલ્પિત છે. "आयनेते०" એ મંત્રવડે અથવા "ओषधीःप्रतिमोदध्वं" એ મંત્રવડે, ગંધદાનપ્રમાણે હાથ ઉપરજ "इदंवः पुष्पं" એમ કહી પુષ્પદાન કરવું.

तत्रविहितपुष्पाणि ॥ अगस्त्यंभृंगराजंचतुलसीकमलंतथा चंपकंतिलपुष्पंचदूर्वाश्चपितृवल्लभाः विहिताप्रतिषिद्धाचतुलसीपिंडपूजने सुकुमारैःकिसलयैर्यवदूर्वांकुरैरपि जलोद्भवैश्चकुसुमैर्मल्लिका चूतपुष्पकैः अतिमुक्तैश्चतगरैःसंपूज्याःपितरःसदा जातीपुष्पैर्विप्रपूजांकुर्यान्नपिंडार्चनंतुन ॥

તેમાં વિહિત (ઉપયોગી) પુષ્પ કહે છે—"અગસ્ત્ય, ભાંગરો, તુલસી, કમલ, ચંપો, તિલનાં ફૂલ અને દૂર્વા એ પિતૃને પ્રિય છે. પિંડપૂજનવિષે તુલસી વિહિત તથા પ્રતિષિદ્ધ છે. કોમલ પલ્લવ, યવ, દૂર્વાના અંકુર, જળમાં ઉત્પન્ન થયલાં પુષ્પ, મલ્લિકા (ડોલર-મ્હોટી જાય) આંબાના મ્હોર, મધુમાધવીનાં ફૂલ અને તગરનાં ફૂલવડે સર્વકાળ પિતૃની પૂજા કરવી. જાયનાં ફૂલવડે બ્રાહ્મણની પૂજા કરવી, પણ પિંડની પૂજા કરવી નહીં."

अथवर्ज्यपुष्पाणि ॥ करवीरंचधत्तूरंबिल्वपत्रंचकेतकीं बकुलंकुंदपुष्पंचकिंशुकंचकुरंटिकां सर्वाणिरक्तपुष्पाणिवर्जयेच्छ्राद्धकर्मणि जलोद्भवानिदेयानिरक्तान्यपिविशेषतः ॥

હવે વર્જ્ય પુષ્પ કહે છે.

"કણેર, ધત્તૂરો, બિલિપત્ર, કેતકી, બોલસરીનાં પુષ્પ, કુંદનાં ફૂલ, ખાખરાનાં ફૂલ, કાંટાસળિયાનાં ફૂલ અને સઘળી જાતનાં રાતાં ફૂલ એ શ્રાદ્ધવિષે વર્જ્ય કરવા. જળમાં ઉત્પન્ન થયેલાં રાતાં પુષ્પ પણ વિશેષે કરી અર્પણ કરવાં."

अथधूपः ॥ धूपस्तुगुग्गुलुर्देयस्तथाचंदनसारजः अगरुश्चसकर्पूरोघृतमध्वादिसंयुतः येतुप्राण्यंगजाधूपाहस्तवाताहताश्चये नतेश्राद्धेनियोक्तव्यायेचकेचोग्रगंधयः घृतंनकेवलंदद्याद्दुष्टंवातृणगुग्गुलं पाददेशेयंवोधूपइतिदानम् ॥

હવે ધૂપ કહે છે.

"ગુગળનો ધૂપ, ચંદનના વેઢાથી થયેલો ધૂપ અને ઘી, મધ ઇત્યાદિકે યુક્ત તથા કર્પૂરસહિત અગરનો ધૂપ સમર્પણ કરવો. પ્રાણિઓના અંગથકી ઉત્પન્ન થએલા, તથા હાથવતી વાયુ આપી પ્રદીપ્ત કરેલા અને ઉગ્ર ગધવાળા એ ધૂપ શ્રાદ્ધમાં અર્પણ કરવા નહીં. કેવળ ઘૃત, અથવા દુષ્ટ એવો ઘાસવાળો ગુગળ ધૂપમાં દેવો નહીં." બ્રાહ્મણના પગની પાસે "अयं वो धूपः" એમ કહી ધૂપ દેવો.

अथदीपः ॥ घृतेनदीपोदातव्यस्तिलतैलेनवापुनः वसामेदादिदीपोवर्ज्यः इदंवोज्योतिरिति धार्यंवोदीपप्रकाशइतिवामुखसमीपेदीपः ॥

હવે દીપ કહે છે.

"ઘી અથવા તિલના તેલનો દીપક અર્પણ કરવો". ચર્બી, મેદ, ધાતુ ઇત્યાદિકનો દીપ વર્જ્ય કરવો, "इदं वो ज्योतिः," અથવા "अयं वो दीपप्रकाशः," એમ કહી બ્રાહ્મણના મુખ સમીપે દીપ સમર્પણ કરવો.

कौशेयंकार्पासंवावस्त्रंविहितम् ॥ कृष्णंमलिनमुपभुक्तंछिद्रितंनिर्दशंरजकधौतंचनिषिद्धं यज्ञोपवीतंदातव्यंवस्त्राभावेविजानता निष्क्रयोवायथाशक्तिवस्त्रालाभेप्रदीयते पितृन्सत्कृत्यवासोभिर्दद्याद्यज्ञोपवीतकं यज्ञोपवीतदानेनविनाश्राद्धंतुनिष्फलं यज्ञोपवीतंयतिस्त्रीशूद्रश्राद्धेष्वपिदेयं ॥

રેશમનું અથવા કપાસનું વસ્ત્ર વિહિત છે. કાળું, મેલું, પેહેરેલું, છિદ્રવાળું, છેડાવિનાનું અને ધોબીએ ધોયેલું એ વસ્ત્ર નિષિદ્ધ છે. "વસ્ત્ર ન હોય તો વિદ્વાન પુરૂષે યજ્ઞોપવીત દેવું. અથવા વસ્ત્ર ન મળે તો યથાશક્તિ વસ્ત્રનું મૂલ્ય દેવું. પિતૃનો વસ્ત્રવડે સત્કાર કરી યજ્ઞોપવીત અર્પણ કરવું. યજ્ઞોપવીત દીધાવિના શ્રાદ્ધ નિષ્ફળ થાય છે." સંન્યાસી, સ્ત્રી અને શૂદ્રનાં શ્રાદ્ધવિષે પણ યજ્ઞોપવીત દેવું.

अथान्यान्यपिदेयानि ॥ धातुमयानिधूपदीपपात्राणि कमंडलुंताम्रमयंकाष्ठजंवापिमृन्मयं नारिकेलमयंवापिश्राद्धेदद्यात्प्रयत्नतः छत्रोपानदासनशयनदर्पणचामरव्यजनपादुकाकेशप्रसाधनीपटघासादिसुगंधचूर्णागारधानिकायष्टिकंवलांजनशलाकाश्चदेयाः अलंकाराश्चदातव्यायथाशक्तिहिरण्मयाः केयूरहारकटकमुद्रिकाकुंडलादयः स्त्रीभ्योयोपिदलंकारादेयाः श्राद्धेषुयोपितां मंजीरमेखलादामकर्णिकाकंकणादयः सौवर्णराजतंकांस्यंदद्याद्भोजनभाजनं कर्पूरादेश्चभांडानितांबूलायतनंतथा स्वयमन्येनवाबंदीकृतानांकेनाप्युपायेनमोचनेपितृणांब्रह्मपदम् ॥

હવે બીજા પણ દેવાયોગ્ય પદાર્થ કહે છે.

ધૂપ તથા દીપનાં પાત્ર (ધૂપેડું, દીવી, આરતી ઇત્યાદિ) ધાતુમય (ત્રાંબા પીતળનાં) દેવાં. "શ્રાદ્ધમાં ત્રાંબાનું, કાષ્ઠનું, માટીનું અથવા નારિયળનું, કમંડલ પ્રયત્નપૂર્વક દેવું." છત્ર, પગરખાં, આસન, બિછાનું, આરીસો, ચમર, પંખો, પાદુકા (ચાંખડી), કાંસકી, અત્તર ઇત્યાદિ સુગંધી ચૂર્ણ, સગડી, લાકડી, ધાબળો, કાજળ અને સળી એ પદાર્થો દેવા. "બાજુબંધ, હાર, કડાં, વીંટી અને કુંડલ ઇત્યાદિક અલંકારો પણ પોતાની શક્તિપ્રમાણે સુવર્ણના કરી દેવા. સ્ત્રિયોનાં શ્રાદ્ધમાં મંજીર (નૂપુર), મેખલા (કેડપટ્ટી), માળા, કાનનાં આભૂષણ અને કંકણ ઇત્યાદિક સ્ત્રિયોનાં આભૂષણ સ્ત્રિયોને દેવાં. સુવર્ણના, રૂપાનાં અથવા કાંસાનાં ભોજનપાત્ર (થાળ), કપૂર રાખવાનું પાત્ર અને પાનદાન પણ દેવાં." પોતે અથવા બીજાઓએ કેદ કરેલાઓને કોઇ ઉપાયે કરી પણ છોડાવવાથી પિતૃને બ્રહ્મપદ પ્રાપ્ત થાય છે.

इत्थंचोक्तवचनादाच्छादनदानांते पृथग्यज्ञोपवीतंदत्वाशक्तिसत्त्वेछत्रालंकारादिकंदत्वातत्काले स्पर्शायोग्यानांसंकल्पंकृत्वापूजनंपूर्णमस्तुसंकल्पसिद्धिरस्त्वित्युक्त्वाप्रत्युक्तौ मंत्रहीनंक्रियाहीनंसंपद्धीनंद्विजोत्तमाः श्राद्धंसंपूर्णतांयातुप्रसादाद्भवतांमम यस्यस्मृत्या० देवताभ्यः० इतिजपेत् एवमासनादिसर्वपूजाकांडंदैवंसमाप्य पैतृकमासनप्रभृतिपूजाकांडमारभेदितिकांडानुसमयक्रमएवमाधवसंमतः ॥

એપ્રમાણે પ્રથમ કહેલા વચનના આધારથી વસ્ત્ર દીધા પછી જુદાં જુદાં યજ્ઞોપવીત દઇ શક્તિ હોય તો છત્ર અલંકારાદિક દેવાં. તે સમયે સ્પર્શ કરવાને અયોગ્ય હોય તેનો સંકલ્પ કરી "पूजनं पूर्णमस्तु, संकल्पसिद्धिरस्तु" એમ કહી પ્રતિવચન દીધા પછી "मंत्रहीनं क्रियाहीनं, संपद्धीनं द्विजोत्तमाः ॥ श्राद्धं संपूर्णतां यातु, प्रसादाद्भवतां मम ॥ यस्यस्मृत्या० देवताभ्यः०" એપ્રમાણે જપ કરવો. એ રીતે આસનાદિક સર્વ દેવસંબંધી પૂજાકાંડ સમાપ્ત કરી પિતૃસંબંધી આસનાદિક પૂજાકાંડનો આરંભ કરવો; એ રીતે કાંડાનુસમયનો ક્રમજ માધવને સંમત છે.

कातीयास्त्वासनक्षणावाहनार्घ्यपर्यंतं पाद्यांतप्रयोगात्पदार्थानुसमयक्रमेणैवदैवेपित्र्येचकृत्वागंधादिपूजामेवकांडानुसमयेनकुर्वंति एकंपदार्थंदैवपित्र्यादिपुसर्वत्रानुष्ठाय तेनैवक्रमेणद्वितीयादिपदा

र्थाअनुष्ठेयाइत्ययंपदार्थानुसमयः एकत्रैवसर्वपदार्थान्समाप्यान्यत्रसर्वपदार्थानुष्ठानमितिकांडानुसमयः ॥

કાતીય (કાત્યાયન શાખાવાળાઓ) તો આસન, ક્ષણ, આવાહન અને અર્ઘ્ય ઇહાંપર્યંત, પાદ્યપર્યંત પ્રયોગ છે માટે પદાર્થના સમયને ક્રમે કરીનેજ દેવ તથા પિતૃપાસે કરી ગંધાદિક પૂજાજ કાંડના સમયેકરી કરે છે. એક પદાર્થ દેવસમીપે તથા પિતૃસમીપે સર્વ ઠેકાણે સમર્પણ કરી તેજ ક્રમવડે બીજા ઇત્યાદિ પદાર્થ અર્પણ કરવા એને પદાર્થાનુસમય કહે છે. એક ઠેકાણેજ સઘળા પદાર્થની સમાપ્તિ કરી પછી બીજે ઠેકાણે સઘળા પદાર્થ સમર્પણ કરવા એને કાંડાનુસમય એમ કહે છે.

अथान्यपवित्रेधृत्वापित्रर्चनं संकल्प्यासनाद्याच्छादनांतपूजावैश्वदेवोक्तरीत्यैवपितृधर्मेणकार्या विशेषस्तूच्यते द्विगुणभुग्नकुशत्रयंविप्रवामेक्षिपेत् पार्वणस्थानेविप्रत्रयपक्षे पितुर्यथानामगोत्रस्येदमासनमित्यादिपृथगुच्चारः एकविप्रत्वेपितृपितामहप्रपितामहानामिदमासनमित्युच्चारः एवमग्रिमोपचारेष्वप्यूहः शेषंप्राग्वत् ततस्तृतीयनिमंत्रणमपिप्राग्वद्धस्तधारणपूर्वकंकार्यम् ॥

પછી બીજાં પવિત્ર ધારણ કરી પિતૃની પૂજાનો સંકલ્પ કરી આસનથકી તે આચ્છાદનપર્યંત પૂજા દેવસમીપે જે રીતિ કહી છે તે રીતિપ્રમાણે પિતૃધર્મવડે (અપસવ્યાદિકવડે) કરવી. વિશેષ છે તેટલો માત્ર કહું છું-વચમાંથી વાળી બેવડા કરેલા એવા ત્રણ દર્ભ બ્રાહ્મણના વામભાગમાં નાંખવા. પાર્વણ ઠેકાણે ત્રણ બ્રાહ્મણ એવો પક્ષ હોય તો "पितुर्यथानामगोत्रस्येदमासनं" ઇત્યાદિક પૃથક્ ઉચ્ચાર કરવો. એક બ્રાહ્મણ હોય તો "पितृपितामहप्रपितामहानामिदमासनं" એવો ઉચ્ચાર કરવો. એપ્રમાણે આગળના ઉપચારવિષે પણ એવોજ ઊહ કરવો. બાકીનું કર્મ પ્રથમપ્રમાણે કરવું. ત્યાર પછી ત્રીજું નિમંત્રણ પણ પ્રથમ કહ્યાપ્રમાણે પેહેલાં બ્રાહ્મણનો હાથ ઝાલી કરવું.

अथार्घ्यासादनं ॥ द्विजाग्रेदक्षिणाग्रांस्त्रींस्त्रीन्दर्भानास्तीर्यतेष्वाग्नेयीसंस्थानिप्रतिपार्वणंपात्राणि त्रीणित्रीण्येवासाद्य पितृपात्रपश्चिमेमातामहादिपार्वणस्यप्रतिपार्वणमेकविप्रत्वेनवविप्रत्वादिपक्षेपित्रीण्येवपात्राणि एकविप्रत्वेतद्धस्तेएवार्घ्यत्रयं नवविप्रत्वादिपक्षेएकैकंपात्रंविभज्यत्रिषुत्रिषुदेयं प्रतिपात्रोपरिदक्षिणाग्राद्विगुणाःसाग्रानिरग्रावात्रयस्त्रयःकुशाः पितृतीर्थेनपात्रेषुजलमापूर्यशंनोदेवीरितिसर्वपात्रेषुसकृदनुमंत्रणमाश्वलायनानां तद्भिन्नैःकातीयादिभिःशन्नोदेवीरितिमंत्रेणप्रतिपात्रंमंत्रावृत्त्याजलमापूर्य हिरण्यकेशीयास्तुशन्नोदेवीरितिमंत्रंनेच्छंति सर्वमतेतिलोसीतिमंत्रावृत्त्याप्रतिपात्रंतिलावापः अत्रपितृशब्दस्यानूहइत्युक्तं गंधादिप्रक्षेपःप्राग्वत् ततःपित्रर्घ्यपात्रंसंपन्नमित्यादियथालिंगंसंपरिवाचयित्वापोदत्वादक्षिणामुखस्तिष्ठन् सव्यंकरंकुशतिलयुतंविप्रवामजानुनिन्यस्यपितृपितामहादीन्द्वितीयांतानुच्चार्य भवत्सुआवाहयिष्येइतिपंक्तिमूर्धन्यमेकंविप्रंपृच्छेत् सर्वत्रपंक्तिमूर्धन्यंप्रत्येवप्रश्नः आवाहयेत्यनुज्ञातउशंतस्त्वेतिमंत्रावृत्त्यामुकममुकनामगोत्ररूपमावाहयामीतिप्रतिविप्रंमूर्धादिपादांतमंसादियुग्मांगेषुतिलविकिरणेनावाह्यसर्वविप्रावाहनांते आयंतुनःपितरइतिसकृदुपतिष्ठेत् अत्रकातीयैर्नमोवःपितरइत्यादिइहसंतःस्यामेत्यंतेनार्चनमुक्तं आवाहनेसव्यापसव्ययोर्विकल्पः हस्तशिष्टतिलान्विप्राग्रेभूमौविकीर्य पित्रर्घ्यपात्रसंपत्तिरस्त्वित्युक्त्वाप्रत्युक्तः सव्यंकृत्वापोदत्वाधःस्थदर्भैःसहार्घ्यपात्रमेकैकंपाणिभ्यामुद्धृत्यविप्राग्रेस्वधार्घ्याइतिमंत्रावृत्त्यास्थापयेत् एकविप्रत्वेएकाग्रेएवपात्रत्रयंमंत्रावृत्त्यानवविप्रत्वेपितृविप्रत्रयमुख्याग्रेपात्रन्यासोमंत्रेण एवंपितामहादिषुमुख्याग्रेएव एवंचत्रिरेवस्वधार्घ्याइतिमंत्रोच्चारःप्रतिपार्वणे ॥

હવે અર્ઘ્યપાત્રનું સ્થાપન કહે છે.

બ્રાહ્મણની આગળ દક્ષિણ દિશામાં અગ્ર રહે એવા, ત્રણ ત્રણ દર્ભ પાથરી તે દર્ભ ઉપર અગ્નિ ખુણા કોરે જાતાં એવાં, એક એક પાર્વણમાટે ત્રણ ત્રણ પાત્ર માંડી પિતૃપાત્રના પશ્ચિમ ભાગમાં માતામહાદિ પાર્વણનાં, દર એક પાર્વણવિષે એક બ્રાહ્મણ એવો પક્ષ, અથવા નવ બ્રાહ્મણ ઇત્યાદિ કોઇ પણ પક્ષ હોય તો પણ, ત્રણજ પાત્ર માંડવાં. એક બ્રાહ્મણ હોય તો તેનાજ હાથ ઉપર ત્રણ અર્ઘ્ય દેવા. નવ બ્રાહ્મણ ઇત્યાદિ પક્ષ હોય તો એક એક અર્ઘ્યપાત્ર ત્રણ ત્રણ બ્રાહ્મણને વેંહેચી દેવું. એક એક પાત્ર ઉપર, દક્ષિણ દિશામાં અગ્ર થાય એ રીતે, વચમાં વાળી બેવડા કરેલા, અગ્રસહિત અથવા

અગ્રરહિત ત્રણે, ત્રણ કુશ રાખવા. પિતૃતીર્થવડે તે અર્ઘ્યપાત્રમાં જળ પૂરણ કરી "शन्नोदेवी०" એ મંત્રવડે આશ્વલાયનોએ સર્વ પાત્રનું એકવાર અનુમંત્રણ કરવું. આશ્વલાયનોથકી બીજા જે કાત્યાયન ઇત્યાદિ શાખાવાળાઓ તેમણે "शन्नोदेवी०" એ મંત્રવડે એક એક પાત્રમાં મંત્રની આવૃત્તિ કરી જળ પૂરવું. હિરણ્યકેશીયો તો "शन्नोदेवी०" એ મંત્રને ઇચ્છતા નથી. સઘળાઓને મતે "तिलोसि" એ મંત્રની આવૃત્તિવડે પ્રત્યેક પાત્રમાં તિલ નાંખવા. ઇહાં પિતૃશબ્દનો ઉચ્ચાર કરવો નહીં એમ કહ્યું છે. ગંધાદિક પદાર્થો પ્રથમપ્રમાણે નાંખવા. ત્યાર પછી "पित्रर्घ्यपात्रंसंपन्नं" ઇત્યાદિક જેવું લિંગ હોય તેને અનુસારે સંપત્તિ બોલાવી જલ દઇ દક્ષિણસમુખ ઉભા રહી કુશ અને તિલયુક્ત પોતાનો ડાબો હાથ બ્રાહ્મણના રાબા ગોઠણ ઉપર રાખી પિતા પિતામહાદિકનો દ્વિતીયાવિભક્ત્યંત ઉચ્ચાર કરી "भवत्सु आवाहयिष्ये" એમ કહી પક્તિના આરંભમાં બેઠેલા એક બ્રાહ્મણને પૂછવું. સઘળે ઠેકાણે પક્તિના આરંભમાં બેઠેલા બ્રાહ્મણને પ્રશ્ન કરવું. પછી "आवाहय" એ રીતે આજ્ઞા મળ્યા પછી "उशंतस्त्वा०" એ મંત્રની આવૃત્તિવડે "अमुकममुकनामगोत्ररूपमावाहयामि" એમ કહી પ્રત્યેક બ્રાહ્મણપ્રત્યે મસ્તકથકી પગપર્યંત ખભા ઇત્યાદિક જે બે બે અંગ તે ઉપર તીલ છાંટી આવાહન કરવું. એપ્રમાણે સઘળા બ્રાહ્મણોનું આવાહન કર્યા પછી "आयंतुनः पितरः०" એ મંત્રવડે એકવાર પ્રાર્થના કરવી. ઇહાં કાત્યાયન શાખાવાળાઓએ "नमोवः पितरः०" ઇત્યાદિકથકી "इह संतः स्याम" ઇહાપર્યંત મંત્રે કરી અર્ચન કહ્યુ છે. આવાહનવિષે સવ્ય અને અપસવ્ય એનો વિકલ્પ છે. આવાહન કરી હાથમાં શેષ રહેલા તિલ બ્રાહ્મણોની આગળ પૃથિવી ઉપર છાંટી "पित्रर्घ्यपात्रसंपत्तिरस्तु" એમ કહી પ્રતિવચન મળ્યા પછી સવ્યે કરી જલ દઇ ભૂમિ ઉપર પાથરેલા દર્ભસહિત એક એક અર્ઘ્યપાત્ર બન્ને હાથવડે ઉપાડી બ્રાહ્મણોની આગળ "स्वधार्घ्याः" એ મંત્રની આવૃત્તિવડે સ્થાપન કરવાં. એક બ્રાહ્મણ હોય તો એકનીજ આગળ મંત્રની આવૃત્તિવડે ત્રણ પાત્ર રાખવાં. નવ બ્રાહ્મણ હોય તો પિતાને ઠેકાણે જે ત્રણ બ્રાહ્મણ તેમાંના મુખ્ય બ્રાહ્મણની આગળ મંત્રની આવૃત્તિવડે પાત્ર સ્થાપન કરવાં. એ રીતે પિતામહાદિકને સ્થાનકે મુખ્યની આગળજ પાત્ર સ્થાપન કરવાં. એપ્રમાણે પ્રત્યેક પાર્વણને ઠેકાણે "स्वधार्घ्याः" એવો ત્રણવારજ મંત્રોચ્ચાર કરવો.

अथर्ववेदिनांप्रपितामहादिपित्रंतंप्रातिलोम्येनसर्वं.प्रयोगः ततःसंत्वर्घ्याइतिप्रत्युक्तोपोदत्वापात्रस्थंपवित्रंविप्रहस्तेषुदत्वा प्रथमपात्रोदकंसशेषंखड्गपात्रेपात्रांतरेवागृहीत्वा पितरिदंतेअर्घ्यंपितामहेदं तेअर्घ्यमित्यादियथालिंगंप्रत्येकमर्घ्यंदेयं पित्रादित्रयाणामेकविप्रत्वेत्रिभिःपात्रैरेकस्यैवहस्तेर्घ्यंदेयं षण्णामेकविप्रत्वेषट्पात्राण्येकहस्ते पितुःस्थानेविप्रत्रयादिपक्षेएकार्घ्यंविभज्यतेषुदेयं अर्घ्यांतेजलदानं पितरिदंतेअर्घ्यमित्यर्घ्यमंत्रश्चप्रतिविप्रमावर्तते एवंपितामहादिविप्रेष्वपि एवमर्घ्यंदत्वाविप्रहस्तात्स्रवंतीरपोयादिव्याइतिमंत्रेणप्रतिविप्रमनुमंत्रयेदितिबह्वृचः अन्यशाखिनांतुयादिव्याइतिमंत्रेणार्घ्यदानम् अर्घ्यदानांतेप्रतिविप्रमपोदानंतथाचैकविप्रत्वेनुमंत्रणमपोदानंचांतेसकृदेव विप्रभेदेत्वावर्तते अर्घ्यदाने नामगोत्राद्युच्चारोनक्रियते श्राद्धसागरकारैस्तुकार्यइतियुक्तंभातीत्युक्तम् ॥

અથર્વણવેદીઓનો સઘળો પ્રયોગ પ્રપિતામહથકી પિતાપર્યંત એમ ઉલટો જાણવો. ત્યાર પછી "संत्वर्घ्याः" એવું પ્રતિવચન મળ્યા છતાં જલ દઈ પાત્રમાંનું પવિત્ર બ્રાહ્મણના હાથમાં દઈ પ્રથમ પાત્રમાંનું જલ પાત્રમાં શેષ રહે એ રીતે ગેંડાના પાત્રમાં અથવા બીજા પાત્રમાં લઇ "पितरिदं ते अर्घ्यं पितामहेदं ते अर्घ्यं" ઇત્યાદિક જેવું લિંગ હોય તેને અનુસારે એક એકને અર્ઘ્ય દેવો. પિત્રાદિક ત્રણને ઠેકાણે એક બ્રાહ્મણ હોય તો એકનાજ હાથમાં ત્રણ પાત્રનો અર્ઘ્ય દેવો. છનો એક બ્રાહ્મણ હોય તો છ પાત્ર એકના હાથ ઉપર દેવાં. પિતાને સ્થાનકે ત્રણ બ્રાહ્મણ ઇત્યાદિક પક્ષ હોય તો એક અર્ઘ્યનો વિભાગ કરી ત્રણ બ્રાહ્મણને દેવો. અર્ઘ્યને અંતે જલ દેવું. તથા "पितरिदंते अर्घ्यं" એ અર્ઘ્યમંત્ર પ્રત્યેક બ્રાહ્મણપાસે કહેવો. એપ્રમાણે પિતામહાદિકના બ્રાહ્મણવિષે પણ જાણવું. એ રીતે અર્ઘ્ય દઈ બ્રાહ્મણના હાથમાંથી વેહેતું જલ "यादिव्या०" એ મંત્રવડે એક એક બ્રાહ્મણને સમીપે અનુમંત્રણ કરવું, એ ઋગ્વેદીઓનો પ્રકાર જાણવો. બીજી શાખાવાળાઓએ તો "यादिव्या" એ મંત્રવડે અર્ઘ્યદાન કરવું. અર્ઘ્યદાન થયા પછી પ્રત્યેક બ્રાહ્મણોને જલ દેવું. તેમજ એક બ્રાહ્મણ હોય તો અનુમંત્રણ કરવું અને ઉદક દેવું એ અંતમાં એકવારજ કરવું, જુદા જુદા [illegible] હોય

તો આવૃત્તિ કરી એક એક બ્રાહ્મણને સમીપે કરવું. અર્ઘ્યદાનવિષે નામ ગોત્ર ઇત્યાદિકનો ઉચ્ચાર કરવો નહીં. શ્રાદ્ધસાગર ગ્રંથના કર્તાએ તો, નામ ગોત્ર ઇત્યાદિકનો ઉચ્ચાર કરવો એ યોગ્ય ભાસે છે, એમ કહ્યું છે.

अथशेषजलयुतप्रथमार्घ्यपात्रेपात्रद्वयस्थशेषोदकमेकीकृत्यतेनजलेनमुखांजनंकार्यं आयुःकामेननेत्रसेचनंकार्यं संस्रवान्त्समवनीयेत्याद्याश्वलायनसूत्रात् केचिद्विप्रहस्तगलितांबुसंस्रावस्तस्यैकीकरणमाहुः दर्शादौमातामहपात्रोदकेतत्पात्रद्वयोदकंसमवनीयमातामहपात्रोदकंपितृपात्रस्थसंस्रावेसंनयेत् मातृपार्वणभेदेमातामहपात्रसमवनीतोदकंमातृपात्रस्थसमवनीतोदकेनतदुदकंपितृपात्रस्थैकीकृतोदकइतितत्संस्रावपात्रंदैविकविप्रादुत्तरतोरत्निमात्रेप्रोक्षितेदर्भेषुन्युब्जंसकूर्चंपितृभ्यःस्थानमसीत्यासादयेत् यद्वाप्रथमपात्रमुत्तानंसंस्रावोदकसहितंमंत्रेणासाद्यतृतीयपात्रेणसकूर्चपवित्रंतदाच्छादयेत् पक्षद्वयेपिगंधादिनाभ्यर्च्यासमाप्तेर्नचालयेन्नचस्पृशेत् ॥

ત્યાર પછી શેષ જલે યુક્ત જે પ્રથમ અર્ઘ્યપાત્ર તેમાં, બે પાત્રમાંનું શેષ ઉદક એકત્ર મેળવી તે જલવડે મુખ ભીંજવવું. આયુષ્યની ઇચ્છા કરનારાએ નેત્ર ઉપર સેચન કરવું. કારણ, "संस्रवान्त्समवनीय" (સંસ્રવ એટલે અર્ઘ્યપાત્રમાંનું શેષ જલ એક ઠેકાણે કરવું) ઇત્યાદિક આશ્વલાયનસૂત્ર છે. કોઇ ગ્રંથકાર બ્રાહ્મણોના હાથમાંથી ગળતું જે જલ તે સંસ્રાવ, તેનું એકીકરણ કરવું, એમ કહે છે. દર્શાદિક શ્રાદ્ધવિષે માતામહના પાત્રમાંના જલમાં માતાના પિતામહાદિક બેનાં પાત્રમાંનું જલ એકત્ર કરી માતામહના પાત્રમાંનું જલ પિતૃપાત્રમાંના સંસ્રાવમાં મેળવવું. માતૃપાર્વણ જુદું હોય તો, માતામહનાં પાત્રમાં એકત્ર કરેલું જલ માતાના પાત્રમાંના જલસાથે મેળવી તે જલ પિતૃપાત્રમાંના એક કરેલા જલમાં મેળવી દેવું, અને પછી તે સંસ્રાવપાત્ર દેવતાના બ્રાહ્મણથી ઉત્તર તરફ અરત્નિમાત્ર (કનિષ્ઠિકા આંગળી છૂટ રાખી મૂઠી વાળેલો હાથ), પ્રોક્ષણ કરેલ એવે સ્થાનકે દર્ભ ઉપર ઊંધું તથા કૂર્ચસહિત "पितृभ्य स्थानमसि" એ મંત્રવડે સ્થાપવું. અથવા પ્રથમ પાત્ર સવળું સંસ્રાવના જલસહિત મંત્રવડે સ્થાપન કરી ત્રીજા પાત્રવડે કૂર્ચ અને પવિત્રસહિત આચ્છાદન કરવું. એ બન્ને પક્ષવિષે ગંધાદિક ઉપચારવડે તે પાત્રની પૂજા કરી સમાપ્તિપર્યંત તે પાત્રને ચલાવવું નહીં, તથા સ્પર્શ પણ કરવો નહીં.

कातीयास्तुशुंधंतामितिभूमिंप्रोक्ष्यपितृपदनमसीतिकुशानास्तीर्यपितृभ्यःस्थानमसीतिप्रथमंन्युब्जंकृत्वागंधादिदीपांतैरर्चंति ॥

કાત્યાયન શાખાવાળાઓ તો, "शुंधंतां" એ મંત્રવડે ભૂમીનું પ્રોક્ષણ કરી "पितृपदनमसि" એ મંત્રવડે કુશ પાથરી "पितृभ्य स्थानमसि" એ મંત્રવડે પ્રથમ પાત્ર ઊંધું કરી ગંધથકી દીપપર્યંત ઉપચારવડે પૂજન કરે છે.

अथप्राचीनावीती आद्यंतयोरपोयच्छन्गंधाद्यैःपूजनंचरेत् अमुकशर्मन्यथानामगोत्रायंते गंधःस्वधानमइति एकविप्रत्वेशर्माणोयंवोगंधइत्यादिनात्रिस्त्रिर्गंधदानंशेषंप्राग्वत् केचिदमीतेगंधाइतिबहुत्वंगंधेप्राहुः अर्घ्यदानभिन्नेसर्वत्रस्वधानमइत्यंतेनदानम् अत्रापिव्यविप्रपूजनेगंधादेःपदार्थानुसमयःकांडानुसमयोवा संपूर्णवाचनादिप्राग्वत् कृत्वाचतुष्कोणंवर्तुलंचयथाक्रमंवारिणागोमयभस्मादिनामंडलानिसव्यापसव्याभ्यांकुर्यात् तत्रनैर्ऋतीमारभ्येशानीपर्यंतंदैवेईशानीतोनैर्ऋतीपर्यंतंपित्र्येचप्रादक्षिण्याप्रादक्षिण्याभ्यांकार्याणि तत्रपूर्वोक्तपात्राण्यासादयेत् नायसान्यपिपात्राणिपैत्तलानिनतुक्वचित् नचसीसमयानीहशस्यतेत्रपुजान्यपि कांस्यपात्रंनिकल्पितं पर्णपात्रेषुपलाशमधूकोदुंबरकुटजप्लक्षजानिशस्तानि कदलीचूतपनसजंबुचंपकानिमध्यमानिपर्णपात्राण्यासाद्य पितृपूर्वकंपरितोभस्मसमर्यादांपितृपूर्वकंविप्राणामन्नशुद्धिंचसव्यापसव्याभ्यांकुर्यात् तत्रपिशंगइतिरक्षाणोइतिमंत्रद्वयंकेचिदाहुः आचम्यकरशुद्धिजलंपादक्षालनमंडलेक्षिपेत् ॥

પછી પ્રાચીનાવીતી (અપસવ્ય) કરી "આદ્ય અને અંતવિષે જલ દેતાં છતાં ગંધાદિક ઉપચારવડે પૂજા કરવી." તે આ રીતે-"अमुकशर्मन् यथानामगोत्रायं ते गंधः स्वधानमः" એમ; એક બ્રાહ્મણનો પણ હોય તો, "शर्माणोयं वो गंध." ઇત્યાદિક પ્રકારે ત્રણ ત્રણવાર ગંધ દેવો. બાકીનું કર્મ

પ્રથમપ્રમાણે કરવું. કોઇ ગ્રંથકાર, “अमी ते गंधाः” એ રીતે ગંધવિષે બહુવચનાંત ઉચ્ચાર કહે છે. અર્ઘ્યદાનવિના સઘળે ઠેકાણે “स्वधा नमः” એ મંત્રનો અંતમાં ઉચ્ચાર કરી ઉપચાર દેવો. ઇહાં પિતૃસંબંધી બ્રાહ્મણોના પૂજનવિષે ગંધાદિક ઉપચાર પદાર્થાનુસમયવડે અથવા કાંડાનુસમયવડે દેવા. સંપૂર્ણ વાચનાદિક પ્રથમપ્રમાણે કરી ચાર ખુણાવાળું તથા ગોળાકાર યથાક્રમે (દેવસમીપે ચતુષ્કોણ, અને પિતૃસમીપે વર્તુળ) જલવડે, છાણવડે અથવા ભસ્મ ઇત્યાદિકવડે સવ્ય તથા અપસવ્યે કરી મંડળ કરવાં. તેમાં નૈર્ઋત્ય દિશાથકી આરંભ કરી ઈશાનપર્યંત દેવ સમીપે, અને ઈશાનથકી આરંભ કરી નૈર્ઋતપર્યંત પિતૃ સમીપે સવળું તથા અવળું એ રીતે કરવાં. અને તે મંડળ ઉપર પ્રથમ કહેલાં પાત્ર માંડવાં. “લોઢાનાં તથા પિતળનાં પાત્ર ક્યારે પણ ઉત્તમ નથી. સીસાનાં તથા કલીનાં પાત્ર પણ ઉત્તમ નથીજ.” કાંસાનું પાત્ર વિકલ્પિત છે. પાનનાં પાત્રમાં; ખાખરો, માહુડ, ઘુલર, ભુરૂં કોળું, પીપળી એમનાં પાન ઉત્તમ છે. કેળ, આંબા, ફણસ, જાંબુ અને ચંપો એમનાં પાન મધ્યમ છે. એપ્રમાણે પાત્ર માંડી પ્રથમ પિતૃનાં પછી દેવનાં એ રીતે પાત્રને ચારેમેર ભસ્મમર્યાદા અને પિતૃપૂર્વક બ્રાહ્મણોની કરશુદ્ધિ (હાથ ધોવરાવવા) એ સવ્ય તથા અપસવ્યવડે કરવી. તે મર્યાદા કરવાવિષે “पिशंग०” તથા “रक्षाणो०” એ બે મત્ર કોઇ ભણે છે. આચમન કરી કરશુદ્ધીનું જળ પાદપ્રક્ષાલનના મંડળ ઉપર નાંખવું.

अथाग्नौकरणम् ॥ तच्चाश्वलायनानांगृह्याग्निमतांव्यतिषंगेणश्राद्धप्रयोगेगृह्याग्निपक्वचरुणागृह्याग्नावेवकार्ये व्यतिषंगाभावेपाणिहोमः श्रौताग्निमतांदर्शेव्यतिषंगाभावात्पाणिहोमएव पूर्वेद्युरन्वष्टक्ययोर्दक्षिणाग्नौश्रपणंहोमश्च निरग्निकानांतुसर्वत्रपाणिहोमएव आपस्तंबादीनांश्रौताग्निमतांसर्वाधानिनांदक्षिणाग्नौ अर्धाधानिनांगृह्याग्निमात्रवतांचगृह्याग्नावेव प्रवासस्थानांनिरग्निकानांचअयाश्चाग्ने मनोज्योतिरुद्युष्यध्वंव्याहृतिहोमैरुत्पादितेलौकिकाग्नौहुत्वाग्नेरुत्सर्गः नत्वेषांक्वापिपाणिहोमः पाकस्तुसर्वत्रपचनाग्नावेवकातीयानांगृह्याग्निमतांगृह्याग्निविहृतपचनाग्नौपाकोग्नौकरणंतुगृह्याग्नावेव श्रौताग्निमतांसर्वाधानपक्षेदक्षिणाग्नावर्धाधानपक्षेऔपासनाग्नावितिकाशिकायामुक्तं कातीयानामर्धाधानपक्षएवयुक्तइति भाति निरग्नीनांकातीयानामपसव्यादिनापित्र्यादिद्विजहस्तएवाग्नौकरणम् तत्रपक्षद्वयम् देवद्विजकरेएवसव्येनहोमः यद्वापसव्येनपित्र्यद्विजपंक्तौप्रथमद्विजकरेइति बह्वृचानांतुपित्र्यद्विजकरेष्वेवप्रतिविप्रं होमः वाजसनेयिनांत्वेकहोमएवेतिश्राद्धकाशिकायांकातीयसूत्रवृत्तौ केचित्तुपृष्ठोदिविविधानेनाग्निमुत्पाद्याग्नावेवजुह्वति सामगादीनांसाग्नीनामग्नावग्नेरसंनिधानेदैवकरेपित्र्यकरेवा निरग्नीनांतुदेवद्विजकरएव मृतभार्यस्यापत्नीकस्यप्रथमदेवद्विजकरएवहोमोनपित्र्येइतिसर्वसाधारणम् ॥

હવે અગ્નૌકરણ કહે છે.

તે અગ્નૌકરણ ગૃહ્યાગ્નિમાન્ એવા આશ્વલાયનોએ વ્યતિષંગવડે શ્રાદ્ધપ્રયોગ છતાં ગૃહ્યાગ્નિ ઉપર ચરુ રાંધી તે ચરુવડે ગૃહ્યાગ્નિ ઉપરજ કરવું. વ્યતિષંગપ્રયોગ ન હોય તો, બ્રાહ્મણના હાથ ઉપર હોમ કરવો. શ્રૌતાગ્નિવાળાઓને, વ્યતિષંગ ન હોવાથી તેમણે પાણિહોમજ કરવો, પૂર્વેદ્યુઃશ્રાદ્ધ તથા અન્વષ્ટક્યશ્રાદ્ધ એમનેવિષે દક્ષિણાગ્નિવિષે ચરુ રાધી હોમ પણ કરવો. નિરગ્નિકોએ તો સર્વત્ર પાણિહોમજ કરવો. આપસ્તંબશાખાવાળા ઇત્યાદિક શ્રૌતાગ્નિમાન્ સર્વાધાનિઓએ દક્ષિણાગ્નિ ઉપર ચરુ રાંધવો તથા હોમ એ કરવાં. અર્ધાધાની તથા ગૃહ્યાગ્નિવાળાઓએ ગૃહ્યાગ્નિ ઉપરજ કરવાં. પ્રવાસમાં રેહેનારા તથા નિરગ્નિક એમણે “अयाश्चाग्ने०, मनोज्योतिरुद्युष्यध्वं०” અને વ્યાહૃતિ એમનો હોમ કરી ઉત્પન્ન કરેલા લૌકિકાગ્નિ ઉપરજ હોમ કરી અગ્નિનું વિસર્જન કરવું. એ આપસ્તંબાદિકોને ક્યાંઇ પણ પાણિહોમ કહ્યો નથી. પાક કરવાનો તે તો સર્વત્ર પચનાગ્નિ ઉપરજ કરવો. ગૃહ્યાગ્નિયુક્ત જે કાત્યાયનો તેમણે ગૃહ્યાગ્નિમાંથી અગ્નિ લઇ તે પચનાગ્નિ ઉપર પાક કરવો, અને અગ્નૌકરણ કરવું. તે તો ગૃહ્યાગ્નિવિષેજ કરવું. શ્રૌતાગ્નિયુક્ત છતાં સર્વાધાન પક્ષ હોય તો દક્ષિણાગ્નિ ઉપર અને અર્ધાધાન પક્ષ હોય તો ઔપાસનાગ્નિ (ગૃહ્યાગ્નિ) ઉપર અગ્નૌકરણ કરવુ એમ કાશિકા ગ્રંથમાં કહ્યું છે. કાત્યાયનોને અર્ધાધાન પક્ષજ યોગ્ય છે એમ ભાસે છે. નિરગ્નિક એવા કાત્યાયનોએ અપસવ્યાદિકવડે પિતૃપાસેના પ્રથમ બ્રાહ્મણના હાથ ઉપરજ અગ્નૌકરણ કરવું. તેવિષે બે પક્ષ છે—દેવસમીપના બ્રાહ્મણના હાથ ઉપરજ સવ્યે કરી હોમ કરવો. અથવા અપસવ્યવડે પિતૃપાસેની બ્રાહ્મણોની પંક્તિમાંના પ્રથમ બ્રાહ્મણના હાથ ઉપર હોમ કરવો; એપ્રમાણે બે પક્ષ જાણવા. બહ્વૃચો (ઋગ્વેદીઓ) એ તો પિતૃ-

પંક્તિના એક એક બ્રાહ્મણ એટલે સઘળા બ્રાહ્મણોના હાથ ઉપરજ હોમ કરવો. વાજસનેયી શાખાવાળાઓએ તો એક હોમજ કરવો એ રીતે શ્રાદ્ધકાશિકા ગ્રંથવિષે કાતીયસૂત્રની વૃત્તિમાં કહ્યું છે. કેટલાએક શિષ્ટો તો, ‘पृष्टो दिवि’ એ વિધાનવડે અગ્નિ ઉત્પન્ન કરી તે અગ્નિવિષેજ અગ્નૌકરણ હોમ કરે છે. સાગ્નિક એવા સામવેદીઓએ અગ્નિ ઉપર અગ્નૌકરણ કરવું. અગ્નિ સમીપે ન હોય તો દેવના બ્રાહ્મણના હાથ ઉપર અથવા પિતૃના બ્રાહ્મણના હાથ ઉપર કરવું. નિરગ્નિક હોય તેમણે તો દેવતાના બ્રાહ્મણના હાથ ઉપરજ હોમ કરવો. જેની સ્ત્રી મરી ગઇ હોય એવા જે અપત્નીક તેમણે પેહેલા દેવબ્રાહ્મણના હાથ ઉપરજ હોમ કરવો, પિતૃના બ્રાહ્મણના હાથ ઉપર હોમ કરવો નહીં, એ રીતે એ નિર્ણય સર્વ સાધારણ જાણવો.

अथहोमप्रकारः ॥ बह्वृचानांव्यतिषंगपक्षेऽग्नावग्नौकरणंकरिष्ये इतिपृष्ट्वाक्रियतामितिअनुज्ञातोगृह्याग्नौपक्वंचरुमुद्धृत्यद्विधाविभज्यापसव्येनोत्तरभागादवदानसंपदामेक्षणेऽवदायसोमायपितृमतेस्वधानमः सोमायपितृमतइदंनममेतिहोमत्यागौकृत्वादक्षिणभागात्पुनस्तथैवावदायाऽग्नयेकव्यवाहनायस्वधानम इति होमत्यागौकुर्यात् सव्येनापसव्येनवामेक्षणमग्नावनुप्रहरेत् यद्वा सव्येनस्वाहांतोक्तमंत्रेणाहुतिद्वयं सोमाग्न्योर्व्यत्यासेनादायजुहुयादिति कातीयानांतुगृह्येश्रपणमकृत्वैवपचनाग्निपक्वमन्नमादायघृताक्तंकृत्वा पूर्ववत्प्रश्नानुज्ञानंतरंस्मार्ताद्यग्निंपरिस्तीर्य तिस्रःसमिधआधायसव्येनाग्नयेकव्यवाहनायस्वाहा सोमायपितृमतेस्वाहेतिमेक्षणेनाहुतिद्वयंजुहुयात् अपसव्येनवापाणिहोमेपीत्थमेवप्रकारऊह्योविशेषस्तूक्तः आपस्तंबानांतुआज्यभागांतेउद्ध्रियतामग्नौचक्रियतामितिप्रश्नेकाममुद्ध्रियतामितिअनुज्ञानं हिरण्यकेशीयानामुद्धरिष्याम्यग्नौकरिष्यामीतिप्रश्नः यन्मेमातेत्यादिमंत्रैःसप्तान्नाहुतयःषडाज्याहुतयइतित्रयोदशाहुतयः मंत्रास्तुविस्तारभयान्नोक्ताः हिरण्यकेशीयानामाज्यभागांते सोमायपितृमतेइत्यादिषोडशमंत्रैः षोडशाज्याहुतयः षोडशान्नाहुतयश्चप्रतिपार्वणंबोध्याः मंत्रेषुपित्रादिपदोहआज्यान्नपदयोरूहश्च तत्तदर्थेष्वेवज्ञेयोतिविस्तृतत्वान्नोच्यते ॥

હવે હોમનો પ્રકાર કહે છે—ઋગ્વેદીઓને વ્યતિષંગ પક્ષ હોય તો “अग्नौ अग्नौकरणं करिष्ये” એમ પ્રશ્ન કરી “क्रियतां” એ રીતે આજ્ઞા મળ્યા પછી ગૃહ્યાગ્નિ ઉપર પકવ થયેલો ચરુ લઇ તેના બે ભાગ કરી અપસવ્યવડે ઉત્તર ભાગમાંથી મેક્ષણ ઉપર અવદાનની રીતે ચરુ લઇ “सोमाय पितृमते स्वधा नमः सोमाय पितृमत इदं नमम” એ પ્રમાણે હોમ તથા ત્યાગ કરી દક્ષિણ ભાગમાંથી ફરી તેમજ અવદાન લઇ “अग्नये कव्यवाहनाय स्वधा नमः” એ રીતે હોમ તથા ત્યાગ કરવો. સવ્યે અથવા અપસવ્યે મેક્ષણ અગ્નિમાં નાંખવું. અથવા સવ્યે કરી સ્વાહા છે અંતમાં જેના એવા ઉક્ત મત્રવડે બે આહુતિ સોમ તથા અગ્નિને વ્યત્યાસવડે એટલે પ્રથમ અગ્નિ પછી સોમ એ રીતે લઇ હોમ કરવો. કાત્યાયનોએ તો ગૃહ્યાગ્નિ ઉપર ચરુ રાંધ્યાવિના પચનાગ્નિ ઉપર રાંધેલો ચરુ લઇ તેની ઉપર ઘૃત નાંખી પ્રથમ કહ્યાપ્રમાણે પ્રશ્ન તથા આજ્ઞા થયા પછી સ્માર્ત ઇત્યાદિ અગ્નિને પરિસ્તરણ કરી ત્રણ સમિધ હવન કરી સવ્યવડે “अग्नये कव्यवाहनाय स्वाहा, सोमाय पितृमते स्वाहा” એ રીતે મેક્ષણવડે બે આહુતિ હોમવી, અથવા અપસવ્યેકરી હવન કરવું. પાણિહોમવિષે પણ એવોજ પ્રકાર જાણવો, બીજો વિશેષ પ્રથમ કહ્યો છે. આપસ્તંબોને તો આજ્યભાગ થયા પછી “उद्ध्रियतां अग्नौचक्रियतां” એવો પ્રશ્ન હોવાથી “काममुद्ध्रियतां” એવી અનુજ્ઞા જાણવી. હિરણ્યકેશીઓને “उद्धरिष्यामि अग्नौकरिष्यामि” એવો પ્રશ્ન, તથા “यन्मे माता०” ઇત્યાદિ મંત્રવડે ચરુની સાત આહુતિ અને ઘૃતની ૭ આહુતિ એ રીતે તેર આહુતિ જાણવી. મંત્રો તો વિસ્તારના ભયથકી કહ્યા નથી. હિરણ્યકેશીઓને આજ્યભાગ થયા પછી “सोमाय पितृमते” ઇત્યાદિ સોળ મંત્રવડે સોળ આજ્યાહુતિ અને સોળ ચરુની આહુતિ એ રીતે પ્રત્યેક પાર્વણવિષે જાણવું. મંત્રોવિષે પિતા ઇત્યાદિ પદનો ઉચ્ચાર તથા આજ્ય અને અન્ન પદનો ઊહ કરવો તે, તે તે અર્થમાં જોવો, અતિ વિસ્તાર થાય માટે ઇહાં કહેતા નથી.

अथपाणिहोमप्रकारः ॥ तत्रविप्रपाणावग्नौकरणंकरिष्येइतिप्रश्नः क्रियतामित्यनुज्ञा करिष्ये इतिप्रश्नेकुरुष्वेत्यनुज्ञानभवतीतिसर्वत्राश्वलायनमतं कातीयादीनांतुप्रश्नस्त्येव आश्वलायनसूत्रवृत्तौ तुपाणिहोमेकृत्यमपिप्रश्नप्रतिवचनंचनकार्यमितिद्योतितम् ॥

હવે પાણિહોમના પ્રકાર કહે છે—તે પાણિહોમવિષે "विप्रपाणावग्नौकरणं करिष्ये" એવો પ્રશ્ન, "क्रियतां" એ રીતે આજ્ઞા. "करिष्ये" એવો પ્રશ્ન છતાં "कुरुष्व" એવી આજ્ઞા થતી નથી એવો સર્વત્ર આશ્વલાયનનો મત જાણવો. કાત્યાયનાદિકોને તો થાયજ છે. આશ્વલાયનસૂત્રની વૃત્તિવિષે તો પાણિહોમવિષે કોઇ પણ જાતનું પ્રશ્ન તથા પ્રતિવચન એ કરવાં નહીં એમ પ્રકાશિત કર્યું છે.

सदर्भंपित्र्यविप्रपाणिंसव्येनपरिसमूह्यपर्युक्ष्यमेक्षणेनकरेणवापूर्ववदाहुतिद्वयंसोमायेत्यादिमंत्राभ्यां प्राचीनावीत्येवजुहुयात् तत्रकरेणहोमपक्षेवामहस्तेनदर्भेणदक्षिणकरेउपस्तीर्यदक्षिणेनद्विरवदायवामेनाभिघार्यचतुरवत्तित्वादिसंपाद्यं बह्वृचानांसर्वपित्र्यकरेषुहोमएकोद्दिष्टविप्रकरेहोमःकृताकृतः होमांते सव्येनपरिसमूहनोक्षणे पाणिहोमेमेक्षणानुप्रहरणंन केचित्पाणिहोमेपरिसमूहनादिकंमेक्षणंचनेच्छंति विप्राश्चपाणिहुतान्नंकर्त्रादेवपूर्वंसव्येनैवामासुपक्कमितिमंत्राभिघारिते स्वस्वपात्रेसंस्थाप्यभोजनस्थानादन्यत्राचम्ययथास्थानमुपविशेयुः अग्नौकरणशेषंपिंडार्थमवस्थाप्यपित्र्यपात्रेष्वेवसर्वान्नपरिवेषणांते केचिदग्नौकरणशेषपरिवेषणोत्तरंसर्वान्नपरिवेषणमाहुः अग्नौकरणशेषंदेवपात्रेपुनदेयं कातीयानांतुसाग्नीनामग्नौहोमेदेवपूर्वंसर्वपात्रेषुशेषदानं निरग्नेर्देवविप्रकरेहोमेपितृपात्रेष्वेवपित्र्यकरेहोमेदेवादिसर्वपात्रेषुहुतशेषदानमितिकाशिका अन्नंपाणौहुतंयच्चयच्चान्यत्परिवेषितं एकीकृत्यैवभोक्तव्यंपृथग्भक्षोनविद्यते बौधायनानांतुपाणिहुतेन्नेभक्षितेन्यान्नपरिवेषणमुक्तम् ॥

પિતૃના બ્રાહ્મણનો દર્ભસહિત હાથ સવ્યવડે પરિસમૂહન કરી તથા પર્યુક્ષણ કરી મેક્ષણવડે અથવા હાથથકી પ્રથમની પેઠે બે આહુતિ "सोमाय" ઇત્યાદિ બે મંત્રવડે પ્રાચીનાવીતિવડેજ હોમવી. તેમાં હાથવડે હોમ કરવાનો પક્ષ હોય તો, ડાબા હાથવડે દર્ભેકરી જમણા હાથમાં ઘૃત લગાડી જમણા હાથવતી બેવાર ચરુ લઇ ડાબા હાથથકી અભિઘાર કરી ચતુરવત્તિત્વ ઇત્યાદિક કરવું. ઋગ્વેદીઓએ સઘળા પિતૃતરફના બ્રાહ્મણોના હાથ ઉપર હોમ કરવો, એકોદ્દિષ્ટના બ્રાહ્મણના હાથ ઉપર હોમ કૃતાકૃત છે. હોમ થયા પછી સવ્યેકરી પરિસમૂહન તથા પર્યુક્ષણ કરવાં. પાણિહોમનેવિષે મેક્ષણ તથા અનુપ્રહરણ કરવાં નહીં. કોઈ ગ્રંથકાર પાણિહોમવિષે પરિસમૂહનાદિક તથા મેક્ષણ એ ઇચ્છતા નથી. બ્રાહ્મણોએ; હાથ ઉપર હોમ કરેલું અન્ન, કર્ત્તાએ દેવપૂર્વક સવ્યે કરીનેજ "आमासुपक्व०" એ મંત્રવડે અભિઘાર કરેલા પોતપોતાના પાત્રમાં રાખી ભોજનના સ્થાન કરતાં અન્ય ઠેકાણે આચમન કરી ફરી પોતપોતાને સ્થાનકે આવી બેસવું. અગ્નૌકરણ કરી શેષ રહેલું અન્ન પિંડમાટે રાખી પિતરોના બ્રાહ્મણોના પાત્ર ઉપરજ સર્વ પદાર્થ પીરસ્યા પછી તે પીરસવું. કોઈ ગ્રંથકાર, અગ્નૌકરણનું શેષ અન્ન પીરસ્યા પછી બીજા સર્વ પદાર્થ પીરસવા એમ કહે છે. અગ્નૌકરણનું શેષ અન્ન દેવના પાત્ર ઉપર પીરસવું નહીં. સાગ્નિક એવા કાત્યાયનોએ તો અગ્નિવિષે અગ્નૌકરણ હોમ કર્યા પછી દેવપૂર્વક સઘળાં પાત્ર ઉપર શેષ અન્ન પીરસવું. નિરગ્નિકોએ દેવના બ્રાહ્મણના હાથમાં હોમ કર્યા છતાં પિતૃના પાત્ર ઉપરજ શેષ અન્ન પીરસવું, અને પિતરોના બ્રાહ્મણના હાથ ઉપર હોમ કર્યો હોય તો દેવાદિકનાં સઘળાં પાત્ર ઉપર શેષ અન્નનું દાન કરવું, એમ શ્રાદ્ધકાશિકા ગ્રંથવિષે કહ્યું છે. "જે અન્ન હાથ ઉપર હોમ્યું તે, તથા બીજું જે અન્ન પાત્ર ઉપર પીરસ્યું તે એ સઘળુ અન્ન એકઠું કરીનેજ ભક્ષણ કરવું. જુદુ ભક્ષણ કરવું નહીં." બૌધાયનોને તો, હાથ ઉપર હોમેલું અન્ન ભક્ષણ કીધા પછી બીજું અન્ન પીરસવું એમ કહ્યું છે.

अथपूर्वोक्तवद्देवपूर्वंघृताभिघारितपात्रेषुपूर्वोक्तहविष्यान्नपरिवेषणं स्वयंपत्नीवान्योवाकुर्यात् नापवित्रेणनैकेनहस्तेनचविनाकुशं नायसेनापिपात्रेणश्राद्धेषुपरिवेषयेत् व्यंजनादिकंपर्णाद्यंतर्हितहस्तैर्देयं दर्व्यादेयंघृतंचान्नंसमस्तंव्यंजनानिच उदकंचैवपक्वान्नंनोदर्व्यातुकदाचन हस्तदत्तंतुनाश्नीयाल्लवणव्यंजनादिकं अपक्वंतैलपक्वंचहस्तेनैवप्रदीयते घृतादिपात्राणिभूमौस्थापयेन्नभोजनपात्रे ओदनेपरमान्नेच पात्रमासाद्यतत्रघृतपूरणेरुधिरतुल्यता पंक्तौविषमदातुश्चनिष्कृतिर्नैवविद्यते सर्वदाचतिलाग्राह्याःपितृकृत्येविशेषतः भोज्यपात्रेतिलान्दृष्ट्वानिराशाःपितरोगताः हिंगुशुंठीपिप्पलीमरीचकानिशाकादिसंस्कारार्थान्येवनतुसाक्षाद्भक्षयेत् परिवेषणकालेएवतत्सर्वप्रकारमन्नंपिंडार्थंपिंडपात्रेपरिवेषणीयमितिश्राद्धसागरे ॥

હવે પ્રથમ કહ્યાપ્રમાણે દેવપૂર્વક ઘૃતનો અભિઘાર કરેલા પાત્ર ઉપર પ્રથમ કહેલું હવિષ્યાન્ન (શુદ્ધાન્ન) પોતે કિંવા સ્ત્રીએ અથવા બીજા કોઇએ પીરસવું. "અપવિત્ર હાથથકી અથવા કુશવિનાને

તથા એક હાથે અને લોખંડના પાત્રવડે શ્રાદ્ધવિષે પદાર્થ પીરસવા નહીં." કોથમીર, ચટણી ઇત્યાદિક પદાર્થ, પાંદડાં ઇત્યાદિકવડે ઢાંકેલા હાથથકી પીરસવાં. "ઘી, અન્ન તથા સઘળા કોથમીર, ચટણી ઇત્યાદિક પદાર્થ તથા જળ કડછીવતી પીરસવાં. રાંધેલું અન્ન કડછીવતી પીરસવું નહીં. હાથવતી પીરસેલા એવા મીઠું, -ચટણી, કોથમીર ઇત્યાદિક પદાર્થ ભક્ષણ કરવા નહીં. કાચા તથા તેલવડે પક્વ પદાર્થ હાથવતીજ પીરસવાં." ઘૃત ઇત્યાદિક પદાર્થનાં પાત્ર (વાટકા, પડિઆ ઇત્યાદિક) પૃથ્વી ઉપર રાખવાં. ભોજનના પાત્ર ઉપર રાખવા નહીં. ભાત તથા દૂધપાક એમાં પાત્ર રાખી તે પાત્રમાં ઘૃત પીરસે તો તે રૂધિર સમાન થાય છે. "પંક્તિમાં એકને ઓછું અને એકને અધિક એમ વિષમરીતે પીરસનારા પાપનો નાશ કરનારૂં પ્રાયશ્ચિત્તજ નથી. પિતૃકાર્યવિષે વિશેષેકરી સર્વદા તિલ લેવા. પિતૃદેવ, ભોજનના પાત્ર ઉપર તિલ જોઇ નિરાશ થઈ જાય છે. હીંગ, સુંઠ, પીપર, મરી એ પદાર્થ શાકાદિકના સંસ્કાર એટલે વઘાર ઇત્યાદિકમાં પરિપક્વ થયેલા ભક્ષણ કરવા, પ્રત્યક્ષ ભક્ષણ કરવા નહીં. પીરસવાના સમયેજ તે સઘળા પ્રકારનું અન્ન પિંડમાટે પિંડપાત્ર ઉપર પીરસવું એ રીતે શ્રાદ્ધસાગર ગ્રંથમાં કહ્યું છે.

अथोपवीती दैवेपात्रेपरितःकुशयवान्विकीर्य पित्र्येतुतिलान्विकीर्यान्नंगायत्र्याप्रोक्ष्यतूर्णींपरिषिच्य दक्षिणहस्तउपरिवामोधोदैवेपित्र्येतुविपरीतइत्येवंस्वस्तिकाकारकराभ्यांपात्रमालभेत् तत्रमंत्रः पृथिवी तेपात्रंद्यौरपिधानंब्राह्मणस्त्वामुखेमृतंजुहोमिब्राह्मणानांत्वाविद्यावतांप्राणापानयोर्जुहोम्यक्षितमसिमामैषांक्षेष्ठाअमुत्रामुष्मिंल्लोके इति अयंमंत्रआपस्तंबकात्यायनादिभिर्नानाविधःपठितोयथासंप्रदायंवाच्यः इत्यभिमंत्र्य अतोदेवेतिवाइदंविष्णुरितिवाऋचमुक्त्वाविष्णोहव्यंरक्षस्वेतिपित्र्येतुकव्यंरक्षस्वेतिन्युब्जेनकरेणन्युब्जं द्विजांगुष्ठमनखमन्नेनिवेश्यप्रदक्षिणंभ्रामयेत् पित्र्येत्वप्रदक्षिणंअत्रकातीयानामपहताइति यवानांदैवेतिलानांपित्र्येपात्रपरितोविकिरणमुक्तम् ततोवामकरेणपात्रंस्पृशन्नमुकेविश्वेदेवादेवताइदमन्नंहव्यमयंब्राह्मणआहवनीयार्थेइयंभूर्गया अयंभोक्तागदाधरइदमन्नंब्रह्म इदंसौवर्णपात्रमक्षय्यवटच्छायेयं अमुकदेवेभ्यः इदमन्नंसोपस्करममृतरूपंपरिविष्टंपरिवेक्ष्यमाणंचातृप्तेःस्वाहाहव्यंनमोनमम ॐतत्सदितिसयवदर्भजलंदक्षिणकरेणपात्रवामभागेभूमौक्षिपेत् एवंदैविकविप्रांतरेपि ततोयेदेवासइत्युपस्थानम् ततःपित्र्यधर्मेणपितृपात्रालंभांगुष्ठनिवेशनाद्यंतेवामेनपात्रमालभ्यपितादेवताएकविप्रत्वेपित्रादयोयथानामगोत्रादेवताइदमन्नंकव्यमित्यादि० इदंराजतंपात्रमक्षय्यवटच्छायेयं असारिपत्रमुकनामगोत्ररूपायत्रयस्थानेविप्रैक्येसतिपितृपितामहप्रपितामहेभ्योमुकगोत्रनामरूपेभ्यः इदमन्नंसोपस्करममृतरूपंपरिविष्टं परिवेक्ष्यमाणंचातृप्तेःस्वधाकव्यंनमोनमम ॐतत्सदितितिलकुशजलंपितृतीर्थेनवामकराधोनीतेनदक्षिणकरेणपात्रदक्षिणेभूमौक्षिपेत् एवमन्यत्रापियथादैवतमूहः पितृस्थानेनेकविप्रत्वेत्रिषुविप्रेषुपित्रेइत्यादिनैकवचनांतेनत्यागः एवमग्रेपित्रिषुत्रिषूह्यम् ततोयेचेहेतिसकृदुपस्थानम् अतिथिश्चेद्दैवधर्मेणस्वेष्टदेवतायैइदमन्नमित्यादियेदेवासइत्यादि अपसव्यं देवताभ्यःपितृभ्य०सप्तव्या०अमूर्तानां०ब्रह्मार्पणं०हरिर्दाता० चतुर्भिश्च० ॐतत्सद्ब्रह्मार्पणमस्तु येषामुद्दिष्टंतेषामक्षय्याप्रीतिरस्तु इतितिलोदकमुत्सृजेत् सव्यं एकोविष्णु०अन्नहीनंक्रियाहीनंमंत्रहीनंचयद्भवेत् तत्सर्वमच्छिद्रंजायतामित्युक्त्वाविप्रैर्जायतांसर्वमच्छिद्रमित्युक्ते अनेनपितृयज्ञेनपितृरूपीजनार्दनवासुदेवःप्रीयतामितितिलकुशजलमुत्सृजेदित्याचारः ॥

પછી ઉપવીતી થઈ દેવપાત્રની ચારેમેર કુશ તથા જવ છાંટી પિતૃના પાત્રની ચારેમેર તિલ છાંટી ગાયત્રીમંત્રવડે અન્ન પ્રોક્ષણ કરી મંત્રવિના જળ સિંચન કરી જમણો હાથ ઉપર અને ડાબો હાથ નીચે એ રીતે દેવપાસે, પિતૃપાસે તો વિપરીત એટલે ડાબો હાથ ઉપર અને જમણો હાથ નીચે એપ્રમાણે સાથિયાને આકારે હાથ કરી તે હાથવડે પાત્રને સ્પર્શ કરી રાખવો. તેવિષે મંત્ર—"पृथिवी ते पात्रं द्यौरपिधानं ब्राह्मणस्त्वा मुखेमृतं जुहोमि ब्राह्मणानां त्वाविद्यावतां प्राणापानयोर्जुहोम्यक्षितमसि मामैषां क्षेष्ठा अमुत्रामुष्मिंल्लोके." આ મંત્ર આપસ્તંબ, કાત્યાયન ઇત્યાદિકોએ નાનાપ્રકારે ભણેલો છે, માટે જેવો સંપ્રદાય હોય તેપ્રમાણે જાણવો. એપ્રમાણે અભિમંત્રણ કરી "अतोदेवा०" અથવા "इदं विष्णु०" એમાંથી એક ઋચા કહી "विष्णोहव्यं रक्षस्व" એ રીતે દેવસમીપે; અને પિતૃસમીપે તો "कव्यंरक्षस्व" એમ કહી ઉંધે હાથે ઉંધો, નખવિનાનો, એવો બ્રાહ્મણનો અંગુઠો અન્ન ઉપર રખાવી પ્રદક્ષિણ ફેરવાવવો. પિતૃપાસે તો અપ્રદક્ષિણ ફેરવાવવો. ઇહાં કાત્યાયનોને "अपहता०" એ મંત્રવડે દેવસમીપે જવ, અને પિતૃસમીપે તિલ પાત્રને ચારેમેર છાંટવાનું કહેલું છે. પછી ડાબે હાથે પાત્રને સ્પર્શ કરતાં "अमुके विश्वेदेवा देवता इदमन्नं हव्यमयं ब्राह्मण आहव-

नीयार्थे इयं भूर्गया अयं भोक्ता गदाधर इदमन्नं ब्रह्म इदं सौवर्णं पात्रमक्षय्यवटच्छायेयं अमुकदेवेभ्यः इदमन्नं सोपस्करममृतरूपं परिविष्टं परिवेक्ष्यमाणं चातृप्तेःस्वाहा हव्यं नमो नमम ॥ ॐतत्सत्" એ મંત્ર કહ્યા પછી યવ, દર્ભસહિત જળ જમણા હાથમાં લઈ પાત્રના ડાબા ભાગમાં ભૂમિ ઉપર મૂકવું. એ રીતે દેવના બીજા બ્રાહ્મણપાસે પણ એમજ કરવું. પછી "ये देवास०" એ મંત્રવડે પ્રાર્થના કરવી. ત્યાર પછી પિત્ર્યધર્મે (અપસવ્યાદિક)વડે પિતૃના પાત્રનું આલંભન (સ્પર્શ) તથા અંગુઠો ફેરવાવવો ઇહાંલગી કર્મ થયા પછી ડાબે હાથે પાત્રને સ્પર્શ કરી "पितादेवता" એવો ઉચ્ચાર, એક બ્રાહ્મણ હોય તો "पित्रादयो यथानामगोत्रादेवता इदमन्नंकव्यं इत्यादि० इदं राजतं पात्रमक्षय्यवटच्छायेयं असत्पित्रेऽमुकनामगोत्ररूपाय०" એવો ઊહ, ત્રણને ઠેકાણે એક બ્રાહ્મણ હોય તો "अस्मत्पितृपितामहप्रपितामहेभ्योमुकगोत्रनामरूपेभ्यः इदमन्नं सोपस्करममृतरूपं परिविष्टं परिवेक्ष्यमाणं चातृप्तेःस्वधा कव्यं नमो नमम ॥ ॐतत्सत्" એ મંત્ર કહ્યા પછી તિલ, દર્ભસહિત જળ પિતૃતીર્થે કરી ડાબા હાથને નીચે રાખેલા જમણા હાથવડે પાત્રના દક્ષિણ ભાગમાં પૃથિવી ઉપર મૂકવું એ રીતે બીજે ઠેકાણે પણ જેવી દેવતા હોય તેવો ઊહ કરવો. પિતૃ ઠેકાણે અનેક બ્રાહ્મણ હોય તો "पित्रे" ઇત્યાદિ એકવચનાંતે કરી ત્યાગ કરવો, તથા એ રીતે આગળ પણ ત્રણ ત્રણ બ્રાહ્મણનેવિષે તેમજ જાણવું. ત્યાર પછી "येचेह०" એ મંત્રવડે એકવાર પ્રાર્થના કરવી. અતિથિ હોય તો દેવધર્મે (સવ્ય ઇત્યાદિક)વડે "स्वेष्टदेवतायै इदमन्नं" ઇત્યાદિક કહી "ये देवास०" ઇત્યાદિક મંત્ર ભણવો. પછી અપસવ્ય કરી "देवताभ्यःपितृभ्य० सप्तव्या० अमूर्तानां० ब्रह्मार्पणं० हरिर्दाता० चतुर्भिश्च० ॐतत्सद्ब्रह्मार्पणमस्तु ॥ येषामुद्दिष्टं तेषामक्षय्या प्रीतिरस्तु" એવા મંત્ર કહી તિલોદક મૂકવું. પછી સવ્ય કરી "एको विष्णु० अन्नहीनं क्रियाहीनं, मंत्रहीनं च यद्भवेत् ॥ तत्सर्वमच्छिद्रं जायतां" એમ કહી બ્રાહ્મણોએ "जायतां सर्वमच्छिद्रं" એવું પ્રતિવચન દીધા પછી "अनेन पितृयज्ञेन पितृरूपी जनार्दनवासुदेवः प्रीयतां" એમ કહી તિલ કુશસહિત જળ મેલવું, એવો આચાર છે.

केचिद्ब्रह्मार्पणमित्यादिसंकल्पोत्सर्गेसव्यमेकोविष्णुरित्यादावपसव्यंकुर्वंति तत्रब्रह्मार्पणेतिएकोविष्णुरित्यनयोःसंकल्पयोर्विभागेसव्यापसव्यविभागेच प्रत्यक्षवचनानुपलंभाद्यथाचारंकार्यं अकृतेसंकल्पेन्नं विप्रानस्पृशेयुः ईशानवि०गयायै०गदाधराय० पुंडरीकाक्षा०इतिनत्वापितृपूर्वंविप्रकरेषुजलंदद्यात् विप्रास्ते नान्नंप्रोक्ष्यत्रिर्गायत्र्याभिमंत्रयेयुः कर्तासव्येनपितृपूर्वकमापोशनार्थमुदकंदत्वासव्याहृतिकांगायत्रींत्रिःसकृद्वा मधुवाताइतितृचमुक्त्वा मधुमधुमध्वितित्रिरुक्त्वा ॐतत्सद्यथासुखंजुषध्वमितिवदेत् विप्राश्च बलिदानवर्ज्यंनित्यवदापोशनंकृत्वाकर्त्रा श्रद्धायांप्राणेनिविष्टोमृतंजुहोमि शिवोमाविशाप्रदाहाय प्राणायस्वाहेत्यादिपंचमंत्रेपूच्यमानेषुपंचप्राणाहुतीःकृत्वा ब्रह्मणिमआत्मामृतत्वायेत्युच्यमानेषष्ठींकुर्युः ॥

કોઇએક શિષ્ટ "ब्रह्मार्पणं०" ઇત્યાદિક સંકલ્પના ઉત્સર્ગ (કરવા) વિષે સવ્ય તથા "एकोविष्णु०" ઇત્યાદિકવિષે અપસવ્ય કરેછે. તેમાં "ब्रह्मार्पणं तथा एकोविष्णु०" એ બન્ને સંકલ્પના વિભાગવિષે એટલે બન્ને સંકલ્પ જુદા જુદા કરવાવિષે તથા સવ્ય અને અપસવ્ય એ બન્ને ઠેકાણે જુદા જુદા કરવાવિષે પ્રત્યક્ષ વચન મળતાં નથી માટે જેવો આચાર હોય તેપ્રમાણે કરવું. સંકલ્પ થયો ન હોય ત્યહાંલગી બ્રાહ્મણોએ અન્નને સ્પર્શ કરવો નહીં. "ईशानविष्णु० गयायै० गदाधराय० पुंडरीकाक्षाय" એપ્રમાણે નમસ્કાર કરી પિતૃપૂર્વક બ્રાહ્મણના હાથ ઉપર જળ દેવું. પછી બ્રાહ્મણોએ તે જળવડે અન્નનું પ્રોક્ષણ કરી ત્રણવાર ગાયત્રીમંત્રવડે અભિમંત્રણ કરવું. કર્તાએ સવ્યેકરી આપોશનમાટે પિતૃપૂર્વક જળ દઈ વ્યાહૃતિસહિત ગાયત્રીમંત્ર ત્રણવાર અથવા એકવાર કહી "मधुवाता०" એ ત્રણ ઋચા ભણી "मधु मधु मधु" એમ ત્રણવાર કહી "ॐतत्सद्यथासुखं जुषध्वं" એમ કહેવું. બ્રાહ્મણોએ બલિદાન એટલે ચિત્રાહુતિ વર્જ્ય કરી નિત્યપ્રમાણે આપોશન લેવું. કર્તાએ "श्रद्धायां प्राणे निविष्टोमृतं जुहोमि शिवोमाविशाप्रदाहाय प्राणाय स्वाहा" ઇત્યાદિ પાંચ મંત્રનો ઉચ્ચાર કરતાં છતાં બ્રાહ્મણોએ પાંચ પ્રાણાહુતિ લઈ "ब्रह्मणिमआत्माऽमृतत्वाय०" એનો મંત્ર કહ્યા પછી છઠ્ઠી આહુતિ લેવી.

ततोमौनिनोमुखशब्दंचापल्यंवर्जयंतःसदोषंभुंजीरन् दधिक्षीरघृतपायसानितुनिःशेषम् आपोशनकरेविप्रेसंकल्पाच्छिद्रभाषणात् निराशाःपितरोयांति आपोशनंदक्षिणभागेकार्यंनतुवाममभागे पुनरापू

यापोशनंसुरापानसमम् आपोशनमकृत्वान्नंमर्दयेन्नैवकर्हिचित् विप्रैर्बलिदानंनकार्यं केचिदाज्येनकुर्वंति तच्च पायसाज्यमाषान्नैर्बलिदाननिषेधात् विप्राश्चवामकरेणान्नंनस्पृशेयुर्नपदाभाजनंस्पृशेयुःसंपादितमेववस्तुकरादिनायाचेयुर्नासंपादितम् अन्नगुणदोषान्नकीर्तयेयुः कर्ताचानिषिद्धान्नंभोक्तुःपितुश्चात्मनश्चप्रियंप्रयच्छन् तत्तदन्नमाधुर्यादिगुणकीर्तनेनप्ररोचयन्ददामीत्यवदन्याचितं यच्छन्भुंजानानपश्यन्हविर्गुणानपृच्छन्दैन्याश्रुपातक्रोधादिकमकुर्वन् जलंपाययन् शनैर्भोजयेत् उच्छिष्टाःपितरोयांतिपृच्छतोलवणादिकम् ॥

ત્યાર પછી મૌન ધારણ કરી, મુખશબ્દ, અને ચાપલ્યરહિત એવા બ્રાહ્મણોએ સશેષ (પાત્ર ઉપર શેષ રાખી) ભોજન કરવું. દહીં, દૂધ, ઘી અને પાયસ એ પદાર્થ તો સર્વ ભક્ષણ કરવા. "બ્રાહ્મણોએ પોતે આપોશન લેવું, સંકલ્પ (બ્રહ્માર્પણં એકોવિષ્ણુ૦) એ કરવો અને છિદ્રભાષણ[1] કરવું એ ત્રણ કાર્યથકી પિતરો નિરાશ થઇ જાય છે." આપોશન કરવું તે દક્ષિણ ભાગમાં કરવું, વામ ભાગમાં કરવું નહીં. આપોશનમાટે જળ લેવું તે એકવારજ પૂર્ણ લેવું, ફરી પૂરણ કરવાથી તે સુરાપાન સમાન (સરખુ) થાય છે. "આપોશન લીધાવિના ક્યારે પણ અન્નને મર્દન કરવું નહીં." બ્રાહ્મણોએ બલિદાન દેવું નહીં. કેટલાએક ઘૃતવડે લલિદાન કરેછે. પરંતુ તે યોગ્ય નથી; કારણ, પાયસ, ઘૃત અને માષાન્ન (અડદ ઇત્યાદિ)વડે બલિદાન દેવાનો નિષેધ છે. બ્રાહ્મણોએ ડાબે હાથે અન્નને સ્પર્શ કરવો નહીં, તથા પગથી પાત્રને સ્પર્શ કરવો નહીં. સિદ્ધ કરેલા પદાર્થો હોય તેજ હાથ ઇત્યાદિકથી નીશાની કરી માગવા; સિદ્ધ ન હોય તે માગવા નહીં. અન્નના ગુણ–દોષ કહેવા નહીં. કર્તાએ નિષિદ્ધ ન હોય એવા પદાર્થ અને ભોક્તા, પિતા તથા પોતાને પ્રીતિકારક હોય તેવા દેવા; તેમ તે તે અન્નના માધુર્યાદિક ગુણ કહેવાથી પ્રીતિ ઉપજાવવી; હું દઉછું એ રીતે કહેવું નહીં; જે માગે તે દેવું; ભોજન કરનારાઓની સામે જોવું નહીં; પદાર્થના ગુણ પૂછવા નહીં; દીનતા, અશ્રુપાત અને ક્રોધાદિક કરવા નહીં; પીવામાટે જળ દેવું; એ રીતે ધીરેથી બ્રાહ્મણોને ભોજન કરાવવું. "લૂણ ઇત્યાદિક પદાર્થ 'જોઇશે' એમ પૂછે તો તેના પિતરો ઉચ્છિષ્ટ છતાં જતા રહેછે."

અथसव्येनैवसव्याहृतींगायत्रींत्रिरुक्त्वा पौरुषसूक्तं कृणुष्वपाजोरक्षोहणमित्याद्याराक्षोघ्नीः पितृलिंगकानींद्रेशसोमसूक्तपावमानीसूक्तानि अप्रतिरथसंज्ञमाशुःशिशानसूक्तम् विष्णुब्रह्मरुद्रार्कस्तोत्रादिकं भोक्तृविप्रान्श्रावयेत् असंभवेगायत्रीजपंकुर्यात् वीणावंशध्वनिंचापिविप्रेभ्यःसन्निवेदयेत् मंडलब्राह्मणंपाठ्यंनाचिकेतत्रयंतथा त्रिमधुत्रिसुपर्णंचपावमानयजूंषिच आशुःशिशानसूक्तंचअग्नयेकव्यवाहनं प्रौढपादोबहिःकक्षोबहिर्जानुकरोपिवा अंगुष्ठेनविनाश्नातिमुखशब्देनवापुनः पीतावशिष्टतोयानिपुनरुद्धृत्यवापिबेत् खादितार्धंपुनःखादेन्मोदकादिफलादिकम् मुखेनचाधमेदन्नंनिष्ठीवेद्भाजनेपिच इत्थमश्नन्द्विजःश्राद्धंहत्वागच्छत्यधोगतिम् श्राद्धपंक्तौतुभुंजानोब्राह्मणोब्राह्मणंस्पृशेत् तदन्नमत्यजन्भुक्त्वागायत्र्यष्टशतंजपेत् पात्रेविप्रांतरोच्छिष्टसंसर्गेतन्निरस्य हस्तंप्रक्षाल्यभुक्त्वास्नात्वाद्विशतंजपेत् उच्छिष्टभोजनेसहस्रंजपेत् भुंजानेषुतुविप्रेषुप्रमादात्स्रवतेगुदम् पादकृच्छ्रंततःकृत्वाअन्यंविप्रंनियोजयेत्॥

પછી સવ્યેકરીનેજ વ્યાહૃતિસહિત ગાયત્રી ત્રણવાર કહી પુરૂષસૂક્ત, "कृणुष्व पाजः०" અને "रक्षोहणं०" ઇત્યાદિક રાક્ષોઘ્ની ઋચા; પિતૃ છે લિંગ (હેતુ+ઉદ્દેશ) જેમનો એવાં ઇંદ્ર, ઈશ અને ચંદ્રનાં સૂક્ત; પાવમાની સૂક્ત; અપ્રતિરથ નામનું "आशुः शिशानः०" સૂક્ત; વિષ્ણુ, બ્રહ્મા, રુદ્ર અને સૂર્યનાં સ્તોત્ર; ઇત્યાદિક ભોજન કરનારા બ્રાહ્મણોની આગળ સંભળાવવાં. એટલાં સૂક્ત સંભળાવવાનો સંભવ ન હોય તો ગાયત્રીમંત્રનો જપ કરવો. "વીણા અને વાંસળીનો શબ્દ બ્રાહ્મણોને સંભળાવવો. મંડળબ્રાહ્મણ, નાચિકેતની ત્રણ વલ્લી, ત્રિમધુ, ત્રિસુપર્ણ અને પાવમાન એવાં યજુર્વેદમાંનાં સૂક્ત; આશુઃશિશાન સૂક્ત, તથા અગ્નયેકવ્યવાહન એ સૂક્ત શ્રવણ કરાવવાં." પગ ઉપર પગ ચડાવી, આસનની મર્યાદા મૂકી, ગોઠણની બાહેર હાથ રાખી, અંગુઠાવિના કેવળ આંગળીઓવતી, અથવા મ્હોઢાવડે શબ્દ કરતો ભોજન કરે, તેમજ એકવાર જળ પાન કરી પાત્રમાં શેષ રાખેલું જળ ફરી લઈ પાન કરે, લાડુ ઇત્યાદિ તથા ફળાદિક પદાર્થ અર્ધ ભોજન કરી ફરી તે લઈ ભોજન કરે, અથવા મ્હોઢેથી અન્નને ફૂક મારે કિંવા પાત્રમાં થૂકે એ રીતે બ્રાહ્મણ ભોજન કરે તો તે શ્રાદ્ધને

---

[1] છિદ્ર ભાષણ એટલે પાકસંબંધી દોષ (ખારા, તીખા ઇત્યાદિ) કહેવા તે.

વ્યર્થ કરી પોતે અધોગતીને પામે છે.” “શ્રાદ્ધની પંક્તિવિષે ભોજન કરતો બ્રાહ્મણ જો બીજા બ્રાહ્મણને સ્પર્શ કરે તો તેણે પાત્ર ઉપરના અન્નનો ત્યાગ ન કરતાં ભોજન કરી (૧૦૮) ગાયત્રીજપ કરવો. ભોજનપાત્રમાં બીજા બ્રાહ્મણના ઉચ્છિષ્ટનો સંસર્ગ થયો હોય તો તે અન્નનો ત્યાગ કરી હાથ ધોઈ ભોજન કરી સ્નાન કરવું; અને બસો ગાયત્રીજપ કરવો. ઉચ્છિષ્ટ અન્ન ખાધું હોય તો સહસ્ર ગાયત્રીજપ કરવો. બ્રાહ્મણ ભોજન કરતાં પ્રમાદથકી જો ગુદસ્રાવ થાય તો પાદકૃચ્છ્ર કરી બીજા બ્રાહ્મણ શ્રાદ્ધવિષે બેસાડવા.

अथविप्रवमने ॥ तत्रपित्रादिविप्रवमनेलौकिकाग्निस्थापनचरुनिर्वापाज्यभागांतेनामगोत्रपूर्वकमग्नौपितॄनावाह्य वैश्वदेविकवमनेदेवानावाह्यसंपूज्यान्नत्यागंकृत्वा प्राणायस्वाहेत्यादिमंत्रैर्द्वात्रिंशदाहुतीर्जुहुयात् पुनःश्राद्धंवाकुर्यादितिपक्षद्वयम् पक्षद्वयेपींद्रायसामेतिसूक्तजपोनित्यः अनयोःपक्षयोर्व्यवस्थोच्यते वैश्वदेविकविप्रवमनेहोमएवनपुनःश्राद्धं पित्र्यविप्रेष्वपिपिंडदानोत्तरंवांतौहोमएवनपुनःश्राद्धं पिंडदानात्प्राक्पित्र्यविप्रवांतौतद्दिनेउपवासंकृत्वापरेद्युःपुनःश्राद्धंकार्यं इदंसपिंडीकरणमहैकोद्दिष्टमासिकाब्दिकप्रत्याब्दिकश्राद्धेष्वेव दर्शादौतुवमने तद्दिनेएवामेनश्राद्धंकार्यं एवमष्टकान्वष्टकापूर्वेद्युःश्राद्धेष्वपि तत्रामश्राद्धे साग्नेर्बह्वृचस्यव्यतिषंगादियथोक्तप्रयोगासंभवात्सांकल्पिकविधिनादर्शान्वष्टकापूर्वेद्युःश्राद्धान्यामेनकार्याणि तत्तल्लोपप्रायश्चित्तंवानिबंधोक्तंकर्तव्यमितिभाति वृद्धिश्राद्धेपिंडरहितसंक्रांत्यादिश्राद्धेनित्यश्राद्धेचवमनेआवृत्तिरेवतीर्थश्राद्धेदर्शवदामेनैव महालयश्राद्धेपार्वणस्थानीयविप्रवमनेपुनरावृत्तिः एकोद्दिष्टस्थानीयविप्रवमनेहोमएवेतिभाति वैश्वदेविकविप्रवमनेसर्वश्राद्धेषुहोमएवेत्युक्तमेव होमपक्षेआवृत्तिपक्षेच सर्वत्रसूक्तजपोनित्यइत्यप्युक्तम् ॥

હવે બ્રાહ્મણને વમન (ઓકારી) આવે તો કર્તવ્યવિધિ—તેમાં પિતા ઇત્યાદિકના બ્રાહ્મણને વમન થાય તો લૌકિક અગ્નિ સ્થાપન કરી ચરુનો નિર્વાપ, આજ્યભાગ ઇહાંપર્યંત કર્મ કરી અગ્નિવિષે નામ ગોત્રપૂર્વક પિતરોનું આવાહન કરવું. વિશ્વેદેવાના બ્રાહ્મણને વમન થાય તો દેવનું આવાહન કરવું. પછી પૂજા કરી દેવતાને ઉદ્દેશે અન્નનો ત્યાગ કરી “प्राणाय स्वाहा” ઇત્યાદિક મંત્રવડે બત્રીસ આહુતિ હવન કરવી અથવા ફરી શ્રાદ્ધ કરવું, એ રીતે બે પક્ષ છે. બન્ને પક્ષવિષે પણ “इंद्राय साम०” એ સૂક્તનો જપ નિત્ય છે. એ બન્ને પક્ષની વ્યવસ્થા કહે છે—વિશ્વેદેવાના બ્રાહ્મણને વમન થયું હોય તો હોમજ કરવો, ફરી શ્રાદ્ધ કરવું નહીં, પિતરોના બ્રાહ્મણોને પણ પિંડદાન થયા પછી વમન થયું હોય તો હોમજ કરવો. ફરી શ્રાદ્ધ કરવું નહીં. પિંડદાન થયાની પ્રથમ પિતરોના બ્રાહ્મણને વમન થયું હોય તો તે દિવસે ઉપવાસ કરી બીજે દિવસે ફરી શ્રાદ્ધ કરવું, પરંતુ આ નિર્ણય સપિંડીકરણ, મહૈકોદ્દિષ્ટ, માસિક, આબ્દિક અને પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધવિષેજ જાણવો. દર્શાદિક શ્રાદ્ધવિષે તો વમન થયા છતાં તેજ દિવસે આમ (કાચા) અન્નવડે શ્રાદ્ધ કરવું. એ રીતે અષ્ટકા, અન્વષ્ટકા અને પૂર્વેદ્યુઃ શ્રાદ્ધવિષે પણ એવોજ નિર્ણય જાણવો. તેમાં સાગ્નિક ઋગ્વેદીઓએ આમશ્રાદ્ધવિષે વ્યતિષંગાદિ યથોક્ત પ્રયોગનો સંભવ ન હોવાથી સાંકલ્પિક વિધિવડે દર્શ, અન્વષ્ટકા અને પૂર્વેદ્યુઃશ્રાદ્ધ એ આમવડે કરવાં, અથવા તે તે શ્રાદ્ધના લોપનું પ્રાયશ્ચિત્ત નિબંધમાં કહ્યાપ્રમાણે કરવું એમ ભાસે છે. વૃદ્ધિશ્રાદ્ધ, પિંડરહિત સંક્રાંત્યાદિ શ્રાદ્ધ, તથા નિત્યશ્રાદ્ધવિષે વાંતિ (વમન) થાય તો તે શ્રાદ્ધની આવૃત્તિજ કરવી. તીર્થશ્રાદ્ધ હોય તો દર્શપ્રમાણે આમાન્નવડે કરવું. મહાલયશ્રાદ્ધવિષે પાર્વણ ઠેકાણે બેઠેલા બ્રાહ્મણને વમન થાય તો શ્રાદ્ધની પુનરાવૃત્તિ કરવી. એકોદ્દિષ્ટસ્થાનકના બ્રાહ્મણને વમન થાય તો હોમજ કરવો એમ ભાસે છે. દેવતરફના બ્રાહ્મણને વમન થાય તો સઘળાં શ્રાદ્ધવિષે હોમજ કરવો એ પ્રથમ ઉપર કહ્યુંજ છે. હોમપક્ષવિષે તથા ફરી શ્રાદ્ધ કરવું એ પક્ષવિષે સર્વત્ર સૂક્તનો જપ નિત્ય છે એમ પણ કહ્યું છે.

भोजनांतेप्राचीनावीतीतृप्ताःस्थेतिविप्रान्पृष्ट्वा तृप्ताःस्मइतिप्रत्युक्तोगायत्रीमधुवाताइतित्र्यृचमक्षन्नमीतिचश्रावयित्वा अथवाक्षन्नमीत्येतदंतेतृप्तिप्रश्नंकृत्वाश्राद्धंसंपन्नमितिपृष्ट्वासुसंपन्नमित्युक्तःपरिवेषणकालेनुद्धरणेधुनापिंडार्थसर्वान्नादुद्धृत्य विकिरार्थंचोद्धृत्य अन्नशेषैश्चकिंकार्यमिति पृच्छेत्तुसद्विजान्तेइष्टैःसहभोक्तव्यमितिप्रत्युक्तिपूर्वकं प्रदद्युःसकलंतस्तैस्त्रीकुर्युर्वायथारुचि कातीयैस्तुतत्सानुज्ञात्वा वक्ष्यमा

णप्रकारेणविकिरंदैवेपित्र्येचदत्वा विप्रेभ्यःपितृपूर्वकंसकृदपोदत्वागायत्रींमधुमतीश्चश्रावयित्वातृप्तिप्रश्नःसंपत्तिप्रश्नश्चकार्यः एवंशाखांतरेप्युत्तरापोशनात्पूर्वमेवविकिरदानं बह्वृचानांतुपिंडांतेएव विकिरः हिरण्यकेशीयैराचांतेउक्तः ॥

એ રીતે બ્રાહ્મણનું ભોજન થયા પછી પ્રાચીનાવીતી થઈ "तृप्ताःस्थ" એ રીતે બ્રાહ્મણોને પૂછ્યા પછી બ્રાહ્મણોએ "तृप्ताःस्मः" એવું પ્રત્યુત્તર વચન કહ્યા પછી ગાયત્રી, "मधुवाता०" એ ત્રણ ઋચા, અને "अक्षन्नमी०" એ મંત્ર શ્રવણ કરાવવા, અથવા "अक्षन्नमी०" એ ઋચા સભળાવ્યા પછી તૃપ્તિપ્રશ્ન કરી "श्राद्धं संपन्नं" એમ પૂછી "सुसंपन्नं" એવું પ્રતિવચન દીધા પછી, પાત્ર પીરસવાસમયે પિંડમાટે અન્ન કાઢી રાખ્યું ન હોય તો એ સમયે પિંડમાટે તથા વિકિરમાટે સઘળા અન્નમાંથી અન્ન કાઢી રાખવું. "શેષ અન્નવડે શું કરવું, એ રીતે કર્તાએ બ્રાહ્મણને પૂછવું. પછી તે બ્રાહ્મણોએ ઇષ્ટ અને સબંધીસહિત ભોજન કરવું એવું ઉત્તર દઇ સઘળું અન્ન તે શ્રાદ્ધકર્તાને દેવું, અથવા પોતે લેવું, એપ્રમાણે યથારૂચિ કરવું." કાત્યાયનોએ તો, બ્રાહ્મણો તૃપ્ત થયા એમ જાણી, આગળ કહેવાશે તે રીતે દેવસમીપે તથા પિતૃસમીપે વિકિર દઈ, બ્રાહ્મણોને પિતૃપૂર્વક એકવાર જળ દઇ ગાયત્રી તથા મધુમતી ઋચા એ મંત્ર સભળાવી તૃપ્તિપ્રશ્ન તથા સંપત્તિપ્રશ્ન કરવા. એ રીતે બીજી શાખાવાળાઓએ પણ ઉત્તરાપોશનની પ્રથમજ વિકિર દેવો. ઋગ્વેદીઓએ તો, પિંડદાન પછીજ વિકિર દેવો. હિરણ્યકેશીઓએ બ્રાહ્મણોને આચમન કરાવ્યા પછી વિકિર દેવો.

ततउच्छिष्टभाग्भ्योऽन्नंदीयतामित्युक्त्वाविप्राः पात्रस्थंभुक्तशेषदैविकंदक्षिणेपैतृकंवामेबहिःकृत्वापितृपूर्वंदत्तमुत्तरापोशनममृतापिधानमसीतिकुर्युः पिंडदानंत्वाचांतेष्वनाचांतेषुवाविप्रेषुकार्यं विप्राश्चमुखप्रक्षालनपूर्वकहस्तप्रक्षालनादिशरावादौकुर्युर्नकांस्यताम्रपात्रयोः शुद्धोदकेनाचम्यकयानइतितृचंजपेयुः ॥

પછી "उच्छिष्टभाग्भ्योऽन्नं दीयतां" એ રીતે બ્રાહ્મણોને કહ્યા પછી બ્રાહ્મણોએ ભોજન કરી શેષ રહેલું પાત્રમાંનું અન્ન, દેવના બ્રાહ્મણોએ પાત્રના દક્ષિણ ભાગમાં તથા, પિતૃના બ્રાહ્મણોએ પાત્રના વામ ભાગમાં બાહેર રાખી પિતૃપૂર્વક દીધેલું આપોશન "अमृतापिधानमसि" એ મંત્રવડે લેવું. પિંડદાન કરવું તે તો, બ્રાહ્મણોએ આચમન કર્યા પછી અથવા આચમન કર્યાની પ્રથમ કરવું. બ્રાહ્મણોએ મુખપ્રક્ષાલનપૂર્વક હસ્તપ્રક્ષાલનાદિક કરવું તે શરાવ (માટીના પાત્ર) ઇત્યાદિક પાત્રવિષે કરવું, કાંસાના પાત્ર અથવા ત્રાંબાના પાત્રમાં કરવું નહીં, શુદ્ધ જળવડે આચમન કરી "कयान०" એ ત્રણ ઋચાનો જપ કરવો.

अथपिंडदानं ॥ तच्चार्चनोत्तरमग्नौकरणोत्तरंभोजनोत्तरंविकिरोत्तरंस्वधावाचनोत्तरंविप्रविसर्जनोत्तरमितिषट्पक्षाःस्मृत्युक्ताः तेषांशाखाभेदेनव्यवस्थेतिसिंधुः तत्राश्वलायनानांभुक्तवत्स्वनाचांतेष्वाचांतेषुवाविप्रेषुपिंडदानंततोविकिरः आपस्तंबहिरण्यकेशीयादीनांविप्रविसर्जनांतेपिंडदानं कातीयानांविकिरोत्तरमाचांतेष्वनाचांतेषुवा तत्राग्निहोमेग्निसमीपेपाणिहोमेविप्रसमीपेबह्वृचानांपिंडदानं अन्येषांप्रायोविप्रसमीपएव तत्रद्विजोच्छिष्टादुत्तरतोव्याममात्रेरत्निमात्रेवापिंडदानं संकल्प्यबह्वृचानामेककरेणान्येषांकराभ्यांधृतेनस्फ्येनखादिरकाष्ठेनदर्भमूलेनवापहताअसुराइतिमंत्रंप्रतिलेखंपठन् आग्नेय्यग्रंप्रत्यगपवर्गंपार्वणसंख्ययारेखामेकांद्वित्र्यादिकांवोल्लिख्य प्रत्येकमभ्युक्षेत् पिंडसंकल्पेरेखाकरणेचसव्यापसव्ययोर्विकल्पः अत्रकातीयैर्येरूपाणीतिमंत्रेणाग्नौकरणाग्नेरुल्मुकं रेखादक्षिणतोनिधेयं रेखासुसकृदाच्छिन्नंबर्हिर्दक्षिणाग्रमास्तीर्य शुंधंतांपितरःशुंधंतांपितामहाइत्यादिमंत्रैस्तिलोदकंबर्हिष्यासिंचेत् अत्रकातीयानांपितरमुकनामगोत्रावनेनिक्ष्वेत्यादिमंत्राः अन्येषां मार्जयंतां पितरःसोम्यासइत्यादयोमंत्राः ॥

હવે પિંડદાન કહે છે.

પિંડદાન કરવું તે બ્રાહ્મણની પૂજા કીધા પછી, અગ્નૌકરણ પછી, ભોજન થયા પછી, વિકિર દીધા પછી, સ્વધાવાચન થયા પછી, અથવા બ્રાહ્મણનું વિસર્જન કીધા પછી કરવું, એ રીતે છ પક્ષ સ્મૃતિમાં કહ્યા છે, તેમની વ્યવસ્થા શાખાપરત્વે જાણવી એમ નિર્ણયસિંધુમાં કહ્યું છે. તેમાં આશ્વલાયનોએ, બ્રાહ્મણો જમ્યા છતાં, આચમનથકી પ્રથમ અથવા આચમન કીધા પછી પિંડદાન કરી વિકિર દેવો. આપસ્તંબ હિરણ્યકેશીય ઇત્યાદિકોએ બ્રાહ્મણનું વિસર્જન કીધા પછી પિંડદાન કરવું.

કાત્યાયનોએ વિકિર દીધા પછી આચમન કરી અથવા આચમનની પ્રથમ પિંડદાન કરવું. તેમાં ઋગ્વેદીઓએ અગ્નિવિષે અગ્નૌકરણ કીધું હોય અને અગ્નિની સમીપે પાણિહોમ હોય તો બ્રાહ્મણની સમીપે પિંડદાન કરવું. બીજી શાખાવાળાઓએ ઘણું કરી બ્રાહ્મણની સમીપેજ કરવું. તેમાં બ્રાહ્મણના ઉચ્છિષ્ટથકી ઉત્તર મેર ચાર હાથ છેટે અથવા અરત્નિ (કનિષ્ઠિકા આંગળીવિના બાંધેલી મૂઠીવાળા હાથ) પ્રમાણે છેટે પિંડદાનનો સંકલ્પ કરી ઋગ્વેદીઓએ એક હાથે અને બીજી શાખાવાળાઓએ બે હાથે ધારણ કરેલી ખેરના કાષ્ઠની ‘स्फ्य’ તલવારવડે અથવા દર્ભના મૂલેકરી “अपहताअसुरा०” એ મંત્ર એક એક રેખાપ્રત્યે પાઠ કરતાં અગ્નિખુણામાં અગ્ર તથા પશ્ચિમવિષે સમાપ્તિ થાય એવી, જેટલાં પાર્વણ હોય તેટલી એક બે અથવા ત્રણ ઇત્યાદિક રેખા કાઢી એક એક રેખા ઉપર જળ છાંટવું. પિંડનો સંકલ્પ તથા રેખા કરવી એવિષે સવ્ય તથા અપસવ્યનો વિકલ્પ છે. એ ઠેકાણે કાત્યાયનોએ “ये रूपाणि०” એ મંત્રવડે અગ્નૌકરણના અગ્નિનું ઉલ્મુક (અર્ધ બળેલું કાષ્ઠ) રેખાની દક્ષિણ મેર રાખવું. રેખા ઉપર એકવાર કાપેલા બર્હિ (દર્ભમુષ્ટિ) દક્ષિણ દિશામાં અગ્ર થાય એ રીતે પાથરી “शुंधंतां पितरः शुंधंतां पितामहाः” ઇત્યાદિક મંત્રવડે તિલોદક તે બર્હિ ઉપર છાંટવું. એ ઠેકાણે કાત્યાયનોને “पितरमुकनामगोत्रावनेनिक्ष्व०” ઇત્યાદિક મંત્ર છે. બીજી શાખાવાળાઓને “मार्जयंतां पितरः सोम्यास०” ઇત્યાદિક મંત્ર છે.

अग्नौकरणशेषयुतसर्वान्नेनमधुसर्पिस्तिलमिश्रेणपिंडान्पत्न्याकारयित्वा रेखायांपराचीनपाणिनापि तृतीर्थेनपित्रादिभ्योदद्यात् एतत्तेऽसत्पितर्यथानामगोत्ररूपयेचत्वामत्रानु पित्रेअमुकनामगोत्ररूपायायं पिंडःस्वधानमस्तेभ्यश्चगयायांश्रीरुद्रपदेदत्तमस्त्वित्यादिमंत्रैरूहेण अत्रकेषांचित्पिंडपात्रावनेजनंपात्रन्युब्जीकरणंच केचित्पिंडेषुमाषान्नंवर्जयंति ततोलेपभाक्तृप्तयेहस्तलेपंपिंडदर्भमूलेपुनिर्मृज्यात्रपितरोमादयध्वं यथाभागमावृषायध्वमितिपिंडान्सकृदनुमंत्र्य सव्यपार्श्वेनोदङ्ङावृत्य यथाशक्तिप्राणान्नियम्य पर्यावृत्यामीमदंतपितरइतितथैवानुमंत्र्यसव्येनपिंडशेषमाघ्रायाचम्यान्यपवित्रेधृत्वापव्येनशुंधंतामित्यादियथासूत्रंजलनिनयनंपूर्ववत्कुर्यात् अत्रभुक्तशेषान्नाभावेद्रव्यांतरेणपिंडदानंकार्यं कपित्थबिल्वकुक्कुटांडामलकबदराणांमध्येशक्तितोन्यतमप्रमाणाःपिंडाः केचित्पार्वणपिंडत्रयेयथोत्तरंप्रमाणाधिक्यमाहुः तथाहस्तलेपाभावेपिदर्भेषुहस्तंनिमृज्यादेवेतिमेधातिथिः एकोद्दिष्टश्राद्धेषुदर्भलेपोनेतिसुमंतुः अत्रनीवीविस्रस्याभ्यंजनादीतिकेचित् पिंडपूजनांतेउपस्थानात्प्राक्नीवीविस्रंसइतिसागरे ॥

અગ્નૌકરણના શેષસહિત સઘળા અન્નમાં મધ, ઘી અને તિલ મિશ્રિત કરી તે અન્નના પિંડ સ્ત્રીને હાથે કરાવી તે રેખા ઉપર પરાચીન (નમતા) હાથવડે પિતૃતીર્થેકરી પિતા ઇત્યાદિકને દેવા. તેના મંત્ર—“एतत्तेऽसत्पितर्यथानामगोत्ररूपयेचत्वामत्रानु पित्रेअमुकनामगोत्ररूपायायंपिंडःस्वधानमस्तेभ्यश्चगयायांश्रीरुद्रपदेदत्तमस्तु” ઇત્યાદિક મંત્રવડે ઊહ કરી દેવા. એ પિંડદાનવિષે કેટલાએકોને પિંડનું પાત્ર ધોવું તથા પાત્ર ઉંધું કરવું કહ્યું છે. કેટલાએક શિષ્ટ પિંડવિષે માષાન્ન વર્જ્ય કરેછે. ત્યાર પછી લેપભાગ લેવાવાળાઓની તૃપ્તિમાટે હાથમાં ચોટી રહેલું અન્ન પિંડના દર્ભના મૂલમાં સાફ કરી “अत्र पितरो मादयध्वं यथाभागमावृषायध्वं” એ મંત્ર કહી એકવાર પિંડનું અનુમંત્રણ કરી જમણે પડખેથી ઉત્તરમેર વળી યથાશક્તિ પ્રાણનો રોધ કરી પાછું ફરી “अमीमदंतपितर०” એ મંત્રવડે તેમજ અનુમંત્રણ કરી સવ્યેકરી પિંડશેષ સૂંઘવું, પછી આચમન કરી બીજાં પવિત્ર ધારણ કરી અપસવ્યવડે “शुंधंतां०” ઇત્યાદિક જેવું સૂત્ર હોય તેને અનુસારે જળસિંચન પ્રથમપ્રમાણે કરવું. એ પિંડદાનવિષે, બ્રાહ્મણભોજન કરતાં શેષ અન્ન રહ્યું ન હોય તો બીજા દ્રવ્યવડે પિંડદાન કરવું. કોઠ, બીલીફળ, કુકડીનાં ઇંડાં, આમળાં તથા બોરાં એમાંથી જેવી શક્તિ હોય તેને અનુસારે કોઈ એક પ્રમાણના પિંડ કરવા. કોઈ ગ્રંથકાર, પાર્વણના ત્રણ પિંડમાં પ્હેલા કરતાં બીજો મ્હોટો એમ એક બીજાથી અધિક પ્રમાણ કહે છે. તેમ હાથમાં અન્ન લાગેલું ન હોય તો પણ દર્ભ ઉપર હાથ સાફ કરવાજ એમ મેધાતિથી કહે છે. એકોદ્દિષ્ટશ્રાદ્ધવિષે હસ્તલેપ દેવો નહીં એમ સુમંતુ કહે છે. ઇંહાં નીવીનું વિસર્જન કરી અભ્યંજનાદિક કરવું, એમ કોઈ ગ્રંથકાર કહે છે, પિંડની પૂજા કર્યા પછી અને ઉપસ્થાનની પ્રથમ નીવીનું વિસર્જન કરવું, એ રીતે શ્રાદ્ધસાગર ગ્રંથમાં છે.

अथासत्पितरमुकनामगोत्ररूपाभ्यंक्ष्वेतियथालिंगंमंत्रावृत्त्या पिंडेषुतैलंघृतंवाभ्यंजनंदर्भैर्दत्वाञ्जस्तथैवांक्ष्वेतिकज्जलंदद्यात् आपस्तंबानामावांजनंततोभ्यंजनं एतद्वःपितरोवासइतिमंत्रंमतिपिंडंपठन्वासो

चांदशांवात्रिगुणसूत्रंवाप्रतिपिंडेदद्यादितिहेमाद्रिः सकृन्मंत्रंपठन्सकृदेवदद्यादित्यन्ये कातीयैस्तुमंत्रेणप्रतिपिंडंनामगोत्राद्युच्चार्यत्रिगुणंसूत्रंदेयं ततःकशिपूपवर्हणेनिवेद्यास्मत्पितृभ्यइतिचतुर्थ्योक्षतगंधपुष्पधूपदीपसर्वप्रकारकनैवेद्यतांबूलदक्षिणादिभिः पिंडेपूजांसव्येनापसव्येनवाकुर्यात् यत्किंचित्पच्यते भक्ष्यंभोज्यमन्नमगर्हितं अनिवेद्यनभोक्तव्यंपिंडमूलेकथंचन ततोनमोवःपितरइषइत्यादिमंत्रैःपिंडानुपस्थायोत्तानहस्तेनपरेतनइतिमंत्रेणसकृदुक्तेनयुगपत्प्रवाहयेत् ॥

પછી "अस्मत्पितरमुकनामगोत्ररूपाभ्यंक्ष्व" એપ્રમાણે જેવું લિંગ હોય તેને અનુસારે મંત્રની આવૃત્તિ કરી પિંડ ઉપર તેલ અથવા ઘીનું અભ્યજન દર્ભવડે દઈ, તેમજ "अंक्ष्व" એમ કહી કાજળ દેવું. આપસ્તંબોએ પ્રથમ અંજન પછી અભ્યંજન દેવું. "एतद्वः पितरोवासो०" એ મંત્ર એક એક પિંડપાસે પાઠ કરતાં વસ્ત્ર, અથવા વસ્ત્રની દોરી કિંવા ત્રેવડું કરેલું સૂત્ર એક એક પિંડને દેવું, એ રીતે હેમાદ્રિમાં કહેલું છે. એકવાર મત્ર ભણી એકવારજ દેવું, એમ બીજા ગ્રંથકાર કહે છે. કાત્યાયનોએ તો, મંત્ર ભણી પ્રત્યેક પિંડ પાસે નામ ગોત્રાદિકનો ઉચ્ચાર કરી ત્રિગુણ સૂત્ર દેવું. પછી ગાદી, ઓશીકું એ પદાર્થ નિવેદન કરી "अस्मत्पितृभ्यः" એ રીતે ચતુર્થી વિભક્તિવડે અક્ષત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, સઘળા પ્રકારનું નૈવેદ્ય, તાંબૂલ અને દક્ષિણા ઇત્યાદિક ઉપચારવડે પિંડની પૂજા સવ્યે અથવા અપસવ્યે કરવી. "ભક્ષ્ય ભોજ્ય એવું જે કાંઈ શુદ્ધ અન્ન સિદ્ધ કર્યું હોય તે પિંડની સમીપે નિવેદન કર્યાવિના ક્યારે પણ ભક્ષણ કરવું નહી." પછી "नमोवः पितरइषे०" ઇત્યાદિક મંત્રવડે પિંડનું ઉપસ્થાન (પ્રાર્થના) કરી સવળે હાથે "परेतन०" એ મત્ર એકવાર કહી એકસાથેજ પિંડો કાંઈએક ચલાવવા.

ततोदक्षिणाग्निहोमपक्षेऽग्नेतमद्याश्वमित्यग्निसमीपमागत्य यदंतरिक्षमितिमंत्रेणगार्हपत्योपस्थानं औपासनहोमपक्षेगार्हपत्यपदरहिततन्मंत्रेणोपस्थानं इदंबहृचानामेव पाणिहोमेतुतेषामपिनास्त्येव वीरंमेदत्तपितरइतिमंत्रेणमध्यममेकंपिंडंपिंडद्वयंचान्वष्टक्यादौमध्यापिंडत्रयमादायपत्न्यैदद्यात् पत्नीआधत्तपितरइतिमंत्रेणसकृत्पठितेनैवपिंडमेकमनेकंवाप्राशयेत् आपस्तंबस्त्वपांत्वौषधीनांरसंप्राशयामिभूतकृतं गर्भंधत्स्वेतिमध्यपिंडंपत्न्यैप्रयच्छति प्राशनमंत्रःसएव यथेहपुरुषोअसदितिपाठमात्रंभिद्यते इत्थमेवकातीयानां इदंभार्यायाःपिंडप्राशनंप्रजाकामत्वएव केचिन्नित्यमाहुः भार्यानेकत्वेपिंडंविभज्यप्रतिपत्नीमंत्रेणप्राशयेत् पार्वणद्वयेपिंडद्वयंद्वाभ्यांदेयं पत्नीबहुत्वेगुणतोवयसाचयोग्यायैपिंडोदेयः बह्वीयोग्यत्वेएकस्मिन्दर्शेएकस्यैअन्यस्मिन्नपरस्यैइति पत्नीरुग्णान्यदेशस्थागुर्विणीसूतिकापिवा तदातंजीर्णवृषभश्छागोवाभोक्तुमर्हति इतरौजलेक्षिपेत् पुत्रादिकामनाभावेक्षिपेदग्नौजलेपिवा पिंडांस्तुगोजविप्रेभ्योवायसेभ्यःप्रदापयेत् तीर्थश्राद्धेसदापिंडान्क्षिपेत्तीर्थेसमाहितः ॥

પછી "દક્ષિણાગ્નિવિષે હોમ" (અગ્નૌકરણ) એવો પક્ષ હોય તો, "अग्नेतमद्याश्व०" એમ મંત્ર ભણી અગ્નિની સમીપે આવી "यदंतरिक्षं०" એ મંત્રવડે ગાર્હપત્યાગ્નિનું ઉપસ્થાન કરવું. 'ગૃહ્યાગ્નિવિષે હોમ' એવો પક્ષ હોય તો 'ગાર્હપત્ય' એ પદેરહિત તે મંત્ર ભણી ઉપસ્થાન કરવું, પણ એ ઉપસ્થાન ઋગ્વેદીઓએજ કરવાનું છે. પાણિહોમ હોય તો ઋગ્વેદીઓને પણ ઉપસ્થાન નથીજ. "वीरं मे दत्त पितरः" એ મત્રવડે એક વચલો પિંડ અથવા બે, અન્વષ્ટક્ય ઇત્યાદિ શ્રાદ્ધવિષે વચલા ત્રણ પિંડ લઈ સ્ત્રીને દેવા. પછી સ્ત્રીએ "आधत्त पितरः" એ મત્ર એકવારજ ભણી એક અથવા સઘળા પિંડ ભક્ષણ કરવા. આપસ્તંબ તો "अपांत्वौषधीनां रसं प्राशयामि भूतकृतं गर्भं धत्स्व" એ મંત્ર ભણી મધ્યમ પિંડ સ્ત્રીને આપે છે. ખાવાવિષે મંત્ર તેજ છે, પરંતુ "यथेह पुरुषो असत्" એપ્રમાણે પાઠ માત્ર જુદો થાય છે. એપ્રમાણેજ કાત્યાયન શાખાવાળાઓનો નિર્ણય જાણવો. આ સ્ત્રીને પિંડ ખવરાવવાનું જે કહ્યુ તે સંતતીની ઇચ્છા હોય તોજ જાણવું, કોઇ ગ્રંથકાર નિત્ય છે એમ કહે છે. ઘણી સ્ત્રીઓ હોય તો પિંડનો વિભાગ કરી એક એક સ્ત્રીને મંત્રે કરી પ્રાશન કરાવવું. બે પાર્વણ હોય તો બે પિંડ બે સ્ત્રીઓને દેવા. ઘણી સ્ત્રીઓ હોય તો ગુણ અને અવસ્થાથી જે યોગ્ય હોય તેને દેવો. ઘણી સ્ત્રીઓ યોગ્ય હોય તો એક દર્શને દિવસે એકને, બીજી દર્શને દિવસે બીજીને એપ્રમાણે દેવા. સ્ત્રી રોગી હોય, દેશાંતરમાં હોય, ગર્ભિણી અથવા પ્રસવવાળી હોય તો વૃદ્ધ બળદ અથવા બકરાને તે પિંડ ખવરાવવા. બીજા બે પિંડ જળમાં નાંખવા. "પુત્રાદિકની ઇચ્છા ન હોય

તો પિંડ અગ્નિ અથવા જળમાં નાંખવા, કિંવા ગાય, બકરા, બ્રાહ્મણ અથવા કાગડાને દેવા. ,તીર્થવિષે શ્રાદ્ધ કરી તે પિંડ સર્વકાળ તીર્થવિષેજ નાખવા.”

अथपिंडोपघाते ॥ श्वसृगालखरैःस्पृष्टःपिंडोभिन्नःप्रमादतः मार्जारमूषकैःस्पृष्टश्चांडालपतितादिभिः प्राजापत्यंचरेत्स्नात्वापुनःपिंडान्यथाविधि पाकांतरेणतेनपाकेनवापिंडदानमात्रंपुनःकार्यं न सर्वश्राद्धावृत्तिरितिसर्वसंमतं काकस्पर्शेतुनदोषः ॥

હવે પિંડોપઘાત (પિંડ નષ્ટ થયા હોય તે) વિષે કહે છે.

“કુતરૂ, શિયાલ, ગધેડુ, માંજર, ઉદર, ચાંડાલ અને પતિત ઇત્યાદિકોએ પિંડને સ્પર્શ કર્યો હોય અથવા પ્રમાદથી પિંડ ફુટી ગયો હોય તો સ્નાન કરી પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવુ, તથા ફરી યથાવિધિ પિંડ દેવા.” બીજા પાકવડે અથવા તે પાકવડે પિંડદાન માત્ર ફરી કરવુ, સઘળા શ્રાદ્ધની આવૃત્તિ કરવી નહીં, એ સર્વસમ્મત છે. કાગડાનો સ્પર્શ થયો હોય તો દોષ નથી.

अथपिंडनिषेधः ॥ विवाहव्रतचूडासुवर्षमर्धंतदर्धकं संस्कारेषुतथान्येषुवृद्धिमात्रेचमासकं पिंडदानंमृदास्नानंनकुर्यात्तिलतर्पणं श्राद्धांगतर्पणंनित्यतर्पणंचतिलैर्नकार्यमित्यर्थः महालयेगयायांपित्रोःप्रत्यब्दे यस्यकस्यापिमृतस्यसपिंडीषोडशमासिकांतेषुप्रेतकृत्येषु कृतमंगलोपिपिंडान्दद्यात् केचिद्भ्रात्रादिवार्षिकेप्याहुः पिंडयज्ञेचयज्ञेचसपिंड्यांदद्युरेवच तथाविकृतावन्वष्टकादौयत्रपुनःपिंडदानविधिः यत्रवापूर्वेद्युःश्राद्धादौपिंडपितृयज्ञविकृतित्वंतत्रापिनपिंडदाननिषेधइतिसिंधुः तेनाष्टकाश्राद्धेपिननिषेधइतिभाति अयंचमंगलोत्तरंपिंडदानतिलतर्पणनिषेधस्त्रिपुरुषसपिंडानामितिभाति ॥

હવે પિંડનો નિષેધ કહે છે.—“વિવાહ, ઉપનયન અને ચૌલ એ થયાં હોય તો ક્રમે કરી એક વર્ષ, છ માસ, ત્રણ માસ અને બીજા સસ્કારોવિષે તથા કેવળ વૃદ્ધિશ્રાદ્ધવિષે એક માસપર્યંત પિંડદાન, મૃત્તિકાવડે સ્નાન તથા તિલવડે તર્પણ કરવા નહી. શ્રાદ્ધનુ અગભૂત તર્પણ તથા નિત્યતર્પણ એ તિલવડે કરવાં નહીં એ અર્થ. જેણે મગલ કાર્ય કર્યું હોય તેણે પણ મહાલય, ગયાશ્રાદ્ધ, માતાપિતાનુ પ્રતિસાંવત્સરિક અને જે કોઈ મરેલો તેના સપિંડીકરણ તથા સોળ માસિકપર્યંત પ્રેતકાર્યવિષે પિંડદાન કરવું. કોઈ ગ્રંથકાર, ભાઈ ઇત્યાદિકના વાર્ષિક[2] શ્રાદ્ધવિષે પણ પિંડદાન કરવુ એમ કહે છે. “પિંડયજ્ઞ, યજ્ઞ અને સપિંડીશ્રાદ્ધ એમનેવિષે પિંડ દેવોજ.” તેમજ વિકૃતિરૂપ અન્વષ્ટકા ઇત્યાદિકવિષે જ્યહાં ફરી પિંડદાનનો વિધિ કહ્યો છે અથવા જ્યહાં પૂર્વેદ્યુ:શ્રાદ્ધાદિકવિષે પિંડપિતૃયજ્ઞને વિકૃતિપણું કહ્યું છે ત્યહાં પણ પિંડદાનનો નિષેધ નથી એ રીતે નિર્ણયસિંધુમા છે, તેથી અષ્ટકાશ્રાદ્ધવિષે પણ પિંડદાનનો નિષેધ નથી એમ ભાસે છે. આ જે મગલકાર્ય કર્યા પછી પિંડદાન તથા તિલતર્પણનો નિષેધ કહ્યો તે ત્રિપુરૂષસપિંડવિષે છે એમ ભાસે છે.

अथपिंडोद्वासनांतेविकिरोदेयः उपवीतीदैविकद्विजसन्निधौसदर्भभुवि असोमपाश्चयेदेवाइतिमंत्रेणसजलयवमन्नंविकिरेत् प्राचीनावीतीपित्र्यद्विजसन्निधौसदर्भभुवि येअग्निदग्धायेअनग्निदग्धेति ऋचासतिलमन्नंविकीर्य अग्निदग्धाश्चयेजीवायेप्यदग्धाःकुलेमम भूमौदत्तेनतृप्यंतुतृप्तायांतुपरांगतिमितिकातीयसौत्रमंत्रेणसतिलजलेनाप्लावयेत् पिंडवद्विकिरोपिसर्वांतस्यैव केचिदसोमपाइतिदैवेविकिरंदत्वा असंस्कृतप्रमीतायेइतिपौराणमंत्रेणपित्र्येदत्वा येअग्निदग्धाइत्यृचापृथगुच्छिष्टपिंडकुशोपरि दद्यादित्याहुः ॥

પછી પિંડના વિસર્જનને અતે વિકિર દેવો. તે આ રીતે-ઉપવીતી થઈ દેવતાના બ્રાહ્મણની સમીપે ભૂમી ઉપર દર્ભ પાથરી તે ભૂમી ઉપર “असोमपाश्चये देवा०” એ મંત્રેકરી જળ તથા જવયુક્ત અન્ન મૂકવું. ,પ્રાચીનાવીતી થઈ પિતૃના બ્રાહ્મણની સમીપે ભૂમી ઉપર દર્ભ પાથરી તે પૃથ્વી ઉપર “ये अग्निदग्धा ये अनग्निदग्धा०” એ મત્રેકરી તિલસહિત અન્ન નાખી “अग्निदग्धाश्च ये जीवा, येप्यदग्धाः कुले मम ॥ भूमौ दत्तेन तृप्यंतु तृप्ता यांतु परां गतिं” એ કાત્યાયનસૂત્રમાંના મત્ર-

---

[1] जीवत्पितृकत्वगर्भिणीपतित्वप्रयुक्त पिंडदाननिषेधप्रतिप्रसवश्चप्रागेवोक्त ।

[2] જીવત્પિતૃકપણુ તથા ગર્ભિણીપતિપણુ એ કારણ હોવાથી પિંડદાનનો નિષેધ અને ફરી પિંડ આપવાથી છુટી એ પ્રથમજ કહ્યુ છે

બ્રહ્મચારી, સન્યાસી અને વિધવાને નિત્ય નિષેધ છે. જ્ઞાતિ, સગોત્ર અને સંબંધીવિના બીજાને ઘેર શ્રાદ્ધશેષનું ભોજન કરે તો તેણે પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું. સન્યાસીએ મુંડન અને એક લાખ પ્રણવ (ઓંકાર)નો જપ કરવો. ગુરૂ અથવા યોગીનું શ્રાદ્ધશેષ ગૃહસ્થને દોષદાયક નથી. "શ્રાદ્ધને દિવસે જે ઘરમાં શ્રાદ્ધ કર્યું હોય તે ઘરમાં અવશ્ય શૂદ્રને ભોજન દેવું નહી. કોઈ પણ શ્રાદ્ધવિષે શૂદ્રને શ્રાદ્ધશેષ દેવું નહી." ઇતિ શ્રીમદનંતોપાધ્યસૂનુ કાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે પાર્વણશ્રાદ્ધપ્રક્રિયા સમાપ્ત ॥

अथश्राद्धदिनेवैश्वदेवनिर्णयः ॥ तत्रतावच्छ्रौताग्निमतांबह्वृचानांश्राद्धात्पूर्वंपृथक्पाकेनवैश्वदेवः स्मार्ताग्निमतांनिरग्निकानांचबह्वृचानांश्राद्धांतएवश्राद्धशेषेणपृथक्पाकेनवा कातीयानांतुस्मार्तश्रौताग्निमतांश्राद्धीयपाकेनपूर्वमेव निरग्निकानामंतेश्राद्धशेषेणपृथक्पाकेनवा तैत्तिरीयाणांतुसाग्निकानांसर्वत्रादौवैश्वदेवः पंचमहायज्ञास्त्वंते अन्येषामादावंतेचेतिविकल्पः तैत्तिरीयाणामेववैश्वदेवात्पंचयज्ञाभिन्नाः सर्वशाखिनांवृद्धिश्राद्धेपाकेनक्रियमाणेपूर्वमेववैश्वदेवः बह्वृचानामंतेवापूर्वंवा आमादिनावृद्धिश्राद्धेसर्वेषांपूर्वमंतेवेतिभाति नित्यश्राद्धेपूर्वमेव एकादशाहाद्येकोद्दिष्टेषुसाग्निरनग्निश्चसर्वोपिश्राद्धशेषंद्विजाधीनंकृत्वापाकांतरेणैववैश्वदेवादिकुर्यात् ॥

હવે શ્રાદ્ધદિવસે વૈશ્વદેવનો નિર્ણય કહે છે.

તેમાં શ્રૌતાગ્નિયુક્ત ઋગ્વેદીઓએ જુદો પાક કરી શ્રાદ્ધની પ્રથમ વૈશ્વદેવ કરવો. સ્માર્તાગ્નિયુક્ત તથા નિરગ્નિક એવા ઋગ્વેદીઓએ શ્રાદ્ધની અતે શ્રાદ્ધશેષ અન્નવડે અથવા જુદો પાક કરી વૈશ્વદેવ કરવો. સ્માર્તાગ્નિ અથવા શ્રૌતાગ્નિયુક્ત કાત્યાયનોએ શ્રાદ્ધના પાકવડે શ્રાદ્ધની પ્રથમજ કરવો. નિરગ્નિક કાત્યાયનોએ શ્રાદ્ધની અતે શ્રાદ્ધશેષવડે અથવા જુદા પાકથકી કરવો. સાગ્નિક એવા તૈત્તિરીયશાખાવાળાઓએ તો સર્વત્ર શ્રાદ્ધની પ્રથમ વૈશ્વદેવ કરવો. પંચમહાયજ્ઞ તો, શ્રાદ્ધની અતે કરવા. બીજી શાખાવાળાઓએ શ્રાદ્ધની પ્રથમ અથવા પછી કરવા એવો વિકલ્પ છે. તૈત્તિરીયશાખાવાળાઓના માત્ર પંચમહાયજ્ઞ વૈશ્વદેવથી ભિન્ન છે. વૃદ્ધિશ્રાદ્ધ પાકવતી કરવાનું હોય તો સઘળી શાખાવાળાઓએ પ્રથમજ વૈશ્વદેવ કરવો. ઋગ્વેદીઓએ અતે અથવા પ્રથમ કરવો. આમાન્ન ઇત્યાદિકવડે વૃદ્ધિશ્રાદ્ધ કરવાનું હોય તો સઘળાઓએ પ્રથમ અથવા અતે કરવો એમ ભાસે છે. નિત્યશ્રાદ્ધવિષે પ્રથમજ કરવો. એકાદશાહાદિક એકોદ્દિષ્ટશ્રાદ્ધવિષે સાગ્નિક, નિરગ્નિક એવા સઘળાઓએ પણ શ્રાદ્ધનું શેષ બ્રાહ્મણને સ્વાધીન કરી બીજે પાકેકરી વૈશ્વદેવ કરવો.

अथनित्यश्राद्धम् ॥ वार्षिकादिश्राद्धदिनेश्राद्धात्पश्चात्तेनैवपाकेनपाकांतरेणवानित्यश्राद्धंकार्यं नित्यश्राद्धीयसर्वदेवतानांप्रथमश्राद्धेप्रवेशेप्रसंगसिद्धिरेव तथाचदर्शादिषुमहालयान्वष्टकादिषुनित्यश्राद्धलोपएव एतच्चदेवहीनंदर्शवत् षड्दैवतंद्वावेकंवाविप्रंनिमंत्र्यदेशकालान्ननियमहीनंपुनर्भोजनब्रह्मचर्यादिकर्तृभोक्तृनियमरहितंयादृशतादृशैर्नैवानिषिद्धान्नेनदिवैव रात्रौप्रहरपर्यंतंवाकार्यं स्वस्याशक्तौपुत्रादिना सूतकेदर्शादिवल्लोपः वृध्युत्तरंमंडपोत्थानावधिसपिंडैर्नकार्यं नित्यवैश्वदेवांतर्गतपितृयज्ञोत्तरंमनुष्ययज्ञात्प्रागेवभाति तत्रदर्शवत्षट्पितॄन्देवहीनानुच्चार्यनित्यश्राद्धंकरिष्येइति शिष्यादिश्चेद्यजमानस्यपितृपितामहेत्याद्युच्चार्य संकल्पयेत् पितृणामिदमासनमित्यासनं नित्यश्राद्धेक्षणःक्रियतामितिक्षणः पूर्वोच्चारिताःपितरः अयंवोगंधइत्येवंगंधादिभिर्विप्रमभ्यर्च्य वर्तुलेचतुरस्रेवामंडलेपात्रंपरिनिष्य पृथिवीतेपात्रमित्यादिब्रह्मार्पणांतंदर्शवत् भोजनांतेदक्षिणांदत्वानवादत्वानमस्कारेणविसर्जयेत् ॥

હવે નિત્યશ્રાદ્ધ કહે છે.

વાર્ષિકાદિક શ્રાદ્ધને દિવસે શ્રાદ્ધ પછી તેજ પાકવડે અથવા બીજા પાકવડે નિત્યશ્રાદ્ધ કરવું. નિત્યશ્રાદ્ધની સઘળી દેવતાઓનો પ્રથમના શ્રાદ્ધમાં પ્રવેશ થયો હોય તો પ્રસંગસિદ્ધિ છેજ, એટલે દર્શાદિક, મહાલય, અન્વષ્ટકા ઇત્યાદિક શ્રાદ્ધનેવિષે નિત્યશ્રાદ્ધનો લોપજ કરવો. એ નિત્યશ્રાદ્ધ દેવહીન તથા દર્શપ્રમાણે છ દેવતાએયુક્ત; બે અથવા એક બ્રાહ્મણને નિમંત્રણ કરી; દેશ, કાલ, અન્નના નિયમેરહિત છતાં પુનર્ભોજન, બ્રહ્મચર્ય ઇત્યાદિક જે કર્તા તથા ભોક્તાના નિયમ તેણે રહિત એવું; જેવાં તેવાં અનિષિદ્ધ અન્નવડે; દિવસેજ અથવા રાત્રિએ એક પ્રહરલગી કરવું. પોતાને સામર્થ્ય ન

હોય તો પુત્રાદિકપાસે કરાવવું. સૂતક (જનનાશૌચ તથા મૃતાશૌચ) હોય તો દર્શપ્રમાણે લોપ કરવો. વૃદ્ધિશ્રાદ્ધ પછી તે મંડપના વિસર્જનપર્યંત સપિંડોએ કરવું નહીં. નિત્યવૈશ્વદેવમાંનો પિતૃયજ્ઞ થયા પછી અને મનુષ્યયજ્ઞ થયાની પ્રથમજ કરવું એમ ભાસે છે. તે નિત્યશ્રાદ્ધવિષે દર્શપ્રમાણે દેવતાવિના ૭ પિતૃનો ઉચ્ચાર કરી "**नित्यश्राद्धं करिष्ये**" એવો સંકલ્પ કરવો. શિષ્યાદિક કર્ત્તા હોય તો, "**यजमानस्य पितृपितामह०**" ઇત્યાદિક ઉચ્ચાર કરી સંકલ્પ કરવો. "**पितॄणामिदमासनं**" એમ કહી આસન, "**नित्यश्राद्धे क्षणः क्रियतां**" એ રીતે ક્ષણ, "**पूर्वोच्चारिताः पितरः अयं वो गंधः**" એ રીતે ગંધાદિક ઉપચારવડે બ્રાહ્મણની પૂજા કરી ગોળાકાર અથવા ચોખુણું મંડળ કરી તેની ઉપર પાત્ર માંડી તેમાં અન્ન પીરસી "**पृथ्वी ते पात्रं०**" ઇત્યાદિકથકી બ્રહ્માર્પણપર્યંત કર્મ દર્શપ્રમાણે કરવું. ભોજન પછી દક્ષિણા દઈ અથવા ન દઈ નમસ્કાર કરી વિસર્જન કરવું.

विप्रस्यान्नादेर्वाभावेयथाशक्त्यन्नमुद्धृत्यषोढाविभज्यास्मत्पितृपितामहेत्यादिचतुर्थ्यंतं षट्देवताउश्चार्यैदमन्नंस्वधानममेतित्यजेत् तदन्नंविप्रायगोभ्योवादेयं जलादौवात्याज्यं अन्नत्यागस्यापिलोपे आर्चन्नत्रमरुतइतिऋचादशवारंजपेत् इतिनित्यश्राद्धविधिः ॥

બ્રાહ્મણનો અથવા અન્નનો અભાવ હોય તો યથાશક્તિ અન્ન લઈ તેના ૭ વિભાગ કરી "**अस्मत्पितृपितामह**" ઇત્યાદિ ચતુર્થી વિભક્ત્યંત ૭ દેવતાનો ઉચ્ચાર કરી "**इदमन्नं स्वधा न मम**" એમ કહી અન્નનો ત્યાગ કરવો. પછી તે અન્ન બ્રાહ્મણ અથવા ગાયને દેવું કિંવા જળ ઇત્યાદિકમાં નાંખવું. અન્નત્યાગનો પણ લોપ થાય તો "**आर्चन्नत्र मरुत०**" એ ઋચાનો દશવાર જપ કરવો. એપ્રમાણે નિત્યશ્રાદ્ધનો વિધિ કહ્યો.

अथश्राद्धानुकल्पाः ॥ **अनेकविप्रालाभेदेवस्थानेशालग्रामादिकंस्थापयित्वैकविप्रेपित्रादित्रयंमातामहादिसहितदेवताषट्कंचावाह्यसर्वंश्राद्धंकार्यमित्युक्तं सर्वथाविप्रालाभेदर्भवटुश्राद्धमित्याद्यप्युक्तम् ॥**

હવે શ્રાદ્ધના અનુકલ્પ કહે છે.

બહુ બ્રાહ્મણો મળે નહીં તો દેવને ઠેકાણે શાલગ્રામાદિકનું સ્થાપન કરી એક બ્રાહ્મણનેવિષે પિતા ઇત્યાદિ ત્રણ તથા માતામહાદિસહિત ૭ દેવતાનું આવાહન કરી સઘળું શ્રાદ્ધ કરવું, એ રીતે કહ્યું છે. કોઈ પણ રીતે બ્રાહ્મણ મળે નહીં તો દર્ભના બટુ કરી શ્રાદ્ધ કરવું ઇત્યાદિક પણ કહ્યું છે.

अथामश्राद्धम् ॥ **तत्रकेनचित्संकटेनपाकासंभवेजातकर्मणिचग्रहणनिमित्तकश्राद्धेचामश्राद्धं कार्यं सपिंडनश्राद्धंमासिकंप्रतिवार्षिकंमहालयाष्टकान्वष्टकादिश्राद्धंचामेननकार्यं शूद्रस्यतुदशाहपिंडादिश्राद्धमात्रमामेन नकदापिपाकेन तत्रपितॄनुद्दिश्यामुकश्राद्धंसदैवंसपिंडमामेनहविषाकरिष्यइति संकल्पः अन्यःप्रयोगःपूर्वोक्तएव पाकप्रोक्षणस्थानेआमप्रोक्षणं आवाहनेउशंतस्त्वेतिमंत्रेहविषेअत्तवेइत्यत्रहविषेस्वीकर्तवेइत्यूहः भस्समर्यादांतंप्राग्वत् विप्रहस्तेषुतंडुलैरग्नौकरणं अन्नाच्चतुर्गुणं द्विगुणंसमंवातत्तदामंपात्रेषुसंस्थाप्यपाणिहोमशेषंपिंडार्थंसंस्थाप्यपात्रेषुदत्वा पृथिवीतेपात्रमित्यादि इदमामंहव्यंकव्यमित्यादि इदमाममम्मृतरूपंस्वाहेत्यादियथाधर्ममभ्यित्यंतंप्राकृतं यथासुखंजुषध्वमित्यस्यापोशनप्राणाहुतितृप्तिप्रश्नानांलोपः संपन्नवाचनांतेन्नशेषप्रश्नलोपः सर्वमतेतंडुलैःसक्तुभिर्वा पिंडदानं केचिद्गृहसिद्धान्नेनपायसेनवापिंडानाहुः ॥**

હવે આમાન્નશ્રાદ્ધ કહે છે.

તેમાં કાંઈ એક સંકટ હોવાથી પાક કરવાનો સંભવ ન હોય તો, તથા જાતકર્મ અને ગ્રહણનિમિત્તક શ્રાદ્ધવિષે આમશ્રાદ્ધ કરવું. સપિંડીશ્રાદ્ધ, માસિક, પ્રતિસાંવત્સરિક, મહાલય, અષ્ટકા અને અન્વષ્ટકાદિ શ્રાદ્ધ આમેકરી કરવાં નહીં. શૂદ્રનાં તો દશાહપિંડાદિ સઘળાં શ્રાદ્ધ આમવડે કરવાં, પાકવડે ક્યારે પણ કરવાં નહીં. તે આમશ્રાદ્ધવિષે પિતૃનો ઉદ્દેશ કરી "**अमुकश्राद्धं सदैवं सपिंडमामेन हविषा करिष्ये**" એવો સંકલ્પ કરવો. બાકીનો પ્રયોગ પ્રથમ કહ્યાપ્રમાણેજ કરવો. પાકના પ્રોક્ષણને ઠેકાણે આમાન્નનું પ્રોક્ષણ કરવું. આવાહનવિષે "**उशंतस्त्वा०**" એ મંત્રમાં '**हविषे अत्तवे**'

એ ઠેકાણે '**हविषे स्वीकर्तवे**' એવો ઉચ્ચાર કરવો. ભસ્મમર્યાદાપર્યંત કર્મ પ્રથમપ્રમાણે કરવું. બ્રાહ્મણોના હાથવિષે ચોખાવડે અગ્નૌકરણ કરવું. અન્ન કરતાં ચોગુણું, બમણું અથવા સરખુ તે તે આમાન્ન પાત્રઉપર રાખી પાણિહોમ કરી જે શેષ રહેલું તે પિંડમાટે રાખી તથા પાત્ર ઉપર દઈ "**पृथ्वी ते पात्रं०**" ઇત્યાદિ "**इदमामं हव्यं कव्यं०**" ઇત્યાદિ, "**इदमाममम्रूतरूपं स्वाहा**" ઇત્યાદિક જે રીતે થાય છે તે રીતે '**मधु**' ઇહાંપર્યંત પ્રથમપ્રમાણે કરવું. પછી "**यथासुखं जुषध्वं०**" એ વાક્યનો, તથા આપોશન, પ્રાણાહુતિ અને તૃપ્તિપ્રશ્નનો લોપ કરવો. સપન્ન કહેવરાવ્યા પછી અન્નશેષના પ્રશ્નનો લોપ કરવો. સઘળાઓના મતવિષે ચોખાવડે અથવા સાથવાના લોટવડે પિંડદાન કરવું. કોઈ ગ્રંથકાર ઘરમાં સિદ્ધ કરેલા અન્નવડે અથવા દૂધપાકવડે પિંડ કરવા એમ કહે છે.

एवंविप्रसमीपेपिंडदानांते नमोवःपितरइषेइत्यत्रोपस्थानमंत्रइषेस्थानेआमद्रव्यायेत्यूहः पिंडोद्वासनांतेपिंडजातीयद्रव्येणविकिरदानं आमश्राद्धेस्वस्तीतिनूतेतिवर्ज्यम् वाजेवाजेइतिमंत्रेतृप्तायातेतिस्थानेतर्प्स्यथयातेत्यूहः ततःप्राग्वच्छेषंसमापयेत् आमश्राद्धंद्विजैःपूर्वाह्णेकार्यम् शूद्रैरपराह्णएव आमान्नाभावेहिरण्यश्राद्धमप्येवमेव संकल्पादौ सर्वत्रहिरण्यपदमामपदस्थानेयोज्यम् ॥

એ રીતે બ્રાહ્મણની સમીપે પિંડદાન કર્યા પછી "**नमो वः पितर इषे०**" આ ઉપસ્થાનના મંત્રમાં '**इषे**' એ ઠેકાણે '**आमद्रव्याय०**' એવો ઊહ કરવો. પિંડનું વિસર્જન થયા પછી, જે દ્રવ્યના પિંડ કર્યા હોય તે દ્રવ્યવડે વિકિર દેવો. આમશ્રાદ્ધવિષે "**स्वस्तीतिनूत०**" એ વાક્ય વર્જ્ય કરવું "**वाजेवाजे०**" એ મંત્રમાં "**तृप्तायात०**" એ ઠેકાણે "**तर्प्स्यथयात**" એવો ઊહ કરવો. પછી પ્રથમ કહ્યાપ્રમાણે બાકીનું કર્મ સમાપ્ત કરવું. દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) એમણે આમશ્રાદ્ધ પૂર્વાહ્ણસમયે કરવુ. શૂદ્રોએ અપરાહ્ણકાલે કરવું. આમાન્નનો અભાવ હોય તો હિરણ્યશ્રાદ્ધ પણ એજ રીતે કરવું. સંકલ્પાદિક સઘળે ઠેકાણે આમપદને સ્થાનકે હિરણ્યપદ બોલવું.

आमवद्धेमप्रोक्षणं अत्तवइत्यादिमंत्रत्रयोहःप्राग्वदेव तंडुलादिभिर्हस्तेग्नौकरणं हिरण्यमन्नादष्टगुणं चतुर्गुणंद्विगुणंसमंवादेयम् हिरण्यश्राद्धेदक्षिणास्त्येव श्राद्धीयमामंहेमवाद्विजदत्तंयथेष्टंविनियोज्यं शूद्रदत्तंतुभोजनादन्यत्रविनियोज्यम् श्राद्धीयामेनपंचयज्ञाः श्राद्धंचनकार्यम् हेमश्राद्धेआमश्राद्धेचपिंडदानविकल्पात्सांकल्पिकविधिनाप्येतद्द्वयम् ॥

આમાન્નની પેઠે હિરણ્યનું પ્રોક્ષણ કરવું. "**अत्तवे**" ઇત્યાદિ ત્રણ મંત્રનો ઊહ પ્રથમપ્રમાણેજ કરવો. તંડુલ ઇત્યાદિકવડે હાથ ઉપર અગ્નૌકરણ કરવું. સુવર્ણ અન્નકરતાં આઠગણું, ચોગણું, બમણું અથવા સમાન દેવુ. હિરણ્યશ્રાદ્ધવિષે દક્ષિણા છેજ. શ્રાદ્ધસંબંધી આમાન્ન અથવા સુવર્ણ દ્વિજે આપેલુ હોય તો તે ઇચ્છાપ્રમાણે વાપરવુ. શૂદ્રે આપેલુ હોય તો ભોજનવિના બીજા કાર્યવિષે વાપરવું. શ્રાદ્ધસંબંધી આમાન્નવડે પંચમહાયજ્ઞ તથા શ્રાદ્ધ કરવાં નહીં. હિરણ્યશ્રાદ્ધ તથા આમશ્રાદ્ધવિષે પિંડદાનનો વિકલ્પ હોવાથી સાંકલ્પિક વિધિવડે પણ એ બન્ને (શ્રાદ્ધ) કરવાં.

सांकल्पिकेच समंत्रकावाहनार्घ्याग्नौकरणपिंडदानविकिराक्षय्यस्वधावाचनप्रश्नेत्येतत्सप्तकंवर्ज्यं तत्रामुकश्राद्धमामेनहविषाहिरण्येनवासांकल्पिकविधिनाकरिष्यइतिसंकल्पः शूद्रगृहेन्यदीयमपिक्षीराद्यपिनभक्ष्यम् किमुनतदीयमामादितद्गृहेपक्त्वानभक्ष्यमिति तस्माच्छूद्राल्लब्धंद्विजगृहेपक्त्वाभक्ष्यं इत्यामश्राद्धहेमश्राद्धविधिः ॥

સાંકલ્પિક વિધિવિષે પણ મંત્રરહિત આવાહન, અર્ઘ્ય, અગ્નૌકરણ, પિંડદાન, વિકિર, અક્ષય્ય અને સ્વધાવાચનનું પ્રશ્ન એ સાત પ્રકાર વર્જ્ય છે. તે સાંકલ્પિક વિધિવિષે "**अमुकश्राद्धमामेनहविषा हिरण्येन वा सांकल्पिकविधिना करिष्ये,**" એવો સંકલ્પ કરવો. શૂદ્રને ઘેર બીજાએ આપેલું છતાં પણ દૂધ ઇત્યાદિક પણ ભક્ષણ કરવુ નહીં, ત્યારે તે શૂદ્રે આપેલુ આમાન્નાદિક તેને ઘેર રાંધી ભક્ષણ કરવુ નહીં એમા તો કહેવાનુ શું? એથી એમ સિદ્ધ થાય છે કે, શૂદ્રથકી પ્રાપ્ત થયલુ આમાન્ન બ્રાહ્મણને ઘેર સિદ્ધ કરી ભક્ષણ કરવુ. એ રીતે આમશ્રાદ્ધ તથા હેમશ્રાદ્ધનો વિધિ કહ્યો.

अथपक्वान्नद्रव्यकसांकल्पिकविधिः ॥ तत्रयेषुसंक्रांतियुगमन्वादिषुघृत्युत्तरकालिकदर्शादिषुवापिंडदाननिषिद्धं तत्रसर्वत्रसांकल्पिकविधिः यश्चपिंडदानादिबहुविस्तृतंश्राद्धमनुष्ठातुमशक्तः,

सोपिसांकल्पिकंकुर्यात् तद्यथा अमुकश्राद्धंसांकल्पिकविधिनान्नेनहविषाकरिष्येइतिसंकल्प्य तृतीयक्षणदानांतंपूर्ववत्कृत्वार्घ्यदानंसमंत्रकावाहनंचवर्जयेत् देवानावाहयामीतिपितृनावाहयामीत्येवावाह्य गंधादिपूजनादिभस्ममर्यादांतेग्नौकरणंवर्जयित्वापरिवेषणादिसंपन्नवाचनांतेउत्तरापोशनंविकिरपिंडदानवर्जमक्षय्यवाचनांतंकृत्वा स्वधांवाचयिष्येस्वधोच्यतामितिवाक्यरहितंसर्वपूर्ववत्समापयेत् इतिसांकल्पिकप्रयोगः ॥

હવે પકવ અન્નસહિત સાંકલ્પિક વિધિ કહે છે.

તેમાં સંક્રાંતિ, યુગાદિ, મન્વાદિ શ્રાદ્ધ અથવા વૃદ્ધિશ્રાદ્ધ પછી કરવાનાં જે દર્શાદિ શ્રાદ્ધ તેમાં પિંડદાનનો નિષેધ હોવાથી તે સઘળાં શ્રાદ્ધોમાં સાંકલ્પિક વિધિ કરવો અને પિંડદાનાદિક બહુ વિસ્તારવાળું શ્રાદ્ધ કરવાને જે અશક્ત હોય તેણે પણ સાંકલ્પિક વિધિ કરવો. તે આ રીતે—"अमुकश्राद्धं सांकल्पिकविधिनान्नेन हविषा करिष्ये" એવો સંકલ્પ કરી ત્રીજો ક્ષણ દાનાપર્યંત પ્રયોગ પ્રથમપ્રમાણે કરી અર્ધ્યદાન તથા મંત્રસહિત આવાહન વર્જ્ય કરવાં, "देवानावाहयामि, पितृनावाहयामि" એ રીતેજ આવાહન કરી ગંધાદિ ઉપચારવડે પૂજન કરવું ત્યહાંથકી તે ભસ્મમર્યાદાપર્યંત કર્મ થયા પછી અગ્નૌકરણનો ત્યાગ કરી પીરસવાથકી તે સંપન્નવાચનપર્યંત કર્મ થયા પછી ઉત્તરાપોશન, વિકિર અને પિંડદાન વર્જ્ય કરી અક્ષય્યવાચનપર્યંત કર્મ કરી "स्वधां वाचयिष्ये स्वधोच्यतां" એ વાક્યરહિત સઘળો પ્રયોગ પ્રથમપ્રમાણે સમાપ્ત કરવો. એ રીતે સાંકલ્પિક પ્રયોગ કહ્યો.

अथान्येप्यनुकल्पाः ॥ तत्रद्विजाद्यभावेदर्भवटुविधानेनपिंडदानमात्रमुक्तं अथवाद्रव्यविप्रयोरभावेपक्वान्नस्यपैतृकसूक्तेनहोमःकार्यः यद्वाश्राद्धदिनेप्राप्तेभवेन्निरशनःपुमान् किंचिद्दद्यादशक्तोवाउदकुंभादिकंद्विजे तृणानिवागवेदद्यात्पिंडान्वाप्यथनिर्वपेत् तिलदर्भैःपितृन्वापितर्पयेत्स्नानपूर्वकम् अथवातृणभारंदहेत् धान्यंवातिलान्वास्वल्पांदक्षिणांवादद्यात् अथवासंकल्पादिसर्वश्राद्धप्रयोगंपठेत् सर्वाभावेवनंगत्वोर्ध्वबाहुःस्वकक्षंदर्शयन्निदंपठेत् नमेस्तिवित्तंनधनंनचान्यच्छ्राद्धोपयोगिस्वपितृन्नतोस्मि तृप्यंतुभक्त्यापितरोमयैतौभुजौकृतौवर्त्मनिमारुतस्येति प्रभासखंडेन्येपिमंत्राउक्ताः इत्यनुकल्पाः ॥

હવે બીજા પણ અનુકલ્પ (પ્રકારાંતર) કહે છે.

તેમાં બ્રાહ્મણાદિકનો અભાવ હોય તો દર્ભબટુની વિધિ કરી પિંડદાન માત્ર કરવું એમ કહ્યું છે. અથવા શ્રાદ્ધનાં દ્રવ્ય તથા બ્રાહ્મણનો અભાવ હોય તો રાંધેલાં અન્નનો પિતૃસૂક્તવડે હોમ કરવો. "અથવા શ્રાદ્ધદિવસ આવે તે દિવસે પુરૂષે ઉપવાસી રેહેવું. અથવા અશક્ત હોવાથી બ્રાહ્મણને જલકુંભ ઇત્યાદિ અલ્પદાન દેવું. અથવા ગાયને ઘાસ ખવરાવવું. અથવા પિંડદાન કરવું. કિંવા સ્નાન કરી તિલ, દર્ભવડે પિતૃનું તર્પણ કરવું." અથવા ઘાસનો ભારો બાળવો. ધાન અથવા તિલ કિંવા અલ્પ દક્ષિણા દેવી. અથવા સંકલ્પથકી આરંભી સઘળા શ્રાદ્ધપ્રયોગનો પાઠ કરવો. સઘળાંનો અભાવ હોય તો જંગલમાં જઈ ઉંચા હાથ કરી પોતાની બગલ બતાવી—"नमेस्ति वित्तं न धनं न चान्य, च्छ्राद्धोपयोगि स्वपितृन्नतोस्मि ॥ तृप्यंतु भक्त्या पितरो मयैतौ, भुजौ कृतौ वर्त्मनि मारुतस्य," એ વાક્યનો પાઠ કરવો. પ્રભાસખંડમાં બીજા પણ મંત્ર કહ્યા છે. એ રીતે અનુકલ્પ કહ્યા.

अथश्राद्धभोजनेप्रायश्चित्तानि ॥ दर्शश्राद्धेषट्प्राणायामाः महालयादिश्राद्धेषुत्रिवर्षोर्ध्वंप्रतिवार्षिकेषुचषट्प्राणायामाः गायत्र्यादशकृत्वोभिमंत्रितस्यजलस्यपानंवा एवमन्येष्वप्यनुक्तप्रायश्चित्तश्राद्धेषूक्तजलपानमेव वृद्धिश्राद्धेप्राणायामत्रयं जातकर्मादिचूडांतसंस्कारांगवृद्धिश्राद्धेसांतपनकृच्छ्रं जातकर्मांगश्राद्धेचांद्रायणंवा अन्यसंस्कारांगश्राद्धउपवासः सीमंतसंस्कारेतत्संस्कारांगश्राद्धेचचांद्रायणं आपदिदशाहांतर्नवसंज्ञकश्राद्धेषुएकादशाहेचश्राद्धभोजनेप्राजापत्यकृच्छ्रम् द्वादशाहिकसपिंडीश्राद्धेऊनमासेचपादोनकृच्छ्रः द्वितीयमासिकत्रैपक्षिकोनषाण्मासिकोनाब्दिकेष्वर्धकृच्छ्रः अन्यमासिकेषुप्रथमाब्दिकेचपर्यंतसपिंडनश्राद्धेचपादकृच्छ्रः उपवासोवा गुरवेद्रव्यंदातुंश्राद्धभोजनेसर्वत्रोक्तार्धम् जपशीलेतदर्धं अनापद्यूनमासांतेषुचांद्रायणंप्राजापत्यंच द्वितीयमासाद्युक्तचतुर्षुपादोनकृच्छ्रः ,त्रिमासादिषुपूर्वोक्तेष्वर्धकृच्छ्रः प्रथमाब्दिकेपादोनकृच्छ्रः द्वितीयतृतीयाब्दिकेएकोपवासः क्षत्रियश्राद्धेएतद्द्विगुणं वैश्यश्राद्धेत्रिगुणं शूद्रश्राद्धेसर्वत्रचतुर्गुणं चांडालविषजलसर्पपश्वादिहतपतितक्लीबादिनव

श्राद्धेचांद्रायणं एकादशाहांतंचपराकश्चांद्रंच द्वादशाहादौपराकः द्विमासादिचतुर्ष्वतिकृच्छ्रः अन्यमासिकेषुकृच्छ्रः आब्दिकेपादः अभ्यासेसर्वत्रसर्वंद्विगुणं आमहेमश्राद्धेसांकल्पिकेचतत्तदुक्तप्रायश्चित्तार्धं यतिश्चब्रह्मचारीचपूर्वोक्तप्रायश्चित्तंकृत्वोपवासत्रयंप्राणायामशतंघृतप्राशनंचाधिकंचरेत् अनापदिद्विगुणंचरेत् दर्शादौगृहिवदेव ब्रह्मचारिणश्चौलसंस्कारेभोजनेकृच्छ्रः सीमंतेचांद्रं अन्येषूपवासः एकादशाहश्राद्धभोजनेचांद्रंपुनःसंस्कारश्चेतिहेमाद्रिः ॥

હવે શ્રાદ્ધનું ભોજન કરવાથી પ્રાયશ્ચિત્ત કહે છે.

દર્શશ્રાદ્ધવિષે છ પ્રાણાયામ; મહાલયાદિક શ્રાદ્ધ અને ત્રણ વર્ષ પછીના પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધવિષે (ભોજન કરવાથી) છ પ્રાણાયામ; અથવા ગાયત્રીમન્ત્રવડે દશવાર મંત્રેલા જલને પીવું. એ રીતે બીજાં પણ જે શ્રાદ્ધવિષે પ્રાયશ્ચિત્ત કહ્યું ન હોય તેમાં (ભોજન કરવાથી) પૂર્વોક્ત જલપાનજ કરવું. વૃદ્ધિશ્રાદ્ધવિષે ત્રણ પ્રાણાયામ કરવા. જાતકર્મથકી ચૌલપર્યંત સંસ્કારના અંગભૂત વૃદ્ધિશ્રાદ્ધવિષે સાંતપનકૃચ્છ્ર કરવું. અથવા જાતકર્મના અંગભૂત શ્રાદ્ધવિષે ચાંદ્રાયણ કરવું. બીજા સંસ્કારોના અંગભૂત શ્રાદ્ધવિષે ઉપવાસ કરવો. સીમંતસંસ્કાર તથા તે સંસ્કારના અંગભૂત શ્રાદ્ધવિષે ચાંદ્રાયણ કરવું. આપત્તિસમયે, દશ દિવસની અંદર નવ એ નામના શ્રાદ્ધવિષે તથા એકાદશાહશ્રાદ્ધવિષે ભોજન કરવાથી પ્રાજાપત્યકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. બારમે દિવસે કરવાનું સપિંડીશ્રાદ્ધ તથા ઊનમાસિકશ્રાદ્ધ એમાં ભોજન કરવાથી પાદોનકૃચ્છ્ર કરવું. બીજો માસિક, ત્રૈપક્ષિક, ઊનષાણ્માસિક તથા ઊનાબ્દિકવિષે અર્ધકૃચ્છ્ર કરવું. બીજા માસિકો, પ્રથમાબ્દિક અને વર્ષની અંતે કરવાનાં સપિંડીશ્રાદ્ધવિષે પાદકૃચ્છ્ર અથવા ઉપવાસ કરવો. ગુરૂને દ્રવ્ય દેવાને અર્થે શ્રાદ્ધભોજન કરે તો સર્વત્ર કહેલા કરતાં અર્ધ પ્રાયશ્ચિત્ત કરવું. જપ કરનારો હોય તો તેણે ચતુર્થાંશ કરવું. આપત્તિવિના ઊનમાસિકપર્યંત શ્રાદ્ધમાં (ભોજન કરે તો તેણે) ચાંદ્રાયણ તથા પ્રાજાપત્ય એ બન્ને કરવાં. બીજો માસિક ઇત્યાદિ ચાર જે કહ્યાં તેમાં પાદોનકૃચ્છ્ર કરવું. ત્રીજો માસિક ઇત્યાદિક જે, પ્રથમ કહ્યાં તેમાં અર્ધકૃચ્છ્ર કરવું. પ્રથમાબ્દિકશ્રાદ્ધમાં પાદોનકૃચ્છ્ર કરવું. બીજા તથા ત્રીજા આબ્દિકશ્રાદ્ધવિષે એક ઉપવાસ કરવો. ક્ષત્રિયનું શ્રાદ્ધ હોય તો તેમાં આ કરતાં બમણું કરવું. વૈશ્યના શ્રાદ્ધમાં ત્રિગુણ, શૂદ્રના શ્રાદ્ધમાં સઘળે ઠેકાણે ચોગણું જાણવું. ચાંડાલ, વિષ, જલ, સર્પ અને પશુ, ઇત્યાદિકથકી મૃત થયલો, પતિત અને કલીબ ઇત્યાદિકોનાં નવશ્રાદ્ધમાં ચાંદ્રાયણ કરવું. એકાદશાહપર્યંત શ્રાદ્ધમાં પરાક તથા ચાંદ્રાયણ બન્ને કરવાં. દ્વાદશાહાદિક શ્રાદ્ધવિષે પરાક કરવું. બીજો માસિક ઇત્યાદિ ચાર શ્રાદ્ધમાં અતિકૃચ્છ્ર કરવુ. બીજા માસિકશ્રાદ્ધમાં કૃચ્છ્ર. આબ્દિકમાં પાદકૃચ્છ્ર. અભ્યાસ હોય તો સઘળે ઠેકાણે સઘળું બમણું કરવું. આમશ્રાદ્ધ, હેમશ્રાદ્ધ તથા સાંકલ્પિકશ્રાદ્ધવિષે તે તે કહેલાં પ્રાયશ્ચિત્તનું અર્ધ જાણવું. સંન્યાસી અને બ્રહ્મચારી એમણે પ્રથમ કહેલું પ્રાયશ્ચિત્ત કરી ત્રણ ઉપવાસ, સો પ્રાણાયામ તથા ઘી ખાવું એટલું અધિક કરવું. આપત્તિ ન હોય તો બમણું કરવું. દર્શ આદિક શ્રાદ્ધમાં (સન્યાસી તથા બ્રહ્મચારીએ) ગૃહસ્થની પેઠેજ પ્રાયશ્ચિત્ત કરવું. બ્રહ્મચારીએ ચૌલસંસ્કારમાં ભોજન કર્યું હોય તો કૃચ્છ્રપ્રાયશ્ચિત્ત કરવું. સીમંતમાં ચાંદ્રાયણ. બીજા સંસ્કારોમાં ઉપવાસ, એકાદશાહશ્રાદ્ધના ભોજનમાં ચાંદ્રાયણ અને પુનઃસંસ્કાર કરવા એવો હેમાદ્રિનો મત છે.

अथक्षयाहश्राद्धेविशेषः ॥ तत्र यस्यपित्रादेर्मरणंयन्मासेयत्पक्षेयत्तिथौतद्दिनंतस्यमृताहस्तत्पित्रादित्रिदैवत्यंवार्षिकश्राद्धंपुरूरवार्द्रवदेवसहितंकार्यं नचात्रसपत्नीकत्वंपित्रादीनां नाप्यत्रमातामहादित्रयं अत्रतिथिद्वैधेनिर्णयोरात्रावपिकार्यत्वं ग्रहणदिनेतत्प्राप्तौनिर्णयोमलमासादिनिर्णयोदर्शादिनेतत्प्राप्तौनिर्णयः शुद्धिश्राद्धनिर्णयश्चश्राद्धकालनिर्णयप्रसंगेनपूर्वोक्तोनुसंधेयः पारणेमरणेचैवतिथिस्तात्कालिकीमतेतिवचनात् मरणकालिकतिथेरपराह्णादिव्याप्त्याब्दिकश्राद्धनिर्णयोज्ञेयः पित्रोःप्रथमाब्दिकश्राद्धंविभक्तैर्भ्रातृभिःपृथक्कार्यम् अविभक्तत्वेज्येष्ठेनैव मातृमृताहेमात्रादित्रिदैवत्यंश्राद्धं मातापित्रोर्मृताहैक्येपूर्वंपितुःश्राद्धंकृत्वा स्नात्वामातुःश्राद्धंकार्यं एवमेकदिनेपित्रोर्मरणेनमातुर्भर्त्रासहदाहकरणेपिज्ञेयं सहगमनेत्वेकमेवपाकंकृत्वापितृमातृपार्वणद्वययुतंश्राद्धम् षट्पिंडाअर्घ्याश्च विश्वेदेवास्तुनमिश्राः सहगमनेसुवासिनीमरणेचविप्रपंक्तौसुवासिनीमधिकांभोजयेत् सुवासिन्यैकुंकुमाद्यलंकारान्दद्यात् सर्वत्रस्त्रीणांश्राद्धेवस्त्रयज्ञोपवीतगंधादिकमेवविप्रेभ्योदेयंनकुंकुमादि एवंसापत्नमातुर्मा

तामहतत्पत्न्योर्भ्रातुःश्वश्रूश्वशुरयोर्गुरोः पितृष्वसुर्मातृष्वसुर्भार्यायाभर्तुर्भगिन्यादेश्चैतेषामपुत्रत्वेपार्वण विधिनैवप्रतिवार्षिकंश्राद्धंकार्यं केचित्पितृमातृमातामहमातामहीव्यतिरिक्तानांसर्वेषामेकोद्दिष्टविधानेनैवेत्याहुः अत्रदेशाचारानुसारेणव्यवस्था पित्रादिवार्षिकदिनेपितृव्यादिवार्षिकप्राप्तौ स्वयंपित्रादि श्राद्धंकार्यं पितृव्यादिश्राद्धंतुपुत्रशिष्यादिद्वाराकार्यं दिनांतरेवास्वयंकार्यं संन्यासिनोप्याब्दिकादि पुत्रःकुर्यात्सपार्वणं प्रथमेवर्षपर्यंतसपिंडनपक्षेमृताहात्पूर्वदिनेसपिंडनमब्दपूर्तिश्राद्धंचकृत्वापरेद्युर्वार्षिकंकार्यम् ॥

ક્ષયાહ (સાંવત્સરિક) શ્રાદ્ધમાં વિશેષ કહે છે.

તેમાં જેના પિતા ઇત્યાદિકનું જે માસમાં જે પક્ષમાં તથા જે તિથિમાં મરણ થયું હોય તે તેનો મૃતદિવસ છે; માટે તે દિવસે પિત્રાદિક ત્રણ દેવતાએયુક્ત એવું સાંવત્સરિકશ્રાદ્ધ પુરૂરવાર્દ્રવ દેવેસહિત કરવું. એ સંવત્સરી શ્રાદ્ધમાં પિતા ઇત્યાદિક ત્રણને સપત્નીકપણું નથી, તેમ એ શ્રાદ્ધમાં માતામહાદિક ત્રણ પણ નથી. એ શ્રાદ્ધવિષે બે દિવસ તિથિ હોય તો નિર્ણય, રાત્રીએ પણ કરવાનું તે, ગ્રહણદિવસે એ શ્રાદ્ધ પ્રાપ્ત થયા છતાં નિર્ણય, મલમાસાદિકનો નિર્ણય, દર્શદિવસે પ્રાપ્ત થયા છતાં નિર્ણય, અને શુદ્ધિશ્રાદ્ધનો નિર્ણય એ સર્વે શ્રાદ્ધકાલના નિર્ણય પ્રસંગવડે પ્રથમ કહ્યો છે તે જાણવો. "પારણા અને મરણવિષે તત્કાલવ્યાપિની તિથી લેવી" એવાં વચન છે તેથી મરણ સમયની તિથીની અપરાહ્ણાદિ કાલમાં વ્યાપ્તિવડે આબ્દિકશ્રાદ્ધનો નિર્ણય જાણવો. માતાપિતાનું પ્રથમાબ્દિક શ્રાદ્ધ, વિભાગ કરી જુદા થયલા ભાઇઓએ જુદું કરવું. વિભક્ત ન હોય તો જ્યેષ્ઠેજ કરવું. માતાને મૃતદિવસે માતા ઇત્યાદિ ત્રણ દેવતાએયુક્ત શ્રાદ્ધ કરવું, માતા તથા પિતાનો મૃતદિવસ એક હોય તો પ્રથમ પિતાનું શ્રાદ્ધ કરી સ્નાન કરી માતાનું શ્રાદ્ધ કરવું. એપ્રમાણે એક દિવસે માતાપિતાનું મરણ હોવાથી પિતાની સાથે માતાનો દાહ કર્યા છતાં પણ એવોજ નિર્ણય જાણવો. સહગમન (માતા સતી થઈ) હોય તો એકજ પાક કરી પિતૃપાર્વણ અને માતૃપાર્વણ એ બે પાર્વણેયુક્ત શ્રાદ્ધ કરવું; પિંડ તથા અર્ઘ્ય છ છ કરવા. વિશ્વેદેવા તો જુદા કરવા નહીં. સહગમન તથા સૌભાગ્યવતીનું મરણ થયું હોય તો બ્રાહ્મણની પંક્તિમાં અધિક એક સુવાસિનીને ભોજનમાટે કહેવું. સુવાસિનીને કંકુ ઇત્યાદિ સ્ત્રીના અલંકાર (શૃંગાર) દેવા. સઘળે ઠેકાણે સ્ત્રીઓનાં શ્રાદ્ધમાં બ્રાહ્મણને વસ્ત્ર, યજ્ઞોપવીત અને ગંધ ઇત્યાદિકજ પદાર્થ દેવા, કુંકુમાદિક દેવા નહિ. એપ્રમાણે સાવકી માતા, માતામહ, માતામહની સ્ત્રી ભાઈ, સાસુ, સસરો, ગુરૂ, ફઈ, માસી, સ્ત્રી, પતિ અને બેહેન ઇત્યાદિકોને પુત્ર ન હોય તો પાર્વણવિધિવડેજ પ્રતિવાર્ષિક શ્રાદ્ધ કરવું. કોઈ ગ્રંથકાર, પિતા, માતા, માતામહ અને માતામહીવિના બીજાં સઘળાંઓનું એકોદ્દિષ્ટવિધિવડેજ શ્રાદ્ધ કરવું, એમ કહે છે. ઈહાં જેવો દેશાચાર હોય તેપ્રમાણે વ્યવસ્થા જાણવી. પિતા ઇત્યાદિકના વાર્ષિકશ્રાદ્ધને દિવસે કાકા ઇત્યાદિકનું વાર્ષિક શ્રાદ્ધ પ્રાપ્ત થાય તો પિતા ઇત્યાદિકનું શ્રાદ્ધ પોતે (પુત્રાદિકે) કરવું. કાકા ઇત્યાદિકનું શ્રાદ્ધ કરવાનું તે તો પુત્ર અથવા શિષ્યાદિકદ્વારાએ કરાવવું. અથવા બીજે દિવસે પોતે કરવું. "સંન્યાસિનું પણ આબ્દિક આદિ શ્રાદ્ધ પાર્વણસહિત પુત્રે કરવું." વર્ષની અંતે સપિંડીશ્રાદ્ધ કરવાનો પક્ષ હોય તો પ્રથમ વર્ષમાં મરણના દિવસને પ્રથમ દિવસે સપિંડી તથા અબ્દપૂર્તિશ્રાદ્ધ કરી બીજે દિવસે (મરણ દિવસે) વાર્ષિકશ્રાદ્ધ કરવું.

अथक्षयाहाज्ञानेनिर्णयः ॥ यस्यमृतस्यदेशांतरमरणादिना मासोज्ञायतेतिथिर्नज्ञायतेतस्य तन्मासेदर्शेशुक्लैकादश्यांकृष्णैकादश्यांवाप्रतिवार्षिकश्राद्धं मृततिथिर्ज्ञातामासोनज्ञातस्तदामार्गशीर्षेमाघेवाभाद्रेवाषाढेवातत्तिथौवार्षिकम् तिथिमासयोरज्ञानेयद्दिनेदेशांतरंप्रस्थितस्तन्मासदिवसौग्राह्यौ प्रस्थानदिनादेरज्ञानेमृतवार्ताश्रवणतिथिमासौ प्रस्थानवार्ताश्रवणयोर्मासज्ञानेतिथेरज्ञानेतन्मासेदर्शादौ प्रस्थानादिमासविस्मरणेतिथिस्मरणेमार्गशीर्षादिषूक्तचतुर्षुतत्तिथौवार्षिकम् मरणतच्छ्रवणप्रस्थानानांदिनमासयोरज्ञानेमाघस्यमार्गस्यवादर्शेश्राद्धं द्वादशादिवर्षप्रतीक्षोत्तरंप्रतिकृतिदाहेदाहदिनेवार्षिकादि ॥

મરણ દિવસની ખબર ન હોય તેનો નિર્ણય.

દેશાંતરમાં મૃત્યુ થવાના કારણથી જે મરેલાના માસની ખબર છતાં તિથિની ખબર ન હોય તો તે માસમાં અમાવાસ્યા, શુદ એકાદશી અથવા કૃષ્ણ એકાદશી એઓમાંથી એક દિવસે તેનું

વાર્ષિકશ્રાદ્ધ કરવું. મરણતિથિની ખબર છતાં માસની ખબર ન હોય તો માર્ગશીર્ષ, માઘ, અથવા ભાદ્રપદ કિંવા આષાઢ માસમાં તે તિથિએ વાર્ષિકશ્રાદ્ધ કરવું. તિથી અને માસ એ બન્નેની ખબર ન હોય તો જે દિવસે દેશાંતર સધાવ્યો હોય તે માસ અને તે દિવસ લેવા. પરદેશ જવાના દિવસ ઇત્યાદિકની ખબર ન હોય તો મરણ થયાની વાત જે દિવસે સાંભળવામાં આવે તે તિથિ તથા માસ લેવા. પરદેશ જવું તથા મરણવાર્તા સાંભળવી એમના માસની ખબર હોય અને તિથિની ખબર ન હોય તો તે માસમાં દર્શાદિક તિથિને દિવસે કરવું. પરદેશ જવું ઇત્યાદિકના માસનુ વિસ્મરણ હોય અને તિથિનું સ્મરણ હોય તો માર્ગશીર્ષ આદિ પ્રથમ કહેલા ચાર માસમાં તે તિથીને દિવસે કરવું. મરણ, મરણવાર્ત્તાનું સાંભળવું અને પ્રસ્થાન એમના દિવસ તથા માસની ખબર ન હોય તો માઘ અથવા માર્ગશીર્ષ માસની અમાવાસ્યાને દિવસે શ્રાદ્ધ કરવું. બાર વર્ષપર્યંત પ્રતીક્ષા (વાટ) જોયા પછી પુત્તલવિધિવડે દાહ કર્યો હોય તો તે દહનદિવસે વાર્ષિકાદિક કરવાં.

अथश्राद्धविघ्नेनिर्णयः ॥ निमंत्रणोत्तरंविप्रस्यसूतकेमृतकेचाप्राप्तेआशौचंन निमंत्रणंद्वितीयक्षणरूपंसमंत्रकंग्राह्यंनलौकिकमितिभाति कर्तुस्तुपाकपरिक्रियोत्तरमाशौचाभावः पाकपरिक्रिया चसमंत्रकंपाकप्रोक्षणमित्याहुः कर्तुर्गृहेभोजनारंभोत्तरंजननेमरणेवाभोजनशेषंत्यक्त्वापरकीयजलेनाचामेत् ममतुप्रतिभातिसर्वस्याप्याशौचापवादस्यानन्यगतिविषयत्वात्संकटाभावेपाकपरिक्रियोत्तरमपिकर्तुराशौचेतदंतेश्राद्धम् भोक्तुस्तुभोजनारंभात्प्रागाशौचज्ञानेन्योनिमंत्रणीयः भोजनारंभोत्तरमाशौचेतुकर्त्रातथैवश्राद्धंसमापनीयं भोक्तातुभोजनांतेआशौचप्रकरणेवक्ष्यमाणंप्रायश्चित्तंकार्यं संकटेतुपूर्वोक्तमितियुक्तंचेद्ग्राह्यम् ॥

હવે શ્રાદ્ધમાં વિઘ્ન થયું હોય તેનો નિર્ણય કહે છે.

નિમત્રણ કર્યા પછી બ્રાહ્મણને જનનાશૌચ અથવા મૃતાશૌચ પ્રાપ્ત થાય તો આશૌચ નથી. ઇહા નિમત્રણ એટલે બીજો ક્ષણ જે મત્રસહિત દેછે તે લેવુ, લૌકિક લેવુ નહિ એમ ભાસેછે. કર્ત્તાને તો પાકપરિક્રિયા થયા પછી આશૌચ નથી. પાકપરિક્રિયા એટલે મત્રેકરી પાકને પ્રોક્ષણ કરવું તે. કર્ત્તાને ઘેર ભોજનનો આરભ થયા પછી જન્મ અથવા મરણ થાય તો ભોજનશેષ (પાત્ર ઉપરના શેષ અન્ન)નો ત્યાગ કરી બીજાના ઘરના જલવડે આચમન કરવું. મને તો એમ ભાસેછે કે, આશૌચનો સઘળો અપવાદ (બાધ) બીજી ગતિ ન હોય તો માનવાનો છે, માટે સંકટ ન હોય તો પાકપુરિક્રિયા, (પાકપ્રોક્ષણ) થયા છતાં પણ કર્ત્તાને આશૌચ હોવાથી તેની નિવૃત્તિ થયા પછી શ્રાદ્ધ કરવું. ભોજન કરનાર બ્રાહ્મણને તો, ભોજનનો આરભ થયાની પ્રથમ આશૌચનું જ્ઞાન થાય તો બીજો બ્રાહ્મણ બોલાવવો. ભોજનના આરભ પછી આશૌચ પ્રાપ્ત થાય તો કર્ત્તાએ તેમજ શ્રાદ્ધ સમાપ્ત કરવુ. ભોક્તાએ તો, ભોજનની અંતે, આશૌચપ્રકરણમાં કહેવાશે[2] તે પ્રાયશ્ચિત્ત કરવું. સંકટ હોય તો પ્રથમ કહેલામાંથી જે યોગ્ય ભાસે તે લેવું.

अर्थसिंधौपाकोत्तरमाशौचाभाववचनस्यकर्तृमात्रपरत्वाद्भोक्तुःप्रायश्चित्तमाशौचंचोक्तं तद्यथा ब्राह्मणस्याशौचेश्राद्धेसकृत्कामतोन्नभोजनेसांतपनकृच्छ्रं अभ्यासेमासंकृच्छ्रंचरेत् अज्ञानाद्विप्रादीनांज्ञाताशौचानामन्नभक्षणे एकाहंत्र्यहंपंचाहंसप्ताहंक्रमेणाभोजनमंतेपंचगव्याशनंच अभ्यासेद्विगुणं आशौचंतुब्राह्मणादीनामाशौचेयःसकृदेवान्नमश्नातितस्यतावदाशौचंयावत्तेषामाशौचंतदंतेप्रायश्चित्तंकुर्यादिति निष्पूर्तंज्ञेयं श्राद्धकालेन्यकालेचैतत्सममेवेतिज्ञेयं दातृभोक्तृभ्यामुभाभ्यामाशौचंनज्ञातंचेन्नदोषः आशौचमध्येश्राद्धदिनपातेआशौचांतेएकादशाहेकार्यम् एकादशाहोमलमासेचेन्मलेपिकार्यम् तत्रातिक्रमेशुद्धमासे एतन्मासिकेप्रतिवार्षिकेचज्ञेयम् दर्शादीनांतुपंचमहायज्ञादिवल्लोपएवनाशौचांतेकर्तव्यत्वंनापिप्रायश्चित्तं आशौचंविनादर्शादीनांलोपेप्युपवासादिरूपंप्रायश्चित्तमेवनकालांतरेनुष्ठानं एकादशाहेऽसंभवेमावास्यायांशुक्लकृष्णैकादश्योर्वार्षिक मासिकंचोदकुंभंचयद्यदंतरितंभवेत् तत्तदुत्तर

---

[1] भोजनकालेसूतकप्राप्तौतदन्नभोजनेवक्ष्यमाणमित्यर्थः ॥

[2] ભોજનકાળે આશૌચ પ્રાપ્ત થયા છતા, તે અન્ન ભક્ષણ કર્યું હોય તો કહેવાનુ એવો અર્થ જાણવો.

[3] एकादशाहातिक्रमेमलेनकार्यमित्यर्थः ॥

सातंत्र्यादनुष्ठेयंप्रचक्षते केचिदाब्दिकमप्यंतरितंदर्शादिकालासंभवेग्रिममासेतत्तिथौकार्यमित्याहुः आशौचेतरव्याध्यादिविघ्नेविस्मृतौचैवमेव केचिद्व्याध्यादिविघ्नेपुत्रादिनातद्दिनेएवान्नेनाब्दिकमाहुः ॥

હવે નિર્ણયસિંધુમધ્યે, પાકપ્રોક્ષણ થયા પછી આશૌચ નથી એમ જે વચન કહ્યુ તે માત્ર કર્ત્તામાટેજ હોવાથી ભોક્તાને પ્રાયશ્ચિત્ત તથા આશૌચ કહ્યું છે. તે આ રીતે–બ્રાહ્મણને, આશૌચમાં શ્રાદ્ધવિષે એકવાર સ્વેચ્છાથી ભોજન થયું હોય તો, સાંતપનકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કહ્યું છે. અભ્યાસ હોય તો માસપર્યંત કૃચ્છ્રપ્રાયશ્ચિત્ત કરવું. જેમને આશૌચની ખબર પડી હોય એવા બ્રાહ્મણ આદિકનું અન્ન અજાણમાં ભક્ષણ કરવામાં આવે તો ચારે વર્ણના ક્રમથી એક દિવસ, ત્રણ દિવસ, પાંચ દિવસ અને સાત દિવસ ઉપવાસ કરી અંતે પંચગવ્ય ભક્ષણ કરવું. ખાવાનો અભ્યાસ હોય તો બમણું કરવું. આશૌચ તો, બ્રાહ્મણાદિકના આશૌચમાં જે એકવારજ અન્ન ભક્ષણ કરે તો તેણે, સૂતકીને જેટલું સૂતક બાકી હોય તેટલું આશૌચ પાળી અંતે પ્રાયશ્ચિત્ત કરવું, એમ વિષ્ણુએ કહ્યું છે તે જાણવું. શ્રાદ્ધકાલે તથા અન્ય સમયે પણ એ એટલુંજ છે એમ જાણવું. દાતા તથા ભોક્તા એ બન્નેને આશૌચની ખબર ન હોય તો દોષ નથી. આશૌચના મધ્યમાં શ્રાદ્ધનો દિવસ પ્રાપ્ત થાય તો આશૌચની નિવૃત્તિ થયા પછી અગીયારમે દિવસે તે શ્રાદ્ધ કરવું. અગીયારમો દિવસ મલમાસમાં આવે તો મલમાસમાં પણ કરવું. [1]તેનું ઉલ્લંઘન થાય તો શુદ્ધમાસમાં કરવું. એ નિર્ણય માસિક તથા પ્રતિસાંવત્સરિકવિષે જાણવો. દર્શ ઇત્યાદિ શ્રાદ્ધનો તો પંચમહાયજ્ઞાદિકની પેઠે લોપજ કરવો, એ શ્રાદ્ધ આશૌચની અંતે કરવાં નહીં તથા પ્રાયશ્ચિત્ત પણ કરવું નહીં. આશૌચવિના દર્શાદિક શ્રાદ્ધનો લોપ થયો હોય તો ઉપવાસાદિરૂપ પ્રાયશ્ચિત્તજ કરવું, પણ કાલાંતરે તે શ્રાદ્ધ કરવાં નહીં. અગીયારમે દિવસે અસંભવ હોય તો અમાવાસ્યા અથવા શુદિ એકાદશીને દિવસે વાર્ષિક શ્રાદ્ધ કરવું. "માસિકશ્રાદ્ધ અને ઉદકુંભશ્રાદ્ધ એવાં જે જે શ્રાદ્ધ કહેલા સમયે થયાં ન હોય તે તે શ્રાદ્ધ આગળ આવતા તંત્રની સાથે કરવાં એમ કહે છે." કોઈ ગ્રંથકાર, આબ્દિકશ્રાદ્ધ પણ ઉક્ત સમયે થયું ન હોય અને દર્શાદિક કાલનો અસંભવ હોય તો આવતા માસની તે તિથિએ કરવું, એમ કહે છે. આશૌચવિના વ્યાધિ ઇત્યાદિક વિઘ્ન તથા વિસ્મરણ છતાં એવોજ નિર્ણય જાણવો. કોઈ ગ્રંથકાર, વ્યાધિ ઇત્યાદિક વિઘ્ન પ્રાપ્ત થયું હોય તો પુત્રાદિકપાસે તે દિવસેજ અન્ને કરી વાર્ષિકશ્રાદ્ધ કરાવવું, એમ કહે છે.

अथभार्यारजोदोषे ॥ तत्रदर्शयुगादिमन्वाद्यष्टकान्वष्टकादिश्राद्धानि पाककर्त्रंतरसत्त्वेन्नेनतद्दिनेकार्याण्यन्यथामादिद्रव्येण कालादर्शोदर्शश्राद्धंपंचमेह्नीतिपक्षांतरमाह सकृन्महालयस्तु दर्शेभार्यारजसिमुख्यकालातिक्रमभियातत्रैवकार्यः एवमाश्विनशुक्लपंचम्यंतकालेप्यूह्यं अष्टम्यादौसकृन्महालयोभार्यारजोदोषेनकार्यः कालान्तरसत्त्वादित्यादिमहालयप्रकरणोक्तमनुसंधेयं प्रत्याब्दिकंमासिकंचरजोदोषेपितद्दिनएवकार्यमित्येकःपक्षः पंचमेह्ननिकार्यमित्यपरः पक्षद्वयेपिग्रंथसंमतिःशिष्टाचारसंमतिश्च भार्यांतरसत्त्वेतद्दिनएवेतिसर्वसंमतं तद्दिनेकरणपक्षेश्राद्धकालेरजस्वलादर्शनादिकंवर्ज्यं तेनतादृशगृहासंभवेयोग्यपाककर्त्रसंभवेचपंचमेह्नीतिपक्षःश्रेयान् अपुत्रास्त्रीरजोदोषेभर्तुराब्दिकादिकंपंचमेह्निकुर्यात्सत्यन्यद्वारातद्दिने ॥

હવે સ્ત્રી રજસ્વલા થઈ હોય તેનો નિર્ણય કહે છે.

તેમાં દર્શ યુગાદિ, મન્વાદિ, અષ્ટકા અને અન્વષ્ટકા ઇત્યાદિ શ્રાદ્ધ પાક કરનારો બીજો હોય તો અન્નવડે તે દિવસે કરવાં, પાક કરનારો ન હોય તો આમાન્ન આદિ દ્રવ્યવડે કરવાં. કાલાદર્શ ગ્રંથ, દર્શશ્રાદ્ધ પાંચમે દિવસે કરવું, એવો બીજો પક્ષ કહે છે. સકૃન્મહાલય તો, દર્શને દિવસે સ્ત્રી રજસ્વલા થયા છતાં મુખ્ય કાલનું ઉલ્લંઘન થાય છે એ ભયથી તેજ દિવસે કરવું. એ રીતે આશુ શુદ પંચમીપર્યંત જે કાલ તેવિષે પણ એવોજ નિર્ણય જાણવો. સ્ત્રી રજસ્વલા છતાં આઠમ ઇત્યાદિ દિવસે સકૃન્મહાલય કરવું નહીં, કારણ, તેને બીજો કાલ છે, ઇત્યાદિક મહાલયપ્રકરણમાં કહેલો નિર્ણય જાણવો. પ્રતિવાર્ષિકશ્રાદ્ધ અને 'માસિકશ્રાદ્ધ એ સ્ત્રી રજસ્વલા છતાં પણ તેજ દિવસે કરવાં એવો એક પક્ષ.' પાંચમે દિવસે કરવાં એ બીજો પક્ષ. બન્ને પક્ષવિષે ગ્રંથની સંમતિ તથા શિષ્ટાચારની

---

[1] અગીયારમા દિવસનું ઉલ્લંઘન થયા છતાં મલમાસમાં કરવું નહિ એવો અર્થ.

સંમતિ છે. બીજી સ્ત્રી હોય તો તે દિવસેજ કરવાં એ સર્વસંમત છે. તે દિવસે કરવાનો પક્ષ હોય તો શ્રાદ્ધકાલે રજસ્વલાનુ દર્શન ઇત્યાદિક વર્જ્ય કરવું. એથી તેવા (રજસ્વલાનું દર્શન ન થાય એવા) ઘરનો સભવ ન હોય તથા યથાયોગ્ય પાક કરનારો ન હોય તો પાંચમે દિવસે કરવું એ પક્ષ ઉત્તમ છે પુત્રરહિત સ્ત્રી રજસ્વલા થઈ હોય તો તેણે પતિનું વાર્ષિકાદિ શ્રાદ્ધ પાંચમે દિવસે કરવું, પણ અન્યદ્વારાએ તે દિવસે કરાવવુ નહીં.

अथपतिमुद्दिश्याग्निप्रवेशो ॥ तत्रसहगमनमेवविप्राणां क्षत्रियादेस्तुसहगमनमनुगमनंचएकचित्यारोहेणदंपत्योःसहैवमंत्रवद्दाहःसहगमनं भर्तुःसमंत्रकदाहोत्तरंपृथक्चितावग्निप्रवेशोनुगमनं तत्रोभयत्रापितिथ्यैक्येएकदिनेएवतंत्रेणपाकादिकृत्वादर्शवत्षट्पिंडषडर्घ्यविप्रभेदयुतंपितृपार्वणमातृपार्वणविशिष्टंश्राद्धंकार्यं विश्वेदेवास्तुनभिन्नाभिन्नावा तिथिभेदेपिश्राद्धदिनैक्येएवमेव तिथिभेदाच्छ्राद्धदिनभेदेतुवार्षिकादिपृथगेवकार्यं केचित्तुसहगमनेतिथिभेदेपिभर्तुःक्षयाहश्राद्धदिनेएवपत्न्याःश्राद्धं नतुदिनांतरइत्याहुस्तदल्पकालव्यवधानेयोज्यं नतुद्वित्र्यादितिथिव्यवधाने ॥

હવે પતિને ઉદ્દેશે સ્ત્રીએ અગ્નિમાં પ્રવેશ કર્યો તેવિષે કહે છે.

તેમાં બ્રાહ્મણને સહગમનજ કહ્યું છે. ક્ષત્રિયાદિકોને તો સહગમન અને અનુગમન એ બન્ને કહ્યાં છે. એક ચિતા ઉપર ચઢાવી સ્ત્રી પુરૂષ બન્નેનો સાથેજ મત્રસહિત જે દાહ કરવો તે સહગમન છે. પતિનો મત્રસહિત દાહ થયા પછી જુદી ચિતામાં જે અગ્નિપ્રવેશ કરવો તે અનુગમન છે. તેમાં (સહગમન અને અનુગમન) એ બન્ને પક્ષમાં બન્નેની એક તિથિ હોય તો એક દિવસેજ એકતંત્રે પાક ઇત્યાદિ કરી દર્શપ્રમાણે છ પિંડ, જુદા જુદા બ્રાહ્મણને છ અર્ઘ્ય, અને પિતૃપાર્વણ તથા માતૃપાર્વણેયુક્ત શ્રાદ્ધ કરવું. વિશ્વેદેવા તો એકજ અથવા જુદા જુદા કરવા એવો વિકલ્પ છે. તિથિ જુદી હોય તો પણ શ્રાદ્ધદિવસ એક છતાં એવોજ નિર્ણય જાણવો. તિથિ જુદી હોવાથી શ્રાદ્ધદિવસ ભિન્ન આવે તો વાર્ષિકાદિક શ્રાદ્ધ જુદાંજ કરવાં. કોઈ ગ્રથકાર તો, સહગમનવિષે તિથિ ભિન્ન હોય તો પણ પતિના ક્ષયાહ શ્રાદ્ધને દિવસેજ સ્ત્રીનું શ્રાદ્ધ કરવું, બીજે દિવસે કરવું નહીં, એવું જે કહે છે તે અલ્પ કાલનુ અતર હોય તો તેવિષે જોડવું. બે ત્રણ ઇત્યાદિ તિથિનું અતર હોય તો તે તેવિષે જોડવું નહીં.

अथश्राद्धसंपातेनिर्णयः ॥ तत्रपित्रोर्मृताहैक्येपूर्वंपितुःश्राद्धंततःपाकभेदेनमातुरित्युक्तं गृहदाहादिनासपिंडानांयुगपन्मरणेसंबंधसामीप्यक्रमेणश्राद्धानिपाकभेदेनपृथक्कुर्यात् पृथक्पाकेनभिन्नश्राद्धाशक्तौ तंत्रेणश्रपणंकृत्वाश्राद्धंकुर्यात्पृथक्पृथक् क्रमेणैकदिनेमरणेमरणक्रमेण तत्रैकदिनेएकस्त्रयाणांश्राद्धानिनकुर्यात् वार्षिकश्राद्धत्रयप्राप्तौश्राद्धद्वयंस्वयंकुर्यात् तृतीयादिभ्रात्रादिनाकारयेद्दिनांतरेवाकुर्यात् पित्रोः सपिंडस्यचसंपातेतूक्तं श्राद्धंकृत्वातुतस्यैवपुनःश्राद्धंनतद्दिने नैमित्तिकंतुकर्तव्यंनिमित्तोत्पत्त्यनुक्रमात् तथाषण्णवतिश्राद्धेषुसमानदेवताकत्वेतंत्रेणश्राद्धानि अधिकदेवताकत्वेपृथक्श्राद्धानि वार्षिकमासिकोदकुंभश्राद्धेषुनित्यश्राद्धंदर्शादिश्राद्धंचदेवताभेदात्पृथक्कार्यं महालयेतीर्थश्राद्धेदर्शादिषण्णवतिषुचनित्यश्राद्धस्यप्रसंगसिद्धिः मासिकेनोदकुंभश्राद्धस्यप्रसंगसिद्धिः तत्रप्रसंगसिद्धिस्थलेदर्शादिकंप्रसंगिश्राद्धमेवसंकल्पपूर्वंसांगमनुष्ठेयं प्रसंगसिद्धंतुनित्यादिकंनसंकल्पादावुच्चार्यमिति लोपापरपर्यायएवप्रसंगसिद्धिपदेनोच्यते तंत्रसिद्धौतुप्रकारद्वयंभाति दर्शव्यतीपातश्राद्धयोस्तंत्रानुष्ठानेषट्पुरुषानुद्दिश्यदर्शश्राद्धंव्यतीपातश्राद्धंचतंत्रेणकरिष्येइतिसंकल्प्य दर्शपातश्राद्धयोःदेवार्थेक्षणःकरणीयइतिदैवेनिमंत्र्य दर्शपातश्राद्धयोःपित्राद्यर्थेक्षणःकरणीयइतिवर्गद्वयार्थेविप्रद्वयादिकंनिमंत्र्यैकमेवश्राद्धंकार्यमित्येकःप्रकारः अथवापूर्ववत्संकल्प्यदैवेतंत्रेणैकमेवविप्रंनिमंत्र्यषोडशमासिकतंत्रवत् दर्शश्राद्धेक्षणःकरणीयइति दर्शविप्रनिमंत्रणानंतरंव्यतीपातश्राद्धेक्षणइतिविप्रांतरंनिमंत्र्य विप्रचतुष्टयादियुतंपातश्राद्धेपिंडाभावात्षडर्घ्यपिंडयुतंश्राद्धमेकेनैवपाकेनकार्यमित्यपरःप्रकारः एवंत्रिचतुरादिश्राद्धानांतंत्रेऊह्यं अत्रपक्षद्वयेविचार्ययुक्ततरपक्षःसद्भिरनुष्ठेयः ॥

હવે એક દિવસે અનેક શ્રાદ્ધ પ્રાપ્ત થયા છતાં નિર્ણય કહે છે.

તેમાં માતા પિતાનો મૃત્યુદિવસ એક હોય તો પ્રથમ પિતાનું શ્રાદ્ધ કરી પછી જુદા પાકવડે માતાનું શ્રાદ્ધ કરવું એમ પ્રથમ કહ્યુ છે. ઘરનો દાહ ઇત્યાદિ કારણ હોવાથી સપિંડોનું એક

સમયે મરણ થયા છતાં જેનો સબંધ સમીપે હોય તે ક્રમથી જુદા પાક કરી શ્રાદ્ધો કરવાં. ભિન્ન ભિન્ન પાક કરી જુદાં જુદાં શ્રાદ્ધ કરવાની શક્તિ ન હોય તો "એકતંત્રે પાક કરી શ્રાદ્ધ જુદાં જુદાં કરવાં." ક્રમે કરી એક દિવસે મરણ થયા છતાં મરણને ક્રમેકરી કરવાં.') તેમાં એક દિવસે એકે ત્રણનાં શ્રાદ્ધ કરવાં નહિ. ત્રણ વાર્ષિકશ્રાદ્ધ પ્રાપ્ત થયા છતાં બે શ્રાદ્ધ પોતે કરવાં, ત્રીજું ઇત્યાદિ શ્રાદ્ધ ભાઈ ઇત્યાદિકવતિ કરાવવું. અથવા બીજે દિવસે પોતે કરવું. માતા પિતા તથા સપિંડોનું શ્રાદ્ધ એક દિવસે પ્રાપ્ત થયું હોય તો તેવિષે પ્રથમ કહ્યું છે. "એકવાર જેનું કર્યું હોય તેનુંજ ફરી શ્રાદ્ધ તે દિવસે કરવું નહીં; નિમિત્તની ઉત્પત્તિમાં અનુક્રમ છે માટે નૈમિત્તિક હોય તો કરવાં." એટલે છન્નુ શ્રાદ્ધમાં જેની દેવતા એકજ હોય તે શ્રાદ્ધ એકતંત્રે કરવાં; અધિક દેવતા હોય તો જુદાં કરવાં. વાર્ષિક, માસિક અને ઉદકુંભ શ્રાદ્ધ છતાં નિત્યશ્રાદ્ધ તથા દર્શાદિક શ્રાદ્ધની દેવતા ભિન્ન હોવાથી તે શ્રાદ્ધ ભિન્ન કરવાં. મહાલય, તીર્થશ્રાદ્ધ અને દર્શાદિક છન્નુ શ્રાદ્ધ છતાં નિત્યશ્રાદ્ધની પ્રસંગસિદ્ધિ થાય છે. માસિકશ્રાદ્ધવડે ઉદકુંભ શ્રાદ્ધની પ્રસંગસિદ્ધિ થાય છે. તે પ્રસંગસિદ્ધિને સ્થળે દર્શાદિક પ્રસંગી (સમય પ્રાપ્ત) શ્રાદ્ધજ સંકલ્પપૂર્વક સાંગ (અંગસહિત) કરવું. પ્રસંગસિદ્ધ જે નિત્યાદિક તેનો તો સંકલ્પાદિવિષે ઉચ્ચાર કરવો નહીં એવો જે લોપ તે છે બીજું નામ જેનું તે પ્રસંગસિદ્ધિ પદેકરી કહેવાય છે. તંત્રસિદ્ધિવિષે તો બે પ્રકાર ભાસે છે—દર્શશ્રાદ્ધ તથા વ્યતીપાતશ્રાદ્ધ એ બન્ને એકતંત્રે કર્તવ્ય છતાં છ પુરૂષનો ઉદ્દેશ કરી "**दर्शश्राद्धं व्यतीपातश्राद्धं च तंत्रेण करिष्ये,**" એવો સંકલ્પ કરી "**दर्शपातश्राद्धयोः देवार्थे क्षणः करणीयः**" એ રીતે દૈવ બ્રાહ્મણને નિમંત્રણ કરી "**दर्शपातश्राद्धयोः पित्राद्यर्थे क्षणः करणीयः**" એ રીતે બે (પિતા, માતમહ) વર્ગમાટે બે ઇત્યાદિક બ્રાહ્મણને નિમંત્રણ કરી એકજ શ્રાદ્ધ કરવું, એ એક પ્રકાર. અથવા પ્રથમપ્રમાણે સંકલ્પ કરી દૈવની પાસે એકતંત્રે એકજ બ્રાહ્મણને નિમંત્રણ કરી સોળ માસિકશ્રાદ્ધના તંત્રની પેઠે "**दर्शश्राद्धे क्षणः करणीयः**" એ રીતે દર્શના બ્રાહ્મણને નિમંત્રણ કર્યા પછી "**व्यतीपातश्राद्धे क्षणः०**" એ રીતે બીજા બ્રાહ્મણને નિમંત્રણ કરી ચાર ઇત્યાદિ બ્રાહ્મણયુક્ત, વ્યતીપાતશ્રાદ્ધમાં પિંડદાન નથી માટે છ અર્ઘ્યયુક્ત અને પિંડસહિત શ્રાદ્ધ એકજ પાકવડે કરવું એવો બીજો પ્રકાર. એ રીતે ત્રણ, ચાર ઇત્યાદિ શ્રાદ્ધના તંત્રવિષે એવોજ પ્રકાર જાણવો. એ બન્ને પક્ષમાં વિચાર કરી બે પક્ષમાંથી જે યોગ્ય પક્ષ હોય તે વિદ્વાનોએ ગ્રહણ કરવો.

मयूखेतुसपिंडकेनदर्शश्राद्धेनापिंडकस्यव्यतीपातादिश्राद्धस्यैकदेवताकस्यप्रसंगसिद्धिरेव नतंत्रसिद्धिस्तंत्रोदाहरणंतुपातसंक्रांत्यादिरित्युक्तं यत्त्वन्वष्टक्येनपितृमातृवार्षिकमासिकयोःप्रसंगसिद्धिरित्युक्तंतन्महालयेनवार्षिकसिद्ध्यापत्त्याबहुग्रंथविरुद्धं यत्रचदर्शवार्षिकश्राद्धादौ देवताभेदाच्छ्राद्धभेदस्तत्रनिमित्तानियतिश्चात्रपूर्वानुष्ठानकारणमितिवाक्यात् पूर्ववार्षिकंततोदर्शः यत्सर्वान्प्रत्येकरूप्येणैकदानमाप्नोति तदनियतनिमित्तकंवार्षिकंमासिकंवापूर्वंकार्यमितिवाक्यार्थः वार्षिकमासिकादीनांसंपातेपितृपूर्वकत्वंसंबंधसामीप्यादिकंचानुपदमेवोक्तं दर्शमहालययोःसंपाते पूर्वंमहालयस्ततोदर्शः दर्शवार्षिकमहालययोःप्राप्तौ पूर्ववार्षिकंततोमहालयस्ततोदर्शइतित्रयंपाकभेदेन विस्तरोमहालयप्रकरणे तथाकाम्यतंत्रेणनित्यस्यश्राद्धस्यतंत्रंसिद्ध्यति ॥

મયૂખમાં તો, પિંડસહિત દર્શશ્રાદ્ધવડે પિંડરહિત અને એક દેવતાવાળા વ્યતીપાત આદિ શ્રાદ્ધની પ્રસંગસિદ્ધિજ થાય છે, તંત્રસિદ્ધિ નથી, તંત્રનું ઉદાહરણ તો, વ્યતીપાત સક્રાંતિ ઇત્યાદિક છે, એમ કહ્યું છે. અન્વષ્ટક્યશ્રાદ્ધે કરી પિતા તથા માતાનાં વાર્ષિક તથા માસિકશ્રાદ્ધની પ્રસગસિદ્ધિ થાય છે એમ જે કહ્યું તે તો મહાલયશ્રાદ્ધવડે વાર્ષિકશ્રાદ્ધની સિદ્ધિ પણ થશે, અને એમ જો માનિએ તો બહુ ગ્રંથોસાથે વિરોધ થાય છે. જ્યહાં દર્શ તથા વાર્ષિક ઇત્યાદિ શ્રાદ્ધમાં જુદી દેવતા હોવાથી શ્રાદ્ધ ભિન્ન કરવાં પડે છે ત્યહાં "નિમિત્તનો જે અનિયમ (નિયમરહિતપણું) તે આ ઠેકાણે પ્રથમ. કરવાનું કારણ છે" એવું વાક્ય હોવાથી પ્રથમ વાર્ષિકશ્રાદ્ધ કરી પછી દર્શશ્રાદ્ધ કરવું. સઘળાઓપ્રત્યે, જે એક કાળે એકરૂપથી પ્રાપ્ત થતાં નથી તે અનિયમિતનિમિત્તક એવાં વાર્ષિક અથવા માસિકશ્રાદ્ધ પ્રથમ કરવાં એવો વાક્યાર્થ છે. વાર્ષિક અને માસિક ઇત્યાદિ એક દિવસે કરવાનાં હોય તો પ્રથમ પિતાનું પછી બીજાનું તથા જેનો સંબંધ સમીપે હોય તે ક્રમેથી કરવાં એમ સમીપમાંજ કહ્યું છે. દર્શ અને મહાલય એ એક દિવસે કર્તવ્ય હોય તો પ્રથમ મહાલય પછી દર્શશ્રાદ્ધ કરવું. દર્શને,

દિવસે વાર્ષિક તથા મહાલય પ્રાપ્ત થયા છતાં પ્રથમ વાર્ષિક પછી મહાલય ત્યાર પછી દર્શ એ રીતે ત્રણ જુદા જુદા પાક કરી કરવાં. એનો વિસ્તાર મહાલયપ્રકરણમાં કહ્યો છે. તેમજ કામ્યશ્રાદ્ધના તંત્ર (કરવા) થકી નિત્યશ્રાદ્ધના તંત્રની સિદ્ધિ થાય છે.

अथसंक्रांत्ययनद्वयविपुवद्वययुगादिमन्वादिभाद्रकृष्णत्रयोदशीश्रोत्रियागमनप्रयुक्तमघाभरणीमघायुतत्रयोदशीवैधृतिव्यतीपातोपरागपुत्रोत्पत्तिनिमित्तकालभ्ययोगनिमित्तकश्राद्धानिप्रौष्ठपदीभिन्नसर्वपौर्णमासीश्राद्धानिचैतानिश्राद्धानिपिंडरहितानिसांकल्पविधिनाकार्याणि एपुदर्शवत् पट्पुरुपोद्देशः तेनैपामेककालसंपातेतंत्रेणसिद्धिः नित्यश्राद्धस्यप्रसंगसिद्धिः उपरागश्राद्धस्यभिन्नकालत्वेपृथगनुष्ठानम् उपरागश्राद्धेनसंक्रांतिदर्शादिश्राद्धानांप्रसंगसिद्धिरितिप्रथमपरिच्छेदेमतांतरमुक्तं पुत्रोत्पत्तिनिमित्तकश्राद्धस्यनवदेवताकत्वात्पृथगनुष्ठानं तच्चहेम्नैवकार्यंनत्वामेननाप्यन्नेनेति इतिश्राद्धसंपातेनिर्णयः ॥

હવે સંક્રાંતિ, બે અયન, બે વિષુવ (મેષ તથા તુલા સંક્રાંતિ), યુગાદિ, મન્વાદિ, ભાદરવા વદ તેરશ, શ્રોત્રિય બ્રાહ્મણના આવવાથી કરવાનું, મઘા, ભરણી, મઘાયુક્ત તેરશ, વૈધૃતિ, વ્યતીપાત, ગ્રહણ, પુત્ર ઉત્પન્ન થયો એ નિમિત્તથકી કરવાનું, અલભ્ય (ન મળે એવા) યોગના નિમિત્તથકી કરવાનું, ભાદરવા શુદ પૂનમ વિના સઘળી પૂનમનાં શ્રાદ્ધ એ શ્રાદ્ધો પિંડરહિત, સંકલ્પવિધિવડે કરવાં. એ શ્રાદ્ધોવિષે દર્શની પેઠે ૭ પુરૂષનો ઉચ્ચાર કરવો. એથી એક કાળે એ શ્રાદ્ધો પ્રાપ્ત થાય તો એમની તંત્રેકરી સિદ્ધિ થાય છે. નિત્યશ્રાદ્ધની પ્રસંગસિદ્ધિ કરવી. ગ્રહણના શ્રાદ્ધનો કાળ જુદો હોય તો જુદું કરવું. ગ્રહણના શ્રાદ્ધવડે સંક્રાંતિ, દર્શ ઇત્યાદિ શ્રાદ્ધની પ્રસંગસિદ્ધિ થાય છે એ રીતે પ્રથમ પરિચ્છેદમાં બીજો મત કહ્યો છે. પુત્ર ઉત્પન્ન થયો એ નિમિત્તથકી કરવાના શ્રાદ્ધની નવ દેવતા છે માટે તે જુદું કરવું, પણ તે હિરણ્યવડેજ કરવું, આમાન્નવડે કરવું નહીં, તથા અન્નવડે પણ કરવું નહીં. એપ્રમાણે એક દિવસે અનેક શ્રાદ્ધ પ્રાપ્ત થયાં હોય તો તેનો નિર્ણય કહ્યો.

अथतिलतर्पणम् ॥ तच्चयच्छ्राद्धेयावंत·पितरस्तर्पितास्तावत्पितृगणोद्देशेनतच्छ्राद्धांगत्वेन तिलैस्तर्पणंकार्यम् तत्रकालनियमः पूर्वंतिलोदकंदर्शेप्रत्यब्देतुपरेहनीत्यादि तदयंनिष्कर्पः दर्शश्राद्धेश्राद्धात्पूर्वंश्राद्धांगतिलतर्पणं तत्रविप्रनिमंत्रणोत्तरंपाकारंभोत्तरंवाब्रह्मयज्ञकरणेब्रह्मयज्ञांगनित्यतर्पणेनैव दर्शांगतिलतर्पणस्यासिद्धिः तत·पूर्वंवैश्वदेवोत्तरंवाब्रह्मयज्ञकरणेश्राद्धीयपट्पुरुपोद्देशेनश्राद्धांगतर्पणं कृत्वाश्राद्धारंभःकार्यः प्रत्याहिकंपितृतर्पणंतुब्रह्मयज्ञकालेकार्यम् एवंयुगादिमन्वादिसंक्रांतिपौर्णमासीवैधृतिव्यतीपातश्राद्धेपुदर्शवत्पूर्वमेव तीर्थश्राद्धेसर्वपित्रुद्देशेनपूर्वं वार्षिकश्राद्धेपरेद्युरेवश्राद्धीयदेवतात्रयोद्देशेन वार्षिकश्राद्धदिनेनित्यतर्पणंतिलैर्नकार्यम् सकृन्महालयेसर्वपित्रुद्देशेनपरेद्युरेव अन्येपुमहालयपक्षेष्वष्टकान्वष्टकापूर्वेद्यु·श्राद्धेपु माघ्यावर्पार्धोदयगजच्छायापष्ठीभरणीमघाश्राद्धेपुहिरण्यश्राद्धेचानुव्रज्यतर्पणंश्राद्धीयदेवतोद्देशेन श्राद्धसंपातेतुयदितत्प्रसंगसिद्धिस्तदातदीयमेवतर्पणं तंत्रत्वेतुपूर्वंतर्पणवतांचश्राद्धानांसमसंख्यत्वेआदावंतेवातर्पणं विपमसंख्यत्वेबह्वनुरोधेन संक्रांतिपुग्रहणेपित्रो·श्राद्धेदर्शेव्यतीपातेपितृव्यादिश्राद्धे महालयेचनिपिद्धेपिदिनेश्राद्धांगतिलतर्पणंकार्यमितिकेचित् अन्येतुसर्वत्रश्राद्धांगतर्पणेकोपितिथ्यादिनिपेधोनेत्याहुः ॥

હવે તિલતર્પણ કહે છે.

તે તિલતર્પણ, જે શ્રાદ્ધમાં જેટલા પિતરોને તૃપ્ત કર્યા તેટલા પિતૃગણનો ઉદ્દેશ કરી તે શ્રાદ્ધનું અંગરૂપ, તિલવડે તર્પણ કરવું. તેમાં કાલનો નિયમ કહે છે—"દર્શશ્રાદ્ધમાં પ્રથમ, અને પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધમાં બીજે દિવસે," ઇત્યાદિ. તેનો એ તાત્પર્ય—દર્શશ્રાદ્ધવિષે શ્રાદ્ધની પ્રથમ શ્રાદ્ધના અંગભૂત તિલતર્પણ કરવું. તેમાં બ્રાહ્મણને નિમંત્રણ કર્યા પછી અથવા પાકનો આરંભ કર્યા પછી બ્રહ્મયજ્ઞ કરવાનો હોય તો બ્રહ્મયજ્ઞના અંગભૂત નિત્યતર્પણથકીજ દર્શશ્રાદ્ધના અંગભૂત તિલતર્પણની સિદ્ધિ થાય છે. બ્રાહ્મણોને નિમંત્રણ કરવાની પ્રથમ અથવા વૈશ્વદેવ પછી બ્રહ્મયજ્ઞ કર્તવ્ય હોય તો શ્રાદ્ધસંબંધી છ પુરૂષને ઉદ્દેશેકરી શ્રાદ્ધના અંગભૂત તર્પણ કરી શ્રાદ્ધનો આરંભ કરવો. નિત્ય પિતૃતર્પણ કરવું તે તો બ્રહ્મયજ્ઞ સમયે કરવું. એ રીતે યુગાદિ, મન્વાદિ, સંક્રાંતિ, પૂર્ણમાસી, વૈધૃતિ અને

વ્યતીપાત એ નિમિત્તથકી કરવાના શ્રાદ્ધવિષે દર્શપ્રમાણે પ્રથમજ કરવું. તીર્થશ્રાદ્ધવિષે સઘળા પિતરોને ઉદ્દેશેકરી પ્રથમ કરવું. વાર્ષિકશ્રાદ્ધવિષે શ્રાદ્ધસંબંધી ત્રણ દેવતાને ઉદ્દેશેકરી બીજે દિવસેજ કરવું. વાર્ષિકશ્રાદ્ધને દિવસે નિત્યતર્પણ તિલવડે કરવું નહીં. સકૃન્મહાલયવિષે સઘળા પિતૃને ઉદ્દેશે બીજે દિવસેજ કરવું. બીજા મહાલયના પક્ષ, અષ્ટકા, અન્વષ્ટકા, પૂર્વેદ્યુઃશ્રાદ્ધ, માધ્યાવર્ષ, અર્ધોદય, ગજચ્છાયા, ષષ્ઠી, ભરણી, મઘા, એ શ્રાદ્ધવિષે તથા હિરણ્યશ્રાદ્ધવિષે શ્રાદ્ધની દેવતાઓને ઉદ્દેશે શ્રાદ્ધ પછી તેજ સમયે તર્પણ કરવું. એક દિવસે બે ત્રણ શ્રાદ્ધ છતાં જો તે શ્રાદ્ધોની પ્રસંગસિદ્ધિ હોય તો તે (એકજ) તર્પણ કરવું. તંત્ર હોય તો, પૂર્વતર્પણયુક્ત તથા પાછળ તર્પણયુક્ત એવા શ્રાદ્ધની સરખી સંખ્યા છતાં આદ્યમાં અથવા અતે તર્પણ કરવું. વિષમ સંખ્યા હોય તો ઘણાંને અનુસારે એટલે પૂર્વતર્પણયુક્ત તથા પાછળ તર્પણયુક્ત એઓમાં જેની સંખ્યા અધિક હોય તેને અનુસારે પ્રથમ કિંવા અંતે કરવું. સક્રાંતિ, ગ્રહણ, માતાપિતાનું શ્રાદ્ધ, દર્શ, વ્યતીપાત, કાકા ઇત્યાદિકનું શ્રાદ્ધ, અને મહાલયવિષે નિષિદ્ધ દિવસો છતાં પણ શ્રાદ્ધના અગભૂત તિલતર્પણ કરવું એમ કેટલાએક ગ્રંથકાર કહે છે. બીજા ગ્રંથકાર તો, સર્વત્ર શ્રાદ્ધના અંગભૂત તિલતર્પણવિષે તિથિ ઇત્યાદિકનો કોઈ પણ નિષેધ નથી એમ કહે છે.

अथश्राद्धांगतर्पणनिषेधः ॥ वृद्धिश्राद्धेसपिंड्यांचप्रेतश्राद्धेनुमासिके संवत्सरविमोकेचन कुर्यात्तिलतर्पणम् तत्रतर्पणप्रकारः परेहनितर्पणेस्नात्वातर्पणंकृत्वानित्यस्नानंप्रातःसंध्यांचकुर्यात् यद्वा नित्यस्नानप्रातःसंध्योत्तरंश्राद्धांगतर्पणंसंबंधनामगोत्ररूपाणिद्वितीयांतान्युच्चार्य स्वधानमस्तर्पयामीतिबह्वृचैर्दक्षिणहस्तेनान्यैरंजलिनात्रिस्त्रिस्तर्पयेत् प्रत्यंजलिमंत्रावृत्तिः एवंनित्यतर्पणेपिज्ञेयम् ॥

હવે શ્રાદ્ધના અંગભૂત તર્પણનો નિષેધ કહે છે.

“વૃદ્ધિશ્રાદ્ધ, સપિંડીશ્રાદ્ધ, પ્રેતશ્રાદ્ધ, અનુમાસિક અને સંવત્સરવિમોક (અબ્દપૂર્તિ) શ્રાદ્ધવિષે તિલતર્પણ કરવું નહીં.” તે તર્પણનો પ્રકાર—બીજે દિવસે તર્પણ કરવાનું હોય તો સ્નાન કરી તર્પણ કરી નિત્યસ્નાન તથા પ્રાતઃસંધ્યા એ કરવાં. અથવા નિત્યસ્નાન તથા પ્રાતઃસંધ્યા કર્યા પછી શ્રાદ્ધનું અંગભૂત તર્પણ કરવું. તે આ રીતે—સંબંધ, નામ, ગોત્ર અને રૂપ એ દ્વિતીયાવિભક્ત્યંત બોલી **“स्वधा नमस्तर्पयासि”** એમ કહી ઋગ્વેદીઓએ જમણા હાથવડે અને બીજી શાખાવાળાઓએ અંજલીવડે ત્રણ ત્રણવાર તર્પણ કરવું. એક એક અંજલીપ્રત્યે મંત્રની આવૃત્તિ કરવી, અને નિત્યતર્પણવિષે પણ એવોજ નિર્ણય જાણવો.

अथब्रह्मयज्ञांगेनित्यतर्पणेतिलयुक्ततर्पणनिषेधकालः ॥ रविभौमभृगुवारेषुप्रतिपत्षष्ठ्येकादशीसप्तमीत्रयोदशीषुभरणीकृत्तिकामघासुनिशिसंध्यासु गृहेजन्मनक्षत्रेशुभकार्यदिनेऽन्यदीये शोभनयुतगृहे मन्वादिषुयुगादिषु गजच्छायायामयनद्वयेच तिलतर्पणंमृदास्नानंपिंडदानंचनकार्यं केचिदयनद्वयेयुगादिमन्वादिषुतिलतर्पणंनदोषायेत्याहुः विवाहव्रतचूडासुवर्षमर्धंतदर्धकमन्यत्रसंस्कारे मासंमासार्धंवातिलतर्पणादिकं महालयगयाक्षयाहश्राद्धंविनानकार्यमित्युक्तं अत्रनिषिद्धदिनेतिलाभावेहेमरौप्ययुतहस्तेनदर्भयुतहस्तेनवानित्यतर्पणंकार्यम् ॥

હવે બ્રહ્મયજ્ઞના અંગભૂત નિત્યતર્પણવિષે તિલયુક્ત તર્પણના નિષેધનો કાળ કહે છે.—રવિવાર, ભૌમવાર, શુક્રવાર, એકમ, છઠ, એકાદશી, સપ્તમી, ત્રયોદશી, ભરણી, કૃત્તિકા, મઘા, રાત્રિ, સંધ્યાકાલ, ઘર, જન્મનક્ષત્ર, શુભકાર્યેનો દિવસ, શુભકાર્યે યુક્ત પરાયું ઘર, મન્વાદિ તિથિ, યુગાદિ તિથિ, ગજચ્છાયા અને બે અયનવિષે તિલતર્પણ, મૃત્તિકાસ્નાન અને પિંડદાન એ કરવાં નહીં. કોઈ ગ્રંથકાર; બે અયન દિવસ, યુગાદિ અને મન્વાદિને દિવસે તિલતર્પણ કર્યા છતાં દોષ નથી, એમ કહે છે. વિવાહ, જનોઇ અને ચૌલ એ છતાં ક્રમેકરી વર્ષ, ૭ માસ અને ત્રણ માસ; બીજા સંસ્કારવિષે એક માસ અથવા અર્ધ માસપર્યંત તિલતર્પણાદિક મહાલય, ગયાશ્રદ્ધ અને સાંવત્સરિકશ્રાદ્ધવિના કરવું નહીં એમ કહ્યું છે. એ નિષિદ્ધ દિવસે અથવા તિલનો અભાવ હોય તો સુવર્ણ, રૂપું એણેયુક્ત હાથવતી અથવા દર્ભયુક્ત હાથવડે નિત્યતર્પણ કરવું.

अथतिथ्यादिनिषेधापवादः ॥ तीर्थेतिथिविशेषेचगयायांप्रेतपक्षके निषिद्धेपिदिनेकुर्यात्तर्पणंतिलमिश्रितमिति तिथिविशेषोष्टकादिरितिमयूखे अत्रकातीयानांकेषांचिद्वार्षिकादौपरेहनिभरण्यादौविसर्जनांतेचश्राद्धांगतर्पणाचारोनदृश्यतेतत्रमूलंमृग्यं क्षयाहश्राद्धदिनेनित्यतर्पणेतिलग्रहणंतु बहुग्रंथविरुद्धम् ॥

હવે તિથિ ઇત્યાદિકના નિષેધનો અપવાદ (બાધ) કહે છે.—“ તીર્થ, તિથિવિશેષ, ગયાશ્રાદ્ધ અને પ્રેતપક્ષ (ભાદરવાનું કૃષ્ણપક્ષ) એઓનેવિષે જો નિષિદ્ધ દિવસ હોય તો પણ તિલતર્પણ કરવું.” તિથિવિશેષ એટલે અષ્ટકાદિક તિથિ, એ રીતે મયૂખમાં છે. આ વિષયમાં કેટલાએક કાત્યાયનોનો, વાર્ષિકાદિક શ્રાદ્ધમાં બીજે દિવસે તથા ભરણી ઇત્યાદિક શ્રાદ્ધમાં વિસર્જન થયા પછી શ્રાદ્ધના અંગભૂત તર્પણ કરવાનો આચાર દેખાતો નથી, તેવિષે મૂળ શું છે તે શોધવું. સાંવત્સરિક શ્રાદ્ધને દિવસે નિત્યતર્પણમાં તિલ લેવા તે બહુ ગ્રંથોથી વિરુદ્ધ છે.

अथनांदीश्राद्धेयद्वक्तव्यंतत्पूर्वार्धेप्रपंचितम् एतच्चोपनयनादिमहाकर्मसुपूर्वेद्युःकार्यं जातकर्माद्यल्पकर्मसुतदहरेव तत्रदेशकालौसंकीर्त्य सत्यवसुसंज्ञकाविश्वेदेवानांदीमुखाःमातृपितामहीप्रपितामह्यो नांदीमुख्यः पितृपितामहप्रपितामहानांदीमु० मातामहमातुः० पत्नीसहितानांदी० एतानुद्दिश्यपार्वणविधानेनसपिंडंनांदीश्राद्धंकरिष्येइतिसंकल्पः अर्घ्यकालेनवैवपात्राण्यासाद्यतेषुद्वौद्वौकुशौनिधाय यवोसिसोमदैवत्यइतिपूर्वोक्तोहेनयवानोप्योशंतस्त्वेतिद्वयोर्द्वयोरावाह्यामुकविश्वेदेवाःप्रीयंतां नांदीमुखामातरःप्रीयंतां नांदीमुखाःपितामह्यःप्रीयंतामित्यादिनायथालिंगंपात्राणिपुरतोन्यसेत् नांदीमुखामातरइदंतेवोर्घ्यमित्यादिनायथालिंगंद्वाभ्यामर्घ्यपात्रंविभज्यदेयं द्विर्द्विर्गंधदानं चतुर्थ्यंतानुद्दिश्यस्वाहाहव्यंनममेत्यादिदेववदन्नदानं पिंडदानकालेनांदीमुखाभ्योमातृभ्यःस्वाहा नांदीमुखाभ्यःपितामहीभ्यःस्वाहेत्येवंप्रत्येकंद्वौद्वावित्यष्टादशपिंडान्दद्यात् अत्रानुमंत्रणंकृताकृतं एवंसर्वंपित्र्यमपिसत्यादिनादेवधर्मेणैवकार्यमित्यादिसर्वंपूर्वार्धतोज्ञेयं तत्रानुक्तोविशेषएवात्रोक्तः ॥

હવે નાંદીશ્રાદ્ધવિષે જે કહેવાનું તેનો વિસ્તાર પૂર્વાર્દ્ધમાં કરેલો છે. એ નાંદીશ્રાદ્ધ ઉપનયન આદિ મ્હોટાં કર્મવિષે પ્રથમ દિવસે કરવું. જાતકર્માદિક અલ્પ કર્મવિષે તે દિવસેજ કરવું. તેવિષે દેશકાલનો ઉચ્ચાર કરી “सत्यवसुसंज्ञकाविश्वेदेवा नांदीमुखाः मातृपितामहीप्रपितामह्यो नांदीमुख्यः पितृपितामहप्रपितामहा नांदीमु० मातामहमातुः० पत्नीसहितानांदी० एतानुद्दिश्य पार्वणविधानेन सपिंडं नांदीश्राद्धं करिष्ये,” એ રીતે સંકલ્પ જાણવો. અર્ઘ્ય સમયે નવજ પાત્ર માંડી તે પાત્ર ઉપર બે બે દર્ભ રાખી “यवोसि सोमदैवत्य०” એ પ્રથમ કહેલા ઉચ્ચારવડે તે પાત્રમાં જવ નાંખી “उशंतस्त्वा०” એ મંત્રવડે બેબેનું આવાહન કરી “अमुकविश्वेदेवाःप्रीयंतां नांदीमुखामातरःप्रीयंतां नांदीमुखाः पितामह्यःप्रीयंतां” ઇત્યાદિક વાક્યેકરી જેવા ચિહ્ન હોય તેને અનુસારે પાત્ર આગળ માંડવાં. પછી “नांदीमुखामातरइदंवोर्घ्यं” ઇત્યાદિ વાક્યેકરી જેવું ચિહ્ન હોય તેપ્રમાણે બન્નેને અર્ઘ્યપાત્રના વિભાગ કરી દેવા. બે બેવાર ચંદન દેવું. ચતુર્થી વિભક્તિ જેને અંતે હોય એવો ઉચ્ચાર કરી “स्वाहा हव्यं नमम” ઇત્યાદિ રીતે દેવતાની પેઠે અન્નદાન કરવું. પિંડદાન સમયે “नांदीमुखाभ्यो मातृभ्यःस्वाहा, नांदीमुखाभ्यः पितामहीभ्यःस्वाहा” એ રીતે એક એકને બે બે પિંડ એપ્રમાણે અઢાર પિંડ દેવા. એ ઠેકાણે અનુમંત્રણ કરો અથવા ન કરો એમ છે. એ રીતે સઘળું પિતૃસંબંધી કર્મ પણ સત્ય ઇત્યાદિક દેવની રીતિપ્રમાણેજ કરવું ઇત્યાદિ સઘળો પ્રકાર પૂર્વાર્ધમાંથી જાણવો. પૂર્વાર્ધમાં ન કહેલો વિશેષ પ્રકાર માત્ર ઇહાં કહ્યો છે.

अथविभक्ताविभक्तनिर्णयः ॥ तत्रजीवत्पितृकनिर्णयेश्राद्धाधिकारिनिर्णयेचप्रायेणोक्तम् विशेषस्तूच्यते विभक्तधनानांभ्रात्रादीनांसर्वेधर्माःपृथगेव सपिंड्यंतप्रेतकर्मषोडशमासिकानिचैकस्यैवेत्यादितुप्रागुक्तं अविभक्तानांतुधननिरपेक्षाणिस्नानसंध्याब्रह्मयज्ञमंत्रजपोपवासपारायणादीनिनित्यनैमित्तिककाम्यानिपृथगेव अग्निसाध्यंश्रौतस्मार्तंनित्यकर्मापिपृथगेव पितृपाकोपजीवीस्याद्भ्रातृपाकोपजीविकइतिपक्षांतरकात्यायनादिपरं पंचमहायज्ञमध्ये देवभूतपितृमनुष्ययज्ञाज्येष्ठस्यैव पाकभेदेआश्वलायनानांवैश्वदेवभेदोविकल्पेन ज्येष्ठेनकृतेवैश्वदेवेएकनिष्ठस्यपाकसिद्धौतेनतूष्णींकिंचिदन्नमग्नौक्षिप्त्वाग्निमायदत्वाभोक्तव्यमितिकेचित् देवपूजातुपृथगेकत्रवा प्रतिवार्षिकदर्शसंक्रांतिग्रहणादिश्राद्धा

निज्येष्ठस्यैव तीर्थश्राद्धाद्यपियुगपत्सर्वेषामविभक्तानांप्राप्तावेकस्यैव भेदेनप्राप्तौभिन्नं एवंगयाश्राद्धेपि योज्यम् काम्येदानहोमादौद्रव्यसाध्येभ्रात्राद्यनुमत्याधिकारः मघात्रयोदशीश्राद्धंपृथगेवेत्युक्तम् ॥

હવે વિભક્ત અથવા અવિભક્ત એમનો નિર્ણય કહે છે.

તેમાં જીવત્પિતૃકના નિર્ણયના પ્રસંગમાં તથા શ્રાદ્ધના અધિકારીના નિર્ણયપ્રસંગમાં ઘણું કરી કહ્યું છે. તે થકી જે વિશેષ તેટલો માત્ર કહેવાય છે—જેમણે ધનનો વિભાગ કરી લીધો હોય એવા ભાઈ ઇત્યાદિકના સઘળા ધર્મ જુદાજ થાય છે. સપિંડીપર્યંત પ્રેતનું કર્મ અને સોળમાસિક એ એકેજ કરવાં ઇત્યાદિક તો પ્રથમ કહ્યું છે. જુદા થયા ન હોય તેમણે તો, ધનની જેમાં ગરજ નથી એવાં સ્નાન, સંધ્યા, બ્રહ્મયજ્ઞ, મંત્રજપ, ઉપવાસ અને પારાયણ ઇત્યાદિક જે નિત્ય નૈમિત્તિક, તથા કામ્યકર્મ તે જુદાંજ કરવાં. અગ્નિવડે સિદ્ધ થવાનું શ્રૌત તથા સ્માર્ત્ત કર્મ પણ જુદુંજ કરવું. “ પિતાના પાકવડે ઉપજીવિકા કરવાવાળો અથવા ભાઈના પાકવડે ઉપજીવિકા ચાલવનારો, ” ઇત્યાદિ બીજો પક્ષ જે કહ્યો તે કાત્યાયનાદિકોને માટે છે. પંચમહાયજ્ઞમાં દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ અને મનુષ્યયજ્ઞ એ મ્હોટા ભાઇનેજ કરવાના છે. પાક જુદો હોય તો આશ્વલાયનોને જુદો વૈશ્વદેવ વિકલ્પેકરી કહ્યો છે. જ્યેષ્ઠે વૈશ્વદેવ કર્યા છતાં કનિષ્ઠનો પાક સિદ્ધ હોય તો તે કનિષ્ઠે મંત્રવિના થોડું અન્ન અગ્નિમાં નાંખી થોડું અન્ન બ્રાહ્મણને આપી પોતે ભોજન કરવું એમ કોઇ કહે છે. દેવપૂજા કરવી તે જુદી અથવા એક કરવી. પ્રતિસાંવત્સરિક, દર્શ, સંક્રાંતિ, ગ્રહણ ઇત્યાદિ શ્રાદ્ધ જ્યેષ્ઠેજ કરવાં. વિભાગ કરી જુદા ન થયેલા ભાઇઓ એક સમયેજ તીર્થમાં જાય તો તીર્થશ્રાદ્ધ કરવું તે એકેજ કરવું, જુદા જુદા જાય તો જુદું કરવું. એપ્રમાણે ગયાશ્રાદ્ધવિષે પણ યોજના કરવી. દ્રવ્યવડે સિદ્ધ થવાનાં એવાં દાન હોમાદિ જે કામ્યકર્મ તેમાં ભાઇ ઇત્યાદિકની સંમતિવડે (કનિષ્ઠને) અધિકાર છે. મઘાયુક્ત તેરસનું શ્રાદ્ધ જુદુંજ કરવું એમ કહ્યું છે.

अथतीर्थश्राद्धम् ॥ तत्र गंगादितीर्थप्राप्तावर्घ्यावाहनद्विजांगुष्ठनिवेशनतृप्तिप्रश्नविकिरविसर्जनदिग्बंधवर्ज्यं सकृन्महालयवत्सर्वपितृगणोद्देशेनधूरिलोचनसंज्ञकविश्वेदेवसहितंतीर्थश्राद्धंकुर्यात् अग्नौकरणंकृताकृतं करणपक्षेतीर्थजलसमीपेश्राद्धंचेत्तदामाकृतमंत्रयुतंतीर्थजलेकार्यम् अन्यथाहस्तादौ पिंडानांतीर्थेप्रक्षेपएवप्रतिपत्तिः अत्रतीर्थवासिनएवविप्राविगुणाअपिमुख्याः तदभावेन्ये अत्रश्राद्धीयेदेशान्नादिद्रव्येचकाकश्वादिभिर्दृष्टेपिनदोषः तीर्थश्राद्धांगतर्पणंदर्शवत्पूर्वंकार्यम् देशकालौसंकीर्त्यसर्वपितृगणमुच्चार्यएतेषाममुकतीर्थप्राप्तिनिमित्तकंतीर्थश्राद्धंसपिंडंसदैवंसद्यःकरिष्ये इतिसंकल्पः धूरिलोचनविश्वेदेवादिसर्वंसकृन्महालयवत् तीर्थयात्रायांसाग्नेःसपत्नीकस्यैवाधिकारः निरग्निकस्यत्वपत्नीकस्यापि स्त्रियाःस्नानदानतीर्थयात्रानामस्मरणादिकंपुत्राद्यनुमत्यैव सधवायायात्रादिकंपत्यासहैव ॥

હવે તીર્થશ્રાદ્ધ કહે છે.

તેમાં ગંગાદિક તીર્થની પ્રાપ્તિ થયા છતાં અર્ઘ્ય, આવાહન, બ્રાહ્મણનો અંગુઠો (અન્નનિવેદનમાં) ઝાલવો, તૃપ્તિપ્રશ્ન, વિકિર, વિસર્જન અને દિગ્બંધ એ વર્જ્ય કરી સકૃન્મહાલયપ્રમાણે સર્વ પિતૃગણને ઉદ્દેશેકરી ધૂરિલોચન નામના વિશ્વેદેવાસહિત તીર્થશ્રાદ્ધ કરવું. અગ્નૌકરણ કરો અથવા ન કરો એમ છે. અગ્નૌકરણ કરવું એ પક્ષવિષે તીર્થજલની સમીપે શ્રાદ્ધ કરવાનું હોય તો પ્રાકૃત મંત્રેયુક્ત તીર્થજલમાં કરવું. તેમ ન હોય તો બ્રાહ્મણના હાથ ઇત્યાદિક ઉપર કરવું. પિંડ તીર્થમાં નાખવા એવો નિર્ણય છે. એ તીર્થશ્રાદ્ધવિષે તીર્થવાસી બ્રાહ્મણ ગુણહીન હોય તો પણ તેજ મુખ્ય છે. તે ન મળે તો બીજાઓને કહેવું. એ તીર્થશ્રાદ્ધવિષે શ્રાદ્ધભૂમિ તથા અન્નાદિ દ્રવ્ય; કાગડા, કુતરા ઇત્યાદિકોએ જોયા છતાં પણ દોષ નથી. તીર્થશ્રાદ્ધના અંગભૂત તર્પણ કરવું તે દર્શપ્રમાણે પ્રથમ કરવું. દેશકાલનો ઉચ્ચાર તથા સર્વ પિતૃગણનો ઉચ્ચાર કરી “एतेषाममुकतीर्थप्राप्तिनिमित्तकं तीर्थश्राद्धं सपिंडं सदैवं सद्यः करिष्ये” એપ્રમાણે સંકલ્પ કરવો. ધૂરિલોચન વિશ્વેદેવા ઇત્યાદિ સઘળું કૃત્ય સકૃન્મહાલયપ્રમાણે કરવું. સાગ્નિક એવા સપત્નીકનેજ તીર્થયાત્રાવિષે અધિકાર છે. નિરગ્નિક હોય તો સ્ત્રીરહિતને પણ અધિકાર છે. સ્ત્રીઓને સ્નાન, દાન, તીર્થયાત્રા અને નામસ્મરણાદિક કરવું તે પુત્રાદિકની અનુમતી (આજ્ઞા)વડેજ છે. સૌભાગ્યવતી સ્ત્રીયે યાત્રાદિક પતિની સાથેજ કરવું.

अथतीर्थयात्राविधिः ॥ तीर्थयात्रांचिकीर्षुःप्राग्विधायोपोषणंगृहे पारणाहेघृतश्राद्धंवृद्धिधर्मयुतंचरेत् तथाचपड्दैवतंनवदैवतंवाद्वादशदैवतंवाबहुसर्पिर्युतेनान्नेनश्राद्धंकुर्यात् निवेदनकाले इदंघृतंसान्नंदत्तंदास्यमानंचेत्यादिवदेत्[1] गणेशंविप्रान्साधूंश्चशक्त्यासंपूज्ययात्रासंकल्पंकृत्वाश्राद्धशेषेणपारणांकृत्वाव्रजेदितिकेचित् अन्येतुश्राद्धांतेयात्रासंकल्पंकृत्वाश्राद्धशेषंघृतमात्रमादायग्रामांतरंक्रोशान्न्यूनंगत्वातत्रश्राद्धशेषघृतसहितान्नांतरेणपारणामित्याहुः श्रीपरमेश्वरप्रीतिकामः पितृमुक्तिकामोवाऽमुकप्रायश्चित्तार्थंवातीर्थयात्रांकरिष्येइतियात्रासंकल्पऊहः उपवासात्पूर्वंमुंडनंकार्यमितिकेचित् अन्येतुप्रायश्चित्तार्थयात्रायामेवमुंडनमित्याहुः एवंगयोद्देश्यकयात्रायामपिमुंडनविकल्पः उद्यतस्तुगयांगंतुंश्राद्धंकृत्वाघृतादिकं विधायकार्पटीवेषंग्रामंकृत्वाप्रदक्षिणं ततःप्रतिदिनंगच्छेत्प्रतिग्रहविवर्जितः यश्चान्यंकारयेच्छक्त्यातीर्थयात्रांनरेश्वरः स्वकीयद्रव्ययानाभ्यांतस्यपुण्यंचतुर्गुणं यात्रामध्ये आशौचेरजोदोषेवाशुद्धिपर्यंतंस्थित्वातदंतेगच्छेत् विषममार्गेतुनदोषः ॥

હવે તીર્થયાત્રાનો વિધિ કહે છે.

"તીર્થયાત્રા કરવાની ઇચ્છાવાળા પુરૂષે પ્રથમ ઘેર ઉપવાસ કરી પારણાને દિવસે વૃદ્ધિશ્રાદ્ધની રીતે ઘૃતશ્રાદ્ધ કરવું." તેજ કહે છે—છ દેવતા અથવા બાર દેવતાસહિત તથા ઘણા ઘૃતેયુક્ત એવા અન્નવડે શ્રાદ્ધ કરવું. અન્ન અર્પણ કરતી વેળાએ "इदं घृतं सान्नं दत्तं दास्यमानं च" ઇત્યાદિક વાક્ય કહેવું.[2] ગણપતિ, બ્રાહ્મણ અને સાધુઓની યથાશક્તિ પૂજા કરી યાત્રાનો સંકલ્પ કરી શ્રાદ્ધના શેષ અન્નવડે પારણા કરી પ્રયાણ કરવું એમ કોઈ ગ્રંથકાર કહે છે. બીજા ગ્રંથકારો તો, શ્રાદ્ધ કર્યા પછી યાત્રાનો સંકલ્પ કરી શ્રાદ્ધનું શેષ ઘૃત માત્ર સાથે લઇ એક ક્રોશ (ગાઉ) કરતાં ઓછું એવા બીજે ગામે જઈ ત્યહાં શ્રાદ્ધશેષ ઘૃતેસહિત બીજા અન્નવડે પારણા કરવી, એમ કહે છે. "श्रीपरमेश्वरप्रीतिकामःपितृमुक्तिकामो वाऽमुकप्रायश्चित्तार्थं वा तीर्थयात्रां करिष्ये," એ રીતે યાત્રાના સંકલ્પમાં ઊહ કરવો. ઉપવાસની પ્રથમ મુંડન કરાવવું એમ કોઈ ગ્રંથકાર કહે છે. બીજા ગ્રંથકાર તો પ્રાયશ્ચિત્તને માટે તીર્થયાત્રા હોય તોજ મુંડન કરાવવું એમ કહે છે. એ રીતે ગયાના ઉદ્દેશથકી જે યાત્રા તેમાં પણ મુંડનનો વિકલ્પ છે. "જે ગયા જવાને તત્પર થયો તેણે બહુ ઘૃતેયુક્ત શ્રાદ્ધ કરી કાર્પટી વેષ (તીર્થયાત્રા કરનારા કાવડીઆનો વેષ) ધરી પોતાના ગામને પ્રદક્ષિણા કરી પછી પ્રતિગ્રહે રહિત છતો દિવસે દિવસે પ્રયાણ કરે. જે રાજા પોતાની શક્તિપ્રમાણે દ્રવ્યવડે તથા વાહનવડે બીજાઓને યાત્રા કરાવે તેને ચોગણું પુણ્ય પ્રાપ્ત થાય છે." યાત્રામધ્યે આશૌચ અથવા રજોદોષ પ્રાપ્ત થયા છતાં તેની શુદ્ધિપર્યંત રહી તે પછી પ્રયાણ કરવું. માર્ગ વિષમ (ભયદાયક) હોય તો દોષ નથી.

संकल्पितयात्रामध्येतीर्थांतरप्राप्तौश्राद्धादिकंकार्यमेव वाणिज्यार्थंगतेनापिमुंडनोपवासादिकंकार्यं कार्यांतरप्रसंगेनतीर्थंगमनेर्धंफलं वाणिज्यार्थंगमनेपादफलं मार्गेद्विर्भोजनादिकरणेछत्रोपानहसेवनेच पादोनं यानमारुह्यगमनेर्धं अनुषंगेणतीर्थप्राप्तौतीर्थस्नानात्स्नानजंफलंनतीर्थयात्राफलं मार्गेतरानदीप्राप्तौस्नानादिपरपारतः अर्वागेवसरस्वत्याप्यमार्गगतोविधिः ॥

જે યાત્રાનો સંકલ્પ કરેલો તે યાત્રા જતાં માર્ગમાં બીજું તીર્થ પ્રાપ્ત થાય તો શ્રાદ્ધાદિક અવશ્ય કરવું. વ્યાપારમાટે જે તીર્થ ગયો હોય તેણે પણ મુંડન, ઉપવાસ ઇત્યાદિક કરવાં. બીજા કાર્યને પ્રસંગે તીર્થમાં જાય તેને અર્ધ ફળ. વ્યાપારમાટે તીર્થમાં જાય તેને ચતુર્થાંશ ફળ. માર્ગમાં બેવાર ભોજન ઇત્યાદિ કરે અથવા છત્ર, પગરખાં ઇત્યાદિકનું સેવન કરે તો ચતુર્થાંશ કરતાં ઓછું ફળ. વાહન ઉપર ચડી પ્રયાણ કરે તો અર્ધ ફળ. કોઇની સાથે જતાં તીર્થ પ્રાપ્ત થાય અને તે તીર્થમાં સ્નાન કરે તો સ્નાનસંબંધી ફળ મળે છે, તીર્થયાત્રાનું ફળ મળતું નથી. "માર્ગમાં જતાં નદી પ્રાપ્ત

---

[1] इदंचश्राद्धंयात्रांकृत्वागृहागतोपिकुर्यात् तथाचत्रिस्थलीसेतौ आगत्याभ्यर्च्यचपितॄन्यथोक्तफलभाग्भवेत् तीर्थयात्रांकृत्वागृहागतेनतत्पुनःश्राद्धंकार्यमित्यर्थइति ॥

[2] એ શ્રાદ્ધ યાત્રા કરી ઘેર આવ્યા પછી પણ કરવું. એ વિષયમા ત્રિસ્થલીસેતુમાં કહે છે—"ઘેર આવી પિતૃનું પૂજન કરવું, તેથી કહ્યાપ્રમાણે ફળ મળેછે." તીર્થયાત્રા કરી આવ્યો તેણે ફરી તે શ્રાદ્ધ કરવું એવો અર્થ.

થયા છતાં તે નદીને પરલે તીરે સ્નાનાદિક કરવું, સરસ્વતી નદીને આગલે તીરેજ સ્નાનાદિક કરવું, એ માર્ગસબંધી વિધિ જાણવો.”

तीर्थसामीप्यप्राप्तौविधिः ॥ यानानितुपरित्यज्यभाव्यंपादचरैर्नरैः भक्त्याचविलुठेत्तत्रकुर्याद्वेषंचकार्पटं तीर्थप्राप्तिपूर्वेदिनेतीर्थप्राप्तिदिनेवोपवासःकार्यः तीर्थेमुसलस्नानंकृत्वोदङ्मुखःप्राङ्मुखो वाकेशश्मश्रुनखलोमान्युदक्संस्थानिवापयेत् ततःसमंत्रकंस्नानं तत्रप्रणवेनजलमालोड्यतीर्थमावाह्य ॐनमोस्तुदेवदेवायशितिकंठायदंडिने रुद्रायचापहस्तायचक्रिणेवेधसेनमः सरस्वतीचसावित्रीवेदमातागरीयसी सन्निधात्रीभवत्वत्रतीर्थेपापप्रणाशिनीतिमंत्रेणस्नायात् शेषःस्नानविधिर्नित्यवत् ततस्तर्पणादितीर्थश्राद्धं श्राद्धोत्तरदिनेततोगमनं नश्राद्धदिने मुंडनंचोपवासश्चसर्वतीर्थेष्वयंविधिःवर्जयित्वाकुरुक्षेत्रंविशालंविरजंगयाम् सर्वतीर्थेष्वितिप्रसिद्धमहातीर्थेष्वित्यर्थः दशमासोत्तरंपुनस्तीर्थप्राप्तौमुंडनादितीर्थविधिः प्रयागेतुयोजनत्रयादागतस्यदशमासादर्वागपि प्रयागेजीवत्पितृकगुर्विणीपतिकृतचूडबालानामपिसभर्तृकस्त्रीणामपिप्रथमयात्रायांवपनं केचित्सभर्तृकस्त्रीणां सर्वान्केशान्समुद्धृत्यछेदयेदंगुलद्वयमित्याहुः तत्रवेणीदानविधिर्द्वितीयपरिच्छेदेउक्तः यतिभिस्तुतीर्थेप्यृतुसंधिष्वेवकक्षोपस्थवर्जंवपनंकार्यं तीर्थप्राप्तावविलंबेनस्नानपितृतर्पणश्राद्धादिकुर्यात् नपर्वादिकालंविचारयेत् आकस्मिकमहातीर्थप्राप्तौद्वित्रिदिनादिवासासंभवेभुक्तेनापिरात्रावपिसूतकिनापिग्रहणपर्वणीवस्नानंहिरण्यादिनातीर्थश्राद्धंचकार्यं एवंमलमासेपियोज्यम् ॥

તીર્થ સમીપમાં આવ્યા છતાં કરવાનો વિધિ કહે છે.

“વાહનનો ત્યાગ કરી મનુષ્યે પગે ચાલવું, ભક્તિપૂર્વક તે પૃથ્વી ઉપર આલોટવું અને કાર્પટિક વેષ કરવો.” તીર્થે પોહોંચવાને આગલે દિવસ અથવા તીર્થે પોહોંચવાને દિવસે ઉપવાસ કરવો. પછી તીર્થમધ્યે મુસલસ્નાન (વિધિવિના તથા મંત્રવિના સ્નાન) કરી ઉત્તરમુખ અથવા પૂર્વમુખ બેસી કેશ, દાઢી, મુછ, નખ અને રૂવાડી એમનું (દક્ષિણથી) ઉત્તરતરફ (ઉતરતું જાય એ રીતે) મુંડન કરાવવું. ત્યાર પછી મંત્રસહિત સ્નાન કરવું. તે સમયે પ્રણવ (ઓંકાર) મત્રવડે જલ હલાવી તીર્થનું આવાહન કરી “ओ नमोस्तु देवदेवाय, शितिकंठाय दंडिने ॥ रुद्राय चापहस्ताय, चक्रिणे वेधसे नमः ॥ सरस्वती च सावित्री, वेदमाता गरीयसी ॥ सन्निधात्री भवत्वत्र, तीर्थे पापप्रणाशिनी,” એ મંત્રવડે સ્નાન કરવું. બાકીનો સ્નાનવિધિ નિત્યપ્રમાણે કરવો. ત્યાર પછી તર્પણ ઇત્યાદિ તીર્થશ્રાદ્ધ કરવું. શ્રાદ્ધને બીજે દિવસે ત્યાંથી પ્રયાણ કરવું, શ્રાદ્ધને દિવસે પ્રયાણ કરવુ નહીં. “મુંડન અને ઉપવાસ એ વિધિ કુરૂક્ષેત્ર, વિશાલ (બદરિકાશ્રમ ઉજ્જેણ), વિરજ (નિર્ણયસિંધુમાં લોણાર એ નામે લખ્યું છે તે) અને ગયા એ વિના સઘળાં તીર્થોમાં છે. સઘળાં તીર્થવિષે એટલે પ્રસિદ્ધ મહાતીર્થવિષે એવો અર્થ. દશ માસ પછી ફરી તીર્થ પ્રાપ્ત થાય તો મુંડન ઇત્યાદિ તીર્થવિધિ કરવો. પ્રયાગવિષે તો ત્રણ યોજનપરથી આવેલા પુરૂષે દશ માસની પ્રથમ પણ કરવો. જેનો પિતા જીવતો હોય તેને, સગર્ભા સ્ત્રીનો પતિ, ચૌલસંસ્કાર થયલો બાલક અને સૌભાગ્યવતી સ્ત્રી એમને પણ પ્રયાગમાં પ્રથમ યાત્રા સમયે મુંડન છે. સૌભાગ્યવતી સ્ત્રીના “સઘળા કેશ સાથે ઝાલી બે અગુલ છેદવા” એમ કેટલાએક ગ્રંથકારો કહે છે. પ્રયાગવિષે વેણીદાન કરવાનો વિધિ છે તે બીજા પરિચ્છેદમાં કહ્યો છે. સંન્યાસિઓએ તો તીર્થવિષે પણ ઋતુના સંધિ સમયેજ બગલ અને ગુહ્ય સ્થળ વર્જ્યે કરી મુંડન કરાવવું. તીર્થ પ્રાપ્ત થયા છતાં વિલબ ન કરતાં સ્નાન, પિતૃતર્પણ અને શ્રાદ્ધાદિક કરવાં, પર્વ આદિ કાળનો વિચાર કરવો નહી. અકસ્માત્ મ્હોટા તીર્થની પ્રાપ્તિ થયા છતાં, બે ત્રણ દિવસ રેહેવાનો સંભવ ન છતાં ભોજન કરી ચુકેલા પુરૂષે પણ, રાત્રીએ પણ, અથવા સૂતકીએ પણ ગ્રહણ પર્વણીની પેઠે સ્નાન તથા હિરણ્યાદિકે કરીને તીર્થશ્રાદ્ધ કરવું. એજ રીતે મલમાસવિષે પણ યોજના કરવી.

अथपरार्थस्नानम् ॥ मातरंपितरंजायांभ्रातरंसुहृदंगुरुं तीर्थेस्नायाद्यमुद्दिश्यसोष्टमांशंलभेन्नरः यद्वाप्रतिकृतिंदर्भमयींसत्तीर्थवारिषु मज्जयेद्यमुद्दिश्यसोष्टमांशंफलंलभेत् ॥

હવે બીજાનેમાટે સ્નાનવિધિ કહે છે.

“માતા, પિતા, સ્ત્રી, ભાઈ, સુહૃત્ અને ગુરૂ એઓમાંથી જેનો ઉદ્દેશ કરી તીર્થસ્નાન કરે તે

મનુષ્ય તેમાંનું અષ્ટમાંશ ફળ પામે. અથવા જેને ઉદ્દેશે દર્ભની પ્રતિમા કરી તે પ્રતિમાને તીર્થસ્નાન કરાવે તો તે પણ અષ્ટમાંશ ફળ પામે.”

पक्वान्नेनतीर्थश्राद्धेतेनैवपिंडाः हिरण्यादिनाकृतेपिंडद्रव्याणि सक्तुसंयावपायसपिण्याकगुडान्यत मानि पिंडानांतीर्थेप्रक्षेपएव नान्याप्रतिपत्तिः एतच्चापुत्रयाविधवयाकार्यं सपुत्रयानकर्तव्यंभर्तुःश्राद्धं कदाचनेतिस्मृतेः अनुपनीतेनापिकार्यं यतिनातुनकर्तव्यं दंडंप्रदर्शयेद्भिक्षुर्गयांगत्वानपिंडदः दंड स्पर्शाद्विष्णुपदेपितृभिःसहमुच्यते एवंकूपवटादिष्वपिदंडप्रदर्शनमेव तीर्थेवृत्तिदौर्बल्येनप्रतिग्रहेदश मांशदानेनशुद्धिः ॥

રંધેલા અન્નવડે તીર્થશ્રાદ્ધ કર્યા છતાં તેજ અન્નવડે પિંડદાન કરવું. હિરણ્યાદિકવડે શ્રાદ્ધ કર્યા છતાં પિંડદાન માટે દ્રવ્ય; સાતુવો, સયાવ (ચુરમું–કરજી), પાયસ, પિણ્યાક (ખળ) અને ગોળ એમાંથી કોઇ એક પણ લેવું. પિંડ તીર્થમાંજ નાખવા. બીજી પ્રતિપત્તિ (નિર્ણય) નથી. એ તીર્થશ્રાદ્ધ પુત્રવિનાની વિધવાએ કરવું; કારણ, “પુત્રવાળી સ્ત્રીયે પતિનું શ્રાદ્ધ ક્યારે પણ કરવું નહીં,” એવી સ્મૃતિ છે. એ તીર્થશ્રાદ્ધ જનોઇવિનાનો હોય તેણે પણ કરવું. સન્યાસિઓએ તો કરવું નહીં. “સન્યાસિએ ગયા પ્રતિ જઈ શ્રાદ્ધ કરવું નહીં; ત્યારે તેણે દંડ બતાવવો. વિષ્ણુપદને દંડસ્પર્શ કરવાથી પિતૃસહિત મુક્ત થાય છે.” એ રીતે કુવા, વડ ઇત્યાદિવિષે પણ દંડજ બતાવવો. આજીવિકા ક્ષીણ થવાના કારણથી તીર્થવિષે પ્રતિગ્રહ લીધા છતાં તેનો દશમાંશ દાન કરવાથી શુદ્ધિ થાય છે.

श्रीविठ्ठलंरुक्मिणींचपितरौदीनवत्सलौ ॥ ध्यात्वेष्टसिद्धयेनत्वावक्ष्येऽथाशौचनिर्णयं ॥ १ ॥

હવે ઇષ્ટસિદ્ધિ માટે શ્રીવિઠ્ઠલ અને રૂક્મિણીનું ધ્યાન કરી તથા દીનદયાલુ એવાં માતાપિતાને નમસ્કાર કરી આશૌચ (સૂતક) નિર્ણય કહું છું.

तत्रादौगर्भनाशजननाद्याशौचम् ॥ आचतुर्थाद्भवेत्स्रावःपातःपंचमषष्ठयोः अतऊर्ध्वंप्रसूतिःस्यात्तत्राशौचंविविच्यते तत्रगर्भस्रावेआद्यमासत्रयेमातुस्त्रिरात्रंचतुर्थमासेचतूरात्रमस्पृश्यत्वरूपमाशौचं पित्रादिसपिंडानांस्रावमात्रेस्नानाच्छुद्धिः पंचमषष्ठमासयोर्गर्भपातेगर्भिण्यामाससमसंख्यंक्रमेणपंचषट्दिनान्यस्पृश्यत्वलक्षणमाशौचं पित्रादिसपिंडानांतुत्रिदिनंजननाशौचं मृताशौचंतुनास्ति इदंस्रावपाताशौचंसर्ववर्णसाधारणं गर्भिण्याःसप्तममासप्रभृतिप्रसवेमातुःपित्रादिसपिंडानांचसंपूर्णजननाशौचं तच्चविप्रेदशाहं क्षत्रियेद्वादशाहं वैश्येपंचदशाहं शूद्रेमासः संकरजातीनांशूद्रवत् विज्ञानेश्वरस्तुनैषांमाशौचंकिंतुस्नानमात्रमित्याह सर्ववर्णेषुदशाहंवा जननाशौचेगर्भिण्यादशाहमस्पृश्यत्वं कर्मानधिकारस्तुकन्योत्पत्तौमासंपुत्रोत्पत्तौविंशतिरात्रं इदंस्वस्थाशौचोत्तरमितिविप्रक्रियाः क्रमेणचत्वारिंशात्रिंशद्दिनान्यनधिकारः पितुःसापत्नमातुश्चकन्यायाः पुत्रस्यैवोत्पत्तौसचैलस्नानात्प्रागस्पृश्यत्वं पित्रादिसपिंडानांजननाशौचेकर्मानधिकारमात्रं कर्माद्यतिरिक्तकालेस्पर्शेदोषोन जातकर्माणिदानेचनालच्छेदनात्पूर्वंपितुरधिकारः एवंपंचमषष्ठदशमदिनेषुदानेजन्मदादिपूजनेचाधिकारः तत्रविप्राणांप्रतिग्रहेपिदोषोन ॥

તેમાં પ્રથમ, ગર્ભનો નાશ તથા જન્મ ઇત્યાદિકનું આશૌચ કહું છું—“ચાર માસપર્યંત જે ગર્ભનાશ થાય છે તે સ્રાવ, પાંચમા, છઠ્ઠા માસમાં જે ગર્ભનાશ તે પાત, અને સાતમા માસ થકી પ્રસૂતિ (જન્મ). તેવિષે આશૌચનો વિવેક કરૂંછું” તેમાં ગર્ભસ્રાવ છતાં પ્રથમના ત્રણ માસમાં માતાને ત્રણ રાત્ર, અને ચોથા માસમાં ચાર રાત્રિ અસ્પૃશ્યત્વરૂપ (અડકાય નહીં એવું) આશૌચ છે.” સ્રાવ માત્રનેવિષે પિતા ઇત્યાદિક સઘળા સપિંડોની સ્નાનેકરી શુદ્ધિ થાય છે. પાંચમા તથા છઠ્ઠા માસમાં ગર્ભપાત છતાં ગર્ભિણીને માસની સંખ્યાપ્રમાણે ક્રમેકરી પાંચ, અથવા છ દિવસપર્યંત અસ્પૃશ્યત્વરૂપ આશૌચ છે. પિતા ઇત્યાદિક સપિંડોને તો ત્રણ દિવસ જનનાશૌચ (પિંડરૂ), મૃતાશૌચ તો નથી. એ સ્રાવ તથા પાતનું જે આશૌચ તે સઘળા વર્ણને સાધારણ છે. સગર્ભા સ્ત્રીનો સાતમા માસ થકી પ્રસવ થયા છતાં માતા અને પિતા ઇત્યાદિ સપિંડ (સાત પુરૂષપર્યંત)ને સંપૂર્ણ જનનાશૌચ છે. તે જનનાશૌચ બ્રાહ્મણને દશ દિવસ, ક્ષત્રિયને બાર દિવસ, વૈશ્યને પંદર દિવસ અને શૂદ્રને

---

१ संकरजातीनां ॥

એક માસ. સંકર (વર્ણસંકર) જાતિને શૂદ્રપ્રમાણે છે. વિજ્ઞાનેશ્વર તો, સંકરજાતીને આશૌચ નથી, ત્યારે સ્નાન માત્ર છે, એમ કહે છે. અથવા સર્વ વર્ણને દશ દિવસ આશૌચ. જનનાશૌચમાં ગર્ભિણીને દશ દિવસ અસ્પૃશ્યત્વ. કર્મનો અનધિકાર (કર્મ ન કરવું) તે તો કન્યા થયા છતાં એક માસ, અને પુત્ર થયા છતાં વીસ રાત્રિ જાણવો, અને આ નિર્ણય પોતપોતાનાં આશૌચ પછી જાણવો, તેથી બ્રાહ્મણની સ્ત્રીને ક્રમેકરી ચાળીશ અને ત્રીશ દિવસપર્યંત અધિકાર નથી. કન્યા અથવા પુત્ર ઉત્પન્ન થયા પછી પિતા તથા સાવકી માતાને વસ્ત્રસહિત સ્નાન કર્યાની પ્રથમ અસ્પૃશ્યત્વ છે. જનનાશૌચ છતાં પિતા ઇત્યાદિક સઘળા સપિંડોને માત્ર કર્મ કરવાનો અધિકાર નથી, પણ અસ્પૃશ્યત્વપણું નથી. કર્મ ઇત્યાદિ કાળવિના અન્ય કાળે સ્પર્શ થયા છતાં તેને દોષ નથી. નાલચ્છેદનની પ્રથમ જાતકર્મસંસ્કાર તથા દાનવિષે પિતાને અધિકાર છે. એ રીતે પાંચમે, છઠ્ઠે તથા દશમે દિવસે દાન તથા જન્મદા ઇત્યાદિ દેવતાના પૂજનવિષે અધિકાર છે. તે દિવસે બ્રાહ્મણોને દાન લેવાવિષે પણ દોષ નથી.

कूटस्थमारभ्यसप्तमपुरुषपर्यंताःसापिंडाः ततःसप्तसमानोदकाः ततःसप्तैकविंशतिपर्यंताःसगोत्राः तत्रसपिंडानांदशाहमित्युक्तं सोदकानांत्रिरात्रं सगोत्राणामेकरात्रमितिनागोजीभट्टीये अन्येतुसगोत्राणांनाशौचमित्याहुः अयंसपिंडसोदकाद्याशौचविभागो जननेमरणेचसमानः मरणेत्वाशौचविच्छेदेपिस्नानमात्रं यावदेककुलत्वज्ञानंतावद्भवत्येवेतिविशेषः अत्रेदंबोध्यं कूटस्थादारभ्यसंततिभेदएकसंततौकश्चिदष्टमोऽपरसंततौचकश्चित्सप्तमस्तयोश्चैकतःसापिंड्यानुवृत्तिः परतोनिवृत्तिरित्युक्तं तत्राष्टमेननिवृत्तसापिंड्यकेनसप्तमादीनांपरसंततिस्थानांजननेमरणेत्रिदिनमाशौचंकार्यं सप्तमेनत्वनुवृत्तसापिंड्यकेनाष्टमादीनांजननेमरणेवादशाहमेवकार्यं एवंसोदकत्रिरात्रादौकन्याविषयकत्रिपुरुषसापिंड्येचोह्यं तत्राष्टमस्यमृतपितृकत्वेजीवत्पितृकत्वेपिचत्रिदिनमेव त्र्यंबकीयेभट्टोजीयेनागोजीयेचाशौचप्रकरणेन्यत्रचपित्रादिजीवनाजीवनकृतविशेषादर्शनादितिकेचित् अपरेतुनिर्णयसिंधौसापिंड्यप्रकरणेआदशमाद्धर्मविच्छित्तिरित्यादिसुमंतुवाक्यस्यशूलपाणिकृतव्याख्याने एकपिंडदानक्रियान्वयित्वरूपसापिंड्यलक्षणमनुसृत्यजीवत्पित्रादित्रिकस्यप्रपितामहात्परेत्रयःपिंडभाजस्तदूर्ध्वं त्रयोनवपुरुषपर्यंतालेपभाजः श्राद्धकर्ताचदशमइतिदशमादूर्ध्वंसापिंड्यनिवृत्तिः पितृपितामहजीवनेनवपुरुषपर्यंतं पितृजीवनेष्टपुरुषपर्यंतंसापिंड्यमितिप्रतिपादनादष्टमादेःपित्रादिजीवनदशायांदशाहमाशौचं पित्रादिमरणोत्तरमेवत्रिदिनमितिवदंति अत्रममद्वितीयपक्षएवयुक्तोभाति ॥

મૂળપુરૂષથકી આરંભ કરી સાતમા પુરૂષપર્યંત તે સપિંડ છે; આઠમા પુરૂષથકી સાત પુરૂષપર્યંત સમાનોદક છે; ત્યાંથકી સાત એટલે એકવીસ પુરૂષપર્યંત સગોત્ર છે. તેમાં સપિંડોને દશ દિવસ આશૌચ છે એમ કહ્યું. સોદકને ત્રણ રાત્રિ, અને સગોત્રને એક રાત્રિ આશૌચ એમ નાગોજીભટ્ટકૃત આશૌચનિર્ણયમાં છે. બીજા ગ્રંથકારો તો, સગોત્રને આશૌચ નથી એમ કહે છે. આ સપિંડ અને સોદક ઇત્યાદિકનો આશૌચવિભાગ જનનાશૌચ તથા મરણાશૌચવિષે સરખો છે. મરણવિષે તો આશૌચનો વિચ્છેદ થયો હોય એટલે પેઢી તુટી જવાથી આશૌચ પાળતા ન હોય તો પણ જ્યાંસુધી એક કુલનું જ્ઞાન છે ત્યાંસુધી સ્નાન છેજ એવો એ વિશેષ જાણવો. ઇહાં આ અવશ્ય જાણવાનું છે કે, મૂળપુરૂષથકી આરંભ કરી સંતતિનો ભેદ છતાં એક સતતિમાં કોઇ એક પુરૂષ આઠમો અને બીજી સંતતિમાં કોઇ એક પુરૂષ સાતમો એમ હોય તો તેની એક મેર સાપિંડ્યની અનુવૃત્તિ (સાપિંડ્ય) છે, અને બીજી મેર સાપિંડ્યની નિવૃત્તિ છે, એમ કહ્યું છે, તેમાં સાપિંડ્યથકી નિવૃત્ત થયેલા એવા આઠમાએ બીજી સંતતિમાંના સાતમા ઇત્યાદિકનું જનન તથા મરણ થયા છતાં ત્રણ દિવસ આશૌચ પાળવું. વર્તમાન છે સાપિંડ્ય જેને એવા સાતમાએ તો, આઠમા ઇત્યાદિકનું જનન અથવા મરણ થયા છતાં દશ દિવસજ આશૌચ પાળવું. એ રીતે સોદકને ત્રણ રાત્રિવિષે તથા કન્યાસંબંધી ત્રણ પુરૂષના સાપિંડ્યવિષે પણ એવોજ નિર્ણય જાણવો. તેમાં આઠમો મૃતપિતૃક અથવા જીવત્પિતૃક હોય તો પણ તેણે ત્રણ દિવસજ આશૌચ પાળવું. કારણ, ત્ર્યંબકભટ્ટકૃત ત્ર્યબકીમાં, ભટ્ટોજીદીક્ષિતકૃત તથા નાગોજીભટ્ટકૃત આશૌચપ્રકરણમાં તથા બીજા ગ્રંથોવિષે પણ પિતા ઇત્યાદિક જીવતા હોય અથવા મૃત થયા હોય તો તે વિષયમાં વિશેષ ક્યાંય દેખવામાં આવતો નથી, એમ કોઈ ગ્રંથકાર કહે છે. બીજા ગ્રંથકાર તો, નિર્ણયસિંધુવિષે સાપિંડ્યપ્રકરણમાં “ દશમા પુરૂષથકી ધર્મની વિચ્છિત્તિ (તુટવું)” ઇત્યાદિક સુમંતુના વાક્યના શૂલપાણિએ કરેલા વ્યાખ્યાનમાં, એક પિંડદાનરૂપ ક્રિયાનો સંબંધ જેને છે

તે સાપિંડ્ય. એવું સાપિંડ્યલક્ષણ સ્વીકાર કરી, જેના પિતા, પિતામહ અને પ્રપિતામહ એ ત્રણે જીવતા છે તેના પ્રપિતામહથકી ઉપરના ત્રણ પિંડ લેવાવાળા છે, અને પિંડ લેવાવાળાથકી પરના ત્રણ એટલે નવ પુરૂષપર્યંત લેપભાગના લેવાવાળા છે, અને શ્રાદ્ધકર્ત્તા દશમો એ રીતે દશમા પુરૂષપછી સાપિંડ્યની નિવૃત્તિ થાય છે; પિતા તથા પિતામહ બે જીવતા હોય તો નવ પુરૂષપર્યંત સાપિંડ્ય; પિતા જીવતો હોય તો આઠ પુરૂષપર્યંત સાપિંડ્ય એમ પ્રતિપાદન કર્યું છે; માટે આઠમા ઇત્યાદિકનો પિતા ઇત્યાદિક જીવતો હોય તો તે આઠમાને દશ દિવસપર્યંત આશૌચ; પિતા ઇત્યાદિકનું મરણ થયા પછીજ ત્રણ દિવસ આશૌચ, એમ કહે છે. એ વિષયમાં મને બીજો પક્ષજ યોગ્ય ભાસે છે.

पितृगृहेकन्याप्रसूतौपित्रोस्तद्गृहवर्तिभ्रातृणांचैकाहः पितृगृहवर्तिपितृव्यादीनांसर्वेषांपितृसापिंडानामेकाहइतिस्मृत्यर्थसारेएवंभ्रात्रादिगृहेभगिन्यादिप्रसवेपितेषामेकाहः माधवस्तुपितृगृहेकन्यायाःप्रसूतौपित्रोस्त्रिरात्रं तद्गृहवर्तिभ्रातृणामेकाहइत्याह कन्यायाःपतिगृहेप्रसवेपित्रादीनांनाशौचं मृतजातेशिशौसपिंडानांसंपूर्णमेवजननाशौचं मृताशौचंनास्ति जननोत्तरंनालच्छेदनात्पूर्वंशिशुमरणेपित्रादिसपिंडानांत्रिदिनंजननाशौचं मातुस्तुदशाहमेव मृताशौचंतुनास्ति नालच्छेदनोत्तरंदशाहाभ्यंतरेशिशुमरणेसपिंडादीनांसंपूर्णमेवजननाशौचं मरणाशौचंतुनास्ति ॥

પિતાને ઘેર કન્યાને બાળકનો જન્મ થાય તો માતા પિતાને તથા તે ઘરમાં રહેનારા ભાઈઓને એક દિવજ જનનાશૌચ; પિતાને ઘેર રહેવાવાળા કાકા ઇત્યાદિક સઘળા પિતાના સપિંડોને એક દિવસ જનનાશૌચ એમ સ્મૃત્યર્થસાર ગ્રંથમાં કહ્યું છે. એ રીતે ભાઈ ઇત્યાદિકને ઘેર બેહેન ઇત્યાદિકને બાળકનો જન્મ થાય તો પણ તેમને એક દિવસ જનનાશૌચ. માધવ તો, પિતાને ઘેર કન્યાને પ્રસૂતિ થાય તો માતા પિતાને ત્રણ રાત્રિ જનનાશૌચ; તે ઘરમાં રહેનારા ભાઇઓને એક દિવસ, એમ કહે છે. પતિને ઘેર કન્યાને બાળકનો જન્મ થાય તો પિતા ઇત્યાદિકને આશૌચ નથી. બાળક મરેલો જન્મ પામે તો સપિંડોને જનનાશૌચ સંપૂર્ણુજ છે, મૃતાશૌચ નથી. જન્મ થયા પછી નાળ છેદવાની પ્રથમ બાળક મૃત થાય તો પિતા ઇત્યાદિ સપિંડોને ત્રણ દિવસ જનનાશૌચ, માતાને તો દશ દિવસજ જનનાશૌચ, મૃતાશૌચ તો નથી. નાલચ્છેદન થયા પછી દશ દિવસની અંદર બાળક મરે તો સપિંડોને જનનાશૌચ સંપૂર્ણ છે; મૃતાશૌચ તો નથી.

अथमृताशौचम् ॥ तत्रमृताशौचवतामस्पृश्यत्वंकर्मानधिकारश्च दशाहानंतरंनामकरणात्प्राक्शिशुमरणेसपिंडानांस्नानमात्रं मातापित्रोस्तुपुत्रमृतौत्रिरात्रं कन्यामृतौचैकाहः सापत्नमातुःसर्वत्रपितृवत् नाम्नःपूर्वंखननमेवनित्यं नामकरणानंतरंचूडाकरणपर्यंततदभावेवर्षत्रयपूर्तिपर्यंतंदाहखननयोर्विकल्पः नामकरणोत्तरंदंतोत्पत्तेःप्राक्पुत्रमरणेदाहेसपिंडानामेकाहः खननेतुस्नानाच्छुद्धिः मातापित्रोरुभयत्रापित्रिरात्रं कन्यामृतौतुत्रिपुरुषसपिंडानामुभयत्रस्नानाच्छुद्धिः मातापित्रोःकन्यामृतौदंतोत्पत्तिपर्यंतमुभयत्रैकाहः अत्र नामकरणंद्वादशदिनोपलक्षणं दंतजननंसप्तममासोपलक्षणं तेनद्वादशदिनमारभ्यषण्मासपर्यंतमेकाहादिफलितं सप्तममासप्रभृतिचूडाकरणपर्यंततदभावेतृतीयवर्षपूर्तिपर्यंतंदाहेखननेवासपिंडानामेकाहः केचित्खननेप्येकाहोदाहेत्रिरात्रमित्याहुः मातापित्रोरुभयत्रापित्रिरात्रं एतत्पुत्रमृतौ कन्यामृतौतुवर्षत्रयपर्यंतंसपिंडानांस्नानाच्छुद्धिः मातापित्रोःसप्तममासप्रभृतिकन्यामृतौत्रिरात्रं विज्ञानेश्वरस्त्वेकादशदिनमारभ्ययावदुपनयनंपुत्रमृतौकन्यामृतौतुयावद्विवाहंमातापित्रोस्त्रिरात्रमेवेत्याह प्रथमवर्षादौकृतचूडस्यमरणेपित्रादीनांसर्वेषांत्रिदिनंनियतंदाहश्चनियतः त्रिवर्षोर्ध्वंकृतचूडस्याकृतचूडस्यवामरणेप्रागुपनयनात्पित्रादिसर्वसपिंडानांत्रिदिनंदाहोनियतः सोदकानांत्वनुपनीतमरणेनूढकन्यामरणेचनाशौचंकिंतुस्नानमात्रं अनुपनीतभ्रातृमरणेभगिन्यानाशौचं ऊनद्विवर्षस्यखननंमुख्यं अनुगमनंवैकल्पिकं पूर्णद्विवर्षस्यदाहोमुख्यः अनुगमनंनित्यं अत्रदाहोदकदानादितूष्णीमेव कृतचूडायपूर्णत्रिवर्षायचभूमौपिंडदानं दंतजननपर्यंततत्तुल्यवयस्केभ्योद्वितीयदिनेतदुद्देशेनदुग्धदानं त्रिवर्षांतंचौलांतंवापायसदानं तदूर्ध्वमुपनयनपर्यंतमाशौचांतेसवयोभ्यस्तदुद्देशेनभोजनादिदानम् ॥

હવે મૃતાશૌચ કહે છે.

તેમાં મૃતાશૌચવાળાઓને સ્પર્શ કરવો યોગ્ય નથી, તથા તેમને કર્મનો પણ અધિકાર નથી. દશ

દિવસ પછી નામ પાડવાની પ્રથમ બાળક મરણ પામ્યા છતાં સપિંડોએ સ્નાન માત્ર કરવું; માતા પિતાને તો, પુત્રના મરણવિષે ત્રણ રાત્રિ અને કન્યાના મરણવિષે એક દિવસ આશૌચ. સાવકી માતાને સઘળે ઠેકાણે પિતાપ્રમાણે આશૌચ છે. નામ પાડવાની પ્રથમ અવશ્ય ખનન એજ છે, એટલે ભૂમિમાંજ તેને દાટવું. નામ પડ્યા પછી ચૌલ કરવાપર્યંત અને ચૌલ કર્યું ન હોય તો ત્રણ વર્ષ પૂર્ણ થાય ત્યાંસુધી દાહ તથા ખનનનો વિકલ્પ છે, એટલે દાહ કરવો અથવા ખનન કરવું. નામ પાડ્યા પછી દાંત ઉત્પન્ન થયાની પ્રથમ પુત્રના મરણવિષે દાહ કર્યા છતાં સપિંડોને એક દિવસ આશૌચ, અને ખનન હોય તો સ્નાનવડે શુદ્ધિ. દાહ અથવા ખનન એ બન્ને પક્ષવિષે પણ માતા-પિતાને ત્રણ રાત્રિ. કન્યાના મરણવિષે તો ત્રિપુરૂષ સપિંડોની બન્ને પક્ષ (દાહ, ખનન) વિષે સ્નાનેકરી શુદ્ધિ. કન્યાના મરણવિષે દાંત ઉત્પન્ન થવાપર્યંત બન્ને પક્ષવિષે માતાપિતાને એક દિવસ આશૌચ. ઇહાં નામ પાડવું એ બારમો દિવસ સમજવો. દાંતની ઉત્પત્તિ એ સાતમો માસ સમજવો. તેથી બારમા દિવસથકી છઠ્ઠા માસપર્યંત એક દિવસ આશૌચ ઇત્યાદિ ફલિતાર્થ થાય છે. સાતમા માસ થકી ચૂડાકરણપર્યંત, અને ચૂડાકરણ થયું ન હોય તો ત્રીજું વર્ષ પૂર્ણ થાય ત્યહાંપર્યંત દાહ અથવા ખનન છતાં સપિંડોને એક દિવસ આશૌચ. કોઈ ગ્રંથકાર, ખનન છતાં એક દિવસ દાહ છતાં ત્રણ રાત્રિ, એમ કહે છે. માતા પિતાને બન્ને પક્ષ (દાહ, ખનન) વિષે ત્રણ રાત્રિ આશૌચ, પણ એ (ત્રણ રાત્રિ આશૌચ) પુત્રના મરણવિષે જાણવું. કન્યાના મરણવિષે તો, ત્રણ વર્ષપર્યંત સપિંડોની સ્નાનવડે શુદ્ધિ છે. કન્યાના મરણવિષે સાતમા માસથકી માતાપિતાને ત્રણ રાત્રિ આશૌચ. વિજ્ઞાનેશ્વર તો, અગીયારમા દિવસથકી આરંભ કરી, જનોઈ થાય ત્યહાંપર્યંત પુત્રનું મરણ થયા છતાં અને વિવાહ થવાપર્યંત કન્યાનું મરણ થયા છતાં માતા પિતાને ત્રણ રાત્રિ આશૌચ કહે છે. પ્રથમવર્ષ ઇત્યાદિકવિષે જેને ચૂડાકર્મ કરેલું હોય એવો પુત્ર મરણ પામ્યા છતાં પિતા ઇત્યાદિ સઘળાઓને અવશ્ય ત્રણ દિવસ આશૌચ અને દાહ પણ અવશ્ય. ત્રણ વર્ષ પછી, ચૂડાકર્મ કરેલું અથવા ન કરેલું એવો પુત્ર મૃત થયા છતાં જનોઈની પ્રથમ પિતા ઇત્યાદિ સઘળા સપિંડોને ત્રણ દિવસ આશૌચ અને દાહ અવશ્ય કરવો. જનોઇવિનાનો પુત્ર અને વિના પરણેલી કન્યા મૃત થયા છતાં સોદકોને આશૌચ તો નથી, ત્યારે સોદકોએ સ્નાન માત્ર કરવું. જનોઇવિનાનો ભાઈ મરણ પામ્યા છતાં બેહેનને આશૌચ નથી. જેને પૂરાં બે વર્ષ થયાં નથી તેને ખનન મુખ્ય છે. અનુગમન (શબની પાછળ જવું) વિકલ્પે છે. પૂર્ણ બે વર્ષવાળાને દાહ મુખ્ય છે, તથા અનુગમન પણ અવશ્ય છે. એ વિષયમાં દાહ અને તિલાંજલિ દેવી ઇત્યાદિક મંત્રરહિતજ કરવાં. જેને ચૂડાકર્મ થયું છે અને ત્રણ વર્ષ પૂરાં થયાં છે તેને પિંડદાન પૃથ્વી ઉપર કરવું. દાંત ઉત્પન્ન થવાપર્યંત તેની બરોબર વયવાળાઓને તેના નિમિત્તથકી બીજે દિવસે દૂધનું દાન કરવું. ત્રણ વર્ષપર્યંત અથવા ચૌલપર્યંત પાયસનું દાન કરવું. ત્યાર પછી ઉપનયનપર્યંત આશૌચની નિવૃત્તિ થયા પછી તેની બરોબર વયવાળાઓને તેના નિમિત્તથકી ભોજનાદિનું દાન કરવું.

स्त्रीशूद्रयोस्त्वकृतचूडयोरप्युदकदानादिवैकल्पिकं शूद्रस्यत्रिवर्षपर्यंतमेतदेवाशौचं अस्योपनयनस्थानेविवाहः तथाचत्रिवर्षोर्ध्वंविवाहपर्यंततदभावेषोडशवर्षपर्यंतंवाशूद्रस्यमरणेत्रिदिनंतदूर्ध्वंजात्याशौचं कन्यायावर्षत्रयानंतरंवाग्दानात्प्राङ्मरणेत्रिपुरुषसापिंडानामेकाहः मातापित्रोस्त्रिदिनं दाहादितूष्णीं वाग्दानोत्तरंविवाहात्प्राक्कन्यामरणेपितृसापिंडानांभर्तृसापिंडानांचत्रिदिनं अत्रोभयकुलेपिसप्तपुरुषंसापिंड्यं दाहादितूष्णीमेव जननेनुपनीतमरणेचातिक्रांताशौचंनास्ति पितुरपत्यजननश्रवणेदेशांतरेकालांतरेस्नानंभवत्येव अनुपनीतमरणेतिक्रांतेपिस्नानंभवत्येवेतिस्मृत्यर्थसारः अनुपनीतस्यानूढकन्यायाश्चमातापितृमरणेपञ्चदशाहाशौचं अन्यमरणेतुनकिमपि उपनयनोत्तरंमरणेसपिंडानांदशाहं सोदकानांत्रिरात्रं सगोत्राणामेकाहंस्नानाच्छुद्धिर्वेत्यादिविशेषःप्रागुक्तोत्रानुसंधेयः॥

સ્ત્રી તથા શૂદ્રને ચૂડાકર્મ થયું હોય તો પણ તેમને જલદાનાદિક વિકલ્પે છે, એટલે કરવું અથવા ન કરવું એમ છે. શૂદ્રને ત્રણ વર્ષપર્યંત એજ આશૌચ જાણવું. એ શૂદ્રને ઉપનયનને ઠેકાણે વિવાહ છે, એટલે ત્રણ વર્ષ પછી વિવાહપર્યંત, અથવા વિવાહ થયો ન હોય તો સોળ વર્ષપર્યંત શૂદ્ર મૃત થયા છતાં ત્રણ દિવસ આશૌચ, સોળ વર્ષ પછી અથવા વિવાહ પછી જાતિનું આશૌચ જાણવું. ત્રણ વર્ષ પછી વાગદાનની પ્રથમ કન્યાનું મરણ થયા છતાં ત્રણ પુરૂષપર્યંત સપિંડોને એક દિવસ, તથા માતા

પિતાને ત્રણ દિવસ આશૌચ, અને દાહાદિક મંત્રરહિત કરવાં. વાગ્દાન થયા પછી વિવાહથકી પ્રથમ કન્યા મૃત થયા છતાં પિતાના સપિંડ તથા પતિના સપિંડ એમને ત્રણ દિવસ આશૌચ; એ વિષયમાં બન્ને કુલવિષે પણ સાત પુરૂષનું સાપિંડ્ય જાણવું. દાહાદિક તો મંત્રવિનાજ કરવો. જન્મ તથા જનોઇ રહિતના મરણવિષે અતિક્રાંત (સમય ગયા પછીનું) આશૌચ નથી. બાળક (પુત્ર અથવા કન્યા)નો જન્મ થયો એમ સાંભળ્યા છતાં દેશાંતરવિષે અથવા કાળાંતરવિષે પિતાએ સ્નાન અવશ્ય કરવું. જનોઇવિનાનો (પુત્ર) મૃત થયો હોય તો કાળ ગયા છતાં પણ સ્નાન કરવું, એમ સ્મૃત્યર્થસાર કહે છે. ઉપવીતવિનાનો પુત્ર અને વિના પરણેલી કન્યાને માતા પિતા મૃત થયા છતાં દશ દિવસ આશૌચ; બીજા મૃત થયા છતાં કાંઇ પણ આશૌચ નથી. જનોઇ સંસ્કાર થયા પછી મરણ છતાં સપિંડોને દશ દિવસ આશૌચ, સોદકને ત્રણ રાત્રિ અને સગોત્રને એક દિવસ અથવા સ્નાને કરી શુદ્ધિ ઇત્યાદિ વિશેષ પ્રથમ કહેલો છે તે આ ઠેકાણે જાણવો.

स्त्रीशूद्रयोर्विवाहोत्तरंमरणेदशाहः शूद्रस्यविवाहाभावेषोडशवर्षोत्तरमित्युक्तं विवाहोर्ध्वंकन्यायाःपितृगृहेमरणेमातापित्रोःसापत्नमातुःसापत्नभ्रातुःसोदरभ्रातुश्चत्रिरात्रं पितृव्यादीनांतद्गृहवर्तिनामेकाहः तद्गृहवर्तिनामपिसपिंडानामेकाहइतिकेचित् ग्रामांतरमृतौपित्रोःपक्षिणीतिकेचित् ऊढायाःकन्यायाःपतिगृहेमरणेपित्रोःसापत्नमातुश्चत्रिरात्रं भ्रातुःपक्षिणी पितृव्यादीनांएकाहइतिकेचित् ॥

સ્ત્રી તથા શૂદ્ર વિવાહ પછી મરણ પામે તો દશ દિવસ આશૌચ. શૂદ્રનો વિવાહ થયો ન હોય તો સોળ વર્ષ પછી, એમ પ્રથમ કહ્યુ છે. વિવાહ થયા પછી કન્યા પિતાને ઘેર મરણ પામે તો માતા, પિતા, સાવકી માતા, સાવકો ભાઈ અને સગો ભાઈ એમને ત્રણ રાત્રિ આશૌચ. પિતાના ઘરમાં રહેવાવાળા કાકા ઇત્યાદિકને એક દિવસ આશૌચ. પિતાના ઘરમાં રહેવાવાળા સપિંડોને પણ એક દિવસ આશૌચ છે, એમ કોઈ ગ્રંથકાર કહે છે. કન્યા બીજે ગામે મૃત થઇ હોય તો માતાપિતાને પક્ષિણી (બે દિવસ અને એક વચલી રાત્રિ) આશૌચ, એમ કોઈ ગ્રંથકાર કહે છે. પરણેલી કન્યા પતિને ઘેર મૃત થયા છતાં માતા પિતા અને સાવકી માતાને ત્રણ રાત્રિ, ભાઈને પક્ષિણી તથા કાકા ઇત્યાદિકને એક દિવસ આશૌચ, એમ કોઈ ગ્રંથકાર કહે છે.

मातापित्रोर्मरणेसापत्नमातुर्मृतौचोढकन्यायास्त्रिरात्रंदशाहांतः दशाहोर्ध्वंकालांतरेवत्सरांतरेपि पक्षिणी भ्रातुरुपनीतस्यविवाहितभगिन्याश्चपरस्परगृहमरणेपरस्परस्यत्रिरात्रं गृहांतरमृतौपरस्परस्यपक्षिणी ग्रामांतरेत्वेकाहः अत्यंतनिर्गुणत्वेएकग्रामेपिस्नानं एवंसापत्नभ्रातृभगिन्योरपि भगिनीमृतौभगिन्याअप्येवमेवेतिभाति ऊढकन्यायाःपितामहपितृव्यादिमरणेस्नानमेव मातुलमरणेभगिनीपुत्रस्यभगिनीकन्यायाश्चपक्षिणी उपकारकमातुलमरणेस्वगृहेमातुलमरणेचत्रिरात्रं अनुपनीतमातुलमरणेग्रामांतरेमातुलमरणेचैकरात्रं एवंसापत्नमातुलमरणेपि मातुलानीमरणेभर्तृभगिन्यपत्यस्यस्त्रीपुंसरूपस्यपक्षिणी सापत्नमातुलानीमरणेतुनाशौचं उपनीतभागिनेयमरणेमातुलस्यमातुलभगिन्याश्चत्रिरात्रं एवंसापत्नभागिनेयेमृतेपि अनुपनीतभागिनेयमरणेमातुलस्यमातुलभगिन्याश्चपक्षिणी एवंसापत्नभागिनेयेमृतेपि अनुपनीतपदेनात्रशिष्टोपनयनमात्रःकृतचूडश्चूडायाअभावेत्रिवर्षोर्ध्ववयस्कोवाग्राह्यइतिभाति एवमग्रेप्यनुपनीतपदस्यार्थोबोध्यः भागिनेयीमरणेतुस्नानमात्रमितिभाति मातामहमरणेदुहित्रपत्यस्यपुंरूपस्यकन्यारूपस्यचात्रिरात्रंग्रामांतरेपक्षिणी मातामह्यांमृतायांदौहित्रस्यदौहित्र्याश्चपक्षिणीअत्रसर्वत्रपुत्रस्योपनीतस्यैवस्त्रियाश्चविवाहितायाएवमातापित्रतिरिक्ताशौचेधिकारइत्युक्तंअत्रमातुलमातुलानीमातामहादिमृतौद्व्यपत्यस्याशौचोक्तिर्ग्रंथकीयानुसारेणान्यत्रतुनैवंस्पष्टमुपलभ्यते उपनीतदौहित्रमरणेमातामहस्यमातामह्याश्चत्रिरात्रं अनुपनीतेदौहित्रेमृतेमातामहस्यमातामह्याश्चपक्षिणी दौहित्रीमरणेतुनाशौचमितिभाति ॥

માતા, પિતા તથા સાવકી માતા મૃત થયા છતાં પરણેલી કન્યાને દશ દિવસની અંદર ત્રિરાત્ર, દશ દિવસ પછી અન્ય કાળે વર્ષ પછી પણ પક્ષિણી આશૌચ. ઉપવીત પામેલો ભાઈ તથા પરણેલી બેહેન એ પરસ્પરને ઘેર મૃત થયા છતાં પરસ્પરને ત્રણ રાત્રિ આશૌચ. બીજાના ઘરમાં મૃત થયા છતાં પરસ્પરને પક્ષિણી અને બીજે ગામે મૃત થયા છતાં એક દિવસ આશૌચ. અત્યંત નિર્ગુણપણું

---

१ मातरमग्निनयोऽपुत्रस्पृष्टेनशुद्धिर्युंज ॥

હોય તો એક ગામ છતાં પણ સ્નાન કરવું. એ રીતે સાવકી બેહેન તથા સાવકા ભાઈવિષે પણ એવોજ નિર્ણય જાણવો. બેહેન મૃત થયા છતાં બેહેનને પણ એપ્રમાણેજ આશૌચ હોવું જોઇએ એમ ભાસે છે. દાદા, કાકા ઇત્યાદિ મૃત થયા છતાં પરણેલી કન્યાએ સ્નાનજ કરવું. મામો મૃત થયા છતાં ભાણેજો અને ભાણેજી એમને પક્ષિણી આશૌચ. ઉપકાર કરવાવાળો મામો મૃત થયા છતાં તેમજ ભાણેજને ઘેર મામો મૃત થયા છતાં ત્રણ રાત્રિ આશૌચ. જનોઇવિનાનો મામો મૃત થયા છતાં અથવા બીજે ગામે મામો મૃત થયા છતાં એક રાત્રિ. સાવકો મામો મર્યા છતાં પણ એ રીતે નિર્ણય જાણવો. મામી મૃત થયા છતાં ભાણેજો તથા ભાણેજી એમને પક્ષિણી આશૌચ. સાવકી મામી મૃત થયા છતાં તો આશૌચ નહીં. જનોઈ પામેલો ભાણેજો મૃત થયા છતાં મામો તથા માસી એમને ત્રણ રાત્રિ આશૌચ. સાવકા ભાણેજાવિષે પણ એવોજ નિર્ણય જાણવો. ઉપનયનવિનાનો ભાણેજો મૃત થયા છતાં મામો તથા માસી એમને પક્ષિણી. સાવકો ભાણેજો મૃત થયા છતાં પણ એવોજ નિર્ણય જાણવો. ‘ઉપનયનવિનાનો’ એ પદવડે ઉપનયન માત્ર થવાનું રહેલું છતાં ચૂડાકર્મ થયેલું હોય, અથવા ચૂડાકર્મ થયું ન હોય તો ત્રણ વર્ષ કરતાં અધિક વયનો એવો લેવો, એમ ભાસે છે. એ રીતે આગળ પણ ‘ઉપનયનવિનાનો’ એ પદનો અર્થ સમજવો. ભાણેજી મૃત થયા છતાં તો સ્નાન માત્ર કરવું એમ ભાસે છે. માતામહ (માતાનો પિતા) મૃત થયા છતાં દોહિત્રો તથા દોહિત્રી એમને ત્રણ રાત્રિ આશૌચ, બીજે ગામે મૃત થયો હોય તો પક્ષિણી. માતામહી મૃત થયા છતાં દોહિત્રો તથા દોહિત્રી એમને પક્ષિણી આશૌચ. ઈહાં સઘળે ઠેકાણે માતાપિતાના આશૌચવિના બીજાં આશૌચવિષે ઉપવીત પામેલો પુરૂષ તથા પરણેલી સ્ત્રી એનેજ અધિકાર છે એમ કહ્યું છે. ઈહાં મામો, મામી, માતામહ ઇત્યાદિ મૃત થયા છતાં સ્ત્રીરૂપ પ્રજાને જે આશૌચ કહ્યું તે ગ્રંથકારીને અનુસારે છે; બીજા ગ્રંથમાં તો એ રીતે સ્પષ્ટ ક્યાંય દેખાતું નથી. ઉપવીત પામેલો દોહિત્રો મરણ પામે તો માતામહ તથા માતામહી એમને ત્રણ રાત્રિ આશૌચ. ઉપનયન વિનાનો દોહિત્રો મરણ પામે તો માતામહ તથા માતામહી એમને પક્ષિણી આશૌચ. દોહિત્રીનું મરણ થયું હોય તો આશૌચ નથી એમ ભાસે છે.

श्वश्रूश्वशुरयोर्मरणेजामातुःसन्निधौत्रिरात्रं असन्निधौतुपक्षिणी उपकारकयोर्मरणेत्वसन्निधावपि त्रिरात्रमेव ग्रामांतरेएकरात्रं भार्यामरणेननिवृत्तसंवंधयोःश्वश्रूश्वशुरयोरनुपकारकयोर्मृतेतुपक्षिण्येकाहोवेतिभाति जामातरिमृतेश्वश्रूश्वशुरयोरेकरात्रंस्नानाच्छुद्धिर्वा स्वगृहेजामातृमरणेत्रिरात्रं उपनीतेश्यालकेमृतेभगिनीभर्तुरेकाहः अनुपनीतेतुश्यालकेस्नानं ग्रामांतरेमृतेपिस्नानं भार्यामरणेननिवृत्तसंवंधेश्यालकेस्नानमितिनागोजीभट्टीये श्यालकसुतमरणेस्नानं कश्चिच्छ्यालिकायांमृतायांश्यालकवदेकाहादिकमाह मातुःस्वसरिमृतायांस्वस्रपत्ययोःकन्यापुत्रयोःपक्षिणी एवंसापत्नमातुःस्वसृमरणेपि पितुःस्वसरिमृतायांभ्रात्रपत्ययोःकन्यापुत्रयोःपक्षिणी पितुःसापत्नस्वसृमरणेतुस्नानमात्रं भ्रात्रपत्यमरणेतुपितृष्वसुःस्नानं स्वगृहेपितृष्वसृमातृष्वसृमरणेत्र्यहम् ॥

સાસુ તથા સસરો મૃત થયા છતાં જમાઇને સમીપે છતાં ત્રણ રાત્રિ, સમીપે નં હોય તો પક્ષિણી. ઉપકાર કરનારાં સાસુ તથા સસરો મૃત થયા છતાં સમીપે ન હોય તો ત્રણ રાત્રિજ આશૌચ. બીજે ગામે છતાં એક રાત્રિ. સ્ત્રી મરણ પામવાના નિમિત્તથી તુટેલા સંબંધવાળાં તથા ઉપકાર ન કરવાવાળાં સાસુ, સસરો મૃત થયાં હોય તો પક્ષિણી અથવા એક દિવસ આશૌચ એમ ભાસે છે. જમાઈ મૃત થયા છતાં સાસુ તથા સસરાને એક રાત્રિ આશૌચ, અથવા સ્નાને કરી શુદ્ધિ. પોતાને ઘેર જમાઈ મૃત થયા છતાં ત્રણ રાત્રિ આશૌચ. જનોઈ પામેલો સાળો મૃત થયા છતાં બનેવીને એક દિવસ આશૌચ. જનોઇવિનાનો સાળો મૃત થાય તો સ્નાન, બીજે ગામે મૃત થાય તો પણ સ્નાન કરવું. સ્ત્રી મરી જવાથી તુટેલા સંબંધવાળો સાળો મૃત થયા છતાં સ્નાન કરવું, એમ નાગોજીભટ્ટકૃત આશૌચગ્રંથમાં છે. સાળાનો પુત્ર મર્યા છતાં સ્નાન કરવું. કોઇ એકાદો ગ્રંથકાર, સાળી મૃત થયા છતાં સાળાપ્રમાણે એક દિવસ ઇત્યાદિક આશૌચ, કહે છે. માસી મૃત થયા છતાં બેહેનનાં છોકરાં જે પુત્ર તથા કન્યા એમને પક્ષિણી આશૌચ. સાવકી માતાની બેહેન મૃત થયા છતાં પણ એ રીતે નિર્ણય જાણવો. ફઈ મૃત થયા છતાં ભાઈનાં સંતાન જે કન્યા તથા પુત્ર એમને પક્ષિણી આશૌચ. પિતાની

સાવકી બેહેન મૃત થઈ હોય તો સ્નાન માત્ર કરવું. ભાઈનાં સંતાન મૃત થયા છતાં ફઈને સ્નાન. પોતાને ઘેર ફઈ, માસી મૃત થાય તો ત્રણ દિવસ આશૌચ.

उपनीतवंधुत्रयमरणेपक्षिणी अनुपनीतस्यगुणहीनस्यवावंधुत्रयस्यमरणेएकाहः स्वगृहेमरणेतुत्रिरात्रं अत्रवंधुत्रयपदेनात्मवंधुत्रयंपितृवंधुत्रयंमातृवंधुत्रयमितिनववंधवोग्राह्याः तेयथा आत्मपितृष्वसुःपुत्राआत्ममातृष्वसुःसुताः आत्ममातुलपुत्राश्चविज्ञेयाआत्मवांधवाः पितुःपितृष्वसुःपुत्राःपितुर्मातृष्वसुःसुताः पितुर्मातुलपुत्राश्चविज्ञेयाःपितृवांधवाः मातुःपितृष्वसुःपुत्रामातुर्मातृष्वसुःसुताः मातुर्मातुलपुत्राश्चविज्ञेयामातृवांधवाइति पितृष्वस्रादिकन्यानांतुविवाहितानांमरणेतद्वंधुवर्गस्त्वेकेनेतिवचनवलादेकाहः अनूढानांतुमरणेस्नानमात्रमितिनिर्णयसिंध्वाशयः नागोजीभट्टास्तुवंधुत्रयवाक्येपुत्रपदंकन्योपलक्षकमित्याहुः तन्मतेपितृष्वस्रादिकन्यानामूढानांमरणेपक्षिणी अनूढानामेकाहइत्यादि पितृष्वस्रादिकन्याभिस्तुवंधुत्रयमरणेस्नानमात्रंकार्यमितिसिंध्वाशयेनसिद्ध्यति भट्टमतेतुपुत्रपदवत्तद्वाक्यस्थात्मपदस्यापिकन्यापरत्वापत्त्याकन्याभिरपिवंधुत्रयाशौचंकार्यमित्यापतति तत्रचवहुशिष्टाचारविगानमितिसिंध्वाशयोयुक्तोभाति ॥

ઉપવીત પામેલા બંધુત્રય મૃત થયા છતાં પક્ષિણી; ઉપવીતવિનાના અથવા ગુણહીન બંધુત્રય મૃત થયા છતાં એક દિવસ આશૌચ. પોતાને ઘેર મૃત થાય તો ત્રણ રાત્રિ. આ ઠેકાણે ‘ બંધુત્રય ’ શબ્દવડે આત્મબંધુત્રય, પિતૃબંધુત્રય અને માતૃબંધુત્રય એ રીતે નવ બંધુ ગ્રહણ કરવા. તે આ રીતે—“ પોતાની ફઈના પુત્ર, પોતાની માસીના પુત્ર અને પોતાના મામાના પુત્ર એ આત્મબાંધવ જાણવા. બાપની ફઈના પુત્ર, બાપની માસીના પુત્ર અને પિતાના મામાના પુત્ર એ પિતૃબાંધવ જાણવા. માની ફઈના પુત્ર, માની માસીના પુત્ર અને માના મામાના પુત્ર એ માતૃબાંધવ જાણવા. એ રીતે નવ બંધુ છે.” ફઈ ઇત્યાદિકની પરણેલી કન્યા મૃત થાય તો “ તેનો બંધુવર્ગ એક દિવસે શુદ્ધ ” એવા વચનબળે કરી એક દિવસ આશૌચ; વિના પરણેલી મૃત થાય તો સ્નાન માત્ર, એવો નિર્ણયસિંધુનો અભિપ્રાય છે. નાગોજીભટ્ટ તો, બંધુત્રયના વાક્યમાં ‘ પુત્ર ’ પદવડે કન્યા પણ સમજવી, એમ કહે છે. તેમને મતે ફઈ ઇત્યાદિકની પરણેલી કન્યા મૃત થયા છતાં પક્ષિણી, વિના પરણેલી છતાં એક દિવસ ઇત્યાદિ. ફઈ ઇત્યાદિકની કન્યાઓએ તો, બંધુત્રય મૃત થયા છતાં સ્નાન માત્ર કરવું, એમ નિર્ણયસિંધુના અભિપ્રાયથી સિદ્ધ થાય છે. નાગોજીભટ્ટને મતે તો, ‘ પુત્ર ’ પદપ્રમાણે તે વાક્યમાંના ‘ આત્મ ’ પદનો પણ અર્થ કન્યાપરાયણ હોવાથી કન્યાઓએ પણ બંધુત્રયનું આશૌચ પાળવું, એમ પ્રાપ્ત થાય છે; પરંતુ તેમાં બહુ શિષ્ટોના આચારથી નિંદા થાય છે માટે નિર્ણયસિંધુનો અભિપ્રાય યોગ્ય છે એમ ભાસે છે.

अत्रेदंतत्त्वं देवदत्तीयवंधुनवकमध्ये आत्मवंधुत्रयेसंवंधसाम्यात्परस्परमाशौचं अवशिष्टवंधुषट्केतु वंधुषट्कमरणेदेवदत्तस्यआशौचं देवदत्तस्यमरणेतुवंधुषट्कस्यनाशौचं संवंधाभावादितिसुधीभिरुह्यं दत्तकस्यमरणेपूर्वापरपित्रोस्त्रिरात्रंसपिंडानामेकाहमाशौचं नीलकंठीयेदत्तकनिर्णयेतूपनीतदत्तकमरणादौपालकपित्रादिसपिंडानांदशाहादिकमेवाशौचमित्युक्तं दत्तकेनापिपूर्वापरपित्रोर्मृतौत्रिरात्रंपूर्वापरसपिंडानांमरणेएकाहः पित्रोरौर्ध्वदेहिककरणेतुकर्मांगंदशाहमेव दत्तकस्यपुत्रपौत्रादेर्जननेमरणेवापूर्वापरसपिंडानामेकाहः एवंपूर्वापरसपिंडमरणादावपिदत्तकपुत्रपौत्रादेरेकाहः इदंसापिंडसमानोदकभिन्नदत्तीकृतविषयं सगोत्रसपिंडेसोदकेचदत्तीकृतेयथाक्रमंदशाहंत्रिरात्रंचयथाप्राप्तंभवत्येव ॥

આ ઠેકાણે આ તત્ત્વ. દેવદત્ત (અમુક પુરુષ)ના નવ બંધુમધ્યે આત્મબંધુત્રયવિષે સંબંધ સરખો હોવાથી પરસ્પર આશૌચ છે; બાકીના છ બંધુવિષે તો, છ બંધુ મૃત થયા છતાં દેવદત્તને આશૌચ છે, પરંતુ દેવદત્ત મૃત થાય તો છ બંધુને આશૌચ નથી; કારણ, સંબંધનો અભાવ છે; એ પ્રમાણે બુદ્ધિમાનોએ જાણવું. દત્તક મૃત થયા છતાં બન્ને માતાપિતાને ત્રણ રાત્રિ, તથા સપિંડોને એક દિવસ આશૌચ. નીલકંઠકૃત દત્તકનિર્ણયમાં તો, ઉપવીત આપેલા દત્તકનું મરણાદિક થયા છતાં પાલક પિતા ઇત્યાદિ સપિંડોને દશ દિવસ ઇત્યાદિ આશૌચ છેજ એમ કહ્યું છે. દત્તકે તો બન્ને માતાપિતા મૃત થયા છતાં ત્રણ રાત્રિ આશૌચ, તથા બન્ને સપિંડ મૃત થયા છતાં એક દિવસ આશૌચ પાળવું. માતાપિતાનું ઔર્ધ્વદેહિક કર્મ કર્યું હોય તો કર્મસંબંધી દશ દિવસજ આશૌચ છે. દત્ત-

કના પુત્ર, પૌત્ર ઇત્યાદિકનાં જન્મ અથવા મરણ થયા છતાં બન્ને સપિંડોને એક દિવસ આશૌચ. એ-પ્રમાણે બન્ને સપિંડોનું મરણાદિક થયા છતાં દત્તકના પુત્ર પૌત્ર ઇત્યાદિકને પણ એક દિવસ આશૌચ. આ નિર્ણય સપિંડ અને સોદક કરતાં જુદો દત્તક લીધો હોય તો, તે વિષે જાણવો. સગોત્ર -એવો સપિંડ તથા સોદક દત્તક લીધો હોય તો, યથાક્રમે દશ દિવસ, ત્રણ રાત્રિ જેવું પ્રાપ્ત હોય તેને અનુસારે આશૌચ છેજ.

आचार्येमृतेत्रिरात्रं ग्रामांतरेमृतेपक्षिणी उपनीयवेदाध्यापकःआचार्यः स्मार्तकर्मनिर्वाहकोप्याचार्यः आचार्यभार्यासुतयोर्मरणेएकाहः मंत्रोपदेशकगुरुमरणेत्रिरात्रंग्रामांतरेपक्षिणी शास्त्राध्यापको व्याकरणज्योतिःशास्त्राद्यंगाध्यापकश्चानूचानसंज्ञकस्तन्मरणेएकाहः सकलवेदाध्यापकगुरुमरणेपक्षिणी वेदैकदेशाध्यापकउपाध्यायस्तन्मरणेएकाहः शिष्यस्योपनीयाध्यापितस्यमृतौत्रिरात्रं निवृत्ताध्ययनस्यमृतौपक्षिणी परोपनीतस्यबहुकालमध्यापितस्यमरणेएकाहः सहाध्यायिमृतौपक्षिणी ऋत्विज्यनिवृत्तर्त्विक्कर्मणिमृतेत्रिरात्रं ग्रामांतरेपक्षिणी कर्मनिवृत्तौग्रामांतरेएकाहः एकग्रामेपक्षिणी एवं याज्यमरणेपि सार्थवेदाध्यायीश्रौतस्मार्तकर्मनिष्ठश्चश्रोत्रियस्तयोर्मरणेमैत्रीगृहानंतर्यादिसंबंधेत्रिरात्रं एकतरसंबंधेपक्षिणी संबंधाभावेएकाहः सवर्णमित्रमरणेएकाहः यतिमरणेसर्वसपिंडानांस्नानमात्रं स्वगृहेउदासीनासपिंडमरणेएकाहः स्वाधिष्ठितस्वगृहेअसपिंडमरणेत्र्यहं आशौचप्रयोजकसंबंधिनिस्वगृहेमृतेत्रिरात्रं ग्रामाधिपदेशाधिपादेर्मृतौसज्योतिः दिवामरणेरात्रौस्नानाच्छुद्धिः रात्रिमरणेदिवाशुद्धिरितिसज्योतिःपदार्थः पक्षिणीपदार्थस्तुदिवामरणेसदिवसः सारात्रिर्द्वितीयदिवसेनक्षत्रदर्शनपर्यंतमिति आगामिवर्तमानाहर्द्वययुतामध्यगतारात्रिः रात्रिमरणेसारात्रिस्तदुत्तरमहोरात्रिश्चेतिपक्षिणी केचित्तुरात्रिमरणेपिमरणदिनाद्द्वितीयदिनस्थनक्षत्रपर्यंतमेवपक्षिणीपदार्थइत्याहुः एवमतिक्रांतेविषये दिवारात्रौवामरणज्ञानानुसारेणपक्षिणीव्यवस्थायोज्या ॥

આચાર્ય મૃત છતાં ત્રણ રાત્રિ, બીજે ગામે મૃત છતાં પક્ષિણી. જનોઈ આપી વેદ ભણાવનારો તે આચાર્ય. સ્માર્તકર્મનો ચલાવનારો તે પણ આચાર્ય છે. આચાર્યની સ્ત્રી, પુત્ર મૃત થયા છતાં એક દિવસ આશૌચ. મંત્રોપદેશના કરવાવાળા ગુરુ મૃત થયા છતાં ત્રણ રાત્રિ, બીજે ગામે પક્ષિણી આશૌચ. શાસ્ત્ર ભણાવનારો તથા વ્યાકરણ, જ્યોતિઃશાસ્ત્ર ઇત્યાદિક અંગ ભણાવનારો તે અનૂચાનસંજ્ઞક; એ મૃત થાય તો એક દિવસ આશૌચ. સંપૂર્ણ વેદ ભણાવનારો ગુરુ મૃત થાય તો પક્ષિણી. વેદનો કોઇ એક ભાગ ભણાવનારો તે ઉપાધ્યાય; તે મૃત થયા છતાં એક દિવસ. જનોઈ આપી ભણાવેલો શિષ્ય મૃત થયા છતાં ત્રિરાત્ર આશૌચ. ભણવાથી નિવૃત્ત થયેલો શિષ્ય મૃત થયા છતાં પક્ષિણી. બીજાએ જનોઇ આપ્યા છતાં બહુકાળ ભણાવેલો શિષ્ય મૃત થયા છતાં એક દિવસ આશૌચ. સહાધ્યાયી (સાથે ભણવાવાળો) મૃત થયા છતાં પક્ષિણી. ઋત્વિક્‌નું કર્મ સમાપ્ત ન કરેલું, એવો ઋત્વિક્ મૃત થયા છતાં ત્રણ રાત્રિ. બીજે ગામે પક્ષિણી. કર્મ સમાપ્તિ થયા છતાં બીજે ગામે એક દિવસ. એક ગામમાં પક્ષિણી. યજમાન મૃત થયા છતાં પણ એવોજ નિર્ણય જાણવો. અર્થસહિત વેદનું અધ્યયન કરનારો તથા શ્રૌત સ્માર્ત્ત કર્મનિષ્ઠ એવો શ્રોત્રિય, એ મૃત થયા છતાં મૈત્રી, તથા ઘરનું સમીપપણું ઇત્યાદિક સંબંધ હોય તો ત્રણ રાત્રિ આશૌચ. બેમાંથી એક સંબંધ હોય, તો પક્ષિણી, સંબંધ ન હોય તો એક દિવસ. પોતાના વર્ણમાંનો મિત્ર મૃત થયા છતાં એક દિવસ., સંન્યાસી મૃત થયા છતાં સઘળા સપિંડોએ સ્નાન માત્ર કરવું. પોતાને ઘેર ઉદાસીન એવો અસપિંડ મૃત થયા છતાં એક દિવસ. જેમાં પોતાનું રેહેઠાણ હોય એવા પોતાના ઘરમાં અસપિંડ મૃત થયા છતાં ત્રણ દિવસ. આશૌચનો ઉપજાવનારો સંબંધી પોતાને ઘેર મૃત થયા છતાં ત્રણ રાત્રિ. ગામનો અધિપતિ, દેશનો અધિપતિ ઇત્યાદિક મૃત થયા છતાં સજ્યોતિ આશૌચ. દિવસે મૃત થયો હોય તો, રાત્રિએ સ્નાન કરવાથી શુદ્ધિ, રાત્રિએ મૃત થયો હોય તો દિવસે શુદ્ધિ એ સજ્યોતિ પદનો અર્થ છે. પક્ષિણી પદનો અર્થ તો, દિવસે મરણ છતાં તે દિવસ, તે રાત્રિ અને બીજે દિવસે નક્ષત્રદર્શનપર્યંત એ પક્ષિણી જાણવું. આવતો તથા વર્તમાન એવા બે દિવસે યુક્ત જે વચલી રાત્રિ તે પક્ષિણી. રાત્રિએ મૃત હોય તો, તે રાત્રિ તથા તે પછીનાં દિવસ રાત્રિ મળી પક્ષિણી. કોઈ ગ્રંથકાર તો, રાત્રિએ મૃત થયા છતાં પણ મરણના દિવસથકી બીજા દિવસના નક્ષત્રદર્શનપર્યંતજ પક્ષિણી પદનો અર્થ, એમ કહે છે. એ રીતે અતિક્રાંત (ગયેલાં) આશૌચવિષે દિવસે અથવા રાત્રિએ મરણનું જ્ઞાન થાય તે, તેપ્રમાણે પક્ષિણીની વ્યવસ્થા જોડવી.

आचार्यमातुलादीनांत्रिरात्राद्याशौचमन्यस्मिन्नंत्यकर्मकर्तरिज्ञेयं शिष्यादीनामंत्यकर्मकर्तृत्वेतुदशाहाद्येव ॥

આચાર્ય, મામો ઇત્યાદિકનું જે ત્રિરાત્ર આશૌચ કહ્યું તે બીજો અંત્યકર્મનો કરનારો હોય તો જાણવું. શિષ્યાદિક અત્યક્રિયા કરનારો હોય તો દશ દિવસ ઇત્યાદિકજ આશૌચ જાણવું.

ग्राममध्येयावच्छवस्तिष्ठतितावद्ग्रामस्याशौचं नगरेतुनैवं ग्रामनगरलक्षणान्यन्यत्र गृहेगवादिपशुमृतौयावच्छवस्तिष्ठेत्तावदाशौचं द्विजगृहेशुनोमृतौगृहस्यदशरात्रमाशौचं शूद्रमरणेमासं पतितमृतौमासद्वयं म्लेच्छादिमृतौमासचतुष्टयं दासानांगृहजातक्रीतऋणमोक्षितलब्धत्वादिप्रकाराणांस्वामिमरणेस्वजातीयाशौचं युद्धेशस्त्रघातेनसद्योमृतेस्नानमात्रंनाशौचमंत्यकर्मापिदशाहादिकंसद्यएवकर्तव्यं युद्धक्षतेनकालांतरेमरणेएकाहः त्र्यहादूर्ध्वंयुद्धक्षतेनमरणेपराङ्मुखहतेयुद्धेकपटेनहतेचत्रिरात्रं युद्धक्षतेनसप्तरात्रादूर्ध्वंमृतौदशाहइत्याहुः शिष्टास्तुयुद्धेहतस्यसद्य शौचादिकंलोकविद्विष्टत्वान्नवदंति प्रयागादौकाम्यमरणेस्नानमात्रं प्रायश्चित्तार्थमग्न्यादिमरणेएकाहः महारोगपीडाक्षमाणांजलादिप्रवेशेत्रिरात्रं अत्रापिनशिष्टाचारसंमतिः एवंकारागृहेमृतस्यैकरात्रेपि ॥

ગામમાં જ્યહાંપર્યંત શબ પડ્યુ હોય ત્યહાંપર્યંત ગામને આશૌચ છે. નગરવિષે તો, આશૌચ નથી. ગામ તથા નગરનાં લક્ષણ બીજા ગ્રંથમાં જોવાં, ઘેર ગાય ઇત્યાદિ પશુ મરે તો જ્યહાંલગી તે પશુનું શબ રહે ત્યહાંલગી આશૌચ. બ્રાહ્મણને ઘેર કુતરૂ મૃત થયા છતાં તે ઘરને દશ રાત્રિ આશૌચ, શૂદ્ર મૃત થયા છતાં માસપર્યંત આશૌચ, પતિત મૃત થયા છતાં બે માસપર્યંત આશૌચ, મ્લેચ્છાદિક મૃત થયા છતાં ચાર માસ આશૌચ જાણવું. ઘેર જન્મેલો, વેચાતો લીધેલો, કર્જ આપી છોડાવેલો તથા મળેલો ઇત્યાદિ પ્રકારનો દાસ એણે સ્વામી (ધણી) મૃત થયા છતાં પોતાની જાતીનું આશૌચ પાળવું. યુદ્ધમાં શસ્ત્રના પ્રહારથી તત્કાળ મૃત થયા છતાં સ્નાન માત્ર કરવું, આશૌચ નહીં, તથા તેનું દશાહાદિક અંત્યકર્મ પણ તત્કાળજ કરવુ. યુદ્ધસંબંધી પ્રહારથી કાળાંતરે મૃત થાય તો એક દિવસ આશૌચ. ત્રણ દિવસ પછી યુદ્ધના ઘાથી મૃત થયા છતાં તથા યુદ્ધમાંથી પાછો ભાગતાં મરાયા છતાં અથવા યુદ્ધમાં કપટથી મરાયા છતાં ત્રણ રાત્રિ આશૌચ. યુદ્ધના પ્રહારથી સાત રાત્રિ પછી મૃત થયા છતાં દશ દિવસ આશૌચ એમ કહે છે. શિષ્ટ તો, યુદ્ધમાં મૃત થયેલાની સદ્યઃશુદ્ધિ લોકમાં નિંદિત છે માટે કહેતા નથી. પ્રયાગ ઇત્યાદિક ક્ષેત્રમા કામનાથી મૃત થયા છતાં સ્નાન માત્ર. પ્રાયશ્ચિત્તમાટે અગ્નિ ઇત્યાદિકવડે મૃત થયા છતાં એક દિવસ આશૌચ. મહારોગની પીડા સહન કરવાવિષે અસમર્થ થઈ જળ ઇત્યાદિકમાં પ્રવેશ કરી મૃત થયા છતા ત્રણ રાત્રિ આશૌચ. એવિષે પણ શિષ્ટાચારની સમતિ નથી. એ રીતે કેદખાનામાં મૃત થયેલાના એક રાત્રિ આશૌચવિષે પણ શિષ્ટાચારની સંમતિ નથી.

अथातिक्रांताशौचम् ॥ तत्रजननाशौचेतिक्रांताशौचंनास्ति पितुःस्नानमात्रंतत्रापिभवति मृताशौचेप्यनुपनीतमरणादिनिमित्तेषुत्रिरात्रैकरात्रेषुमातुलादिपरगोत्रीयमरणनिमित्तकेषु पक्षिणीत्रिरात्रादिषुचातिक्रांताशौचंनास्ति तत्रोढकन्यायाःपित्रोर्मरणेत्रिरात्रेतिक्रांतेपि दशाहांतस्त्र्यहं तदूर्ध्वंवत्सरांतरेपिपक्षिणीत्युक्तं एवंसोदकादिविषयत्रिरात्रादिष्वतिक्रांताशौचंन स्नानमात्रंत्वत्रापिकालांतरेपिभवत्येव किंतुदशाहादिमृताशौचविषयमेवातिक्रांताशौचंकर्तव्यं तत्रदशाहाद्याशौचानांत्रिरात्रादीनांचतत्तदाशौचमध्येज्ञानेवशिष्टदिनैः शुद्धिः पुत्रादेरपिशेषदिनैरेवशुद्धिः अंत्यकर्मापिशेषदिनैरेव समापनीयं एवमस्थिपर्णशरसंस्कारेपिशेषेणैव एवंसोदकेत्रिरात्रेपिशेषेणशुद्धिः त्रिरात्राद्युत्तरंतुदशाहन्यूनाशौचानांदशाहमध्येज्ञानेपिनातिक्रांताशौचंकिंतुस्नानमात्रं मातापित्रोर्मरणेदूरदेशेपिवत्सरांतरेपिमरणेपुत्रस्यश्रवणप्रभृतिदशाहादिपूर्णमेवाशौचं दंपत्योःपरस्परंदेशांतरेकालांतरेपिपूर्णदशाहमेव सपत्नीनांपरस्परंदेशकालविशेषानपेक्षंदशाहमेव सापत्नमातुर्मरणेपुत्रस्यदशाहोर्ध्वंदेशकालानपेक्षंत्रिरात्रं औरसपुत्रमृतौमातापित्रोर्वत्सरांतरेपित्रिरात्रं दशाहोर्ध्वमेकदेशेसपिंडमरणेज्ञातेमासत्रयपर्यंतंत्रिरात्रं षण्मासपर्यंतंपक्षिणी नवमासपर्यंतमेकरात्रं ततोवर्षपर्यंतंसज्योतिःस्नानमात्रंवा माधवमतेपक्षत्रयपर्यंतंत्रिरात्रं षण्मासपर्यंतंपक्षिणी वर्षपर्यंतमेकरात्रं वर्षोर्ध्वंस्नानमात्रमिति अत्रापदनापद्विषयत्वेनव्यवस्था ॥

---

[१] इदमातुलादित्रिरात्रपक्षिण्यादीनामुपलक्षणम् ॥

હવે અતિક્રાંતાશૌચ કહે છે.

તેમાં જનન આશૌચવિષે અતિક્રાંત આશૌચ નથી. પિતાને સ્નાન માત્ર જનનાશૌચવિષે પણ છેજ. મૃતાશૌચવિષે પણ ઉપવીત ન થયેલાનું મરણ ઇત્યાદિ નિમિત્તથી ત્રિરાત્રે, એક રાત્ર આશૌચ તથા પરગોત્રમાંના મામા ઇત્યાદિકના મરણ નિમિત્તથકી જે પક્ષિણી, ત્રિરાત્ર ઇત્યાદિક આશૌચ તેવિષે અતિક્રાંત આશૌચ નથી. તેમાં માતાપિતા મૃત થયા છતાં પરણેલી કન્યાને ત્રણ રાત્રિ ગયા પછી પણ દશ દિવસની અંદર ત્રણ રાત્રિ આશૌચ છે. દશ દિવસ પછી વર્ષની અંદર પણ પક્ષિણી આશૌચ, એમ કહ્યું છે. એ રીતે સોદકાદિકવિષે જે ત્રિરાત્રાદિક આશૌચ તેવિષે અતિક્રાંતાશૌચ નથી, તથાપિ સ્નાન માત્ર તો ઇહાં કાળાંતર છતાં પણ છેજ; ત્યારે દશ દિવસ ઇત્યાદિક જે મૃતાશૌચ તેવિષેજ અતિક્રાંતાશૌચ પાળવું. તેમાં દશ દિવસાદિક આશૌચ તથા ત્રિરાત્રાદિક આશૌચ એમનું તે તે આશૌચમાં જ્ઞાન થયા છતાં બાકીના દિવસોવડે શુદ્ધિ જાણવી. પુત્રાદિકોની પણ શેષ દિવસવડેજ શુદ્ધિ જાણવી. અંત્યકર્મ પણ શેષ દિવસવડેજ સમાપ્ત કરવું. એ રીતે અસ્થિસંસ્કાર, પર્ણશરસંસ્કાર (પુત્તલવિધાન) તે પણ શેષ દિવસવડેજ સમાપ્ત કરવાં. એ રીતે [1]સોદકના ત્રિરાત્ર આશૌચવિષે પણ શેષ દિવસવડે શુદ્ધિ જાણવી. ત્રિરાત્રિ ઇત્યાદિ પછી તો દશ દિવસકરતાં ઓછા આશૌચનું દશ દિવસની અંદર જ્ઞાન થયા છતાં પણ અતિક્રાંત આશૌચ નથી; ત્યારે સ્નાન માત્ર કરવું. માતા પિતા મૃત થયા છતાં દૂર દેશમાં રહ્યા છતાં પણ તથા બીજા ઇત્યાદિ વર્ષ છતાં પણ સાંભળ્યું તો પણ પુત્રને સાંભળવાના દિવસથકી દશ દિવસાદિક પૂર્ણજ આશૌચ છે. સ્ત્રી પુરૂષને પરસ્પર દેશાંતર તથા કાળાંતરવિષે પણ સંપૂર્ણ દશ દિવસજ આશૌચ છે. શોક બેહેનોને પરસ્પર દેશ કાળના વિશેષવિના દશ દિવસજ આશૌચ છે. સાવકી માતા મૃત થયા છતાં પુત્રને દશ દિવસ પછી દેશ કાળની ગરજવિના ત્રણ રાત્રિ આશૌચ છે. ઔરસ (સગો) પુત્ર મૃત થયા છતાં માતા પિતાને બીજાં વર્ષોમાં પણ ત્રણ રાત્રિ આશૌચ. દશ દિવસ પછી એક દેશમાં સપિંડના મરણનું જ્ઞાન થયા છતાં ત્રણ માસપર્યંત ત્રણ રાત્રિ, છ માસપર્યંત પક્ષિણી, નવ માસપર્યંત એક રાત્રિ. નવ માસ પછી વર્ષપર્યંત સજ્યોતિ અથવા સ્નાન માત્ર કરવું; માધવને મતે તો, દોઢ માસપર્યંત ત્રણ રાત્રિ, છ માસપર્યંત પક્ષિણી, વર્ષપર્યંત એક રાત્રિ અને વર્ષ પછી સ્નાન માત્ર, એ બે મતવિષે, આપત્તિ તથા અનાપત્તિ એ વિચારી વ્યવસ્થા કરવી.

अथदेशांतरेसपिंडमरणेदशाहोर्ध्वंज्ञातेपक्षत्रयपर्यंतंत्रिरात्रं षण्मासपर्यंतंपक्षिणी नवमासपर्यंतमेकाहः वर्षपर्यंतंसज्योतिरितिमाधवमतं विज्ञानेश्वरस्तु देशांतरेसपिंडमरणेदशाहोर्ध्वंज्ञातेस्नानमात्रमित्याह अत्रमाधवमतमेवयुक्तं अतिक्रांताशौचंवयोवस्थानिमित्तकाशौचंचसर्ववर्णसाधारणं देशांतरंतुविप्रस्यविंशतियोजनात्परं क्षत्रियादेःक्रमेणचतुर्विंशतित्रिंशत्षष्टियोजनैः केचिद्विप्रस्यत्रिंशद्योजनोत्तरंदेशांतरमाहुः भाषाभेदसहितमहागिरिणाभाषाभेदसहितमहानद्यावाव्यवधानमपिदेशांतरं यत्तु केचिद्भाषाभेदरहितमपिगिरिनदीव्यवधानंदेशांतरमाहुः तद्योजनगतविंशत्यादिसंख्यायाश्चतुरादिन्यूनत्वेपिदेशांतरत्वसंपादकतयायोज्यमितिभाति अन्यथामहानदीपरपूर्वतीरवासिनामेकयोजनमध्येपिदेशांतरत्वापत्तेः अत्रसगोत्रविषयाशौचान्येवभार्यापतिपुत्रादिभिःसर्वैरनुष्ठेयानि यानितु मातुलत्वभगिनीत्वादिप्रयुक्तानिभिन्नगोत्राशौचानि तेषुजायापतिपुत्रादिषुमध्येयत्संबंधियत्तत्तेनैवानुष्ठेयंनसर्वैः ॥

હવે દેશાંતરમાં સપિંડના મરણનું દશ દિવસ પછી જ્ઞાન થયા છતાં દોઢ માસપર્યંત ત્રણ રાત્રિ, છ માસપર્યંત પક્ષિણી, નવ માસપર્યંત એક દિવસ, વર્ષપર્યંત સજ્યોતિ એપ્રમાણે માધવનો મત છે. વિજ્ઞાનેશ્વર તો, દેશાંતરમાં સપિંડના મરણનું દશ દિવસ પછી જ્ઞાન થયા છતાં સ્નાન માત્ર કરવું એમ કહે છે, એવિષે માધવનો મતજ યોગ્ય છે. અતિક્રાંતાશૌચ તથા વયોવસ્થાનિમિત્તક આશૌચ એ સઘળા વર્ણને સાધારણ છે. દેશાંતર તો બ્રાહ્મણને વીશ યોજનથકી પર, તથા ક્ષત્રિયાદિકોને ક્રમેકરી ચોવીશ, ત્રીશ અને સાઠ યોજનવડે દેશાંતર જાણવું. કોઇ ગ્રંથકાર, ત્રીશ યોજન પછી બ્રાહ્મણને દેશાંતર કહે છે. ભાષા જુદી છતાં મ્હોટો પર્વત અથવા ભાષા જુદી છતાં મ્હોટી નદીનું વચમાં અંતર થવું એ પણ દેશાંતર છે. કોઈ ગ્રંથકાર, ભાષા જુદી ન છતાં પણ પર્વત, નદીનું વચમાં અંતર

---

[1] મામા ઇત્યાદિકનું ત્રણ રાત્રિ, પક્ષિણી ઇત્યાદિક જે આશૌચ તેનું ઉપલક્ષણ (સૂચવનાર) છે.

થવું તે દેશાંતર છે, એમ કહે છે, તે યોજનની વીશ ઇત્યાદિક સખ્યામાં ત્રણ ચાર યોજન ઓછાં હોય તો પણ દેશાતર સંપૂર્ણ થશે એ રીતે સિદ્ધ કરનારરૂપે જોડવું એમ ભાસે છે. જો એમ યોજના ન કરિયે તો મહાનદીને આગલે તીરે તથા પરલે તીરે રહેવાવાળાઓને એક યોજનમાં પણ દેશાંતર થશે. આ વિષયમાં સગોત્રસબધી જે આશૌચ તે માત્ર સ્ત્રી, પતિ, પુત્ર ઇત્યાદિ સઘળાઓએ પાળવું. જે ફરી મામો બેહેન ઇત્યાદિકસબધી જુદાં ગોત્રમાંના આશૌચ તેમાં સ્ત્રી, પતિ, પુત્ર ઇત્યાદિકમાં જે જેનો સબધી હોય તેણે તેનુજ આશોચ પાળવું. સઘળાઓએ પાળવું નહીં.

रात्रौजननमरणेरात्रौमरणज्ञानेवारात्रिंत्रिभागांकृत्वाप्रथमभागद्वयेपूर्वेदिनंतृतीयभागेउत्तरदिनमारभ्याशौचं यद्वार्धरात्रात्प्राक्पूर्वेदिनंपरतःपरदिनं अत्रदेशाचारादिनाव्यवस्था ॥

રાત્રિએ જન્મ અથવા મરણ થાય કિંવા રાત્રિએ મરણનું જ્ઞાન થયા છતાં રાત્રિના ત્રણ ભાગ કરી તેમાંના પ્રથમના બે ભાગ છતા પ્રથમ દિવસ, તથા ત્રીજે ભાગ છતાં બીજે દિવસ, તે દિવસથકી આશૌચ પાળવુ. અથવા અર્ધ રાત્રિથકી પ્રથમ પ્રથમ દિવસે અને અર્ધ રાત્રિ પછી બીજે દિવસ; આ વિષયમા દેશાચાર ઇત્યાદિકેકરી વ્યવસ્થા જાણવી.

आहिताग्नेर्मंत्रवद्दाहदिनमारभ्यपुत्रादिभिराशौचंकार्यं अत्राहिताग्निपदेनश्रौताग्निनयवान्ग्राह्यः तद्भिन्नोगृह्याग्निमानप्यनाहिताग्निपदेनग्राह्यः आहिताग्नेर्विदेशमरणेमंत्रवद्दाहात्पूर्वंपुत्रादीनामाशौचं संध्यादिनित्यकर्मलोपश्चनास्ति मंत्रवद्दाहमारभ्यतुपुत्रादिसपिंडानांदुहितृदौहित्रादिभिन्नगोत्राणांचाशौचंभवत्येव नत्वतिक्रांतनिमित्तकआशौचाभावस्तत्स्यह्रासोवा अतएवाहिताग्नेःपर्णशरदाहेपिदशाहमेव देशांतरेकालांतरेपिसिद्ध्यति अनाहिताग्नेर्मरणदिनादारभ्यपुत्रादिभिराशौचंकार्यं अनाहिताग्नेर्देशांतरे मरणेअतिक्रांताशौचंमरणश्रवणानंतरमेवपूर्वोक्तव्यवस्थयाकार्यं अनाहिताग्नेरस्थिदाहपर्णशरदाहयोस्तुपूर्वमगृहीताशौचयोर्भार्यापुत्रयोर्दशाहमेव गृहीताशौचयोस्तुसंस्कारकर्तृभिन्नयोर्दाहकालेत्रिरात्रं सपत्न्योर्मिथश्चैवं पत्नीसंस्कारेपत्युश्चैवं एतद्भिन्नसपिंडानांतुपूर्वमगृहीताशौचानामनाहिताग्निसंस्कारकालेत्रिरात्रं गृहीताशौचानांतुसपिंडानांदाहकालेस्नानमात्रं इदंसपिंडानांत्रिरात्रादिकंपुत्रादेर्दशाहादिकंचदशाहोर्ध्वंसंस्कारकरणेज्ञेयं दशाहमध्येसंस्कारकरणेतुशेषदिनैरेवशुद्धिः कर्मसमाप्तिश्चआहिताग्नेरेवदशाहमध्येपि शरीरदाहेस्थिदाहेपर्णशरदाहेवाशेषेणनशुद्धिः समंत्रकदाहदिनस्यैवप्रथमदिनत्वादित्युक्त दशाहोर्ध्वंदेशांतरमृतानाहिताग्निवार्ताश्रवणदिनात्स्तत्रिरात्राशौचानांसपिंडानांचतुर्थादिदिनेपुसंस्कारारंभेदाहकालेस्नानं अगृहीताशौचानांत्रिदिनमेव भार्यापुत्रादे श्रवणदिनादारभ्यदशाहं द्वितीयादावह्न्यारंभेचतुर्थदिनेसपिंडशुद्धिः भार्यादेर्दशाहमेवश्रवणदिनादित्यूह्यं देशांतरगतस्यद्वादशवर्षादिप्रतीक्षोत्तरपर्णशरदाहेप्येवमेव पुत्रादेःसपिंडानांचदशरात्रत्रिरात्रादिकमूह्यं प्रतीक्षाचयदारभ्यवार्तानश्रूयतेतदारभ्यपंचदशवर्षाणिमातापित्रोः अन्येषांपूर्ववयसिविंशतिः मध्यमेपंचदश उत्तरेवयसिद्वादश प्रतीक्षायुक्त्यादिभिर्मरणनिश्चयासंभवेकार्या ॥

આહિતાગ્નિનો મત્રસહિત દાહ જે દિવસે થાય તે દિવસથકી આરભ કરી પુત્રાદિકે આશૌચ પાળવું. આ ઠેકાણે ‘ આહિતાગ્નિ ’ પદવડે ત્રણ શ્રૌતાગ્નિએ યુક્ત તે ગ્રહણ કરવો. તેથી જુદો ગૃહ્યાગ્નિમાન્ તે પણ ‘ અનાહિતાગ્નિ ’ એ પદવડે ગ્રહણ કરવો. આહિતાગ્નિ વિદેશમાં મૃત થયા છતાં સમત્રક દાહથકી પ્રથમ પુત્રાદિકને આશૌચ તથા સધ્યાદિક નિત્યકર્મનો લોપ એ નથી. મત્રસહિત દાહના આરભથકી તો, પુત્રાદિક સપિંડ અને કન્યા દૌહિત્રા ઇત્યાદિક ભિન્ન ગોત્રવાળા એમને પણ આશૌચ છેજ, અતિક્રાંત નિમિત્તથકી આશૌચનો અભાવ તથા તે આશૌચમાં ઓછું કરવું, એ નથીજ, માટેજ આહિતાગ્નિ પુત્તલવિધાનથકી દાહ થયો હોય તો પણ અને દેશાતર તથા કાળાંતર છતાં પણ દશ દિવસજ આશૌચ એમ સિદ્ધ થાય છે. અનાહિતાગ્નિનુ મરણદિવસથકી આરભ કરી પુત્રાદિકોએ આશૌચ પાળવુ. અનાહિતાગ્નિ દેશાંતરમા મૃત થયા છતા અતિક્રાતાશૌચ, મરણ સાંભળવા પછીજ પ્રથમ કહેલી વ્યવસ્થાવડે પાળવું. અનાહિતાગ્નિનો અસ્થિદાહ અથવા પર્ણશરદાહ (પુત્તલવિધાન) હોય તો, પ્રથમ આશૌચ ન પાળેલુ એવા સ્ત્રી તથા પુત્રોએ દશ દિવસજ આશૌચ પાળવું. પ્રથમ સ્ત્રી પુત્રોએ આશૌચ પાળ્યુ હોય તો સસ્કારકર્ત્તાવિના બીજાં જે સ્ત્રી પુત્ર તેમણે દાહકાળે ત્રણ રાત્ર આશૌચ પાળવુ. શોક (બેહેનો)નુ પરસ્પર એ પ્રમાણે આશૌચ જાણવુ. સ્ત્રીના સસ્કારમાં પતિને

પણ એપ્રમાણે જાણવું. એ કરતાં બીજા જે સપિંડ તેમણે પ્રથમ આશૌચ પાળ્યું ન હોય તો, અનાહિતાગ્નિના સંસ્કારમાં ત્રણ રાત્રિ આશૌચ પાળવું. જે સપિંડોએ આશૌચ પાળ્યું હોય તેમણે દાહસમયે સ્નાન માત્ર કરવું. આ સપિંડોને ત્રિરાત્રાદિક તથા પુત્રાદિકને દશાહાદિક જે આશૌચ કહ્યું તે દશ દિવસ પછી સંસ્કાર કર્યા છતાં જાણવું. દશ દિવસની માંહ સસ્કાર કર્યા છતાં બાકીના દિવસોવડેજ શુદ્ધિ તથા કર્મની સમાપ્તિ થાય છે. આહિતાગ્નિનોજ દશ દિવસની પણ અંદર શરીરદાહ, અસ્થિદાહ અથવા પાલાશવિધિવડે દાહ છતાં શેષ દિવસોવડે શુદ્ધિ થતી નથી; કારણ આહિતાગ્નિનો સમંત્રક દાહ જે દિવસે થાય છે તેજ તેનો પ્રથમ દિવસ એમ કહ્યું છે. દેશાંતરમાં મૃત થયેલા અનાહિતાગ્નિની મરણવાર્ત્તા દશ દિવસ પછી સાંભળવાથી સાંભળવાના દિવસને આરંભી ત્રણ દિવસ આશૌચ સપિંડોએ પાળ્યાં છતાં ચોથા ઇત્યાદિ દિવસે ક્રિયાનો આરંભ કર્યો હોય તો દાહ સમયે સપિંડોએ સ્નાન માત્ર કરવું, જેમણે આશૌચ પાળ્યું ન હોય એવા સપિંડોએ ત્રણ દિવસજ આશૌચ પાળવું. સ્ત્રી, પુત્ર ઇત્યાદિકને શ્રવણના દિવસથકી દશ દિવસ આશૌચ. બીજા ઇત્યાદિ દિવસે સંસ્કારનો આરંભ કર્યા છતાં ચોથે દિવસે સપિંડોની શુદ્ધિ થાય છે. ભાર્યા ઇત્યાદિકની શ્રવણ દિવસથકી દશ દિવસેજ શુદ્ધિ, એપ્રમાણે જાણવું. દેશાંતર ગયેલાની બાર વર્ષ વાટ જોયા પછી પુત્તલવિધિવડે દાહ કર્યા છતાં પણ એવોજ નિર્ણય જાણવો. પુત્રાદિક તથા સપિંડ એમને ક્રમેકરી દશ રાત્ર તથા ત્રિરાત્ર ઇત્યાદિક જાણવું. વાટ જોવી તે જે દિવસથકી વાર્ત્તા સંભળાય નહીં તે દિવસથકી પંદર વર્ષે માતા પિતાની વાટ જોવી; બીજાઓની પ્રથમ વય છતાં વીસ વર્ષ, મધ્યમ વય છતાં પંદર વર્ષ, અને ઉત્તર વય છતાં બાર વર્ષ; મરણના નિશ્ચયનો અસંભવ છતાં યુક્તિ ઇત્યાદિકેકરી વાટ જોવી.

अथाशौचसंपातेनिर्णयः ॥ दशाहमृताशौचेदशाहस्यततोन्यूनस्यवामृताशौचस्यसंपाते पूर्वप्रवृत्ताशौचसमाप्त्याशुद्धिः १ दशाहजननाशौचेदशाहंन्यूनंवाजननाशौचंपततिचेत्पूर्वप्रवृत्तसमाप्त्याशुद्धिः २ दशाहमृताशौचेजननाशौचंदशाहंत्र्यहंवासंपतेत्तदामृताशौचसमाप्त्याशुद्धिः ३ त्र्यहमृताशौचेत्र्यहंततोन्यूनंवामृताशौचंत्र्यहंजननाशौचंवासंपतेत्तदापूर्वप्रवृत्तांतेशुद्धिः ४ त्रिदिनजननाशौचेत्रिदिनजननाशौचपातेपूर्वांतेशुद्धिः ५ पक्षिणीमृताशौचेपक्षिण्येकाहान्यतरमृतकपातेपूर्वांतेशुद्धिः जननाशौचेनसमेनाधिकेनवामृताशौचंनापैति पक्षिण्यादिरूपमृतकेनत्रिदिनंदशाहंचजननाशौचं त्रिदिनमृताशौचेनदशाहंजाताशौचंचनापैतीतिबहवः कश्चित्तुन्यूनेनापिमृतकेनाधिकस्यापिजाताशौचस्यनिवृत्तिरित्याह त्रिदिनमृताशौचेनदशाहंमृतकंननिवर्तते एवंपक्षिण्यात्रिदिनमेकाहेनपक्षिणीच नापैति त्रिदिनजाताशौचेनदशाहंजाताशौचंननिवर्तते ॥

હવે આશૌચના સંપાત (બે, ત્રણ ભેળાં થવા) વિષે નિર્ણય કહે છે.

૧ દશ દિવસનું મૃતાશૌચ છતાં, તેમાં દશ દિવસનું અથવા તેથી ઓછું એવું મૃતાશૌચ પ્રાપ્ત થાય તો પ્રથમ ચાલેલા આશૌચની સમાપ્તિવડે શુદ્ધિ થાય છે. ૨ દશ દિવસના જનનાશૌચમાં, દશ દિવસનું અથવા તેથી ઓછું જનનાશૌચ પ્રાપ્ત થાય તો પ્રથમ ચાલેલા આશૌચની સમાપ્તિવડે શુદ્ધિ થાય છે. ૩ દશ દિવસના મૃતાશૌચવિષે, દશ દિવસનું અથવા ત્રણ દિવસનું એવું જનનાશૌચ પ્રાપ્ત થાય તો મૃતાશૌચની સમાપ્તિવડે શુદ્ધિ થાય છે. ૪ ત્રણ દિવસનાં મૃતાશૌચવિષે, ત્રણ દિવસનું અથવા તેથી ઓછું એવું મૃતાશૌચ કિંવા ત્રણ દિવસનું જનનાશૌચ પ્રાપ્ત થાય તો પ્રથમ ચાલેલાં આશૌચની અંતે શુદ્ધિ થાય છે. ૫ ત્રણ દિવસનાં જનનાશૌચમાં, ત્રણ દિવસનું જનનાશૌચ પ્રાપ્ત થાય તો પૂર્વે આશૌચની અંતે શુદ્ધિ. ૬ પક્ષિણી મૃતાશૌચવિષે, પક્ષિણી કિંવા એક દિવસ એમાંનું એકાદું મૃતાશૌચ પ્રાપ્ત થયા છતાં પૂર્વે આશૌચની અંતે શુદ્ધિ થાય છે. સરખું અથવા અધિક એવા જનનાશૌચવડે મૃતાશૌચ નિવૃત્ત થતું નથી. પક્ષિણી ઇત્યાદિરૂપ મૃતાશૌચવડે ત્રણ દિવસનું અથવા દશ દિવસનું એવું જનનાશૌચ; અને ત્રણ દિવસનાં મૃતાશૌચવડે દશ દિવસનુ જાતાશૌચ નિવૃત્ત થતું નથી, એમ ઘણા ગ્રંથકારો કહે છે. કોઇ ગ્રંથકાર તો, ઓછા એવા પણ મૃતાશૌચવડે અધિક એવા જાતાશૌચની નિવૃત્તિ થાય છે, એમ કહે છે. ત્રણ દિવસના મૃતાશૌચવડે દશ દિવસનું મૃતાશૌચ નિવૃત્ત થતું નથી. એ રીતે પક્ષિણી આશૌચવડે ત્રણ દિવસનું તથા એક દિવસના આશૌચવડે પક્ષિણી આશૌચ જતું નથી. ત્રણ દિવસના જાતાશૌચવડે દશ દિવસનું જનનાશૌચ નિવૃત્ત થતું નથી.

अत्रेदंबोध्यम् ॥ संपातोनामाशौचिनामेकाशौचित्वज्ञानेपराशौचित्वज्ञानं तेनपूर्वाशौचमध्येउत्पन्नमपिपराशौचंपूर्वाशौचांतेज्ञातंचेत्पूर्वेणननिवर्ततेसंपाताभावात् पूर्वत्वपरत्वेतूत्पत्तिकृतेनज्ञानकृते तेनपूर्वोत्पन्नस्यपरोत्पन्नज्ञानोत्तरंज्ञानेपिपूर्वोत्पन्नेनपरोत्पन्नंतन्मध्येज्ञातंनिवर्ततएव संपातएवज्ञानकृतो नतुपूर्वत्वादिकमितिसिद्धांतादिति दशाहांत्यरात्रौयदिनिवृत्तियोग्यं[1]दशाहसंपातस्तदादिनद्वयमधिकं कार्यं दशमरात्रेश्चतुर्थयामेनिवृत्तियोग्यदशाहांतरसंपातेदिनत्रयमधिकम् दशाहांत्यरात्रौचतुर्थयामे वानिवृत्तियोग्यत्रिरात्राशौचपातेतुपूर्वेणशुद्धिर्नद्व्यहादिवृद्धिः एवंत्र्यहाद्याशौचानांनिवृत्तियोग्यानांपरस्परंतृतीयरात्रौतृतीयरात्रिशेषेवासंपातेपूर्वेणशुद्धिर्नद्व्यहादिवृद्धिः वर्धितद्वित्रिदिनेदशाहांतरपातपूर्वेणद्विरात्रेणत्रिरात्रेणवाननिवृत्तिः वर्धितद्विरात्रेणपक्षिण्यानिवृत्तिः वर्धितत्रिरात्रेणान्यत्रिरात्रस्य निवृत्तिः ॥

આ વિષયમાં[2] એ જાણવું.—સૂતકીઓને એક સૂતકીપણાનું જ્ઞાન છતાં તેમાં બીજા સૂતકીપણાનું જે જ્ઞાન તે **સંપાત**; તેથી એવું થાય છે કે, પ્રથમના આશૌચમાં જો બીજું આશૌચ ઉત્પન્ન થયું તો પણ પ્રથમના આશૌચની અંતે જો જ્ઞાન થયું હોય તો પ્રથમના આશૌચવડે તે આશૌચ નિવૃત્ત થતું નથી, કારણ, સંપાતનો અભાવ છે. પૂર્વપણું અને પરપણું એ ઉત્પત્તિવડે કરેલું છે, જ્ઞાનવડે કરેલું નથી; તેથી પ્રથમ ઉત્પન્ન થયેલાનું જ્ઞાન, પછી ઉત્પન્ન થયેલાના જ્ઞાન પછી થાય તો પણ પ્રથમ ઉત્પન્ન થયેલા આશૌચવડે પછી ઉત્પન્ન થયેલું વચમાં જાણ્યું તો તે નિવૃત્તિ થાયજ છે; કારણ, સંપાતજ જ્ઞાને કરેલો છે, પૂર્વપણું ઇત્યાદિક જ્ઞાને કરેલું નથી, એવો સિદ્ધાંત છે. દશ દિવસના આશૌચની છેલ્લી રાત્રે જો નિવૃત્તિ થવાને યોગ્ય એવું બીજું દશ દિવસનું આશૌચ પ્રાપ્ત થાય તો બે દિવસ અધિક પાળવું. દશમી રાત્રિને ચોથે પોહોરે નિવૃત્તિ થવાયોગ્ય એવું દશ દિવસનું બીજું આશૌચ પ્રાપ્ત થાય તો ત્રણ દિવસ અધિક પાળવું. દશ દિવસના આશૌચની છેલ્લી રાત્રિએ અથવા (તે રાત્રિના) ચોથે પોહોરે નિવૃત્તિ થવાયોગ્ય એવું ત્રણ રાત્રિનું આશૌચ પ્રાપ્ત થાય તો પૂર્વના આશૌચવડે શુદ્ધિ થાય છે, બે દિવસ ઇત્યાદિક અધિક પાળવાનું પ્રયોજન નથી. એ રીતે નિવૃત્તિ થવાયોગ્ય એવાં ત્રણ દિવસ ઇત્યાદિક આશૌચ પરસ્પર ત્રીજી રાત્રિએ અથવા ત્રીજી રાત્રિના શેષમાં પ્રાપ્ત થયા છતાં પૂર્વના આશૌચવડે શુદ્ધિ થાય છે, બે દિવસ ઇત્યાદિક અધિક પાળવાનું પ્રયોજન નથી. અધિક પાળેલા એવા બે, ત્રણ દિવસ આશૌચમાં બીજું દશ દિવસનું આશૌચ પ્રાપ્ત થાય તો પ્રથમના બે અથવા ત્રણ દિવસવડે (તે) આશૌચની નિવૃત્તિ થતી નથી. અધિક પાળેલી બે રાત્રિ આશૌચવડે પક્ષિણીની નિવૃત્તિ થાય છે. અધિક પાળેલી ત્રણ રાત્રિ આશૌચવડે બીજી ત્રણ રાત્રિની નિવૃત્તિ થાય છે.

यदातुभागिनेयादिर्मातुलादेरंत्यकर्मकरोति तदातन्निमित्तेदशाहाद्याशौचेसतियदिसपिंडमरणनिमित्तंदशाहादिकंपततितदातस्यपूर्वेणशुद्धिर्नभवति कर्मांगाशौचस्यास्पृश्यतामात्रप्रयोजकत्वेनसंध्यादिकर्मलोपाभावेनलघुत्वात् लघुनागुरोर्निवृत्त्यभावात् एवंत्रिरात्रपातेपिजननत्रिरात्रस्यनिवृत्तिर्मृतकत्रिरात्रस्यनेत्यादिकमूह्यं पुत्रस्यसपिंडाशौचेनमातापित्रोराशौचंनापैति एवंभार्यायाभर्त्राशौचंनापैति केचित्पत्युर्भार्याशौचमपिनापैतीत्याहुः मात्राशौचमध्येपित्राशौचपातेपूर्वांतेशुद्धिः स्मृत्यर्थसारादयस्तु पितुःसंपूर्णमेवाशौचंकार्यमित्याहुः पित्राशौचेमातुर्मरणेपित्राशौचंसमाप्यपक्षिणीमधिकांकुर्यात् इयंपक्षिणीवृद्धिर्दशमरात्रेर्वाङ्मरणेतज्ज्ञानेवाभवति दशमरात्रौतद्रात्रिचतुर्थयामेवामातृमरणादौतुद्विरात्रत्रिरात्रावेवनपक्षिणी मातुरनाहिताग्निभर्तुर्मरणाद्द्वितीयादिदिनेपुसहगमनेपित्राधिकापक्षिणीभर्त्राशौचांतेशुद्धिः नवश्राद्धपिंडादिकंयुगपत्समापयेत् भर्त्राशौचोत्तरमन्वारोहणेत्रिरात्रं एतत्त्रिरात्रंसपिंडानामेवपुत्रस्यतुमात्राशौचंसंपूर्णमेवेतिभाति सहगमनेसपिंडानामपिपूर्णमेवाशौचं त्रिरात्रंत्वनुगमनपरमिति गौडाः इदमेवयुक्तम् इयंसंपातेपूर्वेणशुद्धिःसूतिकायाअग्नि[3]दस्यचनास्ति यदादेशांतरमृतपितुर्वार्तांश्रुत्वापुत्रैर्दशाहमाशौचंकृतंसंस्कारस्त्वस्थ्यलाभादिहेत्वंतरवशान्नकृतोदशाहोत्तरंचसंस्कारआरब्धस्तत्र संस्कारकर्तुःपुत्रस्यकर्मांगंदशाहमाशौचं तदाशौचमध्येसपिंडमरणेपूर्वांतेशुद्धिर्न मातुर्मरणेपित्राधिका

---

[1] योग्यपदजननदशाहेमृतदशाहवारणाय एवमग्रेप्यूह्यम्.

[2] આગળ કહેશું તે.

[3] संकरजादीनां॥

पक्षिणी किंतुसपिंडाशौचंमात्राशौचंचसंपूर्णमेवकार्यं अतिक्रांतकालाद्वर्तमानस्यबलवत्त्वात एवंद्वादशवर्षादिप्रतीक्षोत्तरंपुत्रादिभिःक्रियमाणपित्रादिसंस्कारांगदशाहाशौचेन्यसपिंडादिमरणेपीति पूर्वशेषेणशुद्धेरपवादःसिंधावुक्तः जननाशौचेमृताशौचेवामृतकसंपातेपिंडदानाद्यंत्यकर्मप्रतिबंधोनास्ति मृताशौचेजाताशौचेवापुत्रजननेजातकर्मादिप्रतिबंधोनास्तीत्येके पूर्वाशौचांतेजातकर्मेत्यन्ये मातुर्याधिकापक्षिणीतन्मध्येपितुर्महैकोद्दिष्टश्राद्धंवृषोत्सर्गशय्यादानादिकंचकुर्यात् अन्यसपिंडाशौचेत्वेकादशाहकृत्यंनकार्यमितिबहवः कार्यमितिकश्चित् ॥

જ્યારે ભાણેજો ઇત્યાદિક મામા ઇત્યાદિકનું અંત્યકર્મ કરે ત્યારે તેને અંત્યકર્મ કરવાસંબંધી દશ દિવસ ઇત્યાદિ આશૌચ છતાં જો તે આશૌચમાં સપિંડના મરણ નિમિત્તથકી દશ દિવસરૂપ ઇત્યાદિ આશૌચ પ્રાપ્ત થાય તો તેની પ્રથમના આશૌચવડે શુદ્ધિ થતી નથી; કારણ, કર્મનું અંગભૂત આશૌચ અસ્પૃશ્યતાનું માત્ર કારણ હોવાથી (તેમાં) સંધ્યાદિક કર્મનો લોપ થતો નથી, એ કારણથી તે લઘુ (અલ્પ) છે, માટે લઘુ આશૌચવડે ગુરુ (મ્હોટા) આશૌચની નિવૃત્તિ થતી નથી, એ રીતે ત્રણ રાત્રિ આશૌચ પ્રાપ્ત છતાં પણ ત્રિરાત્ર જનનાશૌચની નિવૃત્તિ થાય છે, મૃતક ત્રિરાત્રની નિવૃત્તિ થતી નથી ઇત્યાદિક જાણવું. સપિંડના આશૌચવડે માતા પિતાનું આશૌચ પુત્રને નિવૃત્ત થતું નથી. એ રીતે સ્ત્રીને પતિનું આશૌચ પણ નિવૃત્ત થતું નથી. કોઈ ગ્રંથકાર, પતિને સ્ત્રીનું આશૌચ પણ નિવૃત્ત થતું નથી, એમ કહે છે. માતાના આશૌચવિષે પિતાનું આશૌચ પ્રાપ્ત થાય તો પ્રથમ આશૌચની સમાપ્તિવડે શુદ્ધિ થાય છે. સ્મૃત્યર્થસારાદિક ગ્રંથ તો, પિતાનું સંપૂર્ણ આશૌચ પાળવું એમ કહે છે. પિતાના આશૌચવિષે માતા મૃત થયા છતાં પિતાનુ આશૌચ સપૂર્ણ પાળી માતાનું આશૌચ પક્ષિણી અધિક પાળવું. એ પક્ષિણી આશૌચ અધિક પાળવું તે દશમી રાત્રિથકી પ્રથમ મરણ થયા છતાં અથવા જ્ઞાન થયા છતાં પાળવું. દશમી રાત્રિએ અથવા તે રાત્રિના ચોથે પોહોરે માતાનું મરણ ઇત્યાદિક થાય તો બે રાત્રિ, ત્રણ રાત્રિજ અધિક પાળવું, પક્ષિણી પાળવું નહિ. અનાહિતાગ્નિ (જેણે અગ્નિ ગ્રહણ નથી કર્યો એવા) પતિના મરણથકી બીજા ઇત્યાદિક દિવસે માતાએ સહગમન કર્યા છતાં પણ માતાનું આશૌચ અધિક પક્ષિણી નથી, ત્યારે પતિના આશૌચની અંતે શુદ્ધિ છે. નવશ્રાદ્ધ અને પિંડાદિક સાથેજ સમાપ્ત કરવાં. પતિના આશૌચ પછી સ્ત્રી સતી થયા છતાં ત્રણ રાત્રિ આશૌચ પાળવું, એ ત્રિરાત્ર આશૌચ સપિંડોએજ પાળવું. પુત્રને તો માતાનું આશૌચ સંપૂર્ણજ છે એમ ભાસે છે. સહગમન (પતિની સાથે એક ચિતામાં જવું તે) છતાં સપિંડોને પણ પૂર્ણજ આશૌચ; ત્રિરાત્ર આશૌચ તો, અનુગમન (પાછળથી સતી થવું તે) પરાયણ છે એમ ગૌડ કહે છે, અને એજ મત યોગ્ય છે. એ સંપાતવિષે પૂર્વાશૌચવડે જે શુદ્ધિ તે સૂવાવડી તથા અગ્નિ દેનારાની થતી નથી. જ્યારે દેશાંતરે મૃત થયેલા પિતાની વાર્ત્તા સાંભળી પુત્રોએ દશ દિવસ આશૌચ પાળ્યું તથા સંસ્કાર તો અસ્થિ ન મળ્યાં ઇત્યાદિક કારણથકી કર્યો નહીં અને દશ દિવસ પછી સંસ્કારનો આરંભ કર્યો ત્યારે સંસ્કાર કરનારા પુત્રને કર્મનું અંગભૂત દશ દિવસ આશૌચ છે, તે આશૌચમાં સપિંડ મૃત થયા છતાં પૂર્વ આશૌચની અંતે શુદ્ધિ થતી નથી. માતા મૃત થયા છતાં પણ અધિક પક્ષિણી આશૌચ નહીં, ત્યારે સપિંડાશૌચ તથા માતાનું આશૌચ સંપૂર્ણ પાળવું; કારણ, ગયેલા કાળ કરતાં વર્તમાન કાળ બળવાન છે, એ રીતે બાર વર્ષ વાટ જોયા પછી પુત્રાદિકોએ કરાતા પિતાના સંસ્કારના અંગભૂત દશ દિવસનાં આશૌચવિષે બીજા સપિંડોનું મરણ છતાં પણ પૂર્વશેષેકરીને શુદ્ધિનો અપવાદ (બાધ) નિર્ણયસિંધુમાં કહ્યો છે. જનનાશૌચ અથવા મૃતાશૌચવિષે મૃતાશૌચ પ્રાપ્ત થયા છતાં પિંડદાન ઇત્યાદિક અંત્યકર્મનો પ્રતિબંધ નથી. મૃતાશૌચ અથવા જનનાશૌચવિષે પુત્રજન્મ થયા છતાં જાતકર્માદિક કરવાવિષે પ્રતિબંધ નથી. એમ કોઈ ગ્રંથકાર કહે છે. પ્રથમના આશૌચની અંતે જાતકર્મ કરવું એમ બીજા ગ્રંથકાર કહે છે. માતાનું જે અધિક પક્ષિણી આશૌચ તેવિષે પણ પિતાનું મહૈકોદ્દિષ્ટશ્રાદ્ધ, વૃષોત્સર્ગ અને શય્યાદાન ઇત્યાદિક કરવાં. બીજા સપિંડના આશૌચમાં તો અગીયારમાં દિવસનું કૃત્ય કરવું નહીં, એમ ઘણા ગ્રંથકારો કહે છે. કોઈ ગ્રંથકાર, કરવું, એમ કહે છે.

अथशवस्पर्शानुगमनादिसंसर्गाशौचम् ॥ संसर्गाशौचेनित्यकर्मानधिकारोनास्ति किंत्वस्पृश्यत्वमात्रं तदपितदीयभार्यापुत्रादीनांनास्ति किंतुसंसर्गकर्तुरेव एवंतद्गृहवर्तितत्स्वामिकान्नादिद्रव्याणांनाग्राह्यत्वं तत्रसजातीयशवस्पर्शेसज्योतिराशौचं हीनवर्णस्पर्शेऽधिकंकल्प्यम् ॥

હુવે શબનો સ્પર્શ તથા શબની પછવાડે જવું ઇત્યાદિક સંસર્ગાશૌચ કહે છે.—સંસર્ગાશૌચમાં નિત્યકર્મનો અધિકાર નથી એમ નહીં એટલે નિત્યકર્મ કરવું, ત્યારે અસ્પૃશ્યપણું માત્ર છે. તે અસ્પૃશ્યપણુ પણ તેની સ્ત્રી પુત્રાદિકને નથી, ત્યારે સંસર્ગકર્તાનેજ છે. એપ્રમાણે તેના ઘરમાં રહેલા, અને તેનુ સ્વામીપણુ જેની ઉપર છે એવા અન્નાદિક પદાર્થ ન લેવા એમ નહીં, અર્થાત્ લેવા. તેમાં સજાતીય (પોતાની જાતના) શબનો સ્પર્શ થયા છતાં સજ્યોતિ આશૌચ છે. હીન વર્ણ શબનો સ્પર્શ થયા છતાં અધિક કલ્પવુ.

अथानुगमने ॥ सजातीयस्यविजातीयस्यशवस्यानुगमने स्नात्वाग्निसंस्पर्शंघृतप्राशनंचकृत्वा पुन स्नात्वाप्राणायामंकुर्यात् विप्रस्यशूद्रानुगमनेत्रिरात्रंनद्यांस्नानंघृतप्राशनंप्राणायामशतंचनात्रनित्य कर्मलोपः ॥

હુવે અનુગમ (શબની પછવાડે જવું) છતાં કહે છે.—સજાતીય અથવા વિજાતીય શબની પાસે ગયા છતા સ્નાન કરી અગ્નિસ્પર્શ કરી ઘી ખાઇ ફરી સ્નાન કરી પ્રાણાયામ કરવા. બ્રાહ્મણે શૂદ્રની પછવાડે ગયા છતા ત્રણ રાત્રિ નદીમા સ્નાન, ઘી ખાવું તથા સો પ્રાણાયામ કરવા. એમાં નિત્યકર્મનો લોપ નથી.

अथनिर्हरणे ॥ स्नेहेनसजातीयशवनिर्हरणेतदन्नाशनेतद्गृहवासेचदशाहः तद्गृहवासमात्रेन्नाशनमात्रेचात्रिरात्रम् अन्नाशनगृहवासयोरभावेएकाहः ग्रामांतरस्थंशवंनिर्हृत्यग्रामांतरवासेसज्योतिः मोल्यग्रहणेसजातीयनिर्हरणेदशाह: विजातीयनिर्हारेशवजातीयम् भृतिग्रहणेनहीनजातीयनिर्हरणेशवजातीयद्विगुणम् सोदकशवनिर्हरणेपिदशाहः शवालंकारकरणेपादकृच्छ्रं अज्ञानादुपवासः अशक्तौ स्नानं धर्मार्थमनाथद्विजशवनिर्हरणेदाहकरणेचाश्वमेधादिपुण्यं स्नानमात्राच्छुद्धिः अग्निस्पर्शोघृताशनंचात्रापि धर्मार्थमपिशूद्रशवनिर्हरणेद्विजस्यैकाहः धर्मार्थमनाथशवानुगमनादौनदोषः ब्रह्मचारिणस्तुपितृमातृमातामहाचार्योपाध्यायभिन्नशवनिर्हरणाद्व्रतलोप.पूर्वोक्तरीत्याशौचंच ततस्तेनकृच्छ्रप्रायश्चित्तंपुनरुपनयनंचकार्यं पित्रादेर्निर्हरणेपिब्रह्मचारिणाआशोचिनामन्नंनभक्ष्यं तेषांस्पर्शोपिनकार्यः अत्रापिनित्यकर्मलोपोन ॥

હુવે શબને ઉપાડ્યા છતાં કહે છે.—સ્નેહને લીધે પોતાની જાતના શબને ઉપાડ્યુ હોય; તેના ઘરનું અન્ન ભક્ષણ કર્યું હોય અને તેને ઘેર નિવાસ કર્યો હોય તો દશ દિવસ આશૌચ. તેને ઘેર નિવાસ માત્ર કર્યા છતાં અથવા અન્ન માત્ર ભક્ષણ કર્યા છતાં ત્રણ રાત્રિ આશૌચ. અન્ન ભક્ષણ કરવું તથા ઘેર વાસ કરવો એ ન હોય તો એક દિવસ આશૌચ. બીજા ગામના શબને ઉપાડી (પોતે) બીજે ગામે જઈ વાસ કરે તો સજ્યોતિ આશૌચ. પૈસા લઈ સજાતીય શબને ઉપાડે તો દશ દિવસ આશૌચ. (પૈસા લઈ) પરજાતીના શબને ઉપાડે તો તે શબની જાતિનું આશૌચ પાળવુ. પૈસા લઈ હીનજાતિના શબને ઉપાડ્યા છતાં શબજાતીના આશૌચ કરતા બમણુ આશૌચ પાળવું. સોદકના શબને ઉપાડ્યા છતા પણ દશ દિવસ આશૌચ. શબને અલંકાર (તિલકાદિક) કર્યા છતાં પાદકૃચ્છ્ર કરવું. અજાણમાં તિલકાદિક કર્યા છતા ઉપવાસ કરવો. ઉપવાસની શક્તિ ન હોય તો સ્નાન કરવુ. ધર્મને અર્થે અનાથ બ્રાહ્મણનુ શબ ઉપાડ્યા છતાં તથા દાહ કર્યા છતાં અશ્વમેધાદિક પુણ્ય પ્રાપ્ત થાય છે, તથા સ્નાનમાત્રથકી શુદ્ધિ થાય છે. એમાં પણ અગ્નિનો સ્પર્શ કરી ઘી ખાવું. ધર્મને અર્થે જો શૂદ્રનુ શબ ઉપાડે તો પણ બ્રાહ્મણોને એક દિવસ આશૌચ પાળવું. ધર્મને અર્થે અનાથ શબને પાસે જવું ઇત્યાદિક કર્યાથકી દોષ નથી. બ્રહ્મચારિએ પિતા માતા, માતામહ, આચાર્ય અને ઉપાધ્યાય કરતા બીજા શબને ઉપાડ્યા છતાં તેના વ્રતનો લોપ થાય છે તથા તેણે પ્રથમ કહેલી રીતિપ્રમાણે આશૌચ પાળવુ, પછી તેણે (બ્રહ્મચારીએ) કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત તથા પુનરૂપનયન કરવું. પિતા ઇત્યાદિકનું શબ ઉપાડ્યુ હોય તો પણ બ્રહ્મચારિએ સૂતકીનુ અન્ન ખાવું નહિ, તથા તેમનો સ્પર્શ પણ કરવો નહીં. એ આશૌચમા પણ નિત્યકર્મનો લોપ નથી.

अथदाहादौ ॥ समोत्कृष्टवर्णप्रेतस्यस्नेहादिनादाहोदकदानादिसकलौर्ध्वदेहिककरणेतत्तज्जात्याशौचं तदतेअह्लोभाद्यनुसारेणगुरुलघुप्राजापत्यादीनांत्रयं स्नेहादिनासवर्णानांदाहमात्रकरणेतद्गृहवा

सेत्रिरात्रंतदन्नभक्षणेदशरात्रंतदुभयाभावेएकाहः हीनवर्णेनोत्तमवर्णस्यदाहमात्रकरणेशवजात्याशौचं भृतिग्रहणेनसवर्णस्यदाहमात्रकरणेपिदशाहाद्येव मौल्येनोत्तमवर्णदाहेद्विगुणं उत्तमेनाधमवर्णदाह निर्हरणकरणेतज्जात्याशौचं तदंतेक्रमेणद्विगुणंत्रिगुणंचतुर्गुणंप्रायश्चित्तं मौल्येनहीनवर्णदाहादौतु प्रायश्चित्तमाशौचंचोक्तापेक्षयाद्विगुणं धर्मार्थंसमोत्कृष्टवर्णप्रेतस्यदाहादिसकलौर्ध्वदेहिककरणेपिनाशौचं नित्यपिंडदानाद्यनंतरंस्नानमात्राच्छुद्धिः द्विजेनशूद्रस्यधर्मेणापिदाहादिनकार्यम् ॥

હવે દાહાદિક કર્યા છતાં તેવિષે નિર્ણય કહે છે.—પોતાના અથવા ઉંચા વર્ણમાંના મરનારનું સ્નેહાદિકથકી દાહ તથા જળદાન ઇત્યાદિક સઘળું ઔર્ધ્વદેહિક કર્મ કર્યા છતાં તે તે જાતિનું આશૌચ પાળવું, તથા તે આશૌચ પાળ્યા પછી સ્નેહ, લોભ ઇત્યાદિકને અનુસારે મ્હોટાં ન્હાનાં પ્રાજાપત્ય ઇત્યાદિક ત્રણ, પ્રાયશ્ચિત્ત કરવું. સ્નેહાદિકવડે સવર્ણનો દાહ માત્ર કર્યા છતાં તથા તેને ઘેર નિવાસ કર્યા છતાં ત્રણ રાત્રિ આશૌચ પાળવું, તેનું અન્ન ભક્ષણ કર્યા છતાં દશ રાત્રિ આશૌચ પાળવું. તે બન્નેનો (દાહ તથા અન્નભક્ષણનો) અભાવ હોય તો એક દિવસ આશૌચ. હીનવર્ણવાળાએ ઉત્તમ વર્ણવાળાનો દાહ માત્ર કર્યા છતાં શબની જાતિનું આશૌચ પાળવું. મૌલ્ય લઈ સવર્ણ શબનો દાહ માત્ર કર્યા છતાં પણ દશ દિવસ ઇત્યાદિકજ આશૌચ પાળવું. મૌલ્ય લઈ ઉત્તમ વર્ણનો દાહ કર્યા છતાં બમણું આશૌચ પાળવું. ઉત્તમ વર્ણવાળાએ અધમ વર્ણવાળાનું દાહ, શબ ઉપાડવું ઇત્યાદિક કર્યા છતાં તેની જાતિનું આશૌચ પાળવું, તથા આશૌચની અંતે ક્રમેકરી બમણું, ત્રણગણું, ચોગણું પ્રાયશ્ચિત્ત કરવું. મૌલ્ય લઈ હીનવર્ણવાળાનું દાહ, શબ ઉપાડવું ઇત્યાદિક કર્યું હોય તો પ્રાયશ્ચિત્ત અને આશૌચ કહેલા કરતાં બમણું કરવું. સમાન તથા ઉત્કૃષ્ટ વર્ણવાળા પ્રેતનું ધર્મને અર્થે દાહ ઇત્યાદિક સઘળું ઔર્ધ્વદેહિક કર્મ કર્યા છતાં પણ આશૌચ નથી, ત્યારે નિત્ય પિંડદાનાદિક કર્યા પછી સ્નાનમાત્રથી શુદ્ધિ થાય છે. દ્વિજે શૂદ્રના દાહાદિક ધર્મને અર્થે પણ કરવા નહીં.

अथब्रह्मचारिणापितृमातृमातामहादीनामन्याधिकार्यभावेदाहाद्यंत्यकर्मकार्यं तदाकर्मांगंदशाहमस्पृश्यत्वलक्षणमाशौचंचकार्यं तदापितेषामाशौचिनामन्नंब्रह्मचारिणानभोक्तव्यं आशौचिस्पृष्टतयावासश्चनकार्यः तदुभयकरणेप्रायश्चित्तंपुनरुपनयनंच ब्रह्मचारिणापूर्वोक्तपित्रादिभिन्नानांदाहाद्यंत्यकर्मकरणेकृच्छ्रत्रयप्रायश्चित्तंपुनरुपनयनंचाशौचांतेकार्यम् पित्रादेर्दाहमात्रकरणेएकाहमाशौचंकार्यं अत्रसर्वत्रब्रह्मचारिणःसंध्याग्निकार्यादिकर्मलोपोन ब्रह्मचारिभिन्नस्यापिदाहादिनिमित्तकसंसर्गाशौचेब्रह्मयज्ञादिनित्यकर्मलोपोनेत्युक्तं तत्रदेवपूजावैश्वदेवादिकमन्येनकारणीयम् स्वयंकर्तुंयोग्यंतुस्वेनैवकार्यम् ब्रह्मचारिणःपित्राद्यंत्यकर्माकरणेतुपित्रादिमरणेप्याशौचंन समावर्तनोत्तरंपूर्वंमृतानांपित्रादिसपिंडानांत्रिरात्रमाशौचंकार्यम् ॥

ત્યાર પછી બ્રહ્મચારીએ પિતા, માતા, માતામહાદિકના બીજા અધિકારી ન છતાં દાહાદિક અંત્યકર્મ કરવું, તથા તે સમયે કર્મનું અંગભૂત એવું દશ દિવસ અસ્પૃશ્યત્વરૂપ આશૌચ પાળવું, તે કાળે પણ તે સૂતકિઓનું અન્ન બ્રહ્મચારીએ ભક્ષણ કરવું નહીં, તથા સૂતકિઓનો સ્પર્શ થાય એ રીતે એક ઠેકાણે નિવાસ પણ કરવો નહીં. તે બન્ને (અન્નભક્ષણ તથા એક ઠેકાણે નિવાસ) કર્યા છતાં પ્રાયશ્ચિત્ત તથા પુનરૂપનયન કરવાં. બ્રહ્મચારીએ પ્રથમ કહેલા પિતા ઇત્યાદિકથકી બીજાઓનું દાહાદિક અંત્યકર્મ કર્યા છતાં આશૌચ પછી ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત તથા પુનરૂપનયન કરવું. પિતા ઇત્યાદિકનો દાહ માત્ર કર્યા છતાં એક દિવસ આશૌચ પાળવું. આ સઘળે ઠેકાણે બ્રહ્મચારીને સંધ્યા, અગ્નિકાર્ય ઇત્યાદિક કર્મનો લોપ નથી. બ્રહ્મચારી કરતાં બીજાને પણ દાહાદિક નિમિત્તથકી સંસર્ગાશૌચ છતાં બ્રહ્મયજ્ઞાદિક નિત્યકર્મનો લોપ નથી એમ કહ્યું છે; તેમાં દેવપૂજા, વૈશ્વદેવ ઇત્યાદિક બીજાને હાથે કરાવવાં; પોતે કરવાને જે યોગ્ય હોય તે તો પોતેજ કરવું. બ્રહ્મચારીએ પિતા ઇત્યાદિકનું અંત્યકર્મ કર્યું ન હોય તો તેને પિતા ઇત્યાદિકનાં મરણનિમિત્તનું આશૌચ નથી. સમાવર્તન થયા પછી પ્રથમ મરેલા જે પિતા ઇત્યાદિ સપિંડ તેમનું ત્રણ રાત્રિ આશૌચ પાળવું.

अथरोदनेआशौचादि ॥ विप्रादिभिःसवर्णमरणविषयेऽस्थिसंचयनात्पूर्वंरोदनेस्नानं तदुत्तरमाचमनं विप्रस्यशूद्रविषयेऽस्थिसंचयनात्प्राक्त्रिरात्रं तदुत्तरमेकरात्रं शूद्रस्यविषयेतद्गृहवासादिसंबंधेऽस्थिसंचयात्प्रागेकरात्रं तदूर्ध्वंस्नानं सपिंडानांत्वनुगमनरोदनादौनदोषः नात्रापिकर्मलोपः

अनसर्वेष्वयस्ययावानाशौचकालस्तंनिर्वाह्यस्नात्वैवसविशुद्ध्यति नतुस्नानंविनातावत्कालमात्रातिक्रमेणशुद्धिः अंत्यकर्मकर्तुरस्थिसंचयनात्प्राक्स्त्रीसंगेचांद्रायणंप्रायश्चित्तं ऊर्ध्वंप्राजापत्यत्रयं अन्येषां मृताशौचिनांसंचयनात्प्राक्संगमेत्रिरात्रमुपवासः ऊर्ध्वमेकरात्रम् ॥

હવે રોવું કર્યા છતાં આશૌચાદિ કહે છે.—બ્રાહ્મણાદિકોએ પોતાના સવર્ણમાંના મૃત થવાવિષે અસ્થિસંચયનથકી પ્રથમ રોદન કર્યા છતાં સ્નાન, અસ્થિસંચયન પછી રોદન કર્યા છતાં આચમન કરવું. શૂદ્રવિષે, અસ્થિસંચયનથકી પ્રથમ રોદન કરણારા બ્રાહ્મણને ત્રણ રાત્રિ, અસ્થિસંચયન પછી એક રાત્રિ આશૌચ. શૂદ્રવિષે અસ્થિસંચયન થકી પ્રથમ તેને ઘેર રેહેવું ઇત્યાદિ સંબંધ છતાં એક રાત્રિ, તે પછી સ્નાન કરવું. સપિંડોએ તો અનુગમન, રોદન ઇત્યાદિ કર્યા છતાં દોષ નથી. એ આશૌચવિષે પણ કર્મલોપ નથી. આ સઘળે ઠેકાણે જેને જેટલો આશૌચનો કાળ કહ્યો છે તેટલો કાળ તેણે પાળ્યા પછી સ્નાનવડેજ તે શુદ્ધ થાય છે, સ્નાન કર્યાવિના તેટલો કાળ માત્ર કાઢવાથી શુદ્ધિ થતી નથી. અંત્યકર્મ કરનારાએ અસ્થિસંચયન થકી પ્રથમ સ્ત્રીસગ કર્યા છતાં ચાંદ્રાયણ, અસ્થિસંચયન પછી ત્રણ પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું. બીજા મૃતાશૌચવાળાઓએ અસ્થિસંચયનથકી પ્રથમ સ્ત્રીસંગ કર્યા છતાં ત્રણ રાત્રિ ઉપવાસ કરવા, અસ્થિસંચયન પછી એક રાત્રિ ઉપવાસ કરવો.

अथाशौचान्नभक्षणे॥ असगोत्रोनापदिबुद्धिपूर्वंसकृदप्याशौचिस्वामिकंपक्वमन्नंयस्मिन्दिनेभुंक्ते तदारभ्यतेनयावत्तेषामाशौचमवशिष्टंतावदाशौचंकार्यं आशौचांतेचविप्राशौचेसांतपनंप्रायश्चित्तं शूद्राशौचेचांद्रायणं क्षत्रियादेःकलावभावान्नलिख्यते क्वचिल्लेखस्तुव्युत्पादनमात्रार्थोनेदानीमुपयुज्यते इतिप्रायउपेक्ष्यते मत्याभ्यासेविप्रशूद्राशौचयोःक्रमेणमासंषण्मासंकृच्छ्रादिव्रताचरणं अमत्याभोजनेयावदन्नपाकमाशौचं क्रमेणैकरात्रंसप्तरात्रंचोपोषणंदशशतंचप्राणायामाः अमत्याभ्यासेद्विगुणं आपद्यमत्याभोजनेतदहराशौचमेकःप्राणायामः शूद्राशौचेऽष्टाधिकसहस्रगायत्रीजपः ज्ञानतःआपदित्रिरघमर्षणमष्टोत्तरसहस्रगायत्रीजपः शूद्राशौचेप्राजापत्यं शूद्रस्यद्विजाशौचेस्नानंपंचगव्याशनंचसर्वमिदंजननाशौचेन्यूनंयोज्यं एवमाहिताग्न्याशौचेपिन्यूनमितिस्मृत्यर्थसारेसर्वमिदमाशौचिस्वामिकान्नभोजने॥

હવે સૂતકીનું અન્ન ભક્ષણ કર્યા છતાં કહે છે.—પરગોત્રવાળો આપત્તિકાળ ન છતાં જાણી કરી એકવાર પણ સૂતકીનું રાંધેલું અન્ન જે દિવસે ભક્ષણ કરે તે દિવસથકી તેણે, જેટલા દિવસપર્યંત તેમનું આશૌચ બાકી હોય તેટલા કાળપર્યંત આશૌચ પાળવું. આશૌચને અંતે પણ બ્રાહ્મણનું સૂતક હોય તો સાંતપન પ્રાયશ્ચિત્ત કરવું. શૂદ્રનું આશૌચ હોય તો ચાંદ્રાયણ કરવું. ક્ષત્રિયાદિકનો કલિયુગમાં અભાવ હોવાથી તેમના વિષયમાં લખતા નથી. કોઈ ગ્રંથમાં લેખ છે; પરંતુ તે તો વિશેષે કરી સ્પષ્ટ સમજાવવા માટે છે છતાં વર્તમાન કાળમાં તેનો ઉપયોગ ન કરવાથી ઘણું કરી તે ઉપેક્ષા કરવા યોગ્ય છે. જાણી કરી અભ્યાસ (વારેવારે ખાધા) છતાં બ્રાહ્મણ તથા શૂદ્રના આશૌચવિષે ક્રમે કરી એક માસ તથા છ માસપર્યંત કૃચ્છ્રાદિક વ્રત કરવાં. અજાણમાં ભોજન કર્યા છતાં જ્યહાં લગી અન્ન પચે ત્યહાંપર્યંત આશૌચ, ક્રમે કરી એક રાત્રિ તથા સાત રાત્રિ ઉપવાસ કરી દશ તથા સો પ્રાણાયામ કરવા. અજાણમાં અભ્યાસ છતાં બમણું કરવું. આપત્તિકાળે અજાણમાં ભોજન કર્યા છતાં તે દિવસજ આશૌચ પાળી એક પ્રાણાયામ કરવો. શૂદ્રસંબંધી આશૌચ છતાં આઠે અધિક સહસ્ર (૧૦૦૮) ગાયત્રીજપ કરવો. આપત્તિકાળે જાણીને ભક્ષણ કર્યા છતાં ત્રણવાર અઘમર્ષણ, તથા (૧૦૦૮) ગાયત્રીજપ કરવો, શૂદ્રનું આશૌચ છતાં પ્રાજાપત્ય કરવું. બ્રાહ્મણનું આશૌચ છતાં શૂદ્રે સ્નાન તથા પંચગવ્ય ભક્ષણ કરવું. એ સઘળું (પ્રાયશ્ચિત્તાદિક) જનનાશૌચ છતાં ઓછું કહેવું. એપ્રમાણે આહિતાગ્નિના આશૌચવિષે પણ ઓછું કહેવું એ રીતે સ્મૃત્યર્થસાર ગ્રંથમાં કહ્યું છે, આ સઘળો નિર્ણય, સૂતકી જેનો માલિક હોય તેવું અન્ન ભક્ષણ કર્યા છતાં જાણવું.

यद्दातुतदस्वामिकमाशौचिस्पृष्टमाग्रमन्नंभुंक्तेतदामत्याभोजनेकृच्छ्रं अमत्यार्धमितिस्मृत्यर्थसारेउक्तं आशौचिस्पृष्टाशौचिस्वामिकान्नभोजीतुतत्स्वामिकान्नादाननिमित्तंतत्स्पृष्टान्नादाननिमित्तंचेतिप्रायश्चित्तद्वयंसमुच्चयेनकुर्यात् आशौचिस्वामिकान्नप्रतिग्रहेदूरुक्तप्रायश्चित्तार्धं आशौचंतुनास्ति दातृभोक्तृभ्या

मुभाभ्यामज्ञातेजननेमरणेवानदोषः अन्यतरेणज्ञातेदोषः तत्रदातुर्ज्ञानेभोक्तुरज्ञाने भोक्तुरल्पंप्रायश्चित्तं दातुरज्ञानेपिभोक्तुर्ज्ञानेपूर्णमेव भोजननिमित्तकाशौचेपिकर्मलोपोन ॥

જ્યારે ફરી સૂતકીનું અન્ન ન છતાં સૂતકીએ માત્ર સ્પર્શ કરેલું અન્ન ભક્ષણ કરે ત્યારે જાણીને ભક્ષણ કર્યા છતાં કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું, અજાણમાં ભોજન કર્યા છતાં અર્ધ કરવું એમ સ્મૃત્યર્થસાર ગ્રંથમાં કહ્યું છે. સૂતકીએ સ્પર્શ કરેલું એવું સૂતકીનું અન્ન ભક્ષણ કરનારાએ તો, સૂતકીનું અન્ન ભક્ષણ કર્યું તે નિમિત્તથકી, અને તેણે સ્પર્શ કરેલું અન્ન ભક્ષણ કર્યું તે નિમિત્તથકી એવાં બે પ્રાયશ્ચિત્ત એક સાથે કરવાં. સૂતકી છે સ્વામી જેનો એવું કાચું અન્ન ગ્રહણ કર્યું હોય તો, કહેલા પ્રાયશ્ચિત્તમાંથી અર્ધું કરવું, આશૌચ તો નથી. દાતા તથા ભોક્તા એ બન્નેને અજ્ઞાત, જનનાશૌચ તથા મૃતાશૌચ છતાં દોષ નથી. બન્નેમાંથી એકને જ્ઞાન છતાં દોષ છે, તેમાં દાતાને જ્ઞાન છતાં જમવાવાળાને ખબર ન છતાં ભોક્તાને અલ્પ પ્રાયશ્ચિત્ત. દાતાને જ્ઞાન ન છતાં પણ ભોક્તાને જ્ઞાન હોય તો પૂર્ણજ પ્રાયશ્ચિત્ત. ભોજનના નિમિત્ત થકી સૂતક છતાં પણ કર્મલોપ નથી.

अथतुकथमपिस्वल्पसंबंधयुक्तेस्नानंवासोयुतंस्यादितित्रिंशच्छ्लोकी स्मृत्यर्थसारेप्येवं अयमस्यार्थः स्वल्पेनापिएकाहाद्याशौचप्रयोजकेनसंबंधेनयुक्तेश्यालकजामात्रादौमृतेसचैलंस्नानंकार्यम् सर्वत्रगुरुणो लघुनोवामृताशौचस्यप्राप्तिकालेसमाप्तिकालेचस्नातव्यमितियावत् अथवास्वल्पैर्दशाहभिन्नपक्षिणीत्रिदिनाद्याशौचप्रयोजकैःसंबंधैःयुक्ते बंधुत्रयमातुलानुपनीतसपिंडादौमृतेदेशांतरेकालांतरेपिस्नानंभवत्येव तथाचस्ससन्निहितकालेआशौचप्राप्तिस्तस्यातिक्रांतकालेस्नानं यस्यतुसन्निहितकालेपिस्नानमात्रंतस्य कालांतरेस्नानमपिनेत्यर्थः यद्वास्वल्पआशौचप्रयोजकसंबंधभिन्नःसंबंधः यथाश्यालकसुतत्वंऊढकन्यायाः पितृव्यतत्पुत्रत्वादि भगिन्याभ्रातृपुत्रत्वादितद्युक्ते आशौचाभावेपिस्नानमात्रंभवत्येव यत्किंचित्संबंधेआशौचाभावेपिस्नानमात्रंसन्निधौसर्वत्रकार्यमित्यर्थः पक्षत्रयमपिइदंशिष्टाचारेदृश्यतेइतियुक्तंभाति ॥

હવે કોઈ પણ રીતે સ્વલ્પ સંબંધે યુક્ત એવો મૃત છતાં વસ્ત્રસહિત સ્નાન કરવું એમ ત્રિશત્શ્લોકીમાં છે, તથા સ્મૃત્યર્થસારમાં પણ એમજ છે. એનો આ અર્થ—એક દિવસ ઇત્યાદિ આશૌચ ઉપજાવનારા એવા અલ્પ સંબંધે પણ યુક્ત એવો શાળો, જમાઇ ઇત્યાદિ મૃત છતાં વસ્ત્રસહિત સ્નાન કરવું, સઘળે ઠેકાણે મ્હોટું અથવા ન્હાનું મૃતાશૌચ પ્રાપ્ત થયા છતાં તે સમયે તથા સમાપ્તિકાળે સ્નાન કરવું એ સિદ્ધાંત; અથવા ન્હાના એટલે દશ દિવસના આશૌચવિના બીજા પક્ષિણી, ત્રણ દિવસ ઇત્યાદિ આશૌચના કારણભૂત સંબંધેયુક્ત એવા બંધુત્રય, મામો અને જનોઇવિનાના સાપિંડ ઇત્યાદિ મૃત થયા છતાં દેશાંતર તથા કાલાંતરવિષે પણ સ્નાન છેજ. તેમજ, જેનું સમીપ કાળમાં આશૌચ પ્રાપ્ત થાય છે તેનું તે કાળ ગયા પછી સ્નાન છે, જેનું સમીપકાળમાં પણ સ્નાન માત્ર છે તેનું કાળાંતરે સ્નાન પણ નથી એવો અર્થ. અથવા 'સ્વલ્પ' એટલે આશૌચ ઉપજાવનારા સંબંધ કરતાં જુદો સંબંધ, જેમ કે શાળાનો પુત્ર; પરણેલી કન્યાનો કાકો; કાકાના પુત્રાદિક, બેહેન ને ભાઇના પુત્રાદિક, એવા સંબંધે જે યુક્ત તેવિષે આશૌચ નથી તથાપિ સ્નાન માત્ર છેજ. અત્યંત અલ્પ સંબંધવિષે આશૌચ નથી તથાપિ સમીપે છતાં સ્નાન માત્ર સઘળે ઠેકાણે કરવું એ અર્થ છે. એ ત્રણે પક્ષ શિષ્ટાચારવિષે દેખાય છે તે યોગ્ય છે એમ ભાસે છે.

अथाशौचापवादः ॥ सपंचधा कर्तृतः १ कर्मतः २ द्रव्यतः ३ मृतदोषतः ४ विधानत ५ इति ॥

હવે આશૌચનો અપવાદ કહે છે.—તે અપવાદ પાંચ પ્રકારનો—૧ કર્ત્તાથકી, ૨ કર્મથકી, ૩ દ્રવ્યથકી, ૪ મરનારના દોષથકી, ૫ વિધાનથકી. એ પ્રમાણે પાંચ પ્રકારનો છે.

तत्रकर्तृतोयथा ॥ यतीनांब्रह्मचारिणांचसपिंडजननमरणयोर्नाशौचं मातापितृमरणेतुयति ब्रह्मचारिणोःसचैलंस्नानमात्रंभवत्येव ब्रह्मचारिणःसमावर्तनोत्तरंब्रह्मचर्यदशायांमृतानांपित्रादिसपिंडानांत्रिरात्रमाशौचंउदकदानंचकार्यं अनुगमननिर्हरणनिमित्तकंत्वाशौचंब्रह्मचारिणोप्यस्त्येव पित्राद्यंत्यकर्मकरणेब्रह्मचारिणआशौचमप्यस्त्येव आरब्धप्रायश्चित्तानांप्रायश्चित्तानुष्ठानसमयेआशौचंन स

अत्रसर्वत्रयस्ययावानाशौचकालस्तंनिर्वाह्यस्नात्वैवसविशुद्ध्यति नतुस्नानंविनातावत्कालमात्रातिक्रमेणशुद्धिः अंत्यकर्मकर्तुरस्थिसंचयनात्प्राक्स्त्रीसंगेचांद्रायणंप्रायश्चित्तं ऊर्ध्वंप्राजापत्यत्रयं अन्येषां मृताशौचिनांसंचयनात्प्राक्संगमेत्रिरात्रमुपवासः ऊर्ध्वमेकरात्रम् ॥

હવે રોનું કર્યાં છતાં આશૌચાદિ કહે છે.—બ્રાહ્મણાદિકોએ પોતાના સવર્ણમાંના મૃત થવાવિષે અસ્થિસંચયનથકી પ્રથમ રોદન કર્યા છતાં સ્નાન, અસ્થિસંચયન પછી રોદન કર્યા છતાં આચમન કરવું. શૂદ્રવિષે, અસ્થિસંચયનથકી પ્રથમ રોદન કરણારા બ્રાહ્મણને ત્રણ રાત્રિ, અસ્થિસંચયન પછી એક રાત્રિ આશૌચ. શૂદ્રવિષે અસ્થિસંચયન થકી પ્રથમ તેને ઘેર રેહેવું ઇત્યાદિ સંબંધ છતાં એક રાત્રિ, તે પછી સ્નાન કરવું. સપિંડોએ તો અનુગમન, રોદન ઇત્યાદિ કર્યા છતાં દોષ નથી. એ આશૌચવિષે પણ કર્મલોપ નથી. આ સઘળે ઠેકાણે જેને જેટલો આશૌચનો કાળ કહ્યો છે તેટલો કાળ તેણે પાળ્યા પછી સ્નાનવડેજ તે શુદ્ધ થાય છે, સ્નાન કર્યાવિના તેટલો કાળ માત્ર કાઢવાથી શુદ્ધિ થતી નથી. અંત્યકર્મ કરનારાએ અસ્થિસંચયન થકી પ્રથમ સ્ત્રીસંગ કર્યા છતાં ચાંદ્રાયણ, અસ્થિસંચયન પછી ત્રણ પ્રાજાપત્ય પ્રાયશ્ચિત્ત કરવું. બીજા મૃતાશૌચવાળાઓએ અસ્થિસંચયનથકી પ્રથમ સ્ત્રીસંગ કર્યા છતાં ત્રણ રાત્રિ ઉપવાસ કરવા, અસ્થિસંચયન પછી એક રાત્રિ ઉપવાસ કરવો.

अथाशौचान्नभक्षणे॥ असगोत्रोनापदिबुद्धिपूर्वंसकृदप्याशौचिस्वामिकंपक्वमन्नंयस्मिन्दिनेभुंक्ते तदारभ्यतेनयावत्तेषामाशौचमवशिष्टंतावदाशौचंकार्यं आशौचांतेचविप्राशौचेसांतपनंप्रायश्चित्तं शूद्राशौचेचांद्रायणं क्षत्रियादेःकलावभावान्नलिख्यते क्वचिल्लेखस्तुव्युत्पादनमात्रार्थोनेदानीमुपयुज्यते इतिप्रायउपेक्ष्यते मत्याभ्यासेविप्रशूद्राशौचयोःक्रमेणमासंषण्मासंकृच्छ्रादिव्रताचरणं अमत्याभोजनेयावदन्नपाकमाशौचं क्रमेणैकरात्रंसप्तरात्रंचोपोषणंदशशतंचप्राणायामाः अमत्याभ्यासेद्विगुणं आपद्यमत्याभोजनेतदहराशौचमेकःप्राणायामः शूद्राशौचेऽष्टाधिकसहस्रगायत्रीजपः ज्ञानतःआपदित्रिरघमर्षणमष्टोत्तरसहस्रगायत्रीजपः शूद्राशौचेप्राजापत्यं शूद्रस्यद्विजाशौचेस्नानंपंचगव्याशनंचसर्वमिदंजननाशौचेन्यूनंयोज्यं एवमाहिताग्न्याशौचेपिन्यूनमितिस्मृत्यर्थसारेसर्वमिदमाशौचिस्वामिकान्नभोजने॥

હવે સૂતકીનું અન્ન ભક્ષણ કર્યા છતાં કહે છે.—પરગોત્રવાળો આપત્તિકાળ ન છતાં જાણી કરી એકવાર પણ સૂતકીનું રાંધેલું અન્ન જે દિવસે ભક્ષણ કરે તે દિવસથકી તેણે, જેટલા દિવસપર્યંત તેમનું આશૌચ બાકી હોય તેટલા કાળપર્યંત આશૌચ પાળવું. આશૌચને અંતે પણ બ્રાહ્મણનું સૂતક હોય તો સાંતપન પ્રાયશ્ચિત્ત કરવું. શૂદ્રનું આશૌચ હોય તો ચાંદ્રાયણ કરવું. ક્ષત્રિયાદિકનો કલિયુગમાં અભાવ હોવાથી તેમના વિષયમાં લખતા નથી. કોઈ ગ્રંથમાં લેખ છે; પરંતુ તે તો વિશેષે કરી સ્પષ્ટ સમજાવવા માટે છે છતાં વર્તમાન કાળમાં તેનો ઉપયોગ ન કરવાથી ઘણું કરી તે ઉપેક્ષા કરવા યોગ્ય છે. જાણી કરી અભ્યાસ (વારેવારે ખાધા) છતાં બ્રાહ્મણ તથા શૂદ્રના આશૌચવિષે ક્રમે કરી એક માસ તથા છ માસપર્યંત કૃચ્છ્રાદિક વ્રત કરવાં. અજાણમાં ભોજન કર્યા છતાં જ્યહાં લગી અન્ન પચે ત્યહાંપર્યંત આશૌચ, ક્રમે કરી એક રાત્રિ તથા સાત રાત્રિ ઉપવાસ કરી દશ તથા સો પ્રાણાયામ કરવા. અજાણમાં અભ્યાસ છતાં બમણું કરવું. આપત્તિકાળે અજાણમાં ભોજન કર્યા છતાં તે દિવસજ આશૌચ પાળી એક પ્રાણાયામ કરવો. શૂદ્રસંબંધી આશૌચ છતાં આઠે અધિક સહસ્ર (૧૦૦૮) ગાયત્રીજપ કરવો. આપત્તિકાળે જાણીને ભક્ષણ કર્યા છતાં ત્રણવાર અઘમર્ષણ, તથા (૧૦૦૮) ગાયત્રીજપ કરવો, શૂદ્રનું આશૌચ છતાં પ્રાજાપત્ય કરવું. બ્રાહ્મણનું આશૌચ છતાં શૂદ્રે સ્નાન તથા પંચગવ્ય ભક્ષણ કરવું. એ સઘળું (પ્રાયશ્ચિત્તાદિક) જનનાશૌચ છતાં ઓછું કહેવું. એપ્રમાણે આહિતાગ્નિના આશૌચવિષે પણ ઓછું કહેવું એ રીતે સ્મૃત્યર્થસાર ગ્રંથમાં કહ્યું છે, આ સઘળો નિર્ણય, સૂતકી જેનો માલિક હોય તેવું અન્ન ભક્ષણ કર્યા છતાં જાણવું.

यदातुतदस्वामिकमाशौचिस्पृष्टमात्रमन्नंभुंक्तेतदामत्याभोजनेकृच्छ्रं अमत्यार्धमितिस्मृत्यर्थसारेउक्तं आशौचिस्पृष्टाशौचिस्वामिकान्नभोजीतुतत्स्वामिकान्नाशननिमित्तंतत्स्पृष्टान्नाशननिमित्तंचेतिप्रायश्चित्तद्वयंसमुच्चयेनकुर्यात् आशौचिस्वामिकान्नप्रतिग्रहेतूक्तप्रायश्चित्तार्धं आशौचंतुनास्ति दातृभोक्त्र्या

मुभाभ्यामज्ञातेजननेमरणेवानदोषः अन्यतरेणज्ञातेदोषः तत्रदातुर्ज्ञानेभोक्तुरज्ञाने भोक्तुरल्पंप्रायश्चित्तं दातुरज्ञानेपिभोक्तुर्ज्ञानेपूर्णमेव भोजननिमित्तकाशौचेपिकर्मलोपोन ॥

જ્યારે ફરી સૂતકીનું અન્ન ન છતાં સૂતકીએ માત્ર સ્પર્શ કરેલું અન્ન ભક્ષણ કરે ત્યારે જાણીને ભક્ષણ કર્યા છતાં કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું, અજાણમાં ભોજન કર્યા છતાં અર્ધ કરવું એમ સ્મૃત્યર્થસાર ગ્રંથમાં કહ્યું છે. સૂતકીએ સ્પર્શ કરેલું એવું સૂતકીનું અન્ન ભક્ષણ કરનારાએ તો, સૂતકીનું અન્ન ભક્ષણ કર્યું તે નિમિત્તથકી, અને તેણે સ્પર્શ કરેલું અન્ન ભક્ષણ કર્યું તે નિમિત્તથકી એવાં બે પ્રાયશ્ચિત્ત એક સાથે કરવાં. સૂતકી છે સ્વામી જેનો એવું કાચુ અન્ન ગ્રહણ કર્યું હોય તો, કહેલા પ્રાયશ્ચિત્તમાંથી અર્ધું કરવું, આશૌચ તો નથી. દાતા તથા ભોક્તા એ બન્નેને અજ્ઞાત, જનનાશૌચ તથા મૃતાશૌચ છતાં દોષ નથી. બન્નેમાંથી એકને જ્ઞાન છતાં દોષ છે, તેમાં દાતાને જ્ઞાન છતાં જમનારાને ખબર ન છતાં ભોક્તાને અલ્પ પ્રાયશ્ચિત્ત. દાતાને જ્ઞાન ન છતાં પણ ભોક્તાને જ્ઞાન હોય તો પૂર્ણજ પ્રાયશ્ચિત્ત. ભોજનના નિમિત્ત થકી સૂતક છતાં પણ કર્મલોપ નથી.

अथतुकथमपिस्वल्पसंवंधयुक्तेस्नानंवासोयुतंस्यादितित्रिंशच्छ्लोकी स्मृत्यर्थसारेप्येवं अथमस्यार्थः स्वल्पेनापिएकाहाद्याशौचप्रयोजकेनसंवंधेनयुक्तेश्यालकजामात्रादौमृतेसचैलंस्नानंकार्यम् सर्वत्रगुरुणो लघुनोवामृताशौचस्यप्राप्तिकालेसमाप्तिकालेचस्नातव्यमितियावत् अथवास्वल्पैर्दशाहभिन्नपक्षिणीत्रिदिनाद्याशौचप्रयोजकैःसंवंधैर्युक्ते वंधुत्रयमातुलानुपनीतसपिंडादौमृतेदेशांतरेकालांतरेपिस्नानंभवत्येव तथाचयस्यसन्निहितकालेआशौचप्राप्तिस्तस्यातिक्रांतकालेस्नानं यस्यतुसन्निहितकालेपिस्नानमात्रंतस्य कालांतरेस्नानमपिनेत्यर्थः यद्वास्वल्पआशौचप्रयोजकसंवंधभिन्नःसंवंधः यथाश्यालकसुतत्वंऊढकन्यायाः पितृव्यतत्पुत्रत्वादि भगिन्याभ्रातृपुत्रत्वादितद्युक्ते आशौचाभावेपिस्नानमात्रंभवत्येव यत्किंचित्संवंधेआशौचाभावेपिस्नानमात्रंसन्निधौसर्वत्रकार्यमित्यर्थः पक्षत्रयमपिइदंशिष्टाचारेदृश्यतेइतियुक्तंभाति ॥

હવે કોઈ પણ રીતે સ્વલ્પ સંબંધે યુક્ત એવો મૃત છતાં વસ્ત્રસહિત સ્નાન કરવું એમ ત્રિંશત્શ્લોકીમાં છે, તથા સ્મૃત્યર્થસારમાં પણ એમજ છે. એનો આ અર્થ—એક દિવસ ઇત્યાદિ આશૌચ ઉપજાવનારા એવા અલ્પ સંબંધે પણ યુક્ત એવો શાળો, જમાઇ ઇત્યાદિ મૃત છતાં વસ્ત્રસહિત સ્નાન કરવું, સઘળે ઠેકાણે મ્હોટું અથવા ન્હાનું મૃતાશૌચ પ્રાપ્ત થયા છતાં તે સમયે તથા સમાપ્તિકાળે સ્નાન કરવું એ સિદ્ધાંત; અથવા ન્હાના એટલે દશ દિવસના આશૌચવિના બીજા પક્ષિણી, ત્રણ દિવસ ઇત્યાદિ આશૌચના કારણભૂત સંબંધેયુક્ત એવા બંધુત્રય, મામો અને જનોઇવિનાના સપિંડ ઇત્યાદિ મૃત થયા છતાં દેશાંતર તથા કાલાંતરવિષે પણ સ્નાન છેજ. તેમજ, જેનું સમીપ કાળમાં આશૌચ પ્રાપ્ત થાય છે તેનું તે કાળ ગયા પછી સ્નાન છે, જેનું સમીપકાળમાં પણ સ્નાન માત્ર છે તેનું કાળાંતરે સ્નાન પણ નથી એવો અર્થ. અથવા 'સ્વલ્પ' એટલે આશૌચ ઉપજાવનારા સંબંધ કરતાં જુદો સંબંધ, જેમ કે શાળાનો પુત્ર; પરણેલી કન્યાનો કાકો; કાકાના પુત્રાદિક, બેહેન ને ભાઇના પુત્રાદિક, એવા સંબંધે જે યુક્ત તેવિષે આશૌચ નથી તથાપિ સ્નાન માત્ર છેજ. અત્યંત અલ્પ સંબધવિષે આશૌચ નથી તથાપિ સમીપે છતાં સ્નાન માત્ર સઘળે ઠેકાણે કરવું એ અર્થ છે. એ ત્રણે પક્ષ શિષ્ટાચારવિષે દેખાય છે તે યોગ્ય છે એમ ભાસે છે.

अथाशौचापवादः ॥ सपंचधा कर्तृतः १ कर्मतः २ द्रव्यतः ३ मृतदोषतः ४ विधानत ५ इति ॥

હવે આશૌચનો અપવાદ કહે છે.—તે અપવાદ પાંચ પ્રકારનો—૧ કર્તાથકી, ૨ કર્મથકી, ૩ દ્રવ્યથકી, ૪ મરનારના દોષથકી, ૫ વિધાનથકી. એ પ્રમાણે પાંચ પ્રકારનો છે.

मासेतुप्रायश्चित्तेत्रिरात्रमतिक्रांताशौचं कृतकर्मांगनांदीश्राद्धानांतत्कर्मसमाप्तिपर्यंतं तत्कर्मोपयोगिकार्येआर्त्यादिसंकटेआशौचंन जाताशौचमृताशौचवतोमरणसमयप्राप्तौनाशौचं तेनदानादिकंसतिवैराग्ये आतुरस्यसंन्यासोपिभवतीतिसिंध्वादयः देशविप्लवदुर्भिक्षादिमहापदिसद्यःशौचं आपदपगमेआशौचावशेषेअवशिष्टाशौचमस्त्येव ॥

તેમાં કર્ત્તાથકી આશૌચનો અપવાદ કહે છે.—સંન્યાસી તથા બ્રહ્મચારીને સપિંડના જન્મ તથા મરણનું આશૌચ નથી. માતા તથા પિતા મૃત થયાં હોય તો સંન્યાસી તથા બ્રહ્મચારીએ વસ્ત્રસહિત સ્નાન માત્ર અવશ્ય કરવું. બ્રહ્મચારીનું સમાવર્ત્તન થયા પછી પોતાની બ્રહ્મચર્યદશામાં જે પિતા ઇત્યાદિ સપિંડ મૃત થયા હોય તેમનું ત્રણ રાત્રિ આશૌચ પાળી તેમને ઉદકદાન કરવું. શબની વાંસે જવું, શબ ઉપાડવું, એ નિમિત્તનું આશૌચ તો બ્રહ્મચારીને પણ છેજ. પિતા ઇત્યાદિકનું અંત્યકર્મ કર્યા છતાં બ્રહ્મચારીને આશૌચ છેજ. જેણે પ્રથમ પ્રાયશ્ચિત્તનો પ્રારંભ કર્યો હોય તેને પ્રાયશ્ચિત્ત કરતી વેળાએ આશૌચ નથી; પ્રાયશ્ચિત્તની સમાપ્તિ થયા પછી તેણે ત્રણ રાત્રિ અતિક્રાંતાશૌચ પાળવું. કર્મનું અંગભૂત નાંદીશ્રાદ્ધ જેણે કર્યું હોય તેને તે કર્મની સમાપ્તિ થવાપર્યંત તે કર્મના ઉપયોગી કાર્યવિષે પીડા ઇત્યાદિ સંકટ છતાં આશૌચ નથી. જાતાશૌચ તથા મૃતાશૌચવાળાને મરણસમય પ્રાપ્ત થયા છતાં આશૌચ નથી. તેથી દાનાદિક તથા મરનારાને આતુરસંન્યાસ પણ થાય છે એમ નિર્ણયસિંધુ ઇત્યાદિક ગ્રંથમાં છે. દેશમાં મ્હોટી પીડા થાય, દુકાળ પડે ઇત્યાદિ મહા આપત્તિ છતાં તેજ સમયે શુદ્ધિ, આપત્તિ દૂર થયા પછી સૂતક શેષ રહ્યું હોય તો તે બાકીનું સૂતક છેજ.

अथकर्मतः ॥ अन्नसत्रिणामन्नादिदानेपुनाशौचं प्रतिग्रहीतुस्तुआमान्नग्रहणेदोषोन पक्वान्नभोजनेतुत्रिरात्रंक्षीरपानं गृहीतेनंतव्रतादावेकादश्यादौचारब्धकृच्छ्रादिव्रतेचनाशौचं तत्रस्नानादिशारीरनियमाःस्वयंकार्याः अनंतपूजादिकमन्येनकारणीयम् ब्राह्मणभोजनादिकमाशौचांते राजादीनांप्रजापालनादौनाशौचं ऋत्विजांमधुपर्कपूजोत्तरंतत्कर्मणिनाशौचं तेनयेष्वाधानपशुबंधादिषुमधुपर्कोनोक्तस्तेषुकृतेपिवरणेतान्त्यक्त्वान्येऋत्विजःकार्याः दीक्षितानांदीक्षणीयोत्तरमवभृथस्नानपर्यंतंयज्ञकर्मणिनाशौचं दीक्षितर्त्विग्भ्यांस्नानमात्रंकर्ममध्येकार्यं अवभृथात्पूर्वमेवाशौचाभावः अवभृथंतुनभवत्येवेतिसिंधुः कर्मांतेतुत्रिरात्रंपूर्वन्यायात् रोगभयराजभयादिनाशार्थेशांतिकर्मणिनाशौचं क्षुत्पीडितकुटुंबस्यप्रतिग्रहेनाशौचं निस्मरणशीलस्याधीतवेदशास्त्राध्ययनेपिनाशौचं वैद्यस्यनाडीस्पर्शनेनाशौचं श्राद्धेतूक्तं मूर्तिप्रतिष्ठाचौलोपनयनविवाहाद्युत्सवतडागाद्युत्सर्गकोटिहोमतुलापुरुषदानादिककर्मसुनांदीश्राद्धोत्तरंनाशौचं संकल्पितेपुरश्चरणजपेऽविच्छेदेनसंकल्पितहरिवंशश्रवणादौचप्रारंभोत्तरंनाशौचं कालादिनियमाभावेतुस्तोत्रहरिवंशादिकमाशौचेहेयमेव सर्वोप्ययमाशौचापवादोनन्यगतिकत्वेआर्तौचज्ञेयइतिसिंधौनागोजीयेचोक्तं तेनानन्यगतिकत्वादिकमालोच्यैवाशौचाभावोयोज्यः अत्रयद्वक्तव्यं तत्पूर्वार्धेतत्रतत्रोक्तमेव ॥

હવે કર્મેકરી અપવાદ કહે છે.—અન્નસત્ર જેનો હોય તેને અન્નના દાનવિષે આશૌચ નથી. દાનના લેનારાને તો, કાચું અન્ન લેવાવિષે દોષ નથી. રાંધેલું અન્ન ભક્ષણ કરે તો, ત્રણ રાત્રિ દુગ્ધપાનવ્રત કરવું. પ્રથમ ગ્રહણ કરેલાં અનંતવ્રતાદિક, એકાદશી ઇત્યાદિક અને આરંભ કરેલાં કૃચ્છ્રાદિ વ્રતવિષે આશૌચ નથી. તેમાં સ્નાન આદિ શરીરસંબંધી નિયમો પોતે કરવા, અનંતપૂજાદિક અન્યદ્વારાએ કરાવવું. બ્રાહ્મણભોજનાદિક સૂતક ગયા પછી કરવું. રાજા ઇત્યાદિકને પ્રજાનું પાલન ઇત્યાદિક કાર્યવિષે આશૌચ નથી. બ્રાહ્મણોને મધુપર્કવડે પૂજા થયા પછી તે કર્મ કરવાવિષે આશૌચ નથી. તેથી આધાન, પશુબંધ ઇત્યાદિક જે જે યજ્ઞોવિષે મધુપર્કપૂજા કહી નથી તે યજ્ઞમાં ઋત્વિજોનું વરણ કર્યું હોય તો પણ તેમને કાઢી બીજા ઋત્વિજો વરાવવા. જેણે યજ્ઞદીક્ષા ગ્રહણ કરી હોય તેને, દીક્ષણીય ઇષ્ટિ થયા પછી અવભૃથ (યજ્ઞાંત) સ્નાનપર્યંત યજ્ઞકર્મવિષે આશૌચ નથી. દીક્ષિત અને ઋત્વિજ એમણે કર્મના મધ્યમાં સ્નાન માત્ર કરવું. અવભૃથની પ્રથમજ આશૌચ નથી. અવભૃથસ્નાન તો આશૌચમાં થાય નહીં, એમ નિર્ણયસિંધુમાં છે. કર્મની સમાપ્તિ થયા પછી તો પ્રથમ કહ્યાપ્રમાણે ત્રણ રાત્રી આશૌચ પાળવું. રોગભય, રાજભય ઇત્યાદિકના નાશને અર્થે શાંતિકર્મવિષે આશૌચ નથી. જેનું કુટુંબ ભૂખે પીડાયલું હોય તેને દાન લેવામાં આશૌચ નથી. વારંવાર વિસરી જનારાને ભણેલા વેદ, શાસ્ત્રોનાં અધ્યયનવિષે પણ આશૌચ નથી. વૈદ્યને નાડીના સ્પર્શવિષે આશૌચ નથી. શ્રાદ્ધવિષે

તો પ્રથમ કહ્યું છે. મૂર્ત્તિની પ્રતિષ્ઠા, ચૌલ, ઉપનયન, વિવાહાદિક ઉત્સવ, તલાવ ઇત્યાદિકનો ઉત્સર્ગ, કોટિહોમ અને તુલાપુરૂષનું દાન ઇત્યાદિક કર્મવિષે નાંદીશ્રાદ્ધ થયા પછી આશૌચ નથી. પ્રથમ સંકલ્પ કરેલો પુરશ્ચરણનો જપ તથા અંતરાયવિના સંકલ્પ કરેલું હરિવંશનું શ્રવણાદિક એવિષે પ્રારંભ પછી આશૌચ નથી. કાલ ઇત્યાદિકના નિયમનો અભાવ હોય તો, સ્તોત્ર હરિવંશ ઇત્યાદિક આશૌચમાં વર્જ્ય છેજ. આ સઘળો આશૌચનો અપવાદ બીજી ગતિ ન છતાં તથા પીડાવિષે જાણવો; એમ નિર્ણયસિંધુમાં તથા નાગોજીભટ્ટકૃત આશૌચનિર્ણયમાં કહ્યું છે, તેથી બીજી ગતિ ન છતાં ઇત્યાદિક જોઇનેજ આશૌચનો અભાવ કહેવો. એ વિષયમાં જે કહેવાનું તે પૂર્વાર્ધમાં તે તે ઠેકાણે કહેલુંજ છે.

केचित्तुमतेष्विवदीक्षितानामृत्विजामारब्धोत्सवादीनांचस्वरूपतआरंभतश्चावश्यकत्वादात्यंयभावेप्याशौचाभावइत्याहुः कन्यायाऋतुशंकादिसंकटेमुहूर्तांतराभावेकूष्मांडहोमादिनाजाताशौचेविवाहारंभोपिकार्यइत्युक्तं विवाहादिषुनांदीश्राद्धोत्तरमाशौचपातेपूर्वसंकल्पितान्नमसगोत्रैर्दातव्यंभोक्तव्यंच दातारंभोक्तारंसिद्धान्नंचसूतकीनस्पृशेत् विवाहादौतदन्यत्रवाभुंजानेषुविप्रेषुदातुराशौचपातेपात्रस्थमप्यन्नंत्यक्त्वान्यगेहोदकाचांताःशुद्ध्यंतीत्यादिपूर्वार्धेउक्तं एवंसहस्रभोजनादावपिपूर्वसंकल्पितान्नेषुज्ञेयम् पार्थिवशिवपूजायांनाशौचं आशौचेसंध्याश्रौतस्मार्तहोमादिविषयेपूर्वार्धेउक्तं अग्निसमारोपप्रत्यवरोहावाशौचयोर्नैकार्यौ तेनसमारोपोत्तरमाशौचपातेपुनराधानमेव समारोपप्रत्यवरोहयोरन्यकर्तृकत्वस्याशौचापवादस्यचाभावात् इदंवहृचांनांद्वादशाहंहोमलोपेन्येषांत्र्यहंहोमलोपेएवपुनराधानंज्ञेयं ग्रहणनिमित्तकेस्नानश्राद्धदानादौनाशौचं कश्चित्स्नानमात्रंकार्यंनश्राद्धादीत्याह संक्रांतिस्नानादावपिनाशौचं नित्यकृत्येषुस्नानाचमनभोजननियमास्पृश्यस्पर्शनादिनियमेषुनाशौचं अन्यद्वैश्वदेवब्रह्मयज्ञदेवपूजादिनित्यंनैमित्तिकंकाम्यंचाशौचेपुनकार्यं भोजनकालेआशौचापादकजननमरणश्रवणेमुखस्थंग्रासंत्यक्त्वास्नायात् मुखस्थग्रासभक्षणेएकोपवासः सर्वान्नभोजनेत्रिरात्रोपवासः इतिकर्मतआशौचसदसद्भावविचारः ॥

કોઈ ગ્રંથકાર તો, વ્રતવિષે જેમ આશૌચ નથી તેમ દીક્ષિત, ઋત્વિજ અને પ્રથમ આરંભેલા ઉત્સવાદિકને સ્વરૂપેકરી તથા આરંભેકરી આવશ્યકપણું હોવાથી પીડા ઇત્યાદિક ન છતાં પણ કૂષ્માંડહોમ ઇત્યાદિક કરી જનનાશૌચવિષે વિવાહનો આરંભ પણ કરવો, એમ કહ્યું છે. વિવાહાદિકવિષે નાંદીશ્રાદ્ધ પછી આશૌચ પ્રાપ્ત છતાં પ્રથમ સંકલ્પ કરી રાખેલું અન્ન અસગોત્રવાળાઓએ દેવું તથા ભક્ષણ પણ કરવું. સૂતકીએ દાતા, ભોક્તા તથા સિદ્ધ કરેલા અન્નને સ્પર્શ કરવો નહીં. વિવાહાદિક કાર્યવિષે તથા અન્ય સમયે બ્રાહ્મણભોજન કરતાં છતાં દાતાને આશૌચ પ્રાપ્ત થાય તો, પાત્ર ઉપર પીરસેલા અન્નનો પણ ત્યાગ કરી બીજાના ઘરના જળવડે આચમન લઈ બ્રાહ્મણો શુદ્ધ થાય છે ઇત્યાદિ પૂર્વાર્ધમાં કહ્યું છે. એ રીતે સહસ્રભોજનાદિકવિષે પણ પ્રથમ સંકલ્પ કરેલા અન્નવિષે એવોજ નિર્ણય જાણવો. પાર્થિવ શિવલિંગની પૂજાવિષે આશૌચ નથી. આશૌચવિષે સંધ્યા, શ્રૌતસ્માર્તહોમાદિકવિષે પૂર્વાર્ધમાં કહ્યું છે. અગ્નિસમારોપ તથા પ્રત્યવરોહ એ બન્ને આશૌચમાં કરવાં નહીં, તેથી સમારોપ કર્યા પછી આશૌચ પ્રાપ્ત થયા છતાં પુનરાધાનજ કરવું; કારણ, સમારોપ તથા પ્રત્યવરોહ એ બીજાએ કરવાં નહીં, તથા તે વિષે આશૌચનો અપવાદ પણ નથી. એ પુનરાધાન, ઋગ્વેદીઓને બાર દિવસ અને બીજી શાખાવાળાઓને ત્રણ દિવસ હોમનો લોપ છતાંજ જાણવું. ગ્રહણના નિમિત્તથકી કરવાનાં સ્નાન, શ્રાદ્ધ અને દાન ઇત્યાદિકવિષે આશૌચ નથી. કોઈએક ગ્રંથકાર સ્નાન માત્ર કરવું, શ્રાદ્ધાદિક કરવાં નહીં, એમ કહે છે. સક્રાંતિસંબંધી સ્નાન દાનાદિકવિષે પણ આશૌચ નથી. નિત્ય કરવાના એવા સ્નાન, આચમન, ભોજન, નિયમ, સ્પર્શને અયોગ્યનો સ્પર્શ, ઇત્યાદિક નિયમવિષે આશૌચ નથી. બીજાં વૈશ્વદેવ, બ્રહ્મયજ્ઞ, દેવપૂજા ઇત્યાદિ નિત્યકર્મ, નૈમિત્તિકકર્મ તથા કામ્યકર્મ આશૌચવિષે કરવાં નહીં. ભોજનસમયે, સુતક ઉપજાવનારાં જનન તથા મરણ સાંભળ્યા છતાં મોઢામાંનો ગ્રાસ કાઢી સ્નાન કરવું, મોઢામાંનો ગ્રાસ ભક્ષણ કર્યા છતાં એક ઉપવાસ કરવો, સઘળું અન્ન ભક્ષણ કર્યા છતાં ત્રણ રાત્રિ ઉપવાસ કરવા, એ રીતે કર્મ કરી આશૌચ છે કે નથી એનો નિર્ણય કહ્યો.

अथद्रव्यतः ॥ पुष्पफलमूललवणमधुमांसशाकतृणकाष्ठोदकक्षीरदधिघृतौषधतिलतद्विकारेक्षुतद्विकाराणांलाजादिभर्जितान्नसत्तुलड्डुकादीनांचाशौचिगृहस्थितानांचग्रहणेदोषोन आशौचिहस्तात्तुकि

मप्येतन्नग्राह्यं पण्येतुवणिजादेराशौचेपितद्धस्ताल्लवणादेरामान्नस्यचक्रयेनदोषः जलदधिलाजादिकंतु क्रयेणापितद्धस्तान्नग्राह्यम् ॥

હવે દ્રવ્યે કરી અપવાદ કહે છે.—ફૂલ, ફળ, મૂળ, મીઠું, મધ, માંસ, શાક, ઘાસ, કાષ્ઠ, જળ, દૂધ, દહીં, ઘૃત, ઔષધ, તિલ તથા તેના વિકાર (તેલ ઇત્યાદિ) સેરડી તથા તેના વિકાર (ગોળ, કાકવી, ખાંડ ઇત્યાદિ) પવા ઇત્યાદિ ભૂજેલાં અન્ન અને લાડુ ઇત્યાદિ પદાર્થ જેની ઉપર સૂતકીનું ધણીપણું છે તથા સૂતકીનાં ઘરમાં રહેલાં તે ગ્રહણ કરવાવિષે દોષ નથી. સૂતકીને હાથેથી તો કોઈ પણ એમાંની વસ્તુ લેવી નહીં. બજારમાં તો, વ્યાપારી ઇત્યાદિકને આશૌચ હોય તોપણ તેને હાથેથી લવણાદિક અને કાચું અન્ન વેચાતું લેવામાં દોષ નથી. જળ દહીં, લાવા (ધાણી) ઇત્યાદિક પદાર્થ તો, વેચાતાં પણ તેને હાથેથી લેવા નહીં.

अथमृतदोषतः ॥ शास्त्रानुज्ञांविनाशस्त्राग्निविषजलपाषाणभृगुपातानशनादिभिर्बुद्धिपूर्वकंस्वेच्छयात्मघातकानांनाशौचं तच्चात्मघातनंक्रोधात्परोद्देशेनवास्तुखतएवेष्टसाधनताभ्रमेणवा तथाचौर्यादिदोषेराजहतानांपारदार्येतत्पत्यादिहतानांविद्युद्धतानांचनाशौचं अन्यैर्निषिद्धोपिगर्वान्नदीतरणवृक्षाधिरोहकूपावरोहाद्यौप्रवृत्तोमृतस्तस्यापिनाशौचं योगवादिहरणार्थंतद्धननार्थंवाप्रवृत्तोगोसर्पनखिशृंगिदंष्ट्रिगजचोरविप्रांत्यजादिभिर्हतस्तस्यनाशौचं महापातकिनांतत्संसर्गिणांचमहापापितुल्यानांचपतितानांनपुंसकानांचमरणेनाशौचं स्त्रीणांचपत्यादिहंत्रीणां हीनजातिगामिनीनांगर्भघ्नीनांकुलटानांचपूर्वोक्तात्मघातादिपापयुक्तानांचमृतौनाशौचं तत्रैषांशवानांस्पर्शाश्रुपातवहनदहनांत्यकर्माणिनकुर्यात् स्पर्शादिकरणेज्ञानाज्ञानाभ्यासादितारतम्येन कृच्छ्रातिकृच्छ्रसांतपनचांद्रायणादिप्रायश्चित्तानिर्सिंध्वादिग्रंथांतरतोज्ञेयानि तेनैषांमृतदेहस्यजलेप्रक्षेपः ततःसंवत्सरोत्तरंपुत्रादिस्तदीयात्मघातादिपापानुसारेणप्रायश्चित्तंतस्यकृत्वा नारायणबलिंचकृत्वापर्णशरदाहादिपूर्वकमाशौचमौर्ध्वदेहिकंचकुर्यात् केचित्प्रेतशरीरंदग्ध्वादाहनिमित्तंचांद्रायणत्रयंकृत्वाऽस्थीनिसंस्थाप्याब्दांतेपूर्वोक्तरीत्यौर्ध्वदेहिकमित्याहुः ॥

હવે મૃતદોષેકરી અપવાદ કહે છે.—શાસ્ત્રની આજ્ઞાવિના શસ્ત્ર, અગ્નિ, વિષ, જળ, પાષાણ, ભૈરવજપ અને ઉપવાસ ઇત્યાદિકવડે જાણીજોઈ પોતાની ઇચ્છાથી આત્મહત્યા કરી મરનારનું સૂતક નથી. એ આત્મહત્યા ક્રોધથી અથવા બીજાના નિમિત્તથી થાઓ અથવા પોતાનું સારૂં થશે એવા ભ્રમથી હો. તેમજ, ચોરી કરવી ઇત્યાદિ દોષથકી રાજાએ મારેલા, વ્યભિચારી હોવાથી તે સ્ત્રીના પતિ ઇત્યાદિકે મારેલા, અને વીજળી પડવાથી મરેલાનું આશૌચ નથી. બીજાએ નિષેધ કર્યા છતાં પણ ગર્વથકી નદી તરવી, ઝાડ ઉપર ચડવું અને કુવા ઇત્યાદિકમાં ઉતરવું, એ કરવાથી જે મૃત થાય તેનું પણ આશૌચ નથી. ગાય ઇત્યાદિકને ચોરવામાટે અથવા તેઓને મારવામાટે પ્રવૃત્ત થયેલો એવો ગાય, સર્પ, નખવાળા (સિંહાદિક), શીંગડાવાળા (બેલ ઇત્યાદિક), દાઢવાળા (સૂવર ઇત્યાદિક), હાથી, ચોર, બ્રાહ્મણ અને ચાંડાલ ઇત્યાદિકે મારેલાનું આશૌચ નથી. મહાપાપી, મહાપાપીના સંસર્ગ કરવાવાળા, મહાપાપીની બરોબર પાપી, પતિત અને નપુંસક એ મૃત થયા છતાં તેમનું સૂતક નથી. પતિ ઇત્યાદિકને મારનારી, હીન જાતિસાથે વ્યભિચાર કરનારી, ગર્ભહત્યા કરનારી, કુલટા અને પ્રથમ કહેલાં આત્મહત્યા ઇત્યાદિક પાતક કરનારી એવી સ્ત્રી મૃત થયા છતાં તેનું આશૌચ નથી. તેમાં એવા શબને સ્પર્શ કરવો, રોવું, ઉપાડવું, દાહ કરવો અને અંત્યકર્મ એ કરવાં નહીં. સ્પર્શાદિક કર્યા છતાં જાણમાં, અજાણમાં, અભ્યાસ ઇત્યાદિકની ઓછાઈ અધિકાઇવડે કૃચ્છ્ર, અતિકૃચ્છ્ર, સાંતપન, ચાંદ્રાયણ ઇત્યાદિક પ્રાયશ્ચિત્ત નિર્ણયસિંધુ ઇત્યાદિક ગ્રંથમાં જોવાં, તેથી એમ થાય છે કે, એમના મરેલા દેહ જળમાં નાખવા, તે હેતુથી એક વર્ષપછી પુત્રાદિકોએ તેમનાં આત્મહત્યાદિક જેવાં પાપ હોય તેને અનુસારે તેનાં પ્રાયશ્ચિત્ત કરી તથા નારાયણબલિ કરી પુત્તલવિધિવડે દાહ કરી આશૌચ અને અંત્યકર્મ કરવું. કોઈ ગ્રંથકાર, પ્રેતના શરીરનો દાહ કરી દાહનિમિત્ત ત્રણ ચાંદ્રાયણ કરી તેનાં અસ્થિ રાખી વર્ષ પછી પ્રથમ કહેલી રીતિપ્રમાણે અંત્યકર્મ કરવું એમ કહે છે.

अथवाल्लौकिकाग्निनातृणौर्दग्ध्वास्यजीवनसंदेहाद्वाभयाद्वापुत्रादयःसंवत्सरादर्वागपितत्तदात्मघातादिपापोक्तद्विगुणप्रायश्चित्तपूर्वकं नारायणबलिंकृत्वापर्णशरदाहमस्थिदाहंवाकृत्वाशौचमौर्ध्वदेहिकंचकुर्युः इदंचप्रायश्चित्तार्हाणामेव प्रायश्चित्तानर्हाणांघटस्फोटेनबहिष्कृतानांचदासीद्वारापतितोदक

विध्यनंतरंसपिंडीकरणवर्जमौर्ध्वदेहिकं तेनसांवत्सरिकमप्येकोद्दिष्टविधिनैव यद्वात्मघातिनांपुत्रादिर्मृतजातीयवधोक्तब्रह्महत्यादिप्रायश्चित्तसहितंचांद्रायणंतप्तकृच्छ्रद्वयंचकृत्वानारायणबलिपूर्वकंतंदहेत् तथाचात्मघातिनांगोगजव्याघ्रादिहेतुकदुर्मरणवतांचपतितादीनांच पूर्वोक्तानांसर्वेषांनमरणदिनादारभ्याशौचं किंतुतत्तत्प्रायश्चित्तनारायणबलिपूर्वकसमंत्रकदाहदिनमारभ्यैवाशौचं जलाग्न्यादिभिःप्रमादमृतानांतुमरणदिनादारभ्याशौचादिकमस्त्येव तच्चत्रिरात्रमितिकेचित् दशाहमितिबहवः किंतुप्रमादमरणस्यापिदुर्मरणत्वात्तन्निमित्तप्रायश्चित्तपूर्वकमेवदाहादिकार्यम् तदुक्तंस्मृत्यर्थसारे चंडालगोब्राह्मणचोरपशुदंष्ट्रिसर्पाग्न्युदकादिभिः प्रमादान्मरणेचांद्रायणंतप्तकृच्छ्रद्वयंचतत्प्रायश्चित्तंकृत्वापंचदशकृच्छ्राणिवाप्रायश्चित्तंकृत्वा विधिवद्दहनाशौचोदकदानादिसर्वंकार्यमेवेति प्राणांतिकप्रायश्चित्तेन मृतस्यदशाहमाशौचंसर्वाणिप्रेतकार्याणिचकर्तव्यानि प्रायश्चित्तेनतस्यशुद्धत्वात् एवमारब्धप्रायश्चित्तस्यप्रायश्चित्तमध्येमरणेपिशुद्धत्वादिकंज्ञेयम् ॥

અથવા લૌકિકાગ્નિવડે મત્રરહિત દાહ કરી પોતે (પુત્રાદિક અધિકારી) જીવી શકે નહીં, જીવું એવા સંશયથકી અથવા ભક્તિથકી પુત્રાદિકોએ વર્ષની પ્રથમ પણ તે તે આત્મહત્યાદિ પાપનાં ઉક્ત પ્રાયશ્ચિત્ત કરતાં બમણું પ્રાયશ્ચિત્ત કરી નારાયણબલિ કરી પુત્તલવિધિવડે દાહ કરી અથવા અસ્થિદાહ કરી આશૌચ અને અત્યકર્મ કરવું. એ નિર્ણય જે પ્રાયશ્ચિત્તને માટે યોગ્ય છે તેને વિષેજ છે. જે પ્રાયશ્ચિત્તને યોગ્ય નથી તે તથા ઘટસ્ફોટ કરી જાતિથી બાહેર થયેલા તેમનેમાટે દાસીવડે પતિતોદકવિધિ કર્યા પછી સપિંડીકરણવિના ઔર્ધ્વદેહિક કર્મ કરવું, તેથી એમ સિદ્ધ થાય છે કે તેમનું સાંવત્સરિક શ્રાદ્ધ પણ એકોદ્દિષ્ટવિધિવડેજ કરવું. અથવા આત્મહત્યા કરી મૃત થયેલાના પુત્રાદિકોએ મરનારાની જાતીના વધવિષે કહેલાં બ્રહ્મહત્યાદિકનાં પ્રાયશ્ચિત્તસહિત ચાંદ્રાયણ અને બે તપ્તકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી નારાયણબલિ કરી તેનો દાહ કરવો. તેથી એમ સિદ્ધ થાય છે કે, આત્મહત્યા કરી મૃત થયેલા; ગાય, હાથી, સિંહ ઇત્યાદિ નિમિત્તથી દુષ્ટ મરણવડે મૃત થયેલા; અને પતિતાદિક પ્રથમ કહેલા એ સઘળાઓનું મરણદિવસે આશૌચ નથી, ત્યારે તે તે પ્રાયશ્ચિત્ત તથા નારાયણબલિપૂર્વક મત્રસહિત દાહ જે દિવસે થાય તે દિવસેજ આશૌચ પાળવું. જળ, અગ્નિ ઇત્યાદિકવડે પ્રમાદ (ગાફલપણા)થી મૃત થયેલાઓનું તો તે મરણદિવસથકી આશૌચ ઇત્યાદિક છેજ. પણ તે ત્રણ રાત્રિ છે એમ કોઈ ગ્રંથકાર કહે છે. દશ દિવસ પાળવું એમ ઘણા ગ્રંથકાર કહે છે. તો પણ પ્રમાદથી મરણ એ પણ દુર્મરણ છે માટે તેનાં નિમિત્તથકી પ્રાયશ્ચિત્ત પ્રથમ કરીનેજ દાહાદિક કરવાં, તે (પ્રાયશ્ચિત્ત) સ્મૃત્યર્થસાર ગ્રંથમાં કહ્યુ છે. તે આ રીતે—ચાંડાલ, ગાય, બ્રાહ્મણ, ચોર, પશુ, દાઢવાળાં (સૂવર ઇત્યાદિક), સર્પ, અગ્નિ અને જળ ઇત્યાદિકવડે પ્રમાદથી મરણ થયા છતાં ચાંદ્રાયણ અને બે તપ્તકૃચ્છ્ર એવું તેનું પ્રાયશ્ચિત્ત કરી અથવા પંદર કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી વિધિપ્રમાણે દાહ, આશૌચ અને ઉદકદાન ઇત્યાદિક સઘળાં કર્મ કરવાંજ. પ્રાણત્યાગપર્યંત પ્રાયશ્ચિત્ત કરીને જે મૃત થયો હોય તેનું દશ દિવસ આશૌચ અને સઘળું પ્રેતકાર્ય કરવું; કારણ પ્રાયશ્ચિત્તવડે તે શુદ્ધ થયેલો છે. એપ્રમાણે જેણે પ્રાયશ્ચિત્તનો આરંભ કરેલો હોય તે મનુષ્ય પ્રાયશ્ચિત્તના મધ્યમાં મૃત થાય તો પણ તે શુદ્ધ છે ઇત્યાદિક જાણવું.

आहिताग्नेस्तुपतितादेर्मरणेदर्पादिनाचांडालशृंगिचोरादिहेतुकेचमरणेविशेषः त्रेताग्नीन्प्रक्षिपेदप्सु आवसथ्यंचतुष्पथे पात्राणितुदहेदग्नौसाग्निकेपापकर्मणि ततःप्रायश्चित्तार्हत्वानर्हत्वादिपूर्वोक्तव्यवस्थयानिर्मथ्याग्निनादाहाद्यंत्यकर्मेति महापातकसंयुक्तःसाग्निकोयदिजीवति पुत्रादिःपालयेदग्नीन्प्रायश्चित्तक्रियावधि प्रायश्चित्तंनकुर्याद्यःकुर्वन्वाम्रियतेयदि जलेग्नीन्प्रक्षिपेदग्नौपात्राणितुजलेपुवा माधवीये आहिताग्नेर्दुर्मरणेप्यात्मघातेचतंलौकिकाग्निनातूष्णींदग्ध्वातदस्थीनिक्षीरेणप्रक्षाल्य तत्प्रायश्चित्तंकृत्वाथौताग्निभिःसमंत्रकंदाहादिकार्यमित्युक्तं इदंनिरग्नेरपिदुर्मरणेयोज्यं ॥

પતિત ઇત્યાદિક આહિતાગ્નિ મૃત થાય અથવા ગર્વાદિકેકરીને ચાંડાલ, શીગડાવાળા પશુ અને ચોર ઇત્યાદિ કારણથી મૃત થયા છતાં તેવિષે વિશેષ—“ સાગ્નિક એટલે જેણે અગ્નિ ગ્રહણ કરેલો હોય એવા પુરૂષ પાપકર્મ કરનારો થયા છતાં ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણાગ્નિ એ ત્રણ અગ્નિ જળમાં નાખવા; ગૃહ્યાગ્નિ ચોવટામાં નાખવો; અને પાત્ર અગ્નિમાં બાળી નાખવાં. ” પછી પ્રાયશ્ચિત્તની યોગ્યતા કે અયોગ્યતા ઇત્યાદિક પ્રથમ કહેલી વ્યવસ્થાપ્રમાણે મથન કરી ઉત્પન્ન કરેલા અગ્નિવડે દાહ ઇત્યા-

દિક અત્યકર્મ કરવાં. “મહાપાપે યુક્ત એવો સાગ્નિક જો જીવતો હોય તો પુત્રાદિકોએ તે પ્રાયશ્ચિત્ત કરે ત્યહાંસુધી તેના અગ્નિનું રક્ષણ કરવું; જો પ્રાયશ્ચિત્ત કરે નહી, અથવા પ્રાયશ્ચિત્ત કરતાં મધ્યમાં મૃત થાય તો તેના અગ્નિ જળમાં નાખવા, અને પાત્ર તો અગ્નિ અથવા જળમાં નાખવાં.” માધવના ગ્રંથમાં—આહિતાગ્નિ દુર્મરણ અથવા આત્મહત્યાવડે મૃત થયા છતાં તેનો લૌકિકાગ્નિવડે મંત્રરહિત દાહ કરી તેનાં અસ્થિ દૂધમાં ધોઈ તેનું પ્રાયશ્ચિત્ત કરી પછી શ્રૌતાગ્નિવડે મંત્રસહિત દાહાદિક કરવાં એમ કહ્યું છે. એ નિર્ણય નિરગ્નિકને પણ દુર્મરણ પ્રાપ્ત થયા છતાં જાણવો.

अथसर्पहतेविशेषः ॥ प्रमादेनवादर्पादिनावासर्पतोमृतावाशौचादिनकार्यम् वक्ष्यमाणंनागपूजाव्रतंकृत्वानारायणबलिसौवर्णनागदानप्रत्यक्षगोदानानिकृत्वादाहाशौचादिकार्यं सर्वत्रदुर्मरणेपतितादिमरणेचतत्तत्प्रायश्चित्तादिकृत्वादाहाशौचादिकार्यमित्युक्तम् ॥

હવે સર્પદંશથકી મૃત થયા છતાં વિશેષ.—પ્રમાદથી અથવા ગર્વાદિકવડે સર્પથકી મરણ થયા છતાં આશૌચાદિક પાળવું નહીં. આગળ કહેવાશે એવું નાગપૂજાનું વ્રત કરી નારાયણબલિ, સુવર્ણના નાગનુ દાન અને પ્રત્યક્ષ ગૌદાન કરી દાહ, આશૌચ ઇત્યાદિક કરવાં. સઘળાં દુર્મરણ તથા પતિતાદિકનાં મરણ છતાં તે તે પ્રાયશ્ચિત્તાદિક કરી દાહ, આશૌચ ઇત્યાદિ કરવાં એમ કહ્યું છે.

तत्रप्रायश्चित्तानिप्रसंगादुच्यंते ॥ बुद्धिपूर्वकमात्मघातेनमृतानांत्रिंशत्कृच्छ्राणिप्रायश्चित्तं एतच्चजातिवधप्रायश्चित्तेनसमुच्चितंकार्यं तद्यथा ब्राह्मणेनात्मघातेकृतेद्वादशाब्दं ब्रह्महत्याप्रायश्चित्तं त्रिंशत्कृच्छ्रमात्मघातप्रायश्चित्तंचतत्पुत्रादिःकुर्यात् ब्राह्मणस्त्रियात्मघातेकृतेब्राह्मणस्त्रीवधप्रायश्चित्तं त्रिंशत्कृच्छ्राणिच एवंशूद्राद्यात्मघातेप्यूह्यं अशक्तावात्मघातेचांद्रायणद्वयंतप्तकृच्छ्रचतुष्कं प्रमादेनजलादिमरणेपंचदशकृच्छ्राणि चांद्रायणपूर्वकंतप्तकृच्छ्रद्वयंवा पतितमृतेषोडशकृच्छ्राणि ब्रह्महत्यादिपापिनांप्रायश्चित्तात्पूर्वंमरणेतत्तत्पापप्रायश्चित्तंपुत्रेणकार्यं प्रायश्चित्तानर्हाणांतुपतितोदकदानविधिरेवनप्रायश्चित्तादीत्युक्तं सिंधौतुप्रायश्चित्तानर्हाणामपिपुत्रादिर्नारायणबलिपूर्वंसर्वमौर्ध्वदेहिकंसपिंडीकरणंदर्शादिश्राद्धंगयादिश्राद्धंचकुर्यादेव एवंम्लेच्छीकृतस्यापिपतितोदकविधिरपुत्रविषयइत्युक्तं इदमेवयुक्तम् ॥

તેમાં પ્રસંગથકી પ્રાયશ્ચિત્ત કહે છે.—જાણી જોઇ આત્મહત્યા કરી જે મૃત થાય તેનું ત્રીસ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત. એ પ્રાયશ્ચિત્ત જાતિવધના પ્રાયશ્ચિત્તસાથે કરવું. તે આ રીતે—બ્રાહ્મણે આત્મહત્યા કર્યા છતાં દ્વાદશાબ્દ એવું બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત, તથા ત્રીસ કૃચ્છ્ર આત્મહત્યાનું પ્રાયશ્ચિત્ત એવાં બે પ્રાયશ્ચિત્ત તેના પુત્રાદિકોએ કરવાં. બ્રાહ્મણની સ્ત્રીએ આત્મહત્યા કર્યા છતાં બ્રાહ્મણની સ્ત્રીના વધનું પ્રાયશ્ચિત્ત અને ત્રીસ કૃચ્છ્ર કરવાં. એ રીતે શૂદ્રાદિકોએ આત્મહત્યા કર્યા છતાં પણ એ નિર્ણય જાણવો. આત્મહત્યા કર્યા છતાં પૂર્વોક્ત પ્રાયશ્ચિત્તવિષે શક્તિ ન હોય તો બે ચાંદ્રાયણ અને ચાર તપ્તકૃચ્છ્ર કરવાં. પ્રમાદવડે જળાદિકથકી મરણ થયા છતાં પંદર કૃચ્છ્ર, અથવા ચાંદ્રાયણપૂર્વક બે તપ્તકૃચ્છ્ર કરવાં. પતિત મૃત થયા છતાં સોળ કૃચ્છ્ર. બ્રહ્મહત્યાદિક પાપ કરનારાનું પ્રાયશ્ચિત્ત કર્યા પછી પ્રથમ મરણ થયા છતાં તે તે પાપનું પ્રાયશ્ચિત્ત પુત્રે કરવું. પ્રાયશ્ચિત્ત કરવાવિષે જે અયોગ્ય હોય તેનેમાટે તો પતિતોદકદાનવિધિજ કરવો, પ્રાયશ્ચિત્તાદિક કરવાં નહીં એમ કહ્યું છે. નિર્ણયસિંધુવિષે તો, પ્રાયશ્ચિત્તવિષે અયોગ્ય હોય તો પણ તેના પુત્રાદિકોએ નારાયણબલિપૂર્વક સઘળું અત્યકર્મ, સપિંડીકરણ, દર્શઆદિ શ્રાદ્ધ અને ગયાદિશ્રાદ્ધ એ કરવાંજ. એપ્રમાણે મ્લેચ્છ થયેલાનાં પણ પૂર્વોક્ત સર્વે કરવાં, પતિતોદકવિધિ જે કહી તે અપુત્રવિષયક છે એમ કહ્યું છે, અને એજ યોગ્ય છે.

यस्तुकिंचित्कालंम्लेच्छीकृतःप्रायश्चित्तार्हस्तस्य षोडशकृच्छ्रादिप्रायश्चित्तंपुत्रेणकृत्वापर्णशरदाहादिकार्यम् प्रमादमरणभिन्नेषुचौर्यपारदार्यादिहेतुकेषुदुर्मरणेषुचांद्रायणद्वयंतप्तकृच्छ्रंत्रेत्याकरतोविचार्य योज्यं किंचव्याघ्रादिहेतुकदुर्मरणेषुशातातपोक्तदानादिविधिरपिकार्यः तथाहिव्याघ्रहतेविप्रकन्याविवाहनं गजहतेचतुर्निष्कपरिमितहेमनिर्मितगजदानं राजहतेसौवर्णपुरुषदानं ,चोरहतेप्रत्यक्षधेनुदानं वैरिहतेवृषदानं वृषभेणहतेयथाशक्तिहेमदानं शय्यायांचमृतेदेयाशय्यातूलीसमन्विता निष्कहेमनिर्मितविष्णुप्रतिमाधिष्ठिताच शौचहीनमरणेद्विनिष्कहेमविष्णुदानं संस्कारहीनमरणेविप्रपुत्रो

पनयनं अश्वहतेनिष्कत्रयहेमकृताश्वदानं शुनाहतेक्षेत्रपालस्थापनं सूकरहतेमहिषदानं कृमिभिर्हते पंचखारीमितगोधूमदानं वृक्षहतेवस्त्रयुतसौवर्णवृक्षदानं शृंगिणाहतेवस्त्रयुतवृषभदानं शकटहतेसोपस्करंकिंचिद्द्रव्यदानं भृगुपातमृतेधान्यपर्वतदानं अग्निनामृतेउदपानोत्सर्गविधिः काष्ठहतेधर्मार्थसभाकरणं शस्त्रहतेमहिषीदानं अश्महतेसवत्सपयस्विन्यागोदानम् विषेणहतेहेमनिर्मितपृथ्वीदानं उद्बंधनेनमृतेहेमकपिदानं जलेमृतेद्विनिष्कहेमनिर्मितवरुणदानं विषूचिकामृतेस्वाद्वन्नेनशतविप्रभोजनं कंठस्थितकवलस्यमरणेघृतधेनुदानं कासरोगमृतेऽष्टकृच्छ्राणि अतीसारमृतेलक्षगायत्रीजपः शाकिन्यादिग्रहैर्मृतेरुद्रैकादशिनीजपः विद्युत्पातमृतेविद्यादानं अंतरिक्षमृतेवेदपारायणं पतितेमृतेषोडशकृच्छ्राणि अस्पृश्यस्पर्शयुक्तमरणेसच्छास्त्रपुस्तकदानमित्यादि ॥

જે મનુષ્ય થોડાએક દિવસપર્યંત મ્લેચ્છ થયા છતાં પ્રાયશ્ચિત્તને યોગ્ય હોય તેનાં સોળ કૃચ્છ્ર ઇત્યાદિ પ્રાયશ્ચિત્ત પુત્રે કરી પાલાશવિધિવડે દહનાદિક કરવાં. પ્રમાદથકી થતાં મરણવિના બીજાં ચૌર્ય, પરસ્ત્રીગમન ઇત્યાદિ કારણથકી થતાં દુર્મરણવિષે બે ચાંદ્રાયણ અથવા તપ્તકૃચ્છ્ર કરવાં એ રીતે મ્હોટા ગ્રંથોમાં જોઇ યોજના કરવી. અને વ્યાઘ્ર (ચિતરો) ઇત્યાદિક કારણથકી થતાં દુર્મરણવિષે શાતાતપે કહેલો દાનાદિક વિધિ પણ કરવો. તે આ રીતે—વ્યાઘ્રે માર્યા છતાં બ્રાહ્મણની કન્યાનો વિવાહ કરાવવો. હાથીએ માર્યા છતાં ચાર નિષ્ક સુવર્ણનો હાથી કરી તેનું દાન કરવું. રાજાએ માર્યા છતાં સુવર્ણનો પુરૂષ કરી તેનું દાન કરવું. ચોરે માર્યા છતાં પ્રત્યક્ષ ધેનુનું દાન કરવું. શત્રુએ માર્યા છતાં બેલનું દાન, બળદે માર્યા છતાં યથાશક્તિ સુવર્ણદાન, શય્યામાં મૃત થયા છતાં નિષ્ક સુવર્ણની વિષ્ણુમૂર્ત્તિ કરી તે શય્યા ઉપર રાખી ગાદલાં સાથે તે શય્યાનું દાન કરવું. પવિત્રપણું ન છતાં મૃત્યુ થયું હોય તો, બે નિષ્ક સુવર્ણની વિષ્ણુમૂર્ત્તિનું દાન કરવું. સંસ્કારરહિત મરણ છતાં બ્રાહ્મણના પુત્રને ઉપનયન કરાવવું. ઘોડાએ માર્યા છતાં ત્રણ નિષ્ક સુવર્ણનો ઘોડો કરી તેનું દાન કરવું. કુતરાએ માર્યા છતાં ક્ષેત્રપાલની સ્થાપના કરવી. સૂવરે માર્યા છતાં પાડાનું દાન, કીડાઓએ માર્યા છતાં પાંચ ખારી ગઉનું દાન કરવું. વૃક્ષના યોગથી મૃત થયા છતાં વસ્ત્રસહિત સોનાના ઝાડનું દાન કરવું. શીંગડાવાળા પશુએ માર્યા છતાં વસ્ત્રસહિત બળદનું દાન કરવું. ગાડીથી મૃત થયા છતાં સામગ્રીસહિત કોઇએક દ્રવ્યનું દાન કરવું. ભૈરવજપથી મૃત થયા છતાં ધાન્યના પર્વતનું દાન કરવું. અગ્નિવડે મૃત થયા છતાં કૂવા, તળાવ ઇત્યાદિક જળાશયનો ઉત્સર્ગવિધિ કરવો. કાષ્ઠેકરી મૃત છતાં ધર્મશાળા બંધાવવી. શસ્ત્રવડે મૃત છતાં ભેંસનું દાન કરવું. પથરાથી મૃત છતાં વાછડાંસહિત દુઝણી ગાયનું દાન કરવું. વિષવડે મૃત છતાં સોનાની પૃથ્વી કરી તેનું દાન કરવું. ફાંસીથી મૃત છતાં સોનાના વાંદરાનું દાન કરવું. જળમાં મૃત છતાં બે નિષ્ક સોનાની વરુણની મૂર્ત્તિ કરી તેનું દાન કરવું. વિષૂચિકા (મિરિઆ)વડે મૃત છતાં મધુર અન્નવડે સો બ્રાહ્મણોને ભોજન દેવું. ગળામાં કોળીઓ અટકી મૃત છતાં ઘૃતધેનુનું દાન કરવું. કાસરોગ (દમ+ઉધરસ)થી મૃત છતાં આઠ કૃચ્છ્ર કરવાં. અતિસાર (ઝાડા)વડે મૃત છતાં લક્ષ ગાયત્રીજપ કરવો. શાકિની ઇત્યાદિ ગ્રહોની બાધા થવાથી મૃત છતાં અગીયાર રુદ્રપાઠ કરાવવા. વીજળી પડી મૃત છતાં વિદ્યાદાન કરવું. અંતરિક્ષમાં મૃત છતાં વેદનું પારાયણ કરાવવું. પતિત થઈ મૃત છતાં સોળ કૃચ્છ્ર કરવાં. સ્પર્શને અયોગ્ય વસ્તુનો સ્પર્શ કરી મૃત છતાં સારા શાસ્ત્રના પુસ્તકનું દાન ઇત્યાદિ કરવું.

अत्रशय्यामरणेशौचहीनसंस्कारहीनमरणेकृमिविषूचिकाकंठकवलकासातिसाररोगग्रहग्रहणैर्मरणेंतरिक्षमृतेऽस्पृश्यस्पर्शमरणेचदानादिविधिरेवनप्रायश्चित्तं नैवनारायणबलिर्नापिवर्षादिकालप्रतीक्षा व्याघ्रादिहेतुकंविषजलशस्त्रादिहेतुकंचमरणंप्रमादेनदर्पादिनाबुद्ध्याचेत्यनेकधासंभवति तत्रोक्तव्यवस्थयाप्रायश्चित्तंनारायणबलिर्दानादिविधिश्चेतित्रयाणांसमुच्चयः यदिपुत्रादिःपितुर्जलादिदुर्मरणप्रायश्चित्तंब्रह्महत्यादितत्तत्पापप्रायश्चित्तंवात्मघातप्रायश्चित्तंवाकर्तुंनशक्नोति तदोक्तदानादिविधिंनारायणबलिंचकृत्वाऽत्यशक्तौनारायणबलिमात्रंकृत्वौर्ध्वदैहिकंकुर्यात् तावतापुत्रादिसपिंडानांशुद्धिसिद्धेः पित्रादेस्तुपुत्रादिभिस्तत्तत्प्रायश्चित्ताकरणेनरकादिभोगःस्यादेवेतिबोध्यम् ॥

આ ઠેકાણે શય્યામાં મરણ; પવિત્રપણાથી હીન તથા સંસ્કારવડે હીનનું મરણ; કીડા, મિરિઓ, કંઠમાં કોળીઓ અટકવો, દમ+ઉધરસ, ઝાડા અને શાકિની ઇત્યાદિ ગ્રહવડે મરણ; અંતરિક્ષમરણ;

અસ્પૃશ્યનો સ્પર્શ છતાં મરણ એમનેવિષે દાનાદિક વિધિજ કરવો, પ્રાયશ્ચિત્ત કરવું નહિ, નારાયણબલિ કરવું નહીં, તથા વર્ષ ઇત્યાદિક કાળની પણ પ્રતીક્ષા (વાટ) જોવી નહી. વ્યાઘ્રાદિક, વિષ, જલ અને શસ્ત્રાદિક નિમિત્તથકી જે મરણ તે પ્રમાદથકી ગર્વાદિકથકી તથા જાણી જોઇ એમ અનેક પ્રકારનું સભવે છે, તેમાં કહેલી વ્યવસ્થાવડે પ્રાયશ્ચિત્ત, નારાયણબલિ અને દાનાદિક વિધિ એ ત્રણે કરવા. જો પુત્રાદિક પિતાનાં જલાદિક દુર્મરણનું પ્રાયશ્ચિત્ત અથવા બ્રહ્મહત્યાદિક તે તે પાપનું પ્રાયશ્ચિત્ત અથવા આત્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કરવાને અસમર્થ હોય તો તેણે પ્રથમ કહેલો દાનાદિકવિધિ તથા નારાયણબલિ એ બન્ને કરી; અતિ અસમર્થ છતાં એકલું નારાયણબલિ કરી ઔર્ધ્વદેહિક કર્મ કરવું; કારણ, તેટલું કરવાથી પુત્રાદિક સપિંડોની શુદ્ધિ બની શકે છે. પિતા ઇત્યાદિકને તો, પુત્ર ઇત્યાદિકોએ તે તે પ્રાયશ્ચિત્ત ન કર્યા છતાં નરકાદિક ભોગ પ્રાપ્ત થાયજ એમ જાણવું.

अथविधिविहितजलादिमरणे ॥ तत्रप्रयागे सर्ववर्णानांरोगिणामरोगिणांचभागीरथीप्रवेशादिनामरणेकामितमहाफलं शूद्रस्यारोगिणोपिप्रयागभिन्नेपिजलादिमरणमनुज्ञातं व्याधितोभिषजात्यक्तोविप्रोवृद्धोथवायुवा तनुंत्यजेज्जलाग्न्याद्यैःसयथेष्टंफलंलभेत् दुश्चिकित्स्यैर्महारोगैःपीडितो जीवनाक्षमः प्रविशेज्ज्वलनंदीप्तंकरोत्यनशनंतथा अगाधतोयराशिंचभृगोःपतनमेवच गच्छेन्महापथंचापितुषारगिरिमादरात् प्रयागवटशाखाग्राद्देहत्यागंकरोतिच उत्तमान्प्राप्नुयाल्लोकान्नात्मघातीभवेत्कचित् नराणामथनारीणांसर्ववर्णेषुसर्वदा आशौचंस्यात्त्र्यहंतेषांवज्रानलहतेतथा वाराणस्यांम्रियेद्यस्तुप्रत्याख्यातभिषक्क्रियः काष्ठपाषाणमध्यस्थोजाह्नवीजलमध्यगः अविमुक्तोन्मुखस्तस्यकर्णमूलगतोहरः प्रणवंतारकंब्रूतेइत्यादिवचनोच्चयः पुराणस्थोमाधवादिनिबंधेषुह्युदाहृतः अत्रानुज्ञातेबुद्धिपूर्वकात्मघातेगृहस्थादीनामेवाधिकारः यतेस्तुनाधिकारः त्र्यहाद्याशौचविधानात् यतेःकाम्यकर्मण्यनधिकाराच्चेतिनिर्णयसिंधुः ॥

હવે વિધિથી કરેલાં જલાદિક મરણવિષે કહે છે.—તેમાં પ્રયાગવિષે રોગી અથવા રોગરહિત એવા સર્વ વર્ણને જલસમાધિ ઇત્યાદિ કરવાથી મરણ થયા છતાં ઇચ્છા કરેલાં મહાફલ પ્રાપ્ત થાય છે. શૂદ્ર ન છતાં પણ તેને પ્રયાગવિના બીજા જલમાં પણ મરણ કહ્યુ છે. “ રોગી વૈદ્યે મુકેલો છતાં બ્રાહ્મણ વૃદ્ધ હો અથવા યૌવન હો તે જળ, અગ્નિ ઇત્યાદિવડે દેહનો ત્યાગ કરે તો તેને ઇચ્છાપ્રમાણે ફલ મળે. ” ચિકિત્સા (નિદાન) કરવાને અશક્ય એવા મહારોગવડે પીડાયલો માટેજ જીવવાને અસમર્થ એવા મનુષ્યે પ્રદીપ્ત અગ્નિમા પ્રવેશ કરવો. તેમજ ઉપવાસ કરવા. અગાધ જલમાં પડવું. અથવા ઉંચા પર્વત ઉપરથી પડવું. ઉત્તર દિશામાં ચાલ્યું જવું અથવા આદરથી હિમાલય પર્વતમાં જવું. અથવા પ્રયાગક્ષેત્રમાં વડની શાખાના અગ્રથકી (ગગામાં) પડવું. એ રીતે જે દેહનો ત્યાગ કરે છે તે આત્મઘાતી થતો નથી તથા તેને ઉત્તમ લોક પ્રાપ્ત થાય છે. એ રીતે દેહત્યાગ કરનારા સઘળા વર્ણોમાંના પુરૂષો, સ્ત્રીઓ તથા વીજળીથી મૃત થયેલાઓનું પણ ત્રણ દિવસ આશૌચ પાળવું. અસાધ્ય થવાથી ઔષધ બંધ કર્યા છતાં ગગાજળના મધ્યભાગમાં ઉભેલો અથવા કાષ્ઠ, પાષાણના મધ્યમાં ઉભેલો જે કાશીમાં મૃત થાય છે તથા કાશી જવાવિષે સન્મુખ થાય છે તેના કાનના મૂળપાસે ઉભેલા વિશ્વેશ્વર તારક મત્રનો ઉપદેશ કરે છે ઇત્યાદિક પુરાણનાં વાક્યો માધવાદિકના ગ્રંથોમાં કહ્યાં છે.” આ ઠેકાણે શાસ્ત્રે આજ્ઞા કરેલી જે બુદ્ધિપૂર્વક આત્મહત્યા તેવિષે ગૃહસ્થાદિકનેજ અધિકાર છે, સંન્યાસીને તો અધિકાર નથી; કારણ, ત્રણ દિવસ ઇત્યાદિક આશૌચનુ વિધાન કર્યું છે, તથા સન્યાસીને કામ્યકર્મનો અધિકાર નથી એમ નિર્ણયસિંધુમાં કહ્યુ છે.

इदानींतनशिष्टास्तुरोगादिपीडांसोढुमशक्तौसंन्यासाश्रमंगृहीत्वातीर्थादिनात्मघातंकुर्वंति गृहस्थविधुरादयश्चनकुर्वंति केचित्त्वपरिहार्यरोगादिग्रस्तवृद्धादेर्जलादिनाबुद्ध्यात्मघातःकलौप्रयागभिन्नदेशेनभवति भृग्वग्निपतनैश्चवृद्धादिमरणंतथेतिकलिवर्ज्येषुपरिगणनादित्याहुः एतन्मतेमरणांतप्रायश्चित्तविषयःकाशीखंडादौनिषादेदेहत्यागविधयश्चयुगांतरपराः प्रयागमरणंस्त्रीणांसहगमनंचकलियुगेसर्वसंमतं अत्रसर्वत्रसहगमनभिन्नेविधिवाक्यानुज्ञातेदेहत्यागेत्रिरात्रमाशौचमितिबहवः दशाहमिति केचित् एवंफलकामनयाविहितेकाम्यप्रयागमरणेपिपक्षद्वयंज्ञेयम् ॥

વર્તમાનકાળના શિષ્ટજન તો રોગાદિકની પીડા સહન કરવાવિષે અસમર્થ છતાં સંન્યાસાશ્રમ લઈ તીર્થાદિક સાધને કરી આત્મહત્યા કરે છે; ગૃહસ્થ અને વિધુર (જેની સ્ત્રી મરેલી હોય તે) ઇત્યાદિક કરતા નથી. કોઈ ગ્રંથકાર તો, મટવાને અશક્ય એવા રોગાદિકે ગ્રસ્ત થયેલા વૃદ્ધાદિકની જળાદિક સાધનવડે જાણી જોઈ આત્મહત્યા કલિયુગમાં પ્રયાગવિના બીજા દેશમાં થતી નથી; કારણ, "પર્વત ઉપરથી પડવું તથા અગ્નિમાં પડવું તેણેકરી વૃદ્ધાદિકનું મરણ" એ રીતે કલીવર્જ્યમાં લખેલાં છે, એમ કહે છે. એ મતમાં મરણાંત પ્રાયશ્ચિત્તવિધિ, તથા કાશીખંડ ઇત્યાદિ ગ્રંથમાં કહેલો બ્રાહ્મણાદિકને દેહત્યાગનો વિધિ તે બીજા યુગમાટે છે. પ્રયાગમાં મરણ અને સ્ત્રીઓનું સહગમન એ કલિયુગમાં સર્વ સંમત છે. આ સઘળે ઠેકાણે સહગમનવિના બીજા જે વિધિરૂપ વચને કહેલા દેહત્યાગ તેવિષે ત્રણ રાત્રિ આશૌચ એમ ઘણા ગ્રંથકારો કહે છે. દશ દિવસ આશૌચ એમ કેટલાએક ગ્રંથકાર કહે છે. એ પ્રમાણે ફલની ઇચ્છાથી કહેલાં જે કામનાથી પ્રયાગમરણ તેવિષે પણ બે પક્ષ (ત્રણ રાત્રિ અથવા દશ દિવસ) જાણવા.

अथयःपतितोघटस्फोटेनवहिष्कृतोयश्चम्लेच्छीकृतोयश्चप्रायश्चित्तानर्हपापीतस्यत्रिविधस्यपितृमातृभिन्नस्यपतितोदकविध्यनंतरं सपिंडीकरणवर्ज्यमंत्यकर्मपितुर्मातुश्चत्रिविधस्यापिनारायणबलिपूर्वकंसापिंडीकरणसहितंसर्वंभवतीत्युक्तं तत्रपतितोदकदानविधिर्यथा सर्वेगांदासीमाहूयतस्यैवेतनंदत्वा अशुद्धपूर्णघटहस्तांतांब्रूयात् हेदासिगच्छमूल्येनतिलान्तोयपूर्णमिमंघटंचशीघ्रमानय ततोदक्षिणामुखीउपविश्य वामपादेनतंघटंसतिलंक्षिप घटक्षेपणकालेचामुकसंज्ञकपतितप्रेतपिबपिबेतिमुहुरुच्चारयेति सादासीतद्वाक्यंश्रुत्वामूल्यंगृहीत्वातथाकुर्यात् एवंकृतेपतिततृप्तिर्नान्यथा एतच्चपतितस्यमृतदिनेकार्यं इतिपतितोदकविधिः इतिमृतदोपतआशौचापवादःसप्रसंगःसविस्तरोनिरूपितः ॥

હવે જે ઘડો ફોડી બાહેર કરેલો પતિત, મ્લેચ્છ થયેલો તથા જે પ્રાયશ્ચિત્તને અયોગ્ય એવો પાપી એ ત્રણ પ્રકારના માતાપિતાથકી જે જુદા તેમનો પતિતોદકવિધિ થયા પછી સપિંડીકરણવિના અંત્યકર્મ, તથા પિતા માતા અને ત્રણ પ્રકારના એમનું પણ નારાયણબલિપૂર્વક તથા સપિંડીકરણસહિત સઘળું અંત્યકર્મ થાય છે એમ કહ્યું. તેમાં પતિતોદકદાનનો વિધિ આ રીતે—સઘળાઓ સાથે વ્યભિચાર કરનારી દાસીને બોલાવી તેને મજુરી આપી અશુદ્ધ જળથી ભરેલો ઘડો હાથમાં લઈ ઉભેલી એવી દાસીને કહેવું. હે દાસી! તું જા, જળે ભરેલો ઘડો તથા દ્રવ્ય દઈ તિલ એ શીઘ્ર લઈ આવ. પછી દક્ષિણ દિશાસામે મુખ રાખી બેસી ડાબે પગે તે તિલસહિત ઘડાને ફેંકી દે. ઘડો ફેંકીદેવા સમયે પણ "अमुकसंज्ञक पतित प्रेत पिब पिब" (હે અમુક સંજ્ઞક, પતિત, પ્રેત, પી, પી,) એવો વારંવાર ઉચ્ચાર કર. પછી તે દાસીએ તે વાક્ય સાંભળી મૌલ્ય લઈ તેમ કરવું. એમ કરવાથી પતિતની તૃપ્તિ થાય છે, બીજી રીતે થતી નથી. એ વિધિ પતિતના મરણદિવસે કરવો. એપ્રમાણે પતિતને ઉદકદાનનો વિધિ કહ્યો. એ રીતે મરનારને દોષે કરી આશૌચનો અપવાદ પ્રસંગસહિત અને વિસ્તારસહિત નિરૂપણ કર્યો.

अथविधानतः ॥ यतेर्मृतावाशौचंनास्ति तस्यप्रेतक्रियोदकदानाशौचसपिंडीकरणादेर्निषिद्धत्वात् सपिंडीस्थानएकादशेहनिपार्वणश्राद्धमात्रंकार्यं प्रतिसांवत्सरिकश्राद्धदर्शश्राद्धादिकंतुपार्वणविधिनासपिंडकंभवत्येव अत्रविस्तरोग्रंथांतरेवक्ष्यते एतच्चत्रिदंडिनामेकदंडिनांहंसपरमहंसादीनांसर्वेषामेवज्ञेयं एवंवानप्रस्थमरणेपिनाशौचं कृतजीवच्छ्राद्धेमृतेसपिंडैराशौचादिकर्तव्यंनवेतिविकल्पः ब्रह्मचारिमृतौत्वाशौचमस्त्येव युद्धमृतेप्याशौचंनेतिसर्वग्रंथेषूपलभ्यते नत्वेवंब्राह्मणेषुशिष्टाचारः इति पंचधाशौचापवादोनिरूपितः ॥

હવે વિધાનેકરી અપવાદ કહે છે.—સંન્યાસી મૃત થયા છતાં આશૌચ નથી; કારણ, તેની પ્રેતક્રિયા, ઉદકદાન, આશૌચ અને સપિંડીકરણાદિકનો નિષેધ છે. અગીયારમે દિવસે સપિંડીશ્રાદ્ધને ઠેકાણે પાર્વણશ્રાદ્ધ માત્ર કરવું. પ્રતિસાંવત્સરિકશ્રાદ્ધ તથા દર્શશ્રાદ્ધ ઇત્યાદિક તો, પાર્વણવિધિ હોવાથી પિંડસહિત થાયજ. એ વિષયમાં વિસ્તાર બીજા ગ્રંથમાં કહેવાશે. એ નિર્ણય ત્રિદંડી સંન્યાસી, એકદંડી હંસ, પરમહંસ ઇત્યાદિ સઘળા સંન્યાસીઓને એવોજ જાણવો. એ રીતે વાનપ્રસ્થનું મરણ છતાં પણ આશૌચ નથી. જીવતાં છતાં પોતાનું શ્રાદ્ધ કરી મૃત થયો હોય તો, સપિંડોએ આશૌચ

ઇત્યાદિક પાળવું અથવા ન પાળવું એવો વિકલ્પ છે. બ્રહ્મચારી મૃત થયો હોય તો આશૌચ છેજ. યુદ્ધમાં મૃત છતાં પણ આશૌચ નથી એમ સઘળા ગ્રંથોમાં દેખાય છે, પરંતુ બ્રાહ્મણોમાં એવો શિષ્ટાચાર નથી. એપ્રમાણે પાંચ પ્રકારનો આશૌચનો અપવાદ (બાધ) નિરૂપણ કર્યો.

अथजीवतोप्याशौचम् ॥ यथापतितस्यघटस्फोटकालेसर्वेसापिंडानामेकाहमाशौचम् ॥

હવે જીવતાં છતાં પણ તેનું આશૌચ કહે છે.

જેમ;–પતિતના ઘડસ્ફોટને સમયે સઘળા સપિંડોને જીવતાનું એક દિવસ આશૌચ છે.

इत्याशौचंसापवादंयथामतिनिरूपितं ॥ समर्पितंरुक्मिणीशश्रीमद्विठ्ठलपादयोः ॥ इति सापवादाशौचप्रकरणम् ॥

એ રીતે અપવાદસહિત આશૌચ યથામતિ નિરૂપણ કર્યું અને તે રુક્મિણીપતિ શ્રીમાન્ વિઠ્ઠલના ચરણમાં સમર્પણ કર્યું. એપ્રમાણે અપવાદસહિત આશૌચપ્રકરણ કહ્યું.

अथौर्ध्वदेहिकारंभोपयोगिनारायणबल्यादिप्रकार उच्यते ॥ तत्र दुर्मरणेप्यात्मघाते जलादिभिःप्रमादमरणे पतितादिमरणेच पूर्वोक्तव्यवस्थयामुकगोत्रस्यामुकशर्मणोमुकदोषनाशार्थमौर्ध्वदेहिकेसंप्रदानत्वयोग्यतासिद्ध्यर्थममुकप्रायश्चित्तममुकदानंवाकरिष्यइत्यादिसंकल्पपूर्वकं तत्तत्प्रायश्चित्तंदानंचकार्यं अशक्तौदानमेवकार्यं ततोमुकगोत्रामुकशर्मणोमुकदुर्मरणदोषनाशार्थमौर्ध्वदेहिकप्रदानत्वयोग्यतासिद्ध्यर्थं नारायणबलिंकरिष्यइतिसंकल्प्य पूर्वार्धोक्तसंततिफलककाम्यनारायणबलिवत्सर्वंकुर्यात् एतत्तुवर्षांतरकरणपक्षे सद्यःकरणपक्षेतुपूर्वोक्तद्विगुणप्रायश्चित्तंसंकल्प्य शुक्लैकादश्यादिकालमनपेक्ष्यैवसमनंतरोक्तसंकल्पंकृत्वाविधिनास्थापितेकलशद्वयेहेमप्रतिमयोर्विष्णुंवैवस्वतंयमंचावाह्य पुरुषसूक्तेनयमायसोममितिचक्रमेणषोडशोपचारैःसंपूज्यतत्पूर्वभागेरेखायांदक्षिणाग्रकुशानास्तीर्यशुंधंतांविष्णुरूप्यमुकप्रेतइतिदशस्थानेष्वपोनिनीयमधुघृततिलमिश्रानोदनपिंडान्दशामुकगोत्रामुकशर्मप्रेतविष्णुदेवतायंतेपिंडइतिदक्षिणसंस्थान्प्राचीनावीतीत्यादिपैतृकधर्मेणदद्यात् गंधादिभिरभ्यर्च्यप्रवाहणांतंकृत्वानद्यांक्षिपेत् श्वःसद्योवापूर्वस्थापितंविष्णुमभ्यर्च्यैकविप्रेविप्रालाभेदर्भवटौवा पादक्षालनादितृप्तिप्रश्नांतंविष्णुरूपप्रेतावाहनपूर्वकंकृत्वाविप्रसमीपेतूष्णींरेखाःकृत्वा दर्भास्तरणेअपोनिनयनंचकृत्वादर्भेषुसव्येनविष्णवेब्रह्मणेशिवायचसपरिवाराययमायचेति चतुर्भ्यःपिंडचतुष्टयंदत्वापसव्येनविष्णुरूपिप्रेतामुकगोत्रनामायंतेपिंडइत्येकंपंचमंपिंडंदत्वा तथैवाभ्यर्च्यप्रवाहणांतेविप्राचांततादिश्राद्धशेषसमापनांतेप्रेतबुद्ध्याविप्रायवस्त्राभरणादिदत्वा विप्रेणप्रेतायतिलांजलिंदापयेत् अमुकगोत्रायामुकशर्मणेविष्णुरूपिणेप्रेतायायंतिलतोयांजलिरितिमंत्रेण विप्रालाभेस्वयंदद्यात् ततोविप्रान्वाचयेत् अनेननारायणबलिकर्मणाभगवान्विष्णुरिमममुकंप्रेतशुद्धमपापमर्हंकरोत्वितिकाम्यप्रयोगेस्मिन्प्रयोगेच संकल्पेनामगोत्रोच्चारेचविशेषःस्पष्टएव पूर्वत्रकाश्यपगोत्रदेवदत्तप्रेतेत्याद्युच्चारः अत्रतुगोत्रनामज्ञानसत्वादुर्मरणेनमृतस्ययन्नामगोत्रंतदेवोच्चारयेदितिसंकल्पेविशेषेपिहेतुःस्पष्टएवेति इतिदुर्मरणेऔर्ध्वदेहिकाधिकारार्थनारायणबलेःप्रयोगः ॥

હવે ઔર્ધ્વદેહિક કર્મના આરંભમાં ઉપયોગી એવો નારાયણબલિ ઇત્યાદિ પ્રકાર કહું છું.

તેમાં દુર્મરણ, આત્મહત્યા, પ્રમાદ હોવાથી જળાદિકવડે મરણ અને પતિતાદિકનું મરણ છતાં પ્રથમ કહેલી વ્યવસ્થાપ્રમાણે “अमुकगोत्रस्यामुकशर्मणोऽमुकदोषनाशार्थमौर्ध्वदेहिके संप्रदानत्वयोग्यतासिद्ध्यर्थं अमुकप्रायश्चित्तममुकदानं वा करिष्ये,” ઇત્યાદિક સંકલ્પ પ્રથમ કરી તે તે પ્રાયશ્ચિત્ત તથા દાન કરવાં. પ્રાયશ્ચિત્ત કરવાનું સામર્થ્ય ન હોય તો દાનજ કરવું. પછી “अमुकगोत्रामुकशर्मणोमुकदुर्मरणदोषनाशार्थमौर्ध्वदेहिकप्रदानत्वयोग्यतासिद्ध्यर्थं नारायणबलिं करिष्ये” એવો સંકલ્પ કરી પૂર્વાર્ધમાં કહેલું અને સંતતિ થવી એ જેનું ફળ છે એવા કામનિક નારાયણબલિપ્રમાણે સઘળું કર્મ કરવું. એ જે કહ્યું તે ‘વર્ષની અંતે કરવું’ એવો પક્ષ છતાં જાણવું. ‘તત્કાળ કરવું’ એવો પક્ષ હોય તો, પ્રથમ કહેલાકરતાં બમણા પ્રાયશ્ચિત્તનો સંકલ્પ કરી શુક્લ પક્ષમાંની એકાદશી

ઇત્યાદિ કાળની ગરજ ન કરતાં ઉપર કહેલો નારાયણબલિ કરવાનો સંકલ્પ કરી યથાવિધિ સ્થાપન કરેલા બે કલશ ઉપર બે સુવર્ણની પ્રતિમા સ્થાપન કરી તે પ્રતિમાવિષે વિષ્ણુ, તથા વૈવસ્વત યમનું આવાહન કરી પુરૂષસૂક્તવડે તથા "यमायसोमं०" એ મંત્રવડે ક્રમેકરી ષોડશોપચાર પૂજા કરી તેના પૂર્વભાગમાં રેખા કરી તે ઉપર દક્ષિણ દિશામાં અગ્ર થાય એ રીતે કુશ પાથરી "शुंधंतां विष्णुरूपी अमुकप्रेतः" એવું વાક્ય કહી દશ ઠેકાણે જળ દઈ; મધ, ઘૃત અને તિલ મેળવેલા એવા ભાતના દશ પિંડ, "अमुकगोत्रामुकशर्मप्रेत विष्णुदेवतायं ते पिंडः" એમ કહી દક્ષિણમેર રહેતા આવે એ રીતે અપસવ્ય ઇત્યાદિ પિતૃધર્મવડે દેવા. પછી ગંધાદિક ઉપચારવડે તે પિંડોની પૂજા કરી પિંડપ્રવાહણપર્યંત કર્મ કરી તે પિંડ નદીમાં નાખવા. બીજે દિવસે અથવા તત્કાળ પ્રથમ સ્થાપન કરેલા વિષ્ણુની પૂજા કરી એક બ્રાહ્મણવિષે અથવા બ્રાહ્મણ ન મળે તો દર્ભના બટુવિષે વિષ્ણુરૂપી પ્રેતનું પ્રથમ આવાહન કરી પાદપ્રક્ષાલનથકી તૃપ્તિપ્રશ્નપર્યંત કર્મ કરી તે બ્રાહ્મણની સમીપે મૌનથી રેખા કાઢી તે ઉપર દર્ભ પાથરી તે દર્ભ ઉપર જળ સેચન કરી તે ઉપર સવ્યે કરી "विष्णवे ब्रह्मणे शिवाय सपरिवाराय यमायच" એમ કહી ચારેને ચાર પિંડ દઈ અપસવ્યેકરી "विष्णुरूपिप्रेतामुकगोत्रनामायं ते पिंडः" એમ કહી એક પાંચમો પિંડ દઈ તેમજ પૂજા કરી પિંડપ્રવાહણાંત કર્મ કર્યા પછી બ્રાહ્મણને આચમન કરાવવું ઇત્યાદિ શ્રાદ્ધશેષની સમાપ્તિપર્યંત કર્મ થયા પછી પ્રેત છે એવી બુદ્ધિથી બ્રાહ્મણને વસ્ત્ર, આભરણ ઇત્યાદિ દઈ બ્રાહ્મણને હાથેથી પ્રેતને તિલાંજલિ દેવડાવવી. તિલાંજલિ દેવાનો મંત્ર.—"अमुकगोत्रायामुकशर्मणे विष्णुरूपिणे प्रेताय तिलतोयांजलिः" બ્રાહ્મણ ન મળે તો પોતે દેવી. પછી બ્રાહ્મણોને બોલાવવા. તે આ રીતે—"अनेन नारायणबलिकर्मणा भगवान् विष्णुरिममुकं प्रेतं शुद्धमपापमर्हं करोतु." કામ્યપ્રયોગવિષે તથા આ પ્રયોગવિષે સંકલ્પ અને નામ ગોત્રના ઉચ્ચારમાં વિશેષ પ્રકાર સ્પષ્ટજ છે. પ્રથમના કામ્યપ્રયોગમાં, "काश्यपगोत्र देवदत्त प्रेत" ઇત્યાદિક ઉચ્ચાર કરવો. આ પ્રયોગમાં તો ગોત્ર તથા નામનું જ્ઞાન છે માટે દુર્મરણથી મરેલાનું જે નામ, ગોત્ર હોય તેજ બોલવું; એપ્રમાણે સંકલ્પમાં વિશેષ થવાનું કારણ પણ સ્પષ્ટજ છે. એ રીતે દુર્મરણ છતાં અંત્યકર્મના અધિકારમાટે નારાયણબલિનો પ્રયોગ કહ્યો.

अथसर्पहतेव्रतम् ॥ प्रतिमासंशुक्लपंचम्यांउपवासंनक्तंवाकृत्वा पिष्टमयंनागंपंचफणमनंतवासुकिशंखपद्मकंबलकर्कोटकाश्वतरधृतराष्ट्रशंखपालकालियतक्षककपिलेति द्वादशनामभिर्द्वादशमासेषु संपूज्य पायसेनविप्रान्संभोज्यवत्सरांतेहेमनागंप्रत्यक्षांगांचदत्वा नारायणबलिपूर्वकंदाहाशौचादिकं कार्यम् अथवानमोअस्तुसर्पेभ्यइतितिस्रआज्याहुतीर्जुहुयात् पंचम्यांपन्नगंहैमंस्वर्णेनैकेनकारयेत् क्षीराज्यपात्रमध्यस्थंपूज्यविप्रायदापयेत् प्रायश्चित्तमिदंप्रोक्तंनागदष्टस्यशंभुनेति ततोनारायणबल्यादि ॥

હવે સર્પથી મૃત્યુ થયા છતાં વ્રત કહે છે.

દરએક માસમાં શુદ પંચમીને દિવસે ઉપવાસ અથવા નક્ત વ્રત કરી પાંચ ફણાવાળો લોટનો નાગ કરી અનંત, વાસુકી, શંખ, પદ્મ, કંબલ, કર્કોટક, અશ્વતર, ધૃતરાષ્ટ્ર, શંખપાળ, કાલિય, તક્ષક અને કપિલ એપ્રમાણે બાર નામવડે બાર માસમાં પૂજા કરી દૂધપાકથી બ્રાહ્મણભોજન કરાવી વર્ષની અંતે સુવર્ણનો નાગ તથા પ્રત્યક્ષ ગાયનું દાન કરી નારાયણબલિ કરી દાહ, આશૌચ ઇત્યાદિક કરવું. અથવા "नमोअस्तुसर्पेभ्यो०" એ મંત્રવડે ત્રણ ઘીની આહુતિ હોમવી. પાંચમને દિવસે એંશી રતિ સુવર્ણનો નાગ કરી તેને દૂધ અને ઘૃતેયુક્ત પાત્રમાં બેસાડી પૂજા કરી બ્રાહ્મણને દેવો. "સર્પના દંશથી મરણ પામેલામાટે આ પ્રાયશ્ચિત્ત મહાદેવજીએ કહ્યું છે." પછી નારાયણબલિ ઇત્યાદિ વિધિ કરવો.

अथपालाशप्रतिकृतिदाहादिविधिः ॥ तत्रदेशांतरमरणे पराकद्वयमष्टौकृच्छ्रान्वाकृत्वास्थीनिदहेत् अस्थ्नांचांडालश्वादिस्पर्शेपंचगव्योदकादिभिःप्रक्षाल्यदहेत् यस्यास्थीनिसर्वथानलभ्यंतेतस्यपर्णशरदाहः कुर्याद्दर्भमयंप्रेतंकुशैस्त्रिशतषष्टिभिः पालाशीभिःसमिद्भिर्वासंख्याचैवंप्रकीर्तिता तत्रभूमौकृष्णाजिनमास्तीर्यतत्रशरंदक्षिणायतंनिवेश्यतत्रपलाशवृंतानिन्यसेत् शिरसिचत्वारिंशत् ४० ग्रीवायांदश १० बाह्वोःप्रत्येकंपंचाशदेवंशतं १०० करांगुलीषुदश १० उरसिविंशतिः २० जठरेत्रिंशत् ३० शिश्नेचत्वारि ४ अंडयोस्त्रयंत्रयं ६ ऊर्वोः प्रत्येकंपंचाशदेवं शतं १०० जंघातःपादतलांतंप्रत्येकं

पंचदशैवं ३० पादांगुलीषुदश १० एवंषष्ठ्यधिकशतत्रयमितैर्दर्भैःपालाशसमिद्भिर्वाशरीरंकृत्वा ऊर्णावस्त्रेणबध्वाजलमिश्रयवपिष्टेनलिंपेत् शक्तौसत्यांनारिकेरादीन्यपि तथाहि शिरसिनारिकेरफलंवर्तुलालाबुवा ललाटेकदलीपत्रं दंतेदाडिमबीजानि कर्णयोःकंकणंब्रह्मपत्रंवा चक्षुषोःकपर्दौ २ नासिकायांतिलपुष्पं नाभावब्जं स्तनयोर्जंबीरफलद्वयं वातेमनःशिलां पित्तेहरितालं कफेसमुद्रफेनं रुधिरेमधु पुरीषेगोमयं मूत्रेगोमूत्रं रेतसिपारदं वृषणयोर्वृंताकद्वयं शिश्नेगृंजनं केशेषुवनसूकरसटा वटप्ररोहावा लोमसु ऊर्णा मांसेमाषपिष्टलेपः पंचगव्यैःपंचामृतैश्चसर्वतःसिंचनं पुनर्नोअसुं० असुनीते० इत्यृग्भ्यांप्राणप्रवेशं भावयेत् यद्वायत्तेयमसितिसूक्तेनशुक्रमसीतिपारदंक्षिप्त्वाअक्षीभ्यामितिशरीरंस्पृशेत् शरीरंस्नापयित्वा चंदनमनुलिप्यवस्त्रोपवीतेपरिधाप्य अयंसदेवदत्तइत्यभिमृश्य इदंचास्योपासनमितिध्यात्वा विधिवद्दाहादिकार्यं अत्राहिताग्नेरस्थिदाहेपर्णशरदाहेवादशाहमाशौचमनाहिताग्नेस्त्र्यहमित्यादिप्रागुक्तमनुसंधेयंद्वादशाब्दादिप्रतीक्षोत्तरंपर्णशरदाहादिक्रियतेचेत्तदात्रिंशत्कृच्छ्राणि चांद्रायणत्रयंवाकृत्वाकार्यम् ॥

હવે ખાખરાની સમિધનું પૂતલું કરી દાહાદિકનો વિધિ કહે છે.

તેમાં દેશાંતરમાં મરણ થયા છતાં બે પરાક અથવા આઠ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી અસ્થિનો દાહ કરવો. અસ્થિને ચાંડાલ, કુતરાં ઇત્યાદિકનો સ્પર્શ થયો હોય તો પંચગવ્ય, જળ ઇત્યાદિકવડે તેને ધોઈ પછી દાહ કરવો. સર્વથા જેનાં અસ્થિ મળે નહિ તેનો પર્ણશરવિધિવડે દાહ કરવો. “ત્રણસો સાઠ દર્ભ લઈ તેણેથી દર્ભનો પ્રેત કરવો. અથવા ત્રણ સો સાઠ ખાખરાની સમિધવડે કરવો, એ પ્રમાણે સંખ્યા કરેલી છે.” તેવિષે—પૃથિવી ઉપર કાળું મૃગચર્મ પાથરી તે ઉપર શરની લાકડી દક્ષિણ કોરે લાંબી રાખી તે ઉપર ખાખરાની ત્રિવેણીની સમિધો રાખવી. તે આ રીતે—મસ્તક ઠેકાણે ૪૦; ડોક ઠેકાણે ૧૦; એક એક હાથ ઠેકાણે ૫૦ મળી ૧૦૦; હાથની આંગળીઓ ઠેકાણે ૧૦; છાતીવિષે ૨૦; પેટ ઠેકાણે ૩૦; લિંગ ઠેકાણે ૪; અંડ ઠેકાણે ત્રણ ત્રણ મળી ૬; એક એક સાથળ ઠેકાણે ૫૦ મળી ૧૦૦; એક એક જંઘાથી પગનાં તળિઆંસુધી પંદર મળી ૩૦; પગની આંગળીઓ ઠેકાણે ૧૦; એપ્રમાણે ત્રણસો સાઠ દર્ભ અથવા ખાખરાની સમિધવડે શરીર કરી તેને ઉનનાં વસ્ત્રવડે બાંધી જળવાળા લોટવડે લીંપવું. શક્તિ હોય તો નાલિયર ઇત્યાદિક પણ રાખવાં. તે આ રીતે—મસ્તક ઠેકાણે નાલિયર અથવા ગોળાકાર દૂધી; કપાળ ઠેકાણે કેળનું પાન; દાંત ઠેકાણે દાડિમનાં બીજ; કાનને ઠેકાણે કંકણ અથવા ખાખરાનાં પાન; નેત્ર ઠેકાણે કોડી; નાકને સ્થાનકે તિલનું ફૂલ; નાભિને ઠેકાણે કમળ; સ્તનને ઠેકાણે, બે લીંબું; વાતને ઠેકાણે મણશીલ; પિત્ત ઠેકાણે હરતાલ; કફ ઠેકાણે સમુદ્રફેન; રૂધિર ઠેકાણે મધ; વિષ્ઠાને ઠેકાણે છાણ; મૂત્ર ઠેકાણે ગોમૂત્ર; વીર્યને ઠેકાણે પારો, અંડને ઠેકાણે બે રીંગણાં; લિંગને ઠેકાણે ગાજર; વાળને ઠેકાણે જંગલી સુવરના વાળ અથવા વડની વડવાઇ; રોમાવલી ઠેકાણે ઉન; માંસ ઠેકાણે અડદના લોટનો લેપ; પંચગવ્ય તથા પંચામૃત સઘળાં અંગ ઉપર રેડવું. પછી “पुनर्नो असुं० असुनीते०” એ બે મંત્ર ભણી પ્રાણનો પ્રવેશ થયો એવી ભાવના કરવી. અથવા “यत्ते यमं०” એ સૂક્તવડે તથા “शुक्रमसि०” એ મંત્રવડે પારો નાખી “अक्षीभ्यां०” એ મંત્રવડે શરીરને સ્પર્શ કરવો. પછી શરીરને સ્નાન કરાવી ચંદન લગાડી વસ્ત્ર તથા યજ્ઞોપવીત પેહેરાવી “अयं सदेवदत्तः” એવું વાક્ય કહી સ્પર્શ કરી “इदं चास्योपासनं” એમ કહી ધ્યાન કરી વિધિપૂર્વક દાહાદિક કરવું. આ ઠેકાણે આહિતાગ્નિનો અસ્થિદાહ અથવા પર્ણશરદાહ છતાં દશ દિવસ આશૌચ, તથા અનાહિતાગ્નિનું ત્રણ દિવસ આશૌચ ઇત્યાદિક પ્રથમ કહેલો નિર્ણય જાણવો. બાર વર્ષ ઇત્યાદિ કાળપર્યંત પ્રતીક્ષા કર્યા પછી પર્ણશરદાહ ઇત્યાદિ કર્મ કરવાનું હોય તો તે વેળાએ ત્રીસ કૃચ્છ્ર અથવા ત્રણ ચાંદ્રાયણ કરી કરવું.

अथातीतप्रेतसंस्कारकालः ॥ प्रत्यक्षशवसंस्कारेदिनंनैवविशोधयेत् आशौचमध्येसंस्कारेदिनंशोध्यंतुसंभवे दशाहोत्तरंतुदिनंसंशोध्यैवग्राह्यं तत्रवत्सरादूर्ध्वंक्रियमाणप्रेतकर्मण्युत्तरायणमेवश्रेष्ठं तत्रापिकृष्णपक्षएव तत्रनंदात्रयोदशीचतुर्दशीदिनक्षयान्वर्जयेत् शुक्रशनिवारौवर्ज्यौ भौमवारोपिवर्ज्यइत्येके नक्षत्रेषुभरणीकृत्तिकार्द्राश्लेषामघाज्येष्ठामूलंधनिष्ठोत्तरार्धंशततारकादिचतुष्टयंचेतिनक्षत्राणि त्रिपुष्करयोगश्चेत्यतिदुष्टानिसर्वथात्यजेत् कृत्तिकापुनर्वसूत्तराफल्गुनीविशाखोत्तराषाढापूर्वाभाद्रपदाचेतित्रिपादनक्षत्राणि द्वितीयासप्तमीद्वादशीचतिथिः कुजशनिरविवाराश्चेतित्रयाणांयोगेत्रिपुष्करः कश्चिद्रविस्थानेगुरुवारउक्तः एतेष्वेवतिथिवारेषुमृगचित्राधनिष्ठायोगेद्विपुष्करः त्रिपुष्करयो

गोवृद्धौलाभेनष्टेहृतेमृतौचत्रिगुणफलदः द्विपुष्करोद्विगुणफलदः तेनप्रेतकार्येद्वावपित्याज्यौ द्वयोर्योगेद्विपुष्करइतिकश्चित् गुरुशुक्रास्तपौषमासमलमासावैधृतिव्यतीपातपरिघयोगाः विष्टिःकरणं चतुर्थाष्टमद्वादशचंद्रश्चेत्यपिसर्वथात्यजेत् रोहिणीमृगपुनर्वसुपूर्वोत्तराफल्गुनीचित्राविशाखाऽनुराधापूर्वोत्तराषाढाधनिष्ठेतिकिंचिद्दुष्टानिसंभवेत्यजेत् भौमवारोपित्याज्यइत्येके कर्तुस्तिसृषुजन्मतारासुप्रत्यरितारायांचपर्णशरादिदाहोनेष्टः ॥

હવે અતીત ગયેલો (એવો) પ્રેતસંસ્કારનો કાળ કહે છે.—" પ્રત્યક્ષ શબના સંસ્કારવિષે દિનશુદ્ધિનો વિચાર કરવો નહીં. આશૌચમાં સંસ્કાર કરવાવિષે સંભવ છતાં દિનશુદ્ધિનો વિચાર કરવો." દશ દિવસ પછી તો, દિનશુદ્ધિ જોઇનેજ દિવસ લેવો. તેમાં વર્ષ પછી કરવાના પ્રેતકર્મવિષે ઉત્તરાયણુજ શ્રેષ્ઠ છે. તેમાં પણ કૃષ્ણુપક્ષજ લેવો, તેમાં નંદા (એકમ, છઠ, અગીયારસ), તેરસ, ચૌદસ અને ક્ષયતિથિ એ વર્જ્ય કરવાં. શુક્ર અને શનિ એ વાર વર્જ્ય કરવો. મંગલવાર પણ વર્જ્ય કરવો, એમ કોઈ ગ્રંથકાર કહે છે. નક્ષત્રોમાં ભરણી, કૃત્તિકા, આર્દ્રા, આશ્લેષા, મઘા, જ્યેષ્ઠા, મૂળ, ધનિષ્ઠાનું ઉત્તરાર્ધ, અને શતભિષા આદિ ચાર એ નક્ષત્રો તથા ત્રિપુષ્કર યોગ એ સઘળાં અતિ દુષ્ટ તો સર્વથા વર્જ્ય કરવાં. કૃત્તિકા, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની વિશાખા, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા, એ ત્રિપાદ નક્ષત્ર; તથા બીજ, સાતમ, બારસ એ તિથિ; અને મંગલ, શનિ તથા રવિ એ વાર એ ત્રણનો યોગ છતાં ત્રિપુષ્કર યોગ થાય. કેટલાએકોએ રવિને ઠેકાણે ગુરૂવાર કહેલો છે. એજ તિથિ તથા વાર છતાં મૃગશિર, ચિત્રા, ધનિષ્ઠા એનો યોગ છતાં દ્વિપુષ્કર યોગ થાય. ત્રિપુષ્કર યોગ છતાં વૃદ્ધિ, લાભ, નષ્ટ, ચોરી અને મરણુવિષે તે ત્રિગુણું ફળ દેછે, તથા દ્વિપુષ્કર યોગ બમણું ફળ દેછે, માટે પ્રેતકાર્યવિષે બન્ને વર્જ્ય કરવાં. (તિથિ વાર નક્ષત્ર) એમાંથી બેનો યોગ હોય તો દ્વિપુષ્કર યોગ થાય એમ કોઈ ગ્રંથકાર કહે છે. ગુરૂ શુક્રનો અસ્ત; પૌષમાસ; મળમાસ; વૈધૃતિ; વ્યતીપાત; પરિઘ યોગ; ભદ્રા કરણુ; અને ચોથા આઠમા બારમા સ્થાનકનો ચંદ્ર એ પણ સર્વથા વર્જ્ય કરવાં. રોહિણી, મૃગશિર, પુનર્વસુ, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, ચિત્રા, વિશાખા, અનુરાધા, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા અને ધનિષ્ઠા એ નક્ષત્રો કાંઈ એક દુષ્ટ છે, માટે સંભવ હોય તો ત્યાગ કરવો. મંગલવાર પણ વર્જ્ય કરવો એમ કેટલાએક કહે છે. કર્ત્તાની ત્રણ [2]જન્મતારા, અને પ્રત્યરિતારાવિષે પર્ણુશરાદિ દાહ ઇષ્ટ નથી.

तथाचार्कगुरुचंद्रवाराअश्विनीपुष्यहस्तस्वातीश्रवणभानिचप्रशस्तानि मध्यमानिसर्वथात्याज्यानिचोक्तानि नंदायांशुक्रवारेचतुर्दश्यांत्रिजन्मताराप्रत्यरितारासुचैकोद्दिष्टश्राद्धमतिनिंद्यं साक्षादेकादशाहेनकोपिनिषेधः ॥

તેમજ રવિ, ગુરૂ અને સોમ એ વાર; અશ્વિની, પુષ્ય, હસ્ત, સ્વાતિ અને શ્રવણુ એ નક્ષત્રો ઉત્તમ છે. મધ્યમ તથા સર્વથા ત્યાજ્ય એ કહ્યા. નંદા તિથિ, શુક્રવાર, ચૌદશ, ત્રણ જન્મતારા, અને ત્રણ પ્રત્યરિતારા એમનેવિષે એકોદ્દિષ્ટ શ્રાદ્ધ અતિ નિંદ્ય છે. પ્રત્યક્ષ એકાદશાહશ્રાદ્ધવિષે કોઈ પણ નિષેધ નથી.

अस्यनिषिद्धनक्षत्रादेरपवादः ॥ युगमन्वादिसंक्रांतिदर्शेचप्रेतकर्मणि पुनःसंस्कारादिकेपि नक्षत्रादिनशोधयेत् गुरुभार्गवयोर्मौढ्येपौषमासेमलिम्लुचे नातीतःपितृमेधःस्याद्गयांगोदावरींविना इतिपुनःसंस्कारकालः ॥

એ જે નિષિદ્ધ નક્ષત્રાદિક તેમનો અપવાદ—" યુગાદિ, મન્વાદિ, સંક્રાંતિ, દર્શ, પ્રેતકર્મ અને પુનઃસંસ્કારાદિવિષે નક્ષત્રાદિકનો વિચાર કરવો નહીં. ગુરૂ શુક્રનો અસ્ત, પૌષમાસ અને મળમાસ છતાં ગયા અને ગોદાવરીવિના અતિક્રાંત (પ્રથમ થયેલું) પિતૃકર્મ થતું નથી." એપ્રમાણે પુનઃસંસ્કારનો કાળ કહ્યો.

साग्निकस्यपर्णशरदाहेकृतेपश्चाद्देहलाभेपर्णशरदाहीयार्धदग्धकाष्ठैस्तंदहेत् तादृशकाष्ठालाभे लौकिकाग्निनादग्ध्वातदस्थीनिमहाजलेक्षिपेत् एवमन्येषांनिरग्नीनामपिपर्णशरदाहोत्तरंशरीरलाभेस्थिलाभेवा

---

[1] जन्मनक्षत्रे ततो दशमैकोनविंशेचनक्षत्रे इत्यर्थः ॥

[2] જન્મનક્ષત્ર, જન્મનક્ષત્રથકી દશમું નક્ષત્ર તથા ઓગણીશમું નક્ષત્ર એનેવિષે એવો અર્થ.

योज्यं अमृतंमृतमाकर्ण्यकृतंयस्यौर्ध्वदेहिकम् प्रायश्चित्तमसौस्मार्तंकृत्वाग्नीनादधीतच अत्रपुनःसंस्कारादिप्रकारःपूर्वार्धेउक्तः आधानांतेआयुष्मतेष्टिः अनाहिताग्नेस्तुचरुः भर्तरिजीवत्येवमरणवार्तांश्रुत्वायदिस्त्रियासहगमनंकृतंतदातत्स्त्रीमरणमवैधमेव ज्ञातमरणमेवहिसहगमनेनिमित्तं नतुमरणज्ञानमात्रं अतस्तस्याभार्यायाआत्मघातादिदोषप्रायश्चित्तंतत्पुत्रादिभिःकृत्वा नारायणबलिपूर्वकमौर्ध्वदेहिकंकार्यं भर्तुस्तुदाहाद्यौर्ध्वदेहिककरणनिमित्तमुक्तपुनःसंस्कारादिकार्यम् ॥

સાગ્નિકનું પર્ણશરદાહ કર્યા પછી તેનું શરીર મળ્યા છતાં પર્ણશરદાહનાં અર્ધ બળેલાં કાષ્ઠવડે તે શરીરનો દાહ કરવો. તેવાં કાષ્ઠ ન મળે તો લૌકિકાગ્નિવડે દાહ કરી તેનાં અસ્થિ મ્હોટા જલમાં નાખવાં. એપ્રમાણે બીજા નિરગ્નિકોનો પણ પર્ણશર દાહ થયા પછી શરીર અથવા અસ્થિ મળ્યા છતાં એવોજ નિર્ણય જાણવો. "મૃત ન છતાં 'મૃત થયો' એવી વાત સાંભળી જેનું અંત્યકર્મ કર્યું તેણે સ્મૃતિમાં કહેલું પ્રાયશ્ચિત્ત કરી અગ્નિનું આધાન કરવું." આવિષે પુનઃસંસ્કારાદિક પ્રકાર પૂર્વાર્ધમાં કહેલો છે. આધાન કર્યા પછી આયુષ્મતેષ્ટિ કરવી. અનાહિતાગ્નિએ ચરુ કરવો. પતિ જીવતો છતાંજ મરવાની વાત સાંભળી જો સ્ત્રીએ સહગમન કર્યું તો તે સ્ત્રીનું મરણ અવિધિજ છે. જાણેલું મૃત્યુ તેજ સાથે જવામાં નિમિત્ત છે, કેવળ મરવાનું જ્ઞાન માત્ર નિમિત્ત નથી, માટે તે સ્ત્રીના આત્મહત્યાદિ દોષનું પ્રાયશ્ચિત્ત તેના પુત્રાદિકોએ કરી નારાયણબલિપૂર્વક અંત્યકર્મ કરવું. પતિનું તો, દાહાદિક અંત્યકર્મ કર્યું તે નિમિત્તથી કહેલા પુનઃસંસ્કારાદિ કરવા.

क्वचिज्जीवतोप्यंत्यकर्मविहितं यथाप्रायश्चित्तानिच्छोःपतितस्यघटस्फोटे तथाहिमहापातकेनोपपातकेनवापतितोयदिप्रायश्चित्तंनकरोतितदातंगुरूणांबांधवानांराज्ञश्चसमक्षमाहूयतत्पापंप्रकटीकृत्यतंपुनःपुनरुपादिशेत् प्रायश्चित्तंकुरुष्वाचारंलभस्वेति सयद्येवमपिनांगीकरोतितदारिक्तादिनिंद्यतिथौसायाह्ने सपिंडाबांधवाश्चसंभूयदासीहस्तेनानीतममेध्यकुत्सितजलादिपूर्णघटंसर्वतोदास्याद्यन्वारंभंकुर्वंतोदास्यादासस्यवावामपादेनन्युब्जंछिन्नाग्रदर्भेषुकारयित्वा दासीसहितावदेयुरमुमनुदकंकरोमीतिनामग्रहणपूर्वकंप्राचीनावीतिनोमुक्तशिखाश्चसंतः ततोधिकारीकर्तादाहवर्ज्यंजीवंतमेवोद्दिश्यपिंडोदकदानादिप्रेतकार्याण्येकादशाहांतानिनाम्नैवकुर्यात् मिताक्षरायांप्रेतकार्योत्तरंघटनिनयनमुक्तं एकाहमाशौचंसर्वेषां यस्यघटस्फोटःकृतस्तेनसहसंभाषणस्पर्शादिसंसर्गोनकेनापिकार्यः करणेपतिततुल्यता घटस्फोटप्रयोजनंतुपूर्वार्धांतेउक्तं घटस्फोटनिश्चयोत्तरं घटस्फोटदिनात्प्राक्पतितज्ञातीनांधर्मकार्येष्वनधिकारइतिकश्चित् ॥

કોઈ ઠેકાણે જીવતાનું પણ અંત્યકર્મ કરવું એમ કહ્યું છે. જેમ;–પ્રાયશ્ચિત્ત લેવાની ઇચ્છા ન કરનારા પતિતનો ઘટસ્ફોટ કર્યા છતાં, તે ઘટસ્ફોટનો વિધિ કહે છે—મહાપાતક અથવા ઉપપાતકવડે પતિત થયેલો પુરુષ જો પ્રાયશ્ચિત્ત કરે નહીં તો તેને ગુરુ, સંબંધી તથા રાજાની પાસે બોલાવી તેનું પાપ પ્રકટ કરી તેને વારંવાર સમજાવવો. તે આ રીતે—પ્રાયશ્ચિત્ત કર, પોતાનો આચાર ગ્રહણ કર, એવો ઉપદેશ કર્યા છતાં પણ તે જો અંગીકાર કરે નહીં તો રિક્તા આદિ નિંદ્ય તિથિને દિવસે સાયંકાળે સપિંડ તથા બાંધવોએ એકઠા મળી દાસીને હાથે મંગાવેલો એવો અશુદ્ધ તથા ખરાબ જળે ભરેલો ઘડો ચારેમેર દાસી ઇત્યાદિકને અન્વારંભ (સ્પર્શ) કરતાં છતાં દાસી અથવા દાસના ડાબા પગવડે, અગ્ર તોડેલા દર્ભ ઉપર ઉંધો કરાવી અપસવ્ય જનોઇ કરી શિખા છોડી દાસીસહિત સઘળાઓએ તેનું નામ લઈ "अमुमनुदकं करोमि," એમ કહેવું. પછી અધિકારી કર્ત્તાએ દાહવિના જીવતાનેજ ઉદ્દેશીકરી પિંડ ઉદકદાન ઇત્યાદિ અગીયારમા દિવસપર્યંતનાં પ્રેતકાર્ય નામે કરીનેજ કરવાં. મિતાક્ષરામાં, પ્રેતકાર્ય કર્યા પછી ઘડો લઈ જવો એમ કહ્યું છે. સઘળાઓને એક દિવસ આશૌચ છે. જેનો ઘટસ્ફોટ કર્યો તેની સાથે બોલવું, સ્પર્શ ઇત્યાદિ સંબધ કોણે પણ કરવો નહીં, કરે તો તે પતિત સરખો થાય છે. ઘટસ્ફોટ કરવાનું કારણ તો, પૂર્વાર્ધના અંતમાં કહ્યું છે. ઘટસ્ફોટ કરવાનો નિશ્ચય થયા પછી ઘટસ્ફોટના દિવસની પ્રથમ પતિતના જ્ઞાતિઓને ધર્મકાર્યવિષે અધિકાર નથી, એમ કોઈ ગ્રંથકાર કહે છે.

कृतघटस्फोटस्यपुंसोनुतापेतत्पापप्रायश्चित्तांतेसंग्रहविधिरुच्यते तत्रादौशुद्धिपरीक्षा कृतप्रायश्चित्तोज्ञातिसमक्षंगोभ्यस्तृणभारंदद्यात् गोभिस्तृणेभक्षितेशुद्धिः भक्षणाभावेपुनःप्रायश्चित्तंचरेत् एवं

निश्चितसंशुद्धौसमानेयुर्नवंघटं हैमंवामृन्मयंवापिपवित्रजलपूरितं ततःसपिंडास्तंघटंसंस्पृश्याभिमंत्र्य तज्जलैःपावमानीभिरापोहिष्ठेत्यादिभिस्तरत्समंदीभिश्चपापिनमभिषिच्य तेनसहसर्वेस्नात्वातंजलघटमस्मैदद्युः सचशांताद्यौःशांतापृथिवीशांतंविश्वमंतरिक्षंयोरोचनस्तमिहगृह्णामीतियजुर्भिस्तंघटंगृह्णीयात् ततस्तदुदकंतेनैवसाकंसर्वेपिबेयुः ततःसकूष्मांडमंत्रैराज्यहोमंकृत्वासुवर्णंगांचदद्यात् ततस्तस्यजातकर्मादिव्रतबंधांतावाविवाहांतावासंस्काराःकार्याः एवंकृते शुद्धेनतेनसंस्पर्शसंभोजनादिव्यवहारंकुर्यात् एवमुपपातकेमहापातकेचकृतघटस्फोटस्यशुद्धिर्ज्ञेया इतिसंक्षेपतःकृतघटस्फोटशुद्धिः ॥

જેનો ઘટસ્ફોટ કર્યો હોય તેને પશ્ચાત્તાપ થયા છતાં તે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યા પછી (તેને નાતમાં) લેવાવિષે વિધિ કહે છે—તેમાં પ્રથમ શુદ્ધિની પરીક્ષા-(પતિતે) પ્રાયશ્ચિત્ત કરી જ્ઞાતિની સામે ઘાસનો ભારો ગાયોને દેવો. ગાયો ઘાસ ભક્ષણ કરે તો શુદ્ધિ છે. ભક્ષણ ન કરે તો ફરી પ્રાયશ્ચિત્ત કરવું. “એપ્રમાણે શુદ્ધિનો નિશ્ચય થયા છતાં સોનાનો અથવા માટીનો નવો ઘડો શુદ્ધ જળે ભરેલો લાવવો.” ત્યાર પછી સપિંડોએ તે ઘડાને સ્પર્શ કરી અભિમંત્રણ કરી તે જળવતી પાવમાની ઋચા, “आपोहिष्ठा०” ઇત્યાદિ ઋચા, અને “तरत्समंदी०” ઋચાવડે પાપી ઉપર અભિષેક કરી તે પાપીસહિત સઘળાઓએ સ્નાન કરી તે જળનો ઘડો પાપીને દેવો. પછી પાપીએ “शांता द्यौः शांता पृथिवी शांतं विश्वमंतरिक्षं यो रोचनस्तमिह गृह्णामि” આ યજુર્વેદના મંત્રોવડે તે ઘડો લેવો. પછી તે જળ તે પાપીની સાથેજ સઘળાઓએ પીવું. પછી તેણે કૂષ્માંડ મંત્રવડે આજ્યનો હોમ કરી સુવર્ણ અને ગાયનું દાન કરવું. પછી તેના જાતકર્મ થકી વ્રતબંધપર્યંત અથવા વિવાહપર્યંત સંસ્કાર કરવા. એ રીતે વિધિ કરવાથી શુદ્ધ થયેલા તે (પાપી)ની જોડે સ્પર્શ, સંભોજન ઇત્યાદિ વ્યવહાર કરવો. એપ્રમાણે ઉપપાતક તથા મહાપાતકવિષે જેનો ઘટસ્ફોટ કર્યો હોય તેની શુદ્ધિ જાણવી. એ રીતે સંક્ષેપે કરી, જેનો ઘટસ્ફોટ કર્યો હોય તેની શુદ્ધિ કહી.

वंदे श्रीमदनंताभिधगुरुचरणौ सतांमताचरणौ ॥ जननीमथान्नपूर्णां संपूर्णां सद्गुणैर्वंद्याम् ॥ १ ॥

સત્પુરૂષોને માનવા યોગ્ય છે આચરણ જેનાં એવા શ્રીમાન્ અનંત નામના પિતાના ચરણ તથા પતિવ્રતાપણું ઇત્યાદિ સદ્ગુણે સંપૂર્ણ, પ્રણામ કરવાયોગ્ય એવી અન્નપૂર્ણા નામની માતા એ બન્નેને પ્રણામ કરૂં છું.

श्रीविट्ठलं नमस्कृत्य विघ्नकक्षहुताशनं ॥ अंत्येष्टिनिर्णयं वक्ष्ये सर्वशाखोपयोगिनम् ॥ २ ॥

વિઘ્નરૂપ સુકેલાં ઘાસને બાળવામાં અગ્નિરૂપ એવા જે શ્રીવિઠ્ઠલ તેને નમસ્કાર કરી સઘળી શાખાને ઉપયોગી એવો અંત્યેષ્ટિનો નિર્ણય કહું છું.

तत्रांत्यक्रियाधिकारिणःश्राद्धारंभेएवोक्ताः सर्वाभावेधर्मपुत्रःकार्यः तत्रपुत्राद्यधिकारिणापित्रादिकमासन्नमरणंदृष्ट्वासार्धाब्दादिप्रायश्चित्तंमोक्षधेन्वादिदानानिचतेनकारणीयानि स्वयंवातमुद्दिश्यकर्तव्यानि तत्रप्रायश्चित्तप्रयोगःप्रायश्चित्तप्रकरणेद्रष्टव्यः शक्तौसत्यांप्रायश्चित्तांतेदशदानानिकार्याणि तत्रगघामंगेपुतिष्ठंतिइतिगोदानमंत्रः सर्वभूताश्रयाभूमिर्वराहेणसमुद्धृता अनंतसस्यफलदाअतःशांतिंप्रयच्छमे इतिभूमेः महर्षेर्गोत्रसंभूताःकाश्यपस्यतिलाःस्मृताः तस्मादेषांप्रदानेनममपापंव्यपोहत्वितितिलानां हिरण्यगर्भगर्भस्थमितिहिरण्यस्य कामधेनुषुसंभूतंसर्वक्रतुषुसंस्थितं देवानामाज्यमाहारमतःशांतिंप्रयच्छमे इत्याज्यस्य शरणंसर्वलोकानांलज्जायारक्षणंपरं सुवेषधारिवस्त्रत्वमतः० इतिवस्त्रंदेयं सर्वदेवमयंधान्यंसर्वोत्पत्तिकरंमहत् प्राणिनांजीवनोपायमतःशांतिंप्रयच्छमे इतिधान्यं तथारसानांप्रवरः सदैवेक्षुरसोमतः ममतस्मात्परांलक्ष्मींददस्वगुडसर्वदेतिगुडः प्रीतिर्यतःपितृणांचविष्णुशंकरयोःसदा शिवनेत्रोद्भवंरूप्यमतः० इतिरजतं यस्मादन्नरसाःसर्वेनोत्कृष्टालवणंविना शंभोःप्रीतिकरंनित्यमतः० इतिलवणं भूम्यादिप्रमाणानितुजननशांतिप्रकरणेऽउक्तानि प्रायश्चित्तादिकर्मसुविष्ण्वादिनामकीर्तनात्सांगता प्रायश्चित्ताद्यसंभवेपिमरणकालेविष्णुशिवनामकीर्तनमात्रात्सर्वपापक्षयोमुक्तिश्चेतिसर्वपुराणादिसिद्धांतः तथाचश्रीभागवते यस्यावतारगुणकर्मविडंबनानिनामानियेऽसुविगमेविवशागृणन्ति तेनैकजन्मशमलंसहसैवहित्वासंयांत्यपावृतमृतंतमजंप्रपद्ये इत्यादि मुमूर्षुंपितरंपुत्रोयदिदानंप्रदापयेत् तद्विशिष्टंगयाश्राद्धादश्वमेधशतादपि तानिचतिलपात्रदानंऋणधेनुमोक्षधेनुपापधेनुवैतरणी

धेनूत्क्रांतिधेनुदानादीनि व्यतीपातोथसंक्रांतिस्तथैवग्रहणंरवेः पुण्यकालास्तथासर्वेयदामृत्युरुपस्थितः आसन्नमृत्युनादेयागौःसवत्सातुपूर्ववत् तदभावेतुगौरेवनरकोत्तारणायवै शुक्लपक्षेदिवाभूमौगंगायां चोत्तरायणे धन्यास्तातमरिष्यंतिहृदयस्थेजनार्दने इत्यादिवचनात् मुमूर्षोर्दानादौशक्त्यभावेपुत्रादिर्दद्यात् ॥

તેમાં અંત્યક્રિયાના અધિકારી શ્રાદ્ધના આરંભમાંજ કહેલા છે. સઘળાઓનો અભાવ છતાં ધર્મપુત્ર કરવો. તેમાં પુત્રાદિક અધિકારીઓએ પિતા ઇત્યાદિકનું મૃત્યુ સમીપે આવ્યું એમ જોઈ સાર્ધાબ્દ ઇત્યાદિ પ્રાયશ્ચિત્ત તથા મોક્ષધેનુ ઇત્યાદિ દાન તે (પિતા ઇત્યાદિક) વતી કરાવવાં, અથવા પોતે તેને ઉદ્દેશે કરી કરવાં. તેમાં પ્રાયશ્ચિત્તનો પ્રયોગ પ્રાયશ્ચિત્તના પ્રકરણમાં જોવો. શક્તિ હોય તો પ્રાયશ્ચિત્ત કર્યા પછી દશ દાન કરવાં. તેવિષે મંત્ર—"गवामंगेषु तिष्ठंति०" એ ગોદાનનો મંત્ર. સર્વभूताश्रया भूमि, वराहेण समुद्धृता ॥ अनंतसस्यफलदा, अतः शांतिं प्रयच्छ मे," એ ભૂમિદાનનો. "महर्षेर्गोत्रसंभूताः काश्यपस्य तिलाः स्मृताः ॥ तस्मादेषां प्रदानेन, मम पापं व्यपोहतु," એ તિલનો. "हिरण्यगर्भगर्भस्थं०," એ સુવર્ણનો. "कामधेनुषु संभूतं, सर्वक्रतुषु संस्थितं ॥ देवानामाज्य आहार, मतः शांतिं प्रयच्छ मे," એ ઘૃતનો. "शरणं सर्वलोकानां, लज्जाया रक्षणं परं ॥ सुवेषधारि वस्त्र त्व, मतः०" એ મંત્રવડે વસ્ત્ર દેવું. सर्वदेवमयं धान्यं, सर्वोत्पत्तिकरं महत् ॥ प्राणिनां जीवनोपाय, मतः शांतिं प्रयच्छ मे," એ મંત્રવડે ધાન્ય દેવું. "तथा रसानां प्रवरः, सदैवेक्षुरसो मतः ॥ मम तस्मात्परां लक्ष्मीं, ददस्व गुड सर्वदा," એ મંત્રવડે ગોળનું દાન કરવું. प्रीतिर्यतः पितृणां च, विष्णुशंकरयोः सदा ॥ शिवनेत्रोद्भवं रूप्य, मतः०" એ મંત્રથી રૂપાનું દાન કરવું. "यस्मादन्नरसाः सर्वे, नोत्कृष्टा लवणं विना ॥ शंभोः प्रीतिकरं नित्य, मतः०," એ મંત્રથી લૂણ દેવું. પૃથ્વી ઇત્યાદિકનાં પ્રમાણ તો, જનનશાંતિમાં પ્રકરણમાં કહેલાં છે. પ્રાયશ્ચિત્તાદિ કર્મવિષે વિષ્ણુ ઇત્યાદિના નામકીર્ત્તનથી કર્મની સંપૂર્ણતા થાય છે. પ્રાયશ્ચિત્તાદિકનો અસંભવ છતાં પણ મરણ સમયે વિષ્ણુ અને શિવનાં નામકીર્તન માત્રથકી સઘળાં પાપનો ક્ષય તથા મુક્તિ પ્રાપ્ત થાય છે એ સર્વ પુરાણાદિકનો સિદ્ધાંત છે. તેમજ શ્રીભાગવતમાં કહ્યું છે—"અવતારની નકલ કરનારાં (દેવકીનંદન ઇત્યાદિક) ગુણની નકલ કરનારાં (સર્વજ્ઞ ભક્તવત્સલ ઇત્યાદિક) અને કર્મની નકલ કરનારાં (ગોવર્ધનોદ્ધારણ, મધુહા ઇત્યાદિક) એવાં જેનાં નામ, પ્રાણ જવા સમયે પરાધીન છતાં પણ જે ઉચ્ચારણ કરે છે તે અનેક જન્મનું મેળવેલું પાપ તેજ કાળે ત્યાગ કરી નિરૂપાધિ તથા સત્ય એવા ઈશ્વરને પામેછે, તે અજની હું શરણે જાઉંછું," ઇત્યાદિ, "જેનું મૃત્યુ સમીપે પ્રાપ્ત થયું એવા પિતાના હાથથી જો પુત્ર દાન દેવરાવે તો તે દાન ગયાશ્રાદ્ધ તથા સો અશ્વમેધથી અધિક થાય છે." તે દાન આ—તિલપાત્રનું દાન, ઋણધેનુ, મોક્ષધેનુ, પાપધેનુ, વૈતરણીધેનુ અને ઉત્ક્રાંતિધેનુ ઇત્યાદિક દાન દેવાં. કારણ, "વ્યતીપાત, સંક્રાંતિ તેમજ સૂર્યગ્રહણ એ જે પુણ્યકાળ તે, જે સમયે મૃત્યુ પ્રાપ્ત થાય છે તે કાળે છેજ." "જેનું મૃત્યુ સમીપમાં આવ્યું તેણે વાછડાસહિત ગાય પ્રથમ કહ્યાપ્રમાણે દેવી. વાછડાસહિત ગાય ન હોય તો, નરકથકી તારવામાટે એકલી ગાયજ દેવી. શુક્લપક્ષ, દિવસ, પૃથ્વી, ગાય, ગંગા અને ઉત્તરાયણ એમનેવિષે અને હૃદયવિષે વિષ્ણુ છતાં હે તાત! જે મરેછે તે ધન્ય છે" ઇત્યાદિક વચન છે, મરનારને દાનાદિક દેવાવિષે શક્તિ ન છતાં પુત્રાદિકોએ દેવાં.

तत्रतिलपात्रदानविधिः ॥ यथाशक्तिकांस्यपात्रेताम्रपात्रेवातिलान्क्षिप्त्वासुवर्णंचप्रक्षिप्य ममजन्मप्रभृतिमरणांतंकृतनानाविधपापप्रणाशार्थंतिलपात्रदानंकरिष्ये विप्रंसंपूज्यममजन्मप्रभृतिमरणांतंनानाविधपापनाशार्थमिदंतिलपात्रंससुवर्णंसदक्षिणंअमुकशर्मणेतुभ्यंसंप्रददे तिलाःपुण्याःपवित्राश्चतिलाःसर्वकराःस्मृताः शुक्लावायदिवाकृष्णाःकपिगोत्रसमुद्भवाः यानिकानिचपापानिब्रह्महत्यासमानिच तिलपात्रप्रदानेनममपापंव्यपोहतु नममेतिविप्रहस्तेजलंक्षिपेत् पुत्रादिस्त्वस्यजन्मप्रभृत्यादिसंकल्पमस्यपापंव्यपोहत्वितिमंत्रंचवदेत् ऐहिकामुष्मिकंयच्चसप्तजन्मार्जितंऋणं तत्सर्वंशुद्धिमायातुगामेकांददतोममेति ऋणधेनुदानमंत्रः अन्यत्सर्वंसामान्यगोदानवत् तद्विधिस्तुद्वितीयपरिच्छेदेउक्तः मोक्षंदेहिहृषीकेशमोक्षंदेहिजनार्दन मोक्षधेनुप्रदानेनमुकुंदःप्रीयतांममेति मोक्षधेनुमंत्रः आजन्मोपार्जितंपापंमनोवाक्कायकर्मभिः तत्सर्वंनाशमायातुगोप्रदानेनकेशवेतिपापधेनुदानमंत्रः ॥

તેમાં તિલપાત્રદાનનો વિધિ કહે છે.—યથાશક્તિ કાંસાનું પાત્ર અથવા ત્રાંબાનું પાત્ર તેમાં તિલ તથા સુવર્ણ લઈ "मम जन्मप्रभृति मरणांतं कृतनानाविधपापप्रणाशार्थं तिलपात्रदानं करिष्ये," એ પ્રમાણે સંકલ્પ કરી બ્રાહ્મણની પૂજા કરી "मम जन्मप्रभृति मरणांतं नानाविधपापनाशार्थमिदं तिलपात्रं ससुवर्णं सदक्षिणं अमुकशर्मणे तुभ्यं संप्रददे, तिलाः पुण्याः पवित्राश्च, तिलाः सर्वकराः स्मृताः ॥ शुक्ला वा यदि वा कृष्णा, ऋषिगोत्रसमुद्भवाः ॥ यानि कानि च पापानि, ब्रह्महत्यासमानि च ॥ तिलपात्रप्रदानेन, मम पापं व्यपोहतु ॥ न मम" એવો મંત્ર કહી બ્રાહ્મણના હાથમાં જળ દેવું. પુત્રાદિકોએ તો, "अस्य जन्मप्रभृति" ઇત્યાદિક સંકલ્પ તથા "अस्य पापं व्यपोहतु" એવો મંત્ર કહેવો. "ऐहिकामुष्मिकं यच्च, सप्तजन्मार्जितं ऋणं ॥ तत्सर्वं शुद्धिमायातु, गामेकां ददतो मम," એપ્રમાણે ઋણધેનુદાનનો મંત્ર. બાકી સઘળો વિધિ સામાન્ય ગોદાનની પેઠે જાણવો. તે (સામાન્ય ગોદાનનો) વિધિ તો બીજા પરીચ્છેદમાં કહ્યો છે. "मोक्षं देहि हृषीकेश, मोक्षं देहि जनार्दनं ॥ मोक्षधेनुप्रदानेन, मुकुंदः प्रीयतां मम," એ મોક્ષધેનુદાનનો મંત્ર. "आजन्मोपार्जितं पापं, मनोवाकायकर्मभिः ॥ तत्सर्वं नाशमायातु, गोप्रदानेन केशव," એ પાપધેનુદાનનો મંત્ર જાણવો.

अथवैतरणीविधिः ॥ अद्येत्याद्यमुकस्यममयमद्वारस्थितवैतरण्याख्यनद्युत्तारणार्थं गोदानंकरिष्ये विप्रंपादप्रक्षालनवस्त्रगंधमाल्यादिभिरभ्यर्च्यतद्धस्ते शिवाआपःसंतु सौमनस्यमस्तु अक्षतंचारिष्टंचास्तु यच्छ्रेयस्तदस्तु यत्पापंतत्प्रतिहतमस्त्वितिकृत्वा धेनुकेत्वंप्रतीक्षस्वयमद्वारेमहापथे उत्तितीर्षुरहंदेविवैतरण्यैनमोस्तुते इतिधेनुंप्रार्थ्य विष्णुरूपद्विजश्रेष्ठभूदेवद्विजपावन ततुंवैतरणीमेतांकृष्णांगांप्रददाम्यहमितिविप्रंप्रार्थ्य वैतरणीसंतारणार्थमिमांगांकृष्णवस्त्ररक्तमाल्याद्यलंकृतां यथाशक्तिदक्षिणायुतां तुभ्यमहंसंप्रददे यमद्वारेपथेघोरेघोरावैतरणीनदी तांततुंकामोयच्छामिकृष्णांवैतरणींतुगां नममेतिविप्रहस्तेजलंक्षिपेत् कृष्णायाअभावेऽन्यवर्णादेया गोरभावेद्रव्यंदेयं पुत्रादिर्दाताचेत्प्रथमेमंत्रेउत्तितीर्षुरयमितिपठेत् द्वितीयेततुंवैतरणीमस्येति तृतीयेतांततुंमस्येति ॥

હવે વૈતરણી ગોદાનનો વિધિ કહે છે.

"अद्येत्यादि॰ अमुकस्य मम यमद्वारस्थितवैतरण्याख्यनद्युत्तारणार्थं गोदानं करिष्ये" એવો સંકલ્પ કરી બ્રાહ્મણની પાદપ્રક્ષાલન, વસ્ત્ર, ગંધ, પુષ્પ ઇત્યાદિક ઉપચારવડે પૂજા કરી બ્રાહ્મણના હાથ ઉપર "शिवा आपः संतु, सौमनस्यमस्तु, अक्षतं चारिष्टं चास्तु, यच्छ्रेयस्तदस्तु, यत्पापं तत्प्रतिहतमस्तु" એ રીતે જળ દઈ "धेनुके त्वं प्रतीक्षस्व, यमद्वारे महापथे ॥ उत्तितीर्षुरहं देवि, वैतरण्यै *नमोस्तुते," એ મંત્ર ભણી ધેનુની પ્રાર્થના કરી "विष्णुरूप द्विजश्रेष्ठ, भूदेव द्विज पावन ॥ ततुं* वैतरणीमेतां, कृष्णां गां प्रददाम्यहं" એ મંત્ર ભણી બ્રાહ્મણની પ્રાર્થના કરી "वैतरणीसंतारणार्थं इमां गां कृष्णवस्त्ररक्तमाल्याद्यलंकृतां यथाशक्तिदक्षिणायुतां तुभ्यमहं संप्रददे ॥ यमद्वारे पथे घोरे, घोरा वैतरणी नदी ॥ तां ततुंकामो,यच्छामि, कृष्णां वैतरणीं तु गां ॥ न मम" એવો મંત્ર કહી બ્રાહ્મણના હાથ ઉપર જળ દેવું. કાળી ગાય ન મળે તો બીજા રંગની દેવી. ગાયનો અભાવ છતાં દ્રવ્ય દેવું. પુત્રાદિક દાન કરનારા હોય તો, પ્રથમ મંત્રમાં "उत्तितीर्षुरयं" એમ બોલવું. બીજા મંત્રમાં "ततुं वैतरणीमस्य" એમ બોલવું. ત્રીજા મંત્રમાં "तां ततुंमस्य" એમ બોલવું.

अथोत्क्रांतिधेनुः ॥ अद्येत्याद्यमुकस्यसुखेनप्राणोत्क्रमणप्रतिबंधकसकलपापक्षयद्वारा सुखेनप्राणोत्क्रमणाययथाशक्त्यलंकृतामिमामुत्क्रांतिधेनुंरुद्रदैवत्याममुकशर्मणेतुभ्यंसंप्रददे गवामंगेष्वितिमंत्रांतेनममेतिवदेत् । धेन्वभावेद्रव्यंदेयम् ॥

હવે ઉત્ક્રાંતિધેનુનો વિધિ કહે છે.

अद्येत्यादि अमुकस्य सुखेन प्राणोत्क्रमणप्रतिबंधकसकलपापक्षयद्वारा सुखेन प्राणोत्क्रमणार्थं यथाशक्त्यलंकृतामिमामुत्क्रांतिधेनु रुद्रदैवत्याममुकशर्मणे तुभ्यं संप्रददे गवामंगेषु॰" આ મંત્ર કહ્યા પછી "न मम" એમ કહેવું. ગાય ન મળે તો દ્રવ્ય દેવું.

उक्तप्रायश्चित्तादिदानांतविधिमकृत्वा पित्रादिमरणेपुत्रादिनाप्रायश्चित्तंकृत्वा दाहादिकंकर्तव्यं दानान्येकादशाहेकार्याणि पितुःपापाभावनिश्चयेप्रायश्चित्तंनावश्यकं केचिदुत्क्रांतिवैतरण्यौदशदानानि चैवहि मृतेपिकृत्वातंप्रेतंदहेदित्याहुः तुलसींसन्निधौकुर्याच्छालग्रामशिलांतथा केचित्तिललोहहेमकार्पासलवणभूमिधेनुसप्तधान्येत्यष्टदानान्याहुः क्वचिन्मुमूर्षोर्मधुपर्कदानमुक्तम् ॥

પ્રાયશ્ચિત્તથી દાનપર્યંત પ્રથમ કહેલો વિધિ કર્યાવિના પિતા ઇત્યાદિકને મરણ પ્રાપ્ત થયા છતાં પુત્રાદિકે પ્રાયશ્ચિત્ત કરી દાહાદિક કરવું, તથા દાન કરવાં તે અગીયારમે દિવસે કરવાં. પિતાને પાપ નથી એવો નિશ્ચય હોય તો પ્રાયશ્ચિત્તનું કાંઈ જરૂર નથી. કોઈ ગ્રંથકાર, ઉત્ક્રાંતિધેનુ, વૈતરણીધેનુ અને દશ દાન એ મૃત થયા છતાં પણ કરી તે પ્રેતનું દહન કરવું, એમ કહે છે. "મૃત્યુ સમયે તુલસી તથા શાલગ્રામની શિલા સમીપે રાખવી." કોઈ ગ્રંથકાર તિલ, લોઢું સોનું, કપાસ, લૂણ, ભૂમિ, ગાય અને સપ્તધાન્ય, એપ્રમાણે આઠ દાન કહે છે. કોઈ ગ્રંથમાં મરનારને મધુપર્કનું દાન કરવું, એમ કહ્યું છે.

पुत्रादिःकर्तांत्यकर्माधिकारार्थंकृच्छ्रत्रयादिकंवपनंचकुर्यात् तत्रमातापित्रोःसापत्नमातुः पितृव्यस्य ज्येष्ठभ्रात्रादेश्चांत्यकर्मकरणेक्षौरमावश्यकं पुत्राणांकर्तृभिन्नानामपिक्षौरंनित्यं एवंपत्न्याअपिप्रथमेदशमेह्निवाक्षौरंनित्यं तथादत्तकस्यपूर्वापरयोर्मात्रोःपित्रोर्मृतौक्षौरं रात्रौतुदग्ध्वापिंडान्तंकृत्वावपनवर्जितं वपनं वर्जितंरात्रौश्वस्तनीवपनक्रिया पत्नीपुत्रकनिष्ठभ्रात्रादेरंत्यकर्मणिक्षौरंनकार्यं अन्यत्रकृताकृतम् ॥

પુત્રાદિક કર્તાએ અંત્યકર્મનો અધિકાર પ્રાપ્ત થવામાટે ત્રણ કૃચ્છ્ર ઇત્યાદિક પ્રાયશ્ચિત્ત કરવું તથા વપન (મુંડન) કરાવવું. તેમાં માતા, પિતા, સાવકી માતા, કાકો અને વડીલ ભાઈ ઇત્યાદિકનું અંત્યકર્મ કરવાનું છતાં ક્ષૌર અવશ્ય છે. કર્તાવિના બીજા પુત્રોને પણ ક્ષૌર અવશ્ય છે. એપ્રમાણે સ્ત્રીને પણ પ્રથમ દિવસે અથવા દશમે દિવસે ક્ષૌર અવશ્ય છે. દત્તકને પ્રથમનાં તથા પાછળનાં માતા પિતા મૃત છતાં ક્ષૌર છે. "રાત્રિ હોય તો દાહ કરી વપનવિના પિંડપર્યંત ક્રિયા કરવી. રાત્રએ વપન કરાવવું નહીં, બીજે દિવસે વપન કરાવવું." સ્ત્રી, પુત્ર, ન્હાનો ભાઈ ઇત્યાદિકોનું અંત્યકર્મ કરવાનું છતાં ક્ષૌર નથી, બીજે ઠેકાણે કરવું અથવા ન કરવું એમ છે.

स्मशानेनीयमानशवस्यशूद्रस्पर्शेशूद्रेणवहनेवा कुंभेसलिलमादायपंचगव्यंतथैवच सुमंत्रैरभिमंत्र्यापस्तेनसंस्नाप्यदाहयेत् कृच्छ्रत्रयंचकुर्यात् सूतिकारजस्वलयोःस्पर्शेप्येवमेव प्रायश्चित्तंतुपंचदशकृच्छ्राः शूद्रेणद्विजदाहेतुचांद्रायणपराकप्राजापत्यानिसमुच्चयेनपुत्रादिःकृत्वास्थीनिपुनर्दहेत् अस्थ्यभावेपालाशविधिः ऊर्ध्वोच्छिष्टाधरोच्छिष्टोभयोच्छिष्टेषुकृच्छ्रत्रयं अस्पृश्यस्पर्शनेषट्कृच्छ्राः अंतरालमृतौनव खट्वामरणेद्वादश निगडमृतौपंचदश रजकादिसप्तविधांत्यजादिस्पृष्टमरणेत्वेकत्रिंशत्कृच्छ्राणि देशांतरमरणेपराकद्वयमर्धकृच्छ्रावा कृच्छ्रत्रयंप्रकुर्वीतआशौचमरणेपिच अर्धदग्धेशवेचितेरस्पृश्यस्पर्शेकृच्छ्रत्रयं एवंपुत्रादयःपित्रादेःपापिनःपापानुसारेणप्रायश्चित्तकांडोक्तंप्रायश्चित्तंदुर्मरणात्मघातादिनिमित्तेपूर्वोक्तप्रायश्चित्तंनारायणबल्यादिकंचकृत्वैवांत्यकर्मकुर्युः एवमुक्तप्रायश्चित्तंविनादाहादिकृतंव्यर्थमेवेत् उभयोश्चनरकः ॥

સ્મશાનમાં લઈ જતાં શબને શૂદ્રનો સ્પર્શ થયા છતાં અથવા તેને શૂદ્રે ઉપાડ્યા છતાં, "કુંભમાં જલ તથા પંચગવ્ય ભરી તે જળને શુભ મંત્રવતી મંત્રી તેથી સ્નાન કરાવી દાહ કરવો, તથા ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું." સુવાવડી તથા રજસ્વલાનો સ્પર્શ થયા છતાં પણ એવોજ નિર્ણય જાણવો. અને પ્રાયશ્ચિત્ત તો, પંદર કૃચ્છ્ર કરવું. શૂદ્રે બ્રાહ્મણનો દાહ કર્યો હોય તો ચાંદ્રાયણ, પરાક અને પ્રાજાપત્ય એ ત્રણે ક્રમપૂર્વક કરી પુત્રાદિકોએ તેનાં અસ્થિનો ફરી દાહ કરવો. અસ્થિ ન મળે તો પાલાશવિધિ કરવો. ઉર્ધ્વોચ્છિષ્ટ[1], અધરોચ્છિષ્ટ અને ઉભયોચ્છિષ્ટ છતાં ત્રણ કૃચ્છ્ર, સ્પર્શને અયોગ્ય વસ્તુનો સ્પર્શ છતાં છ કૃચ્છ્ર, અંતરિક્ષ મરણ છતાં નવ કૃચ્છ્ર, પલંગ ઉપર મરણ છતાં બાર કૃચ્છ્ર, બંદિખાનામાં મરણ છતાં પંદર કૃચ્છ્ર, રજકાદિક[2] સાત પ્રકારના અંત્યજાદિકનો સ્પર્શ થઈ મરણ પ્રાપ્ત થયું

---

[1] એનું લક્ષણ ત્રીજા પરિચ્છેદના પૂર્વાર્ધમાં રજસ્વલાના પ્રકરણમાં કહ્યું છે.

[2] ધોબી, ચમાર, નટ, પાછા, ઢોધી, મે અને ભીલ.

હોય તો એકત્રીશ કૃચ્છ્ર, દેશાંતરમાં મરણ છતાં બે પરાક અથવા આઠ કૃચ્છ્ર કરવાં. "આશૌચમાં મરણ પ્રાપ્ત થયા છતાં પણ ત્રણ કૃચ્છ્ર કરવાં." શબ અરધું બળ્યા પછી ચિતાને અસ્પૃશ્યનો સ્પર્શ થયા છતાં ત્રણ કૃચ્છ્ર કરવાં. એપ્રમાણે પુત્રાદિકોએ પિતા ઇત્યાદિક પાપીનું જેવું પાપ હોય તેને અનુસારે પ્રાયશ્ચિત્તકાંડમાં કહેલાં પ્રાયશ્ચિત્ત; દુર્મરણ, આત્મહત્યા ઇત્યાદિ - નિમિત્ત - છતાં પ્રથમ કહેલાં પ્રાયશ્ચિત્ત તથા નારાયણબલિ ઇત્યાદિ કરી અત્યકર્મ કરવું. એપ્રમાણે કહેલાં પ્રાયશ્ચિત્ત કર્યાવિના દાહાદિક કરે તો તે સઘળું કર્મ વ્યર્થ થાય, તથા બન્નેને નરક પ્રાપ્ત થાય.

पतिपत्न्योरेककालेदहनेप्राप्ते भार्यायाःपत्यासहद्विवचनांतमंत्रोहेनदाहंकृत्वा पिंडादिकंपतिपूर्वकं पृथक्कार्यं एवंसपत्नीनामेककालेमृतौसहैवदाहः पिंडादिकंतुज्येष्ठक्रमेणपृथगेव एवंपितापुत्रयोर्भ्रात्रोश्चलौकिकाग्निदाह्ययोर्दाहः सहैवपिंडादिपितृपूर्वंज्येष्ठपूर्वंचपृथक् पुंबालानांस्त्रीबालानांचदहनखनने. चैवमेवेतिनागोजीभट्टीये रजस्वलागर्भिण्यादिमरणेसहगमनेचवक्ष्यते ॥

પતિ તથા સ્ત્રી એ બન્નેને દાહ એક સમયે પ્રાપ્ત થયા છતાં પતિસહિત સ્ત્રીનો દ્વિવચનાંત ઉચ્ચાર કરી દાહ કરી પિંડાદિક કર્મ પતિપૂર્વક જુદું કરવું. એપ્રમાણે ઘણી સાવકી બેનો એક કાળે મૃત થયા છતાં તેઓનુ દહન સાથેજ કરવું, પિંડાદિક ક્રિયા તો જ્યેષ્ઠને ક્રમેકરી જુદીજ કરવી. એ રીતે લૌકિકાગ્નિમાં દાહ કરવાયોગ્ય પિતા અને પુત્ર અથવા બન્ને ભાઈ એમનો દાહ સાથેજ કરી પિંડાદિક ક્રિયા પિતૃપૂર્વક અથવા જ્યેષ્ઠપૂર્વક જુદીજ કરવી. પુરૂષરૂપ બાલક અથવા સ્ત્રીરૂપ બાલક એમનું દહન તથા ખનન છતાં પણ એવોજ નિર્ણય જાણવો એમ નાગોજીભટ્ટકૃત ગ્રંથમાં કહ્યું છે. રજસ્વલા તથા ગર્ભિણી ઇત્યાદિકના મરણવિષે તથા સહગમનવિષે આગળ કહેશું.

अथगोमयोपलिप्तभूमौकुशेषूपविष्टोदक्षिणशिराःशयितोवा गोपीचंदनादिमृदाकृततिलकः श्रीविष्णुंस्मरन् पुण्यसूक्तंगीतांसहस्रनामादिस्तोत्राणिपठेच्छृणुयाद्वा अमृतत्वप्राप्त्यर्थंपुण्यसूक्तस्तोत्रादीनांपाठं श्रवणंवाकरिष्येइतिसंकल्पः श्रोतुःसंकल्पाशक्तौ श्रावयितास्यामुकशर्मणोमृतत्वप्राप्तयेऽमुकंश्रावयिष्य इतिसंकल्पयेत् नानानमितिसूक्तंपुरुषसूक्तंविष्णुसूक्तमुपनिषद्भागाइत्यादिपुण्यसूक्तानि रामकृष्णादिनामस्मरणेजातिमात्रस्याधिकारः ॥

હવે છાણવતી લીપેલી ભૂમિ ઉપર દર્ભ પાથરી તે ઉપર બેસી અથવા દક્ષિણદિશા ભણી મસ્તક રાખી સુઇ ગોપીચંદનાદિક મૃત્તિકાવડે તિલક કરી શ્રીવિષ્ણુનુ સ્મરણ કરતાં છતાં પુણ્યસૂક્ત, ગીતા અને સહસ્રનામાદિક સ્તોત્રનો પાઠ કરવો અથવા શ્રવણ કરવાં. "अमृतत्वप्राप्त्यर्थं पुण्यसूक्तस्तोत्रादीनां पाठं श्रवणं वा करिष्ये" એ રીતે સંકલ્પ જાણવો. શ્રવણ કરનારાને સંકલ્પ કરવાવિષે સામર્થ્ય ન હોય તો શ્રવણ કરાવનારાએ "अस्याऽमुकशर्मणोऽमृतत्वप्राप्तयेऽमुकं श्रावयिष्ये" એપ્રમાણે સંકલ્પ કરવો. "नानानं०" એ સૂક્ત, પુરૂષસૂક્ત, વિષ્ણુસૂક્ત અને ઉપનિષદ્ભાગ ઇત્યાદિ પુણ્યસૂક્ત છે. રામ, કૃષ્ણ ઇત્યાદિ નામસ્મરણવિષે સઘળી જાતિમાત્રને અધિકાર છે.

अथसाग्नेर्विशेषः ॥ गृह्याग्निमतोगृह्याग्निनाश्रौताग्निमतस्त्रेताग्निभिर्दाहःकार्यः तत्रगृह्याग्निमतः श्रौताग्निमतश्चकृष्णपक्षेमरणेतद्दैवसायंकालाहुतीर्दर्शसायंकालपर्यंताःपक्षहोमवत्सकृद्ग्रहणेनैवहुत्वापुनःसंकल्पपूर्वकंप्रातराहुतीश्चप्रतिपत्प्रातर्होमांतास्तद्वदेवहुत्वादर्शयागंकुर्यात् यागासंभवेआज्यंसंस्कृत्य स्रुचिचतुर्वारंगृहीत्वापुरोनुवाक्यायाज्याभ्यामेकैकांप्रधानाहुतिंजुहुयात् स्मार्तेतुचतुर्गृहीताज्येनाग्नये स्वाहेंद्राग्निभ्यांस्वाहेतिनाम्नैवप्रधानाहुतिद्वयं शुक्लपक्षेरात्रौमरणेसायंहोमस्यकृतत्वात्प्रातर्होममात्रमाकृष्यतद्दैवकुर्यात् नात्रपौर्णिमांतानांदर्शांतानांवाहोमानामिष्टिप्रधानपूर्णाहुतीनांवाकर्षणं शुक्लपक्षेदिवामरणेतुनकस्यापिहोमस्याकर्षणं एवंकृष्णपक्षमरणेपिदैवात्पूर्णमासेष्ट्यतिक्रमेहोमापकर्षप्रधानपूर्णाहुत्यादिकंचकृताकृतमनारब्धत्वादितिभाति करणपक्षेऽतिक्रांतपूर्णमासपूर्णाहुतीर्हुत्वापक्षहोमान्कृत्वादर्शपूर्णाहुतयःकार्याः अग्नावरण्योरारूढेप्रमीयेतपतिर्यदि प्रेतंस्पृष्ट्वामथित्वाग्निंजस्याचोपावरोहणं घृतंचद्वादशापात्तंपूर्णाहुत्वादावग्निक्रिया विच्छिन्नश्रौताग्नेर्मृतौतुप्रेताधानंकार्यं तद्यथा प्रेतंसाग्न्यालयेक्षिप्त्वारणीसंनिधाप्य यस्याग्नयोजुह्वतोमांसकामाःसंकल्पयंतेयजमानमांसं जायंतुतेहविषेसादितायस्वर्गंलोकमिमं

प्रेतंनयंत्वितियजुर्मंत्रेणमथित्वाग्निमायतनेप्रणीयद्वादशगृहीताज्येनतूष्णींहुत्वातेनदाहादिकार्यं नष्टेष्वग्निष्वथारण्योर्नाशेसामीम्रियेतचेत् आहरेदरणीद्वंद्वंमनोज्योतिर्ऋचाततः शेषंप्राग्वत् ॥

હવે સાકિનો વિશેષ નિર્ણય કહે છે.

જે ગૃહ્યાગ્નિયુક્ત હોય તેનો ગૃહ્યાગ્નિવડે તથા શ્રૌતાગ્નિયુક્ત હોય તેનો ત્રણ શ્રૌતાગ્નિવડે દાહ કરવો. તેમાં ગૃહ્યાગ્નિમાન્ તથા શ્રૌતાગ્નિમાન્ એમનું મૃત્યુ કૃષ્ણપક્ષમાં થયા છતાં તેજ વખતે સાયંકાલની આહુતિ દર્શના સાયંકાલપર્યંત પક્ષહોમની પેઠે એકવારજ લઈ હોમ કરી ફરી સંકલ્પપૂર્વક પ્રાતઃકાળની આહુતિ પણ એકમના પ્રાતર્હોમપર્યંત તેજપ્રમાણે હોમ કરી દર્શયાગ કરવો. યાગનો અસંભવ હોય તો આજ્યનો સંસ્કાર કરી તે આજ્ય સુચિપાત્રમાં ચારવાર લઈ પુરોનુવાક્યા તથા યાજ્યા એ બે મંત્રવડે એક એક પ્રધાનાહુતિ હોમવી. સ્માર્તાગ્નિવિષે તો, ચારવાર લીધેલાં આજ્યવડે “ अग्नये स्वाहा, इंद्राग्निभ्यां स्वाहा ” એ રીતે નામમંત્રવડેજ બે પ્રધાનાહુતિ દેવી. શુક્લપક્ષમાં રાત્રિએ મરણ થયા છતાં સાયંહોમ કરેલો છે માટે પ્રાતઃકાલનો હોમ માત્ર અપકર્ષ કરી તે સમયેજ કરવો. એ શુક્લપક્ષમાં પૂર્ણિમાંત અથવા દર્શાંત હોમ અથવા ઇષ્ટિ છે પ્રધાન જેમાં એવી પૂર્ણાહુતિ પણ કરવાનું પ્રયોજન નથી. શુક્લપક્ષમાં દિવસે મરણ થાય તો કોઈપણ હોમનો અપકર્ષ નથી. એપ્રમાણે કૃષ્ણપક્ષમાં મરણ થયા છતાં પણ દૈવવશથકી પૂર્ણમાસેષ્ટિ ઉલ્લંઘન થઈ ગઈ હોય તો હોમનો અપકર્ષ કરવો તથા પ્રધાન પૂર્ણાહુતિ ઇત્યાદિક આરંભ થયેલ નથી માટે તે, કરવાં અથવા ન કરવાં એમ ભાસે છે. કરવાં એવો પક્ષ હોય તો, અતિક્રાંત, પૂર્ણમાસ, પૂર્ણાહુતિનો હવન કરી પક્ષહોમ કરી દર્શપૂર્ણાહુતિ કરવી. “ અરણી ઉપર અગ્નિનો સમારોપ કર્યા છતા જો પતિ મૃત થાય તો પ્રેતને સ્પર્શ કરી અગ્નિમંથન કરી પ્રત્યવરોહણ મંત્રનો જપ કરી બારવાર ઘૃત લઈ અમંત્રક હવન કર્યા પછી પ્રેતક્રિયા કરવી. ” જેનો શ્રૌતાગ્નિ વિચ્છિન્ન થયો હોય તેનું મરણ થાય તો, પ્રેતાધાન કરવું. તે આ રીતે—પ્રેતને તેની અગ્નિશાળામાં રાખી સમીપે અરણી (પાટલી) રાખી “ यस्मान्नयो गुहतो मांसकामाः, संकल्पयंते यजमानमांसं ॥ जायंतु ते हविषे सादिताय, स्वर्गं लोकमिमं प्रेतं नयंतु, ” આ યજુર્વેદના મંત્રવડે મંથન કરી અગ્નિ કુંડમાં પધરાવી બારવાર લીધેલા ઘીવડે મંત્રરહિત હોમ કરી તે અગ્નિવડે દાહાદિક કરવું. “ અગ્નિ નષ્ટ થયા છતાં અથવા અરણીનો નાશ થયા છતાં યજમાન મરે તો, “ मनोज्योति० ” એ ઋચાવડે બે અરણી કરવી. ” બાકીનું કર્મ પ્રથમપ્રમાણે કરવું.

स्मार्ताग्निमतः स्मार्ताग्निर्यदिविच्छिन्नस्ततोयतोविच्छेदस्तावत्कालगणनयापूर्वार्धोक्तरीत्याप्रायश्चित्तं तदैवकुर्यात्संकल्पयेद्वा प्रायश्चित्तांतेहोमद्रव्यंस्थालीपाकद्रव्यंचतावत्कालगणनयादेयं ततोरणीपक्षेपूर्ववदरणीमंथनं पक्षांतरेमुकशर्मणोग्निविच्छेदनिमित्तकंदाहायाग्निसिद्ध्यर्थंप्रेताधानंकरिष्येइतिसंकल्प्यायतनेसंभारान्निक्षिप्यलौकिकाग्निंप्रतिष्ठाप्याज्यंसंस्कृत्यायाश्चेतिमंत्रेणयस्मान्नयइतिपूर्वोक्तमंत्रेणच हुत्वाव्याहृतिचतुष्टयंजुहुयात् एवमौपासनःसिद्धोभवति पत्नीमरणेप्येवमितिभट्टाः एवंविधुरस्यापि श्रौताग्निपरिग्रहसत्त्वेयथायथंतत्तदग्निभ्यांदाहः विधुरस्याग्निपरिग्रहोत्तरंतद्विच्छेदेपूर्वोक्तरीतिभ्यांतत्तदग्न्योराधानम् ॥

સ્માર્તાગ્નિવાળાનો સ્માર્ત અગ્નિ જો વિચ્છિન્ન થયો હોય તો જે દિવસથી અગ્નિનો વિચ્છેદ થયો હોય તેટલા દિવસ ગણી પૂર્વાર્ધમાં કહેલી રીતિપ્રમાણે તે કાળેજ પ્રાયશ્ચિત્ત કરવું અથવા સંકલ્પ કરવો. પ્રાયશ્ચિત્ત કર્યા પછી હોમનું દ્રવ્ય તથા સ્થાલીપાક (ચરુ)નું દ્રવ્ય તેટલો કાળ લેખી દેવું. ત્યાર પછી અરણીનો પક્ષ હોય તો પ્રથમપ્રમાણે અગ્નિનું મંથન કરવું. બીજો પક્ષ હોય તો, “ अमुकशर्मणोऽग्निविच्छेदनिमित्तकं दाहायाग्निसिद्ध्यर्थं प्रेताधानं करिष्ये ” એવો સંકલ્પ કરી તે ઠેકાણે સઘળી સામગ્રી સિદ્ધ કરી લૌકિકાગ્નિની પ્રતિષ્ઠા કરી આજ્યનો સંસ્કાર કરી “ अयाश्च० ” એ મંત્રવડે તથા “ यस्मान्नयो० ” એ પૂર્વોક્ત મંત્રવડે હોમ કરી ચાર વ્યાહૃતિમંત્રવડે હોમ કરવો. એ રીતે કરવાથી ઔપાસનાગ્નિ સિદ્ધ થાય છે. સ્ત્રીનું મરણ થયા છતા પણ એવોજ નિર્ણય જાણવો એમ ભટ્ટ કહે છે. એપ્રમાણે વિધુર (જેની સ્ત્રી મૃત થઈ ગઈ હોય) તેણે પણ શ્રૌતાગ્નિ ધારણ કર્યો હોય તો યથાયોગ્ય તે તે અગ્નિવડે દાહ કરવો. વિધુરે અગ્નિ ગ્રહણ કર્યા પછી તે (અગ્નિનો) નાશ થાય તો પ્રથમ કહેલી બે રીતિવડે તે તે અગ્નિનું આધાન કરવું.

अगृहीतगृह्याग्निकयोःसभार्यविधुरयोर्ब्रह्मचारिसमावृत्तयोश्चानुपनीताविवाहितपुत्रकन्ययोश्चनिरग्निकभार्याविधवयोश्चकपालाग्निनालौकिकाग्निनावादाहः अग्निवर्णकपालेकरीषादिनोत्पादितो भूर्भुवःस्वःस्वाहेत्याज्याहुत्यासंस्कृतोग्निःकपालाग्निः लौकिकाग्निश्चांत्यजाग्निपतिताग्निसूतिकाग्निचिताग्न्यमेध्याग्निभिन्नोग्राह्यः यस्यानयतिशूद्रोग्निंतृणकाष्ठहवींषिवा प्रेतत्वंचसदातस्यशूद्रःपापेनलिप्यते आहिताग्निदंपत्योःपूर्वंपतिमरणेपत्युःसर्वाग्निभिर्दाहः पश्चान्मृतभार्यायास्तुनिर्मथ्याग्निनाकपालाग्निनावा पूर्वं भार्यामरणेतुतस्याअपिसर्वाग्निभिर्दाहःकार्यः सर्वपात्राण्यपितस्यैदेयानि पश्चान्मृतस्यतुपत्युः पुनराधानेनत्रेताग्निसत्वेतेनदाहः आधानाकरणेनिर्मथ्येनलौकिकाग्निनावेतिकेचित् याज्ञिकाचारोपिप्रायेणैवमेव ॥

જેણે ગૃહ્યાગ્નિ ધારણ કર્યો ન હોય એવો સપત્નિક[2] તથા વિધુર, બ્રહ્મચારી તથા સમાવર્ત્તન જેણે કર્યું હોય તે, જનોઈ વિનાનો પુત્ર તથા કુમારી કન્યા, નિરગ્નિકની સ્ત્રી તથા વિધવા, એમનો દાહ કપાલાગ્નિ અથવા લૌકિકાગ્નિવડે કરવો. અગ્નિ સરખા તપેલા માટીના ખપરમાં છાણા ઇત્યાદિક સાધનવડે ઉત્પન્ન કરેલો છતાં "भूर्भुवःस्वःस्वाहा" એ મંત્ર ભણી આજ્યાહુતિવડે સંસ્કાર કરેલો જે અગ્નિ તે કપાલાગ્નિ છે. લૌકિકાગ્નિ લેવો તે અંત્યજાગ્નિ, પતિતાગ્નિ, સુવાવડીનો અગ્નિ, ચિતાનો અગ્નિ અને અશુદ્ધ અગ્નિ એવિના બીજો લેવો. "શૂદ્ર જેનેમાટે અગ્નિ, તૃણ, કાષ્ઠ અને હોમદ્રવ્ય લાવે છે તેને પ્રેતપણું સર્વકાળ રહે છે, તેમ તે શૂદ્ર પાપથી લિપ્ત થાય છે." આહિતાગ્નિ સ્ત્રી પુરૂષ બેમાંથી પ્રથમ પતિ મૃત થયા છતાં સર્વ અગ્નિવડે પતિનો દાહ કરવો. પછી મરેલી સ્ત્રીનો દાહ, મથી કાઢેલા અગ્નિવડે અથવા કપાલાગ્નિવડે કરવો. પ્રથમ સ્ત્રી મૃત થઈ હોય તો તેનો દાહ સર્વ અગ્નિવડે કરવો. સઘળાં પાત્ર પણ તેને દેવાં. સ્ત્રીની વાંસે પાત મૃત થાય તો, પુનરાધાન કરી ત્રણ અગ્નિ છતાં તેણેકરી દાહ કરવો. આધાન કર્યું ન હોય તો, મથી કાઢેલા અગ્નિવડે અથવા લૌકિકાગ્નિવડે દાહ કરવો, એમ કોઈ ગ્રંથકાર કહે છે, અને યાજ્ઞિકોનો આચાર પણ ઘણું કરી એમજ છે.

अत्रनिर्णयसिंधुः ॥ साग्नेःपत्नीमृतौद्वौपक्षौ पुनर्विवाहेच्छायांपूर्वाग्निभिर्भार्यांदग्ध्वापुनर्दारक्रियांकुर्यात्पुनराधानमेवचेत्येकःपक्षः दाहयित्वाग्निहोत्रेणस्त्रियंवृत्तवतींपतिरित्यादिवचनजातानिपुनर्विवाहेच्छुपराण्येव पुनर्विवाहाशक्तोनिर्मथ्याग्निनातांदग्ध्वापूर्वाग्निष्वेवाग्निहोत्रहोमेष्ट्यादिचातुर्मास्यादिकार्यं सोमयागोनकार्यः पूर्वाग्न्येकदेशेनदहेदितियज्ञपार्श्वदेवयाज्ञिकादयः यानितुतस्मादपत्नीकोप्यग्निहोत्रमाहरेदितिश्रुतिस्मृत्यादिवचनानितानिपूर्वाग्निष्वेवाग्निहोत्रपराणि नत्वपत्नीकस्याधानार्थानि अपत्नीकस्याधानविधायकमूलवचनाभावात् दारकर्मणियद्यशक्तआत्मार्थमग्न्याधेयमित्यापस्तंबसूत्रंतुपुनर्विवाहाशक्तौपूर्वकृतमग्न्याधेयमात्मार्थमेवस्थाप्यंनपत्न्यैदद्यादित्येवंपरं ब्राह्मणभाष्यपराकोशार्करामांडारादिमतमप्येवमेव येत्वपत्नीकस्याधानमाहुस्तदाशयंनविद्मइति इदंनिर्णयसिंधुमतमेवयुक्तंभाति याज्ञिकानामाचारस्त्वंतर्गूढविवाहेच्छामूलकोनप्रामाण्यापादकः पुनर्विवाहाशयासर्वाग्निदानेपश्चाद्विवाहासंभवेसिंधुमतेआधानाभावान्निर्मथ्याग्निरेवशरणं केषांचिन्मतेपुनराधानं अत्रनिर्मथ्यादिनापूर्वमृतभार्यादाहपक्षेपूर्वाग्नीनामुत्सर्गेष्ट्यात्यागंकृत्वापुनराधानंकृत्वाग्निहोत्रंकार्यमितिकेचिदाहुः एवंस्मार्ताग्निमतः पूर्वभार्यामरणेपिगृह्याग्न्येकदेशेनतांदहेदवशिष्टाग्नौनित्यहोमस्थालीपाकाग्रयणानिकार्याणि अत्रसर्वत्र श्रौतस्मार्तंचकुशपत्नीविधानेनैवाधानादिकर्माधिकारः ॥

એ વિષે નિર્ણયસિંધુ—સાગ્નિકની સ્ત્રી મૃત થયા છતાં બે પક્ષ–ફરી વિવાહ કરવાની ઇચ્છા હોય તો, પ્રથમના અગ્નિવડે સ્ત્રીનો દાહ કરી ફરી વિવાહ કરી ફરી અગ્નિનું આધાન કરવું, એ એક પક્ષ, "પતિએ સદાચારવાળી સ્ત્રીનો અગ્નિહોત્રના (અગ્નિવડે) દાહ કરવો" ઇત્યાદિ સઘળાં વચનો ફરી વિવાહની ઇચ્છા કરનારા માટેજ છે. ફરી વિવાહવિષે અસમર્થ છતાં મથી કાઢેલા અગ્નિવડે તેનો

---

[1] सपत्नीकस्यापिदायाद्यपक्षाश्रयेणागृहीताग्नित्वंज्ञेयम् ॥

[2] સપત્નીકને પણ દાયાદ્ય પક્ષના આશ્રયથી અગૃહીતાગ્નિપણું જાણવું.

[3] अत्रमूलमत्येष्टिपद्धतौ ॥ कित्वेतावदिहाप्यस्तिदग्ध्वाग्निर्मथ्यवह्निना ॥ उत्सर्गेष्ट्यात्यजेदग्नीन् पुनस्तानादधीतच ॥ यवाभ्ययोवार्यते· मेपत्न्यांमृतायांधार्यतेइतिकठश्रुतिः ॥ सिंध्वादावेतत्पक्षानुक्तेरेकीयमतत्वमस्योक्त इदमतद्वयं स्मार्तेपियोज्यम् ॥

દાહ કરી પ્રથમના અગ્નિવિષેજ અગ્નિહોત્ર હોમ, ઇષ્ટિ ઇત્યાદિ અને ચાતુર્માસ્યાદિક કરવાં. સોમયાગ કરવો નહી. પ્રથમના અગ્નિમાંથી અલ્પ અગ્નિ લઈ તેથી દાહ કરવો એમ યજ્ઞપાર્શ્વ, દેવયાજ્ઞિકાદિક કહે છે. "તે માટે અપત્નીકે પણ અગ્નિહોત્ર ધારણ કરવો," એવાં જે શ્રુતિ સ્મૃતિ ઇત્યાદિ વચનો તે તો પ્રથમના અગ્નિવિષેજ અગ્નિહોત્ર ધારણ કરવામાટે છે, પણ અપત્નીકને ફરી આધાન કરવાનું કહેતા નથી; કારણ અપત્નીકને આધાનનો વિધિ કહેવાવાળાં મુળવચન નથી. "વિવાહવિષે જો અસમર્થ હોય તો પોતામાટે અગ્નિનુ આધેય કરવું," એવું આપસ્તબનું સૂત્ર તો, ફરી વિવાહ કરવાનું સામર્થ્ય ન છતાં પ્રથમ કરેલુ અગ્નિનું આધેય પોતામાટેજ રાખવું, સ્ત્રીને દેવું નહીં, એ પરાયણ છે. બ્રાહ્મણભાષ્ય, અપરાર્ક, આશાર્ક અને રામાંડાર ઇત્યાદિ ગ્રંથનો મત પણ એવોજ છે. જે ગ્રંથકારો, અપત્નીકે આધાન કરવું એમ કહે છે, તેમનો અભિપ્રાય શું છે, તે અમે જાણતા નથી, એવો જે નિર્ણયસિંધુનો મત એજ યોગ્ય છે એમ ભાસે છે. યાજ્ઞિકોનો આચાર તો, અંતર્ગત જે ગુપ્ત વિવાહની ઇચ્છા તેથી થાય છે, તે આચાર પ્રામાણ્ય બતાવનારો નથી. ફરી વિવાહની આશાથી સઘળો અગ્નિ દીધો અને પછી વિવાહનો અસંભવ હોય તો નિર્ણયસિંધુના મતપ્રમાણે આધાનનો અભાવ છતાં મથેલો અગ્નિજ ગ્રહણ કરવો. કેટલાએકોને મતે ફરી આધાન કરવું. એવિષે–'મથેલો અગ્નિ ઇત્યાદિકવડે પ્રથમ મૃત થયેલી સ્ત્રીનો દાહ કરવો,' એ પક્ષવિષે પ્રથમના અગ્નિનો ઉત્સર્ગેષ્ટિવડે ત્યાગ કરી પુનરાધાન કરી અગ્નિહોત્ર કરવો એમ કોઈ કહે છે. એપ્રમાણે સ્માર્તાગ્નિમાનની[1] સ્ત્રી પ્રથમ મરણ પામ્યા છતાં પણ ગૃહ્યાગ્નિના એક ભાગવડે તેનો દાહ કરી બાકી બચેલા અગ્નિવિષે નિત્યહોમ, સ્થાલીપાક અને આગ્રયણ કરવાં. આ સઘળે ઠેકાણે શ્રૌત, સ્માર્ત કર્મવિષે પણ દર્ભની સ્ત્રીને વિધાનેકરીનેજ આધાનાદિક કર્મનો અધિકાર છે.

अनेकभार्यस्यज्येष्ठायांजीवत्यांकनिष्ठभार्यामरणेनिर्मंथ्यादिनातांदहेत् नश्रौतस्मार्ताग्निभिः केचित्पूर्वं सर्वाग्निभिःकनिष्ठांदग्ध्वाज्येष्ठयासहपुनराधानंकार्यमित्याहुस्तदग्निद्वयसंसर्गपरं मतांतरपरंवाबोध्यं दाहकालेग्निनाशेतु यजमानेचितारूढेपात्रन्यासेकृतेसति वर्षाद्यभिहतेवह्नौचिताग्निस्थेकथंचन तदार्धदग्धकाष्ठानितानिनिर्मथ्यतंदहेत् ॥

જેની અનેક સ્ત્રીઓ છે તેની જ્યેષ્ઠ સ્ત્રી જીવતી છતાં કનિષ્ઠ સ્ત્રી મરણ પામે તો મથેલા અગ્નિવડે તેનો દાહ કરવો, શ્રૌતસ્માર્ત્ત અગ્નિવડે તેનો દાહ કરવો નહીં. કોઈ ગ્રંથકાર, પ્રથમ સઘળા અગ્નિવડે નાની સ્ત્રીનો દાહ કરી જ્યેષ્ઠ સ્ત્રીસાથે પુનરાધાન કરવું એમ કહે છે તે, બે અગ્નિનો સંસર્ગ જ્યાં હોય તે પરાયણ અથવા બીજા મતપરાયણ જાણવું. દાહસમયે અગ્નિનો નાશ થાય તો, "યજમાનને ચિતા ઉપર ચડાવી યજ્ઞપાત્ર સ્થાપન કર્યાં છતાં ચિતા ઉપરનો અગ્નિ વર્સાદ ઇત્યાદિકવડે નષ્ટ થાય તો તે સમયે અર્ધ બળેલાં કાષ્ઠ મથન કરી તેથી પ્રગટ થયેલા અગ્નિવડે તેનો દાહ કરવો."

अथगृहात्स्मशानेशवनयनप्रकारः ॥ तत्र विप्रप्रेतंनगरपश्चिमद्वारेण शूद्रंदक्षिणद्वारेणनिःसार्य सजातीयाःशवंप्रच्छादितमुखंप्राक्शिरसंदाहदेशंनयेयुः पूर्वोक्तोग्निःशवाग्रेन्येननेतव्यः प्रेताग्न्योर्मध्येन्येननगंतव्यं सर्वेसपिंडादयोधःकृतोपवीतामुक्तकेशाज्येष्ठपुरःसराःप्रेतमनुगच्छेयुः प्रेतश्चनग्नोनदग्धव्यः निःशेषतश्चनदाह्यः शववस्त्रंचस्मशानवासिभ्योदेयं प्रेतश्चकेशनखादिवापयित्वासंस्नाप्यगंधपुष्पाद्यैरलंकृत्यदग्धव्यः दिनेमृतौदिवैवदाहो रात्रिमृतस्यरात्रावेव दिवावारात्रौवास्थितःशवःपर्युषितः पर्युषितशवंपंचगव्येनस्नापयित्वाप्राजापत्यत्रयंकृत्वादहेत् मुखस्थसप्तछिद्राणिहिरण्यशकलैराच्छादयेत् अग्निपात्रन्यासोमंत्रवद्दाहादिविधिश्चस्वस्वसूत्रानुसारिश्रौतस्मार्तान्त्येष्टिप्रयोगेषुज्ञेयः ततोदाहांतेघटस्फोटादिकंकार्यं शिलाविपर्ययेपिघटस्फोटस्यनावृत्तिः ततश्चितामप्रदक्षिणंसर्वेपर्यावृत्यसचैलं स्नात्वाचम्यसगोत्रसपिंडसमानोदकानांमातामहीमातामहयोराचार्यादेश्चदुहितृभगिन्योश्चावश्यंतिलांजलिंद

---

[1] એમા મૂળ અંત્યેષ્ટિપદ્ધતિ ગ્રંથમા—તારે આ ઠેકાણે પણ એટલુજ છે કે, મથેલા અગ્નિવડે દાહ કરી ઉત્સર્ગેષ્ટિવડે પ્રથમના અગ્નિનો ત્યાગ કરવો અને ફરી તે આધાનપૂર્વક ધારણ કરવો, પત્ની મૃત થયા છતા જે અગ્નિ ધારણ કરવો તે શવાગ્નિ છે એ કઠની શ્રુતિ છે. નિર્ણયસિંધુ ઇત્યાદિ ગ્રંથમા આ પક્ષ લખ્યો નથી માટે એ એકદેશી મત છે, એ બને મત સ્માર્તમા પણ જોડવા.

द्युः तद्यथावृद्धपूर्वादक्षिणामुखाअमुकगोत्रनामाप्रेतस्तृप्यत्वितिमंत्रेणांजलिनासकृत्पाषाणेसिंचेयुः अत्र स्नानोदकदानेऽपनःशोशुचदघमितिमंत्रेणस्नानमेवतेनमंत्रेणेत्यन्ये स्त्रीणांतुमंत्रोनास्ति - मातुलपितृष्वसृमातृष्वसृस्वस्रीयश्वशुरमित्रयाजकादीनामुदकदानंकृताकृतं करणपक्षेपिनाश्मन्येवेतिनियमः व्रात्यब्रह्मचारिपतितव्रतिक्लीबचोराश्चनोदकंदद्युः तत्रव्रात्यायथाकालमुपनयनहीनाःव्रतिनः प्रक्रांतप्रायश्चित्ताः चोराःसुवर्णतत्समद्रव्यापहारिणः ब्रह्मचारिभिर्मातापितृपितामहमातामहगुर्वाचार्यादीनामुदकदानंकार्यं प्रक्रांतप्रायश्चित्तैस्तुतदंतेउदकदानंत्रिरात्राशौचंचकार्यं व्रात्यादिभिःप्रेतस्पर्शवहनदाहपिंडादिकमपिनकार्यं अन्याभावेब्रह्मचार्यपिपित्रादेर्दाहमाशौचंकुर्यात् कर्मलोपस्तुनास्तीत्युक्तं इदंचोदकदानमेकवाससापसव्येनैव उदकदानोत्तरंपुनःस्नात्वावस्त्राणिनिष्पीड्यकुलवृद्धाःपुत्रादीन्पूर्वेतिहासैःसमाश्वास्य विप्रानुमत्याकनिष्ठानुक्रमेणगृहंगत्वा निंबपत्राणिशनैर्भक्षयित्वाचम्याग्न्युदकगोमयादीन् स्पृष्ट्वा द्वाराश्मनिपदंनिधायगृहंप्रविशेयुः निंबपत्रभक्षणंकृताकृतं ततस्तद्दिनेउपवसेयुः उपवासाशक्ता वयाचितलब्धेनान्यगृहपक्वेनवैकेनैवहविष्यान्नेनवर्तेरन् ॥

હવે ઘરથી સ્મશાનમાં શબ લઈ જવાનો પ્રકાર કહે છે.

તેમાં બ્રાહ્મણના શબને નગરના પશ્ચિમદ્વારથી, અને શૂદ્રના શબને દક્ષિણદ્વારથી બાહેર કાઢી પોતાની જાતવાળાઓએ, જેનું મુખ ઢાંકેલું અને પૂર્વ દિશા ભણી મસ્તક કરેલું એવા શબને દાહના દેશ (સ્મશાન) પ્રત્યે લઈ જવું. પ્રથમ કહેલો અગ્નિ શબની આગળ બીજાએ લઈ જવો. પ્રેત તથા અગ્નિના વચમાં બીજાએ જવું નહીં. સઘળા સપિંડ ઇત્યાદિકોએ, નીચે કરેલું છે જનોઈ જેમણે, માથાના કેશ છુટા અને વડીલો છે અગ્રભાગમાં જેમને એવા થઈ પ્રેતની પાછળ જવું. પ્રેતને નગ્ન બાળવું નહીં. નિઃશેષ (સંપૂર્ણ) પણ બાળવું નહીં. શબનું વસ્ત્ર સ્મશાનમાં રહેનારાઓને દેવું. પ્રેતના કેશ નખ ઇત્યાદિ મુંડન કરાવી નવરાવી ગંધ પુષ્પાદિકવડે અલંકૃત કરી દાહ કરવો. દિવસે મૃત છતાં દિવસેજ દાહ કરવો. રાત્રિએ મરેલાનો દાહ રાત્રિએજ કરવો. દિવસે અથવા રાત્રિએ પ્રેત (બાળ્યાવિના) રહી જાય તો તે વાસી કહેવાય. વાસી થયેલા પ્રેતને પંચગવ્યવડે સ્નાન કરાવી ત્રણ પ્રાજાપત્ય કરી દાહ કરવો. મ્હોઢા ઉપરનાં સાત છિદ્રો (મ્હોઢું, બે નાસિકા, બે કાન, બે નેત્ર) સોનાના કટકાવડે ઢાંકવાં. આ ઠેકાણે પાત્રનુ સ્થાપન તથા મંત્રસહિત દાહાદિક વિધિ એ પોતપોતાના સૂત્રપ્રમાણે શ્રૌત તથા સ્માર્ત્ત અંત્યેષ્ટિના પ્રયોગમાં જોવો. પછી દાહની અંતે ઘડો ફોડવો ઇત્યાદિક કરવું. જો પથરાનો વિપર્યાસ થાય તો પણ બીજીવાર ઘડો ફોડવો નહીં. ત્યાર પછી સઘળાઓએ ચિતાને અવળી પરિક્રમા કરી વસ્ત્રસહિત સ્નાન કરી આચમન કરી સગોત્ર સપિંડ, સમાનોદક, માતામહી, માતામહ, આચાર્યાદિક, કન્યા અને બેહેન એમને અવશ્ય તિલના જળની અંજલી દેવી. તે આ રીતે—પ્રથમ વૃદ્ધ પછી ન્હાના એ રીતે દક્ષિણમુખ થઈ "**अमुकगोत्रनामा प्रेतस्तृप्यतु**" એ મંત્ર ભણી અંજલીવડે એકવાર પથરા ઉપર જળ દેવું. આ ઠેકાણે સ્નાનોદક દેવું હોય તો, "**अपनः शोशुचदघं**" એ મંત્રવડે કરવું. સ્નાનજ એ મંત્રવડે દેવું એમ બીજા ગ્રંથકાર કહે છે. સ્ત્રીઓને દેવાવિષે મંત્ર નથી. મામો, ફઈ, માસી, ભાણેજ, સસરો, મિત્ર અને ઉપાધ્યાય ઇત્યાદિકોને ઉદકદાન કરવું અથવા ન કરવું એમ છે. કરવાનો પક્ષ છતાં પણ પથરા ઉપરજ દેવું એવો નિયમ નથી. વ્રાત્ય, બ્રહ્મચારી, પતિત, વ્રતવાળા, નપુંસક અને ચોર એમને તિલાંજલી દેવી નહીં. તેમાં વ્રાત્ય, એટલે સમયે યજ્ઞોપવીત મળ્યું ન હોય તે; વ્રતવાળા એટલે પ્રાયશ્ચિત્તનો આરંભ જેમણે કરેલો હોય તે; ચોર એટલે સુવર્ણ અથવા સુવર્ણસરખા દ્રવ્યને ચોરવાવાળા; બ્રહ્મચારીએ માતા, પિતા, પિતામહ, માતામહ, ગુરુ અને આચાર્ય ઇત્યાદિકને ઉદકદાન કરવું. જેમણે પ્રાયશ્ચિત્તનો આરંભ કર્યો હોય તેમણે તો પ્રાયશ્ચિત્તની સમાપ્તિ થયા પછી ઉદકદાન કરવું તથા ત્રણ રાત્રિ આશૌચ પાળવું. વ્રાત્ય ઇત્યાદિકોએ પ્રેતને સ્પર્શ, ઉપાડવું, દાહ, તથા પિંડાદિક પણ કરવાં નહીં. બીજો અધિકારી ન છતાં બ્રહ્મચારીએ પણ પિતા ઇત્યાદિકનું દહન કરી આશૌચ પાળવું; (તેને) કર્મનો લોપ નથી એમ કહેલું છે, એ જળ દેવું તે એક વસ્ત્ર છતાં અપસવ્યે કરીનેજ દેવું. ઉદકદાન કરી ફરી સ્નાન કરી વસ્ત્ર નીચોવી કુળમાંના વૃદ્ધોએ પૂર્વના ઇતિહાસ કહી પુત્રાદિકોનું સમાધાન કરી બ્રાહ્મણની સંમતિ લઈ પ્રથમ ન્હાના પછી મ્હોટા એ ક્રમથી ઘેર જઈ લીંબડાનાં પાન ધીરે ધીરે ચાવી આચમન કરી અગ્નિ, જળ, છાણ ઇત્યાદિકને સ્પર્શ કરી બારણાંના પથરાઉપર પગ દઈ ઘરમાં પ્રવેશ કરવો. લીંબડાનાં પાન ખાવાં અથવા ન ખાવાં. પછી તે દિવસે

ઉપવાસ કરવો. ઉપવાસ કરવાનું સામર્થ્ય ન હોય તો માગ્યાવિના પ્રાપ્ત થયેલું, અથવા બીજાને ઘેર રાંધેલું એવું એકજ હવિષ્યાન્ન ભક્ષણ કરી રહેવું.

तत्राशौचमध्येमाषमांसापूपमधुरलवणदुग्धाभ्यंगतांबूलक्षाराणिवर्ज्यानि क्षाराणितु तिलमुद्गादृतेशैंब्यंसस्येगोधूमकोद्रवौ धान्याकंदेवधान्यंचशमीधान्यंतथैवच स्विन्नधान्यंतथापण्यंमूलंक्षारगणःस्मृतः केचित्सैंधवंभक्ष्यमित्याहुः आदर्शस्त्रीसंगद्यूतादिहसनरोदनोच्चासनानिनित्यंत्यजेयुः बालवृद्धातुरवर्ज्यं तृणकटास्तीर्णभूमौपृथक्शयीरन् नकंबलाद्यास्तीर्णभूमौ मार्जनादिरहितमेवस्नानं अस्थिसंचयनादूर्ध्वं भार्यापुत्रव्यतिरिक्तानांशय्यासनादिभोगोस्त्येवस्त्रीसंगस्तुनास्ति ॥

તે આશૌચમાં અડદ, માંસ, પૂડલા, મધુર, લૂણ, દૂધ, તૈલમર્દન, તાંબૂલ અને ક્ષાર એ પદાર્થ વર્જ્ય કરવા. ક્ષાર પદાર્થ–"તિલ અને મગ વિના શીંગમાં ઉત્પન્ન થતું ધાન્ય; સસ્યમાંના ગહું, કોદ્રા એ ધાન્ય તથા ધાણા, દેવધાન્ય (જવાર); શમીધાન્ય (મગ, અડદ, ચોળા, કળથી, ચણા, તિલ, વટાણા અને તુવર એ આઠ ધાનને શમીધાન્ય કહે છે તે), ભીંજવેલું ધાન્ય, પણ્ય અને મૂળા એ ક્ષારગણ જાણવો, કોઈ ગ્રથકાર, સૈંધવ ભક્ષણ કરવું એમ કહે છે. અરીસો, સ્ત્રીસંગ, ધૂતાદિક, હસવું, રોવું અને ઉંચું આસન એ નિત્ય વર્જ્ય કરવાં. બાળક, વૃદ્ધ અને રોગીવિના (બીજાઓએ) ઘાસની સાદડી પાથરેલી ભૂમિ ઉપર જુદું જુદું સુવું, કંબલ ઇત્યાદિક પાથરેલી ભૂમિઉપર નિદ્રા કરવી નહીં. માર્જનાદિક કર્યાવિનાજ સ્નાન કર્યા કરવું. અસ્થિસંચયન થયા પછી સ્ત્રી અને પુત્રવિના બીજાઓને શય્યા, આસન ઇત્યાદિ ભોગ છેજ. સ્ત્રીસંગ કરવો નહીં.

अस्थिसंचयनंतु समंत्राग्निदाहदिनादारभ्यप्रथमदिनेद्वितीयेतृतीयेचतुर्थेसप्तमेनवमेवागोत्रजैःसहस्वसूत्रोक्तप्रकारेणकार्यं तत्रद्विपादत्रिपादनक्षत्राणिकर्तुर्जन्मनक्षत्रंचवर्ज्यं संभवेर्कभौममंदवारावर्ज्याः पालाशदाहास्थिदाहयोःसद्यःसंचयनं अस्थ्नांगंगांभसितीर्थांतरेवाप्रक्षेपः तद्विधिर्वक्ष्यते अरण्येवृक्षमूलेनिखननंवा अस्थीन्यन्यकुलस्यस्वनीत्वाचांद्रायणंचरेत् दययान्यस्यापिनयनेमहापुण्यं अस्थ्नांश्वसूकरशूद्रादिस्पर्शेपंचगव्यशालग्रामतुलस्युदकैःप्रोक्षणं आशौचमध्येसगोत्रजैःसहभोक्तव्यं तच्चदिवैव भोजनंचमृन्मयेषुपर्णपुटकेषुकार्यंनतुधातुपात्रेषु ॥

અસ્થિસંચયન તો, મંત્રસહિત અગ્નિદાહ જે દિવસે કર્યો હોય તે દિવસથી આરંભ કરી પ્રથમ, બીજો, ત્રીજો, ચોથો, સાતમો અથવા નવમો એ દિવસે ગોત્રજોએ સહિત પોતપોતાના સૂત્રમાં કહેલે પ્રકારે કરવું. તેમાં દ્વિપાદ તથા ત્રિપાદ નક્ષત્રો અને કર્તાનું જન્મનક્ષત્ર એ વર્જ્ય કરવાં. સંભવ હોય તો, રવિ, ભૌમ અને શનિવાર વર્જ્ય કરવા. પાલાશવિધિવડે દાહ તથા અસ્થિદાહ છતાં તત્કાળ અસ્થિસંચયન કરવું. અસ્થિ ગંગાના જળમાં અથવા બીજા તીર્થમાં નાખવાં. તેનો વિધિ કહેશું. વનમાં અથવા ઝાડના મૂળમાં દાટવાં. "બીજા કુળમાંના મનુષ્યનાં અસ્થિ ઉપાડ્યા છતાં ચાંદ્રાયણ કરવું." બીજાનાં અસ્થિ પણ દયાથકી લઈ ગયા છતાં મહાપુણ્ય પ્રાપ્ત થાય’ છે. કુતરાં, સુવર અને શૂદ્રાદિકનો અસ્થિને સ્પર્શ થયા છતાં પંચગવ્ય, શાલગ્રામ તથા તુળસીના જળવડે પ્રોક્ષણ કરવું. આશૌચમાં પોતાના ગોત્રજોની સાથે ભોજન કરવું, પણ તે દિવસેજ ભોજન કરવું. ભોજન કરવું તે મૃત્તિકાના પાત્રમાં અથવા પાનની પત્રાવલી ઉપર કરવું; ધાતુપાત્રમાં કરવું નહીં.

दाहदिनादारभ्यदशपिंडादशदिनमध्येदर्भास्तीर्णभूमावमंत्रकंदेयाः क्षत्रियादीनांनवपिंडाःनवदिनांतं दशमपिंडस्त्वाशौचांत्यदिने प्रथमेह्नियोदेशोयश्चकर्तायच्चतंडुलादिद्रव्यंयच्चोत्तरीयशिलापाकपात्रादि तदेवदशाहांतं एतदन्यतमव्यत्ययेयतोव्यत्ययस्ततःपुनरावृत्तिः शिलाविपर्ययेपिघटस्फोटादेर्नावृत्तिरित्युक्तेर्लौकिकशिलाग्रहणं तेनपिंडदानतिलांजल्यादिकस्यैवावृत्तिर्नदाहस्य केचिदाचार्यविपर्ययेप्यावृत्तिमाहुः यत्रपुत्रादिमुख्यकर्तुरसन्निधानादमुख्याधिकारिणापिंडदानक्रियारब्धा तत्रमध्येपुत्रादिसन्निधानेप्यमुख्यकर्त्रैवदशाहांताक्रियासमापनीया एकादशाहादिकंतुपुत्रादिमुख्येनैव समंत्रकदाहमात्रेन्येनकृतेतुपिंडदानादिदशाहकृत्यंसन्निकृष्टमुख्येनैवकार्यमितिमिताक्षरादयः अन्येतुसगोत्रोऽसगोत्रोवायःसमंत्रकदाहकर्तासएवदशाहंकुर्यादित्याहुः पत्न्याःकर्तृत्वेरजोदर्शनेजातेसातदंतेकुर्यात् कर्तुरस्वास्थ्येन्येनसर्वाःक्रियाःपुनःकार्याः पिंडद्रव्येषुतंडुलामुख्याः तदभावेफलमूलशाकतिलमिश्रसक्तवोपि

प्रेतश्राद्धेषुपितृशब्दस्वधाशब्दानुशब्दाः पुष्पधूपदीपदानादौमंत्राश्चनवाच्याः त्र्यहाशौचेपर्णशरदाहादौ प्रथमेदिनेएकःपिंडः द्वितीयेचत्वारः तृतीयेपंचेतिक्रमोबोध्यः पुत्रेणपर्णशरदाहेकृतेतस्यदशाहाशौचात्तेनत्र्यहमध्येपिंडसमाप्तिर्नकार्या शिरस्त्वाद्येनपिंडेनप्रेतस्यक्रियतेसदा द्वितीयेनतुकर्णाक्षिनासिकाः तृतीयेनकंठस्कंधभुजवक्षांसि चतुर्थेननाभिलिंगगुदानि पंचमेनजानुजंघपादं षष्ठेनमर्माणि सप्तमेन नाड्यः अष्टमेनदंतलोमानि नवमेनवीर्यं दशमेनतुपूर्णत्वंतृप्तताक्षुद्विपर्ययः जलंदशाहमाकाशेस्थाप्यंक्षीरंचमृन्मये प्रेतात्रस्नाहीत्युदकं इदंपिबेतिचक्षीरं इदंचकृताकृतं ततःप्रेतोपकृतयेदशरात्रमखंडितं कुर्यात्प्रदीपंतैलेनवारिपात्रंचमार्तिकं भोज्याद्भोजनकालेतुभक्तमुष्टिंचनिर्वपेत् नामगोत्रेणसंबुद्ध्याधरिण्यां पितृयज्ञवत् भूर्लोकात्प्रेतलोकंतुगंतुंश्राद्धंसमाचरेत् तत्पाथेयंहिभवतिमृतस्यमनुजस्यच ॥

દાહના દિવસને આરંભી દશપિંડ દશ દિવસમાં દર્ભે પાથરેલી પૃથ્વી ઉપર મંત્રરહિત દેવા. ક્ષત્રિયાદિકોએ નવ પિંડ નવ દિવસપર્યંત દેવા; દશમો પિંડ તો, આશૌચને છેલ્લે દિવસે દેવો. પ્રથમ દિવસે જે ઠેકાણું, જે કર્ત્તા, જે તંડુલ ઇત્યાદિ દ્રવ્ય, જે વસ્ત્ર, જે શિલા (પથરો), અને જે પાક કરવાનું પાત્ર ઇત્યાદિ તેજ દશ દિવસપર્યંત ગ્રહણ કરવાં. એમાંથી એકાદી વસ્તુ બદલી જતાં જે દિવસથકી બદલો થયો હોય તે દિવસથકી ફરી આવૃત્તિ કરવી. જો પથરાનો વિપર્યાસ થાય તો પણ બીજીવાર ઘડો ફોડવો નહીં એમ કહેલું છે; માટે લૌકિક પથરો લેવો. તેથી પિંડદાન તિલાંજલી ઇત્યાદિ કર્મનીજ આવૃત્તિ કરવી. દાહની આવૃત્તિ કરવી નહીં એમ છે. કોઈ ગ્રંથકાર, આચાર્ય (ક્રિયા કહેવાવાળા)ની બદલી થયા છતાં પણ આવૃત્તિ કરવી એમ કહે છે. જ્યારે પુત્રાદિક મુખ્ય કર્ત્તા સમીપમાં ન હોવાથી ગૌણ કર્ત્તાએ પિંડદાનની ક્રિયાનો આરંભ કરેલો હોય ત્યારે મધ્યમાં પુત્રાદિક સમીપે આવ્યા છતાં પણ ગૌણ કર્ત્તાએજ દશ દિવસપર્યંતની ક્રિયા સમાપ્ત કરવી. અગીયારમો દિવસ ઇત્યાદિકની ક્રિયા તો, પુત્રાદિક મુખ્ય કર્ત્તાએજ કરવી. મત્રસહિત દાહ માત્ર બીજાઓએ કર્યો હોય તો, પિંડદાનાદિક દશ દિવસની ક્રિયા સમીપમાં રહેલા મુખ્ય કર્ત્તાએજ કરવી, એમ મિતાક્ષરાદિક ગ્રંથ કહે છે, બીજા ગ્રંથો તો સગોત્ર અથવા અસગોત્ર જે મત્રસહિત દાહ કરે તેણેજ દશ દિવસપર્યંતની ક્રિયા કરવી, એમ કહે છે. સ્ત્રી ક્રિયા કરનારી છતાં તે રજસ્વલા થઈ હોય તો, રજોદર્શનની શુદ્ધિ પછી તેણે ક્રિયા કરવી. કર્ત્તાનું શરીર સ્વસ્થ ન હોય તો, બીજાએ સઘળી ક્રિયા ફરી કરવી. પિંડના દ્રવ્યમાં ચોખા મુખ્ય છે. ચોખા ન હોય તો ફળ, મૂળ, શાક, અથવા તિલસહિત એવો ભુંજેલા જવનો લોટ પણ લેવો. પ્રેતના શ્રાદ્ધવિષે પિતૃશબ્દ, સ્વધાશબ્દ અને અનુશબ્દ તથા પુષ્પ, ધૂપ અને દીપ ઇત્યાદિકનાં દાનવિષે મંત્ર બોલવા નહીં. ત્રણ દિવસના આશૌચમાં પર્ણશરવિધિવડે દાહાદિક થયો હોય તો, પ્રથમ દિવસે એક પિંડ, બીજે દિવસે ચાર પિંડ, ત્રિજે દિવસે પાંચ પિંડ એવો ક્રમ જાણવો. પુત્રે પાલાશવિધિવડે દાહાદિક કર્યા છતાં તેને દશ દિવસનું આશૌચ છે માટે ત્રણ દિવસમાં પિંડની સમાપ્તિ કરવી નહીં. પ્રથમ પિંડવડે પ્રેતનું મસ્તક સર્વકાળ પ્રાપ્ત થાય છે. બીજા પિંડથકી કાન, નેત્ર, નાસિકા; ત્રીજા પિંડથી કંઠ, ખભા, ભુજ અને વક્ષસ્થળ; ચોથા પિંડથી નાભિ, લિંગ, ગુદા; પાંચમા પિંડવડે ગોઠણ, જંઘા, પગ; છઠા પિંડથી મર્મસ્થાન; સાતમા પિંડથી નાડી; આઠમા પિંડથી દાંત, રોમાવલી; નવમા પિંડથી વીર્ય; અને "દશમા પિંડવડે તો, પૂર્ણપણું, તૃપ્તિ તથા ભુખ લાગવી એપ્રમાણે થાય છે. માટીના પાત્રમાં જળ તથા દૂધ નાખી દશ દિવસપર્યંત અંતરિક્ષમાં (નેવે) રાખવું" "પ્રેતાત્ર સ્નાહિ" એમ કહી જળ રાખવું. "इदं पिब" એમ કહી દૂધ રાખવું. એ કરવું અથવા ન કરવું એમ પણ છે. "પછી પ્રેતનો ઉપકાર થવા માટે દશ રાત્રિપર્યંત તેલનો અખંડ દીપક કરવો, અને માટીનું પાત્ર જળે ભરી રાખવું. ભોજન સમયે ખાવાના અન્નમાંથી ભાતની મૂઠી લઈ સંબુદ્ધિ વિભક્તિથી નામ ગોત્રનો ઉચ્ચાર કરી તે પિતૃયજ્ઞપ્રમાણે ભૂમિ ઉપર દેવી. મૃત્યુ પામેલા મનુષ્યને ભૂલોકથકી પ્રેતલોકપ્રત્યે જવામાટે જે શ્રાદ્ધ કરવું તે પાથેયશ્રાદ્ધ છે.

अथदशाहमध्येदर्शपातेनिर्णयः ॥ पिंडदानादौप्रारब्धेयदिमध्येदर्शप्राप्तिस्तदामातापितृव्यतिरिक्तानांसर्वंदशाहकृत्यमाकृष्यदर्शेप्यवसमापनीयं मातापितृविषयेतुत्र्यहमध्येदर्शपातेनापकर्षः त्रिरात्रात्परंदर्शपातेतुपित्रोरपिसर्वंदर्शेप्यवसमापनीयमितिकेचित् अन्येतु त्रिरात्रोर्ध्वमपिदर्शपातेऔरसपुत्रेणपित्रोस्तंत्रसमाप्तिर्नकार्येत्याहुः अत्रदेशाचाराद्व्यवस्थेतिसिंध्वादयः यदिदैवाद्दर्शात्पूर्वंपिंडदानादितंत्रंनारब्धंतदादाहमात्रेसमंत्रकेजातेपि नदर्शेतंत्रसमाप्तिनियमइतिभाति दर्शोत्तरमेवतंत्रारंभस्याप्ति

संभवेन द्विर्दवेतुकुर्वाणःपुनःशावंसमश्नुतइत्युक्तदोषाप्रसक्तेः एवंदर्शेपकृष्यतंत्रसमाप्तावप्यग्निपिंडदातुर्दशाहमाशौचमस्त्येव पुत्रादेःसपिंडस्यतुसुतरां दशाहंप्रेतापिंडान्प्रदायास्नात्वाभुक्त्वाअसपिंडस्यत्रिरात्रोपवासः सपिंडस्योपवासएकः मत्याद्विगुणं प्रेतकृत्यंकुर्वतास्थिसंचयनादर्वाक्स्त्रीसंगेकृतेचांद्रायणं ऊर्ध्वंकृच्छ्रत्रयं अन्येषामाशौचिनांसंचयनादर्वाक्त्रिरात्रं तदुत्तरमेकोपवासः ॥

હવે દશ રાત્રિના મધ્યમાં દર્શ (અમાવાસ્યા) પ્રાપ્ત થયા છતાં નિર્ણય કહે છે.

પિંડદાન ઇત્યાદિક કર્મનો આરંભ કર્યા છતાં જો વચમાં દર્શ પ્રાપ્ત થાય તો માતા પિતાવિના બીજાઓનું સઘળું દશ દિવસનું કૃત્ય અપકર્ષ કરીને દર્શને દિવસેજ સમાપ્ત કરવું. માતા પિતાના વિષયમાં તો, ત્રણ દિવસમાં દર્શ પ્રાપ્ત થયા છતાં અપકર્ષ કરવો નહીં. ત્રણ-દિવસ પછી દર્શ પ્રાપ્ત થાય તો, માતાપિતાનું પણ સઘળું કૃત્ય દર્શદિવસેજ સમાપ્ત કરવું એમ કોઈ ગ્રંથકાર કહે છે. બીજા ગ્રંથકારો તો, ત્રણ રાત્રિ પછી પણ દર્શ પ્રાપ્ત થયા છતાં ઔરસ પુત્રે માતાપિતાના કૃત્યની તંત્રવડે સમાપ્તિ કરવી નહીં, એટલે અપકર્ષ કરી કૃત્યની સમાપ્તિ કરવી નહીં, એમ કહે છે. એ વિષયમાં દેશાચારવડે વ્યવસ્થા કરવી એમ નિર્ણયસિંધુ ઇત્યાદિક ગ્રંથ કહે છે. જો દૈવવશથી દર્શની પ્રથમ પિંડદાનાદિક તંત્ર આરંભેલો ન હોય અને દાહ માત્ર મંત્રસહિત થયો હોય તોપણ દર્શને દિવસે કૃત્યની સમાપ્તિનો નિયમ નથી એમ ભાસે છે; કારણ, દર્શ પછીજ તંત્રનો આરંભ તથા સમાપ્તિ થવાની એ કારણથી “બે ચંદ્રયુક્ત કાળમાં કર્મ કરનારાને ફરી આશૌચ પ્રાપ્ત થાય છે” એવો જે દોષ કહ્યો તેની પ્રાપ્તિ નથી. એ રીતે દર્શને દિવસે અપકર્ષ કરી તંત્રની સમાપ્તિ કર્યા છતાં પણ અગ્નિ તથા પિંડ દેનારાને દશ દિવસનું આશૌચ છેજ, પુત્રાદિક સપિંડોને તો નિઃસંશયજ છે. પ્રેતને દશ દિવસપર્યંત પિંડદાન કરી સ્નાન કર્યાવિના ભોજન કરે તો અસપિંડોએ ત્રણ રાત્રિ ઉપવાસ કરવો. સપિંડોએ એક રાત્રિ ઉપવાસ કરવો. જાણી જોઈ સ્નાન કર્યા વિના ભોજન કર્યું હોય તો તેણે બમણા (૬-૨) ઉપવાસ કરવા. પ્રેતકાર્ય કરનારાએ અસ્થિસંચયનની પ્રથમ સ્ત્રીસંગ કર્યા છતાં ચાંદ્રાયણ કરવું. અસ્થિસંચયન પછી (સ્ત્રીસંગ કર્યા છતાં) ત્રણ કૃચ્છ્ર કરવાં, બીજા સૂતકીઓએ અસ્થિસંચયનની પ્રથમ ત્રણ રાત્રિ ઉપવાસ, અને અસ્થિસંચયન પછી એક ઉપવાસ કરવો.

अथनवश्राद्धम् ॥ प्रथमेह्नितृतीयेचपंचमेसप्तमेतथा नवमैकादशेचैवतन्नवश्राद्धमुच्यते नवश्राद्धानिपंचाहुराश्वलायनशाखिनः आपस्तंबाःषडित्याहुर्विभाषात्वितरेषुहि पंचपक्षेएकादशाहेनवश्राद्धंनकार्यं एतान्येवाविषमश्राद्धानीत्युच्यंते नवश्राद्धानिदशाहांतर्नवमिश्रंतुवत्सरइत्यन्यत्र अकृत्वातुनवश्राद्धंप्रेतत्वान्नैवमुच्यते नवश्राद्धंत्रिपक्षंचषाण्मासिकंमासिकानिच नकरोतिसुतोयस्तुतस्याधःपितरोगताः अर्घ्यहीनमधूपंचगंधमाल्यविवर्जितं नवश्राद्धममंत्रंस्यादयनेजनवर्जितं आशिषोद्विगुणादर्भाजपाशीःस्वस्तिवाचनं पितृशब्दःस्वसंबंधःशर्मशब्दस्तथैवच पात्रालंभोवगाहश्चउल्मुकोल्लेखनादिकं तृप्तिप्रश्नश्चविकिरःशेषप्रश्नस्तथैवच प्रदक्षिणाविसर्गश्चसीमांतगमनंतथा अष्टादशपदार्थाश्चप्रेतश्राद्धेविवर्जयेत् तिलोसीतिमंत्रेस्वधानमःपितृशब्दानवाच्याः किंतुप्रेतशब्दोहेनतूष्णींवातिलावपनं तूष्णीमर्घ्यदानं अमुष्मैस्वाहेतिप्रेतनाम्नापाणिहोमः बह्वृचानांसर्वैकोद्दिष्टेष्वग्नौकरणमस्त्येव अन्यशाखिनांतुतन्निषेधः नाम्नैकःपिंडःनिनयनमंत्रेऊहः अनुमंत्रणादिकं त्वमंत्रक अभिरम्यतामितिविसर्जनं एवंनवश्राद्धवर्ज्यैकोद्दिष्टेषु नवश्राद्धेत्वमंत्रकं सर्वमिति नारायणवृत्तिः उत्तानंस्थापयेत्पात्रमेकोद्दिष्टेसदाबुधः न्युब्जंतुपार्वणेकुर्यात्तत्पात्रोपरिपुनर्न्यसेत् सपिंडीकरणांतानिप्रेतश्राद्धानिषोडशेत्याश्वलायनमतं नवश्राद्धानिसंभवेनपूर्वोक्तान्यथामाद्येन ॥

હવે નવશ્રાદ્ધ કહે છે.

“પ્રથમ, ત્રીજો, પાંચમો, સાતમો, નવમો અને અગીયારમો એ દિવસે જે શ્રાદ્ધ તે નવશ્રાદ્ધ કહેવાય છે. આશ્વલાયન શાખાવાળા નવશ્રાદ્ધ પાંચ કહે છે. આપસ્તંબ છ એમ કહે છે. બીજી શાખાવાળાઓ તો વિકલ્પ કહે છે.” પાંચ એ પક્ષમાં અગીયારમે દિવસે નવશ્રાદ્ધ કરવું નહીં. એ નવશ્રાદ્ધનેજ વિષમશ્રાદ્ધ એમ કહે છે. “નવશ્રાદ્ધ દશ દિવસની અંદર કરવાં, તથા નવમિશ્ર શ્રાદ્ધ તો વર્ષની અંતે કરવાં” એમ બીજે ઠેકાણે કહ્યું છે. “નવશ્રાદ્ધ કર્યાવિના પ્રેતપણાથી મુક્ત

થતો નથી. નવશ્રાદ્ધ, ત્રૈપક્ષિક, ષાણ્માસિક (છમાસી), અને માસિક એ શ્રાદ્ધ જે પુત્ર કરતો નથી તેના પિતૃ અધોયોનિપ્રત્યે જાય છે. અર્ધ્યરહિત, ધૂપરહિત, ચંદનપુષ્પરહિત, મંત્રરહિત અને પાદ્યરહિત એવું નવશ્રાદ્ધ જાણવું. આશીર્વાદ, બેવડા દર્ભ કરવા તે, જપ, આશીર્વાદ, સ્વસ્તિવાચન, પિતૃશબ્દ, પોતાનો સંબંધ, શર્મશબ્દ, પાત્રનો સ્પર્શ, પિંડ વેહેવરાવવા તે, ઉલ્મુક, ઉલ્લેખનાદિક, તૃપ્તિપ્રશ્ન, વિકિર, શેષપ્રશ્ન, પ્રદક્ષિણા, વિસર્જન અને સીમાપર્યંત જવું એ અઢાર પદાર્થ પ્રેતશ્રાદ્ધવિષે વર્જ્ય કરવા.” “तिलोसि०” એ મંત્રવિષે સ્વધાશબ્દ, નમઃશબ્દ અને પિતૃશબ્દનો ઉચ્ચાર કરવો નહીં, ત્યારે પ્રેત શબ્દના ઉચ્ચારથકી અથવા મંત્રરહિત તિલ છાંટવા. અર્ધ્યદાન મંત્રરહિત કરવુ. “अमुष्मै स्वाहा” એ મંત્રવડે પ્રેતને નામેકરી પાણિહોમ કરવો. ઋગ્વેદીઓને સઘળાં એકોદ્દિષ્ટ શ્રાદ્ધવિષે અગ્નૌકરણ છેજ. બીજી શાખાવાળાઓને તો એકોદ્દિષ્ટશ્રાદ્ધવિષે અગ્નૌકરણનો નિષેધ છે. નામવડે એક પિંડ દેવો. જળ દેવાના મંત્રવિષે ઉચ્ચાર કરવો. અનુમંત્રણાદિક તો, મંત્રરહિત કરવું.” “अभिरम्यतां” એ મંત્રવડે વિસર્જન કરવું. આ રીતિ નવશ્રાદ્ધ વિનાના એકોદ્દિષ્ટશ્રાદ્ધવિષે તો જણાવી. નવશ્રાદ્ધ સઘળાં મંત્રરહિત કરવાં એમ નારાયણવૃત્તિમાં છે. “જ્ઞાતા પુરૂષે એકોદ્દિષ્ટશ્રાદ્ધવિષે પાત્ર સવળાં રાખવાં, પાર્વણશ્રાદ્ધવિષે તો ઊંધાં માંડી તે પાત્ર ઉપર કુશ રાખવા.” સપિંડીકરણપર્યંત પ્રેતશ્રાદ્ધ લૌકિકાગ્નિ ઉપર એવો આશ્વલાયનનો મત છે. સંભવ છતાં નવશ્રાદ્ધ અન્નવડે કરવાં, અસંભવ છતાં આમાન્નવડે કરવાં.

विघ्नेतु नवश्राद्धंमासिकंचयद्यदंतरितंभवेत् तत्तदुत्तरश्राद्धेनसहतंत्रेणकार्यं शावेआशौचांतरप्राप्तौ नवश्राद्धानिकुर्यादेव सहगमनेतु नवश्राद्धानिसर्वाणिसपिंडीकरणंपृथक् एकएववृषोत्सर्गोगौरेकातत्र दीयते शूद्रस्यामंत्रकंसर्वंद्विजवन्नाम्नैवकार्यमितिस्मृत्यर्थसारः अत्रवयोधिकमरणेतत्कनिष्ठानांसपिंडा नांदशमेहनिमुंडनंकेचिदाहुः मातापित्राचार्यंपुमृतेपुनियमेनदशमेहनिमुंडनं एवंभर्तरिमृतेस्त्रियाअपि मुंडननियमः पुत्राणांसर्वेषांदाहकर्तुश्चदाहांगभूतंप्रथमदिनेदशमदिनेचमुंडनं अत्रदेशाचाराद्व्यवस्था अत्ररात्रिमृतस्यरात्रौदाहेपिप्रातरेवमुंडनमित्युक्तम् ॥

વિઘ્ન પડે તો; નવશ્રાદ્ધ, માસિક એવાં જે જે શ્રાદ્ધ રહી ગયલાં હોય તે તે આગળનાં શ્રાદ્ધની સાથે એકતંત્રે કરી કરવાં. મૃતાશૌચમાં બીજું આશૌચ પ્રાપ્ત થયા છતાં નવશ્રાદ્ધ કરવાંજ. સહગમન હોય તો “સઘળાં નવશ્રાદ્ધ (જુદાં) કરવાં, તથા સપિંડીકરણ જુદું કરવું. વૃષોત્સર્ગ એકજ (પતિનો માત્ર) કરવો, અને સ્ત્રીના વૃષોત્સર્ગને ઠેકાણે એક ગાય દેવી. શૂદ્રનું સઘળું કર્મ મંત્રરહિત નામમંત્રવડેજ દ્વિજપ્રમાણે કરવું, એમ સ્મૃત્યર્થસાર ગ્રંથ કહે છે. આ ઠેકાણે, અવસ્થાએ અધિક એવો મૃત થયા છતાં મરનારથી ન્હાના સપિંડોએ દશમે દિવસે મુંડન કરાવવું, એમ કોઈ ગ્રંથકાર કહે છે. માતા, પિતા અને આચાર્ય એ મૃત છતાં અવશ્ય દશમે દિવસે મુંડન કરાવવું, એ રીતે પતિ મૃત થયા છતાં સ્ત્રીએ પણ અવશ્ય મુંડન કરાવવું. સઘળા પુત્રોએ તથા દાહકર્ત્તાએ દાહનું અંગભૂત પ્રથમ દિવસે, અને દશમે દિવસે પણ મુંડન કરાવવું; એ વિષયમાં જેવો દેશાચાર હોય તેપ્રમાણે વ્યવસ્થા જાણવી. આ વિષયમાં રાત્રિએ મૃત થયલાનો દાહ રાત્રિએ કીધેલો હોય તો પણ મુંડન બીજે દિવસે પ્રાતઃકાળેજ કરવું એમ કહ્યું છે.

ततोदशमेहनिपूर्ववस्त्रशुद्धिंगृहशुद्धिंचकृत्वा गौरसर्षपतिलकल्केनसशिरःस्नानंकृत्वानववस्त्रेपरि धायपरिहितवस्त्राणिप्रेतवस्त्राणिचांत्यजेभ्यआश्रितेभ्यश्चदत्वा सुवर्णादीनिमंगलवस्तूनिस्पृष्ट्वागृहंप्र विशेत् ॥

ત્યાર પછી દશમે દિવસે પ્રથમના વસ્ત્રની શુદ્ધિ તથા ઘરની શુદ્ધિ કરી સફેદ સરસિયા અને તિલના ભૂકાવતી મસ્તક ધોવાપૂર્વક સ્નાન કરી નવાં વસ્ત્ર પેહેરી પ્રથમ ધારણ કરેલાં વસ્ત્ર તથા પ્રેતનાં વસ્ત્ર અંત્યજ જાતિવાળાઓને તથા આશ્રિતોનો દઈ સુવર્ણાદિક મંગળ વસ્તુને સ્પર્શ કરી ઘરમાં પ્રવેશ કરવો.

अथास्थिक्षेपविधिः ॥ तत्रादौसंचयनदिनेऽस्थिस्थापनप्रकारः प्रेतस्थानेबलिंदत्वाक्षीरेणाभ्यु क्ष्यवाग्यतः प्रेतस्यास्थीनिगृह्णीयात्प्रधानांगोद्भवानिच पंचगव्येनसंस्नाप्यक्षौमवस्त्रेणवेष्ट्यच प्रक्षिप्य मृन्मयेभांडेनवेसाच्छादनेशुभे अरण्येवृक्षमूलेवाशुद्धेसंस्थापयेदथ सूक्ष्माण्यस्थीनितद्भस्मनीत्वातोये

विनिक्षिपेत् ततःसंमार्जनंभूमेःकर्तव्यंगोमयांबुभिः पूजांचपुष्पधूपाद्यैर्बलिभिःपूर्ववच्चरेत् तत्स्थानाच्छनकैर्नीत्वातीर्थेवाजाह्नवीजले कश्चिच्चप्रक्षिपेत्पुत्रोदौहित्रोवासहोदरः मातुःकुलंपितृकुलंवर्जयित्वानराधमः अस्थीन्यन्यकुलस्यस्यनीत्वाचांद्रायणंचरेत् गंगातोयेपुयस्यास्थिक्षिप्यतेशुभकर्मणः नतस्यपुनरावृत्तिर्ब्रह्मलोकात्सनातनात् अस्तंगतेगुरौशुक्रेतथामासेमलिम्लुचे गंगायामस्थिनिक्षेपंनकुर्यादितिगौतमः दशाहांतरस्थिप्रक्षेपेतुनास्तादिदोपः दशाहाभ्यंतरेयस्यगंगातोयेस्थिमज्जति गंगायांमरणंयादृक्तादृक्फलमवाप्नुयात् ॥

હવે અસ્થિ રાખવાનો વિધિ કહે છે.

તેમાં પ્રથમ અસ્થિસંચયનને દિવસે અસ્થિ રાખવાનો પ્રકાર–“ મૌની થઈ પ્રેતને ઠેકાણે બલિ દઈ (ચિતાને ઠેકાણે) દૂધવડે પ્રોક્ષણ કરી પ્રેતના મુખ્ય અંગનાં અસ્થિ લઈ તેને પંચગવ્યવડે નવરાવી રેશમી વસ્ત્રમાં બાંધી માટીના સુંદર નવા પાત્રમાં નાખી ઉપર ઢાંકણું બંધ કરી જંગલમાં અથવા શુદ્ધ વૃક્ષના મૂળમાં દાટી રાખવાં. પછી સૂક્ષ્મ અસ્થિ તથા તે રાખોડી લઈ જળમાં નાખવી. પછી છાણયુક્ત જળવડે પૃથ્વીનું સારી રીતે માર્જન કરવું. તથા પુષ્પ, ધૂપ ઇત્યાદિકવડે અને બલિવડે પ્રથમપ્રમાણે પૂજા કરવી. પછી પુત્ર, દોહિત્રો અથવા સગો ભાઈ એમાંથી કોઇ એકે યુક્તિથી ત્યહાંથી ધીરેથી અસ્થિ લઈ તીર્થમાં અથવા ગંગાના જળમાં નાખવાં. માતાનું કુળ તથા પિતાનું કુળ એ વિના બીજા કુળનાં મનુષ્યનાં અસ્થિ લીધા છતાં તે મનુષ્યમાં અધમ થાય અને તેણે ચાંદ્રાયણ કરવું. જે પુણ્યવાનનાં અસ્થિ ગંગાજળમાં પડે તેની, સનાતન એવાં બ્રહ્મલોકથી પુનરાવૃત્તિ થતી નથી. શુક્ર, ગુરુનો અસ્ત તથા મળમાસ છતાં ગગામાં અસ્થિ નાખવાં નહીં એમ ગૌતમ કહે છે. દશ દિવસની અંદર અસ્થિ નાખવાવિષે તો અસ્તાદિકનો દોષ નથી. દશ દિવસની અંદર જેનાં અસ્થિ ગંગામાં પડે તેને, ગંગાવિષે મરણ થવાથી જેવું ફળ મળે તેવું ફળ પ્રાપ્ત થાય.”

अथतीर्थेस्थिक्षेपंकर्तुंतत्पूर्वांगविधिः ॥ यत्रास्थीनिनिखातानितांभूमिंसचैलस्नानपूर्वकंपृथग्गोमूत्रादिभिःप्रोक्षयेत् तत्रगायत्र्यागोमूत्रेण गंधद्वारामितिगोमयेन आप्यायस्वेतिक्षीरेण दधिक्राव्णइतिदध्ना घृतंमिमिक्षइतिघृतेन उपसर्पेतिचतसृणामृचांशंखःपितरस्त्रिष्टुप् भूप्रार्थनखननमृदुद्धरणास्थिग्रहणेषुक्रमेणविनियोगः ताभिर्ऋग्भिःक्रमेणास्थिग्रहणांतानिकर्माणिकृत्वास्वयंजलाशयेगृह्योक्तविधिनास्नायात् ततोस्थिशुद्धिंकुर्यात् सायथा अस्थीनिस्पृष्ट्वैतोन्विंद्रमितिऋचावृत्त्यापंचगव्यैःस्नात्वास्पृष्ट्वैवदशस्नानानिकुर्यात् तत्रगायत्र्यादिपंचमंत्रैर्गोमूत्रगोमयक्षीरदधिसर्पिःस्नानानिकृत्वा देवस्यत्वेतिकुशोदकेन मानस्तोकेइतिभस्मना अश्वक्रांतेरथक्रांतेइतिमृदा मधुवाताइतिमधुना आपोहिष्ठेतिशुद्धोदकेनचस्नायात् एवंदशस्नानानिकृत्वाऽस्थ्नांकुशैर्मार्जनंकुर्यात् तत्रमंत्रः अतोदेवाइत्यृक् अथसप्तसूक्तानि एतोन्विंद्रं० १ शुचींवो० १ नतमंहोन० ८ इतिवाइति० १३ स्वादिष्ठया० १० ममाग्नेवर्चो० ९ कद्रुद्राय० ९ ततोयदीयान्यस्थीनितस्यकृतसपिंडीकरणस्यपार्वणविधिनाश्राद्धमस्थिक्षेपांगभूतंहिरण्येनकुर्यात् सकृन्नाचपिंडदानं दशाहांतरस्थिक्षेपकरणेएकोद्दिष्टविधिनाश्राद्धं ततस्तिलतर्पणंकृत्वापुनःपंचगव्यपंचामृतशुद्धोदकैरस्थीनिप्रक्षाल्ययक्षकर्दमेनालिप्य पुष्पैःप्रपूज्याऽजिनकंबलदर्भभूर्जपत्रशाणभूर्जपत्रताडपत्राणांक्रमेणसप्तधासंवेष्ट्यताम्रसंपुटेस्थापयेत् तत्रयक्षकर्दमलक्षणं द्वादशकर्पचंदनंकुंकुमंचपट्कर्पःकर्पूरस्त्रिचतुःकर्पाकस्तूरीचैतेषांमेलनाद्यक्षकर्दमः ततोस्थिपुटेहेमरौप्यखंडानिमौक्तिकप्रवालनीलमणींश्चप्रक्षिप्यस्वसूत्रोक्तविधिनास्थंडिलाग्निप्रतिष्ठादिकृत्वाष्टोत्तरशतंतिलाज्याहुतीर्जुहुयात् उदीरतांशंखःपितरस्त्रिष्टुप् अस्थिप्रक्षेपांगतिलाज्यहोमेविनियोगः उदीरतामितिसूक्तस्यचतुर्दशऋग्भिःप्रत्यृचमाहुतिरित्येवंसूक्तस्यसप्तावृत्तिभिरवशिष्टदशाहुतीःप्रथमऋगावृत्त्येत्येवमष्टोत्तरशतं तिलाहुतीरष्टोत्तरशतमाज्याहुतीश्चजुहुयात् सवेष्टनास्थिसमुच्चययुतंताम्रसंपुटमादायतीर्थंगच्छेत् तत्रनियमाः मूत्रपुरीषोत्सर्गकालेआचमनकालेचनास्थीनिधारयेत् शूद्रयवनांत्यजादिकांस्त्वहीनजातिमस्थिधारणकालेनस्पृशेदितिकाशीखंडे ततस्तीर्थंप्राप्यतीर्थप्राप्तिनिमित्तकंस्नानादिविधायास्थीनिस्नापयित्वामुकगोत्रस्यामुकशर्मणोब्रह्मलोकादिप्राप्तयेमुकतीर्थेस्थिप्रक्षेपमहंकरिष्येइतिसंकल्प्यपलाशपर्णपुटेपंचगव्येनास्थीन्यासिच्य हिरण्यशकलमाल्यघृततिलमिश्रितास्थीनिमृत्पिंडेनिधाय दक्षिणांदिशमवेक्षमाणोनमोस्तुधर्मायेतिवदंस्तीर्थंप्रविश्य नाभिमात्रजलेस्थित्वा समेप्रीतोस्त्वित्युक्त्वातीर्थेक्षिपेत् ततःस्नात्वा

जलाद्बहिरागत्यसूर्यंदृष्ट्वाहरिंस्मृत्वाविप्रायथाशक्तिरजतंदक्षिणांदद्यात् अमुकस्यास्थिक्षेपःकृतस्तत्सांगतार्थंरजतमिदंतुभ्यंसंप्रददेइति इत्यस्थिक्षेपप्रकारः ॥

હવે તીર્થવિષે અસ્થિ નાંખવામાટે તેનાં પૂર્વાંગનો વિધિ કહે છે.

પ્રથમ વસ્ત્રસહિત સ્નાન કરી જ્યહાં અસ્થિ દાટી રાખેલાં હોય તે ભૂમિને જુદાં જુદાં ગોમૂત્રાદિકવડે પ્રોક્ષિત કરવી. તેમાં ગાયત્રીમંત્રવડે ગોમૂત્રે કરી પ્રોક્ષણ, "**गंधद्वारां०**" એ મંત્રવડે ગોમયે કરી પ્રોક્ષણ, "**आप्यायस्व०**" એ મંત્રવડે દૂધેકરી, "**दधिक्राव्णो०**" એ મંત્રવડે દહીંથી, "**घृतं मिमिक्षे०**" એ મંત્રવડે ઘૃતેકરી, એપ્રમાણે પ્રોક્ષણ કરવું. પછી "**उपसर्पेति चतसृणां ऋचां शंखः पितरस्त्रिष्टुप् भूप्रार्थनखननमृदुद्धरणास्थिग्रहणेषु क्रमेण विनियोगः**" એ ચાર ઋચાવડે ક્રમે કરી અસ્થિ કાઢી લેવાપર્યંત કર્મ કરી કર્તાએ જલાશયમાં, ગૃહમાં, કહેલા વિધિપ્રમાણે સ્નાન કરવું. પછી અસ્થિની શુદ્ધિ કરવી. તે આ રીતે—અસ્થિને સ્પર્શ કરી "**एतोन्विंद्रं०**" એ ત્રણ ઋચાની આવૃત્તિવડે પંચગવ્યવતિ સ્નાન કરી સ્પર્શ કરીનેજ દશ સ્નાન કરવાં. તેમાં ગાયત્રી ઇત્યાદિ (ઉપર કહેલા) પાંચ મંત્રવડે ગોમૂત્ર, ગોમય, દૂધ, દહીં અને ઘૃતવડે સ્નાન કરી "**देवस्यत्वा०**" એ મંત્રવડે કુશોદકેકરી સ્નાન; "**मानस्तोके०**" એ મંત્રવડે ભસ્મેકરી સ્નાન; "**अश्वक्रांतेरथक्रांते०**" એ મંત્રવડે મૃત્તિકાસ્નાન; "**मधुवाता०**" એ મંત્રવડે મધુસ્નાન; અને "**आपोहिष्ठा०**" એ મંત્રવડે શુદ્ધોદકેકરી સ્નાન કરવું. એપ્રમાણે દશ સ્નાન કરી અસ્થિ ઉપર કુશવડે માર્જન કરવું. તેવિષે મંત્ર-"**अतोदेवा०**" એ એક ઋચા, પછી સાત સૂક્ત તે આ રીતે—"**एतोन्विंद्रं० ३, शुचीवो० ३, नतमंहोन० ८, इतिवाइति० १३, स्वादिष्ठया० १०, ममाग्नेवर्चो० ९, कद्रुद्रायप्र० ९,**" ત્યાર પછી જેનાં અસ્થિ હોય તેનું (સપિંડીકરણ થયા છતાં) પાર્વણવિધિવડે અસ્થિ નાંખવાનું અંગભૂત શ્રાદ્ધ હિરણ્યવડે કરવું તથા સાથવાના પિંડ દેવા. દશ દિવસની અદર અસ્થિ નાંખવાનાં હોય તો એકોદ્દિષ્ટવિધિવડે શ્રાદ્ધ કરવું. ત્યાર પછી તિલતર્પણ કરી ફરી પંચગવ્ય, પંચામૃત તથા શુદ્ધોદકવડે અસ્થિ ધોઈ યક્ષકર્દમ ચોપડી પુષ્પવડે પૂજા કરી કાળું મૃગચર્મ, કંબલ, દર્ભ, ભોજપત્ર, સણનું વસ્ત્ર, ભોજપત્ર અને તાડપત્ર એમનાવતી ક્રમેકરી સાત વાર વીંટી ત્રાંબાના સંપુટમાં રાખવાં. તેમાં યક્ષકર્દમનું લક્ષણ કહે છે—ચંદન અને કેશર તોલાં ૧૨, કપૂર તોલાં ૬, તથા કસ્તૂરી તોલાં ૪, એ પદાર્થો એકઠા મેળવી કીધેલો તે યક્ષકર્દમ. પછી અસ્થિની સાથે સુવર્ણ અને રૂપાના કકડા; મોતી; પરવાળાં; અને નીલમણિ નાંખી પોતાના સૂત્રમાં કહેલા વિધિપ્રમાણે સ્થંડિલ ઉપર અગ્નિસ્થાપન ઇત્યાદિક કરી અષ્ટોત્તરશત (૧૦૮) તિલ તથા ઘૃતની આહુતિ હોમવી. હોમનો મંત્ર—"**उदीरतां शंखः पितरस्त्रिष्टुप् अस्थिप्रक्षेपांगतिलाज्यहोमे विनियोगः**" "**उदीरतां०**" આ સૂક્તની ચૌદ ઋચાવડે એક એક ઋચાપ્રત્યે એક એક આહુતિ એ રીતે સૂક્તની સાત આવૃત્તિ કરી તથા બાકીની દશ આહુતિ પહેલી ઋચાની દશ આવૃત્તિવડે, એપ્રમાણે (૧૦૮) તિલાહુતિ અને (૧૦૮) ઘૃતાહુતિ હોમ કરવો. વીંટેલાં અસ્થિએ યુક્ત ત્રાંબાનો સંપુટ લઈ તીર્થપ્રત્યે જવું. **તેમાં નિયમ**—મળમૂત્રના ત્યાગ સમયે તથા આચમન કાળે અસ્થિ ધારણ કરવાં નહીં. અસ્થિ ઉપાડેલાં હોય તે વેળાએ શૂદ્ર, યવન, અંત્યજ ઇત્યાદિક તથા પોતાથી હીન જાતિને સ્પર્શ કરવો નહીં એમ કાશીખંડમાં કહ્યું છે. ત્યાર પછી તીર્થપ્રત્યે જઈ તીર્થે જવાના નિમિત્તનું સ્નાનાદિક કરી અસ્થિને નવરાવી "**अमुकगोत्रस्यामुकशर्मणो ब्रह्मलोकादिप्राप्तयेऽमुकतीर्थे अस्थिप्रक्षेपमहं करिष्ये,**" એવો સંકલ્પ કરી ખાખરાના પડિઆમાં પંચગવ્યવડે અસ્થિને નવરાવી સુવર્ણના કકડા, પુષ્પ, ઘૃત અને તિલેસહિત અસ્થિ માટીના ગોળા ઉપર રાખી દક્ષિણ દિશાભણી જોતાં છતાં "**नमोस्तु धर्माय**" એમ કહી તીર્થમાં પ્રવેશ કરી નાભિપ્રમાણ જળમાં ઉભા રહી "**स मे प्रीतोस्तु**" એમ કહી તીર્થમાં અસ્થિ નાંખવાં. ત્યાર પછી સ્નાન કરી જળની બાહેર આવી સૂર્યનું દર્શન કરી વિષ્ણુનું સ્મરણ કરી બ્રાહ્મણને યથાશક્તિ રૂપાની દક્ષિણા દેવી. દક્ષિણા દેતાં "**अमुकस्यास्थिक्षेपः कृतस्तत्सांगतार्थं रजतमिदं तुभ्यं संप्रददे**" એમ કહેવું. એપ્રમાણે અસ્થિ નાંખવાનો પ્રકાર કહ્યો.

---

[1] એ ચાર ઋચામાંથી પહેલી ઋચાવડે પૃથિવીની પ્રાર્થના, બીજી ઋચાથી ભૂમિ ખણવી, ત્રીજી ઋચાથી માટી બાહેર કાઢવી અને ચોથી ઋચાવડે અસ્થિ કાઢી લેવા. એ રીતે ચાર ઋચાવડે કર્મ કરવાં.

अथैकादशाहकृत्यम् ॥ अथैकादशाहेप्रातरुत्थायगृहानुलेपनंकृत्वा स्पृष्टसर्ववस्त्रक्षालनपूर्वकं सर्वसपिंडानांसचैलस्नानांतेसंध्यापंचमहायज्ञादिकर्मणिशुद्धिः एकादशाहेसंगवकालेस्नानाच्छुद्धिरितिकेचित् एकादशाहेपुत्रादेःकर्तुरपिपंचमहायज्ञाद्यधिकारः सपिंडानांदर्शवार्षिकश्राद्धेष्वधिकारः नांदीश्राद्धमात्रंचतुःपुरुषसपिंडैःसपिंडीकरणात्प्राक्नकार्यम् ॥

હવે અગીયારમા દિવસનું કૃત્ય કહે છે.

હવે અગીયારમે દિવસે પ્રાતઃકાળે ઉઠી ઘરને લીપી સૂતકમાં સ્પર્શ કરેલાં સઘળાં વસ્ત્રો ધોઈ વસ્ત્રસહિત સ્નાન કર્યા પછી સંધ્યા, પચમહાયજ્ઞાદિ કર્મવિષે સર્વ સપિંડોની શુદ્ધિ થાય છે. અગીયારમે દિવસે સંગવ કાળે સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે એમ કોઈ ગ્રંથકાર કહે છે. અગીયારમે દિવસે પુત્રાદિક કર્ત્તાને પણ પચમહાયજ્ઞાદિ કર્મનો અવિકાર થાય છે. સપિંડોને દર્શ, વાર્ષિક શ્રાદ્ધવિષે અધિકાર છે. ચાર પુરૂષપર્યંત સપિંડોએ, નાંદીશ્રાદ્ધ માત્ર સપિંડીકરણની પ્રથમ કરવું નહીં.

ततोदशाहकर्मकारीअमुख्यःकर्ता मुख्योवापुत्रादिःकर्ता वृषोत्सर्गाद्येकादशाहिकंसर्वंकर्मकुर्यात् एकादशाहेप्रेतस्ययस्यनोत्सृज्यतेवृषः प्रेतत्वंसुस्थिरंतस्यदत्तैःश्राद्धशतैरपि अत्रस्वयमेवसर्वंकुर्यान्नतु काम्यवृषोत्सर्गवदाचार्यवरणं अयंगृहेनकार्यः अयंद्वादशाहेप्युक्तः क्वचिन्मृताहेप्युक्तः विषुवद्वितये चैवमृताहेबांधवस्यचेति वत्सराभ्यंतरेपित्रोर्वृषस्योत्सर्गकर्मणि वृद्धिश्राद्धंनकुर्वीततदन्यत्रसमारभेत् ॥

ત્યાર પછી દશ દિવસનાં કર્મનો કરવાવાળો ગૌણ કર્ત્તા અથવા પુત્રાદિક મુખ્ય કર્ત્તાએ અગીયારમા દિવસનું વૃષોત્સર્ગાદિક સઘળુ કર્મ કરવું. “અગીયારમે દિવસે જે પ્રેતને ઉદ્દેશે કરી વૃષોત્સર્ગ કર્યો નહીં અને સેંકડો શ્રાદ્ધ કર્યાં તથાપિ તેનુ પ્રેતપણુ તેમજ સ્થિર રહે છે.” આ વૃષોત્સર્ગવિષે સઘળું કર્મ પોતેજ કરવું, કામ્ય વૃષોત્સર્ગની પેઠે આચાર્યવરણ કરવું નહીં. આ વૃષોત્સર્ગ ઘેર કરવો નહીં. એ બારમે દિવસે પણ કહ્યો છે. કોઈ ગ્રંથમાં મૃત્યુદિવસે પણ કહ્યો છે “મેષ તથા તુલા સંક્રાંતિ દિવસે અથવા સંબંધિના મૃત્યુદિવસે કરવો.” “એક વર્ષની અંદર માતા પિતાનાં વૃષોત્સર્ગ કર્મવિષે વૃદ્ધિશ્રાદ્ધ કરવું નહીં, એક વર્ષ પછી કરવું.”

वृषलक्षणंतु ॥ लोहितोयस्तुवर्णेनमुखेपुच्छेचपांडुरः श्वेतःखुरविषाणाभ्यांसनीलोवृषउच्यते अथवाश्वेतवर्णस्यमुखपुच्छादिश्यामत्वेनीलवृषत्वं यद्वासर्वश्यामस्यमुखादिश्वेतत्वेनीलवृषत्वं केचिद्वृषाभावेमृद्भिःपिष्टैर्वावृषंकृत्वाहोमादिविधिनावृषोत्सर्गइत्याहुः यथोक्तालाभेयथालाभोद्विवर्षएकवर्षोवावृषोवर्षाधिकाश्चतस्रएकावावत्सतरीस्यात् प्रयोगस्तुस्वस्वसूत्रानुसारीग्राह्यः सव्येनपाणिना पुच्छंसमादायवृषस्यतु दक्षिणेनापआदायसतिलाःसकुशास्ततः प्रेतगोत्रंसमुच्चार्यामुकस्मैवृषएषमया दत्तस्तंतारयत्वितिवदन्सहेमजलंभूमावुत्सृजेत् विधारयेन्नतंकश्चिन्नचकश्चनवाहयेत् नदोहयेच्चतांधेनुं नचकश्चनबंधयेत् पतिपुत्रवत्याःसुवासिन्यानवृषोत्सर्गः तत्स्थानेएकापयस्विनीगौर्देया पतिपुत्रयोरन्यतराभावेतुस्त्रीणामपिवृषोत्सर्गः सहगमनेतुस्त्रीणांवृषोत्सर्गस्थानेगौरेव वृषोत्सर्गसांगतार्थंतिलोदकुंभधेनुवस्त्रहिरण्येतिपंचदानानिआशौचांतरंचेदेकादशाहेप्राप्नोति तदावृषोत्सर्गादिकमाद्यमासिकंदान्यादिदानानिचकुर्यादेव एवंकृतेवृषोत्सर्गफलंवाजिमखोदितं यमुद्दिश्योत्सृजेन्नीलंसलभेतपरांगतिं वृषोत्सर्गःपुनात्येवदशातीतान्दशापरान् इतिवृषोत्सर्गः ॥

વૃષનું લક્ષણ કહે છે—“રંગે રાતો છતાં મુખ તથા પુચ્છમાં પીળો અને જેના ખુર તથા શીંગડાં ધોળાં એવો જે તે નીલ વૃષ કહેવાય.” અથવા રંગે સફેદ છતાં મુખ તથા પુછડું કાળું તે નીલ વૃષ કહેવાય. અથવા સઘળુ અંગ શ્યામ વર્ણ છતાં મુખ, પુચ્છ ધોળાં હોય તે નીલ વૃષ. કોઈ ગ્રંથકાર, વૃષનો અભાવ છતાં માટીનો અથવા લોટનો વૃષ કરી હોમાદિ વિધિવડે વૃષોત્સર્ગ કરવો, એમ કહે છે. કહેલાં લક્ષણ પ્રમાણે ન મળે તો જેવો મળે તેવો બે વર્ષનો કિંવા એક વર્ષનો વૃષ; અને એક વર્ષકરતાં અધિક વયની એવી ચાર વાછડી અથવા એક વાછડી જોઇએ. એવિષે પ્રયોગ તો, પોતપોતાના સૂત્રપ્રમાણે લેવો. “ડાબે હાથે વૃષનું પુછડું ઝાલી જમણે હાથે તિલ તથા કુશસહિત જળ લઈ” પ્રેતના ગોત્રનો ઉચ્ચાર કરી “अमुकस्मै वृष एष मया दत्तस्तं तारयतु” એમ કહેતાં છતાં સુવર્ણસહિત જળ ભૂમિ ઉપર છોડવું. “એ વૃષને કોઇએ બાંધવો

નહીં, તથા કોઇએ ખેડવો નહીં. તે ગાયનો કોઇએ દોવી નહીં તથા બાંધવી નહી." પતિ અને પુત્રવાળી એવી સૌભાગ્યવાળી સ્ત્રીનો વૃષોત્સર્ગ કરવો નહીં. વૃષોત્સર્ગ ઠેકાણે દૂધ દેનારી એક ગાય દેવી. પતિ તથા પુત્ર એ બેમાંથી એક ન હોય તો સ્ત્રીનો પણ વૃષોત્સર્ગ કરવો. સહગમન કર્યું હોય તો, સ્ત્રીના વૃષોત્સર્ગ ઠેકાણે ગાયજ દેવી. વૃષોત્સર્ગની સાંગતા થવા માટે તિલ, જળનો કુંભ, ગાય, વસ્ત્ર અને હિરણ્ય એ પાંચ દાન દેવાં. જો અગીયારમે દિવસે બીજું આશૌચ પ્રાપ્ત થાય તો; વૃષોત્સર્ગાદિક, આદ્યમાસિક, અને શય્યાદિક દાન કરવાંજ. "એ રીતે વૃષોત્સર્ગ કર્યા છતાં અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે, તથા જેને ઉદ્દેશે નીલ વૃષનો ઉત્સર્ગ કર્યો તે ઉત્તમ ગતીને પામે છે. વૃષોત્સર્ગ, દશ પ્રથમના અને દશ પાછળના (થનારા) એવા પુરૂષોને પવિત્ર કરેછે." એ રીતે વૃષોત્સર્ગ કહ્યો.

अथैकादशाहेमहैकोद्दिष्टम् ॥ इदंचमहैकोद्दिष्टंषोडशश्राद्धेभ्योभिन्नमेव अतएवेदंकरिष्यमाणसर्वैकोद्दिष्टप्रकृतिभूतमित्युच्यते इदंचपाकेनैव अत्रसतिसंभवेविप्रोभोजयितव्यः असंभवेग्नौहोमः ब्राह्मणंभोजयेदाद्येहोतव्यमनलेथवेत्युक्तेः श्मश्रुकर्मतुकर्तव्यंनखच्छेदस्तथैवच स्नपनाभ्यंजनेदद्याद्विप्रायविधिपूर्वकं ततःक्षणपाद्यार्घ्यासनगंधपुष्पाच्छादनान्येवदद्यात् नात्रधूपदीपौ एकोद्दिष्टंदेवहीनमित्युक्तेरेकएवविप्रः दिवैवचनिमंत्रणं एकमर्घ्यपात्रं स्वधाशब्दनमःशब्दपितृशब्दानसंति तेनप्रत्तःप्रेतइमांल्लोकान्प्रीणयाहिनइतिमंत्रोहोर्घ्यपात्रे नाभिश्रवणं सर्वंप्राचीनावीतिनैवकार्यं देवकार्याभावात् अग्नौकरणविकल्पः तत्रचपाणिहोमेपिनतस्यभक्षणं किंत्वग्नौप्रक्षेपः एकएवपिंडः अनुमंत्रणादिसर्वममंत्रकं स्वदितमितितृप्तिप्रश्नःकात्यायनानां अक्षय्यस्थानेउपतिष्ठतामितिवदेत् अभिरम्यतामितिविसर्जनं अभिरताःस्मःइतिविप्रप्रतिवचनं श्राद्धशेषभोजनंनास्ति अंतेस्नानं नवश्राद्धैकोद्दिष्टेतुसर्वममंत्रकमित्युक्तं विप्राभावेत्वग्नावेकोद्दिष्टं यथा अग्नौपायसंश्रपयित्वाज्यभागांतेऽग्नेरग्रेश्राद्धप्रयोगंकृत्वाग्नौप्रेतमावाह्यगंधाद्यैःसंपूज्यपृथिवीतेपात्रमित्यादिनान्नंसंकल्प्योदीरतामवरइत्यष्टाभिश्चतुरावृत्ताभिर्ऋग्भिर्द्वात्रिंशदाहुतीर्हुत्वापिंडदानादिश्राद्धंसमापयेदिति एवमेतदेकोद्दिष्टंस्त्रीणामपि ॥

હવે અગીયારમે દિવસે મહૈકોદ્દિષ્ટ કહે છે.

એ મહૈકોદ્દિષ્ટ શ્રાદ્ધ સોળ શ્રાદ્ધની જુદુંજ છે. માટેજ આગળ કરવાનાં સઘળાં એકોદ્દિષ્ટ શ્રાદ્ધનું પ્રકૃતિભૂત (મૂલભૂત) એ કહેવાય છે. એ પાકવડેજ કરવું. એ શ્રાદ્ધવિષે સંભવ છતાં બ્રાહ્મણને ભોજનનું કહેવું. સંભવ ન હોય તો અગ્નિમાં હોમ કરવો. "આદ્ય (મહૈકોદ્દિષ્ટ) શ્રાદ્ધવિષે બ્રાહ્મણને ભોજન દેવું, અથવા અગ્નિમાં હોમ કરવો," એવું વચન છે. "વિધિપૂર્વક વાળ ઉતરાવવા અને નખચ્છેદ કરાવવા; બ્રાહ્મણને સ્નાન અને અભ્યંગ દેવા;" ત્યાર પછી ક્ષણ, પાદ્ય, અર્ઘ્ય, આસન, ગંધ, પુષ્પ તથા આચ્છાદન એટલાજ પદાર્થ દેવા, એ શ્રાદ્ધવિષે ધૂપ, દીપ, દેવા નહીં. "એકોદ્દિષ્ટ શ્રાદ્ધ દેવહીન કરવું." એવું વચન છે માટે એકજ બ્રાહ્મણને કહેવું. દિવસેજ નિમંત્રણ કરવું. અર્ઘ્યપાત્ર એક માંડવું. સ્વધાશબ્દ, નમઃશબ્દ અને પિતૃશબ્દ એ નથી, તેથી "प्रत्तःप्रेतइमांल्लोकान्प्रीणयाहिनः" એપ્રમાણે અર્ઘ્યપાત્રવિષે મંત્રમાં ઉચ્ચાર કરવો. અભિશ્રવણ નથી. સઘળું કર્મ પ્રાચીનાવીતી (અપસવ્ય) કરી કરવું; કારણ, દેવકાર્યનો અભાવ છે. અગ્નૌકરણવિષે વિકલ્પ છે. આ શ્રાદ્ધમાં પાણિહોમ કર્યા છતાં પણ તે ભક્ષણ કરવો નહીં, ત્યારે અગ્નિમાં નાંખવો. એકજ પિંડ દેવો. અનુમંત્રણાદિ સઘળું મંત્રરહિત કરવું. "**स्वदितं**" એવું તૃપ્તિપ્રશ્ન કાત્યાયનોને કહ્યું છે. અક્ષય્ય ઠેકાણે "**उपतिष्ठतां**" એમ કહેવું. "**अभिरम्यतां**" આ મંત્રવડે વિસર્જન કરવું. "**अभिरताःस्म**" એવું બ્રાહ્મણોએ પ્રતિવચન દેવું. શ્રાદ્ધશેષનું ભોજન કરવું નહિ. શ્રાદ્ધની અંતે સ્નાન કરવું. નવશ્રાદ્ધસંબંધી એકોદ્દિષ્ટવિષે તો, સર્વ કર્મ મંત્રરહિત કરવું એમ કહ્યું છે. બ્રાહ્મણનો અભાવ હોય તો અગ્નિમાં એકોદ્દિષ્ટ કરવું, તે આ રીતે—અગ્નિ ઉપર પાયસ રાંધી આજ્યભાગપર્યંત કર્મ કર્યા પછી અગ્નિની સમીપે શ્રાદ્ધનો પ્રયોગ કરી અગ્નિવિષે પ્રેતનું આવાહન કરી ગંધાદિક ઉપચારવડે પૂજા કરી "**पृथिवी ते पात्रं**" ઇત્યાદિક મંત્રવડે અન્નનો સંકલ્પ કરી "**उदीरतामवर०**" એપ્રમાણે ચાર આવૃત્તિએ યુક્ત એવી ઋચાવડે બત્રીસ આહુતિ હોમ કરી પિંડદાનાદિક શ્રાદ્ધ સમાપ્ત કરવું. એ રીતે એ એકોદ્દિષ્ટ સ્ત્રીઓનું પણ કરવું.

अथाद्यमासिकम् ॥ तस्यमासादौमासिकंकार्यमितिवचनान्मृताहोमुख्यःकालः सचाशौचप्रतिबंधादतिक्रांतइतितदंतेएकादशेह्नितत्कार्यं अतएव ब्राह्मणंभोजयेदाद्येहोतव्यमनलेथवा पुनश्चभोजयेद्विप्रंद्विरावृत्तिर्भवेदिहेतिप्रथममासिकार्थंद्वितीयावृत्तिरुक्ता अत्रचद्विरावृत्तिर्भवेदिहेत्युक्तिः षोडशमासिकानांसापिंड्यधिकारार्थमपकृष्यकर्तव्यानांद्वादशाहादौकरणपक्षेयोज्या तेषामेकादशाहएवकरणपक्षेतुषोडशमासिकानांषोडशावृत्तय एकंमहैकोद्दिष्टमितिसप्तदशावृत्त्यापत्त्याद्विरावृत्तिर्भवेदिहेत्युक्तेरसंगतेः तथाचसापिंड्यधिकारार्थापकृष्याणांमासिकानांद्वादशाहेकरणेएकादशाहेमहैकोद्दिष्टोत्तरमतिक्रांतमाद्यमासिकंकरिष्यइति संकल्प्याद्यमासिकमात्रमन्नेनामेनवाविप्रेदर्भवटौवाप्रेतमावाह्यकार्यं नत्वाद्यमासिकस्याग्नौहोमः पुनश्चभोजयेद्विप्रमितिविशेषवचनात् इत्थंचमहैकोद्दिष्टमेकमाद्यमासिकमेकमित्येकोद्दिष्टस्यद्विरावृत्तिःस्पष्टैव येत्वाद्यमासिकातिरेकेणमहैकोद्दिष्टस्यैवद्विरावृत्तिंवदंतितेभ्रांताः अत्रकेचिदाद्याब्दिकस्यापिमृताहएवकालइतितस्याप्यतिक्रांतत्वादेकादशाहेआद्यमासिकमाद्याब्दिकंचतंत्रेणकरिष्ये इतिसंकल्प्यद्वयमपितंत्रेणकार्यमित्याहुः अन्येतु मासादौमासिकंकार्यमाब्दिकंवत्सरेगते इतिवचनात् द्वितीयवर्षारंभेप्रथमाब्दिकमितिनाब्दिकस्यैकादशाहेनुष्ठानमित्याहुः एवंत्रिपक्षेसपिंडीकरणपक्षेएकादशाहेआद्यमासिकमूनमासेऊनमासिकंद्वितीयमासारंभेद्वितीयमासिकं पक्षत्रयेत्रैपक्षिकंचैकोद्दिष्टविधिनाकृत्वावशिष्टद्वादशमासिकान्यपकृष्यतथैवकृत्वासपिंडीकरणं एवंपक्षांतरेप्यूह्यम् ॥

હવે આદ્યમાસિક કહે છે.

"માસને પ્રથમ દિવસે માસિક કરવું" એવું વચન છે માટે મરનારના મરણનો દિવસ એ આદ્યમાસિકનો મુખ્ય કાળ, પરંતુ તે આશૌચના પ્રતિબંધને લીધે જાય છે માટે આશૌચ ગયા પછી અગીયારમે દિવસે તે કરવું. માટેજ, "આદ્યમાસિક શ્રાદ્ધવિષે બ્રાહ્મણભોજન કરાવવું; અથવા અગ્નિમાં હોમ કરવો; ફરી બ્રાહ્મણને ભોજન કરાવવું. એ રીતે એ શ્રાદ્ધવિષે બેવાર આવૃત્તિ થશે;" એપ્રમાણે પ્રથમ માસિકમાટે દ્વિરાવૃત્તિ કહી. "બેવાર આવૃત્તિ એ શ્રાદ્ધવિષે થશે" એવું જે કહ્યું તે સપિંડીના અધિકારમાટે અપકર્ષ કરી કરવાના જે ષોડશ માસિક તે બારમે ઇત્યાદિક દિવસે કરવાના પક્ષ છતાં તેવિષે જોડવું. તે (સોળ માસિક) અગીયારમેજ દિવસે કરવાના હોય તો, સોળ માસિકની સોળ આવૃત્તિ અને એક મહૈકોદ્દિષ્ટ મળી સત્તર આવૃત્તિ પ્રાપ્ત થવાથી "એ શ્રાદ્ધવિષે બેવાર આવૃત્તિ થશે" એ વચનની સંગતિ થતી નથી, અને તેમજ સપિંડીના અધિકારમાટે અપકર્ષ કરી કરવાના માસિકો બારમે દિવસે કરવાના હોય તો અગીયારમે દિવસે મહૈકોદ્દિષ્ટ કર્યા પછી "अतिक्रांतमाद्यमासिकं करिष्ये" એવો સકલ્પ કરી આદ્યમાસિક માત્ર બ્રાહ્મણ અથવા દર્ભના બટુ ઉપર પ્રેતનું આવાહન કરી અન્નવડે અથવા આમાન્નવડે કરવો, આદ્યમાસિકનો અગ્નિમાં હોમ કરવો નહીં; કારણ, "ફરી બ્રાહ્મણને ભોજન કરાવવું." એવું વિશેષ વચન છે. એ રીતે મહૈકોદ્દિષ્ટ એક અને આદ્યમાસિક એક એપ્રમાણે એકોદ્દિષ્ટની બેવાર આવૃત્તિ સ્પષ્ટજ છે. આદ્યમાસિક વિના મહૈકોદ્દિષ્ટનીજ બેવાર આવૃત્તિ કરવી એમ જે કહે છે તે ભ્રાંત છે. આ વિષયમાં કોઈ ગ્રંથકાર, પ્રથમાબ્દિકનો પણ મૃતદિવસજ કાળ હોવાથી તે પણ અતિક્રાંત થાય છે માટે અગીયારમે દિવસે "आद्यमासिकमाद्याब्दिकं च तंत्रेण करिष्ये" એવો સંકલ્પ કરી બન્ને તંત્રેકરી કરવા, એમ કહે છે. બીજા ગ્રંથકારો તો, માસને પ્રથમ દિવસે માસિક કરવો અને વર્ષ ગયા છતાં આબ્દિક કરવું" એવું વચન હોવાથી બીજા વર્ષને આરંભે પ્રથમાબ્દિક કરવું, અગીયારમે દિવસે પ્રથમાબ્દિક કરવું નહીં, એમ કહે છે. એ રીતે ત્રીજે પક્ષે સપિંડી કરવાનો પક્ષ છતાં અગીયારમે દિવસે આદ્યમાસિક, ઊનમાસે ઊનમાસિક, બીજા માસને આરંભે દ્વિતીયમાસિક અને ત્રિપક્ષને દિવસે ત્રૈપક્ષિક એ એકોદ્દિષ્ટવિધિવડે કરી બાકીના બાર માસિક અપકર્ષ કરી તેમજ કરી સપિંડીશ્રાદ્ધ કરવું. એપ્રમાણે બીજા પક્ષવિષે પણ જાણવું.

एकादशाहेतंत्रेणषोडशमासिकापकर्षपक्षेमहैकोद्दिष्टोत्तरं देशकालौसंकीर्त्यातिक्रांतमाद्यमासिकंसपिंड्यधिकारार्थमपकृष्योनमासिकादीन्यूनाब्दिकांतानि पंचदशमासिकानिचतंत्रेणैकोद्दिष्टेनविधिना करिष्यइतिसंकल्प्य तंत्रेणषोडशापिकुर्यात् केचिन्मतेत्वतिक्रांतेआद्यमासिकाद्याब्दिकेऊनादिमासिकादीनिचेत्यादिसंकल्पः ॥

અગીયારમે દિવસે તંત્રેકરી સોળ માસિકનો અપકર્ષ કરી કરવાનો પક્ષ છતાં મહૈકોદ્દિષ્ટ કર્યા પછી દેશ કાળનું કીર્તન કરી “अतिक्रांतमाद्यमासिकं सपिंड्यधिकारार्थमपकृष्योनमासिकादीन्यूनाब्दिकांतानि पंचदशमासिकानि च तंत्रेणैकोद्दिष्टविधिना करिष्ये” એવો સંકલ્પ કરી તંત્રેકરી સોળે માસિક કરવાં. કોઈ ગ્રંથકારના મતવિષે તો, “अतिक्रांते आद्यमासिकाद्याब्दिके ऊनादिमासिकादीनि च” ઇત્યાદિ સંકલ્પ કરવો.

मासिकानितु ॥ आद्यमासिकं १ ऊनमासिकं २ द्वितीयमासिकं ३ त्रैपक्षिकं ४ तृतीयमासिकं ५ चतुर्थमासिकं ६ पंचममासिकं ७ षष्ठं ८ ऊनषाण्मासिकं ९ सप्तममासिकं १० अष्टमं ११ नवमं १२ दशमं १३ एकादशं १४ द्वादशं १५ ऊनाब्दिकं १६ चेतिक्रमेणज्ञेयानि ॥

માસિક કહે છે—આદ્યમાસિક ૧, ઊનમાસિક ૨, દ્વિતીયમાસિક ૩, ત્રૈપક્ષિક ૪, તૃતીયમાસિક ૫, ચતુર્થમાસિક ૬, પંચમમાસિક ૭, ષષ્ઠમાસિક ૮, ઊનષાણ્માસિક ૯, સપ્તમમાસિક ૧૦, અષ્ટમ ૧૧, નવમ ૧૨, દશમ ૧૩, એકાદશ ૧૪, દ્વાદશ ૧૫ અને ઊનાબ્દિક ૧૬, એ ક્રમેકરી જાણવા.

अथैकादशाहेरुद्रगणश्राद्धम् ॥ तच्चैकादशरुद्रोद्देशेनरुद्ररूपप्रेतोद्देशेनवा रुद्रोद्देशपक्षेसव्येन तद्रूपप्रेतोद्देशपक्षेपसव्येन वीरभद्रः १ शंभुः २ गिरीशः ३ अजैकपात् ४ अहिर्बुध्न्यः ५ पिनाकी ६ अपराजितः ७ भुवनाधीश्वरः ८ कपाली ९ स्थाणुः १० भगः ११ इत्येकादशरुद्राः अत्रशक्तेनैकैकरुद्रनाम्नैकोविप्रइत्येकादशविप्राभोज्याः अशक्तेनतुसर्वोद्देशेनैकएवविप्रोभोज्यः अमान्नान्येकादशैकंवामान्नंदेयं अत्रश्राद्धेपिंडदानार्घ्याग्नौकरणविकिराणामभावः एवमेवाष्टवसुश्राद्धं एतच्चकृताकृतं वसुनामान्यप्यन्यत्र एतदेकादशाहकृत्यंत्र्यहाशौचेचतुर्थदिनेकर्तव्यं द्वितीयदिनेप्रथमदिनेवास्थिसंचयनंकार्यं पंचमदिनेसपिंडीकरणम् ॥

હવે અગીયારમે દિવસે રુદ્રગણશ્રાદ્ધ કહે છે.

તે રુદ્રગણશ્રાદ્ધ અગીયાર રુદ્રના ઉદ્દેશે કરી અથવા રુદ્રરૂપ પ્રેતના ઉદ્દેશે કરી કરવું. રુદ્રના ઉદ્દેશે કરવાનો પક્ષ હોય તો સવ્યે કરવું. રુદ્રરૂપ પ્રેતનો ઉદ્દેશનો પક્ષ છતાં અપસવ્યે કરવું. “**वीरभद्र १, शंभु २, गिरिश ३, अजैकपात् ४, अहिर्बुध्न्य ५, पिनाकी ६, अपराजित ७, भुवनाधीश्वर ८, कपाली ९, स्थाणु १०** અને **भग ११**” એ અગીયાર રુદ્ર જાણવા. એ શ્રાદ્ધવિષે શક્તિમાન્ હોય તેણે એક એક રુદ્રને નામેકરી એક એક બ્રાહ્મણ એ રીતે અગીયાર બ્રાહ્મણોને ભોજન માટે કહેવું. અશક્તે તો સઘળાઓના ઉદ્દેશેકરી એકજ બ્રાહ્મણને ભોજન કરાવવું આમાન્ન દેવાનાં છતાં અગીયાર અથવા એક આમાન્ન દેવું. એ શ્રાદ્ધવિષે પિંડદાન, અર્ઘ્ય, અગ્નૌકરણ અને વિકિર એટલાં કરવાં નહીં. અષ્ટવસુશ્રાદ્ધ પણ એ રીતેજ કરવું. એ અષ્ટવસુશ્રાદ્ધ કરવું અથવા ન કરવું એમ છે. આઠ વસુનાં નામ પણ બીજા ગ્રંથોમાં જોવાં. આ અગીયારમા દિવસનું કૃત્ય ત્રણ દિવસનું આશૌચ છતાં ચોથે દિવસે કરવું. બીજે દિવસે અથવા પ્રથમ દિવસે અસ્થિસંચયન કરવું. પાંચમે દિવસે સપિંડી કરવી.

अत्रैकादशाहेद्वादशाहेवापददानानिकार्याणि तेनप्रेतस्यमार्गेसुखगतिः आसनोपानहच्छत्रंमुद्रिकाचकमंडलुः यज्ञोपवीताज्यवस्त्रंभोजनंचान्नभाजनं दशकंपदमेतत्स्यात्पदान्येवंत्रयोदश देयानिवायथाशक्तितेनासौप्रीणितोभवेत् अन्नंचैवोदकुंभंचोपानहौचकमंडलुः छत्रंवस्त्रंतथायष्टिंलोहदंडंचदापयेत् अग्निष्टिकांप्रदीपंचतिलांस्तांबूलमेवच चंदनंपुष्पमालांचोपदानानिचतुर्दश वैतरणीधेनूत्क्रांतिधेनुमोक्षधेन्वादिदानानिगोभूम्यादिदशदानानितिलपात्रदानादीनिमरणकालेनकृतानिचेदेकादशाहादौपुत्रादिभिःप्रेतोद्देशेनकार्याणि अश्वंरथंगजंधेनुंमहिषींशिबिकादिकं शालग्रामंपुस्तकंचकस्तूरीकुंकुमादिकं दासींरत्नंभूषणादिशय्यांछत्रंचचामरं दद्याद्वित्तानुसारेणप्रेतस्तत्तत्सुखंलभेत् ॥

આ અગીયારમે દિવસે અથવા બારમે દિવસે પદદાન કરવું, તેથી માર્ગમાં પ્રેતનું જવું સુખેથી થાય છે. “આસન, પગરખાં, છત્ર, વીંટી, જળપાત્ર (લોટો), જનોઈ, ઘી, વસ્ત્ર, ભોજન અને અન્નનું પાત્ર એ દશ પદાર્થ મળી પદદાન થાય છે. એવાં તેર પદનું દાન કરવું, અથવા યથાશક્તિ દેવાં, તેથકી મરનારો સુખી થાય છે. અન્ન, જળ, પગરખાં, જળપાત્ર, છત્ર, વસ્ત્ર, લાકડી, લોઢાંની

છડી, અંગુઠી, દીપક, તિલ, તાંબૂલ, ચંદન અને પુષ્પની માળા એ ચૌદ ઉપદાન દેવાં." વૈતરણીધેનુ, ઉત્ક્રાંતિધેનુ, મોક્ષધેનુ ઇત્યાદિક દાન, તથા ગાય, ભૂમિ ઇત્યાદિ દશ દાન, અને તિલપાત્ર દાનાદિક એ મરણ સમયે કર્યાં ન હોય તો, અગીયારમે ઇત્યાદિક દિવસે પુત્રાદિકોએ પ્રેતના ઉદ્દેશેકરી કરવાં. "ઘોડો, રથ, હાથી, ગાય, ભેંસ, પાલખી ઇત્યાદિક, શાલગ્રામ, પુસ્તક, કસ્તૂરી, કેશર ઇત્યાદિક, દાસી, રત્ન, ભૂષણ ઇત્યાદિક, શય્યા, છત્ર અને ચમર એ દાન દ્રવ્યને અનુસારે દેવાં, તેથી પ્રેતને તે તે સુખ પ્રાપ્ત થાય છે."

अथशय्यादानम् ॥ एकादशाहेशय्यायादानेएषविधिःस्मृतः तेनोपभुक्तंयत्किंचिद्वस्त्रवाहनभाजनं यद्यदिष्टंचतस्यासीत्तत्सर्वंपरिकल्पयेत् प्रेतंचपुरुषंहैमंतस्यांसंस्थापयेत्तदा पूजयित्वाप्रदातव्या मृतशय्यायथोदिता तस्माच्छय्यांसमासाद्यसारदारुमयींदृढां दंतपत्रचितांरम्यांहेमपट्टैरलंकृताम् हंसतूलिप्रतिच्छन्नांशुभगंडोपधानिकां प्रच्छादनपटीयुक्तांगंधधूपादिवासितां उच्छीर्षकेघृतभृतंकलशंपरिकल्पयेत् तांबूलकुंकुमक्षोदकर्पूरागरुचंदनं दीपिकोपानहच्छत्रचामरासनभाजनं पार्श्वेषुस्थापयेद्भक्त्या सप्तधान्यानिचैवहि शयनस्थस्यभवतियदन्यदुपकारकं भृंगारकरकाद्यंतत्पंचवर्णवितानकं संपूज्यद्विजदांपत्यंनानाभरणभूषितं उपवेश्यतुशय्यायांमधुपर्कंततोवदेत् दानमंत्रस्तु यथानकृष्णशयनंशून्यं सागरजातया शय्यातस्याप्यशून्यास्तुतथाजन्मनिजन्मनि तस्मादशून्यशयनंकेशवस्यशिवस्यच शय्या तस्याप्यशून्यास्तुतथाजन्मनिजन्मनि दत्त्वैवंतस्यसकलंप्रणिपत्यविसर्जयेत् पाद्मेतु अस्थिलालाटकंगृह्य सूक्ष्मंकृत्वासपायसं भोजयेद्द्विजदांपत्यंविधिरेषःसनातनइत्युक्तं नैतन्महाराष्ट्रदेशादिशिष्टैराद्रियते यद्देशेतदाचारस्तत्रास्तु स्वर्गेपुरंदरपुरेलोकपालालयेतथा सुखंवसत्यसौजंतुःशय्यादानप्रभावतः आभूतसंप्लवंयावत्तिष्ठत्यातंकवर्जितः प्रेतशय्याप्रतिग्राहीनभूयःपुरुषोभवेत् गृहीतायांतुतस्यांवैपुनःसंस्कारमर्हति ॥

હવે શય્યાદાન કહે છે.

અગીયારમે દિવસે શય્યાદાનવિષે આ (આગળ કહેવાયછે તે) વિધિ કરવાનો કહ્યો છે. તે આ રીતે–મરનારાએ ભોગવેલાં જે વસ્ત્ર, વાહન, પાત્ર તે, અને તેને જે જે પ્રિય વસ્તુ હતી તે, સઘળી સિદ્ધ કરવી. શય્યાદાનકાળે તે શય્યા ઉપર સુવર્ણનો પ્રેતપુરૂષ કરી બેસાડવો; પછી પૂજા કરી મૃતશય્યાનું યથાવિધિ દાન કરવું. નારના કાષ્ઠની; દૃઢ; હાથીદાંતની પાટીએ યુક્ત; સુશોભિત; સોનેરી વસ્ત્રવડે શોભાવેલી; આકડાના કપાસની ગાદીવડે ઢાંકેલી; ઉત્તમ ગાલમસૂરિયાં, ઓશીકાં અને ઓછાડ સહિત; ગંધ, ધૂપ ઇત્યાદિ પદાર્થવડે સુવાસિત એવી શય્યા કરવી. તથા ઓશીકાપાસે ઘૃતપૂર્ણ કલશ રાખવો. તાંબૂલ, કેશર, અર્ગજા ઇત્યાદિ સુગંધિ ચૂર્ણ; કપૂર; કૃષ્ણાગરૂ; ચંદન; દીવી; પગરખાં; છત્ર; ચમરી, આસન; પાત્ર અને સપ્તધાન્ય એ પદાર્થ ભક્તિપૂર્વક બાજુમાં રાખવા. શય્યા ઉપર બેસવાવાળાને જે બીજા ઉપકાર કરવાના પદાર્થો તે પણ સમીપે રાખવા. ઝારી, કમંડલુ ઇત્યાદિ અને પચરંગી ચંદરવા દેવા. પછી નાનાપ્રકારનાં આભૂષણે ભૂષિત એવાં બ્રાહ્મણનાં દંપતી (સ્ત્રી-પુરૂષ) ને તે શય્યા ઉપર બેસાડી તે સ્ત્રીપુરૂષની પૂજા કરી મધુપર્ક કરવો." દાનના મંત્ર–**यथा न कृष्णशयनं, शून्यं सागरजातया ॥ शय्या तस्याप्यशून्यास्तु, तथा जन्मनि जन्मनि ॥ तस्मादशून्यशयनं, केशवस्य शिवस्य च ॥ शय्या तस्याप्यशून्यास्तु, तथा जन्मनि जन्मनि,"** એ પ્રમાણે તે બ્રાહ્મણ દંપતીને તે સઘળા પદાર્થ દઇ નમસ્કાર કરી વિસર્જન કરવું. પદ્મપુરાણમાં તો, "કપાળનું અસ્થિ લઈ તેનું ચૂર્ણ કરી દૂધપાકસહિત તે બ્રાહ્મણદંપતીને ભોજન કરાવવું, એ વિધિ પ્રાચીન છે," એમ કહ્યું છે; પરંતુ એ મહારાષ્ટ્ર દેશાદિકના શિષ્ટ કબૂલ કરતા નથીજ, ત્યારે જે દેશમાં તેનો આચાર હોય ત્યાં હો. "આ મૃત થયલો પ્રાણી પ્રલય કાળપર્યંત નિર્ભય થઇ શય્યાદાનના પ્રભાવથી સ્વર્ગ, ઇંદ્રપુર અને લોકપાલનાં સ્થાનકોવિષે સુખી રહે છે. પ્રેતશય્યાનો ગ્રહણ કરવાવાળો ફરી પુરૂષ થતો નથી, માટે તે શય્યા લીધા છતાં પુનઃસંસ્કારનું પાત્ર થાય છે."

अथोदकुंभः ॥ एकादशाहात्प्रभृतिघटस्तोयान्नसंयुतः दिनेदिनेप्रदातव्योयावत्संवत्सरंसुतैः यस्यसंवत्सरादर्वाक्सपिंडीकरणंभवेत् मासिकंचोदकुंभंचदेयंतस्यापिवत्सरं अपिश्राद्धशतैर्दत्तैरुदकुंभंविनानराः दरिद्रादुःखिनस्तातभ्रमंतिचभवार्णवे यावदब्दंचयोदद्यादुदकुंभंविमत्सरः प्रेतायान्नस

मायुकंसोश्वमेधफलंलभेत् इदंचोदकुंभश्राद्धंसपिंडीकरणात्प्रागेकोद्दिष्टविधिनासपिंड्युत्तरंतुपार्वणविधिना इदंत्रयोदशदिनादारभ्यकर्तव्यमितिभट्टाः अत्रपिंडदानंकृताकृतंदेवहीनंचैतत् अदैवंपार्वणश्राद्धं सोदकुंभमधर्मकं कुर्यात्प्रत्याब्दिकाच्छ्राद्धात्संकल्पविधिनान्वहमितिवचनात् प्रायश्चित्तांगविष्णुश्राद्धवदत्रश्राद्धेसर्वेश्राद्धधर्मानसंतिकिंतुवाचनिकमात्राः तेनसंकल्पविधिनासंकल्पक्षणपाद्यासनगंधाच्छादनांतपूजनान्नपरिवेषणांते पृथिवीतेपात्रमित्याद्युक्त्वाएषउदकुंभइदमन्नंदत्तंचेत्यादित्यागविधिः अंतेतांबूलदक्षिणादि नात्रब्रह्मचर्यपुनर्भोजनादिनियमाः वृद्धिनिमित्तेनमासिकापकर्षेउदकुंभश्राद्धानामप्यपकर्षःप्रेतश्राद्धत्वात् प्रत्यहंसोदकुंभान्नदानाशक्तेनाप्येकस्मिन्दिने तावद्भिरामान्नैरुदकुंभैश्चतावदामान्नोदकुंभनिष्क्रयेणवापकृष्योदकुंभश्राद्धानिकार्याणि अब्दमध्येप्रत्यहमुदकुंभश्राद्धंकुर्वतोमध्येआशौचप्राप्तौ तावच्छ्राद्धानांलोपएवदर्शादिवत् आशौचोत्तरंप्रतिबंधादकरणेतदुत्तरोदकुंभेनसहतंत्रतयातिक्रांतोदकुंभानांप्रयोगः अतिक्रांतोदकुंभश्राद्धान्यद्यतनोदकुंभश्राद्धंचतंत्रेणकरिष्यइतिसंकल्पः ॥

હવે ઉદકુંભશ્રાદ્ધ કહે છે.

અગીયારમા દિવસથી વર્ષપર્યંત નિત્ય જળ તથા અન્નસહિત કુંભ પુત્રે દેવો. જેનું સપિંડશ્રાદ્ધ વર્ષની પ્રથમ થાય તેનો પણ માસિક તથા ઉદકુંભ વર્ષપર્યંત કરવો. સેંકડો શ્રાદ્ધ કર્યાં અને ઉદકુંભશ્રાદ્ધ ન કરે તો, તે મનુષ્ય દરિદ્રી, દુઃખી એવો થઈ આ સંસારમાં ભ્રમણ કરે છે. જે મનુષ્ય મત્સરરહિત થઈ પ્રેતમાટે વર્ષપર્યંત અન્નયુક્ત જળકુંભનું દાન કરે તેને અશ્વમેધનું ફળ મળે." એ ઉદકુંભશ્રાદ્ધ સપિંડીકરણની પ્રથમ એકોદ્દિષ્ટ વિધિવડે કરવું, સપિંડીકરણ પછી તો, પાર્વણવિધિવડે કરવું. એ ઉદકુંભશ્રાદ્ધ તેરમા દિવસથી કરવું એમ ભટ્ટ કહે છે. એ શ્રાદ્ધમાં પિંડદાન કરવું અથવા ન કરવું એમ છે, તથા એ શ્રાદ્ધ દેવહીન પણ છે; કારણ, એ પાર્વણશ્રાદ્ધ ઉદકુંભયુક્ત, દેવહીન, શ્રાદ્ધધર્મે રહિત, પ્રત્યાબ્દિક શ્રાદ્ધપર્યંત નિત્ય સંકલ્પવિધિથી કરવું," એવું વચન છે. પ્રાયશ્ચિત્તના અંગભૂત વિષ્ણુશ્રાદ્ધનીપેઠે આ શ્રાદ્ધમાં સઘળા શ્રાદ્ધધર્મ નથી, ત્યારે વાચનિક માત્ર છે. તેથી સંકલ્પવિધિવડે સંકલ્પ, ક્ષણ, પાદ્ય, આસન, ગંધ અને વસ્ત્રપર્યંત પૂજા થયા પછી અન્ન પીરસવાપર્યંત કર્મ થયા પછી "पृथिवी ते पात्रं०" ઇત્યાદિક કહી "एष उदकुंभ इदमन्नं दत्तंच" ઇત્યાદિ અન્નત્યાગનો વિધિ કરવો, અંતે તાંબૂલ અને દક્ષિણા દેવી. એ શ્રાદ્ધવિષે બ્રહ્મચર્ય, પુનર્ભોજન ઇત્યાદિ નિયમ નથી. વૃદ્ધિશ્રાદ્ધને નિમિત્તે માસિકોનો અપકર્ષ કરવાનો છતાં ઉદકુંભશ્રાદ્ધનો પણ અપકર્ષ કરવો, કારણ, એ પ્રેતશ્રાદ્ધ છે. નિત્ય ઉદકુંભ સહિત અન્નદાન કરવામાં જે અશક્ત હોય તેણે પણ એક દિવસે તેટલાં આમાન્ન તથા તેટલાં ઉદકુંભ અથવા તેટલાં આમાન્નનો તથા ઉદકુંભનો નિષ્ક્રય (દ્રવ્ય) કરી અપકર્ષે કરી ઉદકુંભશ્રાદ્ધ કરવાં. વર્ષપર્યંત નિત્ય ઉદકુંભશ્રાદ્ધ કરતાં મધ્યમાં આશૌચ પ્રાપ્ત થયા છતાં દર્શાદિ શ્રાદ્ધપ્રમાણે તેટલો શ્રાદ્ધનો લોપજ કરવો. આશૌચ પછી પ્રતિબંધ હોવાથી ન કર્યાં છતાં તેથી આગળના ઉદકુંભ શ્રાદ્ધની સાથે એકતંત્રે કરી અતિક્રાંત (રહેલા) ઉદકુંભનો પ્રયોગ કરવો. "अतिक्रांतोदकुंभश्राद्धान्यद्यतनोदकुंभश्राद्धं च तंत्रेण करिष्ये," એ પ્રમાણે સંકલ્પ કરવો.

तथाप्रथमाब्देदीपदानमुक्तं प्रत्यहंदीपकोदेयोमार्गेतुविषमेनरैः यावत्संवत्सरंवापिप्रेतस्यसुखलिप्सया प्राङ्मुखोदङ्मुखंदीपंदेवागारेद्विजालये कुर्याद्याम्यमुखंपित्रेअद्भिःसंकल्प्यसुस्थिरमिति ॥

તેમજ પ્રથમ વર્ષે દીપદાન કરવાનું કહ્યું છે. "મનુષ્યના વિષમ માર્ગમાં પ્રેતને સુખ થવામાટે વર્ષપર્યંત નિત્ય દીપ દેવો. દેવ અથવા બ્રાહ્મણના મદિરમાં પૂર્વાભિમુખ કિંવા ઉત્તરાભિમુખ દીપ કરવો. પિતૃને ઉદ્દેશે કરવાનો તે જળવડે સકલ્પ કરી દક્ષિણાભિમુખ સારીરીતે સ્થિર એવો કરવો."

अथषोडशमासिकानि ॥ द्वादशप्रतिमास्यानिऊनमासंत्रिपक्षकं ऊनषाण्मासिकंचोनाब्दिकं चापीतिषोडश अत्रमतांतराणिसिंधौ अथैषांकालाः मासादौमासिकंकार्यमाद्यंत्वेकादशेहनि एकद्वित्रिदिनैरूनेत्रिभागेनोनएववा ऊनमासिकमूनाब्दमूनषाण्मासिकंचरेत् त्रैपक्षिकंत्रिपक्षेचोनमास्यंद्वादशेह्निवा तत्रोनमासिकोनषाण्मासिकोनाब्दिकानामेकदिनेनोनपक्षेपंचम्यांमृतस्यतृतीयायांद्वाभ्यामूनत्वपक्षेद्वितीयायां त्रिभिर्न्यूनेप्रतिपदायामनुष्ठानमितिकेचित् माधवस्तूनषाण्मासिकमूनाब्दिकंचमृताहात्पूर्वेद्युःकार्यमित्याह त्रैपक्षिकंत्रिपक्षेतीतेमृताहेकार्यम् ॥

હવે સોળ માસિક કહે છે.

“ દરએક માસનો એક, એ રીતે બાર માસના બાર, ઊનમાસિક, ત્રૈપક્ષિક, ઊનષાણ્માસિક અને ઊનાબ્દિક મળી સોળ માસિક જાણવાં.” એ વિષે બીજા મત નિર્ણયસિંધુમાં કહ્યા છે. હવે એમના કાળ કહે છે—“ માસને પ્રથમ દિવસે માસિક કરવું, આદ્યમાસિક તો અગીયારમે દિવસે કરવું. એક, બે અથવા ત્રણ દિવસ ઓછા અથવા ત્રીજે ભાગ ઓછો એવે કાળે ઊનમાસિક, ઊનાબ્દિક તથા ઊનષાણ્માસિક કરવાં. ત્રૈપક્ષિક ત્રણ પક્ષે કરવું. અથવા ઊનમાસિક બારમે દિવસે કરવું. તેમાં ઊનમાસિક, ઊનષાણ્માસિક અને ઊનાબ્દિક એમનો ‘ એક દિવસ ઓછો ’ એવો પક્ષ હોય તો, પંચમીમાં મૃત થયલાનું તૃતીયાને દિવસે; ‘ બે દિવસ ઓછા ’ એવો પક્ષ હોય તો, બીજનો; ‘ ત્રણ દિવસ ઓછા ’ એવો પક્ષ હોય તો, એકમને દિવસે કરવાં, એમ કોઈ ગ્રંથકાર કહે છે. માધવ તો, ઊનષાણ્માસિક અને ઊનાબ્દિક, એ મૃત દિવસના પ્રથમ દિવસે કરવાં, એમ કહે છે. ત્રૈપક્ષિક કરવું તે ત્રણ પક્ષ ગયા પછી મૃત્યુદિવસે કરવું.

अत्राहिताग्नेर्विशेषः ॥ त्रैपक्षिकपर्यंतानिसंस्कारतिथौ ततःपराणिप्रत्याब्दिकंचमृततिथौतेनाधंदाहादेकादशेह्नित्रिमासादूर्ध्वसंस्कारेत्येवंभाति त्रिपक्षपर्यंतानिदाहतिथौकृत्वापराण्यतिक्रांतानिमृततिथौप्राप्तमासिकेनसहकार्याणीति ॥

એ વિષે આહિતાગ્નિનો વિશેષ પ્રકાર.—ત્રૈપક્ષિકપર્યંત માસિક (આદ્યમાસિક, ઊનમાસિક, દ્વિતીયમાસિક અને ત્રૈપક્ષિક એ) અગ્નિસંસ્કાર જે તિથિમાં થયો હોય તે તિથિમાં કરવાં, તે પછીનાં માસિક તથા પ્રત્યાબ્દિક મૃતતિથિવિષે કરવાં એવો વિશેષ છે, તેથી ત્રણ માસ પછી અગ્નિસંસ્કાર થયો હોય તો આદ્યમાસિક દાહદિવસથી અગીયારમે દિવસે કરવું એમ ભાસે છે. ત્રિપક્ષપર્યંત માસિક (ચાર) દાહતિથિને દિવસે કરી તેથી આગળનાં રહી ગયેલાં માસિકો મૃતતિથિને દિવસે પ્રાપ્ત થયલા માસિકસાથે કરવાં.

ऊनश्राद्धेषुवर्ज्यानि ॥ त्रिपुष्करेषुनंदासुसिनीवाल्यांभृगोर्दिने चतुर्दश्यांचनोनानिकृत्तिकासु द्विपुष्करे त्रिपुष्करद्विपुष्करयोगयोर्लक्षणंप्रागुक्तं आद्यमासिकमाद्याब्दिकंचैकादशेह्नीत्येकंमतं आद्यमासिकमेवैकादशेह्निप्रथमाब्दिकंतुद्वितीयवर्षारंभएवेत्यपरमतमित्युक्तम् ॥

ઊનમાસિક, ઊનષાણ્માસિક તથા ઊનાબ્દિક શ્રાદ્ધવિષે વર્જ્ય દિવસ કહે છે—“ ત્રિપુષ્કરયોગ, નંદા (૧-૬-૧૧) તિથિ, અમાવાસ્યા, શુક્રવાર, ચૌદશ, કૃત્તિકા નક્ષત્ર અને દ્વિપુષ્કર યોગનેવિષે ઊનશ્રાદ્ધ કરવાં નહીં.” દ્વિપુષ્કર તથા ત્રિપુષ્કરનાં લક્ષણ પ્રથમ કહેલાં છે. આદ્યમાસિક તથા પ્રથમાબ્દિક અગીયારમે દિવસે કરવાં એ એક મત; આદ્યમાસિકજ અગીયારમે દિવસે કરવું તથા પ્રથમાબ્દિક તો, બીજા વર્ષને આરંભેજ કરવું, એવો બીજો મત; એમ પ્રથમ કહ્યું છે.

एतानिषोडशश्राद्धानिवर्षांतसपिंडनपक्षेउक्तेषुस्वस्वकालेष्वेकोद्दिष्टविधिनाकार्याणि द्वादशाहादिकालेषुसपिंडनापकर्षपक्षेएकदिनेएवापकृष्ययुगपदेकोद्दिष्टविधिनाकार्याणि श्राद्धानिषोडशादत्वानतुकुर्यात्सपिंडनमितिषोडशश्राद्धैर्विनासपिंडनेधिकाराभावबोधनात् एतानिपक्वान्नेनामान्नेनवाकार्याणिपाकपक्षेयुगपत्करणेसर्वेषामेकएवपाकोविप्राअर्घ्याःपिंडाश्चषोडश एतानिद्वादशाहादौसपिंडनात्पूर्वंकृतान्यपिपुनःसपिंड्युत्तरंस्वस्वकालेपार्वणविधिनाकार्याणि यस्यसंवत्सरादर्वाग्विहितातुसपिंडता विधिवत्तानिकुर्वीतपुनःश्राद्धानिषोडश अर्वाक्संवत्सराद्यस्यसपिंडीकरणंकृतं षोडशानांद्विरावृत्तिंकुर्यादित्याहगौतमइत्यादिवचनात् षोडशानांद्विरावृत्तित्वंचैकादशाहसपिंडनपक्षेज्ञेयं तत्राद्यमासिकस्यकालसत्त्वात् द्वादशाहेसपिंडनपक्षेतुपंचदशानांद्विरावृत्तिः त्रिपक्षेसपिंडनपक्षेआद्यमासिकोनमासिकद्वितीयमासिकानांस्वकालेकृतत्वादपकृष्यकृतानामेवपुनरावृत्तिविधानात्तेषांकालाभावाच्चत्रयोदशानामेवपुनरावृत्तिः एवमन्यपक्षेष्वपियथासंभवमूह्यम् ॥

આ સોળ માસિકશ્રાદ્ધ, વર્ષની અંતે સપિંડીકરણનો પક્ષ છતાં પોતપોતાના કહેલા કાળવિષેજ એકોદ્દિષ્ટવિધિવડે કરવાં. બારમો દિવસ ઇત્યાદિ કાળે સપિંડીકરણનો અપકર્ષ કરવાનો પક્ષ હોય તો, એક દિવસેજ અપકર્ષ કરી એક કાળે એકોદ્દિષ્ટવિધિવડે કરવાં; કારણ, “ સોળ શ્રાદ્ધ કર્યાવિના સપિંડી કરવું નહીં ” એ વચનવડે સોળ શ્રાદ્ધ કર્યાવિના સપિંડીશ્રાદ્ધવિષે અધિકાર નથી એમ સમજવામાં

આવે છે. એ માસિક રાંધેલા અન્નવડે અથવા આમાન્નવડે કરવાં. પાક કરવાનો પક્ષ છતાં એક કાળે કરવાનાં હોય તો, સઘળાંઓમાટે એકજ પાક કરી બ્રાહ્મણ, અર્ઘ્ય તથા પિંડ એ સોળ સોળ કરવાં. એ બારમે દિવસે સપિંડીકરણની પ્રથમ કર્યાં હોય તો પણ સપિંડીકરણ પછી ફરી પોતપોતાના સમયે પાર્વણવિધિવડે કરવાં; કારણ, "જેનું સપિંડીકરણ વર્ષની પ્રથમ કર્યું તેનાં સોળ શ્રાદ્ધ ફરી યથાવિધિ કરવાં. જેનું સપિંડીકરણ વર્ષની પ્રથમ કર્યું તેનાં સોળ માસિકશ્રાદ્ધની બીજી આવૃત્તિ કરવી એમ ગૌતમ કહે છે" ઇત્યાદિક વચન છે; માટે સોળ શ્રાદ્ધની આવૃત્તિ કરવી એમ જે કહ્યું તે અગીયારમે દિવસે સપિંડીકરણના પક્ષમાં જાણવું; કારણ, તે અગીયારમો દિવસ આદ્યમાસિકનો કાળ છે. બારમે દિવસે સપિંડીકરણના પક્ષવિષે તો પંદર માસિકની બીજીવાર આવૃત્તિ કરવી. ત્રિપક્ષીને દિવસે સપિંડીકરણનો પક્ષ છતાં આદ્યમાસિક, ઊનમાસિક અને દ્વિતીયમાસિક એ પોતપોતાને કાળે કરેલાં છે માટે જે અપકર્ષ કરી કરેલાં છે તેનીજ પુનરાવૃત્તિ કરવી એવો વિધિ છે, અને તેમનો પોતપોતાનો કાળ નથી તેથી તેર માસિકશ્રાદ્ધનીજ પુનરાવૃત્તિ કરવી. એપ્રમાણે બીજા પક્ષવિષે પણ જેવો સંભવ હોય તેને અનુસારે જાણવું.

येतुद्वादशाहेसपिंडनंकृत्वात्रयोदशाहादावाद्यमासिकसहितानांषोडशानांपुनरावृत्तिंकुर्वंतितेभ्रांताः यदामरणादारभ्यद्वादशमासमध्येकश्चिदधिकमासःपतेत्तदातन्मासस्थंमासिकश्राद्धमधिकेशुद्धेमासेचेतिद्विवारंकार्यमितिसप्तदशश्राद्धानिभवंति मलमासेमृतस्यतुएकादशाहे आद्यमासिकंकृत्वाद्वितीयमासमृततिथौतत्पुनःकृत्वा किंचिदूनेद्वितीयमासेऊनमासिकं तृतीयमासारंभेद्वितीयमासिकं सार्धद्विमासांतेत्रैपक्षिकं सपिंड्युत्तराण्यवशिष्टमासिकानि स्वस्वकालएवकार्याणि चतुःपुरुषमध्येसपिंडेपुनांदीश्राद्धप्राप्तौतुतत्प्राप्तिमासेएवैकस्मिन्नेवदिनेसर्वाण्यपकृष्यकार्याणि प्रेतश्राद्धानिसर्वाणिसपिंडीकरणं तथा अपकृष्यापिकुर्वीतकर्तुंनांदीमुखंद्विजइत्युक्तेः तत्रैकःपाकःषोडशश्राद्धपक्षेषोडशब्राह्मणाअष्टचत्वारिंशत्पिंडाःपुरूरवार्द्रवविश्वेदेवार्थमेकोविप्रइतिसर्वेषामनुष्ठानं एवंपक्षांतरेषुश्राद्धसंख्यानुसारेणविप्राद्यूह्यं केचित्पाकभेदमाहुः उदकुंभश्राद्धानामप्यनुमासिकवत्प्रेतोद्देश्यकश्राद्धत्वात्तेषामप्यपकर्षइत्युक्तं वृद्धिंविनानुमासिकापकर्षेतुदोषमाहोशनाः वृद्धिश्राद्धविहीनस्तुप्रेतश्राद्धानियश्चरेत् सश्राद्धीनरकेघोरे पितृभिःसहमज्जतीति चतुःपुरुषसपिंडेष्वाधानादिप्राप्तिनिमित्तोप्यपकर्षःकार्यः अत्रविशेषःपूर्वार्धे उक्तः यद्यन्मासिकंसूतकादिनातिक्रांतंभवेत्तत्तदुत्तरमासिकेनसहतंत्रेणकार्यमित्युक्तम् ॥

જે ફરી બારમે દિવસે સપિંડીકરણ કરી તેરમે ઇત્યાદિ દિવસે આદ્યમાસિક સહિત સોળ માસિકની પુનરાવૃત્તિ કરે છે તે ભ્રાંત છે. જ્યારે મરણથી આરંભી બાર માસમાં કોઈ એક અધિક માસ પ્રાપ્ત થાય ત્યારે તે માસસંબંધી માસિકશ્રાદ્ધ અધિક તથા શુદ્ધ એ બે માસમાં બેવાર કરવું; એ રીતે સત્તર શ્રાદ્ધ થાયછે. મળમાસમાં મૃત થયો હોય તેનો તો, અગીયારમે દિવસે આદ્યમાસિક કરી બીજા માસની મૃત તિથિને દિવસે તે ફરી કરી કાંઇક ઓછો એવા બીજા મહિનામાં ઊનમાસિક, તથા ત્રીજા માસના આરંભમાં દ્વિતીયમાસિક અને અઢીમાસને અંતે ત્રિપક્ષી એપ્રમાણે કરવું. સપિંડીકરણ પછીના બાકી રહેલા માસિક પોતપોતાને કાળેજ કરવાં. સપિંડોવિષે ચાર પુરૂષમાં નાંદીશ્રાદ્ધ કરવાનું પ્રાપ્ત થયા છતાં તે નાંદીશ્રાદ્ધ જે માસમાં પ્રાપ્ત થાય તેજ માસમાં એક દિવસેજ અપકર્ષ કરી સઘળાં માસિક કરવાં; કારણ, "દ્વિજે નાંદીશ્રાદ્ધ કરવામાટે સઘળાં પ્રેતશ્રાદ્ધ અને સપિંડીશ્રાદ્ધ એ અપકર્ષ કરી કરવાં" એવું વચન છે. તેમાં સોળશ્રાદ્ધનો પક્ષ છતાં એક પાક, સોળ બ્રાહ્મણ, અડતાળીશ પિંડ, અને પુરૂરવાર્દ્રવ નામના વિશ્વેદેવામાટે એક બ્રાહ્મણ એ રીતે સઘળાં કરવાં. એપ્રમાણે બીજા પક્ષવિષે જેવી શ્રાદ્ધની સંખ્યા હોય તેને અનુસારે બ્રાહ્મણાદિક જાણવા. કોઈ ગ્રંથકાર, પાક જુદો જુદો કરવો, એમ કહે છે. ઉદકુંભશ્રાદ્ધ પણ અનુમાસિક શ્રાદ્ધનીપેઠે પ્રેતના નિમિત્તથકી કરવાનાં શ્રાદ્ધ છે માટે તેમનો પણ અપકર્ષ કરવો એમ કહે છે. વૃદ્ધિશ્રાદ્ધ વિના અનુમાસિક શ્રાદ્ધનો અપકર્ષ કરે તો, ઉશના ઋષિએ દોષ કહ્યો છે. "જે મનુષ્ય વૃદ્ધિશ્રાદ્ધ આવ્યાવિના પ્રેતશ્રાદ્ધ અપકર્ષ કરી કરે તો તે શ્રાદ્ધકર્તા પિતૃસહિત ઘોર નરકમાં બુડેછે." સપિંડોવિષે ચાર પુરૂષમાં આધાનાદિક પ્રાપ્તિના નિમિત્તથકી પણ અપકર્ષ કરવો; એવિષે વિશેષ પ્રકાર પૂર્વાર્ધમાં કહ્યો છે. જે જે માસિક સૂતકાદિકથી અટકે તો તે તે આગળ આવતા માસિકસાથે એકતંત્રે કરવું એમ કહ્યું છે.

अथसपिंडीकरणविचारः ॥ तत्रसपिंडनकालः नासपिंड्याग्निमान्पुत्रःपितृयज्ञंसमाचरेदिति वचनात् पित्रादीनांमात्रादीनांत्रितयमध्येन्यतममरणेसाग्निकोद्वादशाहेसपिंडनंकृत्वागामिदर्शेपिंडपितृयज्ञादिकंकुर्यात् अत्रस्मार्ताग्निमानपिसाग्निकोग्राह्यइतिभाति तस्यापिपिंडपितृयज्ञावश्यकत्वात् साग्नेः प्रेतस्यतुत्रिपक्षेएव प्रेतश्चेदाहिताग्निःस्यात्कर्तानग्निर्यदाभवेत् सपिंडीकरणंतस्यकुर्यात्पक्षेतृतीयके इत्युक्तेः अत्रसाग्निःश्रौताग्निमानेव द्वयोःसाग्नित्वेद्वादशाहएव साग्निकस्तुयदाकर्ताप्रेतोवाप्यग्निमान्भवेत् द्वादशाहेतदाकुर्यात्सपिंडीकरणंपितुरित्युक्तेः द्वयोरप्यनग्नित्वेत्वनेकेकालाः सपिंडीकरणंकुर्याद्यजमानस्त्वनग्निमान् अनाहिताग्नेःप्रेतस्यपूर्णेसंवत्सरेथवा एकादशेमासिषष्ठेत्रिमासेवात्रिपक्षके मासांतेद्वादशेवाह्निकुर्याद्वैकादशेहनि यदहर्वृद्धिरापन्नातदहर्वेतिनिश्चितं अत्रवृद्धिनिमित्तापकर्षोनिरग्नेरेवोक्तस्तथापि साग्नेरपिसंभवेयोज्यः अत्रवृद्धिपदंचूडोपनयनविवाहमात्रपरं सीमंतादिसंस्कारेषुवृद्धिश्राद्धस्यलोपएवकार्योनतुतदर्थंसपिंडनापकर्षइतिकेचित् अन्येतुगर्भाधानपुंसवनादिष्वन्नप्राशनांतेषुसंस्कारेष्वकरणेदोषोक्तेरावश्यकेषुवृद्धिश्राद्धस्याप्यावश्यकत्वात्सपिंडनापकर्षःकार्यएव तथाचचतुःपुरुषसपिंडेषु सपिंडीकरणाभावेगर्भाधानादिकमपिनकार्यमित्याहुः तेनपितामहमरणेपौत्रस्यवृद्धौप्राप्तायामप्यपकर्षः सपिंडीकरणानुमासिकादीनांसिद्धः एवमावश्यकवृद्धियुतकर्मप्राप्तौकनिष्ठःपुत्रोवाभ्रातावाभ्रातृपुत्रोवान्यःसपिंडोवाशिष्योवागौणकर्तापिकुलप्राप्तवृद्धिसिद्ध्यर्थंसपिंडनाद्यपकर्षंकुर्यात् तत्रचकृतेमुख्यस्यपुत्रादेर्नपुनःकरणं वृद्धिनिमित्तापकर्षेपुनःकरणाभावात् येवाभद्रंदूषयंतिस्वधाभिरितिदोषश्रुतेः वृद्धिंविना गौणाधिकारिणासपिंड्यादिकरणेतुमुख्याधिकारिणापुत्रादिनापुनरावर्तनीयं एकादशाहांतकर्मणस्तु नपुनरावृत्तिरित्युक्तं तत्रावश्यकपदेनानन्यगतिकंवृद्धिकर्मग्राह्यं तेनसगतिकेष्टापूर्तादौसगतिकोपनयनविवाहादौचनापकर्षः अगतिकेचविवाहादावप्यपकर्षइतिव्यवस्थायोज्या आनंत्यात्कुलधर्माणांपुंसांचैवायुषःक्षयात् अस्थिरत्वाच्छरीरस्यद्वादशाहःप्रशस्यते अत्रकुलधर्मपदेनवृद्धिश्राद्धयुतंकर्मग्राह्यं नतु पंचमहायज्ञदेवपूजाश्राद्धादि अस्यवर्णधर्मत्वेननित्यत्वात्सपिंडीकरणनिमित्तकप्रतिबंधायोगात् सपिंडीकरणात्पूर्वंपंचमहायज्ञादिधर्मोनकार्यइतिक्वापिस्मृतिवचनेनुपलंभाच्च एतेनसपिंडीकरणाभावेसपिंडेषुदेवपूजाश्राद्धादिधर्मलोपंवदंतोनिर्मूलत्वादुपेक्ष्याः अत्रद्वादशाहपदेनाशौचसमाप्त्युत्तरदिनंग्राह्यंतेनत्रिदिनाशौचेपंचमदिनेसपिंडीकरणंद्वादशाहादिकालेषुप्रमादादननुष्ठितं सपिंडीकरणंकुर्यात्कालेषूत्तरभाविषु इदमुत्तरकालविधानंसाग्निनिरग्निसाधारणं सपिंडीकरणश्राद्धमुक्तकालेकृतंनचेत् हस्तार्द्रारोहिणीमैत्रानुराधायांचतच्चरेत् इदमपिसाधारणं स्मृत्यर्थसारेचपातसपिंडनपक्षेवर्षांत्यदिनेपूर्वसंवत्सरविमोक्षश्राद्धंकृत्वासपिंडनंचकृत्वा परेद्युर्मृताहेवार्षिकंकार्यमित्युक्तं इतिकालविचारः ॥

હવે સપિંડીકરણનો વિચાર કહે છે.

તેમાં સપિંડીનો કાળ—“સાગ્નિક પુત્રે સપિંડીકરણ કર્યાવિના પિંડપિતૃયજ્ઞાદિક કરવા નહીં,” એવું વચન છે માટે પિતા આદિક ત્રણ તથા માતા આદિક ત્રણ એઓમાંથી કોઇએક મૃત થયા છતાં સાગ્નિકે બારમે દિવસે સપિંડીકરણ કરી આગળ આવતી અમાવાસ્યાને દિવસે પિંડપિતૃયજ્ઞાદિક કરવા. આ ઠેકાણે સાગ્નિક સ્માર્ત્તાગ્નિમાન્ પણ લેવો એમ ભાસે છે; કારણ, તેને પણ પિંડપિતૃયજ્ઞ આવશ્યક છે. સાગ્નિક મૃત થયો હોય તેનું સપિંડીશ્રાદ્ધ તો ત્રીજે પક્ષેજ કરવું; કારણ “મૃત થયેલો સાગ્નિક છતાં કર્ત્તા નિરગ્નિક હોય તો તેની સપિંડી ત્રીજે પક્ષે કરવી,” એવું વચન છે. આ ઠેકાણે સાગ્નિક એટલે શ્રૌતાગ્નિમાનજ સમજવો. મૃત થયેલો તથા કર્ત્તા એ બન્ને સાગ્નિક છતાં બારમે દિવસેજ કરવું; કારણ, “જ્યારે કર્ત્તા સાગ્નિક તથા મૃત પણ સાગ્નિક હોય ત્યારે પિતાનું સપિંડીકરણ બારમે દિવસે કરવું;” એવું વચન છે. બન્ને અગ્નિરહિત છતાં અનેક કાળ કહ્યા છે. “નિરગ્નિક કર્ત્તાએ નિરગ્નિક મૃત થયલાનું સપિંડીશ્રાદ્ધ સપૂર્ણ વર્ષની અંતે, અગીયારમા માસે, છઠે માસે, ત્રીજે માસે, ત્રીજે પક્ષે, એક માસને અંતે, બારમે દિવસે, અગીયારમે દિવસે અથવા જે દિવસે વૃદ્ધિ પ્રાપ્ત થાય તે દિવસે કરવું, એમ નિશ્ચિત જાણવું.” આ ઠેકાણે વૃદ્ધિના નિમિત્તથકી અપકર્ષ કરવાનું નિરગ્નિકનેજ કહ્યું તો પણ સાગ્નિકને પણ સંભવ છતાં જાણવું. આ વચનમાં ‘વૃદ્ધિ’ એ પદ ચૌલ, ઉપનયન અને વિવાહ એ ત્રણનેજ માટે છે, સીમંતાદિક સંસ્કારવિષે વૃદ્ધિશ્રાદ્ધનો લોપજ કરવો, પણ તેમાટે સપિંડીનો અપકર્ષ કરવો નહીં, એમ કોઇ ગ્રંથકાર કહે છે. બીજા ગ્રંથકારો તો, ગર્ભાધાન, પુંસવન ઇત્યાદિ અન્નપ્રાશનપર્યંત સંસ્કારોમાં ન કરવાથી દોષ થાય છે એમ કહે છે માટે આવશ્યક સંસ્કારોમાં વૃદ્ધિશ્રાદ્ધનું પણ આવશ્યકપણુ હોવાથી સપિંડીનો અપકર્ષ કરવોજ. તેમજ સપિંડીકરણ

થયાં ન છતાં ચાર પુરૂષપર્યંત સપિંડોમાં ગર્ભાધાનાદિક પણ કરવાં નહીં, એમ કહે છે. તેથી દાદા મૃત છતાં પોતરાને વૃદ્ધિશ્રાદ્ધ પ્રાપ્ત છતાં પણ સપિંડીકરણ તથા અનુમાસિક ઇત્યાદિકનો અપકર્ષ સિદ્ધ થાય છે. એ રીતે વૃદ્ધિશ્રાદ્ધ યુક્ત આવશ્યક કર્મ પ્રાપ્ત થયા છતાં નાનો પુત્ર, ભાઈ, ભત્રીજો, બીજો સપિંડ અથવા શિષ્ય એવા ગૌણકર્ત્તાએ પણ કુલમાં પ્રાપ્ત થયેલા વૃદ્ધિશ્રાદ્ધની સિદ્ધિમાટે સપિંડી ઇત્યાદિકનો અપકર્ષ કરવો. તે કર્યાં છતાં પુત્રાદિક મુખ્ય કર્ત્તાએ ફરી કરવું નહીં; કારણ, વૃદ્ધિનિમિત્ત અપકર્ષ કર્યાં છતાં ફરી કરવાનો અભાવ છે; કારણ, "જે સ્વધા શબ્દવડે મંગળને દૂષિત કરે છે" ઇત્યાદિ વચનમાં દોષ સંભળાય છે. વૃદ્ધિવિના ગૌણ અધિકારીએ સપિંડી ઇત્યાદિ કર્યાં છતાં તે મુખ્ય અધિકારી પુત્રાદિકોએ ફરી કરવું. અગીયારમા દિવસ પર્યંતનાં કર્મની ફરી આવૃત્તિ કરવી નહીં એમ કહ્યું છે. તેમાં આવશ્યક પદવડે અનન્યગતિક (જેની બીજી ગતિ ન હોય) એવાં વૃદ્ધિકર્મ ગ્રહણ કરવાં. તેથી સગતિક એટલે બીજે સમયે થવાનાં એવાં ઇષ્ટાપૂર્ત્તાદિક (વાવ, કુવા ઇત્યાદિકના ઉત્સર્ગાદિક) તથા સગતિક ઉપનયન વિવાહાદિક છતાં અપકર્ષ કરવો નહીં, અને અગતિક એવા વિવાહાદિક છતાં તે વિષે અપકર્ષ કરવો એવી વ્યવસ્થા જોડવી. "કુળધર્મ અપાર છે, તથા પુરૂષના આયુષ્યનો ક્ષય છે, અને શરીરને અસ્થિરપણું છે માટે બારમો દિવસ ઉત્તમ છે." એ વાક્યમાં 'કુળધર્મ' એ પદેકરી વૃદ્ધિશ્રાદ્ધયુક્ત કર્મ લેવું; પણ પંચમહાયજ્ઞ, દેવપૂજા અને શ્રાદ્ધાદિક લેવાં નહીં; કારણ, એ (પંચમહાયજ્ઞાદિક) વર્ણના ધર્મ હોવાથી નિત્ય છે એટલે તે ન કરવાથી પાપ થાય માટે નિત્ય કર્ત્તવ્ય હોવાથી સપિંડીના નિમિત્તથી તેનો પ્રતિબંધ થાય નહીં; કારણ સપિંડીકરણની પ્રથમ પંચમહાયજ્ઞાદિક ધર્મ કરવા નહીં એવું સ્મૃતિવાક્યમાં ક્યાંય પણ જોવામાં આવતું નથી, એથી સપિંડીકરણ ન થયા છતાં સપિંડોમાં દેવપૂજા, શ્રાદ્ધાદિક એ ધર્મનો લોપ કરવો, એમ કહેવાવાળાઓ મુળ ન હોવાથી ઉપેક્ષા કરવા યોગ્ય છે. આ વચનમાં 'દ્વાદશાહ' એ પદવડે આશૌચની સમાપ્તિ જે દિવસે થાય તે પછીનો દિવસ લેવો. એથી ત્રણ દિવસનું આશૌચ છતાં પાંચમે દિવસે સપિંડીકરણ કરવું. "પ્રમાદથી બારમા ઇત્યાદિ દિવસે સપિંડીકરણ કર્યું ન હોય તો આગળ આવતા કાળે કરવું." એ ઉત્તર (આવતા) કાળનું જે વિધાન કહ્યું તે સાગ્નિક તથા નિરગ્નિકને સાધારણ છે. "સપિંડીશ્રાદ્ધ કહેલા સમયે ન કર્યું હોય તો; હસ્ત, આર્દ્રા, રોહિણી અથવા અનુરાધા એ નક્ષત્રે તે કરવું," અને એ પણ સાધારણ છે. સ્મૃત્યર્થસાર ગ્રંથમાં, વર્ષની અંતે સપિંડીશ્રાદ્ધ કરવાનો પક્ષ છતાં વર્ષને છેલ્લે દિવસે અબ્દપૂર્ત્તિશ્રાદ્ધ કરી તથા સપિંડીશ્રાદ્ધ કરી બીજે દિવસે મૃત્યુ દિવસે વાર્ષિક કરવું એમ કહ્યું છે. એપ્રમાણે સપિંડીકરણના કાળનો વિચાર કહ્યો.

तच्चसपिंडनंपुत्रेविदेशस्थेपिसतिनान्यःकुर्यात् एवंज्येष्ठपुत्रेविदेशस्थेपिनकनिष्ठःकुर्यात् षोडशश्राद्धानितुज्येष्ठासन्निधानेकनिष्ठेनकार्याणि पुनर्ज्येष्ठेननकार्याणि आहिताग्निःकनिष्ठोपिसपिंडनंकुर्यादेव वृद्धिनिमित्तेतुकनिष्ठादिभिरपिसपिंडनंकार्यमित्युक्तं वृद्धिंविनाकनिष्ठपुत्रेणकृतेपिसपिंडनेज्येष्ठपुत्रेणपुनःकार्यम् आहिताग्निनापितृयज्ञार्थंकृतेसपिंडनेपिज्येष्ठेनपुनःकार्यमितिभाति तत्रपुनःकरणेप्रेतशब्दोनवाच्यः देशांतरस्थपुत्राणांश्रुत्वातुवपनंभवेत् दशाहंसूतकंचैवतदंतेचसपिंडनम् ॥

એ સપિંડન પુત્ર દેશાંતર છતાં પણ બીજાએ કરવું નહીં. એ રીતે જ્યેષ્ઠ પુત્ર દેશાંતર છતાં પણ કનિષ્ઠે કરવું નહીં. સોળ શ્રાદ્ધ તો, જ્યેષ્ઠ સમીપે ન છતાં કનિષ્ઠે કરવાં, તે ફરી જ્યેષ્ઠે કરવાં નહીં. આહિતાગ્નિ કનિષ્ઠ હોય તો તેણે પણ સપિંડન કરવું. વૃદ્ધિનું નિમિત્ત હોય તો, કનિષ્ઠાદિકે પણ સપિંડન કરવું એમ કહ્યું છે. વૃદ્ધિવિના કનિષ્ઠ પુત્રે સપિંડન કર્યાં છતાં પણ જ્યેષ્ઠ પુત્રે ફરી કરવું. આહિતાગ્નિ એવા કનિષ્ઠે પિતૃયજ્ઞમાટે સપિંડન કર્યાં છતાં પણ જ્યેષ્ઠે ફરી કરવું, એમ ભાસે છે. તે ફરી સપિંડીકરણમાં પ્રેતશબ્દ કહેવો નહીં. "દેશાંતરમાં રેહેનારા પુત્રોએ તો, સાંભળ્યા પછી વપન કરાવવું." દશ દિવસ સૂતક પાળી આશૌચની અંતે સપિંડન કરવું.

अथव्युत्क्रममृतौ ॥ मृतेपितरियस्याथविद्यतेचपितामहः तेनदेयास्त्रयःपिंडाःप्रपितामहपूर्वकाः तेभ्यश्चपैतृकःपिंडोनियोक्तव्यस्तुपूर्ववत् मातर्यथमृतायांतुविद्यतेचपितामही प्रपितामहीपूर्वस्तु कार्यस्तत्राप्ययंविधिः एवंप्रपितामहजीवनेतत्पित्रादिभिःकार्यः यत्तु व्युत्क्रमात्तुप्रमीतानांनैवकार्या सपिंडनेतितन्मातापितृभर्तृभिन्नविषयं प्रपितामहादिभिःपितुःसपिंडनेकृतेपश्चात्पितामहमरणेपिपुनः पितामहेनसहपितुःसपिंडनंकार्यं यदातुपितुःसपिंडनात्प्राक्पितामहोमृतस्तदापितामहसपिंडनंकृत्वा

पितामहादिभिःसहपितृसपिंडनंकार्यं यदाचपितुर्मरणोत्तरंपितामहःप्रपितामहोवामृतस्तयोश्चपुत्रांतरंसपिंडनाधिकारीदेशांतरेतिष्ठतितदादाहाद्येकादशाहांतमात्रंकर्मकृत्वा सपिंडनहीनाभ्यामपिपितामहप्रपितामहाभ्यांसहपितुःसपिंडनंकुर्यात् पितामहप्रपितामहयोःपुत्रांतराभावेतुपौत्रःप्रपौत्रोवातयोःसपिंडनंकृत्वैवपितुःसपिंडनंकुर्यात् पितामहस्यपुत्रांतराभावेपौत्रेणसपिंडनषोडशानुमासिकांतमेवकर्मकार्यं पितामहवार्षिकादिकंतुनावश्यकं इच्छयापितामहवार्षिकादिकरणेतुफलातिशयः ॥

હવે વ્યુત્ક્રમ (ઉલટું) મરણ છતાં કહે છે.

જેનો પિતા મૃત છતાં પિતામહ જીવતો હોય તેણે પ્રપિતામહપૂર્વક એવા ત્રણ પિંડ દેવા, તથા તે ત્રણ પિંડમાં પિતાના પિંડનું સંયોજન પ્રથમ પ્રમાણે કરવું. જેની માતા મૃત છતાં પિતામહી વિદ્યમાન હોય ત્યહાં પણ પરદાદીઆદિ લઇ એ વિધિ કરવો એટલે પ્રપિતામહીપૂર્વક એવા ત્રણ પિંડ દઇ તે ત્રણ પિંડમાં માતૃપિંડનું સંયોજન કરવું. એ પ્રમાણે પ્રપિતામહ જીવતા છતાં તેના (પ્રપિતામહના) પિતા ઇત્યાદિક સાથે સંયોજન કરવું. "ઉલટું જે મૃત થાય તેની તો સપિંડી કરવી નહીં," એવું જે કહ્યું તે તો માતા, પિતા અને પતિ વિના બીજાઓમાટે છે. પ્રપિતામહાદિક સાથે પિતાનું સપિંડન કર્યા પછી પિતામહ મૃત થયા છતાં પણ ફરી પિતામહસાથે પિતાનું સપિંડન કરવું. જ્યારે પિતાના સપિંડીકરણની પ્રથમ પિતામહ મૃત થાય ત્યારે પિતામહનું સપિંડન કરી પિતામહાદિક સાથે પિતાનું સપિંડન કરવું. જ્યારે પિતા મૃત થયા પછી પિતામહ અથવા પ્રપિતામહ મૃત થાય અને સપિંડી કરવાનો અધિકારી એવો તેનો બીજો પુત્ર દેશાંતરમાં બેઠો હોય ત્યારે દાહથકી અગીયારમા દિવસપર્યંતનું માત્ર કર્મ કરી, જો સપિંડીરહિત પિતામહ અથવા પ્રપિતામહ છે તો પણ તે સાથે પિતાનું સપિંડન કરવું. પિતામહ અથવા પ્રપિતામહને બીજો પુત્ર ન હોય તો પોતરો અથવા પડપોતરો તેણે તેમનુ સપિંડન કરીનેજ પિતાનું સપિંડન કરવું. પિતામહને બીજો પુત્ર ન છતાં પોતરાએ સપિંડીકરણ તથા સોળ અનુમાસિકપર્યંતજ કર્મ કરવું, પિતામહનું વાર્ષિકાદિક તો અવશ્ય નથી. ઇચ્છાથી પિતામહનું વાર્ષિકાદિક કરે તો અધિક ફળ છે.

पितृदशाहंकुर्वन्यदिपुत्रोमृतस्तदातत्पुत्रः स्वपितुरौर्ध्वदेहिकंकृत्वापितामहौर्ध्वदेहिकंपुनः सर्वमावर्तयेत् अतीतेदशाहेतुनपुनरावृत्तिः पुत्रांतराभावेपितामहसपिंडनोत्तरंपितृसपिंडनमित्युक्तं अशक्तिवशात्पित्रानुज्ञातेनपौत्रेणपितामहदशाहकर्मण्यारब्धेपश्चात्पितृमृतौपित्राशौचंवहन्नेवपौत्रःपितामहौर्ध्वदेहिकंकुर्यात् प्रक्रांतत्वात्पितृदशाहादिकर्मापिकुर्यात्प्राप्तत्वात् ॥

પિતાના દશ-દિવસનું કર્મ કરતો જો પુત્ર મૃત થાય તો ત્યારે તેના દીકરાએ પોતાના પિતાનું અંત્યકર્મ કરી પિતામહનું અંત્યકર્મ સઘળું ફરી કરવું. દશમો દિવસ વ્યતિત થઈ ગયો હોય તો ફરી આવૃત્તિ કરવી નહીં. બીજો પુત્ર ન છતાં પિતામહની સપિંડી કર્યા પછી પિતાની સપિંડી કરવી એમ કહ્યું. સામર્થ્ય ન હોવાથી પિતાએ આજ્ઞા આપેલી એવા પોતરાએ પિતામહનું દશ દિવસનું કર્મ આરંભ્યા છતાં પછી પિતા મૃત થયો હોય તો પિતાનું આશૌચ પાળતાંજ પોતરાએ પિતામહનું અંત્યકર્મ કરવું; કારણ, તેનો આરંભ થયો છે. પિતાના દશ દિવસનું ઇત્યાદિક કર્મ પણ કરવું; કારણ તે કરવાનું પ્રાપ્ત છે.

अथस्त्रीपृच्यते ॥ पितामह्यादिभिःसार्धंमातरंतुसपिंडयेत् केचित्पितृमरणोत्तरंमातृमरणेपित्रैवसहमातृसपिंडनमाहुः दौहित्रःसपिंडनकर्ताचेन्मातामहेनसहसपिंडनमित्यपरे सहगमनेतुभर्त्रैवसहसपिंडनं येनकेनापिसपिंडनेप्यन्वष्टक्यप्रतिवार्षिकादिश्राद्धेषुपितामह्यादिभिःसहैवमातुःपार्वणंकार्यं अत्रकेचित्स्वपुत्रसपत्नीपुत्रयोःपत्युश्चाभावेस्त्रीणांसपिंडनंनास्तीत्याहुः अत्रान्वारोहणेभर्त्रासहपत्नीसंयोजनमितिपक्षेमतद्वयं पितृपिंडस्यपितामहादिषुत्रिषुसंयोजनंप्रथमंकृत्वापश्चान्मातृपिंडंपितामह्यादिषुसंयोजयेदित्येकः प्रथमंमातृपिंडंपित्रैवसंयोज्यमातृपिंडेनैकीकृतंपितृपिंडंपितामहादिषुसंयोजयेदित्यपरःपक्षः अत्रद्वितीयपक्षएवयुक्तः ॥

હવે સ્ત્રીવિષે વિશેષ કહે છે.

"માતાની સપિંડી પિતામહી ઇત્યાદિક સાથે કરવી." કોઇ ગ્રંથકાર, પિતા મૃત થયા પછી માતા મૃત થયા છતાં પિતાની સાથેજ માતાનું સપિંડન કરવું એમ કહે છે. જો દોહિત્રો સપિંડનકર્તા હોય

તો તેણે માતામહસાથે સપિંડન કરવું, એમ બીજા ગ્રંથકાર કહે છે. સહગમન હોય તો પતિની સાથેજ સપિંડન કરવું. જે કોઇની સાથે સપિંડન કર્યું હોય તો પણ અન્વષ્ટક્ય અને પ્રતિસાંવત્સરિક ઇત્યાદિક શ્રાદ્ધવિષે પિતામહી ઇત્યાદિક સાથેજ માતાનું પાર્વણ કરવું. આ ઠેકાણે કોઇ ગ્રંથકાર, પોતાનો પુત્ર, શોકનો પુત્ર અને પતિ એમાંથી કોઇપણ ન છતાં સ્ત્રીનું સપિંડન નથી એમ કહે છે. આ ઠેકાણે અન્વારોહણ (સહગમન) છતાં ' પતિની સાથે સ્ત્રીનું સપિંડન ' એ પક્ષવિષે બે મતં છે– પિતાના પિંડનું, પિતામહાદિક ત્રણમાં પ્રથમ સંયોજન કરી પછી માતાના પિંડનું પિતામહાદિકવિષે સંયોજન કરવું, એવો એક પક્ષ. પ્રથમ માતાનો પિંડ પિતાના પિંડ સાથે સંયુક્ત કરી માતાના પિંડસાથે મેળવેલો પિતાનો પિંડ પિતામહાદિકવિષે સંયુક્ત કરવો, એ બીજો પક્ષ. આ બે પક્ષમાં બીજો પક્ષજ યોગ્ય છે.

केचित्सहगमनेएकदिनमरणेवास्त्रियाःसपिंडनंनास्ति भर्तुःकृतेसपिंडनेभार्यायाअपिकृतंभवतीतिमतांतरमाहुः सर्वाभावेस्वयंपत्न्यःस्वभर्तृणाममंत्रकं सपिंडीकरणंकुर्युस्ततःपार्वणमेवच ब्रह्मचारिणामनपत्यानांचव्युत्क्रममृतानांचसपिंडनंनकार्यमितिमतांतरं अत्रसर्वत्रसपिंडनाभावपक्षोनशिष्टाचारे दृश्यते यतीनांसपिंडीकरणंनास्तिकिंतुतत्स्थानेएकादशेह्निपार्वणंकार्यं इदंसपिंडीकरणश्राद्धंपार्वणैकोद्दिष्टरूपंतेनपितामहादित्रयार्थंत्रयोविप्राअर्घ्याःपिंडाश्चत्रयः प्रेतार्थमेकोविप्रःपिंडोर्घ्यश्च देवार्थंद्वौ यद्वापार्वणेएकःप्रेतेएकःदेवार्थमेकोविप्रः अत्रकामकालौविश्वेदेवौ प्रेतस्यपित्रादेरर्घ्यपात्रंपितामहार्घ्यपात्रत्रयेसंयोज्यं एवंप्रेतपिंडोपिपितामहादिपिंडत्रयेसंयोज्यः पितृविप्रकरेहोमःसाग्नेरपिभवेदिह सपिंडीकरणश्राद्धमन्नेनैवकार्यंनत्वामादिना अनुमासिकान्यप्यन्नेनैवकार्याणि ॥

કોઇ ગ્રંથકાર, સહગમન છતાં અથવા એક દિવસે સ્ત્રીપુરૂષ મૃત છતાં સ્ત્રીનું સપિંડન કરવું નહીં, પતિનું સપિંડન કર્યો છતાં સ્ત્રીનું પણ સપિંડન કર્યું એમ થાય છે એ રીતે બીજો મત કહે છે. "સઘળાઓનો[1] અભાવ છતાં સ્ત્રીએ પોતાના પતિનું સપિંડન મન્ત્રરહિત કરવું; અને સપિંડી પછી પાર્વણશ્રાદ્ધજ કરવું," બ્રહ્મચારી સંતાન રહિત અને વ્યુત્ક્રમમૃત (પુત્ર પછી પિતા મૃત ઇત્યાદિ) એનું સપિંડન કરવું નહી, એમ બીજો મત છે. આ સઘળે ઠેકાણે સપિંડન ન કરવાનો પક્ષ શિષ્ટાચારમાં દેખાતો નથી. સંન્યાસિઓનું સપિંડન કરવું નહીં, ત્યારે સપિંડીને ઠેકાણે અગીયારમે દિવસે પાર્વણશ્રાદ્ધ કરવું. એ સપિંડીશ્રાદ્ધ પાર્વણ તથા એકોદ્દિષ્ઠ એવા બે પ્રકારનું છે તેથી પિતામહાદિક ત્રણમાટે ત્રણ બ્રાહ્મણ અને અર્ઘ્ય પિંડ પણ ત્રણ છે. પ્રેતમાટે એક બ્રાહ્મણ, એક પિંડ તથા એક અર્ઘ્ય. દેવમાટે બે બ્રાહ્મણ જોઇએ. અથવા પાર્વણવિષે એક, પ્રેતમાટે એક અને દેવમાટે એક બ્રાહ્મણ, એ પ્રમાણે કહેવા. આ સપિંડીશ્રાદ્ધમાં કામકાળ વિશ્વેદેવા લેવા. પિત્રાદિક પ્રેતનું અર્ઘ્યપાત્ર પિતામહાદિકનાં ત્રણ અર્ઘ્યપાત્રમાં સંયોજન કરવું. એ રીતે પ્રેતનો પિંડ પણ પિતામહાદિક ત્રણના ત્રણ પિંડમાં મેળવવો. "આ સપિંડીશ્રાદ્ધમાં પિતૃ ઠેકાણે જે બ્રાહ્મણ તેના હાથ ઉપર સાગ્નિકે પણ હોમ કરવો." સપિંડીશ્રાદ્ધ અન્નવડેજ કરવું, આમાન્ન (કાચા અન્ન) ઇત્યાદિકવડે કરવું નહી. અનુમાસિકશ્રાદ્ધ પણ અન્નવડેજ કરવાં.

प्रेतःसपिंडनादूर्ध्वंपितृलोकंसगच्छति कुर्यात्तस्यचपाथेयंद्वितीयेह्निसपिंडनादितिवचनात् त्रयोदशेह्निपाथेयश्राद्धंकृत्वापुण्याहवाचनादिकंकृत्वावर्षपर्यंतंप्रत्यहमुदकुंभश्राद्धंकुर्यात् अशक्तौमासिकश्राद्धेष्वेकोदकुंभोदेयः सपिंडनोत्तरानुमासिकानांपार्वणविधिनानुष्ठानं वृद्धिप्राप्तौतेषामप्यपकर्षः सच चतुःपुरुषसपिंडेष्वेवेत्युक्तं एवंवर्षपर्यंतंकृत्वावर्षांत्यदिनेसंवत्सरविमोक्षश्राद्धंपार्वणविधिनाकार्यं इदमेवाब्दपूर्तिश्राद्धमित्यप्युच्यते वृद्धिश्राद्धेसपिंड्यांचप्रेतश्राद्धानुमासिके संवत्सरविमोकेचनकुर्यात्तिलतर्पणं इदमूनाब्दिकांतषोडशश्राद्धेभ्योभिन्नमेव अतएवास्यप्रेतश्राद्धत्वाभावाद्वृद्धिप्राप्तावपिनापकर्षः ततोवर्षांत्यदिनेशक्त्याभूरिब्राह्मणभोजनंचकार्यमित्यंत्येष्टिपद्धतौभट्टाः युक्तंचैतत् जीवतोवाक्यकरणात्प्रत्यब्दंभूरिभोजनात् गयायांपिंडदानाच्चत्रिभिःपुत्रस्यपुत्रतेतिवाक्येनभूरिभोजनपदेन प्रत्याब्दिकश्राद्धातिरिक्तस्यैवबहुविप्रभोजनस्यविहितत्वात् श्राद्धेकुर्यान्नविस्तरमितिनिषेधाच्छ्राद्धस्यभूरिभोजनपदाभिधेयत्वासंभवात् ॥

"મૃત થયલો તે સપિંડી થયા પછી પિતૃલોક પ્રત્યે જાય છે; માટે સપિંડીને બીજે દિવસે એનું

---

[1] ઔરસ, દત્તક, પૌત્ર અને પ્રપૌત્ર એ ન છતાં.

પાથેયશ્રાદ્ધ કરવું;" એવું વચન છે તેની તેરમે દિવસે પાથેયશ્રાદ્ધ કરી પુણ્યાહવાચનાદિક કરવું, પછી વર્ષપર્યંત નિત્ય ઉદકુંભશ્રાદ્ધ કરવું. નિત્ય કરવાનું સામર્થ્ય ન છતાં માસિકશ્રાદ્ધને દિવસે એક ઉદકુંભ દેવો. સપિંડી થયા પછી અનુમાસિકશ્રાદ્ધ પાર્વણવિધિવડે કરવાં, તથા વૃદ્ધિશ્રાદ્ધ પ્રાપ્ત છતાં તેનો પણ અપકર્ષ કરવો. તે અપકર્ષ, ચાર પુરૂષપર્યંત સપિંડવિષેજ, એમ કહ્યું છે. એ રીતે વર્ષપર્યંત કરી વર્ષને છેલ્લે દિવસે સંવત્સરવિમોક્ષશ્રાદ્ધ પાર્વણવિધિવડે કરવું. એ સંવત્સરવિમોક્ષશ્રાદ્ધજ અબ્દપૂર્તિશ્રાદ્ધ એમ પણ કહેવાય છે. "વૃદ્ધિશ્રાદ્ધ, સપિંડીશ્રાદ્ધ, પ્રેતશ્રાદ્ધ, અનુમાસિક અને સંવત્સરવિમોક એમનેવિષે તિલતર્પણ કરવું નહીં." ઊનાબ્દિકપર્યંત સોળ શ્રાદ્ધથી એ અબ્દપૂર્તિશ્રાદ્ધ જુદુંજ છે માટે એ પ્રેતશ્રાદ્ધ ન હોવાથી વૃદ્ધિપ્રાપ્ત છતાં પણ એ અબ્દપૂર્તિશ્રાદ્ધનો અપકર્ષ કરવો નહીં. પછી વર્ષને છેલ્લે દિવસે શક્તિને અનુસારે બહુ બ્રાહ્મણોને ભોજન કરાવવું, એ રીતે અંત્યેષ્ટિપદ્ધતિમાં ભટ્ટ કહે છે, અને એ યોગ્ય છે; કારણ, "પિતા જીવતાં છતાં તેનું આજ્ઞાવચન માનવું, વાર્ષિકશ્રાદ્ધે ઘણા બ્રાહ્મણ જમાડવા, અને ગયામાં પિંડદાન કરવું, એ ત્રણ કાર્ય કરવાથી પુત્રનું પુત્રપણું છે," એ વાક્યે કરી "ભૂરિભોજન" એ પદવડે વાર્ષિકશ્રાદ્ધથી જુદાજ ઘણા બ્રાહ્મણોને જમાડવા એમ કહ્યું છે, "શ્રાદ્ધમાં વિસ્તાર કરવો નહીં," એવો નિષેધ છે માટે ભૂરિભોજ પદનો અર્થ શ્રાદ્ધ એમ માનવામાં સંભવ નથી.

अथप्रथमाब्देनिषिद्धानि ॥ मातापित्रोर्मरणेवर्षपर्यंतंपरान्नंगंधमाल्यादिभोगंमैथुनमभ्यंगस्नानंचवर्जयेत् ऋतौभार्यामुपेयादेव आर्त्विज्यंलक्षहोममहादानादिकाम्यकर्माणितीर्थयात्राविवाहादिवृद्धिश्राद्धयुतंकर्ममात्रंशिवपूजांचवर्जयेत् संध्योपासनदेवपूजापंचमहायज्ञातिरिक्तकर्ममात्रंवर्ज्यं प्रमीतौपितरौयस्यदेहस्तस्याशुचिर्भवेत् नदैवंनापिवापित्र्यंयावत्पूर्णोनवत्सरइतिकेचित् महातीर्थस्यगमनमुपवासव्रतानिच सपिंडीश्राद्धमन्येषांवर्जयेद्वत्सरंबुधः अस्यापवादः पत्नीपुत्रस्तथापौत्रोभ्रातातत्तनयःस्नुषा मातापितृव्यश्चैतेषांमहागुरुनिपातने कुर्यात्सपिंडनंश्राद्धंनान्येषांतुकदाचन एकादशाहपर्यंतंप्रेतश्राद्धंचरेत्सदा पित्रोर्मृतौचनान्येषांकुर्याच्छ्राद्धंतुपार्वणं गयाश्राद्धंमृतानांतुपूर्णेत्वब्देप्रशस्यते गारुडे तीर्थश्राद्धंगयाश्राद्धंश्राद्धमन्यच्चपैतृकं अब्दमध्येनकुर्वीतमहागुरुविपत्तिषु केचिद्वर्षांतसपिंडनपक्षएवैतेसर्वेनिषेधा नतुद्वादशाहसपिंडनपक्षइत्याहुः अपरेतुद्वादशाहसपिंडनपक्षेपिसर्वएतेनिषेधाइत्याहुः अत्रैवंव्यवस्था वृद्धिप्राप्तिंविनाऽर्वाक्सपिंडनापकर्षेपिप्रेतस्यपितृत्वप्राप्तिर्वर्षांतएव कृतेसपिंडीकरणेनरःसंवत्सरात्परं प्रेतदेहंपरित्यज्यभोगदेहंप्रपद्यतइत्यादिवचनात् तेनसपिंडीकरणसत्त्वेपिवृद्धिदैवपित्र्येष्वनधिकारः वृद्धिनिमित्तापकर्षेतुवृद्ध्यादावधिकारइति अतएवकालतत्त्वनिर्णये संकटादौमृतपितृकापत्यानांसंस्काराभ्युदयिकं मृतमातापितृकेणपुत्रेणस्वापत्यसंस्कारादिकंचप्रथमाब्देपिकार्यमित्युक्तं दर्शमहालयादिश्राद्धस्यनित्यतर्पणस्यचाप्येवमेवव्यवस्थाज्ञेया ॥

હવે પ્રથમ વર્ષમાં નિષિદ્ધ કહે છે.

માતા, પિતા મૃત થયા છતાં વર્ષપર્યંત પારકું અન્ન, ગંધ પુષ્પાદિ ભોગ, મૈથુન અને અભ્યંગસ્નાન એ વર્જ્ય કરવાં. ઋતુકાળે સ્ત્રીગમન કરવુંજ, ઋત્વિજનું કર્મ, લક્ષહોમ, મહાદાન ઇત્યાદિ કામ્યકર્મ, તીર્થયાત્રા વિવાહાદિક વૃદ્ધિશ્રાદ્ધયુક્ત સઘળાં કર્મ અને શિવપૂજા એ વર્જ્ય કરવાં. સંધ્યા, સાયંપ્રાતર્હોમ, દેવપૂજા અને પંચમહાયજ્ઞ વિના બીજાં સઘળાં કર્મ વર્જ્ય કરવાં. "જેનાં માતા, પિતા મૃત થયાં હોય તેનું દેહ વર્ષપર્યંત અપવિત્ર રહેછે માટે તેણે કોઈ પણ દેવકર્મ તથા પિત્ર્યકર્મ કરવું નહીં," એમ કોઈ ગ્રંથકાર કહે છે. "મ્હોટા તીર્થની યાત્રા, ઉપવાસ, વ્રત અને બીજાનું સપિંડીશ્રાદ્ધ એ જ્ઞાતા પુરૂષે વર્ષપર્યંત વર્જ્ય કરવા." એનો અપવાદ—"માતા, પિતા મૃત છતાં સ્ત્રી, પુત્ર, પોતરો, ભાઈ, ભત્રીજો, પુત્રની સ્ત્રી, માતા અને કાકો એમનું સપિંડન કરવું. બીજાઓનું ક્યારે પણ કરવું નહી. અગીયારમા દિવસપર્યંતનાં પ્રેતશ્રાદ્ધ સર્વકાળ કરવા. માતા, પિતા મૃત છતાં બીજાનું પાર્વણશ્રાદ્ધ તો કરવું નહીં. મરનારાનું ગયાશ્રાદ્ધ તો વર્ષ પૂરૂં થયા પછી ઉત્તમ છે." ગરુડપુરાણમાં—"તીર્થશ્રાદ્ધ, ગયાશ્રાદ્ધ અને બીજા પિતૃના શ્રાદ્ધ એ માતા પિતા મૃત છતાં વર્ષમાં કરવા નહી." કોઈ ગ્રંથકાર તો, વર્ષની અંતે સપિંડન કરવાનો પક્ષ છતાંજ એ સઘળા નિષેધ પાળવાના છે, બારમે દિવસે સપિંડન કરવાના પક્ષમાં નથી, એ રીતે કહે છે. બીજા ગ્રંથકારો તો, બારમે દિવસે સપિંડન કરવાનો પક્ષ છતાં પણ એ સઘળા નિષેધ છેજ, એમ કહે છે.

---

[१] वृद्धिनिमित्तापकर्षेदर्शादिकमाभ्युदयिकंचवार्यं इच्छयासपिंड्यपकर्षेदर्शादिकवर्षांतेकार्यमितिव्यवस्थेत्यर्थः ॥

આ વિષે એવી' વ્યવસ્થા—વૃદ્ધિ પ્રાપ્તિ વિના પ્રથમથીજ સપિંડનનો અપકર્ષ કર્યા છતાં પણ પ્રેતને પિતૃપદવીની પ્રાપ્તિ થવી તે વર્ષની અંતેજ થાય; કારણ, "સપિંડીકરણ કર્યા છતાં મનુષ્ય વર્ષે પછી પ્રેતદેહનો ત્યાગ કરી ભોગદેહને પામે છે" ઇત્યાદિ વચન છે, તેથી સપિંડન કર્યા છતાં પણ 'વૃદ્ધિ નામનું દૈવકર્મ તથા પિત્ર્યકર્મ એમાં અધિકાર નથી. વૃદ્ધિના નિમિત્તથકી અપકર્ષ કર્યો હોય તો વૃદ્ધિ ઇત્યાદિ કર્મવિષે અધિકાર છે. માટેજ કાલતત્વનિર્ણયમાં, સંકટાદિક છતાં, જેનો પિતા મુવો એવાં બાળકોના સસ્કારરૂપ મંગળકાર્ય તથા જેનાં માતા પિતા મૃત્યુ પામેલાં હોય એવા પુત્રે પોતાનાં બાળકોના સસ્કારાદિક, પ્રથમ વર્ષમાં પણ કરવા, એમ કહ્યું છે. દર્શ મહાલય ઇત્યાદિ શ્રાદ્ધ તથા નિત્યતર્પણ એમની પણ એવીજ[૧] વ્યવસ્થા જાણવી.

अथविधानानि ॥ तत्रपंचकमृतौ पंचकंनामधनिष्ठोत्तरार्धमारभ्यरेवत्यंतंसार्धनक्षत्रचतुष्टयंतत्र दाहनिषेधाद्दर्भमयपुत्तलैर्यवपिष्टानुलिप्तैःपंचोर्णासूत्रवेष्टितैःसहशवंदहेत् तत्रतिथ्यादिसंकीर्त्यामुकस्य धनिष्ठापंचकादिमरणसूचितवंशारिष्टविनाशार्थंपंचकविधिंकरिष्यइतिसंकल्प्योक्तविधाःप्रतिमा नक्षत्रमंत्रैरभिमंत्र्यगंधपुष्पैःसंपूज्यदाहसमयेप्रेतोपरिन्यसेत् प्रथमांशिरसि द्वितीयांनेत्रयोः तृतीयांवामकुक्षौ चतुर्थींनाभौ पंचमींपादयोः तदुपरिनाममंत्रैर्घृताहुतीर्जुहुयात् तत्रनामानिक्रमेण प्रेतवाहःप्रेतसखःप्रेतपःप्रेतभूमिपः प्रेतहर्ताचेति ततउदकंदत्वा यमायसोमंत्र्यंबकमितिमंत्राभ्यांप्रत्येकंप्रतिमास्वाज्याहुतीर्जुहुयात् ततःप्रेतमुखेपंचरत्नंदत्वापुत्तलैःसहप्रेतंदहेत् सूतकांतेतिलहेमघृतानिदत्वाकांस्यपात्रेतैलंप्रक्षिप्यतत्रात्मप्रतिबिंबंवीक्ष्यविप्रायदद्यात् शांतिंचकुर्यात् ॥

હવે વિધાનો કહે છે.

તેમાં પંચકમાં મૃત છતાં કરવાનો વિધિ—પંચક એટલે ધનિષ્ઠાના ઉત્તરાર્ધથી આરંભ કરી રેવતીના અંતપર્યંત એ સાડાચાર નક્ષત્ર તે; તે પંચકમાં દાહનો નિષેધ છે માટે દર્ભનાં પુતળા કરી તેને યવનો લોટ લીપી તથા પાંચગુણા ઉનના સૂત્રવડે વીંટી તેની સાથે શબનો દાહ કરવો. તેવિષે તિથિ ઇત્યાદિકનો ઉચ્ચાર કરી "अमुकस्य धनिष्ठापंचकादिमरणसूचितवंशारिष्टविनाशार्थं पंचकविधिं करिष्ये," એવો સંકલ્પ કરી કહેલી રીતે બનાવેલી પ્રતિમાઓ નક્ષત્રોના મંત્રોવડે મંત્રી ચંદન પુષ્પવડે-પૂજા કરી દાહસમયે તે પ્રેત ઉપર રાખવી. પહેલી મસ્તક ઉપર, બીજી નેત્ર ઉપર, ત્રીજી ડાબી કુખ ઉપર, ચોથી નાભી ઉપર, અને પાંચમી પગ ઉપર, એ રીતે રાખી તે પ્રતિમાઓ ઉપર નામમંત્રવડે ઘૃતની આહુતિ હોમવી. તેઓનાં ક્રમે કરીને નામ—"प्रेतवाहः, प्रेतसखः, प्रेतपः, प्रेतभूमिपः, प्रेतहर्ता," એ પ્રમાણે જાણવાં. પછી જળ દઈ "यमाय सोमं०, त्र्यंबकं०" એ બે મંત્રવડે એક એક પ્રતિમા ઉપર ઘૃતની આહુતિ હોમવી. પછી પ્રેતના મુખમાં પંચરત્ન નાંખી પુતળાંસહિત પ્રેતનો દાહ કરવો. સૂતકને અંતે તિલ, સોનું અને ઘૃતનું દાન કરી કાંસાના પાત્રમાં તેલ નાંખી તેમાં પોતાનું મુખ જોઈ બ્રાહ્મણને તેનું દાન દેવું; અને શાંતિ પણ કરવી.

अत्रायंविशेषः ॥ नक्षत्रांतरेमृतस्यपंचकेदाहप्राप्तौपुत्तलविधिरेवनशांतिकं पंचकमृतस्याश्विन्यांदाहप्राप्तौशांतिकमेवनपुत्तलविधिः शांतिश्चलक्षहोमरुद्रजपान्यतररूपायथाविभवंकार्या अथवाकुंभेयमप्रतिमांसंपूज्य स्वगृह्योक्तविधिनाग्निप्रतिष्ठापनान्वाधानादिचरुश्रपणांतंकृत्वाज्यभागांतेनामभिश्चतुर्दशचर्वाहुतीर्जुहुयात् यमायस्वाहा १ धर्मराजाय० २ मृत्यवे० ३ अंतकाय० ४ वैवस्वताय० ५ कालाय० ६ सर्वभूतक्षयाय० ७ औदुंबराय० ८ दध्नाय० ९ नीलाय० १० परमेष्ठिने० ११ वृकोदराय० १२ चित्राय० १३ चित्रगुप्ताय० १४ एवंहुत्वाहोमशेषंसमाप्य कृष्णांगांकृष्णवस्त्रांचहेमनिष्कसमन्वितां दद्याद्विप्रायशांताययमोमेप्रीयतामिति ॥

એમાં આટલો વિશેષ—બીજા નક્ષત્રમાં મૃત થયેલાનો દાહ પંચકમાં પ્રાપ્ત થાય તો પુત્તલવિધિ કરવો; શાંતિ કરવી નહિ. પંચકમાં મૃત થયેલાનો દાહ અશ્વિની નક્ષત્રમાં પ્રાપ્ત થયા છતાં શાંતિજ કરવી, પુત્તલવિધિ કરવો નહીં. શાંતિ કરવી તે લક્ષહોમ અથવા રુદ્રજપ એમાંથી કોઈ એક યથાશક્તિ કરવી. અથવા કલશની ઉપર યમની પ્રતિમાનું પૂજન કરી પોતાના ગૃહ્યસૂત્રમાં કહેલા

---

[૧] વૃદ્ધિના નિમિત્તથી અપકર્ષ કર્યો છતાં દર્શાદિક, તથા નાંદીશ્રાદ્ધ એ શ્રાદ્ધ કરવાં. ઇચ્છાથી સપિંડનનો અપકર્ષ કર્યો હોય તો, દર્શાદિક વર્ષની અંતે કરવાં એવી વ્યવસ્થા, એવો અર્થ જાણવો.

વિધિપ્રમાણે અગ્નિસ્થાપન, અન્વાધાન, ઇત્યાદિ ચરુ રાંધવાપર્યંત કર્મ કરી આજ્યભાગપર્યંત કર્મ કર્યા પછી નામમંત્રવડે ચરુની ચૌદ આહુતિ હોમવી. નામમંત્ર—"यमायस्वाहा १, धर्मराजाय० २, मृत्यवे० ३, अंतकाय० ४, वैवस्वताय० ५, कालाय० ६, सर्वभूतक्षयाय० ७, औदुंबराय० ८, दध्नाय० ९, नीलाय० १०, परमेष्ठिने० ११, वृकोदराय० १२, चित्राय० १३, चित्रगुप्ताय० १४," એ પ્રમાણે હોમ કરી હોમશેષ સમાપ્ત કરી "कृष्णां गां कृष्णवस्त्रां च, हेमनिष्कसमन्वितां ॥ दद्याद्विप्राय शांताय, यमो मे प्रीयतामिति" એ મંત્રવડે ગોદાન કરવું.

त्रिपादृक्षेप्येतदेवशांतिकं यदिभद्रातिथीनांस्याद्रवुभौमशनैश्चरेः त्रिपादृक्षैश्चसंयोगस्तदायोगस्त्रिपुष्करः द्विपुष्करोद्वयोर्योगेथवायंस्याद्द्विपादभैः त्रिद्विपादनक्षत्राणितु पुनर्वसूत्तराषाढाकृत्तिकोत्तरफल्गुनी पूर्वाभाद्राविशाखाचज्ञेयमेतत्त्रिपादभं मृगचित्राधनिष्ठाचज्ञेयमेतद्द्विपादभं त्रिपुष्करयोगेद्विपुष्करयोगेचमृतौकृच्छ्रत्रयंप्रायश्चित्तंकृत्वायवपिष्टमयपुरुषत्रयेणसहप्रेतदाहः पुरुषत्रयस्यप्रेतेन्यासआज्याहुतयश्चपूर्ववत् कनकहीरकनीलपद्मरागमौक्तिकेतिपंचरत्नस्यमुखेप्रक्षेपोपि रत्नाभावेकर्षार्धस्वर्णं स्वर्णाभावेघृतं एवंपूर्वत्रापि दहनेमरणेत्रिद्विपुष्करेत्रिगुणंफलंद्विगुणं खननेप्येवमेतद्दोषोपशांतये सुवर्णदक्षिणां दद्यात्कृष्णवस्त्रमथापिवा शांतिंकुर्यात्सूतकांतेपूर्वोक्तांतेनमंगलम् ॥

ત્રિપાદ નક્ષત્રવિષે પણ એજ શાંતિ કરવી. "જો ભદ્રા તિથિ (બીજ, સાતમ, બારસ)માં રવિ, ભૌમ, શનિવાર, અને ત્રિપાદ નક્ષત્ર એમનો યોગ હોય તો ત્રિપુષ્કરયોગ થાય. બેનો યોગ હોય તો દ્વિપુષ્કર યોગ થાય, અથવા દ્વિપાદ નક્ષત્રનો યોગ હોવાથી દ્વિપુષ્કર થાય." ત્રિપાદ નક્ષત્ર તો—પુનર્વસુ, ઉત્તરાષાઢા, કૃત્તિકા, ઉત્તરાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદા અને વિશાખા એ ત્રિપાદ નક્ષત્ર છે, મૃગ, ચિત્રા અને ધનિષ્ઠા એ દ્વિપાદ નક્ષત્ર છે. ત્રિપુષ્કરયોગ તથા દ્વિપુષ્કરયોગમાં મરણ પ્રાપ્ત થયા છતાં ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી યવના લોટના ત્રણ પુરૂષ કરી તેની સાથે પ્રેતનો દાહ કરવો. ત્રણ પુતલાં પ્રેત ઉપર રાખવાં તથા ઘૃતની આહુતી દેવી તે પ્રથમપ્રમાણે કરવું. સુવર્ણ, હીરો, નીલમણિ, માણિક અને મોતી એ પચરત્ન પણ મોઢામાં નાંખવાં. રત્નનો અભાવ છતાં અર્ધ તોલું સુવર્ણ; સુવર્ણ ન હોય તો ઘૃત નાંખવું. એ રીતે પ્રથમ પણ કરવું. "ત્રિપુષ્કર, દ્વિપુષ્કર યોગમાં મરણ છતાં ત્રિગુણું, બમણું ફળ થાય છે, તથા ખનન કર્યા છતાં પણ એવુંજ ફળ થાય છે" એ દોષની શાંતિ હોવા માટે સુવર્ણદક્ષિણા દેવી, અથવા કાળા વસ્ત્રનું દાન કરવું. સૂતકને અંતે પ્રથમ કહેલી શાંતિ કરવી, તેથી મંગળ કાર્ય થાય.

मृतस्यस्मशानेनयनोत्तरंपुनर्जीवनेसतियस्यगृहेसप्रविशतितस्यमरणं तत्रसक्षीरघृताक्तौदुंबरसमिधांसावित्र्यष्टसहस्रेणहोमः अंतेकपिलादानंतिलपूर्णकांस्यपात्रदानंच एकाशीतिपलंकांस्यंतदर्धंवातदर्धंवा नवषट्त्रिपलंवापिदद्याद्विप्रायशक्तितः ॥

મરનારને સ્મશાનમાં લઈ ગયા પછી તે ફરી જીવતો થયા છતાં જેના ઘરમાં પ્રવેશ કરે તેને મરણ પ્રાપ્ત થાય. તેમાં દૂધસહિત ઘીમાં ભીંજવેલી ઉદુંબર (ઘુલર) ની સમિધનો સાવિત્રી મંત્રવડે આઠ હજાર હોમ કરવો. અંતે કપિલા ગાયનું દાન તથા તિલપૂર્ણ કાંસાના પાત્રનું પણ દાન કરવું. "એકાશી પળ, અથવા સાડીચાલીશ પળ, અથવા સવાવીશ પળ, અથવા નવ, છ, ત્રણ પળ એવું યથાશક્તિ કાંસાનું પાત્ર બ્રાહ્મણને દેવું."

अथब्रह्मचारिमृतौ ॥ ब्रह्मचारिमरणेद्वादशषट्त्रीणिवाब्दानिशक्त्याप्रायश्चित्तंकृत्वा देशकालौ स्मृत्वामुकगोत्रनाम्नोब्रह्मचारिणोमृतस्यव्रतविसर्गंकरिष्ये तदंगंनांदीश्राद्धंकरिष्यइत्युक्त्वाहिरण्येननांदीश्राद्धंकृत्वाग्निप्रतिष्ठापनाद्याघारांते चतसृभिर्व्याहृतिभिराज्यंहुत्वाग्नयेव्रतपतयेस्वाहा अग्नयेव्रतानुष्ठानफलसंपादनायस्वाहा विश्वेभ्योदेवेभ्यःस्वाहेतितिस्रआज्याहुतीर्हुत्वास्विष्टकृदादिसमाप्यम् ॥

હવે બ્રહ્મચારી મૃત છતાં કહે છે.

બ્રહ્મચારી મૃત છતાં બાર, છ અથવા ત્રણ અબ્દ યથાશક્તિ પ્રાયશ્ચિત્ત કરી દેશ, કાલનું સ્મરણ કરી "अमुकगोत्रनाम्नो ब्रह्मचारिणो मृतस्य व्रतविसर्गं करिष्ये ॥ तदंगनांदीश्राद्धं करिष्ये" એમ કહી હિરણ્યવડે નાંદીશ્રાદ્ધ કરી અગ્નિસ્થાપનથી આઘારપર્યંત કર્મ થયા પછી ચાર વ્યાહૃતિમંત્રવડે ઘૃતહોમ કરી "अग्नये व्रतपतये स्वाहा, अग्नये व्रतानुष्ठानफलसंपादनाय स्वाहा, विश्वेभ्यो देवेभ्यः स्वाहा" એ રીતે ઘીની ત્રણ આહુતિ હોમ કરી સ્વિષ્ટકૃત આદિ કર્મ સમાપ્ત કરવું.

पुनर्देशकालौस्मृत्वामुकस्यौर्ध्वदेहिकाधिकारार्थमर्कविवाहंकरिष्येइत्यादिहिरण्येननांदीश्राद्धांतेर्कसमीपेनीत्वार्कशाखांवागृहीत्वार्कंब्रह्मचारिणौहरिद्रयानुलिप्य पीतसूत्रेणसंवेष्ट्यवस्त्रयुग्मेनाच्छाद्याग्निप्रतिष्ठाद्याधारांते आज्यहोमः अग्नयेस्वाहा १ बृहस्पतये० २ विवाहविधियोजकाय० ३ यस्मैत्वाकामकामायवयंसम्राज्यजामहे तमस्मभ्यंकामंदत्त्वाथेदंत्वंघृतंपिबस्वाहा कामायेदं० ततोव्यस्तसमस्तव्याहृतिहोमः एवमष्टाहुत्यंतेस्विष्टकृदादिकृत्वार्कशाखांब्रह्मचारिशवंचतुषाग्निनाविधिवद्दहेत् स्नातकमरणेप्येवमितिकेचित् एतन्निर्मूलमित्यन्ये सूतकांतेत्रिंशद्ब्रह्मचारिभ्यः कौपीनकृष्णाजिनकर्णभूषणादिपादुकाछत्रगोपीचंदनमाल्यमणिविद्रुममालायज्ञोपवीतादि यथासंभवंदद्यात् ॥

ફરી દેશ, કાલનો ઉચ્ચાર કરી " अमुकस्य और्ध्वदेहिकाधिकारार्थं अर्कविवाहं करिष्ये " એવો સંકલ્પ કરી હિરણ્યવડે નાંદીશ્રાદ્ધપર્યંત કર્મ કર્યા પછી આકડાની સમીપે લઈ જઈ અથવા આકડાની શાખા લઇ, આકડો તથા બ્રહ્મચારી બન્નેને હલદર લગાડી પીળુ સૂત્ર વીટી બે વસ્ત્રવડે આચ્છાદન કરી અગ્નિસ્થાપનથી આધારપર્યંત કર્મ થયા પછી આજ્યહોમ કરવો. તે આ રીતે—" अग्नये स्वाहा १, बृहस्पतये० २, विवाहविधियोजकाय० ३, यस्मै त्वा कामकामाय वयं सम्राज्यजामहे ॥ तमस्मभ्यं कामं दत्वाथेदं त्वं घृतं पिब स्वाहा कामायेदं० " પછી છુટી તથા એકઠી વ્યાહૃતિમંત્રવડે હોમ કરવો. એ રીતે આઠ આહુતિ દીધા પછી સ્વિષ્ટકૃત્ આદિ કર્મ કરી અર્કની શાખા બ્રહ્મચારીનું શબ એ તુષ(ભુસા)ના અગ્નિવડે યથાવિધિ બાળવું. સ્નાતકનું મરણ છતાં પણ એવોજ વિધિ કરવો, એમ કોઈ ગ્રંથકાર કહે છે. એ નિર્મૂલ છે એમ બીજા ગ્રથકાર કહે છે. સૂતકની અંતે ત્રીશ બ્રહ્મચારીઓને કોપીન, કાળું મૃગચર્મ, કાનનાં આભૂષણ ઇત્યાદિ, પાદુકા, છત્ર, ગોપીચદન, માલા, મણિ પરવાળાંની માલા અને યજ્ઞોપવીત ઇત્યાદિ સંભવપ્રમાણે દેવાં.

अथकुष्ठिमृतौ ॥ मृतस्यकुष्ठिनोदेहंतीर्थेवाभुविवाक्षिपेत् नदाहंनोदकंपिंडंनचदानंक्रियांचरेत् यदिस्नेहाच्चरेद्दाहंयतिचांद्रायणंचरेत् तथाचशक्त्यनुसारेणषडब्दादिप्रायश्चित्तंकृत्वाकुष्ठादिमहारोगमृतस्यदाहादिक्रियांकुर्यान्नान्यथेति ॥

હવે કોઢીઓ મૃત થયા છતાં કહે છે.

"કોઢવાળો મૃત થયા છતાં તેનું દેહ તીર્થમાં નાંખવું, અથવા પૃથ્વીમાં દાટવું. તેનું દહન, જલદાન, પિંડદાન, દાન અને ક્રિયા એ કરવાં નહી. જો સ્નેહથી દાહ કરે તો યતિચાંદ્રાયણ કરવું." તેમજ શક્તિને અનુસારે ષડબ્દ ઇત્યાદિ પ્રાયશ્ચિત્ત કરી કુષ્ઠાદિ મહારોગવડે મૃત થયેલાની દાહાદિક ક્રિયા કરવી, બીજી રીતે કરવી નહી.

अथरजस्वलादिमरणे ॥ रजस्वलायाःप्रेतायाःसंस्कारादीन्नाचरेत् ऊर्ध्वंत्रिरात्रात्स्नातांतांशवधर्मेणदाहयेत् अथवारजस्वलांसूतिकांचमलंप्रक्षाल्यस्नापयित्वाकाष्ठवदमंत्रकंदग्ध्वास्थीनिमंत्राग्निनादहेत् उभयत्रचांद्रायणत्रयंप्रायश्चित्तमस्त्येव तदैवमंत्रवद्दाहकरणेच्छायांतु अद्येत्याद्यमुकगोत्रायारजस्वलावस्थामरणनिमित्तप्रत्यवायपरिहारार्थमौर्ध्वदेहिकयोग्यत्वार्थंच चांद्रायणत्रयप्रायश्चित्तपूर्वकंशूर्पेणाष्टोत्तरशतस्नानानिकारयिष्ये इतिसंकल्प्यचांद्रायणत्रयंप्रत्याम्नायेनकृत्वायवपिष्टेनप्रेतमनुलिप्यस्वयंस्नात्वाशूर्पोदकैरष्टोत्तरशतवारंस्नापयेत् ततोभस्मगोमयमृत्तिकाकुशोदकैःपंचगव्यैःशुद्धोदकैश्चसंस्नाप्य यदंतियच्चदूरकइत्यादिपावमानीभिरापोहिष्ठेतितृचेनकयानइत्यादिभिश्चसंस्नाप्य पूर्ववस्त्रंपरित्यज्यान्यवस्त्रेणसंवेष्ट्यदहेत् सूतिकायामप्येवम् ॥

હવે રજસ્વલાદિક મરણ છતાં કહે છે.

"રજસ્વલા મૃત છતાં તેના સંસ્કારાદિ કરવા નહીં. ત્રણ રાત્રિ પછી તેને સ્નાન કરાવી શબની રીતે દાહ કરવો." અથવા રજસ્વલા અને સૂતિકાઓનો મળ ધોઈ સ્નાન કરાવી કાષ્ઠપ્રમાણે મંત્રરહિત દાહ કરી અસ્થિનો મંત્રાગ્નિવડે દાહ કરવો. અમંત્રક દાહ તથા અસ્થિદાહ આ બન્ને ઠેકાણે ત્રણ ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત છેજ. મરણ સમયેજ મંત્રસહિત દાહ કરવાની ઇચ્છા હોય તો, " अद्येत्यादि अमुकगोत्राया रजस्वलावस्थामरणनिमित्तप्रत्यवायपरिहारार्थमौर्ध्वदेहिकयोग्यत्वार्थं च चांद्रायणत्रयप्रायश्चित्तपूर्वकं शूर्पेणाष्टोत्तरशतस्नानानि कारयिष्ये " એવો સંકલ્પ કરી ત્રણ ચાંદ્રાયણ પ્રત્યામ્નાયવડે કરી પ્રેતને યવનો લોટ લીપી પોતે સ્નાન કરી સૂપડાંના જલવડે (૧૦૮) વાર સ્નાન કરાવવું,

પછી ભસ્મ, ગોમય, મૃત્તિકા, કુશોદક, પંચગવ્ય અને શુદ્ધોદકવડે સ્નાન કરાવી “ यदंति यच्च दूरके० ” ઇત્યાદિક પાવમાની, “ आपोहिष्ठा० ” એ ત્રણ ઋચા અને “ कयान० ” ઇત્યાદિકવડે સ્નાન કરાવી પ્રથમના વસ્ત્રનો ત્યાગ કરી બીજા વસ્ત્રવડે વીંટી દાહ કરવો. સૂતિકવિષે પણ એવોજ વિધિ કરવો.

सूतिकायाआद्यत्र्यहमरणेत्र्यब्दंप्रायश्चित्तं द्वितीयत्र्यहेद्व्यब्दं तृतीयत्र्यहेएकाब्दं दशमदिनेतुकृच्छ्रत्रयमितिविशेषःक्वचिदुक्तः मासपर्यंतमपिकृच्छ्रत्रयमित्यन्ये मिताक्षरायांतुकुंभेजलमादायपंचगव्यंक्षिप्त्वापुण्यमंत्रैरापोहिष्ठावामदेव्यवारुणादिभिरभिमंत्र्यपूर्वोक्तमंत्रैःसंस्नाप्यविधिनासूतिकांदहेदितिविशेषउक्तः इतिरजस्वलासूतिकयोर्विधिः ॥

સૂવાવડવાળી પહેલા ત્રણ દિવસમાં મૃત થાય તો ત્ર્યબ્દ પ્રાયશ્ચિત્ત, ત્રીજા ત્રણ દિવસમાં મૃત થાય તો બે અબ્દ પ્રાયશ્ચિત્ત, ત્રીજા ત્રણ દિવસમાં મૃત થાય તો એકાબ્દ, અને દશમો દિવસ હોય તો ત્રણ કૃચ્છ્ર એવો વિશેષ કોઇ ગ્રંથમાં કહેલો છે. માસપર્યંત મૃત થયા છતાં પણ ત્રણ કૃચ્છ્ર કરવાં, એમ બીજા ગ્રંથકારો કહે છે. મિતાક્ષરામાં તો, કુંભમાં જળ ભરી તેમાં પચગવ્ય નાંખી તેને પવિત્ર મંત્ર જે “ आपोहिष्ठा०, वामदेव्य०, वारुण० ” ઇત્યાદિકવડે મંત્રી પ્રથમ કહેલા મંત્રોવડે સ્નાન કરાવી વિધિપૂર્વક સૂતિકાનો દાહ કરવો એવો વિશેષ કહ્યો છે. એ રીતે રજસ્વલા તથા સૂતિકાનો વિધિ કહ્યો.

अथगर्भिणीमरणे ॥ गर्भिण्याम्मृतायाःशुद्ध्यर्थं त्रयस्त्रिंशत्कृच्छ्राणिकृत्वागांभूमिंसुवर्णंचदत्वा गर्भंपृथक्कृत्यतांदहेत् सगर्भदहनेतत्तद्वधप्रायश्चित्तं सगर्भायादाहेकर्तुरब्दत्रयंप्रायश्चित्तम् ॥

હવે સગર્ભા મૃત છતાં કહે છે.

ગર્ભિણી મૃત છતાં તેની શુદ્ધિમાટે તેત્રીશ કૃચ્છ્ર કરી ગાય, ભૂમિ અને સુવર્ણનું દાન દઈ ગર્ભ જુદો કરી તેનો દાહ કરવો. ગર્ભસહિત દાહ કર્યા છતાં તે તે વધનું પ્રાયશ્ચિત્ત છે. સગર્ભાનો દાહ કર્યા છતાં કર્તાને ત્રણ અબ્દ પ્રાયશ્ચિત્ત છે.

अथान्वारोहणंस्त्रीणामात्मनोभर्तुरेवच सर्वपापक्षयकरंनिरयोत्तारणायच अनेकस्वर्गफलदंमुक्तिदंचतथैवच जन्मांतरेचसौभाग्यंधनपुत्रादिवृद्धिदं तिस्रःकोट्योर्धकोटीचयावंत्यंगरुहाणिवै तावंत्यब्दसहस्राणिस्वर्गलोकेमहीयते मातृकंपैतृकंचैवयत्रकन्याप्रदीयते कुलत्रयंपुनात्येषाभर्तारंयानुगच्छतीत्यादिमहिमविस्तरोमिताक्षरादौज्ञेयः अत्रनिष्कामत्वेमुक्तिःसकामत्वेस्वर्गादिफलानीतिव्यवस्था ॥

હવે અન્વારોહણ (સતી થવું તે) કહે છે.

સ્ત્રીનું સહગમન પોતાના પતિનાં સઘળાં પાપને દૂર કરનારૂં છતાં નરકથી ઉદ્ધાર કરવા માટે છે; તથા અનેક સ્વર્ગફળ દેનારૂં; મુક્તિ દેનારૂં; જન્માંતરમાં સૌભાગ્ય, ધન અને પુત્રાદિકની વૃદ્ધિ કરનારૂં થાયછે. જે સ્ત્રી પતિની સાથે જાયછે તે પોતાની માતાનું કુલ, પિતાનું કુલ, અને જે કુલમાં તેનું દાન થાયછે એવું પતિનું કુલ એ ત્રણ કુલને પાવન કરી સાડીત્રણ કોડ, જેટલા વાળ અંગઉપર છે તેટલાં હજારો વર્ષપર્યંત સ્વર્ગલોકમાં રહે છે. ” ઇત્યાદિક મહિમાનો વિસ્તાર મિતાક્ષરાદિક ગ્રંથમાં જોવો. આ અન્વારોહણમાં નિષ્કામપણું છતાં મુક્તિ તથા સકામપણું છતાં સ્વર્ગાદિક ફળ થાય છે, એ પ્રમાણે વ્યવસ્થા જાણવી.

अथप्रयोगः ॥ देशकालौस्मृत्वा मातृपितृश्वशुरादिकुलपूतत्वब्रह्महत्यादिदोषदूषितपतिपूतत्वपत्यवियोगारुंधतीसमाचारत्वसार्धकोटित्रयसहस्रसंवत्सरस्वर्महीयमानत्वादिपुराणोक्तानेकफलप्राप्तये श्रीलक्ष्मीनारायणप्रीतिद्वारानिमुक्तिप्राप्तयेचापतिचितान्वारोहणंकरिष्ये इतिसंकल्प्यहरिद्राकुंकुमवस्त्रफलादियुतानिशूर्पाणिसुवासिनीभ्योदद्यात् तत्रमंत्रः लक्ष्मीनारायणोदेवोबलसत्त्वगुणाश्रयः गाढंसत्वंचमेदेयाद्वायनैःपरितोषितः सोपस्कराणिशूर्पाणिवायनैःसंयुतानिच लक्ष्मीनारायणप्रीत्यैसत्त्वकामाददाम्यहं अनेनसोपस्करशूर्पदानेनलक्ष्मीनारायणौप्रीयेतां ततोंचलेपंचरत्नंनीलांजनंचबध्वामुखेमौक्तिकंन्यस्याग्निसमीपंगत्वाग्निप्रार्थनंकुर्यात् स्वाहासंश्लेषनिर्विण्णशर्वगोत्रहुताशन सत्त्वमार्गप्रदानेननय मांपत्युरंतिकमिति अथाग्नावाज्येनजुहुयात् अग्नयेतेजोधिपतयेस्वाहा १ विष्णवेसत्त्वाधिपतयेस्वाहा २ कालायधर्माधिपतये० ३ पृथिव्यैलोकाधिष्ठात्र्यै० ४ अद्भ्योरसाधिष्ठात्रीभ्यः० ५ वायवेबलाधि

पतये० ६ आकाशायसर्वाधिपतये० ७ कालायधर्माधिष्ठात्रे० ८ अद्भ्यःसर्वसाक्षिणीभ्यः० ९ ब्रह्मणेवेदाधिपतये० १० रुद्रायस्मशानाधिपतयेस्वाहा ११ इत्येकादशाहुतीर्हुत्वाग्निंप्रदक्षिणीकृत्य दृषदमुपलांसंपूज्यपुष्पांजलिंगृहीत्वाग्निंप्रार्थयेत् त्वमग्नेसर्वभूतानामंतश्चरसिसाक्षिवत् त्वमेवदेवजानीषेनविदुर्यानिमानुषाः अनुगच्छामिभर्तारंवैधव्यभयपीडिता सत्वमार्गप्रदानेननयमांभर्तुरंतिकं मंत्रमुच्चार्यशनकैःप्रविशेद्धुताशनं विप्रश्चइमानारीरविधवाइत्यृचं इमाःपतिव्रताःपुण्याःस्त्रियोयायाःसुशोभनाः सहभर्तृशरीरेणसंविशंतुविभावसुमितिचपठेत् कातरांतुप्रेतोत्तरतःसुप्तांदेवरःशिष्योवाउदीर्ष्वेतिमंत्राभ्यामुत्थापयेत् अनुव्रजतिभर्तारंस्मशानंयागृहान्मुदा पदेपदेश्वमेधस्यफलंप्राप्नोतिसाध्रुवं यत्तुयास्त्रीब्राह्मणजातीयामृतंपतिमनुव्रजेत् सास्वर्गमात्मघातेननात्मानंनपतिंनयेदित्यादिब्राह्मण्यानिषेधवचनजातंतत्पृथक्चितिपरं भर्तुर्मंत्राग्निदाहोत्तरमनुगमनंपृथक्चितिः मंत्राग्निदाहात्पूर्वमस्थिभिःपर्णशरेणवासहगमनमेकचितिरेव अस्थ्यादेःपतिस्थानापत्त्यापतिशरीरतुल्यत्वात् इयमेकचितिःसर्ववर्णानां पृथक्चितिस्तुक्षत्रियवैश्यशूद्रादेरेव नतुब्राह्मणीनां पृथक्चितिविधिस्तु देशांतरमृतेपत्यौसाध्वीतत्पादुकाद्वयं निधायोरसिसंशुद्धाप्रविशेज्जातवेदसमिति ॥

હવે પ્રયોગ કહે છે.

દેશ કાલનું સ્મરણ કરી "मातृपितृश्वशुरादिकुलपूतत्वब्रह्महत्यादिदोषदूषितपतिपूतत्वपत्यवियोगारुंधतीसमाचारत्वसार्धकोटित्रयसहस्रसंवत्सरस्वर्महीयमानत्वादिपुराणोक्तानेकफलप्राप्तये श्रीलक्ष्मीनारायणप्रीतिद्वारा विमुक्तिप्राप्तये वा पतिचितान्वारोहणं करिष्ये" એવો સંકલ્પ કરી હળદર, કુંકુમ, વસ્ત્ર અને ફળ ઇત્યાદિકે યુક્ત સૂપડાંઓ સુવાસિનીઓને દેવાં. દાનના મંત્ર—"लक्ष्मीनारायणो देवो, बलसत्वगुणाश्रयः ॥ गाढं सत्वं च मे देया, द्वायनैः परितोषितः ॥ सोपस्कराणि शूर्पाणि, वायनैः संयुतानि च ॥ लक्ष्मीनारायणप्रीत्यै, सत्वकामा ददाम्यहं ॥ अनेन सोपस्करशूर्पदानेन लक्ष्मीनारायणौ प्रीयेतां" પછી વસ્ત્રમાં પંચરત્ન, કાળું આંજણ બાંધી મ્હોઢામાં મોતી રાખી અગ્નિની સમીપે જઈ અગ્નિની પ્રાર્થના કરવી. પ્રાર્થનાના મંત્ર—"स्वाहासंश्लेषनिर्विण्ण, शर्वगोत्र हुताशन ॥ सत्वमार्गप्रदानेन, नय मां पत्युरंतिकं," એ રીતે. પછી અગ્નિમાં આજ્યનો હોમ કરવો. હોમના મંત્ર—"अग्नये तेजोधिपतये स्वाहा १, विष्णवे सत्वाधिपतये स्वाहा २, कालायधर्माधिपतये० ३, पृथिव्यै लोकाधिष्ठात्र्यै० ४, अद्भ्यो रसाधिष्ठात्रीभ्यः० ५, वायवे बलाधिपतये० ६, आकाशाय सर्वाधिपतये० ७, कालाय धर्माधिष्ठात्रे० ८, अद्भ्यः सर्वसाक्षिणीभ्यः० ९, ब्रह्मणे वेदाधिपतये० १०, रुद्राय स्मशानाधिपतये स्वाहा ११" એ પ્રમાણે અગીયાર આહુતિ હોમ કરી અગ્નિને પ્રદક્ષિણા કરી છીપર તથા ઉપરવટણાની પૂજા કરી હાથમાં પુષ્પાંજલિ લઈ અગ્નિની પ્રાર્થના કરવી. પ્રાર્થનાના મંત્ર—"त्वमग्ने सर्वभूतानां, अंतश्चरसि साक्षिवत् ॥ त्वमेव देव जानीषे, न विदुर्यानि मानुषाः॥ अनुगच्छामि भर्त्तारं, वैधव्यभयपीडिता ॥ सत्वमार्गप्रदानेन, नय मां भर्त्तुरंतिकं," એ રીતે ધીરે ધીરે મંત્ર ભણી અગ્નિમાં પ્રવેશ કરવો." પછી બ્રાહ્મણે "इमा नारीरविधवा०" એ ઋચા, તથા "इमाः पतिव्रताः पुण्याः, स्त्रियो यायाः सुशोभनाः ॥ सह भर्तृशरीरेण, संविशंतु विभावसुं," એ મંત્રનો પાઠ કરવો. ભયભીત અને ચંચળ એટલે કાયર હોય તો, પ્રેતની ઉત્તરાદીમેર સુતેલી તેને દેવરે અથવા શિષ્યે "उदीर्ष्वा०" એ બે મંત્રવડે ઉઠાડવી. જે સ્ત્રી ઘરથકી આનંદયુક્ત થઇ પતિની પાછળ સ્મશાનપ્રત્યે જાય છે તેને પદે પદે અશ્વમેધનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે." "બ્રાહ્મણી સ્ત્રી મરેલા એવા પતિની પાછળ જાય તે આત્મહત્યા કરવાથી પોતાને તથા પતિને સ્વર્ગપ્રત્યે લઇ જતી નથી" ઇત્યાદિક બ્રાહ્મણીને નિષેધ કરનારાં જે વચનો તે જુદી ચિતાનેમાટે છે. પતિનો મંત્રવડે અગ્નિદાહ થયા પછી વાંસેથી જે સતી થવું તે પૃથક્ચિતિ છે. મંત્રાગ્નિવડે દાહ થવાની પ્રથમ અસ્થિની સાથે અથવા પાલાશવિધિવડે જે સહગમન તે એકચિતિજ છે. અસ્થિ ઇત્યાદિક પતિને ઠેકાણે હોવાથી તેને પતિના શરીરની તુલ્યતા છે. એ એકચિતિ સઘળા વર્ણને કહેલી છે. જુદી ચિતિ તો, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રાદિક એમનેજ કહેલી છે; બ્રાહ્મણી સ્ત્રીને કહેલી નથી. જુદી ચિતિનો વિધિ તો, "દેશાંતરમાં પતિ મૃત છતાં પતિવ્રતા સ્ત્રીએ તે(પતિ)ની બે પાદુકા (પોતાના) હૃદય ઉપર રાખી ઉત્તમ પ્રકારે શુદ્ધ થઈ અગ્નિમાં પ્રવેશ કરવો." એ પ્રમાણે જાણવું.

ળવા)નો પક્ષ છે. બ્રહ્મચર્યથકીજ, ગૃહસ્થાશ્રમથકીજ અથવા વાનપ્રસ્થાશ્રમથકીજ સંન્યાસ લેવો. તેમજ ફરી વ્રતરહિત અથવા વ્રતવાળો; સ્નાતક કિંવા અસ્નાતક; વિચ્છિન્નાગ્નિ અથવા અગ્નિરહિત; એવો છતાં જે દિવસે તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થાય તેજ દિવસે સંન્યાસ ગ્રહણ કરવો, એ રીતે આશ્રમનો વિકલ્પપક્ષ કહ્યો છે. "વિદ્વાને બ્રહ્મચર્યથકી સન્યાસ લેવો, ગૃહસ્થાશ્રમથકી સંન્યાસ લેવો, કિંવા વાનપ્રસ્થાશ્રમથકી સંન્યાસ લેવો, તેમજ આતુર અથવા દુઃખિત છતાં સંન્યાસાશ્રમ લેવો," એ વાક્યમાં આતુર એટલે મરવા પડેલો તથા દુઃખિત એટલે ચોર, વાઘ ઇત્યાદિકથકી ભયભીત એવો અર્થ. "આતુરના સન્યાસમાં વિધિ નથી તથા ક્રિયા પણ કરવાની નથી, ત્યારે તેને પ્રૈષનો માત્ર ઉચ્ચાર કરાવી સંન્યાસ કરાવવો." દંડ લેવો ઇત્યાદિરૂપ વિવિદિષા નામના સંન્યાસમાં બ્રાહ્મણનેજ અધિકાર છે. વિદ્વત્સન્યાસવિષે તો, ક્ષત્રિય તથા વૈશ્યને પણ અધિકાર છે. કલિયુગમાં જે સંન્યાસનો નિષેધ કહ્યો છે તે ત્રિદંડી સંન્યાસિમાટે છે, એમ પ્રાચીન કહે છે.

सचसंन्यासश्चतुर्धा ॥ कुटीचकोबहूदकोहंसःपरमहंसश्चेति अत्रोत्तरोत्तरःश्रेष्ठः बहिःकुट्यांगृहे वावसन्काषायवासास्त्रिदंडी शिखायज्ञोपवीतवान्बंधुपुत्रगृहेवाभुंजानआत्मनिष्ठोभवेत्सकुटीचकःपुत्रादीन्हित्वासप्तागाराणिभैक्षंचरन्पूर्वोक्तकाषायवस्त्रादिवेषवान्बहूदकः हंसस्तुपूर्वोक्तवेषोप्येकदंडः परमहंसस्तुशिखायज्ञोपवीतहीनएकदंडीस्यात् काषायवस्त्रंचतुर्णामपि हंसपरमहंसयोःशिखायज्ञोपवीतसत्त्वासत्त्वाभ्यांभेदः एकदंडस्तुद्वयोरपि परमहंसस्यदंडधारणंविविदिषादशायांनित्यं विद्वत्तादशायांतु कृताकृतं नदंडंनशिखांनाच्छादनंचरतिपरमहंसइतिश्रवणात् वैराग्यंविनाजीवनाद्यर्थंसंन्यासेतुनरकः एकदंडंसमाश्रित्यजीवंतिबहवोनराः नरकेरौरवेघोरेकर्मत्यागात्पतंतिते काष्ठदंडोधृतोयेनसर्वाशीज्ञानवर्जितः सयातिनरकान्घोरानित्यादिस्मरणात् ॥

ते સંન્યાસ ચાર પ્રકારનો છે—કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ એ રીતે જાણવો. એ કહેલા ચાર પ્રકારમાં ઉત્તરોત્તર એકથી બીજો શ્રેષ્ઠ છે. બાહેર પર્ણકુટીમાં અથવા ઘેર રેહેતાં છતાં, કાષાય વસ્ત્ર ધરનારો, ત્રિદંડી, શિખા તથા યજ્ઞોપવીતે યુક્ત છતાં સંબધિઓને ઘેર અથવા પોતાને ઘેર ભોજન કરનારો જે આત્મનિષ્ટ હોય તે કુટીચક છે. પુત્રાદિકનો ત્યાગ કરી સાત ઘેર ભિક્ષા માંગતો અને પ્રથમ કહેલાં ભગવાં વસ્ત્ર ઇત્યાદિ વેષ ધારણ કરનારો તે બહૂદક છે. પૂર્વોક્ત વેષને ધારણ કરનારો છતાં પણ એક દંડવાળો તે હંસ છે. શિખા અને યજ્ઞોપવીતે રહિત એવો એકદંડી તે પરમહંસ છે. ભગવાં વસ્ત્ર ચારે સન્યાસવિષે છે. શિખા અને યજ્ઞોપવીતે સહિત તે હંસ તથા શિખા યજ્ઞોપવીતે રહિત તે પરમહસ એટલોજ હંસ તથા પરમહંસમાં ભેદ છે, એકદંડ તો બન્નેને છે. પરમહસને દંડ ધારણ કરવાનું વિવિદિષા (જ્ઞાન થવાની ઇચ્છા) દશામાં અવશ્ય છે. વિદ્વત્તાદશામાં તો કરે અથવા ન કરે એમ છે; કારણ, દડ, શિખા, વસ્ત્ર એ પરમહંસ ધારણ કરતો નથી એમ સંભળાય છે. વૈરાગ્ય વિના, આજીવિકા ઇત્યાદિકમાટે સંન્યાસ ગ્રહણ કરે તો નરકપ્રાપ્તિ થાય છે; કારણ, "એક દંડનો આશ્રય કરી જે ઘણા મનુષ્યો ઉપજીવિકા કરે છે તે કર્મના ત્યાગથી ઘોર રૌરવ નરકમાં પડે છે અને જ્ઞાનરહિત છતાં જેણે કાષ્ટનો દંડ ધારણ કર્યો તથા સર્વાશી (ભક્ષ્ય અભક્ષ્યનો વિચાર ન કરતાં ખાવાવાળો) તે ઘોર નરકમાં જાય છે," ઇત્યાદિક સ્મૃતિ છે.

अथसंन्यासग्रहणविधिः ॥ तत्रोत्तरायणंप्रशस्तं आतुरस्यतुदक्षिणायनमपि तत्रादौगृह्याग्निमंतंतादृशविधुरंप्रतिचप्रयोगः तत्रशांत्यादिलक्षणंगुरुंसंशोध्यतन्निकटेत्रिमासंयतिधर्मान्संवीक्ष्य गायत्रीजपरुद्रजपकूष्मांडहोमादिभिःशुद्धिंलब्ध्वा रिक्तातिथौदेशकालौस्मृत्वामुकस्यममकरिष्यमाणसंन्यासेधिकारार्थं चतुःकृच्छ्रात्मकंप्रायश्चित्तं प्रतिकृच्छ्रं तत्प्रत्याम्नायैकैकगोनिष्क्रयद्वाराहमाचरिष्ये कृच्छ्रप्रत्याम्नायगोनिष्क्रयंद्रव्यंविप्रेभ्योदातुमुत्सृजे इतिसंकल्पपूर्वकंरजतनिष्कतदर्धतदर्धान्यतमंप्रतिधेनुंदद्यात् एकादश्यांद्वादश्यांवायथाप्रहरात्रिःस्यात्तथाश्राद्धान्यारभेत् अनानाश्रमिणश्चतुःकृच्छ्रमन्यस्यतप्तकृच्छ्रमितिसिंधुः स्वस्यनवश्राद्धस्यषोडशश्राद्धसपिंडीकरणानिसाग्निःपार्वणविधिना निरग्निरेकोद्दिष्टविधिनाकुर्यादितिकेचिन्नेत्यन्ये ॥

હવે સંન્યાસગ્રહણનો વિધિ કહે છે.

સંન્યાસ લેવામાં ઉત્તરાયણ ઉત્તમ છે. આતુરને તો, દક્ષિણાયન પણ ઉત્તમ છે. તેમાં પ્રથમ

ગૃહ્યાગ્નિમાન્ અને ગૃહ્યાગ્નિ રહિતનો પ્રયોગ કહે છે. તેમાં શાંતિ ઇત્યાદિ લક્ષણે યુક્ત એવા ઉત્તમ ગુરૂને જોઈ તેમની સમીપે ત્રણ માસ પર્યંત સંન્યાસીના સઘળા ધર્મ સારી રીતે જોઈ ગાયત્રીજપ, રૂદ્રજપ, અને કૂષ્માંડહોમ ઇત્યાદિકવડે દેહશુદ્ધિ કરી રિક્તા તિથિને દિવસે દેશ, કાલનું સ્મરણ કરી "अमुकस्य मम करिष्यमाणसंन्यासेधिकारार्थं चतुःकृच्छ्रात्मकप्रायश्चित्तं प्रतिकृच्छ्रं तत्प्रत्याम्नायैकैकगोनिष्क्रयद्वाराहमाचरिष्ये ॥ कृच्छ्रप्रत्याम्नायगोनिष्क्रयं द्रव्यं विप्रेभ्यो दातुमुत्सृजे" એ રીતે સંકલ્પપૂર્વક નિષ્ક, અર્ધ નિષ્ક, અથવા પા નિષ્ક એમાંથી કોઈ એક પ્રમાણનું રૂપું એક એક ગાયનો નિષ્ક્રય દેવો. એકાદશી અથવા દ્વાદશીને દિવસે જે રીતે અહોરાત્રિ પ્રાપ્ત થાય તે રીતે શ્રાદ્ધનો આરંભ કરવો. આ ઠેકાણે આશ્રમરહિત છતાં ચાર કૃચ્છ્ર, તથા બીજાને તપ્ત કૃચ્છ્ર એમ નિર્ણયસિંધુ કહે છે. પોતાનાં નવશ્રાદ્ધમાં ષોડશશ્રાદ્ધ તથા સપિંડીકરણ એ સાગ્નિકે પાર્વણવિધિવડે તથા નિરગ્નિકે એકોદ્દિષ્ટવિધિવડે કરવાં, એમ કેટલાએક ગ્રંથકારો કહે છે. બીજા ગ્રંથકારો કરવાં નહી એમ કહે છે.

अथाष्टौश्राद्धानि ॥ तत्रापस्तंबहिरण्यकेशीयादीनामग्नौकरणपिंडादिरहितःसांकल्पिकप्रयोगः आश्वलायनादीनांसपिंडकःपार्वणप्रयोगः तत्रादौसव्येनसयवजलेनश्राद्धांगतर्पणं ब्रह्माणंतर्पयामि विष्णुंत० महेश्वरंत० देवर्षीन्० ब्रह्मर्षीन्० क्षत्रर्षीन्० वसून्० रुद्रान्० आदित्यान्० सनकं० सनंदनं० सनातनं० पंचमहाभूतानि० चक्षुरादिकरणानि० भूतग्रामं० पितरं० पितामहं० प्रपितामहं० मातरं० पितामहीं० प्रपितामहीं० आत्मानं० पितरं० पितामहं० इतिनद्यादौकृत्वागृहमागत्यदेशकालौस्मृत्वा करिष्यमाणसंन्यासांगत्वेनाष्टौश्राद्धानिपार्वणविधिनान्नेनामेनवाकरिष्येइतिसंकल्प्यक्षणंदद्यात् अत्रसर्वैनांदीश्राद्धवत् तेननापसव्यं तिलस्थानेयवाः युग्माविप्राः तथाचदेवस्थानेविप्रौद्वौश्राद्धाष्टकेषोडशोत्यष्टादशविप्राः तत्रसत्यवसुसंज्ञकाविश्वेदेवानांदीमुखाः स्थानेक्षणःकर्तव्यः इत्येकंवृत्वाद्वितीयंवृणुयात् एवमग्रेपि प्रथमेदेवश्राद्धेब्रह्मविष्णुमहेश्वरानांदीमुखाः स्थानेक्षणः० १ द्वितीयेऋषिश्राद्धेदेवर्षिब्रह्मर्षिक्षत्रर्षयः नांदी० २ दिव्यश्राद्धेवसुरुद्रादित्या नांदी० ३ मनुष्यश्राद्धे सनकसनंदनसनातना नांदी० ४ पंचमेभूतश्राद्धेपृथिव्यादिपंचमहाभूतान्येकादशचक्षुरादिकरणादिचतुर्विधभूतग्रामा नांदी० ५ षष्ठेपितृश्राद्धेपितृपितामहप्रपितामहा नांदी० ६ मातृश्राद्धेमातृपितामहीप्रपितामह्यो नांदी० ७ अष्टमेआत्मश्राद्धेआत्मपितृपितामहा नांदी० ८ आत्मांतरात्मापरमात्मेतिकेचित् इतिद्वौद्वौविप्रौवृणुयात् सर्वत्रनांदीमुखत्वंविशेषणं युग्माविप्राः सत्यवसूदक्षक्रतूवादेवौ ततःसर्वेषांपाद्यंदत्वाप्राङ्मुखानुदक्संस्थानुपवेश्यप्रार्थयेत् संन्यासार्थमहंश्राद्धंकुर्वेभूतद्विजोत्तमाः अनुज्ञांप्राप्ययुष्माकंसिद्धिंप्राप्स्यामिशाश्वतीं कुरुइतिप्रत्युक्तः सयवऋजुदूर्वादियुग्मेनाब्दानपूर्वकंसंबुद्ध्यंतेइदमासनमित्यष्टादशस्वासनंदद्यात् ततआश्वलायनानामर्घ्यपात्रासादनं आपस्तंबादीनांसांकल्पिकत्वान्नार्घ्यं देवार्थमेकंपार्वणाएकार्थमष्टावित्येवंनवपात्राणि सर्वत्रपवित्रद्वयांतर्हितेषुशन्नोदेवीरित्यपआसिच्यविश्वेदेवपात्रेयवोसीतियवाः अष्टपात्रेषुतिलोसीतिमंत्रस्योहेनयवानोप्यगंधादिपूजनं ऊहस्तु यवोसिसोमदेवत्योगोसवेदेवनिर्मितः प्रत्नवद्भिःप्रत्तःपुष्ट्यानांदीमुखान्देवान्प्रीणयाहिनःस्वाहानमः इतिप्रथमपात्रे द्वितीयेनांदीमुखानृषीन्प्री० तृतीयेनांदीमुखान्दिव्यान्प्री० चतुर्थेनांदीमुखान्मनुष्यान्प्री० पंचमेनांदीमुखानिभूतानिप्रीण० षष्ठसप्तमाष्टमेषु नांदी० पितॄन्प्रीणयेत्यादि० एकैकंपात्रंद्विधाविभज्यसर्वत्र यादिव्याइतिमंत्रांतेविश्वेदेवानांदीमुखाइदंवोर्घ्यमितिदत्वाब्रह्मविष्णुमहेश्वरानांदीमुखाइदंवोर्घ्यंस्वाहानमइत्यादिनायथायथंषोडशविप्रहस्तेषुदद्यात् यादिव्याइतिस्रवदनुमंत्रणं पात्रंन्युब्जीकृत्यगंधाद्याच्छादनांतपूजा तत्रसर्वत्र संबुद्ध्यंतोनांदीमुखविशेषणयुक्तउच्चारः भोजनपात्राण्यासाद्यब्रह्मादिषोडशविप्रकरेष्वग्नयेकव्यवाहनाय स्वाहासोमायपितृमतेस्वाहेतिमंत्राभ्यामाहुतिद्वयंदद्यात् नेदमापस्तंबादीनां उपस्तीर्यान्नंपरिविष्यान्नाभावेआमंतन्निष्क्रयंवाप्रोक्ष्य पृथ्वीतेपात्रमित्यादिनायथादैवतमन्नस्यामादेर्वात्यागः येदेवास० प्रजापतेन० ब्रह्मार्पणंब्रह्म० अनेनाष्टश्राद्धेननांदीमुखादेवादयःप्रीयंतां आपोशनदानांतेबलिदानवर्ज्यंभुंजीयुः तृप्तेषूपास्मै० अक्षन्नमी० संपन्नमितिपृष्टेरुचिरमितिसर्वेब्रूयुः नेदमामान्ने आचांतेषुयवलाजदधिबदरियुतान्नेनाष्टचत्वारिंशत्पिंडान्कृत्वा प्रागायताउदक्संस्थाअष्टौरेखाःकृत्वाभ्युक्ष्य कुशान्दूर्वावास्तीर्य पिंडस्थानेषुचतुर्विंशतौजलंसिंचेत् तद्यथा शुंधंतांब्रह्मणोनांदीमुखाः शुंधंतांविष्णवोनांदी० शुंधंतांमहेश्वरानां० इतिप्रथमरेखायां तदुत्तररेखासुशुंधंतांदेवर्षयोनां० शुंधंतांब्रह्मर्षयोनां० इत्याद्यूहोस्येयः ततो

ब्रह्मणेनांदीमुखायस्वाहेत्येकंपिंडंदत्वाद्वितीयपचमेवदेयस्तूष्णींवेतिप्रतिदैवतंपिंडद्वयंपचमग्रेपि विष्णवे नांदीमुखायस्वाहेत्यादयःस्वाहांताःपिंडदानमंत्राऊह्याः अत्रपितरोमादयध्वमित्यादिपुनः शुंधंतांतंत्र मंजनमभ्यंजनंचकृताकृतं पिंडान्गंधादिनासंपूज्यनत्वोपसंपन्नमितिविसृज्यविप्रेभ्योदक्षिणादितंत्र नेदंपिंडदानाद्यापस्तंवादीनां कात्यायनानामाश्वलायनवत् ॥

હવે આઠ શ્રાદ્ધ કહે છે.—તેમાં આપસ્તંબ, હિરણ્યકેશીય ઇત્યાદિકોનો અગ્નૌકરણ અને પિંડાદિકે રહિત સાંકલ્પિક પ્રયોગ છે. આશ્વલાયન ઇત્યાદિકોનો પિંડસહિત પાર્વણપ્રયોગ છે. તેમાં પ્રથમ સવ્યેકરી જવસહિત જળવડે શ્રાદ્ધાંગતર્પણ કરવું. તે તર્પણના દેવતા—" ब्रह्माणं तर्पयामि, विष्णुंत०, महेश्वरंत०, देवर्षीन्०, ब्रह्मर्षीन्०, क्षत्रर्षीन्०, वसून्०, रुद्रान्०, आदित्यान्०, सनकं०, सनंदनं०, सनातनं०, पंचमहाभूतानि०,चक्षुरादिकरणानि०, भूतग्रामं०, पितरं०, पितामहं०, प्रपितामहं०, मातरं०, पितामहीं०, प्रपितामहीं०, आत्मानं०, पितरं०, पितामहं०, " એ રીતે નદી ઇત્યાદિ તીર્થમાં તર્પણ કરી ઘરે આવી દેશ, કાલનો ઉચ્ચાર કરી " करिष्यमाणसंन्यासांगत्वेनाष्टौ श्राद्धानि पार्वणविधिनाक्षेन घामेन वा करिष्ये " એવો સંકલ્પ કરી ક્ષણ દેવો. આ શ્રાદ્ધમાં સઘળું કર્મ નાંદીશ્રાદ્ધ પ્રમાણે કરવું, માટે અપસવ્ય નથી. તિલ ઠેકાણે યવ. બેકી સંખ્યાના બ્રાહ્મણ લેવા. તે કહે છે-દેવ ઠેકાણે બે બ્રાહ્મણ અને આઠ શ્રાદ્ધમાં સોળ મળી અઢાર બ્રાહ્મણ કહેવા. તેમાં—" सत्यवसुसंज्ञकाविश्वेदेवानांदीमुखाःस्थाने क्षणः कर्त्तव्यः " એમ કહી એક બ્રાહ્મણને વરાવી બીજાને વરાવવો. અને એ પ્રમાણે આગળ પણ જાણવું. પહેલાં દેવશ્રાદ્ધમાં—" ब्रह्मविष्णुमहेश्वरा नांदीमुखाःस्थाने क्षणः० १ " બીજા ઋષીશ્રાદ્ધમાં " देवर्षिब्रह्मर्षिक्षत्रर्षयः नांदी० २ " ત્રીજા દિવ્યશ્રાદ્ધમાં " वसुरुद्रादित्यानांदी० ३ " ચોથા મનુષ્યશ્રાદ્ધમાં " सनकसनंदनसनातना नांदी० ४ " પાંચમા ભૂતશ્રાદ્ધમાં " पृथिव्यादिपंचमहाभूतान्येकादशचक्षुरादिकरणादिचतुर्विधभूतग्रामानां० ५ " છઠ્ઠા પિતૃશ્રાદ્ધમાં " पितृपितामहप्रपितामहा नांदी० ६ " સાતમા માતૃશ્રાદ્ધમાં " मातृपितामहीप्रपितामह्योनां० ७ " આઠમા આત્મશ્રાદ્ધમાં " आत्मपितृपितामहा नांदी० ८ " આ ઠેકાણે ' आत्मांतरात्मापरमात्मा ' એવો ઉચ્ચાર કરવો એમ કોઈ કહે છે. એ રીતે બે બે બ્રાહ્મણ વરાવવા. સઘળે ઠેકાણે ' नांदीमुखा ' એ વિશેષણ દેવું. બ્રાહ્મણ સમસંખ્યાના જોઇએ. ' सत्यवसू ' અથવા ' दक्षक्रतू ' દેવ લેવા. પછી સઘળા બ્રાહ્મણોને પાદ્ય દઈ પૂર્વમુખ અને ઉત્તરમેર બેસાડી તેમની પ્રાર્થના કરવી. " संन्यासार्थमहं श्राद्धं, कुर्वे ब्रूत द्विजोत्तमाः ॥ अनुज्ञां प्राप्य युष्माकं, सिद्धिं प्राप्स्यामि शाश्वतीं " એ મંત્રવડે પ્રાર્થના કરી ' कुरु ' એવું પ્રતિવચન દીધા છતાં યવસહિત સરખી એવી બે દૂર્વા ઇત્યાદિ લઈ જળદાનપૂર્વક સંબોધન છે અંતમાં જેને એવો ઉચ્ચાર કીધા પછી ' इदमासनं ' એમ કહી અઢાર બ્રાહ્મણને આસન દેવું. પછી આશ્વલાયનોએ અર્ઘ્યપાત્ર માંડવાં. આપસ્તંબાદિકોનો તો, સાંકલ્પિકવિધિ હોવાથી અર્ઘ્ય નથી દેવમાટે એક તથા આઠ પાર્વણમાટે આઠ મળી નવ પાત્ર માંડવાં. સઘળે ઠેકાણે બે બે પવિત્રવડે ઢાંકેલા એવા પાત્રમાં " शन्नोदेवी० " એ મંત્રવડે જળ નાંખી વિશ્વેદેવના પાત્રમાં " यवोसि० " એ મંત્રવડે યવ નાંખવા. આઠ પાત્રમાં " तिलोसि० " એ મંત્રના ઉચ્ચારવડે જવ નાખી ગંધાદિકવડે પૂજા કરવી. તે ઉચ્ચાર આ રીતે કરવો— " यवोसि सोमदेवत्यो गोसवे देवनिर्मितः ॥ प्रत्नवद्भिः प्रत्तः पुष्ट्या नांदीमुखान् देवान् प्रीणयाहिनः स्वाहा नमः " એ મંત્રવડે પ્રથમ પાત્રમાં. બીજા પાત્રમાં " नांदीमुखानृषीन्०; " ત્રીજામાં " नांदीमुखान् दिव्यान्प्री०; " ચોથામાં " नांदीमुखान्मनुष्यान्प्री०; " પાંચમામા " नांदीमुखानि भूतानि प्री०; " છઠ્ઠા, સાતમા તથા આઠમામાં " नांदी० पितॄन्प्रीणय " ઇત્યાદિક જાણવું. એક એક પાત્રના બે બે વિભાગ કરી સઘળે ઠેકાણે " यादिव्या० " એ મંત્રની અંતે " विश्वेदेवा नांदीमुखाइदंवोर्घ्यं " એમ કહી અર્ઘ્ય દઈ " ब्रह्मविष्णुमहेश्वरानांदीमुखाइदंवोर्घ्यं स्वाहा नमः " ઇત્યાદિ પ્રકારે કરી યથાયોગ્ય સોળ બ્રાહ્મણના હાથ ઉપર અર્ઘ્ય દેવો. પછી " यादिव्या० " એ મંત્રવડે સ્રવતા જળનું અનુમંત્રણ કરવું. પછી પાત્ર ઉલટું રાખી ગંધાદિક થકી આચ્છાદનપર્યંત પૂજા કરવી. તે પૂજાવિષે સઘળે ઠેકાણે સંબોધન છે અંતમાં જેને અને નાંદીમુખ વિશેષણે યુક્ત એવો ઉચ્ચાર કરવો. ભોજનપાત્ર માંડી અન્નાદિક સોળે બ્રાહ્મણના હાથમા " अग्नये कव्यवाहनाय स्वाहा, सोमाय पितृमते स्वाहा, " એ બે મંત્રવડે બે બે આહુતિ દેવી. આપસ્તંબ ઇત્યાદિકને એ (અગ્નૌકરણ) નથી. પાત્રમાં પ્રથમ ઘૃત આપી અન્ન પીરસી, અન્ન ન હોય તો આમાન્ન અથવા તેનો નિષ્ક્રય (દ્રવ્ય)

તેનું પ્રોક્ષણ કરી "**पृथिवी ते पात्रं०**" ઇત્યાદિ મંત્રવડે જેવા દેવ હોય તેને અનુસારે અન્નનો અથવા આમાન્નનો ત્યાગ કરવો. પછી "**ये देवास० प्रजापतेन० ब्रह्मार्पणं ब्रह्म० अनेनाष्टश्राद्धेन नांदीमुखा देवादयः प्रीयंतां**" એમ કહી જળ મુકવું. આપોશન દીધા પછી ચિત્રાહુતિ વર્જ્ય કરી બ્રાહ્મણોએ ભોજન કરવું. તૃપ્ત થયા છતાં "**उपास्मै० अक्षन्नमी० संपन्नं०**" એ રીતે પ્રશ્ન પૂછયા પછી "**सुचिरं**" એમ સઘળા બ્રાહ્મણોએ બોલવું. આમાન્નમાં એ (સંપન્નં ઇત્યાદિ) નથી. આચમન લીધા પછી યવ, શાળ, દહિં અને બોર એણે યુક્ત અન્નના અડતાલીસ પિંડ કરી પશ્ચિમથી પૂર્વભણી કાઢેલી અને દક્ષિણથી ઉત્તરમેરતરફ સમાપ્ત થાય એવી આઠ રેખા કાઢી તે ઉપર જળ સેચન કરી કુશ અથવા દૂર્વા પાથરી ચોવીશ પિંડ ઠેકાણે જળ સેચન કરવું. તે આ રીતે—"**शुंधंतां ब्रह्मणो नांदीमुखाः शुंधंतां विष्णवो नांदी० शुंधंतां महेश्वरा नांदी०**" એ રીતે પહેલી રેખા ઉપર. તેથી ઉત્તરમેરની રેખા ઉપર "**शुंधंतां देवर्षयो नां० शुंधंतां ब्रह्मर्षयो नां०**" ઇત્યાદિ ઊહ જાણવો. ત્યાર પછી "**ब्रह्मणे नांदीमुखाय स्वाहा**" એમ કહી એક પિંડ દઈ બીજો પિંડ એજ રીતે દેવો, અથવા મંત્રરહિત દેવો. એ પ્રમાણે એક એક દેવતાને બે બે પિંડ દેવા. એ રીતે આગળ પણ "**विष्णवे नांदीमुखाय स्वाहा**" ઇત્યાદિક સ્વાહાંત, પિંડ દેવાના મંત્ર જાણવા. "**अत्र पितरो मादयध्वं**" ઇત્યાદિકથકી ફરી શુંધંતાં ઇહાં પર્યંત તંત્ર, અંજન અને અભ્યજન એ કૃતાકૃત છે. પિંડની ગંધાદિકવડે પૂજા કરી નમસ્કાર કરી "**उपसंपन्नं**" એવું વાક્ય કહી વિસર્જન કરી બ્રાહ્મણોને દક્ષિણા દેવી ઇત્યાદિ તંત્ર કરવો. આપસ્તંબાદિકને એ પિંડદાનાદિક નથી. કાત્યાયન શાખાવાળાઓને આશ્વલાયન પ્રમાણે પિંડદાનાદિક છે.

अष्टश्राद्धोत्तरंतद्दिनेद्वितीयेवाषट्शिखाकेशान्स्थापयित्वा कक्षोपस्थवर्जंकेशश्मश्रुनखादिवापयित्वा स्नात्वा कौपीनाच्छादनादिहोमद्रव्यंचविनान्यद्धनादिविप्रादिभ्यः पुत्रादिभ्यश्चत्यजेत् कौपीनादिकंगैरिकरंजितंकृत्वावैणवंदंडंसत्वचंशिरोभ्रूललाटान्यतमप्रमाणंसमूलमंगुलीस्थूलंविप्रानीतमेकादशनवचतुःसप्तान्यतमपर्वैकंपर्वग्रंथियुतंमुद्रायुतंसंपाद्य शंखोदकेनप्रणवपुरुषसूक्तकेशवादिनामभिरभिषिच्यस्थापयेत् ततःकमंडलुकौपीनाच्छादनकंथापादुकाःस्थापयेत् शिक्यपात्रादिकमपिकेचित् ॥

અષ્ટશ્રાદ્ધ થયા પછી તે દિવસે અથવા બીજે દિવસે શિખાના છ કેશ રાખી બગલ અને ઉપસ્થ (ગુહ્યસ્થળ) વિના બાકીના કેશ, દાઢી, મુછ, નખ ઇત્યાદિકનું વપન કરાવી સ્નાન કરી કોપીન, આચ્છાદન (કટિવસ્ત્ર) ઇત્યાદિ અને હોમના દ્રવ્યવિના બીજું સઘળું દ્રવ્યાદિક બ્રાહ્મણ તથા પુત્ર ઇત્યાદિકને દેવું. કોપીન ઇત્યાદિકને ગેરૂથી રંગી, વાંસનો દંડ છાલસહિત; તથા શિર, ભમર, કપાળ એમાંથી કોઈ એક પ્રમાણનો ઉંચો મૂળસહિત, આંગળી જેવો જાડો; બ્રાહ્મણે આણેલો; અગીયાર, નવ, ચાર, સાત એમાંથી કોઈ એક સંખ્યાની કાતળીએ યુક્ત; કાતળીની ગાંઠેસહિત; અને મુદ્રાયુક્ત એવો સિદ્ધ કરી તેને પ્રણવ, પુરૂષસૂક્ત અને કેશવાદિ નામવડે શંખના જળથી સ્નાન કરાવી રાખવો. પછી કમંડલુ, કોપીન, કટિવસ્ત્ર, કંથા અને પાદુકા રાખવી. શિકું અને પાત્રાદિક એ પણ રાખવાં, એમ કોઈ કહે છે.

देशकालौसंकीर्त्याशेषदुःखनिवृत्तिनिरतिशयानंदप्राप्तिपरमपुरुषार्थप्राप्तये परमहंसाख्यसंन्यासग्रहणंकरिष्ये तदंगतयागणपतिपूजनपुण्याहवाचनमातृकापूजननांदीश्राद्धानिकरिष्ये तानिकृत्वाजपेत् ब्रह्मणेनमः विष्णवे० रुद्राय० सूर्याय० सोमाय० आत्मने० अन्तरात्मने० परमात्मने० अग्निमीळेऋक्इषेत्वोर्जेत्वा० अग्नआयाहिऋक्० शन्नोदेवीऋक्० जपित्वा सक्तुपिंडमुष्टित्रयंप्रणवेनत्रिःप्राश्यनाभिमालभेत् आत्मनेस्वाहा अंतरात्मनेस्वाहा परमात्मनेस्वाहा प्रजापतयेस्वाहेतिमंत्रैः ततःपयोदधिमिश्रमाज्यंजलमेववा त्रिवृदसीतिप्रथमंप्राश्यप्रवृदसीतिद्वितीयंविवृदसीतितृतीयंप्राश्यापःपुनंत्वितिजलंप्राश्याचम्योपवासंकरिष्येइतिसंकल्पयेत् ॥

દેશ કાલનો ઉચ્ચાર કરી "**अशेषदुःखनिवृत्तिनिरतिशयानंदप्राप्तिपरमपुरुषार्थप्राप्तये परमहंसाख्यसंन्यासग्रहणं करिष्ये ॥ तदंगतया गणपतिपूजनपुण्याहवाचनमातृकापूजननांदीश्राद्धानि करिष्ये**" એ રીતે સંકલ્પ કરી, તે કરી જપ કરવો. તે આ રીતે—"**ब्रह्मणे नमः, विष्णवे०, रुद्राय०, सूर्याय०, सोमाय०, आत्मने०, अंतरात्मने०, परमात्मने०, अग्निमीळे० ऋक्, इषेत्वोर्जेत्वा०, अग्नआयाहि ऋक्, शन्नोदेवी० ऋक्,**" એ પ્રમાણે જપ કરી સાથવાનો લોટ ત્રણ મુઠી પ્રણવમંત્રવડે

ત્રણવાર ભક્ષણ કરી નાભીને સ્પર્શ કરવો. તેનો મંત્ર—" आत्मने स्वाहा, अंतरात्मने०, परमात्मनेस्वा०, प्रजापतयेस्वाहा, " પછી દૂધ, દહિં મિશ્રિત ઘૃત અથવા જળજ, " त्रिवृदसि " એ મંત્રવડે પ્રથમ પ્રાશન કરી, " प्रवृदसि " એ મંત્રથી બીજીવાર પ્રાશન કરી, " विवृदसि " એ મંત્રવડે ત્રીજીવાર પ્રાશન કરી આચમન કરી, " उपवासं करिष्ये " એવો સંકલ્પ કરવો.

अथसावित्रीप्रवेशः ॥ ॐभूःसावित्रींप्रविशामि ॐतत्सवितुर्वरेण्यं ॐभुवःसावित्रींप्र० भर्गोदेवस्य० ॐस्वःसावित्रीं० धियोयो० ॥ ॐभूर्भुवःस्वःसावित्रींप्र० तत्सवितुर्वरेण्यं० ऋक् ततोस्तमाक् गृह्याग्निंसमिध्यविच्छिन्नश्चेत्पुनःसंधानविधिनानिरग्निर्वाविधुरादिर्वापृष्टोदिविविधानेनाग्निं संपादयेत् पृष्टोदिविविधानंचकात्यायनवैश्वदेवप्रसंगेपूर्वार्धेउक्तम् ॥

હવે સાવિત્રીપ્રવેશ કહે છે—" ॐभूःसावित्रीं प्रविशामि ॐतत्सवितुर्वरेण्यं, ॐभुवः सावित्रीं प्र० भर्गोदेवस्य०, ॐस्वः सावित्रीं प्र० धियोयो०, ॐभूर्भुवःस्वः सावित्रींप्र० तत्सवितुर्वरेण्यं० ऋक्, " ત્યાર પછી સૂર્યાસ્તની પ્રથમ ગૃહ્યાગ્નિ પ્રદીપ્ત કરી વિચ્છિન્ન અગ્નિ હોય તો પુનઃસંધાનવિધિવડે અને નિરગ્નિ અથવા વિધુરાદિક હોય તો પૃષ્ટોદિવિવિધાનવડે અગ્નિ ઉત્પન્ન કરવો. પૃષ્ટોદિવિવિધાન કાત્યાયનના વૈશ્વદેવ પ્રસંગમાં પૂર્વાર્ધમાં કહ્યું છે.

अथास्तात्पूर्वंब्रह्मान्वाधानम् ॥ संन्यासंकर्तुंब्रह्मान्वाधानंकरिष्ये इतिसंकल्प्याग्निध्यानाद्याज्यसंस्कृत्यस्रुक्स्रुवौसंमृज्य स्रुचिचतुराज्यंगृहीत्वोंस्वाहेतिहुत्वापरमात्मनइदं० परिषेचनादि इतिब्रह्मान्वाधानम् ॥

પછી સૂર્યાસ્તની પ્રથમ બ્રહ્માન્વાધાન કરવું. તે આ રીતે—" संन्यासं कर्तुं ब्रह्मान्वाधानं करिष्ये " એવો સંકલ્પ કરી અગ્નિનું ધ્યાન ઇત્યાદિક કર્મ કરવું પછી આજ્યસંસ્કાર કરી સ્રુચિ તથા સ્રુવા પાત્રનો સંસ્કાર કરી સ્રુચિ પાત્રમાં ચારવાર ઘૃત લઈ " ॐ स्वाहा " એ મંત્રવડે હોમ કરી " परमात्मन इदं० " (એવો ત્યાગ કરવો.) પછી ચારેમેર જળ સેચન કરવું ઇત્યાદિક કર્મ કરવું, એ રીતે બ્રહ્માન્વાધાન કહ્યું.

ततःसायंसंध्याहोमवैश्वदेवान्कृत्वाग्निसमीपेजागरंकुर्यात् ॥

પછી સાયંસંધ્યા, હોમ અને વૈશ્વદેવ કરી અગ્નિની સમીપે જાગરણ કરવું.

प्रातर्नित्यहोमांतेवैश्वदेवादिकंकृत्वाग्नेयंवैश्वानरंवास्थालीपाकंकुर्यात् तत्रकरिष्यमाणसंन्यासपूर्वांगभूतमाग्नेयस्थालीपाकंकरिष्यइतिसंकल्पः ध्यात्वा चक्षुषीआज्येनेत्यंतेअत्रप्रधानमग्निंचरुणाशेषेणेत्यादि अग्नयेत्वाजुष्टंनिर्वपामीत्यादिनाम्नानिर्वापादि नाम्नैवप्रधानहोमः एवंवैश्वानरपक्षेप्यूह्यं ततस्तरत्समंदीतिजपित्वाकुशहेमरूप्यजलैःस्नात्वादेशादिस्मृत्वा संन्यासांगभूतंप्राणादिहोमंपुरुषसूक्तहोमंविरजाहोमंचतंत्रेणकरिष्ये इतिसंकल्प्यान्वाधानेआज्येनेत्यंतेप्राणादिपंचदेवताः समिच्चर्वाज्यैःपुरुषंपुरुषसूक्तेनप्रत्यृचंषोडशवारंसमिच्चर्वाज्यैः प्राणाद्येकोनविंशतिदेवताविरजामंत्रैः प्रतिद्रव्यमेकैकसंख्यसमिच्चर्वाज्याहुतिभिः प्रजापतिंसकृदाज्येनशेषेणेत्यादि षष्ट्युत्तरशतवारंतूष्णींनिरूप्य तथैवप्रोक्ष्यश्रपयित्वाज्यभागांतेप्राणायस्वाहेत्यादिपंचमंत्रैर्द्रव्यत्रयंप्रत्येकंसकृत्सकृद्धुत्वायथादैवंत्यक्त्वा सहस्रशीर्षेतिषोडशर्चेनप्रत्यृचंपृथक्पृथक्द्रव्यत्रयंहुत्वापुरुषायेदंनममेतिसर्वत्रत्यजेत् ॥

પ્રાતઃકાલે નિત્યહોમ કર્યા પછી વૈશ્વદેવાદિક કરી આગ્નેય અથવા વૈશ્વાનર સ્થાલીપાક કરવો. તેમાં—" करिष्यमाणसंन्यासपूर्वांगभूतमाग्नेयस्थालीपाकं करिष्ये " એ પ્રમાણે સંકલ્પ કરવો. ધ્યાન કરી " चक्षुषी आज्येनेत्यंतेअत्रप्रधानमग्निं चरुणा शेषेण० " ઇત્યાદિક અન્વાધાન કરવું: પછી " अग्नयेत्वाजुष्टं निर्वपामि " ઇત્યાદિક નામથી નિર્વાપાદિક કરવો. નામમંત્રવડેજ પ્રધાન હોમ કરવો. એ રીતે વૈશ્વાનરસ્થાલીપાક પક્ષમાં પણ જાણવું. પછી " तरत्समंदी० " એ મંત્રનો જપ કરી કુશ, સુવર્ણ અને રૂપાએ યુક્ત જળવડે સ્નાન કરી, દેશ કાલનું સ્મરણ કરી " संन्यासांगभूतं प्राणादिहोमं पुरुषसूक्तहोमं विरजाहोमं च तंत्रेण करिष्ये " એવો સંકલ્પ કરી અન્વાધાનમાં " आज्येनेत्यंते प्राणादिपंचदेवताः समिच्चर्वाज्यैः पुरुषं पुरुषसूक्तेन प्रत्यृचं षोडशवारं समिच्चर्वाज्यैः प्राणाद्येकोनविंशतिदेवता विरजामंत्रैः प्रतिद्रव्यमेकैकसंख्यसमिच्चर्वाज्याहुतिभिः प्रजापतिं सकृदाज्येन शेषेणेत्यादि " (એવો ઉચ્ચાર કરવો). એક સો સાઠવાર મંત્રરહિત નિર્વાપ કરી તેમજ

(મંત્રરહિત) પ્રોક્ષણ કરી ચરુ રાંધી આજ્યભાગપર્યંત કર્મ કર્યા પછી "प्राणाय स्वाहा" ઇત્યાદિ પાંચ મંત્રવડે ત્રણ (સમિધ, ચરુ, આજ્ય) દ્રવ્યનો એક એકવાર હોમ કરી જેવો દેવ હોય તેને અનુસારે ત્યાગ કરી "सहस्रशीर्षा०" એ સોળ ઋચામાંની એક એક ઋચાથી જુદા જુદા ત્રણ દ્રવ્યનો હોમ કરી "पुरुषायेदं नमम" એવો સઘળે ઠેકાણે ત્યાગ કહેવો.

अथविरजाहोमः ॥ प्राणापानव्यानोदानसमानामेशुद्ध्यंतां ज्योतिरहंविरजाविपाप्माभूयासं स्वाहा प्राणादिभ्य इदं० वाङ्मनश्चक्षुःश्रोत्रजिह्वाघ्राणरेतोबुद्ध्याकूतिसंकल्पामेशुद्ध्यंतां ज्योति० वागादिभ्य इदं० त्वक्कर्ममांसरुधिरमेदोमज्जास्नायवोस्थीनिमेशुद्ध्यंतां० त्वगादिभ्यइदं० शिरःपाणिपादपार्श्वपृष्ठोरूदरजंघाशिश्नोपस्थपायवोमेशुद्ध्यं० शिरआदिभ्य० उत्तिष्ठपुरुषहरितपिंगललोहिताक्षदेहिदेहिददापयितामेशुद्ध्यं० पुरुषादिभ्य० पृथिव्यापस्तेजोवायुराकाशोमेशुद्ध्यं० पृथिव्यादिभ्य० शब्दस्पर्शरूपरसगंधामेशुद्ध्यं० शब्दादिभ्य० मनोवाक्कायकर्माणिमेशुद्ध्यंतां० मनआदिकर्मभ्य० अव्यक्तभावैरहंकारैर्ज्योतिरहं० अव्यक्तादिभ्य० आत्मामेशुद्ध्यंतांज्यो० आत्मन० अंतरात्मामे० अंतरात्मन० परमात्मामे० परमात्मन० क्षुधेस्वाहा क्षुधइदं० क्षुत्पिपासायस्वाहा क्षुत्पिपासायेदं० विविधैस्वा० विविद्या० ऋग्विधानाय० कषोत्कायस्वा० क्षुत्पिपासामलंज्येष्ठामलक्ष्मींनाशयाम्यहं अभूतिमसमृद्धिंचसर्वांनिर्णुदमेपाप्मानंस्वाहा अन्नयइदं० अन्नमयप्राणमयमनोमयविज्ञानमयमानंदमयमात्मामेशुद्ध्यंतां० अन्नमयादिभ्य० एवंसमिच्चर्वाज्यैःप्रतिद्रव्यंचत्वारिंशदाहुतीर्हुत्वा यदिष्टंयच्चपूर्तंयच्चापद्यनापदि प्रजापतौतन्मनसिजुहोमि विमुक्तोहंदेवकिल्बिषात्स्वाहेत्याज्यंहुत्वाप्रजापतयइदमितित्यजेत् ततः पुरुषसूक्तंअग्निमीळेइत्यादिचतुर्वेदादींश्चजपित्वास्विष्टकृदादिहोमशेषंसमाप्य ब्रह्मचार्यादिभ्योगोहिरण्यवस्त्रादिदत्वा संमासिंचंतुमरुतइतिमंत्रेणगृह्याग्निमुपस्थायतत्रदारुपात्राणिदहेत्तैजसानिगुरवेदद्यात् ततआत्मन्यग्निसमारोपं अयंतेयोनिरित्यृचा यातेअग्नेयज्ञियातनूस्तयेह्यारोहात्मानमित्यादियजुषाच त्रिरुक्तेनाग्नेर्ज्वालांप्राश्नन्कुर्यात् कृष्णाजिनमादायगृहान्निष्क्रम्य सर्वेभवंतुवेदाढ्याः सर्वेभवंतुसोमपाः सर्वेपुत्रमुखंदृष्ट्वासर्वेभवंतुभिक्षुकाइतिपुत्रादिभ्यआशिषंदत्वा नमेकश्चिन्नाहंकस्यचित् पुत्रादीनुक्त्वा विसृजेत् जलाशयंगत्वांजलिनाजलमादायाशुःशिशानइतिसूक्तेनाभिमंत्र्यसर्वाभ्योदेवताभ्यःस्वाहेति त्यजेत् तिथ्यादिस्मृत्वाऽपरोक्षब्रह्मावाप्तयेसंन्यासंकरोमीतिसंकल्प्यजलांजलिंगृहीत्वा ॐएषहवाअग्निः सूर्यःप्राणंगच्छस्वाहा ॐस्वांयोनिंगच्छस्वाहा ॐआपोवैगच्छस्वाहेतिमंत्रत्रयेणजलेष्वंजलित्रयंदद्यात् पुत्रैषणावित्तैषणालोकैषणासर्वैषणामयापरित्यक्ताअभयंसर्वभूतेभ्योमत्तःस्वाहाइत्यंजलिंजलेक्षिपेत् पुनरेवमभयंदत्वावदेत् यत्किंचिद्बंधनंकर्मकृतमज्ञानतोमया प्रमादालस्यदोषोत्थंतत्सर्वंसंत्यजाम्यहं त्यक्तसर्वोविशुद्धात्मागतस्नेहशुभाशुभः एषत्यजाम्यहंसर्वंकामभोगसुखादिकं रोषंतोषंविवादंचगंधमाल्यानुलेपनं भूषणंनर्तनंगेयंदानमादानमेवच नमस्कारंजपंहोमंयाश्चनित्याःक्रियामम नित्यंनैमित्तिकंकाम्यंवर्णधर्माश्रमाश्रये सर्वमेवपरित्यज्यददाम्यभयदक्षिणां पद्भ्यांकराभ्यांविहरन्नाहंवाक्कायमानसैः करिष्ये प्राणिनांपीडांप्राणिनःसंतुनिर्भयाः सूर्यादिदेवान्विप्रांश्चसाक्षित्वेनध्यात्वा नाभिमात्रेजलेप्राङ्मुखः सावित्रीप्रवेशंपूर्ववत्कृत्वा तरत्समंदीतिसूक्तंपठित्वा पुत्रैषणायावित्तैषणायालोकैषणायाश्चव्युत्थितोहं भिक्षाचर्यंचरामीतिजलेजलंजुहुयात् ॥

હવે વિરજાહોમ કહે છે.

તે આ રીતે—"प्राणापानव्यानोदानसमानामेशुद्ध्यंतां ज्योतिरहंविरजाविपाप्माभूयासं स्वाहा प्राणादिभ्य इदं० वाङ्मनश्चक्षुःश्रोत्रजिह्वाघ्राणरेतोबुद्ध्याकूतिसंकल्पा मे शुद्ध्यंतां ज्योति० वागादिभ्य इदं० त्वक्चर्ममांसरुधिरमेदोमज्जास्नायवोस्थीनिमे शुद्ध्यंतां० त्वगादिभ्य इदं० शिरःपाणिपादपार्श्वपृष्ठोरूदरजंघाशिश्नोपस्थपायवो मे शुद्ध्यं० शिरआदिभ्य० उत्तिष्ठपुरुषहरितपिंगललोहिताक्षदेहिदेहिददापयिता मे शुद्ध्यं० पुरुषादिभ्य० पृथिव्यापस्तेजोवायुराकाशो मे शुद्ध्यं० पृथिव्यादिभ्य० शब्दस्पर्शरूपरसगंधा मे शुद्ध्यं० शब्दादिभ्य० मनोवाक्कायकर्माणि मे शुद्ध्यंतां० मनआदिकर्मभ्य० अव्यक्तभावैरहंकारैर्ज्योतिरहं० अव्यक्तादिभ्य० आत्मामेशुद्ध्यंतां ज्यो० आत्मन० अंतरात्मा मे० अंतरात्मन० परमात्मा मे० परमात्मन० क्षुधेस्वाहा क्षुधेइदं० क्षुत्पिपासायस्वाहा क्षुत्पिपासायेदं विविधैस्वा० विविद्या० ऋग्विधानाय० कषोत्कायस्वा० क्षुत्पिपासामलंज्येष्ठामलक्ष्मींनाशयाम्यहं अभूतिमसमृद्धिंचसर्वांन्निर्णुदमेपाप्मानंस्वाहा अन्नयइदं० अन्नमय प्राणमय मनोमय विज्ञानमयमानंदमयमात्मा मे

गुह्यंतां० अन्नमयादिभ्य०" એપ્રમાણે સમિધ, ચરુ અને આજ્યવડે એક એક દ્રવ્યની ચાળીશ આહુતિ હોમ કરી "यदिष्टं यच्च पूर्तं यच्चापद्यनापदि ॥ प्रजापतौतन्मनसिजुहोमि विमुक्तोहंदेवकिल्बिषात्स्वाहा" એવા મંત્રવડે આજ્યની આહુતિ દઈ "प्रजापतयइदं०" એવો ત્યાગ કરવો. ત્યારપછી પુરૂષસૂક્ત, "अग्निमीळे०" ઇત્યાદિ ચાર વેદાદિકનો જપ કરી સ્વિષ્ટકૃત્ આદિ હોમશેષની સમાપ્તિ કરી બ્રહ્મચારી ઇત્યાદિકોને ગાય, સુવર્ણ, વસ્ત્રાદિક દઈ संमासिंचंतुमरुतः०" એ મંત્રથી ગૃહ્યાગ્નિનું ઉપસ્થાન કરી તે અગ્નિમાં કાષ્ઠનાં પાત્ર બાળવાં, તથા ધાતુના પાત્ર હોય તે ગુરૂને દેવાં, ત્યાર પછી "अयंतेयोनि०" એ ઋચા અને "यातेअग्नेयज्ञियातनूस्तयेह्यारोहात्मात्मानं०" ઇત્યાદિ યજુર્મંત્ર ત્રણવાર કહી અગ્નિની જ્વાળાનું પાન કરતાં છતાં પોતામાં અગ્નિસમારોપ કરવો. પછી કાળુ મૃગચર્મ લઈ ઘરથી બાહાર નીકળી "सर्वे भवंतु वेदाढ्याः सर्वे भवंतु सोमपाः ॥ सर्वे पुत्रमुखं दृष्ट्वा सर्वे भवंतु भिक्षुकाः" એ મંત્રવડે પુત્રાદિકને આશીર્વાદ દઈ "न मेकश्चित् नाहंकस्यचित्" (મ્હારો કોઈ નથી અને હું કોઇનો નથી) એ રીતે પુત્રાદિકોને કહી વિસર્જન કરવું. પછી જલાશયપ્રત્યે જઈ અંજલીવડે જળ લઈ "आशुःशिशान०" એ સૂક્તથી મંત્રી "सर्वाभ्यो देवताभ्यः स्वाहा" એમ કહી જળ મુકવું. તિથિ ઇત્યાદિકનું સ્મરણ કરી "अपरोक्षब्रह्मावाप्तयेसंन्यासंकरोमि" એવો સંકલ્પ કરી જળની અંજલી ભરી "ॐएषहवाअग्निः सूर्यः प्राणंगच्छ स्वाहा, ॐसांयोर्निगच्छस्वाहा, ॐआपोवैगच्छस्वाहा" એ ત્રણ મંત્રવડે જળમાં ત્રણ અંજલી દેવી. "पुत्रेषणा वित्तेषणा लोकैषणा सर्वैषणा मया परित्यक्ता अभयं सर्वभूतेभ्यो मत्तः स्वाहा" એ મંત્રવડે જળની અંજલી જળમાં નાંખવી. ફરી એ રીતે અભય દઈ કહેવું. તે આ પ્રમાણે—
यत्किंचिद्बंधनं कर्म, कृतमज्ञानतो मया ॥ प्रमादालस्यदोषोत्थं, तत्सर्वं संत्यजाम्यहं ॥ त्यक्तसर्वो विशुद्धात्मा, गतस्नेहशुभाशुभः ॥ एष त्यजाम्यहं सर्वं, कामभोगसुखादिकं ॥ रोषं तोषं विवादं च, गंधमाल्यानुलेपनं ॥ भूषणं नर्त्तनं गेयं, दानमादानमेवच ॥ नमस्कारं जपं होमं, याश्च नित्याः क्रिया मम ॥ नित्यं नैमित्तिकं काम्यं, वर्णधर्माश्रमाश्च ये ॥ सर्वमेव परित्यज्य, ददाम्यभयदक्षिणां ॥ पद्भ्यां कराभ्यां विहरन्नाहं वाक्कायमानसैः ॥ करिष्ये प्राणिनां पीडां, प्रणिनः संतु निर्भयाः" પછી સૂર્યાદિ દેવ અને બ્રાહ્મણોનું સાક્ષિરૂપે ધ્યાન કરી નાભિમાત્ર જળમાં પૂર્વાભિમુખ ઉભા રહી પ્રથમપ્રમાણે સાવિત્રીપ્રવેશ કરી "तत्तसमंदी०" એ સૂક્તનો પાઠ કરી "पुत्रेषणाया वित्तेषणाया लोकैषणायाश्च व्युत्थितोहं भिक्षाचर्यं चरामि" એવું વાક્ય કહી જળમાં જળની આહુતિ દેવી.

अथप्रैषोच्चारः ॥ ॐभूःसंन्यस्तंमया ॐभुवःसंन्यस्तं० ॐस्वःसंन्यस्तं० ॐभूर्भुवःस्वःसंन्यस्तंमयेतिनिर्मंद्रमध्योच्चस्वरेणोक्त्वाऽभयंसर्वभूतेभ्योमत्तःस्वाहेति जलंजलेक्षिपेत् शिखामुत्पाट्य यज्ञोपवीतमुद्धृत्यकरेगृहीत्वा आपोवैसर्वादेवताः सर्वाभ्योदेवताभ्योजुहोमिस्वाहा ॐभूःस्वाहेतिजलेजलैःसहहुत्वाप्रार्थयेत् त्राहिमांसर्वलोकेशवासुदेवसनातन संन्यस्तंमेजगद्योनेपुंडरीकाक्षमोक्षद युष्मच्छरणमापन्नंत्राहिमांपुरुषोत्तम ततोदिगंबरःपंचपदान्युदङ्मुखोगच्छेत् विविदिषुश्चेत्तस्मैआचार्योनत्वाकाषायकौपीनाच्छादनेदत्वादंडंदद्यात् सचकौपीनंवासश्चपरिधाय ॐइंद्रस्यवज्रोसिसखेमांगोपायेतिदंडंगृहीयात् वार्त्रघ्नःशर्ममेभवयत्पापंतन्निवारय प्रणवेनगायत्र्यावाकमंडलुं इदंविष्णुरित्यासनं ततःसमित्पाणिर्गुरुंनत्वागरुडासनोपविष्टोगुरुंवदेत् त्रायस्वभोजगन्नाथगुरोसंसारवह्निना दग्धंमांकालदष्टंचत्वामहंशरणागतः योब्रह्माणंविदधातिपूर्वंयोवैवेदांश्चप्रहिणोतितस्मै तंहदेवमात्मबुद्धिप्रकाशंमुमुक्षुर्वैशरणमहंप्रपद्ये इतिगुरुमुपस्थाय दक्षिणंजान्वाच्यपादावुपसंगृह्य अधीहिभगवोब्रह्मेति वदेत् गुरुरात्मानंब्रह्मरूपंध्यात्वाजलपूर्णशंखंद्वादशप्रणवैरभिमंत्र्यतेनशिष्यमभिषिच्य शन्नोमित्रइतिशांतिंपठित्वातच्छिरसिहस्तंदत्वापुरुषसूक्तंजपित्वाशिष्यहृदयेहस्तंकृत्वा ममव्रतेहृदयंतेदधामीत्यादिमंत्रंजप्त्वादक्षिणकर्णेप्रणवमुपदिश्यतदर्थंचपंचीकरणाद्यवबोध्य प्रज्ञानंब्रह्मअयमात्माब्रह्मतत्त्वमसि अहंब्रह्मास्मीतिक्रमेणवेदादिमहावाक्येष्वन्यतमंशिष्यशाखानुसारेणोपदिश्यतदर्थंबोधयेत् ततस्तीर्थाश्रमादिसंप्रदायानुसारेणनामदद्यात् ततःपर्यंकशौचंकारयित्वायोगपट्टंदद्यात् ॥

હવે પ્રૈષોચ્ચાર કહે છે.—તે આ રીતે—"ॐभूःसंन्यस्तंमया, ॐभुवः संन्यस्तं०, स्वःसंन्यस्तं०, ॐभूर्भुवःस्वः संन्यस्तं मया" એ રીતે ત્રણ વાર મંદ મધ્ય અને ઉચ્ચ સ્વરથી કહી "अभयं सर्वभूतेभ्यो मत्तः स्वाहा" એ મંત્રથી જળ જળમાં નાખવું. શિખા ઉખેડી જનોઈ હાથમાં લઈ "आपो वै सर्वा देवताः सर्वाभ्यो देवताभ्यो जुहोमि स्वाहा ॐभूःस्वाहा" એ મંત્રથી જળમાં

જળ સાથે હોમ કરી પ્રાર્થના કરવી. તેનો મંત્ર—“**त्राहि मां सर्वलोकेश, वासुदेव सनातन ॥ संन्यस्तं मे जगद्योने पुंडरीकाक्ष मोक्षद ॥ युष्मच्छरणमापन्नं, त्राहि मां पुरुषोत्तम०**” ત્યાર પછી નગ્ન થઈ પાંચ પગલાં ઉત્તર સામે જવું. જ્ઞાન મળવાની ઇચ્છાવાળો હોય તો તેને આચાર્યે નમસ્કાર કરી ભગવું કોપીન અને કટિવસ્ત્ર દઈ દંડ દેવો. પછી તેણે કોપીન તથા વસ્ત્ર પ્હેરી, “**ॐइंद्रस्यवज्रोसि सखे मां गोपाय**” એ મંત્રથી દંડ લેવો પછી “**यात्रंघ्नः शर्म मे भव यत्पापं तन्निवारय**” એ મંત્ર કહી પ્રણવથી અથવા ગાયત્રી મંત્રથી કમંડલુ લેવું. “**इदंविष्णु**” એ મંત્રથી આસન લેવું. પછી હાથમાં સમિધ રાખી ગુરુને નમસ્કાર કરી ગરુડાસનથી બેસી ગુરુપ્રત્યે કહેવું. તે આ રીતે—“**त्रायस्व भो जगन्नाथ, गुरो संसारवह्निना ॥ दग्धं मां कालदष्टं च, त्वामहं शरणं गतः ॥ यो ब्रह्माणं विदधाति पूर्वं; योवैवेदांश्च प्रहिणोति तस्मै ॥ तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये**” એ મંત્રથી ગુરુની પ્રાર્થના કરી જમણો ગોઠણ ભૂમિ ઉપર રાખી ગુરુના પગને ગ્રહણ કરી “**अधीहि भगवोंब्रह्म**” એમ કહેવું. ગુરૂએ પોતાને બ્રહ્મરૂપ હું છું એમ ધ્યાન કરી જળે ભરેલા શંખને બારવાર પ્રણવથી મંત્રી તે જળથી શિષ્યને અભિષેક કરી “**शन्नोमित्रः**” એ મંત્રથી શાંતિપાઠ કરી શિષ્યના મસ્તક ઉપર હાથ રાખી પુરૂષસૂક્તનો જપ કરી શિષ્યનાં હૃદય ઉપર હાથ રાખી “**मम व्रते हृदयं ते दधासि०**” ઇત્યાદિ મંત્રનો જપ કરી દક્ષિણ કાનમાં પ્રણવનો ઉપદેશ કરી તેનો અર્થ તથા પંચીકરણાદિક એનો બોધ કરી “**प्रज्ञानं ब्रह्म, अयमात्मा ब्रह्म, तत्त्वमसि, अहं ब्रह्मास्मि**” એ ઋગ્વેદાદિક ચાર મહાવાક્યમાંનું કોઈ એક જે શિષ્યની શાખા હોય તેને અનુસારે ઉપદેશ કરી તે વાક્યના અર્થનો બોધ કરવો. પછી તીર્થ, આશ્રમ ઇત્યાદિ સંપ્રદાયપ્રમાણે નામ દેવું. પછી પર્યંકશૌચ (શુદ્ધતા) કરાવી યોગપટ્ટ દેવો.

अथपर्यंकशौचप्रयोगः ॥ कस्मिंश्चित्पुण्यदिनेकश्चिद्गृहस्थःस्वाग्रेपीठादौयतिमुपवेश्यगुर्वनुज्ञातोयतयेपर्यंकशौचंकरिष्येइतिसंकल्प्य वामभागेप्राक्संस्थान्पंचमृद्भागान्दक्षिणभागेपि तथैवपंचसंस्थाप्योभयत्रशुद्धोदकंचसंस्थाप्यवामप्रथममृद्भागेनपंचवारंमृज्जलाभ्यांयतिजानुद्वयंकराभ्यांयुगपत्क्षालयेत् चरमक्षालनेमृद्भागसमाप्तिः एवमग्रेपि ततोदक्षिणभागस्थप्रथमभागार्धेनस्ववामकरंमृज्जलाभ्यांदशवारंप्रक्षाल्यापरार्धेनतेनैवजलेनोभौकरौसप्तवारंक्षालयेत् एवमग्रेपियोज्यं संख्यायांविशेषस्तूच्यते वामद्वितीयभागेनचतुर्वारंजंघाद्वयंयुगपत्प्रक्षाल्यदक्षिणद्वितीयभागार्धेनसप्तवारंवामकरमर्धांतरेणचतुर्वारमुभौचकरौक्षालयेत् वामतृतीयेनयतिगुल्फौत्रिवारं दक्षिणभागार्धेनवामकरंषड्वारमुभौचतुर्वारं वामचतुर्थेनयतिपादपृष्ठौद्विवारंदक्षिणार्धेनस्ववामंकरंचतुर्वारमुभौद्विवारमवशिष्टार्धेन वामपंचमेनयतिपादतलेसकृद्दक्षिणपंचमार्धेनवामस्यद्विवारमुभयोश्चापरार्धेनसकृत्क्षालनमिति ॥

હવે પર્યંકશૌચનો પ્રયોગ કહે છે.

કોઈ એક પુણ્ય દિવસે કોઈ એક ગૃહસ્થે પોતાની આગળ આસનાદિક ઉપર સંન્યાસીને બેસાડી “**गुर्वनुज्ञातो यतये पर्यंकशौचं करिष्ये**” એવો સંકલ્પ કરી ડાબીતરફ પૂર્વભણી જાય એવા પાંચ માટીના પિંડ તથા દક્ષિણભાગમાં પણ તેમજ પાંચ માટીના પિંડ રાખી તથા બન્ને તરફ શુદ્ધ જળ રાખી ડાબીતરફના પહેલા માટીના પિંડમાંથી પાંચવાર મૃત્તિકા તથા જળવડે યતિના બે ગોઠણ બે હાથવતી એક કાળેજ ધોવા. છેવટના ધોવામાં માટીના પિંડની સમાપ્તિ કરવી. એ રીતે આગળ પણ જાણવું. ત્યાર પછી દક્ષિણતરફના પ્રથમ પિંડમાંની અર્ધા માટીથી પોતાનો ડાબો હાથ માટી તથા જળવડે દશવાર ધોઈ બીજા અર્ધ ભાગથી એજ જળવતી બન્ને હાથ સાતવાર ધોવા. એ રીતે આગળ પણ યોજના કરવી. સંખ્યામાં વિશેષ પ્રકાર તો કહીશું. ડાબીતરફના બીજા ભાગથી ચારવાર બે જંઘા એક કાળે ધોઈ જમણીતરફના બીજા પિંડના અર્ધ ભાગથી સાતવાર ડાબો હાથ ધોઈ બીજા અર્ધ ભાગથી બન્ને હાથ ચારવાર ધોવા. ડાબીતરફના ત્રીજા ભાગથી યતિના ગુલ્ફ (ગિરિઆ) ત્રણવાર ધોઈ દક્ષિણતરફના અર્ધ ભાગથી ડાબો હાથ છવાર તથા (બાકી અર્ધથી) બન્ને હાથ ચારવાર ધોવા. ડાબીતરફના ચોથા પિંડવડે યતિના પગની પેનિઓ બેવાર તથા દક્ષિણતરફના અર્ધ ભાગથી પોતાનો ડાબો હાથ ચારવાર અને બાકીના અર્ધ ભાગથી બન્ને હાથ બેવાર ધોવા. ડાબીતરફના પાંચમા ભાગથી યતિના પગતળિયાં એકવાર તથા દક્ષિણતરફના પાંચમા અર્ધે ભાગથી ડાબા પગને બેવાર અને બાકી બચેલા અર્ધા ભાગથી બન્ને પગને એકવાર ધોવા.

अथयोगपट्टः ॥ कारितपर्यंकशौचोयतिःकटिशौचंकृत्वाकटिसूत्रकौपीनेधृत्वावस्त्रेणावगुंठ्यगुर्वनुज्ञयोच्चासनेउपविश्यसभ्यैःसहवेदांतेकिंचिदुपन्यसेत् गुरुर्यतिःशिष्यंयतिंशिरसिशंखेनपुरुषसूक्तेनाभिषिच्यवस्त्रगंधपुष्पधूपदीपनैवेद्यैःसंपूज्य वस्त्रमुपरिधृत्वायतिभिःसहविश्वरूपाध्यायंपश्यामिदेवानित्यारभ्यभुंक्ष्वराज्यंसमृद्धमित्यंतंपठित्वा पूर्वकल्पितंनामदद्यात् ततःशिष्यंवदेत् इतःपरंत्वयासंन्यासाधिकारिणेसंन्यासोदेयोदीक्षायोगपट्टादिकंचकार्यं ज्येष्ठयतयोनमस्कार्याः ततोगुरुःकटिसूत्रंपंचमुद्रालंकृतंपूर्वदंडंचशिष्यायदत्वाशिष्यंयथासंप्रदायंनमस्कुर्यात् अन्येयतयोगृहिणश्चनमस्कुर्युः शिष्योनारायणेत्युक्त्वोच्चासनादुत्थायतत्रगुरुमुपवेश्ययथाविधिनत्वान्ययतीन्नमेत् इतिगृह्याग्निमतोविधुरादेश्चविविदिषासंन्यासप्रयोगः ॥

હવે યોગપટ્ટ કહે છે.

જેણે પર્યંકશૌચ કરેલું એવા યતિએ કટિની શુદ્ધતા કરી કટિસૂત્ર તથા કોપીન ધારણ કરી દેહ ઉપર વસ્ત્ર વીંટી ગુરુની આજ્ઞાથી ઊંચા આસન ઉપર બેસી સભાસદોનીસાથે વેદાંતવિષે કાંઇ એક વ્યાખ્યાન કરવું. ગુરૂ સંન્યાસીએ શિષ્ય સંન્યાસીના મસ્તક ઉપર શંખવડે પુરુષસૂક્તથી અભિષેક કરી વસ્ત્ર, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, એ ઉપચારથી પૂજા કરી ઉપર વસ્ત્ર આલી યતિઓસાથે વિશ્વરૂપાધ્યાય "**पश्यामि देवान्**" ઇહાં થકી "**भुंक्ष्व राज्यं समृद्धं**" ઇહાંપર્યંત પાઠ કરી પ્રથમ કલ્પી રાખેલું નામ દેવું. પછી શિષ્યપ્રત્યે કહેવું. આજ પછી સંન્યાસના અધિકારીને તારે સન્યાસ તથા દીક્ષા દેવી, અને યોગપટ્ટાદિક કરવા. જ્યેષ્ઠ યતિઓને નમસ્કાર કરવા. પછી ગુરૂએ કટિસૂત્ર તથા પાંચ મુદ્રાવડે અલંકૃત એવો પ્રથમનો દંડ શિષ્યને દઈ સંપ્રદાયપ્રમાણે તેને નમસ્કાર કરવા. પછી બીજા સંન્યાસી તથા ગૃહસ્થોએ પણ નમસ્કાર કરવા. શિષ્યે "**नारायण**" એમ કહી ઊંચા આસનથી ઉતરી તે (આસન) ઉપર ગુરુને બેસાડી યથાવિધિ નમસ્કાર કરી બીજા યતિઓને નમન કરવું. એ રીતે ગૃહ્યાગ્નિમાન્ તથા વિધુરાદિકને વિવિદિષા સંન્યાસનો પ્રયોગ કહ્યો.

अथाग्निहोत्रिणोविशेषः ॥ तत्रश्रौताग्नयोविच्छिन्नाश्चेत्पुनराधानंपावमानेष्ट्यंतंपूर्णाहुत्यंतंवाकृत्वाप्रायश्चित्तादिसावित्रीप्रवेशांतंपूर्ववत्कुर्यात् ॥

હવે અગ્નિહોત્રીને વિશેષ કહે છે.

તેમાં શ્રૌતાગ્નિ વિચ્છિન્ન થયા હોય તો, પુનરાધાન પાવમાનેષ્ટિપર્યંત કરી અથવા પૂર્ણાહુતિપર્યંત કરી પ્રાયશ્ચિત્તાદિ સાવિત્રીપ્રવેશપર્યંત કર્મ પ્રથમપ્રમાણે કરવું.

अथब्रह्मान्वाधानम् ॥ अग्नित्रयंसमिध्यसंस्कृतमाज्यंस्रुचिचतुर्वारंगृहीत्वाहवनीयेपूर्णाहुतिं ॐस्वाहापरमात्मनइदमितिकुर्यात् सायंसंध्याग्निहोत्रहोमांतेउत्तरेणगार्हपत्यंद्वंद्वशःपात्राण्यासाद्याहवनीयदक्षिणतःकौपीनदंडाद्यासादयेत् रात्रिजागरांतेप्रातर्होमादिकृत्वापौर्णमास्यांब्रह्मान्वाधानंचेत्पौर्णमासेष्टिंकृत्वादर्शेष्टिमपिपक्षहोमापकर्षपूर्वकमपकृष्यतदैवकुर्यात् दर्शेचेद्दर्शेष्टिरेव ॥

હવે બ્રહ્માન્વાધાન કહે છે.

ત્રણ અગ્નિ પ્રદીપ્ત કરી સંસ્કાર કરેલું આજ્ય સ્રુચિપાત્રમાં ચારવાર લઈ આહવનીય અગ્નિમાં "**ॐस्वाहा परमात्मन इदं०**" એમ કહી પૂર્ણાહુતિ કરવી. સાયંસંધ્યા તથા અગ્નિહોત્રહોમ થયા પછી ગાર્હપત્ય અગ્નિની ઉત્તરતરફ બે બે પાત્ર માંડી આહવનીય અગ્નિની દક્ષિણતરફ કોપીન, દંડ ઈત્યાદિક રાખવાં. રાત્રિએ જાગરણ કર્યા પછી પ્રાતઃકાળે હોમાદિક કરી પૂનમને દિવસે બ્રહ્માન્વાધાન કર્યું હોય તો પૌર્ણમાસેષ્ટિ કરી દર્શેષ્ટિ પણ પક્ષહોમના અપકર્ષપૂર્વક અપકર્ષ કરી તે વેળાએજ કરવી. (બ્રહ્માન્વાધાન) દર્શને દિવસે હોય તો દર્શેષ્ટિજ કરવી.

अथपूर्णमास्यांदर्शेवादेशकालौस्मृत्वा संन्यासपूर्वांगभूतयाप्राजापत्येष्ट्यावैश्वानर्येष्ट्याचसमानतंत्रयायक्ष्ये इतिसंकल्प्यसमुच्चयेनेष्टिद्वयं अत्रवैश्वानरोद्वादशकपालःपुरोडाशःप्राजापत्यश्चरुर्वैणवोनवकपालःपुरोडाशः अथवाकेवलप्राजापत्येष्टिः अत्रप्रयोगःस्वस्वसूत्रानुसारेणोह्यः बौधायनसूत्रानुसारेणकिंचिदुच्यते पवनपावनपुण्याहवाचनादिपूर्वांगांतेकेवलवैश्वानरेष्ट्याःकेवलप्राजापत्यावासंकल्पः

व्रीहिमयःपुरोडाशोद्रव्यं पंचप्रयाजाः अग्निर्वैश्वानरःप्रजापतिर्वादेवता पंचदशसामिधेन्यः व्रतग्रहणांतेध्वर्युराज्यंसंस्कृत्यस्रुचिचतुर्गृहीतंगृहीत्वापृथिवीहोतेत्यादिचतुर्होतृहोमंकूष्मांडहोमंसारस्वतहोमौच कृत्वानिर्वापादिः वैश्वानरोद्वादशकपालःपुरोडाशःप्राजापत्यश्चरुः वैश्वानरायप्रतिवेदयामइतिपुरोनुवाक्यावैश्वानरःपवमानःपवित्रैरितियाज्या प्राजापत्यायांप्रधानमुपांशुधर्मकं सुभूःस्वयंभूरित्याद्यनुवाक्याः प्रजापतेनत्वदेतानितियाज्या अथस्रुवेणाष्टावुपहोमावुभयत्र वैश्वानरोनऊतयआप्रयातुपरावतः अग्निरुक्थेनवाहसास्वाहा वैश्वानरायेदमितित्यागःसर्वत्र १ ऋतावानंवैश्वानरमृतस्यज्योतिषस्पतिं अजस्रं घर्ममीमहेस्वाहा २ वैश्वानरस्यदंस० ३ पृष्टोदिविपृष्टोअग्निः० ४ जातोयदग्ने० ५ त्वमग्नेशोचिषा० ६ अस्माकमग्ने० ७ वैश्वानरस्यसुमतौ० ८ अथैनमुपतिष्ठेतसहस्रशीर्षेतिसूक्तेन ततःस्विष्टकृदादिशेषंसमापयेत् सर्वोवैरुद्रः विश्वंभूतमितिद्वाभ्यामग्न्युत्सर्गः आयुर्दाअग्नेइतिमंत्रेणदर्भस्तंबस्थयजमानभागात्किंचिदादाय सहस्रशीर्षेत्यनुवाकेनप्राश्य ओमितिब्रह्म ओमितीदंसर्वमित्यनुवाकेनहुतशेषमाहवनीयेप्रक्षिपेत् एवंवैश्वानर्याद्यन्यतरामिष्टिंकृत्वौपासनाग्नौसर्वाधानेदक्षिणाग्नौप्राणादिहोमादिविरजाहोमांतंकार्यं अन्यत्प्राग्वत् आहवनीयेअरणीमुसलोलूखलातिरिक्तदारुपात्राणांदाहः ततआत्मन्याहवनीयाग्निसमारोपःपूर्ववत् अरणीद्वयंगार्हपत्येप्रक्षिप्यतत्समारोपंकृत्वादक्षिणाग्नौमुसलोलूखलेहुत्वादक्षिणाग्नेरपिसमारोपः ततऔपासनाग्नेःसमारोपः इतिक्रमः अत्रविशेषोन्यत्रज्ञातव्यः इतिसाग्निकप्रयोगः स्नातकंप्रति ब्रह्मान्वाधानविरजाहोमादिरहितोवाप्रयोगोग्न्यभावात् ॥

હવે પૂનમને દિવસે અથવા દર્શને દિવસે દેશ, કાલનુ સ્મરણ કરી “ संन्यासपूर्वांगभूतया प्राजापत्येष्ट्या वैश्वानर्येष्ट्या च समानतंत्रया यक्ष्ये, ” એવો સંકલ્પ કરી એક સાથે બન્ને ઇષ્ટિ કરવી. એ ઠેકાણે વૈશ્વાનરને ઉદ્દેશે દ્વાદશકપાળ પુરોડાશ કરવો. પ્રાજાપત્ય ચરૂ, વિષ્ણુ દેવતાવાળો નવકપાળ પુરોડાશ કરવો. અથવા કેવળ પ્રાજાપત્યેષ્ટિ કરવી. એમાં પ્રયોગ પોતપોતાના સૂત્રને અનુસારે જાણવો. બૌધાયનસૂત્રને અનુસારે કાંઈ એક કહુંછું—પવન, પાવન અને પુણ્યાહવાચન ઇત્યાદિ પૂર્વાંગ થયા પછી કેવળ વૈશ્વાનરેષ્ટિનો અથવા કેવળ પ્રાજાપત્યેષ્ટિનો સકલ્પ કરવો. વ્રીહિમય પુરોડાશ એ દ્રવ્ય, પાંચ પ્રયાજ, વૈશ્વાનર અગ્નિ અથવા પ્રજાપતિ દેવતા, પદર સામિધેની. વ્રત લીધા પછી તો અધ્વર્યુએ આજ્યનો સસ્કાર કરી સુચિપાત્રમાં ચારવાર ઘૃત લઈ “ पृथिवी होता० ” ઇત્યાદિ ચતુર્હોત્ર હોમ, કૂષ્માંડ હોમ અને સારસ્વત હોમ કરી નિર્વાપાદિક કરવો. વૈશ્વાનર દ્વાદશકપાળ પુરોડાશ, પ્રાજાપત્ય ચરુ, “ वैश्वानरायप्रतिवेदयाम ” એ પુરોનુવાક્યા, “ वैश्वानरः पावमानः पवित्रैः ” એ યાજ્યા. પ્રાજાપત્ય ઇષ્ટિમાં પ્રધાન કર્મનો ઉચ્ચાર ધીરે કરવો. “ सुभूःस्वयंभूः ” ઇત્યાદિક અનુવાક્યા જાણવી. “ प्रजापते नत्वदेतां ” એ યાજ્યા. પછી સુવપાત્રવડે આઠ ઉપહોમ બન્ને ઠેકાણે કરવા. તેના મંત્ર—“ वैश्वानरोनऊतय आप्रयातु परावतः ॥ अग्निरुक्थेनवाहसास्वाहा वैश्वानरायेदं० ” એ રીતે સઘળે ઠેકાણે ત્યાગ કરવો. “ ऋतावानंवैश्वानरमृतस्य ज्योतिषस्पतिं ॥ अजस्रं घर्ममीमहेस्वाहा २, वैश्वानरस्यदंस० ३, पृष्टोदिविपृष्टोअग्निः० ४, जातोयदग्ने० ५, त्वमग्नेशोचिषा० ६, अस्माकमग्ने ७, वैश्वानरस्यसुमतौ० ८ ” પછી “ सहस्रशीर्षा० ” એ સૂક્તવડે દેવની પ્રાર્થના કરવી. પછી સ્વિષ્ટકૃત્ આદિ હોમના શેષની સમાપ્તિ કરવી. પછી “ सर्वोवैरुद्रः० विश्वंभूतं० ” એ બે મંત્રવડે અગ્નિનો ઉત્સર્ગ કરવો. “ आयुर्दा अग्ने० ” એ મંત્રવડે, દર્ભના થૂમડા ઉપર રાખેલા યજમાનના ભાગમાથી કાંઈ એક લઈ “ सहस्रशीर्षा० ” એ અનુવાકવડે પ્રાશન કરી “ ओमिति ब्रह्म, ओमितीदंसर्वं ” એ અનુવાકવડે, હોમ કરતાં શેષ રહેલું દ્રવ્ય આહવનીય અગ્નિમાં નાંખવું. એ રીતે વૈશ્વાનર ઇત્યાદિ બે ઇષ્ટિમાંથી એક ઇષ્ટિ કરી ઔપાસન અગ્નિવિષે, અને સર્વાધાન પક્ષ હોય તો દક્ષિણાગ્નિવિષે પ્રાણાદિ હોમથકી વિરજાહોમપર્યંત કર્મ કરવું. બાકી પ્રથમપ્રમાણે જાણવું. અરણી, મુસલ, ઉલૂખલ (ખાંડણી) વિના બીજા કાષ્ઠના પાત્રનો આહવનીય અગ્નિમાં દાહ કરવો. પછી પોતામાં આહવનીય અગ્નિનો સમારોપ પ્રથમ પ્રમાણે કરવો. બન્ને અરણી ગાર્હપત્ય અગ્નિમાં નાંખી તે ગાર્હપત્યનો સમારોપ કરી દક્ષિણાગ્નિમા મુસલ ઉલૂખલનો હોમ કરી દક્ષિણાગ્નિનો પણ સમારોપ કરવો. પછી ઔપાસનાગ્નિનો સમારોપ એવો ક્રમ જાણવો. એ વિષે વિશેષ પ્રકાર બીજા ગ્રંથમાં જોવો. એ રીતે સાગ્નિકનો પ્રયોગ કહ્યો. અથવા સ્નાતકવિષે બ્રહ્માન્વાધાન તથા વિરજાહોમ ઇત્યાદિકે રહિત પ્રયોગ જાણવો; કારણ, એને અગ્નિ નથી.

अथातुरसंन्यासः ॥ आतुरसंन्यासे संकल्पप्रैषोच्चाराभयदानेतित्रयंप्रधानमावश्यकं कार्यंअष्टश्राद्धादिदंडग्रहणांतमंगभूतंयथासंभवंकार्यम् ॥

હવે આતુરસંન્યાસ કહે છે.

આતુરસંન્યાસવિષે સંકલ્પ, પ્રૈષોચ્ચાર અને અભયદાન એ ત્રણ પ્રધાન કર્મ અવશ્ય કરવાં, તથા અષ્ટશ્રાદ્ધથકી દંડગ્રહણપર્યંત અંગભૂત કર્મ સંભવપ્રમાણે કરવું.

तत्प्रयोगः ॥ मंत्रस्नानंकृत्वाशुद्धवस्त्रंधृत्वाज्ञानप्राप्तिद्वारामोक्षसिद्ध्यर्थमातुरविधिनासंन्यासमहंकरिष्ये पंचकेशानवशेष्यवपनंकृत्वास्नात्वासंध्याद्यौपासनहोमांतंयथासंभवंसंपाद्यात्मनिसमारोपंकुर्यात् अग्निहोत्रीतुप्राजापत्यादिस्थानेपूर्णाहुतिंकृत्वाश्रौताग्निमात्मनिसमारोपयेत् उच्छिन्नाग्नीनांपुनराधानसंभवेसमारोपोन्यथातुनसमारोपः विधुरादीनामग्न्यभावादेवसमारोपोनावश्यकः ततस्तोयमादायाप्सुजुहोति एषह्वाअग्नेर्योनिर्यःप्राणःप्राणंगच्छस्वाहा १ आपोवैसर्वादेवताःसर्वाभ्योदेवताभ्योजुहोमिस्वाहा २ भूःस्वाहेतिजलेजलैर्हुत्वाहुतशेषंजलमाशुःशिशानइत्यनुवाकेनाभिमंत्र्य पुत्रेषणावित्तेषणालोकेषणामयात्यक्ताःस्वाहेतिकिंचित्पिबेत् अभयंसर्वभूतेभ्योमत्तःस्वाहेतिद्वितीयंपिबेत् संन्यस्तंमयेतिनिःशेषंतृतीयं ततःपूर्ववत्सावित्रीप्रवेशः ततःप्राङ्मुखऊर्ध्वबाहुःप्रैषोच्चारंपूर्ववत्कुर्यात् अभयंसर्वभूतेभ्योमत्तःस्वाहेतिप्राच्यांजलंक्षिपेत् शिखामुत्पाट्ययज्ञोपवीतंछित्वाभूःस्वाहेत्यप्सुहुत्वापुत्रगृहेनतिष्ठेत् अत्यंतमातुरश्चेत्प्रैषमात्रंवावदेत् जीवतिचेत्स्वस्थःसन्महावाक्योपदेशदंडग्रहणादिसर्वंकुर्यात् एवमातुरविधिनासंन्यासेमृतस्ययतिवत्संस्कारः ॥

તેનો પ્રયોગ—મંત્રસ્નાન કરી શુદ્ધ વસ્ત્ર ધારણ કરી "ज्ञानप्राप्तिद्वारा मोक्षसिद्ध्यर्थमातुरविधिना संन्यासमहं करिष्ये." પાંચ કેશ શેષ રાખી બાકી વપન કરાવી સ્નાન, સંધ્યાદિ ઔપાસન હોમપર્યંત કર્મ સંભવપ્રમાણે કરી પોતામાં સમારોપ કરવો. અગ્નિહોત્રીએ તો પ્રાજાપત્યાદિને ઠેકાણે પૂર્ણાહુતિ કરી પોતામાં શ્રૌતાગ્નિનો સમારોપ કરવો. ઉચ્છિન્ન થયેલા અગ્નિનો પુનરાધાનનો સંભવ છતાં સમારોપ કરવો, તેમ ન હોય તો સમારોપ કરવો નહીં. વિધુર ઇત્યાદિકને અગ્નિ ન હોવાથીજ સમારોપ અવશ્ય નથી. ફરી જળ લઈ જળમાં હોમવું. તેના મંત્ર—"एष ह्वा अग्नेर्योनिर्यः प्राणः प्राणं गच्छ स्वाहा १ आपो वै सर्वा देवताः सर्वाभ्यो जुहोमि स्वाहा २ भूःस्वाहा" એ રીતે જળમાં જળવડે હોમ કરી હોમ કરતાં શેષ જળ "आशुः शिशान०" એ અનુવાકવડે મંત્રી "पुत्रेषणावित्तेषणालोकेषणा मया त्यक्ताः स्वाहा" એ મંત્રવડે થોડું જળ પીવું. "अभयं सर्वभूतेभ्यो मत्तः स्वाहा" એ મંત્રવડે બીજીવાર પીવું. "संन्यस्तं मया" એ મંત્રવડે ત્રીજીવાર સઘળું પીવું. પછી પ્રથમપ્રમાણે સાવિત્રીપ્રવેશ કરવો. પછી પૂર્વસામે બેસી ઉંચા હાથ રાખી પ્રથમપ્રમાણે પ્રૈષોચ્ચાર કરવો. "अभयं सर्वभूतेभ्यो मत्तः स्वाहा" એ મંત્રવડે પૂર્વદિશામાં જળ નાંખવું. શિખા ઉખેડી, જનોઇ તોડી "भूः स्वाहा" એ મંત્રવડે જળમાં આહુતિ દઈ, પુત્રને ઘેર રેહેવું નહીં. અથવા અત્યંત આતુર હોય તો પ્રૈષમાત્રનો ઉચ્ચાર કરાવવો. સ્વસ્થ થઈ જીવતો રહે તો મહાવાક્યનો ઉપદેશ, દંડગ્રહણાદિ સઘળો વિધિ કરાવવો. એ રીતે આતુરવિધિવડે સંન્યાસ લઈ મરેલાના સંસ્કાર યતિપ્રમાણે કરવા.

अथमृतयतिसंस्कारः ॥ पुत्रःशिष्योवास्नात्वावपनंकृच्छ्रत्रयंचाधिकारार्थंकुर्यात् पुत्रातिरिक्तस्यवपनंकृताकृतं देशकालौस्मृत्वाब्रह्मीभूतस्ययतेःशौनकोक्तविधिनासंस्कारंकरिष्ये नवंकलशंतीर्थेनापूर्य गंगेचयमुने० नारायणःपरंब्रह्म० यच्चकिंचिज्जगत्सर्वं० इतिमंत्रैरभिमंत्र्य रुद्रसूक्तविष्णुसूक्तापोहिष्ठादिभिर्यतेःस्नानंनिधाय चंदनादिभिःकलेवरंसंपूज्यमाल्यादिभिरलंकृत्यवाद्यघोषादिभिःशुद्धदेशंनयेत् जलेस्थलेवासमाहितंकुर्यात् स्थलपक्षेगर्तंव्याहृतिप्रोक्षितभुविदंडप्रमाणंकृत्वा मध्येसूक्ष्मगर्तंसार्धहस्तंखात्वा सप्तव्याहृतिभिः पंचगव्येनत्रिःप्रोक्ष्य जलपक्षेनद्यांपंचगव्यंप्रक्षिप्यकुशानास्तीर्यसावित्र्यादेहंप्रोक्ष्य शंखोदकेनपुरुषसूक्तेनाष्टोत्तरशतावृत्तप्रणवैश्चसंस्नाप्याष्टाक्षरेणषोडशोपचारैःसंपूज्य तुलसीमालाद्यैरलंकृत्य विष्णोहव्यंरक्षस्वेतिदेहंगर्तेनद्यांवाक्षिपेत् इदंविष्णुरितिदंडंत्रेधाभग्नंदक्षिणहस्तेस्थापयेत् हंसःशुचिषदिति परेणनाकंनिहितंगुहायांविभ्राजदेतद्यतयोविशंति वेदांतविज्ञानसुनिश्चितार्थाःसंन्यासयोगाद्यतयःशुद्धसत्वाः इतिहृदयेजपेत् पुरुषसूक्तंभ्रुवोर्मध्येजपेत् ब्रह्मजज्ञानमितिमूर्धनि मूर्धानंभू

र्भुवःस्वश्चेत्युक्त्वाशंखेनभेदयेत् अथवा भूमिर्भूमिमगान्मातामातरमप्यगात् भूयासपुत्रैःपशुभिर्योनो द्वेष्टिसभिद्यतामितिमंत्रेणपरश्वादिनाभेदयेत् शिरोभेत्तुमशक्तः शिरःस्थापितंगुडपिंडादिकंभिंद्यात् गर्तं पुरुषसूक्तेनलवणेनप्रपूरयेत् सृगालश्वादिरक्षार्थंसिकतादिभिःप्रपूरयेत् नद्यादौशिरोभेदनोत्तरंदर्भैरा च्छाद्यव्याहृतिभिरभिमंत्र्यपाषाणंबध्वा ॐस्वाहेतिहृदेन्यसेत् ततोग्निनाग्निःस० त्वंह्यग्नेअग्निना० तंमर्जं यंतसुक्रतुं० यज्ञेनयज्ञं० इत्यृक्चतुष्टयेनचित्तिःस्रुगित्यादिभिर्दशहोत्रादिसंज्ञकयजुर्मंत्रैश्चाभिमंत्रयेत् अतोदेवाइतिजपित्वा पापैर्मुक्ताअश्वमेधादिफलभागिनोवयमितिभावयंतोवभृथबुद्ध्या सर्वेनुगामिनः स्नात्वा गंधादिधृत्वासोत्सवागृहंगच्छेयुः अत्रपरमहंसस्यस्थलेसमाधिर्मुख्यः जलेमध्यमः कुटीचकंतु प्रदहेत्पूरयेच्चबहूदकं हंसोजलेतुनिक्षेप्यःपरमहंसंप्रपूरयेदितिवचनात् अत्रपरमहंसंप्रकीरयेदिति क्वचित्पाठः एकोद्दिष्टंजलंपिंडमाशौचंप्रेतसत्क्रियां नकुर्याद्वार्षिकादन्यद्ब्रह्मीभूतायभिक्षवे कुटीचकातिरे केणनदहेद्यतिनंक्वचित् ॥

હવે મરેલા યતિના સંસ્કાર કહે છે.

પુત્ર અથવા શિષ્યે સ્નાન કરી વપન તથા અધિકારમાટે ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું. પુત્રવિના બીજાઓને વપન કૃતાકૃત છે. દેશ કાલનું સ્મરણ કરી "ब्रह्मीभूतस्य यतेः शौनकोक्तविधिनासंस्कारं करिष्ये" નવીન કલશ તીર્થવડે પૂર્ણ કરી "गंगेचयमुने०, नारायणः परंब्रह्म०, यच्चकिंचिज्जगत्सर्वं०," એ મંત્રવડે મંત્રી રૂદ્રસૂક્ત, વિષ્ણુસૂક્ત તથા "आपोहिष्ठा०" ઇત્યાદિ ઋચાવડે યતિને સ્નાન કરાવી ચંદનાદિ પદાર્થોવડે કલેવરની પૂજા કરી માળા ઇત્યાદિકવડે અલંકૃત કરી વાજીંત્રના ઘોષાદિકવડે શુદ્ધ દેશપ્રત્યે લઈ જવું, પછી જળમાં અથવા સ્થળમાં સ્થાપિત કરવું. સ્થલપક્ષમાં ખાડો કરવો તે વ્યાહૃતિમંત્રવડે પૃથિવીનું પ્રોક્ષણ કરી ત્યહાં એક દંડપ્રમાણનો ખાડો કરી તે ખાડાના મધ્યમાં ન્હાનો ડોઢ હાથનો ખાડો કરી સાત વ્યાહૃતિમંત્રવડે પંચગવ્યે કરી ત્રણવાર પ્રોક્ષણ કરી, જળપક્ષમાં નદીમાં પંચગવ્ય નાખી દર્ભ પાથરી સાવિત્રીમંત્રવડે દેહ પ્રોક્ષણ કરી શખોદકવડે "पुरुषसूक्त" તથા અષ્ટોત્તરશત "प्रणव" મંત્રવડે સ્નાન કરાવી અષ્ટાક્ષર મંત્રવડે ષોડશોપચારથી પૂજા કરી તુળસી માળા ઇત્યાદિકવડે અલકૃત કરી "विष्णो हव्यं रक्षस्व" એ મંત્રવડે દેહને ખાડામાં અથવા નદીમાં પધરાવવું. "इदं विष्णु०" એ મંત્રવડે ત્રણ ઠેકાણે ભાંગેલો દંડ જમણા હાથ ઉપર રાખવો. "हंसः शुचिषत्०" તથા "परेणनाकं निहितं गुहायां विभ्राजदेतद्यतयो विशंति ॥ वेदांतविज्ञानसुनिश्चितार्थाः संन्यासयोगाद्यतयः शुद्धसत्वाः" એ મંત્ર હૃદયવિષે જપવા. ભૃકુટીના મધ્યભાગમાં પુરૂષસૂક્ત જપવું. "ब्रह्मजज्ञानं०" એ મંત્રનો જપ મસ્તક ઉપર કરવો. "भूर्भुवःस्वःस्वाहा" એ મંત્ર ભણી શંખવડે મસ્તક ફોડવું. અથવા "भूमिर्भूमिमगान्मातामातरमप्यगात् ॥ भूयास्म पुत्रैः पशुभिर्यो नो द्वेष्टि स भिद्यतां" એ મંત્રવડે કુવાડો ઇત્યાદિકવડે મસ્તક ફોડવું. મસ્તક ફોડવામાં અસમર્થ હોય તો માથા ઉપર રાખેલી ગોળની ઢેફ ઇત્યાદિકને ફોડવું. "પુરૂષસૂક્ત ભણી મીઠાંવતી ખાડો પૂરવો." શિયાળ, કુતરાં ઇત્યાદિકથકી રક્ષા થવામાટે રેતી ઇત્યાદિકવતી ખાડો ભરવો. નદી ઇત્યાદિકમાં દેહ નાખવું હોય તો, મસ્તકનો ભેદ કર્યા પછી દર્ભ પાથરી વ્યાહૃતિમંત્રવડે મંત્રી પથરો બાંધી "ॐस्वाहा" એ મંત્રવડે હ્રદ (ધ્રો) માં પધરાવવું. પછી "अग्निनाग्निः स० त्वंह्यग्ने अग्निना० तं मर्जयंतसुक्रतुं० यज्ञेनयज्ञं०" એ ચાર ઋચાવડે, તથા "चित्तिः स्रुक्०" ઇત્યાદિ દશહોત્ર નામના યજુર્વેદના મંત્રવડે પણ અભિમંત્રણ કરવું. "अतोदेवा०" એ મંત્રનો જપ કરી 'હમો પાપથકી મુક્ત થયા અને અશ્વમેધાદિક ફળને પામ્યા.' એવી ભાવના કરતાં છતાં સઘળા પાછળ જનારાઓએ યજ્ઞાંતસ્નાનથી બુદ્ધિથી સ્નાન કરી ગંધાદિક ધારણ કરી ઉત્સવયુક્ત થઈ ઘેર જવું. આ ઠેકાણે પરમહંસનો સમાધિ સ્થળમાં મુખ્ય છે; જળમાં મધ્યમ; કારણ, "કુટીચકનો દાહ કરવો; બહૂદકને પૂરવો; હંસને જળમાં પધરાવવો; અને પરમહંસનુ સ્થળમાં પૂરણ કરવું;" એવાં વચન છે. આ વચનમા 'प्रपूरयेत्' એ ઠેકાણે 'प्रकीरयेत्' એવો કોઈ ઠેકાણે પાઠ છે. "બ્રહ્મરૂપ સંન્યાસીમાટે વાર્ષિકશ્રાદ્ધ વિના બીજું એકોદ્દિષ્ટ, જળ, પિંડ, આશૌચ અને પ્રેતક્રિયા કરવી નહીં. કુટીચક વિના બીજા યતીને ક્યારે પણ બાળવો નહીં."

ततःकर्तास्नात्वाचम्य सिद्धिंगतस्यब्रह्मीभूतभिक्षोस्तृप्त्यर्थंतर्पणंकरिष्येइतिसंकल्प्यसव्येनदेवतीर्थे नैवात्मानमंतरात्मानंपरमात्मानमितिचतुश्चतुस्तर्पयित्वा शुक्लपक्षेमृतस्यकेशवादिद्वादशनामभिःकृष्ण

पक्षेमृतस्यसंकर्पणादिद्वादशनामभिःकेशवंतर्पयामीत्येवंद्वितीयांतैःकुर्यात् इदंक्षीरेणेतिकेचित् ततःसिद्धिगतस्यभिक्षोस्तृप्त्यर्थंनारायणपूजनंबलिदानंघृतदीपदानंचकरिष्ये इतिसंकल्प्यदेवयजनोपरितीरेवा मृन्मयलिंगंकृत्वापुरुषसूक्तेनाष्टाक्षरेणचषोडशोपचारपूजांकृत्वाघृतमिश्रपायसबलिंदत्वा घृतदीपंचसमर्प्यपायसबलिंजलेक्षिपेत् ततःॐनमोब्रह्मणेनमइतिशंखेनाष्टार्घ्यान्दत्वागृहंव्रजेदितिप्रथमदिनकृत्यं एवंदशदिनांतंप्रत्यहंतर्पणंलिंगपूजनंपायसबलिदीपदानानिकुर्यात् ॥

ત્યાર પછી કર્તાએ સ્નાન કરી આચમન કરી " सिद्धिं गनस्य ब्रह्मीभूतभिक्षोस्तृप्त्यर्थं तर्पणं करिष्ये " એવો સંકલ્પ કરી સવ્યેજ દેવતીર્થવડે " आत्मानमंतरात्मानं परमात्मानं " એવું વાક્ય કહી ચાર ચારવાર તર્પણ કરી, શુક્લપક્ષમાં મૃત થયેલાને કેશવાદિ બાર નામવડે તથા કૃષ્ણપક્ષમાં મૃત થયેલાને સંકર્ષણાદિ બાર નામવડે " केशवांत० " એવાં દ્વિતીયાવિભક્ત્યંત નામવડે તર્પણ કરવું. એ તર્પણ દૂધથી કરવું એમ કોઈ ગ્રંથકાર કહે છે. પછી " सिद्धिं गतस्य भिक्षोस्तृप्त्यर्थं नारायणपूजनं बलिदानं घृतदीपदानं च करिष्ये " એવો સંકલ્પ કરી દેવયજ્ઞભૂમિ ઉપર અથવા તીર ઉપર માટીનું લિંગ કરી પુરૂષસૂક્ત તથા અષ્ટાક્ષર મંત્રવડે ષોડશોપચાર પૂજા કરી ઘૃતસહિત પાયસનું બલિ દઈ ઘૃતનો દીપક સમર્પણ કરી પાયસનું બલિ જળમાં નાખવું. પછી " ॐनमोब्रह्मणे नमः " એ મંત્રવડે શંખથી આઠ અર્ઘ્ય દઈ ઘેર જવું, એ પ્રથમ દિવસનું કૃત્ય કહ્યું. એ રીતે દશ દિવસપર્યંત નિત્યતર્પણ, લિંગપૂજન, પાયસબલિ અને દીપદાન કરવાં.

अथैकादशेहनिपार्वणश्राद्धम् ॥ तत्रमध्याह्नेनद्यादौश्राद्धांगतिलतर्पणंकृत्वादेशकालौस्मृत्वा प्राचीनावीती अमुकगोत्रस्यामुकशर्मणोब्रह्मीभूतस्यास्मत्पितुः करिष्यमाणदर्शादिसर्वश्राद्धाधिकारार्थमाद्यपार्वणश्राद्धंकरिष्येइतिपुत्रादिःसंकल्पयेत् शिष्यस्तु ब्रह्मीभूतगुरोःप्रत्यब्दादिश्राद्धाधिकारार्थंतत्पितृसंबंधिनामगोत्रोद्देश्यतासिद्ध्यर्थंचपार्वणश्राद्धमितिसंकल्पयेत् अन्यत्समानं पुरूरवार्द्रवसंज्ञका विश्वेदेवाःपितृपितामहप्रपितामहानांनामगोत्रादिसहितानामुच्चारः सर्वत्रपितुर्ब्रह्मीभूत इतिविशेषणमात्रमधिकं शेषंप्रत्यब्दश्राद्धवत् केचिच्छिष्यःकर्ताचेदात्मांतरात्मपरमात्मनउद्दिश्य साधुरुरुसंज्ञकदेवयुतंसव्येनदेवधर्मकंनांदीश्राद्धवदेकादशाहेपार्वणश्राद्धंकुर्यादित्याहुः अत्रसर्वत्रविस्तरस्तोरोक्तसंन्यासपद्धतौद्रष्टव्यः ॥

હવે અગીયારમે દિવસે પાર્વણશ્રાદ્ધ કરવું—તે દિવસે મધ્યાહ્ન કાળે નદી ઇત્યાદિકમાં શ્રાદ્ધના અંગરૂપ તિલતર્પણ કરી દેશ કાલનું સ્મરણ કરી અપસવ્ય કરી " अमुकगोत्रस्यामुकशर्मणोब्रह्मीभूतस्यास्मत्पितुः करिष्यमाणदर्शादिसर्वश्राद्धाधिकारार्थमाद्यपार्वणश्राद्धं करिष्ये " એવો સંકલ્પ પુત્રાદિકોએ કરવો. શ્રાદ્ધકર્તા શિષ્ય હોય તો તેણે " ब्रह्मीभूतगुरोः प्रत्यब्दादिश्राद्धाधिकारार्थं तत्पितृसंबंधिनामगोत्रोद्देश्यतासिद्ध्यर्थं च पार्वणश्राद्धं० " એવો સંકલ્પ કરવો. બાકી સઘળું સરખુંજ. પુરૂરવાર્દ્રવ નામના વિશ્વેદેવા લેવા. નામ ગોત્રાદિસહિત પિતા, પિતામહ, પ્રપિતામહનો ઉચ્ચાર કરવો. સઘળે ઠેકાણે પિતાને " ब्रह्मीभूत " એવું વિશેષણ માત્ર અધિક કહેવું, બાકીનું કર્મ પ્રતિસાંવત્સરિક શ્રાદ્ધપ્રમાણે જાણવું. કોઈ ગ્રંથકાર, શિષ્ય કર્તા હોય તો, આત્મા, અંતરાત્મા અને પરમાત્માને ઉદ્દેશીકરી સાધુરૂરૂ નામના દેવયુક્ત એવું સવ્યે કરી દેવધર્મે યુક્ત નાંદીશ્રાદ્ધપ્રમાણે, અગીયારમે દિવસે પાર્વણશ્રાદ્ધ કરવું, એમ કહેછે. એ શ્રાદ્ધમાં સઘળે ઠેકાણે વિસ્તાર તોરોક્ત સંન્યાસપદ્ધતિ ગ્રંથમા જોવો.

अथद्वादशाहेनारायणबलिः ॥ देशादिस्मृत्वासिद्धिगतस्यभिक्षोःसंभावितसर्वपापक्षयपूर्वकं विष्णुलोकावाप्तिद्वारार्थीनारायणप्रीत्यर्थंनारायणबलिंकरिष्ये इतिसंकल्प्य त्रयोदशयतीन्विप्रान्वानिमंत्र्य शुक्लपक्षेकेशवरूपिगुर्वर्थंत्वयाक्षणःकर्तव्यइत्येवं दामोदरांतकेशवादिद्वादशनामभिःक्षणोदेयः कृष्णेतुसंकर्षणादिद्वादशनामभिः त्रयोदशंविप्रंविष्ण्वर्थंत्वयाक्षणःकर्तव्यइतिनिमंत्र्यपादान्प्रक्षाल्यप्राङ्मुखानुपवेशयेत् विप्राग्रेस्थंडिलेग्निप्रतिष्ठापनादि अन्वाधानेचक्षुषीआज्येनेत्यंतेग्निंवायुंसूर्यंप्रजापतिंचव्यस्तसमस्तव्याहृतिभिरेकैकपायसाहुत्या विष्णुमतोदेवाइतिषड्भिः प्रत्यृचमेकैकपायसाहुत्यानारायणंपुरुषसूक्तेनप्रत्यृचमेकैकपायसाहुत्या शुक्लेकेशवादिद्वादशदेवताः कृष्णेसंकर्षणादिद्वादशदेवताः एकैकपायसाहुत्याशेषेणेत्यादिद्विपंचाशदधिकशतमुष्टीन्निरूप्यबलिपर्याप्ततंडुलानोप्याष्टत्रिंशदाहुतिपर्याप्तं पु

रुषाहारमितविष्णुनैवेद्यपर्यांतंचक्षीरेश्रपयित्वाज्यभागांतेग्निपूर्वतःशालग्रामेविष्णुं पुरुषसूक्तेनाष्टाक्षरेणचषोडशोपचारैःसंपूज्य स्रुचाहस्तेनवान्वाधानानुसारेणहोमत्यागौविदध्यात् एवंशुक्लकृष्णभेदेनकेशवादिद्वादशांताः संकर्षणाद्यंतावाष्टत्रिंशदाहुतीर्हुत्वास्विष्टकृदादिशेषंसमाप्य पुनःशालग्रामंसंपूज्य विष्णुगायत्र्याविष्णवेर्घ्यंदत्वाहुतशेषपायसेनविष्णवेबलिंदत्वा निमंत्रितत्रयोदशविप्रान्केशवादिक्रमेण केशवरूपिगुरवेनमइदमासनमित्यादिनासनगंधपुष्पधूपदीपाच्छादनानिदत्वा त्रयोदशेविप्रेपुरुषसूक्तेनप्रत्यृचांते विष्णवेनमइत्येवमादिनाविष्णुंदीपांतोपचारैःपूजयेत् चतुरस्रमंडलेषुत्रयोदशभोजनपात्राण्यासाद्योपस्तीर्यान्नंपरिविष्य पृथिवीतेपात्रमित्यादिनाकेशवादिद्वादशोद्देशेनविष्णूद्देशेनचान्नंत्यक्त्वा अतोदेवा० ॐतद्ब्रह्म ॐतद्वायुर्ब्रह्मार्पणमित्याद्यापोशनादिप्राणाहुत्यंते नारायणाद्युपनिषद्भागान्पठेत् तृप्तिप्रश्नांतेआचांतेषुप्रागग्रान्दर्भानास्तीर्याष्टाक्षरेणाक्षतोदकंदत्वा केशवरूपिणेगुरवेऽयंपिंड·स्वाहानमम इत्येवंद्वादशपिंडान्दद्यात् कृष्णेतुसंकर्षणादिनामभिरितिसर्वत्र पिंडेषुविष्णुंसंपूज्यपुरुषसूक्तेनस्तुत्वाविसर्जयेत् विप्रेभ्यस्तांबूलदक्षिणादिदत्वात्रयोदशायविप्रायनाभ्याआसीदित्याद्यृक्त्रयेणफलतांबूलदक्षिणांदत्वानमस्कृत्य तांशालग्राममूर्तिमाचार्यायदद्यात् इतिनारायणबलिविधिः ॥

હવે બારમે દિવસે નારાયણબલિ કહે છે—દેશ, કાલનું સ્મરણ કરી “ सिद्धिं गतस्य भिक्षोः संभावितसर्वपापक्षयपूर्वकं विष्णुलोकावाप्तिद्वारा श्रीनारायणप्रीत्यर्थं नारायणबलिं करिष्ये ” એવો સંકલ્પ કરી તેર સંન્યાસી અથવા બ્રાહ્મણને નિમંત્રણ કરી શુકલપક્ષમાં “ केशवरूपिगुर्वर्थे त्वया क्षणः कर्तव्यः ” એ પ્રમાણે દામોદર નામપર્યંત કેશવાદિ બાર નામવડે ક્ષણ દેવો, કૃષ્ણપક્ષમાં તે સંકર્ષણાદિ બાર નામવડે ક્ષણ દેવો, તેરમા બ્રાહ્મણને “ विष्णवर्थे त्वया क्षणः कर्तव्यः ” એવું નિમંત્રણ કરી પાદપ્રક્ષાલન કરી બ્રાહ્મણને પૂર્વાભિમુખ બેસારવો. બ્રાહ્મણની આગળ સ્થંડિલ ઉપર અગ્નિસ્થાપન ઇત્યાદિ કરવું. અન્વાધાનમાં “ चक्षुषी आज्येनेत्यंतेऽग्निं वायुं सूर्यं प्रजापतिं च व्यस्तसमस्तव्याहृतिभिरेकैकपायसाहुत्या विष्णुमतोदेवा इति षड्भिः प्रत्यृचमेकैकपायसाहुत्या नारायणं पुरुषसूक्तेन प्रत्यृचमेकैकपायसाहुत्या शुक्लेकेशवादिद्वादशदेवताः कृष्णे संकर्षणादिद्वादशदेवताः एकैकपायसाहुत्याशेषेणेत्यादि०, ” એ રીતે અન્વાધાન કરી એક સો બાવન મૂઠી ચોખાનો નિર્વાપ કરી બલિ પૂર્ણ થાય એટલા ચોખા લઈ અડત્રીશ આહુતિ થાય એટલો તથા પુરૂષાહાર જેટલું વિષ્ણુનું નૈવેદ્ય પૂર્ણ થાય એટલો ચરુ દૂધમાં રાંધી આજ્યભાગપર્યંત કર્મ થયા પછી અગ્નિની પૂર્વતરફ શાળગ્રામ ઉપર પુરૂષસૂક્તવડે તથા અષ્ટાક્ષર મંત્રવડે ષોડશોપચાર પૂજા કરી સ્રુચવડે અથવા હાથવડે અન્વાધાનમાં કહ્યાપ્રમાણે હોમ તથા ત્યાગ કરવો. એ પ્રમાણે શુકલ કૃષ્ણ ભેદેકરી કેશવાદિ બાર અથવા સંકર્ષણાદિ બાર એવી અડત્રીશ આહુતિ હોમ કરી સ્વિષ્ટકૃદાદિ હોમ શેષ સમાપ્ત કરી ફરી શાળગ્રામની પૂજા કરી વિષ્ણુગાયત્રીવડે વિષ્ણુને અર્ઘ્ય દઈ હોમ કરી શેષ રહેલા પાયસવડે વિષ્ણુને બલિ દેવું. નિમંત્રણ કરેલા તેર બ્રાહ્મણોને કેશવાદિ ક્રમેકરી “ केशवरूपिगुरवे नम इदमासनं ” ઇત્યાદિ વાકયે કરી આસન, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને વસ્ત્ર એ ઉપચાર દઈ તેરમા બ્રાહ્મણમાં પુરૂષસૂક્તની એક એક ઋચાને અંતે “ विष्णवे नमः ” ઇત્યાદિ પ્રકારે દીપપર્યંત ઉપચારવડે વિષ્ણુની પૂજા કરવી. ચતુષ્કોણ મંડળમાં તેર ભોજનપાત્ર માંડી તેમાં ઘૃત પીરસી પછી અન્ન પીરસી “ पृथिवी ते पात्रं ” ઇત્યાદિ વાક્યવડે કેશવાદિ બાર દેવતાને ઉદ્દેશે તથા વિષ્ણુને ઉદ્દેશે અન્નનો ત્યાગ કરી “ अतोदेवा०, ॐतद्ब्रह्म, ॐतद्वायुः, ब्रह्मार्पणं० ” ઇત્યાદિ વાક્યવડે આપોશનથકી પ્રાણાહુતિપર્યંત કર્મ થયા પછી નારાયણાદિક ઉપનિષદ્ભાગનો પાઠ કરવો. તૃપ્તિપ્રશ્નપર્યંત કર્મ કરી બ્રાહ્મણોએ આચમન કર્યા પછી પૂર્વમાં અગ્ર થાય એવા દર્ભ પાથરી અષ્ટાક્ષર મંત્રવડે અક્ષત, ઉદક દઈ “ केशवरूपिणे गुरवेऽयं पिंडः स्वाहा नमम ” એ પ્રમાણે બાર પિંડ દેવા. કૃષ્ણપક્ષમાં તો, સંકર્ષણાદિ નામવડે દેવા એમ સર્વત્ર જાણવું. પિંડવિષે વિષ્ણુની પૂજા કરી પુરૂષસૂક્તવડે સ્તુતિ કરી વિસર્જન કરવું. બ્રાહ્મણોને તાંબૂલ, દક્ષિણા ઇત્યાદિ દઈ તેરમા બ્રાહ્મણને “ नाभ्या आसी० ” એ ત્રણ ઋચાવડે ફળ, તાંબૂલ, દક્ષિણા દઈ નમસ્કાર કરી તે શાળગ્રામમૂર્તિ આચાર્યને દેવી, એપ્રમાણે નારાયણબલિ કહ્યું.

अथद्वादशाहेत्रयोदशाहेवायथाचारमाराधनम् ॥ तत्रप्रयोगः देशकालौस्मृत्वाश्रीनारायणप्रीत्यर्थमाराधनंकरिष्यइतिसंकल्प्य गुर्वर्थेक्षणःकर्तव्यः एवंपरमगुर्वर्थेपरमेष्ठिगुर्वर्थेपरात्परगुर्वर्थे

एवंविप्रचतुष्टयंनिमंत्र्य शुक्लेकेशवादिनामभिःकृष्णेसंकर्षणादिनामभिर्द्वादशविप्रान्निमंत्रयेत् एवंषोडशविप्राः यतयोवा अशक्तोयथाशक्तिविप्रान्निमंत्र्ययथायथंषोडशक्षणादेयाः षोडशानांपादक्षालनंकृत्वाचम्यपादक्षालनोदकंपात्रांतरेगृहीत्वागंधपुष्पादिभिःपूजयेत् विप्रान्प्राङ्मुखानुदङ्मुखान्वोपवेश्यषोडशोपचारैर्गंधादिपंचोपचारैर्वासंपूज्य सपरिकरमन्नंपरिविष्यगायत्र्याप्रोक्ष्यगुरवेइदमन्नंपरिविष्टंपरिवेक्ष्यमाणंचातृप्तेःस्वाहाहव्यंनमम एवंपरमगुर्वादिभ्यःपंचदशभ्योन्नत्यागंकृत्वाब्रह्मार्पणमित्यादि भुक्तेष्वाचांतेषुतेषुतांबूलदक्षिणावस्त्रादिभिःपूजयेत् अत्रकेचित्पूर्वंस्थापितपादोदकतीर्थपूजांकुर्वंति तद्यथा तीर्थपात्रंतंडुलादिकृतमंडलेसंस्थाप्यपुरुषसूक्तेनतीर्थराजायनमइतिषोडशोपचारैःसंपूज्य तत्पात्रंशिरसिधृत्वा बंधुभिःसहविप्रान्प्रदक्षिणीकृत्यगुरुर्ब्रह्मागुरुर्विष्णुरितिनत्वाप्रथमविप्रहस्तात्तत्तीर्थंपिबेत् तत्रमंत्रः अविद्यामूलशमनंसर्वपापप्रणाशनं पिवामिगुरुपत्तीर्थंपुत्रपौत्रप्रवर्धनमिति कर्मेश्वरार्पणंकृत्वा सुहृद्युतोभुंजीत वर्षपर्यंतंप्रतिमासंमृततिथावेवमेवाराधनंकार्यंनतुप्रतिमासिकश्राद्धं प्रत्यब्दंतुपार्वणश्राद्धंकृत्वाराधनमपिकार्यं ततोदर्शमहालयादिश्राद्धान्यपिसर्वसाधारण्येनकार्याणिनतत्रविशेषः इत्याराधनविधिः ॥

હવે બારમે દિવસે અથવા તેરમે દિવસે જેવો આચાર હોય તેપ્રમાણે આરાધન કરવું.

તેમાં પ્રયોગ—દેશ, કાલનું સ્મરણ કરી "श्रीनारायणप्रीत्यर्थमाराधनं करिष्ये" એવો સંકલ્પ કરી "गुर्वर्थे क्षणः कर्तव्यः" એ પ્રમાણે "परमगुर्वर्थे परमेष्ठिगुर्वर्थे०, परात्परगुर्वर्थे०" એ રીતે ચાર બ્રાહ્મણને નિમંત્રણ કરી શુક્લપક્ષમાં કેશવાદિ નામેકરી તથા કૃષ્ણપક્ષમાં સંકર્ષણાદિ નામેકરી બાર બ્રાહ્મણને નિમત્રણ કરવું. એ પ્રમાણે સોળ બ્રાહ્મણ અથવા સંન્યાસીઓને કહેવું. અશક્ત હોય તેણે યથાશક્તિ બ્રાહ્મણને નિમંત્રણ કરી યથાયોગ્ય સોળ ક્ષણ દેવા. સોળ બ્રાહ્મણનાં પાદપ્રક્ષાલન કરી આચમન કરી પાદપ્રક્ષાલનનું જળ બીજા પાત્રમાં લઈ ગંધ, પુષ્પ ઇત્યાદિકવડે પૂજા કરવી. બ્રાહ્મણોને પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ બેસારી સોળ ઉપચારવડે અથવા ગંધાદિક પાંચ ઉપચારવડે પૂજા કરી સામગ્રીસહિત અન્ન પીરસી તે ગાયત્રીમંત્રવડે પ્રોક્ષણ કરી "गुरवे इदमन्नं परिविष्टं परिवेक्ष्यमाणं चातृप्तेः स्वाहा हव्यं नमम" એ પ્રમાણે પરમગુરૂ આદિક પંદર બ્રાહ્મણને અન્નત્યાગ કરી "ब्रह्मार्पणं०" ઇત્યાદિ કર્મ કરવું. તે બ્રાહ્મણોએ ભોજન કરી આચમન કર્યા પછી તેની તાંબૂલ, વસ્ત્ર, દક્ષિણા ઇત્યાદિકવડે પૂજા કરવી. એ ઠેકાણે કેટલાએક શિષ્ટ પ્રથમ સ્થાપન કરી રાખેલાં પાદોદકતીર્થની પૂજા કરે છે. તે આ રીતે—તીર્થનું પાત્ર, તંડુલાદિકવડે કરેલાં મંડલ ઉપર સ્થાપન કરી પુરૂષસૂક્ત તથા "तीर्थराजाय नमः" એ મંત્રથી તેની ષોડશોપચારવડે પૂજા કરી તે પાત્ર મસ્તક ઉપર ધારણ કરી સંબંધિસહિત બ્રાહ્મણને પ્રદક્ષિણા કરી "गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः०" એ મંત્રવડે નમસ્કાર કરી પહેલા બ્રાહ્મણના હાથથી તે તીર્થ પીવું. તેનો મંત્ર—"अविद्यामूलशमनं सर्वपापप्रणाशनं ॥ पिवामि गुरुपत्तीर्थं, पुत्रपौत्रप्रवर्धनम्" કર્મ ઈશ્વરને અર્પણ કરી સંબંધિવર્ગસહિત ભોજન કરવું. એ રીતે વર્ષપર્યંત પ્રતિમાસ મૃતતિથિને દિવસે એવીજ આરાધના કરવી; પ્રતિમાસિકશ્રાદ્ધ કરવું નહીં. પ્રતિવર્ષે તો, પાર્વણશ્રાદ્ધ કરી આરાધના પણ કરવી. પછી દર્શ, મહાલય ઇત્યાદિ શ્રાદ્ધ પણ સર્વ સાધારણપણે કરવાં; તેમાં વિશેષ નથી. એ રીતે આરાધનવિધિ કહ્યો.

अथनारायणबलिपार्वणश्राद्धयोरेकदिनानुष्ठानपक्षेएकादशेवादिनेपूर्वंनारायणबलिंकृत्वाततःपार्वणश्राद्धंकार्यं दिनद्वयेकरणपक्षेत्वेकादशेपार्वणंद्वादशेनारायणबलिः द्वादशेत्रयोदशेवादिनेआराधनं ऊनमासिकादिकालेष्वप्याराधनमितिकेचित् प्रतिमासमाराधनमित्यन्ये पार्वणश्राद्धंत्वेकादशाहप्रत्यब्दयोरेवतच्चपुत्रादीनामेवनियतं शिष्यादीनांतुनावश्यकं अपुत्रयतेस्तुशिष्येणापिप्रत्यब्दंपार्वणश्राद्धंकार्यं तदर्थंचनामगोत्रोल्लेखाधिकारार्थमेकादशेशिष्येणपार्वणश्राद्धंकार्यम् ॥

આ વિષયમાં નારાયણબલિ તથા પાર્વણશ્રાદ્ધ એ બન્ને એક દિવસે કરવાનો પક્ષ હોય તો અગીયારમે કિંવા બારમે દિવસે પ્રથમ નારાયણબલિ કરી પછી પાર્વણશ્રાદ્ધ કરવું. બે દિવસે કરવાનો પક્ષ હોય તો અગીયારમે દિવસે પાર્વણશ્રાદ્ધ તથા બારમે દિવસે નારાયણબલિ કરવું. બારમે અથવા તેરમે દિવસે આરાધન કરવું. ઊનમાસિકાદિકના કાળે પણ આરાધન કરવું. એમ કોઈ

ગ્રંથકાર કહે છે. પ્રતિમાસ આરાધન કરવું એમ બીજા કહે છે. પાર્વણશ્રાદ્ધ તો અગીયારમે દિવસે તથા પ્રતિવાર્ષિકવિષે કરવું. અને તે પુત્રાદિકોનેજ અવશ્ય છે; શિષ્યાદિકોને તો અવશ્ય નથી. પુત્રરહિત યતિના તો શિષ્યે પણ પ્રતિવર્ષ પાર્વણશ્રાદ્ધ કરવું. તેમાટે અને નામ, ગોત્રના ઉચ્ચારનો અધિકાર પ્રાપ્ત થવામાટે અગીયારમે દિવસે પણ શિષ્યે પાર્વણશ્રાદ્ધ કરવું.

नारायणबल्यादेर्द्वादशाहादावसंभवे शुक्लपक्षस्थद्वादशीश्रवणपंचम्यःपूर्णिमामावास्याचेतिगौणकालाः अत्रपूर्वपूर्वःश्रेयान् भार्याकन्यास्नुषादेःस्त्रियाःयतिसंस्कारकर्तृत्वेतुविधवायाःवपनपूर्वकंकृच्छ्रत्रयाचरणं सधवायास्तुकृच्छ्राचरणमेव ॥

બારમા ઇત્યાદિક દિવસે નારાયણબલિ ઇત્યાદિકનો સંભવ ન હોય તો શુક્લપક્ષમાંની દ્વાદશી, શ્રવણનક્ષત્ર, પંચમી, પૂનમ અથવા અમાવાસ્યા એ ગૌણકાળ છે. તેમાં પ્રથમ પ્રથમ ઉત્તમ છે. સ્ત્રી, કન્યા, પુત્રની સ્ત્રી ઇત્યાદિક સ્ત્રીઓ યતિના સંસ્કાર કરવાવાળીઓ હોય તો વિધવા છતાં તેણે વપનપૂર્વક ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવાં. સૌભાગ્યવતી હોય તો તેણે એક કૃચ્છ્રજ પ્રાયશ્ચિત્ત કરવું.

देशांतरस्थपुत्रःपितुर्यतेःसिद्धिवार्तांश्रुत्वा वपनपूर्वकंस्नात्वाक्षीरतर्पणपूजनादिदशाहांतंकृत्वैकादशाहादौपार्वणनारायणबल्यादिसर्वमविकृतंकुर्यात् सन्निहितेनज्येष्ठेनकृतंचेत्कनिष्ठोनकुर्यात् ॥

દેશાંતરમાં રહેનારા પુત્રે પિતા સંન્યાસીની સિદ્ધિવાર્તા સાંભળી મુંડનપૂર્વક સ્નાન કરી દુગ્ધતર્પણ, પૂજા ઇત્યાદિક દશ દિવસપર્યંતનું કર્મ કરી અગીયારમે ઇત્યાદિક દિવસે પાર્વણ, નારાયણબલિ ઇત્યાદિક સર્વ યથાવિધિ કર્મ કરવું. સમીપમાં રહેલા મ્હોટા પુત્રે કર્યું હોય તો કનિષ્ઠે કરવું નહીં.

शुक्लकृष्णादिभेदेनकेशवादिनामानिमृततिथ्यनुरोधेनैवग्राह्याणि नतुवार्ताश्रवणतिथ्यनुरोधेन मृततिथ्यज्ञानेतुवार्ताश्रवणानुरोधेनैवयतिसंस्कारकरणेश्वमेधसहस्रादिफलं असंस्कृतंविशीर्यतेयतेर्यत्र कलेवरं धर्मलोपोभवेत्तत्रदुर्भिक्षंमरणंतथा दिवंगतेगुरौशिष्यउपवासंतदाचरेत् नस्नानमाचरेद्भिक्षुःपुत्रादिनिधनेश्रुते पितृमातृक्षयंश्रुत्वास्नानाच्छुद्ध्यतिसांबरात् ॥

શુક્લ કૃષ્ણાદિ ભેદથી કેશવાદિ નામ મૃતતિથીને અનુરોધેજ લેવાં. વાત સાંભળી હોય તે તિથિને અનુસારે લેવાં નહીં. મૃતતિથિની ખબર ન હોય તો, વાત સાંભળવાને અનુસારેજ લેવાં. યતિના સંસ્કાર કર્યા છતાં સહસ્ર અશ્વમેધ ઇત્યાદિક ફળ મળે છે. “જે દેશમાં યતિનું શરીર સંસ્કાર કર્યાવિના શીર્ણ થઈ (સડી) જાય તે દેશમાં ધર્મલોપ, દુર્ભિક્ષ અને મરણ એ પ્રાપ્ત થાય છે. ગુરુ સ્વર્ગસ્થ થયા છતાં તે કાળે શિષ્યે ઉપવાસ કરવો. પુત્રાદિકનું મરણ સાંભળ્યા છતાં યતિએ સ્નાન કરવું નહી. માતા, પિતાનું મૃત્યુ સાંભળ્યા છતાં સચૈલસ્નાનવડે શુદ્ધ થાય છે.”

अथप्रसंगाद्यतिधर्माः ॥ प्रातरुत्थायब्रह्मणस्पतइतिजपित्वादंडादीन्मृदंचादायमूत्रपुरीषयोर्गृहस्थचतुर्गुणंशौचंकृत्वाचम्यपर्वद्वादशीवर्ज्यंप्रणवेनदंतधावनंकृत्वा मृदाबहिःकटिंप्रक्षाल्यजलतर्पणवर्ज्यंस्नात्वापुनर्जंघेप्रक्षाल्यवस्त्रादीनिगृहीत्वाप्रणवेनप्राणायाममार्जनादिकृत्वाकेशवादिनमोंतनामभिस्तर्पयित्वा भूस्तर्पयामीत्यादिव्यस्तसमस्तव्याहृतिभिर्महर्जनस्तर्पयामीतितर्पयेत् अत्रविशेषोमाधवादौ विश्वेश्वर्यादौचज्ञेयः सूर्योपस्थानादिकंत्रिकालविष्णुपूजादिकंचसिंधौज्ञेयं विधूमेसन्नमुसलेव्यंगारेभुक्तवज्जने कालेपराह्णेभूयिष्ठेनित्यंभिक्षांयतिश्चरेत् अत्रभिक्षाभेदाःग्रंथांतरेज्ञेयाः अत्रविविदिषोर्दंडिनःमाधुकरीमुख्या दंडवस्त्रादिपरिग्रहणरहितस्यतुकरपात्रंमुख्यं अन्येपक्षाःअशक्तविषयाः तत्रमाधुकरीपक्षे दंडादिगृहीत्वापंचभ्यःसप्तभ्योवागृहेभ्योभिक्षांयाचित्वान्नंप्रोक्ष्य भूःस्वधानमइत्यादिव्यस्तसमस्तव्याहृतिभिः सूर्यादिदेवेभ्योभूतेभ्यश्चभूमौक्षिप्त्वाशेषमन्नंविष्णुनिवेदितंभुंजीत चंडीविनायकादिनैवेद्यंनभुंजीत भुक्त्वाचम्यषोडशप्राणायामान्कुर्यादितिसंक्षेपः ॥

હવે પ્રસંગથકી યતિના ધર્મ કહે છે.

પ્રાતઃકાળે ઉઠી–“ ब्रह्मणस्पते० ” એ મત્રનો જપ કરી; દડાદિક તથા મૃત્તિકા લઈ મૂત્ર, મળના ત્યાગનિમિત્ત શુદ્ધિ ગૃહસ્થકરતાં ચોગણી કરી; આચમન કરી; પર્વ તથા દ્વાદશી વિના પ્રણવવડે દતધાવન કરી; માટીવતી બાહેર કેર ધોઈ; જળતર્પણ વિના સ્નાન કરી; ફરી જંઘા ધોઈ; વસ્ત્રાદિક ગ્રહણ કરી; પ્રણવમંત્રવડે પ્રાણાયામ, માર્જન ઇત્યાદિક કરી; કેશવાદિ, અને નમઃ છે અંતમાં જેને

એવા નામમંત્રવડે તર્પણ કરી; "भूस्तर्पयामि" ઇત્યાદિ વ્યસ્ત સમસ્ત વ્યાહૃતિ મંત્રવડે "**महर्जनस्तर्पयामि**" એમ તર્પણ કરવું; એમાં વિશેષ પ્રકાર માધવાદિક તથા વિશ્વેશ્વર્યાદિક ગ્રંથમાં જોવો. સૂર્યનું ઉપસ્થાન ઇત્યાદિક તથા ત્રિકાળ વિષ્ણુપૂજા ઇત્યાદિક નિર્ણયસિંધુમાં જોવું. ધૂમરહિત, મુસળના શબ્દેરહિત, અગ્નિરહિત તથા મનુષ્યોનું ભોજન થઈ ગયેલું એવા પૂર્ણ અપરાહ્ન કાળે યતિએ નિત્ય ભિક્ષા કરવી." એ વિષયમાં ભિક્ષાનો ભેદ બીજા ગ્રંથમાં જોવો. આ ભિક્ષામાં જ્ઞાન પામવાની ઇચ્છાવાળા સન્યાસીને માધુકરી ભિક્ષા મુખ્ય છે. દંડ, વસ્ત્ર ઇત્યાદિકનો સ્વીકાર ન કરનારા યતિને તો કરપાત્ર મુખ્ય છે. બીજા ભિક્ષાના પક્ષ અશક્તોમાટે છે. તેમાં માધુકરી પક્ષ છતાં દંડાદિક લઈ પાંચ અથવા સાત ઘેર ભિક્ષા માગી તે અન્નનું પ્રોક્ષણ કરી "**भूःस्वधानमः**" ઇત્યાદિ વ્યસ્ત, સમસ્ત વ્યાહૃતિમંત્રવડે સૂર્યાદિ દેવતાઓને તથા ભૂતોને ભૂમિ ઉપર અન્ન દઈ શેષ અન્ન વિષ્ણુને નિવેદિત કરી ભોજન કરવું. ચંડી તથા વિનાયક ઇત્યાદિક દેવતાઓનું નૈવેધ ભક્ષણ કરવું નહીં. ભોજન કરી આચમન કરી સોળ પ્રાણાયામ કરવા. એપ્રમાણે સંક્ષેપ જાણવો.

यतिहस्तेजलंदद्याद्भिक्षांदद्यात्पुनर्जलं भैक्ष्यंपर्वतमात्रंस्यात्तज्जलंसागरोपमं एकरात्रंवसेद्ग्रामेनगरेपंचरात्रकम् वर्षाभ्योन्यत्रवर्षासुमासांश्चचतुरोवसेत् अष्टौमासान्विहारःस्याद्यतीनांसंयतात्मनां महाक्षेत्रप्रविष्टानांविहारस्तुनविद्यते भिक्षाटनंजपःस्नानंध्यानंशौचंसुरार्चनं कर्तव्यानिषडेतानिसर्वथानृपदंडवत् मंचकंशुक्लवस्त्रंचस्त्रीकथालौल्यमेवच दिवास्वापश्चयानंचयतीनांपतनानिषट् वृथाजल्पंपात्रलोभं संचयंशिष्यसंग्रहं हव्यंकव्यंतथान्नंचवर्जयेच्चसदायतिः यतिपात्राणिमृद्वेणुदार्वलाबुमयानिच नतीर्थवासीनित्यंस्यान्नोपवासपरोयतिः नचाध्ययनशीलःस्यान्नव्याख्यानपरोभवेत् एतद्वेदार्थभिन्नपरं एतेसंक्षेपतोयतिधर्माः अन्येपिमाधवीयमिताक्षरादौज्ञेयाः ॥

"યતિના હાથ ઉપર જળ દઈ ભિક્ષા દઈ ફરી જળ દેવું. તે ભિક્ષા પર્વતસમાન તથા તે જળ સાગર જેટલું થાય છે. વર્ષાકાળ વિના અન્ય કાળે યતિએ ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ રેહેવું. વર્ષાકાળમાં ચાર માસ રેહેવું. મનનો નિયમ કરનારા યતિએ આઠ માસ ફરવું. મહાક્ષેત્રમાં રેહેનારાઓએ ફરવું નહીં. ભિક્ષાટન, જપ, સ્નાન, ધ્યાન, પવિત્રપણું અને દેવપૂજન એ ૬ અવશ્ય રાજદંડપ્રમાણે કરવાં. પલંગ, શ્વેત વસ્ત્ર, સ્ત્રીઓની વાર્ત્તા, ચંચલપણું, દિવસે નિદ્રા અને વાહન એ ૬ યતિને પડવાનાં કારણ છે. વૃથા ભાષણ, પાત્રનો લોભ, સંચય, શિષ્યસંગ્રહ, હવ્ય કવ્ય એવાં અન્ન, એ યતિએ વર્જ્ય કરવાં. યતિનાં પાત્ર માટી, વાંસ, કાષ્ઠ અને દૂધિયાં એમનાં થાય. સન્યાસીએ નિત્ય તીર્થવાસી તથા ઉપવાસી થવું નહીં, ભણવું તથા વાંચવું એ સંન્યાસીએ કરવું નહી." અધ્યયન તથા વ્યાખ્યાનનો જે નિષેધ કહ્યો તે વેદના અર્થ કરતાં બીજા વિષયમાટે છે. એ સક્ષેપથકી યતિના ધર્મ કહ્યા. બીજા પણ યતિના ધર્મ માધવ તથા મિતાક્ષરા ઇત્યાદિ ગ્રંથમાં જોવા.

प्रथमेत्रपरिच्छेदेकालसामान्यनिर्णयः ॥ द्वितीयेथपरिच्छेदेविशेषात्कालनिर्णयः ॥ १ ॥

આ ધર્માબ્ધિસાર ગ્રંથના પ્રથમ પરિચ્છેદમાં કાળનો સામાન્ય નિર્ણય કહ્યો. પછી બીજા પરિચ્છેદમાં વિશેષેકરી કાળનિર્ણય કહ્યો.

तृतीयस्यचपूर्वार्धेगर्भाधानादिसंस्क्रियाः ॥ आह्निकंचप्रकीर्णार्थाआधानाद्याःसविस्तराः ॥ २ ॥
देवप्रतिष्ठाशांत्यादिनित्यंनैमित्तिकंतथा ॥ तार्तीयकोत्तरार्धेस्मिन्जीवत्पितृकनिर्णयः ॥ ३ ॥
श्राद्धाधिकारकालादेर्निर्णयःश्राद्धपद्धतिः ॥ सूतकादेर्निर्णयश्चनिर्णयोदुर्मृतावपि ॥ ४ ॥
अंत्येष्टिसंस्कारविधिःसंन्यासःसहविस्तरः ॥ प्रायश्चित्तंव्यवहारंसर्वंदानविधिंविना ॥ ५ ॥
कृत्स्नोपिधर्मशास्त्रार्थःसंक्षेपेणात्रनिर्मितः ॥ विबुधानांचबालानांतुष्ट्येकप्रदानये ॥ ६ ॥

ત્રીજા પરિચ્છેદના પૂર્વાર્ધમાં ગર્ભાધાનાદિક સંસ્કાર; આહ્નિક; આધાનાદિક વિસ્તારસહિત પરચુરણ વિષયો; દેવપ્રતિષ્ઠા; શાતિ ઇત્યાદિક; નિત્યનૈમિત્તિક કર્મ એટલા વિષય કહ્યા. ત્રીજા પરિચ્છેદના ઉત્તરાર્ધમાં જીવત્પિતૃકનો નિર્ણય; શ્રાદ્ધનો અધિકાર, કાળ ઇત્યાદિકનો નિર્ણય; શ્રાદ્ધપદ્ધતિ; સૂતકાદિકનો નિર્ણય; દુર્મરણ છતાં પણ નિર્ણય; અંત્યેષ્ટિસંસ્કારનો વિધિ; અને વિસ્તારસહિત સંન્યાસ એ પ્રમાણે વિષય કહ્યા. પ્રાયશ્ચિત્ત, વ્યવહાર અને સઘળો દાનનો વિધિ એ વિના સઘળો ધર્મશાસ્ત્રનો

અર્થ, વિદ્વાનોને સંતોષાર્થે અને શાસ્ત્રની વ્યુત્પત્તિથી જે રહિત છે તેમને શાસ્ત્રજ્ઞાનરૂપ કષ્ટ નિવૃત્ત થવામાટે આ ગ્રંથમાં સંક્ષેપે કરી કહેલો છે.

मूलमूतानिपद्यानि विकृतानिक्वचित्क्वचित् ॥ निर्विकाराण्यपिनवान्यप्युक्तान्यत्रकानिचित् ॥ ७ ॥

આ ગ્રંથમાં, મૂળશ્લોક કોઈ કોઈ ઠેકાણે અશુદ્ધ હોવાથી કેટલા એક નવા પણ શુદ્ધ કરી લખ્યા છે.

मीमांसाधर्मशास्त्रज्ञाःसुधियोनलसाबुधाः ॥ कृतकार्याःप्राङ्निबंधैस्तदर्थंनायमुद्यमः ॥ ८ ॥

ગ્રંથકાર આ ગ્રંથ કરવાનું પ્રયોજન શું? તે કહે છે.

મીમાંસા અને ધર્મશાસ્ત્રના જાણનારા, બુદ્ધિમાન અને આલસ્યરહિત એવા વિદ્વાનો તો પ્રાચીન વિદ્વાનોએ કરેલા પ્રાચીન નિબંધો જોઇનેજ કૃતકાર્ય થાય છે, અર્થાત્ પ્રાપ્ત થયેલાં કાર્યો કરે છે, તેથી આ મ્હારો ઉદ્યોગ તેમનેમાટે નથી.

येपुनर्मंदमतयोलसाअज्ञाश्चनिर्णयम् ॥ धर्मेवेदितुमिच्छंतिरचितस्तदपेक्षया ॥ ९ ॥
निबंधोयंधर्मसिंधुसारनामासुबोधनः ॥ अमुनाप्रीयतांश्रीमद्विठ्ठलोभक्तवत्सलः ॥ १० ॥

ત્યારે જે મંદબુદ્ધિવાળાઓ, આળસુ અને અજ્ઞાની છતાં ધર્મવિષે નિર્ણય જાણવાની ઇચ્છા કરે છે તેમનેમાટે ધર્માબ્ધિસાર નામનો આ સુબોધ ગ્રંથ મેં કર્યો છે. એ ગ્રંથવડે ભક્તવત્સલ શ્રીમદ્વિઠ્ઠલ સંતુષ્ટ થાઓ.

प्रेम्णासद्भिर्ग्रंथः सेव्यः शब्दार्थतः सदोषोपि ॥
संशोध्यवापिहरिणा सुदाममुनिसतुषपृथुकमुष्टिरिव ॥ ११ ॥

આ મારો ગ્રંથ ક્વચિત્ સ્થળમાં શબ્દથકી અને અર્થથકી જો દોષયુક્ત હોય તો પણ, સુદામા બ્રાહ્મણના પૌવા જો ફોતરીયુક્ત હતા તો પણ શ્રીકૃષ્ણે તેમાંની ફોતરીવગેરાં ફેંકી સાફ શુદ્ધ કરી સ્વીકાર કર્યા, તે રીતે વિદ્વાનોએ વિચારપૂર્વક શોધન કરી આ ગ્રંથનો સ્વીકાર કરવો.

श्रीकाश्युपाध्यायवरोमहात्मा बभूवविद्वद्द्विजराजराजः ॥
तस्मादुपाध्यायकुलावतंसो यज्ञेश्वरोनंतइमावभूताम् ॥ १२ ॥

વિદ્વાન્ બ્રાહ્મણોમાં કેવળ સાર્વભૌમ (ચક્રવર્તી) એવા મહાત્મા શ્રીકાશી નામના ઉપાધ્યાય થયા હતા. તે થકી ઉપાધ્યાયના કુળમાં મુકુટરૂપ એવા યજ્ઞેશ્વરોપાધ્યાય તથા અનંતોપાધ્યાય એ બે પુત્ર થયા.

यज्ञेश्वरोयज्ञविधानदक्षो दैवज्ञवेदांगसुशास्त्रशिक्षः ॥
भक्तोत्तमोनंतगुणैकधामानंताह्वयोनंतकलावतारः ॥ १३ ॥

તેમાં યજ્ઞેશ્વરોપાધ્યાય શ્રૌતમાર્ગમાં કુશળ, જ્યોતિષી અને વેદનું અંગ જે વ્યાકરણશાસ્ત્ર તેમાં સારી શિક્ષા પામેલા હતા. અને અનંતોપાધ્યાય ભક્તમાં શ્રેષ્ઠ છતાં અનંતના અંશભૂત અવતાર હોવાથી અનંત ગુણોના નિવાસનું સ્થાન હતા.

पपोत्यजज्जन्मभुवंस्वकीयां तांकौंकणाख्यांसुविरक्तिशाली ॥
श्रीपांडुरंगेवसतिंविधाय भीमातटेमुक्तिमगात्सुभक्त्या ॥ १४ ॥

એ અનંતોપાધ્યાય વૈરાગ્યવાન થઈ પોતાની કોંકણ નામની જન્મભૂમીનો ત્યાગ કરી શ્રીપંઢરીક્ષેત્રમાં શ્રીપાંડુરંગની સમીપે નિવાસ કરી શ્રીપાંડુરંગની ભક્તિવડે ભીમા નદીને તીરે મુક્તિને પ્રાપ્ત થયા.

तस्यानंताभिधानस्योपाध्यायस्य सुतः कृती ॥
काशीनाथाभिधो धर्मसिंधुसारं समातनोत् ॥ १५ ॥

એ અનંતોપાધ્યાયના પુત્ર, વિદ્વાન એવા કાશીનાથોપાધ્યાયે આ ધર્મસિંધુસાર નામનો ગ્રંથ કર્યો છે.

इति श्रीमत्काश्युपाध्यायसूरिसूनुयज्ञेश्वरोपाध्यायानुजानंतोपाध्यायसुतकाशीनाथोपाध्यायविरचिते धर्मसिंधुसारे तृतीयपरिच्छेदोत्तरार्धं समाप्तम् ॥ श्रीगुरुपांडुरंगार्पणमस्तु ॥

ઇતિ શ્રીમત્કાશ્યુપાધ્યાયસૂરિસૂનુ યજ્ઞેશ્વરોપાધ્યાયાનુજાનંતોપાધ્યાયસુત કાશીનાથોપાધ્યાયવિરચિતે ધર્મસિંધુસારે તૃતીય પરિચ્છેદોત્તરાર્ધં સમાપ્તમ.

॥ श्रीपांडुरंगार्पणमस्तु ॥

समाप्त.

शाके मार्गणखेभभूपरिमिते मासे शुभे माधवे,
शुक्ले कामतिथौ शनैश्वरदिने श्रीबालजित्सूनुना ॥
धर्माब्धिर्निजभाषया विलिखितोऽयं कर्णजिच्छर्मणा,
तं गृह्णंतु बुधाः सुशोध्य शमलं हित्वा प्रमादोद्भवं ॥ १ ॥

ગુજરાતી ધર્મસિંધુ સમાપ્ત.

ધર્મસિંધુમાંના એકાદશીનિર્ણયનો પટ.

श्रीकाशीनाथोपाध्यायैरेकादश्या विनिर्णयः ॥
कृतोष्टादशभेदात्मा स्मार्तवैष्णवयोः पृथक् ॥ १ ॥

ધર્મસિંધુ ગ્રંથકર્ત્તા શ્રીકાશીનાથ ઉપાધ્યાયે એકાદશીનો અઢાર ભેદરૂપ નિર્ણય સ્માર્ત્ત અને વૈષ્ણવોનો જુદો જુદો કરેલો છે.

संलक्ष्योदाहृतेः सिद्धिं संशोध्य ग्रंथपट्टयोः ॥
विभाव्यैक्यं च पट्टेऽस्मिन् स यथामति लिख्यते ॥ २ ॥

ઉદાહરણની સિદ્ધિ (યુક્તિ) સારી રીતે મનમાં લઈ તથા શોધી ગ્રંથ (ધર્મસિંધુ) તથા પટની એકવાક્યતા કરી આ પટમાં તે નિર્ણય યથામતિ લખુંછું.

श्रीरामचंद्रनामा नामप्रागर्धघृष्टजिह्वाग्रः ॥
स ब्रह्मवित्पिता मे जयतितरामेष जानकीजानिः ॥ ३ ॥

શ્રીરામચંદ્ર નામના; એ નામનાં પૂર્વ અર્ધ જે શ્રીરામ તેના ઉચ્ચારવડે ઘસાએલું છે જીભનું અગ્ર જેનું એવા બ્રહ્મનિષ્ઠ અને જાનકી છે સ્ત્રી જેમની એવા એ મ્હારા પિતા સઘળાઓથી ઉત્કર્ષ (અધિકપણે) કરી રહે છે.

नामस्मृत्या यस्य च विबोधितो धर्मशास्त्रदुर्बोधम् ॥
निर्णयमेकादश्या निःसंदिग्धं सुखेन विलिखामि ॥ ४ ॥

જે પિતાના નામસ્મરણે કરી બોધ પામ્યો છતો હું ધર્મશાસ્ત્રમાં દુર્બોધ અને નિઃસંદેહ એવો આ એકાદશીનો નિર્ણય સુખેકરી લખુંછું.

अत्रसमत्वंसूर्योदयाद्यक्षणाव्यवहितपूर्वक्षणांततिथिसत्त्वंषष्टिघटिकारूपं न्यूनत्वंतुकिंचिन्न्यूनषष्टिघटिकावधिशुद्धाविद्धाभेदेषु तिथिक्षयवृद्धिभ्यांविलक्षणं यथावैष्णवशुद्धैकादशी प्रथमभेदे दशमी ५५।५९ एकादशी ४९।५९ द्वादशी ४३।५९ एवंपरमक्षयेपलोनचतुश्चत्वारिंशद्घटीमितंन्यूनत्वं एवमेवस्मार्तवैष्णवयोःशुद्धाविद्धाभेदैर्विलक्षणत्वमूह्यम् ॥

ઇહાં સમત્વ એટલે સૂર્યોદયના પ્રથમ ક્ષણના સમીપનો પૂર્વનો જે ક્ષણ તેના અંતપર્યંત તિથિનું રહેવું એટલે પૂર્ણ સાઠ ઘટિકા. ન્યૂનપણું તો, કાંઈ એક ઓછી સાઠ ઘટિકાપર્યંત તિથિ હોય તે. શુદ્ધા વિદ્ધા ભેદમાં તિથિના ક્ષય તથા વૃદ્ધિવડે વિલક્ષણ થાયછે. જેમ, વૈષ્ણવોની શુદ્ધૈકાદશીના પ્રથમ ભેદમાં દશમી ૫૫।૫૯ એકા૦ ૪૯।૫૯ દ્વાદશી ૪૩।૫૯ એપ્રમાણે પરમાવધિ (પૂર્ણ) ક્ષયમાં ૫ળમાત્ર ઓછી એવી ૪૪ ઘટિકા પરિમિત ન્યૂનપણું થાયછે, એપ્રમાણેજ સ્માર્ત્ત તથા વૈષ્ણવોનું શુદ્ધા વિદ્ધાના ભેદવડે વિલક્ષણપણું જાણવું.

एतेवैष्णवानामेकादश्याःशुद्धाभेदाः अत्रारुणोदयवेधरहिताशुद्धा साचतुर्विधा साचोदाहरणेषुप्रदर्श्यंते ॥

એ વૈષ્ણવોની શુદ્ધા એકાદશીના ભેદ ૯.

ઇહાં અરૂણોદયવેધરહિત જે એકાદશી તે શુદ્ધા. તે ચાર પ્રકારની. તેજ ઉદાહરણમાં બતાવુંછું–

	दशमी.		एकाद.		द्वादशी.		
	घ.	प.	घ.	प.	घ.	प	
शुद्धन्यूनान्यूनद्वादशिका.	५५	५९	५८	०	५९	५९	इयमनुभयाऽधिक्यवतीशुद्धा अत्रस्मार्तानांवैष्णवानांचैकादश्यामेवोपवासः. भेदः १. એ એકાદશી અનુભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્ત્ત તથા વૈષ્ણવોએ એકાદશીને દિવસેજ ઉપવાસ કરવો. ૧
धर्माब्धिस्थमुदाहरणम्.	५५	०	५७	०	५८	०	

	दशमी.		एकाद.		द्वादशी		
	घ	प	घ	प	घ	प	
शुद्धन्यूनासमद्वादशिका.	५५	५९	५८	०	६०	०	इयमप्यनुभयाधिक्यवतीशुद्धा अत्रापिस्मार्तानांवैष्णवानांचैकादश्यामेवोपवासः भेदः २.
धर्माब्धिस्थमुदाहरणम्.	५५	०	५७	०	५८	०	એ પણ એકાદશી અનુભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમા પણ, સ્માર્ત્ત તથા વૈષ્ણવોએ એકાદશીવિષેજ ઉપવાસ કરવો. ૨
शुद्धन्यूनाऽधिकद्वादशिका.	५५	५९	५८	०	६०	१	इयद्वादशीमात्राऽधिक्यवतीशुद्धा अत्रस्मार्तानामेकादश्यावैष्णवानांद्वादश्यामेवोपवासइतिमाधवमतं सर्वेषांद्वादश्यामेवेतिहेमाद्रिमतं. भेदः ३.
धर्माब्धिस्थमुदाहरणम्.	५०	०	५८	०	६०	१	એ એકાદશી દ્વાદશીમાત્રાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમા સ્માર્ત્તોએ એકાદશીને દિવસે તથા વૈષ્ણવોએ દ્વાદશીને દિવસેજ ઉપવાસ કરવો એવો માધવનો મત. સઘળાઓએ દ્વાદશીને દિવસેજ ઉપવાસ કરવો એવો હેમાદ્રિનો મત ૩ *
शुद्धसमान्यूनद्वादशिका.	५५	५९	६०	०	५९	५९	इयमनुभयाऽधिक्यवतीशुद्धा अत्रस्मार्तानांवैष्णवानांचैकादश्यामेवोपवासः इदमुदाहरणंविचार्यं. भेदः ४.
धर्माब्धिस्थमुदाहरणम्.	५५	०	५७	०	५८	०	એ એકાદશી અનુભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમા, સ્તાર્ત તથા વૈષ્ણવોએ એકાદશીને દિવસેજ ઉપવાસ કરવો એ ઉદાહરણ વિચાર કરવા લાયક છે. ૪
शुद्धसमासमद्वादशिका.	५५	५९	६०	०	६०	०	इयमप्यनुभयाऽधिक्यवतीशुद्धा अत्रस्मार्तानांवैष्णवानांचैकादश्यामेवोपवास.. भेदः ५.
धर्माब्धिस्थमुदाहरणम्.	५५	०	५७	०	५८	०	એ પણ એકાદશી અનુભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમા, સ્માર્ત્ત તથા વૈષ્ણવોએ એકાદશીનોજ ઉપવાસ કરવો ૫
शुद्धसमाऽधिकद्वादशिका.	५५	५९	६०	०	६० ३	० १	इयद्वादशीमात्राऽधिक्यवतीशुद्धा अत्रस्मार्तानामेकादश्या वैष्णवानांद्वादश्यामेवोपवास. इतिमाधवमतं सर्वेषांद्वादश्यामेवोपवासइतिहेमाद्रिमतं. भेद. ६.
धर्माब्धिस्थमुदाहरणम्	५५	०	५८	०	६०	१	એ એકાદશી દ્વાદશીમાત્રાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમા, સ્માર્ત્તોએ એકાદશીને દિવસે અને વૈષ્ણવોએ દ્વાદશીને દિવસેજ ઉપનાસ કરવો એવો માધવનો મત. સઘળાઓએ દ્વાદશીને દિવસેજ ઉપવાસ કરવો એવો હેમાદ્રિનો મત. ૬

	दशमी.		एकाद.		द्वादशी.	
	घ.	प.	घ.	प.	घ.	प.
शुद्धाऽधिकान्यूनद्वादशिका.	५५	५९	६०	०	५९	५८
			०	१	क्षय	
धर्माब्धिस्थमुदाहरणम्.	५५	०	६०	१	५८	०
					क्षय	

इयमेकादशीमात्राऽधिक्यवतीशुद्धा अत्रसार्तगृहस्थानांपूर्वैकादश्यां यतीनांवैष्णवानांचोधैरितैकादश्यामेवोपवासइतिमाधवमतं कामाद्वाथकामाद्वा वैष्णवो द्वयमुपवसेदितिहेमाद्रिमतं. इदमुदाहरणंविचार्यं. भेदः ७.

એ એકાદશી એકાદશીમાત્રાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્ત્ત ગૃહસ્થોએ પૂર્વ એકાદશીને દિવસે, અને સંન્યાસી, વૈષ્ણવ, એમણે બીજા દિવસની શેષ એકાદશીને દિવસે ઉપવાસ કરવો એવો માધવનો મત. સકામ અથવા નિષ્કામ વૈષ્ણવોએ બન્ને દિવસે ઉપવાસ કરવો એવો હેમાદ્રિનો મત. એ ઉદાહરણ વિચાર કરવા યોગ્ય છે. ૭

	दशमी.		एकाद.		द्वादशी.	
	घ.	प.	घ.	प.	घ.	प.
शुद्धाऽधिकासमद्वादशिका.	५५	५९	६०	०	५९	५९
			०	१	क्षय.	
धर्माब्धिस्थमुदाहरणम्.	५५	०	६०	१	५८	०
					क्षय	

इयमप्येकादशीमात्राऽधिक्यवतीशुद्धा अत्रापिस्मार्तगृहस्थानांपूर्वैकादश्यां यतीनांवैष्णवानांचावशिष्टैकादश्यामेवोपवासइतिमाधवमतं कामाद्वाअकामाद्वा वैष्णवोद्वयमुपवसेदितिहेमाद्रिमतं. भेदः ८.

એ પણ એકાદશીમાત્રાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં પણ સ્માર્ત્ત ગૃહસ્થોએ પૂર્વ એકાદશીમાં અને યતિ તથા વૈષ્ણવોએ બીજી એકાદશીને દિવસે ઉપવાસ કરવો એવો માધવનો મત. સકામ અથવા નિષ્કામ વૈષ્ણવોએ બન્ને દિવસ ઉપવાસ કરવો એવો હેમાદ્રિનો મત. ૮

	दशमी.		एकाद.		द्वादशी.	
	घ.	प.	घ.	प.	घ.	प.
शुद्धाऽधिकाऽधिकद्वादशिका.	५५	५९	६०	१	३	५५
धर्माब्धिस्थमुदाहरणम्.	५५	०	६०	१	५	०

इयमुभयाऽधिक्यवतीशुद्धा अत्रसार्तैर्वैष्णवैश्च परैवैकादश्युपोष्येत्युभयमतं. भेदः ९.

એ એકાદશી ઉભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં સ્માર્ત્ત તથા વૈષ્ણવોએ પણ બીજા દિવસનીજ એકાદશી ઉપવાસમાટે લેવી એવો બન્ને (માધવ તથા હેમાદ્રિ)નો મત છે. ૯

एतेवैष्णवानांविद्धैकादश्याभेदाः अत्रविद्धत्वमरुणोदयेदशमीसत्त्वं अरुणोदयस्तु सूर्योदयात्प्राक् चतुर्घटिकात्मकः.

એ વૈષ્ણવોની વિદ્ધા એકાદશીના ભેદ ૯.

ઇહાં વિદ્ધાપણું એટલે અરુણોદયસમયે દશમી હોય તે. અરુણોદય તો, સૂર્યોદયથકી પ્રથમ જે ચાર ઘટિકારૂપ કાળ તે.

	दशमी.		एकाद.		द्वादशी.	
	घ.	प.	घ.	प.	घ.	प.
विद्धन्यूनान्यूनद्वादशिका.	५६	१	५८	०	५९	५९
धर्माब्धिस्थमुदाहरणम्.	५७	०	५८	०	५९	०

इयमनुभयाऽधिक्यवतीविद्धा अत्रस्मार्तानामेकादश्यामेवोपवासो वैष्णवानांविद्धत्वाद्द्वादश्यामुपवासः. भेदः १.

એ એકાદશી અનુભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્તોને એકાદશીમાંજ ઉપવાસ. અને એ વિદ્ધા છે માટે વૈષ્ણવોએ દ્વાદશીમાં ઉપવાસ કરવો. ૧

	दशमी		एकाद.		द्वादशी		
	घ	प.	घ	प	घ	प.	
विद्धन्यूनासमद्वादशिका.	५६	१	५८	०	६०	०	इयमप्यनुभयाऽधिक्यवतीविद्धा अत्रापिस्मार्तानामेकादश्यामेवोपवासो वैष्णवानांविद्धत्वाद्द्वादश्यामुपवासः. भेदः २. એ એકાદશી અનુભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં પણ, સ્માર્તોએ એકાદશીમાં, અને એ વિદ્ધા છે તેથી વૈષ્ણવોએ દ્વાદશીમાં ઉપવાસ કરવો. ૨
धर्माब्धिस्थमुदाहरणम्.	५७	०	५८	०	५९	०	
विद्धन्यूनाऽधिकद्वादशिका.	५६	१	५८	१	६० १	० १	द्वादशीमात्राऽधिक्यवतीविद्धेयं अत्रस्मार्तैरेकादश्युपोष्या वैष्णवैर्द्वादश्युपोष्या हेमाद्रिमतेतुसर्वैर्द्वादश्येवोपोष्या. भेदः ३. એ એકાદશી દ્વાદશીમાત્રાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્તોએ એકાદશીમાં અને વૈષ્ણવોએ દ્વાદશીમાં ઉપવાસ કરવો. હેમાદ્રિને મતે તો સઘળાઓએ દ્વાદશીનોજ ઉપવાસ કરવો: ૩
धर्माब्धिस्थमुदाहरणम्.	५८	०	५९	०	६०	१	
विद्धसमान्यूनद्वादशिका.	५८	५९	६०	०	५९	५९	इयमनुभयाऽधिक्यवतीविद्धा अत्रस्मार्तानामेकादश्यामेवोपवासो वैष्णवानाविद्धत्वाद्द्वादश्यामुपवासः. भेदः ४. એ એકાદશી અનુભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્તોએ એકાદશીને દિવસેજ ઉપવાસ કરવો. વિદ્ધા છે માટે વૈષ્ણવોએ દ્વાદશી દિવસે ઉપવાસ કરવો. ૪
धर्माब्धिस्थमुदाहरणम्.	५७	०	५८	०	५९	०	
विद्धसमासमद्वादशिका.	५९	१	६०	०	६०	०	इयमप्यनुभयाऽधिक्यवतीविद्धा अत्रस्मार्तानामेकादश्यामेवोपवासो वैष्णवानांविद्धत्वाद्द्वादश्यामुपवासः. भेदः ५. એ પણ અનુભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્તોએ એકાદશીને દિવસેજ ઉપવાસ કરવો. વિદ્ધા છે માટે વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો. ૫
धर्माब्धिस्थमुदाहरणम्.	५७	०	५८	०	५९	०	
विद्धसमाधिकद्वादशिका.	५७	१	६०	०	६० १	० ०	इयंद्वादशीमात्राऽधिक्यवतीविद्धा अत्रस्मार्तैरेकादश्युपोष्या वैष्णवैर्द्वादश्युपोष्या हेमाद्रिमतेतुसर्वैर्द्वादश्येवोपोष्या. भेदः ६. એ એકાદશી દ્વાદશીમાત્રાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્તોએ એકાદશીનો ઉપવાસ કરવો. વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો. હેમાદ્રિને મતે તો, સઘળાઓએ દ્વાદશીનોજ ઉપવાસ કરવો. ૬
धर्माब्धिस्थमुदाहरणम्.	५८	०	५९	०	६०	१	

	दशमी.		एकाद.		द्वादशी.		
	घ.	प.	घ.	प.	घ.	प.	
विद्धाऽधिकान्यूनद्वादशिका.	५९	१	६०	०	५९	५८	इयमेकादशीमात्राऽधिक्यवतीविद्धा अत्रस्मार्तैर्गृहस्थैः पूर्वैकादश्युपोष्या यतिभिर्निष्कामगृहिभिर्वनस्थैर्विधवाभिर्वैष्णवैश्चपरैवोपोष्या विष्णुप्रीतिकामैःस्मार्तैरुपवासद्वयंकार्यमितिकेचित्. भेदः ७.
			०	१	क्षय		
धर्माब्धिस्थमुदाहरणम्.	५८	०	६०	१	५८	०	એ એકાદશી એકાદશીમાત્રાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્ત્ત ગૃહસ્થોએ પહેલી એકાદશીનો ઉપવાસ કરવો. સંન્યાસી, નિષ્કામ ગૃહસ્થ, વાનપ્રસ્થ, વિધવા અને વૈષ્ણવ એ સઘળાઓએ બીજીજ ઉપવાસમાં લેવી. વિષ્ણુની પ્રીતિ ઇચ્છા કરનારા સ્માર્ત્તોએ બે ઉપવાસ કરવા, એમ કેટલાએક ગ્રંથકાર કહે છે. ૭
					क्षय		
विद्धाधिकासमद्वादशिका.	५९	१	६०	०	५९	५९	इयमप्येकादशीमात्राधिक्यवतीविद्धा अत्रस्मार्तैर्गृहस्थैः पूर्वैकादश्युपोष्या यतिभिर्निष्कामगृहिभिर्वनस्थैर्विधवाभिर्वैष्णवैश्चपरैवोपोष्या विष्णुप्रीतिकामैःस्मार्तैरुपवासद्वयंकार्यमितिकेचित्. भेदः ८.
			०	१	क्षय		
धर्माब्धिस्थमुदाहरणम्.	५८	०	६०	१	५८	०	એ પણ એકાદશી એકાદશીમાત્રાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્ત્ત ગૃહસ્થોએ પહેલી એકાદશી ઉપવાસ માટે લેવી. સંન્યાસી, નિષ્કામ ગૃહસ્થ, વાનપ્રસ્થ, વિધવા અને વૈષ્ણવોએ બીજા દિવસની ઉપવાસ માટે લેવી. વિષ્ણુની પ્રીતિ ઇચ્છા કરનારા સ્માર્ત્તોએ બે ઉપવાસ કરવા, એમ કેટલાએક કહે છે. ૮
					क्षय		
विद्धाधिकाऽधिकद्वादशिका.	५६	१	६०	०	५	०	इयमुभयाऽधिक्यवतीविद्धा अत्रसर्वैःस्मार्तैर्वैष्णवैश्चावशिष्टापरैवैकादश्युपोष्या. भेदः ९.
			१	०			
धर्माब्धिस्थमुदाहरणम्.	५८	०	६०	१	४	०	એ એકાદશી ઉભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સઘળા સ્માર્ત્ત તથા વૈષ્ણવોએ બાકી રહેલી એવી બીજા દિવસનીજ એકાદશી ઉપવાસ માટે લેવી. ૯

इमेस्मार्तानांशुद्धैकादशीभेदाः ॥ शुद्धत्वंनामसूर्योदयेदशम्यसत्त्वं साचतुर्विधा साचोदाहरणैःप्रदर्श्यते.

એ સ્માર્ત્તોની શુદ્ધા એકાદશીના ભેદ કહે છે.

શુદ્ધાપણું એટલે સૂર્યોદયસમયે દશમી તિથિ ન હોય તે. તે શુદ્ધા એકાદશી ચાર પ્રકારની, એજ ચાર પ્રકાર ઉદાહરણવડે દેખાડુંછું.

	दशमी.		एकाद.		द्वादशी.		
	घ.	प.	घ.	प.	घ.	प.	
शुद्धन्यूनान्यूनद्वादशिका.	५९	५९	५९	०	५९	०	इयमनुभयाऽधिक्यवतीशुद्धा अत्रस्मार्तानामेकादश्यामेवोपवासोनद्वादश्यां वैष्णवानांतुविद्धत्वाद्द्वादश्यामुपवासः. भेदः १.
धर्माब्धिस्थमुदाहरणम्.	५७	०	५८	०	५९	०	એ એકાદશી અનુભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્ત્તોએ એકાદશીનોજ ઉપવાસ કરવો, દ્વાદશીને દિવસે કરવો નહી. વિદ્ધા છે માટે વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો. ૧

	दशमी		एकाद		द्वादशी		
शुद्धन्यूनासमद्वादशिका.	५९	५९	५९	४५	६०	०	इयमप्यनुभयाधिक्यवतीशुद्धा अत्रस्मार्तानामेकादश्यामेवोपवासोनद्वादश्यां वैष्णवानांतुविद्धत्वाद्द्वादश्यामुपवासः. भेदः २. એ પણ એકાદશી અનુભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમા, સ્માર્ત્તોએ એકાદશીનોજ ઉપવાસ કરવો, દ્વાદશીનો કરવો નહી. વિદ્ધા હોવાથી વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો. ૨
धर्मांब्धिस्थमुदाहरणम्.	५७	०	५८	०	५९	०	
शुद्धान्यूनाऽधिकद्वादशिका.	५९	५९	५९	५९	६० १	० ०	इयंद्वादशीमात्राऽधिक्यवतीशुद्धा अत्रशुद्धत्वात् स्मार्तानामेकादश्यामेवोपवासो नद्वादश्यामितिमाधवमतं हेमाद्रिमतेतुसर्वैर्द्वादश्येवोपोष्या केचित्तुमुमुक्षुभि·स्मार्तैः·परोपोष्येत्याहुः. भेदः ३. એ એકાદશી દ્વાદશીમાત્રાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં, શુદ્ધા છે માટે સ્માર્ત્તોએ એકાદશીમાંજ ઉપવાસ કરવો, દ્વાદશીમા કરવો નહી, એવો માધવનો મત હેમાદ્રીને મતે તો, સઘળાઓએ દ્વાદશીનોજ ઉપવાસ કરવો. કોઈ ગ્રંથકાર તો, મોક્ષની ઇચ્છા કરનારા સ્માર્ત્તોએ બીજી ઉપવાસ માટે લેવી, એમ કહેછે. ૩
धर्मांब्धिस्थमुदाहरणम्.	५८	०	५९	०	६० ०	० १	
शुद्धसमान्यूनद्वादशिका.	५८	५९	६०	०	५९	५९	इयमनुभयाऽधिक्यवतीशुद्धा अत्रस्मार्तानामेकादश्यामेवोपवासोनद्वादश्यां वैष्णवानांतुविद्धत्वाद्द्वादश्यामेवोपवास. भेदः ४. એ એકાદશી અનુભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમા સ્માર્ત્તોએ એકાદશીનોજ ઉપવાસ કરવો, દ્વાદશીનો કરવો નહી. વિદ્ધા છે માટે વૈષ્ણવોએ દ્વાદશીનોજ ઉપવાસ કરવો. ૪
धर्मांब्धिस्थमुदाहरणम्.	५७	०	५८	०	५९	०	
शुद्धसमासमद्वादशिका.	५८	५९	६०	०	६०	०	इयमप्यनुभयाऽधिक्यवतीशुद्धा अत्रापिस्मार्तानामेकादश्यामेवोपवासोनद्वादश्यां वैष्णवानांतुविद्धत्वाद्द्वादश्यामेवोपवासः. भेदः ५. એ એકાદશી પણ અનુભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં પણ, સ્માર્ત્તોએ એકાદશીનોજ ઉપવાસ કરવો, દ્વાદશીનો ઉપવાસ કરવો નહી. વિદ્ધા છે માટે વૈષ્ણવોએ દ્વાદશીનોજ ઉપવાસ કરવો ૫
धर्मांब्धिस्थमुदाहरणम्.	५७	०	५८	०	५९	०	
शुद्धसमाऽधिकद्वादशिका.	५९	५९	६०	०	६० १	० ०	इयंद्वादशीमात्राऽधिक्यवतीशुद्धा अत्रशुद्धत्वात्स्मार्तानामेकादश्यामेवोपवासोनद्वादश्यामितिमाधवमतं हेमाद्रिमतेतु सर्वैं पराद्वादश्येवोपोष्या केचित्तुमुमुक्षुभि स्मार्तैः परोपोष्येत्याहु भेदः ६. એ એકાદશી દ્વાદશીમાત્રાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમા, શુદ્ધા હોવાથી સ્માર્ત્તોએ એકાદશીનોજ ઉપવાસ કરવો. દ્વાદશીનો કરવો નહી, એવો માધવનો મત. હેમાદ્રીને મતે તો સઘળાઓએ બીજા દિવસની દ્વાદશીજ ઉપવાસમાટે લેવી. કોઈ ગ્રંથકાર, મુમુક્ષુ સ્માર્ત્તોએ બીજી ઉપવાસમાટે લેવી, એમ કહે છે. ૬
धर्मांब्धिस्थमुदाहरणम्.	५८	०	५९	०	६० ०	० १	

	दशमी.		एकाद.		द्वादशी.	
	घ.	प.	घ.	प.	घ	प.
शुद्धाऽधिकान्यूनद्वादशिका.	५९	५९	६०	०	५८	५९
			१	०	क्ष	य
धर्माब्धिस्थमुदाहरणम्.	५८	०	६०	१	५८	०
					क्ष	य

इयमेकादशीमात्राऽधिक्यवतीशुद्धा अत्रस्मार्तैर्गृहिभिः पूर्वैकादश्युपोष्या यतिभिर्निष्कामगृहिभिर्वनस्थैर्विधवाभिर्वैष्णवैश्चपरैवोपोष्या विष्णुप्रीतिकामैरुपवासद्वयंकार्यमितिकेचित्. भेदः ७.

એ એકાદશી એકાદશીમાત્રાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્ત્ત ગૃહસ્થોએ પ્રથમ દિવસની એકાદશી ઉપવાસમાટે લેવી. સંન્યાસી, નિષ્કામ ગૃહસ્થ, વાનપ્રસ્થ, વિધવા અને વૈષ્ણવોએ બીજા દિવસનીજ ઉપવાસમાટે લેવી. વિષ્ણુની પ્રીતિ ઇચ્છા કરનારાઓએ બે ઉપવાસ કરવા, એમ કોઈ કહે છે. ૭

	दशमी.		एकाद.		द्वादशी.	
	घ.	प.	घ.	प.	घ	प.
शुद्धाधिकासमद्वाशिका.	५९	५९	६०	०	५९	०
			१	०	क्ष	य
धर्माब्धिस्थमुदाहरणम्.	५८	६०	६०	१	५८	०
					क्ष	य

इयमप्येकादशीमात्राधिक्यवतीशुद्धा अत्रस्मार्तैर्गृहिभिः पूर्वैकादश्युपोष्या यतिभिर्निष्कामगृहिभिर्वनस्थैर्विधवाभिर्वैष्णवैश्चपरैवोपोष्या विष्णुप्रीतिकामैरुपवासद्वयंकार्यमिति केचित्. भेदः ८.

એ પણ એકાદશી એકાદશીમાત્રાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્ત્ત ગૃહસ્થોએ પ્રથમ દિવસની એકાદશી ઉપવાસમાટે લેવી. સન્યાસી, નિષ્કામ ગૃહસ્થ, વાનપ્રસ્થ, વિધવા અને વૈષ્ણવોએ બીજા દિવસનીજ ઉપવાસમાટે લેવી. વિષ્ણુની પ્રીતિ ઇચ્છા કરનારાઓએ બે ઉપવાસ કરવા, એમ કોઈ કહે છે. ૮

	दशमी.		एकाद.		द्वादशी.	
	घ.	प.	घ.	प.	घ	प.
शुद्धाधिकाधिकद्वादशिका.	५९	५९	६०	०	३	०
			१	०		
धर्माब्धिस्थमुदाहरणम्.	५८	०	६०	०	४	०
			१	०		

इयमुभयाऽधिक्यवतीशुद्धा अत्रसर्वैःस्मार्तैर्वैष्णवैश्चावशिष्टापरैवैकादश्युपोष्या. भेदः ९.

એ એકાદશી ઉભયાધિક્યવતી શુદ્ધા છે. એ ઉદાહરણમાં, સઘળા સ્માર્ત્ત તથા વૈષ્ણવોએ બાકી રહેલી એવી બીજા દિવસની એકાદશી ઉપવાસમાટે લેવી. ૯

इमेस्मार्तानांविद्धैकादशीभेदाः अत्रविद्धत्वंसूर्योदयेदशमीसत्त्वं सूर्योदयस्तु षष्टिघटिकांत्यक्षणाव्यवहितोत्तरक्षणलवादिकालावच्छिन्नः इयमपिविद्धाचतुर्विधा साचोदाहरणेषु प्रदर्श्यते ॥

એ સ્માર્ત્તોની વિદ્ધા એકાદશીના ભેદ છે.

ઇહાં વિદ્ધાપણું એટલે સૂર્યોદયસમયે દશમી તિથિ હોય તે. સૂર્યોદય તો, સાઠ ઘટિકાના છેલ્લા ક્ષણના સમીપનો એવો જે આગળ આવતો ક્ષણલવાદિકાળ તેને વ્યાપી રહેનારો તે. એ વિદ્ધા એકાદશી પણ ચાર પ્રકારની છે. તે ચાર પ્રકાર ઉદાહરણવડે બતાવુંછું.

	दशमी.		एकाद.		द्वादशी	
	घ.	प.	प.	प.	घ.	प.
विद्धन्यूनान्यूनद्वादशिका.	२	०	५७	५९	५७	०
			क्ष	य		
धर्माब्धिस्थमुदाहरणम्.	२	०	५६	०	५५	०
			क्ष	य		

इयमनुभयाऽधिक्यवतीविद्धा अत्रस्मार्तानामेकादश्यामुपवासः वैष्णवानांद्वादश्यामुपवासः. भेदः १.

એ એકાદશી અનુભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્ત્તોએ એકાદશીને દિવસે ઉપવાસ કરવો. વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો. ૧

	दशमी		एकाद		द्वादशी		
	घ	प	घ	प	घ	प	
विद्धन्यूनासमद्वादशिका.	२	०	५७ क्ष	५९ य	६०	०	इयमप्यनुभयाऽधिक्यवतीविद्धा अत्रापिस्मार्तानामेकादश्यामुपवासः वैष्णवानांद्वादश्यामुपवासः. भेदः २. એ પણ એકાદશી અનુભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં પણ, સ્માર્તોએ એકાદશીનો ઉપવાસ કરવો. વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો. ૨
धर्माब्धिस्थमुदाहरणम्.	२	०	५६ क्ष	० य	५५	०	
विद्धन्यूनाधिद्वादशिका.	१	०	५८	५९	६० १	० ०	इयंद्वादशीमात्राऽधिक्यवतीविद्धा अत्रैकादश्याविद्धत्वाद्द्वादश्यामेवस्मार्तानामप्युपवासः तत्रकिमुवक्तव्यंवैष्णवानामिति एवंचोभयाधिक्ये द्वादशीमात्राधिक्ये च स्मार्तानां विद्धायास्त्यागोनान्यत्र. भेदः ३. એ એકાદશી દ્વાદશીમાત્રાધિક્યવતી વિદ્ધા છે. એ એકાદશી વિદ્ધા છે માટે સ્માર્તોએ પણ દ્વાદશીને દિવસેજ ઉપવાસ કરવો. ત્યારે વૈષ્ણવોએ દ્વાદશીને દિવસે ઉપવાસ કરવો એમાં તો કહેવાનુંજ શું? એ પ્રમાણે ઉભયાધિક્ય તથા દ્વાદશીમાત્રાધિક્ય છતાં સ્માર્તોએ વિદ્ધા એકાદશીનો ત્યાગ કરવો, બીજે ઠેકાણે ત્યાગ કરવો નહી. ૩
धर्माब्धिस्थमुदाहरणम्.	१	०	५८	०	६० ०	० १	
विद्धसमान्यूनद्वाशिका.	२	०	५८ क्ष	० य	५८	५९	इयमनुभयाऽधिक्यवतीविद्धा अत्रस्मार्तानामेकादश्यामुपवासः वैष्णवानांद्वादश्यामुपवासः. भेदः ४. એ એકાદશી અનુભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્તોએ એકાદશીનો ઉપવાસ કરવો. વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો. ૪
धर्माब्धिस्थमुदाहरणम्.	२	०	५६ क्ष	० य	५५	०	
विद्धसमासमद्वादशिका.	२	०	५८ क्ष	० य	६०	०	इयमप्यनुभयाऽधिक्यवतीविद्धा अत्रस्मार्तानामेकादश्यामुपवासः वैष्णवानांद्वादश्यामुपवासः. भेदः ५. એ એકાદશી અનુભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સ્માર્તોએ એકાદશીનો ઉપવાસ કરવો. વૈષ્ણવોએ દ્વાદશીનો ઉપવાસ કરવો. ૫
धर्माब्धिस्थमुदाहरणम्.	२	०	५६ क्ष	० य	५५	०	
विद्धसमाऽधिकद्वाशिका.	२	०	५८ क्ष	० य	६० १	० ०	इयंद्वादशीमात्राऽधिक्यवतीविद्धा अत्रैकादश्याविद्धत्वाद्द्वादश्यामेवस्मार्तानामप्युपवासः तत्रकिमुवक्तव्यं वैष्णवानामिति पूर्ववदत्रस्मार्तानां विद्धायास्त्यागः. भेदः ६. એ એકાદશી દ્વાદશીમાત્રાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમા, એકાદશી વિદ્ધા છે માટે સ્માર્તોએ પણ દ્વાદશીનોજ ઉપવાસ કરવો. વૈષ્ણવોએ દ્વાદશીનો કરવો એમાં તો કહેવાનુજ નહી. ત્રીજા ભેદમાં કહ્યા પ્રમાણે એ ઠેકાણે સ્માર્તોએ વિદ્ધાનો ત્યાગ કરવો. ૬
धर्मांब्धिस्थमुदाहरणम्.	१	०	५८ क्ष	० य	६० ०	० १	

	दशमी.		एकाद.		द्वादशी		
	घ	प	घ	प	घ	प	
विद्धाधिकान्यूनद्वादशिका.	७	०	२	०	५५ क्ष	० य	इयमेकादशीमात्राऽधिक्यवतीविद्धा अत्रस्मार्तैर्गृहिभिः पूर्वैकादश्युपोष्या यतिभिर्निष्कामगृहिभिर्वनस्थैर्विधवाभिर्वैष्णवैश्चपरैवोपोष्या विष्णुप्रीतिकामैःस्मार्तैरुपवासद्वयंकार्यमितिकेचित्. भेदः ७.
धर्माब्धिस्थमुदाहरणम्.	४	०	२	०	५८ क्ष	० य	એ એકાદશી એકાદશીમાત્રાવિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં સ્માર્ત ગૃહસ્થોએ પ્રથમ દિવસની એકાદશી ઉપવાસમાટે લેવી. સન્યાસી, નિષ્કામ ગૃહસ્થ, વાનપ્રસ્થ, વિધવા અને વૈષ્ણવોએ બીજા દિવસનીજ ઉપવાસમાટે લેવી. વિષ્ણુની પ્રીતિ ઇચ્છા કરનારા સ્માર્તોએ બે ઉપવાસ કરવા એમ કોઈ કહે છે. ૭
विद्धाऽधिकासमद्वादशिका.	५	०	२	०	५८ क्ष	० य	इयमप्येकादशीमात्राऽधिक्यवतीविद्धा अत्रस्मार्तैर्गृहिभिः पूर्वोपोष्या यतिभिर्निष्कामगृहिभिर्वनस्थैर्विधवाभिर्वैष्णवैश्चपरैवोपोष्या विष्णुप्रीतिकामैःस्मार्तैरुपवासद्वयंकार्यमिति केचित्. भेदः ८.
धर्माब्धिस्थमुदाहरणम्.	४	०	२	०	५८ क्ष	० य	એ એકાદશી પણ એકાદશીમાત્રાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં સ્માર્ત ગૃહસ્થોએ પૂર્વ દિવસની લેવી. સન્યાસી, નિષ્કામ ગૃહસ્થ, વાનપ્રસ્થ, વિધવા, અને વૈષ્ણવોએ બીજા દિવસનીજ લેવી. વિષ્ણુની પ્રીતિ ઇચ્છા કરનારા સ્માર્તોએ બે ઉપવાસ કરવા એમ કોઈ કહે છે. ૮
विद्धाधिकाऽधिकद्वादशिका.	७	०	४	०	३	०	इयमुभयाधिऽक्यवतीविद्धा अत्रसर्वैःस्मार्तैर्वैष्णवैश्चावशिष्टा परैवैकादश्युपोष्या एतदुदाहरणेपिस्मार्तानांविद्धायास्त्यागः. भेदः ९.
धर्माब्धिस्थमुदाहरणम्.	२	०	३	०	४	०	એ એકાદશી ઉભયાધિક્યવતી વિદ્ધા છે. એ ઉદાહરણમાં, સઘળા સ્માર્ત તથા વૈષ્ણવોએ બાકી રહેલી બીજા દિવસનીજ એકાદશી ઉપવાસમાટે લેવી. એ ઉદાહરણમાં પણ, સ્માર્તોએ વિદ્ધાનો ત્યાગ કરવો. ૯

रामचंद्रतनूजेन वासुदेवेन विन्मुदे ॥ धर्माब्धिशेषपट्टोयमशोध्येकादशीभिदाम् ॥ १ ॥

રામચદ્ર ઉપાધ્યાયના પુત્ર, વાસુદેવ ઉપાધ્યાયે ધર્માબ્ધિસારના શેષભૂત એકાદશીના ભેદનો આ પટ વિદ્વાનોના સતોષમાટે શોધેલો છે.

धर्माब्धिसारग्रंथस्य, व्याख्या गूर्जरभाषया ॥
कृताऽल्पप्रज्ञबोधाय, तया तुष्यंतु सज्जनाः ॥ १ ॥
कुर्वंतु नाम निंदां ये, खलास्तेऽत्र न मे क्षतिः ॥
प्राप्नुयुर्जगति ख्यातिं, तान्नते सुजनाः कथं ॥ २ ॥
॥ श्री सीतारामचंद्रार्पणमस्तु ॥

ધર્મસિંધુમાં લખાયલા કેટલાએક કઠિણ શબ્દોનો અકારાદિ વર્ણક્રમે કોશ.

અગ્નૌકરણ—શ્રાદ્ધમાં પાત્ર પીરસવાની પ્રથમ અગ્નિ અને સોમના ઉદ્દેશથી જે બે આહુતિ અપાય છે તે.

અગ્રેદિધિષુ—મ્હોટી બેહેન કુંવારી બેઠાં નાની બેહેન પરણે તો તે.

અજીન—મૃગચર્મ.

અતિક્રાંત—પ્રથમ કરવાનું જે રહિ ગયું હોય તે.

અધરોચ્છિષ્ટ—મળત્યાગ કર્યા પછી હાથ પગ ધોઈ આચમન કર્યું ન હોય તે. [પ્હેલી સ્ત્રી.

અધિવિન્ના—એક પુરૂષે પરણેલી ઘણી સ્ત્રીયોમાંની

અધ્વર્યુ—યજુર્વેદી. ૨ યજ્ઞમાં યજુર્વેદનું કર્મ કરવાવાળો.

અનન્યગતિક—નીમેલા સમયેજ કરવાનું કૃત્ય. ૨ જેની બીજી ગતિ ન હોય તે.

અનુકલ્પ—પ્રતિનિધિ. ૨ ગૌણ પક્ષ.

અનુગમન—પાછળ જવું તે.

અનૂચાન—ગુરૂપાસેથી અંગસહિત વેદ ભણી રહેલો તે.

અન્યતમ—બેમાંથી અથવા ઘણમાંથી કોઈ એક.

અન્વાધાન—હોમ કરવાનાં દ્રવ્યનો આહુતિની સંખ્યાપ્રમાણે દેવતાને ઉદ્દેશે ત્યાગ કરવો અથવા દેવતાઓના ઉદ્દેશથી સમિધ આદિ અગ્નિમાં અર્પણ કરવી તે.

અન્વારોહણ—સતી થવુ તે.

અન્વારંભ—દર્ભવતિ બ્રહ્માને સ્પર્શ કરી રાખવો તે.

અપવર્ગ—મોક્ષ. ૨ કરેલા કાર્યનુ ફળ. ૩ સમાપ્તિ.

અપવાદ—બાધ. ૨ બાધ કરનાર.

અપસ્માર—મૃગીરોગ, (મિરિઓ).

અપૂપ—વડા, પૂડા ઇત્યાદિ તળેલા પદાર્થ.

અબ્જ—કમળ. ૨ ચંદ્ર. ૩ શંખ.

અભિઘાર—હોમનાં દ્રવ્ય ઉપર ઘી નાખવું અથવા તે દ્રવ્યમાં ઘી મેળવવું તે.

અભિધ્યાન—પરાયાં ધનની ઇચ્છા. ૨ ધ્યાન.

અભિનિવેશ—આગ્રહ.

અભિમર્શ—સ્પર્શ. [સ્કાર કરવો તે.

અભિવાદન—નામ અને ગોત્રના ઉચ્ચારપૂર્વક નમ-

અભિશસ્ત—દુરાચારી. ૨ પાપી.

અભિષિક્ત—જે ઉપર અભિષેક થયો હોય તે.

અભ્યંગ—તેલનુ મર્દન.

અમત્ર—પાત્ર.

અમંત્રક—મંત્રરહિત. [નહોય તે, (તાજું).

અયાતયામ—જેની ઉપર એક પોહોર પણ વીત્યો

અરિષ્ટ—અલ્પ મૃત્યુ.

અર્ક—સૂર્ય. ૨ આકડાનું ઝાડ.

અર્ધ્ય—અર્ધમાટે જળ.

અવનેજન—ધોવું, સાફ કરવું તે.

અવભૃથ—યજ્ઞની અંતે મંત્રસહિત સ્નાન કરવું તે.

અવિ—ઘેટો. ૨ રજસ્વલા સ્ત્રી.

અશ્મંતક—આપટાનું ઝાડ. [અપાતી સાડી.

અષ્ટપુત્રી—પરણેલી કન્યાને સસરાએ તે વેળાએ

અસ્પૃશ્યત્વ—સ્પર્શ કરવાને અયોગ્યપણું.

આગ્રયણ—નવીન ઉત્પન્ન થયલી શાળ (ડાંગર) તથા સામાનો તે તે સમયે પ્રથમ અગ્નિમાં હોમ કરવો તે.

આજ્યભાગ—પોતપોતાની શાખામાં કહ્યાપ્રમાણે તે તે પાત્રમાં ઘૃત લઈ અગ્નિ અને પ્રજાપતિને ઉદ્દેશે અગ્નિમાં દક્ષિણ તથા ઉત્તર તરફ બે આહુતિ પ્રથમ દેવી તે.

આઢકી—તુવર.

આધાન—અગ્નિનું સ્થાપન કરવું તે.

આપણ—બજાર.

આમુષ્મિક—પરલોકસંબંધી. [૪ કાપવું.

આલંભ—હિંસા. ૨ આલિંગન. ૩ સ્પર્શ કરવો.

આવસથ્ય—ઘેર ઘેર મંત્રવડે પ્રતિષ્ઠા કરી રાખેલો અગ્નિ તે.

આવૃત્તિ—એકજ બાબત બીજીવાર કરવી તે.

આશૌચ—સૂતક.

આસાદન—રાખવું.

ઇધ્મ—એક વેંતના પ્રમાણની પોતપોતાની શાખામાં કહેલી ૧૮ અથવા ૨૦ સમિધ અગ્નિપાસે રાખવી તે.

ઇંધન—બાળવાનાં કાષ્ઠ. [હોમ.

ઇષ્ટિ—ફળની ઇચ્છા રાખી કરવાનો યથાવિધિ કામ્ય

ઉત્કોચ—લાંચ, (ગુપ્ત નજરાનું).

ઉત્પવન—દ્રવ પદાર્થને ગાળવો. ૨ શ્રૌત તથા સ્માર્ત કર્મમાં ઘૃતનો એક સંસ્કાર છે તે.

ઉત્સર્ગ—મૂકવું, દાન દેવું.

ઉદક્યા—રજસ્વલા સ્ત્રી. [સ્થાન.

ઉદપાન—વાવ, તળાવ ઇત્યાદિ જળપાન કરવાનાં

ઉદ્દેશ—ઉદાહરણ. ૨ સ્પષ્ટ કરવું. ૩ હેતુ.

ઉદ્બંધન—ગળામાં ફાંસો બાંધવો. ૨ ઉચું બાંધવું.

ઉદ્વર્તન—અવટન. ૨ અવટન લગાડી શરીર સ્વચ્છ કરવું તે.

ઉપલબ્ધ—પ્રાપ્ત થયેલું. ૨ જાણેલું. ૩ દેખેલું.

ઉપવીત—જનોઈ. [હોય તે.

ઉપવીતી—સવ્ય (ડાબે ખભે) જનોઈ પેહેર્યું.

ઉપશ્રુતિ—વૃદ્ધોએ કહેલી ભવિષ્ય વાણી.

ઉપસર્ગ—અશુભસૂચક ઉપદ્રવ.

ઉપસંગ્રહણ—ચરણગ્રહણપૂર્વક નમસ્કાર કરવો તે.

ઉપસ્થાન—પ્રાર્થના.

ઉપાકર્મ—પોતપોતાની શાખામાં કહેલા દિવસે ઋષિપૂજનાદિક કરી જનોઈ બદલવું તે.

ઊર્ધ્વોચ્છિષ્ટ—ભોજન કરી મુખ ધોયું ન હોય તે.

ઊહ—ઉચ્ચાર. ૨ તર્ક.

ઋક્—મંત્ર.

ઋચા—મંત્ર.

ઋત્વિજ—વરણમાં વરેલો બ્રાહ્મણ.

એકતંત્ર—સાથે થઈ શકે એવા બન્ને કર્મ, એક સાથે કરવા તે.

એકોદ્દિષ્ટ—એકને ઉદ્દેશે, વિશ્વેદેવવિના શ્રાદ્ધ કરવું તે.

ઐરિણી—વાંસનું પાત્ર.

ઐહિક—આ લોકસંબધી.

ઔદુંબર—ઉંબરનુ ઝાડ.

ઔપાસન હોમ—વિવાહસમયના અગ્નિઉપર નિત્ય પ્રાતઃકાળ અને સાયકાળ યાવજ્જીવ હોમ કરવો તે.

કરક—કમડલ

કરકાવૃષ્ટિ—વૃષ્ટિની સાથે પાણીના પથરા પડેછે તે.

કર્માર—સિલાટ, સુતાર આદિ શિલ્પશાસ્ત્રનો જાણનારો

કલાય—વટાણાં.

કલ્પ—સરખુ. ૨ કલાકુશલ. ૩ વેદનાં ૭ અગમાંનુ એક અંગ. ૪ પ્રલય. ૫ વેદમાં કહેલો એક વિધિ. ૬ યોગ્યપણું. ૭ નિશ્ચય.

કવ્ય—પિતૃની પ્રીતિઅર્થે જે અન્ન તે.

કાંડાનુસમય—આવાહનથકી પુષ્પાંજલિપર્યંત એક દેવની પૂજા સમાપ્ત કરી પછી બીજા દેવની પૂજાનો આરંભ કરવો તે.

કામ્યકર્મ—કામના રાખી કરવાનાં કર્મ તે.

કારીરી—વૃષ્ટિ આવવાની ઇચ્છા થકી કરવાનો જે યજ્ઞ તે. [(કાવડિઓ).

કાર્પટી—તીર્થયાત્રા કરનારાનો વેષ ધરનારો,

કાલેય—દારૂહળદાર.

કિલન્ન વસ્ત્ર—ભીજેલું વસ્ત્ર.

કુંકુમ—કેશર.

કુણપ—શબ, (મુડદું). [કમંડલ.

કુસુંભ—સોનું, ૨ કુસુંબાનું ઝાડ. ૩ સંન્યાસીનુ

કુસ્તુંબરૂ—કોથમીર.

કૂટ—ધાન્યાદિકનો સમૂહ. ૨ પર્વતનું શિખર. ૩ કપટ. ૪ અસત્ય. ૫ નીચપણું.

કૂષ્માંડ—કોળું.

કૃષ્ણસાર—કાળું હરિણ.

કૃસર—તિલસહિત ચોખા દૂધમાં રાંધવા તે.

કેયૂર—બાજુબધ.

કૌશેય—રેશમી વસ્ત્ર.

ખડ્ગપાત્ર—ગેંડાનું પાત્ર.

ખનિત્ર—કોદાળી આદિ ખણવાનાં શસ્ત્ર.

ખર્વ—ઠીંગણો. ૨ નાનો.

ખર્વપાત્ર—નાનું પાત્ર.

ખંજ—લગડો.

ગડુમાન—જેના અંગ ઉપર ગાંઠા હોય તે

ગણિકાન્ન—વેશ્યાના ઘરનું અન્ન.

ગરૂત્મત્—પાચમણી. ૨ ગરૂડ પક્ષી.

ગર્ત્ત—ખાડો.

ગર્ભસ્રાવ—કસુવાવડ.

ગવ્ય—ગાયનાં દૂધ, દહિં ઇત્યાદિ.

ગુરૂતલ્પી—ગુરૂની સ્ત્રીસાથે જારકર્મ કરવાવાળો.

ગૃહ્યસૂત્ર—કાત્યાયન, ગોભિલ ઇત્યાદિ ઋષિઓએ પોતપોતાની શાખાના કર્મની અનુસારે લખેલાં છે તે.

ગોચર—ઇંદ્રિયોનું જ્ઞાન. ૨ ગ્રહોનુ એક રાશિથી બીજી રાશિમાં બદલવું

ગોત્ર—વસિષ્ઠ, ભારદ્વાજ, કૌશિક ઇત્યાદિ.

ગંડૂષ—જલાદિકવડે મ્હોડું ભરેલુ હોય તે, (કોગળા).

ગંડોપધાનિકા—ગાલમસૂરિયાં.

ગ્રહ—ગ્રહણ. ૨ સૂર્ય આદિ નવે ગ્રહ.

ગ્રામયાજી—ગામનો ઉપાધ્યાય, (ગામોટ)

ચક્રમર્દન—પુવાડિઆનાં ઝાડ. [ભાગ તે.

ચત્વર—યજ્ઞમાટે સસ્કારયુક્ત કરેલો જે પૃથ્વીનો

ચમસ—પ્રણીતા એ નામનું પાત્ર.

ચરુ—રાંધેલો ભાત.

ચિત્રકર્મા—ચિતારો.

ચિત્રાહુતિ—ભોજનસમયે ભૂપતિ ઇત્યાદિકને ઉદ્દેશે પાત્રની પાસે જે બે, ત્રણ, ચાર અથવા પાંચ ભાગ મૂકાયછે તે.

ચૌલ—બાલકના વાળ વેદોક્ત વિધિથી પ્રથમ ઉતરાવવા તે. [છત્ર આકારે થાયછે તે.

છત્રાક—વૃષ્ટિસમયે અગોચર ભૂમીઉપર સફેદ રંગના

છાગ—બકરો

છાગી—બકરી.

જનનાશૌચ—જન્મસબંધી સૂતક. [કરવા તે.

જાતકર્મ—જન્મ પામેલા બાળકના વેદોક્ત સંસ્કાર

જાતાશૌચ—જન્મસબધી સૂતક.

જાતેષ્ટિ—જન્મસમયે કરવાની ઇષ્ટિ.

જીવત્પિતૃક—જેનો પિતા જીવતો હોય તે.

જુહૂ—મેક્ષણ, (સર્પાને આકારે બારે અંગુળનું થાયછે) તે.

જંબીર—લીંબુ. [થાયછે). તે.

જ્યોતિષ્ટોમ—યજ્ઞવિશેષ. (જેમાં સોમવલ્લીનો હોમ

તલ્પ—શય્યા, (બિછાનું).

તાર—રૂપું (ચાંદી). ૨ તેજોમય. ૩ પ્રણવ.

તુષારગિરિ—હિમાલય પર્વત.

તૂષ્ણીં—અવ્યય છે, મંત્રરહિત ક્રિયા માત્ર કરવી તે.

તંતુવાય—વસ્ત્ર વણનારો.

તંદુલીય—તાંદલજાની ભાજી. [૨ છોડી દેવું.

ત્યાગ—હોમ કર્યા પછી 'ન મમ' એમ કેહેવું તે.

ત્રપુ—સીસું. ૨ કથીર.

ત્રિમધુ—દૂધ, ઘી અને મધ.

દંમનક—દવણાનું ઝાડ.

દર્શ—અમાવાસ્યા.

દર્શશ્રાદ્ધ—અમાવાસ્યાનું શ્રાદ્ધ.

દસ્યુ—ચોર.

દિધિષૂ—ન્હાની બેહેન પ્રથમથી પરણ્યા છતે જે મ્હોટી બેહેન કુંવારી હોય તે. [કરવી તે.

દિવ્ય—અગ્નિ, જળ ઇત્યાદિ સાધનથી સચ્ચાઈ

દીક્ષા—ઉપદેશ.

દૂર્વાંકુર—ધ્રોખરની કોમળ સળિઓ.

દેવખાત—ગુફા. ૨ પ્રાચીન સરોવર.

દેશવિપ્લવ—પાણીની રેલ, લૂંટાલૂટ ઇત્યાદિ દેશપીડા.

દંતપત્ર—હાથીદાંત.

દ્યૂત—જુગાર. [મગ ઇત્યાદિક).

દ્વિદલ—જેનાં બે દલ હોય એવું ધાન્ય, (અડદ,

ધાત્રી—આમળાનું ઝાડ. ૨ માતા. ૩ ધાવમાતા. ૪ પૃથ્વી. ૫ ધાવડીનું ઝાડ.

ધાન્યક—ધાણા. ૨ કોથમીર.

ધૂમકેતુ—અગ્નિ. ૨ કેતુનો તારો. [જે શ્રાદ્ધ તે.

નાંદીશ્રાદ્ધ—સઘળાં મંગળ કાર્યના આરંભમાં કરવાનું

નામકર્મ—બાલકનું નામ પાડવું તે.

નાળચ્છેદ—બાલકની નાળ છેદવી તે.

નિગડ—બેડી. ૨ બદીખાનું. [આદિ).

નિત્યકર્મ—નિયમથી કરવાનું જે નિત્યકર્મ, (સંધ્યા

નિર્ણેજન—સ્વચ્છ, (શુદ્ધ કરવું). ૨ પ્રાયશ્ચિત્ત કરવું.

નિર્યાસ—ક્ષીર. ૨ ગૂંદ. [નાંખવું તે.

નિર્વાપ—દેવને ઉદ્દેશે ચરુના પાકમાં કાચું અન્ન

નિવીત—કંઠીનીપેઠે કંઠમાં જનોઈ પેહેરવું તે.

નિષ્ક—(૩૨૦) ગુંજા ભાર વજન. ૨ પદક ઇત્યાદિ દ્રવ્યનું આભૂષણ

નિષ્ક્રય—મૂલ્ય, (કિંમત).

નિષ્પાવ—વાલ. ૨ વટાણા. ૩ ચોળા.

નીલાંજન—મોરથુથુ.

ન્યુબ્જ—પાત્ર ઊંધું વાળવું. ૨ કુબડો.

નૈમિત્તિક—નિમિત્ત આવ્યાથી જે કરવાનું તે.

પટોલ—પરવળ.

પત્રપુટ—પાનની પત્રાવળી તથા દૂના.

પદાર્થાનુસમય—સઘળા દેવતાઓનું એકતંત્રે યથાવિધિ પૂજન કરવું તે.

પરમાન્ન—દૂધપાક.

પરિદાન—યજ્ઞોપવીત દેતી વખતે સૂર્ય અને પ્રજાપતિને મનથી બટુ અર્પણ કરવો તે.

પરિદાયી—પરિવેદિની કન્યાનું દાન કરનારો પિતા.

પરિધાન—વસ્ત્ર ધારણ કરવાં.

પરિયષ્ટા—પરિવેદિની કન્યાને પરણાવનારો આચાર્ય.

પરિવિત્તિ—ન્હાનો ભાઈ પરણ્યા છતાં અને અગ્નિહોત્ર લીધા છતાં મ્હોટો ભાઈ એમજ સ્ત્રી અને અગ્નિ વિના બેઠો રહે તો તે.

પરિવેત્તા—મ્હોટો ભાઈ કુંવારો અને અગ્નિ વિના બેઠાં છતાં ન્હાનો ભાઈ પ્રથમથી વિવાહ કરે અથવા અગ્નિ ગ્રહણ કરે તો તે.

પરિવેદિની—પરિવેત્તાને પરણનારી કન્યા.

પર્પ—મ્હોટો. [ફેરવવો તે

પર્યગ્નિકરણ—હોમનો પદાર્થ લઈ અગ્નિની ચારેમેર

પર્યવસન્ન—છેવટનું. ૨ પૂર્ણ થયેલ.

પર્યુદાસ—ત્યાગ.

પર્યુષિત—વાસી (શીલું).

પર્ષત્—સભા.

પલ્વલ—ન્હાનું તળાવ.

પાકસંસ્થા—શ્રવણાકર્મ આદિ સાત છે તે.

પાત્રાલંભ—પાત્રનો સ્પર્શ કરી રાખવો તે.

પાનક—પણો. સર્બત ઇત્યાદિ.

પિંડપિતૃયજ્ઞ—સાગ્નિકો અમાવાસ્યાને દિવસે પિતૃ ઉદ્દેશે શ્રાદ્ધ કરેછે તે. [લગાડવા તે

પિંડાવનેજન—ઘી, કાજળ ઇત્યાદિ પદાર્થ પિંડ

પિણ્યાક—ખોળ.

પિશુન—દુર્જન. (ચાડીઓ).

પિષ્ટાતક—સુગંધિ ચૂર્ણ.

પુનરાધાન—મંત્રિતાગ્નિ નષ્ટ થયા છતાં ફરી સંસ્કાર કરી તેનું સ્થાપન કરવું તે.

પુષ્પિણી—રજસ્વલા સ્ત્રી. [પાત્ર તે

પૂર્ણપાત્ર—ચોખા ભરી બ્રહ્માને અર્થ આપવા

પૃથુક—પૌંવા.

પૌતિક—વરિયાળી.

પૌત્તિક—પીળા રંગની મ્હોટી માંખીથકી અથ કાળા રગની ન્હાની માંખીથકી થયલુ સફે રગનું જે મધ તે.

પંચગવ્ય—ગાયનાં દૂધ, દહી, ઘી, છાણ અને મૂ

પંચરત્ન—સોનું, હીરો, માણક, નીલમ અને મોતી.

પ્રકોષ્ઠ—કોણીથી નીચલો કાંડાલગીનો હાથનો ભાગ.

પ્રત્તકન્યા—પરણાવેલી કન્યા. [પદાર્થ લેવો

પ્રતિનિધિ—મુખ્ય પદાર્થને ઠેકાણે તેના સરખો બી

પ્રતિપ્રસવ—એકાદા કાર્યનો જે સામાન્યપ નિષેધ કરેલો તેનો વિશેષે કરી ફરી વિધિ કરવો

પ્રતિબંધ—અટચણ.

પ્રતીક્ષા—વાટ જોવી. [આશીર્વાદ દેવો તે.

પ્રત્યભિવાદન—શિષ્યે નમસ્કાર કર્યા પછી ગુરુએ

પ્રત્યવરોહણ—સેકી રાખેલા સમિધનો અગ્નિમાં હોમ કરવો તે.

ત્યામ્નાય—પ્રતિનિધિ શબ્દ જુવો. ૨ યોગ્ય કિમત.

ત્યુદ્વાહ—સામસામી કન્યા આપી વિવાહ કરવો તે.

વાહણ—વેહેવરાવવું.

સવ—બાળકની ઉત્પત્તિ.

ચીનાવીતિ—જમણે ખભે જનોઈ રાખેલી હોય જેને અપસવ્ય કહેછે તે.

પ્રાણયંગચૂર્ણ—છીપનો અથવા બીજાં હાડકાનો ચુનો.

પ્રાયશ્ચિત્ત—થયલાં પાપની નિવૃત્તિનો ઉપાય.

પ્રાયોપવેશન—મૃત્યુ આવવાપર્યંત અન્ન અને જળનો ત્યાગ કરી ઈશ્વરનું સ્મરણ કરતાં નિશ્ચય રાખી બેસવું તે. [છાંટવું તે.

પ્રોક્ષણ—સઘળા પદાર્થઉપર પ્રોક્ષણીપાત્રમાંનું જળ

પ્રોષિત—પરદેશ ગયલો.

ફલિત—સિદ્ધ થયલું. ૨ રજસ્વલા સ્ત્રી. ૩ ફળેલું ઝાડ. [ફોતરી કાઢવી તે.

ફલીકરણ—ક્રિયા કરવી. ૨ ચોખા ઇત્યાદિ ધાન્યની

બલીવર્દ—બલદ.

બલ્વજ—એક જાતનું ઘાસ.

બહ્વૃચ—ઋગ્વેદી બ્રાહ્મણ.

બાધ—અટકાવવું. ૨ છળ. ૩ નુકશાન. ૪ દુઃખ.

બ્રહ્મપત્ર—ખાખરાનું ઝાડ. ૨ રાતા અગસ્ત્યાનું ઝાડ, પીપળો.

બ્રહ્મયજ્ઞ—નિત્ય નિયમપૂર્વક વેદનો પાઠ કરવો તે.

બ્રાહ્મમુહૂર્ત્ત—સૂર્યોદયથકી ૫૭, ૫૮ મી ઘડી.

બ્રહ્મૌદન[1]—બ્રાહ્મણોને માટે કરેલો પાક, જેને ઋગ્વેદી જનોઈ આપતી વેળાએ કરેછે તે.

ભસ્મમર્યાદા—પત્ર (૪૨૧) માંની નોટ જુવો.

ભાગિનેય—ભાણેજો.

ભિઃસટા—બળેલું અન્ન.

ભૂમિલવણ—ખાણમાંથી પેદા થયલું મીઠું.

ભૃંગાર—ઝારી. [(ઠેક ખાવો).

ભૃગુપાત—પર્વતના શિખરઉપરથી ગબડી પડવું,

ભૃતકાપાધ્યાપક—પગાર લઈ શીખવનારો.

ભૃતકાધ્યાયી—પગાર લઈ શીખનારો.

ભૃતિ—મૌલ્ય. ૨ મજુરી.

ભૃષ્ટ—ભુજેલાં, (ધાન્ય ઇત્યાદિ).

ભ્રષ્ટ—પોતાના અધિકારથી પડેલો. ૨ અપવિત્ર સ્થલાદિ. ૩ ભુંજેલા તથા તળેલા પદાર્થ.

ભ્રાષ્ટ્ર—ધાન ભુંજવાની કડાઈ અથવા ખપર. ૨ ભુંજેલા તથા તળેલા પદાર્થ.

ભ્રૂણહત્યા—બાળહત્યા. [માસ) કહેછે તે.

મલિમ્લુચ—અધિકમાસ તથા ક્ષયમાસ, જેને (મલ-

મહાનસ—રસોઈ કરવાનું ઘર.

માણવક—બાળક.

માતુલાની—મામી.

માર્જન—સાફ કરવું.

માલતી—જાઈ. ૨ ચમેલી.

માષ—અડદ.

મુંજાત—ખારૂં જંગલી સૂરણ.

મુનિપુષ્પ—અગસ્ત્યનું ફૂલ.

મુસલસ્નાન—વિધિરહિત તથા મંત્રરહિત સ્નાન.

મૂલક—મૂળા.

મૃતાશૌચ—મરણસંબંધી સૂતક.

મેખળા—મુંજનાં ડાભની ડોરી. [વધારનારૂં.

મેધાજનન—(૧૬) સંસ્કારમાંનો એક સંસ્કાર. ૨ બુદ્ધિ

મેહન—લિંગ. ૨ મૂત્રત્યાગ.

મૌંજી—મેખલા. ૨ યજ્ઞોપવીતસંસ્કાર.

યજ્ઞોપવીત—જનોઈ.

યજ્ઞોપવીતી—જેણે ડાબે ખભે જનોઈ રાખેલું હોય તે.

યમળ—બે બાળક સાથે જન્મ પામે તે.

યતિ—સંન્યાસી. ૨ નિયમવાળો.

યવસ—ઘાસ.

યક્ષકર્દમ—ચંદન અને કેશર તોલાં ૧૨, કપૂર તોલાં ૬, તથા કસ્તૂરી તોલાં ૪, એ પદાર્થો એકઠા મેળવી કીધેલો તે.

યક્ષ્મરોગ—ક્ષયરોગ.

યાજ્ય—જેને માટે યજ્ઞ કરેલો હોય તેવો યજમાન.

યાન—ઘોડા, હાથી, પાલખી ઇત્યાદિ જવાનું સાધન.

યાવનાલ—જુવાર ધાન્ય.

રજસ્વલા—માથે આવેલી સ્ત્રી.

રાજક્રાંતિ—સ્વચક્રાદિ રાજભય.

રાજમાષ—ચોળા. ૨ અડદ.

રાજસર્ષપ—કાળા સર્ષવ.

રિક્થ—ધન. ૨ કર્મવિભાગથી મળેલી મિલકત.

લવણશાક—અથાણું. (સંધાણું).

લવલી—રાજ આમળાં.

લિંગી—પેટ ભરવામાટે ચિહ્ન ધરનારો.

લેહ્ય—ચાટીને ખાવાયોગ્ય પદાર્થ.

લોચન—નેત્ર. ૨ કાળીજીરી. ૩ ગોરખમુંડી.

લોહાભિસારિક—શસ્ત્રસ્થાપન.

લૌકિકાગ્નિ—સાધારણ અગ્નિ.

વજ્રપાત—વીજળી પડેછે તે.

વજ્રાનળ—વીજળીનો અગ્નિ.

---

[1] શતપથબ્રાહ્મણના કાંડ ૧૩ મા અધ્યાય ૮૪ માં અશ્વમેધ પ્રકરણના મંત્ર ૪ માં બ્રહ્મૌદન કરવાનું કહ્યું છે, અને તે ઋગ્વેદીઓને જનોઇ પેહેરી કરવાનો છે જે (બ્રહ્મૌદન) ખાધાથી ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરવું પડેછે તે.

BL 17

BHAVAN'S LIBRARY, BOMBAY-7

N B—This book is issued only for one week till______

This book should be returned within a fortnight from the date last marked below

Date	Date	Date
F 6 APR 1975		
17 APR 1975		
16 JAN 1988		
31 DEC 1988		
14 MAR 1992		